# શ્રી ધર્મસંગ્રહનું ગુજરાતી ભાષાન્તર

## બીજો ભાગ

[ જૈનસાધુઓનો આચારધર્મ ]

ભાઇ અમરચંદ-જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાનોદ્ધાર ફંડ
[ શેઠ મનસુખભાઇની પોળ, અમદાવાદ ] તરફથી ભેટ.

ભાષાન્તરકાર:-
પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्हं

नमः श्री जिनप्रवचनाय

# શ્રી ધર્મસંગ્રહનું ગુજરાતી ભાષાન્તર.

## ભાગ બીજો.

★

— મૂળ-સ્વોપજ્ઞ ગ્રન્થકાર —

પૂ૦ મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર.

★

— સંશોધક અને સંયોજક —

પૂ૦ વિદ્વચ્છિરોમણિ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર.

आ.श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ग्रा क्र.

★

— ભાષાન્તરકાર —

પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયમનોહરસૂરીશ્વર

શિષ્ય મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ.

શેઠ મનસુખભાઈની પોળ
કાળુપુર
અમદાવાદ

★

બાઈ સમરથ-જૈન શ્વેતામ્બર
મૂર્તિપૂજક જ્ઞાનોદ્ધાર ફંડ તરફથી
ભેટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક—
શા. અમૃતલાલ જેશીંગભાઈ
કાલુપુર—જહાંપનાહની પોળ
અમદાવાદ.

પત્રવ્યવહારનું શિરનામું–
શા. શાન્તિલાલ ચુનીલાલ
ઠે. માંડવીની પોળ–સુરદાસ શેઠની પો
૧૮૦૫ — અમદાવાદ.

ગ્રંથ મેળવવાનાં ઠેકાણું

**અમદાવાદ.**

૧ શા. શાન્તિલાલ ચુનીલાલ
સુરદાસ શેઠની પોળ–૧૮૦૫.

---

૨ શેઠ સુબાજી રવચંદ જેચંદ
જૈન વિદ્યાશાળા, દોશીવાડાની પોળ.

---

૩ સરસ્વતી પુસ્તકભંડાર
રતનપોળ – હાથીખાના.

**પાલીતાણા**

૪ સોમચંદ ડી. શાહ
કલ્યાણ પ્રકાશન મંદિર.

આવૃત્તિ પહેલી :
નકલ – ૧૦૦૦
વીર સં. ૨૪૮૪ : વિ. સં. ૨૦૧૪
આશ્વિન માસ.

મુદ્રકઃ–પટેલ જીવણલાલ પુરૂષોત્તમદ
શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલય
ગાંધીરોડ–પુલ નીચે–ઢીંકવાની વાડી
અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભૂમિકા

## ધર્મનાં ચાર અંગો

શ્રદ્ધા વિના એટલે કોઇ પણ એક સારા વિષયની જિજ્ઞાસા થયા વિના સાચું જ્ઞાન થતું નથી, સાચું જ્ઞાન થયા વિના વર્તન સુધરતું નથી અને વર્તન સુધર્યા વિના શુભ ધ્યાન સંભવતું નથી. શુભ ધ્યાન માટે શુદ્ધ વર્તનની જરૂર છે, શુદ્ધ વર્તન માટે જ્ઞાનની જરૂર છે અને જ્ઞાનને માટે શુદ્ધ શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા વિનાનું જ્ઞાન નિષ્ફળ છે. જ્ઞાન વિનાનું ચારિત્ર કાયકષ્ટ છે. ચારિત્ર વિનાનું ધ્યાન દુર્ધ્યાન છે. દુર્ધ્યાનનું પરિણામ દુર્ગતિ છે. દુર્ગતિથી ભીરૂ અને સદ્ગતિના કામી આત્માઓને જેટલી જરૂર શુભ ધ્યાનની છે, તેટલી જ જરૂર ધ્યાનને સુધારનાર સદ્વર્તનની, વર્તનને સુધારનાર સદ્જ્ઞાનની અને સદ્જ્ઞાનને પેદા કરનાર સતશ્રદ્ધાની છે. શ્રી જૈન શાસનની આરાધના એટલે સતશ્રદ્ધા, સજ્જ્ઞાન, સદ્વર્તન અને સદ્ધ્યાન તથા એ ચારને ધારણ કરનારા સત્પુરૂષોની આરાધના છે. એ ચારેમાંથી કોઇની, કે એ ચારને ધારણ કરનાર કોઈ એકની પણ અવગણના એ શ્રી જૈન શાસનની અવગણના છે. એ ચારેની અને એ ચારેને ધારણ કરનાર સત્પુરૂષોની આરાધના એ શ્રી જૈન શાસનની સાચી આરાધના છે. એકલું જ્ઞાન કે એકલું ધ્યાન, એકલી શ્રદ્ધા કે એકલું ચારિત્ર મુક્તિને આપી શકતું નથી. મુક્તિનો માર્ગ એટલે શ્રદ્ધા અને જ્ઞાન, ક્રિયા અને ધ્યાન, એ ચારેનો સુમેળ અને એ ચારેની સમ્પૂર્ણ શુદ્ધિ છે.

અહીં શ્રદ્ધા શબ્દ શ્રદ્ધેય, શ્રદ્ધાવાન્ અને શ્રદ્ધાદિનાં હેતુ, એ ત્રણેનો સૂચક છે. એ રીતે જ્ઞાન શબ્દ જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધન, એ ત્રિપુટીને જણાવનારો છે. ક્રિયા શબ્દ ક્રિયા, ક્રિયાવાન્ અને ક્રિયાનાં સાધનોને તથા ધ્યાન શબ્દ ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોને જણાવનારો છે. એ ચારેની શુદ્ધિ એટલે અનુક્રમે શ્રદ્ધેય, શ્રદ્ધાવાન્ અને શ્રદ્ધાનાં હેતુઓ, જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધનો, ક્રિયા, ક્રિયાવાન્ અને ક્રિયાનાં હેતુઓ તથા ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોની શુદ્ધિ.

જૈનશાસનમાં શ્રદ્ધેય તરીકે વીતરાગ, તેમને માર્ગે ચાલનારા નિર્ગ્રન્થ અને તેમણે બતાવેલો અનુપમ શ્રુત અને ચારિત્રધર્મ છે. તેમાં—

## વીતરાગ—

વીતરાગ તે છે કે જેમણે રાગાદિ દોષો ઉપર સમ્પૂર્ણ વિજય મેળવ્યો હોય. જે રાગાદિ દોષોએ ત્રણે જગત ઉપર વિજય મેળવ્યો છે, તેના ઉપર પણ જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે, તેઓ ત્રણે જગતના 'Victors' વિજેતા ગણાય છે. દોષો ઉપરના એ વિજયનું નામ જ વીત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગતા છે. વીતરાગતા ઉપરની શ્રદ્ધા એટલે દોષોના વિજય ઉપરની શ્રદ્ધા અર્થાત્ 'જગતમાં જેમ દોષો છે, તેમ તે દોષો ઉપર વિજય મેળવનારાઓ પણ છે' એવી અખંડ ખાત્રી.

એ શ્રદ્ધા દોષોના વિજેતાઓ ઉપર ભક્તિરાગ ઉત્પન્ન કરે છે. દોષોના વિજેતાઓ ઉપરનો આ ભક્તિરાગ એક પ્રકારનો વેધક રસ છે. વેધક રસ જેમ ત્રાંબાને પણ સુવર્ણ બનાવવાની તાકાત ધરાવે છે, તેમ દોષોના વિજેતાઓ ઉપરનો ભક્તિરાગ જીવરૂપી તામ્રને શુદ્ધ કાઞ્ચન–સમાન–સર્વ દોષ રહિત અને સર્વગુણ સહિત–શિવ–સ્વરૂપ બનાવવાની શક્તિ ધરાવે છે. દોષરહિતતા અને ગુણસહિતતા સમ વ્યાપ્ત છે. જેમ અંધકારનો નાશ અને પ્રકાશનો ઉદ્દગમ એક સાથે જ થાય છે, તેમ દોષોનો વિજય અને ગુણોનો પ્રકર્ષ સમકાળે જ ઉદય પામે છે. વીતરાગ એ દોષોના વિજેતા છે, માટે જ ગુણોના પ્રકર્ષવાળા છે. એ રીતે વીતરાગ ઉપરની શ્રદ્ધામાં જેમ દોષોના વિજય ઉપરની શ્રદ્ધા વ્યક્ત થાય છે, તેમ ગુણોના પ્રકર્ષની શ્રદ્ધા પણ અભિવ્યક્ત થાય છે. એ ઉભય ઉપરની શ્રદ્ધાથી જાગેલો ભક્તિરાગ જ્યારે તેના પ્રકર્ષપણાને પામે છે, ત્યારે આત્મા એક ક્ષણવારમાં વીતરાગ સમ બની જાય છે.

**નિર્ગ્રંથ–**

શ્રી જૈનશાસનમાં શ્રદ્ધેય તરીકે પ્રથમ નંબરે જેમ વીતરાગ છે, તેમ બીજે નંબરે નિર્ગ્રંથ છે. નિર્ગ્રન્થ એટલે વીતરાગ નહિ, છતાં વીતરાગ બનવાને સતત પ્રયત્નશીલ. ગ્રન્થ એટલે ગાંઠ અથવા પરિગ્રહ. પરિગ્રહ શબ્દ મૂર્છાના પર્યાય તરીકે ઓળખાય છે. આત્મા અને તેના ગુણો સિવાય જગતના કોઈપણ પદાર્થ ઉપર–મૂર્છાના અત્યંત કારણભૂત સ્વશરીર ઉપર પણ મમત્વ કે રાગભાવ ધારણ કરવો નહિ, એ નિર્ગ્રન્થતાની ટોચ છે. આત્મા અને તેના ગુણો ઉપરનો રાગ એ મૂર્છા કે મમત્વ સ્વરૂપ નથી, કિન્તુ સ્વભાવોન્મુખતારૂપ છે. તેથી તે દોષરૂપ નહિ પણ ગુણરૂપ છે. નિર્ગ્રન્થતા ઉપરની શ્રદ્ધા એ વીતરાગભાવ ઉપરની શ્રદ્ધાનો જ એક ફણગો છે. વીતરાગ દોષ–રહિત છે, તો નિર્ગ્રન્થ દોષ સહિત હોવા છતાં દોષ રહિત થવાને પ્રયત્નશીલ છે. દોષના અભાવમાં દોષ રહિત બની રહેવું, એ સહજ છે. દોષની હયાતિમાં દોષને આધીન ન થવું એ સહજ નથી, કિન્તુ પરાક્રમ સાધ્ય છે. દોષોના હલ્લાની સામે અડગ રહેવું અને દોષોને મૂળમાંથી ઉખેડી નાખવા માટે સતત મચ્યા રહેવું, એ જેનું સાધ્ય છે તે નિર્ગ્રન્થતા વીતરાગતાની સગી બ્હેન છે–બ્હેનપણી છે. એવી નિર્ગ્રન્થતાને વરેલા મહાપુરૂષો પ્રત્યે શ્રદ્ધા 'Respect for the Spiritual Heroes' વીતરાગતાની ભક્તિનું જ એક પ્રતીક છે. વીતરાગ ઉપરનો ભક્તિભાવ એ જેમ દોષોનો દાહક અને ગુણોનો ઉત્તેજક છે, તેમ નિર્ગ્રન્થ ઉપરનો ભક્તિભાવ પણ દોષદાહક અને ગુણોત્તેજક છે.

**શ્રુત–ચારિત્રધર્મ–**

શ્રી જૈનશાસનમાં શ્રદ્ધેય તરીકે પહેલો નંબર વીતરાગનો અને બીજો નંબર નિર્ગ્રન્થનો છે, તેમ ત્રીજો નંબર વીતરાગે કહેલા અને નિર્ગ્રન્થે પાળેલા શ્રુતધર્મ અને ચારિત્રધર્મનો આવે છે.

શ્રુતધર્મની શ્રદ્ધા એટલે વીતરાગના વચન સ્વરૂપ શાસ્ત્રે બતાવેલા પદાર્થો અને તત્ત્વો ઉપરનો વિશ્વાસ. 'જીવાદિક દ્રવ્યો અને મોક્ષાદિક તત્ત્વોનું નિરૂપણ શાસ્ત્રોમાં જે રીતે કર્યું છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તેમજ છે' એવી અખંડ પ્રતીતિ. એ પ્રતીતિના યોગે જગતનો સ્વભાવ અને મોક્ષનું સ્વરૂપ જેવું છે, તેવું જાણવાની અને સમજવાની તક મળે છે અને તેના ફળ સ્વરૂપ ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે.

ચારિત્રધર્મ તેને કહેવાય છે કે જેમાં બીજાની પીડાનો પરિહાર હોય. જ્યાં સુધી જીવ બીજાને પીડા કરનારી પ્રવૃત્તિઓથી પ્રતિજ્ઞાપૂર્વક સર્વાંશે કે અમુક અંશે પણ મુક્ત થતો નથી, ત્યાં સુધી તે નિમિત્તે થતો કર્મબન્ધ અટકી શકતો નથી. અને કર્મબંધ અટકતો નથી ત્યાં સુધી તેના ફળસ્વરૂપ જન્મ-મરણ અને તજ્જનિત પીડાઓ અટકી શકતી નથી. સ્વપીડાનું ઉત્પત્તિસ્થાન જાણે કે અજાણે પરપીડામાં થવાતું નિમિત્ત છે. એ નિમિત્ત મનથી, વચનથી કે કાયાથી લેશ પણ થવાતું હોય, ત્યાં સુધી તન્નિમિત્તક કર્મબંધ ચાલુ રહે છે. એનાથી છૂટવાનો ઉપાય એક જ છે અને તે હિંસાદિ પાપસ્થાનોથી નિવૃત્ત થવું તે છે. પર-પીડા એ પાપ છે અને પર-ઉપકાર એ પુણ્ય છે, એ નિર્વિવાદ છે. પોતાને કોઈ પીડા આપે તો તે પાપી છે, એમ માનનારો બીજાને પીડા આપતી વખતે પોતે પાપ કરનારો નથી, એમ કયી રીતે કહી શકે ? પોતાના ઉપર કોઈ ઉપકાર કરે તો તે પુણ્યનું કામ કરે છે એમ જો લાગે છે, તો તે નિયમ પોતાને માટે સાચો છે અને બીજાને માટે સાચો નથી, એમ કોણ કહી શકે ? વિશ્વના અવિચલ નિયમો અકાટ્ય હોય છે. કાંટામાંથી કાંટા ઉગે છે અને અનાજમાંથી અનાજ ઉગે છે. એ નિયમના અનુસારે જ પીડામાંથી પીડા અને ઉપકારમાંથી ઉપકાર ફલિત થાય છે.

ચારિત્રધર્મ એ પરપીડાના પરિહારસ્વરૂપ અને પરોપકારના પ્રધાન અંગરૂપ છે. તે ચારિત્રધર્મ ઉપરની શ્રદ્ધા અને તેના પાલનના શુભ અને કલ્યાણકારી ફળો ઉપરનો અખંડ વિશ્વાસ, એ સદ્‌ભક્તિ અને સદાચરણની પ્રેરણાનું અનુપમ બીજ છે.

પરને લેશ માત્ર પીડા ન થાય અને સંસર્ગમાં આવનાર યોગ્ય જીવોને શુદ્ધ ધર્મની પ્રાપ્તિરૂપ ભાવોપકાર થાય, એવા ચારિત્રધર્મનું પાલન કરવા માટે શ્રી જૈનશાસ્ત્રોમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ અગણિત નિયમો બતાવ્યા છે. તે બધાનો સંગ્રહ ચરણસિત્તરી અને કરણસિત્તરીના ૭૦-૭૦ ભેદોમાં, અગર સંયમ અને શીલના ૧૮૦૦૦ પ્રકારોમાં થઈ જાય છે. સદાચારનાં સર્વ શ્રેષ્ઠ અંગો તેમાં સમાઈ જાય છે અને એક પણ અંગ બાકી રહેતું નથી.

પ્રસ્તુત **ધર્મસંગ્રહ ગ્રન્થ** એટલા માટે મહાગ્રન્થ છે કે સદાચારના એ સર્વ શ્રેષ્ઠ અંગોનું વર્ણન કરવા સાથે એના પાલન માટે અતિ આવશ્યક એવી ચક્રવાલ સામાચારી અને પ્રતિદિન (ઓઘ) સામાચારી વગેરે સામાચારીઓનું એમાં યુક્તિયુક્ત વિસ્તૃત વિવેચન છે. ઈચ્છા-મિચ્છાદિક દશ પ્રકારની ચક્રવાલ સામાચારી કહેવાય છે અને આવશ્યક-પ્રતિલેખનાદિ પ્રતિદિન (ઓઘ) સામાચારી કહેવાય છે. એના પાલનમાં સતત ઉપયોગવંત જીવને જીવનમાં સદાચારનો ભંગ કે તેના ફળ સ્વરૂપ કર્મનો બંધ થવાનો અવકાશ રહેતો નથી.

શ્રદ્ધાની શુદ્ધિ માટે વીતરાગ, નિર્ગ્રન્થ અને શ્રુત-ચારિત્ર ધર્મરૂપ શ્રદ્ધેય વસ્તુઓની શુદ્ધિ જોઇએ. એવી શુદ્ધ વસ્તુઓ ઉપરની શ્રદ્ધા કોઈ પણ આત્માને પવિત્ર બનાવી શકે છે, એમાં કોઈ પણ જાતની શંકા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રદ્ધાવાન્ આત્માદિની શુદ્ધિ–**

શ્રદ્ધા એક ગુણ છે. ગુણ ગુણી વિના રહી શકતો નથી. શ્રદ્ધા રૂપી ગુણને ધારણ કરનારો ગુણી 'આત્મા' છે. એ આત્માની શુદ્ધિ એટલે તેના સ્વરૂપની શુદ્ધિ. આત્માનું સ્વરૂપ તેવું માનવું જોઇએ કે જેથી તેનામાં બંધ–મોક્ષ, પુણ્ય–પાપ, સુખ–દુઃખ વગેરે (ભાવો) ઘટે. આત્માને એકાન્ત નિત્ય માનવામાં આવે કે એકાન્ત ક્ષણિક માનવામાં આવે, એકાન્ત શુદ્ધ કે એકાન્ત અશુદ્ધ માનવામાં આવે, શરીરાદિથી એકાન્ત ભિન્ન કે એકાન્ત અભિન્ન માનવામાં આવે તો કેવળ શ્રદ્ધા જ નહિ, કિન્તુ બીજા કોઈ પણ ગુણની, પુણ્ય–પાપની, સુખ–દુઃખની, કે બંધ–મોક્ષની વાત ઘટી શકતી નથી. શ્રદ્ધા, જ્ઞાન, આદિ ગુણો કે સુખ–દુઃખ આદિ અવસ્થાઓ આત્મામાં તો જ ઘટી શકે છે, કે જો તે કથંચિત્ નિત્યાનિત્ય, કથંચિત્ શુદ્ધાશુદ્ધ કે કથંચિત્ શરીરાદિથી ભિન્નાભિન્ન સ્વરૂપવાળો હોય.

દ્રવ્યથી નિત્ય છતાં પર્યાયથી અનિત્ય, મોક્ષમાં શુદ્ધ છતાં સંસારમાં અશુદ્ધ, નિશ્ચયથી ભિન્ન છતાં વ્યવહારથી અભિન્ન ઈત્યાદિ પ્રકારનો જો આત્માને માનવામાં ન આવે, તો શ્રદ્ધાદિ ગુણોની કે બંધ–મોક્ષ આદિ અવસ્થાઓની પ્રાપ્તિ–અપ્રાપ્તિનો વિચાર નિરર્થક બને અને એ વિચારોને દર્શાવનારાં શાસ્ત્રો પણ કલ્પિત ઠરે. શ્રી જૈન શાસનમાં આત્માદિ દ્રવ્યોનું સ્વરૂપ જે રીતે નિત્યાનિત્યાત્મક આદિ રૂપે બતાવેલું છે, તે રીતે માનવામાં આવે તો જ મોક્ષમાર્ગનું નિરૂપણ શ્રદ્ધેય ઠરે. શ્રદ્ધેય પદાર્થોની અને શ્રદ્ધાવાન્ આત્માની શુદ્ધિની સાથે શ્રી જૈનશાસનમાં શ્રદ્ધા આદિ ગુણોને પ્રગટ કરનારાં સાધનોની પણ શુદ્ધિ બતાવેલી છે.

શ્રદ્ધા ઉત્પન્ન થવાનાં સાધનો શ્રી જૈનશાસનમાં બે પ્રકારનાં કહ્યાં છે. 'तन्निसर्गादधिगमाद्वा' અર્થાત્ સમ્યગ્ દર્શનની ઉત્પત્તિ નિસર્ગથી અને અધિગમથી કહી છે. નિસર્ગ એટલે જેમાં આત્મા સિવાય બીજા કોઈ પણ સાધનની જરૂર ન રહે. અધિગમ એટલે આત્મા ઉપરાંત ગુરૂ–ઉપદેશાદિ બીજા સાધનોની આવશ્યકતા રહે. એકલા નિસર્ગથી કે એકલા અધિગમથી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ માનવામાં પ્રત્યક્ષ બાધ છે. વિશિષ્ટ સંસ્કારી આત્માને પૂર્વ જન્મોના શુભ અભ્યાસથી આ જન્મમાં બાહ્ય નિમિત્ત વિના પણ શ્રદ્ધાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે અને કોઈ જીવને ઉપદેશાદિ મલ્યા પછી જ થઈ શકે છે, માટે એ બન્ને પ્રકારોને માનવા એ શ્રદ્ધાનાં સાધનોની શુદ્ધિ છે.

જેમ શ્રદ્ધાની, તેમ જ્ઞાનની શુદ્ધિ માટે જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધનોની, ક્રિયાની શુદ્ધિ માટે ક્રિયા, ક્રિયાવાન્ અને ક્રિયાનાં સાધનોની, તથા ધ્યાનની શુદ્ધિ માટે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોની શુદ્ધિ પણ તેટલી જ જરૂરની છે.

શ્રી જૈનશાસનમાં જ્ઞેય તરીકે અનંત વિશ્વ, તેમાં રહેલા સચેતન જીવો, અચેતન પુદ્ગલો, પરમાણુ, પ્રદેશો, સ્કંધો, ઉપરાંત જીવ અને પુદ્ગલોની ગતિ અને સ્થિતિ તથા તેનાં સહાયક દ્રવ્યો, એ બધાને અવકાશ આપનાર આકાશ, પરિવર્તન કરનાર કાળ વગેરે પ્રત્યેક પદાર્થો તેના યથાર્થ સ્વરૂપમાં દર્શાવેલ છે.

જ્ઞાતા આત્મા પણ કથંચિત્ નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ અને શરીરાદિથી ભિન્નાભિન્ન બતાવેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તથા જ્ઞાનનાં બહિરંગ સાધનો ઉપદેશાદિ અને અંતરંગ સાધનો ક્ષયોપશમાદિ યથાસ્થિત વર્ણવેલાં છે. જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ, એ પાંચ મૂળભેદો, એકાવન પેટાભેદો અને અવાન્તર સૂક્ષ્મ અસંખ્ય ભેદો સંગત રીતિએ નિરૂપણ કરેલા છે.

ક્રિયાની શુદ્ધિ માટે સંયમના સત્તર અને ક્રિયાના સીત્તેર વગેરે ભેદો, પ્રભેદો અને તેના પરિણામે પ્રાપ્ત થતાં અસંખ્ય સંયમસ્થાનો બતાવેલાં છે. ક્રિયાવાન્ આત્માની લેશ્યા, તેની શુદ્ધિ–અશુદ્ધિના પ્રકર્ષ–અપકર્ષથી પ્રાપ્ત થતાં ગુણસ્થાનકો અને તેના અવાન્તર સંખ્ય–અસંખ્ય ભેદો–પ્રભેદો પ્રરૂપેલાં છે. ક્રિયાનાં બાહ્ય સાધનો ગુરૂકુલવાસાદિનું અને અભ્યંતર સાધનો વીર્યાન્તરાયના ક્ષયોપશમાદિનું પણ શુદ્ધ વર્ણન કરેલું છે.

ધ્યાનની શુદ્ધિ માટે ધ્યેય તરીકે મુક્તિ, મુક્તિસ્થાન અને મુક્તજીવોનું સુખ, ધ્યાતા તરીકે કથંચિત્ નિત્યાનિત્યત્વાદિ સ્વરૂપવાળો આત્મા અને ધ્યાનનાં સાધનો તરીકે બાહ્ય–અભ્યંતરાદિ તપના અનેક પ્રકારોનું સુવિસ્તૃત, સુસંગત અને સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચન કરેલું છે. આપણે જોયું કે અહિંસા ધર્મના શ્રેષ્ઠ પાલન વિના મોક્ષપ્રાપ્તિ શક્ય નથી. કેવળ શરીરથી જ નહિ, કિન્તુ વચન અને મનથી પણ પૂર્ણ અહિંસાનું પાલન થવું જોઇએ. જૈન શાસનમાં અહિંસાના પરિપૂર્ણ કાયિક પાલન માટે વિવિધ પ્રકારના ઉત્તમ આચારો બતાવ્યા છે, તેમ વાચિક અને માનસિક અહિંસાના શિખરે પહોંચવા માટે સ્યાદ્વાદ સિદ્ધાન્તનું નિરૂપણ કરેલું છે. સ્યાદ્વાદ એક એવા પ્રકારની ન્યાયબુદ્ધિ છે કે જેમાં સત્યના કોઈ પણ અંશનો અસ્વીકાર કે અસત્યના કોઈ પણ અંશનો સ્વીકાર સંભવી શકતો નથી.

આ ગ્રન્થના પ્રથમ વિભાગના પ્રારંભમાં જ આપેલા માર્ગાનુસારિતાના 'ન્યાયસમ્પન્ન–વિભવ'થી માંડીને પ્રકૃતિ સૌમ્યતા પર્યન્તના સઘળા (પાંત્રીશે) નિયમોનું પાલન એ સ્યાદ્વાદ સિદ્ધાન્તને પામવાની અને પચાવવાની પૂર્વ ભૂમિકા છે. માર્ગાનુસારીના ગુણોથી આરંભીને છેલ્લે નિરપેક્ષ યતિધર્મના પાલન સુધીના સર્વ સદાચારો સંબંધી સર્વશ્રેષ્ઠ નિયમોને આ ગ્રન્થમાં એવી રીતે વર્ણવી બતાવ્યા છે કે તેને વાંચનાર–ભણનાર કેવળ ધર્મશાસ્ત્રમાં નિપુણ થાય એટલું જ નહિ પણ સ્યાદ્વાદન્યાય અને તેના આચરણમાં પણ નિપુણ બને.

પ્રત્યેક વિચાર કે ઉચ્ચાર કોઈ એક અપેક્ષાને આગળ કરીને જ થએલો હોય છે. તે પૂર્ણ સત્ય ત્યારે જ બને કે જ્યારે અન્ય અપેક્ષાઓ તેમાં આવીને ભળે અને વસ્તુ કે વિષયના સમગ્ર રૂપને સ્વીકારવા તત્પર થાય. એ રીતે પ્રત્યેક પ્રવૃત્તિ પણ મોક્ષગામી ત્યારે બને કે જ્યારે તેની પાછળ પૂર્ણતાની પ્રાપ્તિનો હેતુ હોય. અર્થાત્ પૂર્ણતાના સાધનરૂપ માનીને તેને અપનાવવામાં આવે. પ્રવૃત્તિ પોતે કદી પૂર્ણરૂપ હોઈ શકતી નથી, કિન્તુ પૂર્ણતા તરફ લઈ જનારી અપૂર્ણ પ્રવૃત્તિઓ પણ પૂર્ણતાનો હેતુ હોવાથી પૂર્ણ મનાય છે. સ્યાદ્વાદીના અંતઃ–કરણમાં આ જાતિનો વિચાર સદા જાગ્રત હોય છે,

વૃત્તિ અને પ્રવૃત્તિને અહિંસક બનાવનાર તથા સત્યનો ઘાત કે વિરોધ નહિ કરાવનાર એકનું એક સાધન જીવનમાં સ્યાદ્વાદને પરિણમાવવો તે છે. કોઇ કહે છે કે જીવ અનાદિથી જ્ઞાનના અભાવે સંસારમાં ભટકે છે, કોઇ કહે છે કે ક્રિયાના અભાવે ભટકે છે; ત્યારે સ્યાદ્વાદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે છે કે જીવનમાં સ્યાદ્વાદ પરિણતિના અભાવે જીવ સંસારમાં ભટકે છે. 'મુક્તિ માર્ગમાં આગળ વધવા માટે સૌથી વધારે જરૂરી વસ્તુ સત્યમાં મમત્વ અને અસત્યનું અમમત્વ છે' એવી સમજણ જ્યારે પ્રગટે છે, ત્યારે જીવમાં સ્યાદ્વાદ રૂચિ જાગે છે. પછી તેને સ્યાદ્વાદી પુરૂષોનાં વચનો અને નિરૂપણો અમૃત સમાન મીઠાં લાગે છે.

**ધર્મસંગ્રહ નામનો આ ગ્રન્થ અપેક્ષાએ સ્યાદ્વાદનો દરીઓ છે. સ્યાદ્વાદી એવા મહોપાધ્યાય શ્રી માનવિજયજી એના કર્તા છે અને મહાસ્યાદ્વાદી એવા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી એના સંશોધનકર્તા તથા ટીપ્પણકાર છે.** એ કારણે એમાં ધર્મનાં પ્રત્યેક અંગોનો સંગ્રહ થવા ઉપરાંત પ્રત્યેક અંગના ઔચિત્ય-અનૌચિત્યનો પૂર્ણતયા વિવેક કરવામાં આવ્યો છે. કયી ભૂમિકાવાળા જીવ માટે કયો અને કેટલો ધર્મ કેવી રીતે મોક્ષનો હેતુ બને છે, તથા પોતપોતાના સ્થાને ધર્મના પ્રત્યેક અંગો કેટલું મહત્ત્વ ધરાવે છે, તેનું સુસ્પષ્ટ વિવેચન આ ગ્રન્થમાં મળી રહે છે.

એકાન્ત રૂચિ જીવને આ ગ્રન્થમાં વર્ણવેલી વિસ્તૃત વિગતો કદાચ રૂચિકર ન નિવડે, એ બનવા યોગ્ય છે. કિન્તુ અનેકાન્ત રૂચિ જીવને તો આ ગ્રન્થમાં વર્ણવેલો એક એક વિષય અત્યન્ત ઉપયોગી, પુનઃ પુનઃ વાંચવા લાયક, વિચારવા લાયક અને જીવનમાં ઉતારવા લાયક છે, એની ખાત્રી થાય છે.

ગ્રન્થકારે ગ્રન્થમાં નવું કાંઈ જ કહ્યું નથી. પૂર્વ મહર્ષિઓએ જે વાતો કહી છે, તેની તે જ કહી છે. તો પણ તેની સંકલના એવી સુંદર રીતે કરી આપી છે કે-આ એક જ ગ્રંથને ભણવાથી કે વાંચવાથી ચારે અનુયોગનો સાર સમજાઇ જાય છે. ધર્મનાં ચારે અંગો દાન-શીલ-તપ-ભાવ અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ સંબંધી આવશ્યક સઘળીય માહિતી મળી રહે છે. વધારે મહત્ત્વની વાત તો તે છે કે-**આગમશૈલી અને યોગશૈલીનું મિલાન કેવી રીતે થાય છે, તેને સમજવા માટે આ ગ્રન્થ એક અનન્ય ભોમીયાની ગરજ સારે છે.** યોગ સંબંધી **પૂજ્યપાદ સુવિહિત શિરોમણિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના** ગ્રંથો અને આગમ સંબંધી **પૂર્વાચાર્ય મહર્ષિઓના** ગ્રંથોનું દોહન કરીને ગ્રન્થકાર મહર્ષિએ આપણને ઉભયની ઉપયોગિતા અને એકતાનું સચોટ માર્ગ દર્શન કરાવ્યું છે.

આ ગ્રંથનું સર્જન જૈન સંઘને માટે આજસુધી અપૂર્વ આશીર્વાદરૂપ નિવડ્યું છે, ભવિષ્યમાં પણ આધારરૂપ નિવડશે. સંસ્કૃત-પ્રાકૃતમાં રચાયેલો આ ગ્રંથ સર્વ કોઇને સુલભ બને, તે માટે તેના ભાષાનુવાદની આવશ્યકતા હતી. ગ્રંથના બે વિભાગ છે. તેમાં પ્રથમ વિભાગનો અનુવાદ કરવા માટે તો આજ પૂર્વે પણ પ્રયત્ન થયેલો હતો. બીજા વિભાગના અનુવાદનું કામ તેટલું સરલ ન હતું. તેમાં પ્રભુ મહાવીરે પ્રરુપેલો સાધુધર્મ વર્ણવેલો હોઈ તેને સમજવા અને સમજાવવા માટે અધિકારી વ્યક્તિની જરૂર હતી. ગ્રંથમાં કહેલી વિધિમુજબ સાધુપણું અંગીકાર કરી, ગુરુકુલવાસમાં વસી, શ્રુતધર્મનું અધ્યયન કરી, ચારિત્રધર્મનું પાલન કરી, જ્ઞાનક્રિયામાં નિષ્ણાત બની ગીતાર્થપણાને પામેલ વ્યક્તિ ખરી અધિકારી હતી. તેવું વ્યક્તિત્વ સ્વર્ગસ્થ સૂરિપુંગવ **આચાર્યદેવશ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી** મહારાજમાં હતું. તેઓ આ ગ્રંથ ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત પ્રેમ અને મમત્વ ધારણ કરતા હતા. ગ્રંથમાં કહેલા પદાર્થોને અનેક વાર વાંચી વિચારીને આત્મસાત્ કરવા માટે સતત પ્રયત્નશીલ હતા. પોતાનું જીવન તે રીતે ઘડતા હતા, એટલું જ નહિ પણ પોતાના સંસર્ગમાં આવનાર અનેક મુનિવરોનું જીવન તે રીતે ઘડવા સતત પ્રયાસો કરતા હતા. તેના જ એક ફળરૂપે ન હોય તેમ તેમના જ એક પ્રશિષ્ય મુનિરાજ **શ્રી ભદ્રંકર-વિજયજી** આજે આ ગ્રંથના દળદાર બંને વિભાગોનું સરળ અને સ્પષ્ટ ભાષાંતર નિર્વિઘ્નપણે પૂર્ણ કરી શકયા છે. તથા સેંકડો ટિપ્પણો આપી ગ્રંથનાં વિષમ સ્થળોને બાળભોગ્ય બનાવી શકયા છે. આ કાર્ય તેમની એકલાની શક્તિ બહારનું હતું, છતાં તેને પાર પાડી શકયા છે, તે એમ બતાવે છે કે ગુરુભક્તિ અને મહાપુરુષોના આશીર્વાદને કાંઇ દુષ્કર નથી.

આ બીજા ભાગનો અનુવાદ અને ટિપ્પણો વાંચતાં એમ લાગે છે કે સ્વર્ગસ્થ સૂરિપુંગવ પોતે જ તેમના એક પ્રશિષ્ય દ્વારા જાણે આપણને ગ્રંથનાં રહસ્યો સમજાવી રહ્યા ન હોય! ગુરુભક્તિ ઉપરાંત સંઘભક્તિ પણ આ દુષ્કર કાર્યને સુકર બનાવનાર નિવડી હોય, તો ના પાડી શકાય નહિ. આ ગ્રંથ ચતુર્વિધસંઘને અને તેમાં પણ ખાસ કરીને શ્રમણ-શ્રમણી વર્ગને પોતાની સાધનામાં એટલો બધો ઉપકારક છે કે વર્તમાન પડતા કાળમાં આવા એક ગ્રંથનો સ્વાધ્યાય ઘણો આવશ્યક છે. પૂર્વમહર્ષિઓના ઉત્કૃષ્ટ જીવનનો સાક્ષાત્કાર કરાવવાની સાથે સાધુપણું નિરતિચારપણે પાળવા માટે અને તેમાં પ્રવેશ પામતા દોષોથી બચવા માટે આ ગ્રંથ સાચું માર્ગદર્શન આપે છે, એક સાચા ગુરુની ગરજ સારે છે. આ ગ્રંથના અધ્યયનથી મુનિજીવનમાં ભાષાંતરકારને અપૂર્વ પ્રેરણા મળેલી હોઈ સકલ સંઘને પણ તે પ્રેરણા મળે. સંયમના ખપી એવા સાધુ-સાધ્વી વર્ગને શાસ્ત્રોક્ત જીવન જીવવા માટેનું સુંદર માર્ગદર્શન મળે, એવા ઉદાત્ત આશયથી આ ગ્રંથના અનુવાદનું કામ આરંભેલું, તે સતત પ્રયત્નના પરિણામે આજે પૂર્ણ થયું છે. તેની પાછળ એ ઉદાત્ત ભાવનાનું બળ અને સંઘભક્તિના ભાવનો પ્રભાવ પણ કામ કરી ગયેલ છે, એમ માનવું પડે છે.

આ ગ્રંથના પહેલા ભાગનો અનુવાદ ખૂબ રસપૂર્વક વંચાઈ રહ્યો છે. ગૃહસ્થ જીવનનું ધોરણ ઉચું લાવવા માટે તે ઘણું અગત્યનું વાંચન પુરું પાડે છે. સાધુ-સાધ્વીઓનું જીવન ધોરણ અર્થાત્ શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણનું પ્રમાણ ઉચું લાવવાની સૌથી વધુ અગત્ય છે. તેમાં આ બીજા ભાગનો અનુવાદ તેના વાંચનદ્વારા સારો ફાળો આપશે, એમાં જરાપણ શંકા નથી.

ટિપ્પણોમાં વિસ્તારવા જેવી જે વાતો છે, તેનો યોગ્ય વિસ્તાર થયો છે. કેવળ ગ્રંથ લગાવવા માટે જ નહિ પણ ગ્રંથમાં આપેલા પદાર્થોને હૃદયંગમ કરાવવા માટે જે યુક્તિઓ જોઇએ, તે પણ વર્તમાન યુગને અનુરૂપ અપાણી છે.

અનુવાદ અને ટિપ્પણો લખવાના આ કાર્યમાં અનેક ત્રૂટિઓ રહી ગઈ હશે, તેને બહુશ્રુત પુરુષો ક્ષંતવ્ય ગણશે. આ કાર્યની પાછળ સેવાયેલા દીર્ઘ પરિશ્રમનો લાભ સંઘમાં વધુને વધુ લેવાય એ માટે સૌ કોઇ પોતપોતાથી બનતું કરશે, એવી આશા સાથે વિરમીએ છીએ.

પ્રથમ શ્રાવણ વદ ૮, વિ. સં. ૨૦૧૪.
**નવા ડીસા-જૈન ઉપાશ્રય.**

**પં. ભદ્રંકરવિજય ગણી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ अर्हं ॥

॥ नमः श्रीजिनप्रवचनाय ॥

# પ્રાક્કથન

卐═══════卐

**જીવન કળા**–અનાદિ સંસારમાં ભટકતા જીવને અનંતાનંત જન્મ-મરણો થયાં અને હજુપણ ચાલુ છે, તેમાં એ કારણ છે કે જીવને જેવું શુદ્ધ જીવન જીવવું જોઇએ, જે જીવન તેના જન્મ-મરણોનો અંત લાવી શકે, તેવું જીવન આજ સુધી તે ક્યારે ય પણ જીવી શક્યો નથી. જીવ ચૈતન્ય સ્વરૂપ છે, તેથી તેણે ચૈતન્યના આલંબને જીવવું જોઇએ. મળેલી જડ સામગ્રીથી પણ ચૈતન્યને જ પુષ્ટ કરવું જોઇએ–અનાદિ કાળથી કર્મોનાં આવરણોથી અવરાઈ ગયેલા જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણોને પ્રગટ કરવા જોઇએ. જ્યાં સુધી તેવું જીવન ન જીવી શકે ત્યાં સુધી તે શક્તિ પ્રગટાવવા માટે લેવા પડતા નવા નવા જન્મોથી અને તેનાં વિવિધ કષ્ટોથી જીવ કદી પણ છૂટી ન શકે! ભલે તેને દુઃખ ન ગમતું હોય, પણ એટલા માત્રથી દુઃખ ટળે નહિ. તેને ટાળવા માટે તો જ્ઞાનીઓએ કહેલા અને આચરેલા માર્ગે તેવું વિશિષ્ટ જીવન જીવવું જોઇએ. એ માર્ગ સ્વીકાર્યા વિના ત્રણે કાળમાં કોઈ મુક્ત થયું નથી, થતું નથી અને થશે પણ નહિ. આ એક સુનિશ્ચિત હકીકત છે, તેથી આત્માનું કર્તવ્ય થઈ પડે છે કે તેણે પોતાનાં ભાવિ જન્મ-મરણોની પરંપરાને અટકાવી શકે તેવું જીવન જીવવાની કળા પ્રાપ્ત કરવી.

**ધર્મ અને જીવન**–જીવનમાં (જગતમાં) ધર્મની આવશ્યકતા ઉપર કહેલા એક જ કારણે છે. દરેક ધર્મનાં પ્રત્યેક અનુષ્ઠાનોનો સાર એ છે કે તે તે અનુષ્ઠાનના આલંબનથી જીવે સમ્પૂર્ણ--નિર્દોષ જીવન જીવવાની કળા પ્રાપ્ત કરવી. જીવનની આ નિર્દોષતા અને તેનાં સાધનો એ બન્નેને ધર્મ કહેવાય છે. જેના આશ્રયથી સ્વ-પર દુઃખો ટળે તે ધર્મ. ધર્મ સિવાય કોઇ એવું તત્ત્વ નથી કે જે જીવને સુખ આપી શકે–દુઃખને દૂર કરી શકે. આ કંઇ કેવળ વ્યાખ્યા જ નથી, વસ્તુતઃ સુખનો અને ધર્મનો એવો સંબંધ છે. માટે જ સૌને ધર્મ ગમે છે. ભલે ધર્મને સાચા સ્વરૂપમાં સમજી ન શકે, કિન્તુ થોડા પણ વિવેકને પામેલા સૌ કોઇ ધર્મનો પક્ષ કરે છે, ધર્મી કહેવડાવવું સૌને ગમે છે, અધર્મીની છાપ કોઈને ગમતી નથી, મનુષ્ય ઉપરાંત પશુઓમાં પણ આ હકીકત કેટલેક અંશે દેખાય છે, તેનું કારણ સુખ સાથેનો ધર્મનો સંબંધ જ છે. 'ધર્મ જ આત્માના સુખનું એક સફળ સાધન છે' એવું ગત જન્મોમાં ઘણીવાર જીવે અનુભવ્યું છે, આજે એ ભૂલી જવા છતાં એના સંસ્કારો ભૂંસાયા નથી. વર્તમાનમાં ધર્મના અભાવે પણ મળેલી સુખ સામગ્રીની પાછળ ધર્મ રહેલો જ છે. પૂર્વકૃત પુણ્ય(ધર્મ) વિના વર્તમાનમાં સુખ સામગ્રી મળતી નથી, મળેલી ટકતી નથી અને ભોગવી શકાતી નથી. પૌદ્ગલિક પદાર્થો પણ તે જ સુખ આપી શકે છે કે જેનો સર્જક–તેમાં ઉત્પન્ન થએલો આત્મા કોઇને કોઇ અંશમાં ધર્મને પામેલો હોય. ચિંતામણી, કામધેનુ વગેરે કે સુવર્ણ-ચાંદી–હીરા, માણેક-મોતી વગેરે જે જે પદાર્થો જગતમાં આદર પામે છે, કે બીજાને સુખનું સાધન બની શકે છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેકના સર્જક-તેમાં ઉત્પન્ન થનારા એકેન્દ્રિયાદિ જીવો સજાતીય સામાન્ય જીવોની અપેક્ષાએ પણ અમુક અંશે શુદ્ધ અને પુણ્યવાળા હોય છે, તેઓની એ શુદ્ધિ અને પુણ્ય એ ધર્મનો જ એક અંશ છે. તેના બળે તે આદર પામે છે અને તેને ભોગવનાર પણ સુખ અનુભવે છે. અન્યથા એવી કેટલીય જડ વસ્તુઓ છે કે જેની ઇચ્છા સરખી પણ કોઈ કરતું નથી. ભૂલથી પણ તેનો ઉપયોગ કરે તો તે દુઃખનું કારણ બને છે. એમ સુખના સાધનભૂત પૌદ્ગલિક વસ્તુ પણ ધર્મના પ્રભાવે જ સુખ આપી શકે છે. એટલું જ નહિ, ભોગવનાર પણ ધર્મના પ્રભાવે જ સુખ અનુભવી શકે છે. જેણે પૂર્વે ધર્મનો પક્ષ, આદર કે સેવા કરી હોય તેને જ એવી સુખ સામગ્રી મળે છે અને ધર્મદ્વારા તેને ભોગવવાની કળા જેણે પ્રાપ્ત કરી હોય તે તેનાથી સુખનો અનુભવ કરી શકે છે. અન્યથા સુખ સામગ્રી મળતી નથી, મળે તો પણ સુખનો અનુભવ કરી શકાતો નથી અને બલાત્કારે સુખ માણવા પ્રયત્ન કરે તો પરિણામે દુઃખી થયા વિના રહેતો નથી. એમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં સમજાશે કે સુખની સાથે ધર્મનો વૃક્ષ અને બીજ જેવા સંબંધ છે. જ્યાં ધર્મનો પ્રભાવ છે ત્યાં જ સુખ છે, જે જીવનમાં સુખ નથી ત્યાં ધર્મનો પ્રભાવ નથી. અથવા ધર્મનો પ્રભાવ નથી ત્યાં સુખ નથી, સુખ છે ત્યાં ધર્મનો પ્રભાવ છે જ. આથી એ નિશ્ચિત છે કે સુખના અર્થીને ધર્મ અનિવાર્ય છે.

**સાચું સુખ**–આ હકિકત પણ પૌદ્ગલિક સુખને અંગે સમજવી, કે જે સુખ અનિત્ય હોવાથી જીવને અંતે નિરૂપયોગી છે. જીવ ઇચ્છે છે તે સુખ તો કોઈ જુદું જ છે. ધર્મથી મળતાં પૌદ્ગલિક સુખો નાશવંત હોવાથી જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે જીવ પોતાની જાતને ઠગાએલી માની ભારે અફસોસ સાથે દુઃખનો અનુભવ કરે છે. તત્ત્વથી તો જીવને કદી નાશ ન પામે તેવું, જેને ભોગવતાં લેશ પણ દુઃખ ન થાય તેવું અને સર્વ રીતે સમ્પૂર્ણ, અર્થાત્ નિરૂપાધિક, શાશ્વત, શુદ્ધ અને સમ્પૂર્ણ સુખ ઇષ્ટ છે. કારણ કે પોતે સ્વરૂપે શાશ્વત, શુદ્ધ (તત્ત્વરૂપ) અને સમ્પૂર્ણ છે. એ કારણે આજ પૂર્વે ઘણાં ઘણાં સુખો ભોગવ્યાં તો પણ તેને સંતોષ થયો નથી, તે તેને માફક આવ્યાં નથી. જીવને આ ઇષ્ટ છે તેને આધ્યાત્મિક સુખ કહેવાય છે. તે બાહ્ય પદાર્થોની અપેક્ષા વિનાનું, સ્વાધીન અને સ્વ-સ્વભાવરૂપ હોવાથી ત્રણે જગતના સર્વ જીવોનાં પૌદ્ગલિક સુખોનો ત્રણે કાળનો સરવાળો પણ તેના એક અંશની બરાબરી કરી શકતો નથી. એ કારણે જ આજ સુધીની સુખ પ્રાપ્તિ તેને સંતોષી શકી નથી. આ છે જીવની વાસ્તવિક પરિસ્થિતિ ! !

**ધર્મશાસકોનો ઉપકાર**–અનંત જ્ઞાનીઓએ પોતાના નિર્મળ-સમ્પૂર્ણ જ્ઞાનથી આ સત્યને જોયું છે, જાણ્યું છે અને જાહેર કર્યું છે. એટલું જ નહિ, આત્માના તે ઇષ્ટતમ સુખને મેળવવાના અને તેનાં બાધક ભાવોને દૂર કરવાના સફળ ઉપાયો પણ બતાવ્યા છે. એ છે તેઓનો અનન્ય ઉપકાર ! જીવ તે કારણે તેઓનો અત્યન્ત ઋણી છે. હીરાની પણ ઓળખ વિના તેને મેળવવાના ઉપાયો કે મળવા છતાં તેનાથી સુખનો અનુભવ કરી શકાતો નથી અને પત્થર તુલ્ય માની તેને ફેંકી દેવાનું બને છે. સુખ માટે પણ તેમ જ છે. સુખની ઓળખ વિના તેને મેળવવાનો પ્રયત્ન કે મળે તો પણ તેની કિંમત થઇ શકતી નથી. જીવ તેનું રક્ષણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે આસ્વાદન કરી શકતો નથી. ઉલટું કોઇવાર વધારે દુઃખનું કારણ બનાવે છે. આ અંધાપા-માંથી ઉગારનાર જ્ઞાનીઓનો ઉપકાર અમાપ છે, અનંત છે, કદાપિ બદલો ન વળી શકે તેવો છે. જગતમાં પણ ઔષધ કરતાં રોગ નિદાનનું મહત્ત્વ છે. વર્તમાનમાં તો મોટા ડૉકટર તરીકે ગણાતા કેટલાકો માત્ર રોગનિદાન જ કરે છે. ઔષધ તો બીજા જ આપે છે. છતાં નિદાન કરનારા મોટા ગણાય છે. તેમ સુખ સામગ્રી આપનારા માતા-પિતા, સ્વજનાદિ, વિદ્યાગુરૂ કે ધર્મગુરૂઓ, એ સર્વથી અધિક ઉપકાર દુઃખને તથા તેના ઔષધરૂપ ધર્મને ઓળખાવનારા શ્રી અરિહંત દેવોનો છે. ભલે આજે તે આપણી સામે ન હોય, પણ તેઓનો ઉપકાર અસીમ છે, પ્રત્યક્ષ છે. એમના વિના બીજો કોઈ આ ઉપકાર કરવાને સમર્થ નથી. **ક્રોડો વન્દન હો એ પરમતારક શ્રી અરિહંત દેવોને ! કે જેઓએ જગતને અનાદિ અજ્ઞાનરૂપી અંધકુપમાંથી બહાર કાઢયું છે.**

**શાસ્ત્રોનો પરમ ઉપકાર**—ઉપર જોયું કે સુખને અને તેને પ્રાપ્ત કરવાના ઉપાયોને બતાવનારા શ્રી અરિહંત દેવો મહા ઉપકારી છે, તેમ એ ઉપદેશને સંગ્રહ કરનારા પૂર્વર્ષિઓનો અને તે સંગ્રહ જેમાં કર્યો છે તે શાસ્ત્રોનો પણ પરમ ઉપકાર છે. કારણ કે એક બાજુ જીવને ધર્મનો પક્ષ છે, અને ઉદ્યમ કરવા છતાંય તેને આજસુધી સાચું સુખ મળ્યું નથી. બીજી બાજુ તેના ઉપાયરૂપ ધર્મને ઓળખાવનારા અરિહંતો આજે વિદ્યમાન નથી. આ પરિસ્થિતિમાં પણ અરિહંતના ઉપદેશને જણાવનારાં શાસ્ત્રો જીવને અરિહંત તુલ્ય ઉપકાર કરી શકે છે. આ કારણે જ અતુલ ઉપકારી એવાં તે શાસ્ત્રોને અખંડ અને અબાધિત રાખવા માટે પૂર્વર્ષિઓએ પોતાનાં જીવનો ખર્ચી નાખ્યાં છે. આજે આપણી સામે જે ધર્મશાસ્ત્રો છે, તે એ પૂર્વ મહા-પુરૂષોના ઉપકારના ફળરૂપ છે. એના આધારે જ આપણે ઈષ્ટ સુખને અને તેના ઉપાયોને ઓળખી શકીએ તથા તે ઉપાયોરૂપ ધર્મની સેવા કરીને સુખ મેળવી શકીએ.

**ગ્રન્થનું મહત્વ**—પ્રસ્તુત **ધર્મસંગ્રહ** નામક ગ્રન્થ એ ઉપકારી શાસ્ત્રો પૈકીનું એક શાસ્ત્ર છે. તેમાં સુખ અને તેના ઉપાયોરૂપ ધર્મની સાચી ઓળખ કરાવી છે અને પ્રત્યેક જીવ સ્વ-યોગ્યતા અને શક્તિ અનુસાર તે ઉપાયો કરી શકે તેવી વ્યવસ્થા સમજાવી છે. ગ્રન્થનું યથાર્થ મહત્ત્વ તો કોઇ તેવો વિશિષ્ટ જ્ઞાની જ સમજી શકશે, બીજાઓ તો સ્વ-સ્વબુદ્ધિ અને રૂચિને અનુસરીને તેનું મહત્ત્વ ઓછું વધતું આંકશે. કારણ કે-વસ્તુ ગમે તેટલી શ્રેષ્ઠ હોય પણ તેને સમજવાની જેટલી શક્તિ આત્મામાં હોય તેટલી જ તે તેને શ્રેષ્ઠ માની શકે છે. આ એક સામાન્ય નિયમ છે અને એ જ કારણે જગતમાં 'હીરાની કિંમત ઝવેરી જ સમજી શકે' એમ મનાય છે. આ અનુભવ સર્વત્ર વર્તે છે, એક જ વસ્તુ એકને અતિ મહત્ત્વની સમજાય છે ત્યારે બીજાને તે સામાન્ય જેવી લાગે છે. એ કારણે આ ગ્રન્થનું મહત્ત્વ અને તેનો ઉપકાર વાચક સ્વયં એનો અભ્યાસ કરીને જ સ્વ-સ્વ શક્તિ પ્રમાણે સમજી લેશે. તો પણ ટુંકમાં 'આ ગ્રન્થ એક સમ્પૂર્ણ ધર્મશાસ્ત્ર છે' એમ કહેવું જરા પણ ખોટું નથી. ગૃહસ્થને અને સાધુને જીવનમાં ઉપકારક ન્હાની મોટી સર્વ વાતોનો તેમાં ઉકેલ છે. તેનું એ કારણ છે કે ગ્રંથ અતિપ્રાચીન ન હોવા છતાં પ્રાચીનતમ વિવિધ શાસ્ત્રોના રહસ્યોનો એક ભંડાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન દર્શન માન્ય મૂળ આગમો, પંચાંગી, પૂર્વધરોએ રચેલાં વિવિધ શાસ્ત્રો અને પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૨૨૦૦ વર્ષ પર્યન્ત થએલા અનેકાનેક સમર્થ વિદ્વાન્ મહર્ષિઓ રચિત શાસ્ત્રોનું એમાં દોહન છે. ગ્રન્થકાર **મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર** એવા સમર્થ વિદ્વાન્ છે કે છૂટાં મોતીની માળા ગુંથવાની જેમ તેઓએ અન્ય અન્ય શાસ્ત્રોની રહસ્યભૂત સર્વ વાતોને વીણી વીણીને આ ગ્રંથમાં સંકલનાબદ્ધ ગુંથી છે. ઉપરાંત પ્રખર જ્યોતિર્ધર, સર્વવિદ્વદ્‌માન્ય ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય, **મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વાચકે** એને શોધીને વચ્ચે વચ્ચે વિશિષ્ટ ટીપ્પણોથી અલંકૃત કરીને મ્હોર છાપ આપી છે. એ કારણે આ ગ્રંથની એક એક હકીકત નિર્વિકલ્પ પ્રમાણભૂત મનાએલી છે. અનેક બાબતોના પ્રશ્નો અને સમાધાનો કરીને તેની સિદ્ધિ–શુદ્ધિ કરી છે, ભિન્ન ભિન્ન વિચારધારાઓનો પણ સમન્વય કરીને તેનો અંતિમ નિષ્કર્ષ આપ્યો છે, અલ્પમતિ પણ સમજી શકે તે રીતે ગહન વિષયોને પણ સરળ અને વિશદ બનાવ્યા છે. એમાં બહુધા પ્રાચીન ધર્મશાસ્ત્રોના પાઠોનો સંગ્રહ કરેલો હોવાથી એનું **ધર્મસંગ્રહ** નામ સાન્વર્થ છે. ઉપરાંત સમર્થ છતાં ગ્રન્થકારે પૂર્વપુરૂષોના પાઠોનો સંગ્રહ કરવારૂપે આ ગ્રન્થની રચના કરી છે, તેથી તેઓશ્રીના 'પૂર્વર્ષિઓ પ્રત્યે પૂજ્ય–ભાવ, ગુણાનુરાગ, લઘુતા, અને વિનય–બહુમાન' વગેરે ગુણોનું એક જાણે આ ગ્રન્થ પ્રતિક હોય તેમ તેનું અધ્યયન કરતાં જ સમજાય છે. પ્રાયઃ એક એવી હકીકત આ ગ્રન્થમાં શોધી નહિ જડે કે જેને અંગે ગ્રન્થકારે પૂર્વાચાર્યોના પાઠોની સાક્ષી–આધાર ન આપ્યો હોય. એ કારણે આ ગ્રન્થ પ્રાયઃ બસો ઉપરાન્ત ગ્રન્થોના આધારે રચાએલો માની શકાય, તેમાં દોઢ સો જેટલાં નામોની યાદિ તો અમે અહીં આપી છે. એ યાદિને તથા વિષયાનુક્રમને જોવા માત્રથી પણ ગ્રન્થની મહત્તા સમજાય તેમ છે.

**ધર્મનું સ્વરૂપ**–ગ્રન્થના મહત્ત્વ વિષે આટલું વિચાર્યા પછી જેનો તેમાં સંગ્રહ કરેલો છે, તે ધર્મને પણ સમજવો જોઇએ. કહ્યું છે કે–' वत्थु सहावो धम्मो ' અર્થાત્ વસ્તુ માત્રનો મૂળ સ્વભાવ તે તેનો ધર્મ છે. જો સુખ માટે ધર્મ જરૂરી છે અને સુખ એ આત્માનું ઇષ્ટ છે, તો આત્મારૂપી વસ્તુના સ્વભાવરૂપ આત્મધર્મ જ અહીં પ્રસ્તુત છે. આત્મા સ્વરૂપે જ્ઞાન–દર્શન ચારિત્રમય છે, તેને કેટલાક સત્–ચિદ્–આનંદનો સમૂહ='સચ્ચિદાનંદ' પણ કહે છે. અર્થાત્ 'સત્યનું જ્ઞાન કરવા પૂર્વક રાગ–દ્વેષાદિ આંતર શત્રુઓથી પર રહીને સમભાવનો આનંદ અનુભવવો' તે આત્માનો ધર્મ છે. અનાદિ જડ વાસનાઓને જોરે સંસારી જીવ તેવો ધર્મનો અનુભવ કરી શકતો નથી, કારણ કે જડનું આક્રમણ તેને રાગ–દ્વેષાદિની પરિણતિ કરાવે છે. એ જ એનાં સર્વ દુઃખોનું, જન્મોજન્મનું અને ભવભ્રમણનું મૂળ છે. જીવ અજ્ઞાન અને મૂઢતાને કારણે તેને સમજી શકતો નથી. અનંત અનંત કાળ તો એનો આ રીતે પસાર થઈ જાય છે, પછી જ્યારે 'કાળનો પરિપાક' વગેરે નિમિત્તો પ્રાપ્ત થાય છે, ત્યારે અશુભ કર્મોની મંદતારૂપ પુણ્યના પ્રકર્ષથી તે અજ્ઞાન ટાળવા માટે અને જે જડના આક્રમણથી તે દુઃખી છે તે જડને તેના શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શાદિ ધર્મોદ્વારા ઓળખવા માટે તેને જીભ્હા વગેરે તે તે ઇન્દ્રિયો અને મન પ્રાપ્ત થાય છે. આ ઇન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે, કારણ કે એના દ્વારા માત્ર તે તે પદાર્થોનું અને તેના ધર્મોનું આત્માએ જ્ઞાન કરવું તે જ તેનો સદુપયોગ છે. આવું જ્ઞાન કરવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે આત્માનું સ્વરૂપ હોવાથી ધર્મ છે. પણ જીવ તેટલેથી અટકતો નથી, જાણ્યા પછી સ્વકલ્પનાનુસાર મનથી શુભ–અશુભ શબ્દાદિ પ્રત્યે રાગ–દ્વેષાદિ કરીને કામ–ક્રોધાદિ પોતાના જ અંતરંગ શત્રુઓને પોષે છે અને નવો કર્મબંધ કરે છે. એ કારણે એવી રાગ–દ્વેષાદિપરિણતિને અધર્મ કહ્યો છે અને પદાર્થનું સત્યજ્ઞાન કરીને રાગ–દ્વેષના અભાવ રૂપ સમભાવમાં સ્થિર થવું તેને ધર્મ કહ્યો છે.

જ્ઞાની તેને કહેવાય કે જે પોતાના જ્ઞાનથી રાગ–દ્વેષાદિ કરી કરીને કામ–ક્રોધાદિનું પોષણ ન કરે. જ્ઞાનીની દૃષ્ટિ વિશુદ્ધ હોય છે, અજ્ઞાનીની વિપરીત હોય છે. માટે શુદ્ધ દૃષ્ટિવાળાને જ્ઞાની અને વિપરિત દૃષ્ટિને અજ્ઞાની કહ્યો છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ઇન્દ્રિઓદ્વારા જે જે વસ્તુનું જ્ઞાન મેળવે છે તે તે દ્વારા સમતાને સાધે છે અને મિથ્યાદૃષ્ટિ ઇન્દ્રિયોદ્વારા થતા જ્ઞાનથી રાગ–દ્વેષાદિને પોષે છે. જેમ કે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બે મનુષ્યો કોઈ પશુઓની પાશવતા જુએ, તે જોઇને સમ્યગ્દૃષ્ટિ એમ વિચારશે કે મારો જીવ ચારે ગતિમાં ભમતાં આવા પણ જન્મો અનેકશઃ કરી ચૂક્યો છે, તે વખતે મેં પોતે પણ આવું જ જીવન અનુભવ્યું છે. અહહ ! આ જીવન કેવું અજ્ઞાન ભરેલું હાસ્યાસ્પદ અને દુઃખદાયી છે ? આવાં દુઃખો મારા જીવે કેટલી વાર ભોગવ્યાં હશે ? હવે તો એવું જીવન જીવું કે પુનઃ આવો જન્મ ન લેવો પડે. જીવને કર્મોની પરાધીનતા કેવું પાગલ જીવન જીવાડે છે ? વગરે વગેરે સ્વ આત્મદશાને વિચારીને તે પશુઓ ઉપર પણ કરૂણાભાવ પ્રગટાવશે. એ જ દૃશ્ય જોઇને મિથ્યાદૃષ્ટિ તેના ઉપર તિરસ્કાર વગેરે અયોગ્ય પ્રવૃત્તિ કરશે, અર્થાત્ જે દૃશ્યને જોઇને જ્ઞાની કર્મોની નિર્જરા કરશે, સંસાર પ્રત્યે વિરાગી બનશે, તે જ દૃશ્ય અજ્ઞાનીને કર્મબન્ધનું કારણ અને રાગ–દ્વેષાદિ શત્રુઓનું પોષક બનશે, એમ સર્વત્ર દૃષ્ટિભેદે પરિણતિ ભેદ સંભવિત છે. આ કારણે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે ' जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा ' અર્થાત્ અજ્ઞાનીનાં આશ્રવનાં નિમિત્તો જ્ઞાનીને નિર્જરાનાં નિમિત્તો બને છે અને જ્ઞાનીનાં નિર્જરાનાં નિમિત્તો અજ્ઞાનીને આશ્રવનાં કારણો બને છે. વસ્તુતઃ વિચારીએ તો આ જગતમાં રાગ–દ્વેષ કરવા લાયક કંઈ જ નથી. જે જે દૃશ્યમાન ભાવો છે, તે સઘળાય અપેક્ષાએ પ્રત્યેક આત્માના ભૂત–ભાવિ જન્મજન્મોના જીવનનો ઇતિહાસ છે, એનાં સાક્ષાત્ ચિત્રો છે. અનંતા કાળથી ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં જીવે સંસાર નાટકમાં કયો વેશ નથી ભજવ્યો ? અને મોક્ષ નહિ થાય ત્યાં સુધી કયો વેશ નહિ ભજવે ? સમ્યગ્દૃષ્ટિ જ્યાં જ્યાં જે જે જુએ છે, તેને તે પોતાના જીવનના ઇતિહાસરૂપ સમજીને સમગ્ર ભૂતકાળનો સાક્ષાત્કાર કરે છે અને એ રીતે સંસારના સ્વરૂપનું જ્ઞાન મેળવીને સમતાની સાધના કરે છે. એમ કરવું એ જ ઇન્દ્રિયોનો અને મનનો સદુપયોગ છે, તે આત્માનો મૂળ સ્વભાવ હોવાથી ધર્મ છે અને અજ્ઞાન તથા મૂઢતાથી તેમ ન કરી શકાય તે અધર્મ છે.

**ધર્મના પ્રકારો**–ઉપર જણાવ્યો તે આત્મસ્વભાવરૂપ શુદ્ધ ધર્મ સાધ્ય છે. પણ ઇચ્છા કે જ્ઞાન માત્રથી તે સિદ્ધ કરી શકાય તેમ નથી. તે માટે જન્મ જન્મના પ્રયત્નો પણ ઓછા પડે છે. જેમ આરોગ્યને સમજવા કે ઇચ્છવા માત્રથી તે મળતું નથી, તેને માટે કરવા યોગ્ય સઘળું કરવું પડે છે અને છોડવા યોગ્ય પ્રવૃત્તિઓને, કુપથ્ય વિગેરેને, કે તેવી ઇચ્છાઓને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડવી પડે છે. તેમ આત્મધર્મની સિદ્ધિ માટે અનેક પ્રવૃત્તિઓ કરવી પડે છે અને અનેકનો ત્યાગ પણ કરવો પડે છે. આ પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ વ્યવહારને સાધનધર્મ કહેવાય છે. એમ ધર્મના સાધ્યધર્મ અને સાધનધર્મ એવા બે પ્રકારો પડે છે. એને ભાવધર્મ અને દ્રવ્યધર્મ, નિશ્ચયધર્મ અને વ્યવહાર ધર્મ, એવાં પણ વિવિધ નામો શાસ્ત્રોમાં આપેલાં છે. આરોગ્યનું લક્ષ્ય અને તેના ઉપાયો બન્ને સાથે મળવાથી આરોગ્ય સંભવિત છે, તેમ સાધ્યધર્મના લક્ષ્ય પૂર્વકનો સાધન–ધર્મ આત્માને જડના અનાદિ આક્રમણથી (કર્મરોગથી) બચાવી શકે છે. માટે જ સાધ્ય ધર્મનું જ્ઞાન અને સાધન ધર્મરૂપે ક્રિયા, બન્નેને મોક્ષનાં સમાન અંગો માન્યાં છે. કહ્યું પણ છે કે–" ज्ञानक्रियाभ्यां मोक्षः" અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બન્નેના સહયોગથી મોક્ષ થઈ શકે છે,

આ સાધ્યધર્મ આત્મસ્વભાવ તરીકે એક જ હોવા છતાં આત્માના ભિન્ન ભિન્ન ગુણો રૂપે તેના જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણ, અથવા ક્ષમા–માર્દવ–આર્જવ વગેરે દશ, એમ વિવિધ પ્રકારો પણ કહ્યા છે. તે પ્રકારો પરસ્પર એટલા સાપેક્ષ છે કે એમાનાં એકના પણ અભાવે આત્માનો મોક્ષ થતો નથી. સાધનધર્મ પણ પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ ક્રિયા તરીકે એક જ પ્રકારનો હોવા છતાં પ્રવૃત્તિના અને નિવૃત્તિના ભિન્ન ભિન્ન વિષયોની અપેક્ષાએ તેના પણ વિવિધ પ્રકારો કહેલા છે, એ બધા પ્રકારોના સરવાળાને વિરતિ ધર્મ કહેવાય છે. અર્થાત્ પાપવ્યાપારોથી વિરામ કરવો અને ઉપલક્ષણથી શુભવ્યાપારોમાં પ્રવૃત્તિ કરવી તેને વિરતિ ધર્મ કહેવાય છે.

આ વિરતિધર્મનો અર્થ સામાન્યતયા 'આત્માને થતા કર્મ બંધને રોકવો' એવો કરીએ તો તેનો પ્રારંભ સાધનધર્મની અપેક્ષાએ જીવને ચરમાવર્ત કાળમાં અપુનર્બન્ધક–ભાવ પ્રગટ્યા પછી માર્ગાનુસારિતાના વ્યવહારથી થાય છે અને એની અંતિમ સમાપ્તિ સાતમા ગુણસ્થાનકે અપ્રમતભાવમાં થાય છે. સાધ્યધર્મની અપેક્ષાએ વિરતિની ભૂમિકા ચોથા ગુણ-સ્થાનકે, પ્રારંભ પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે અને સમાપ્તિ ચૌદમા ગુણસ્થાનકે શૈલેશી અવસ્થામાં થાય છે, તે પછી જીવનો તુર્ત મોક્ષ થાય છે.

આ ગ્રન્થમાં વિરતિધર્મના આદિ કાળથી માંડીને સમાપ્તિકાળ સુધીનાં કર્તવ્યોનું ક્રમશઃ વર્ણન કર્યું છે, સામાન્યતયા આ ગ્રન્થના બે ભાગોમાં વર્ણવેલો ધર્મ કોઇ એક જ ભવમાં પૂર્ણ થાય તેવો નથી. ધર્મના અર્થીએ ગ્રન્થના અભ્યાસ દ્વારા સ્વ–સ્વ આત્માની ગુણભૂમિકા નક્કી કરીને ત્યાંથી આગળ વધવાના આ ગ્રન્થમાં કહેલા ક્રમિક ઉપાયો આદરવાના છે.

સંસારનું મુખ્ય કારણ હિંસા છે. કોઈ પણ જીવને (દુઃખ) અહિત થાય તેવું મન, વચન, કે કાયાથી વર્તન કરવું, તેને અનુક્રમે માનસિકી, વાચિકી અને કાયિકી હિંસા કહેલી છે. ઇચ્છવા છતાં બીજાનું અહિત કરવું નિશ્ચિત નથી, પણ તેવી ઇચ્છા કરનારનું તો અહિત અવશ્ય થાય છે જ. આવું અહિત કરવાની ઇચ્છામાં મોહ, અજ્ઞાન, કામ–ક્રોધાદિની પરિણતિ, તેના પરિણામે કલ્પેલી જીવનની વિવિધ જરૂરીઆતો, હિત કરવાની અનાવડત, વિગેરે કારણો રહેલાં છે. તેનાથી અન્ય જીવોની વિવિધ પ્રકારની હિંસા સંભવિત છે અને હિંસકને પણ કર્મબન્ધ થવા રૂપ પોતાની (આત્મ) હિંસા થાય છે. જૈન દર્શનમાં હિંસાની કોઈના પણ 'પ્રાણોનો વિયોગ કરવો' એટલી ટૂંકી વ્યાખ્યા નથી, કિન્તુ કોઇને પણ કર્મબન્ધ થાય તેવું વર્તન કરવું, તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ હિંસા કહી છે, તેમાં પણ પ્રાણ વિયોગરૂપ હિંસા એક જ ભવ પૂરતી થાય છે અને કર્મબન્ધરૂપી હિંસા તો અનેકાનેક ભવો સુધી કડવા વિપાકો (દુઃખો) ભોગવાવે છે. પરિણામે જન્મ-મરણાદિરૂપ વિપત્તિઓની પરંપરા ભોગવવી પડે છે. આ કારણે વિરતિનું મુખ્ય સાધ્ય અહિંસા છે. આ અહિંસાની સિદ્ધિ માટે જે જે તજવાની, આચરવાની કે સ્વીકારવાની જરૂર પડે તેનો ત્યાગ, સ્વીકાર કે આદર વગેરે કરવું તે બધાનો અંતર્ભાવ વિરતિધર્મમાં થાય છે, અર્થાત તે દરેકને વિરતિ કહેવાય છે. માટે હિંસાના મુખ્ય કારણભૂત અસત્ય, ચૌર્યકર્મ, અબ્રહ્મ અને પરિગ્રહનો પણ ત્યાગ કરવો તેને વિરતિ કહી છે. જૈન દર્શનમાં ક્રમશઃ એને અહિંસાવ્રત, સત્યવ્રત અચૌર્યવ્રત, બ્રહ્મચર્યવ્રત અને પરિગ્રહવ્રત કહેવાય છે. અન્ય દર્શનોમાં એ પાંચને યમો કહેવાય છે, એ પાંચે વ્રતોને અનુકૂળ-સહાયક બને તેનો તેનો ત્યાગ કે સ્વીકાર કરવા રૂપ બીજા પણ વિવિધ નિયમો ઠરવામાં આવે છે, એથી વ્રતોની સંખ્યા ગૃહસ્થધર્મમાં વધીને સામાન્યતયા બારની અને સાધુજીવનમાં સર્વથા રાત્રિભોજનના ત્યાગની સાથે છની કહેલી છે. ગૃહસ્થજીવનમાં એ વ્રતોનું પાલન પૂર્ણતયા થઈ શકતું નથી, અમુક અંશમાં જ થાય છે. તેથી તેને દેશવિરતિ અને સાધુજીવનમાં તે પૂર્ણતયા પાળી શકાય છે માટે તેને સર્વવિરતિ ધર્મ કહેવાય છે.

આ ગ્રન્થના પહેલા ભાગમાં ગૃહસ્થ જીવનમાં પાળી શકાય તેવા ગૃહસ્થધર્મનું અને બીજા ભાગમાં સાધુજીવન સ્વીકારીને પાળવા યોગ્ય યતિધર્મનું આદિથી અંત સુધીનું વર્ણન કરેલું છે.

પહેલા અને બીજા ભાગમાં અનુક્રમે બન્નેના સાધન ધર્મનું વર્ણન કરીને એના દ્વારા સાધ્યધર્મરૂપ આત્મશુદ્ધિ કેવી રીતે કરી શકાય ? તે સમજાવવામાં આવ્યું છે. પૂર્વે જણાવ્યા પ્રમાણે વ્યવહાર ધર્મની શરૂઆત અપુનર્બન્ધક ભાવથી થાય છે; માટે ગૃહસ્થજીવનમાં અપુન-ર્બન્ધક ભાવથી માંડીને દેશવિરતિ પર્યંતનો ધર્મ કોણ-કેટલો-કેવી રીતે કરી શકે ? તેનું વર્ણન પહેલા ભાગમાં કર્યું છે અને છઠ્ઠા ગુણસ્થાનકથી આગળ તેને સમ્પૂર્ણ કેવી રીતે-કોણ કરી શકે ? તે યતિધર્મ તરીકે બીજા ભાગમાં જણાવ્યું છે. આ યતિધર્મને યોગ્ય આત્માની ભૂમિકા તૈયાર કરવા માટેનો કાળ ગૃહસ્થજીવન અને ઉપાય ગૃહસ્થધર્મ છે. તેનો યતિધર્મ સાથે કેવો સંબંધ છે, તે હવે જોઈએ.

એક જ જીંદગીની બાલ્યકાળ, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા, વિગેરે ઉત્તરોત્તર ચઢતી અવસ્થાઓ હોય છે, તેમ અહીં ગૃહસ્થધર્મ, યતિધર્મ, તેમાં પણ ગણીપદ આદિ વિશિષ્ટધર્મ અને નિરપેક્ષ યતિધર્મ, વગેરે આત્માની ઉત્તરોત્તર ચઢતી અવસ્થાઓ છે. અપેક્ષાએ ગૃહસ્થધર્મને આત્માનો બાલ્યકાળ, સાપેક્ષ યતિધર્મને યુવાવસ્થા, ગણીપદ આદિને પ્રૌઢાવસ્થા અને નિરપેક્ષ યતિધર્મને વૃદ્ધાવસ્થા કહી શકાય, એક જીવનમાં શરીર અને આત્મા એ જ હોવા છતાં તેની ભિન્ન ભિન્ન અવસ્થામાં જીવન વ્યવહારો અને કર્તવ્યો બદલાય છે, તેમ અહીં પણ એક જ સાધકની અવસ્થાને અનુરૂપ તે તે ધર્મના પાલન રૂપે જીવન વ્યવહારો અને કર્તવ્યો બદલાય છે. તે સર્વ કર્ત્તવ્યોનું ધ્યેય આત્મશુદ્ધિ છે. આ ભિન્ન ભિન્ન અવસ્થાના જીવનવ્યવહારો અને કર્તવ્યો ઉત્તર ઉત્તર ધર્મની સાધના માટેની યોગ્યતા પ્રગટ કરે છે અને એ વિશિષ્ટ યોગ્યતા ઉત્તર કર્તવ્યોનું કારણ બને છે. એમ પરસ્પર ધર્મના પ્રકારોનો કાર્ય-કારણ રૂપે સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગૃહસ્થધર્મ અને સાધુધર્મનો સંબંધ**–સાધુધર્મની અપેક્ષાએ ગૃહસ્થધર્મની મહત્તા ઘણી ઓછી છે. સાધુધર્મના પ્રગટીકરણ વિના પૂર્વે કહી તેવી વિશુદ્ધ–પરિપૂર્ણ જીવન કળા પ્રાપ્ત થતી નથી અને જન્મ મરણનો અંત આવતો નથી, તો પણ એ ધર્મના પ્રગટીકરણમાં ઉપાયભૂત ગૃહસ્થધર્મની આવશ્યકતા લેશ પણ ઓછી નથી. **જૈન દર્શનમાં ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ નથી, પણ ગૃહસ્થધર્મનું મહત્ત્વ ઘણું છે.** માટે જ પૂર્વર્ષિઓએ શાસ્ત્રોમાં ગૃહસ્થધર્મનું વિસ્તૃત વર્ણન કર્યું છે. ખૂદ તીર્થંકરદેવોએ પણ એ ધર્મને પામેલા શ્રાવક અને શ્રાવિકા વર્ગને ચતુર્વિધ શ્રીસંઘનાં બે અંગો તરીકે સ્વીકાર્યો છે.

સાકર ભલે મોંઘી અને સ્વાદિષ્ટ હોય પણ લૂણનું કામ કરી શકે નહિ, દૂધ, દહીં, કે ઘી વગેરે ગમે તેટલાં શ્રેષ્ઠ કે પૌષ્ટિક હોય પણ તે પાણીનું કામ કરી શકે નહિ અને પાઘડી ગમે તેટલી કિંમતિ હોય પણ તે લજ્જા ઢાંકવાનું કામ કરી શકે નહિ. એમ લૂણ, પાણી કે અધોવસ્ત્રાદિનું મૂલ્ય ઓછું છતાં આવશ્યકતાની અપેક્ષાએ તેનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. ઉલટું ઘણાઓના જીવનના સાધનભૂત હોવાની અપેક્ષાએ તે દરેકની મહત્તા અધિક છે. તેમ ગૃહસ્થધર્મ હલકો–સરળ છતાં તેની ઉપાદેયતા જરા પણ ઓછી નથી. ઉલ્ટું તેના આરાધકની સંખ્યાની અપેક્ષાએ તેનું મહત્ત્વ વધી જાય છે. સાધુ જીવનની યોગ્યતા પ્રગટાવવા માટે આવશ્યક હોવાથી ગ્રન્થકારે પ્રથમ તેનું વર્ણન કર્યું છે અને તે ગૃહસ્થધર્મનું આરાધન કરીને યોગ્ય બનેલા આત્માને સાધુધર્મ માટે યોગ્ય જણાવ્યો છે. ઉપરાંત કોઈ આત્મા પૂર્વજન્મમાં કરેલી આરાધનાદિના યોગે તથાવિધ કર્મની લઘુતા થવાથી આ જન્મમાં સરળ પરિણામી અને ધર્મના રાગવાળો હોય તો તેને ગૃહસ્થધર્મની આરાધના વિના પણ સાધુધર્મ સ્વીકારવા માટે યોગ્ય માન્યો છે. એમ સાધુધર્મની યોગ્યતા પ્રગટ કરવામાં મુખ્યતયા ગૃહસ્થધર્મ કારણભૂત હોવાથી તે બન્નેનો કારણ–કાર્યરૂપ પારસ્પરિક સંબંધ છે. સાધુધર્મ માટેની યોગ્યતા–અયોગ્યતાનું વિસ્તૃત વર્ણન મધ્યસ્થ અને સ્યાદ્વાદ દૃષ્ટિથી સ્વ–પર કલ્યાણકર થઈ શકે તેવું ગ્રન્થકારે આ ગ્રન્થની આદિમાં જ કરેલું છે. અહીં તો ગૃહસ્થધર્મમાં એવી શું કળા છે કે જે સાધુતાની યોગ્યતા પ્રાપ્ત કરાવે ? એ જ માત્ર વિચારવું અપેક્ષિત છે.

**ગૃહસ્થધર્મની વિશેષતા**–જીવને કોઇપણ પ્રવૃત્તિના મૂળમાં રાગ કારણભૂત હોય છે. રાગ વિના કોઇ પ્રવૃત્તિ થઈ શકતી નથી. જીવ દ્વેષ કરે છે, કે ક્રોધાદિ કષાયોને વશ થાય છે, તે પ્રત્યેકમાં પણ કોઇને કોઈ પ્રકારનો રાગ નડતો હોય છે. આ રાગના વિવિધ પ્રકારો છે. વિષય ભેદે તે કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, ધર્મરાગ, વિગેરે ભિન્ન ભિન્ન નામોવાળો છે. વિષયોનો કે વિષયોનાં સાધનોભૂત સ્ત્રી આદિનો રાગ તે કામરાગ; માતા, પિતા, પુત્ર, ભાઇ, બ્હેન, આદિ સ્વજનાદિનો રાગ તે સ્નેહરાગ અને મિથ્યાભાવો, શરીર કે કામક્રોધાદિ આંતરશત્રુઓ વગેરે અહિતકર છે, એમ જાણવા છતાં તેના પ્રત્યેનો તીવ્ર રાગ તે દૃષ્ટિરાગ કહેવાય છે. દૃષ્ટિરાગનું સામાન્ય લક્ષણ અસત્ય સમજવા છતાં તે તે ભાવોનો પક્ષ કરવો તે છે. જીવ અનાદિ કાળથી આ ત્રિવિધ રાગને યોગે જડ ભાવોનો પક્ષ કરે છે અને વિવિધ દુઃખો વેઠે છે. અનેક કષ્ટોથી ભરેલા પણ વિવિધ સંબંધો જીવોને સંધાય છે અને તૂટે છે તે આ રાગનું જ નાટક છે. ચારે ગતિમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુધા આ ત્રિવિધ રાગથી જીવ રીબાય છે. એ રાગનાં બીજ સંસારી જીવ માત્રમાં રહેલાં હોય છે અને તેના સાધનોનો તથા તે તે વિષયોનો યોગ થતાં તે ચેષ્ટારૂપે પ્રગટ થાય છે. મનના અભાવે પણ વિવિધ સંજ્ઞાઓ રૂપે કામ રાગનું ચેષ્ટિત અસંજ્ઞી જીવોમાં પણ દેખાય છે. સંજ્ઞી જીવોને મનની પ્રાપ્તિ થતાં સ્વજનાદિની પ્રીતિ રૂપે સ્નેહરાગ પ્રગટ થાય છે અને મિથ્યાજ્ઞાન સાથે મોહનું જોર વધતાં અસત્યનો પક્ષ કરવારૂપ દૃષ્ટિરાગ પણ પ્રગટ થાય છે. આ ત્રણે રાગ વિવિધ કષ્ટોનું કારણ છે, કારણ કે ત્રણેના વિષયો આત્માને જડની પરાધીનતા દ્વારા દુઃખ આપનારા છે. આ રાગોને ધર્મરાગમાં બદલવાથી દુઃખને બદલે તે સુખનું કારણ બની જાય છે. કારણ કે તેના વિષયો ધર્મનાં સાધનોરૂપ બની જાય છે.

આથી જીવનું કર્તવ્ય છે કે તેણે રાગનો નાશ ન થાય–રાગ વિના જીવી ન શકાય, ત્યાં સુધી પોતાના રાગને ધર્મરાગ તરીકે બદલવો જોઇએ. આવો રાગનો બદલો પ્રાયઃ માનવ જીવનમાં થઇ શકે છે. ધર્મરાગ એક એવો વિશિષ્ટ રાગ છે કે સંસારી સમગ્ર જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષાદિ ભાવો સાથે આત્મામાં ક્ષમાદિ અનેક આત્મગુણોને પ્રગટ કરે છે.

સાપેક્ષ યતિધર્મ એટલે ન્હાના કુટુંબમાંથી આગળ વધીને સમસ્ત જીવોની સાથે કૌટુમ્બિક ભાવનું જીવન. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના કોઇ પણ જીવને મન–વચન–કાયાથી કરણ–કરાવણ અને અનુમોદનરૂપે પણ દુઃખ ન થાય તેમ જીવવું તે સાધુધર્મ છે. તે ત્યારે બને કે અહિંસા પ્રત્યેનો રાગ (ધર્મરાગ) પ્રગટ્યો હોય! એ સિવાય સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ કે બીજા કોઇ પણ સાધન ધર્મો સિદ્ધ થઈ શકતા નથી. જેમ સત્ય વગેરે ભાવો અહિંસાની રક્ષા અને પુષ્ટિ આદિ કરનાર છે, તેમ અહિંસકભાવ સત્ય વિગેરેનો જનક છે. વાડ ભલે ખેતરનું રક્ષણ કરે પણ વાડનો જન્મ ખેતરને આભારી છે, ખેતર ન હોય તો વાડ હોય જ નહિ. તેમ અહિંસા સર્વ ગુણોની માતા છે, તેના ધ્યેય વિના કોઇ ગુણ સાચો–હિતકર બની શકતો નથી. એ રીતે અહિંસાનો અને શેષ ગુણોનો પારસ્પરિક સંબંધ છે.

ગૃહસ્થધર્મમાં બતાવેલાં માર્ગાનુસારિતાથી યાવત્ પ્રતિમાવહન સુધીનાં સર્વ અનુષ્ઠાનો–પ્રત્યેક વ્યવહારો ધર્મરાગને પ્રગટ કરનારા (ત્રિવિધ રાગને ધર્મરાગરૂપે બદલી નાખનારા) છે. એ કારણે તેના પાલનથી જીવને કામરાગ વિગેરેનો નાશ થઇને ધર્મરાગ પ્રગટે છે. (સર્વ રાગો ધર્મરાગરૂપે બદલાઈ જાય છે.) એને જ જૈન પરિભાષામાં વૈરાગ્ય કહેવાય છે. આ વૈરાગ્યના બળે વીતરાગભાવની સિદ્ધિ કરી શકાય છે. જો આ વૈરાગ્ય–ધર્મરાગ પ્રગટ્યા વિના દીક્ષાને સ્વીકારી કોઇ યતિધર્મ પાળવા તૈયાર થાય છે તો ત્રિશંકુની જેમ તે ઉભય ભ્રષ્ટ થાય છે. કારણ કે સાધુ જીવનમાં અન્યરાગોની સામગ્રી નથી, તેથી ઉલ્ટું સાધુ જીવન તેને માટે કામરાગ વિગેરેનું પોષક બની જાય છે. ધર્મરાગ પ્રગટ્યો ન હોય તો સાધુ ધર્મના વ્યવહારોમાં મમત્વ થઈ શકતું નથી અને મમત્વ વિના કોઈ કાર્યમાં સરાગીની પ્રગતિ થઈ શકતી નથી. એ કારણે ટુંકમાં એમ કહી શકાય કે સાધુ જીવનમાં આનંદનો અનુભવ કરાવનાર–ભૂખ તરસનાં કષ્ટોમાં પણ પ્રસન્નતા પ્રગટાવનાર–ત્યાગ તપમાં પણ ઉત્તરોત્તર રૂચિ વધારનાર–ગુર્વાદિ પ્રત્યે સમર્પિતભાવ કે તેઓનાં વિનયાદિ કરાવનાર–શાસ્ત્રો પ્રત્યે પણ વફાદારી પ્રગટાવનાર અને યાવત્ ધર્મની ખાતર પ્રાણની પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહૂતિ અપાવનાર કોઈ હોય તો તે ધર્મરાગ છે. એના વિના સાધુ જીવનનું એક પણ અનુષ્ઠાન રૂચિકર થતું નથી અને તેથી તે નિર્જરા પણ કરાવી શકતું નથી. જગતના જીવો સાથે મૈત્રી, પ્રમોદ, કરુણા કે ઉપેક્ષા જેવા જીવન વિકાસના પ્રાથમિક ભાવોને પણ પ્રગટ કરી શકાતા નથી, કેવળ કાયકષ્ટરૂપે સાધુજીવન આર્ત–રૌદ્ર ધ્યાનનું ઘર બની જાય છે. એ કારણે ગૃહસ્થધર્મનાં અનુષ્ઠાનોરૂપ દાનાદિધર્મો, યથાશકય પાપ કાર્યોની વિરતિ અને દેવ–ગુરુ–સંઘ–સાધર્મીઆદિની દ્રવ્ય–ભાવ ભક્તિ, વગેરેના અભ્યાસથી ધર્મરાગ પ્રગટ કરવો જરૂરી છે.

એમ સાધુ જીવનમાં ભૂમિકારૂપે જે જે ગુણોની જરૂર છે, તે પ્રત્યેકને પ્રગટ કરવામાં ગૃહસ્થધર્મ કેટલો ઉપકારક છે? એનું વિસ્તૃત વિવેચન કરીએ તો એક મોટો ગ્રન્થ બની જાય, માટે અહીં ટુંકમાં એટલું જ કહેવું બસ છે કે ગૃહસ્થધર્મ એક હોજ કે નાના સરોવરમાં તરવાનું શીખવા જેવો છે અને સાધુધર્મ સમુદ્ર તરવા જેવો છે. ગૃહસ્થધર્મ પ્રવાહના બળે તરવા જેવો છે, સાધુધર્મ સામા પૂરે તરવા જેવો છે. એમ સર્વ રીતે ગૃહસ્થધર્મ સહેલો અને સરળ છે, સાધુધર્મ આકરો અને વિષમ છે. અલબત્ત, સાધુધર્મ વિના વીતરાગભાવ કે મુક્તિ થતી નથી. પણ એથી કંઈ સર્વ કોઇ તેને પાળી શકે તેવો તે સહેલો નથી. તેને માટે જન્મ જન્મ સુધી ગૃહસ્થધર્મનું આરાધન કરવા દ્વારા સર્વથા રાગનો નાશ કરવાનું અને તે માટે ગુર્વાદિને સમર્પિત થવાનું–ધર્મરાગનું સામર્થ્ય પ્રગટાવવું પડે છે. માતા–પિતાદિ ગૃહસ્થ ગુરૂવર્ગનો વિનય કરતાં કરતાં ગુર્વાદિનો વિનય શીખવાનો છે. પોતાના આશ્રિતોનું–કુટુંબનું રક્ષણ–પાલન કરીને ગુર્વાદિ સાધુવર્ગ અને ચતુર્વિધ સંઘનું રક્ષણ પાલન કરવાનું શીખવાનું છે. પોતાના પુણ્ય પૂરતી મળેલી સામગ્રી પ્રત્યે વૈરાગ્ય કેળવીને ધર્મના પ્રભાવે મળતી શ્રેષ્ઠ પણ જીવનસામગ્રી વિરાગભાવે ભોગવવાની છે. ગૃહસ્થજીવનના વ્યવહારોના શુદ્ધ અખંડ પાલન દ્વારા સાધુજીવનના આકરા વ્યવહારોની કસોટીમાંથી પાર ઉતરવાનું છે, દેવ–ગુર્વાદિની બાહ્ય ભક્તિ દ્વારા તેઓની આજ્ઞાનો આદર અને પાલન કરવા માટે સર્વ જડ ઇચ્છાઓને તજવાની છે. એમ સર્વ લૌકિક વ્યવહારો દ્વારા લોકોત્તર વ્યવહારોમાં પસાર થવાનું સામર્થ્ય કેળવવું આવશ્યક છે, તરવાની કળા શીખવા માટે છીછરા અને સ્થિર પાણીવાળાં જળાશયો ઉપયોગી છે, તેમ સમુદ્રને કે મોટી નદીને સામા પૂરે તરવા જેવા સાધુધર્મમાંથી પાર ઉતરવાની કળા શીખવા માટે સામાન્ય સરોવરાદિની ઉપમાવાળો ગૃહસ્થધર્મ ઉપયોગી છે.

એ રીતે દીક્ષા માટેની યોગ્યતા–સામગ્રી ન પામ્યો હોય તે પણ ગૃહસ્થધર્મનું પાલન કરતો સાધુતાની યોગ્યતા પ્રગટાવવાના ધ્યેયથી સાધુધર્મનો આરાધક બનીને ગૃહસ્થધર્મથી પણ પરંપરાએ મુક્તિ સાધી શકે છે અને યોગ્ય સામગ્રીને પામેલો દીક્ષાનો સ્વીકાર કરીને મુક્તિ સાધી શકે છે. સિદ્ધોના પંદર પ્રકારોમાં 'ગૃહિલિંગે સિદ્ધ' પણ એક પ્રકાર છે જ. એ કારણે જ ગ્રન્થકારે દીક્ષા ન લઈ શકાય ત્યાં સુધી ગૃહસ્થ ધર્મદ્વારા પણ માનવ જીવનને સફળ કરવાનું જણાવ્યું છે. હા, ગૃહસ્થધર્મમાં જ ઇતિકર્તવ્યતા માની લેનારો અજ્ઞ છે, સાધુધર્મને પ્રાપ્ત કરવાની ભાવના વિના ગૃહસ્થધર્મની વાસ્તવતા જ નથી. અર્થાત્ સાધુધર્મની યોગ્યતા પ્રગટાવવા માટે કરેલી ગૃહસ્થધર્મની આરાધના એ સાધનારૂપ છે અને તેનું સાધ્ય સાધુધર્મની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્યતા પ્રગટાવવી તે છે. સાધુધર્મ પામવાના ધ્યેયથી કરાતો જ ગૃહસ્થધર્મ વસ્તુતઃ ધર્મ છે. જેનું એ ધ્યેય નથી તે ગૃહસ્થધર્મનું પાલન ગમે તેવું શ્રેષ્ઠ કરે તો પણ મોહને મંદ કરી શકતો નથી, રાગને ધર્મરાગરૂપે બદલીને કામરાગ–સ્નેહરાગ–દષ્ટિરાગનાં દુષ્ટ બંધનોથી છૂટી શકતો નથી.

આ ધર્મરાગ સાધુધર્મના પ્રત્યેક વ્યવહારોનો પ્રાણ છે, તે જેટલો વિશિષ્ટ હોય, દૃઢ હોય, તેટલા પ્રમાણમાં સાધુધર્મના આચારો નિર્મળ અને નિરતિચાર પળાય છે. ધર્મરાગથી આત્મા કામ ક્રોધાદિનો પરાભવ કરી સમતાને સાધી શકે છે. સાધુજીવનમાં કોઇપણ અનિષ્ટ તત્ત્વ ત્યારે જ પ્રવેશી શકે કે રાગ ધર્મરાગરૂપે બદલાયો ન હોય! કલેશ–કંકાસ, માન–અપમાન, કે અનુકૂળતા–પ્રતિકૂળતામાં રતિ–અરતિ વગેરે સર્વ સાધુધર્મના–આત્માના રોગો છે અને ધર્મરાગ તેનું પરમ ઔષધ છે. તે ગુણોનો પક્ષ કરાવીને સર્વ દુર્ગુણોને (પાપવ્યાપારોને) રોકી દે છે. અને અહિંસાદિ વ્રતોના નિરતિચાર પાલન દ્વારા જ્ઞાનાદિ ગુણો પ્રગટાવીને આત્માની મોક્ષ–સાધનાને નિષ્કંટક અને નિર્મળ બનાવી દે છે. આ ધર્મરાગને પામેલા આત્માને સાધુ ધર્મનાં અનુષ્ઠાનો દ્વારા વિકાસની પરમભૂમિકાએ પહોંચવાના ઉપાયો આ બીજા ભાગમાં બતાવ્યા છે. સાધુ જીવનમાં તેની ઉપયોગિતા કેવી છે, તે હવે વિચારીએ.

**ગ્રન્થ પરિચય યાને સાધુધર્મની વિશેષતાઓ**–આ બીજા ભાગમાં સાધુધર્મના આચારોનું સાદ્યન્ત ક્રમિક વર્ણન છે. તેના નિરતિચાર અખંડ પાલનથી ક્રમશઃ આત્મવિકાસની છેલ્લી ભૂમિકા પ્રાપ્ત થતાં જીવનો કર્મબંધનમાંથી સદાને માટે છૂટકારો (મોક્ષ) થાય છે.

મોક્ષનું અનન્તર કારણ હોવાથી સાધુધર્મનું મહત્ત્વ ગૃહસ્થધર્મની અપેક્ષાએ ઘણું છે, તેથી તેના સાધકની પણ વિશિષ્ટ યોગ્યતા અપેક્ષિત છે. જગતના પ્રત્યેક વ્યવહારોમાં યોગ્યતા–અયોગ્યતાનો વિચાર રહેલો છે. ન્હાનું–મોટું કોઇપણ કાર્ય કરવાની યોગ્યતા પામ્યો હોય તેને જ તે કરણીય હોય છે. યોગ્યતા વિના તે તે કાર્ય કરવાથી 'અનધિકાર ચેષ્ટા' મનાય છે અને તે જગતમાં આદર પામતી નથી. યોગ્યતાની મર્યાદા પણ તે તે કાર્યના મહત્ત્વની અપેક્ષાએ નક્કી થએલી હોય છે. એક જ પેઢીના પ્રત્યેક માણસોને પેઢીનાં, ઘરના દરેક માણસોને ઘરનાં કે રાજ્યના સર્વ અધિકારીઓને રાજ્યનાં, સર્વ કાર્યો સોંપી શકાતાં નથી, સૌને સરખો અધિકાર હોતો નથી. સર્વ કાર્યોમાં યોગ્યતાને અનુસરીને વ્યવહારો થાય છે. એ જ ન્યાય ધર્મને અંગે પણ કહેલો છે. દરેકને સાધ્યધર્મ તરીકે એક જ કર્મરોગનો નાશ કરવાનો હોવા છતાં ઔષધતુલ્ય વ્યવહાર (સાધન) ધર્મ દરેકને સ્વ-સ્વ યોગ્યતાને અનુસારે કરવાનો હોય છે અને તો જ તે હિત કરે છે. કહ્યું છે કે–

" अधिकारिवशाच्छास्त्रे, धर्मसाधनसंस्थितिः ।
व्याधिप्रतिक्रियातुल्या, विज्ञेया गुणदोषयोः ॥" [ हारि० अष्टक प्रकरणम् ]

અર્થાત્ અધિકારીને વ્યાધિનો પ્રતિકાર (યોગ્ય ઔષધ) ગુણ કરે છે અને અનધિકારીને દોષ કરે છે, તેમ શાસ્ત્રમાં ધર્મસાધનોની પણ વ્યવસ્થા અધિકારી પરત્વે બતાવેલી છે. તે તે ધર્મસાધનાના અધિકારીને તે તે સાધના ગુણ કરે છે અને અનધિકારીને દોષ કરે છે.

સાધના અને સિદ્ધિને અનુસારે ધર્મની પણ ચઢતી–ઉતરતી કક્ષાઓ છે. સ્વ–સ્વ યોગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મસાધના જીવને તે તે ધર્મની (ગુણની) સિદ્ધિ કરીને તેની યોગ્યતામાં વધારો કરે છે, અને તેથી વિશેષ ધર્મ માટે તે યોગ્ય બને છે. એથી વિપરીત ધર્મસાધના કરવા છતાં અયોગ્યતાને વધારે (દોષ કરે) છે. આ કક્ષાઓને જૈનદર્શનમાં ગુણસ્થાનકો કહેવાય છે. તેની સંખ્યા ચૌદની છે. તે પ્રત્યેકમાં પણ ચઢતી–ઉતરતી કક્ષાઓના પ્રકારો અસંખ્ય કે અનંત પણ છે. ઉપર ઉપરના ગુણસ્થાનકની સાધના ક્લિષ્ટ હોય છે માટે તેના સાધકની પણ તે માટે વિશિષ્ટ યોગ્યતા અપેક્ષિત છે. ગૃહસ્થધર્મની છેલ્લી ભૂમિકા પાંચમું ગુણસ્થાનક છે અને સાધુતાનો પ્રારંભ છઠ્ઠા ગુણસ્થાનકથી થાય છે, માટે સાધુધર્મનો આરાધક ગૃહસ્થધર્મની અપેક્ષાએ વિશિષ્ટ ગુણવાળો જોઇએ જ. બીજી રીતે જગતનાં સર્વોત્કૃષ્ટ પાંચ પૂજ્ય પદો અરિહંતાદિ પંચપરમે–ષ્ઠિઓ છે. તેમાં ત્રીજા–ચોથા–પાંચમા પદે રહેલા આચાર્ય–ઉપાધ્યાય અને સર્વ સાધુઓ સ્વયં સાધક છે, તેથી તે અરિહંત અને સિદ્ધપદના પૂજક છે અને ચતુર્વિધ શ્રીસંઘના પૂજ્યપદે બિરાજમાન હોવાથી પૂજ્ય પણ છે. આ પૂજ્યપદે રહીને જગતનું કલ્યાણ કરવાની તેઓની ભીષ્મ પ્રતિજ્ઞા હોય છે. તેથી પ્રાણાન્તે પણ કોઈનું અહિત ચિંતવવાનો તેમનો આચાર નથી. શત્રુનું પણ હિત કરવાનું તેમનું કર્તવ્ય હોય છે. તેથી હિંસા–અસત્ય–ચૌર્યકર્મ–અબ્રહ્મ-પરિગ્રહ અને રાત્રિભોજનનો તેઓ જીવનભર ત્યાગ કરે છે, ઉપરાંત બીજી પણ ઘણી ઘણી આકરી કસોટીઓમાંથી પસાર થવાનો તેમનો ધર્મ છે. આવા કઠીન અને સ્વાશ્રયી જીવનને જીવવા માટે પણ આત્મામાં સત્ત્વ, દૃઢ વૈરાગ્ય, વિશિષ્ટ પુણ્યબળ, કર્મોની મન્દતા, શરીરબળ તથા સ્વાસ્થ્ય, વિશુદ્ધ જ્ઞાન, નિર્મળ બુદ્ધિ, વગેરે અનેક ગુણોની જરૂર રહે છે.

ગૃહસ્થધર્મમાં પણ યોગ્યતા અપેક્ષિત છે, તથાપિ તે સામાન્ય છે, કારણ ત્યાં શ્રી જિનાજ્ઞાને સમ્પૂર્ણતયા પાળવાની પ્રતિજ્ઞા હોતી નથી, અહિંસાદિ વ્રતો કે બીજા પણ નિયમોનું પાલન શક્તિ–સામગ્રી અનુસારે ન્યૂનાધિક કરવાનું હોય છે, એ કારણે શ્રીસંઘનાં ચાર પૈકી બે અંગો હોવા છતાં શ્રાવક–શ્રાવિકાને પૂજ્યપદમાં સ્થાન નથી. શ્રીજિનાજ્ઞાની સમ્પૂર્ણ વફાદારી તેઓ સ્વીકારી શકતાં નથી, તેથી ધર્મમાં નેતૃત્વ પણ તેઓનું હોતું નથી. સાધુ તો ધર્મનો નેતા ગણાય છે, જિનાજ્ઞાને વફાદાર રહેવાની પ્રતિજ્ઞાવાળો હોય છે, એ કારણે તેનું પરમેષ્ઠિઓમાં પૂજ્યપદે સ્થાન છે. વળી સાધુધર્મના નિર્મળ આરાધનથી વિશેષ યોગ્ય બનેલા આત્માઓ ઉપાધ્યાય અને આચાર્યપદ વગેરે પદના પણ અધિકારી બને છે, ઈત્યાદિ અનેક કારણોથી સાધુની યોગ્યતા વિશિષ્ટ જોઇએ તે સમજાય તેવું છે.

આ વિશિષ્ટ યોગ્યતાના બળે જ શ્રમણસંઘ આજ સુધી જગતમાં મોખરે હતો. રાજા–મહારાજાઓ અને એક કાળે દેવ–દાનવો પણ તેનું દાસત્વ કરતા હતા. કાળની પરિહાણિથી જેમ જેમ સંઘયણ બળ અને જ્ઞાનબળની સાથે એ યોગ્યતામાં મંદતા આવતી ગઈ તેમ તેમ તેના મહત્ત્વમાં પણ ઓટ આવતી ગઈ. તો પણ જેટલા પ્રમાણમાં એ યોગ્યતા–મર્યાદા સચવાઈ રહી છે તેટલા પ્રમાણમાં આજે પણ જૈનશ્રમણોનું મહત્ત્વ સુરક્ષિત છે. ભલે સૌ કોઇ એને સમજી ન શકે, પણ જગત ઉપર જૈનશ્રમણોનો ઉપકાર અદ્યાપિ પર્યન્ત સર્વોપરિ છે. એનું જીવન કોઇને ભાર રૂપ નથી. અનેક કષ્ટો વેઠીને સ્વાશ્રયી જીવન જીવીને પણ અન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માઓને દુઃખથી મુક્ત કરવાના ઉપાયોનું આજે પણ તે રક્ષણ અને પ્રચાર કરે છે. અનેક પ્રકારનાં માન-સન્માન અને સગવડો વચ્ચે પણ તેઓ ત્યાગ અને વૈરાગ્યથી સાધના કરી રહ્યા છે. સર્વકાળમાં હોય તેમ આજે પણ એમાં દૂષિત તત્ત્વો છે અને રહેવાનાં, તો પણ આ એક હકિકત છે કે સર્વજ્ઞના વચનના આધારે જીવનારા જૈનશ્રમણોથી જગતને ઘણો લાભ થયો છે અને આજે પણ થાય છે. જૈન શ્રમણોના આ વૈશિષ્ટ્યને સાચવવા માટે શાસનના અંત સુધી યોગ્યતાનું વિધાન અને તેને જણાવનારાં શાસ્ત્રો સંઘને ઉપકારક છે. એ કારણે ગ્રન્થકારે આ ગ્રન્થની રચના કરી છે અને તેમાં સૌથી પ્રથમ શિષ્યની યોગ્યતાનું વિશદ વર્ણન કર્યું છે.

ગુરૂ પણ યોગ્ય જોઈએ, અન્યથા શિષ્યનો વિકાસ ન થાય, એ કારણે શિષ્યની યોગ્યતા પછી ગુરૂની યોગ્યતાનું વર્ણન છે. સર્વ સાધુઓને ગુરૂપદ માટે યોગ્ય નથી માન્યા, સાધુધર્મ માટે યોગ્ય છતાં તેમાંનો થોડો વર્ગ ગુરૂપદ માટે યોગ્ય નીવડે છે. માટે ગુરૂપદને યોગ્ય થયો હોય તેને દીક્ષા આપવાનો અધિકારી માન્યો છે. ગ્રન્થોક્ત ઔત્સર્ગિક સમ્પૂર્ણ યોગ્યતાને પ્રાપ્ત કરવી સર્વકાળમાં દુર્લભ છે, તેથી તે તે કાળને આશ્રીને વિશેષ યોગ્યતાને પામેલા આત્માઓ સાધુધર્મ માટે અને ગુરૂપદ માટે યોગ્ય ગણાય છે. એ વાતને પણ ગ્રન્થકારે સ્પષ્ટ કરી છે.

ગ્રન્થમાં કહેલું ગૃહસ્થધર્મનું સ્વરૂપ ગૃહસ્થનાં અને સાધુધર્મનું સ્વરૂપ સાધુનાં કર્ત્તવ્યોનું સચોટ જ્ઞાન કરાવે છે. ઉપરાંત સંઘના ચારે અંગોની રક્ષાના અને વિકાસના કારણોને અને પતનના પ્રતિકારોને (ઉપાયોને) પણ સમજાવે છે. કોઈપણ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર, કે ધર્મસમ્પ્રદાય જો તે પોતાના રક્ષણ અને વિકાસને ઇચ્છતો હોય તો તેણે આચારબળ કેળવવું જોઈએ અને તે માટેનું કાયદાશાસ્ત્ર પણ હોવું જોઈએ. આ ગ્રન્થના બન્ને ભાગો શ્રીસંઘના વિકાસ માટે વિધિ-નિષેધરૂપે સંપૂર્ણ માર્ગદર્શન આપે છે. એનું યથાશક્ય પાલન કરવામાં જ વ્યક્તિનું, સંઘનું, શાસનનું કે જીવમાત્રનું કલ્યાણ છે. રોગીને રોગનું નિદાન, ઔષધ અને પરેજી વગેરેની જેમ સર્વ આવશ્યક બાબતોને પૂરી પાડતો આ ગ્રન્થ શ્રીસંઘને સાચો માર્ગદર્શક છે.

યોગ્યતા વિના લીધેલી, અયોગ્ય ગુરૂએ આપેલી, કે અવિધિથી સ્વીકારેલી દીક્ષા સ્વ-પર હિત ન કરી શકે એ વાતનો ઈનકાર ધર્મનો અર્થી કોઇપણ કરી શકે નહિ. દીક્ષા માટે જઘન્ય-ઉત્કૃષ્ટ વયનું પ્રમાણ, માતા-પિતાદિની સંમતિ માટે નિષ્પક્ષ ન્યાય, વગેરે સઘળા પ્રશ્નોનો આ ગ્રન્થમાં સરળ ઉકેલ છે. મધ્યસ્થ અને સૂક્ષ્મ બુદ્ધિવાળો સત્યનો અર્થી કોઈપણ માન્ય કરે અને યોગ્ય આત્મા આત્મવિકાસના અનન્ય સાધનભૂત સાધુધર્મથી વંચિત ન રહે તેવું તથા અનધિકારી આવા ઉચ્ચ પદે આવી ન જાય તેવું એમાં સ્પષ્ટીકરણ છે. વયનું પ્રમાણ, વાલીની સંમતિ, વગેરે વિવિધ બાબતોનો ઉત્સર્ગ-અપવાદપદે વિચાર કરીને 'સાધુધર્મને પાળવા માટેની શાસ્ત્રોક્ત ભૂમિકાને પામેલો યોગ્ય આત્મા દીક્ષા માટે અધિકારી છે' એમ સ્પષ્ટ કર્યું છે. યોગ્યતા વિનાનો અબાલ હોય કે વાલીઓની સંમતિવાળો હોય તો પણ તેને અનધિકારી ગણ્યો છે. એમ સ્યાદ્વાદ દૃષ્ટિએ વિચારતાં આ ગ્રન્થમાંથી અનેક બાબતોનો હિતકર ઉકેલ મળી રહે છે.

**નિમિત્તોનું બળ**–યોગ્યતાના વિચાર પછી દીક્ષાનો વિધિ બતાવ્યો છે. તેમાં પ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરે નિમિત્તાદિ સામગ્રીનો યોગ મેળવવાનું વિધાન કર્યું છે. નિમિત્તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સુધી આત્મા સરાગી અને ભાવુક છે ત્યાં સુધી તેના ઉપર ચોક્કસ અસરો ઉપજાવે છે. શુભ નિમિત્તો શુભભાવનાં અને અશુભ અશુભભાવનાં જનક છે, એ હકીકત આબાલ-ગોપાલ એટલી અનુભવસિદ્ધ છે કે ઘણી બાબતોમાં નિમિત્તોની સામે મનુષ્ય પોતાની જાતને પણ સાવ ભૂલી જાય છે. 'અમુક ખાવાથી માંદો પડી ગયો, અમુક દવાના પ્રભાવે જ બચ્યો, આ ઉપકારી હાથ પકડનારા ન હોત તો હું દરિદ્ર ક્યાંય ભીખ માગતો હોત, આ અમુક કારણથી જ બરબાદી થઈ, આ અમુક ધંધાથી જ હું સુખી થયો, મેં જ તને આ કેસમાં બચાવ્યો, આ અમુકના પુણ્યથી જ અમે આજે સુખનાં સ્વપ્નો સિદ્ધ કરી શક્યા, આ નિર્ભાગીના પગલે ચાલ્યા ત્યારથી અમારો દી' પલટાયો, વગેરે વગેરે પ્રત્યેક વાતમાં પ્રાયઃ મનુષ્ય એ રીતે બોલતો હોય છે કે જાણે તેનાં કર્મો, પુરૂષાર્થ, કાળ કે આત્મા જેવું કંઈ છે જ નહિ. એક માત્ર તે તે નિમિત્તો જ તેના સુખ-દુઃખનાં સર્જક હોય એમ તેનો અનુભવ તેને બોલાવતો હોય છે. કોઈ એકાન્ત નિશ્ચયવાદી તેને મિથ્યાજ્ઞાની કહીને ઉડાડે છે, છતાં ઉડાડનારો પોતે પણ જીવનમાં એ નિમિત્તોને મહત્ત્વ આપતો હોય છે. ગમે તેવી એકાન્ત આત્માની વાતો કરનારો પણ પ્રસંગે આત્માને ભૂલી નિમિત્તોની પ્રબળતાને સ્વીકારે એવી નિમિત્તોની સચોટ અસર અનુભવાય છે.

આ હેતુથી જ શુભાશુભ દ્રવ્યોના વિવેક માટે પદાર્થોનું વિજ્ઞાન જણાવનારાં વિવિધ શાસ્ત્રો, ક્ષેત્રના શુભાશુભપણાને જણાવનારાં શિલ્પાદિનાં શાસ્ત્રો, કાળની શુભાશુભતાને જણાવનારા જ્યોતિષાદિના ગ્રન્થો અને ભાવની શુદ્ધિ-અશુદ્ધિનો વિવેક જણાવનારાં માનસવિજ્ઞાન આદિનાં વિવિધ શાસ્ત્રો સદાને માટે જીવનમાં ઉપયોગી નીવડ્યાં છે. એની ઉપેક્ષા જેટલા અંશે થાય તેટલા અંશે તે ચોક્કસ હાનિ કરે છે. આ હકિકત સ્પષ્ટ સમજાય એ રીતે તે તે સ્થળે ટીપ્પણો લખીને પણ તેને અધિક સ્પષ્ટ કરી છે. આ ઉદ્દેશથી જ દીક્ષા જેવી પવિત્ર વસ્તુને આત્મોપકારક બનાવવા માટે શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ નિમિત્તોનો યોગ મેળવવાના વિષયમાં ગ્રન્થકારે ભાર મૂક્યો છે. શક્ય હોય ત્યાં સુધી સૌ અનુમોદના કરે અને પ્રસન્નતા અનુભવે એ રીતે દીક્ષા કરવી જોઈએ. ત્યાં સુધી કે અમારી પળાવીને કે આરંભ-સમારંભ અટકાવીને એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પશુ-પક્ષી સુધીનું પણ રક્ષણ કરવું જોઈએ. લૌકિક-લોકોત્તર સર્વ શુભપ્રસંગોમાં ઉત્તમ અલંકાર-આભૂષણાદિ પહેરવાં, મંગળ વાજિંત્રો વગડાવવાં, શ્રેષ્ટ ભોજન જમવાં-જમાડવાં, બીજાઓનાં સત્કાર-સન્માન કરવાં. ઈત્યાદિ જે જે વ્યવહારો આર્યદેશમાં પ્રસિદ્ધ છે, તે સર્વ અન્ય જીવોની પ્રસન્નતા પ્રગટાવવા માટે છે. એ પ્રસન્નતાથી શુભ કાર્યોમાં આવતાં વિઘ્નો ટળે છે અને કરનારને આત્મિક પ્રેરણા મળે છે. ઇત્યાદિ નિમિત્તોનું બળ ઘણું જ છે. અહીં તો એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે નિષ્કારણબન્ધુ જગતવત્સલ શ્રી વીતરાગદેવે જે જે વિધિ-નિષેધો ઉપદેશ્યા છે, તે ખૂબ રહસ્યપૂર્ણ છે. એને સમજવા માટે સૂક્ષ્મ અને શોધક દૃષ્ટિ જરૂરી છે. ભલે એ સત્ય સૌને ન સમજાય, પણ તેનું પાલન કરવામાં જ સ્વ-પર સર્વનું કલ્યાણ છે.

એની પછી 'સાપેક્ષ' એટલે ગુર્વાદિ વગેરેની સહાયતાની અપેક્ષાવાળો અને 'નિરપેક્ષ' એટલે સમ્પૂર્ણ સ્વાશ્રયી-સહાયતાની અપેક્ષા વિનાનો, એમ યતિધર્મના બે પ્રકારો બતાવ્યા છે. માતા-પિતાદિ ગૃહસ્થ ગુરૂવર્ગના વિનયાદિ કરવાથી ધર્મગુરૂની આજ્ઞાને આધીન રહી જિનાજ્ઞા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે જીવવાનું સામર્થ્ય પ્રગટે છે અને જિનાજ્ઞાના પાલનથી કામ–ક્રોધાદિ અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવી શકાય છે. ધર્મગુરૂમાં એ વિજય કરવા–કરાવવાની શક્તિ હોય છે તેથી તેઓના આશ્રયથી એ વિજય કરી શકાય છે. ઇત્યાદિ સાપેક્ષ યતિધર્મના પાલનથી આત્માને અચિન્ત્ય લાભો થાય છે. તે પછી તે નિરપેક્ષયતિધર્મને યોગ્ય બની તેને સ્વીકારીને પોતાની જીવન કળાને વિકસાવી પરિણામે સર્વકર્મોથી મુક્ત થઈ શકે છે.

ગુરૂની નિશ્રામાં રહેવા નિર્બળ નીવડે છે તે આત્મા એકલો રહેવા માટે તો અવશ્ય નિર્બળ સિદ્ધ થાય છે. એટલું જ નહિ, રક્ષક વિના કામ–ક્રોધાદિ અંતરંગ શત્રુઓ તેનો પરાજય કરે છે અને દીક્ષાને નિષ્ફળ બનાવી તેનો દુરૂપયોગ કરાવી દે છે. એથી જ સાધુ જીવનની બે મર્યાદાઓ કહી છે, એક કામ ક્રોધાદિનો વિજય કરવાની શક્તિ પ્રાપ્ત કરીને સ્વયં ગીતાર્થ બનવું અને બીજી એ શક્તિ ન પ્રગટે ત્યાં સુધી ગીતાર્થની નિશ્રામાં રહેવું. એ સિવાય ત્રીજો માર્ગ નથી. એવા યોગ્ય ગુરૂના અભાવમાં શિષ્યે શું કરવું ? તેનો પણ સુંદર માર્ગ ગ્રન્થકારે બતાવ્યો છે. તે ગ્રન્થના વાચનથી પ્રસંગે પ્રસંગે સ્વયં સમજી શકાશે. નથી તો જૈનદર્શનમાં ગુરૂનો પક્ષ કે નથી તો શિષ્યનો પક્ષ, બન્નેને સ્વ–પર કલ્યાણ થાય તેવો નિષ્પક્ષ અને એકાન્તે હિતકર ન્યાયમાર્ગ બતાવ્યો છે.

પૂર્વ મહર્ષિઓએ ભાવિ જીવોની કરેલી આ હિતચિંતા સમજાયા પછી નિષ્કારણ ઉપકારી તેઓના ચરણોમાં મસ્તક નમી પડે છે. હર્ષથી હૈયું નાચી ઉઠે છે. અને ચક્ષુ હર્ષાશ્રુથી ઉભરાય છે. એમ થઈ આવે છે કે આવો નિષ્પક્ષ એકાન્તે કલ્યાણકર માર્ગ આ ઉપકારીઓ વિના બીજો કોણ બતાવે ?

તે પછી દીક્ષાના નિરતિચાર પાલન દ્વારા આત્મવિશુદ્ધિ કરવા માટે જરૂરી ગુરૂકૂળવાસનું મહત્ત્વ, તેનું સ્વરૂપ, તેનાથી થતા લાભો, વગેરે વિવિધ વાતોને જણાવી છે. તેમાં પ્રસંગાનુસાર કહેલું ભાવાચાર્યનું સ્વરૂપ, તેમાં ઉત્સર્ગ–અપવાદ, શિષ્યનું કર્તવ્ય, સમર્પિતભાવના લાભો, તેથી થતી ક્લિષ્ટ કર્મોની નિર્જરા અને વિશિષ્ટ પુણ્યનો બંધ, ઈત્યાદિ અતિ ઉપકારક અનેક બાબતો કહી છે. એને સમજ્યા પછી ગુરૂકૂળવાસ કષ્ટને બદલે આનંદરૂપ બની જાય છે. કારણ કે ચોક્કસ લાભો જાણ્યા પછી તે માટે ગમે તેવું કષ્ટ વેઠવા પણ જીવ સદા તત્પર હોય છે. સંસારમાં જીવો વિવિધ કષ્ટોને સહર્ષ વેઠે છે તેમાં ખોટા છતાં તેને અજ્ઞાન અને મૂઢતાથી પણ સાચા સમજાયેલા લાભો જ કારણ ભૂત હોય છે. તેમ અહીં પણ જન્મ–મરણાદિનાં દુઃખોથી ત્રાસી ગએલા જીવને દીક્ષાના પાલન માટે 'ગુરૂની પરાધીનતા જન્મ–મરણાદિના કારણ ભૂત કામ–ક્રોધાદિનો પરાજય કરવા માટે અતિ આવશ્યક અને ઉપકારક છે' એમ સમજાયા પછી તે કષ્ટને બદલે અગમ્ય આનંદ આપે છે. તે આનંદમાં સંતુષ્ટ બનેલો આત્મા ઇન્દ્રની કે ચક્રવર્તીની સમ્પત્તિને પણ તુચ્છ માની શકે છે. યોગ્ય ગુરૂની નિશ્રા પામીને પણ જે આત્મા તેમાં આનંદનો અનુભવ કરી શકતો નથી તે સંસારનાં કષ્ટોથી કંટાળેલો છે એ સિદ્ધ થતું નથી.

તેની પછી શાસ્ત્રાધ્યયનનો વિધિ અને તે માટે ઉપધાન–યોગ (તપ સહિત વિશિષ્ટ અનુષ્ઠાન) કરવાનું વિધાન કર્યું છે. સાધુજીવનમાં શાસ્ત્રાધ્યયનની મુખ્યતા છે. કારણ કે શાસ્ત્રો સિવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માના અનાદિ અંધારપટને દૂર કરવાનો અન્ય કોઈ ઉપાય નથી. ઉપરાંત વિશિષ્ટ ક્ષયોપશમ વાળા સાધુનું શાસ્ત્રોની રક્ષા કરવાનું, તેને પ્રચારવાનું અને તે તે કાળે જીવોની બુદ્ધિને અનુસારે ઉપયોગી બને તેવી નવી નવી રચના કરવાનું વગેરે કર્ત્તવ્ય છે. કહ્યું છે કે—

"चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥" (ज्ञानसार)

અર્થાત્ જગતમાં સર્વ જીવોનો વ્યવહાર ચર્મચક્ષુથી ચાલે છે, દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા, સિદ્ધો કેવળજ્ઞાનરૂપ ચક્ષુવાળા અને સાધુઓ તો શાસ્ત્રરૂપ ચક્ષુવાળા હોય છે. અર્થાત્ સાધુઓને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જીવવાનું હોય છે.

એમ શાસ્ત્રાધ્યયન વિનાનો સાધુ અંધતુલ્ય હોવાથી તેણે શાસ્ત્રજ્ઞની આજ્ઞાને અનુસરવાનું હોય છે. ગૃહસ્થને અર્થોપાર્જનના લક્ષ્યની જેમ સાધુને શાસ્ત્રાધ્યયનનું લક્ષ્ય મુખ્ય હોવાથી તે તે કાળે કરવાયોગ્ય પ્રતિલેખનાદિ આવશ્યક કાર્યો સિવાયના શેષ સમયે શાસ્ત્રાધ્યયન કરવાનું વિધાન કરેલું છે. શાસ્ત્રાધ્યયનને ત્યાં સુધી મહત્ત્વ આપ્યું છે કે પ્રતિલેખનાદિ અન્ય કાર્યો કરતાં બચે તેટલો અધિક સમય બચાવીને અધ્યયનમાં ગાળવો. એમ છતાં શાસ્ત્રાધ્યયનના ઉદ્દેશથી અન્ય કાર્યો પ્રત્યે લેશ પણ અનાદર ન થાય તેમ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું છે. હા, તથાવિધ વિશિષ્ટ શક્તિવંત આત્માને ભણવાની અધિક સગવડ આપવાની વ્યવસ્થા છે. અર્થાત્ જે કાર્યો વૈયાવચ્ચકાર આદિ બીજાઓથી શક્ય હોય તે તેઓ કરીને પણ ભણનારને અધિક સગવડ આપે એવું વિધાન છે. એમ કરવાથી તેઓ પણ શાસ્ત્રના આરાધક બને છે. ભણનારાઓ પૈકી પણ પરિશ્રમસાધ્ય તર્કશાસ્ત્રનું અધ્યયન કરનારને અમુક વિશેષ સગવડો આપી છે. એમ અન્ય કર્ત્તવ્યોની અપેક્ષાએ શાસ્ત્રાધ્યયનનું મહત્ત્વ જણાવવા છતાં સૌ કોઈને ભણવાના અધિકારી માન્યા નથી. જ્ઞાનને પચાવવાની અને તેનાથી સ્વ-પર હિત કરવાની નિર્મળ શક્તિરૂપ વૈરાગ્યાદિ ભાવો જેનામાં પ્રગટ્યા હોય તેને જ શાસ્ત્રાધ્યયનમાં અધિકારી માન્યો છે.

જ્ઞાન મેળવવું કે તપ વગેરે ક્રિયાઓ કરવી જેટલી દુષ્કર નથી, તેથી અધિક દુષ્કર તેનાથી સ્વ-પર હિત કરવું તે છે. માટે જ અમુક વર્ષોના દીક્ષાપાલન પછી શાસ્ત્રોક્ત યોગોદ્વહનાદિ અનુષ્ઠાન પૂર્વક તે તે શાસ્ત્રોને ભણવાનું વિધાન કર્યું છે. દીક્ષાપર્યાય વધે તેમ તેમ પંચાચારના પાલનથી યોગ્યતા વધે અને યોગોદ્વહનાદિથી આત્મશુદ્ધિ કરે તેને ગુરૂઆજ્ઞાથી તે તે શાસ્ત્રોને ભણવાનો અધિકારી કહ્યો છે. ગમે તે શાસ્ત્રને સ્વેચ્છાએ સૌ ભણી શકે નહિ. યોગ્ય બન્યા પછી પણ ગુરૂ આદિના વિનયપૂર્વક ભણવાથી શાસ્ત્રો ઉપકારક બને છે.

'જ્ઞાનનું મૂળ વિનય છે' એમ કહેવાનું કારણ એ છે કે જ્ઞાન-જ્ઞાની આદિનો વિનય કરવાથી જ્ઞાનાવરણીય અને મોહનીય આદિ વિઘ્નભૂત કર્મોની નિર્જરા સાથે શુભ કર્મોનો બંધ થાય છે. વિઘ્નભૂત જ્ઞાનાવરણીયાદિની નિર્જરાથી આત્માનો જ્ઞાન ગુણ પ્રગટે છે, તેને જ તત્ત્વથી જ્ઞાનપ્રાપ્તિ કહેવાય છે. સાથે મોહનીયની મંદતા થવાથી તેને આત્મોપકારક બનાવી શકાય છે. ઉપરાંત શુભ પુણ્યના બળે શરીરાદિ બાહ્ય જીવન સામગ્રી પણ એવી પવિત્ર મળે છે કે તેનાથી જ્ઞાનનો દુરૂપયોગ થતો નથી. કહ્યું છે કે અવિનયથી મેળવેલું જ્ઞાન; અજ્ઞાનરૂપે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માનું અહિત કરે છે અને વિનયના બળે પ્રગટેલું જ્ઞાન ચોક્કસ લાભો કરે છે. માટે જ અવિનીત કે અયોગ્યને મુંડવાથી, ભણાવવાથી, કે તેની સાથે વસવા વગેરેથી ગુરૂના પણ ચારિત્રનો ઘાત થાય છે એમ અયોગ્યને શાસ્ત્રો ભણાવવાથી સ્વ-પર અહિત થાય છે.

વિચાર કરતાં એમ સમજાય છે કે-વર્તમાનમાં 'જિનમૂર્તિ અને જિનાગમ' એ જ કર્મરોગને ટાળવાનાં ઔષધો છે. તે પૈકી જિનમંદિરો અને મૂર્તિઓ ગામે ગામ, પર્વતો ઉપર, પહાડોમાં અને જંગલોમાં પણ પ્રગટ છે, બીજી બાજુ આગમગ્રંથો તો અમુક સુનિશ્ચિત સ્થળે ભંડારોમાં જ અપ્રગટ છે, તે સહેતુક છે. જિનમૂર્તિ કાષ્ટાદિ ઔષધ તુલ્ય હોવાથી તેનાથી થાય તો લાભ થાય છે, હાનિનો સંભવ નથી. માટે સૌને તેના દર્શન-પૂજન આદિ કરવાની વ્યવસ્થા છે. જો કે તેમાં પણ વિવેક છે, તથાવિધ જાતિ આદિની વિશિષ્ટતા વિના રાજા-મહારાજા વગેરેનાં દર્શન મેળાપ વગેરે કરી શકાતું નથી, તેમ જિનમૂર્તિનાં દર્શન-પૂજન પણ કરી શકાતાં નથી. તેવા આત્માને જેનાં દર્શન-પૂજનને તે ઇચ્છે છે, તે જિનેશ્વરનાં વચનમાં શ્રદ્ધા રાખી તેની આજ્ઞાનું પાલન કરવા-રૂપ ભાવધર્મથી જ આરાધના થાય છે. તો પણ શાસ્ત્રાધ્યયનની જેમ જિનભક્તિ માટે અમુક જ અધિકારી છે એમ નથી. રાસાયણિક ઔષધની જેમ શાસ્ત્રાધ્યયન ન પચે તો અહિત થવાનો સંભવ હોવાથી જેમ વૈદ્ય સ્વયં વિશિષ્ટ રોગીને જ રોગનું નિદાન વગેરે કરીને યોગ્ય લાગે તો જ રાસાયણિક ઔષધ તેની માત્રા (પ્રમાણ) આદિનો ખ્યાલ કરીને જ આપે અને પરેજી વગેરેનો પૂર્ણ પ્રબંધ કરાવે, તેમ ભાવવૈદ્યતુલ્ય ધર્મગુરૂ વિશિષ્ટ ગુણવાનને તેની યોગ્યતાના પ્રમાણમાં શાસ્ત્રો ભણાવી શકે અને તેનો દુરૂપયોગ ન થાય તેની કાળજી રાખી-રખાવી શકે, એ તેમાં આશય છે. કોઇ પણ નિષ્પક્ષ વિચારક આ વ્યવસ્થાને યોગ્ય માનશે. કારણ કે તેમાં લાભને બદલે હાનિ ન થઈ જાય તેવું કાળજીભર્યું હિતચિંતન છે. તેને અનુસરવાથી આજ સુધી જૈનાગમ અખંડિત, અબાધિત તથા તેના સ્વરૂપમાં પવિત્ર રહ્યું છે અને જીવોનું કલ્યાણ કરી શક્યું છે.

આ કારણે જિનાગમના રક્ષણનો, ઉપદેશનો અને ભણવા-ભણાવવા વગેરેનો વ્યવહાર શ્રમણસંઘને આધીન છે, તે સર્વ રીતે સંઘના હિતાર્થે હોવાથી તેને અબાધિત રાખવામાં જ સર્વનું કલ્યાણ છે. એનો અર્થ એ નથી કે સાધુઓમાં પણ દરેકને ભણવાનો અધિકાર છે અને કોઇ જ ગૃહસ્થને અધિકાર નથી જ. યોગ્ય આત્મા ગૃહસ્થ પણ ગુરૂની નિશ્રાએ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરી શકે છે અને સાધુને પણ તેવી યોગ્યતાના અભાવે શાસ્ત્રો ભણી-ભણાવી શકાતાં નથી. એમ સર્વત્ર જીવોનું હિત થાય એ દૃષ્ટિબિન્દુ અચળ છે. જગતમાં પણ કોઈ ક્ષેત્રમાં સર્વને સર્વ અધિકારો મળતા નથી, સર્વ વિષયમાં આવો વિવેક હોય છે. એને માન્ય રાખીને જ તે તે કાર્યો સાધી શકાય છે, તેમ શાસ્ત્રાધ્યયનમાં પણ કોઇને હાનિ ન થાય અને યોગ્ય આત્મા તેના લાભથી વંચિત ન રહે તેવી નિષ્પક્ષ આ એક વ્યવસ્થા હોવાથી તે જીવ માત્રને હિતકર છે, ન્યાયરૂપ છે અને સર્વને ઉપાદેય છે.

તે પછી સામાચારીના ત્રણ પ્રકારો જણાવીને પ્રથમ ઓઘસામાચારીનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમાં ઓઘનિર્યુક્તિ ગ્રંથોક્ત સાત દ્વારોથી સાધુનાં પ્રાતઃકાળથી માંડીને બીજા દિવસના પ્રાતઃકાળ સુધીનાં કર્ત્તવ્યોનું ક્રમિક વર્ણન છે. પ્રત્યેક કાર્યો નિયત સમયે માંડલીબદ્ધ કેવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે કરવાં ? તેનો આત્મશુદ્ધિ સાથે કેવો સંબંધ છે ? વગેરે શાસ્ત્રીય દૃષ્ટિથી વિચારવામાં આવ્યું છે. પ્રતિલેખનાદિ દ્રવ્ય ક્રિયાઓથી આત્માને કેવી અસર થાય છે ? સાધનધર્મમાં જ્ઞાનાદિ ગુણોરૂપ નિશ્ચય ધર્મને પ્રગટ કરવાની કેવી શક્તિ છે ? વગેરે સારભૂત ચિંતન કરેલું છે. તે તે ક્રિયાઓને વિધિપૂર્વક કરવાથી થતા લાભો અને તેના અવિધિજન્યદોષો પણ જણાવ્યા છે. પ્રસંગાનુસાર મૂકેલાં ટીપ્પણો એના મહત્ત્વને સમજાવે છે.

સૂર્યોદયથી બે પોરિસિ (પ્રહરો) સુધી શાસ્ત્રાધ્યયન કરવાદ્વારા દિવસના પ્રારંભમાં જ જિનવચનામૃતના પાનપૂર્વક યોગોની શુદ્ધિ કરવાનું વિધાન છે, કે જેના બળે તે પછીનાં પણ દરેક કાર્યોમાં જિનાજ્ઞાનું પ્રાધાન્ય રહે. પૃ. ૭૯ થી ૯૪ સુધી કહેલા આ વિધિમાં ઉત્સર્ગ-અપવાદનો આધાર લઇને વિવિધ વાતોનું સ્પષ્ટીકરણ કર્યું છે.

તે પછી લગભગ ૫૦ જેટલાં પૃષ્ઠોમાં આહાર-વસ્ત્ર-પાત્ર અને વસતિની શુદ્ધિ-અશુદ્ધિનો વિસ્તૃત વિચાર કર્યો છે. તેમાં આહારાદિનો આત્મશુદ્ધિ સાથે કેવો સંબંધ છે ? તે વ્યવહારિક દૃષ્ટિએ સમજી શકાય તેવાં અનેક ટીપ્પણો કરેલાં છે. 'આહાર તેવો ઓડકાર' એ લોકવાક્યની સત્યતા સિદ્ધ થાય છે. આર્યઆચારોમાં આહાર, પહેરવેશ, પાત્રો કે રહેઠાણ માટે વિવિધ મર્યાદાઓ ઘણા પ્રાચીન કાલથી ચાલી આવે છે અને તેનાં વર્ણનો પણ સાહિત્યમાં સ્થળે સ્થળે મળે છે. તે દરેકનું મહત્ત્વ સમજી શકાય તે રીતે શુભાશુભ આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિ (મકાન)નાં લક્ષણો, તેનું પ્રમાણ તથા તેથી થતા ગુણ-દોષનું યુક્તિસંગત વર્ણન કરેલું છે. ભક્ષ્યાભક્ષ્ય આહારથી થતા લોહીની અસર વિચારોમાં કેવી થાય છે ? એ વિચારોથી મન-વચન-કાયાના વ્યાપારોમાં કેવો ભેદ પડે છે ? તે વ્યાપારો શુભાશુભ કર્મોનો બંધ કે નિર્જરા કરવામાં કેવો ભાવ ભજવે છે ? ઇત્યાદિ સમજાવીને યતિધર્મની સિદ્ધિમાં આહારશુદ્ધિનું અતિ મહત્ત્વ છે તે યુક્તિપૂર્વક સિદ્ધ કર્યું છે. એ સત્ય છે કે વર્તમાનમાં નિર્દોષ આહારની પ્રાપ્તિ દુર્લભ છે, ગ્રન્થકારે પણ વર્તમાનમાં ગૃહસ્થને વ્યવહારશુદ્ધિની અને સાધુને આહારશુદ્ધિની દુઃશક્યતા સ્વીકારી છે. તો પણ ગ્રન્થોક્ત વિધાનોનો આદર કેળવી શુદ્ધ આહારાદિ માટે શક્ય પ્રયત્નો કરનારને વર્તમાનમાં પણ ઘણા લાભો થાય છે. કોઈ કોઈ આત્માઓ એવો અનુભવ કરી પણ રહ્યા છે. જો તે શક્ય જ ન હોત તો જ્ઞાનીઓ તેનું વિધાન કરત જ નહિ. હા, દુષ્કર છે અને એ કારણે વર્તમાનમાં સંયમને દુરારાધ્ય કહ્યું છે, પણ એનો અર્થ એ નથી કે તે અશક્ય જ છે ? આજે પણ કેટલા ય ઉત્તમ જીવો લૌકિક-લોકોત્તર જીવનમાં વ્યવહારશુદ્ધિ માટે પ્રયત્ન કરીને જીવનને ઉર્ધ્વગામી બનાવતા જોઈ શકાય છે. ગુણોના વિકાસનું મૂળ ક્યાં છે ? જીવનમાં ગુણો કેવા ઉપકારી છે ? અને તેના અનાદરથી જીવનમાં કેટકેટલી મુશ્કેલીઓ વધતી જાય છે ? એને વિચારતાં સંયોગવશાત્ ગૃહસ્થ અને સાધુજીવનના વર્તમાનમાં બદલાઇ રહેલા વ્યવહારોથી આત્માને કેટલી હાનિનો સંભવ છે એ સ્પષ્ટ સમજાય છે. એ પરિસ્થિતિમાંથી બચવા માટે શાસ્ત્રીય વિધાનો કેટલાં ઉપયોગી છે તે વિવિધ રીતે સમજાવ્યું છે. જીવનોપયોગી આહારાદિ પદાર્થો, તેને મેળવનાર કે ભોગવનાર, વગેરે દરેક અંગો કેવાં નિર્મળ જોઇએ ? એ માટે મન-વચન-કાયાના વ્યાપારો કેટલા શુદ્ધ જોઇએ ? ઇત્યાદિ અનેક બાબતો એટલી સુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવી છે કે તેને સમજ્યા પછી 'આહારાદિ લેવા છતાં સાધુ ઉપવાસી છે' એ વચનનું સાચું રહસ્ય સમજાય છે. વસ્તુતઃ સાધુજીવનના પ્રત્યેક વ્યવહારો જીવનને ઉર્ધ્વગામી બનાવી શકે છે, કારણ કે તેમાં અહિંસા ઉપરાન્ત નીતિ, વ્યવહારશુદ્ધિ, ઔચિત્ય, આરોગ્ય, ધર્મવૃદ્ધિ, પરોપકાર, ઇન્દ્રિઓનો વિજય, વિષયોના આકર્ષણનું દમન, સાધુતાનો પ્રભાવ, કામ-ક્રોધાદિ અંતરંગ શત્રુઓનો વિજય, ગુર્વાદિનો વિનય, બાળ-વૃદ્ધ આદિની વૈયાવચ્ચ, ઔદાર્ય અને એ સર્વના યોગે રાગ-દ્વેષાદિના વિજયરૂપ ચારિત્રનો પ્રકર્ષ, વગેરે અનેકાનેક ગુણોની સિદ્ધિઓનું લક્ષ્ય છે. એને અનુસરવાથી જ આત્મવિકાસ સાધી શકાય એ વાતને કોઇપણ સુજ્ઞ સ્વીકારે એવું સુંદર વર્ણન છે. સાધક કર્મબન્ધથી બચે, કોઇને અપ્રીતિકારક ન થાય, સાધુજીવન પ્રત્યે બીજા આદરવાળા બને અને જીવન ઉત્તરોત્તર સ્વાશ્રયી બને, એવી સુંદર તેમાં યોજના છે.

ભોજન પછી પાત્ર ધોવાનો, સ્થંડિલભૂમિએ જવા-આવવાનો વગેરે વિધિ જણાવ્યો છે. તેમાં પણ એકેન્દ્રિયાદિ કોઈ જીવને પીડા ન થાય, ધર્મની હલકાઈ ન થાય, લોકવિરૂદ્ધ ન સેવાય, ઇત્યાદિ અનેક વાતો કહી છે.

તે પછી ત્રીજા પ્રહરના પ્રારંભમાં વસ્ત્ર-પાત્રાદિના પ્રતિલેખનનું, તે પછી સ્વાધ્યાય કરવાનું અને સાંજે પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. તેમાં પ્રસંગાનુસાર પ્રતિક્રમણનાં સૂત્રો અર્થ સહિત આપ્યાં છે. ટુંકું છતાં સંકલનાબદ્ધ પૂર્ણ અને વિવેચન સહિત આવું અર્થનું વર્ણન અન્ય ગ્રન્થોમાં ઓછું જોવા મળે છે.

જૈન દર્શનમાં આરાધનાની સાથે વિરાધનાથી બચવાનું લક્ષ્ય પણ મુખ્ય છે. માટે ન્હાની પણ ભૂલ થતાં તેના પાપને ટાળવા માટે તુરત 'મિચ્છામિ દુક્કડં' દેવાનું અને સવાર-સાંજ પ્રતિક્રમણ કરવાનું અવશ્ય વિધાન છે. આરોગ્ય ભલે મોડું થાય, રોગ વધવો જોઇએ નહિ. તે ન્યાયે 'નાની મોટી કોઈ પણ બાબતમાં ભૂલ થવા દેવી નહિ અને થાય તો તુર્ત શુદ્ધિ કરી લેવી.' એ હેતુથી કરાતા પ્રતિક્રમણનું મહત્ત્વ અન્ય સર્વ અનુષ્ઠાનોથી અધિક છે. એમ કહી શકાય કે શેષ સર્વ અનુષ્ઠાનો પ્રતિક્રમણ માટે છે, પ્રતિક્રમણ વિના તે નિષ્ફળ છે. માટે જ યાવજ્જીવ ઉભયકાળ કરાતા પ્રતિક્રમણને આવશ્યક કહેવાય છે.

તે પછી રાત્રિકર્ત્તવ્ય તરીકે સ્વાધ્યાય, શયનનો વિધિ, રાત્રે જાગ્યા પછી બહાર નીકળતાં ચોરાદિના ઉપદ્રવોથી બચવાના ઉપાયો, કોણે કેટલી નિદ્રા કરવી? ક્યારે જાગવું? જાગવાનો વિધિ, જાગતાં તુરત પરમેષ્ઠિ નમસ્કારનું વિધાન, ઉપરાંત કામવાસનાને રોકવા માટેનું ધ્યાન, વિશિષ્ટ મનોરથોથી આત્માને ઉત્સાહિત કેમ કરવો ? વગેરે અનેક બાબતો માતા પુત્રને શીખવાડે તેમ હેતુપૂર્વક ગુણ-દોષના વર્ણન સાથે કહી છે. એ રીતે ઓઘસામાચારીમાં અહોરાત્રનાં સમ્પૂર્ણ કર્ત્તવ્યોનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

તે પછી દશધા સામાચારીમાં ગુરૂથી માંડીને નાનામાં નાના સાધુ સાથે યથાયોગ્ય પૂજ્ય-ભાવ અને વાત્સલ્ય વધે તે રીતે ભોજન, પરસ્પરનાં કાર્યો, ભૂલની શુદ્ધિ, આજ્ઞા, તેનો સ્વીકાર, જવું-આવવું, વગેરે સર્વ વ્યવહારો કરતાં કોઇની ઇચ્છા ઉપર આક્રમણ ન થાય તેવો વિધિ જણાવ્યો છે. એના પાલનથી ઈચ્છાનો રોધ, વિનય, વૈયાવચ્ચ, પરસ્પર પ્રીતિ, પૂજ્યભાવ, કૃતજ્ઞતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત્સલ્ય, વગેરે ગુણો વધતા જાય અને સંયુક્ત ધર્મકુટુમ્બ તરીકે જોડાએલા દરેક આત્માઓ એ સંસ્કારથી અન્ય જન્મોમાં પણ એક સાથે ઉપજે-જોડાય, ત્યાં પણ નિષ્કામ પ્રીતિ અને ભક્તિથી પરસ્પર આરાધનામાં સહાયક બની અંતે એ જોડાયેલા સંબંધને મોક્ષમાં શાશ્વતો બનાવી શકે એવો સુંદર જીવનવ્યવહાર બતાવ્યો છે. જ્ઞાનાદિ ગુણોની વિશિષ્ટ સાધના માટે પણ અન્ય ગચ્છનો આશ્રય લેવારૂપ ઉપસમ્પદા, તેના પ્રકારો, વિધિ અને તેમાં વ્યવહારશુદ્ધિ સચવાય તેવું પરસ્પરનું કર્ત્તવ્ય, વગેરે અનેક બાબતો જણાવી છે.

તે પછી ઉપસ્થાપના (મહાવ્રતોનું અને તેને પાલન કરવાનું જ્ઞાન વગેરે મેળવીને યોગ્ય બનેલા શિષ્યને વડીદીક્ષા) કરવાનો વિધિ જણાવ્યો છે, તેમાં સહદીક્ષિત માતા-પિતાદિ વડીલ વર્ગને અપ્રીતિ ન થાય તે રીતે ન્હાના-મોટા સ્થાપવાની સુંદર વ્યવસ્થા છે. યોગ્યતા વિનાના શિષ્યની ઉપસ્થાપના કરવાથી વિરાધક થવાય છે, યોગ્યની ઉપસ્થાપના કરવામાં વિલંબ ન કરવો જોઇએ, વગેરે બાબતો જણાવી છે. જે મહાવ્રતો ઉચ્ચરાવવાનાં છે, તેનું વર્ણન કરતાં પહેલા વ્રતમાં પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરોમાં કરેલી જીવત્વની સિદ્ધિ, બીજા વ્રતમાં ભાષાના ૪૨ પ્રકારો, ત્રીજા વ્રતમાં ચૌર્યના પ્રકારો, ચોથા વ્રતમાં બ્રહ્મચર્યની સર્વ શ્રેષ્ઠતા અને જીવન વિકાસમાં એની આવશ્યકતા, પાંચમા વ્રતમાં અપરિગ્રહનું મહત્ત્વ, વગેરે સર્વ વાતો યુક્તિપૂર્વક સમજાવી છે. પ્રત્યેકનાં ટીપ્પણો એમાં વિશેષ પ્રકાશ પાડે છે. એમ પાંચે મહાવ્રતોનું આત્મ વિકાસ માટે કેવું મહત્ત્વ છે તે જણાવીને તેના વિશુદ્ધ પાલન માટે ઉપયોગી પ્રત્યેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ જણાવી છે અને છેલ્લે છઠ્ઠા વ્રતમાં રાત્રિભોજનના ત્યાગનું વિધાન કર્યું છે.

તે પછી ચરણસિત્તરી અને કરણસિત્તરીનું વર્ણન છે, તેમાં ચારિત્રના સાધ્ય-સાધન ભાવોરૂપ દશવિધ શ્રમણધર્મ, સત્તરવિધ સંયમ, વૈયાવચ્ચના પ્રકારો, બ્રહ્મચર્યની નવ વાડો, જ્ઞાનાદિ ગુણોની સાધના, કષાયોનો જય, સમિતિ-ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાઓ, ઇન્દ્રિઓનો નિરોધ, ભાવનાઓ, સાધુની બાર પડિમાઓ, વગેરે વિષયો તેના પ્રકારો, સ્વરૂપ અને ગુણ-દોષ સાથે વર્ણવ્યા છે. તે દરેકનો મહાવ્રતાદિના પાલનમાં કેવો સહકાર છે ? પરસ્પરનો સંબંધ કેવો છે ? એકના અભાવે બીજાની નિષ્ફળતા કેવી રીતે થાય છે ? વગેરે વિસ્તારથી સમજાવ્યું છે. તેમાં પણ બ્રહ્મચર્યની નવ વાડોનું અને ભાવધર્મની સિદ્ધિ માટે જરૂરી બાર ભાવનાઓનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

તે પછી મહાવ્રતોમાં અતિચારો લાગવાનાં કારણો અને તેમાંથી બચવાની આવશ્યકતા જણાવી છે. નાનો પણ અતિચાર પરિણામે કેવું અનિષ્ટ સર્જે છે, તેની ભયાનકતા પણ બતાવી છે.

તે પછી મહાવ્રતો અને ચરણસિત્તરી, કરણસિત્તરી, આદિના પાલન માટે ગચ્છવાસ, કુસંસર્ગત્યાગ, અર્થપદચિંતન, ગ્રામાનુગ્રામ વિહાર અને ગીતાર્થ નિશ્રા, વગેરેની આવશ્યકતા સાથે પ્રત્યેકનું સ્વરૂપ જણાવ્યું છે. તેમાં પ્રસંગાનુસાર પાંચ નિર્ગ્રન્થો, દશવિધ પ્રાયશ્ચિત્ત, પરીષહો, ઉપસર્ગો, વગેરે બાબતો તેના સ્વરૂપ સાથે કહી છે અને તેના ઉત્સર્ગ-અપવાદ સાથે ગુણ-દોષનું પણ વર્ણન કર્યું છે. તેમાં પણ ગચ્છવાસના લાભો અને વિહારનો વિધિ વર્ણવતાં કરેલી સર્વ સાધુઓની સંયમરક્ષાની ચિંતા, પાસત્થાદિ સાથે પણ કારણે કેવી રીતે વ્યવહાર કરવો ? વગેરે વર્ણન ઘણું મનનીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી એ રીતે સંયમના નિર્મળ પાલનથી ગીતાર્થ બનેલા સાધુને ગણીપદ, ઉપાધ્યાયપદ, પ્રવર્ત્તકપદ, આદિ પદો આપવાનો વિધિ જણાવ્યો છે. તેમાં પદસ્થ થયા પછી તેઓનું ગચ્છની રક્ષા માટેનું કર્ત્તવ્ય, મૂળ આચાર્યે ગચ્છથી નિવૃત્ત થઈને સવિશેષ આરાધના કરવાનો વિધિ, વગેરે વર્ણવ્યું છે. રાજ્યના અધિકારીઓની જેમ પ્રત્યેક પદસ્થોનાં ભિન્ન ભિન્ન વિવિધ કર્ત્તવ્યો જણાવ્યાં છે. અયોગ્યને પદસ્થ બનાવવાથી ગચ્છને થતી હાનિ, શાસનની અપભ્રાજના, વગેરેનું વર્ણન કર્યું છે. અયોગ્ય પદસ્થ પ્રત્યે સ્થવિરોનું કર્ત્તવ્ય, ગચ્છમાં સ્થવિરોનું પ્રાધાન્ય, પદસ્થને અને સાધુ-સાધ્વીને હિતશિક્ષા, પદસ્થ થવામાં ગીતાર્થપણાનું મહત્ત્વ, આચાર્યના પાંચ અતિશયો, આઠ પ્રકારની ગણી સમ્પત્તિ, લક્ષણોપેત પૂર્ણ અવ્યંગ શરીર, આભાવ્ય વ્યવહારની વ્યવસ્થા, વગેરે અનેક આવશ્યક બાબતો વર્ણવી છે. આ બધું વર્ણન જોતાં લૌકિક રાજ્ય શાસન કરતાં પણ શ્રી જિનેશ્વરે સ્થાપેલા ધર્મશાસનની વ્યવસ્થા ઘણી જ શ્રેષ્ઠ છે, એમ કોઈ પણ સુજ્ઞને સ્વીકારવું પડે તેમ છે. એટલું જ નહિ, રાજા વિનાની નિર્નાથ પ્રજાને રાજાની જેટલી આવશ્યકતા છે તેથી કેઈ ગુણી ગુરૂની અને ગુરૂકુળવાસની આવશ્યકતા સિદ્ધ થાય છે. સાધ્વીગણના સંયમની રક્ષા અને વૃદ્ધિ માટે પણ મહત્તરાપદ તથા પ્રવર્તિનીપદની વ્યવસ્થા છે, તેઓના સંચાલન નીચે રહીને સાધ્વીવર્ગ સ્વ-પર ઉત્કર્ષ સાધી શકે તેવું શાસનનું બંધારણ જણાવ્યું છે.

એ ઉપરાંત યોગ્યતા અને અધિકારને અનુસરતાં પ્રત્યેકનાં વિવિધ કર્ત્તવ્યોનું ગચ્છમાં પાલન ન થાય તો કેવા ઉપાયો કરવા? ગુરૂ પણ શિષ્યોની સારણા વગેરેમાં પ્રમાદ કરે, અયોગ્યને દીક્ષા આપે કે ઉત્તેજન આપે, તો તેને કેવું પ્રાયશ્ચિત્ત લાગે? કોઈ ગુરૂ શિષ્યને આરાધના માટે સ્વયં સહાય કરે નહિ કે મહત્ત્વ યા મમત્વને કારણેઅન્ય ગુરૂની નિશ્રામાં જવાની સંમતિ આપે નહિ તો શું કરવું? કેવા ગુણવાળો સ્વલબ્ધિક (ગુરૂઆજ્ઞાથી ભિન્ન વિચારવામાં અધિકારી) ગણાય? વગેરે અનેક બાબતોનું વર્ણન કર્યું છે.

તે પછી છેલ્લી અવસ્થામાં દ્રવ્ય-ભાવ સંલેખના કરવાનો વિધિ, અંતે અનશન કરવાના પ્રકારો, તેનો વિધિ, તથા છેલ્લે મહાપારિષ્ઠાપનિકાનો વિધિ અને તેના ગુણ-દોષ, વગેરે વિસ્તારથી વર્ણવ્યું છે. એમ ગ્રન્થનો લગભગ બધો ભાગ સાપેક્ષયતિધર્મના વર્ણનથી પૂર્ણ કર્યો છે. ત્રીજી પદવિભાગ સામાચારીની માત્ર વ્યાખ્યા કરીને તેને સમજવા માટે છેદ ગ્રન્થોની ભલામણ કરી છે. તેની પછી છેલ્લે નિરપેક્ષ-યતિધર્મનું વર્ણન, તેના પ્રકારો અને વિધિ વગેરે સંક્ષેપમાં જણાવ્યું છે. એમાં એ પણ હેતુ સંભવિત છે કે વર્તમાનમાં નિરપેક્ષ યતિધર્મ વિદ્યમાન નથી.

એમ અહીં દિશામાત્ર ગ્રન્થનો પરિચય આપ્યો છે તેને પૂર્ણતયા જાણવા માટે તો ગ્રન્થનું આદરપૂર્વક સાદ્યંત વાચન કરવું તે જ આવશ્યક છે. તે સિવાય તે તે વિષયોનો પૂર્ણ ખ્યાલ આવી શકે તેમ નથી.

**ટીપ્પણો**-ગ્રન્થકારની ગ્રન્થયોજના એવી વિશિષ્ટ છે કે ગ્રન્થના વિષયને વાંચતાં જ તે તે વિષયનો બોધ થઇ શકે છે. તો પણ ગ્રન્થનું સમગ્ર વર્ણન ક્રિયાપ્રધાન છે. તે ક્રિયાનો ચારિત્રના પ્રાણભૂત અધ્યવસાયો(ભાવધર્મ) સાથે કેવો સંબંધ છે? તે સમજાવવા પ્રસંગને અનુસરતાં લગભગ સવા ત્રણસો જેટલાં ટીપ્પણો યથામતિ લખ્યાં છે. આશા છે કે એથી વાચકગણ અનુ-ષ્ઠાનોનો આત્મધર્મ સાથેનો સંબંધ સમજીને તેના પ્રત્યે સવિશેષ આદર પ્રગટાવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાષાન્તર કરવામાં ઉદ્દેશ**–આ ભાષાન્તર કરવામાં તે તે વિષયોમાં મારો બોધ વધે એ ઉદ્દેશ મુખ્ય રહ્યો છે, ઉપરાન્ત સામાચારી એ શ્રી જિનકથિત 'સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ *મોક્ષનો માર્ગ છે.' તે માર્ગે ચાલીને સ્વ–સ્વ યોગ્યતા પ્રમાણે જીવો ક્ષમાદિ આત્મધર્મને સાધી* શકે છે, માટે તેને મનસ્વીપણે બગાડી શકાય નહિ. બીજી રીતે સામાચારી એટલે ૨૧ હજાર વર્ષ પર્યન્ત ચાલનારી જૈનશાસનની પેઢી છે, પૂર્વ પુરૂષો તરફથી વારસામાં મળેલી તે પેઢીના આચાર્યાદિ સંચાલકો અને સર્વ આરાધકો તેના ગ્રાહકના સ્થાને છે. સ્વ–સ્વશક્તિ અનુસાર તેની રક્ષા–પાલનરૂપ વ્યાપાર કરીને ભવ્ય જીવોએ ક્ષમાદિ ધર્મધન મેળવ્યું છે અને આજે પણ મેળવે, તેમાં બીજો કોઈ ભાગ માગી શકે નહિ. પણ વારસામાં મળેલી પેઢીનું–સામાચારીનું તો રક્ષણ કરીને ભાવિસંઘને તે સોંપવાની છે. સરકારી ધોરણે પણ વારસાગત ધનમાં સર્વનો હક્ક હોય છે, કોઈ એક જ સ્વેચ્છાએ તેનો વ્યય કરી શકતો નથી. એ ન્યાયે ભવ્ય જીવોએ સામાચારીનું પાલન કરવું જોઇએ. સામાચારીનો પાલક–રક્ષક–પ્રચારક કે પક્ષકાર જ જૈન કહેવાય છે. આ કારણે પૂર્વ પુરુષોએ તેના પાલન–રક્ષણાદિ માટે ઘણાં કષ્ટો વેઠયાં છે, તે તે પ્રસંગે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–પુરુષ આદિને આશ્રીને સર્વ સંમત સુધારા–વધારા કરીને જીર્ણોદ્ધાર પણ કર્યો છે અને પરંપરાએ તેનો પ્રવાહ ચાલુ રાખ્યો છે. વર્તમાન સંઘનું પણ સામાચારી અંગે એ જ કર્ત્તવ્ય છે. ઈત્યાદિ સામાચારીના વિવિધ મહત્ત્વને સમજીને યોગ્ય જીવો તેના પાલનથી સ્વ–પર આત્મકલ્યાણ સાધે, જૈન શ્રમણ સંસ્કૃતિનો વિકાસ થાય અને જગતમાં જૈન શાસનનું સર્વોચ્ચપણું પ્રકાશિત રહે, એ આશય સેવ્યો છે. ધર્મ તો તેના સ્વરૂપે નિર્મળ જ છે, શાસન પણ તેના સ્થાપક શ્રી તીર્થંકર દેવો અને સંચાલકો ત્યાગી–વિરાગી શ્રમણો હોવાથી પવિત્ર છે, દોષિત હતું નહિ, છે નહિ અને થશે નહિ. તો પણ તેના આરાધકોની શુદ્ધિ–અશુદ્ધિના કારણે જગત ધર્મને અને શાસનને પણ સદોષ–નિર્દોષ માને છે, તેવો તેવો ઉપચાર કરીને પક્ષ–પ્રતિપક્ષ કરે છે. એ કારણે સર્વ આત્માર્થી જીવોનું કર્ત્તવ્ય છે કે જે ધર્મને પોતે આરાધે છે, જેનાથી સુખ પ્રાપ્ત કરવાનું છે, આલોક–પરલોકમાં જે પરમ આધારભૂત અને જગતના જીવ માત્રનું કલ્યાણકારક છે, તે જૈનધર્મ અને શાસન જગતમાં સર્વદા પવિત્ર અને પરમોપકારી તરીકે પ્રસિદ્ધ રહે અને ભવ્ય જીવો તેને આરાધવા માટે ઉદ્યત બને તે રીતે સામાચારીની નિર્મળ–નિર્દોષ આરાધના કરવી જોઇએ.

**ભાષાન્તરની કિલષ્ટતા**–આ ગ્રન્થનું શુદ્ધ ભાષાન્તર કરવું એ મારા જેવા અલ્પ બોધ–વાળાને માટે કઠીન ગણાય. અનુભવ વિના ન સમજાય તેવી અનેક બાબતો તેમાં છે. તેને અંગે સંયોગને અનુસારે જેની પાસેથી જેટલું સમજવું શક્ય બન્યું તે સમજવા પ્રયત્ન કર્યો છે, તો પણ અનેક બાબતોનો ઉકેલ મારી બુદ્ધિથી અધુરો જ રહ્યો છે, માત્ર શબ્દાર્થ કરીને જ સંતોષ માનવો પડ્યો છે, શકયતા પ્રમાણે પૂછવા છતાં કેટલીક બાબતોમાં હૃદયંગમ સમાધાન મળી શક્યું નથી. સંભવ છે કે કોઈ ક્ષતિઓ પણ રહી ગઈ હોય! માટે વાચકો તે તે બાબતોને ગીતાર્થોનો આશ્રય લઇને યથાસ્વરૂપ સમજી લેશે, એવી આશા રાખું છું.

**ભાષાન્તરમાં પ્રેરણા**–વિ. સં. ૨૦૦૫ માં શરૂ કરેલું આ કાર્ય આજે દશ વર્ષે બન્ને ભાગના પ્રકાશનરૂપે પૂર્ણ થાય છે, એનો એક આનંદ અનુભવું છું. તેથીય વિશેષ આનંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો પૂ. પરમ ઉપકારી **મારા દાદા ગુરૂદેવ સ્વ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયમેઘ-સૂરિશ્વરજીના ઉપકારને યાદ કરીને અનુભવું છું.** તેઓશ્રીએ દીક્ષા આપ્યા પછી પ્રથમ સંયોગે જ મને ઓઘ સામાચારીનો ટુંકો પ્રાથમિક બોધ આ ગ્રન્થના આધારે જ કરાવ્યો હતો. તે વખતથી જ આ ગ્રન્થની મહત્તાનું બીજ તેઓશ્રીએ મારા હૃદયમાં રોપ્યું હતું. દુઃશક્ય છતાં **સ્વ૦ સુશ્રાવક મયાભાઇ સાંકળચંદની** આ ગ્રન્થનું ભાષાન્તર કરી આપવાની માગણીને સ્વીકારવાની ઇચ્છા પણ એ બીજમાંથી જ ઉદ્ભવી હતી. એ કાર્ય આજે પૂર્ણ થાય છે, ત્યારે જાણે પરોક્ષ રીતે તે પૂ. ગુરૂદેવે મને આપેલી ગુપ્ત પ્રેરણાનો જ આ પ્રભાવ હોય એમ લાગે છે.

**પ્રાન્તે**–મારા પરમ ઉપકારી વયોવૃદ્ધ પ્રાતઃસ્મરણીય સંઘસ્થવિર દાદા ગુરૂદેવ **શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની** પવિત્ર છાયામાં ભાષાન્તર લખવાના કાર્યમાં વિવિધ સહાય કરનાર **પૂજ્ય શમમૂર્તિ મારા ગુરૂ મહારાજ,** વિષમ સ્થળોનાં સમાધાન આપનાર **પૂ. આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહા-રાજ, પૂ. આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ,** ઉદ્બોધન લખી આપનાર **પૂ. આચાર્ય શ્રી વિજય જમ્બૂસૂરીશ્વરજી મહારાજ** વગેરેએ ઘણો ઉપકાર કર્યો છે. ભાષાન્તરના (ટીપ્પણો સિવાયના) સમગ્ર મૂળ લખાણને તે તે ગ્રન્થો સાથે મેળવીને શુદ્ધ કરવા માટે પૂર્ણ આદરથી પ્રયત્ન કરનાર **પૂ. પં. શ્રી માનવિજયજી ગણી,** છપાએલા ફરમાઓને સાદ્યન્ત વાંચીને શોધી આપનાર **પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણી,** અને પ્રારંભથી અંત સુધી વારંવાર પ્રેરણા દ્વારા ઉત્સાહ આપનાર તથા પ્રારંભમાં **ભૂમિકા** લખી આપનાર **પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીનો** ઉપકાર પણ કદી ભૂલી શકાય તેમ નથી. તે સિવાય પણ પ્રૂફો જોવા વગેરેમાં જેણે સહાય કરી છે તે દરેક મહાનુભાવોનો આ પ્રકાશનમાં ફાળો છે જ.

ગ્રન્થ છપાવવામાં અમદાવાદ સુરદાસ શેઠની પોળના રહીશ **શા. શાન્તિલાલ ચુનીલાલની** જ્ઞાનભક્તિ, પ્રેસમાલિક **પટેલ જીવણલાલ પુરૂષોત્તમદાસે** તથા રાજનગર બુકબાઇન્ડીંગ વર્કસના સંચાલક બાઇન્ડર શ્રી બાબુભાઇએ દાખવેલી નીતિ અને સૌજન્ય નોંધપાત્ર છે. લગભગ એક વર્ષમાં છાપવાનું કાર્ય પૂર્ણ થવામાં તેઓનો ઉત્સાહ અને આદર હેતુભૂત છે.

**ઉપસંહાર**–ભાષાન્તર અને ખાસ કરીને ટીપ્પણો લખવામાં મારો અલ્પબોધ, અનુપયોગ, છદ્મસ્થભાવ વગેરેને યોગે જે કોઈ ક્ષતિઓ રહેવા પામી હોય તેનો મિચ્છામિ દુક્કડં દઇ તેને સુધારી લેવા વિનંતિ કરૂં છું. ગ્રન્થમાં જે કંઈ સુંદર છે તે શ્રી જિનેશ્વરદેવના શાસનને અને ગ્રન્થકારના ગીતાર્થપણાને આભારી છે અને જે જે અસુંદર કે ક્ષતિરૂપ જણાય તે મારી ખામીરૂપ છે. પ્રાન્તે આ ગ્રન્થપ્રકાશનના લાભથી સર્વ જીવોનું કલ્યાણ થાઓ! એ ભાવનાપૂર્વક વિરામ કરૂં છું.

વિ૦ સં૦ ૨૦૧૪, વીર સં૦ ૨૦૮૪,
દ્વિતીયશ્રાવણ સુદ ૬ બુધવાર.
**સુ. સાણંદ–જી૦ અમદાવાદ**

પૂ. આચાર્યમહારાજ શ્રી વિજયમનોહર-
**સૂરીશ્વર શિષ્ય ભદ્રંકરવિજય.**

卐 卐 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉદ્બોધન

દ્વિતીય વિભાગ—

વિ. સં. ૧૭૩૧ માં **મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર** વિરચિત **શ્રી ધર્મસંગ્રહના** પહેલા ભાગનું મૂળ સંસ્કૃતમાંથી દળદાર ગુજરાતી ભાષાન્તર **મુનિરાજ શ્રી ભદ્રંકર વિજયજીએ** ચાર ચાર વર્ષનો અખંડ શ્રમ સેવીને લખ્યું અને તે સદ્ગત શેઠ મયાભાઈ સાંકળચંદના સુપુત્રો શેઠ નરોત્તમદાસ આદિએ પોતાના ખર્ચે છપાવી વિ. સં. ૨૦૧૦ માં પ્રસિદ્ધ કર્યું. બે વર્ષમાં જ તેની દ્વિતીયાવૃત્તિ નીકળી તે બતાવી આપે છે કે **એ ભાષાન્તરે જનતા ઉપર સારો એવો ઉપકાર કર્યો** છે અને તેથી તે સરસ રીતે લોકરૂચિનો વિષય બન્યું છે. વાંચકોને જાણીને આનંદ થશે કે એ જ ગ્રન્થના બીજા ભાગનું આ ભાષાન્તર એ જ મુનિશ્રીના અથાગ પરિશ્રમે લખાએલું છપાઇને બહાર આવી રહ્યું છે.

**કથિતકથન—**

પ્રથમ ભાગના ઉદ્બોધનમાં અમે મૂળ ગ્રન્થકારનો પરિચય, રચનાસમય, ગ્રન્થના સંશોધક મહાત્માઓ, **વાચકવર ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજાએ** ગ્રન્થમાં સ્થળે સ્થળે પૂરેલી ચમકદાર રંગોલી, ગ્રન્થનિર્માણ કરવામાં પ્રેરક, ગ્રન્થનો પ્રથમાદર્શ લખનારા, ગ્રન્થની વસ્તુ, ગ્રન્થનું પ્રમાણ, ગ્રન્થકારશ્રીનું બહુશ્રુતપણું, ગ્રન્થકારની શૈલી, ગ્રન્થથી કરાવાતું માર્ગ-દર્શન, ગ્રન્થકારની અન્યકૃતિઓ, ગુર્જરકવિ તરીકેની પણ ગ્રન્થકારની નામના, પ્રસ્તુત ગ્રન્થનું ભાષાન્તર, **ભાષાન્તરકાર મુનિ શ્રી ભદ્રંકર વિજયજી**, તેઓને ભાષાન્તર કરવામાં પ્રેરક, તેઓએ ભાષાન્તરમાં મૂળને સ્પર્શીને કરેલી ઝીણામાં ઝીણી બાબતોની પણ સ્પષ્ટતા અને અન્યથાવાદ ન થઈ જાય તેની રાખેલી પૂરી સાવચેતી, વગેરે હકિકતો ઠીક ઠીક પ્રમાણમાં કહી ગયા છીએ, એટલે આ ઉદ્બોધનમાં તેનો પુનઃ ઉલ્લેખ નહિ કરીએ.

**ગ્રન્થનો વિષય—**

આ ગ્રન્થના પહેલા ભાગમાં ગૃહસ્થના સામાન્યધર્મ અને વિશેષધર્મ ઉપર વિસ્તારથી પ્રકાશ પાથરવામાં આવ્યો છે. બાકી રહેલ સાપેક્ષ યતિ-સાધુધર્મ અને નિરપેક્ષ યતિ-સાધુધર્મ ઉપર આ બીજા વિભાગમાં ખૂબ જ ઉંડો અભ્યાસ પૂર્ણ પ્રકાશ પાથરવામાં આવ્યો છે. અમે પહેલા ભાગના ઉદ્બોધન (પૃષ્ઠ ૧૧) માં જણાવી ગયા છીએ કે-

" પ્રાણી માત્રને સુખની અભિલાષા સ્વાભાવિક રહેલી છે, પણ તેને જન્મ-મરણાદિક ફળ આપનારા અનાદિકાલીન કર્મરોગનો એવો તો પક્ષાઘાત લાગુ પડેલો છે કે અભિલાષા સુખ મેળ-વવાની હોવા છતાં મેળવે છે દુઃખ જ. બેભાન-બીમાર-મદોન્મત્ત આદમીની ચેષ્ટાઓ જગતમાં જેવી જણાય છે, તેવી ચેષ્ટાઓ કર્મરોગથી ઘેરાએલા સંસારી આત્માઓની હોય છે. આ રોગને મીટાવવાની એકની એક જે રામબાણ દવા છે તેનું નામ ધર્મ છે. " આ ધર્મની ઉચ્ચકક્ષા તે યતિધર્મ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**યતિધર્મ—**

આ યતિધર્મ સંબંધી અમે પહેલા ભાગના ઉદ્બોધનમાં લખ્યું છે કે—

" યતિ બે પ્રકારનો છે. એક સાપેક્ષ એટલે સ્થવીરકલ્પી, જે ગચ્છની મર્યાદામાં વર્તનારો હોય છે, બીજો નિરપેક્ષ એટલે જિનકલ્પી આદિ, જેને ગચ્છ આદિ કશાની અપેક્ષા ન હોવાથી યોગ્યતા પ્રાપ્ત કરીને કેવળ ઉત્સર્ગ માર્ગે વર્તનારો હોય છે. એ બન્નેનો ધર્મ એટલે જીવન પર્યન્ત સંસારના સર્વ આરંભ, પરિગ્રહ, સ્રીસંગ, વગેરેનો ત્યાગ કરીને સર્વથી અહિંસા આદિ મહાવ્રતો અંગીકાર કરવાં તેનું નામ યતિ કિંવા સાધુધર્મ છે. જીવન સાધનાનું અહીં પૂર્ણ વિરામ આવે છે. એનું બીજું નામ સંન્યાસયોગ પણ છે. આના જેવું ભૂતોપકારક, શાન્ત, દાન્ત, અવશ્યગ્રાહ્ય બીજું એક પણ ઉત્તમ જીવન નથી. જેઓ આ જીવન સ્વીકારીને કર્મ સામે સંગ્રામ માંડે છે અને તેને છેલ્લી લપડાક મારી હત પ્રહત કરી નાખે છે, તેઓને આ સંસારના જન્મોજન્મના અતિકટુ પરાભવો ભોગવવા પડતા નથી "

આ યતિધર્મનું સાંગોપાંગ સ્વરૂપ જો તમારે જાણવું હોય તો હવે આ ગ્રન્થમાં પ્રવેશ કરો !

**તક ન ગુમાવો—**

દેહાધ્યાસમાં પડેલા ઘણા મનુષ્યો આત્મા–પરમાત્મા, આલોક–પરલોક, પુણ્ય–પાપ, સંસાર–મોક્ષ, કશાની ચિંતા નહિ કરતાં કેવળ ખાવું–પીવું–કમાવું અને મોજ–મઝા કરવામાં જ મ્હાલી રહેલા જોવાય છે, એવા પણ કોઇ મનુષ્યોને જ્યારે તેમના ધારેલા પાસા ઉંધા પડે છે, સગાં સ્નેહી વિપરીત બને છે, શરીરમાં અસહ્ય રોગ થાય છે, પ્રિયા કે પુત્રનું અણધાર્યું મોત થાય છે; કિંવા પોતાના ઉપર મરણ ત્રાટકી પડે છે, ત્યારે આત્મા વગેરે કંઇક છે એમ લાગે છે, જ્ઞાનીના વચનોની સત્યતા ભાસે છે અને અંતરમાં ધર્મની ભૂખ જાગે છે. પરંતુ અફસોસ ! ત્યારે કહાચ ઘણું મોડું થયું હોય છે. યોગ્ય સામગ્રીનો વિરહ પણ હોય છે. માટે જ મનુષ્યે હાથમાં આવેલી આત્મસિદ્ધિની અણમોલ તક ક્ષણિક–માયાવી ભૌતિક વાસનાઓની પરાધીનતામાં ગુમાવી દેવી જોઇએ નહિ. એ યાદ રાખવું જોઇએ કે ચારિત્ર વિના આત્માની મુક્તિ નથી અને મુક્તિ વિના સાચું સુખ નથી.

**આદર્શ સંસ્કાર જીવન—**

નિરપેક્ષયતિધર્મ સાપેક્ષયતિધર્મની સાધના વિના સિદ્ધ થઇ શકતો નથી, એ સત્યને નજરમાં રાખીને ગ્રન્થકાર મહર્ષિએ આ ગ્રન્થનો ઘણો જ મોટો ભાગ સાપેક્ષ યતિધર્મનું વર્ણન કરવામાં રોકયો છે અને તેને પ્રામાણિક અનેક પ્રાચીન શાસ્ત્ર પાઠો આપીને ઘણો જ સદ્ધર બનાવ્યો છે. એને વાંચતાં જ સમજાય છે કે જૈન સાધુધર્મ એટલે તથાવિધ યોગ્યતાને પામેલા આત્માનો કર્મજન્ય જન્મ–મરણાદિ કષ્ટોનો નાશ કરવાનો સફળ પ્રયત્ન. તેમાં ભોગ નથી ત્યાગ છે, રાગ નથી વિરાગ છે, આરામ નથી આકરાં કષ્ટોનું સમભાવે વેદન છે. ઇત્યાદિ અનેક વિશેષતાઓથી અન્ય ત્યાગી–વૈરાગીની અપેક્ષાએ જૈનશ્રમણોની સાધુતા વિશિષ્ટ ચીજ છે. આ ગ્રન્થમાં જૈનસાધુ જીવનના असिधाराचङ्क्रमण સમા ત્યાગ–વૈરાગ્યથી ભરપૂર આહાર–વિહાર–સ્વાધ્યાય–સામાચારી–કષાયનિગ્રહ–ઇન્દ્રિયજય–અહિંસાદિ સંયમ વ્યાપાર–લોકાનુગ્રહ–ગુરૂ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારતન્ત્ય વગેરેને પાલન કરવાના નિયમોનો તેમ જ તે માટેની જરૂરી માનેલી ગુરૂ-શિષ્યની યોગ્યતા વગેરેનો જેમ જેમ અભ્યાસ કરીએ તેમ તેમ સાક્ષાત્ દેખાઈ આવે છે કે જૈનસાધુ જીવન એટલે કેવળ કર્મમુક્તિ કિંવા દુઃખમુક્તિને ખાતર જીવાતું આદર્શ સંસ્કાર જીવન છે, એમાં અદ્ભૂત આત્મ સમર્પણ છે, અનોખું આત્મ વિગોપન છે, અલૌકિક પરાક્રમ છે. એમાં પૂર્વ જન્મના સંસ્કારોનું દિવ્ય દર્શન છે અને સર્વ ઉપાધિ રહિત સ્વર્ગીય સુખ છે.

**દીક્ષા કોણ લઈ શકે ?—**

આ સાધુ જીવન એમને એમ સ્વીકારાતું નથી, એ માટે પ્રથમ સંસાર ત્યાગની દીક્ષા લેવી પડે છે, એ દીક્ષા માટે કોણ યોગ્ય, કોણ અયોગ્ય, કોણ આપી શકે, કોણ ન આપી શકે, કેવી રીતે આપવી, ક્યાં આપવી, ક્યારે આપવી, અજાણ્યાની પરીક્ષા કરવી, વગેરે વિધિ આ ગ્રન્થના પ્રારંભથી જ સારી રીતે ચર્ચવામાં આવ્યો છે. દીક્ષા લેનારની સોળ પ્રકારની યોગ્યતા અહીં બતાવવામાં આવી છે, તેમાં પહેલી યોગ્યતા આર્યદેશોત્પન્નપણાની જણાવીને દીક્ષામાં ઉચ્ચકુળ-જાતિને મહત્ત્વ આપવામાં આવ્યું છે, આથી કુલ-જાતિનો સંકરભાવ અયોગ્ય છે તે પાઠકોને સ્વયં સમજી શકાય છે. પૃ. ૩ માં પ્રવચનસારોદ્ધારનો પાઠ આપીને સાડા પચીસ આર્યદેશો બતાવ્યા છે, તે ઉત્તમ પુરૂષોના જન્મની અપેક્ષાએ શાસ્ત્રકારે કહેલા છે. સાધુઓના વિહારની અપેક્ષાએ એમાં ક્યારેક પરાવર્તન પણ થાય એમ શ્રી બૃહત્કલ્પમાં કહેલું છે. (જુઓ બૃહત્કલ્પસૂત્ર, ઉદ્દેશ ૧, સૂત્ર ૫૦, પૃ૦ ૯૦૫-૭)

**દીક્ષાની જઘન્ય વય—**

પૃષ્ઠ ૯ માં આ ભાગવતી દીક્ષા માટે અયોગ્યના ભેદો જણાવ્યા છે, તેમાં પ્રથમ ભેદ બાળનો છે. જૈન શાસ્ત્રકારોએ તે બાળને દીક્ષા માટે અયોગ્ય કહ્યો છે કે જે આઠ વર્ષથી ઓછી ઉમ્મરનો હોય, આઠ વર્ષ પૂર્ણ થયાં હોય તે અયોગ્ય નહિ. એ જ સ્થળે શ્રી પંચ વસ્તુનું પ્રમાણ આપીને ગ્રન્થકારે દીક્ષાની યોગ્ય વયનું ઓછામાં ઓછું પ્રમાણ આઠ વર્ષનું પ્રતિપાદન કર્યું છે. આ આઠ વર્ષ જન્મથી અને ગર્ભથી બે રીતે ગણી શકાય, માટે શ્રી નિશીથચૂર્ણિનો આધાર લઈને " आदेसेण वा गब्भट्ठमस्स दिक्खत्ति " એ બીજો મત જણાવ્યો છે. આમાં 'ગર્ભાષ્ટમ' શબ્દ સંખ્યાપૂરક પ્રત્યયાન્ત છતાં 'ગર્ભથી આઠમું એટલે આઠમાની શરૂઆત' એવો અર્થ કરવો બરાબર નથી. કારણ કે પ્રકરણાનુસાર શાસ્ત્રની વિવક્ષા '**સમ્પૂર્ણ આઠ**' એવો અર્થ લેવાની છે. સર્વત્ર સિદ્ધાન્ત પણ એ જ છે. શ્રી નિશીથસૂત્રના ૧૧ મા ઉદ્દેશાના ભાષ્યની ગાથા ૨૫૪ માં કહેલા ઉणट्ठे णत्थि चरणं ' શબ્દોથી આઠથી ન્યૂન વર્ષવાળાને ચારિત્રનો નિષેધ કર્યો છે અને ભાષ્ય ગા૦ ૨૬૪ની ચૂર્ણિમાં ચૂર્ણિકાર મહારાજાએ લખ્યું છે કે—" पढमदसाए अट्ठवरिसोवरिं नवम दसमेसु दिक्खा, आदेसेण वा गब्भट्ठमस्स दिक्खा–जम्मणओ अट्ठवरिसे । " આ પાઠમાં આઠથી ઉપરની વયવાળાને શાસ્ત્રકારોએ દીક્ષા કહી છે, બીજા મતથી જે ગર્ભાષ્ટમની દીક્ષા લખી તે ગર્ભાષ્ટમનો અર્થ ચૂર્ણિકારે 'જન્મથી આઠમા વર્ષનો' લખ્યો છે. આ જન્મથી આઠમું એટલે ગર્ભથી આઠ પૂરાં. સૂત્રોમાં + કલાગ્રહણની જઘન્ય વયનું પ્રમાણ પણ જન્મ યા ગર્ભથી આઠ વર્ષનું

+ જુઓ **શ્રી કલ્પસૂત્ર** સુબોધિકા, લેખશાળા અધિકાર પૃ૦ ૮૭/૨, **શ્રી જ્ઞાતાસૂત્ર**-મેઘકુમારનો કલાગ્રહણ અધિકાર સૂત્ર ૧૭, પૃ૦ ૩૮/૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેલું છે. ક્ષપકશ્રેણી માંડી ક્ષાયિક સમ્યક્ત્વોપાર્જનની વય પણ આઠ ઉપરની કહી છે. દાયકદ્વાર (પૃ૦ ૧૨૩)માં અવ્યક્તના હાથથી આપેલું સાધુને ન ખપે, એમ કહ્યું છે, ત્યાં અવ્યક્ત એટલે આઠ વર્ષથી ઓછી ઉમ્મરવાળો બાળ કહ્યો છે અને તે દીક્ષા માટે અયોગ્ય છે. તાત્પર્ય કે આ ગ્રંથના મૂલ તથા ભાષાંતરમાં જે ગર્ભાષ્ટમની વય જણાવી છે, તે ગર્ભથી આઠ વર્ષ પૂરાંની છે.

**ન્હાની વયમાં પણ દીક્ષા થઈ શકે–**

મનુષ્યો અને રાષ્ટ્રો સૌ પોતપોતાના ક્ષુલ્લક–નશ્વર અધિકારો માટે પણ જીવણ મરણના જંગ ખેલે છે, ત્યારે દેવાધિદેવ પરમાત્માનો જગત ઉપર એ મહાન્ ઉપકાર છે કે તેમણે પોતાના જ્ઞાનથી યોગ્યતા જોઇને મનુષ્યને સંસારના સર્વ સંગનો પરિત્યાગ કરીને આત્માનું શ્રેયઃસાધવા માટે ચારિત્ર ગ્રહણ કરવાનો અધિકાર આઠવર્ષથી અતિવૃદ્ધ ન થાય ત્યાં સુધીનો સમર્પિત કર્યો છે. બાળક આઠ વર્ષનો થતાં જેમ તેનામાં દુનિયાની બીજી અનેક પ્રકારની સમજદારી સ્વીકારાએલી છે, તેમ આધ્યાત્મિક માર્ગે આજીવન પાળવાની દીક્ષા જેવી ગંભીર વસ્તુની સમજદારી પણ તેવા સંસ્કારિત બાળકોમાં વિના મતભેદે સ્વીકારાએલી છે. આઠ વર્ષ પછી કોઈ વિશિષ્ટ બાળક જો કેવળજ્ઞાન પામવાને પણ લાયક બની શકે છે તો પછી દીક્ષા લેવાને લાયક બનવામાં શંકાને સ્થાન રહેતું જ નથી. હા, દુનિયામાં જેમ બધાં બાળકો ચમત્કારિક શક્તિ ધરાવતાં નથી, પણ કોઈક જ ધરાવે છે, એ હકીકત છે, તેમ બધાં બાળકો દીક્ષાના માર્ગે વળતાં નથી, પરંતુ જેમનો આત્મા યોગ્ય હોય તે કતિપય બાળકો જ દીક્ષાના માર્ગે આવવા તત્પર થાય છે. તેમાં રૂકાવટ ઉભી કરવી તે તેઓના પ્રકૃતિદત્ત અધિકાર ઉપર ત્રાપ મારવા જેવું છે. આ સંબંધમાં મુંબાઇના વડાપ્રધાનના શબ્દો જોવા જેવા છે.

“આ (બાલદીક્ષાની પ્રથાનો વિરોધ કરવો તે) કેવળ સામાજિક સુધારાનો પ્રશ્ન છે એમ કહી શકાય તેમ નથી........કોઈપણ વ્યક્તિનું જીવન તેના વર્તમાન જીવન માત્રથી શરૂ થાય છે, એમ નથી, પણ તેની પાછળ અનેક ભવોનાં કર્મોની ભૂમિકા રહેલી છે. વળી બાળપણમાં સંસાર ત્યાગ કરેલાઓમાંથી અનેક મહાપુરૂષો પાક્યાનું પણ આપણે જાણીએ છીએ, સંત જ્ઞાનેશ્વર જેવા સમર્થ વિદ્વાનો બાલ્યવયમાં સંસાર ત્યાગી બન્યા હતા × ........આ (બાળદીક્ષાનો) આખો પ્રશ્ન ત્યાગની ભાવના સાથે જોડાએલો છે. આ ત્યાગભાવના આપણા ભારતદેશની એક લાંબા કાળથી ચાલી આવતી પરંપરા છે, આ **ભારતદેશની સભ્યતા અને સંસ્કૃતિ ત્યાગ ઉપર આધારિત છે, ત્યાગની ભાવના ધર્મ સાથે જોડાએલી છે અને ધર્મ માનવ જીવનનો સાર છે. તો આ પરિસ્થિતિમાં ૨૧ વર્ષની નીચેનો સગીર કે આઠ દશ વર્ષનો ન જ હોવો જોઇએ એવું કશું નથી. ગમે તેટલા વર્ષનો હોઈ શકે, આઠ વર્ષનો કે સોળ–સત્તર વર્ષનો કોઇ પણ હોઈ શકે. જે પૂર્વ જન્મના સંસ્કારને લીધે પૂરી સમજણવાળો હોય અને તે દીક્ષા લેવા માગતો હોય તેને હું**

× જૈન શ્રમણોમાં તો આર્યવજસ્વામી, વજસેનસૂરિજી, સોમસુન્દરસુરિજી શ્રી મુનિસુન્દરસૂરિજી, શ્રી હેમચંદ્રસૂરિજી, આદિ અનેક યુગપ્રધાનો અને પ્રભાવક આચાર્યો તથા ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી જેવા અનેક વાચકો વગેરે મોટા ભાગે બાલદીક્ષિતો જ થયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કેમ અટકાવી શકું ?"** (કલ્યાણ માસિક, વર્ષ ૧૨, અંક ૮, પૃ. ૫૪૬, ઓક્ટોમ્બર ૧૯૫૫)

"એક બીજી પણ એવી બાબત છે કે જેને મારે સ્પષ્ટ કરવી જોઇએ. સાધુઓ અને સંન્યાસીઓના જે સંપ્રદાયોને મેં જોયા છે તે બધા સંપ્રદાયોમાં મારે જૈનોને ગૌરવ આપતાં કહેવું જોઇએ કે જૈનોના સાધુઓએ આજે પણ તપ અને આત્મભોગને જેટલા વિશાળ પ્રમાણમાં જાળવી રાખ્યો છે, એટલો બીજા સંપ્રદાયોએ જાળવ્યો નથી...કેટલાક માનનીય સભ્યોએ બાળલગ્નના કાયદાનો નિર્દેશ કર્યો છે, પરંતુ **બાળલગ્નો, એ સંન્યાસ દીક્ષાઓ કરતાં તદ્દન ભિન્ન વસ્તુ છે, મને નથી સમજાતું કે આ બે વસ્તુઓને સરખાવી જ શી રીતે શકાય ? લગ્ન એ સામાન્ય વસ્તુ છે, જ્યારે સંન્યાસદીક્ષા એ અસાધારણ વસ્તુ છે**.......હું નથી ધારતો કે શંકરાચાર્ય, હેમચન્દ્રસૂરિ, અને જ્ઞાનેશ્વર જેવા આત્માઓના માર્ગમાં અવરોધ કરવાનું આપણે માટે યોગ્ય હોય !....માનવ સ્વભાવમાં એની (ધર્મની) ઝંખના એવી છે કે જેને દબાવી શકાતી નથી અને તેને દબાવવી પણ ન જોઇએ" (દિવ્યદર્શન-વર્ષ ૪, અંક ૧૫, તા. ૨૪-૧૨-૫૫)

**શિષ્ય નિષ્ફેટિકા—**

વળી ન્હાના બાળકોને જો ચોરી-છૂપીથી દીક્ષા અપાય તો તેને સામાજિક અન્યાય માન્યો છે, ચોરી-છૂપીથી દીક્ષા અપાય જ નહિ, આપવી એ અધર્મ છે, શાસ્ત્રમાં પણ તેનો નિષેધ કરેલો છે. દીક્ષાને માટે અયોગ્યના ભેદો પૈકી ૧૮મો ભેદ શિષ્યનિષ્ફેટિકાનો કહ્યો છે. (જુઓ પૃ. ૧૨). તેનો અર્થ માતા-પિતાની રજા વિના અપહરણ કરીને દીક્ષા આપવી તેને ચોરી અથવા નિષ્ફેટિકા કહેવાય છે, એ રીતે દીક્ષા આપવી અકલ્પ્ય છે. આ ચોરી **નિશીથાદિ** શાસ્ત્રોના '**द्विरद्ध**' વચનથી આઠથી સોળ વર્ષની ઉમ્મર સુધી ગણાય છે. (જુઓ નિશીથ સૂત્ર ઉદ્દેશો ૧૧, ભાષ્ય ગાથા ૪૪૪ અને તેની ચૂર્ણિ.) સોળ વર્ષથી ઉપરની ઉમ્મરવાળાને માટે નિષ્ફેટિકા ગણાતી નથી. શાસ્ત્રકારના મતથી સોળ વર્ષની ઉમ્મર થતાં સગીર મટી જાય છે અને અગાઉ રાજકીય કાયદાઓનું સગીર ધોરણ પણ એ જ હતું. હાલની સરકારના કાયદાનું ધોરણ ૧૮ વર્ષનું છે. તે પછી જગતના લૌકિક વ્યવહારોમાં પણ રજામંદીની આવશ્યકતા મનાતી નથી તો ધાર્મિક વ્યવહારોમાં પણ ન મનાય તે સ્પષ્ટ સમજાય તેવી સાદી વાત છે. સ્ત્રીઓની દીક્ષામાં તો શાસ્ત્રકારે આખી ઉમ્મર રજામંદીની આવશ્યકતા જણાવેલી છે.

**રજા—અરજાનો વિવેક—**

દીક્ષા મહામંગળ ચીજ છે, તેને સ્વીકારતાં જો પોતાનાં ઉપકારી માતા-પિતાનું જ અમંગળ થાય તો તે ઇષ્ટ નથી. આથી જ પુખ્ત ઉમ્મરના મહાનુભાવોને દીક્ષા આપવામાં યદ્યપિ નિષ્ફેટિકા લાગતી નથી, તથાપિ તેવા મુમુક્ષુએ પોતાના માતા-પિતાની અનુમતિ મેળવીને આ મંગળ કાર્ય કરવું, એવી શાસ્ત્રની મર્યાદા છે. તેમાં કદાપિ મોહમૂઢ માતા-પિતાને સમજાવતાં માયા કરવી પડે તો પણ તે ધર્મલાભ તરીકે ગુણ માટે હોવાથી દોષરૂપ નથી. હા, જો તેઓ કોઇ ઉપાયે અનુમતિ ન જ આપે તો તેમની રજા વિના પણ દીક્ષા લઈ શકાય, પરંતુ તેઓના નિર્વાહ વગેરેનું સાધન પૂર્ણ કરીને દીક્ષા લેવી જોઇએ. એ રીતે વિધિથી કરેલો માતા-પિતાનો ત્યાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ગ્લાન ઔષધ'ના ન્યાયે અત્યાગ (સેવા) રૂપ છે. ઉલટું માતા-પિતાદિના મોહથી મુંઝાઈને જો મુમુક્ષુ ત્યાગ ન કરે તો તેનો અત્યાગ એ જ ત્યાગરૂપ છે. (જુઓ આ ગ્રંથનાં પૃ. ૨૫ વગેરે) ઉપરના વિવેચનથી એ સ્પષ્ટ છે કે જૈનદીક્ષામાં નથી લોભની દૃષ્ટિ, કે નથી સ્વાર્થની વૃત્તિ. છે ફક્ત એક આત્માનુગ્રહની નિર્મળ ભાવના.

**જૈનદીક્ષાનું વૈશિષ્ટ્ય—**

આ ગ્રંથનું મનન કરતાં ભાગવતી દીક્ષા અને જૈન સાધુજીવન સંબંધી ઘણી વિશેષતાઓ સમજાય છે, તેના કેટલાક નમુના આપણે જોઈએ.

(૧) 'દીક્ષા લેનારો રાજવિરોધિ, કે ચોરી-જારી વગેરે ગુન્હાહિત કૃત્ય કરનારો હોવો ન જોઈએ' આથી સમજાય છે કે જૈનદીક્ષા રાજ્યાનુકુળ છે.

(૨) 'દીક્ષા લેનારો કોઈના દેવાથી પીડિત કે ખરીદાએલો હોવો ન જોઈએ' આથી સમજી શકાય છે કે ભાગવતી દીક્ષા નીતિનું રક્ષણ અને ગુલામી પ્રથાનો વિરોધ કરનારી છે.

(૩) 'દીક્ષા લેનાર જાતિથી અસ્પૃશ્ય-ચંડાળ વગેરે જાતિનો અને કર્મથી કસાઈ વગેરેનો ધંધો કરનારો ન હોવો જોઈએ, તેમ જ શરીરથી પણ લુલો-લંગડો, કે નાક-કાન-આંખ વિનાનો વ્યઙ્ગ ન હોવો જોઈએ' આ નિયમનથી સનાતન કાળથી જૈનદીક્ષાનું ઉચ્ચ ધોરણ જળવાઈ રહેલું સ્પષ્ટ જોઇ શકાય છે. 'સમાનતા'ના કૃત્રિમવાદથી કર્મ સર્જિત ઉચ્ચતા-નીચતા વગેરે ભેદો ભુંસાઈ જતા નથી, એ પણ હકિકત છે. એ તો ત્યારે જ ભુંસાય કે જ્યારે આત્માને લાગેલાં કર્મોનો સમ્પૂર્ણ ક્ષય કરાય! અને તે કરવા માટે જ ચારિત્રધર્મ આરાધવાનું અનંત જ્ઞાનીઓનું એલાન છે.

(૪) 'સમ્યક્ત્વપૂર્વક શ્રાવકનાં વ્રતોનું પાલન વગેરે કરેલાને દીક્ષા આપી શકાય છે, તેમ એ ગુણોને નહિ સ્પર્શેલા પણ યથાભદ્રિક-સરળ પરિણામી જીવને પણ જો તેનામાં દીક્ષાની યોગ્યતા હોય તો સમ્યક્ત્વનો આરોપ કરીને દીક્ષા આપી શકાય છે. એથી સર્વ આર્ય-દર્શન સંમત 'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्' અર્થાત્ 'જે દિવસે તમોને વૈરાગ્ય પ્રગટે તે જ દિવસે તમે સંસારનો ત્યાગ કરી દો' એ સૂત્ર અબાધિત રહે છે અને એથી ગૃહસ્થાશ્રમ કરતાં ત્યાગની-દીક્ષાની શ્રેષ્ઠતા દીવા જેવી સ્પષ્ટ દેખાય છે.

(૫) 'ગુરૂએ દીક્ષા લેનારની પરીક્ષા દીક્ષા આપવા પૂર્વે અને પછી વડી દીક્ષા આપતાં પહેલાં પણ કરવી, મુહૂર્તબળ જોવું, શુભ નિમિત્તોનો યોગ મેળવવો' ઈત્યાદિ અહીં કરેલાં વિધાનોથી સ્પષ્ટ છે કે દીક્ષામાં મનસ્વી ઉતાવળને લેશ પણ સ્થાન નથી, શ્રમણસંઘમાં અનિષ્ટ તત્ત્વો પ્રવેશ ન કરી શકે તે માટે આ નિયમન ઘણું મહત્ત્વનું છે.

(૬) 'દીક્ષા લેનારે ચૈત્યવન્દનાદિક વિધિથી દીક્ષા લઈને નિત્ય ગુરૂકુળવાસમાં રહેવું, એકલ સ્વચ્છંદ વિહારી ન થવું, પ્રતિક્રમણ-પ્રતિલેખના, પચ્ચક્ખાણ, સૂત્રાર્થ ભણવાં, સ્વાધ્યાય સમિતિ-ગુપ્તિ વગેરે ચારિત્રના મૂળ-ઉત્તર ગુણોમાં સદા તત્પર રહેવું, યોગોદ્વહન કરવું, શુભભાવના-ધ્યાન વગેરેથી આંતર શુદ્ધિ કરવી' ઈત્યાદિ વિધાનોથી ભરતચક્રી કે મરૂદેવા માતાના દૃષ્ટાન્તનો કે એકાન્ત નિશ્ચય નયના પરિણામવાદનો આશ્રય લઈને વ્યવહાર ધર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાનું વિલોપન કરવું યોગ્ય નથી. આ ગ્રંથના પૃ. ૩૮માં 'જિનમત વ્યવહાર–નિશ્ચય ઉભય નયાત્મક છે, તેમાંના વ્યવહાર નયનો ઉચ્છેદ થતાં તીર્થનો જ અવશ્ય ઉચ્છેદ થાય છે' એમ સાફ જણાવ્યું છે.

એવી અનેક વિશિષ્ટતાઓ જણાવીને આત્માને સુવિશુદ્ધ સામાચારીના સેવનથી સંયમની પુષ્ટિ કરવાપૂર્વક ભાવચારિત્રના વિકાસક્રમમાં ઉંચે ચઢવાનો માર્ગ બતાવનારો આ એક અમૂલ્ય ગ્રન્થ છે.

**ઉત્સર્ગ અને અપવાદ—**

આ ગ્રન્થ મુખ્યત્વે સાધુના આચારોનું પ્રતિપાદન કરે છે. આ આચારો એટલે ' શુષ્ક ક્રિયાની જાળ ગુંથણી' નથી, એની પાછળ સાધુના મૂળ પંચ મહાવ્રતોના–યમોના શુદ્ધ પાલનની ભવ્ય દૃષ્ટિ રહેલી છે. એ યમો નીચે પ્રમાણે છે.

(અ) એકેન્દ્રિયાદિ કોઇપણ જીવને મારવો નહિ, મરાવવો નહિ, મારતાને વખાણવો નહિ. (અહિંસા)

(બ) હાંસી વગેરેથી પણ જરાય જુઠું બોલવું નહિ, બોલાવવું નહિ, બોલતાને સારૂં જાણવું નહિ. (સત્ય)

(ક) ઘાસના તરણા જેવી ચીજ પણ અદત્ત લેવી નહિ, લેવડાવવી નહિ, લેતાને સારૂં માનવું નહિ. (અચૌર્ય)

(ખ) ચેતન કે જડ પણ સ્ત્રી વગેરે રૂપ સાથે ભોગ કરવો નહિ, કરાવવો નહિ, કરતાને અનુમોદવો નહિ. (બ્રહ્મચર્ય)

(ગ) કોડી માત્રનો પણ સંગ–પરિગ્રહ રાખવો નહિ, રખાવવો નહિ, રાખતાને ટેકો આપવો નહિ. (અપરિગ્રહ)

જૈન મુનિ થનારનાં એ પાંચે મહાવ્રતો છે અને તે મન–વચન–કાયાથી અંગીકાર કરવાનાં હોય છે. એની સાથે છટ્ઠું વ્રત રાત્રિભોજન વિરમણ પણ એ જ રીતે રાત્રિભોજન ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવાનું છે,

અહીં એવો પ્રશ્ન થાય કે 'જીવનમાં આ રીતે સર્વથી અહિંસાદિક વ્રતોનું પાલન થવું શક્ય નથી' પણ આવો પ્રશ્ન એ ટુંકી દૃષ્ટિનો ખ્યાલ છે. શાસ્ત્રમાં એટલા જ માટે અનેક પ્રકારના ઉત્સર્ગો અને કારણિક અપવાદો દેખાડેલા છે. તથા તે આચરવાની યતનાઓ પણ બતાવી છે. જેથી સંયમ વિરાધના અને આત્મવિરાધના વગેરે થાય નહિ. (જુઓ પૃ. ૯૮ વગેરે) મહાવ્રતો બરાબર પાળી શકે તે માટે સાધુને નિર્દોષ ભિક્ષા, સ્થંડિલ, વસ્ત્ર–પાત્ર, તેની પરીક્ષા કરવી, વસતિ, કાજા + વગેરેનો વિધિ, પાદવિહાર, ચિકિત્સા, ભૂમિશયન, કેશ-લુંચન, બ્રહ્મચર્યની વાડો, ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિ, × રજોહરણ–મુહપત્તિ, તે વગેરેનું

---

\+ કાજો ઉદ્ધરવામાં કોઈ કાજો એકઠો કરવાની પણ એક વધારે ઈરિયાવહિ કરે છે, તે વાસ્તવિક જણાતી નથી. (જુઓ. પૃ૦ ૯૮),

× પ્રમાણથી વધારે લાંબા ઓઘા અને પ્રમાણ વિનાની બાંધી રાખેલી–મુહપત્તિ, વગેરે શાસ્ત્રાધારથી રહિત છે (જુઓ પૃ૦ ૧૮૨–૮૩–૮૪).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણ, ઉપયોગ, હેતુ, મુહપત્તિ વગેરેનું પ્રતિલેખન અને તેમાં વૈજ્ઞાનિકપણું (જુઓ પૃ૦ ૬૫–ટિ૦ ૬૫), નાના મોટાનો વિનય, શ્રુતાધ્યયન, આભાવ્યતા વિવેક, પરીષહ સહન, ધ્યાન, પ્રાયશ્ચિત શોધન, સદ્ભાવના, વગેરે પાયાથી શીખર સુધીની દરેક બાબતોનો ઉકેલ કરતી વ્યવસ્થા આ ગ્રન્થમાં જેમ જેમ જોઇએ છીએ તેમ તેમ એના મૂળમાં રહેલી સર્વજ્ઞદષ્ટિનો સાક્ષાત્કાર થાય છે. 'એક છાંટો નીચે પડતાં સાધુએ ભિક્ષા વહોરવી નહિ, તેથી ષટ્કાય જીવોની વિરાધના થાય' ઈત્યાદિ અનેક અપાયોથી બચાવી લેનારા ધર્મના દીર્ઘદષ્ટિયુક્ત નક્કર આવા વિધિ–નિષેધો સર્વજ્ઞ વિના બીજો કરી પણ કોણ શકે? કોઈ જ નહિ.

એક નાનામાં નાના જીવ જંતુની હિંસા ન થઈ જાય એ માટે સાધુને ગોચરીનો પણ ત્યાગ કરી દેવાની આજ્ઞા ફરમાવનારાં જૈનશાસ્ત્રોમાં પંચેન્દ્રિય જીવની હિંસાથી યુક્ત એવા 'માંસાહાર'ની વાત કદી પણ સુસંગત થઇ શકે તેમ નથી. જૈનદર્શનમાં જ્યારે માંસ–મદિરા વગેરે મહાવિગઇઓ ગૃહસ્થોને પણ કેવળ અભક્ષ્ય જ ફરમાવેલી છે, ત્યારે યતિ જીવનમાં તો માંસાહારને સ્થાન હોઈ શકે જ નહિ, એ વાત નિર્વિવાદ સિદ્ધ છે.

## સાધુજીવનની પ્રતિષ્ઠા—

આ ગ્રન્થમાં વસતિ દ્વાર જોતાં 'પૂર્વે સાધુઓ જંગલમાં રહેતા અને હવે વસતિમાં રહે છે, તે શિથીલાચાર છે' એમ માનવું ખોટું ઠરે છે, સ્થવિરકલ્પીઓનો પૂર્વકાળથી વસતિવાસ છે, ઉપધિદ્વાર જોતાં 'પૂર્વે સાધુઓ નગ્ન રહેતા અને હવે શિથીલ થવાથી વસ્ત્રો વાપરે છે' એમ માનવું તે પણ ખોટું ઠરે છે. પહેલેથી જ સાધુઓનું વસ્ત્ર–પાત્રધારીપણું છે અને તે કલ્પ–સૂત્રના આચેલક્યાદિ કલ્પોથી પણ નિર્વિવાદ સિદ્ધ છે. નગ્નપણામાં મુક્તિ માનનારા દિગમ્બરોનો મત તો પાછળથી એટલે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૦૯ મા વર્ષે કેવળ શિવભૂતિજીથી શરૂ થયો છે. છતાં તે દિગમ્બરોના પણ કેટલાક ગ્રન્થોમાં સાધુને તથા સાધ્વીને પણ વસ્ત્ર–પાત્રાદિ ઉપધિનું ગ્રહણ સ્વીકારાએલું છે, એ ભૂલવું જોઇએ નહિ. (જુઓ **મૂલાચાર**, પૃ. ૧૯ તથા પૃ. ૧૬૩.) વિહારદ્વાર વગેરે જોતાં 'સાધુ, વધારે લોકોપકાર થતો હોય તો રેલવિહાર વગેરે પણ કરી શકે' ઇત્યાદિ માનવું એ પણ બરખીલાફ છે. સાધુ, જીવનભરના સામાયિકવાળો છે, સાવદ્ય માત્રનો ત્યાગી છે, બે ઘડીના સામાયિકવાળો શ્રાવક પણ આવાં (સાવદ્ય) કાર્યો ન કરી શકે તો સાધુ કેમ કરી શકે? અર્થાત્ ન જ કરી શકે, એ સુતરાં સિદ્ધ છે. સાધુએ સાધુ જ રહેવું જોઇએ, સાધુ જીવનમાં રહીને લોકની કે રાષ્ટ્રની સેવાનો સ્વાંગ ધરવો કે લોક અથવા રાષ્ટ્રસેવક તરીકે જીવીને ધર્મગુરૂપણાનો સ્વાંગ ધરવો, તે બન્ને વસ્તુતઃ દેશની, રાષ્ટ્રની કે ધર્મની ઉન્નતિ માટે ખતરનાક છે. પોતપોતાના ક્ષેત્રમાં (મર્યાદામાં) રહીને સાચી સેવા કરવાથી જ ખરી ઉન્નત્તિ થાય છે. માન–પાન, કે સુખ–સગવડની ખાતર પ્રમાદનો અતિરેક કરનારા સાધુઓને આ ગ્રન્થ ચીમકી આપે છે, કે જે સાધુજીવનની પ્રતિષ્ઠા માટે આવકાર પાત્ર છે. (જુઓ પૃ૦ ૪૦૧ વગેરે) 'સાધુએ પાસત્થાદિકનો સંસર્ગ ન કરવો અને કરવો પડે તો પોતાના સંયમગુણોની શુદ્ધિ વગેરે સાચવીને કરવો' (જુઓ પૃ૦ ૪૦૫ વગેરે). શાસ્ત્રની આ વિધિ જોતાં દેશ–કાળ–જમાનાના બ્હાને શાસ્ત્રોની અવગણના કરીને ગમે તેની સાથે સંસર્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાની વાતો કરવી અઘટિત છે. સાધુએ સમતા કેળવીને પોતાને ક્યાંય દ્વેષ ન થઇ જાય તેનું ધ્યાન રાખવાનું છે. (જુઓ પૃ૦ ૩૫૩.)

**પદવિધાન વગેરે—**

વિધિથી દીક્ષિત થએલો સાધુ આવા વિશુદ્ધ આચારપાલનથી જેમ જેમ સુયોગ્ય બને તેમ તેમ તેને ગુરુએ ગણિ–વાચક–કે સૂરિપદે પ્રતિષ્ઠિત કરવાનું વિધાન પણ આ ગ્રન્થની ગા. ૧૩૨માં કરેલું છે. એથી એ સમજી શકાય છે કે યોગ્યને યોગ્યપદ પ્રદાન કરવું એ શાસ્ત્ર-વિહિત વસ્તુ છે. સંસારમાં પણ આવો વ્યવહાર આપણે જોઈ શકીએ છીએ. ગા. ૧૩૮ માં 'અયોગ્યને યદ્વા તદ્વા પદવી આપનાર મહા પાપકારી છે' એમ બતાવવાનું પણ ગ્રંથકાર ચૂક્યા નથી. જૈન સાધુઓમાં ગુરૂપદે રહેલાઓની પણ અસાધારણ જવાબદારી છે. એ જ ગાથાની ટીકામાં આગળ ચાલીને જિનાજ્ઞા વિરૂદ્ધ ચાલતા કુગુરૂ અને કુશિષ્યોને શ્રમણસંઘ બહાર કરવાની પણ આજ્ઞા છે, 'વર્તમાનમાં એવા ઉત્તમ ગુરૂઓ નથી' એમ કહેનારને પુષ્કરિણી વાવડીઓ અને આજની વાવડીઓ, વગેરે અનેક વસ્તુઓનાં દૃષ્ટાન્તો આપીને વર્તમાનમાં પણ ભવભીરૂ અને આગમતત્પર ગીતાર્થ ગુરૂઓની ગૌતમાદિ ગુરૂઓ જેવી કાર્યસાધકતા સુંદર રીતે સમજાવી છે. આ કારણે જ કલ્પાકલ્પમાં પરિનિષ્ઠિત એવા શાસ્ત્રાનુસારી ગુરૂઓનું જ વચન માન્ય કરવા યોગ્ય ઠરાવ્યું છે. (જુઓ–પૃ૦ ૩૦૪, વગેરે.)

**પરમાત્મપદની ચાવી—**

ગ્રન્થકાર મહર્ષિએ ઔઘિકાદિ સામાચારીના વિશેષોથી શ્રમણધર્મનો સાધનાક્રમ વિસ્તારથી વર્ણવીને અન્તે ગુર્વાદિ ગચ્છ પ્રત્યેની પોતાની ફરજો બજાવી ચૂકેલા સાધકને અનશન સાધવાનો તથા કાન્દર્પિકી આદિ અનિષ્ટ ભાવનાઓ નહિ સેવવાનો વિધિ બતાવ્યો છે. આ પ્રમાણે સાપેક્ષ–સ્થવિરકલ્પીશ્રમણ સાધકનો ધર્મ સાદ્યન્ત બતાવીને ચોથા વિભાગમાં ચાર ગાથાઓ વડે જિનકલ્પી આદિ શ્રમણોનો નિરપેક્ષ યતિધર્મ વર્ણવ્યો છે. તેમાં જિનકલ્પી પણ એકાન્ત નગ્ન જ નથી હોતા અને રજોહરણાદિ તો તેઓને પણ રાખવાનું વિધાન છે જ. સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરતો સાધક ભવસ્થિતિ પરિપાક થતાં ભાવચારિત્રને સ્પર્શી અપ્રમત્ત ભાવને પામે છે, પછી અપૂર્વકરણ વગેરે કરીને અનાદિ મોહની ઉપશમના વા ક્ષપણા કરે છે. ક્ષપણા કરનારો મહાત્મા શેષ પણ ઘાતીકર્મો વગેરેનો ક્ષય કરીને અનન્ત કેવળજ્ઞાન–દર્શનને પામે છે, તે પામીને પછી મોક્ષમાં જાય છે, સિદ્ધ–બુદ્ધ–મુક્ત થઈ રહે છે. આ છે આત્માને પરમાત્મા બનાવવાની વિકાસ શ્રેણી. તેની સિદ્ધિ ચારિત્ર વિના કોઇને કદાપિ શક્ય જ નથી. માટે જ દીક્ષા એ વિશ્વોદ્ધારનો મહામૂલો મંત્ર છે, આર્ય સંસ્કૃતિનો પ્રાણ છે, જૈનશાસનનો મૂલાધાર છે.

**તુલનાત્મક દૃષ્ટિપાત—**

ભારતમાં દાર્શનિક પંડિતોએ બે વિચારધારાઓ પ્રમાણિત કરી છે. એક શ્રમણસંસ્કૃતિ અને બીજી વૈદિક સંસ્કૃતિ. શ્રમણસંસ્કૃતિના બે ભેદો પડે છે, એક જૈન અને બીજો બુદ્ધ. મારી શ્રદ્ધા છે કે આમાં જૈન સંસ્કૃતિ સૌથી પ્રાચીન છે. તેનું મૂળ યુગના આદિકાળથી, અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન શ્રી ઋષભદેવસ્વામિથી છે. પછી તેમાંથી વૈદિક અને બૌદ્ધાદિક વિચાર ધારાઓ ક્રમે ક્રમે નીકળી છે. (જુઓ કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિકૃત ત્રિષષ્ઠિ શ૦ પુ૦ ચ૦ પર્વ ૧ લું, વગેરે.) કોઈ પણ દર્શન–પંથ કે મત પોતાની આગવી ગુરૂ સંસ્થા ધરાવ્યા વિના રહી શકતો નથી. ઉદાહરણ તરીકે મુસલમાનોને ફકીર, ખ્રીસ્તીઓને પાદરી, પારસીઓને દસ્તુર, બૌદ્ધોને ભિક્ષુ, વૈદિક હિન્દુઓને ચરક–પરિવ્રાજક–સંન્યાસી–ગોસાંઈ વગેરે. આ સૌના આચાર વગેરેનું પ્રતિપાદન કરતા ગ્રંથો પણ પ્રત્યેક મતમાં મોજુદ છે. અહિંસાદિ યમ–નિયમો ઉપર ઓછા–વધતા અંશે ભાર મૂકાએલો તેમાં પણ જોવાય છે. છતાં પ્રમાણિકપણે જોઈએ તો આરંભ–પરિગ્રહના ત્યાગપૂર્વક સર્વાંગીણ અહિંસા આદિ યમ–નિયમોનું વિધાન જૈનશ્રમણ નિર્ગ્રંથોનું શ્રેષ્ઠ છે. તેનું કારણ સૂક્ષ્મદષ્ટિથી નિરૂપિત તેમના શાસ્ત્રગ્રંથો છે. વધારે શું ? ચરક–પરિવ્રાજક વગેરે કોઇ પણ ભિક્ષાચરને ભિક્ષાદિનો અંતરાયપ ડે તે રીતે જૈનશ્રમણોને ભિક્ષા લેવાનો પણ નિષેધ છે (જુઓ. પૃ૦ ૧૦૭ વગેરે). એમ જૈનશાસ્ત્રોમાં અહિંસાની ઘણી જ સૂક્ષ્મદષ્ટિ ચિંતવી છે.

**શ્રમણોનો ઉપકાર—**

આ વિશ્વવંદ્ય શ્રમણ–શ્રમણી વર્ગ સર્વ કોઇને ઘણો ઉપયોગી છે. મનુષ્યમાં માનવતા, નીતિ, વ્યવહારશુદ્ધિ, સદ્જ્ઞાન, દયા, દાન, સદાચાર, સેવા, વગેરે ઉચ્ચ સંસ્કારોને ઉત્પન્ન કરનાર–સિંચન કરનાર–પોષણ કરનાર–વૃદ્ધિ કરનાર આ જ વર્ગ છે. સાધુપુરૂષના એક વચન માત્રથી અનેક ભવ્ય મનુષ્યોનાં જીવન ધોરણો સુધરી જઇને જે હૃદય પરિવર્તન થાય છે તે રાજકીય હજારો કાયદાઓથી સેંકડો વર્ષે પણ શક્ય નથી. જનતા ઉપર શ્રમણોનો શું આ જેવો તેવો ઉપકાર છે ? આના જેવું કારગત ઉત્પાદન જગતમાં બીજુ કયું છે ? અને એનું માર્ગદર્શન કરાવનારા જુગ જુગના દીવા જેવા ગંભીર શાસ્ત્ર–સાહિત્યગ્રંથોનું સર્જન કરી તેનો અમર વારસો આપનાર વર્ગ પણ કયો છે ? કહેવું જ પડશે કે તે જૈનશ્રમણ વર્ગ છે. સ્વ૦ સાક્ષર મોહનલાલ દલીચંદ જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસમાં પોતાનું નિવેદન કરતાં પૃ૦ ૩૨ માં સાચું જ લખે છે કે—

" સાહિત્ય સર્જકો પ્રધાનપણે શ્વેતામ્બર સાધુઓ–આચાર્યો–મુનિઓ છે. શ્રીમહાવીરના પ્રવચન–આગમ સાહિત્યની 'પંચાંગી' છે, તેમાં મૂલ આગમ પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, અવચૂર્ણિ, ટીકા, વૃત્તિ, વગેરે ઉત્પન્ન કરવા ઉપરાંત તે આગમને અનુલક્ષીને ધાર્મિક ગ્રન્થો તથા સાહિત્ય પ્રદેશોમાં વિહરી તે તે વિષયની કાવ્ય, મહાકાવ્ય, નાટક, કથા, કાદંબરી, વ્યાકરણ, છંદ, કોષ, જ્યોતિષ, ન્યાય, તર્ક, આદિ વિવિધ વિષયોની કૃતિઓ રચનાર તરીકે સંસારત્યાગ કરી શ્રમણ દીક્ષા લઈ ધર્મોપદેશક તરીકે સ્થાને સ્થાને વિહરનાર આચાર્યોનો અને તેની શિષ્યપરંપરાનો ઉપકાર મુખ્યપણે છે, કે જે કદી ભૂલી શકાય તેવો નથી."

આવી મહાઉપકારી અને સમાજના ઉત્થાન–ઉત્કર્ષ તથા અભ્યુદય તેમજ નિઃશ્રેયસ માટે અત્યંત જરૂરી જૈનશ્રમણ સંસ્થાને આપણે જેટલી અભિવન્દના સાથે અંજલી આપીએ તેટલી ઓછી છે. એ નિરાબાધ રીતે ચિરંજીવ રહે તે માટે આ ગ્રંથનું વિધાન અતિ ઉપકારક છે આ ઉત્તમ શ્રમણ સંસ્થાને એ દૃષ્ટિએ જ નિહાળવાનો સરકારનો પણ ધર્મ છે, એમ કહીએ તો તે ખોટું નથી જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાષાન્તરકાર—**

હવે આપણે આ ઉદ્બોધન પૂરું કરવા પૂર્વે આ ગ્રંથના ભાષાન્તરકાર મુનિશ્રીને યાદ કરી લઈએ. પ્રથમ ભાગના **ઉદ્બોધન** પૃ૦ ૧૫ માં આ ભાષાન્તરકારનો પરિચય આપીને અમે લખ્યું છે કે–" આવો પ્રાણવાન પરિશ્રમ તેઓ બીજા ભાગના ભાષાન્તર માટે પણ કરે એવું જરૂર ઇચ્છીએ." કહેવાની જરૂર નથી કે પ્રથમ ભાગનું ભાષાન્તર બહાર પડી ગયા પછી તુરત જ તેમણે બીજા ભાગનું ભાષાન્તર લખવાનું કામ હાથમાં લીધું અને આજે તો આખો ગ્રંથ પ્રગટ થવાની તૈયારીમાં છે. આ રીતે પ્રગટ કરેલી ઇચ્છાને સફળ થતી જોઈને મને સૌથી અધિક આનંદ થાય તે સ્વાભાવિક છે. આ ભાષાન્તરના રોયલ આઠ પેજી ૫૬ ફર્મા તો આજ પૂર્વે છપાઈ ગયા છે અને એટલા ભાષાન્તરમાં કરેલાં ભિન્ન ભિન્ન ટિપ્પણોનો આંક ૨૯૦ નો આવ્યો છે. હજુ મૂલ ગ્રંથનાં મુદ્રિત ૩૩ પાનાનું ભાષાન્તર છપાવવાનું પ્રેસમાં ચાલુ છે. આ ઉપરથી આ ભાગનું ભાષાન્તર પણ કેટલું દલદાર–વિશાલકાય થયું છે, તથા તેની પાછળ ભાષાન્તરકાર મુનિશ્રી ભદ્રંકર વિજયજીનો કેટલો અભ્યાસપૂર્ણ પરિશ્રમ થયો છે, તેનો વાંચકો પોતે જ ખ્યાલ કરી લેશે. મુનિશ્રીના આ શુભ પરિશ્રમને આપણે ધન્યવાદ આપીએ અને ઇચ્છીએ કે પાઠકો આમાં કોઈ છદ્મસ્થસુલભ ભુલ દેખાય તો તે સુધારીને સારતત્ત્વ ગ્રહણ કરશે. ઉપરના અલ્પ વિવેચનથી આ ભાષાન્તરગ્રંથની ઉપકારશીલતા માટે હવે અમે કંઈ વધારે કહીએ તેના કરતાં ગ્રન્થ પોતે જ તે સારી રીતે કહેશે. મુનિશ્રીની વિનંતિથી મને આ ભાગનું પણ **ઉદ્બોધન** લખવાનો લાભ મળ્યો તે માટે ખુશી અનુભવું છું. પ્રાન્તે પ્રથમ વિભાગના ઉદ્બોધનમાં પ્રગટ કરેલી અમારી શુભેચ્છાનું અહીં અમે આ વિષયને લાયક પુનરૂચ્ચારણ કરીએ છીએ અને શ્રી જિનવચનથી અન્યથા અમારાથી કંઈ લખાયું હોય તેનું મિથ્યાદુષ્કૃત આપતા વિરમીએ છીએ.

" ધર્મમાં કે વ્યવહારમાં મનુષ્યો જે અનેક પ્રકારના વિચાર, વચન કે પ્રવૃત્તિમાં દોષો સેવતા માલુમ પડે છે, તે નિઃકેવળ તેઓની અજ્ઞાનતાને આભારી છે. તે સૌ સમ્યગ્જ્ઞાન પામે એ માટે જ મહાપુરૂષો ઉત્તમ પ્રકારના સાહિત્યનું સર્જન કરે છે. તે પ્રતિના આ એક ગ્રન્થ–રત્નનો વાચકો આદર કરે, આદર કરીને માનવતાના મંદિરમાં અધ્યાત્મભાવનાના દીવા પ્રગટાવે, તેના પ્રકાશમાં પોતાના જીવનને આદર્શ શ્રમણપણાના રંગથી રંગે, રંગીને સ્વ–પરની અભ્યુદય તેમજ નિઃશ્રેયસની સાધનામાં કદમ કદમ આગળ વધે અને આગળ વધીને વિશ્વતારક શ્રમણસંસ્કૃતિનો વિશ્વમાં જય જયકાર બોલાવે, એ જ શુભેચ્છા.

વીર સં. ૨૪૮૪, વિ. સં. ૨૦૧૪,
જેઠ સુદ ૧ સોમવાર, આ૦ વિજય–
દાનસૂરિજ્ઞાનમંદિર–પૌષધશાળા,
કાલુપુરરોડ–**અમદાવાદ.**

**પૂજ્યપાદ પરમગુરૂ આચાર્ય ભગવન્ત સિ૦**
**મ૦ ૧૦૦૮ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી**
**ચરણચંચરિક વિજયજમ્બૂસૂરી.**

卐 卐 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય નિવેદન

ધર્મસંગ્રહના આ બીજા ભાગના ભાષાન્તરનું પ્રકાશન કરતાં મને હર્ષ થાય છે, કારણ કે આ ગ્રન્થ સર્વત્ર ખૂબ આવકાર પામ્યો છે. થોડાજ વર્ષમાં પહેલા ભાગના ભાષાન્તરની બે આવૃત્તિઓ પ્રગટ થઇ અને બીજી આવૃત્તિના પણ હવે અલ્પ પુસ્તકો સીલિકમાં રહ્યાં છે. એ રીતે સંભવ છે કે આ બીજા ભાગનું ભાષાન્તર પણ ખૂબ ઉપકારક થશે.

મૂળગ્રન્થનું ભાષાન્તર કરવાનાં કારણો વગેરે પ્રથમ ભાગમાં જણાવેલું હોવાથી અહીં તો એટલું જ કહેવું ઇષ્ટ છે કે પહેલા ભાગની જેમ બીજા ભાગનું પણ ભાષાન્તર જરૂરી હતું. પૂ. **મુનિરાજ શ્રીભદ્રંકરવિજયજીએ** એ કામ આરંભ્યું અને આજે તે નિર્વિઘ્ને પૂર્ણ થાય છે.

ગ્રન્થનો વિષય, મહત્ત્વ, ઉપકાર, વગેરે તો પ્રારંભમાં આપેલાં ભૂમિકા, પાક્કથન અને ઉદ્બોધન વાંચવાથી સમજાશે. તો પણ ગ્રંથના બન્ને ભાગોમાં મુખ્યતયા વર્ણવેલી સામાચારીનું મહત્ત્વ શાસનમાં કેટલું છે? તે જાણ્યા વિના મહત્ત્વનું એક અંગ અજ્ઞાત રહે છે. શ્રી જૈન સંઘને ધર્મ સામગ્રી તરીકે મળેલાં જિનમંદિરાદિ સર્વ ધર્મ–સાધનો, દાન શીયળ, તપ, ભાવ વગેરે ધર્મ, સામાયિક, પ્રતિક્રમણાદિ સર્વ પ્રકારની ધર્મક્રિયાઓ, પદાર્થોમાં હેય, જ્ઞેય, ઉપાદેય–પણાનું અને જન્મથી મરણ પર્યન્તનાં કર્ત્તવ્યોનું જ્ઞાન ઇત્યાદિ જે વારસો પૂર્વપુરૂષો તરફથી મળ્યો છે, તે સામાચારીને અને તેના ગ્રંથોને આભારી છે. સામાચારી એટલે લૌકિક–લોકોત્તર જીવન જીવવાના કાયદા. તેના ગ્રંથો દ્વારા ઉત્તરોત્તર સંઘને તેનું જ્ઞાન વારસામાં આપી શકાય છે. એના આલંબને જ જૈનસંઘ ધર્મની અને ધર્મસાધનોની સર્વત્ર એકસરખી રક્ષા અને આરાધના કરી–કરાવી શક્યો છે અને તેનો પ્રવાહ આજ સુધી અખંડ ચાલી શક્યો છે. પૂર્વપુરુષોએ વિવિધ કષ્ટો વેઠીને સામાચારીને પાળી–પળાવી છે અને વર્તમાન સંઘનું પણ તેજ કર્ત્તવ્ય છે. રાજકીય કાયદાના પાલનની જેમ ધર્મશાસનના કાયદારૂપ સામાચારીના પાલનમાં શ્રીસંઘ, ધર્મશાસન, અને સર્વનું હિત રહેલું છે. એના આધારે જ ધર્મ અને ધર્મી જીવંત છે. માટે જ સામાચારીના ભંજકને ધર્મઘાતક માની મિથ્યાદૃષ્ટિ કહ્યો છે (જુઓ પૃ. ૫૦૬). એમ સામાચારીનું પાલન અને તેના ગ્રન્થો સર્વ કોઇનું હિત કરનાર છે. માટે પણ આ પ્રકાશન ઘણું મહત્ત્વનું છે.

પૂજ્ય મહારાજશ્રીએ આવા ઉપયોગી ગ્રન્થનું ભાષાન્તર કરીને શ્રીસંઘને ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે. એનો ભવ્ય જીવો યથાશક્ય ઉપયોગ કરશે અને એનો પ્રવાહ અખંડ રાખવારૂપે ભાવિ શ્રી સંઘની સેવાદ્વારા આત્મકલ્યાણ સાધશે, એવી આશા રાખવી અસ્થાને નથી.

ગ્રન્થ પ્રકાશનનું સઘળું કામ ઉપાડી લેનાર અમદાવાદ–સુરદાસશેઠની પોળના રહીશ **શા. શાન્તિલાલ ચુનીલાલની** જ્ઞાન સેવાને હું કદાપિ ભૂલી શકું તેમ નથી.

જ્ઞાનખાતાની રકમ લઇને છપાવેલા આ ગ્રન્થને ખપી આત્માઓ નિઃસંકોચ મેળવી શકે અને જ્ઞાન ખાતાને ખોટ ન જાય, એ કારણે તેની કિંમત રાખવી પડી છે.

અન્તે આ ગ્રન્થ પ્રકાશનમાં જેઓનો પ્રયત્ન છે તે સર્વ પૂજ્ય ગુરૂવર્યોને વારંવાર વન્દન કરીને શ્રીસંઘની સેવાના યત્કિંચિત મળેલા લાભની અનુમોદના સાથે મારૂં નિવેદન પૂર્ણ કરૂં છું.

વિ. સં. ૨૦૧૪, શ્રાવણ સુદ ૧૩. | **પ્રકાશક**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આધારભૂત ગ્રન્થોની નામાવલિ

૧ અધ્યાત્મમત પરીક્ષા
૨ અનુયોગદ્વાર મૂળ
૩ અનુયોગદ્વાર ટીકા
૪ અનેકાર્થસંગ્રહ
૫ અયોગવ્યવ૦ દ્વાત્રિંશિકા
૬ અષ્ટક પ્રકરણ મૂળ
૭ અસ્વાધ્યાય નિર્યુક્તિ
૮ આચારાંગસૂત્ર મૂળ
૯ આચારાંગસૂત્ર ટીકા
૧૦ આચારાંગસૂત્ર ચૂર્ણિ
૧૧ આયુર્વેદ
૧૨ આવશ્યકસૂત્ર મૂળ
૧૩ આવશ્યક ચૂર્ણિ
૧૪ આવશ્યક નિર્યુક્તિ
૧૫ આવશ્યક ભાષ્ય
૧૬ આવશ્યક સંગ્રહણી
૧૭ ઉત્તરાધ્યયન મૂળ
૧૮ ઉત્તરાધ્યયન ટીકા
૧૯ ઉત્તરાધ્યયન નિર્યુક્તિ
૨૦ ઉપદેશ પદ
૨૧ ઉપદેશ માલા
૨૨ ઉપદેશ રત્નાકર
૨૩ ઉપાસક દશાઙ્ગ
૨૪ ઓઘનિર્યુક્તિ મૂળ
૨૫ ઓઘનિર્યુક્તિ ચૂર્ણિ
૨૬ ઓઘનિર્યુક્તિ ટીકા
૨૭ ઓઘનિર્યુક્તિ ભાષ્ય
૨૮ કમ્મપયડી ટીકા
૨૯ કલ્પ-વ્યવહાર
૩૦ કલ્પસૂત્ર ટીકા
૩૧ કલ્યાણકલિકા
૩૨ કીરાતાર્જુનીયમ્
૩૩ ગણિવિજ્જા પ્રકીર્ણક
૩૪ ગચ્છાચાર ,,
૩૫ ગુરૂવન્દન ભાષ્ય
૩૬ ચઉસરણ પયન્નો
૩૭ ચરમાવર્ત દ્વાત્રિંશિકા
૩૮ ચેઈયવંદણ મહાભાસ
૩૯ ચૈત્યવન્દન ભાષ્ય
૪૦ ચૈત્યવન્દન સંઘાચાર ભાષ્ય
૪૧ જીવાભિગમ સૂત્ર
૪૨ ઠાણાંગ સુત્ર
૪૩ તત્ત્વાર્થ સૂત્ર
૪૪ ત્રિષષ્ઠિ શલાકા પુ૦ ચરિત્ર
૪૫ દશવૈકાલિક મૂળ
૪૬ દશવૈકાલિક ટીકા
૪૭ દશવૈકાલિક નિર્યુક્તિ
૪૮ દશાશ્રુતસ્કંધ ચૂર્ણિ
૪૯ દર્શનશુદ્ધિ પ્રકરણ
૫૦ દિનચર્યા
૫૧ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા
૫૨ ધર્મબિન્દુ પ્રકરણ
૫૩ ધર્મબિન્દુ ટીકા
૫૪ ધર્મરત્ન પ્રકરણ
૫૫ ધર્મસંગ્રહણી
૫૬ ધ્યાનશતક
૫૭ નવતત્ત્વ પ્રકરણ
૫૮ નવ્ય યતિજિતકલ્પ
૫૯ નિશીથસૂત્ર
૬૦ નિશીથ ચૂર્ણિ
૬૧ નિશીથ ભાષ્ય
૬૨ નીતિ શાસ્ત્ર
૬૩ પચ્ચક્ખાણ લઘુભાષ્ય
૬૪ પઞ્ચકલ્પ ભાષ્ય
૬૫ પઞ્ચનિર્ગ્રન્થી પ્રકરણ
૬૬ પઞ્ચવસ્તુ
૬૭ પઞ્ચવસ્તુ ટીકા
૬૮ પઞ્ચસંગ્રહ
૬૯ પઞ્ચાશક
૭૦ પઞ્ચાશક ટીકા
૭૧ પદ્મચરિત્ર
૭૨ પરિશિષ્ટ પર્વ
૭૩ પાક્ષિકસૂત્ર ચૂર્ણિ
૭૪ પાક્ષિકસૂત્ર વૃત્તિ
૭૫ પારાશરસ્મૃતિ
૭૬ પિણ્ડનિર્યુક્તિ
૭૭ પિણ્ડનિર્યુક્તિ ટીકા
૭૮ પિણ્ડવિશુદ્ધિ
૭૯ પિણ્ડવિશુદ્ધિ ટીકા
૮૦ પૂજાપ્રકરણ
૮૧ પૂજાવિધિ પ્રકરણ
૮૨ પૂજાવિંશિકા
૮૩ પ્રજ્ઞાપના સુત્ર
૮૪ પ્રતિક્રમણહેતુગર્ભ
૮૫ પ્રતિષ્ઠાપદ્ધત્તિ
૮૬ પ્રવચનસારોદ્ધાર
૮૭ પ્રવચનસારોદ્ધાર વૃત્તિ
૮૮ પ્રશમરતિ પ્રકરણ
૮૯ પ્રાચિના સામાચારી
૯૦ બુદ્ધશાસ્ત્ર
૯૧ બૃહત્કલ્પ ભાષ્ય
૯૨ બૃહત્કલ્પસૂત્ર મૂળ
૯૩ બૃહચ્છાન્તિ
૯૪ બૃહત્ સંગ્રહણી
૯૫ ભગવતીસૂત્ર
૯૬ ભગવતીસૂત્ર ટીકા
૯૭ ભાષારહસ્ય
૯૮ મનુસ્મૃતિ
૯૯ મહાનિશીથ સૂત્ર
૧૦૦ યતિદિનચર્યા
૧૦૧ યોગદૃષ્ટિસમુચ્ચય
૧૦૨ યોગબિન્દુ
૧૦૩ યોગવિધિ
૧૦૪ યોગશાસ્ત્ર મૂળ
૧૦૫ યોગશાસ્ત્ર વૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૬ યોગસૂત્ર (પાતં૦)
૧૦૭ રાયપસેણીય સૂત્ર
૧૦૮ લઘુ ક્ષેત્રસમાસ
૧૦૯ લલિતવિસ્તરા
૧૧૦ લોકવ્યવહાર શાસ્ત્ર
૧૧૧ લૌકિક નીતિશાસ્ત્ર
૧૧૨ વસુદેવહિંડી
૧૧૩ વ્યવહાર પિઠિકા
૧૧૪ વ્યવહાર ચૂર્ણિ
૧૧૫ વ્યવહાર ચૂલા
૧૧૬ વ્યવહાર ભાષ્ય
૧૧૭ વ્યવહારસૂત્ર મૂળ
૧૧૮ વિચારામૃત સારસંગ્રહ
૧૧૯ વિચારસાર પ્રકરણ
૧૨૦ વિવાહ ચૂલિકા
૧૨૧ વિવેકવિલાસ
૧૨૨ વિશેષાવશ્યક ભાષ્ય
૧૨૩ વીતરાગસ્તોત્ર
૧૨૪ શતક બૃહચ્ચૂર્ણિ
૧૨૫ શિવપુરાણ
૧૨૬ શ્રમણપ્રતિક્રમણસૂત્ર વૃત્તિ
૧૨૭ શ્રાદ્ધજિતકલ્પ
૧૨૮ શ્રાદ્ધદિનકૃત્ય
૧૨૯ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર ચૂર્ણિ
૧૩૦ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર વૃત્તિ
૧૩૧ શ્રાદ્ધવિધિ પ્રકરણ
૧૩૨ શ્રાદ્ધસામાચારી
૧૩૩ શ્રાવકધર્મ પ્રજ્ઞપ્તિ
૧૩૪ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ
૧૩૫ શ્રાવકવ્રત ભંગાવચૂરિ
૧૩૬ ષોડશક મૂળ
૧૩૭ ષોડશક વૃત્તિ
૧૩૮ સદ્ધર્મવિંશિકા
૧૩૯ સન્મતિ પ્રકરણ
૧૪૦ સમવાયાઙ્ગ સૂત્ર
૧૪૧ સમ્બોધ પ્રકરણ
૧૪૨ સમ્યકત્વવિંશિકા
૧૪૩ સંસક્તનિર્યુક્તિ
૧૪૪ સ્કન્દપુરાણ
૧૪૫ સામાચારી પ્રકરણ
૧૪૬ સિદ્ધપ્રાભૃત
૧૪૭ સિદ્ધસેનીય દ્વાત્રિંશિકા
૧૪૮ સિદ્ધહેમશબ્દાનુશાસનમ્
૧૪૯ સુદંસણાચરિયમ્
૧૫૦ સૂત્રકૃતાઙ્ગ સૂત્ર
૧૫૧ હિતોપદેશમાળા *


* આ સિવાય પણ કેટલાય ગ્રન્થોનો આધાર લીધેલો છે જે સ્થળો અને નામો મેળવી શકાયાં નથી.

卐 卐 卐

## અગત્યની સૂચના—

'**ધર્મસંગ્રહ**' ગ્રન્થ સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા સર્વને એક સરખો ઉપકારક છે. ગૃહસ્થને સાધુધર્મના જ્ઞાન વિના ગુરૂ તત્ત્વની આરાધના વિશુદ્ધ થઈ શકે નહિ અને સાધુ મુનિરાજોનેગૃહસ્થ ધર્મના જ્ઞાન વિના શ્રાવક–શ્રાવિકા વર્ગને ધર્મમાર્ગે જોડી શકાય નહિ. એમ પ્રત્યેકને ઉભયના ધર્મનું જ્ઞાન આવશ્યક છે. એમાંનો ગૃહસ્થધર્મ પહેલા ભાગમાં અને સાધુધર્મ બીજા ભાગમાં વર્ણવેલો છે. આથી ખાસ ભારપૂર્વક વિનંતિ છે કે પહેલો ભાગ મેળવ્યો હોય તેણે બીજો ભાગ અને બીજો ભાગ મંગાવનારે પહેલો ભાગ પણ મંગાવી લેવો. બન્ને ભાગોનો સાદ્યન્ત અભ્યાસ કરવાથી જૈન દર્શનના વ્યવહાર અને નિશ્ચય ઉભય ધર્મનું સચોટ જ્ઞાન થઈ શકે છે અને આજે વણસતા કાળે મનુષ્ય જન્મની સફળતા માટે તે પૂર્ણ આવશ્યક છે. **ધનસંગ્રહની વધતી જતી ભૂખથી જગત જે કાળે ધર્મસંગ્રહ માટે ઉપેક્ષા કરી રહ્યું છે તે કાળે ધર્મસંગ્રહ નામનો આ ગ્રન્થ આ લોક–પરલોકમાં સર્વત્ર ઉપકારક એવો ધર્મસંગ્રહ કરવા માટે ઉદ્ઘોષણા કરે છે.** સુજ્ઞેષુ કિંબહુના ?

**પ્રકાશક—**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિ પત્રક

| પૃષ્ટ–પંક્તિ, | અશુદ્ધ–શુદ્ધ |
|---|---|
| ૧–૯ | नत्त्वा–नत्वा |
| ૧–૨૨ | પાલન–પાલન કરતો |
| ૧૧–૧૫ | નહિ–નહિ તે |
| ૨૦–૨૧ | ઉપમશ–ઉપશમ |
| ૨૩–૧૮ | અચારવાની–આચરવાની |
| ૨૪–૧૨ | પ્રસન્ન–સમ્પન્ન |
| ૨૫–૧૭ | કોટીવધ્જના–કોટીધ્વજના |
| ૨૬–૨૭ | माच्येब–माच्येव |
| ૨૮–૨૧ | સજાવીને–સમજાવીને |
| ૩૨–૧૪ | હહીને–રહીને |
| ૩૬–૨૬ | बुद्धि–बुद्धी |
| ૩૬–૨૮ | આરોગ્ય–આરોગ્ય, દીર્ઘાયુષ્ય |
| ૩૭–૩૨ | ઘટતું–ઘટનું |
| ૪૬–૫ | सारिणि–सारिणी |
| ૪૬–૬ | ०वणिज्जमु०–०वणिज्जतमु० |
| ૫૦–૩૧ | શૈકલછ–શૈલકછ |
| ૫૪–૧૪ | ०वासगस्य–०वासगस्स |
| ૫૭–૧૨ | સામાચર્યં–સામાચાર્યં |
| ૬૫–૨૦ | पडिलेहुणाए–पडिलेहणाए |
| ૬૫–૨૦ | जीअर क्खणं–जीअ रक्खणं |
| ૬૮–૩૨ | तइअं ज–तइअं च |
| ૭૩–૨૪ | છે આ– –છે |
| ૭૪–૬ | देवसिआइ०–देवसिआ पडि० |
| ૭૫–૭ | ०वऋचासं–०वच्चासं |
| ૭૯–૭/૧૮ | પરઠવે–પઠાવે |
| ૭૯–૨૭ | મૂત્રસૂત્રો–મૂળસૂત્રો |
| ૯૮–૨૪ | ગોચરી ટાળ્યા વિના–ટાળ્યા વિના ગોચરી |
| ૧૦૧–૩૫ | આજ્ઞાવ્યવહાર–જીતવ્યવહાર |
| ૧૦૨–૨૧ | घेज्छामो–घेच्छामो |
| ૧૦૩–૮ | કરી–કહી |
| ૧૦૫–૮ | अणहिजा–अणहिआ |
| ૧૦૫–૯ | तेण०/जइओ–तेणा०/जइणो |
| ૧૧૧–૩૪ | જડની લાલસા–પોતાને મળતી સેવાના બદલામાં કોઈ પૌદ્ગલિક ઉપકાર કરવાના ધ્યેય |
| ૧૩૪–૧૯ | ०गुर्कंडबण–०गुक्कडंबण |
| ૧૩૪–૨૯ | ધૂપથી–ધૂપેલી |
| ૧૪૮–૬ | ०ईअन्नक्खित्तं–०ईअव्वक्खित्तं |
| ૧૬૦–૧૮ | " भाणस्स–[" भाणस्स |
| ૧૬૧–૧૯ | काले–कोले |
| ૧૬૪–૧૬ | પણ મનોજ્ઞનું સંવેગીમાં–સંવેગીમાં પણ મનોજ્ઞનું |
| ૧૭૩–૨૫ | વાપરવાનું અને–અને વાપરવાનું |
| ૧૭૮–૧૬ | બહુર્નિવસની–બહિર્નિવસની |
| ૧૭૮–૨૫ | उक्कोस–उक्कोसं |
| ૧૮૨–૨૫ | 'धनं'—'घनं' |
| ૧૮૨–૩૨ | ઓધારીયું)–ઓઘારીયું) |
| ૧૯૭–૮ | अच्छड०–अच्छोड० |
| ૧૯૮–૧૮ | पोरसीइ–पोरिसीइ |
| ૧૯૮–૨૬ | પગલાં–હાથ |
| ૧૯૯–૨૫ | उसास०—ऊसास० |
| ૨૦૨–૩ | ३–३–११५—८–३–११५ |
| ૨૦૪–૨ | હિતનેમં ગાય–હિતને મંગાય |
| ૨૦૮–૧૭ | કરવાથી દોષનો–કરવાથી–દોષનો |
| ૨૦૮–૨૨ | बीजभाजनया–बीजभोजनया |
| ૨૧૯–૧૧ | પરિણુતિને વશ–પરિણુતિ |
| ૨૨૩–૩૦ | હોય–હેય |
| ૨૨૬–૨૫ | ચંદ્રસૂમજ્ઞાત–ચંદ્રમસજ્ઞાત |
| ૨૩૩–૧૩ | મનુષ્યદિને–મનુષ્યાદિને |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ-પંક્તિ, | અશુદ્ધ-શુદ્ધ |
|---|---|
| ૨૩૯-૧૧ | प्रावचनन्-प्रावचनम् |
| ૨૪૧-૧૫/૧૮ | उवसप० चं-उवसंप० च |
| ૨૪૧-૧૮ | चं--च |
| ૨૪૯--૭ | वृद्धिथी-वृत्तिथी |
| ૨૫૨-૧૧ | ०डनया-०डनतया |
| ૨૫૨-૧૭ | ચિન્ય-ચિન્ત્ય |
| ૨૫૨-૨૦ | ०लामाय-०लाभाय |
| ૨૫૬--૩ | (ચિત્રાદિ)-(સજીવ સ્ત્રી આદિનાં) |
| ૨૬૬-૧૯ | ધનપ્રતિબન્ધક-ધન પ્રતિબન્ધક |
| ૨૭૨-૨૪ | संत-संते |
| ૨૭૩-૧૮ | दुवालसग-दुवालसंगं |
| ૨૭૮-૨૬ | अङ्गचूलिका-अङ्गाचूलिका: |
| ૨૮૦-૧૧ | ग्निनसर्ग-ग्निनिसर्गः |
| ૨૮૫--૭ | ०प्रोच्छनन्-०प्रोञ्छनम् |
| ૨૮૬-૧૦ | अभ्युस्थितो०-अभ्युत्थितो० |
| ૨૯૦-૩૩ | ત--ન |
| ૨૯૩--૭ | કાંઇ ઓઢ્યા પ્રાવરણુ-ઉત્સર્ગથી કાંઇ ઓઢ્યા |
| ૨૯૬-૧૨ | मणोहरेहिं-मणोरहेहिं |
| ૩૦૧-૩૧ | આ એથી-એથી |
| ૩૦૪-૧૨ | निश्रीत-निश्रे |
| ૩૦૪-૩૦ | સંયોગી-સંવેગી |
| ૩૧૧-૧૨ | સંમત-સંમત ન |
| ૩૧૨-૧૫ | वेयाच्चे-वेयावच्चे |
| ૩૩૧-૨૨ | હવેને-હવે તે |
| ૩૩૨-૧૧ | कहिइए-कहिए |
| ૩૩૩-૨૦ | સવધ્યાય-સ્વાધ્યાય |
| ૩૩૯-૨૦ | પ્રત્યાખાત-પ્રત્યાખ્યાત |
| ૩૪૩-૩૨ | અદત્તાના-અદત્તના |

| પૃષ્ઠ-પંક્તિ, | અશુદ્ધ-શુદ્ધ |
|---|---|
| ૩૪૪-૧૦ | बह्म-ब्रह्म |
| ૩૫૦-૧૧ | एतोवन्०-एतावन्० |
| ૩૫૧--૬ | અભિગ્રહ-અવગ્રહ |
| ૩૬૧-૨૬ | જેમ-જેમ શ્વાનને |
| ૩૬૬--૩ | तज्जाग०-तज्जोग० |
| ૩૬૭-૧૦ | લેનું--લેવું |
| ૩૮૯--૪ | બાળ (શિષ્ય)-તેનાં બાળકો |
| ૩૯૨-૧૯ | संरवेवणं-संखेवणं |
| ૪૦૨-૧૮ | ૦ગચ્છવાસએ-૦ગચ્છવાસ એ |
| ૪૦૩-૧૦ | ગાણુ-ગૌણુ |
| ૪૦૯-૨૭ | પ્રાર્શ્વ૦-પાર્શ્વ૦ |
| ૪૦૯-૩૩ | પ્રશ્ચા૦-પશ્ચા૦ |
| ૪૧૫-૩૦ | અવિસંવાદી-વિસંવાદી |
| ૪૨૧-૧૧ | કેળવી-કેવળી |
| ૪૨૪-૧૫ | वैयावच्चे-वेयावच्चे |
| ૪૪૬-૩૦ | માન-અભિમાન |
| ૪૪૮--૫ | આગળન-આગળના |
| ૪૪૯-૨૫ | રીતે એ-રીતિએ |
| ૪૬૮-૨૦ | आयारकप्प०-आयारपकप्प० |
| ૪૬૮-૩૩ | વર્તન કરી-વર્તન કરી-કરાવી |
| ૪૬૯-૨૮ | जस्स-जस्स (जत्थ) |
| ૪૬૯-૨૮ | સર્વ-પ્રશસ્ત |
| ૪૭૩-૨૭ | ચોથા-પાંચમા |
| ૪૮૦-૨૮/૨૯/૩૦ | વિચારવું-વિચરવું |
| ૪૮૫-૩૧ | ०णुसारआ-०णुसारओ |
| ૫૦૬-૧૯ | " जा-" जो |
| ૫૧૭-૩૩ | ચતુર્લઘુ અનુ૦-ચતુર્ગુરુ૦ અનુ૦ |
| ૫૨૮-૩૦ | લોકોકાશના-લોકાકાશના |
| ૫૩૧-૧૯ | ૦કોસ-૦યોજન |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# લઘુ વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ભૂમિકા, પ્રાક્કથન, ઉદ્બોધનાદિ પ્રારંભિક | ૩ |
| પ્રકાશકીય, શુદ્ધિપત્રક, વિષયાનુક્રમ વગેરે | ૪૪ |
| **ભાગ ૨જો–વિભાગ ૩જો** | ૧ |
| દીક્ષા માટે યોગ્યતારૂપ ગુણો | ૨ |
| દીક્ષા માટે અયોગ્યતારૂપ દોષો | ૯ |
| ગુરૂની યોગ્યતાનું વર્ણન | ૧૬ |
| ગુરૂ-શિષ્યની યોગ્યતામાં અપવાદ | ૨૨ |
| દીક્ષા લેનારનું કર્ત્તવ્ય | ૨૫ |
| દીક્ષા આપનારનું કર્ત્તવ્ય | ૨૯ |
| **સાપેક્ષયતિધર્મનું વર્ણન** | ૪૩ થી ૫૨૦ |
| ગુરૂકુળવાસ, તેનું મહત્ત્વ, લક્ષણાદિ. | ૪૩ |
| શાસ્ત્રઅધ્યયનનો વિધિ | ૫૨ |
| ઓઘસામાચારીનું વર્ણન | ૫૭ |
| દિનચર્યાનાં સાત દ્વારો વગેરે | ૫૯ |
| પ્રતિલેખનાનું સ્વરૂપ અને વિધિ | ૬૫ |
| સ્વાધ્યાયનું સ્વરૂપ અને વિધિ | ૭૯ |
| ગોચરી જવાનો વિધિ અને એષણા | ૯૫ |
| શય્યા(વસતિ)શુદ્ધિ અને ગુણ-દોષ | ૧૩૪ |
| વસ્ત્રશુદ્ધિ અને તેના ગુણ-દોષ | ૧૩૭ |
| પાત્રશુદ્ધિ અને તેના પ્રકારો | ૧૩૯ |
| ગોચરી લાવ્યા પછીનાં કર્ત્તવ્યો | ૧૪૪ |
| ભોજનનો વિધિ | ૧૫૨ |
| ભોજન પછીનાં કર્ત્તવ્યો | ૧૫૯ |
| સ્થંડિલશુદ્ધિ અને જવાનો વિધિ | ૧૬૨ |
| સાંજની પ્રતિલેખનાનો વિધિ | ૧૭૦ |
| ઉપધિના પ્રકારો, પ્રમાણ અને પ્રયોજન | ૧૭૩ |
| સૂર્યાસ્ત પહેલાંનું કર્ત્તવ્ય | ૧૯૭ |
| પ્રતિક્રમણનો વિધિ-સૂત્રાર્થ | ૧૯૯ |
| શ્રમણપ્રતિક્રમણ સૂત્ર સાર્થ | ૨૦૫ |
| પાક્ષિકસૂત્ર સાર્થ | ૨૪૫ |
| પ્રતિક્રમણ પછીનું-રાત્રિનું કર્ત્તવ્ય | ૨૮૬ |
| દશધા સામાચારીનું સ્વરૂપ | ૨૯૮ |
| ઉપસ્થાપનાનો વિધિ | ૩૨૦ |
| ચરણસિત્તરીનું સ્વરૂપ | ૩૫૫ |
| કરણસિત્તરીનું સ્વરૂપ | ૩૬૪ |
| મહાવ્રતો અને તેના અતિચારો વગેરે | ૩૮૭ |
| પંચાચારનું વર્ણન | ૩૯૨ |
| ગચ્છવાસ, કુસંસર્ગત્યાગ વગેરેનું વિધાન | ૪૦૧ |
| વિહારનો વિધિ અને લાભ | ૪૧૬ |
| પાંચ નિર્ગ્રન્થોનું સ્વરૂપ | ૪૩૧ |
| દશવિધ પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ | ૪૩૬ |
| ગણી વગેરે પદપ્રદાનનો વિધિ | ૪૫૩ |
| સંલેખનાના પ્રકારો અને સ્વરૂપ | ૪૯૧ |
| અનશનના પ્રકારો અને સ્વરૂપ | ૪૯૬ |
| મહાપારિષ્ઠાપનિકાનો વિધિ | ૫૧૦ |
| બૃહત્કલ્પોક્ત સ્થવિરકલ્પનું સ્વરૂપ | ૫૧૫ |
| બૃહત્કલ્પોક્ત યથાલન્દિકનું સ્વરૂપ | ૫૧૯ |
| **વિભાગ ૪થો–નિરપેક્ષયતિધર્મ** | ૫૨૧ |
| જિનકલ્પનું સ્વરૂપ અને સામાચારી | ૫૨૩ |
| પરિહારવિશુદ્ધિકલ્પ અને તેની મર્યાદા | ૫૨૬ |
| યથાલન્દિકનું સ્વરૂપ-મર્યાદા વગેરે | ૫૨૯ |
| નિરપેક્ષયતિધર્મનું ઔઘિક વર્ણન | ૫૩૨ |
| ગ્રન્થકારની પ્રશસ્તિ | ૫૩૪ |


卐 卐 卐

Jain Education International · For Private & Personal Use Only · www.jainelibrary.org

# બૃહદ્ વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| ભૂમિકા | ૩ |
| પ્રાક્કથન | ૧૦ |
| ઉદ્બોધન | ૩૩ |
| પ્રકાશકીય નિવેદન | ૪૪ |
| આધારભૂત ગ્રન્થોની નામાવલી | ૪૫ |
| શુદ્ધિપત્રક | ૪૭ |
| લઘુ વિષયાનુક્રમ | ૪૯ |
| બૃહદ્ વિષયાનુક્રમ | ૫૦ |


## ભાગ ૨ જો–વિભાગ ૩ જો


| | |
|---|---|
| ગૃહસ્થ અને યતિધર્મનો કારણ–કાર્ય ભાવ | ૧ |
| ' દીક્ષા ' શબ્દની નિર્યુક્તિ (અર્થ) | ૨ |
| દીક્ષા યોગ્ય આત્માને જ સફળ થાય છે. | ૨ |
| **દીક્ષા માટે સોળ પ્રકારની યોગ્યતા** | ૨ |
| દીક્ષાના દ્રવ્યાદિ ચાર પ્રકારો | ૩ |
| આર્યદેશો અને તેમાં જન્મનું મહત્ત્વ | ૩ |
| વિશુદ્ધ જાતિ–કુળ અને તેમાં જન્મનું મહત્ત્વ | ૪ |
| પ્રાયઃક્ષીણઅશુભકર્મા અને નિર્મળબુદ્ધિવાળો | ૫ |
| સંસારની અસારતાનો જ્ઞાતા અને વૈરાગી | ૬ |
| કષાય–હાસ્યાદિ અલ્પ વિકારવાળો | ૭ |
| કૃતજ્ઞ, વિનીત અને રાજાદિને સંમત | ૭ |
| અદ્રોહી, પૂર્ણ અંગોપાંગવાળો, શ્રદ્ધાળુ અને સ્થિર– બુદ્ધિ ગુરુને સમર્પિત | ૮ / ૯ |
| **દીક્ષા માટે અયોગ્યના ૪૮ દોષો** | ૯ |
| બાળની વ્યાખ્યા, દીક્ષાની જઘન્યવય અને ૭ માસની ઉમ્મરે વજ્રસ્વામિની દીક્ષા કેમ યોગ્ય ? | ૯ |
| વૃદ્ધની વ્યાખ્યા–દીક્ષાની ઉત્કૃષ્ટવય | ૧૦ |
| નપુંસક અને ક્લીબની વ્યાખ્યા તથા અયોગ્યતા | ૧૦ |
| જડના પ્રકારો સ્વરૂપ અને અયોગ્યતા | ૧૧ |
| કેવો રોગી દીક્ષા માટે અયોગ્ય ? | ૧૧ |
| ચોર, રાજદ્રોહી, ઉન્મત્તને દીક્ષા ન અપાય | ૧૧ |
| અંધની વ્યાખ્યા, પ્રકારો અને અયોગ્યતા | ૧૧ |
| દાસ અને વિષય–કષાયદુષ્ટની અયોગ્યતા | ૧૨ |
| મૂઢ અને દેણદારને દીક્ષા ન અપાય | ૧૨ |
| જુંગિતનું સ્વરૂપ, પ્રકારો અને અયોગ્યતા | ૧૨ |
| પરતંત્ર અને ચાકરને દીક્ષા ન અપાય | ૨૨ |
| સગીરને રજા વિના દીક્ષા ન અપાય | ૧૨ |
| ગર્ભવતી અને બાળવત્સાને દીક્ષા ન અપાય | ૧૨ |
| દીક્ષામાં અયોગ્ય દશ નપુંસકોનાં લક્ષણો | ૧૩ |
| દીક્ષામાં યોગ્ય ૭ નપુંસકોનાં લક્ષણો | ૧૪ |
| 'દીક્ષા' ના પર્યાય શબ્દો અને 'યતિ'ની વ્યાખ્યા | ૧૫ |
| **ગુરુનું સ્વરૂપ, અને યોગ્યતાના ૧૫ પ્રકારો** | ૧૬ |
| દીક્ષા નિર્જરા માટે અનુગ્રહબુદ્ધિથી આપવી | ૨૧ |
| શિષ્ય–ગુરુની યોગ્યતામાં અપવાદ | ૨૨ |
| મિથ્યાદૃષ્ટિ યથાભદ્રકને દીક્ષા અપાય | ૨૨ |
| દ્રવ્યદીક્ષાના બળે ભાવચારિત્ર પ્રગટી શકે | ૨૩ |
| સકૃદ્બંધક, અપુનર્બન્ધકનું સ્વરૂપ | ૨૩ |
| પૂ. હરિભદ્રસૂરિજીના મતે ગુરુની યોગ્યતાનાં અપવાદપદે ૭ લક્ષણો | ૨૪ |
| ગુરુની યોગ્યતામાં પરતીર્થિક દશ મતો. | ૨૪ |
| **દીક્ષા લેવાનો વિધિ** | **૨૫** |
| માતા–પિતાદિ પ્રત્યેનું કર્તવ્ય, અનુમતિ માટે ઉપાયો | ૨૬ |
| મોહમૂઢ પિતાદિ પ્રત્યે માયા પણ કરી શકાય | ૨૬ |
| આજીવિકાનો પ્રબંધ વગેરે કરવા છતાં માતા–પિતાદિ ન માને તો દીક્ષા લેવાય, તે માટે શાસ્ત્રીય દૃષ્ટાન્ત | ૨૭ |
| માતાદિના મોહથી દીક્ષા ન લેનાર મૂઢ છે | ૨૮ |
| દીક્ષા લેવા–નહિ લેવામાં ફળની મુખ્યતા | ૨૮ |
| ઉત્સર્ગપદે માતા–પિતાનો બદલો વાળવો જોઇએ | ૨૮ |
| **દીક્ષા આપનાર ગુરુનાં કર્તવ્યો** | **૨૯** |
| શિષ્યની પરીક્ષા કરી દીક્ષાની દુષ્કરતા સમજાવવી | ૨૯ |
| સામાયિકાદિ આવશ્યક ભણાવવું | ૩૧ |
| અહિંસાદિ કર્તવ્યો કેવાં પાળે છે ? તે જોવું | ૩૧ |
| શકુનાદિ શુભાશુભ નિમિત્તો જોવાં | ૩૧ |
| દીક્ષામાં ક્ષેત્ર–કાળ અને દિશાશુદ્ધિનું સ્વરૂપ | ૩૧ |
| ક્ષેત્રાદિ શુભ નિમિત્તોથી ચારિત્રના પરિણામ પ્રગટે છે | ૩૨ |
| અશુભ ક્ષેત્રાદિમાં દીક્ષા કરવાથી જિનાજ્ઞાનો ભંગ | ૩૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષાર્થીએ દેવ–ગુર્વાદિની પૂજા, ભક્તિ દાનાદિ કરવું ૩૨
દીક્ષા આપવાનો અને વાસ મંત્રવાનો વિધિ ૩૩
'પરમેષ્ઠિ' આદિ મુદ્રાઓનું સ્વરૂપ ૩૪
દીક્ષાના વિધિ માટે શિષ્યના પ્રશ્નો અને ઉત્તરો ૩૭
દીક્ષા આપવાની ક્રિયા એ વ્યવહાર ધર્મ છે ૩૮
જિનમતમાં નિશ્ચય–વ્યવહારનું બળ સમાન છે ૩૮
દીક્ષાના વિધિથી સ્વ–પરમાં પ્રગટ થતા ભાવો ૩૯
'દીક્ષા પાપોદયરૂપ છે' એમ માનનારા ખોટા છે ૪૦
સાધુધર્મના વિશિષ્ટ આનંદનું સ્વરૂપ ૪૧
એક વર્ષના સંયમના સુખની સામે બાહ્ય સર્વ સુખો તુચ્છ છે ૪૨

**યતિધર્મના પ્રકારો અને સાપેક્ષ યતિધર્મ** ૪૩

ગુરુકુળવાસ અને અંતેવાસીપણાનાં લક્ષણો ૪૩
ગુરુકુળવાસનું ફળ અને તે ભાવસાધુતાનું ચિન્હ છે ૪૫
અજ્ઞાની પણ ગુરુકુળવાસી ચારિત્રવાળો છે ૪૫

**ધર્મરત્ન પ્રકરણોકત ભાવસાધુનાં ૭ લિઙ્ગો** ૪૬

પંચાશકમાં ગુરુકુળવાસ રહિતને ગ્રન્થિભેદનો અભાવ ૪૭
દશવૈકાલિકોક્ત ગુરુકુળવાસનું મહત્ત્વ ૪૮
ગુરૂ અવજ્ઞાનાં દુષ્ટ ફળો ૪૯
સામાન્ય ગુણોથી રહિત ગુરુ હોય નથી ૪૯
શાસન બકુશ–કુશીલ સાધુઓથી જ ચાલશે ૫૦
પ્રમાદી પણ ગુરૂને સેવાથી સંયમમાં સ્થિર કરવા ૫૦
ગુણહીન ગુરુની સેવાથી ગુરુકુળવાસ ન મનાય ૫૧
ભાવાચાર્યનાં નામ, સ્થાપના અને દ્રવ્ય પાપ હરે છે ૫૧
એવા પણ આચાર્યો થયા અને થશે કે જેનું નામ લેવા માત્રથી પણ પ્રાયશ્ચિત્ત લાગે ૫૨

**શાસ્ત્રો ભણવાનો વિધિ** ૫૨

ઉપધાન અને યોગોદ્વહનનાં શાસ્ત્રીય વિધાનો ૫૨
કેટલા વર્ષના પર્યાયે કયાં શાસ્ત્રો ભણાવાય ? ૫૪
દીક્ષા પછી પણ યોગ્ય–પરીક્ષિતને જ ભણાવાય ૫૫
અયોગ્ય જાણવા છતાં દીક્ષા, મુંડન, સૂત્રદાન, વ્રતોચ્ચારણ કે સાથે ભોજન કરવાથી ગુરુના પણ ચારિત્રનો ઘાત થાય છે ૫૬
સામાચારીના પ્રકારો અને સ્વરૂપ ૫૭
નયભેદે સામાચારીના ભિન્ન ભિન્ન અર્થો ૫૭
ત્રિવિધ સામાચારીનાં લક્ષણો ૫૮

**ઓઘસામાચારી, તેનાં સાત દ્વારોનું વર્ણન** ૫૯

સાધુનાં પ્રતિલેખનાદિ દશ દિનકૃત્યો ૬૧
સાધુને જાગવાનો સમય અને વિધિ ૬૧
આચાર્યાદિને નિદ્રા લેવામાં-જાગવામાં વિવેક ૬૧
જાગ્યા પછીનું કર્ત્તવ્ય અને ધર્મજાગરિકા ૬૨
સૂર્યોદય પૂર્વે કાલગ્રહણ, પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિ ૬૩
બહુવેલના આદેશોનું રહસ્ય અને ફળ ૬૪

**પ્રતિલેખનાનો વિધિ અને તેમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ** ૬૫

સવારની દશ પ્રતિલેખના, તેનો સમય અને ક્રમ ૬૬
સ્થાપનાચાર્યની પ્રતિલેખનાનો વિધિ ૬૭
ઓઘનિર્યુક્તિમાં કહેલો વસ્ત્ર પ્રતિલેખનાનો વિધિ ૬૮
પ્રતિલેખનામાં ઉર્ધ્વ, સ્થિર, અત્વરિતાદિ ગુણો ૬૯
પ્રતિલેખનામાં 'આરભટા' વગેરે ૭ તથા બીજા દોષો ૭૧
પ્રતિલેખનાના 'અન્યૂનાતિરિક્ત' વગેરે ૮ ગુણો ૭૩
સવારની પ્રતિલેખનાનો સમય નિર્ણય ૭૪
પ્રતિલેખનમાં પુરૂષનો અને વસ્ત્રોનો ક્રમ ૭૪
પ્રતિલેખનાના સમય અને ક્રમમાં અપવાદ ૭૫
ગ્લાનની પ્રતિલેખના પૂર્વે પોતાની કરવાનો નિષેધ ૭૫
પ્રતિલેખનામાં બોલવાથી છકાયની વિરાધના ૭૫
એકાગ્ર પ્રતિલેખના કરવાથી છકાયની આરાધના ૭૬
પ્રતિલેખના અવિધિએ કરવાથી કે ન કરવાથી દોષો ૭૬

**વસતિ પ્રમાર્જનનો વિધિ** ૭૬

વસતિ શેષકાળે બે વાર, વર્ષાઋતુમાં ત્રણવાર તથા જીવોના ઉપદ્રવ પ્રસંગે ઘણીવાર પ્રમાર્જવી ૭૭
સવારે પ્રતિલેખના પછી વસતિ પ્રમાર્જવામાં હેતુ ૭૭
વસતિ ગીતાર્થ સાધુએ એકાગ્ર થઇને પ્રમાર્જવી ૭૭
વસતિ પ્રમાર્જન માટે દંડાસણ કેવું જોઇએ ? ૭૭
કાજો ઉદ્ધરવાનો વિધિ, ઇરિયાવહિ પ્રતિ૦ કેટલીવાર કરવું ? ૭૮
દંડાનું પ્રતિલેખન કોણ કયી રીતે કરે ? ૭૮
પ્રતિલેખના અને પ્રમાર્જનામાં શો ભેદ છે ? ૭૮

**સૂત્ર ભણવાનો વિધિ** ૭૯

સૂત્ર પોરિસી અને સત્રમંડલીનો અર્થ ૭૯
વર્તમાનમાં ઉપયોગ પહેલાં સજઝાય કરવાનું કારણ ૭૯
બીજા પ્રહરને અર્થપોરિસી કેમ કહેવાય છે ? ૭૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર નહિ ભણેલા કે નવદીક્ષિતને અન્ને સૂત્રપોરિસી કહી છે ૭૯
સ્વાધ્યાયના પ્રકારો, વાચનાનો અને બેસવાનો વિધિ ૮૦
પૃચ્છા, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથાનો વિધિ ૮૦
પંચવિધ સ્વાધ્યાયના વિવિધ લાભો ૮૧
બારે પ્રકારના તપમાં સ્વાધ્યાય શ્રેષ્ઠ તપ છે ૮૧
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં ક્રોડો વર્ષ જેટલાં કર્મ ખપાવી શકે છે ૮૧
સ્વાધ્યાય નહિ કરવાથી થતા દોષો ૮૨
સ્વાધ્યાયમાં અનધિકારી એ પોરિસીના સમયમાં આતપનાદિ કરે ૮૨
સૂત્રાર્થનો પાર પામેલાને પોરિસી સમયે કાયોત્સર્ગ કરવાનું વિધાન ૮૩
સૂત્રપોરિસી પછી પાત્ર પડિલેહવાં ૮૩
બીજા પ્રહરે અર્થ ભણવા, પછી ચૈત્યવન્દન કરવું ૮૩
પોરિસી મોડી-વહેલી ભણાવે તો ૧ કલ્યાણક પ્રાયશ્ચિત્ત લાગે ૮૩
પોરિસી ભણાવવાનો, પાત્રપડિલેહણનો વિધિ ૮૪
ઉપયોગની ક્રિયાનું રહસ્ય અને તેમાં જીવયતના ૮૫
પાત્ર–પડલાદિ આસને બેસીને પડિલેહવાં ૮૫
પાત્રાદિને સચિત્ત પૃથ્વી માટી–જળ આદિ લાગ્યું હોય તો શું કરવું ? ૮૬
પાત્ર પ્રતિલેખનમાં અખોડા–પખોડા કેમ કરવા ૮૭
પડિલેહેલાં વસ્ત્ર–પાત્રાદિ મૂકવાનો વિધિ ૮૮
ચોમાસામાં અને શેષકાળે પાત્રને ગુચ્છાદિ બાંધવા ન બાંધવાનું કારણ ૮૮
પ્રતિલેખનાનો બૃહત્કલ્પોક્ત વિધિ અને અપવાદ ૮૯
ચાલુ વાચનાએ પચ્ચક્ખાણ પણ ન અપાય. ૯૦
વાચના આપનારને થતી ઘણી કર્મનિર્જરા ૯૦
વાચના લેનારને પણ થતો લાભ ૯૦
ગોચરીની વેળાને અનુસારે ચૈત્યવન્દનનો સમય ન્યૂનાધિક–વહેલો મોડો કરવો. ૯૦
ગૃહસ્થની ભોજન વેળાએ ગોચરી જવાય તેમ સૂત્ર–અર્થ પોરિસીનો સમય ન્યૂનાધિક રાખવો. ૯૧
ઉત્સર્ગ માર્ગે ગોચરી અને વિહાર ત્રીજા પ્રહરે કરાય ૯૧
સાધુએ અષ્ટમી–ચતુર્દશી વગેરે પર્વદિને સર્વ મંદિરોમાં અને શેષ દિને એક મંદિરમાં ચૈત્યવન્દન કરવું ૯૧
ગોચરી જવા પૂર્વે કરણીય ઔચિત્ય કરીને જવું ૯૨
'સર્વસમ્પત્કરી' વગેરે ત્રણ ભિક્ષાનું સ્વરૂપ ૯૨
વર્તમાનમાં ઉપયોગનો કાઉસ્સગ્ગ સવારે કેમ ? ૯૩
ઉપયોગ કરવાનો વિધિ અને આદેશોનું રહસ્ય. ૯૪
'**जस्सजोगं**' શિષ્યે કહેવું, અન્યથા શિષ્યને કંઈ પણ વહોરવાનો અધિકાર નથી ૯૫
ઉપયોગના વિધિમાં ચાર ઉચ્ચાર સ્થાનો ૯૫
**એષણાના પ્રકારો, વર્ણન અને આહારશુદ્ધિ** ૯૫
ગવેષણૈષણાનાં પ્રમાણાદિ આઠ દ્વારો ૯૬
એકલા ગોચરી ફરવાનાં નવ કારણો ૯૬
ગોચરી જતાં સાથે માત્રકનું પ્રયોજન ૯૮
ગોચરી જતાં 'ગૌતમસ્વામિનું સ્મરણ' વગેરે વિધિ ૧૦૦
ગોચરી બીજા ગામમાં જાય તો ત્યાં કરવાનો વિધિ ૧૦૦
શાસ્ત્રનિષિદ્ધ કુળોમાં ગોચરી જવાથી દોષો ૧૦૧
ઉચ્ચ–નીચનો વ્યવહાર અને તેના હેતુઓ ૧૦૧
ગોચરી ફરનારે કેવો આશય રાખવો ? ૧૦૨
આહાર મેળવવામાં દ્રવ્યાદિ અભિગ્રહો ૧૦૨
ક્ષેત્ર અભિગ્રહમાં આઠ ગોચરભૂમિઓ ૧૦૨
દ્રવ્યાદિ અભિગ્રહો સાધ્વી ન કરી શકે ૧૦૪
અજ્ઞાનીનાં લાવેલાં આહારાદિ કલ્પે નહિ ૧૦૫
આહારનો ધર્મ સાથે પારંપરિક સંબંધ ૧૦૬
સદોષ આહારથી આત્મધર્મ દુષ્પ્રાપ્ય છે ૧૦૬
ઓજઆહાર, લોમાહાર, કવળાહારનો આત્મશુદ્ધિ સાથે સંબંધ ૧૦૭
એષણાના મૂળ ત્રણ અને ઉત્તર ૪૭ પ્રકારો ૧૦૭
ગવેષણૈષણામાં આધાકર્માદિ સોળ દોષો ૧૦૭
અવિશોધિકોટીનું સ્વરૂપ વગેરે ૧૧૪
વિશોધિકોટીનું સ્વરૂપ તથા અપવાદ ૧૧૫
સોળ ઉત્પાદન દોષોનું સ્વરૂપ ૧૧૬
'શંકિત' વગેરે દશ દોષોનું સ્વરૂપ ૧૧૮
નવકોટી શુદ્ધ પિંડૈષણાનું સ્વરૂપ ૧૨૨
ગ્રહણૈષણાના 'સ્થાન, દાયક' વગેરે ૧૧ દ્વારો ૧૨૨
'અવ્યક્ત' વગેરે નિષિદ્ધ દાયકો અને તેમાં અપવાદ ૧૨૩
કાળ, દાતારાદિ વિવિધ અપેક્ષાએ 'ત્રિધા'નું સ્વરૂપ ૧૨૬
પિંડ–પાણૈષણાનાં 'અસંસૃષ્ટા' આદિ ૭ દ્વારો ૧૨૮
લેપ–અલેપકૃત પાણીનો વિભાગ ૧૨૯
શય્યાતરની વ્યાખ્યા અને તેનો પિંડ ગ્રહણ કરવામાં ઉત્સર્ગ–અપવાદ ૧૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શય્યાતરનો નિષિદ્ધ–અનિષિદ્ધ પિંડ ૧૩૦
શિથિલના પણ શય્યાતરનો પિંડ અવશ્ય વર્જવો ૧૩૧
શય્યાતરપિંડ કેટલા દિવસ સુધી ન લેવાય. ૧૩૨
નિષિદ્ધ–અનિષિદ્ધ રાજપિંડના પ્રકારો ૧૩૨
એષણા સમિતિનો પાલક મુનિ નિત્યભોજી પણ ઉપવાસી છે ૧૩૨
સાધુને આહારશુદ્ધિ-ગૃહસ્થને વ્યવહારશુદ્ધિ દુષ્કરછે ૧૩૨
ઉપાશ્રય બહાર-અન્યત્ર આહાર વાપરવાનાં કારણો ૧૩૨
અકલ્પ્ય ક્ષેત્રાતીત, માર્ગાતીત, કાળાતીત વગેરે દોષિત પિંડનુ સ્વરૂપ ૧૩૩

**વસતિ શુદ્ધિ અને તેના મૂળ-ઉત્તરગુણો ૧૩૪**

વસતિમાં વિશોધિ–અવિશોધિકોટિનો વિભાગ ૧૩૪
મુખ્યતયા સાધુને ન્હાનાં ગામોમાં વિચરવાથી લાભ ૧૩૫
ગ્રામાદિના વિવિધ વિભાગને આશ્રીને વસતિના ગુણ-દોષ ૧૩૬
સાધુને વસતિનું દાન કરવાથી વિશિષ્ટ લાભો ૧૩૭

**વસ્ત્રશુદ્ધિનું સ્વરૂપ અને વસ્ત્રના પ્રકારો ૧૩૭**

વસ્ત્રોમાં યથાકૃત, અલ્પપરિકર્મ, બહુપરિકર્મ પ્રકારો અને તેનું સ્વરૂપ ૧૩૭
વસ્ત્રમાં વિશોધિ–અવિશોધિકોટીનો વિભાગ ૧૩૮
ગૃહસ્થ પાસેથી વસ્ત્રો લેવાનો વિધિ ૧૩૮
વસ્ત્રના અગ્જન, ખગ્જન, લિપ્ત દોષો તથા દેવ, મનુષ્ય રાક્ષસ વિભાગો અને તેનાં શુભાશુભ ફળો ૧૩૮
વિવિધ દેશના રૂપીયાનું પ્રમાણ અને સાધુને ઉત્સર્ગથી કેટલી કિંમતવાળુ વસ્ત્ર વાપરવું કલ્પે ? ૧૩૯

**પાત્રશુદ્ધિ, અને પાત્રના પ્રકારો ૧૩૯**

પાત્રનાં શુભાશુભ લક્ષણો અને તેનાં ફળ ૧૩૯
જુનાં-નવાં પાત્રને રંગવાનો વિધિ, અને લેપના પ્રકારો ૧૪૦
રંગેલા પાત્રને તપાવવાનો વિધિ ૧૪૨
પાત્ર સાંધવાના મુદ્રા, નાવા અને ચોરબન્ધ એમ ત્રણ પ્રકારો ૧૪૩
લેપના તજ્જાત, યુક્તિ અને ખગ્જન, ત્રણ પ્રકારો ૧૪૩
લેપમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પ્રકારો ૧૪૩
ચતુર્વિધ પિંડની શુદ્ધિ વિના દીક્ષાની નિરર્થકતા ૧૪૪
સંયમનો નિર્વાહ ન થતાં અપવાદ સેવવો દુષ્ટ નથી ૧૪૪
નિર્દોષ પણ ભિક્ષાને શુદ્ધ કરીને વસતિમાં આવવું ૧૪૫
ભિક્ષાને શુદ્ધ કરીને વસતિમાં આવવાના ૮ વિકલ્પો ૧૪૫
ભિક્ષા લાવીને ઉપાશ્રયમાં પ્રવેશ કરવાનો વિધિ ૧૪૫
ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા પછીનું કર્ત્તવ્ય ૧૪૭
ભિક્ષા આલોચવાનો વિધિ અને તેમાં નૃત્ય–વક્ષનાદિ વિવિધ દોષો ૧૪૭
માનસિકી, વાચિકી, કાયિકી આલોચના ૧૪૯
કાયિકી આલોચનાનો વિધિ ૧૪૯
ભિક્ષા આલોચતાં કાયોત્સર્ગમાં શું ચિંતવવું ? ૧૫૦
પચ્ચક્ખાણ પારવાનું વિધાન અને સાધુને દરરોજનાં ૭ ચૈત્યવંદનો ૧૫૧
ભોજન પૂર્વે ઓછામાં ઓછું ૧૭ ગાથાના સ્વાધ્યાયનું વિધાન ૧૫૨
માંડલીમાં અને જુદા ભોજન કરનાર સાધુઓનો વિભાગ ૧૫૨
અસહિષ્ણુને વહેલું પણ ભોજન કરી શકાય ૧૫૨
એકલભોજીને ભોજનનો વિધિ ૧૫૩
ભોજન પૂર્વે અન્ય સાધુઓને નિમંત્રણા કરવી ૧૫૩
આચાર્યાદિ માટે પાણી સ્વચ્છ કરવાનો વિધિ ૧૫૩
પહેલાં યોગ્ય આહારથી બાળ-ગ્લાનાદિને સંતોષવા ૧૫૩
માંડલીમાં સાથે ભોજન કરવાનાં કારણો ૧૫૪
ભોજન કરતાં આત્માને ઉપદેશ અને નિર્મળ ધ્યેય ૧૫૪
ભોજન વિધિનાં મંડલી, ભાજન વગેરે ૭ દ્વારો ૧૫૫
ભોજનમાં કયાં દ્રવ્યો પહેલાં-પછી વાપરવાં ૧૫૬
કટકછેદ, પ્રતરછેદ અને સિંહભક્ષિત ભોજન ૧૫૬
ગ્રાસૈષણાના પાંચ દોષો અને ભોજનનાં ૭ કારણો ૧૫૭
ક્ષુધાનો છઠ્ઠો ભાગ ઉણોદરી રાખવાનું વિધાન ૧૫૮
સ્ત્રી–પુરૂષને આશ્રીને આહારનું પ્રમાણ ૧૫૮
દહીં, દૂધ વગેરે કાચા ગોરસના ભોજનનો વિધિ ૧૫૮
સર્વરસમિશ્રિત પાત્રધોવણનું પાણી પીવાથી પાચન સુધારે છે ૧૫૮
વધેલા આહારને વાપરવા-પરઠવવાનો વિવેક ૧૫૯
પાત્ર કેવી રીતે, કયા ક્રમથી, કેટલી વાર ધોવાં ? ૧૫૯
લેપકૃત-અલેપકૃત અને સરસ દ્રવ્યોનો વિભાગ ૧૬૦
ભોજન પછી ચૈત્યવન્દન વગેરેનું વિધાન ૧૬૧

**સ્થંડિલભૂમિ (વડીનીતિ માટે)જવાનો વિધિ ૧૬૧**

અકાળ સંજ્ઞા-કાળસંજ્ઞાએ બહાર જવાનો વિધિ ૧૬૨
સ્થંડિલ ભૂમિએ સંઘાટકે સાથે જવું ૧૬૩
સ્થંડિલ ભૂમિના અનાપાત, અસંલોકાદિ દશ ગુણો ૧૬૪


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશ ગુણોના અસંયોગી–સંયોગી ૧૦૨૪ ભાંગા અને સંયોગી-અસંયોગી ભાંગાનું ગણિત ૧૬૫
વડીનીતિ માટે બેસવાનો અને શૌચનો વિધિ ૧૬૭
શુદ્ધ ભૂમિના અભાવે ધર્માસ્તિકાયાદિનો આધાર ચિંતવવાનું વિધાન ૧૬૬
લઘુનીતિ, વડીનીતિ, ડગલ, પાણી વગેરે વોસિરાવવાનો વિધિ ૧૬૮
વસતિમાં આવતાં સાધ્વીનો માર્ગ તજવો ૧૬૮
ગામમાં પ્રવેશ કરતાં પગ પ્રમાર્જવાનો વિધિ ૧૬૮
પાદલેખનિકાનું સ્વરૂપ, સંખ્યા અને માપ ૧૬૮
સર્વ કાર્યો કરતાં બચેલા સમયે સ્વાધ્યાયનું વિધાન ૧૬૯
ત્રીજા પ્રહરે વસ્ત્રાદિ પ્રતિલેખનનો વિશેષ વિધિ ૧૭૦
ઉપવાસીના પ્રતિલેખન વિધિમાં વિશેષ ૧૭૧
ઉપધિના ઔધિક,ઔપગ્રહિક ભેદો, સંખ્યા,પ્રમાણ ૧૭૩
જિનકલ્પી, સ્થવિરકલ્પી સાધુ અને સાધ્વીની ઔધિક ઉપધિના ક્રમશઃ ૧૨–૧૪–૨૫ પ્રકારો ૧૭૪
ઉપધિના જઘન્યાદિ પ્રકારો અને સ્વરૂપ ૧૭૫
સાધ્વીની ઉપધિનું સ્વરૂપ, પ્રમાણ અને પ્રયોજન ૧૭૫
ઉપધિનું જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ માપ ૧૭૮
પાત્ર રાખવાનું વિધાન અને નંદીપાત્રનું પ્રયોજન ૧૭૯
૭કાય જીવોની રક્ષાર્થે પાત્ર રાખવાં જોઇએ ૧૭૯
પાત્ર–પડલાદિનું સ્વરૂપ, પ્રયોજન અને માપ ૧૮૦
રજોહરણનું સ્વરૂપ અને તેનું મહત્ત્વ ૧૮૨
મુખવસ્ત્રિકાનું મહત્ત્વ અને ઉપયોગ કેમ કરવો? ૧૮૪
માત્રક અને ચોલપટ્ટકનું પ્રમાણ તથા પ્રયોજન ૧૮૫
સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધનું સ્વરૂપ ૧૮૬
ઔપગ્રહિક ઉપધિનું સ્વરૂપ ૧૮૭
સંથારાનું, ઉત્તરપટ્ટાનું પ્રમાણ તથા પ્રયોજન ૧૮૭
વર્ષાકાળમાં ઔપગ્રહિક ઉપધિ બમણી રાખવી ૧૮૮
ઉત્સર્ગથી વસ્ત્રો ફાટ્યા–સાંધ્યા વિનાનાં વાપરવાં ૧૮૮
આચાર્ય અને પ્રત્યેક સાધુની ઔપગ્રહિક ઉપધિ ૧૮૮
ઔપગ્રહિક ઉપધિનું લક્ષણ, જઘન્યાદિ પ્રકારો ૧૮૯
વર્ષાત્રાણપંચક, ચિલિમિલિપંચક અને તૃણપંચક ૧૯૦
દંડપંચકનું સ્વરૂપ, પ્રયોજન અને માપ ૧૯૦
ચર્મપંચક તથા પુસ્તકપંચકનું સ્વરૂપ ૧૯૧
સાધુને વિના પ્રયોજને ઓઢિંગણ લેવાનો નિષેધ ૧૯૩
ઉપકરણ અને અધિકરણની વ્યાખ્યા ૧૯૪
ગચ્છચિંતકને અધિક ઉપધિ રાખવાનું વિધાન ૧૯૪
વસ્ત્રો ધોવામાં વિવેક અને તેનો વિધિ ૧૯૫
વસ્ત્રોમાં જૂઓ થાય તો રક્ષા કરવાનો વિધિ ૧૯૬
વસ્ત્ર ધોવામાં પુરુષાદિને ક્રમ તથા ધોવાની રીત ૧૯૬
ચોથા પ્રહરનું કર્ત્તવ્ય, સ્થંડિલ પડિલેહવાનો વિધિ ૧૯૭
પ્રતિક્રમણનો અને મંડલીમાં બેસવાનો વિધિ ૧૯૯
ગુરૂ આવે ત્યાં સુધી માંડલીમાં સાધુઓનું કર્ત્તવ્ય ૨૦૦
બે વાર–એક વાર અતિચાર ચિંતવવાનું કારણ ૨૦૦
'**सयणासणन्नपाणे**' ગાથા અર્થ સહિત ૨૦૧
દૈવસિક–રાત્રિક અતિચાર સૂત્રો અને અર્થ ૨૦૧
પ્રતિક્રમણસૂત્ર કયી મુદ્રાએ કેવી રીતે બોલવું? ૨૦૩
'**चत्तारि मंगलं**' વગેરે અર્થ સહિત ૨૦૪
**जोमे देवसिओ०** સૂત્રનો શેષ પાઠ અને અર્થ ૨૦૪
**શ્રમણપ્રતિક્રમણ સૂત્ર અને અર્થ** ૨૦૫
બે બન્ધનો, ત્રણ દંડ, ત્રણ ગુપ્તિનું પ્રતિક્રમણ ૨૧૨
ત્રિવિધ શલ્ય, ગારવ, અને વિરાધનાનું સ્વરૂપ ૨૧૩
ચતુર્વિધ કષાય, સંજ્ઞા અને વિકથાનું સ્વરૂપ ૨૧૬
ચાર ધ્યાનો, તેના ઉત્તરભેદો અને તેનું રહસ્ય ૨૧૬
પાંચક્રિયાઓ, પાંચ કામ-ગુણો અને પાંચમહાવ્રતો ૨૨૧
પાંચ સમિતિઓ, ૭ કાય જીવો અને ૭ લેશ્યાઓ ૨૨૨
૭ ભયો, ૮ મદસ્થાનો, ૯ ગુપ્તિઓ અને દશવિધ સાધુધર્મનું સ્વરૂપ ૨૨૩
૧૧ શ્રાદ્ધપડિમાઓ, ૧૨ ભિક્ષુપડિમાઓ, અને ૧૩ ક્રિયાસ્થાનોનું વર્ણન ૨૨૪
૧૪ ભૂતગ્રામો, ૧૫ પરમાધાર્મિકો, ૧૬ ગાથાષોડશક ૨૨૫
૧૭ પ્રકારે અસંયમ, ૧૮ પ્રકારે અબ્રહ્મ, અને ઓગણીસ જ્ઞાતાધ્યયનો ૨૨૫
૨૦ અસમાધિસ્થાનો, ૨૧ શબલો, ૨૨ પરીષહો ૨૨૬
સૂત્રકૃતાઙ્ગનાં ૨૩ અધ્યયનો, ૨૪ દેવો અને પચીશ ભાવનાઓનું વર્ણન ૨૨૮
૨૬ દશાકલ્પવ્યવહારાધ્યયનો, ૨૭ સાધુગુણો ૨૨૯
આચાર અને નિશીથનાં ૨૮ અધ્ય૦,૨૯ પાપ સૂત્રો ૨૨૯
૩૦ મોહનીયસ્થાનો અને સિદ્ધોના ૩૧ ગુણો ૨૩૦
યોગસંગ્રહના ૩૨ ઉપાયો અને ૩૩ આશાતનાઓ ૨૩૧
અસ્વાધ્યાયના પ્રકારો, અને કારણો વગેરે ૨૩૫
નિર્ગ્રન્થ પ્રવચનનો મહિમા અને સાધુની ભાવના ૨૩૯
અસંયમ–સંયમાદિના જ્ઞાનની અને સ્વીકારની પ્રતિજ્ઞા ૨૪૧
'હું શ્રમણ છું' વગેરે યતિધર્મની ભાવના ૨૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢાર હજાર શીલાङ્ગનું સ્વરૂપ ૨૪૩
સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના, ઉપસંહાર અને મંગળ ૨૪૪
રાઇ પ્રતિક્રમણમાં '**पडि० गोअरचरिआए**'
આદિ પાઠનું પ્રયોજન ૨૪૪
**પાક્ષિકસૂત્ર મૂળ અર્થ સહિત** ૨૪૫
આદિ મંગળ તથા પહેલા મહાવ્રતનું ઉચ્ચારણાદિ ૨૪૭
શ્રમણધર્મનાં ૨૨ વિશેષણોનો સાર્થ ૨૪૯
શ્રમણધર્મની વિરાધનાનાં ૧૧ કારણો ૨૫૦
ત્રિવિધ-ત્રિવિધ ભાંગે ત્રૈકાલિક પ્રતિક્રમણ ૨૫૦
પુનઃ અહિંસા વ્રતની પ્રતિજ્ઞા અને મહિમા ૨૫૧
પ્રથમ વ્રતનું ઉચ્ચારણ, પ્રતિક્રમણ, સ્તુતિ, સ્વીકાર,
ઉપસંહાર ૨૫૨
બીજા વ્રતનું ઉચ્ચા૦, પ્રતિ૦, સ્તુતિ, સ્વીકાર, ઉપ૦ ૨૫૩
ત્રીજા ,, ,, ,, ,, ,, ,, ૨૫૪
ચોથા ,, ,, ,, ,, ,, ,, ૨૫૫
પાંચમા ,, ,, ,, ,, ,, ,, ૨૫૬
છટ્ઠા ,, ,, ,, ,, ,, ,, ૨૫૭
૭ મહાવ્રતોના અતિચાર અને રક્ષણની ગાથાઓ ૨૫૮
વ્રત પાલન માટે ૧ થી ૧૦ ભાવોનો ત્યાગ અને
સ્વીકાર ૨૬૧
મનસત્ય, વચનસત્ય અને કાયસત્યનું સ્વરૂપ ૨૬૨
૪ દુઃખશય્યા, ૪ સુખશય્યા અને ૭ અપ્રશસ્ત
ભાષાઓનું વર્ણન ૨૬૨
સપ્તવિધ વિભંગજ્ઞાન, ૭ અવગ્રહો, ૯ નિયાણાં ૨૬૪
૧૦ ઉપઘાત, ૧૦ અસંવર, ૧૦ સંક્લેશ,
૧૦ પ્રકારનું સત્ય, ૧૦ સમાધિસ્થાનો, ૧૦ દશાઓ,
અને ૧૦ પ્રકારે શ્રમણધર્મ ૨૬૭
મહાવ્રતોની પ્રતિજ્ઞા અને સ્તુતિ ૨૭૦
વ્રતોના પ્રરૂપક શ્રી અરિહંતની સ્તુતિ, નમસ્કાર ૨૭૧
પ્રભુ મહાવીર દેવની સ્તુતિરૂપ મધ્યમંગળ ૨૭૨
અંગપ્રવિષ્ટ–અંગબાહ્ય વગેરે શ્રુતજ્ઞાનની વિભાગવાર
સ્તુતિ, આરાધનાની અનુમોદના અને વિરાધનાની
નિંદા, પ્રાયશ્ચિત્ત વગેરે ૨૭૨
ષડ્વિધ આવશ્યક સૂત્રનું ઉચ્ચારણ વગેરે ૨૭૪
દશવૈકાલિકાદિ ૨૮ ઉત્કાલિક આગમોની સ્તુતિ ૨૭૫
ઉત્તરાધ્યયનાદિ ૩૮ કાલિક ,, ,, ૨૭૮
આચારાङ્ગાદિ બાર અંગોની સ્તુતિ આદિ ૨૮૦
શ્રુતના રચયિતા ગણધરાદિની સ્તુતિ–નમસ્કારરૂપ
અંતિમ મંગળ અને શ્રુતદેવતાની સ્તુતિ ૨૮૨
ચાર ખામણાંસૂત્ર સાર્થ ૨૮૨
**રાત્રિનું કર્ત્તવ્ય** ૨૮૬
પ્રાદોષિક કાળગ્રહણનો વિધિ ૨૮૬
પહેલા પ્રહરમાં સાધુની વિશ્રામણા અને સ્વાધ્યા-
યાદિ કર્ત્તવ્યો ૨૮૭
સંથારા પોરિસી ભણાવવાનો વિધિ ૨૮૭
સાર્વજનિક વસતિમાં સંથારો કરવાની વ્યવસ્થા
અને વિધિ ૨૮૮
રાત્રે પાત્ર અને શેષ વસ્ત્રાદિની રક્ષાના ઉપાયો ૨૯૦
સંથારા પોરિસીનો મૂળપાઠ–અર્થ સાથે ૨૯૧
રાત્રે લઘુનીતિ માટે બહાર નીકળવાનો વિધિ ૨૯૨
ઠંડી સહવાના ઉપાયો અને કેટલાં વસ્ત્ર રખાય ? ૨૯૨
શયનનો વિધિ, કોણે ક્યારે કેટલી નિદ્રા કરવી,
તથા રાત્રીએ સ્થવિરોનું કર્ત્તવ્ય ૨૯૪
પડખું બદલવાનો વિધિ, જયણા અને મનોરથ ૨૯૬
રાત્રિના છેલ્લા પ્રહરનું કર્ત્તવ્ય–વૈરાત્રિક કાળગ્રહણ,
સ્વાધ્યાય, ગુરુની વિશ્રામણા અને પ્રાભાતિક કાળ-
ગ્રહણાદિનું વિધાન ૨૯૭
**દશધા અને પદવિભાગ સામાચારી** ૨૯૮
૧ 'ઇચ્છાકાર'નું સ્વરૂપ, ઉત્સર્ગ–અપવાદ અને
તેનું વિશિષ્ટ ફળ ૩૦૦
૨–મિથ્યાકાર સામાચારી અને તેનું મહત્ત્વ ૩૦૩
૩–તથાકાર સામા૦ અને તેમાં ઉત્સર્ગ–અપવાદ ૩૦૩
૪–૫ આવસ્સહિ–નિસીહિનું પ્રયોજન અને
બંનેની પરસ્પર સાપેક્ષતા ૩૦૫
૬થી૯ આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદના અને
નિમંત્રણા સામાચારીનું સ્વરૂપ ૩૦૮
૧૦ ઉપસમ્પદા સામાચારીમાં આભાવ્યની વ્યવસ્થા ૩૦૮
જ્ઞાનઉપસમ્પદાનો વિધિ ૩૧૨
વ્યાખ્યાન (વાચના) સાંભળવાનો વિધિ ૩૧૪
વાચનાચાર્યને રત્નાધિકે વન્દન કરવું દુષ્ટ નથી ૩૧૫
દર્શન અને ચારિત્રની ઉપસમ્પદા તથા પ્રકારો ૩૧૫
વૈયાવચ્ચ માટે આવેલા સાધુને રાખવામાં વિવેક ૩૧૭
તપ માટે આવેલા સાધુને રાખવામાં વિવેક ૩૧૭
દશધા સામાચારીના વિશિષ્ટ લાભો તથા નિત્યકર્મ ૩૧૮
દશધા સામાચારી અને પદવિભાગ સામાચારી ૩૧૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉપસ્થાપના (વડીદીક્ષા)નો વિધિ** ૩૨૦
વડીદીક્ષા માટે યોગ્યતા-અયોગ્યતાનું વર્ણન ૩૨૦
ઉપસ્થાપનાની જઘન્યાદિ ભૂમિઓ (યોગ્યતા) ૩૨૨
અપ્રાપ્તભૂમિકાએ ઉપસ્થાપના કરનાર ગુરુના દોષો ૩૨૩
પિતા-પુત્રાદિની ઉપસ્થાપનામાં વિવેક અને વિધિ ૩૨૪
વ્યવહારનયથી સામાયિક ચારિત્રમાં દુરાગ્રહ સંભવે ૩૨૫
સમ્યક્ત્વસામાયિક, શ્રુતસામાયિકાદિના આકર્ષો ૩૨૫
ઉપસ્થાપનામાં પ્રાપ્ત-અપ્રાપ્તને આશ્રીને વિવેક ૩૨૬
પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરોમાં જીવત્વની સિદ્ધિ ૩૨૬
વનસ્પતિજીવોમાં રહેલો માનવસ્વભાવ ૩૨૯
વડીદીક્ષા પૂર્વે શિષ્યની વિવિધ રીતે પરીક્ષા કરવી ૩૩૦
મહાવ્રતોને ઉચ્ચરાવવાનો વિધિ ૩૩૧
દિગ્બન્ધનું રહસ્ય, ૭ માંડલીનો ક્રમ અને રહસ્ય ૩૩૩
પાંચ મહાવ્રતોનું સામાન્ય વર્ણન ૩૩૪
પહેલા-બીજા મહાવ્રતનું સ્વરૂપ અને મહત્ત્વ ૩૩૫
સત્ય-અસત્ય ભાષા એક ચિત્રરૂપ છે, તેનાથી થતા ગુણ-દોષ ૩૩૬
ષડ્વિધ અપ્રશસ્ત ભાષા અને પીડાકારક સત્ય-વચન પણ અસત્ય છે ૩૩૬
ભાષાના ૪ મૂળ અને ૪૨ ઉત્તર ભેદોનું વર્ણન ૩૩૮
ભાષાના નિશ્ચયથી બે જ પ્રકારો છે ૩૩૯
ઉપયોગ વિના સત્ય બોલાય તો પણ વિરાધના ૩૩૯
સત્યભાષાના જનપદાદિ દશ પ્રકારોનું વર્ણન ૩૩૯
અસત્યના ક્રોધઅસત્યાદિ દશ પ્રકારોનું વર્ણન ૩૪૦
'ઉત્પન્ન મિશ્રિત' આદિ દશવિધ મિશ્રભાષા ૩૪૧
'આમંત્રણી' આદિ બાર પ્રકારની વ્યવહાર ભાષા ૩૪૨
ત્રીજું મહાવ્રત અને સ્વામિઅદત્તાદિનું સ્વરૂપ ૩૪૩
ચોથું મહાવ્રત, બ્રહ્મચર્યના ૧૮ ભેદો અને મહત્ત્વ ૩૪૪
પાંચમું મહાવ્રત, અપરિગ્રહનું મહત્ત્વ વગેરે ૩૪૭
મહાવ્રતોની ૨૫ ભાવનાઓનું સ્વરૂપ અને મહત્ત્વ ૩૪૯
ક્ષેત્ર, કાળ આશ્રીને અવગ્રહનું સ્વરૂપ તથા પ્રકારો ૩૫૧
બ્રહ્મચર્યની ભાવનાઓમાં-નવ ગુપ્તિનો સમન્વય ૩૫૩
૨૫ ભાવનાઓ આઠ પ્રવચન માતાઓરૂપ છે ૩૫૪
છઠ્ઠા રાત્રિભોજન વિરમણ વ્રતનું સ્વરૂપ ૩૫૫
**ચરણ સિત્તરી-ચારિત્રના મૂળ ૭૦ ગુણો** ૩૫૫
દશવિધ શ્રમણધર્મ અને ૧૭ પ્રકારે સંયમ ૩૫૬
દશવિધ વૈયાવચ્ચ અને પાંચ પ્રકારના આચાર્યો ૩૫૯
કુલ-ગણ વગેરેનું સ્વરૂપ ૩૫૯
બ્રહ્મચર્યની નવવાડોનું વિસ્તૃત વર્ણન ૩૬૦
ચરણસિત્તરીમાં અપુનરુક્તતા અને વિવેક ૩૬૩
**કરણસિત્તરી-ચારિત્રના ઉત્તર ૭૦ ગુણો** ૩૬૪
પાંચ સમિતિઓનું સ્વરૂપ ૩૬૫
અનિત્યાદિ બાર ભાવનાઓ ૩૬૮
આશ્રવભાવનામાં બન્ધનો અંતર્ભાવ ૩૭૨
સાધુની બાર પડિમાઓનું વર્ણન ૩૮૧
૨૫ પડિલેહણા અને ત્રણ ગુપ્તિઓ ૩૮૫
ચરણ-કરણ સિત્તરીમાં ભેદ શું છે ? ૩૮૬
કરણસિત્તરીના ભેદોમાં પરસ્પર વિવેક ૩૮૬
**મહાવ્રતોના અતિચારોનું સ્વરૂપ** ૩૮૯
રાત્રિભોજનની ચતુર્ભંગી અને અતિક્રમાદિ દોષો ૩૯૧
મૂળ-ઉત્તર ગુણોમાં અતિચારોનો વિવેક ૩૯૧
પંચાચારનું સ્વરૂપ ૩૯૨
તપાચારના બાહ્ય-અભ્યન્તર પ્રકારો ૩૯૨
વિનયના સાત અને બાવન પ્રકારોનું વર્ણન ૩૯૪
પંચાચાર, તેમાં તપ અને તેના પ્રકારોનું રહસ્ય ૩૯૭
**ગચ્છવાસનું સ્વરૂપ, મહત્ત્વ અને ફળ** ૪૦૧
કેવા ગચ્છમાં રહેવું-ન રહેવું ઉચિત છે ? ૪૦૧
કારણે કુદૃષ્ટિન્યાયે પ્રમાદી ગચ્છમાં પણ રહેવાય ૪૦૨
જ્યાં પરસ્પર ગુણવૃદ્ધિ ન થાય તે ગચ્છવાસ શોભા માત્ર છે ૪૦૩
**કુસંસર્ગ વર્જન અને સંસર્ગનો પ્રભાવ** ૪૦૪
આત્મા ભાવુક છે ત્યાં સુધી કુસંસર્ગ વર્જ્ય છે ૪૦૬
કારણે કુસંસર્ગમાં રહેવા માટે વિવેક ૪૦૭
પાસત્થાદિના વિનયાદિમાં ઉત્સર્ગ-અપવાદ ૪૧૦
પાસત્થાદિની સાથે વ્યવહાર કરવાનાં કારણો ૪૧૨
**અર્થપદની વ્યાખ્યા અને ચિંતનનો વિધિ** ૪૧૪
કયું પ્રાયશ્ચિત્ત કયા અતિચારની શુદ્ધિ કરી શકે ? ૪૧૫
**વિહારનું મહત્ત્વ અને સ્વરૂપ** ૪૧૬
કારણે વિહારમાં અપવાદ માર્ગ ૪૧૭
વિહાર કરતાં સાધુઓએ કેવી રીતે ચાલવું ? ૪૧૯
ગીતાર્થનો કે તેની નિશ્રાએ જ વિહાર શાસ્ત્રોક્ત છે ૪૨૦
ગીતાર્થની વ્યાખ્યા અને સ્વરૂપ ૪૨૦
**બૃહત્કલ્પોક્ત વિહારનો વિધિ** ૪૨૨
અધુરા કલ્પે કે કલ્પ પછી વિહાર કરવાનાં કારણો ૪૨૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહાર પૂર્વે ક્ષેત્ર-વસતિ શોધવા જવાનો વિધિ ૪૨૩
ક્ષેત્ર-વસતિ શોધકો માર્ગમાં શું શું જુએ ? ૪૨૪
ક્ષેત્રની પરીક્ષાનો અને વસતિને યાચવાનો વિધિ ૪૨૫
વિહાર વખતે ગુરુનું શય્યાતર પ્રત્યે ઔચિત્ય ૪૨૭
આગળ-પાછળ ચાલવામાં વિવેક ૪૨૭
કોઈ સાધુ પાછળ રહે તેને અંગે શું કરવું ? ૪૨૭
ગામ અને વસતિમાં પ્રવેશ કરવાનો વિધિ ૪૨૮
સ્થાપના કુલોનો આહાર લેવામાં વિવેક ૪૨૯
મહામુનિઓનાં ચારિત્રો કહેવાં-સાંભળવાં જોઈએ ૪૩૦
વ્રતપાલન માટે આલોચના-પ્રાયશ્ચિત્તનું વિધાન ૪૩૧

**પાંચ નિર્ગ્રન્થોનું સ્વરૂપ ૪૩૧**

૧૪ અભ્યન્તર પરિગ્રહ અને નિર્ગ્રન્થની વ્યાખ્યા ૪૩૧
પુલાક અને બકુશનું સ્વરૂપ તથા ઉત્તર ભેદો ૪૩૨
કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતકનું વર્ણન તથા ભેદો ૪૩૩
વર્તમાનમાં બકુશ-કુશીલ ચારિત્ર કેમ ? ૪૩૫
બકુશ-કુશીલની આશાતનાથી થતા દોષો ૪૩૫
દશ પ્રાયશ્ચિત્તો અને તેનું ક્રમશઃ વર્ણન ૪૩૬
પ્રાયશ્ચિત્ત કરવા-ન કરવાથી થતા ગુણ-દોષ ૪૪૦
ઉપસર્ગોના પ્રકારો, સ્વરૂપ અને સહવાનું વિધાન ૪૪૧
૨૨ પરીષહોનું સ્વરૂપ અને જીતવાનું વિધાન ૪૪૨
કયા કર્મના ઉદયમાં અને કયા ગુણસ્થાનકોમાં પરીષહો હોય ૪૪૫
પરીષહોના વિજયથી થતો આત્મોપકાર ૪૪૫
ગચ્છવાસાદિની સંયમ માટે આવશ્યકતા અને તેના પાલનથી ચારિત્રમાં થતો લાભ ૪૪૯
નિશ્ચયથી ચારિત્ર અને જ્ઞાન-દર્શન ભિન્ન નથી ૪૫૦
ચારિત્ર વિના મુક્તિ થાય, પણ દર્શન વિના ન થાય એ વચનનો પરમાર્થ ૪૫૧
ભાવથી સમ્યક્ત્વાદિ પ્રગટવાનો ક્રમ અને તેમાં ઉત્તરોત્તર કર્મોની સ્થિતિમાં થતો ઘટાડો ૪૫૧
મરુદેવામાતાની મુક્તિ આશ્ચર્યરૂપ કેમ ? ૪૫૨

**'આચાર્યપદ' આદિ પદપ્રદાનનો વિધિ ૪૫૩**

ઉત્સર્ગથી કેટલી ઉમ્મરે આચાર્યપદ અપાય ? ૪૫૩
આચાર્યપદની યોગ્યતાનું વર્ણન ૪૫૩
અયોગ્યને આચાર્યપદ આપવાથી મહા આશાતના ૪૫૩
આચાર્યના છત્રીસ ગુણો ૪૫૪
આચાર્ય જઘન્યથી ગીતાર્થ અને સારણાદિ કરવામાં કુશળ હોવા જોઈએ ૪૫૫
ઉત્તરગુણહીન પણ યોગ્યને આચાર્ય બનાવાય ૪૫૫
યોગ્યના અભાવે પણ અયોગ્યને પદ ન અપાય ૪૫૫
અયોગ્યને પદ આપવાથી થતા મૃષાવાદાદિ દોષો, શિષ્યોને હાનિ અને પરમાર્થથી શાસનનો વિચ્છેદ ૪૫૬
આચાર્યપદ આપવાનો વિધિ ૪૫૭
નુતન આચાર્યને અને નિશ્રાવર્તી સાધુઓને હિતશિક્ષા ૪૫૯
આચાર્યના પાંચ અતિશયો અને અષ્ટધા ગણી-સંપદનું સ્વરૂપ ૪૬૧
પરસ્પર વિનયાદિ નહિ કરવા-કરાવવાથી પ્રાયશ્ચિત્ત ૪૬૩
આચાર્યે પ્રતિદિન યોગ્ય શિષ્યાદિને વ્યાખ્યાન કરવું જ જોઈએ ૪૬૩
રસાયણની જેમ શાસ્ત્રો પણ અયોગ્યને આપવાથી તેને હાનિ થાય છે ૪૬૪
યોગ્યને પણ સૂત્ર, અર્થ, ઇત્યાદિ ક્રમથી ભણાવવું ૪૬૫
યુક્તિગ્રાહ્ય ભાવો યુક્તિથી અને આજ્ઞાગ્રાહ્યભાવો આજ્ઞાથી ન સમજાવે તો વિરાધક કહ્યો છે ૪૬૫
શાસ્ત્રોમાં આજ્ઞાગ્રાહ્ય અને યુક્તિગ્રાહ્ય એમ બે પ્રકારના ભાવો હોવાનું કારણ ૪૬૫
સૂત્રની અનુજ્ઞા કર્યા પછી જ ગચ્છની અનુજ્ઞા કરાય ૪૬૭
ગચ્છાચાર્ય ગુણયોગી જોઈએ, તેનાં લક્ષણો ૪૬૭
ગચ્છાચાર્ય છેદ પર્યન્ત શ્રુતનો જ્ઞાતા ન હોય તો તે આભાવ્ય માટે અનધિકારી છે ૪૬૮
ગચ્છાચાર્ય દ્રવ્ય-ભાવ સમ્પત્તિ યુક્ત જોઈએ ૪૬૮
અપવાદપદે સમુચ્છેદકલ્પથી અપ્રાપ્તને પણ ગચ્છાચાર્ય પદે સ્થાપી શકાય ૪૬૮
સારણાદિ કરનારો ગુરુ દંડા મારે તો પણ ઉપકારી છે અને સારણા રહિત ગુરુ પગ ચાટે તો પણ અપકારી છે ૪૬૯
પ્રવર્તિની પદ માટે સાધ્વીની યોગ્યતાનું વર્ણન ૪૬૯
નિર્ગુણીને પદ આપનાર ગુરુ મહાપાપી છે ૪૭૦
મહાનિશીથોક્ત ગચ્છાચાર્યની યોગ્યતા ૪૭૧
ગચ્છાચાર્યમાં જઘન્યપદે જરૂરી ત્રણ ગુણો ૪૭૨
વર્તમાનમાં હીનગુણી પણ આચાર્ય આદિ યોગ્ય છે, તેના સમર્થનમાં પુષ્કરણી વગેરેનાં દૃષ્ટાંતો ૪૭૩
આચાર્ય અણધાર્યો કાળ કરે તો સ્થવિરોએ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નુતનને આચાર્યપદે સ્થાપવાનો વિધિ ૪૭૪
ગણિપદ આપવાનો, માન્ય કરવાનો કે અયોગ્યનું પદ છીનવી લેવાનો પણ સ્થવિરોને અધિકાર છે ૪૭૫
સારણાદિ ન કરે તે આચાર્યને મોટું પ્રાયશ્ચિત્ત ૪૭૭
અયોગ્યને દીક્ષા આપનાર ગુરૂને પ્રાયશ્ચિત્ત ૪૭૮
અયોગ્ય શિષ્યને નહિ તજનાર આચાર્યને સંઘ બહાર કરવાનું વિધાન ૪૭૮
ગચ્છની સારણાદિ નહિ કરવાથી શિષ્યાદિ પાપ સેવે તે સઘળાના પાપનું પ્રાયશ્ચિત્ત ગુરૂને લાગે ૪૭૯
અયોગ્ય ગુરૂની નિશ્રામાંથી યોગ્ય શિષ્યને બલાત્કારે છોડાવીને પણ યોગ્ય નિશ્રામાં મૂકવાનું વિધાન ૪૮૦
કુગુરૂને પણ યોગ્ય નિશ્રા મળે તો વિધિથી છોડવા ૪૮૦
સ્વલબ્ધિક કેવા ગુણવાળો થઈ શકે ? ૪૮૨
ગુરૂઆજ્ઞાથી સ્વલબ્ધિક ભિન્ન વિચરી શકે ૪૮૨
જાત–અજાત, સમાપ્ત–અસમાપ્ત કલ્પોનું સ્વરૂપ ૪૮૩
જાત અને સમાપ્તકલ્પ આભાવ્યનો અધિકારી છે ૪૮૪
સાધ્વી પણ સ્વલબ્ધિક થઇ શકે છે ૪૮૫
સાધ્વીને સમાપ્તકલ્પ જઘન્યથી દ્વિગુણ જોઇએ ૪૮૫
'ઉપાધ્યાયપદ' આદિ શેષ પદોની અનુજ્ઞાનો વિધિ ૪૮૬
જ્યાં આચાર્યાદિ પાંચ સંયમના રક્ષકો ન હોય તે ગચ્છમાં ઉત્સર્ગ માર્ગે રહેવું ન કલ્પે ૪૮૭
પાંચ પદસ્થો વિનાનો ગચ્છ અપ્રમાણ છે ૪૮૭
ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર, અને ગણાવચ્છેદકની યોગ્યતા તથા પ્રત્યેકનાં ભિન્નભિન્ન કર્ત્તવ્યો ૪૮૮
વાચનાચાર્યનું સ્વરૂપ અને તેઓનું કર્ત્તવ્ય ૪૮૯
પ્રવર્તિનીપદની અનુજ્ઞાનો વિધિ અને કર્ત્તવ્ય ૪૯૦

**છેલ્લી વયે સંલેખનાનું વિધાન ૪૯૧**

સંલેખનાની વ્યાખ્યા, વિધિ અને ઉત્કૃષ્ટાદિ ભેદો ૪૯૧
સંલેખનાથી આપઘાત નહિ પણ સંયમની વિશિષ્ટ આરાધના થાય છે ૪૯૪
હિંસા–અહિંસાનું તાત્ત્વિક લક્ષણ ૪૯૫
સંલેખનાના પાંચ અતિચારોનું વર્ણન ૪૯૬

**અનશનનું સ્વરૂપ, વિધાન અને પ્રકારો ૪૯૬**

ભક્તપરિજ્ઞાના નિર્યામકો અને ૧૨ કર્ત્તવ્યો ૪૯૯
નિર્યામક વિના અનશન કરનાર વિરાધક છે ૫૦૧
ગ્લાનનું ઔષધ કરાવવાનો આચાર્ય અને ગચ્છ આદિનો ધર્મ અને તેમાં વિશિષ્ટ વિવેક ૫૦૧
કાન્દર્પી આદિ પાંચ દુષ્ટ ભાવનાઓ ૫૦૨
'કાન્દર્પી' આદિ ભાવનામાં પણ ચારિત્ર ઘટે છે ૫૦૬
અકારણે સામાચારીનો ભંજક મિથ્યાત્વી છે ૫૦૬
ભક્તપરિજ્ઞાઅનશન કરવાનો વિશેષ વિધિ ૫૦૭
આગમોક્ત મહાપારિષ્ઠાપનિકાનો વિધિ અને તેનું રહસ્ય ૫૧૦
સાપેક્ષ યતિધર્મનો ઉપસંહાર ૫૧૪
બૃહત્કલ્પોક્ત સ્થવિરકલ્પની સામાચારીનું ૨૭ દ્વારોથી વર્ણન ૫૧૫
બૃહત્કલ્પોક્ત ૧૯ દ્વારથી સ્થવિરકલ્પનું સ્વરૂપ ૫૧૭
યથાલન્દિકકલ્પનું બૃહત્કલ્પોક્ત પ્રક્ષિપ્ત ૧૯ દ્વારોથી વર્ણન ૫૧૯

## ભાગ ૨ જો, વિભાગ ૪ થો

નિરપેક્ષયતિધર્મની યોગ્યતા, પ્રકારો અને તેના અધિકારી ૫૨૧
નિરપેક્ષધર્મને યોગ્ય ભાવના અને અંતિમ કર્ત્તવ્ય ૫૨૨
નિરપેક્ષયતિધર્મના સ્વીકાર પૂર્વે કરણીય પાંચ તુલનાઓનું સ્વરૂપ ૫૨૨
જિનકલ્પનો વિધિ અને મર્યાદાનાં ૨૭ દ્વારો ૫૨૫
જિનકલ્પનું સ્વરૂપ અને તેનાં ૨૦ દ્વારો ૫૨૫
પરિહારવિ૦ સ્વીકારવાનો વિધિ અને પ્રકારો ૫૨૬
પરિહારવિશુદ્ધિ કલ્પનાં ૨૦ દ્વારો ૫૨૭
યથાલન્દિકની વ્યાખ્યા, સ્વરૂપ અને વિધિ ૫૨૯
ગચ્છપ્રતિબદ્ધ–અપ્રતિબદ્ધ યથાલન્દિકમાં વિશેષ તથા ગણનાથી તેઓનું પ્રમાણ ૫૩૧
નિરપેક્ષયતિધર્મનું ઔઘિક સ્વરૂપ ૫૩૨
નિરપેક્ષ યતિધર્મનો અને ગ્રન્થનો ઉપસંહાર ૫૩૩
ગ્રંથકારની પ્રશસ્તિ ૫૩૪

卐 卐 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ધર્મસંગ્રહ ભાગ બીજાનું
# ગુજરાતી ભાષાન્તર

યાને

# જૈ
# ન
# સા
# ધુ
# જી
# વ
# ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

卐 卐

માતાની જેમ જેઓએ મને વિવિધ હિતશિક્ષા આપીને સંયમની રૂચિ પ્રગટાવી,
વિવિધ ચિંતાઓ કરીને ગૃહસ્થાશ્રમનાં બંધનો તોડાવ્યાં, પિતાની જેમ પૂર્ણ
પ્રેમથી પારમેશ્વરી પ્રવ્રજ્યાનું પ્રદાન કર્યું, આત્માની પુષ્ટિને કરનારૂં
જ્ઞાન–ક્રિયારૂપ પથ્ય ભોજન આપીને મારૂં પાલન-પોષણ કર્યું અને
એ રીતે જેઓના પુણ્ય પ્રસાદથી બાલકની જેમ હું કંઈક
ભાંગ્યું તૂટ્યું બોલતો થયો, હાલતો–ચાલતો થયો અને
લખતો–વાંચતો થયો, તે પરમોપકારી ક્ષમાસાગર
પૂજ્ય ગુરૂવર્યોના પદપંકજમાં પ્રણામ કરીને
તેઓના જ ઉપકારરૂપ આ એક
પુષ્પ તેઓશ્રીના કરકમળમાં
અર્પણ કરતાં આજે
આનંદનો
અનુભવ
કરૂં છું.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

। अर्हं ।

। ओं नमः श्रीमहावीरस्वामिने तायिने परमात्मने ।

नमः सुगृहीतनामधेयपूज्यपादाचार्यश्रीविजयसिद्धि-मेघ-मनोहरसूरिगुरुभ्यः ।

પૂ૦ મહોપાધ્યાય શ્રીમાનવિજયજીગણિવરકૃત સ્વોપજ્ઞટીકાસહ

# શ્રીધર્મસંગ્રહનો સવિસ્તર ગુર્જરાનુવાદ

## ભાગ બીજો

### વિભાગ ૩ જો—સાપેક્ષ યતિધર્મ.

ભાષાન્તરકારનું મંગલાચરણ—

" नत्वा श्रीपार्श्वशङ्खेशं, ध्यात्वा गुरुं गुणाकरं ।
स्तुत्वा प्रवचनं जैनं, स्मृत्वा च श्रुतदेवताम् ॥१॥
धर्मसंग्रहग्रन्थोक्त—यतिधर्मोऽथ लेशतः ।
आत्मावबोधमुद्दिश्य, गौर्जर्यामनुवाद्यते ॥२॥" युग्मम् ॥

**અર્થ**—શ્રીશંખેશ્વર પાર્શ્વનાથને નમસ્કાર કરીને, ગુણોની ખાણ સમા શ્રીગુરૂ મહારાજનું ધ્યાન ધરીને, શ્રી જૈનાગમની સ્તુતિ કરીને, તથા શ્રી શ્રુતદેવતાનું સ્મરણ કરીને, મારા આત્માને બોધ કરવાના ઉદ્દેશથી, શ્રી ધર્મસંગ્રહ નામના ગ્રન્થમાં કહેલા ગૃહસ્થ ધર્મ પછીના યતિધર્મને ગુજરાતી ભાષામાં લેશમાત્ર લખું છું.

પહેલા ભાગમાં-પૂર્વાર્દ્ધમાં સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે ગૃહસ્થ ધર્મનું વર્ણન કર્યું, હવે યતિ (સાધુ) ધર્મનું વર્ણન કરવાનો અવસર પ્રાપ્ત થયો, તેથી મૂળ ગ્રન્થકાર પોતે યતિધર્મ ગૃહસ્થના વિશેષ ધર્મના ફળરૂપ છે એમ કહેવા દ્વારા યતિધર્મની સ્તુતિ કરે છે.

मूलम् " एवं धर्मं च निखिलं, पालयन् भावशुद्धितः ।
योग्यः स्याद्यतिधर्मस्य, मोचनात् पापकर्मणः ॥"७१॥[१]

**મૂલાર્થ**—આ (પૂર્વે પહેલા ભાગમાં કહેલા) સમસ્ત ગૃહસ્થ ધર્મને ભાવશુદ્ધિથી પાલન આત્મા (તેનાં) પાપકર્મો ખપી જવાથી યતિધર્મને યોગ્ય બને છે.

**ટીકાનો ભાવાર્થ**—આ (પૂર્વે કહેલા) સમસ્ત એટલે સમ્યક્ત્વથી આરંભીને યાવત્ શ્રાવકની અગીયાર પડિમાઓ પર્યન્તના ગૃહસ્થના વિશેષ ધર્મનું પાલન કરતો આત્મા યતિધર્મ માટે યોગ્ય બને છે. ધર્મનું પાલન તો અભવ્યની જેમ દ્રવ્યથી પણ થઇ શકે, કિન્તુ તેથી તેવો આત્મા સાધુધર્મ માટે યોગ્ય બનતો નથી તેથી જણાવે છે કે 'ભાવ શુદ્ધિથી' અર્થાત્ ધર્મમાં આવરણભૂત (ચારિત્ર મોહનીયાદિ) કર્મોનો ક્ષયોપશમ થવાથી પ્રગટેલો જે આત્મ પરિણામ રૂપ ભાવ, તેની વિશુદ્ધિ એટલે પ્રકર્ષરૂપ નિર્મળતા, તેના દ્વારા એ ગૃહસ્થ ધર્મનું

૧-મૂળનો ક્રમાંક પહેલાં ભાગના ક્રમાંક ૭૦ પછી ચાલુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલન કરનારો આત્મા (લાયક) બને છે એમ સમજવું. તે કેવો (લાયક) બને તે કહે છે કે યતિધર્મ માટે લાયક બને છે, અહીં 'યતિ' એટલે યોગ્ય આત્મા, જેણે યોગ્ય ગુરૂની પાસે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે દીક્ષા લીધી હોય વિગેરે જેનું સ્વરૂપ કહેવાશે તેનો 'ધર્મ' એટલે મૂળ અને ઉત્તરગુણરૂપ આચારો, તેને માટે યોગ્ય બને છે. અર્થાત્ તેનો સ્વીકાર અને પાલન કરવામાં સમર્થ થાય છે. શાથી એવો યોગ્ય બને છે? ચારિત્રમાં વિઘ્ન કરનાર કર્મની પ્રકૃતિરૂપ ચારિત્ર મોહનીય કર્મથી મુક્ત થવાથી, અર્થાત્ 'ક્ષાયોપશમિક' વિગેરે આત્માના (વિશુદ્ધ) પરિણામ દ્વારા તે કર્મોની ઉદિત અવસ્થા ટળી જવાથી–ઉદય નહિ રહેવાથી તે યોગ્ય બને છે. આથી જ કલ્યાણનું દાન કરનારી અને અશિવ (વિઘ્નો) ને ખપાવનારી દીક્ષાની યોગ્યતા આવા આત્મામાં ઘટે છે. આ વાત પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજીએ ષોડશકમાં નીચે મુજબ કહી છે—

" श्रेयोदानादशिव–क्षपणाच्च सतां मतेह दीक्षेति ।
सा ज्ञानिनो नियोगा–द्यथोदितस्यैव साध्वीति ॥" षोड०१२–गा०२॥

**ભાવાર્થ**—કલ્યાણનું ('દી' એટલે) દાન કરવાથી અને અશિવનો ('ક્ષા' એટલે) ક્ષય કરવાથી, એમ બે કારણથી જૈનશાસનમાં સત્પુરૂષો તેને 'દીક્ષા' કહે છે, તે દીક્ષા યથોક્ત–(ષોડશકમાં કહેલા ત્રણ ગુણવાળા) જ્ઞાનીમાં જ નિયોજન કરવાથી (આપવાથી) શ્રેષ્ઠ બને છે.

એ જ્ઞાનીપણું–૧–ગુરૂચરણની સેવામાં રક્ત, ૨–દૃઢ સમ્યગ્ દર્શનવાળા, અને ૩–શ્રાવકના સમગ્ર આચારોના પરિપાલનથી પ્રગટેલા સંવેગના પરિણામવાળા આત્માઓમાં (તેમનાં તે તે કાર્યોથી) પ્રગટ જ છે—સિદ્ધ જ છે. ॥૭૧॥

હવે ગ્રન્થકાર એ યતિધર્મની યોગ્યતા માટે કેટલાક જરૂરી ગુણોનું સ્વરૂપ નામપૂર્વક તે તે ગુણીદ્વારા છ શ્લોકોથી જણાવે છે કે—

मूलम् " आर्यदेशसमुत्पन्नः,[१] शुद्धजातिकुलान्वितः[२] ।
क्षीणप्रायाऽशुभकर्मा,[३] तत एव विशुद्धधीः[४] ॥७२॥
'दुर्लभं मानुषं जन्म, निमित्तं मरणस्य च ।
सम्पदश्चपला दुःख—हेतवो विषयास्तथा ॥७३॥
संयोगे विप्रयोगश्च, मरणं च प्रतिक्षणम् ।
दारुणश्च विपाकोऽस्य, सर्वचेष्टानिवर्तनात् ' ॥७४॥
इति विज्ञातसंसार—नैर्गुण्यः स्वत एव हि[५] ।
तद्विरक्तस्तत[६]एव, तथा मन्दकषायभाक्[७] ॥७५॥
अल्पहास्यादिविकृतिः,[८] कृतज्ञो[९]विनयान्वितः[१०] ।
सम्मतश्च नृपादीना–[११]मद्रोही[१२]सुन्दराङ्गभृत्[१३]॥७६॥
श्राद्धः[१४] स्थिरश्च[१५] समुपसंपन्नश्चेति[१६] सद्गुणः ।
भवेद्योग्यः प्रव्रज्याया, भव्यसत्त्वोऽत्र शासने ॥७७॥ षड्भिः कुलकम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂલાર્થ**—૧-જે આર્ય દેશમાં જન્મેલો હોય, ૨-વિશુદ્ધ જાતિ-કુલવાળો હોય, ૩-અશુભ કર્મો જેનાં ઘણાં ક્ષીણ થએલાં હોય અને ૪-તેથી જેની બુદ્ધિ નિર્મળ હોય, વળી ૫-'મનુષ્યપણું અતિ દુર્લભ છે, જન્મ મરણનું નિમિત્ત છે, સંપત્તિઓ ચંચળ છે, વિષયો ભયંકર છે, સંયોગોનો વિયોગ અવશ્ય છે, પ્રતિસમય આયુષ્ય ઘટવારૂપ મરણ ચાલુ છે અને અંતિમ મરણ વખતે સર્વ ચેષ્ટાઓ અટકી જવાથી તેનો વિપાક અતિ દારૂણ હોય છે' એ પ્રમાણે સ્વયમેવ જેણે સંસારની અસારતા જાણી (સમજી) લીધી હોય, તેથી જ, ૬-જે સંસારથી વિરાગી થયો હોય, અને ૭-કષાયો જેના મંદ પડેલા હોય, ૮-હાસ્ય વગેરે વિકારો જેના અલ્પમાત્ર હોય, ૯-કૃતજ્ઞ હોય, ૧૦-વિનીત હોય, ૧૧-રાજા-મંત્રી વગેરેને જે માન્ય હોય, ૧૨-અદ્રોહી હોય, ૧૩-સુંદર શરીરવાળો હોય, ૧૪-શ્રદ્ધાળુ હોય, ૧૫-સ્થિરતા ગુણવાળો હોય અને ૧૬-જે સમર્પણ ભાવથી સ્વયં દીક્ષા લેવા આવેલો હોય, એવો સદ્ગુણી ભવ્યાત્મા આ જૈન શાસનમાં દીક્ષા માટે યોગ્ય છે.

**ટીકાનો ભાવાર્થ**—૭૭ મી ગાથામાં કહેલા 'इत्ति' શબ્દથી આ ગુણો જેનામાં છે તેવો સદ્ગુણી ભવ્યાત્મા પ્રવ્રજ્યા માટે એટલે પાપોથી મુક્ત થઈ પ્રકર્ષતયા શુદ્ધ ચારિત્રના યોગોમાં ગતિ કરવા માટે યોગ્ય-લાયક બને છે, એ પ્રમાણે વાક્યનો સંબંધ જોડવો. આ દીક્ષા દ્રવ્યથી (દ્રવ્યદીક્ષા) તો ચરક વિગેરે અન્યમત વાળાઓને પણ હોય છે, તેથી અહીં જણાવવામાં આવ્યું છે કે 'આ શાસનમાં' અર્થાત્ જૈન શાસનમાં ઉપર્યુક્ત ગુણવાળો દીક્ષા માટે લાયક છે. કારણ કે-

" नामाइचउब्भेआ, एसा दव्वम्मि चरगमाईणं ।
भावेण जिणमयंमि उ, आरंभपरिग्गहच्चाओ ॥१॥" पंचवस्तुगा०६॥

**અર્થ**—આ દીક્ષા નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ, એમ ચાર પ્રકારે કહી છે. તેમાં દ્રવ્યદીક્ષા ચરક-પરિવ્રાજક-બૌધ-ભૌતિક વિગેરેમાં હોય છે અને ભાવથી તે શ્રીજિનશાસનમાં હોય છે. આ ભાવદીક્ષા તે આરંભ અને પરિગ્રહનો ત્યાગ સમજવો.

તે ગુણો પૈકી દીક્ષા યોગ્ય આત્મા **૧-આર્ય દેશમાં જન્મેલો જોઈએ,** અહીં આર્ય દેશો એટલે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, વિગેરે ઉત્તમ પુરૂષોની જન્મભૂમિવાળા દેશો, તે મગધદેશ વિગેરે સંખ્યાથી સાડા પચીસ દેશો પ્રવચન સારોદ્ધારમાં આ પ્રમાણે જણાવ્યા છે—

" रायगिह मगह चंपा, अंगा तह तामलित्ति वंगा य ।
कंचणपुरं कलिंगा, वाराणसी चेव कासी अ ॥१॥
साकेअ कोसला गयपुरं च कुरु सोरिअं कुसत्ता य ।
कंपिल्लं पंचाला, अहिछत्ता जंगला चेव ॥२॥
बारावई सुरट्ठा, मिहिल विदेहा य वच्छ कोसंबी ।
नंदिपुरं संडिल्ला, भद्दिलपुरमेव मलया य ॥३॥
वइराड वच्छ वरणा, अच्छा तह मत्तिआवइ दसण्णा ।
सोत्तिअवई अ चेदी, वीअभयं सिंधु सोविरा ॥४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महुरा य सूरसेणो, पावा भङ्गी अ मासपुरि वट्टा ।
सावत्थी अ कुणाला, कोडीवरिसं च लाडा य ॥५॥
सेअंबिया य नगरी, केअइअद्धं च आरिअं भणिअं ।
एत्थुप्पत्ति जिणाणं, चक्कीणं रामकण्हाणं ॥६॥" द्वार २७५॥

**અર્થ**–૧–રાજગૃહનગર–મગધદેશ, ૨–ચંપાનગરી–અંગદેશ–૩–તામલિપ્તીનગરી–વંગદેશ, ૪–કંચનપુરનગર–કલિંગદેશ, ૫–વાણારસીનગરી–કાશીદેશ, ૬–સાકેતપુર–કોશલદેશ, ૭–ગજપુર નગર–કુરૂદેશ, ૮–સૌરિકપુર–કુશાર્તદેશ, ૯–કામ્પિલ્યપુર–પંચાલદેશ, ૧૦–અહિછત્રાનગરી–જંગલોદેશ, ૧૧–દ્વારિકા નગરી–સૌરાષ્ટ્ર દેશ, ૧૨–મિથિલા નગરી–વિદેહદેશ, ૧૩–કૌશામ્બી નગરી વત્સદેશ, ૧૪–નન્દીપુર નગર–સાણ્ડિલ્ય દેશ, ૧૫–ભદ્દિલપુર નગર–મલયદેશ, ૧૬–વચ્છારાજધાની–વૈરાટદેશ, અન્ય આચાર્યો વૈરાટનગર–વચ્છદેશ એમ કહે છે, ૧૭–વરૂણાપુરી–અચ્છદેશ, અહીં પણ અન્ય આચાર્યો અચ્છાપુરી–વરૂણ દેશ કહે છે, ૧૮–મૃત્તિકાવતીનગરી–દશાર્ણદેશ, ૧૯–શુક્તિમતીનગરી–ચેદીદેશ, ૨૦–વીતભયનગર–સિન્ધુસૌવીરદેશ, ૨૧–મથુરા નગરી–સૌરસેન દેશ, ૨૨–પાપાપુરી–ભંગીદેશ, ૨૩–માસપુરનગર–વર્ત્તદેશ, અન્ય આચાર્યોના મતે ચેદી દેશમાં સૌક્તિકાવતી, સિન્ધુદેશમાં વીતભય નગર, સૌવીર દેશમાં મથુરા, સૌરસેન દેશમાં પાપા નગરી, અને ભંગી દેશમાં માસપુરીવટ્ટા નગરી કહેલી છે, તે રૂઢ વ્યવહાર સમજવો પરંતુ બહુશ્રુત પરંપરા પ્રમાણરૂપ સમજવી. ૨૪–શ્રાવસ્તી નગરી–કુણાલદેશ, ૨૫–કોડીવર્ષ નગર લાટદેશ, અને ૨૬–શ્વેતામ્બિકા નગરી–કેકયદેશ અડધો. એમ સાડા પચીસ દેશોરૂપ આર્યક્ષેત્ર કહ્યું છે કે જ્યાં શ્રીતીર્થંકરો, ચક્રવર્તીઓ, બલદેવો અને વાસુદેવોના જન્મ થાય છે. આવશ્યક ચૂર્ણીમાં તો આર્ય–અનાર્ય દેશની વ્યવસ્થા જણાવી છે કે જે કોઈ દેશમાં હકારાદિ નીતિઓ ચાલુ –રૂઢ હોય તે દેશો આર્ય અને બાકીના અનાર્ય સમજવા.

ઉપર્યુક્ત આર્યદેશમાં જેનો જન્મ થયો હોય તે દીક્ષા માટે યોગ્ય[2] ગણાય, કારણ કે મરૂદેશમાં કલ્પવૃક્ષની પ્રાપ્તિની જેમ અનાર્ય દેશોમાં ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ કહી છે.

**૨–શુદ્ધજાતિ અને કુળવાળો** એટલે (ધર્મસંગ્રહ ભાષા૦ ભા૦ ૧–પૃ૦ ૧૩માં જણાવેલા) ધર્મ્યવિવાહવાળા ચારવર્ણ પૈકી કોઇ પણ વર્ણમાં માતૃપક્ષ (મોસાળ) હોય તે જાતિ અને પિતૃપક્ષ (જન્મ) હોય તે કુળ, એમ શુદ્ધ જાતિ અને શુદ્ધ કુળથી યુક્ત હોય, [ઉપા૦ કારણ કે–જાતિ અને કુળથી જે આત્મા વિશુદ્ધ હોય તેને કદાચિદ્ દુષ્કર્મના ઉદયથી ચારિત્ર પ્રત્યે

૨–આર્યદેશના (આર્ય) આચારો પરંપરાએ જીવને જડની પરાધીનતામાંથી મુક્ત કરવા માટે શિક્ષણ રૂપ છે, એ આચારોને સમજીને પાળવાથી ઉત્તરોત્તર જીવ વિષય કષાયોનો વિજેતા બને છે. એનું વિશેષ સ્વરૂપ પહેલા ભાગમાં જણાવેલા માર્ગાનુસારિતાના પાંત્રીસ ગુણો વિચારતાં સમજાય તેમ છે. તીર્થંકરો વિગેરે વિશિષ્ટ પુરૂષોના જન્મથી અને જીવનથી ત્યાંનું વાતાવરણ પણ આત્માને સન્માર્ગ પ્રેરક હોય છે, ત્યાંની ભૂમિના પરમાણુઓ પણ જીવને જીવન શુદ્ધિ માટે અનુકૂળ હોય છે, ઈત્યાદિ જીવન શુદ્ધિ માટે આર્યદેશમાં જન્મની પરમ આવશ્યકતા છે, એ હકિકત જીવ પ્રત્યે જડનું કેવું આક્રમણ ચાલુ છે અને તેમાંથી બચવા માટે આર્યદેશના આચારો વિગેરે કેવા સહાયક છે એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં સહજ સમજાય તેવું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપરીત પરિણામ થાય તો પણ રથનેમિને જેમ રાજીમતીએ કુળના ગૌરવથી બચાવી લીધા હતા તેમ તેનાં જાતિ-કુળની મહત્તા સમજાવીને પુનઃ ચારિત્રમાં સ્થિર કરી શકાય.[૩]

૩-**પ્રાયઃ અશુભ કર્મો ક્ષીણ થયાં હોય**-પ્રાયઃ એટલે મોટા ભાગનાં (ઘણાં) ચારિત્રમાં વિઘ્ન કરનારાં (ચારિત્ર મોહનીયરૂપ) ક્લિષ્ટ કર્મો જેનાં ક્ષય થયાં હોય તેવો.[૪] આ

---

૩-જાતિથી માતા અને કુળથી પિતા જેના ઉત્તમ સદાચારી (સંયમી) હોય તેને ઓજાહાર (શરીરના મૂળ આધાર રૂપ માતા પિતાનાં રૂધિર અને વીર્ય) રૂપ બીજ સુંદર (નિર્વિકારી) મળવાથી તેનું શરીર નિર્વિકારી બની શકે છે, એના પરિણામે ઇન્દ્રિયોના વિષયોની પરાધીનતા અને કષાયોનું જોર તેને ઓછું કરવામાં સહાય મળે છે, એમ શુદ્ધ ઓજાહાર પણ વિષય કષાયોને જીતવાનું કારણ બની શકે છે. દીક્ષાનું પાલન વિષય કષાયોની પરાધીનતામાંથી છૂટવા માટેના અભ્યાસરૂપ છે, તેથી જો શરીર, ઇન્દ્રિયો મન વિગેરે કબજે કરી શકાય તેવાં અલ્પ વિકારી હોય તો તેમાં સફળતા મળે છે. એ ઉપરાંત માતા પિતાના ઉત્તમ ગુણોનો વારસો પણ મળે છે, એથી દાક્ષિણ્યતા, લજ્જા વિગેરે ગુણો તેનામાં સાહજિક-અકૃત્રિમ પ્રગટ થઈ શકે છે, એથી પણ તે જીવનને ઊર્ધ્વગામી બનાવી શકે છે, દુરાચારથી બચાવી શકે છે. હા, ઉત્તમ માતા પિતાથી જન્મેલો પણ કોઈ તીવ્ર અશુભ કર્મોના ઉદયે અધમ જીવન વાળો હોય તો તેનો ઓજાહાર ઉત્તમ છતાં અશુભ કર્મોની તીવ્રતા તેનો પરાભવ કરે છે. અહીં જાતિ-કુળની ઉત્તમતામાં ધર્મ્યવિવાહને હેતુ કહ્યો છે તે વિચારતાં સમજાશે કે આર્યદેશમાં ઉત્તમ કુલોમાં લગ્ન વ્યવસ્થા માટે જ્ઞાતિ અને ગોળ વિગેરેનાં બંધારણો મનુષ્યના અધ્યાત્મનાં કેટકેટલાં રક્ષક અને પોષક છે. આખા શરીરમાં ફેલાએલું ઝેર જેમ મન્ત્રના બળે ડંખમાં લાવી દૂર કરી શકાય છે તેમ એ બંધારણોના બળે જીવ વિશાળ-વ્યાપક અનાદિ વિષય વાસનાને પોતાની જ્ઞાતિ અને ગોળ જેટલી મર્યાદિત બનાવી માતા પિતાદિ ગુરૂજનને સમર્પિત થઈ તેઓ જેની સાથે વિવાહ કરે તે વ્યક્તિમાં જ સંતોષી રહી શકે છે, પરિણામે સંતોષી દંપતી શિયળના બળે સમ્પૂર્ણ બ્રહ્મચર્ય પાળવા પણ સમર્થ થઈ શકે છે, આ બ્રહ્મચર્ય ચારિત્રનું મૂળ છે, એના અભાવે સર્વ વિરતિ જેવો મહાન્ ગુણ તો શું ? સામાન્ય માનવતા પણ પ્રગટી શકતી નથી. લગ્ન અને લગ્ન માટે ઉચ્ચ કુલોની સામાજિક મર્યાદા (નીતિ) એ બે ભાવો ભિન્ન છે, એથી લગ્ન કરવું પડે તો પણ એ મર્યાદાનું પાલન કરવાથી આત્મા પતનથી બચી જાય છે, માટે માર્ગાનુસારીપણાના ત્રીજા ગુણ તરીકે શાસ્ત્રકારોએ એ મર્યાદાનું નિરૂપણ કરેલું છે. એનું પાલન નહિ કરનારા વર્ણાન્તર લગ્નથી વર્ણસંકર પ્રજા પાકે છે અને એવી પ્રજામાંથી હલકા વર્ણોની ઉત્પત્તિ થાય છે, વિગેરે શ્રી આચારાઙ્ગ સૂત્રમાં જણાવેલું છે તે આત્માર્થીએ ખાસ સમજવાની જરૂર છે.

૪-પાંચ કારણો પૈકી કર્મ પણ એક કારણ છે, તેની અનુકૂળતા પ્રતિકૂળતા ઉપર પણ કાર્યની સિદ્ધિ-અસિદ્ધિ અવલંબે છે. કર્મોનું ઘાતી-અઘાતીપણું અને શુભાશુભપણું વિચારતાં શુભ-અશુભ ઉભય પ્રકારનાં અઘાતી કર્મો સદા જ્ઞાની આત્માના હિતમાં વર્તે છે, એમ જ્ઞાનથી સમજાય છે કારણ કે-શુભકર્મો તેને તે તે કાળે પ્રગટેલી યોગ્યતાનુસાર જીવન સામગ્રી આપે છે અને જીવ જ્યારે મોહાદિ ઘાતી કર્મોને વશ બની એ સામગ્રીનો દુરૂપયોગ કરે છે ત્યારે ત્યારે અશુભ અઘાતી તેને વધારે પતનથી બચાવવાનું કાર્ય કરે છે. એમ અઘાતી શુભાશુભ કર્મોની સહાયથી જ્ઞાની-યોગ્ય જીવ ઘાતી કર્મોનો ઘાત કરી શકે છે અને સર્વથા મુક્તિ પણ મેળવે છે. અજ્ઞાની શુભ કે અશુભ અઘાતી કર્મો ભોગવતાં ન આવડવાથી રાગ-દ્વેષ કરી અહિત કરે છે. અઘાતીનો શુભાશુભ બંધ મોહનીયાદિ ઘાતી કર્મોની તીવ્રતા મંદતાને અનુસરે છે, એથી જો મોહનીયાદિ ઘાતી કર્મો મંદ પડ્યાં હોય તો અઘાતી શુભનો સાથ મળતાં તેના ઉદયે મળેલી સામગ્રીનો ઉપયોગ જીવ ઘાતીના ઘાત માટે કરી શકે છે, *દીક્ષાની સફળતા ઘાતી કર્મોની ઉત્તરોત્તર મંદતામાં છે,* એથી અહીં જણાવેલો ગુણ ઘાતી કર્મોના ઘાતની સામગ્રી મેળવવામાં અને તેનો સદુપયોગ કરવામાં સહાયક તરીકે આવશ્યક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ એ કારણે જરૂરી છે કે-આવાં ક્લિષ્ટ કર્મો ક્ષીણ ન થયાં હોય તે આત્માને કોઈ કારણે તે દીક્ષા ગ્રહણ કરે તો પણ 'સહસ્રમલ્લ' વિગેરેની જેમ ઉલટો અનર્થ થવાનો પણ સંભવ રહે.

૪-**નિર્મળ બુદ્ધિવાળો**-ઉપર કહ્યું તેમ પ્રાયઃ ઘણાં અશુભ કર્મો ક્ષીણ થએલાં હોવાથી બુદ્ધિ વિશુદ્ધ (નિર્મળ) થઈ હોય તેવો. 'બુદ્ધિ કર્માનુસારિણી[૫]' એમ કહેલું હોવાથી જેનાં અશુભ કર્મો ક્ષીણ પ્રાયઃ હોય તેની બુદ્ધિ પણ નિર્મળ હોય. વળી—

૫-**સંસારની અસારતા જેને સમજાણી હોય**-તેમાં મનુષ્યપણું મળવું દુર્લભ છે, મરણનું નિમિત્ત જન્મ છે, કારણ કે જન્મે તેનું મરણ અવશ્ય થાય છે, સંપત્તિ ચપળ છે, તથા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શરૂપ વિષયો દુઃખનાં કારણો છે, અર્થાત્ વિષયો સંક્લેશ ઉપજાવનારા છે, સંયોગનો વિયોગ નિયમા થતો હોવાથી સર્વ સંયોગની પાછળ વિયોગ રહેલો જ છે, શાસ્ત્રમાં કહેલા આવીચિ મરણની અપેક્ષાએ પ્રતિ સમયે મૃત્યુ ચાલુ છે, કહ્યું છે કે—

" **यामेव रात्रिं प्रथमामुपैति, गर्भे वसत्यै नरवीर ! लोकः ।**

**ततः प्रभृत्यस्खलितप्रयाणः, स प्रत्यहं मृत्युसमीपमेति ॥१॥" धर्मबिन्दु अ० ४ टीका ॥**

**અર્થ**-" યુધિષ્ઠિરને વ્યાસજી કહે છે કે-હે નરવીર ! જીવ જ્યારે પહેલી રાત્રીએ ગર્ભમાં વસવા માટે આવે છે-અવતરે છે, ત્યારથી પ્રારંભીને તે દરરોજ અસ્ખલિત ગતિએ મૃત્યુની સમીપમાં જાય જ છે. અર્થાત્ પ્રતિદિન આયુષ્ય ખૂટે છે તેટલું મરણ સમીપ આવે જ છે. "

અને એ મરણનો વિપાક પણ દારૂણ છે, અર્થાત્ મરણ એ જીવનો અતિક્રૂર પરાભવ છે, કારણ કે મરણથી સર્વ પ્રકારની ચેષ્ટાઓ બંધ પડે છે. તાત્પર્ય કે હિતની પ્રાપ્તિ અને અહિતના પરિહાર માટે કરાતી સઘળી પ્રવૃત્તિઓ અટકી જાય છે. એમ 'આ મનુષ્યપણું દુર્લભ છે વિગેરેથી માંડીને મરણનો વિપાક દારૂણ છે' ત્યાં સુધી જે ભાવો બતાવ્યા તેને સમજવાથી પોતાની મેળે જ-સ્વભાવથી જ જેને સંસારની અસારતાનો-નિર્ગુણતાનો નિશ્ચય થયો હોય, [**ઉપા૦** કારણ કે જેના ચિત્તમાં સંસારની આવી અસારતા ન સમજાણી હોય તેની વિષયની તૃષ્ણા અટકતી નથી.] અને—

૬-**તેથી સંસાર પ્રત્યે વૈરાગ્યવાળો**—તેથી એટલે સંસારની નિર્ગુણતા સમજવાથી જ સંસારથી થાકેલો—વૈરાગી થએલો.[૬] કારણ કે જે થાક્યો ન હોય તેને મધુબિન્દુના સ્વાદ લેનારની જેમ સંસાર (નાં સુખોનો) ત્યાગ દુઃખરૂપ છે-દુસ્ત્યાજ્ય બને છે. તથા—

---

૫-જેમ વર્તમાનમાં ઉદય પામેલાં કર્મોને અનુસારે બુદ્ધિ હોય છે, તેમ વર્તમાન બુદ્ધિને અનુરૂપ વર્તન અને નવો કર્મબંધ થાય છે. જો બુદ્ધિમાં નિર્મળતા ન હોય તો સદાચારનો પક્ષ ન થાય, સદાચારનું પાલન કરવા છતાં તેનો પક્ષ ન હોય તો તે પાલન આર્તધ્યાનરૂપ પણ બનવાનો સંભવ છે અને એથી ઉલટું અશુભ કર્મોનો બંધ થવાની પણ સંભાવના છે. વિચારતાં સમજાય તેમ છે કે પરીષહ-ઉપસર્ગાદિ સહન કરવામાં કે વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય વિગેરે હિતકારક પ્રવૃત્તિ કરવામાં પ્રસન્નતા અને ઉત્સાહ વધારનારી સદાચારના પક્ષપાતરૂપ નિર્મળ બુદ્ધિ ચારિત્રમાં અતિ આવશ્યક છે.

૬-પ્રાયઃ હૃદયમાં અનાદર પ્રગટ્યા પછી તે કાયમ રહે તો જેના પ્રત્યે અનાદર પ્રગટ્યો હોય તે વસ્તુ સારી હોય તો પણ તેનો વિયોગ થાય છે, એ રીતે જેના ઉપર આદર પ્રગટે તે દુષ્ટ હોય તો પણ છૂટતી નથી. જો દીક્ષા સંસારનાં બંધનોથી છૂટવા માટે છે, તો તે લેતાં પહેલાં સંસારનાં બંધનો પ્રત્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭–**અલ્પકષાયી**—અલ્પ[7]કષાયવાળો, અલ્પકષાયી નિશ્ચે પોતાના અને બીજાના ક્રોધના અનુબંધને—પરંપરાને અટકાવીને યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે.

૮–**અલ્પહાસ્યાદિ વિકારવાન્**—અલ્પ[8] એટલે પાતળો થઈ ગયો છે હાસ્ય–રતિ–અરતિ ભય–શોક–દુર્ગંછા તથા વેદનો વિકાર જેને એવો. કારણ કે–એવું બહુ હાસ્ય વિગેરે અનર્થદંડ રૂપ છે, અને ગૃહસ્થોને પણ તેનો નિષેધ છે. તથા—

૯–**કૃતજ્ઞઃ**—બીજાના[9] કરેલા ઉપકારને જાણે–સમજે તેવો [ઉપા૦ કારણ કે જે ઉપકારીના ઉપકારને સમજતો નથી, તે સામાન્ય લોકોમાં પણ અતિ અધમ ગણાય છે.] તથા—

૧૦–**વિનયવાન્**—વિનીત,[10] ધર્મનું મૂળ વિનય હોવાથી દીક્ષાર્થી વિનીત હોવો જોઇએ.

૧૧–**રાજાદિને સંમત**—રાજા–મંત્રી વિગેરેને જે સંમત[11] હોય, અર્થાત્ જેની દીક્ષામાં

---

અનાદર પ્રગટવો જરૂરી છે. આવો અનાદર પદાર્થની અસારતા–દુષ્ટતા સમજાયા વિના શક્ય નથી અને અનાદર વિના દીક્ષાના આદર કે તેના પાલનમાં પ્રીતિ પ્રગટતી નથી. કર્મોની મંદતા અને બુદ્ધિની નિર્મળતાનું સાચું ફળ સંસારની અસારતાનું જ્ઞાન થવું તે છે, માટે દીક્ષાર્થીમાં તે ગુણ જરૂરી છે:

૭–કષાયો કર્મબન્ધમાં મુખ્ય ભાગ ભજવે છે, દીર્ઘકાળ પર્યન્ત ચારિત્રનાં કષ્ટો વેઠીને કરેલી કર્મનિર્જરાને કષાયની વિવશતા ક્ષણમાં નાશ કરે છે. ચારિત્રનો પ્રાણભૂત સમતા છે અને તે કષાયોનો ઉદય મંદ પડ્યા વિના પ્રગટ થતી નથી. માટે જ ચારિત્રવંતને વારંવાર ક્ષમાપના કરવાનું કહેલું છે, ઉભય ટંક પ્રતિક્રમણ કષાયોના ત્યાગ માટે છે એમ પ્રત્યેક અનુષ્ઠાનમાં પ્રાણભૂત એવો ક્ષમાદિધર્મ કષાયોની મંદતા વિના પ્રગટી શકતો જ નથી:

૮–વસ્તુતઃ હાસ્યાદિ નોકષાયો સંસારની સાચી ઓળખના અભાવે જ જીવે છે. સમ્યગ્ જ્ઞાનથી જોતાં આ જગતમાં હસવા–રડવા જેવું કોઈ કારણ દેખાતું નથી, જે કંઈ હાસ્યાદિનાં નિમિત્તો છે તે ભૂતકાલીન સ્વજીવનપ્રતિબિંબો (પ્રતીકો) છે, જે કંઈ છે, હતું, કે થશે તે વ્યવહાર નયથી પ્રત્યેક જીવના જીવનના પર્યાયોના પ્રત્યક્ષ ચિત્રો છે. અર્થાત્ દરેક ભાવોને સ્પર્શનારો જીવ જે જુએ છે તે પોતાનું જ પૂર્વકૃત–ઐતિહ્ય છે, પછી હાસ્ય–શોક વિગેરે કોના નિમિત્તે? એમ સંસારના પ્રત્યેક બનાવોના સંબંધોનું જ્ઞાન થયા પછી હાસ્યાદિ દૂષણો નષ્ટપ્રાયઃ થઈ જાય છે. આટલું ગાંભીર્ય ન હોય તો હાસ્યાદિને વશ બનેલો દીક્ષિત પણ કષાયોનો પોષક બની જવા સંભવ છે.

૯–કૃતજ્ઞતા વિના દેવ–ગુર્વાદિ પૂજ્ય વર્ગ પ્રત્યે સન્માન પ્રગટતું નથી અને સન્માન પ્રગટ્યા વિના એની આજ્ઞાનું પાલન કરવાનું વીર્ય પણ પ્રગટતું નથી. 'आणाए धम्मो' અર્થાત્ 'ધર્મ આજ્ઞાના પાલનમાં છે' એ સત્યને સફળ બનાવવા માટે આજ્ઞાપાલનનું બળ કેળવવું જોઈએ, એ માટે 'કૃતજ્ઞતા' ગુણ અનન્ય ઉપાય છે.

૧૦–'**ज्ञानक्रियाभ्यां मोक्षः।**' અર્થાત્ મોક્ષ માટે જ્ઞાન અને ક્રિયા બન્ને પરસ્પર સાપેક્ષ છે, જ્ઞાન વિનાની ક્રિયા મોક્ષ કરી શકતી નથી અને જ્ઞાન વિનય વિના પ્રગટ થતું નથી, એમ ધર્મનું મૂળ વિનય છે અને સંયમનો શણગાર પણ તે જ છે. ઉગ્ર તપશ્ચર્યાદિ ગુણવાળો પણ અવિનીત શાસનની અપભ્રાજના કરે છે અને અષ્ટપ્રવચન માતાનું માત્ર જ્ઞાન ધરાવનારો વિનીત શાસનની પ્રભાવના કરી શકે છે.

૧૧–રાજવિરોધી ધર્મનાં અને સંઘનાં કાર્યો સાધી શકતો નથી, કારણ કે ધર્મસામગ્રીની વ્યવસ્થા અને રક્ષા વિગેરે માટે રાજ્યની સહાયની જરૂર રહે છે. પરદર્શનીઓના આક્રમણથી જૈન શાસનનું રક્ષણ કરવા માટે પણ રાજ્યબળની જરૂર પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાદિનો વિરોધ ન હોય. કારણ કે-રાજા વિગેરેનો જે વિરોધી હોય તેને દીક્ષા આપવાથી ઉલટો અનર્થ થવાનો સંભવ છે, તથા—

૧૨-**અદ્રોહી**—કોઇને પણ ઠગનારો ન હોય.[૧૨] વળી—

૧૩-**સુંદર શરીરવાળો**—સુંદર[૧૩] એટલે કોઈ અવયવ-ઇન્દ્રિયો વિગેરેની ખોટ ન હોય તેવા અવ્યંગ-પાંચે ઇન્દ્રિયોથી પૂર્ણ શરીરવાળો. કારણ કે વિનષ્ટ અવયવવાળો દીક્ષા માટે અયોગ્ય છે. કહ્યું છે કે—

**" हत्थे पाए कन्ने, नासा उट्ठे विवज्जिआ चेव ।**
**वामणगवडभखुज्जा, पङ्गुल टुंटा य काणा य ॥१॥" प्र०सारो० ७९५॥**

**અર્થ**—જેઓ હાથ-પગ-કાન-નાક-અથવા હોઠ વિનાના હોય, એટલે કે જેને તે કપાચેલાં કે બીજી રીતે નાશ પામ્યાં હોય, તથા ટુંકા કે માપ વિનાના હાથ-પગ વિગેરે અવયવોવાળો જે વામણો હોય, આગળ કે પાછળ છાતી કે પીઠ નીકળવાથી જે વડભ (ખુંધો) હોય, એક પડખે હીન-કુબડો હોય, પગે ચાલવાની શક્તિ વગરનો પાંગળો હોય, હાથથી કામ ન કરી શકે તેવો-ટુંટો હોય, કે એક આંખવાળો-કાણો હોય. (તે દરેક દીક્ષા માટે અયોગ્ય જાણવા) વળી—

૧૪-**શ્રદ્ધાળુ**—શ્રદ્ધાવાળો,[૧૪] કારણ કે-શ્રદ્ધા વગરના આત્માએ દીક્ષા લીધી હોય તો પણ અંગારમર્દકાચાર્યની જેમ તેને તજી દેવો જોઇએ—તથા—

૧૫-**સ્થિર**—સ્થૈર્ય ગુણવાળો,[૧૫] અર્થાત્ સ્વીકારેલા કાર્યને વચ્ચે અધુરૂં નહિ છોડનારો. [**ઉપા૦** કારણ કે-અસ્થિર ચિત્તવાળો પોતે સ્વીકારેલા પણ તપ-અભિગ્રહ વિગેરે કાર્યોને પૂર્ણ કરી શકતો નથી.] તથા—

---

૧૨-દ્રોહી અવિશ્વાસ્ય બને છે અને મલિન પરિણામને કારણે આરાધન કરવાને બદલે વિરાધક ભાવને પોષે છે, શાસનનો અપભ્રાજક બને છે.

૧૩-'**शरीरमाद्यं खलु धर्मसाधनम् ।**' અર્થાત્ ધર્મની સાધનામાં શરીરનો નંબર પહેલો છે. પરીષહ ઉપસર્ગાદિ સહન કરવામાં કે વિનય, વૈયાવચ્ચ, વિહારાદિ કષ્ટો ઉઠાવવમાં નિર્બળ શરીર બાધક બને છે. ધૈર્ય માટે પણ શરીર સ્વાસ્થ્ય અપેક્ષિત છે. માટે અહીં રૂપથી સુંદર નહિ પણ આરોગ્ય અને સ્વાસ્થ્ય વાળું પાંચે ય નિર્વિકારી ઇન્દ્રિયોથી પરિપૂર્ણ શરીર દીક્ષા પાલનમાં આવશ્યક છે. આકૃતિ પણ પ્રભાવક હોય તો બીજાઓ પ્રભાવથી પ્રભાવિત થઈ આજ્ઞા ઉલ્લંઘી ન શકે. માટે તે પણ સુંદર હોવી જરૂરી છે.

૧૪-જિનવચન પ્રત્યે શ્રદ્ધા ન હોય તેને ગુણ-દોષોનો કે લાભ-હાનિનો વિવેક તાત્ત્વિકરૂપમાં થતો નથી, ઉલટું જિનાજ્ઞામાં શંકા કુશંકાઓ કે કુતર્ક-વિતર્કો કરી કર્મથી હળવો થવાને બદલે ભારે થાય છે. એકડા વિનાના મીંડાની જેમ શ્રદ્ધા વિનાનાં જ્ઞાન-ક્રિયા નિષ્ફળ છે.

૧૫-ચંચળ ચિત્તને પરિણામે આરાધના માટે કરાતી કે કરાએલી પ્રવૃત્તિ પ્રત્યે સન્માનને બદલે અસન્માન થઈ જતાં તે તે પ્રવૃત્તિના ફળનો અનુબંધ થતો નથી. અર્થાત્ તે તે પ્રવૃત્તિના ફળ રૂપે પુનઃ તેવી પ્રવૃતિ વધતી નથી. ઉલટું અનાદર થવાથી વિપરીત બંધ થતાં સત્યપ્રવૃતિ પ્રત્યે અસદ્ભાવ જન્મે છે અને પરંપરાએ આત્મા સત્યનો દ્વેષી પણ બને છે. માટે ચિત્તની સ્થિરતા આવશ્યક છે, એના બળે ઉત્તરોત્તર અનુબંધથી આરાધના વધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬–**સમર્પિત ભાવથી આવેલો**—સારી રીતે અર્થાત્ સર્વ રીતે આત્મસમર્પણ ભાવથી 'ઉપસંપન્ન'=દીક્ષા લેવા[૧૬] આવેલો. આ ગુણની આવશ્યકતા એ છે કે ઉપર કહેલા સઘળા ગુણવાળો હોવા છતાં ગુરૂને જે સમર્પિત ન હોય તેને દીક્ષા સિદ્ધ–સફળ થતી નથી.

એ પ્રમાણે અહીં દીક્ષાની યોગ્યતારૂપ ગુણો કહ્યા. તે દ્વારા પરમાર્થથી તેના પ્રતિપક્ષી દીક્ષાની અયોગ્યતારૂપ દોષો પણ કહ્યા, એમ સમજવું. તે સંખ્યાથી અડતાલીસ છે. કહ્યું છે કે—

"बाले वुड्ढे नपुंसे अ, कीबे जड्डे अ वाहिए ।
तेणे रायावगारी अ, उम्मत्ते अ अदंसणे ।।प्र० सारो० ७९०।।
दासे दुट्ठे अ मूढे अ, ऋणत्ते जुंगिए इअ ।
ओबद्धए अ भयए, सेहनिप्फेडिआ इअ ।।प्र० सारो० ७९१।।
इअ अट्ठारस भेआ, पुरिसस्स तहित्थिआए ते चेव ।
गुव्विणी सबालवच्छा, दुन्नि इमे हुंति अन्ने वि ।।७९२।।" प्रव० सारो०।।

**વ્યાખ્યા–૧—બાલ**–અહીં (દીક્ષા વિષયમાં) જન્મથી આઠ વર્ષની ઉમ્મર થાય ત્યાં સુધી બાલ કહેવાય છે, તે દીક્ષાને અંગીકાર કરી શકતો નથી. કારણ કે—આઠ વર્ષથી ઓછી ઉમ્મરમાં સઘળા ય જીવોને તથાવિધ જીવસ્વભાવે જ દેશવિરતિની કે સર્વવિરતિની પ્રાપ્તિનો–તેના (પરિણામનો) અભાવ હોય છે. કહ્યું છે કે—

"एएसि वयपमाणं, अट्ठसमाउत्ति वीअरागेहिं ।
भणियं जहन्नयं खलु, उक्कोसं अणवगल्लो त्ति ।।" पंचवस्तु० गा० ५०।।

**અર્થ**–શ્રીજિનેશ્વરોએ દીક્ષાને યોગ્ય દ્રવ્યલિંગ (સાધુવેશ) ધારણ કરવા માટે ઓછામાં ઓછું મનુષ્યની વયનું પ્રમાણ આઠ વર્ષનું અને ઉત્કૃષ્ટથી અતિવૃદ્ધ ન થાય ત્યાં સુધીનું કહ્યું છે.

અન્ય આચાર્યો તો ગર્ભથી આઠમા વર્ષવાળાને પણ દીક્ષા માન્ય કરે છે. કારણ શ્રીનિશીથ ચૂર્ણિમાં કહ્યું છે કે–"आदेसेण वा गब्भट्ठमस्स दिक्खत्ति" અર્થાત્ 'વિકલ્પે ગર્ભથી આઠમા વર્ષવાળાને પણ દીક્ષા હોય છે'

અહીં પ્રશ્ન થાય કે–ભગવાન્ શ્રીવજ્રસ્વામિની દીક્ષા સાથે તો આ વાત ઘટતી નથી ? કારણ કે "छमासिअं छसु जयं, माऊए समन्निअं वंदे" અર્થાત્ 'છ મહિનાની ઉમ્મરે છ કાયની જયણામાં યતનાવાળા એવા શ્રીવજ્રસ્વામિને તથા તેઓની માતાને પણ હું વન્દન કરૂં છું' એમ કહેલું છે તેથી તેઓ છ મહિનાની ઉમ્મરમાં દીક્ષિત થયા હતા એવું સૂત્રનું પ્રમાણ છે, તેનું

૧૬–જે પોતાના જીવનની કે આરાધનાની સઘળી જવાબદારી ગુર્વાદિકને સોંપે નહિ તે ગુરૂઆજ્ઞાનું પાલન કરી શકે નહિ, કિન્તુ પોતાની બુદ્ધિમાં જેટલું ગ્રાહ્ય લાગે તેટલું સ્વીકારી બીજું ફેંકી દે. વાત એમ પણ છે કે જે સોંપાય નહિ તેનો સ્વીકાર પણ ગુરૂ શી રીતે કરી શકે ? કોઈ પણ કાર્યમાં બે વિરૂદ્ધ વિચારધારાઓથી અથડામણ થાય, એથી શિષ્ય સમર્પિત ન હોય તો ગુરૂની અને શિષ્યની વચ્ચે પરસ્પર અથડામણ ઉભી થવા સંભવ રહે કે અયોગ્ય સમજી શિષ્યની ઉપેક્ષા કરવાનો પ્રસંગ આવે. સર્વ ન્હાના મોટા કાર્યોમાં ગુરૂની બુદ્ધિને આગળ રાખીને એને આધીન વર્તે, દોરે તેમ દોરાય, તે દીક્ષાનું પાલન કરી શકે, માટે દીક્ષિતે સર્વ વિષયમાં ગુરૂને સમર્પિત રહેવું જોઇએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શું ? તેનું સમાધાન એ છે કે તેવો પ્રસંગ કોઈક વાર જ બનતો હોવાથી ઉપર જણાવેલી ઉમ્મરમાં કંઈ દોષ નથી. પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે—

" तदहो परिभवखित्तं, चरणभावो वि पायमेएसिं ।
आहच्चभावकहगं, सुत्तं पुण होइ णायव्वं ॥" पंचवस्तु० गा० ५१॥

**અર્થ**—આઠ વર્ષથી નીચેનો દીક્ષા લેનાર પરાભવનું ભાજન બને, બાલક હોવાથી જેના તેનાથી પરાભવ પામે, વળી એથી ન્યૂન ઉમ્મરવાળા બાળકને પ્રાયઃ ચારિત્રના પરિણામ પણ ન થાય. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે 'એમ કહેવાથી તો સૂત્ર સાથે વિરોધ આવે છે, કારણ કે-છ મહિનાની ઉમ્મરવાળા શ્રીવજ્રસ્વામી છકાયમાં યતનાવાળા હતા એમ સૂત્રમાં સંભળાય છે, તો ચારિત્રના પરિણામ વિના તેઓ ભાવથી છકાયમાં યતનાવાળા કેમ થઈ શકે ? તેનો ઉત્તર આપે છે કે-શ્રીવજ્રસ્વામિને અંગેનું સૂત્રવચન કાદાચિત્ક ભાવનું સૂચક છે એમ સમજવું. અહીં 'અમે પણ પ્રાયઃ' શબ્દથી તે વિરોધ ટાળ્યો છે, તેથી વિરોધ રહેતો નથી.

એમ એક તો આઠ વર્ષથી નીચે પરાભવ થવાનો સંભવ હોવાથી અને બીજું તેને ચારિત્રના પરિણામનો (પ્રાયઃ) અભાવ હોવાથી તેવાને દીક્ષા આપવી નહિ,

બીજી વાત આ પણ છે કે-એથી ન્હાનાને દીક્ષા આપવામાં તેનાથી સંયમની વિરાધના વિગેરે દોષો થાય. જેમ કે-અજ્ઞાનથી તે જ્યાં જ્યાં ફરે ત્યાં ત્યાં તપાવેલા લોખણ્ડના ગોળાની જેમ છકાય જીવોનો વધ કરનારો થાય, વળી 'સાધુઓમાં તો દયા પણ નથી કે જેઓ આવાં ન્હાનાં બાલકોને પણ બલાત્કારે દીક્ષારૂપી જેલમાં પુરીને તેઓની સ્વતન્ત્રતાને લુંટી લે છે.' એમ લોકનિન્દા પણ થાય અને માતાને કરવા યોગ્ય એવી તેની સંભાળ (ધોવું-જોવું, વિગેરે) સાધુને કરવી પડે, તે કરવાથી સાધુને સ્વાધ્યાયમાં પણ વિઘ્ન થાય, ઈત્યાદિ કારણોથી એથી ઓછી ઉમ્મરવાળો દીક્ષા માટે અયોગ્ય સમજવો.

૨-**વૃદ્ધ**—સીત્તેર વર્ષથી વધુઉમ્મરવાળો દીક્ષા માટે વૃદ્ધ કહેવાય. બીજાઓ તો કહે છે કે સીત્તેર વર્ષથી પહેલાં પણ ઇન્દ્રિયોની હાનિ (નબળાઇ) થવાથી સાઠ વર્ષની ઉપરનો પણ વૃદ્ધ કહેવાય. (બાળકની જેમ) તેવા વૃદ્ધને પણ વિનય શીખવાડવો-સમજાવવો વિગેરે દુઃશક્ય છે, કારણ કહ્યું છે કે—

" उच्चासणं समीहइ, विणयं ण करेइ गव्वमुव्वहइ ।
वुड्ढो न दिक्खिअव्वो, जइ जाओ वासुदेवेणं ॥१॥" धर्मबिन्दुवृत्ति ॥

**અર્થ**—વૃદ્ધ સાધુ ઉંચા આસનની ઇચ્છા કરે, વિનય કરે નહિ, ગર્વ કરે, માટે વાસુદેવનો પુત્ર હોય તો પણ વૃદ્ધને દીક્ષા ન આપવી.

વૃદ્ધનું ઉપર્યુક્ત વયનું પ્રમાણ સો વર્ષના આયુષ્યની અપેક્ષાએ સમજવું. વસ્તુતઃ તો જે કાળે ઉત્કૃષ્ટ આયુષ્ય જેટલું હોય તેના દશ ભાગ કરવા, તેમાં જે આઠમા-નવમા-દશમા દશાંશમાં પહોંચ્યો હોય તેનું વૃદ્ધપણું સમજવું. તથા—

૩-**નપુંસક**—સ્ત્રી અને પુરૂષ ઉભયને ભોગવવાની અભિલાષાવાળો પુરૂષાકૃતિ મનુષ્ય નપુંસક જાણવો. તે પણ ઘણા દોષોનું કારણ હોવાથી દીક્ષા માટે અયોગ્ય કહ્યો છે. (બીજે કહેલો 'बाले वुड्ढे अ थेरे अ' પાઠ નિશીથસૂત્ર વિગેરેમાં ન જોવાથી અમે તેની અહીં ઉપેક્ષા કરી છે)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪–**ક્લીબ**—સ્ત્રીઓએ ભોગ માટે નિમન્ત્રણ કરવાથી, અથવા વસ્ત્રવિનાની સ્ત્રીનાં અઙ્ગોપાંગ જોવાથી, કે સ્ત્રીઓના કોમળ શબ્દો વિગેરે સાંભળવાથી પ્રગટ થએલી ભોગની ઇચ્છાને રોકવા–સહન કરવા જે શક્તિમાન ન હોય, તેવો પુરૂષાકૃતિ મનુષ્ય 'ક્લીબ' કહેવાય, તે પુરૂષવેદની પ્રબળતાને કારણે (તીવ્ર વેદોદયથી) પોતાને પ્રગટેલી ભોગની ઇચ્છાના જોરે કદાચ બલાત્કારે પણ કોઇ સ્ત્રીને આલિંગનાદિ કરે, એવી સંભાવના છે. એમ શાસનનો અપભ્રાજક થાય, માટે દીક્ષામાં અયોગ્ય જ જાણવો.

૫–**જડ્ડ**—જડના ત્રણ પ્રકારો–એક ભાષાથી જડ, બીજો શરીરથી જડ અને ત્રીજો ક્રિયાજડ. એમાં ભાષાજડના પણ ત્રણ પ્રકાર–૧–જડમૂક, ૨–મન્મનમૂક અને ૩–એલકમૂક. જે પાણીમાં ડુબેલાની જેમ બુડબુડ અવાજ કરતો બોલે તે જળ(ડ)મૂક, જીભ્હા ખેંચાતી હોય તેમ બોલતાં જેનું વચન વચ્ચે ખચકાય (તુટે) તે 'મન્મનમૂક' અને જે મુંગાપણાને લીધે બોકડાની જેમ અવ્યક્ત ઉચ્ચાર માત્ર જ કરે તે 'એલકમૂક' જાણવો. બીજો શરીરથી જડ સ્થૂળશરીરવાળો હોવાથી વિહાર કરવામાં, ભિક્ષા માટે ફરવામાં, તથા વન્દન વિગેરે કરવામાં અશક્ત હોય અને સમિતિ–ગુપ્તિનું પાલન કે પડિલેહણ વિગેરે ક્રિયાઓને વારંવાર સમજાવવા છતાં અતિશય જડતાને લીધે સમજી શકે નહિ. ત્રીજો કરણ એટલે 'ક્રિયામાં જડ' સમજવો. તેમાં ઉપર જણાવ્યા તે ત્રણે પ્રકારના ભાષાજડ જ્ઞાનગ્રહણ કરવામાં અસમર્થ હોવાથી, અને શરીરજડ પણ માર્ગે ચાલવામાં (વિહારાદિમાં) કે આહાર–પાણી લાવવા વિગેરેમાં અશક્ત હોવા ઉપરાંત શરીરે અતિસ્થૂળ હોવાથી પસીનાને લીધે તેના બગલ વિગેરે ભાગમાં કહોવાટ થતાં તે અવયવોને પાણીથી ધોવામાં કીડીઓ વિગેરે જીવોની વિરાધનારૂપ અસંયમ થાય, વળી 'ઘણું ખાઈ શરીર વધાર્યું છે' એમ કહી લોકો પણ અતિ નિન્દા કરે, તથા તે ઉંચા શ્વાસવાળો હોય–તેને શ્વાસ ચઢે, માટે દીક્ષા ન આપવી. (ત્રીજો ક્રિયાજડ તો ક્રિયાને સમજી શકે નહિ માટે સ્પષ્ટ અયોગ્ય છે જ.)

૬–**વ્યાધિત**—મોટા રોગથી પીડાતો રોગી. તે પણ દીક્ષા માટે અયોગ્ય છે, કારણ કે તેની ચિકિત્સા કરવા–કરાવવામાં છકાયજીવોની વિરાધના અને સ્વાધ્યાયમાં હાનિ–અન્તરાય વિગેરે થાય.

૭–**ચોર**—ચોરીના વ્યસનવાળો. તે પણ ગચ્છને અનેક પ્રકારના અનર્થોનું કારણ બને, તેથી દીક્ષા માટે અયોગ્ય જ છે.

૮–**રાજાપકારી**—રાજ્યનું ધન, પરિવાર વિગેરેનો દ્રોહ કરનાર. એવાને દીક્ષા આપવાથી રોષાયમાન થયેલો રાજા 'સાધુઓને મારવા, દેશપાર કરવા,' વિગેરે ઉપદ્રવો કરે એવો સંભવ હોવાથી તેની અયોગ્યતા પણ સ્પષ્ટ છે જ.

૯–**ઉન્મત્ત**—યક્ષ, વ્યન્તર આદિ દુષ્ટ દેવોથી કે અતિ પ્રબળ મોહના ઉદયથી પરવશ થયો હોય તે ઉન્મત્ત કહેવાય, તેને નડતા યક્ષ વિગેરે તરફથી ઉપદ્રવ થવાનો સંભવ હોવાથી, તથા સ્વાધ્યાય ધ્યાન વિગેરે સંયમ યોગોની હાનિ થવાનો પ્રસંગ આવવાથી તે પણ દીક્ષા માટે અયોગ્ય સમજવો.

૧૦–**દૃષ્ટિ વિનાનો**—અહીં બાહ્યદૃષ્ટિ (નેત્રો) જેને ન હોય તેવો (દ્રવ્ય) અન્ધ તથા અન્તરદૃષ્ટિ એટલે સમ્યક્ત્વ જેને ન હોય તેવો સત્યાનર્દ્ધિ[૧૭]નિદ્રાવાળો પણ (ભાવથી) અન્ધ. એમ નેત્રથી

૧૭–સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળો દિવસે ચિંતવેલાં શત્રુને મારવા જેવાં આકરાં કાર્યોને પણ રાત્રે ઉંઘતો જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ધ અને સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળો મિથ્યાદૃષ્ટિ, એ બન્નેને દીક્ષા આપવાથી પણ અનર્થ જ થાય. માટે તે અયોગ્ય છે.

૧૧-**દાસ**—કોઇના ઘરની દાસીનો પુત્ર અથવા દુષ્કાળ વિગેરેમાં ધન વિગેરેથી ખરીદ કરેલો હોય તેવો દાસ, તેને દીક્ષા આપવાથી તેનો માલિક ઉપદ્રવ કરે, એ પણ સ્પષ્ટ જ છે.

૧૨-**દુષ્ટ**—દુષ્ટના બે પ્રકારો, ૧-કષાયદુષ્ટ અને ૨-વિષય દુષ્ટ, તેમાં પહેલો ઉત્કટ-કોપવાળો, બીજો પરસ્ત્રી વિગેરેમાં અતીવ આસક્ત, એમ અતિ સંક્લિષ્ટ અધ્યવસાયને કારણે બન્નેય પ્રકારનો દુષ્ટ દીક્ષા માટે અયોગ્ય જાણવો.

૧૩-**મૂઢ**—સ્નેહરાગ કે અજ્ઞાનાદિને વશ પરતન્ત્રપણાથી યથાર્થ સ્વરૂપે વસ્તુને જાણવા સમજવામાં શૂન્ય મનવાળો તે 'મૂઢ' જાણવો. તેવો પણ જ્ઞાન અને વિવેકમૂલક ભાગવતીદીક્ષામાં અધિકારી નથી, અર્થાત્ દીક્ષામાં મૂળ યોગ્યતા રૂપે જ્ઞાન અને વિવેક છે, તેના અભાવે તે અનધિકારી છે.

૧૪-**દેવાદાર**—જેને માથે બીજાનું દેવું હોય, તેને પણ દીક્ષા આપવાથી લેણદાર તરફથી પરાભવ થાય તે સ્પષ્ટ જ છે.

૧૫-**જુંગિત**—જાતિથી, કર્મથી, અને શરીર વિગેરેથી દૂષિત હોય તો 'જુંગિત' કહેવાય તેમાં ચણ્ડાળ, કોલિક, ગરૂડ (બરૂડ), સૂચક, છિમ્પા વિગેરે જેઓ અસ્પૃશ્ય મનાય છે, તેઓ જાતિજુંગિત, સ્પૃશ્ય છતાં કસાઇનો, શિકારનો, વિગેરે નિન્દિત ધંધો કરનારા તે 'કર્મજુંગિત' અને પાંગળા, કુબડા, વામણા, કાન વિનાના-બ્હેરા, વિગેરે 'શરીર જુંગિત' સમજવા. દીક્ષાને માટે તે ત્રણેય પણ અયોગ્ય છે, કારણ કે-તેવાઓને દીક્ષા આપવાથી લોકમાં શાસનની-સાધુતાની હલકાઇ થાય. તથા—

૧૬-**પરાધીન**—જે ધન લઇને કે વિદ્યા વિગેરે ગ્રહણ કરવાના નિમિત્તે અમુક કાળ સુધી બીજાનો બંધાયેલો હોય તેવો પરાધીન-અવબદ્ધ જાણવો. એવાને દીક્ષા આપવાથી કલહ વિગેરે થવાનો સંભવ હોવાથી તે પણ અયોગ્ય સમજવો. તથા—

૧૭-**ચાકર**—અમુક 'રૂપીયા' વિગેરે પગાર લઇને ધનિકને ઘેર નોકરી કરવા માટે રહેલો. તેને દીક્ષા આપવાથી પણ તે તે ધનિકાદિને અપ્રીતિ થાય એથી અયોગ્ય જ સમજવો તથા—

૧૮-**શૈક્ષનિષ્ફેટિકા**—'શૈક્ષ' એટલે જેને દીક્ષા આપવાની ઇચ્છા હોય તેની 'નિષ્ફેટિકા' એટલે અપહરણ કરવું તેને શૈક્ષનિષ્ફેટિકા કહી છે. એથી જેને માતા-પિતાદિએ રજા ન આપી હોય તેનું પણ અપહરણ કરીને દીક્ષા આપવી તે પણ 'શૈક્ષનિષ્ફેટિકા' થાય, માટે અપહરણ કરાયેલો પણ અયોગ્ય સમજવો, કારણ કે-અપહરણથી તેના સ્વજનાદિને કર્મબન્ધ થવાનો સંભવ રહે અને દીક્ષા આપનારને અદત્તાદાન (ચોરી) વિગેરે દોષનો પ્રસંગ બને.

આ અઢાર દોષો પુરુષને અંગે સમજવા. સ્ત્રીઓને અંગે પણ એ જ અઢાર દોષો છે. કહેવાનો ભાવ એ છે કે વ્રત માટે અયોગ્ય 'બાળ' વિગેરે જે અઢાર દોષો પુરુષને અંગે કહ્યા તે સ્ત્રીઓને અંગે પણ સમજી લેવા, ઉપરાંત-બીજા પણ બે દોષો સ્ત્રીને અંગે વધારે

કરી નાખે. તે નિદ્રા વખતે વજ્રઋષભનારાચ સંઘયણવાળાને વાસુદેવના બળથી અડધું અને સેવાર્ત્ત સંઘયણવાળાને બે-ત્રણગુણું બળ થાય છે, તે નિયમા મિથ્યાદૃષ્ટિ હોવાથી અયોગ્ય સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, એક ગર્ભવતી, અર્થાત્ સગર્ભા અને બીજી 'સબાલવત્સા' એટલે ધાવતા બાળક વાળી, જેને બાળક ધાવણું હોય. એમ સર્વ મળીને દીક્ષા માટે અયોગ્ય સ્ત્રીઓના વીસ ભેદો છે. તેના દોષો પણ (પુરૂષને અંગે) જણાવ્યા તેમ સ્ત્રીને અંગે પણ સમજી લેવા.

દીક્ષા માટે અયોગ્ય નપુંસકોના દશ પ્રકારો છે, જેવા કે—

पंडए वाइए कीवे, कुंमी ईसालु य त्ति अ।
सउणी तक्कम्मसेवी अ, पक्खिआपक्खिए इअ ॥७९३॥
सोगंधिए अ आसत्ते, दस एए नपुंसका।
संकिलिट्ठि(ट्ठ)त्ति साहूणं, पव्वावेउं अकप्पिआ ॥७९४॥ प्रव०सारो०॥

**અર્થ**—આ ગાથામાં જણાવેલા પંડકાદિ દશેય પ્રકારના નપુસકો સંક્લિષ્ટચિત્તવાળા હોવાથી સાધુઓએ તેમને દીક્ષા આપવી યોગ્ય નથી, તેઓ નગરદાહની જેમ ભોગ માટે અતિતીવ્ર અધ્યવસાયવાળા હોવાથી સ્ત્રી અને પુરૂષ બન્નેને ભોગવવાની ઈચ્છાને આશ્રિને દરેકનું સંકિલષ્ટપણું (દુષ્ટપણું) એક સરખું સમજવું. આ નપુસકો નિશ્ચે સ્ત્રી–પુરુષ ઉભયને ભોગવવાની ઇચ્છાવાળા હોય છે. તેમાં—

૧–**પણ્ડક**—તેનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે—

" महिलासहावो सरवण्णभेओ, मिण्ढं महन्तं मउआ य वाणी।
ससद्दयं मुत्तमफेणयं च, एआणि छप्पंडगलक्खणाणि ॥१॥" धर्मबिन्दु अ० ५ टीका०

**અર્થ**-પુરૂષના આકારવાળો છતાં સ્વભાવ સ્ત્રીના જેવો હોય, એ સ્વભાવને જણાવે છે કે–એની ચાલ–ગતિ ત્રાસયુક્ત પગલાંવાળી આકુલ અને ધીમી હોય, શઙ્કા પૂર્વક પાછળ જેતો જેતો ચાલે, શરીર ઠંડું અને કોમળસ્પર્શવાળું હોય, બે હાથે સ્ત્રીની જેમ વારંવાર તાળીઓ પાડે, બોલતાં સ્ત્રીની જેમ ડાબા હાથની હથેળી સવળી પેટ ઉપર રાખીને તેમાં જમણા હાથની કોણી ઠરાવીને જમણા હાથની હથેલીમાં મુખ ગોઠવીને ભુજાને ઉછાળતો બોલે, વારંવાર કટી (કુહેડ) ઉપર (બે બાજુ બે) હાથ મૂકે, વસ્ત્ર ન હોય ત્યારે સ્ત્રીની જેમ બે હાથથી હૃદયને ઢાંકે, બોલતાં વારવાર બે ભ્રકુટીને વાંકી કે કે–કટાક્ષ કે કે, માથાના કેશ બાંધવા, વસ્ત્ર ઓઢવું, વિગેરે સ્ત્રીની માફક કરે, સ્ત્રીઓનાં ઘરેણાં વિગેરે પહેરવામાં બહુમાન–આદર રાખે, સ્નાન વિગેરે એકાન્તમાં ગુપ્ત રીતે કરે, પુરૂષોની સભામાં ભયભીત–શઙ્કાશીલ રહે અને સ્ત્રીઓની સભામાં નિઃશંકપણે બેસે, રાંધવાનું દળવાનું વિગેરે સ્ત્રીઓનાં કાર્યો કરે, ઇત્યાદિ તેનામાં સ્ત્રીપણાનો સ્વભાવ હોય. પંડકનું એ એક લક્ષણ, બીજું—સ્વર એટલે શબ્દ–અવાજ તથા શરીરનો વર્ણ અને ઉપલક્ષણથી શરીરનો ગન્ધ વિગેરે સ્ત્રી–પુરુષની અપેક્ષાયે તેને વિલક્ષણ વિપરીત હોય, ત્રીજું–પુરૂષચિન્હ–લિંગ મોટું હોય, ચોથું–વાણી કોમળ હોય, પાંચમું–સ્ત્રીની જેમ મૂત્ર કરતાં અવાજ થાય અને છટ્ઠું–તે ફીણ વિનાનું હોય, એ છ લક્ષણો પંડકનાં જાણવાં.

૨–**વાતિક**—વાયુ(નીપ્રકૃતિ)વાળો હોય તે વાતિક. પોતાના કામોદયથી અથવા અન્ય કારણે વિકાર થતાં સ્ત્રીને ભોગવ્યા વિના તે રહી શકે નહિ, વેદોદયને રોકવામાં અસમર્થ હોય.

૩–**ક્લીબ**—અસમર્થ હોય તે 'ક્લીબ' કહેવાય, તેના દૃષ્ટિક્લીબ, શબ્દક્લીબ, આશ્લિષ્ટ-ક્લીબ અને નિમન્ત્રણક્લીબ, એમ ચાર ભેદો છે. તેમાં ૧–જે વસ્ત્રરહિત સ્ત્રીને જોઇને ક્ષોભ–

વિકાર પામે તે દૃષ્ટિક્લીબ, ૨-સ્ત્રીનો શબ્દ સાંભળવા માત્રથી ક્ષોભ પામે તે શબ્દક્લીબ, ૩-સ્ત્રીના આલિંગનથી ક્ષોભ પામે તે આશ્લિષ્ટક્લીબ અને ૪-સ્ત્રીએ ભોગ માટે નિમંત્રણ કરવાથી ક્ષોભ પામે તે નિમન્ત્રણાક્લીબ સમજવો.

૪-**કુમ્ભી**—જેને વેદ મોહનીયના ઉદયથી પુચિન્હ કે અણ્ડકોષ કુમ્ભની જેમ સ્તબ્ધ રહે.

૫-**ઇર્ષ્યાલુ**—સ્ત્રીને ભોગવતા કોઈ પુરૂષને દેખીને જેને અતીવ ઈર્ષ્યા થાય.

૬-**શકુની**—વેદની અતિ ઉત્કટતાથી ચકલાની જેમ વારંવાર સ્ત્રી સેવવામાં આસક્ત.

૭-**તત્કર્મસેવી**—મૈથુનથી વીર્યપાત થવા છતાં કુતરાની જેમ વેદની અતિતીવ્રતાથી 'જીભ્હાથી ચાટવું' વિગેરે નિન્દ્ય આચરણામાં સુખ અનુભવે તે તત્કર્મસેવી.

૮-**પાક્ષિકાપાક્ષિક**—જેને પક્ષ=શુકલ પક્ષમાં અતીવ અને અપક્ષ=કૃષ્ણ પક્ષમાં સ્વલ્પ કામ વાસના જાગે તે પાક્ષિકાપાક્ષિક.

૯-**સૌગન્ધિક**—સુગન્ધ માનીને સ્વલિઙ્ગને સુંઘે તે સૌગન્ધિક.

૧૦-**આસક્ત**—મૈથુનથી વીર્યપાત થવા પછી પણ સ્ત્રીને આલિંગન દઈને તેનાં કક્ષા-બગલ, ખોળો, ગુહ્યભાગ, વિગેરે અંગોમાં સ્વઅંગો લગાડીને (વળગીને) પડ્યો રહે તે આસક્ત.

એ દશ પ્રકારના નપુંસકો દીક્ષા માટે અયોગ્ય કહ્યા છે. 'આ પંડક છે' ઈત્યાદિ તેઓની ઓળખ તેઓએ કે તેઓના મિત્ર વિગેરેએ કહેવાથી થઈ શકે છે.

અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કે-પુરૂષની અયોગ્યતામાં નપુંસકો કહ્યા અને અહીં પણ કહ્યા તો તેમાં શો તફાવત છે? ગુરૂ કહે છે સાંભળ! પુરૂષની અયોગ્યતામાં કહ્યા તે પુરૂષાકૃતિવાળા અને અહીં કહ્યા તે નપુંસક આકૃતિવાળા નપુંસકો સમજવા. **શ્રીનિશીથચૂર્ણિ**માં કહ્યું છે કે- "एआणि नपुंसया दस, ते पुरिसेसु चेव वुत्ता नपुंसदारे, जइ जे पुरिसेसु वुत्ता ते चेव इहंपि **किं** कओ भेओ? भन्नइ, तहिं पुरिसागिइग्गहणं सेसया ण भवंति" અર્થાત્ "અહીં આ દશ નપુંસકો કહ્યા, તો પુરૂષોની અયોગ્યતાના નપુંસક દ્વારમાં કહ્યા અને અહીં પણ કહ્યા તેમાં ભેદ શો છે? એ શિષ્યના પ્રશ્નનો જવાબ આપે છે કે-સાંભળ, ત્યાં પુરૂષની અયોગ્યતાના વર્ણનમાં કહ્યા તે તો માત્ર પુરૂષાકૃતિવાળા જ સમજવા, બાકીનાનું ત્યાં વર્ણન કર્યું નથી."

એમ સ્ત્રીઓમાં પણ સ્ત્રી આકૃતિવાળી છતાં નપુંસક અયોગ્ય સમજવી. વળી શિષ્ય પ્રશ્ન કરે છે કે-એ સમાધાન ઠીક લાગતું નથી, કારણ કે શાસ્ત્રમાં નપુંસકો સોળ પ્રકારના સંભળાય છે, તો અહીં દશ જ કેમ કહ્યા? ગુરૂ કહે છે સાંભળ! તારી વાત સાચી છે, પણ તે સોળ પૈકી દશ જ પ્રકારના દીક્ષા માટે અયોગ્ય છે, તેથી તેઓનું જ સ્વરૂપ અહીં જણાવ્યું, બાકીના છ તો દીક્ષા માટે યોગ્ય છે. તેને અંગે કહ્યું છે કે—

**"वड्डिदए चिप्पिए चेव, मंतओसहिउवहए।**
**इसिसत्ते देवसत्ते अ, पव्वावेज्ज नपुंसए" ॥१॥ धर्मबिन्दु अ० ५ टीका ॥**

**વ્યાખ્યા**-(ભવિષ્યમાં રાજાના અંતઃપુરની ચોકી માટે કંચુકીપણાની નોકરી મળે વિગેરે ઉદ્દેશથી) બાલકપણામાં જ છેદ કરીને જેનો અણ્ડકોષ-ગોળીઓ ગાળી નાખી હોય તે ૧-**વર્દ્ધિતક**, જન્મ વખતે જ જેનો અણ્ડકોષ અંગુઠા-આંગળીઓ વડે મસળીને ગાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખ્યો હોય તે ૨-**ચિપ્પિટ,** આ બન્નેને એ રીતે કોષ ગાળી નાખવાથી નપુંસક વેદનો ઉદય થાય છે. તથા ૩-કોઈ **સ્ત્રી** અથવા **પુરૂષને મન્ત્રના બળે,** તથા ૪-કોઈ સ્ત્રી યા પુરૂષને **ઔષધિના પ્રયોગ**થી તેનો સ્ત્રી વેદ કે પુરૂષ વેદ નાશ કરવાથી નપુંસકવેદ પ્રાપ્ત થયો હોય તે, ૫-કોઇને ઋષિ-મુનિ-વિગેરે **તપસ્વિના શાપથી,** અને ૬-**દેવના શાપથી** નપુંસક વેદનો ઉદય થયો હોય-નપુંસક બની ગયો હોય તે. એ છ પ્રકારે નપુંસક થયેલા સ્ત્રી યા પુરૂષને તેનામાં દીક્ષાને યોગ્ય બીજાં લક્ષણો હોય તો દીક્ષા આપી શકાય છે.

અહીં શિષ્ય પૂછે છે કે-પ્રારમ્ભમાં (પૃ. બીજામાં) યતિધર્મની યોગ્યતાની પ્રસ્તાવના કરવા છતાં અહીં માત્ર દીક્ષાની યોગ્યતા જણાવીને તે વિષયને સમાપ્ત કરવામાં આવે છે, તો પૂર્વાપર વિરોધ કેમ ન ગણાય? ગુરૂ જવાબ આપે છે કે સાંભળ! તું પ્રશ્ન કરે છે તે તેમ નથી, કારણ કે તું પરમાર્થ સમજ્યો નથી. અમે અહીં જે યતિધર્મનું વર્ણન શરૂ કર્યું છે તે ધર્મ આચાર રૂપ છે, એટલે તેનો અને દીક્ષાનો અર્થ એક જ છે. કારણ પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજી જણાવે છે કે—

" पव्वज्जा निक्खमणं, समया चाओ तहेव वेरग्गं ।
धम्मचरणं अहिंसा, दिक्खा एगट्ठिआइं तु ॥" पंचवस्तुक गा० ९॥

**અર્થ**-પાપમાંથી ખસી શુદ્ધ ચારિત્રના યોગમાં 'प्र'=વિશેષતયા 'व्रजनम्'=ગમન કરવું તે ૧-**પ્રવ્રજ્યા,** દ્રવ્ય અને ભાવ સંયોગથી બહાર 'निष्क्रमणम्' અર્થાત્ નીકળવું-પર થવું તે ૨-**નિષ્ક્રમણ,** ઇષ્ટ-અનિષ્ટ સર્વમાં સમભાવ કરવો તે ૩-**સમતા,** બાહ્ય-અભ્યન્તર પરિગ્રહનો (જડ ભાવોની મૂર્છાનો) પરિહાર તે ૪-**ત્યાગ,** વિષયોનો રાગ છોડવો તે ૫-**વૈરાગ્ય,** ક્ષમા વિગેરે દશ પ્રકારના ધર્મનું પાલન કરવું તે ૬-**ધર્મચરણ,** પ્રાણિઓનો ઘાત વર્જવો તે ૭-**અહિંસા,** અને સર્વ જીવોને અભય આપવારૂપ ભાવદાનશાળા તે ૮-**દીક્ષા,** એ આઠ અર્થો પ્રવ્રજ્યાના જાણવા.

હવે આ 'યતિધર્મ' શબ્દમાં રહેલા યતિ અને ધર્મ બે અંશોના અર્થજ્ઞાન વિના સમાસાન્ત 'યતિધર્મ' શબ્દનું જ્ઞાન મુશ્કેલ થાય, માટે પહેલાં 'યતિ' શબ્દનો અર્થ કરે છે.

मूलम् " यतिरेवंविधो भव्यो, गुरोर्योग्यस्य सन्निधौ ।
विधिप्रव्रजितः शुद्ध—व्यवहाराज्जिनैर्मतः ॥७८॥"

**મૂળનો અર્થ**-ઉપર જણાવી તે દીક્ષાની યોગ્યતા પામેલો તથા ભવ્ય=મોક્ષ માટે યોગ્ય અને યોગ્ય ગુરૂની પાસે વિધિ પૂર્વક દીક્ષિત થયેલો હોય તેને શ્રીજિનેશ્વરોએ શુદ્ધ વ્યવહારનયથી 'યતિ' કહ્યો છે.

**ટીકાનો ભાવાર્થ**-ઉપર જણાવ્યા પ્રમાણે એ અર્થ થયો કે-પોતે યોગ્ય અને યોગ્યની પાસે વિધિ પૂર્વક દીક્ષા લેનારો યતિ કહેવાય. તેમાં દીક્ષા લેનારની યોગ્યતા કહી, **હવે પાંચ** શ્લોકોથી યોગ્યગુરૂનું સ્વરૂપ કહે છે.

मूलम् " योग्यो गुरुस्तु पूर्वोक्त—गुणैः सङ्गत एव हि ।
विधिप्रपन्नप्रव्रज्य,[१] आसेवितगुरुक्रमः[२] ॥७९॥

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

अखण्डितव्रतो[3] नित्यं, विधिना पठितागमः[4] ।
तत एवातिविमल—बोधयोगाच्च तत्त्ववित्[5] ॥८०॥
उपशान्तश्च[6] वात्सल्य—युक्तः[7] प्रवचनेऽखिले ।
सर्वसत्त्वहितान्वेषी,[8] आदेय[9] श्चानुवर्त्तकः[10] ॥८१॥
गम्भीर[11]श्चाविषादी, चोपसर्गादिपराभवे[12] ।
तथोपशमलब्ध्यादि—युक्तः[13] सूत्रार्थभाषकः[14] ॥८२॥
स्वगुर्वनुज्ञातगुरु—पद[15]श्चेति जिनैर्मतः ।
पादार्द्धगुणहीनौ च, योग्यौ तौ मध्यमावरौ ॥८३॥" पञ्चभिः कुलकम् ॥

**મૂળનો અર્થ**—પૂર્વે કહ્યા તે ગુણોથી યુક્ત એવા જેણે ૧–વિધિપૂર્વક દીક્ષા લીધી હોય, ૨–ગુરૂનાં ચરણોની સેવા કરી હોય, ૩–જેનાં વ્રતો અખણ્ડિત હોય, ૪–વિધિપૂર્વક જેણે નિત્ય સિદ્ધાન્તનો અભ્યાસ કર્યો હોય, એથી ૫–અતિનિર્મળ બોધ થવાથી જે તત્ત્વોનો જાણ હોય, ૬–વિકાર જેના શાન્ત થયા હોય, ૭–ચતુર્વિધ શ્રીસંઘપ્રત્યે વાત્સલ્ય ધરાવતો હોય, ૮–સર્વ જીવોનો હિતચિન્તક હોય, ૯–આદેયવચનવાળો હોય, ૧૦–ભિન્નભિન્ન પ્રકૃતિવાળા પણ જીવોને અનુસરીને પણ સંભાળી શકે તેવો હોય, ૧૧–ગમ્ભીર હોય, ૧૨–ઉપસર્ગાદિ પરાભવ પ્રસંગે પણ ખેદ ન કરે, ૧૩–બીજાઓના કષાયાદિને શાન્ત કરવાની શક્તિવાળો હોય, ૧૪–સૂત્ર તથા અર્થને સમજાવનારો–વ્યાખ્યાતા હોય, અને ૧૫–પોતાના ગુરૂએ જેને ગુરૂપદ આપ્યું (યોગ્ય માન્યો) હોય. એ ૧૫ ગુણવાળો હોય તેને શ્રીજિનેશ્વરોએ યોગ્ય (ઉત્તમ) ગુરૂ કહ્યો છે. ઉપર કહ્યા તેમાંથી ચતુર્થાંશ ઓછા ગુણવાળો યતિ કે ગુરૂ મધ્યમ અને અડધા ઓછા હોય તે યતિ કે ગુરૂ જઘન્ય કોટિના સમજવા. ૭૯ થી ૮૩.

**ટીકાનો ભાવાર્થ**—યોગ્ય એટલે દીક્ષા આપવાની યોગ્યતાવાળા ગુરૂને ઓળખાવવા શ્રીજિનેશ્વરોએ કહ્યું છે કે–પહેલાં જણાવ્યા તે દીક્ષા લેવાની યોગ્યતારૂપ ગુણોથી યુક્ત બની જેણે દીક્ષા લીધી હોય–નહિ કે જેવો તેવો, કારણ કે–પોતાનામાં જો ગુણનો અભાવ હોય તો તે જેને દીક્ષા આપે તેનામાં ગુણોનું બીજ શી રીતે વાવે ? માટે એવી લાયકાતપૂર્વક દીક્ષિત થએલો હોવો જોઇએ, ઉપરાંત તેનામાં ગુરૂતા રૂપે બીજા કયા ગુણો જોઇએ તે કહે છે કે—

**૧–વિધિથી દીક્ષા લેનાર**—વિધિપૂર્વક[18] એટલે આગળ કહીશું તે ક્રમથી જેણે દીક્ષા લીધી હોય.

---

૧૮–સામાન્ય કાર્ય પણ અવિધિથી કરેલું સફળ થતું નથી તો દીક્ષા જેવી ઉત્તમોત્તમ વસ્તુ સફળ બનાવવા માટે વિધિ વિના કેમ ચાલે ? એથી જ ઉત્તમ દ્રવ્ય ક્ષેત્ર–કાળ અને ભાવનો યોગ મેળવીને દીક્ષા કરવાનું વિધાન છે. એ રીતે થએલી દીક્ષા તે કાળે પણ ઘણા જીવોને અનુમોદનીય બની ઉપકાર કરે છે, દીક્ષાની પાછળ સ્વ–પર જીવોને અનુમોદના જેટલી વધારે થાય તેટલું તેનું પાલન–આરાધના નિર્વિઘ્ન અને નિર્મળ બને છે. સારાં કાર્યો કરતાં કોઇની પણ અપ્રસન્નતા ન થાય તે માટે જેમાં અમારી પ્રવર્તનાદિનું વિધાન છે તે શાસનમાં દીક્ષા જેવા મહાન્ કાર્યમાં કોઇને પણ અપ્રસન્નતા ન થાય તેની શકય કાળજી અને ઉપાયો કરવાની ભલામણ કરેલી છે જ. ઉપાયો કરવા છતાં અશુભ કર્મોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨–**ગુરુનો ઉપાસક**—ગુરુના[૧૯] ચરણની સેવા કરનારો, અર્થાત્ ગુરુકુળવાસમાં રહીને ગુર્વાદિક સાધુઓની યથાયોગ્ય સેવા જેણે કરી હોય.

૩–**અખણ્ડિતવ્રત**—દીક્ષાના પ્રારમ્ભથી હંમેશાં અખણ્ડવ્રતવાળો–[૨૦]ચારિત્ર જેણે ન વિરાધ્યું હોય તેવો,

૪–**વિધિથી આગમ ભણેલો**—શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે યોગ (તે તે શાસ્ત્રને ભણવા માટે તપ અને ક્રિયા) કરવા પૂર્વક જેણે આગમ–સૂત્રોનો અભ્યાસ કર્યો હોય.[૨૧] તાત્પર્ય કે સૂત્ર–

---

ઉદયે શુભનો દ્વેષી કોઈ નારાજ થાય ત્યાં દોષ નથી પણ બેદરકારીથી છતે ઉપાયે બીજાને અણગમો થાય તે રીતે દીક્ષા થાય તો તે અમંગળ રૂપ બને છે. બીજી વાત, 'કોઈપણ જીવને કર્મનો બંધ ન થાઓ, સર્વ જીવો જૈન શાસનના પક્ષકાર બની સુખી થાઓ' એવી મૈત્રી ભાવનાને વરેલો જીવ દીક્ષા માટે લાયક કહ્યો છે, તો તે એવું કેમ કરી શકે કે છતા ઉપાયે પોતાને નિમિત્તે બીજાને કર્મ બંધ થાય? એમ વિચારતાં જણાય છે કે વિધિ એ દીક્ષાલેનારનું પરમ મંગળ છે, માટે તેનો શક્ય આદર કરવાથી દીક્ષા જેવી મહાન્ પ્રતિજ્ઞામાં (વિરતિમાં) તે સફળતા પામી શકે છે અને પરિણામે ગુરુપદને લાયક બને છે.

૧૯–જેવા બનવું હોય તેવાની સેવા કરવી જોઈએ એ ન્યાયે ગુરુની સેવા કરનારો ગુરુ પદને લાયક બને છે. ગુરુ સેવાથી 'અહં અને મમ' કે જે બધા દોષોનાં મૂળિયાં છે, તેનો નાશ કરી શકાય છે, તેઓની કૃપા કે જે કર્મોના ક્ષયોપશમ માટે જરૂરી પ્રસન્નતાની સાધક છે તે મેળવી શકાય છે અને તેઓના આશ્રયના બળે કઠોર પણ પરીષહાદિ સહેલાઈથી જીતી શકાય છે.

૨૦–ધર્મમાં સાતત્ય ગુણ અતિ આવશ્યક છે, વચ્ચે વચ્ચે વિરાધક ભાવ આવવાથી કરેલી કમાણી નાશ પામે છે, એક પત્થર ઉંચે લઈ જવા ઉપાડ્યા પછી અડધેથી કે વચ્ચેથી છોડી દે તો મૂળસ્થાને કે તેથી પણ નીચો જમીનમાં ઉતરી જાય, માટે છેક સ્થાને પહોંચાડ્યા વિના છોડી દેવાતો નથી, તેમ ધર્મના પરિણામો પણ વચ્ચે છૂટી જાય તો થયેલી આત્મશુદ્ધિ અંતરાઈ જવા સંભવ છે, માટે ધર્મમાં ખેદ (થાક) ને દૂષણ જણાવી અવિરતપણે સતત ઉદ્યમ (અપ્રમાદ) નો આશ્રય લેવાનું વિધાન છે, તેથી એ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞાનો (વ્રતોનો) અખણ્ડિત આરાધક પરિણામે ગુરુપદને લાયક બને છે.

૨૧–શાસ્ત્ર એક રાસાયણિક ઔષધ તુલ્ય છે. જેમ રોગીને ઔષધ સાથે પરેજી અને ડોક્ટરી સારવાર (સલાહ-સૂચન) ન હોય તો આરોગ્યને બદલે રોગ વધે તેમ શાસ્ત્ર પણ વિનય અને તે તે તપ પૂર્વક ગુરુની નિશ્રામાં ભણેલું કર્મરોગનાશક બને છે. અન્યથા ઝેરસમાન બની આત્માને મહાન્ અનર્થ કરે છે, રોગનું નિદાન અને ઔષધની મેળવણી એ જેમ કઠિન છે, તેમ અહીં પણ કયા જીવને કયું શાસ્ત્ર (ઉપદેશ) કયી રીતે ઉપકારક થશે, એ સમજવું કઠિન છે, સહુને સર્વ શાસ્ત્રોનું અધ્યયન ઉપકારક થતું નથી, પણ તેના કર્મના ક્ષયોપશમને અનુરૂપ ભણેલું તે ઉપકાર કરે છે. માટે જ શાસ્ત્ર અધ્યયનમાં ગુરુ પારતન્ત્ર્ય આવશ્યક છે. વળી જ્ઞાની ગુરુના વિનયથી જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી ગહન વિષય પણ સ્હેલાઈથી સમજાય છે. એટલું જ નહિ, જેમ વિદ્યાસાધકને વિદ્યા પોતાના બળે સાધવાની છતાં ઉત્તરસાધકની નિશ્રા વિના સિદ્ધ થતી નથી તેમ શાસ્ત્રોનું અધ્યયન પણ પોતાની બુદ્ધિના ક્ષયોપશમ પ્રમાણે પણ ઉત્તરસાધકરૂપ ગુરુની નિશ્રા વિના સિદ્ધ થતું નથી, ઉલ્ટો અનર્થ થવાનો સંભવ છે. હા, પૂર્વભવે વિશિષ્ટ આરાધના કરીને જન્મેલો કોઈ આત્મા ગુરુની નિશ્રા વિના શાસ્ત્રના મર્મને પામી શકે છે, પણ તેણે પૂર્વભવે તે સિદ્ધ કર્યું હોય છે, વાસ્તવમાં તો સ્વચ્છંદપણે અધ્યયન કરનાર પ્રાયઃ શાસ્ત્રોનો દ્વેષી બની તેમાંથી પણ દૂષણો જ શોધે છે. માટે ગુરુની નિશ્રામાં અધ્યયન કરનાર સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિથી ગુરુપદને યોગ્ય બને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ અને સૂત્રાર્થના જ્ઞાન પૂર્વક ક્રિયા કરનારા (જ્ઞાન-ક્રિયા ગુણના ભાજન એવા) ગુરૂની સેવા કરીને (વિનયથી) શ્રીજિનાગમોનું રહસ્ય જેણે મેળવ્યું હોય. પૂ૦ શ્રીહરિભદ્ર સૂરિજી જણાવે છે કે–

"तित्थे सुत्तत्थाणं, गहणं विहिणा उ एत्थ तित्थमियं ।
उभयन्नू चेव गुरू, विही उ विणयाइओ चित्तो ॥८५१॥
उभयन्नू वि अ किरिया—परो दढं पवयणाणुरागी अ ।
ससमयपन्नवओ, परिणओ अ पन्नो अचत्थं ॥८५२॥ उप० पद॥"

**અર્થ**--સૂત્ર અને અર્થ ભણવાનું કાર્ય વિધિ પૂર્વક તીર્થમાં કરવાનું છે. તે તીર્થ કયું–(કોણ)? સૂત્ર અને અર્થ બન્નેના જ્ઞાતા–વ્યાખ્યાતા 'ગુરૂ તે તીર્થ' અને તેઓનો કાયિક–વાચિક–માનસિક વિનય કરવો વિગેરે અનેક જાતનો વિધિ જાણવો. (૮૫૧) ઉપર કહ્યા તે તીર્થ સ્વરૂપ ગુરૂ સૂત્ર–અર્થ ઉભયના જાણ હોય, ઉપરાન્ત મૂળ–ઉત્તરગુણની આરાધનારૂપ ક્રિયામાં તત્પર હોય, જિનવચન પ્રત્યે ઘણા જ બહુમાનવાળા હોય, ચરણકરણાનુયોગ વિગેરે ચારે પ્રકારના અનુયોગરૂપ શ્રીજૈનસિદ્ધાન્તની તે તે પ્રકારે પ્રરૂપણા કરનાર હોય, વયથી અને વ્રતથી પરિણત (પાકટ) હોય અને 'બહુ,[22] બહુવિધ' વિગેરે પ્રકારવાળી શ્રુતજ્ઞાનને ગ્રહણ કરનારી તીક્ષ્ણ બુદ્ધિવાળા હોય. આવા ગુરૂએ સમજાવેલો અર્થ કદાપિ વિપરીત ભાવને પ્રગટ કરતો નથી. (૮૫૨)

**૫–અતિનિર્મળ બોધવાળો**—તેથી જ એટલે ઉપર કહેલા વિધિથી શાસ્ત્રો ભણવાને યોગે જ બીજા સમ્યગ્ આગમ ભણેલાઓ કરતાં અતિ નિર્મળ–સ્ફુટ બોધ (બુદ્ધિનો વિકાસ) થવાથી જીવ–અજીવ વિગેરે તત્ત્વોને યથાસ્વરૂપ જાણનારો–તત્ત્વવેત્તા[23] હોય.

**૬–ઉપશાન્ત**—મન–વચન–કાયાના વિકારોથી[24] મુક્ત (શાન્ત) હોય.

---

૨૨–જેમ કે–લાડુનું ભોજન કરતાં કોઈ તેમાં મેળવેલી પ્રત્યેક વસ્તુને સમજી શકે તે બહુગ્રાહી અને તેમાંની અમુક જ ઓળખી શકે તે અબહુગ્રાહી. વળી તે પ્રત્યેક વસ્તુના ગુણ દોષોને પણ સર્વથા સમજી શકે તે બહુવિધગ્રાહી અને તેવા સર્વ ધર્મો ન સમજી શકે તે અબહુવિધગ્રાહી, ઈત્યાદિ મતિના ૨૮ પ્રકારોના ઉત્તર બાર બાર ભેદો છે તેમાંનો શ્રેષ્ઠ પ્રકારની બુદ્ધિવાળો. અર્થાત્ મતિજ્ઞાનના વિશિષ્ટ ક્ષયોપશમને યોગે જન્મેલી તીક્ષ્ણ, મધ્યસ્થ અને નિર્મળ બુદ્ધિવાળો.

૨૩–વિધિપૂર્વક દીક્ષા, ગુરૂની ઉપાસના, અખણ્ડવ્રતારાધન, ભણવામાં વિધિ, વિગેરે જે ગુણો કહ્યા તેના બળે સાધુ મોહનીયકર્મને મન્દ કરી શકે, એથી આગ્રહ–દુરાગ્રહ અને રાગ—દ્વેષની મન્દતાને કારણે માધ્યસ્થ્ય પ્રગટે, બીજી બાજુ બુદ્ધિ પણ તીક્ષ્ણ બને, તેથી ગહન વિષયને પણ સમજી શકે અને એથી નિર્મળ બોધને યોગે ગુરૂપદની લાયકાત પ્રગટે. છતાં કોઈ કઠિન કર્મોના ઉદયે વિનયાદિ કરવા છતાં તથાવિધ બોધ જેને પ્રગટતો નથી તેને ગુરૂપદ માટે અયોગ્ય કહ્યો છે. કારણ કે જે સ્વયં જ્ઞાની નથી, તત્ત્વને પામ્યો નથી, તે શિષ્યને કેવી રીતે તત્ત્વ સમજાવી શકે? જે પોતે તથાવિધ જ્ઞાનને નહિ પામવા છતાં બીજાને દીક્ષા આપે તે અજ્ઞાનીની પરંપરાનો પોષક બની પરિણામે શાસનનો અપભ્રાજક બને.

૨૪–બોધ નિર્મળ છતાં કષાયાદિની ઉત્કટતા હોય તો ઉલટો એ બોધ તેના કષાયોની વૃદ્ધિનું નિમિત્ત બને, શિષ્યોની ક્ષતિઓને સમજવાની સાથે સહન કરવાની, સુધારવાની અને ઉપેક્ષા કરવાની પણ શક્તિ જોઈએ. અન્યથા સમજવાથી ઉલટું નુકશાન (કષાયાદિ) થવાનો સંભવ છે. માટે ઉપશમભાવને પામેલો જે મૈત્રી–પ્રમોદ–કરુણા અને ઉપેક્ષા ભાવનાઓથી વિભૂષિત હોય તે શિષ્યાદિનું હિત કરી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭–**અખિલસંઘ પ્રત્યે વાત્સલ્ય યુક્ત**—'સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા' એ ચાર-વર્ણરૂપ શ્રીશ્રમણસંઘ પ્રત્યે યથાયોગ્ય વાત્સલ્ય[૨૫] ધરાવનારો.

૮–**સર્વજીવોનો હિતેચ્છુ**—સ્વભાવે જ સર્વ જીવોના હિતનો ચિન્તક.[૨૬] એટલે કે–તે તે પ્રકારે ચિન્તન, વિચાર, ઉપાય, વિગેરે કરીને સામાન્યતયા સઘળા જીવોનું હિત કરવામાં ઉદ્યમી.

૯–**આદેયવચનવાળો**—બીજાઓ સ્વીકારી લે–માન્ય કરે તેવું જેનું વચન માનનીય[૨૭]હોય.

૧૦–**અનુવર્ત્તક**—ભિન્ન ભિન્ન સ્વભાવવાળા જીવોને પણ સવિશેષે ગુણવાન બનાવવાની બુદ્ધિથી તેમના સ્વભાવને અનુસરનારો,[૨૮] વિરોધ નહિ કરતાં તેઓને અનુકૂલ થઈને પાલન કરનારો. વસ્તુતઃ શિષ્યોની પ્રકૃતિને અનુસરવામાં જ–સહી લેવામાં જ ગુરૂનું ગુરૂપણું છે. શિષ્યોનું એ રીતે પાલન નહિ કરવાથી ઉલટમાં તેઓ શાસનના શત્રુ બને, વિગેરે દોષો જ થાય. પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે–

"एत्थ य पमायखलिया, पुव्वब्भासेण कस्स व न हुंति ।
जो तेऽवणेइ सम्मं, गुरुत्तणं तस्स सफलं ति ॥१८॥
को णाम सारहीणं, स होज्ज जो भद्दवाइणो दमए ।
दुट्ठे वि अ जो आसे, दमेइ तं आसियं बिंति ॥१९॥

---

૨૫–સંઘવાત્સલ્ય વિના સંઘનાં કાર્યો કે ચતુર્વિધ સંઘમાં ધર્મનો આદર વધારી શકાતો નથી. વાત્સલ્યમાં સામાના દોષોને સહન કરવાની તાકાદ હોય છે અને જેને (શિષ્યાદિને) સુધારવો હોય તેનામાં દોષો તો હોય જ! અન્યથા સુધારવાનું શું? એ કારણે એનાં દૂષણોને સહવાપૂર્વક હૃદય મીઠું બનાવવું જોઇએ, તે વાત્સલ્યભાવ વિના શક્ય નથી. માતા–પિતા જેવું હૃદય હોય તે ગુરૂ સંઘનો કે શિષ્યાદિનો ઉપકાર કરી શકે.

૨૬–એકલા ધર્મીપ્રત્યે જ વાત્સલ્ય ગુણ જ બસ નથી, પ્રતિપક્ષે અધર્મી–પાપી જીવો પ્રત્યે પણ કરૂણા અને હિતબુદ્ધિ જોઈએ. તો જ હિતબુદ્ધિથી અયોગ્ય જીવો પ્રત્યે ઉપેક્ષા કરી શકાય, અથવા જે જેવી યોગ્યતા પામેલો હોય તેનો તેટલા પ્રમાણમાં સદ્ભાવ કેળવી શકાય. જો આ ગુણ ન હોય તો ધર્મના મૂળભૂત મૈત્રી ભાવના જ પ્રગટવી શક્ય નથી અને મૈત્રીભાવ વિનાનો કોઈ સારો પણ ભાવ આત્મોપકારક બની શકતો નથી. માટે નેતા (ગુરૂ) બનનારમાં આ ગુણની આવશ્યકતા છે.

**૨૭–આદેય નામકર્મ**–એક પુણ્યપ્રકૃતિરૂપે શુભકર્મ છે, તેના ઉદયથી જીવને એવું પુણ્ય પ્રગટે છે કે તેનું બોલેલું પ્રાયઃ સામો માન્ય રાખે. શિષ્યને આજ્ઞાનું પાલન કરાવનારો આ ગુણ ગુરૂપદની પ્રાપ્તિમાં એટલા માટે આવશ્યક છે કે શિષ્ય તેવો સુયોગ્ય ન હોય તો પણ ગુરૂના પુણ્યબળે તે ગુરૂઆજ્ઞાનું પાલન પ્રસન્નતાપૂર્વક કરી શકે અને એથી આરાધક ભાવને પામે.

૨૮–શિષ્યાદિ આશ્રિતવર્ગને અનુકૂળ બનીને સન્માર્ગે વાળવો એ સરળ માર્ગ છે. કારણ કે–પ્રતિકૂળતાને સહવાની શક્તિ પ્રાયઃ સામાન્ય જીવોમાં ઓછી હોય છે માટે તેવા જીવોને યોગ્ય બનાવવા માટે અનુકૂળ બની સદ્ભાવ પ્રગટ કરાવવો આવશ્યક છે, એમ કરવાથી સદ્ભાવના બળે તે દુષ્કર આજ્ઞા પણ પાળવા શક્તિમાન થાય છે. પ્રતિકૂળ બનીને સત્તાના જોરે એકવાર આજ્ઞા પળાવી શકાય છે પણ પ્રાયઃ તેથી અસદ્ભાવ પ્રગટવાનો સંભવ હોઈ આખરે શિષ્ય આજ્ઞાવિમુખ પણ બને, માટે ગુરૂ અનુવર્ત્તક જોઈએ. આની પણ મર્યાદા જોઈએ, અનુકૂળતાનો દુરૂપયોગ થવાનો પણ સંભવ છે, તેવા પ્રસંગે લાભ–હાનિને વિચારી લાભ થાય તેમ વર્તવું જોઇએ, હૃદય મીઠું જોઈએ, આંખ અવસરે લાલ પણ કરવી પડે તો તે અયોગ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जो आयरेण पढमं, पव्वावेऊण नाणुपालेइ ।
सेहे सुत्तविहीए, सो पवयणपच्चणीओ त्ति ॥२०॥
अविकोविअपरमत्था, विरुद्धमिह परभवे अ सेवंता ।
जं पावंति अणत्थं, सो खलु तप्पच्चओ सव्वो ॥२१॥" (पंचवस्तुक)

**અર્થ**—દીક્ષાને પાળવામાં 'પૂર્વભવોના પ્રમાદના અભ્યાસથી સ્ખલના-ભૂલ કોની ન થાય? અર્થાત્ છદ્મસ્થની ભૂલ થાય. કારણ કે અનાદિ કાળથી અભ્યસ્ત (રૂઢ થએલા) પ્રમાદનો એકા-એક ત્યાગ થઈ શકતો નથી. માટે તે ભૂલોને શાસ્ત્રોક્ત વિધિથી જે દૂર કરે તેનું ગુરૂપણું સફળ છે, કારણ કે-તે જ ગુણોથી (ભાવ) ગુરૂ છે. (૧૮) એવાને કોણ સારથી કહે કે જે સારા-સીધા ઘોડાઓને દમે-શિક્ષા કરે? અર્થાત્ એનામાં સારથીપણાની વિશેષતા નથી માટે તે સારથી ન કહેવાય. વસ્તુતઃ વક્ર-તોફાની, વિગેરે દુષ્ટ ઘોડાઓને સરળ-શાન્ત બનાવે તેને લોકો સારથી-અશ્વપાલક કહે છે. (૧૯) વળી જે પહેલાં આદર પૂર્વક દીક્ષા આપીને-ગ્રહણ કરાવીને પાછળથી સૂત્રોક્ત વચનાનુસાર તેનું પાલન નથી કરતો તે ગુરૂને શાસનનો શત્રુ કહ્યો છે. (૨૦) શિષ્યને શાસ્ત્રનાં રહસ્યો નહિ સમજાવવાથી શાસ્ત્રવિરૂદ્ધ વર્તન કરનારા શિષ્યો આ ભવમાં અને પરભવમાં જે અનર્થો પામે તે સઘળા અનર્થો શિષ્યોનું યથોક્તરીતે પાલન નહિ કરનારા ગુરૂને નિમિત્તે સમજવા. (૨૧)

**૧૧-ગમ્ભીર**—રોષ-તોષ વિગેરે થવા જેવા પ્રસંગે પણ જેનો રોષ-તોષ બહાર દેખાય નહિ તે ગમ્ભીર[૨૯] કહેવાય. ગુરૂમાં એ ગુણ જોઇએ.

**૧૨-અવિષાદી**—ઉપસર્ગો-પરીષહો વિગેરેથી પરાભવ થવા છતાં 'કાય રક્ષણ' (છ કાય જીવોની રક્ષા) વિગેરે સંયમ પાલનમાં દીનતા નહિ કરનારો[૩૦] હોય.

**૧૩-ઉપશમલબ્ધિ વિગેરેથી યુક્ત**—'ઉપમશ[૩૧] લબ્ધિ' એટલે બીજાને શાન્ત કરવાનું

૨૯-છીછરા (તુચ્છ) હૃદયવાળો છૂપાવવા યોગ્ય બાતોને છૂપાવી શકે નહિ, એથી શિષ્યાદિવર્ગ પોતાનાં દૂષણો તેને જણાવી શકે નહિ, અગર જણાવે તો તે જાહેર થવાથી તેની હલકાઈ થાય, ઈત્યાદિ કારણે પણ ગુરૂ ગમ્ભીર જોઈએ. અનાદિ મોહાધીન જીવો પોતાનાં આન્તરદૂષણોને ટાળી આત્મશુદ્ધિ માટે તો ગુરૂનો આશ્રય કરે, છતાં જો એવાં દૂષણો ગુરૂને જણાવી શકે નહિ તો આત્મશુદ્ધિ શી રીતે થાય? વળી જણાવેલાં ગુપ્ત ન રહે તો તે સાધુપ્રત્યે બીજાઓને સદ્ભાવ-પૂજ્યભાવ વિગેરે પણ શી રીતે પ્રગટે? અને પરસ્પરના સદ્ભાવ વિના આરાધક શી રીતે થાય? પોતે પણ શુભાશુભ પ્રસંગે હર્ષ-શોક ને વશ થાય તો આરાધક શી રીતે બને? માટે ગુરૂપદને યોગ્ય સન્માનાદિ મળવા છતાં કે તેની જવાબદારીને અંગે વિષમ પ્રસંગ આવવા છતાં હર્ષ-વિષાદ ન થાય તેવી ગમ્ભીરતા ગુરૂમાં આવશ્યક છે.

૩૦-વિષમ પ્રસંગે સત્ત્વના અભાવે વિષાદ થવાથી કાર્ય પણ બગડે, ગુરૂપદ અતિજવાબદારીવાળું સ્થાન છે, એથી શાસનસેવાનાં કે શિષ્યાદિને સંભાળવાનાં આકરાં કાર્યો ગુરૂને કરવાનો પ્રસંગ આવે જ. તેવા પ્રસંગે દીનતાને નહિ કરતાં સત્ત્વ કેળવી તે પ્રસંગોને પાર પાડવાનો ઉત્સાહ અને બળ ગુરૂમાં જોઈએ.

૩૧-રાગ, દ્વેષ કે કષાયાદિને બળે કોઈ સારા કાર્યની સિદ્ધિ થતી નથી. નાનું પણ શુભકાર્ય કરવા માટે આધ્યાત્મિક બળ એ જ સાચી શક્તિ છે. બાહ્ય કાર્યો માટે પણ આ સ્થિતિ છે, તો આત્માની શુદ્ધિરૂપ અનાદિમલિનતાને ટાળવાના મહત્ કાર્યમાં આધ્યાત્મિક બળ વિના કેમ ચાલે? માટે તપ આદિથી જેણે પોતાના આત્માને ઉપશાન્ત (બાહ્યભાવોમાં સંતુષ્ટ) બનાવી અભ્યન્તરયોગોની શક્તિરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામર્થ્ય, અને આદિ શબ્દથી વસ્ત્ર-પાત્રાદિ સંયમમાં ઉપકારક વસ્તુઓ મેળવવાની શક્તિ, તથા સ્થિરહસ્તલબ્ધિ[૩૨] વિગેરે તે તે શક્તિઓ (લબ્ધિઓ)થી યુક્ત.

૧૪-**સૂત્રાર્થનો પ્રરૂપક**—સૂત્રોના અર્થને સંભળાવનારો.[૩૩] અર્થાત્ આગમના અર્થોને યથાવસ્થિતરૂપમાં સમજાવનાર-પ્રરૂપણા કરનાર.

૧૫-**સ્વગુરુએ ગુરુ પદે સ્થાપેલો**—અહીં શ્રી ધર્મબિન્દુની ટીકા પ્રમાણે સ્વગુરુ એટલે ગચ્છના નાયક, અને પંચવસ્તુની ટીકા પ્રમાણે સ્વગુરુ એટલે ગચ્છનાયક અથવા ગચ્છનાયકના અભાવે દિગાચાર્ય વિગેરે સમજવા. તેઓએ જેને ગુરુપદે સ્થાપન કર્યો હોય તેવો.[૩૪]

મૂળ ગાથા ૮૩માં 'च' શબ્દ છે તે વિશેષણોના સમુચ્ચય અર્થમાં અને 'ઇતિ' શબ્દ છે તે ગુરુના ગુણોની સંખ્યાની મર્યાદા કરવાના અર્થમાં છે, અર્થાત્ એટલા ગુણયુક્ત ગુરુને હિત કરવાની બુદ્ધિએ શિષ્યને દીક્ષા આપવાનો અધિકારી સમજવો. પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે—

"एआरिसेण गुरुणा, सम्मं परिसाइकज्जरहिएणं ।
पव्वज्जा दायव्वा, तयणुग्गहणिज्जराहेऊ ॥ पंचवस्तुक गा० १६॥"

**અર્થ**—એવા ગુરુએ પણ 'પોતાને શિષ્ય વધશે કે દીક્ષા આપવાથી આહાર પાણી વિગેરે લાવવાનું કામ કરશે' વિગેરે આ લોકનાં કાર્યોની અપેક્ષા[૩૫] છોડીને, માત્ર દીક્ષા લેનાર ઉપર ઉપકાર કરવા અને પોતાનાં કર્મોની નિર્જરા કરવા માટે સમ્યગ્ વિધિ પૂર્વક દીક્ષા આપવી.

---

લબ્ધિ પ્રગટાવી હોય તે શિષ્યોના કષાયાદિને શાન્ત કરાવી શકે અને સંયમમાં ઉપયોગી વસ્તુઓ વિગેરે પણ મેળવી શકે. એટલું જ નહિ, તેવા પવિત્રગુરુની નિશ્રાથી શિષ્યોમાં પણ ચારિત્રપાલનની શક્તિ (વૈરાગ્ય-સત્ત્વ-પ્રશમભાવ વિગેરે) પ્રગટ થઈ શકે.

૩૨-જેને વ્રત નિયમાદિ આપે તે આત્મા તેના પાલનમાં સ્થિર-સશક્ત બને તેવી લબ્ધિ એટલે આત્મશક્તિવાળો આત્મા.

૩૩-ગુરુ સૂત્ર અને અર્થોના જાણ ઉપરાન્ત ભણાવવાની શક્તિ અને ઉત્સાહવાળા જોઈએ, અન્યથા શિષ્યો અજ્ઞાન રહે અને સંયમનું ભાવપાલન કરી શકે નહિ. જે ગુરુઓ પોતે તથાવિધ જ્ઞાન મેળવવા છતાં યોગ્યશિષ્યોને પણ પ્રમાદને કારણે ભણાવતા નથી તે વરદત્તના જીવની જેમ જ્ઞાનાવરણીય કર્મો ઉપાર્જન કરી સંસારમાં ભમે છે. બાહ્ય કે અભ્યન્તર જે જે ગુણ કે વસ્તુ પ્રાપ્ત થાય તે બીજા યોગ્ય આત્માઓને આપી ઉપકાર કરવાથી જ સફળ થાય છે. અન્યથા અન્યભવે તે ગુણની પ્રાપ્તિ થતી નથી. વળી દાનધર્મની સાધના માટે સાધુને 'જ્ઞાનદાન' એ જ એક સાધન છે. શિષ્ય યોગ્ય છતાં તેને દાન ન કરે તો બાકીની આરાધના નિષ્ફળ જાય છે. એમ સ્વહિતાર્થે પણ ગુરુએ યોગ્ય શિષ્યોને જ્ઞાનદાન કરવું જોઈએ, અયોગ્યને નહિ જ કરવું જોઈએ.

૩૪-'ગુરુએ ગુરુપદે સ્થાપેલો' એનો અર્થ એ છે કે લાયક બનેલો. અન્યથા મહત્ત્વાકાંક્ષાથી સ્વયંગુરુ બનેલો દ્રવ્ય ગુણોવાળો છતાં ભાવથી ગુરુની લાયકાત વિનાનો ગણાય છે. એવા સ્વચ્છંદાચારીની નિશ્રામાં શિષ્યોનું હિત સધાતું નથી. તાત્પર્ય કે તેના ગુરુએ તેને ગુરુપદ માટે યોગ્ય માની તેના શિષ્યો બનાવ્યા હોય.

૩૫-સ્વજીવન નિર્વાહના કે મહત્ત્વ મેળવવાના ઉદ્દેશથી શિષ્ય બનાવવાની વૃત્તિ એ જડતા છે, એવો જડ ગુરુ જે શિષ્ય પોતાની અનુકૂળતા ન સાચવી શકે તેની ઉપર વાત્સલ્ય રાખી શકતો નથી અને વાત્સલ્ય વિના શિષ્યનું આત્મહિત સાધી શકાતું નથી. ઉલટું પરસ્પર ગુરુ-શિષ્યનો આરાધક ભાવમાં નિમિત્ત બનવાનો ધર્મ છે તેને બદલે વિરાધક ભાવને પામે છે અને કર્મથી ભારે થઈ સંસાર વધારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં દીક્ષા લેનારના સોળ અને આપનાર ગુરૂના પંદર ગુણો કહ્યા. પણ તે ઉત્સર્ગ પક્ષે સમજવા. અર્થાત્ એટલા ગુણવાળો દીક્ષા લેનાર કે દેનાર યોગ્ય (શ્રેષ્ઠ) ગણાય, એમાં અપવાદ એ છે કે-એ સોળ અને પંદરમાં ચોથાભાગના ગુણો ઓછા હોય તે દીક્ષા લેનાર કે દેનાર મધ્યમ કક્ષાના અને અડધા ગુણો ઓછા હોય તે જઘન્ય કક્ષાના ગણાય. (વિશેષમાં કહ્યું છે કે–)

" कालपरिहाणिदोसा, एत्तो एकाइगुणविहीणा वि ।
जे बहुगुणसंपन्ना, ते जोग्गा हुंति णायव्वा ॥१॥" पंचवस्तुक गा० ३७॥

**ભાવાર્થ**–" કાળની હાનિરૂપ દોષના (અવસર્પિણી કાળના) પ્રભાવે ઉપર કહ્યા તેમાંથી એક–બે આદિ ગુણો ઓછા છતાં જેઓમાં ઘણા ગુણો હોય તે (ગુરૂ કે શિષ્યને) યોગ્ય સમજવા."

દ્વિતીયપદે એટલે અપવાદમાર્ગે દીક્ષાની એ યોગ્યતા કહી. આથી જ જેમ દેશવિર–તિધર એવા શ્રાવકને દીક્ષા આપે છે તેમ આમાંના કેટલાક ગુણવાળા યથાભદ્રક–સરળપરિણામી[૩૬] પ્રથમગુણસ્થાનવર્તી જીવોને પણ તેમનામાં સંયમનો નિર્વાહ કરવાની યોગ્યતા જોઇને ગીતાર્થો દીક્ષા આપે છે. એ રીતે આપેલી દીક્ષા તે તે ગુણવાળા તેઓને ઉત્તરોત્તર વિશેષગુણો પ્રગટ થવામાં હેતુરૂપ બને છે અને અવ્યુત્પન્નદશામાં (વિશેષ સમજણના અભાવમાં) પણ જીવના માત્ર સમ્યક્ક્રિયાના રાગથી પણ તે ધર્મના જ હેતુ તરીકે સફળ થાય છે. પૂજાના અધિકારમાં વિંશિકામાં પણ પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે–

" पढमकरणभेएणं, गंथासन्नस्स धम्ममित्तफला ।
साहुज्जुगाइभावो, जायइ तह नाणुबंधत्ति ॥१॥" पूजाविंशिका ॥

**અર્થ**—(ત્યાં પૂજાના અધિકારમાંની આ ગાથા હોવાથી) 'પ્રથમકરણ' એટલે છેલ્લું યથા-પ્રવૃત્તિકરણ પૂર્ણ થવાથી ગ્રન્થીદેશની પાસે આવેલા જીવને શ્રીજિનપૂજા માત્ર ધર્મ રૂપે જ સફળ થાય છે, અર્થાત્ તેનું ફળ ધર્મ રૂપે જ આવે છે, ' સદ્યોગાવંચકભાવ ' પ્રગટે છે અને ' સમ્યગ્દષ્ટિ ' વિગેરે ઉત્તર ઉત્તર ભાવોનો અવિચ્છેદ થાય છે. તાત્પર્ય કે ગ્રન્થીભેદ થતાં પહેલાં

૩૬–પૂર્વભવની આરાધનાથી કર્મોની લઘુતા થતાં કોઈ જીવ ગૃહસ્થધર્મના બળે સર્વવિરતિ ગુણ-સ્થાનક પામીને દીક્ષા લેવા યોગ્ય બન્યો હોય છે તો કોઈ દીક્ષા લઈ તેનું પાલન કરવાથી પછી પણ તે ગુણસ્થાનકને પામે છે. ઉપર ઉપરનાં ગુણસ્થાનકો નીચે નીચેના ગુણસ્થાનકનાં કરણીય અનુષ્ઠાનો કરવાથી પ્રગટ થાય છે, માટે મિથ્યાત્વગુણસ્થાનવાળો માર્ગાનુસારી ધર્મથી સમ્યગ્દર્શનની, સમ્ગ્દર્શનને પાળતો દેશવિરતિની કે દેશવિરતિ ગુણને આરાધતો સર્વ વિરતિની પ્રાપ્તિ કરી શકે છે, તેમ પહેલાગુણસ્થાનકે વર્તતો પણ કોઈ સમકિતની દેશવિરતિની કે સર્વ વિરતિની આરાધનાના બળે તે તે ગુણસ્થાનકને પામે છે. એ કારણે જ મિથ્યાત્વીને પણ જો તે વિશિષ્ટ યોગ્ય હોય તો દીક્ષા આપી શકાય છે. એથી અહીં જણાવ્યું છે કે ભદ્રકપરિણામી અવ્યુત્પન્ન છતાં સમ્યક્ સાધુક્રિયાના બળે વિશિષ્ટ યોગ્યતા પામી શકે છે. અર્થાત્ સર્વવિરતિ ગુણસ્થાનકને પણ પ્રગટ કરી શકે છે. તે તે ક્રિયા તે તે ગુણોને પ્રગટ કરવા માટે હોય છે, ક્ષુધાનાશક ભોજન ક્ષુધા વખતે, દરિદ્રતા નાશક વાણિજ્ય દરિદ્રતા વખતે, ઈત્યાદિ લોકમાં કરાય છે તેમ તે તે ગુણપ્રાપકક્રિયા પણ તે ગુણની પ્રાપ્તિ પહેલાં કરણીય છે. ગુણપ્રાપ્તિ પછી તે ક્રિયા તે ગુણોની રક્ષા વૃદ્ધિ કે નિર્મળતા માટે કરવાની હોય છે, અથવા અન્યજીવો પણ એ ક્રિયાને સ્વીકારે એવું આલમ્બન પુરૂં પાડી તેનો પ્રવાહ અખણ્ડ રાખવા માટે કરવાની હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ અપુનર્બન્ધકને શ્રીજિનપૂજાના ફળ તરીકે ધર્મ જ પ્રગટે છે. (સંસાર વધતો નથી.) અર્થાત્ શ્રીજિનપૂજાથી તેને સદ્યોગાવંચકપણું અને આગળ વધીને સમ્યગ્દૃષ્ટિપણું વિગેરે ઉત્તરોત્તર આત્મગુણોના વિકાસની પરંપરા ચાલે છે. શ્રીપંચાશકજીમાં તપના વર્ણન પ્રસંગે પણ (તેઓએ) કહ્યું છે કે—

"एवं पडिवत्तीए, एत्तो मग्गाणुसारिभावाओ ।
चरणं विहियं बहवो, पत्ता जीवा महाभागा ॥" पंचा० १९–गा०२७॥

**અર્થ**—એ પ્રમાણે કરવાથી, અથવા ધર્મક્રિયામાં થતા ઉપસર્ગાદિ ઉપદ્રવોનું નિવારણ વિગેરે કરનારા સાધાર્મિક-દેવો (વિગેરે)ની સહાયથી 'પ્રતિપત્તિ'=તપરૂપ ઉપચારને (આચારને) અંગીકાર કરવાથી અને કષાય વિગેરેને રોકવામાં પણ તપ સમર્થ હોવાથી, તે તપના આરાધકોમાંથી ઘણા મહાભાગ્યવન્ત જીવો મોક્ષમાર્ગને અનુકૂળ અધ્યવસાયના બળે શ્રીજિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ચારિત્રને પણ પ્રાપ્ત કરી ગયા છે. અર્થાત્ તપના આસેવનથી ઘણા જીવો માર્ગાનુસારીપણાના બળે આગળ વધીને ચારિત્રને પણ પામ્યા છે.

એમ માર્ગાનુસારીએ કરેલો તપ સમ્યક્ત્વના અભાવમાં પણ પરંપરાએ ચારિત્રનું કારણ બને છે. દીક્ષાને ઉદ્દેશીને પણ ત્યાં કહ્યું છે કે—

"दिक्खाविहाणमेयं, भाविज्जंतं तु तंतणीईए ।
सइ–अपुणबंधगाणं, कुग्गहविरहं लहुं कुणइ ॥" पंचा० २, गा० ४४॥

**વ્યાખ્યા**—શ્રીજિનેશ્વરોએ કરેલા આ દીક્ષાના વિધાનનું (દીક્ષાવિધિનું), તેને આચારવાની વાત તો દૂર રહી, પણ શાસ્ત્રોક્તનીતિથી માત્ર પર્યાલોચન કરવામાં આવે તો પણ સકૃદ્બન્ધક અને અપુનર્બન્ધક જીવોને તે શીઘ્રતયા કુગ્રહનો નાશ કરે છે, તેમાં 'સકૃદ્બન્ધક' એટલે હવે પછી વારંવાર નહિ પણ એક જ વખત મોહનીય કર્મની સ્થિતિનો ઉત્કૃષ્ટબન્ધ કરનારો અને અપુનર્બન્ધક એટલે હવે પછી મોહનીયકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ નહિ કરનારો. તેઓનું સ્વરૂપ આ પ્રમાણે કહેલું છે-યથાપ્રવૃત્તકરણદ્વારા જેણે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘટાડી એક કોડાકોડ સાગરોપમમાં પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન કરી દીધી છે-અર્થાત્ જે ગ્રન્થીદેશે આવ્યો છે, પણ ગ્રન્થીભેદ કર્યો નથી અને એક જ વખત સીત્તર કોડાકોડી સાગરોપમ પ્રમાણ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિને ભવિષ્યમાં પુનઃ બાંધશે, તે સકૃદ્બન્ધક કહેવાય છે અને જે તેજ રીતે સ્થિતિને ખપાવીને છેલ્લે ગ્રન્થીદેશે આવેલો ફરી તે ઉત્કૃષ્ટ સ્થિતિને નહિ બાંધતાં ગ્રન્થીને ભેદશે તે અપુનર્બન્ધક કહેવાય છે. કારણ કે 'पावं न तिव्वभावा कुणइ' અર્થાત્ તે (અપુનર્બન્ધક) 'તીવ્રભાવથી પાપને કરતો નથી' એમ કહ્યું છે.

આ બન્ને પ્રકારના આત્માઓને ગ્રન્થીભેદ નહિ થયેલો હોવાથી કુગ્રહ (અસત્યનો આગ્રહ) સંભવિત છે, પણ અવિરતિસમ્યગ્દૃષ્ટિ વિગેરેને તેવો સંભવ નથી. (માટે અહીં સકૃદ્બન્ધક, અપુનર્બન્ધક બે કહ્યા.) જો કે માર્ગાભિમુખ અને માર્ગપતિત અવસ્થાને પામેલાને ગ્રન્થીભેદના અભાવે કુગ્રહનો સંભવ છે, તથાપિ તેમને પ્રાપ્ત થએલી માર્ગાભિમુખ તથા માર્ગપતિત અવસ્થાથી તેઓના તે કુગ્રહનો ત્યાગ કરી શકાય તેવો છે, માટે અહીં તેઓને પણ નહિ ગણતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓનો કુગ્રહ બલવાન છે તે માત્ર સકૃદ્બન્ધક અને અપુનર્બન્ધક એ બેને દીક્ષાનું પર્યાલોચન કરવાથી કુગ્રહનો શીઘ્રતયા વિરહ થાય છે એમ કહ્યું. અર્થાપત્તિએ બીજાઓને તો થાય જ છે. આ બન્નેને ભાવસમ્યક્ત્વનો અભાવ હોવાથી દીક્ષા આપતાં દ્રવ્યથી જ સમ્યક્ત્વનો આરોપ કરવામાં આવે છે. તેના આલમ્બને તેઓ કુગ્રહનો વિરહ એટલે અસત્યના પક્ષનો ત્યાગ જલ્દી કરી શકે છે. દીક્ષા આપનાર માટે પણ અપવાદમાર્ગે પૂ૦ શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે–

"कालपरिहाणिदोसा, इत्तो एक्काइगुणविहीणेणं ।
अन्नेण वि पव्वज्जा, दायव्वा सीलवंतेणं ॥३०॥
गीअत्थो कडजोगी, चारित्ती तह य गाहणाकुसलो ।
अणुवत्तगोऽविसाई, बीओ पव्वावणायरिओ ॥३१॥" पंचवस्तुक॥

**અર્થ**–(દીક્ષા) આપનારને અંગે યોગ્યતા કહી તેમાં અપવાદને જણાવે છે કે–) કાળ–પરિહાણિરૂપ દોષને કારણે (અર્થાત્ વર્તમાનમાં સર્વગુણસંપન્ન ગુરૂનો યોગ દુર્લભ હોવાથી) ઉપર જણાવ્યા તે પંદરમાંથી એક બે આદિ ગુણો ઓછા હોય તેવા બીજા (અસમ્પૂર્ણ ગુણવાળા) પણ શીલવન્ત ગુરૂએ દીક્ષા આપવી. એથી પણ આગળ વધીને વર્તમાનમાં ઉચિતગુરૂનું સ્વરૂપ જણાવે છે કે–જે **ગીતાર્થ** એટલે સૂત્ર અર્થનો જાણ હોય, **કૃતયોગી**=સાધુના યોગો એટલે કરણીને કરતો હોય, **ચારિત્રી**=શીયળ–સદાચારવન્ત હોય, **ગ્રાહણાકુશળ**=શિષ્યને ક્રિયા–અનુષ્ઠાન વિગેરે શીખવાડવામાં–પળાવવામાં કુશળ હોય, શિષ્યના સ્વાભાવને **અનુવર્તક**=અનુસરવા પૂર્વક તેની (ચારિત્રની) રક્ષા કરનારો હોય, અને ચારિત્રમાં (ઉપસર્ગાદિ) આપત્તિ આવે તો તે પ્રસંગમાં પણ વિષાદ–ખેદ કરનારો ન હોય, બીજો એટલે અપવાદ માર્ગે તે પણ દીક્ષા દેનાર તરીકે યોગ્ય સમજવો. અર્થાત્ અપવાદથી એવો ગુરૂ પણ દીક્ષા આપવા માટે લાયક છે.

એ પ્રમાણે દીક્ષા આપનાર ગુરૂની યોગ્યતાનું વર્ણન કર્યું. આ વિષયમાં દશ પરતીર્થિઓના મત વિશેષ જિજ્ઞાસુઓએ ધર્મ બિન્દુમાંથી[૩૭] જાણી લેવા. (નીચે ટીપ્પણીમાં તે જણાવ્યા છે.)

૩૭–ધર્મબિન્દુમાં કહેલા દશ પરવાદીઓના મતો—

૧–**વાયુનામે વાદી**—સમ્પૂર્ણ ગુણવાળો જ યોગ્ય ગણાય, કારણ કે જે કાર્ય જેટલી સામગ્રીથી સાધ્ય હોય તેમાં તેટલી જોઇએ, ઓછી સામગ્રીથી સિદ્ધ ન થાય.

૨–**વાલ્મિકઋષિ**—વાયુનું કથન બરાબર નથી, તદ્દન ગુણવિનાનાને પણ કોઈ વખત એકાએક ગુણો પ્રગટે છે, દરિદ્રને પણ કોઈવાર રાજ્ય ક્યાં નથી મળતું ?

૩–**વ્યાસઋષિ**—વાલ્મિકનું કથન અયોગ્ય છે, કારણ કે સામાન્યગુણોના અભાવે વિશિષ્ટગુણોનો નિયમા અભાવ હોય, કારણને અનુરૂપ કાર્ય થઈ શકે, અન્યથા કાર્ય–કારણ ભાવ અસત્ય ઠરે.

૪–**સમ્રાટ્ નામના રાજર્ષિ**—ઉપર કહ્યું તે વ્યાજબી નથી, ગુણો ગમે તેટલા હોય પણ યોગ્યતા વિના જીવ કાર્ય સાધી શકતો નથી, માટે ગુણ હોય કે ન હોય, જીવમાં તે તે કાર્ય માટે યોગ્યતારૂપ અધિકારીપણું હોવું જોઈએ.

૫–**નારદનો મત**—એવો છે કે–સમ્રાટ જે કહે છે તેમાં તથ્ય નથી. માત્ર સામાન્ય યોગ્યતાથી જ વિશિષ્ટ કાર્યની સિદ્ધિ થતી હોય તો જીવમાત્રમાં પ્રાયઃ સામાન્ય રૂપે તો યોગ્યતા સર્વને હોય છે જ, તેથી સર્વ જીવો વિશિષ્ટગુણોવાળા બની જ જવા જોઈએ, કોઈ સામાન્ય ગુણવાળો ન રહે. માટે વિશિષ્ટ ગુણોની સાધના માટે યોગ્યતા પણ વિશિષ્ટ જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે દીક્ષાર્થી અને દીક્ષાદાતાનું સ્વરૂપ કહ્યું, હવે પહેલાં મૂળ ગા૦ ૭૮ માં 'વિધિપૂર્વક દીક્ષિત થએલો' એમ કહેલું હોવાથી દીક્ષાના વિધિને જણાવવાની ઇચ્છાથી પહેલા શ્લોકથી દીક્ષાલેનારનો તથા બીજાશ્લોકથી આપનારનો વિધિ જણાવે છે.

मूलम् " गुर्वनुज्ञोपधायोगो, वृत्त्युपायसमर्थनम् ।
ग्लानौषधादिदृष्टान्तात्, त्यागो गुरुनिवेदनम् ॥८४॥
प्रश्नः साधुक्रियाख्यानं, परीक्षा कण्ठतोऽर्पणम् ।
सामायिकादिसूत्रस्य, चैत्यनुत्यादि तद्विधिः ॥८५॥" युग्मम् ॥

**મૂળનો અર્થ**—દીક્ષાર્થીએ વડિલોની અનુજ્ઞા મેળવવી, મોહથી આજ્ઞા ન આપે તો તેમની સંમત્તિ મળે તેમ કપટ પણ કરવું, તેઓની આજીવિકાનો પ્રબન્ધ કરવો, એમ છતાં અનુજ્ઞા ન આપે તો ગ્લાનને છોડીને જાય તેમ તેઓને છોડવાં. (એ વાત ચાલુ પ્રસંગે જ હમણાં આગળ કહેવાશે.) એમ વિધિપૂર્વક ગુરૂ પાસે આવીને ગુરૂને નિવેદન કરવું. ગુરૂએ પણ તેને વૈરાગ્યનાં કારણો પૂછવાં, સાધુક્રિયાનું ક્લિષ્ટપણું જણાવવું, યોગ્યતાની પરીક્ષા કરવી, સામાયિકાદિ

૬–**વસુ નામના રાજા**—પૂર્વ ગુણમાંથી જ ઉત્તરોત્તર વિશેષ ગુણો પણ પ્રગટ થઈ શકે છે, બીજ વિના પાકના અભાવની જેમ ગુણરૂપી બીજ વિના કદી કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી, માટે સામાન્ય ગુણો જ વિશિષ્ટ ગુણોના પણ ઉત્પાદક બને છે.

૭–**ક્ષીરકદંબક**—વસુનું વચન એક કોડીના ધનવાળા દરિદ્રના વ્યાપારને કોટીવધ્વજના વ્યાપારની તુલનામાં મૂકવા જેવું અઘટિત છે, કોડીનો વ્યાપારી ક્રોડાધિપતિ બને તો પણ ઘણો કાળ લાગે, એટલો કાળ તેનું જીવન પણ દુઃસમ્ભવિત છે, તેમ તદ્દન સામાન્યગુણવાળો વિશિષ્ટ ગુણવાળો બને તે પણ તેવું જ છે.

૮–**વિધિ**—ઓછાધનવાળામાં પણ ધનપતિ થવાની યોગ્યતા સમ્ભવિત છે. એક કોડિવાળો પણ તથાવિધ ભાગ્યોદયથી સો–હજાર–લાખગુણો વિગેરે લાભ મળતાં ક્રોડાધિપતિ બનવાની યોગ્યતા તો ધરાવી શકે છે, એવા પ્રસંગો સંભળાય પણ છે કે—અતિતુચ્છવ્યાપાર કરનારા પણ તથાવિધ ભાગ્યના બળે અલ્પકાળમાં ક્રોડોનો વ્યાપાર કરનારા થયા છે. આ મત કંઈક સમ્રાટના મતને અનુસરતો છે.

૯–**બૃહસ્પતિ**—કોઈ વિશિષ્ટ ગુણની ન્યૂનતા હોય, તો પણ પરમાર્થથી બીજા ઘણા સામાન્ય ગુણોરૂપ યોગ્યતા હોઈ શકે, માટે પોણાભાગના કે અડધા ગુણો હોય તે યોગ્ય ગણાય, વિગેરે વિચારણાની જરૂર નથી.

૧૦–**સિદ્ધસેન નામના નીતિકાર**—ધર્મ–અર્થ–કામ અને મોક્ષરૂપ સઘળા વ્યવહારોમાં બુદ્ધિમાનો જે વિષયમાં જેને નિમિત્ત તરીકે (ઘટિત–વ્યાજબી) માને છે, તે સઘળું યોગ્યતારૂપ જ છે, યોગ્યતા અને નિમિત્ત ઘટનામાં કંઈ ભિન્નતા નથી.

એ પરદર્શનીઓના દશ મતો જણાવીને પૂ૦શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ પોતાનો મત જણાવતાં કહે છે કે–થોડા પણ અસાધારણ ગુણો (વિશિષ્ટ ગુણો) કલ્યાણનો ઉત્કર્ષ સાધી શકે છે, માત્ર સામાન્ય ગુણો જ નહિ, માટે 'આર્ય દેશમાં જન્મ' વિગેરે જે અસાધારણ ગુણો કહ્યા તેમાંના અડધા તો જોઇએ જ. અસાધારણ ગુણો નિયમા બીજા ખુટતા ગુણોને પ્રકટ કરી શકે છે.

ઉપર કહ્યા તેમાં વાયુ–વાલ્મિક–વ્યાસ–સમ્રાટ–નારદ–વસુ અને ક્ષીરકદમ્બક એ સાતના મતો તો પરસ્પર એક બીજાથી અસત્ય ઠરે છે એથી આદરવા લાયક નથી અને છેલ્લા ત્રણ મતો અસાધારણ ગુણોનો અનાદર કરવાપૂર્વક માત્ર યોગ્યતાને જ આગળ કરે છે એથી તે પણ યોગ્ય નથી, વિગેરે મધ્યસ્થ બુદ્ધિથી વિચારવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રો કણ્ઠે (મુખપાઠ) કરાવવાં અને દેવવન્દનાદિ વિધિ કરાવવો, એ દીક્ષા લેવા-આપવાનો વિધિ છે.

**ટીકાનો ભાવાર્થ**—'ગુરૂની આજ્ઞા મેળવવી' વિગેરે દીક્ષાનો વિધિ એક કર્ત્તવ્ય રૂપ છે, એવો ગ્રન્થકારનો ઉપદેશ છે એમ છેલ્લા પદની સાથે વાક્યનો સંબન્ધ જોડવો. તેમાં ગુરૂઓ અહીં માતા પિતાદિને સમજવા, તેઓની અનુજ્ઞા એટલે 'તું દીક્ષા લે' એવી અનુમતિ મેળવવી જોઇએ. એ રીતે તે તે ઉપાયો પૂર્વક અનુજ્ઞા માગવા છતાં પણ તેઓ ન છોડે, ત્યારે શું કરવું? તે જણાવે છે કે 'ઉપધાયોગ' અર્થાત્ 'ઉપધા' એટલે માયાનો પ્રયોગ કરવો. તે માયાને બીજાઓ જાણી ન જાય તેવા તેવા પ્રકારોથી કરવી. આ માયાના પ્રકારો શ્રીધર્મબિન્દુ ગ્રન્થમાં કહ્યા છે કે–

દુષ્ટ સ્વપ્ન વિગેરે કહેવું, એટલે કે 'હું ગધેડા-ઊંટ-પાડા વિગેરે ઉપર બેઠેલો હતો' વિગેરે (અનિષ્ટ સૂચક) મેં સ્વપ્નમાં જોયું, વિગેરે શબ્દથી 'મેં મારી બે આંખોની મધ્યનો ભાગ જોયો, દેવીઓનું ટોળું જોયું, વિગેરે (મનુષ્યથી ન દેખી શકાય તેવું) વિપરીત દેખાણું, ઈત્યાદિ કપટથી માતા-પિતાદિને જણાવવું, કારણ કે-એથી તેઓ અનુમતિ આપે. વળી પ્રકૃતિ વિપરીત કરવી, અર્થાત્ મરણ સમયે પ્રાયઃ સ્વભાવ-પ્રકૃતિનો ભેદ થતો હોવાથી 'હવે આનું મરણ નજીકમાં છે' એમ સમજી વડિલો અનુજ્ઞા આપે એ ઉદ્દેશથી સ્વભાવ બદલવો. (બહારથી મરણનાં ચિન્હો દેખાડવાં.)

એમ વિપરીત પ્રકૃતિ વિગેરે ચેષ્ટાઓ કરવા છતાં તેઓ સ્વયમેવ ન સમજે તો શું કરવું? તે કહે છે કે-દૈવજ્ઞ એટલે નિમિત્તશાસ્ત્રાદિના જાણપુરૂષોદ્વારા તેઓને તે રીતે નિમિત્તશાસ્ત્રોની વાતો સંભળાવવી. અર્થાત 'આવી અમુક ચેષ્ટાઓ થાય ત્યારે મરણ નજીકમાં થાય' વિગેરે તે વિપરીત ચેષ્ટાઓનાં ફળો જ્યોતિષીઓ દ્વારા જણાવવાં. અહીં કોઇને 'એમ કપટ દ્વારા દીક્ષા સ્વીકારવાથી શું લાભ થાય?' એવો પ્રશ્ન થાય એથી સમાધાન આપે છે કે–

'**न धर्मे माया**' અર્થાત્ ધર્મની સાધના માટે કરાતી માયા તે માયા-ઠગાઈ નથી, કારણ કે (એમાં કોઇનું ખરાબ કરવાનો ઉદ્દેશ નથી, કિન્તુ મૂઢજીવોને સમજાવવાનો શુભ ઉદ્દેશ હોવાથી) પરમાર્થથી તેમાં માયાનો અભાવ છે-અમાયીપણું છે. એમાં પણ પ્રશ્ન થાય કે એમ કેમ કહેવાય કે તે માયા નથી? તેનો જવાબ આપે છે કે-એમ કરવામાં ઉભયનું હિત છે, અર્થાત્ દીક્ષાની અનુજ્ઞા મેળવવા માટે માયા કરવી પડે તે પોતાને અને માતા-પિતાદિને પણ હિત કરનારી-કલ્યાણરૂપ છે. કારણ કે-એના ફળ રૂપે લીધેલી દીક્ષા સ્વ-પરનો ઉપકાર કરનારી છે, (સ્વ-પરનું હિત ઈચ્છતો દીક્ષા લેનાર આવો માયા ભાવ નિરૂપાયે જ કરે) કહ્યું છે કે—

**"अमायोऽपि हि भावेन, माय्येव तु भवेत् क्वचित् ।**
**पश्येत् स्वपरयोर्यत्र, सानुबन्धं हितोदयम् ॥१॥" धर्मबिन्दुअ० ४–३१ टीका ॥**

**અર્થ**-હૃદયથી માયા વિનાનો છતાં સ્વ-પરનું ઉત્તરોત્તર હિત થતું-વધતું દેખે ત્યારે કોઈ હિતાર્થી (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિને આશ્રિને) કોઈ વિષયમાં બહારથી માયા પણ કરે.

એમ શુભાશયથી હિત સાધવા કરાતી માયા તે માયા નથી,[૩૮] માટે એ ચર્ચાથી સર્યું,

૩૮-પ્રાયઃ લોક વ્યવહારોમાં પણ અજ્ઞાન-મૂઢ જીવોના હિત માટે સર્વત્ર આવું જ વર્તન દેખાય છે. અજ્ઞાન બાળકને મા એ રીતે જ ઉછેરી મોટો કરે છે, ઓછી બુદ્ધિવાળા વિદ્યાર્થીને માટે પણ બુદ્ધિમાન શિક્ષક એ જ ઉપાય લે છે, બીમાર પડેલા મનુષ્યને ઔષધાદિ આપવામાં વૈદ્યો કે પરિચારકો પણ એવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે ચાલુ પ્રસંગને અનુસરીયે. કોઈ એમ પૂછે કે એમ ભલે કરે, પણ તેની ગેરહાજરીમાં માતા-પિતાદિ પોતાના નિર્વાહ માટે આજીવિકાને મેળવી શકે તેમ ન હોય, માટે અનુમતિ ન આપતાં હોય તો શું કરવું ? તેને કહે છે કે-તેઓની આજીવિકાનો પ્રબન્ધ કરવો જોઇએ. અર્થાત્ 'સો-હજાર' વિગેરે અમુક નાણાં વિગેરે આજીવિકા માટે સાધન તેઓને આપવું જોઇએ, કે ઉત્પન્ન કરી આપવું જોઇએ, કે જેથી પોતે દીક્ષા લીધા પછી માતા-પિતાદિ આશ્રિતો આજીવિકાથી સીદાય નહિ. એમ કરવાથી ઉપકારીના ઉપકારની કૃતજ્ઞતા (અને ભક્તિ) પણ કરી ગણાય. વળી એ રીતે ગુરૂવર્ગની ભક્તિ કરવી તે જૈનમાર્ગની પ્રભાવનાનું (મહત્તા વધારવાનું) બીજ પણ છે, માટે એવો પ્રબન્ધ કરીને પણ તેઓની અનુમતિથી દીક્ષા અઙ્ગીકાર કરે. વળી અહીં પ્રશ્ન થાય કે-એમ કરવા છતાં પણ માનો કે મોહને યોગે તેઓ પુત્રને છોડવા તૈયાર ન થાય તો શું કરવું ? તેના ઉત્તરમાં જણાવે છે કે-કોઈ સુપુત્ર તથાવિધ વ્યાધિની પીડાથી પીડાતાં માતપિતાદિને (અટવીમાં) છોડીને તેઓના ઔષધ માટે અને પોતાના નિર્વાહ માટે જવું જરૂરી હોવાથી (શહેરમાં) જાય, તેમ આજીવિકાની વ્યવસ્થા કરવા છતાં વડિલો અનુમતિ ન આપે તો તેઓને છોડીને પણ દીક્ષા અઙ્ગીકાર કરે. દૃષ્ટાન્ત તરીકે માનો કે-કોઈ એક કુલિનપુત્ર પોતાના માતા-પિતાદિની સાથે મોટી અટવીમાં જઇ ચઢ્યો, ત્યાં માતા-પિતાદિની સાથે તે મુસાફરી કરે છે, અટવીમાં આગળ જતાં માતા-પિતાદિ કે જેઓની સેવામાં પોતે છે તેઓને 'ઔષધાદિના અભાવે નિયમા મરણ નિપજાવે તેવો, વૈદ્ય કે ઔષધ વિના માત્ર સેવા કરનાર પુરૂષથી અસાધ્ય અને તેને અનુકૂળ ઔષધ વિગેરે મળી જાય તો મટે તેવો મહા આતંક—મારણાન્તિક રોગ પ્રગટ્યો, ત્યારે તેઓનો તે પુત્ર તેઓના રાગથી એમ વિચારે કે 'આ મારા વડિલો ઔષધ વિગેરેના અભાવમાં નિયમા રોગ મુક્ત નહિ થાય, ઔષધાદિ મળી જાય તો સમ્ભવ છે કે કદાચ રોગથી મુક્ત થાય, અથવા ન થાય, વળી તેઓ સમય કાઢી શકે તેમ છે, એટલે કે તુર્તમાં તેઓનું મરણ નિપજે તેવું પણ નથી, માટે શહેરમાં જઈ ઔષધ લાવું, એમ સમજી જુદી જુદી યુક્તિથી એ વાત તેઓને સમજાવીને ઔષધ અને પોતાનાં અહાર-પાણી માટે તેઓને ત્યાં છોડી (વસતિમાં) જાય તો તે પુત્ર ઉત્તમ જ ગણાય, તેણે તેઓનો ત્યાગ કરવા છતાં ત્યાગ કર્યો ન જ ગણાય.

---

એવી માયા કરે જ છે. જેનું સુન્દર ફળ પ્રત્યક્ષ દેખાડી શકાય તેમ ન હોય છતાં આવવું સમ્ભવિત હોય એવા વિષયમાં પ્રવૃત્તિ કરાવવા માટે 'અસત્ય બોલવું-માયા કરવી-સત્ય છૂપાવવું' વિગેરે કરનારો લોકમાં બુદ્ધિમાન ગણાય છે, કારણ કે તેમાં અન્યનું ભલું કરવાની શુદ્ધ ભાવના રહેલી છે. તેમ અહીં પણ માતા-પિતાદિને કોઈ સબળ કારણ વિના માત્ર પુત્રને દીક્ષા જેવા ઉત્તમ માર્ગે જતો અટકાવનારા અયોગ્ય મોહથી બચાવવાનો શુભ આશય હોવાથી કપટ નથી, સ્વ-પર હિતકર છે. હા, પોતે અયોગ્ય હોય કે યોગ્ય છતાં પાછળ આજીવિકા વિગેરે માટે કુટુમ્બને નિરાધાર મૂકીને જતા તેઓની સેવા કરવામાં કંટાળેલાને આવી માયા કરવાનો અધિકાર નથી. દીક્ષા લેનાર સંસારનાં દુઃખોથી નહિ પણ તે દુઃખોનાં મૂળભૂત પાપકર્મોથી કંટાળેલો-ત્રાસેલો હોવો જોઇએ. તો જ તે સંયમનાં કષ્ટોને પ્રસન્નતાથી સહી શકે છે. જને જે જવાબદારી પોતાના કર્મોદયને અનુસાર આવી પડી હોય તેને પૂર્ણ કરવી તે તેનો ધર્મ છે, તેને પૂર્ણ કર્યા વિના સંસારનાં કષ્ટોથી કંટાળીને ઘર છોડે તે સાચા વૈરાગ્યના અભાવે મોહ-મૂઢ હોવાથી દીક્ષા લેવા છતાં પ્રાયઃ આત્મશુદ્ધિ કરી શકે નહિ. આ વિષયમાં એકાન્ત નથી, શાસ્ત્રમાં પણ ભજના કહી છે, માટે મધ્યસ્થ બની સ્વ-પર હિતને વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલટું એવા પ્રસઙ્ગે એમના રાગને યોગે કોઇ પુત્ર ઔષધાદિ માટે પણ માંદાં માતાપિતાદિને છોડે નહિ, તેમની પાસે જ રહે, તો તે ત્યાગ નહિ છતાં તેમનો ત્યાગ કરવા બરાબર છે. કારણ કે અહીં (ક્રિયાની નહિ પણ) ફળની મુખ્યતા છે. વસ્તુતઃ સાત્વિક પુરૂષો દરેક પ્રવૃત્તિમાં ફળને જ જોનારા હોય છે. (ઔષધાદિ માટે ત્યાગ કરનારો પુત્ર તેમને નિરોગી બનાવવા માટે પ્રયત્ન કરનારો હોઇ સાચી રીતે તે તેમને છોડતો નથી પણ સેવા કરે છે અને પાસે બેસી રહેનારો તેમને નિરોગી બનાવવા માટે ઉદ્યમ કરતો નથી એથી વસ્તુતઃ સેવાને છોડે છે-તેઓના આરોગ્યની કે ભવિષ્યના હિતની ઉપેક્ષા કરે છે.) તેથી ઔષધ મેળવી આપીને કદાચ તેને જીવાડી પણ શકાય એવો સંભવ હોવાથી એમ કરવું તે સત્પુરૂષને માટે ઉચિત છે. એ ન્યાયે અહીં પણ સંસારરૂપી અટવીમાં આવી પડેલો શુક્લપાક્ષિક ઉત્તમ આત્મા (પુત્ર) માતાપિતાદિ સાથે ઘરમાં રહે તો પણ ધર્મના બન્ધનથી રહે (માતા પિતાદિનો પ્રત્યુપકાર કરવાની બુદ્ધિથી રહે.) અને ત્યાં તે વડિલોને મિથ્યાત્વમોહનીય વિગેરે કર્મના ઉદયરૂપ રોગ થાય, કે જે કર્મરોગ નિયમા (આત્મ સુખનો) વિનાશ કરનારો, (સંસારમાં રખડાવનારો,) સમ્યકત્ત્વનાં બીજ વિગેરેની પ્રાપ્તિરૂપ ઔષધ વિના (તે કર્મોદયને ટાળવાની બુદ્ધિવાળા હિતસ્વી પણ) પુરૂષ માત્રથી ટળવો અશક્ય અને સમ્યક્ત્ત્વાદિ ઔષધ મળે તો તેનાથી મટવાની સમ્ભાવનાવાળો છે એમ સમજી તેવા પ્રસઙ્ગે તે શુક્લપાક્ષિક પુરૂષ (પુત્ર) ધર્મના બન્ધનથી (પ્રત્યુપકાર કરવાની પોતાની જવાબદારીથી) એમ વિચારે કે સમ્યક્ત્ત્વાદિ ઔષધ વિના (કર્મ રોગથી) અવશ્ય તેઓ વિનાશ પામશે (દુર્ગતિમાં જશે), વળી તેવું ધર્મ ઔષધ મેળવવાથી સમ્ભવ છે કે તેઓ બચે, અથવા ન પણ બચે, વળી વ્યવહારથી હજુ કાળને ખમે (અમુક વખત સુધી જીવે) તેમ પણ છે, માટે તેઓના ઘરવાસનો (જીવનનો) નિર્વાહ થાય તેવી યથાયોગ્ય (શક્ય) વ્યવસ્થા કરીને અને તે રીતે સજાવીને તેઓને માટે સમ્યક્ત્ત્વ વિગેરે ઔષધને નિમિત્તે તથા મારા ચારિત્રધર્મની પ્રાપ્તિને નિમિત્તે મારા જીવનને ઉચિત (કરવા જેગું) કરીને અભીષ્ટ એવી સંયમની સિદ્ધિ કરૂં. એમ વિચારી તેઓને છોડે તો પણ તે માર્ગ સારો જ છે, તત્ત્વથી વિચારતાં માતાપિતાદિનો તે ત્યાગ ત્યાગ નથી જ. અર્થાત્ તાત્ત્વિકભાવના હોવાથી તે તજતો નથી, કિન્તુ એથી ઉલટું વિચારીને તેવા પ્રસઙ્ગે ત્યાગ નહિ કરનારો પુત્ર તત્ત્વથી ત્યાગ કરનારો છે. આવા પ્રસઙ્ગે બુદ્ધિમાનોને ક્રિયાની નહિ પણ ફળની પ્રધાનતા હોય છે, કારણ કે નિકટમાં મોક્ષ જનારા ધીર પુરૂષો ફળને જોનારા હોય છે, માટે એ રીતે તેઓને 'સમ્યક્ત્ત્વ' વિગેરે ઔષધ પ્રાપ્ત કરાવીને અત્યન્ત જીવાડે, અર્થાત્ નવા નવા જન્મ નહિ લેવા રૂપે સદાને માટે જન્મ-મરણથી મુક્ત કરે. કારણ કે-જેમાંથી અમરણ એટલે મોક્ષરૂપી ફળ નિશ્ચે પ્રગટ થાય જ તેવા (ધર્મ) બીજનો અહીં યોગ થવાથી પરિણામે સર્વથા અમરણનો (મોક્ષનો) સમ્ભવ છે. આ રીતે માતાપિતાનો પ્રત્યુપકાર કરવો તે સત્પુરૂષને અઙ્ગે ઉચિત પણ છે, કારણ કે—માતાપિતાના ઉપકારનો બદલો વાળવો એ સજ્જનોનો ધર્મ છે, એ વિષયમાં ભગવાન્ શ્રીમહાવીરદેવ દ્રષ્ટાન્તરૂપ છે, કારણ કે જેમાંથી અકુશળકર્મોનો અનુબન્ધ (પરંપરા) ચાલે તેવા માતાપિતાદિના શોકને તેઓએ ટાળ્યો હતો.

એ રીતે પ્રવ્રજ્યા માટે તૈયારી કરીને પછી શું કરવું ? તે કહે છે કે ગુરૂને પોતાનો ભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવવો, અર્થાત્ ગુરૂને પોતાનો આત્મા સમર્પિત[૩૯] કરવો. (૮૫)

અહીં સુધી દીક્ષા લેનારનું કર્તવ્ય (વિધિ) કહીને હવે દીક્ષા આપનારને અંગેનું કર્તવ્ય કહે છે કે—ગુરૂએ તેને પ્રશ્નો કરવા, અર્થાત્ એ રીતે દીક્ષા લેવા માટે આવેલા શિષ્યને પૃચ્છા કરવી, સાધુના આચારો કહી જણાવવા, યોગ્યતાની પરીક્ષા કરવી, મુખ પાઠથી તેને સામાયિકાદિ સૂત્રો ભણાવવાં–આપવાં અને 'ચૈત્યવન્દન' વિગેરે દીક્ષા આપવાની ક્રિયા કરાવવી, એ દીક્ષા આપનારનો વિધિ છે એમ પ્રથમની જેમ અહીં પણ વાક્યનો સંબન્ધ જોડવો.

કહેવાનો ભાવ એ છે કે–ઉત્તમ ધર્મકથા (ધર્મનું સ્વરૂપ) સાંભળીને આકર્ષિત થવાને યોગે દીક્ષા લેવા તૈયાર થયેલા ભવ્ય જીવને પૂછવું કે—હે પુત્ર ! તું કોણ છે ? કયા કારણે દીક્ષા લેવા ઇચ્છે છે ? તેના જવાબમાં જો તે કહે કે–' હે ભગવન્ ! હું કુલપુત્ર (ઉચ્ચકુલમાં જન્મેલો) છું, તગરાનગરી વિગેરે સુન્દર (આર્ય) ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો છું, અને સઘળાં અશુભની (કર્મોની) ખાણતુલ્ય સંસારરૂપ વ્યાધિના ક્ષય માટે હું દીક્ષા લેવા તૈયાર થયો છું,' ઇત્યાદિ કહે તો તેને પૃચ્છાથી શુદ્ધ સમજી દીક્ષા આપવી, તેવો ન હોય તેને અંગે ભજના સમજવી. (અર્થાત્ દીક્ષાનો નિષેધ પણ કરવો). એમ અહીં પ્રસઙ્ગાનુસાર સમજી લેવું. કારણ કહ્યું છે કે—

" **कुलपुत्तो तगराए, असुहभवक्खयणिमित्तमेवेह ।**
**पव्वामि अहं भंते !, इइ गिज्झो भयण सेसेसु ॥" पञ्चवस्तुक गा० ११७ ॥**

**અર્થ**—(દીક્ષા લેનાર એમ જણાવે કે) ' હું બ્રાહ્મણાદિ કુલિનનો પુત્ર છું, તગરા કે મથુરા નગરી વિગેરે (આર્યક્ષેત્ર) માં જન્મેલો છું, અને દુઃખોની ખાણરૂપ સંસારના ક્ષય માટે હે ભગવન્ ! દીક્ષા લેવા ઇચ્છું છું ' તો દીક્ષા માટે ગ્રાહ્ય (યોગ્ય) સમજવો. બીજા અકુલપુત્રાદિને અંગે ભજના સમજવી. આ ભજના વિશેષ સૂત્રને અનુસારે જાણવી.

---

૩૯–સમર્પિતભાવ વિના ગુરૂની નિશ્રાનું ફળ મેળવી શકાતું નથી. પોતે અજ્ઞાન મોહાવૃત્ત હોવાથી કાર્યાકાર્યનો વિવેક ન કરી શકે, હિતાહિતને ન જાણી શકે, એ હેતુથી તો ગુરૂની પાસે દીક્ષા લેવાની હોય છે, છતાં પોતાના જીવન ઘડતરમાં (હિતાહિતમાં) પોતાની મૂઢ બુદ્ધિને વચ્ચે રાખે તો ગુરૂની બુદ્ધિનો ઉપયોગ તે શી રીતે કરી શકે ? અનાદિ વિષય–કષાયની વાસનાઓ જ્ઞાનીને પણ ઉન્માર્ગે ખેંચી જાય છે, તો બીજા માટે તો પૂછવું જ શું ? માટે જ જગતના વ્યવહારોમાં ડોકટરો કે વૈદ્યો પોતાની દવા સ્વયં કરી શકતા નથી કે ન્યાયાધીશ પણ પોતાના કેસનો ચુકાદો પોતે આપી શકતો નથી, બીજાનો આશ્રય લેવો જ પડે છે. એ ન્યાયે બીજાની શુદ્ધિ કરી શકે તેવા જ્ઞાનીને પણ પોતાની આત્મશુદ્ધિ માટે ગુરૂને સમર્પિત થવું યુક્તિસઙ્ગત છે, એટલું જ નહિ, સમર્પિત ન થવાથી ગુરૂ પ્રત્યે પૂજ્યભાવ પ્રગટાવવો, પોતાની બુદ્ધિનું અભિમાન ટાળવું કે વિનય કેળવવો તે પણ શક્ય નથી, ઉલટી પોતાની અને ગુરૂની બેની સમજ પરસ્પર અથડાવાથી લાભને બદલે હાનિ સમ્ભવિત છે. સમર્પિત ભાવ એ જ ભાવશિષ્યપણાનું સ્વરૂપ છે, એના વિના દ્રવ્યશિષ્યપણું પણ મનાતું નથી. જે શિષ્ય યોગ્ય ગુરૂને ગુરૂ તરીકે સ્વીકારીને પણ સમર્પિત થતો નથી તે પોતાની પછીના આત્માઓને એવું જ અશુભ આલમ્બન આપે છે, એથી સાધુજીવનના પ્રાણભૂત આજ્ઞાપાલનને તોડનારો તે સંયમનો વિરાધક બને છે, એનાથી એ દોષની પરંપરા ચાલે છે અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય કર્મો ઉપરાન્ત દુર્ભાગ્ય, અનાદેય, અપયશ આદિ અશુભ કર્મોનો બન્ધ કરે છે. આ ભવમાં અને પરભવમાં પ્રાયઃ તેનું વચન તેના શિષ્યો કે આશ્રિતો પણ સ્વીકારતા નથી. તે સારો ઉપદેશક હોય તો પણ તેનો ઉપદેશ માત્ર વાણીવિલાસ બની રહે છે, શ્રોતાગણમાં શુભ ભાવોને પ્રગટાવી શકતો નથી, એમ ઘણાં દૂષણો જન્મે છે. માટે સમર્પિત ભાવ જોઇએ.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

તે પછી તેને સમજાવવું કે—' કાયર પુરૂષોને દીક્ષાનું પાલન દુઃખદાયી છે, છતાં આરમ્ભનો ત્યાગ કરનારા સત્વશાળીઓને દીક્ષાથી આ ભવમાં અને પરભવમાં પરમકલ્યાણરૂપ લાભ થાય છે. વળી જેમ જિનેશ્વરોની આજ્ઞા સારી રીતે પાલન કરવાથી મોક્ષ-રૂપ ફળ આપે છે તેમ ઉલટમાં તેને વિરાધવાથી સંસારની વૃદ્ધિરૂપ દુઃખને પણ તે આપે છે. જેમ કોઈ કોઢી વિગેરે રોગી રોગના પ્રતિકાર માટે ક્રિયાને (ઔષધાદિ ચિકિત્સાને) શરૂ કરીને કુપથ્યનું સેવન કરે તો ઔષધ નહિ લેનાર કરતાં વધારે અને વ્હેલો નાશ નોંતરે છે. તેમ કર્મરૂપ વ્યાધિનો નાશ કરવા સંયમરૂપ ભાવઔષધને સ્વીકારીને પાછળથી અસંયમરૂપ કુપથ્યનું સેવન કરનારો (સંયમ નહિ લેનારા કરતાં ય) વધારે કર્મો બાંધે છે.' એ પ્રમાણે સાધુનો આચાર જણાવવો.[૪૦] પછી પણ તેની સારી રીતે પરીક્ષા કરવી જોઇએ કારણ કે—

" असत्याः सत्यसंकाशाः, सत्याश्चासत्यसन्निभाः ।
दृश्यन्ते विविधा भावा—स्तस्माद्युक्तं परीक्षणम् ॥१॥
अतथ्यान्यपि तथ्यानि, दर्शयन्त्यतिकौशलाः ।
चित्रे निम्नोन्नतानीव, चित्रकर्मविदो जनाः ॥२॥" धर्मबिन्दु अ० ४ टीका ॥

**અર્થ**—જગતમાં અસત્ય છતાં સત્ય જેવા અને સત્ય પણ અસત્ય જેવા, એમ વિવિધ ભાવો ઉલટા દેખાય છે, માટે પદાર્થની પરીક્ષા કરવી યોગ્ય છે. જેમ કુશળ ચિતારો (સમભૂમી-ભીંત ઉપર કરેલા) ચિત્રમાં વણ નીચાણુ-ઉંચાણને (ખાડા-ટેકરાને) બતાવી શકે છે તેમ અતિકુશળ મનુષ્યો ખોટાને પણ સાચું દેખાડી શકે છે.

એમ દીક્ષાર્થિના સમ્યક્ત્વ, જ્ઞાન, અને ચારિત્ર વિગેરે ગુણોથી તેની પરિણતિની આ પરીક્ષા તથાવિધ ઉપાયોથી કરવી જોઇએ. તેનો કાલ સામાન્ય રીતે છ મહિનાનો અને તથાવિધ યોગ્યાયોગ્ય જીવની અપેક્ષાએ તેથી થોડો કે વધારે પણ જાણવો. કહ્યું છે કે—

---

૪૦-દીક્ષાના ઉત્તમ લાભો જણાવવા સાથે તેના પાલનની દુષ્કરતા જણાવવાથી દીક્ષાર્થિનો વૈરાગ્ય દઢ થાય છે અને તેના વૈરાગ્યની પરીક્ષા પણ થાય છે. કેવળ લાભનો લાલચુ તેના પાલનની દુષ્કરતાથી અજ્ઞાન જીવ દીક્ષિત બન્યા પછી પાલન વખતે આર્ત્તધ્યાનને વશ પણ બને, ગુરૂ પણ પ્રથમથી તેને દુષ્કરતા ન સમજાવે તો પાછલથી તેને પરિષહો-ઉપસર્ગોમાં સ્થિર બનાવી શકે નહિ અને દીક્ષા લેનાર જાણે ઠગાયો હોય એમ માનતો થઈ જાય. એથી સંભવ છે કે-કાં તો દીક્ષા છોડી દે કે પાલવા છતાં તેના પ્રત્યે અસદ્ભાવવાળો બનવાથી દર્શનમોહનીયાદિ કર્મબંધ કરીને દુર્લભબોધી પણ થાય. માટે વ્યાપારી ઘરાકને સમજાવે તેમ મધ્યમ માર્ગે લાભ અને હાનિ બન્ને સમજાવવાં જોઇએ. એકાન્તે લાભની લાલચ આપતાં પાછળથી તેનું પાલન કરવા અસમર્થ નીવડે અને એકાન્તે દુષ્કરતા કે નહિ પાળવાથી થતી હાનિને સમજાવતાં તેનામાં ઉત્સાહ તૂટી જવાનો કે દીક્ષા લેતો અટકી જવાનો સમ્ભવ રહે, માટે મધ્યમ માર્ગે તેને બન્ને બાજુ સમજાવવી જોઇએ. દુષ્કરતા સમજાવીને તેનાથી થતા મહાન્ લાભો સમજાવવામાં આવે તો યોગ્ય જીવમાં ઉત્સાહ અને સત્ત્વ પણ પ્રગટવાનો સમ્ભવ છે, માટે તેનો આત્મા પાછો ન પડી જાય તેની કાળજી રાખીને સત્ત્વ પ્રગટાવે તે રીતે દુષ્કરતા પણ અવશ્ય સમજાવવીઃ જરૂરી છે. એમ છતાં શ્રીવીતરાગના શાસનમાં કોઈ વિધિ-નિષેધ એકાન્ત નથી, કોઇ:લજ્જાદિ ગુણોવાળાને દુષ્કરતા સમજાવવા જતાં ઉત્સાહ ભઙ્ગ થઈ જાય અને પાછળથી લજ્જાદિ ગુણોને યોગે પાલન કરવામાં યોગ્ય નીવડવાનો સંભવ હોય તો તેવાને દુષ્કરતા નહિ સમજાવવા છતાં દોષ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" अब्भुवगयं पि संतं, पुणो परिक्खिज्ज पवयणविहिए ।
छम्मासं जाऽऽसज्ज व, पत्तं अद्धाए अप्पबहुं ॥" पञ्चवस्तुक गा० १२२॥

**અર્થ**–(પ્રશ્નાદિ વિધિથી) 'સંત' એટલે યોગ્ય જાણવા છતાં પણ સાધુતાના આચારો વિગેરે સમજાવવા પૂર્વક (છ કાય જીવોની હિંસા, જુટ્ઠ, ચોરી, વિગેરે પાપોનો તેને ભય છે કે નહિ તે જાણવા) છ મહિના સુધી પરીક્ષા કરવી. અથવા કોઈ પરિણતપાત્રની અપેક્ષાએ એ પરીક્ષાનો કાળ અલ્પ અને અપરિણતની અપેક્ષાએ ઘણો પણ હોઈ શકે છે.

તથા ઉપધાન કર્યાં ન હોય તો પણ (સારા દિવસે) સામાયિક સૂત્ર મુખપાઠથી શીખવવું, પ્રથમથી જ પાટી ઉપર લખીને ન આપવું, બીજાં પણ 'ઇરિયાવહી' વિગેરે સૂત્રો તેની પાત્રતા પ્રમાણે ભણાવવાં, વળી 'ચૈત્યસ્તુતિ' એટલે ચૈત્યવન્દન આદિ વિધિ કરાવવો અને આદિ શબ્દથી વાસક્ષેપ કરવો, રજોહરણ આપવો, કાયોત્સર્ગ કરાવવો, વિગેરે દીક્ષાની સઘળી ક્રિયા કરાવવી, ઇત્યાદિ સમજી લેવું. તેનો વિધિ સામાચારીથી જાણવો, તે પાઠ હમણાં આગળ કહીશું.

પ્રથમ તો ગુરૂએ દીક્ષા લેવા આવેલા શિષ્યને ઉપકાર (ઉદ્ધાર) કરવાની બુદ્ધિથી સ્વીકારવો, તે પછી શકુન વિગેરે શુભાશુભ **નિમિત્તો**[૪૧] જોવાં, કારણ કે–સર્વ કાર્યોમાં નિમિત્તોની શુદ્ધિ એ એક શ્રેષ્ઠ વિધિ(કાર્યોની સિદ્ધિનાં ચિન્હો)રૂપ છે. તે ઉપરાન્ત ક્ષેત્ર, કાળ અને દિશાશુદ્ધિનો પણ આશ્રય લેવો. (એટલે કે–સારા સ્થાને, સારા મુહૂર્તે અને પૂર્વ–ઉત્તરદિશા સન્મુખ રાખીને દીક્ષા આપવી.) **ક્ષેત્રશુદ્ધિમાં** શેરડીનું વન વિગેરે ઉત્તમ સ્થળો સમજવાં. કહ્યું છે કે—

" उच्छुवणे सालिवणे, पउमसरे कुसुमिए व वणसंडे ।
गंभीरसाणुणाए, पयाहिणजले जिणहरे वा ॥" विशेषाव० गा० ३४०४ ॥

**અર્થ**–શેરડીના વનમાં, ડાંગર પાકતી હોય તેવા ક્ષેત્રમાં, પદ્મ (વાળું) સરોવર હોય ત્યાં, પુષ્પો ખીલેલાં હોય તેવા બગીચા આદિમાં, પડઘો (શબ્દનો પ્રતિશબ્દ) થતો હોય તેવા સ્થળમાં, પાણી પ્રદક્ષિણા દેતું હોય તેવા જળાશયની પાસે, અથવા શ્રીજિનમંદિરમાં (દીક્ષા આપવી)

૪૧–એ કે નિમિત્તો સૂચક છે તો પણ શુભાશુભ નિમિત્તો પામીને–જાણીને લાભાર્થી જીવ શુભ શુકનાદિથી ઉત્સાહી અને અશુભથી નિરૂત્સાહી બને છે. આ ઉત્સાહ–નિરૂત્સાહરૂપ અધ્યવસાયો ભાવરૂપ છે, અને ભાવોમાં તથાવિધ વિઘ્નકારક કર્મોમાં પલટો લાવવાની તાકાદ છે. જેમકે કોઈ માણસ કોઈ શુભકાર્યની સિદ્ધિમાં સંશયવાળો છે, બીજાની પ્રેરણાથી તૈયાર થયો છે, કર્મ પણ કંઈ વિઘ્ન કરે તેવું ઉદયમાં વર્તે છે, તે જ વખતે શુભસૂચક નિમિત્તો (શકુન વિગેરે) જોતાં તેને પોતાનું કાર્ય સિદ્ધ થવાની આશા બન્ધાય છે, એથી ઉત્સાહ વધે છે, અને એ ઉત્સાહથી (અધ્યવસાયથી) વિઘ્નકારક કર્મ જો નિકાચિત વિગેરે બન્ધવાળું ન હોય તો નિષ્ફળ થવાનો સમ્ભવ છે. અર્થાત્ તેનો ક્ષયોપશમ વિગેરે થઈ જતાં કાર્યસિદ્ધિ પણ સમ્ભવિત છે. એ કારણે જ સહુ કોઈ શુભકાર્યોમાં વડીલોના આશીર્વાદ કે સારા શકુન, સારૂં મુહૂર્ત, વિગેરે સાધે છે અને એનું ફળ પણ તેને કોઇવાર તુર્ત મળે છે. એ કારણે કહ્યું પણ છે કે 'उत्साहः प्रथमं मुहूर्तम्' અર્થાત્ શુભમુહૂર્ત, શકુન, વિગેરેથી પણ બળવાન નિમિત્ત ઉત્સાહ છે. એ ઉત્સાહ વધારવા–ઘટાડવામાં નિમિત્તો કારણભૂત છે, માટે તેનો અનાદર નહિ કરવો જોઈએ. કહ્યું છે કે "નિમિત્તના દ્વેષીને કુશળ, વૈદ્યના દ્વેષીને આરોગ્ય, ન્યાયના દ્વેષીને ધન, અને ધર્મના દ્વેષીને એ ત્રણ પૈકી એક પણ હોતું નથી."

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

**કાળશુદ્ધિમાં** 'ગણિવિદ્યા' નામના પયન્નામાં કહ્યા પ્રમાણે ઉત્તમ તિથિ–નક્ષત્ર–વાર–યોગ–કરણરૂપ પંચાઙ્ગશુદ્ધિ લેવી ત્યાં કહ્યું છે કે—

" चाउद्दसिं पन्नरसिं, वज्जेज्जा अट्ठमीं च नवमीं च ।
छट्ठीं च चउत्थीं बारसीं च दोण्हं पि पक्खाणं ॥ गणिविज्जा–गा० ७ ॥
तिहिं उत्तराहिं तह रोहिणीहिं कुज्जा उ सेहनिक्खमणं ।
गणिवायए अणुण्णा, महव्वयाणं च आहरणा ॥२॥" गा० २६॥

**અર્થ**–શુકલ–કૃષ્ણ બન્ને પક્ષોની ચતુર્દશી, પૂર્ણિમા, અષ્ટમી, નવમી, ષષ્ઠી, ચતુર્થી, અને દ્વાદશી,એ તિથિઓનો (દીક્ષાદિમાં) ત્યાગ કરવો તથા ત્રણ ઉત્તરા અને રોહિણી નક્ષત્રમાં શિષ્યને દીક્ષા આપવી, ગણિપદ–વાચકપદની અનુજ્ઞા કરવી અને મહાવ્રતોનું આરોપણ કરવું.

**દિશા શુદ્ધિમાં** પ્રશસ્ત દિશા વિગેરે જોવું. જેમકે—

" पूव्वाभिमुहो उत्तर–मुहो व देज्जाऽहवा पडिच्छिज्जा ।
जाए जिणादयो वा, दिसाए जिणचेइआई वा ॥" विशेषाव० गा० ३४०५ ॥

**અર્થ**–પૂર્વદિશા કે ઉત્તર દિશા સન્મુખ રહીને, અથવા 'જિન' એટલે મનઃપર્યવજ્ઞાની અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી કે નવપૂર્વી જે દિશામાં વિચરતા હોય, અથવા જે દિશામાં શ્રીજિનેશ્વરનું ચૈત્ય–તીર્થ વિગેરે નજીકમાં હોય તે દિશાની સન્મુખ રાખીને કે રહીને ગુરૂ (દીક્ષા) આપે અથવા શિષ્ય ગ્રહણ કરે.

ઉપર જણાવેલી ક્ષેત્ર વિગેરેની શુદ્ધિ આદિ વિધિ સાચવવા પૂર્વક સામાયિકાદિ ઉચ્ચરાવવાથી આત્મામાં ઉચ્ચરતાં પહેલાં ન હોય તો પણ તેવા તેવા સામાયિકાદિના પરિણામો પ્રગટે છે. અને હોય તે સ્થિર થાય છે. ઉલટમાં આ શુદ્ધિને નહિ અનુસરવાથી જિનાજ્ઞાનો ભઙ્ગ, વિગેરે દોષો લાગે છે જ. કહ્યું છે કે—

" एसा जिणाणमाणा, खेत्ताईआ य कंमुणो हुंति ।
उदयाइकारणं जं, तम्हा एएसु जइअव्वं ॥" पञ्चवस्तु० गा० ११४ ॥

**અર્થ**–ક્ષેત્ર (દ્રવ્ય–કાલ–ભાવ–ભવ) વિગેરે કર્મોના ઉદય(ક્ષય–ક્ષયોપશમાદિ)માં નિમિત્ત કારણ બને છે માટે એ(દરેક)ની શુદ્ધિ સાચવવા પ્રયત્ન કરવો, એવી શ્રીજિનેશ્વરોની આજ્ઞા છે.

પછી દીક્ષાર્થી શ્રીજિનેશ્વરોની (પુષ્પ–વસ્ત્ર વિગેરેથી તથા સાધુઓની પણ વસ્ત્ર વિગેરેથી) પૂજા[૪૨]કરે, પછી ગુરૂ દીક્ષાની વિધિ (ક્રિયા) કરે. (કરાવે.) ત્યાં પઞ્ચવસ્તુમાં જ કહ્યું છે કે—

૪૨–શુભકાર્યની સિદ્ધિ માટે મનની પવિત્રતા આવશ્યક છે, આ પવિત્રતા દેવગુર્વાદિની ભક્તિ–બહુમાન કરવાથી જીવમાં પ્રગટે છે, માટે દરેક દર્શનમાં શુભકાર્ય કરતાં દેવ–ગુર્વાદિની પૂજા–સત્કાર–સન્માન વિગેરે કરવાનું વિધાન છે. આ એક લોકોત્તર મંગળ છે અને તેમ કરવાથી કાર્યસિદ્ધિમાં નડતાં વિઘ્નો નાશ પામે છે. કોઇવાર મંગળ કરવા છતાં કાર્યસિદ્ધિ ન થાય ત્યાં વિઘ્નો બળવાન છે એમ સમજવું જોઇએ અને બળવાન વિઘ્નોને નાશ કરવા મંગળ પણ તેટલું જ બળવાન થવું જોઇએ. કોઇવાર કોઇને વિના મંગળે પણ કાર્યસિદ્ધિ થતી જોવાય છે ત્યાં જન્માન્તરીય મંગળથી વિઘ્નોનો નાશ થએલો છે એમ માનવું જોઇએ. ઇત્યાદિ શાસ્ત્રમાં મંગળનું મહત્ત્વ જણાવેલું છે જ. માટે ઉત્તમ પુરૂષે તેનો અનાદર નહિ કરવો જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" तत्तो अ जहाविहवं, पूअं स करेज्ज वीअरागाणं ।
साहूण य उवउत्तो, एअं च विहिं गुरू कुणइ ॥" पञ्चवस्तु० गा० १२४॥

**અર્થ**–(સામાયિકસૂત્રાદિ ભણ્યા) પછી પોતાની શક્તિ (વૈભવ)ને અનુસારે દીક્ષાર્થી શ્રી–જિનેશ્વરોની પુષ્પ વિગેરેથી પૂજા કરે, અને સાધુઓને વસ્ત્ર–પાત્રાદિનું દાન કરે, તે પછી (આચાર્યાદિ) ગુરૂ આ વિધિ કરે. (તેને કરાવે.)

તે વિધિ સામાચારીના પાઠના આધારે અહીં જણાવીએ છીએ 'દીક્ષાર્થી' સારા દિવસે સુન્દર વેષ પહેરીને સમૃદ્ધિ (વરઘોડાદિ આડમ્બર)પૂર્વક ઘેરથી નીકળી દીક્ષાસ્થાને આવીને શ્રીજિનમન્દિરમાં (નન્દીમાં) પ્રવેશ કરતાં બે હાથની અઞ્જલીમાં અક્ષત ભરીને શ્રી જિનમન્દિરને[43] અને સમવસરણ (નન્દી)ને ત્રણવાર પ્રદક્ષિણા દે, પછી ગુરૂ અનુક્રમે પોતાનાં અઙ્ગો શિર–મુખ–હૃદય–નાભિ અને અધોગાત્ર (નાભિ નીચેનો પગ વિગેરે ભાગ)ને જમણા હાથની અનામિકા (પૂજા કરવાની) આંગળીથી સ્પર્શ કરતા આરોહના (નીચેથી ઉપર જવાના) ક્રમે 'क्षि–प–ॐ–स्वा हा' એ મન્ત્રાક્ષરોને (મનથી) ઉચ્ચારે, પછી અવરોહના (નીચે ઉતરવાના) ક્રમથી એ જ પાંચે અઙ્ગોને અનામિકાથી સ્પર્શ કરતા ઉત્ક્રમે 'हा–स्वा–ॐ–प–क्षि' એ મન્ત્રાક્ષરોને મનમાં ઉચ્ચારે અને પુનઃ આરોહના ક્રમે એ અઙ્ગોને અનામિકાથી સ્પર્શ કરતા 'क्षि–प–ॐ–स्वा–हा' એ મન્ત્રાક્ષરોને ક્રમશઃ મનમાં ઉચ્ચારે. એમ ત્રણવાર પોતાની આત્મરક્ષા કરીને શિષ્યની પણ (એ વિધિથી ત્રણવાર) આત્મ રક્ષા કરે. પછી ઉત્તરાસઙ્ગ કરીને મુખકોષ બાંધીને ઢીંચણના આધારે બેઠેલા ઉત્તમ ભવ્યશ્રાવકે બે હાથમાં પકડેલા વાસચૂર્ણના થાળમાંનો ગન્ધ (વાસ) ગુરૂ મન્ત્રે, તે આચાર્ય હોય તો સૂરિમન્ત્રથી, ઉપાધ્યાય પાઠકમન્ત્રથી અને તે સિવાયના બીજા વર્ધમાનવિદ્યાથી[44] મન્ત્રે. તેનો વિધિ–અનામિકા આંગળીથી પહેલાં તો વાસના થાળમાં વચ્ચે દક્ષિણાવર્ત કરીને ઉપર સ્વસ્તિક અને તેની મધ્યમાં 'ॐ' અક્ષરનું આલેખન કરે. તે પછી ૧–પૂર્વથી પશ્ચિમ સુધી, ૨–ઉત્તરથી દક્ષિણ સુધી, ૩–ઇશાનથી નૈઋત્ય સુધી અને ૪–અગ્નિકોણથી વાયવ્ય સુધી, એમ ચાર રેખાઓ કરી આઠ આરાવાળું ચક્ર આલેખે, તેના મધ્યમાં મૂળબીજ એટલે 'ह्रीँ' મન્ત્રને આલેખી આજુબાજુ ત્રણ આવર્તો કરી આવર્તને છેડે 'क्रौँ'નો આલેખ કરે, પછી ह्रीँ મન્ત્રાક્ષરની સામે પૂર્વદિશામાં 'ॐ ह्रीँ नमो अरिहंताणं ની સ્થાપના મનથી જ મન્ત્રાક્ષરોનું ચિન્તન કરતો કરે. પછી એ જ રીતે અગ્નિકોણ, દક્ષિણદિશા, નૈઋત્યકોણ અને પશ્ચિમ દિશામાં

૪૩–પૂર્વ કાળે જિનમન્દિરે બહારના મણ્ડપમાં વ્યાખ્યાનાદિ આપવાની પ્રથા હતી તે કાળે મન્દિરને પ્રદક્ષિણા આપવામાં આવતી, વર્તમાનમાં અન્યત્ર દીક્ષા અપાય છે ત્યારે કેવળ નન્દીને પ્રદક્ષિણા દેવાય છે.

૪૪–વર્દ્ધમાન વિદ્યામાં વર્તમાનમાં અનેક પાઠાન્તરો મળે છે. આ ગ્રન્થની છાપેલી પ્રતના પૃ૦ ૧૭૦ માં નીચે પ્રમાણે લઘુ વર્દ્ધમાનવિદ્યા કહેલી છે—

" ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो अरहओ भगवओ महइमहावीरवद्धमाणसामिस्स, सिज्झउ मे भगवई महई महाविज्जा, वीरे वीरे महावीरे जयवीरे सेणवीरे वद्धमाणवीरे जए विजए जयंते अपराजिए अणिहए ॐ ह्रीँ ठः ठः (ठः) स्वाहा "



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે ‘ ॐ ह्रीं नमो सिद्धाणं થી ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं ’ સુધીનાં ચાર પદોની સ્થાપના ચિન્તવે. વાયવ્યમાં ‘ ॐ ह्रीं नमो नाणस्स, ’ ઉત્તરમાં ‘ॐ ह्रीं नमो दंसणस्स’ અને છેલ્લે ઈશાનમાં ‘ ॐ ह्रीं नमो चारित्तस्स ’ પદની સ્થાપના મનથી જ કરે. પછી ઉપર કહ્યા પ્રમાણેના પોતાના (સૂરિમન્ત્ર આદિ) મન્ત્રને સ્મરણ કરતો (શરીર–હાથની વિશિષ્ટ આકૃતિઓરૂપ) સાત મુદ્રાઓથી વાસને સ્પર્શ કરે. તે મુદ્રાઓ અનુક્રમે ૧–પઞ્ચપરમેષ્ઠિ, ૨–સુરભી, ૩–સૌભાગ્ય, ૪–ગરૂડ, ૫–પદ્મ, ૬–મુદ્ગર અને ૭–કરમુદ્રા[૪૫] એમ સાત કરે. (આ ચક્રાલેખ અને મન્ત્રાક્ષરોની સ્થાપના વિગેરેનું ચિત્ર નીચે આપ્યું છે તે પ્રમાણે સમજવું.)




એ પ્રમાણે વાસને મન્ત્રીને ખમાસમણ દેવરાવવા પૂર્વક ‘સમ્યક્ત્વસામાયિક–શ્રુતસામાયિક–સર્વવિરતિસામાયિક આરોવાવણિયં-નન્દીકરાવણિયં વાસનિક્ખેવં કરેહ’ અર્થાત સમ્યક્ત્વ, શ્રુતજ્ઞાન, અને સર્વવિરતિ આપવા માટે અને મહ્ગલિક કરવા માટે મને વાસક્ષેપ કરો ! એમ શિષ્યના મુખે બોલાવતા ગુરૂ શિષ્યના મસ્તકે વાસક્ષેપ કરે. જેણે પહેલાં સમ્યક્ત્વસામા-

૪૫–પઞ્ચપરમેષ્ઠિ—ચત્તા રાખેલા બે હાથોની આંગળીઓનો વેણીબન્ધ કરીને (એક બીજીમાં ભરાવીને) બે અઙ્ગુઠાઓ વડે બે ટચલીઓ અને બે તર્જનીઓ વડે બે મધ્યમાઓ પકડીને જોડે બે અનામિકાઓ ઉભી કરવાથી પરમેષ્ઠિ મુદ્રા થાય. આ મુદ્રા આહ્વાન કરવામાં ઉપયોગી છે.

**સુરભી**–પરસ્પર ગુંથાએલી આંગળીઓમાંની કનિષ્ઠિકાઓને અનામિકાઓ સાથે અને મધ્યમાઓને તર્જનીઓને સાથે જોડવાથી ગોસ્તનના આકારે સુરભીમુદ્રા થાય. આને ધેનુમુદ્રા પણ કહે છે. એનાથી અમૃત ઝરાવાય છે.

**સૌભાગ્ય**—બે હથેળીઓ એક બીજી સામે ઉભી રાખી આંગળીઓ પરસ્પર ગુંથવી, પછી બે તર્જનીઓ વડે બે અનામિકાઓને પકડી મધ્યમાઓને ઉભી કરી તેઓના મૂળમાં બે અઙ્ગુઠા રાખવાથી સૌભાગ્ય મુદ્રા થાય, એનાથી સૌભાગ્યમન્ત્રનો ન્યાસ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યિક આદિ ઉચ્ચર્યું હોય તેને તો ' સર્વવિરતિસામાયિકાદિ જ ' ઉચ્ચરાવે. તે પછી પૂર્વની[૪૬] જેમ જયવીયરાય સુધી ચૈત્ય(દેવ)વન્દન કરાવે. તે પછી ગુરૂ પોતાના મન્ત્રથી (એટલે સૂરિ મન્ત્ર-પાઠકમન્ત્ર કે વર્દ્ધમાનવિદ્યાથી) વાસને મન્ત્રીને શિષ્યને ખમાસમણ દેવરાવીને તેને મુખે 'મમં પવ્વાવેહ, મમં વેસં સમપ્પેહ' અર્થાત્ મને દીક્ષા આપો ! મને સાધુ વેષ સમર્પણ કરો ! એમ વિનન્તિ કરાવે. ત્યાર પછી આચાર્ય આસનેથી ઉભા થઈને શ્રીનમસ્કારમહામન્ત્ર (ત્રણ વાર) ગણવા પૂર્વક પૂર્વસન્મુખ કે ઉત્તરસન્મુખ રહીને ઓઘાની દસીઓ શિષ્યની જમણી બાજુ રહે તેમ ઓઘાને પકડીને ' सुगृहितं करेह ' અર્થાત્ ' સારી રીતે સ્વીકાર કરો ! ' એમ બોલતા શિષ્યને ઓઘાનું અને સાધુવેષનું સમર્પણ કરે, શિષ્ય પણ 'ઇચ્છં' કહીને ઈશાનદિશામાં જઈને આભરણ-અલ્લકાર વિગેરે ઉતારે અને ગૃહસ્થવેષનો ત્યાગ કરે. (મુણ્ડન કરાવી સ્નાનાદિક ક્રિયા કરી સાધુવેષને ધારણ કરી) પુનઃ આચાર્યની પાસે આવીને વન્દન (ખમાસમણ) દઈને 'ઇચ્છિકારિ ભગવન્ મમ મુણ્ડાવેહ, સવ્વવિરઈસામાઇયં મમ આરોવેહ' અર્થાત્ હે ભગવન્ ! આપની ઇચ્છાનુસાર મારૂં મુણ્ડન કરો અને મને સર્વપાપના ત્યાગ રૂપ સામાયિક ઉચ્ચરાવો ! એમ બોલીને દ્વાદશાવર્ત્ત વન્દન કરે (વાંદણાં દે) પછી ગુરૂ-શિષ્ય બન્ને સર્વવિરતિસામાયિકના આરોપણ માટે સત્તાવીસ શ્વાસોચ્છ્વાસનો (સાગરવરગંભીરા સુધીનો) કાયોત્સર્ગ કરે, પારીને ઉપર પ્રગટ લોગસ્સ બોલે. તે પછી લગ્નવેલા આવે ત્યારે આચાર્ય ઉભા થઈને ત્રણ વાર નમસ્કારમન્ત્રને ગણીને શ્વાસ અંદર લેતા (ઉચ્છ્વાસ પૂર્વક) શિષ્યના મસ્તકેથી ત્રણ અદ્ધાળીઓ એટલે થોડા કેશની ત્રણ ચપટીઓ લે. અર્થાત્ ત્રણ ચપટીથી થોડા થોડા કેશ લઈ શિષ્યના મસ્તકે લોચ કરે. લોચ કરીને શ્રીનમસ્કારમન્ત્ર પૂર્વક ત્રણવાર સામાયિકસૂત્ર બોલે-ઉચ્ચરાવે, ત્યારે શુદ્ધપરિણામથી ભાવિત અને સામાયિક ઉચ્ચરવાથી પોતાને કૃતાર્થ માનતો શિષ્ય પણ ઉભો ઉભો જ ગુરૂ બોલે તેમ તેઓની સાથે સામાયિકસૂત્રને મનમાં બોલે. તે પછી ગુરૂ જો પહેલાં વાસને સંક્ષેપથી મન્ત્ર્યો હોય તો અહીં વિસ્તારથી મન્ત્રે અને ચતુર્વિધશ્રીસઙ્ઘને વાસ આપે, તે પછી શિષ્ય પ્રથમ ખમાસમણ દેવાપૂર્વક ' ઇચ્છકારિ ભગવન્ તુમ્હે અમ્હ સમ્યક્ત્વસામાયિક

---

ગરૂડ—પોતાની સન્મુખ જમણો હાથ ઉભો કરી તેની ટચલી આંગળી વડે ડાબા હાથની ટચલી આંગળી પકડીને બે હાથ નીચલી તરફ ઉલટાવી દેવાથી ગરૂડમુદ્રા થાય. આ મુદ્રાદ્વારા દુષ્ટથી રક્ષા માટે મન્ત્રકવચ કરાય છે.

પદ્મ—અવિકસિત કમળપુષ્પના આકારે બન્ને હથેળીઓ ભેગી કરી વચ્ચે કર્ણિકાના આકારે બે અઙ્ગુઠા સ્થાપવાથી પદ્મમુદ્રા થાય. આ મુદ્રા પ્રતિષ્ઠા (સ્થાપના) માટે કરાય છે.

મુદ્ગર—બે હથેળી એક બીજાથી ઉલટી જોડીને આંગળીઓ ગુંથવી અને હથેળીઓ પોતાની સન્મુખ સુલટાવવી, એથી મુદ્ગરમુદ્રા થાય તે વિઘ્નવિઘાતાર્થે કરાય છે.

કર—મૂળમાં ' करा य ' પાઠ હોવાથી અમે કરમુદ્રા એવો અર્થ કર્યો છે, પણ કરમુદ્રા જાણવામાં નથી. એટલે અઞ્જલિમુદ્રા સમજી તેનું સ્વરૂપ લખીએ છીએ. ચત્તા બે હાથની આંગળીઓ કંઇક વાળીને બે હાથ જોડવાથી ખોબાના આકારે અઞ્જલિમુદ્રા થાય. તેનાથી પુષ્પારોપણાદિ આરોપણ થાય છે. (કલ્યાણકલિકા ભા-૧)

૪૬-ધર્મસંગ્રહ ભાષાન્તર ભા. ૧ લા ની આવૃત્તિ બીજી પૃષ્ઠ ૧૪ માં કહ્યા પ્રમાણે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતસામાયિક, સર્વવિરતિસામાયિક આરોવઉ!' અર્થાત્ હે ભગવન્! આપની ઈચ્છાનુસાર આપ મારામાં સમ્યક્ત્વ, શ્રુત અને સર્વપાપના ત્યાગરૂપ સામાયિકનું આરોપણ (ઉપચાર) કરો! ગુરૂ કહે 'આરોવેમિ' ઈત્યાદિ (સાત ખમાસમણ પૂર્વકનો ભા. ૧ ના ભાષાન્તર પૃ. ૧૫૦માં જણાવ્યા પ્રમાણે) વિધિ કરે, તેમાં પાંચમું ખમાસમણ દઈ સમવસરણ એટલે નન્દીને અને ગુરૂને પ્રદક્ષિણા આપે, ત્યારે પ્રથમ ગુરૂ અને તે પછી શ્રીસઙ્ઘ પણ તેના મસ્તકે વાસ-નિક્ષેપ કરે, એમ યાવત્ ત્રણવાર પ્રદક્ષિણા આપ્યા પછી (સાત પૈકી છટ્ઠું) ખમાસમણ દઈને 'તુમ્હાણં પવેઇઅં, સાહૂણં પવેઈઅં, સંદિસહ કાઉસ્સગ્ગં કરેમિ?' અર્થાત્ 'આપને નિવેદન કર્યું, સાધુઓને નિવેદન કર્યું, હવે આપ આજ્ઞા આપો! કાઉસ્સગ્ગ કરૂં?' એમ પૂછે. ગુરૂ 'કરેહ' એમ કહે ત્યારે 'ઇચ્છં' કહી પુનઃ (સાતમું) ખમાસમણ દઈ 'સર્વવિરતિસામાયિક સ્થિરીકરણાર્થં કરેમિ કાઉસ્સગ્ગં' અર્થાત્ 'સર્વપાપનાત્યાગરૂપ સામાયિકમાં સ્થિર થવા માટે કાઉસ્સગ્ગ કરૂં છું' એમ કહી 'અન્નત્થ૦' બોલી સત્તાવીસ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ (સાગરવર-ગંભીરા સુધી) કાઉસ્સગ્ગ કરી, પારીને પ્રગટ 'લોગસ્સ' બોલે, પછી શિષ્ય પુનઃ ખમાસમણ દઈને 'ઈચ્છકારિ ભગવન્ મમ નામટ્ઠવણં કરેહ! અર્થાત્ 'હે ભગવન્ આપની ઈચ્છાનુસાર મારૂં નામ સ્થાપન કરો! કહે, ત્યારે ગુરૂ શિષ્યના મસ્તકે વાસનિક્ષેપ કરતા કરતા (નમસ્કારમન્ત્રપૂર્વક કુલ-ગણ અને શાખા તથા ગુરૂનું નામ જણાવીને) ગુરૂના નામની સાથે વર્ગ વિગેરેનો દોષ ન આવે તેવું (જ્યોતિષ શાસ્ત્રમાં જણાવેલી ષડ્વર્ગની શુદ્ધિવાળું) નામ ત્રણ વખત સ્થાપે. (શ્રીસઙ્ઘને સંભળાવે.) તે પછી નવદીક્ષિત (જ્ઞાનાદિગુણરત્નોથી અધિક એવા) રત્નાધિકના ક્રમથી સર્વસાધુઓને વન્દન કરે અને સર્વ શ્રાવકો શ્રાવિકાઓ તથા સાધ્વીઓ પણ તે નવદીક્ષિતને વન્દન કરે. તે પછી ગુરૂ 'माणुस्सखित्तजाइ०'[47] અથવા 'चत्तारि परमंगाणि०'[48] વિગેરે કાવ્યને અનુસારે મનુષ્ય જન્મની અતીવ દુર્લભતા સાથે સફલતા માટે સંયમની અતિશય આવશ્યકતા સમજાવે. અથવા—

"देवो यत्र जिनो गुरुः शमनिधिर्धर्मः कृपावारिधिः,
शुद्धैर्वर्तनमन्नपानवसनैर्विद्या मनःप्रीतये ।
रक्षायै वपुषः क्षमा गुणमणिश्रेणी परं भूषणं;
श्रामण्यं तदवाप्य माद्यति न कः कल्पद्रुमाप्तौ यथा ॥१॥"

---

४७–माणुस्सखित्तजाइ, कुलरूवारोग्गमाउयं बुद्धि ।
सवणोग्गह सद्धा संजमो य लोगंमि दुल्लहाइं ॥ आव०नि०गा०८३२॥

અર્થ—મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમજાતિ, ઉત્તમકુલ, પંચેદ્રિયપૂર્ણઅવ્યંગશરીર, આરોગ્ય, પરલોકનાં કાર્યોમાં પ્રવણ બુદ્ધિ, ધર્મનું શ્રવણ, તેનું અવધારણ, ધર્મકર્મની રૂચિરૂપ શ્રદ્ધા, અને નિષ્પાપ જીવનરૂપ સંયમ, એ દરેકની પ્રાપ્તિ થવી તે જગતમાં ઉતરોત્તર અતીવ દુર્લભ છે,

४८–चत्तारी परमंगाणि, दुल्लहाणीह जंतूणो ।
माणुसत्तं सुई सद्धा, संजमंमि अ वीरिअं ॥ उत्त० अ० ३ गा० १ ॥

અર્થ—મનુષ્યપણું, ધર્મશ્રવણનો યોગ, તેમાં શ્રદ્ધા અને નિષ્પાપજીવનરૂપ સંયમમાં પુરૂષાર્થ કરવો, મોક્ષની સાધનાનાં આ ચાર પરમઅઙ્ગો આ જગતમાં જીવને પ્રાપ્ત થવાં અધિક અધિક દુર્લભ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ**—જ્યાં દેવ શ્રીજિનેશ્વર છે, ગુરૂ શમગુણના ભણ્ડાર છે, ધર્મ કૃપાના સમુદ્ર સરખો છે. બેતાલીસ દોષથી રહિત શુદ્ધ (અહિંસક) નિર્મિષ આહાર–પાણી–વસ્ત્ર–પાત્રાદિથી જીવન જીવવાનું છે, મનની પ્રીતિ (પ્રસન્નતા) માટે વિદ્યાભ્યાસ છે, શરીરની રક્ષા માટે જ્યાં ક્ષમા છે, અને (દસ પ્રકારના યતિધર્મરૂપ) ગુણરત્નોની શ્રેણી–હારરૂપ અલઙ્કારો છે, તે સાધુતાને પ્રાપ્ત કરીને કલ્પવૃક્ષની પ્રાપ્તિની જેમ કોણ ખુશી ન થાય ? વિગેરે ધર્મની દુર્લભતાદિ (એવી રીતે) સંભળાવે (કે તે સાંભળીને અન્ય જીવો પણ વૈરાગી બની સંયમ વિગેરે ધર્મનો સ્વીકાર કરે). તે પછી આંયંબિલ ઉપવાસ વિગેરે યથાશક્તિ તપનું પચ્ચક્ખાણ કરે. એ પ્રમાણે વિધિપૂર્વક દીક્ષા લીધી હોય તેને યતિ (સાધુ) કહેવાય, એમ સમજાવ્યું. શ્રીધર્મબિન્દુમાં કહ્યું છે—

"एवं यः शुद्ध योगेन, परित्यज्य गृहाश्रमम् ।
संयमे रमते नित्यं, स यतिः परिकीर्तितः ॥" अध्या० ४ गा० २२ ॥

**અર્થ**—એ પ્રમાણે જે ભવ્યાત્મા શુદ્ધઆચાર (વિધિ)પૂર્વક ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને હિંસાદિના ત્યાગરૂપ સંયમમાં નિત્ય રક્ત રહે તેને યતિ કહેલો છે.

**પ્રશ્ન**—જિનેશ્વરોનો ઉપદેશ તો એવો છે કે–આત્માના વિરતિના પરિણામને ભાવદીક્ષા (શુદ્ધદીક્ષા) કહેવાય, તે માટે તો વિરતિના પરિણામ પ્રગટાવવા સતત ઉદ્યમ કરવો જોઇએ, ઉપર કહી તે ચૈત્યવન્દન વિગેરે નિરર્થક બાહ્ય ક્રિયાઓ શા માટે કરવી ? સંભળાય પણ છે કે–એ ક્રિયા વિના જ શ્રીભરતચક્રી વિગેરેને વિરતિનો પરિણામ પ્રગટ્યો હતો, નહિ તો તેઓને કેવળજ્ઞાન કેમ થાય ? વિરતિના પરિણામ વિના કદિ કેવલજ્ઞાન થાય જ નહિ. બીજી વાત એ છે કે–ક્રિયાઓ કરનારને વિરતિપરિણામ થાય જ એવો નિયમ પણ નથી, સંભળાય છે કે અભવ્યો પણ એ બધી ક્રિયા કરે, વિધિપૂર્વક દીક્ષા લે, છતાં તેઓને (તેના ફળ સ્વરૂપ) વિરતિપરિણામ થતા નથી જ. એમ અન્વય–વ્યતિરેક (પરિણામ થવા કે ન થવા) બન્ને પ્રકારે વ્યભિચાર (ઘટતું નહિ) હોવાથી ઉપર્યુક્ત ચૈત્યવન્દનાદિ વિધિ કરાવવાનું કંઇ પ્રયોજન નથી.

**ઉત્તર**—આ પ્રશ્ન અહીં ઘટિત નથી, કારણ કે–એ ચૈત્યવન્દનાદિ કરવાથી વિરતિના પરિણામ થાય જ એવો એકાન્ત નથી, વિરતિપરિણામમાં ચૈત્યવન્દનાદિ ક્રિયા 'પ્રાયિકકારણ' તરીકે જણાવેલી છે, એ વિધિ જેને પ્રાપ્ત થયો (જેણે કર્યો) હોય તે પ્રાયઃ અકાર્ય (હિંસાદિ અનુચિત પ્રવૃત્તિ) કરતો હોય તેમ જોવામાં આવતું નથી (પ્રાયઃ નિરવદ્યપ્રવૃત્તિવાળો દેખાય છે), એમ તેના બાહ્ય વર્તનથી એવું અનુમાન થઈ શકે કે તે સાવદ્ય પ્રવૃત્તિ કરતો નથી માટે તેને અભ્યંતર વિરતિના પરિણામ છે અને તેનું કારણ આ ચૈત્યવન્દનાદિ છે. બીજી વાત એ છે કે–તમે કહ્યું તેમ વ્યભિચાર માની લઇએ તો પણ ચૈત્યવન્દનાદિની કર્તવ્યતાને બાધ આવતો નથી, કારણ કે એવો વ્યભિચાર કોઈ કાળે કોઈક જ જીવમાં સમ્ભવે છે. એમ તો કોઈ પ્રસઙ્ગે દણ્ડ વિના જ માત્ર હાથ વિગેરેથી ચાકને ભમાવીને ઘટ બનાવી શકાય છે, તેથી કંઈ ઘટમાં દણ્ડની કારણતા ઉડી જતી નથી, દણ્ડ ઘટનું કારણ છે જ, તેમ ચૈત્યવન્દનાદિ વિધિ વિના પણ કોઈ ભરતચક્રી આદિને પૂર્વ જન્મમાં દીક્ષા સ્વીકારવારૂપ એ વિધિનો અભ્યાસ થયેલો હોય અને તેથી ભવ્યતાનો પરિપાક થવાથી કદાચ ચૈત્યવન્દનાદિ વિના પણ વિરતિના પરિણામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય તો (સર્વ જીવો માટે) આત્મ (વિરતિ)પરિણામરૂપ (નિશ્ચય) ચારિત્રમાં (ધર્મમાં) ચૈત્યવન્દનાદિ વિધિ કરવારૂપ વ્યવહાર ધર્મની કારણતા ઉડી જતી નથી. ઘટમાં દણ્ડની કારણતા ચક્રભ્રમણરૂપ વ્યાપાર દ્વારા સિદ્ધ છે, ભ્રમણ વિના માત્ર દણ્ડ કારણ નથી, તેમ દરેક હેતુઓ પોતાના વ્યાપાર દ્વારા સ્વકાર્યમાં કારણ મનાય એ વ્યાપાર કોઈ પ્રસઙ્ગે એ કારણ દ્વારા, તો કોઈ પ્રસઙ્ગે બીજા ઉપાયથી પણ સિદ્ધ થાય છે ત્યારે જ કાર્ય બને છે, દણ્ડ વિના પણ બીજા કોઈ ઉપાયથી ચક્રભ્રમણ થાય ત્યારે જ ઘટ બને. તેમ અહિં પણ આ જન્મના ચૈત્યવન્દનાદિ વિધિદ્વારા નહિ તો પૂર્વ જન્મના તેવા વિધિદ્વારા વિરતિપરિણામરૂપ (ચારિત્ર) ધર્મ પ્રગટ થાય, તેટલા માત્રથી એ વિધિની કારણતા અસત્ય ન મનાય. ભરતચક્રી આદિને તે દ્વાર એટલે ચૈત્યવન્દનાદિ વ્યાપાર બીજી રીતે (પૂર્વ જન્મે કરેલા ચૈત્યવન્દનાદિથી) પણ થએલો જ છે, પૂર્વજન્મમાં તેઓએ ચારિત્ર સ્વીકારેલું હતું જ અને તેથી આ ભવમાં એ પરિણામ તેઓને પ્રગટ્યો હતો. તાત્પર્ય કે કોઈ પણ હેતુ પોતાના વ્યાપાર દ્વારા જ કારણ બને છે, ભલે, એ વ્યાપાર કોઈ પ્રસઙ્ગે કોઈ બીજાથી પણ સિદ્ધ થાય, (વ્યાપાર વિના કાર્ય થતું નથી માટે) એટલા માત્રથી હેતુની હેતુતાને બાધ પહોંચતો નથી.

અભવ્યોને આ વિધિ કરવા છતાં વિરતિપરિણામ થતા નથી, તેથી પણ ચૈત્યવન્દનાદિ વિધિની હેતુતાને બાધ આવતો નથી કારણ કે તેઓને ચૈત્યવન્દનાદિ બાહ્યહેતુ હોય તો પણ અભ્યન્તર હેતુનો નિયમા અભાવ હોય છે, કોઈ પણ કાર્યને કોઈ એક જ હેતુ સિદ્ધ કરી શકતો નથી પણ સમગ્ર કારણોનો સમૂહરૂપ પૂર્ણ સામગ્રી કાર્યને સિદ્ધ કરે છે. અભવ્યોને ચૈત્યવન્દનાદિ કરવા છતાં પૂર્ણ સામગ્રી નથી, અભ્યન્તર હેતુરૂપ જીવની યોગ્યતા (ભવ્યતા)નો અભાવ છે, માટે વિરતિ પરિણામ રૂપ કાર્ય સિદ્ધ થતું નથી. એમ તમારા સમજ વિનાના વિરોધથી વિવેકીઓને ચૈત્યવન્દનાદિના વિધાનમાં અશ્રદ્ધા થાય તેમ નથી, જો થાય તો અવિવેકથી તેને થએલો તે અવિશ્વાસ મહા અનર્થ કરે. એમ તમે આપેલો અન્વય-વ્યતિરેક ઉભય પ્રકારનો વ્યભિચાર (દૂષણ) પણ અવિવેક મૂલક છે. કહ્યું છે કે—

"पत्तेअबुद्धकर(ह)णे, चरणं णासंति जिणवरिंदाणं ।
आहच्चभाव कहणे, पंचहिं ठाणेहिं पासत्था ॥" (आव० नि० ११५१)

**અર્થ**–'પ્રત્યેક બુદ્ધ' કે જેઓએ પૂર્વજન્મમાં 'જ્ઞાન–ક્રિયા' નો અભ્યાસ કર્યો હોય છે તેવા ભરતચક્રી આદિની વાતો આગળ કરીને જે શ્રીજિનકથિત ચારિત્રનો (અનુષ્ઠાનનો) વિરોધ કરે છે, તે મન્દમતિ પાસત્થાઓ હિંસા–જુટ્ઠ–ચોરી–અબ્રહ્મ અને પરિગ્રહનું સેવન કરતા કરાવતા સ્વ–પરનો ઘાત કરે છે.

માટે અહીં ચૈત્યવન્દનાદિ વિધિ જણાવ્યો તે વ્યવહાર નયથી ઘટિત જ છે, આગમમાં વ્યવહાર અને નિશ્ચય બન્નેની ઉપયોગિતા સમાન કહેલી છે. કહ્યું છે કે—

"जइ जिणमयं पवज्जह, ता मा ववहार–णिच्छए मुअह ।
ववहारणउच्छेए, तित्थुच्छेओ जओऽवस्सं ॥" (पञ्चवस्तु० गा० १७२)

**અર્થ**–જો તમે શ્રી જિનમતને સ્વીકારો (માનો) છો તો વ્યવહાર અને નિશ્ચય બેમાંથી એકેયને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તજશો નહિ, કારણ કે-વ્યવહારનો વિચ્છેદ થવાથી તીર્થનો (શાસનનો) નાશ અવશ્ય થશે.

એથી નક્કી થયું કે વ્યવહારથી દીક્ષિત થએલો પણ સાધુ ગણાય છે જ. (કારણ કે-) વ્યવહારથી પણ ચૈત્યવન્દનાદિ વિધિ કરનારને તે વિધિથી 'હું દીક્ષિત થયો' વિગેરે શુભ પરિણામો પ્રગટે છે, તેનાથી તેનાં કર્મોનો ક્ષયોપશમ (મન્દતા) વિગેરે થાય છે અને એ ક્ષયોપશમાદિથી નિશ્ચયનય-માન્ય વિરતિના શુભ પરિણામ તેનામાં પ્રગટે છે. એમ વ્યવહાર એ નિશ્ચયનું કારણ હોવાથી નિશ્ચય જેટલી જ વ્યવહારની આવશ્યકતા છે,

વળી 'મુક્તિરૂપકાર્યમાં નૈશ્ચયિક બળ (પરિણામ) મુખ્ય કારણ છે અને વ્યવહારિક (ચૈત્યવન્દનાદિ) વિધિ પરંપરાયે કારણ છે, માટે નિશ્ચયની (પરિણામની) ઉપયોગિતા છે અને વ્યવહારની નથી' એવો પણ ભેદ પાડી શકાય તેમ નથી. કારણ કે-નિશ્ચય એ ક્રિયાવ્યાપારરૂપ વ્યવહારનું કાર્ય છે. (દણ્ડ અને ભ્રમી જેવો બન્નેનો સંબન્ધ છે), તેથી સ્વવ્યાપારદ્વારા વ્યવહારનું સાક્ષાત્ હેતુપણું અખણ્ડ રહે છે અને તેથી તેની ઉપયોગિતા પણ લેશ માત્ર ઓછી થતી નથી.

તર્કવાદીઓ કહે છે કે-'ફળ વ્યાપારથી મળે છે, વ્યાપારીથી નહિ, માટે વ્યાપારી નિરૂપયોગી છે' એમ કોઇથી કહી શકાય નહિ. કારણ કે વ્યાપારી વિના વ્યાપાર કે ફળ એકે પણ હોય જ નહિ, તેમ પોતાના વ્યાપારદ્વારા કાર્ય સાધનારો વ્યવહાર પણ નિષ્ફળ નથી, ભ્રમી દ્વારા ઘટકાર્યનો સાધક દણ્ડ પોતાના ભ્રમીરૂપ વ્યાપારથી ઘટરૂપ કાર્યનું કારણ મનાય છે તેમ અહીં દીક્ષાના વિધિ માટે પણ સમજવું, પરિણામને પ્રગટ કરવા દ્વારા વ્યવહાર-અનુષ્ઠાન પણ મુક્તિનું કારણ છે જ. વળી 'વિરતિપરિણામ વગરના શિષ્યને ચૈત્યવન્દનાદિ વિધિ કરાવવાથી ગુરૂને મૃષાવાદ લાગે' એમ પણ નથી. કારણ કે-તેને વિધિ કરાવીને જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરવા દ્વારા 'તું દીક્ષિત (સાધુ) થયો' વિગેરે કહેવું તે 'વ્યવહાર સત્ય' માનેલું હોવાથી સત્યને ક્ષતિ પહોંચતી નથી, ઉલટું એ વિધિ નહિ કરાવવાથી તીર્થનો ઉચ્છેદ, જિનાજ્ઞાનો ભંગ, વિગેરે દોષો કહ્યા છે. કારણ કે-વિધિ વિના તો વિરતિપરિણામની સિદ્ધિ થાય કે ન થાય તો પણ બન્ને રીતે 'દીક્ષા આપવી' ઇત્યાદિ વ્યવહાર ધર્મનો નાશ જ થાય. (પ્રસંગ એવો બને કે વિશિષ્ટ જ્ઞાન વિના પરિણામો જાણી શકાય નહિ અને પરિણામ જાણવા માટેનું તેવું 'અવધિ' આદિ વિશિષ્ટ જ્ઞાન દીક્ષા વિના પ્રગટ થાય નહિ. ફળ એ આવે કે 'દીક્ષા આપવી' ઇત્યાદિ વ્યવહાર કોઈ કોઇને કરી-કરાવી શકે જ નહિ, તેથી તીર્થનો ઉચ્છેદ થાય, જિનકથિત છતાં નહિ કરવા-કરાવવાથી જિનાજ્ઞાનો ભંગ થાય) માટે કોઈક જ જીવને કોઈ કાળે થાય તેવાં ભરતચક્રી આદિનાં દૃષ્ટાન્તો લેવાં તે અશાસ્ત્રીય[૪૯] છે'

૪૯-પંચવસ્તુ ગા. ૧૭૧ માં પૂ૦શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે—ભરતચક્રી આદિના બનેલા પ્રસઙ્ગો પણ પૂર્વજન્મના વ્યવહાર ધર્મની આરાધનાના ફળરૂપે છે, મુખ્યતયા ઉપદેશ એવો છે કે-પૂર્વભવમાં કે વર્તમાનમાં વ્યવહારધર્મરૂપ અનુષ્ઠાન સેવ્યા વિના જ નિશ્ચયધર્મરૂપ આત્મપરિણામ પ્રગટ થાય નહિ.

અનુભવથી પણ વિવેકી મનુષ્યોને ક્રિયા અને પરિણામનો સંબન્ધ પ્રત્યક્ષ દેખાય છે, જેમ કે-વિવાહનો સંબન્ધ થતા પહેલાં દમ્પતીમાં સામાન્ય માનવતા જેટલો સંબન્ધ હોય છે તે વિવાહનો કોલકરાર થતાં (વચન આપતાં)જ વધીને પતિ-પત્નીપણાના ભાવરૂપે બદલાય છે, નોકરીના કોલ થયા પહેલાં એમાં સમાનતાના ભાવ હોય છે તે નોકરીની કબૂલાત થતાં જ શેઠ અને નોકરપણાના ભાવરૂપે બદલાઇ જાય છે, કોઈ બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ અન્યમતવાળાઓ તો વળી એમ કહે છે કે–'સાધુ થનારા પાપોદયથી ઘરવાસને છોડે છે, કારણ કે–પૂર્વ ભવે દાન નહિ કરવાથી આ જન્મમાં શીતળ જળ, સરસ–સુન્દર આહાર, વિગેરેનો ભોગ તેઓ કરી શકતા નથી, બહુ પ્રયાસે મેળવેલું પણ નિષ્પુણ્યક (નિર્ભાગી) જીવનું ધન વિના ભોગવે નાશ પામે તેમ સાધુ થનારાને પણ પુણ્યોદયે મળેલો ઘરવાસ પાપોદયથી વિના ભોગવે નાશ પામે છે, તેઓ ભોગવી શકતા નથી માટે તજી દે છે, તો એવા ઘરબાર વગરના ભૂખ્યા તરસ્યા સાધુઓને પાપોદયથી ઘેરાયેલા કેમ નહિ માનવા ? વળી ઘર, અહાર, પાણી, વિગેરે જીવન સામગ્રીના અભાવે (તેની શોધમાં ફરતા) તેવા સાધુઓને શુભ–ધ્યાન પણ શી રીતે હોય ? અને શુભધ્યાન વિના ધર્મ પણ કેમ હોય ? માટે ગૃહસ્થાશ્રમમાં રક્ત (ભોગી) સંતુષ્ટચિત્તવાળો, પરહિત કરવાના આદરવાળો અને મધ્યસ્થ સ્વભાવવાળો ગૃહસ્થ જ ધર્મને આરાધી શકે' વિગેરે—

તેઓને પૂછીએ કે પાપનું લક્ષણ શું ? જો એમ કહેતા હો કે ચિત્તમાં ક્લેશ (સંતાપ)નો અનુભવ થાય તે પાપ, તો ધનની આકાઙ્ક્ષા વિગેરેથી તેવો ચિત્તક્લેશ ગૃહસ્થને જ હોય છે, કહેવાય પણ છે કે–'ધનને મેળવતાં દુઃખ અને મળેલાના રક્ષણમાંય દુઃખ'. એમ ધન આવતાં ય દુઃખ, સાચવતાં ય દુઃખ અને જાય ત્યારે તો (એથી પણ) વધારે દુઃખ, એમ સર્વ રીતે દુઃખના કારણ રૂપ એવા અર્થને ધિક્કાર હો !' (તો એવા અર્થના લોલુપી ગૃહસ્થને ચિત્ત શાન્તિ કેમ હોય ?) વળી જો કે મુનિઓને ઘર વિગેરે નથી, છતાં તેનો રાગ નહિ હોવાથી તેઓને આર્તધ્યાનના વિકલ્પોથી થતા દુઃખના અભાવે ઉલટો સંયમનો (સંતોષનો) આનન્દ હોય છે, તેઓને દુઃખી કેમ કહેવાય ? અને તેઓને ચિત્તમાં ક્લેશ પણ કેમ થાય ? જો એમ કહેતા હો કે દુઃખદાયક ક્રિયાનાં કષ્ટો કરવાથી તેઓ દુઃખી છે, તો તેમાં કંઈ સાધુ માટે એકાન્ત

શબ્દો સન્માનના સંભળાવે કે તુર્ત સાંભળનારના ચિત્તમાં તેના પ્રત્યે પ્રીતિ અને અપમાન વાચક બોલે તો અપ્રીતિ પ્રગટે છે, કોમળ કે સુશોભિત વસ્ત્રો પહેરતાં કે ચન્દનાદિનું વિલેપન કરતાં પ્રસન્નતા પ્રગટે છે, તેમ અનિષ્ટ વસ્તુનો સ્પર્શ થતાં જ અપ્રસન્નતા પ્રગટે છે, પુષ્પાદિની સુવાસથી આનન્દ અને વિષ્ટાદિની દુર્વાસથી દુર્ગંછા પ્રગટે છે, મિષ્ટાન્ન કે ઇષ્ટ ભોજનથી સુખનો અને અનિષ્ટ કે બેસ્વાદ ભોજનથી દુઃખનો અનુભવ થાય છે, એમ ઇષ્ટ–અનિષ્ટ રૂપ જોવાથી પણ પ્રસન્નતા અપ્રસન્નતાનો અનુભવ પ્રત્યક્ષ થાય છે. દુનીઆમાં જડ જીવનના આનંદ કે ખેદમાં પણ જો એ રીતે ઇષ્ટ–અનિષ્ટ નિમિત્તો કારણ બને છે તો જ્યાં સુધી આત્મા જડકર્મનો કે તેના ફળરૂપ તે તે ઇષ્ટ–અનિષ્ટસંયોગ–વિયોગાદિનો પરાધીન છે, રાગ–દ્વેષને વશ છે, ત્યાં સુધી આત્મશુદ્ધિમાં પણ બાહ્ય શુભનિમિત્તો (કારણો) ઉપકારક અને અશુભ નિમિત્તો અપકારક બની શકે એ સહજ સમજાય તેવું છે. હા, આત્મામાંથી રાગ–દ્વેષનો સમૂલ નાશ થયા પછી એ નિમિત્તો નિષ્ફળ છે, પણ પછી તો તેને તેવો વ્યવહાર કરવાનું પણ કંઈ કારણ રહેતું નથી, તે કૃતકૃત્ય થઈ જાય છે. છતાં તે કરે છે તો અન્યરાગ–દ્વેષની પરિણતિવાળા જીવોને પોતાના સમ્પર્કથી નુકશાન ન થાય માટે પોતાને નિરૂપયોગી એવા પણ વ્યવહારને સાચવે છે અને એ રીતે અન્યને વ્યવહારનું શિક્ષણ આપે છે. એમ મધ્યસ્થ બની કાર્ય–કારણ ભાવને વિચારતાં સમજાશે કે આત્મામાં તે તે શુભ પરિણામો પ્રગટ કરવા માટે શુભનિમિત્ત–કારણરૂપ વ્યવહારધર્મ (અનુષ્ઠાનો) વિના ચાલી શકે તેમ નથી જ. જેઓ કેવળ પરિણામમાં ધર્મ માને–મનાવે છે તેઓને જડ–ચેતનના પારસ્પરિક સંબન્ધનું કે કાર્ય–કારણભાવનું શુદ્ધ જ્ઞાન નથી, એમ જ માનવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, કારણ કે–સાધુને એ કષ્ટો આત્માની અતિઉન્નતિરૂપ મોટાલાભને કરનારાં હોવાથી તેનાથી પ્રગટતા શુભ અધ્યવસાયરૂપ આનન્દના બળે તેઓને ક્લેશનો લેશ પણ હોતો નથી,[૫૦] ઉલટું એ કષ્ટકારકક્રિયાઓ કરતાં તેઓ આનન્દ અનુભવે છે. એથી વિપરિત ગૃહસ્થો તો 'અરે ! આ વિષમ કાર્ય ક્યારે–શી રીતે સિદ્ધ થશે ? અથવા આ કાળ કેવો ખરાબ આવ્યો ? કિં વા રાજા–ચોર વિગેરેથી આ ધન ધાન્યાદિનું રક્ષણ શી રીતે કરવું' ઈત્યાદિ (અનેકવિધ) ચિન્તાના બોજાથી મુંઝાઇને દુઃખ(સન્તાપ)ને અનુભવે છે, નહિ કે વિષયોથી વિરાગી બનેલા મુનિઓ ! કારણ કે તેઓ તો સ્વાનુભવસિદ્ધ એવું સન્તોષનું સુખ જ ભોગવે છે, ચિત્તના સન્તોષ માટે એકલી બાહ્ય સંપત્તિ કંઈ ઉપકાર કરી શકતી નથી. એક યોગીએ એક રાજાને કહ્યું કે–"હે રાજન્ ! અમે વલ્કલના (ઝાડની છાલના) વસ્ત્રોમાં અને તું રેશમી પોશાકમાં સન્તુષ્ટ છે, એમ સન્તોષ આપણા બેનો સમાન હોવાથી ત્હારો ને અમારો ભેદ બીચારો અભેદ સ્વરૂપ બની ગયો છે. (અર્થાત્ અમે દરિદ્ર નથી.) દરિદ્ર તો તેને કહેવાય કે જેની તૃષ્ણા વિશાળ છે, મનમાં સન્તોષ થયા પછી ધનિક કોણ ? અને દરિદ્ર કોણ ?"

વળી 'ઇચ્છિત પદાર્થો ન મળવાથી સાધુઓ દુઃખી છે' એમ કહેવું પણ ખોટું છે, કારણ કે (વસ્તુતઃ ઈચ્છાથી જ દુઃખ છે, ઈષ્ટપ્રાપ્તિથી થતું ઇચ્છાની પૂર્તિનું સુખ 'આભાસમાત્ર' છે–સાચું સુખ તો અનિચ્છામાં રહેલું છે) 'ઇચ્છાનો નાશ થવો' એ જ સાધુઓના ચારિત્રના પ્રકર્ષનું (વિશુદ્ધિનું) ફળ છે, જો કે–આવો ઇચ્છાનો સર્વથા નાશ સર્વજ્ઞને (વીતરાગને) જ હોય છે એ સત્ય છે, અમે પણ કંઈ એમ નથી કહેતા કે 'દીક્ષાનો સ્વીકાર કરતાં મુનિને ઇચ્છા નાશ પામે છે' તે સમયે તો મુનિને પણ ઇચ્છા હોય છે, પણ તે મુક્તિની હોય છે. તે ઇચ્છા (બીજી જડ ઇચ્છાઓની નાશક) પ્રશસ્ત હોવાથી દુષ્ટ નથી. વસ્તુતઃ આરમ્ભિક માત્ર 'સામાયિક ચારિત્રવાળા' સાધુને કરણીય અનુષ્ઠાનોનું આસેવન કરતાં વધતી વધતી તે મુક્તિની ઇચ્છા જ આખરે સર્વ ઇચ્છાઓનો નાશ કરે છે. જો કે વિષયતૃષ્ણાના વિરાગરૂપ પ્રારમ્ભિક વૈરાગ્ય મુક્તિની ઇચ્છાને રોકી શકતો નથી, પણ એ વૈરાગ્યથી આત્મશુદ્ધિનો પરિપાક (વૃદ્ધિ) થતાં જે ઉત્તરોત્તર વૈરાગ્ય પ્રગટે છે તેમાં છેલ્લો સર્વથા અનિચ્છારૂપ હોય છે. એ જ વાત પાતઞ્જલયોગસૂત્રમાં યોગાચાર્ય મહાત્મા પતઞ્જલી પણ કહે છે કે "तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यमिति" (पातं० १–२०) અર્થાત્ તે મુક્તિની ઇચ્છાના બળે પછી પુરૂષ(આત્મા)નો સાક્ષાત્કાર થવાથી (રાજસ્ વિગેરે) ગુણોની વિતૃષ્ણા પ્રગટે છે, અર્થાત્ કોઈ તૃષ્ણા–ઇચ્છા રહેતી નથી. (કારણ કે ઇચ્છાનું મૂળ 'રાજસ'

૫૦–ક્લેશનો અનુભવ નિષ્ફળ ક્રિયામાં સમ્ભવે છે, જે ક્રિયાનું ફળ મળવાની સમ્ભાવના હોય છે તે ક્રિયાના કરનારને દુઃખ થતું નથી, એ કારણે તો ધનનો અર્થી મજુરી પણ કરે છે. બીજી વાત–ક્લેશ અજ્ઞાનજન્ય છે, જીવ જ્યારે આત્મજ્ઞાની બને છે ત્યારે તેને પોતાની સ્થિતિના મૂળ કારણનો અને ઉપકારકતાનો સાચો ખ્યાલ આવે છે, તેથી એમાં સમભાવને કેળવી તે પોતાનાં અશુભકર્મોની નિર્જરા કે શુભકર્મોનું ઉપાર્જન કરવાદ્વારા આત્મશુદ્ધિ સાધે છે. અજ્ઞાનીને તો સુખનાં અને દુઃખનાં બન્ને નિમિત્તો ક્લેશનું કારણ બને છે. જગતમાં આ પરિસ્થિતિ પ્રત્યક્ષ દેખાય છે. કેટલાય મનુષ્યો એવા છે કે વિપુલ ભોગસામગ્રી મળવા છતાં રાત–દિવસ આર્ત્તધ્યાનમાં સડે છે અને એવા પણ સન્તો છે કે જેઓ ભોગસામગ્રી વિના પણ આત્માનન્દને અનુભવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે ગુણો છે, તેના નાશથી સર્વ ઈચ્છાઓ પણ નાશ પામે છે.)

શ્રીગૌતમગણધરના પ્રશ્નથી શ્રમણભગવન્મહાવીરે પણ કહ્યું છે કે-'એકમાસથી વધતાં અનુક્રમે બારમાસના ચારિત્રપર્યાયવાળો સાધુ ક્રમશઃ વાણવ્યન્તર દેવોથી માંડીને અનુત્તરવિમાનવાસી દેવોના સુખને પણ અતિક્રમી જાય છે અને પછી તો (ચારિત્રની વિશુદ્ધિ વધતાં તે) શુક્લ (કર્મોથી નિર્મળ-હલકો) અને શુક્લાભિજાત્ય (આશય-પરિણામથી પણ અતિવિશુદ્ધ) થઈને આત્મસુખને અનુભવતો શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ ભાવોને (અધ્યવસાયોને) ભજતો સર્વોત્તમ સ્થાનરૂપ મોક્ષને પામે છે.'

એમ વિશુદ્ધ થતી શુક્લલેશ્યાના (શુદ્ધઆશયના) બળે પ્રગટ થતા નિર્મમભાવથી સાધુઓને જ સાચું સુખ હોય છે (એ વાત યુક્તિસઙ્ગત પણ છે) અને તેથી તેઓનો ગૃહવાસનો ત્યાગ પાપોદયનું નહિ, પણ પુણ્યના પરિપાકનું[૫૧] અનુમાન કરાવે છે, એ નિશ્ચિત છે.

ઉપર્યુક્ત પ્રશ્નોત્તર (શ્રીભગવતીજીના અ૦ ૧૪માં ઉ૦ ૯ સૂત્ર ૫૩૭માં) આપ્રમાણે છે.

**પ્રશ્ન**-હે ભગવન્ત! વર્તમાનમાં જે આ શ્રમણનિર્ગ્રન્થો છે તેઓ કોનાથી વધારે સુખી છે?

**ઉત્તર**-હે ગૌતમ! એકમાસના ચારિત્રપર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થો વાણવ્યન્તર દેવોથી પણ વધારે સુખી છે, બેમાસપર્યાયવાળા અસુરકુમારનિકાય સિવાયના શેષ ભવનપતિદેવોથી, ત્રણમાસપર્યાયવાળા અસુરકુમારનિકાયના દેવોથી, ચારમાસપર્યાયવાળા ગ્રહોથી, નક્ષત્રોથી અને તારાઓથી, પાંચમાસપર્યાય થતાં ચન્દ્ર-સૂર્યનાં સુખોથી, એમ છમાસપર્યાયવાળા સૌધર્મ-ઈશાન દેવલોકનાં, સાતમાસના પર્યાયવાળા સનતકુમાર-માહેન્દ્ર કલ્પનાં, આઠમાસના પર્યાયવાળા બ્રહ્મ અને લાન્તકદેવલોકનાં, નવમાસનો પર્યાય થતાં મહાશુક્ર અને સહસ્રારદેવલોકનાં, દશમાસના પર્યાયવાળા આનત-પ્રાણત-આરણ અને અચ્યુતદેવલોકનાં, અગીયારમાસના પર્યાયવાળા નવગ્રૈવેયકનાં અને બારમાસના પર્યાયવાળા સાધુઓ અનુત્તરવિમાનવાસીદેવોનાં સુખોથી પણ વધારે સુખી હોય છે. પછી પર્યાય વધતાં શુક્લ એટલે અખણ્ડ આચારવાળા, મત્સરથી રહિત, કૃતજ્ઞ, સત્પ્રવૃત્તિવાળા અને ઉત્તરોત્તર હિતને સાધતા તેઓ પરિણામે શુક્લાભિજાત્ય એટલે પરમનિર્મળ થઈને સિદ્ધ[૫૨] થાય છે, અત્યન્ત શાન્તિને પામે છે, સર્વદુઃખોનો સર્વકાળ માટે અન્ત કરે છે.

૫૧-અલ્પબુદ્ધિથી સમજાય તેવી વાત છે કે-પરાધીનતા પાપોદયે અને સ્વાતન્ત્ર્ય પુણ્યોદયે મળે છે. જીવ અનાદિ કાળથી શરીરનો, ઇન્દ્રિઓનો અને એના વિષયોનો પરાધીન છે, તેની પ્રાપ્તિ માટે જન્મોજન્મ અનેકની તાબેદારી ઉઠાવતો આવ્યો છે, આ તાબેદારીનું મૂળ વિષયોનો રાગ-મોહ છે, એ વાત સહજ સમજાય તેવી છે. આત્માને પૂછીએ કે એવી વિષયાદિની તાબેદારીથી જન્મોજન્મ જગતની ગુલામી કરવી તે પુણ્યોદય કે એ વિષયોનો વિરાગ કેળવી શરીરની પણ જીવવા પુરતી સંભાળ કરી આત્મગુણોમાં આનન્દ અનુભવવો તે પુણ્યોદય? વસ્તુતઃ મિથ્યાત્વરૂપી પાટાથી જ્ઞાનચક્ષુઓ ઢંકાઈ ગયાં છે માટે જીવ જગતમાં તત્ત્વ-અતત્ત્વનો વિવેક કરી શકતો નથી, એનું જ પરિણામ છે કે તે પોતે જ તેના સાચા સુખનો દ્વેષી બન્યો છે અને સુખના નામે દુઃખનો પક્ષ કરી રહ્યો છે.

૫૨-સન્તોષ અથવા ઈચ્છાનો રોધ એ મહાન્ તપ છે, તે જ સર્વ તપનું બીજ અથવા પ્રાણ છે. બીજમાંથી અઙ્કુરો-થડ-ડાળાં-પત્રો-પુષ્પો અને ફળો બધું પ્રગટે છે તેમ મોહના ઉદયથી પ્રગટતી જડવસ્તુઓની ઈચ્છાનો રોધ કરવાથી પરિણામે સર્વથા રાગ-દ્વેષાદિથી મુક્તિરૂપ પૂર્ણ આત્માનન્દ પ્રગટે છે. એ નિર્મળબુદ્ધિથી સહજ સમજાય તેવી વાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलम्—सापेक्षो निरपेक्षश्च, यतिधर्मो द्विधा मतः ।
सापेक्षस्तत्र शिक्षायै, गुर्वन्तेवासिताऽन्वहम् ॥८६॥

**મૂળનો અર્થ**–સાપેક્ષ અને નિરપેક્ષ એમ યતિધર્મ બે પ્રકારે કહ્યો છે, તેમાં શિક્ષા માટે હમેશાં ગુરૂ પાસે રહેવું તે સાપેક્ષ જાણવો. (૮૬)

**ટીકાનો ભાવાર્થ**–'યતિ' એટલે જેનું લક્ષણ પૂર્વે કહ્યું તેનો 'ધર્મ' એટલે અનુષ્ઠાન વિશેષ તે યતિધર્મ. તેના શ્રીજિનેશ્વરોએ બે પ્રકારો કહેલા છે, એક સાપેક્ષ અને બીજો નિરપેક્ષ; તેમાં ગુરૂ, ગચ્છ (સાધુ સમુહ), વિગેરેની સહાયતાની અપેક્ષા પૂર્વક દીક્ષાનું પાલન કરવું તે ધર્મને સાપેક્ષ અને તેવી અપેક્ષા વિના સ્વાશ્રયભાવે દીક્ષાનું પાલન કરવું તેને નિરપેક્ષ જાણવો. જો કે સાપેક્ષ અને નિરપેક્ષ એ અહીં યતિનાં વિશેષણો કહેલાં છે, તો પણ ધર્મ–ધર્મીના અભેદની અપેક્ષાએ એ બન્ને પ્રકારના યતિઓના ધર્મને એટલે 'ગચ્છમાં રહેવું વિગેરે પ્રથમ પ્રકારના સાધુનાં ધર્માનુષ્ઠાનોને અને 'જિનકલ્પ' વિગેરે બીજા પ્રકારના સાધુનાં ધર્માનુષ્ઠાનોને અહીં અનુક્રમે સાપેક્ષ અને નિરપેક્ષ ધર્મ કહેલો છે.

આ સાપેક્ષ અને નિરપેક્ષ બે ધર્મો પૈકી (જેનું વર્ણન અહીં પહેલું કરીશું તે) આ સાપેક્ષયતિધર્મ છે, એમ વાક્યસંબન્ધ જોડવો, આગળ પણ ક્રિયાપદનો સંબન્ધ એ રીતે સ્વયં સમજવો. તે ધર્મ માટે એટલે પ્રતિદિન શિક્ષા(જ્ઞાન અને ક્રિયાના અભ્યાસ)માટે ગુરૂની છાયામાં રહેવું વિગેરે સાધુનો આચાર. આ શિક્ષાના બે પ્રકારો છે, એક ગ્રહણશિક્ષા અને બીજો આસેવનાશિક્ષા. તેમાં ગ્રહણશિક્ષા એટલે પ્રતિદિન ગુરૂ પાસે સૂત્ર–અર્થને ભણવારૂપ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો તે અને આસેવનાશિક્ષા એટલે પ્રતિદિન સંયમની ક્રિયાનો અભ્યાસ કરવો તે. આ બન્ને પ્રકારની 'શિક્ષાને માટે' નહિ કે ઉદરપૂર્તિ–આજીવિકાદિ માટે! ગુરૂ એટલે દીક્ષા આપનાર આચાર્યનું અન્તેવાસિપણું (શિષ્યપણું) સ્વીકારવું તે સાપેક્ષ યતિધર્મ કહેવાય છે. આ અન્તેવાસિપણું પણ કોઇને માત્ર અમુકસમય પુરતું જ (અલ્પકાલીન) પણ હોઈ શકે, એમ કોઈ ન સમજી લે માટે જણાવ્યું કે 'अन्वहम्' અર્થાત્ જીવતાં સુધી ગુરૂનું અન્તેવાસિપણું સ્વીકારવું તેને સાપેક્ષ યતિધર્મ કહ્યો છે. અન્તેવાસિપણું એટલે શું? તે સમજવા માટે કહ્યું છે કે–દરેક પ્રવૃત્તિમાં 'અન્તે' એટલે ગુરૂની સમીપમાં વસવું–રહેવું, અર્થાત્ (જ્ઞાનાદિ ગુણોરૂપ) આત્મયોગોનો આશ્રય કરીને શ્રદ્ધા અને સમજ પૂર્વક પ્રવૃત્તિ કરતા થકા ગુરૂની સાથે વસવું, સાથે ભોજન કરવું, સાથે શયન કરવું, સાથે પ્રતિક્રમણ કરવું, સાથે ગ્રામાનુગ્રામ વિચરવું, (પર્યટન કરવું,) વિગેરે મહાભાષ્યમાં કહેલી ગુરૂ સાથેની ચર્યા સમજવી.

આગમમાં પણ કહ્યું છે કે [ઉપા૦ "तद्दिट्ठीए तम्मोत्तीए तप्पुरक्कारे][५३] तस्सण्णी तन्निवेसणे जयंविहारी चित्तणिवाई पंथणिज्झाई पलिबाहिरे पासीय पाणे गच्छेज्जा" ઇત્યાદિ. [વ્યાખ્યા—तद्दिट्ठी=તેઓની (ગુરૂની) દૃષ્ટિએ વર્તન કરવું, તાત્પર્ય કે હેય–ઉપાદેય ભાવોમાં ગુરૂની આંખે જોવું, તેઓના મન્તવ્યને અનુસરવું–તેઓની ઇચ્છા પ્રમાણે વર્તવું, 'तम्मोत्तिए'=

૫૩–[ ] આવા ચોરસ કાટખૂણામાંનું લખાણ પૂ૦મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે કરેલા સુધારા–વધારારૂપ છે, એમ માનવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓએ જણાવેલી બાહ્ય-અભ્યન્તર સર્વસંયોગોથી જે વિરતિ એટલે મુક્તિ(અનાશંસ ભાવ), તેના બળે સદા જીવવું. તાત્પર્ય કે બાહ્ય-અભ્યન્તર સર્વસંયોગોમાંથી આસક્તિ દૂર કરવા સદા પ્રયત્ન કરવો, ' तप्पुरक्कारे '=તે ગુરૂનો પુરસ્કાર કરવો, એટલે કે સઘળાં કાર્યોમાં ગુરૂને આગળ રાખવા, તે તે વિષયમાં તેઓની કૃપા માનવી. તાત્પર્ય કે ' ગુરૂકૃપાથી જ (તેઓના આશીર્વાદથી જ તે તે કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકું છું ' એવી દૃઢશ્રદ્ધા રાખવી, તથા ' तस्सण्णी '=તેઓની સંજ્ઞા-(જ્ઞાન)વાળા બનવું, અર્થાત્ સઘળા કાર્યોમાં ગુરૂના જ્ઞાનનો (હિત-શિક્ષાનો) ઉપયોગ કરવો, પોતાની બુદ્ધિ-કલ્પનાથી કોઈ કાર્ય નહિ કરવું. ' तण्णिवेसणे '= તે ગુરૂના સ્થાનને જ પોતાનું સ્થાન બનાવવું, અર્થાત્ સદાય ગુરૂકુળવાસમાં (ગુરૂની સમીપમાં) જ રહેવું. હવે તે ગુરૂકુલવાસથી સાધુ કેવો બને ? તે કહે છે કે-'जयंविहारी'=સર્વ વ્યાપારોમાં જયણાપૂર્વક પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળો, તથા 'चित्तणिवाई'=ગુરૂના ચિત્ત(અભિપ્રાય-આશય)ને અનુસરીને દરેક ક્રિયામાં પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળો, અર્થાત્ ગુરૂ આજ્ઞા કે ઉપદેશ ન કરે તો પણ ગુરૂના હૃદયને સમજીને તે પ્રમાણે વર્તનારો. 'पंथणिज्झाई'=ગુરૂ કોઈ સ્થળે બહાર ગયા હોય ત્યારે તેઓના આવવાના માર્ગને-રસ્તાને વારંવાર જોતો રહે તેવો, ' ક્યારે ગુરૂ પધારે ' એમ ધ્યાન કરનારો, ગુરૂના વિરહને સહન કરવામાં અશક્ત. ઉપલક્ષણથી-ગુરૂને શયન કરવાની ઇચ્છા થાય ત્યારે સંથારો પાથરવો, વિગેરે તેઓની સર્વસેવા કરવાના સ્વભાવવાળો, અગર ગુરૂ નિદ્રા લે ત્યારે વારંવાર તેમની સંભાળ કરનારો, ક્ષુધિત હોય ત્યારે શુદ્ધઆહાર મેળવી આપનારો, ઈત્યાદિ ગુરૂભક્તિ કરવાના સ્વભાવથી ગુરૂનો આરાધક. વળી ' पलिबाहिरे '=અહીં 'પરિ' એટલે ચારે દિશામાં ગુરૂના અવગ્રહથી (એટલે બેસવું, શયન કરવું, વિગેરે ગુરૂને વાપરવાની સાડા ત્રણ હાથ પ્રમાણ જગ્યાથી) પ્રયોજન ન હોય ત્યારે 'બાહિરે'=પાછળ-આગળ બહાર રહે, તાત્પર્ય કે વિના પ્રયોજને અવગ્રહમાં ન જાય, ગુરૂથી સાડા ત્રણ હાથ દૂર બેસે-ઉભો રહે-એ રીતે ગુરૂનો વિનય કરનારો, તથા ' =पासिय पाणे गच्छेज्जा '=ગુરૂ કોઈ કાર્ય પ્રસઙ્ગે કોઈ સ્થળે મોકલે ત્યારે હિંસા ન થાય તેમ ભૂમિને-જીવોને જોઇને (ઇર્યાસમિતિના પાલનપૂર્વક) ચાલનારો.] વળી—

" ओसाणमिच्छे मणुए समाहिं, अणोसिएऽणंतकरेत्ति(रंति) णच्चा ।
ओभासमाणे दविअस्स वित्तं, ण णिक्कसे बहिआ आसुपन्ने ॥" सुत्रकृताङ्ग अ० १४-४१॥

**અર્થ**—" ગુરૂની પાસે જ સન્માર્ગ સેવનરૂપ સમાધિને અને અવસાનને ઇચ્છે, અર્થાત્ ' સન્માર્ગના આસેવનપૂર્વક મારો અન્તકાળ પણ ગુરૂની નિશ્રામાં જ થાઓ ' એમ ઇચ્છતો યાવજ્જીવ ગુરૂની નિશ્રામાં રહે, પોતાની ઇચ્છાનુસાર વર્તન કરનારો જે ગુરૂની પાસે ન રહે તે પોતાનાં કર્મોનો અન્ત ન કરી શકે તથા ગુરૂસેવાથી રહિત હોય તેનું વિજ્ઞાન પણ હાંસીનું પાત્ર બને એમ સમજી સ્વયં ગુરૂસેવાદિ શુદ્ધ આચરણ કરે અને 'મુક્તિને યોગ્ય સાધુનું આચરણ કેવું હોય ? ' તેનો (પોતામાં) પ્રકાશ કરતો (નિરતિચાર મુક્તિમાર્ગને સાધતો) બુદ્ધિમાન સાધુ ગચ્છને છોડીને બહાર ન નીકળે. "

આથી જેઓ બાહ્યવર્તન માત્રથી નામમાત્ર ગુરૂકુલવાસને માને છે-પ્રચારે છે અને સમ્યગ્ ગુરૂકુલવાસને સેવતા નથી, (એટલે કે ગુરૂકુલવાસની સેવાના ફળસ્વરૂપે જ જ્ઞાનાદિ ગુણોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્તિ-રક્ષા કે વૃદ્ધિ થાય એ લક્ષ્ય જેઓ-ચૂકેલા છે) તેઓની ગુરૂકુલવાસની માન્યતા દૂષિત (અસત્) છે એમ સમજવું. કારણ કે જીવનના છેડા સુધી ગુરૂ પ્રત્યે શિષ્યભાવ કેળવવો તે ગુરૂકુળવાસનું ફળ છે. કહ્યું છે કે—

**"णाणस्स होइ भागी, थिरयरओ(रो) दंसणे चरित्ते अ ।**
**धण्णा आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥" विशेषाव० गा० ३४५९॥**

**અર્થ**—ગુરૂકુલવાસમાં રહેનાર સમ્યગ્ જ્ઞાનનું ભાજન બને છે અને દર્શન તથા ચારિત્રમાં દૃઢ-અતિદૃઢ બને છે, માટે ધન્યપુરૂષો જાવજ્જીવ સુધી ગુરૂકુલવાસને છોડતા નથી.

આ હેતુથી જ 'શ્રીસુધર્માસ્વામિએ શ્રીજમ્બુસ્વામિને ઉદ્દેશીને કહેલાં '**सुअं मे आउसं तेणं भगवया एवमक्खायं**' (आचाराङ्ग सू० १) અર્થાત્ 'હે આયુષ્યમાન્ જમ્બુ! (અથવા આયુષ્યમાન એટલે જીવતા એવા) ભગવાન્ શ્રીમહાવીરપ્રભુએ આ પ્રમાણે કહેલું મેં સાંભળ્યું છે, (અથવા ભગવન્તની નિશ્રામાં હંમેશાં વસતાં (રહેતાં) મેં ભગવાને કહેલું આ પ્રમાણે સાંભળ્યું છે)' વિગેરે વચનોદ્વારા 'ગુરૂકુલવાસ સકળ સદાચારનું મૂળ છે' એમ જણાવ્યું છે. (તાત્પર્ય કે ગુરૂ પાસે રહેનાર શિષ્ય તેઓનાં હિતવચનોથી સઘળા સદાચારોને પ્રાપ્ત કરે છે.)

ભાવસાધુનું મુખ્ય લિઙ્ગ પણ આ ગુરૂકુલવાસ જ છે. કારણ કહ્યું છે કે—

**"एयं च अत्थि लक्खण-मिमस्स नीसेसमेव धन्नस्स ।**
**तह गुरु आणासंपाडणं च गमगं इहं लिंगं ॥" (उप०पद गा० २००)**

**અર્થ**-(અહીં માષતુષાદિને ઉદ્દેશીને જણાવ્યું છે કે-) તેવાઓમાં ગુરૂ પ્રત્યેની શ્રદ્ધા તો હોય જ, ઉપરાન્ત ધર્મરૂપી ધનને યોગ્ય એવા તેઓને 'માર્ગાનુસારિપણું' વિગેરે ભાવ સાધુનાં આ સઘળાં લક્ષણો પણ હોય. એની નિશાની શું? એમ પૂછનારને કહે છે કે-ગુરૂની સમક્ષ કરે તેમ પરોક્ષમાં પણ ગુરૂઆજ્ઞાના પાલનરૂપે 'પડિલેહણ પ્રમાર્જન' વિગેરે સાધુસામાચારીનું પાલન યથાવિધિ કરે, એ જ તેઓના ભાવસાધુપણાની નિશાની સમજવી. [આ ગુરૂકુલવાસ-ગુણને યોગે જ (જ્ઞાનરહિત પણ) માષતુષ મુનિ વિગેરેને ચારિત્ર માનેલું છે. કહ્યું છે કે-

**"गुरुपारतंत नाणं, सद्दहणं एयसंगयं चेव ।**
**इत्तो उ चरित्तीणं, मासतुसाईण णिद्दिट्ठं ॥" पञ्चाशक ११-७॥**

**ભાવાર્થ**-"ગુરૂ પ્રત્યે સમર્પિતભાવ એ જ જ્ઞાન, અને શ્રદ્ધા પણ એનામાં[૫૪] જ ઘટે છે, એથી

૫૪-'વૈદ્યની પરાધીનતા વિના આરોગ્ય ન મળે' એવું સમજી વૈદ્યને આધીન રહેનારો જેમ બુદ્ધિમાન અને આરોગ્યનો સાચો અર્થી ગણાય છે, તેમ ભાવરોગરૂપ અન્તરઙ્ગ શત્રુઓનો નાશ કરવા માટે ગુરૂને પરાધીન રહેવું જ જોઇએ. કારણ કે તેઓ સાચા (ભાવ) વૈદ્ય છે એવું સમજવું અને તેઓને પરાધીન રહેવામાં આનન્દ અનુભવવો, એ જ સાચા જ્ઞાનીનું (સમ્યગ્ જ્ઞાનનું લક્ષણ) છે, વીતરાગના વચનોની સાચી શ્રદ્ધા (સમ્યગ્ દર્શન) પણ તેનામાં જ ઘટે છે. કારણ કે તે પોતાની સમજને (જ્ઞાનને) સફળ બનાવે છે, સમજવા છતાં જે વૈદ્યનું કહ્યું ન કરે તે આરોગ્યનો સાચો અર્થી મનાય નહિ તેમ ગમે તેટલી સારી સમજ હોવા છતાં અને ગુરૂની પરાધીનતા વિના કલ્યાણ થતું નથી એવું સમજવા છતાં જે ગુરૂને પરાધીન રહેવામાં આનન્દ ન માને તે સાચો શ્રદ્ધાળુ મનાય નહિ. સાચી શ્રદ્ધા સમ્યગ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ અતિજડ જેવા પણ માષતુષમુનિ આદિને જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહેલું છે. કારણ કે–તેઓ ગુરૂને પરતન્ત્ર (સમર્પિત) હતા, તેથી ગુરૂના જ્ઞાનાદિગુણોનું ફળ તેઓને પ્રાપ્ત થયું હતું "]

અહીં પ્રસઙ્ગોપાત્ત ધર્મરત્નપ્રકરણમાં કહેલાં ભાવયતિનાં લિઙ્ગોને જણાવીએ છીએ.

"एअस्स उ लिंगाइं, सयला मग्गाणुसारिणि किरिआ[1] ।
सद्धा[2] पवरा धम्मे, पन्नवणिज्जमुजुभावा[3] ॥ धर्मरत्न प्र० ७८॥
किरिआसु अप्पमाओ,[4] आरंभो[5] सक्कणिज्जऽणुट्ठाणे ।
गुरुओ गुणाणुराओ,[6] गुरुआणाराहणं[7] परमं ॥७९॥

**અર્થ**–આ ભાવ સાધુનાં લિઙ્ગોમાં ૧–તેની પ્રતિલેખનાદિ સઘળી ક્રિયા મોક્ષમાર્ગને અનુસરતી હોય, ૨–ધર્મ કરવામાં દઢ શ્રદ્ધા હોય ૩–વિના પ્રયત્ને દુરાગ્રહથી બચાવી શકાય તેવા સરળ હોય, ૪–શાસ્ત્રકથિતક્રિયામાં પ્રમાદ ન હોય, ૫–તપ વિગેરે શક્ય અનુષ્ઠાનમાં-પ્રવૃત્તિશીલ હોય, અર્થાત્ શક્તિને છૂપાવનાર કે શક્તિ ઉપરાન્ત પ્રવૃત્તિ કરનાર ન હોય, ૬–ગુણોનો દઢ પક્ષપાતી હોય, અને ૭–સર્વગુણોમાં પ્રધાનગુણરૂપ ગુરૂઆજ્ઞાનું આરાધન (પાલન) કરનારો હોય, એમાં 'આગમને અનુસરતું અથવા બહુસંવેગી પુરુષોએ આચરેલું આચરવું, તે મોક્ષમાર્ગને અનુસરતી માર્ગાનુસારિણી ક્રિયા જાણવી. કહ્યું છે કે–

"मग्गो आगमणीई, अहवा संविग्गबहुजणाइण्णं ।
उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिआ ॥"८०॥

**અર્થ**–અહીં સમ્યગ્ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ, અથવા આત્માના ક્ષાયોપશમિકભાવરૂપ માર્ગ તે મોક્ષનગરનો માર્ગ અને (તેનાં કારણોને પણ કાર્યરૂપે માનવાથી) ૧–આગમનીતિ, અર્થાત્ સિદ્ધાન્તમાં કહેલો આચાર વિશેષ, અથવા ૨–મોક્ષાર્થી બહુ સંવિજ્ઞપુરૂષોએ આચરેલું અનુષ્ઠાન, એ બન્નેને અનુસરતી એટલે આગમને અને બહુ ગીતાર્થપુરુષોએ આચરેલા માર્ગને પણ બાધ ન પહોંચે તેવી જે જે ક્રિયા તે માર્ગાનુસારિણી ક્રિયા જાણવી.

બાકીના છ લિઙ્ગોનો અર્થ સુગમ[55] છે. પ્રવર શ્રદ્ધાનાં ચાર લક્ષણો આ પ્રમાણે છે

"सद्धा तिव्वभिलासो, धम्मे पवरत्तणं इमं तीसे ।
विहिसेव[1] अतित्ती[2] सु(द्ध)–देसणा[3] खलियपरिसुद्धी[4] ॥९०॥"

**અર્થ**–'શ્રદ્ધા' એટલે જ્ઞાન–ક્રિયારૂપ ધર્મમાં શુદ્ધ સમજણ પૂર્વકનો આત્માનો અભિલાષ. તેની પ્રબલતાનાં આ ચાર ફળો છે, એક–વિધિની સેવા, અર્થાત્ દરેક ધર્મકાર્યમાં અવિધિનો ત્યાગ કરી શક્ય વિધિનું પાલન કરે, બીજું–જ્ઞાન, ચારિત્ર, તપ, વિગેરે ધર્મકાર્યો કરતાં પણ તૃપ્ત ન થાય, ત્રીજું–દેશના શુદ્ધ–સુત્રાનુસારે આપે અને ચોથું–ભૂલ થાય ત્યાં ત્યાં પ્રાયશ્ચિત્ત સ્વીકારી આત્માની શુદ્ધિ કરે.

---

જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની સાથે રહે છે, એકલી કોરી શ્રદ્ધાથી કાર્ય સિદ્ધ થતું નથી. એ બુદ્ધિમાનોને સહજ સમજાય તેવું છે.

૫૫–વિશેષાર્થીએ ધર્મરત્નપ્રકરણ ગા૦ ૭૮ થી ૧૩૯ સુધી જોઈ લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ગુરૂકુલવાસ' એ ભાવયતિનું મુખ્ય લિઙ્ગ હોવાથી તેના અભાવે દુષ્કર ક્રિયા કરનારાઓને પણ શ્રીપઞ્ચાશકમાં પ્રાયઃ ગ્રન્થીભેદ વિનાના (મિથ્યાદૃષ્ટિ) માન્યા છે. ત્યાં કહ્યું છે કે–

"जे उ तह विवज्जत्था, सम्मं गुरुलाघवं अयाणंता।
सग्गाहा किरियरया, पवयणखिंसावहा खुद्दा ॥ पञ्चा० ११–३७॥
पायं अहिण्णगंठीतमा उ तह दुक्करंपि कुव्वंता।
बज्झा व ण ते साहू, खंधाहरणेण विण्णेया ॥३८॥

**અર્થ**–જેઓ તેવા ઉત્તમ ગુરૂકુલવાસથી વિપરીત છે, તેઓ દુષ્ટ સ્વભાવવાળા અને અકૃતજ્ઞ હોઈ ગુરૂકુલવાસના લાભને અને એકાકી વિહારના નુકશાનને યથાર્થ સ્વરૂપમાં સમજતા નથી. તાત્પર્ય કે–ગુરૂકુલવાસમાં અનેક સાધુઓની સાથે રહેવાથી સમ્ભવતા આહારાદિના દોષોને કે પરસ્પરના રાગ–રોષ વિગેરે દોષોને બહુ (મોટા) દોષરૂપે કલ્પીને એકાકી વિહારમાં એવા દોષોની અસમ્ભાવના સમજીને એકલા રહેવામાં જેઓ અલ્પ દોષને માને છે તેઓનું જ્ઞાન સાચું નથી, કારણ કે–તે સિદ્ધાન્તનાં વચનોને બાધ કરનારૂં છે. (એ હકિકત ત્યાં પઞ્ચાશકમાં પૂર્વે વર્ણવેલી છે ત્યાંથી જોઈ લેવી.) એવા સાધુ આગ્રહને વશ થઈ સ્વબુદ્ધિએ કલ્પેલાં 'શુદ્ધ આહાર પાણી વાપરે, શરીરની મમતા છોડે, અલ્પ અને સામાન્ય ઉપધિથી નિર્વાહ કરે, આતાપના લે, કે માસક્ષમણ જેવી મહા આકરી તપશ્ચર્યા કરે, તો પણ તે આગમને અનુસરતું નહિ હોવાથી અને પોતે એકાકી રહેનારા હોવાથી શાસનની અપભ્રાજના કરાવનાર છે, તથા પોતાને મહાન્ માનતા ગુરૂજનોની અવજ્ઞા કરનારા હોવાથી તુચ્છ છે. અથવા તથાવિધ ભોળાલોકોને વશ કરનારા હોવાથી કૃપણ, કે બીજા સાધુઓના મહત્ત્વને તોડનાર હોવાથી ક્રૂર છે, વળી પ્રાયઃ તેઓને એક પણ વખત ગ્રન્થીભેદ થયો નથી એમ સમજવું. તાત્પર્ય કે જે ગ્રન્થીભેદ કરી સમકિત પામ્યા પછી પુનઃ મિથ્યાદૃષ્ટિગુણસ્થાનને પામ્યો હોય તે પણ આવું અવિચારિત કાર્ય કરતો નથી. માટે તેથી પણ હલકી પ્રવૃત્તિ કરનારા આવા એકાકી વિહારીઓને પ્રાયઃ એકે ય વાર ગ્રન્થીભેદ થયો નથી એમ સમજવું જોઇએ. અહીં **પ્રશ્ન** થાય કે–તો પછી શા માટે તેઓ આવી દુષ્કરક્રિયાઓ કરે ? **ઉત્તરમાં**–સમજવું કે તેઓ અજ્ઞાનથી–મોહથી માત્ર કાયકષ્ટો ઉઠાવે છે, માટે તેઓને કાગડાના જેવા અન્યદર્શની સાધુની જેમ જૈનત્વથી બાહ્ય સમજવા. જેમ કાગડો વાવડીનું પવિત્ર પાણી છતાં ગન્દાપાણી કે મૃગજલ તરફ દોડે છે, તેમ આવા એકાકી રહેનારા અજ્ઞાનતાથી શુદ્ધ આરાધનાની કલ્પનામાં ભ્રમિત થયેલા જ્ઞાનની વાવડી તુલ્ય ઉત્તમ ગુરૂઓને છોડીને મૃગજળ તૃષ્ણાની જેમ એકાકી વિહાર કરે છે, ગચ્છ–ગુરૂ કુલવાસને તજી દે છે.[૫૬]

---

૫૬–ગચ્છને સમુદ્રની ઉપમા આપી છે, સમુદ્રમાં રહેલા માછલાને મચ્છગળાગળ ન્યાયે ત્યાં મોટાં માછલાંઓનો, વહાણ વિગેરેનો, કે સમુદ્રનાં મોજાંઓની અથડામણનો, એમ અનેક પ્રકારનો ઉપદ્રવ હોય છે, તો પણ તેનું જીવન સમુદ્રમાં જ સલામત છે, સમુદ્રને છોડીને બહાર તે જીવી શકે નહિ, તેમ ગચ્છમાં ભિન્નભિન્ન પ્રકૃતિવાળા સાધુઓના સહવાસથી, મોટા ન્હાનાનો વિવેક વિનય કરવાનો હોવાથી, કે જરૂરી સામગ્રી ઘણાઓના સમૂહમાં દુર્લભ હોવાથી, જીવનમાં અગવડ વેઠવી પડે તો પણ સાધુનું જીવન ગચ્છમાં જ સલામત છે. ગચ્છને છોડીને એકાકી ફરનારો ભલે શુદ્ધચારિત્રને આરાધવાના કોડ સેવતો હોય તો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(એ કારણથી જ સ્વ-પરપર્યાયની અપેક્ષાએ એક વસ્તુમાં અનન્ત ધર્મને જાણનારા અનન્તજ્ઞાની પણ ગુરૂકુલવાસને છોડતા નથી.) તે વિષયમાં પરમર્ષિ શ્રી શય્યંભવસૂરિજીએ કહ્યું છે કે-

" जहाहिअग्गी जलणं नमंसे, नाणाहुईमंतपयाभिसित्तं ।
एवायरिअं उवचिट्ठइज्जा, अणंतनाणोवगओ वि संतो ॥" दशवै०अ०९,उ० १-२१॥

**અર્થ**—જેમ નાના પ્રકારની ઘી વિગેરેની આહુતિઓથી તથા 'સ્વાહા' વિગેરે મન્ત્રપદોથી સંસ્કૃત કરેલા-પૂજેલા અગ્નિને યાજ્ઞિકો નમસ્કાર કરે (પૂજે) છે, તેમ અનન્તજ્ઞાનીએ પણ આચાર્યની (ગુરૂની) સેવા કરવી જોઇએ. અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત થવા છતાં ગુરૂની સેવા છોડવી જોઇએ નહિ. ગુરૂની અવહેલના (હલકાઇ) કરવાથી મહાદોષો લાગે છે. તેને અંગે પણ કહ્યું છે કે—

" जे आवि मंदित्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुअ त्ति नच्चा ।
हीलंति मिच्छं पडिवज्जमाणा, करं(कुणं)ति आसायण ते गुरूणं ॥२॥
पगईइ मंदावि ह(भ)वंति एगे, डहरावि जे सुअबुद्धोववेआ ।
आयारमंता गुणसुट्ठिअप्पा, जे हीलिआ अग्गी(सिहि)रिव भासकुज्जा ॥३॥
जे आवि नागं डहरं ति नच्चा, आसायए से अहिआय होइ ।
एवायरियं पि हु हीलयंतो, निअच्छई जाइपहं खु मंदे (दो) ॥"४॥ (दशवै. अ.९-उ.१)

**અર્થ**—જે કોઈ ક્ષુદ્ર પ્રકૃતિવાળા નામસાધુઓ પોતાના આચાર્યમાં (ગુરૂમાં) તથાવિધ ક્ષયોપશમની ન્યૂનતા હોવાથી તેઓને શાસ્ત્રાનુસારે આલોચનાદિ કાર્યોમાં અસમર્થ જાણીને, તથા કોઈ કારણે લઘુવયમાં પણ આચાર્યપદે સ્થાપેલા હોય તેઓને 'આ તો બાળક જેવા છે' એમ સમજીને, તથા અલ્પશ્રુતવાળા=' આગમના વિશિષ્ટ બોધ વિનાના ' જાણીને, તેઓની ' તમે તો બુદ્ધિશાળી છો, વૃદ્ધ છો, બહુશ્રુત છો ' ઈત્યાદિ હાંસી કરે, અથવા ' બુદ્ધિ વિનાના છો ' એમ નિન્દા કરે તે 'ગુરૂની હેલના ન કરવી' એ શાસ્ત્રવચનથી વિરૂદ્ધ વર્તનારો લોપક છે, તે ગુરૂની આશાતના કરે છે. ગુરૂમાં કરેલી આચાર્યપદની સ્થાપનાનું અપમાન કરનારા તેવાઓ એકની જ નહિ,

બાહ્ય-અન્તરઙ્ગ શત્રુઓના આક્રમણ સામે સંયમનું રક્ષણ કરી શકતો નથી. 'જિનકલ્પ, એકાકી વિહારની પડિમા' વિગેરે એકલવિહારીપણું સ્વીકારનારા મહાત્માઓએ તો ગચ્છમાં રહી ગુરૂની ઉપાસનાથી સ્વજીવનને ખૂબ યોગ્ય બનાવ્યું હોય છે, તપ-સત્ત્વ-વિગેરે શાસ્ત્રોક્ત તુલનાઓથી તોળ્યું હોય છે, દૈવી પણ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો-પરીષહોને જીતવાનું તેઓમાં સામર્થ્ય ખીલ્યું હોય છે, તેથી જ્ઞાની, ગીતાર્થ અને વિષય-કષાયોના વિજેતા બનેલા તેઓને નિરપેક્ષ સાધુપણું વિશેષ ઉપકાર કરે છે. કાચા ઘડામાં પાણી ભરતાં પાણીનો અને ઘડાનો પણ નાશ થાય તેમ ગચ્છવાસના પરાભવથી અકળાએલો નિઃસત્વ સાધુ એકાકી વિચરે તો સંયમનો અને પોતાનો પણ નાશ કરે. વિનયાદિનું આલમ્બન નહિ હોવાથી કર્મ-નિર્જરા પણ ન કરી શકે. વસ્તુતઃ તો અનાદિકાળના અનુકૂળતાના મોહનો નાશ કરવા માટે દીક્ષા લઈ ગુરૂને સમર્પિત થવાનું છે, તેને બદલે ગુરૂની પરાધીનતાની કે ગચ્છના વ્યવહારોની પ્રતિકૂળતાને સહી શકે નહિ તે અનુકૂળતાને તો કેમ પચાવી શકે? પ્રતિકૂળતા સહવી સ્હેલી છે, અનુકૂળતા પચાવવી ઘણી આકરી છે, મોટા યોગીઓ પણ તેમાં ફસાઈ જાય છે, માટે જ પ્રતિકૂળતાને વેઠી અનુકૂળતાને પચાવવાનું સામર્થ્ય પ્રગટાવવા પ્રથમ ગુરૂકુળવાસ જરૂરી માન્યો છે, તેમાં યોગ્ય બનેલો જ એકાકી વિહાર માટે લાયક બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકદ્વારા સર્વ (અનન્ત) આચાર્યોની આશાતના કરે છે, અથવા તે નિમિત્તથી પોતાનાં જ્ઞાન-દર્શન-ચારિત્રની (પણ) આશાતના (નાશ) કરે છે. માટે ન્હાના કે અલ્પબોધવાળા પણ આચાર્યની (ગુરૂની) અવહેલના નહિ કરવી. (૧) હવે તે માટે કહે છે કે-કર્મની વિચિત્રતાથી કોઇ વયોવૃદ્ધ છતાં સદ્બુદ્ધિથી રહિત પણ હોય, અને કોઈ અપરિણતવયવાળા (લઘુવયવાળા) છતાં કુશળ એટલે નિર્મળ બુદ્ધિવાળા, જ્ઞાનાચારાદિ આચારોથી યુક્ત અને આચાર્ય પદને યોગ્ય ગુણવાળા પણ હોય, માટે ન્હાના (કે અલ્પજ્ઞ) સમજી તેઓની હલકાઈ નહિ કરવી. એવી હલકાઈ કરવાથી અગ્નિ જેમ ઇન્ધણાંને બાળી નાખે તેમ તે ગુરૂની હલકાઈ પણ તેને કરનારાના જ્ઞાનાદિ ગુણોનો નાશ[૫૭] કરે છે, અર્થાત્ અગ્નિને સ્પર્શ કરનાર જેમ ભસ્મીભૂત થાય તેમ ન્હાના પણ ગુણી આચાર્યની આશાતના કરનારો પોતાના ગુણોને ભસ્મસાત્ કરે છે. (૨) હવે ન્હાના સમજીને હલકાઇ કરનારાને વિશેષ દોષ લાગે છે તે જણાવે છે કે—જેમ કોઈ મૂર્ખ 'આ તો ન્હાનો છે' એમ સમજીને સર્પને સતાવે-કદર્થના કરે, તો તે સાપના કરડવાથી તેના પ્રાણનો નાશ (અહિત) થાય છે, તેમ કોઇ કારણે અપરિણત-લઘુવયવાળા પણ યોગ્યને આચાર્યપદે સ્થાપ્યા હોય તેની હીલના કરનારો બેઇન્દ્રીય વિગેરે ક્ષુદ્ર જાતિઓમાં (હલકટ બનીને) સંસારમાં પરિભ્રમણ કરે છે, અર્થાત્ પોતાની સંસારની રખડપટ્ટી વધારી મૂકે છે, નીચયોનિઓમાં ઉપજી દુઃખી થાય છે. (૩)

માટે મૂળગુણોથી યુક્ત છતાં બીજા એક-બે વિગેરે થોડા સામાન્ય ગુણોથી રહિત હોય તેવા પણ ગુરૂને છોડવા નહિ. પૂ૦શ્રીહરિભદ્રસૂરિજી પણ કહે છે કે—

**" गुरुगुणरहिओऽवि इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।**
**ण उ गुणमेत्तविहिणो त्ति, चंडरुद्दो उदाहरणं ॥" (पञ्चाशक-११ गा० ३५)**

**અર્થ**—(ગુરૂકુલવાસને ઉદ્દેશીને કહ્યું છે કે) " અહીં તે ગુરૂને ગુરૂના ગુણોથી રહિત સમજવો

૫૭-વયની સાથે કે કોરા પુસ્તકિઆ જ્ઞાન વિગેરેની સાથે આત્માની યોગ્યતાનો એકાન્ત સમ્બન્ધ નથી. હા, વય કે શ્રુતજ્ઞાન વિગેરે યોગ્યતા પ્રગટાવવાનાં નિમિત્તો છે, પણ તે સર્વ જીવોને યોગ્ય બનાવે જ એવો એકાન્ત નથી. માટે તો પૂર્ણ ઉમ્મરે પહોંચેલા પણ કેટલાકમાં સામાન્ય માનવતા પણ દેખાતી નથી અને નવપૂર્વ ઉપરાન્ત શ્રુતજ્ઞાન મેળવવા છતાં અભવ્યોને આત્મસુખનો ખ્યાલ પણ આવતો નથી. યોગ્યતાનો મુખ્ય સમ્બન્ધ મોહનીયકર્મની મન્દતાની સાથે છે અને મોહનીયની મન્દતા (ક્ષયોપશમાદિ)-નો સમ્બન્ધ દેવ-ગુર્વાદિ પૂજ્યભાવોની નિર્મળ સેવા (પ્રીતિ અને ભક્તિ) સાથે છે. પૂર્વજન્મમાં કે આ જન્મમાં એવી સેવા જેણે કરી હોય તેને મિથ્યાત્વ, કષાયો અને વિષયાદિનો રાગ, વિગેરે મન્દ પડવાથી યોગ્યતા પ્રગટી શકે છે. આવી યોગ્યતાને પામેલો જ ભિન્નભિન્ન પ્રકૃતિવાળા જીવોના ગુણોની રક્ષા અને શુદ્ધિ કરી-કરાવી શકે, માટે તેવાને ગચ્છનો નાયક બનાવી તેની નિશ્રામાં ગચ્છ સોંપ્યો હોય, છતાં ઉમ્મરના કે કોરા જ્ઞાનના અભિમાનથી જેઓ તેને તુચ્છ માને તેઓ સ્વયં તુચ્છ હોય છે, એ સમજવા માટે કોઈ યુક્તિની જરૂર નથી. 'જે બીજાના મહત્ત્વને સાંખી શકે નહિ તે પોતે જ હલકા-નિર્બળ છે, એ વાત બાળક સમજે તેવી સ્પષ્ટ છે. માટે ગ્રન્થકારોએ એવાઓ વિરાધક અને પ્રાયઃ અનાદિમિથ્યાત્વી હોય એમ કહ્યું છે. એક વાર સમકિતને પામેલો આત્મા પુનઃ મિથ્યાત્વી થવા છતાં પણ એવી યોગ્યતા ધરાવે છે કે પ્રાયઃ પોતાના ઉપકારીઓની અવજ્ઞા કરી શકતો નથી, તેનામાં કૃતજ્ઞતા પ્રગટે છે, એથી ઉપકારીનો થોડો અપકાર પણ થાય તો તેને મહત્ત્વ નહિ આપતાં તેની સેવામાં આનન્દ અનુભવે છે. આ હકિકતને સમજવા માટે પણ તથાવિધ યોગ્યતાની જરૂર પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે જે મૂળગુણ એટલે મહાવ્રત અને સમ્યગ્જ્ઞાન–ક્રિયાથી રહિત હોય. મૂળગુણ સિવાયના બીજા 'વિશિષ્ટ રૂપ વિગેરે કે વિશિષ્ટ ઉપશમભાવ' આદિ સામાન્ય ગુણોથી રહિત હોય તેને ગુણરહિત નહિ સમજવો. આ વિષયમાં ચણ્ડરૂદ્રાચાર્યનું ઉદાહરણ સમજવું. અર્થાત્ તેઓ તથાવિધ કષાય–મોહનીયના ઉદયે ક્રોધી છતાં જ્ઞાન, ક્રિયા અને મહાવ્રતાદિ ગુણોથી યુક્ત (ગીતાર્થ) હોવાથી ઘણા સંવિજ્ઞ અને ગીતાર્થ શિષ્યોએ પણ તેમને છોડ્યા ન હતા."

કોઈ અમુક જ ગુણો ઓછા હોય તેવા ગુરૂને પણ તજવા યોગ્ય માનવાથી તો 'ભગવાન મહાવીર દેવનું શાસન બકુશ–કુશીલ મુનિઓથી જ ચાલશે' એમ કહેલું હોવાથી (પાંચમા આરામાં નિર્ગ્રન્થ સાધુતાનો અભાવ થાય અને) સર્વ કોઈ સાધુને વર્જવાનો જ પ્રસઙ્ગ આવે. કહ્યું છે કે—

"बकुसकुसीला तित्थं, दोसलवा तेसु नियमसंभविणो ।
जइ तेहिं वज्जणिज्जो, अवज्जणिज्जो तओ नत्थि ॥" (धर्मरत्नप्र० गा० १३५)

**અર્થ**–તીર્થ (જૈન શાસન) બકુશ–કુશીલ સાધુઓથી ચાલશે અને બકુલ–કુશીલ ચારિત્રમાં તો આંશિક દોષો નિયમા સમ્ભવિત છે, જો તેવા દોષોથી વર્જવા યોગ્ય માનીએ તો આ કાળમાં અવર્જનીય કોઈ રહે જ નહિ'

આથી જ ગાઢ પ્રમાદી પણ શૈલકગુરૂની સેવા મહામુનિ શ્રીપન્થકે છોડી ન હતી. કહ્યું છે કે–

"मूलगुणसंपउत्तो, न दोसलवजोगओ इमो हेओ ।
महुरोवक्कमओ पुण, पवत्तिअव्वो जहुत्तंमि ॥ धर्मरत्न० प्र० गा० १३१॥
पत्तो सुसीससद्दो, एवं कुणंतेण पंथगेणावि ।
गाढप्पमाइणोत्ति हु, सेलगसूरिस्स सीसेणं ॥१३२॥

**ભાવાર્થ**–જે મૂલગુણથી સંપ્રયુક્ત (યુક્ત) છે તે લેશદોષના યોગે તજવા લાયક નથી, કિન્તુ તેને અનુકૂળ ઉપક્રમ (પરિચર્યા) કરીને પુનઃ યથોક્ત (શુદ્ધ) આરાધનામાં વાળવો જોઇએ[૫૮] ગાઢપ્રમાદી શૈલકસૂરિના શિષ્ય પન્થકમુનિએ પણ એ પ્રમાણે (પ્રમાદી ગુરૂની અનુકૂળ પરિચર્યા) કરવાથી 'સુશિષ્ય' એવું બીરૂદ પ્રાપ્ત કર્યું હતું"

શૈલકાચાર્યના મૂલગુણો અખણ્ડ હતા જ, કારણ કે–શાસ્ત્રમાં 'શય્યાતરનો પિણ્ડ વાપરવો' વિગેરે દોષોથી 'પાસત્થાપણું' વિગેરે અને એવા શૈથિલ્ય(દોષો)ને તજવાથી અભ્યુદ્યતવિહાર (સુચારિત્ર) કહેલ છે, તદુપરાન્ત શય્યાતરપિણ્ડ વાપરવા વિગેરેનું કોઈ પ્રાયશ્ચિત્ત ગ્રન્થોમાં 'છેદ–કે મૂળ' જેવું સખ્ત પ્રાયશ્ચિત્ત પણ જણાવેલું જ નથી, પ્રમાદી એવા પણ સ્વગુરૂશ્રી શૈલકસૂરિજીની વૈયાવચ્ચમાં પન્થક મુનિને રોકનારા જે પાંચસો સાધુઓ હતા તેઓને પણ અભ્યુદ્ય-

૫૮–માતાપિતા કરતાંય ગુરૂનો ઉપકાર ઘણો મોટો છે. ક્રોડાક્રોડ ભવો સુધી સેવા કરવા છતાંય તેઓનો બદલો વળે તેમ નથી. એ બદલો વાળવાનો એક જ ઉપાય છે કે–કોઈ તથાવિધ અશુભ કર્મોદયથી ગુરૂ ધર્મથી વિમુખ બને તો યોગ્ય ઉપાયોથી તેઓને પુનઃ ધર્મમાં જોડવા–સ્થિર કરવા. શૈકલજી રાજા હતા અને પન્થકજી મન્ત્રી હતા. બન્ને ગુરુશિષ્ય થયા હતા. પ્રસઙ્ગને પામી શૈલકજી રાજમન્દિરનાં સુખોમાં આસક્ત (શિથિલ) બની ગયા હતા ત્યારે શ્રીપન્થકજીએ તેઓની અખણ્ડ સેવા ચાલુ રાખીને પણ પુનઃ આરાધનામાં જોડ્યા હતા, તેમાં ગુરૂના ઉપકારનો બદલો વાળવાનું ધ્યેય હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તવિહારી (જિનાજ્ઞા પાલક) કહ્યા છે. જો શૈલકજી વર્જવાલાયક અયોગ્ય હોત તો તેવા અસાધુની સેવામાં ગીતાર્થ સાધુઓ શ્રીપન્થકજીને કેમ રોકત ? ઈત્યાદિ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ.

એમ છતાં પણ નામમાત્ર ગુરૂની સેવા કરનારાનો ગુરૂકુલવાસ પણ સાચો મનાતો નથી. દ્રવ્યાદિ ચારમાં ભાવનિક્ષેપાને જ સૂત્રકારોએ સ્વતન્ત્રરૂપે સ્વીકાર્યો છે, અર્થાત્ (મુખ્યતાએ) ભાવનિક્ષેપો આરાધ્ય છે. જો એમ ન હોય તો પોતાના અભિપ્રાયથી અભિમત (પોતે માનેલા) ગુરૂની સેવા કરનારા દરેકને પણ ગુરૂકુલવાસી માનવાનો પ્રસઙ્ગ આવે, એ તો ઇષ્ટ નથી. કારણ કે-એથી તો ધર્મ-અધર્મનો શમ્ભુમેળો થવાનો પ્રસઙ્ગ આવે. (સુગુરૂ-કુગુરૂનો વિવેક નાશ પામે.) આ વિષયમાં મહાનિશીથ-અધ્ય૦ ૪ નું સૂત્ર ૧૨ મું આ પ્રમાણે છે—

"से भयवं ! तित्थयरसंतिअं आणं नाइक्कमिज्जा उदाहु आयरियसंतिअं ? गोयमा ! चउव्विहा आयरिया पन्नत्ता, तं जहा-नामायरिया ठवणायरिया दव्वायरिया, भावायरिया, तत्थ णं जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतिअं आणं नाइक्कमिज्जा, सेसा निज्जूहिअव्वा "॥

**અર્થાત્**—"હે ભગવન્ત ! સાધુ તીર્થંકરની આજ્ઞાનું પાલન કરે કે આચાર્યની ? એ પ્રશ્નના જવાબમાં પ્રભુએ કહ્યું હે ગૌતમ ! આચાર્યો ચાર પ્રકારના કહ્યા છે, ૧-નામાચાર્ય, ૨-સ્થાપનાચાર્ય, ૩-દ્રવ્યાચાર્ય અને ૪-ભાવાચાર્ય; તેમાં ભાવાચાર્યને તીર્થંકર તુલ્ય જાણવા, તેઓની આજ્ઞાનું ઉલ્લઙ્ઘન નહિ કરવું, બાકીના ત્રણ ગૌણ સમજવા." બીજે પણ કહ્યું છે કે—

**" तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।**
**आणं अइक्कमंतो, सो कापुरिसो ण सप्पुरिसो ॥१॥" गच्छाचारप्र० गा० २७॥**

**અર્થ**—જે જિનપ્રવચનને સમ્યગ્રૂપે (સત્ય) ઉપદેશે છે, તે આચાર્ય શ્રીતીર્થંકર જેવા છે. જે તેઓની આજ્ઞાને ઉલ્લઙ્ઘે તે સત્પુરૂષ નથી, કિન્તુ દુષ્ટપુરૂષ છે."

કહેવાનો આશય એ છે કે શુદ્ધભાવગુરૂનું નામ, સ્થાપના અને દ્રવ્ય, ત્રણે ય પાપને હરનારાં છે,[૫૯] કારણ કે તેઓનાં તે નામ-સ્થાપના વિગેરેના શ્રવણથી કે તેઓની સ્થાપનાને જોવાથી

---

૫૯-જગતના સત્ય પદાર્થ માત્રમાં 'નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ' ચાર હોય છે. તેમાં **નામ** એટલે પદાર્થનો વાચક અક્ષર સમૂહ. જે અક્ષર કે અક્ષરોના સમૂહથી જે પદાર્થનું જ્ઞાન થાય તે અક્ષર સમૂહ તે પદાર્થનું નામ કહેવાય. **સ્થાપના** એટલે આકૃતિ (ચિત્ર-મૂર્તિ ઈત્યાદિ), જે આકૃતિ (મૂર્તિ-ચિત્ર વગેરે)થી જે પદાર્થ ઓળખાય તે આકૃતિ તે પદાર્થની સ્થાપના કહેવાય. **દ્રવ્ય** એટલે પદાર્થની પૂર્વાપર અવસ્થાઓ, (ભૂત-ભાવિકારણ), જે અવસ્થાદ્વારા તેમાંથી પ્રગટ થનારા કે નાશ પામેલા પદાર્થનું જ્ઞાન થાય તે અવસ્થા તે પદાર્થનું દ્રવ્ય કહેવાય. અને **ભાવ** એટલે એ નામ, સ્થાપના અને દ્રવ્ય જે વસ્તુની સાથે સમ્બન્ધ ધરાવે છે તે યથાર્થ વસ્તુ. પદાર્થ માત્રમાં જો તે સત્ય હોય તો આ ચાર નિક્ષેપાઓ હોય જ. ગુરૂમાં પણ નામાદિ એ ચારે ઘટે છે. જે નામ, સ્થાપના કે દ્રવ્યથી યથાર્થ (તથાવિધ ગુણવાળા) ગુરૂની ઓળખાણ થાય તે નામ વિગેરે **શુદ્ધ** અને અયથાર્થ (ગુણહીન-પાસત્થાદિ) ગુરૂની ઓળખાણ થાય તે **અશુદ્ધ** જાણવાં. વસ્તુતઃ ભાવ (વસ્તુના વાસ્તવિક સ્વરૂપ)ને વસ્તુ કહેવાય છે, તો પણ તેની સાથે શબ્દ, આકાર કે પર્યાયરૂપે સમ્બન્ધ રાખનારાં તે નામાદિ ત્રણ પણ શુદ્ધ વસ્તુનાં શુદ્ધપણે અને અશુદ્ધનાં અશુદ્ધપણે આત્માને ઉપકાર-અપકાર કરે છે, માટે અહીં શુદ્ધભાવગુરૂનાં નામાદિ ત્રણ પાપને હરનારાં છે એમ જણાવી શુભભાવ પ્રગટાવવામાં તે નિમિત્ત કારણ હોવાથી તેનું ઉપકારીપણું દર્શાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આ નામ શુદ્ધ–ભાવગુરૂનું છે, આ સ્થાપના તેઓની છે.' વિગેરે તેઓને શુદ્ધ–ભાવગુરૂપણે ઓળખાવવાદ્વારા અથવા ઓળખાવ્યા વિના જ સ્વતન્ત્રપણે પણ શુભભાવને પ્રગટ કરાવે છે. આગમમાં પણ કહ્યું છે કે "महाफलं खलु तहारूवाणं थेराणं भगवंताणं णामगोत्तस्सवि सवणयाए ॥"

**અર્થાત્**—"તેવા પ્રકારના શુદ્ધ–ભાવગુરૂરૂપ સ્થવિર ભગવન્તોનાં નામ–ગોત્રનું શ્રવણ પણ મહાફળદાયી છે." એ ન્યાયે અશુદ્ધભાવગુરૂનાં નામાદિ ત્રણે નિક્ષેપા પાપનો બન્ધ કરાવનારા છે, કારણ કે તે અશુદ્ધભાવના જનક છે. આ કારણે જ મહાનિશીથ સૂત્રમાં કહેલું પ્રસિદ્ધ છે કે—

" तीआणागयकाले, केई होहिंति गोयमा ! सूरी ।
जेसिं णामग्गहणे, हुज्जा णियमेण पच्छित्तं ॥१॥

**અર્થ**—હે ગૌતમ ! અતીત–અનાગતકાળે કેટલાય એવા આચાર્યો થયા છે અને થશે કે જેઓનું નામ લેવા માત્રથી (પણ) નિયમા પ્રાયશ્ચિત્ત લાગે."

માટે ભાવગુરૂની જ ઉપાસનારૂપ ગુરૂકુળવાસને મુખ્ય યતિધર્મ સમજવો, વધુ સમજાવવાની જરૂર નથી. ગુરૂ પાસે રહેવાનું પ્રયોજન 'શિક્ષાગ્રહણ' કહ્યું, તેથી હવે બે પ્રકારની શિક્ષાને જણાવવાની ઇચ્છાથી ગ્રન્થકાર સૂત્રદાનનો વિધિ જણાવવાદ્વારા પ્રથમ ગ્રહણશિક્ષાનું પ્રતિપાદન કરે છે.

मूलम्—विशुद्धमुपधानेन, प्राप्तं कालक्रमेण च ।
योग्याय गुरुणा सूत्रं, सम्यग् देयं महात्मना ॥८७॥

**મૂલાર્થ**—જે જે સૂત્રને ભણવા માટે શાસ્ત્રમાં આયંબિલ આદિ જે જે તપ કરવાનો કહ્યો છે તે તે તપ કરવાથી શુદ્ધ અને શાસ્ત્રોક્ત દીક્ષાપર્યાયને યોગે જે જે સૂત્રને ભણવામાં અધિકારી બનેલો હોય તે યોગ્યશિષ્યને મહાત્માગુરૂએ તે તે સૂત્ર સમ્યગ્ રીતે આપવું. (૮૭)

**ટીકાનો ભાવાર્થ**—આયંબિલ વિગેરે તે તે તપ કરવાથી ભણનાર શિષ્યમાં તથાવિધ યોગ્યતા પ્રગટ થવાથી તે તે સૂત્રનું પઠન તેને માટે નિર્દોષ બને છે અને તેટલો દીક્ષાપર્યાય થતાં તે તે સૂત્ર ભણવું તેને માટે ઉચિત બને છે. ઉત્ક્રમથી ભણવામાં સૂત્રનું ઔચિત્ય હણાય છે. અહીં 'સૂત્ર' એટલે કામશાસ્ત્રાદિ પાપસૂત્રો નહિ, પણ આત્મહિતકર 'આવશ્યકાદિસૂત્રો' સમજવાં. સૂત્ર આપનાર 'મહાત્મા' એટલે જેનો સાધુઆચાર અસ્ખલિત–અખણ્ડ હોય તેવા દીક્ષાઆપનાર (વિગેરે) ગુરૂ સમજવા અને યોગ્યશિષ્ય એટલે વિનીત આત્માર્થી મુનિ સમજવો, તેવા ગુરૂએ તેવા શિષ્યને સમ્યગ્ એટલે જિનાજ્ઞાને અનુસરીને સૂત્ર આપવું, તે સાપેક્ષ યતિધર્મ સમજવો.

અહીં 'ઉપધાન' અર્થાત્ 'આયંબિલ આદિ તપથી વિશુદ્ધ' એમ કહ્યું, એથી ઉપધાન વહ્યા વિના શ્રાવકને અને યોગોદ્વહન વિના સાધુને પોત–પોતાને ઉચિત (પણ) ભણવું, વાંચવું, વિગેરે અધર્મ છે, એમ નક્કી થયું. યોગોદ્વહન માટે શાસ્ત્રાક્ષરો આ પ્રમાણે છે—" तिहिं ठाणेहिं संपन्ने अणगारे अणाइअं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं वितिवएज्जा, तं जहा—अणिदाणयाए, दिट्ठिसंपन्नयाए, जोगवाहित्ताए, " **અર્થાત્**—ત્રણ સ્થાનોમાં વ્યુત્પન્ન (યોગ્ય) સાધુ અનાદિ અનન્ત દીર્ઘકાળવાળી ચારગતિરૂપ સંસાર અટવીને પાર કરી શકે છે, તે ત્રણ સ્થાનો આ પ્રમાણે છે ૧–અનિયાણાથી, ૨–દૃષ્ટિ (સમ્યગ્દર્શન)ની પ્રાપ્તિથી અને ૩–યોગોદ્વહન કરવાથી" એમ સ્થાનાઙ્ગના ત્રીજા સ્થાનમાં કહ્યું છે. તથા—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"दसहिं ठाणेहिं जीवा आगमेसिभद्दगत्ताए कम्मं पकरेंति, तंजहा–अणियाणयाए, दिट्ठिसंपन्नयाए, जोगवाहित्ताए, खंतिखमणयाए, जिइंदिअत्ताए, अमाइल्लयाए, अपासत्थाए, सुसामन्नत्ताए, पवयणवच्छल्लयाए, पवयणउब्भावणयाए"

**અર્થાત્**—"દશ સ્થાનો વડે જીવો ભવિષ્યમાં કલ્યાણકારક કર્મ બાંધે છે–૧–અનિયાણાથી, ૨–સમ્યક્ત્વપ્રાપ્તિ (પાલન)થી, ૩–યોગોદ્વહન કરવાથી, ૪–ક્ષમાપૂર્વક (પ્રતિકૂળ નિમિત્તોને) સહન કરવાથી, ૫–ઇન્દ્રિયોનો વિજય કરવાથી, ૬–અમાયાવીપણાથી, ૭–અપાર્શ્વસ્થપણાથી, ૮–સુસાધુપણાથી, ૯–શાસનના (સિદ્ધાન્તના) વાત્સલ્યથી, અને ૧૦–શાસનની (ધર્મની) પ્રભાવના કરવાથી" એમ સ્થાનાઙ્ગના દશમા સ્થાનમાં કહ્યું છે. ઉત્તરાધ્યયન–અધ્ય૦ ૩૪માં પણ કહ્યું છે કે—

"णीयावित्ती अचवले, अमाई अकुऊहले ।
विणीअविणए दंते, जोगवं उवहाणवं ॥२७॥"

**ભાવાર્થ**—"યોગવાહી સાધુ તથા ઉપધાનવાહી શ્રાવક નમ્રતાયુક્ત, અચપળ, માયારહિત, કુતૂહળરહિત, વિનયથી વિનીત અને દાન્ત હોય," ઉત્તરાધ્યયન–અધ્ય૦ ૩૪ માં બીજું કહ્યું છે કે—

"पयणुक्कोहमाणे अ, मायालोभपयणुए ।
पसंतचित्ते दंतप्पा, जोगवं उवहाणवं ॥२९॥"

**ભાવાર્થ**—"યોગવાહી સાધુ અને ઉપધાનવાહી ગૃહસ્થ પાતળા (અલ્પ) ક્રોધ–માન–માયા –લોભવાળો, પ્રશાન્ત ચિત્તવાળો અને દાન્ત આત્મા હોય.

તથા 'अणिस्सिओवहाणे' એટલે અનાસક્તભાવે યોગોદ્વહન કરનારો હોય, એમ શ્રીસમવાયાઙ્ગમાં 'બત્રીસ યોગસંગ્રહ' અધિકારમાં પણ કહ્યું છે, અનુયોગદ્વારમાં પણ કહ્યું છે કે—

"नाणं पंचविहं पन्नत्तं, तं जहा–आभिणिबोहिअनाणं जाव० केवलनाणं तत्थ चत्तारि नाणाइं ठप्पाइं ठवणिज्जाइं, णो उद्दिस्सं(स्सिज्जं)ति णो समुद्दिस्सं(स्सिज्जं)ति णो अणुण्णविज्जंति, सुअनाणस्स (पुण) उद्देसो १ समुद्देसो २ अणुण्णा ३ अणुओगो ४ पवत्तइ"

**અર્થાત્**—"જ્ઞાન પાંચ પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે–આભિનિબોધિક(મતિ)જ્ઞાન વિગેરે કેવળજ્ઞાન પર્યન્ત, તેમાંનાં ચાર જ્ઞાનો 'સ્થાપ્ય'=સ્થાપન કરવા યોગ્ય (વ્યવહારમાં અનુપયોગી) છે, તેઓનો ઉદ્દેશ, સમુદ્દેશ કે અનુજ્ઞા એકે થઈ શકતું નથી, માત્ર એક શ્રુતજ્ઞાનનો જ ૧ ઉદ્દેશ, ૨ સમુદ્દેશ, ૩ અનુજ્ઞા અને ૪ અનુયોગ કરવામાં આવે છે" વિગેરે.

આ ઉદ્દેશ–સમુદ્દેશાદિ કરવું તે પણ યોગની જ ક્રિયા છે, એ પ્રકારે અનેક શાસ્ત્ર પ્રમાણોથી યોગની કરણીયતા સિદ્ધ છે જ. [૬૦] 'કાલગ્રહણ' વિગેરે યોગવિધિ પણ ઉત્તરાધ્યયનમાં કહ્યા પ્રમાણે અને તે તે અઙ્ગ–ઉપાઙ્ગ વિગેરે સૂત્રો માટે જે તપ કરવાનો કહેલો છે તે પણ યોગવિધિના ગ્રન્થોમાંથી જાણી લેવો.

૬૦–એક સામાન્ય માત્ર આ જન્મમાં ઉપયોગી મન્ત્ર, વિદ્યા વિગેરેની સાધનામાં પણ તપ, જપ, ત્યાગ, વિગેરે કરવું પડે છે, અન્યથા તે સિદ્ધ થતો નથી, તો આત્માને ઉપકારી એવી આગમરૂપ વિશિષ્ટ વિદ્યાની સાધનામાં યોગ કે ઉપધાન વહન કરવાં જોઇએ, એ સામાન્ય રીતે સમજાય તેવું છે. હા, યોગ કે ઉપધાનની ક્રિયા કરવા માત્રથી સૂત્ર ભણવાની યોગ્યતા પ્રગટ થતી નથી, યોગ વિગેરેની ક્રિયા ઉપરાન્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારાङ્ગ વિગેરે સૂત્રોને ભણવા માટેની યોગ્યતાનો 'ત્રણ વર્ષ' વિગેરે દીક્ષાપર્યાય અને સૂત્રનો ક્રમ પણ સૂત્રોમાં કહ્યો છે. તેનું ઉલ્લઙ્ઘન કરીને વહેલું સૂત્ર આપનારને 'આજ્ઞા-ભઙ્ગ' વિગેરે દોષો લાગે જ છે. કહ્યું છે કે-

" तिवरिसपरिआगस्स उ, आयारपकप्पणाम अज्झयणं ।
चउवरिसस्स य सम्मं, सूयगडं नाम अंगं ति ॥१॥
दसा-कप्प-ववहारा, संवच्छरपणगदिक्खिअस्सेव ।
ठाणं समवाओत्ति अ, अंगे ए अट्ठवासस्स ॥२॥
दसवासस्स विवाहा, एक्कारसवासयस्स य इमाओ ।
खुड्डिअविमाणमाई, अज्झयणा पंच णायव्वा ॥३॥
बारसवासस्स तहा, अरुणुववायाइ पंच अज्झयणा ।
तेरसवासस्स तहा, उट्ठाणसुआइआ चउरो ॥४॥
चउदसवासस्स तहा, आसीविसभावणं जिणा बिंति ।
पण्णरसवासगस्य य, दिट्ठिविसभावणं तह य ॥५॥
सोलसवासाईसु अ, एक्कुत्तरवुड्ढिएसु जहसंखं ।
चारणभावण महसुविण-भावणा तेअगनिसग्गा ॥६॥
एगुणवा(वी)सगस्स उ, दिट्ठिवाओ दुवालसममंगं ।
संपुण्णवीसवरिसो, अणुवाई सव्वसुत्तस्स ॥७॥" (पञ्चव० ५८२ तः ८८)

**ભાવાર્થ**-ત્રણવર્ષ પર્યાયવાળાને 'આચારપ્રકલ્પનામનું' (આચારાઙ્ગનું) અધ્યયન (અર્થાત્ આચારાઙ્ગ), ચારવર્ષ પર્યાયવાળાને સમ્યગ્ 'સૂત્રકૃતાઙ્ગ નામનું અઙ્ગ, પાંચવર્ષના દીક્ષિતને જ 'દશા-કલ્પ-વ્યવહાર,' આઠ વર્ષ પર્યાયવાળાને 'સ્થાનાઙ્ગ અને સમવાયાઙ્ગ, દશવર્ષવાળાને 'વિવાહપ્રજ્ઞપ્તિ (ભગવત્યઙ્ગ), અને અગીયાર વર્ષના દીક્ષિતને 'ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ' વિગેરે પાંચ અધ્યયનો, બારવર્ષવાળાને 'અરૂણોપપાત' વિગેરે પાંચ, તેરવર્ષ પછી 'ઉત્થાન-

---

આગમનું બહુમાન, ગુરૂનો વિનય, આગમના ઉપદેશક શ્રીજિનેશ્વરદેવો કે તેના રચનાર ગણધરભગવન્તો વિગેરે પૂર્વ પુરૂષો પ્રત્યે વિશ્વાસ-અટલશ્રદ્ધા, વિગેરે જોઇએ. એ શ્રદ્ધા-બહુમાન-વિનય વિગેરે આત્મભાવોને પ્રગટાવવામાં યોગ-ઉપધાનની ક્રિયા નિમિત્ત કારણ છે, જેમ પૂર્વે જણાવ્યું કે દીક્ષાદિનો વિધિ કરવાથી ન હોય તો પણ તેવા સામાયિકાદિના પરિણામ પ્રગટે છે તેમ યોગ-ઉપધાનની ક્રિયા કરવાથી આગમને આત્મોપકારક બનાવવા માટે જરૂરી શ્રદ્ધા-બહુમાન-વિનય પુરૂષાર્થ વિગેરે ગુણો પણ પ્રગટે છે. વળી પંચાચારમય શ્રીજિનશાસનના પહેલા જ્ઞાનાચારના આઠપ્રકારોમાં ચોથાપ્રકારરૂપે જણાવેલો હોવાથી ઉપધાન (યોગ) વહન એક મહાન્ આચાર છે, તેને આચરવાથી જ્ઞાનાવરણીય કર્મો ખપે છે અને આત્મામાં જ્ઞાન પ્રગટે છે ત્યારે જ સૂત્રથી મેળવેલું જ્ઞાન ભાવશ્રુત બને છે. એ સિવાય ગમે તેટલું ભણેલું-જાણેલું પણ દ્રવ્યશ્રુત છે, તે આત્માને ઉપકાર કરતું નથી. માટે જ્ઞાનગુણને આત્મામાં પ્રગટ કરવા કાલ, વિનય, બહુમાન, વિગેરે આઠેય આચારોને આરાધવા જોઇએ. અનેક ભવમાં ભણવા છતાં ભવભ્રમણ નથી ટળ્યું તેમાં જ્ઞાનાચારની આવી આરાધનાની પણ ખામી કારણભૂત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુત ' આદિ ચાર, ચૌદવર્ષપર્યાય પછી 'આશીવિષભાવના,' પન્દર વર્ષે 'દૃષ્ટિવિષભાવના,' અને તે પછી સોળ–સત્તર–અઢાર વર્ષના પર્યાયે યથાક્રમે 'ચારણભાવના, મહાસ્વપ્નભાવના, તૈજસનિસર્ગ' એ ત્રણ, ઓગણીસવર્ષ વાળાને બારમું ' દૃષ્ટિવાદઅઙ્ગ ' અને સમ્પૂર્ણ વીસવર્ષ પછી સર્વ સૂત્રોને આપવાં, એમ શ્રીજિનેશ્વરોએ કહ્યું છે. " આવશ્યક વિગેરેનો પઠનકાળ તો તેના યોગોદ્વહન સાથે દીક્ષા પછી તુર્ત જ સમજવો.[૬૧]

જો કે દીક્ષાને યોગ્ય હોય તે સૂત્ર ભણવાની યોગ્યતાવાળો હોય જ, છતાં મૂળગાથામાં પુનઃ ' યોગ્યને ' એમ વિશેષણરૂપે કહ્યું તે ' સૂત્ર ભણવામાં યોગ્યતાની પ્રધાનતા નિર્વિવાદ છે, એમ જણાવવા, અથવા સામાન્ય રીતે 'અધિકતર ગુણવાન સાધુને સૂત્રો ભણાવવાં' એમ જણાવવા,અથવા દીક્ષા સમયે યોગ્યતા જોવા છતાં ઠગાએલા ગુરૂને પાછળથી સહવાસને યોગે સાધુની અયોગ્યતા જણાય તો તેને સૂત્ર કે અર્થ ન ભણાવવા[૬૨]એમ જણાવવા માટે સમજવું. કહ્યું છે કે—

---

૬૧–ઉમ્મર વધતાં જેમ ' પારિણામિકી ' બુદ્ધિ ખીલે છે, તેમ દીક્ષાપર્યાય વધતાં આત્મિકશુદ્ધિ વધે છે, એ વાત પૂર્વે જણાવી પણ છે. એમ તે તે પર્યાય પૂર્ણ થતાં તે તે સૂત્રને ભણવાની (પચાવવાની) શક્તિ પ્રગટે છે, આ શક્તિ પ્રગટ્યા વિના ભણવાથી તે જ્ઞાન પચતું (મોહાદિનું નાશક બનતું) નથી, ઉલટું અજીર્ણ થવાથી અભિમાનનું નિમિત્ત બની આત્માના શત્રુઓનું પોષક બની જાય છે. તે જ્ઞાન જ્ઞાન નથી કે જે ભણવા છતાં રાગ–દ્વેષાદિ શત્રુઓ મન્દ ન પડે. લૌકિક શિક્ષણમાં પણ ધોરણવાર ભણવાનો વ્યવહાર છે તે આ કારણે જ છે, ઔષધ પણ પહેલાં સામાન્ય (કાષ્ટાદિક) અપાય છે, જેમ જેમ રોગમન્દ પડે તેમ તેમ બલિષ્ઠ અપાય છે, એમાં પણ એ કારણ છે કે જો એમ ન કરે તો ઔષધથી રોગ મટવાને બદલે પોષાઇને જીવલેણ બને. બાલકના ઉછેરમાં પણ પહેલાં માતાનું ધાવણ, પછી દૂધ, ચાટણ અને ધીમે ધીમે અનાજ અપાય છે, પાચન વિનાના બાળકને તે ગમે તેટલું સારૂં કે વ્હાલું હોય પણ પહેલાંથી મિષ્ટાન્ન જેવો માદક ખોરાક આપે તો તેનું મરણ નીપજે, એમ સર્વત્ર લૌકિક વ્યવહારોમાં પણ આ ન્યાય છે જ, તો આત્માના અનાદિ અન્તરઙ્ગ દોષોને ટાળનારૂં જ્ઞાનરૂપી ઔષધ મેળવવામાં એ વિધિ સાચવવો જ જોઇએ. જેઓ ઉત્સુક બની સ્વેચ્છાએ ગમે ત્યારે ગમે તે ભણે તે પોતાના જ્ઞાનથી જ પોતાનું અહિત કરે છે. માટે આ વિધિને ખૂબ ઉપકારક સમજી આદર કરવો જોઇએ.

૬૨–કોઇ ઉત્તમ ભાવોની પ્રાપ્તિ પણ તેની યોગ્યતાવાળા જીવને થાય તો જ ઉપકાર કરે છે. સામગ્રી મળવા માત્રથી સંતોષ માનનારો ઠગાય છે. ઉપકારક દેખાતી પણ સામગ્રી જો તેને મેળવનાર યોગ્ય ન હોય, તેના ગુણ–દોષને સમજતો ન હોય, તો ઠગારી નીવડે છે. અનાદિકાળથી જીવ એ કારણે જ ભવમાં ભટકી રહ્યો છે. જેમ પચાવવાની શક્તિ વગર લીધેલો ખોરાક રોગ વધારે છે તેમ યોગ્યતા વિના મળેલી સુન્દર પણ સામગ્રી દુર્ગુણોને પોષે છે, માટે શાસ્ત્રોમાં આત્મહિતનાં સર્વ કાર્યોમાં યોગ્યતાની મુખ્યતા કહી છે. લોક વ્યવહારમાં પણ સજ્જનો દરેક પ્રસઙ્ગમાં યોગ્યતા–અયોગ્યતાનો વિચાર કરે જ છે. અયોગ્યના હાથમાં આપેલી તલવાર રક્ષણને બદલે જીવનને જોખમમાં મૂકે છે તેમ કુપાત્રને આપેલું શ્રુતજ્ઞાન પણ સ્વ–પરને અનેક અનર્થોનું કારણ બને છે, શાસ્ત્ર છતાં શસ્ત્રનું કામ કરે છે. માટે ઉત્તમ જ્ઞાનીઓ જ્ઞાનની વિડમ્બના કરે તેવા અયોગ્યને કદી ભણાવતા નથી, શ્રીભદ્રબાહુસ્વામિએ શ્રીસ્થૂલભદ્રજી જેવાને પણ અયોગ્ય જાણતાં આગળ ભણાવવાનો નિષેધ કર્યો હતો, તો સામાન્ય મનુષ્યની વાત જ શી કરવી ? માટે યોગ્ય પાત્રમાં વિદ્યા આપનારો આરાધક બને છે અને વિપરીત કરનારો વિરાધક બને છે એમ સમજી પૂર્વર્ષિઓએ વિદ્યાનો નાશ થવા દીધો પણ અયોગ્યને ન આપી. એ પણ વર્તમાન જીવો પ્રત્યે તેઓનો ઉપકાર જ છે. સાચી માતા પોતાના વ્હાલા પણ રોગી પુત્રને કુપથ્ય ન આપે તેમ સાચા હિતસ્વી ગુરૂઓ અયોગ્ય શિષ્યને ન ભણાવે તેમાં તેઓની ભાવદયા જ કારણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" सुत्तस्स हुंति जोग्गा, जे पवज्जाए णवरमिह गहणं ।
पाहण्णदंसणत्थं, गुणाहिगयरस्स वा देयं ॥५७१॥
छलिएण व पव्वज्जा–काले पच्छावि जाणिअमजोग्गं ।
तस्सवि न होइ देयं, सुत्ताइ इमं च सूचेइ ॥५७२॥ (पञ्चवस्तु)

**ભાવાર્થ**—" જે દીક્ષાયોગ્ય હોય તે સૂત્રદાનને યોગ્ય તો હોય જ, છતાં અહીં જે 'યોગ્યને' એમ કહ્યું તે 'ભણનારમાં યોગ્યતાની પ્રધાનતા જોઇએ' એમ જણાવવા, અથવા ગુણાતિશયવાળાને ભણાવવું એમ જણાવવા, અથવા દીક્ષાકાળે ઠગાએલા ગુરૂએ પાછળથી પણ અયોગ્ય જણાય તે શિષ્યને સૂત્રાદિનું દાન ન કરવું, એમ જણાવવા માટે સમજવું." અર્થાત્ એ વિશેષણ યોગ્યતાનું સૂચક છે. એ જ વાતને પઞ્ચવસ્તુમાં પુનઃ ભારપૂર્વક કહી છે કે—

पव्वाविअस्सवि तहा, इत्थ मुंडावणाइवि णिसिद्धं ।
जिणमयपडिकुट्ठस्सा, पुव्वायरिया तहा चाहू ॥ (गा० ५७३)

**ભાવાર્થ**—" દીક્ષિત કરેલાને પણ જો તે જિનશાસનનો વિરોધી જણાય તો આગળ મુણ્ડન વિગેરે કરવાનો નિષેધ છે, એ વાતને અનુસરતું ભાષ્યકાર પણ જણાવે છે કે—

"અયોગ્યને દીક્ષા (વેષ) આપવાથી, વેષ આપેલ અયોગ્યને મુણ્ડવાથી, મુણ્ડેલા અયોગ્યને શિક્ષણ આપવાથી, અયોગ્ય શિક્ષિતને મહાવ્રતો ઉચ્ચરાવવાથી, અયોગ્ય મહાવ્રતીને સાથે ભોજન કરાવવાથી, અને સાથે ભોજન કરાવ્યા પછી પણ અયોગ્ય જણાય તો સાથે રાખવાથી, ચારિત્રમાં સ્થિત પણ ગુરૂ પોતાના ચારિત્રનો ઘાત કરે છે " એમ સૂત્રોમાં કહેલું છે. પઞ્ચવસ્તુમાં કહ્યું છે કે—

जिणवयणे पडिकुट्ठं, जो पव्वावेइ लोभदोसेणं ।
चरणट्ठिओ तवस्सी, लोवेइ तमेव चारित्तं ॥१॥
पव्वाविओ सिअत्ति अ, मुंडावेउं अणायरणजोग्गो ।
जो तं मुंडावेई, दोसा अणिवारिआ पुरिमा ॥२॥
मुंडाविओ सिअत्ति अ, सिक्खावेउं अणायरणजोग्गो ।
अहवा सिक्खावेंते, पुरिमा अणिवारिआ दोसा ॥३॥
सिक्खाविओ सिअत्ति अ, उट्ठावेउं अणायरणजोग्गो ।
अहवा उवट्ठविंति, पुरिमपयणिवारिआ दोसा ॥४॥
उट्ठाविओ सिअत्ति अ, संभुंजेतुं अणायरणजोग्गो ।
अहवा संभुंजंते, पुरिमपयणिवारिआ दोसा ॥५॥
संभुंजिओ सिअत्ति अ, संवासेउं अणायरणजोग्गो ।
अहवा संवासंते, दोसा अणिवारिआ पुरिमा ॥६॥
एमाई पडिसिद्धं, सव्वं चिअ जिणवरेहऽजोगस्स ।
पच्छा विआयस्सवि, गुणट्ठाणं विज्जणाएणं ॥७॥ (गा० ५७४ थी ५८०)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–"લોભને વશ થઈ જે જિનવચનના વિરોધિને સાધુવેષ આપે તે ગુરૂ ચારિત્ર (ગુણસ્થાન)માં રહેલો પણ પોતાના ચારિત્રનો લોપક બને છે, કદા ચ વેષ આપ્યા પછી પણ મુણ્ડન માટે અયોગ્ય જણાય છતાં જો તેને મુણ્ડે તો તેને પૂર્વે કહેલા દોષો અનિવાર્ય (લાગે જ) છે, કદા ચ મુણ્ડયા પછી પણ શિક્ષણ માટે અયોગ્ય જણાય છતાં તેને શિક્ષણ આપે તો પૂર્વના દોષો અનિવાર્ય છે, એ પ્રમાણે ભણાવ્યા–શિખવાડયા પછી કદા ચ અયોગ્ય જણાય છતાં મહાવ્રતો આપે તો, મહાવ્રતો ઉચ્ચરાવ્યા પછી અયોગ્ય જણાયા છતાં સાથે (મણ્ડલીમાં) ભોજન કરાવે તો અને મણ્ડલીમાં ભેળવ્યા પછી પણ–કદાચ અયોગ્ય જણાય છતાં સાથે રાખે તો ઉપર જણાવ્યા તે દોષો અનિવાર્ય (લાગે જ) છે. શ્રીજિનેશ્વરોએ પાછળથી પણ જાણવામાં આવેલા અયોગ્યને ભણાવવું વિગેરે સર્વ કાર્યનો વૈદ્યના દૃષ્ટાન્તથી નિષેધ કરેલો છે. અર્થાત્ શાણો વૈદ્ય જેમ રોગને અસાધ્ય જાણ્યા પછી તુર્ત જ ચિકીત્સાથી અટકે, તેમ ગુરૂએ અયોગ્ય શિષ્યને 'સૂત્ર ભણાવવું' વિગેરે કંઈ પણ કરવું જોઇએ નહિ, છતાં કરે તો અધર્મ જ સમજવો.

એમ ઉપધાન (યોગવહન) કરવાથી શુદ્ધ છતાં તે તે સૂત્ર ભણવા માટેનો દીક્ષાપર્યાય પૂર્ણ થયા પહેલાં ભણનાર–ભણાવનારને અધર્મ જ કહ્યો છે. એ ગ્રહણશિક્ષાનો (ભણાવવાનો) વિધિ કહ્યો, હવે બીજી આસેવનાશિક્ષાનું (ક્રિયાનું) વિધાન કરવા પૂર્વક તેનો વિધિ જણાવે છે—

**मूलम्**–" औघिकी दशधाख्या च, तथा पदविभागयुक् ।
सामाचारी त्रिधेत्युक्ता, तस्याः सम्यक् प्रपालनम् ॥"८८॥

**મૂળનો અર્થ**–૧ ઔઘિકી, ૨ દશધા અને ૩ પદવિભાગયુક્, એમ સામાચારી ત્રણ પ્રકારે કહી છે, તેનું સમ્યક્ પાલન કરવું તે સાપેક્ષ યતિધર્મ છે. (૮૮)

**ટીકાનો ભાવાર્થ**–શ્રીજિનેશ્વરોએ આગળ કહીશું, તે ત્રણ પ્રકારે સામાચારી કહેલી છે. પ્રથમ તે સામાચારી શબ્દનો અર્થ કહે છે કે–શિષ્ટપુરુષોએ આચરેલો ક્રિયાકલાપ તે સામાચારી. તેમાં 'સમ્+આચાર'=સમાચાર અને તેનો ભાવ તે સમાચારતા, અર્થાત્ સામાચર્ય તેને સ્રીલિઙ્ગનો ङी પ્રત્યય લગાડતાં વ્યાકરણના નિયમો પ્રમાણે 'સામાચારી' શબ્દની સિદ્ધિ થાય છે, એમ 'સામાચારી'નો અર્થ 'સમ્યગ્ આચારનું પાલન' એવો થાય છે. [ઉપા૦ આ સામાચારીના ભિન્ન ભિન્ન નયોની અપેક્ષાએ વિભાગ કરતાં સાત પ્રકારો બને છે, જેમકે–૧–સંગ્રહનયના મતે આત્મા એ જ સામાચારી, અનાત્મા નહિ, કારણ કે સકલસામાચારીરૂપ વિશેષણથી વિશિષ્ટ આત્માને તે નય સામાચારી માને છે. ૨–વ્યવહારનયના મતે સામાચારીનું આચરણ કરતા આત્માને સામાચારી કહી છે, આચરણ કરતો ન હોય તેને નહિ. કારણ કે આચરણ વિનાના આત્માને પણ સામાચારી માનવામાં અતિપ્રસઙ્ગ (અલક્ષ્યમાં પણ લક્ષણ ઘટવા રૂપ) દોષ આવે. ૩–ઋજુસૂત્રનયના અભિપ્રાયે આચરણ કરતો પણ તેમાં ઉપયોગવાળો આત્મા તે સામાચારી, નહિ કે ઉપયોગ રહિત. કારણ કે–વ્યવહાર પુરતું સમ્યગ્ આચરણ કરનાર માત્ર દ્રવ્યવેષધારી અજ્ઞ આત્મામાં પણ સામાચારી માનવી તે તેના મતે અસત્ય છે, તે નય તો જાણવા યોગ્ય અને પચ્ચક્ખાણ કરવા યોગ્ય તે તે ભાવોનું જેને જ્ઞાન હોય તેવા જ્ઞાનવન્તને જ ઉપયોગવાળો માને છે. ૪–શબ્દનય તો ઉપયોગવાળો પણ જે છ જીવનિકાયની રક્ષામાં પ્રયત્નશીલ હોય–તે આત્માને



Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

સામાચારી માને છે, અસંયમી–પ્રમાદીને નહિ. કારણ કે છ જીવનિકાયની રક્ષાના માત્ર ઉપયોગરૂપ–પરિણામરૂપ સામાચારી તો અસંયમી અવિરતિસમકિતદૃષ્ટિ વિગેરે આત્માઓમાં પણ સંભવે અને તેમાં આ વ્યાખ્યા ઘટવાથી શબ્દનયના મતે અતિપ્રસઙ્ગ દોષ આવે. ૫–સમભિરૂઢનયના અભિપ્રાયે તો સુસંયત પણ જે પાંચસમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો અષ્ટ–પ્રવચનમાતાનો પાલક હોય તે આત્માને સામાચારી કહેવાય છે, તેનાથી વિલક્ષણને નહિ. કારણ કે તેથી પ્રમત્તસંયત વિગેરેમાં અતિપ્રસઙ્ગ દોષ આવે અને તેવા પ્રમાદી વિગેરેમાં સમભિરૂઢનય આત્મત્વને સ્વીકારતો નથી. ૬–એવમ્ભૂતનય તો ઉપર જણાવેલા સઘળા ગુણવાળો પણ સાવદ્ય–યોગથી વિરામ પામેલા આત્માને જ 'સામાચારી' માને છે. તેમાં કારણ એ છે કે–'**सावज्जो कम्मबंधो**' એમ (આવશ્યક)ચૂર્ણિમાં કહેલું હોવાથી અહીં 'સાવદ્ય એવો જે કર્મબન્ધ' તેની સાથે યોગ એટલે જોડાએલું જે આત્મવીર્ય, તેનાથી વિરામ પામેલો (અર્થાત્ કર્મબન્ધ કરનારા અશુભવીર્યથી વિરામ પામેલો) અને 'જાણ્યું છે કર્મબન્ધનું સ્વરૂપ આત્મજ્ઞાનથી જેણે' એવો આત્મા તે સામાચારી, જે તેવો ન હોય તે નહિ. કારણ કે તે તે ભાવને પામેલા અપ્રમત્તસંયત વિગેરેને પણ એ (અશુભવીર્યથી નિવૃત્તિ અને કર્મબન્ધના જ્ઞાન) વિના અપ્રમત્ત વિગેરે પ્રાપ્તભાવોનું (ગુણોનું) ફળ મળતું નથી. આ નય તેને જ કારણ માને છે કે જે કારણ પોતાના કાર્યને સિદ્ધ કરતું હોય. એથી જ (અશુભ) કર્મબન્ધનો વિરામ જેનાથી ન થાય તેવા ભાવને (ગુણને) તે સત્ય માનતો નથી. ૭–નૈગમનય શુદ્ધ–અશુદ્ધ ઉભયરૂપ હોવાથી શુદ્ધાશુદ્ધ સકળ(ભાવ)વિશિષ્ટ આત્માને અથવા દ્વિક–ત્રિકાદિ (ભાવોને) પામેલા આત્માને સામાચારી માને છે. નિશ્ચય અને વ્યવહારનયથી સામાચારીનો વિચાર કરતાં તો વ્યવહારનયથી સામાચારીના આચરણરૂપ બાહ્યલિઙ્ગજન્ય અનુમાનથી ઓળખાતા પરિણામને અને નિશ્ચયનયથી ચારિત્રમોહનીયના વિચિત્ર ક્ષયોપશમ વિગેરેથી પ્રગટ થયેલા આત્માના અમુક પરિણામને (અધ્યવસાયને) સામાચારી કહેવાય. એમ નિશ્ચયનયે તથાવિધ આચરણ વિનાનો પણ આત્મા સામાચારી કહેવાય છે. કારણ કે–બાહ્યઆચરણરૂપ લિઙ્ગ વિના પણ (ધુમાડા વિના લોખણ્ડના ગોળામાં અગ્નિ હોય છે તેમ) લિઙ્ગી એટલે તેવો આત્મપરિણામ સમ્ભવિત છે, પણ વ્યવહારનયના અભિપ્રાયે તો 'સમ્યગ્ આચરણ હોય તો જ સામાચારી (તેવા પરિણામ) મનાય છે. તેમાં પણ શુદ્ધ-વ્યવહારનય ભાવપૂર્વકના બાહ્ય આચરણને અને અશુદ્ધવ્યવહારનય તો માત્ર બાહ્ય આચરણને પણ સામાચારી માને છે, એટલું એમાં અન્તર છે. એમ પ્રસઙ્ગોપાત્ત ભિન્ન ભિન્ન નયોથી સામાચારીનું સ્વરૂપ કહ્યું. હવે ગ્રન્થકારે કહેલા સામાચારીના ત્રણ પ્રકારો કહેવાય છે] ૧ ઓઘિકી, ૨ દશધા અને ત્રીજી પદવિભાગયુક્. કહ્યું છે કે–" **सामाचारी तिविहा, ओहे–दसहा–पयविभागे** "

**અર્થાત્**–૧–ઓઘ, ૨–દશધા અને ૩–પદવિભાગ, એમ સામાચારીના ત્રણ પ્રકારો છે. તેમાં ૧–'ઓઘ એટલે સામાન્ય' અર્થાત્ સામાન્યવિષયરૂપ ઓઘસામાચારી એટલે સામાન્યથી માત્ર સંક્ષેપરૂપે 'ઓઘનિર્યુક્તિ' ગ્રન્થમાં કહેલી સાધુક્રિયા તે ઓઘસામાચારી. કોઈ વાર વાચ્ય(વિષય)ને અને તેના વાચક (પ્રતિપાદક) ગ્રન્થને અભિન્ન માનીને એ ગ્રન્થને પણ 'ઓઘસામાચારી, કહેવાય છે. એમ આગળ પણ તે તે વ્યાખ્યામાં વિવક્ષા સમજી લેવી. ૨–'દશધા' એવું નામ છે જેનું તે 'ઇચ્છાકાર' વિગેરે દશ પ્રકારોવાળી સામાચારી તે 'દશધા સામાચારી' અને ૩–'પદો'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે ઉત્સર્ગ અને અપવાદ જણાવનારાં વચનો તેનો વિભાગ એટલે વિવેક, અર્થાત્ યથાસ્થાન ઉપયોગ. તાત્પર્ય કે-ઉત્સર્ગનું આલમ્બન ક્યારે લેવું અને અપવાદનું ક્યારે ? એવો વિભાગ બતાવનારી જે છેદ સૂત્રોમાં કહેલી સામાચારી તે પદવિભાગયુક્ સામાચારી, તેમાં જે આચરણમાં કોઈ કારણ ન હોય તે ઉત્સર્ગ અને જે આચરણ તથાવિધ કોઇ કારણથી કરવું પડે તે અપવાદ જાણવો. એમ આ ત્રણે પ્રકારની સામાચારીનું 'सम्यक्'=તે તે સૂત્રમાં જણાવેલ વિધિ પૂર્વક 'प्र' એટલે મન-વચન-કાયાના ઉત્કર્ષથી શુદ્ધ 'पालन'=આચરણ કરવું તે સાપેક્ષ યતિ ધર્મ છે, એમ અહીં પણ પૂર્વની જેમ ક્રિયાનો સંબન્ધ સમજવો.

અહીં તત્કાલદીક્ષિત થયેલા જે સાધુઓ શ્રુતજ્ઞાનને ભણવાની તેવી શક્તિ રહિત હોય, તેઓના આયુષ્યના હ્રાસને (અલ્પતાને) ઉદ્દેશીને (થોડા વખતમાં ઘણું જ્ઞાન આપવા માટે) ઉદ્ધરેલી સામાચારીને ઓઘસામાચારી જાણવી. તે નવમા પૂર્વની આચારનામની ત્રીજી વસ્તુના વીસમા પ્રાભૃત પૈકીના ઓઘપ્રાભૃતપ્રાભૃતમાંથી ઉદ્ધરેલી છે. આ સામાચારી પ્રતિદિન ક્રિયામાં ઉપયોગી હોવાથી સાધુને દીક્ષાના પ્રથમ દિવસથી જ અપાય (શીખવાડાય) છે, માટે તેને અહીં પ્રથમ કહી છે, દશધા સામાચારી છવ્વીસમા ઉત્તરાધ્યયનમાંથી થોડા વખત પૂર્વના દીક્ષિતને બોધ કરાવવા માટે ઉદ્ધરેલી છે, તેનો ઉપયોગ ઓઘસામાચારીની પછી થતો હોવાથી તેને બીજે નંબરે કહી છે અને બારમા દૃષ્ટિવાદ નામના અઙ્ગમાં કહેલી 'પદવિભાગ' સામાચારી બારમા દૃષ્ટિવાદમાંથી ઉદ્ધરેલા કલ્પ-વ્યવહાર ગ્રન્થોરૂપે હોવાથી 'કલ્પવ્યવહાર' એવા નામથી ઓળખાય છે. તે વિશિષ્ટશ્રુતજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં ક્રમથી ભણી શકાય તેવી લાંબા સમયના દીક્ષિત (દીર્ઘ પર્યાયવાળા) સાધુને ભણવા યોગ્ય હોવાથી તેને છેલ્લી કહી છે.

એ પ્રમાણે નામ માત્રથી ત્રિવિધ સામાચારીનું વર્ણન કરીને તેનું વિશેષ વર્ણન કરવા માટે પ્રથમ ઓઘસામાચારીનું સ્વરૂપ તેનાં દ્વારોનો નિર્દેશ કરવા પૂર્વક જણાવે છે કે-

**मूलम्—प्रतिलेखनिका[1] पिण्डो[2]पध्य[3]नायतनानि[4] च ।**
**प्रतिसेवाऽऽलोचने[6]च, शुद्धि[7]श्चेत्यौघिकी मता ॥८९॥**

**મૂળનો અર્થ**—૧-પડિલેહણા, ૨, પિણ્ડ, ૩-ઉપધિ, ૪-અનાયતન, ૫-પ્રતિસેવા, ૬-તેની આલોચના, અને ૭-શુદ્ધિ, એમ ઓઘસામાચારી સાત પ્રકારે કહી છે. (૮૯)

**ટીકાનો ભાવાર્થ**—અહીં 'प्रतिलेखना' શબ્દ 'અક્ષરો લખવા' એ અર્થવાળા 'लिख्' ધાતુને 'प्रति' ઉપસર્ગ અને ભાવ અર્થમાં 'ल्युट्' પ્રત્યય આવવાથી વ્યાકરણના નિયમ પ્રમાણે સિદ્ધ થાય છે. 'ધાતુનો અર્થ ઉપસર્ગ ઉપર આધાર રાખે છે' એવો શબ્દ શાસ્ત્રનો ન્યાય હોવાથી અહીં આગમને અનુસરીને પ્રતિલેખનાનો અર્થ 'ક્ષેત્ર-વસતિ-વસ્ત્ર-પાત્ર વિગેરેનું નિરૂપણ કરવું' એવો થાય છે. સર્વક્રિયાઓ પ્રતિલેખનાપૂર્વક કરવાની હોવાથી અહીં પ્રથમદ્વાર તરીકે એનું નિરૂપણ છે. આ પ્રતિલેખના ૧-પ્રતિલેખના કરનાર અને ૨-પ્રતિલેખ્ય પદાર્થ એ બે વિના સમ્ભવિત જ નથી, માટે એ બેનું સ્વરૂપ પણ આ પ્રતિલેખના દ્વારમાં જ કહેવાશે.

૨-पिण्ड—પિણ્ડ એટલે જથ્થો, અર્થાત્ અહીં દોષ રહિત આહારને પિણ્ડ સમજવો. તે પ્રતિલેખના પછી લેવાતો હોવાથી બીજા દ્વારમાં તેનું નિરૂપણ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩-उपधि—આ શબ્દમાં 'उप' એટલે આત્માની સમીપમાં 'दधाति' એટલે સંયમને ધારણ કરે, અથવા પોષણ કરે તે 'ઉપધિ' એટલે વસ્ત્ર-પાત્રાદિ વસ્તુઓ સમજવી. આ વસ્ત્ર-પાત્રાદિ વિના પિણ્ડ લેવાનું શક્ય નથી માટે પિણ્ડની પછી તે વસ્ત્ર-પાત્રાદિ કેટલી સંખ્યામાં અને કેટલા માપવાળાં ન્હાનાં-મોટાં રાખવાં ? તે બન્નેનું પ્રમાણ આ ત્રીજા દ્વારમાં કહેવાશે.

૪-अनायतन—'આયતન' એટલે વસતિ-રહેવાનું સ્થાન, જે તેવું કલ્પ્ય(સાધુને રહેવા યોગ્ય) ન હોય તેને 'અનાયતન' કહેવાય, અર્થાત્ સ્ત્રી-પશુ (પક્ષી) નપુંસકાદિ જેમાં હોય તે સાધુને રહેવા માટે અયોગ્ય સ્થાનને 'અનાયતન' કહેવાય, ઉપધિદ્વારા પિણ્ડ (આહાર) મેળવ્યા પછી પણ યોગ્ય સ્થાન વિના તેનો ઉપયોગ કરી શકાય નહિ, માટે ચોથા દ્વારમાં અનાયતનને વર્જવા સાથે આયતનનો આશ્રય કરવો એમ કહેવાશે.

૫-प्रतिसेवा—'प्रति=વિપરીત 'सेवा'=સેવના. અર્થાત્ સંયમનાં અનુષ્ઠાનથી વિરૂદ્ધ આચરણ કરવું તે પ્રતિસેવા. પ્રતિલેખનાથી માંડીને અનાયતન વર્જન સુધીના આચારને પાલતાં પણ સાધુને કદાચિત્ કોઈ સ્થળે (કોઈ વિષયમાં) કોઇ અતિચાર (ક્ષતિ-ભૂલ) સમ્ભવિત છે, માટે અનાયતન વર્જન પછી પાંચમા દ્વારમાં તેનું નિરૂપણ કરવામાં આવશે.

૬-आलोचना—અહીં 'आ' ઉપસર્ગ મર્યાદાવાચક છે, એનો અર્થ એવો છે કે-એ રીતે થએલા અતિચારનું મર્યાદા(વિધિ)પૂર્વક 'लोचनं'=આચાર્ય વિગેરેની આગળ પ્રગટ કહી જણાવવું તે 'આલોચના' સમજવી. મોક્ષાર્થિએ નાનો પણ અપરાધ (ભૂલ) થતાં ગુરૂની સમક્ષ તેની આલોચના કરવી જોઇએ, માટે પ્રતિસેવાની પછી છટ્ઠા દ્વારમાં આલોચનાનું નિરૂપણ થશે.

૭-शुद्धि—' શુદ્ધ કરવું એ જ શુદ્ધિ ' કહેવાય. જ્યારે શિષ્ય પોતાના અપરાધની આલોચના કરે ત્યારે ગુરૂએ તેને ઉચિત પ્રાયશ્ચિત્ત આપવું તે શુદ્ધિ. આલોચનાની પછી યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવાનું (લેવાનુ) હોવાથી સાતમા દ્વારમાં પ્રાયશ્ચિત્તરૂપ શુદ્ધિનું નિરૂપણ થશે.

સામાન્યતયા આ સાત પ્રકારે (સાત દ્વારોથી) ઓઘનિર્યુક્તિમાં કહેલા ક્રિયાના સમૂહને ઓઘસામાચારી કહેલી છે. અર્થાત્ ઓઘનિર્યુક્તિરૂપ ઓઘસામાચારીનાં આ સાત દ્વારો છે. તેમાં—

પ્રથમ પ્રતિલેખના-પ્રતિલેખક અને પ્રતિલેખ્યપદાર્થનું વર્ણન ઓઘનિર્યુક્તિમાં ક્ષેત્રાદિ તે તે વિષયોના નિરૂપણ પૂર્વક અનેક પ્રકારે કહેલું છે, તે બહુ વિસ્તૃત હોવાથી અહીં તેનો વિસ્તાર કરીશું નહિ, વિસ્તારના અર્થીએ તે ગ્રન્થમાંથી જ જાણી લેવું. અહીં તો દિનચર્યામાં સાધુને પ્રતિદિન ઉપયોગી હોવાથી ઉપકરણ સમ્બન્ધી પ્રતિલેખના જ કહીશું. પઞ્ચવસ્તુમાં પણ એમ જ કહેલું છે કે-

" उवगरणगोअरा पुण, इत्थं पडिलेहणा मुणेअव्वा ।
अप्पडिलेहिअदोसा, विण्णेआ पाणिघायाई ॥" २३१॥

**ભાવાર્થ**-" ઉપકરણોની પ્રતિલેખના પુનઃ પ્રતિદિનની ક્રિયારૂપે આ (કહીશું તે) રીતે સમજવી, જો તે પ્રતિલેખના ન કરે અથવા જેમ તેમ કરે તો જીવહિંસાદિ દોષો લાગે. "

પઞ્ચવસ્તુમાં સાધુની પ્રતિદિનની ક્રિયા આ પ્રમાણે દશ દ્વારોથી વર્ણવી છે,—

" **पडिलेहणा पमज्जण-भिक्खिरियाऽऽलोअभुंजणा चेव ।**
**पत्तगधुवणविआरा, थंडिलमावस्सयाईआ ॥" २३० ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–"૧–પ્રતિલેખના ૨–પ્રમાર્જના, ૩–ભિક્ષા લાવવી, ૪–ઈરિયાવહિ કાયોત્સર્ગ, ૫–ગોચરીની આલોચના, ૬–ભોજન કરવું, ૭–પાત્ર ધોવાં, ૮–લઘુ (વડી)નીતિ માટે જવું, ૯–તે માટે સ્થણ્ડિલ (શુદ્ધ ભુમિ જોવી) અને ૧૦–આવશ્યક (પ્રતિક્રમણ) કરવું, તથા આદિ શબ્દથી 'કાલગ્રહણ' વિગેરે પણ સમજવું"

હવે ઓઘસામાચારીમાં ઉપકરણની પ્રતિલેખના જે ક્રમે કરવી જોઈએ તે ક્રમ પણ દિનચર્યા તરીકે જણાવવા પૂર્વક કહે છે કે—

मूलम्—"निशान्तयामे जागर्या, गुरोश्चावश्यकक्षणे ।
उत्सर्गो देवगुर्वादि–नतिः स्वाध्यायनिष्ठता ॥"९०॥

**મૂળનો અર્થ**–સાધુઓએ રાત્રિના છેલ્લા પ્રહરે અને ગુરૂએ પ્રતિક્રમણ વખતે જાગવું, કુસ્વપ્ન–દુઃસ્વપ્નનો કાયોત્સર્ગ કરવો, દેવ–ગુરૂને નમસ્કાર (ચૈત્યવન્દન–ગુરૂવન્દન) કરવા અને સ્વાધ્યાય (સજ્ઝાય) નિષ્ઠ બનવું. (૯૦)

**ટીકાનો ભાવાર્થ**–રાત્રીના છેલ્લા પ્રહરે નિદ્રાનો ત્યાગ કરવો, વિગેરે સાપેક્ષ યતિધર્મ છે, એમ આગળ પણ સર્વત્ર સમજવું. તેમાં જાગવાનો વિધિ આ પ્રમાણે કહ્યો છે—

"जामिणीपच्छिम(मे)जामे, सव्वे जग्गंति बालवुड्ढाई ।
परमिट्ठिपरममंतं, भणंति सत्तट्ठवारा उ ॥" यतिदि० च० गा० ३॥

**ભાવાર્થ**–"રાત્રિના છેલ્લા પ્રહર(ની શરૂઆત)માં જ બાલ–વૃદ્ધ વિગેરે સર્વ સાધુઓ જાગે અને પ્રથમ સાત–આઠ વાર શ્રીપઞ્ચપરમેષ્ઠિનમસ્કાર મહામન્ત્રને ગણે" ઈત્યાદિ.

તેમાં નમસ્કારમન્ત્ર કેવી રીતે ગણવો? વિગેરે પહેલા ભાગના ભાષાન્તરમાં દિનકૃત્યના પ્રારમ્ભમાં ગૃહસ્થના વિશેષધર્મના વર્ણનમાં (પૃ૦ ૩૪૪માં) જણાવ્યું છે તે પ્રમાણે સમજી લેવું. અહીં છેલ્લા પ્રહરના પ્રારમ્ભમાં જાગવું એ સર્વને માટે કે અમુકને માટે? એ જાણવાની ઈચ્છા વાળાને જણાવ્યું છે કે–ગુરૂએ, અર્થાત્ પ્રવ્રજ્યા આપનાર ગુરૂ, અથવા દિગાચાર્ય વિગેરેને, કે ગ્લાન વિગેરે અશક્ત સાધુઓને પ્રતિક્રમણના પ્રારમ્ભમાં જાગવું. કારણ આગળ કહીશું તેમ ગુરૂ ત્રીજા પ્રહરે જાગેલા હોવાથી અને ગ્લાનાદિને શરીર અશક્ત હોવાથી મોડું જાગવું તે ઉચિત જ છે. કહ્યું પણ છે કે—

"सव्वे वि पढमयामे, दुन्नि अ वसहाण आइमा जामा ।
तइओ होइ गुरूणं, चउत्थे सव्वे गुरू सुअइ ॥" प्रव० सारो०८६१॥

**ભાવાર્થ**–સર્વ સાધુઓ પહેલા પ્રહરે, વૃષભ (પ્રૌઢ) સાધુઓ પ્રથમના બે–પ્રહર સુધી, ત્રીજા પ્રહરે ગુરૂ, અને ચોથા પ્રહરે સઘળા જાગે, ત્યારે ગુરૂ પુનઃ શયન કરે (અને પ્રતિક્રમણ વખતે પુનઃ જાગે)." પ્રતિક્રમણનો અવસર એ સમજવો કે પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી દસ ઉપકરણો(ઉપધિ)નું પડિલેહણ પૂર્ણ થતાં સૂર્યોદય થાય. કહ્યું છે કે—

"आवस्सयस्स समए, णिद्दामुद्दं चयंति आयरिआ ।
तह तं कुणंति जह दस—पडिलेहाणंतरं सूरो ॥ यतिदि० च० गा० १३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–પ્રતિક્રમણ કરવાના સમયે આચાર્ય નિદ્રાનો ત્યાગ કરે અને પ્રતિક્રમણ તે ટાઈમે શરૂ કરે કે પ્રતિક્રમણ પછી દશ ઉપકરણોનું પડિલેહણ કર્યા પછી સૂર્યોદય થાય."

હવે જાગ્યા પછી શું કરવું ? તે કહે છે કે–કાઉસ્સગ્ગ કરવો, આ કાઉસ્સગ્ગ ઈરિયાપથિકીપ્રતિક્રમણપૂર્વક કુસ્વપ્ન–દુઃસ્વપ્નના અતિચારોને નિવારણાર્થે કરવાનો છે, તેમાં હિંસાદિ કોઈ પાપાચરણ કરવારૂપ કુસ્વપ્ન આવ્યું હોય તો એક સો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ (ચાર લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધીનો) અને સ્વયં મૈથુન સેવવારૂપ દુઃસ્વપ્ન આવ્યું હોય તો ઉપર પ્રમાણે ચાર લોગસ્સ ઉપરાન્ત એક નવકારના ચિન્તનથી (અથવા ચાર–લોગસ્સ 'સાગર વર ગંભીરા' પદ સુધી) ૧૦૮ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ સમજવો. એ માટે યતિદિનચર્યામાં કહ્યું છે કે—

**" इरिअं पडिकमंतो, कुसुमिणदुसुमिणनिवारणुस्सग्गं ।**
**सम्मं कुणंति निज्जिअ—पमायणिद्दामहामुणिणो ॥४॥**
**पाणिवहप्पमुहाणं, कुसुमिण भावे भवंति उज्जोआ ।**
**चत्तारि चिंतणिज्जा, सनमुक्कारा चउत्थस्स ॥५॥" यतिदिनचर्या ॥**

**ભાવાર્થ**–"પ્રમાદ અને નિદ્રાના વિજેતા મહામુનિઓ ઈરિયાવહી પ્રતિક્રમણ કરીને કુસ્વપ્ન–દુઃસ્વપ્નનું નિવારણ કરવા માટે સમ્યગ્ કાઉસ્સગ્ગને કરે, તેમાં જીવહિંસા વિગેરેનું 'કુસ્વપ્ન' આવ્યું હોય તો ચાર લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી અને ચતુર્થવ્રતની વિરાધનારૂપ 'દુઃસ્વપ્ન' આવ્યું હોય તો નવકાર સહિત (તે) ચાર લોગસ્સ ચિન્તવવા. "

આ કાઉસ્સગ્ગ પછી દેવ–ગુર્વાદિને નમસ્કાર કરવા, તેમાં દેવને નમસ્કાર એટલે ('જગ ચિન્તામણિ' વિગેરે 'જયવીયરાય' સુધીનું) ચૈત્યવન્દન અને ગુરૂને નમસ્કાર એટલે (ખમાસમણ પૂર્વક 'ભગવાન્ હં૦' વિગેરે) ચાર ખમાસમણથી ગુર્વાદિને નમસ્કાર. તે પછી તુર્ત જ સ્વાધ્યાયમાં નિષ્ઠ બનવું, સ્વાધ્યાય એટલે વાચના–પૃચ્છના–વિગેરે પૂર્વે જે કહ્યો, તેમાં યથાસમ્ભવ એકાગ્ર બનવું. ઉપલક્ષણથી પૂર્વે ગ્રહણ કરેલા તપ–નિયમ અભિગ્રહનું ચિન્તન તથા ધર્મજાગરિકા કરવી, વિગેરે પણ સમજી લેવું. કહ્યું છે કે—

**" जिणणमण मुणिणमंसण—पुव्वं तत्तो कुणंति सज्झायं ।**
**चिंतंति पुव्वगहिअं, तवणियमाभिग्गहप्पमुहं ॥६॥**
**किं सक्कणिज्जकज्जं, न करेमि ? अभिग्गहो अ को उचिओ ? ।**
**किं मह खलियं जायं ?, कह दिअहा मज्झ वच्चंति ॥७॥**
**कह न हु पमायपंके, खुप्पिस्सं ? किं परो व अप्पो वा ।**
**मह पिच्छइ अइआरं, इअ कुज्जा धम्मजागरिअं ॥८॥" यतिदिनचर्या ॥**

**ભાવાર્થ**–" જિનનમન અને મુનિનમન પૂર્વક તે પછી સ્વાધ્યાય કરે, પૂર્વે સ્વીકારેલા તપ, નિયમ, અભિગ્રહ, વિગેરેનું ચિન્તન કરે, પછી કયું કાર્ય શક્તિ છતાં હું કરતો નથી ? કયો અભિગ્રહ મારે કરવો ઉચિત છે ? ચારિત્રમાં મારી સ્ખલના (ભૂલ) ક્યાં થઈ ? મારા દિવસો (આરાધના કે વિરાધનામાં) કેવી રીતે જાય છે ? હું પ્રમાદરૂપ કાદવમાં ન ફસાવા માટે શું કરૂં ? હું કે બીજો કોઈ મારા કયા અતિચારને જાણે છે ? " ઈત્યાદિ ચિન્તનરૂપ ધર્મ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાગરિકા કરે. ધર્મજાગરિકાનું ફળ એ છે કે–પ્રાતઃકાળના બ્રાહ્મમુહૂર્તમાં બુદ્ધિ નિર્મળ રહેતી હોવાથી ધર્મકાર્યના ઉપાયોનું ચિન્તન સફળ થાય છે, માટે ધર્મના મનોરથોને કરે. કહ્યું છે કે—

" जामिणीविरामसमए, सरए सलिलं व निम्मलं नाणं ।
इअ तत्थ धम्मकम्मे, आयमुवायं विचिंतेज्जा ॥" यतिदिनच० गा० ९॥

**ભાવાર્થ**–"શરદઋતુમાં પાણી નીતરીને નિર્મળ થાય તેમ રાત્રીના છેલ્લા સમયે (ચાર ઘડી બાકી હોય ત્યારે) જ્ઞાન નિર્મળ (વિષય–કષાયના વિકારો રહિત) હોય છે, તેથી તે ટાઇમે ધર્મકાર્યોમાં લાભ થાય તેવા ઉપાયો ચિન્તવવા "[૬૩]

પછી ઉગ્ઘાડાપોરિસી (સૂર્યોદયથી પોણાપ્રહર) સુધી કરવાનાં કાર્યો હવે ક્રમશઃ જણાવે છે.

मूलम्—काले च कालग्रहणं, ततश्चावश्यकक्रिया ।
द्राक् प्रत्युपेक्षणा सम्यक्, स्वाध्यायश्चाद्यपौरुषीम् ॥९१॥

**મૂળનો અર્થ**–તે પછી સમય થતાં શાસ્ત્રોક્ત વિધિથી કાલગ્રહણ કરવું, પછી પ્રતિક્રમણ, પછી તુર્ત વસ્ત્રોની પડિલેહણા, અને પછી પહેલી પોરિસી પૂર્ણ થતાં સુધી સ્વાધ્યાય કરવો.

**ટીકાનો ભાવાર્થ**–શાસ્ત્રોક્ત વેળાયે 'પ્રાભાતિક' કાલનું 'ગ્રહણ' એટલે નિરૂપણ કરવું તે સાપેક્ષ યતિધર્મ છે, એમ ક્રિયાપદનો સંબન્ધ સમજવો. પ્રાભાતિકકાલ લેવાનો સમય રાત્રિના ચોથા પ્રહરનો શેષ છેલ્લો–ચોથો ભાગ સમજવો, શાસ્ત્રમાં કહ્યું છે કે—

" पोर(रि)सीए चउब्भाए, सेसे वंदित्तु तो (वंदित्ता णं तओ) गुरुं ।
पडिकमित्तु कालस्स, कालं तु पडिलेहए ॥" उत्तराध्ययन २६–४५ ॥

૬૩–કોઇ પણ શુભકાર્ય કરતાં પહેલાં તેની સિદ્ધિ માટે મઙ્ગલ કરવું જરૂરી છે, લોકવ્યવહારમાં પણ સર્વ શુભકાર્યોમાં સહુ મઙ્ગલ કરે છે. જન્મ વખતે કરાતું મઙ્ગલ જન્મને સફળ કરવા માટે છે, એમ વિદ્યાભ્યાસના પ્રારમ્ભમાં, લગ્ન વખતે, વ્યાપારાદિ કાર્ય શરૂ કરતાં, એમ લોકો આ જન્મનાં ઠગારાં સુખો આપનારાં પણ કાર્યોની સિદ્ધિ માટે સર્વત્ર મઙ્ગલ કરે છે. કારણ કે 'પ્રાયઃ સારાં કાર્યોમાં વિઘ્નો ન હોય ત્યાંથી આવે છે' એમ સહુ સમજે છે. આટલું સમજનારો પણ આત્મા, તેનો મનુષ્યજન્મ કે જે દશ દષ્ટાન્તે દુર્લભ છે, જેના આયુષ્યની એક પળ પણ ઘણી જ કિંમતી છે, તેને સફળ કરવા માટે બેદરકાર રહે છે તે આશ્ચર્ય છે. હા, જીવે ત્યાં સુધી જીવનસામગ્રીની જરૂર છે, પણ કંઇ જીવનનું તે ફળ નથી, માત્ર જીવવાનું સાધન છે, જીવનનું ફળ તો આત્મશુદ્ધિ છે અને તેને માટે તો કરવા જેવો એક માત્ર ધર્મ છે. એક પળ પણ ધર્મ વિનાની જાય તો ચિન્તામણીરત્ન ગુમાવવાથી પણ વધુ નુકસાન છે. માટે પ્રત્યેક દિવસને સફળ કરવા પ્રાતઃકાળે મઙ્ગળ કરવું આવશ્યક છે. દરેક ધર્મશાસ્ત્રકારોએ આ સિદ્ધાન્તને માન્ય રાખી દિવસના પ્રારમ્ભમાં દેવગુર્વાદિને વન્દન–નમન આદિ મઙ્ગલ કરવાનું વિધાન કર્યું છે. મુનિજીવન જ એક મઙ્ગલરૂપ છતાં મુનિઓને આ મઙ્ગલ કરવાનું કહ્યું છે તો અઢાર પાપસ્થાનકમાં જીવતા ગૃહસ્થને મઙ્ગલ વિના કેમ ચાલે ? આ મઙ્ગલ કરનારો પ્રાયઃ જીવનમાં દુઃખી રહેતો નથી, રહે તો કોઈ પૂર્વે બાંધેલાં તીવ્ર કર્મોદયનું જ એ પરિણામ સમજવું. પ્રાતઃકાળે અહીં બતાવેલા મઙ્ગલને કરનારો પ્રાયઃ જીવનને નિર્દોષ જીવી શકે છે. લૌકિક કાર્યો કરવાની પણ વિચારણા (નિશ્ચય) માણસ વારંવાર કર્યા કરે છે તો લોકોત્તર કાર્યો માટે આવી ધર્મજાગરિકા વિના તે કેમ સિદ્ધ થાય ? વિગેરે નિર્મળ બુદ્ધિથી વિચાર કરતાં આત્માર્થીને સુખનો સુન્દર માર્ગ સમજાય તેમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–"રાત્રિના છેલ્લા પ્રહરનો ચોથો ભાગ બાકી રહે ત્યારે ગુરૂને વન્દન કરીને, વિરતિ-કાલનું પ્રતિક્રમણ કરીને પ્રાભાતિકકાલનું પડિલેહણ એટલે નિરૂપણ કરે અને પ્રાભાતિક કાલ લે"

કાલગ્રહણનો વિધિ યોગવિધિના ગ્રન્થોમાંથી જાણી લેવો, આટલું તેમાં વિશેષ છે કે-

" ताहे एगो साहू उवज्झायस्स अण्णस्स वा संदिसावित्ता पाभाइकालं गिण्हइ, तओ गुरू उट्ठेइ त्ति "

**અર્થાત્**–" પ્રાભાતિકકાલગ્રહણના સમયે એક સાધુ ઉપાધ્યાયની અથવા બીજા વડીલની આજ્ઞા મેળવીને પ્રાભાતિકકાલ ગ્રહણ કરે, તે પછી ગુરૂ નિદ્રામાંથી જાગે" તે પછીની 'ઇરિ૦ પ્રતિક્રમણ આદિ પ્રતિક્રમણની સઘળી ક્રિયા ધીમે ધીમે (મન્દ સ્વરે) કરવી, વિગેરે તથા કાઉસ્સગ્ગ કેટલા કરવા ? વિગેરે વિધિ પહેલા ભાગમાં જણાવી દીધો જ છે. પ્રતિક્રમણ વખતે જાગનારા આચાર્ય, ગ્લાન વિગેરેએ ઈરિયાપથિકી પ્રતિક્રમણ, કુસ્વપ્ન દુઃસ્વપ્ન નિવારણ માટે કાઉસ્સગ્ગ, દેવ-ગુરૂ વન્દન, વિગેરે સર્વ વિધિ તે જ વખતે (પ્રતિક્રમણ પહેલાં) કરવો. કહ્યું છે કે—

" आयरियगिलाणाई, जे नवि जग्गंति पच्छिमे जामे ।
आवस्सयस्स समए, कज्जं इरिआइ तेहिं तु ॥"यतिदिनचर्या–१४॥

**ભાવાર્થ**–" આચાર્ય, ગ્લાન વિગેરે જેઓ છેલ્લા પ્રહરના પ્રારમ્ભમાં ન જાગે તેઓએ ઈરિયાપથિકી આદિ (જાગ્યા પછીનું કાર્ય) આવશ્યકક્રિયા વખતે (પ્રતિક્રમણ પહેલાં) કરવું."

તે પછી તુર્ત જ (રાઇ) પ્રતિક્રમણ કરવું વિગેરે. આ રાઈપ્રતિક્રમણનો વિધિ પણ પહેલા ભાગમાં કહી આવ્યા છીએ, કેટલોક ફેરફાર (સાધુને માટે) કહેવાનો છે તે દૈવસિક પ્રતિક્રમણના ફેરફાર સાથે સંબન્ધવાળો હોવાથી ત્યાં જ જણાવીશું.

રાઈપ્રતિક્રમણને અન્તે (ગુરૂ સમક્ષ) 'બહુવેલ'ની રજા મેળવીને 'બહુવેલ' કરવામાં આવે છે. (આજ્ઞા મેળવાય છે) તેમાં 'બહુવેલ' એટલે વારંવાર થનારાં રોકી ન શકાય તેવાં આંખ, ભ્રકુટી, કે પાંપણનું ફરકવું, શ્વાસોચ્છવાસ લેવો-મૂકવો, વિગેરે સૂક્ષ્મ-કાર્યો સમજવાં. આવાં સૂક્ષ્મકાર્યો પણ ગુરૂની આજ્ઞા વિના સાધુને કરવાં કલ્પતાં નથી, માટે વારંવાર થનારાં તે કાર્યોરૂપી સૂક્ષ્મ-યોગોની આજ્ઞા મેળવવા માટે 'બહુવેલ' કરવું (આજ્ઞા લેવી) તે ઉચિત જ છે. કહ્યું છે કે—

गुरुणाऽणुण्णायाणं, सव्वं चिय कप्पई उ समणाणं ।
किच्चंपि जओ काउं, बहुवेलं ते करं(रिं)ति तओ ॥१॥ पञ्चवस्तु०गा०५५३॥

**ભાવાર્થ**–" ગુરૂએ અનુજ્ઞા આપી હોય તે સાધુઓને તે તે સ્વાધ્યાયાદિ[૬૪] સર્વ કાર્યો કરવાનો અધિકાર છે, માટે તેઓ ઘણી વાર થનારાં સૂક્ષ્મકાર્યો માટે એક સાથે 'બહુવેલ'નો વિધિ કરીને આજ્ઞા મેળવે છે. (અન્યથા શ્વાસ લેવા-મૂકવામાં પણ દોષ લાગે.)"

---

૬૪-ગુરૂની આજ્ઞા વિના આત્મકલ્યાણનાં સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ, વિગેરે અતિમહત્ત્વનાં કાર્યો પણ કરવાનો અધિકાર નથી, એમ આગમમાં કહેલું છે તેનું કારણ એ જણાવેલું છે કે ગીતાર્થપણું પ્રગટ્યા વિનાનો જ્ઞાની પણ મોહાધીન હોવાથી પોતાને કયી આરાધનાથી લાભ-હાનિ થશે ? તે સમજી શકતો નથી, એ સમજનારા તો ભાવગુરૂ એક જ સાચા વૈદ્ય છે. વૈદ્ય જેમ ' કોને કયારે કેટલું કયું ઔષધ કેવી રીતે ઉપકાર કરશે ' તે સમજીને એક જ રોગવાળાઓને પણ ભિન્ન ભિન્ન ઔષધ અને વિધિ-પરેજ વિગેરે સૂચવે (આપે) છે, તેમ નિઃસ્વાર્થ પરોપકારી ગુરૂ જ આત્માના અન્તરઙ્ગ શત્રુઓને (કર્મરોગને) ઓળખીને જે જે આરાધનાથી આત્મશુદ્ધિ થાય તે તે આરાધનામાં શિષ્યને જોડી શકે છે. માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી વસ્ત્રોને બન્ને બાજુથી સમ્પૂર્ણ જોવા પૂર્વક શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિલેખના[૬૫] કરવી તે

ગુરૂઆજ્ઞા વિના આરાધનાનું પણ કોઈ કાર્ય કરવાનો શિષ્યનો ધર્મ નથી. જો આત્મકલ્યાણ માટે પણ આવું નિયમન છે તો શારીરિક કાર્યો માટે તો પૂછવું જ શું? અર્થાત્ શારીરિક કાર્યો–ઔષધ કરવું, ખાવું–પીવું–સુવું–બેસવું–ઉઠવું–યાવત્ આંખ ઉઘાડવી–મીંચવી કે શ્વાસ લેવો–મૂકવો, વિગેરે પણ ગુરૂની આજ્ઞાનુસાર જ કરવાં જોઇએ. વસ્તુતઃ તો ગુરૂની પ્રસન્નચિત્તથી મળેલી આજ્ઞા એક મહામન્ત્રરૂપ છે, એથી જ ખાવું–પીવું, સ્થણ્ડિલ માત્રુ, વિગેરે ભૌતિક કાર્યો પણ ગુરૂની આજ્ઞાથી કરતાં તે નિર્જરાનું કારણ બને છે. માટે કહ્યું છે કે–સંયમી આત્માની એક એક ક્રિયા નિર્જરા કરનારી છે, ખાવા છતાં તેને તપસ્વી કહેવાય છે. જૈન સાહિત્ય પ્રસિદ્ધ મહાત્મા સ્થૂલિભદ્રજી ષડ્રસ ભોજન કરવા છતાં વેશ્યાને ધર્મી બનાવી શકયા તેમાં ગુરૂની આજ્ઞાનું બળ પણ કારણભૂત હતું અને સિંહની ગુફામાં રહી ચાર ચાર મહિના આહાર–પાણી વિના જ જીવવાની શક્તિવાળા–સિંહને પણ શાન્ત બનાવી શકે તેવા તપસ્વી છતાં સિંહ–ગુફાવાસી મુનિ વેશ્યાના થોડા પરિચયથી પણ પરાભવ પામ્યા તેમાં ગુરૂઆજ્ઞાનો અનાદર પણ કારણભૂત હતો. ગુરૂની પ્રસન્નતા પૂર્વક મળેલી આજ્ઞાનું આવું અલૌકિક સામર્થ્ય હોવાથી શાસ્ત્રકારોની આજ્ઞા પ્રમાણે જેમાં આજ્ઞા મેળવી શકાય નહિ તેવાં અવશ્ય અને વારંવાર થનારાં કાર્યો માટે આ 'બહુવેલ' એટલે વારંવાર કરવાની આજ્ઞા મેળવાય છે. આ વિધાનથી સાધુજીવનમાં ગુરૂની કેવી–કેટલી આવશ્યકતા છે તે સમજીને આત્માર્થીએ સર્વપ્રયત્નોથી પણ ગુરૂઆજ્ઞાના પાલનમાં પ્રયત્ન કરવો હિતકર છે.

૬૫–'પ્રતિલેખના' એ જૈનોનો પારિભાષિક શબ્દ છે અને તે વસ્ત્ર–પાત્ર વિગેરે વસ્તુઓને વારંવાર પ્રમાર્જના કરવાની ક્રિયામાં વપરાય છે. તેનું મહત્ત્વ જૈનકુળમાં જન્મેલા તે ક્રિયાને કરનારાઓ પણ ઘણા ઓછા જ સમજે છે અને એથી માત્ર કાયક્લેશ માની તેના ફળથી વઞ્ચિત રહે છે. શાસ્ત્રોમાં પ્રતિલેખનાના હેતુઓ જણાવતાં કહ્યું છે કે–"पडिलेहुणाए हेउ, जइवि जीअर क्खणं जिणाणा य । तहवि इमं मणमक्कडं, निज्जत्तणत्थं गुरू बिंति ॥१॥" અર્થાત્–"જો કે પ્રતિલેખનાના સામાન્ય હેતુઓ તો જીવરક્ષા અને જિનાજ્ઞાનું પાલન છે, તો પણ મુખ્ય હેતુ આ મનરૂપી માંકડાને વશ કરવાનો છે, એમ શ્રીજિનેશ્વરોએ કહ્યું છે" આ મનમાંકડાને વશ કરવા માટે પ્રતિલેખના કરતાં બોલ ચિન્તવવાનું વિધાન છે. તે બોલ, અને તે કયા કયા પ્રસઙ્ગે કયા કયા અઙ્ગનો સ્પર્શ કરતાં ચિન્તવવા વિગેરે વર્ણન આ ગ્રન્થના પહેલા ભાગમાં આપેલું ત્યાંથી જોઈ લેવું. અહીં અમે કંઈક વિશેષ જણાવવા ઈચ્છીએ છીએ.

પ્રતિદિન વસ્ત્ર–પાત્રાદિની પ્રતિલેખના કરતાં ચિન્તવવાના એ બોલ આત્મશુદ્ધિ કરવા સાથે આત્માને સંયમમાં સ્થિર કરનારા છે, એટલું તો એ બોલના સામાન્ય અર્થને વિચારતાં પણ સમજાય તેવું છે. પણ તે શી રીતે કરે? એ સમજવાની જરૂર છે. પ્રતિલેખના માત્ર વસ્ત્રોને કે પાત્રોને ખંખેરવાની ક્રિયા નથી, એમાં ગમ્ભીર આશય રહેલો છે. એટલી શ્રદ્ધા તો જોઇએ કે અનન્ત ઉપકારી શ્રીતીર્થંકરદેવો, શ્રીગણધરો અને તે પછીના અનેક મહર્ષિઓ જેને સ્વીકારી ગયા અને શીખવાડી ગયા, તે ક્રિયા સામાન્ય ન હોય. ભલે, અલ્પબુદ્ધિવાળો હું એને સમજી ન શકું, પણ એની પાછલ ગમ્ભીર મહત્ત્વ અને આવશ્યકતા હોવી જોઇએ. એટલી શ્રદ્ધા વિના આ તત્ત્વને ઓળખી શકાય તેવું નથી. તે તે મુહપત્તિ વિગેરે વસ્ત્રનો શરીરની સાથે સ્પર્શ કરતાં જે જે દોષોને બોલતાં 'પરિહરૂં' અને જે જે ગુણોને બોલતાં 'આદરૂં' ચિન્તવવાનું છે, તે તે ચિન્તવતાં તે તે દોષોનો પરિહાર અને ગુણોનું પ્રગટીકરણ થાય છે.

જીવને હાસ્ય–રતિ–અરતિ વિગેરે ભાવો તે તે નામનાં કર્મોના ઉદયથી થાય છે, તે કર્મો પુદ્ગલરૂપ છે, તે તે બોલના ચિન્તન પૂર્વક તે વસ્ત્રાદિનો તે તે રીતે સ્પર્શ કરવાથી તે પુદ્ગલો દૂર થવાનો સંભવ છે. જેમ શરીરનાં અમુક અમુક અઙ્ગોને સ્પર્શ કરવાથી કામવાસના, હર્ષ, શોક, રોષ, અભિમાન, વિગેરે ભાવો જાગે છે, તેમ મુહપત્તિ આદિના તે તે સ્પર્શથી તે તે દોષો શાન્ત પણ થાય એ નિર્વિવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સાપેક્ષ યતિધર્મ છે, એમ ક્રિયાપદ સાથે સમ્બન્ધ સમજવો. અહીં 'પ્રતિલેખના સામાન્યતયા ઉપકરણોની સમજવી' એમ પહેલાં જણાવ્યું છે, તો પણ પાત્રોની પ્રતિલેખનાનું વર્ણન આગળ કહેવાનું હોવાથી અહીં પ્રાતઃકાળની વસ્ત્રોની પ્રતિલેખના સમજવી. યતિદિન ચર્યામાં પણ એમ જ કહ્યું છે કે—

**" पेहिज्ज दिणारंभे, दसगं उग्घाडपोरिसीसमए ।**
**पत्ताणं निज्जोगं, सव्वं पुण पच्छिमे जामे ॥" यतिदिनचर्या गा० २८७॥**

**ભાવાર્થ**—"દિવસના પ્રારમ્ભમાં (વસ્ત્રાદિ) દશ વસ્તુની, ઉગ્ઘાડાપોરિસી વખતે પાત્ર અને પાત્રબન્ધન–પડલા–ગુચ્છા વિગેરે પાત્રોના ઉપકરણોની, તથા છેલ્લા પ્રહરે વસ્ત્ર–પાત્ર વિગેરે સઘળી વસ્તુઓની પ્રતિલેખના કરવી,"

આ દશ એટલે ૧–મુખવસ્ત્રિકા, ૨–રજોહરણ, ૩–૪–બે નિષદ્યા (ઓઘાનાં અન્દર–ઉપરનાં બે વસ્ત્રો), ૫–ચોલપટ્ટો, ૬–૭–૮–ત્રણ કપડા (કામળી અને બે સૂત્રાઉ), ૯–સંથારીયું અને ૧૦–ઉત્તરપટ્ટો, એટલી વસ્તુની પ્રતિલેખના સૂર્યોદય થતા પહેલાં જ કરવી. કહ્યું છે કે—

**" मुहपत्ती रयहरणं, दुन्नि निसज्जा य चोल कप्पतिगं ।**
**संथारुत्तरपट्टो, दस पेहाणुग्गए सूरे ॥" यतिदिनचर्या–६० ॥**

---

સમજાય તેવું છે. આ હકિકત વર્ત્તમાનમાં 'મેસમેરિઝમ'ની ક્રિયાથી પણ સિદ્ધ થઈ ચૂકી છે, ઉપરાન્ત લૌકિક જીવનમાં પણ આવા અનેક વ્યવહારો જોવાય છે. કોઈ કોઈ રોગને શાન્ત કરવાના આવા ઉપાયો આજે પણ લોકો કરે છે અને તેમાં સફળતા પણ મેળવે છે. જેમકે–આંખે લાગેલા ઝોકાની લાલાશ, સાપ–વિંછી વિગેરેનું ઝેર, ભૂત–પ્રેતાદિનો વળગાડ, ગરમીથી લાગેલી લુ, વિગેરેને દૂર કરવાના આવા ઉપાયો લોકો કરે છે અને તેથી થતો લાભ પણ દેખાય છે. માતા પુત્રના શરીરે પ્રેમ પુર્વક હાથ ફેરવે, કે માલિક પોતાના ઘોડા, બળદ, ગાય, ભેંસ વિગેરે પશુઓ ઉપર પ્રસન્નતાથી હાથ ફેરવે, તો તેનો શોક અને થાક વિગેરે ઉતરી જવા સાથે પ્રસન્નતા અને આરામ થાય છે, તેમ અહીં પણ સમજવાનું છે. ધાર્મિક અનુષ્ઠાનોમાં જૈનેતરો પણ આવો વિધિ કરતા દેખાય છે. બ્રાહ્મણો વિગેરે ગાયત્રી બોલતાં હાથથી અઙ્ગને સ્પર્શ કરે છે, કોઈ ડાભના ઘાસથી, તો કોઈ શ્રુતિથી અઙ્ગને સ્પર્શે છે, મુસલમાનો નિમાજ પઢતાં જુદી જુદી રીતે અમુક અમુક અઙ્ગોને સ્પર્શ કરે છે, જૈનો પણ ભિન્ન ભિન્ન મુદ્રાઓ કરતાં તથા આત્મરક્ષા માટે જિનપઞ્જરાદિ સ્તોત્રોને બોલતાં પણ તે તે અઙ્ગોને સ્પર્શ કરે છે અને તેથી લાભ થાય છે, વિગેરે સર્વત્ર પ્રસિદ્ધ છે. એ જ ન્યાયે પ્રતિલેખના કરતાં પણ તે તે બોલ બોલતાં તે તે અઙ્ગ સાથે મુખવસ્ત્રિકા વિગેરેનો સ્પર્શ કરવાથી તે તે ગુણો પ્રગટે અને દોષો ટળે એ પણ સહજ સમજાય તેવું છે. માત્ર શ્રદ્ધા પૂર્વકનો તેવો પ્રયત્ન અને પ્રણિધાન (ધ્યેય) જોઇએ. શ્રીજિનેશ્વરોએ કહેલા ભાવોને સમજ્યા વિના અનાદરથી કરનારને ભલે તે સફળ ન થાય, પણ તે કદી અસત્ય નથી 'પ્રતિલેખના કરવાથી આઠેય કર્મોનો નાશ થવાથી મોક્ષ થાય છે' એમ તેઓએ કહેલું સત્ય જ છે. જૈન સાહિત્યપ્રસિદ્ધ મહાત્મા શ્રીવલ્કલચીરી તાપસપણામાં પાત્રોને પ્રમાર્જતાં પ્રમાર્જતાં કેવળી થયા તે પૂર્વભવની કરેલી શુદ્ધ પ્રતિલેખનાનું ફળ હતું. એમ વિચાર કરતાં સમજાશે કે પ્રતિલેખના એક આત્મ–શુદ્ધિનું આવશ્યક અને પ્રધાન અઙ્ગ છે, માટે સાધુને પ્રતિદિન બે વખત અને શ્રાવકને પણ પૌષધ વિગેરેમાં પ્રતિલેખના અવશ્ય કરવાનું વિધાન છે. દિવસમાં અનેક વાર મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરતાં બોલાતા બોલ અને તેનું રહસ્ય ઉપયોગ પૂર્વક વિચારનારો અવશ્ય આત્મહિત કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–સૂર્યોદય પહેલાં મુહપત્તિ, રજોહરણ, બે નિષદ્યા, ચોલપટ્ટો, ત્રણ કપડા, સંથારો અને ઉત્તરપટ્ટો, એ દશની પ્રતિલેખના કરવી.”

નિશીથની ચૂર્ણિમાં અને બૃહત્કલ્પની ચૂર્ણિમાં ૧૧મો દણ્ડ પણ કહ્યો છે. આ પ્રતિલેખનાનો ક્રમ આ પ્રમાણે છે–પ્રથમ ખમાસમણ દેવા પૂર્વક પ્રતિલેખનાનો આદેશ મેળવીને પછી મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરી પ્રકાશવાળા સ્થાને ઉત્કુટુક આસને (ઉભા પગે) બેસીને રજોહરણનું પ્રતિલેખન કરે, તેમાં પણ સવારે પહેલાં અંદરનું સૂત્રમય (નિશેથિયું) અને ચોથા પ્રહરે બહારનું ઊનનું (ઓઘારીયું) પડિલેહવું. કારણ કહ્યું છે કે–

**“ दाऊण खमासमणं, पुत्तिं पडिलेहिऊण उक्कुडुओ ।**
**पडिलेहइ रयहरणं, पयासदेसट्ठिओ सम्मं ॥८०॥**
**पडिलेहिज्जइ पढमं, पभायपडिलेहणाइ रयहरणं ।**
**अब्भंतरा निसज्जा, मज्झण्हे बाहिरा पढमं ॥८१॥” यतिदिनचर्या ॥**

**ભાવાર્થ**–“ખમાસમણ દઈને પ્રથમ મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરી, પ્રકાશવાળા સ્થાને ઉત્કુટુક આસને બેસીને વિધિપૂર્વક રજોહરણનું પ્રતિલેખન કરે, તેમાં પ્રભાતના રજોહરણના પ્રતિલેખનમાં પ્રથમ અંદરના નિષેથિયાનું અને મધ્યાહ્નને (ચોથા પ્રહરે) પ્રથમ બહારના નિશેથિયાનું (ઓઘારીયાનું) પડિલેહણ કરે.” તે પછી ચોલપટ્ટાનું[૬૬] પડિલેહણ કરીને ખમાસમણ પૂર્વક–ઈચ્છકારી ભગવન્ પસાઉ કરી (પ્રસન્ન થઈને) પડિલેહણાં (સ્થાપનાચાર્ય તથા વડીલાદિનાં ઉપકરણો વિગેરે) પડિલેહાવો ! (પડિલેહવાની અનુમતિ આપો !) એમ આદેશ માગીને તેર પડિલેહણાથી[૬૭] (બોલથી) શ્રીસ્થાપનાચાર્યને પડિલેહીને યોગ્ય સ્થાને પધરાવીને ખમાસમણ દેવાપૂર્વક

૬૬–પ્રાચીન કાળમાં કન્દોરો રાખવાનો વ્યવહાર ન હતો, વર્તમાનમાં તો કન્દોરાનું પ્રતિલેખન કરી તેને બાંધવામાં ગાંઠ વાળવાથી થતી અયતનાના કારણે ઈરિ૦ પ્રતિક્રમણ કરી પછી ખમા૦ દઈને આગળનો વિધિ કરાય છે. વર્તમાનમાં જે પાંચવસ્તુનું પ્રતિલેખન પ્રારમ્ભમાં કરાય છે તેમાં ૧–મુખવસ્ત્રિકા ૨–૩–ઓઘાનું અંદરનું બહારનું નિષેથિયું, આ બહારના નિષેથિયાનો જ ઉપયોગ પૂર્વકાળે બેસવામાં (આસન રૂપે) થતો, તેથી જ વર્તમાનમાં ઓઘો, પછી આસન એમ ૨–૩ ગણાય છે, ઉપર જણાવેલા વિધિથી સમજાશે કે સવારે પહેલાં ઓઘો પછી આસન થાય છે તે બહારના નિષેથીયાનો નંબર ત્રીજો છે માટે. સાંજે પહેલાં આસન પછી ઓઘો પડિલેહાય છે તે સાંજે પહેલું બહારનું ગરમ નિષદ્યા પડિલેહવાનું છે માટે. નિશેથિયું એ ‘નિષદ્યા’નું અપભ્રંશ થયેલું છે, મૂળ ‘નિષદ્યા’ એટલે બેસવાનું આસન. ૪–૫ ચોલપટ્ટો અને કન્દોરો. આ ચોલપટ્ટો કન્દોરો સાધુને શરીર સાથે સમ્બન્ધવાળાં હોવાથી પાંચમાં તેને ગણેલાં છે. એમ શરીરની સાથે અવશ્ય રાખવાનાં પાંચ વસ્ત્રોનું પડિલેહણ પ્રથમ કરવાનું છે. તેના ઉપલક્ષણથી સાધ્વીને શરીર ઉપર અવશ્ય રાખવાનાં વસ્ત્રો ‘કઞ્ચુકો’ વિગેરે પણ પ્રથમ પડિલેહણામાં સમજી લેવાં. કારણ વિચારતાં સમજાશે કે પડિલેહેલો સાડો અણપડિલેહેલા કઞ્ચુક વિગેરેની સાથે પહેરી રાખવાથી તેનો સ્પર્શ થતાં પડિલેહેલા શરીરની અને સાડાની પડિલેહણા પણ નિષ્ફળ થાય. મુખ્ય માર્ગે નહિ પડિલેહેલી વસ્તુ પડિલેહેલી વસ્તુને સ્પર્શે તો પડિલેહેલી વસ્તુનું પડિલેહણ નિષ્ફળ થાય, પુનઃ કરવું પડે, એમ વર્તમાનમાં બૃહદ્યોગની ક્રિયામાં રખાતા સઙ્ઘટ્ટાના પ્રસઙ્ગથી પણ સમજાય છે. વિશેષ ખુલાસો ગીતાર્થો દ્વારા મેળવવો.

૬૭–૧–શુદ્ધસ્વરૂપના ધારક ગુરૂ, ૨થી૪–શુદ્ધ જ્ઞાનમય, શુદ્ધ દર્શનમય, શુદ્ધ ચારિત્રમય, ૫થી૭–શુદ્ધ શ્રદ્ધામય, શુદ્ધ પ્રરૂપણામય, શુદ્ધ સ્પર્શનામય, ૮થી૧૦–પંચાચારપાળે, પંચાચાર પલાવે, પંચાચાર અનુમોદે, ૧૧થી૧૩–મનગુપ્તિએ ગુપ્ત, વચનગુપ્તિએ ગુપ્ત, કાયગુપ્તિએ ગુપ્ત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'उवहिमुहपुत्तिं पडिलेहेमि' એમ કહી આદેશ મેળવીને મુખવસ્ત્રિકાનું પડિલેહણ કરે. તે પછી એક ખમાસમણથી ઉપધિને સંદિસાવીને બીજા ખમાસમણથી ઉપધિને પડિલેહવાનો આદેશ માગીને શેષ ઉપધિ (વસ્ત્રો)નું પ્રતિલેખન કરે. તેમાં પહેલો ઊનનો કપડો (કામળી), પછી સુતરાઉ બે કપડા, તે પછી સંથારીયું, અને પછી ઉત્તરપટ્ટો, એમ સૂર્યોદય પહેલાંની પ્રતિલેખનાનો ક્રમ કહ્યો. તે વાત યતિદિનચર્યામાં રજોહરણના પડિલેહણ પછીના પ્રસઙ્ગે કહી છે કે—

"अह लहुवंदणजुयं, काउं निम्मवइ अंगपडिलेहं ।
ठवणायरिअं तत्तो, पडिलेहइ ठवइ ठाणंमि ॥८२॥
मुहणंतगपडिलेहा, पुव्वि दो चेव थोभवंदणए ।
काऊण संदिसावइ, उवहिं पडिलेहए तत्तो ॥८३॥" यतिदिनचर्या ॥

**ભાવાર્થ**—"તે પછી બે લઘુવન્દન (ખમા૦) દઈને અઙ્ગનું પડિલેહણ કરે, પછી સ્થાપનાચાર્યનું પ્રતિલેખન કરીને તેને યોગ્ય સ્થાને પધરાવીને ઉપધિમુહપત્તિનું પ્રતિલેખન કરે, બે થોભવન્દન (ખમાસમણ) આપીને ઉપધિને સંદિસાવી તે પછી ઉપધિનું પ્રતિલેખન કરે. (૮૨) ઉપધિની પ્રતિલેખનામાં પ્રથમ વસ્ત્રાદિ ઉપકરણોને લેવાનું સ્થળ એટલે પકડવાનો છેડો વિગેરે, તેને મૂકવાનું સ્થળ અને એકથી બીજે સ્થાને ફેરવવું હોય ત્યારે તે પણ સ્થળ દૃષ્ટિથી જોવું અને રજોહરણાદિથી પ્રમાર્જવું જોઈએ." (૮૩) એ વાત ઓઘનિર્યુક્તિ ભાષ્યમાં પણ કહી છે કે—

"उवगरणाईयाणं, गहणे निक्खेवणे य संकमणे ।
ठाणनिरिक्खपमज्जण, काउं पडिलेहए उवहिं ॥" ओघनि० भाष्य–१५७)

**ભાવાર્થ**-ઉપકરણાદિને લેવામાં, મૂકવામાં, અને એકથી બીજા સ્થાને ફેરવવામાં, તે તે સ્થાનને (દૃષ્ટિથી) જોઇને–પ્રમાર્જીને ઉપધિનું પડિલેહણ કરવું"

અહીં મૂળ શ્લોકમાં 'સમ્યક્' પદ કહીને વસ્ત્રોના પ્રતિલેખનનો સકળ વિધિ સૂચવ્યો છે, તે વિધિ ઓઘનિર્યુક્તિ–પઞ્ચવસ્તુક વિગેરે ગ્રન્થોમાં આ પ્રમાણે કહેલો છે.

"उड्ढं १ थिरं २ अतुरिअं ३, सव्वं ता वत्थ ४ पुव्वपडिलेहे ।
तो बीयं पप्फोडे, तइअं च पुणो पमज्जे(ज्जि)ज्जा ॥(ओघनि० गा०२६४)

**વ્યાખ્યા**—અહીં ૧–ઊર્ધ્વ શબ્દથી આચાર્યના (ભાષ્યકારના) મતે વસ્ત્ર અને શરીર બેનું ઊર્ધ્વપણું એમ અર્થ કરવામાં આવશે, પ્રશ્નકારનો એ વિષયમાં શું મત છે? તે આગળ કહેવાશે, વસ્ત્રનું ઊર્ધ્વપણું એટલે તે જમીનને ન સ્પર્શે તેમ ઉંચું પકડીને પ્રતિલેખના કરવી, ૨–'थिरं' એટલે સ્થિર, અર્થાત્ સારી રીતે (પડી ન જાય તેમ) પકડીને પ્રતિલેખના કરવી, ૩–'अतुरिअं' એટલે ત્વરા વિના, ધીમે ધીમે પડિલેહણ કરવું, અને ૪–'सव्वं' એટલે સર્વ અર્થાત્ સમ્પૂર્ણ. તેમાં પહેલાં દૃષ્ટિથી એક બાજુથી વસ્ત્રને સમ્પૂર્ણ જોવું અને પછી પાસું ફેરવીને બીજી બાજુથી એમ સમ્પૂર્ણ જોવું, 'तो बीअं पप्फोडे' એટલે 'તે પછી બીજીવાર વસ્ત્રનું પ્રસ્ફોટન કરવું.' અર્થાત્ છ પુરિમો કરવાં, (બે છેડેથી ત્રણ ત્રણ વાર નચાવવું,) 'तइअं ज पुणो पमज्जिज्जा' એટલે ત્રીજી વખતે વસ્ત્રમાંથી હાથ ઉપર પડયા હોય તે જીવોનું તે વસ્ત્રથી જ પ્રમાર્જન કરવું. હવે આ ગાથાની ભાષ્યકારે કરેલી વ્યાખ્યા જણાવીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" वत्थे-काउद्धंमि अ, परवयण-ठिओ गहाय दसिअंते ।
तं न भवइ उक्कुडुओ, तिरिअं पेहे जह विलित्तो ।।ओघनि० भा० गा० १५९।।

**વ્યાખ્યા**–ઊર્ધ્વ બે પ્રકારે–એક વસ્ત્રનું, બીજું કાયાનું. એમ આચાર્યે કહ્યું ત્યારે 'परवयण'=પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે–'ठिओ गहाय दसिअंते'=ઉભો ઉભો વસ્ત્રને દશીઓના અન્તેથી (છેડેથી) પકડીને પ્રસ્ફોટન કરે તો જ અહીં કહ્યું તેમ વસ્ત્ર અને કાયા બન્ને ઊર્ધ્વ બને! ત્યારે આચાર્ય કહે છે કે પ્રશ્નકારે કહ્યું તે બરાબર નથી, કારણ કે 'उक्कुडुओ तिरिअं पेहे'= ઉત્કુટુક (ઉભાપગે) બેઠેલો વસ્ત્રને (સામે) તિર્છું પહોળું કરીને પડિલેહણા કરે. તે જ અમારા મતે કાયોર્ધ્વ અને વસ્ત્રોર્ધ્વ છે, બીજી રીતે નહિ. જેમ શરીરે કંઈ ચન્દનાદિનું વિલેપન કર્યું હોય ત્યારે વિલેપનના રક્ષણ માટે પરસ્પર અઙ્ગોનો કે અઙ્ગો સાથે વસ્ત્રનો સઙ્ઘટ્ટો ન થાય તેમ રાખે, એ રીતે અહીં પણ પરસ્પર અઙ્ગોનો કે અઙ્ગ સાથે વસ્ત્રનો સઙ્ઘટ્ટો ન થાય તેમ વસ્ત્રને પકડીને પ્રતિલેખના કરે. એ રીતે ઉભાપગે બેસવું તે અહીં 'કાયોર્ધ્વ' અને વસ્ત્રને 'તિર્છું પહોળું કરવુ' તે 'વસ્ત્રોર્ધ્વ' સમજવું. એ નિર્યુક્તિની ગાથાનું 'उड्ढ' પદ કહ્યું, હવે 'સ્થિર' વિગેરે પદોની ભાષ્યકારે કરેલી વ્યાખ્યા કહે છે કે—

" घित्तुं थिरं अतुरिअं, तिभागवुद्धीई चक्खुणा पेहे ।
तो बिइअं पप्फोडे, तइअं च पुणो पमज्जेज्जा ।।" (ओघनि० भा० गा० १६०)

**વ્યાખ્યા**–વસ્ત્રને સ્થિર એટલે દૃઢ પકડીને 'અત્વરિત' એટલે શીઘ્રતા રહિત પ્રતિલેખના કરવી, તેમાં બુદ્ધિથી વસ્ત્રના ત્રણભાગ કલ્પીને ચક્ષુથી એક એક ભાગ જોતાં ત્રણ વારમાં પૂર્ણ વસ્ત્ર જોઈ લેવું. તે પછી બીજી વખત 'પ્રસ્ફોટન' અને ત્રીજી વારે 'પ્રમાર્જના' કરવી, બેનો અર્થ ઉપર કહી ગયા તેમ સમજવો. અન્યત્ર તો એવો પાઠ છે કે—

" अंगुट्ठअंगुलीहिं, घेत्तुं वत्थं तिभागबुद्धीए ।
तत्तो अ असंभंतो, थिरं ति थिरचक्खुणा पेहे ।।" (पञ्चव० गा० २३५)

**વ્યાખ્યા**–"હાથના અંગુઠા અને આંગળીઓથી વસ્ત્રને પકડીને વસ્ત્રના ત્રણ ભાગ કલ્પીને એકાગ્રચિત્તે ચક્ષુને સ્થિર રાખીને જુવે." તથા—

" परिवत्तिउं(अं) च सम्मं, अतुरिअमिति अद्दुअं पयत्तेणं ।
वाउजयणानिमित्तं, इहरा तक्खोभमाईआ ।।" (पञ्चव० गा० २३६)

**વ્યાખ્યા**–સારી રીતે ફેરવેલું બીજું પડખું વાયુકાયની વિરાધના ન થાય તે માટે ધીમે ધીમે પડિલેહણ કરવું, અન્યથા વાયુકાયનો ક્ષોભ (વિરાધના) વિગેરે દોષો લાગે." તથા—

" इअ दोसुवि पासेसु, दंसणओ सव्वगहणभावेणं ।
सव्वं ति निरवसेसं, ता पढमं चक्खुणा पेहे ।।" (पञ्चव० गा० २३७)

**વ્યાખ્યા**–"सव्वं=બે પડખેથી જોવાથી સઘળું જોવાઈ જાય તેમ વસ્ત્રને સમ્પૂર્ણ પ્રથમ એ રીતે ચક્ષુથી જુવે" હવે પડિલેહણ નહિ કરવાથી (કે જેમ તેમ કરવાથી) દોષો લાગે તે કહે છે—

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

" अहंसणंमि अ तहा, मुइंगईआइआण जीवाणं ।
तो बीअं पप्फोडे, इहरा संकामणे विहिणा ॥" (पञ्चवस्तु गा० २३८)

**વ્યાખ્યા**–" પડિલેહણ કરવા છતાં કીડી આદિ જીવો દેખવામાં ન આવે તો (પ્રથમ કરેલા પુરિમની અપેક્ષાએ) બીજી વાર પ્રસ્ફોટન કરે, અને જીવો દેખાય તો તેઓનું વિધિપૂર્વક (હિંસા ન થાય તેમ અન્યત્ર) સંક્રામણ કરે, અર્થાત્ ઉતારીને બીજે મૂકે. હવે પ્રસ્ફોટન કેવી રીતે કરે તે કહે છે—

" अणच्चाविअं अच(व)लिअं, अणाणुबंधि अमोसलिं चेव ।
छप्पुरिमा नवखोडा, पाणीपाण(णि)पमज्जणं ॥" ओघनि० द्वारगा०२६५)

**વ્યાખ્યા**–" પડિલેહણ કરનારે अणच्चाविअं=વસ્ત્રને અથવા આત્માને (મનને–ધ્યાનને) નચાવવો જોઇએ નહિ, તથા अवलिअं=વસ્ત્ર અને શરીરને નહિ નમેલું (અચળ) રાખવું, (પ્રતિલેખનાની ક્રિયા સિવાય જેમ તેમ ઉંચું નીચું કરવું નહિ,)अणाणुबंधि=પ્રતિલેખનમાં આસ્ફોટન–પ્રસ્ફોટન–પ્રમાર્જન, વિગેરે સતત નહિ કરતાં આંતરે આંતરે તેને કરવાના વિધિ પ્રમાણે કરવા, 'अमोसलिं'= પડિલેહણમાં મુશળના જેવી ક્રિયા ન કરવી, જેમ મુશળ એકદમ ઉંચે, વળી ત્યાંથી નીચે કે તિર્છું અથડાય, તેવી રીતે પ્રતિલેખના ન કરવી, કિન્તુ પડિલેહણ કરનારની ઉપર પીઠભાગમાં વસ્ત્ર તિર્છું, ભીંતે કે નીચે જમીન સાથે ન અથડાય તેમ પ્રતિલેખન કરવું. 'छ पुरिम'= વસ્ત્રનું પોતાની સામેનું એક પડખું દૃષ્ટિથી સમ્પૂર્ણ જોઇને પહેલા ત્રણ 'પુરિમ' કરવા, બીજું પડખું બદલી તેને સમ્પૂર્ણ જોઇને બીજીવાર ત્રણ પુરિમ કરવા. એમ બે વખતના મળીને છ પુરિમ એટલે છ વાર 'પ્રસ્ફોટન' કરવું.[૬૮] હવે 'नवखोडं'=પડિલેહણમાં હાથની ઉપર નવ 'અક્ખોડા' કરવા. તે 'पाणी पाणि पमज्जणं'=હાથ ઉપર 'કુન્થુઆ' વિગેરે જીવો ઉતર્યા હોય તેનું નવ વાર 'પ્રમાર્જન કરવું. આ નિર્યુક્તિની દ્વાર ગાથા કહી, હવે એની ભાષ્યકાર વ્યાખ્યા કરે છે.

" वत्थे अप्पाणंमि अ, चउह अणच्चाविअं अवलिअं च ।
अणुबंध निरंतरया, तिरिउड्ढह घट्टणा मुसली ॥" (ओघनि० भा० १६१)

**વ્યાખ્યા**–અહીં વસ્ત્ર અને આત્મા' બે પદોથી ચતુર્ભઙ્ગીનું સૂચન કર્યું છે, તે 'ચાર પ્રકારે અનચાવવું' આ રીતે બને છે, પહેલા ભાંગામાં 'વસ્ત્ર અને આત્મા બેને નહિ નચાવવાં' (આત્માને નહિ નચાવવો એટલે મનને ચંચળ નહિ બનાવતાં એકાગ્ર બનવું), બીજા ભાંગામાં 'વસ્ત્રને નહિ નચાવવું–આત્માને નચાવવો.' ત્રીજા ભાંગામાં 'વસ્ત્રને નચાવવું આત્માને નહિ નચાવવો' અને ચોથા ભાંગે 'બન્નેને નચાવવાં.' તેમાં પહેલો ભાંગો શુદ્ધ જાણવો. એ પ્રમાણે

૬૮–આ પ્રસ્ફોટન=વસ્ત્રને એક એક બાજુ જોઇને ત્રણ ત્રણ વાર નચાવવું, તે પછી વધુટક કરીને (વસ્ત્રને આંગળીઓ વચ્ચે દબાવીને–પકડીને) હથેળીથી કોણી તરફ લઈ જતાં ત્રણવાર ત્રણ ત્રણ વખત નચાવવું તે 'નવ આસ્ફોટક' અને તેની વચ્ચે વચ્ચે વસ્ત્રને કોણીથી હથેળી તરફ લઈ જતાં વસ્ત્ર વડે હાથની (કુન્થુઆદિની રક્ષા માટે) પ્રમાર્જના કરાય તે પણ ત્રણવાર ત્રણ ત્રણ કરાતી હોવાથી 'નવ પ્રમાર્જના' કહેવાય છે. આ આસ્ફોટક અને પ્રમાર્જના એક બીજાના આંતરે ત્રણ ત્રણ વખત ત્રણ ત્રણ વાર કરાતાં હોવાથી કુલ નવ આસ્ફોટક અને નવ પ્રમાર્જના થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અવલિત' પદના પણ 'વસ્ત્ર અને શરીર' બેના યોગે ચાર ભાંગા થાય, તેમાં પહેલો ભાંગો શુદ્ધ જાણવો. અનુબન્ધનો અર્થ 'નિરન્તર-સતત' થાય છે, તેથી નિરન્તર પ્રતિલેખના નહિ કરવી, કિન્તુ 'પુરિમ-પ્રસ્ફોટન-પ્રમાર્જના' વિગેરે એક બીજાની વચ્ચે-આંતરે આંતરે કરવાં, તથા 'મુશલીક્રિયા' ત્રણ પ્રકારે થાય, ૧-તિર્છું ૨-ઊર્ધ્વ અને ૩-અધઃ, એમ ત્રણ સ્થળે સંઘટ્ટે, અર્થાત્ પ્રત્યુપેક્ષણા કરનાર વસ્ત્રથી તિર્છું ભીંત વિગેરેને, 'ઉપર છત-માળ' વિગેરેને અને નીચે જમીનને સ્પર્શ કરે તે 'મુશલીક્રિયા' કહેવાય. આવી મુશલીક્રિયા ન કરવી, અર્થાત્ પ્રત્યુપેક્ષણા કરતાં વસ્ત્રને ક્યાંય સ્પર્શ ન થવા દેવો. હવે 'છ પ્પુરિમ' ની વ્યાખ્યા કરે છે—

"छप्पुरिमा तिरिअकए, नव अक्खोडा तिन्नितिन्नि अंतरिआ ।
ते उण विआणिअव्वा, हत्थंमि पमज्जणतिएणं ॥" (पञ्चव० गा० २४२)

**વ્યાખ્યા**–છ પ્રસ્ફોટનોને 'પુરિમ' એટલે પ્રથમ કરવાં. અર્થાત્ પ્રથમ વસ્ત્રને સામે પહોળું કરીને બન્ને બાજુથી જોવું, પછી નવ 'આસ્ફોટક' ત્રણ ત્રણ આંતરે આંતરે કરવા, તે ક્યાં કરવા ? હાથ ઉપર. કોને આંતરે ? ત્રણ ત્રણ પ્રમાર્જનાના આંતરે. હવે એ પ્રમાર્જનાનું સ્વરૂપ કહે છે—

"तइअं पमज्जणमिणं, तव्वण्णऽदिस्ससत्तरक्खट्ठा ।
तक्खणपमज्जिआए, तब्भूमीए अभोगाओ ॥" (पञ्चव० गा० २४३)

**વ્યાખ્યા**—ત્રીજા દ્વારમાં પ્રમાર્જના છે, આ પ્રમાર્જના 'તદ્વર્ણ' એટલે હાથના જેવા સમાન વર્ણવાળા હોવાથી નહિ દેખાય તેવા જીવોના રક્ષણ માટે કરાય છે. (પ્રસ્ફોટક કરતાં) 'હાથ ઉપર જીવ ઉતર્યો હોય તો તેની રક્ષા થાય' એવી સંભાવનાથી (ઉદ્દેશથી) કરાતી આ પ્રમાર્જના સફળ છે. અહીં શાસ્ત્રકારોની એ યુક્તિ છે કે-જ્યાં તત્ક્ષણ પ્રમાર્જના કરી હોય તે ભૂમિની પડિલેહણા કર્યા પછી પુનઃ પ્રમાર્જના ન થાય ત્યાં સુધી તે અભોગ (વપરાતી નહિ) હોવાથી આ પ્રમાર્જના સફળ છે. હવે—

"विहिपाहण्णेणेवं, भणिअं पडिलेहणं अओ उड्ढं ।
एअं चेवाह गुरू, पडिसेहपहाणओ णवरं ॥" (पञ्चव० गा० २४४)

**વ્યાખ્યા**—અહીં સુધી પડિલેહણાનું સ્વરૂપ વિધિની પ્રધાનતાએ એટલે પડિલેહણામાં શું શું કરવું જોઇએ ? તેના વિધાનરૂપે કહ્યું, હવે એ જ પડિલેહણાને ગુરૂ (ભાષ્યકાર) પ્રતિષેધની પ્રધાનતાથી એટલે પડિલેહણમાં શું શું ન કરવું ? અર્થાત્ નિષેધરૂપે બીજા પ્રકારે કહેશે. તેમાં માત્ર એ હેતુ છે-કે ધર્મનું વર્ણન વિધિ (કરણીયનું વિધાન) અને નિષેધ (અકરણીયનો નિષેધ)એમ ઉભય વિષયક હોય છે. તેથી હવે નિષેધપ્રાધાન્ય પ્રતિલેખના કેવી કરવી? તે કહે છે કે—

"आरभडा संमद्दा, वज्जेअव्वा य मोसली तइआ ।
पप्फोडणा चउत्थी, विक्खित्ता वेइआ छट्ठी ॥" (ओघनि० द्वारगा० २६६)

**વ્યાખ્યા**—એક આરભટા, બીજી સંમર્દા, ત્રીજી મુશલી, ચોથી પ્રસ્ફોટના, પાંચમી વિક્ષિપ્તા અને છટ્ઠી વેદિકાબદ્ધ, એ છ પ્રકારની પડિલેહણા ન કરવી. પઞ્ચવસ્તુમાં તો મુશલીને બદલે 'અસ્થાનસ્થાપના' એવો પાઠ છે. અર્થાત્ પડિલેહણામાં એ છ દોષો નહિ સેવવા. હવે આ દ્વાર ગાથામાં કહેલાં છ દ્વારોની ભાષ્યકાર વ્યાખ્યા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" वितहकरणे च तुरिअं, अण्णं अण्णं च गिण्हणाऽऽरभडा ।
अंतो तु हुज्ज कोणा, निसिअण तत्थेव सम्मद्दा ॥ (ओघनि० भा० गा० १६२)

**વ્યાખ્યા**—'વિતથ' એટલે વિપરીત કરવું, અથવા આકુલપણે બીજું બીજું વસ્ત્ર લઈને શીઘ્ર શીઘ્ર પડિલેહવું તેને ૧-'આરભટા' પડિલેહણા કહી છે, માટે તેવી વિપરીત કે ત્વરાથી પ્રતિલેખના કરવી નહિ. 'અંતો' એટલે પડિલેહણા કરતાં વસ્ત્રના છેડા વસ્ત્રના મધ્ય ભાગ તરફ વળી જાય તેને, અથવા પડિલેહણા ઉપધિ ઉપર બેસીને તેની પ્રતિલેખના કરવી તેને પણ ૨-'સંમર્દા' કહી છે. માટે તેવી પ્રતિલેખના ન કરવી. તથા—

" मोसलि(ली)पुव्वुद्दिट्ठा, पप्फोडण रेणुगुंडिए चेव ।
विक्खेवं तुक्खेवो, वेइअपणगं च छद्दोसा ॥" (ओघनि० भा० गा० १६३)

**વ્યાખ્યા**—'મુશલી'નું વર્ણન પાછળ કહી આવ્યા. પઞ્ચવસ્તુકમાં તો 'गुरुवग्गहा अठाणं' એવો પાઠ છે, તેનો અર્થ 'ગુરૂના અવગ્રહમાં વિગેરે અસ્થાને' એવો થાય છે. અર્થાત્ પ્રતિલેખન કરેલી પોતાની ઉપધિને ગુરૂના અવગ્રહમાં નહિ મૂકવી. (કારણ કે-ગુરૂની અવગ્રહિત ભૂમિને વાપરવાથી શિષ્યને દોષ લાગે છે. એમ કહેલું છે.) ૪-'પ્રસ્ફોટન' એટલે રજવાળાં વસ્ત્રને ગૃહસ્થ ઝાટકે તેમ પડિલેહણ કરતાં વસ્ત્રને ઝાટકવું નહિ, ૫-'વિક્ષેપણ' એટલે વસ્ત્રની પ્રતિલેખના કરીને (પાસે રાખવાને બદલે) પડદા વિગેરે ઉપર ઉંચે મૂકવું, અથવા છેડાઓ ઉંચે નાખવા (ઉંચે ટીંગાવવું) ઇત્યાદિ વિક્ષેપણ ન કરવું અને ૬-'વેદિકા પઞ્ચક' એટલે ઊર્ધ્વવેદિકા વિગેરે (હવે કહીશું તે) પાંચ પ્રકારની વેદિકા પ્રતિલેખનામાં ન કરવી, એ છ દોષો પ્રતિલેખનામાં વર્જવા. 'વેદિકા પઞ્ચક' માટે કહ્યું છે કે—

" उड्ढमहो एगत्तो, दुहओ अंतो अ वेइआपणगं ।
जाणूणमुवरि हेट्ठा, एगयरे दुण्ह बीअं तु ॥" (पञ्चवस्तु गा० १४८)

**વ્યાખ્યા**—૧-ઢીંચણો ઉપર હાથ (કોણી) મૂકીને પડિલેહણ કરવુ, ૨-ઢીંચણોની નીચે (બે સાથળો વચ્ચે) હાથ રાખવા, ૩-એક ઢીંચણને આંતરે બે હાથ રાખવા, ૪-બે હાથની વચ્ચે બે ઢીંચણો રાખવા અને ૫-અન્દર એટલે બે ઢીંચણોની વચ્ચે (ખોળામાં) બે ભુજાઓ રાખવી. એ રીતે હાથ રાખવાથી થતી પાંચ વેદિકાઓરૂપ દોષને પ્રતિલેખના કરનારે તજવો. બીજા પણ પ્રતિલેખનાના દોષો કહે છે—

" पसिढिलपलंबलोला, एगामोसा अणेगरूवधुणा ।
कुणइ पमाणिपमायं, संकिअगणणोवगं कुज्जा ॥ (ओघनि० गा० २६७)

**વ્યાખ્યા**-૧-'**પ્રશિથિલ**' એટલે વસ્ત્રને મજબૂત ન પકડવું અથવા સમ્પૂર્ણ પહોળું (વિસ્તાર) કર્યા વિના પકડવું, ૨-'**પ્રલમ્બ**' એટલે વાંકુ પકડીને લાંબું કરવું કે જેથી લમ્બકોણ (થાય) પકડાય, અર્થાત્ એક છેડેથી પકડીને લાંબુ કરવું, ૩-'**લોલન**' એટલે પડિલેહણા કરતાં અનાદરથી હાથ ઉપર કે જમીન ઉપર જેમ તેમ વસ્ત્રનો સ્પર્શ કરવો, ૪-'**એકામર્ષ**' એટલે પડિલેહતાં વસ્ત્રને વચ્ચેથી પકડીને એટલું જ પહોળું કરે કે તેનો ત્રીજો ભાગ બાકી જ રહી જાય, અર્થાત્ ત્રણ વિભાગે પહોળું કરીને જોવાને બદલે વચ્ચેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પકડી એક સાથે તેટલું જ પહોળું કરીને બાકીનો ભાગ જોયા વિનાનો જ રહે તેમ પડિલેહણા કરવી, કે ત્રણ આંગળીથી નહિ પકડતાં માત્ર એક (બે) આંગળીથી પકડવું, અથવા એકામર્ષને બદલે **અનેકામર્ષ**=એવો શબ્દ માનીએ તો વસ્ત્રને વિસ્તારતાં-અને પકડતાં અનેક સ્થળે સ્પર્શે તેમ અનેક વાર વસ્ત્રને જ્યાં ત્યાં સ્પર્શ કરતાં પડિલેહણા કરવી. ૫-**અનેકકમ્પન**' એટલે ત્રણ પુરિમો કરવા ઉપરાન્ત પણ વસ્ત્રને અનેક વાર કમ્પાવવું, અર્થાત્ ત્રણને બદલે ઘણાં પુરિમો કરવાં, અથવા બીજો અર્થ-ઘણાં વસ્ત્રોને ભેગાં પકડીને એક સાથે પુરિમો કરવાં, ૬-'**પ્રમાણમાં પ્રમાદ**' એટલે નવ અક્ખોડા અને નવ પ્રમાર્જના કરવાને બદલે પ્રમાદથી ન્યૂનાધિક કરવાં, અને ૭-**શઙ્કિતગણનોપગત**' એટલે પડિલેહણમાં પૂરિમ અક્ખોડા કે પ્રમાર્જના વિગેરેની 'ત્રણ-નવ' ઈત્યાદિ ગણનામાં શઙ્કા થવી. આવી શઙ્કા રહે તેમ ન કરવું. તાત્પર્ય કે-પૂરિમાદિ કરતી વેળા તેને ગણવામાં જે સાધુ પ્રમાદી હોય તે પાછળથી 'પૂરિમ' વિગેરે કેટલા થયા ? એવી શઙ્કાથી તેને ગણે, આવી કોઈ દોષથી દોષિત પડિલેહણા ન કરવી જોઇએ, એમ નક્કી થયું તો પડિલેહણા કેવી કરવી જોઈએ ? તે હવે જણાવે છે—

" अणूणाइरित्तपडिलेहा, अविवच्चासा तहेव य ।
पढमं पयं पसत्थं, सेसाणि उ अप्पसत्थाणि ॥१॥" (ओघनि० गा० २६८)

**વ્યાખ્યા**—૧. **અન્યૂનાતિરિક્તા** એટલે જેમાં પડિલેહણા-પ્રમાર્જના વિગેરે ન્યૂન કે અધિક ન હોય તેવી, તથા ૨-**અવિપર્યાસા** એટલે વસ્ત્રના ક્રમથી અને બાળ-વૃદ્ધ વિગેરે પુરૂષના ક્રમથી પડિલેહણા કરવી જોઇએ. એમ ૧-અન્યૂના, ૨-અનતિરિક્તા અને ૩-અવિપર્યાસા, એ ત્રણ પદની અષ્ટ ભઙ્ગી થાય. તેમાં ' અન્યૂના અનતિરિક્તા અને અવિપર્યાસા ' એ પહેલો ભાંગો શ્રેષ્ઠ-મોક્ષનો અવિરોધી જાણવો, બાકીના સાત ભાંગાઓમાં 'વિપર્યાસ' વિગેરે દોષો હોય માટે તે અપ્રશસ્ત જાણવા. તે આઠ ભાંગા આ પ્રમાણે છે. ૧-અન્યૂના અનતિરિક્તા અવિપર્યાસા, ૨-અન્યૂના અતિરિક્તા અવિપર્યાસા, ૩-ન્યૂના અનતિરિક્તા અવિપર્યાસા, ૪-ન્યૂના અતિરિક્તા અવિપર્યાસા, ૫-અન્યૂના અનતિરિક્તા વિપર્યાસા, ૬-અન્યૂના અતિરિક્તા વિપર્યાસા, ૭-ન્યૂના અનતિરિક્તા વિપર્યાસા, અને ૮-ન્યૂના અતિરિક્તા વિપર્યાસા. ન્યૂના-અતિરિક્તાનાં કારણોને જણાવે છે આ-

" खोडणपमज्जणवेलासु, चेव ऊणाहिआ मुणेअव्वा ।
कुक्कुडअरुणपगासं, परोप्परं पाणिपडिलेहा ॥ " (पञ्चवस्तु गा० २५५)

**વ્યાખ્યા**—અહીં પ્રસ્ફોટન, પ્રમાર્જન અને વેળામાં ન્યૂનાધિકતા સમજવી. નવથી ન્યૂન કે વધારે પ્રસ્ફોટન અને પ્રમાર્જના ન કરવી, અને વેળાની (પડિલેહણાના સમયની) અપેક્ષાએ પણ ન્યૂનાધિક સમયે પડિલેહણા ન કરવી, એ અહીં તાત્પર્ય જાણવું. તેમાં સમય જણાવવા માટે 'कुक्कुड' વિગેરે ગાથાનું જે ઉત્તરાર્દ્ધ કહેલું છે, તેના અર્થ સંબન્ધી વૃદ્ધપરંપરા એવી છે કે-કાલથી ન્યૂના તે પડિલેહણા કહેવાય કે પડિલેહણાનો જે કાળ હોય તેથી ન્યૂનકાળે (વહેલી) કરે ! એને અઙ્ગે શિષ્ય પૂછે છે કે-પડિલેહણાનો કાળ કયો ? જવાબમાં એક આચાર્ય કહે છે કે-પ્રતિક્રમણ કરીને જ્યારે કુકડો બોલે ત્યારે પડિલેહણા કરવી, તે પછી સજ્ઝાય પટ્ઠાવીને (કરીને) અધ્યયન કરે, (અહીં મૂળ ગ્રન્થમાં અશુદ્ધિ હોવાથી પઞ્ચવસ્તુની ગા. ૨૫૫ની ટીકામાંથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અર્થ લીધો છે.) બીજા કહે છે કે-જ્યારે શરીર રાતું થાય (સૂર્યોદય પહેલાં પ્રભા પડે-અરૂણોદય થાય) ત્યારે, વળી બીજા કહે છે કે-જ્યારે પ્રભા ફાટે ત્યારે, તો બીજા એક કહે છે કે-જ્યારે પરસ્પર એક બીજાનું મુખ દેખાય ત્યારે, વળી એક કહે છે કે-જ્યારે હાથની રેખાઓ દેખાય ત્યારે, એમ આ વિષયમાં એ દરેકને આવો વિભ્રમ થવાનું નિમિત્ત શું છે? તે જણાવતાં કહે છે કે—

" देवसिआडलेहा, जं चरिमाए त्ति विब्भमो एसो।
कुक्कुडगादेसिस्सा, तद्दिघयारंति तो सेसा ॥१॥" (पञ्चवस्तु गा० २५६)

**વ્યાખ્યા**—વસ્ત્રાદિની દૈવસિકી પડિલેહણા ચોથા પ્રહરના પ્રારમ્ભમાં કહી છે અને તે પછી તુર્ત જ સ્વાધ્યાયનું વિધાન છે, તેથી પ્રભાતે કુકડો બોલે ત્યારે પડિલેહણા કરવાનું કહેતા આચાર્યની સામે શિષ્યને આ ભ્રાન્તિ થઈ છે કે તે સમયે તો અન્ધારૂં હોય, તે અન્ધારે પડિલેહણા કેમ થાય? બાકીના વિકલ્પો તો સ્વચ્છન્દ કલ્પનારૂપ છે. આના સમાધાનમાં સિદ્ધાન્તવાદી કહે છે કે—

" एए उ अणाएसा, अंधारे उग्गएवि हु ण दीसे।
मुहरयणि सिज्जचोले, कप्पतिअदुपट्ट थुई सूरो ॥१॥" (ओघनि० गा० २७०)

**વ્યાખ્યા**—આ સર્વ વિકલ્પો સ્વચ્છન્દ કલ્પનારૂપ હોવાથી અનાદરણીય છે. કારણ કે અન્ધકારવાળા ઉપાશ્રયમાં તો સૂર્ય ઉગવા છતાં ય હાથની રેખાઓ ન દેખાય. માટે પ્રતિલેખનાનો કાળ એ સમજવો કે-આવશ્યક(પ્રતિક્રમણ) કરીને ત્રણ સ્તુતિઓ[૬૯] કહ્યા પછી તુર્ત પડિલેહણા શરૂ કરે અને દશ (વસ્તુની) પડિલેહણા પૂર્ણ થતાં સૂર્ય ઉગે! એ દશ પડિલેહણા 'मुहपत्ति-रयहरणं०' ગાથાથી (પૃ૦ ૬૬માં) કહી તે સમજવી. સારાંશ એ છે કે—

" जीवदयट्ठा पेहा, एसो कालो इमीइ ता णेओ।
आवस्सयथुइ अंते, दसपेहा उट्ठई(ए) सूरो ॥१॥" (पञ्चवस्तु गा० २५८)

**ભાવાર્થ**—"પડિલેહણા જીવદયાને માટે કહી છે, તેથી એનો કાળ એ સમજવો કે પ્રતિક્રમણ અને ત્રણ સ્તુતિઓ કહ્યા પછી પડિલેહણા શરૂ કરતાં દશની પડિલેહણા પૂર્ણ થતાં સૂર્ય ઉગે."

હવે પડિલેહણામાં પુરૂષ અને ઉપધિનો ક્રમ જણાવે છે, તેમાં પુરુષનો ક્રમ આ પ્રમાણે છે-સર્વથી પ્રથમ ગુરૂની ઉપધિની પડિલેહણા કરવી, તે પછી તપસ્વીની, પછી બીમાર-ગ્લાનની, પછી નવદીક્ષિતની, તે પછી વૈયાવચ્ચ કરનાર સાધુ જો તે બીજાના કાર્યોમાં રોકાયેલો હોય તો તેની, અને પછી પોતાની કરવી. વસ્ત્ર માટે એ ક્રમ છે કે-પહેલાં જે વસ્ત્રાદિ 'યથાકૃત' હોય તેની પડિલેહણા કરવી, કારણ કે તેવાં વસ્ત્રાદિ બહુમાનનું પાત્ર ગણાય છે. (જે વસ્ત્ર ગૃહસ્થ પાસેથી એવું મળે કે તેને સાંધવા-ફાડવા વિગેરેનું પ્રયોજન ન રહે તે યથાકૃત અને જેમાં તેવી કોઈ ક્રિયા કરવી પડે તે પરિકર્મવાળાં કહેવાય, આ) બીજાં એટલે પરિકર્મવાળાં વસ્ત્રાદિ પણ એક અલ્પપરિકર્મ-વાળાં અને બીજાં બહુપરિકર્મવાળાં, એમ બે પ્રકારનાં હોય, તેમાં અલ્પપરિકર્મવાળાં પ્રથમ અને બહુપરિકર્મવાળાં પાછળથી પડિલેહવાં. એ ઉત્સર્ગથી કહ્યું. નિશીથ ચુર્ણિમાં પણ એને અંગે

---

૬૯-' રાઈ પ્રતિક્રમણમાં છેલ્લે કરાતા દેવવન્દનની ત્રણ સ્તુતિઓ કહ્યા પછી વર્તમાનમાં બોલાતી ચોથી સ્તુતિ આવશ્યકચૂર્ણિ વિગેરેમાં કહ્યા પ્રમાણે આચરણારૂપ છે, માટે અહીં 'ત્રણ સ્તુતિ કહ્યા પછી' એમ જણાવેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે કે ઉપધિમાં સવારે પ્રથમ મુહપત્તી, પછી રજોહરણ, પછી અન્દરનું નિષેથીયું, પછી બહારનું નિષેથિયું (ઓઘારીયું), પછી ચોલપટ્ટો, કપડો, ઉત્તરપટ્ટો, સંથારો અને છેલ્લે દણ્ડાનું પડિલેહણ કરવું. એ ક્રમે પડિલેહણા કરવી તે ઉપધિક્રમ, અને તેથી વિપરીત ઉત્ક્રમ સમજવો. પુરૂષક્રમમાં પણ પ્રથમ આચાર્યની, પછી તપસ્વીની અને પછી ગ્લાન વિગેરેની પડિલેહણા કરવી તે ક્રમ અને તેથી વિપરીત ઉત્ક્રમ સમજવો. હવે એમાં અપવાદ જણાવે છે, કે—

"पुरिसुवहि विवज्जासे, सागारिएकरेज्ज उवहिविश्वासं ।
आपुच्छित्ताण गुरुं, पहुव्वमाणेअरे वितहं ॥१॥" (ओघनि० गा० २७१)

**વ્યાખ્યા**—એક પુરૂષનો અને બીજો ઉપધિનો, એમ બે પ્રકારના પણ ક્રમમાં(વિપર્યાસ) ઉત્ક્રમ થઈ શકે. તેમાં જો પ્રતિલેખના સમયે કોઇ ગૃહસ્થ કે ચોર વિગેરે આવ્યો (દેખે તેમ) હોય તો ઉપધિની પડિલેહણાનો ક્રમ બદલવો. પહેલાં પાત્રાંની, પછી વસ્ત્રોની પડિલેહણા કરવી. આ સવારની પડિલેહણામાં ક્રમ બદલવાની વાત થઈ. એ પ્રમાણે જો પડિલેહણાના ટાઇમે કોઇ ગૃહસ્થો આવેલા હોય તો સાંજે પણ ક્રમ બદલવો. એ ઉપધિના વિષયમાં જણાવ્યું. પુરૂષના વિષયમાં આ પ્રમાણે સમજવું—જ્યારે ('ગુર્વાદિની ઉપધિનું મારે પડિલેહણ કરવું' એવા) અભિગ્રહવાળા સાધુઓ ગુરૂ વિગેરેની ઉપધિનું પડિલેહણ કરનારા હોય ત્યારે બીજા સાધુઓ ગુરૂને પૂછીને (ગુર્વાદિને છોડીને) પોતાની અથવા માંદા સાધુની પડિલેહણા કરે, પણ એવા અભિગ્રહવાળો કોઈ સાધુ ન હોય છતાં પહેલાં પોતાની કરે ત્યારે અવિધિ–અર્થાત્ અનાચાર સમજવો. આવો અનાચાર કેવળ પડિલેહણા વખતે ઉપધિને અંગે જ નહિ, આ બીજી રીતે પણ થાય છે.

"पडिलेहणं करेंतो, मिहो कहं कुणइ जणवयकहं वा ।
देइ व पच्चक्खाणं, वाएइ सयं पडिच्छइ वा ॥१॥
पुढवीआउक्काए, तेऊवाऊवणस्सइतसाणं ।
पडिलेहणापमत्तो, छण्हंपि विराहओ होइ ॥२॥" (ओघनि० गा० २७२–२७३)

**ભાવાર્થ**—"જો પડિલેહણા કરતાં પરસ્પર વાર્તાલાપ કરે, (અથવા અન્યમતે મૈથુનની વાતો કરે,) દેશ વિગેરેની વિકથા કરે, પચ્ચક્ખાણ આપે અને સ્વયં વાચના લે કે બીજાને વાચના આપે, તો પડિલેહણામાં પ્રમાદી તે સાધુ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય; એ છકાયજીવોનો વિરાધક થાય (કહ્યો) છે"

અહીં પ્રશ્ન થાય કે બોલવા માત્રથી છકાયજીવોની વિરાધના કેમ થાય ? તે કહે છે કે—

"घडगाइपलोट्टणया, मट्टि अ अगणी अ बीअ कुंथाई ।
उदगगया व तसेअर, उम्मुअसंघट्टझावणया ॥१॥" (ओघनि० गा० २७४)

**વ્યાખ્યા**—પડિલેહણા કરનાર સાધુ કોઇ કુમ્ભાર વિગેરેના સ્થાનમાં પડિલેહણા કરતાં વચ્ચે કંઈ બોલે તો (એક સમયે જીવને એક જ ઉપયોગ રહેતો હોવાથી) પડિલેહણાનો ઉપયોગ ચૂકે, તેથી પડિલેહણા કરતાં પાણીનાં ભાજન-ઘટ વિગેરેને ધક્કો લાગી જતાં તે ઘડો વિગેરે વસ્તુ જો સચિત્ત માટી, અગ્નિ, અનાજના કણરૂપ બીજ વિગેરે વનસ્પતિ, કે કુન્થુઆદિ ત્રસ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોની ઉપર પડે તેથી (ઢળવાથી) તેમાં રહેલા તે તે કાયના જીવોનો નાશ કરે, જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુ પણ અવશ્ય હોય એથી તેની પણ વિરાધના થાય, અથવા ઢળેલા ઘડામાં પાણી હોય અને તેમાં 'પોરા' વિગેરે ત્રસ જીવો હોય તે પણ મરે, વળી બીજા વનસ્પતિકાય વિગેરે જીવો પણ નાશ પામે, તથા જો વસ્ત્રના છેડાથી પડિલેહણામાં અનુપયોગી સાધુ અગ્નિવાળા ઉંબાડીઆને અડકે તો તે હાલવાથી (તેમાં કે) તેનાથી બીજે પણ અગ્નિ સળગે, ત્યારે તો સંયમ અને આત્મા ઉભયની વિરાધના (નાશ) થાય. એ પ્રમાણે અનુપયોગીને વિરાધના સમ્ભવિત છે એમ જણાવ્યું. વસ્તુતઃ તો પ્રમાદી સાધુને પરિણામ અશુદ્ધ હોવાથી કોઈ એક કાયના વધમાં (કે અવધમાં) પણ છકાયનો વધ સંભવિત છે જ. કહ્યું છે કે—

"जेवि ण वावज्जंती, णियमा तेसिं पि (प)हिंसगो सो उ॥"(ओघनि० ७५३)

**ભાવાર્થ**—"જે જીવો મર્યા નહિ તેનો પણ તે નિયમા હિંસક બને છે" ઉપયોગપૂર્વક પડિલેહણા કરનારો (રક્ષાના ધ્યેયથી) છ એ કાયનો આરાધક થાય. તે માટે કહ્યું છે કે—

" पुढवीआउक्काए, तेऊवाऊवणस्सइतसाणं ।
पडिलेहणमाउत्तो, छण्हं आ(ऽपा)राहओ होइ ॥१" (ओघनि० गा० २७५)

**ભાવાર્થ**—"પડિલેહણામાં એકાગ્ર (ઉપયોગવાળો) સાધુ પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય; એ છકાયનો પણ આરાધક (રક્ષક) બને છે.

માટે પડિલેહણા સારી (વિધિથી) કરવી, ન કરવાથી પણ દોષો લાગે છે, કહ્યું છે કે—

" अप्पडिलेहिअ दोसा, आणाई अविहिणावि ते चेव ।
तम्हा उ सिक्खिअव्वा, पडिलेहा सेविअव्वा य ॥१॥" (पञ्चवस्तु० २६२)

**ભાવાર્થ**—જિનાજ્ઞાનો ભઙ્ગ, (અનવસ્થા-છકાયવિરાધના અને મિથ્યાત્વ) વિગેરે દોષો પ્રતિલેખના નહિ કરવાથી લાગે છે, અવિધિએ કરવાથી પણ તે જ દોષો લાગે છે, માટે પડિલેહણ કરતાં શીખવું જોઇએ અને તે શુદ્ધ કરવી પણ જોઈએ."

એમ પડિલેહણા કરતાં સૂર્યોદય થયા પછી બાકીની ઉપધિની પડિલેહણા કરી વસતિની પ્રમાર્જના કરવી. (કાજો ઉદ્ધરવો.) પઞ્ચવસ્તુકમાં કહ્યું છે કે—

" पडिलेहिऊण उवहिं, गोसंमि पमज्जणा उ वसहीए ।
अवरण्हे पुण पढमं, पमज्जणा पच्छ पडिलेहा ॥१॥" (पञ्चवस्तु० २६३)

**ભાવાર્થ**—"પ્રાતઃકાળે પહેલાં પડિલેહણા કરીને પછી વસતિની પ્રમાર્જના અને સાંજે પહેલાં વસતિની પ્રમાર્જના પછી પડિલેહણા કરવી." યતિદિનચર્યામાં પણ કહ્યું છે કે—

" सिज्जा पमज्जिअव्वा, पभायसमयंमि सव्वओ पच्छा ।
पुत्तीतणुपडिलेहा, समणंतरमेव मज्झण्हे ॥" यतिदिनचर्या० ८७ ॥

**ભાવાર્થ**—"પ્રભાતમાં વસતિ સહુથી પછી પ્રમાર્જવી અને મધ્યાહ્‌ને મુહપત્તિ અને કાયાનું (૨૫-૨૫ બોલથી) પડિલેહણ કરીને વસતિ તુર્ત જ પ્રમાર્જવી."

એ પ્રમાણે વસતિ જીવરહિત હોય તો પણ ચોમાસા સિવાયના શેષ ઋતુબદ્ધકાળમાં દરરોજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે વાર, વર્ષાઋતુમાં ત્રણવાર અને જીવના ઉપદ્રવવાળી હોય તો ઘણીવાર પણ પ્રમાર્જવી. એમ કરવા છતાં જીવોનો ઉપદ્રવ વધારે રહે તો તેને બદલી પણ દેવી. યતિદિનચર્યામાં કહ્યું છે કે—

" दुन्नि पडिलेहणाओ, उउम्मि वासासु तइअ मज्झण्हे ।
वसहिं बहुसो पमज्जइ, अइसंघट्टेऽन्नहिं गच्छे ॥१॥"

**ભાવાર્થ**–" વસતિ (ઉપાશ્રય)ની પડિલેહણાઓ ઋતુબદ્ધકાળમાં બે અને વર્ષાકાળમાં ત્રીજી મધ્યાહ્નને પણ કરવી, જીવોનો ઉપદ્રવ વધુ હોય તો ઘણીવાર પણ વસતિને પ્રમાર્જવી, છતાં જીવોનો સંઘટ્ટ (ઉપદ્રવ) અતિપ્રમાણમાં રહે તો અન્ય વસતિમાં જવું."

વસતિની પ્રમાર્જના જયણાને ઉદ્દેશીને છે, તે જયણા અન્ધકારમાં ન થઈ શકે, માટે (સવારમાં) ઉપધિની પડિલેહણા પછી જ વસતિ પ્રમાર્જવી શ્રેયસ્કર છે, એ માટે પણ કહ્યું છે કે–

" को हेऊ ? जिणआणा, एसा जयणानिमित्तमहवा वि ।
रविकरहयंधयारे, वसहीइ पमज्जणं सेयं ॥" यतिदिनचर्या ८८ ॥

**ભાવાર્થ**–"**પ્રશ્ન**–ઉપધિ પછી વસતિ પ્રમાર્જવામાં શો હેતુ છે ? **ઉત્તર**–શ્રીજિનેશ્વરની એવી આજ્ઞા છે, અથવા જયણા નિમિત્તે પ્રમાર્જવાની હોવાથી સૂર્યોદય થતાં અન્ધારૂં ટળે ત્યારે વસતિનું પ્રમાર્જન શ્રેયસ્કર છે.

વસતિનું પ્રમાર્જન કોઈ જાતિના વ્યાક્ષેપ(વ્યગ્રતા) વિના ઉપયોગ પૂર્વક ગીતાર્થ સાધુએ કરવું જોઇએ, એથી વિપરીત અજ્ઞસાધુએ નહિ, કારણ કે એનાથી અવિધિ આદિ દોષો લાગે. કહ્યું છે કે—

" वसही पमज्जिअव्वा, विक्खेवविवज्जिएण गीएणं ।
उवउत्तेण विवक्खे, णायव्वो होइ अविही उ ॥१॥" (पञ्चवस्तु गा० २६४)

**ભાવાર્થ**–" મનના કોઈ વિક્ષેપ રહિત ઉપયોગ પૂર્વક ગીતાર્થસાધુએ વસતિ પ્રમાર્જવી, એથી ઉલટ અજ્ઞસાધુ કે ગીતાર્થ પણ ઉપયોગ વિના પ્રમાર્જે તો અવિધિ થાય, એમ સમજવું"

ગીતાર્થ સાધુએ પણ હમ્મેશાં કોમળ તન્તુવાળા ચીકાશ–મેલ વિગેરેથી રહિત પ્રમાણોપેતદણ્ડા સાથે વિધિપૂર્વક બાંધેલા દણ્ડથી (દણ્ડાસણથી) વસતિ પ્રમાર્જવી, સાવરણી વિગેરેથી નહિ. કહ્યું છે કે—

" सइ पम्हलेण मिउणा, चोप्पडमाइरहिअेण जुत्तेणं ।
आविद्धदंडगेणं, दंडगपुच्छेण णऽण्णेणं ॥"(पञ्चवस्तु–२६५)

**ભાવાર્થ**–હમ્મેશાં કોમળ દસીયોવાળા, ચીકાશ–મેલ વિગેરેથી ખરડાયા વિનાના, પ્રમાણોપેત દણ્ડ સાથે વિધિપૂર્વક ગાંઠોવાળીને બાંધેલા દણ્ડાસણથી વસતિ શુદ્ધ કરવી જોઇએ, તે સિવાયનાં સાવરણી વિગેરેથી નહિ."

વસતિનું પ્રમાર્જન કરીને એકત્ર થયેલા રજઃપુઞ્જને (કાજાને) જયણા પૂર્વક ઉદ્ધરવો. એનો વિધિ કહેલો છે કે—

"अह उग्गयंमि सूरे, वसहिं सुपमज्जिऊण जयणाए ।
ऊद्धरिअ रेणुपुंजं छायाए विक्खिरेऊणं ॥८४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संगहिअ छप्पयाओ, मआण कीडाण लहइ तो संखं ।
पुव्वं च लेइ (खेल)भूइं, वोसिरिअ नवंच गिण्हंति ॥८५॥
जो तं पुंजं छंडइ, इरियावहिआ हवेइ नियमेणं ।
संसत्तगवसहीए, तह हवइ पमज्जमाणस्स ॥८६॥" यतिदिनचर्या ॥

**ભાવાર્થ**–"પછી (સૂર્ય ઉગે ત્યારે) યતનાથી વસતિને સારી રીતે પ્રમાર્જીને, રજના પુઞ્જને (કાજાને) ઉદ્ધરીને, છાયામાં વિખેરીને, તેમાં 'જુઓ' હોય તેને (રક્ષણ કરવાના સાધનરૂપ) સુકા-ઘરમાં (વસ્ત્રમાં) ગ્રહણ કરીને પછી મરેલા કીડા વિગેરે (જીવો)ની સંખ્યા ગણે અને પ્રથમની થુંકવાની કુણ્ડિની રાખને પણ (તેની સાથે) વોસિરાવીને કુણ્ડિમાં નવી રાખ ભરે. એમાં જે સાધુ તે પુઞ્જને (કાજાને) વોસિરાવે તેણે તો અવશ્ય ઇરિયાવહિ પ્રતિક્રમણ કરવું જોઇએ અને વસતિ જીવાકુળ હોય તો વસતિની પ્રમાર્જના કરનારે પણ ઇરિયાવહિ પ્રતિક્રમણ કરવું જોઇએ."[૭૦]

આ વખતે અભિગ્રહવાળો કોઈ હોય તો તે, નહિ તો અભિગ્રહ વિનાનો સાધુ પ્રથમ દણ્ડાઓનું પ્રમાર્જન કરે અને પછી (જેના આધારે તે મૂકયા-મૂકવાના હોય તે) ભૂમિના ઉપ-રના ભાગનું (ભીંતનું) પ્રમાર્જન કરે. કહ્યું છે કે—

" अभिग्गहिओ अणभिगहिओ व दंडे पमज्जए साहू ।
पडिलेहिज्जइ कमसो, दंडा(डे) कुड्डोवरिं भूमिं ॥१॥" यतिदिनचर्यागा०९६॥

**ભાવાર્થ**–" અભિગ્રહવાળો કે અભિગ્રહવિનાનો સાધુ દણ્ડાઓને ક્રમશઃ પ્રમાર્જન કરે અને ભીંતની ઉપરની ભૂમિનું પડિલેહણ કરે.[૭૧]

અહીં 'પ્રતિલેખન' એટલે ચક્ષુથી નિરીક્ષણ કરવું અને પ્રમાર્જન એટલે રજોહરણ વિગે-રેથી પ્રમાર્જન કરવું, એમ ભેદ સમજવો. કારણ કે ત્યાં યતિદિનચર્યામાં જ જણાવ્યું છે કે—

" चक्खूहि णिरिक्खिज्जइ, जं किर पडिलेहणा भवे एसा ।
रयहरणमाइएहिं, पमज्जणं बिंति गीअत्था ॥" यतिदिनचर्यागा०९०॥

**ભાવાર્થ**–" ચક્ષુઓથી જોવું તે પડિલેહણા અને રજોહરણ વિગેરેથી પ્રમાર્જવું તે પ્રમાર્જના કહેવાય, એમ ગીતાર્થો કહે છે"

એ પ્રમાણે પ્રભાતની પ્રતિલેખનાનો વિધિ કહ્યો, હવે તે પછીનું કર્તવ્ય જણાવે છે કે તે પછી 'સ્વાધ્યાય' કરવો તે સાપેક્ષ યતિધર્મ છે, એમ વાક્યોનો સંબન્ધ પહેલાં કહી ગયા છીએ. આ સ્વાધ્યાય કેટલો કાળ કરવો ? તે કહે છે કે–પહેલી પૌરૂષી સુધી, અર્થાત્ સૂર્યોદયથી પોણો-પ્રહર પૂર્ણ થાય ત્યાં સુધી કરવો.

---

૭૦–આ વિધિથી–એક સાધુ કાજો ઉદ્ધરે અને બીજો પરઠવે તો અવિધિ નથી, તથા કાજો લેવામાં ઇરિ૦ પ્રતિ૦ કરવાનો પણ એકાન્ત નથી, પરઠવ્યા પછી એકવાર જ ઇરિ૦ પ્રતિ૦ કરવાથી ચાલે, એમ સમજાય છે. કોઇ વર્તમાનમાં કાજો લેતાં પહેલાં અને પછી પણ ઇરિ૦ કરે છે.

૭૧–આ ગાથાની વ્યાખ્યામાં 'અભિગ્રહિત' એટલે વહોરેલો અને બીજો 'અનભિગ્રહિત' એટલે ગૃહસ્થ થકો માગીને લીધેલો, એમ દણ્ડાના બે પ્રકારો કહેલા છે, તેનું યથાક્રમ પ્રમાર્જન કરવું અને '**कुड्डोवरिं भूमिं**' એટલે દણ્ડાને પગ ઉપર મૂકીને પડિલેહણ કરવું એવો અર્થ કરેલો છે. છતાં અમે અહીં ગ્રન્થકારની વ્યાખ્યાને સંવાદિત અર્થ લખ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્વાધ્યાયને અંગે વિધિ આ પ્રમાણે છે-વસતિથી સો હાથ સુધીનું ક્ષેત્ર શુદ્ધ કરીને (જોઇને), ત્યાં હાડકાં વિગેરે (અસ્વાધ્યાયનું કારણ) પડેલું હોય તેને વિધિપૂર્વક (ઔચિત્ય સચવાય તેમ) દૂર કરીને, સાધુઓ ગુરૂને વસતિનું પ્રવેદન કરે, અર્થાત્ 'વસતિ શુદ્ધ છે' એમ જણાવે. પછી જે સાધુ કાલગ્રહણ કરનાર હોય તે મુહપત્તિનું પડિલેહણ કરીને ગુરૂને બે વન્દન દઇને 'શુદ્ધવસતિ અને શુદ્ધકાળનું' પ્રવેદન (પ્રજ્ઞાપન) કરે. પછી પ્રથમ ઉપયોગયુક્ત વાચનાચાર્ય પોતે અને પછી તેઓની અનુજ્ઞા પામેલા બીજા સાધુઓ પણ સૂત્રમાં જણાવેલા વિધિ પ્રમાણે સજઝાય પરઠવે. કહ્યું છે કે—

" हत्थसयं सोहित्ता, जाणित्ता पसवमित्थिमाईणं ।
परिठविअ अट्ठिपमुहं, विहिणा वसहिं पवेइंति।। यतिदिनचर्या–९१।।
जे उण कालग्गाही, ते पुत्तिं पेहिऊण किइकम्मं ।
काउं वसहिं तत्तो, कालं सुद्धं पवेअंति ।।९२।।
सिद्धंतसिद्धविहिणा, उवउत्तो पट्ठवेइ सज्झायं ।
पढमं वायणायरिओ, तयणुण्णाया तहा इयरे ।।९३।।"

**ભાવાર્થ**–"સાધુઓ સો હાથમાં ક્ષેત્રશુદ્ધિ કરીને, સ્ત્રી–પશુ આદિને પ્રસુતિ થઈ હોય તો તે પણ જાણીને, તથા હાડકું વિગેરે કંઈ અસ્વાધ્યાય હોય તો વિધિપૂર્વક તેને પરઠવીને ગુરૂને વસતિનું પ્રવેદન કરે, પછી કાલગ્રાહી હોય તે સાધુ મુહપત્તિનું પડિલેહણ કરીને, ગુરૂને કૃતિકર્મ (વન્દનક) કરીને, શુદ્ધવસતિનું અને પછી શુદ્ધકાળનું નિવેદન કરે (જણાવે), પછી સિદ્ધાન્તમાં જણાવેલા વિધિથી પહેલાં ઉપયોગયુક્તવાચનાચાર્ય અને તેઓની અનુજ્ઞાથી બીજાઓ સજઝાય પરઠવે.

આ મણ્ડલીને (સાધુમણ્ડલને) તે સૂત્રોની વાચના માટે હોવાથી 'સૂત્રમણ્ડલી' કહેવાય છે અને તે પોરિસી પ્રમાણ હોવાથી પ્રથમપોરિસીને પણ 'સૂત્રપોરિસી' કહેવાય છે. વર્તમાનમાં તો ગીતાર્થો ઉપયોગ કરતાં જ સજઝાય કરીને સૂત્રમણ્ડલીના વિધિને સાચવે છે. કહ્યું છે કે—

" उवओगकरणकाले. गीअत्था जं करेंति सज्झायं ।
सो सुत्तपोरसीए, आयारो दंसिओ तेहिं ।।" (यतिदिनचर्या गा० ९५)

**ભાવાર્થ**–"વર્તમાનમાં ઉપયોગ કરતી વેળા ગીતાર્થો સજઝાય કરે છે, તેનાથી તેઓએ સૂત્રપોરિસીનો આચાર દેખાડ્યો છે. અર્થાત્ તે સૂત્રપોરિસીના અનુકરણ રૂપે છે.

બીજી પોરિસી તો અર્થ ભણવા માટે હોવાથી 'અર્થપોરિસી' સમજવી. આ વિધિ ઉત્સર્ગરૂપ જાણવો. અપવાદથી તો જેઓ મૂત્રસૂત્રો ભણ્યા નથી તેવા બાળ (નવદીક્ષિત) મુનિઓને બન્ને પોરિસીઓ સૂત્ર ભણવા માટેની જ સમજવી. અને જેઓ મૂળસૂત્રો ભણી ચૂક્યા છે તેઓને બન્ને ય પોરિસીઓ અર્થ માટેની જાણવી. આ વિષયમાં પણ ત્યાં જણાવ્યું છે કે—

" उस्सग्गेणं पढमा, छग्घडिआ सुत्तपोरिसी भणिआ ।
बिइआ य अत्थविसया, निद्दिट्ठा दिट्ठसमएहिं ।।९६।।
बिइअपयं बालाणं, अगहिअसुत्ताण दो वि सुत्तस्स ।
जे गहिअसुत्तसारा, तेसिं दो चेव अत्थस्स ।।९७।।"(यतिदिनचर्या)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–"સિદ્ધાન્તના જ્ઞાતાઓએ ઉત્સર્ગથી પહેલી છ ઘડીની પોરિસીને સૂત્રપોરિસી અને બીજીને અર્થપોરિસી કહેલી છે. અપવાદ માર્ગે તો મૂળસૂત્ર નહિ ભણેલા બાળ (નૂતન) સાધુઓને બન્ને પોરિસી સૂત્રની અને સૂત્રરૂપી સાર ગ્રહણ કરી ચૂકેલાઓને બન્ને અર્થની જાણવી."

આ સ્વાધ્યાય ૧–વાચના, ૨–પૃચ્છના, ૩–પરાવર્તના, ૪–અનુપ્રેક્ષા અને ૫–ધર્મકથા, એમ પાંચ પ્રકારે છે, તેમાં વાચના–આપવા લેવાનો વિધિ આ પ્રમાણે છે–

"उवविसइ उवज्झाओ, सीसा विअरंति वंदणं तस्स ।
सो तेसिं सव्वसमयं, वायइ सामाइअप्पमुहं ॥१००॥
सो गाहणाइकुसलो, विअरइ वयरुव्व वायणं तेसिं ।
सीसा वि जह सुणंति अ, जह सीसा सिंहगिरिगुरुणो॥१०१॥" यतिदिनचर्या॥

**ભાવાર્થ**–"ઉપાધ્યાય (વાચના આપનાર) આસને બેસે, પછી શિષ્યો (વાચના લેનારા) તેમને વન્દન આપે (કરે) અને ઉપાધ્યાય તેઓને સામાયિક વિગેરે સર્વ સિદ્ધાન્ત વંચાવે–(સમજાવે). શિષ્યોને શાસ્ત્રો ગ્રહણ કરાવવામાં કુશળ વાચનાચાર્ય આર્યવજ્રસ્વામીની જેમ (વાત્સલ્ય ભાવે) વાચના આપે અને શિષ્યો પણ (પૂજ્યભાવથી) તેવી રીતે ભણે કે જેમ આર્ય-સિંહગિરિના શિષ્યો આર્યવજ્રસ્વામિજીની પાસે ભણતા હતા. બીજે પણ કહ્યું છે કે—

"पर्यस्तिकामवष्टम्भं, तथा पादप्रसारणम् ।
वर्जयेद्विकथां हास्य–मधीयन् गुरुसन्निधौ ॥१॥"

**ભાવાર્થ**–"ગુરૂની પાસે અધ્યયન કરતો શિષ્ય પગની પલાંઠી, અવષ્ટમ્ભ (ટેકો), પગ લાંબા–પહોળા કરવા, વિકથા કરવી તથા હસવું, વિગેરે અવિધિ–અવિનયનો ત્યાગ કરે."

પૃચ્છના માટેનો વિધિ એવો છે કે—

"आसणगओ न पुच्छि(च्छे)ज्जा, (नेव) सिज्जागओ कयाइ वि ।
आगम्मुक्कुडुओ संतो, पुच्छिज्जा पंजलिउडो ॥" (उत्तराध्ययन १–२२)

**ભાવાર્થ**–"આસન ઉપર બેઠાં બેઠાં ન પૂછે, શય્યામાં સુતાં સુતાં તો કદી પણ ન પૂછે, કિન્તુ ગુરૂની સન્મુખ આવીને ઉત્કુટુક આસને (ઉભા પગે) બેસીને બે હાથથી અઞ્જલી કરીને પૂછે."

પરાવર્તના સ્વાધ્યાયનો વિધિ શ્રાવકોનો છે, તે જ સાધુઓનો પણ છે. તે આ પ્રમાણે—

"इरियं सुपडिक्कंतो, कडसामाइओ अ सुट्ठु पिहिअमुहो ।
सुत्तं दोसविमुत्तं, सपयच्छेयं गुणइ सड्ढो ॥१॥"

**ભાવાર્થ**–"સામાયિકવાળો શ્રાવક ઇરિયાવહી પ્રતિક્રમણ કરીને મુખવસ્ત્રિકાને મુખઆગળ રાખીને, 'કાનો–માત્રા–અનુસ્વાર' આદિ ભૂલો ન થાય તેમ શુદ્ધઉચ્ચારથી પદચ્છેદનો ખ્યાલ રાખીને, જ્યા જ્યાં અટકવાનું હોય ત્યાં ત્યાં અટકીને સૂત્ર ગણે"

ચોથો સ્વાધ્યાય અનુપ્રેક્ષા એટલે અર્થચિન્તન, તેનો વિધિ કહ્યો છે કે—

"जिणवरपवयणपायडणपउणो गुरुवयणओ सुणिअपुव्वे ।
एगग्गमणो धणियं, चित्ते चिंतेइ सुविआरं ॥१॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–" શ્રીજિનેશ્વરના સિદ્ધાન્તને (હેય–ઉપાદેયાદિ તત્ત્વને) પ્રકાશવામાં સમર્થ અને ગુરૂના મુખેથી પહેલાં સાંભળેલાં, શ્રીજિનવચનોને ચિત્તમાં અત્યન્ત સ્થિરતા પૂર્વક સુન્દર રીતે વિચારે. (નય–નિક્ષેપાદિના બળે તેના રહસ્યને શોધી તાત્ત્વિક અર્થને સમજે.) "

ધર્મકથા નામના પાંચમા સ્વાધ્યાયનું સ્વરૂપ તો આ પ્રમાણે છે.—

" सुट्ठ धम्मुवएसं, गुरुप्पसाएण सम्ममवबुद्धं ।
सपरोवयारजणगं, जोग्गस्स कहिज्ज धम्मत्थी ॥१॥"

**ભાવાર્થ**–" ધર્મનો અર્થી ઉપદેશક ગુરૂકૃપાથી સારી રીતે સમજાએલા ધર્મનો ઉપદેશ યોગ્ય (ધર્માર્થી) શ્રોતાને સુન્દર (સ્વ–પરને ઉપકાર થાય તે) રીતે કરે "

આ પ્રમાણે કરેલો સ્વાધ્યાય ઘણા ગુણોને પ્રગટ કરે છે. શ્રીપઞ્ચવસ્તુકમાં કહ્યું છે કે—

" आयहिअपरिन्ना, भावसंवरो णवणवो अ संवेगो ।
निक्कंपया तवो णिज्जरा य परदेसिअत्तं च ॥१॥" (पञ्चवस्तु गा० ५५५)

**વ્યાખ્યા**–સ્વાધ્યાયથી 'આત્મહિતનું જ્ઞાન' થાય છે. જે જીવ આત્મહિતને નથી જાણતો તે મોહને વશ થાય છે, મોહવશે મૂઢ બનેલો તે જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધે છે અને તે કર્મોથી અનન્ત સંસાર સુધી જન્મ–મરણાદિ કરતો જુદી જુદી ગતિઓમાં ભટકે છે. તેથી ઉલટું–આત્મહિતને સમજવાથી વસ્તુતઃ હિંસા, જુટ્ઠ, વિગેરે અકાર્યરૂપ અહિતમાર્ગથી અટકે છે અને પરોપકારાદિ હિતના માર્ગે વળે છે, માટે આત્મહિતને જાણવું જાઈએ. તે સ્વાધ્યાયથી જાણી શકાય છે. વળી સ્વાધ્યાયથી 'ભાવસંવર' પ્રગટે છે, તે એ રીતે કે–સ્વાધ્યાયથી થતા જ્ઞાનથી યથાસ્થાન જરૂરી હિતાહિત ભાવોનું જ્ઞાન થાય છે અને એવા જ્ઞાનથી આત્મામાં અકાર્યનો ભાવપૂર્વકનો અનાદર પ્રગટે છે, એને 'ભાવસંવર' કહેવાય છે. વળી સ્વાધ્યાયથી 'નવો નવો સંવેગ' પ્રગટ થાય છે. કારણ કે જેમ જેમ મુનિ અતિશય રસ પૂર્વક પ્રતિદિન શ્રુતજ્ઞાનમાં આગળ વધે છે તેમ તેમ શુભભાવરૂપ આત્મશીતળતાથી તે નવા નવા સંવેગ (વૈરાગ્યના વેગ) વાળો અને શ્રદ્ધાવાળો બને છે. તથા સ્વાધ્યાય કરવાથી મોક્ષ માર્ગમાં 'નિશ્ચળતા' પણ થાય છે, ઉપરાન્ત સ્વાધ્યાય એ ઉત્કૃષ્ટ 'તપ' છે, તે માટે કહ્યું છે કે—

" बारसविहंमि वि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।
णवि अत्थि णवि अ होही, सज्झायसमं तवोकम्मं ॥१॥" (पञ्चवस्तु गा०५६२)

**ભાવાર્થ**–" શ્રીજિનેશ્વરોએ કહેલા બાર પ્રકારના બાહ્ય–અભ્યન્તર તપ પૈકી સ્વાધ્યાય જેવો કોઈ તપ છે નહિ અને થશે પણ નહિ. અર્થાત્ સ્વાધ્યાય સર્વોત્કૃષ્ટ તપ છે.

આ કારણે જ સ્વાધ્યાયથી કર્મોની ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે, કહ્યું પણ છે કે—

" जं अन्नाणी कम्मं, खवेइ बहुआहिं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेणं ॥१॥" (पञ्चवस्तु गा० ५६४)

**ભાવાર્થ**–" અજ્ઞાની ક્રોડો વર્ષોમાં જે કર્મો ખપાવે તે કર્મોને ત્રણ ગુપ્તિથી ગુપ્ત જ્ઞાની એક ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે."

૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધા લાભો ઉપરાન્ત 'પરદેશકત્વ' એટલે સ્વ–પરને સંસારથી પાર ઉતરવાનું પણ સ્વાધ્યાયથી થાય છે. આ પરોપદેશકગુણથી શ્રીજિનાજ્ઞા પ્રત્યે વાત્સલ્ય, તેનો પ્રચાર, તથા તેના પ્રત્યે ભક્તિભાવ જાગે છે અને એ રીતે જૈનશાસનનો અવિચ્છેદ થાય છે. ઉપદેશથી ભવિષ્યમાં પણ જીવોને ઉત્તરોત્તર જિનશાસનની આરાધનાનો લાભ પ્રવાહરૂપે મળતો રહે છે, માટે વિધિપૂર્વક સ્વાધ્યાય કરવો જોઇએ, સ્વાધ્યાય નહિ કરવાથી ઉન્માદ વિગેરે દોષો પ્રગટે છે. કહ્યું છે કે–

" उम्मायं व लभिज्जा, रोगायंकं च पाउणे दीहं ।
केवलिपन्नत्ताओ, धम्माओ वावि भंसिज्जा ॥१॥" (पञ्चवस्तु गा० ५६८)

**ભાવાર્થ**–" (સ્વાધ્યાયના અભાવે) વિપરીત માર્ગે ચઢવાથી ઉન્માદી થાય, દીર્ઘકાલીન ક્ષય–તાવ, વિગેરે રોગો–આતઙ્કો પ્રગટ થાય, અને પરિણામે શ્રીકેવલિભગવન્તે કહેલા ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ પણ થાય"[૭૨]

જે મુનિઓ સૂત્ર–અર્થ સમ્પૂર્ણ ગ્રહણ કરીને અને શિષ્યોને સૂત્ર–અર્થ ભણાવીને પોતાની જવાબદારી પૂર્ણ કરી ચૂકયા હોય તેઓ, અથવા જેઓ મન્દ બુદ્ધિને લીધે ભણી શકે તેમ ન હોય તેઓ આતાપનાદિ કરે. દિનચર્યામાં કહ્યું છે કે—

" जे समयसारगहणे, निम्माया सीसदिन्नसुत्तत्था ।
अहवा वि मंदमइणो, तेसि इमो उज्जमो भणिओ ॥"यतिदिनचर्या–गा०१०५॥

**ભાવાર્થ**–" જેઓ સિદ્ધાન્તનો સાર ગ્રહણ કરી ચૂકયા હોય અને શિષ્યોને સૂત્રાર્થ ભણાવી પણ ચૂકયા હોય, અથવા જે મન્દબુદ્ધિવાળા હોય, તેઓને શું કરવું ? તે માટે કહ્યું છે કે–

" आयावयंति गिम्हेसु, हेमन्तेसु अवाउडा ।
वासासु पडिसंलीणा, संजया सुसमाहिआ ॥" दशवै० अ० ३ गा० १२॥

**ભાવાર્થ**–જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનામાં તત્પર સાધુઓ ઉષ્ણકાળમાં આતાપના લે, શીતકાળમાં વસ્ત્રનો ત્યાગ કરી શીતપરીષહને સહે અને વર્ષાકાળમાં એક સ્થાનમાં રહીને (અઙ્ગો–

૭૨–સ્વાધ્યાય સાધુ જીવનનું વિશેષ કર્ત્તવ્ય છે. ગૃહસ્થને જેમ દેવગુર્વાદિની સેવા, કે ખાન–પાન વિગેરે આવશ્યક કર્ત્તવ્યો સિવાયનો સમય ધનોપાર્જન માટે જાય છે તેમ સાધુને પ્રતિલેખન–પ્રતિક્રમણ કે આહાર–નિહાર–વિહાર, વિગેરે આવશ્યક કર્ત્તવ્યો સિવાયનો સઘળો સમય સ્વાધ્યાયમાં ગાળવો, એવું શાસ્ત્રીય વિધાન છે. કારણ કે સ્વાધ્યાય એક મોટું તપ છે. અનશન વિગેરે બાહ્ય તપમાં મન–વચન કાયાના યોગોને વશ કરવાની જે તાકાદ છે તેનાથી અભ્યન્તર તપમાં એ યોગોને વશ કરવાની કંઈ–ગુણી તાકાદ છે, એટલું જ નહિ, આત્માના જ્ઞાન–દર્શન અને ચારિત્ર યોગોને ખીલવવાનું બળ અભ્યન્તર તપમાં છે. સામાન્યતયા લોકોમાં ભલે બાહ્ય તપનો મહિમા ઝળહળતો હોય, પણ અભ્યન્તર તપની કિમ્મત અનોખી છે, આત્માને સીધો ઉપકાર તે કરી શકે છે, તેમાં પણ સ્વાધ્યાયનું મહત્ત્વ ઘણું છે. અહીં જણાવ્યા પ્રમાણે બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય સમાન બીજો તપ નથી, તેનાથી ક્રમશઃ થતો મોટો લાભ અને એમાં પ્રમાદ કરવાથી બાહ્ય અભ્યન્તર થતું અહિત પણ ખૂબ મનન કરવા જેવું છે. ભલે, સામાન્ય બુદ્ધિથી એ વાત ન સમજાય, પણ અહીં કહેલું સ્વાધ્યાયનું ઉત્તમ ફળ અને તેમાં પ્રમાદ કરવાથી થતું અહિત, એ જ્ઞાનીઓએ કરેલું ચોક્કસ નિદાન છે, તેને શ્રદ્ધાપૂર્વક સ્વીકારી સ્વાધ્યાયમાં રક્ત રહેનારો અવશ્ય સર્વ પ્રકારનાં સાચાં સુખોને પામી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઙ્ગ સઙ્કોચીને) વિરાધનાથી બચે." (અર્થાત્ ઉન્હાળે શીયાળે ઉષ્ણ પરીષહ-શીતપરીષહ સહન કરીને અને ચોમાસામાં જવા આવવાનું ઓછું કરીને વિવિધ તપશ્ચર્યાદિ કરતા કર્મનિર્જરા કરે.)

તથા અન્યમુનિઓ વાચના લે ત્યારે ધીરમુનિઓ એકાન્તમાં કાયોત્સર્ગને પણ કરે. કહ્યું છે કે—

" वायंति जत्थ सीसे, उज्झाया जत्थ सूरिणो अत्थं ।
साहंति तत्थ धीरा, कुणंति उस्सग्गमेगंते ॥" यतिदिनच० गा० १०७॥

**ભાવાર્થ**–" જ્યાં ઉપાધ્યાય ભગવન્ત શિષ્યોને સૂત્ર વંચાવે અને જ્યાં આચાર્ય ભગવન્ત અર્થની વાચના આપે, ત્યાં એકાન્તમાં ધીરમુનિઓ કાયોત્સર્ગ કરે. વળી કહ્યું છે કે—

" तम्हा उ निम्ममेणं, मुणिणा उवलद्धसुत्तसारेणं ।
काउस्सग्गो उग्गो, कम्मखयट्ठा य कायव्वो ॥" यतिदिनच० गा० ११०॥

**ભાવાર્થ**–" તેથી જે મુનિ સૂત્રોને ભણીને તેના રહસ્યને સમજ્યો હોય તેણે કર્મનો ક્ષય કરવા માટે શરીરાદિની મમતા છોડીને ઉગ્ર (મોટો) કાયોત્સર્ગ કરવો."

હવે સાધુનું બીજી પોરિસીનું તેનો સમય પૂર્ણ થતાં સુધીનું કર્તવ્ય જણાવે છે કે—

मूलम्—" प्रतिलिख्य ततः पात्रा—ण्यर्थस्य श्रवणं गुरोः ।
एवं द्वितीयपौरुष्यां, पूर्णायां चैत्यवन्दनम् ॥९२॥

**મૂળનો અર્થ**–તે પછી બીજી પોરિસીમાં પાત્રપડિલેહણ કરીને ગુરૂમુખે અર્થનું શ્રવણ કરવું અને તે પૂર્ણ થાય ત્યારે ચૈત્યવન્દન કરવું.

**ટીકાનો ભાવાર્થ**–'તે પછી' એટલે પ્રથમ પોરિસી સુધી સ્વાધ્યાય કર્યા પછી (બીજી પોરિસીના પ્રારમ્ભમાં) પાત્રાનું પ્રતિલેખન કરીને ગુરૂના (આચાર્યના) મુખેથી સૂત્રની વ્યાખ્યારૂપ અર્થનું શ્રવણ કરવું, તે સાપેક્ષ યતિધર્મ જાણવો. અહીં સાધુને પહેલીપોરિસી પૂર્ણ થાય ત્યારે પાત્રનું પ્રતિલેખન કરવાનું જણાવ્યું, તે માટે કહ્યું છે કે—

" चरिमाए(पढमाए) पोरिसीए, पत्ताए भायणाण पडिलेहा ।
सा पुण इमेण विहिणा, पण्णत्ता वीअराएहिं ॥" पञ्चवस्तुक गा० २६७॥

**ભાવાર્થ**–" પ્રથમ પોરિસી, અર્થાત્ સૂર્યોદયથી પોણોપ્રહર પૂર્ણ થતાં પાત્રાંની પડિલેહણા કરવી, તે પડિલેહણા શ્રીજિનેશ્વરોએ આ વિધિથી કરવાની કહી છે—

પાત્રપ્રતિલેખના પહેલાંનું કર્ત્તવ્ય યતિદિનચર્યાની ગાથાઓમાં આ પ્રમાણે કહેલું છે—

" सुत्तत्थनिवहसंगह—काउस्सग्गाइधम्मकम्मेहिं ।
उग्घाडपोर(रि)सीए, जईण पत्तो इमो समओ ॥" यतिदिनचर्या गा० १११॥

**ભાવાર્થ**–" સાધુઓને પહેલી પોરિસીમાં 'સૂત્રો તથા અર્થોનો સંગ્રહ કરવો, (ગુરૂપાસે ભણવાં,) કાયોત્સર્ગ કરવો, વિગેરે ધર્મકરણીથી પ્રથમ પોરિસી (પોણો પ્રહર) પૂર્ણ થતાં તે પછીનો સમય બીજી ઉદ્ઘાટ પોરિસીના કાર્ય કરવાનો આવ્યો, એમ સમજવું."

પોરિસીનું પ્રમાણ તો (ગૃહસ્થધર્મના અધિકારમાં) પચ્ચક્ખાણના વર્ણન વખતે કહેવાઈ ગયું છે. આ પોરિસીની પ્રતિલેખનાનો કાળ ઉલ્લંઘી જાય, મોડી ભણાવે તો 'એક કલ્યાણક' પ્રાયશ્ચિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે. કહ્યું છે કે—" पडिलेहणिया काले, फिडिए कल्लाणगं तु पच्छित्तं " ॥ ओघनि० भा० १७४॥ અર્થાત્ " પ્રતિલેખનાનો કાળ ઉલ્લંઘે તો એક કલ્યાણક પ્રાયશ્ચિત્ત આપવું." આ કારણથી—

" नाऊण इमं सम्मं, तत्तो नमिऊण भणइ गीअत्थो ।
भयवं ! बहुपडिपुन्ना, संजाया पोरिसी पढमा ॥" यतिदिनचर्या गा० ११८॥

**ભાવાર્થ**–" આ ઉઘાડા પોરિસીનો સમય સારી રીતે જાણીને ગીતાર્થ સાધુ ગુરૂને નમસ્કાર કરીને (ખમા૦ દઇને) વિનતિ કરે કે–હે ભગવન્ત ! પ્રથમ–પોરિસી સમ્પૂર્ણ થઇ."

" तत्तो उट्ठित्तु गुरू, काऊणं लहुअवंदणं पुत्तिं ।
पेहंति तओ पत्ते, सीसाण विहिं पयासंता ॥१॥" (यतिदिनचर्या गा० १२०)

**ભાવાર્થ**-" એ વિનતિ સાંભળ્યા પછી ગુરૂ આસનેથી ઉઠીને ખમાસમણ દઈ (ઇરિયાવહી૦ પ્રતિક્રમી) પોરિસીમુહપત્તિની પડિલેહણા કરે, તે પછી શિષ્યો પણ (નીચે કહ્યા પ્રમાણે) પાત્રાંનું પ્રતિલેખન કરે, ત્યારે ગુરૂ શિષ્યોને પાત્ર પડિલેહણનો વિધિ સમજાવે"

" वंदित्तु तओ समणा, गिण्हिअ सव्वंपि पत्तनिज्जोगं ।
पाउंछणगनिविट्ठा, पुत्तिं पत्ताणि पेहंति ॥१२५॥
पाउंछणमुउबद्धे, वासासमयंमि पीढपट्टाइं ।
आसणमिणं जईणं, भूमिफलियाणि सयणंमी ॥१२६॥
पत्तं पत्ताबंधो, पायठवणं च पायकेसरिआ ।
पडलाइँ रयत्ताणं, गुच्छओ पायणिज्जोगो ॥१२७॥" यतिदिनचर्या ॥

**ભાવાર્થ**–" શિષ્યો પણ ગુરૂએ મુહપત્તિ પડિલેહણ કર્યા પછી ગુરૂને વન્દન (ખમાસમણ) દઇને પાત્રાં અને પાત્રાંની સર્વ સામગ્રી લઇને આસને બેસીને પહેલાં (ખમાસમણ પૂર્વક ઇરિ૦ પ્રતિક્રમીને) મુહપત્તિ પડિલેહી પછી પાત્રાંનું પ્રતિલેખન કરે. "સાધુને ઋતુબદ્ધકાળમાં આસન તરીકે પાદપ્રોઞ્છન અને વર્ષાકાળમાં પાટ–પાટલાદિ (વાપરવું.) તથા શયન માટે શેષકાળમાં જમીન અને વર્ષાકાળમાં પાટીયાં (પાટ)નો ઉપયોગ કરવો. " પાત્રાંનો નિર્યોગ (જરૂરી વસ્તુઓ) સાત પ્રકારે છે–૧–પાત્ર, ૨–પાત્રબન્ધ (ઝોળી), ૩–પાત્રઠવણ, (નીચેનો ગુચ્છો,) ૪–પાત્રકેસરિકા, (પ્રમાર્જની–ચરવળી,) ૫–પડલા (ગોચરી ફરતાં પાત્રા ઉપર ઢાંકવા માટે વસ્ત્રના ત્રણ ચાર કે પાંચ પડ–કકડા), ૬–રજસ્ત્રાણ (રજથી રક્ષણ કરવા પાત્રાં જેમાં વીંટાય તે વસ્ત્ર)અને ૭–ગુચ્છો (ઉપરનો)"

આ પાત્રાદિનું વર્ણન (સ્વરૂપ) ઉપકરણઅધિકારમાં કહીશું. પાત્રાંની પ્રતિલેખનાનો વિધિ આ પ્રમાણે છે–પાત્રાંની પાસે આસન ઉપર બેસીને પહેલાં પૂર્વે જણાવ્યા પ્રમાણે મુખવસ્ત્રિકાનું અને પછી કાન વિગેરે ઇન્દ્રિયોથી ઉપયોગ કરતો પાત્રાંનું પ્રતિલેખન કરે. કહ્યું છે કે—

" भाणस्स पास बेट्ठो, पढमं सोआइएहिं काऊण ।
उवओगं तल्लेसो, पच्छा पडिलेहए पायं ॥" पञ्चवस्तुक० २६९॥

**ભાવાર્થ**-" પાત્રાની પાસે બેઠેલો સાધુ પ્રથમ શ્રોત્રાદિ ઇન્દ્રિઓ વડે ઉપયોગ કરીને તેમાં એકાગ્ર ચિત્તવાળો થઇ પાત્રાંનું પ્રતિલેખન કરે. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" उवउंजिऊण पुव्वं, तल्लेसो जइ करेइ उवओगं ।
सोएण चक्खुणा घाणओ अ जीहाए फासेणं ॥" ओघनि० गा० २८७॥

**વ્યાખ્યા**–'મારે અમુક વેળાએ પાત્રપ્રતિલેખન કરવાનું છે' એમ પ્રથમથી જ ઉપયોગ રાખીને પુનઃ પાત્ર પ્રતિલેખનના સમયે તેમાં જ એકાગ્ર બનેલો સાધુ પાત્રાંની પાસે બેસીને આ પ્રમાણે ઉપયોગ કરે. પ્રથમ કાનથી પાત્રાંનો ખ્યાલ કરે, જો તેમાં ભરાઈ ગએલા કોઈ ભ્રમરા–ભ્રમરી આદિનો શબ્દ (ગુઞ્જારવ) સંભળાય તો તે જીવને જયણાપૂર્વક દૂર મૂકીને પછી તે પાત્રનું પડિલેહણ કરે, એ રીતે નેત્રોથી પણ ખ્યાલ આપે, કદાચિત્ તેમાં ઉંદરડી વિગેરે કે તેણે ભરેલો કચરો ધૂળ–રજ વિગેરે દેખાય તો તેને જયણાથી દૂર કરે, નાસિકાથી પણ ઉપયોગ આપે, કદા ચ તેમાં સુરભકાદિ ('સુંવાળી' નામના) કોમળ જીવના ફરવા વિગેરેથી મર્દન થયું (ખરડાયું) હોય તો ગન્ધથી જાણીને તેને દૂર કરે, એ રીતે જીંહાઇન્દ્રિયથી ઉપયોગ આપે, એટલે કે કંઈ હોય તો તેના રસથી જાણીને દૂર કરે, તે એ રીતે કે (જ્યાં રસ હોય ત્યાં ગન્ધ હોવાથી) ગન્ધનાં પુદ્ગલો પોતાના (ઉચ્છ્વાસ વિગેરેથી) હોઠને લાગે ત્યારે ત્યાં હોઠ સાથે જીંહાને સ્પર્શીને તેના રસથી કંઈ જણાય તો તેને જયણાથી દૂર કરે. એ રીતે સ્પર્શનેન્દ્રિયથી પણ ઉપયોગ મૂકે, કદાચિત્ તેમાં ઉંદરડી વિગેરે હોય તો તેના નિઃશ્વાસનો વાયુ શરીરે લાગવાથી તેની ખાત્રી થાય અને દૂર કરી શકાય. એ પ્રમાણે પાંચે ઇન્દ્રિયોથી ઉપયોગ આપીને પાત્રાંની પ્રતિલેખના કરે. પુનઃ પ્રતિલેખના માટે જણાવ્યું છે કે—

" मुहणंतएण गुच्छं, गोच्छं गहिअंगुलिहिं पडलाइं ।
उक्कुडुअ भाणवत्थे, पलिमंथाईसु तं न भवे ॥" ओघनि० गा० २८८॥

**વ્યાખ્યા**–જેનું લક્ષણ આગળ કહીશું તે ગુચ્છાને મુખનન્તકથી એટલે રજોહરણ તથા મુખવસ્ત્રિકાથી પ્રમાર્જે, પુનઃ તે જ ગુચ્છાને અઙ્ગુલીઓથી પકડીને પડલાઓનું પ્રમાર્જન કરે, **પ્રશ્ન**–વસ્ત્રોની પ્રતિલેખના ઉત્કટ આસને બેસીને કરવાનું કહ્યું છે તો પાત્રાંનાં વસ્ત્રો, (પડલા–ઝોળી) ગુચ્છા, વિગેરે પણ ઉત્કટ આસને બેસીને જ કરવું જોઇએ ? **ઉત્તર**–તમે કહ્યું તે તેમ નથી, તેમ કરવાથી તો સૂત્ર–અર્થના અધ્યયનમાં (વિલમ્બ થવા રૂપ) વિઘ્ન આવે, કારણ કે–પહેલાં સાધુ આસને બેસે, પછી પાત્રાનાં વસ્ત્રોની પ્રતિલેખના માટે ઉત્કટ આસની બને, પુનઃ પાત્ર પ્રતિલેખના માટે આસને બેસે, એમ કરતાં તો સાધુને વિલમ્બ થાય, માટે આસને બેસીને જ પાત્રાંની અને વસ્ત્રોની પણ પ્રતિલેખના કરવી. આ પ્રતિલેખના દરેકની પચીસ (બોલથી) કરવી. કહ્યું છે કે—

" मुहवत्थे तह देहे, गुच्छे पडलाइएसु पत्तेयं ।
पणवीसा पणवीसा, ठाणा भणिया जिणिंदेहिं ॥" यतिदिनचर्या० १३८॥

**ભાવાર્થ**—" મુખવસ્ત્રિકા, શરીર, ગુચ્છો, તથા પડલા, વિગેરે દરેકની પ્રતિલેખનાનાં પચીસ પચીસ સ્થાનો શ્રીજિનેશ્વરોએ કહેલાં છે" તે પછી શું કરવું ? તે કહે છે કે–

" चउकोणभाणकण्णं, पमज्ज पाएसरीइ तिगुणं तु ।
भाणस्स पुप्फगं तो, इमेहिं कज्जेहिं पडिलेहे ॥" ओघनि० गा० २८९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–પડલાનું પ્રતિલેખન કરીને પછી ગુચ્છાને ડાબા હાથની અનામિકા આંગળીથી પકડે, પછી પાત્રકેસરિકાને (પાત્ર વીંટવાનાં વસ્ત્રને) પાત્રામાંથી લઇને ઝોળીના ચાર ખૂણાને પાત્રાની ઉપર જ ભેગા રાખીને તેનું પ્રમાર્જન એ પાત્રકેસરિકાથી કરે, પછી એ જ પાત્ર–કેસરિકાથી પાત્રના કાંઠાને (કીનારીને) પ્રમાર્જે,પછી (અન્તરે અન્તરે) ત્રણ વાર બહારથી અને ત્રણવાર અન્દરથી પાત્રાનું પ્રમાર્જન કરે, અને છેલ્લે પાત્રનું તળીયું (બહારનો નીચેનો મધ્યભાગ) પ્રમાર્જે. (પણ એટલું વિશેષ છે કે–) હવે કહીએ છીએ તે કાર્યો કરવાનાં હોય તો તે કરીને પછી પાત્રાના તળીયાને પ્રમાર્જે. તે કાર્યો કહે છે કે–

**" मुसगरयउक्केरे, घणसंताणए इअ ।**
**उदए मट्टिआ चेव, एमेआ पडिवत्तीओ ॥" ओघनि० गा० २९०॥**

**વ્યાખ્યા**–કદાચિત્ ઉંદરે જમીનમાં કરેલા બીલ(દર)ની રજ પાત્રના તળીએ લાગી હોય, (રાત્રીએ) કરોળીયાએ તન્તુની જાળ કરી હોય, અથવા તો કદાચિદ્ નીચેની જમીન ભીની હોવાથી તેમાંથી ફૂટેલું (ભેજનું) પાણી લાગેલું હોય, એમ જો કંઈ હોય તો તેને દૂર કરે. આ દૂર કરવામાં જયણા કેવી રીતે કરવી તે આગળ કહીશું. એ ઉપર જણાવેલું કંઇ ન બન્યું હોય તો (અગર બન્યું હોય તો જયણાથી તેને દૂર કરીને) બુધાનું (તળીયાનું) પ્રતિલેખન કરે. હવે 'પાત્રાંને આ ઉંદરના બીલની રજ લાગવી' વિગેરે શી રીતે સંભવે ? તેનાં કારણો કહે છે કે—

**" णवगनिविसे दूरा, उक्केरो मूसएहिं उक्किण्णो ।**
**निद्धमहि हरतणू वा, ठाणं भेत्तूण पविसेज्जा ॥" ओघनि० गा० २९१॥**

**વ્યાખ્યા**–જે ગ્રામ વિગેરેમાં સાધુઓ રહ્યા હોય તે જો નવું વસ્યું હોય તો ત્યાં પાત્રાંની સમીપમાં જમીનની ઉંડાણમાંથી ઉંદરો બીલ (દર) કોતરી શકે, તેથી તેની રજ પાત્રાંને લાગે, પાત્રાં રાખ્યાં હોય ત્યાં નીચેની જમીન ભીની હોય તો ભેજનાં બિન્દુઓ જમીન ફોડીને બહાર પણ નીકળે, અને તે પાત્રસ્થાપનને (નીચેના ગુચ્છાને) ભેદીને પણ પાત્રાને લાગે, કારણ કે 'હરતનુ' પાણીનાં બિન્દુઓ ઊર્ધ્વગામી હોય છે તેથી ભેજનું પાણી એ રીતે પાત્રાને પણ લાગે. તેને દૂર કરવામાં જયણા શી રીતે કરવી તે આગળ કહીશું. અહીં ૨૯૦ મી ગાથામાં જણાવેલા ક્રમ પ્રમાણે બીજા નંબરનો 'કરોળીયાની જાળનો' હેતુ છોડીને ત્રીજો પાણીના બિન્દુનો હેતુ પહેલાં જણાવ્યો તેનું કારણ એ છે કે—'માટી અને પાણી' એ બન્નેની એકેન્દ્રિય તરીકે સમાનતા છે. હવે બાકીના હેતુઓ કહે છે કે—

**" कोत्थलगारिअघरगं, घणसंताणाइआ व लग्गेज्जा ।**
**उक्करं सट्ठाणे, हरतणु संचिट्ठ जा सुक्को ॥" ओघनि० गा० २९२॥**

**વ્યાખ્યા**–કોત્થલકારિકા નામનો જન્તુ વિશેષ (ગુંગણી–ભ્રમરી) જે માટીનું ઘર બનાવે છે, તે ઘર તેણે પાત્ર નીચે કર્યું હોય તો તેની જયણા શી રીતે કરવી તે પણ આગળ કહીશું. તથા કરોળીયાની જાળ વિગેરે કંઈ લાગ્યું હોય, કે આદિ શબ્દથી કોઇ જીવે ઇંડાં વિગેરે મૂક્યાં હોય તો તેની પણ જયણા કરવી. હવે એ સર્વની જયણા કેવી રીતે કરવી તે કહે છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉંદરના દરનો ઉકરડો (રજપુંજ) હોય તો તેને તે ઉંદરના દરના ઉકરડા ભેગો જયણાથી મૂકવો, પાણીનાં બિન્દુઓ (હરતનુ) લાગ્યાં હોય તો તે સ્વયં સૂકાઈ જાય ત્યાં સુધી પાત્ર પડિલેહણા ન કરવી, સૂકાયા પછી કરવી. શેષ પ્રસઙ્ગોની જયણા કહે છે કે—

" इत(य)रेसु पोरिसितिगं, संचिक्खावित्तु तत्तिअं छिंदे ।
सव्वं वा वि विगिंचइ, पोराणं मट्टिअं ताहे ॥" ओघनि० गा० २९३॥

**વ્યાખ્યા**–'ઈતર' એટલે કોત્થલકારિકાનું ઘર, કરોળીયા વિગેરેની જાળ, ઈત્યાદિ હોય તો તેવા પ્રસઙ્ગોમાં ત્રણપ્રહર સુધી પાત્રને મૂકી રાખવું, ત્યાં સુધી પણ તે સ્વયમેવ દૂર ન થાય, બીજું સાધન ન હોય અને આવશ્યક કાર્ય હોય તો તે પાત્રસ્થાપનાદિના (નીચેના ગુચ્છા વિગેરેના) જેટલા ભાગમાં તે લાગેલું હોય તેટલો ભાગ કાપીને તેનો ત્યાગ કરવો, (પરઠવી દેવો,) પણ તેના બદલે બીજું પાત્રસ્થાપનાદિ હોય તો (જેમાં તે જાળ-ઘર વિગેરે કર્યું હોય તેને) સમ્પૂર્ણ પરઠવી દેવું. તેમાં પણ જો કોત્થલકારિકાએ ઘર સચિત્ત માટીથી ન કર્યું હોય, જુની અચિત્ત માટીનું હોય અને તેમાં તેણે કૃમિ (કીડાઇયળ) ન મૂક્યો હોય તો પાત્ર પ્રતિલેખનાના સમયે જ તેને દૂર કરવું, વિગેરે યથાયોગ્ય જયણા સમજી લેવી. હવે પાત્ર કેવી રીતે પડિલેહવું ? તે કહે છે કે–

" पत्तं पमज्जिऊणं, अंतो बाहिं सईं तु पप्फोडे ।
केइ पुण तिन्नि वारा, चउरंगुलभूमिं पडणभया ॥" ओघनि० गा० २९४॥

**વ્યાખ્યા**–તે પાત્રને પાત્રકેસરિકા વડે બહારથી ત્રણવાર સમ્પૂર્ણ પ્રમાર્જીને પછી હાથમાં રાખીને અન્દરથી સર્વ બાજુએ ત્રણવાર પ્રમાર્જે, પછી અધોમુખ (ઉંધું) કરીને એક જ વાર બુધાનું (તળીયાનું) પ્રસ્ફોટન (પ્રતિલેખન) કરે, કેટલાક આચાર્યો એમ કહે છે કે—પ્રથમ એક-વાર બહારથી પ્રમાર્જે, પછી એકવાર અન્દરથી પ્રમાર્જે, પુનઃ ઉંધું કરી બીજી વાર બહારથી, પુનઃ અન્દરથી, પુનઃ ઉંધું કરી ત્રીજી વાર બહારથી, પુનઃ અન્દરથી, એમ પહેલાં બહારથી પછી અન્દરથી પ્રમાર્જે અને ત્રીજી વાર ઉંધું કરીને છેલ્લે પુનઃ બુધાને પ્રમાર્જે. નીચે પડી જવાના ભયે પાત્રને જમીનથી માત્ર ચાર આંગળ ઉંચે રાખીને પ્રતિલેખના કરવી. એથી વધારે ઉંચે રાખવું નહિ. આ પાત્રની પ્રતિલેખના પણ પચીસ (બોલથી) કરવી. યતિદિનચર્યામાં કહ્યું છે કે–

" बारस बाहिं ठाणा, बारस ठाणा य हुंति मज्झंमि ।
पत्तपडिलेहणाए, पणवीसइमो करप्फासो ॥" यतिदिनचर्या–गा० १४२॥

**ભાવાર્થ**—"પાત્રની પડિલેહણાનાં બાર સ્થાનો બહાર, બાર સ્થાનો અન્દર અને પચીસમો કરસ્પર્શ, એમ પચીસ સ્થાનો થાય છે. "

અહીં સુધી સવારની વસ્ત્ર-પાત્રની પ્રતિલેખના કહી. હવે પ્રતિલેખના કરીને ઉપધિનું શું કરવું ? અને પાત્રક ક્યાં રાખવું ? તે જણાવે છે કે—

" विं(वें)टिअबंधण धरणे, अगणी तेणे य दंडियक्खोभे ।
उउबद्धधरणबंधण, वासासु अबंधणा ठवणा ॥" ओघनि० गा० २९५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–પ્રતિલેખના કર્યા પછી સર્વ વસ્ત્રોનું વિંટીઉં બાંધવું અને પાત્ર તથા રજસ્રાણને પોતાના ખોળામાં રાખવાં, નીચે નહિ મૂકવાં. કારણ કે કદાચિત્ અગ્નિનો–ચોરનો–દણ્ડિકનો (પરરાજાનો) વિગેરે ભય ઉભો થાય તો બચાવ કરી શકાય. (અર્થાત્ લઇને તુર્ત ત્યાંથી અન્ય સ્થળે જઈ શકાય) આ વિધિ ઋતુબદ્ધ એટલે શીયાળા–ઉન્હાળા માટે સમજવો. વર્ષાકાળમાં તો ઉપધિ બાંધવાની જરૂર નથી, તેમ પાત્ર પણ બીજે કોઈ સુરક્ષિત સ્થાને મૂકવાં. આને અંગે ભાષ્યકાર કહે છે કે—

"रयत्ताणभाणधरणा(णं), उउबद्धे निक्खिवेज्ज वासासु ।
अगणीतेणभएण व, रायक्खोभे विराहणया ।।" ओघनि० भा० गा० १७५।।

**વ્યાખ્યા**–શીયાળા–ઉન્હાળામાં રજસ્રાણ અને પાત્રાનું ધારી રાખવું, અર્થાત્ બીજે મૂકવાં નહિ–પાસે રાખવાં અને વર્ષાકાળમાં એકાન્તે મૂકવાં. કારણ કે–પાસે નહિ રાખવાથી અગ્નિનો ઉપદ્રવ, ચોરનો ભય તથા રાજાનો વિપ્લવ થાય તો (મૂક્યાં હોય ત્યાંથી) શીઘ્ર લેવામાં વિલમ્બ થતાં સંયમને અને શરીરને પણ નુકશાન થાય. શી રીતે થાય? તે જણાવે છે કે—

"परिगलमाणा हीरिज्ज, डहणं भेओ तहेव छक्काया ।
गुत्तो (मूढो) व सयं डज्झे, हीरिज्ज व जं च तेण विणा ।।"ओघनि० भा०१७६।।

**વ્યાખ્યા**–અગ્નિ વિગેરેના ભયથી ક્ષોભ પામેલા સાધુને ઉતાવળથી છૂટી–ઉપધિ લેતાં, બાંધતાં તેમાંથી વસ્ત્રાદિ કોઈ પડી જાય અને પડી જવાથી તેને કોઈ ઉઠાવી (ચોરી) જાય. અથવા છૂટી વસ્તુઓ લેવામાં વિલમ્બ થવાથી પોતે અગ્નિથી બળે. વળી ઉતાવળથી નીકળવા માટે દૂર મૂકેલા પાત્રને લેવા જતાં તે ભાગી (ફૂટી) જાય, તો તેથી છકાયજીવોની વિરાધના પણ થાય, અથવા ક્ષોભથી મૂઢ બની જતાં ઉપધિ–પાત્ર વિગેરે લેવા જતાં પોતે પણ દાઝે. છૂટી ઉપધિને તથા દૂર મૂકેલા પાત્રને લેવામાં ભયથી વ્યગ્ર બનેલાને સ્હેલાઈથી ચોરો પણ લૂંટી લે, અને તેથી વસ્ત્રપાત્ર વિના સંયમ તથા શરીર બન્નેની વિરાધના (હરકત) થાય, ઈત્યાદિ પણ સંભવિત છે. વર્ષાકાળમાં ઉપધિ નહિ બાંધવાનું તથા પાત્ર એક સ્થળે મૂકવાનું કારણ કહે છે કે—

"वासासु नत्थि अग्गी, णेव य तेणा उ दंडिआ सत्था ।
तेण अबंधण ठवणा, एवं पडिलेहणा पाए ।।" ओघनि० भा० १७७।।

**વ્યાખ્યા**–વર્ષાકાળમાં પાણીની બહુલતાથી અગ્નિનો ઉપદ્રવ ન સંભવે, પલ્લીપતિ વિગેરે ચોરોને (ધાડ પાડુઓને) પણ વર્ષાને લીધે નાસવાનું વિષમ બને, વિગેરે કારણથી તેઓના ઉપદ્રવ પણ ન હોય, અને વર્ષામાં પ્રયાણની સામગ્રીના અભાવે અન્ય રાજાઓનો ઉપદ્રવ પણ ન હોય, આ કારણોથી ઉપધિને બાંધવાની કે પાત્રને પાસે રાખવાની આવશ્યકતા નથી. માટે ઉપધિ છૂટી રાખવાનું અને પાત્રને એકાન્તે મૂકવાનું વિધાન છે. એ પાત્રની પ્રતિલેખના કહી.

બૃહત્કલ્પમાં પાંચદ્વારોથી પ્રતિલેખના આ પ્રમાણે કહી છે—

"पडिलेहणा उ काले,ऽपडिलेहणदोस छसु वि काएसु ।
पडिगहनिक्खेवणया, पडिलेहणिया सपडिवक्खा ।।" बृ०कल्प-भा० १६६०।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–૧–યોગ્ય કાળે પ્રતિલેખના કરવી, ૨–ન કરવાથી પ્રાયશ્ચિત્ત લાગે, ૩–'આરભડા' વિગેરે દોષ લગાડીને કરવાથી પ્રાયશ્ચિત્ત લાગે, ૪–છકાય જીવો ઉપર ઉપધિ મૂકવાથી કે સ્વયં બેસવા–ઉભા રહેવાથી પ્રાયશ્ચિત્ત લાગે, એના ચાર ભાંગા થાય. (૧–છ કાય પૈકી કોઈ જીવો હોય ત્યાં પોતે બેસે અને ઉપધિ પણ મૂકે, ૨–પોતે નિર્જીવ સ્થાને બેસે–ઉપધિ છકાય જીવો ઉપર મૂકે, ૩–પોતે છ કાય ઉપર–ઉપધિ અચિત્ત સ્થાને, અને ૪–પોતે અને ઉપધિ બન્ને અચિત્ત સ્થાને, આ ચાર પૈકી છેલ્લો નિર્દોષ છે,) અને ૫–વર્ષાકાળમાં પ્રતિલેખન કરીને પાત્રને એકાન્તે મૂકવું. આ પાંચે દ્વારો ઉત્સર્ગથી અને અપવાદથી બે રીતે સમજવાં. તેમાં ઉત્સર્ગથી-તો પાંચેનું વર્ણન કર્યું, અપવાદ આ પ્રમાણે છે–૧–અશિવ (ઉપદ્રવ) વિગેરે કારણે અકાળે પણ પ્રતિલેખના કરી શકાય. કહ્યું છે કે—

**" असिवे ओमोअरिए, सागार भए व राय गेलन्ने ।**
**जो जंमि जया जुज्जइ, पडिवक्खो तं तहा जोए ॥१॥"बृ० कल्प भा० १६६५॥**

**વ્યાખ્યા**–'મારી–મરકી' વિગેરે ઉપદ્રવને યોગે પડિલેહણ ન કરી શકાય ત્યારે, 'દુષ્કાળ' વિગેરેમાં આહારની દુર્લભતા હોય તેથી સવારમાં જ આહાર માટે જતાં પ્રતિલેખના માટે સમય ન મળે ત્યારે, કોઈ ગૃહસ્થ પ્રતિલેખના કરતાં શ્રેષ્ઠ ઉપધિને દેખે તેમ હોય ત્યારે, ચોર વિગેરેના ઉપદ્રવથી ઉત્તમ ઉપકરણો દેખવાથી ચોરાઈ જવાનો સંભવ હોય ત્યારે, કોઇ રાજા સાધુનો પ્રત્યનીક (વૈરી) હોય તેના ભયથી રાત્રિ–દિવસ પન્થ કાપવાનો હોય ત્યારે અને માંદગીને કારણે એકલા રહેવાનો પ્રસઙ્ગ આવે તો શક્તિના અભાવે, એ કારણોથી ૨–પ્રતિલેખના ન કરે, અથવા ભવિષ્યકાળે (મોડી) કરે, ૩–ઉતાવળથી 'આરભડા' વિગેરે દોષ યુક્ત કરે, કે અશક્ત હોવાથી ગુર્વાદિની પ્રતિલેખના ન કરતાં પોતાની જ કરે, એમ અશિવાદિના કારણે પડિલેહણા ન કરવી, મોડી વહેલી કરવી, ઇત્યાદિ જ્યારે જે અપવાદ ઘટતો હોય તેને તે રીતે સેવે.

હવે ૪–'છ કાય જીવો હોય તેવી ભૂમિમાં પ્રતિલેખના ન કરવી' એનો અપવાદ કહે છે કે–(નિર્જીવ–અચિત્ત સ્થાનના અભાવે) અસ્થિર (કોમળ) સંઘયણવાળાની રક્ષા માટે દૃઢસંઘયણવાળા ઉપર પ્રતિલેખના કરવાથી પ્રાયશ્ચિત્ત લાગતું નથી. અહીં 'બેઇન્દ્રિય' આદિ ત્રસજીવો અને 'ડાંગર' વિગેરે દાણાના જીવો અસ્થિર (કોમળ) સંઘયણ(શરીર)વાળા જાણવા. કહ્યું છે કે—

**" तसबीअरक्खणट्ठा, काएसु वि होज्ज कारणे पेहा ॥" (बृ. कल्प भा० १६६६)**

**વ્યાખ્યા**–"ત્રસ અને બીજોની રક્ષાના કારણે પૃથ્વીકાયાદિ ઉપર પણ પ્રતિલેખના કરી શકાય" વિગેરે]

એમ પાત્ર પ્રતિલેખના પછી તુર્ત બીજી પોરિસીમાં આચાર્ય સૂત્રોના અર્થોને સમજાવે અને શિષ્યો સાંભળે. આથી જ આ વાચનાને 'અર્થમણ્ડલી' અને તે સમયવાળી પોરિસીને પણ (ઉપચારથી) અર્થપોરિસી કહેવાય છે.

વાચનાના સમયે વચ્ચે વિક્ષેપ (વિઘ્ન) ન થાય, એ ઉદ્દેશથી કોઇને પચ્ચક્ખાણ માત્ર પણ આપવું નહિ. કહ્યું છે કે—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" आरंभिअ अणुओगं, पचक्खाणं न दिज्जए जत्थ ।
अन्नस्स तत्थ वत्तामित्तस्स वि नाम का वत्ता ॥१॥" (यतिदिनच० गा० १५३)

**ભાવાર્થ**–" જે વાચના(વ્યાખ્યાન)નો પ્રારમ્ભ થયા પછી વચ્ચે પચ્ચક્ખાણ પણ અપાય નહિ, તો બીજી કોઈ વાર્તા કરવાની તો વાત જ કયાં રહી ? અર્થાત્ અન્ય કોઈ વાત ન કરાય "

સાધુના આચારમાં શિથિલ હોય તેવા પણ વ્યાખ્યાનકારને શુદ્ધપ્રરૂપણાથી કર્મોની મોટી નિર્જરા થાય છે, પછી અપ્રમાદી (ઉત્સાહી–ઉદ્યમી) માટે તો કહેવું જ શું ? કહ્યું છે કે—

" ओसन्नो वाचारे (वि विहारे), कम्मं सोहेइ सुलहबोही अ ।
चरणकरणं विसुद्धं, उववूहंतो परूवंतो ॥१॥" (यतिदिनच० गा० १५७)

**ભાવાર્થ**–" સાધુના આચારમાં સીદાતો (પ્રમાદી) પણ મુનિ વિશુદ્ધભાવે ચરણ–કરણાનુ યોગની પ્રશંસા અને પ્રરૂપણા કરતાં કર્મનિર્જરા કરે છે તથા બોધિ સુલભ થાય છે."[૭૩]

વ્યાખ્યાન સાંભળનારને પણ તે સાંભળવાથી ગૃહસ્થધર્મ અને સાધુ ધર્મ બેમાંથી એકની પ્રાપ્તિરૂપ ફળ મળે છે, કોઈ બેમાંથી એકેય પ્રાપ્ત ન કરે તો પણ તેનાથી તેટલો કાળ છ કાય જીવોની રક્ષા થાય, તે ફળ તો સ્પષ્ટ છે જ. કહ્યું છે કે—

" जे अगहिअधम्मा वि हु, जत्तिअकालं सुणंति वक्खाणं ।
नियमा छज्जीवदया, तेहि कया तत्तिअं कालं ॥ १५५॥
जे उण सम्मत्तं वा, गिहत्थधम्मं व समणधम्मं वा ।
गिण्हंति देसणाए, परमत्थो तेहि पडिवन्नो ॥" १५६ यतिदिनचर्या ॥

૭૩–ચાર પ્રકારના ધર્મમાં 'દાન' મુખ્ય છે, તેનો નમ્બર પહેલો છે, આ દાનના પ્રકારો ભિન્નભિન્નરૂપે શાસ્ત્રમાં કહેલા છે, તો પણ આત્મોપકારક દાનના જ્ઞાનદાન, અભયદાન, અને ધર્મોપષ્ટમ્ભદાન, એમ ત્રણ પ્રકારો છે. તેમાં જ્ઞાનદાન સર્વશ્રેષ્ઠ છે, જગતમાં સર્વ વસ્તુઓ દાનમાં આપનારને ઓછી થાય છે તથા લેનારને આખરે છૂટી જાય છે. માત્ર જ્ઞાન જેમ આપે તેમ વધતું જાય છે, તથા લેનારને પણ અન્યભવમાં સાથે રહે છે. એમ જ્ઞાન એક એવી અમૂલ્ય વસ્તુ છે કે તેના દાનની બરાબરી કોઈ પણ વસ્તુનું દાન કરી શકતું નથી. મુનિજીવનમાં બીજાં દાન ગૌણ બની જાય છે પણ જ્ઞાનદાનરૂપ એક મહાદાન તેને યાવત્ મોક્ષસુખ આપી શકે છે, માટે જ્ઞાનીએ પોતાનું જ્ઞાન યોગ્ય જીવોને આપવામાં ઉપેક્ષા કરવી જોઇએ નહિ. જૈનસાહિત્ય પ્રસિદ્ધ વરદત્ત રાજપુત્રનો જીવ પૂર્વભવમાં સુન્દર સાધુપણું પાલવા છતાં વરદત્તના ભવમાં જે દુઃખદ દશાને પામ્યો હતો તેમાં જ્ઞાનદાન પ્રત્યેનો અનાદર કારણભૂત હતો. એવાં તો અનેક દૃષ્ટાન્તો જૈનસાહિત્યમાં પ્રસિદ્ધ છે. વસ્તુતઃ જ્ઞાનદાન કરનારો આપવા છતાં પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરે છે, ઉપરાન્ત જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોની નિર્જરા સાથે અઘાતી શુભકર્મોનો બન્ધ થવાથી ઉત્તરોત્તર વિશિષ્ટકોટીનાં સુખો ભોગવવા છતાં અનાસક્ત (વીતરાગ) ભાવ તરફ આગળ વધતો તે સમ્પૂર્ણ જ્ઞાન પ્રગટ કરી સંસારનો પાર પામી શાશ્વત સુખનો ભોક્તા બને છે. બીજાને જ્ઞાનદાન કરવું એ વ્યવહાર વચન છે. નિશ્ચયથી તો જ્ઞાન ગુણ હોવાથી કોઇને આપી શકાતું નથી. પણ જ્ઞાનદાનની ક્રિયા દ્વારા આત્મા પોતે પોતાના અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનગુણને પ્રગટ કરે છે. માટે એમાં મુખ્યતયા તો પોતાનું જ હિત છે એમ સમજી જ્ઞાનીએ યોગ્યજીવને જ્ઞાન ભણાવવું જોઇએ, પ્રમાદ કરનારા ચૌદ પૂર્વધરો પણ સંસારમાં રખડતા થયા છે, માટે પ્રમાદને પ્રયત્નપૂર્વક તજવો જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–" જેઓ સાંભળવા છતાં ધર્મનો સ્વીકાર નથી કરી શકતા તે આત્માઓ પણ ધર્મ સાંભળે તેટલો કાળ નિયમા છકાય જીવોની દયા (રક્ષા) કરે છે. વળી જેઓ ઉપદેશ સાંભળીને સમ્યક્ત્વ, દેશવિરતિરૂપ ગૃહસ્થધર્મ કે સર્વવિરતિરૂપ સાધુ ધર્મને પામે છે, તેઓએ તો મોટા પરમાર્થને પ્રાપ્ત કર્યો સમજવો. "

એ વ્યાખ્યાનનું ફળ જણાવ્યું. હવે તે પછી કરવાનું કહે છે કે–એમ સૂત્ર–અર્થનું વ્યાખ્યાન કરતાં અને સાંભળતાં બીજી અર્થપોરિસી પૂર્ણ થાય ત્યારે ચૈત્યવન્દન (જિનમન્દિરમાં દેવદર્શન, દેવવન્દન) કરવું તે સાપેક્ષ યતિધર્મ છે. એટલું વિશેષ છે કે ભિક્ષાકાળની (ગૃહસ્થોને ભોજન સમયની) વાર હોય તો ચૈત્યવન્દન વિશિષ્ટ (સ્થિરતાથી) એ રીતે કરવું કે ગોચરી જવાનો સમય થાય અને (ગૃહસ્થો વહેલું જમતા હોવાથી) વહેલું જવું પડે તેમ હોય તો બે પોરિસીમાં થોડો થોડો સમય ઓછો પણ કરવો. કહ્યું છે કે—

" बिइआए पोरिसीए, पुण्णाए चेइआइं वंदिज्जा ।
खित्तंमि पहुप्पंते, भिक्खायरिआइ कालंमि ॥१६३॥
अह न पहुप्पइ कालो, भिक्खाए तयणु पोरिसीजुअलं ।
हाविज्जसु लवमित्तं, चेइअजिणनाहनमणत्थं ॥" १६४–यतिदिनचर्या ॥

**ભાવાર્થ**—" જે ક્ષેત્રમાં ભોજનનો વખત મોડો હોય ત્યાં બીજી પોરિસી પૂર્ણ થયે ચૈત્યોને વાંદવાં. અને જો બે પોરિસી પછી ગોચરી જતા પહેલાં ચૈત્યવન્દનનો સમય પહોંચે તેમ ન હોય તો ચૈત્યવન્દન કરવા માટે બે પોરિસીમાંથી લવમાત્ર (થોડો થોડો) સમય કાપવો." અર્થાત્ ગૃહસ્થોને જમવાના સમયે ભિક્ષા માટે જવાય તેમ સૂત્ર–અર્થ ભણવાનો વખત રાખવો. કહ્યું છે કે—

" खित्तंमि जत्थ जो खलु, गोअरचरिआइ वट्टए कालो ।
तं साहिज्जसु पोरिसी—जुअलं पुण तयणुसारेणं ॥"यतिदिनचर्या गा०१७१॥

**ભાવાર્થ**—" જે ક્ષેત્રમાં ગોચરીનો (ભોજનનો) જે સમય હોય તે સમય ગોચરી માટે સાધવો અને બે પોરિસી તદનુસારે (ન્યૂનાધિક) કરવી. "

ગોચરીનો સમય ઉત્સર્ગથી ત્રીજી પોરિસીનો છે અને માસકલ્પના છેલ્લા દિવસે વિચરવાનો સમય પણ તે જ છે. કહ્યું છે કે—

" तइआइ पोरिसीए, पज्जत्तदिणंमि मासकप्पस्स ।
विहिणा कुणसु विहारं, दूरंमि उ बिइअपढमासु ॥" यतिदिनचर्या–१७०॥

**ભાવાર્થ**—" વિધિ અનુસારે વિહાર માસ કલ્પના છેલ્લા દિવસે ત્રીજી પોરિસીમાં કરવો, પણ જો દૂર (કે અતિદૂર) જવાનું હોય તો બીજીમાં કે પહેલી પોરિસીમાં પણ કરવો. "

અષ્ટમી–ચતુર્દશીએ સર્વજિનમન્દિરોએ અને શેષ દિવસોમાં એક જ મન્દિરે જિનદર્શન–વન્દન કરવાં. કહ્યું છે કે—

" अट्ठमिचउद्दसीसुं, सव्वाणि वि चेइआइ वंदिज्जा ।
सव्वे वि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं ॥" यतिदिनचर्या–१६५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–"અષ્ટમી અને ચતુર્દશીએ સર્વ જિનમન્દિરો અને સર્વ સાધુઓને વન્દન કરવું, બાકીના દિવસોમાં એક મન્દિરમાં જિનદર્શન–વન્દન કરવું."

આ ચૈત્યવન્દનના ભેદો અને વિધિ પહેલા ભાગમાં ગૃહસ્થધર્મના અધિકારમાં કહેલો હોવાથી અહીં તે કહેતા નથી, હવે ત્રીજી પોરિસીનાં કર્ત૦યો કહે છે—

**मूलम्–" कृत्वोपयोगं निर्दोष–भिक्षार्थमटनं तदा ।**
**आगत्यालोचनं चैत्य–वन्दनादिविधिस्ततः ॥९३॥"**

**મૂળનો અર્થ**–ભિક્ષાના સમયે ઉપયોગનો કાયોત્સર્ગ કરીને 'નિર્દોષ' એટલે બેંતાલીશ દોષો રહિત, અર્થાત્ સર્વસંપતકરી ભિક્ષા માટે પર્યટન કરવું, આવીને ગુરૂસમક્ષ તેની આલોચના કરવી અને પછી પચ્ચક્ખાણ પારવા માટેની ચૈત્યવન્દનાદિ ક્રિયા કરવી.

**ટીકાનો ભાવાર્થ**–'तदा'=તે ભિક્ષાના સમયે 'उपयोगम्'=તે અવસરે કરવા યોગ્ય ઉચિત કર્તવ્યને 'कृत्वा'=કરીને 'निर्दोष'=આગળ કહીશું તે ગવેષણા વિગેરેના બેતાલીસ દોષોથી રહિત, અર્થાત્ 'સર્વસમ્પત્ કરી' 'भिक्षार्थम्'=ભિક્ષાને માટે 'अटनम्'=ગૃહસ્થોના ઘરોમાં ફરવું, તે સાપેક્ષયતિધર્મ છે, એમ વાક્યનો સંબન્ધ જાણવો. તાત્પર્ય કે ભિક્ષા ત્રણ પ્રકારની છે, ૧–સર્વસમ્પત્કરી, ૨–પૌરૂષઘ્ની ૩–વૃત્તિકરી, તેનું લક્ષણ આ પ્રમાણે છે.

**" यतिर्ध्यानादियुक्तो यो, गुर्वाज्ञायां व्यवस्थितः ।**
**सदाऽनारम्भिणस्तस्य, सर्वसम्पत्करी मता ॥२॥**
**वृद्धाद्यर्थमसङ्गस्य, भ्रमरोपमयाऽटतः ।**
**गृहिदेहोपकाराय, विहितेतिशुभाशयात् ॥३॥**
**प्रव्रज्यां प्रतिपन्नो य—स्तद्विरोधेन वर्तते ।**
**असदारम्भिणस्तस्य, पौरुषघ्नी प्रकीर्तिता ॥४॥**
**निःस्वाऽन्धपङ्गवो ये तु, न शक्ता वै क्रियान्तरे ।**
**भिक्षामटन्ति वृत्त्यर्थं, वृत्तिभिक्षेयमुच्यते ॥५॥" (हारि० अष्टक–५)**

**ભાવાર્થ**–"શુભધ્યાન, વિગેરે સાધુતામાં વર્તતો, ગુરૂઆજ્ઞાનો પાલક, આજીવિકાદિ માટે પણ આરમ્ભ જેણે વર્જેલો છે એવો સાધુ વૃદ્ધ, ગ્લાન, વિગેરેને માટે નિર્મમ ભાવે ભ્રમરની જેમ ઘેર ઘેર ફરીને (દાતાને અરૂચિ વિગેરે ન થાય તેમ) થોડું થોડું લેનારો, તથા "આ ભિક્ષા ગૃહસ્થના તથા સાધુના શરીરના ઉપકાર માટે શ્રીજિનેશ્વરોએ ફરમાવેલી છે માટે મારે લજ્જા વિના તે માગવી જોઇએ" એવા શુભ આશયથી (ઉત્સાહથી) ફરનારો, એવા સાધુની ભિક્ષાને 'સર્વસમ્પત્કરી' કહી છે," "જે દીક્ષિત થવા છતાં સાધુતાથી વિરૂદ્ધ વર્તે છે, પાપારમ્ભમાં પ્રવૃત્તિ કરે છે, અને ભિક્ષાથી (બીજાના ઉપર) જીવન ચલાવે છે, તેની ભિક્ષા (તેના વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી પ્રગટેલા) પુરૂષાર્થની ઘાતક હોવાથી 'પૌરૂષઘ્ની' કહી છે," અને "જેઓ અન્ધ–નિર્ધન–કે પાંગળા હોવાના કારણે કોઈ ઉપાયદ્વારા આજીવિકા મેળવી શકે તેવા નથી, તેઓ માત્ર ઉદર ભરણ (જીવવા) માટે ભિક્ષા માગે તેઓની ભિક્ષાને 'વૃત્તિભિક્ષા' કહી છે. તેમાં અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્દોષ ભિક્ષા કહેલી હોવાથી તે 'સર્વસમ્પત્કરી' જાણવી.[૭૪]

ભિક્ષા માટે પરિભ્રમણનો ક્રમ આ પ્રમાણે છે–જ્યારે સમય થાય ત્યારે સાધુ માત્રાદિની બાધા ટાળીને ગુરૂને ખમાસમણ દેવા પૂર્વક મુખવસ્ત્રિકાનું પડિલેહણ કરીને પુનઃ ખમાસમણ દઈ 'भगवन् पात्राणि स्थाने स्थापयामि' કહીને પાત્રાનું પ્રતિલેખન-પ્રમાર્જન કરીને પડલા સાથે ઝોળીમાં ગ્રહણ કરે અને ડાબા હાથમાં દણ્ડો પકડીને ગુરૂ સન્મુખ ઉભો રહી ઉપયોગનો કાયોત્સર્ગ કરે. વર્તમાન સામાચારી પ્રમાણે તો બાળ-ગ્લાન-વૃદ્ધ, વિગેરે અસહુ સાધુઓના અનુગ્રહ (ભક્તિ) માટે પ્રભાતમાં જ આ ઉપયોગનો કાયોત્સર્ગ કરાય છે. કહ્યું છે કે—

"पत्ते भिक्खासमये, पणमिअ पडिलेहिऊण मुहपुत्तिं।
नमिऊण भणइ भयवं !, ठाणे ठावेमि पत्ताणि ॥१७२॥
पडिलेहिअ सुपमज्जिअ, तत्तो पत्ताणि पडलजुत्ताणि ।
उग्गाहिअ गुरुपुरओ, उवओगं कुणइ उवउत्तो ॥१७३॥
संपइ सामाचारी, दीसइ एसा पभायसमयंमि ।
जं किज्जइ उवओगो, बालाइअणुग्गहट्ठाए ॥१७४॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**–"ભિક્ષાનો સમય થાય ત્યારે ગુરૂને (ખમા૦) પ્રણામ કરીને મુહપત્તિ પડિલેહી, પુનઃ ખમા૦ દઈને 'હે ભગવન્ત! પાત્રાં સ્થાને સ્થાપુ?' એમ કહીને પાત્રાંને પડિલેહી-પ્રમાર્જીને પડલા સાથે ગ્રહણ કરીને ગુરૂની આગળ આવી ઉપયુક્ત થઈ ઉપયોગ કરે. વર્તમાનમાં આ

---

૭૪–વસ્તુતઃ તો સ્વાશ્રયી જીવન જીવવું તે મનુષ્યનો ધર્મ છે. જૈન મુનિઓ ભિક્ષાથી આજીવિકા ચલાવે છે તેમાં માત્ર જીવવાનો ઉદ્દેશ નથી, કિન્તુ ગૃહસ્થના ઉપકારનું પણ ધ્યેય છે. ગૃહસ્થોને પોતાની લક્ષ્મીનું ઉત્તમ પાત્રમાં દાન કરવાથી નિર્મળ(પુણ્યાનુબન્ધી)પુણ્યકર્મ બન્ધાય છે, અને તેનાં ફળ તરીકે મળેલી સામગ્રી પ્રાયઃ ધર્મસાધક બને છે, અર્થાત્ રાગ-દ્વેષાદિ દોષોને પોષવાને બદલે ઘટાડે છે, અને ઉત્તરોત્તર આત્માને નિર્મળ કરી સર્વવિરતિની યોગ્યતા પણ પ્રગટ કરે છે. એમ ગૃહસ્થનો દાનધર્મ ઉત્તમ સાધુઓને આહારાદિ આપવાથી સચવાય છે. જૈનમુનિઓ એ દાન લેવા છતાં તેમાં આસક્ત હોતા નથી, એથી જ તેઓ નહિ આપનારનું પણ અનિષ્ટ ઇચ્છતા નથી, કિન્તુ તેનું પણ કલ્યાણ ઇચ્છે છે. હક્ક માનીને લેતા નથી, પણ દાતારની દાનરૂચિને સફળ કરવા લે છે, ઇત્યાદિ જૈન મુનિઓનો ભિક્ષા મેળવવાનો આચાર અને ધ્યેય સ્વ-પર કલ્યાણકારક છે. તેઓમાંના ઘણા પોતાની સંપત્તિને છોડીને સાધુ થયેલા હોય છે, આજીવિકા માટે સાધુ બનેલા નથી. ઘેર ઘેર ફરી અલ્પ અલ્પ લેવાનો તેઓનો આચાર કોઇને ભારરૂપ નથી પણ ઉપકારક છે, માટે ભિક્ષાથી જીવવા છતાં તેઓની ભિક્ષા લેનાર-દેનાર ઉભયને ઉપકારી (સર્વસમ્પત્તિને આપનારી) છે. હા, જે સાધુ બનવા છતાં સાધુતાનું પાલન નહિ કરતાં ભૌતિક સુખોને વશ થઈ ગૃહસ્થોને ભારભૂત બને, તેવા સાધુની ભિક્ષાવૃત્તિ લેનાર-દેનાર ઉભયને અહિત પણ કરનારી અને વ્યવહારથી અયોગ્ય પણ કહી છે, એવી ભિક્ષાવૃત્તિથી જીવનાર સાધુને પણ દુષ્ટ કહ્યો છે. તેના ફળરૂપે પણ તેને અન્યભવોમાં દુઃખો ઘણાં ભોગવવાં પડે છે. ત્રીજી 'વૃત્તિભિક્ષા' શરીરથી લાચાર નિરાધાર મનુષ્યોને માટે હોવાથી તે અયોગ્ય નથી. કારણ કે એવાઓ ઉપર અનુકમ્પા કરવી અને તેઓને જીવાડવા, એ ગૃહસ્થનો ધર્મ છે. માટે તેઓ ગૃહસ્થોનું અપ્રીતિપાત્ર બનતા નથી, હા, તેમાં પણ જેઓ સંગ્રહખોરી કરનારા હોય તેઓ લાચાર છતાં અન્યની આપેલી વસ્તુઓનો દુરુપયોગ કરી અહિત સાધે છે.

સામાચારી પ્રભાત સમયે કરાતી જોવામાં આવે છે, કારણ કે-બાલ આદિ સાધુના અનુગ્રહ માટે પ્રભાતે ઉપયોગ કરવાનું પૂર્વ ગુરૂઓએ કહેલું છે." પઞ્ચવસ્તુકમાં પણ કહ્યું છે કે—

" काइअमाइअजोगं, काउं घेत्तूण पत्तए ताहे ।
डंडं च संजयं तो, गुरुपुरओ ठाउमुवउ(त्ता)॥" गा० २८७॥

**ભાવાર્થ**–" લઘુ-વડીનીતિ વિગેરેની બાધા દૂર કરીને પાત્રાં-દણ્ડો લઇને સ્થિર ચિત્તે ગુરૂ આગળ ઉભા રહીને ચિત્તની એકાગ્રતા કરીને (આ પ્રમાણે ઉપયોગ કરે)" ઉપયોગ કરવાનો વિધિ પણ ત્યાં જ કહેલો છે કે—

" संदिसह? भणंति गुरुं, उवओग करेमु ? तेणऽणुण्णाया ।
उवओगकरावणिअं, करेमु (मि) उस्सग्गमिच्चाइ ॥२८८॥
अह कड्ढिऊण सुत्तं, अक्खलिआइगुणसंजुअं पच्छा ।
चिट्ठंति काउस्सग्गे, चिंतिंति अ तत्थ मंगलयं ॥२८९॥ (पञ्चवस्तुक०)

**વ્યાખ્યા**–હું ઉપયોગ કરૂં? મને આદેશ આપો! એમ શિષ્ય ગુરૂને કહે. (અર્થાત્ '**इच्छाकारेण संदिसह** ભગવન્! **उपयोग करुं**?' એમ આજ્ઞા માગે.) તે પછી ગુરૂ '**करेह**' કહી આજ્ઞા આપે, ત્યારે શિષ્ય '**उवओगकरावणिअं करेमि काउस्सग्गं, अण्णत्थ०**' વિગેરે બોલે, (૧) અર્થાત્ તે પછી '**अन्नत्थ०**' વિગેરે સૂત્રપાઠ 'અસ્ખલિત' વિગેરે ગુણો સાચવીને બોલે, પછી કાયોત્સર્ગ કરે, અને તેમાં '**मंगलयं**' એટલે પઞ્ચપરમેષ્ઠિ નમસ્કાર મહામઙ્ગળને (શ્રીનમસ્કાર-મહામન્ત્રને) ચિન્તવે. આ વિષયમાં બે મત છે તે જણાવે છે કે—

" तप्पुव्वयं जयत्थं, अन्ने उ भणंति धम्मजोगमिणं ।
गुरुबालवुड्ढसिक्खग, एसेमि न अप्पणो चेव ॥२९०॥
चिंतित्तु तओ पच्छा, मंगलपुव्वं भणंति विणयणया ।
'संदिसह' त्ति गुरूवि अ, लाभो त्ति भण(णा)इ उवउत्तो ॥२९१॥"(पञ्चवस्तुक)

**વ્યાખ્યા**–એક પક્ષ એમ કહે છે કે-આ કાયોત્સર્ગમાં નમસ્કારમન્ત્ર પૂર્વક આહારાદિ જે લાવવાનું હોય તેનું પણ ચિન્તન કરે. કારણ કે સમ્યગ્ આલોચના (વિચાર) કર્યા વિના કંઇ પણ વહોરવાનો નિષેધ છે, સાધુને-જ્યાં સુધી હૃદયમાં વિચાર્યું ન હોય ત્યાં સુધી કંઈ-પણ ગ્રહણ કરવું નહિ. અન્ય આચાર્યો કહે છે કે-ઉપયોગના કાયોત્સર્ગમાં ઉત્તમ મુનિઓ આ રીતે ધર્મયોગને ચિન્તવે-'ગુરૂ-બાળ-વૃદ્ધ-નવદીક્ષિત' વિગેરેને માટે પણ અમુક અમુક લાવીશ, 'માત્ર મારા માટે જ લાવીશ' એમ નહિ, એમ ચિન્તવીને 'નમો અરિહંતાણં' આદિ (પ્રગટ) નમસ્કારમન્ત્ર કહીને વિનયથી નમેલા મુનિઓ કહે કે '(**इच्छाकारेण**) **संदिसह** (ભગવન્!) અર્થાત્ હે ભગવન્ત! આજ્ઞા આપો!' ગુરૂ પણ નિમિત્ત દોષોમાં સંભ્રાન્ત (વશ) થયા વિના ઉપયોગ પૂર્વક કહે કે '**लाभः**' અર્થાત્ 'કાળને ઉચિત, અનુકૂળ (હોવાથી)-અપાય જનક ન હોવાથી એ લાભ તમે લ્યો!' એમ સંમતિ આપે. તે પછી શું કરવું? તે કહે છે કે—

" कह घेत्थामोत्ति पच्छा, सविसेसणया भणंति ते सम्मं ।
आह गुरूवि तहत्ति अ, जह गहिअं पुव्वसाहूहिं ॥२९२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आवस्सिआए जस्स य, जोगुत्ति भणितु ते तओ णिंति ।
निक्कारणे ण कप्पइ, साहूणं वसहि णिग्गमणं ॥२९३॥" पञ्चवस्तुक॥

**વ્યાખ્યા**–તે પછી कहं (લેસું ?) અર્થાત્ 'કેવી રીતે ગ્રહણ કરીએ ? એમ શિષ્યો જ્યારે વિશેષતયા નમ્ર થઇને સમ્યગ્ રીતે પૂછે ત્યારે ગુરૂ પણ 'तहत्ति' (અર્થાત્) 'जहगहिअं पुव्वसाहूहिं' જેમ પૂર્વ સાધુઓએ ગ્રહણ કર્યું તેમ તમે પણ ગ્રહણ કરજો ! આથી એ સમજાવ્યું કે 'ઉત્તમ ગુરૂઓ શિષ્યોને કુસાધુના જેવું વર્તન કરવાનું કહે નહિ' પછી સાધુઓ ' जस्स जोगो ' કહીને 'आवस्सही' કહેવા પૂર્વક ઉપાશ્રયમાંથી નીકળે, તેમાં जस्स=વસ્ત્ર–પાત્ર–આહાર કે શિષ્યાદિ, સંયમોપકારક જે જે વસ્તુનો जोगः=જોગ બનશે (મળશે) તેને હું ગ્રહણ કરીશ. આમ પૂછવાનું કારણ કહે છે કે–નિષ્કારણ સાધુને વસતિથી બહાર પણ જવું કલ્પતું નથી, કારણ કે એથી દોષનો સંભવ છે. અર્થાત્ 'जस्स जोगः' કહેવામાં ન આવે તો દોષ છે. કહ્યું છે કે—

" जस्स य जोगमकाऊण, निग्गओ न लभेज्जा सचित्तं ।
न य वत्थपायमाई, तेण्णं गहणे कुणसु तम्हा ॥" ओघनिर्युक्ति–४२८॥

**વ્યાખ્યા**–અનુમતિ માટે ગુરૂને ' जस्स य जोगं ' કહ્યા વિના ગોચરી માટે નીકળેલા સાધુને સચિત્ત કે અચિત્ત કોઈ પણ પદાર્થ વહોરવાનો અધિકાર નથી, માટે દીક્ષા લેવા તૈયાર થયેલા (સચિત્ત) ગૃહસ્થને કે વસ્ત્ર–પાત્રાદિ કોઇ અચિત્તને પણ લઇ શકે નહિ, લે તો તેને અદત્તાદાન (ગુરૂની ચોરી કર્યાનું પાપ) લાગે,[૭૫]માટે 'जस्स य जोगं' કહીને જ નીકળવું જોઇએ. ઉપયોગની વિધિ કરવામાં આ ચાર સ્થાનો થાય છે. કહ્યું છે કે—

" आपुच्छणत्ति पढमा, बिइआ पडिपुच्छणा य कायव्वा ।
आवस्सिया य तइआ, जस्स य जोगो चउत्थो उ ॥" ओघनि० भा० २२८॥

**ભાવાર્થ**–" ગુરૂને પૂછે કે ' संदिसह ! उपयोगं करेमि ' એ પહેલી પૃચ્છા, પછી ઉપયોગ કરાવણિઅં કાઉસ્સગ્ગમાં આઠ શ્વાસોચ્છ્વાસ ચિન્તવે, ઉપર પ્રગટ નવકાર કહી શિષ્ય 'સંદિસહ' કહે, તેના ઉત્તરમાં ગુરૂ 'લાભ' કહે, ત્યારે શિષ્ય 'કહ' અર્થાત્ કેવી રીતે ? એમ પૂછે, એ બીજી પ્રતિપૃચ્છા, પછી તેના ઉત્તરમાં ગુરૂ 'તહત્તિ' (અર્થાત્ 'જહગહિયં પુવ્વસાહૂહિં') કહે, ત્યારે શિષ્ય 'આવસ્સિઆએ' કહે તે ત્રીજું સ્થાન 'આવસ્સહીનું' અને ગુરૂ 'જસ્સ ય જોગો' કહે એ ચોથું સ્થાન અનુજ્ઞાનું સમજવું. "

આ ગોચરીના વિષયમાં એમ સમજવું કે–'એષણા' ત્રણ પ્રકારની છે–એક ગવેષણૈષણા, બીજી ગ્રહણૈષણા અને ત્રીજી ગ્રાસૈષણા. તેમાં 'ગવેષણા' એટલે આહારાદિને ગ્રહણ કરવા માટે

૭૫–આ ઉપયોગ કરવાનો વિધિ જણાવ્યો. તે પાત્ર પ્રતિલેખનામાં ઇન્દ્રિઓથી ઉપયોગ મૂકી જીવયતના કરવાનું પૂર્વે જણાવ્યું તેનું પ્રતીક સમજાય છે, તે પછી ગોચરી જતાં ગુરૂને પૃચ્છા, પ્રતિપૃચ્છા, આવસ્સહી, અને "જસ્સજોગ" કરવાનું જણાવ્યું, તે સાધુજીવનમાં ગુરૂપ્રત્યેનો પૂજ્યભાવ, સમયનો સદુપયોગ અને ગુરૂઆજ્ઞાનું મૂલ્ય, વિગેરે વિશિષ્ટતાનું સૂચક છે. અહીં જણાવ્યા પ્રમાણે 'આવસ્સિઆએ અને જસ્સજોગો, એ બે પાઠ શિષ્યે બોલી શય્યાતર કોણ છે તે પણ પૂછવું જોઇએ. યતિદિનચર્યા, ઓઘનિર્યુક્તિ, પઞ્ચવસ્તુક, વિગેરે સાધુસામાચારીના ગ્રન્થોમાં એ પ્રમાણે કહેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોવાં (શોધવાં તે માટે ફરવું) અને તેમાં 'એષણા' એટલે શોધવાની વેળાનો, કે શોધવા માટેના (કહેવાશે તે ઉદ્દગમાદિ) દોષોનો વિચાર કરવો, એમ 'ગવેષણા અને એષણા' બે પદો મળીને ૧-'ગવેષણૈષણા' સમજવી. આહારાદિ લેતાં કે લેવા માટેનો વિચાર કરવો તે ૨-'ગ્રહણૈષણા' અને 'ગ્રાસ' એટલે ભોજન, તેના સમયે અથવા તે સંબન્ધમાં વિચાર કરવો તે ૩-'ગ્રાસૈષણા' સમજવી. તેમાં ગોચરી માટે નીકળતાં પહેલાં 'લઘુશઙ્કા ટાળવી' વિગેરે જે ઉપર કહ્યો તે સઘળો ગવેષણૈષણાનો વિધિ જાણવો. ગવેષણૈષણાનું વર્ણન આ પ્રમાણે આઠ દ્વારોથી કરેલું છે—

**"पमाणे १ काले २ आवस्सए अ ३, संघाडए अ ४ उवगरणे ५ ।**
**मत्तग ६ काउस्सग्गो ७, जस्स य जोगो ८ सपडिवक्खो ॥४११॥ओघनिर्युक्ति॥**

**વ્યાખ્યા**-'**प्रमाण**'=કેટલીવાર ગૃહસ્થોને ત્યાં ભિક્ષા માટે જવું ? તેનું વિધાન કરવું, અર્થાત્ બે વાર જવું, એક વાર અકાળે વડીનીતિ (સ્થણ્ડિલ જવા)ની બાધા થતાં તે માટે પાણી[૭૬] લેવા અને બીજી વાર ભિક્ષા લેવા. એમ ઓઘનિર્યુક્તિના ભાષ્યમાં જણાવેલો નિર્ણય અહીં દ્વારગાથાના સમ્બન્ધમાં જણાવ્યો, આગળ પણ એમ સમજવું. બીજું '**काल**' એટલે ભિક્ષાની ગવેષણા ક્યારે કરવી ? ઉત્તર-ભિક્ષાના (ગૃહસ્થોના ભોજનના) સમયે, અને પહેલી સૂત્રપોરિસી અડધી થાય ત્યારે, [બૃહત્કલ્પની ટીકામાં તો જણાવ્યું છે કે-જે તપસ્વી, બાળક અથવા વૃદ્ધ સાધુ ગૃહસ્થના ઘેરથી પૂર્વ દિવસનું વાસી રહેલું જે (કલ્પ્ય) મળે તેનાથી 'પ્રથમાલિકા' એટલે પ્રાતઃભોજનની ઇચ્છાવાળા પહેલી પોરિસી પૂર્ણ કરીને લેવા માટે નીકળે, જો તેટલો સમય પણ નિર્વાહ ન થાય તો પોરિસી અડધી થયે નીકળે. કારણ કે-સાધુ અતિપ્રભાતે આહારાદિ માટે ફરે તો 'માસલઘુ' પ્રાયશ્ચિત્ત લાગે અને ભદ્રિક (ભક્ત) ગૃહસ્થો દોષિત (પણ) વહેરાવે. જેઓ પ્રાન્ત (એટલે ક્ષુદ્ર કે સાધુના-દ્વેષી) હોય તેઓ નિન્દા પણ કરે, વિગેરે દોષો લાગે.] '**आवश्यक**' એટલે લઘુ-વડીનીતિ વિગેરેની બાધા ટાળીને જાય, નહિ તો માર્ગમાં કરવાથી ધર્મનો ઉડ્ડાહ (હલકાઈ) થાય. ચોથું '**संघाटक**' એટલે એકલા નહિ જતાં બીજા સાધુની સાથે જવું. એકાકી જવાથી કોઇ સ્ત્રીનો, કોઇ દ્વેષીનો વિગેરે ઉપદ્રવ થવાનો સંભવ રહે તે સ્પષ્ટ છે. [સાધુને એકલા થવાનાં કારણો કહ્યાં છે કે—

**"गारविए काहीए, माइल्ले अलस लुद्ध निद्धम्मे ।**
**दुल्लह अत्ताहिट्ठिअ, अमणुन्ने वा असंघाडो ॥" बृहत्कल्प-१७०३॥**

**વ્યાખ્યા—૧-ગર્વિષ્ઠ**='હું જ ગોચરીની લબ્ધિવાળો છું' વિગેરે અભિમાની. તાત્પર્ય કે સંઘાડાના બે સાધુઓ પૈકી એક રત્નાધિક (વડીલ) છતાં આહારાદિ મેળવવાની લબ્ધિ રહિત અને બીજો અવમરત્નાધિક (લઘુ) છતાં લબ્ધિવન્ત હોય, તેથી આગળ થઇને તે ભિક્ષાને

૭૬-પૂર્વકાળે પરિગ્રહના ત્યાગરૂપ પાંચમા મહાવ્રતમાં 'સંનિધિ' નામનો દોષ પણ ન લાગે તે ઉદ્દેશથી મુનિઓ પાણી પણ રાત્રે રાખતા નહિ, તેથી સ્થણ્ડિલ માટે પાણીની જરૂર પડે ત્યારે જ તે લાવતા. અર્થાત્ આહારાદિની નિયમિતતાથી શરીરનું બન્ધારણ સારૂં હોવાથી રાત્રે પાણી રાખવાની જરૂર રહેતી નહિ. વર્તમાનમાં તેવું શરીરસ્વાસ્થ્ય ન હોવાના કારણે ક્ષાર નાખેલું પાણી રાત્રે રાખવું **તે ઉચિત છે. એમાં દોષ માનનારા ઉત્સર્ગ-અપવાદરૂપ વ્યવહારને સમજતા નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવે, પણ બન્ને ઉપાશ્રયે આવે ત્યારે મણ્ડલીના (આહારદિની વ્યવસ્થા કરનાર) સ્થવિર તેમાંના વડીલને કહે કે હે જ્યેષ્ઠ આર્ય ! પાત્ર (ભોજન) અહીં મૂકો, (અથવા 'ન્હાના સાધુને કહે કે જ્યેષ્ટાર્યને પાત્ર સોંપો'–ઓઘનિ૦) ત્યારે અવમરત્નાધિક (લઘુ) પોતાની લબ્ધિના ગર્વથી એમ માને કે મેં મારી લબ્ધિ(પુણ્ય)ના બળે આ આહારાદિક મેળવ્યું અને અહીં તો મ્હોટા (રત્નાધિક) મુનિ એના માલિક મનાયા, તેથી તો સ્થવિરે પાત્ર તેઓની પાસે માગ્યું, એમ અભિમાનરૂપી કષાયને વશ (મહત્વને ઈચ્છતો) પોતે એકાકી વિચરે–સંઘાટકનો સાથ ન રાખે. ૨–**કાથિક**=વાતોડીયો, તે ગોચરી કરતાં જેની તેની સાથે વાતો કરે ત્યારે બીજો સાથેનો મુનિ તેને રોકે, એથી તેનો સાથ છોડી પોતે એકાકી બને. ૩–**માયાવી**=મેળવેલા આહારમાંથી સારૂં સારૂં વાપરીને બાકી વધે તે લઈને ઉપાશ્રયે આવનારો કપટી, આ પણ બીજો સાધુ સાથે હોય તો કપટ કરી ન શકાય, માટે એકલો બને. ૪–**આળસુ**=ગોચરી માટે ઘણો વખત (ઘણું) ફરવાની ઇચ્છા વિનાનો, નજીકનાં થોડાં ઘરોમાં ફરીને લાવવાની વૃત્તિવાળો, તે પણ એકાકી બને. ૫–**લુબ્ધ**=રસનાથી જીતાએલો, દહીં વિગેરે વિગઇઓની (ગૃહસ્થો પાસે) યાચના કરનારો, તે પણ એકલો ફરે. ૬–**નિર્ધર્મા**=દોષની બેદરકારી કરનારો, દોષ લગાડીને (પણ ઇષ્ટ વસ્તુ) મેળવનારો, તે પણ એકાકી બને જ. ૭–**દુર્લભ**=દુષ્કાળાદિને કારણે ભિક્ષા દુર્લભ હોય ત્યારે એક એક સાધુને જુદા જુદા પણ જવાનો અધિકાર હોવાથી તેવા કારણે એકલો પણ જાય. ૮–**આત્માર્થિક**=પોતાની લબ્ધિવાળો, (મહાત્મા ઢણ્ઢણની જેમ) પોતાની પુણ્યાઇથી જે મળે તે જ વાપરવાના નિયમવાળો એ પણ વિશેષ આરાધનાર્થે એકાકી બને. ૯–**અમનોજ્ઞ**=કલહકારી, સર્વ સાધુઓને અનિષ્ટ (અળખામણો) બનેલો, તે પણ એકલો ફરે. એ સઘળાઓને[૭૭] એકાકી બનવાથી પ્રાયશ્ચિત લાગે.[૭૮] (એ ચોથું સઙ્ઘાટક દ્વાર કહ્યું) ]૫–'उपकरण'=ભિક્ષા માટે ફરતા સાધુએ શું બધાં

૭૭-નવ પૈકી સાતમો–આઠમો આરાધના માટે એકાકી ફરે તે દુષ્ટ નથી તો પણ અહીં સર્વને પ્રાયશ્ચિત્ત જણાવ્યું તેમાં કારણે પણ અપવાદ સેવનારને નિઃશુકતાદિ ન આવી જાય તે હેતુ સંભવે છે.

૭૮–શ્રીજિનેશ્વરદેવોએ સાધુતાની રક્ષા માટે કરેલી વ્યવસ્થા કેટલી ઉપકારક છે અને તેનું પાલન નહિ કરવાથી કેવી રીતે આત્મા ઠગાય છે, એ આ સઙ્ઘાટક દ્વારના વર્ણનથી પણ સ્પષ્ટ સમજાય છે. અનાદિ ઇન્દ્રિઓના વિષયોને વશ બનેલો જીવ અનુકૂળતાનો પક્ષ કરવા માટે આવું એકલવાયું જીવન જીવતાં પોતાના આન્તરશત્રુઓથી કેવી રીતે લુંટાય છે તેની સમજણ આ વર્ણનમાં સ્પષ્ટ મળે છે. ઉત્તમ કાળમાં પણ સંયમના રક્ષણ માટે આ વિધિનું પુણ્યપુરૂષો પાલન કરતા હતા ત્યાં વિષમકાળે તો એ વિશેષતયા પાલન કરવા યોગ્ય છે. એકાકી ભ્રમણનાં અનિષ્ઠ પરિણામો ભુતકાળમાં મહાપુરૂષો તરીકે પ્રસિદ્ધ શ્રીઝાંઝરીઆ અણગાર, શ્રીનંદિષેણજી, શ્રીઅરણિકમુનિ, વિગેરેને પણ ભોગવવાં પડ્યાં છે ત્યાં ક્ષુદ્ર–સત્ત્વહીન આત્માઓ માટે તો પૂછવું જ શું ? જિનાજ્ઞાના અનાદરથી માત્ર અનાદર કરનારને જ નહિ, સકળ શ્રીચતુર્વિધિસઙ્ઘને અને પરમતારક શ્રીજૈનશાસનને પણ મોટું અહિત થાય છે. કારણ કે એવી પરમ્પરા ચાલવાથી જીવોમાં મિથ્યાત્વ વધે છે, જૈનશાસનો પક્ષ તૂટે છે અને તેથી જીવો વિરાધકભાવને પામે છે. માટે આત્માર્થીએ જિનકથિત સામાચારીનું પ્રયત્ન પૂર્વક પાલન કરીને સંયમનું રક્ષણ કરવું હિતકર છે. સામાચારી એ સમગ્ર ભવ્ય આરાધક આત્માઓનું ધન છે, તેનો મનસ્વી ઉપયોગ કરનારો પોતાનાં જન્મ–મરણોને વધારી મૂકે છે. કેવળ ઉપદેશથી કે સાહિત્યના રક્ષણથી સામાચારીનું રક્ષણ થતું નથી, તેના પાલનપૂર્વક ઉપદેશાદિ કરવાથી થાય છે. માટે પૂર્વકાળે શીથિલ થતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે અમુક થોડાં ઉપકરણોને સાથે રાખીને ફરવું ? ઉત્તર-ઉત્સર્ગ માર્ગે તો સઘળાં ઉપકરણોને સાથે રાખીને ભિક્ષાની ગવેષણા કરવી જોઇએ. જે અશક્ત હોય તેણે પણ ' આચારભાણ્ડ ' એટલે પાત્ર, તથા પડલા, રજોહરણ, દણ્ડો, ઉનની કામળી અને સુતરાઉ એમ બે કપડા, તથા માત્રક, એટલાં વાંના[૭૯] સાથે રાખવાં જ જોઈએ, તેમાં પણ ૬-'मात्रक'=ભિક્ષાએ ફરતાં સાધુએ 'માત્રક' સાથે રાખવું, કારણ કે કોઈ સંસક્ત (જીવયુક્ત) પદાર્થ લેવાઇ જાય તો તેને અલગ કરવા સિવાય માત્રકનો બીજો કોઈ ઉપયોગ નથી, તેવા પ્રસઙ્ગે ઉપયોગ કરવા માટે જ માત્રક રાખવાની અનુજ્ઞા છે. કહ્યું છે કે—

" आयरिए अ गिलाणे, पाहुणए दुल्लहे सहसलामे ।
संसत्तभत्तपाणे, मत्तगगहणं अणुन्नायं ॥१॥" (ओघनि० ४२६)

**ભાવાર્થ**—આચાર્ય માટે કોઈ યોગ્ય આહાર જુદો લેવા માટે, એ રીતે ગ્લાનને યોગ્ય, કે પ્રાઘુર્ણક સાધુઓને યોગ્ય આહાર જુદો લેવા માટે, ઘૃત વિગેરે કોઇ દુર્લભ વસ્તુ મળે તે લેવા માટે, સહસાત્ એકા એક કોઇ વખત ઘણો આહાર મળે ત્યારે જેઓ થોડા આહારથી નિર્વાહ ન કરી શકતા હોય અને તેથી મુશ્કેલીએ સંયમનો નિર્વાહ કરતા હોય તેઓનો અનુગ્રહ (ભક્તિ) કરવાના ઉદ્દેશથી વધુ આહાર લેવા માટે અને કોઈ 'સક્તુ' (સેકેલા ઘઉં ચણાનો લોટ) વિગેરે વસ્તુ સંસક્ત (સજીવ) આવી જાય તો તેને માત્રકમાં નાખી જીવની રક્ષા પૂર્વક જૂદો કરવા માટે માત્રક રાખવાની અનુજ્ઞા કરેલી છે.

૭-'कायोत्सर्ग'એટલે ઉપયોગનો કાઉસ્સગ્ગ કરીને નીકળવું, ૮-'जस्स य जोग' એટલે ભિક્ષા માટે જતાં ગુરૂની આગળ 'જસ્સ જોગો' કહીને (આજ્ઞા લઇને) જવું. આ આઠ દ્વારોનું વર્ણન 'સપ્રતિપક્ષ' એટલે ઉત્સર્ગ અને અપવાદ બન્ને રીતે કરવું જોઇએ. તેમાં ઉત્સર્ગથી તો કર્યું, હવે અપવાદથી તે કહે છે-૧-પ્રમાણદ્વારમાં-આચાર્ય-(ગુરૂ), ગ્લાન, તપસ્વી પ્રાઘુર્ણક, વિગેરેને માટે ઘણીવાર પણ ગોચરી માટે ગૃહસ્થોના ઘરોમાં જઈ શકાય. ૨-કાળદ્વારમાં-બીમાર કે તપસ્વીના પારણાદિ કારણે તો સવારમાં વહેલા, કે ભિક્ષા સમય વ્યતીત થયા પછી પણ જઈ શકાય. ૩-આવશ્યકદ્વારમાં-અનાભોગથી (અવિચારિત પણે) લઘુ-વડીનીતિની બાધા ગોચરી ટાળ્યા વિના ગએલાને જો નજીકમાં જ બાધા થાય તો પાછો આવીને બાધાને ટાળીને જાય, દૂર ગયો હોય તો પાત્રાં બીજા સાધુને આપી બાધા ટાળવા જાય, પણ જો વધુ સમય રોકાવા અસમર્થ હોય તો નજીકમાં એકસામાચારી(આચાર)વાળા સાધુઓનું સ્થાન મળે તો ત્યાં, તેવું ન મળે તો ભિન્ન-સામાચારી વાળા સાધુઓ રહ્યા હોય તે સ્થાનમાં જાય, તેના અભાવે ઉન્માર્ગી (પાસત્થાદિ)ના સ્થાનમાં, તેના અભાવે (શ્રદ્ધાળુ) શ્રાવકના ઘેર, તે પણ ન મળે તો નજીકમાં રહેલા કોઈ વૈદ્યના ઘેર જઈ 'શરીરનાં મળ-મૂત્ર વિગેરે ત્રણ શલ્યો કહેવાય છે,' ઈત્યાદિ તેને સમજાવીને પોતાને

---

સામાચારીનું પુનઃ પુનઃ સમીકરણ કરવામાં આવ્યું છે. આગમનો મોટો ભાગ સામાચારી (આચારના વિધિ અને નિષેધ) રૂપ છે, એથી સમજાય છે કે સામાચારી બાહ્ય અનુષ્ઠાનોની રક્ષક છે, તેના પાલનથી દ્રવ્ય અનુષ્ઠાનોનું રક્ષણ થાય છે, અને તે ભાવધર્મનું કારણ બની શકે છે. વિગેરે ઘણું મનનીય છે.

૭૯-ઉપરાન્ત ચોલપટ્ટક-મુહપત્તિ પણ સાથે હોય, એમ સ્વયં સમજી લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'લઘુ–વડીનીતિની બાધા છે' એમ કહે, તેથી પોતાના ઘરની પાછળ કે તે જ્યાં અનુમતિ આપે ત્યાં બાધા ટાળે, એમ પણ ન થઈ શકે તો રાજમાર્ગમાં બે ઘરોની વચ્ચે જ્યાં શેરી હોય ત્યાં, અગર ગૃહસ્થની માલિકીની જગ્યામાં પણ બાધા ટાળે. તેમાં એટલું વિશેષ છે કે–રાજમાર્ગ વિગેરે જાહેર સ્થળમાં બાધા ટાળવી પડે તો વડીનીતિ કરવી, લઘુનીતિ નહિ, કારણ કે–કદાચ રાજકચેરીમાં ફરીઆદ થાય તો તે વડીનીતિને ત્યાંથી ઉપાડી (ઉપડાવી)[૮૦] લેવાથી સમાધાન કરી શકાય. એ ત્રીજાદ્વારમાં યતના[૮૧] કહી. ૪–સંઘાટકદ્વારમાં–જે લબ્ધિના ગર્વથી એકાકી થાય તેને ધર્મકથાથી ગુરૂ સમજાવે કે–'આ તારો જ ઉપકાર છે કે તારી લબ્ધિના આલમ્બ નથી સાધુઓ સ્વાધ્યાય વિગેરે કરે છે' વિગેરે, એ રીતે વાતોડીયો, માયાવી, આલસુ, રસનાનો લોલુપી, અને નિર્ધર્મી જે જે એકાકી થતા હોય તેમને પણ સમજાવવા. ભિક્ષાની દુર્લભતા વખતે બે સાધુ સંઘાટકે (સાથે) ફરે તો પણ ગૃહસ્થો એકને આપવા જેટલી થોડી જ ભિક્ષા આપે અને એ રીતે પૂર્ણ આહાર મેળવવાનો સમય પહોંચે તેમ ન હોય ત્યારે ભિક્ષાની દુર્લભતાથી એકાકી જવું જ પડે, આવા પ્રસઙ્ગે બધા ય ધૂર્તસાધુઓ પોતાને માટે એકલા ગોચરી જવા ઇચ્છે, ત્યારે આચાર્ય તેઓને નિષેધ કરીને જે શ્રદ્ધાળુ (ધર્મપ્રીય) લબ્ધિવંત હોય તેને અનુજ્ઞા આપે તો તે એકાકી ગોચરી જાય, [વળી જે કલહકારી હોવાથી દરેકને અપ્રીતિકર હોય તેને પણ બીજા મનોજ્ઞસાધુની સોબત કરાવીને મોકલે, છતાં તેને સાથે રાખવા કોઈ ન ઇચ્છે તો તેને તજી દે, સમુદાયથી દૂર કરે. હા, તેનામાં કલહ કરવાનો એક જ દોષ અને બીજા સંતોષ વિગેરે ઘણા ગુણો હોય, એષણાની શુદ્ધિ માટે દઢતા હોય તો તજવો નહિ, એકાકી પણ મોકલવો.] હવે માનો કે–આ રીતે એકાકી નીકલ્યા પછી તેને કોઈ સ્ત્રી ઉપદ્રવ (ભોગની પ્રાર્થના) કરે, (તેનો અસ્વીકાર કરે, તો આળ ચઢાવે) તો તેને ધર્મ કહીને સમજાવે અગર સમયાનુસાર કપટ કરીને (અસત્ય વિગેરેનો આશ્રય લઇને પણ) તેને ઠગીને ત્યાંથી નાસે, બચી જાય. એમ કરવા છતાં પણ નાસી–છૂટી શકાય નહિ તો સ્વયં મરે, પણ અકૃત્યને તો ન જ આચરે. એ રીતે શ્વાન વિગેરેનો ઉપદ્રવ થાય ત્યારે પણ યથાસંભવ ઉપાયો કરવાનું સમજી લેવું. એ ચોથા દ્વારની યતના જાણવી. ૫–ઉપકરણદ્વારમાં–તો યતના (અપવાદ) ઉત્સર્ગની સાથે ત્યાં જ કહી આવ્યા. ૬–માત્રકદ્વારમાં–બીમારને માટે જલ્દી જવાનું હોય ત્યારે કે અનાભોગ (ભૂલ)થી માત્રક વિના જવાનું બને, અથવા તેને લીમ્પ્યું (રઙ્ગ કર્યો) હોય તો સાથે ન લઈ શકાય. ૭–કાઉસ્સગ્ગદ્વારમાં–અનાભોગ, ઉતાવળ, વિગેરે કારણોથી ઉપયોગનો કાઉસ્સગ્ગ કર્યા વિના જવાનું અને અને આઠમાદ્વારમાં–ગુરૂ સમક્ષ 'જસ્સજોગ' કહેવું જ જોઇએ, નહિ તો ગુરૂની ચોરી ગણાય.

ઉપર કહ્યા પ્રમાણે વિધિ કરીને શ્રીગૌતમસ્વામિનું નામસ્મરણ કરવા પૂર્વક જે બાજુની

૮૦–ઓઘનિર્યુક્તિમાં તો જણાવ્યું છે કે 'લઘુનીતિ' ન કરી હોય તો માત્ર વડીનીતિ કરવાથી દોષ ગણાતો નથી, ચાણાક્યનીતિમાં કહ્યું છે કે–'જો લઘુનીતિ ન કરી હોય તો ગુન્હો નથી' એથી ફરીઆદ થવા છતાં સાધુ ગુન્હેગાર ન ઠરે, માટે વડીનીતિ કરે પણ લઘુનીતિ ન કરે.

૮૧–સાધુજીવનમાં શિસ્તનું કેટલું મહત્ત્વ છે, તે આનાથી સમજાય છે. ઉપરાન્ત કોઇને પણ સાધુધર્મ પ્રત્યે દુર્ગચ્છા કે અપ્રીતિ થાય તેવું વર્તન કરવાથી સ્વ–પર મિથ્યાત્વમોહનીય કર્મનો બન્ધ થવાથી ઉભયનો સંસાર વધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાસિકામાંથી પવન વહેતો હોય તે બાજુનો (જમણો કે ડાબો પગ) પ્રથમ ઉપાડીને દણ્ડાનો છેડો જમીનને ન લાગે તેમ (અદ્ધર) પકડીને ભિક્ષા માટે પોતે જ્યાં રહેલો હોય તે ગામમાં જાય-યતિદિનચર્યામાં કહ્યું છે કે—

"आवस्सिअं भणित्ता, गुरुणा भणियंमि भवह उवउत्ता ।
सिरिगोयमं सरित्ता, सणिअं उक्खिविअ तो दंडं ॥१७५॥
वायवहनाडिपायं पढमं उप्पाडिऊण वच्चिज्जा ॥
धरणिअलग्गं दंडं, धरिज्ज जा लब्भए भिक्खा ॥१७६॥ यतिदिनचर्या ॥

**ભાવાર્થ**—"ગુરૂ કહે કે ઉપયુક્ત બનો! (ઉપયોગ કરો!) ત્યારે આવસ્સહી કહીને શ્રીગૌતમસ્વામિનું સ્મરણ કરીને ધીમેથી દણ્ડાને હાથમાં લઇને ઉપાશ્રયના દ્વાર પાસે ઉભો રહી હાથની આંગળીથી નાસિકામાં વહેતા પવનને તપાસે, જમણી કે ડાબી જે નાડીમાં પવન વહેતો હોય તે બાજુનો પગ પહેલો ઉપાડી ચાલે, ગોચરી ન વહોરે ત્યાં સુધી દણ્ડો જમીનને ન અટકે તેમ કંઈક ઉંચો પકડે, વહોર્યા પછી (વહોરતાં) જમીનને લગાડવાનો નિષેધ નથી."

જો નજીકના બીજા ગામમાં જાય તો ત્યાં આ પ્રમાણે વિધિ સાચવે, ગામ બહાર રોકાઇને કોઇને ભિક્ષાનો સમય પૂછે, જો સમય (પૂર્ણ) થયો હોય તો તે જ વેળા પગ પ્રમાર્જીને બે પાત્રાંને પણ જોઇને પ્રમાર્જીને-પ્રતિલેખન કરવા પૂર્વક ગામમાં પ્રવેશ કરે અને ભિક્ષા સમયની વાર હોય તો તેટલો વિલમ્બ કરી પ્રવેશ કરે, ગામમાં પેસતાં કોઈ સાધુ અથવા ગૃહસ્થ વિગેરેને પૂછીને ત્યાં બીજા સાધુઓ છે કે નહિ એ પણ જાણી લે. તે ગામમાં સાધુઓ હોય તો તેઓના સ્થાને જઇને તે એક સામાચારી વાળા હોય તો (ઉપકરણો સહિત પ્રવેશ કરી દ્વાદશાવર્ત્ત) ગુરૂવન્દનથી તેમને વાંદે, ભિન્ન સામાચારીવાળા હોય તો ઉપકરણો બહાર મૂકીને ઉપાશ્રયમાં પ્રવેશ કરીને (ઓઘનિર્યુક્તિ ગા. ૪૩૩ના અભિપ્રાયે બૃહદ્વન્દનથી) વાંદે, સંવિગ્નપાક્ષિક (શિથિલ છતાં સંવેગીના પક્ષકાર) હોય તો બહાર ઉભા રહીને જ તેમને વાંદી સુખશાતાદિ પૂછે, અને ધૂર્ત જેવા ઉન્માર્ગી હોય તો તેઓને માત્ર થોભવન્દન કરે. (મત્થએણ વંદામિ કહે.) તે પછી તેઓને કુશળ સમાચાર પૂછીને પોતાનું આવવાનું કારણ પણ જણાવે અને તેઓનાં સ્થાપનાકુલો (દરરોજ નહિ જતાં વિશેષ કારણે વહોરવા જવા માટે તેઓએ અનામત રાખેલાં હોય તે ગૃહસ્થનાં ઘરો) ક્યાં ક્યાં છે તે જયણા પૂર્વક પૂછે, તેઓ પણ તે રીતે આવનારને તે ઘરો બતાવે.[૮૨]આ જયણા એટલે 'ઘરોની સામે આંગળી કરી નહિ

---

૮૨-સાધુધર્મનો વ્યવહાર ઘણો શ્રેષ્ઠ છે, એ આ વર્ણન સમજાવે છે. જેમ જેમ જીવન ઉચ્ચ બને તેમ તેમ તે જીવનની જવાબદારી પણ વિશિષ્ટ હોય, અન્યથા જીવનની શ્રેષ્ઠતા નામની જ રહી જાય. સાધુજીવન સર્વ શ્રેષ્ઠ છે માટે તેનો વ્યવહારધર્મ પણ ઘણો ઉંચો છે. દરેક કાર્યોમાં શ્રીજિનેશ્વરદેવો પણ ઔચિત્ય સાચવે છે, તો બીજા માટે પૂછવું જ શું? ઔચિત્ય જીવનનો શણગાર છે, તેના વિના જ્ઞાન, કે ત્યાગ તપ, ગમે તેટલું ઉંચું હોય તો પણ શોભતું નથી. માટે સાધુનો એ ધર્મ છે કે સર્વત્ર ઔચિત્યને સાચવે. વધારે શું? પહેલા ગુણસ્થાનકે માર્ગાનુસારીધર્મમાં પણ ઔચિત્યનું પાલન આવશ્યક કહ્યું છે, તો સમકિતદષ્ટિ, દેશવિરતિ, અને સર્વવિરતિ ગુણસ્થાનકો એથી ઘણા ઉંચા ગુણો છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવવાં' વિગેરે ઔચિત્ય સમજવું. એ રીતે પૂછીને તે સ્થાપનાકુલોમાં અને (છિપા વિગેરેનાં) નિષિદ્ધ ઘરોમાં ગોચરી લેવા ન જાય. કહ્યું છે કે—

" ठवणामिलक्खुनिंदुं, अचियत्तघरं तहेव पडिकुट्ठं ।
एअं गणधरमेरं, अइक्कमंतो विराहेज्जा ॥" ओघनि० गा० ४४० ॥

**ભાવાર્થ**–" સ્થાપનાકુલો, મ્લેચ્છોનાં ઘરો, નિન્દ્યઆચારવાળાઓનાં ઘરો, અપ્રીતિવાળાનાં (અશ્રદ્ધાળુઓનાં ઘરો, તથા 'છિપા' વિગેરેનાં કે સૂતકીનાં ઘરોમાં સાધુએ આહારાદિ માટે જવું નહિ, ગણધરોની આ મર્યાદાનું ઉલ્લઙ્ઘન કરે તે દર્શન–જ્ઞાનાદિનો વિરાધક જાણવો."

નિષિદ્ધ ઘરોમાં જનારને મહાદોષ કહ્યો છે.[૮૩] કારણ કે—

" छक्कायदयावंतो वि, संजओ दुल्लहं कुणइ बोहिं ।
आहारे निहारे, दुगुंछिए पिंडगहणे अ ॥" ओघनि० गा० ४४१॥"

---

તેને પામેલો કે તેનો અભ્યાસી જીવ ઔચિત્યની ઉપેક્ષા કરીને કદાપિ શોભા પામે નહિ. આત્મગુણોની જેમ ઔચિત્યાદિ બાહ્ય વ્યવહારો પણ શાસન પ્રભાવનાનું વિશિષ્ટ અંગ છે.

૮૩–જો કે જૈનદર્શનમાં તાત્ત્વિક દૃષ્ટિએ ઉચ્ચ–નીચનો ભેદ માન્યો નથી, ઉપચારથી માનેલો છે, તો પણ એનું પાલન કરવું જ જોઈએ. કારણ કે ઉપચાર એ કોઈ ઉપેક્ષણીય વસ્તુ નથી, પણ વ્યવહારધર્મનું મૂળ છે. કારણ કે સર્વ વ્યવહારો ઉપચારથી જ ચાલે છે. એકાન્ત નિશ્ચયદૃષ્ટિએ વ્યવહાર ભલે નકામો દેખાય, પણ વ્યવહાર વિના તત્ત્વની પ્રાપ્તિ જ સંભવિત નથી. જો ઉપચારને ખોટો અકિઞ્ચિત્કર માનવામાં આવે તો પાષાણાદિની જિનમૂર્તિ, દ્રવ્યવેષથી સાધુ, ક્રિયા, કે બાહ્ય તપ, વિગેરે અનુષ્ઠાનોની પણ કંઈ કિમ્મત રહે નહિ. એ વિષયની ચર્ચા આ ગ્રન્થમાં ગ્રન્થકારે પણ દીક્ષાના વિધિના પ્રસઙ્ગમાં કરી છે. એથી સમજાય છે કે ઉપચારરૂપ વ્વહારધર્મ એ સ્યાદ્વાદસ્વરૂપ જૈનદર્શનનું એક મહત્ત્વનું પડખું છે. માટે અહીં આત્મદૃષ્ટિએ નીચ ઉચ્ચનો ભેદ નહિ માનનારા પણ જૈનદર્શને વ્યવહારથી નિષિદ્ધ (હલકો ધંધો કરનારાનાં) કુળોમાંથી આહારાદિ લેવાનો નિષેધ કર્યો છે. આ વ્યવહારના વિધાનમાં પણ જૈનદર્શનની દૃષ્ટિ ઘણી ઉદાર (ઉપકારક) છે, તેની માન્યતા પ્રમાણે ઉત્તમ ભાવોનો અનાદર, દુરુપયોગ કે આશાતનાદિ કરવાથી જીવને 'નીચગોત્ર' વિગેરે હલકું કર્મ બંધાય છે, અને તેના ઉદયથી હલકા કુળમાં જન્મ, હલકો ધંધો, વિગેરે સંયોગો તેને પ્રાપ્ત થાય છે, તેને સમભાવે ભોગવી લેવાથી જ તે કર્મો ખપે, અને સાથે ઉચ્ચગોત્ર વિગેરે શુભ કર્મોનો બન્ધ થતાં સારી ગતિ, ઉત્તમકુળ, વિગેરે મળે, કે જ્યાં ધર્મસામગ્રીનો સંયોગ થાય. સ્વકૃતકર્મોદયાનુસાર મળેલ હલકા ભાવોનો તિરસ્કાર કરવાથી પુનઃ એથી ય વધુ હલકા ભાવોને વશ થવું પડે છે, માઠીગતિમાં જન્મ લેવા પડે છે, માટે ભવિષ્યના વધુ અહિતમાંથી બચાવવા જૈનદર્શન વર્તમાનમાં મળેલા હલકા ભાવોમાં પણ સમતા (ઉપેક્ષા) કેળવી તેને અનુસરતું જીવન જીવવાની ભલામણ કરે છે. શુભકર્મના ઉદયથી ઉચ્ચભાવને પામેલા બીજાઓનો વિનય, સન્માન, વિગેરે કરવાથી પણ પોતાનાં નીચ સામગ્રી પ્રાપક કર્મોનો ક્ષય થાય છે, વિગેરે તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં સમજાશે કે જૈનદર્શનનો વ્યવહાર ધર્મ સુખી–દુઃખી, શ્રીમન્ત–દરિદ્ર, જ્ઞાની–અજ્ઞાની, ભોગી–યોગી, કે ત્યાગી–રાગી સર્વ જીવોનું હિત કરનારો છે. પૂર્વકાળે વિશિષ્ટજ્ઞાનના ધારક આગમવિહારીઓ હતા, એથી તેઓ ભાવિ હિતા–હિતને જાણતા હોવાથી હિતકર પ્રવૃત્તિ કરવા માટે અધિકારી હતા, વર્તમાનમાં તેવા વિશિષ્ટ જ્ઞાનના અભાવે આજ્ઞાવ્યવહાર (જિનાજ્ઞાપ્રધાન જીવન) છે, એથી શાસ્ત્રોક્ત વ્યવહારધર્મનું પાલન અતિ આવશ્યક છે. વ્યવહારની ઉપેક્ષા એ આત્મત્ત્વની ઉપેક્ષા કરવા તુલ્ય છે. શાસ્ત્રમાં તેનું ફળ દુર્લભબોધીપણું વિગેરે કહેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–"છ કાયની દયા (રક્ષા) કરનારો પણ સાધુ જો આહાર-નિહાર પ્રગટ રીતે (ગુપ્ત ન) કરે, અથવા છિપા વિગેરેનાં નિષિદ્ધ (હલકા આચારવાળાના) ઘરોમાંથી આહારાદિને ગ્રહણ કરે, તો બોધિને દુર્લભ કરે છે."

આ રીતે ભિક્ષા માટે ફરતા સાધુને એ વિધિ કરવાથી મોક્ષરૂપ મહાફળ મળે છે. કારણ કે 'સાધુને ભિક્ષા માટે ફરવું, એમ શ્રીજિનેશ્વરોએ ફરમાવેલું છે. પઞ્ચવસ્તુકમાં કહ્યું છે કે—

**" हिंडंति तओ पच्छा, अमुच्छिआ एसणाए उवउत्ता ।**
**दव्वाद(इअ)भिग्गहजुआ, मोक्खट्ठा सव्वभावेणं ॥" गा०२९७॥**

**ભાવાર્થ**–"વિધિ પૂર્વક ગોચરી નીકળેલા સાધુઓ આહારાદિમાં મૂર્છા રહિત, ગ્રહણ કરવાના (દોષ ટાળવા વિગેરે) વિધિમાં સાવધાન, દ્રવ્યાદિ (ચાર) અભિગ્રહવાળા અને 'મોક્ષની સાધના માટે ભિક્ષાર્થે ફરવાનું વિધાન હોવાથી' એક માત્ર મોક્ષના ધ્યેયવાળા, એમ પવિત્ર આશયવાળા થઈને ભિક્ષા માટે ફરે."

તેમા 'અભિગ્રહ' સાધુનો એક વિશિષ્ટ આચાર છે, તે અભિગ્રહો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ વિષય ભેદે ચાર પ્રકારના છે. તેમાં 'અમુક વસ્તુ, કે અમુક સાધનથી વહોરાવશે તે જ દ્રવ્યને ગ્રહણ કરીશ' વિગેરે દ્રવ્યનો નિયમ કરવો તે **૧-દ્રવ્યઅભિગ્રહ**,(આગળ કહેવાશે તે 'આઠ ગોચરભુમિઓના ક્રમનો, કે અમુકસંખ્યા જેટલાં ઘરોમાંથી જે ભિક્ષા મળશે તે જ લઈશ' એવો ક્ષેત્રનિયમ તે **૨-ક્ષેત્રઅભિગ્રહ**, 'ભિક્ષાનો સમય વ્યતીત થયા પછી કે સમય થયા પહેલાંજ જે મળશે તે જ લઇશ, એવો કાળનો નિયમ તે **૩-કાલઅભિગ્રહ**, અને 'ભાજનમાંથી પોતાને માટે ઉપાડેલો, અથવા અમુક રીતે, કે અમુક સ્થિતિમાં વહોરાવેલો, વિગેરે મળશે તે જ આહાર લઈશ' એવો વિચિત્ર નિયમ તે **૪-ભાવઅભિગ્રહ** જાણવો. પઞ્ચવસ્તુમાં કહ્યું છે કે—

**" लेवडमलेवडं वा, अमुगं दव्वं च (वा) अज्ज घेच्छामो ।**
**अमुगेण व दव्वेणं, अह दव्वाभिग्गहो णाम ॥२९८॥**
**अट्ठ य गोअरभूमी, एलुगविक्खंभमित्तगहणं च ।**
**सग्गामपरग्गामे, एवइअघरा य खित्तंमि ॥२९९॥ पञ्चवस्तु०॥**

**ભાવાર્થ**–"અમુક લેપકૃતવસ્તુ=જેનાથી પાત્ર ખરડાય તેવા 'રાબ-દુધ-ઘૃત' વિગેરે, અથવા તેનાથી મિશ્રવસ્તુ, અથવા અમુક 'અલેપકૃત'=રૂક્ષકઠોળ વિગેરે, અગર અમુક મણ્ડક (રોટલો-રોટલી) વિગેરે, ઇત્યાદિ વસ્તુને જ લેવાનો, કે અમુક જ દ્રવ્યથી=કડછી, વાટકી, ભાલાની અણી, વિગેરેથી આપે તો જ લેવાનો નિયમ તે 'દ્રવ્યઅભિગ્રહ' સમજવો.

"આઠ 'ગોચરભૂમિઓ' એટલે ભિક્ષા માટે ફરવાના માર્ગો, જેનું લક્ષણ હમણાં જ કહેવાશે તે માર્ગે ફરતાં જે મળે તે લેવાનો, અથવા ઉંબરા ઉપર ઉભા રહીને મળે તે જ લેવાનો, અગર સ્વગ્રામમાં કે પરગ્રામમાંથી મળે તે જ લેવાનો, કે અમુકસંખ્યા જેટલાં ઘરોમાંથી જ મળે તે લેવાનો નિયમ તે 'ક્ષેત્રઅભિગ્રહ' જાણવો. આ આઠ ગોચરભૂમિઓ આ પ્રમાણે છે—

**" उज्जुग गंतुंपच्छा(च्चा)–गई अ (इआ) गोमुत्तिआ पयंगविही ।**
**पेडा य अद्धपेडा, अब्भिंतरबाहिसंबुका ॥१॥" पञ्चवस्तु० ३००॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**—૧–ઋજ્વી, ૨–ગત્વાપ્રત્યાગતિ, ૩–ગોમૂત્રિકા, ૪–પતઙ્ગવિથી, ૫–પેટા, ૬–અર્દ્ધપેટા, ૭–અભ્યન્તરશમ્બૂકા અને ૮–બાહ્યશમ્બૂકા, એ નામની આઠ ગોચર ભૂમિઓ કહી છે, તેમાં—૧–પોતાના ઉપાશ્રયથી સીધા માર્ગે (એક શ્રેણિમાં) રહેલાં ગૃહસ્થોનાં ઘરોમાં અનુક્રમે ભિક્ષા માટે ફરે અને એટલાં ઘરોમાં ભિક્ષા પૂર્ણ ન થાય તો પણ પાછા ફરી બીજેથી લીધા વિના સીધા માર્ગે ઉપાશ્રયે આવવું, તે 'ઋજ્વી' ગોચરભૂમિ જાણવી. ૨–ઋજ્વીની જેમ એક શ્રેણિમાં ફરી પાછા ફરતાં બીજી શ્રેણિનાં ઘરોમાં પણ ગોચરી માટે ફરી ઉપાશ્રયમાં આવવું, તે બીજી 'ગત્વાપ્રત્યાગતિ' ભૂમિકા કહી છે. ૩–પરસ્પર સામે સામે રહેલાં ઘરોની બે શ્રેણિઓ પૈકી પ્રથમ ડાબીશ્રેણિના પહેલા ઘરમાં, પછી જમણીશ્રેણિના પહેલા ઘરમાં, પુનઃ ડાબીના બીજા ઘરમાં, ત્યાંથી જમણીના બીજા ઘરમાં, ત્યાંથી પુનઃ ડાબીના ત્રીજામાં, ત્યાંથી જમણીના ત્રીજા ઘરમાં, એમ અનુક્રમે બન્ને શ્રેણિઓનાં સામાં સામાં ઘરોમાં ભિક્ષા લેતો બે શ્રેણિઓ પૂર્ણ કરે તે ત્રીજી 'ગોમૂત્રિકા' ભૂમિ જાણવી. ૪–પતઙ્ગની જેમ અનિયતક્રમે, જે તે ઘરોમાં ફરે તે ચોથી 'પતઙ્ગવિથી' ભૂમિ કહી છે, ૫–પેટીની જેમ ગામમાં ચારે દિશામાં ચારે શ્રેણિએ ઘરોનો વિભાગ (કલ્પના) કરીને તેની વચ્ચેનાં ઘરો છોડી ચારદિશામાં કલ્પેલી ચારલાઇનોમાં જ ગોચરી




માટે ફરવું, તે પાંચમી 'પેટા' જાણવી. ૬–પેટાની જેમ ચાર શ્રેણીની ધારણા કરી ચારેમાં ન ફરતાં બે શ્રેણિઓમાં જ ફરવું તે 'અર્દ્ધપેટા' જાણવી. ૭–ગામના મધ્યભાગમાંથી શરૂ કરી શઙ્ખના આવર્તની જેમ ગોળ શ્રેણીએ રહેલાં (કલ્પેલાં) ઘરોમાં ફરતાં ઉત્તરોત્તર છેલ્લે ગામના છેડે રહેલાં ચારેદિશાનાં ઘરોમાં ફરવું, તે 'અભ્યન્તરશમ્બૂકા' અને ૮–અભ્યન્તરશમ્બૂકાથી ઉલટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમે, અર્થાત્ પહેલાં બહારનાં (ગામના છેડે આવેલાં) છેલ્લાં ઘરોમાં ગોળ શ્રેણીએ ફરતાં અનુક્રમે અંદર અંદરનાં ઘરોમાં ફરતાં છેલ્લે ગામની વચ્ચેનાં ઘરોમાં ફરવું, તે 'બાહ્યશમ્બૂકા ગોચરભૂમિ સમજવી. એનું સ્વરૂપ પાછળની સ્થાપનાથી સ્પષ્ટ સમજાશે.

" काले अभिग्गहो पुण, आई मज्झे तहेव अवसाणे ।
अप्पत्ते सइकाले, आईबितिमज्झतइअंते ॥१" (पञ्चवस्तु-गा० ३०१)

**ભાવાર્થ**-" ભિક્ષાકાળ થયા પહેલાં ગોચરી ફરવું તે આદિ, ભિક્ષાકાળે ફરવું તે બીજો મધ્ય અને ભિક્ષાકાળ વ્યતીત થયા પછી ફરવું તે ત્રીજો અન્ત્ય, એમ આદિ મધ્ય કે અન્ત્ય, કોઇ એક કાળે ગોચરી ફરવાનો નિશ્ચય તે ત્રીજો 'કાળઅભિગ્રહ' સમજવો. વળી—

" उक्खित्तमाइचरगा, भावजुआ खलु अभिग्गहा हुंति ।
गाअंतो अ रूअंतो, जं देइ निसण्णमाई वा ॥३०३॥
ओसक्कण अभिसक्कण, परंमुहोऽलंकिओ व इयरो वि ।
भावण्णयरेण जुओ, अह भावाभिग्गहो णाम ॥३०४॥" पञ्चवस्तु०॥

**ભાવાર્થ**-" મૂળભાજનમાંથી ગૃહસ્થે હાથ, કડછી, વિગેરેમાં ઉપાડી હોય, અથવા મૂળ ભાજનમાંથી લઇને જમવાના પાત્રમાં મૂકેલી હોય, તેવી ભિક્ષા મળશે તો જ લઇશ, અથવા ગાયન કરતો, રડતો, બેઠેલો કે ઉભો રહેલો દાતા આપશે તો જ લઇશ, કે "પાછો ખસતો (દૂર હટતો) સામો આવતો, પરાઙ્મુખ (અવળા મુખવાળો), આભરણ-અલઙ્કાર પહેરેલો, કે અલઙ્કાર વિનાનો, વિગેરે અમુક અમુક રીતે દાતા જે આપશે તે જ લઇશ, એવા નિયમને'ભાવ અભિગ્રહ' જાણવો."

એ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી અભિગ્રહોનું સ્વરૂપ જણાવીને હવે પુરૂષની અપેક્ષાએ તેનું સ્વરૂપ-અર્થાત્ આવા અભિગ્રહો કોણ કરે ? તે કહે છે કે—

" पुरिसे पडुच्च एए, अभिग्गहा णवरि एत्थ विण्णेया ।
सत्ता विचित्तचित्ता, केई सि(सु)ज्झंति एमेव ॥१॥" (पञ्चवस्तु गा० ३०५)

**ભાવાર્થ**-"માત્ર આવાં અનુષ્ઠાનની રૂચિવાળા સત્ત્વશાળી સાધુઓને ઉદ્દેશીને જ જૈનશાસનમાં આ અભિગ્રહો કહેલા છે. કારણ તે જીવો વિચિત્ર અભિપ્રાય (રૂચિ)વાળા હોવાથી કોઈ આવા અભિગ્રહો પાળીને કર્મમલનો ક્ષય કરી શુદ્ધ થાય છે. [૮૪]

૮૪-અભિગ્રહ એટલે અમુક નિશ્ચય, પ્રતિજ્ઞા પચ્ચકખાણુ, વિગેરે કહેવાય છે તેનો મહિમા એવો છે કે અભિગ્રહ કરતાં પહેલાં પોતાને અસમર્થ સમજતો જીવ અભિગ્રહ કર્યા પછી સમર્થ બની જાય છે. અર્થાત્ અભિગ્રહના બળનો સાથ મળતાં વીર્ય સ્ફૂરાયમાન થાય છે. આ માત્ર કલ્પના નથી, અનુભવથી સમજાય તેવું તત્ત્વ છે. કારણ કે અભિગ્રહ નિશ્ચયરૂપ છે અને નિશ્ચયનું બળ અચિન્ત્ય છે. માટે શાસ્ત્રકારોએ કોઈ પણ કાર્યની સિદ્ધિમાં પ્રણિધાનરૂપે નિશ્ચયને પ્રાથમિક અઙ્ગ તરીકે સ્વીકાર્યો છે. આવો નિશ્ચય કરતાં જ તેનું વિરોધી બળ નબળું પડે છે અને સહાયક તત્ત્વો પ્રગટવા માંડે છે. આ કારણે જ દુન્યવી વ્યવહારોમાં પણ કોલ કરાર, લેખ, દસ્તાવેજ વિગેરે સ્વીકારાયાં છે. અહીં અનાદિ આહાર સંજ્ઞાને કે રસની લોલુપતાને નિર્બળ કરવા માટે કરેલા આવા અભિગ્રહો સાધુતાને ઘણી નિર્મળ બનાવી જિનાજ્ઞાના શુદ્ધ પાલનનું સામર્થ્ય (ઉત્સાહ) પ્રગટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વર્ણનથી શાસ્ત્રકારોએ એમ જણાવ્યું કે-આ (ઉપરના ગોચરી જવા માટેના) વિધિથી, પિણ્ડની શુદ્ધિ(અશુદ્ધિ)ને જાણવામાં કુશળ હોય તેવો જ સાધુ જેનાથી જ્ઞાન-દર્શન ચારિત્રનો ઉપઘાત (નાશ) થાય તે આહારાદિને નહિ લેતો સંયમને ઉપકારક હોય તે આહારાદિની ગવેષણા કરે (મેળવે). અર્થાત્ પિણ્ડૈષણા(દશવૈ૦ પાંચમા)અધ્યયન વિગેરેનો અભ્યાસ કર્યો હોય તે જ સાધુએ વહોરી લાવેલી આહારાદિ વસ્તુઓ સાધુઓને કલ્પ્ય છે, અજ્ઞાન સાધુએ અવિધિથી લાવેલી દોષિત હોઇ કલ્પ્ય નથી. કહ્યું છે કે—

**" अणहिजा खलु जेणं, पिंडेसणवत्थसिज्जपाएसा ।**
**तेणाणिआणि जइओ, कप्पंति न पिंडमाईणि ॥" (यतिदिनचर्या गा० १८३॥**

**ભાવાર્થ**—" જે સાધુએ બેંતાલીસ દોષ રહિત-વિશુદ્ધપિણ્ડૈષણાનાં પ્રતિપાદક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી, તથા વસ્ત્ર, શય્યા(ઉપાશ્રય) અને પાત્રની એષણાને જે જાણતો નથી તેનો લાવેલો પિણ્ડ વિગેરે મુનિઓને કલ્પતો નથી " અહીં 'પિણ્ડ વિગેરે' કહ્યું તે વિગેરેથી શય્યા (મકાન) વસ્ત્ર અને પાત્ર પણ સમજવાં. શ્રીશય્યંભવસૂરિજીએ કહ્યું છે કે—

**" पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।**
**अकप्पिअं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पिअं ॥" दशवै० अ० ६-४८॥**

**ભાવાર્થ**—૧-પિણ્ડ (અશનાદિ), ૨-શય્યા (મકાન), ૩-વસ્ત્ર અને ૪-પાત્ર, એ ચારે ય અકલ્પ્યની ઈચ્છા પણ ન કરવી, જે કલ્પ્ય (સંયમોપકારક-નિર્દોષ) હોય તે જ ગ્રહણ કરવું."

કારણ કે-પિણ્ડ વિગેરે જે જે 'ઉદ્‌ગમ-ઉત્પાદન' વિગેરે સુડતાલીસ દોષોથી દૂષિત હોય તે જ્ઞાનાદિ ગુણોનો ઉપઘાત (નાશ) કરે છે,[૮૫] તે દોષો આ પ્રમાણે છે—

૮૫-'**शरीरमाद्यं खलु धर्मसाधनम्**' કહ્યું છે કે શરીર એ નિશ્ચે ધર્મ કરવાનું પ્રથમ સાધન છે. અર્થાત્ શરીરને ધર્મનું સાધન બનાવવું જોઇએ. કારણ કે-રસ, રૂધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને શુક્ર, એ દુર્ગન્ધમય સાત ધાતુઓની કોથળી સમા માનવ દેહની વિશેષતા કોઇ કારણે હોય તો ધર્મસાધનાના કારણે જ છે, તે સત્ય ત્યારે ઠરે કે શરીર ધર્મનું સાધક બને. શરીરને આવું બનાવવા માટે તેના આધારભૂત આહાર(પિણ્ડ) પણ ધર્મ પોષક જોઇએ. દ્રવ્ય અને ભાવનો સંબન્ધ એવો ગાઢ છે કે પ્રાયઃ શુદ્ધદ્રવ્ય વિના શુદ્ધભાવ (રૂપ ધર્મ) પ્રગટ થતો નથી. એથી જૈનદર્શનમાં ભાવ માટે જેટલો વિચાર કરવામાં આવ્યો છે તેટલો અથવા તેથી પણ વિશેષ દ્રવ્ય માટે વિચાર કરવામાં આવ્યો છે. એ કારણે જ આહારની નિર્દોષતા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. માત્ર બાહ્ય દૃષ્ટિએ પવિત્ર મનાતો આહાર એકાન્ત શુદ્ધ નથી, પણ તત્વદૃષ્ટિએ અહિંસક ઉપાયોથી બનેલો નિર્વિકારી આહાર શુદ્ધ છે. જે આહાર લેવાથી કામ, ક્રોધાદિ અન્તરઙ્ગ શત્રુઓ નબળા પડે અને ઉપશમ વિગેરે શુભ ભાવો પ્રગટે તે આહાર શરીરને (મનને) પવિત્ર બનાવી શકે, કે જે મન ધર્મનું પ્રબળ સાધન છે, જેના ઉપર ધર્મનો મોટો આધાર છે. કહ્યું પણ છે કે-'**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः**'

આને અઙ્ગે જૈનદર્શન કહે છે કે માતાના ગર્ભમાં આવેલા જીવને પ્રથમ સમયે મળતો રૂધિર અને શુક્રરૂપ 'ઓજ' આહાર કે જેમાંથી શરીરનું ઘડતર શરૂ થાય છે તે પવિત્ર જોઇએ, એ કારણે પ્રાયઃ કુલીન અને વિશુદ્ધજાતિવંત માતા-પિતાથી જન્મેલો આત્મા ધર્મને માટે લાયક ગણ્યો છે. કારણ કે માતા-પિતાના સંયમ-અસંયમનો વારસો પ્રાયઃ સંતતિમાં ઉતરે છે. લોકોક્તિ પણ છે કે 'બાપ એવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"सोलस उग्गमदोसा, सोलस उप्पायणाइ दोसा य ।
दस एसणाइ दोसा, गासे पण हुंति (मिलिया) सगयाला ॥"
(पिण्डविशुद्धिप्र० २ टीका)

**વ્યાખ્યા**–ઉદ્‌ગમ એટલે ઉત્પત્તિ, અર્થાત્ પિણ્ડાદિને તૈયાર કરતાં ગૃહસ્થ જે જે દોષોને સેવે તે 'ઉદ્‌ગમ દોષો' કહેવાય અને તે સોળ છે, 'ઉત્પાદના' એટલે પિણ્ડને મેળવવો અને તે વિષયમાં સાધુથી થતા દોષો તે ઉત્પાદના દોષો, અર્થાત્ પિણ્ડ મૂળમાં નિર્દોષ હોય તો પણ સાધુ તેને લેવા માટે 'ધાત્રીકર્મ' વિગેરે અતિચાર સેવવાથી દૂષિત બનાવે તે સાધુથી થતા 'ઉત્પાદન દોષો' કહેવાય, તે પણ સોળ છે, તથા એષણા એટલે અશનાદિ પિણ્ડને લેતી વેળા 'શઙ્કિત' વિગેરે પ્રકારોથી તેને તપાસવો, (શુદ્ધ–અશુદ્ધનો નિર્ણય કરવો,) તે વિષયમાં ગૃહસ્થ અને સાધુ બન્નેથી થતા દોષો 'એષણા દોષો' કહેવાય, તે દશ છે. એ ઉપરાન્ત 'ગ્રાસ' એટલે ભોજન કરવું, તેમાં લાગતા દોષો 'ગ્રાસૈષણાદોષો' કહેવાય, તે પાંચ છે, આ દરેકનું સ્વરૂપ તે તે અધિકારમાં કહેવાશે. એમ કુલ (૧૬+૧૬+૧૦+૫=૪૭) સુડતાલીસ થયા તેમાંના ઉદ્‌ગમના અને ઉત્પાદનાના મળીને બત્રીસ ગવેષણૈષણામાં, એષણાના દશ ગ્રહણૈષણામાં અને ભોજનના પાંચ ગ્રાસૈષણામાં, એમ ત્રિવિધ એષણામાં ૪૭ દોષોનો વિભાગ સમજવો. કહ્યું છે કે—

બેટા અને વડ એવા ટેટા'. મનુષ્યમાં જ નહિ, પશુઓમાં અને એથી ય આગળ વધીને વનસ્પતિમાં પણ આ નીતિ સ્પષ્ટ જણાય છે. એ કારણેજ વાવેતરમાં પણ ઉત્તમ બીજની પસંદગી કરાય છે.

સંયમી–સદાચારી માતાપિતાની સંતતિ પણ જો ભોજન (કવળાહાર) દોષિત લે તો જીવન દૂષિત બને છે, આ હકિકત વૈદ્યકશાસ્ત્રથી પણ સિદ્ધ છે અને આજના વિજ્ઞાને પણ સ્વીકારી છે. જો કે સાચું બળ અને આરોગ્ય કયું ? એની પૂર્ણ સમજ તેમાં નથી તો પણ બળ અને આરોગ્ય માટે અમુક અમુક આહાર–ભોજન–ફળ–ફ્રૂટ વિગેરેની જે પસંદગી થઈ રહી છે તે 'આહારની અસર શરીર ઉપર થાય છે' એ માન્યતાનું જ પરિણામ છે, પણ એટલી સમજ પૂર્ણ નથી, માત્ર શરીરનું બળ કે આરોગ્ય હિતકર નથી, પણ એ બળનો અને આરોગ્યનો સદુપયોગ કરાવે તેવું સંયમનું અને સદાચારનું બળ હિતકર છે. તેને માટે આહાર 'હિંસા–જુઠ–ચોરી–લોલુપતા–મૂર્છા, વિગેરેથી રહિત' નિર્દોષ જોઇએ. તેને ખાતાં પણ માત્ર બાહ્ય શૌચ નહિ, કિન્તુ સંતોષ, ઔદાર્ય, અનાસક્તિ, વિગેરે અભ્યન્તર શૌચ પણ જોઇએ. એ રીતે પવિત્ર આહાર વિધિ પૂર્વક લેવાય તો આત્મામાં સંયમ–સદાચારનું તે પોષણ કરે છે. માટે જ જે માનવ જીવન સ્વ–પર સર્વના હિત માટે જીવવાનું છે, તેમાં આહારશુદ્ધિ માટે અતીવ ભાર મૂકેલો છે. તે હવે પછી કહેવાતા દોષોનું વર્ણન જોવાથી સમજાશે.

તદુપરાન્ત ત્રીજો 'લોમાહાર' કહ્યો છે, તે પવિત્ર વાતાવરણરૂપ છે. મનુષ્ય વિગેરેના આચાર–ઉચ્ચાર અને વિચારનાં પુદ્‌ગલો જગતમાં વ્યાપક બનતાં રહે છે અને તેની અસર બીજાઓ ઉપર પણ થાય છે. સારાં પુદ્‌ગલોની (વાતાવરણની) અસર શુભ ભાવોને અને મોહમલીન પુદ્‌ગલોની અસર અશુભ ભાવોને પ્રગટ કરે છે. માટે સદાચારી પુરૂષોની સોબત સદાચાર માટે જરૂરી માની છે. આ ત્રીજા આહાર તરીકે સાધુજીવનનું સુન્દર વાતાવરણ ઉપકારક–અતિ ઉપકારક છે.

એમ ત્રિવિધ આહાર માટે જૈનદર્શનનું મન્તવ્ય ઘણુંજ ઉપકારક છે. એમ પણ કહી શકાય કે આ આખો ગ્રન્થ સાધુજીવનમાં ઉપર્યુક્ત શુદ્ધ આહાર મેળવવાના ઉપાયોનો દર્શક છે. તે ઉપાયોને જીવનમાં સ્વીકારવાથી આત્મા કર્મોના મેલથી મુક્ત થતો આખરે સર્વથા શુદ્ધ કેવી રીતે થઈ શકે છે, તેનું ક્રમિક વર્ણન આ ગ્રન્થમાં સુન્દરતમ કરેલું છે, એ હકિકત મનન પૂર્વક એનું વાંચન કરવાથી સ્પષ્ટ સમજાય તેવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" भणिआ गवेसणाए, गहणे गासे अ एसणा तिविहा ।
बत्तीस-दसग-पंचग-दोसविमुक्का इमा कमसो ॥१॥" (यतिदिनचर्या-२१५)

**ભાવાર્થ**–" એક અન્વેષણ (શોધ) કરવામાં, બીજી ગ્રહણ કરવામાં અને ત્રીજી ભોજન કરવામાં, એમ ત્રણ પ્રકારે એષણા કહી છે. અર્થાત્ એષણા ત્રણ પ્રકારની છે. તે અનુક્રમે બત્રીસ, દશ, અને પાંચ દોષોથી રહિત-નિર્દોષ આ પ્રમાણે કરવી." તેમાં સોળ ઉદ્ગમદોષો કહે છે.

" आहाकम्मुद्देसिअ, पूइकम्मे अ मीसजाए अ ।
ठवणा पाहुडिआए, पाओअर (उअरण) कीअ पामिच्चे ॥७४१॥
परिअट्टिए अभिहडुब्भिन्ने मालोहडे अ अच्छिज्जे ।
अणिसिट्ठे अज्झोअर, सोलस पिंडुग्गमे दोसा ॥७४२॥" पञ्चवस्तु०॥

**વ્યાખ્યા**—૧-આધાકર્મ, ૨-ઔદ્દેશિક, ૩-પૂતિકર્મ, ૪-મિશ્રજાત, ૫-સ્થાપના, ૬-પ્રાભૃતિકા, ૭-પ્રાદુષ્કરણ, ૮-ક્રીત, ૯-પ્રામિત્યક, ૧૦-પરાવર્તિત, ૧૧-અભ્યાહૃત, ૧૨-ઉદ્ભિન્ન, ૧૩-માલાપહૃત, ૧૪-આછિદ્ય, ૧૫-અનિસૃષ્ટ અને ૧૬-અધ્યવપૂરક, એમ પિણ્ડ બનાવવામાં સોળ દોષો લાગે છે. તેમાં—

**૧-આધાકર્મ**—'આધા' એટલે સાધુને ચિત્તમાં ધારણ કરીને, અર્થાત્ સાધુનું નિમિત્ત ધારીને કરેલું 'કર્મ' એટલે સચિત્તને અચિત્ત કરવું કે અચિત્તને પકાવવું, તેને ' आ+धा+कर्म ' એમ (પદચ્છેદથી) 'આધાકર્મ' કહેલું છે. કહ્યું છે કે—

" सच्चित्तं जमचित्तं, साहूणट्ठाए कीरई जं च ।
अचित्तमेव पच्चइ, आहाकम्मं तयं भणिअं ॥" (पञ्चवस्तु० गा० ७४३)

**ભાવાર્થ**–" સાધુને માટે જે સચિત્ત વસ્તુને અચિત્ત કરાય, કે અચિત્તને પકાવાય તેને **'આધાકર્મ'**[૮૬] કહ્યું છે."

૮૬-આધાકર્મમાં હિંસા થાય છે અને સાધુએ હિંસાને ત્રિવિધ ત્યાગ કરેલો હોય છે, માટે તે અકલ્પ્ય છે. અહીં એમ પ્રશ્ન થાય કે ગૃહસ્થે આહારને બનાવતાં હિંસા તો કરી લીધી અને એમાં સાધુએ તો આદેશ પણ કર્યો નથી, તો સાધુને તે હિંસા કેમ લાગે ? ત્યાં સમજવું કે હિંસાને કરવાનો, કરાવવાનો અને અનુમોદવાનો પણ સાધુને નિષેધ છે. આધાકર્મી આહારમાં તેણે સ્વયં હિંસા કરી નથી, કરાવી નથી, પણ એનો સ્વીકાર કરે તો હિંસાની અનુમોદના થાય, માટે તે લેવો જોઈએ નહિ. કારણ કે-અનુમોદનાના ૧-અનિષેધ, ૨-ઉપભોગ અને ૩-સહવાસ, એમ ત્રણ ભેદો છે. અધિકાર છતાં પાપકાર્યનો નિષેધ નહિ કરવાથી અનિષેધઅનુમોદના, પાપથી તૈયાર કરેલી વસ્તુનો ઉપભોગ કરવાથી ઉપભોગઅનુમોદના અને પાપ કરનારાઓની સાથે વસવાથી સહવાસઅનુમોદના થાય છે. એ કારણે જ જાણવા છતાં ચોર વિગેરેને ચોરીથી નહિ અટકાવનાર કે જાહેર નહિ કરનાર ગુન્હેગાર ગણાય છે, તેમ ચોરીની વસ્તુ લેનારો અને ચોરોની સાથે રહેનારો પણ ચોરી નહિ કરવા છતાં શિક્ષાનું પાત્ર બને છે. જેમ જગતના બાહ્ય વ્યવહારોમાં પણ આ ન્યાય સ્વીકારાએલો છે તેમ સાધુને ઉદ્દેશીને હિંસાથી ગૃહસ્થે સ્વયં તૈયાર કરેલો આહાર વિગેરે પણ લેતાં સાધુને 'ઉપભોગ અનુમોદના' દોષ લાગે છે અને તે નહિ લેવાથી દોષ લાગતો નથી. અહીં એ કારણે સાધુને દોષ લાગે કે ગૃહસ્થે એ આહારાદિ તૈયાર કરવામાં સાધુનો ઉદ્દેશ રાખેલો હોય છે. એમ આગળના દોષો પણ ગૃહસ્થે સાધુની પ્રેરણા વિના સેવ્યા

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

૨-**ઔદ્દેશિક**—ઉદ્દેશ એટલે કોઇ પણ યાચકને ઉદ્દેશીને તેના પ્રયોજને સંસ્કારાદિ કરવામાં આવે તે '**ઔદ્દેશિક**'. તેના ઓઘથી અને વિભાગથી એમ બે ભેદો છે, તેમાં સ્વ-પરનો વિભાગ (વિકલ્પ) કર્યા વિના પોતાને માટે જ ભોજન બનાવતી વેળા તેમાંથી કેટલુંક યાચકોને આપવાની બુદ્ધિએ તેમાં અમુક પ્રમાણ (જે તૈયાર કરાતું હોય તે) ચોખા વિગેરે વધારે નાખીને[૮૭]તૈયાર કરે તે '**ઓઘૌદ્દેશિક**' કહેવાય છે. આવું પ્રાયઃ દુષ્કાળ પૂર્ણ થયા પછી તેમાંથી બચેલા કોઈ ધનિકને વિચાર થાય કે 'આ દુષ્કાળમાં મુશ્કેલીથી જીવતા રહ્યા તો હવે નિત્ય થોડું થોડું દાન આપીએ' એમ પુણ્ય ઉપાર્જન કરવાના આશયથી (અમુક ભેદ વિના) કોઇ પણ યાચકોને આપવા માટે વધારે રસોઈ કરે ત્યારે બને. અને 'આટલું ભોજન માટે, આટલું દાન માટે' એવો વિભાગ નહિ કરવાથી તે 'ઓઘૌદ્દેશિક' કહેવાય. આવો પિણ્ડ પણ દાતારે જેટલા દાનની ઇચ્છા કરી હોય તેટલો અપાઇ ગયા પછીનો વધેલો શુદ્ધ છે. (કારણ કે તે પોતાના માટેનો-દાનની કલ્પના વિનાનો હોય) 'વિભાગૌદ્દેશિક' તેને કહ્યું છે કે-કોઇ દાતાર વિવાહાદિ જમણવારના પ્રસઙ્ગે વધેલા આહારાદિમાંથી અમુક ભાગ યાચકોને આપવા માટે જુદો કરી રાખે. (તૈયાર કરવામાં દાનનો ઉદ્દેશ નહિ હોવાથી નિર્દોષ છતાં) આ રીતે વિભાગ કરીને પોતાની સત્તા ઉતારી યાચકોનું ઠરાવ્યું-દાન માટે જુદું કર્યું, તેથી તે દૂષિત ગણાય, એમ સમજવું.

આ વિભાગૌદ્દેશિકના ૧-ઉદ્દિષ્ટ, ૨-કૃત અને ૩-કર્મ, એ ભેદો હોવાથી તે ત્રણ પ્રકારનું બને છે, તેમાં જમણવાર વિગેરેમાં પોતાને અર્થે તૈયાર કરેલું જે વધ્યું હોય તેમાંથી અમુક ભાગ યાચકોને આપવા માટે કંઇ પણ સંસ્કાર કર્યા વિના જુદો કરે તે, ૧-'ઉદ્દિષ્ટ ઔદ્દેશિક' જાણવું, પણ જો રાંધેલો ભાત વિગેરે વધ્યો હોય અને તેને દાન માટે જુદો કરી તેમાં દહીં વિગેરે મેળવે, ત્યારે તે ૨-'કૃત ઔદ્દેશિક' કહેવાય. તે ઉપરાન્ત વિવાહાદિમાં વધેલો લાડુ વિગેરેનો ભુકો દાનમાં આપવા માટે જુદો કરી જ્યારે ચાસણી વિગેરે કરીને તેમાં ભેળવી પુનઃ લાડુ વાળે, ત્યારે તે 'કર્મ ઔદ્દેશિક' કહેવાય. ('કૃતઔદ્દેશિક'-દહીં વિગેરેથી મિશ્ર કરવા છતાં નિરવદ્ય ઉપાયોથી સંસ્કારેલું અને 'કર્મઔદ્દેશિક'-અગ્નિ, પાણી, વિગેરેની વિરાધનારૂપ સાવદ્ય ઉપાયોથી સંસ્કારેલું, એમ ભેદ સમજવો.)

પુનઃ આ ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ, એ ત્રણે પ્રકારો યાચકોની કલ્પનાના ભેદે ૧-ઉદ્દેશ, ૨-સમુદ્દેશ, ૩-આદેશ અને ૪-સમાદેશ, એમ ચાર ચાર ભેદોવાળા બને છે, તેમાં ૧-(ગૃહસ્થ

હોય છે, તો પણ તે દરેકમાં સાધુનો ઉદ્દેશ રાખેલો હોવાથી એ લેવામાં સાધુને ઉપર પ્રમાણે અનુમોદનારૂપ દોષ લાગે છે અને સાધુએ તેમાં પ્રેરણા કરી હોય તો કરાવવાનો દોષ પણ લાગે છે. કોઈ પણ કાર્ય કરવું, કરાવવું અને અનુમોદવું, એ ત્રણે વ્યવહારથી સમાન છે, માટે તે સાધુને લેવાનો નિષેધ છે.

૮૭-'તૈયાર થતા ભોજનમાં વધારે ઉમેરીને તૈયાર કરે' એ વ્યાખ્યા પિણ્ડનિર્યુક્તિને અનુસારે હોવા છતાં તેથી 'અધ્યવપૂરક' દોષમાં ભેદ રહેતો નથી, માટે 'તૈયાર થયા પછી યાચકોને આપવાની કલ્પના કરી જુદું રાખવું' એવી પઞ્ચવસ્તુની અને પિણ્ડવિશુદ્ધિની વ્યાખ્યાને અનુસરવું ઠીક લાગે છે, આ ગ્રંથમાં પણ આ દોષનો ઉપસંહાર કરતાં આધાકર્મિક અને ઔદ્દેશિકમાં બતાવેલો ભેદ પણ એ વ્યાખ્યાથી જ સઙ્ગત થાય છે, અન્યથા એક જ ગ્રંથમાં વદતોવ્યાઘાતની જેમ બન્ને વ્યાખ્યાઓ પરસ્પર વિરૂદ્ધ જાય છે. જુઓ, આની પછી જ **ઔદ્દેશિકની વ્યાખ્યા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે ઘર તજેલા સાધુ-સંન્યાસી) સર્વ કોઇ યાચકોને આપવાની કલ્પના કરવી તેને 'ઉદ્દેશ' કહ્યો છે, ૨-ચરક (સમૂહબદ્ધ ફરનારી ત્રિદણ્ડી સંન્યાસીઓની એક જાતિ), પાખણ્ડી (સંન્યાસીની એક જાતિ,) તેને માટે જે કલ્પેલું હોય તેને 'સમુદ્દેશ કહ્યો છે, ૩-નિર્ગ્રન્થ (જૈનમુનિઓ), શાક્ય (બૌદ્ધો), તાપસો (પઞ્ચાગ્નિ વિગેરે તાપને સહન કરનારા સંન્યાસીઓની જાતિ વિશેષ), ગૈરિકો (લાલ ભગવા રંગથી રંગેલાં વસ્ત્રો પહેરનારા તાપસ વિશેષ) અને આજીવિક (ગોશાળક મતના અનુયાયી), એ પાંચ પ્રકારના શ્રમણો માટે કલ્પેલું હોય તેને 'આદેશ' અને ૪-માત્ર નિર્ગ્રન્થ (જૈન) સાધુઓને આપવાની કલ્પના કરી તેને 'સમાદેશ' કહેવાય છે. કહ્યું છે કે—

" जावंतिअमुद्देसं, पासंडीणं भवे समुद्देसं ।
समणाणं आएसं, णिग्गंथाणं समाएसं ॥१॥" (पिण्डनि० गा० २३०)

**ભાવાર્થ**—" કોઈ પણ યાચકને આપવાની કલ્પના તે ઉદ્દેશ, પાખણ્ડીઓ માટેની કલ્પના તે સમુદ્દેશ, શ્રમણોને આપવાની કલ્પના તે આદેશ અને નિર્ગ્રન્થ મુનિઓને આપવાની કલ્પના તે સમાદેશ કહેવાય છે. "

એ પ્રમાણે ત્રણના ચાર ચાર ભેદો થવાથી વિભાગૌદ્દેશિકના કુલ બાર પ્રકારો અને એક ઓઘૌદ્દેશિક, એમ ઔદ્દેશિકના[૮૮] કુલ તેર પ્રકારો જાણવા. અહીં પ્રથમથી જ સાધુઓને માટે તૈયાર કરાય તે 'આધાકર્મ' અને પોતાને માટે બનાવેલું હોય તેમાં પાછળથી દાન દેવાની કલ્પના કે સંસ્કાર કરવો તે ઔદ્દેશિક, એમ બન્નેમાં ભેદ સમજવો.

૩-**પૂતિકર્મ**—આધાકર્મિકપિણ્ડના એક અંશમાત્રથી પણ મિશ્ર થયેલું આહારાદિ દ્રવ્ય શુદ્ધ હોય તો પણ 'અશુચિ પદાર્થથી ખરડાયેલું પવિત્ર દ્રવ્ય પણ અપવિત્ર થાય તેમ' તે પૂતિકર્મ દોષવાળું સમજવું. માટે આધાકર્મિક વિગેરેના એક અંશમાત્રથી પણ ખરડાયેલાં ભાજન-ચાટવો-કડછી-કડાઇ-કુણ્ડી વિગેરેની સહાયથી શુદ્ધ પણ આહારાદિ વહોરવું નહિ.[૮૯]

૪-**મિશ્રજાત**—પોતાના અને સાધુ વિગેરેના નિમિત્તે ભેગું તૈયાર કરેલું, અર્થાત્ પ્રથમથી જ પોતાના માટે અને સાધુ આદિને આપવા માટે ભેગું તૈયાર કરેલું તે 'મિશ્રજાત' જાણવું.

---

૮૮-ઔદ્દેશિકમાં સાધુ વિગેરેના ઉદ્દેશથી કલ્પવાનું અથવા જૂદું કરવાનું છે, તેમાં પણ તે તે પાત્રને ખરડાવામાં, ધોવામાં, ઈત્યાદિ પ્રસઙ્ગોમાં હિંસા સંભવિત છે. વળી આહાર એક શસ્ત્ર છે, તેમાં ઉડીને પડેલા કે ચઢેલા જીવોનો પ્રાયઃ નાશ થાય છે. જીવ માત્ર આહારની શોધમાં ભમતા હોવાથી જ્યાં જ્યાં આહાર હોય ત્યાં પહોંચી જાય છે, તેથી અજ્ઞાનથી તેમાં પડી મરી જાય વિગેરે હિંસા પણ સંભવિત છે. તદુપરાન્ત 'કૃત અને કર્મ' જેનું સ્વરૂપ અહીં જણાવ્યું છે તેમાં તો સ્પષ્ટ હિંસા છે જ. એવી હિંસાદિ કર્યા વિના પણ સર્વ યાચકોને ઉદ્દેશીને જ રાખ્યું હોય તેને લેવા જતાં બીજા યાચકોને ભાગ પડવા વિગેરે કારણે ઓછું મળવાથી અપ્રીતિ આદિ પણ થવાનો સંભવ છે. એમ અનેક દોષોનું કારણ હોવાથી નિષેધ સમજવો. જો કે આમાં સાધુ કંઈ જવાબદાર નથી, કારણ કે ગૃહસ્થે કર્યું હોય છે, તો પણ તેને લેવાથી, ભોગવવાથી કે ઈચ્છવાથી સાધુને અનુમોદનારૂપ દોષ લાગે છે.

૮૯-દુધના મોટા ભાજનમાં પડેલું એક ઝેરનું બિન્દુ પણ બધા દુધને ઝેરી બનાવે છે, તેમ આધાકર્મ દોષના બિન્દુમાત્રથી પણ બીજો શુદ્ધ આહાર દોષિત બને છે, માટે વિષ્ટાના લેશવાળા અપવિત્ર ભોજનની જેમ તેને દોષિત કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એના યાવદર્થિકમિશ્રજાત, પાખણ્ડીમિશ્રજાત અને સાધુમિશ્રજાત, એમ ત્રણ ભેદો છે. (કોઇપણ યાચકને આપવા ભેગું તૈયાર કરેલું 'યાવદર્થિકમિશ્ર,' પાખણ્ડી તથા ચરક વિગેરે પાંચ પ્રકારના શ્રમણોને આપવા માટે ભેગું તૈયાર કરેલું 'પાખણ્ડીમિશ્ર,' અને કેવળ જૈનસાધુઓને આપવા માટે ભેગું બનાવેલું 'સાધુમિશ્ર' સમજવું). અહીં શ્રમણોને પાખણ્ડીઓમાં ભેગા ગણવાથી 'શ્રમણમિશ્રજાત' એવો જુદો ભેદ નથી કહ્યો.

૫–**સ્થાપના**—સાધુ વિગેરેને આપવા માટે કેટલાક સમય સુધી મૂકી રાખવું તે, અથવા 'આ સાધુને આપવા માટે છે' એમ હૃદયથી કલ્પીને અમુક કાળ સુધી સંભાળી રાખવું[૯૦] તે 'સ્થાપના' કહેવાય. જે પિણ્ડ વિગેરેની આ સ્થાપના કરાય તે દાન દેવા માટેનો પિણ્ડ (આહારાદિ) પણ 'સ્થાપના' કહેવાય. આ સ્થાપના ૧–સ્વ (મૂળ) સ્થાને અને ૨–પર (બીજા) સ્થાને, એમ બે પ્રકારે થઇ શકે, તેમાં ભોજનનું સ્વસ્થાન ચુલ્લી વિગેરે જ્યાં તેને તૈયાર કર્યું હોય તે, અને પરસ્થાન ત્યાંથી જ્યાં છીંકા વિગેરેમાં મૂકાય તે છીંકુ વિગેરે. આ બન્નેના પણ અનન્તર અને પરંપર એમ બે બે ભેદો છે. તેમાં 'ઘૃત' વિગેરે મૂકી રાખવા છતાં જેનું સ્વરૂપ બદલાય નહિ તેવા પદાર્થોની સ્થાપનાને 'અનન્તર સ્થાપના' સમજવી. કાળની અપેક્ષાએ તે (ઉત્કૃષ્ટથી) દેશેન્યૂન ક્રોડપૂર્વવર્ષો સુધીની થઇ શકે, એથી તેને 'ચિરસ્થાપના' પણ કહી છે. કારણ કે તે પદાર્થની હયાતિ સુધી રહી શકે છે. બીજી વિકાર થવાના સ્વભાવવાળા દૂધ–દહીં–માખણ વિગેરેની સ્થાપનાને 'પરમ્પર સ્થાપના' જાણવી. દૂધની સ્થાપનાને તે દિવસે 'અનન્તર' સમજવી. તે ઉપરાન્ત સાધુ જ્યાં વહોરતા હોય તે ઘર સહિત ત્રણ ઘર છોડીને પછીનાં ઘરોમાં વહોરાવવા માટે કોઇએ હાથ વિગેરેમાં લીધેલી ભિક્ષાને પણ સ્થાપના કહેવાય. કારણ કે એકશ્રેણિમાં રહેલાં ઘરોમાં સંઘાટકે વહોરવા નીકળેલા સાધુઓ પૈકી એક સાધુ એક ઘરમાં વહોરતો હોય ત્યારે બીજો સાધુ તે પછીનાં બે ઘરોમાં ઉપયોગ રાખી શકે, તેવો સંભવ હોવાથી ત્રણ ઘરો સુધી વહોરાવવાની કોઈ વસ્તુ કોઈ હાથમાં લઇને ઉભો રહે તો પણ તે ઇત્વરી (અલ્પકાલ માટે) હોવાથી કલ્પ્ય છે, સ્થાપનાદોષથી દૂષિત નથી, તે પછીનાં ઘરોમાં કોઈ તેમ કરે તો દોષ ગણાય.

૬–**પ્રાભૃતિકા**—કોઇને અમુક કાળે વિવાહાદિ કાર્ય કરવાનું હોય તે, એમ વિચારે કે 'હાલમાં સાધુઓ અહીં છે, તેઓને દાન દેવાનો લાભ પણ મળશે માટે વિવાહાદિ કાર્ય અત્યારે જ કરવું ઠીક છે' આવી બુદ્ધિથી ગૃહસ્થ તે કાર્યને વહેલું કરે ત્યારે તે પ્રસઙ્ગે ત્યાંથી પિણ્ડ લેવો તેને સિદ્ધાન્તની ભાષામાં 'પ્રાભૃતિકા' કહી[૯૧] છે, એ રીતે તે નજીકમાં કરવાનું

---

૯૦–ઔદ્દેશિકમાં જણાવ્યા પ્રમાણે સ્થાપનામાં પણ રાખી મૂકવાથી ભાજન ખરડાવાનો, જીવહિંસા થવાનો, વિગેરે પ્રસઙ્ગો સંભવિત છે માટે તે દોષિત સમજવું. કારણ કે જે વસ્તુ જેની માલિકીની બને તેમાં થતી હિંસાનું પાપ પણ તેને લાગે છે, એક ઘરમાં કોઇનું ખૂન થાય તો જવાબદાર ઘરનો માલિક ગણાય છે, એ પ્રમાણે અહીં પણ સ્થાપના સાધુને ઉદ્દેશીને કરવાથી તેવું લેવાથી તેમાં સંભવિત હિંસાનો જવાબદાર પણ સાધુ બને, માટે તે લેવાનો નિષેધ કરેલો છે, એ સ્પષ્ટ સમજાય તેવું છે.

૯૧–'પ્રાભૃતિકા'માં પણ ગૃહસ્થ ભોજન કે વિવાહાદિ સાવદ્યકાર્યો વહેલાં મોડાં કરે તેમાં સાધુનું નિમિત્ત હોવાથી એ સાવદ્ય (આરમ્ભવાળાં) કાર્યોથી તૈયાર થએલા આહારાદિ લેવાથી સાધુને દોષ લાગે છે, પાપનો ભાગીદાર બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવાહાદિ કાર્ય 'સાધુઓનો અમુક કાળ પછી યોગ મળશે એવી બુદ્ધિએ' મોડું કરે તેને પણ 'પ્રાભૃતિકા' કહી છે. અર્થાત્ સાધુને દાન આપવાની બુદ્ધિએ ગૃહસ્થ વિવાહાદિ કાર્યને મોડું કે વહેલું કરે તે પ્રાભૃતિકા જાણવી, વિવાહાદિ મોટાં કાર્યોમાં અમુક દિવસો કે મહિનાઓનું વહેલું-મોડું થાય તેથી તેને 'બાદરપ્રાભૃતિકા' કહી છે, અને તે જ દિવસે કરવાના કાર્યને પણ થોડું વહેલું કે મોડું કરવું તેને 'સૂક્ષ્મપ્રાભૃતિકા કહી છે. જેમ કે કોઇ સ્ત્રી સુત્રનું કાંતણ વિગેરે કાર્યમાં વ્યગ્ર હોય, તે વેળા બાળક ખાવા માટે મણ્ડકાદિ માગે, તેને રડતું અટકાવવા તે સ્ત્રી આશ્વાસન આપે કે રડીશ નહિ, નજીકના ઘરમાં આવેલા મુનિ આપણા ઘેર આવશે, તેમને દાન આપવા માટે ઉઠીશ ત્યારે તને પણ આપીશ. પછી સાધુ આવે ત્યારે તેમને ભિક્ષા આપવા માટે ઉઠેલી તે સ્ત્રી બાલકને પણ આપે (એમ વહેલું કરવાનું કાર્ય મોડું કરે) તે 'ઉત્ષ્વષ્કણ' કહેવાય, એ રીતે પુણીઓને કાંતવાનું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી બાલકને વિલમ્બ કરાવવાની ઇચ્છાવાળી પણ સ્ત્રી વચ્ચે સાધુ આવવાથી વહોરાવવા ઉઠે ત્યારે (ફરી ઉઠવું ન પડે એ ઉદ્દેશથી) બાળકને પણ તે જ વેળા ભોજન આપે તે (મોડું કરવાનું કાર્ય વહેલું કરવાથી) 'અવષ્વષ્કણ' કહેવાય. આ શબ્દોની સિદ્ધિ એ રીતે થાય છે કે જે કામ કરવાનો જે સમય હોય તે તેના સમયથી 'उत्' એટલે આગળા-ભવિષ્યમાં 'ष्वष्कण' એટલે એંચવું, તે 'ઉત્+ષ્વષ્કણ =ઉત્ષ્વષ્કણ' અને કામ કરવાનો જે સમય હોય તેનાથી 'अव' એટલે અર્વાક્ (વહેલું) 'ष्वष्कण' =કરી લેવું, તે 'અવ+ષ્વષ્કણ=અવષ્વષ્કણ' કહેવાય. (એમ બાદર અને સૂક્ષ્મ બન્ને પ્રાભૃતિકાઓમાં કાર્ય મોડું કે વહેલું કરવાથી 'ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણ' એવા બે પ્રકારો પડે છે.)

૭-**પ્રાદુષ્કરણ**—'દેવા યોગ્ય પદાર્થ અન્ધારામાં હોય, તો તેને ચક્ષુદ્વારા જોઈ ન શકવાથી સાધુઓ વહોરતા નથી' એમ સમજીને ત્યાં અગ્નિ કે દીવો સળગાવીને, અથવા મણી વિગેરેથી પ્રકાશ કરે, અથવા ભીંત તોડીને (જાળી-બારી મૂકીને) પ્રકાશ કરે, કે વહોરાવવાની વસ્તુ અન્ધારામાંથી બહાર પ્રકાશમાં લાવીને મૂકે,[૯૨] એમ અન્ધારામાં રહેલી વસ્તુને પ્રગટ કરવી તે 'પ્રાદુષ્કરણ' કહેવાય. તે ૧-દાનમાં દેવા યોગ્ય વસ્તુ હોય ત્યાં પ્રકાશ કરવાથી અને ૨-ઘરમાં (અન્ધારામાં) હોય ત્યાંથી વસ્તુને બહાર પ્રકાશમાં લાવવાથી, એમ બે પ્રકારે થાય છે.

૮-**ક્રીત**-સાધુના માટેની વસ્તુ મૂલ્યથી ખરીદવી તે 'ક્રીત' કહેવાય[૯૩] તેના ચાર ભેદો છે,

---

૯૨-પ્રાદુષ્કરણમાં તો સાધુને દાન દેવાના ઉદ્દેશથી દીવો સળગાવવાથી કે જાળી, બારી વિગેરે મૂકી પ્રકાશ કરવાથી અગ્નિ-પાણી-માટી વિગેરે સ્થાવરજીવોની હિંસા સ્પષ્ટ છે. ઉપરાન્ત અન્ધારામાંથી પ્રકાશમાં લાવીને મૂકતાં ત્રસ વિગેરેજીવોની હિંસા પણ સંભવિત છે, માટે તે લેવાથી સાધુને તે દોષ લાગે છે.

૯૩-સાધુના નિમિત્તે ખરીદવામાં ધનનો વ્યય થાય, એ ધનનો સાધુએ ઉપયોગ કર્યો ગણાય, અને ધનને મેળવવામાં સેવાયેલાં પાપસ્થાનોનો ભાગીદાર સાધુ બને. માટે ઉત્સર્ગ માર્ગે સાધુને પોતાના બાહ્ય જીવનની (શરીરની) સગવડ અર્થે ગૃહસ્થનું અલ્પ ધન પણ ખરચાવવાનો અધિકાર નથી. ગૃહસ્થે પોતાના જીવન માટે લાવેલું કે-તૈયાર કરેલું હોય તેનાથી નિર્વાહ કરવો એ તેનો આચાર છે. વળી **મુધાદાયી** અને **મુધાજીવી** શ્રાવક અને સાધુનો એ આચાર છે કે ગૃહસ્થ કોઈ જાતના બદલાની આશા વિના સાધુની સેવા કરે અને સાધુ કોઈ જડની લાલસા વિના તેને ધર્મનું દાન કરે. તેને બદલે ઉપદેશાદિ દ્વારા કે મન્ત્ર તન્ત્રાદિ આપવા દ્વારા સાધુ જો ગૃહસ્થ પાસેથી આહારાદિ ઈષ્ટ વસ્તુ મેળવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧-સ્વદ્રવ્યક્રીત, ૨-સ્વભાવક્રીત, ૩-પરદ્રવ્યક્રીત અને ૪-પરભાવક્રીત. તેમાં સાધુ ગૃહસ્થને પોતાનો ભક્ત બનાવવા (મન્ત્રેલાં) ચૂર્ણ-ગોળી વિગેરે દ્રવ્ય આપીને તેના બદલામાં આહારાદિ વસ્તુને મેળવે તે 'સ્વદ્રવ્યક્રીત' અને આહાર આદિ મેળવવાના ઉદ્દેશથી ધર્મકથા (વ્યાખ્યાન) વિગેરે કરી શ્રોતા વિગેરેને આવર્જન કરીને તેના બદલામાં તે તે વસ્તુ મેળવે તે 'સ્વભાવક્રીત' કહેવાય. (સાધુ પ્રત્યેની અતિ ભક્તિથી તેને દાન આપવાની બુદ્ધિએ) ગૃહસ્થ પોતે સચિત્ત, અચિત્ત કે મિશ્ર કોઈ દ્રવ્ય બીજાને આપીને તેના બદલામાં તેની પાસેથી સાધુને આપવા યોગ્ય વસ્તુ મેળવે તે 'પરદ્રવ્યક્રીત' અને સાધુનો ભક્ત કોઇ મંખ (લોકોને ચિત્રો બતાવી આજીવિકા મેળવનારો ભિક્ષુક વિશેષ) કે ગવૈયો, વિગેરે પોતાની તે તે કળાથી બીજાને ખુશી કરીને બદલામાં તેના પાસેથી સાધુને આપવા માટેની વસ્તુ મેળવીને સાધુને આપે તે 'પરભાવક્રીત' કહેવાય.

**૯-પ્રામિત્યક**—સાધુને આપવા માટે જે વસ્તુ ઉચ્છિન્ની (બદલે તેવી પાછી આપવાની કબૂલાતથી ઉધાર) લેવામાં આવે તે 'પ્રામિત્યક' દોષ, તેના લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારો છે. તેમાં ગૃહસ્થ ઉચ્છિન્નું લાવીને સાધુઓને આપે તે 'લૌકિક' અને પરસ્પર સાધુઓ જ વસ્ત્ર વિગેરે બીજી તેવી વસ્તુ મેળવીને પાછી આપવાની સરતે ઉધાર લે તે 'લોકોત્તર-પ્રામિત્યક' જાણવું.[૯૪]

**૧૦-પરિવર્તિત**—પોતાનું બગડી ગએલું ઘી વિગેરે બીજાને આપીને બદલામાં તેની પાસેથી સારૂં તાજું ઘી વિગેરે મેળવીને સાધુને આપવું તે 'પરિવર્તિત' કહેવાય.[૯૫]આના પણ પ્રામિત્યકની જેમ લૌકિક અને લોકોત્તર એવા બે ભેદો સમજી લેવા.

**૧૧-અભ્યાહૃત**—ઘેરથી કે પોતાના ગામથી સાધુને વહોરાવવાની વસ્તુ સાધુ હોય ત્યાં સામે લઇ જવી તેને 'અભ્યાહૃત'[૯૬]કહેલું છે, તેના બીજાઓ જાણે એ રીતે લઈ જવું તે 'પ્રગટ' અને કોઇ ન જાણે તેમ લઈ જવું તે 'ગુપ્ત (પ્રચ્છન્ન)' એમ બે પ્રકારો જાણવા. તદુપરાન્ત તેના 'આચીર્ણ-અનાચીર્ણ' વિગેરે પણ ઘણા પ્રકારો છે, તેમાં ઉત્કૃષ્ટથી સો હાથની અંદરથી

---

તો તેણે શાસ્ત્રને વેચીને પોતાની આજીવિકા ચલાવી ગણાય. આવું કરવાથી શાસ્ત્રોની અને શાસનની મોટી આશાતના થવાથી જીવ દુર્લભબોધિ બને છે અને મિથ્યાત્વને વશ થઇ સંસારમાં ભટકતો થઈ જાય છે, અન્યભવોમાં ભોજન આદિ નહિ મળવાનું કે જીવ્હા વિગેરે ઇન્દ્રિઓનું પણ દુઃખ ભોગવવું પડે છે,

૯૪-પ્રામિત્યકમાં પણ ઉધારે કે બદલે લાવ્યા પછી પાછું આપવું ભૂલી જાય, કે આપવા જેવી સ્થિતિ પાછળથી ન રહે તો દાતારને લેણદારની તાબેદારી વિગેરે કષ્ટો ભોગવવાનો પ્રસઙ્ગ આવે, તેમાં સાધુ નિમિત્ત બને તેથી સાધુને પણ દોષ લાગે, માટે તેનો નિષેધ સમજવો.

૯૫-પરાવર્તિત પણ વહોરાવ્યા પછી તે સ્ત્રીનો પતિ જાણે તો પોતાનો અપયશ થયો માનીને સ્ત્રીને તર્જના કરે, અથવા બદલે આપનારનો પતિ જાણે તો સારૂં આપી હલકું લેવાના કારણે તે પોતાની સ્ત્રીને તર્જનાદિ કરે, એમાં સાધુ નિમિત્ત બને, માટે અકલ્પ્ય છે.

૯૬-અભ્યાહૃતમાં તો સાધુને વહોરાવવાના કારણે સામે લઈને આવવામાં રસ્તે થતી વિરાધના, લેવામાં, લાવવામાં, કે મૂકવામાં સંભવિત ત્રસ જીવો વિગેરેની વિરાધના અને ભાજન ખરડાયાથી તેને અઙ્ગે થતી વિરાધના સ્પષ્ટ છે, માટે તે લેવાથી સાધુને દોષ લાગે. મુખ્યતયા સાધુનો આચાર એવો છે કે જે વસ્તુ ગૃહસ્થે પોતાના પ્રયોજને જ્યાં જેવી સ્થિતિમાં મૂકેલી હોય ત્યાંથી વહોરાવતાં તેને લેવા મૂકવા વિગેરેમાં હિંસાદિ ન થાય તે રીતે લેવી જોઇએ. અભ્યાહૃતમાં એ આચારનું પાલન થઈ શકે નહિ, માટે સાધુએ સામે આવેલાં આહારાદિ લેવાં જોઇએ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે ઘરોની અપેક્ષાએ શ્રેણિબદ્ધ ત્રણ ઘરોની અન્દરથી સામે આવેલું દ્રવ્ય તે 'આચીર્ણ' (સાધુને લઈ શકાય) છે, કારણ કે ત્રણમાંના એક ઘરમાં ભિક્ષા વહોરનાર અને પછીનાં બે ઘરોમાં સઙ્ઘાટકનો બીજો સાધુ 'સામે લાવનાર ગૃહસ્થ સચિત્તનો સંઘટ્ટો વિગેરે ભૂલ કરે છે કે નહિ' ઇત્યાદિ શુદ્ધિ (અશુદ્ધિ) જોવામાં ઉપયોગ રાખી શકે તેમ છે. (તેથી વધારે દૂર ઉપયોગ ન રાખી શકાય માટે 'અનાચીર્ણ' સમજવું.) પાંચમા સ્થાપનાદોષમાં ત્રણ ઘરોની અન્દર કરેલી સ્થાપના ઈત્વરી (અલ્પકાલીન) હોવાથી તેને 'કલ્પ્ય' જણાવેલી હોવા છતાં પુનઃ અભ્યાહૃતમાં ત્રણ ઘરની અન્દરથી આવેલું 'આચીર્ણ' કહ્યું, તેમાં એ કારણ સમજવું કે સ્થાપનામાં અલ્પકાલની અને અભ્યાહૃતમાં અલ્પક્ષેત્રની, એમ બેમાં જુદી જુદી અપેક્ષા (હોવાથી ભિન્નતા) છે.

૧૨–**ઉદ્‌ભિન્ન**—વસ્તુને ઉઘાડી–ઉખેડીને આપે તે 'ઉદ્‌ભિન્ન' કહેવાય.[૯૭] જેમકે કોઇ ગોળ, ઘી, વિગેરેના ભાજનને માટી વિગેરેથી લીંપીને બન્ધ કર્યું હોય, તે ઉપરની માટી વિગેરે ઉખેડીને તેમાંથી વસ્તુ વહોરાવે ત્યારે આ દોષ લાગે, (અહીં ગાંઠ છોડીને પોટકીમાંથી, તાળું ઉઘાડીને પેટી–કબાટ વિગેરેમાંથી, ઈત્યાદિ પણ ઉદ્‌ભિન્ન સમજી લેવું.)

૧૩–**માલાપહૃત**—'માલા' એટલે 'છીંકુ–માળીયું–છાજલી' વિગેરે, તેમાંથી 'અપહૃત' એટલે સાધુ માટે લાવેલું, તે 'માલા+અપહૃત=માલાપહૃત સમજવું.[૯૮] તેના ઊર્ધ્વસ્થિત, અધઃ-સ્થિત, ઉભયસ્થિત, અને તિર્યક્‌સ્થિત, એમ ચાર ભેદો છે. તેમાં ૧–અટ્ટાલીમાં–છાજલીમાં–માળીયા–મેડા ઉપર કે છીંકા વિગેરેમાં મૂકેલું હોય, ત્યાંથી લઇને વહોરાવે તે 'ઊર્ધ્વસ્થિત માલાપહૃત', ૨–ભોંયરા વિગેરેમાં નીચે મૂકેલું લાવીને વહોરાવે તે 'અધઃસ્થિત માલાપહૃત' ૩–કોઠાર, કોઠી, (ઉંચી પેટી–પટારા) વિગેરેમાં મૂકેલું હોય કે જેને લેતાં બહારથી પગ (પાનીઓ) અદ્ધર કરી ઉંચા થવું પડે અને અન્દર નીચા નમીને બે હાથ લાંબા કરીને લઈ શકાય, એમ જેને લેવામાં શરીરને ઉંચું અને નીચું પણ કરવું પડે તેવું લાવીને વહોરાવે તે 'ઉભયસ્થિત માલાપહૃત' અને ૪–તિર્છું ભીંતમાં ગોખલા વિગેરેમાં મૂકેલું બેઠાં બેઠાં કે ઉભાં ઉભાં લઈ શકાય તેવું હોવા છતાં સ્થાન વિષમ હોવાથી જેને લેતાં પડી જવા વિગેરેનો ભય રહે, કષ્ટપૂર્વક લઈ શકાય તેવા સ્થાને મૂકેલું ત્યાંથી લઇને આપે તે 'તિર્યક્‌સ્થિત માલાપહૃત' સમજવું.

૧૪–**આચ્છેદ્ય**—પારકું છતાં બળાત્કારે લઇને (ઝુંટવીને) સાધુને આપે તે 'આચ્છેદ્ય' કહેવાય.[૯૯] તેના ૧–સ્વામી એટલે રાજા પ્રજાજનો પાસેથી બલાત્કારે લઇને આપે તે 'સ્વામિ–

---

૯૭–ઉદ્‌ભિન્નમાં બાંધેલું છોડવામાં, લીમ્પેલું ઉખેડવામાં, કે બન્ધ કરેલું ઉઘાડવામાં, એમ સાધુને નિમિત્તે તે તે પ્રવૃત્તિ કરવામાં ત્રસ, સ્થાવર વિગેરે જીવોની હિંસાદિ થાય. માટે તેવું સાધુને કલ્પે નહિ.

૯૮–માલાપહૃતમાં સાધુને નિમિત્તે ઉપરથી કે નીચેથી સાધુ પાસે લાવવા માટે જવામાં, આવવામાં કે લેવા–મૂકવામાં જીવહિંસાદિ થાય, અને તિર્છું પણ વિષમ સ્થાનેથી લેતાં લેનાર પડી જાય તો હાથ–પગ વિગેરે અવયવોને નુકસાન થાય, ત્રસજીવો ચગદાઇ જાય, વિગેરે સંભવ હોવાથી સાધુને તેવાં આહારાદિ લેવાં કલ્પે નહિ.

૯૯–આચ્છેદ્યમાં સાધુને નિમિત્તે બીજાને અપ્રીતિ થાય, સાધુ પ્રત્યે અસદ્‌ભાવ થાય, તેથી મિથ્યાત્વનો બન્ધ થાય અને દુર્લભબોધિપણું થાય. તે ઉપરાન્ત એ રીતે પણ આહારાદિ લેવાથી સાધુને દુશ્મનો ઉભા થાય, પરિણામે આહારાદિ મેળવવાં પણ દુર્લભ થાય, ઈત્યાદિ ઘણા અભ્યન્તર દોષોનું કારણ હોવાથી તેવું ભોજન વિગેરે સાધુને લેવું ન કલ્પે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચ્છિદ્ય, ૨–પ્રભુ એટલે કુટુમ્બનો અગ્રેસર કુટુમ્બના (ઘરના) કોઈ માણુસ પાસેથી બલાત્કારે લઇને વહોરાવે તે 'પ્રભુઆચ્છિદ્ય' અને ૩–ચોર વિગેરે કોઇનું ચોરીને–લૂંટીને સાધુને આપે તે 'સ્તેનાચ્છિદ્ય' એમ ત્રણ ભેદો જાણવા.

૧૫–**અનિસૃષ્ટ**—જે આહારાદિ અમુક ગોષ્ઠી અર્થાત્ અમુક માણસોની મણ્ડલી વિગેરેનું હોય, તેને તે મણ્ડલીમાંનો કોઈ એક માણસ બાકીના માણસોએ અનુમતિ નહિ આપવા છતાં અથવા નિષેધ કરવા છતાં સાધુને વહોરાવે, તે 'અનિસૃષ્ટ' કહેવાય.[૧૦૦] તેના પણ ૧–'સાધારણ' એટલે ઘણાઓનું હોય છતાં બીજાઓની ઇચ્છા વિના તેઓમાંનો કોઈ એક (કે બે–ચાર) વહોરાવે તે 'સાધારણ અનિસૃષ્ટ', ૨–'ચોલ્લક' એટલે કોઇ ખેતરના માલીક વિગેરેએ ખેતર વિગેરેમાં કામ કરનારા ઘણા નોકરો માટે મોકલાવેલું ભોજન વિગેરે તેઓને વહેંચી આપ્યું ન હોય ત્યાં સુધી ખેતરના માલિક વિગેરે તે તે મોકલનારનું ગણાય, તેવું તેની ઇચ્છા કે અનુમતિ વિના કોઈ વહોરાવે તે 'ચોલ્લક અનિસૃષ્ટ' અને ૩–'જડ્ડ' એટલે હાથી, તેના માલિક રાજા વિગેરેએ હાથીને માટે માવત વિગેરેને સોંપ્યું હોય તે હાથીની કે રાજા વિગેરે તેના માલિકની ઇચ્છા–રજા વિના માવત વિગેરે કોઇ સાધુને આપે તો તે 'જડ્ડઅનિસૃષ્ટ' કહેવાય. એમ અનિસૃષ્ટના ત્રણ પ્રકારો થાય છે.

૧૬–**અધ્યવપૂરક**—પોતાને માટે રસોઇનો પ્રારમ્ભ કર્યા પછી જાણવામાં આવે કે સાધુઓ વિગેરે આવ્યા છે, તેથી તેઓને દાન આપવા માટે ચાલુ રસોઈમાં નવો વધારો કરવો તે 'અધ્યવપૂરક' કહેવાય.[૧૦૧] તેના પણ (મિશ્રજાતની પેઠે) ૧–યાવદર્થિકઅધ્યવપૂરક, ૨–પાખણ્ડીનિમિત્તઅધ્યવપૂરક અને ૩–સાધુનિમિત્તઅધ્યવપૂરક, એમ ત્રણ ભેદો છે.

એ પ્રમાણે સોળ ઉદ્‌ગમદોષો કહ્યા, તેમાંના ૧–આધાકર્મ, ૨ થી ૪–ઔદ્દેશિકના તેર ભેદો પૈકીના પાખણ્ડી, શ્રમણ અને નિર્ગ્રન્થને ઉદ્દેશિને કર્મ કર્યું હોય તે અનુક્રમે સમુદ્દેશકર્મ–ઔદ્દેશિક, આદેશકર્મઔદ્દેશિક અને સમાદ્દેશકર્મઔદ્દેશિક' એ છેલ્લા ત્રણ ભેદો, (જુઓ ઔદ્દેશિક દોષના ભેદો,) ૫ થી ૮–મિશ્રજાત અને અધ્યવપૂરકના ત્રણ ત્રણ ભેદો પૈકીના છેલ્લા (પાખણ્ડી અને સાધુને ઉદ્દેશિને) બે બે ભાંગા, ૯–પૂતિકર્મમાં–આહાર પૂતિકર્મ, અને ૧૦–બાદર પ્રાભૃતિકા, એ દશ દોષોને 'અવિશોધિકોટી' કહ્યા છે. જે દોષવાળી વસ્તુ જુદી કરવા છતાં બાકી રહેલી નિર્દોષ વસ્તુ પણ શુદ્ધ ન થાય (કલ્પે નહિ) તે અવિશોધિ, એ જ 'કોટી' એટલે પ્રકાર–અર્થાત્ ભિન્નતા જેમાં છે તે દોષોને 'અવિશોધિકોટી' જાણવા. કહ્યું છે કે—

"**इअ कम्मं उद्देसिअ–तिअ मीसज्झोयरंतिमदुगं च ।**
**आहारपूइबायर–पाहुडि अविसोहिकोडित्ति ॥" पिण्डविशुद्धि–५३॥**

**ભાવાર્થ**–એમાં આધાકર્મ, ઔદ્દેશિકના (છેલ્લા) ત્રણ ભેદો, મિશ્રજાત અને અધ્યવપૂરકના છેલ્લા બે બે ભેદો, આહારપૂતિકર્મ અને બાદરપ્રાભૃતિકા, એટલા અવિશોધિકોટી છે."

---

૧૦૦–અનિસૃષ્ટમાં પણ આપનાર સિવાયના બીજાઓને અપ્રીતિ આદિ આચ્છેદ્યમાં કહ્યા તેવા દોષો લાગે માટે તેવું ન કલ્પે.

૧૦૧–અધ્યવપૂરકમાં પણ સાધુને નિમિત્તે નવો વધારો કરવાથી તે રસોઇ વિગેરે કરતાં થતી હિંસામાં સાધુ ભાગીદાર બને માટે તે લેવું ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અવિશોધિકોટીનો અવયવમાત્ર, અર્થાત્ સુકો દાણો (કણ) વિગેરે, પાત્ર ખરડાય તેવું દ્રવ્ય તક્ર (છાશ) વિગેરે, કે જેની ખરડ પણ ન લાગે તેવો (વાલ વિગેરે કઠોળનો) કણ વિગેરે પણ જો શુદ્ધ ભોજનમાં લાગ્યો હોય તો તે શુદ્ધ ભોજનને પરઠવ્યા પછી પણ ભાજનને પાણીથી ત્રણવાર શુદ્ધ કર્યા વિના તેમાં લીધેલું શુદ્ધ (નિર્દોષ) ભોજન પણ શુદ્ધ ગણાતું નથી. કહ્યું છે કે—

"तीइ जुअं पत्तंपि हु, करीसनिच्छोडिअं कयतिकप्पं ।
कप्पइ जं तदवयवो, सहस्सघाई विसलवु व्व ॥" पिण्डविशुद्धि० गा० ५४॥

**ભાવાર્થ**—તે અવિશોધિકોટી આહારથી ખરડાએલા પાત્રને પણ નિશ્ચે સુકા ગોબરથી (છાણાથી) ઘસીને ત્રણવાર પાણીથી શુદ્ધ ન કર્યું હોય તો તેમાં લીધેલું બીજું શુદ્ધ ભોજન પણ ન કલ્પે. કારણ કે ઝેરના કણીયાની જેમ અવિશોધિકોટીનો અવયવ પણ સહસ્રઘાતી છે."[૧૦૨]

ઉપર કહ્યા તે દશ સિવાયના શેષ દોષો વિશોધિકોટી જાણવા. કહ્યું છે કે—

"उद्देसिअंमि नवगं, उवगरणे जं च पूइअं होइ ।
जावंतिअ मीसगयं, अज्झोअरए अ पढमपयं ॥१॥
परिअट्टिए अभिहडे, उब्भिन्ने मालोहडे इअ ।
अच्छिज्जे अणिसिट्ठे, पाओअरकीअपामिच्चे ॥२॥
सुहुमा पाहुडिआ वि अ, ठवियगपिंडो अ जो भवे दुविहो ।
सव्वोवि एस रासी, विसोहिकोडी मुणेअव्वो ॥३॥"(पिण्डनि० गा० ३९५ टीका)

**ભાવાર્થ**—ઔદ્દેશિકના નવ ભેદો, ઉપકરણ પૂતિકર્મ, યાવદર્થિકમિશ્રજાત અને યાવદર્થિક-અધ્યવપૂરક, પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્‌ભિન્ન, માલાપહૃત, આચ્છિદ્ય, અનિસૃષ્ટ, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક, સૂક્ષ્મપ્રાભૃતિકા અને બે પ્રકારનો સ્થાપનાપિણ્ડ, એ સર્વ દોષસમૂહ વિશોધિકોટી જાણવો.

એ દોષોમાંના કોઇપણ દોષવાળા ભોજનનો દોષિત અંશ જુદો કાઢ્યા પછી બાકીનું નિર્દોષ (શુદ્ધ) ભોજન શુદ્ધ ગણાય છે. અર્થાત્ વાપરવું કલ્પે છે. કહ્યું છે કે—

"सेसा विसोहिकोडी, तदवयवं जं जहिं जहा पडिअं ।
असढो पासइ तं चिअ, तओ तया उद्धरे सम्मं ॥" पिण्डविशुद्धि–५५॥

**ભાવાર્થ**—બાકીની વિશોધિકોટી છે, તેનો અવયવ (અંશ જેમાં) જેટલો લાગ્યો હોય તેને મુનિએ અશઠ (શુભ) ભાવથી જાણીને (ઓળખીને) તેટલો અંશ જ દૂર (સમ્પૂર્ણ જુદો) કરી કાઢી નાખવો.

અહીં વિશોધિકોટીનો અંશ જ તજવાનું કહ્યું, તે પણ બધો આહાર વિગેરે તજી દેતાં નિર્વાહ થાય તેમ ન હોય ત્યારે, એમ સમજવું. જો નિર્વાહ શક્ય હોય તો શુદ્ધ–અશુદ્ધ સઘળુંય

૧૦૨–જેમ તીવ્ર ઝેર ખાવાથી એક મરે, તેના માંસથી બીજો, તેનું માંસ ખાવાથી ત્રીજો, એમ પરંપરાએ હજાર મરે, તેમ અવિશોધિકોટીથી મિશ્રિત (દૂષિત) આહારાદિ એકથી બીજા ઘેર, ત્યાંથી ત્રીજા ઘેર, એમ હજાર ઘરો સુધી જાય તો પણ બીજા શુદ્ધ પિણ્ડને તે દોષિત બનાવે છે, અર્થાત્ તેના માલિકો બદલાય તો પણ તે આહાર નિર્દોષ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજન તજી દેવું જોઇએ. તેમાં પણ ઘી વિગેરે દુર્લભ વસ્તુ હોય તો તે સમ્પૂર્ણ નહિ તજતાં અશુદ્ધ હોય તેટલું જ માત્ર તજવું. એટલો વિશેષ (વિવેક) સમજવો. કહ્યું છે કે—

" तं चेव असंथरणे, संथरणे सव्वमवि विगिंचिति ।

दुल्लहदव्वे असढा, तत्तिअमित्तं चिअ चयंति ॥" पिण्डविशुद्धि० ५६॥

**ભાવાર્થ**—નિર્વાહ અશક્ય હોય તો એ અશુદ્ધ અંશ જ તજવો અને નિર્વાહ શક્ય હોય તો શુદ્ધ-અશુદ્ધ સઘળું ય તજવું, પણ તેમાં જો દુર્લભ વસ્તુ ( ઘી વિગેરે) હોય તો નિષ્કપટભાવે તેમાંથી દોષિત હોય તેટલું જ તજવું.

એ પ્રમાણે ઉદ્દગમદોષો જણાવ્યા. ઉત્પાદનાના દોષો પણ નીચે પ્રમાણે સોળ છે.

" धाई दुई निमित्ते, आजीव वणीमगे तिगिच्छा य ।

कोहे माणे माया, लोहे अ हवंति दस एए ॥४०८॥

पुव्विंपच्छा(व)संथव, विज्जा मंते अ चुन्न जोगे अ ।

उप्पायणाइ दोसा, सोलसमे मूलकम्मे अ ॥४०९॥ पिण्डनिर्युक्ति ॥

**વ્યાખ્યા**—૧-ધાત્રીદોષ, ૨-દૂતિદોષ, ૩-નિમિત્તદોષ, ૪-આજીવકદોષ, ૫-વનીપકદોષ, ૬-ચિકિત્સાદોષ, ૭-ક્રોધદોષ, ૮-માનદોષ, ૯-માયાદોષ, અને ૧૦-લોભદોષ; એ દશ, તથા ૧૧-પૂર્વવા પશ્ચાત્ સંસ્તવદોષ, ૧૨-વિદ્યાદોષ, ૧૩-મન્ત્રદોષ, ૧૪-ચૂર્ણદોષ, ૧૫-યોગદોષ અને ૧૬-મૂળકર્મદોષ, એમ ઉત્પાદનામાં સોળ દોષો લાગે છે. તેમાં—

**૧-ધાત્રીદોષ**—ધાત્રી=ધાવમાતા સામાન્યથી ૧-પારકા બાળકને ધવડાવનારી, ૨-સ્નાન કરાવનારી, ૩-કપડાં-આભરણ વિગેરે પહેરાવનારી-૪ રમાડનારી અને ૫-ખોળામાં બેસાડનારી-(તેડીને ફરનારી), એમ કાર્યની ભિન્નતાએ પાંચ પ્રકારની કહેલી છે. મુનિ ભિક્ષા (આહારાદિ) માટે ગૃહસ્થનાં બાળકોનું એવું ધાત્રીકર્મ કરી પિણ્ડ મેળવે, તો તે 'ધાત્રીપિણ્ડ' કહેવાય.

૨-**દૂતિદોષ**—પરસ્પરનો સંદેશો કહેવો તે દૂતિપણું કહેવાય, ભિક્ષા માટે સાધુ ગૃહસ્થોના પરસ્પરના સંદેશા કહી (પ્રીતિ પ્રગટ કરીને) પિણ્ડ મેળવે તે 'દૂતિપિણ્ડ' દોષ કહેવાય.

૩-**નિમિત્તદોષ**—સાધુ ભિક્ષા માટે ભૂત-ભવિષ્ય કે વર્તમાન કાળે થયેલાં-થનારાં કે થતાં લાભ-હાનિ વિગેરે ગૃહસ્થને કહી તેની પાસેથી પિણ્ડ મેળવે તે નિમિત્તપિણ્ડ કહેવાય.

૪-**આજીવકદોષ**—ભિક્ષા મેળવવાના ઉદ્દેશથી સાધુ 'ગૃહસ્થને પ્રીતિ ઉત્પન્ન કરવા માટે તે જે જે જાતિ, કુળ, ગણ, કર્મ કે શિલ્પને યોગે પોતાને શ્રેષ્ઠ માનતો હોય તે તે જાતિ, કુળ, ગણ વિગેરેથી પોતાને સમાન જણાવે' અર્થાત્ સાધુ બ્રાહ્મણ વિગેરેને કહે કે હું પણ બ્રાહ્મણ વિગેરે છું, એથી પ્રસન્ન (આદરવાળો) થએલો ગૃહસ્થ જે આપે તે 'આજીવકપિણ્ડ કહેવાય.

૫-**વનીપકદોષ**—શ્રમણ (બૌદ્ધો), બ્રાહ્મણ, ક્ષપણ (તપસ્વી), અતિથિ, કે શ્વાન (કુતરા), વિગેરેના તે તે ભક્તોની સમક્ષ પિણ્ડ મેળવવા માટે સાધુ પણ 'તે તે શ્રમણાદિનો હું પણ ભક્ત છું' એમ જણાવે, એથી દાતાર પ્રસન્ન થઇ જે આપે, તે પિણ્ડ 'વનીપકદોષ' વાળો કહેવાય.

૬-**ચિકિત્સાદોષ**—આહારાદિ મેળવવા માટે ઉલ્ટી, વિરેચન, બસ્તિકર્મ (મુખ દ્વારા કપડું નાખી ગુદાદ્વારા કાઢવું, ઈત્યાદિ મળશુદ્ધિ માટેનો એક પ્રયોગ), વિગેરે કરાવે, કે તે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોગવાળાને તેના પ્રતિકાર કરનારા વૈદ્યોની ભલામણ કરે, અથવા તે તે ઔષધોની સલાહ આપે, એમ રોગીઓને પ્રસન્ન કરીને તેઓની પાસેથી મેળવેલો પિણ્ડ 'ચિકિત્સા દોષ' વાળો કહેવાય.

૭-**ક્રોધદોષ**—દાતારને સાધુ 'હું અમુક વિદ્યા-કે તપ વિગેરેથી પ્રભાવવન્ત છું' એમ જણાવે, અથવા 'રાજા વિગેરે પણ મારા ભક્ત (પૂજક) છે' એમ કહે, એથી દાતારને 'નહિ આપું તો વિદ્યા વિગેરેથી મારો પરાભવ કરશે, અથવા રાજા વિગેરે મને શિક્ષા કરશે' એવો ભય પેદા થાય, અથવા 'તું નહિ આપે તો હું તારું અમુક અમુક ખરાબ કરીશ' એમ ક્રોધ કરવારૂપ ભય બતાવવો, ઈત્યાદિ દાતાને ભય પેદા કરીને મેળવેલો પિણ્ડ 'ક્રોધપિણ્ડ' કહેવાય.

૮-**માનપિણ્ડદોષ**—આહારાદિ મેળવવાની પોતાની લબ્ધિની પ્રશંસા સાંભળીને ગર્વિષ્ઠ બનેલો, અથવા પોતાની પ્રશંસા વધશે એમ સમજીને જ્યારે 'બીજાએ માને ચઢાવ્યો હોય કે આ તો તું જ લાવી શકે ત્યારે માનની રક્ષા માટે, અથવા 'તું શું લાવી શકવાનો છે? તારામાં ક્યાં લબ્ધિ છે?' વિગેરે બીજાએ અભિમાને ચઢાવેલો સાધુ અહંકારથી ગૃહસ્થને પણ તે તે યુક્તિથી અભિમાને ચઢાવીને લાવે, તે રીતે લાવેલો પિણ્ડ 'માનપિણ્ડ' જાણવો.

૯-**માયાપિણ્ડદોષ**—આહારાદિ મેળવવા માટે જુદી જુદી રીતે વેષ બદલે, કે બોલવાની ભાષા બદલીને ગૃહસ્થને ઠગીને આહારાદિ લાવે, તે 'માયાપિણ્ડ' જાણવો.

૧૦-**લોભપિણ્ડદોષ**—ઘણું કે સારું મેળવવાના લોભે ઘણાં ઘણાં ઘરોમાં ભમી ભમીને લાવેલો આહારાદિપિણ્ડ તે 'લોભપિણ્ડ' કહેવાય.

૧૧-**પૂર્વ-પશ્ચાત્સંસ્તવપિણ્ડદોષ**—અહીં પૂર્વ એટલે પિતૃપક્ષ અને પશ્ચાત્ એટલે શ્વશુરપક્ષ જાણવો, તેમાં દાતાર (કે દાત્રી) સમક્ષ-પોતાનાં માતા-પિતા કે ભાઈ-બ્હેન યા પુત્ર પુત્રીની (તમારા જેવાં મારે પણ માતા-બ્હેન વિગેરે હતાં, કે પિતા-ભાઈ હતા, ઈત્યાદિ પોતાની અને દેનારની ઉમ્મરનું અનુમાન કરીને સંબન્ધ રૂપે) ઘટના કરીને આહારાદિ મેળવે તે 'પૂર્વ સંસ્તવ પિણ્ડ' અને દાતારની સાથે શ્વશુરપક્ષના સંબન્ધીઓની એ રીતે ઘટના કરીને મેળવે તે 'પશ્ચાત્ સંસ્તવ' પિણ્ડ જાણવો.[૧૦૩]

૧૨ થી ૧૫-**વિદ્યા-મન્ત્ર-ચૂર્ણ અને યોગપિણ્ડદોષો**—તેમાં મન્ત્રજાપ, હોમ, વિગેરેથી જે સિદ્ધ થાય કે જેની અધિષ્ઠાત્રી દેવી હોય તે 'વિદ્યા' કહેવાય. એવી વિદ્યાના બળે મેળવેલો તે 'વિદ્યાપિણ્ડ', પાઠ(બોલવા)માત્રથી સિદ્ધ થાય અથવા જેનો અધિષ્ઠાયક દેવ હોય તે 'મન્ત્ર' કહેવાય, તેનો પ્રયોગ કરીને મેળવેલાં આહારાદિ 'મન્ત્રપિણ્ડ', જેને નેત્રમાં આંજવાથી (રૂપ પરાવર્તન થાય) અદૃશ્ય વિગેરે થવાય, તે 'ચૂર્ણ' કહેવાય, તેના બળે મેળવેલાં આહારાદિ 'ચૂર્ણપિણ્ડ' અને જેનો પાદલેપ વિગેરે કરવાથી વ્હાલા-અળખામણા વિગેરે થવાય તે 'યોગ' કહેવાય, તેના બળે મેળવેલાં આહારાદિને 'યોગપિણ્ડ' જાણવો.

૧૬-**મૂળકર્મપિણ્ડદોષ**—ભિક્ષા મેળવવા માટે ગૃહસ્થસ્ત્રીનો ગર્ભ થંભાવવો, ગર્ભ રહે તેવા પ્રયોગ કરવા, પ્રસૂતિ કરાવવી, તે માટે અમુક (ઔષધિનું) સ્નાન કરાવવું, મૂળીયાંનો

૧૦૩-અહીં ગૃહસ્થને ભક્તિને બદલે રાગ પેદા કરાવીને લેવું, તથા પોતે સંયમનું સત્ત્વ નહિ કેળવતાં ગૃહસ્થ સંબન્ધીઓના નામે દીનતા બતાવી લેવું વિગેરે દોષ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયોગ કરવો, કે રક્ષાબન્ધન કરવું, ઈત્યાદિ પ્રયોગો કરીને તેના બદલે મેળવેલી ભિક્ષા તે 'મૂલકર્મપિણ્ડ' જાણવો. એ પ્રમાણે સોળ ઉત્પાદનાના દોષો કહ્યા.[૧૦૪]

ઉપર જણાવ્યા તે ઉદ્દગમ અને ઉત્પાદનારૂપ બત્રીસ દોષોથી રહિત-નિર્દોષ આહારાદિને મેળવવા શોધ કરવી તે 'ગવેષણૈષણા'

હવે ગ્રહણૈષણા જણાવે છે. તેના દશ દોષો છે. પિણ્ડવિશુદ્ધિમાં કહ્યું છે કે–

" इअ वुत्ता सुत्ताओ(उ), बत्तीस गवेसणेसणादोसा(से) ।
गहणेसणदोसे दस, लेसेण भणामि ते य इमे ॥७६॥
संकिय-मक्खिय-निक्खित्त, पिहिय-साहरिय-दायगुम्मिस्से(म्मीसे) ।
अपरिणय-लित्त-छड्डिय, एसणदोसा दस हवंति ॥७७॥"

**ભાવાર્થ**–એ પ્રમાણે 'પિણ્ડનિર્યુક્તિ' આદિ શાસ્ત્રોમાંથી સોળ ઉદ્દગમના અને સોળ ઉત્પાદનાના, એમ ગવેષણએષણાના બત્રીસ દોષો કહ્યા, હવે ટુંકમાં ગ્રહણૈષણાના દશ દોષો

૧૦૪-ઉદ્દગમદોષ પિણ્ડ બનાવતાં ગૃહસ્થદ્વારા સેવાય છે અને તેથી તેવો પિણ્ડ લેવામાં આવે તોજ એ દોષો સાધુને લાગે છે, આ ઉપર જણાવ્યા તે ઉત્પાદનાના સોળ દોષો તો સાધુ પોતે સેવે છે, તેથી એ વિશેષતા છે કે એ રીતે ધાત્રીકર્મ વિગેરે કરવા છતાં ગૃહસ્થ તરફથી તે તે પિણ્ડ વિગેરે મળે કે ન મળે તો પણ સાધુ તો એ દોષોનો ભાગી બને છે. કારણ કે સાધુ જો પિણ્ડ લેવા માટે તે તે અનુચિત કાર્ય કરે તો એથી દોષિત થાય જ. ભલે, પછી અન્તરાયના ઉદયે કે ગૃહસ્થની કૃપણતાદિના કારણે પિણ્ડ ન પણ મેળવી શકે. બીજી વાત–આ દોષો સાધુતાની અપભ્રાજના-હલકાઈ કરાવનાર હોવાથી અપેક્ષાએ વધારે સખ્ત છે. ધર્મની અપભ્રાજના જેવું કોઈ મોટું પાપ નથી. માટે દરેક મનુષ્યને પોતાની અવસ્થાને ઉચિત-શોભે એ રીતે જીવન જીવવાનું હોય છે, તેને બદલે અનુચિત વ્યવહારથી આજીવિકા ચલાવે તે તેના જીવન માટે દોષ કહ્યો છે. ભલે તેમાં હિંસા જુઠ વિગેરે દોષો ન સેવાય, પણ અનુચિત વ્યવહાર એ જ મોટો દોષ છે. આ ઉત્પાદનાના દોષો ચારિત્રની મહત્તાને ઘટાડનારા હોવાથી બાહ્ય હિંસાદિ કરતાં ય વધારે અહિતકર છે, વસ્તુતઃ આત્માના ગુણોને આવરનારા હોવાથી તે ભાવહિંસા-રૂપ છે. પોતાના અમૂલ્ય ચારિત્રનો આહારાદિ તુચ્છ વસ્તુ માટે વ્યય કરવો એ ચારિત્રનું ઘોર અપમાન-અનાદર છે, એના પરિણામે અન્યભવમાં ચારિત્ર દુર્લભ થાય છે અને બીજા ભવ્ય આત્માઓ પણ ચારિત્રથી પરાઙ્મુખ થાય છે. નિર્દોષ પણ આહારાદિ લેવામાં લેનાર પોતે જો આસક્તિ, રસ-લોલુપતા વિગેરે દુષ્ટ પરિણામથી લે, તો તે આહારાદિ તેના ત્યાગ અને વૈરાગ્યનાં પોષક બનવાને બદલે આહારસંજ્ઞાને અને રસલોલુપતાને વધારી મુકે છે. પરિણામે ચારિત્રના હોય તે પરિણામો પણ અવરાઇ જાય છે અને માત્ર સાધુવેષ નામનો જ રહી જાય છે. ઈત્યાદિ તેનાથી થતા અભ્યન્તર નુકસાનથી બચવા માટે જ્ઞાનીઓએ આ સોળ દોષોને તજવાનું વિધાન કરેલું છે. તેમાં ધાત્રીદોષ, દૂતિદોષ અસત્ય-પ્રવૃત્તિરૂપ અને અવિરતિ પોષક છે, નિમિત્ત, ચિકિત્સા, પરંપરાએ હિંસાદિ આશ્રવોનું પણ કારણ બને છે, આજીવક, વનીપક રાગ-દ્વેષાદિનાં જનક છે, ક્રોધાદિ ચાર તો સંસારના મૂળ કારણભૂત કષાયરૂપ અને કષાયજનક છે એ સ્પષ્ટ છે. સંસ્તવપિંડ પણ રાગ-દ્વેષનું કારણ છે, વિદ્યા, મન્ત્ર, વિગેરે ચાર દોષો બલાત્કારે ભિક્ષા લેવારૂપે મહાદોષનું કારણ છે અને સોળમો મૂળકર્મ દોષ તો ચારિત્રનો મૂળમાંથી ઘાત કરનાર છે. એમ તેની દુષ્ટતાને યથાયોગ્ય સમજી તે દોષોમાંથી બચવા માટે એવા દોષિત પિણ્ડને લેવાનો નિષેધ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહીશું, તે આ પ્રમાણે છે. ૧–શઙ્કિત, ૨–મ્રક્ષિત, ૩–નિક્ષિપ્ત, ૪–પિહિત, ૫–સંહૃત, ૬–દાયક, ૭–ઉન્મિશ્ર, ૮–અપરિણત, ૯–લિપ્ત અને ૧૦–છર્દિત, એ ગ્રહણૈષણાના દશ દોષો છે. તેમાં–

**૧–શઙ્કિત**—ઉપર કહ્યા તે આધાકર્મ વિગેરેમાંથી કોઈ દોષની ચિત્તમાં શઙ્કા હોય છતાં સાધુ જે (નિર્દોષ પણ) આહારાદિ લે તે 'શઙ્કિત' દોષવાળો કહેવાય. એમાં શઙ્કાપૂર્વક લેવું અને શઙ્કા છતાં ભોજન કરવું, એ બે પદોની આ રીતે ચતુર્ભંગી થાય છે–૧–લેતી વખતે શઙ્કા છતાં લજ્જાદિને વશ પૂછ્યા વિના લે અને શઙ્કા દૂર ન થવા છતાં ભોજન કાળે ભોજન પણ કરે, ૨–લેતી વેળા શઙ્કા છતાં લે પણ તે પછી કોઇના કહેવા વિગેરેથી તે શઙ્કા ટળે–નિર્દોષની ખાત્રી થાય પછી ભોજન કરે, ૩–લેતી વેળા શઙ્કા વિના જ નિર્દોષ સમજીને લે અને પાછળથી કોઇ કારણે દોષિત હોવાની શઙ્કા થાય, છતાં ભોજન કરે તે, અને ૪–લેતાં અને ભોજન કરતાં પણ શઙ્કા ન હોય, નિર્દોષ સમજીને લે અને વાપરે. એ ચારમાં બીજો અને ચોથો ભાંગો ભોજન વેળા નિર્દોષની ખાત્રીવાળા હોવાથી શુદ્ધ છે. આ શઙ્કા પણ આધાકર્માદિ સોળ ઉદ્‌ગમદોષો અને હવે પછી કહેવાશે તે મ્રક્ષિતાદિ નવ ગ્રહણૈષણાના દોષો મળી પચીસ પૈકી જે કોઇ દોષની હોય તે દોષવાળો તે પિણ્ડ ગણાય. અર્થાત્ જે દોષની શઙ્કા હોય તે દોષ લાગે.

**૨–મ્રક્ષિત**—સચિત્તપૃથ્વીકાય–અપ્કાય–વનસ્પતિકાયથી, કે અચિત્ત છતાં નિન્દ્ય એવા દારૂ વિગેરેથી ખરડાએલો આહારાદિ પિણ્ડ 'મ્રક્ષિત' કહેવાય. તેવા નિન્દ્ય પદાર્થથી ખરડાયેલો પિણ્ડ સર્વ રીતે અકલ્પ્ય સમજવો, અને ઘી–દૂધ વિગેરે ખાદ્ય પદાર્થથી ખરડાયેલો હોય તો તેને લાગેલા કીડી આદિ જીવોની જયણા (દૂર) કર્યા પછી 'કલ્પ્ય' પણ થઈ શકે. અહીં (પણ) હાથ અને વહોરાવવાનું પાત્ર ખરડાવાને યોગે ચાર ભાંગા થાય છે. (૧–હાથ અને પાત્ર બન્ને ખરડાય, ૨–હાથ ખરડાય–પાત્ર નહિ, ૩–પાત્ર ખરડાય હાથ નહિ, અને ૪–બન્ને ન ખરડાય.) એમાં ચોથો ભાંગો શુદ્ધ જાણવો, પહેલા ત્રણ ભાંગામાં ખરડાવાને કારણે 'પુરઃકર્મ, પશ્ચાત્‌કર્મ' વિગેરે દોષોની સંભાવના હોવાથી તે અશુદ્ધ જાણવા. તેમાં–પુરઃકર્મ એટલે દાન દેતાં પહેલાં ગૃહસ્થ સાધુને નિમિત્તે હાથ–પાત્ર વિગેરેને (સચિત્ત વસ્તુથી) ધોવે–સાફ કરે તે અને પશ્ચાત્‌કર્મ એટલે ગૃહસ્થ વહોરાવ્યા પછી ખરડાયેલાં હાથ–પાત્રાદિને ધોઇને સાફ કરે તે.

**૩–નિક્ષિપ્ત**—સચિત્તપૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ કે ત્રસજીવો ઉપર જે અચિત્ત પણ અન્નાદિ મૂકેલું હોય તે 'નિક્ષિપ્ત' કહેવાય. તેના કોઈ પદાર્થના આંતરા વિના જ પૃથ્વી આદિ ઉપર મૂકેલું તે 'અનન્તરનિક્ષિપ્ત' અને બીજી વસ્તુના આંતરે મૂકેલું 'પરંપર નિક્ષિપ્ત' એમ બે ભેદો થાય, તે છએ કાય નિક્ષિપ્તમાં પણ સ્વયં સમજી લેવા. તેમાં 'અનન્તરનિક્ષિપ્ત' તો અગ્રાહ્ય જ છે, પરંપરનિક્ષિપ્ત પણ જો સચિત્તનો સંઘટ્ટો કર્યા વિના લઇ શકાય તેમ હોય તો ગ્રાહ્ય સમજવું. અગ્નિકાય ઉપરનું પરંપર નિક્ષિપ્ત લેવાનો વિધિ પ્રવચનસારોદ્ધારની ટીકામાં કહ્યો છે કે–ચૂલ્લી ઉપર મૂકેલું કડાયું વિગેરે ભાજન પહોળા મુખવાળું હોય, ચૂલ્લી ઉપરનું ભાજન (કંદોઈની ચૂલ્લીની જેમ) સર્વ બાજુએ માટીથી છાંદેલું હોય, અને તેમાં ઉકાળવા માટે નાખેલો શેરડીનો રસ (ઉપલક્ષણથી પ્રવાહી વસ્તુ દૂધ વિગેરે) તુર્ત નાખેલો (હોવાથી) ઘણો–સખ્ત ગરમ ન થયો હોય, તેવું ગૃહસ્થ કાળજીથી વહોરાવે તો તે કલ્પે. કારણ કે માટીથી ચૂલ્લી છાંદેલી હોવાથી તેનો છાંટો ચૂલ્લીમાં પડવાનો ભય નથી, પહોળા મુખનું ભાજન હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંથી નાના વાસણથી લેતાં વાસણના કાંઠા વિગેરેને સ્પર્શ્યા વિના લઈ શકાય (જો લેતાં ચૂલ્હી ઉપરના વાસણની સાથે ઠબકાય તો તેની નીચે લાગેલું કાજળ (મેંસ) ચૂલામાં પડવાથી અગ્નિકાયની વિરાધના થાય માટે ન કલ્પે) અને અતિઉષ્ણ નહિ હોવાથી વહોરાવનાર કે લેનારને બળવાનો ભય ન રહે, માટે વિશેષ કારણે તે પૂર્ણ કાળજીથી લઈ શકાય.

૪–**પિહિત**—વહોરાવવાની અન્નાદિ વસ્તુ સચિત્ત ફળો વિગેરેથી ઢાંકેલી (ફળાદિની નીચે મૂકેલી) હોય તે પિહિત કહેવાય. તેના પણ નિક્ષિપ્તની જેમ 'અનન્તરપિહિત અને પરંપરપિહિત' ભેદો જાણવા, તેમાં પરંપરપિહિત જયણાથી (સચિત્તનો સંઘટ્ટો વિગેરે ન થાય તેમ) લઈ શકાય તેમ હોય તો લેવું કલ્પે.

૫–**સંહૃત**—દાનદેવા માટે જરૂરી પાત્રની સગવડ માટે તેમાંની 'દેવા યોગ્ય ન હોય તેવી વસ્તુ પૃથ્વી આદિ સચિત્ત વસ્તુમાં, અથવા કોઈ અચિત્ત વસ્તુમાં નાખીને' એ રીતે પાત્રને ખાલી કરીને તે પાત્રથી વહોરાવે તો 'સંહૃત' દોષ લાગે. તેના ૧–સચિત્ત વસ્તુ સચિત્તમાં, ૨–સચિત્ત અચિત્તમાં, ૩–અચિત્ત સચિત્તમાં અને ૪–અચિત્ત અચિત્તમાં નાંખવારૂપ ચાર ભાંગા થાય, તેમાંનો ચોથો ભાંગો શુદ્ધ જાણવો.

૬–**દાયક**—વહોરાવનાર દાયક જો બાળક, વૃદ્ધ, નપુંસક, કમ્પવાવાળો, જ્વર(તાવ)વાળો, અન્ધ, દારૂ વિગેરે પીવાથી મત્ત બનેલો, ઉન્માદી (અતિહર્ષ–શોકાદિથી બેચિત્ત) બનેલો, હાથે કે પગે બેડી (બન્ધન)વાળો, પગે પાદુકા(લાકડાની ચાખડી)વાળો, ખાંડતો, વાટતો, ભુંજતો–(અનાજ આદિ સેકતો), રૂને કાંતતો, કપાસને લોઢતો, હાથ વડે રૂને જુદું (છૂટું) કરતો, રૂનું પીંજણ કરતો, અનાજ વિગેરેને દળતો, વલોણું કરતો, ભોજન કરતો, તથા છકાય જીવોની વિરાધના કરતો હોય તેના હાથે લેવાનો નિષેધ છે, વળી જે સ્ત્રીને ગર્ભના આઠ મહિના પૂર્ણ થઇ ગયા હોય, જેણે બાળકને (તેડેલું) લીધેલું હોય, કે જેને બાળક મહિના બે મહિનાનું તદ્દન ન્હાનું હોય, તેવી સ્ત્રીના હાથે પણ સાધુને આહારાદિ લેવાં ન કલ્પે. આ દાયકોમાં કોના હાથે ક્યારે કેવી રીતે લેવું કલ્પે–ન કલ્પે, વિગેરે ઉત્સર્ગ અપવાદ આ ગ્રહણૈષણાના દશ દોષો પછી કહીશું. તે અગીઆર દ્વારો પૈકી બીજા દ્વારમાં કહેવાશે. એમ જે દાયકના હાથે લેવાનો નિષેધ કરેલો છે તેના હાથે લેવું તે 'દાયકદોષ' જાણવો.

૭–**ઉન્મિશ્ર**—વહોરાવવાની ખાંડ વિગેરે કલ્પ્ય–અચિત્ત વસ્તુમાં પણ અનાજના દાણા વિગેરે સચિત્ત વસ્તુનું મિશ્રણ થયું હોય તો તેવી વસ્તુ લેવાથી 'ઉન્મિશ્ર' દોષ લાગે.

૮–**અપરિણત**—દાન દેવાની વસ્તુ પૂર્ણ અચિત્ત ન થતાં કાચી રહી હોય, તે અપરિણત કહેવાય. તેના સામાન્યથી 'દ્રવ્યઅપરિણત અને ભાવ અપરિણત' એમ બે ભેદો છે, તે બન્નેના પણ દાતાને અપરિણત અને ગ્રહણ કરનારને અપરિણત, એમ બે બે ભાંગા થાય છે, તેમાં જે પૂર્ણ અચિત્ત ન હોય તે દ્રવ્યઅપરિણત દ્રવ્ય (પદાર્થ) દાતારની પાસેથી લીધો ન હોય તો 'દાતારને દ્રવ્યઅપરિણત' અને સાધુએ લીધો હોય તો તે 'ગ્રહણ કરનારને અપરિણત' જાણવો.[૧૦૫] 'ભાવઅપરિણત' તે કહેવાય કે જેના માલિકો અનેક હોય તે વસ્તુ આપવામાં

૧૦૫–પિણ્ડવિશુદ્ધિની ગા૦ ૪૦માં દ્રવ્ય અપરિણતના બે ભેદો જુદા જુદા કહ્યા નથી, ભાવઅપરિણતના જ બે ભેદો કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકને દાનની ભાવના હોય બીજા(ઓ)ને ન હોય, તે 'દાતાને ભાવઅપરિણત' અને વહોરનાર બે સાધુ(સંઘાટક) પૈકી એક સાધુ નિર્દોષ અને બીજો સદોષ (અકલ્પ્ય) સમજતો હોય તે 'ગ્રહણ કરનારને ભાવઅપરિણત' ગણાય. આવું દ્રવ્ય સાધુને લેવું ન કલ્પે, કારણ કે દાતારને અપરિણત લેવાથી દાતારોમાં કલહ થાય અને ગ્રહણ કરનારને અપરિણત લેવાથી શઙ્કિતાદિ લેવાનો પ્રસઙ્ગ આવે. અહીં 'દાતાને ભાવઅપરિણત' તે દાતાની સમક્ષ આપેલું અને સાધારણઅનિસૃષ્ટ (ઉદ્ગમ પૈકી૧૫ મો દોષ) તે દાતાની અસમક્ષ આપેલું, એમ બેમાં ભેદ સમજવો.

૯–**લિપ્ત**—દહિં, દૂધ, છાશ, શાક, દાળ, કઢી, વિગેરેથી હાથ, પાત્ર, વિગેરે ખરડાય–લેપાય, માટે તેવી વસ્તુઓ 'લિપ્ત' કહેવાય. ઉત્સર્ગ માર્ગે સાધુઓએ તેવું દ્રવ્ય લેવું નહિ, જેનાથી લેપ–ખરડ ન થાય તેવું વાલ–ચણા વિગેરે લેવું. પુષ્ટ કારણે તો તેવું લેપકૃત્ પણ લેવું કલ્પે. યોગશાસ્ત્રની વૃત્તિમાં તો ચરબી આદિ(અશુચિ)થી ખરડાયેલું હોય તેને લિપ્ત કહ્યું છે. તેમાં ૧–ખરડાએલા કે નહિ ખરડએલા હાથ, ૨–ખરડાએલું કે નહિ ખરડાએલું વહોરાવવાનું પાત્ર અને ૩–વહોરાવવાની વસ્તુ સમ્પૂર્ણ કે અસમ્પૂર્ણ વહોરવી, એ ત્રણ વિકલ્પના આઠ ભાંગા થાય છે, તેનું કોષ્ટક નીચે પ્રમાણે છે. તેમાં વિષમ અઙ્કવાળા (૧–૩–૫–૭) ભાંગાથી લઈ શકાય, સમ (૨–૪–૬–૮) અઙ્કના ભાંગાથી નહિ. તાત્પર્ય કે–હાથ કે પાત્ર ખરડાયેલાં હોય કે ન હોય તો પણ દ્રવ્ય સમ્પૂર્ણ ન વહોર્યું હોય તો પશ્ચાત્કર્મનો (વહોરાવ્યા પછી હાથ પાત્ર ધોવા–વિગેરેનો) સંભવ ન રહે, પશ્ચાત્કર્મનો સંભવ સમ્પૂર્ણ દ્રવ્ય વહોરવાથી છે. સમ્પૂર્ણ ન વહોરે, પાત્રમાં થોડું પણ બાકી રાખે તો પુનઃ તેને પીરસવા વિગેરેનો સંભવ હોવાથી હાથ–કે પાત્ર ખરડાયેલું હોય તો પણ ધોવાનો (પશ્ચાત્કર્મનો) સંભવ નથી, માટે (સાવશેષ દ્રવ્યવાળા) એકી ભાંગાઓમાં વહોરવું કલ્પે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સં૦ હાથ, | સં૦ પાત્ર, | સાવશેષ દ્રવ્ય |
| ૨ | સં૦ હાથ, | સં૦ પાત્ર, | નિરવશેષ દ્રવ્ય |
| ૩ | સં૦ હાથ, | અસં૦ પાત્ર, | સાવશેષ દ્રવ્ય |
| ૪ | સં૦ હાથ, | અસં૦ પાત્ર, | નિરવશેષ દ્રવ્ય |
| ૫ | અસં૦ હાથ, | સં૦ પાત્ર, | સાવશેષ દ્રવ્ય |
| ૬ | અસં૦ હાથ, | સં૦ પાત્ર, | નિરવશેષ દ્રવ્ય |
| ૭ | અસં૦ હાથ, | અસં૦ પાત્ર, | સાવશેષ દ્રવ્ય |
| ૮ | અસં૦ હાથ, | અસં૦ પાત્ર, | નિરવશેષ દ્રવ્ય |

૧૦–**છર્દિત**—દાતા ઘી દૂધ વિગેરે વસ્તુને ઢોળતો (છાંટા પાડતો) વહોરાવે તે 'છર્દિત' કહેવાય. ઘી–દૂધ વિગેરે ઢળવાથી ત્યાં રહેલા કે તેમાં આવીને પડનારા જન્તુઓની મધુબિન્દુના[૧૦૬]દૃષ્ટાન્તે વિરાધના સમ્ભવિત છે.

૧૦૬–વારત્તપુર નગરમાં **અભયસેન** રાજાનો **વારત્તક** નામે અમાત્ય હતો, તેને ત્યાં સંયમમાં એકતાનવાળા વિશુદ્ધચારિત્રવન્ત **ધર્મઘોષનામના** સાધુ ભિક્ષાર્થે ગયા, અમાત્યની પત્નીએ ભિક્ષા આપવા ઘી–ખાંડમિશ્રિત ખીરથી ભરેલું પાત્ર ઉપાડયું, તેમાંથી ખાંડમિશ્રિત ઘીનું બિન્દુ જમીન ઉપર પડવાથી 'આ પિણ્ડ છર્દિતદોષથી દૂષિત છે' એમ સમજી સાધુ લીધા વિના પાછા ફર્યા, ઝરૂખે બેઠેલા અમાત્યે આ બધું જોયું અને વિચારવા લાગ્યો કે મારા ઘેરથી કંઈ પણ લીધા વિના જ આ સાધુ પાછા કેમ ફર્યા ? તેટલામાં તો પડેલા બિન્દુ ઉપર માખીઓ બેસી ગઈ, તેને પકડવા ગીરોળી, તેની ઉપર કાકિડો, તેનું ભક્ષણ કરવા બીલાડી અને તેની ઉપર મ્હેમાનોનો પાળેલો કુતરો કુદી પડ્યો, ત્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ગ્રહણૈષણાના દશ દોષો કહ્યા, તે મળીને કુલ બેંતાલીસ દોષો થયા. આ દોષોથી રહિત પિણ્ડની વિશુદ્ધિ સંક્ષેપથી કહીએ તો તેના નવ પ્રકારો આ પ્રમાણે થાય.

સાધુ સ્વયં હણે (સચિત્તનું અચિત્ત કરે) નહિ, ખરીદ કરે નહિ, અને અગ્નિથી પકાવે નહિ એ ત્રણ, એમ બીજા પાસે એ ત્રણ પૈકી કોઈ આરમ્ભ કરાવે નહિ એ ત્રણ, તથા બીજો વિના પ્રેરણાએ પણ સાધુને વહોરાવવા માટે એ ત્રણ પૈકી કોઈ આરમ્ભ કરે તો અનુમોદે પણ નહિ એ ત્રણ, એમ કુલ નવ વિભાગોમાં સમ્પૂર્ણ પિણ્ડવિશુદ્ધિ આવી જાય છે. એ માટે કહ્યું છે કે–

**" पिंडेसणा य सव्वा, संखित्ता अवतरइ नवसु कोडीसु ।**

**न हणइ न किणइ पयई, कारावण–अणुमईहिं वा ॥ दशवै० निर्युक्ति–२४२॥**

**ભાવાર્થ**–" સઘળી પિણ્ડૈષણા સંક્ષેપથી નવકોટિમાં આવી જાય છે. તે નવકોટિ સ્વયં હણે નહિ, ખરીદે નહિ, પકાવે નહિ, બીજા દ્વારા એ ત્રણ કરાવે નહિ અને એ ત્રણ કરનારને અનુમોદે પણ નહિ, એ રીતે થાય છે."

એમ સકળ દોષ રહિત આહારાદિ પિણ્ડને ગ્રહણ કરવા રૂપ ગ્રહણૈષણા કહી, એનું પાલન અગીઆર દ્વારોથી કરવું. કહ્યું છે કે—

**" ठाणे[1] अ दायए[2] चेव, गमणे[3] गहणा[4]ऽऽगमे[5] ।**

**पत्ते[6] परिअत्ते[7] पाडिए[8] अ गुरुअं[9] तिहा[10] भावे[11]॥" ओघनिर्युक्ति–४६२॥**

**ભાવાર્થ**–૧–સ્થાન, ૨–દાયક, ૩–ગમન, ૪–ગ્રહણ, ૫–આગમન, ૬–પાત્ર અથવા પ્રાપ્ત, ૭–પરાવર્તિત, ૮–પાતિત, ૯–ગુરૂક ૧૦–ત્રિવિધ અને ૧૧–ભાવ, એમ પિણ્ડનાં અગીઆર દ્વારો છે, માટે તે પ્રમાણે શુદ્ધપિણ્ડ લેવાનું જણાવ્યું. એ દ્વારોની વ્યાખ્યા આ પ્રમાણે છે—

**૧–સ્થાન**—પિણ્ડ વહોરવામાં ત્રણ સ્થાનો તજવાં. ૧–આત્મોપઘાતી ૨–સંયમોપઘાતી અને ૩–પ્રવચનોપઘાતી. તેમાં **પહેલું**–ગાય વિગેરે પશુઓવાળું સ્થાન, ત્યાં ઉભા રહીને ભિક્ષા નહિ લેવી, કારણ કે ગાય વિગેરે પશુઓથી ઉપદ્રવ થવાનો સંભવ રહે, એમ આગળ પણ જે જે દોષો સંભવિત હોય તે સ્વયં વિચારી લેવા. **બીજું**–સચિત્ત પૃથ્વી–પાણી વિગેરે હોય તેવું સ્થાન, ત્યાં ઉભા રહેવાથી તેની વિરાધના થાય, અથવા વહોરાવનાર જ્યાં ઉભા રહીને વહોરાવે ત્યાં તે ઉપર કે નીચે સચિત્ત ફળો વિગેરેનો સંઘટ્ટ કરે તેવું સ્થાન સંયમોપઘાતી હોવાથી તજવું. **ત્રીજું**–ખાળ વિગેરે અશુચિવાળું સ્થાન, ત્યાં ઉભા રહીને ભિક્ષા લેતાં શાસનનો ઉડ્ડાહ (હલકાઇ) થાય, માટે પ્રવચનોપઘાતી સમજીને તેને પણ તજવું.

---

મ્હોલ્લાના કુતરાએ તેની ઉપર ત્રાપ મારી. એમ બન્નેનું યુદ્ધ થવાથી તેનો પરાભવ નહિ સહી શકનારા તે તે કુતરાઓના માલીકોએ પ્રતિસ્પર્ધી કુતરાઓને દૂર કરવા જતાં તેઓમાં જ મારામારી શરૂ થઈ. આ બધું જોઈને અમાત્યે વિચાર્યું કે 'ઘીનું માત્ર એક બિન્દુ પડવાથી પણ આવું અનર્થકારક પરિણામ આવે' તેમ સમજી દયાસાગર મુનિ પાછા ફર્યા. ધન્ય હો તેઓના ધર્મને, સર્વજ્ઞ વિના આવો નિર્દોષ ધર્મ કોણ બતાવી શકે ? માટે એના પ્રરૂપક વીતરાગ ખરેખર સર્વજ્ઞ છે, તે જ મારા દેવ અને તેમનો કહેલો ધર્મ જ મારો ધર્મ, એમ નિશ્ચય કરી સિંહ ગુફામાંથી નીકળે તેમ વૈરાગ્ય અને સત્ત્વથી ગૃહવાસ છોડી સાધુ બની નિરતિચાર ચારિત્રનું પાલન કરતા તે જ ભવે સિદ્ધિને પામ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨-દાયક—સાધુએ આહારાદિ ગ્રહણ કરતાં દાતારની પરીક્ષા કરવી, અર્થાત્ (નિષિદ્ધ) બાલક વિગેરેના હાથે નહિ લેવું. નિષિદ્ધ દાતારો આ પ્રમાણે છે—

"अव्वत्त अपहु थेरे, पंडे मत्ते अ खित्तचित्ते अ।
दित्ते जक्खाइट्ठे, करचरणछिन्नंध णिअले अ ॥१॥
तद्दोस गुव्विणी बाल-वच्छ कंडंत(ति) पीसमज्जंती [१०७]।
कंतंती पिंजंती, भइआ दगमाइणो दोसा ॥२॥" (ओ० नि० ४६७-४६८)

**ભાવાર્થ**—અવ્યક્ત, અપ્રભુ, સ્થવિર, પણ્ડક, મત્ત, ક્ષિપ્તચિત્ત, દીપ્ત, યક્ષાવિષ્ટ, છિન્નહસ્ત, છિન્નચરણ, અન્ધ, નિગડિત, ત્વગ્દોષી, ગર્ભિણી, બાલવત્સા, ખાંડતી, દળતી-ચૂરતી, સેકતી, કાંતતી અને પિઞ્જતી, એટલા દાયકોના હાથે ભિક્ષા લેવા ન લેવામાં વિકલ્પ સમજવો, અર્થાત્ એકાન્ત વિધિ-નિષેધ નથી, એવા દાતાને વહોરાવતાં અપકાય વિરાધનાદિ દોષો સંભવિત છે. તેનું વિશેષ વર્ણન નીચે પ્રમાણે છે.

૧-अव्यक्तः—આઠવર્ષથી ઓછી ઉમ્મરવાળો બાળ કહ્યો છે. તે ભિક્ષા આપે તો પણ ન લેવાય. કારણ કે-તેના હાથે લેવાથી 'સાધુ બાળકની પાસેથી સઘળું ચોરી ગયો' ઇત્યાદિ તેની માતા વિગેરેને દ્વેષ થવાનો પ્રસઙ્ગ આવે. આગળના દાયકોમાં પણ એ રીતે યથાસંભવ દોષો સમજી લેવા. ૨-अप्रभुः—ચાકર-નોકર વિગેરે, તેના હાથે વહોરવાથી પણ બાળકમાં જણાવ્યો તે રીતે ઘર-ધણીને દ્વેષાદિ થવાનો પ્રસઙ્ગ આવે. ૩-स्थविरः—સીત્તેર અથવા મતાન્તરે સાઈઠ વર્ષોથી વધારે ઉમ્મરવાળો વૃદ્ધ, તેવા વૃદ્ધને હાથે વહોરતાં હાથ-શરીર વિગેરે કમ્પવાને યોગે પિણ્ડ પડી જાય, કે તે પોતે પડી જાય, ઈત્યાદિ દોષ જાણવો. ૪-पण्डकः—નપુસક, તેના હાથે ભિક્ષા લેતાં તેની ચેષ્ટાઓ કામજનક હોવાથી વેદોદયરૂપ ક્ષોભ વિગેરે થવાનો પ્રસઙ્ગ આવે. ૫-मत्तः—દારૂ વિગેરે પીવાથી મત્ત બનેલો, તેના હાથે ભિક્ષા લેતાં તે એકદમ સાધુને વળગે, તેથી પાત્રાં પણ ભાગી જાય, વિગેરે દોષનો પ્રસઙ્ગ આવે. ૬-क्षिप्तचित्तः—ચિત્તવિભ્રમવાળો, ૭-दिप्तः—કોઈ મોટું કાર્ય કરવાને યોગે હર્ષના આવેગથી દીપી (છકી) ગએલો અને ૮-यक्षाविष्टः—ભૂત-પ્રેતાદિના વળગાડવાળો, એ ત્રણના હાથે વહોરવામાં તેઓ સાધુને એકદમ વળગે, પાત્રાં ફોડે, વિગેરે દોષો જાણવા. ૯-छिन्नकरः—કપાએલા હાથવાળો, તેના હાથે લેતાં તેના હાથે લાગેલા રૂધિર-પરૂ વિગેરે અશુચિપદાર્થથી અપભ્રાજના (સાધુ ધર્મની હલકાઇ) થાય, અથવા હાથના અભાવે પોતાના શરીરની અશુચિ પણ સાફ નહિ કરી શકવાથી તે શરીરની અશુચિ પિણ્ડને લાગે, અથવા તેના હાથમાંથી દેવાની વસ્તુ પડી જાય, વિગેરે દોષો સમ્ભવિત છે. ૧૦-छिन्नचरणः—કપાએલા પગવાળો, તેના પણ હાથે ભિક્ષા લેતાં તે પડી જાય વિગેરે દોષોનો પ્રસઙ્ગ આવે. ૧૧-अन्धः—આંધળો, તે પણ દેખી ન શકવાથી વહોરાવતાં છ કાયની વિરાધના કરે. ૧૨-निगडितः—(હાથે કે) પગે બેડી(બન્ધન)વાળો. તેના હાથે પણ ભિક્ષા લેતાં

---

૧૦૭-ઓઘનિર્યુક્તિની બીજી પ્રતોમાં '**भुञ्जंती**' એવો પાઠ છે અને ટીકામાં પણ '**भुञ्जानादि**' શબ્દ લઇને વ્યાખ્યા કરેલી છે. કિન્તુ તેના ભાષ્યની ગા૦ ૨૪૭ માં '**भज्जण**' શબ્દ છે અને ત્યાં 'સેકવું' એવો અર્થ કરેલો છે. અમે અહીં (સમિતિની) છપાએલી ઓઘનિર્યુક્તિના પાઠને આધારે લખ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને પડી જવાનો કે ભિક્ષા પડી જવાનો, વિગેરે પ્રસઙ્ગ આવે. ૧૩-त्वग्दोषी—ચામડીના-રોગવાળો કોઢીઓ વિગેરે, તેના હાથે વહોરતાં અશુચિપણાનો તથા કોઢનો ચેપ લાગવા વિગેરેનો પ્રસઙ્ગ આવે. ૧૪-गर्भिणी—ગર્ભવતી સ્ત્રી, તેના હાથે ભિક્ષા લેતાં ઉઠવા બેસવાથી તેના ગર્ભને પીડા થાય. ૧૫-बालवत्सा—ન્હાના બાળકવાળી સ્ત્રી, તે બાળકને નીચે મૂકી વહોરાવવા માટે પ્રવૃત્તિ કરે ત્યારે બાળક ન્હાનું હોવાથી તેને બીલાડી વિગેરે ક્રૂર જીવોથી ઉપદ્રવ વિગેરે થવાનો પ્રસઙ્ગ આવે. ૧૭कण्डन्ती—ખાંડતી સ્ત્રી, તેના હાથે લેતાં સચિત્ત દાણા (બીજ) વિગેરેનો સંઘટ્ટ થાય. ૧૭-पेषयन्ती—ઘઉં વિગેરે સચિત્તને દળતી અથવા શીલામાં વાટતી (લસોટતી) સ્ત્રી. તે વહોરાવે તો (ઉઠતાં સચિત્તનો સંઘટ્ટ તથા) હાથ ધોવે, વિગેરે દોષો જાણવા. (भृज्जंती—અનાજ-ચણા વિગેરેને તાવડીમાં સેકતી સ્ત્રી, તે વહોરાવે તેમાં પણ સચિત્તનો સઘંટ્ટો વિગેરે થવાનો પ્રસઙ્ગ આવે) ૧૮-कर्त्तयन्ती—રૂને કાંતી સુતર બનાવતી સ્ત્રી, તેના હાથ થુંકથી ખરડાએલા હોય, તે વહોરાવતાં ધોવે ત્યારે 'પુરઃકર્મ' વિગેરે દોષો લાગે. એમ ૧૯-पिञ्जन्ती—રૂનું પિઞ્જણ કરતી સ્ત્રી, તે વહોરાવે તેમાં પણ કાંતનારીની જેમ દોષો લાગે. માટે એ અવ્યક્તથી માંડીને પિઞ્જણ કરતી સ્ત્રી સુધીના સર્વ દાયકોના હાથે ઉત્સર્ગમાર્ગે ભિક્ષા ન લેવી. એમાં અપવાદ જણાવે છે કે-તેઓના હાથે વહોરવામાં ભજના-વિકલ્પ સમજવો, અર્થાત્ એકાન્ત નિષેધ નથી. ગાથામાંના' 'दगमाइणो दोसा'નો અર્થ એ છે કે-એવા દાયકો દાન આપે ત્યારે હાથ ધોવા, આહાર નીચે પડી જવો, વિગેરે વિવિધ દોષો લાગવાનો પ્રસઙ્ગ આવે, તે ઉપર વિચારી પણ લીધું. હવે તેઓના હાથે લેવામાં અપવાદ સમજાવે છે કે-૧-બાલક જો પ્રમાણોપેત ભિક્ષા આપે, કે ઘરના માલિકની હાજરીમાં તેના કહેવાથી તે ઘણી પણ ભિક્ષા આપે તો લઈ શકાય, એ અવ્યક્તમાં જયણા (અપવાદ) છે. એ પ્રમાણે ૨-નોકર-ચાકર વિગેરે આપે તેમાં પણ અવ્યક્તની જેમ જ જયણા સમજવી. ૩-વૃદ્ધ બીજાની સહાયથી વહોરાવે તો લઇ શકાય. ૪-નપુંસક છતાં દુરાચારી ન હોય તેના હાથે લઈ શકાય. ૫-મત્તના હાથે શ્રદ્ધાળુ હોય તો અલ્પ ગૃહસ્થોની હાજરીમાં લઈ શકાય. ૬-ચિત્તભ્રમી ૭-દીપી (છકી) ગયેલો (ગાંડો) અને ૮-ભૂત પ્રેતાદિના વળગાડવાળો, એ ત્રણ પણ સાધુ પ્રત્યે પૂજ્યભાવવાળા હોય તો તેઓના હાથે વહોરી શકાય. ૯-કપાએલા હાથવાળો અલ્પ ગૃહસ્થોની હાજરીમાં આપતો હોય તો લેવાય. ૧૦-પગ કપાએલો થોડા ગૃહસ્થોની હાજરીમાં બેઠાં બેઠાં આપે તો લેવાય. ૧૧-અન્ધને પણ બીજો સહાય કરી તેના હાથે વહોરાવરાવે તો લેવાય, ૧૨-પગમાં બેડી-બન્ધનવાળો છતાં આકરૂં બન્ધન ન હોય-ખસી શકે તેમ હોય, તો તેના હાથેથી લેવાય. ૧૩-કોઢ વિગેરે ગળતા ન હોય તેવા ચામડીના રોગવાળાના હાથે પણ લેવાય. ૧૪-આઠ મહિના સુધીના ગર્ભવાળી સ્ત્રીના હાથે સ્થવિરકલ્પવાળા મુનિઓ ગ્રહણ કરી શકે, પ્રસૂતિવેળાનો નવમો મહિનો શરૂ થયા પછી નહિ. જિનકલ્પી વિગેરેનું તો ચારિત્ર નિરપવાદ હોવાથી ગર્ભની ઉત્પત્તિ થાય ત્યારથી ગર્ભિણીના હાથે તેઓ વહોરે નહિ (કારણ કે-વિશિષ્ટ જ્ઞાની હોવાથી તે ગર્ભવતીને પ્રારમ્ભથી જાણી શકે છે.) ૧૫-સ્તનપાનથી જ જીવનારા બાળકવાળી બાળવત્સા સ્ત્રીના હાથે સ્થવિરકલ્પી વહોરે નહિ, કિન્તુ જિનકલ્પિક વિગેરે તો એથીય આગળ વધીને જ્યાં સુધી બાળક બાલ્ય-અવસ્થાવાળું ગણાય ત્યાં સુધી તેની માતાના હાથે વહોરવાનું તજે. ૧૬-ખાંડનારી સ્ત્રીએ સુશળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાંડવા માટે હાથમાં લઈ ઉંચું કર્યું હોય (અને મુશળની નીચે સચિત્ત દાણા વિગેરે લાગેલા ન હોય) તેવા અવસરે સાધુ આવવાથી તે મુશળને નિરવદ્ય સ્થાને મૂકીને ઉઠીને વહોરાવે તો વહોરી શકાય. ૧૭–દળનારી (વાટનારી) જો અચિત્ત દ્રવ્ય દળતી (વાટતી) હોય તો તેના હાથે વહોરાય, સચિત્ત દ્રવ્ય દળનારીએ પહેલાં નાખેલું સચિત્ત દળી નાખ્યું હોય અને પછી બીજું નાખ્યું ન હોય તે અવસરે સાધુ આવવાથી તે ઉઠીને વહોરાવે તો લેવું કલ્પે. એ પ્રમાણે ૧૮–અનાજને તાવડી આદિમાં સેકનારી માટે પણ એ જ જયણા સમજવી. ૧૯–ભોજન કરનારીના હાથે પણ વહોરી શકાય, જો તેણે ભાજનમાંનું ભોજન હજુ સુધી વટલાવ્યું (એંઠું કર્યું) ન હોય. ૨૦–કાંતનારી પણ જો જાડું સુતર કાંતતી હોય તો તેના હાથે વહોરાય, કારણ કે જાડું કાંતવામાં થુંક લગાડવું પડતું ન હોવાથી હાથ ધોવાનો પ્રસઙ્ગ ન આવે. ૨૧–કપાસ લોઢનારી સ્ત્રી માટે પણ દળનારીની જેમ જયણા સમજવી. ૨૨–પિઞ્જનારી સ્ત્રી પણ જો શૌચવાદવાળી ન હોય અને હાથ ધોયા વિના જ વહોરાવે તો લેવું કલ્પે. એ દાયકને અંગે અપવાદ કહ્યો. હવે મૂળ ગાથાનું ત્રીજું દ્વાર કહેવાય છે.

૩–**ગમન**—વહોરાવવાની ભિક્ષા લેવા માટે દાતાર ઘરમાં (રસોડા વિગેરેમાં) પ્રવેશ કરે તે તેનું 'ગમન' સાધુએ જોવું જોઇએ. કારણ કે–અજયણાથી જતો દાતાર નીચે જમીન ઉપર છ કાય જીવોની, ઉંચે વૃક્ષની ડાળી વિગેરેની વિરાધના, કે તિર્યગ્ દિશામાં ન્હાના બાળક વિગેરેનો સંઘટ્ટો કરતો જાય તો સાધુને સંયમવિરાધના થાય અને દાતાને પણ સર્પ આદિ કરડે તો આત્મવિરાધના (મરણ) થાય, માટે એ રીતે અજયણાથી ગમન કરનાર પાસેથી ભિક્ષા નહિ લેવી.

૪–**ગ્રહણ**—જ્યાંથી ભિક્ષા (વસ્તુ) દાતાર વહોરાવવા માટે ગ્રહણ કરે તે 'ગ્રહણસ્થાન' સાધુએ જોવું જોઇએ. જો બારણું ન્હાનું–નીચું હોવાથી, કપાટ (કમાડ) બન્ધ કરેલું હોવાથી, અથવા દાતાના શરીરનું આંતરૂં નડવાથી તેને ગ્રહણ કરતાં જોઇ ન શકાય તો તેવી ભિક્ષા ઉત્સર્ગ માર્ગે લેવી નહિ. અપવાદ માર્ગે તો ગ્રહણક્રિયા ન જોવા છતાં સ્થવિરકલ્પવાળા મુનિઓ શ્રવણ વિગેરે ઇન્દ્રિયોદ્વારા ઉપયોગ મૂકીને (ખ્યાલ આપીને) દોષને જાણી શકે છે. જેમકે–ગૃહસ્થ આહારાદિ ગ્રહણ કરતાં હાથ કે પાત્રને ધોવે તો કાનથી પાણીનો 'ફલફલ' શબ્દ સાંભળવાથી અને વિકલેન્દ્રિય–તેઇન્દ્રિયાદિ જીવ ચગદાય તો ગન્ધથી જાણી શકે, વળી જ્યાં ગન્ધ હોય ત્યાં રસ પણ હોય માટે રસદ્વારા પણ જાણે, પાણીનું બિન્દુ વિગેરે ઉછળીને શરીરે લાગતાં સ્પર્શનેન્દ્રિય–દ્વારા પણ સમજી શકે અને નેત્રથી તો દાતાનું ગમન, આગમન, કે લાવે તે વસ્તુ, હાથ, પાત્ર વિગેરેને કંઈ પાણી–પૃથ્વી આદિ લાગ્યું હોય તે સઘળું જોઇ શકે. એ રીતે ઇન્દ્રિઓ દ્વારા ઉપયોગ કરીને પુરઃકર્માદિ દોષની શઙ્કા ન રહે તો ગ્રહણ કરે.

૫–**આગમન**—વહોરાવવાની વસ્તુ લઇને સાધુની સન્મુખ આવે તે દાતારનું 'આગમન' પણ સાધુએ જોવું જોઇએ. એમાં પણ ગમનની જેમ વિવેક સમજવો.

૬–**પત્ત**—પ્રાપ્ત અથવા પાત્ર. તેમાં ગૃહસ્થ પોતાની નજીક વહોરાવવા આવે તે 'પ્રાપ્ત' કહેવાય, તેના હાથ પાણીથી ભીંજાએલા છે કે નહિ? વિગેરે જોવું. અને પાત્ર એટલે ગૃહસ્થ જેમાં આહાર લાવ્યો હોય તે પાત્રને ઉપરથી, નીચેથી અને બાજુથી જોવું, અથવા પાત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે 'ભિક્ષાની વસ્તુ' તે જીવથી સંસક્ત છે કે અસંસક્ત ઇત્યાદિ જોવું. અહીં વત્સ[108]અને પુત્રવધૂનું દૃષ્ટાન્ત સમજવું.

૭-**પરાવર્તિત**—ગૃહસ્થ વહોરાવતાં પાત્રને ઉંધું કરે તે 'પરાવર્તિત કહેવાય, તેને સાધુએ જોવું. જો તે પાણીવાળું કે ત્રસજીવયુક્ત હોય તો તેનાથી નહિ વહોરવું.

૮-**પાતિત**—સાધુએ પોતાના પાત્રમાં 'પાતિત' (લીધેલા) પિણ્ડને (અશનાદિને) જોવાં. તે ભાત, કે ભાંગેલો-ચૂરેલો છૂટો પદાર્થ ચૂરમું વિગેરે સ્વાભાવિક છે? કે સેકેલા જવ-ચણા વિગેરેના લોટના કે મગના લોટના બનાવેલા પિણ્ડ (લાડુ) વિગેરે કૃત્રિમ છે? ઇત્યાદિ વિચારવું. જો લાડુ વિગેરે કૃત્રિમ (બનાવેલું) હોય તો તેને ભંગાવીને જોવું, ન જુવે અને કોઈ દાતાએ સાધુ પ્રત્યેના દ્વેષાદિ કારણે તેમાં રત્ન-વીંટી વિગેરે મૂકીને તે લાડુ વિગેરે બનાવેલું હોય તો તે અખણ્ડ વહોરતાં પાછળથી સાધુ ઉપર ચોરીનું કલઙ્ક આવતાં સંયમ વિરાધના અને રાજ-દણ્ડ વિગેરે થવાથી આત્મવિરાધના પણ થાય. (માટે કૃત્રિમ બનાવેલી વસ્તુ ભંગાવીને જોવી, જો ફળ વિગેરે અકૃત્રિમ વસ્તુ અચિત્ત હોય તો તે અખણ્ડ પણ વહોરી શકાય.)

૯-**ગુરૂક**—ગૃહસ્થનું વહોરાવવાનું ભાજન કે તેના ઉપરનું ઢાંકણ વિગેરે ઘણું ભારે હોય તે 'ગુરૂક' કહેવાય. એવું ભારે ઉપાડતાં, કે નીચે મૂકતાં દાતાની કહેડ ભાગે કે પડી જવાથી પગ ભાગે, (એથી સાધુની હલકાઈ પણ થાય). માટે તેવા ભારે ભાજનથી ન લેવું. (ઉત્રડ ઉતારતાં ચઢાવતાં પણ આ દોષ લાગે, સ્હેલાઇથી આપી શકાય તેવું લેવાય.)

૧૦-**તિહા**—ત્રણ પ્રકારે. એમાં કાળ, દાતાર, વિગેરેનો ત્રણ ત્રણ પ્રકારે ખ્યાલ કરવાનો છે. તેમાં ૧-ગ્રીષ્મ, હેમન્ત અને વર્ષાઋતુ, એમ કાલ ત્રણ પ્રકારનો અને ૨-સ્ત્રી, પુરૂષ અને નપુંસક, એમ દાતા પણ ત્રણ પ્રકારનો. તેમાં સ્ત્રી ઉષ્ણ, પુરૂષ મધ્યમ અને નપુસક શીતળ જાણવો. વળી ૩-'પુરઃકર્મ, ઉદકાર્દ્ર અને સસ્નિગ્ધ, એમ પુરઃકર્મના પણ ત્રણ પ્રકારો જાણવા. તેમાં ભિક્ષા આપતાં પહેલાં હાથ-પાત્ર વિગેરે ધોવું તે 'પુરઃકર્મ' કહેવાય, હાથ, ભાજન વિગેરે જેમાંથી પાણીનાં બિન્દુઓ ગળતાં (પડતાં) હોય તે 'ઉદકાર્દ્ર' કહેવાય અને બિન્દુરહિત છતાં જે હાથ-ભાજન ભીનું હોય તે 'સસ્નિગ્ધ' સમજવું. એ ત્રણેના પણ સચિત્ત, અચિત્ત અને મિશ્ર, એમ ત્રણ ત્રણ પ્રકારો થાય. તેમાં પુરઃકર્મ અને ઉદકાર્દ્ર એ બે તો સચિત્ત અચિત્ત કે મિશ્ર હોય તો પણ તેવા હાથ વિગેરેથી વહોરાય નહિ. માટે ત્રીજા સસ્નિગ્ધને અઙ્ગે અહીં કહેવાનું રહ્યું, તેમાં પણ અચિત્તથી સસ્નિગ્ધ હોય તે હાથે ભિક્ષા લેવાય, માટે તેમાં કંઈ કહેવાનું નથી, માત્ર સચિત્ત કે મિશ્રથી સસ્નિગ્ધ હોય તેને અઙ્ગે કહેવાનું છે, તે આ પ્રમાણે-હાથ સસ્નિગ્ધ હોય તેના ૧-કંઇક ભીનો, ૨-કંઇક સૂકાએલો અને ૩-કંઇક નહિ સૂકાએલો, એમ ત્રણ પ્રકારો થાય. તેવા

---

૧૦૮-એક વણિકને ત્યાં વાછરડો હતો, એક દિવસ તેને ઘેર કોઈ કારણે જમણવાર હોવાથી તેને કોઈ ચારો-પાણી આપી શક્યું નહિ, સહુ પોતાના કામમાં મશગુલ હતાં, એમ મધ્યાહ્ન થતાં ભૂખ્યા વાછરડાએ રડવા માંડ્યું તે સાંભળી શેઠની પુત્રવધૂ કે જેણે બહુમૂલ્યવાળાં આભરણ અલઙ્કાર પહેરેલાં હતાં તેણે વાછરડાને ચાર-પાણી ખવડાવ્યું. તે વેળા વાછરડાની દૃષ્ટિ માત્ર ચારા-પાણીમાં જ હતી, શેઠાણીના રૂપ કે વસ્ત્રાલઙ્કાર તરફ નહિ. તેમ સાધુએ પાત્ર કે પિણ્ડને જ સદોષ-નિર્દોષ-જોવાં, પણ વહોરાવનારના રૂપ, રંગ, કે આભરણ અલઙ્કાર તરફ લક્ષ્ય પણ આપવું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથે એકેક સૂકાયેલા ભાગની વૃદ્ધિથી પૂર્વાનુપૂર્વીએ, અથવા એકેક સૂકાએલા ભાગની હાનિથી પશ્ચાનુપૂર્વીએ ગ્રહણ કરવું. આ એકેક ભાગની (હાનિ) વૃદ્ધિ સ્ત્રી, પુરૂષ અને નપુંસકના હાથના નીચા, ઉંચા અને ઉંચા–નીચા ભાગોને આશ્રીને કરવી. તે આ રીતે–આંગળીઓનાં પર્વોની વચ્ચેની ત્રણ રેખાઓ તે નીચો ભાગ, આંગળીઓનાં પર્વો (વેઢાઓ) તે ઉંચો ભાગ અને હથેળીને નીચો–ઉંચો (મધ્યમ) ભાગ સમજવો. તેમાં ત્રણ પર્વો, ત્રણ તેની ઉપર નીચેની રેખાઓ અને એક હથેળી મળી કુલ સાત ભાગ કલ્પવા. જેટલા સમયમાં ઉંચો ભાગ (પર્વો) સૂકાય તેટલામાં મધ્યમ ભાગ (હથેળી) કંઇક ભીનો અને નીચોભાગ (પર્વો) તેથી વિશેષ ભીનાં હોય, એ રીતે એક એક સૂકા ભાગની વૃદ્ધિ કરતાં જે ઋતુમાં જેના હાથે આહારાદિ વહોરી શકાય તે કહીએ છીએ.

યુવતિ સ્ત્રીના હાથનો ઉંચો એક ભાગ (એક પર્વ) સૂકાય ત્યારે ઉષ્ણકાળે તેના હાથે વહોરાય. કારણ કે–સ્ત્રીના હાથની ઉષ્ણતા અને કાળ પણ ઉષ્ણ હોવાથી જેટલામાં ઉંચો એક–ભાગ (પર્વ) સૂકાય તેટલામાં બાકીના બે (ઉંચા, એક મધ્યમ અને ત્રણ નીચા) ભાગો ભીના છતાં ઉષ્ણતાથી અચિત્ત થએલા હોય. હેમન્ત (શીત) ઋતુમાં યુવતી સ્ત્રીના બે સાતીઆ એટલે (પર્વોરૂપ) બે ઉંચા ભાગો સૂકાય ત્યારે અને વર્ષાઋતુમાં ત્રણ સાતીઆ ઉંચા ભાગો (ત્રણપર્વો) સૂકાય ત્યારે તેના હાથે ભિક્ષા લેવાય. મધ્યમ વયવાળી (પ્રૌઢ) સ્ત્રીના હાથે ઉષ્ણકાળમાં બે ઉંચા ભાગો, શીતકાળમાં ત્રણ ઉંચા ભાગો અને વર્ષાકાળમાં ચાર સાતીયા (ત્રણ પર્વો અને હથેળી) સૂકાય ત્યારે ભિક્ષાદિ લઈ શકાય. એમ વૃદ્ધા સ્ત્રીના ઉષ્ણકાળમાં ત્રણ ઉંચા (પર્વો), શીતકાળમાં ત્રણ ઉંચા અને એક મધ્યમ (હથેળી) મળી ચાર ભાગો અને વર્ષાકાળમાં એક નીચા ભાગ (પર્વરેખા) સહિત કુલ પાંચ ભાગો સૂકાય ત્યારે બાકીના ભીના પણ ભાગો અચિત્ત થાય માટે વહોરી શકાય.

એ ક્રમે સામાન્યતયા ત્રણ પ્રકારના પુરૂષની અપેક્ષાએ બે ભાગથી માંડીને છ ભાગો સૂકાય ત્યારે વહોરી શકાય. જેમકે–યુવાનના હાથે ઉષ્ણકાળમાં તેના હાથના બે ઉંચા ભાગો (બે પર્વો), શીતકાળમાં ત્રણ ઉંચા ભાગો (ત્રણ પર્વો) અને વર્ષામાં ચાર સાતીયા ભાગો (ત્રણ પર્વો અને હથેળી) સૂકાય ત્યારે ભિક્ષા લેવાય, મધ્યમ વયવાળા પુરૂષના ઉષ્ણકાળમાં ત્રણ ભાગો (પર્વો), શીતકાળમાં ચાર ભાગો (ત્રણ પર્વો સાથે હથેલી), અને વર્ષામાં પાંચ ભાગો (ત્રણ પર્વો, હથેળી અને એક પર્વ રેખા) સૂકાય ત્યારે ભિક્ષા લેવાય, અને વૃદ્ધપુરૂષના હાથે ઉષ્ણ–કાળે ચારભાગો (ત્રણપર્વો અને હથેળી), શીતકાળે પાંચ ભાગો (ત્રણ પર્વો, હથેળી અને એક પર્વરેખા),તથા વર્ષામાં છભાગો(ત્રણ પર્વો,હથેળી અને બેપર્વ રેખાઓ)સૂકાય ત્યારે ભિક્ષા લઈશકાય.

નપુંસકના ત્રણ પ્રકારોની અપેક્ષાએ ત્રણ ભાગથી આરમ્ભીને સાત ભાગો સૂકાય ત્યારે વહોરી શકાય. જેમકે–યુવાન નપુંસકના હાથના ઉષ્ણકાળમાં ત્રણ સાતીયા ભાગો (પર્વો), શીત-કાળે ચારભાગો (ત્રણ પર્વો તથા હથેળી) અને વર્ષાકાળે પાંચ ભાગો (ત્રણ પર્વો, હથેળી અને એક પર્વરેખા) સૂકાય ત્યારે વહોરી શકાય. મધ્યમવયના નપુંસકના હાથના ઉષ્ણકાળમાં ચાર ભાગો (ત્રણ પર્વો અને હથેળી), શીત કાળે પાંચ ભાગો (૩ પર્વો, હથેળી અને ૧ પર્વરેખા) અને વર્ષામાં છભાગો (૩ પર્વો, હથેળી અને બે પર્વરેખાઓ) સૂકાય ત્યારે ભિક્ષા લેવાય અને વૃદ્ધનપુંસકના હાથે ઉષ્ણકાળમાં તેના હાથના પાંચ સાતીયા ભાગો (ત્રણ પર્વો, હથેળી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ પર્વરેખા), શીતકાળમાં છભાગે (પર્વો, હથેળી અને બે પર્વરેખા) તથા વર્ષાકાળમાં સાતભાગે (સમ્પૂર્ણ હાથ) સુકાય ત્યારે ભિક્ષા લેવાય.[૧૦૯]

**૧૧-ભાવ**—ભાવ એટલે અધ્યવસાય. તે આહાર લેવામાં મલિન-અપ્રશસ્ત નહિ કરવો, કિન્તુ નિર્મળ-પ્રશસ્ત કરવો. તેમાં અપ્રશસ્ત ભાવ તેને મનાય કે જે શરીરના વર્ણ-બળ (સ્વાદ) વિગેરેને માટે આહાર વહોરતો હોય. આચાર્ય, બાળ, વૃદ્ધ, કે બીમાર સાધુને માટે વહોરનારનો ભાવ અપ્રશસ્ત નથી, કિન્તુ આચાર્ય વિગેરેને માટે આહારાદિ વહોરે છે તે સાધુ તો જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણનું ભાજન મહાભાગ્યવન્ત કહેવાય છે.[૧૧૦]

એમ અગીઆર દ્વારોથી ગ્રહણૈષણાનો વિચાર કર્યો. પિણ્ડ (ભોજન) વિષયમાં અને પાણીના વિષયમાં આ ગ્રહણૈષણાના ૧-અસંસૃષ્ટા, ૨-સંસૃષ્ટા, ૩-ઉદ્ધૃતા, ૪-અલ્પલેપા, ૫-અવગૃહીતા, ૬-પ્રગૃહીતા અને ૭-ઉજ્જિતધર્મા, એમ સાત સાત પ્રકારો છે કહ્યું છે કે—

"संसट्ठमसंसट्ठा, उद्धड तह अप्पलेविआ चेव ।
उग्गहिआ पग्गहिआ, उज्झियधम्मा उ सत्तमिआ ॥" प्रव० सारो० ७३९॥

**ભાવાર્થ**—૧-અસંસૃષ્ટા, ૨-સંસૃષ્ટા, ૩-ઉદ્ધૃતા, ૪-અલ્પલેપા, ૫-ઉદ્‌ગૃહીતા (અવગૃહીતા), ૬-પ્રગૃહીતા, અને ૭-ઉજ્જિતધર્મા, એમ સાત એષણાઓ છે, તેમાં પછી પછીની એષણા વિશેષ શુદ્ધ હોવાથી એ ક્રમ છે, મૂળ ગાથામાં 'સંસટ્ઠ' શબ્દ છંદોભંગ ટાળવા માટે પહેલો કહ્યો છે.

ઉપર કહી તે પિણ્ડની એટલે આહારાદિ લેવાની એષણાઓ (લેવાના પ્રકારો) સાત છે. તેમાં **૧-અસંસૃષ્ટા**-ગૃહસ્થના જે હાથ અને પાત્રથી વહોરે તે ખરડાએલું ન હોય તે અને વહોરવાની વસ્તુ સમ્પૂર્ણ (ગૃહસ્થનું પાત્ર ખાલી થાય તેમ) વહોરે કે ઓછી વહોરે તે અસંસૃષ્ટા ભિક્ષા કહી છે, એમાં સમ્પૂર્ણ (બધું) દ્રવ્ય વહોરવાથી પશ્ચાત્કર્મનો (વહોરાવ્યા પછી હાથ પાત્ર ધોવાનો) સંભવ છતાં ગચ્છમાં બાળ-વૃદ્ધ-અસહિષ્ણુ-બીમાર વિગેરે સાધુઓ (માટે કારણે લેવી પડે તેમ) હોવાથી ગચ્છવાસી સાધુઓને તેનો નિષેધ નથી, માટે જ સૂત્રમાં તેનો વિચાર કર્યો નથી. **૨-સંસૃષ્ટા**-ખરડાયેલાં હાથ અને પાત્રથી લેવાય તે, એમાં સંસૃષ્ટ કે અસંસૃષ્ટ હાથ અને પાત્ર તથા વસ્તુ સમ્પૂર્ણ કે અસમ્પૂર્ણ વહોરવાને યોગે આઠ ભાંગા થાય છે (જુઓ પૃ૦ ૧૨૧) તેમાંનો આઠમો (? પહેલો) ભાંગો કે જેમાં સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટપાત્ર અને સાવશેષદ્રવ્ય કહેલું છે તે ગચ્છથી નિરપેક્ષ (જિનકલ્પિક-પરિહારવિશુદ્ધિક, વિગેરે) સાધુઓને કલ્પે, ગચ્છવાસીઓને તો આહારની દુર્લભતાથી સૂત્ર-અર્થને ભણવા વિગેરેમાં હાનિ થાય, ઇત્યાદિ કારણે શેષ ભાંગાઓવાળી પણ કલ્પે. **૩-ઉદ્ધૃતા**-ગૃહસ્થે પોતાના પ્રયોજને મૂળ ભાજનમાંથી બીજા ભાજનમાં

---

૧૦૯-આ ન્યાયે-યુવતિ સ્ત્રીના શરીરમાં ઉષ્ણતા વધારે, તેથી ઓછી મધ્યમ સ્ત્રી અને યુવાન પુરૂષમાં, તેથી ઓછી વૃદ્ધા સ્ત્રી, મધ્યમ વયનો પુરૂષ અને યુવાન નપુંસકમાં, તેથી ઓછી વૃદ્ધ પુરૂષ અને મધ્યમ વયના નપુંસકમાં, અને તેથી ઓછી વૃદ્ધ નપુંસકમાં સમજવી.

૧૧૦-આ અગીઆર દ્વારોમાં દશેય દ્વારોથી શુદ્ધ છતાં ભાવદ્વારથી અશુદ્ધ હોય તે આહાર સંયમઘાતક છે માટે દશેય દ્વારોની શુદ્ધિ ભાવદ્વારની શુદ્ધિથી સમજવી. વિશેષ વર્ણન ઓઘનિ૦ ગા૦ ૪૯૪ થી ૫૦૧માં જોવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢેલો પિણ્ડ ઉદ્ધૃત કહેવાય અને તેને લેનાર સાધુની ભિક્ષાને 'ઉદ્ધૃતા' કહેવાય. ૪–**અલ્પલેપા**–એમાં 'અલ્પ' શબ્દ અભાવવાચક હોવાથી જેનાથી પાત્રાદિને લેપ (ખરડ) ન લાગે તેવા નિરસ વાલ, ચણા, વિગેરે પદાર્થો લેવા તે ભિક્ષાને, અથવા જેમાં 'પશ્ચાત્કર્મ' વિગેરે આરમ્ભજન્ય લેપ એટલે કર્મોનો બન્ધ અલ્પ હોય તે ભિક્ષાને 'અલ્પલેપા' સમજવી. આચારાઙ્ગમાં (દ્વિતીય શ્રુતસ્કંધની પહેલી ચૂલાના સૂ૰ ૬૨) કહ્યું છે કે–'अस्सिं खलु पडिग्गहियंसि अप्पे पज्जवजाए।' અર્થાત્ 'નિશ્ચે એવો પિણ્ડ ગ્રહણ કરવામાં અલ્પમાત્ર પશ્ચાત્કર્મ અને અલ્પમાત્ર પર્યાયજાત હોય છે. આ પિણ્ડને આચારાઙ્ગમાં પોંખ વિગેરે જણાવેલો છે અને 'અલ્પપર્યાયજાત' એટલે ફોતરાં વિગેરે જેમાંથી તજીદેવા યોગ્ય અંશ અલ્પ હોય તેવો પદાર્થ, એમ અર્થ કરેલો છે. (તાત્પર્ય કે જે વસ્તુથી પાત્રને ખરડ ન લાગે, કે અલ્પ લાગે તેથી તેને સાફ કરવામાં ખાસ પાણીનો ઉપયોગ ન કરવો પડે તેવા વાલ, ચણા, સેકેલો અચિત્ત પોંખ, કે ફોતરાં વિગેરે નિરૂપયોગી અંશ જેમાં અલ્પમાત્ર હોય, તેવી વસ્તુને લેવી તે ભિક્ષાને 'અલ્પલેપા' કહેવાય) ૫–**અવગૃહીતા**–ભોજન વખતે થાળી, વાડકી, વાડકા વિગેરેમાં કાઢીને ભોજન કરનારને આપેલો હોય તે પિણ્ડ વહોરનાર સાધુની ભિક્ષાને 'અવગૃહીતા' કહી છે ૬–**પ્રગૃહીતા**—ભોજન વખતે જમવા બેઠેલાને પીરસવા માટે પિરસનારે મૂળભાજનમાંથી ચમચા વિગેરેમાં લઈ ધર્યું હોય તે ભોજન કરનારો ભોજનાર્થે ન લેતાં સાધુને વહોરાવરાવે, અથવા જમનારે પોતે ખાવા માટે ભોજનના વાસણ (થાળ)માંથી પોતાના હાથમાં લીધું હોય તે સ્વયં વહોરાવે, તો તેવું અશનાદિ લેનારા સાધુની ભિક્ષાને 'પ્રગૃહીતા' કહેવાય. ૭–**ઉજ્ઝિતધર્મા**—ગૃહસ્થને નિરૂપયોગી તજી દેવા યોગ્ય હોય તેવા પિણ્ડને લેનાર સાધુની ભિક્ષાને 'ઉજ્ઝિતધર્મા' કહેવાય.

ભિક્ષાના આ સાતેય પ્રકારોમાં 'સંસૃષ્ટ–અસંસૃષ્ટ પાત્ર–હાથ અને સાવશેષ–નિરવશેષ દ્રવ્યના યોગે થતી અષ્ટભઙ્ગી' સમજવી, માત્ર ચોથી ભિક્ષા અલેપા (અલ્પલેપા)માં ખરડાવાનું નહિ હોવાથી તેમાં (અષ્ટભઙ્ગી ન ઘટે, એ) ભિન્નતા સમજવી.

પાનૈષણા જુદી કહેલી હોવાથી પિણ્ડ શબ્દનો અર્થ અહીં ભોજન માત્ર (અશનાદિ આહાર) સમજવો. સાત પાનૈષણાઓ પણ પિંડૈષણાની તુલ્ય જ સમજવી. માત્ર ચોથીમાં એ ભેદ છે કે–કાંજીનું પાણી, ઓસામણ, ગરમ(ઉકાળેલું) પાણી, ચોખાનું ધોવણ, વિગેરે પાણી, અલેપકૃત્ અને બાકીનાં શેરડીનો રસ, દ્રાક્ષાનું પાણી, આમલીનું પાણી, વિગેરે લેપકૃત્ સમજવાં. કહ્યું પણ છે કે—

"पाणेसणावि एवं, नवरि चउत्थीइ होइ नाणत्तं ।
सोवीरायामाई, जमलेवाडत्ति समओत्ति (युत्ती) ॥१॥ (प्रव० सारो० ७४४)

**ભાવાર્થ**–"એ જ રીતે પાનૈષણા પણ અસંસૃષ્ટાદિ સાત પ્રકારે સમજવી. માત્ર ચોથી અલ્પલેપા માં ભેદ છે, કારણ કે 'કાંજી–ઓસામણ વિગેરે અલેપકૃત્ છે' એમ શાસ્ત્રમાં કહેલું છે, શેરડીનોરસ વિગેરે બાકીનાં પાણી લેપકૃત છે, તેને વાપરવાથી સાધુને કર્મનોલેપ (બન્ધ) થાય."

ઉપર્યુક્ત પાણી પૈકીનું કોઇ પાણી ન મળે તો વર્ણાદિ બદલાઈ જવાથી અચિત્ત થએલું પાણી પણ લઈ શકાય. કહ્યું છે કે—

"गिण्हिज्ज आरनालं, अहवा (अंबिल) धोवण तिदंडउक्कलिअं ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वन्नंतराइपत्तं, फासुअसलिलंपि तयभावे ॥२२४॥" यतिदिनचर्या॥

**ભાવાર્થ**—'સાધુએ કાંજી, અથવા આમલીનું પાણી, ધોવણનું પાણી, અને ત્રણ ઉકાળાથી ઉકાળેલું અચિત્ત પાણી લેવું, અને તેના અભાવે વર્ણ-ગન્ધાદિ બદલાઈ ગયાં હોય તેવું પણ અચિત્ત પાણી લેવું."

એ પાણી સંબન્ધી એષણા જાણવી. હવે ઉપર જણાવ્યો તેવો શુદ્ધ પિણ્ડ પણ શય્યાતરનો નહિ લેવો. તેમાં 'શય્યા' એટલે વસતિ (મકાન), તે સાધુઓને (ઉતરવા) રહેવા માટે આપવા દ્વારા જે (સંસારને) તરે તે શય્યા+તર=શય્યાતર કહેવાય. અર્થાત્ જેના મકાનમાં સાધુ રહે તે મકાનનો માલિક. તેના બે પ્રકારો થાય, એક સ્વયં મકાન માલિક, બીજો માલિકના આદેશથી મકાન સંભાળનારો (ટ્રસ્ટીઓ વિગેરે), એ બેમાં પણ કોઈ મકાનનો માલિક એક અને કોઇના અનેક હોય, તથા માલિકે કહેવાથી સંભાળનાર (ટ્રસ્ટી વિગેરે) પણ કોઈ મકાનનો એક અને કોઇના અનેક હોય, માટે બેના એક-અનેક એવા બે બે ભેદો પડે. એ રીતે તેના ૧-માલિક એક-સંભાળનાર એક, ૨-માલિક એક-સંભાળનારા અનેક, ૩-માલિકો અનેક-સંભાળનાર એક અને ૪-માલિકો અનેક-સંભાળનારા પણ અનેક, એમ ચાર ભાંગા થાય. તેમાં સાધુએ ઉત્સર્ગથી તો તે બધાયની માલિકીનો બારે પ્રકારનો પિણ્ડ વર્જવો, એમ કરતાં નિર્વાહ ન થાય તો અપવાદથી પ્રતિદિન તેમાંના એક એકનો (તો અવશ્ય) ત્યાગ કરવો. કહ્યું છે કે—

" सागारिय-संदिट्ठे, एगमणेगे चउक्कभयणा उ ।
एगमणेगे वज्जा, णेगेसु अ ठावए एगं ॥१॥" (प्रवचनसारो० ८०१)

**ભાવાર્થ**—સાધુના ઉપાશ્રયનો માલીક અને સંભાળનારા એક એક અથવા અનેક પણ હોય તેથી તેની ચતુર્ભઙ્ગી થાય. (ઉત્સર્ગથી) તે એક કે અનેક (બધાય)નો (પિણ્ડ) ત્યાગ કરવો અને (અપવાદથી) અનેક પૈકી કોઈ એકને જ શય્યાતર ઠરાવી તેનો પિણ્ડ તજવો. તાત્પર્ય કે ઘણા માલીકોનું મકાન ઉતરવા મળ્યું હોય ત્યાં સાધુના આચારને સમજનારા શ્રાવકો વિનંતિ કરે કે અમારામાંથી કોઇ એકનો ત્યાગ કરો-બધાયનો નહિ, તો એકને શય્યાતર ઠરાવી બાકીનાઓનાં ઘરોમાંથી ભિક્ષા લે, અથવા ત્યાં સાધુઓ ઘણા હોય છતાં સઘળા સાધુઓનો નિર્વાહ થાય તેમ હોય તો બધાય મકાન માલીકોને-કે સંભાળનારાઓને શય્યાતર તરીકે તજે."

શય્યાતરનો બાર પ્રકારનો પિણ્ડ ત્યાજ્ય કહ્યો છે, તે ૧-અશન, ૨-પાન, ૩-ખાદિમ, ૪-સ્વાદિમ, ૫-પાદપ્રોઞ્છન (રજોહરણ), ૬-વસ્ત્ર, ૭-પાત્ર, ૮-કમ્બળ, ૯-સોય, ૧૦-છૂરિકા (મુણ્ડન માટે અસ્રો), ૧૧-કાન શોધવાની સળી અને ૧૨-નખરદની (નરણી). કહ્યું છે કે—

" असणाईआ चउरो, पाउंछण वत्थपत्तकंबलयं ।
सूई छुरि कन्नसोहण, नहरणिया सागरियपिण्डो ॥"यतिदिनचर्या-१८६॥

**ભાવાર્થ**—" અશનાદિ ચાર, પાદપ્રોઞ્છન, વસ્ત્ર, પાત્ર, કમ્બળ, સોય, છૂરિકા, કર્ણશોધન, અને નખરદની, એ શય્યાત્તરનો પિણ્ડ (સાધુએ નહિ લેવો.)"

તૃણ-ડગલ વિગેરે વસ્તુ તો શય્યાતરની પણ કલ્પે, તે માટે કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" तणडगलछारमल्लग–सिज्जासंथारपीढलेवाई ।
सिज्जायरपिंडो सो, न होइ सेहो वि सोवहिओ ।।" यतिदिनचर्या–१८७।

**ભાવાર્થ**–૧–તૃણ (સંથારા માટે ડાંગર વિગેરેનાં ફોતરાં કે ડાભ વિગેરે ઘાસ), ૨–ડગલ (શરીરશુદ્ધિ માટે ઉપયોગી ઈંટ–માટી–પત્થર વિગેરેના કકડા), ૩–ભસ્મ (રાખોડી), ૪–માત્રક(કુણ્ડી વિગેરે), ૫–શય્યા (શયન માટે પાટ કે મોટું પાટીઉં વિગેરે), ૬–સંથારો (ન્હાનું પાટ પાટીઉં), ૭–પીઠ (પાછળ ટેકો લેવાનું પાટીઉં), ૮–લેપાદિ (ઔષધ કે પાત્ર માટેનો લેપ વિગેરે) અને ૯–તેના જ ઘરમાંનો કોઈ વસ્ત્ર–પાત્રાદિ ઉપધિ સહિત પણ દીક્ષા માટે આવેલો શિષ્ય. એટલાં વાનાં શય્યાતર પિણ્ડ તરીકે ત્યાજ્ય ગણાતાં નથી–અર્થાત્ શય્યાતરની પણ તેટલી વસ્તુઓ સાધુને લેવી કલ્પે છે."

જો કોઈ પ્રસઙ્ગે સાર્થ વિગેરેની સાથે વિહાર કરવાને યોગે પરાધીનતાથી કોઈ એક ગામમાં–સ્થળમાં સુવે અને સવારનું પ્રતિક્રમણ બીજે જઇને કરે તો બે સ્થાનના માલિકો શય્યાતર થાય, કિન્તુ સમગ્ર રાત્રી જાગે અને સાર્થ વિગેરેની (સોબતની) પરાધીનતાથી કે ચોર વિગેરેના ભયથી પ્રતિક્રમણ બીજે સ્થળે જઇને કરે તો પહેલા મકાનનો માલિક શય્યાતર ન ગણાય, પ્રતિક્રમણ જ્યાં કર્યું તે ઘરવાળો ગણાય.[૧૧૧]

વળી મકાનનો ધણી સાધુઓને ઉતારો આપીને દૂર–દેશાન્તરે ચાલ્યો જાય તો પણ શય્યાતર તે જ ગણાય કહ્યું છે કે—

" दाऊण गेहं तु सपुत्तदारो, वाणिज्जमाईहि उ कारणेहिं ।
तं चेव अन्नं व वइज्ज देसं, सिज्जायरो तत्थ स एव होई।।"प्रव० सारो० ८०४।।

**ભાવાર્થ**–" કોઈ ગૃહસ્થ પોતાનું ઘર સાધુને ઉતરવા આપીને વ્યાપારાદિ પ્રયોજને પોતાના પુત્ર–સ્ત્રી આદિ સર્વપરિવાર સાથે તે જ દેશના દૂર ગામે, કે બીજા દેશમાં જાય તો પણ શય્યાતર તે જ ગણાય."

વળી કોઈ (અન્ય મકાનમાં) સાધુ માત્ર વેશધારી હોય, શય્યાતરનો પિણ્ડ તજતો હોય કે નહિ, તો પણ સુસાધુના શય્યાતરની જેમ તેના શય્યાતરનો પિણ્ડ પણ સાધુ અવશ્ય તજે. કહ્યું છે કે–

" लिंगत्थस्स वि वज्जो, तं परिहरओ व भुंजओ वा वि ।
जुत्तस्स अजुत्तस्स व, रसावणे तत्थ दिट्ठंतो ।।१।।" (प्रव० सारो० ८०५)

**ભાવાર્થ**–શય્યાતર પિણ્ડનો ત્યાગી કે ભોગી પણ જે સાધુ માત્ર વેષધારી હોય તેના શય્યાતરનો પણ પિણ્ડ લેવો નહિ, ભલે પછી તે સાધુ સાધુતાથી યુક્ત હોય કે અયુક્ત, પણ તેના શય્યાતરનો ત્યાગ અવશ્ય કરવો. આ વિષયમાં રસ (દારૂ)ની દુકાનનું દૃષ્ટાન્ત સમજવું[૧૧૨]

૧૧૧–શય્યાતરમાં એવો વિધિ છે કે–માત્ર ગૃહસ્થના સ્થાનમાં રહેવાથી તે શય્યાતર ગણાતો નથી, કિન્તુ તેવા મકાનનો સુવા કે પ્રતિક્રમણ કરવારૂપે ઉપયોગ કરે તો મકાન માલીક શય્યાતર ગણાય. વળી ઘણા સાધુઓ હોવાથી અનેક મકાનમાં એક જ ગચ્છના સાધુઓ ઉતરે તો જે મકાનમાં ગચ્છાધિપતિ રહે તે મકાનનો માલિક શય્યાતર ગણાય, બીજાં મકાનોવાળા નહિ. (પ્રવચન સારોદ્ધાર ગા૦ ૮૦૩)

૧૧૨–મહારાષ્ટ્ર દેશમાં સઘળી દારૂની દુકાનો ઉપર દુકાનમાં દારૂ હોય કે ન હોય તો પણ દારૂની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ શય્યાતર એક અહોરાત્ર સુધી ગણાય છે, પછી નહિ, કહ્યું છે કે–" पुच्छे (वुत्थे) वज्जेज्जऽहोरत्तं " त्ति અર્થાત્–સાધુઓ જ્યાં રહ્યા હોય તે સ્થાનેથી જે દિવસે જે ટાઈમે નીકળે તે ટાઈમથી બીજા દિવસના તે ટાઈમ સુધી તેનો (પિણ્ડ) ત્યાગ કરે " માંદગી વિગેરે ગાઢકારણે તો શય્યાતરનો પણ પિણ્ડ લેવાય. પ્રવચન સારોદ્ધારની (ગા. ૮૦૮) ટીકામાં કહ્યું છે કે–બીમારી આગાઢ (ભયરૂપ) ન હોય ત્યારે તો ત્રણ વાર ગામમાં બીમારને યોગ્ય દ્રવ્યની ગવેષણા કરવા છતાં ન મળે તો શય્યાતરને ત્યાંથી લેવાય, અને બીમારી ગાઢ (સખ્ત) હોય તો તુર્ત પણ ત્યાંથી લેવાય. શય્યાતર ઘણા આગ્રહથી નિમન્ત્રણ કરે તો એકવાર ત્યાંથી વહોરી ફરી વહોરવાનો પ્રસઙ્ગ ન આવવા દે. (શય્યાતરને સમજાવે.) વળી આચાર્યને યોગ્ય ક્ષીર વિગેરે વિશિષ્ટ દ્રવ્ય બીજેથી મળવું દુર્લભ હોય તો, કે વ્યન્તરી આદિનો ઉપદ્રવ (ભૂત–પ્રેતાવિષ્ટ) થયો હોય તો, દુષ્કાળના કારણે આહાર ન મળતો હોય તો, રાજાએ સાધુને દાન નહિ દેવાનો આદેશ કર્યો હોય તો ગુપ્ત રીતે અને ચોર વિગેરેના ઉપદ્રવથી બહાર વહોરવા જવાય તેમ ન હોય તો, એટલાં કારણે શય્યાતરનો પિણ્ડ પણ લેવો કલ્પે.

તથા આઠ પ્રકારનો રાજપિણ્ડ વર્જવો જોઇએ. કહ્યું છે કે–

" असणाईआ चउरो, पाउंछणवत्थपत्तकंबलयं ।
पुरपच्छिमाण वज्जो, अट्ठविहो रायपिंडो उ ॥" यतिदिनचर्या १९०॥

**ભાવાર્થ**–" અશન–પાન–ખાદિમ અને સ્વાદિમ એ ચાર, પાદપ્રોઞ્છન, વસ્ત્ર, પાત્ર અને કમ્બળ, એ આઠ પ્રકારનો રાજપિણ્ડ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓએ વર્જવો."

એ પ્રમાણે વિશુદ્ધ આહારને વાપરવા છતાં (મૂર્છાના અભાવે) સાધુઓને નિત્ય ઉપવાસ (નું ફળ) થાય છે. કહ્યું છે કે—

" निरवज्जाहारेणं, साहूणं निच्चमेव उववासो ।
देसूणपुव्वकोडिं(पि), पालयंताण सामन्नं ॥१॥" यतिदिनचर्या–१८२ ॥

**ભાવાર્થ**—" દેશે ન્યૂન પૂર્વક્રોડ વર્ષો સુધી પણ નિરવદ્ય (નિર્દોષ) આહાર લેવા છતાં શુદ્ધ ચારિત્રને પાળતા સાધુઓને નિત્ય ઉપવાસ છે."

સાધુ ધર્મમાં આહારશુદ્ધિ ઘણી જ દુર્લભ છે, માટે તેમાં સખ્ત પ્રયત્યનશીલ રહેવું. કહ્યું છે કે–

" आहारे खलु सुद्धी, दुलहा समणाण समणधम्मंमि ।
ववहारे पुण सुद्धी, गिहिधम्मे दुकरा भणिआ ॥" यतिदिनच० १८० ॥

**ભાવાર્થ**–" નિશ્ચે સાધુઓને સાધુધર્મમાં આહારશુદ્ધિ દુર્લભ અને ગૃહસ્થને ગૃહસ્થ–ધર્મમાં વ્યવહાર શુદ્ધિ દુષ્કર કહી છે."

એ પ્રમાણે નિર્દોષ–શુદ્ધ પિણ્ડ મેળવીને ત્રણ કારણોથી ઉપાશ્રયે આવ્યા વિના જ ત્યાં (ગામ બહાર કે યોગ્ય સ્થળે) પણ પ્રથમ ભોજન કરે એવી જિનાજ્ઞા છે. તે કારણો–૧–ઉષ્ણકાળ

---

દુકાનની નિશાની માટે ધ્વજ બન્ધાય છે, તેને જોઇને સઘળા યાચકો 'અહીં દારૂ છે' એમ સમજી તે દુકાનને છોડે છે, તેમ સાધુ સાધુતાથી યુક્ત હોય કે અયુક્ત, પણ રજોહરણરૂપ સાધુતાની નિશાની જોઇને તેને સાધુ મનાતો હોવાથી તેના શય્યાતરને તજવો જોઇએ. (પ્રવ૦ સારો૦ ૮૯૫ ની ટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય (તેથી ક્ષુધા–તૃષાની બાધા હોય), ૨–સઙ્ઘાટક (સાથેનો સાધુ) અસહનશીલ હોય (તેથી તેનામાં ઉપાશ્રયે પહોંચવા જેટલી શક્તિ–ધૈર્ય ન હોય) અને ૩–ઉપવાસી હોય (તેથી અશક્ત થએલો હોય). કહ્યું છે કે "पुरिसे काले खवगे (मणे), पढमालिय तीसु ठाणेसु" (ઓઘનિ૦ ૨૫૦) અર્થાત્ "પુરૂષ (સાધુ) અસહનશીલ હોય, કાળ ઉષ્ણ હોય, કે તપસ્વી હોય, તો તે ત્રણ સ્થાનકે (કારણે) પ્રથમ ભોજન કરી શકે"

તેમાં વિધિ આ પ્રમાણે છે–ભિક્ષાનો સમય ન થયો હોય (તે પહેલાં આહારની જરૂર પડે) તો આગળના દિવસનું (પણ કલ્પ્ય) અન્ન ગ્રહણ કરીને જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી પાંચ કવળો(કોળીયા)થી, અથવા પાંચ ઘરની ભિક્ષાથી, એટલું બીજા પાત્રમાં જુદું કરીને કે એક હાથમાં લઇને પ્રથમભોજન કરે, ગુરૂ માટે તો એક પાત્રમાં (તેઓને યોગ્ય) ભોજન અને બીજા પાત્રમાં સંસક્ત[૧૧૩]પાણી પહેલાંથી જુદું કરી રાખે.

એ રીતે પણ ક્ષેત્ર–કાળ વિગેરેથી અતિક્રાન્ત થએલું દૂષિત ન હોય તે જ વાપરે, પણ તેવું ક્ષેત્રાતિક્રાન્તાદિ દોષવાળું નહિ, કારણ કે તે સાધુઓને અકલ્પ્ય કહ્યું છે. કહ્યું છે કે–

"जमणुग्गए रविंमि, अतावखेत्तंमि गहिअमसणाइ ।
कप्पइ न तमुवभोत्तुं, खित्ताईयत्ति समउत्ती ॥८११॥
असणाईअं कप्पइ, कोसदुगब्भंतराउ आणेउं ।
परओ आणिज्जंतं, मग्गाईअंति तमकप्पं ॥८१२॥
पढमप्पहराणीअं, असणाइ जईण कप्पए भोत्तुं ।
जाव तिजामे उड्ढं, तमकप्पं कालइक्कंतं ॥८१३॥" (प्र० सारोद्धार)

**ભાવાર્થ**–જે અશનાદિ સૂર્યોદય પહેલાં વહોર્યું હોય તે 'ક્ષેત્રાતીત' હોવાથી સાધુને ખાવું–પીવું ન કલ્પે, એમ શાસ્ત્રવચન છે. (૧) બે કોશ (ગાઉ)ની અન્દરથી લાવેલું અશનાદિ સાધુને કલ્પે, તે ઉપરાન્ત દૂરથી લાવેલું 'માર્ગાતીત' હોવાથી અકલ્પ્ય છે. (૨) પહેલા પ્રહરમાં લીધેલું અશનાદિ સાધુને દિવસના ત્રણ પ્રહર પૂર્ણ ન થાય ત્યાં સુધી વાપરવું કલ્પે, તે પછી તે 'કાલાતીત' હોવાથી ન કલ્પે (૩)"

એમ અહીં સુધી પિણ્ડવિશુદ્ધિનું પ્રતિપાદન કર્યું. પ્રવાહી છતાં પાણીને પણ સિદ્ધાન્તની પરિભાષાથી પિણ્ડ કહેવાય છે. તે માટે કહ્યું છે કે–

"पिंडो देहो भन्नइ, तस्सयऽवट्ठंभकारणं दव्वं ।
एगंमणेगं पिंडं, समयपसिद्धं विआणाहि ॥" यतिदिनचर्या–१८५॥

**ભાવાર્થ**–"પિણ્ડ શબ્દનો અર્થ 'દેહ (કાયા)' કહેવાય છે, અને તેને આધાર આપનાર કારણરૂપ દ્રવ્યોને પણ કારણમાં કાર્યના ઉપચારથી પિણ્ડ કહેવાય છે. તે પિણ્ડ સિદ્ધાન્તની પરિભાષાથી (શૈલીથી) અશન–પાન–ખાદિમ વિગેરે અનેક પ્રકારનો જાણવો."

---

૧૧૩–પૂર્વકાળે ધોવણ વિગેરેનાં પાણી વહોરવાનો પણ વ્યવહાર હતો, તે અપેક્ષાએ તેવા પાણીને નીતારી–શુદ્ધ કરવા, કે કોઈ ત્રસ જીવ તેમાં પડ્યો હોય તો તેને બચાવી લેવા માટે એ રીતે પાણીને જુદા પાત્રમાં કાઢી શુદ્ધ કરવાની આવશ્યકતા રહેતી, તે અપેક્ષા અહીં સમ્ભવિત છે. વિશેષ ગીતાર્થ ગમ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે. શય્યા (વસતિ-મકાન) ની શુદ્ધિ જણાવીએ છીએ. તે શુદ્ધિ બે પ્રકારની છે, એક મૂલગુણશુદ્ધિ અને બીજી ઉત્તરગુણશુદ્ધિ. તેમાં એક ઘરનો પૃષ્ઠવંશ (મોભનું) મધ્ય તિર્છું લાકડું, બે તેને ધારણ કરનારા ઉભા થાંભા, અને ચાર બાજુ મૂળવળીયો, એક એક થાંભા સાથે જોડેલાં બે બાજુ બે બે હોય તે (દોરીયાં), એ સાત ઘરના મૂળ (આધાર ભૂત હોવાથી મૂળ) ગુણો કહેવાય. (↑ ↑ સ્થાપના) તે જે મકાનમાં ગૃહસ્થે પોતાને માટે કરેલાં હોય તે વસતિ મૂળગુણશુદ્ધ કહેવાય. કહ્યું છે કે—

" पिट्ठीवंसो दो धारणाओ, चत्तारि मूलवेलीओ ।
मूलगुणेहि विसुद्धा, साहूण अहागडा वसही ॥" यतिदिनचर्या-१९१॥"

**ભાવાર્થ**—" મોભ, તેની નીચેના બે થાંભા, અને મોભની સાથે જોડેલી બે છેડાની બે બે બાજુની મળી ચાર મૂળવળીયો (દોરીયાં), એ સાત મૂળગુણદોષથી દૂષિત વસતિ સાધુને આધાકર્મિક કહી છે."

ઉત્તરગુણોના મૂળ અને ઉત્તર એમ બે પ્રકારો છે, તેમાં ૧-ઉપર છાપરા માટે તિર્છા નાખેલા વાંસ, ૨-તેની ઉપર છાજવા માટે નાખેલ (વાંસની) સાદડીઓ વિગેરેનું સર્વ બાજુએ ઢાંકણ, ૩-તેનું દોરડાંથી ગુંથણ, ૪-ઉપર દર્ભ વિગેરે સુકીવનસ્પતિથી કરેલું ઢાંકણ, ૫-સર્વત્ર લીંપણ, ૬-બારણું બનાવવું અને ૭-ભોંય તળીયું સરખું કરવું, એ સાત મૂળ ઉત્તરગુણો કહ્યા છે, ગૃહસ્થે એ પોતાને માટે જેમાં કર્યા હોય તે મકાન સાધુને મૂળઉત્તરગુણથી શુદ્ધ જાણવું. કહ્યું છે કે—

" वंसगकडणुक्कंडवण, छायणलेवणदुवारभूमी य ।
परिकम्मविप्पमुक्का, एसा मुलुत्तरगुणेसु ॥" यतिदिनचर्या-१९२ ॥

**ભાવાર્થ**—" ૧-વાંસ (ઉપર નાખેલા), ૨-છાજવા માટે નાખેલી વંજી (સાદડીયો), ૩-વાંસ અને વંજીનું દોરડાથી ગુંથણ (બંધન), ૪-(નળીયાંને સ્થાને) ઘાસનું ઢાંકણ, ૫-બાજુની ભીંતો વિગેરેનું લીંપણ, ૬-બારણું, ૭-ભુમી સરખી કરવી, એ કંઇ જેમાં સાધુને માટે ન થયું હોય તે વસતિ 'મૂળઉત્તરગુણ' શુદ્ધ જાણવી."[114]

એ સાત મૂળગુણોના અને સાત મૂળઉત્તરગુણોના મળી ચૌદ દોષો અવિશોધિકોટી (તે તે દોષિત ભાગ કાઢી નાખવા છતાં તે મકાન સાધુને રહેવા માટે શુદ્ધ ન ગણાય તેવા) કહ્યા છે. ઉત્તર ઉત્તરગુણોને વિશોધિકોટી કહ્યા છે, તે આ પ્રમાણે છે ૧-દૂમિતા, ૨-ધૂમિતા, ૩-વાસિતા, ૪-ઉદ્યોતિતા, ૫-બલીકૃતા, ૬-આવર્તા, ૭-સિક્તા, અને ૮-સંમૃષ્ટા, તેમાં જે ચુના વિગેરેથી સુવાસિત કરેલી હોય તે 'દૂમિતા,' કુન્દરૂક વિગેરેથી ધૂપથી અથવા પુષ્પો વિગેરેથી સુવાસિત કરેલી હોય તે 'વાસિતા', દીપક વિગેરેથી પ્રકાશવાળી કરેલી 'ઉદ્યોતિતા,' બળી વિગેરે ઉતાર મૂકયો હોય તે 'બલીકૃતા,' છાણ-માટી વિગેરેથી લીંપેલી 'આવર્તા,' માત્ર પાણી છાંટયું હોય તે 'સિકતા,' અને સાવરણી આદિથી સંમાર્જન (સાફ) કરેલી 'સંમૃષ્ટા' સમજવી.

૧૧૪-આ વર્ણન નાનાં ગામડામાં ઇંટનાં કે કેવળ માટીનાં ઘરોને ઉદ્દેશીને છે, એવાં મકાનો સાધુ-ધર્મમાં ઉપકારક છે એમ હવે પછી ગ્રન્થકાર જણાવશે. આ ગાથાઓ પઞ્ચવસ્તુકમાં થોડા પાઠાન્તરોવાળી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ કાર્યો સાધુને નિમિત્તે ગૃહસ્થે કરેલાં હોય તે વસતિ (મૂળ–ઉત્તર ગુણોથી)શુદ્ધ છતાં 'વિશોધિકોટી' દોષવાળી જાણવી.[११५]કહ્યું છે કે—

" दूमिय–धूमिय–वासिय, उज्जोइय–बलिकडा–अवत्ता य ।
सित्ता संमट्ठावि य, विसोहिकोडिं गया वसही ।।" यतिदिनचर्या० १९३।।

**ભાવાર્થ**—દૂમિતા, ધૂમિતા, વાસિતા, ઉદ્યોતિતા, બલીકૃતા, આવર્તા, સિક્તા, અને સંમૃષ્ટા વસતિ (નિર્દોષ હોય તો પણ) વિશોધિકોટી દોષને પામે છે."

તાત્પર્ય એ છે કે–ઉપર જણાવ્યા તે દોષોથી રહિત અને સ્ત્રી–પશુ–નપુંસક વિનાની વસતિ–(ઉપાશ્રય)નો સાધુએ સંયમ માટે ઉપયોગ કરવો. કહ્યું છે કે—

" मूलुत्तरगुणसुद्धं, थीपसुपण्डगविवज्जियं वसहिं ।
सेविज्ज सव्वकालं विवज्जए हुंति दोसा उ ।।" यतिदिनचर्या–१९४।।

**ભાવાર્થ**—મૂલ–ઉત્તર ગુણ શુદ્ધ અને સ્ત્રી–પશુ–પણ્ડકથી રહિત વસતિને (સાધુએ) વાપરવી, એથી વિપરીત વાપરતાં (સંયમમાં) દોષો થાય છે."

અહીં જે (ગામડાના માટીના ઘરના કે ઝુંપડીના વિભાગ કરીને) મૂળ–ઉત્તર ગુણો કહ્યા તેને અનુસારે ચતુઃશાલા (જેને ચારે બાજુ પડાળી હોય તેવી ચાર દિશાવાળી ધર્મશાળા) વિગેરેમાં પણ મૂલ–ઉત્તર ગુણોનો વિભાગ સ્વયં સમજી લેવો. અહીં ચતુઃશાળા વિગેરે મોટા મકાનની અપેક્ષાએ મૂળગુણ–ઉત્તરગુણોનો વિભાગ ન (કહેતાં ન્હાના ઝુંપડા કે માટીના ઘરની અપેક્ષાયે) કહ્યો તેમાં એ કારણ છે કે (વર્ણન વિસ્તૃત થવાથી) સ્વાધ્યાયમાં વિક્ષેપ થાય, વળી સાધુઓને પ્રાયઃ નાનાં ગામો વિગેરેમાં રહેવાનો સંભવ હોવાથી અને ત્યાં (ઉપર જણાવ્યાં તેવાં) મોભ વિગેરેથી યુક્ત મકાનનો વિશેષ સંભવ હોવાથી તેવી વસતિનું અહીં સાક્ષાત્ વર્ણન કર્યું છે. કહ્યું પણ છે કે—

" चाउसालाईए, विण्णेओ एवमेव उ विभागो ।
इह मूलाइगुणाणं, सक्खा पुण सुण ण जं भणिओ ।।७१०।।
विहरंताणं पायं, समत्तकज्जाण जेण गामेसुं ।
वासो तेसु अ वसही, पिट्ठाइजुआ अओ तासिं ।।७११।।" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**—એ પ્રમાણે ચતુઃશાલાદિમાં પણ (મૂળ–ઉત્તર ગુણનો) વિભાગ સ્વયં સમજી લેવો. અહીં તેને સાક્ષાત્ નહિ કહેવાનું કારણ સાંભળ! (૭૧૦). પ્રાયઃ (પોતાના ગચ્છમાં જ શ્રુતજ્ઞાનાદિ કાર્યો સિદ્ધ થઈ શકે તેમ હોવાથી) અન્યત્ર જવાનું જેને પ્રયોજન નથી તેવા વિચરતા સાધુઓને પ્રાયઃ નાનાં ગામડાંમાં રહેવાનું હોય છે અને ત્યાં મકાનો ઉપર જણાવ્યાં તેવાં 'મોભ' વિગેરેથી યુક્ત (ન્હાનાં) હોય છે, માટે તેનો વિશેષ ઉપયોગ થવો સંભવિત હોઇ અહીં તેવાં મકાનોનું વર્ણન કર્યું. (૭૧૧)"

૧૧૫–ધોળેલો ચુનો વિગેરે ઉતરી જવાથી, ધૂપની ગન્ધ કે પુષ્પો વિગેરેની સુવાસ નીકળી જવાથી, પ્રકાશ બન્ધ કરવાથી, બલી ઉઠાવી લેવાથી, લીંપણ જુનું થવાથી, છાંટેલું પાણી સુકાઈ જવાથી, અને સાધુએ પુનઃ સ્વયં પ્રમાર્જન કરવાથી તે તે લગાડેલા દોષો ટળી જાય માટે તે 'વિશોધિકોટી' કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી નિર્દોષ વસતિ પણ 'નગર-ગામ' વિગેરેમાં જ્યાં રહેવાનું થાય તે ગામ અથવા નગરની સ્વબુદ્ધિથી 'એક આગળનો પગ લાંબો કરીને પૂર્વસન્મુખ ડાબા પડખે બેઠેલા વૃષભ જેવી કલ્પના કરીને કલ્પેલા તે વૃષભરૂપ નગર-ગામના પ્રશસ્ત પ્રદેશોમાંથી મેળવવી. કહ્યું છે કે-

" नगराइएसु घिप्पइ, वसहीं पुव्वामुहं ठविअ वसहं ।
वामकडीइ निविट्ठं, दीहीकयं अग्गिमिक्कपयं ॥" यतिदिनचर्या-१९५॥

**ભાવાર્થ**—" આગળનો એક પગ લાંબો કરીને, ડાબા પડખે, પૂર્વ દિશા સન્મુખ, બેઠેલા આકારવાળા વૃષભ જેવી નગર-ગામ વિગેરેની કલ્પના કરીને તેના પ્રશસ્ત પ્રદેશો જ્યાં આવે તે પ્રદેશોમાંથી વસતિ ગ્રહણ કરવી."

દુષ્ટ પ્રદેશમાં રહેલી વસતિ મેળવી તેમાં વાસ (ઉતારો) કરવાથી દુઃખ આવી પડે છે, માટે તે તે પ્રદેશોમાં રહેલું મકાન સાધુએ વર્જવું. કહ્યું છે કે-

" सिंगक्खोडे कलहो, ठाणं पुण होइ नेव चलणेसुं ।
अहिठाणि पुट्ठ(ट्ट) रोगो, पुच्छंमि य फेडणं जाण ॥७६॥
मूहमूलंमि य चारी, सिरे य कउहे य पूयसक्कारो ।
खंधे पिट्ठीइ भारो, पेट्टंमि य धायओ वसहो ॥७७॥", ओघनि० भाष्य० ॥

**ભાવાર્થ**-ગામ કે નગરના કલ્પેલા તે વૃષભરૂપના શીંગડાંના પ્રદેશમાંની વસતિ મેળવી તેમાં રહેવાથી કલહ થાય, પગના પ્રદેશની વસતિમાં સ્થાન સ્થિરતા ન થાય (વિહાર તુર્ત કરવો પડે), અધિસ્થાન (અપાન) પ્રદેશની વસતિમાં રહેનાર સાધુઓને પેટનો રોગ થાય, પુચ્છ-પ્રદેશમાંની વસતિમાં રહેવાથી તે વસતિનો નાશ થાય, (અર્થાત્ બીજા મનુષ્યો કબજે કરે.) મુખના પ્રદેશમાંની વસતિમાં રહેવાથી ભોજનની પ્રાપ્તિ સારી થાય, બે શિંગડાં વચ્ચે મસ્તક ઉપરના તથા કકુદ (ખભાની ખાંધના) પ્રદેશમાં રહેલી વસતિમાં ઉતરવાથી લોકો તરફથી શ્રેષ્ઠ વસ્ત્ર-પાત્રાદિ મળવારૂપ પૂજા તથા માન-સન્માન-વિનયાદિ સત્કાર થાય, ખાંધ કે પીઠ (વાંસા)ના પ્રદેશમાં આવેલી વસતિમાં રહેવાથી ભાર વધે, (અર્થાત્ અન્યાન્ય ગામોથી આવેલા સાધુઓથી મકાન ભરાઈ જાય) અને પેટના પ્રદેશમાં રહેલી વસતિમાં વાસ કરવાથી તેમાં રહેલો સાધુ-વર્ગ ધરાય-તૃપ્ત થાય. (અર્થાત્ સંયમોપયોગી સર્વ સામગ્રી મળે)[૧૧૬]

૧૧૬-જૈન શાસ્ત્રોમાં કહેલો દ્રવ્ય, ક્ષેત્ર અને કાલની સાથે ભાવનો કેવો સમ્બન્ધ છે તે આ હકિકતથી પણ સમજાય તેવું છે. માત્ર જૈનદર્શન નહિ, અન્યદર્શનોએ પણ આ માન્યતા સ્વીકારેલી છે. અષ્ટાઙ્ગ નિમિત્તશાસ્ત્રની મહત્તાને સર્વ કોઈએ કબૂલ રાખી હોય તો તેમાં નિમિત્તો ભાવનું કારણ બને છે એ જ એક હેતુ રહેલો છે. આજે શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા નહિ ધરાવનારો વર્ગ પણ શકુનનાં, શરીર પરની રેખાઓ-મસ કે તલ વિગેરેનાં અને જ્યોતિષચક્રના ગ્રહ-નક્ષત્રાદિ ચારના (મુહૂર્તના) બળાબળનાં, એમ વિવિધ ફળોને પોતાના ઐહિક સુખના ઉપાય રૂપે સ્વીકારે છે, તે એ વાતને માન્ય રાખે જ છે. જ્યાં સુધી જીવને જડ શરીર કે તેના કારણ ભૂત કર્મોનો સંબન્ધ છે ત્યાં સુધી જડનિમિત્તોની શુભાશુભ અસર તેના આત્મા ઉપર થાય એ વાત શ્રીસર્વજ્ઞભગવંતોએ પોતાના નિર્મળ જ્ઞાનથી જોઇને જગતની સામે તેનું નિરૂપણ કરેલું છે. ગૃહસ્થજીવનમાં કે સાધુ જીવનમાં સુખનો અર્થી આત્મા તેનો આદર કરે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુઓને રહેવાનું સ્થાન સંયમમાં અતિઉપકારક હોવાથી તેઓને રહેવા માટે સ્થાન આપનાર દાતારને પણ મોટું ફળ મળે છે. કહ્યું છે કે-

"जो देइ उवस्सयं मुणि-वराण तवनाणजोगधारीणं ।
तेणं दिण्णा विच्छिण्ण-पायसयणासणविगप्पा ॥१॥
जं तत्थ ठिआण भवे, सव्वेसिं तेण तेसिमुवओगो ।
रक्खण परिपालणा विअ, ओदिन्ना एव ते सव्वे ॥२॥
सीआयवचोराणं, दंसाणं तहय वालमसगाणं ।
रक्खंतो मुणिवसहे, सुरलोगसुहं समज्जिणइ ॥३॥"

**ભાવાર્થ**—"તપ અને જ્ઞાન વિગેરે સંયમ યોગોના સાધક એવા મુનિવરોને જે ગૃહસ્થ રહેવા માટે ઉપાશ્રય (મકાન) આપે, તેણે વસ્તુતઃ પાત્ર, શયન, આસન, (આહાર-પાણી,) વિગેરે સઘળું સમ્પૂર્ણ આપ્યું સમજવું. (૧) કારણ કે-તે સઘળી વસ્તુઓ સાધુઓ બીજેથી માગીને લાવે તો પણ તેનું રક્ષણ, સંભાળ, કે ઉપયોગ તે મકાનમાં રહેવાથી (મકાનની સહાયથી) કરી શકે, માટે મકાન આપનારે સઘળું આપ્યું સમજવું. (૨) ઠંડી, તાપ, ચોર, ડાંસ, સર્પ, મચ્છર વિગેરે ઉપદ્રવકારી પ્રસંગોથી પણ (આશ્રય આપીને) મુનિવરોનું રક્ષણ કરતો ગૃહસ્થ વસતિ (રહેઠાણ) આપવાથી તેના ફળરૂપે દેવલોકનાં સુખોને પ્રાપ્ત કરે છે." (૩)

એ શય્યાની (ઉપાશ્રય-મકાનની) શુદ્ધિ કહી. હવે **વસ્ત્રની વિશુદ્ધિ** કહેવાય છે.

વસ્ત્રના ૧-એકેન્દ્રિય, ૨-વિકલેન્દ્રિય(બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા)અને ૩-પઞ્ચેન્દ્રિય, એમ ત્રણ પ્રકારના જીવોના શરીરના અવયવાદિથી બનેલું વસ્ત્ર પણ ત્રણ પ્રકારનું કહ્યું છે. તેમાં કપાસ (રૂ), શણ, વિગેરેથી બનેલું સૂત્રાઉ કે શણીયું વિગેરે પહેલા પ્રકારમાં, કોશેટા વિગેરેના અવયવોનું બનેલું (સાધુને કોઈ વિશેષ કારણે જ લઈ શકાય તે) રેશમી વસ્ત્ર બીજા પ્રકારમાં અને ઘેટાં વિગેરેની ઊન-વાળ વિગેરેથી બનેલું કામળી, આસન, વિગેરે ત્રીજા પ્રકારમાં સમજવું. એ ત્રણેના પણ ૧-યથાકૃત, ૨-અલ્પપરિકર્મ અને ૩-બહુપરિકર્મ, એમ ત્રણ ત્રણ ભેદો થાય છે. જે સીવણ વિગેરે કંઈ પણ ક્રિયા કર્યા વિનાનું સળંગ એક પટ્ટરૂપ મળે તે **યથાકૃત**, એકવાર ફાડેલું-સીવેલું હોય તે **અલ્પપરિકર્મ** અને ઘણી ક્રિયાવાળું-અનેક કકડાથી સાંધેલું વિગેરે **બહુ-પરિકર્મ** જાણવું. એ ત્રણેમાં ઉત્તરોત્તર બહુપરિકર્મથી અલ્પપરિકર્મ, અને અલ્પપરિકર્મથી યથાકૃત શુદ્ધ છે, તેથી પૂર્વ પૂર્વનું ન મળે તો જ ઉત્તરનું લેવું. આવું પણ જે વસ્ત્ર સાધુને માટે ખરીદ કર્યું-કરાવ્યું ન હોય, કે બનાવ્યું-બનાવરાવ્યું ન હોય, તેવું નિર્દોષ લેવું. કહ્યું છે કે-

જ ઈષ્ટ સુખને મેળવી શકે. ઐહિક સુખને ગૌણ માનનારા આત્મશુદ્ધિના એક લક્ષ્યવાળા સાધુ જીવનમાં પણ ભાવધર્મરૂપ આત્મશુદ્ધિ માટે એની આવશ્યકતા કેટલી છે ? તે ઉપર્યુક્ત શાસ્ત્રીય વચનોથી સમજાય છે. પૂર્વર્ષિઓએ અતિ પ્રયત્ન પૂર્વક પાલન કરેલા અને વારસામાં આપેલા સાધુજીવનની પવિત્રતા અબાધિત રહે તે માટે સ્વ-પર કલ્યાણના અર્થીએ આ વિધાનો પ્રત્યે આદર કેળવીને યથાશક્ય પાલન કરવું, તેમાં પોતાની જ નહિ, શાસનની અને શાસનના આરાધકોની પણ સેવા છે, ઉપરાન્ત શ્રીતીર્થંકરદેવોની પણ સેવા છે. આગળ કહેવાશે તે વસ્ત્ર-પાત્ર વિગેરેનાં શુભાશુભ લક્ષણો અને તેનાં ફળોને અંગે પણ આ ન્યાયને સમજી તેની મહત્તાનો ખ્યાલ કરવો, તે સંયમ માટે હિતકર છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" जं न तयट्ठा कीअं, नेअ वुअं जं न गहिअमन्नेसिं ।
आहडपामिच्चं चिअ, कप्पए साहुणो वत्थं ॥" प्रवचनसारोद्धार-८४९॥

**ભાવાર્થ**—જે વસ્ત્ર સાધુને માટે ખરીદ્યું ન હોય, વણ્યું કે ગુંથ્યું ન હોય, અને દાતાએ પુત્રાદિનું બલાત્કારે લીધેલું કે બીજાઓનું ચોરી વિગેરેથી લાવેલું ન હોય, તે સાધુને લેવું કલ્પે, પણ જે બીજેથી (પરગામથી) વહોરાવવા માટે સામે લાવેલું, કે દુકાન વિગેરે અન્ય સ્થાનેથી લાવતાં સાધુ જોઈ શક્યા ન હોય તેવું લેવું ન કલ્પે, લાવતાં જોઈ શકાયું હોય તો કલ્પે, સાધુને વહોરાવવા માટે બીજું તેવું પાછું આપવાની કબૂલાતથી બીજાનું ઉધાર લાવેલું ન હોય તે પણ લેવું કલ્પે.

વસ્ત્રમાં પણ અવિશોધિકોટી અને વિશોધિકોટી એ બે કોટી જાણવી જોઇએ. તેમાં જે મૂળથી સાધુ માટે વણ્યું કે વણાવ્યું હોય, ઇત્યાદિ અવિશોધિકોટી દોષવાળું ગણાય, માટે તેવું વસ્ત્ર ન લેવાય. સાધુને વહોરાવવા માટે ધોએલું-રંગેલું વિગેરે વિશોધિકોટી કહેવાય, (નિર્દોષ ન મળે તો તે લઈ શકાય.) એમ પહેલાં વસ્ત્ર જાણવું જોઇએ અને કલ્પ્ય હોય તો પણ લેતાં પહેલાં તેને બે હાથે બે છેડા (ખૂણા) પકડીને જોઈ લેવું જોઇએ. કારણ કે-કદાચ છેડે ગૃહસ્થે મણિ-મુદ્રાદિક કંઈ બાંધ્યું હોય તો ચોરી વિગેરેનું કલંક આવે. માટે સ્વયં જોઇને ગૃહસ્થને પણ બરાબર દેખાડીને લેવું જોઇએ. તે પછી તે વસ્ત્ર 'અઞ્જન-ખઞ્જન અને લિપ્ત' વિગેરે વિભાગવાળું હોય તો તે લેવામાં શુભાશુભ પરિણામ (ફળ)નો વિચાર કરવો જોઇએ. કહ્યું છે કે-

" अंजणखंजण [कद्दम] लित्ते, मूसगभक्खिअ अग्गिदड्ढो अ ।
तुन्निय कुट्टिअ पज्जवलीढे(ढो)होइ विवागो सुह असुहो वा॥८५०॥
नवभागकए वत्थे, चउरो कोणा य दुन्नि अंता य ।
दो कन्नावट्टीओ, मज्झे वत्थस्स एगं तु ॥८५१॥
चत्तारी देवया भागा, दुवे भागा य माणुसा ।
आसुरा य दुवे भागा, एगो पुण जाण रक्खसो ॥८५२॥
देवेसु उत्तमो लाभो, माणुसेसु अ मज्झिमो ।
आसुरेसु अ गेलन्नं, मरणं जाण रक्खसे ॥८५३॥" (प्रवचनसारोद्धार)

**ભાવાર્થ**—"આંખનો સુરમો કે તેલનું કાજળ વિગેરે અઞ્જનવાળું, દીવાની મેંશ કે કાજળ વિગેરે ખઞ્જનવાળું અને પઙ્ક એટલે કાદવ ઇત્યાદિથી વસ્ત્ર ખરડાયેલું હોય, ઉંદર-કંસારી, વિગેરેએ ખાધેલું (કરડેલું) હોય, અગ્નિથી બળેલું હોય, તુણનારે તુણેલું હોય, ધોબીયે ધોતાં કૂટવાથી છિદ્રો પડેલું હોય અને અતિજીર્ણ થવાથી બીજા બીજા (ખરાબ) વર્ણના ટુકડાઓથી સાંધેલું હોય, એવું વસ્ત્ર લેવાથી શુભ-અશુભ ફળ આપે છે. અર્થાત્ વસ્ત્રના નવ ભાગ કલ્પીને જોતાં તેના અમુક ભાગોમાં એ દોષો હોય તો શુભ અને અમુક ભાગોમાં હોય તો અશુભ ફળ આપે છે. એ ભાગો વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે-વસ્ત્રના સ્વકલ્પનાથી ચાર ખૂણાના ચાર ભાગો, છેડાના બે ભાગો, કીનારીના મધ્યના બે ભાગો, અને એક વસ્ત્રનો મધ્ય ભાગ, એમ કુલ નવ ભાગો કલ્પવા, તેમાં ખૂણાના ચાર ભાગોને દીવ્ય, છેડાના (દશીઓના)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યના બે ભાગોને માનુષ્ય, કીનારીના મધ્યના બે ભાગોને આસુરી અને મધ્યના એક ભાગને રાક્ષસ કહ્યો છે. (જુઓ સ્થાપના બાજુમાં). એ ભાગોમાં અનુક્રમે દીવ્ય ભાગમાં અઞ્જનાદિ

| | | |
|---|---|---|
| દીવ્ય | આસુરી | દીવ્ય |
| માનુષ્ય | રાક્ષસ | માનુષ્ય |
| દીવ્ય | આસુરી | દીવ્ય |

ડાઘ (લેપ) વિગેરે ઉપર જણાવેલાં પૈકીનું કોઈ દૂષણ હોય તો તે વસ્ત્ર લેવાથી સાધુને વસ્ત્ર-પાત્રાદિનો સુન્દર (ઉત્તમ) લાભ થાય, માનુષ્ય ભાગમાં દૂષિત હોય તો મધ્યમ લાભ થાય, આસુરી ભાગમાં દૂષિત હોય તો મુનિઓને બીમારી થાય અને રાક્ષસ ભાગ-(મધ્ય)માં દૂષિત હોય તો મરણ થાય. "

એમ શુભાશુભ ફળનો વિચાર કરીને શુભફળવાળું વસ્ત્ર લેવું. મૂલ્યની અપેક્ષાએ અઢાર રૂપીઆથી ઓછા મૂલ્યવાળું લેવું. પઞ્ચકલ્પબૃહદ્ભાષ્યમાં (સ્થવિરકલ્પના અસ્થિતકલ્પમાં) કહ્યું છે કે–

" ऊणगअट्ठारसगं, वत्थं पुण साहुणो अणुण्णायं ।
इत्तो व(अ)इरित्तं पुण, नाणुण्णायं(तं) भवे वत्थं ॥" क्रमाङ्क–२०६६॥

**ભાવાર્થ**–" સાધુને અઢાર રૂપીયાથી ન્યૂન મૂલ્યવાળું વસ્ત્ર લેવાની અનુજ્ઞા છે, તેનાથી ભિન્ન(અધિક) મૂલ્યવાળું વસ્ત્ર લેવાની આજ્ઞા નથી "

અહીં રૂપીયો કોને કહેવો ? તેનું પ્રમાણ અન્ય ગ્રન્થોમાંથી[૧૧૭] જાણી લેવું. એ વસ્ત્રશુદ્ધિ કહી.

હવે **પાત્રશુદ્ધિ** કહીએ છીએ. પાત્ર તુંબડાનું, લાકડાનું અને માટીનું, એમ ત્રણ પ્રકારનું સાધુને કલ્પનીય છે, તે પણ 'આધાકર્મ' આદિ દોષોથી રહિત-નિર્દોષ હોવું જોઇએ. કહ્યું છે કે–

" तुंबयदारुअमट्टिअ–पत्तं कम्माइदोसपरिसुद्धं ।
उत्तमम[ज्झ]ज्झिमजहन्नं, जईण भणियं जिणिंदेहिं ॥२०४॥
दारुमयं लाबुमयं, अहवा गिण्हिज्ज मट्टियामइअं ।
कंसमयं तंबमयं, पत्तं वज्जे अकप्पं ति ॥२०५॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**–" સાધુઓને શ્રીજિનેશ્વરોએ 'આધાકર્મ' વિગેરે દોષોથી રહિત તુંબડાનું, લાકડાનું અને માટીનું પાત્ર અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને જઘન્ય કહ્યું છે. માટે તુંબડાનું, લાકડાનું અથવા માટીનું પાત્ર ગ્રહણ કરવું, કાંસાનું અને તાંબાનું (વિગેરે) અકલ્પ્ય હોવાથી વર્જવું."

તે પણ સારા લક્ષણવાળું લેવું, લક્ષણ વિનાનું નહિ. કહ્યું છે કે–

[" पायस्स लक्खणमलक्खणं च भुज्जो इमं विआणित्ता ।
लक्खणजुत्तस्स गुणा, दोसा य अलक्खणस्स इमे ॥" ६८५॥]
वट्टं समचउरंसं, होइ थिरं थावरं च वण्णं च ।
हुंडं वायाइद्धं, भिन्नं च अधारणिज्जाइं ॥६८६॥ (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–"પાત્રનાં લક્ષણો અને અલક્ષણોને પુનઃ પુનઃ જોઇને લક્ષણવાળું હોય તે ગ્રહણ કરવું. સલ્લક્ષણના ગુણો અને અલક્ષણના દોષો આ પ્રમાણે છે (૬૮૫). ચારે બાજુ સરખું ગોળ,

૧૧૭–દીવના બે રૂપીયાનો ઉત્તરાપથનો એક રૂપીયો, તેવા બે રૂપીયાનો પાટલીપુત્ર (પટના)નો એક રૂપીઓ. અથવા દક્ષિણાપથના બે રૂપીયાનો કાઞ્ચીપુરીનો એક, અને તેવા બે રૂપીયાનો પાટલીપુત્રનો એક રૂપીયો, એવા અઢાર રૂપીયા સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પણ સ્થિર સારી બેઠક(પડઘી)વાળું, તે પણ કાયમી, અર્થાત્ પારકું અમુક કાળ પછી પાછું આપવાનું હોય તેવું નહિ અને સ્નિગ્ધ (ટકાઉ) વર્ણવાળું, એવું પાત્ર સુલક્ષણ હોવાથી લેવું. જે અમુક ભાગમાં ઉંચું, અકાળે (કાચું) સુકાયેલું હોવાથી વળીયાં પડેલું અને ભાગેલું-રાજી(તરડ)વાળું કે છિદ્રોવાળું-કાણું હોય, એવું પાત્ર ગ્રહણ કરવું નહિ." (૬૮૬).

લક્ષણવન્ત પાત્રનું ફળ આ પ્રમાણે કહેલું છે કે-

" संठिअंमि भवे लाभो, पइट्ठा सुपइट्ठिए ।
निव्वणे कित्तिमारोग्गं, वण्णड्ढे नाणसंपया ।।" (ओघनि० ६८७)

**ભાવાર્થ**-"ચારે બાજુ સરખું ગોળ પાત્ર રાખવાથી લાભ થાય છે, સારી બેઠક(પડઘી)-વાળા પાત્રથી ગચ્છમાં પ્રતિષ્ઠા વધે છે, નખ વિગેરેથી વ્રણ (ઘા વિગેરે) ન લાગ્યા હોય તેવા પાત્રથી કીર્તિ અને આરોગ્ય વધે છે, અને સારા રહ્ગવાળા પાત્રથી જ્ઞાનરૂપી સંપત્તિ વધે છે."

અલક્ષણવાળા પાત્રનું ફળ કહેલું છે કે-

" हुंडे चरित्तभेदो, सबलंमि य चित्तविब्भमं जाण ।
दुप्प(प्पु)ए खीलसंठाणे, गणे चरणे च नो ठाणं ।।६८८।।
पउमुप्पले अकुसलं, सव्वणे वणमादिसे ।
अंतो बहिं च दड्ढंमि(ड्ढे), मरणं तत्थ निद्दिसे ।।६८९।। (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-"નીચા ઉંચા પાત્રથી ચારિત્રનો વિનાશ થાય, એક પાત્રના (કાષ્ઠાદિમાં) ભિન્ન ભિન્ન વર્ણ હોય તો તેવાથી ચિત્તવિભ્રમ થાય, નીચે બેઠક(પડઘી) વિનાનું તથા ખીલાની જેમ ઉંચા ઘાટ વાળું હોય તો તે પાત્રવાળા સાધુની ગચ્છમાં અને ચારિત્રમાં સ્થિરતા ન થાય. વળી પાત્રની નીચે પદ્મ-કમળનો આકાર હોય તો અકુશળ, ચાંદાં-ડાઘ(ક્ષત)વાળું હોય તો વાપરનાર સાધુને પણ વ્રણ (ક્ષત) થાય અને અન્દર કે બહાર દગ્ધ (બળેલું) હોય તો મરણ થાય. એમ જાણવું."

એ પાત્રશુદ્ધિ કહી. લેપની (પાત્રના રંગની) એષણા તો પાત્રની એષણામાં (શુદ્ધિમાં) જ આવી જાય છે, એથી જુદી જણાવી નથી. કહ્યું છે કે-

" पायग्गहणंमि देसिअंमि, लेवेसणावि खलु वुत्ता ।
तम्हा आणयणा लिंपणा य पायस्स जयणाए ।।१।।" (ओघनिर्युक्ति-३७५)

**ભાવાર્થ**-પાત્રને ગ્રહણ કરવાના ઉપદેશની સાથે લેપ લાવવો, પાત્રને લગાડવો, ઈત્યાદિ પણ કહ્યું જ સમજવું, માટે લેપ જયણાથી લાવવો અને પાત્રને વિધિથી લીંપવાં. તેનો વિધિ આ પ્રમાણે છે-

" दुविहा य हुंति पाया, जुन्ना य णवा य जे उ लिप्पंति ।
जुन्ने दाएऊणं, लिंपइ पुच्छा य इयरेसिं ।।१।।" (ओघनिर्युक्ति-३७७)

**ભાવાર્થ**-"રંગવાનાં પાત્રો જુનાં અને નવાં એમ બે પ્રકારનાં હોય, તેમાં જુનાં ગુરુને 'આ રંગવા યોગ્ય છે કે નહિ?' એમ બતાવીને તેઓની અનુમતિથી રંગવાં, અને નવાં માટે 'આ રંગવાનાં છે કે રાખી મૂકવાનાં' એમ પૂછવું. (આદેશ મળે તો જ રંગવાં)."

રંગવાનું કાર્ય સવારે જ કરવું કે જેથી જલ્દી સુકાય. લેપ (માટે ગાડાની મળી) વસ્ત્રથી સારી રીતે બાંધેલા શરાવ(કોડીયાં)ના સમ્પુટમાં લાવવો. કહ્યું છે કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" पुव्वण्हे लेवदाणं, लेवग्गहणं सुसंवरं काउं ।
लेवस्स आणणा लिंपणा य जयणाविहिं वोच्छं ॥" ओघनि०३७९॥

**ભાવાર્થ**–"લેપ (રંગ) પૂર્વાહ્ને (સવારે) કરવો, લેપ વસ્ત્રથી સારી રીતે બાંધેલા, ઉપર નીચે ઢાંકેલા શરાવ સમ્પુટમાં ગ્રહણ કરવો. હવે લેપને લાવવાનો તથા પાત્રને લેપવાનો વિધિ કહીશું."

તે વિધિ આ પ્રમાણે છે–પાત્રને લેપ કરવા ઈચ્છતો સાધુ તે દિવસે ઉપવાસ કરે, કે જેથી પાત્રની જરૂર ન રહેવાથી લેપ સારી રીતે કરી શકાય. તેવી શક્તિ ન હોય તો સવારે જ (આહારનું કામ પતાવવા પૂર્વના દિવસની કલ્પ્ય વસ્તુ લાવીને) ભોજન કરી લે, (એમ સવારે આહાર ન મળે તો બીજા સાધુઓ લાવી આપે તે વાપરે.) પછી લેપ લેવા માટે જતાં પહેલાં ગુરૂને વાંદીને અનુજ્ઞા માગે, ગુરૂ અનુજ્ઞા આપે ત્યારે પૂછે કે હું લેપ લાવીશ તેનું આપને પણ પ્રયોજન છે? એમ બીજા સર્વ સાધુઓને પણ પૂછે. તેઓ પોતાની આવશ્યકતા પ્રમાણે મંગાવે તેટલા પ્રમાણમાં લાવવાનું કબૂલ કરે, પછી ઉપયોગનો એક નવકારનો કાઉસ્સગ્ગ, ઉપર પ્રગટ નવકાર, વિગેરે ઉપયોગનો વિધિ કરીને પોતે વસ્ત્ર–પાત્રાદિ લાવવાના વિધિનો જાણ–ગીતાર્થ હોય તો લેપ લેવા માટે શરાવસમ્પુટ (બે કોડીયાં) અને લેપને ઢાંકવા માટે રૂ ગૃહસ્થને ત્યાંથી મેળવે, સ્વયં તે મેળવવામાં અનુભવી–ગીતાર્થ ન હોય તો બીજા ગીતાર્થ લાવી આપે તે લઈને તેમાં છાર (ભસ્મ) ભરીને જાય, (જ્યાં) શરાવમાં લેપ લે, ત્યાં લેપ ઉપર એક કપડાનો ચીરો (ટુકડો) મૂકીને તેમાં ત્રસ જીવો ન ચઢે (મરે) તે માટે રૂ મૂકી ઉપર ભસ્મ (રક્ષા) નાખે. એ રીતે લેપ લેવાની બધી સામગ્રી લઈને જાય, ગાડાંની પાસે જઈને જે ગાડામાંથી લેપ (પૈડાંની મળી) લેવાનો હોય, તેના માલીકની અનુજ્ઞા મેળવે, (લેપ શય્યાતરના ગાડાનો પણ લઈ શકાય,) કડવો મીઠો લેપ જાણવા માટે નાકથી સુંઘીને ગન્ધથી કડવી–મીઠી મળીનો નિર્ણય કરે, કડવા તેલનો (કડવો) લેપ પાત્ર ઉપર ટકે નહિ, ઉતરી જાય, માટે તે નહિ લેતાં મીઠા તેલનો લેવો. ગાડું પણ લીલી વનસ્પતિ કે સચિત્ત બીજ વિગેરે ઉપર ન હોય, ત્યાં ભમતા–ઉડતા જીવો (મરવાનો ભય) ન હોય, મહાવાયુ ન હોય, કે આકાશમાંથી ધુમ્મસ ન પડતી હોય, તો લેપ લેવાય. તે પણ જરૂર જેટલો લેવો–વધારે નહિ, એ રીતે યોગ્ય સ્થળેથી ગાડાનો લેપ લઈને ઉપર વસ્ત્રનો ટુકડો, પછી રૂ, અને રૂની ઉપર ભસ્મ દાબીને (ઉપર બીજું શરાવ ઢાંકીને) વસ્ત્રથી તે સંપુટને બાંધીને ગુરૂ પાસે આવી ઈરિ૦ પ્રતિક્રમણ કરીને લેપની આલોચના કરે. (કેવી રીતે કયાંથી લાવ્યો વિગેરે ગુરૂને જણાવે.) પછી ગુરૂને વિનંતિ કરીને પોતાનું પાત્ર લીંપે.

પાત્ર લીંપવાનો વિધિ આ પ્રમાણે છે–(લેપની પોટલી બનાવવા માટે) પાત્ર ઉંધું કરીને તેની ઉપર વસ્ત્રનો એક કકડો પાથરી, તેમાં રૂનું પડ પાથરી પછી તેમાં લેપ નાખીને તેની પોટલી બનાવીને તે પોટલીને અગૂઠો, તર્જની અને મધ્યમા, એ ત્રણ આંગળાંથી પકડે, એ રીતે પકડેલી પોટલીના જાડા વસ્ત્રના ટુકડામાંથી નીકલતા લેપના રસથી પાત્રને લેપ કરે. લીંપવાનાં એક, બે કે ત્રણ પાત્રોને લીંપીને આંગળીથી ઘસીને કોમળ (સુંવાળાં) કરે, તેમાં પણ એક પાત્રને ખોળામાં મૂકીને બીજાને આંગળીથી ઘસે, એમ વાર વાર એક કે બે પાત્રોને ખોળામાં મૂકીને એક પાત્રને લઈને ઘસે, પાછું તેને ખોળામાં મૂકીને બીજું ખોળામાંથી લઈ તેને ઘસે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ ઘસાએલું ખોળામાં મૂકી બીજું ઘસવા લે, વારા પ્રમાણે બદલીને દરેકને આંગળીથી ઘસતો રહે. જો એક જ પાત્ર ઉત્કૃષ્ટ (તલના તેલની ગાડાની મળીના) લેપથી લેપ્યું હોય તો તે સુકાય ત્યારે તે જ દિવસે પણ તેમાં પાણી લાવી શકાય. પાત્ર રંગનાર ઉપવાસી હોય તેનો આ વિધિ કહ્યો. હવે જો સ્વયં ઉપવાસી છતાં ગ્લાન વિગેરે બીજા સાધુઓની વૈયાવચ્ચ કરનારો (તેવા અભિગ્રહવાળો) હોય ત્યારે તેનું રંગેલું પાત્ર નહિ સુકાવાથી તેને સુનું મૂકીને બહાર જવાય નહિ અને તે ગ્લાનાદિ સાધુઓ આહાર પાણીના અભાવે સીદાય ત્યારે, અથવા સ્વયં ઉપવાસ કરવા અશક્ત હોય ત્યારે શું કરે ? તે કહે છે કે-બીજા ઉપવાસી સાધુઓને, કે ઉપવાસી નહિ એવા પણ ગોચરી નહિ જનારા બીજા સાધુઓને લીંપેલું પાત્ર ભળાવીને બીજાનું તે દિવસે લેપ કર્યો ન હોય તેવું પાત્ર લઇને ગોચરી જાય, જો એ રીતે તેનું પાત્ર સંભાળે તેવો બીજો સાધુ ન હોય અને ૧-લીંપેલું ૨-વહોરવાનું, અને ૩-નાનું (માત્રક), એમ ત્રણ પાત્રો સાથે લઈ જવા સમર્થ ન હોય તો કીડી આદિનો ઉપદ્રવ (વિરાધના-હિંસા) ન થાય તે માટે રંગેલા પાત્રને અને લેપથી ખરડાયેલાં 'પોટ્ટલીનું કાપડ, (રૂ) તથા શરાવ-સમ્પુટ' વિગેરેને બીજી ભસ્મથી મિશ્રિત કરીને (રગદોળીને કોઈ જીવ ન મરે તેમ) નિર્જન સ્થાને મૂકીને ગોચરી જાય, પાણી તો તેને માટે બીજા સાધુ લાવે. એ લેપ લેવાનો, લાવવાનો અને પાત્ર લેપવાનો વિધિ (તથા) જયણા કહી.

હવે તેના પરિકર્મનો (તપાવવાનો) વિધિ કહે છે-લીંપેલા પાત્રને છાણ, ભસ્મ ઘસીને (ચોપડીને) ઝોળી સહિત રજસ્ત્રાણમાં વીંટીને કુતરાં, બીલાડાં, વિગેરે ખેંચી ન જાય માટે ગાંઠ દીધા વિના જ ફૂટેલા ઘડાના પડિલેહેલા કાંઠલા વિગેરે ઉપર તાપમાં મૂકે. તાપ (તડકો) ફરે તેમ પાત્રને પણ પડખું બદલીને તાપમાં ફેરવે (મૂકે). રાત્રે તો પોતાની સમીપમાં જ મૂકી રાખે. પરિગ્રહ દોષને ટાળવા માટે તે દિવસે વાપરેલા ઘડાના કાંઠલા વિગેરેને 'કાલે બીજા મળશે' એમ માની પરઠવી દે, બાકી રૂ સહિત વધેલા લેપને (કદાચિત્ તે પાત્રને કે બીજા પાત્રને અષ્ટક (ફૂટો) દેવાનો હોય તો હાથ વડે ચૂરી-મસળીને અષ્ટક (ફૂટો) બનાવે, અને પ્રયોજન ન હોય તો ભસ્મ મેળવીને પરઠવે. એમ લેપ જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી પાંચ વાર કરી શકાય.

પાત્ર તાપમાં મૂકવામાં શિશિર (શીત) કાળમાં પહેલો અને છેલ્લો પ્રહર સમ્પૂર્ણ અને ગ્રીષ્મ (ઉષ્ણ) કાળમાં પહેલા પ્રહરનું પૂર્વાર્દ્ધ અને છેલ્લા પ્રહરનું ઉત્તરાર્દ્ધ, એમ અડધો અડધો પ્રહર તજવો. કારણ કે તે કાળ સ્નિગ્ધ (હવાવાળો) હોવાથી લેપનો નાશ થવાનો ભય રહે, માટે તે સમયે પાત્રાંને તાપમાં ન મૂકવાં, વર્ષા તથા કુતરાં વિગેરેથી રક્ષણ કરવા માટે સુકાતા પાત્રને વારવાર જોતો રહે, અથવા પોતે ગ્લાન વિગેરેના કામમાં રોકાય તો બીજા સાધુને પાત્ર સંભાળવાની ભલામણ કરે. એ ગાડાની મળીના લેપનો વિધિ કહ્યો.

બીજો લેપ 'તજ્જાત' નામનો કહ્યો છે. 'तत्र जात इति तज्जातः' એ વ્યુત્પત્તિથી ગૃહસ્થના ચોપડ ભરવાના વાસણ ઉપર ચીકાશમાં લાગેલી ઘટ્ટ બની ગયેલી (તેલના કુડલા વિગેરે ઉપરની) મળીને 'તજ્જાત' લેપ કહેલો છે. આ લેપથી લીંપેલા પાત્રને ઘુંટાથી ઘસીને (ઘુંટીને) સુંવાળું બનાવી કાંજીથી ધોવું, એ તેનો વિધિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજા લેપનું નામ 'યુક્તિજાત' છે, 'योजनं युक्तिः' એવી વ્યુત્પત્તિથી તે લેપ પત્થર વિગેરેના કકડાઓનો ચૂરો કરીને તેમાં (રૂ–તેલ વિગેરેની) મેળવણી કરીને બનાવેલો જાણવો. આ લેપનો સંનિધિ (સંગ્રહ) કરવો પડે માટે તેનો નિષેધ કરેલો છે. એમ લેપ ત્રણ પ્રકારનો જાણવો.

ભાંગેલા પાત્રને બાંધવાના (સાંધવાના) બન્ધના પણ મુદ્રિકાબન્ધ, નાવાબન્ધ અને ચોરબન્ધ, એમ ત્રણ પ્રકારો છે. તેમાં પાત્રની ફાટની બન્ને બાજુ સામસામા છિદ્રો કરી તેમાં દોરો નાખી સામસામા દોરાના બે છેડાઓને પ્રતિ છિદ્રે ગાંઠ વાળવાથી પહેલો **'મુદ્રિકાબન્ધ'** થાય.



બીજા નાવાબન્ધમાં એક ગોમૂત્રિકાના આકારે અને બીજો ચોકડીના આકારે દોરો નાખવાથી, એમ બે પ્રકારે થાય છે. ત્રીજો ચોરબન્ધ તેને કહેલો છે કે જેમાં સાંધેલો દોરો ગુપ્ત રહે, અર્થાત્ ફાટની બાજુમાં પાત્રના કાષ્ઠને કોતરીને તેમાં એવી રીતે દોરો નાખે કે દોરો બહાર દેખાય નહિ. એમ ચોરબન્ધ કરવામાં પાત્રના કાષ્ઠને ખોદવાથી જર્જરિત થઈ જાય, માટે આ ચોરબન્ધ કરવાનો નિષેધ કર્યો છે. ઉપરના ત્રણે બન્ધની સ્થાપના કોષ્ટક પ્રમાણે સમજવી. કહ્યું છે કે–

**" तज्जायजुत्तिलेवो, खंजणलेवो य होइ बोधव्वो ।**
**मुद्दियनावाबंधो, तेणयबंधेण पडिकुट्ठो ॥१॥"** (ओघनि० ४०२)

**ભાવાર્થ**–" તજ્જાત લેપ, યુક્તિલેપ અને ગાડાની મળીનો (ખઞ્જન)લેપ, એમ લેપ ત્રિવિધ જાણવો તથા મુદ્રિકાબન્ધ, નાવાબન્ધ અને સ્તેન(ચોર)બન્ધ, એમ બન્ધ પણ ત્રિવિધ જાણવો, તેમાં સ્તેનબન્ધનો નિષેધ કરેલો છે. "

લેપના ઉત્તમ, મધ્યમ અને જઘન્ય, એમ પણ ત્રણ પ્રકારો કહ્યા છે. તેમાં તલના તેલનો ઉત્કૃષ્ટ, અળસીના તેલનો મધ્યમ અને સર્ષપના તેલનો બનેલો જઘન્ય જાણવો. ઘી–ગોળ વિગેરેથી બનેલા લેપનો નિષેધ કરેલો છે. રત્ન વિગેરેથી બાંધેલી જમીનની ફરસબંધી જેમ સરખી હોય, તેમ લેપ (જાડો–પાતળો નહિ, પણ) સર્વત્ર સરખો કરવો. કહ્યું છે કે—

**" कुट्टिमतलसंकासो, भिसिणीपुक्खरपलाससरिसो वा ।**
***सामासधुवणसुक्का–वणा य सुहमेरिसे होइ ॥१॥"  (पञ्चकल्पभाष्य गा०)***

**ભાવાર્થ**–" પાત્રલેપ સરખો, રત્નથી બાંધેલા ભૂમિતળ જેવો, અથવા કમલિની કે પુષ્કર નામના કમળના પાંદડા જેવો સુંવાળો કરવો. કારણ કે એ રીતે લીંપેલા પાત્રમાંથી જો કોઇ દાણો લેપમાં ભળી ગયો હોય, કે કચરો વિગેરે હોય તો તે સહેલાઇથી 'सामास (सम्+आ+असनम्) એટલે શાસ્ત્રવિધિ પ્રમાણે સમ્પૂર્ણ દૂર કરી શકાય અને તેથી પાત્ર ત્રણ પાણીથી સારી રીતે ધોઇ શકાય અને સુકાવી શકાય.]

એ લેપની એષણા (સમ્યગ્ વિધિ) કહી. લેપની આ એષણા પાત્રને અઙ્ગે જ છે, માટે પાત્રએષણામાં તેનો સમાવેશ થાય છે. (જુદી ગણવી નહિ.) એ રીતે પિણ્ડ એટલે આહાર, વસતિ, વસ્ત્ર અને પાત્ર, એ ચારની વિશુદ્ધિ જણાવી. આ ચારની વિશુદ્ધિથી જ સાધુ સંયમનો નિર્વાહ કરી શકે છે, તેમાં દોષ સેવનારો દીક્ષાનું સાચું પાલન કરી શકતો નથી. કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" पिण्डं असोहयंतो, अचरित्ती इत्थ संसओ नत्थि ।
चारित्तंमि असंते, सव्वा दिक्खा निरत्थया ॥२१०॥
सिज्जं असोहयंतो, अचरित्ती इत्थ संसओ नत्थि० ॥२११॥
वत्थं असोहयंतो, अचरित्ती इत्थ संसओ नत्थि० ॥२१२॥
पत्तं असोहयंतो, अचरित्ती इत्थ संसओ नत्थि० ॥२१३॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**–" અશન-પાન વિગેરે પિણ્ડની, શય્યા એટલે વસતિની (મકાનની), વસ્ત્રની અને પાત્રની શુદ્ધિને નહિ સાચવતો (નિષ્કારણ દોષ લગાડતો) સાધુ ચારિત્ર રહિત છે, એમાં સંશય નથી, અને ચારિત્રના અભાવે તેણે લીધેલી દીક્ષા સર્વથા નિરર્થક છે. (૨૧૦ થી ૨૧૩)"

આ કથન ઉત્સર્ગથી સંયમનો નિર્વાહ થઈ શકે તેમ હોય તેને માટે સમજવું. સંયમ-નિર્વાહ ન થાય ત્યારે તો અશુદ્ધ અશનાદિ લેવા છતાં દોષ નથી.[૧૧૮] કહ્યું છે કે—

" संथरणंमि असुद्धं, दुण्हवि गिण्हंतदिंतयाण हियं ।
आउरदिट्ठंतेणं, तं चेव हियं असंथरणे ॥१॥" (यतिदिनचर्या-२३५)

**ભાવાર્થ**—"સંયમનો નિર્વાહ થઈ શકે તેમ હોય ત્યારે પણ અશુદ્ધ અશનાદિને લેવાથી લેનાર-દેનાર બન્નેનું 'રોગી કુપથ્ય સેવે તો મરણ નીપજે અને વૈદ્ય કુપથ્ય કરાવે તો તેની આજીવિકા તૂટે તેમ' અહિત થાય છે અને સંયમનો નિર્વાહ થાય તેમ ન હોય ત્યારે અશુદ્ધ-આહારાદિને પણ આપનાર-લેનાર બન્નેનું ' સંયમની રક્ષા તથા તેમાં સહાય કરવારૂપે' હિત થાય છે. આ હકિકત (પહેલા ભાગમાં) ગૃહસ્થના મધ્યાહ્નને સુપાત્રદાનના વિધિમાં પણ કહેલી છે."

હવે એ રીતે સાધુ પૂર્વે જણાવ્યા તે ઉદ્દગમના ૧૬, ઉત્પાદનના ૧૬ અને એષણાના ૧૦, મળી બેંતાલીસ દોષ રહિત પૂર્ણ ભિક્ષા લઇને અને શુદ્ધ કરીને વસતિમાં આવે. તે આવવાનો અને ભિક્ષા શુદ્ધ કરવાનો વિધિ આ પ્રમાણે છે-વસતિ તરફ જતો સાધુ માર્ગમાં મળે તો કોઈ ખાલી પડેલા ઘરમાં, કે દેવમન્દિરમાં અને તેવું સ્થાન ન મળે તો ઉપાશ્રયના બારણે આવીને પણ આહાર પાણીને તપાસે. તપાસીને ભિક્ષા લેતાં નહિ દેખેલું, અથવા દેખવા છતાં પણ તે વેળા ગૃહસ્થ (અધર્મ-પામે વિગેરે) ભયથી ન તજી શકાય તેવું કોઈ કાંટો કે મરેલી માખી (કાંકરો-કસ્તર આદિ હોય તો તેને) ત્યાં તજે-પરઠવી દે, જો તે અશન-પાણી જીવયુક્ત હોય તો તેને પરઠવીને પુનઃ બીજું લઈ આવે. એમ લાવેલા અશનાદિને શુદ્ધ કરીને ઉપાશ્રયમાં પ્રવેશ કરે, કહ્યું છે કે—

---

૧૧૮-'સંયમ મોહનો નાશ કરવા માટે છે, માટે નિષ્કપટભાવ સેવવો તે સંયમનો પ્રાણ છે, વસ્તુતઃ આ કથન દોષિત સેવવાની છૂટ નથી આપતું, પણ નિષ્કપટ ભાવે એક સંયમની રક્ષાના ધ્યેયથી તેવા ગાઢ કારણે સંયમની રક્ષાનો માર્ગ સૂચવે છે. એવું દોષિત કારણે લીધા પછી પણ પ્રાયશ્ચિત્ત અવશ્ય કરવું, નહિ તો આત્મા શલ્યવાળો રહે છે. વાસ્તવમાં તો ત્રણવાર પર્યટન કર્યા પછી શુદ્ધ ન મળે તો તદ્દન ઓછા દોષવાળું, તેવું ન મળે તો તેથી વધારે દોષવાળું, તેવું પણ ન મળે તો તેનાથી વધારે દોષવાળું, એમ ક્રમશઃ તેવું પણ ન મળે ત્યારે જ અશુદ્ધ લેનારને પ્રાયશ્ચિત્ત પ્રાયઃ હોતું નથી. તેવો પ્રયત્ન કર્યા વિના ન મળવાનું માત્ર મનઃ કલ્પિત નિમિત્ત તો આત્માને માયા દોષથી દૂષિત કરે છે, વિગેરે આત્માર્થીએ સ્વયં વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" सुन्नघरदेउले वा, असई अ उवस्सयस्स वा दारे ।
संसत्तकंटगाई, सोहेउमुवस्सयं पविसे ॥१॥" (ओघनि० ५०३॥)

**ભાવાર્થ**–"શૂન્યઘર કે શૂન્યદેવકુલમાં, તેના અભાવે ઉપાશ્રયના બારણે આવીને ત્રસાદિ જીવ કે કાંટો વિગેરે હોય તેને દૂર કરીને અથવા લાવેલું ભોજનાદિ સચિત્ત હોય તો તેને પરઠવીને, બીજું લાવીને ઉપાશ્રયમાં પ્રવેશ કરે."

પ્રથમ વહોરેલું અશનાદિ સચિત્ત હોય તો પરઠવીને બીજું લાવે તેના ગામ–પાત્ર અને કાળની અપેક્ષાએ આઠ ભાંગા થાય. તેમાંના કાળ પહોંચતો હોય તે ચાર (૧–૨–૫–૬) ભાંગાથી જ બીજું લાવે, નહિ તો લીધા વિના ઉપાશ્રયમાં પ્રવેશ કરે. (આઠ ભાંગાનું કોષ્ટક બાજુમાં જુઓ.) તેમાં જઘન્ય સમય આ પ્રમાણે જાણવો–ગોચરી લાવીને, વાપરીને સ્થણ્ડિલ (બહાર) ભૂમિએ જઈ પાછા આવી સ્થણ્ડિલનું પાત્ર (સૂર્યાસ્ત પહેલાં સુકાવા માટે લૂછીને) સૂકવે, તે સુકાયા પછી ૨૭ માંડલાં કરે[૧૧૯] ત્યારે સુર્યાસ્ત થાય, એટલો વખત ઓછામાં ઓછો પહોંચે તેમ હોય તો બીજીવાર વહોરીને આવે. એ જઘન્ય સમય જાણવો. અને આહાર લાવી, વાપરીને સ્થણ્ડિલ ભૂમિએ જઇને પાછો આવે ત્યારે ચોથી પોરિસી (પ્રહર) શરૂ થાય, તેટલો સમય ઉત્કૃષ્ટ જાણવો.

| | | | |
|---|---|---|---|
| ૧ | તે ગામમાં મળે. | સમય પૂરતો હોય. | મૂળ પાત્રમાં લેવાય તેમ હોય. |
| ૨ | ,, | ,, | અન્ય પાત્રની જરૂર હોય. |
| ૩ | ,, | પુરો સમય ન હોય. | મૂળ પાત્રમાં લેવાય તેમ હોય. |
| ૪ | ,, | ,, | અન્ય પાત્રની જરૂર હોય. |
| ૫ | બીજા ગામે જવું પડે. | સમય પૂર્ણ હોય. | મૂળ પાત્રમાં લેવાય તેમ હોય. |
| ૬ | ,, | ,, | અન્ય પાત્રની જરૂર હોય. |
| ૭ | ,, | સમય પુરો ન હોય. | મૂળ પાત્રમાં લેવાય તેમ હોય. |
| ૮ | ,, | ,, | અન્ય પાત્રની જરૂર હોય. |

વસતિમાં પ્રવેશ કરતાં પગપ્રમાર્જન, ત્રણવાર નિસીહિ અને બે હાથે અઞ્જલી, (કરી ગુરૂને 'નમો ખમાસમણાણું' કહેવું,) વિગેરે વિધિ કરે. પ્રવેશ કરીને દણ્ડો, તથા (ઝોળી, પડલા, અને સાથે રાખી હોય તે) ઉપધિને મૂકવાનું સ્થાન શુદ્ધ કરે, પ્રમાર્જે. કહ્યું છે કે–

" पायपमज्जण(बाहिं) निसीहि(आय)तिन्नि उ करे पवेसंमि ।
अंजलिठाणविसोही, दंडगउवहिस्स निक्खेवो ॥" (ओघनि० ५०९॥)

**ભાવાર્થ**–ઉપાશ્રયમાં પેસતાં પહેલાં બહાર (સચિત્ત–અચિત્ત રજનું મિશ્રણ ન થાય તે માટે) પગ પ્રમાર્જન કરીને વસતિમાં પેસતાં ત્રણ નિસીહિ કહે અને અઞ્જલી જોડીને ગુરૂને 'નમો ખમાસમણાણું' કહે, પ્રવેશ પછી દંડો–ઉપધિ મૂકવાના સ્થાનની શુદ્ધિ (પ્રમાર્જના) કરે."

તેમાં ત્રણ નિસીહિ અનુક્રમે બહાર મુખ્ય દ્વારે (વરણ્ડા વિગેરેના બહારના દ્વારે), બીજી મધ્યમાં (વરણ્ડા વિગેરે મર્યાદાની અન્દર) અને ત્રીજી મૂળ (ઉપાશ્રયના) બારણે કરે. પગ પ્રમાર્જન જો

૧૧૯–સ્થણ્ડિલ માત્રા માટે ચોવીશ અને કાળગ્રહણ માટે ત્રણ, એમ સત્તાવીશ માંડલાં જાણવાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં ગૃહસ્થ ન હોય તો (વરણ્ડાદિની) બહાર જ કરે અને ગૃહસ્થ દેખે તેમ હોય તો અન્દર આવીને કરે. ત્યાં પણ ગૃહસ્થ હોય તો મધ્ય નિસીહિ કહેવાના સ્થાને અને ત્યાં પણ ગૃહસ્થ દેખે તેમ હોય તો ઉપાશ્રયમાં પ્રવેશ કરીને કરે. આ કારણે જ ઓઘનિર્યુક્તિમાં ભાષ્યકારે નિસીહિદ્વારની પછી પગપ્રમાર્જનદ્વારનું વર્ણન કરેલું છે. તે ગાથા આ પ્રમાણે છે–

"एवं पडुपन्ने पविसओ उ, तिन्नि य निसीहिया होंति ।
अग्गद्दारे मज्झे, पवेस पाए य सागरिए ॥" (ओघनि० भा० २६२॥)

**ભાવાર્થ**–એમ પૂર્ણ અશનાદિ પ્રાપ્ત થયા પછી પ્રવેશ કરતાં ત્રણ નિસીહિ ક્રમશઃ અગ્રદ્વારે, મધ્યમાં અને પ્રવેશદ્વારે કરે, અને પાદપ્રમાર્જન તો ગૃહસ્થની હાજરી ન હોય ત્યાં, છેવટે ઉપાશ્રયમાં પ્રવેશ પછી પણ કરે, એમ પાદપ્રમાર્જન અનિયતસ્થળે કરવાનું હોવાથી તેનું વર્ણન પછી કર્યું. અન્યથા પહેલાં પાદપ્રમાર્જન કરી પછી પેસતાં અગ્રદ્વારે નિસીહિ કહેવાનું સમજવું."

તથા અઞ્જલિ એટલે ગુરૂની સન્મુખ બે હાથ ઉંચા કરી મસ્તક નમાવે, તથા વચનથી 'નમો ખમાસમણાણં' કહે. જો હાથમાં પાત્ર ભારે હોય તો અઞ્જલિ વિના જ મસ્તક નમાવી માત્ર વચનથી 'નમો ખમાસમણાણં' કહે. ભારે પાત્ર પડી જવાના ભયે હાથ ઉંચા ન કરે. કહ્યું છે કે–

"हत्थुस्सेहो सीसप्पणामणं वाइओ नमोक्कारो ।
गुरुभायणे पणामो, वायाएँ नमो न उस्सेहो ॥" (ओघनि० भाष्य २६३)

**ભાવાર્થ**–નમસ્કાર માટે બેહાથ ઉંચા (અઞ્જલિબદ્ધ) કરે, મસ્તક નમાવે અને 'નમો ખમાસમણાણં' કહી વાચિક નમસ્કાર કરે. પણ ગોચરીનું ભાજન ભારે હોય તો માત્ર મસ્તકથી પ્રણામ અને વચનથી 'નમો ખમાસમણાણં' કહે, હાથથી અઞ્જલિ ન કરે,

પ્રવેશ પછી ઉપર ભીંતનું અને નીચે ભૂમિનું પ્રમાર્જન કરી ત્યાં દણ્ડો મૂકે, ચોલપટ્ટાને ઉપધિ ઉપર[૧૨૦] અને પડલાને પાત્ર ઉપર મૂકે. કહ્યું છે કે—

"उवरिं हेट्ठा य पम–ज्जिऊण लट्ठिं ठवेज्ज सट्ठाणे ।
पट्टं उवहिस्सुवरिं, भायणवत्थाणि भाणेसु ॥" (ओघनि० भाष्य २६४)

**ભાવાર્થ**–દણ્ડો મૂકવાના સ્થાનને ઉપર નીચેથી પ્રમાર્જીને ત્યાં દણ્ડો મૂકે, ચોલપટ્ટો ઉપધિ ઉપર અને પાત્રનાં વસ્ત્રોને પાત્ર ઉપર મૂકે.

જો માત્રાદિની બાધા હોય તો પડલાસહિત આહારનું પાત્ર અન્યસાધુને આપીને પહેલાં તે બાધા ટાળે. કહ્યું છે કે—

"जइ पुण पासवणं से, हवेज्ज तो उग्गहं सपच्छागं ।
दाउं अन्नस्स सचोल–पट्टओ काइअं निसिरे ॥" (ओघनि० भाष्य २६५)

**ભાવાર્થ**–જો ગોચરી લઇને આવ્યા પછી પ્રશ્રવણ(માત્રા)ની બાધા થઇ હોય તો પડલા સહિતપાત્ર બીજાસાધુને સોંપીને ચોલપટ્ટો રાખીને તે બાધા ટાળે.

૧૨૦–પ્રાચીન સામાચારી પ્રમાણે તે કાળના મુનિઓ ચોલપટ્ટો પાસે લઇને બેસતા, બહાર જતાં કે ગૃહસ્થનું આગમન વિગેરે કારણે પહેરતા, જેમ તદ્દન વસ્ત્રરહિત રહેવું એ અવ્યવહારૂ–લોકવિરૂદ્ધ છે, તેમ વસ્ત્રનો શરીર સુખાકારી માટે ઉપયોગ કરવો તે અસંયમરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ભિક્ષા માટે ફરવા વિગેરેનો વિધિ વિસ્તારથી કહ્યો. હવે વસતિમાં આવ્યા પછીનું કર્ત્તવ્ય કહે છે-મૂલ ૯૩મા શ્લોકમાં કહેલા 'आगत्य' વિગેરે શબ્દોથી ઉપર કહ્યું તેમ વિધિ પૂર્વક આવીને વસતિમાં પેસીને ગુરૂની સન્મુખ 'આલોચના' કરે, અર્થાત્ ભિક્ષા લેવામાં લાગેલા અતિચારો યથારૂપે કહી જણાવે, તે સાપેક્ષ યતિધર્મ છે. તેમાં ક્રમ આ પ્રમાણે છે–વસતિમાં પેઠા પછી આવેલો સાધુ માત્રાની બાધા ટાળીને ભોજનની માંડલી બેસવાની હોય તે ભૂમિને પ્રમાર્જીને ત્યાં જ ઇરિ० પ્રતિક્રમે. કહ્યું છે કે—

" सिज्जामज्झे पविसइ, पडिलेहइ मंडलीइ जं ठाणं ।
वच्चइ गुरुस्स पासे, इरियावहियं पडिक्कमइ ॥" (यतिदिनचर्या–२२७)

**ભાવાર્થ**–વસતિમાં પ્રવેશ કરે, જ્યાં ભોજનની માંડલી બેસવાની હોય તે ભૂમિને પડિલેહે (ચક્ષુથી જોઈ દણ્ડાસણથી પ્રમાર્જે), પછી ગુરૂ પાસે જાય અને ત્યાં[૧૨૧] ઇરિયાવહિ પ્રતિક્રમે.

તેમાં કાયોત્સર્ગ કરતાં નીચે ઢીંચણથી ચાર આંગળ ઉંચો અને ઉપર નાભિથી ચાર આંગળ નીચે રહે તેમ બે બાજુએ કોણીઓથી ચોલપટ્ટાને ધારી (દબાવી) રાખે, જો ચોલપટ્ટાને છિદ્ર હોય તો ત્યાં પડલાને રાખે. એમ ઉભા ઉભા કાઉસ્સગ્ગમાં જ 'ગોચરી જવા મકાનમાંથી નીકળ્યો ત્યાંથી માંડીને પુનઃ વહોરીને મકાનમાં પ્રવેશ કરવા સુધી' જે કોઈ અતિચારો લાગ્યા હોય તેનું ગુરૂને જણાવવા માટે મનમાં અવધારણ કરે. ઓઘનિર્યુક્તિ અને પઞ્ચવસ્તુકમાં કહ્યું છે–કે

" काउस्सग्गंमि ठिओ, चिंते समुयाणिए अईआरे ।
जा निग्गमप्पवेसो, तत्थ उ दोसे मणे कुणइ(ज्जा)"॥(ओघनि० ५१२)

**ભાવાર્થ**–કાઉસ્સગ્ગમાં સાધુ વસતિથી નીકળ્યો ત્યારથી પ્રવેશ કરતાં સુધી ભિક્ષા લેવા વિગેરેમાં લાગેલા અતિચારોને ચિન્તવે (યાદ કરે) અને તેમાં લાગેલા દોષોનું મનમાં અવધારણ કરે.

આચિન્તન (જો પોતે પ્રાયશ્ચિત્તના ક્રમનો જાણ ગીતાર્થ ન હોય તો) જે ક્રમે અતિચારો લાગ્યા હોય તે ક્રમે કરે અને ગીતાર્થ હોય તો (પહેલાં થોડા પ્રાયશ્ચિત્તવાળા ન્હાના, પછી ઉત્તરોત્તર વધુ પ્રાયશ્ચિત્તવાળા મોટા, એમ) પ્રાયશ્ચિત્તના ક્રમથી ચિન્તવી તે ક્રમે જ મનમાં અવધારણ કરે. એ બે પદોની (૧–યાદ કરે લાગેલા ક્રમે અને ધારી રાખે પ્રાયશ્ચિત્ત ક્રમે, ૨–યાદ કરે લાગેલા ક્રમે અને ધારે પણ તે જ ક્રમે, ૩–યાદ કરે પ્રાયશ્ચિત્તના ક્રમે ધારી રાખે લાગેલા ક્રમે, અને ૪–યાદ કરે પ્રાયશ્ચિત્ત ક્રમે અને ધારે પણ તે જ ક્રમે, એમ) ચતુર્ભઙ્ગી થાય. એ રીતે સકળ દોષોનું ચિન્તન કરીને (અવધારીને) 'નમો અરિહંતાણં' કહી કાઉસ્સગ્ગ પારીને ઉપર પ્રગટ લોગસ્સ કહીને લાગેલા દોષો ગુરૂની સમક્ષ આલોચે (પ્રગટ કહે). કહ્યું છે કે—

" चिंतित्तु जोगमखिलं, नवकारेणं तओ अ पारित्ता ।
पढिऊण थयं ताहे, साहू आलोअए विहिणा ॥" (पञ्चवस्तु–३२६)

**ભાવાર્થ**–ગોચરી લાવનાર સાધુ મન–વચન–કાયાના સકળ વ્યાપારને ચિન્તવીને (યાદ કરીને), નવકારથી કાયોત્સર્ગ પારીને, ચતુર્વિંશતિસ્તવ કહીને, વિધિપૂર્વક આલોચે, (ગુરૂને કહે).

---

૧૨૧–પહેલાં માંડલીમાં ઇરિ० પ્રતિક્રમણ કહ્યું અને અહીં ગુરૂ સમક્ષ કહ્યું તે મતાન્તર સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આલોચનાનો વિધિ આ પ્રમાણે છે–ગુરૂ ધર્મકથાદિમાં રોકાયેલા ન હોય ત્યારે, ઇરિ૦ પ્રતિક્રમણ કરીને ખમાસમણ દઇને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ભાતપાણી આલોઉં ?' એમ પૂછીને મનમાં ધાર્યા હોય તે પ્રમાણે 'કયા ઘરોમાંથી કોના હાથે શું શું લીધું' વિગેરે સઘળું કહી જણાવે. ગુરૂ બીજા કાર્યમાં રોકાયેલા હોય ત્યારે નહિ. કહ્યું છે કે—

" कहणाईअग्गक्खित्तं, कोहादुवसंतुवट्ठिउवउत्ते ।
संदिसहत्ति अणुण्णं, काऊण विदिन्नआलोए ॥३३०॥"
" वक्खित्तपराहुत्ते, पमत्ते मा कयाइ आलोए ।
आहारं च करिंते, णीहारं वा जइ करेइ ॥३२७॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–ગુરૂ ધર્મકથા વિગેરેમાં રોકાયેલા ન હોય, ક્રોધ વિગેરેથી રહિત–શાન્ત હોય, (કોઈ શાસનના પ્રત્યનીકના પરાભવ માટે આચાર્યને પ્રશસ્ત ક્રોધ કરવાનો પણ પ્રસઙ્ગ આવે માટે તેવા વ્યગ્ર ન હોય અને) આલોચના સાંભળવા માટે ઉપયોગવાળા હોય ત્યારે 'આજ્ઞા આપો' એમ કહી તેઓની આજ્ઞા માગીને આજ્ઞા આપે ત્યારે આલોચના કરે. (૧) ધર્મકથાદિમાં રોકાયેલા હોય, અવળા મુખે બેઠેલા હોય, નિદ્રાદિ પ્રમાદમાં હોય, આહાર કરતા હોય, કે નિહાર કરવા ઇચ્છતા હોય ત્યારે કદી આલોચના નહિ કરવી. (૨)

આહાર કરતાં આલોચના કરવાથી તે સાંભળવામાં ઉપયોગ આપવો પડે તેથી આહારાદિ કરવામાં અન્તરાય થાય, બાકીનાં કારણો તો સમજાય તેવાં છે. આલોચના કરતાં નાચવું, શરીર નમાવવું, હાથ પગ હલાવવા, ગૃહસ્થની ભાષામાં, મુંગાની જેમ, કે અતિ મોટા અવાજે બોલવું, વિગેરે કુચેષ્ટાઓ ન કરવી, ઉપરાન્ત વહોરાવનાર સ્ત્રી (આદિ)નો હાથ, વહોરાવવાનું પાત્ર, વિગેરે ભીંજાએલું હતું કે નહિ, ઇત્યાદિ વહોરાવનારે કેવી રીતે આપ્યું હતું, તે સર્વ ગુરૂને જણાવવું. કહ્યું છે કે—

" नट्टं[૧૨૨]वलं चलं भासं, मूअं तह ढड्ढरं च वज्जेज्जा ।
आलोएज्ज सुविहिओ, हत्थं मत्तं च वावारं ॥" (ओघनि० ५१६)

**ભાવાર્થ**—નાચવું, વાંકા વળવું, અઙ્ગો વિગેરેને જેમ તેમ હલાવવાં, (પઞ્ચવસ્તુ–ગા૦ ૩૩૨ માં તો કાયાથી અને મનથી ચલાયમાન થવું એમ કહ્યું છે,) ગૃહસ્થની ભાષામાં, અવ્યક્ત (અસ્પષ્ટ), કે મોટા અવાજે બોલવું, વિગેરે કુચેષ્ટાઓને તજીને સુવિહિત સાધુ દેનારનો હાથ, પાત્ર તથા તેની વહોરાવવાની પ્રવૃત્તિ, વિગેરે કેવું હતું ? તે સઘળું કહે.

તેમાં–હાથ, પગ, ભ્રકુટી, મસ્તક, નેત્રો, હોઠ, વિગેરેને વિકારી કરી નચાવવાં તે નૃત્ય, હાથ કે શરીરના ચાળા કરવા (નમાવવું) તે વલન, દ્રવ્યથી કાયાને મરડવી અને ભાવથી મળેલી સારી ભિક્ષાને છૂપાવવી (ન જણાવવી) તે કાયાનું અને ભાવનું ચલન, ગૃહસ્થની ભાષાએ બોલવું તે દુર્ભાષા (એવું નહિ બોલતાં સાધુની ભાષામાં બોલવું), અસ્પષ્ટ બોલવું તે મુંગાપણું,

---

૧૨૨–પઞ્ચવસ્તુ ગા. ૩૩૧માં **'नट्टं चलं च भासं'** એવું પ્રથમ ચરણ છે, અને ત્યાં ગા૦ ૩૩૨ની ટીકામાં 'હાથ–પગ–ભ્રકુટી વિગેરેના ચાળાને 'નૃત્ય', અઙ્ગોપાઙ્ગ જેમ તેમ ચલાવવાં તેને 'કાયાનું ચલન' અને શ્રેષ્ઠ આહારાદિને ગુરૂથી છૂપાવવાના અધ્યવસાય કરવા તેને 'ભાવ ચલન' કહેલું છે. એ ભેદ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મોટા અવાજે બોલવું તે ઢઢ્ઢર દોષ છે, માટે એ દોષોને તજીને જે વસ્તુ જે ક્રમથી જે જે રીતે લીધી હોય તે સઘળું તેવી રીતે કહેવું.[૧૨૩] એ ઉત્સર્ગથી આલોચનાનો વિધિ જાણવો.

અપવાદથી તો સમય ન પહોંચતો હોય ત્યારે, ભિક્ષામાં ફરવાથી પોતે, કે શાસ્ત્રાદિના ચિન્તનથી ગુરૂ શ્રમિત થયા-હોય ત્યારે, અથવા બીમાર સાધુને ભોજનની વેળા વ્યતીત થતી હોય ત્યારે, ઈત્યાદિ કારણે સામાન્ય રૂપમાં પણ આલોચના કરે. કહ્યું છે કે—

" काले अपहुप्पंते, उव्वाओ वा वि ओहमालोए ।
वेला गिलाणगस्स व, अइगच्छइ गुरु व उव्वाओ ॥"२३५॥ (पञ्चवस्तु)

**ભાવાર્થ**—સમય પહોંચતો ન હોય, પોતે ભિક્ષા ફરતાં થાક્યો હોય, બીમારને ભોજનમાં વિલમ્બ થતો હોય, કે ગુરૂ શ્રુતચિન્તાદિથી શ્રમિત હોય, ત્યારે સામાન્યથી (ટુંકમાં) આલોચે.

ઓઘે (સામાન્ય) આલોચના કરવામાં બધું વર્ણન નહિ કરતાં માત્ર 'પુરઃકર્મ-પશ્ચાત્ કર્મ' વિગેરે દોષો લાગ્યા નથી, આહાર 'આધાકર્મ' વિગેરે દોષવાળો નથી, વિગેરે ટુંકાણમાં જણાવવું, અથવા કોઇ ઉતાવળનું કાર્ય કરવાનું હોય ત્યારે જે જે શુદ્ધ ન હોય તે તેટલું જ ગુરૂને કહી જણાવવું. કહ્યું છે કે—

" पुरकम्मपच्छकम्मे, अप्पेऽसुद्धे अ ओहमालोए ।
तुरियकरणंमि जं से, न सुज्झई तत्तिअं कहए ॥" (पञ्चवस्तु-२३६)

**ભાવાર્થ**-'પુરઃકર્મ-પશ્ચાત્કર્મ' (આદિ) દોષો લાગ્યા નથી અને અહીં 'અલ્પ' શબ્દ અભાવ અર્થમાં હોવાથી આધાકર્મિકાદિ દોષવાળું નથી, વિગેરે ઓઘથી આલોચના કરે, એથી પણ વધારે ત્વરા કરવાની હોય તો જે શુદ્ધ ન હોય તેટલું જ કહી સંભળાવે."

એમ આ વાચિકી, માનસિકી આલોચના કહી, કાયિકી આલોચના તો ગુરૂને ભિક્ષા દેખાડવાથી થાય, માટે એ રીતે મન-વચનથી આલોચના કરીને, પોતે મુહપત્તિથી મસ્તકને અને પડલા સહિત પાત્રને પ્રમાર્જીને પોતે ઉદ્યાન વિગેરેમાં રહેલા હોય તો ઉંચે પુષ્પ-ફળાદિનો સંઘટ્ટો વિગેરે કે ગીરોલી આદિનો ઉપદ્રવ ન થાય (આહારમાં તેનું થુંક વિગેરે ન પડે) તેનો ખ્યાલ રાખીને, નીચે નીચો-ઉંચો ભૂમિપ્રદેશ જોઇને અને બાજુમાંથી બિલાડા-કુતરાદિનો ઉપદ્રવ ન થાય તેનું ધ્યાન આપીને પાત્ર હાથમાં લઇને અડધી કાયાથી નમીને ભિક્ષા ગુરૂને દેખાડે. ઓઘનિ૦, પઞ્ચવસ્તુ બન્નેમાં કહ્યું છે કે-

" आलोइत्ता सव्वं, सीसं सपडिग्गहं पमज्जित्ता ।
उड्ढमहे तिरिअंमि अ, पडिलेहे सव्वओ सव्वं ॥१॥" (पञ्चवस्तु-२३७)
" काउं पडिग्गहं कर-यलंमि अद्धं च ओणमित्ता णं ।

---

૧૨૩-નિષ્કપટભાવે વિધિ પૂર્વક આલોચવાથી અતિચારો લાગ્યા હોય તે પણ ટળી જાય છે, વળી અકલ્પ્ય, અભક્ષ્ય, વિગેરે સંયમને હાનિકારક વસ્તુ આવી હોય તો ગુરૂ તેનો ત્યાગ કરાવી બચાવી લે છે અને એ રીતે સંયમની રક્ષા થાય છે. ઉપરાન્ત ગુરૂને નિષ્કપટ ભાવે જણાવ્યા પછી તેઓના આદેશ પૂર્વક સદોષ વાપરે તો પણ વાપરનારને દોષ લાગતો નથી, કારણ કે ગુરૂ આજ્ઞાનું પાલન કરવા રૂપ મુખ્ય આરાધના થાય છે, ઈત્યાદિ આલોચનાથી ઘણા લાભો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भत्तं वा पाणं वा, पडिदंसिज्जा गुरुसगासे ॥२॥" (पञ्चवस्तु ३४०)

**ભાવાર્થ**–" (મનથી વચનથી) સર્વ આલોચના કરીને મસ્તક અને પાત્રનું પ્રમાર્જન કરે, ઉપર-નીચે અને બાજુમાં પણ સર્વ દિશામાં સર્વ રીતે પડિલેહણ કરે, (અર્થાત્ ઉપરથી કંઈ પડે નહિ, નીચે ખીલો વિગેરે વાગે નહિ, અને બાજુથી કુતરા બિલાડા આહારને લઈ જાય નહિ તેનો ખ્યાલ કરે.) (૧) તે પછી હાથમાં પાત્રને લઇને અર્દ્ધકાયાથી નમીને ગુરૂને પ્રત્યક્ષ આહાર કે પાણી બધું પ્રગટ રીતે દેખાડે. (૨)"

મસ્તક પ્રમાર્જવામાં એ હેતુ છે કે દેખાડવા માટે પાત્ર હાથમાં લઈ નીચે નમતાં મસ્તક ઉપરથી (પસીનાનાં બિન્દુ કે કસ્તર-કચરો વિગેરે) પાત્રમાં ન પડે. પડલા તથા પાત્ર પ્રમાર્જવાનું કારણ એ છે કે-પાત્ર ઉઘાડતાં ઉપરના પડલા અને ઝોળી સંકોચવાથી (વળી જવાથી) તેની ઉપર ત્રસાદિ જીવો હોય તો તેની હિંસા ન થાય.

પછી તુર્ત પૂર્વે જણાવ્યા તે 'નૃત્ય-વલન-ચલન' વિગેરે દોષો સેવીને આહાર પાણી દોષ-પૂર્વક આલોચ્યાં હોય, અથવા વહોરવામાં શુદ્ધિ-અશુદ્ધિનો ઉપયોગ ન રહેતાં દોષ રહી ગયો હોય, તે દૂર કરવા નિમિત્તે ' भातपाणी दुरालोइअ दुप्पडिक्कंता इच्छाकारेण संदिसह भगवन् गोअरचरी पडिक्कमउं ? इच्छं કહી 'इच्छामि पडिक्कमिउं गोअरचरिआए' ઇત્યાદિ સૂત્રપાઠ બોલીને કાઉસ્સગ્ગ કરે, તેમાં ' अहो जिणेहिं असावज्जा० ' ઇત્યાદિ ગાથા ચિન્તવે. કહ્યું છે કે—

" जं किंचि दुरालोइअ-मणेसणिज्जं भविज्ज भत्ताई ।
तप्पडिक्कमणनिमित्तं, उस्सग्गं कुणइ इअ विहिणा ॥२३१॥
'इच्छामि पडिकमिउं, गोअरचरिआइ' एवमाईअं ।
उच्चरिऊणं सुत्तं, कयउस्सग्गे विचिंतेइ ॥२३२॥
अहो ! जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ ।
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥२३३॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**—" જે કંઈ દુષ્ટ આલોચ્યું હોય અને અશનાદિ અનેષણીય (અશુદ્ધ) આવ્યું હોય, તેના પ્રતિક્રમણ નિમિત્તે આગળની વિધિએ કાયોત્સર્ગ કરે. (૧) 'इच्छामि पडिक्कमिउं गोअर-चरिआए ' ઇત્યાદિ સૂત્ર બોલીને કાઉસ્સગ્ગ મુદ્રામાં રહેલો આ રીતે વિચારે. (૨) અહો ! શ્રી જિનેશ્વરોએ મોક્ષની સાધનામાં હેતુભૂત સાધુના શરીરને ટકાવવા માટે સાધુઓને નિષ્પાપ જીવિકા (નિર્દોષ ભિક્ષા) જણાવી છે. (૩)"

ઓઘનિર્યુક્તિમાં તો આ કાઉસ્સગ્ગમાં શ્રી નમસ્કારમહામન્ત્રનું કે 'जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥' ઇત્યાદિ બે ગાથાનું ચિન્તન[૧૨૪] કરે, એમ કહેલું છે. તે ગાથા આ પ્રમાણે છે-

૧૨૪-અહીં જણાવ્યા પ્રમાણે 'जइ मे अणुग्गहं कुज्जा' પદથી શરૂ થતી બે ગાથાઓ જોવામાં આવતી નથી, સંભવ છે કે દશવૈકાલિકના પાંચમા અધ્યયનની પહેલા ઉદ્દેશાની નીચેની બે ગાથાઓનું ધ્યાન અહીં અભિપ્રેત હોય.

" अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ ।
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥९२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" तत्तो (ताहे अ) दुरालोइअ, भत्तपाणएसणमणेसणाए व ।
अट्ठुस्सासे अहवा, अणुग्गहादीउ झाएज्जा ॥" (ओघनि० २७४॥)

**ભાવાર્થ**–અને તે વેળા આલોચનામાં દોષ સેવ્યો હોય, કે આહારપાણી નિર્દોષ–સદોષ લેવામાં ઉપયોગ ન રહ્યો હોય, તે દોષને ટાળવા આઠ શ્વાસોચ્છ્વાસનો કાયોત્સર્ગ કરે. તેમાં શ્રીનવકારમન્ત્ર કે ' जइ मे अणुग्गहं कुज्जा ' ઇત્યાદિ બે ગાથાઓનું ધ્યાન કરે.

પછી ' नमो अरिहंताणं ' કહીને પારીને ઉપર પ્રગટ લોગસ્સ કહે. પછી ભૂમિને પ્રમાર્જીને આહાર-પાણી (નાં પાત્ર) ત્યાં મૂકે. ઓઘનિર્યુક્તિમાં તો તે પછી (યોગવિધિની જેમ) સજ્ઝાય પઠાવીને (જઘન્યથી ત્રણ ગાથાનો અથવા લબ્ધિવન્ત હોય તે ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વનો) સ્વાધ્યાય અન્તર્મુહૂર્ત સુધી કરે એમ કહ્યું છે.

એ રીતે ગોચરીને આલોચવાનો વિધિ કહ્યો, હવે તે પછીનું કર્તવ્ય કહે છે—

આલોચના કર્યા પછી ચૈત્યવન્દનાદિ વિધિ કરે, (તે પણ પૂર્વે કહ્યા પ્રમાણે સાપેક્ષ યતિધર્મ જાણવો) તેમાં 'આદિ' શબ્દથી પહેલાં કરેલા પચ્ચક્ખાણને પારે, એમ સમજવું. એનો વિધિ પ્રસિદ્ધ છે. યતિદિનચર્યામાં જે કાયોત્સર્ગ પછી તુર્ત પચ્ચક્ખાણ પારવાનું જણાવ્યું છે તે પણ 'ચૈત્યવન્દનપૂર્વક પારે' એમ સમજી લેવું. કારણ કે–પચ્ચક્ખાણ પારવાનો વિધિ ચૈત્યવન્દન સાથે સંબન્ધવાળો છે. (ચૈત્યવન્દન વિના પચ્ચક્ખાણ પરાય નહિ, એવું વિધાન છે.) ચૈત્ય૦ ભાષ્યમાં કહેલાં દરરોજ સાત ચૈત્યવન્દન પૈકી આ ભોજનનું ચૈત્યવન્દન જાણવું. ભાષ્યની તે ગાથા આ પ્રમાણે છે.

" पडिक्कमणे चेइअ जिमण, चरिम पडिक्कमण सुअण पडिबोहे ।
चिइवंदण इअ जइणो, सत्त उ वेला अहोरत्ते ॥" (चैत्य० भाष्य ५९)

**ભાવાર્થ**–૧-પ્રભાતના પ્રતિક્રમણમાં, ૨–જિનમન્દિરમાં, ૩-ભોજન પૂર્વે, ૪-ભોજન પછી દિવસચરિમં પચ્ચક્ખાણ કરતાં, ૫-સાંજે પ્રતિક્રમણમાં, ૬-શયન કરતાં પોરિસીનું અને ૭-જાગતાં જગચિન્તામણીનું, એમ સાધુને એક અહોરાત્રમાં સાત વાર ચૈત્યવન્દન કરવાનો વિધિ છે.

ચૈત્યવન્દન કર્યા (પચ્ચક્ખાણ પાર્યા) પછી જઘન્યથી પણ સોળ શ્લોક જેટલો સ્વાધ્યાય કરવો, એમ શ્રીદેવસૂરિકૃતયતિદિનચર્યામાં કહ્યું છે. તે ગાથા—

" मुंचइ भत्तं पाणं, सम्मं जिणनाहवंदणं कुणइ ।
सोलससिलोगमाणं, जहन्नओ कुणइ सज्झायं ॥२३६॥" (यतिदिनचर्या)

---

वीसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ ।
जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥९३॥

ભાવાર્થ—અહો ! શ્રીજિનેશ્વરોએ મોક્ષની સાધનામાં હેતુભૂત એવા સાધુના શરીરની રક્ષા (ટકાવ) માટે સાધુઓને અસાવદ્ય (નિષ્પાપ) આજીવિકા કહેલી છે. (૯૨) વિશ્રામ લેતો લાભનો અર્થી સાધુ પોતાના આ હિતકર અર્થને ચિન્તવે કે-'જે સાધુઓ મારા ઉપર અનુગ્રહ કરે (મારા લાવેલા આહારમાંથી કંઈ સ્વીકારે), તો હું સંસાર સમુદ્રથી તરૂં !' અર્થાત્ આમાંથી કંઇ પણ આહાર લઈને સાધુઓ મને તારે તો સારૂં. " (૯૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–આહાર પાણી નીચે મૂકે, શ્રીજિનેશ્વરને વન્દન (ચૈત્યવન્દન) કરે અને જઘન્યથી સોળશ્લોક પ્રમાણ(દશવૈકાલિકના પહેલા બીજા અધ્યયનનો) સ્વાધ્યાય કરે. પઞ્ચવસ્તુમાં તો કહ્યું છે કે–

"धम्मं कहण्णु कुज्जं, संयमगाहं च नियमओ सव्वे ।
एद्दहमित्तं वऽण्णं, सिद्धं जं जंमि तित्थंमि ॥१॥" (गा० ३५२)

**ભાવાર્થ**—'धम्मं' એટલે દશવૈકાલિકનું પહેલું અધ્યયન, 'कहण्णु कुज्जं' એટલે બીજું અધ્યયન અને 'संयमगाहं' એટલે ત્રીજા અધ્યયનની 'संजमे सुट्ठिअप्पाणं'० ગાથા, એટલો સ્વાધ્યાય સર્વ સાધુઓ અવશ્ય કરે, અથવા એટલો શ્રીઋષભદેવાદિના તીર્થમાં જે જે સિદ્ધ હોય તે બીજો કરે.

હવે તે પછીનું સાધુનું કર્તવ્ય કહે છે.

मूलम्–" गुर्वादिच्छन्दनापूर्वं, विधिना भोजनक्रिया ।
यतना पात्रशुद्धौ च, पुनश्चैत्यनमस्क्रिया ॥९४॥"

**મૂળનો અર્થ**–ગુર્વાદિકને ભોજન માટે નિમન્ત્રણ કરીને વિધિ પૂર્વક ભોજન કરે, પાત્રને શુદ્ધ કરવામાં જયણા સાચવે, અને પુનઃ ચૈત્યવન્દન કરે.

**ટીકાનો ભાવાર્થ**–ગુરૂ એટલે આચાર્યને અને આદિ શબ્દથી પ્રાઘૂર્ણક (બીજા સમુદાયના આવેલા) વિગેરે સાધુઓને, લાવેલા આહારનું નિમન્ત્રણ કરવા પૂર્વક આગળ કહીશું તે વિધિ પૂર્વક ભોજન કરવું તે પણ સાપેક્ષયતિધર્મ છે. તેમાં પ્રથમ નિમન્ત્રણનો વિધિ એવો છે કે–સાધુઓમાં એક માંડલીમાં (સર્વ સાધુઓની સાથે) ભોજન કરનાર અને બીજા કારણ વશાત્ એકલા ભોજન કરનાર, એમ બે પ્રકાર હોય, તેમાં બીજા પ્રકારના–એકલ ભોજી આવા હોય–

"आगाढजोगवाही, निज्जूढऽत्तट्ठिआ य पाहुणगा ।
सेहा सपायछित्ता, बाला वुड्ढेवमाईआ ॥१॥" (ओघनि० ५४८)

**ભાવાર્થ**–ગણિપદવીના યોગવાળા, અસુન્દર (સ્વભાવથી કે શરીરથી માંડલીમાં સાથે નહિ જમાડવા યોગ્ય) અને આત્માર્થી (સ્વલબ્ધિથી જીવનાર) હોય તે જુદું ભોજન કરે, તથા પ્રાઘૂર્ણક (મ્હેમાન આવેલા) તેઓને પહેલાંથી પૂર્ણ આહાર આપવો જોઇએ માટે તે પણ જુદા ભોજન કરે, નવદીક્ષિત ઉપસ્થાપના ન થાય ત્યાં સુધી ગૃહસ્થ (તુલ્ય) હોવાથી તે પ્રાયશ્ચિત્તવાળા–દૂષિત ચારિત્ર-વાળા માંડલીથી બહાર કરેલા, પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરે ત્યાં સુધી એ પણ માંડલીથી ભિન્ન વાપરે, બાળ અને વૃદ્ધો તો અસહિષ્ણુ હોવાથી તે પણ પહેલાં ભોજન કરે અને આદિ શબ્દથી એ સિવાયના 'કોઢ' વિગેરે ચેપી રોગવાળા, એ માંડલીમાં ભોજન નહિ કરનારા–એકલ ભોજી જાણવા.

તેમાં માંડલીમાં ભોજન કરનારો સાધુ મણ્ડલભોજી બીજા સર્વ મુનિઓ ભેગા થાય ત્યાં સુધી તેઓની રાહ જુએ અને બધા ભેગા થયે તેઓની સાથે ભોજન કરે. આ પણ સહિ-ષ્ણુને ઉદ્દેશીને જાણવું, અસહિષ્ણુ તો પહેલાં જણાવેલાં (ઉપવાસી હોય, પોતે કે સંઘાટકસાધુ ગોચરી ભ્રમણથી થાકયો હોય, અથવા ઉષ્ણકાળને યોગે પિપાસાદિથી પરાભવ પામેલો હોય એ) ત્રણ કારણે વહેલું ભોજન કરવા ઇચ્છે તો ન્હાના પાત્રમાં કાઢીને તેને પહેલાં આપી શકાય. જો એવા અસહિષ્ણુ ઘણા હોય તો તેઓને ભોજન આપવા મોટું પાત્ર પણ આપવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે એકલ ભોજી હોય તે તો ગુરૂની સામે આહાર ધરીને 'હે ભગવન્ત! પ્રાઘૂર્ણક-ઉપવાસી, અશક્ત, બાલ, વૃદ્ધ, નવદીક્ષિત, વિગેરે સાધુઓને આ (આહાર-પાણી) આપ આપો' એમ કહે. માંડલીભોજી પણ એ જ રીતે ગુરૂને પૂછે (કહે). પઞ્ચવસ્તુ-ઓઘનિર્યુક્તિમાં પણ કહ્યું છે કે-

" दुविहो य होइ साहू, मंडलिउवजीवओ य इयरो य।
मंडलिमु(उ)वजीवंतो, अच्छइ जा पिंडिया सव्वे ॥५२२॥
इयरो वि गुरुसगासं, गंतूण भणइ संदिसह भंते !।
पाहुणगखवगअतरंत-बालवुड्ढाणसेहाणं ॥५२३॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-સાધુઓમાં માંડલીભોજી અને એકલભોજી એમ બે પ્રકારના સાધુઓ હોય, તેમાં માંડલીભોજી ગોચરી લાવ્યા પછી પણ ભોજન કરનારા સર્વ સાધુઓ માંડલીમાં આવે ત્યાં સુધી ભોજન ન કરે. (૧) એકલભોજી ગોચરી લાવ્યા પછી ગુરૂ પાસે જઇને 'હે ભગવન્ત! પ્રાઘૂર્ણક-તપસ્વી-અસમર્થ-બાળ-વૃદ્ધ અને નવદીક્ષિતને આ આહારાદિ આપ આપો!' એમ કહે. (૨)

એમ કહ્યા પછી ગુરૂ સ્વયં, કે તેઓની આજ્ઞાથી પોતે પ્રાઘૂર્ણકાદિને નિમન્ત્રણ કરે, બીજાઓ ન ઇચ્છે (લે) તો પણ નિમન્ત્રણ કરનારને પરિણામની શુદ્ધિ હોવાથી નિર્જરા થાય જ. કારણ કે વૈયાવચ્ચનું ફળ મહાન છે.

અહીં સુધી ગ્રહણૈષણા કહી. હવે ગ્રાસૈષણા કહીએ છીએ. તેમાં ગોચરી ગએલા સાધુઓની ઉપધિ આદિની તથા વસતિની રક્ષા કરનાર સાધુ ગોચરી આવતા પહેલાં દરેકનાં પાત્ર ઉઘરાવીને (ભેગાં કરીને) તૈયાર રહે, જ્યારે ગોચરીવાળા સાધુઓ આવે ત્યારે તેઓનું લાવેલું પાણી આચાર્ય વિગેરેને માટે નન્દીપાત્રમાં[૧૨૫]નીતારી-સ્વચ્છ કરીને ગાળી લે. ગાળીને ગચ્છમાં સાધુઓની સંખ્યાના અનુસારે એક-બે-કે-ત્રણ પાત્રમાં ભરે. કારણ કે તે આચાર્ય વિગેરેને પીવામાં વિગેરે ઘણા કાર્યોમાં ઉપયોગી બને છે. કહ્યું છે કે—

" आयरिअअभाविअ-पाणगट्ठया पायपोसधुवणट्ठा।
होइ अ सुहं विवेगो, सुह आयमणं च सागरिए ॥" (ओघनि० ५५६)

**ભાવાર્થ**-આચાર્ય અને (ધોવણ વિગેરેના મલિન પાણીને પીવામાં નહિ ટેવાએલા) અભાવિત સાધુઓને પીવામાં તથા પગ ધોવામાં તથા સ્થણ્ડિલશૌચમાં ઉપયોગી થઈ શકે, વધ્યું હોય તો સુખ પૂર્વક (જાહેર માર્ગમાં) પરઠવી પણ શકાય, અને નિર્મળ હોવાથી ગૃહસ્થની હાજરીમાં સંકોચ વિના શૌચ (હાથ વિગેરે સાફ)કરી શકાય, માટે પાણી સ્વચ્છ કરીને ગાળવું જોઇએ.

તે પછી (યોગ્ય આહાર આપવા દ્વારા) બાળક વિગેરેના ચિત્તને પ્રસન્ન કરીને ગુરૂને પૂછીને ગીતાર્થ, દીર્ઘપર્યાયવાળા અને અલોલુપી એવા માંડલીના વૃદ્ધ (વડીલ) માડલીમાં હાજર થાય અને તે પછી આગળ કહીશું તે વિધિ પૂર્વક બીજા પણ સાધુઓ માંડલીમાં આવે. વસ્તુતઃ માંડલી ગ્લાન વિગેરે પરાશ્રિત સાધુઓ માટે ઉપકારક છે, કારણ કે તે દરેકને જુદા જુદા વૈયાવચ્ચકારક સોંપવાનું અશક્ય બને, અથવા સોંપવાથી દરેકને સૂત્ર-અર્થમાં (સ્વાધ્યા-

૧૨૫-ઘણા સાધુઓ માટેનું એક મોટું પાત્ર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યમાં) પણ હાનિ થાય, માંડલીમાં તો ઘણા સંભાળનારા હોય એટલે એવી અગવડ ન પડે અને સહુની વૈયાવચ્ચ સુખ પૂર્વક થઈ શકે. કહ્યું છે કે–

"अतरंतबालवुड्ढा, सेहाएसा गुरू असहुवग्गो ।
साहारणोग्गहाऽलद्धिकारणा मण्डली होइ ॥" (ओघनि० ५५३)

**ભાવાર્થ**–અસમર્થ એવા ગ્લાન, બાળ, વૃદ્ધ, નવદીક્ષિત તથા પ્રાઘૂર્ણક, ગુરૂ અને અસહિષ્ણુ રાજપુત્રાદિ વિગેરે સુકોમળ કાયાવાળા, એ સર્વના અનુગ્રહ (ઉપકાર) માટે તથા જે સાધુ લાભાન્તરાયના ઉદયે આહાર મેળવવાની લબ્ધિ વિનાનો હોય તેના અનુગ્રહ માટે મણ્ડલી છે.

ભોજન કરવા બેઠેલો સાધુ પ્રથમ પોતાના આત્માને આ પ્રમાણે હિતશિક્ષા આપે—

" बायालीसेसणसंकडंमि गहणंमि जीव ! न हु छलिओ ।
इण्हिं जइ (ह) न छलिज्जसि, भुंजंतो रागदोसेहिं ॥" (ओघनि० ५४५)

**ભાવાર્થ**–હે જીવ ! બેંતાલીસ એષણાના દોષોથી ગહન અટવી જેવી ગ્રહણૈષણામાં તું ત્યારે ઠગાયો ન કહેવાય, કે હવે રાગ–દ્વેષથી ભોજન કરતો તું ન ઠગાય. (અર્થાત્ નિર્દોષ આહારાદિ વાપરતાં પણ તું રાગ–દ્વેષથી જેમ ન ઠગાય તેમ હવે ત્હારે ભોજન કરવું જોઇએ.)

તે પછી શ્રીપંચપરમેષ્ઠિ નમસ્કાર મન્ત્ર ભણીને ગુરૂ પાસે ભોજનનો આદેશ માગીને તેમની અનુજ્ઞા મળે ત્યારે, ક્ષત–ચાંદાં ઉપર લેપ (ઔષધ) લગાડવાની રીતિએ ભોજન કરે.[૧૨૬] શ્લોકમાં

૧૨૬–'ભોજનનું દ્રવ્ય, દાતાર, લાવનાર, પીરસનાર અને વાપરનાર,' એ સર્વની શુદ્ધિ આહારના પરિણમનમાં નિમિત્ત બને છે. કારણ કે અધ્યવસાયોનું બળ ઘણું હોય છે. તેની નિર્મળતા–અનિર્મળતા ઉપર મુખ્યતયા કાર્યનું શુભાશુભ ફળ અવલંબે છે. એથી પૂર્વે જણાવ્યું તેમ આહાર, દાતાર, લાવનાર સાધુ, અને માંડલીના નાયક, એ બધા પવિત્ર જોઇએ. એમ બધો યોગ મળવા છતાં એવા પવિત્ર આહારને પણ ભોજન કરનારો ભોજન વખતે શુદ્ધ અધ્યવસાય ન સાચવે તો અશુદ્ધ બનાવે છે. એમ આ હકિકતથી પણ પુરવાર થાય છે. એ કારણે જ અહીં કહેવામાં આવ્યું કે બેંતાલીસ દોષરૂપી મહાઅટવીમાં લુંટાયા વિના આહાર લાવનાર ભોજન કરતાં ન લુંટાય ત્યારે બચ્યો ગણાય. અનાદિ આહારસંજ્ઞા અને રસલોલુપતાનું આત્મા ઉપર જબ્બર આક્રમણ છે, માટે તે ભલભલા યોગીને પણ ભૂલાવે છે, એમ આ સિદ્ધાન્તથી પણ સમજાય છે. બકુશ–કુશીલ ચારિત્રવાળા વર્તમાનકાલીન સાધુઓમાં એવાં દૂષણોનો અભાવ હોવો અશક્ય છે તો પણ આત્માર્થીને જાગૃતિ રાખવા માટે શાસ્ત્રકારોનો આ ઉપદેશ નિષ્ફળ નથી, જાગ્રત આત્મા શક્તિ પ્રમાણે દોષોમાંથી બચી શકે છે. અને દરેક પ્રવૃત્તિમાં એ જ ખ્યાલ એને મુખ્યપણે રાખવાનો છે. ભોજન કરતાં અનાદિ સંજ્ઞાના આક્રમણથી જીવને અઢારે પાપસ્થાનકો લાગવાનો સંભવ છે. 'આધાકર્મિક' આદિ દોષિત આહાર લેવામાં હિંસા, રસની લોલુપતાથી જુટ્ઠ, ગુરૂ આદિથી છૂપાવવામાં કે વિધિપૂર્વક આલોચના નહિ કરવામાં અદત્ત, રસાસક્તિ પૂર્વક લેવાથી મૈથુન, બીજાઓ એમાં ભાગ ન પડાવે વિગેરે મમત્વ ભાવથી પરિગ્રહ, સંક્લેશ પૂર્વક ખાવાથી ક્રોધ, રસગારવ સેવવાથી માન, ખોટી રીતે શારીરિક વિગેરે નિમિત્તો આગળ કરવાથી માયા, અતિ આહારથી લોભ, ઈષ્ટ વસ્તુ પ્રત્યે રાગ કરવાથી રાગ, અનિષ્ટ વસ્તુ પ્રત્યે નારાજ થવાથી દ્વેષ, પરસ્પર ભોજન નિમિત્તે ઝઘડવાથી કલહ, પોતે કરેલી ભૂલનો બચાવ કરવા માટે બીજાને કારણે ભૂલ જણાવવાથી અભ્યાખ્યાન, પોતાની ભૂલના બચાવરૂપે બીજાની ભૂલોને ખુલ્લી કરવાથી પૈશુન્ય, ભોજન પ્રત્યે પ્રીતિ–અપ્રીતિ કરવાથી રતિ–અરતિ, પોતે ત્યાગી છતાં બીજા તપ–ત્યાગ નહિ કરનારાઓની હલકાઇ કરવાથી પરપરિવાદ, ભૂલ છૂપાવવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'વિધિપૂર્વક ભોજન કરવું' એમ કહેલું હોવાથી ઓઘનિર્યુક્તિમાં બતાવેલો ભોજનનો સઘળો વિધિ સાત દ્વારોથી અહીં જણાવવો જરૂરી છે. તે આ પ્રમાણે—

द्वारगाथा–"मंडलि भायण भोयण, गहणं सोही उ कारणुप्परिए ।
भोयणविही उ एसो, भणिओ तेलुक्कदंसीहिं ॥" (ओघनिर्युक्ति–५६६)

**વ્યાખ્યા—૧-માંડલી**-વડીલના (યથારત્નાધિકના) ક્રમે પ્રકાશવાળા સ્થળે આ પ્રમાણે કરવી–નીકળવા પેસવાનો માર્ગ મૂકીને રત્નાધિક (સ્થવિર) પૂર્વાભિમુખ બેસે, એક સાધુ માંડલીના સ્થવિરે આપેલા અશનાદિ બીજા સાધુઓને આપવા તથા વધારાનું લેવા ગુરૂની સન્મુખ બેસે, બીજાઓ ગુરૂની તદ્દન સન્મુખ, પાછળ કે બાજુમાં નહિ બેસતાં સન્મુખ કંઇક બાજુમાં અગ્નિકોણ કે ઈશાન કોણમાં બેસે, ભોજન ગુરૂની સન્મુખ બેસીને કરવું કે જેથી કુપથ્ય વિગેરેમાંથી તેઓ સરળતાથી બચાવી શકે. ૨-**ભાજન**-પહોળા મુખનું લેવું, સાંકડા મુખનું નહિ. કારણ કે તેમાં માખી વિગેરે દેખી ન શકાય. પ્રત્યેક સાધુ પાસે ૧-શ્લેષ્મની, ૨-આહારમાંથી નીકળેલા કાંટા કંકર વિગેરે અખાદ્ય વસ્તુ નાખવા માટે એમ બે બે કુંડિઓ રાખવી. માંડલીની બહાર કોઇ ગૃહસ્થ વિગેરે આવી ઉભો ન રહે તેની રક્ષા માટે ઉપવાસી વિગેરે ભોજન નહિ કરનાર સાધુને રોકવો. કારણ કે સાધુને પ્રચ્છન્ન (ગુપ્ત) ભોજન કરવાની આજ્ઞા છે. કહ્યું છે કે—

" पच्छन्ने भोत्तव्वं, जइणा दाणाउ पडिनिअत्तेणं ।
तुच्छगजाइअदाणे, बंधो इहरा पओसाई ॥" (पञ्चवस्तु–३९९)

**ભાવાર્થ**—દાનધર્મથી નિવૃત્ત થએલા સાધુએ ગુપ્ત ભોજન કરવું, કારણ કે દેખીને દીન દુઃખીઆઓ તેની યાચના કરે અને સાધુ આપે તો અનુકમ્પાદાનથી પુણ્યકર્મનો બન્ધ થાય, એ પુણ્યબન્ધ સાધુજીવનમાં નિષેધ્યો છે, કારણ કે સોનાની બેડીની જેમ તે પણ બન્ધન છે. બીજી બાજુ માગવા છતાં ન આપે તો યાચકને પ્રદ્વેષ (અપ્રીતિ) વિગેરે થવાથી તેને મિથ્યાત્વ-મોહનીય કર્મનો બન્ધ થાય, તેથી તે દુર્લભબોધિ થાય. (એ કર્મબન્ધમાં સાધુનો પ્રમાદ નિમિત્ત બનવાથી સાધુને પણ મિથ્યાત્વ વિગેરે કર્મનો બન્ધ થાય.)

ભાજનો ૧-'યથાજાત'=એટલે ગૃહસ્થ પાસેથી લીધા પછી તેની ઉપર કોઇ પણ ક્રિયા કર્યા વિના જ વાપરી શકાય તેવું પાત્ર, ૨-'અલ્પપરિકર્મ'=લીધા પછી તેની ઉપર અલ્પ ક્રિયા (રંગ વિગેરે) કરવું પડ્યું હોય તેવું પાત્ર, અને ૩-'બહુપરિકર્મ'=જેમાં (સાંધવું-રંગવું) વિગેરે બહુ ક્રિયા કરવી પડી હોય તેવું પાત્ર, એમ પાત્ર ત્રણ પ્રકારનાં હોય, તેમાંથી આહાર

માટે ઈરાદા પૂર્વક અસત્ય બોલવાથી માયામૃષાવાદ, અણાહારીપદની ઉપાદેયતાને બદલે આહારને ઉપાદેય માનવાથી મિથ્યાત્વ, એમ વિવિધ રીતે પાપનું સેવન સંભવિત છે, એથી એ આહાર તેવા તેવા દોષોનો જનક બને છે, જો કે તથા તથા પ્રકારનાં કર્મોના દલિકોના ઉદયથી તે દોષો તે આત્મામાં પ્રગટે છે તો પણ કર્મનાં દલિકો નિમિત્ત વિના ફળ આપી શકતાં નથી. શુભાશુભ પુદ્‌ગલોના બળને પામીને કર્મો પોતાનો વિપાક બતાવી શકે છે, એથી જ આહાર શુદ્ધિ માટે આટલો ભાર શાસ્ત્રકારોએ આપ્યો છે, એ કારણે જ તેમાંથી બચવા માટે અહીં 'ક્ષત ઉપર ઔષધ લગાડવાની જેમ ભોજન લેવું' એમ કહ્યું છે તે ખુબ વિચારણીય અને આદરણીય છે. વીતરાગ પ્રરૂપિત શાસ્ત્રોનું જેમ જેમ સૂક્ષ્મ અવલોકન કરવામાં આવે તેમ તેમ તેના પરમોપકારીપણાની સિદ્ધિ પ્રત્યક્ષ થતી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહેંચવા માટે પહેલાં (યથાજાત) પરિકર્મ વિનાનાં પાત્રો ફેરવવાં, તે પૂર્ણ થયા પછી અલ્પપરિકર્મવાળાં અને તે પછી બહુપરિકર્મવાળાં પાત્રો ફેરવવાં જોઇએ. ૩-**ભોજન** પણ પિત્ત વિગેરે વિકારની શાન્તિ માટે અને બળ-બુદ્ધિ વિગેરેની વૃદ્ધિ માટે સ્નિગ્ધ તથા મધુર આહાર પહેલાં વાપરવો, એવાં દ્રવ્યો પાછળ વાપરવાનું રાખવાથી વધી પડે તો ઘી વિગેરેને પરઠવવામાં પણ અસંયમ થાય. જો તેવાં દ્રવ્યો અલ્પ કે બહુ પરિકર્મવાળાં પાત્રોમાં હોય તો પણ તેને પહેલાં તે પાત્રોમાં વાપરીને હાથ સાફ કરીને યથાજાત પાત્રો ભોજન માટે મૂકવાં. ૪-**ગ્રહણ**-પાત્રમાંથી આહાર કોળીઓ કુકડીના ઈંડા જેટલો લેવો કે જે મુખમાં મૂકતાં (કે ચાવતાં) મુખ બહુ પહોળું (વાંકું) ન કરવું પડે, અથવા હળવા હાથે (ન્હાના કોળીયાથી) જમનાર જેટલો લે તેટલો કોળીઓ લેવો. અહીં પાત્રમાંથી લેવું અને મુખમાં મૂકવું, એમ ગ્રહણ બે પ્રકારે જાણવું. તેમાં ૧-કટકચ્છેદ, ૨-પ્રતરચ્છેદ અને ૩-સિંહભક્ષિત, એ ત્રણ પૈકી કોઇ એક વિધિએ પાત્રમાંથી લેવું. તેમાં વૃદ્ધપરંપરાએ ૧-**કટકચ્છેદ**-એટલે જે એક બાજુથી કકડે કકડે ખાવા માંડે તે યાવત્ પૂર્ણ થાય ત્યાં સુધી તે જ બાજુથી ખાય, જેમકે 'સાદડીને કકડે કકડે કાપી ફેંકી દેતાં બધી પૂર્ણ થાય.' તેમ બધી રોટલીઓ વિગેરેને સાથે એક બાજુથી કાપી કાપીને ખાતાં બધી પૂર્ણ થાય તે કટકચ્છેદ. ૨-**પ્રતરચ્છેદ**-એટલે એક એક પડ પૂર્ણ કરતો યાવત્ બધી રોટલીઓ વિગેરે પૂર્ણ કરે, ૩-**સિંહભક્ષિત**-એટલે સિંહની જેમ જે બાજુથી આરંભ કરે તે બાજુએ જ પૂર્ણ કરે.[૧૨૭] એ પાત્રમાંથી લેવાનાં પ્રકારો કહ્યા. મુખમાં કવલ નાખવા માટે તો કહ્યું છે કે-

"असुरसुरं अचवचवं, अदुदुअमविलंबिअं अपरिसाडि ।
मणवयणकायगुत्तो, भुंजे अह पक्खिवणसोही ॥" (ओघनिर्युक्ति २८९)

**ભાવાર્થ**-'સરડ-સરડ' અવાજ થાય તેમ સડાકા લીધા વિના, 'ચબચબ' અવાજ કર્યા વિના, ત્વરાથી નહિ તેમ અતિવિલમ્બથી પણ નહિ, દાણો છાંટો વિગેરે નીચે ન પડે તેમ, મન વચન કાયાથી ગુપ્ત (મનથી રાગ-દ્વેષાદિ વિના, વચનથી પ્રશંસા કે નિન્દા વિના, અને કાયાથી-રોમાઞ્ચિત, મુખથી પ્રફુલ્લિત, કે મુખ કટાણું કર્યા વિના) ભોજન કરે, એ પ્રક્ષેપણની (કવલ મુખમાં મૂકવાની) શુદ્ધિ સમજવી.

જો ભોજન કરતી વેળા દરેક સાધુઓને ભોજન વહેંચવા માટે ફેરવવાનું પાત્ર અડધા સાધુઓને ભોજન આપતાં જ ખાલી થાય તો તેમાં બીજું ભોજન નાખીને બાકીના સાધુઓને આપે, તેમાં એ વિશેષ છે કે-'બાળ' વિગેરે સાધુઓનું વધેલું એંઠું ન થયું હોય તો તે ફેરવવાના પાત્રમાં લઇને બાકીના સાધુઓને આપે અને ગુરૂનું વધેલું તો એંઠું થએલું પણ વહેંચવાના પાત્રમાં લઇને બાળ વિગેરે સાધુઓને આપે. (ગુરૂ સિવાયના) બીજાઓનું વધેલું એંઠું હોય તે વહેંચવાના પાત્રમાં નહિ નાખવું વિગેરે. ૫-**શુદ્ધિ**-ભોજનની શુદ્ધિ તો સંયમ-

૧૨૭-કટકચ્છેદમાં-ગમે ત્યાંથી ટુકડે ટુકડા લઇ બધું પૂર્ણ કરે, પ્રતરચ્છેદમાં-એક એક પડ પુરૂ કરતો વાપરે અને સિંહભક્ષિતમાં-ટુકડા કર્યા વિના પાત્રની જે બાજુથી ખાવાની શરૂઆત કરે ત્યાંથી ક્રમશઃ ફરતાં ફરતાં જયાં પ્રારમ્ભ કર્યો હોય ત્યાં ભોજન પૂર્ણ કરે. એમ ભેદ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રારૂપ ધર્મના સાધનભૂત શરીરના નિભાવ માટે જ છેંતાલીસ દોષ રહિત આહાર લેવાથી થાય છે. જો કે અહીં પહેલાં ૪૨ દોષો કહ્યા તેમાં ગ્રાસૈષણાના પાંચ મેળવતાં ૪૭ થાય, તો પણ ગ્રાસૈષણાના પાંચ પૈકી 'કારણ અભાવ' નામનો છેલ્લો દોષ ચાલુ વિષયના સાતમા (છટ્ઠા) દ્વારમાં અહીં સ્વતન્ત્ર જણાવવાનો હોવાથી શેષ ચાર ભેદો મેળવીને ૪૬ કહ્યા તે બરાબર છે. ગ્રાસૈષણાના દોષો ૧–સંયોજના, ૨–પ્રમાણથી અધિક, ૩–અઙ્ગાર, ૪–ધૂમ્ર અને ૫–કારણા–ભાવ, એમ પાંચ છે. કહ્યું છે કે—

" संजोअणा पमाणे, इंगाले धूम कारणे चेव ।
उवगरण भत्तपाणे, सबाहिरब्भन्तरा पढमा ॥१॥" (प्रवचनसारो० ७३४)

**ભાવાર્થ**—" ગ્રાસૈષણાદોષો–૧–સંયોજના, ૨–પ્રમાણાધિક્ય, ૩–અઙ્ગાર, ૪–ધૂમ્ર, અને ૫–કારણાભાવ, એ પાંચ છે, તેમાં પહેલી સંયોજનાના ૧–ઉપકરણવિષયા અને ૨–ભક્તપાન–વિષયા, એમ બે અને તે બેના પણ બાહ્ય–અભ્યન્તર એમ બે બે ભેદો છે." તેમાં—

**૧–સંયોજના**–(રસ વિગેરેના) લોભથી રોટલી વિગેરેમાં 'ખાંડ–ઘી' વિગેરે બીજાં દ્રવ્ય મેળવવાં તે ભક્તપાનવિષયા સંયોજના કહેવાય, તે ઉપાશ્રયની બહાર મેળવે તો બાહ્ય અને અન્દર આવીને મેળવે તો અભ્યન્તર સંયોજના થાય, સાધુએ તે નહિ કરવી. (ઉપકરણસંયોજનામાં પણ કોઈ સ્થળેથી સુન્દર ચોળપટ્ટો વિગેરે મળે તેને અનુરૂપ બીજેથી કોમળ સુંવાળો કપડો વિગેરે મેળવીને ઉપાશ્રયની બહાર પહેરે તો બાહ્ય અને ઉપાશ્રયમાં પહેરે તો અભ્યન્તર સમજવી.) ૨–**પ્રમાણાધિક્ય**–ધીરજ–શરીરબળ–અને સંયમનાં અનુષ્ઠાનોમાં ન્યૂનતા ન થાય તેટલો આહાર પ્રમાણભૂત કહેવાય, અધિક આહારથી તો વમન, મરણ, કે રોગો પણ થાય, માટે આહાર પ્રમાણથી વધારે લેવો તે દોષ છે. ૩–**અઙ્ગાર**–સ્વાદિષ્ટ અન્નની કે તેના દાતારની પ્રશંસા કરતો વાપરે તો સાધુને રાગરૂપી અગ્નિથી સંયમરૂપ કાષ્ઠના અઙ્ગારા થાય, માટે તેવો અઙ્ગાર દોષ નહિ સેવવો. ૪–**ધૂમ્ર**–અનિષ્ટ અન્ન કે તેના દાતારની નિન્દા કરતો વાપરે તો સાધુ દ્વેષરૂપ અગ્નિથી ચારિત્રરૂપી ઇન્ધનને બાળતો ચારિત્રને ધૂમાડાથી મલિન–કાળું કરે, માટે ધૂમ્ર દોષ પણ નહિ સેવવો. ૫–**કારણાભાવ**– નીચે કહીશું તે છ કારણો વિના ભોજન કરનારને 'કારણાભાવ' દોષ લાગે છે, માટે વિના કારણે ભોજન ન કરવું.

ભોજનનાં કારણો ૧–ક્ષુધાની વેદના સહન ન થાય, ૨–આહાર વિના અશક્ત (ભૂખ્યા) શરીરે વૈયાવચ્ચાદિ કરી ન શકાય, ૩–નેત્રનું તેજ ઓછું થતાં ઇર્યાસમિતિના પાલનમાં અશુદ્ધિ થાય, ૪–પ્રતિલેખના–પ્રમાર્જના વિગેરે સંયમનું પાલન ન થઈ શકે, ૫–ક્ષુધાની પીડા વધી જવાથી મરણનો સમ્ભવ થાય અને ૬–આર્ત્તરૌદ્ર ધ્યાનથી બચીને ધર્મ ધ્યાનમાં સ્થિર ન થવાય, એ કારણે તો ભોજન કરવું, એ ભોજન કરવાનાં કારણો છ છે. કહ્યું છે કે—

" वेअणवेयावच्चे, इरिअट्ठाए अ संजमट्ठाए ।
तह पाणवत्तिआए, छट्ठं पुण धम्मचिंताए ॥" (ओघनिर्युक्ति–५८०)

**ભાવાર્થ**—ક્ષુધાની વેદના સહન ન થવાથી, વેયાવચ્ચ માટે, ઇરિયાસમિતિના પાલન માટે, પ્રમાર્જના–પડિલેહણાદિ સંયમ માટે, પ્રાણ ટકાવવા માટે, અને છટ્ઠું ધર્મધ્યાનના ચિન્તન માટે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ છ કારણે મુનિને આહાર-પાણી લેવાનાં છે.

એવા કારણે પણ ભોજન કરતો સાધુ આહારાદિના છ ભાગો કલ્પે. કહ્યું છે કે—

" अद्धमसणस्स सव्वंजणस्स कुज्जा दवस्स दो भाए ।
वायपवियारणट्ठा, छब्भायं ऊणयं कुणइ ॥" (यतिदिनचर्या-२४४)

**ભાવાર્થ**—સાધુ (ભૂખના) અડધા (ત્રણ) ભાગો શાક વિગેરે બધા ય ભોજન માટે અને બે ભાગો પાણી માટે કરે (કલ્પે). અર્થાત્ પાંચ ભાગે આહાર-પાણી વાપરે અને વાયુના સંચાર માટે છટ્ઠો ભાગ ઉણોદરી કરે.

આહારનું પ્રમાણ(સામાન્યતયા)પુરૂષને ૩૨ અને સ્ત્રીને ૨૮ કવળો કહ્યા છે. કહ્યું છે કે-

" बत्तीसं किर कवला, आहारो कुच्छिपूरओ भणिओ ।
पुरिसस्स य महिलियाए, अट्ठावीसं भवे कवला ॥" (पिण्डनिर्युक्ति-६४२)

**ભાવાર્થ**—પુરૂષને સામાન્યતયા ઉદરપૂરક આહાર બત્રીસ કવળ કહ્યો છે અને સ્ત્રીને અટ્ઠાવીસ કવળ[૧૨૮] હોય છે.

ગોરસ (દહી-દૂધ આદિ)ના ભોજનનો વિધિ તો આ પ્રમાણે કહેલો છે—

" विदलं जिमिय पच्छा, मुहं च पत्तं च दोवि धोएज्जा ।
अहवावि अन्नपत्ते, भुंजिज्जा गोरसं णियमा ॥" (यतिदिनचर्या-२४६)

**ભાવાર્થ**-વિદલ (કઠોળ) જમીને પછી મુખ અને પાત્ર બન્ને ધોવાં, અથવા નિશ્ચે વિદલના સ્પર્શ વિનાના બીજા પાત્રમાં ગોરસનું ભોજન કરવું (મુખ, હાથ વિગેરે તો બીજા પાત્રમાં જમે તો પણ ધોવાં જ.)

તે પછી ત્રણકવળ જેટલું ભોજન બાકી રહે ત્યારે તેનાથી ખરડાએલાં પાત્રાંની ચીકાશને હાથની અંગુલીથી લુછવી, (પછી તે ત્રણ કવળ વાપરીને) ડોળાયેલા (ધોવણ વિગેરેના) પાણીથી પહેલી વાર પાત્રને ધોઇને તે પાણી પી જાય, અને પછી મુખશુદ્ધિ કરીને નિર્મળ (નીતરેલું) પાણી લઇને બીજીવાર પાત્રને ધોવા મણ્ડલીની બહાર જાય. કહ્યું છે કે—

" पत्ताणं पक्खालण-सलिलं पढमं पिबंति नियमेणं ।
सोहंति मुहं तत्तो, बाहिं पत्ताणि धोवंति ॥" (यतिदिनचर्या-२५०)

**ભાવાર્થ**-પાત્રાના ધોવણનું પહેલું પાણી નિયમા પીવું, તે પછી મુખશુદ્ધિ કરવી અને પછી પાત્રાંને બીજીવાર માંડલી બહાર ધોવાં.

---

૧૨૮-કુકડીના ઇંડા પ્રમાણ આહારને એક કવળ કહ્યો છે, તેમાં કુકડીના ઉપચારથી દ્રવ્ય અને ભાવ બે પ્રકારો છે, દ્રવ્ય કુકડીના પણ ઉદર અને ગળું એમ બે પ્રકારો છે તેમાં જેનું ઉદર જેટલા આહારથી મધ્યમ રીતે ભરાય તેને તેનો બત્રીસમો ભાગ ઉદર કુકડી કવળ અને ગળામાં સુખપૂર્વક ઉતારાય તે ગલકુકડી કવળ જાણવો.:અથવા શરીર એ જ કુકડી અને તેનું મુખ તે અણ્ડક સમજવું. એ વ્યાખ્યાથી મુખમાં વિના મુશ્કેલીએ મૂકાય તે શરીર કુકડી કવળ, અથવા કુકડીના ઇંડા જેટલો આહાર તે કવળ સમજવો. ભાવથી જેટલો આહાર લેતાં ધૈર્ય રહે, સંયમ સધાય અને જ્ઞાનાદિની વૃદ્ધિ થાય તે આહાર ભાવકુકડી અને તેનો બત્રીસમો ભાગ તે કવળ, એ ન્યાયે સ્ત્રીને માટે પણ સમજવું(પિણ્ડનિર્યુક્તિટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજન કરતાં આહાર વધે તો ગુરૂઆજ્ઞાથી આયંબિલ કે ઉપવાસના તપવાળો સાધુ તે વધ્યો હોય તેટલો જ આહાર વાપરે, અથવા (સચિત્ત-જીવાકુલ ન હોય તેવી) નિરવદ્ય ભૂમિમાં પરઠવે. અહીં ૧-વિધિથી લીધેલું અને ૨-વિધિથી પરઠવણ (ભોજન), એ બે પદોની ચતુર્ભંગી જાણવી. (તેમાં 'વિધિગૃહીત અને વિધિભુક્ત' એ પહેલા શુદ્ધભાંગાવાળું તથા 'અવિધિગૃહીત અને વિધિભુક્ત' એ ત્રીજા ભાંગાવાળું પણ ગુરૂઆજ્ઞાથી કલ્પે, શેષ ભાંગે ન કલ્પે[૧૨૯])એ ગ્રાસૈષણાનો વિધિ કહ્યો. હવે ભોજન પછીનું કર્ત્તવ્ય કહે છે કે 'પાત્રશુદ્ધિ જયણાથી કરવી' તે પણ સાપેક્ષ યતિધર્મ છે. તેમાં પાત્રને પહેલીવાર ધોવાનો વિધિ કહી આવ્યા, બીજીવાર માંડલીમાંથી સાથે લાવેલા નિર્મળ પાણીથી બધા સાધુઓ બહાર ધુવે, ધોવા માટે ધોવાની જગ્યાએ સર્વ સાધુઓ માંડલીના આકારે બેસે અને નિર્મળ જળ લઈને વચ્ચે ઉભેલો સાધુ ત્રીજી વાર પાત્ર ધોવા માટે દરેકને નિર્મળ પાણી આપે તેનાથી ત્રીજી વાર ધુવે. ગુરૂનું પાત્ર તો પહેલાં જ જુદું ધુવે અને બાકીના સાધુઓનાં પાત્રોમાં જે યથાકૃત(પરિકર્મ વિનાનું) પહેલાં, પછી સહુથી ઓછા (અલ્પ)પરિકર્મવાળું અને પછી તેથી વધારે(બહુ)પરિકર્મવાળું, એમ ક્રમશઃ ધુવે. કહ્યું છે કે—

**"गुरुणो पत्तं भिन्नं, कप्पिज्ज अहागडं तु सेसेसु ।**
**पढमं पक्खालिज्जा, जहाविसुद्धं तु सेसाणं ॥"** (यतिदिनचर्या-२५२)

**ભાવાર્થ**-ગુરૂનું પાત્ર પહેલાં જુદું ધોવું, શેષ સાધુઓનાં પાત્રોમાં 'યથાકૃત'ને પહેલાં ધોવાં અને શેષપાત્રોમાં અલ્પપરિકર્મવાળાં-વિશુદ્ધ પાત્રાં પહેલાં અને બહુપરિકર્મવાળાં પછી, એમ વિશુદ્ધિના ક્રમે ધોવાં.

તે પછી શુદ્ધિ(સ્થણ્ડિલ શૌચ)માટે બે બે સાધુઓને પાત્રમાં ભેગું પાણી આપે. કહ્યું છે કે—

**"दाऊण बितियकप्पं, बहिया मज्झट्ठिओ उ दवहारी ।**
**तो दिंति तइअकप्पं, दोण्हं दोण्हं तु आयमणं ॥"** (ओघनिर्युक्ति० ५८६)

**ભાવાર્થ**-બીજી વાર પાત્ર ધોયા પછી વચ્ચે ઉભેલો પાણી આપનાર સાધુ ત્રીજી વાર પાત્ર ધોવા માટે શુદ્ધ પાણી આપે અને છેલ્લે આચમન (સ્થણ્ડિલ શૌચ) માટે બે બે સાધુઓને તેઓનાં પાત્રોમાં ભેગું પાણી આપે.

આ વિધિ પણ ગૃહસ્થના અભાવે સમજવો, જો ત્યાં કોઈ ગૃહસ્થ દેખે તેમ હોય ત્યારે તો પાત્રાંને ભોજન માંડલીમાં જ ધુવે. કહ્યું છે કે—

**"अह भुंजिऊण पच्छा, जोग्गा होऊण पत्तहे ताहे ।**
**जोग्गे धुवंति बाहिं, सागरिए नवरमंतो वि ॥"** (पञ्चवस्तु० ३८८)

**ભાવાર્થ**-એમ ભોજન કરીને પછી હાથ-મુખ વિગેરેની શુદ્ધિ કરીને તે વેળા નિર્મળ પાણીથી પાત્રાંને બહાર ધુવે. ગૃહસ્થ હોય તો (તેનાથી પરાભવ હલકાઈ વિગેરે થવાના કારણે) અંદર (માંડલીમાં) પણ ધુવે.

જાણવામાં આવ્યું હોય કે આહારાદિમાં આધાકર્મિકાદિ દોષવાળાં પણ આહારાદિ હતાં, તો પાત્રને વધારે વાર પણ ધુવે. કહ્યું છે કે—

૧૨૯-વિશેષ માટે જુઓ ઓઘનિર્યુક્તિ ગા. ૫૯૩ ઉપરનું ભાષ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" अच्छद्दवेणुवउत्ता, णिरवयवे दिंति तेसु कप्पतिअं ।
णाऊण व परिभोगं, कप्पं ताहे पवड्ढंति ॥" (पञ्चवस्तु० ३८९)

**ભાવાર્થ**–નિર્મળ પાણીથી શુદ્ધ થઈને (આહારના અંશ વિગેરેને પાત્ર, હાથ, વિગેરેમાંથી ઉપયોગપૂર્વક ધોઈ નાખીને) આહારના અંશ વિગેરેથી શુદ્ધ થએલાં તે પાત્રાંને ત્રણ કલ્પથી ધુવે અને આધાકર્મ આદિ દોષવાળું ભોજન વપરાયાનું જાણે તો વધારે વાર પણ ધુવે. (કે જેથી દોષની શુદ્ધિ (નિઃશુકતા) ન થાય.)

તેમજ બીજી–ત્રીજી વાર ધોવા છતાં બહાર જો આહારનો કોઈ અંશ રહી ગયેલો દેખાય તો પૂર્વે ધોવા માટે લીધેલા પાણીથી જ તેને દૂર કરે, પણ ત્રણવાર ધોવાના વિધિનો ભઙ્ગ થવાના ભયે નવું પાણી ન લે. કહ્યું છે કે—

" अंतो णिरवयवि चिय, बिअतिअकप्पेऽवि बाहि जइ पेहे ।
अवयवमंतजलेणं, तेणेव करिज्ज ते कप्पे ॥" (पञ्चवस्तु–३९०)

**ભાવાર્થ**—માંડલીમાં પાત્રને ધોતાં આહારનો અંશ દૂર કર્યા પછી બહાર બેસીને તે પાત્રને બીજી ત્રીજીવાર ધોવા છતાં કોઇ અંશ દેખાય તો તે (ત્રીજીવાર) લીધેલા પાણીથી જ તે અંશને દૂર (સાફ) કરે.

તેમાં આ પ્રમાણે વિવેક કરવો–જેમાં અલેપકૃત અશનાદિ દ્રવ્ય લીધેલું હોય તેને નહિ[૧૩૦] ધોવું, પણ જે પાત્રમાં લેપકૃત દ્રવ્ય લીધું હોય તેને તો અવશ્ય ધોવું. બૃહત્કલ્પમાં કહ્યું છે કે–

" भोणस्स कप्पकरणे, अलेवणे नत्थि किंचि कायव्वं ।
तम्हा लेवकडस्स उ, कायव्वा मग्गणा होइ ॥" १७०५॥

**ભાવાર્થ**–પાત્ર ધોવામાં એ વિવેક કરવો કે–જેમાં અલેપકૃત દ્રવ્ય લીધું હોય તેને કંઈ કરવાનું (ધોવાનું) નથી, લેપકૃતથી ખરડાએલાને અવશ્ય ધોવું જોઇએ. એ કારણે અહીં તેની વિચારણા (પ્રરૂપણા) કરવાની છે. એ ઉદ્દેશથી અહીં પ્રસઙ્ગાનુસાર અલેપકૃત દ્રવ્યો કહે છે–

" कंजुसिणचाउलोदे(दक), संसट्ठायामकट्ठमूलरसे ।
कंजियकढिए लोणे, कुट्टा पिज्जा य नित्तुप्पा ॥१७०६॥
कंजियउदगविलेवी, ओदणकुम्मास सत्तुए पिंडे ।
मंडगसमिउस्सिन्ने, कंजियपत्ते अलेवकडे ॥" १७०७ ॥ (बृहत्कल्पभा०)

**વ્યાખ્યા**–કાંજી=સાબુદાણાની રાબ, ઉષ્ણ=ત્રણ ઉકાળા આવે ત્યાં સુધી ઉકાળેલું પાણી, ચાઉલોદગ=ચોખાના ધોવણનું પાણી, સંસૃષ્ટ=ગોરસથી ખરડાએલા પાત્રમાં નાખેલું દહીં–દૂધના રસવાળું (મિશ્ર) થએલું અચિત્ત પાણી, આયામ=ઓસામણ, કાષ્ઠમૂળ=ચણા, ચોળા, વિગેરે કઠોળ (દ્વિદળ) દ્રવ્યો અને તેના રસ=અંશોથી મિશ્ર (અચિત્ત) થએલું હોય તે 'કાષ્ઠમૂળરસ'

૧૩૦–છાપેલી પ્રતમાં '**विधेयः**' પાઠ છે ત્યાં '**न**' રહી ગયો છે, અમદાવાદના સંવેગીના ઉપાશ્રયના ભણ્ડારની ધર્મ સંગ્રહની લખેલી પ્રત નં. ૧૬૮૮ માં '**न विधेयः**' પાઠ છે અને તે અર્થથી સઙ્ગત હોવાથી તે પ્રમાણે અર્થ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણી, કાંજીકવથિત=કાંજીમાં ઉકાળેલું પાણી, લોણ=લવણથી(મીઠાથી)મિશ્ર (અચિત્ત) થએલું પાણી, કુદ્દા=અમ્બલી (આમલી) તેનું પાણી પેયા=ઉકાળો વિગેરે અને તિસ્તુપ્યા=ચોપ્પડ કે વઘાર વિનાની રાબ (ગળમાણું) વિગેરે, (૧૭૦૬) તથા કાંજીયુક્ત અને પાણીયુક્ત બે પ્રકારની વિલેપિકા (પીવાનું દ્રવ્ય વિશેષ), ઓદન=ચોખા વિગેરે રૂક્ષ આહાર, કુલ્માષ=અડદ કે ચોળા, સક્તુ=સેકેલા જવનો (અને ચણાનો) લોટ, પિષ્ટ=કાચા મગ વિગેરેનો લોટ, મણ્ડક=રોટલા–રોટલી વિગેરે, સમિત= આટો (ઘઉંના લોટનું મણ્ડક વિગેરે પકાવેલું દ્રવ્ય વિશેષ), ઉત્સ્વિન્ન=મુદ્ગેરક વિગેરે (મુગડી આદિ સમ્ભવે છે) અને કાઞ્જિકપત્ર=અરણીકાષ્ઠનાં પાન વિગેરેનું પાણીમાં બાફેલું શાક, એ સર્વ દ્રવ્યો અલેપકૃત જાણવાં. (૧૭૦૭) હવે લેપકૃત દ્રવ્યો કહે છે કે–

“ विगई विगइअवयवा, अविगइपिंडरसएहिं जं मीसं ।
गुलदहितेप्पावयवे, विगडम्मि य सेसएसुं च ॥” बृहत्कल्पभा० ॥१७०८॥

**ભાવાર્થ**–વિગઇઓ, વિગઇઓના અવયવો, અર્થાત્ મન્થુ (દહીંમાંથી માખણ જુદું પડયું ન હોય તેવું વલોણું કરેલું દહીં–મઠો), વિગઇઓનાં નીવિઆતાં વિગેરેથી મિશ્રદ્રવ્ય અને અવિગઈરૂપ (ખર્જૂરાદિ) સરસ દ્રવ્યોના રસોથી મિશ્ર વસ્તુ, એ સર્વદ્રવ્યો લેપકૃત સમજવાં. અહીં ગોળ, દહીં કે તેલના અવયવો, મદ્યના અંશો, અને શેષ ઘી વિગઈ વિગેરેના અવયવો, ઇત્યાદિ જે કોઈ વિગઈરૂપ અને અવિગઇરૂપ (વિગઇઓનાં નીવિઆતાં) હોય તે સર્વ દ્રવ્યો લેપકૃત સમજવાં. (૧૭૦૮)–હવે એ જ પિણ્ડરસો(સરસદ્રવ્યો)નાં નામ કહે છે કે–

“ अंबंबाडकविट्ठे, मुद्दिआ माउलिंग कयले अ ।
खज्जूरनालिकेरे, कोले चिंचा य बोधव्वा ॥” बृहत्कल्प भा० ॥१७१२॥

**વ્યાખ્યા**–આમ્ર(દરેક જાતિની કેરી), આમળાં, કોઠાનું ફળ (કોઠાં), દ્રાક્ષા, બીજોરાનું ફળ, કેળાં, ખર્જૂર, નાલિએર, કોલ એટલે બોરનો ચૂરો, અને આમલી વિગેરે પિણ્ડરસ (સરસ) દ્રવ્યો જાણવાં. વિગઇઓ નથી પણ સરસ દ્રવ્યો તરીકે લેપકૃત છે. એ લેપ–અલેપકૃત દ્રવ્યોનું સ્વરૂપ અહીં પ્રસઙ્ગોપાત કહ્યું] હવે–

ઉપર પાત્ર ધોવાનો વિધિ કહ્યો તે (કર્યા) પછી છરિયાવહિ૦ પ્રતિક્રમણ કરીને શક્રસ્તવ [131]કહેવા રૂપ ચૈત્યવન્દન કરવું તે પણ સાપેક્ષ યતિધર્મ છે. એમ મૂળ ૯૪મા શ્લોકનો અર્થ કહ્યો.

હવે તે પછીનું કર્તવ્ય કહે છે.

मूलम्–“ गुरुवन्दनपूर्वं च, प्रत्याख्यानस्य कारिता ।
आवश्यिकया बहिर्गत्वा, स्थण्डिले विड्विसर्जनम् ॥९५॥

**મૂળનો અર્થ**–ભોજન પછી ગુરૂવન્દન પૂર્વક ‘દિવસ ચરિમં’ પચ્ચક્ખાણ કરવું અને ‘આવસ્સહી’ કહી બહાર ભૂમિએ જઇને શુદ્ધ(શાસ્રોકત)ભૂમિમાં વડીનીતિની બાધા ટાળવી.

**ટીકાનો ભાવાર્થ**–ગુરૂને દ્વાદશાવર્ત વન્દન કરવા પૂર્વક બાકી રહેલા દિવસનું તિવિહાર

૧૩૧–વર્તમાનમાં ભોજન પછી ‘દિવસચરિમ’ પચ્ચક્ખાણુ માટે ‘જગચિંતામણી’ આદિનું ‘જય– વીયરાય૦’ સુધીનું કરાતું આ ચૈત્યવન્દન સાત પૈકી ચોથું સમજવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે ચઉવ્વિહાર પચ્ચક્ખાણ કરવું તે સાપેક્ષ યતિધર્મ છે. જો કે એકાશન પચ્ચક્ખાણ કરતી વેળા પ્રથમથી જ તિવિહાર કે ચઉવ્વિહાર પચ્ચક્ખાણ કરેલું હોય છે, તો પણ અપ્રમાદ[૧૩૨] (સ્મરણ) માટે ભોજન પછી પુનઃ તે કરવું હિતકર છે. તેમાં ગુરૂવન્દન કરતાં પહેલાં મુખવસ્ત્રિકા પડિલેહવી, કહ્યું છે કે–

" विहिणा जेमिअ उट्ठिअ, इरिअं पडिक्कमिअ भणिअ सक्कथयं ।
पुत्तिं पेहिअ वंदण–मिह दाउं कुणइ संवरणं ।।" यतिदिनचर्या–२५६।।

**ભાવાર્થ**–" વિધિથી ભોજન કરીને, ઉઠીને, ઇરિયાવહિ૦ પ્રતિક્રમીને, શક્રસ્તવ કહીને, મુહપત્તિ પડિલેહીને, ગુરૂને વન્દન કરીને, (દિવસચરિમં) પચ્ચક્ખાણ કરવુ"

ત્યાં આ વિષયમાં આટલું વિશેષ જણાવેલું છે કે–

" सोहिअ पत्ताबंधं, सम्मं निम्मज्जिआणि पत्ताणि ।
बंधित्तु तेण विहिणा, ठविज्ज जा[पडि]लेहणासमओ ।।२५७।।
कह विहु पत्ताबंधो, पमायवसओ खरंटिओ हुज्जा ।
पडलाइं अहव कप्पो, कप्पिज्जसु ताणि जयणाए ।।२५८।।
पढमं लूहिज्जंते, चीवरखंडेण जेण पत्ताणि ।
तं निच्चं धोविज्जइ, अन्नह कुच्छाइआ दोसा ।।२५९।। " यतिदिनचर्या ।।

**ભાવાર્થ**–પાત્રબન્ધનને (ઝોળીને) ચક્ષુથી જોઇને, સારી રીતે શુદ્ધ કરેલા પાત્રાંને તેનાથી વિધિ પૂર્વક બાંધીને પ્રતિલેખનનો સમય થતા સુધી મૂકી રાખવાં. (૨૫૭) જો પ્રમાદ વિગેરે કોઈ કારણે ઝોળી ખરડાયેલી હોય અથવા પડલા કે કપડો ખરડાયેલાં હોય તો તેને જયણાથી ધોવાં. (૨૫૮) વળી જે વસ્ત્રખણ્ડથી પાત્રને પહેલી વાર લૂછ્યાં હોય તેને (પહેલા લૂહણાને) તો દરરોજ ધોવું, કારણ કે નહિ ધોવાથી જુગુપ્સા (સંમૂર્છિમ જીવોત્પત્તિ–શાસનની અપભ્રા–જના) વિગેરે દોષો લાગે."

તે પછી બહાર જવામાં હેતુભૂત 'આવસ્સહિયા' જેનું લક્ષણ પહેલાં જણાવ્યું છે તે કહીને બહાર ભૂમિએ જાય, કારણ કે–વિના કારણે સાધુને બહાર જવું કલ્પતું નથી. ગામ–શહેરની બહાર ભૂમિએ જઈ ત્યાં શુદ્ધ–નિર્જીવ સ્થળે વડીનીતિ કરે–બાધા ટાળે.

અહીં સ્થણ્ડિલ જતા સાધુઓની મર્યાદા એવી છે કે-વડીનીતિની બાધા કાળે અને અકાળે એમ બે સમયે થાય, તેમાં સવારની સૂત્ર અને અર્થ પોરિસી પૂર્ણ કરીને કાળનું પડિલેહણ કર્યા પછી થાય તે અથવા ભોજન પછી થાય તે બન્ને 'કાળસંજ્ઞા' કહેવાય અને તે સિવાયના કોઈ સમયે થાય તે 'અકાળસંજ્ઞા' કહેવાય. આ અકાળસંજ્ઞા જો પહેલી(સૂત્ર)પોરિસિમાં થાય તો તે સાધુ અન્ય સાધુઓને પૂછે કે–તમારામાંથી કોઈ સ્થણ્ડિલ ભૂમિએ જવાના છે કે નહિ? જો કોઇને જવાનું હોય તો તેને અનુરૂપ (તેટલું) પાણી (કાંજી) લાવે, એ પાણી તર વિનાનું,

૧૩૨–સવારે તિવિહાર–ચઉવ્વિહાર વિગેરે પચ્ચક્ખાણ કરવા છતાં તેમાં 'પારિટ્ઠાવણિઆ' આગાર રાખેલો હોય છે તેનું ભોજન સમાપ્ત થયા પછી પ્રયોજન ટળી જવાથી ભોજન પછી કરાતા આ પચ્ચ-ક્ખાણમાં એ આગારનો ત્યાગ કરાય છે એ કારણે પણ પુનઃ આ 'દિવસચરિમ' પચ્ચક્ખાણ સાર્થક છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગન્ધ વિનાનું અને ખાટું ( ખાટી છાશની આશ ) સ્થણ્ડિલભૂમિએ જવાની દિશા સિવાયની બીજી કોઈ દિશાએથી વહોરી લાવે, એથી ગૃહસ્થને એવી શઙ્કા ન થાય કે સાધુઓ કાંજીથી (છાશની આશાથી) શૌચ કરે છે, કારણ કે ધર્મની હલકાઈ થાય. કહ્યું છે કે–

" कालमकाले सण्णा, कालो तइआइ सेसयमकालो ।

पढमा पोरिसि आपुच्छ, पाणगमपुप्फियऽन्नदिसि ॥" ओघनिर्युक्ति–३०९॥

**ભાવાર્થ**–સંજ્ઞા કાળે અને અકાળે બે સમયે થાય, તેમાં ત્રીજી પોરિસીમાં થાય તે કાળ અને શેષસમયે થાય તે અકાળ કહ્યો છે. જો પહેલી પોરિસીમાં થાય તો સાધુઓને પૂછે અને બીજી દિશાએથી તર વિનાનું પાણી તેટલું (તેવું) લાવે કે જોનારને તે નિર્મળ પાણી જેવું સમજાય. આ પાણી ઉપલક્ષણથી 'ગન્ધ રહિત' લેવું વિગેરે પણ સમજી લેવું. વળી—

" अइरेगगहणउग्गाहिएण, आलोअ पुच्छिउं गच्छे ।

एसा उ अकालंमी, अणहिंडिअ हिंड(डि)आ कालो ॥" ओघनिर्युक्ति० ३१०॥

**ભાવાર્થ**–ઝોળીમાં પાત્ર રાખીને તેમાં પાણી જરૂર કરતાં વધારે લાવવું, કારણ કે– કદાચ અન્ય સાધુને ઉપયોગમાં આવે, અથવા ગૃહસ્થના દેખવાથી શૌચ કે પાદપ્રક્ષાલન કરવાં પડે તો તેમાં વાપરી શકાય. લાવેલું પાણી ગુપ્ત રીતે ગુરૂ સમક્ષ આલોચવું અને તેઓને પૂછીને સ્થણ્ડિલ ભૂમિએ જવું. આ અકાળસંજ્ઞાનો વિધિ કહ્યો તે ગોચરી જનારને ગોચરી જતાં પહેલાં થાય તેથી 'અકાળ' સમજવો, ગોચરી જઇને આવ્યા પછી અથવા ભોજન પછી ત્રીજી પોરિસીમાં સંજ્ઞા થાય તો તે 'કાળ' જાણવો. (અન્ય આચાર્યોના મતે ગોચરી નહિ જનારને અર્થ પોરિસી પછી (ભોજન પહેલાં) સંજ્ઞા થાય તો પણ કાળસંજ્ઞા અને ગોચરી જનારને ત્રીજી પોરિસીમાં બાધા થાય તે કાળસંજ્ઞા મનાય છે.)

હવે કાળસંજ્ઞાએ બાહિરભૂમિએ (સ્થણ્ડિલે) જવાનો વિધિ કહે છે કે—

" कप्पेऊणं पाए, एक्केक्कस्स उ दुवे पडिग्गाहिए ।

दाउं दो दो गच्छे, तिण्हट्ठ दवं तु घेत्तूणं ॥" ओघनिर्युक्ति–३११॥

**વ્યાખ્યા**–ભોજન પછી ધોએલાં પાત્રો બે સાધુના સંઘાટકમાંથી જે બહાર જવાનો ન હોય તેને એક તેનું અને બીજું બહાર જનારનું, એમ બે બે પાત્રો આપીને બહાર જનારા બે બે સાધુ ત્રણને પહોંચે તેટલું પાણી લઇને (બીજા સંઘાટકના સાધુ) સાથે જાય. કહ્યું છે કે–

" कप्पेऊणं पाए, संघाडइलो उ एगु दोण्हं पि ।

पाए धरेइ बिइओ, वच्चइ एवं तु अन्नसमं ॥" पञ्चवस्तु–३९६ ॥

**વ્યાખ્યા**–પાત્રાં ધોઇને પોતાના સંઘાટકના એક સાધુને બન્નેનાં પાત્રો સોંપીને બીજો સાધુ અન્યસંઘાટકના સાધુ સાથે (સ્થણ્ડિલે) જાય. જવાનો વિધિ કહ્યો છે કે—

" अजुगलिआ अतुरंता, विगहारहिआ वयंति पढमं तु ।

निसिइत्तु डगलगहणं, आवडणं वच्चमासज्ज ॥" पञ्चवस्तु–३९८ ॥

**વ્યાખ્યા**–બાજુમાં નહિ પણ આગળ પાછળ ચાલે, જલ્દી ન ચાલે, વાર્તાલાપ વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ઇર્યાસમિતિ પાળતા) ચાલે, એમ ગામાદિની બહાર (પહેલી ભૂમિએ, તેના અભાવે બીજી) ભૂમિએ જાય, ત્યાં પહોંચી પ્રથમ ઉભા ઉભા લેતાં પડી જવાનો સંભવ હોવાથી નીચે બેસીને 'ડગલ' (શુદ્ધિ માટે ઉપયોગી પત્થર–માટી–ઇંટ વિગેરેના કકડા) ગ્રહણ કરે. તે પણ નરમ કે કઠિન સ્થણ્ડિલના અનુસારે બે અથવા ત્રણ[133] ગ્રહણ કરે.

ડગલ લઈને ઉભા થઈને વડીનીતિ માટે બીજે બેસે, સ્થણ્ડિલભૂમિનું સ્વરૂપ કહ્યું છે કે—

**" अणावायमसंलोए, परस्सणुवघाइए ।**
**समे अझुसिरे आ वि, अचिरकालकयंमि अ ॥३९९॥**
**" विच्छिन्ने दूरमोगाढे, णासण्णे बिलवज्जिए ।**
**तसपाणबीअरहिए, उच्चाराईणि वोसिरे ॥"४००॥ पञ्चवस्तु ॥**

**વ્યાખ્યા**–૧–अनापातः=બીજાનું અનાગમન, અર્થાત્ જ્યાં બીજું કોઈ આવે નહિ, असंलोकः=અન્ય કોઈ જ્યાં દેખે નહિ, અર્થાત્ જ્યાં કોઈ આવે નહિ અને દેખે નહિ તેવી ભૂમિએ બેસવું. કારણ કે સાધુને નિહાર ગુપ્ત રીતે કરવાનો વિધિ છે. હવે અન્યનું આગમન ઘણા પ્રકારે સંભવિત છે માટે કહે છે કે–તિર્યંચ કે મનુષ્ય કોઇનું પણ આગમન થાય, મનુષ્યમાં પણ સ્વપક્ષનું (સંયમીનું) અને પરપક્ષનું (ગૃહસ્થનું), સ્વપક્ષમાં પણ સાધુનું કે સાધ્વીનું, સાધુમાં પણ સંવેગીનું અને અસંવેગીનું (શિથિલાચારીનું), પણ મનોજ્ઞનું સંવેગીમાં (એક આચારવાળાનું) અને અમનોજ્ઞનું (ભિન્ન આચારવાળાનું), મનોજ્ઞમાં પણ સંવેગીના પક્ષકારનું અને અસંવેગીના પક્ષકારનું, તેમાં પણ પુરૂષનું–સ્ત્રીનું કે નપુંસકનું, પુરૂષમાં પણ દણ્ડિકનું (રાજાનું કે રાજ્યાધિકારીનું) અથવા કૌટુમ્બિકનું (ગૃહસ્થનું કે ગામધણીનું), તે બેમાં પણ શૌચધર્મવાળાનું કે અશૌચધર્મવાળાનું, વિગેરે અનેકનું આગમન થવાનો સંભવ રહે, તેમાં સ્વપક્ષી–સંયમી–સંવેગી–મનોજ્ઞ આવે તો નિષેધ નથી, અમનોજ્ઞ આવે તો તેનો આચાર જોઇને નવદીક્ષિત સાધુઓને કદાચ પરિણામ બદલાઈ જાય, માટે તેવા સ્થળે નહિ બેસવું. સાધુએ સાધ્વીના (કે સાધ્વીએ સાધુના) આગમનવાળું સ્થળ તો અવશ્ય તજવું. પરપક્ષીય (ગૃહસ્થ) આવે ત્યારે જો તે શૌચવાદી હોય તો પગ ધોવા અને શુદ્ધિ કરવામાં પણ પાણી વધારે વાપરવું એ માટે દરેક સાધુએ જુદા પાત્રમાં પાણી પણ જુદું જુદું રાખવું, ઈત્યાદિ વિવેક (જયણા) કરવો. એ 'આપાતનું' સ્વરૂપ કહ્યું 'અસંલોક' માટે તો કહ્યું છે કે તિર્યંચો દેખે ત્યાં બેસવામાં દોષ નથી, મનુષ્યો દેખે તેમ હોય તો આપાતમાં કહ્યો તેમ વિવેક કરવો. આ 'અનાપાત અને અસંલોક' એ બે પદોની ચતુર્ભંગી થાય, તેમાં પહેલો 'અનાપાત-અસંલોક' ભાંગો શુદ્ધ સમજવો.

૨–'अनुपघात' એટલે માલિકી વિનાની ભૂમિમાં પણ બીજા મનુષ્યો શાસનની હલકાઇ વિગેરે ન કરે (અને માલિકીવાળી ભૂમિમાં તેના માલિક તરફથી પરાભવ ન થાય) ત્યાં બેસવું.

૩–'सम' એટલે સરખી (ખાડા કે ઢાળ વિગેરેથી રહિત) ભૂમિમાં બેસવું–ઢાળ કે ખાડા–

૧૩૩–ભૂમિમાં ચોંટેલાં ડગલ નહિ લેવાં, છૂટાં પડેલાં પણ પત્થરનાં ઉત્કૃષ્ટ, ઇંટ વિગેરેનાં મધ્યમ અને માટીનું ઢેફું જઘન્ય કહેલું છે. માટે જે ઉત્કૃષ્ટ, કોમળ અને સમ હોય તે પ્રમાર્જીને લેવાં. તે નરમ સ્થણ્ડિલવાળાએ ત્રણ, કઠિન આવતો હોય તેણે બે લેવાં અને ભગન્દર વિગેરે ગુદાના દર્દવાળાએ નહિ લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટેકરાવાળી ભૂમિમાં બેસવાથી પડી જવાય તો શરીરે નુકસાન થાય, વિષ્ટાથી ખરડાય, (વિરાધના થાય) અને કીડી આદિ જીવોની હિંસા થાય.

૪-'अशुषिर'=ઘાસ-તૃણ-પાંદડાં વિગેરેથી નહિ ઢંકાએલી પ્રગટ ભૂમિમાં બેસવું, જો ઉપર ઘાસ વિગેરે હોવાથી જમીન ઢંકાએલી હોય તો ત્યાં બેસવાથી નીચે વિંછી, કીડા, કીડીઓ વિગેરે હોય તો તેના કરડવા વિગેરેથી શરીરની અને તેના મરણથી સંયમની વિરાધના થાય.

૫-'अचिरकालकृत'=જેને અચિત્ત થયા પછી બહુ સમય ન થયો હોય, તે જ ઋતુમાં (બે મહિનામાં) અગ્નિ આદિથી અચિત્ત થયેલા સ્થળમાં બેસવું. બે મહિનાથી વધારે વખત જતાં (ઋતુ બદલાવાથી) અચિત્ત સ્થળ પણ મિશ્ર થઈ જવાથી અયોગ્ય બને છે.

૬-'विस्तीर्ण'=જઘન્યથી ચોરસ એકહાથ અને ઉત્કૃષ્ટથી બારયોજન પહોળા સ્થળમાં બેસવું.

૭-'दूरावगाढ'-નીચે દૂર સુધી અર્થાત્ અગ્નિ (સૂર્ય) આદિના તાપથી જઘન્યથી ચાર આંગળ સુધી અચિત્ત થએલી ભૂમિમાં બેસવું.

૮-'अनासन्न'=નજીકના સ્થળમાં નહિ પણ દૂર પ્રદેશમાં. આ નજીકના બે પ્રકારો થાય છે, એક દ્રવ્યથી અને બીજો ભાવથી, દ્રવ્યથી નજીક=કોઈના ઘર કે બગીચા-કુવા વિગેરેની પાસેનું સ્થળ અને ભાવથી નજીક=જ્યાં સુધી વડીનીતિને રોકી શકાય, બાધા સખ્ત થવાથી દૂર જતાં રોકી શકાય નહિ, એથી જ્યાં નજીકમાં બેસવું જ પડે તે ભાવ નજીક, આ બે પ્રકારનું નજીક ટાળવું, અર્થાત્ બહુ બાધા ન થાય અને પહેલાં દૂર પ્રદેશમાં જઈ શકાય તેવા સમયે નીકળી (સામાન્યજનોપયોગી ભૂમિથી) દૂર જંગલમાં જવું.

૯-'बिलवर्जित'-જે ભૂમિમાં નીચે દરો (છિદ્રો) ન હોય ત્યાં બેસવું, અને

૧૦-'त्रसप्राणबीजरहित'-સ્થાવર-ત્રસ જીવોથી રહિત-નિર્જીવ ભૂમિમાં બેસવું. તાત્પર્ય કે એ દશ દોષરહિત શુદ્ધ ભૂમિમાં વડીનીતિ-લઘુનીતિ વિગેરે પરઠવવું.

આ દશ દોષોના એકસંયોગી, દ્વિકસંયોગી, યાવત્ દશસંયોગી ભાંગા કરવાથી એક હજાર ચોવીશ ભાંગા થાય છે, કહ્યું છે કે-

"एक्कंदुगतिगचउपंच-छक्कसत्तट्ठनवगदसगेहिं ।
संजोगा कायव्वा, भंगसहस्सं चउव्वीसं ॥" पञ्चवस्तु० ४०१॥

**ભાવાર્થ**-એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ-નવ અને દશના આંકના સંયોગો કરવા, એથી એક હજારને ચોવીશ સંયોગી ભાંગા થાય.

તેમાં દ્વિકસંયોગી ચાર, ત્રિકસંયોગી આઠ, એમ ઉત્તરોત્તર બમણા કરતાં ચતુઃસંયોગી સોળ, વિગેરે દશસુધીના સંયોગી ભાંગા ૧૦૨૪ થાય, તેનું ગણિત આ પ્રમાણે છે.

"उभयमुहं रासिदुगं, हिट्ठिल्लाणंतरेण भय पढमं ।
लद्धऽहरासिविहत्तं, तस्सुवरिगुणं तु संजोगा ॥४०३॥" (पञ्चवस्तु)

**વ્યાખ્યા**-જેટલા અઙ્કના સંયોગી ભાંગા કાઢવા હોય તેટલા અઙ્કની સંખ્યા 'ઉભય-મુખ' એટલે જમણી તથા ડાબી તરફથી ઉપર નીચે લખવી. પછી નીચેના ડાબી તરફના પ્રથમ અઙ્કથી અનન્તર એટલે તેની પાસેના અઙ્કથી ઉપરની રાશીના ડાબી બાજુના પહેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંકને ભાગ દેવો, જે જવાબ આવે તેનાથી તેની અનન્તર (બાજુના) ઉપરના અઙ્કને ગુણતાં સંયોગોનો અઙ્ક આવે.

આ હકિકત સ્થાપનાથી સમજાવે છે કે–અહીં દશસંયોગી ભાંગા કાઢવાના છે, માટે આ પ્રમાણે બે રાશી લખવી. પછી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

નીચેની રાશીના ડાબા છેડે એકનો આંક છે તેની પાસેના બેના આંકથી ઉપરની રાશીના છેલ્લા દશના આંકને ભાગ દેતાં પાંચ જવાબ આવે, તેનાથી ઉપરના તે દશની પાસેના નવના આં–કને ગુણતાં ૪૫ જવાબ આવે, એટલા દ્વિકસંયોગી ભાંગા જાણવા, પછી ત્રિકસંયોગી ભાંગા કાઢવા માટે એ ૪૫ના આંકને નીચેની રાશીના બેની પાસેના ત્રણના આંકથી ભાગી તેની ઉપરના આઠના આંકથી ગુણતાં એકસો વીસ ભાંગા આવે, તેટલા ત્રિકસંયોગી ભાંગા જાણવા. પછી ચતુઃસંયોગી ભાંગા નિપજાવવા માટે ૧૨૦ને નીચેની રાશીના ચારના આંકથી ભાગી તેની ઉપરના સાતના આંકથી ગુણતાં બસોને દશ ભાંગા ચતુઃસંયોગી થાય, તે પછી પઞ્ચસંયોગી ભાંગા માટે બસોદશને નીચેની રાશીના પાંચના આંકથી ભાગ આપી ઉપરના છ ના આંકથી ગુણતાં બસોને બાવન આવે, તેટલા ભાંગા પઞ્ચસંયોગી જાણવા. છસંયોગી ભાંગા માટે પઞ્ચસંયોગી ભાંગાના ૨૫૨ના આંકને નીચેની રાશીના છ ના આંકથી ભાગ દઈ તેની ઉપરના પાંચના આંકથી ગુણતાં બસોને દશ જવાબ આવે, તેટલા ભાંગા છસંયોગી થયા. સાતસંયોગી ભાંગા માટે એ બસોદસના આંકને સાતથી ભાગ દઈ તેની ઉપરના ચારના આંકથી ગુણતાં એકસો વીશની સંખ્યા આવે, તેટલા સપ્તસંયોગી જાણવા. આઠસંયોગી ભાંગા માટે એ ૧૨૦ની સંખ્યાને નીચેની રાશીના આઠના આંકથી ભાગ દઈ તેની ઉપરના ત્રણના આંકથી ગુણતાં પીસતાલીસ જવાબ આવે તેટલા આઠ સંયોગી ભાંગા થાય, નવસંયોગી ભાંગા માટે આઠસંયોગીની ૪૫ની સંખ્યાને નીચેની રાશીના નવના અઙ્કથી ભાગ દઈ ઉપરના બેના અઙ્કથી ગુણતાં દસ આવે તેટલા ભાંગા નવસંયોગી જાણવા અને દશસંયોગી માટે નવસંયોગી દશ ભાંગાને નીચેની રાશીના દશના આંકથી ભાગી ઉપરના એકના આંકથી ગુણતાં એક જવાબ આવે, તે ભાંગો દશસંયોગી જાણવો, અર્થાત્ દશનો સંયોગી ભાંગો એક જ થાય. એમ જેટલી સંખ્યાના સંયોગી ભાંગા કાઢવા હોય તે માટે એ રીતે ગણિત કરવું. સ્થણ્ડિલભૂમિના દશ પર્યન્તની સંખ્યાના સંયોગી ભાંગા કેટલા થાય ? તે જણાવતાં કહ્યું છે કે–

"दस पणयाल वीसुत्तर–सयं च दोसय दसुत्तरा दो य ।
बावन्न दो दसुत्तर, वीसुत्तरं पंचचत्ताय ॥४०४॥
दस एगो अ कमेणं, भंगा एगाइ चारणाए उ ।
सुद्धेण समं मिलिआ, भंगसहस्सं चउव्वीसं ॥४०५॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–દશ, પીસતાલીસ, એકસો વીશ, બસોને દશ, બસોને બાવન, બસોને દશ, એકસો વીશ, પીસતાલીસ, દશ અને એક, એમ અનુક્રમે એકસંયોગી–દ્વિકસંયોગી યાવત્ દશ સંયોગી ભાંગા જાણવા. એ બધાનો સરવાળો કરતાં ૧૦૨૩ થાય, તે સઘળા દોષવાળા હોવાથી અશુદ્ધ છે, તેમાં એક શુદ્ધ (દશ પૈકી કોઈપણ દોષ વિનાનો) મળે ત્યારે ૧૦૨૪ થાય, તે છેલ્લો ભાંગો શુદ્ધ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપના બાજુમાં છે. આ એક હજાર ચોવીસમા ભાંગે શુદ્ધ પ્રદેશ (ભૂમી) પ્રાપ્ત થાય ત્યાં બેસતાં પહેલાં કરવાનો વિધિ આ પ્રમાણે છે.

| સંયોગ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૧૦ | ૪૫ | ૧૨૦ | ૨૧૦ | ૨૫૨ | ૨૧૦ | ૧૨૦ | ૪૫ | ૧૦ | ૧ |
| કુલ ૧૦૨૩ અશુદ્ધ અને એક શુદ્ધ સાથે ૧૦૨૪. | | | | | | | | | | |

**" दिसिपवणगामसूरिअ–छायाएँ पमज्जिऊण तिक्खुत्तो।**
**जस्सुग्गहोत्ति काऊण, वोसिरे आयमेज्जा वा ॥३१६॥"–(ओघनिर्युक्ति)**

**વ્યાખ્યા**—સ્થણ્ડિલ બેસવામાં સાધુએ પૂર્વ અને ઉત્તરદિશામાં પીઠ નહિ કરવી, કારણ કે તે બે દિશાઓ લોકમાં પૂજ્ય હોવાથી પુઠ કરતાં લોક વિરોધ થાય. રાત્રે દક્ષિણ દિશામાં પુઠ નહિ કરવી, કારણ કે રાત્રે દેવો દક્ષિણમાંથી ઉત્તરદિશામાં જાય છે એવી લોકશ્રુતિ છે. એ રીતે લોકમાં સૂર્ય દેવ તરીકે પૂજ્ય મનાતો હોવાથી સૂર્ય સન્મુખ પુઠ કરીને અને (ગામમાં દેવમન્દિરાદિ હોવાથી) ગામ તરફ પુઠ કરીને પણ નહિ બેસવું. તેમ બેસવાથી પણ લોકવિરોધ થાય. પવન જે દિશામાંથી આવતો હોય તે તરફ પુઠ કરીને નહિ બેસવું, કારણ કે વડીનીતિને સ્પર્શીને આવેલા પવનથી શ્વાસોચ્છ્વાસ લેતાં નાકમાં મસા થાય. માટે એટલી દિશાઓ વર્જીને (વૃક્ષાદિની) છાયા હોય ત્યાં ભૂમિને ત્રણવાર (દૃષ્ટિથી) પ્રમાર્જીને 'अणुजाणह जस्सुग्गहो' અર્થાત્ 'આ ભૂમિ જેની સત્તામાં હોય તે મને અનુમતિ આપો' એમ કહીને સ્થણ્ડિલ વોસિરાવે, વૃક્ષાદિની છાયા ન હોય તો વોસિરાવ્યા પછી એક મુહૂર્ત સુધી વડીનીતિ ઉપર સ્વશરીરની છાયા પડે તેમ ઉભો રહે, એથી છાયામાં કૃમીયા (જીવો હોય તેને તાપનો ઉપદ્રવ ન થતાં આયુઃ પૂર્ણ થતાં સ્વયમેવ પરિણામ પામે. કહ્યું છે કે—

**" संसत्तगहणी पुण, छायाए निग्गयाए वोसिरइ।**
**छायाऽसइ उण्हंमि वि, वोसिरिय मुहुत्तयं चिट्ठे ॥१८५॥" (ओघनि० भाष्य)**

**ભાવાર્થ**—જેની વિષ્ટામાં કૃમીયા નીકળતા હોય તે વૃક્ષાદિની છાયા હોય ત્યાં બેસે, છાયાના અભાવે તાપમાં પણ બેસે અને વોસિરાવીને એક મુહૂર્ત (ઉપર છાયા કરીને) ઉભો રહે.

બેસતી વેળા રજોહરણ, દંડો, વિગેરે ઉપકરણો (કટી ભાગના દબાણથી) ડાબી સાથળ ઉપર રાખે અને પાણીનું પાત્ર જમણા હાથમાં રાખે, અપાનની શુદ્ધિ તો ત્યાં જ, કે ત્યાંથી ખસીને બીજે પણ કરે. અર્થાત્ વિષ્ટા કઠિન (બંધાએલી) હોય તો ત્યાં અને નરમ હોય તો બીજે, અને શૌચ નજીકની ભૂમીમાં જ કરે અને તેમાં ત્રણ ચોગળાં પાણી વાપરે. કહ્યું છે કે–

**" उवगरणं वामे ऊरुगंमि, मत्तं च दाहिणे हत्थे।**
**तत्थऽन्नत्थ व पुंछे, तिहि आयमणं अदूरंमि ॥३१७॥" (ओघनि० भाष्य०)**

**ભાવાર્થ**—રજોહરણ, દંડો, આદિ ઉપકરણો ડાબી સાથળ ઉપર અને પાત્ર જમણા હાથમાં રાખે, શુદ્ધિ ત્યાં કે બેઠો હોય તેની નજીકમાં જ કરે. અને શૌચ ત્રણ ચોગળાં પાણીથી (ત્રણ વાર) કરે. ગૃહસ્થાદિના દેખતાં તો વધારે પાણી પણ વાપરે, ઈત્યાદિ જયણા પહેલાં કહી. કહ્યું છે કે–

**" जइ पिच्छंति गिहत्था, पत्तेअं मत्तगाणि गिण्हित्ता।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तो कुज्जा आयमणं, कुरुकुअगे भूरिसलिलेणं ॥"यतिदिनचर्या–२७५॥

**ભાવાર્થ**–" જો ગૃહસ્થો દેખે તો પ્રત્યેક સાધુએ ભિન્ન ભિન્ન પાત્ર લઇને શુદ્ધિ કરવી જોઇએ અને પાદપ્રક્ષાલન પણ ઘણા પાણીથી કરવું જોઇએ."

જો શુદ્ધ ભૂમિ ન મળે તો અધ્યવસાયની રક્ષા માટે ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોનો આધાર ચિન્તવવો. અર્થાત્ ધર્માસ્તિકાયાદિ ઉપર બેઠો છું એમ માનવું. કહ્યું છે કે—

" जइ थंडिलं न लब्भइ, तत्तो धम्माइदव्वसंघायं ।
आधारं चिंतंतो, चइज्ज उच्चारमाईणि ॥"यतिदिनचर्या–२७४॥

**ભાવાર્થ**—" જો સ્થણ્ડિલ (નિરવદ્ય ભૂમિ) ન મળે તો ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના સમૂહનો આધાર (તેની ઉપર વોસિરાવું છું એમ) ચિન્તવતો વિષ્ટા, માત્રુ, પાણી, ડગલ, વિગેરે ત્યાં વોસિરાવે." તે પછી ત્રણવાર 'વોસિરે' કહીને ઉઠે. કહ્યું છે કે—

काइअसन्नाडगलं, तिखुत्तो वोसिरित्तु मग्गंमी ।
समणीण परिहरंता, उवउत्ता तो निअट्टंति ॥२७६॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**–" લઘુનીતિ, વડીનીતિ અને ડગલ (પાણી વિગેરેને) ત્રણવાર ('वोसिरइ' કહી) વોસિરાવીને માર્ગમાં (સાધ્વીની સાથે ચાલવાનો પ્રસઙ્ગ ન આવે તેમ) સાધ્વીનો ત્યાગ કરતા ઉપયોગ પૂર્વક ત્યાંથી (વસતિ તરફ) પાછા ફરે."

એ પ્રમાણે ટુંકમાં સ્થણ્ડિલભૂમિએ જવાનો, બેસવાનો, વોસિરાવવાનો, વિગેરે વિધિ કહ્યો. (વિસ્તૃત અર્થ ઓઘનિર્યુક્તિ, પઞ્ચવસ્તુ, આદિ ગ્રન્થોમાંથી જાણી લેવો.) હવે ત્યાંથી પાછા વળેલા સાધુ ગામમાં પ્રવેશ કરતાં ઋતુબદ્ધકાળમાં (વર્ષા સિવાયના આઠ મહિનાઓમાં) રજોહરણ વડે અને વર્ષાકાળમાં પાદલેખનિકા (પગથી કાદવ દૂર કરવાની કાષ્ઠની પટ્ટી) વડે પગોને પ્રમાર્જે, કારણ કે-સ્થણ્ડિલમાંથી (શુદ્ધ–અચિત્ત ભૂમિમાંથી) અસ્થણ્ડિલમાં (કાદવ વિગેરે વાળી કે જંગલની મિશ્ર રજવાળી વિગેરે ભૂમિમાં) કે અસ્થણ્ડિલમાંથી સ્થણ્ડિલમાં પ્રવેશ કરતાં સાધુઓને પગ પ્રમાર્જવાનું વિધાન છે. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—

" उउबद्धे रयहरणं, वासावासासु पायलेहणिया ।
वडउंबरेपिलंखू, तस्स अलंभंमि चिंचिणिया ॥२६॥
बारसअंगुलदीहा, अंगुलमेगं तु होइ विच्छिन्ना ।
घणमसिणनिव्वणा चि अ, पुरिसे पुरिसे अ पत्तेअं ॥२७॥
उभओ नहसंठाणा, सच्चित्ताचित्तकारणा मसिणा ॥२८॥ पूर्वार्द्ध ॥

**ભાવાર્થ**–શીત-ઉષ્ણકાળમાં રજોહરણથી અને વર્ષાકાળમાં વર્ષાના કારણે કાદવ હોય ત્યારે પાદલેખનિકાથી પાદપ્રમાર્જન કરીને ગમન કરવું. એ પાદલેખનિકા વડની પીંપળીની કે પીંપળાની અને તેના અભાવે આંબલીની કરવી. તે લાંબી બાર આંગળ, પહોળી એક આંગળ, મજબૂત (ભાંગી જાય નહિ તેવી), સુંવાળી અને છિદ્રવગરની, પ્રત્યેક સાધુએ એક એક રાખવી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે છેડેથી નખ જેવી પાતળી કરવી, તેના એક છેડાથી સચિત્ત પૃથ્વીકાયને અને બીજા છેડાથી અચિત્ત પૃથ્વીકાયને ઉખેડવી, (અર્થાત્ અચિત્ત ભૂમિમાંથી સચિત્તમાં જતાં અચિત્ત અને સચિત્ત-માંથી અચિત્તમાં આવતાં સચિત્ત માટી વિગેરેથી લેપાએલા પગને તેનાથી સાફ કરવા કે જેથી સચિત્ત અચિત્ત પૃથ્વીકાયનું મિશ્રણ થવાથી પરસ્પર શસ્ત્રરૂપે તેનો ઉપઘાત ન થાય.) તે પણ સુંવાળી રાખવી, અતિ તીક્ષ્ણ નહિ રાખવી, કારણ કે પગને નુકસાન ન થાય."

એ પ્રમાણે જયણાથી વસતિના બારણા પાસે આવીને મોટા શબ્દથી 'નિસીહિ' ત્રણવાર કહીને પાદપ્રમાર્જન વિગેરે વિધિ કરવા પૂર્વક મકાનમાં પ્રવેશ કરે, એ ત્રીજી પોરિસીનું કર્તવ્ય જણાવ્યું. હવે મકાનમાં આવીને શું કરવું તે કહે છે—

**मूलम्** "आगत्य वसतौ गत्या-गत्योरालोचनं स्फुटम् ।
शेषेऽथ पश्चिमे याम, उपधिप्रतिलेखना ॥९६॥"

**મૂળનો અર્થ**—" ઉપાશ્રયે આવીને પ્રગટ રીતે ગમનાગમનની આલોચના કરવી, અને પછી છેલ્લો પ્રહર બાકી રહે (શરૂ થાય) ત્યારે ઉપધિનું પડિલેહણ કરવું."

**ટીકાનો ભાવાર્થ**-ઉપાશ્રયે આવીને ઉપર જણાવેલા વિધિ પૂર્વક પ્રવેશ કરીને ગુરૂની સમક્ષ ગમનાગમન આલોચે, (જવા-આવવામાં જે કંઈ અનુચિત વર્તન થયું હોય કે થયાનું અનુમાન હોય તે કહી સંભળાવે,) તે પણ જેમ તેમ નહિ, ગુરૂ સમજે તેમ સ્પષ્ટ-જે જેવી રીતે બન્યું હોય તે તે રીતે જણાવે. અર્થાત્ ઉપાશ્રયમાં ઇરિયાવહિ પ્રતિક્રમણ કરીને જવા-આવવામાં થએલી (કે સંભવિત) વિરાધનાની આલોચના કરે. કહ્યું છે કે—

"गंतूण वसहिदारे, उदारसद्दे निसीहिअं काउं ।
इरियापडिक्कमणेणं, गमणागमणाइ विअडंति ॥२७७॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**—ઉપાશ્રયના દ્વાર પાસે જઈને મોટા શબ્દથી 'નિસીહિ' કહી પ્રવેશ કરીને ઇરિયાવહિ० પ્રતિક્રમણ પૂર્વક ગમનાગમનાદિની વિરાધના આલોચે, તે પછી જો ત્રીજી પોરિસી પૂર્ણ ન થઈ હોય તો પૂર્ણ થતાં સુધી સ્વાધ્યાય કરે. કહ્યું છે કે—

"सन्नातो आगओ चरम-पोरिसिं जाणिऊण ओगाढं ।
पडिलेहणम(हेइ अ) पत्तं, नाऊण करेइ सज्झायं ॥" ओघनि० ६२६॥

**ભાવાર્થ**—સ્થણ્ડિલ ભૂમિથી આવેલો સાધુ 'ચોથા પ્રહરની શરૂઆત થઈ છે' એમ જાણીને પડિલેહણ કરે, અને 'શરૂ થવાને વાર છે' એમ જાણે તો ત્યાં સુધી સ્વાધ્યાય કરે.

સાધુને તે તે સમયે કરવાનાં કાર્યો કરતાં વચ્ચે સમય બચે ત્યારે ત્યારે સ્વાધ્યાય કરવો તે જ ઉચિત છે. કહ્યું છે કે—

"कज्जस्स य कज्जस्स य, समए समएअ कज्जमाणस्स ।
जइ हुज्ज समयसेसं, तत्थ करिज्जा य सज्झायं ॥" यतिदिनचर्या-२७९॥

**ભાવાર્થ**—તે તે સમયે કરવાનાં કાર્યો કરનારે વચ્ચે સમય વધે તેમાં સ્વાધ્યાય કરવો.

હવે ચરમ પોરિસી શરૂ થાય ત્યારે શું કરવું તે કહે છે-'अथ' એટલે ત્રીજી પોરિસી પૂર્ણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા પછી–દિવસનો છેલ્લો પ્રહર બાકી રહે ત્યારે ઔઘિક અને ઔપગ્રહિક બે પ્રકારનાં ઉપકરણો (વસ્ત્ર-પાત્ર, વિગેરે સંયમ સામગ્રી)૩૫ ઉપધિનું પ્રતિલેખન કરવું તે સાપેક્ષ યતિધર્મ સમજવો. મધ્યાહ્ન પછીની પ્રતિલેખનામાં સઘળાં ઉપકરણોનું પડિલેહણ કરવું જોઇએ, કારણ આગમમાં કહ્યું છે કે 'सव्वं पुण पच्छिमे जामे' અર્થાત્ છેલ્લા પ્રહરે સર્વ વસ્તુનું પડિલેહણ કરવું.

આ પડિલેહણના વિધિમાં સવારના પડિલેહણના વિધિમાં કહી આવ્યા તેમાં જે કંઈ વિશેષ કરવાનું છે તે જ અહીં કહીએ છીએ કે છેલ્લી પોરિસીનો પ્રારમ્ભ થાય ત્યારે એક (વડીલ) સાધુ ખમાસમણ દઇને ગુરૂને તેના સમયનું નિવેદન કરવા માટે કહે કે 'भगवन् ! बहुपडिपुन्ना पोरिसी' અર્થાત્ 'ત્રીજી પોરિસી સર્વથા પરિપૂર્ણ થઈ.' તે સાંભળીને સર્વ સાધુઓ ગુરૂ સમક્ષ એકત્ર મળીને ઇરિયાવહી પ્રતિક્રમણ પૂર્વક એક ખમાસમણ આપીને (इच्छा० संदि०) भगवन् ! पडिलेहणं करेमो ' અર્થાત્ હે ભગવન્ ! (આપની ઇચ્છાનુસાર) પડિલેહણ કરીએ છીએ, એમ જણાવીને બીજું ખમાસમણ દઈ ('इच्छा० संदि०) भगवन् ! वसतिं पमज्जेमो' અર્થાત્ 'હે ભગવન્ત ! (આપની ઇચ્છાનુસાર) વસતિનું પ્રમાર્જન કરીએ છીએ' એમ કહીને મુહપત્તિ અને શરીરનું (૨૫-૨૫ બોલથી) પડિલેહણ કરે. કહ્યું છે કે—

" **पच्छिमजामं सेसं, सम्मं जाणित्तु समयतत्तन्नू ।**
**वागरइ खमासमणी, पत्तो पडिलेहणासमओ ॥२८०॥**
**पभणंति खमासमणं, गुरुं तओ साहुणोवि पढमंमी ।**
**पडिलेहणं करेमो, बिइए वसहिं पमज्जेमो ॥" २८१॥ यतिदिनचर्या ॥**

**ભાવાર્થ**–સમયને જાણવામાં કુશળ સાધુ ' હવે દિવસનો છેલ્લો પ્રહર બાકી રહ્યો-ત્રણ પ્રહર પૂર્ણ થયા' એમ બરાબર જાણીને ખમાસમણ દઇને ગુરૂને 'ભગવન્ પડિલેહણાનો સમય આવ્યો (થયો)' એમ કહે, તે પછી બીજા સાધુઓ પણ એકત્ર થઇને પહેલું ખમાસમણ દઇને इच्छा० संदि० भग० पडिलेहणं करेमो' અર્થાત્ હે ભગવન્ત ! આપની ઇચ્છાનુસાર અમે પડિલેહણા કરીએ છીએ અને બીજું ખમાસમણ દઇને 'इच्छा० संदि भग० वसहिं पमज्जेमो' અર્થાત્ હે ભગવન્ત ! આપની ઇચ્છાનુસાર વસતિનું પ્રમાર્જન કરીએ છીએ,' એમ કહે.

આ પ્રતિલેખના કરનારા બે પ્રકારના સાધુ હોય, એક ભોજન કરેલા અને બીજા ઉપવાસી, તે બેને પણ ઉપર જણાવ્યો ત્યાં સુધીનો વિધિ તુલ્ય છે. કહ્યું છે કે—

" **पडिलेहगा उ दुविहा, भत्तट्ठिअ एयरा उ णायव्वा ।**
**दोण्हवि अ आइपडिलेहणाउ मुहणंतगसकायं ॥" ओघनिर्युक्ति–६२८॥**

**ભાવાર્થ**–પ્રતિલેખના કરનારા ઉપવાસી અને ભોજનવાળા એમ બે પ્રકારના હોય, તે બન્નેને પ્રારમ્ભમાં મુહપત્તિ અને કાયાની પડિલેહણા સુધી (સાંજની) પડિલેહણાનો વિધિ તુલ્ય છે.

તે પછી જે ઉપવાસી હોય તેઓ 'पडिलेहणा पडिलेहावउ' અર્થાત્ ' હે ભગવન્ત ! પ્રસાદ કરીને અન્ય સાધુઓની પડિલેહણા કરવાની અમને અનુમતિ આપો !' એમ કહી પૂર્વે (સવારના વિધિમાં પૃ૦ ૯૭ માં) જણાવેલા ક્રમ પ્રમાણે ગુર્વાદિની ઉપધિનું પડિલેહણ કરે પછી ગુરૂની અનુમતિ મેળવીને 'संदिसह ! इच्छाकारेण ओहिअं पडिलेहेमो' અર્થાત્ 'અનુમતિ આપો ! આપની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છાનુસાર ઔઘિક ઉપધિને પડિલેહીએ ?' એમ પૂછીને પહેલાં પોતાનું પાત્ર, માત્રક(નાનું પાત્ર) અને પછી પોતાની સઘળી ઉપધિનું પડિલેહણ કરે, ચોલપટ્ટો છેલ્લે પડિલેહે. કહ્યું છે કે—

" तत्तो गुरू परिण्णा, गिलाण सेहाइ जे अभत्तट्ठी ।
संदिसह पायमत्ते य, अप्पणो पट्टगं चरिमं ॥"६२९ ओघनिर्युक्ति ॥

**ભાવાર્થ**—મુખવસ્ત્રિકા અને શરીરનું પડિલેહણ કરીને ગુરૂની, તે પછી પરિજ્ઞા એટલે આહારનું પચ્ચક્ખાણ કરનારા અનશનવાળાની, પછી ગ્લાનની, પછી નવદીક્ષિત (જેને સંયમની શિક્ષા માટે સ્થવિરોને સોંપ્યા હોય તે) સાધુની અને આદિ શબ્દથી વૃદ્ધો વિગેરેની, એ દરેકની ઉપધિનું ઉપવાસી પડિલેહણ કરે, પછી ગુરૂને જણાવીને ઔઘિક ઉપધિના પડિલેહણની અનુમતિ મેળવીને પોતાનું પાત્ર, માત્રક, શેષઉપધિ અને તેમાં છેલ્લે ચોલપટ્ટો પડિલેહે.

આ ઉપવાસીને પડિલેહણાનો વિધિ કહ્યો, ભોજન કરનારે તો મુખવસ્ત્રિકા અને શરીરનું પડિલેહણ કરીને ચોલપટ્ટાનું, પછી (વધેલો) કોઇ આહારાદિ (મૂકેલો) ન હોય તો નાના માત્રકનું અને તે ખાલી ન હોય તો તેને પાછળથી પડિલેહવાનું બાકી રાખીને પડલા, ઝોળી, ગુચ્છા, વિગેરે પાત્રાંના ઉપકરણો સહિત મોટા પાત્રનું પડિલેહણ કરે. તેમાં પણ ક્રમ આ રીતે જાણવો-પહેલાં (ઉપરનો) ગુચ્છો, પછી ચરવળી (પાત્ર કેસરિકા), પછી ઝોળી, પછી પડલા, પછી રજસ્ત્રાણ, પછી પાત્રસ્થાપન (નીચેનો ગુચ્છો), પછી મુખ્ય પાત્ર અને પછી ખાલી ન હોવાથી બાકી રાખ્યું હોય તો તેમાંની વસ્તુ (મોટા) પાત્રમાં નાખીને છેલ્લે માત્રક (નાનું પાત્રક), એ ક્રમે પાત્રાંની ઉપધિ સહિત પાત્રાં પડિલેહે, પછી ગુરૂ વિગેરેની ઉપધિનું પડિલેહણ કરીને ગુરૂની અનુજ્ઞા માગે કે-' संदिसह ! ओहिअं पडिलेहेमो ' અર્થાત્ ' આપ અનુમતિ આપો, હવે ઔઘિક ઉપધિનું પડિલેહણ કરીએ ? ' એમ પૂછીને આજ્ઞા મેળવીને બાકી રહેલાં ગચ્છ-સાધારણ (સર્વ સાધુઓને ઉપયોગી) જે જે વાપર્યા વગરનાં હોય તે તે પાત્રોને અને વસ્ત્રોને પડિલેહે, પછી પોતાના (એક કામળી અને બે સૂત્રાઉ એમ) ત્રણ કપડા અને વાપરવાની શેષ ઉપધિને પણ પડિલેહે, યાવત્ છેલ્લે પાદપ્રોઞ્છન(દણ્ડાસન)નું અને રજોહરણ (ઓઘા)નું પડિલેહણ કરે. એ પ્રમાણે ભોજનવાળા સાધુનો સાંજની પડિલેહણાનો વિધિ સમજવો. કહ્યું છે કે-

" पट्टगमत्तय सग(य)मोग्गहो अ गुरुमाइया अणुन्नवणा ।
तो सेस भाणवत्थे, पाउंछणगं च भत्तट्ठी ॥६३० ॥
जस्स जहा पडिलेहा, होइ कया सो तहा पढइ साहू ।
परिअट्टेइ व पयओ, करेइ वा अन्नवावारं ॥६३१॥" ओघनिर्युक्ति ॥

**ભાવાર્થ**–(મુહપત્તિ અને કાયાની પડિલેહણા પછી)ચોલપટ્ટો, પછી(પાત્રાદિના પડિલેહણમાં) ઉપરનો ગુચ્છો, પછી ઝોળી, પછી પડલા, પછી રજસ્ત્રાણ અને પછી મુખ્ય પાત્ર પડિલેહવું. માત્રક ખાલી ન હોય તો આ વિધિ જાણવો અને ખાલી હોય તો ચોલપટ્ટા પછી સહુથી પહેલાં માત્રક પડિલેહીને પછી પોતાના પાત્રાંના પરિકરમાં ગુચ્છો, ઝોળી, પડલા, રજસ્ત્રાણ, અને મુખ્યપાત્રને પડિલેહવું. તે પછી ગુરૂ વિગેરેની ઉપધિનું પડિલેહણ કરીને તેઓની અનુજ્ઞા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવી જે વપરાતાં ન હોય તે ગચ્છસાધારણ પાત્રાં, વસ્ત્રો, વિગેરેને પડિલેહે, પછી પોતાના કપડા વિગેરે યાવત્ છેલ્લે પાદપ્રોઞ્છન અને રજોહરણ[૧૩૪] પડિલેહે. આ વિધિ જેણે ભોજન કર્યું હોય તે સાધુનો જાણવો. (૧૩૦) એમ બન્ને પ્રકારના સાધુઓમાં જેને જે રીતે પ્રતિલેખના કરવાની કહી તે રીતે તે પૂર્ણ થાય ત્યારે ત્યારે તે સાધુ સૂત્રાદિ ભણે, પરાવર્તના કરે, પૂર્વનું ભણેલું ગણે, અથવા કોઈ અન્ય સાધુ કંઈ કામ કરી આપવા વિનંતિ કરે તો સ્વાધ્યાય છોડીને તેનું તે કામ આદરથી કરી આપે. અગર બીજું કંઈ સાંધવાનું, તુણવાનું, વિગેરે કાર્ય હોય તો તે કરે. (૧૩૧)

યતિદિનચર્યામાં તો આ પ્રમાણે કહેલું છે કે–

" पुत्ति पेहिअ तो लहु–वंदणजुअलेण अंग पडिलेहे ।
इक्केण संदिसावइ, जंपइ बिइए करेमि त्ति ॥२८२॥
उववासी सव्वोवहि–पज्जंते चोलपट्टगं पेहे ।
इअरो पढमं पट्टं, रयहरणं सव्वओ पच्छा ॥२८३॥
वसहिं पमज्जिऊणं, ठवणायरियं तहेव पेहित्ता ।
काऊण खमासमणं, पुत्ति पेहंति उवउत्ता ॥२८४॥
अह लहुअवंदणेणं, सम्मं कुव्वंति तयणु सज्झायं ।
सुत्तत्थगाहिणो जे, तेसिं सो चेव सज्झाओ ॥२८५॥
चत्तारि खमासमणा, दो उवहीथंडिलाण पेहाए ।
दुन्नि अ गोअरचरिआ–पडिकमणे काउस्सग्गे अ ॥२८६॥
तह पक्खिअआइदिअहे, तयाइ(महया)सद्देहिं लहुअ वंदणए ।
काऊण दुन्नि पुत्तिं, पेहिअ पेहिज्ज उवहिं च ॥२८८॥
अह पत्ताणुवगरणं, पडिलेहिअ निक्खिवंति तो उवहिं ।
पेहंति गुरूण पुरो, गिलाणसेहाइ अप्पस्स ॥२८९॥ (यतिदिनचर्या)

**ભાવાર્થ**–ખમાસમણ પૂર્વક મુહપત્તિ પડિલેહીને અઙ્ગોનું પડિલેહણ કરે, તેમાં બે ખમાસમણ દઇ એકથી અઙ્ગપડિલેહણાને સંદિસાવે (ઇચ્છા જણાવે) અને બીજાથી અનુજ્ઞા માગી અઙ્ગોનું પડિલેહણ કરે. (૨૮૨) ઉપવાસી સાધુ ચોલપટ્ટાને સર્વ ઉપધિની પછી પડિલેહીને પહેરે અને ખાનારો પહેલાં મુહપત્તિ, પછી ચોલપટ્ટો અને છેલ્લો રજોહરણ પડિલેહે. (૨૮૩) તે પછી ઉપાશ્રયની પ્રમાર્જના કરીને એ જ રીતે સ્થાપનાચાર્યનું પડિલેહણ કરીને ખમા૦ દઇને ઉપયોગ પૂર્વક ઉપધિમુહપત્તિ પડિલેહે. (૨૮૪) તે પછી ખમા૦ દઇ સમ્યક્ સ્વાધ્યાય કરે, જેઓ સૂત્ર–અર્થને ભણતા હોય તેઓને તે જ સ્વાધ્યાય જાણવો, બીજો જુદો નહિ. (૨૮૫) તે પછી ચાર ખમાસમણ દેવાં, તેમાં એક ખમા૦ 'ઉપધિ સંદિસાવેમિ' કહેવા માટેનું અને

૧૩૪–ઓઘનિર્યુક્તિની ટીકાના પાઠથી પાદપ્રોઞ્છન અને રજોહરણ બેને એક જ માનેલાં સમજાય છે, તો પણ ધર્મસંગ્રહના (પૃ૦ ૬૨)પાઠના આધારે અહીં બે જુદાં કહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજું 'ઉપધિ પડિલેહેમિ' કહેવા માટેનું સમજવું, ત્રીજું સ્થણ્ડિલ પડિલેહવા માટેનું અને ચોથું ગોચરી પ્રતિક્રમણનો કાઉસ્સગ્ગ કરવાના અવસરે સમજવું. (આ ખમાસમણા આ ક્રમે નહિ પણ જે જે વખતે તે ક્રિયા કરાય તે તે વખતે દેવાનાં સમજવાં. અર્થાત્ કુલ ચાર ખમા૦ દેવાનાં હોય) (૨૮૬). પાક્ષિકાદિ એટલે પાખી વિગેરે પર્વના દિવસે પડિલેહણમાં તેની પૂર્વે બોલવાનો પાઠ બોલીને (મોટા શબ્દથી) એક ખમા૦ દઈને પહેલાં પડિલેહણની મુહપત્તિનું, બીજું ખમા૦ દઈને ઉપધિમુહપત્તિનું અને ત્રીજું ખમા૦ દઈને ઉપધિનું પડિલેહણ કરે. (૨૮૮) પહેલાં પડિલેહણની મુહપત્તિ પડિલેહીને પાત્રાંનાં ઉપકરણોને (ગુચ્છો–ચરવળી–ઝોળી–પડલા–રજસ્રાણને) પડિલેહે, તે પછી વિધિથી પાત્ર પડિલેહીને એક બાજુ નિરૂપદ્રવ સ્થાને મૂકે, પછી ગુરૂની સમક્ષ અનુક્રમે ગ્લાનની, નવદીક્ષિતની અને પોતાની ઉપધિનું પડિલેહણ કરે.[૧૩૫](૨૮૯)

તે પછી પાટ, પાટલા, માત્રાદિની કુંડીઓ, વિગેરે શેષ વસ્તુઓનું પડિલેહણ કરે, એ સાંજના પડિલેહણનો વિધિ જણાવ્યો.

હવે પ્રતિલેખના ઉપધિની કરવાની હોવાથી પ્રસંગોપાત ઉપધિનું સ્વરૂપ કહીયે છીએ. ઉપધિના ૧–ઔઘિક અને ૨–ઔપગ્રહિક, એમ બે પ્રકારો છે, તે દરેકના પણ સંખ્યાથી અને માપથી એમ બે બે પ્રકારો છે. કહ્યું છે કે—

" ओहे उवग्गहंमि य, दुविहो उवही उ होइ णायव्वो ।
एक्केकोवि य दुविहो, गणणाए पमाणतो चेव ॥" ओघनिर्युक्ति ६६७।

**ભાવાર્થ**–ઓઘઉપધિ અને ઔપગ્રહિક ઉપધિ, એમ ઉપધિના બે પ્રકારો છે, તે એક એક પણ ગણનાથી અને પ્રમાણથી એમ બે બે પ્રકારે છે.

તેમાં જે ઉપધિ નિત્ય પાસે રાખી શકાય અને કારણે વાપરી શકાય તે 'ઔઘિક' અને કારણે રાખી શકાય અને કારણે વાપરી શકાય તે 'ઔપગ્રહિક' એમ ભેદ સમજવો. કહ્યું છે કે–

" ओहेण जस्स गहणं, भोगो पुण कारणा स ओहोही ।
जस्स उ दुगंपि णियमा, कारणओ सो उवग्गहिओ ॥"पञ्चवस्तु–८३८॥

**ભાવાર્થ**–જે પાત્ર–વસ્ત્રાદિ વસ્તુ સામાન્યતયા હંમેશાં પાસે રાખીને ગોચરીભ્રમણાદિ તે તે કાર્ય પ્રસઙ્ગે વાપરવામાં આવે તે ઓઘઉપધિ અને જેને રાખવાનું વાપરવાનું અને બન્ને ધુમસ, ઠાર, વિગેરે વિશિષ્ટ કારણે જ કરી શકાય તે પાટ–પાટલા વિગેરે ઔપગ્રહિક ઉપધિ કહી છે.

તે બેનું એક, બે, વિગેરે સંખ્યાથી પ્રમાણ તે 'ગણના પ્રમાણ' અને લમ્બાઈ, પહોળાઈ, ન્હાનું, મોટું વિગેરે માપથી પ્રમાણ તે 'પ્રમાણ પ્રમાણ' જાણવું. તેમાં ગણના પ્રમાણથી જિનકલ્પિઓને ઓઘઉપધિ બાર પ્રકારની, સ્થવિરોને ચૌદ પ્રકારની અને સાધ્વીઓને પચીસ પ્રકારની કહી છે, એથી વધારે જે કાળે જરૂરી કારણે જે જે રાખે–વાપરે તે ઔપગ્રહિક ઉપધિ કહેવાય છે. કહ્યું છે કે—

---

૧૩૫–આ ગાથાઓમાં બતાવેલો ક્રમ વર્તમાનમાં તેવા રૂપમાં જોવામાં આવતો નથી. સામાચારીના ભેદોને યોગે કે પરાવર્તનને યોગે ભિન્નતા જોવામાં આવે છે.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

" जिणा बारसरूवाणि, थेरा चउद्दसरूविणो ।
अज्जाणं पणवीसं तु, अओ उड्ढं उवग्गहो ॥६७१॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–જિનકલ્પિકો બાર પ્રકારના (ઉપધિવાળા),સ્થવિરકલ્પિકો ચૌદ પ્રકારના (ઉપધિવાળા)અને આર્યાઓને પચીસ પ્રકારે (ઓઘઉપધિ) હોય છે, તેથી વધારે હોય તે ઔપગ્રહિક જાણવી.

તેમાં જિનકલ્પિકોની બાર પ્રકારની ઉપધિ આ પ્રમાણે છે—

" पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिया ।
पडलाई रयत्ताणं (च), गुच्छओ पायनिज्जोओ ॥६६८॥
तिन्नेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपोत्ती ।
एसो दुवालसविहो, उवही जिणकप्पिआणं तु ॥६६९॥" (ओघनिर्युक्ति)

**વ્યાખ્યા**–૧–મુખ્યપાત્ર, ૨–પાત્ર બાંધવાની વસ્ત્રની ચોરસ ઝોળી, ૩–પાત્રસ્થાપન એટલે કામળનો કકડો, જેમાં પાત્ર મૂકાય તે (નીચેનો ગુચ્છો), ૪–'પાત્રકેસરિકા' જેનાથી પાત્રોનું પડિલેહણ કરાય તે વર્તમાનમાં 'ચરવળી' નામે પ્રસિદ્ધ છે, ૫–'પડલા' ભિક્ષા ભ્રમણ વખતે પાત્રા ઉપર ઢાંકવાના વસ્ત્રના કકડા, (તે ત્રણથી સાત સુધી હોય તેની બધાની અહીં એકમાં ગણના કરી છે,) ૬–'રજસ્રાણ' પાત્રને વીંટવાના કોમળ સુત્રાઉ વસ્ત્રના કકડા, (તે દરેકને પણ પ્રાકૃત ભાષાના નિયમથી એકમાં ગણ્યા છે,) ૭–'ગુચ્છો' ઊનનો કામલીનો કકડો પાત્રાંની ઉપર બાંધવામાં આવે છે તે (ઉપરનો ગુચ્છો), એમ પાત્ર સહિત તેનો પરિવાર કુલ સાત પ્રકારનો તથા ૮થી ૧૦–એક ઊનનો (કામળી) અને બે સૂત્રાઉ એમ ત્રણ કપડા, ૧૧–રજોહરણ અને ૧૨–મુહપત્તિ, આ બાર પ્રકારની ઉપધિ જિનકલ્પિકોને ઉત્કૃષ્ટથી જાણવી, જઘન્યથી તો તેઓને માત્ર બે પણ હોય, તેથી તેઓને ઉપધિના બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગીયાર અને બાર, એમ આઠ પ્રકારો થાય છે, તે આ રીતે–જે જિનકલ્પી સાધુ પાણીપાત્રી (ભોજન માટે પાત્રની જરૂર વિનાના હાથમાં ગમે તેટલાં આહાર પાણી લેવા છતાં બિન્દુ માત્ર પણ નીચે ન પડે તેવી લબ્ધિવાળા) હોય અને વસ્ત્રનો પણ જેણે ત્યાગ કરેલો હોય તેને માત્ર મુહપત્તિ અને રજોહરણ બે જ વસ્તુ હોવાથી તે બે પ્રકારની ઉપધિવાળો કહેવાય, વસ્ત્રધારી હોય તેઓમાં રજોહરણ મુહપત્તિ ઉપરાંત એક કપડો રાખે તે ત્રણ પ્રકારની ઉપધિવાળો, બે કપડા રાખે તે ચાર પ્રકારની અને ત્રણ કપડા રાખે તે પાંચ પ્રકારની ઉપધિવાળો જાણવો. જે વસ્ત્ર રહિત છતાં (પાણીપાત્રની લબ્ધિરહિત) પાત્ર રાખનારા હોય તેઓને રજોહરણ, મુહપત્તિ અને ઉપર જણાવ્યો તે સાત પ્રકારનો પાત્ર પરિવાર મળી કુલ નવ પ્રકારની, પાત્રધારી અને વસ્ત્રધારી હોય તેઓ એ નવ ઉપરાન્ત એક કપડો રાખે તો ૧૦ પ્રકારની, બે કપડા રાખે તો અગીઆર પ્રકારની અને ત્રણ કપડા રાખે તો બાર પ્રકારની ઉપધિવાળ કહેવાય. એ જિનકલ્પિકની ઉપધિ ગણના પ્રમાણથી કહી, સ્થવિરકલ્પિકોને એ બાર પ્રકારો ઉપરાન્ત ૧–ચોલપટ્ટો અને ૧–માત્રક (નાનું પાત્ર) મળી ચૌદપ્રકારની ઉપધિ હોય. કહ્યું છે કે—

" एए चेव दुवालस, मत्तगअइरेगचोलपट्टो अ ।
एसो चउद्दसरूवो (विहो), उवही पुण थेरकप्पम्मि ॥" ओघनिर्युक्ति ६७०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–જિનકલ્પિકને કહ્યા તે જ બાર પ્રકારોને માત્રક અને ચોલપટ્ટા સહિત કરતાં ચૌદપ્રકારો થાય, તેટલી ઉપધિ સ્થવિરકલ્પીઓને જાણવી.

અહીં ઉપધિમાં ઉત્તમ–મધ્યમ[૧૩૬] અને જઘન્યનો વિચાર કરતાં જિનકલ્પિકોને ત્રણ કપડા અને પાત્ર મળી ચાર પ્રકારો ઉત્તમ છે, કારણ કે તે શરીરના (અને સંયમના) નિર્વાહ માટે આવશ્યક વસ્તુઓ છે. ગુચ્છો, પાત્રસ્થાપન (નીચેનો ગુચ્છો), મુહપત્તિ અને પાત્રકેસરિકા (ચરવળી), એ ચાર મધ્યમ કહ્યાં છે અને પાત્રબન્ધ (ઝોળી), પડલા, રજસ્રાણ અને રજોહરણ, એ ચાર પ્રકારો જઘન્ય છે. સ્થવિરકલ્પિકોને પણ જિન કલ્પિકને કહ્યા તે જ ચાર પ્રકારો ઉત્તમ છે. પડલા, રજસ્રાણ, પાત્રબન્ધ, ચોલપટ્ટો અને નાનું માત્રક એ છ પ્રકારો મધ્યમ અને પાત્રસ્થાપન (નીચેનો ગુચ્છો), પાત્રકેસરિકા, ઉપરનો ગુચ્છો અને મુહપત્તિ, એ ચાર જઘન્ય છે.

સાધ્વીઓની પચીસ પ્રકારની ઉપધિ આ પ્રમાણે કહેલી છે.

"**उवगरणाइं चउद्दस, अचोलपट्टाइं कमढयजुआइं ।**
**अज्जाणवि भणिआइं, अहिआणि अ (चि) हुंति ताणेवं ॥५२९॥**
**उग्गहऽणंतग पट्टो, अद्धोरुअ चलणिआ य बोद्धव्वा ।**
**अब्भिंतरबाहिनिअंसणी अ तह कंचुए चेव ॥५३०॥**
**उक्कच्छिअ वेकच्छी य, संघाडी चेव खंधकरणी अ ।**
**ओहोवहिंमि एए, अज्जाणं पणवीसं तु ॥५३१॥"** (प्रवचनसारोद्धार०)

**વ્યાખ્યા**–સ્થવિરકલ્પિક સાધુને કહેલી ચૌદ પ્રકારની ઉપધિમાંથી ચોલપટ્ટો બાદ કરીને એક કમઢક ગણતાં સાધ્વીઓને પણ સંખ્યા અને સ્વરૂપથી સ્થવિરકલ્પી તુલ્ય ઉપધિ હોય છે, આ કમઢક એટલે લેપ કરેલું (રંગેલું) તુમ્બડાનું કાંસાની મોટી કથરોટના આકારનું સ્વ–સ્વ ઉદર (આહાર) પ્રમાણ ભાજન સમજવું. સાધુની જેમ સાધ્વીને માંડલીમાં સર્વ સાધારણ મોટું (નન્દી) પાત્ર ન હોવાથી દરેકને જુદું જુદું કમઢક હોય છે. કારણ કે સ્ત્રીજાતિપણાને લીધે પ્રાયઃ સ્વભાવ તુચ્છ હોવાથી પોત પોતાના જુદા કમઢકમાં જ તેઓને ભોજન કરવાનું હોય છે. એ ચૌદ ઉપરાન્ત તેઓને નીચે કહ્યા પ્રમાણે ૧૧ પ્રકારે ઉપધિ વધારે હોય છે.

૧–**અવગ્રહાનન્તક**–અવગ્રહ એટલે અહીં જૈનપરિભાષા પ્રમાણે 'યોનિપ્રદેશ' સમજવો, તેના અનન્તકવસ્ત્રને 'અવગ્રહાનન્તક' કહેવાય છે. નાવાના આકારે તે મધ્યમાં પહોળું અને બે છેડે સાંકડું ગુહ્યપ્રદેશની (બ્રહ્મચર્યની) રક્ષા માટે લંગોટીના આકારનું સમજવું. સંખ્યાથી તે એક જ હોય અને પ્રમાણથી તો સ્વ–સ્વ શરીરના અનુસારે લાંબુ–પહોળું સમજવું, ઋતુધર્મ વખતે રૂધિરની રક્ષા માટે તે જાડા અને સુંવાળા વસ્ત્રનું કરવું, પુરૂષના શરીરના સ્પર્શ જેવો કર્કશ સ્પર્શ સ્ત્રીને વિકારજનક હોવાથી તેવા કર્કશ સ્પર્શવાળું નહિ કરવું, (પરસ્પર અસમાન સ્પર્શ વિકાર પ્રગટ કરે છે તેથી) સુંવાળા વસ્ત્રનો સ્પર્શ યોનિના સ્પર્શ સરખો

૧૩૬–ઉપધિમાં ઉત્તમ–મધ્યમ અને જઘન્ય પ્રકારો આલોચના કરવામાં અને પ્રાયશ્ચિત્ત સેવામાં ઉપયોગી છે, ઉત્તમ–મધ્યમ–જઘન્યનું પ્રાયશ્ચિત્ત ભિન્ન ભિન્ન બતાવેલું છે, માટે ઉપધિના આ ઉત્તમાદિ પ્રકારોનું જ્ઞાન આવશ્યક છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

હોવાથી સમાનતાના કારણે તે વિકાર કરી શકતો નથી. કહ્યું છે કે—

" अह उग्गहणंतगं, णावसंठियं गुज्झदेसरक्खट्ठा ।
तं तु पमाणेणिक्कं, घणमसिणं देहमासज्ज ।।५३२"।।–प्रवचनसारोद्धार०

**ભાવાર્થ**–અવગ્રહાનન્તક નાવાના આકારનું ગુહ્યપ્રદેશ (બ્રહ્મચર્ય)ના રક્ષણ માટે જાણવું. તે ગણનાથી એક અને પ્રમાણથી ઋતુધર્મ વખતે રૂધિરપાતના રક્ષણ માટે કટિભાગ સુધી બે છેડા પહોંચે તેવું સ્વ શરીર પ્રમાણે લાંબુ, પહોળું, જાડા અને સુંવાળા વસ્ત્રનું કરવું.

૨-**પટ્ટો**-કટિપ્રદેશે બાંધવાનો પાટો, તેનાથી અવગ્રહાનન્તકના બે છેડા દબાવીને તે કટિએ બાંધવો. સંખ્યાથી તે એક અને પ્રમાણથી ચાર અઙ્ગુલ કે તેથી પણ વધારે પહોળો લમ્બાઇમાં કટિએ બન્ધાય તેટલો લાંબો કરવો. કહ્યું છે કે—

" पट्टो वि होइ एगो, देहपमाणेण सो य भइयव्वो ।
छायंतोग्गहणंतं, कडिबद्धो मल्लकच्छो व्व ।।५३३।।" (प्रव० सारोद्धार०)

**ભાવાર્થ**–પાટો પણ સંખ્યાથી એક અને પ્રમાણથી શરીર પ્રમાણે લાંબો જાણવો, તે અવગ્રહાનન્તકના બે છેડાને દાબીને બાંધી શકાય તેવો મલ્લની કટિએ બાંધવાના કચ્છ જેવો કરવો.

૩-**અર્દ્ધોરૂક**-ઉરૂ (સાથળ)નો અડધો ભાગ ઢાંકે તે 'અર્દ્ધોરૂક' કહેવાય. તે આકારમાં મલ્લના ચોળણા જેવો અવગ્રહાનન્તકને અને પટ્ટાને ઢાંકીને સઘળા કટિપ્રદેશને ઢાંકવા માટે હોય છે અને બન્ને સાથળોની અન્દરના પ્રદેશમાં તે કસોથી બંધાય છે.

૪-**ચલનિકા**-તે પણ અર્દ્ધોરૂક જેવી હોય છે, પણ તે નીચે ઢીંચણ સુધી લાંબી, સીવ્યા વિનાની અને વાંસપર નાચતી નટડીના ચોલણા જેવી કાંસોથી બન્ધાય છે, એ ભેદ છે. કહ્યું છે કે–

" अद्धोरुओवि ते दोवि, गिण्हिउं छायए कडीभागं ।
जाणुपमाणा चलणी, असीविआ लंखिआइ व्व ।।५३४।।" (प्रवचनसारो०)

**ભાવાર્થ**–અર્દ્ધોરૂક પણ ઉપર કહ્યાં તે અવગ્રહાનન્તક અને પટ્ટાને ઢાંકીને કટિભાગને ઢાંકે તેવા પ્રમાણવાળો હોય છે, અને 'ચલનિકા' તેના જેવી પણ ઢીંચણ પ્રમાણ લાંબી સીવ્યા વિનાની અને નટડીના ચોળણાની જેમ કાંસોથી બાંધવાની હોય છે.

૫-**અન્તર્નિવસની**-ઉપર કટિભાગથી માંડીને નીચે અડધી જઙ્ઘા (સાથળ) સુધી અને તે ખેંચીને (કઠિન) પહેરવાની હોય છે. કારણ કે કોઈ પ્રસઙ્ગે આકુળતાથી ચાલતાં ઉપરનાં વસ્ત્રો પવનાદિથી ખસી જાય તો પણ લોકહાંસી ન થાય.

૬-**બહિર્નિવસની**-કટિભાગથી ઉપર, નીચે ઘુંટી સુધી લાંબી, અને કટિભાગમાં કન્દોરાથી બાંધવાની હોય છે. કહ્યું છે કે—

" अंतोनिव(यं)सणी पुण, लीणयरी जाव अद्धजङ्घाओ ।
बाहिरगा जा खलुगा, कडीइ दोरेण पडिबद्धा ।।५३५।।" (प्रव० सारो०)

**ભાવાર્થ**–અન્તર્નિવસની ઉપર કટિથી નીચે અર્દ્ધસાથળ સુધી લાંબી, ખેંચીને પહેરાય અને બહિર્નિવસની કટિભાગથી નીચે પગની ઘુણ્ટી સુધી કન્દોરાથી બન્ધાય, એમ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કટીભાગની નીચેના શરીરની છ પ્રકારની ઉપધિ કહી, હવે ઉપરની કહે છે.

૭–**કઞ્ચુક**–અઢી હાથ લાંબો, એક હાથ પહોળો, સીવ્યા વિનાનો, કાપાલિકની કન્થાની જેમ (બે ખભા ઉપરથી) નાખેલો, બે બાજુ પડખામાં સ્તનભાગને ઢાંકવા માટે ઢીલા બન્ધનથી કાંસોથી બાંધવાનો હોય છે. (કઠિન બાંધતાં સ્તનભાગ સ્પષ્ટ દેખાવાને કારણે લોકોને રાગનું કારણ બને માટે બન્ને સ્તન અન્દર છૂટા રહી શકે તે રીતે ઢીલા બન્ધનથી બાંધવાનો હોય છે.)

૮–**ઉપકક્ષિકા**–'કાખની સમીપ' તે 'ઉપકક્ષ' અને ઉપકક્ષને ઢાંકવાનું વસ્ત્ર તે 'ઉપકક્ષિકા' જાણવી, એને 'ઉત્કક્ષિકા' પણ કહે છે. તે પણ કઞ્ચુકની જેમ સીવ્યા વિનાની, સમચોરસ દોઢ હાથ લાંબી-પહોળી હોય, તેનાથી હૃદયનો ભાગ, જમણું પડખું અને પીઠ ઢંકાય તે રીતે ડાબા ખભે અને ડાબા પડખે (કાખમાં) બીટકબન્ધથી (છેડા ભરાવીને ?) પહેરાય. કહ્યું છે કે–

" छायइ अणुक्कुइए, उरोरुहे कंचुओ असिव्वियओ ।
एमेव य ओकच्छिय, सा नवरं दाहिणे पासे ॥५३६॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**–કઞ્ચુક સીવ્યા વિનાનો બે સ્તન ચલાયમાન રહે તેમ ઢાંકીને બન્ધાય છે અને ઉપકક્ષિકા પણ એ જ રીતે માત્ર જમણું પડખું (હૃદય અને પીઠ) ઢાંકીને ડાબા પડખે બન્ધાય છે.

૯–**વૈકક્ષિકા**–ઉપકક્ષિકાથી વિપરીત એક પાટો હોય છે, તે ડાબા પડખે કઞ્ચુક અને ઉપકક્ષિકાને ઢાંકીને ઉપર પહેરાય છે. કહ્યું છે કે—

" वेकच्छिया उ पट्टो, कंचुअमुक्कच्छिअं च छायंतो ॥५३७ पूर्वा०॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**–" વૈકક્ષિકા પાટાના આકારે હોય છે, તે કઞ્ચુક અને ઉપકક્ષિકાને ઢાંકીને ડાબે પડખે પહેરાય છે."

૧૦–**સંઘાડી**–સંઘાડીઓ ઉપર ઓઢવા માટે સંખ્યાથી ચાર રાખવાની હોય છે, એક બે હાથ પહોળી, બે ત્રણ હાથ પહોળી, અને એક ચાર હાથ પહોળી. તે પ્રત્યેક જુદા જુદા પ્રસઙ્ગે એક એક જ વાપરવાની હોવાથી સંખ્યાથી એક જ ગણી છે. લંબાઈમાં ચારેય સાડાત્રણ કે ચાર હાથ લાંબી હોય છે, સાધ્વીએ સંઘાડી વિનાના ખુલ્લા શરીરે કદાપિ બેસવું ન જોઇએ માટે બે હાથ પહોળી ઉપાશ્રયમાં ઓઢવા માટે, ત્રણ હાથ પહોળી બે હોય તેમાંથી એક ગોચરી ફરતાં અને એક સ્થણ્ડિલ ભૂમિએ જતાં ઓઢવા માટે અને ચાર હાથ પહોળી (સમવસરણમાં) વ્યાખ્યાન સાંભળતાં (કે સ્નાત્રાદિ પ્રસઙ્ગે મન્દિરમાં) ઓઢવા માટે હોય છે. સાધ્વીને સમવસરણમાં તથા વાચનામાં ઉભા રહેવાનું હોવાથી ચાર હાથ પહોળી હોય તો જ ઉભાં રહેતાં શરીર સમ્પૂર્ણ ઢંકાય. કહ્યું છે કે—

" संघाडीओ चउरो, तत्थ दुहत्था[य]उवस्सयंमि ॥५३७॥" उत्तरार्द्ध (प्रव०सारो०)
दोण्णि तिहत्थायामा, भिक्खट्ठा एग एग उच्चारे ।
ओसरणे चउहत्थाऽनिसन्नपच्छायणा मसिणा ॥५३८॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**–ઉપર (ઓઢવા) માટે સંઘાડીઓ ચાર હોય છે, તેમાં બે હાથ પહોળી ઉપાશ્રયમાં, ત્રણ હાથ પહોળી એક ગોચરી જતાં અને એક સ્થણ્ડિલે જતાં અને ચાર હાથ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોળી સમવસરણ (વ્યાખ્યાન)માં ઉભા રહી માથાથી પગ સુધીના શરીરને આચ્છાદન માટે સુંવાળા સ્પર્શ વાળી સાધ્વીને હોય છે.

**૧૧-સ્કન્ધકરણી**-લાંબી-પહોળી ચાર હાથ સમચોરસ ઉપર ઓઢેલી સંઘાડી પવનથી ખસી જતાં રક્ષણ માટે ચાર પડ કરીને ખભા ઉપર નાખવાની હોય છે. રૂપવતી સાધ્વીને પોતાનું શરીર બેડોળ બનાવવા માટે ઉપયોગમાં લેવાતી હોવાથી એને 'કુબ્જકરણી' પણ કહે છે, તેને પીઠના ભાગમાં ખભાની નીચે ડુચો-(વીંટલો) કરીને કોમળવસ્રના કકડાથી ઉત્કક્ષિકા અને વૈકક્ષિકા સાથે બાંધીને રાખવાથી શરીર ખુંધાની જેમ બેડોળ દેખાય. કહ્યું છે કે—

**"खंधकरणी उ चउहत्थ-वित्थडा वायविहुयरक्खट्ठा ।**
**खुज्जकरणी उ कीरइ, रूववईणं कुडहहेऊ ॥५३९॥"** (प्रवचनसारो०)

**ભાવાર્થ**—સ્કન્ધકરણી ચાર હાથ (લાંબી) પહોળી (ચાર-આઠ પડ કરીને) પવનથી ઉડતા કપડાની રક્ષા માટે ખભે રાખવામાં આવે છે તે રૂપવતીસાધ્વીને ખભા નીચે પીઠના ભાગમાં વિરૂપ કરવા માટે ઉપયોગમાં લેવાતી હોવાથી 'કુબ્જકરણી' પણ કહેવાય છે.

એમ ચૌદ અને અગીયાર મળી પચીસ પ્રકારો સાધ્વીઓની ઉપધિના જાણવા. તે પણ પૂર્વે (સાધુને) કહ્યા તેમ જઘન્યાદિ ત્રણ પ્રકારે છે, તેમાં મુખ્ય પાત્રક, ત્રણ કપડા, ચાર સંઘાડીઓ મળીને એક, સ્કન્ધકરણી, અન્તર્નિવસની અને બહિર્નિવસની, એ આઠ ઉત્કૃષ્ટ; પાત્રબન્ધ (ઝોળી), પડલા, રજસ્રાણ, રજોહરણ, માત્રક, અવગ્રહાનન્તક, પાટો, અર્દ્ધોરૂક, ચલની, કઞ્ચુક, ઉત્કક્ષિકા, વૈકક્ષિકા અને કમઢક, એ તેર મધ્યમ; અને પાત્રસ્થાપન (નીચેનો ગુચ્છો), પાત્રકેસરિકા, ઉપરનો ગુચ્છો અને મુહપત્તી, એ ચાર પ્રકારો જઘન્ય સમજવા. ઉપધિમાં આ ઉત્કૃષ્ટ-મધ્યમ અને જઘન્ય પ્રકારો જણાવ્યા તે પ્રાયશ્ચિત્ત વિગેરેમાં વિભાગ કરવા માટે ઉપયોગી છે.

એ રીતે 'ગણના પ્રમાણ' કહ્યું, હવે સર્વનું પ્રમાણ પ્રમાણ (માપ) કહીએ છીએ. તેમાં-

**૧-પાત્રનું પ્રમાણ**-પાત્રની પરિધિ ત્રણવેંત અને ચાર આંગળ થાય તેટલું (એક વેંત પહોળું) હોય તે મધ્યમ, તેથી ઓછું જઘન્ય અને વધારે હોય તે ઉત્કૃષ્ટ પ્રમાણ જાણવું. કહ્યું છે કે-

**"तिण्णि विहत्थी चउरंगुलं च भाणस्स मज्झिमपमाणं ।**
**एत्तो हीण जहन्नं, अइरेगयरं तु उक्कोस ॥५०१॥"** (प्रवचनसारो०)

**ભાવાર્થ**—ત્રણ વેંત અને ચાર અઙ્ગુલનું (પરિધિ)માન થાય તે પાત્રનું મધ્યમ પ્રમાણ, એથી ઓછું હોય તે જઘન્ય અને અધિક હોય તે ઉત્કૃષ્ટ પ્રમાણ જાણવું.

બીજાં (ઓઘનિ૦ વિગેરે)શાસ્રોમાં બીજી રીતે સાધુને સ્વ-સ્વ આહારને અનુસારે પણ પાત્રનું બીજું પ્રમાણ કહેલું છે. એ રીતે સર્વ સાધુઓને પ્રમાણોપેત જ પાત્ર હોય છે, પણ વૈયાવચ્ચકાર હોય તેને તો ગુરૂએ આપેલું તેનું પોતાનું કે નન્દીપાત્ર તરીકે મોટું હોય, તે ઔઘિકમાં નહિ પણ ઔપગ્રહિક ઉપધિમાં સમજવું. કહ્યું છે કે—

**"वेयावच्चकरो वा, णंदीभाणं धरे उवग्गहिअं ।**
**सो खलु तस्स विसेसो, पमाणजुत्तं तु सेसाणं ॥३२१॥"** (ओघनि० भाष्य)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–વૈયાવચ્ચકાર સાધુ ગુરૂએ આપેલું પોતાનું મોટું (ગચ્છસાધારણ) નન્દીપાત્ર રાખે તે તેની ઔપગ્રહિક ઉપધિરૂપ સમજવું. એટલું અન્ય સાધુની અપેક્ષાએ તેને વિશેષ છે, બાકીનાઓને તો દરેકને ઉપર્યુક્ત પ્રમાણવાળું જ હોય.

આ નન્દી(મોટું)પાત્ર રાખવાનું પ્રયોજન એ કહ્યું છે કે—

**" देज्जाहि भाणपूरं तु, रिद्धिमं कोइ रोहमाईसुं ।**
**तहियं तस्सुवओगो, सेसं कालं तु पडिकुट्ठो ॥६२४॥" (ओघनिर्युक्ति)**

**ભાવાર્થ**—અન્ય રાજાએ નગરાદિકને ઘેરો ઘાલ્યો હોય, ઈત્યાદિ સઙ્કટ પ્રસઙ્ગે સાધુઓ બહાર જઈ શકે નહિ ત્યારે કોઈ ઋદ્ધિમન્ત પાત્ર ભરીને વહોરાવે ત્યારે નન્દીપાત્રનો ઉપયોગ થાય, એવાં કારણો વિના તેનો ઉપયોગ કરવાનો નિષેધ કરેલો છે.

ભાજનના મુખપ્રમાણ માટે કહ્યું છે કે—

**" अकरंडगंमि भाणे, हत्थो ओट्ठं जहा न घट्टेइ ।**
**एयं जहन्नयमुहं, वत्थुं पप्पा विसालं तु ॥" ओघनिर्युक्ति–६९०॥**

**ભાવાર્થ**–"ગોળ–સમચોરસ પાત્રમાં હાથ નાખતાં કાનાનો સ્પર્શ ન થાય એટલું પહોળું મુખ તે જઘન્ય સમજવું અને મોટી વસ્તુ પણ ગૃહસ્થ સુખપૂર્વક પાત્રમાં વહોરાવી શકે, વિગેરે કારણોને આશ્રીને એથી વિશાળ મુખવાળું તે ઉત્કૃષ્ટ પ્રમાણ સમજવું." પાત્ર રાખવાના પ્રયોજન માટે કહ્યું છે કે–

**" छक्कायरक्खणट्ठा, पायग्गहणं जिणेहिं पन्नत्तं ।**
**जे य गुणा संभोए, हवंति ते पायगहणे वि ॥" ओघनिर्युक्ति–६९१॥**

**ભાવાર્થ**—ભોજન કરતાં છ કાય જીવોની વિરાધના ન થાય, તે ઉદ્દેશથી જિનેશ્વરોએ સાધુને પાત્ર રાખવાનું કહેલું છે. જે ગુણો માંડલીમાં (સહુ સાથે) ભોજન કરવાથી થાય તે ગુણો પાત્ર રાખવાથી થાય, માટે પાત્ર સાધુએ રાખવું જોઇએ. તે ગુણો આ પ્રમાણે છે.

**" अतरंतबालवुड्ढा–सेहाएसा गुरू असहुवग्गे ।**
**साहारणोग्गहाऽलद्धिकारणा पायगहणं तु ।" ओघनिर्युक्ति–६९२॥**

**ભાવાર્થ**—ગ્લાન, બાળ, વૃદ્ધ, નવદીક્ષિત, પ્રાઘૂર્ણક, ગુરૂ, અને (કોઈ રાજપુત્રાદિ સાધુ થયા હોય તેવા) અસહિષ્ણુ, એ દરેકને સર્વ સાધારણ મોટા પાત્રદ્વારા અવષ્ટમ્ભ (પાત્રમાં આહાર લાવીને સહાય) આપી શકાય, તથા કોઇ અલબ્ધિમાન (લાભાન્તરાયના ઉદયવાળો) સાધુ ગોચરી ન મેળવી શકે તેને પણ લાવીને આપી શકાય, એ કારણે નન્દીપાત્ર રાખવું જોઇએ.

૨–**પાત્રબન્ધ**–(ઝોળી) છેડાને ગાંઠ વાળતાં ખૂણા (ખૂંપડા) ચાર અઙ્ગુલ વધે, તેટલા પ્રમાણવાળું પાત્રબન્ધન જોઇએ. કહ્યું છે કે—

**" पत्ताबंधपमाणं, भाणपमाणेण होइ कायव्वं ।**
**जह गंठिंमि कयंमि, कोणा चउरंगुला हुंति ॥" ओघनिर्युक्ति–६९३॥**

**ભાવાર્થ**–પાત્રબન્ધનું (ઝોળીનું) પ્રમાણ પાત્રપ્રમાણને અનુસારે (અન્દર પાત્ર રાખી) ગાંઠ વાળતાં ખૂણા ચાર આંગળ વધે તેટલું કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ત્રિકાળ વિષયક હોવાથી આ વર્ણન અપવાદપદે સમજવું, કારણ કે હંમેશાં ગાંઠ બાંધવાની હોતી નથી. અર્થાત્ ગાંઠ બાંધવાના પ્રસઙ્ગે ખૂણા ચાર આંગળ વધે તેવું રાખવું.

૩-**પાત્રસ્થાપન** ૪-**ગુચ્છો** અને ૫-**પાત્રપ્રતિલેખનિકા** તે ત્રણેનું પ્રમાણ એક વેંત ઉપર ચાર આંગળનું (સોળ આંગળનું) કરવું. કહ્યું છે કે—

**" पत्तट्ठवणं तह गुच्छओ अ पायपडिलेहणीआ य ।**
**तिण्हंपि य प्पमाणं, विहत्थि चउरंगुलं चेव ॥" ओघनिर्युक्ति-६९४॥**

**ભાવાર્થ**—પાત્રસ્થાપન (નીચેનો ગુચ્છો), ગુચ્છો (ઉપરનો), તથા પાત્રપ્રતિલેખનિકા (ચરવળી), એ પ્રત્યેકનું પ્રમાણ એક વેંત ઉપર ચાર (સોળ) અઙ્ગુલનું જાણવું.

તેમાં નીચે-ઉપરના ગુચ્છાઓ ઉનના અને પાત્રનીમુખવસ્ત્રિકા (પૂર્વે જેનાથી પાત્ર પડિલેહણ કરાતું હતું તે) ક્ષૌમિક (સૂત્રાઉ) કરવી.

**" रयमादिरक्खणट्ठा, पत्तट्ठवणं जिणेहिं पन्नत्तं ।**
**होइ पमज्जणहेउं, तु गोच्छओ भाणवत्थाणं ॥६९५॥**
**पायपमज्जणहेउं, केसरिआ पाए पाए एक्केक्का ।**
**गोच्छगपत्तट्ठवणं, एक्केक्कं गणणमाणेणं ॥" ओघनिर्युक्ति-६९६**

**ભાવાર્થ**—પાત્રની રજઆદિથી રક્ષા કરવા માટે નીચે પાત્રસ્થાપન રાખવાનું શ્રીજિનેશ્વરોએ જણાવેલું છે, ઉપરનો ગુચ્છો પાત્રનાં વસ્ત્રોનું (પડલાનું) પ્રમાર્જન કરવા માટે અને પાત્રકેસરિકા[૧૩૭](સૂત્રાઉ વસ્ત્ર) પાત્રના પ્રમાર્જન માટે પાત્રે પાત્રે એકેક રાખવાનું છે, છતાં સંખ્યાથી તેને એક ગણેલું છે, ગુચ્છો તથા પાત્રસ્થાપન પણ સંખ્યાથી એક એક રાખવાનું કહ્યું છે.

૬-**પડલા**-એટલે પાત્ર ઢાંકવા માટે કપડાના કકડા. તેના માટે કહ્યું છે કે—

**" जेहिं सविआ न दीसइ, अंतरिओ तारिसा भवे पडला ।**
**तिन्नि व पंच व सत्त व, कयलीगब्भोवमा मसिणा ॥६९७॥**
**गिम्हासु तिन्नि पडला, चउरो हेमंत पंच वासासु ।**
**उक्कोसगा उ एए, एत्तो पुण मज्झिमे वोच्छे (वुच्छं) ॥६९८॥**
**गिम्हासु हुंति चउरो, पंच य हेमंति छच्च वासासु ।**
**एए खलु मज्झिमया, एत्तो उ जहन्नओ वोच्छं ॥६९९॥**
**गिम्हासु पंच पडला, छप्पुण हेमंति सत्त वासासु ।**
**तिविहंमि कालछेए, पायावरणा भवे पडला ॥७००॥" (ओघनिर्युक्ति)**

**ભાવાર્થ**—પડલા ભેગા કર્યા પછી તેના અન્તરે રહેલો સૂર્ય દેખાય નહિ તેવા જાડા અને કેળના ગર્ભ જેવા કોમળ (સુંવાળા) ત્રણ, પાંચ અથવા સાત રાખવા. ગ્રીષ્મઋતુનો કાળ અતિ રૂક્ષ હોવાથી થોડા જ કાળમાં સચિત્ત રજ-પાણી વિગેરે અચિત્ત (નિર્જીવ) થઇ જવાનો

૧૩૭-વર્તમાનમાં પાત્ર કેસરિકાને સ્થાને એક ચરવળી રાખવામા આવે છે, પૂર્વકાળે પાત્રમાં વસ્ત્રનો એક એક કકડો રાખવામાં આવતો અને તેનાથી પાત્ર પ્રમાર્જન થતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવ હોવાથી પડલાને ભેદીને રજ વિગેરે પાત્રમાં દાખલ થઇ શકે નહિ માટે ગ્રીષ્મઋતુમાં ત્રણ, હેમન્તઋતુ સ્નિગ્ધ હોવાથી પૃથ્વીની રજ વિગેરે ચૂરાયા વિના અચિત્ત ન થાય માટે તે કાળે પડલા ભેદાવાનો સંભવ હોવાથી ચાર અને વર્ષાઋતુ અતિસ્નિગ્ધ હોવાથી ઘણા લાંબા સમયે પૃથ્વીરજ (અચિત્તરૂપે) પરિણમે માટે તે ઋતુમાં પડલાને ભેદીને રજને પાત્રમાં પેસવાનો વધુ સંભવ હોવાથી પાંચ પડલા રાખવા. તે પણ જો ઉત્કૃષ્ટ-અતિસુંદર (જુના ન) હોય તો આ પ્રમાણ સમજવું, અર્દ્ધજીર્ણ થએલા (મધ્યમ) હોય તો ગ્રીષ્મઋતુમાં ચાર, હેમતમાં પાંચ અને વર્ષાઋતુમાં છ રાખવા, એ મધ્યમ પડલાની સંખ્યા જાણવી, કારણ કે-મધ્યમ વધારે ભેગા થાય ત્યારે કાર્ય સાધી શકે. એથી પણ અતિ જીર્ણ (જઘન્ય) હોય તો ગ્રીષ્મકાળમાં પાંચ, હેમન્તમાં છ અને વર્ષાકાળમાં સાત રાખવા, એમ ત્રણ કાલના વિભાગથી પાત્રનાં આવરણોનું (પડલાનું) ઉપર જણાવ્યું તે સંખ્યા પ્રમાણ જાણવું. તેનું માપ કહ્યું છે કે—

"अड्ढाइज्जा हत्था, दीहा छत्तीस अंगुले रुंदा ।
बिइअं पडिग्गहाओ, ससरीराओ अ णिप्फण्णं ॥" ७०१॥ (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-પડલાનું એક માપ 'અઢી હાથ લાંબા અને છત્રીસ આંગળ પહોળા' એટલું અને બીજું માપ (ખભો અને પાત્ર ઢંકાય તેટલું) પાત્રના અનુસારે અને સ્વ-સ્વ શરીરની ઉંચાઇ-જાડાઇને અનુસારે જોઇએ તેટલું કરવાનું કહ્યું છે.

પડલા રાખવાનું પ્રયોજન જણાવ્યું છે કે—

"पुप्फफलोदयरजरेणु-सउणपरिहारपायरक्खट्ठा ।
लिंगस्स य संवरणे, वेओदयरक्खणे पडला ॥७०२॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-ઢાંક્યા વિનાના પાત્રમાં પુષ્પ, ફળ, પાણીના છાંટા, સચિત્ત પૃથ્વીકાય, અચિત્ત રેતી, કે કોઇવાર આકાશમાંથી (પક્ષી આદિની) વિષ્ટા વિગેરે પડે ત્યારે તેનાથી પાત્રની (અને આહારની)રક્ષા કરી શકાય, તેમજ લજ્જા[૧૩૮]ઢાંકવા અને કોઇવાર વેદના તીવ્ર ઉદયથી પુરૂષચિન્હ સ્તબ્ધ થાય તે ઢાંકવા માટે પડલાનો ઉપયોગ કરી શકાય છે.

૭-**રજસ્ત્રાણ**-પાત્રને વીંટવાનું વસ્ત્ર, તેનું પ્રમાણ કહ્યું છે કે—

"माणं तु रयत्ताणे, भाणपमाणेण होइ निप्फन्नं ।
पायाहिणं करेंतं, मज्झे चउरंगुलं कमइ ॥७०३॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-પાત્રને બહારથી ચારે બાજુ વીંટતાં નીચે પડઘીથી માંડીને અન્દર ચાર આંગળ પહોળું વધે (પહોંચે), એ રીતે રજસ્ત્રાણનું માપ રાખવું. પ્રયોજન માટે કહ્યું છે કે-

"मूसगरयउक्केरे, वासे सिण्हा रए य रक्खट्ठा ।
हुंति गुणा रयताणे, पाए पाए अ इ (ए)क्किक्कं ॥७०४॥ (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-ઉષ્ણાદિ કાળમાં ઉંદરો રાત્રે જમીનમાંથી રજનો ઉત્કર (ઢગલો) પાત્રમાં ન ભરે

૧૩૮-પૂર્વકાળે ચોલપટ્ટો ટુંકો, કંદોરા વિના કોણીથી દબાવીને કારણે પહેરવામાં આવતો ત્યારે ગોચરી જતાં સાધુને પડલાથી લજ્જાનું રક્ષણ થતું, વર્તમાનમાં વસતિમાં જ રહેવાનું હોવાથી ચોલપટ્ટો કાયમ પહેરી રાખવામાં આવે છે. એથી પડલા પણ પાત્રને ઢાંકવા પૂરતા ટુંકા વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા વર્ષાકાળમાં ઠાર (ધુમસ) તથા સચિત્ત રજથી પાત્રનું રક્ષણ થાય, ઇત્યાદિ ગુણો રજસ્રાણ રાખવાથી થાય છે અને તે પ્રતિ પાત્રે એક એક રાખવાનું કહ્યું છે.

૮-૯-૧૦-**ત્રણ કપડા**-(એક ઉનનો અને બે સૂત્રાઉ એમ ત્રણ) કપડાનું પ્રમાણ કહ્યું છે કે-

" कप्पा आयपमाणा, अड्ढाइज्जा य आयया (वित्थडा) हत्था ।
दो चेव सुत्तिआ उ, उण्णिउ तइओ मुणेयव्वो ॥७०५॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-કપડા શરીર પ્રમાણે, અર્થાત્ શરીરે ઓઢીને ખભા ઉપર નાખેલો છેડો રહી શકે તેટલા-સાડા ત્રણ હાથ લાંબા અને અઢી હાથ (પનામાં) પહોળા રાખવા. તે પણ બે સૂત્રાઉ અને ત્રીજો ઉનનો (કામળી), એમ ત્રણ સમજવા.

કપડા સ્થવિર-કલ્પિક સાધુને તો શરીર પ્રમાણ કે એથી કંઇક મોટા તથા જિનકલ્પિકોને અઢી હાથ લાંબા હોય, એમ પઞ્ચવસ્તુની ટીકામાં જણાવેલું છે. પ્રયોજન માટે જણાવ્યું છે કે—

" तणगहणाऽनलसेवा-निवारणा धम्मसुक्कझाणट्ठा ।
दिट्ठं कप्पग्गहणं, गिलाणमरणट्ठया चेव ॥७०६॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-કપડા હોય તો ઠંડીથી બચવા ઘાસ ન લેવું પડે, અને અગ્નિની ઉપાસના ન કરવી પડે માટે, તેવા (નિર્બળ) સહૃઘયણવાળાઓને ધર્મ-શુક્લધ્યાનમાં (સ્થિર થવા) માટે, બીમારના રક્ષણ (ઓઢાડવા) માટે અને મૃતકને ઢાંકવા માટે સાધુને શ્રીજિનેશ્વરોએ કપડા રાખવાનું ઉપદેશ્યું છે. ઉનની કામળીનો (કપડાનો) ઉપયોગ વર્ષાઋતુમાં બહાર ગએલા સાધુને એકાએક વર્ષા પડે તો અપ્કાયનું રક્ષણ કરવા માટે કરવાનો છે, કારણ કે-'બાળ-વૃદ્ધ-બીમાર' વિગેરેને માટે વરસતા વરસાદમાં પણ ભિક્ષા માટે અને અસહ્ય લઘુ-વડીનીતિની બાધા ટાળવા માટે ઉપાશ્રયથી નીકળેલા સાધુનું શરીર કામળીથી આચ્છાદિત હોય તો તેની સહાયથી અપ્-કાયની વિરાધનાથી બચી શકાય.

૧૧-**રજોહરણ**-(જૈન સાધુનું મુખ્ય ચિન્હ), એનું સ્વરૂપ જણાવ્યું છે કે—

" घणं मूले थिरं मज्झे, अग्गे मद्दवजुत्तया ।
एगंगियं अझुसिरं, पोरायामं तिपासियं ॥"७०७॥ (ओघनिर्युक्ति)

**વ્યાખ્યા**-રજોહરણ 'मूले'=દંડાના છેડે 'घनं'=દૃઢ (મજબૂત), 'मज्झे'=મધ્યમાં 'थिरं'= સ્થિર (નિશ્ચળ) અને 'अग्गे'=દસિઓના છેડે કોમળ કરવો. 'एगंगिअं'=તે કામળીના કકડામાંથી જ દસીયો બનાવીને કરવો (પૂર્વે પાટો-દસીયો જુદી નહિ, પણ દસીયોવાળી કામળીના છેડામાંથી પાટા તરીકે કામળીનો અમુક ભાગ અને તેના જ છેડાની (આંતરીની) દસીયો કર-વામાં આવતી હતી.) 'अझुसिरं'=દસીઓ અને નિશેથિયું બન્ને ગાંઠો વિનાનાં જોઇએ, (વર્તમાનમાં પણ ખરતરાદિ અન્ય ગચ્છોમાં દસીયોને ગાંઠ પાડવામાં આવતી નથી,) 'पोरायामं'=અઙ્ગુઠાના મધ્યપર્વમાં તર્જની આંગલી રાખતાં વચ્ચેના પોલાણમાં આવી શકે તેટલો જાડો, અર્થાત્ દાંડી અને બે નિશેથિયાં (એટલે સુત્રાઉ નિશેથિયું અને ઉનનું ઓઘારીયું) એ ત્રણ વિંટતાં તેટલો જાડો થાય તેવો અને 'तिपासियं'=દોરાના ત્રણ પાશ (આંટાથી) બાંધેલો જોઇએ. એ જ અર્થને ભાષ્યકાર કહે છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" अप्पोलं मिउ पम्हं च, पडिपुन्नं हत्थपूरिमं ।
रयणीपमाणमित्तं, कुज्जा पोरपरिग्गहं ॥३२२॥" (ओघनिर्युक्तिभाष्य)

**ભાવાર્થ**–દઢ–મજબૂત વીંટવાથી પોલાણ રહિતઘન, દસીયોના છેડા મૃદુ–કોમળ, અઙ્ગુઠામાં જોડેલી તર્જની આંગળી વચ્ચે જે પોલાણ રહે તે (દાંડી તથા બે નિશેથિયાથી) પૂરાય તેટલો જાડો અને એક હાથ લાંબી દાંડી વાળો, એવો રજોહરણ કરવો. તેનું એકંદર પ્રમાણ કહે છે કે—

" बत्तीसंगुलदीहं, चउवीसं अंगुलाइ दंडो से ।
अट्ठंगुला दसाओ, एगयरं हीणमहियं वा ॥७०८॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–રજોહરણ બત્રીસ આંગળ લાંબો કરવો, તેમાં પણ તેનો દણ્ડ ચોવીસ અઙ્ગુલ અને દસીઓ આઠ અઙ્ગુલ લાંબી કરવી, દસીઓ ટુંકી હોય તો દણ્ડ લાંબો અને દણ્ડ ટુંકો હોય તો દસીયો લાંબી એમ બન્ને મળી બત્રીસ અઙ્ગુલ લાંબો કરવો. રજોહરણ કેવા દ્રવ્યોનો કરવો ? તે માટે કહ્યું છે કે—

" उण्णियं उट्टियं वावि, कंबलं पायपुंछणं ।
तिपरिअल्लमणिसि(स)ट्ठं, रयहरणं धारए एगं ॥७०९॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–'पायपुंछणं'=રજોહરણ ઉનનો, ઉંટના રોમનો અથવા કમ્બલનો બનાવવો, દોરાના ત્રણ આંટા વીંટવા, કોમળ બનાવવો. તથા પ્રત્યેક સાધુએ એક રાખવો. પ્રયોજન માટે કહ્યું છે કે–

" आयाणे निक्खेवे, ठाणनिसीअणतुअट्टसंकोए ।
पुव्वं पमज्जणट्ठा, लिंगट्ठा चेव रयहरणं ॥७१०॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–કોઈ વસ્તુ લેતાં–મૂકતાં ભુમિનું અને તે વસ્તુનું પ્રમાર્જન કરવા માટે, કાયોત્સર્ગ (વિગેરે) માટે ઉભા રહેતાં પહેલાં, નીચે બેસતાં પહેલાં અને શયન કરતી વેળા શરીરને સઙ્કોચતાં પહેલાં પ્રમાર્જન કરવા માટે રજોહરણ ઉપયોગી છે તથા સાધુનું મુખ્ય લિઙ્ગ (ચિન્હ) હોવાથી (નિત્ય પાસે રાખવા માટે) રજોહરણ ઉપયોગી છે.[१३९]

---

१३९–રજોહરણ સાધુનાં બીજાં ઉપકરણોની અપેક્ષાએ મહત્ત્વનું ઉપકરણ છે, તેનું પ્રયોજન પણ ઘણું મહત્ત્વનું છે. પૂર્વે ગૃહસ્થાવસ્થામાં સાવદ્ય પ્રવૃત્તિ કરતાં જે સંસ્કારો દઢ થયા હોય છે તેમાંથી બચાવીને નિષ્પાપ જીવન જીવવામાં રજોહરણ આત્માને સખ્ત જાગ્રતિ આપે છે, માટે પ્રાયઃ તેને ક્ષણ પણ દૂર કરવામાં અતિચાર માન્યો છે, બહુધા તો શરીરને સ્પર્શીને જ તેને રાખવાનું વિધાન છે. વિજળીના કરંટની જેમ રજોહરણનો સ્પર્શ થતાં જ આત્માને સખ્ત જાગ્રતિ મળે છે, આ હકિકત સાધુચર્યાનું આંતર નિરીક્ષણ કરતાં સ્પષ્ટ સમજાય તેવી છે. રજોહરણ પાસે હોય તો પાપ પ્રવૃત્તિ થઇ શકતી નથી, માત્ર વેશધારી બની ગએલા જતિઓ વિગેરે જે સાવદ્ય પ્રવૃત્તિ કરી શકે છે તેનું એ પણ કારણ છે કે તેઓ તે પ્રવૃત્તિ કરતાં પહેલાં પ્રાયઃ રજોહરણને દૂર–ઉંચે મૂકી તેનાથી છૂટા થાય છે, જ્યારે આહારાદિ લેવા નીકળે છે ત્યારે સાધુવૃત્તિ કરવાની હોવાથી રજોહરણ લઇને નીકળે છે, અને તેના બળે તેઓ સાધુતાનું અનુકરણ કરી શકે છે. એમ રજોહરણ પાસે રાખવાથી મહાવ્રતોના પાલન માટેનું આંતરિક બળ સ્ફૂરે છે, માટે જ દીક્ષા આપતાં રજોહરણ મુહપત્તિ આપવાનું–લેવાનું કાર્ય વિશિષ્ટ ગણાય છે, બીજાં ઉપકરણો માટે તેટલું વૈશિષ્ટ્ય નથી. ગૃહસ્થોને પણ સાધુ પ્રત્યે પૂજ્યભાવ કે સન્માન પેદા કરાવવામાં રજોહરણ મુખ્ય ભાગ ભજવે છે, ઈત્યાદિ તેનું રહસ્ય ઘણું માર્મિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨-**મુખવસ્ત્રિકા**=મુહપત્તિ (બોલવા વિગેરે પ્રસઙ્ગે મુખ આગળ રાખવાનું વસ્ત્ર.) તેનું પ્રમાણ કહ્યું છે કે—

**" चउरंगुलं विहत्थी, एयं मुहणंतगस्स उ पमाणं ।**
**बितियं मुहप्पमाणं, गणणपमाणेण इक्किक्कं ॥७११॥" (ओघनिर्युक्ति)**

**ભાવાર્થ**-મુહપત્તિનું એક પ્રમાણ એકવેંત ચાર આંગળનું અને બીજું પ્રમાણ મુખ પ્રમાણે કરવું. સંખ્યાથી દરેક સાધુને મુહપત્તિ એક એક રાખવી.

અહીં મુખ પ્રમાણ એ માટે કહ્યું કે વસતિ (મકાન) આદિની પ્રમાર્જના કરતાં નાક અને મુખમાં રજ પ્રવેશ ન કરે, તે ઉદ્દેશથી મુહપત્તિને મુખ અને નાક ઉપર રાખવાની હોય છે, તે ત્રિકોણ કરીને બે ખુણા પકડી તેનાથી પાછળ ગરદન ઉપર ગાંઠ દઈ શકાય માટે સ્વ સ્વ શરીરના અનુસારે યોગ્ય માપની રાખવી. મુહપત્તિનું પ્રયોજન જણાવ્યું છે કે—

**" संपातिमरयरेणू-पमज्जणट्ठा वयंति मुहपत्तिं ।**
**नासं मुहं च बंधइ, तीए वसहिं पमज्जंतो ॥७१२॥" (ओघनिर्युक्ति)**

**ભાવાર્થ**-બોલતાં ઉડતા જીવ (શ્વાસોચ્છ્વાસથી ખેંચાઇને) મુખમાં પ્રવેશ ન કરી જાય માટે મુખ સામે મુહપત્તિ રાખવાની છે, સચિત્ત રજનું પ્રમાર્જન કરવા માટે તથા (અચિત્ત) ધૂળનું પ્રમાર્જન કરવા માટે મુખે મુહપત્તિ રાખવાનું પૂર્વમહર્ષિઓએ કહેલું છે અને વસતિ પ્રમાર્જતાં મુખ-નાક બાંધવા માટે મુહપત્તિ કહી છે.[૧૪૦]

૧૩-**માત્રક**-(લઘુપાત્ર), તેનું પ્રમાણ કહ્યું છે કે—

**" जो मागहओ पत्थो, सविसेसयरं तु मत्तगपमाणं ।**
**दोसु वि दव्वग्गहणं, वासावासे अहिगारो ॥७१३॥" (ओघनिर्युक्ति)**

**ભાવાર્થ**-મગધ દેશમાં જે પ્રસ્થ (નામનું માપું) હોય છે, તેનાથી માત્રકનું પ્રમાણ કંઇક મોટું કહ્યું છે. અહીં બે અસતિની (હથેળીઓની) એક પસતિ (પસલી), બે પસતિની એક સેતિકા (ખોબો), અને ચાર સેતિકાનો મગધ દેશનો એક પ્રસ્થ થાય છે. તેનાથી માત્રક કંઇક મોટું રાખવું. વર્ષા અને ઋતુબદ્ધ બન્ને કાળમાં (હંમેશાં) તેમાં ગુર્વાદિને યોગ્ય આહારાદિ વસ્તુ વહોરવાનો અધિકાર છે. તથા-

---

૧૪૦-મુહપત્તિનું ઉપર જણાવ્યું તે બાહ્ય પ્રયોજન છે, તે ઉપરાન્ત અન્તરઙ્ગ પ્રયોજન એ છે કે બોલતી વેળા મુખ આગળ મુહપત્તિ રાખવાથી બોલનાર પ્રાયઃ ક્રોધાદિથી યુક્ત કઠોર વચન બોલી શકતો નથી, અસત્ય કે અયોગ્ય બોલાતું નથી, કારણ કે મુહપત્તિ હાથમાં લઇ મુખ આગળ ધરતાં જ આવેશ ઉતરી જાય છે. કાયમ મુહપત્તિ મુખ ઉપર બાંધી રાખવાથી પણ એ કાર્ય સરતું નથી. અને મુહપત્તિનો બોલાતી વેળા ઉપયોગ નહિ કરવાથી પણ એ લાભ થતો નથી. એમ કહી શકાય કે નિરવદ્ય અને શાસ્ત્રોક્ત ભાષા બોલવામાં મુહપત્તિ મહત્ત્વ ભરી સહાય કરે છે. કાયમ બાંધી રાખવાથી બોલતી વેળા તેનું બળ મળતું નથી, બોલતી વેળાએ જ ઉપયોગ કરવાથી એ લાભ મળે છે. આ રહસ્ય અનુભવથી સમજાય તેવું સિદ્ધ છે અને તેથી મુખે મુહપત્તિ રાખ્યા વિના બોલનારની ભાષાને સાવદ્યભાષા કહી છે તે યથાર્થ છે. પ્રાયઃ જૈન સાધુનાં પ્રત્યેક અનુષ્ઠાનોમાં બાહ્ય અને અન્તરઙ્ગ ઉભય લાભ રહેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" आयरिए य गिलाणे, पाहुणए दुल्लहे सहसदाणे ।
संसत्तभत्तपाणे. मत्तगपरिभोगणुन्नाओ ॥७१६॥
एक्कंमि उ पाउग्गं, गुरुणो बितिओग्गहे अ पडिकुट्ठं ।
गिण्हइ संघाडेगो, धुवलंभे सेस उभयं पि ॥७१७॥
असई लाभे पुण मत्तएसु सव्वे गुरूण गेण्हंति ।
एसेव कमो नियमा, गिलाणसेहाइएसुं पि ॥७१८॥" (ओघनिर्युक्ति)

**વ્યાખ્યા**–જ્યાં 'ગુરૂ–ગ્લાન–પ્રાઘૂર્ણક' વિગેરેને યોગ્ય અશનાદિ વસ્તુ અવશ્ય મળે તેમ હોય ત્યાં એક જ સંઘાટક તેઓને યોગ્ય વસ્તુઓ માત્રકમાં વહોરે, સર્વે નહિ. વળી ઘી વિગેરે દુર્લભ વસ્તુ મળે તો તે લેવા, કોઈ ગૃહસ્થ સહસા ઘણું દાન આપે તો તે લેવા, કે (કોઈ કાળે કોઈ ક્ષેત્રમાં ક્ષેત્રસ્વભાવે જ વસ્તુ જીવસંસક્ત મળે તેમ હોય તો તેને પ્રથમ માત્રકમાં લઈ શુદ્ધ કરીને બીજાપાત્રમાં નાખવી પડે ત્યારે, એમ) જીવસંસક્ત વસ્તુ લેવામાં પણ પાત્રનો ઉપયોગ કરવાની અનુજ્ઞા છે. (૭૧૬). ગુર્વાદિ પ્રાયોગ્ય વસ્તુ લેવાની વિધિ કહે છે કે–એક પાત્રમાં ગુર્વાદિને યોગ્ય (વિશિષ્ટ) અને બીજામાં પ્રતિકુષ્ટ એટલે જીવસંસક્ત વિગેરે પ્રતિષિદ્ધ, અથવા કાંજી વિગેરે ગુર્વાદિને નિરૂપયોગી (તુચ્છ) વસ્તુઓ લેવી, એમ ગુર્વાદિને પ્રાયોગ્ય વિશિષ્ટ વસ્તુ અવશ્ય મળવાનો સમ્ભવ હોય ત્યાં એક સંઘાટક બે પાત્રોમાં ભિન્ન ભિન્ન વસ્તુઓ વહોરે અને બીજાઓ એક પાત્રમાં પોતાને માટે આહાર અને બીજામાં પાણી એમ બે ભિન્ન વહોરે. (૭૧૭) પણ જ્યાં ગુર્વાદિને યોગ્ય વસ્તુ દુર્લભ હોય ત્યાં તો સર્વ સંઘાટક માત્રકમાં ગુર્વાદિકને યોગ્ય જુદું વહોરે અને બીજા પાત્રમાં પોતાને યોગ્ય વહોરે, ન માલુમ ગુર્વાદિ માટે વહોરેલું તેઓને અનુકૂળ રહેશે કે નહિ ? માટે જુદું વહોરે. એ જ ક્રમ ગ્લાન, નવદીક્ષિત આદિને ઉપયોગી વસ્તુ માટે પણ સમજવો. માત્રકનું બીજું પ્રમાણ કહ્યું છે કે—

" सूवोदणस्स भरियं, दुगाउअद्धाणमागओ साहू ।
भुंजइ एगट्ठाणे, एयं किर मत्तयपमाणं ॥७१४॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**—સૂપ–ઓદન (દાળ–ભાત)થી ભરેલું માત્રક લઇને બે ગાઉનો પન્થ કાપીને આવેલો સાધુ એક સ્થળે બેસીને વાપરી શકે તેટલું અશન લઈ શકાય તેટલું માત્રકનું બીજું પ્રમાણ જાણવું.(અર્થાત્ ગોચરી ઉપાડીને બે ગાઉ ચાલેલો–થાકેલો સાધુ જેટલું વાપરી શકે, તેટલું જેમાં સમાય તેવડું માત્રકનું બીજું પ્રમાણ જાણવું.)

૧૪–**ચોલપટ્ટો**=(અધોવસ્ત્ર) તેનું પ્રમાણ કહ્યું છે કે—

" दुगुणो चउग्गुणो वा, हत्थो चउरंस चोलपट्टो य (उ) ।
थेर जुवाणाणट्ठा, सण्हे थूलंमि अ विभासा ॥७२१॥" (ओघनिर्युक्ति)

**વ્યાખ્યા**–બે પડ કે ચાર પડ કરતાં એક હાથ સમચોરસ થાય તેટલું ચોલપટ્ટાનું પ્રમાણ ક્રમશઃ વૃદ્ધ અને યુવાન સાધુ માટે જાણવું. અર્થાત્ વૃદ્ધ માટે બે હાથ લાંબો એક હાથ પહોળો અને યુવાન માટે બે હાથ લાંબો–પહોળો સમજવો. પાતળા જાડાની અપેક્ષાએ વૃદ્ધ માટે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાતળો અને યુવાનને જાડો, એમ વિકલ્પ સમજવો. તેનું પ્રયોજન કહ્યું છે કે–

**" वेउव्वऽवाउडे वातिए हिए खद्धपजणणे चेव ।**
**तेसिं अणुग्गहट्ठा, लिंगुदयट्ठा य पट्टो उ ॥७२२॥" (ओघनिर्युक्ति)**

**ભાવાર્થ**–કોઇ સાધુને 'દક્ષિણના લોકોને બેન્ટ માટે (?) વિંધેલું પુંચિન્હ જેમ વિકારી થાય છે તેમ' લિઙ્ગ વિકારી થતું હોય, કોઈ સાધુ સ્વાભાવિક અગ્રભાગની ચામડી ઉતરી જવાથી ખુલ્લા લિઙ્ગવાળો હોય, કોઇને વાયુના વિકારથી ઉન્નત રહેતું હોય, કોઈ પ્રકૃતિએ લજ્જાળુ હોય, કોઇને કુદરતે તે મોટું હોય, તેઓના ઉપકાર માટે તથા કોઇને પ્રકૃતિએ સ્ત્રીને જોવાથી લિઙ્ગનો ઉદય થતો હોય ત્યારે કોઈ દેખે નહિ તે માટે 'ચોલ'=પુરૂષચિન્હ, તેને ઢાંકવાનું 'પટ્ટ'=વસ્ત્ર રાખવાનું છે. ઈત્યાદિ ચોલપટ્ટો રાખવાનું પ્રયોજન સમજવું.

અહીં પ્રસઙ્ગને અનુસરીને સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધની ઉપધિનો વિભાગ (ભેદ) જણાવવા માટે તેઓનું સ્વરૂપ વિગેરે કહે છે કે—

**" अवरेवि सयंबुद्धा, हवंति पत्तेयबुद्धमुणिणोऽवि ।**
**पढमा दुविहा एगे, तित्थयरा तदियरा अवरे ॥५२०॥**
**तित्थयरवज्जिआणं, बोही उवही सुअं च लिंगं च ।**
**णेयाइं तेसि बोही, जाइस्सरणाइणा होइ ॥५२१॥**
**मुहपत्ती रयहरणं, कप्पतिगं सत्त पायनिज्जोगो ।**
**इअ बारसहा·उवही, होइ सयंबुद्धसाहूणं ॥५२२॥**
**हवइ इमेसि मुणीणं, पुव्वाहीअं सुअं अहव नेव (नत्थि) ।**
**जइ होइ देवया से, लिंगं अप्पइ अहव गुरुणो ॥५२३॥" (प्रवचनसारो०)**

**ભાવાર્થ**–(જિનકલ્પી–સ્થવિરકલ્પી ઉપરાન્ત) બીજા પણ 'સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ' મુનિઓ હોય છે, તેમાં સ્વયંબુદ્ધ બે પ્રકારે છે–એક તીર્થંકરો અને બીજા તે સિવાયના, આ બીજા પ્રકારના સ્વયંબુદ્ધમાં અને પ્રત્યેકબુદ્ધમાં બોધિપ્રાપ્તિ, ઉપધિ, શ્રુત અને લિઙ્ગની અપેક્ષાએ આ પ્રમાણે ભેદ હોય છે–બીજા પ્રકારના સ્વયંબુદ્ધોને ૧–**સમ્યક્ત્વની (બોધિની) પ્રાપ્તિ**–બાહ્ય કોઈ નિમિત્ત વિના જ પોતાના જાતિસ્મરણજ્ઞાન આદિથી થાય, ૨–**ઉપધિ**–મુહપત્તિ, રજોહરણ, ત્રણ કપડા અને સાત પ્રકારનો (પાત્ર, પડલા, ઝોળી, રજસ્રાણ, ચરવલી અને બે ગુચ્છા, એ) પાત્ર નિયોગ મળી બાર પ્રકારની હોય, ૩–**શ્રુત**–તેઓને પૂર્વ જન્મમાં ભણેલું શ્રુત (જાતિસ્મરણથી) હોય અથવા ન પણ હોય (ન હોય તો ગચ્છવાસમાં રહીને ગુરૂપાસે નવું ભણે), જો પૂર્વજન્મનું શ્રુત હોય તો તેને ૪–**સાધુવેષ**–દેવતા–(શાસનઅધિષ્ઠાયકદેવ) આપે (ગુરૂની નિશ્રા ન સ્વીકારે), અથવા દેવ ન આપે તો ગુરૂ પણ આપે. પૂર્વજન્મનું શ્રુત ન હોય તેને તો સાધુવેષ ગુરૂ જ આપે. વળી—

**" जइ एगागी विहु विहरणक्खमो तारिसी वि(व) से इच्छा ।**
**तो कुणइ तमन्नह गच्छ-वासमणुसरइ नियमेणं ॥५२४॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पत्तेयबुद्धसाहूण, होइ वसहाइदंसणे बोही ।
पोत्तियरयहरणेहिं, एतेसि जह(न्नओ)न्नो दुहा उवही ॥५२५॥
मुहपोत्ती रयहरणं, तह सत्त'य पत्तयाइणिज्जोगो ।
उक्कोसो वि नवविहो, सुअं पुणो पुव्वभवपढिअं ॥५२६॥
एक्कारस अंगाइं, जहन्नओ होइ तं तहुक्कोसं ।
देसेण असंपुन्नाइं, हुंति पुव्वाइं दस तस्स ॥५२७॥
लिंगं तु देवया देइ, होइ कइयावि लिंगरहिओ वि ।
एगागी च्चिय विहरइ, नागच्छइ गच्छवासे सो ॥५२८॥ (प्रवचनसारो०)

**ભાવાર્થ**—જો આ બીજા પ્રકારના સ્વયંબુદ્ધ એકાકી વિહાર માટે સમર્થ (ગીતાર્થ) હોય અને તેની તેવી ઈચ્છા હોય તો એકાકી વિચરે, અન્યથા નિયમા ગચ્છવાસને સ્વીકારે. પ્રત્યેક-બુદ્ધ સાધુને કોઈ વૃષભાદિ બાહ્ય નિમિત્તને જોઈને જ બોધિ (સમકિત) પ્રગટ થાય, તેઓની ઉપધિ જઘન્ય-ઉત્કૃષ્ટ એમ બે પ્રકારની હોય, તેમાં જઘન્યથી મુહપત્તિ અને રજોહરણ એમ બે, અને ઉત્કૃષ્ટથી તે ઉપરાન્ત પાત્ર વિગેરે સાત પ્રકારનો પાત્રાંનો નિયોગ, એમ કુલ નવ પ્રકારની હોય, શ્રુત તેઓને નિયમા પૂર્વ જન્મમાં ભણેલું હોય જ, તે પણ જઘન્યથી 'આચારાઙ્ગ' વિગેરે અગીઆર અઙ્ગોનું અને ઉત્કૃષ્ટથી દેશોન્યૂનદશપૂર્વનું હોય, લિઙ્ગ=સાધુવેષ તેઓને નિયમા દેવતા જ આપે, કોઈ પ્રસઙ્ગે (દેવનો ઉપયોગ ન રહે તો) લિઙ્ગ વિના પણ વિચરે, વિહાર એકલા જ કરે પણ ગચ્છવાસનો સ્વીકાર ન જ કરે. એમ સ્વયંબુદ્ધમાં અને પ્રત્યેકબુદ્ધમાં ચાર બાબતોમાં અન્તર (ભેદ) હોય.

પ્રતિમાધારી સાધુને પણ (જિનકલ્પિકની જેમ) બાર પ્રકારની ઉપધિ જાણવી. અહીં સુધી ઔઘિક ઉપધિનું વર્ણન કર્યું, હવે ઔપગ્રહિકનું સ્વરૂપ કહીએ છીએ.

**ઔપગ્રહિકઉપધિ**—સંથારો, ઉત્તરપટ્ટો, દણ્ડો વિગેરે અનેક પ્રકારની હોય છે. કહ્યું છે કે—

" लट्ठि विलट्ठी दंडो, विदंडओ नालिआ य पंचमिआ ।
संथारुत्तरपट्टो, इच्चाइ उवग्गहो(हि) उवही ॥३०५॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**—લાઠી, વિલટ્ઠી, દણ્ડ, વિદણ્ડ, અને પાંચમી નાલિકા (નળી), એ પાંચ પ્રકારના દણ્ડા તથા સંથારો, ઉત્તરપટ્ટો, વિગેરે ઔપગ્રહિક ઉપધિ છે. સંથારા ઉત્તરપટ્ટાનું પ્રમાણ કહ્યું છે કે—

" संथारुत्तरपट्टो, अड्ढाइज्जा य आयया हत्था ।
दोण्हं पि अ वित्थारो, हत्थो चउरंगुलं चेव ॥५१४॥" (प्रवचनसारोद्धार)

**ભાવાર્થ**—સંથારો અને ઉત્તરપટ્ટો લાંબા અઢી હાથ અને બન્નેની પહોળાઈ એક હાથ ચાર આંગળ રાખવી. એ બેનું પ્રયોજન કહ્યું છે કે—

" पाणादिरेणुसंरक्खणट्ठया हुंति पट्टया चउरो ।
छप्पइअरक्खणट्ठा, तत्थुवरि खोमियं कुज्जा ॥७२४॥" (ओघनिर्युक्ति)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–પૃથ્વીકાયાદિ જીવોના રક્ષણ માટે અને (સંથારા વિના) શયન કરતાં શરીરે ધૂળ લાગે તેથી બચવા માટે ઉપર કહ્યા તે ૧–ઊનનો સંથારો, ૨–સૂત્રાઉ ઉત્તરપટ્ટો, ૩–રજોહરણનું ઉપરનું ઊનનું નિશેથિયું (ઓઘારીયું) અને ૪–અંદરનું સૂત્રાઉ નિશેથિયું, એ ચાર પટ્ટ કહેલા છે. તેમાં ઊનની કામળી સાથે શરીરનું સંઘર્ષણ થવાથી જૂઓ મરી જાય માટે જૂઓનું રક્ષણ કરવા માટે સંથારા ઉપર ઉત્તરપટ્ટો સૂત્રાઉ અને કોમળ રાખવો.

હવે રજોહરણના અંદરના સૂત્રાઉ નિશેથિયાનું પ્રમાણ કહે છે કે–

**"रयहरणपट्टमेत्ता, अदसागा किंचि वा समइरेगा।**
**एकगुणा उ निसेज्जा, हत्थपमाणा सपच्छागा ॥७२५॥" (ओघनिर्युक्ति)**

**વ્યાખ્યા**–જેની સાથે દસીયો ન હોય તેવા રજોહરણના પાટા જેવડું કે તેથી કંઇક મોટું સૂત્રાઉ નિશેથિયું રજોહરણની અંદર હોય. તે સંખ્યામાં એક, અને પ્રમાણથી એક હાથ લાંબુ, અને તે બહારના ઊનના એક હાથના નિશેથિઆ (ઓઘારીયા) સહિત હોય, એમાં બહારના નિશેથિયાનું પણ પ્રમાણ જણાવ્યું સમજવું. વળી–

**"वासोवग्गहिओ पुण, दुगुणो उवही उ वासकप्पाई।**
**आयासंजमहेउं, एक्कगुणो सेसओ होइ ॥७२६॥" (ओघनिर्युक्ति)**

**વ્યાખ્યા**–વર્ષાકાળમાં ઔપગ્રહિક ઉપધિ બમણી હોય છે, તેમાં વર્ષાઋતુનો કપડો (ઓઢણ) અને આદિશબ્દથી પડલા વિગેરે. જે સાધુને ગોચરી આદિ પ્રસઙ્ગે બહાર જવાનું હોય તેને જે જે વર્ષાથી ભિંજાય તે તે ઉપધિ બમણી રાખવી, કારણ કે–એક ભિંજાતાં બીજી બદલી શકાય. બમણી રાખવામાં પોતાનું અને સંયમનું બન્નેનું રક્ષણ કરવાનો ઉદ્દેશ છે, જેમકે–વર્ષાનું ઓઢણ વિગેરે એક જ હોય અને બહાર જનાર વર્ષાથી ભિંજાય ત્યારે બીજું ન બદલવાથી શરદીથી પેટમાં શૂળ વિગેરે રોગ થતાં મરણ પણ થાય અને જો એક જ હોય તો તે અતિમલિન થએલું ઓઢીને નીકળે ત્યારે તેની ઉપર વર્ષાનું પાણી પડતાં અપ્કાયની વિરાધના (હિંસા) પણ થાય, માટે શરીરના અને સંયમના રક્ષણ માટે બમણી રાખે, ભિંજાય નહિ તે એક એક રાખે. વળી–

**"जं पुण सपमाणाओ, ईसिं हीणाहियं व लंभेज्जा।**
**उभयंपि अहाकडयं, न संधणा तस्स छेदोवा ॥७२७॥" (ओघनिर्युक्ति)**

**વ્યાખ્યા**–ઔધિક કે ઔપગ્રહિક ઉપકરણો પોતાના (શરીરાદિના) માપથી કંઇક ન્હાનાં કે મોટાં જે 'યથાકૃત' એટલે જેવાં મળે તે તેવાં જ વાપરવાં, સાંધવાં કે ફાડવાં નહિ. (અર્થાત્ શક્ય હોય ત્યાં સુધી સોય વિગેરે શસ્ત્રનો ઉપયોગ ન કરવો પડે તેમ જે જેવાં મળે તેવાં થોડાં ન્હાનાં મોટાંથી નિર્વાહ કરવો.) તથા–

**["दंडए लट्ठिआ चेव, चम्मए चम्मकोसए।**
**चम्मच्छेदण पट्टे अ, चिलिमिली धारए गुरू ॥७२८॥" (ओघनिर्युक्ति)**

**વ્યાખ્યા**–ઉપર કહ્યા ઉપરાન્ત આ પણ ઔપગ્રહિક ઉપધિ કહી છે–એક દણ્ડો અને લાઠી, એ બે પ્રત્યેક સાધુને ભિન્ન ભિન્ન ઔપગ્રહિક તરીકે રાખવાના કહ્યા છે, એ સિવાયની વસ્તુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ સાધુઓને માટે માત્ર ગુરૂને જ રાખવાની હોય છે, તેમાં ૧-**ચર્મકૃત્તિ**=માર્ગમાં દાવાનલનો ઉપદ્રવ હોય, જમીન જીવોથી યુક્ત હોય ત્યારે પાથરીને ઉભા રહી શકાય, કે ચોરાદિથી વસ્ત્રો લુંટાયાં હોય ત્યારે અધોવસ્ત્રના સ્થાને પહેરી (રાખી) શકાય એવું ચર્મનું આસન વિશેષ. ૨-**ચર્મકોષ**=ચામડાની કોથળી, જેમાં નખરદની વિગેરે શસ્ત્રો રાખી શકાય, અથવા પત્થર-વાળી ભૂમિમાં ઠોકરો લાગવાથી પગના નખ ઉખડી જાય, આ વિગેરે પ્રસઙ્ગે પગની આંગળીઓ ઉપર પહેરી (ચઢાવી) શકાય. ૩-**ચર્મચ્છેદ**=ચામડાની વાધરી (દોરી), કોઇ પ્રસઙ્ગે ચાલવાથી પગ નીચેની ચામડીને નુકસાન થયું હોય ત્યારે ચામડાનાં તળીયાં બાંધવામાં ઉપયોગી થાય, અથવા 'ચર્મચ્છેદન' એટલે મુણ્ડન માટે અસ્ત્રો, ૪-**યોગપટ્ટ**=(યોગ માટે ઉપયોગી) પાટલી દાંડીઓ વિગેરે અને ૫-**ચિલિમિલી**=(આહાર કરતાં બાંધવાનો) વસ્ત્રનો પડદો. એટલી વસ્તુ ઔપગ્રહિક ઉપધિ તરીકે ગુરૂને રાખવાની હોય છે. વળી—

"जं चण्ण एवमाई, तवसंजमसाहगं जइजणस्स ।
ओहाइरेगगहिअं, ओवग्गहियं वियाणाहि ॥७२९॥" (ओघनिर्युक्ति)

**વ્યાખ્યા**-જે એવું બીજું પણ સાધુઓને તપ અને સંયમની સાધનામાં ઉપયોગી ઓઘ-ઉપધિ સિવાયનું રાખેલું હોય તેને ઔપગ્રહિક જાણવું. એમ ઉપર જણાવ્યા સિવાયની પણ ઔપગ્રહિક ઉપધિ હોય છે, એમ સમજવું.]

ઔપગ્રહિકમાં પણ ઔઘિકની જેમ ઉત્કૃષ્ટાદિ ભેદો છે, તે કહે છે—

"पीढग निसिज्ज दंडग, पमज्जणी घट्टग डगलमाई ।
पिप्पलग सुई नहरणि, सोहणगदुगं जहण्णो उ ॥८३४॥" (पञ्चवस्तु)

**વ્યાખ્યા**-૧-પીઠક=કાષ્ટ કે છાણની બનાવેલી પીઠિકા, જેને સાધુઓ ભેજવાળા મકાનમાં અથવા વર્ષાકાળમાં બેસવા માટે અને સાધ્વીવર્ગ (કોઈ આવશ્યક કારણે) તેઓના ઉપાશ્રયમાં આવેલા સાધુનો વિનય કરવા-આસન માટે રાખે છે. ૨-નિષદ્યા=પાદપોઞ્છન (બેસવા માટેનું ઊનનું આસન), જિનકલ્પી સાધુને બેસવાનું નહિ હોવાથી તે ન હોય, ૩-દણ્ડક=દણ્ડો, તે પણ જિનકલ્પવાળાને ઉપદ્રવ કરનારને પણ રોકવાનો નહિ હોવાથી ન હોય, સ્થવિર કલ્પિકોને હોય, ૪-પ્રમાર્જની=વસતિ પ્રમાર્જવા માટે (દણ્ડાસણ) રખાય છે તે, ૫-ઘટ્ટક=ઘુંટો, પાત્રાંનો લેપ ઘુંટવા માટે ઉપયોગી પત્થરનો કકડો વિશેષ, ૬-ડગલાદિ=શરીરશુદ્ધિ માટે ઉપયોગી પત્થરના, ઇંટના કે માટીના કકડા, ૭-પિપ્પલક=પાત્રાનું મુખ વિગેરે કરવા માટે ઉપયોગી લોહનું શસ્ત્ર (અથવા મુણ્ડન માટે અસ્ત્રો) વિશેષ,. ૮-સોય=કપડાં વિગેરેને સીવવાની સોય, ૯-નખરદની=નખ કાપવા માટે ઉપયોગી નરણી અને ૧૦-૧૧-શોધનક દ્વય=કાનનો અને દાંતનો મેલ ખોતરવા માટેની બે સળીઓ, એટલાં ઔપગ્રહિક ઉપધિમાં જઘન્ય ઉપકરણો કહ્યાં છે. હવે મધ્યમ કહે છે કે-

"वासत्ताणे पणगं, चिलिमिलिपणगं दुगं च संथारे ।
दंडाईपणगं पुण, मत्तगतिग पायलेहणिया ॥८३५॥" (पञ्चवस्तु)

**વ્યાખ્યા**-વર્ષાથી રક્ષણ કરવાનાં પાંચ સાધનો, તેમાં ૧-ઊનનું, ૨-સૂત્રાઉ, ૩-તાડપત્રનું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪-પલાશ (ખાખરા)ના વૃક્ષનાં પત્રોનું (ખુમ્પક વિશેષ) અને ૫-છત્ર, તે પાંચને **વર્ષાત્રાણુ પગ-ચક**'[૧૪૧] સમજવું, એનું માપ લોકોમાં પ્રસિદ્ધ છે. '**ચિલિમિલિપગ-ચક**' એટલે પાંચ પ્રકારના પડદા, તેમાં ૧-સૂત્રાઉ, ૨-ઘાસનો, ૩-વાક્‌મય (એટલે બગલાં વિગેરેનાં પીંછાંને કે ઝાડની છાલને ગુંથીને બનાવેલો), ૪-દણ્ડમય (વાંસને દોરીથી ગુંથીને બનાવેલો) અને ૫-કટકમય[૧૪૨](વાંસ વિગેરેની બનાવેલી સાદડી), એ પાંચેનું માપ (સાધુની સંખ્યાના અનુસારે) ન્હાના મોટા ગચ્છને અનુસરીને કરવું. અર્થાત્ જેવડા રાખવાથી ગૃહસ્થોથી ગુપ્ત રીતે ભોજન કરી શકાય તેટલા માપના રાખવા. **બે સંથારા**-એક પોલાણવાળો, બીજો પોલાણ રહિત તેમાં તૃણ (ઘાસ) વિગેરેનો પોલાણવાળો (અને કાષ્ઠાદિનો પોલાણ વિનાનો) સમજવો. તે ઉપરાન્ત પાંચ જાતનાં તૃણ (ઘાસ) સાધુને ઉપયોગી છે, તે આ પ્રમાણે કહેલાં છે-

**"तणपणगं पुण भणिअं, जिणेहिं जिअरागदोसमोहेहिं ।**
**साली वीही कोद्दव, रालय रन्नेतणाइं च ॥६७५॥" (प्रवचनसारो०)**

**ભાવાર્થ**-રાગ, દ્વેષ અને મોહના વિજેતા શ્રીજિનેશ્વરોએ સાધુને પાંચ પ્રકારનાં ઘાસ (તૃણ) ઉપયોગી કહ્યાં છે, ૧-કલમ, કમોદ, વિગેરે ડાંગરનાં, ૨-સાઠી વિગેરે ડાંગરનાં, ૩-કોદ્રવાનાં, ૪-કાંગ(અનાજ વિશેષ), એ ચારનાં ફોતરાં અને ૫-જઙ્ગલમાં ઉગેલું ઘાસ, **દણ્ડપગ-ચક**= પાંચ પ્રકારના દણ્ડા, તેમાં ૧-દણ્ડો, ૨-વિદણ્ડો ૩-લાઠી, ૪-વિલટ્ઠી અને ૫-નાલિકા જાણવા. કહ્યું છે કે-

**"लट्ठी तहा विलट्ठी, दंडो अ विदंडओ अ नालीओ (अ) ।**
**भणिअं दंडगपणगं, वक्खाणमिणं भवे तस्स ॥६६९॥**
**लट्ठी आयपमाणा, विलट्ठी चउरंगुलेण परिहीणा ।**
**दंडो बाहुपमाणो, विदंडओ कक्खमित्तो अ (उ) ॥६७०॥**
**लट्ठीए चउरंगुल-समूसिआ दंडपंचगे नाली ।**
**नइपमुहजलुत्तारे, तीए थग्गि(ग्घि)ज्जए सलिलं ॥६७१॥**
**बद्धइ लट्ठीए जवणिया, विलट्ठीइ अ कत्थइ दुवारं ।**
**घट्टिज्जइ उवस्सय-तणयं तेणाइरक्खट्ठा ॥६७२॥ (प्रवचनसारो०)**

**ભાવાર્થ**-લાઠી, વિલટ્ઠી, દણ્ડો, વિદણ્ડો, અને નાલિકા, એમ પાંચ દણ્ડાઓ કહ્યા છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે 'લાઠી' શરીર પ્રમાણે લાંબી, 'વિલટ્ઠી' એથી ચાર આંગળ ટુંકી, 'દણ્ડો' ખભા જેટલો લાંબો, 'વિદણ્ડ' કક્ષા (બગલ) જેટલો ઉંચો અને 'નાલિકા' લાઠીથી (સ્વ-શરીરથી) પણ ચાર આંગળ વધારે લાંબી હોય, તેમાં નદી,-દ્રહ વિગેરે જળાશયોને ઓળંગતાં

---

૧૪૧-નવ્યયતિજિતકલ્પમાં પાંચ વર્ષાત્રાણુ-૧-ઔર્ણિક (ઊનનું), ૨-સૂત્રાઉ, ૩-તાડપત્રની સળીએ આદિનો ખુમ્પક, ૪-ખાખરાના પાંદડાંનો ખુમ્પક અને ૫-વાંસનું છત્ર, આ પ્રમાણે છે.

૧૪૨-કલ્પસૂત્રના નવમા વ્યાખ્યાનમાં સૂત્ર ૩૧માં પાંચ પડદાઓ ૧-ઊનનો, ૨-ઊંટના વાળને વણેલો, ૩-ઘાસનો ગુંથીને બનાવેલો, ૪-સૂત્રાઉ કપડાનો અને ૫-તાડપત્રનાં અથવા પલાશ (ખાખરા)ના પત્રોનો ગુંથીને બનાવેલો, એમ કહેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણીની ઉંડાઇ માપવા માટે નાલિકાનો ઉપયોગ કરાય છે. ભોજન કરતાં ગૃહસ્થ દેખે નહિ તે માટે તેના દાંડા સાથે પડદો બાંધવામાં લાઠીનો ઉપયોગ કરાય છે. 'વિલટ્ઠી' કોઈ ગામમાં ઉપાશ્રય ગામના છેડે હોય તો અંદરથી બારણું ખખડાવવા માટે ઉપયોગી છે કે જેથી તેનો અવાજ સાંભળીને બહારથી ચોર-કુતરાં વિગેરે નાસી જાય, વળી—

"उउबद्धंमि उ दंडो, विदंडो घिप्पए वरिसयाले ।
जं सो लहुओ निज्जइ, कप्पंतरिओ जलभएणं ॥६७३॥" (प्रवचनसारो०)

**વ્યાખ્યા**-ઋતુબદ્ધ કાળમાં ભિક્ષાદિ માટે જતાં દણ્ડો લઈ જવાય છે, ગુસ્સે (દ્વેષી) થયેલા બે પગવાળા (મનુષ્યાદિ), ચાર પગવાળાં (પશુઓ), તથા ઘણા પગવાળા શરભાદિ એટલે અષ્ટાપદ (પશુ વિશેષ), વિગેરેના ઉપદ્રવને તેનાથી અટકાવી શકાય, અથવા કોઈ વિષમ-કઠિન માર્ગે ચાલતાં ચોર-વાઘ વિગેરેથી રક્ષણ કરી શકાય, વૃદ્ધ સાધુને ચાલવામાં ટેકો (આધાર) લઈ શકાય. વર્ષાકાળે તો દણ્ડને બદલે વિદણ્ડને લઈ જવાય છે, કારણ કે-તે ટુંકો હોવાથી કપડામાં ઢાંકીને લઈ જતાં તેને અપ્કાયનો સંઘટ્ટ (રોકાવાથી હિંસા) ન થાય. લાઠી નવ પર્વ સુધીની એકી (૩-૫-૭-૯) પર્વવાળી અને દશપર્વવાળી પણ શુભ છે, સમપર્વવાળી અશુભ છે, તેમાં 'એકી પર્વવાળી[૧૪૩] પ્રશંસનીય છે' વિગેરે યતિદિનચર્યાથી તેનું સ્વરૂપ જાણવું. **માત્રકત્રણ**=એક વડીનીતિ માટે, બીજું લઘુનીતિ માટે અને ત્રીજું શ્લેષ્મ માટે, એમ કુણ્ડિઓ વિગેરે ત્રણ, **પાદલેખનિકા**=પગેથી કાદવ દૂર કરવાની (પહેલાં કહી તે) પીપળા-પીપળ વિગેરે વૃક્ષના કાષ્ઠની પટ્ટી, એ ઉપરાન્ત—

"चम्मतिअं पट्टदुगं, णायव्वो मज्झिमो उवही एसो ।
अज्जाण वारओ पुण, मज्झिमओ होइ अइरित्तो ॥८३६॥" (पञ्चवस्तु)

**વ્યાખ્યા-ચર્મત્રિક**=એક વાધરી, બીજું તળીયું, ત્રીજું કૃત્તિ, (એનું સ્વરૂપ ચાલુ અધિકારમાં જ કહેવાશે) બીજાં શાસ્ત્રોમાં તો 'ચર્મપઞ્ચક' આ પ્રમાણે કહ્યું છે—

"अय एलगावि (वो) महिसी, मिगाणमजिणं च पंचमं होइ ।
तलिगा खल्लग वद्धे, कोसग किंत्ती य बीयं तु ॥६७६॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**-બકરાં-ઘેટાં-ગાયો-ભેંસો અને મૃગલાં, એ પાંચનું ચર્મ તે 'ચર્મપઞ્ચક' જાણવું, અથવા બીજી રીતે તલિકા, ખલ્લગ, વાધરી, કોષ, અને કૃત્તિ એ 'ચર્મપઞ્ચક જાણવું. તેમાં ૧-**તલિકા**=પગે બાંધવાનું ચામડાનું માત્ર તળીયું, તે કોઈ વિષમ પ્રસઙ્ગે રાત્રિના અન્ધકારમાં કે દિવસે પણ સાર્થની સાથે ચાલતાં ઉન્માર્ગે ચાલવું પડે ત્યારે પગના તળીએ બન્ધાય છે. ૨-**ખલ્લગ**=પગરખાં, તે ખસથી ખરજવાદિથી કે વાયુરોગથી જેના પગ ફાટેલા હોય તે સાધુને પહેરવા માટે હોય છે, ૩-**વાધરી**=ચામડાની દોરી, તલ્લિકા (તૂટી ગઈ હોય તો તેને) બાં(સાં)ધવામાં ઉપયોગી છે, ૪-**કોષ**=કોથળી, તે નખરદની વિગેરે શસ્ત્રોને રાખવા માટે કે ડુંગરાઉ પત્થરના રસ્તે ચાલતાં જેના નખ ભાગે તેવા હોય તેના પગના આંગળાંમાં બાંધવા માટે ઉપયોગી છે.

૧૪૩-એક પર્વવાળી લાઠી પ્રશંસનીય, બે વાળી કલહકારક, ત્રણ પર્વા લાભપ્રદ, ચાર પર્વા મરણપ્રદ, પાંચ પર્વા પન્થમાં કલહનાશક, છ પર્વા આતઙ્ક(પીડા)કારી, સાત પર્વા આરોગ્યપ્રદ, આઠ પર્વા સંપત્તિનાશક, નવ પર્વા યશકારક, અને દશપર્વા સર્વ સંપત્તિકારક જાણવી, યતિદિનચર્યા ગા. ૩૧૦થી૩૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ૫-**કૃત્તિ**=માર્ગમાં દાવાનળનો (અગ્નિ હોવાનો) ભય હોય ત્યારે, કે ભૂમિ સચિત્ત અથવા જીવાકુળ હોવાથી ઉભા રહેવાનું નિર્દોષ સ્થળ ન મળે ત્યારે પાથરીને ઉભા રહેવા માટે, અથવા ચોરથી કદાચ લુંટાયા હોય તો અધોવસ્ત્રના અભાવે તેના સ્થાને પહેરવા માટે, એમ અનેક રીતે ઉપયોગી છે, એમ બીજા પ્રકારે સાધુઓને ઉપયોગી ચર્મપઞ્ચક કહ્યું. તે ઉપરાન્ત **બે પટ્ટગ**=સંથારો અને ઉત્તરપટ્ટો, એટલી ઔપગ્રહિક ઉપધિ મધ્યમ પ્રકારની કહી છે. ઔપગ્રહિક ઉપધિના આ મધ્યમ પ્રકારોમાં સાધ્વીઓને **વારક**=લઘુનીતિ માટે ઉપયોગી પાત્ર વિશેષ વધારે હોય છે, કારણ કે તેઓને સદા ગૃહસ્થોની વચ્ચે રહેવાનું હોવાથી તે આવશ્યક છે. હવે ઔપગ્રહિકના ઉત્કૃષ્ટ પ્રકારોનું વર્ણન કરે છે કે—

**" अक्खा संथारो वा, एगमणेगंगिओ अ उक्कोसो ।**
**पोत्थगपणगं फलगं, उक्कोसोवग्गहो सव्वो ॥८३७॥" (पञ्चवस्तु)**

**વ્યાખ્યા-અક્ષા**=સ્થાપનાચાર્ય માટે ઉપયોગી ચન્દનકનાં શરીર વિગેરે, **સંથારો**=(પૂર્વે વર્ષાકાળમાં પાટને બદલે રખાતું) એક સળઙ્ગ કાષ્ઠનું પાટીઉં, અથવા તેવું ન મળે તો (પાટીઆં, લાકડીઓ કે વાંસ વિગેરે) અનેક અવયવોને જોડીને (બાંધીને) બનાવેલો અનેકાઙ્ગિક સંથારો, એમ બે પ્રકારનો સંથારો રાખી શકાય, **પુસ્તકપઞ્ચક**=પાંચ પ્રકારનાં પુસ્તકો, ૧-ગણ્ડિકા, ૨-છિવાડી, ૩-કચ્છવી, ૪-મુષ્ટિ અને ૫-સમ્પુટ. ઉપરાન્ત આગળ કહીશું તે **ફલક**, એ સર્વ ઔપગ્રહિક ઉપધિના ઉત્કૃષ્ટ પ્રકારો છે. 'પુસ્તકપઞ્ચક' માટે કહ્યું છે કે—

**" गंडी कच्छवि मुट्ठी, संपुडफलए तहा छिवाडी अ ।**
**एवं(यं) पोत्थयपणगं, वक्खाणमिणं भवे तस्स ॥६६४॥**
**बाहल्लपुहुत्तेहिं, गंडीपोत्थो उ तुल्लगो दीहो ।**
**कच्छवि अंते तणुओ, मज्झे पिहुलो मुणेयव्वो ॥६६५॥**
**चउरंगुलदीहो वा, वट्टागिइ मुट्ठिपुत्थगो अहवा ।**
**चउरंगुलदीहो च्चिय, चउरंसो होइ विन्नेओ ॥६६६॥**
**संपुडगो दुगमाई, फलया वोच्छं छिवाडिमित्ताहे ।**
**तणुपत्तूसियरूवो, होइ छिवाडी बुहा बेंति ॥६६७॥**
**दीहो वा हस्सो वा, जो पिहुलो होइ अप्पबाहल्लो ।**
**तं मुणियसमयसारा, छिवाडिपोत्थं भणंतीह ॥६६८॥ (प्रवचनसारो०)**

**ભાવાર્થ**-ગણ્ડિકા, કચ્છપી, મુષ્ટિકા, સમ્પુટફલક અને છેદપાટી-છેવાડી, એમ પાંચ પ્રકારનાં પુસ્તકો છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે જેનો-જાડાઇ પહોળાઇમાં સમાન-સમચોરસ અને લાંબો-લંબચોરસ આકાર હોય તે ૧-**ગણ્ડિકા** કહી છે, બે બાજુ છેડે પાતળો, વચ્ચે પહોળો અને જાડાઇમાં ઓછો હોય તેવા આકારવાળાને ૨-**કચ્છપી**, ચાર આંગળ લાંબો કે ગોળ આકારવાળો હોય અથવા જે ચારે બાજુ ચાર આંગળ પ્રમાણનો (ચોરસ) હોય તે ૩-**મુષ્ટિકા**, જેને બે બાજુ કાગળની કે લાકડાની પાટલીઓ હોય તે વેપારીઓને ઉધાર લખવાની પાટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવા આકારનો ૪-**સમ્પુટફલક**. અને જે થોડા પાનાં હોવાથી કંઇક ઉંચાઇવાળો હોય, અથવા લાંબો, અથવા ટુંકો, જાડાઇમાં અલ્પ અને પહોળો હોય તેને આગમજ્ઞપુરૂષો ૫-**છીવાડી-છેદપાટી** કહે છે.

**ફલક**=લખવાનું પાટીયું, જેમાં લખીને ગોખી-ભણી શકાય તે, અથવા કારણે જે ટેકો (ઓઠિંગણ) લેવા માટે હોય છે તે વ્યાખ્યાનનું પાટીયું ફલક કહેવાય છે. ઉત્સર્ગથી તો સાધુને ઓઠિંગણ (ટેકો લેવો) યોગ્ય નથી, કારણ કે-પડિલેહવા-પ્રમાર્જવા છતાં થાંભલા વિગેરે ઓઠિંગણ દેવાનાં સાધનો કે સ્થાનોમાં થતા કુન્થુઆ, કીડીઓ, વિગેરે જીવોનો સંચાર રોકવો દુષ્કર છે. [કહ્યું છે કે—

" अव्वोच्छिन्ना तसा पाणा, पडिलेहा न सुज्झई ।
तम्हा हट्ठपहट्ठस्स, अवट्ठंभो न कप्पई ॥३२२॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-થાંભલા વિગેરે ઓઠિંગણ દેવાના સ્થાનને પડિલેહવા છતાં (ત્યાં ફરતા) ત્રસ જીવોને રોકી ન શકાવાથી પડિલેહણા શુદ્ધ થતી નથી, તેથી નિરોગી એવા સશક્ત સાધુને ઓઠિંગણ લેવું કલ્પતું નથી.]

માંદગી આદિ કારણે તો મજબૂત અને સુંવાળા પાટીયાનું, પત્થરના થાંભલાનું, ચૂનાથી ધોળેલી ભીંતનું, કે તેને આધારે મૂકેલા ઉપધિના વિંટીયાનું ઓઠિંગણ નિષેધ્યું નથી. કહ્યું છે કે-

" अतरंतस्स उ पासा, गाढं दुक्खंति तेणऽवट्ठंभे ।
संजयपट्टी थंभे, सेले छु(सु)हाकुड्ड विट्टलि(वेंटि)ए ॥३२४॥"(ओघनिर्युक्ति)

**ભાવાર્થ**—અશક્તને (ગ્લાન વિગેરેને) તો પાસાં (પડખાં) અતિ દુઃખે, એ કારણે સાધુની પીઠનો, થાંભલાનો, પત્થર (ના થાંભલા)નો, ધોળેલી ભીંતનો કે ઉપધિના વિંટીયાનો ટેકો લેવાનો નિષેધ નથી, આ 'અક્ષ' વિગેરે સર્વ વસ્તુઓ ઔપગ્રહિકના 'ઉત્કૃષ્ટ' વિભાગમાં જાણવી. આ દણ્ડો વિગેરે સંયમનાં ઉપકરણોને રાખવાનાં કારણો કહ્યાં છે કે—

" दुट्ठपसुसाणसावय, चिक्खलविसमेसु उदगमाई(मज्झे)सु ।
लट्ठी सरीररक्खा, तवसंजमसाहिया भणिया ॥७३९॥
मोक्खट्ठा नाणाई, तणू तयट्ठा तयट्ठिआ लट्ठी ।
दिट्ठो जहोवयारो, कारण तक्कारणेसु तहा ॥७४०॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-દુષ્ટ પશુઓ, કુતરાં અને શિકારી પ્રાણીઓથી રક્ષણ કરવા માટે, કાદવવાળા કે ઉંચા નીચા સ્થળે (ચાલતાં કે ઉભા રહેતાં) આધાર માટે, તથા પાણીમાં ચાલતાં શરીરની રક્ષા માટે પણ લાઠી ઉપકારક છે, તેથી લાઠીને તપ સંયમમાં સહાયક કહી છે. કહ્યું છે કે-મોક્ષ માટે જ્ઞાનાદિ ગુણો, જ્ઞાનાદિ માટે શરીર, અને શરીર માટે લાઠી ઉપયોગી (સાધન) છે, કાર્યનો કારણમાં અને તે કારણનો પણ અન્ય કારણમાં ઉપચાર કરીને લોકોમાં બોલાય છે કે-'આકાશ ઘીને વરસાવે છે' તેમાં વર્ષાદનું પાણી ઘાસનું, ઘાસ દૂધનું અને દૂધ ઘીનું કારણ છતાં પાણીને ઉપચારથી ઘી કહેવામાં આવે છે, તેમ લાઠીને પણ ઉપચારથી તે તપ-સંયમમાં સાધનભૂત-ઉપકારક હોવાથી ઉપકરણમાં ગણી છે.

૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ લાઠી જ નહિ, કિન્તુ જ્ઞાનાદિ ગુણોની સાધનામાં જે જે ઉપકારક હોય તે દરેકને ઉપકરણ કહેવાય છે. કહ્યું છે કે—

" जं जुज्जइ उवकरणे(गारे), उवगरणं तं सि होइ उवगरणं ।
अइरेगं अहिगरणं, अजओ अजयं परिहरंतो ॥७४१॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-જે જે પાત્રાદિ વસ્તુ જ્ઞાનાદિની સાધનામાં ઉપયોગી થાય તે તે સાધુને ઉપકરણ છે, તે સિવાયનું જે જ્ઞાનાદિ માટે ઉપયોગી ન બને, કે ઉપકરણ છતાં અયતનાવન્ત સાધુ તેને અયતનાથી વાપરે, તે (સર્વ) તેને માટે અધિકરણ (દુર્ગતિનું કારણ) છે. તથા—

" मुच्छारहियाणेसो, सम्मं चरणस्स साहगो भणिओ ।
जुत्तीए इहरा पुण, दोसा इत्थंपि आणाई ॥८३९॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**-મૂર્છા રહિત સાધુઓને આ (બે પ્રકારની ઔઘિક-ઔપગ્રહિક) ઉપધિ માપથી સપ્રયોજને રાખે અને યતના પૂર્વક વાપરે તો સમ્યક્ ચારિત્રને સાધનારી કહી છે, અન્યથા (પ્રમાણ રહિત, નિષ્પ્રયોજન રાખે કે અયતનાએ વાપરે) તો ઉપધિ રાખવામાં અને વાપરવામાં પણ આજ્ઞાભઙ્ગ (અનવસ્થા, મિથ્યાત્વ, ચારિત્રની વિરાધના) વિગેરે દોષો લાગે છે.

એ રીતે ઔપગ્રહિક ઉપધિનું વર્ણન કર્યું [અહીં એટલું વિશેષ સમજવાનું છે કે-પહેલાં સ્થવિરકલ્પિકોને જે ત્રણ કપડા વિગેરે ઉપકરણો કહ્યાં તે સર્વસામાન્ય અપેક્ષાએ સમજવાં, વિશેષ અપેક્ષાયે તો અધિક પણ રાખવામાં દોષ નથી. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે-સાધુ કેવી (કેટલી) ઉપધિ રાખે ? ત્યાં જ ઉત્તર તરીકે કહ્યું છે કે—

" भिन्नं गणणाजुत्तं, पमाणइंगालधूमपरिसुद्धं ।
उवहिं धारइ भिक्खू, जो गणचिंतं न चिंतेइ ॥३९८७॥" (बृहत्कल्पभा०)

**ભાવાર્થ**-સામાન્ય સાધુ જેને ગચ્છની ચિન્તા કરવાની ન હોય તે દસીયો અથવા ઉપધિ (ચિત્ર-રઙ્ગ વિગેરે) શોભા વિનાની, શાસ્ત્રોક્ત સંખ્યાથી વધારે નહિ, લંબાઈ પહોળાઇમાં પણ શાસ્ત્રોક્ત માપવાળી, અને અઙ્ગાર તથા ધૂમ્રદોષ રહિત (રાગ-દ્વેષ કર્યા વિના) રાખે, પણ ગચ્છની ચિન્તા કરનારો હોય તેને ઉપધિનું પ્રમાણ નિયત નથી. કહ્યું છે કે—

" गणचिंतगस्स एत्तो, उक्कोसो मज्झिमो जहन्नो य ।
सव्वो वि होइ उवही, उवग्गहकरो महाणस्स ॥३९८८॥" (बृहत्कल्पभाष्य)

**ભાવાર્થ**-ગચ્છની ચિન્તા કરનારા ગણાવચ્છેદક વિગેરેની પાસે તો ઉપર જણાવેલા પ્રમાણથી વધારે હોય તો પણ ઉત્કૃષ્ટ, મધ્યમ કે જઘન્ય, ત્રણે પ્રકારની ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિ ગચ્છને ઉપકાર કરે છે. કહ્યું છે કે—

" आलंबणे विसुद्धे, दुगुणो तिगुणो चउग्गुणो वा वि ।
सव्वो वि होइ उवही, उवग्गहकरो महाणस्स ॥३९८९॥" (बृहत्कल्पभाष्य)

**ભાવાર્થ**-આલમ્બન (કારણ) શુદ્ધ (સબળ) હોય તો બમણી, ત્રણ ગુણી, કે ચાર ગુણી હોય તો પણ તે ઉપધિ ગચ્છના મુનિઓને ઉપકારક થાય છે. આલમ્બનો બે પ્રકારનાં છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દ્રવ્ય અને બીજું ભાવ. તેમાં ખાડા વિગેરેમાં પડતાને દોરડા વિગેરેનો આધાર તે દ્રવ્ય આલમ્બન અને સંસારરૂપ ખાડામાં પડતાને આધારભૂત જ્ઞાનાદિગુણો તે ભાવ આલમ્બન સમજવું. અહીં જે ક્ષેત્રમાં અથવા જે કાળમાં વસ્ત્ર (વિગેરે મળવું) દુર્લભ હોય તે ક્ષેત્ર-કાળ વિગેરેને આલમ્બન તરિકે સમજવું, તે પ્રશસ્ત (રાગ-દ્વેષ-મૂર્છા-માયાદિ દૂષણોવાળું ન) હોવું જોઇએ, અર્થાત્ જે કાળે જે ક્ષેત્રમાં સંયમ યોગ્ય સામગ્રી દુર્લભ હોય, ત્યાં તે કાળે સંયમ રક્ષાના માત્ર ઉદ્દેશથી ગણાવચ્છેદકાદિ મુનિઓ વધારે પણ ઉપધિ રાખે તો તે સાધુઓને ઉપકારક હોવાથી રાખી શકે.]

વસ્ત્ર વિગેરે સર્વ ઉપધિ વર્ષાકાળને અડધો મહિનો બાકી હોય ત્યારે જયણાપૂર્વક ધોવી જોઇએ. પૂર્ણ પ્રમાણમાં પાણી ન મળે તો પાત્રના પડલા-ઝોળી વિગેરે જ ધોવું. કહ્યું છે કે-

"अप्पत्ते चिअ वासे, सव्वं उवहिं धुवंति जयणाए ।
असइए व दव्वस्स उ, जहन्नओ पायनिज्जोगो ॥३५०॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-વર્ષાકાળ આવતાં પહેલાં જ સાધુઓ સર્વ ઉપધિને યતનાપૂર્વક ધોવે અને પાણી પૂર્ણ ન મળે તો જઘન્યથી પાત્રની ઉપધિને જ જયણાથી ધોવે. આચાર્ય, ગ્લાન વિગેરેની ઉપધિને તો વારંવાર ધોવી જોઇએ. કહ્યું છે કે—

"आयरियगिलाणाणं, मइला मइला पुणो वि धोवंति ।
मा हु गुरूण अवण्णो, लोगंमि अजीरणं इयरे ॥३५१॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-ગુરૂની લોકમાં હલકાઈ (અપકીર્તિ) ન થાય અને બીમારને મેલાં કપડાંથી (શરદી થતાં) અજીર્ણ ન થાય, એ ઉદ્દેશથી આચાર્યની (ગુરૂની) અને બીમારની ઉપધિ(વસ્ત્રો)ને જ્યારે જ્યારે મલિન થાય ત્યારે ત્યારે અન્ય સાધુઓ વારંવાર ધોવે.

વસ્ત્રાદિ ધોવામાં પડલા, ઝોળી વિગેરે પાત્રની ઉપધિ, રજોહરણનાં 'બહારનું-ઊનનું અને અંદરનું-સૂત્રાઉ' એ બે નિશેથિયાં, 'સંથારીયું, ઉત્તરપટ્ટો અને ચોલપટ્ટો' એ ત્રણ પટ્ટા, તથા મુહપત્તિ અને રજોહરણ, એટલી વસ્તુમાં બહુ વિલમ્બ નહિ કરવો, અર્થાત્ જૂઓ ઉતારવા માટે બે ત્રણ દિવસ રાખી મૂકવી નહિ, કારણ કે તેને બદલે વાપરવા માટે બીજાં વસ્ત્રો હોતાં નથી. જો તેમાં જૂઓ દેખાય તો તેને ધોતાં પહેલાં હાથના આંતરે બીજું વસ્ત્ર રાખીને તેમાં (બીજું વસ્ત્ર પકડીને તે વસ્ત્રદ્વારા) જયણાથી ઉતારે, પછી ધોવે. કહ્યું છે કે-

"पायस्स पडोयारं, दुनिसज्जे(ज्ज)तिपट्टपोत्तिरयहरणं ।
एते ण उ विसामे, जयणा संकामणा धुवणा ॥३५२॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-પાત્રાંનો પરિકર (વસ્ત્રો), બે નિશેથિયાં, ત્રણ પટ્ટા અને રજોહરણ તથા મુહપત્તિ, એટલી વસ્તુઓને ધોતાં પહેલાં જૂઓ ઉતારવા માટે બે ત્રણ દિવસ વાપર્યા વિનાની રાખી ન મૂકતાં તેમાં જૂઓ દેખાય તો જયણાથી એટલે સીધી હાથથી નહિ પકડતાં અન્ય વસ્ત્રના આંતરે હાથથી (વસ્ત્રથી) પકડીને તે બીજા વસ્ત્રમાં ઉતારે અને પછી ધોવે.

બાકીની ઉપધિની વિશ્રામણા કરે-વિસામો આપે. અર્થાત્ અમુક દિવસ વાપરવાનું બન્ધ કરી તેમાં થીજૂઓ ઉતરી ગયા પછી ધોવે. તે માટે કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" अब्भिंतरपरिभोगं, उवरिं पाउणइ णातिदूरे य ।
तिन्नि य तिन्नि य एक्कं, निसिं तु काउं पडिच्छेज्जा ॥३५३॥"(ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–શરીરે અંદરના ભાગમાં પહેરવાના કપડામાં જૂઓનો સંભવ છે, માટે તેને ત્રણ રાત્રિ સુધી બે કપડાની ઉપર ઓઢે, (એથી તેમાં જૂઓ હોય તે ઉતરીને નીચેના–અંદરના બે કપડાઓમાં જાય,) પછી ત્રણ રાત્રિ સુધી પોતાના આસનથી બહુ દૂર કે બહુ નજીક નહિ, પણ કંઇક દૂર ભૂમિ ઉપર મૂકી રાખે, (એથી જૂઓ બાકી રહી હોય તો તે સ્વયં ઉતરીને અન્ય વસ્ત્રમાં ચઢી જાય,) પછી એક રાત્રિ આસન પાસે ઉંચે ખીલી (ખીંટી) વિગેરેના આધારે લમ્બાવી રાખે, (એથી કોઈ જૂ બાકી હોય તો તે પણ ઉતરી જાય,) એમ સાત[૧૪૪] દિવસ–રાત્રિ પછી પુનઃ શરીરે ઓઢીને નિર્ણય કરે, જો તેમાંથી જૂઓ શરીરે લાગે તો ન ધોવે અને ન લાગે તો જૂઓ નથી એમ સમજીને ધોવે.

વસ્ત્રો ધોવા માટે પહેલા વરસાદનું પડેલું પાણી ગૃહસ્થના પાત્રમાં ઝીલેલું (લીધેલું) વાપરવાની સાધુને અનુમતિ છે. કહ્યું છે કે—

" निव्वोदगस्स गहणं, केई भाणेसु असुइपडिसेहो ।
गिहिभायणेसु गहणं, ठिअवासे मिसयं छारो ॥३५५॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–પહેલા વરસાદનું છાપરામાં પડેલું પાણી (છાપરાનાં નળીયાં અતિ તપેલાં હોવાથી અથવા રસોઇની ધૂણીનું કાજલ લાગેલું હોવાથી) અચિત્ત થવાનો સમ્ભવ છે, તેથી) સાધુને ઉપધિ ધોવા માટે તે ઉપયોગી જણાવેલું છે, તેને કોઈ આચાર્યો સાધુના પાત્રમાં લેવાનું કહે છે, પણ તેનો શાસ્ત્રજ્ઞ આચાર્ય નિષેધ કરે છે, કારણ કે તે પાણી અતિ મેલું (અશુચિ-વાળું) હોવાથી સાધુ તેને પોતાના પાત્રમાં લે તો લોકો 'સાધુઓ મેલા છે' એમ હલકાઈ કરે, તેથી શાસનની પણ અપભ્રાજના (હલકાઇ) થાય, વળી ચાલુ વરસાદે આકાશમાંથી પડતું પાણી સચિત્ત હોવાથી પડ્યા પછી પણ મિશ્ર હોય, તેને સાધુથી સ્પર્શી શકાય નહિ માટે તે ગૃહસ્થના ભાજનમાં (કુંડા વિગેરેમાં) લેવું, તે પણ વરસાદ બન્ધ થયા પછી લેવું, કારણ કે–ત્યારે અચિત્ત થએલું હોય, અને પુનઃ સચિત્ત ન થાય માટે તેમાં ક્ષાર (ચૂનો વિગેરે) નાખવો.

ઉપધિને ધોવાનો ક્રમ કહ્યો છે કે—

" गुरुपच्चक्खाणि(य) गिलाण–सेहमाईण धोअणं पुव्विं ।
तो अप्पणो पुव्वमहागडे अ इअरे दुवे पच्छा ॥३५६॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–પહેલાં (વિનય માટે) ગુરૂની, પછી પ્રત્યાખ્યાનીની (તેને સમાધિ રહે માટે

૧૪૪–જૂઓને વીણી લીધા પછી પણ તેની લીખો (કે યોનિ) વસ્ત્રમાં હોય, તો તેની સાત અહોરાત્રમાં જૂઓ બની જાય અને ઉપરના વિધિથી તે બીજાં વસ્ત્રોમાં ઉતરી જાય. જો એમ ન કરે તો લીખો (જૂઓની યોનિઓ) સજીવ હોવાથી તેની હિંસા થાય. સાધુધર્મમાં અહિંસાની સાધના મુખ્ય છે, કારણ કે તે વિના આત્માની હિંસા અટકતી નથી, માટે આવો પ્રયત્ન આવશ્યક છે. પૂર્વકાળે વસ્ત્રોને વારંવાર ધોતા નહિ તેથી લીખો–જૂઓનો સંભવ રહેતો, વર્તમાનમાં ધોવા છતાં અજીર્ણ વિગેરે રોગના પસીનાના યોગે જૂઓનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપવાસીની) પછી ગ્લાનની, પછી નવદીક્ષિતની (તેઓ અભાવિત હોવાથી મલપરીષહથી તેઓના ચિત્તનો ભઙ્ગ થાય માટે) અને પછી પોતાની ઉપધિનું પ્રક્ષાલન કરે. તેમાં પણ સહુથી પ્રથમ યથાકૃતનું (તુણ્યા-સાંધ્યા વિનાનાં જે જેવાં વહોર્યાં હોય તેવાં જ વપરાતાં હોય તેનું), તે પછી અલ્પપરિકર્મવાળાનું (જે કોઈ કોઈ સ્થળે તુણ્યાં હોય તેનું) તે પછી બહુપરિકર્મવાળાનું (જે સાંધ્યાં હોય અને તુણ્યાં હોય તે વસ્ત્રોનું) પ્રક્ષાલન કરે. વસ્ત્રો ધોવામાં આ પ્રમાણે પુરૂષનો અને વસ્ત્રનો ક્રમ કહ્યો. ધોવામાં જયણા માટે કહ્યું છે કે—

"अच्छडपिट्टणासु अ, ण धुवे धोवे पयावणं न करे ।
परिभोगापरिभोगे, छायातव पेह कल्लाणं ॥३५७॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**—વસ્ત્રોને ધોતાં સાધુ પત્થરાદિ ઉપર ધોબીની જેમ ઝીકે નહિ, લાકડાના ધોકાથી કૂટે નહિ, કિન્તુ હાથથી જયણા પૂર્વક મસળીને ધોવે. ધોએલાં વસ્ત્રોને તાપમાં સુકવે નહિ, તેમાં એવો વિવેક છે કે જે વસ્ત્રો વપરાતાં હોય તેમાં જૂઓનો સંભવ હોવાથી છાયામાં સુકવે, વપરાતાં ન હોય તેને તાપમાં (પણ) સુકવે અને સુકાય ત્યાં સુધી કોઇ લઇ ન જાય તે માટે જોયા કરે. એ પ્રમાણે જયણાથી ધોયા પછી તેને ગુરૂ 'એક કલ્યાણક' પ્રાયશ્ચિત્ત આપે. ('કલ્યાણક' પ્રાયશ્ચિત્તનું એક પારિભાષિક પ્રમાણ છે.) એમ ઉપધિનું પડિલેહણ અને પ્રસઙ્ગાનુસાર તેનું સ્વરૂપ વિગેરે કહ્યું. હવે સર્વ ઉપકરણોના પડિલેહણ પછીનું (ચોથા પ્રહરનું) શેષ કર્ત્તવ્ય જણાવે છે કે—

मूलम्-"ततः स्वाध्यायकरणं, मुहूर्त्तं यावदंतिमम् ।
तत्रोच्चारप्रश्रवण–कालभूमिप्रमार्जनम् ॥९७॥"

**મૂળનો અર્થ**-તે પછી છેલ્લું મુહૂર્ત (બે ઘડી દિવસ) બાકી રહે ત્યાં સુધી સ્વાધ્યાય કરે અને છેલ્લા મુહૂર્તમાં સ્થણ્ડિલ, માત્રુ અને કાળગ્રહણ માટેની ભૂમિઓનું પ્રમાર્જન-માંડલાં કરે.

**ટીકાનો ભાવાર્થ**-સર્વ ઉપધિની પ્રતિલેખના કર્યા પછી દિવસના સોળમા ભાગરૂપ છેલ્લું અન્તર્મુહૂર્ત દિવસ બાકી રહે ત્યાં સુધી સ્વાધ્યાય કરવો, એ સાપેક્ષ યતિધર્મ છે, એમ વાક્યનો સંબન્ધ સમજવો. કહ્યું છે કે—

"अह पुणरवि उज्झाओ, सुत्तं वाएइ सुत्तगाहीणं ।
अत्थत्थीणं गुरुणो, कहंति तह चेव अत्थं पि ॥" यतिदिनचर्या–३२०॥

**ભાવાર્થ**—તે પછી (પૂર્વાહ્નની અપેક્ષાએ) બીજી વાર ઉપાધ્યાય સૂત્રગ્રાહી સાધુને સૂત્રની અને તેવી રીતે ગુરૂ (આચાર્ય) અર્થગ્રાહીને અર્થની વાચના પણ આપે.

છેલ્લું મુહૂર્ત આવે ત્યારે રાત્રિએ સ્થણ્ડિલ-માત્રુ પરઠવવા માટે અને કાળગ્રહણ માટે સ્થાનની (ભૂમિઓની) પ્રમાર્જના કરે, અર્થાત્ દિવસ બે ઘડી બાકી રહે ત્યારે સ્વાધ્યાયમાંથી ઉઠીને સાધુ બાર ભૂમિઓ રાત્રિએ સ્થણ્ડિલને અને બાર માત્રાને પરઠવવા માટે પડિલેહે. કહ્યું છે કે—

"चउभागवसेसाए, चरिमाए पडिक्कमित्तु कालस्स ।
उच्चारे पासवणे, ठाणे चउवीसई पेहे ॥६३२॥" ओघनिर्युक्ति

**ભાવાર્થ**—દિવસના છેલ્લા (ચોથા) પ્રહરનો ચોથો ભાગ બાકી રહે ત્યારે કાલનું પ્રતિ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમણ કરીને (કાલગ્રહણ માટે નોતરાં દઇને) બાર વડીનીતિ માટે અને બાર લઘુનીતિ માટે, એમ ચોવીસ સ્થણ્ડિલનું (ભૂમીઓનું) પ્રતિલેખન કરે. બાર ભૂમીઓ આ પ્રમાણે કહી છે.

" अहियासिया उ अंतो, आसन्ने मज्झि तहय दूरे य ।
तिन्नेव अणहिआसी, अंतो छ छच्च बाहिरओ ॥६२३॥" (ओघनिर्युक्ति)

**વ્યાખ્યા**–अहियासिया=સ્થણ્ડિલ માત્રાના વેગથી અતિ પીડિત ન હોય, સુખપૂર્વક દૂર જઇ શકે તેમ હોય, ત્યારે अंतो=ઉપાશ્રયના આંગણામાં ત્રણ ભૂમિઓ મકાનની નજીક, મધ્યમાં અને દૂર પડિલેહવી. તથા अणहिआसी=સંજ્ઞાના વેગથી અતિ બાધા થવાથી દૂર ન જઈ શકાય તેવા પ્રસઙ્ગ માટે એક ઉપાશ્રયની અતિ નજીક, બીજી મધ્યમાં અને ત્રીજી કંઈક દૂર એમ ત્રણ ભૂમિઓ પડિલેહે, એમ આંગણામાં છ તથા આંગણાની બહાર છ મળી કુલ બાર ઉચ્ચાર (વડીનીતિ) માટે અને એ રીતે બાર પ્રશ્રવણ (માત્રુ) માટે પડિલેહવાની કહી છે. કહ્યું છે કે–

" एमेव य पासवणे, बारस चउवीसयं तु पेहित्ता ।
कालस्स वि तिन्नि भवे, अह सूरो अत्थमुवयाति ॥६३४॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–એ પ્રમાણે બાર પ્રશ્રવણ માટે, કુલ ચોવીસનું પડિલેહણ કરીને પુનઃ કાળ-ગ્રહણની ત્રણ ભૂમિઓ પડિલેહવાની હોય છે. તે જઘન્યથી હાથ હાથને આંતરે પડિલેહી શકાય છે. એ સર્વ ભૂમિઓનું પડિલેહણ કરતાં સૂર્ય અસ્ત થાય તેવા સમયે પડિલેહવી, યતિદિનચર્યામાં પણ કહ્યું છે કે—

" चउभागवसेसाए, चरिमाए पोरसीइ कालस्स ।
पडिक्कमिऊण कुणंते, थंडिलपडिलेहणं तत्तो ॥३२१॥
अहिआसि अणहिआसि अ, बहिरंतो दूर मज्झ आसन्ने ।
मुत्तुच्चारे बारस, बारस कालंमि भूमितिअं ॥३२२॥"

**ભાવાર્થ**–છેલ્લી પોરિસીનો ચોથો ભાગ બાકી રહે ત્યારે કાલગ્રાહી સાધુ કાળનું પ્રતિક્રમણ કરીને (નોતરાં દઇને) તે પછી (સત્તાવીસ) સ્થણ્ડિલનું (ભૂમિઓનું) પડિલેહણ કરે. તેમાં સંજ્ઞાની હળવી બાધાના પ્રસઙ્ગે દૂર અને વિશેષ બાધા થતાં દૂર ન જઈ શકાય ત્યારે નજીક, એમ ઉપાશ્રયના આંગણામાં બે સ્થાને 'દૂર, વચ્ચે અને નજીક' મળીને છ આગાઢ કારણે અને આંગણાની બહાર (સો પગલાં સુધીમાં) નજીક, વચ્ચે અને દૂર ત્રણ ત્રણ મળીને છ અનાગાઢ કારણે, એમ બાર વડીનીતિ માટે અને બાર લઘુનીતિ માટે તથા ત્રણ કાલગ્રહણ માટે એમ કુલ સત્તાવીશ ભૂમિઓનું પડિલેહણ કરે.

હવે તે પછી શું કરવું તે ગ્રન્થકાર મૂળ શ્લોકથી જણાવે છે કે—

मूलम्–" आवश्यककृतिः, काल–ग्रहस्तारात्रयेक्षणे ।
ततः कालिकसूत्राद्य–ध्ययनादि यथाविधि ॥९८॥

**મૂળનો અર્થ**–પ્રતિક્રમણ કરવું, ત્રણ તારાઓ દેખાય ત્યારે કાલગ્રહણ લેવું અને તે પછી વિધિ પ્રમાણે કાલિકસૂત્ર વિગેરેનું અધ્યયનાદિ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનો ભાવાર્થ**—'આવશ્યક' શબ્દથી અહિં 'પ્રતિક્રમણ' સમજવું. તેનો અર્થ પહેલા ભાગમાં–ગૃહસ્થધર્મના અધિકારમાં જણાવ્યા પ્રમાણે સમજવો. સાધુઓને તે માંડલીમાં (સાથે) કરવાનું હોવાથી પઞ્ચવસ્તુમાં કહેલો તેનો ક્રમ (વિધિ) આ પ્રમાણે છે—

**"इत्थेव पत्थवंमी, गीओ गच्छंमि घोसणं कुणइ ।**
**सज्झायादुवउत्ताण, जाणणट्ठा सुसाहूणं ॥४४३॥" (पञ्चवस्तु)**

**ભાવાર્થ**—આ (સૂર્યાસ્ત) વેળાએ જ ગીતાર્થ (અવસરના જાણ) સાધુ સ્વાધ્યાયાદિમાં એકાગ્ર બનેલા ઉત્તમ સાધુઓને જણાવવા માટે ઘોષણા કરે. (અર્થાત્ સૂર્યાસ્ત સમય થયો છે, જેને જે કંઇ દિવસનું કાર્ય–ગોચરી, પ્રતિલેખન, સ્થણ્ડિલ પડિલેહણ, આદિ બાકી હોય તેઓ તે માટે સાવધ થાઓ ! વિગેરે ઉપયોગ આપે.)

તે પછી સર્વ સાધુઓ પ્રતિક્રમણની જગ્યાએ ભેગા થાય (આવે), ત્યાં બેસવામાં મણ્ડલીની વ્યવસ્થા માટે યતિદિનચર્યામાં કહ્યું છે કે—

**"पुव्वाभिमुहा उत्तर–मुहा व आवस्सयं पकुव्वंति ।**
**सिरिवच्छाकाराए, आगमविहिआइ ठवणाए ॥३२९॥**
**आयरिया इह पुरओ, दो पच्छा तिण्णि तयणु दो तत्तो ।**
**तेहिंपि तयणु (पुणो) इक्को, नवगगमाणा इमायरणा ॥३३०॥"**

**ભાવાર્થ**—આગમમાં જણાવેલા શ્રીવત્સના આકારે મણ્ડલી સ્થાપીને (તે આકારે બેસીને) પ્રતિક્રમણ પૂર્વસન્મુખ કે ઉત્તરસન્મુખ કરે, શ્રીવત્સનો આકાર એ રીતે થાય કે 'સર્વની આગળ મધ્યમાં આચાર્ય બેસે, તેઓની પાછળ બે, તે બેની પાછળ ત્રણ, તે ત્રણની પાછળ બે અને એ બેની પાછળ એક, એમ નવ સાધુઓના મણ્ડલથી શ્રીવત્સના આકારે એક માંડલી થાય, એવો વિધિ છે.



(સ્થાપના આ પ્રમાણે સમજવી.)

આ પ્રતિક્રમણના પ્રારમ્ભમાં દૈવસિક પ્રાયશ્ચિત્તના વિશોધન માટે એકસો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરે. યતિદિનચર્યામાં કહ્યું છે કે—

**"देवसिअं पच्छित्तं, विसोहयंता कुणंति उस्सग्गं ।**
**उसाससयपमाणं, विहिणा दिणपडिक्कमण(मा)रंभे ॥३३१॥"**

**ભાવાર્થ**—દૈવસિક પ્રાયશ્ચિત્ત વિશોધનાર્થે (સાધુઓ) સો શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ દૈવસિક પ્રતિક્રમણના પ્રારમ્ભમાં વિધિ પૂર્વક કરે છે.

વર્તમાનમાં તો આચરણાથી પ્રતિક્રમણને અન્તે આ કાયોત્સર્ગ કરાતો દેખાય છે. પ્રતિક્રમણના સમયે જો ગુરૂ નિવૃત્ત હોય તો બધા ય ગુરૂ આવે ત્યારે સાથે પ્રતિક્રમણ કરે, અને તેઓ કોઈ શ્રાવક વિગેરેને ધર્મ સમજાવવા વિગેરે કાર્યમાં હોય તો માંડલીમાં પાછળથી (પણ) આવે. કહ્યું છે કે—

**"जइ पुण निव्वाघाओ, आवस्सं तो करिंति सव्वे वि ।**
**सड्ढाइकहणवाघाय–पाए पच्छा गुरू ठंति ॥४४५॥" (पञ्चवस्तु)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-જો ગુરૂ નિવૃત્ત હોય તો સર્વ સાધુઓ તે વેળાએ ગુરૂની સાથે જ પ્રતિક્રમણ કરે અને ગુરૂ કોઈ શ્રાવકાદિને ધર્મ કહેવા વિગેરેમાં રોકાએલા હોય તો પાછળથી (પણ) આવે.

ગુરૂ આવે ત્યાં સુધી બીજા સાધુઓ ગુરૂને પૂછીને પ્રતિક્રમણ માંડલીમાં રત્નાધિકના ક્રમે પોતાના આસને સૂત્ર (અર્થ)ના સ્મરણ માટે કાયોત્સર્ગ મુદ્રાએ ઉભા રહે. અર્થાત્ કાઉસ્સગ્ગ મુદ્રામાં ઉભા રહીને સૂત્રાદિનું ચિન્તન કરે. કહ્યું છે કે—

" सेसा उ जहासत्ती, आपुच्छित्ताण ठंति सट्ठाणे ।
सुत्तत्थसरणहेउं, आयरिएँ ठिअंमि देवसिअं ॥४४६॥
जो हुज्ज उ असमत्थो, बालो वुड्ढो व रोगिओ वा वि ।
सो आवस्सयजुत्तो, अच्छिज्जा निज्जरापेही ॥४४७॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**-શેષ સાધુઓ ગુરૂને પૂછીને પ્રતિક્રમણની માંડલીમાં યથાશક્ય સૂત્ર-અર્થનું સ્મરણ કરતા સ્વ-સ્વ આસને (કાઉસ્સગ્ગ મુદ્રામાં) ઉભા રહે અને આચાર્ય (ગુરૂ) આવે ત્યારે એ મુદ્રામાં ઉભા ઉભા જ દૈવસિક પ્રાયશ્ચિત્તનું (અતિચારોનું) ચિન્તન કરે (૪૪૬). એમાં અપવાદ કહે છે કે-નિર્જરાનો અર્થી હોય તેવો અશક્ત, બાળ, વૃદ્ધ, અથવા રોગી વિગેરે ઉભા રહેવામાં અસમર્થ હોય તે (રજોહરણ-મુહપત્તિ આદિ) આવશ્યકો યુક્ત થઈને શક્તિને ગોપવ્યા વિના બેઠાં બેઠાં પણ કાઉસ્સગ્ગ કરે.

આ વિષયમાં કેટલાક એમ કહે છે કે-તે સાધુઓ 'કરેમિભંતે' કહીને કાઉસ્સગ્ગ મુદ્રાએ ઉભા ઉભા ગુરૂ આવે ત્યાં સુધી સૂત્ર અર્થને ચિન્તવે, તે પછી જ્યારે ગુરૂ આવીને 'કરેમિભંતે' કહી કાઉસ્સગ્ગ મુદ્રાએ દૈવસિક અતિચારોને ચિન્તવે ત્યારે મૌનપણે કાઉસ્સગ્ગ મુદ્રામાં રહેલા સાધુઓ પણ દૈવસિક અતિચારોને ચિન્તવે. બીજાઓ વળી એમ કહે છે કે-તે સાધુઓ ('કરેમિભંતે' કહ્યા વિના જ) ગુરૂ આવે ત્યાં સુધી કાઉસ્સગ્ગ મુદ્રાએ ઉભા રહીને સૂત્રાર્થને ચિન્તવે, જ્યારે ગુરૂ આવીને 'કરેમિભંતે' બોલે ત્યારે તેઓ પણ કાઉસ્સગ્ગ મુદ્રામાં જ ગુરૂની સાથે મનથી 'કરેમિભંતે' બોલે-ચિન્તવે, એમ 'કરેમિભંતે' ચિન્તવીને દૈવસિક અતિચારોને ચિન્તવે.

પ્રતિક્રમણની વિધિ તો પૂર્વે (પહેલા ભાગમાં ગૃહસ્થ ધર્મના અધિકારમાં) કહી તે પ્રમાણે સમજવી. જે કંઇ સાધુની પ્રતિક્રમણ વિધિમાં વિશેષતા છે તેને તે તે સ્થાને જણાવીશું. અહીં દૈવસિક અતિચારના ચિન્તનમાં એટલું વિશેષ છે કે આચાર્ય તેને બે વાર ચિન્તવે, કારણ કે-બીજા સાધુઓ આહાર લેવા આદિ કારણે બહાર ફરેલા હોવાથી તેઓને ચિન્તન વધારે કરવાનું હોય, તેથી આચાર્ય બે વાર ચિન્તવે તેટલા વખતમાં સાધુઓ એક વાર ચિન્તવી શકે. કહ્યું છે કે-

" जा देवसिअं दुगुणं, चिंतेइ गुरू अहिंडिओ चेट्ठं ।
बहुवावारा इयरे, एगगुणं ताव चिंतेंति ॥४५०॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**-બહાર નહિ ફરેલા ગુરૂ દિવસના વ્યાપારને બે વાર ચિન્તવે તેટલા સમયમાં ગોચરી આદિ કારણે બહાર ફરેલા ઘણી પ્રવૃત્તિવાળા બીજા સાધુઓ એકવાર ચિન્તવે.

તેમાં દૈવસિક અતિચારોને ચિન્તવવા માટે આલમ્બનભૂત ગાથા-જેના આલમ્બનથી તે તે વિષયમાં લાગેલા અતિચારો યાદ કરી શકાય તે ગાથા આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"सयणासणन्नपाणे, चेइअ जइ सिज्ज काय उच्चारे ।
समिई भावण गुत्ती, वितहायरणंमि अइआरो ॥१४९८॥" (आव० निर्युक्ति)

**વ્યાખ્યા**–શયનીયવસ્તુ=સંથારા વિગેરે વસ્તુઓને અવિધિ–અયતનાથી લેવાં, મૂકવાં, પાથરવાં, વાપરવાં, વિગેરે અનેક રીતે અતિચારો લાગે, એ રીતે આસન=બેસવા માટેનાં પાટ–પાટીયા વિગેરેને પણ અવિધિ–અયતનાથી લેવામાં, મૂકવામાં, કે વાપરવા વિગેરેમાં અતિચારો લાગે, આહાર–પાણી=તેને અવિધિએ વહોરતાં વાપરતાં અનેક જાતના અતિચારો લાગે, 'ચૈત્ય' એટલે જિનમન્દિર–મૂર્તિની પણ આશાતના કરતાં, અવિધિએ ચૈત્યવન્દનાદિ કરતાં અને તેને અંગે સાધુધર્મમાં કરવા યોગ્ય ચિન્તા, સાર–સંભાળ, વિગેરે નહિ કરવાથી એમ અનેક પ્રકારે અતિચારો લાગે, 'યતિ'=સાધુ સમુદાય કે સમગ્ર સાધુઓ, તેઓનો યથાયોગ્ય વિનય, ઔચિત્ય, વાત્સલ્ય, કે વૈયાવચ્ચાદિ, સ્વકર્તવ્ય ન કરવાથી, અવિધિ–અનાદર કે તેઓના પ્રત્યે દ્વેષ વિગેરે કરવાથી એમ યતિને અંગે પણ અનેક રીતે અતિચારો લાગે, શય્યા=વસતિ–ઉપાશ્રય, તેનું પ્રમાર્જન વિગેરે અવિધિએ કરવાથી કે તદ્દન નહિ કરવાથી તેમજ તેમાં રાગ–દ્વેષ કે મોહ કરવાથી, સ્ત્રી–પશુપણ્ડક આદિ જ્યાં હોય તે ઉપાશ્રયમાં રહેવાથી, ઈત્યાદિ ઉપાશ્રયને અંગે પણ અનેક રીતે અતિચારો લાગે, કાય=લઘુનીતિ અને ઉચ્ચાર=વડીનીતિ, તે બેને અર્થાત્ સ્થણ્ડિલ–માત્રૂને અવિધિએ પરઠવવાથી, જીવસંસક્ત ભૂમિમાં પરઠવવાથી, બીજાઓને અસદ્ભાવ થાય તેવા રાજ-માર્ગ કે લોકોપયોગી કુવા–બગીચા વિગેરેના સ્થાને પરઠવવાથી, સ્થણ્ડિલના 'આલોક' વિગેરે દોષો સેવવાથી, ઈત્યાદિ અનેક પ્રકારે તેમાં પણ અતિચારો લાગે, સમિતિ=ઈર્યા વિગેરે પાંચ સમિતિ, ભાવના=અનિત્યાદિ બાર અને મૈત્રી આદિ ચાર, અથવા મહાવ્રતોની પચીસભાવનાઓ, તથા ગુપ્તિ=મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓ, એ સમિતિઓ, ભાવનાઓ અને ગુપ્તિઓના પાલનમાં અવિધિ સેવવાથી અગર તેનું સર્વથા પાલન નહિ કરવાથી, વિગેરે અનેક રીતે અતિચારો લાગે, એમ શયનીયથી માંડીને ગુપ્તિના પાલન સુધીમાં જે જે 'વિતથ' એટલે વિરૂદ્ધ આચરણ કર્યું હોય, તે તે અતિચારોને સમજીને, મનમાં તેની સંકલના (અવધારણા) કરીને, ગુરૂએ પાર્યા પછી સાધુઓ પણ કાઉસ્સગ્ગ પારે. તે પછી પહેલાં (ગૃહસ્થ ધર્મના અધિકારમાં પ્રતિક્રમણની વિધિમાં) કહેલા ક્રમ પ્રમાણે આ દૈવસિક અતિચારોની (ગુરૂ સમક્ષ) આલોચના કરીને ગુરૂ 'ठाणे गमणे चंकमणे' ઈત્યાદિ પાઠ કહે તે પછી બીજા સાધુઓ પણ તે પાઠ બોલે. તે પાઠ આ પ્રમાણે છે—

**"ठाणे गमणे चंकमणे, आउत्ते अणाउत्ते, हरिअकायसंघट्टिय बीअकायसंघट्टिय तसकाय-संघट्टिय थावरकायसंघट्टिय छप्पईसंघट्टिय, ठाणाओ ठाणं संकामिआ, देहरे गोअरचरी बाहिरभूमिं मारगि जातां आवतां हरिअकाय बीअकाय नील फूल त्रस थावर जीवतणा संघट्ट परिताप उपद्रव हुआ, माटी तणो खेरो चांप्यो, काचा पाणीतणा छांटा लागा, स्त्री तिर्यञ्चतणा संघट्ट हुआ, ओघओ मुहपुत्ती उस्संघट्यां, अणपूजइ हींड्या, ऊघाडे मुखे बोल्या, अनेरुं जि कांइ पाप लागुं हुइ ते सवि हुं मन वचन कायाइं करइ मिच्छा मि दुक्कडं ॥"**

**વ્યાખ્યા**–'ઠાણે'=કાઉસ્સગ્ગ વિગેરે કરવા માટે ઉભા રહેવામાં, 'ગમણે'=ગોચરીઆદિ કારણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવામાં, 'ચંકમણે'=આમ તેમ પરિભ્રમણ કરવામાં, ઈત્યાદિ પ્રવૃત્તિ 'આઉત્તે'=ઉપયોગ પૂર્વક અને 'અણાઉત્તે'=ઉપયોગ વિના કરવાથી, આ બે શબ્દોમાં 'क्लीबे वा' (पा. सू. ३-३-११५) સૂત્રથી નપુંસક લિઙ્ગમાં ભાવઅર્થમાં 'क्त' પ્રત્યય આવેલો હોવાથી તેના 'ઉપયોગ પૂર્વક અને ઉપયોગ વિના' એ બે અર્થો સમજવા. 'हरिअकायसंघट्टिय' વિગેરે પદોમાં 'કાય' શબ્દનો અર્થ 'પ્રાણ અથવા શરીર સમૂહ' સમજવો, એથી 'हरिअ'=વનસ્પતિ જીવોને કે તેઓનાં શરીરોને, એ રીતે પછીનાં પદોમાં 'बीअ'=સુકા છતાં સચિત્ત અનાજના દાણા કે બીજાં પણ વૃક્ષોનાં અનેક જાતિનાં બીજોને, 'त्रस'=બેઇન્દ્રિય આદિ જીવોને કે તેઓનાં શરીરોને, 'थावर'= સચિત્ત પૃથ્વી આદિના જીવોને કે તેના શરીરરૂપ પૃથ્વી આદિને, એ દરેકને ઉભા રહેતાં, ચાલતાં, ફરતાં, ઉપયોગપૂર્વક કે અનુપયોગપણાથી 'संघट्टिय'=સ્પર્શ કર્યો. તથા 'छप्पइ'=જૂઓનો સંઘટ્ટ થયો, 'ठाणाओ ठाणं संकामिआ'=એક સ્થાનેથી અન્યસ્થાને મૂકયા, જિનમન્દિરે, આહાર લેવા, બહાર ભૂમિએ, કે અન્ય પ્રયોજને રસ્તે જતાં-આવતાં કોઈ લીલી વનસ્પતિ, સચિત્ત બીજ (દાણા) વિગેરે તથા 'नील'=લીલ, 'फूल'=પુષ્પો કે અનન્તકાયિક પાંચે વર્ણની ફૂગ, ત્રસ અથવા સ્થાવર જીવો, તે દરેકમાં કોઈ એકનો કે અનેકનો ઘણો કે થોડો સંઘટ્ટ (સામાન્ય સ્પર્શ) થયો, તેઓને 'परिताप'=સખ્ત પીડા થાય તેવો સંઘટ્ટ કર્યો, 'उपद्रव'=અત્યન્ત ત્રાસ આપ્યો, માટીનો ખેરો (? ઢગલો સંભવે છે) ચાંપ્યો (પગથી દબાવ્યો કે ઉપર ચાલ્યા), સચિત્ત પાણીના બિન્દુઓ શરીરે લાગ્યાં, સ્ત્રીનો કે કુતરો-કુતરી આદિ કોઇ લિઙ્ગવાળા તિર્યઞ્ચનો સ્પર્શ થયો, ઓઘો મુહપત્તિ શરીરથી ઉત્સંઘટ્યા-એક હાથ ઉપરાન્ત દૂર રહ્યા, પૂંજ્યા (ઇર્યાસમિતિના પાલન) વિના ચાલ્યો, મુખે મુહપત્તિ રાખ્યા વિના બોલ્યો, તે સિવાય બીજું પણ જે કોઇ પાપ લાગ્યું હોય તે સર્વનો પણ મન-વચન-કાયાથી મારે 'મિચ્છામિ દુક્કડં' થાઓ! અર્થાત્ મારૂં તે તે પાપ મિથ્યા થાઓ !!

એ પાઠ બોલીને ગુરૂની સમક્ષ અતિચારોની આલોચના કરે (તેઓને સંભળાવે.) ત્યારપછી વિશેષ શુદ્ધિ માટે "सव्वस्स वि देवसिअ०" ઇત્યાદિ સૂત્ર દૈવસિક પ્રતિક્રમણ કરતાં કહેવું. (એનો અર્થ પહેલા ભાગમાંથી જોઇ લેવો) રાઇ પ્રતિક્રમણના અતિચારની આલોચનાનો પાઠ આ પ્રમાણે છે-

**"संथाराउट्टण किअ, परिअट्टण किअ, आउंटण किअ, पसारण किअ, छप्पईसंघट्टण किअ, अचक्खुविसय हूओ, संथारा पोरिसीतणो विधि भणवो विसार्यो, कडूथलुं अणपूजइं हलाव्युं चलाव्युं, सउणइ स्वप्नांतरि दृष्टिविपर्यास मनोविपर्यास संकल्प कुविकल्प स्खलनादिक अतिचार लागा, मात्रउं अविधि परिठविउं, अनेरुं जि कांइ पाप लागुं हुइ ते सवि हुं मन वचन कायाईं करइ मिच्छा मि दुक्कडं ॥"**

**વ્યાખ્યા**-સંથારામાં-૧-ઉદ્વર્ત્તના=(એકવાર પાસું બદલવું તે) કિઅ=કરી, ૨-પરિવર્ત્તના= (પુનઃ મૂળ પાસું બદલવું, તે) કિઅ=કરી, ૩-આઉંટણ કિઅ=પગ વિગેરેનો સંકોચ કર્યો (ટુંકા કર્યા), ૪-પસારણ કિઅ=પગ વિગેરે લાંબા કર્યા, ૫-જૂઓનો સંઘટ્ટો કર્યો અને ૬- અંધારામાં માત્રુ કર્યું-પરઠવ્યું, એ છ સ્થાને જે સાવદ્ય ક્રિયા કરી, તથા સંથારાપોરિસી ભણાવવી ભૂલી ગયા, કડૂથલું=(મારવાડમાં તગારૂં કહે છે તે ?) પૂંજ્યા વિના હલાવ્યું-ખસેડયું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉંઘમાં સ્વપ્નદ્વારા અનિષ્ટ દર્શન થયું, અનિષ્ટ મન થયું, અર્થાત્ કંઈ ખોટું દર્શન થયું કે દુષ્ટ વિચાર આવ્યો, મૈથુન સંબન્ધી સંકલ્પ, કુવિકલ્પ થયો, કે બ્રહ્મચર્યમાં સ્ખલના થઇ, ઇત્યાદિ કોઈ અતિચાર લાગ્યો, માત્રુ અવિધિથી પરઠવ્યું, એ ઉપરાન્ત પણ જે કોઈ પાપ લાગ્યું હોય તે સઘળાં પણ પાપોનો મન-વચન-કાયા દ્વારા મિથ્યાદુષ્કૃત દઉં છું, અર્થાત્ મારૂં તે પાપ મિથ્યા થાઓ !

એ પાઠ કહીને "सव्वस्स वि राइअ" ઇત્યાદિ સૂત્ર બોલે, પછી ગુરૂ 'पडिक्कमह' એમ કહીને પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત આપે, ઇત્યાદિ શેષ વિધિ પહેલા ભાગમાં (પૃ૦ ૫૮૩ માં) જણાવેલા વિધિ-ક્રમ પ્રમાણે જાણવો. પછી 'શ્રમણ પ્રતિક્રમણ સૂત્ર', બોલે. કહ્યું છે કે—

"आलोइऊण दोसे, गुरुओ पडिवन्नपायच्छित्ता य ।
सामाइअपुव्वयं ते, कड्ढंति तओ पडिक्कमणं ॥४६६॥ (पञ्चवस्तु)

**ભાવાર્થ**-દૈવસિક અતિચારોની આલોચના કરીને ગુરૂ મુખેથી અઙ્ગીકાર કર્યું છે 'પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત' જેઓએ, એવા સાધુઓ 'કરેમિ ભંતે' સૂત્ર બોલીને પ્રતિક્રમણ સૂત્રને કહે. તે બોલતાં બેસવાની મુદ્રા આ પ્રમાણે કહી છે-

"काऊण वामजाणुं, हिट्ठा उड्ढं च दाहिणं जाणुं ।
सुत्तं भणंति सम्मं, करजुअकयपुत्तिरयहरणा ॥२१॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**—ડાબો ઢીંચણ નીચે ઢાળીને અને જમણો ઢીંચણ ઉભો કરીને બે હાથમાં ઓઘો મુહપત્તિ છે જેને એવા સાધુઓ પ્રતિક્રમણસૂત્રને સારી રીતે (શુદ્ધ ઉચ્ચારાદિ પૂર્વક) બોલે.

હવે શ્રમણ પ્રતિક્રમણસૂત્ર 'पगाम सिज्जाए०' નું વિવરણ લખીએ છીએ, તેમાં 'પ્રતિક્રમણ' શબ્દનો અર્થ પહેલા ભાગમાં (પૃ૦ ૫૭૩ માં) જણાવ્યો છે, તે પ્રમાણે[૧૪૫] શુભયોગોમાંથી અશુભયોગમાં ગએલા આત્માનું પુનઃ શુભયોગોમાં પ્રતિકૂળ (ઉલટું) ગમન કરવું-પાછા ફરવું, તેને 'પ્રતિક્રમણ' કહેવાય છે, તે પ્રતિક્રમણ બે પ્રકારનું છે—એક યાવજ્જીવ સુધીનું, બીજું અમુક કાલ સુધીનું, તેમાં મહાવ્રતો આદિ ઉચ્ચરવાં તે યાવજ્જીવ માટેનું અને દૈવસિક-રાઇ વિગેરે પ્રતિક્રમણ મર્યાદિત કાલનું સમજવું. પ્રતિક્રમણના વિષયો '૧-પ્રતિષિદ્ધ કાર્ય કરવું, ૨-કરણીય નહિ કરવું, ૩-તેમાં (જિન વચનમાં) અશ્રદ્ધા કરવી અને ૪-વિપરીત પ્રરૂપણા કરવી' એ ચાર છે. અર્થાત્ એ ચાર વિષયનું પ્રતિક્રમણ કરવાનું છે.

પ્રતિક્રમણસૂત્રનો પ્રારમ્ભ કરતાં 'શ્રીપઞ્ચપરમેષ્ઠિમહામઙ્ગલ નમસ્કાર મન્ત્ર', અને 'કરેમિ ભંતે'૦ કહેવું, તેના અર્થ પહેલા ભાગમાં કહેવાઈ ગયા છે. તે પછી વિઘ્નોના નાશ માટે પ્રતિક્રમણ સૂત્ર બોલતાં મઙ્ગલ કરવું જોઇએ, માટે સૂત્રકાર સ્વયં એ મઙ્ગલને જણાવે છે કે—

"चत्तारि मंगलं-अर(रि)हंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केवलिपण्णत्तो धम्मो मंगलं ॥"

---

૧૪૫-પ્રમાદને વશ આત્મા સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં (સ્વભાવમાંથી પરભાવમાં) ગયો હોય તેણે પુનઃ સ્વસ્થાનમાં (સ્વભાવમાં) આવવું, અથવા ક્ષાયોપશમિકાદિ ભાવોમાંથી ઔદયિકભાવમાં (કર્મને વશ બની) ગએલા આત્માએ જ્ઞાનાદિ ગુણોના આશ્રયરૂપ સ્વભાવમાં સ્થિર થવું, એમ 'प्रति'=પાછા 'क्रमण'= ચાલવું તેને 'પ્રતિક્રમણ' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**-સંસારથી 'મને ગાળે' (પાર ઉતારે) તે 'મઙ્ગલ' અથવા જેનાથી હિતનેમ ંગાય (પ્રાપ્ત કરાય) તે 'મઙ્ગલ' અથવા 'મઙ્ગ' એટલે ધર્મને 'લા' એટલે આપે તે 'મઙ્ગલ', એમ 'મઙ્ગલ' શબ્દની ભિન્નભિન્ન વ્યુત્પત્તિ દ્વારા જુદા જુદા અર્થો થાય છે (તાત્પર્યથી બધા અર્થો એકાર્થિક છે.) આ 'મઙ્ગલ' તરીકે ચાર પદાર્થો છે તેને નામપૂર્વક કહે છે 'અરહંતા મઙ્ગલં૦' વિગેરે, અર્થાત્ ૧-અરિહન્તો, ૨-સિદ્ધો, ૩-સાધુઓ અને ૪-કેવલિપ્રરૂપિત ધર્મ, એ ચાર મઙ્ગલો છે. તેમાં આચાર્યો-ઉપાધ્યાયો વિગેરે પણ સાધુપણાથી યુક્ત (સાધુ) હોવાથી તેઓને સાધુઓમાં સમજી લેવા, કેવલિપ્રરૂપિત ધર્મ એટલે 'શ્રુતધર્મ અને ચારિત્રધર્મ (જ્ઞાન અને ક્રિયા)એ બન્ને ધર્મો સમજી લેવા. એ પદાર્થોની મઙ્ગલતા એ કારણે છે કે-હિત તેઓ દ્વારા જ મંગાય છે (મેળવાય છે), આ હેતુથી જ તેઓનું લોકોત્તમપણું છે, અથવા લોકમાં તે પદાર્થોનું ઉત્તમપણું છે માટે તેઓમાં 'મઙ્ગલતા' છે, એ અર્થને જણાવવા કહે છે કે-

**"चत्तारि लोगुत्तमा-अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो ॥"**

**વ્યાખ્યા**-પૂર્વે કહેલા અરિહંતાદિ ચાર પદાર્થો 'લોક' એટલે (ક્ષાયોપશમિક આદિ ભાવો રૂપ) ભાવલોક વિગેરેમાં ઉત્તમ છે માટે તે 'લોકોત્તમ' છે, તેમાં પણ 'અરિહન્તો' ભાવલોકમાં પ્રધાન છે, કારણ કે તેઓને કર્મની સર્વ શુભ પ્રકૃતિઓનો ઉદય હોય છે, અર્થાત્ શુભઔદયિક ભાવે તેઓ વર્તતા હોય છે, અરિહન્તની તુલનામાં આવે તેવો લોકનો કોઈ આત્મા શુભઔ-દયિકભાવવાળો હોતો નથી. 'સિદ્ધો' ચૌદરાજ લોકના છેડે-ઉપર, અર્થાત્ ત્રણ લોકને મસ્તકે રહેલા હોવાથી ક્ષેત્રલોકમાં તે ઉત્તમ છે, 'સાધુઓ' સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રને આશ્રીને ભાવલોકમાં ઉત્તમ છે, અર્થાત્ જ્ઞાનાદિગુણોરૂપ ભાવધર્મની પ્રાપ્તિવાળા હોવાથી ભાવ-લોકોત્તમ છે અને એ પ્રકારના ધર્મમાં 'શ્રુતધર્મ' ક્ષાયોપશમિક ભાવલોકની અપેક્ષાએ તથા 'ચારિત્રધર્મ' ક્ષાયિક ભાવ અને મિશ્ર (સાન્નિપાતિક) ભાવની અપેક્ષાએ ભાવલોકોત્તમ છે, એમ તેઓનું લોકોત્તમપણું હોવાથી જ તે શરણ કરવા યોગ્ય પણ છે, અથવા તેઓ શરણ કરવા યોગ્ય હોવાથી તેઓમાં લોકોત્તમપણું છે. એ જણાવે છે કે—

**"चत्तारि सरणं पवज्जामि-अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि ॥"**

**વ્યાખ્યા**-ચાર શરણાંને હું અઙ્ગીકાર કરું છું, અર્થાત્ સાંસારિક દુઃખોથી મારી રક્ષા માટે હું આ ચારનો આશ્રય-ભક્તિ કરું છું, ૧-અરિહંતોનો આશ્રય સ્વીકારું છું, ૨-સિદ્ધોનો આશ્રય સ્વીકારું છું, ૩-સાધુઓનો આશ્રય સ્વીકારું છું અને ૪-કેવલિપ્રરૂપિત ધર્મનો આશ્રય સ્વીકારું છું.

એ રીતે માઙ્ગલિક વ્યવહાર કરીને (લઘુ) પ્રતિક્રમણ માટે "इच्छामि पडिक्कमिउं जो मे० ઇત્યાદિથી तस्स मिच्छामि दुक्कडं" સુધી કહેવું. તેની વ્યાખ્યા પહેલા ભાગમાં (પૃ. ૪૯૯) માં કહી છે. એમાં સાધુઓને અઙ્ગે જે જે પાઠ ભેદ છે તેની વ્યાખ્યા કરીયે છીયે.

'असावगपाउग्गो'ને બદલે સાધુએ 'असमणपाउग्गो' કહેવું, અને તેનો અર્થ 'શ્રમણને યોગ્ય નહિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ સાધુઓને નહિ આચરવા લાયક' એમ સમજવો. 'चरित्ताचरित्ते' ને બદલે 'चरित्ते' બોલવું અને તેનો 'સર્વ વિરતિ ચારિત્રમાં' એમ અર્થ સમજવો, તથા 'चउण्हं कसायाणं' પછીનો પાઠ–

" **पंचण्हं महव्वयाणं, छण्हं जीवनिकायाणं, सत्तण्हं पिण्डेसणाणं, अट्ठण्हं पवयणमाऊणं, नवण्हं बंभचेरगुत्तीणं, दसविहे समणधम्मे, समणाणं जोगाणं** ' બોલવો.

**વ્યાખ્યા**–પ્રાણાતિપાત વિરમણ આદિ 'પાંચ મહાવ્રતોમાં', પૃથ્વીકાય આદિ 'છ જીવ નિકાયમાં', 'અસંસૃષ્ટ–સંસૃષ્ટ' વિગેરે જેનું વર્ણન ગોચરીના દોષોમાં જણાવી ગયા તે 'સાત પ્રકારની પિણ્ડૈષણામાં,' કોઈ આનો 'સાત પાણૈષણામાં' એમ પણ અર્થ કરે છે, પાંચ સમિતિ અને ત્રણગુપ્તિરૂપ 'આઠ પ્રવચન માતાના પાલનમાં', વળી જેનું વર્ણન આગળ કહેવાશે તે 'વસતિ–કથા' વિગેરે 'બ્રહ્મચર્યની નવ ગુપ્તિમાં' તથા આગળ કહેવાશે તે ક્ષમાદિ 'દશ પ્રકારના શ્રમણ ધર્મમાં', ઉપર જણાવ્યાં તે ત્રણ ગુપ્તિ વિગેરે 'समणाणं जोगाणं'=સાધુના જે જે યોગો એટલે વ્યાપારોમાં, અર્થાત્ એ ગુપ્તિ વિગેરેનું સમ્યક્ પાલન–શ્રદ્ધા–પ્રરૂપણા વિગેરે સાધુના આચારોમાં, 'जं'=જે કંઈ 'खंडिअं'=દેશથી ભાગ્યું હોય, 'जं विराहियं'=જે વિરાધ્યું એટલે બહુરીતે ભાગ્યું હોય કિન્તુ એકાન્તે નાશ ન કર્યો હોય, (એકાન્તે નાશ કર્યા પછી 'મિચ્છા મિ દુક્કડં' દેવા છતાં શુદ્ધિ થતી નથી માટે અહીં ઘણી રીતે ભાગ્યું હોય તેને વિરાધ્યું સમજવું.) 'तस्स'=દિવસે લાગેલા તે અતિચારોનું, અહીં સુધીનો પાઠ ક્રિયાકાળનો સમજવો, અર્થાત્ તે તે સમયે કરેલા તે તે અતિચારોનું, 'मिच्छामि दुक्कडं' આ વાક્ય સમાપ્તિકાળનું વાચક છે, માટે એનો અર્થ ક્રિયાકાળે કરેલા તે તે અતિચારોનું વર્તમાનકાળે 'મિચ્છા મિ દુક્કડં' એટલે પ્રતિક્રમણ કરૂં છું એમ કરવો, અર્થાત્ મારૂં તે તે સમયે થએલું (કરેલું) તે તે પાપ વર્તમાનમાં મિથ્યા થાઓ ! એમ ભાવ સમજવો.

આ અતિચારનું (जो मे देवसिओ० ઇત્યાદિ) સૂત્ર પ્રતિક્રમણના વિધિમાં અહીં સુધી ત્રણ વાર બોલાય છે, તેમાં પ્રથમ વાર करेमि भंते० બોલ્યા પછી અતિચારોના સ્મરણ માટે, બીજી વાર ગુરૂવન્દન (વાંદણાં) પછી ગુરૂને અતિચારોનું નિવેદન કરવા માટે, અહીં ત્રીજી વાર પ્રતિક્રમણ (પ્રાયશ્ચિત્ત) માટે અને ચોથી વખત બોલાશે તે અતિચારોની રહી ગયેલી અશુદ્ધિના વિમલીકરણ (વિશેષ શુદ્ધિ) માટે સમજવું. એમ આ સૂત્ર બોલવામાં ભિન્નભિન્ન ઉદ્દેશ હોવાથી પુનરૂક્તિ દોષ નથી.

એમ ઓઘથી જ અતિચારોને જણાવીને તેનું સંક્ષેપમાં પ્રતિક્રમણ જણાવ્યું. હવે તે અતિચારોને વિભાગવાર જણાવીને તેનું પ્રતિક્રમણ કહે છે–તેમાં પણ પ્રથમ ગમન–આગમન કરતાં લાગેલા અતિચારોના પ્રતિક્રમણ માટે 'इच्छामि पडिक्कमिउं इरिआवहियाए०' સૂત્ર બોલવું. એની વ્યાખ્યા પૂર્વે (પહેલા ભાગના ભાષાન્તર પૃ. ૩૯૯ થી) કહી છે તે પ્રમાણે સમજવી. આ ગમન–આગમનમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું, હવે બાકીના સઘળા અતિચારોના પ્રતિક્રમણ માટે મૂલ–પ્રતિક્રમણસૂત્ર કહેતાં પ્રારમ્ભમાં શયન ક્રિયામાં લાગેલા અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે–

" **इच्छामि पडिक्कमिउं पगामसिज्जाए णिगामसिज्जाए संथाराउवट्टणा(णया)ए परिअट्टणा(णया)ए आउंटणा(णया)ए पसारणा(णया)ए छप्पईसंघट्टणा(णया)ए कूइए कक्कराइए छीए जंभाइए आमोसे ससरक्खामोसे आउलमाउलाए सु(सो)अणवत्तिआए इत्थीविप्परिआसिआए**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**दिट्ठीविप्परिआसिआए मणविप्परिआसिआए पाणभोअणविप्परिआसिआए जो मे देवसिओ अइआरो कओ तस्स मिच्छामि दुक्कडं ॥''**

**વ્યાખ્યા**–इच्छामि प्रतिक्रमितुम्=પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું, પ્રતિક્રમણનો અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે કરવો, હવે કોનું પ્રતિક્રમણ ? તે કહે છે કે–प्रकामशय्यया=પ્રકામશય્યા કરવાથી લાગેલા દિવસ સંબન્ધી અતિચારોનું, અહીં પણ ક્રિયાકાળ સમજવો, અર્થાત્ તે તે સમયે 'પ્રકામશય્યા' (વિગેરે અહીં જે જે કહીશું તે તે) કરવાથી લાગેલા અતિચારોનું વર્તમાનમાં મારે 'મિચ્છામિ દુક્કડં' થાઓ ! આ 'મિચ્છામિ દુક્કડં' પાઠ સમાપ્તિકાળ (વર્તમાનકાળ) વાચક જાણવો. એ રીતે પછીનાં પદોમાં પણ ક્રિયાકાળ અને સમાપ્તિકાળનો વિવેક સ્વયં સમજી લેવો. હવે પ્રકામશય્યાનો અર્થ કહે છે કે–'શયન કરવું તે શય્યા' અને 'પ્રકામ'=અતિશય–ચારે પ્રહર સુધી સુઈ રહેવું તે પ્રકામશય્યા એ એક અર્થ, બીજો અર્થ 'જેમાં શયન કરાય તે 'સંથારો'વિગેરે શય્યા,તે 'પ્રકામા'=સંથારા ઉત્તરપટ્ટાથી અધિક ઉપકરણવાળી હોય તે પ્રકામ શય્યા અથવા કપડાની અપેક્ષાએ ત્રણથી વધારે કપડા(તાત્પર્ય કે જિનાજ્ઞાથી વિરૂદ્ધ વધારે વાર શયન કરવું કે વધારે ઉપકરણો)વાપરવાં તે પ્રકામશય્યા કહેવાય, આમાંની કોઈપણ પ્રકામશય્યા કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું, એમ અર્થનો સંબન્ધ જોડવો. આ પ્રકામશય્યાથી સ્વાધ્યાયમાં હાનિ થાય તે અહીં અતિચાર સમજવો. હવે 'निकामशय्यया'=ઉપર્યુક્ત પ્રકામશય્યા પ્રતિદિન કરવી તે નિકામશય્યા, તેનાથી પણ સ્વાધ્યાય હાનિરૂપ અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું, 'संस्तारके उद्वर्तनया–(तया)'=સંથારામાં ઉદ્‌વર્તન=પાસું બદલી બીજા પડખે શયન કરવાથી અને 'परिवर्तनया(तया)'= પુનઃ તે જ પડખે શયન કરવાથી–પુનઃ પડખું બદલવાથી, (અહીં પાઠાન્તરે 'ता' પ્રત્યય છે તે સ્વાર્થમાં કરેલો છે, આગળ પણ જ્યાં જ્યાં એ પ્રત્યય છે ત્યાં સ્વાર્થમાં સમજવો) આ ઉદ્‌વર્તન–પરિવર્તન કરતાં (પડખું બદલતાં) સંથારો અને શરીર નહિ પ્રમાર્જવારૂપ અતિચાર સમજવો. आकुञ्चनया(तया)=પગ વિગેરે શારીરિક અવયવોને સંકોચવાથી અને प्रसारणया(तया)=સંકો–ચેલાને પહોળા–લાંબા કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ, અહીં કુકડીની જેમ પગને ઉંચે અવકાશમાં લાંબા કરતાં કે સંકોચતાં પ્રમાર્જન નહિ કરવારૂપ અતિચાર સમજવો. षट्पदी–संघट्टणया(तया)=જૂઓનું અવિધિએ સંઘટ્ટણ=સ્પર્શ કરવાથી, कूजिते=ખાંસી આવવાથી (મુખ આગળ મુહપત્તિ કે હાથ નહિ રાખવાથી), कर्करायिते=વસતિમાં (ઉપાશ્રયમાં) 'ખાડા ટેકરા કે શરદી–ગરમી છે' વિગેરે અરૂચિથી બોલવું તે 'કર્કરાયિત' કહેવાય, એવી મકાન પ્રત્યેની નારાજી આર્ત્તધ્યાનરૂપ હોવાથી તે અતિચાર છે, क्षुते–जृम्भिते=છીંક કે બગાસું આવવાથી (મુખ આગળ મુહપત્તિ કે હાથ નહિ રાખવાથી) आमर्षणे=(લેતાં મૂકતાં પ્રમાર્જ્યા વિના) વસ્તુને સ્પર્શ કરવાથી, અને सरजस्कामर्षे=પૃથ્વી આદિ રજવાળી (સચિત્ત) વસ્તુને સ્પર્શ કરવાથી, એમ જે જે કારણોથી અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું, એમ અર્થનો સંબન્ધ સમજવો.

આ જાગ્રત અવસ્થામાં સંભવિત અતિચારો કહ્યા, હવે નિદ્રા વખતે સંભવિત અતિચારોને કહે છે કે–आकुलाकुलया–स्वप्ननिमित्तया=ઉંઘમાં આકુળ–વ્યાકુળતાથી આવેલા સ્વપ્નને યોગે લાગેલા અતિચાર, અર્થાત્ નિદ્રામાં વિષયની આકુલતાથી સ્ત્રી–પુરૂષ આદિના ભોગ, વિવાહ, કે કોઈની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે યુદ્ધ કરવા વિગેરેનું સ્વપ્ન આવવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ૦, આ આકુળ–વ્યાકુળતા પણ મૂળગુણો અને ઉત્તરગુણો સંબન્ધી એમ બે પ્રકારની હોય છે, તેથી તેને જુદી જુદી જણાવે છે કે–'**स्त्रीवैपर्यासिक्या**'=અબ્રહ્મસેવનની આકુળ–વ્યાકુળતાથી, '**दृष्टिवैपर्यासिक्या**'=રૂપને જોવાના અનુરાગના યોગે સ્ત્રીને જોવારૂપ દૃષ્ટિ વિકારથી થયેલી આકુળ–વ્યાકુળતાથી, એ પ્રમાણે '**मनोवैपर्यासिक्या**'=મનમાં સ્ત્રીનું ધ્યાન કે ચિન્તન કરવા રૂપ મનોવિકારથી થએલી આકુળ–વ્યાકુળતાથી, તથા '**पानभोजनवैपर्यासिक्या**'='રાત્રે આહાર પાણી વાપરવા' ઈત્યાદિ વિપરીત વર્તન કરવા સંબન્ધી આકુળ–વ્યાકુળતાથી, અર્થાત્ નિદ્રામાં તે તે પ્રકારની આકુળ–વ્યાકુળતાને કારણે અબ્રહ્મ સેવનનું, સ્રીના રૂપને જોવાનું, તેના ચિન્તનનું, કે આહાર પાણી વાપરવાનું, આવા સ્વપ્નો આવવાથી '**यो मया दैवसिकः अतिचारः कृतः**'=મેં દિવસ સંબન્ધી જે જે અતિચાર કર્યો હોય તે '**मिथ्या मे दुष्कृतम्**'=મારૂં પાપ મિથ્યા થાઓ !

**પ્રશ્ન**–સાધુને દિવસે શયનનો નિષેધ હોવાથી સ્વપ્ન સંબન્ધી આવા અતિચારો દિવસે કેવી રીતે લાગે ? **ઉત્તર**–પ્રશ્ન બરાબર છે, પણ આ પાઠ જ એમ જણાવે છે કે વિહારથી થાક લાગ્યો હોય ઈત્યાદિ કારણે સાધુ દિવસે પણ શયન કરે તો આવા અતિચારો પણ સંભવિત છે.

એમ નિદ્રાના અતિચારોનું પ્રતિક્રમણ કહીને ગોચરીના અતિચારોનું પ્રતિક્રમણ કહે છે કે–

**" पडिक्कमामि गोअरचरिआए भिक्खायरिआए उग्घाडकवाडुग्घाडणयाए साणावच्छादारा-संघट्टणयाए मंडीपाहुडिआए बलिपाहुडिआए ठवणापाहुडिआए संकिए सहसागारिए अणेसणाए पाणेसणाए पाणभोअणाए बीअभोअणाए हरिअभोअणाए पच्छेकम्मिआए पुरेकम्मिआए अदिट्ठहडाए दगसंसट्ठहडाए रयसंसट्ठहडाए पारिसाडणिआए पारिठावणिआए ओहासणभिक्खाए जं उग्गमेणं उप्पायणेसणाए अपरिसुद्धं परिग्गहिअं परिभुत्तं वा, जं न परिट्ठविअं तस्स मिच्छा मि दुक्कडं ॥"**

**વ્યાખ્યા**–'प्रतिक्रमामि'='પ્રતિક્રમણ કરૂં છું' શાનું ? ગોચરી ફરવામાં લાગેલા અતિચારોનું, એમ સર્વત્ર અર્થનો સંબન્ધ સમજવો. 'गोचरचर्यायाम्'='ગાયનું ચરવું' તે 'गोचर' અને એ ગોચરની જેમ 'चर्या'='ભ્રમણ કરવું' તે गोचरचर्या કહેવાય, તેમાં લાગેલા અતિચારનું પ્રતિ૦, કયા વિષયમાં ? 'भिक्षाचर्यायाम्'=આહાર માટે ભ્રમણ કરવા રૂપ ભિક્ષાચર્યામાં, અર્થાત્ આહારાદિ માટે ગોચરી ફરતાં લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરૂં છું. તે અતિચારો આ પ્રમાણે છે, જરૂરી વસ્તુ મળે કે ન મળે પણ સાધુ તેની અપેક્ષા વિનાનો હોવાથી ચિત્તમાં દીનતા રહિત હોય, અર્થાત્ મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ, એમ ઉભયથા લાભને માને, માટે જ મળવા–ન મળવાની અપેક્ષાના અભાવે દીનતા વિનાનો, વળી ઉત્તમ(ધનિકોનાં), અધમ–(દરિદ્રીનાં) અને મધ્યમ(સામાન્ય લોકોનાં) ઘરોમાં, ઈષ્ટ કે અનિષ્ટ વસ્તુ મળે તો પણ રાગ–દ્વેષ વિના સર્વત્ર ગોચરી ફરે, એવો સાધુને આહાર લેવાનો વિધિ છે, તેમાં અતિચાર કેવી રીતે લાગે ? તે કહે છે કે–उद्घाटकपाटउद्घाटनया='ઉદ્ઘાટ' એટલે માત્ર સાંકળ ચઢાવેલું કે અલ્પમાત્ર બન્ધ કરેલું–અડકાવેલું, 'કપાટ'=કમાડ (અને ઉપલક્ષણથી જાળી–બારી–કબાટ–કોઠાર) વિગેરેને 'ઉદ્ઘાટનયા'=સંપૂર્ણ ઉઘાડવાથી, અહીં વિના પ્રમાર્જે ઉઘાડવાથી અતિચાર જાણવો. **श्वानवत्सदारक-संघट्टनया**=કુતરાનો, વાછરડાનો કે ન્હાના બાળકનો, ઉપલક્ષણથી બીજા પણ તિર્યઞ્ચ વિગેરેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘટ્ટો (સ્પર્શ) થવાથી લાગેલા અતિચાર, मण्डीप्राभृतिकया=અહીં પ્રાભૃતિકા=સિદ્ધાન્તની પરિભાષામાં ભાત (આહાર) સમજવો, તેને જેઓ 'મણ્ડિમાં' એટલે ઢાંકણી–ઢાંકણ કે અન્ય કોઈ ભાજનમાં અગ્રકૂર તરીકે ઉપરથી જૂદો કાઢી લઈને ભિક્ષા આપે તે 'મણ્ડીપ્રાભૃતિકા' કહેવાય, સાધુને આપવા એ રીતે કરવાથી પછી બીજાઓને દાન આપવા રૂપ પ્રવૃત્તિદોષ થાય તેમાં પ્રથમ લેનાર સાધુ નિમિત્ત બને માટે અતિચાર જાણવો, बलिप्राभृतिकया=સ્વધર્મ સમજીને અન્ય ધર્મીઓ મૂળભાજનમાંથી આહારને પ્રથમ ચારે દિશાઓમાં દિગ્પાલોને કે અગ્નિને બલિદાન આપીને પછી બીજાને ભિક્ષા આપે ત્યારે આહાર ફેંકવાથી કે અગ્નિમાં નાખવાથી હિંસાદિ થાય તેમાં પ્રથમ લેનાર તરીકે સાધુ નિમિત્ત બને તેથી અતિચાર સમજવો, स्थापनाप्राभृतिकया=અન્ય ભિક્ષુઓ વિગેરેને માટે રાખી મૂકેલો ભાત (આહાર) તે 'સ્થાપનાપ્રાભૃતિકા' કહેવાય, તે લેવાથી અન્ય યાચકોને અન્તરાય (પ્રદ્વેષ) થાય, (અથવા નિર્ગ્રન્થ સાધુઓને આપવા માટે પણ રાખી મૂકેલી વસ્તુ, સ્થાપના' કહેવાય) માટે તે લેવાથી સ્થાપનાપિણ્ડ લેવારૂપ અતિચાર લાગે. शङ्किते=આહારાદિ જે વસ્તુ લેતાં પૂર્વે કહ્યા તે 'આધાકર્મ' વિગેરે જે જે દોષની શઙ્કા થાય તે આહારાદિ લેવાથી તે તે દોષરૂપ અતિચાર લાગે, सहसात्कारे=(રભસવૃત્તિથી) ઉતાવળે અકલ્પ્ય વસ્તુ લીધા પછી તેને ન પરઠવવાથી અથવા અ=વિધિએ પરઠવવાથી અતિચાર લાગે, એ રીતે 'अनेषणया'=અનેષણા કરવાથી, અર્થાત (અહીં 'नञ्' અલ્પ વાચક હોવાથી) એષણાસમિતિના પાલનમાં પ્રમાદ કરવાથી અને 'प्राणेषणया'=સર્વથા અવિચારિતપણે અત્યન્ત અનેષણા કરવાથી દોષનો–સર્વથા વિચાર નહિ કરવાથી લાગેલા અતિચાર, તથા 'प्राणभोजनया'='પ્રાણ' એટલે રસવિગેરેમાં ઉત્પન્ન થતા જીવો, તેને 'ભોજને' એટલે ખાવાથી અર્થાત્ (કાલાતીત) દહીંમાં કે (વાસી) ભાત વિગેરેમાં કે સડેલાં ફાટી ગએલાં કેળાં, કેરી વિગેરે ફળોમાં, અથવા જુની ખારેક વિગેરેમાં ઉત્પન્ન થએલા જીવો વાળી તે તે વસ્તુ ખાવાથી વિરાધના થાય તે પ્રાણના (જીવો વાળી વસ્તુના) ભોજનથી લાગેલો અતિચાર, એ પ્રમાણે 'बीजभोजनया'=તથા 'हरितभोजनया'=તલસાંકળી વિગેરે ખાવામાં કાચા-તલ વિગેરે બીજોની વિરાધના અને દાળ વિગેરેને માટે ભિંજાવેલા કઠોળના દાણાની નખીમાં ઉગેલા અઙ્કુરાનો (અનન્તકાયનો) સંભવ હોવાથી તેવી વસ્તુ ખાવામાં હરિત (વનસ્પતિકાય)ની વિરાધના, એમ બીજ અને હરિતની વિરાધનાથી લાગેલો અતિચાર તથા 'पश्चात्कर्मिकया અને पुरःकर्मिकया'= દાન દીધા પછી પાત્ર કે હાથ ધોવામાં પાણી વાપરવું વિગેરે 'પશ્ચાત્કર્મ' જેમાં થાય તેવી અને દાન દીધા પહેલાં પાત્ર હાથ ધોવા વિગેરે 'પુરઃકર્મ' જેમાં થયું હોય તેવી ભિક્ષા લેવાથી લાગેલા અતિચાર, 'अदृष्टाहृतया'=લેતાં મૂકતાં દેખાય નહિ તે રીતે લાવેલી ભિક્ષા લેવાથી દેનારને એ લાવવા મૂકવામાં જીવનો સંઘટ્ટો વિગેરે થવાનો સંભવ હોવાથી જોયા વિના લેવું તે અતિચાર, उदकसंसृष्टाहृतया=(સચિત્ત) પાણીથી સંસૃષ્ટ (ભિંજાએલા) સ્થાનેથી લાવેલી ભિક્ષા લેવાથી સચિત્ત સંઘટ્ટનરૂપ અતિચાર, એ પ્રમાણે 'रजःसंसृष्टाहृतया'=સચિત્ત પૃથ્વી આદિ રજવાળા સ્થાનેથી લાવેલી ભિક્ષા લેતાં પણ સચિત્ત સંઘટ્ટનરૂપ અતિચાર, 'पारिशाटनिकया'= દાનમાં દેવાની વસ્તુને ભૂમિ ઉપર ઢોળતાં ઢોળતાં (છાંટા પાડતાં) વહોરાવે તે 'પારિશાટનિકા' કહેવાય, તે લેવાથી છ કાય જીવોની વિરાધનારૂપ અતિચાર, पारिष्ठापनिकया=ભોજન આપવા માટેના ભાજનમાં રહેલા અન્ય દ્રવ્યને ખાલી કરીને તેનાથી દાન દેવું તેને 'પરિષ્ઠાપન' કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવી રીતે આપેલી ભિક્ષા લેવાથી પણ સચિત્તાદિના સંઘટ્ટા વિગેરેનો સંભવ હોવાથી અતિચાર, 'अवभाषणभिक्षया'=શ્રેષ્ઠ દ્રવ્યની માગણી કરવી તેને સિદ્ધાન્તની ભાષામાં 'અવભાષણ (ઓહાસણ)' કહેવાય છે, એવી માગેલી ભિક્ષાથી લાગેલા અતિચાર, હવે ગ્રન્થકાર ઉપસંહાર કરતાં કહે છે કે–એ રીતે તો દોષો ઘણા જ છે, કેટલા અહીં કહી શકાય ? માટે સઘળા દોષો 'ઉદ્ગમ, ઉત્પાદના અને એષણા' એ ત્રણ પ્રકારોમાં અન્તર્ગત થતા હોવાથી કહે છે કે–'यद् उद्गमेन उत्पादनया एषणया च अपरिशुद्धं परिगृहीतम्'=જે 'આધાકર્મ' વિગેરે ઉદ્ગમદોષોથી, 'ધાત્રીદોષ' વિગેરે ઉત્પાદનાદોષોથી, અને શઙ્કિત વિગેરે એષણાદોષોથી દૂષિત લીધું, 'परिभुक्तं वा यन्न परिष्ठापितम्'=લેવા છતાં જે પરઠવ્યું નહિ, અથવા વાપર્યું, એમ જે જે અતિચાર લાગ્યા હોય 'तस्स मिच्छा मि दुक्कडं'=તે મારૂં પાપ મિથ્યા થાઓ' વિગેરેનો અર્થ પૂર્વે કરેલી વ્યાખ્યા પ્રમાણે.

એ પ્રમાણે ગોચરી સંબન્ધી અતિચારોનું પ્રતિક્રમણ કહીને હવે સ્વાધ્યાયાદિમાં લાગેલા અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે—

**"पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए, उभओकालं भंडोवगरणस्स अप्पडि-लेहणयाए दुप्पडिलेहणयाए–अप्पमज्जणयाए दुप्पमज्जणयाए, अइक्कमे वइक्कमे अइआरे अणायारे, जो मे देवसिओ अइआरो कओ तस्स मिच्छा मि दुक्कडं ॥"**

**વ્યાખ્યા**–'પ્રતિક્રમણ કરૂં છું' એનો અર્થ પૂર્વની વ્યાખ્યા પ્રમાણે. કોનું પ્રતિક્રમણ ? 'चतुष्कालं स्वाध्यायस्य अकरणतया'=દિવસનો અને રાત્રિનો પહેલો અને છેલ્લો એક એક પ્રહર, એમ ચાર વેળા સૂત્રનો સ્વાધ્યાય નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરૂં છું, એમ સંબન્ધ સમજવો. તથા 'उभयकालम्'=દિવસની પહેલી અને છેલ્લી બે પોરિસીમાં 'भाण्डोपकरणस्य'= 'ભાણ્ડ' એટલે પાત્ર વિગેરેને અને 'ઉપકરણ' એટલે વસ્ત્ર વિગેરેને, (અહીં સમાહારદ્વંદ્વસમાસથી એકવચનાન્ત પ્રયોગ સમજવો) 'अप्रत्युपेक्षणया'=સર્વથા નેત્રોથી નહિ જોવાથી, 'दुष्प्रत्युपेक्षणया'= જેમ તેમ (અસમ્પૂર્ણ–અવિધિથી) જોવાથી, 'अप्रमार्जनया'=સર્વથા રજોહરણ વિગેરેથી પ્રમાર્જન નહિ કરવાથી અને 'दुष्प्रमार्जनया'=[146]અવિધિથી(જેમ–તેમ)પ્રમાર્જન કરવાથી લાગેલા અતિચારોનું

146–પૂર્વે પૃ. ૬૫ ની ૬૫મા નંબરની ટીપ્પણીમાં પ્રતિલેખનાને અઙ્ગે જણાવેલી હકિકત લક્ષ્યમાં લેવાથી સમજાયું હશે કે પ્રતિલેખના એક જીવનશુદ્ધિ માટે મહત્ત્વનું અઙ્ગ છે, એ કારણે અહીં ઉભયકાળ પ્રતિલેખના અને પ્રમાર્જન નહિ કરવાથી કે અવિધિએ કરવાથી અતિચાર જણાવ્યો છે તે બરાબર છે. વસ્તુતઃ જીવને જ્યાં સુધી જડ કર્મોનો અને તેના ફળસ્વરૂપ જડ શરીરનો સંબન્ધ છે, ત્યાં સુધી શરીરના નિર્વાહ માટે જડ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ, વિગેરે સામગ્રીની પણ જરૂર રહેવાની, આ જડ–પુદ્ગલના શબ્દ, રૂપ, ગન્ધ, રસ અને સ્પર્શ, એમ પાંચ ધર્મો છે, તેને ગ્રહણ કરવા માટે જીવને ઇન્દ્રિઓ પણ પાંચ મળી છે, ઇન્દ્રિઓ સ્વયં જડ હોવાથી વિષયોને વશ કરી જીવને જડતા તરફ ખેંચી જાય છે, માટે તેમાંથી બચવાના ઉપાય તરીકે જૈનશાસનમાં પઞ્ચપરમેષ્ઠિઓનું આલમ્બન સ્વીકારવાની ભલામણ કરી છે, તે આલમ્બનને જેટલા દૃઢ પ્રમાણમાં આત્મા પ્રાપ્ત કરે તેટલો જડતાના પાશમાં પડતો તે બચી જાય છે, માત્ર એ આલમ્બન લેવાની ભૂમિકા આત્મામાં પ્રગટવી જોઇએ. એ ઉદ્દેશથી (એ ભૂમિકા પ્રગટા-વવા માટે) જૈનદૃષ્ટિએ સર્વ અનુષ્ઠાનો સેવવાનું વિધાન છે. તેમાંનું એક અનુષ્ઠાન પ્રતિલેખન (પડિલેહણ) પણ છે. પડિલેહણ કરતાં જે ૨૫–૫૦ બોલ બોલવાનું વિધાન છે તે બોલો મહામન્ત્રો છે, સામાન્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિક્રમણ, તથા 'अतिक्रमेव्यतिक्रमेऽतिचारेऽनाचारे'=અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર અને અનાચાર કરવાથી 'यः मया दैवसिकः अतिचारः कृतः तस्य मिथ्या मे दुष्कृतम्'=મેં સમગ્ર દિવસમાં જે અતિચાર કર્યો હોય તે 'મારૂં પાપ મિથ્યા થાઓ,' એની વ્યાખ્યા પૂર્વે કહ્યા પ્રમાણે. માત્ર અતિક્રમ વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે-જેમકે કોઇ આધાકર્મિકાદિ દોષિત વસ્તુ વહોરવા નિમન્ત્રણ કરે, તેને (દોષિત જાણવા છતાં) સાંભળવાથી (નિષેધ નહિ કરવાથી) ૧-અતિક્રમ, તે વહોરવા માટે જતાં ૨-વ્યતિક્રમ, દોષિત છતાં તેવી વસ્તુ લેવાથી ૩-અતિચાર, અને તેનું ભોજન કરવા કોળીયો હાથમાં લેવાથી ૪-અનાચાર. એમ અન્ય સર્વ કાર્યોમાં અતિક્રમાદિનું સ્વરૂપ[१४७]સ્વયં સમજી લેવું.

હવે એકવિધ-દ્વિવિધ આદિ ભેદોથી પ્રતિક્રમણ કહે છે કે-

**" पडिक्कमामि एगविहे असंजमे । पडि० दोहिं बंधणेहिं-रागबंधणेणं दोसबंधणेणं । पडि० तिहिं दंडेहिं-मणदंडेणं वयदंडेणं कायदंडेणं । पडि० तिहिं गुत्तीहिं-मणगुत्तीए वयगुत्तीए काय-**

---

શબ્દરચના નથી. જડવિષયોના રાગ-દ્રેષરૂપ બન્ધનોથી જડતાના પાશમાં બાંધનારા મોહરૂપી સર્પની બે જીવ્હાઓરૂપ મિથ્યાત્વ અને અવિરતિ એ બે મોહનાં બળવાન તત્ત્વો છે, એણે આખા જગતને પાંચ ભૂતોના પાશમાં બાંધી રાગ-દ્રેષરૂપી ઝેર ચઢાવ્યું છે, તે ઉતારવામાં સમર્થ એવા પ્રથમના ૧૯ બોલો મિથ્યાત્વનું અને પછીના ૩૧ બોલો અવિરતિનું ઝેર ઉતારી આત્માની રક્ષા કરે છે, તાત્પર્ય કે એ ૫૦ બોલથી મન્ત્રેલાં (પડિલેહેલાં) વસ્ત્ર-પાત્ર-આહાર-પાણી કે વસતિનો ઉપયોગ કરનારા આત્માને તે ઉપકરણોના સારા નરસાપણાથી બેભાન કરનારૂં રાગ-દ્રેષરૂપી ઝેર અસર કરી શકતું નથી, કેવળ જીવરક્ષા માટે વસ્ત્રાદિનું પડિલેહણ હોત તો તેમાં બોલ બોલવાનું વિધાન ન હોત, માત્ર નેત્રોથી જોવાનું જ હોત, પણ જીવરક્ષા ઉપરાન્ત મનરૂપી માંકડાને વશ કરવાનું હોવાથી (રાગ-દ્રેષને વશ થતા મનને જીતવાનું હોવાથી આ બોલો બોલવાનું વિધાન યુક્તિયુક્ત જણાય છે. બોલોના અર્થને-રહસ્યને વિચારતાં આ તત્ત્વ સ્પષ્ટ સમજાય તેવું છે. એથી એમ કહી શકાય કે જેમ એક સૂત્રનો દોરો મન્ત્રથી મન્ત્રીને શરીરે બાંધતાં તાવ વિગેરેને ઉતારે છે અને બહારની દુષ્ટ અસરથી બચાવે છે તેમ આ પચાસ બોલરૂપ મન્ત્રોથી મન્ત્રેલાં (પડિલેહેલાં) ઉપકરણો જીવને રાગ-દ્રેષનું નિમિત્ત બનવાને બદલે આત્માને ચઢેલું રાગ-દ્રેષનું અને તેના વિકારરૂપ કામ ક્રોધાદિનું ઝેર ઉતારવામાં હેતુભૂત બને છે, માટે સ્વાધ્યાય જેવા વિશિષ્ટ અભ્યન્તર તપને ગૌણ કરીને પણ ઉભયકાળ વાપરેલાં કે વાપરવાનાં પ્રત્યેક ઉપકરણોને નિત્ય પડિલેહવાનું વિધાન છે, એની પાછળ રાગ-દ્રેષાદિ અન્તરઙ્ગ શત્રુઓનો વિજય કરવાનું ગમ્ભીર રહસ્ય રહેલું છે, માટે તે પ્રમાણે પડિલેહણ નહિ કરનારો કે જેમ તેમ કરનારો આત્મા અતિચારનો ભાગી બને એમ જણાવ્યું છે, ઇત્યાદિ સૂક્ષ્મ ચિન્તનથી વિચારતાં સ્પષ્ટ સમજાય છે. અહીં એમ પ્રશ્ન થાય કે એ પ્રમાણે બોલ બોલીને પડિલેહણ કરનારાઓને પણ રાગ-દ્રેષની પરિણતિ ટળતી નથી તેનું શું ? તેનું સમાધાન એ છે કે મન્ત્ર માત્ર જપવાથી કામ કરતો નથી પણ તેને સિદ્ધ કરવો પડે છે, અર્થાત્ જ્ઞાન અને શ્રદ્ધાથી તેને આત્મસાત્ કરવો પડે છે, લૌકિક કાર્યોમાં પણ સાધેલો મન્ત્ર સફળ થાય છે, તેમ લોકોત્તર કાર્યોના લોકોત્તર મન્ત્રો પણ સિદ્ધ કર્યા પછી સફળ થાય છે. અહીં 'કહેલા સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું', સમકિત મોહનીય મિશ્રમોહનીય મિથ્યાત્વ મોહનીય પરિહરૂં,' વિગેરે બોલોને (મન્ત્રોને) સિદ્ધ (આત્મસાત્) કરવાના છે, અર્થાત્ તેને પ્રાણભૂત બનાવી જીવનસ્વરૂપ બનાવવાના છે, તે પછી એ અવશ્ય સફળ થાય છે, જ્યાં સુધી લૌકિક મન્ત્રો સિદ્ધ ન થાય ત્યાં સુધી તેને વિધિપૂર્વક જપવાથી તે સિદ્ધ થાય છે અને સિદ્ધ થયા પછી સાધ્યની સિદ્ધિ કરે છે. તેમ અહીં પણ સમજવું.

૧૪૭-આ અતિક્રમાદિનું સ્વરૂપ તે તે દોષોના પ્રારમ્ભની અપેક્ષાએ સમજવું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुत्तीए । पडि० तिहिं सल्लेहिं–मायासल्लेणं नियाणसल्लेणं मिच्छादंसणसल्लेणं । पडि० तिहिं गारवेहिं–इड्ढीगारवेणं रसगारवेणं सायागारवेणं । पडि० तिहिं विराहणाहिं–नाणविराहणाए दंसण-विराहणाए चरित्तविराहणाए। पडि० चउहिं कसाएहिं–कोहकसाएणं माणकसाएणं मायाकसाएणं लोभकसाएणं। पडि० चउहिं सन्नाहिं–आहारसन्नाए भयसन्नाए मेहुणसन्नाए परिग्गहसन्नाए। पडि० चउहिं विगहाहिं–इत्थीकहाए भत्तकहाए देसकहाए रायकहाए। पडि० चउहिं झाणेहिं–अट्टेणं झाणेणं रुद्देणं झाणेणं धम्मेणं झाणेणं सुक्केणं झाणेणं । पडि० पंचहिं किरिआहिं–काइआए अहिगरणिआए पाउसिआए पारिआ(ता)वणिआए पाणाइवायकिरिआए । पडि० पंचहिं कामगुणेहिं–सद्देणं रूवेणं गंधेणं रसेणं फासेणं । पडि० पंचहिं महव्वएहिं–पाणाइवायाओ वेरमणं मुसावायाओ वेरमणं अदि-ण्णादाणाओ वेरमणं मेहुणाओ वेरमणं परिग्गहाओ वेरमणं । पडि० पंचहिं समिईहिं–ईरिआसमिईए भासासमिईए एसणासमिईए आयाणभंडमत्तनिक्खेवणासमिईए उच्चारपासवणखेलजल्लसिंघाणपारिट्ठा-वणा(णिया)समिईए । पडि० छहिं जीवनिकाएहिं–पुढवीकाएणं आउकाएणं तेउकाएणं वाउकाएणं वणस्सइकाएणं तसकाएणं। पडि० छहिं लेसाहिं–किण्हलेसाए नीललेसाए काउलेसाए तेउलेसाए पम्हलेसाए सुक्कलेसाए । पडि० सत्तहिं भयठाणेहिं, अट्ठहिं मयठाणेहिं, नवहिं बंभचेरगुत्तीहिं, दसविहे समणधम्मे, इगारसहिं उवासगपडिमाहिं, बारसहिं भिक्खुपडिमाहिं, तेरसहिं किरियाठाणेहिं, चउदसहिं भूअगामेहिं, पनरसहिं परमाहम्मिएहिं, सोलसहिं गाहासोलसएहिं, सत्तरसविहे असंजमे, अट्ठारसविहे अबंभे, एगुणवीसाए नायज्झयणेहिं, वीसाए असमाहिठाणेहिं, एक्क(इक्क)वीसाए सबलेहिं, बावीसाए परिसहेहिं, तेवीसाए सुअगडज्झयणेहिं, चउवीसाए देवेहिं, पंच(पण)वीसाए भावणाहिं, छव्वीसाए दसाकप्पववहाराणं उद्देसणकालेहिं, सत्तावीसाए अणगारगुणेहिं, अट्ठावीसाए आयारपकप्पेहिं, एगूणतीसाए पावसुअप्पसंगेहिं, तीसाए मोहणीयठाणेहिं, एगतीसाए सिद्धाइगुणेहिं, बत्तीसाए जोगसंगहेहिं, ते(ति)त्तीसाए आसायणाहिं, अरिहंताणं आसायणाए, सिद्धाणं आसायणाए, आयरिआणं आसायणाए, उवज्झायाणं आसायणाए, साहूणं आसायणाए, साहूणीणं आसायणाए, सावयाणं आसा०, साविआणं आसा०, देवाणं आसा०, देवीणं आसा०, इहलोगस्स आसा०, परलोगस्स आसा०, केवलिपन्नत्तस्स धम्मस्स आसा०, सदेवमणुआसुरस्स लोगस्स आसा०, सव्वपाणभूअजीव-सत्ताणं आसा०, कालस्स आसा०, सुअस्स आसा०, सुअदेवयाए आसा०, वायणारियस्स आसा०, जं वाइद्धं वच्चामेलिअं हीणक्खरं अच्चक्खरं पयहीणं विणयहीणं जोगहीणं घोसहीणं सुट्ठु दिन्नं दुट्ठु पडिच्छिअं, अकाले कओ सज्झाओ, काले न कओ सज्झाओ, असज्झाए सज्झाइअं, सज्झाए न सज्झाइअं तस्स मिच्छामि दुक्कडं ॥"

**વ્યાખ્યા**–'પ્રતિક્રમણ કરું છું' એ 'प्रतिक्रमामि'=ની વ્યાખ્યા પૂર્વે કહ્યા પ્રમાણે. કયા હેતુઓથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ ? તે વિગતવાર કહે છે કે–'एकविधे असंयमे'=[148]અવિરતિરૂપ એક

૧૪૮–વિરતિ એટલે વિરામ પામવું, અટકવું. જીવને પ્રત્યેક જન્મમાં કાયા–વચન અને મન પૈકી એક, બે અથવા ત્રણ યોગોનું બળ મળે છે, તેનો ઉપયોગ આ જીવ આત્માની શુદ્ધિ માટે કરવાને બદલે અજ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંયમ સેવવાથી જે અતિચાર કર્યો (સેવ્યો) હોય 'તે મારું પાપ મિથ્યા થાઓ' એમ છેલ્લા 'मिथ्या मे दुष्कृतम्' પદની સાથે 'वायणारियस्स आसायणाए' સુધીના દરેક પદોનો સંબન્ધ સમજવો. 'प्रतिक्रमामि द्वाभ्यां बन्धनाभ्यां–रागबन्धनेन, द्वेषबन्धनेन'=રાગ અને દ્વેષ એ બે બન્ધનોથી સેવેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું, તેમાં 'રાગ' એટલે અભિષ્વઙ્ગ (આસક્તિ–અનુરાગ) અને 'દ્વેષ' એટલે અપ્રીતિ, એ બન્ને આત્માને (કર્મબન્ધ કરાવનારાં હોવાથી) સંસારના બન્ધનરૂપ છે, એ સ્પષ્ટ છે.[149](અહીં કોઇ પદોમાં તૃતીયા અને કોઈ પદોમાં સપ્તમી વિભક્તિ છે તે વ્યાકરણના નિયમ પ્રમાણે હેતુ અર્થમાં તૃતીયા, પઞ્ચમી, સપ્તમી વિગેરે વિભક્તિઓ થતી હોવાથી સર્વ પદોમાં હેતુ અર્થે સમજી લેવી). અહીં માત્ર શબ્દાર્થ કહીએ છીએ. જેનાથી આત્મા દણ્ડાય અર્થાત્ જ્ઞાનાદિગુણોરૂપ ઐશ્વર્યનું હરણ કરીને જે આત્માને નિર્ધન (દરિદ્રી) બનાવે તે 'દણ્ડ' કહેવાય છે, દુષ્ટ માર્ગે જોડાએલાં મન–વચન–અને કાયા એમ ત્રણ દણ્ડો છે, માટે કહે છે કે– 'प्रतिक्रमामि त्रिभिर्दण्डैः–मनोदण्डेन, वचोदण्डेन, कायदण्डेन'=મનોદણ્ડ, વચનદણ્ડ અને કાયદણ્ડ, એ ત્રણ દણ્ડથી જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.[150]'प्रतिक्रमामि तिसृभिर्गुप्तिभिः–मनोगुप्त्या, वाग्गुप्त्या, कायगुप्त्या='[151]મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, એ ત્રણ ગુપ્તિઓથી કરેલા અતિ-

---

અને મોહથી તથા તેના વિકારોરૂપ વિષય–કષાયોથી મુંઝાઇને જડના પોષણ માટે કરે છે, તેમાંથી અટકીને તે પ્રાપ્ત યોગોનો જ્ઞાનના બળે ક્રિયારૂપે જડના (આહાર–ભય–મૈથુન–પરિગ્રહના) પોષણમાંથી અટકીને જ્ઞાન–દર્શન–અને ચારિત્રના પ્રગટીકરણમાં ઉપયોગ કરવો, તે તેના સુખનો સાચો માર્ગ છે. માટે શ્રીજિનેશ્વરોએ અકુશળ યોગોની વિરતિરૂપ સંયમ (યોગો ઉપરનો કાબૂ) કરવાનું કહ્યું છે, તેને બદલે અસંયમરૂપે (યોગોને બેકાબૂ બનાવી) પાપનું–જડનું પોષણ કરે તો જિનાજ્ઞાના ભઙ્ગરૂપ દોષ લાગે છે, માટે તેનું પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. સર્વ પાપક્રિયાઓનો અન્તર્ભાવ યોગોના અસંયમમાં થાય છે, માટે તેનો એક જ પ્રકાર છે, એમ સમજવું.

૧૪૯–અહીં અસંયમમાં રાગ–દ્વેષનો અન્તર્ભાવ થાય છે, આગળ પણ કહેવાશે તે ત્રણ દણ્ડો વિગેરે બધા હેતુઓ પરસ્પર અન્તર્ગત છે, અર્થાત્ અસંયમના જ પ્રકારો રૂપે રાગ–દ્વેષ છે, રાગ–દ્વેષ પણ મન–વચન અને કાયાના અકુશળ વ્યાપારરૂપ ત્રણ દણ્ડોના હેતુઓ છે. એમ એક હેતુમાં બધાય હેતુઓ અન્તર્ગત છતાં ભિન્ન ભિન્ન જણાવવાનું કારણ એ છે કે પ્રતિક્રમણ કરનાર ભિન્ન ભિન્ન રીતે ખ્યાલ કરીને તે તે લાગેલા દોષોનું પ્રતિક્રમણ સ્પષ્ટ રીતે કરી શકે. વળી અસંયમ, રાગ–દ્વેષ, ત્રણ દણ્ડો, શલ્યો, ગારવો, કષાયો, વિગેરે અશુભ ભાવોથી તો અતિચાર લાગે અને તેનું પ્રતિક્રમણ કરાય એ સ્પષ્ટ છે પણ ત્રણ ગુપ્તિઓ, શુભધ્યાનો, પાંચ મહાવ્રતો, સમિતિઓ, વિગેરેનું પ્રતિક્રમણ શા માટે કરવું ? એમ પ્રશ્ન થાય, તો સમજવું કે તે તે ગુપ્તિઓ વિગેરે કરણીય ભાવોને નહિ કરવાથી, અવિધિએ કરવાથી, તેમાં શ્રદ્ધા નહિ કરવાથી કે તેની વિપરીત પ્રરૂપણા કરવાથી, શુભ ભાવોમાં પણ અતિચારો લાગે, માટે તેનું પ્રતિક્રમણ કરવાનું છે. એ રીતે '**सोलसहिं गाहासोलसएहिं, एगुणवीसाए नायज्झयणेहिं**' વિગેરેમાં પણ તે તે શ્રુતજ્ઞાનની શ્રદ્ધા ન કરવાથી, કે ઉત્સૂત્ર પ્રરૂપણ દિથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. ઇત્યાદિ સ્વયં સમજી લેવું.

૧૫૦–રાજા દણ્ડ કરીને ધનવાનને લૂંટે તેમ મોહરાજા મન–વચન–કાયા દ્વારા આત્માના ગુણરત્નોને લૂંટે છે માટે તે ત્રણને 'દણ્ડ' કહેવાય છે.

૧૫૧–૧–આર્ત્ત–રૌદ્રધ્યાનને કરાવનારી કલ્પનાઓનો રોધ કરવો તે, ૨–ધર્મધ્યાન જનક શાસ્ત્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારનું પ્રતિક્રમણ કરું છું, તેમાં ગોપન-રક્ષણ કરવું તે ગુપ્તિ કહેવાય, અર્થાત્ શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાંથી નિવૃત્તિરૂપે મન-વચન અને કાયાનું રક્ષણ કરવારૂપ ત્રણગુપ્તિઓ સમજવી, તેવું રક્ષણ નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું, એમ સમજવું. 'प्रति० त्रिभिः शल्यैः-मायाशल्येन-निदानशल्येन-मिथ्यात्वशल्येन'=માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્ય, એ ત્રણ શલ્યોથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું, જેનાથી આત્માને શલ્ય-દુઃખ-પીડા થાય તે શલ્ય અર્થાત્ કાંટો કહેવાય. તેમાં ૧-'માયા'=કપટ એ જ શલ્ય, જેમ કે-જીવ જ્યારે અતિચાર સેવવા છતાં ગુરૂની આગળ કપટથી આલોચના ન કરે, અથવા બીજી (ખોટી) રીતે કરે કે કપટથી પોતાનો દોષ બીજાની ઉપર ચઢાવે ત્યારે અશુભકર્મનો બન્ધ કરીને આત્માને દુઃખી કરે, તેથી તે 'માયાપ્રવૃત્તિ' એ જ તેનું શલ્ય કહેવાય, તેનાથી લાગેલા અતિચારો, ૨-'નિદાન'=દેવની અથવા મનુષ્યની જડ ઋદ્ધિ જોઈને કે સાંભળીને તેને મેળવવાની અભિલાષાથી (ધર્મ) અનુષ્ઠાન કરવું તે પણ પાપ સાધનની અનુમોદના દ્વારા આત્માને કષ્ટ આપે, માટે શલ્ય અને ૩-'મિથ્યાત્વ'= વિપરીત દર્શન, (અર્થાત્ ખોટી માન્યતા-શ્રદ્ધા)તેનાથી કર્મબન્ધ કરીને આત્માને દુઃખી કરે, માટે તે પણ શલ્ય, એમ માયા, નિદાન અને મિથ્યાત્વ, એ ત્રણ શલ્યોથી[૧૫૨]કરેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તથા 'प्रति० त्रिभिर्गौरवैः-ऋद्धिगौरवेण, रसगौरवेण, सातागौरवेण'=અહીં ગુરૂપણું (મોટાઈ)

---

નુસારી માધ્યસ્થ પરિણતિ સેવવી તે, અને ૩-મનઃ કલ્પનાઓનો સર્વથા રોધ કરવો તે, એ મનોગુપ્તિના ત્રણ પ્રકારો છે, વચનગુપ્તિના બે પ્રકારો છે-૧-મુખનેત્રાદિથી સંજ્ઞા કરવાનો પણ ત્યાગ કરીને સર્વથા મૌન કરવું તે અને ૨-મુખે મુખવસ્ત્રિકા રાખીને વાચના-પૃચ્છનાદિ સ્વાધ્યાય કરવો તથા શાસ્ત્ર કે વ્યવહારથી અવિરૂદ્ધ સત્ય-હિતકર બોલવું તે, કાયગુપ્તિના પણ બે પ્રકારો છે-એક પરીષહ-ઉપસર્ગાદિ પ્રસઙ્ગે પણ કાયોત્સર્ગ રૂપે કાયચેષ્ટાની નિવૃત્તિ, અથવા ચૌદમાગુણસ્થાનકે કાયયોગનો સર્વથા નિરોધ કરવો તે, બીજે વિનય વૈયાવચ્ચ-પડિલેહણ-પ્રમાર્જન આદિ શાસ્ત્રાનુસારી સંયમમાં પ્રવૃત્તિ કરવી તે, એ પ્રમાણે ત્રણે ગુપ્તિનું પાલન નહિ કરવાથી, તેમાં શ્રદ્ધા નહિ કરવાથી, કે વિપરીત પ્રરૂપણા કરવાથી અતિચારો લાગે. આ ત્રણ ગુપ્તિઓ દ્વારા ત્રણ દણ્ડોભૂત મન વચન અને કાયાને સંયમમાં (કાબૂમાં)રાખી શકાય છે, માટે તે કર્ત્તવ્ય છે. એનું સ્વરૂપ વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે ગુપ્તિઓ દણ્ડના અંકુશ સ્વરૂપ છે.

૧૫૨-૧-'**માયા**' કરનારો 'બીજાને ઠગું છું' એમ સમજે છે, પણ તત્ત્વથી તે પોતાના આત્માને ઠગતો હોય છે, વઞ્ચના એ મહાપાપ છે, કારણ કે બીજાને ઠગવાના મૂળમાં આત્મવઞ્ચના હોય છે, માયા વસ્તુતઃ કર્ત્તવ્યભ્રષ્ટતારૂપ અને પોતાનાં પૂર્વોપાર્જિત કર્મોને ભોગવી લેવામાં સમાધિને બદલે અસમાધિરૂપ છે. ૨-'**નિયાણું**' જડવસ્તુની મૂર્છાથી કરવામાં આવે તેને 'પાપનિયાણું' કહેલું છે, તેના નવ પ્રકારો તથા તેનું સ્વરૂપ વિગેરે ચાલુ અધિકારમાં પાક્ષિકસૂત્રની '**नवपावनियाणाइं०**' ગાથાના અર્થમાં જણાવાશે. વસ્તુતઃ અનિત્ય જડ સામગ્રીના બળે આત્માના ચૈતન્યરૂપ જ્ઞાનાદિગુણોને પ્રગટ કરવા, તેમાં સાધુતા છે, તેથી ઉલટું જ્ઞાનાદિગુણોરૂપ સાધુતાના ફળરૂપે 'રાજા, શેઠ', વિગેરે થવાની ઈચ્છા કરવી તે સંસારવૃદ્ધિની ઇચ્છારૂપ હોવાથી પાપ છે અને ૩-'**મિથ્યાત્વ**'-તત્ત્વાતત્ત્વના વિવેકનો જ નાશ કરી સુખ કે સુખના માર્ગમાં દુઃખનું ભાન કરાવી આત્માને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરનાર મહાપાપ છે, એને વશ થએલા આત્માને ઉપકારીઓ પણ અપકારી તરીકે સમજાય છે, એથી સુદેવ-સુગુરૂ કે સુધર્મથી વિમુખ બની તે સત્યથી-સુખથી વઞ્ચિત રહે છે, સાચા સુખને પામી શકતો નથી, ઉત્તરોત્તર વધારે દુઃખી થાય છે. વચ્ચે વચ્ચે થોડું સુખ મળે તો પણ તે વધારે દુઃખ માટે બને છે, એમ જીવનાં એ ત્રણે શલ્યો અર્થાત્ કાંટા છે, માટે તે તજવાં.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

એ જ ગૌરવ, અર્થાત્ અભિમાન અને લોભરૂપ આત્માનો અશુભભાવ તે ગૌરવ, આવું ગૌરવ જીવને રાજપૂજા કે આચાર્યપણું વિગેરે ઋદ્ધિ (સન્માન, સમ્પત્તિ વિગેરે) મળવાથી, ઈષ્ટ (મનોનુકૂળ) રસોની પ્રાપ્તિથી અને શાતાથી (સુખથી) થાય, અર્થાત્ તે તે મળેલી વસ્તુનું અભિમાન કરવાથી અને વધારે મેળવવાની પ્રાર્થના (અભિલાષા) કરવાથી થાય, માટે તેના ઋદ્ધિ, રસ અને શાતા એમ ત્રણ પ્રકારો કહ્યા છે, તે કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, 'प्रति० तिसृभिर्विराधनाभिः-ज्ञानविराधनया, दर्शनविराधनया, चारित्रविराधनया'=ત્રણ પ્રકારની વિરાધના[૧૫૩] એટલે ખણ્ડના, એક જ્ઞાનની, બીજી દર્શનની, અને ત્રીજી ચારિત્રની. એ ત્રણ વિરાધના કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તેમાં **જ્ઞાનની** વિરાધનાના પાંચ પ્રકારો છે, ૧-જ્ઞાનની નિન્દા કરવી, ૨-ઉપકારી ગુર્વાદિને છૂપાવવા, અર્થાત્ ઉપકારી માની કૃતજ્ઞતા દાખવવાને બદલે તેઓના ઉપકારને ઓળવવો, ૩-શાસ્ત્રોની નિન્દા કરવી, જેમકે-શાસ્ત્રોમાં એકનું એક પૃથ્વીકાયાદિ જીવોનું અને પ્રાણાતિપાત વિરમણાદિ વ્રતોનું વર્ણન વારંવાર કર્યું છે, મદ્ય, વિષય, કષાયો, વિગેરે પ્રમાદોનું અને તેના પ્રતિપક્ષી અપ્રમાદોનું પણ જ્યાં ત્યાં વારંવાર વર્ણન કરવારૂપ 'પુનરૂક્તિ' દોષ વહોર્યો છે, વળી સાધુ જીવનમાં નિરૂપયોગી એવા જ્યોતિઃશાસ્ત્રનું અને યોનિપ્રાભૃતમાં યોનિ વિગેરેનું વર્ણન કર્યું છે તે જ્યોતિષ કે યોનિના જ્ઞાનની સાધુને શું જરૂર છે? ઇત્યાદિ શાસ્ત્રોની નિન્દા-આશાતના કરવી (પઞ્ચવસ્તુ-૧૬૩૭), ૪-સ્વાધ્યાય કરનારને (ભણનાર-ભણાવનારને) અન્તરાય (વિઘ્ન) કરવો અને ૫-આઠ જ્ઞાનાચારોથી વિરૂદ્ધ 'અકાળે સ્વાધ્યાય' વિગેરે કરવું. બીજી **દર્શનની** એટલે સમ્યક્ત્વની વિરાધના, તેના પણ જૈન દર્શનના મહિમાને (તત્ત્વને) જણાવનારાં 'સન્મતિતર્ક' વિગેરે દર્શનશાસ્ત્રોની નિન્દા વિગેરે કરવારૂપ એ જ પાંચ પ્રકારો છે, જેમકે ૧-જૈનદર્શનની નિન્દા કરવી, ૨-જૈનધર્મના આરાધકોની નિન્દા કરવી, ૩-જૈનદર્શનની સત્યતાનાં પ્રરૂપક દર્શનશાસ્ત્રોની, જિનમન્દિર-મૂર્તિની કે તીર્થોની અને જૈનદર્શનની પ્રભાવના કરનારાં ઉદ્યાપન, ઓચ્છવો, મહોત્સવો, આદિ ધર્મકાર્યોની નિન્દા કરવી, ૪-સાધર્મી

૧૫૩-દુર્જનની જેમ પરપદાર્થનું જેમ જેમ પોષણ કરવામાં આવે તેમ તેમ તે આત્માનું અહિત કરે છે, માટે જાતિનો ભિલ્લ છતાં રક્ષણ માટે ચોકીદારને જેમ સાવધાનીપૂર્વક રાખવો પડે તેમ, અને જરૂર હોય ત્યાં સુધી જ ઔષધનું સેવન કરાય તેમ, પરપદાર્થરૂપી જડ ભાવોનો સમ્પર્ક પણ આત્મધનની-જ્ઞાનાદિગુણોની રક્ષા માટે સાવધાન બનીને જરૂર પુરતો અને તે પણ જરૂર રહે ત્યાં સુધી જ આખરે છોડવાની બુદ્ધિએ કરવો હિતકર છે, અન્યથા તે અપકારક નીવડે છે. બીજી બાજુ સજ્જનની જેમ સ્વપદાર્થનું (સદ્ગુણોનું) પોષણ (સેવા) જેમ વધુ કરવામાં આવે તેમ તેમ તે આત્માનું હિત કરે છે, માટે રોગી અવસ્થામાં પણ થોડો થોડો અને પથ્ય આહાર લેવાની જેમ જીવને રૂચે કે ન રૂચે પણ આત્માને એકાન્તે હિતકર ગુણોનું પોષણ-પાલન કરવું આવશ્યક છે. શુદ્ધ બુદ્ધિએ કરેલી સજ્જનની સેવા કદી વિકાર કરતી નથી તેમ સદ્ગુણોનું સેવન કદી અહિત કરતું નથી. એમ છતાં સજ્જનનો વિરોધ કરનારો પોતાની દુષ્ટ પ્રકૃતિથી દુઃખી થાય છે તેમ આત્મગુણોનો વિરોધી પોતાની ગુણદ્વેષી પ્રકૃતિથી અવશ્ય દુઃખી થાય છે. આ પરમસત્યને ઉદ્દેશીને જ ઉપકારીઓએ ગુણોનો પક્ષ (પાલન-સેવન) કરવાનું વિધાન કર્યું છે, તેને બદલે વિરાધના કરવાથી અતિચાર લાગે છે. ઉપર કહેલા જ્ઞાનાદિ ત્રણ ગુણો આત્માની મૂળ મુડી છે, મોક્ષની સાધનાનું ઉપાદાન કારણ છે, તેની વિરાધના એ પોતાની સાચી સમ્પત્તિનો નાશ કરવારૂપ અને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થવારૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે ચતુર્વિધ સંઘને ઉપદ્રવ કે તેના ધર્મકાર્યમાં અન્તરાય કરવો અને ૫–દર્શનાચારના આઠ આચારોનું પાલન નહિ કરવું, એમ પાંચ પ્રકારો યથાયોગ્ય સ્વયં સમજી લેવા. ત્રીજી **ચારિત્રની** વિરાધના પણ 'વ્રત વિગેરેનું ખણ્ડન કરવું' ઇત્યાદિ પાંચ પ્રકારે સમજવી. (જેમકે ૧–ચારિત્રની નિન્દા, ૨–ચારિત્રપાત્ર સાધુની કે સાધ્વીની નિન્દા, ૩–ચારિત્રનાં ઉપકરણોની–તેને અવિધિએ વાપરવાં વિગેરે આશાતના, ૪–ચારિત્ર લેનાર કે પાળનારને તે તે પ્રકારે અન્તરાય કરવો અને ૫–અષ્ટ-પ્રવચન માતાનું કે ચરણ–કરણ સિત્તરી વિગેરે ચારિત્રનાં અનુષ્ઠાનોનું વિધિએ પાલન નહિ કરવું.) **'प्रति० चतुर्भिः कषायैः–क्रोधकषायेन, मानकषायेन, मायाकषायेन, लोभकषायेन'**=તેમાં જ્યાં જીવો વિવિધ દુઃખોથી કસાય એટલે પીડાય, રીબાય કે મરી જાય તે 'કષ' અર્થાત્ સંસાર, અને તેનો 'આય'= લાભ (વૃદ્ધિ) જેનાથી થાય તે 'કષાય' કહેવાય, તેના ક્રોધ, માન, માયા અને લોભ. એમ ચાર પ્રકારો છે, તેમાં ક્રોધ અપ્રીતિરૂપ, માન અક્કડતારૂપ, માયા કપટ–કુટિલતારૂપ અને લોભ=જડ વસ્તુમાં મૂર્છારૂપ છે, એ ચારેયનો ઉદય થતાં પહેલાં ઉદય નહિ અટકાવવાથી અને ઉદયમાં આવેલાને નિષ્ફળ નહિ કરવાથી અતિચાર લાગે, (એનું સ્વરૂપ, ઉત્તર ભેદો, સ્થિતિ અને ફળ વિગેરે અન્ય ગ્રન્થોથી[૧૫૪] જોઇ લેવું.) એ કષાયોથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦ **'प्रति० चतसृभिः संज्ञाभिः–आहारसंज्ञया, भयसंज्ञया, मैथुनसंज्ञया, परिग्रहसंज्ञया'**=સંજ્ઞા એટલે સમજણ, અભિલાષા, વિગેરે. અર્થાત્ અનાદિ કાળથી આત્માને લાગેલું પૌદ્ગલિકવાસનાઓનું બળ, તેના ચાર ભેદો છે, ૧–ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી થતી આહારની અભિલાષા તે 'આહારસંજ્ઞા' ૨–ભયમોહનીયકર્મના ઉદયથી ભય લાગે તે 'ભયસંજ્ઞા', ૩–વેદમોહનીયકર્મના ઉદયે મૈથુનની (ભોગની) અભિલાષા જાગે તે 'મૈથુનસંજ્ઞા' અને ૪–તીવ્રલોભના ઉદયે જડપદાર્થોમાં મૂર્છા (મમત્વ) થાય તે 'પરિગ્રહસંજ્ઞા', (શાસ્ત્રોમાં સંજ્ઞાના દશ, સોળ, વિગેરે ભેદો કહ્યા છે તે પણ આ ચારના ઉત્તરભેદોરૂપ છે તે અન્ય ગ્રન્થોથી[૧૫૫] જાણી લેવા.) એ સંજ્ઞાઓને વશ થવાથી જે

૧૫૪–અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન, એમ ક્રોધાદિ ચારના ચાર ચાર ભેદો છે, તેમાંના અનન્તાનુબન્ધી આદિ ચાર કષાયોની સ્થિતિ અનુક્રમે યાવજ્જીવ, એક વર્ષ, ચાર મહિના અને એક પખવાડીઉં છે, એના ઉદય વખતે આગામી ભવનું આયુષ્ય બન્ધાય તો અનુક્રમે નારકી, તિર્યઞ્ચ, મનુષ્ય અને દેવગતિનું બન્ધાય છે અને અનુક્રમે તેઓ સમ્યક્ત્વનો, દેશવિરતિનો, સર્વ-વિરતિનો અને યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે છે, અથવા પ્રગટ થતાં અટકાવે, એમ સામાન્ય રીતે કષાયો આત્માના વિકાસમાં બાધક છે. આ હકિકત કષાયના ઉદયને વશ થવાની અપેક્ષાએ સમજવી.

૧૫૫–સંજ્ઞાનો સામાન્ય અર્થ જીવના ચૈતન્યને જણાવનારી ચેષ્ટા છે, તેના મૂળ બે ભેદો છે–૧ જ્ઞાનસંજ્ઞા એટલે પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન રૂપ જાણપણું અને ૨–અનુભવસંજ્ઞા એટલે મોહનીય કર્મના ઉદય અથવા ક્ષયોપશમથી પ્રગટેલો અભિલાષ. અહીં જણાવેલા ભેદો અનુભવસંજ્ઞાના પ્રકારો તરીકે જાણવા, ઉપરના ચાર ઉપરાન્ત ૧–ઓઘસંજ્ઞા અને ૨–લોકસંજ્ઞા કહેલી છે, તેમાં ઓઘસંજ્ઞા એટલે પૂર્વ સંસ્કાર, મુંગું (મોઘમ) ભાન, સામાન્ય શબ્દ–અર્થની સમજણ અથવા દર્શનોપયોગ, સમજવો. અને લોક વ્યવહારને અનુસરવાની વૃત્તિને (લોકૈષણાને) લોકસંજ્ઞા સમજવી. એમાં ક્રોધ, માન, માયા અને લોભના અધ્યવસાયો રૂપ ચાર સંજ્ઞાઓ તથા ઉપર કહી તે ચાર મેળવતાં દશ થાય, તેનો અર્થ સ્પષ્ટ છે. તે ઉપરાન્ત ૧–મોહસંજ્ઞા=મૂઢતા, ૨–ધર્મસંજ્ઞા=ધર્મ કરવાની વૃત્તિ (પરિણામ), ૩–સુખસંજ્ઞા=સુખની લાગણી, ૪–દુઃખસંજ્ઞા=દુઃખની લાગણી, ૫–જુગુપ્સા=કંટાળો, અણગમો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિચારો લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ૦ 'प्रति० चतसृभिर्विकथाभिः—स्त्रीकथया, भोजनकथया, देशकथया, राजकथया'='वि'=વિપરીત-વિરૂદ્ધ 'कथा'=બોલવું તે વિકથા, (તેના ચાર પ્રકારો છે ૧-સ્ત્રી કે પુરૂષ સંબન્ધી કામોત્તેજક વાર્તાલાપ કરવો તે 'સ્ત્રીકથા,' ૨-બળ-રૂપ-સ્વાદ વિગેરેને ઉદ્દેશીને રાગ કે દ્વેષ થાય તેવી રીતે ભોજનની કે આહારાદિની વાર્તા તે 'ભોજન(ભક્ત) કથા,' ૩-રાગદ્વેષને વશ થઈ તે તે દેશનાં સુખ-સમ્પત્તિ વિગેરેની પ્રશંસા-નિન્દા વિગેરે કરવારૂપ વાર્તા તે 'દેશકથા' અને ૪-રાગ-દ્વેષાદિથી તે તે રાજાઓના ગુણ-દોષ વિગેરે બોલવા તે 'રાજકથા' સમજવી) શ્રીસ્થાનાઙ્ગસૂત્રમાં તો મૃદુકારૂણિકી, દર્શનભેદિની અને ચારિત્રભેદિની એ ત્રણ સહિત સાત વિકથાઓ કહી છે, તેમાં પુત્રાદિના વિયોગથી દુઃખી માતા-પિતાદિ અત્યન્ત કરૂણાજનક વિલાપાદિ કરે તે ૧-મૃદુકારૂણિકી, સાંભળનારને જૈનદર્શનની શ્રદ્ધા તૂટે તે રીતે અન્ય કુતીર્થિકોનાં જ્ઞાન, આચાર, વિગેરેની પ્રશંસા કરવી તે ૨-દર્શનભેદિની અને 'સાધુ-સાધ્વીઓ બહુ પ્રમાદી છે તેથી વર્તમાનમાં મહાવ્રતોનો સંભવ નથી, અતિચારોની શુદ્ધિ કરી શકાય તેવા આલોચના-ચાર્ય નથી, અને તેઓએ આપેલા પ્રાયશ્ચિત્તથી વર્તમાનમાં અતિચારોની (પાપની) શુદ્ધિ પણ થતી નથી,' ઇત્યાદિ ચારિત્રમાં અશ્રદ્ધા થાય તેવું બોલવું તે ૩-ચારિત્રભેદિની કથા સમજવી. આ ત્રણનો અપેક્ષાએ પૂર્વની ચાર વિકથાઓમાં અન્તર્ભાવ થતો હોવાથી અહીં ચાર કહી છે, તેનાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, 'प्रति० चतुर्भिर्ध्यानैः—आर्त्तनध्यानेन, रौद्रेण ध्यानेन, धर्म्मेण ध्यानेन, शुक्लेन ध्यानेन'=અહીં ધ્યાન એટલે મનનો સ્થિર અધ્યવસાય, અર્થાત્ મનનું અન્તર્મુહૂર્ત સુધી એક વિષયમાં એકાગ્ર આલમ્બન, તેના ચાર પ્રકારો છે ૧-'આર્ત્ત' એટલે વિષયોના અનુરાગથી થતું, ૨-'રૌદ્ર' એટલે હિંસાદિના અનુરાગથી થતું, ૩-'ધર્મ્ય' એટલે ક્ષમાદિ દશ પ્રકારના ધર્મનું-શ્રીજિનવચનના અર્થના નિર્ણયરૂપ અને ૪-'શુક્લ' એટલે શોકને દૂર કરનારૂં, જેમાં રાગનું બળ ન હોય તેવું રાગ વિનાનું ધ્યાન, એ દરેકના નીચે પ્રમાણે ચાર ચાર પ્રકારો છે-

૧-**આર્ત્તધ્યાન**-તેના ૧-**અનિષ્ટવિયોગ**=અનિષ્ટ શબ્દ, રૂપ, ગન્ધ, રસ અને સ્પર્શરૂપ ઇન્દ્રિયોના અમનોજ્ઞ વિષયોનો કે તે વિષયોના આધારભૂત ગધેડાનો, ઊંટનો વિગેરેનો યોગ થયો હોય તેના વિયોગની અને ભવિષ્યમાં એવો યોગ ન થાય તો સારૂં, એવી અભિલાષા કરવી, ૨-**રોગચિન્તા**=શૂલ વિગેરે રોગ થતાં તેના વિયોગનું ધ્યાન કરવું, કે તે મટ્યા પછી પુનઃ ન થાય એવી ચિન્તા કરવી તે, ૩-**ઇષ્ટસંયોગ**=મળેલા મનગમતા શબ્દાદિ વિષયો તથા ઉદયમાં આવેલા શાતાવેદનીય (સુખ)નો વિયોગ ન થવાની કે તે સુખ કે સુખનાં સાધનરૂપ શબ્દાદિ વિષયોનો યોગ કરવાની અભિલાષા-ચિન્તા કરવી અને ૪-**નિદાન**=અન્યભવમાં ચક્રવર્તી આદિની ઋદ્ધિ(સુખ)ની પ્રાર્થના કરવી, તે ચાર પ્રકારો જાણવા. આ આર્ત્તધ્યાનને ઓળખવાનાં ૧-દુઃખીઓનો દુઃખપૂર્ણ વિલાપ, ૨-અશ્રુપૂર્ણનયને રૂદન, ૩-દીનતા કરવી અને ૪-માથું કુટવું, છાતી પીટવી વિગેરે, એમ ચાર લિઙ્ગો છે, તેવું કરનાર આર્ત્તધ્યાની છે એમ સમજવું.

---

કે તિરસ્કારની લાગણી અને ૬-શોક=દિલગીરીની લાગણી, એ છ સંજ્ઞાઓ સહિત સોળ ભેદો પણ કહ્યા છે. એમાં પંદર સંજ્ઞાઓ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનીય કર્મના અવાન્તર ભેદોના ઉદયથી અને 'ધર્મસંજ્ઞા' મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે. ઇત્યાદિ યથામતિ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨-**રૌદ્રધ્યાન**-તેના ૧-**હિંસાનુબન્ધી**=(જડ સુખની પ્રાપ્તિ વિગેરેને ઉદ્દેશીને) જીવોને મારવા-વિંધવા-બાંધવા-ડામદેવા-અઙ્ગોપાઙ્ગ વિગેરે છેદવાં કે પ્રાણમુક્ત કરવા, વિગેરે વિચારવું, ૨-**મૃષાનુબન્ધી**=ચાડી, અસભ્ય, અસત્ય, કે કોઇનો ઘાત વિગેરે થાય તેવું વચન બોલવાનું વિચારવું, ૩-**સ્તેયાનુબન્ધી**=ક્રોધ-લોભ, વિગેરેથી બીજાનું ધન હરણ કરવાનું ચિન્તવવું અને ૪-**વિષયસંરક્ષણાનુબન્ધી**=પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોના આધારભૂત દ્રવ્યોના રક્ષણ માટે 'રખે, કોઈ લઈ ન લે' એવી સર્વ પ્રત્યે શઙ્કા કરીને બીજાઓને મારી નાખવા સુધી ધ્યાન કરવું-વિચારવું, એમ ચાર પ્રકારો જાણવા. આ રૌદ્રધ્યાનનાં પણ ચાર લિઙ્ગો છે, તેમાં ઉપર રૌદ્ર-ધ્યાનના હિંસાનુબન્ધી, વિગેરે ચાર પ્રકારો કહ્યા તે પૈકીના કોઈ એકાદિ પ્રકારમાં 'ઉત્સન્ન' એટલે સતત પ્રવૃત્તિ કરે તે ૧-**ઉત્સન્નદોષ**, એ ચારે ય પ્રકારોમાં સતત પ્રવૃત્તિ કરવારૂપ ઉત્સન્નદોષ સેવે તે ૨-**બહુલદોષ**, બીજાની ચામડી ઉતારવી, નેત્રો ઉખેડવાં, વિગેરે હિંસાના ભિન્ન ભિન્ન પ્રયોગો વારંવાર કરે તે ૩-**નાનાવિધદોષ**, અને પોતાના અકાર્યથી પોતે કે બીજો કોઇ (મનુષ્યાદિ) મોટા સંકટમાં પડે (મરવાનો પ્રસંગ આવે) તો પણ પોતાના કરેલા અકાર્યનો પસ્તાવો ન થાય (મરણ આવે તો પણ અકાર્યથી ન અટકે) તે ૪-**આમરણદોષ** જાણવો.

૩-**ધર્મધ્યાન**-તેના ૧-**આજ્ઞાવિચય**=જ્ઞાન, દર્શન, ચારિત્ર, વૈરાગ્ય (અને) ભાવનાઓનો અભ્યાસ કરી જેણે આત્માને તે તે ગુણોનો અભ્યાસી કર્યો હોય તેવો આત્મા નય, નિક્ષેપ, સપ્ત-ભઙ્ગી, વિગેરે તે તે અપેક્ષાઓથી ગહન-અતિગહન એવાં શ્રીજિનવચનોને તુચ્છ બુદ્ધિના કારણે ન સમજી શકે તો પણ તે 'સત્ય જ છે' એમ માને-સમજે (વિચારે) તે, ૨-**અપાયવિચય**=રાગ-દ્વેષ-કષાયો તથા તેના યોગે હિંસા, જુટ્ઠ, ચોરી, વિગેરે આશ્રવોને સેવનારા જીવો તેના ફળ તરીકે આ લોક કે પરલોકમાં જે જે દુઃખો પામે છે તેનું ધ્યાન (ચિન્તન) કરવું તે, ૩-**વિપાક-વિચય**=આઠ કર્મોનું સ્વરૂપ તેના પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશો, એ ચાર ભેદોથી વિચારવું તે, અને ૪-**સંસ્થાનવિચય**=શ્રીજિનેશ્વરોએ કહેલાં ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોનાં લક્ષણો, આકાર, આધાર, ભેદો અને પ્રમાણ, વિગેરેનું ધ્યાન કરવું તે, તાત્પર્ય કે-ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિસ-હાયકતા, જીવનું લક્ષણ જ્ઞાનાદિ ગુણો, વિગેરે લક્ષણોનો, એ રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો આકાર લોકાકાશ (બે પગ પહોળા કરીને બે હાથ કેડે મૂકીને(કુદડી ફરતા) ઉભા રહેલા પુરૂષ) જેવો, જીવોનો આકાર(સ્વસ્વ શરીરની અપેક્ષાએ)'સમચતુરસ્રસંસ્થાન' વિગેરે છ પ્રકારનો, અજીવનો (પુદ્ગલાસ્તિકાયનો) ગોળ, લમ્બગોળ, ચોરસ, લમ્બચોરસ, વલયાકાર, વિગેરે પાંચ પ્રકારનો, અને કાળનો (સૂર્ય ચન્દ્રાદિનું ભ્રમણ મનુષ્ય ક્ષેત્રમાં જ હોવાથી) મનુષ્યક્ષેત્ર તુલ્ય ગોળ, વિગેરે તે તે દ્રવ્યોના આકારનો, ધર્માસ્તિકાયાદિ પાંચેય દ્રવ્યોના ચૌદરાજલોક પ્રમાણ લોકાકાશરૂપ આધારનો, તથા તે દ્રવ્યોના પ્રકારો અને પ્રમાણનો, અર્થાત્ જીવ તથા અજીવ દ્રવ્યોના ભેદ-પ્રભેદોનો તથા તેના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ વિગેરે માપનો, એમ સર્વ દ્રવ્યોનાં લક્ષણો, આકાર, આધાર, પ્રકારો અને પ્રમાણનું 'વિચય' એટલે ચિન્તન કરવારૂપે ઓળખાણ કરવી તે, એમ ધર્મધ્યાનના ચાર ભેદો સમજવા. તેનાં લિઙ્ગો ૧-આગમથી, ૨-ઉપદેશ શ્રવણથી. ૩-ગુરૂ-આજ્ઞાથી અને ૪-નૈસર્ગિક ભાવે (સ્વભાવથી), જીવ એમ માને કે શ્રીજિનેશ્વરોએ કહેલા ભાવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદાર્થો સત્ય છે, કહ્યા છે તેવા જ છે, ઇત્યાદિ જિનકથિત તત્ત્વોની શ્રદ્ધાથી સમજાય કે આ જીવમાં ધર્મધ્યાન છે, એમ ધર્મધ્યાનનાં ચાર લિઙ્ગો જાણવાં.

**શુક્લધ્યાન**–એના પણ ૧–પૃથક્ત્વ વિતર્ક સવિચાર, ૨–એકત્વ વિતર્ક અવિચાર, ૩–સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ અને ૪–વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ, એમ ચાર ભેદો છે. તેમાં એક જ દ્રવ્યમાં તેની ઉત્પત્તિ–નાશ અને સ્થૈર્યાદિ પર્યાયોનું તે દ્રવ્યથી ભિન્ન જે વિતર્ક (કલ્પના), તેનો વિચાર એટલે સંક્રમ, તેનાથી યુક્ત એવું જે ધ્યાન તે ૧–**'પૃથક્ત્વવિતર્કસવિચાર'** આ સંક્રમ પરસ્પર અર્થમાં વ્યઞ્જનમાં તથા યોગોમાં સમજવો, તેમાં અર્થ એટલે પદાર્થ, તેમાંથી વ્યઞ્જન એટલે શબ્દમાં[૧૫૬] અને શબ્દમાંથી દ્રવ્યમાં, એવી જ રીતે ત્રણ યોગોમાં (મન વચન અને કાયામાં) પણ પરસ્પર વિચારનું સંક્રમણ તે 'વિચાર' અને તેવા વિચારવાળું ધ્યાન, માટે 'સવિચાર' અર્થાત્ એક જ દ્રવ્યમાં તેના પર્યાયોના ભેદની (પરસ્પર તે જુદાં છે એવી) કલ્પના કરતાં પરસ્પર શબ્દમાંથી અર્થમાં પર્યાયમાં અને મનમાંથી વચનમાં, તેમાંથી કાયામાં, એમ પરસ્પર સંક્રમણ કરવા રૂપ ચિન્તન જાણવું. ૨–**એકત્વવિતર્કઅવિચાર**=અહીં 'એકત્વ' એટલે દ્રવ્ય પર્યાય વિગેરેની એકતા, તેનો 'વિતર્ક'=પરસ્પર (તેના વાચ્ય–વાચક) શબ્દની અને અર્થની (શબ્દાર્થની) 'કલ્પના,' તેનો 'અવિચાર'=શબ્દ, અર્થ અને યોગના 'સંક્રમણનો અભાવ' અર્થાત્ કોઈ એક જ યોગનું આલમ્બન કરીને કોઇ શબ્દની અર્થની કે પર્યાયની એક જ અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાયોના અભેદનું ચિન્તન કરવું તે. શુકલધ્યાનના આ બે ભેદો પૂર્વધરોને[૧૫૭] હોય, ૩–**સૂક્ષ્મક્રિયાઅનિવર્ત્તિ**=ત્રણ યોગો પૈકી મનનો, વચનનો સમ્પૂર્ણ રોધ કર્યા પછી અર્ધા–(બાદર) કાયયોગનો રોધ કરનારા કેવળજ્ઞાનીને યોગનિરોધ કરતી વેળા (માત્ર સૂક્ષ્મકાયયોગનો વ્યાપાર) હોય તે અને ૪–**વ્યુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિ**=ચૌદમે ગુણસ્થાનકે શૈલેશી અવસ્થામાં ત્રણે યોગના વ્યાપારનો અભાવ (નિરોધ) હોય તેથી 'વ્યુચ્છિન્ન-ક્રિયા' અને અવિનાશી હોવાથી 'અપ્રતિપાતિ' (અર્થાત્ જડ–યૌગિકક્રિયાનો સર્વથા કાયમી અભાવ) તેમાં છદ્મસ્થની મનની નિશ્ચલતા જેવી કેવળીને કાયાની નિશ્ચલતા તે ત્રીજું, અને સર્વયોગોનો નિરોધ થવા છતાં દ્રવ્યમનના (વ્યાપારના) અભાવે પણ પૂર્વપ્રયોગથી (કુમ્ભારનું ચક્ર ચાલે તેમ) જીવનો ઉપયોગ વર્તે તે ભાવમન ચોથું ધ્યાન કહેવાય છે, એ કારણે ભવસ્થ (અયોગી) કેવળીને આ ચોથું ધ્યાન હોય. 'ધ્યાન' શબ્દ 'ધ્યૈ' ધાતુમાંથી સિદ્ધ થએલો છે, તે ધાતુના ચિન્તન, મનન, કાયાનો નિરોધ અને અયોગીપણું, એવા ભિન્ન ભિન્ન અર્થો થતા હોવાથી 'કાયનિરોધ અને અયોગીપણું' એ બેને પણ ધ્યાન કહ્યું તે યુક્ત છે. આ શુકલધ્યાનનાં લિઙ્ગો ૧–અવધ, ૨–અસંમોહ, ૩–વિવેક અને ૪–વ્યુત્સર્ગ, એમ ચાર છે, તેમાં પરીષહ–ઉપસર્ગ પ્રસઙ્ગે પણ

૧૫૬–'એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં અને એક શબ્દથી બીજા શબ્દમાં' એવી પણ વ્યાખ્યા ગુણ-સ્થાનકક્રમારોહની ગા. ૬૩–૬૪ માં છે.

૧૫૭–પૂર્વધરોને શ્રુતાનુસારિ અને પૂર્વના જ્ઞાન રહિત સાધુને શ્રુત વિના પણ હોય, એમ ધ્યાન શતક ગા. ૬૪–૭૭ માં કહ્યું છે, કારણ કે આ ધ્યાન વિના કેવળજ્ઞાન થાય નહિ અને પૂર્વના જ્ઞાનથી રહિત એવાં પણ શ્રીમરૂદેવામાતા વિગેરેને કેવળજ્ઞાન થયું હતું. તેમ બીજાને પણ થાય, માટે પૂર્વધર ન હોય તેને શ્રુતના બળ વિના પણ થઈ શકે એમ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનથી ન ચળે એવો સ્થિર આત્મભાવ તે ૧–**અવધ,** અત્યન્ત ગહન એવા સૂક્ષ્મભાવો ન સમજાય તો પણ સંમોહને (મૂઢતાને) વશ ન થાય, તથાવિધ દેવ માયામાં પણ ન મુંઝાય તે ૨–**અસંમોહ,** શરીરને અને બીજા પણ સર્વ બાહ્ય સંયોગોને આત્માથી ભિન્ન અનુભવે, તેમાં મમત્વ ન કરે તે ૩–**વિવેક,** અને શરીર, આહાર તથા ઉપધિ, એ સર્વનો સર્વ પ્રકારે ત્યાગ કરી નિઃસઙ્ગ બને તે ૪–**વ્યુત્સર્ગ** સમજવો. આ ચાર[૧૫૮]ધ્યાનો પૈકી પ્રથમનાં બેને

૧૫૮–ધ્યાનનું ઉપર્યુક્ત ચતુર્વિધ સ્વરૂપ વિચારતાં એમાંથી એ બોધ મળે છે કે–આ અનાદિ જગત્ ઉપર એક બાજુ મોહરાજાનું અધર્મરૂપ મહાસામ્રાજય પ્રવર્તે છે, બીજી બાજુ અરિહન્તાદિપઞ્ચ પરમેષ્ઠિઓનું ચારિત્રધર્મરૂપ પવિત્ર સામ્રાજય પ્રવર્તે છે, અનાદિકાળથી કર્મપરિણતિ(ભાવકર્મો)ને વશ બનેલો જીવ બેમાં જેનો પક્ષ કરે છે તેને તે પોતાની સહજ પ્રકૃતિથી દુર્જન–સજ્જનની જેમ પોતાના પક્ષકારને દુઃખી–સુખી કરે છે. કર્મપરિણતિને વશ જીવના બળ વિના બન્ને કંઇ કરી શકે તેમ નથી આ કર્મપરિણતિ મૂળ તો જડકર્મોના (મોહના) વિકારરૂપ હોવાથી મુખ્યતયા જીવને મોહાધીન બનાવવાના સ્વભાવવાળી છે; તો પણ પઞ્ચપરમેષ્ઠિના (ચારિત્રના) પ્રભાવ નીચે આવેલા જીવને તે સુખની સામગ્રી આપે છે, ત્યારે તેને પુણ્યકર્મ અને તે સિવાય પાપકર્મ કહેવાય છે. આ પુણ્ય–પાપ બન્ને અઘાતી કર્મોના પ્રકારો છે. ઘાતીકર્મોનો તો પાપ એક જ પ્રકાર છે, કારણ કે તે બાહ્ય સામગ્રીનો દુરૂપયોગ કરાવી આત્માની મૂળસમ્પત્તિરૂપ જ્ઞાનાદિગુણોને નાશ કરનાર (આવરી લેનાર) છે, અર્થાત્ સદૈવ આત્માના (સુખના) પ્રતિપક્ષમાં છે. ચારિત્રધર્મની છત્રછાયામાં વર્તતા જીવને પુણ્યકર્મ તરીકે કર્મ સહાય કરે છે. તે પ્રભાવ પણ વાસ્તવિક તો ચારિત્રનો છે અને તેથી જ ચારિત્રના મહિમાથી પ્રગટેલા પુણ્યબળનો સદુપયોગ ચારિત્રની પુષ્ટિ (રક્ષા) માટે કરવો એ ન્યાય્ય છે, છતાં મોહની દુષ્ટ છાયામાં ફસાઇને જીવ એનો જયારે અધર્મની પુષ્ટિ થાય તે રીતે ઉપયોગ કરવારૂપ અન્યાય કરે છે ત્યારે તેની એ અયોગ્યતાના કારણે પ્રાપ્ત (શુભ) સામગ્રી પણ નાશ પામે છે, અથવા પુનઃ પ્રાપ્ત થતી નથી. એમ જડનો ઇષ્ટસંયોગ કે અનિષ્ટવિયોગ પુણ્યકર્મને આધીન છતાં તેમાં મુખ્યતા ચારિત્રની (પઞ્ચપરમેષ્ઠિના પ્રભાવની) છે અને ઇષ્ટવિયોગ અનિષ્ટસંયોગ પાપકર્મને આધીન છતાં તેમાં મુખ્યતા અધર્મની (મોહના પ્રભાવની) છે.

આ સત્યને અનુસરીને આરોગ્યની, ઇષ્ટ સુખોની, કે તેની સામગ્રીની પ્રાપ્તિ તથા રક્ષણ માટે અને અનિષ્ટ એવા રોગ, દુઃખો, કે તેની સામગ્રી વિગેરેથી બચવા તથા છૂટવા માટે આત્માએ પઞ્ચપરમેષ્ઠિઓના (ચારિત્રના) પક્ષમાં (શરણે) રહેવું એ તેનું કર્ત્તવ્ય છે. વર્તમાનમાં પ્રાપ્ત ઇષ્ટાનિષ્ટ સંયોગ–વિયોગાદિ બધું સ્વોપાર્જિત પૂર્વકર્મનું ફળ છે, તેને સમભાવે ભોગવી લેવામાં જ હિત છે. કહ્યું પણ છે કે 'બંધસમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ સલુણે, શોક વધે સંતાપથી, શોક નરકની છાપ સલુણે' ઇત્યાદિ, વળી જડના શુભાશુભ સંયોગો અનિત્ય છે, કોઈ ઉપાયે તે કાયમ રહેતા નથી, છતાં તેની ચાલ્યા જવાની કે સ્થિર રહેવાની ચિન્તા કરવી તે પણ અજ્ઞાન મૂલક છે.

બીજી વાત એ છે કે શાસ્ત્રમાં પાપકર્મને લુંટારૂ અને પુણ્યકર્મને વળાઉ કહેવાય છે. જાતિ ભિલ્લની છતાં ચોકીદાર ભિલ્લ જેમ ચોર લુંટારૂથી રક્ષણ કરે છે તેમ પુણ્યકર્મ પણ જીવ જયારે મોહથી લુંટાય છે, દુરૂપયોગ કરે છે, ત્યારે તે પુણ્યકર્મ તેને ધર્મ (સુખ) માટે મળેલી સામગ્રીના દુરૂપયોગરૂપ લુંટમાંથી બચાવે છે અને જો મળેલી તે તે સામગ્રીનો ધર્મમાર્ગે સદુપયોગ કરે છે તો તેને અધિકાધિક સહાય પણ કરે છે, એમ જીવમાં ધર્મસામગ્રીનું રક્ષણ અને તેને સફળ કરવાની જેટલી શક્તિ–યોગ્યતા પ્રગટે છે તેટલા પ્રમાણમાં પુણ્યકર્મથી તેને જરૂરી માનવભવ, આર્યદેશ, ઉત્તમકુળ, દીર્ઘાયુ, પઞ્ચેન્દ્રિયપૂર્ણ શરીર, ધન, આરોગ્ય, સજ્જનકુટુમ્બ, વિગેરે મળે છે, ઇત્યાદિ જૈન શાસ્ત્રોક્ત શુભાશુભ કર્મ બન્ધના હેતુઓ વિચારતાં પણ સમજાય છે. એમ છતાં વળાઉ કરતાં વધારે તેનો વિશ્વાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો હિતકર નથી, કારણ કે મૂળસ્વરૂપે તો તે આત્માનું અહિત કરનાર છે, જે કંઈ શુભ સામગ્રી આદિ મળે છે તે પણ મુખ્યતયા તો ચારિત્રધર્મનો (પઞ્ચ પરમેષ્ઠિઓના શરણનો) મહિમા છે, ઈત્યાદિ તાત્ત્વિકબોધ ભવભાવનાદિ ગ્રન્થોથી થાય છે.

આટલું સમજ્યા પછી ઉપર્યુક્ત આર્તધ્યાનનું સ્વરૂપ જોતાં સમજાશે કે તે ચારિત્રધર્મનું (ધર્મધ્યાનનું) ઘાતક હોવાથી કરણીય નથી. વળી રૌદ્રધ્યાનના ચારે પ્રકારો તો એથી પણ આગળ વધીને પ્રાપ્ત કે ભાવિકર્મોદયજન્ય અશુભ સંયોગોમાંથી છૂટવા કે બળાત્કારે શુભ સંયોગો મેળવવા માટે હિંસા જુટ્ઠ, ચોરી અને પરિગ્રહનું ચિન્તન કરવારૂપ છે, કે જે હિંસાદિને શાસ્ત્રોમાં કર્મોને આવવાનાં પાંચ આશ્રવો કહ્યાં છે. (અબ્રહ્મ રાગરૂપ હોવાથી તેનો પરિગ્રહમાં અન્તર્ભાવ થાય છે, માટે રૌદ્રધ્યાનના ચારે પ્રકારો તત્ત્વથી પાંચ આશ્રવો રૂપ છે.) એમ આ બે ધ્યાનો સમતા–સામાયિકનાં ઘાતક હોવાથી દુષ્ટ કહ્યાં છે. એના વશવર્તિપણાથી જ જીવ આજ સુધી સંસારમાં જન્મ મરણાદિ અસહ્ય પીડાઓનો ભોગ બન્યો છે, ચારે ગતિમાં વિશિષ્ટ એવી મનુષ્યની ગતિને અને તેથીય વિશિષ્ટ જૈનશાસનને પામેલા જીવનું એકનું એક કર્તવ્ય સમતાની સાધના છે, તેમાં ઘાતક આ બે ધ્યાનોને વશ થવું તે પુણ્યપ્રાપ્ત મનની, બુદ્ધિની, અને વિવેક જેવા દુર્લભ રત્નની ભારે વિડમ્બના છે, ભવિષ્યમાં મનબુદ્ધિ અને વિવેક જેવાં અમૂલ્ય સાધનોથી વઞ્ચિત રહેવાની નિશાની છે.

ધર્મધ્યાનના ચારે પ્રકારોમાં સમતાસાધક શ્રીજિનાજ્ઞાના સ્વરૂપનો તથા તેમાં શ્રદ્ધા વિગેરેનો, (આજ્ઞા વિચયમાં)આત્માની વાસનારૂપ બની ગયેલા રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિ, અન્તરઙ્ગ શત્રુઓના સ્વરૂપ વિગેરેનો, (અપાય વિચયમાં)એના યોગે આત્મામાં થતા વિકારરૂપ અશુભકર્મ પરિણતિથી બન્ધાતાં આઠ કર્મોના વિપાકોનો અને તે કર્મબન્ધનાં કારણો વિગેરેનો(વિપાક વિચયમાં)એના પરિણામે ચૌદરાજલોકમાં પરિભ્રમણ કરતાં જીવને પ્રાપ્ત થનારી શુભાશુભ અવસ્થાઓનો, તથા તેના કારણભૂત પુદ્ગલ દ્રવ્યનો અને ધર્માસ્તિકાય વિગેરે અન્ય નિમિત્તોનો,(સંસ્થાન વિચયમાં)વિચાર (ચિન્તન) હોવાથી તેજીવને તે તે ભાવો પ્રત્યે થતા રાગદ્વેષાદિ અધ્યવસાયોથી અટકાવીને તે તે ભાવોમાં સમતા–સામાયિકને પ્રગટ કરાવે છે, માટે ધર્મધ્યાન આત્માની, તેના ભવભ્રમણની, તેનાં કારણોની, તેમાંથી છૂટવાના (મુક્તિના) ઉપાયોની અને તેમાં સહાયક સામગ્રીની, તથા સાધક બાધક તત્ત્વોની સાચી પીછાણ કરાવનાર હોવાથી તેને ઉપકારક કહ્યું છે. નિશ્ચયથી તો આવા ધર્મધ્યાનનું બળ જીવને અપ્રમત્તગુણસ્થાનકોમાં પ્રગટે છે, એટલું જ નહિ, ત્યાં તે માત્ર ધ્યાનરૂપ જ નહિ રહેતાં જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર, એ ત્રણના સહયોગરૂપે મોક્ષમાર્ગ બની જાય છે, અને તે પૂર્વે પ્રમત્તદશામાં પણ જીવને સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવાની શ્રદ્ધા તથા બોધ પ્રગટાવે છે. સારાંશ તરીકે ધર્મધ્યાન આત્માને તે તે કાળે પ્રાપ્ત કર્મજન્ય શુભાશુભ દશામાં પ્રસન્ન (ઉપશાન્ત)રાખીને શ્રીજિનાજ્ઞાના પાલન દ્વારા સમતા સામાયિકની સાધના કરાવનારૂં હોવાથી ધર્મસ્વરૂપ છે.

શુક્લધ્યાન–ધર્મધ્યાનના ફળ સ્વરૂપ છે, તેના પ્રથમના બે પ્રકારો જીવને અનાદિકાળથી સંબન્ધમાં આવતા પુદ્ગલના અન્યત્વનું અને એકત્વનું (ભેદાભેદપણાનું) તથા તેના ફળસ્વરૂપ આત્માની સાથે શરીરાદિના પણ ભિન્નાભિન્નપણાનું ભાન કરાવી જડસંયોગના મૂળકારણભૂત અજ્ઞાન અને મોહનો નાશ કરીને આત્માને ઘાતીકર્મોથી મુક્ત કરનારા છે અને ત્રીજો ચોથો પ્રકાર બાહ્ય યોગોનો (મન વચન કાયાના વ્યાપારોનો) રોધ કરવા પૂર્વક સર્વ આત્મપ્રદેશોને પણ નિશ્ચળ કરીને સર્વથા કર્મના બન્ધનમાંથી મુક્ત કરે છે.

એ રીતે ચાર ધ્યાનોનું સ્વરૂપ જીવને એવી સમજણ આપે છે કે તેણે ભૂતકાળમાં કરેલી શુભાશુભ પ્રવૃત્તિઓના કારણે બન્ધાએલા કર્મોના ઉદયથી વર્તમાનમાં પ્રાપ્ત થયેલી શુભાશુભ દશાને સમભાવ (સામાયિક)ના બળે ભોગવી લેવા પૂર્વક આર્તધ્યાન રૌદ્રધ્યાનથી બચવું જોઈએ અને પુનઃ તેવા કર્મોના બન્ધનમાંથી બચવા માટે શ્રીજિનાજ્ઞાને (ચારિત્રને) અનુસરવા રૂપ ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો આશ્રય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવવાથી અને છેલ્લાં બેને (યોગ્યતા છતાં) નહિ સેવવાથી (અથવા ચારેયની અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, વિગેરે કરવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦

'प्रति० पञ्चभिः क्रियाभिः–कायिक्या, आधिकरणिक्या, प्राद्वेषिक्या, पारितापनिक्या, प्राणातिपातिक्या'= અહીં ક્રિયા એટલે વ્યાપાર, તેમાં કાયાનો વ્યાપાર તે **કાયિકી** ક્રિયા ત્રણ પ્રકારે છે,૧–'અવિરતકાયિકી,'= આ ક્રિયામાં મિથ્યાદૃષ્ટિની અને અવિરતિસમકિતદૃષ્ટિની (તથા દેશવિરતિ–પાંચમા ગુણસ્થાનક સુધીના જીવોની) 'ફેંકવું' વિગેરે કર્મબન્ધના કારણભૂત સર્વ ક્રિયાએ સમજવી. ૨–'દુષ્પ્રણિહિત કાયિકી'= આ ક્રિયામાં પ્રમત્તસંયત (છઠ્ઠા ગુણસ્થાનકવાળા)ની (પઞ્ચવિધ)પ્રમાદયુક્ત ઇન્દ્રિયો અને મન દ્વારા થતી સઘળી પ્રવૃત્તિ સમજવી અને ૩='ઉપરતકાયિકી'=આમાં પ્રાયઃ પાપવ્યાપારથી નિવૃત્ત અપ્રમત્ત સંયતની (છથી ઉપરના ગુણસ્થાનવાળાની) સર્વ ક્રિયાએ સમજવી, એમ પહેલી કાયિકી ક્રિયાના ત્રણ ભેદો જાણવા. બીજી **આધિકરણિકી**=જેનાથી આત્મા નરકાદિ દુર્ગતિનો અધિકારી થાય (ત્યાં જાય) તે 'અધિકરણ' કહેવાય, એવાં અધિકરણો દ્વારા થતી ક્રિયાને 'આધિકરણિકી' કહેવાય, તેના બે ભેદો છે, તેમાં ચક્ર–રથ–(ગાડાં–મોટર–સાયકલ–રીક્ષા) વિગેરે વાહનો ચલાવવાં, પશુઓને બાંધવાં, (પક્ષિઓને પાંજરામાં, મનુષ્યોને જેલમાં પુરવાં વિગેરે) તથા મન્ત્ર–તન્ત્ર વિગેરેનો પ્રયોગ કરવો તે ૧–અધિકરણપ્રવર્તની અને ખડ્ગ વિગેરે શસ્ત્રો બનાવવાં તે ૨–અધિકરણનિવર્તની જાણવી. ત્રીજી **પ્રાદ્વેષિકીક્રિયા**=મત્સર કરવારૂપ ક્રિયા, (અર્થાત્ મત્સર કરવો) તેના પણ ૧–કોઈ સજીવ ઉપર મત્સર કરવો અને ૨–કોઈ અજીવ પદાર્થ ઉપર મત્સર કરવો, એમ બે ભેદો છે. ચોથી **પારિતાપનિકી**=એટલે તાડન–તર્જનાદિનું દુઃખ તે પરિતાપ અને તે દુઃખથી થાય તે 'પારિતાપનિકી ક્રિયા', તેના પણ ૧–પોતાના શરીરને તાડન–તર્જનાદિ કરવું અને ૨–બીજાના શરીરને તાડન–તર્જનાદિ કરવું, એમ બે ભેદો જાણવા. પાંચમી **પ્રાણાતિપાતિકી**=પ્રાણોનો નાશ કરવારૂપ ક્રિયા, તેના પણ પોતાના પ્રાણોનો નાશ અને પરના પ્રાણોનો નાશ, એમ બે ભેદો છે, તેમાં પહેલી–સંસારનાં દુઃખોના કંટાળાથી તેમાંથી છૂટવા માટે, અથવા સ્વર્ગાદિનાં સુખ મેળવવા માટે પર્વત ઉપરથી પડીને મરી જવું, ઇત્યાદિ અનેક પ્રકારે પોતાનો આપઘાત કરવો તે અને બીજી–મોહ, ક્રોધ વિગેરેને વશ થઇ બીજાને હણવો, એ બે પ્રકારો જાણવા. ઉપર જણાવેલી પાંચ ક્રિયાએ કરવાથી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, 'प्रति० पञ्चभिः कामगुणैः–शब्देन–रूपेण–गन्धेन–रसेन–स्पर्शेन'=શબ્દ–રૂપ–ગન્ધ–રસ–અને સ્પર્શ, એ પાંચ કામગુણોથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તેમાં જેની ઇચ્છા–ચાહના થાય તે શબ્દ–રૂપ વિગેરે પાંચ ઇન્દ્રિયોના વિષયોને કામ અને તે ભિન્ન ભિન્ન દ્રવ્યને આશ્રિને રહેલા તે તે દ્રવ્યના ગુણ હોવાથી તેને જ ગુણ કહેવાય, માટે 'કામગુણ' એમ સમજવું. 'प्रति० पञ्चभिर्महाव्रतैः–प्राणातिपाताद्विरमणं–

લેવો જોઇએ. આવી સમજણના–જ્ઞાનના પ્રભાવે તે નવા કર્મોના બન્ધનમાંથી બચી જાય છે, એટલું જ નહિ, સંસારવર્ધક નિમિત્તોને પણ સમતાસાધક બનાવી શકે છે. માટે આ ચાર ધ્યાનના સ્વરૂપના જ્ઞાન દ્વારા જગતના ત્રૈકાલિક ભાવોનું તાત્ત્વિક ચિન્તન કરીને જીવ સંસારથી પાર પામે છે.

શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોની વ્યાખ્યા તત્ત્વાર્થસૂત્રમાં યોગશાસ્ત્રમાં, ગુણસ્થાનક ક્રમારોહમાં અને યોગવિંશિકામાં ભિન્ન ભિન્ન સ્વરૂપે કરેલી છે તો પણ તે પરસ્પર બાધક નથી. અહીં ગ્રન્થકારે એ દરેક ગ્રન્થોને લક્ષ્યમાં રાખીને વ્યાખ્યા કરી હોય એમ સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मृषावादाद्विरमणं-अदत्तादानाद्विरमणं-मैथुनाद्विरमणं-परिग्रहाद्विरमणम्'=(અહીં પ્રથમાવિભક્તિ સપ્તમીના અર્થમાં હોવાથી) પ્રાણાતિપાતવિરમણાદિ પાંચ મહાવ્રતોમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, અહીં તે તે વ્રતોને અંગે નહિ કરવા યોગ્ય કરવાથી, કરવા યોગ્ય નહિ કરવાથી, ઇત્યાદિ કારણે અતિચાર, અથવા સંઘટ્ટો પરિતાપ-વિગેરે કરવારૂપ તે તે પ્રાણાતિપાતાદિ વ્રતોમાં અતિચારો સ્વયં વિચારી લેવા. પ્રતિ૦पञ्चभिः समितिभिः-इर्यासमित्या, भाषासमित्या, एषणासमित्या, आदानभाण्डमात्रनिक्षेपणासमित्या, उच्चारप्रश्रवणखेलजल्लसिङ्घाणपारिष्ठापनिकासमित्या=ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓનું યથાર્થ પાલન વિગેરે નહિ કરવાથી તેમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, (તેમાં ૧-**ઇર્યાસમિતિ**=જે રસ્તે લોક, ગાડાં, વાહન, વિગેરે ચાલેલાં હોય, સૂર્યનો પ્રકાશ જ્યાં પડતો હોય, તે રસ્તે જીવહિંસા ન થાય તે માટે યુગપ્રમાણ દૃષ્ટિથી ભૂમિને જોઈને ચાલવું તે, ૨-**ભાષાસમિતિ**=નિષ્પાપ, સર્વ જીવોને હિતકારી અને પ્રિય એવું મિત (અલ્પ) બોલવું તે, ૩-**એષણાસમિતિ**=પૂર્વે કહી આવ્યા તે એષણાના ૪૨ દોષોને આહાર-વસ્ત્ર-પાત્ર અને શય્યા લેતાં ટાળવા તે, ૪-**આદાનભાણ્ડમાત્રનિક્ષેપણાસમિતિ**=અહીં 'આદાન' એટલે લેવું અને 'નિક્ષેપણા' એટલે મૂકવું, તથા 'ભાણ્ડમાત્ર' એટલે પાત્ર-વસ્ત્રાદિ સંયમોપકારક સર્વ વસ્તુઓ, તેમાં વચ્ચેનો 'ભાણ્ડમાત્ર' શબ્દ આગળ-પાછળના બન્ને શબ્દો સાથે સંબન્ધવાળો હોવાથી એ અર્થ થયો કે-ભાણ્ડમાત્ર (સર્વ ઉપકરણોને) લેવામાં-મૂકવામાં-પૂંજવા-પ્રમાર્જવા પૂર્વક સમ્યક્ પ્રવૃત્તિ કરવી તે 'આદાનભાણ્ડમાત્રનિક્ષેપણાસમિતિ' ૫-**ઉચ્ચારપ્રશ્રવણખેલજલ્લસિઙ્ઘાણપારિષ્ઠાપનિકાસમિતિ**=અહીં 'ઉચ્ચાર' મળ-ઝાડો, 'પ્રશ્રવણ'=માત્રુ(પેશાબ,)'ખેલ'=થૂંક-કફ વિગેરે, 'જલ્લ'=શરીર ઉપરનો મેલ અને 'સિઙ્ઘાણ'=શ્લેષ્મ (નાકનો મેલ), એ દરેકની 'પારિષ્ઠાપનિકાસમિતિ'=ફરી નહિ લેવાના ઉદ્દેશથી નિર્જીવ ભૂમિમાં વિધિપૂર્વક તેને સર્વથા તજી દેવાં તે. એ પાંચ સમિતિ દ્વારા લાગેલા અતિચારો, વિગેરે બાકીનો અર્થ સુગમ છે. પ્રતિ૦ षड्भिर्जीवनिकायैः-पृथ्वीकायेन, अपकायेन, तैजस्कायेन, वायुकायेन, वनस्पतिकायेन, त्रसकायेन=પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છ કાયવાળા જીવોની વિરાધના (હિંસાદિ) કરવારૂપ જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, 'प्रति० षड्भिर्लेश्याभिः-कृष्णलेश्यया, नीललेश्यया, कापोतलेश्यया, तेजोलेश्यया, पद्मलेश्यया, शुक्ललेश्यया' કૃષ્ણાદિ છ લેશ્યામાં પહેલી ત્રણમાં પ્રવૃત્તિ કરવાથી (સેવવાથી) અને છેલ્લી ત્રણમાં પ્રવૃત્તિ ન કરવાથી (નહિ સેવવાથી) જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, તેમાં જેમ નિર્મળ સ્ફટિકનો તેવા તેવા વર્ણવાળા દ્રવ્યના સહયોગથી તેવો તેવો વર્ણ દેખાય છે, તેમ નિર્મળ આત્માનો પણ સર્વ કર્મપ્રકૃતિઓના રસ(ઝરણાં)ભૂત તે તે 'કૃષ્ણ-નીલ' વિગેરે દ્રવ્યોના સંબન્ધથી તેવો તેવો પરિણામ થાય તેને લેશ્યા કહેવાય છે, તેના કૃષ્ણ, નીલ, વિગેરે છ પ્રકારો છે, તેનું સ્વરૂપ ગામના વધ માટે નીકળેલા ચોરોના અને જાંબૂને ખાનારા છ પુરૂષોના દૃષ્ટાન્તથી[૧૫૯]સમજવું, તથા પ્રતિ૦

૧૫૯-કેટલાક ચોરો કોઈ ગામ તરફ ચોરી કરવા નીકળ્યા, રસ્તે જતાં પરસ્પર વિચારતાં એક બોલ્યો, જે ગામમાં જવું છે ત્યાં જેને દેખીએ તેને મારવા, બીજાએ કહ્યું, એમ શા માટે ? બિચારા પશુઓનો શું અપરાધ છે ? મનુષ્યોને જ મારવા, ત્રીજાએ કહ્યું, એ પણ ઠીક નથી, સ્ત્રીઓ-બાળકો વિગેરેને છોડીને માત્ર પુરૂષોને જ મારવા, કારણ કે ધનના માલિક પુરૂષો હોય છે. ચોથાએ કહ્યું, એમ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सप्तभिर्भयस्थानैः**=ભયનાં સ્થાન એટલે આશ્રયો (નિમિત્તો), તે 'આલોક–પરલોક–આદાન–અકસ્માત આજીવિકા–મરણ અને અપયશ' એમ સાત છે, તેમાં 'મનુષ્યને મનુષ્યથી' વિગેરે સ્વજાતિથી ભય તે ૧–**ઇહિલોકભય,** પરજાતિનો એટલે મનુષ્ય વિગેરેને તિર્યઞ્ચ વિગેરે અન્યજાતિથી ભય તે ૨–**પરલોકભય,** રખે, કોઈ ચોર વિગેરે મારૂં (ધન) વિગેરે લઈ જાય! એવો ભય તે ૩–**આદાનભય,** કોઈ બાહ્ય નિમિત્ત વિના (એકાએક વિજળી પડવા વિગેરેનો) અથવા ઘર વિગેરેમાં અન્ધકારનો ભય તે ૪–**અકસ્માદ્ભય,** નિર્ધન વિગેરેને 'હું દુષ્કાળમાં શી રીતે આજીવિકા વિગેરે ચલાવીશ?' ઇત્યાદિ ભય તે ૫–**આજીવિકાભય,** ૬–**મરણનોભય,** અને લોકમાં અપકીર્તિ થવાનો ભય તે ૭–**અપયશભય,** એ સાત ભયસ્થાનોને[૧૬૦]કારણે ભય થવાથી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું. હવે પછીના પાઠમાં સૂત્રકાર

---

શા માટે? જેઓ શસ્ત્રધારી હોય તેને જ મારવા, પાંચમાએ કહ્યું, નહિ નહિ, ભલે શસ્ત્રધારી હોય પણ જે નાસી જતો હોય તેને ન મારવો, જે સામે થાય તેને મારવો, છઠ્ઠાએ કહ્યું, અરે! એક તો ચોરી અને બીજી મનુષ્ય હત્યા? શા માટે કોઇને પણ મારવો? માત્ર ધન જ લેવું, એ છ જુદા જુદા પરિણામવાળા ચોરોની અનુક્રમે કૃષ્ણ–નીલ–કાપોત–તેજો–પદ્મ અને શુક્લ લેશ્યા જાણવી. એ રીતે કોઇ છ માણસો અટવીમાં ભૂલા પડ્યા, ભૂખ્યા થએલા તેમણે ચારે બાજુ નજર ફેંકી, ત્યારે એક પાકેલાં ફળોથી યુક્ત જાંબૂનું વૃક્ષ જોયું. આનન્દમાં આવી એક બોલ્યો, કાપો ઝાડને મૂળમાંથી, નાખો નીચે, કે જેથી સુખપૂર્વક જાંબૂ ખાઈ શકીયે, બીજો બોલ્યો, આવું મોટું વૃક્ષ ફરી ક્યારે ઉગે? માટે મોટાં ડાળાં જ કાપો, કારણ કે જાંબૂ તો ડાળાં ઉપર જ છે ને? ત્રીજો બોલ્યો, મોટાં ડાળાં પણ ઘણાં વર્ષો પછી તૈયાર થાય, તેને શા માટે કાપવાં? નાની ડાળીયો કાપો, જાંબૂ તો ન્હાની ડાળીયો ઉપર જ છે, ચોથો ચતુર બોલ્યો, બીચારી ડાળીઓને શા માટે કાપવી? જાંબૂના ગુચ્છા જ કાપોને! આપણે જરૂર તો જાંબૂની જ છે ને? પાંચમો બોલ્યો, અરે! ગુચ્છામાં પણ ઘણાં કાચાં કે સડેલાં જાંબૂ હોય તેનું પણ આપણે શું પ્રયોજન છે? માત્ર પાકેલાં જાંબૂ જ કાપો, આપણે કામ તો તેનું જ છે ને! છટ્ઠો બોલ્યો, વિના પ્રયોજને ઉપરનાં જાંબૂ શા માટે તોડવાં? નીચે પાકેલાં ઢગલાબદ્ધ પડ્યાં છે તે જ ખાઓને! કામ તો જાંબૂનું છે ને? વિના પ્રયોજને હિંસા શા માટે કરવી? એ રીતે છ મનુષ્યોમાં જે પરિણામનું તારતમ્ય હતું તે કૃષ્ણાદિ લેશ્યાના પરિણામ રૂપ સમજવું, છ પૈકી પ્રથમની ત્રણ લેશ્યાઓ ઉત્તરોત્તર ઓછી દુષ્ટ છે અને પછીની ત્રણ અધિકાધિક શુભ છે. એ પ્રત્યેકમાં પણ તારતમ્યની અપેક્ષાએ અસંખ્યાતા ભેદો હોય છે, અર્થાત્ પ્રત્યેક લેશ્યામાં વર્તતા વિચિત્ર પરિણામવાળા જીવોના અસંખ્યાતા ભેદો પડે છે. આ લેશ્યાના પરિણામથી જીવને નવાં બન્ધાતાં કર્મોમાં શુભાશુભ રસબન્ધ થાય છે, અશુભ લેશ્યાના પરિણામથી શુભ કર્મનો મન્દ અને અશુભનો તીવ્ર રસ બન્ધાય છે, તેમ શુભલેશ્યાના પરિણામથી અશુભ કર્મોનો મન્દ અને શુભનો તીવ્રરસ બન્ધાય છે, માટે અશુભ હોય અને શુભ ઉપાદેય છે.

૧૬૦–ભયમોહનીય કર્મના ઉદયે અજ્ઞાનવશ જીવને ભય લાગે છે તે હિતકર નથી, કારણ કે પ્રાપ્ત અપ્રાપ્ત બાહ્ય સામગ્રીનો સંયોગ વિયોગ જીવની તે તે પ્રકારની યોગ્યતાને અનુસારે પૂર્વે બાંધેલા કર્મોના ઉદયને આધીન હોવાથી તે તે કર્મના ફળસ્વરૂપ છે, આત્માની પોતાની વસ્તુ નથી, પણ પર (જડ) વસ્તુ છે, તેમાં મિથ્યા મમત્વ કરવાથી ભય લાગે છે, પરવસ્તુમાં મારાપણાનો ખ્યાલ અજ્ઞાન અને મોહથી થાય છે, તેથી તે સત્ય નથી. વસ્તુતઃ તો પ્રાપ્ત થએલી તે તે સામગ્રીનો આત્મહિતાર્થે સદુપયોગ કરી લેવો એ જ જીવનું કર્ત્તવ્ય છે, કારણ કે તે અનિત્ય હોવાથી જયારે ત્યારે અવશ્ય છૂટી જાય છે, નાશવન્ત વસ્તુના વિયોગનો ભય એ મોહનું નાટક છે, માટે તેમાં મુંઝાવું તેને અતિચાર કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવન્તે 'प्रतिक्रमामि' એ ક્રિયાપદને તથા તે તે સ્થાનોની નામ પૂર્વક ગણુનાને કહી નથી, તે સ્વયં સમજી લેવી. **अष्टभिर्मदस्थानैः**=આઠ મદસ્થાનો સેવવાથી 'લાગેલા અતિચારોનું[૧૬૧] પ્રતિક્રમણ કરૂં છું', એમ સ્વયં સમજી લેવું. મદસ્થાનોમાં ૧–જાતિમદ, ૨–કુળમદ, ૩–બળમદ, ૪–રૂપમદ, ૫–તપમદ, ૬–ઐશ્વર્ય–ઠકુરાઈનોમદ, ૭–શ્રુતમદ, અને ૮–લાભમદ, એ આઠ પ્રકારો છે. **नवभिर्ब्रह्मचर्यगुप्तिभिः**=બ્રહ્મચર્યની રક્ષા માટે ઉપાયભૂત 'વસતિશુદ્ધિ' વિગેરે ચરણસિત્તરીમાં કહીશું તે બ્રહ્મચર્યની નવવાડોનું પાલન વિગેરે નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, **दशविधे श्रमणधर्मे**='ક્ષમા' વિગેરે દશપ્રકારનો શ્રમણધર્મ ચરણસિત્તરીમાં કહેવાશે તેમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, **एकादशभिरुपासकप्रतिमाभिः**=પહેલા ભાગમાં શ્રાવકનાં જન્મકૃત્યોમાં (પૃ. ૬૯૧માં) કહી તે 'દર્શન–વ્રત–સામાયિક' વિગેરે શ્રાવકની પ્રતિમાઓમાં (અભિગ્રહોમાં) શ્રદ્ધા નહિ કરવાથી, કે વિપરીત પ્રરૂપણા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, **द्वादशभिर्भिक्षुप्रतिमाभिः**=જેનું વર્ણન ચરણસિત્તરીમાં કહીશું તે સાધુના અભિગ્રહોરૂપ બાર પડિમાઓમાં 'અવિધિ–અશ્રદ્ધા–વિપરીતપ્રરૂપણા' વિગેરે કરવાથી જે અતિચારો લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ૦, **त्रयोदशभिः क्रियास्थानैः**=અહીં ક્રિયા એટલે કર્મબન્ધમાં હેતુભૂત ચેષ્ટા અને તેનાં સ્થાનો એટલે ભેદો તે ક્રિયાસ્થાનો, તેના દ્વારા જે અતિચારો લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ૦, ક્રિયાસ્થાનો આ પ્રમાણે છે. ૧–**'અર્થાય'** એટલે સપ્રયોજન=સંયમ નિર્વાહ ન થાય તેવા પ્રસઙ્ગે અથવા ગ્લાન વિગેરેને માટે, એમ સકારણ સ્વ–પરાર્થે દોષિત આહારાદિ વસ્તુ લેવી પડે તે (અથવા ત્રસાદિ જીવોની વિરાધના કરવી પડે તે) અર્થાય ક્રિયા, ૨–**'અનર્થાય'** એટલે નિષ્પ્રયોજન–ક્રિયા=વિના પ્રયોજને પણ દોષિત આહારાદિ લેવાં (અથવા કાકિંડા વિગેરે જીવોને મારવા, કે વનના વેલા વિગેરેને તોડવા) ઈત્યાદિ ક્રિયા, ૩–**'હિંસાયૈ'** એટલે હિંસા માટે ક્રિયા, અર્થાત્ દેવ–ગુરૂ કે સઙ્ઘના શત્રુઓને, અથવા 'સર્પ' વિગેરે હિંસક જીવોની હિંસા કરી, કરે છે, કે ભવિષ્યમાં કરશે' એમ સમજી તેઓની ત્રણે કાળની હિંસા માટે દણ્ડ કરવો, તેઓને મારવા તે 'તેણે અમુક હિંસાયૈ' અર્થાત્ હિંસા માટે ક્રિયા, ૪–**અકસ્માત્ ક્રિયા**=કોઇ બીજાને હણુવા માટે બાણ વિગેરે શસ્ત્ર ફેંકવા છતાં ઘાત બીજાનો થાય તે. ૫–**'દૃષ્ટિવિપર્યાસક્રિયા'**=મિત્ર છતાં શત્રુ જાણીને કે ચોર ન

---

૧૬૧–મદસ્થાનોથી અતિચાર એ કારણે લાગે છે કે જે જે પદાર્થો (ભાવો) પ્રાપ્ત થાય તેનો આત્મહિત માટે સદુપયોગ કરી લેવાનું જીવનું કર્ત્તવ્ય છે, તેને બદલે (જડ કર્મોથી મળેલાં) 'જાતિ–કુળ' વિગેરે પરપદાર્થો ઉપર પોતાનો મમતાભાવ કરી તેનો મદ કરવાથી જીવ અભિમાનને પોષે છે, એ એનો સ્પષ્ટ અન્યાય છે. જ્ઞાનીઓ કહે છે કે 'જે જે ભાવોની પ્રાપ્તિનો જીવને મદ થાય છે તે તે ભાવો ભવિષ્યમાં તેને હીણા મળે છે અથવા તો મળતા જ નથી' અને એ યુક્તિસઙ્ગત પણ છે, પારકી વસ્તુનો માલિક થઈ બેસે તેને પુનઃ એવી વસ્તુ કોણુ શા કારણે આપે? વસ્તુતઃ બાહ્યસમ્પત્તિ કે જ્ઞાનાદિગુણોરૂપ આત્મસમ્પત્તિ, કે.ઇનો મદ કરવો હિતકર નથી, કારણુ કે તેનાથી અભિમાન પોષાય છે અને તે આખરે આત્માને અપમાન કરાવે છે, એ હેતુથી (પાચન શક્તિને અનુસારે લીધેલો ખોરાક હિત કરે છે અને ન પચે તેવો તેટલો લેવાથી રોગ પ્રગટે છે. એ ન્યાયે) જીવને પ્રાપ્ત થએલી વસ્તુઓનું અભિમાન વિગેરે અજીર્ણ ન થાય ત્યાં સુધી તે પુણ્યાનુબન્ધી પુણ્યરૂપે ઉપકાર કરે છે અને અભિમાન–મમત્વ વિગેરે થવાથી પાપાનુબન્ધી પુણ્ય રૂપે અપકાર કરે છે ઈત્યાદિ તત્ત્વને સમજીને મદને તજવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તેને ચોર સમજીને હણે તે, ૬–**મૃષાક્રિયા**= (પોતાના કે જ્ઞાતિજન વિગેરેના માટે) મૃષાવાદ (અસત્ય) બોલવા રૂપ ક્રિયા, ૭–**અદત્તાદાનક્રિયા**= (પોતાના કે જ્ઞાતિજન વિગેરેને માટે) સ્વામિઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરૂઅદત્ત એ ચાર પ્રકારનું [૧૬૨] અદત્ત ગ્રહણ કરવાની ક્રિયા, ૮–**અધ્યાત્મક્રિયા**=શ્રી ઋષભદેવ ભગવાનના કોંકણ દેશના સાધુની [૧૬૩] જેમ 'જો મારા પુત્રો વર્તમાનમાં ક્ષેત્રના વેલાઓ વિગેરેને બાળી નાખે તો સારૂં, નહિ તો અનાજ નહિ પાકવાથી દુઃખી થશે' વિગેરે અનુચિત ચિન્તવવું, (અથવા કોઈ નિમિત્ત વિના સ્વપ્રકૃતિથી જ મનમાં ક્રોધ, માન, માયા, લોભ, ક્લેશ વિગેરે કરીને દુઃખી થવું) તે ક્રિયા પોતાના આત્મામાં થતી હોવાથી અધ્યાત્મક્રિયા જાણવી. ૯–**માનક્રિયા**=પોતાનાં 'જાતિ, કુળ, ઐશ્વર્ય બળ, રૂપ, તપ, જ્ઞાન, લાભ' વિગેરેનો મદ (અભિમાન) કરીને, પોતાને મોટો માનીને બીજાને હલકા માનવા, ઇત્યાદિ અભિમાનિકી ક્રિયા, ૧૦–**અમિત્રક્રિયા**=માતા, પિતા, કે સ્વજન સંબન્ધી અથવા જ્ઞાતિજન વિગેરેને તેઓનો અલ્પ અપરાધ છતાં તાડન, તર્જન, દહન વિગેરે સખ્ત શિક્ષા કરવી, (આને 'મિત્રદ્વેષક્રિયા' પણ કહી છે), ૧૧–**માયાક્રિયા**=કપટથી મનમાં જુદું વિચારવું, વચનથી જુદું બોલવું તથા કાયાથી જુદું કરવું, ૧૨–**લોભક્રિયા**=લોભથી આહારાદિ અશુદ્ધ (દોષિત) લેવાં (વાપરવાં) વિગેરે (અથવા પાપારમ્ભમાં કે સ્ત્રીભોગ વિગેરેમાં આસક્ત પોતાના ભોગાદિની રક્ષા કરતો બીજા જીવોને મારે, હણે, બાંધે, ઇત્યાદિ) ક્રિયા, ૧૩–**ઇરિયાપથિકીક્રિયા**= મોહનો ઉપશમ કે ક્ષય થવાથી 'વીતરાગ' થએલા આત્માની કેવળ યૌગિક ક્રિયા, જેમાં માત્ર યોગના વ્યાપારથી ત્રિસામયિક કર્મબન્ધ થાય, પહેલે સમયે બન્ધાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે નિર્જરા થઈ જાય, આ તેર ક્રિયાસ્થાનો[૧૬૪] કહ્યાં, હવે 'चतुर्दशभिर्भूतग्रामैः'= 'ભૂત' એટલે જીવો અને તેના 'ગ્રામ' એટલે સમૂહો, તે ચૌદ જીવસમૂહોમાં તેના અસ્તિત્વ

---

૧૬૨–કોઈ વસ્તુ તેના માલિકની રજા વિના લેવી તે **સ્વામિ અદત્ત**, સજીવ વસ્તુ પોતાની હોવા છતાં તેનો મૂળમાલિક તેમાં રહેલો જીવ છે તેની અનુમતિ નહિ હોવા છતાં તેને ભાગવાથી, ખાવાથી, તે વસ્તુ જે જીવના શરીરરૂપ હોય તે જીવની ચોરી ગણાય માટે તે **જીવઅદત્ત**, બીજાએ આપેલી અજીવ પણ વસ્તુ ભોગવવાની, ખાવાની, લેવાની, જિનાજ્ઞા ન હોય તે લેવામાં, ખાવામાં, વાપરવામાં **તીર્થંકર અદત્ત** અને બીજાએ આપેલી અચિત્ત વસ્તુ શાસ્ત્રનિષિદ્ધ ન હોય તે પણ ગુરૂની અનુમતિ વિના કે તેઓને દેખાડ્યા વિના વાપરવા વિગેરેથી **ગુરૂઅદત્ત** લાગે.

૧૬૩–કોંકણદેશના એક ખેડૂતે પ્રભુ શ્રી ઋષભદેવના શાસનમાં દીક્ષા લીધેલી, તેણે એક દિવસે કાયોત્સર્ગ કરેલો, તેમાં બહુ સમય લાગવાથી ગુરૂએ પૂછ્યું, હે મહાનુભાવ ! આટલો વખત તેં કાયોત્સર્ગમાં શું ચિન્તવ્યું ? તેણે કહ્યું–જીવદયા ! કેવી જીવદયા ચિન્તવી ? ત્યારે કહ્યું કે–અત્યારે વર્ષાઋતુ છે, હું ખેતી કરતો ત્યારે ક્ષેત્રમાં 'સૂડ' (નકામું ઘાસ ઉગ્યું હોય તેને કાપી નાખવાની ક્રિયા) વિગેરે સારી રીતે કરતો હતો, તેથી અનાજ ઘણું પાકવાથી નિર્વાહ સારો થતો, હવે પુત્રો પ્રમાદી હોવાથી 'સૂડ' વિગેરે નહિ કરે તેથી અનાજ ઓછું પાકવાથી તે બિચારા દુઃખી થશે, માટે 'સૂડ' વિગેરે કરે તો સુખી થાય, ઇત્યાદિ દયા ચિન્તવી, ગુરૂએ આવું ચિન્તન કરવું તે સાવદ્ય (પાપરૂપ) છે, એમ સમજાવી નિષેધ કર્યો, ઇત્યાદિ૦

૧૬૪–પહેલાં પાંચ ક્રિયાઓ કહી અને ઉપર તેર ક્રિયાસ્થાનો કહ્યાં, તેમાં ક્રિયા એટલે મન–વચન કે કાયાનો વ્યાપાર (પ્રવૃત્તિ) અને ક્રિયાસ્થાનો એટલે એ વ્યાપારનાં નિમિત્તો (કારણો); એમ ભેદ સમજવો. તેમાં શુભક્રિયા કે તેનાં નિમિત્તરૂપ શુભક્રિયાસ્થાનોમાં અશ્રદ્ધા, અવિધિ કે અનાદર કરવારૂપ અતિચાર અને અશુભક્રિયા કરવા વિગેરેથી તથા તેનાં કારણોમાં આદર વિગેરે કરવાથી અતિચાર સમજવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરેની અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, કે હિંસાદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, ચૌદ ભૂતગ્રામો આ પ્રમાણે છે-સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના એકેન્દ્રિયજીવો, બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય એમ ત્રણ વિકલેન્દ્રિય જીવો, અને સંજ્ઞી તથા અસંજ્ઞી બે પ્રકારે પઞ્ચેન્દ્રિય જીવો, એ સાત પ્રકારોના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે બે ભેદો હોવાથી (૭×૨=૧૪) ચૌદ પ્રકારના જીવો, અથવા ચૌદ ગુણસ્થાનકે વર્તતા ચૌદ પ્રકારના વિશિષ્ટ શુદ્ધિ પામેલા જીવો તે 'ચૌદ ભૂતગ્રામો' સમજવા. 'पञ्चदशभिः परमाधार्मिकैः'=પંદર પ્રકારના અતિ સંક્લિષ્ટ ચિત્તવાળા (परमा+अधार्मिकाः=) પરમાધાર્મિક જાતિના (ભવનપતિ નિકાયના) અસુરોને અઙ્ગે (અશ્રદ્ધાદિ કરવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦ તેઓનાં નામો આ પ્રમાણે છે-૧-અમ્બ, ૨-અમ્બરીશ, ૩-શ્યામ, ૪-શબલ, ૫-રૌદ્ર, ૬-ઉપરૌદ્ર, ૭-કાલ, ૮-મહાકાલ, ૯-અસિપત્ર, ૧૦-ધનુષ્ય, ૧૧-કુમ્ભ, ૧૨-વાલુકા, ૧૩-વૈતરણી, ૧૪-ખરસ્વર અને ૧૫-મહાઘોષ, (એ પરમાધામિઓ સ્વ-સ્વ નામ પ્રમાણે નારકોને ઘણાં દુઃખો આપે છે), 'षोडशभिर्गाथाषोडशकैः'=જેમાં 'ગાથા' નામનું અધ્યયન સોળમું (છેલ્લું) છે, તે સુયગડાઙ્ગ સૂત્રના પહેલા શ્રુતસ્કન્ધનાં સોળ અધ્યયનોમાં (અશ્રદ્ધા-વિપરીત પ્રરૂપણાદિ કરવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તેનાં નામો આ પ્રમાણે છે ૧-સમય, ૨-વૈતાલીય, ૩-ઉપસર્ગ પરિજ્ઞા, ૪-સ્ત્રી પરિજ્ઞા, ૫-નરકવિભક્તિ, ૬-વીરસ્તવ, ૭-(કુશીલીઓની) કુશીલ પરિભાષા, ૮-વીર્ય, ૯-ધર્મ, ૧૦-સમાધિ, ૧૧-માર્ગ, ૧૨-સમવસરણ, ૧૩-અવિતથ, ૧૪-ગ્રન્થ, ૧૫-યદતીત અને ૧૬-ગાથા. 'सप्तदशविधेऽसंयमे'=ચરણ સિત્તરીમાં કહીશું તે સત્તર પ્રકારના સંયમથી વિરૂદ્ધ (અસંયમને) આચરવા વિગેરેથી જે અતિચારો સેવ્યા હોય તેનું પ્રતિક્રમણ૦, 'अष्टादशविधे अब्रह्मणि'=વ્રતાધિકારમાં કહીશું તે અઢાર પ્રકારના બ્રહ્મચર્યથી વિપરીત અબ્રહ્મને આચરવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, 'एकोनविंशत्या ज्ञाताध्ययनैः'='જ્ઞાતાધર્મકથા' નામના છટ્ઠા અઙ્ગસૂત્રના પહેલા શ્રુતસ્કન્ધનાં ઓગણીસ અધ્યયનોમાં (અશ્રદ્ધા, ઉત્સૂત્ર પ્રરૂપણા વિગેરે કરવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તે અધ્યયનો આ પ્રમાણે છે ૧-ઉત્ક્ષિપ્તજ્ઞાત, ૨-સઙ્ઘાટકજ્ઞાત, ૩-અણ્ડકજ્ઞાત, ૪-કૂર્મજ્ઞાત, ૫-સેલકજ્ઞાત, ૬-તુમ્બકજ્ઞાત, ૭-રોહિણીજ્ઞાત, ૮-મલ્લિજ્ઞાત, ૯-માકન્દિજ્ઞાત, ૧૦-ચંદ્રસ્મજ્ઞાત, ૧૧-દાવદ્રવજ્ઞાત, ૧૨-ઉદકજ્ઞાત, ૧૩-મણ્ડુક્કજ્ઞાત, ૧૪-તેતલીજ્ઞાત, ૧૫-નન્દિફળજ્ઞાત, ૧૬-અપરકઙ્કાજ્ઞાત, ૧૭-આકીર્ણજ્ઞાત, ૧૮-સુંસુમાજ્ઞાત અને ૧૯-પુણ્ડરીકજ્ઞાત, 'विंशत्याऽसमाधिस्थानैः'=સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા-મોક્ષમાર્ગમાં સ્થિરતા-દૃઢતા, તેનો અભાવ તે અસમાધિ, તેનાં સ્થાનો એટલે આશ્રયો-નિમિત્તો તે સ્વ-પરને અસમાધિ પેદા કરનારાં હોવાથી તેને અસમાધિ સ્થાનો કહ્યાં છે, તે આ પ્રમાણે વીસ છે ૧-જલ્દી જલ્દી (અયતનાથી) ચાલવું વિગેરે, ૨-અપ્રમાર્જિત સ્થાને બેસવું-સુવું ઈત્યાદિ, ૩-જેમ તેમ પ્રમાર્જેલા સ્થાને બેસવું વિગેરે, ૪-શાસ્ત્રાજ્ઞાથી વધારે શય્યા વાપરવી, ૫-શાસ્ત્રાજ્ઞા ઉપરાન્ત વધારે આસન વાપરવું, (અહીં ઉપલક્ષણથી વસ્ત્ર-પાત્રાદિ સર્વ ઉપકરણો પણ અધિક વાપરવાં તે દોષ સમજી લેવો.) ૬-રત્નાધિક(વડીલ)નો પરાભવ (અપમાનાદિ) કરવો, ૭-સ્થવિરનો [૧૬૫] ઉપઘાત (વિનાશ)

૧૬૫-સ્થવિરોના ત્રણ પ્રકારો છે. એક-સમવાયાઙ્ગ સૂત્ર સુધીના જ્ઞાતા **શ્રુતસ્થવિર**, બીજા-વિશ વર્ષના દીક્ષા પર્યાયવાળા **પર્યાયસ્થવિર**, અને ત્રીજા-સાઠ અથવા સીત્તેર વર્ષની વયવાળા તે **વયસ્થવિર.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો, ૮–પૃથ્વીકાયાદિ ભૂતોની એટલે જીવોની હિંસા કરવી, ૯–ક્ષણિક (સંજ્વલન) કોપ કરવો, ૧૦–લાંબા કાળ સુધી ક્રોધને વશ થવું, ૧૧–બીજાનો અવર્ણવાદ બોલવો (નિન્દાદિ કરવું), ૧૨–કોઈ દોષિતને પણ વારંવાર 'તું ચોર છે, તું દ્રોહી છે, તું કપટી છે,' વિગેરે કહેવું, ૧૩–શાન્ત થએલા કષાયોની પુનઃ ઉદીરણા કરવી, ૧૪–શાસ્ત્રનિષિદ્ધ કાળે સ્વાધ્યાય કરવો, ૧૫–હાથ–પગ સચિત્ત રજથી ખરડાએલા છતાં પ્રવૃત્તિ કરવી, ૧૬–રાત્રિ વિગેરેમાં (દિવસે પણ) અવિવેકથી ઉંચા સ્વરે બોલવું, ૧૭-કલહ (વાક્કલહ) કરવો, ૧૮–ઝંઝા એટલે ગચ્છમાં (સાધુઓમાં) પરસ્પર ભેદ પડાવવો, ૧૯–સૂર્યાસ્ત સુધી આહાર પાણી વિગેરે વાપરવાં, અને ૨૦–એષણાસમિતિનું પાલન નહિ કરવું, આ વીશ અસમાધિનાં[૧૬૬]કારણોને સેવવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિ૦, 'एकविंशत्या शबलैः'=શબલતા એટલે ચારિત્રના (મૂળથી વિરાધના નહિ પણ) દોષો સેવવારૂપ મલિનતા, તેને કરનારાં એકવીશ નિમિત્તોને 'શબલ' કહ્યાં છે, તેમાં ૧–હસ્તક્રિયા કરવા–કરાવવારૂપ અબ્રહ્મનું સેવન, ૨–અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર રૂપે દિવ્યાદિ (દેવ–મનુષ્ય અને તિર્યઞ્ચનું) ત્રિવિધ મૈથુનનું સેવન અર્થાત્ એ ત્રિવિધ મૈથુનને અંગે અતિક્રમાદિ ત્રણ દોષોનું સેવન, (અહીં નિષ્કારણ અતિક્રમાદિ ચારેયને સેવનારો વિરાધક કહ્યો છે. અને કારણે અતિક્રમાદિ ત્રણને સેવનારો શબલ છે, એમ ભેદ સમજવો, આગળના ભેદોમાં પણ એ વિવેક સમજવો.) ૩–ભોજનના–'૧–દિવસનું લીધેલું દિવસે, ૨–દિવસનું લાવેલું રાત્રે, ૩–રાત્રે લીધેલું દિવસે, અને ૪–રાત્રે લીધેલું રાત્રે વાપરવું' એ ચાર ભાંગામાં પહેલો ભાંગો શુદ્ધ છે, શેષ ત્રણ ભાંગા રાત્રિભોજનરૂપ છે, તેને માટે અતિક્રમાદિ દોષો સેવવા તે શબલ જાણવું, ગાઢ કારણે તો જયણાથી રાત્રે સંનિધિ વિગેરે રાખવા છતાં દોષ મનાતો નથી, ૪થી૧૦–માં

૧૬૬–સમાધિ એટલે ચિત્તપ્રસન્નતા, અથવા આત્માનું રાગ–દ્વેષાદિનાં નિમિત્તો ઉપસ્થિત થવા છતાં સમભાવમાં રમવું તે, માનવભવનો સાર સંયમ છે અને સંયમનો સાર સમાધિ છે, આત્માની અનાદિ રાગ–દ્વેષાદિની પરિણતિ રૂપ ભાવકર્મો આવાં અસમાધિનાં નિમિત્તો પામીને એ સમાધિનો ભઙ્ગ કરાવે છે, માટે એ નિમિત્તોને વશ ન થતાં જ્ઞાન અને શ્રદ્ધાના બળે સમભાવમાં રહેવું એ સંયમનો સાર છે, એ કારણે અસમાધિનાં સ્થાનોથી–નિમિત્તોથી બચવું જોઇએ, ન બચવાથી 'જિનાજ્ઞાનો ભઙ્ગ' વિગેરે રૂપ અતિચારો લાગે છે, સ્પર્શન વિગેરે પાંચે જ્ઞાનેન્દ્રિઓથી સર્વ પદાર્થોનું અને તેના ધર્મોનું સ્વરૂપ જાણવાનો જીવને અધિકાર છે, પણ તેને તેમાં રાગ–દ્વેષ વિગેરે કરવાનો અધિકાર નથી, બહેરાને ચન્દનનું કે વિષ્ટાનું જ્ઞાન નથી તેથી તેને રાગ–દ્વેષ થતો નથી, તેમ સંયમી આત્માએ શુભાશુભ ભાવોનું જ્ઞાન હોવા છતાં રાગ–દ્વેષ કરવો નહિ એ તેનું ભાવ ચારિત્ર છે, તેને પ્રગટાવવા માટે જ્યાં સુધી જે નિમિત્તોથી અસમાધિ થાય ત્યાં સુધી તેનાથી દૂર રહીને કે ગુરૂ નિશ્રામાં રહીને સમાધિનું બળ કેળવવું જોઇએ. એ બળ જેટલું વધે અને શુભાશુભ નિમિત્તોની અસરથી રાગ–દ્વેષાદિ ન થાય તેટલું તેનું ચારિત્ર બળ વધ્યું ગણાય, તે ત્યાં સુધી વધે કે સારા ય જગતના સર્વ ભાવોનો તે જ્ઞાતા બને છતાં કોઈ પ્રત્યે રાગ–દ્વેષ ન થાય, એને વીતરાગ દશા કહેવાય છે, કેવળજ્ઞાનાદિ ગુણોની તે ભૂમિકા છે. તેને માટે વૈરાગ્યનું બળ વધારવું જરૂરી છે, માટે રાગ–દ્વેષાદિનાં કારણોનો ત્યાગ કરવાનો છે, એ ત્યાગ આત્માને વૈરાગ્યનું બળ વધારી વીતરાગ બનાવે છે, તેથી વિપરીત અસમાધિનાં સ્થાનોનું સેવન રાગ–દ્વેષાદિની પરિણતિનું પોષણ કરી જન્મ મરણોના ક્લેશો વધારે છે, માટે અસમાધિસ્થાનોના સેવનથી અતિચાર કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧-આધાકર્મિક, ૨-રાજપિણ્ડ, ૩-ક્રીતપિણ્ડ, ૪-પ્રામિત્યકપિણ્ડ, ૫-અભ્યાહૃતપિણ્ડ, ૬-આચ્છેદ્યપિણ્ડ, અને ૭-પ્રત્યાખ્યાત દ્રવ્ય ભોજન-ત્યાગ કરેલો પિણ્ડ, એ સાત પ્રકારનાં દૂષિત-અકલ્પ્ય દ્રવ્યોને નિષ્કારણ ભોગવવામાં અતિક્રમ વિગેરે ત્રણ દોષો સેવવા તે, અહીં પણ વિશિષ્ટ કારણ વિના અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચાર સેવનાર શબલ નહિ પણ વિરાધક જાણવો. ૧૧-જ્ઞાનાદિ પ્રયોજન વિના છ મહિનામાં એક ગણથી બીજા ગણની (ગચ્છની) નિશ્રામાં જવું, ૧૨-એક મહિનામાં ત્રણવાર 'દગલેપ'=નાભિ જેટલા પાણીમાં ઉતરવું, અહીં અર્ધ જઙ્ઘા સુધી પાણીમાં ઉતરવું તે 'સંઘટ્ટ', નાભિ સુધી પાણીમાં ઉતરવું તે 'દગલેપ' અને એથી વધારે ઉંડું ઉતરવું તે 'લેપોપરિ' કહેવાય છે. તેમાં એક માસમાં વધુમાં વધુ બે વાર 'દગલેપ' ઉતરી શકાય, ત્રણ ઉતરે તો શબલ થાય, ૧૩-એક માસમાં ત્રણ વાર કપટ-માયા કરવાથી શબલ, અહીં અનાચરણીય આચરીને લજ્જા (ભયાદિ)થી ગુરૂને નહિ કહેવું-છુપાવવું, તે માયા-કપટ સમજવું, ૧૪-ઈરાદા પૂર્વક (હિંસાથી નિરપેક્ષ) એક-બે અથવા ત્રણવાર લીલીવનસ્પતિના અઙ્કુરા વિગેરે તોડવા, ઈત્યાદિ પ્રાણાતિપાત=હિંસા કરવી, ૧૫-ઈરાદાપૂર્વક એક-બે કે ત્રણવાર જૂટ્ઠું બોલવું, ૧૬-ઈરાદાપૂર્વક એક-બે કે ત્રણવાર અદત્ત વસ્તુ લેવી, ૧૭-ઈરાદાપૂર્વક ભીની, કીડી, મંકોડી વિગેરેનાં ઈંડાંવાળી, ત્રસજીવવાળી કે સચિત્ત બીજ(કણાદિ)વાળી જમીન ઉપર તથા સચિત્ત પત્થર કે કીડાઓએ ખાધેલા (કીડાવાળા) લાકડા ઉપર કંઈપણ આંતરા વિના સીધો સંઘટ્ટો થાય તેમ (આસનાદિ પાથર્યા વિના જ) ઉભા રહેવું-બેસવું, ૧૮-ઈરાદાપૂર્વક નિર્ધ્વંસ પરિણામથી મૂળ-કન્દ-પુષ્પ-ફળ વિગેરે લીલીવનસ્પતિનું ભોજન કરવું, ૧૯-એક વર્ષમાં દશવાર દગલેપ કરવા (નાભિ સુધી પાણીમાં ઉતરવું), ૨૦-એક વર્ષમાં દશવાર માયા કપટ કરવું (ભૂલો કરીને છુપાવવી) અને ૨૧-(ઈરાદાપૂર્વક) સચિત્ત પાણીથી ભીંજાએલા-ગળતા જળબિન્દુવાળા હાથ કે પાત્ર-વાળા દાતાર પાસેથી વહોરીને વાપરવું, એ એકવીશ પૈકી કોઈ પણ શબલથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ૦, તથા 'द्वाविंशत्या परीषहैः'=જેનું સ્વરૂપ મૂળ ગા૦ ૧૨૭ના અર્થમાં જણાવીશું તે બાવીશ પરીષહોમાં (આર્ત્તધ્યાનાદિ કરવા દ્વારા) જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, તથા 'त्रयोविंशत्या सूत्रकृताध्ययनैः'=સૂયગડાઙ્ગ નામના બીજા અઙ્ગસૂત્રનાં ત્રેવીશ અધ્યયનો છે, તેમાં પહેલા શ્રુતસ્કન્ધનાં સોળ 'सोलसहिं गाहासोलसएहिं' ની વ્યાખ્યામાં કહ્યાં, તે ઉપરાન્ત બીજા શ્રુતસ્કન્ધનાં ૧-પુણ્ડરીક, ૨-ક્રિયાસ્થાન, ૩-આહાર પરિજ્ઞા, ૪-પચ્ચક્ખાણ-ક્રિયા, ૫-અનગાર ૬-આર્દ્રકીય, અને ૭-નાલંદીય, એ સાત મળી ત્રેવીશ અધ્યયનોમાં અશ્રદ્ધા; વિપરીત પ્રરૂપણા કે વિરાધનાદિ કરવા દ્વારા લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તથા 'चतुर्विंशत्या देवैः'=શ્રીઋષભદેવાદિ ચોવીશ જિનેશ્વરોની વિરાધનાથી, અથવા દશ ભવનપતિઓ, આઠ વ્યન્તરો, પાંચ જ્યોતિષીઓ અને એક પ્રકારે વૈમાનિક, એમ કુલ ચારે નિકાયના ચોવીશ જાતિના દેવોના અસ્તિત્વાદિમાં અશ્રદ્ધાદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તથા 'पञ्चविंशत्या भावनाभिः'=પાંચ મહાવ્રતોના રક્ષણ માટે ભાવવાની પ્રત્યેકની પાંચ પાંચ મળી પચીસ ભાવનાઓ, જેનું વર્ણન વ્રતાધિકારમાં (ગા૦ ૧૧૬ની વ્યાખ્યામાં) કહીશું, તેનું 'પાલન નહિ કરવું' ઈત્યાદિથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, તથા 'षड्विंशत्या

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दशाकल्पव्यवहाराणामुद्देशनकालैः'=અહીં સૂત્રાદિના ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞા[१६७]માટે ગુરૂને ૭ વન્દન દેવાં, ત્રણ વાર કાયોત્સર્ગ કરવો, ઈત્યાદિ શાસ્ત્રોક્ત (મોટા જોગની) ક્રિયા કરવી. તે ઉદ્દેશન કાળ જાણવા, તે દશાશ્રુતસ્કન્ધનાં દશ અધ્યયનોમાં દશ, કલ્પસૂત્રનાં દશ અધ્યયનોમાં દશ, અને વ્યવહારના ૭ ઉદ્દેશાના ૭, એમ છવ્વીશનું અધ્યયન (યોગ) કરતાં કાલગ્રહણાદિ ક્રિયા અવિધિએ કરવાથી (કે અશ્રદ્ધા-અસદ્ભાવાદિ સેવવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તથા 'सप्तविंशत्याऽनगारगुणैः'=સાધુના સત્તાવીશ ગુણોનું પાલન વિગેરે નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તે ગુણો આ પ્રમાણે છે-૧થી૬-રાત્રિભોજન વિરમણ સહિત ૭ વ્રતોનું પાલન, ૭ થી ૧૧-પાંચ ઇન્દ્રિયોનો વિજય, ૧૨-ભાવશુદ્ધિ, ૧૩-પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાની શુદ્ધિ, ૧૪-ક્ષમાનું પાલન, ૧૫-વૈરાગ્ય, ૧૬-૧૭-૧૮-મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિનો નિરોધ, ૧૯ થી ૨૪-૭ કાય જીવોની રક્ષા (અહિંસા), ૨૫-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય વિગેરે સંયમના વ્યાપારોનું સેવન, ૨૬-શીતાદિ પરીષહોની પીડાઓને સમભાવે સહન કરવી અને ૨૭-પ્રાણાન્ત ઉપસર્ગ વિગેરે પ્રસઙ્ગે પણ સમાધિ રાખવી. 'अष्टाविंशत्या आचारप्रकल्पैः'=અહીં 'આચાર' એટલે આચારાઙ્ગ સૂત્ર, અને પ્રકલ્પ' એટલે તેની જ પાંચમી ચૂલારૂપ 'નિશીથ' નામનું અધ્યયન, એ બે મળીને 'આચારપ્રકલ્પ' કહેવાય, તેમાં આચારાઙ્ગનાં ૨૫ અધ્યયનો હોવાથી તે પચીશ અને પ્રકલ્પનાં (નિશીથનાં) ૧-'ઉદ્ઘાતિમ' (એટલે ઘટાડી શકાય), ૨-'અનુદ્ઘાતિમ' (એટલે ઘટાડી ન શકાય) અને ૩-'આરોપણા' આપેલા પ્રાયશ્ચિત્તમાં દર્પાદિ કારણે વધારો કરી શકાય, એમ (પ્રાયશ્ચિત્ત અને તેને ન્યૂનાધિક કરવાનું જેમાં વર્ણન છે તે) ત્રણ અધ્યયનો મેળવવાથી અટ્ઠાવીશ પ્રકારો થાય, તેમાં (અશ્રદ્ધા-વિપરીત પ્રરૂપણા-વિરૂદ્ધ આચરણ, વિગેરે કરવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, આચારાઙ્ગનાં તે પચીસ અધ્યયનોનાં નામો આ પ્રમાણે છે-૧-શસ્ત્રપરિજ્ઞા, ૨-લોક વિજય, ૩-શીતોષ્ણીય, ૪-સમ્યક્ત્વ, ૫-આવન્તીલોકસાર, ૬-ધૂત (કર્મધૂનન), ૭-વિમોહ, ૮-ઉપધાનશ્રુત, ૯-મહાપરિજ્ઞા, ૧૦-પિણ્ડૈષણા, ૧૧-શય્યા, ૧૨-ઈર્યા, ૧૩-ભાષાજાત, ૧૪-વસ્ત્રૈષણા, ૧૫-પાત્રૈષણા, ૧૬-અવગ્રહપ્રતિમા, ૧૭-થી-૨૩માં ૧-સ્થાન, ૨-નૈષેધિકી, ૩-ઉચ્ચારપ્રશ્રવણ, ૪-શબ્દ, ૫-રૂપ, ૬-પરક્રિયા અને ૭-અન્યોન્યક્રિયા, એ સાત સપ્તિક (સત્તકીયાં), ૨૪-ભાવના અને ૨૫-વિમુક્તિ. પહેલાશ્રુતસ્કન્ધમાં તે નવ અને બીજામાં સોળ છે. 'एकोनत्रिंशता पापश्रुतप्रसङ्गैः'=પાપના કારણભૂત ૨૯ ગ્રન્થો તે પાપશ્રુતો અને તેના પ્રસઙ્ગો એટલે સેવા (આચરણ) તે પાપશ્રુતપ્રસઙ્ગો, તેના સેવવા વિગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તે ઓગણત્રીશ આ પ્રમાણે છે-નિમિત્ત શાસ્ત્રનાં આઠ અઙ્ગો તેમાં, ૧-'દિવ્ય'=વ્યન્તરાદિ દેવોના અટ્ટહાસ વિગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૨-'ઉત્પાત'=રૂધિરના વરસાદ, વિગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૩-'આન્તરિક્ષ'=આકાશમાં થતા ગ્રહોના ભેદ વિગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૪-'ભૌમ'=ભૂમિકમ્પ વિગેરે પૃથ્વીના વિકારના આધારે 'આનું આમ થશે' વિગેરે ફળ જણાવ્યું હોય, ૫-'અઙ્ગ' એટલે શરીરની ચેષ્ટા ઉપરથી તેનું ફળ જણાવનાર, ૬-'સ્વર'='ષડ્જ'

૧૬૭-ઉદ્દેશ=મૂળસૂત્ર ભણાવવું-ભણવું, સમુદ્દેશ=અર્થથી ભણવું-ભણાવવું, સ્થિરકરવું અને અનુજ્ઞા=ભણેલું બરાબર છે એવી પરીક્ષા પૂર્વક બીજાને ભણાવવાની આજ્ઞા લેવી દેવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે સ્વરોનું સ્વરૂપ (અને પક્ષિઓ વિગેરેના સ્વરોનું ફળ) જણાવનાર, ૭–'વ્યઞ્જન'=શરીર ઉપરના મસ તલ વિગેરેનું ફળ જણાવનાર અને ૮–'લક્ષણ'=અઙ્ગની રેખાઓ વિગેરે ઉપરથી તેનું ફળ જણાવનાર, નિમિત્તશાસ્ત્રનાં આ આઠ અઙ્ગોના દરેકના ત્રણ ત્રણ ભેદો છે–૧–સૂત્ર, ૨–વૃત્તિ અને ૩–[૧૬૮]વાર્તિક, એ ત્રણથી ગુણતાં (૮×૩=૨૪) ચોવીશ, ૨૫–સંગીતશાસ્ત્ર, ૨૬–નૃત્યશાસ્ત્ર, ૨૭–વાસ્તુવિદ્યા (શિલ્પશાસ્ત્ર), ૨૮–વૈદ્યક (ચિકિત્સા) શાસ્ત્ર અને ૨૯–ધનુર્વેદ વિગેરે (શસ્ત્રકળાજ્ઞાપક) શાસ્ત્ર,[૧૬૯] અઙ્ગવિજ્જા નામના પયન્નાસૂત્રમાં તો નિમિત્તના આઠ અઙ્ગો આ પ્રમાણે કહ્યાં છે ૧–અઙ્ગ, ૨–સ્વપ્ન, ૩–સ્વર, ૪–વ્યઞ્જન, ૫–ભૌમ, ૬–લક્ષણ, ૭–ઉત્પાત, અને ૮–આન્તરિક્ષ (અર્થાત્ દીવ્યને બદલે સ્વપ્નશાસ્ત્ર કહેલું છે એટલો ભેદ જાણવો. 'त्रिंशता मोहनीयस्थानैः'=મોહનીય નામનું ચોથું કર્મ બાંધવાનાં ત્રીસ કારણો સેવવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તે કારણો આ પ્રમાણે છે–૧–ક્રૂર પરિણામથી સ્ત્રી વિગેરે નિર્બળ જીવોને પાણીમાં ડુબાવીને મારી નાખવા, ૨–હાથથી કે વસ્ત્રાદિથી મુખ બન્ધ કરીને (ડુચો દઇને, શ્વાસ ગુંગળાવીને, ગળે ટુંપો દઇને, કે એવા કોઇ ક્રૂર પ્રયોગથી) નિર્દયપણે મારી નાખવા, ૩–રોષથી માથે ચામડાની વાધર વીંટીને (બાંધીને) ખોપરી તોડીને મારી નાખવા, ૪–મોગર, હથોડો, ઘણ કે પત્થર વિગેરેથી માથું ફોડવું વિગેરે ખરાબ મારથી મારી નાખવા, ૫–સંસાર સમુદ્રમાં ડુબતા જીવોને પરમ આધારભૂત (ગણધર, આચાર્ય વિગેરે) ધર્મના નાયકને (કે ઘણા જીવોને આજીવિકા પુરનારને) હણવો, ૬–છતા સામર્થ્યે નિર્ધ્વંસ પરિણામથી ગ્લાન વિગેરેની ઔષધાદિથી સેવા ન કરવી, ૭–સાધુને (કે દીક્ષાર્થી ગૃહસ્થને) બળાત્કારે ધર્મભ્રષ્ટ કરવો, (કે દીક્ષામાં અન્તરાય નાખવો), ૮–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી વિપરીત પ્રરૂપણા, સાધુની કે ધર્મસાધનોની નિન્દા, વિગેરે કરીને તેના ઉપર બીજાઓને અરૂચિ–અસદ્ભાવ પેદા કરવા દ્વારા સ્વ–પરનો અપકાર કરવો, અર્થાત્ લોકોને જૈનશાસનના દ્વેષી બનાવવા, ૯–કેવલજ્ઞાન છે જ નહિ, અથવા કોઇ કેવળી બને જ નહિ, વિગેરે તીર્થંકરોની કે કેવલ–જ્ઞાનીઓની નિન્દા કરવી, ૧૦–આચાર્ય, ઉપાધ્યાય, વિગેરે સાધુ વર્ગની (કે તેઓનાં જાતિ–જ્ઞાન વિગેરેની) નિન્દા કરવી, ૧૧–જ્ઞાનદાન વિગેરેથી ઉપકાર કરનારા પોતાના ઉપકારી પણ આચાર્ય–ઉપાધ્યાય–ગુરૂ આદિની સેવા–વૈયાવચ્ચ ન કરવી, ૧૨–પુનઃ પુનઃ નિમિત્ત કહેવારૂપ અધિકરણ કરવી, અર્થાત્ નિમિત્તો વિગેરે કહેવાં, ૧૩–તીર્થનો ભેદ (કુસંપ) કરાવવો, ૧૪–વશીકરણાદિ કરવું, ૧૫–ત્યાગ (પચ્ચક્ખાણ) કરેલા ભોગોની ઇચ્છા કરવી, ૧૬–બહુશ્રુત ન હોય છતાં પોતાને બહુશ્રુત કે તપ ન કરવા છતાં તપસ્વી તરીકે વારંવાર જાહેર કરવો, (બહુશ્રુતમાં કે તપસ્વીમાં ગણાવવું), ૧૭–અગ્નિના ધુમાડામાં ગુંગળાવીને ઘણાઓને મારી નાખવા, ૧૮–પોતે પાપકર્મ કરીને બીજાને શિરે ચઢાવવું, ૧૯–પોતાના અસદ્ આચરણને (દોષોને) કપટથી છુપાવી બીજાઓને ઠગવા,

૧૬૮–સૂત્ર=મૂળગ્રન્થ, વૃત્તિ=સૂત્રના અર્થનું સંસ્કૃતમાં વિસ્તૃત નિયમન અને વાર્તિક=વૃત્તિના કોઇ કોઇ ભાગનું વિશેષ સ્પષ્ટીકરણ, એમ ત્રણમાં વિશેષતા સમજવી.

૧૬૯–'શ્રુત' એ જ્ઞાનના ભેદ રૂપે આત્માનો ગુણ છે, તેના બળથી આત્મગુણોનો વિકાસ સાધવો એ ન્યાય છે અને હિંસાદિ પાપોનું સેવન કરવું તે અન્યાય છે, અર્થાત્ જ્ઞાનનો દુરૂપયોગ કરવારૂપ આશાતના છે, આ શાસ્ત્રો પ્રાયઃ હિંસાદિ આશ્રવોનાં પ્રરૂપક અને પોષક હોવાથી પાપશ્રુત કહ્યાં છે, તેનું જ્ઞાન જીવને આશ્રવોમાંથી બચવા બચાવવા માટે જરૂરી છે, તેને બદલે તેનું આચરણ કરવાથી અતિચાર લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પોતાને સદાચારીમાં ગણાવવો), ૨૦–અસદ્ભાવથી સભામાં સત્ય બોલનારને પણ જુટ્ઠો ઠરાવવો, ૨૧–નિત્યકલહ કરાવવો, ૨૨–બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરીને (અટવી વિગેરેમાં લઇ જઇને) તેનું ધન વિગેરે લુંટવું, ૨૩–એ રીતે પરને વિશ્વાસ પમાડીને તેની સ્ત્રીને લોભાવવી–લલચાવવી, ૨૪–કુમાર નહિ છતાં બીજાની આગળ પોતાને કુમાર તરીકે જણાવવું, ૨૫–એ રીતે બ્રહ્મચારી નહિ છતાં પોતાને બ્રહ્મચારી જણાવવો, ૨૬–જેની સહાયથી પોતે ધનાઢ્ય થયો હોય તેના ધનનો લોભ કરવો, ૨૭–જેના પ્રભાવથી પોતે લોકમાં પ્રસિદ્ધ (યશસ્વી) થયો હોય તેને કોઈ પ્રકારે અન્તરાય (દુઃખી) કરવો, ૨૮–રાજા, સેનાપતિ, મન્ત્રી, રાષ્ટ્રચિન્તક, વિગેરે ઘણા જીવોના નાયકને (રક્ષક–પાલકને) હણવો, ૨૯–દેવોને નહિ દેખવા છતાં કપટથી 'હું દેવોને દેખું છું' એમ કહી અસત્ય પ્રભાવ વધારવો અને ૩૦–દેવોની અવજ્ઞા કરવી, અર્થાત્ 'વિષયાન્ધ દેવોનું શું પ્રયોજન છે ? હું જ દેવ છું' એમ બીજાઓને જણાવવું, (આઠે કર્મોને શાસ્ત્રમાં સામાન્યથી મોહ એવું નામ આપેલું હોવાથી આ ત્રીસ પ્રકારોથી સામાન્યતયા આઠેય કર્મો અને વિશેષતયા મોહનીયકર્મ બન્ધાય છે) આ મહામોહને પેદા કરનારાં છે અને સાધુઓને જેનો પક્ષ થવો સમ્ભવિત છે એવાં આ ત્રીસ સ્થાનકો પૈકી કોઇ પાપ કરવાથી, કોઇ પાપ કરાવવાથી અને મનમાં કોઇ પાપ કરવાની ઈચ્છા વિગેરે કરવાથી જે કોઈ અતિચાર[૧૭૦] લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ૦, તથા 'एकत्रिंशता सिद्धादिगुणैः'=જીવને આઠ કર્મોના નાશ રૂપ સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થતાં પ્રારમ્ભમાં જ પ્રગટ થતા હોવાથી જે સિદ્ધોના આદિ ગુણો કહેવાય છે તે એકત્રીસ છે, તેમાં અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, અનાદર, અબહુમાન વિગેરે કરવાથી જે અતિચારો લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ૦, એ ગુણો આ પ્રમાણે કહ્યા છે–(ગોળ, ચોરસ, લમ્બચોરસ, ત્રિકોણ અને વલયાકાર, એમ) પાંચ સંસ્થાનો (આકૃતિઓ), શુક્લાદિ પાંચ વર્ણો, સુરભિ–દુરભિ બે પ્રકારનો ગન્ધ, મધુર વિગેરે પાંચ પ્રકારનો રસ, ગુરૂ–લઘુ વિગેરે આઠ સ્પર્શો અને પુવેદ વિગેરે ત્રણ વેદો, એ અટ્ઠાવીશના અભાવરૂપ અટ્ઠાવીશ તથા અશરીરિ-પણું, અસઙ્ગપણું અને જન્મનો અભાવ, એમ એકત્રીશ, અથવા આઠકર્મોના ૩૧ ઉત્તરભેદોના ક્ષયથી પ્રગટ થતા એકત્રીશ ગુણો સમજવા. તે ૩૧ ભેદો આ પ્રમાણે છે–જ્ઞાનાવરણીય કર્મના પાંચ, દર્શનાવરણીયના નવ, વેદનીયના બે, મોહનીયના (દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ) બે, આયુષ્યના ચાર, નામ કર્મના (શુભ–અશુભ) બે, ગોત્રના બે અને અન્તરાયના પાંચ એમ એકત્રીશ પ્રકારનાં કર્મોનો ક્ષય થવાથી પ્રગટતા એકત્રીશ ગુણો સમજવા. '**द्वात्रिंशता योगसङ्ग्रहैः**'=મન વચન અને કાયાની પ્રશસ્તતારૂપ શુભયોગોના સંગ્રહ માટેનાં નિમિત્તો (ઉપાયો) રૂપ 'આલોચના' વિગેરેને યોગસંગ્રહ કહ્યાં છે, તેના બત્રીસ પ્રકારોમાં જે કોઈ અતિચારો સેવ્યા હોય તેનું પ્રતિક્રમણ૦, તે પ્રકારો આ પ્રમાણે છે ૧–શિષ્યે વિધિપૂર્વક આચાર્યને આલોચના દેવી, અર્થાત્ નિષ્કપટભાવે પોતાના અપરાધોને કહી જણાવવા, ૨–આચાર્યે પણ શિષ્યના તે તે અપરાધોને જાણવા છતાં બીજાને નહિ જણાવવા, ૩–આપત્તિના પ્રસઙ્ગે (દ્રવ્યાદિ

૧૭૦–પૂર્વોપાર્જિત મોહનીયાદિ કર્મોના ઉદયથી વર્તમાનમાં જીવને આવાં અતિદુષ્ટ પાપો કરવાની ઈચ્છા થવી સમ્ભવિત છે, પણ એથી પુનઃ તેવાં આકરાં કર્મોને બાંધીને જીવ સ્વ–પરનો ઘાત કરતો સંસારમાં ભટકે છે, તેવું ન બને એ ઉદ્દેશથી શાસ્ત્રોમાં તે મહામોહનાં કારણોને તજવાનો ઉપદેશ કર્યો છે, છતાં તેને આચરે તો અતિચાર લાગે એમ સમજવું.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

ચાર પ્રકારના ઉપસર્ગોમાં) પણ ધર્મમાં દૃઢતા કેળવવી, ૪-ઉપધાન (વિવિધ તપ) કરવામાં આ લોક-પરલોકનાં (જડ) સુખોની અપેક્ષા ન રાખવી, ૫-ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષાનું વિધિથી સેવન કરવું. (વિધિ પૂર્વક જ્ઞાન ભણવું અને ક્રિયામાં પ્રમાદ નહિ કરવો,) ૬-શરીરનું પ્રતિકર્મ (શુશ્રુષા-શોભા વિગેરે) નહિ કરવું, ૭-પોતાનો તપ બીજો જાણે નહિ તેમ ગુપ્ત કરવો, ૮-નિર્લોભતા માટે યત્ન કરવો-લોભ તજવો, ૯-પરીષહો-ઉપસર્ગો, આદિનો જય કરવો, સમભાવે સહવા, દુર્ધ્યાન નહિ કરવું, ૧૦-સરળતા રાખવી, ૧૧-સંયમમાં તથા વ્રત વિગેરેમાં (મૂલ-ઉત્તર ગુણોમાં) પવિત્રતા રાખવી (અતિચાર નહિ સેવવા), ૧૨-સમ્યક્ત્વની શુદ્ધિ સાચવવી (દૂષણાદિ નહિ સેવવું), ૧૩-ચિત્તમાં સમાધિ કેળવવી (રાગ-દ્વેષાદિ નહિ કરવાં), ૧૪-આચારોનું પાલન કરવું (દેખાવ માત્ર નહિ કરવો), ૧૫-વિનીત થવું (કરવા યોગ્યનો દરેકનો વિનય કરવો) માન નહિ કરવું, ૧૬-ધૈર્યવાન થવું (દીનતા નહિ કરવી), ૧૭-સંવેગમાં (મોક્ષની જ એક સાધનામાં) તત્પર રહેવું, ૧૮-માયાનો ત્યાગ કરવો, ૧૯-દરેક અનુષ્ઠાનોમાં સુન્દર વિધિ સાચવવી, ૨૦-સંવર કરવો (નવો કર્મબન્ધ અને તેટલો અટકાવવો), ૨૧-આત્માના દોષોનો ઉપસંહાર કરવો (ઘટાડવા), ૨૨-સર્વ પૌદ્ગલિક ઈચ્છાઓના વિરાગની-ત્યાગની ભાવના કેળવવી, ૨૩-મૂળ ગુણોમાં (ચરણ સિત્તરીમાં) વિશેષ વિશેષ પચ્ચક્ખાણ (વધારો) કરવાં, ૨૪-ઉત્તરગુણોમાં (કરણ સિત્તરીમાં) પણ સવિશેષ પચ્ચક્ખાણ (વધારો) કરવાં, ૨૫-દ્રવ્ય અને ભાવ ઉભય વિષયમાં (વિવિધ) વ્યુત્સર્ગ (ત્યાગ) કરવો, (દ્રવ્યથી બાહ્ય ઉપધિ આદિનો અને ભાવથી અન્તરઙ્ગ રાગ-દ્વેષાદિનો ત્યાગ કરવો, પક્ષ તજવો), ૨૬-અપ્રમત્ત ભાવ કેળવવો, ૨૭-ક્ષણે ક્ષણે સાધુ-સામાચારીનું રક્ષણ-પાલન કરવું, ૨૮-શુભ ધ્યાનરૂપ સંવરયોગ સેવવો, ૨૯-પ્રાણાન્તવેદનાના ઉદયે પણ મનમાં ક્ષોભ નહિ કરવો, ૩૦-પુદ્ગલના સંબંધનું જ્ઞાન મેળવવું અને તેનો ત્યાગ વધારવા માટે સવિશેષ પચ્ચક્ખાણ કરવાં, ૩૧-અપરાધોનું પ્રાયશ્ચિત્ત કરવું, અને ૩૨-અન્ત કાલે આરાધના (સંલેખના-નિર્યામણા) કરવી, એમ ૩૨ યોગસંગ્રહોનું પાલન-આચરણ (કે શ્રદ્ધા વિગેરે) નહિ કરવાથી લાગેલા અતિચારોનું[૧૭૧] પ્રતિક્રમણ૦, 'त्रयस्त्रिंशता आशातनाभिः'= આ ગ્રન્થના પહેલા ભાગમાં ગુરૂવન્દન અધિકારમાં કહેલી ગુરૂની તેત્રીશ આશાતનાઓ દ્વારા, અથવા અહીં જ હવે પછી સાક્ષાત્ કહીએ છીએ તે તેત્રીશ આશાતનાઓ દ્વારા લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ૦, તે આશાતનાઓ અરિહન્તથી માંડીને વાચનાચાર્ય સુધીના ઓગણીસની ઓગણીસ, તથા 'વ્યાવિદ્ધ' થી માંડીને છેલ્લે 'સ્વાધ્યાય કાળે સ્વાધ્યાય ન કર્યો' ત્યાં સુધીની શ્રુત જ્ઞાનની ચૌદ મળીને તેત્રીશ સમજવી. તેમાં ૧-'अर्हतामाशातनया'=અરિહન્તો નથી, અથવા તેઓ ત્યાજ્ય જાણવા છતાં ભોગોને કેમ ભોગવે? ઈત્યાદિ બોલવા વિગેરેથી કરેલી અરિહન્તની આશાતના દ્વારા, ૨-'सिद्धानामाशातनया'=કોઈ સિદ્ધો નથી, ઈત્યાદિ બોલવા વિગેરેથી કરેલી

૧૭૧-સિદ્ધના ૩૧ આદિ ગુણોનું અને યોગસઙ્ગ્રહના ૩૨ ઉપાયોનું જેમ જેમ વધારે ધ્યાન, આદર, આચરણ થાય તેમ તેમ આત્મા અરિહન્તાદિ પઞ્ચપરમેષ્ઠિઓની નજીકમાં પહોંચે છે અને કામ ક્રોધાદિ મલિન તત્ત્વો મન્દ પડતાં જાય છે, એના પરિણામે આત્મામાં જ્ઞાનાદિ ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે, માટે તેને સેવવાનું (આચરવાનું) શાસ્ત્રીય વિધાન છે, તેને નહિ સેવવાથી જિનાજ્ઞાનો ભઙ્ગ વિગેરે થવાથી અતિચારો લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધોની આશાતના દ્વારા, ૩–'आचार्याणामाशातनया, ૪–'उपाध्यायानामाशातनया'=આ મ્હારાથી ન્હાનો છે, અકુલીન છે, દુર્બુદ્ધિ છે, અલ્પલબ્ધિ(શક્તિ)વાળો છે,' ઈત્યાદિ આચાર્યની હલકાઈ–અપમાન કરવારૂપ કરેલી આચાર્યની આશાતના દ્વારા, તથા એ જ પ્રમાણે કરેલી ઉપાધ્યાયની આશાતના દ્વારા, ૫–૬–'साधूनामाशातनया–साध्वीनामाशातनया'=એટલે ભોજન, વાચના, વિગેરે પ્રસઙ્ગોમાં 'આ તો અવસરને ઓળખતા નથી' ઈત્યાદિ બીજા સાધુ–સાધ્વીના અવર્ણવાદ (અપમાનાદિ) કરવાથી સાધુ–સાધ્વીને અઙ્ગે કરેલી આશાતના દ્વારા, ૭–૮–'श्रावकानामाशातनया –श्राविकानामाशातनया'=શ્રાવક તથા શ્રાવિકાને અઙ્ગે પણ 'જિનધર્મને જાણવા છતાં વિરતિ (ચારિત્ર) નહિ લેનારા એવાને 'ધન્ય–પુણ્ય' (ભાગ્યવાન) કેમ કહેવાય ?' વિગેરે અસદ્ભાવાદિથી કરેલી આશાતના દ્વારા, ૯–૧૦–'देवानामाशातनया–देवीनामाशातनया'=દેવોને તથા દેવીઓને અઙ્ગે પણ 'એ તો અવિરતિ છે, કામભોગમાં આસક્ત છે, સામર્થ્ય છતાં તીર્થની (શાસનની) રક્ષા કે પ્રભાવના કરતા નથી, વિગેરે અવર્ણવાદ બોલવાથી કરેલી આશાતના દ્વારા, ૧૧–૧૨–'इहलोकस्याशातनया-परलोकस्याशातनया'=મનુષ્યદિને મનુષ્યપણું વિગેરે સમાનજન્મ તે આ લોક અને મનુષ્યદિને દેવપણું વિગેરે અસમાનજન્મ તે પરલોક જાણવો, તેને અઙ્ગે અસત્ય પ્રરૂપણા વિગેરે કરવાથી કરેલી આશાતના દ્વારા, ૧૩–'केवलिप्रज्ञप्तस्य धर्मस्याशातनया'=કેવલજ્ઞાનીઓએ કહેલા શ્રુત–ચારિત્ર (જ્ઞાન–ક્રિયા) રૂપ ધર્મની, જેમકે–'આગમ પ્રાકૃતભાષામાં રચેલું છે, તે કોણ જાણે છે કે કોણે રચેલું છે' વિગેરે શ્રુતને અઙ્ગે તથા 'જેમાં દાન દેવાનું નથી તે ચારિત્રથી શું કલ્યાણ થાય ?' વિગેરે ચારિત્રને અઙ્ગે અસત્ય–અવર્ણવાદ બોલવાથી કરેલી આશાતના દ્વારા, ૧૪–'सदेवमनुजाऽसुरलोकस्याशातनया'=અહીં દેવથી ઊર્ધ્વલોક, મનુષ્યથી તિર્છોલોક અને અસુર શબ્દથી અધોલોક, એમ ત્રણલોક (રૂપ ચૌદરાજ) ને અંગે 'સાત દ્વીપ–સાત સમુદ્ર જેટલો જ લોક છે, બ્રહ્માએ તેને ઉત્પન્ન કરેલો છે, અથવા પ્રકૃતિ અને પુરૂષના યોગથી થયેલો છે' વિગેરે અસત્ય પ્રરૂપણાદિ કરવાથી કરેલી આશાતના દ્વારા, ૧૫–'सर्वप्राणभूतजीवसत्त्वानामाशातनया'='પ્રાણાઃ'–એટલે બેઇન્દ્રિયાદિ પ્રગટ શ્વાસોચ્છ્વાસ–વાળા થએલા થતા કે થનારા ત્રસ જીવો, 'ભૂતાનિ'=પૃથ્વી વિગેરે સ્થાવર જીવો, 'જીવાઃ'=જીવે તે જીવ, અર્થાત્ આયુષ્યને ભોગવતા સર્વ સંસારી જીવો, અને 'સત્ત્વાઃ'=સંસારી–અસંસારી સર્વ જીવો, એમ જુદો જુદો અર્થ સમજવો, અથવા ભિન્ન ભિન્ન દેશમાં જન્મેલા શિષ્યોને સમજવા માટે ભિન્ન ભિન્ન શબ્દ પ્રયોગ કરેલો હોવાથી દરેકનો અર્થ એક જ 'સર્વ જીવો' એમ સમજવો, તેઓને અંગે તેમના સ્વરૂપથી વિપરીત પ્રરૂપણા (અશ્રદ્ધા) આદિ કરવાથી થએલી આશાતના દ્વારા, તે વિપરીત પ્રરૂપણા આ રીતે–જેમકે, બેઇન્દ્રિય વિગેરે જીવો માત્ર અંગુઠાના પર્વ જેવડા જ છે, પૃથ્વી આદિમાં તો હાલવું ચાલવું વિગેરે ચૈતન્યક્રિયા દેખાતી નથી માટે તેઓ જીવ છે જ નહિ, જીવો ક્ષણિક (અનિત્ય) છે, સત્ત્વો તો સંસારી છે અને તે માત્ર અંગુઠાના પર્વ જેવડા જ છે, સંસારથી પાર પામેલા કોઈ છે જ નહિ, મોક્ષ તો બુઝાએલા દીપક સરખો છે, વિગેરે કોઈ કોઈ દર્શનવાળાનાં તેવાં તેવાં મન્તવ્યોને અનુસરીને જે જે કહેવું તે અસત્ય પ્રરૂપણા સમજવી. ૧૬–'कालस्याशातनया'=કાળ દ્રવ્યને ન માને, કાળ છે જ નહિ, અથવા જગત કાળની પરિણતિરૂપ છે ઈત્યાદિ કાળની વિપરીત પ્રરૂપણા–અશ્રદ્ધાદિ કરવાથી કરેલી આશાતના દ્વારા, ૧૭–'श्रुतस्याशातनया'=જ્ઞાનાચારને અંગે વિપરીત બોલે, જેમકે–માંદાને વળી કાળ અકાળ કયો ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેલાં વસ્ત્ર ધોવામાં વળી કાળ-અકાળ કેવો ? જો જ્ઞાન મોક્ષનું સાધન છે તો તેને માટે 'આ કાળ અને આ અકાળ' વિગેરે શા માટે ? તથા 'આગમમાં જ્યાં ત્યાં તે જ છ કાયનું, તે જ વ્રતોનું, વિગેરે વારંવાર એક વિષયનાં વર્ણન કરીને પુનરૂક્તિ દોષ કર્યો છે, સાધુને વળી જ્યોતિષની શી જરૂર છે કે-જ્યોતિષપ્રાભૃત વિગેરે ગ્રન્થો રચ્યા હશે ? આ રીતે શાસ્ત્રોનો અવર્ણવાદ બોલવો, ઇત્યાદિ આશાતના દ્વારા લાગેલા અતિચારનું પ્રતિક્રમણ૦, ઉપર શ્રુતધર્મની અને અહીં સ્વતન્ત્ર શ્રુતની આશાતના કહી માટે પુનરૂક્ત દોષ સમજવો નહિ. 'श्रुतदेवताया आशातनया'= 'શ્રુત દેવી છે જ નહિ. અથવા તેનામાં કંઈ સારૂં ખોટું કરવાની શક્તિ જ નથી' વિગેરે વિપરીત બોલવારૂપ આશાતના દ્વારા, ૧૯-'वाचनाचार्यस्याशातनया'=વાચનાચાર્યને અંગે 'સામાના સુખ-દુઃખનો ખ્યાલ કર્યા વિના વારંવાર ઘણાં વન્દન દેવરાવે છે' ઇત્યાદિ અસદ્‌ભાવવાળું વચન બોલવા વિગેરેથી કરેલી આશાતના દ્વારા, એમ અહીં સુધી ઓગણીસ આશાતનાઓ કહી. હવે પછીનાં 'जं वाइद्धं' વિગેરે ચૌદ પદો કહીશું તે શ્રુતની ક્રિયા અને કાળ વિષયક આશાતનાનાં પદો છે, માટે પુનરૂક્તિ દોષ સમજવો નહિ. ૧-'यद्व्याविद्धम्'=સૂત્રાદિમાં જે અસ્તોવ્યસ્ત કર્યું, જેમ રત્નની માળાના દોરામાં રત્નો નાનાં મોટાં જેમ તેમ પરોવે તેમ શ્રુતમાં પણ ક્રમ વિગેરે સાચવે નહિ, ઉચ્ચાર યથાર્થ કરે નહિ, ઇત્યાદિ આશાતના દ્વારા જે અતિચાર કર્યો હોય તેનું પ્રતિક્રમણ૦, એમ આગળ પણ વાક્યસંબન્ધ સમજવો. ૨-'व्यत्याम्रेडितम्'=જ્યાંથી ત્યાંથી વસ્તુ લાવીને બનાવેલી કોળીની ક્ષીરની જેમ જુદાં જુદાં શાસ્ત્રોના પાઠો (અંશો) ભેગા કરીને સૂત્રના મૂળસ્વરૂપને બદલી નાખવારૂપ આશાતના દ્વારા, ૩-'हीनाक्षरम्'=એકાદિ અક્ષરો ન્યૂન કરવા રૂપ [૧૭૨]આશાતના દ્વારા, ૪-'अत्यक्षरम्'=એક કે અનેક અક્ષરો વધારવારૂપ આશાતના દ્વારા, ૫-'पदहीनम्'=(એકાદિ)પદ ઘટાડવા રૂપ આશાતના દ્વારા, ૬-'विनयहीनम्'=ઉચિત વિનય નહિ કરવારૂપ આશાતનાદ્વારા, ૭-'घोषहीनम्'= ઉદાત્ત, અનુદાત્ત, વિગેરે તે તે વર્ણનો ઘોષ (અવાજ) યથાર્થ નહિ કરવા રૂપ આશાતના દ્વારા, ૮-'योगहीनम्'=વિધિપૂર્વક યોગોદ્વહન નહિ કરવા રૂપ આશાતના દ્વારા, ૯-'सुष्ठु दत्तम्'=અહીં સુષ્ઠુ શબ્દનો પ્રાચીનભાષામાં 'અધિક' અર્થ થતો હોવાથી ગુરૂએ અલ્પ શ્રુતને યોગ્ય સાધુ વિગેરેને 'સુષ્ઠુ' એટલે ઘણું સૂત્ર આપ્યું, અર્થાત્ યોગ્યતા ઉપરાન્ત વધારે ભણાવવા રૂપ આશાતના દ્વારા, ૧૦-'दुष्ठु प्रतीच्छितम्'=શિષ્યે કલુષિત ચિત્તે ગ્રહણ કરવા (ભણવા) રૂપ આશાતના દ્વારા, ૧૧-૧૨-'अकाले कृतः स्वाध्यायः-काले न कृतः स्वाध्यायः'=સ્વાધ્યાય માટે નિષિદ્ધ કાળમાં સ્વાધ્યાય કર્યો અને અનિષિદ્ધ કાળમાં સ્વાધ્યાય ન કર્યો, એમ ઉભય આશાતના દ્વારા, ૧૩-૧૪-'अस्वाध्यायिके स्वाध्यायितम्-स्वाध्यायिके न स्वाध्यायितम्'=અહીં વ્યાકરણના નિયમ પ્રમાણે સ્વાર્થમાં પ્રત્યય હોવાથી 'સ્વાધ્યાય' એ જ 'સ્વાધ્યાયિક' અને સ્વાધ્યાયિક નહિ તે અસ્વાધ્યાયિક જાણવું, તેનાં કારણભૂત 'રૂધિર-હાડકુ' વિગેરેને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી

૧૭૨-જેમ નામું લખવામાં એક મીંડું કે અઙ્ક સંખ્યામાં ન્યૂનાધિક લખાઈ જાય તો સરવૈયું મળે નહિ, અનર્થ થાય, તેમ આગમસૂત્રનો પણ અક્ષર કાનો માત્રા વિગેરે ન્યૂનાધિક થવાથી અર્થનો અનર્થ સંભવિત છે, તેમ ન બને એ હેતુથી પૂર્વાચાર્યોએ અક્ષરોની, પદોની અને ગુરૂ-લઘુ અક્ષરોની ગણના કરી અન્તે જણાવેલી હોય છે, તેમાં હીનાધિક કરવાથી અનર્થ થાય માટે અતિચાર સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્વાધ્યાયિક કહેવાય, તે અસ્વાધ્યાયિકનું સ્વરૂપ અસ્વાધ્યાયનિર્યુક્તિમાંથી જોઈ લેવું.[૧૭૩]

---

૧૭૩–**અસ્વાધ્યાય** અમુક, કાળમાં અને ક્ષેત્રમાં તે તે અશુચિ દ્રવ્યના કે શોક સન્તાપરૂપ સંક્લિષ્ટ ભાવ ના યોગે થાય છે, એનું કારણ એ છે કે કોઈપણ ગુણની સાધના માટે જીવને પૌદ્ગલિક આલમ્બન વર્તમાનકાળમાં આવશ્યક છે, કારણ કે જીવથી વર્તમાનમાં સાલમ્બન ધર્મ જ થઈ શકે છે. આ આલમ્બનો દ્રવ્ય (પદાર્થ), ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર પ્રકારનાં પવિત્ર હોય તો આત્માની કર્મ રૂપ મલિનતા ટળે અને અપવિત્ર હોય તો વધે માટે જૈન સાહિત્યમાં કોઈપણ અનુષ્ઠાનમાં દ્રવ્યાદિ ચારનો વિશિષ્ટ વિચાર કરેલો છે, સ્વાધ્યાય એ સાધનાનું પરમ અઙ્ગ છે, તેને માટે પણ દ્રવ્યાદિ આલમ્બનોની પવિત્રતા આવશ્યક છે, તે ન હોય તો સ્વાધ્યાય સફળ ન થાય અથવા ઉલટું અહિત થાય માટે સ્વાધ્યાયનો નિષેધ કર્યો છે. તેને અસ્વાધ્યાય કહેવાય છે તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

રૂધિરાદિ અશુચિ વિગેરેને કારણે સ્વાધ્યાય (સૂત્રાદિનું પઠન–પાઠન) વિગેરે ન થઈ શકે તેવા પ્રસંગોને અસ્વાધ્યાયિક કહેવાય છે, તેના બે મૂળ ભેદો છે, સ્વાધ્યાય કરવાની ઈચ્છાવાળાથી અસ્વાધ્યાયનું કારણ ઉપજે તે ૧–'આત્મસમુત્થ' અને બીજાથી અસ્વાધ્યાયનું કારણ ઉપજે તે ૨–'પરસમુત્થ' જાણવું. તેમાં પરસમુત્થનું વર્ણન નીચે પ્રમાણે છે. આત્મસમુત્થ અસ્વાધ્યાય તો પરસમુત્થમાં કહીશું તે પ્રમાણે અન્યમનુષ્યના અસ્વાધ્યાયની તૂલ્ય સમજવો.

અસ્વાધ્યાયના ઉત્તર પ્રકારો પાંચ છે, ૧–સંયમઘાતિક, ૨–ઔત્પાતિક, ૩-સદેવ, ૪-વ્યુદ્ગ્રાહિક અને ૫–શારીર, એ પાંચે પ્રકારના અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કરનારને જિનાજ્ઞાનો ભઙ્ગ, અનવસ્થા, વગેરે દોષો લાગે છે. તેમાં ૧–**સંયમઘાતિક=**સંયમનો ઘાતકરનાર, તેના (૧) મહિકા, (૨) સચિત્ત રજોવૃષ્ટિ અને (૩) અપ્કાયની વૃષ્ટિ, એમ ત્રણ ભેદો છે, તેમાં કાર્તિકથી માઘ મહીના સુધી આકાશમાં જે ધુમરી (ધુમ્મસ) વરસે તે ૧–મહિકા, આ ધુમ્મસ વરસતાં તુર્ત જ સર્વ સ્થાનો અપ્કાયમય બની જાય છે, માટે અંગોપાંગ સંકોચીને, મૌનપણે ઉપાશ્રયાદિ સુગુપ્ત સ્થાને બેસી રહેવું જોઈએ, હાથપગ પણ હલાવવાં જોઈએ નહિ, ૨–રજોવૃષ્ટિ=અરણ્યના પવનથી ઉડેલી વ્યવહારથી સચિત્ત રજ, તે વર્ણથી કાંઈક લાલ હોય અને દૂરદૂર દિશાઓમાં દેખાય, આ સચિત્તરજ પણ સતત વરસે તો ત્રણ દિવસ પછી સર્વ સ્થાનો પૃથ્વીકાયમય બની જાય છે, (૩) અપ્કાયની વૃષ્ટિ, તેના ત્રણ પ્રકારો છે (૧) બુદ્બુદ વર્ષા (૨) બુદ્બુદ રહિત, અને (૩) ફૂસિઆ, તેમાં બુદ્બુદ એટલે જે વરસાદમાં નીચે પાણીમાં પરપોટા (પાણીની સળીઓ) થાય, તે જો આઠ પ્રહર સુધી (અન્યમતે ત્રણ દિવસ સુધી) સતત વરસે તો તે પછી અસ્વાધ્યાય. બીજા પ્રકારનો બુદ્બુદ (પરપોટા) રહિત વરસાદ સતત પાંચ દિવસ વરસે તો તે પછી અસ્વાધ્યાય અને ૩–ફૂસિકા (ઝીણી ફૂસિ) સતત સાત દિવસ વરસે તો સર્વત્ર અપ્કાયમય બની જાય, માટે તે તે સમય પછી અસ્વાધ્યાય સમજવો. (આ અસ્વાધ્યાય આર્દ્રાથી ચિત્રા નક્ષત્રનો સૂર્ય હોય ત્યારે ગણાય છે, શેષકાળે તો અલ્પ વરસાદ પડે તો પણ બન્ધ થયા પછી ત્રણ પ્રહર અસ્વાધ્યાયછે.) વળી આ સંયમઘાતિકનો પરિહાર સ્વાધ્યાયમાં દ્રવ્યાદિ ચાર ભેદે કહ્યો છે, તેમાં **દ્રવ્યથી**–ઉપર્યુક્ત મહિકા, સચિત્ત રજ અને અને વર્ષાનો સ્વાધ્યાય કરતાં ત્યાગ કરવો તે, **ક્ષેત્રથી**–જે ગામ–શહેર આદિમાં વરસે તે ક્ષેત્રનો સ્વાધ્યાયમાં ત્યાગ, **કાળથી**–તે તે કાળ પછી જ્યાં સુધી તે વરસે ત્યાં સુધી (તેટલા કાળનો) ત્યાગ અને (૪) **ભાવથી**–નેત્ર સ્ફુરણ–શ્વાસોચ્છ્વાસ સિવાયની સઘળી ચેષ્ટાનો ત્યાગ કરવો, ઉપરાન્ત જવું–આવવું, પડિલેહણ કરવું, વગેરે કાયિક પ્રવૃત્તિ પણ વર્જવી, વિના કારણ લેશ પણ પ્રવૃત્તિ નહિ કરવી, બિમારી વગેરે આવશ્યક કારણે જવું પડે તો હાથ–આંખ કે આંગળીના ઈસારાથી કામ લેવું, બોલવું પડે તો મુખવસ્ત્રિકાથી મુખ ઢાંકીને બોલવું, અને જવું–આવવું પડે તો વર્ષાકલ્પ(કામળી)થી શરીરને ઢાંકીને જવું–આવવું.

ઉપર્યુક્ત અનધ્યાય સમયે સ્વાધ્યાય કર્યો અને સ્વાધ્યાય કરવા યોગ્ય (અનનધ્યાય) સમયે સ્વાધ્યાય ન કર્યો એમ ઉભય રીતે કરેલી આશાતના દ્વારા 'લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરૂં છું' એમ સર્વપદોના અર્થમાં વાક્યાર્થ જોડવો.

---

૨-**ઔત્પાતિક**-રજસ્, માંસ, રૂધિર કેશ અને પાષાણનો વરસાદ થાય તો ઔત્પાતિક અસ્વાધ્યાય જાણવો, તેમાં અચિત્ત રજ વરસે તે ૧-રજોવૃષ્ટિ, માંસના કકડા આકાશ માર્ગેથી પડે તે ૨-માંસવૃષ્ટિ, રૂધિરના બિન્દુઓ પડે તે ૩-રૂધિરવૃષ્ટિ, ઉપરના ભાગથી કેશ પડે તે ૪-કેશવૃષ્ટિ, અને કરા વગેરે પત્થરનો વરસાદ પડે તે ૫-પાષાણવૃષ્ટિ સમજવી. તથા રજોદ્ઘાત=દિશાઓ રજવાળી હોય ત્યારે સૂત્ર નહિ ભણવું, બીજી સઘળી પ્રવૃત્તિ કરી શકાય. તેમાં માંસ અને રૂધિરની વૃષ્ટિ થાય તો એક અહોરાત્ર સુધી અસ્વાધ્યાય, અને શેષ રજોવૃષ્ટિ વગેરેમાં તે તે વૃષ્ટિ જ્યાં સુધી થાય ત્યાં સુધી 'નન્દી' વગેરે સૂત્રો ન ભણવાં, શેષકાળે ભણવાં, ઉપર્યુક્ત રજોવૃષ્ટિ અને રજોદ્ઘાતમાં એ ભેદ છે કે ધુમાડા જેવા આકારે કંઈક સફેદ અચિત્ત ધુળ વરસે તે રજોવૃષ્ટિ અને સર્વ દિશાઓ અચિત્ત ધુળથી છવાઈ જતાં સર્વત્ર અન્ધકાર જેવું દેખાય તે રજોદ્ઘાત જાણવો, એ બન્ને પવન સહિત કે રહિત વરસે ત્યારે ત્યાં સુધી સૂત્ર નહિ ભણવું.

૩-**સદૈવ**=દેવાદિથી થએલ અસ્વાધ્યાયિકને સદૈવ અથવા (સાદિવ્ય) કહેવાય છે, તે આ પ્રમાણે છે ૧-**ગાન્ધર્વનગર** આને ચક્રવર્તી વગેરેના નગરમાં ઉત્પાતનું સૂચક કહ્યું છે, સંધ્યા સમયે તે તે નગર ઉપર કીલ્લા, અટારી વગેરે આકાર સહિત બીજું નગર દેખાય તે ગાન્ધર્વનગર અવશ્ય દેવકૃત હોય, ૨-**દિગ્દાહ**=કોઇ એક દિશામાં ઉંચે મોટું શહેર સળગતું હોય તેવો પ્રકાશ દેખાય અને નીચે અન્ધકાર દેખાય તે, ૩-**વિજળી**=સ્વાતિથી મૃગશીર નક્ષત્ર સુધીનો સૂર્ય હોય તે દિવસોમાં વિજળી થાય તે, ૪-**ઉલ્કાપાત**=તારો પડે, તેમ જ પાછળ રેખાવાળી અથવા પ્રકાશયુક્ત ઉલ્કા (મોટી પ્રકાશની રેખા) પડે તે, ૫-**ગર્જિત**=વાદળાંની ગર્જના, ૬-**યુપક**=શુક્લપક્ષમાં બીજ, ત્રીજ અને ચોથ એ ત્રણ દિવસ સુધી ચન્દ્ર સંધ્યાગત હોવાથી સંધ્યા સ્પષ્ટ ન દેખાય તેને યુપક કહેવાય છે આ ત્રણ દિવસ સંધ્યાની સમાપ્તિ ન સમજાય માટે કાળવેળાનો નિર્ણય ન કરી શકાય તેથી પ્રાદોષિક કાળ કે સૂત્ર પોરિસી ન થાય, ૬-**યક્ષાદીપ્ત**=એક દિશામાં આંતરે આંતરે વિજળીના સરખો પ્રકાશ દેખાય તે, ઉપર્યુક્ત ગાન્ધર્વનગર વગેરે થાય ત્યારે એક એક પ્રહર અને ગર્જિત થાય ત્યારે બે પ્રહર સુધી અસ્વાધ્યાય થાય, ગાન્ધર્વનગર તો દેવકૃત જ હોય, શેષ દિગ્દાહ વગેરે દેવકૃત હોય કે સ્વાભાવિક પણ હોય, તેમાં સ્વભાવિક હોય તો અસ્વાધ્યાય નથી તો પણ 'દેવકૃત નથી સ્વાભાવિક છે' એવો નિર્ણય કરવાનું વિશિષ્ટ જ્ઞાન નહિ હોવાથી સ્વાધ્યાય નહિ કરવો.

આ ઉપરાન્ત પણ ચન્દ્રગ્રહણ, સૂર્યગ્રહણ, નિર્ઘાત, ગુઞ્જિત, ચતુઃસંધ્યા, મહાપડવા, મહામહ, વગેરે ઉપદ્રવોને સદૈવ અસ્વાધ્યાય તરીકે કહેલા છે, તેમાં—

<u>ચન્દ્રગ્રહણનો અસ્વાધ્યાય</u> ઉત્કૃષ્ટ બાર અને જઘન્ય આઠ પ્રહરનો છે, તે આ પ્રમાણે-ઉગતાં જ ચન્દ્રગ્રહણ થાય તો તે રાત્રીના ચાર અને બીજા દિવસના ચાર મળી આઠ પ્રહર સુધી, પ્રાતઃ ગ્રહણ થાય અને ગ્રહણ સહિત આથમે તો તે પછીનો દિવસ, રાત્રી અને બીજા દિવસની સાંજ સુધીના બારપ્રહર સુધી અથવા ઉત્પાતથી સમગ્ર રાત્રી ગ્રહણ રહે અને સગ્રહણ આથમે તો તે રાત્રી અને બીજે દિવસ તથા રાત્રી મળી બાર પ્રહર, અથવા વાદળથી ચન્દ્ર ન દેખાય ત્યારે ગ્રહણ કયારે થયું, કયારે છૂટ્યું ? તે નહિ જાણવાથી તે સમગ્ર રાત્રી, બીજે દિવસ અને બીજી રાત્રી મળી બાર પ્રહર, ગ્રહણ સ્પષ્ટ દેખાય તો ગ્રહણ થાય ત્યારથી બીજા દિવસનો ચન્દ્ર ઉગે ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો, આ સિદ્ધાન્તનો મત કહ્યો, બીજા આચાર્યોના મતે તો આચરણા એવી છે કે-રાત્રે ચન્દ્રગ્રહણ થાય અને રાત્રે મૂકાય તો સવારે-સૂર્યોદય થતાં સુધી અસ્વાધ્યાય, (અને ગ્રહણ સહિત આથમે તો ગ્રહણ થાય ત્યારથી બીજા અહોરાત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ એક વિગેરે તેત્રીસ સ્થાનો સુધી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યું, તે ઉપરાન્ત આગળ પણ બીજી આશાતના અંગે પ્રતિક્રમણ સમજવું, જેમકે શ્રીજિનેશ્વરોના ચોત્રીશ અતિશયોમાં અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, વિગેરે કરવાથી કરેલી આશાતના દ્વારા, શ્રી તીર્થંકરોના પાંત્રીસ વચનાતિશયોમાં અશ્રદ્ધાદિ કરવા રૂપ આશાતના દ્વારા, ઉત્તરાધ્યયનનાં છત્રીસ અધ્યયનોમાં અશ્રદ્ધાદિ કરવારૂપ આશાતના દ્વારા, એમ સાડત્રીસ-આડત્રીસ યાવત્ 'સો તારાયુક્ત શતભિષા' નક્ષત્ર છે, ત્યાં સુધી સમવાયાઙ્ગ સૂત્રમાં કહેલા તે તે વિષયના તેટલા પ્રકારોની થએલી આશાતનાનું પ્રતિક્રમણ કરૂં છું, એમ સમજી લેવું.

---

સુધી અસ્વાધ્યાય જાણવો.) **સૂર્યગ્રહણનો** અસ્વાધ્યાય જઘન્યથી બાર (આઠ) અને ઉત્કૃષ્ટથી સોળપ્રહર તે આ પ્રમાણે છે-ગ્રહણ સહિત સૂર્ય આથમે તો તે રાત્રી અને બીજો અહોરાત્ર મળી બાર પ્રહર, ઉગતો સૂર્યગ્રહણ થાય અને ઉત્પાતને વશ આખો દિવસ ગ્રહણ રહે, ગ્રહણ સહિત આથમે ત્યારે તે દિવસ, રાત્રિ, અને બીજો અહોરાત્ર મળી સોળપ્રહર, આચરણાથી તો અન્ય આચાર્યોના મતે સૂર્યગ્રહણ દિવસે થાય તે મૂકાયા પછી આથમે તો દિવસે ગ્રહણ થાય ત્યારથી બીજા સૂર્યોદય સુધી અસ્વાધ્યાય પાળવો. **નિર્ઘાત**=વાદળ સહિત કે રહિત આકાશમાં વ્યન્તરદેવે કરેલો મહાગર્જના તુલ્ય અવાજ, તેનો અસ્વાધ્યાય આઠ પ્રહર, ગુઞ્જિત=ગર્જનાનો જ વિકાર થતાં ગુઞ્જારવ કરતો મહાધ્વનિ (અવાજ) થાય તે, તેનો પણ અસ્વાધ્યાય આઠ પ્રહર સુધી પાળવો. **ચાર સન્ધ્યા**=સૂર્યાસ્ત પછી, મધ્યરાત્રિએ, સૂર્યોદયપૂર્વે અને મધ્ય દિવસે, એમ ચાર સન્ધ્યાકાળનો બે બે ઘડી અસ્વાધ્યાય, આ ચાર સન્ધ્યાના વિષયમાં જુદા જુદા શાસ્ત્રપાઠો મળે છે, તો પણ અસ્વાધ્યાયનિર્યુક્તિના '**अणुदिए सूरिए, मज्झण्हे, अत्थमणे, अड्ढरत्ते य,**' પાઠના આધારે તથા આચારપ્રદીપમાં અનેક પાઠોની સાક્ષી આપી છેવટે આચરણા રૂપે જે મત સ્વીકાર્યો છે તે પ્રમાણે અહીં જણાવ્યું છે, વિશેષ નિર્ણય ગીતાર્થો પાસેથી કરી લેવો. **ચાર મહાપડવા**=અષાઢ, આસો, કાર્તિક, અને ચૈત્ર માસની પૂર્ણિમા તથા પ્રતિપદા. એ ચાર લૌકિક મહામહોત્સવના દિવસો છે, જો કે મહોત્સવ ચતુર્દશીના મધ્યાહ્નથી પૂર્ણિમા સુધી હોય છે, તો પણ પ્રતિપદાના દિવસે પણ ચાલુ રહેતો હોવાથી એ મહોત્સવોમાં પ્રતિપદા સુધી ઘણી હિંસા થતી હોવાથી એ દિવસોમાં સ્વાધ્યાય નહિ કરવો, બીજી પ્રવૃત્તિ કરવાનો નિષેધ નથી. આ ઇન્દ્રમહોત્સવો જે દેશ ગામ-નગરમાં જેટલા દિવસ ચાલે તેટલો અસ્વાધ્યાય સમજવો, ચૈત્રી ઇન્દ્રમહ શુકલ પ્રતિપદાથી કૃષ્ણપ્રતિપદા સુધી પ્રસિદ્ધ છે, તો પણ વર્તમાનમાં આસો ચૈત્રમાં સુદ ૫ ના અને અષાઢ કાર્તિકમાં શુદ ૧૪ ના મધ્યાહ્નથી આરમ્ભી વદ ૧ ની રાત્રીની સમાપ્તિ સુધી અસ્વાધ્યાય પાળવાની આચરણા છે, અને ફાગણમાં તો હોલિકા પ્રગટે ત્યારથી ધૂળ ઉડે (ધુલેટી સમાપ્ત થાય) ત્યાંસુધી અસ્વાધ્યાયિક ગણાય છે.

(૪)-**વ્યુદ્ગ્રાહિક**=દણ્ડિક રાજા વગેરેના પરસ્પર યુદ્ધથી લોકો ભયથી અસ્વસ્થ-ગભરાએલા હોય તે કારણે સ્વાધ્યાય વર્જવો. દણ્ડિક રાજાઓ, સેનાપતિઓ, કે તેવી પ્રસિદ્ધ કોઇ સ્ત્રીઓ લડે-ઝઘડે ત્યાંસુધી અસ્વાધ્યાય, અથવા મલ્લયુદ્ધ થાય કે કોઇ બે ગામોના લોકો (અથવા એક જ ગામના મોટા પક્ષો) પરસ્પર પત્થર-શસ્ત્રઆદિથી યુદ્ધ કરતા (ઝઘડતા) હોય તે શાન્ત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય, કારણ કે તેવા યુદ્ધાદિ પ્રસંગે વ્યન્તર વિગેરે દેવો પોત પોતાના અધિષ્ઠિત ગામ વિગેરેના પક્ષમાં આવવાનો સમ્ભવ હોવાથી સ્વાધ્યાય કરનારને તેઓ ઉપદ્રવ કરે, પ્રજાજનને પણ અપ્રીતિ થાય કે અમે ભયમાં છીએ ત્યારે પણ નિર્દાક્ષિણ્ય સાધુઓ નિશ્ચિન્ત થઇને ભણે છે, કોઇ રાજા મરણ પામે ત્યારે પણ બીજા રાજાને રાજ્યનો અભિષેક ન થાય ત્યાં સુધી અરાજકતાના કારણે અસ્વાધ્યાય જાણવો. મ્લેચ્છો વગેરે ગામ ઉપર આક્રમણ કરે ત્યારે પણ ભયથી લોકો આકુળવ્યાકુળ હોય માટે અસ્વાધ્યાય પાળવો. ઉપર કહ્યા તે વ્યુદ્ગ્રહાદિના કારણે લોકોમાં ક્ષોભ હોય તે શાન્ત થયા પછી પણ એક અહોરાત્ર અસ્વાધ્યાય પાળવો. મરણ માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે અતિચારોની વિશુદ્ધિ કરીને નીચેનો પાઠ બોલીને નમસ્કાર કરે. અથવા પૂર્વે કરેલી અશુભ પ્રવૃત્તિનું (અતિચારોનું)પ્રતિક્રમણ કરીને પુનઃ તેવું નહિ કરવા માટે નમસ્કાર પૂર્વક કહે કે–

**'नमो चउवीसाए तित्थयराणं उसभाइमहावीरपज्जवसाणाणं'(नमश्चतुर्विंशतये तीर्थंकरेभ्यः ऋषभादिमहावीरपर्यवसानेभ्यः)**

---

એવો વિવેક છે કે–કોઈ ગામમાલિક કે રાજયાધિકારી ઉપાશ્રયથી સાત ઘર સુધીમાં મરણ પામે તો તેનું મૃતક લઈ ગયા પછી એક અહોરાત્ર અસ્વાધ્યાય, કોઈ અનાથ મનુષ્યનું મૃતક સો હાથની અન્દર પડ્યું હોય તેને શય્યાતર કે કોઇ અન્ય શ્રાવકો વિગેરે દૂર ન કરે ત્યાં સુધી અસ્વાધ્યાય, પણ તે અનાથના મૃતકને કુતરાં વિગેરેએ તોડ્યું હોય તો તેના અવયવાદિ અંશો જયાં જયાં દેખાય ત્યાં ત્યાંથી દૂર કરે નહિ ત્યાં સુધી અસ્વાધ્યાય, શય્યાતર કે અન્ય કોઇ ગૃહસ્થ ઉપાશ્રયથી સાત ઘરો સુધીમાં મરે તો તેનું મૃતક લઇ ગયા પછી પણ એક અહોરાત્ર અસ્વાધ્યાય પાળવો, અથવા લઈ ગયા પછી બહાર અન્ય કોઇ સાંભળે નહિ તેમ સ્વાધ્યાય કરવો, અન્યથા લોકોમાં સાધુધર્મની હલકાઈ થાય. દુઃખથી રડતી કોઈ સ્ત્રીનો શબ્દ સંભળાય ત્યાં સુધી અસ્વાધ્યાય, ઇત્યાદિ શોક–સંતાપના સમયે ભણવાથી લોકમાં સાધુતાની અપભ્રાજના–નિન્દા થવાના સંભવથી અસ્વાધ્યાય કહ્યો છે.

૫–**શારીરિક**=**શરીર**ની અશુચિ આદિના યોગે ગણાતો અસ્વાધ્યાય, તેના મનુષ્યશરીર અને તિર્યગ્ચ શરીરની અપેક્ષાએ બે ભેદો છે, તેમાં એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના શરીરમાં હાડ, માંસ વિગેરે ન હોવાથી તેનો અસ્વાધ્યાય ગણાતો નથી, પઞ્ચેન્દ્રિય તિર્યગ્ચના મચ્છ–કાચબો વિગેરે જળચર, ગાય–ભેંસ વિગેરે સ્થળચર અને મેના–પોપટ–કબૂતરો વિગેરે ખેચર, એમ ત્રણ પ્રકારો છે, તેના અસ્વાધ્યાયના દ્રવ્યાદિ ચાર ભેદે ચાર પ્રકારો છે, તેમાં **દ્રવ્યથી** તિર્યગ્ચનું લોહી, માંસ, ચરબી, હાડકું, દાંત, ચામડું કે ખેંચેલા વાળ વિગેરે કોઈ પણ દ્રવ્યથી અસ્વાધ્યાય, **ક્ષેત્રથી**–સાઇઠ હાથની અન્દરની ભૂમિમાં અસ્વાધ્યાય, તેમાં પણ ન્હાના ગામમાં વચ્ચે ત્રણ માર્ગો નીકળતા હોય તો અને મોટા નગરમાં વચ્ચે એક મોટો રાજમાર્ગ નીકળતો હોય તો ૬૦ હાથની અન્દર પણ અસ્વાધ્યાય થતો નથી. હા, ન્હાના ગામનાં કોઇ કુતરા–બિલાડાદિએ કલેવરને ઠેકાણે ઠેકાણે ચુંથવાથી સર્વત્ર રૂધિરાદિ પડ્યું હોય તો ગામ બહાર જઇને સ્વાધ્યાય કરવો. **કાળથી**–તે રૂધિરાદિ અંશોના સંભવકાળથી (પડ્યા હોય ત્યારથી) માંડીને ત્રણ પ્રહર સુધી, અને **ભાવથી**–'નન્દી' વગેરે સૂત્રો નહિ ભણવાં, અથવા બીજી રીતે ચાર પ્રકારો કહ્યા છે કે–જળચરાદિનાં 'રૂધિર–માંસ–હાડકું અને ચામડું' એ ચાર દ્રવ્યોને અંગે અસ્વાધ્યાય, એમાં વિશેષ એ છે કે સાઇઠ હાથની અન્દર માંસ ધોયું કે પકાવ્યું હોય તો તે માંસ બહાર લઇ જવા છતાં ત્યાં અવશ્ય બિન્દુઓ પડે માટે ત્રણ પ્રહરનો અસ્વાધ્યાય, પણ જો ત્રણ પ્રહર પહેલાં વરસાદના કે બીજા પાણીના પ્રવાહથી ધોવાઇ જાય તો ત્યારથી અસ્વાધ્યાય મટે, કોઈ પક્ષિનું ઇંડું સાઇઠ હાથની અન્દર પડે પણ ફૂટે નહિ તો તે દૂર કરતાં સુધી અસ્વાધ્યાય, પણ ફૂટે અને તેનો રસ જમીન ઉપર પડે તો દૂર કરવા છતાં ત્રણ પ્રહરનો અસ્વાધ્યાય, જો કપડા વગેરે ઉપર પડેલું ઇંડું ફૂટે તો પણ સાઇઠ હાથની બહાર તે કપડાને ધોવાથી અસ્વાધ્યાય નથી, ઇંડાનો રસ કે લોહીનું બિન્દુ માખીનો પગ ડુબે તેટલું અલ્પ પણ પડ્યું હોય તો અસ્વાધ્યાય ગણવો. વળી જરાયુ (ઓવાળ) રહિત હાથણી વગેરેનો પ્રસવ થાય તો તેનો ત્રણ પ્રહર અસ્વાધ્યાય, જરાયુવાળા ગાય વિગેરેનો પ્રસવ થાય તેનો ઓવાળ પડ્યા (દૂર કર્યા) પછી ત્રણ પ્રહર અસ્વાધ્યાય, સાઇઠ હાથમાં રાજમાર્ગ ઉપર રૂધિરાદિના બિન્દુઓ પડ્યાં હોય તો જતા આવતા મનુષ્યો–પશુઓના ચાલવા વિગેરેથી જિનાજ્ઞા એવી છે કે અસ્વાધ્યાય ન થાય, તથા રાજમાર્ગ સિવાય અન્યત્ર પણ સાઇઠ હાથમાં પડેલું તિર્યગ્ચનું રૂધિરાદિ વરસાદના પ્રવાહથી ધોવાય કે અગ્નિથી બળી જાય તો અસ્વાધ્યાય ન થાય, પડી રહેલું હોય તો થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–શ્રીઋષભદેવ પ્રભુથી માંડીને શ્રીમહાવીરદેવ સુધીના ચોવીસ તીર્થંકરોને મારો નમસ્કાર થાઓ! એમ નમસ્કાર કરીને પ્રસ્તુત જૈનપ્રવચનના (આગમના) ગુણોનું વર્ણન (પ્રશંસા) કરતો કહે કે—

**"इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलिअं पडिपुण्णं णेआउअं संसुद्धं सल्लगत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं निज्जाणमग्गं निव्वाणमग्गं अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गं, इत्थं ठिआ जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति, तं धम्मं सद्दहामि पत्तिआमि रोएमि फासेमि पालेमि अणुपालेमि, तं धम्मं सद्दहंतो पत्तिअंतो रोअंतो फासंतो पालंतो अणुपालंतो तस्स धम्मस्स (केवलिपन्नत्तस्स) अब्भुट्ठिओमि आराहणाए विरओमि विराहणाए"**

**વ્યાખ્યા**–**इदमेव**=આ સામાયિક, ચઉવીસત્થો, વિગેરે પચ્ચક્ખાણ સુધીનાં છ આવશ્યકો, અથવા બારઅઙ્ગોરૂપ આચાર્યની ઝવેરાતની પેટી સરખું **नैर्ग्रन्थं प्रावचनम्**='નૈર્ગ્રન્થ' એટલે બાહ્ય અભ્યન્તર ગ્રન્થથી (પરિગ્રહથી) મુક્ત થએલા સાધુઓનું 'પ્રાવચન' એટલે પ્રકૃષ્ટ(વિશેષ)તયા વ્યાપકરૂપે જીવ–અજીવ આદિ પદાર્થોનું વર્ણન જેમાં કર્યું છે એવું આગમ કે જે સાધુ જીવનને ઉપકારી છે. હવે તે આગમનું વિશિષ્ટપણું કહે છે કે–**सत्यम्**=સજ્જનોને હિતકારી, વળી ન્યાય(નય) દર્શન પણ સ્વવિષયોના નિરૂપણમાં તો સત્ય છે માટે કહે છે કે–**अनुत्तरम्**=જેનાથી ઉત્તર એટલે શ્રેષ્ઠ બીજું કોઈ આગમ નથી, કારણ કે સમસ્ત પદાર્થોનું આ પ્રવચનમાં યથાર્થ પ્રતિપાદન છે, છતાં કોઈ એની તુલ્ય અન્ય શાસ્ત્રને પણ માને તેને માટે કહે છે કે–**केवलिअं(कैवलिकम्)**=કેવળ એક જ છે, અથવા સ્વાર્થમાં પ્રત્યય આવવાથી **केवल**ને બદલે **कैवलिकम्** બન્યું છે, તેનો પણ અર્થ ફક્ત એક જ, અદ્વિતીય, જેની તુલ્ય બીજું કોઈ પ્રવચન નથી એવું, તથા **प्रतिपूर्णम्**=સર્વ વિષયોનું પ્રરૂપક હોવાથી અથવા સર્વ નયો(અપેક્ષાઓ)રૂપ હોવાથી મોક્ષપ્રાપ્તિ કરાવનારા સર્વ ગુણોથી પરિપૂર્ણ, **नैयायिकम्**=મોક્ષમાં લઈ જનારૂં, અર્થાત્ મુક્તિને પ્રાપ્ત કરાવનારૂં, અથવા બીજો અર્થ ન્યાયથી યુક્ત (નીતિને સમજાવનારૂં), એવાને પણ કોઈ અશુદ્ધ માને તો તેનું નિરાકરણ કરે છે કે–**संशुद्धम्**=(પહેલા ભાગમાં પૃ૦ ૬૧માં કહેલી) કષ–છેદ–અને તાપ, એ ત્રણ પરીક્ષાઓથી સર્વથા શુદ્ધ, એકાન્તે કલઙ્ક (દોષ) વિનાનું, તથાપિ કોઈ માને કે એવું છતાં તે સ્વભાવે જ કદાચ સં-

હવે **મનુષ્ય** સંબન્ધી અસ્વાધ્યાય, તેમાં પણ મનુષ્યનાં રૂધિર, માંસ, ચામડું અને હાડકાં એ ચાર દ્રવ્યોમાં હાડકા સિવાયના ત્રણ પૈકી કોઇ સો હાથની અન્દર પડેલું હોય તો એક અહોરાત્ર અસ્વાધ્યાય, પણ તિર્યઞ્ચનું રૂધિર સાઇઠ કે મનુષ્યનું રૂધિર સો હાથમાં પડેલું સુકાઇને વર્ણાન્તર થઈ ગયું હોય તો અસ્વાધ્યાય નથી. સ્ત્રી રજસ્વલા થાય ત્યારથી ત્રણ અહોરાત્ર (૨૪ પ્રહર) અસ્વાધ્યાય, તે પછી રૂધિર ગળે તો પણ અસ્વાધ્યાય નહિ, સ્ત્રીને પુત્ર જન્મે તો સાત અને પુત્રી જન્મે તો આઠ અહોરાત્ર અસ્વાધ્યાય જાણવો, હાડકાં પૈકી દાંત સિવાયનું મનુષ્યનું કોઇ પણ હાડકું સો હાથની અન્દરની જમીનમાં દાટ્યું હોય તો બાર વર્ષ સુધી અસ્વાધ્યાય થાય, પણ દાંત સો હાથથી દૂર પરઠવ્યા પછી અસ્વાધ્યાય નથી, પડેલો દાંત ખોવાઇ જાય, શોધવા છતાં ન જડે, તો અસ્વાધ્યાય નથી. કોઈ એમ કહે છે કે–તેને ઓહડાવણાર્થં કાયોત્સર્ગ કરવો જોઇએ. અગ્નિથી બળેલાં હાડકાં સો હાથની અન્દર હોય તો પણ અસ્વાધ્યાય નથી, અસ્વાધ્યાયમાં અનુપ્રેક્ષાનો નિષેધ નથી, પણ સૂત્રની વાચના, પૃચ્છના, પરાવર્તના ન થાય, અને ધર્મકથામાં સૂત્ર ન વંચાય. (પ્રવચનસારોદ્ધાર વિગેરેના આધારે)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારના કારણભૂત માયાદિ શલ્યોને દૂર કરવામાં અસમર્થ હશે તેને માટે કહે છે કે-शल्यकर्त्तनम्=પાછળ જણાવ્યાં તે 'માયા' વિગેરે ત્રણ શલ્યોને કાપી નાખનારૂં, હવે બીજા મતવાળા જેઓ સિદ્ધિ આદિને માનતા નથી તેઓના મતનું નિરાકરણ કરતાં કહે છે કે–सिद्धिमार्गः–मुक्तिमार्गः=સિદ્ધ થવું (કરવું) તે સિદ્ધિ, અર્થાત્ હિતકરભાવો(અવસ્થા)ની પ્રાપ્તિ તે સિદ્ધિ તેના માર્ગભૂત, અને મૂકાવું તે મુક્તિ. અર્થાત્ અહિતકારી કર્માદિના બન્ધનથી છૂટવું તે મુક્તિ, તેના માર્ગભૂત, તાત્પર્ય કે કેવળજ્ઞાનાદિ આત્મહિતકર ભાવોને પ્રગટ કરાવવા પૂર્વક અહિતકર કર્મ–શરીર–સંસાર વિગેરે બન્ધનોથી મુક્તિ (મોક્ષ) કરાવનારૂં, (અહીં 'मग्गं' શબ્દમાં નપુંસક લિઙ્ગનો પ્રયોગ આર્ષ હોવાથી પ્રાકૃત ભાષાના નિયમથી કરેલો છે, અન્યથા 'मार्गः' શબ્દ પુલ્લિઙ્ગે છે.) ઉપર્યુક્ત વિશેષણોથી જેઓ એમ માને છે કે 'મુક્તાત્માઓને કેવળજ્ઞાનાદિ ગુણો હોતા નથી કિન્તુ તેઓ કર્મયુક્ત હોય છે' તેઓના દુર્નયનું (અસત્ય–નિરૂપણનું) નિરાકરણ કર્યું. હવે निर्याणमार्गः=(એમાં 'या' ધાતુને કર્મણિ 'ल्युट्' પ્રત્યય આવવાથી 'यान' શબ્દ બન્યો છે માટે તેનો અર્થ) 'યાન'=સ્થાન સમજવું, અર્થાત્ જીવો જ્યાં ગમન કરે તે સ્થાન, જીવનું સ્વભાવે ઊર્ધ્વ ગમન છે માટે 'ઈષત્–પ્રાગભારા' (સિદ્ધશિલા) નામનું મુક્તાત્માઓનું નિરૂપમ (અનુપમેય) સ્થાન તે નિર્યાન, ત્યાં જવા માટેનો માર્ગ, તે 'નિર્યાણમાર્ગ' સમજવો. આ વિશેષણથી જેઓ મુક્તાત્માઓનું સ્થાન અનિયત માને છે તે દુર્નય(કુવિકલ્પવાળાઓ)ના મતનો પ્રતિકાર કર્યો, વળી निर्वाणमार्गः=નિર્વૃતિ (શાન્તિ) તે નિર્વાણ, અર્થાત્ સકળ કર્મોના ક્ષયથી પ્રગટતું આત્માનું અત્યન્ત (સમ્પૂર્ણ અવિનાશી–શુદ્ધ–નિરૂપાધિક) સુખ, તેનો માર્ગ તે નિર્વાણમાર્ગ, આ વિશેષણથી જેઓ માને છે કે 'મુક્તાત્માઓ સુખ–દુઃખ બન્નેથી રહિત હોય છે' તેઓના તે કુવિકલ્પનો (દુર્નયનો) નિરાસ કર્યો, હવે ઉપસંહાર કરે છે કે–अवितथम्=સત્ય, અથવા અહીં સત્ય અર્થ કરવાથી પુનરૂક્ત દોષ થાય તે ટાળવા માટે પૂર્વે सच्चं નો અર્થ 'સત્ય' કર્યો છે તેને બદલે 'સચ્ચં' નો 'सार्चम्' પર્યાય કરીને અર્ચા=પૂજા સહિત તે 'સાર્ચ' એવો અર્થ કરવો, કારણ કે આ પ્રવચન (આગમ) જગતમાં પૂજાનું પાત્ર (પૂજ્ય) છે જ, अविसन्धि=અવ્યવચ્છિન્ન, અર્થાત્ પશ્ચિમ મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સદૈવ વિદ્યમાન હોવાથી નાશ વિનાનું–શાશ્વત, सर्वदुःखप्रहीणमार्गः=જ્યાં સર્વ દુઃખો પ્રહીણ એટલે સર્વથા ક્ષીણ થયાં છે તે મોક્ષ, તેનો 'માર્ગ' એટલે મેળવવાનું નિમિત્ત કારણ, હવે પરોપકારી તરીકે એ પ્રવચનનું ચિન્તામણિપણું સિદ્ધ કરતાં કહે છે કે-अत्र स्थिता जीवाः=આ નિર્ગ્રન્થ પ્રવચનમાં (તેની આરાધનામાં) રહેલા જીવો सिद्ध्यन्ति='અણિમા' વિગેરે લબ્ધિઓ (અતિશયો) રૂપ શ્રેષ્ઠ ફળની સિદ્ધિ (પ્રાપ્તિ) કરે છે, વળી बुध्यन्ते=બોધ પામે છે, અર્થાત્ કેવળજ્ઞાન–દર્શનવાળા બને છે, વળી मुच्यन्ते=ભવોપગ્રાહી (અઘાતી) કર્મોથી પણ મુક્ત થાય છે, વળી परिनिर्वान्ति (અથવા પાઠાન્તર परिनिव्वुडन्ति)= સર્વ રીતે નિર્વાણને (શાન્તિને) પામે છે, એટલે શું ? सर्वदुःखानामन्तं कुर्वन्ति=શારીરિક, માનસિક, વિગેરે સર્વ દુઃખોનો વિનાશ કરે છે.

એ પ્રમાણે પ્રવચનનો મહિમા વર્ણવીને હવે ચિન્તામણિરત્ન તુલ્ય એ પ્રવચનમાં પોતાની કર્મમેલને ધોવામાં સમર્થ પાણીના પ્રવાહતુલ્ય શ્રદ્ધાને પ્રગટ કરતાં કહે છે કે–तं धर्मं श्रद्दधे= જે આ નિર્ગ્રન્થ પ્રવચન સંબન્ધી ધર્મ કહ્યો તે ધર્મમાં હું 'તહત્તિ' (એટલે 'તે તેવું જ છે' એવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતીતિ-વિશ્વાસ) કરૂં છું, કોઇને સામાન્ય વિશ્વાસ પણ થાય માટે વિશેષણ કહે છે કે-प्रत्येमि= એમાં વિશેષ શ્રદ્ધા કરૂં છું, અથવા પ્રીતિ કરવારૂપે તેનો સ્વીકાર કરૂં છું, વળી रोचयामि=એ ધર્મને વધારે સેવવાની ભાવનાપૂર્વક તેની સેવાની રૂચિ-અભિલાષા કરૂં છું, આ પ્રીતિ અને રૂચિ બન્ને ભિન્ન છે, જેમકે કોઇ જીવને દહીં-દૂધ વિગેરે ઉપર પ્રીતિ હોવા છતાં સદૈવ તેની રૂચિ ન હોય, એમ પ્રીતિ-રૂચિ પરસ્પર ભિન્ન જાણવાં, વળી स्पृशामि=તે ધર્મની સતત સેવા (આરાધના) કરવારૂપે સ્પર્શના કરૂં છું, पालयामि=(આ 'पालेमि'=શબ્દ અધિક જણાય છે, તો પણ જો તે અતિરૂઢ છે તો) તેનો અર્થ પાલન એટલે 'અતિચારોથી તેનું રક્ષણ કરૂં છું' એમ કરવો, એ રીતે આગળ કહેવાશે તે 'पालितो' પાઠ માટે પણ સમજવું, વળી अनुपालयामि=પુનઃ પુનઃ રક્ષા કરૂં છું, એની પછીના 'तं धर्मं श्रद्दधानः प्रतीयन् (प्रतिपद्यमानो) रोचयन् स्पृशन् (पालयन्)अनुपालयन् तस्य धर्मस्य (केवलिप्रज्ञप्तस्य) अभ्युत्थितोऽस्मि आराधनायाम् विरतोऽस्मि विराधनायाम् 'એ પાઠનો અર્થ-ધર્મની શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ, સ્પર્શના, પાલન અને અનુપાલન કરતો હું તે કેવલિકથિત ધર્મની આરાધના કરવામાં ઉદ્યત થયો છું અને વિરાધનામાંથી નિવૃત્ત થયો છું-અટક્યો છું, એમ કરવો.

હવે એ જ આરાધનામાં ઉદ્યમને અને વિરાધનામાં નિવૃત્તિને વિભાગથી જણાવે છે કે-

**" असंजमं परिआणामि-संजमं उवसंपज्जामि, अबंभं परिआणामि-बंभं उवसंपज्जामि, अकप्पं परि०-कप्पं उव०, अन्नाणं परि०-नाणं उव०, अकिरिअं परि०-किरिअं उव०, मिच्छत्तं परि०-सम्मत्तं उव०, अबोहिं परि०-बोहिं उव०, अमग्गं परि०-मग्गं उव०, जं संभरामि-जं च न संभरामि, जं पडिक्कमामि-जं च न पडिक्कमामि, तस्स सव्वस्स देवसिअस्स अइआरस्स पडिक्कमामि, समणोऽहं संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे अणिआणो दिट्ठिसंपन्नो मायामोसविवज्जिओ ।।"**

**વ્યાખ્યા**-असंयमं=પ્રાણાતિપાતાદિ રૂપ અસંયમને परिजानामि=જ્ઞાનથી જાણીને તેનું પચ્ચક્ખાણ કરવાપૂર્વક તજું છું, તથા संयमं=જેનું સ્વરૂપ ચરણસિત્તરીમાં કહેવાશે તે સંયમને उपसम्पद्ये=અઙ્ગીકાર કરૂં છું. એમ परिजानामि અને उपसम्पद्ये પદોનો અર્થ આગળ પણ સર્વત્ર સમજી લેવો. હવે સંયમનો આવો સ્વીકાર અસંયમનાં અઙ્ગોનો ત્યાગ કરવાથી થાય, તેમાં પણ અસંયમનું મુખ્ય અંગ અબ્રહ્મ છે માટે કહે છે કે-अब्रह्म=અહીં બસ્તિકર્મનો અનિયમ તે અબ્રહ્મ અને તેથી વિપરીત ब्रह्म=બસ્તિકર્મના નિયમરૂપ બ્રહ્મ સમજવું, સમજપૂર્વક તે અબ્રહ્મનો ત્યાગ કરૂં છું અને 'બ્રહ્મ'નો સ્વીકાર કરૂં છું, વળી અસંયમના અંગભૂત अकल्पं=જાણી-સમજીને અકૃત્યોનો ત્યાગ કરૂં છું અને कल्पं=કૃત્યોને સ્વીકારૂં છું. (એમ સર્વત્ર ત્યાગ અને સ્વીકાર સમજી લેવો). આ 'અકલ્પ' અજ્ઞાનથી જ થાય માટે તેનો પરિહાર કરે છે કે अज्ञानं=સમ્યગ્જ્ઞાનથી વિપરીત એવા અજ્ઞાનનો ત્યાગ અને ज्ञानं=જિનવચનનો સ્વીકાર કરૂં છું, આ અજ્ઞાનના પ્રકારોનો ત્યાગ કરવા માટે કહે છે કે-अक्रियां=નાસ્તિકોના મતરૂપ અક્રિયાનો ત્યાગ અને क्रियां=આસ્તિકોનો સમ્યગ્વાદ, તેનો સ્વીકાર કરૂં છું. આ અજ્ઞાનનું મૂળ મિથ્યાત્વ છે માટે તેનો ત્યાગ કરવા માટે કહે છે કે-मिथ्यात्वं=અતત્ત્વમાં રૂચિ (તત્ત્વરૂચિનો અભાવ) તેનો ત્યાગ અને सम्यक्त्वं=તત્ત્વ પ્રીતિનો સ્વીકાર કરૂં છું, આ મિથ્યાત્વના અઙ્ગભૂત અબોધિ હોવાથી તેને માટે કહે છે કે-अबोधिं=મિથ્યાત્વના કાર્યરૂપ શ્રીજિનધર્મની અપ્રાપ્તિ તે અબોધિ કહેવાય છે, તેનો ત્યાગ અને बोधिं=સમ્યક્ત્વના કાર્યરૂપ શ્રીજિન-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મની પ્રાપ્તિરૂપ બોધિ તેનો સ્વીકાર કરૂં છું, વળી મિથ્યાત્વ એ મોક્ષ માટેનો ઉન્માર્ગ છે, માટે બીજા પણ ઉન્માર્ગનો ત્યાગ કરતાં કહે છે કે अमार्गं=મિથ્યાત્વ–અવિરતિ–કષાયાદિ મોક્ષ માટેના ઉન્માર્ગનો ત્યાગ અને मार्गं=સમ્યગ્દર્શન, પ્રશમ, સંવેગાદિ સન્માર્ગનો સ્વીકાર કરૂં છું. શાસ્ત્રોમાં ઉપર્યુક્ત પદોના પાઠનો ક્રમ જણાવનારી સંગ્રહગાથા (પૂર્વાચાર્યકૃત શ્રમણપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં) કહી છે કે–

" संजम बंभे कप्पे, नाणे किरिआइ सम्मबोहीसु ।
मग्गे सत्रिपक्खेसुं, परिन्न उवसंपया कमसो ॥१॥"

**ભાવાર્થ**–સંયમ, બ્રહ્મ, કલ્પ, જ્ઞાન, ક્રિયા, સમ્યક્ત્વ, બોધિ અને માર્ગ એ સાતને અનુક્રમે ક્રમશઃ (પ્રત્યાસત્તિ ન્યાયે પ્રતિપક્ષી) અસંયમાદિની પરિજ્ઞા એટલે જાણપણું અને સંયમાદિની ઉપસંપદા એટલે સ્વીકાર કરવો.

વળી છદ્મસ્થ જીવ કેટલું યાદ કરે? માટે સર્વ દોષોની શુદ્ધિ કરવા કહે છે કે–यत्स्मरामि=જે કંઈ થોડું પણ મને સ્મૃતિમાં છે તે અને यच्च न स्मरामि=જે છદ્મસ્થપણાને કારણે ઉપયોગના અભાવે મારી સ્મૃતિમાં નથી, તથા यत् प्रतिक्रमामि=ઉપયોગથી જાણવામાં આવવાથી જેનું પ્રતિક્રમણ કર્યું તથા यच्च न प्रतिक्रमामि=સૂક્ષ્મ જાણવામાં ન આવવાથી જેનું પ્રતિક્રમણ ન કર્યું, એમ જે કોઈ અતિચાર જાણવામાં હોય કે ન હોય तस्य सर्वस्य दैवसिकस्य अतिचारस्य प्रतिक्रमामि=તે દિવસ સંબંધી સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કરૂં છું. (અહીં એકવચનાન્ત પ્રયોગ છે તે જાતિમાં એકવચન સમજવું.) એમ પ્રતિક્રમણ કરીને પુનઃ પણ અકલ્યાણકર પ્રવૃત્તિનો પરિહાર કરવા પોતાની અવસ્થાનો (યોગ્યતાનો) વિચાર કરતો કહે છે કે श्रमणोऽहं=તપ સંયમમાં રક્ત હું શ્રમણ(સાધુ) છું, તેમાં પણ 'ચરક' વિગેરે અન્ય મિથ્યાદર્શનવાળો અસંયત નહિ, પણ संयतः=સમસ્ત પ્રકારે યતનાવાન્ (પ્રમાદના પરિહાર માટે પ્રયત્નશીલ) છું અને હવે પછી विरतः=નિવૃત્ત થયો છું, અર્થાત્ ભૂતકાળના અતિચારોની નિન્દા અને ભવિષ્યમાં સંભવિત અતિચારોનો સંવર (રોધ) કરતો હું તે અતિચારોથી અટક્યો છું, એ કારણે प्रतिहत=વર્તમાનમાં પણ અકરણીય તરીકે प्रत्याख्यातपापकर्मा=ત્યાગ કર્યો છે તે પાપકર્મોનો જેણે એવો હું સર્વ દોષ રહિત છું, તાત્પર્ય કે ભૂતકાળનાં પાપકર્મોનો નિન્દા દ્વારા ત્યાગ અને ભવિષ્યમાં સંભવિતનો સંવરરૂપે ત્યાગ કરેલો હોવાથી વર્તમાનમાં પણ હું પાપકર્મોના પચ્ચક્ખાણ(ત્યાગ)વાળો છું. વળી નિયાણું સંસાર-વૃદ્ધિનું મૂળ હોવાથી મોટો દોષ છે, માટે પોતે એ દોષથી રહિત છે એમ ભાવના ભાવતો કહે છે કે अनिदानः=હું નિયાણા રહિત છું, (અર્થાત્ આ નિર્ગ્રન્થ પ્રવચનની આરાધના કોઈ ઐહિક કે પારલૌકિક બાહ્ય સુખની ઈચ્છાથી કરતો નથી.) વળી સકળ ગુણોના મૂલભૂત 'દર્શન' પોતાનામાં છે, એમ સમજતો કહે છે કે–दृष्टिसम्पन्नः=હું સમ્યગ્દર્શનવાળો છું, હવે વન્દન માટે જે કહેવાનું છે તે વન્દન દ્રવ્ય વન્દન નથી પણ ભાવ વન્દન છે. તે માટે કહે છે કે–मायामृषाविवर्जितः=માયા પૂર્વક મૃષા બોલવું તે 'માયામૃષાવાદ' તેનો ત્યાગ કર્યો છે જેણે એવો હું હવે શું કરૂં છું તે કહે છે કે–

" अड्ढाइज्जेसु दीवसमुद्देसु पन्नरससु कम्मभूमीसु जावंत केवि साहू रयहरणगुच्छपडिग्गहधारा पंच-महव्वयधारा अट्ठारससहस्ससीलंगधारा अक्खुयायारचरित्ता ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि॥"

**વ્યાખ્યા**–अर्द्धतृतीयेषु द्वीपसमुद्रेषु=અઢી દ્વીપોમાં અને વચ્ચેના બે સમુદ્રોમાં, અર્થાત્ જમ્બૂદ્વીપ, ધાતકી ખણ્ડ અને પુષ્કરાવર્તદ્વીપ અડધો, એમ અઢીદ્વીપો અને તેની વચ્ચેના લવણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા કાલોદધિ નામના બે સમુદ્રોમાં, અહીં સમુદ્ર કહેવાનું કારણ એ છે કે-કોઈ પ્રસઙ્ગે ચારણમુનિઓ વિગેરે (આકાશમાર્ગે પસાર થતા હોય ત્યારે) સમુદ્રમાં પણ હોય, માટે અઢીદ્વીપમાં, તેમાં પણ पञ्चदशसु=૫-ભરત ૫-ઐરવત અને ૫-મહાવિદેહરૂપ પન્દર कर्मभूमिषु= કર્મભૂમિઓમાં, यावन्तः केचित्साधवः=જે કોઈ સાધુઓ, સાધુધર્મનાં ઉપકરણો रजोहरणगोच्छक पतद्ग्रहधारकाः=રજોહરણ, ગુચ્છા તથા પાત્રાંને ધારણ કરનારા હોય અહીં ગુચ્છા અને પાત્રાં બે કહેવાથી પાત્રાં, ઝોળી, નીચેનો ગુચ્છો (પાત્રસ્થાપન), પાત્રકેસરિકા, પડલા, રજસ્રાણ, અને ગુચ્છો (ઉપરનો), એમ પાત્રનો સઘળો ઉપધિ સમજવો, કારણ કે આદિ અને અન્ત્ય કથનથી મધ્યનું પણ વર્ણન આવી જાય એ ન્યાયે અહીં ગુચ્છો અને પાત્ર બે શબ્દો આદિ અને છેલ્લા છે; માટે પાત્રનો સર્વ ઉપધિ સમજી લેવો, તથા पञ्चमहाव्रतधाराः=પઞ્ચમહાવ્રતોના પ્રકર્ષને ધારણ કરનારા (પરિણામની વૃદ્ધિવાળા), વળી રજોહરણ વિગેરેથી રહિત હોવાથી ઉપર્યુક્ત વિશેષણ વિનાના 'પ્રત્યેકબુદ્ધ' વિગેરે સાધુઓને પણ વન્દન કરવા માટે કહે છે કે-अष्टादशसहस्रशीलाङ्गधाराः= અઢાર હજાર શીલાઙ્ગને ધારણ કરનારા (એવા કોઈ રજોહરણાદિ ઉપકરણ-ઉપધિ રહિત હોય તે સઘળાને વન્દન માટે આ વિશેષણ સાર્થક છે). અઢાર હજાર શીલાઙ્ગ આ પ્રમાણે છે-

**" जोए करणे सण्णा, इंदिय पुढवाइ(भूमादि) समणधम्मो(म्मे) अ।**
**सीलंगसहस्साणं, अट्ठारसगस्स निप्फत्ती ॥१॥" (पञ्चाशक १९-३)**

**ભાવાર્થ**-મન, વચન અને કાયા એ ત્રણ યોગોથી, કરવું-કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણથી, આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી, સ્પર્શનેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિયોથી, પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયો પાંચ, વિકલેન્દ્રિય ત્રણ અને સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય બે, એમ દશ પ્રકારના જીવોની, ક્ષમા, મૃદુતા, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિઞ્ચન્ય (અપરિગ્રહ) અને બ્રહ્મચર્ય, એ દશ પ્રકારના યતિધર્મની રક્ષા કરવાથી (૩×૩×૪ ×૫×૧૦×૧૦=)૧૮૦૦૦ શીલ (આત્મ ધર્મ)ની રક્ષા થાય, એમ શીલાઙ્ગના અઢાર હજાર પ્રકારો છે.

તેની ભાવના આ પ્રમાણે કરવી-આહારસંજ્ઞાથી મુક્ત, શ્રોત્રેન્દ્રિયથી સંવૃત્ત (શબ્દરૂપ વિષયના પરિહારવાળો), ક્ષમાવાન્, પૃથ્વીકાયના આરમ્ભને, મનથી, ન કરે, તે એક પ્રકાર. એ પ્રમાણે મૃદુતા ધર્મવાળાનો બીજો પ્રકાર, એમ દશ ધર્મના દશ પ્રકારો પૃથ્વીકાયની અપેક્ષાએ થાય, તે પ્રમાણે અપ્કાય વિગેરે બાકીના નવ પ્રકારના જીવોના પણ દશ દશ ગણતાં એક ઇન્દ્રિયના સો થાય, તેવી રીતે પાંચ ઇન્દ્રિયોને આશ્રીને પાંચસો થાય, તે એક જ આહારસંજ્ઞાના થાય, એમાં બાકીની ત્રણ સંજ્ઞાના પંદરસો મેળવતાં કુલ બે હજાર થાય, તે એક મનોયોગના થયા, તે પ્રમાણે ત્રણે યોગના ગણતાં છ હજાર થાય અને તે પણ સ્વયં કરવાના થયા, માટે તેમાં કરાવવા અને અનુમોદવાના તેટલા તેટલા મેળવતાં અઢાર હજાર થાય. (૩×૩×૪×૫×૧૦×૧૦= ૧૮૦૦૦). **अक्षताकार चरित्राः**=તેમાં આકાર એટલે સ્વરૂપ, અને અક્ષત આકાર=અતિચારથી જેનું **સ્વરૂપ** દૂષિત નથી થયું એવા નિર્મળ ચારિત્રવાળા, (મૂળ પાઠમાં 'अक्खुय'[૧૭૪] છે તે 'क्ख'ને બદલે

૧૭૪-દીપિકામાં '**अक्षुभ्य**' એવો પર્યાય કરીને ક્ષોભ નહિ પામનારા, તથા કોઈ સ્થળે '**अक्षुद्र**' એવો પર્યાય કરીને 'અક્ષુદ્ર' એટલે અતુચ્છ અર્થાત્ સુન્દર-નિર્મળ ચારિત્રવાળા, એવો પણ અર્થ કર્યો **છે**, તે બધા એકાર્થિક છે, કોઈ ગ્રન્થમાં '**अक्खयायार०**' એવો મૂળ પાઠ પણ જોવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્ષ પ્રયોગથી 'क्खु' થયેલો છે એમ સમજવું) तान् सर्वान्=તે ગચ્છવાસી કે જિનકલ્પિકાદિ અગચ્છવાસી, સર્વને शिरसा=મસ્તકથી, मनसा=અંતઃકરણથી અને मस्तकेन वन्दे=હું મસ્તકથી વાંદું છું' એમ વચન દ્વારા ઉચ્ચાર કરીને, પુનઃ એ જ 'वन्दे' પાઠથી (મનથી વચનથી અને મસ્તક એટલે કાયાથી) ત્રિવિધ વન્દન કરૂં છું, એમ અર્થ કરવો, અર્થાત્ 'वन्दे' ક્રિયાપદની પુનઃ યોજના કરવી.

એ રીતે સાધુઓને વાંદીને સામાન્યથી સર્વ જીવોની ક્ષમાપના દ્વારા મૈત્રીભાવ દેખાડે છે કે–

" खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥१॥"

**ભાવાર્થ**–સ્પષ્ટ છે. સર્વ જીવોને હું ખમાવું છું, સર્વ જીવો પણ મને ક્ષમા કરો, મારે સર્વ જીવોની સાથે મૈત્રી છે, કોઇની સાથે વૈર નથી. અહીં 'સર્વ જીવો મને ક્ષમા કરો' એવું કહેવામાં 'તેઓને પણ મારા પ્રત્યે અક્ષમાને કારણે કર્મબંધ ન થાઓ' એમ કરૂણા રહેલી છે.

હવે પોતાનું સ્વરૂપ (આરાધકપણું) બતાવવા પૂર્વક સૂત્રનું સમાપ્તિ મઙ્ગલ કરે છે કે–

" एवमहं आलोइअ, निंदिअ गरहिय दुगंछिउं सम्मं ।
तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥२॥"

**ભાવાર્થ**–ઉપર પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યા પ્રમાણે आलोच्य=ગુરૂની સમક્ષ (અતિચારોને) પ્રગટ કરીને, निन्दित्वा=આત્મસાક્ષીએ પોતાના પાપકારી તે તે પર્યાયની નિન્દા કરીને, गर्हित्वा= ગુરૂસાક્ષીએ પોતાની (પાપની) નિન્દા કરીને, जुगुप्सित्वा='એ પાપ પ્રવૃત્તિ દુષ્ટ છે' એમ તેની દુર્ગચ્છા કરીને, અથવા કોઈ સ્થળે 'दुगंछिअ' પાઠ છે, તે પઞ્ચમી વિભક્તિના લોપવાળો હોવાથી તેનો પર્યાય 'जुगुप्सितात्' કરવો અને તેનો અર્થ એ રીતે જુગુપ્સા કરેલા પાપ વ્યાપારથી (અતિચારોથી), सम्यक् त्रिविधेन प्रतिक्रान्तः=સમ્યગ્ (સારી રીતે) મન, વચન અને કાયાથી નિવૃત્ત (મુક્ત) થએલો હું, वन्दे जिनान् चतुर्विंशतिम्=ચોવીશ જિનેશ્વરોને વન્દન કરૂં છું,

આ આલોચના, નિન્દા, ગર્હા અને પ્રતિક્રમણનું ફળ અનુક્રમે ૧–શલ્યોનો ઉદ્ધાર, ૨–પ્રશ્ચાત્તાપ, ૩–અપુરસ્કાર (અનાદર–તિરસ્કાર) અને ૪–વ્રતોનાં છિદ્રોને ઢાંકવાં (વ્રતોને અખંડ બનાવવાં), વિગેરે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું.

ઉપર દૈવસિક પ્રતિક્રમણ (સૂત્ર) કહ્યું, રાઈ પ્રતિક્રમણ પણ એમ જ સમજવું, માત્ર 'દૈવસિક' ને સ્થાને 'રાત્રિક (राइअं)' શબ્દ કહીને રાત્રિના અતિચારો કહેવા.

**પ્રશ્ન**–જો રાઈ પ્રતિક્રમણમાં પણ આ પ્રતિક્રમણ સૂત્ર જ કહેવાનું છે તો તેમાં 'इच्छामि पडिकमिउं गोअरचरिआए' વિગેરે ગોચરીના અતિચારોનું પ્રતિક્રમણ નિરર્થક છે, કારણ કે રાત્રે ગોચરીના દોષોનો સમ્ભવ નથી

**ઉત્તર**–એવો એકાન્ત નથી; સ્વપ્ન વિગેરેથી પણ ગોચરીના અતિચારોની રાત્રે પણ સમ્ભાવના છે. અથવા સૂત્ર અક્ષત રાખવા માટે એ પાઠ બોલવાનો છે, જો એમ ન હોય તો યોગવહન કરનારા સાધુઓને પરઠવવા યોગ્ય આહાર વાપરવાનો અધિકાર નથી, તેમ છતાં તેઓએ પચ્ચક્ખાણમાં पारिट्ठावणियागारेणं એ આગાર શા માટે ઉચ્ચારવો જોઇએ ? છતાં (પાઠ અખંડ રાખવા) તેઓ બોલે છે, તેમ આ પાઠ બોલવામાં પણ દોષ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાક્ષિકસૂત્ર અર્થસહિત

ઉપર સાધુનું પ્રતિક્રમણસૂત્ર અને તેના અર્થ કહ્યા, હવે પાક્ષિકસૂત્ર અને તેના અર્થ કહીશું, તેમાં આરમ્ભિક મઙ્ગલ માટે 'અરિહંત, સિદ્ધ,' વિગેરેને પ્રણામ કરતાં કહ્યું છે કે—

" तित्थंकरे अ तित्थे, अतित्थसिद्धे य तित्थसिद्धे य ।
सिद्धे जिणे य रिसि, महरिसि [अ] नाणं च वंदामि ॥१॥"

**વ્યાખ્યા**–वन्दामि=વાંદું છું, આ ક્રિયાપદ છે, તે દરેક પદોની સાથે જોડવું. કોને વાંદું છું ? तीर्थकरान्=વીતરાગ એવા તીર્થંકરોને, 'अ (च)' એટલે વળી, તેનો અર્થ ત્રણે કાળના તીર્થંકરોને, तीर्थान्=તીર્થભૂત ગણધરોને, અથવા સઙ્ઘને (કે દ્વાદશાઙ્ગીરૂપ આગમને), अतीर्थसिद्धान् तीर्थसिद्धान् सिद्धांश्च=અતીર્થસિદ્ધોને, તીર્થસિદ્ધોને અને સિદ્ધોને (એટલે શેષ 'જિનસિદ્ધ–અજિનસિદ્ધ આદિ ભિન્ન ભિન્ન પ્રકારે સિદ્ધ થએલા સર્વસિદ્ધોને), આ બે સિદ્ધોનું સ્વરૂપ 'સિદ્ધાણં બુદ્ધાણં'ના અર્થથી[૧૭૫] સમજી લેવું. जिनान्=સામાન્ય કેવલિઓને, ऋषीन्=મૂળ અને ઉત્તર ગુણોથી યુક્ત સાધુઓને, महर्षीन्=એ સાધુઓમાં પણ જેઓ 'અણિમા' વિગેરે લબ્ધિઓવાળા હોય તેવા મહામુનિઓને, ज्ञानं='મતિજ્ઞાન' વિગેરે પાંચ પ્રકારના જ્ઞાનને, એમ તીર્થંકરાદિ સર્વને વાંદું છું. (મૂળમાં 'च' અવ્યય છે તે બધાના સમુચ્ચય અર્થમાં સમજવો) વળી—

" जे य इमं गुणरयणसाग(य)रमविराहिऊण तिण्णसंसारा ।
ते मंगलं करित्ता, अहमवि आराहणाभिमुहो ॥२॥"

**વ્યાખ્યા**–च=વળી, અન્ય મઙ્ગલને કહે છે કે–ये=જે મુનિઓ, इमं गुणरत्नसागरं अविराध्य=ગુણરત્નોના સાગરતુલ્ય આ મહાવ્રતાદિની આરાધનાને નિર્મળ રીતે આરાધીને तीर्णसंसाराः=સંસાર સમુદ્રનો પાર પામ્યા છે તેઓ મને મઙ્ગલભૂત થાઓ !, अहमपि=હું પણ तान् मङ्गलं कृत्वा=તે મુનિઓને મઙ્ગલ તરીકે સ્વીકારીને, (ગુણરત્નોના સમુદ્ર સરખાં મહાવ્રતાદિની) आराधनाभिमुखः=આરાધના કરવા માટે એકચિત્ત થયો છું, અર્થાત્ ઉપર્યુક્ત મુનિવરોની અને મહાવ્રતોની આરાધના માટે ઉત્સાહી થયો છું.

વળી પણ અરિહંતોની અને ધર્મની આશિષરૂપ સ્વમઙ્ગલ માટે કહે છે કે—

" मम मंगलमरिहंता, सिद्धा साहू सुयं च धम्मो अ ।
खंती गुत्ती मुत्ती, अज्जवया मद्दवं चेव ॥३॥"

**વ્યાખ્યા**–अर्हन्तः=જિનેશ્વરો, सिद्धाः=પંદર પ્રકારે સિદ્ધિને પામેલા સિદ્ધો, साधवः=મુનિઓ श्रुतं=આગમ, धर्मश्च=સાધુ અને શ્રાવકના આચારરૂપ બે પ્રકારની વિરતિ क्षान्तिः=ક્ષમા–સહનશીલતા, गुप्तिः=મન વચન અને કાયાના યોગોની ઉન્માર્ગથી રક્ષા, मुक्तिः=લોભનો અભાવ

---

૧૭૫–ચતુર્વિધસંઘરૂપ તીર્થ ચાલતું હોય તે કાળમાં સિદ્ધ થાય તે 'તીર્થસિદ્ધ' અને તીર્થસ્થપાયા પૂર્વે કે વિચ્છેદ થયા પછી સિદ્ધ થાય તે 'અતીર્થસિદ્ધ' કહેવાય. શેષ 'જિનસિદ્ધ' આદિ ૧૩ પ્રકારોનું સ્વરૂપ પહેલા ભાગના ભાષાન્તર પૃ૦ ૪૪૫ માં જણાવ્યા પ્રમાણે સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પરિહાર), आर्जवता=નિષ્કપટભાવ-સરળતા, मार्दवं=નિર્મદપણું, એ ઉપર્યુક્ત અરિહંતાદિ मम मङ्गलं=મારૂં મઙ્ગલ કરો ! એમાં 'કરો' એ ક્રિયાપદ ઉપરની ગાથામાંથી અહીં જોડવું.

હવે મહાવ્રતોનું (ઉચ્ચારેલાં છે તેનું સ્મૃતિરૂપે પુનઃ) ઉચ્ચારણ કરે છે—

**" लोयंमि संजया जं, करें(रिं)ति परमरिसिदेसियमुआ(दा)रं ।**
**अहमवि उवट्ठिओ तं, महव्वयउच्चारणं काउं ॥४॥"**

**વ્યાખ્યા**–"लोके=કર્મભૂમિઓરૂપ પંદર ક્ષેત્રોમાં, संयताः=મુનિવરો, यत्कुर्वन्ति=જે કરે છે, શું કરે છે ? परमर्षिदर्शितं=તીર્થંકરાદિએ પ્રરૂપેલું, उदारं=અતિબલવાન્ (શ્રેષ્ઠ), महाव्रतोच्चारणं=પઞ્ચ મહાવ્રતોનું ઉચ્ચારણ (કથન), तं कर्तुम्=તેને કરવાને अहमपि=હું પણ, उपस्थितः=તૈયાર થયો છું.

એ પ્રમાણે ગુરૂએ પ્રતિજ્ઞા કરવાથી શિષ્ય પૂછે છે અને ગુરૂ ઉત્તર આપે છે કે—

**" से किं तं महव्वयउच्चारणं(णा) ? महव्वयउच्चारणा पंचविहा पण्णत्ता राईभोअणवेरमणछट्ठा, तंजहा-सव्वाओ पाणाइवायाओ वेरमणं १, सव्वाओ मुसावायाओ वेरमणं २, सव्वाओ अदिण्णादाणाओ वेरमणं ३, सव्वाओ मेहुणाओ वेरमणं ४, सव्वाओ परिग्गहाओ वेरमणं ५, सव्वाओ राईभोयणाओ वेरमणं ६ ॥"**

**વ્યાખ્યા**–[અહીં છટ્ઠા[१७६]એ પદ સુધી પ્રશ્નસૂત્ર સમજવું, તેમાં से એટલે હવે પછી, અને किं પ્રશ્નાર્થક છે, અર્થાત્ શિષ્ય પૂછે છે કે–તે મહાવ્રતોનું ઉચ્ચારણ શી વસ્તુ છે ?, અથવા પ્રાકૃત ભાષાના નિયમાનુસાર અભિધેયને અનુસરીને લિઙ્ગ કે વચન હોય છે તેથી किं ને સ્થાને का, तं ને સ્થાને सा અને उच्चारणं ને બદલે उच्चारणा, માનીને બીજી રીતે એવો અર્થ થાય કે] મહાવ્રતોની તે ઉચ્ચારણા કેવી છે ? શિષ્યના આ પ્રશ્નનો ગુરૂ ઉત્તર આપે છે કે–મહાવ્રતોની ઉચ્ચારણા પાંચ પ્રકારની કહેલી છે, તેની સાથે 'રાત્રીભોજનનો ત્યાગ' એ છઠ્ઠો પ્રકાર છે. તેને નામ પૂર્વક જણાવવા માટે કહે છે કે–तद्यथा=તે આ પ્રમાણે, ૧–सर्वस्मात्=ત્રસ અને સ્થાવર, તેમાં પણ સૂક્ષ્મ અને બાદર, એમ સર્વ જીવોની (હિંસા), તે પણ કરવી, કરાવવી અને અનુમોદવી, એમ ત્રણ કરણથી, प्राणातिपातात्=પ્રાણનો અતિપાત એટલે હિંસા, તેનાથી विरमणं=અટકવું (તેને પ્રથમ મહાવ્રત કહ્યું છે), એ પ્રમાણે ૨–सर्वस्मान्मृषावादाद्विरमणं=ક્રોધ લોભ, ભય કે હાસ્ય, એમાંના કોઇ પણ હેતુથી બોલાતું મિથ્યા વચન, તેનાથી અટકવું (તે બીજું), ૩–सर्वस्माददत्तादानाद्विरमणं=દાંત ખોતરવા માટેની ઘાસની સળી જેવી ન્હાની–કિંમત વિનાની પણ વસ્તુ તેના માલિકે આપ્યા વિના લેવી તે 'અદત્તાદાન' એટલે ચોરી કહી છે, તેનાથી અટકવું (તે ત્રીજું), ૪–सर्वस्मान्मैथुनाद्विरमणं=માત્ર પુરૂષે સ્ત્રીની (કે સ્ત્રીએ પુરૂષની અલ્પ) વાત માત્ર કરવા જેટલું પણ મૈથુન એટલે કામનો સઙ્ગ, તેનાથી અટકવું (તે ચોથું), ૫–सर्वस्मात्परिग्रहाद्विरमणं=સર્વ એટલે (બીજું વધારે તો દૂર રહ્યું, સંયમોપકારક વસ્તુમાં પણ) અલ્પમાત્ર મૂર્છા કરવા રૂપ પરિગ્રહ, તેનાથી પણ અટકવું (તે પાંચમું), અને ૬–सर्वस्माद्रात्रिभोजनाद्विरमणं=સર્વ

૧૭૬–મૂળ પ્રતમાં **छट्ठेति यावत् प्रश्नसूत्रं'** એમ જણાવેલું હોવા છતાં પ્રશ્ન **'उच्चारणं'** પદ સુધી ઘટે છે અને તે પછી **'छट्ठा'** પદ સુધીનો ગુરૂનો ઉત્તર છે એમ સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે 'દિવસે લાવેલું દિવસે વાપરવું' ઈત્યાદિ પ્રકારો પૈકી કોઈ દૂષિત પ્રકારથી માત્ર આહાર કરવા રૂપ પણ જે રાત્રીભોજન, તેનાથી અટકવું (તેને છઠ્ઠું વ્રત કહેલું છે).

એ રીતે નામથી કહીને હવે તેના સ્વરૂપ સાથે પહેલા વ્રતનું વિસ્તારથી ઉચ્ચારણ કરે છે કે–

**"तत्थ खलु पढमे भंते! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा णेव सयं पाणे अइवाए(इ)ज्जा, णेवण्णेहिं पाणे अइ–वायाविज्जा, पाणे अइवायंते वि अण्णे ण समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं–मणेणं वायाए काएणं, ण करेमि ण कारवेमि करंतं पि अण्णं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि"**

**વ્યાખ્યા**–तत्र=તે મહાવ્રતોના ઉચ્ચારણમાં, खलु=નિશ્ચયથી, भदन्त=હે ભગવંત! એમ અહીં ગુરૂની સમક્ષ પ્રતિક્રમણ કરતાં પૂજ્ય ગુરૂને સંબોધન માટે भन्ते! પદ સમજવું. प्रथमे महाव्रते प्राणातिपाताद्विरमणं=પહેલા મહાવ્રતમાં જીવહિંસાથી અટકવું, અહીં 'અટકવું' એટલે સર્વથા હિંસાનો ત્યાગ કરવો, એમ સર્વ વ્રતોમાં સર્વથા અટકવાનું સમજવું. અહીં કોઈ આચાર્યો સપ્તમી વિભક્તિના સ્થાને પ્રથમા કરીને प्रथमं महाव्रतं કહે છે, એમ સઘળા વ્રતોમાં પણ પહેલી વિભક્તિ કહે છે. सर्वं भदन्त! प्राणातिपातं प्रत्याख्यामि=હે ભગવંત! પ્રાણાતિપાતને સર્વથા હું તજું છું. હવે અહીં કહ્યું કે 'સર્વથા પ્રાણાતિપાતને તજું છું' તેને જ વિશેષરૂપમાં કહે છે કે से सुहुमं वा ઈત્યાદિ, તેમાં से શબ્દ તે વ્રતને જણાવનારો છે, અર્થાત્ 'તે આ પ્રમાણે' એમ જણાવવા માટે છે, सूक्ष्मं वा=પાંચે ઇન્દ્રિઓથી જાણી–જોઈ ન શકાય, માત્ર જ્ઞાનથી સમજી–જાણી શકાય તેવા જીવને, बादरं वा=ઇન્દ્રિયથી જાણી–જોઈ શકાય તેવાને, त्रसं वा=અગ્નિકાય અને વાયુકાય એ બે (ગતિત્રસ) તથા બેઇન્દ્રિયથી પચ્ચેન્દ્રિય સુધીના કોઈ પણ જીવને, स्थावरं वा=પૃથ્વી–પાણી અને વનસ્પતિ રૂપ ત્રણ એકન્દ્રિયોને, અહીં वा પદો પરસ્પર એક બીજાના સમુચ્ચય માટે છે. नैव स्वयं प्राणान् अतिपातयामि=હું સ્વયં (એ ઉપર કહ્યા તે) જીવોને હણું નહિ, नैवान्यैः प्राणान् अतिपातयामि=બીજાઓ દ્વારા એ જીવોને હણાવું નહિ અને प्राणानतिपातयतोऽन्यान्न समनुजानामि=એ જીવોને હણતા બીજાઓને હું સારા જાણું નહિ; (અનુમોદના કરૂં નહિ; કયાં સુધી? जावज्जीवाए ઈત્યાદિ, [यावज्जीवं=જીવું ત્યાં સુધી, त्रिविधं=ત્રણ પ્રકારની (કરવા કરાવવા અનુમોદવારૂપ) હિંસાને, त्रिविधेन=ત્રણ કારણોથી(મન–વચન–કાયાથી) તજું છું, એમ સંબન્ધ સમજવો. એ જ જણાવતાં કહે છે કે मनसा वाचा कायेन न करेमि न कारयामि कुर्वन्तमन्यं न समनुजानामि=મન–વચન–કાયાથી કરૂં નહિ, કરાવું નહિ અને બીજો કરે તો તેને અનુમતિ આપું (અનુમોદના કરૂં) નહિ. तस्स તે ત્રિકાળભાવિની હિંસા પૈકી ભૂતકાલની હિંસાનું भदन्त હે ભગવન્ત प्रतिक्रमामि હું પ્રતિક્રમણ કરૂં છું–મિથ્યાદુષ્કૃત આપું છું, निन्दामि આત્મસાક્ષીએ જુગુપ્સા (નિન્દા) કરૂં છું, અને गर्हामि=પરસાક્ષીએ જુગુપ્સા કરૂં છું, એ નિન્દા વિગેરે કોની? તે કહે છે કે आत्मानं હિંસા કરનારા મારા આત્માને (ભૂતકાલીન મારા આત્મપર્યાયને) કે જે પ્રશંસા કરવા યોગ્ય નથી તેને व्युत्सृजामि=સર્વથા તજું છું] વળી પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવ ભેદે પ્રાણાતિપાતનું (હિંસાનું) પ્રતિક્રમણ કરવા માટે કહે છે કે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" से पाणाइवाए चउव्विहे पन्नत्ते, तंजहा–दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ णं पाणाइवाए छसु जीवनिकाएसु, खित्तओणं पाणाइवाए सव्वलोए, कालओ णं पाणाइवाए दिया वा राओ वा, भावओ णं पाणाइवाए रागेण वा दोसेण वा, जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप(प्प)हाणस्स अहिरण्णसुवण्णिअस्स उवसमप्प-(प)भवस्स णवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खाविचित्तियस्स कुक्खिसंबलस्स णिरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्व(व्वि)त्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंणिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्वि अण्णाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगुरुयाए चउक्कसाओवगएणं पंचिंदिय(ओ)वसट्टेणं पडिपुन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं, इहं वा भवे अण्णेसु वा भवग्गहणेसु, पाणाइवाओ कओ वा काराविओ वा कीरंतो वा परेहिं समणुण्णाओ, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईअं निंदामि पडुप्पण्णं संवरेमि अणागयं पच्चक्खामि, सव्वं पाणाइवायं जावज्जीवाए, अणिस्सिओऽहं, नेव सयं पाणे अइवाएज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि(णिज्जा), तंजहा–अर(रि)हंतसक्खियं, सिद्धसक्खियं साहुसक्खियं, देवसक्खियं, अप्पसक्खियं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिया वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु पाणाइवायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए, सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं, अदुक्खणयाए असोयणा(णया)ए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरियावणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥१॥"

**વ્યાખ્યા**–स प्राणातिपातश्चतुर्विधः प्रज्ञप्तः=તે પ્રાણાતિપાત ચાર પ્રકારનો કહેલો છે, तद्यथा=તે આ પ્રમાણે. द्रव्यतः क्षेत्रतः कालतः भावतः=૧–દ્રવ્યથી, ૨–ક્ષેત્રથી, ૩–કાળથી અને ૪–ભાવથી, તેમાં द्रव्यतः णं प्राणातिपातः षट्सु जीवनिकाएसु=અહીં णं વાક્યની શોભા માટે છે, તે પ્રાણાતિપાત દ્રવ્યથી છ જીવનિકાય દ્રવ્યને વિષે, અર્થાત્ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ, એ છ કાય જીવો પૈકી કોઈની પણ હિંસા કરવી તે દ્રવ્યપ્રાણાતિપાત, क्षेत्रतः प्राणातिपातः सर्वलोके=એ હિંસા ક્ષેત્રની અપેક્ષાએ ચૌદરાજલોક રૂપ સર્વલોકમાં, कालतः प्राणातिपातो दिवा वा रात्रौ वा=કાલની અપેક્ષાએ હિંસા દિવસે અથવા રાત્રીએ, અને भावतः प्राणातिपातो रागेण वा द्वेषेण वा=ભાવની અપેક્ષાએ રાગથી અથવા દ્વેષથી હિંસા, એમ ભેદ પૂર્વક સ્વરૂપ કહીને ભૂત કાળમાં કરેલી તે હિંસાની વિશેષતયા નિન્દા કરતાં કહે છે કે–यो मयाऽस्य धर्मस्य=આ સાધુનો આચારરૂપ ધર્મ કે જેનાં 'કેવલિપ્રજ્ઞપ્ત' વિગેરે બાવીશ વિશેષણો આગળ કહીશું, તેમાં પૂર્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનતાદિ ચાર (કહીશું તે) કારણોથી અને પ્રમાદાદિ બીજાં અગીઆર (કહીશું તે) કારણોથી પ્રાણાતિપાત કર્યો હોય તેની નિન્દા કરું છું' એમ આખા આલાવાના વાક્યાર્થનો સંબન્ધ જોડવો. હવે તે પ્રત્યેક પદોનો અર્થ કરે છે કે–जं પદમાં વિભક્તિ બદલાએલી હોવાથી यः=જે પ્રાણાતિપાત मया=મેં (અર્થાત્ પ્રતિક્રામક પોતે પોતાને જણાવે છે કે મેં), अस्य धर्मस्य=આ સાધુના આચારરૂપ સર્વવિરતિ ધર્મમાં, તે ધર્મનું વિશેષ સ્વરૂપ કહે છે કે–૧–केवलिप्रज्ञप्तस्य=કેવલજ્ઞાનીએ કહેલો, ૨–अहिंसालक्षणस्य=અહિંસા જેનું લક્ષણ છે (અહિંસક વૃદ્ધિથી ઓળખાતો), ૩–सत्याधिष्ठितस्य=સત્ય એ જેનો આધાર છે (સત્ય જેમાં વ્યાપક છે), ૪–विनयमूलस्य=જેનું મૂળ વિનય છે, ૫–क्षान्तिप्रधानस्य=ક્ષમા જેમાં મુખ્ય છે, ૬–अहिरण्यसुवर्णस्य=હિરણ્ય (કાચું-સોનું રૂપું) અને સુવર્ણ (સોનૈયા કે ઘડેલું સોનું) જેમાં રાખી શકાતું નથી (તેવા સર્વ પ્રકારનાં ધનધાન્યાદિના સંગ્રહ રહિત), ૭–उपशमप्रभवस्य=ઇન્દ્રિયોનો અને મનનો નિગ્રહ કરવા રૂપ ઉપશમમાંથી જે પ્રગટ થાય છે, ૮–नवब्रह्मचर्यगुप्तस्य=નવ પ્રકારે બ્રહ્મચર્યની જેમાં રક્ષા કરવાની હોય છે (બ્રહ્મચર્યની નવ વાડ સહિત), ૯–अपचमानस्य=જે ધર્મના આરાધકો પાક (રસોઇ) બનાવતા નથી, અર્થાત્ આહાર પકાવવાની ક્રિયાના ત્યાગી સાધુઓ જેનું પાલન કરે છે, ૧૦–भिक्षावृत्तिकस्य=(આહાર પકાવવાનો ત્યાગ હોવાથી) ભિક્ષાવૃત્તિથી જેમાં જીવવાનું છે, ૧૧–कुक्षिशम्बलस्य=(ભિક્ષા દ્વારા પણ જેમાં સંચય કરવાનો નથી, કિન્તુ) સંયમ અને પ્રાણોના રક્ષણ માટે જેમાં માત્ર કુક્ષિપ્રમાણ ભોજન લેવાનું હોય છે, ૧૨–निरग्निशरणस्य(स्मरणस्य वा)=જેમાં (અતિ ઠંડીના પ્રસઙ્ગે પણ) અગ્નિનું શરણ કે સ્મરણ (ઇચ્છા) પણ કરવાનો નિષેધ છે, ૧૩–संप्रक्षालितस्य=સર્વ કર્મમલનું જેનાથી પ્રક્ષાલન (નાશ) થાય છે (અથવા સર્વ દોષોનો જેનાથી નાશ થાય છે), ૧૪–त्यक्तदोषस्य=રાગાદિ દોષોનો (અથવા दोष એટલે દ્વેષનો) જેમાં ત્યાગ છે, એ કારણે જ ૧૫–गुणग्राहिकस्य=જે ગુણોને ગ્રહણ કરાવે, (તાત્પર્ય કે આ ચારિત્ર-ધર્મ તેના આરાધકને દોષોનો–દ્વેષનો ત્યાગ અને ગુણોનો અનુરાગ કરાવે છે, અથવા અન્યના ગુણોનું કીર્તન કરાવનાર છે, કારણ કહ્યું છે કે સમ્યક્ત્વ પણ જો મલીન ન થયું હોય કે અવરાઈ ન ગયું હોય તો પણ તે જીવને પરગુણોની ઉપબૃંહણા વિગેરે ગુણાનુરાગ થાય જ છે), ૧૬–निर्विकारस्य=જેમાં ઇન્દ્રિઓનો કે મનનો વિકાર (બાહ્ય ઇચ્છાઓનો ઉન્માદ) નથી, ૧૭–निवृत्तिलक्षणस्य=સર્વ પાપવ્યાપારોનો ત્યાગ એ જેનું લક્ષણ (ચિન્હ) છે, (અથવા જે ધર્મ બાહ્ય સર્વ યોગોની નિવૃત્તિ કરાવે છે), ૧૮–पञ्चमहाव्रतयुक्तस्य=જે ધર્મ પાંચ મહાવ્રતોરૂપ છે, (ઉપર 'અહિંસાલક્ષણ' એમ કહેવા છતાં અહીં 'પાંચ મહાવ્રતયુક્ત' કહ્યો તેનું એ કારણ છે કે 'અહિંસાની જેમ બીજાં મહાવ્રતોની પણ આ ધર્મમાં તેટલી જ પ્રધાનતા છે, અથવા 'અહિંસાલક્ષણ' ની જેમ પ્રત્યક્ષ નહિ કહેલાં પણ અદત્તાદાનવિરમણાદિ મહાવ્રતોનું નિરૂપણ કરવા માટે 'પઞ્ચમહાવ્રતયુક્ત' વિશેષણ કહ્યું છે), ૧૯–असन्निधिसञ्चयस्य=જેમાં 'લાડુ' વિગેરે આહાર, પાણી, ખર્જૂરાદિ મેવો કે ફળફૂલાદિ ખાદિમ, અને હરડે આદિ ઔષધ વિગેરે સ્વાદિમ કંઇ પણ રાત્રીએ રાખવા રૂપ સન્નિધિનો સંચય (સંગ્રહ) કરાતો નથી, ૨૦–अविसंवादिनः=જેનું નિરૂપણ (કે પ્રવૃત્તિ પણ) દૃષ્ટ-ઇષ્ટથી વિરૂદ્ધ નથી, (અર્થાત્ જગતના પ્રત્યક્ષ ભાવોનું અને આત્માના ઇષ્ટસુખને આપે તેવા ઉપાયોનું યથાર્થ અને યથેષ્ટ નિરૂપણ જેમાં કરેલું છે), ૨૧–



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संसार पारगामिनः=જે ધર્મ સંસારથી પાર ઉતારનારો છે, અને ૨૨-निर्वाणगमनपर्यवसानफलस्य= નિર્વાણ એટલે સર્વ દુઃખોના અભાવ રૂપ મોક્ષ, તેની પ્રાપ્તિ એ જેનું અન્તિમ ફળ છે.

ઉપર્યુક્ત ૨૨ વિશેષણવાળો જે ચારિત્ર ધર્મ તેની, આરાધના કરતાં અજ્ઞાનતાદિ કારણે હિંસા કરી હોય, એમ દરેક પદમાં કહેલી ષષ્ઠી વિભક્તિનો સંબંધ જોડવો.

હવે તેની આરાધના કરતાં શું કર્યું હોય? તે કહે છે કે—

૧-पूर्वमज्ञानतया=(તે ધર્મ પામ્યા) પહેલાં અજ્ઞાનતાથી, ૨-अश्रवणतया=(ગુર્વાદિકના મુખે) નહિ સાંભળવાથી, ૩-अबोध्या=(સાંભળવા છતાં યથાર્થ રૂપે) નહિ સમજવાથી અને ૪-अनभिगमेन= (સાંભળવા અને સમજવા છતાં) સમ્યગ્પણે નહિ સ્વીકારવાથી, अभिगमेन वा=અથવા 'અભિગમેન' પદની વિભક્તિ બદલીને સપ્તમ્યન્તવાળો अभिगमे પર્યાય કરવાથી સ્વીકારવા છતાં પણ પ્રમાદ વિગેરેથી, (એમ ચાર નિમિત્તોથી જે જે પ્રાણાતિપાત કર્યો હોય, એમ સંબંધ જોડવો).

હવે કયા હેતુથી પ્રાણાતિપાત કર્યો હોય? તે પ્રમાદ વિગેરે હેતુઓ (સાધનો) કહે છે- ૧-प्रमादेन='મદ્ય' વિગેરે પાંચ પ્રકારનો અથવા આળસ વિગેરે પ્રમાદ કરવા દ્વારા, ૨-रागद्वेषप्रतिबद्धतया=રાગ-દ્વેષની આકુળતાથી (વશ થઈને), ૩-बालतया=બાલબુદ્ધિ(મૂઢતા)થી, અથવા બાલકપણાથી, ૪-मोहतया=મિથ્યાત્વ વિગેરે મોહનીય કર્મના ઉદયને આધીન થવાથી, ૫-मन्दतया= કાયાની મન્દતા(જડતા)થી-આલસથી, ૬-क्रीडनतया=ક્રીડાપ્રિયતાથી (કુતુહલપણાથી), ૭-त्रिगौरवगुरुतया=રસ, ઋદ્ધિ અને શાતા, એ ત્રણ ગારવના ભારેપણાથી (મદથી), ૮-चतुष्कषायोपगतेन= ક્રોધાદિ ચાર કષાયોના ઉદયને વશ થઇને, ૯-पञ्चेन्द्रियोपवशार्त्तेन=સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિઓના ઉપવશ(આધીન)પણાથી આર્ત્તધ્યાનને (વિહ્વળતાને) વશ થઇને, ૧૦-प्रत्युत्पन्नभारिक(त)या= વર્તમાનકાલીન કર્મનો ભાર જેને છે તે 'પ્રત્યુત્પન્નભારિક' કહેવાય, એ પ્રત્યુત્પન્નભારિકપણાથી, અર્થાત્ વર્તમાનકાલીન કર્મોના ભારેપણાથી,[૧૭૭] અને ૧૧-सातसौख्यमनुपालयता=શાતાકર્મના ઉદયથી મળેલાં સુખોને ગૃદ્ધિથી ભોગવતાં, અર્થાત્ સુખમાં મનને આસક્ત કરવાથી,[૧૭૮] (એમ અગીઆર હેતુઓથી) अस्मिन् वा भवे=વર્તમાન જન્મમાં, अन्येषु वा भवग्रहणेषु=અથવા ભૂતકાળના અને ભાવિકાળના જન્મો(ભવો)માં, प्राणातिपातः कृतो वा कारितो वा क्रियमाणो वा परैः समनुज्ञातः= જે પ્રાણાતિપાત સ્વયં કર્યો, બીજાઓ દ્વારા કરાવ્યો, અથવા બીજાઓએ સ્વયં કરતાં તેને મેં સારો માન્યો અર્થાત્ હું એમાં સંમત થયો, तं निन्दामि गर्हामि=તે પ્રાણાતિપાતને આત્મસાક્ષિએ 'મેં તે ખોટું કર્યું' એમ નિન્દું છું, અને પરસાક્ષિએ 'મેં તે અયોગ્ય કર્યું' એમ મારી દુષ્ટતાને કબૂલ (જાહેર) કરૂં છું-ગર્હા કરૂં છું, તે નિન્દા ગર્હા કેવી રીતે? त्रिविधंत्रिविधेन=કરવા કરાવવા અને અનુમોદવારૂપ ત્રિવિધ પ્રાણાતિપાતને ત્રણ યોગ દ્વારા (નિન્દું છું-ગર્હું છું). એ ત્રણ યોગો કહે છે કે-मनसा वाचा कायेन=મન વચન અને કાયા એ ત્રણ યોગોથી, (નિન્દા-ગર્હા કરૂં છું), અહીં વાક્યનો સંબન્ધ પૂર્ણ થયો.

---

૧૭૭-'**प्रतिपूर्णभारितया**' પર્યાય કરીને પાક્ષિકસૂત્રની ટીકામાં 'કર્મના પૂર્ણ ભારેપણાથી' કહ્યું છે.

૧૭૮-'**सदासुखमनुपालयता**'='સર્વકાળ સુખને ભોગવતાં' એમ પણ પાઠાન્તરથી પાક્ષિકસૂત્રની ટીકામાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે ત્રણકાળ માટે પ્રાણાતિપાતનો ત્યાગ કરતો કહે છે કે–अतीतं निन्दामि=ભૂતકાલીન પ્રાણાતિપાતને નિન્દું છું, प्रत्युत्पन्नं संवृणोमि=વર્તમાનમાં પ્રાણાતિપાતને સંવરૂં (રોકું) છું–તજું છું અને अनागतं प्रत्याख्यामि=ભવિષ્યમાં 'નહિ કરવા' એમ પચ્ચક્ખાણ કરૂં છું. सर्वं प्राणातिपातं= એમ સર્વ પ્રાણાતિપાતની નિન્દા સંવર અને પચ્ચક્ખાણ કરીને તેનો ત્રૈકાલિક ત્યાગ કરૂં છું.

[હવે આ ભવિષ્યના પચ્ચક્ખાણને જ વિશેષરૂપમાં કહે છે કે–] यावज्जीवमनिश्रितोऽहं= જીવું ત્યાં સુધી આશંસા રહિત એવો હું, नैव स्वयं प्राणान् अतिपातयामि, नैवान्यैः प्राणानतिपातयामि, प्राणानतिपातयतोऽप्यन्यान्न समनुजानामि=સ્વયં પ્રાણોનો નાશ નહિ જ કરૂં, બીજાઓ દ્વારા પ્રાણોનો નાશ નહિ જ કરાવું અને બીજા પ્રાણનાશ કરનારાઓને પણ હું સારા નહિ માનું, આ પચ્ચક્ખાણ કોની કોની સાક્ષિપૂર્વક કરે છે તે કહે છે કે–तद्यथा–अर्हत्साक्षिकं, सिद्धसाक्षिकं, साधुसाक्षिकं, देवसाक्षिकं, आत्मसाक्षिकं=તે પચ્ચક્ખાણ આ પ્રમાણે કરૂં છું ૧–અરિહંતોની સાક્ષિએ, અર્થાત્ ત્યાં ત્યાં રહેલા તીર્થંકરાદિ પોતાના કેવળજ્ઞાનરૂપ ચક્ષુથી મારા આ પચ્ચક્ખાણને પ્રત્યક્ષ દેખે છે, માટે 'તેઓની સાક્ષિએ' એમ તાત્પર્યથી અરિહંતોની સાક્ષિપૂર્વક કહી શકાય. એમ ૨–સિદ્ધોની સાક્ષિએ, ૩–સાધુઓની સાક્ષિએ, ૪–દેવોની સાક્ષિએ અને ૫–મારા આત્માની સાક્ષિએ. एवं=આ પ્રમાણે પચ્ચક્ખાણ કરે છતે (કરવાથી) भवति भिक्षुर्वा भिक्षुकी वा–થાય છે, સાધુ અથવા સાધ્વી, તે કેવાં થાય છે ? संयत–विरत–प्रतिहत–प्रत्याख्यातपापकर्मा=સંયત, વિરત, પ્રતિહત અને પ્રત્યાખ્યાત કર્યાં છે પાપકર્મોને જેમણે (એવાં થાય છે), તેમાં 'સંયત'=સત્તર પ્રકારના–સંયમથી યુક્ત, 'વિરત'=બાર પ્રકારના તપમાં વિવિધ પ્રકારે રક્ત, 'પ્રતિહત'=સ્થિતિનો હ્રાસ થવાથી ગ્રન્થિભેદ દ્વારા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોનો વિનાશ, તથા પચ્ચક્ખાણ=(મિથ્યાત્વ વિગેરે કર્મ બન્ધના) હેતુઓના અભાવે પુનઃ વૃદ્ધિ ન થવા રૂપે નીરાકૃત કર્યાં છે (દીર્ઘસ્થિતિવાળાં ન બંધાય તેવાં કર્યાં છે) જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોને જેમણે, એવા થાય છે. (અર્થાત્ સત્તર પ્રકારે સંયમ યુક્ત, વિવિધ તપમાં રક્ત, અને અલ્પસ્થિતિવાળાં તથા પુનઃ દીર્ઘસ્થિતિ ન બન્ધાય તેવાં કર્મોવાળા થાય છે.) આ વાક્યમાં પ્રથમનાં બે પદોનો કર્મધારય સમાસ કરીને છેલ્લાં ત્રણ પદોનો બહુવ્રીહી સમાસ કરવાપૂર્વક પુનઃ કર્મધારય સમાસ કરવો. હવે તે કેવી કેવી અવસ્થામાં ક્યારે ક્યારે તેવા થાય છે, તે કહે છે કે–दिवा वा रात्रौ वा=દિવસે અથવા રાત્રે, અર્થાત્ સર્વ કાળે, एकको वा पर्षद्गतो वा=કોઈ કારણે એકાકી હોય ત્યારે અથવા સાધુની પર્ષદામાં(સમુહમાં) હોય ત્યારે પણ, અર્થાત્ એકાકી કે અન્ય સાધુઓની સાથે, એમ કોઈપણ પ્રસઙ્ગે सुप्तो वा जाग्रद्वा–રાત્રિએ બે પ્રહર સુતા હોય ત્યારે કે શેષકાળે જાગતા હોય ત્યારે પણ, અર્થાત્ કોઈ પણ અવસ્થામાં, (તે સાધુ કે સાધ્વી સંયત વિરત પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા બને છે)

હવે પ્રાણાતિપાતની ત્રણકાળની ત્રિવિધ ત્રિવિધથી કરેલી આ વિરતિનો મહિમા વર્ણવે છે કે–एस=(આ પદમાં વિભક્તિનો વ્યત્યય હોવાથી) तत् खलु प्राणातिपातस्य विरमणं=તે પ્રાણાતિપાતની વિરતિ (ત્યાગ) નિશ્ચે हितं=(પથ્ય આહારની જેમ) હિતકર છે, सुखं=(તૃષાતુરને શીતલજળની જેમ) સુખ કરનાર છે, क्षमं=તારવામાં (કર્મઘાત કરાવવામાં) સમર્થ છે, नैश्रेयसिकम्='નઃશ્રેયસ્' એટલે મોક્ષ, તેના કારણભૂત છે, મોક્ષકારક છે, आनुगामिकं=ભવોભવ સાથે રહેનાર (અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરતિના સંસ્કારનો અનુબન્ધ (પરંપરા) ચાલવાથી અન્ય ભવોમાં પણ વિરતિને પ્રાપ્ત કરાવનાર), તથા **पारगामिकं**-સંસારથી પાર ઉતારનાર છે,

હવે એ 'હિતકર' વિગેરે કયા કારણે છે તે કહે છે-**सर्वेषां प्राणानाम्**=બે-ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા સર્વ જીવોને, **सर्वेषां भूतानाम्**=સર્વ વનસ્પતિકાય જીવોને **सर्वेषां जीवानाम्**=સર્વ પાંચ ઇન્દ્રિયવાળા જીવોને, **सर्वेषां सत्त्वानाम्**[१७९] સર્વ પૃથ્વીકાય આદિ જીવોને, **अदुःखनतया**=મનમાં સંતાપરૂપ દુઃખ નહિ કરવાપણાથી, **अशोचनतया**=શોકને ઉત્પન્ન નહિ કરવાપણાથી, **अजूरणतया**=જીર્ણ (અશક્ત) નહિ કરવાપણાથી, (અર્થાત્ વૃષભ-પાડા-ઘોડા-હાથી-ઉંટ-ગધેડા વિગેરેને અતિભાર ભરવાથી, આહાર નહિ આપવાથી, અઙ્કુશ-ચાબુક વિગેરેના પ્રહારોથી, અશક્ત-વૃદ્ધ બનતાં દેખાય છે, માટે તેવું નહિ કરવાથી), **अतेपनतया**=ખેદ વિગેરે નહિ પમાડવાથી (પસીનો, લાળ, આંસુ વિગેરે પડે તેવો પરિશ્રમ નહિ આપવાપણાથી), **अपीडनया**=પગ વિગેરેથી (પીલવારૂપ) પીડા નહિ કરવાથી, **अपरितापनतया**=(સર્વ પ્રકારના શારીરિક દુઃખોરૂપ) સંતાપ કરવાના અભાવથી (નહિ કરવાથી), **अनुपद्रवणतया**=સર્વથા મરણ (અથવા અતિત્રાસ) નહિ કરવાથી, (એ કારણોથી સર્વ પ્રાણ-ભૂત વિગેરેને હિતકર-સુખકર વિગેરે ગુણોનું કરનાર છે), વળી પણ આ પ્રાણાતિપાતવિરમણ પદ (વ્રત) કેવું છે ? તે કહે છે કે-**महार्थं महागुणं महाणुभावं महापुरुषानुचीर्णं परमर्षिदेशितं प्रशस्तं**=મહા અર્થવાળું, (તેનું ફળ-સ્વરૂપ વિગેરે કહેલું હોવાથી) 'મહા ગુણ સ્વરૂપ' (આ મહાવ્રતો સકળ ગુણોનો આધાર હોવાથી), 'મહામહિમાવાળું' (સ્વર્ગ-મોક્ષ વિગેરે અચિન્ત્ય ફળ આપવાથી), 'મહાપુરૂષોએ આચરેલું (તીર્થંકર-ગણધરાદિએ આચરેલું હોવાથી), 'પરમર્ષિએ ઉપદેશેલું' (શ્રી તીર્થંકરાદિએ ઉપદેશેલું હોવાથી,) અને (સકળ કલ્યાણને કરનારૂં હોવાથી) 'પ્રશસ્ત' છે, તે પ્રાણાતિપાત વિરમણ મને **दुःखक्षयाय, कर्मक्षयाय, मोक्षाय, बोधिलाभाय, संसारोत्तारणाय,**= શારીરિક-માનસિક વિગેરે સર્વ દુઃખોના ક્ષયને માટે, જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષય માટે, રાગ-દ્વેષાદિનાં બન્ધનોથી મુક્ત થવા માટે, જન્માન્તરમાં સમ્યક્ત્વાદિ સદ્ધર્મની પ્રાપ્તિ માટે, અને મહાભયંકર ભવભ્રમણમાંથી પાર ઉતરવા માટે 'સહાયક થશે' એમ અહીં અધુરો પાઠ સમજી લેવો. **इति कृत्वा**=એ કારણથી **उपसम्पद्य णं विहरामि**=તે પ્રાણાતિપાત વિરમણને સર્વથા અઙ્ગીકાર કરીને 'માસકલ્પ' વિગેરે નવકલ્પી સાધુના વિહારથી વિચરૂં છું, (णं વાક્યની શોભા માટે અવ્યય સમજવો,) કારણ કે-એમ નહિ વિચરવાથી વ્રતનો સ્વીકાર વ્યર્થ થાય.

હવે છેલ્લે વ્રત સ્વીકારની પ્રતિજ્ઞા (નિશ્ચય) કરતાં કહે છે કે **प्रथमे भदन्त! महाव्रते उपस्थितोऽस्मि सर्वस्मात् प्राणातिपातात् विरमणं**=હે ભગવન્ત ! હું પહેલા મહાવ્રતની સમીપમાં રહ્યો છું-સર્વથા પ્રાણાતિપાતની વિરતિનો સ્વીકાર કરૂં છું, અર્થાત્ મારે આજથી સર્વ પ્રકારના પ્રાણાતિપાતનું વિરમણ (હિંસાની નિવૃત્તિ-હિંસા નહિ કરૂં એવી પ્રતિજ્ઞા) છે. અહીં 'હે ભગવન્ત'

૧૭૯-'પ્રાણ' એટલે દશવિધ પ્રાણોને ધારણ કરનારા પઞ્ચેન્દ્રિયો, 'ભૂત' એટલે થયા, છે અને થશે, એમ ત્રિકાળવર્તી પૃથ્વીકાયાદિ પાંચ પ્રકારના જીવો, 'જીવ' નિરૂપક્રમ આયુષ્યથી જીવનારા-દેવો નારકે, શલાકાપુરૂષે, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યઞ્ચો, મનુષ્યો, યુગલિકો તથા ચરમશરીરી મનુષ્યો, અને 'સત્ત્વ' એટલે લોકના ઉપકાર પુરતું જ જેમનું સત્ત્વ છે તેવા વિકલપ્રાણવાળા વિકલેન્દ્રિય જીવો, તથા સોપક્રમી આયુષ્યવાળા તિર્યઞ્ચ-મનુષ્યો, એવો પણ અર્થ અન્ય ગ્રન્થોમાં કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું આમંત્રણ આદિમાં મધ્યે અને અન્તે પણ કરેલું હોવાથી 'ગુરૂને પૂછ્યા વિના કંઇ કરવું નહિ અને પૂછીને પણ કર્યા પછી તેઓને જણાવવું. એમ કરવાથી આ વ્રતની આરાધના થાય છે' એમ સમજવું. આ વ્રત લેવા છતાં પ્રાણાતિપાત કરનારાઓને 'પરભવમાં નરકમાં જવું, અલ્પ આયુષ્યવાળા થવું, બહુરોગી થવું, કદ્રૂપા થવું' વિગેરે દોષો સમજવા. (૧)

આ પ્રમાણે પહેલું મહાવ્રત કહ્યું, હવે બીજું મહાવ્રત કહે છે–(તે બીજા મહાવ્રતના આલાપકમાં પ્રથમ મહાવ્રતના આલાપકથી જે વિશેષ છે તે જ કહીએ છીએ.)

**"अहावरे दु(दो)च्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं, सव्वं भंते ! मुसावायं पच्चक्खामि, से कोहा वा लोहा वा भया वा हासा वा, नेव सयं मुसं वइ(ए)ज्जा–नेवन्नेहिं मुसं वायावि(वे)ज्जा मुसं वयंतेवि अन्ने न समणुजाणामि जाव०" शेषं पूर्ववत्**

**"से मुसावाए चउव्विहे पन्नत्ते, तंजहा–दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ णं मुसावाए सव्वदव्वेसु, खित्तओ णं मुसावाए लोए वा अलोए वा, कालओ णं मुसावाए दिया वा राओ वा, भावओ णं मुसावाए रागेण वा दोसेण वा, जं मए इमस्स०" शेषं पूर्ववत्**

**"मुसावाओ भासिओ वा भासाविओ वा भासिज्जंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि०" इत्यादि—**

**"सव्वं मुसावायं जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं मुसं वइ(ए)ज्जा नेवन्नेहिं मुसं वाया-वि(वे)ज्जा मुसं वयंते वि अन्ने न समणुजाणिज्जा, तंजहा०" शेषं पूर्ववत्**

**"एस खलु मुसावायस्स वेरमणे हिए०" शेषं प्राग्वत् । दु(दो)च्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥२॥"**

**વ્યાખ્યા**–"હવે પહેલા મહાવ્રત પછીના બીજા મહાવ્રતમાં હે ભગવંત ! સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક મૃષાવાદની વિરતિ[૧૮૦] કરવાની કહી છે, હે ભગવંત ! તે મૃષાવાદનું હું સર્વથા પચ્ચક્ખાણ (ત્યાગ) કરૂં છું, તે આ પ્રમાણે–ક્રોધથી, લોભથી, ભયથી અથવા હાસ્યથી (હાંસી મશ્કરીથી), (અહીં પહેલો ક્રોધ તથા છેલ્લો લોભ કહ્યો માટે ઉપલક્ષણથી તેની વચ્ચેના) માનથી

૧૮૦–મૃષાવાદના ચાર પ્રકારો છે–૧–સત્યનો નિષેધ કરવો, ૨–અસત્યની સ્થાપના કરવી, ૩–હોય તેથી બીજું જ કહેવું, અને ૪–અનુચિત (ગર્હણીય) બોલવું. તેમાં ૧–આત્મા નથી, પુણ્ય–પાપ નથી, વિગેરે સત્ય વસ્તુનો નિષેધ થાય એવું બોલવાથી આત્મા, પુણ્ય–પાપ, વિગેરેના અભાવે દાન, ધ્યાન–તપ અને અધ્યયનાદિ, સર્વ ક્રિયાઓ વ્યર્થ થાય છે, અને તેથી જગતની વિચિત્રતાનું કારણ પણ ન રહે, આ વિગેરે હેતુઓથી તેનું જુઠાપણું સમજવું. ૨–આત્મા બહુ ન્હાનો છે, તે લલાટમાં કે હૃદયમાં રહે છે, અથવા સર્વત્ર વ્યાપક છે, ઇત્યાદિ અસત્યની સ્થાપના જાણવી. એનાથી પણ સર્વ શરીરમાં સુખદુઃખનો અનુભવ થાય છે તે અસત્ય ઠરે, અથવા જીવ સર્વવ્યાપક હોય તો સર્વત્ર શરીરનો અને સુખ દુઃખનો અનુભવ થવો જોઇએ, તે થતો નથી, માટે પણ તે મૃષા સમજવું. ૩–ગાયને ઘોડો, સ્ત્રીને પુરૂષ, ઇત્યાદિ બોલવું, તે તો સ્પષ્ટ મૃષા છે જ, ૪–અયોગ્ય–ગર્હા યોગ્ય બોલવું તે, જેમકે કાણાને કાણો કહેવો, ઇત્યાદિ કટુવચન, અથવા પરલોક જેનાથી બગડે તેવાં સાવદ્ય વચનો, જેમકે–ખેતી કરો ! બળદ વિગેરેને પળોટો ! કન્યાને પરણાવો ! શત્રુને મારો !' વિગેરે બોલવું તે. એ ચારેયનો ત્યાગ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા માયાથી પણ, એમ કોઈ હેતુથી હું સ્વયં મૃષા બોલું નહિ, બીજાને મૃષા બોલાવું ન અને મૃષા બોલનારા બીજા કોઇને સારા જાણું નહિ." તે પછીનો અર્થ પહેલા મહાવ્રત પ્રમાણે જાણ

"આ મૃષાવાદ ચાર પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે-૧-દ્રવ્યથી, ૨-ક્ષેત્રથી, ૩-કાળ અને ૪-ભાવથી. તેમાં **૧-દ્રવ્યથી**-જીવ-અજીવ (ધર્માસ્તિકાય) આદિ સર્વ દ્રવ્યોમાં વિપરી બોલવાથી, **૨-ક્ષેત્રથી**-ચૌદરાજ પ્રમાણ લોકમાં, અથવા તેની બહાર અલોકમાં પણ, અથ લોક અલોકના વિષયમાં વિપરીત બોલવાથી, **૩-કાળથી**-અને **૪-ભાવથી**-વિગેરે તે પછીના અ પણ પહેલા મહાવ્રતમાં કહ્યા તે પ્રમાણે સમજી લેવા.

"એ મૃષાવાદ હું બોલ્યો અથવા બીજા પાસે મૃષાવાદ બોલાવ્યું, કે બોલનારા બીજાએ મેં સારા માન્યા" વિગેરે સઘળો અર્થ પણ પહેલા મહાવ્રતમાં કહ્યો તે પ્રમાણે સમજવો, ય સમ્પૂર્ણ આલાપકનો અર્થ એ રીતે સમજી લેવો. માત્ર જ્યાં પ્રાણાતિપાત શબ્દ છે ત્યાં મૃ વાદ માનીને તે પ્રમાણે અર્થ સમજવો (૨)

હવે ત્રીજા મહાવ્રતનું વર્ણન કરવા માટે પહેલા મહાવ્રતથી જેટલી ભિન્નતા છે તેજ કહે છે

**"अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं, सव्वं भंते अदिन्नादाणं पच्चक्खा से गामे वा नगरे वा रण्णे (अरन्ने)वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्त वा, णेव सयं अदिन्नं(ण्णं) गिण्हिज्जा नेवन्नेहिं अदिन्नं(ण्णं)गिण्हाविज्जा अदिन्नं(ण्णं) गिण्हंते अन्ने न समणुजाणामि जाव०" शेषं पूर्ववत्**

**"से अदिन्नादाणे चउव्विहे पण्णत्ते, तंजहा-दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ अदिन्नादाणे गहणधारणिज्जेसु दव्वेसु खित्तओ णं अदिन्नादाणे गामे वा नगरे वा रण्णे (अरन्न वा कालओ०" इत्यादि पूर्ववत्**

**"अदिन्नादाणं गहिअं वा गाहाविअं वा घिप्पंतं वा परेहिं समणुन्नायं" शेषं पूर्ववत्**

**"सव्वं अदिन्नादाणं जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं अदिण्णं गिण्हिज्जा नेवन्ने अदिण्णं गिण्हाविज्जा अदिण्णं गिण्हंतेवि अन्ने न समणुजाणिज्जा" शेषं पूर्ववत्**

**"एस खलु अदिन्नादाणस्स वेरमणे हिए०" शेषं पूर्ववत्**

**"तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥३॥**

**વ્યાખ્યા**-"હવે એ પછીના ત્રીજા મહાવ્રતમાં હે ભગવંત ! શ્રી જિનેશ્વરોએ માલિકે આ વિનાનું કંઈ પણ લેવાનો (અદત્તાદાનનો) નિષેધ (એટલે વિરતિ) કહેલો છે, હે ભગવંત ! તે મા આપ્યા વિનાનું કંઇપણ લેવાનો હું સર્વથા ત્યાગ કરૂં છું, તે આ પ્રમાણે-ગામમાં, નગરમાં, અરણ્યમાં કોઈ પણ સ્થળે, થોડું કે ઘણું, ન્હાનું કે મોટું, સજીવ કે નિર્જીવ, કોઈ પણ પદા માલિકના આપ્યા વિનાનો સ્વયં લઈશ નહિ, બીજા દ્વારા લેવરાવીશ નહિ, કે સ્વયમેવ લેનારા બી કોઇને હું સારા માનીશ નહિ, યાવજ્જીવ સુધી," વિગેરે તે પછીનો અર્થ પહેલા મહાવ્રત પ્રમા

"તે અદત્તાદાનના (માલિકે આપ્યા વિનાનું લેવાના) ચાર પ્રકારો આ પ્રમાણે છે-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યથી, ૨–ક્ષેત્રથી, ૩–કાળથી અને ૪–ભાવથી, તેમાં **દ્રવ્યથી** અદત્તાદાન=જે લેવા યોગ્ય કે પાસે રાખવા યોગ્ય હોય તેવા દ્રવ્યને લેવું, એમ કહેવાથી ચાલવામાં સ્થિર થવામાં કે બીજા જીવન વ્યવહારોમાં ઉપયોગી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર દ્રવ્યોનો ઉપયોગ કરવા છતાં તેને ગ્રહણ કરવાનાં કે પાસે રાખવાનાં હોતાં નથી માટે તેને અંગે અદત્તાદાન દોષ ન લાગે એમ સમજવું, **ક્ષેત્રથી**–ગામમાં, નગરમાં, કે અરણ્યમાં (અટવી–જંગલ–વન વિગેરે વસતિ બહારના ક્ષેત્રમાં) કોઈ પણ સ્થળે, **કાળથી** અને **ભાવથી** તેનો અને પછીનો અર્થ પણ પહેલા મહાવ્રતમાં જણાવ્યા પ્રમાણે સમજવો."

"તે અદત્તાદાન ગ્રહણ કર્યું, બીજા પાસે ગ્રહણ કરાવ્યું, અથવા બીજાએ ગ્રહણ કર્યું ય તેને સારૂં માન્યું," વિગેરે પછીનો અર્થ પણ પૂર્વ પ્રમાણે—

"જીવું ત્યાં સુધી આશંસા રહિત હું એ સર્વ અદત્તાદાનને ગ્રહણ કરીશ નહિ, બીજા દ્વારા ગ્રહણ કરાવીશ નહિ, અને બીજા ગ્રહણ કરનારાઓને સારા માનીશ નહિ," વિગેરે અર્થ પણ પ્રથમ મહાવ્રતમાં કહ્યા પ્રમાણે—

"નિશ્ચે આ અદત્તાદાનનો ત્યાગ હિતકારી છે" વિગેરે પૂર્વે કહ્યા પ્રમાણે—

"હે ભગવંત ! હું આ ત્રીજા મહાવ્રત માટે ઉપસ્થિત થયો છું. સર્વથા અદત્તાદાનના ત્યાગને (વિરતિને) સ્વીકારૂં છું." (૩)

હવે ચોથા મહાવ્રતનો વિશિષ્ટ (ફેરફારવાળો) પાઠ કહે છે કે—

**" अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं, सव्वं भंते ! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा माणुस्सं वा तिरिक्खजोणियं वा, णेव सयं मेहुणं सेविज्जा, णेवण्णेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि० " शेषं पूर्ववत्**

**" से मेहुणे चउव्विहे०" शेषं पूर्ववत् । " दव्वओ णं मेहुणे रूवेसु वा रूवसहगएसु वा, खित्तओ णं मेहुणे उड्ढलोए वा अहोलोए वा तिरियलोए वा, " शेषं पूर्ववत् । " मेहुणं सेविअं वा, सेवाविअं वा, सेविज्जंतं वा, परेहिं समणुन्नायं" शेषं पूर्ववत् । "सव्वं मेहुणं जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं मेहुणं सेविज्जा नेवन्नेहिं मेहुणं सेवाविज्जा मेहुणं सेवंते वि अन्ने न समणुजाणिज्जा, " शेषं पूर्ववत् । " एस खलु मेहुणस्स वेरमणे हिए०" शेषं पूर्ववत् । "चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं " ॥४॥**

**વ્યાખ્યા**–"હવે તે પછીના ચોથા મહાવ્રતમાં શ્રીજિનેશ્વરોએ મૈથુનથી વિરામ (વિરતિ) કરવાનું કહ્યું છે. હે ભગવંત ! તે સર્વ મૈથુનને હું પચ્ચક્ખું (ત્યાગ કરૂં) છું, તેમાં દેવ–દેવીના વૈક્રિય શરીર સંબન્ધી, મનુષ્ય સ્ત્રી કે પુરૂષના શરીર સંબન્ધી, અને તિર્યઞ્ચજીવો ઘોડા–ઘોડી આદિના શરીર સંબન્ધી, એમ કોઈ પણ મૈથુનને હું સ્વયં સેવું નહિ, બીજા દ્વારા સેવરાવું નહિ, કે બીજા સ્વયં સેવનારાઓને પણ હું સારા માનું નહિ, (એ મર્યાદા મારે) જાવજ્જીવ સુધી છે" વિગેરે પૂર્વવત્.

"તે મૈથુન ચાર પ્રકારનું છે, દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ભાવથી," વિગેરે પૂર્વે કહ્યા પ્રમાણે.

"તેમાં **દ્રવ્યથી** મૈથુન–'રૂપોમાં' એટલે નિર્જીવ પ્રતિમાઓમાં, અથવા જેને આભૂષણાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શણગાર ન હોય તેવાં રૂપો-ચિત્રોમાં આસક્તિ, તથા 'રૂપ સહગતમાં' એટલે સજીવ સ્ત્રી-પુરૂષનાં શરીરોમાં, અથવા આભૂષણ-અલઙ્કારાદિ શોભાવાળાં (ચિત્રાદિ) રૂપોમાં, **ક્ષેત્રથી** મૈથુન-ઉર્ધ્વલોક, અધોલોક, કે તિર્ચ્છાલોકમાં, અર્થાત્ ત્રણે લોકમાં, કાળથી-ભાવથી" વિગેરે પૂર્વ પ્રમાણે.

"તે મૈથુન સેવ્યું હોય, સેવરાવ્યું હોય, કે બીજા સ્વયં સેવનારાઓને સારા માન્યા હોય, તેને નિન્દું છું" વિગેરે પૂર્વવત્.

"જીવું ત્યાં સુધી આશંસા વિનાનો હું તે સર્વ મૈથુનને સ્વયં સેવીશ નહિ, બીજા દ્વારા સેવરાવીશ નહિ, બીજા સેવનારાઓને સારા માનીશ નહિ." વિગેરે પછીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

"નિશ્ચે આ મૈથુનનો ત્યાગ હિતકર છે" વિગેરે પછીનો અર્થ પણ પૂર્વ પ્રમાણે-

"હે ભગવંત! આ ચોથા મહાવ્રત માટે હું ઉપસ્થિત થયો છું. (પાસે આવ્યો છું.) એ કારણે સર્વથા મૈથુનના ત્યાગને હું સ્વીકારૂં છું." (૪)

હવે પાંચમા મહાવ્રતનો ફેરફારવાળો પાઠ તથા તેનો અર્થ કહે છે—

**"अहावरे पंचमे भंते ! महव्वए परिग्गहाओ वेरमणं, सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा णेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंतेवि अन्ने न समणुजाणामि" शेषं पूर्ववत् ।**

**"से परिग्गहे चउ०" शेषं पूर्ववत् । "दव्वओ णं परिग्गहे सचित्ताचित्तमीसेसु दव्वेसु, खित्तओ णं परिग्गहे सव्वलोए,[१८१] कालओ णं परिग्गहे दिआ वा राओ वा, भावओ णं परिग्गहे अपग्घे वा महग्घे वा रागेण वा दोसेण वा" शेषं पूर्ववत् । परिग्गहो गहिओ वा गाहाविओ वा घिप्पंतो वा परेहिं समणुन्नाओ" शेषं पूर्ववत् । "सव्वं परिग्गहं जावज्जीवाए अणिस्सिओहं नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंतेवि अन्ने न समणुजाणिज्जा०" शेषं पूर्ववत् । "एस खलु परिग्गहस्स वेरमणे हिए०" शेषं पूर्ववत् । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ।।५।।**

**વ્યાખ્યા**-"હવે તે પછીના પાંચમાં મહાવ્રતમાં શ્રીજિનેશ્વરોએ પરિગ્રહથી વિરામ (વિરતિ) કરવાનું કહ્યું છે, હે ભગવંત! હું તે સર્વ પરિગ્રહને પચ્ચક્ખું છું, (તે આ પ્રમાણે) થોડા કે ઘણા, ન્હાના કે મોટા, તે પણ સચિત્ત (સજીવ) કે અચિત્ત (નિર્જીવ) કોઈ પણ પદાર્થમાં હું સ્વયં પરિગ્રહ (મૂર્છા) કરીશ નહિ, બીજાઓને તેવો પરિગ્રહ (મૂર્છા) કરાવીશ નહિ, અને બીજા કોઈ સ્વયમેવ પરિગ્રહ કરનારાને સારો માનીશ નહિ" ઈત્યાદિ શેષ અર્થ પહેલાં મહાવ્રતમાં જણાવ્યા પ્રમાણે—

"તે પરિગ્રહ ચાર પ્રકારનો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, ઈત્યાદિ" પૂર્વવત્.

"તેમાં **દ્રવ્યથી**-સજીવ (સ્ત્રી વિગેરે), નિર્જીવ (ઘરેણાં આભૂષણ વિગેરે), અને મિશ્ર સાલઙ્કાર સ્ત્રી વિગેરે), એવા કોઈ પદાર્થોમાં (પાક્ષિક સૂત્રની ટીકાના આધારે 'આકાશ' વિગેરે

---

૧૮૧-પાક્ષિકસૂત્રવૃત્તિની પ્રતમાં **'सव्वलोए'** ના સ્થાને **'लोए वा अलोए वा'** અને **'अपग्घे'**ના સ્થાને **'अप्पग्घे'** એવો પાઠાન્તર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ દ્રવ્યોમાં) મૂર્છા કરવી તે દ્રવ્યપરિગ્રહ. **ક્ષેત્રથી**–સર્વ (ચૌદરાજ) લોકમાં, કારણ કે આકાશ વિગેરે સર્વ પદાર્થોમાં મૂર્છા કરી શકાય છે. પાઠાન્તરે લોકાકાશમાં અને અલોકાકાશમાં પણ મમત્વ કરવું તે ક્ષેત્ર પરિગ્રહ, **કાળથી**–દિવસે કે રાત્રે અર્થાત્ સર્વ કાળે અને **ભાવથી**–અલ્પમૂલ્ય કે બહુમૂલ્ય કોઈ પદાર્થમાં રાગથી કે દ્વેષથી (પ્રીતિ કે અપ્રીતિથી) મમત્વ કરવું તે ભાવપરિગ્રહ." બાકીનો અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે.

"એ પરિગ્રહ મેં ગ્રહણ કર્યો, બીજા દ્વારા ગ્રહણ કરાવ્યો, કે બીજાએ સ્વયં ગ્રહણ કરેલો સારો માન્યો હોય, તેને નિન્દું છું" વિગેરે શેષ અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

"યાવજ્જીવ સુધી આસક્તિ વિનાનો હું સ્વયં સર્વ (કોઈ પણ) પરિગ્રહને ગ્રહણ કરીશ નહિ, બીજા દ્વારા ગ્રહણ કરાવીશ નહિ, અને બીજા પરિગ્રહ ગ્રહણ કરનારાઓને સારા માનીશ નહિ," બાકીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે–

"આ પરિગ્રહનું વિરમણ (વિરતિ) નિશ્ચે હિતકારી છે" વિગેરે પૂર્વવત્.

"હે ભગવન્ત ! હું આ પાંચમા મહાવ્રતને પાળવા માટે ઉપસ્થિત (તૈયાર) થયો છું, સર્વથા પરિગ્રહથી વિરામ (કોઈ પણ પદાર્થની મૂર્છાનો ત્યાગ) કરૂં છું." (૫)

હવે છટ્ઠા રાત્રિભોજન વિરમણ વ્રતનો ફેરફારવાળો પાઠ કહે છે—

**"अहावरे छट्ठे भंते ! वए राईभोयणाओ वेरमणं, सव्वं भंते ! राईभोयणं पच्चक्खामि, से असणं वा पाणं वा खाइमं वा साइमं वा, णेव सयं राइं भुंजिज्जा, णेवण्णेहिं राइं भुंजाविज्जा, राइं भुंजंतेवि अन्ने न समणुजाणामि०" शेषं पूर्ववत् । "से राईभोयणे चउ०" शेषं पूर्ववत् । "दव्वओ णं राईभोयणे असणे वा पाणे वा खाइमे वा साइमे वा, खित्तओ णं राईभोयणे समयखित्ते, कालओ णं राईभोयणे दिआ वा राओ वा, भावओ णं राईभोयणे तित्ते वा कडुए वा कसाइले (कसाए) वा अंबिले वा महुरे वा लवणे वा रागेण वा दोसेण वा०" शेषं पूर्ववत् । "राईभोयणं भुत्तं वा भुंजाविअं वा भुंजंतं वा परेहिं समणुन्नायं०" शेषं पूर्ववत् । "सव्वं राईभोयणं जावज्जीवाए अणिस्सिओहं नेव सयं राइं भुंजिज्जा नेवन्नेहिं राइं भुंजाविज्जा राइं भुजंतेवि अन्ने न समणुजाणिज्जा०" शेषं पूर्ववत् । "एस खलु राईभोयणस्स वेरमणे हिए०" शेषं पूर्ववत् । "छट्ठे भंते ! वए उवट्ठिओमि सव्वाओ राईभोयणाओ वेरमणं" ॥६॥**

**વ્યાખ્યા**–"હવે તે પછીના છટ્ઠાવ્રતમાં શ્રીજિનેશ્વરોએ રાત્રિભોજનનો વિરામ (ત્યાગ) કહેલો છે, હે ભગવન્ત ! હું તે 'રાત્રે ગ્રહણ કરેલું રાત્રે વાપરવું' વિગેરે (પૂર્વે જણાવ્યા તે ચાર ભાંગાવાળા) સર્વ રાત્રિભોજનને પચ્ચક્ખું (તજું) છું, (તેની મર્યાદા આ પ્રમાણે–) અશન અથવા પાણી અથવા ખાદિમ કે સ્વાદિમ, એ ચારે પ્રકારના આહારનું હું સ્વયં રાત્રે ભોજન કરીશ નહિ, બીજાઓને રાત્રિએ ભોજન કરાવીશ નહિ અને બીજા સ્વયં રાત્રિભોજન કરનારાઓને સારા માનીશ નહિ, તે આ પ્રમાણે૦" ઇત્યાદિ શેષ પાઠનો અર્થ પહેલા મહાવ્રતમાં કહ્યા પ્રમાણે.

"તે રાત્રિભોજન ચાર પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે૦" વિગેરે પૂર્વવત્

"તેમાં **દ્રવ્યથી**–રાત્રિભોજન અશન, પાન, ખાદિમ અથવા–સ્વાદિમ, એ ચાર પ્રકારના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર પૈકી કોઈ વસ્તુ ખાવી તે દ્રવ્યથી રાત્રિભોજન, **ક્ષેત્રથી**–મનુષ્ય લોકમાં, કારણ કે–રાત્રિ ત્યાં જ હોય છે (મનુષ્યલોક સિવાય રાત્રિ–દિવસનો વ્યવહાર બીજે નથી), **કાળથી**–દિવસે અથવા રાત્રે અને **ભાવથી**–કડવું, તીખું, તુરૂં, ખાટું, મીઠું, કે ખારૂં, કોઈ પણ ઈષ્ટ અનિષ્ટ સ્વાદ પ્રત્યે રાગ કે દ્વેષ કરવા પૂર્વક ભોજન કરવું તે 'ભાવથી' રાત્રિભોજન કહેવાય." ઇત્યાદિ૦

"એ રાત્રિભોજન સ્વયં કર્યું (ખાધું), બીજાને કરાવ્યું અથવા બીજાઓએ કરેલા રાત્રિભોજનને સારૂં માન્યું, તેને નિન્દું છું૦" વિગેરે પૂર્વ પ્રમાણે—

"જાવજ્જીવ સુધી આશંસા વિનાનો હું સર્વ રાત્રિભોજનને સ્વયં કરીશ નહિ, બીજાઓને રાત્રિભોજન કરાવીશ નહિ, અને બીજા રાત્રિભોજન કરનારાઓને સારા માનીશ નહિ." ઇત્યાદિ૦

"આ રાત્રિભોજનની વિરતિ નિયમા હિતકારી છે" વિગેરે૦ શેષ અર્થ પૂર્વવત્-

"હે ભગવન્ત! હું આ છટ્ઠા વ્રતમાં (પાલનમાં) ઉપસ્થિત (તૈયાર) થયો છું, એ કારણે સર્વ (પ્રકારના) રાત્રિભોજનનો હું વિરામ (ત્યાગ) કરૂં છું." (૬)

હવે એ સર્વ (છ એ) વ્રતોની એક સાથે ઉચ્ચારણા (સ્તુતિ) કરે છે કે—

**"इच्चेइयाइं पंचमहव्वयाइं राईभोयणवेरमणछट्ठाइं अत्तहिअट्ठयाए(ट्ठाए) उवसंपज्जित्ता णं विहरामि"**

**વ્યાખ્યા**–એ ઉપર જણાવ્યા તે પાંચ મહાવ્રતો કે જેની સાથે રાત્રિભોજન વિરમણ વ્રત છટ્ઠું છે, તે (અર્થાત્ છએ) વ્રતોનો હું મારા આત્માના હિત માટે સમ્યક્ સ્વીકાર કરીને વિચરૂં (પાલન કરૂં) છું"

હવે ક્રમશઃ તે મહાવ્રતોના અતિચારોને કહે છે—

**"अप्पसत्था य जे जोगा, परिणामा य दारुणा। पाणाइवायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥१॥ तिव्वरागा य जा भासा, तिव्वदोसा तहेव य। मुसावायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥२॥ उग्गहं च अजाइत्ता, अविदिन्ने अ उग्गहे। अदिन्नादाणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥३॥ सद्दारूवारसागंधा-फासाणं पवियारणे (णा)। मेहुणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥४॥ इच्छा मुच्छा य गेही य, कंखा लोभे अ दारुणे। परिग्गहस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥५॥ अइमत्ते अ आहारे, सूरखित्तंमि संकिए। राईभोयणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥६॥**

**વ્યાખ્યા**–'અજયણાથી ચાલવું બોલવું' વિગેરે अप्रशस्ताश्च ये योगाः=હિંસાજનક વ્યાપારો (પ્રવૃત્તિ) અને परिणामाश्च दारुणाः=દારૂણ પરિણામોને એટલે જીવોને હણવાના રૌદ્ર (ધ્યાન રૂપ જે) અધ્યવસાયો, તેને પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતમાં अतिक्रमः=અતિચાર કહેલો છે, (માટે તેને તજવો જોઇએ) એમ માનીને તે અતિચારોને તજે. એમ સર્વ મહાવ્રતોની ગાથાઓમાં (અધુરો) વાક્યાર્થ સ્વયં જોડવો. (૧)

तीव्ररागा=ઉત્કટ વિષયના રાગવાળી જે ભાષા, તથા तीव्रद्वेषा=ઉગ્ર મત્સરવાળી જે ભાષા (અર્થાત્ ઉત્કટ રાગ કે દ્વેષ પૂર્વક બોલાતું વચન) તેને મૃષાવાદ વિરમણ મહાવ્રતમાં अतिक्रमः= અતિચાર કહ્યો છે (માટે તેને તજવો જોઇએ), એમ માનીને તેને તજે. (૨)

अवग्रहं च अयाचित्वा=માલીક પાસેથી કે તેણે જેને ભળાવ્યો હોય તેવા બીજા પાસેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવગ્રહની (ઉપાશ્રય-આશ્રયની) યાચના કર્યા વિના (અનુમતિ મેળવ્યા વિના) તેમાં રહેવું, (એટલા શબ્દો અધ્યાહારથી સમજવા), તથા अविदत्ते वा अवग्रहे=તથા પ્રતિનિયત (મેળવેલા) અવગ્રહની (જગ્યાની) હદ બહાર (જે જગ્યા તેના માલીકે વાપરવાની સંમતિ ન આપી હોય ત્યાં) 'ચેષ્ટા કરવી (તેનો ઉપયોગ કરવો)' એ શબ્દો પણ અધ્યાહારે સમજવા, તેને અદત્તાદાનવિરમણ મહાવ્રતમાં अतिक्रम=અતિચાર કહેલો છે, એમ માનીને તે અતિચારોને તજે. (૩)

[सद्दा=આ શબ્દમાં આગમિક હોવાથી 'आ'કારનો આગમ કરેલો છે, અહીં પ્રસઙ્ગાનુસાર શબ્દો, રૂપો, વિગેરે શુભ (શ્રેષ્ઠ) સમજવાના છે, માટે] शब्दरूपरसगन्धस्पर्शानाम्=શ્રેષ્ઠ શબ્દો, રૂપો, રસો, ગન્ધો અને સ્પર્શોની प्रविचारणा=[૧૮૨]રાગપૂર્વક સેવા કરવી (ભોગવવા) તેને મૈથુનવિરમણ મહાવ્રતમાં 'અતિક્રમ' એટલે અતિચાર કહ્યો છે, એમ માનીને તજે. (૪)

इच्छा=ભવિષ્યમાં કોઈ અમુક પદાર્થ મેળવવાની પ્રાર્થના, मूर्छा च=અને ચોરાઈ (હરણ થઈ) ગએલા-નાશ પામેલા પદાર્થનો શોક, गृद्धिश्च=વિદ્યમાન પરિગ્રહમાં (પદાર્થમાં) મૂર્છા (મમત્વ), काङ्क्षा=વર્તમાનમાં નહિ મળેલા વિવિધ પદાર્થોની પ્રાર્થના (ઇચ્છા), તે સ્વરૂપ જે લોભ તે 'કાઙ્ક્ષાલોભ,' તે કેવો ? दारुणः=રૌદ્ર, (રૌદ્રધ્યાનના કારણભૂત અતિ ઉત્કટ), એ ઇચ્છા, મૂર્છા, ગૃદ્ધિ, અને દારૂણ કાઙ્ક્ષારૂપ લોભ, એ સર્વ પરિગ્રહ વિરમણ મહાવ્રતમાં અતિક્રમ (અતિચાર) કહેલો છે, એમ માનીને તેને તજે. (અન્ય ગ્રન્થોમાં ઇચ્છા મૂર્છા વિગેરે શબ્દોને એક અર્થવાળા જણાવીને જુદા જુદા શિષ્યોને તેઓની ભાષામાં સમજાવવા માટે ભિન્ન ભિન્ન શબ્દોનો પ્રયોગ કર્યો છે એમ પણ વિકલ્પે જણાવેલું છે). અહીં મૂળમાં 'य=च' જ્યાં જ્યાં છે તે દરેક સમુચ્ચય (વળી) અર્થમાં સમજવા. (૫)

अतिमात्र आहारः=રાત્રે ક્ષુધા લાગવાના ભયથી દિવસે ઘણો આહાર લેવો, તથા सूरक्षेत्रे शङ्किते=ઉદય-અસ્ત થવારૂપ સૂર્યક્ષેત્રમાં, અર્થાત્ સૂર્ય જ્યાં ઉગે અને આથમે તે આકાશ ક્ષેત્રમાં શઙ્કિત એટલે સૂર્યનો ઉદય અથવા અસ્ત થયો કે નહિ ? એવી શઙ્કા હોવા છતાં આહાર લેવો, તે રાત્રિભોજન વિરમણ વ્રતમાં અતિક્રમ (અતિચાર) છે એમ સમજી તેને તજે. (૫)

એમ છ વ્રતોના અતિચારો કહ્યા, હવે તેની રક્ષાનો ઉપાય કહે છે—

**" दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**पढमं वयमणुरक्खे, विरयामो पाणाइवायाओ ॥१॥**
**दंसण० । बीअं वयमणुरक्खे, विरयामो मुसावायाओ ॥२॥**
**दंसण० । तइयं वयमणुरक्खे, विरयामो अदिन्नादाणाओ ॥३॥**
**दंसण० । चउत्थं वयमणुरक्खे, विरयामो मेहुणाओ ॥४॥**
**दंसण० । पंचमं वयमणुरक्खे, विरयामो परिग्गहाओ ॥५॥**
**दंसण० । छट्ठं वयमणुरक्खे, विरयामो राईभोयणाओ ॥६॥**

૧૮૨-મૂળ છાપેલી પ્રતમાં **रागार्थं प्रार्थना** પાઠ પછી **इच्छा-अनागतान्यतरार्थं** એટલો પાઠ છાપવો રહી ગયો જણાય છે. એટલે 'ઇચ્છા' શબ્દની ટીકા રહી ગઇ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–**दर्शनज्ञानचारित्राण्यविराध्य**=દર્શન-જ્ઞાન અને ચારિત્રની વિરાધના કર્યા વિના (અવિરાધિત), **स्थितः श्रमणधर्मे**=સાધુ ધર્મમાં સ્થિર (નિશ્ચળ) થએલો હું, **प्रथमं व्रतम् अनुरक्षामि**= પહેલા વ્રતનું કોઇ અતિચાર ન લાગે તેમ રક્ષણુ (પાલન) કરૂં છું, કેવો હું ? (**विरयामो**=અહીં વચનનો વ્યત્યય હોવાથી બહુવચનને બદલે એકવચનાન્ત કરવું) તેથી **विरतोऽस्मि प्राणातिपातात्**= સર્વથા પ્રાણાતિપાતથી (હિંસાથી) વિરામ પામેલો હું, અર્થાત્ દર્શન જ્ઞાન અને ચારિત્રનું યથાર્થ પાલન કરતો, શ્રમણુ ધર્મમાં નિશ્ચળ અને પ્રાણાતિપાતથી વિરામ પામેલો હું કોઈ પણ અતિચાર ન લાગે તેમ પહેલા મહાવ્રતનું રક્ષણુ–પાલન કરૂં છું. (૧)

એ પ્રમાણે બાકીની પાંચ ગાથાઓનો અર્થ પણ સમજી લેવો. માત્ર 'મૃષાવાદથી વિરામ પામેલો' એમ બીજી ગાથામાં, 'અદત્તાદાનથી વિરામ પામેલો' એમ ત્રીજી ગાથામાં, આ પ્રમાણે ચોથી–પાંચમી–છટ્ઠી ગાથામાં અનુક્રમે 'મૈથુનથી, પરિગ્રહથી અને રાત્રિભોજનથી વિરામ પામેલો' એવો અર્થ તે તે વ્રતને અનુસારે તે તે પાઠથી સમજી લેવો.

વળી પણ એ વ્રતોના રક્ષણુનો ઉપાય કહે છે કે—

"आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
पढमं वयमणुरक्खे, विरयामो पाणाइवायाओ ॥१॥
आलय० । बीयं वयमणुरक्खे, विरयामो मुसावायाओ ॥२॥
आलय० । तइयं वयमणुरक्खे, विरयामो अदिन्नादाणाओ ॥३॥
आलय० । चउत्थं वयमणुरक्खे, विरयामो मेहुणाओ ॥४॥
आलय० । पंचमं वयमणुरक्खे, विरयामो परिग्गहाओ ॥५॥
आलय० । छट्ठं वयमणुरक्खे, विरयामो राईभोयणाओ ॥६॥
आलय० । तिविहेण अप्पमत्तो, रक्खामि महव्वए पंच ॥७॥"

**વ્યાખ્યા**–**आलयः**=અહિં 'આલય' શબ્દ સૂચક હોવાથી આલયવર્તી, અર્થાત્ 'સ્ત્રી, પશુ, પણ્ડક, વિગેરે જ્યાં નથી એવા સકલદોષ વિનાના સ્થાનમાં રહેલો હું' એ પ્રમાણે **विहारः**= આગમોક્ત નવકલ્પી વિહારથી વિચરતો હું, **समितः**=ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિનું પાલન કરવાથી 'સમિત' એવો હું, **युक्तः**='પરીષહો સહવા માટે ગુરૂકુળવાસ સેવવો' વિગેરે સાધુના ગુણોથી યુક્ત એવો હું, **गुप्तः**=ત્રણ ગુપ્તિનું પાલન કરવાથી 'ગુપ્ત' એવો હું, **स्थितः श्रमणधर्मे**= ક્ષમા, મૃદુતા, આદિ દશ પ્રકારના શ્રમણધર્મમાં સ્થિર–નિશ્ચળ એવો હું, **प्रथमं व्रतमनुरक्षामि, विरतोऽस्मि प्राणातिपातात्**=એનો અર્થ ઉપર કહી તે ગાથાઓના અર્થ પ્રમાણે (પ્રાણાતિપાતથી વિરામ પામેલો હું પહેલા મહાવ્રતનું અતિચારોથી સંપૂર્ણ રક્ષણ કરૂં છું. એમ) કરવો. (૧)

એ ગાથા પ્રમાણે જ બીજીથી છટ્ઠી ગાથા સુધીનો અર્થ પણ કરવો, માત્ર 'બીજીમાં મૃષાવાદથી, ત્રીજીમાં અદત્તાદાનથી, ચોથીમાં મૈથુનથી, પાંચમીમાં પરિગ્રહથી અને છટ્ઠીમાં રાત્રિભોજનથી વિરામ પામેલો હું' એટલો અર્થ તે તે શબ્દોને અનુસારે ભિન્ન ભિન્ન કરવો (૨ થી ૬). સાતમી ગાથાના પૂર્વાર્ધનો અર્થ પણ ઉપર જણાવ્યો તેમ કરવો, ઉત્તરાર્દ્ધમાં વિશેષ છે તે આ પ્રમાણે—**त्रिविधेन**=મન–વચન અને કાયા એ ત્રણ યોગથી **अप्रमत्तः**=સારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે એકાગ્ર બનેલો હું, रक्षामि महाव्रतानि पञ्च=મ્હારા પ્રાણોની જેમ પાંચ મહાવ્રતોનું રક્ષણ (પાલન) કરૂં છું. (૭)

હવે એકથી દશ પર્યન્તના હેય ભાવોનો ત્યાગ અને ઉપાદેય ભાવોનો સ્વીકાર કરવા દ્વારા પુનઃ મહાવ્રતોની રક્ષા માટે કહે છે કે—

१–" सावज्जजोगमेगं, मिच्छत्तं एगमेव अन्नाणं ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१॥
अणवज्जजोगमेगं, सम्मत्तं एगमेव नाणं तु ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥२॥"

२–" दो चेव रागदोसे, दो (दु)ण्णि य झाणाइं अट्टरुद्दाइं । परि० ॥३॥
दुविहं चरित्तधम्मं, दो(दु)ण्णि य झाणाइं धम्मसुक्काइं । उव० ॥४॥"

३–" किण्हा नीला काऊ, तिण्णि य लेसाओ अप्पसत्थाओ । परि० ॥५॥
तेऊ पम्हा सुक्का, तिण्णि य लेसाओ सुप्पसत्थाओ । उव० ॥६॥
मणसा मणसच्चविऊ, वायासच्चेण करणसच्चेण ।
तिविहेण वि सच्चविऊ, रक्खामि महव्वए पंच ॥७॥ "

४–" चत्तारि य दुहसिज्जा, चउरो सन्ना तहा कसाया य । परि० ॥८॥
चत्तारि य सुहसिज्जा, चउव्विहं संवरं समाहिं च । उव० ॥९॥"

५–" पंचेव य कामगुणे, पंचेव य अण्हवे महादोसे । परि० ॥१०॥
पंचिंदियसंवरणं, तहेव पंचविहमेव सज्झायं । उव० ॥११॥"

६–" छज्जीवनिकायवहं, छव्विह(प्पि य)भासाउ अप्पसत्थाउ । परि० ॥१२॥
छव्विह अ(म)ब्भितरयं, वज्झंपि य छव्विहं तवोकम्मं । उव० ॥१३॥ "

७–" सत्त य भयठाणाइं, सत्तविहं चेव नाणविब्भंगं । परि० ॥१४॥
पिंडेसणपाणेसण, उग्गहसत्तिकया महज्झयणा । उव० ॥१५॥"

८–" अट्ठ (य) मयट्ठाणाइं, अट्ठ य कम्माइं तेसिं बंधं च । परि० ॥१६॥
अट्ठ य पवयणमाया, दिट्ठा अट्ठविहणिट्ठिअट्ठेहिं । उव० ॥१७॥"

९–" नव पावनियाणाइं, संसारत्था य नवविहा जीवा । परि० ॥१८॥
नवबंभचेरगुत्तो, दुनवविहं बंभचेरपरिसुद्धं । उव० ॥१९॥"

१०–" उवघायं च दसविहं, असंवरं तहय संकिलेसं च । परि० ॥२०॥
सच्चसमाहिट्ठाणा, दस चेव दसाओ समणधम्मं च । उव० ॥२१॥"

११–" आसायणं च सव्वं, तिगुणं इक्कारसं विवज्जंतो । परि० ॥२२॥
एवं तिदंडविरओ, तिगरणसुद्धो तिसल्लनिस्सल्लो ।
तिविहेण पडिक्कंतो, रक्खामि महव्वए पंच ॥२३॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યા—सावद्ययोगमेकम्=(સર્વ નિન્દકર્મોરૂપ) એક પાપ વ્યાપારને, मिथ्यात्वमेकम्=એક મિથ્યાત્વને, एवमज्ञानम्=એ રીતે એક અજ્ઞાનને, परिवर्जयन्=ત્યાગ કરતો, गुप्तः=મન, વચન, કાયાથી ગુપ્ત, रक्षामि महाव्रतानि पञ्च=પાંચ મહાવ્રતોનું હું રક્ષણ કરૂં છું (૧). अनवद्ययोगमेकम्=(સકળ આત્મહિતકર અનુષ્ઠાનોરૂપ) એક નિષ્પાપ વ્યાપારને, सम्यक्त्वमेकम्=એક સમ્યગ્ દર્શનને, एवं ज्ञानं तु=એ પ્રમાણે એક સમ્યગ્જ્ઞાનને પણ, उपसम्पन्नः=પ્રાપ્ત થયેલો હું, (અર્થાત્ ચારિત્ર, સમ્યક્ત્વ અને જ્ઞાનવાન્ હું), તથા युक्तः=(વિનય વૈયાવચ્ચ વિગેરે) સંયમના વ્યાપારથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરૂં છું. (૨)

द्वौ चैव रागद्वेषौ=એક રાગ અને બીજો દ્વેષ એ બન્નેનો, द्वे च ध्याने आर्त्तरौद्रे=અને બે દુષ્ટ ધ્યાનો–એક આર્ત્ત અને બીજું રૌદ્ર, એ દરેકનો ત્યાગ કરતો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરૂં છું. (૩). द्विविधं चारित्रधर्मम्=દેશવિરતિ અને સર્વવિરતિરૂપ બે પ્રકારના ચારિત્રધર્મને, द्वे च ध्याने धर्मशुक्ले=અને ધર્મ તથા શુક્લ, એ બે ધ્યાનોને, उप० વિગેરેનો અર્થ 'પ્રાપ્ત થએલો અને ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરૂં છું.' એમ પછીની ગાથાઓમાં પણ સમજી લેવું. (૪)

મૂળ ગાથામાં किण्हा વિગેરે પ્રથમાન્ત છે, પણ તે વિભક્તિનો વ્યત્યય હોવાથી कृष्णां नीलां कापोताम्=એમ પર્યાય કરવો અને તેનો અર્થ કૃષ્ણ નીલ અને કાપોત, એ तिस्रो लेश्या अप्रशस्ताः=ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓને, परि० વિગેરેનો અર્થ પૂર્વ પ્રમાણે (૫).

तैजसीं पद्मां शुक्लाम्=તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, એ तिस्रो लेश्याः सुप्रशस्ताः=ત્રણ અતિપ્રશસ્ત લેશ્યાઓને उप०=અર્થ પૂર્વ પ્રમાણે (૬).

मनसा=શુભભાવરૂપ પ્રશસ્ત ચિત્તદ્વારા પાંચ મહાવ્રતોનું હું રક્ષણ કરૂં છું, એમ સંબન્ધ જોડવો. તેમાં હું કેવો ? मनःसत्यविद्वान्=મન સત્યને જાણતો, અર્થાત્ અકુશળ મનનો નિરોધ અને શુભચિત્તની ઉદીરણા કરવારૂપ મન સત્યને (મનના સંયમને) જાણતો, એ પ્રમાણે वाक्सत्येन=કુશળ વચનની ઉદીરણા અને અકુશળ વચનનો નિરોધ કરવારૂપ વચન સંયમ વડે અને करणसत्येन=ક્રિયાની શુદ્ધિ અર્થાત્ કાયસંયમ વડે, એ કાયસંયમ સર્વ કાર્યો કરતાં ગમન–આગમન વિગેરે જયણાપૂર્વક કરવાથી અને કાર્ય ન હોય ત્યારે હાથ, પગ, વિગેરે અવયવોને સંકોચીને સ્થિર બેસવાથી થાય છે, એમ त्रिविधेन सत्यवित्=ત્રણ પ્રકારે સંયમને જાણતો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરૂં છું. અહીં 'મનસંયમ' વિગેરે ત્રણ ભાંગા કહ્યા તેમાં દ્વિકસંયોગી પણ ત્રણ ભાંગાનું સૂચન કર્યું છે, તે આ પ્રમાણે–૧–મન–વચન બેના સંયમથી, ૨–મન–કાયાના સંયમથી, ૩–વચન–કાયાના સંયમથી અને એક ત્રિકસંયોગી એટલે મન–વચન–કાયા એમ ત્રણેયના સંયમથી, એ રીતે સર્વ ભાંગે સત્યને (સંયમને) જાણતો, અર્થાત્ શુદ્ધસંયમનો પાલક હું, એમ સમજવું. આ કથનથી ત્રિકસંયોગી ભાંગો પણ કહ્યો, કુલ સાતમાં ૧–માત્ર મન, ૨–માત્ર વચન, ૩–માત્ર કાયા, ૪–મન–વચન, ૫–મન–કાયા, ૬–વચન–કાયા અને ૭–મન–વચન–કાયા, એ સાત ભાંગે સંયમનું રક્ષણ કરૂં છું, એમ અર્થ જાણવો (૭).

चतस्रश्च दुःखशय्याः=ચાર દુઃખશય્યાઓ, તે દ્રવ્યથી કોઈ દૂષિત ખાટલો (સંથારો) વિગેરે અને ભાવથી દુઃખશય્યા એટલે દુષ્ટચિત્તજન્ય કુસાધુતાનો અધ્યવસાય જાણવો. આ ચાર પ્રકારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ઠાણાઙ્ગ સૂત્રમાં) આ પ્રમાણે છે. ૧-પ્રવચનમાં (જિનવચનમાં) અશ્રદ્ધા, ૨-બીજા પાસેથી (પૌદ્ગલિક) ધન-આહારાદિ મેળવવા વિગેરેની ઇચ્છા-પ્રાર્થના, ૩-દેવ-મનુષ્યસંબન્ધી કામ (ભોગો)ની આશંસા (મેળવવાની-ભોગવવાની ઇચ્છા) અને ૪-સ્નાનાદિ કરવારૂપ શરીર સુખની (ગૃહસ્થપણાનાં સુખોની) ઇચ્છા, આ ચાર દુષ્ટ ભાવનાઓથી સંયમમાં દુઃખનો અનુભવ થાય માટે તેને દુઃખશય્યાઓ કહી છે. चतस्रः संज्ञाः=(અશાતાવેદનીયના અને મોહનીયના ઉદયજન્ય) ચાર પ્રકારની ચેતના, ૧-આહારસંજ્ઞા, ૨-ભયસંજ્ઞા, ૩-મૈથુનસંજ્ઞા અને ૪-પરિગ્રહસંજ્ઞા, चत्वारः कषायाश्च=તથા ક્રોધ-માન-માયા અને લોભ, એ ચાર કષાયો, એ દરેકનો परि०=વિગેરેનો અર્થ પૂર્વ પ્રમાણે. (૮)

તથા चतस्रश्च सुखशय्याः=ચાર સુખશય્યાઓ, તે દ્રવ્યથી અને ભાવથી જે દુઃખશય્યાઓનું સ્વરૂપ કહ્યું તેનાથી વિપરીત (ઠાણાઙ્ગના ચોથા ઠાણમાં કહ્યા પ્રમાણે) જાણવી. चतुर्विधं संवरम्= ચાર પ્રકારના સંવરને, અર્થાત્ મન-વચન અને કાયા એ ત્રણને અકુશળ વ્યાપારમાંથી રોકીને કુશળમાં પ્રવર્તાવવાં તે ત્રણનો સંવર તથા ચોથો(મહામૂલ્ય વસ્ત્રો, સુવર્ણ આદિના ત્યાગરૂપ) ઉપકરણ સંવર જાણવો, समाधिं च=અને ચાર પ્રકારની સમાધિ, અર્થાત્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ચારને અઙ્ગે આત્માનો પ્રશસ્ત(આરાધક)પરિણામ તે ચાર પ્રકારની સમાધિ જાણવી. એ બધાં પદો દ્વિતીયા વિભક્તિવાળાં હોવાથી-ચાર અપ્રશસ્ત શય્યાઓને, ચાર પ્રકારના સંવરને અને ચાર પ્રકારની સમાધિને उप०=સ્વીકારતો (પ્રાપ્ત થયેલો) ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરૂં છું. વિગેરે પૂર્વની જેમ. (૯)

पञ्चैव च कामगुणान्=મનોભીષ્ટ શબ્દ-રૂપ-રસ-ગન્ધ અને સ્પર્શ એ પાંચ (કામ એટલે વિકારને ગુણ કરનારા હોવાથી) કામગુણો કહ્યા છે, તેને તથા पञ्चैव च आश्रवान् महादोषान्= પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ, એ પાંચ (કર્મોનું આશ્રવન (ગ્રહણ) કરે માટે) 'આશ્રવો' અર્થાત્ કર્મ આવવાનાં (બન્ધનાં) દ્વારોરૂપ આશ્રવો જાણવાં, એ (આત્માને દારૂણ દુઃખોનાં કારણો હોવાથી) 'મહાદોષો' છે, તેને परि० વિગેરેનો અર્થ પૂર્વ પ્રમાણે (૧૦). તથા

पञ्चेन्द्रियसंवरणं=(નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ બે દ્રવ્યેન્દ્રિય અને લબ્ધિ તથા ઉપયોગરૂપ બે ભાવેન્દ્રિય એમ ચાર ચાર પ્રકારની) સ્પર્શન-રસના-ઘ્રાણ-ચક્ષુ અને શ્રોત્ર, એ પાંચ ઇન્દ્રિઓના (ઇષ્ટ વિષયમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ નહિ કરવારૂપ) સંવરને, तथैव पञ्चविधमेव स्वाध्यायम्=તથા એ જ રીતે પાંચ પ્રકારના (વાચના-પૃચ્છના-પરાવર્ત્તના-અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ) સ્વાધ્યાયને, उप०= પ્રાપ્ત થયેલો અને ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરૂં છું, વિગેરે પૂર્વ પ્રમાણે. (૧૧)

षड्जीवनिकायवधं=પૃથ્વીકાયાદિ છ પ્રકારના જીવોના વધને(વિનાશને), તથા षड्विधा(षडपि) च भाषाः अप्रशस्ताः=છ પ્રકારની અપ્રશસ્ત(કર્મબન્ધ થાય તેવી)ભાષાઓને, તે આ પ્રમાણે-૧-હીલિતા, ૨-ખિંસિતા, ૩-પરૂષા, ૪-અલીકા, ૫-ગાર્હસ્થી અને ૬-ઉપશમિતાધિકરણોદીરણા. તેમાં અસૂયાથી-અવજ્ઞાથી (અનાદરપૂર્વક) હે ગણિ! હે વાચક! હે જ્યેષ્ઠાર્ય! વિગેરે બોલવું તે ૧-**હીલિતા**, નિન્દાપૂર્વક (બીજાના અયોગ્ય વર્તનને પ્રગટ કરવાપૂર્વક) બોલવું તે ૨-**ખિંસિતા**, (હે દુષ્ટ! વિગેરે) ગાળી દેવાપૂર્વક કઠોર વચન બોલવું તે ૩-**પરૂષા**, ('દિવસે કેમ ઉંઘો છો'? વિગેરે શિખામણ આપતા ગુર્વાદિને 'નથી ઉંઘતો' એમ) અસત્ય બોલવું તે ૪-**અલીકા**, ગૃહસ્થની જેમ 'પિતા, પુત્ર, કાકા-ભાણેજ' વિગેરે બોલવું તે ૫-**ગાર્હસ્થી** અને શાન્ત થએલા કલહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે પુનઃ શરૂ થાય તેવું બોલવું તે ૬–**ઉપશમિતકલહપ્રવર્ત્તની**, એ દરેકનો परि०=ત્યાગ કરતો૦ વિગેરે અર્થ પૂર્વની જેમ (૧૨).

षड्विधमभ्यन्तरं बाह्यमपि च षड्विधं तपोकर्म=પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને શુભધ્યાન, એ છ અભ્યન્તર તપ કર્મ, વળી અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, અને સંલીનતા, એ છ બાહ્ય તપકર્મ, તેને उप०=પ્રાપ્ત થયેલો૦ વિગેરે અર્થ પૂર્વની જેમ (૧૩).

सप्त च भयस्थानानि=ઇહલોક ભય, પરલોક ભય, વિગેરે પૂર્વે (પગામ સિજ્જાના અર્થમાં)કહ્યા તે સાત ભયસ્થાનોને (ભયમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થનારા આત્માના ભયરૂપ અધ્યવસાયોનાં કારણોને–આશ્રયોને) તથા सप्तविधं चैव ज्ञानविभङ्गम्=અહીં 'જ્ઞાન અને વિભઙ્ગ' એ બે પદોનો પૂર્વાપર વ્યત્યય કરવાથી સાત પ્રકારના વિભઙ્ગજ્ઞાનને परि०=ત્યાગ કરતો૦ વિગેરે અર્થપૂર્વ પ્રમાણે. વિભઙ્ગજ્ઞાનના સાત પ્રકારો આ પ્રમાણે છે-"इग–पणदिसि लोगगमो, किरिआवरणो मुदग्गओ जीओ। ण मुदग्गओ रूवी, सव्वं जीवो सग विभंगा" અર્થાત્ ૧–एकदिशि लोकाभिगमः=પૂર્વાદિ કોઈ એક જ દિશામાં લોક (સર્વ જગત્) છે એવો બોધ તે પ્રથમ વિભઙ્ગજ્ઞાન, ૨–पञ्चसु दिक्षु लोकाभिगमः= છ દિશાને બદલે ઉર્ધ્વ, અધો પૈકી કોઈ એક અને ચાર તિર્છી દિશાઓ, એમ પાંચ દિશાઓમાં લોક છે એવો બોધ, ૩–क्रियावरणो जीवः=જીવ પ્રાણાતિપાત વિગેરે ક્રિયાઓ કરે છે તે તો પ્રત્યક્ષ દેખાય છે પણ તેમાં હેતુભૂત કર્મ તો દેખાતું નથી માટે જીવ કર્મથી આવૃત નથી, પણ 'ક્રિયા જ જીવનું આવરણ છે' એવો બોધ, ૪–मुदग्र=ભવનપત્યાદિ દેવોનું વૈક્રિય શરીર બાહ્ય અભ્યન્તર પુદ્ગલોના ગ્રહણપૂર્વક કરાતું જોવાય છે તેથી જીવ 'મુદગ્ર' અર્થાત્ 'સ્વશરીરાવગાહક્ષેત્રની બહારના કે અંદરના ક્ષેત્રમાં રહેલા પુદ્ગલોથી રચેલા શરીરવાળો છે' એવો અભિપ્રાય. ૫–अमुदग्र= વૈમાનિક દેવોનું વૈક્રિય શરીર બાહ્ય અભ્યન્તર પુદ્ગલોના ગ્રહણ વિના રચાતું જોવાય છે માટે જીવ 'અમુદગ્ર' એટલે બાહ્ય–અભ્યન્તર ક્ષેત્રમાં રહેલા પુદ્ગલોના ગ્રહણ વિનાના શરીરવાળો છે' એવો વિકલ્પ, ૬–जीवो रूपी=વૈક્રિય શરીરધારી દેવોના રૂપને જોઇને શરીરને જ જીવ માનવાથી જીવ રૂપી છે' એવો અભિપ્રાય, અને ૭–सर्वं जीवः=વાયુથી ચલાયમાન પુદ્ગલોને જોઇને તેમાં પણ જીવની માન્યતા કરવાથી જગતમાં દેખાય છે તે 'સર્વ વસ્તુઓ જીવો છે' એવો અભિપ્રાય, આ સાતે અભિપ્રાયોમાં 'લોક છ દિશાઓમાં છે, તેને બદલે ન્યૂન દિશામાં માનવારૂપે, કર્મોને નહિ માનવારૂપે અને શરીરના તે તે ધર્મોને દેખીને આત્માને તેવો માનવારૂપે વિપરીત ભઙ્ગો (કલ્પનાઓ) હોવાથી તેને વિ+ભઙ્ગ=વિભઙ્ગ જ્ઞાન કહ્યું છે, (આ જ્ઞાન જીવને મિથ્યાત્વમોહનીયના ઉદય સહિત જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી થાય છે, અને મિથ્યાત્વી દેવ–નારકીને આ વિભઙ્ગ જ્ઞાન ભવપ્રત્યયિક હોય છે માટે તે અજ્ઞાન છે) (૧૪.) તથા–

पिण्डैषणाः पानैषणाः=સાતપિણ્ડૈષણા અને સાત પાનૈષણાનું વર્ણન ગોચરીના દોષોમાં જણાવ્યું તેને, તથા अवग्रहाः(सप्त)=અહીં સૂચના માત્ર કરી છે માટે 'અવગ્રહ' એટલે વસતિને (રહેઠાણ–ઉપાશ્રયને) અંગે સાત પ્રકારની પ્રતિમાઓ (પ્રતિજ્ઞાઓ) જાણવી. તે આ પ્રમાણે–૧–'આવો–આવો અમુક ઉપાશ્રય મેળવવો, બીજો નહિ' એમ પ્રથમથી અભિગ્રહ કરીને તેવાની જ યાચના કરીને મેળવે તે પહેલી પ્રતિમા, ૨–'હું બીજાઓને માટે ઉપાશ્રય યાચીશ, અથવા બીજાઓએ યાચેલામાં રહીશ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો અભિગ્રહ તે બીજી પ્રતિમા, પહેલી પ્રતિમા સર્વ સામાન્ય (સર્વ સાધુઓને ઉદ્દેશીને) અને બીજી ગચ્છવાસી સામ્ભોગિક (એક માંડલીવાળા) કે અસામ્ભોગિક (ભિન્ન માંડલીવાળા) ઉત્કટ વિહારી (નિરતિચાર ચારિત્રવાળા) સાધુઓને ઉદ્દેશીને છે, એમ બેમાં ભિન્નતા સમજવી, કારણ કે-તેઓને એક બીજાને માટે એ રીતે યાચના કરવાનો વિધિ છે. ૩-'બીજાને માટે વસતિની યાચના કરીશ, પણ હું બીજાએ યાચેલી વસતિમાં રહીશ નહિ' એવો અભિગ્રહ, આ ત્રીજી પ્રતિમા 'યથાલન્દક' (જિનકલ્પના જેવી કઠોર આરાધના કરનારા) સાધુઓને હોય, કારણ કે તેઓ બાકી રહેલા સૂત્ર-અર્થ વસતિમાં રહેતા આચાર્ય પાસે ભણવાની અભિલાષાવાળા હોવાથી આચાર્યને માટે આવી રીતે વસતિની યાચના કરે, ૪-'હું બીજાઓને માટે વસતિ યાચીશ નહિ પણ બીજાએ યાચેલી વસતિમાં રહીશ' એવો અભિગ્રહ, આ ચોથી પ્રતિમા ગચ્છમાં રહીને જિનકલ્પનો અભ્યાસ (તુલના) કરનારા સાધુઓને હોય. ૫-'હું મારા માટે વસતિની યાચના કરીશ, બીજાને માટે નહિ' એવો અભિગ્રહ, આ પાંચમી પ્રતિમા જિનકલ્પિકસાધુઓને હોય, ૬-'જેની વસતિ ગ્રહણ કરીશ તેનું જ સાદડી, ઘાસ, વિગેરે પણ સંથારા માટે મળશે તો લઇશ, બીજાનું નહિ, અન્યથા ઉત્કટુકાસને કે બેઠાં બેઠાં રાત્રી પૂર્ણ કરીશ' એવો અભિગ્રહ, આ છટ્ઠી પ્રતિમા પણ જિનકલ્પિક વિગેરે મહામુનિઓને હોય છે, ૭-આ સાતમી પ્રતિમા પણ છટ્ઠીના જેવી જ છે, માત્ર 'સંથારા માટે શિલા, ઘાસ, વિગેરે જે જેવું પાથરેલું હશે તેવું જ લઇશ, અન્યથા નહિ' આવો અભિગ્રહ પણ જિનકલ્પિકાદિને જ હોય છે. એ સાત અવગ્રહોને (પ્રતિમાઓને), તથા (सत्तिकया) सप्त सप्तैकका:=સાત સપ્તૈકિઆં, આચારાઙ્ગસૂત્રના બીજા શ્રુતસ્કન્ધની બીજી ચૂલારૂપે જે સાત અધ્યયનો છે તે ઉદ્દેશા વિનાનાં હોવાથી 'એકસરાં'કહેવાય છે. તે સંખ્યામાં સાત હોવાથી પ્રત્યેકને સપ્તૈકક (સપ્તકિઆં) કહેવાય છે, એનાં નામો પણ એ પ્રમાણે જ છે, તે નામો (પગામસિજ્જાના અર્થમાં) પૂર્વે કહ્યાં છે, એ સાત સપ્તકિઆંને, તથા महाध्ययनानि=સૂત્રકૃતાઙ્ગ સૂત્રના બીજા શ્રુતસ્કન્ધનાં સાત અધ્યયનો, પહેલા શ્રુતસ્કન્ધનાં અધ્યયનોની અપેક્ષાએ તે મોટાં હોવાથી 'મહાધ્યયનો' કહેવાય છે, તેનાં નામો પણ પૂર્વે (પગામસિજ્જાના અર્થમાં) કહ્યા પ્રમાણે જાણવાં, તે સાત મહાધ્યયનોને, એ પ્રત્યેકને उप०= પ્રાપ્ત થએલો૦ વિગેરે અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે-(૧૫).

अष्टौ मदस्थानानि=જાતિમદ વિગેરે (પગામસિજ્જામાં કહ્યાં તે) આઠ મદસ્થાનો, (મદ થવાનાં 'જાતિ' વિગેરે આઠ નિમિત્તો,) તેને, તથા अष्टौ कर्माणि=જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોને, અને तेषां बन्धं च=એ આઠ કર્મોના બન્ધને, તે દરેકને परि०=ત્યાગ કરતો વિગેરે અર્થ ઉપર પ્રમાણે (૧૬).

अष्ट च प्रवचनमातर:='ઇર્યાસમિતિ' આદિ પાંચ સમિતિઓ અને 'મનોગુપ્તિ' આદિ ત્રણ ગુપ્તિઓ, એ આઠ પ્રવચન માતાઓ, કે જે अष्टविधनिष्ठितार्थैः दृष्टाः=આઠ પ્રકારના અર્થો (જ્ઞાના-વરણીયાદિ આઠ કર્મો) જેઓને ક્ષય થયા છે તે શ્રીજિનેશ્વરોને 'દૃષ્ટા' એટલે પ્રાપ્ત થઈ છે, તે પ્રત્યેકને उप०=પ્રાપ્ત થએલો૦ વિગેરે અર્થ ઉપર પ્રમાણે (૧૭).

नव पापनिदानानि=પાપના કારણભૂત (ભોગ વિગેરેને મેળવવાની ભાવના રૂપ) નવ નિયાણાં, તે આ પ્રમાણે "निव-सिद्दिठ-इत्थि-पुरिसे, परपविआरे सपविआरे अ । अप्परयसुरदरिद्दे सड्ढे हुज्जा



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नव निआणे' व्याख्या–१–કોઈ (તપસ્વી)સાધુ એમ વિચારે કે–દેવ–દેવલોક તો પ્રગટ છે નહિ, માટે આ પ્રત્યક્ષ દેખાય છે તે ઋદ્ધિમન્ત રાજાઓ જ દેવો છે, જો મારા તપ–નિયમાદિનું ફળ કાંઇ પણ હોય તો **'ભવિષ્યમાં હું રાજા થાઉં,'** ૨–કોઈ એમ વિચારે કે રાજાને તો બહુ ખટપટ અને દુઃખ–ભય હોય છે, માટે **હું ધનપતિ–શેઠ થાઉં**, ૩–કોઈ એમ વિચારે કે પુરૂષને યુદ્ધમાં ઉતરવું, દુષ્કર કાર્યો કરવાં, વિગેરે ઘણી દુઃખદાયી પ્રવૃત્તિઓ હોય છે, માટે મારાં તપ–નિયમ વિગેરે સફળ હોય તો **ભવિષ્યમાં હું સ્ત્રી થાઉં**, ૪–કોઈ વિચારે કે સ્ત્રી તો નિર્બળ–પરાધીન–નિન્દાનું પાત્ર ગણાય છે, માટે **હું અન્ય જન્મમાં પુરૂષ થાઉં**, ૫–કોઈ એમ વિચારે કે આ મનુષ્યના ભોગો તો મૂત્ર–પુરિષ–વમન–પિત્ત–શ્લેષ્મ–શુક્ર વિગેરેની અશુચિથી ભરેલા છે, દેવ–દેવીઓ બીજા દેવ દેવીઓ સાથે, અથવા પોતાનાં જ બીજાં દેવ દેવીઓનાં રૂપો બનાવીને તેનાથી ભોગ ભોગવે છે, માટે હું પણ એ રીતે દેવ–દેવીઓના અશુચિરહિત ભોગો ભોગવી શકું તેવો **પરપ્રવિચારી દેવ થાઉં**, ૬–કોઈ વળી એમ વિચારે કે એમાં તો બીજા દેવ–દેવીની પરાધીનતા છે, માટે હું મારા પોતાનાં જ દેવ–દેવીનાં ઉભય રૂપો વિકુર્વીને બન્ને વેદોનાં સુખ ભોગવી શકું તેવો **સ્વપ્રવિચારી દેવ થાઉં**, ૭–કોઈ વળી મનુષ્યના અને દેવોના ઉભય ભોગોથી વૈરાગી બનેલો સાધુ કે સાધ્વી એમ વિચારે કે જો મારો આ ધર્મ સફળ હોય તો જ્યાં પ્રવિચારણા નથી તેવો (નવ ગ્રૈવેયકાદિ) **અલ્પવેદોદયવાળો દેવ થાઉં**, ૮–કોઈ એમ વિચારે કે દેવ તો અવિરતિ હોય છે, માટે આ ધર્મનું ફળ મળે તો હું અન્ય જન્મમાં શ્રીમન્ત એવો 'ઉગ્રકુલ' વિગેરે **ઉત્તમકુલમાં વ્રતધારી શ્રાવક થાઉં** અને ૯–કોઈ એમ વિચારે કે કામ–ભોગો દુઃખદાયી છે, ધનપ્રતિબન્ધક છે, માટે અન્ય ભવમાં **હું દરિદ્ર થાઉં**, કે જેથી સુખ પૂર્વક ગૃહસ્થપણાને તજીને સંન્યાસ–દીક્ષા લઈ શકું, એમ પોતાના તપ–નિયમ–વ્રત વિગેરેની આરાધનાના ફળ રૂપે અન્ય ભવમાં તે તે અવસ્થાને પ્રાપ્ત કરવાની કલ્પના કરવી તે. આ નવનિયાણાનો[१८३] તથા संसारस्थाश्च नवविधा जीवाः=પૃથ્વી–અપ્–તેજો–વાયુ–વનસ્પતિ–બેઇન્દ્રિય–તેઇન્દ્રિય–ચૌરેન્દ્રિય અને પઞ્ચેન્દ્રિય, એમ નવ પ્રકારના સંસારવર્તી જીવોનો (તેની હિંસાદિ વિરાધનાનો) परि०=ત્યાગ કરતો० વિગેરે અર્થ પૂર્વ પ્રમાણે[१८४](૧૮).

नवब्रह्मचर्यगुप्तः=બ્રહ્મચર્યની નવ વાડોથી સુરક્ષિત (અખણ્ડ બ્રહ્મચર્યવાળો) હું, द्विनवविधं ब्रह्मचर्यं परिशुद्धम्='દ્વિનવવિધ' એટલે અઢાર પ્રકારના નિર્દોષ બ્રહ્મચર્યને उप०=પ્રાપ્ત થએલો०

---

૧૮૩–આમાં પ્રથમનાં છ નિયાણાવાળાને વીતરાગનો માર્ગ સાંભળે તો પણ તેની શ્રદ્ધા ન થાય, સાતમા નિયાણાવાળાને ધર્મમાં શ્રદ્ધા થાય પણ દેશવિરતિના પરિણામ ન થાય, આઠમા નિયાણાથી શ્રાવક બને પણ સર્વવિરતિ પ્રાપ્ત ન થાય અને નવમા નિયાણાથી સાધુપણું પ્રાપ્ત થાય પણ મોક્ષ ન થાય, એમ ધર્મ સામગ્રી મળવા છતાં તેના ફળથી આત્મા વંચિત રહે છે માટે નિયાણું નહિ કરવાં. નિયાણું કર્યા વિના જ સાધુધર્મના અને શ્રાવકધર્મના ફળરૂપે તે તે ફળ મળે જ છે, ઉલટું નિયાણું કરવાથી ભવિષ્યમાં ધર્મ પ્રાપ્તિ થતી નથી, છેલ્લાં નિયાણાથી સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ પ્રગટ થવા છતાં જીવનો મોક્ષ અટકે છે, પ્રથમનાં સાત નિયાણાં તો નિયમા સંસારમાં ભમાવે છે.

૧૮૪–ચૂર્ણિમાં તો **'नवविहं दंसणावरणं, नव य नियाणाइ नवविहा जीवा'** એવો પાઠ છે, તે અપેક્ષાએ 'ચક્ષુદર્શનાવરણાદિ ચાર અને પાંચ નિદ્રાઓ મળી દર્શનાવરણીયના નવ ભેદો સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે અર્થ પૂર્વ પ્રમાણે૦ (નવગુપ્તિનું સ્વરૂપ આગળ ચરણ સિત્તરીમાં કહેવાશે.) બ્રહ્મચર્યના–દૈવી તથા ઔદારિક ભોગોને, મન–વચન–કાયાથી, સેવવા નહિ, સેવરાવવા નહિ અને બીજા સેવનારાઓને અનુમોદવા નહિ, એમ (૨×૩=૬×૩=૧૮) અઢાર ભેદો સમજવા (૧૯).

उपघातं च दशविधम्=દશ પ્રકારના ચારિત્ર વિગેરેના ઉપઘાતને, તે આ પ્રમાણે–"उग्गम–ऊप्पा–एसण, परिहरण–परिसाडणा य नाणतिगे। संरक्खणाऽचिअत्ते, उवघाया दस इमे हुंति ॥" અર્થાત્–આહાર–વસ્ત્ર–પાત્ર–શય્યા, વિગેરેને મેળવવામાં (પૂર્વે કહ્યા તે) સોળ ઉદ્ગમ દોષો પૈકી કોઈ દોષ લગાડવાથી ચારિત્રનો ઉપઘાત થાય તે ૧–**ઉદ્ગમોપઘાત,** સોળ ઉત્પાદના દોષો પૈકી કોઈ દોષ સેવવાથી ૨–**ઉત્પાદનોપઘાત,** દશ એષણાઓને અંગે કોઈ દોષ સેવવાથી ૩–**એષણોપઘાત,** સંયમમાં અકલ્પ્ય, નિષિદ્ધ કે લક્ષણરહિત ઉપકરણોનો ઉપભોગ કરવાથી ૪–**પરિહરણોપઘાત,** વસ્ત્ર, પાત્ર વિગેરેનું પરિકર્મ એટલે 'રંગવાં–ધોવાં' વિગેરે ક્રિયા શોભા માટે કરવાથી (સ્વાધ્યાયનું અને સંયમનું પરિશાટન–હાનિ થાય તેથી તે) ૫–**પરિશાટનોપઘાત,** પ્રમાદ વિગેરેને વશ થઈ જ્ઞાનાચારમાં 'અકાલે સ્વાધ્યાય કરવો' વિગેરે કરવાથી ૬–**જ્ઞાનોપઘાત,** શ્રીજિનવચનમાં શઙ્કાદિ કરવા રૂપ દર્શનાચારમાં અતિચારો સેવવાથી ૭–**દર્શનોપઘાત,** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચનમાતાનું યથાયોગ્ય પાલન નહિ કરવાથી ૮–**ચારિત્રોપઘાત,** શરીરાદિની મૂર્છાપૂર્વક સંરક્ષણ કરવારૂપ પરિગ્રહપરિહાર વ્રતને ઉપઘાત લગાડવાથી ૯–**સંરક્ષણોપઘાત** અને ગુર્વાદિ સાધુગણ પ્રત્યે અપ્રીતિ વિગેરે કરવારૂપ વિનયનો ઉપઘાત કરવાથી ૧૦–**અચિઅત્તોપઘાત,** એ દશ ઉપઘાતોને, તથા दशविधं असंवरं तथा च संक्लेशं च=દશ પ્રકારના અસંવરને, તથા દશ પ્રકારના સંક્લેશને એટલે અસમાધિને, એ અસંવર અને સંક્લેશો આ પ્રમાણે છે–"जोगिंदिओवहिसुई, असंवरो दस य संकिलेसो अ। नाणाइजोगउवहीं, वसहिकसायऽन्नपाणेहिं ॥" અર્થાત્ ત્રણ યોગો, પાંચ ઇન્દ્રિઓ, ઉપધિ અને સૂચિ (સોય), એ દશનો અસંવર, તથા જ્ઞાનાદિ ત્રણ, યોગ ત્રણ, ઉપધિ, વસતિ, કષાય, આહાર અને પાણી. એ દશને અંગે અસમાધિ કરવાથી દશ પ્રકારનો સંક્લેશ જાણવો. દસ પ્રકારનો અસંવર આ પ્રમાણે–મન, વચન અને કાયા એ ત્રણ યોગોની અકુશલ પ્રવૃત્તિને નહિ રોકવાથી ત્રણ યોગોનો અસંવર, પાંચ ઇન્દ્રિયોને ઇષ્ટ અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં રાગ–દ્વેષ કરતાં નહિ રોકવાથી પાંચ ઇન્દ્રિઓનો અસંવર, શાસ્ત્રોક્ત સંખ્યાથી તથા પ્રમાણથી વિપરીત(અનિયત)કે અકલ્પ્ય વસ્ત્ર–પાત્રાદિ ઉપકરણોને ગ્રહણ કરવાં, અથવા જ્યાં ત્યાં વેરવિખેર પડેલાં વસ્ત્રપાત્રાદિને યથાસ્થાન નહિ મૂકવાં તે ૯–ઉપધિ અસંવર, અને સૂચિ(સોય)ના ઉપલક્ષણથી સોય–નખરદની–પિપ્પલક, આદિ શરીરને ઉપઘાત કરે તેવી અણી(ધાર)વાળી વસ્તુઓને સુરક્ષિત નહિ રાખવાં અને તેના ઉપલક્ષણથી સમસ્ત ઔપગ્રહિક ઉપકરણોનો અસંવર કરવો તે ૧૦–સૂચી અસંવર જાણવો. દશપ્રકારનો સંક્લેશ આ પ્રમાણે છે–૧–જ્ઞાનનું અવિશુદ્ધ્યમાનપણું તે 'જ્ઞાનસંક્લેશ' ૨–દર્શનનું અવિશુદ્ધ્યમાનપણું તે 'દર્શનસંક્લેશ' અને ૩–ચારિત્રનું અવિશુદ્ધ્યમાનપણું તે 'ચારિત્ર–સંક્લેશ', તથા મન દ્વારા (મનમાં) સંક્લેશ થાય તે ૪–'મન સંક્લેશ' વચન દ્વારા થાય તે ૫–'વચનસંક્લેશ' અને કાયાને આશ્રીને (રાગ–દ્વેષાદિ) થાય તે ૬–કાયસંક્લેશ, તથા સંયમને અથવા સંયમસાધક શરીરને ઉપધાન એટલે આલમ્બનભૂત થાય તે ઉપધિ અર્થાત્ સારાં–નરસાં વસ્ત્રો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે, તેમાં રાગ-દ્વેષાદિ થાય તે ૭-ઉપધિસંક્લેશ, ઇષ્ટાનિષ્ટ વસતિ(ઉપાશ્રય)ને અંગે સંક્લેશ થાય તે ૮-વસતિસંક્લેશ, ક્રોધાદિક કષાયોને વશ થવાથી ૯-કષાયસંક્લેશ, અને ઇષ્ટાનિષ્ટ આહારપાણી વિગેરેમાં રાગ-દ્વેષાદિ થાય તે ૧૦-અન્ન-પાન સંક્લેશ. એમ દશ પ્રકારના અસંવરને તથા દશવિધ સંક્લેશને પરિ૦=ત્યાગ કરતો૦ વિગેરે બાકીનો અર્થ પૂર્વ પ્રમાણે. (૨૦)

**सत्य-समाधिस्थानानि दश चैव दशाः श्रमणधर्मं च**=દશ પ્રકારનું સત્ય, દશ સમાધિસ્થાનો, દશ દશાઓ અને દશવિધ શ્રમણધર્મ, એ દરેકને उप०=પ્રાપ્ત થએલો૦ વિગેરે બાકીનો અર્થ પૂર્વ પ્રમાણે. તે દરેકનું વર્ણન આ પ્રમાણે છે-દશ પ્રકારનું સત્ય (ઠાણાઙ્ગ સૂત્રના ત્રીજા ઉદ્દેશામાં સૂ. ૭૪૧માં) કહ્યું છે કે-" **जणवय-संमय-ठवणा, नामे रूवे पडुच सच्चे अ। ववहार-भाव-जोगे, दसमे ओवम्म-सच्चे अ॥** " અર્થાત્ ભિન્ન ભિન્ન દેશની તે તે ભાષામાં તે તે વસ્તુનાં ભિન્ન ભિન્ન નામો, જેવાં કે કોંકણાદિ દેશોમાં પાણીને 'પયઃ, પેય, નીર, ઉદક' વિગેરે જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે તે, તે તે દેશોની અપેક્ષાએ સત્ય છે માટે તે **૧-જનપદ સત્ય** જાણવું, એમ 'કુમુદ-કુવલય-કમળ-અરવિન્દ' વિગેરે દરેક 'પઙ્ક' એટલે કાદવમાં ઉત્પન્ન થનારાં હોવાથી વસ્તુતઃ 'પઙ્કજ' છે, છતાં આબાલ-ગોપાલ સર્વે અરવિન્દને જ પઙ્કજ માને છે, માટે અરવિન્દ એટલે સૂર્યવિકાસી કમળને જ 'પઙ્કજ' કહેવું તે સર્વસંમત હોવાથી **૨-સંમતસત્ય** જાણવું, તેથી વિપરીત બીજાં ચન્દ્રવિકાસી કમળો જેવાં કે કુમુદ અને નીલકમળ એટલે કુવલય વિગેરે તથા બીજાં સૂર્યવિકાસી કમળોમાં પણ 'પઙ્કજ' શબ્દનો વ્યવહાર અસંમત હોવાથી તેને 'પઙ્કજ' કહેવાં તે અસત્ય જાણવું. કોઈ પાષાણાદિની મૂર્તિ બનાવી તેની અમુક દેવાદિ તરીકે સ્થાપના કરવામાં આવે તે **૩-સ્થાપનાસત્ય.** જેમકે પ્રભુ મહાવીરની મૂર્તિને 'મહાવીર' કહેવા તે સ્થાપના સત્ય. કોઇનું નામ પાડયું હોય તે નામથી તેને સંબોધવો તે **૪-નામસત્ય,** જેમકે કોઈ કુળને વધારનાર ન હોવા છતાં તેનું નામ 'કુળવર્ધન' રાખ્યું હોય તો તેને તે નામથી બોલાવવો તે નામ સત્ય જાણવું. કોઈના બાહ્યરૂપને અનુસારે તેને તેવો કહેવો, જેમ કોઈ કપટીએ પણ બહારથી સાધુવેષ પહેર્યો હોય તેને સાધુ કહેવો, કે કોઈ લાંચ રૂશ્વત લેનાર ન્યાયાધીશને પણ ન્યાયાધીશ કહેવો ઈત્યાદિ **૫-રૂપસત્ય.** એક બીજી વસ્તુને આશ્રીને બોલાય તે **૬-પ્રતીત્યસત્ય.** જેમ કે અનામિકા(પૂજનની આંગળી)ને ન્હાની અને મોટી કહેવી તે પ્રતીત્ય સત્ય, કારણ કે અનામિકા કનિષ્ઠાથી મોટી છે અને મધ્યમાથી તે ન્હાની પણ છે. **૭-વ્યવહારસત્ય** એટલે 'પર્વત બળે છે, ઘડો ઝમે છે' વિગેરે બોલવું તેમાં વસ્તુતઃ તો પર્વત નહિ પણ ઘાસ વિગેરે બળે છે, ઘડો નહિ પણ પાણી ગળે (ઝમે) છે, તો પણ તેમ બોલવાનો વ્યવહાર હોવાથી તે વ્યવહારસત્ય છે. **૮-ભાવ-સત્ય**=જે પદાર્થમાં જે ધર્મની વિશેષતા હોય તેને મુખ્ય ગણીને બોલવું તે, જેમકે-ભમરામાં પાંચે વર્ણ છતાં કાળોવર્ણ વિશેષ હોવાથી ભમરાને 'કાળો' કહેવો, બગલામાં શુક્લવર્ણ વિશેષ હોવાથી તેને 'શુક્લ' કહેવો વિગેરે, **૯-યોગસત્ય**=કોઈ પદાર્થનો બીજા પદાર્થ સાથેના યોગથી-સંબન્ધથી તેને તેવો કહેવો તે, જેમકે-દણ્ડના યોગથી સાધુને 'દણ્ડી' કહેવો વિગેરે તથા **૧૦-ઉપમાસત્ય**=ઉપમાનો આરોપ કરવો તે, જેમકે-'મોટા સરોવરને સમુદ્ર, પુન્યવાન મનુષ્યને દેવ, કે શૂરવીરને સિંહ' ઈત્યાદિ કહેવું તે. હવે દશ સમાધિ સ્થાનો આ પ્રમાણે કહ્યાં છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"इत्थिकहाऽऽसणइंदिअ–निरिक्खन संसत्त वसहि–वज्जणया। अइमायाहारपणीअ–पुव्वरयसरणपरिहारो ॥१॥ न य साए य सिलोगे, मज्जिज्ज न सद्दरूवगंधे य। इय दस समाहिठाणा, सपरेसि समाहिकारणओ ॥२॥"

**વ્યાખ્યા**–પુરૂષે સ્ત્રીની કે સ્ત્રીએ પુરૂષની વિકારજનક વાતોનો ત્યાગ કરવો, અથવા પુરૂષે માત્ર સ્ત્રીઓની સભામાં કથા નહિ કરવી તે પહેલું સમાધિસ્થાન, એમ સ્ત્રીનું આસન પુરૂષે અને પુરૂષનું આસન સ્ત્રીએ વર્જવું તે બીજું, રાગદૃષ્ટિએ સ્ત્રીનાં રાગજનક અઙ્ગો–ઇન્દ્રિઓ વિગેરે પુરૂષે, કે પુરૂષનાં અઙ્ગો–ઇન્દ્રિઓ આદિ સ્ત્રીએ નહિ જોવાં તે ત્રીજું, સ્ત્રી–પશુ–નપુંસક આદિથી યુક્ત (સંસક્ત) વસતિ(ઉપાશ્રય)માં સાધુએ આશ્રય નહિ કરવો તે ચોથું, અતિમાત્ર (પ્રમાણાધિક) આહારનો ત્યાગ કરવો તે પાંચમું, સ્નિગ્ધ–માદક આહારનો ત્યાગ કરવો તે છઠ્ઠું, પૂર્વે ગૃહસ્થાવસ્થામાં ભોગવેલા ભોગોનું સ્મરણ નહિ કરવું તે સાતમું, શાતાવેદનીયજન્ય સુખમાં અથવા શાતાને ઉપજાવનાર શુભ રસ–સ્પર્શ આદિ વિષયોના સુખમાં રાગ–મદ નહિ કરવો તે આઠમું, એ પ્રમાણે પોતાની પ્રશંસા–કીર્તિ આદિનો મદ નહિ કરવો તે નવમું અને શુભ શબ્દ–રૂપ–રસ–ગન્ધ વિગેરે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ નહિ કરવી તે દશમું. આ દશ પ્રકારનાં સ્થાનો સ્વ–પરને સમાધિ ઉત્પન્ન કરે છે માટે એ દશને સમાધિસ્થાનો કહ્યાં છે. તથા દશ અધિકારને જણાવનારાં દશ શાસ્ત્રો તે દશ દશાઓ કહી છે. અહીં તે દરેકનું નામ સ્ત્રીલિઙ્ગે બહુવચનાન્ત છે તેનું કારણ એ છે કે તે શાસ્ત્રોને તેવાં નામથી આગમમાં જણાવેલાં છે, તે આ પ્રમાણે છે–

"कम्मविवागाण दसा, उवासगंतगडणुत्तरदसा य। पण्हावागरणदसा, दसासुअक्खंधदसा य ॥१॥ बंधाइ दसा चउरो, सेसा वक्खाणिया न चुन्नीए। महव्वयकसायचउजुअ–तवेहिं दसहा समणधम्मो ॥२॥"

**વ્યાખ્યા**–૧–કર્મવિપાકદશા, ૨–ઉપાસકદશા, ૩–અન્તકૃતદશા, ૪–અણુત્તરોપપાતિકદશા, ૫–પ્રશ્નવ્યાકરણદશા, ૬–દશાશ્રુતસ્કન્ધદશા, ૭–બન્ધદશા, ૮–દ્વિગૃદ્ધિદશા, ૯–દીર્ઘદશા અને ૧૦–સંક્ષેપકદશા. એમ દશ દશાસૂત્રો જાણવાં, તેમાં છેલ્લી ચાર દશા વર્તમાનકાળે અપ્રસિદ્ધ હોવાથી ચૂર્ણિમાં એને કહી નથી. તથા પાંચ મહાવ્રતોનું પાલન, ચાર કષાયોનો ત્યાગ અને બાર પ્રકારનો તપ, એ દશ [૧૮૫]પ્રકારે શ્રમણધર્મ સમજવો. (૨૧)

आशातनां च सर्वां=સામાન્યતયા સર્વ કોઈ આશાતનાઓને, અથવા त्रिगुणम् एकादशम्=અગીઆરના અઙ્કથી ત્રણ ગુણી અર્થાત્, (પગામસિજ્જામાં કહી તે) તેત્રીશ આશાતનાઓને विवर्जयन्=ત્યાગ કરતો અને તેથી જ उपसंपन्नः=અર્થાપત્તિએ અનાશાતનાના ભાવને પ્રાપ્ત થએલો, युक्तः=સાધુતાના ગુણોથી યુક્ત એવો હું 'પાંચ મહાવ્રતોનું રક્ષણ–પાલન કરૂં છું' એ અર્થ પૂર્વ પ્રમાણે(૨૨).

એ પ્રમાણે એક–બે આદિ શુભસ્થાનોનો અઙ્ગીકાર અને અશુભસ્થાનોનો ત્યાગ કરવા–દ્વારા મહાવ્રતોના રક્ષણની (પાલનની) પ્રતિજ્ઞા કરી, હવે નહિ કહેલાં બાકીનાં સ્થાનોનો અતિદેશ (ભલામણ) કરવાપૂર્વક મહાવ્રતોની પ્રતિજ્ઞા કરતાં કહે છે કે–एवं=ઉપર ત્રણ લેશ્યા વિગેરેનો ત્યાગ કરવાપૂર્વક ઇત્યાદિ કહ્યું તેમ त्रिदण्डविरतः=ત્રણ દણ્ડથી વિરામ પામેલો, અર્થાત્ જેમ રાજા

૧૮૫–ક્ષમા, મૃદુતા, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય, યતિધર્મના એમ પણ દશ પ્રકારો કહ્યા છે, તથા બીજા આચાર્યો–ક્ષમા, નિર્લોભતા, માર્દવ, આર્જવ લાઘવ, તપ, સંયમ, ત્યાગ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એમ પણ દશ પ્રકારો કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દણ્ડ કરીને ધનનું હરણ કરે છે તેમ અશુભ મન–વચન અને કાયા પણ ચારિત્રરૂપી ધનનું અપહરણ કરતાં હોવાથી તેને ત્રણ દણ્ડો કહેવાય છે, તેનો ત્યાગ કરતો, त्रिकरणशुद्धः=મન–વચન અને કાયા, એ ત્રણ કરણથી શુદ્ધ થએલો, (અહીં પ્રશ્ન થાય કે ત્રિદણ્ડ વિરત હોય તે ત્રિકરણ શુદ્ધ પણ ગણાય, તો પુનઃ કહેવાનું કારણ શું ? તેનું સમાધાન એ છે કે ત્રિદણ્ડવિરત એટલે સાવદ્ય યોગોથી નિવૃત્ત અને ત્રિકરણ શુદ્ધ એટલે નિરવદ્ય યોગોમાં પ્રવૃત્ત, અથવા સાવદ્ય પ્રવૃત્તિ કરવા માત્રથી અટકવું તે 'ત્રિદણ્ડની વિરતિ' અને કરવા–કરાવવા–અનુમોદવારૂપ ત્રણેથી અટકવું તે 'ત્રિકરણની શુદ્ધિ' એમ ભેદ સમજવો, અથવા ગીતાર્થોએ બીજી રીતે પણ ઘટે તેમ તેનો ભેદ ઘટાવવો, કારણ કે પૂર્વર્ષિઓના શબ્દો અર્થગમ્ભીર હોય છે) તથા त्रिशल्यनिःशल्यः=માયા, નિયાણું અને મિથ્યાત્વ, એ ત્રણ ભાવશલ્યો (આત્માને કષ્ટ આપનારા દુષ્ટ પરિણામો) દૂર ગયાં છે જેનાં એવો શલ્યરહિત અને त्रिविधेन प्रतिक्रान्तः=ત્રણ પ્રકારે (અતિચારો કરવા નહિ, કરાવવા નહિ અને અનુમોદવા નહિ એમ) સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કર્યું છે જેણે, અર્થાત્ સર્વ અતિચારોથી નિવૃત્ત થએલો હું रक्षामि महाव्रतानि पञ्च=પાંચ મહાવ્રતોનું પાલન–રક્ષણ કરૂં છું.(૨૩)

હવે ઉપર પાંચ મહાવ્રતોની પ્રતિજ્ઞા કરી તે મહાવ્રતોની સ્તુતિ કરતાં કહે છે કે—

**" इच्चेइअं(यं) महव्वयउच्चारणं थिरत्तं सल्लुद्धरणं धिइबलं(लयं) ववसाओ साहणट्ठो पावनिवारणं निकायणा भावविसोही पडागाहरणं निज्जूहणाराहणा गुणाणं संवरजोगो पसत्थझाणोवउत्तया जुत्तया य नाणे परमट्ठो उत्तमट्ठो, एस (खलु) तित्थंकरेहिं रइरागदोसमहणेहिं देसिओ पवयणस्स–सारो, छज्जीवनिकायसंजमं उवएसिउं(यं) तेलुक्कसक्कयं ठाणं अब्भुवगया, णमु(नमो)त्थु ते सिद्ध बुद्ध मुत्त नीरय निस्संग माणमूरण गुणरयणसायरमणंतमप्पमेय नमोऽत्थु ते महइमहावीर! वद्धमाण सामिस्स, नमोऽत्थु ते अरहओ, नमोऽत्थु ते भगवओ त्ति कट्टु, एसा खलु महव्वय उच्चारणा कया, इच्छामो सुत्तकित्तणं काउं "**

**વ્યાખ્યા–**इत्येतत्=એમ આ ઉપર કહ્યું તે, महाव्रतोच्चारणम्=મહાવ્રતોનું ઉચ્ચારણ (પાલન), તે કેવું છે ? અથવા એનાથી કેવો લાભ થાય ? તે કહે છે કે–स्थिरत्वम्=એ જ મહાવ્રતોમાં અથવા ચારિત્રધર્મમાં તે સ્થિરતાનો હેતુ હોવાથી આત્માને ધર્મમાં નિશ્ચલતા=દૃઢતા કરાવે છે, शल्योद्धरणम्=શલ્યોનો નાશ કરવામાં કારણ હોવાથી માયાદિ ત્રણ શલ્યોનો નાશ કરનારૂં છે, धृतिबलम्=ધૈર્ય એટલે ચિત્તની સમાધિમાં બળ–આલમ્બન આપનારૂં છે, (કોઈ જગ્યાએ धिइबलयं પાઠ છે તેનો धृतिबलकम् પર્યાય કરીને સ્વાર્થિક 'क' પ્રત્યય માનીને તેનો પણ અર્થ એ પ્રમાણે જ કરવો), व्यवसाय=દુષ્કર પણ આરાધના (ઉદ્યમ) કરવાના અધ્યવસાયો આત્મામાં પ્રગટાવે છે, साधनार्थः=મોક્ષની 'સાધના' માટે તે પરમ 'અર્થ' એટલે ઉપાય છે, पापनिवारणम्=(અશુભ) પાપકર્મોનું તે નિવારક (અટકાવનારૂં) છે, निकाचना=આત્માને મહાવ્રતોની પ્રાપ્તિનું (સ્પર્શનાનું) અતિદૃઢ કારણ છે, અથવા શુભકર્મોની નિકાચનાનું કારણ છે, માટે તેને જ 'નિકાચના' કહી છે, भावविशोधिः=ભાવ એટલે આત્મપરિણામ, તેની વિશુદ્ધિ કરનાર માટે ભાવવિશુદ્ધિ છે, पताकाहरणम्=પતાકા એટલે ચારિત્રની આરાધનારૂપ વિજયધ્વજ, તેનું હરણ(ગ્રહણ) કરવારૂપ હોવાથી 'પતાકાહરણ' છે, (અર્થાત્ આ વ્રતોના પાલનરૂપ ચારિત્ર આત્માને કર્મોની સામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજય કરાવનાર છે) निर्य्यूहना=એટલે દૂર કરી દેવું, કર્મરૂપી શત્રુઓનો આત્મારૂપી નગરમાંથી હમ્મેશને માટે નિર્વાસ (બહિષ્કાર) કરનારૂં છે, आराधना गुणानाम्=મુક્તિના સાધક સંયમના વ્યાપારો (ઉદ્યમો)રૂપી 'ગુણોની આરાધના' એટલે અક્ષયતા કરનારૂં છે (અર્થાત્ મુક્તિપ્રાપક વ્યાપારોમાં અખણ્ડ પ્રવૃત્તિ કરાવનારૂં છે), संवरयोगः=નવાં કર્મોને રોકવારૂપ સંવરનો યોગ એટલે વ્યાપાર છે, અથવા સંવરની સાથે આત્માનો યોગ કરાવનાર છે, (આત્મામાં સંવર પ્રગટ કરનાર છે) प्रशस्तध्यानोपयुक्तता=શ્રેષ્ઠ (ધર્મ-શુક્લ) ધ્યાનની પ્રાપ્તિકારક છે, युक्तता च ज्ञाने=અહીં વિભક્તિનો વ્યત્યય હોવાથી ત્રીજી વિભક્તિનો પ્રયોગ સમજવો, એથી જ્ઞાન સાથે સંબન્ધ કરાવનાર છે, અર્થાત્ વિશિષ્ટ 'અવધિ' આદિ જ્ઞાનો અને અન્તે આત્મામાં કેવળજ્ઞાનને પ્રગટાવનારૂં છે. परमार्थः=આ મહાવ્રતોનું ઉચ્ચારણ એ સત્ય પદાર્થ છે-અકૃત્રિમ તત્ત્વ છે, उत्तमार्थः=મોક્ષરૂપી ફળનું સાધક હોવાથી અતિશ્રેષ્ઠ તત્ત્વ છે, કારણ કે જગતના સર્વ પદાર્થોમાં મહાવ્રતોની પ્રધાનતા છે.

વળી 'एष'=અહીં લિઙ્ગનો વ્યત્યય હોવાથી 'આ મહાવ્રતોનું ઉચ્ચારણ' એ तीर्थंकरैः प्रवचनस्य सारो देशितः=શ્રીતીર્થંકરોએ દેખાડેલો સિદ્ધાન્તનો સાર (આગમનું સર્વસ્વ) છે, કેવા તીર્થંકરોએ? रतिरागद्वेषमथनैः=મોહનીયકર્મના ઉદયથી જન્ય તથાવિધ આનન્દરૂપ રતિ=ચિત્તના વિકારનું તથા રાગ અને દ્વેષનું મન્થન (નાશ) કરનારાઓએ, એ તીર્થંકર ભગવન્તો षड्जीवनिकायसंजमम् उपदिश्य त्रैलोक्यसत्कृतं स्थानं अभ्युपगताः=છ જીવકાયનું સંયમ એટલે અહિંસા અને ઉપલક્ષણથી સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ, એ પાંચ મહાવ્રતોનો ઉપદેશ કરીને અને ઉપલક્ષણથી સ્વયં પણ પાલન કરીને ત્રણે લોકમાં સત્કાર પામેલું સિદ્ધક્ષેત્રરૂપ મોક્ષસ્થાન તેને પામ્યા છે.

હવે મઙ્ગલને માટે ભગવાન મહાવીરની સ્તુતિ કરતાં જણાવે છે કે-नमोऽस्तु ते=હે વર્ધમાન સ્વામિ! તમોને નમસ્કાર થાઓ! કેવા તમે? सिद्धः=સમ્પૂર્ણ કર્યાં છે સર્વ પ્રયોજનો (કાર્યો) જેણે એવા, बुद्धः=તત્ત્વના જાણ, मुक्त=પૂર્વે બાંધેલાં કર્મોરૂપ બન્ધનોથી છૂટા થએલા, नीरजः= બન્ધાતાં પણ કર્મોથી રહિત, અર્થાત્ વર્તમાનમાં જેઓને કર્મોનો નવો બન્ધ પણ થતો નથી, निःसङ्गः=પુત્ર-સ્ત્રી-મિત્ર-ધન-ધાન્ય-સુવર્ણ વિગેરે સકલ સંબન્ધોથી મુક્ત, मानमूरणः=ગર્વનો ચૂરો કરનારા (ઘાતક), गुणरत्नसागरः=અનન્ત ગુણોરૂપી રત્નોના સમુદ્ર, मनन्त=એમાં પ્રાકૃતભાષાની શૈલીથી કરેલો 'म्' અલાક્ષણિક હોવાથી अनन्तः=અનન્તજ્ઞાનવાળા ભગવાનને પણ 'અનન્ત' કહેલા છે, अप्रमेयः=સામાન્ય જનથી ન ઓળખી શકાય તેવા (વિશિષ્ટ સ્વરૂપવાળા), महति महावीर वर्द्धमान != અહીં महति પદ महत् નું સપ્તમ્યન્ત એકવચનાન્ત છે તેથી તેનો અર્થ 'મોટામાં' અર્થાત્ મોક્ષસુખમાં કરી છે બુદ્ધિ (લક્ષ્ય) જેઓએ એવા (એટલો અર્થ પ્રસઙ્ગાનુરૂપ કરવો), વળી 'હે મહાવીર! એટલે કર્મોનો નાશ કરવામાં સમર્થ હે મહાન્ વીર! એવા 'હે વર્દ્ધમાન!' એવો અર્થ કરવો, અથવા महइमहावीर નો બીજો અર્થ રૂઢિવશાત્ 'અતિ મહાન્ વીર!' એવો કરીને 'વર્ધમાન' પદનું વિશેષણ કરવું. અર્થાત્ 'અતિ મહાન્ વીર એવા હે વર્ધમાન પ્રભુ!, नमोऽस्तु ते= તમોને નમસ્કાર થાઓ!, કયા હેતુથી નમસ્કાર કરે છે? તે કહે છે કે-सामिस्स=અહીં છટ્ઠીને બદલે વિભક્તિનો વ્યત્યય હોવાથી પહેલી વિભક્તિ કરવી, એથી આપ મારા સ્વામી એટલે પ્રભુ છો, त्ति कट्टु (इति कृत्वा)=એથી કરીને (એ હેતુથી આપને નમસ્કાર થાઓ!) એમ આગળ પણ त्ति कट्टु નો સંબન્ધ સર્વત્ર જોડવો, જેમકે-नमोऽस्तु ते अर्हन् इतिकृत्वा='તમે અરિહન્ત છો' એ હેતુથી આપને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારો નમસ્કાર થાઓ ! વળી नमोऽस्तु ते भगवानिति कृत्वा='આપ ભગવાન્ છો' એ હેતુથી આપને મારો નમસ્કાર થાઓ !, અથવા त्ति कट्टुનો 'त्रिकृत्वस्' પર્યાય માનીને 'ત્રણવાર' એવો અર્થ કરીને 'હે અતિમહાન્ વીર વર્ધમાન! મારા સ્વામી એવા આપને ત્રણવાર મારો નમસ્કાર થાઓ !, એમ 'અરિહન્ત એવા આપને મારો ત્રણવાર નમસ્કાર થાઓ' અને 'ભગવાન્ એવા આપને મારો ત્રણવાર નમસ્કાર થાઓ,' એમ અર્થ કરવો, અહીં પ્રભુ સ્તુતિનો પ્રસઙ્ગ હોવાથી દરેક વાક્યે (ત્રણવાર) 'नमोऽस्तु ते' કહેવા છતાં પુનરૂક્ત દોષ માનવો નહિ.

જેમ મહાવ્રતોની પ્રતિજ્ઞા (સ્તુતિ) કર્મક્ષય કરનારી છે તેમ શ્રુતનું કીર્તન પણ કર્મક્ષય કરનારૂં છે, એથી શ્રુતના કીર્તન માટે કહે છે કે-एषा खलु महाव्रतोच्चारणा कृता=નિશ્ચે આ (ઉપર) મહાવ્રતોની ઉચ્ચારણા (પ્રતિજ્ઞા) કરી, इच्छामः श्रुतकीर्तनं कर्तुम्=હવે શ્રુતની સ્તુતિ કરવા માટે ઇચ્છીએ છીએ, તે શ્રુત બે પ્રકારે છે-એક અઙ્ગપ્રવિષ્ટ અને બીજું અઙ્ગ બાહ્ય૦ કહ્યું છે કે-

" गणहरकयमंगगयं, जं कय थेरेहिं बाहिरं तं तु । अंगपविट्ठं नियमं, अनिअयसुअं बाहिरं भणिअं ॥"

અર્થાત્ ગણધરકૃત શ્રુત તે 'અઙ્ગપ્રવિષ્ટ' અને સ્થવિરોએ કરેલું તે 'અઙ્ગબાહ્ય' કહેવાય છે તથા જે શ્રુત નિયત છે તેને અઙ્ગપ્રવિષ્ટ અને જે અનિયત છે તેને અઙ્ગબાહ્ય કહ્યું છે. આ અઙ્ગ-બાહ્ય પણ બે પ્રકારનું છે-એક આવશ્યક અને બીજું આવશ્યક સિવાયનું, તેમાં અલ્પવર્ણન કરવાનું હોવાથી પહેલાં નમસ્કાર કરવા પૂર્વક આવશ્યક શ્રુતની સ્તુતિ કરતાં કહે છે કે—

"न(ण)मो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइयं छव्विहमावस्सयं भगवंतं, तंजहा—सामाइयं—चउवीसत्थओ—वंदणयं—पडिक्कमणं—काउस्सग्गो-पच्चक्खाणं,सव्वेसिं(हिं)पि एयंमि छव्विहमा(हेआ)वस्सए भगवंते ससुत्ते सअत्थे सगंथे सणिज्जुत्तीए ससंगहणीए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पण्णत्ता वा परूविआ वा ते भावे सद्दहंतेहिं पत्तियंतेहिं रोयंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतो पक्खस्स जं वाइयं पढियं परिअट्टियं पुच्छियं अणुपे(प्पे)हियं अणुपालियं तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि । अंतो पक्खस्स जं न वाइयं न पढियं न परिअट्टियं न पुच्छियं नाणुपे(प्पे)हियं नाणु-पालियं संते बले संते वीरिए संते पुरिसक्कारपरक्कमे तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं ॥"

હવે આવશ્યકથી ભિન્નના બે પ્રકારો છે, એક ઉત્કાલિક અને બીજું કાલિક, તેમાં પહેલાં ઉત્કાલિકની સ્તુતિ કરે છે.

" न (ण)मो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं अंगबाहिरं उक्कालियं भगवंतं, तंजहा—दसवेयालियं कप्पियाकप्पियं चुल्लकप्पसुयं महाकप्पसुयं उववाइयं रायपसेणियं जीवाभिगमो पण्णवणा महापण्णवणा नंदी अणुओगदाराइं देविंदत्थओ तंदुलवेआलियं चंदाविज्झयं पमायप्पमायं पोरिसिमंडलं मंडलप्पवेसो गणिविज्जा विज्जाचरणविणिच्छओ झाणविभत्ती मरणविभत्ती आय-विसोही संलेहणासुयं वीयराग(य)सुयं विहारकप्पो चरणविही आउरपच्चक्खाणं महापच्चक्खाणं, सव्वेसिं(हिं)पि एअंमि अंगबाहिरे उक्कालिए भगवंते० शेषं पूर्ववत् ॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે કાલિકશ્રુતની સ્તુતિ કરવા માટે કહે છે કે—

"न(ण)मो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं अंगबाहिरं कालियं भगवंतं, तंजहा—उत्तरज्झयणाइं दसाओ कप्पो ववहारो इसिभासियाइं निसीहं महानिसीहं जंबूदीवपण्णत्ती चंदपण्णत्ती सूरपण्णत्ती दीवसागरपण्णत्ती खुड्डियाविमाणपविभत्ती महल्लियाविमाणपविभत्ती अंगचूलियाए वग्गचूलियाए विवाहचूलियाए अरुणोववाए वरुणोववाए गरुलोववाए धरणोववाए वेलंधरोववाए वेसमणोववाए देविंदोववाए उट्ठाणसुए समुट्ठाणसुए नागपरियावलियाणं निरयावलियाणं कप्पियाणं कप्पवडिंसयाणं पुष्फियाणं पुप्फचूलियाणं वण्हियाणं वण्हिदसाणं आसीविसभावणाणं दिट्ठिविसभावणाणं चारण(समण)भावणाणं महासुमिणभावणाणं तेयग्गिनिसग्गाणं सव्वेसिं पि एअंमि अंगबाहिरे कालिए भगवंते० शेषं पूर्ववत् ॥"

હવે અઙ્ગપ્રવિષ્ટ શ્રુતની સ્તુતિ કરતાં કહે છે કે—

"न(ण)मो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं दुवालसंगं गणिपिडगं भगवंतं, तंजहा—आयारो सूयगडो ठाणं समवाओ विवाहपण्णत्ती णायाधम्मकहाओ उवासगदसाओ अंतगडदसाओ अणुत्तरोववाइयदसाओ पण्हावागरणं विवागसुयं दिट्ठिवाओ सव्वेसिं पि एयंमि दुवालसंगे गणिपिडगे भगवंते० शेषं पूर्ववत् ।।"

હવે એ શ્રુતના દાતાઓની અને આરાધકોની સ્તુતિ તથા પોતાના પ્રમાદનો પરિહાર કરતાં કહે છે કે—

"न(ण)मो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं दुवालसंगं गणिपिडगं भगवंतं सम्मं काएण (णं) फासंति पालंति पूरंति सोहंति तीरंति किट्टंति सम्मं आणाए आराहंति, अहं च ना(णा)राहेमि तस्स मिच्छा मि दुक्कडं ।।

વ્યાખ્યા—नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यः=નમસ્કાર થાઓ, તે 'ક્ષમાશ્રમણુ' એટલે પોતાના ગુરૂ અથવા તીર્થંકરો-ગણધરો વિગેરે પૂર્વ પુરૂષોને, यैरिदम्=જેઓએ આ (કહીશું તે) શ્રુતને, वाचितम् અમોને આપ્યું છે, અથવા સૂત્ર તથા અર્થરૂપે રચ્યું છે, કયા શ્રુતને ? षड्विधम् आवश्यकम्= અવશ્ય કરણીય એવું છ અધ્યયનરૂપ આવશ્યકને, भगवत्=અતિશયયુક્ત એવા પદાર્થોના વર્ણનરૂપ (ભગ) 'સમૃદ્ધિ' વિગેરે ગુણોવાળાને, (અર્થાત્ ઐશ્વર્ય-રૂપ-યશસ્-લક્ષ્મી-ધર્મ અને પ્રયત્ન એ છને 'ભગ' કહેવાય છે તે છએ 'ભગ (ગુણો થી) યુક્ત' માટે 'ભગવત્' એ આવશ્યક શ્રુતનુંવિશેષણ સમજવું.) તે છ આવશ્યક આ પ્રમાણે-૧-सामायिकम्=સામાયિક સૂત્ર-પાપયોગોની વિરતિ જેમાં મુખ્ય છે તે અધ્યયન, એ રીતે ૨-चतुर्विंशतिस्तवः=લોગસ્સસૂત્ર-શ્રીઋષભાદિ ચોવીશ જિનોની નામપૂર્વક જેમાં ગુણસ્તુતિ છે તે અધ્યયન, ૩-वन्दनकम्=ગુરૂવન્દન સૂત્ર (ગુણવન્તની પ્રતિપત્તિરૂપ વિનય જેમાં છે તેવું અધ્યયન), ૪-प्रतिक्रमणम्=પ્રતિક્રમણ સૂત્રો (થએલી સ્ખલના (ભુલો)ની નિન્દા જણાવનારૂં અધ્યયન વિશેષ), ૫-कायोत्सर्गः=ધર્મરૂપી કાયામાં લાગેલા અતિચારોરૂપી ક્ષત (ઘા) તેની શુદ્ધિ કરનારૂં અધ્યયન, (જેમાં 'ઇચ્છામિઠામિ૦, તસ્સઉત્તરી૦, અન્નત્થ૦ વિગેરે સૂત્રો છે), અને ૬-प्रत्याख्यानम्=વિરતિ ગુણસાધક અધ્યયન, (અર્થાત્ ઉપવાસ વિગેરે પચ્ચક્ખાણો જેમાં

૩૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે), **सर्वस्मिन्नपि एतस्मिन् षड्विधे आवश्यके भगवति**=આ ભગવત્ એવા છએ પ્રકારના આવશ્યકમાં, કેવા આવશ્યકમાં ? તે કહે છે કે–**ससूत्रे**=મૂળસૂત્રરૂપઆવશ્યકમાં **सार्थे**=અર્થયુક્ત આવશ્યકમાં, **सग्रन्थे सनिर्युक्तिके ससंग्रहणीके**=ગ્રન્થસહિત, નિર્યુક્તિસહિત અને સંગ્રહણી સહિત, એવા આવશ્યકમાં, તેમાં માત્ર સૂચન કરવારૂપ–બીજ સ્વરૂપ જે પાઠ તે 'સૂત્ર' જાણવું, વૃત્તિ તથા ટીકાથી જે વર્ણન કર્યું હોય તે 'અર્થ' જાણવો, અખણ્ડિત સૂત્ર અને અર્થ, એમબન્ને પ્રકારનો પાઠ તેને 'ગ્રન્થ' કહેવાય, વિવિધ અનુક્રમણિકાદિ વિસ્તારયુક્ત પાઠ હોય તે 'નિર્યુક્તિ' અને બહુઅર્થનો જેમાં ગાથાબદ્ધ સઙ્ગ્રહ કરેલો હોય તે સઙ્ગ્રહણી કહેવાય. એ દરેકથી યુક્ત એવા સઘળાય આવશ્યકમાં, **ये गुणा वा**=વિરતિના અને જિનેશ્વરના ગુણોનું ઉત્કીર્તન એટલે સ્તુતિ વિગેરે ગુણો એટલે ધર્મો, [અહીં 'वा' પદ ઉત્તરપદનું જોડાણ બતાવવા માટે છે તેથી] **भावा वा**=અને ક્ષાયોપશમિક, ક્ષાયિક, આદિ આત્માના ભાવો, અથવા જીવ–અજીવ આદિ પદાર્થો, **अर्हद्भिः भगवद्भिः प्रज्ञप्ताः**=શ્રી અરિહન્ત ભગવન્તોએ સામાન્યરૂપે કહ્યા છે, (वा પદો દરેક પદોના સમુચ્ચય (વળી) અર્થમાં છે), **प्ररूपिता(वा)**=વિશેષ રૂપમાં કહ્યા છે, **तान् भावान्**=તે ભાવોને, (અને ઉપલક્ષણથી તે ગુણોને પણ), **श्रद्दध्महे**='આ એમ જ છે' એ રીતે સામાન્યથી શ્રદ્ધાગત કરીયે છીએ, **प्रतिपद्यामहे**=પ્રીતિ કરવા દ્વારા વિશેષતયા અંગીકાર કરીએ છીએ, **रोचयामः**=તે ભાવોમાં વહાલ (આચરવાની અભિલાષા) કરીએ છીએ, **स्पृशामः**=માત્ર તે તે કહેલી ક્રિયાઓ દ્વારા તે ભાવોને સ્પર્શ કરીએ છીએ, **पालयामः**=રક્ષણ કરીયે છીએ, **अनुपालयामः**=વારંવાર તે ભાવોનું રક્ષણ કરીએ છીએ, એ બહુવચનાન્ત પદોથી કર્તારૂપે 'અમે' પદની યોજના કરવી. અર્થાત્ તે ગુણો અને ભાવોમાં અમે શ્રદ્ધા–પ્રીતિ–વહાલ કરવાપૂર્વક સ્પર્શ–રક્ષણ અને વારંવાર રક્ષણ કરીએ છીએ. એ રીતે તે તે ગુણોમાં અને ભાવોમાં **श्रद्दधानैः, प्रतिपद्यमानैः, रोचयद्भिः, स्पृशद्भिः, पालयद्भिः, अनुपालयद्भिः**=ઉપર જણાવ્યા પ્રમાણે શ્રદ્ધા, પ્રીતિ, વ્હાલ કરવાપૂર્વક સ્પર્શ, રક્ષણ, અને વારંવાર રક્ષણ કરતા અમોએ **अन्तः पक्षस्य**=આ પક્ષ (પખવાડીયા)માં, **यद्वाचितम्**=બીજાઓને જે જે શ્રુત આપ્યું, **पठितम्**=જે સ્વયં ભણ્યા, **परिवर्तितम्**=જે જે મૂળ સૂત્રથી ગણ્યું (આવર્તન કર્યું), **पृष्टम्**=પૂર્વે ભણેલા સૂત્ર અર્થ વિગેરેમાં શંકિત વિગેરે રહેલું જે જે પૂછ્યું, **अनुप्रेक्षितम्**=વિસ્મરણના ભયે અર્થનું ચિન્તન કર્યું અને **अनुपालितम्**=ઉપર જણાવ્યા પ્રમાણે ભણાવવાથી–ભણવાથી–આવર્તન કરવાથી, પૂછવાથી અને અર્થ ચિન્તનથી નિરતિચાર આરાધ્યું, **तद् दुःखक्षयाय**=તે અમોને (શારીરિક–માનસિક) અશાતાનું (દુઃખોનું) નાશક થશે, (એમ દરેક પદોમાં સમજવું), **कर्मक्षयाय**=જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનું ઘાતક થશે, **मोक्षाय**=પરમ કલ્યાણ(મોક્ષ)કારક થશે, **बोधिलाभाय**=અન્ય જન્મમાં સદ્ધર્મની પ્રાપ્તિ કરાવશે, **संसारोत्तारणाय**=ભવભ્રમણથી પાર ઉતારશે, (એમ અમોને ઉપર કહ્યા પ્રમાણે લાભ કરશે એટલું ઉપરથી સમજવું), **इति कृत्वा**=એ હેતુથી **उपसंपद्य णं विहरामि**=તેને અંગીકાર કરતા અમે (અર્થાત્ તે તે રીતે વાચના–પઠન–પરાવર્તના–પૃચ્છા વિગેરે રૂપ આરાધના કરતા અમે 'માસકલ્પ' વિગેરે સાધુ વિહારના કલ્પ પ્રમાણે) વર્તીએ (રહીએ) છીએ. અહીં 'णं' પદ વાક્યની શોભા માટે છે અને **विहरामि**=એ પદમાં વચનનો વ્યત્યય હોવાથી એકવચનાન્તને બદલે બહુવચનાન્ત 'विहरामः' સમજવું.

વળી **अन्तः पक्षस्य यन्न वाचितम् न पठितम् न परिवर्तितम् न पृष्टम् नानुप्रेक्षितम् नानुपालितम्**=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પખવાડીયામાં જે ભણાવ્યું નહિ, ભણ્યા નહિ, મૂલસૂત્રથી આવર્તન કર્યું નહિ. પૂછ્યુ નહિ, અર્થ ચિન્તન કર્યું નહિ અને એ રીતે યથાર્થ આરાધ્યું નહિ, તે પણ सति बले=શારીરિક (પ્રાણોનું–ઇન્દ્રિયાદિનું) બળ હોવા છતાં, सति वीर्ये=આત્માનું ઉત્સાહજન્ય બળ (વીર્ય) હોવા છતાં અને सति पुरुषकार–पराक्रमे=પુરૂષાભિમાનની સફળતારૂપ પરાક્રમ હોવા છતાં (જે વાચનાદિથી આરાધ્યું નહિ), तदालोचयामः=એમ જે અવાચનાદિક પ્રમાદ કર્યો તેને ગુરૂની સમક્ષ જણાવીએ (કબૂલ કરીએ)છીએ, प्रतिक्रमामः=પ્રતિક્રમણ (મિથ્યા દુષ્કૃત) કરીએ છીએ, निन्दामः=આત્મસાક્ષીએ પશ્ચાત્તાપ કરીએ છીએ, गर्हामः=ગુરૂની સમક્ષ નિન્દીએ છીએ, व्यतिवर्तयामः=વિશેષતયા તોડીએ છીએ, અર્થાત્ એની પરમ્પરાનો વિચ્છેદ કરીએ છીએ, विशोधयामः=તે પ્રમાદથી સર્વ રીતે આત્મ–શુદ્ધિ કરીએ છીએ, अकरणतयाऽभ्युत्तिष्ठामः=પુનઃ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ, અને यथार्हम्=અપરાધને અનુસારે યથોચિત तपःकर्म=નિવિ વિગેરે તપને, આ તપ એ જ પાપનો છેદ કરનાર હોવાથી प्रायश्चित्तम्=પ્રાયશ્ચિત્તને प्रतिपद्यामहे=અંગીકાર (સ્વીકાર) કરીએ છીએ, તથા तस्य मिथ्या मे दुष्कृतम्=તેનું (અર્થાત્ છતાં બલ–વીર્ય પરાક્રમે પણ જે 'વાચન–પઠન' આદિ ન કર્યું તે તે અપરાધનો 'મિચ્છામિ દુક્કડ' દઇએ છીએ. એ પ્રમાણે આવશ્યકશ્રુતનું કીર્તન કર્યું.

હવે આવશ્યક સિવાયના અંગબાહ્યશ્રુતનું કીર્તન કરવા માટે કહે છે કે–તે પણ બે પ્રકારનું છે એક કાલિક અને બીજું ઉત્કાલિક. તેમાં જે દિવસની અને રાત્રિની પહેલી અને છેલ્લી પોરસીમાંજ (દીવસના અને રાત્રિના પહેલા તથા છેલ્લા પ્રહરમાં જ) ભણી શકાય તેમાં પણ અસ્વાધ્યાય ન હોય ત્યારે જ ભણી શકાય આ રીતે ભણવાના કાળથી બદ્ધ તે કાલિક અને જે ચાર સંધ્યાઓ રૂપ કાળવેળા અને પાંચ પ્રકારના અસ્વાધ્યાય સિવાયના કોઇપણ સમયે ભણી શકાય તેને ઉત્કાલિક કહ્યું છે. આ પાંચ પ્રકારનો અસ્વાધ્યાય ૧–સંયમઘાતી, ૨–ઔત્પાતિક (ઉલ્કાપાતાદિ) ૩–સૂર્ય–ચન્દ્રનાં ગ્રહણ વિગેરે સાદિવ્ય, ૪–વ્યુદ્ગ્રહ (યુદ્ધાદિ) અને ૫–શારીરિક–મૃતકાદિ અશુચિ નિમિત્તક, એમ (પગામ સિજ્જાના અર્થમાં 'असज्झाए सज्झाइअं' એ પદની ટીપ્પણી પૃષ્ટ ૨૩૫માં નંબર ૧૭૩ માં જણાવ્યા પ્રમાણે) સમજવો.

એ આવશ્યક વ્યતિરિક્ત અંગબાહ્યના બે પ્રકારોમાં પહેલાં ઉત્કાલિકનું વર્ણન કરતાં કહે છે કે–नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यः यैरिदम् वाचितम् अङ्गबाह्यमुत्कालिकं भगवत्, तद्यथा–તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ ! કે જેઓએ આ ભગવત્ અઙ્ગબાહ્ય ઉત્કાલિક (શ્રુત) અમોને આપ્યું, અથવા સૂત્રાર્થ ઉભયતયા રચ્યું, તે (શ્રુતનાં નામો) આ પ્રમાણે છે–૧–दशवैकालिकम्=દશવૈકાલિક, (શ્રીશય્યંભવસૂરિજીએ જેને મહાત્મા મનકમુનિની આરાધના માટે પૂર્વશ્રુતમાંથી ઉદ્ધરેલું છે, તેનાં અધ્યયનો દશ હોવાથી 'दश' અને 'મધ્યાહ્ન પછી સૂર્યાસ્ત પહેલાં' એમ વિકાળે વેળાએ રચેલું હોવાથી 'वैकालिक' એવું નામ થયું છે, શ્રીસંઘની વિનંતિથી ભાવિજીવોના ઉપકારાર્થે તેનો ઉપસંહાર ન કરતાં વિદ્યમાન રાખ્યું તે.) ૨–कल्पाकल्पिकम्=(કલ્પ્ય અને અકલ્પ્ય ભાવોનો વિવેક જેમાં બતાવેલો છે તે) કલ્પ્યાકલ્પ્ય, ૩–क्षुल्लकल्पश्रुतं ૪–महाकल्पश्रुतम्=કલ્પ એટલે આચાર, અર્થાત્ સ્થવિરકલ્પ, જિનકલ્પ, વિગેરે સાધુઓના તે તે આચારોને જણાવનારાં સૂત્રગ્રન્થ અને અર્થ જેમાં અલ્પ છે તે 'લઘુકલ્પસૂત્ર' અને તેની અપેક્ષાએ ગ્રન્થ (સૂત્ર) તથા અર્થ જેમાં વિસ્તૃત છે તે 'બૃહત્કલ્પશ્રુત' એમ બેનો ભેદ સમજવો, ૫–औपपातिकम्=ઉપપાત એટલે દેવ–નારકપણે ઉત્પન્ન થવું, કે આત્માનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધસ્થાને જવું, તે ઉપપાતને ઉદ્દેશીને રચાયેલું હોવાથી 'ઔપપાતિક' નામવાળું શ્રીઆચારાઙ્ગ-સૂત્રનું ઉપાઙ્ગ છે, શ્રીઆચારાઙ્ગસૂત્રના પહેલા 'શસ્ત્રપરિજ્ઞા' અધ્યયનના પહેલા ઉદ્દેશામાં 'एवमेगेसिं नो नायं भवइ, अत्थि वा मे आया उववाइए०' ઈત્યાદિ સૂત્ર છે તેનો વિસ્તાર આ ઔપપાતિકસૂત્રમાં છે. ૬–राजप्रश्नीयम्=પ્રદેશી રાજાના પ્રશ્નોને અનુલક્ષીને અપાએલા ઉત્તરો રૂપે રચાએલું બીજા 'સૂત્ર-કૃતાઙ્ગસૂત્રનું 'રાજપ્રશ્નીય' નામનું ઉપાઙ્ગ. ૭–जीवाभिगमः=એમાં જીવોનું અને અજીવોનું વર્ણન હોવાથી 'જીવાભિગમ' નામનું 'ત્રીજા શ્રીસ્થાનાઙ્ગસૂત્રનું' ઉપાઙ્ગ. ૮–प्रज्ञापना અને ૯–महाप्रज्ञापना= એ બેમાં જીવાદિ પદાર્થોનું પ્રજ્ઞાપન એટલે નિરૂપણ છે, તે સામાન્ય હોવાથી પહેલું 'પ્રજ્ઞાપના' અને બીજામાં વિસ્તૃત હોવાથી તેને 'મહાપ્રજ્ઞાપના' કહ્યું છે, આ બન્ને ચોથા શ્રીસમવાયાઙ્ગસૂત્રનાં ઉપાઙ્ગો છે. ૧૦–नन्दी=ભવ્યજીવોને નન્દી એટલે આનન્દ કરનારૂં માટે 'નન્દી' નામનું, મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ જણાવનારૂં એક અધ્યયન (ગ્રન્થ) વિશેષ. ૧૧–अनुयोगद्वाराणि='અનુયોગ' એટલે વ્યાખ્યાન, તેનાં 'ઉપક્રમ–નિક્ષેપ–અનુગમ અને નય' એ ચાર દ્વારોનું સ્વરૂપ જણાવનાર હોવાથી અનુયોગદ્વાર નામે એક અધ્યયન (ગ્રન્થ), ૧૨–देवेन्द्रस्तवः=દેવોના ઇન્દ્રો 'ચમરેન્દ્ર–બલીન્દ્ર' વિગેરેનું સ્તવન એટલે તેઓનાં ભવનો, આયુષ્ય વિગેરે અને તેઓનું સ્વરૂપ, ઇત્યાદિ વિષયોને જણાવનારૂં હોવાથી તેનું નામ 'દેવેન્દ્રસ્તવ' છે, ૧૩–तन्दुलवैचारिकम्=સો વર્ષના આયુષ્યવાળા પુરૂષના પ્રતિદિન ભોગ્ય તન્દુલ(ના દાણા)ની સંખ્યાનો જેમાં વિચાર કરેલો છે તેથી 'તન્દુલ-વૈચારિક' નામવાળો એક ગ્રન્થ. ૧૪–चन्द्रावेध्यकम्=ચન્દ્ર એટલે રાધા નામની યાન્ત્રિક પુતળીની આંખની કીકી, તેનો મર્યાદાપૂર્વક વેધ તે 'રાધાવેધ' જાણવો, તેની ઉપમાદ્વારા મરણ સમયની આરાધનાને જણાવનારો 'ચન્દ્રાવેધ્યક' નામનો એક ગ્રન્થ. ૧૫–प्रमादाऽप्रमादम्=પ્રમાદ અને અપ્રમાદનું સ્વરૂપ, બન્નેનો ભેદ, ફળ અને તેથી થનારો સુખ–દુઃખનો અનુભવ વિગેરેને જણાવનારો હોવાથી, 'પ્રમાદાઽપ્રમાદ' નામનો એક ગ્રન્થ. ૧૬–पौरुषिमण्डलम्=પ્રતિદિનનું પોરિસીના સમયનું જેમાં નિરૂપણ છે તે ગ્રન્થ. અહીં સર્વ વસ્તુની સ્વ–સ્વ પ્રમાણ છાયા થાય ત્યારે પૌરૂષી (પુરૂષ પ્રમાણ છાયાવાળો સમય) થાય, આવું પ્રમાણ ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં એક એક દિવસે જ આવે, તે પછી $\frac{1}{61}$ આંગળ પ્રતિદિન દક્ષિણાયનમાં વધે અને ઉત્તરા-યણમાં ઘટે, એમ સૂર્યના પ્રત્યેક માંડલે પોરિસીનો જુદો જુદો સમય જણાવનારો ગ્રન્થ, તેથી તેનું નામ 'પોરિસીમણ્ડલ' છે, ૧૭–मण्डलप्रवेशः=જેમાં ચન્દ્રનો અને સૂર્યનો દક્ષિણ અને ઉત્તર દિશાનાં માંડલાંમાં પ્રવેશ વર્ણવેલો છે, તેથી તે ગ્રન્થને પણ 'મણ્ડલપ્રવેશ' નામનો કહ્યો છે, ૧૮–गणिविद्या=ગણ એટલે સાધુઓનો અથવા ગુણનો સમુદાય, તે જેમાં હોય તે ગણી એટલે આચાર્ય, તેને ઉપયોગી વિદ્યા જેમાં વર્ણવેલી છે તે ગ્રન્થનું નામ પણ 'ગણિવિદ્યા' અર્થાત્ દીક્ષા આપવી, વિગેરે કાર્યોમાં ઉપયોગી શુભ તિથિ, કરણ, નક્ષત્ર, વિગેરે જ્યોતિષનું અને લક્ષણાદિ નિમિત્તોનું જ્ઞાન કરાવનાર ગ્રન્થ વિશેષ. ૧૯–विद्याचरणविनिश्चयः=વિદ્યા એટલે સમ્યગ્-દર્શન પૂર્વકનું સમ્યગ્જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર, તેના વિશેષ નિશ્ચયને જણાવનાર ગ્રન્થનું નામ પણ 'વિદ્યાચરણવિનિશ્ચય'. ૨૦–ध्यानविभक्तिः=આર્તધ્યાનાદિ ચાર ધ્યાનોનો વિભાગ જેમાં વર્ણવેલો છે તે ગ્રન્થનું નામ પણ 'ધ્યાનવિભક્તિ'. ૨૧–मरणविभक्तिः=આવીચિ આદિ ૧૭ પ્રકારનાં મરણોનું જેમાં પ્રતિપાદન(વિભાગ)છે તે ગ્રન્થનું નામ 'મરણવિભક્તિ,' ૨૨–आत्मविशुद्धिः=જીવને 'આલો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચના-પ્રતિક્રમણ' વિગેરે પ્રાયશ્ચિત્તો દ્વારા કર્મોનો નાશ કરવા રૂપે વિશુદ્ધિ કરવાનો જેમાં ઉપાય બતાવેલો છે તે ગ્રન્થ 'આત્મવિશુદ્ધિ'. ૨૩–संलेखनाश्रुतम्=દ્રવ્ય અને ભાવ એમ ઉભય સંલેખનાનું પ્રતિપાદન કરનારા ગ્રન્થનું નામ 'સંલેખના શ્રુત' છે. તેમાં દ્રવ્ય સંલેખના એટલે ચાર વર્ષ વિચિત્ર તપ, ચાર વર્ષ વિગઈઓનો ત્યાગ, વિગેરે બાર વર્ષ પર્યન્ત શરીરને કૃશ બનાવવાની (આગળ કહીશું તે) પ્રક્રિયા અને ભાવ સંખેલના એટલે ક્રોધાદિ કષાયોને જીતવા માટે ક્ષમાદિનો અભ્યાસ સમજવો. ૨૪–वीतरागश्रुतम्=સરાગ અવસ્થાના ત્યાગ સહિત આત્માના વીતરાગતાના સ્વરૂપને જણાવનારો ગ્રન્થ તેનું નામ 'વીતરાગ શ્રુત', ૨૫–विहारकल्पः=વિહાર એટલે વર્તન તેનો કલ્પ એટલે વ્યવસ્થા, અર્થાત્ જેમાં 'સ્થવિરકલ્પ' વિગેરે સાધુતાના વિવિધ આચારોનું વર્ણન છે તે ગ્રન્થનું નામ 'વિહારકલ્પ', ૨૬–चरणविधिः=આગળ કહીશું તે 'વ્રતો, શ્રમણધર્મ' વિગેરે ચરણ-સિત્તરીને જણાવનારા ગ્રન્થનું નામ 'ચરણવિધિ' ૨૭–आतुरप्रत्याख्यानम्=અહીં આતુર એટલે ક્રિયામાં અશક્ત બનેલો ગ્લાન, તેનું પચ્ચક્ખાણ જે ગ્રન્થમાં છે તેનું નામ 'આઉર પચ્ચક્ખાણ', એમાં એવો વિધિ છે કે-'ગીતાર્થ ગુરૂ ગ્લાનને ક્રિયા કરવા માટે અશક્ત બનેલો જાણીને દિન પ્રતિદિન આહારાદિ દ્રવ્યોને ઓછાં કરાવતા છેલ્લે સર્વ દ્રવ્યો તરફ વૈરાગ્ય પ્રગટાવી ભોજનની ઇચ્છાથી નિવૃત્ત કરે, તેવા નિવૃત્ત થએલા મહાત્મા મુનિને અન્તે ચારે આહારનો સર્વથા ત્યાગ કરાવે' વિગેરે વિધિને જણાવનારો ગ્રન્થ. ૨૮–महाप्रत्याख्यानम्=મોટા પ્રત્યાખ્યાનનું વર્ણન જેમાં છે તે ગ્રન્થ વિશેષ. એમાં સ્થવિરકલ્પ અથવા જિનકલ્પનું પૂર્ણ પાલન કરીને અન્તે સ્થવિર-કલ્પિકમુનિ બાર વર્ષ સુધી સંલેખના કરીને અને જિનકલ્પિક સાધુ વિહાર કરવા છતાં યથાયોગ્ય સંલેખના કરીને છેલ્લે 'ભવચરિમ' નામનું મહાપચ્ચક્ખાણ કરે, વિગેરે વિસ્તાર પૂર્વક જેમાં જણાવેલ છે તે ગ્રન્થનું નામ 'મહાપચ્ચક્ખાણ.' (એમ ઉત્કાલિક શ્રુતનાં અહીં અટ્ઠાવીશ નામો કહ્યાં તે ઉપલક્ષણરૂપે જાણવાં. અર્થાત્ એટલું જ ઉત્કાલિકશ્રુત છે એમ નહિ સમજવું.) सर्वस्मिन्नपि एतस्मिन् अङ्गबाह्ये उत्कालिके=આ ઉપર્યુક્ત સર્વ પ્રકારના અઙ્ગબાહ્ય ઉત્કાલિક શ્રુતમાં (કે જે સૂત્ર-અર્થ-ગ્રન્થ-નિર્યુક્તિ અને સંગ્રહણીથી સહિત છે તેમાં જે ગુણો અથવા ભાવો શ્રી અરિહન્ત ભગવન્તોએ સામાન્ય અને વિશેષ રૂપમાં કહ્યા છે તે ભાવોને અમે શ્રદ્ધાગત કરીએ છીએ, તેમાં પ્રીતિ-રૂચિ, તેનો સ્પર્શ-પાલન અને અનુપાલન કરીએ છીએ, તે ભાવોમાં શ્રદ્ધા, પ્રીતિ, રુચિ, તથા તેનો સ્પર્શ-પાલન અને વારંવાર પાલન કરતા અમે આ પખવાડીયામાં બીજાને જે કંઇ ભણાવ્યું, સ્વયં ભણ્યા, સૂત્રનું પરાવર્તન કર્યું, શંકિત પૂછ્યું, અર્થથી ચિન્તવ્યું અને એ રીતે સર્વ પ્રકારે આરાધ્યું, તે સઘળું અમારાં દુઃખોનો-કર્મનો ક્ષય કરશે, અમારી મુક્તિ કરશે, અન્યજન્મમાં સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ કરાવશે, અને ભવભ્રમણથી પાર ઉતારશે, એ કારણે તેને અઙ્ગીકાર (વારંવાર અનુમોદનાદિ) કરતા અમે વર્તીએ છીએ. આ પખવાડીયામાં (અધિકારીને) જે ન ભણાવ્યું, સ્વયં ન ભણ્યા, સૂત્ર પરાવર્તન ન કર્યું, પૂછ્યું નહિ, અર્થ ચિન્તવ્યા નહિ, એમ શરીરબળ, ઉત્સાહ અને પરાક્રમ હોવા છતાં જે જે આરાધ્યું નહિ તે તે પ્રમાદરૂપ અતિચારની આલોચના, પ્રતિક્રમણ, નિન્દા, ગર્હા, વ્યાવર્તન અને વિશુદ્ધિ કરીએ છીએ, પુનઃ એ પ્રમાદ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ અને એ પ્રમાદરૂપ અનારાધનાને ઘટતું તપ નામનું પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીને તે પાપનું 'મિથ્યા દુષ્કૃત' કરીએ છીએ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે બાકીનો અર્થ પહેલાં કહ્યા પ્રમાણે સ્વયં સમજી લેવો.

હવે કાલિક શ્રુતનું ઉત્કીર્તન કરતાં કહે છે કે–'**नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यो यैरिदं वाचितम् अङ्गबाह्यं कालिकं भगवत्–तद्यथा**=તે અમારા ગુરૂને અથવા શ્રી જિનેશ્વરો, ગણધરો આદિ ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ આ ભગવત્ એવું અઙ્ગબાહ્ય કાલિકશ્રુત અમોને આપ્યું છે, અથવા સૂત્ર અર્થ અને ઉભયતયા જેઓએ રચ્યું છે, તે શ્રુતનાં નામો આ પ્રમાણે છે–૧–उत्तराध्ययनानि=ઉત્તર એટલે પ્રધાન, અથવા પહેલા શ્રીઆચારાઙ્ગસૂત્રના ઉપર 'ઉત્તર' એટલે વધારામાં કહેલાં વિનયઅધ્યયન' વિગેરે છત્રીશ અધ્યયનોવાળો ગ્રન્થ તે 'ઉત્તરાધ્યયનાનિ,' ૨–दशाः=દશ અધ્યયનાત્મક ગ્રન્થ, જેનું પ્રસિદ્ધ નામ 'દશાશ્રુતસ્કન્ધ' છે, ૩–कल्पः=સ્થવિરકલ્પ, જિનકલ્પ વિગેરે કલ્પો, અથવા 'કલ્પ' એટલે સાધુનો આચાર, તેનો પ્રતિપાદક ગ્રન્થ તે 'કલ્પ' ૪–व्यवहारः=પ્રાયશ્ચિત્ત સંબન્ધી વ્યવસ્થાને જણાવનારો ગ્રન્થ તે 'વ્યવહાર,' ૫–ऋषिभाषितानि=ઋષિઓ એટલે અહીં પ્રત્યેકબુદ્ધ સાધુઓ લેવા તે શ્રી નેમનાથપ્રભુના તીર્થમાં 'નારદ' વિગેરે વીસ, શ્રી પાર્શ્વનાથ સ્વામિના તીર્થમાં પંદર, અને શ્રી વર્દ્ધમાનસ્વામિના તીર્થમાં દશ, એમ કુલ પીસ્તાલીશ, તેઓનાં કહેલાં 'શ્રવણ' વિગેરે તે તે વિષયનાં પીસ્તાલીશ અધ્યયનો તે 'ઋષિભાષિતાનિ' જાણવાં. ૬–निशीथः=નિશીથ એટલે મધ્યરાત્રી, તેમાં જેમ વસ્તુ ગુપ્ત રહે તેમ ગુપ્ત રાખવા યોગ્ય રહસ્ય ભૂત (ગીતાર્થો સિવાય સામાન્ય સાધુને નહિ ભણાવવા યોગ્ય) અધ્યયન તે 'નિશીથ', અર્થાત્ શ્રીઆચારાઙ્ગ સૂત્રની પાંચમી ચૂલિકા. આ (લઘુ) નિશીથની અપેક્ષાએ મૂળ ગ્રન્થ અને અર્થ જેમાં મહાન્ છે તે ૭–महानिशीथः='બૃહદ્ નિશીથસૂત્ર,' ૮–जम्बूद्वीपप्रज्ञप्तिः–જેમાં 'જમ્બૂદ્વીપ' વિગેરેનું સ્વરૂપ જણાવેલું છે તે ગ્રન્થનું નામ 'જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ,' ૯–चन्द्रप्रज्ञप्तिः=ચન્દ્રનું પોતાના માંડલાંમાં પરિભ્રમણ, તેને જણવનારો ગ્રન્થ તે 'ચન્દ્રપ્રજ્ઞપ્તિ,' ૧૦–सूर्यप्रज्ञप्तिः=સૂર્યનાં માંડલાં અને તેનું પરિભ્રમણ વિગેરે જણાવનારો ગ્રન્થ, તે સૂર્યપ્રજ્ઞપ્તિ, (કોઈ આને ઉત્કાલિક શ્રુતમાં ગણે છે કારણ કે નન્દી સૂત્રમાં તેને ઉત્કાલિકમાં ગણેલું છે,) ૧૧–द्वीपसागरप्रज्ञप्तिः=અસંખ્યાતા દ્વીપો અને અસંખ્યાતા સમુદ્રોનું જેમાં વર્ણન છે તે ગ્રન્થનું નામ 'દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ' ૧૨–क्षुल्लिका विमानप्रविभक्तिः ૧૩–महती विमानप्रविभक्तिः=વૈમાનિક દેવોનાં શ્રેણિગત અને પ્રકીર્ણક વિમાનોનો વિભાગ જેમાં વર્ણવ્યો છે તે એક 'લઘુ વિમાનપ્રવિભક્તિ' અને બીજી વધારે સૂત્રો તથા અર્થવાળી તે 'મોટી વિમાન પ્રવિભક્તિ,' ૧૪–अङ्गचूलिकाः=શ્રીઆચારાઙ્ગ વિગેરે અંગ સૂત્રોની ચૂલિકાઓ (જેમકે આચારાઙ્ગ ઉપર અનેક ચૂલિકાઓ છે) તે 'અંગચૂલિકા,' અર્થાત્ મૂળ ગ્રન્થમાં કહ્યા ઉપરાન્ત વિશેષ અર્થનો સંગ્રહ જેમાં કરેલો હોય તે 'ચૂલિકા' જાણવી. ૧૫–वर्गचूलिकाः=અહીં વર્ગ એટલે અધ્યયનો વિગેરેનો સમૂહ, જેમકે–શ્રીઅન્તગડદશાસૂત્રમાં આઠ વર્ગો છે, તેવા વર્ગો ઉપરની ચૂલિકાને 'વર્ગચૂલિકા' જાણવી. ૧૬–विवाहचूलिकाः=અહીં 'વિવાહ' શબ્દથી વિવાહ–પ્રજ્ઞપ્તિ, અર્થાત્ પાંચમું અંગ શ્રી ભગવતી–સૂત્ર, તેની ચૂલિકાઓ તે વિવાહ (વ્યાખ્યા) ચૂલિકાઓ, ૧૭–अरुणोपपातः=અરૂણ નામના દેવને તથા તેના સિદ્ધાન્તને (કલ્પને–આચારને) જણાવનારો તથા તેના ઉત્પાતમાં હેતુભૂત ગ્રન્થને 'અરૂણોપપાત' કહેલો છે, જ્યારે સાધુ ઉપયોગ પૂર્વક તેનું આવર્તન (પાઠ) કરે ત્યારે પોતાનું આસન ચલાયમાન થતાં તે ગ્રન્થ પોતાના આચારોને જણાવનારો હોવાથી સંભ્રમિત થઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરૂણદેવ અવધિજ્ઞાનથી તેના આવર્તનનું કારણ જાણીને અતિ હર્ષિત થઈ જ્યાં સાધુ હોય ત્યાં જઈ ભક્તિથી પુષ્પવૃષ્ટિ કરવી વિગેરે શાસનની પ્રભાવના કરે છે, તેમજ સંવેગની શુદ્ધિવાળો તે દેવ તે ગ્રન્થને ઉપયોગ પૂર્વક સાંભળે છે, અને સાધુને વરદાન માગવાનું કહે છે, સાધુ નિઃસ્પૃહતા બતાવે છે ત્યારે અધિક સંવેગવાળો થઇ તે દેવ ત્રણ પ્રદક્ષિણા દઇને નમસ્કાર કરીને પાછો જાય છે. એ જ પ્રમાણે ૧૮–**वरुणोपपातः**, ૧૯–**गरुडोपपातः**, ૨૦–**धरणोपपातः**, ૨૧–**वेलंधरोपपातः**, ૨૨–**वैश्रमणोपपातः**, ૨૩–**देवेन्द्रोपपातः**, એ છ ગ્રન્થોનું પણ સ્વરૂપ જાણવું, માત્ર તે તે દેવોનાં તે તે નામ સમજવાં અને પાઠ કરવાથી તેઓનું આગમન વિગેરે જાણવું. ૨૪–**उत्थानश्रुतम्**=ઉત્થાનશ્રુત નામનું અધ્યયન, તે જ્યારે સંઘનું કોઈ વિશિષ્ટ કાર્ય આવી પડે ત્યારે કોઈ કુળ, ગામ, રાજધાની વિગેરેના ઉપદ્રવથી બચવા માટે (તેને ઉપદ્રવ કરવા માટે તેનો સંકલ્પ કરીને આવેશયુક્ત સાધુ અપ્રસન્નમનથી વિષમ–અશુભ આસને ઉત્થાનશ્રુતનું પરાવર્તન(પાઠ)એક–બે અથવા ત્રણવાર કરે તો સંકલિપત કુળ–ગામ કે રાજધાની વિગેરે ભયભીત થઇને વિલાપ કરતાં શીઘ્રતયા નાસવા માંડે. આવું કાર્ય સંઘ વિગેરેની રક્ષા માટે કોઈ તથાવિધ યોગ્ય સાધુને કરવાનું હોય છે. પુનઃ એ ઉપદ્રવને શાન્ત કરવા માટે જેનું પરાવર્તન કરે તે ૨૫–**समुत्थानश्रुतम्**='સમુત્થાનશ્રુત' નામનું અધ્યયન જાણવું, એના પરાવર્તનથી પુનઃ સર્વ લોકો નિર્ભય–સ્વસ્થ–શાન્ત થાય. ૨૬–**नागपर्यावलिकाः**=નાગ એટલે નાગકુમાર દેવો, તેમના સિદ્ધાન્ત એટલે કલ્પ–આચારને જણાવનારૂં અધ્યયન વિશેષ, તેનું નામ 'નાગપર્યાવલિકા' છે, જ્યારે સાધુ ઉપયોગ પૂર્વક તેનું પરાવર્તન કરે ત્યારે તે દેવનો સંકલ્પ ન કરવા છતાં તે નાગકુમાર દેવો સ્વસ્થાને રહ્યા રહ્યા તેને જાણે–વન્દન કરે, નમસ્કાર કરે, બહુમાન કરે અને સંઘ વિગેરેના કાર્ય માટેનું વરદાન આપે. ૨૭–**निरयावलिकाः**=શ્રેણિબદ્ધ અને પ્રકીર્ણક નરકાવાસાનું, તથા ત્યાં ભવિષ્યમાં ઉત્પન્ન થનારા તિર્યંચો અને મનુષ્યો વિગેરે તે તે નરકાધિકારી જીવોનું જેમાં વર્ણન છે, તે 'નિરયાવલિકાઓ' કહેવાય છે. ૨૮–**कल्पिकाः**=સૌધર્મ વિગેરે કલ્પોનું (દેવલોકનું) જેમાં વર્ણન છે તે સૂત્રશ્રેણીને 'કલ્પિકાઓ' કહી છે, ૨૯–**कल्पावतंसिकाः**=સૌધર્મ અને ઇશાન દેવલોકમાં કલ્પપ્રધાન જે વિમાનો છે તે 'કલ્પાવતંસક' કહેવાય છે, તેમાં ઉત્પન્ન થતા દેવ–દેવીઓ (સ્વસ્વ કર્તવ્યથી બન્ધાએલાં) જે જે વિશિષ્ટ તપથી ઉપજે છે અને જે જે સવિશેષ ઋદ્ધિને પામે છે, તે તે ભાવોનું વર્ણન વિસ્તારથી જેમાં છે તે ગ્રન્થશ્રેણીને 'કલ્પાવતંસિકાઓ' કહેવાય છે. ૩૦–**पुष्पिकाः**=જીવ ગૃહવાસનાં બન્ધનોના ત્યાગથી અને સંયમભાવથી પુષ્પિત (સુખી) થાય, પુનઃ સંયમ ભાવના ત્યાગથી અશુભ કર્મો બાંધી દુઃખોથી હલકા બને (કરમાય), પુનઃ તેના ત્યાગથી (શુભ ભાવથી) પુષ્પની જેમ ખીલે (આત્મવિકાસ સાધે), તે તે વિષયોનું પ્રતિપાદન કરનારી સૂત્રશ્રેણીને 'પુષ્પિકાઓ' કહેવાય છે. ૩૧–**पुष्पचूलिकाः**=ઉપર કહી તે પુષ્પિકાઓના વિષયને સવિશેષ જણાવનારી ચૂલિકાઓને 'પુષ્પચૂલિકાઓ' કહી છે, ૩૨–**वृष्णिकाः** અને ૩૩–**वृष्णिदशाः**=વૃષ્ણી એટલે અન્ધકવૃષ્ણી રાજા, તેનું વર્ણન જેમાં કરેલું છે તેને 'વૃષ્ણિકાઓ' કહી છે અને તે સંખ્યાથી દશ હોવાથી તેને 'વૃષ્ણિદશાઓ' કહેવાય છે, ૩૪–**आशीविषभावनाः**=આશી એટલે દાઢા, તેમાં જેને વિષ હોય તે 'આશીવિષ' કહેવાય, તેના જાતિ અને કર્મથી બે ભેદ છે. તેમાં વિંછી–દેડકા, સર્પ અને મનુષ્ય વિગેરેને જાતિ આશીવિષ જાણવા, તેમાં અનુક્રમે–વિંછીનું ઝેર ઉત્કૃષ્ટથી અડધા ભરતક્ષેત્ર જેવડા શરીરમાં, દેડકાનું સંપૂર્ણ ભરત જેવડા શરીરમાં, સર્પનું જમ્બૂદ્વીપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવડા શરીરમાં અને મનુષ્યનું ઝેર ઉત્કૃષ્ટથી અઢીદ્વીપ જેવડા શરીરમાં વ્યાપી શકે છે, એ રીતે પઞ્ચેન્દ્રિય તિર્યઞ્ચો, મનુષ્યો અને તે ઉપરાન્ત અપર્યાપ્ત અવસ્થાવાળા પૂર્વ-ભવની લબ્ધિવાળા સહસ્રાર સુધીના દેવો પણ તપશ્ચર્યાથી અથવા બીજી કોઈ શક્તિથી આશીવિષ જાતિના વિંછી-સર્પ વિગેરેની જેમ શાપ વિગેરેથી બીજાનો નાશ કરી શકે છે, માટે તેઓ કર્મથી આશીવિષ કહેવાય છે, તે બન્ને પ્રકારના આશીવિષ સ્વરૂપનો જેમાં વિચાર છે તેને 'આશીવિષ ભાવનાઓ' જાણવી. ૩૫-**दृष्टिविषभावनाः**=જેની દૃષ્ટિમાં ઝેર હોય તે જીવોને 'દૃષ્ટિવિષ' કહેવાય, તેઓનો વિચાર જેમાં કરેલો છે તેને 'દૃષ્ટિવિષભાવનાઓ' કહેલી છે, ૩૬-**चारणभावना**=જંઘાચારણ અને વિદ્યા-ચારણ એમ બન્ને પ્રકારના ચારણલબ્ધિવાળા મુનિઓનું વર્ણન જેમાં છે તેને 'ચારણભાવનાઓ' કહેલી છે, ૩૭-**महास्वप्नभावनाः**='ગજ-વૃષભ' આદિ મહાસ્વપ્નોનું સ્વરૂપ જેમાં વિસ્તારથી જણાવેલું છે તે ગ્રન્થશ્રેણીને 'મહાસ્વપ્ન ભાવનાઓ' કહેલી છે અને ૩૮-**तैजसाग्निनसर्गः**-તેજો-લેશ્યાદ્વારા તૈજસ નામના શરીરમાં રહેલા અગ્નિને બહાર ફેંકવો વિગેરે વર્ણન જેમાં છે તેને 'તૈજસાગ્નિનિસર્ગ' કહેવાય છે. (આશીવિષભાવના વિગેરે પાંચનું વર્ણન તેનાં નામોને અનુસારે કહ્યું છે, એથી વિશેષ વર્ણન શાસ્ત્રોથી કે પરમ્પરાથી મળતું નથી એમ પાક્ષિકસૂત્રની ટીકામાં કહેલું છે.) **सर्वस्मिन्नप्येतस्मिन्नङ्गबाह्ये कालिके भगवति०**=ભગવત્ એવા આ સર્વે[१८६] અંગબાહ્ય કાલિક શ્રુતમાં૦ વિગેરે શેષ અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે.

અહીં સુધી આવશ્યક અને આવશ્યક સિવાયનું ઉત્કાલિક તથા કાલિક, એમ અંગ-બાહ્યશ્રુતનું વર્ણન કર્યું, હવે અંગપ્રવિષ્ટશ્રુતનું વર્ણન કરે છે—

**नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यो यैरिदं वाचितम् द्वादशाङ्गम् गणिपीटकम् भगवत्-तद्यथा**=તે ક્ષમાક્ષમણોને નમસ્કાર થાઓ, જેઓએ આ ભગવત્ એવું 'દ્વાદશાઙ્ગ ગણિપીટક શ્રુત' અમોને આપ્યું છે, અથવા સૂત્રાર્થરૂપે રચ્યું છે, વિગેરે અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે સમજી લેવો, અહીં '**द्वादशाङ्गम्**' એટલે બાર[१८७]અઙ્ગોનો સમુહ, અને તે, '**गणिपीटकं**'=ગણી એટલે આચાર્યની પેટી, અર્થાત્ આગમવચન રૂપ રત્નોનો કરંડીઓ-ખજાનો છે, માટે 'ગણિપીટક' કહેલું છે, એમ અર્થ સમજવો. તેનાં નામો આ પ્રમાણે છે-૧-**आचारः**=શિષ્ટ પુરૂષોએ આચરેલો જ્ઞાનાદિ ગુણસાધક વિધિ એટલે

૧૮૬-આ જણાવેલાં નામો ઉપલક્ષણ માત્ર છે, કારણ કે-જે તીર્થંકરને જેટલી સાધુસમ્પદા હોય તેના શાસનમાં તેટલી સંખ્યામાં પ્રકીર્ણક (પયન્ના) સૂત્રો હોય છે, એ ન્યાયે પહેલા તીર્થંકરને ચોરાશી હજાર, મધ્યમ બાવીશ તીર્થંકરોના સર્વ મળીને સંખ્યાતા હજાર અને શ્રીવીર ભગવન્તને ચૌદ હજાર શ્રમણો અને તેટલાં પયન્નાસૂત્રો હતાં. અહીં અડત્રીસ નામો કહ્યાં, તેમાં અન્યગ્રન્થોમાં સૂર્યપ્રજ્ઞપ્તિને ઉત્કાલિકમાં ગણીને અને વૃષ્ણિકા તથા વૃષ્ણિદશા બેને એક ગણી કાલિકશ્રુતનાં છત્રીસ નામો પણ કહ્યાં છે.

૧૮૭-શ્રુતરૂપ પુરૂષના જમણો ડાબો બે પગ, જમણી-ડાબી બે જઙ્ઘાઓ, જમણી ડાબી બે સાથળો, પીઠ, ઉદર, જમણી-ડાબી બે ભુજાઓ, ગ્રીવા અને મસ્તક, એમ બાર અઙ્ગો તરીકે અનુક્રમે શ્રીઆચારાઙ્ગ આદિ બાર સૂત્રો છે, જેમકે શ્રીઆચારાઙ્ગ અને શ્રીસુત્રકૃતાઙ્ગ બે જમણો ડાબો પગ 'ઠાણાંગ અને સમવાયાંગ' બે જઙ્ઘાઓ, એમ છેલ્લે 'દૃષ્ટિવાદ' મસ્તક, ઇત્યાદિ વિભાગ સ્વયં સમજી લેવો, એ કારણે આ દ્વાદશાઙ્ગીને બાર અંગોવાળો આગમ પુરૂષ કહેલો છે. કહ્યું પણ છે કે-" **पायदुगं जङ्घोरू, गायदुगद्धं तु दोय बाहू य। गोवा सिरं च पुरिसो, बारसअङ्गो सुयविसिट्ठो ॥१॥** "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર, તેને જણાવનારા ગ્રન્થનું નામ પણ 'આચાર' છે, ૨–सूत्रकृतम्=માત્ર સૂચન કરે તે સૂત્ર, તેવાં સૂત્રોથી ગુંથેલો, સ્વ–પર દર્શનનું સ્વરૂપ વિગેરે સકળ પદાર્થને જણાવનારો જે ગ્રન્થ તે 'સૂત્રકૃત' જાણવો. ૩–स्थानं=તેમાં એક, બે, ત્રણ, વિગેરે સંખ્યાની વિવક્ષાપૂર્વક 'આત્મા' વિગેરે પદાર્થોને સ્થાપેલા (વર્ણવેલા) છે માટે 'સ્થાન' કહ્યું છે, અથવા એકથી દશ પર્યન્તના આત્મા વિગેરે પદાર્થોનાં સ્થાનોને (સ્વરૂપને) જણાવનારો ગ્રન્થ માટે 'સ્થાન' જાણવું. ૪-सम- वायः=सम्=સમ્યક્તયા, अव=અધિકરૂપમાં, अयः=જીવાજીવાદિ પદાર્થોનું વર્ણન જેમાં છે તે ગ્રન્થ 'સમવાય', ૫–विवाहप्रज्ञप्तिः=જેમાં ભગવાન શ્રી મહાવીર દેવને શ્રી ગૌતમ ગણધરે પૂછેલા પ્રશ્નો અને ઉત્તરોરૂપે અનેકવિધ વિષયોનું ગમ્ભીર વર્ણન કરેલું છે તે 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' નામે ગ્રન્થ. અધિક પૂજ્ય હોવાથી તે 'ભગવતી' એવા નામથી પણ ઓળખાય છે, ૬–ज्ञाताधर्मकथाः='જ્ઞાત' એટલે ઉદાહરણ, તે પૂર્વક ધર્મકથાને જણાવનારો ગ્રન્થ તે 'જ્ઞાતાધર્મકથાઓ' જાણવો. ૭–उपास- कदशाः='ઉપાસક' એટલે શ્રમણોપાસક (શ્રાવક), તેની ક્રિયા વિગેરેનું જેમાં વર્ણન છે તે ગ્રન્થ 'ઉપાસકદશા,' ૮–अन्तकृद्दशाः=કર્મોનો અથવા કર્મના ફળરૂપ સંસારનો અન્ત જેઓએ કર્યો છે તે શ્રી તીર્થંકરો વિગેરે અન્તકૃતોનું પહેલા વર્ગનાં દશ અધ્યયનોમાં વર્ણન હોવાથી તે ગ્રન્થનું નામ 'અન્તકૃદ્દશા' કહેલું છે, ૯–अनुत्तरोपपातिकदशाः=અનુત્તર એટલે ઉપરનાં (છેલ્લાં) વિમાનો, ત્યાં ઉત્પન્ન થનારા, અથવા અનુત્તર એટલે સર્વ શ્રેષ્ઠસ્થાને (દેવ તરીકે) ઉપજનારા અર્થાત્ 'સર્વાર્થસિદ્ધ' વિગેરે પાંચ વિમાનોમાં ઉત્પન્ન થનારા આત્માઓનું વર્ણન જેમાં છે, તે ગ્રન્થ દશ અધ્યયનવાળો હોવાથી તેનું નામ 'અનુત્તરોપપાતિકદશા,' ૧૦–प्रश्नव्याकरणं=પ્રશ્નો અને વ્યાકરણ એટલે ઉત્તરો (સમાધાન વચનો) રૂપે રચેલો ગ્રન્થ તે 'પ્રશ્નવ્યાકરણ' ૧૧–विपाकश्रुतं=શુભાશુભ કર્મોના વિપાકોને (ફળને) જણાવનારો ગ્રન્થ તે 'વિપાકશ્રુત' અને ૧૨–दृष्टिवादः='દૃષ્ટિ' એટલે દર્શન, તેનો વાદ, અર્થાત્ સર્વ દર્શનોનો વાદ, અથવા સર્વનયોરૂપી ભિન્ન ભિન્ન દૃષ્ટિઓ (અપેક્ષાઓ), તે જેમાં કહેલી છે તે ગ્રન્થ 'દૃષ્ટિવાદ' કહેવાય છે. એમ બાર અઙ્ગસૂત્રોનાં નામો જાણવાં. सर्वस्मिन्नप्ये- तस्मिन् द्वादशाङ्गे गणिपिटके भगवति०=ભગવત્ એવું આ ગણિપિટક, અર્થાત્ બાર અઙ્ગો રૂપ સર્વ દ્વાદશાંગી, તેમાં૦ વિગેરે બાકીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

એ પ્રમાણે સામાન્યથી અઙ્ગપ્રવિષ્ટશ્રુતનું વર્ણન કર્યું. અહીં સર્વ શાસ્ત્રોનાં માત્ર નામો જ કહ્યાં [૧૮૮] છે. તેનાં ભેદો, વિષય તથા તેનાં અધ્યયનો, ઉદ્દેશા, આ વિગેરેનું વર્ણન ગ્રન્થ વિસ્તારના ભયથી અહિંઆ કહ્યું નથી, તે બીજા ગ્રન્થોમાંથી જાણી લેવું.

હવે આ શ્રુતને આપનારા તથા પાલન કરનારાઓને નમસ્કાર કરવા માટે તથા પોતાના પ્રમાદનો 'મિચ્છામિ દુક્કડં' દેવા માટે કહે છે કે—

नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यो यैरिदं वाचितं द्वादशाङ्गं गणिपिटकं भगवत्=તે ક્ષમાશ્રમણોને (મારા ગુરૂ અથવા શ્રી જિનેશ્વર–ગણધર વિગેરેને) મારો નમસ્કાર થાઓ! કે જેઓએ ભગવત્ એવું આ

૧૮૮–અહીં નામોની સાર્થકતા સમજાવવા પુરતું કંઇક વિશેષ વર્ણન ભાષાન્તરમાં કર્યું છે તે મૂળપ્રતમાં નથી, છતાં અન્ય ગ્રન્થોના આધારે લખ્યું છે, એમ સમજવું. એ રીતે પાક્ષિકસૂત્રના અર્થમાં પણ મૂળ ગ્રન્થથી જે કંઇ વધારે કૌંસમાં કે ચાલુ લખાણમાં પણ લીધું છે તે અન્ય ગ્રન્થોના આધારે તે તે વિષયોને સ્પષ્ટ સમજાવવાના ઉદ્દેશથી લીધું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી આચાર્યના રત્નોના ખજાના તુલ્ય બાર અઙ્ગોરૂપ શ્રુત અમોને આપ્યું છે, અથવા સૂત્ર અને અર્થ રૂપે ગુંથ્યું–રચ્યું છે. તથા सम्यक् कायेन स्पृशन्ति पालयन्ति पूरयन्ति तीरयन्ति कीर्तयन्ति सम्यगाज्ञयाऽऽराधयन्ति=જેઓ સારી રીતે કાયાથી સ્પર્શ કરે છે, પાલન કરે છે, પૂર્ણ કરે છે, તરે છે, કીર્તન કરે છે અને આજ્ઞાના યથાર્થ પાલન દ્વારા આરાધે છે, ('તેઓને પણ નમસ્કાર થાઓ' એ અર્થ અહીં પણ જોડવો) તેમાં 'કાયાથી સ્પર્શ કરે છે' એટલે માત્ર મનથી જ નહિ પણ કાયાથી અવિપરીતપણે ભણવાના સમયે ભણે (ગ્રહણ કરે) છે, 'પાલન કરે છે' એટલે પુનઃ પુનઃ અભ્યાસ કરીને તેનું રક્ષણ કરે છે, 'પૂર્ણ કરે છે' એટલે માત્રા–બિન્દુ–અક્ષરો વિગેરેને ભણનાર ભૂલે તો તેને સુધારે છે–પૂરે છે, 'તરે છે' એટલે જીવે ત્યાં સુધી વિસ્મરણ નહિ થવા દેતાં જીવનના છેડા સુધી પહોંચાડે છે–યાદ રાખે છે, 'કીર્તન કરે છે' એટલે પોતાના નામની જેમ સતત સ્વાધ્યાય કરવા દ્વારા સ્તુતિ કરે છે, અથવા સમ્યક્ પ્રકારે શબ્દોચ્ચારણ કરે છે, અને 'યથાર્થ આજ્ઞાનુસાર આરાધે છે' એટલે તેમાં કહેલી આજ્ઞા અથવા સ્વગુરૂની આજ્ઞાના યથાર્થ પાલનપૂર્વક તેમાં કહેલી ક્રિયાઓને–અનુષ્ઠાનોને કરીને સફળ કરે છે. એમ અર્થ સમજવો. વળી अहं च नाराधयामि तस्य मिथ्या मे दुष्कृतम्=હું પ્રમાદાદિને વશ થઈ જે જે આરાધના નથી કરતો તે તે દોષનો 'મિથ્યાદુષ્કૃત' દઉં છું, અર્થાત્ મારૂં તે પાપ મિથ્યા થાઓ. હવે મઙ્ગળ માટે શ્રુતદેવીની સ્તુતિ કહે છે.

**" सुअ(य)देवया भगवई, नाणावरणीयकम्मसंघायं ।**
**तेसिं खवेउ सययं, जेसिं सुयसायरे भत्ती ॥१॥"**

**વ્યાખ્યા**–ભગવતી શ્રુતદેવતા તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને સતત (હમ્મેશાં)ક્ષય કરો, કે જેઓને આ શ્રુતજ્ઞાનરૂપ સમુદ્રમાં વિનય અને બહુમાનરૂપ ભક્તિ છે.

અહીં સુધી પાક્ષિકસૂત્રનો લેશમાત્ર અર્થ કહ્યો. હવે જેમ મઙ્ગલ પાઠકો (મઙ્ગલિક સંભળાવનારા) કોઈ શ્રેષ્ઠકાર્ય પૂર્ણ થતાં રાજાનું બહુમાન કરતાં 'અખણ્ડ બલી એવા હે રાજન્ આપનો ગએલો કાળ સુંદર ગયો અને બીજો પણ એવો હિતકર–સુંદર આવ્યો' વિગેરે કહે છે તેમ સાધુઓ પણ (અબ્ભુટ્ઠિઓ સૂત્રની અપેક્ષાએ બીજા) ખામણા (ક્ષમાપના) સૂત્રથી ગુરૂનો પાક્ષિક વિનયરૂપ ઉપચાર (સ્તુતિ) કરે છે, તે ખામણા સૂત્ર આ પ્રમાણે છે–

**" इच्छामि खमासमणो ! पिअं च मे, जं भे ! हट्ठाणं तुट्ठाणं अप्पायंकाणं अभग्गजोगाणं सुसीलाणं सुव्वयाणं सायरियउवज्झायाणं ना(णा)णेणं दंसणेणं चरित्तेणं तवसा अप्पाणं भावेमाणाणं बहुसुभेण भे ! दिवसो पोसहो पक्खो वइक्कंतो, अन्नो (य)भे ! कल्लाणेणं पज्जुवट्ठिओ सिरसा मणसा मत्थएण वंदामि ।।" ('तुब्भेहिं समं' इति गुरुवचनम्) ॥१॥**

**વ્યાખ્યા**–इच्छामि=હું (આગળ કહીશ તે રીતે) ખમાવવાની અભિલાષા કરૂં છું, અથવા ઇચ્છું છું ? આગળ કહીશ તે, હવે એ જ કહે છે કે–હે क्षमाश्रमणाः !=હે પૂજ્ય ગુરૂજી ! प्रियं च मम=(હું ઈચ્છું છું) 'અને મને પ્રિય–માન્ય પણ છે' (એમ કહેવાનું એ કારણ છે કે કોઈને કોઈ કારણે અપ્રિયની પણ ઈચ્છા થાય.) શું ? जं भे ! (यद् भवतां)=જે આપનો પર્વ દિવસ અને પક્ષ (પંદર દિવસ જ્ઞાનાદિની આરાધના પૂર્વક) પૂર્ણ થયો અને બીજો પણ તેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરૂ થયો (તે મને પ્રિય છે એમ વાક્ય સંબન્ધ જોડવો) હવે ગુરૂનાં વિશેષણો કહે છે કે– કેવા આપનો ? **हृष्टानां**=નિરોગી એવા આપનો, **तुष्टानाम्**=ચિત્તની પ્રસન્નતાવાળા આપનો, **अल्पातङ्कानाम्**=અહીં 'અલ્પ' શબ્દ અભાવ વાચક હોવાથી સર્વથા આતઙ્ક (તત્કાલ ઘાતક રોગ) રહિત એવા આપનો, (અથવા સર્વથા આરોગ્યનો અસમ્ભવ હોવાથી અલ્પ માત્ર રોગવાળા એટલે સામાન્યતયા નિરોગી એવા આપનો), **अभग्नयोगानाम्**=સંયમના યોગો (વ્યાપાર) જેના અખણ્ડ છે એવા આપનો, **सुशीलानाम्**=અઢાર હજાર શીલાઙ્ગ (ના આચારો) સહિત એવા આપનો, **सुव्रतानाम्**=સુંદર પઞ્ચ મહાવ્રતના ધારક એવા આપનો, **साचार्योपाध्यायानाम्**=બીજા પણ અનુયોગાચાર્યાદિ ઉપાધ્યાયો વિગેરે સહિત એવા આપનો, અર્થાત્ આપનો અને અન્ય પણ આચાર્યાદિક સર્વેનો **ज्ञानेन दर्शनेन चारित्रेण तपसा आत्मानं भावयताम्**=જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ દ્વારા આત્માને વિશુદ્ધ કરતા એવા આપ સર્વેનો **भो !**=હે ભગવન્ત ! **दिवसः पौषधः पक्षः बहुशुभेन व्यतिक्रान्तः**=દિવસ, પૌષધ, અર્થાત્ આજનો પર્વ દિવસ અને પક્ષ (પખવાડીયું) (સર્વથા શુભનો સંભવ ન હોવાથી) અત્યન્ત શુભ (ઘણાં સારાં) કાર્યો કરવામાં પૂર્ણ થયો, **अन्यश्च भवतां कल्याणेन पर्युपस्थितः**=અને બીજો (પક્ષ–અર્ધમાસ) આપને કલ્યાણકારી શરૂ થયો. હે ક્ષમાશ્રમણ (પૂજ્ય) ! હું તે ઇચ્છું છું, મને પ્રિય છે, માન્ય છે, એમ ગુરૂની ભૂત–ભાવિ આરાધનામાં શિષ્ય પોતાની પ્રસન્નતા જણાવીને પ્રણામ કરે છે કે–**शिरसा मनसा**=શિરવડે, મનવડે અને ઉપલક્ષણથી (**वाचा**) વચન વડે **मत्थएण वंदामि**=હું મસ્તકવડે વાંદું છું–પ્રણામ કરૂં છું. **शिरसा** કહેવા છતાં અહીં **मत्थएण वंदामि** કહ્યું તે પદ જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ વ્યુત્પત્તિ વિનાનું સમગ્ર પારિભાષિક નમસ્કારવચન હોવાથી પુનરૂક્તિ દોષ નથી. એ પ્રસંગે આચાર્ય પણ કહે કે– (**तुब्भेहिं समं**) **युष्माभिः सार्द्धम्**=તમો સર્વની સાથે. (તમારે અને અમારે સ્વ–પરના સહકારથી આરાધના થઇ અને આગામી પક્ષમાં આરાધના થશે). (૧)

હવે બીજા ખામણાસૂત્રથી ગુરૂને ચૈત્યોનું અને અન્ય સાધુઓનું વન્દન કરાવવા માટે શિષ્ય (અન્ય સાધુ સાધ્વી આદિએ) પોતાના ગુરૂને કરેલી વન્દનાદિનું નિવેદન કરે છે કે—

**"इच्छामि खमासमणो ! पुव्विं चेइआइं वंदित्ता नमंसित्ता तुब्भण्हं पायमूले विहरमाणेणं जे केइ बहुदेवसिआ साहुणो दिट्ठा, सा(स)माणा वा वसमाणा वा, गामाणुगामं दूइज्जमाणा वा, रायणिआ संपुच्छंति, ओमरायणिआ वंदंति, अज्जया वंदंति, अज्जिआओ वंदंति, सावया वंदंति, साविआओ वंदंति, अहं पि निस्सल्लो निक्कसाओ त्तिकट्टु सिरसा मणसा मत्थएण वंदामि ॥"**
**('अहमवि वंदामि चेइआइं' इति गुरुवचनम् ) ॥२॥**

**વ્યાખ્યા–इच्छामि क्षमाश्रमणाः !**='હે પૂજ્ય ! હું ઇચ્છું છું !' શું ? 'આપને ચૈત્યવન્દના તથા સાધુવન્દના કરાવવા માટે નિવેદન કરવાને' એટલો અધુરો વાક્યાર્થ સ્વયં સમજી લેવો. **पूर्वकाले**=વિહાર કર્યા પહેલાં આપની સાથે હતો ત્યારે 'હું આ ચૈત્યવન્દના શ્રીસંઘની વતી કરૂં છું' એમ અધ્યવસાય કરીને **चैत्यानि**=શ્રીજિનપ્રતિમાઓને **वन्दित्वा**=(સ્તુતિઓ દ્વારા) વન્દન કરીને અને **नमस्कृत्य**=પ્રણામરૂપે નમસ્કાર કરીને, ક્યાં અને ક્યારે વન્દન–નમસ્કાર કરીને ? તે કહે છે કે–**युष्माकं पादमूले**=આપની સાથે હતો ત્યારે અહીં, અને તે પછી **विहरता मया**=

અન્યત્ર વિચરતાં બીજાં ક્ષેત્રોમાં મેં, **ये केचन बहुदैवसिकाः**=જે કોઈ ઘણા દિવસના (વર્ષોના) પર્યાયવાળા, **साधवः दृष्टाः**=સાધુઓને જોયા, (હું મળ્યો), કેવા સાધુઓ ? **सामाणा वा**=વૃદ્ધપણાદિના કારણે જઙ્ઘાબળ ક્ષીણ થવાથી એક સ્થાને (સ્થિરવાસ) રહેલા, **वसमाणा वा**=અથવા નવ કલ્પ વિહારવાળા (ન્હાના ગામમાં એક રાત્રિ, નગરમાં પઞ્ચરાત્રિ, વિગેરે ક્રમથી વિચરતા), અને તેથી જ **ग्रामानुग्रामं द्रवन्तो वा**=ગામોગામ ફરતા, (અહીં वा શબ્દો સર્વ ઠેકાણે સમુચ્ચય (અને) અર્થમાં સમજવા.) અર્થાત્ વિહારમાં જે કોઈ બહુ પર્યાયવાળા સ્થિરવાસ રહેલા કે ગામોગામ વિચરતા સાધુઓ મને મલ્યા, તેમાં **रात्निकाः संप्रश्नयन्ति**=જે આપનાથી દીર્ઘ ચારિત્રપર્યાયવાળા (આચાર્યો) મલ્યા તેમને મેં વાંદ્યા અને આપની વતી પણ મેં તેઓને વન્દના કરી ત્યારે તેઓએ પણ મને આપના કુશળ સમાચાર આદિ પૂછ્યું. (અનુવન્દના વિગેરે કહ્યું) અને **अवमरात्निकाः वन्दन्ते**=આપનાથી લઘુ પર્યાયવાળા જે જે આચાર્યાદિ મલ્યા તેઓએ આપને વન્દના કરી (અમારા દ્વારા વન્દના જણાવરાવી) અને કુશળ સમાચાર વિગેરે પૂછ્યું હતું, વળી **आर्यका वन्दन्ते**=ન્હાના (સામાન્ય) સાધુઓએ પણ આપને વન્દન કર્યું (અમારા દ્વારા જણાવરાવ્યું)છે, તથા **आर्यिकाः वन्दन्ते**=જે જે આર્યાઓ (સાધ્વીઓ) મલ્યાં તેઓએ પણ વન્દના કહી છે, વળી **श्रावकाः वन्दन्ते**= ગામોગામ જે જે શ્રાવકો મલ્યા તેઓએ પણ વન્દન કર્યું છે, **श्राविकाः वन्दन्ते**=અને જે જે શ્રાવિકાઓ મલી તેઓએ પણ વન્દન કર્યું છે, (અર્થાત્ ચતુર્વિધ શ્રી સઙ્ઘ પૈકી જે જે મલ્યા તે સહુએ આપને યથાયોગ્ય અનુવન્દના-વન્દના કરવા પૂર્વક સુખશાતાદિ કુશળસમાચાર પૂછ્યા છે, તથા તે વેળા **निःशल्यः निष्कषायः अहमपि शिरसा मनसा मस्तकेन वन्दामि**=શલ્યરહિત અને કષાયોથી રહિત એવા મેં પણ શિરથી-મનથી અને (પ્રસઙ્ગાનુસાર) વચનથી પણ તેઓને વન્દન કર્યું છે, **इतिकृत्वा**=તેથી 'આપ પૂજ્ય પણ તેઓને વન્દન કરો !' એમ શિષ્યના નિવેદનને સાંભળીને ગુરૂ કહે કે-**अहमपि वन्दे चैत्यानि**=હું પણ તે (તેમોએ વન્દન કરેલાં) 'ચૈત્યોને (અને ઉપલક્ષણથી તે તે આચાર્યાદિ સંઘને પણ) વન્દન કરૂં છું.' અહીં બીજા આચાર્યો એમ કહે છે કે-'**अहमवि वन्दावेमि चेइआइं**' એ પાઠ છે માટે અર્થ એમ કરવો કે-શિષ્ય કહે છે કે-હું પણ ચૈત્યવન્દન કરાવું છું. અર્થાત્ અમુક નગરમાં-ગામમાં તમારી વતી જે જે ચૈત્યોને મેં વન્દન-નમસ્કાર કર્યા, તથા સંઘે પણ આપને જે જે વન્દનાદિ જણાવરાવ્યું તેઓને આપ પણ વન્દન કરો ! (સમગ્ર આલાપકનો ભાવ એ છે કે-શિષ્ય ગુરૂને આ પક્ષમાં વિહાર કરતાં ગામોગામ જે ચૈત્યોને વન્દના કરી તથા અન્ય આચાર્યાદિ શ્રી સંઘને મલ્યો, વન્દન-નમસ્કાર કર્યા અને પોતાના ગુરૂની વતી પણ વન્દના-નમસ્કારાદિ યથાયોગ્ય જેની સાથે જે જે ઉચિત વ્યવહાર કર્યો, તે તે ગુરૂની સમક્ષ જણાવીને ગુરૂને પણ તે તે ચૈત્યોને તથા શ્રી સંઘને વન્દન કરવા વિનંતિ કરે છે, તે સાંભળીને પ્રસન્ન થએલા ગુરૂ પણ તે તે ચૈત્યોને અહીં રહ્યાં રહ્યાં વન્દન-નમસ્કારાદિ કરે છે અને અન્ય આચાર્યો આદિને તથા શ્રી સંઘને વન્દના-અનુવન્દના અને ગૃહસ્થાદિને ધર્મલાભ વિગેરે યથાયોગ્ય કરે છે.) (૨)

હવે ત્રીજા ખામણાથી શિષ્ય પોતાના તરફથી નિવેદન કરતો કહે છે કે—

**"इच्छामि खमासमणो ! उवट्ठिओऽहं (मि)तुब्भण्हं संतिअं अहाकप्पं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुंछणं वा(रयहरणं वा)अक्खरं वा पयं वा गाहं वा सिलोगं वा(सिलोगद्धं वा) अट्ठं वा**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**हेउं वा पसिणं वा वागरणं वा तुब्भेहिं चिअत्तेण दिन्नं, मए अविणएण पडिच्छिअं, तस्स मिच्छामि दुक्कडं ॥" ("आयरिअसंतिअं" इति गुरुवचनम् )॥३॥**

**વ્યાખ્યા**–इच्छामि क्षमाश्रमणाः !=હે પૂજ્ય-ક્ષમાશ્રમણ ! હું 'આગળ કહીશ' તે પ્રમાણે ઇચ્છું છું, उपस्थितोऽहं=મારું નિવેદન કરવા હું તૈયાર થયો (આવ્યો)છું, એ નિવેદન કરે છે કે– युष्माकं सत्कं=આપનું આપેલું આ સઘળું જે અમારે ઉપયોગી છે તે, કેવું ? यथाकल्पं=સ્થવિર-કલ્પને ઉચિત-કલ્પ્ય આપે આપેલું, તે નામપૂર્વક કહે છે કે–वस्त्रं, पतद्ग्रहं, कम्बलं, पादप्रोञ्छनम्, (रजोहरणम्),=વસ્ત્ર, પાત્ર, કામળ, રજોહરણ (રજોહરણ એવો જુદો પાઠ કોઈ સ્થળે દેખાય છે, માટે ત્યાં પાદપ્રોઞ્છનનો અર્થ દંડાસણ અને રજોહરણનો અર્થ ઓઘો એમ જુદો કરવો ઠીક લાગે છે.), તથા अक्षरं, पदं, गाथा, श्लोकः, (श्लोकार्द्धम्),=સૂત્રનો એક માત્ર અક્ષર, પદ, ગાથા (આર્યાબદ્ધ પદ્ય), શ્લોક (અનુષ્ટુપ પદ્ય)અને કવચિત્ 'શ્લોકાર્દ્ધ', પાઠ છે, માટે અડધો શ્લોક, વળી, अर्थः हेतुः प्रश्नः व्याकरणं=સૂત્રનું અભિધેય (વાચ્ય) તે અર્થ, (મૂળ પાઠમાં નપુંસક લિઙ્ગનો પ્રયોગ છે તે પ્રાકૃત શૈલીને યોગે સમજવો.) હેતુ એટલે કારણ, માન ઉતારવા માટે બીજો પૂછે તે પ્રશ્ન અને તેનો સામો ઉત્તર આપવો તે વ્યાકરણ, અહીં દરેક પદોની સાથે 'वा' પદ છે તે સમુચ્ચય (વળી) અર્થમાં જાણવાં. એ પ્રમાણે વસ્ત્રાદિ, અક્ષરાદિ, અને અર્થ વિગેરે જે જે युष्माभिः प्रीत्या दत्तं=આપે વિના માગે મને પ્રીતિપૂર્વક આપ્યું છતાં मयाऽविनयेन प्रतीप्सितं= મેં તે અવિનયથી ગ્રહણ કર્યું, तस्य मिथ्या मे दुष्कृतम्='તે મારું પાપ મિથ્યા થાઓ !' એમ શિષ્ય પોતાના અવિનયાદિ અપરાધોની ક્ષમાપના માગે ત્યારે ગુરૂ પણ आचार्यसत्कम्=એ બધું પૂર્વાચાર્યોએ આપેલું તમને આપ્યું છે, એમાં મારૂં શું છે ? એમ કહી પોતાના ગર્વનો ત્યાગ અને સ્વગુરૂ પ્રત્યેની ભક્તિ પ્રગટ કરે. (૩)

હવે ચોથા ખામણામાં ગુરૂએ (જ્ઞાન-ક્રિયારૂપ) જે શિક્ષા આપી તે ગુરૂના અનુગ્રહનું શિષ્ય બહુમાન કરે છે કે—

**"इच्छामि खमासमणो अहम[वि]पुव्वाइं कयाइं च मे किइकम्माइं आयारमंतरे विणयमंतरे सेहिओ सेहाविओ संगहिओ उवग्गहिओ सारिओ वारिओ चोइओ पडिचोइओ चिअत्ता मे पडि-चोयणा, उवट्ठिओ(हं) (अब्भुट्ठिओ हं) तुब्भण्हं तवतेअसिरीए इमाओ चाउरंतसंसारकंताराओ साहट्टु नित्थरिस्सामि त्तिकट्टु सिरसा मणसा मत्थएण वंदामि" ॥ ("नित्थारगपारगा होह" इति गुरुवचनम्) ॥४॥**

**વ્યાખ્યા**–इच्छामि क्षमाश्रमणाः ! अहमपूर्वाणि (कृतिकर्माणि कर्तुम्)=હે પૂજ્ય ક્ષમાશ્રમણ ! હું અપૂર્વ=ભવિષ્યકાળે (પણ) કૃતિકર્મો (વન્દન) કરવાને ઇચ્છું છું. એમ વાક્ય સંબન્ધ જોડવો. कृतानि च मया कृतिकर्माणि=તથા મેં જે ભૂત કાળે કૃતિકર્મો (વન્દનો) કર્યાં, તે વન્દનોમાં आचारान्तरे=કોઈ જ્ઞાનાદિ આચારોના પાલન વિના, અર્થાત્ તેમાં કોઈ જ્ઞાનાચારાદિ આચારોનું પાલન નહિ કરતાં, તથા विनयान्तरे=વિનય નહિ કરતાં, અર્થાત્ તેમાં વિનયનો ભઙ્ગ કરતાં शिक्षितः=આપે સ્વયં મને તે તે આચારાદિમાં વિનય વિગેરે શિખવાડ્યા, અથવા બીજો પર્યાય सेधितः=કરવાથી તેનો અર્થ 'તે આચારોમાં અને વિનયમાં મને કુશળ બનાવ્યો,' शिक्षापितः=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા सेधापितः=શ્રી ઉપાધ્યાય ભગવન્ત આદિ અન્ય સાધુઓ દ્વારા મને શિખડાવરાવ્યો, અથવા કુશળ બનાવરાવ્યો. संगृहीतः=આપે મને શિષ્ય તરીકે આશ્રય આપ્યો (સ્વીકાર્યો), उपगृहीतः=મને જ્ઞાન વિગેરે આપીને તથા વસ્ત્રાદિ આપીને સંયમમાં આધાર આપ્યો, सारितः= મને મારા હિતમાર્ગે દોર્યો, वारितः=અહિત પ્રવૃત્તિ કરતો અટકાવ્યો, चोदितः=સંયમની આરાધનામાં સ્ખલનાદિ કરતાં 'તમારા જેવાને આમ કરવું યોગ્ય નથી' વિગેરે મધુર શબ્દોથી મને તે તે સ્ખલનામાંથી બચાવ્યો, प्रतिचोदितः=એ રીતે વારંવાર મને બચાવ્યો-પ્રેરણા આપી, चियत्ता मम प्रतिचोदना=આપે એ વારંવાર કરેલી પ્રેરણા મને પ્રીતિકર બની છે, અહઙ્કારાદિથી અપ્રીતિકર નથી લાગી, ઉપલક્ષણથી-ઉપર કહી તે 'શિક્ષા-સેધના-સારણા-વારણા-પ્રેરણા' મને પ્રીતિકર બન્યાં છે એમ પણ સ્વયં સમજી લેવું, એથી જ उपस्थितोऽहम् (अभ्युस्थितोऽहम्)=એ આપે પ્રેરણા-પ્રતિપ્રેરણા કરી તે તે વિષયમાં હું મારી ભૂલો સુધારવા તૈયાર-ઉદ્યમી થયો છું, (મને પૂર્ણ શ્રદ્ધા છે કે) युष्माकं तपतेजःश्रिया=આપના તપના તેજરૂપી લક્ષ્મીથી (મહિમાથી), इतः चातुरन्तात् संसारकन्तारात् संहृत्य निस्तरिष्यामि=આ ચારગતિરૂપ ચાર છેડાવાળી સંસારરૂપી અતિ દુર્ગમ અટવીમાં કષાયો ઇન્દ્રિઓ અને યોગો વિગેરેથી ફેલાએલા (ફસાએલા-ભમતા) મારા આત્માનું હું સંહરણ કરીને અર્થાત્ ખેંચી લઇને એ અટવીને હું ઉલ્લંઘી જઇશ, અર્થાત્ સંસારરૂપી અટવીનો પાર પામીશ. इतिकृत्वा=એ હેતુથી शिरसा मनसा मस्तकेन वन्दामि=પૂર્વે અર્થ કર્યો છે તેમ શિર દ્વારા, મનદ્વારા અને ઉપલક્ષણથી વચનદ્વારા આપને હું વન્દન કરૂં છું. એમ ગુરૂનો મહા ઉપકાર માનતો શિષ્ય કૃતજ્ઞતા દાખવે, ત્યારે ગુરૂ કહે निस्तारकाः= તમે સંસાર સમુદ્રથી અન્ય જીવોનો અથવા તમે કરેલી તમારી પ્રતિજ્ઞાઓનો (વ્રતાદિ નિયમોનો) નિસ્તાર (નિર્વાહ) કરનારા અને पारगाः=સંસાર સમુદ્રથી પાર પામનારા, भवत=થાઓ, અર્થાત્ અન્ય જીવોનું અને તમારૂં કલ્યાણ કરો ! એમ ગુરૂ આશીર્વાદ આપે. (૪)

આ રીતે પાક્ષિક ખામણાં તથા તેનો અર્થ કહ્યો. પ્રતિક્રમણના પ્રસઙ્ગને અનુસાર એ શેષ કહેવા યોગ્ય કહીને હવે પ્રતિક્રમણ પછીનું કર્ત્તવ્ય જણાવે છે કે—

(મૂળ શ્લોક ૯૮માં કહેલા) कालग्रहः=પ્રતિક્રમણ પછીનો અધિકાર હોવાથી (પ્રદોષ સમયે લેવાતું) 'પ્રાદોષિક કાલગ્રહણ કરવું' તે સાપેક્ષ યતિધર્મ છે એમ વાક્યાર્થ જોડવો. આ 'પ્રાદોષિકને' વ્યાઘાતિક (વાઘાઇ) પણ કહેવાય છે, કારણ કે પ્રતિક્રમણ પછી ગુરૂ શ્રાવકોની આગળ ધર્મની વાતો કરે તેથી અથવા ધર્મશાળા જેવા સાંકડા મકાનમાં રહ્યા હોય તો પરદેશી મનુષ્યોના આવવા જવાથી વ્યાઘાતનો તે કાળે સમ્ભવ છે, એથી તે વખતે કાલગ્રહણ થઈ શકે નહિ. માટે તેનો સમય કહે છે કે-तारात्रयेक्षणे=આકાશમાં ત્રણ તારાઓ દેખાય ત્યારે, એનો અર્થ એ નથી કે ત્રણ તારાઓ જોવા જ જોઇએ, કિન્તુ ત્રણ તારાઓના દર્શનથી ઓળખાતો શાસ્ત્રોક્ત કાળ તે પ્રાદોષિક કાળગ્રહણનો સમય જાણવો. એમ કહેવાથી વર્ષાઋતુમાં વાદળાદિ કારણે તારાઓ ન દેખાય, તો પણ તેની વેળાએ પ્રાદોષિક કાળગ્રહણ થઈ શકે. કહ્યું છે કે-

"देवसिअपडिक्कमणे, कयंमि गिण्हंति तयणु कयकरणा ।
तारातिअसंपिक्खण-समए पाओसिअं कालं ॥३४९॥" (यतिदिनचर्या)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–દૈવસિક પ્રતિક્રમણ કર્યા પછી કરવા યોગ્ય કાર્ય જેઓએ કર્યાં છે, તેવા સાધુઓ ત્રણ તારા દેખાય ત્યારે પ્રાદોષિકકાળને ગ્રહણ કરે છે.

કાળગ્રહણનો વિધિ યોગવિધિમાંથી જાણી લેવો. ततः=તે પછી, અર્થાત્ કાલગ્રહણ કર્યા પછી–એ પ્રાદોષિક કાળ શુદ્ધ આવે તો कालिकसूत्राणाम्=અગીઆર અઙ્ગ વિગેરેનું, આમાં વિગેરે શબ્દથી 'ઉપાઙ્ગ' વિગેરે ઉત્કાલિકશ્રુતનું પણ अध्ययनादि=પઠન–પાઠન વિગેરે કરવું તે સાપેક્ષ યતિધર્મ છે, એમ વાકય સંબન્ધ જોડવો. આ પઠન પાઠન કોઈ અવિધિથી પણ કરે માટે કહે છે કે–यथाविधि=વિધિનું ઉલ્લઙ્ઘન ન થાય તેમ પઠન–પાઠન કરવું આ વિધિ પહેલાં કહ્યા પ્રમાણે જાણવો. કાળગ્રહણ શુદ્ધ ન થાય તો ઉત્કાલિકસૂત્ર કે નિર્યુક્તિઆદિ–અર્થરૂપ શ્રુતને ગણે, સાંભળે, અથવા વિચારે. આ માટે દિનચર્યામાં પણ કહ્યું છે કે—

**" अह वाघाइअकाले, सुद्धम्मि पढंति कालिअं सुत्तं ।**
**पुव्वगहिअं गुणंति, अन्नह अन्नं पि अत्थं वा ॥३५०॥**
**कालिअसुअस्स कालो, भणिओ अज्झयणगुणणविसयंमी ।**
**दिवसस्स पढमपच्छिम–जामा एवं तिजामाए ॥३५१॥" (यतिदिनचर्या)**

**ભાવાર્થ**–" જો વ્યાઘાતિક (પ્રાદોષિક)કાળ (ગ્રહણ) શુદ્ધ હોય તો સાધુઓ પહેલાં ભણેલું હોય તે કાલિકશ્રુતને (અગીઆર અઙ્ગ વિગેરેને) ભણે, અને શુદ્ધ ન હોય તો બીજું પ્રકરણાદિક ભણે, અથવા (કાલિકશ્રુતના) અર્થને વિચારે, (૩૫૦) કાલિકશ્રુતના અધ્યયનને–ભણવા–ગણવાના કાળ માટે દિવસના પહેલા અને છેલ્લા બે પ્રહરો, અને એ જ પ્રમાણે રાત્રિના પણ પહેલા છેલ્લા બે પ્રહરો કહેલા છે. (૩૫૧)"

એ પ્રમાણે મૂળના ૯૮મા શ્લોકનો અર્થ પૂર્ણ થયો, હવે બીજી રીતે પણ રાત્રિનો પહેલો પ્રહર પૂર્ણ કરી શકાય છે, તે રીત તથા તે પૂર્ણ કરવા માટે શું કાર્ય કરવું તે કહે છે—

**मूलम्–" साधुविश्रामणाद्यैश्च, निशाद्यप्रहरे गते ।**
**गुर्वादेशादिविधिना, संस्तारे शयनं तथा ॥९९॥"**

**મૂળનો અર્થ**–સાધુની (આચાર્ય–માંદા–પ્રાઘૂર્ણક વિગેરેની) વિશ્રામણા વિગેરે કરતાં રાત્રિનો પ્રથમ પ્રહર પૂર્ણ થાય ત્યારે 'ગુરૂની પાસે આદેશ માગવો' વિગેરે વિધિ પૂર્વક સંસ્તારકમાં શયન કરવું તે, સાપેક્ષ યતિધર્મ છે. (૯૯)

**ટીકાનો ભાવાર્થ**–સાધુઓની એટલે આચાર્ય (ગુર્વાદિ), ગ્લાન, પ્રાઘૂર્ણક, વિગેરેની વિશ્રામણા એટલે 'થાક દૂર કરવો' અને આદિ શબ્દથી 'શરીર દાબવું' વિગેરે સેવા કરતાં અને ઉપર જણાવ્યા પ્રમાણે સ્વાધ્યાય વિગેરે કરતાં જ્યારે રાત્રિનો પહેલો પ્રહર પૂર્ણ થાય ત્યારે જેનું સ્વરૂપ હમણાં કહીશું તે સંથારામાં શયન કરવું, અર્થાત્ નિદ્રા લેવી તે સાપેક્ષ યતિધર્મ છે, એમ વાક્યનો સંબન્ધ જોડવો. તે સંથારો વિગેરે કોઇ અવિધિથી પણ કરે, માટે કહે છે કે–'ગુરૂનો આદેશ મેળવવો' વિગેરે વિધિપૂર્વક કરવો. તેમાં ગુરૂનો આદેશ એટલે 'ગુરૂને પૂછીને તેઓની અનુમતિ મેળવવી' વિગેરે વિધિપૂર્વક કરવો. તે માટે કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" सज्झायझाणगुरुजण–गिलाणविस्सामणाइकज्जेहिं ।
जामंमि वइक्कंते, वंदिअ पेहंति मुहपोत्तिं ॥३५४॥
पढमंमि खमासमणे, राइअसंथारसंदिसावणयं ।
पभणंति पुणो बिईए, राइअसंथारए ठामो ॥३५५॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**–સ્વાધ્યાય, ધ્યાન, તથા ગુરૂ વિગેરે વડીલો, બીમાર, કે પ્રાઘૂર્ણક સાધુઓની વિશ્રામણા, ઇત્યાદિ કરતાં જ્યારે એક પ્રહર પૂર્ણ થાય ત્યારે (પોરિસી ભણાવે, તેમાં) વાંદીને એટલે ખમાસમણ દઇને (આદેશ માગીને) મુહપત્તિ પડિલેહે (૩૫૪), તે પછી પહેલા ખમા–સમણમાં રાઇસંથારાને સંદિસાવે, અર્થાત્ ખમા૦ દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઇ–સંથારં સંદિસાવેમિ ?' એમ અનુમતિ માગવી, પુનઃ બીજું ખમાસમણ દઈ 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ રાઈસંથારે ઠામિ ?' એમ કહે. (તે પછી 'ચઉક્કસાય૦' ઈત્યાદિ ચૈત્યવન્દન કરીને મુહપત્તિ પડિલેહે, એમ પણ સમજવું.) (૩૫૫)

'સંથારો પ્રત્યેક સાધુને પહોળાઇમાં ત્રણ હાથ પ્રમાણ કરવો' એ માપ કહ્યું છે તે પ્રમાણયુક્ત વસતિને આશ્રીને સમજવું. કારણ કે વસતિ કોઈ સ્થળે પહોળી (મોટી), કવચિત્ સાંકડી (ન્હાની) અને કોઇ સ્થળે પ્રમાણોપેત (દરેક સાધુને ત્રણ ત્રણ હાથ જગ્યા મળી શકે તેવી) એમ ત્રણ પ્રકારની સમ્ભવે, તેમાં પણ આચાર્યને પવન વિનાની, વધુ પવનવાળી અને મિશ્ર (મધ્યમ પવનવાળી), એમ ત્રણ પૈકી ઇષ્ટ ભૂમિમાં સંથારો કરવાની છૂટ છે, બાકીના સાધુઓ માટે ત્રણ પૈકી કોઈ એક જ પ્રકારની જગ્યાએ સંથારો કરવાનો વિધિ છે. તેમાં વસતિ પહોળી (મોટી)હોય તો ચોર વિગેરે આવી ન જાય એ કારણે બધા સાધુઓ સમગ્ર ભૂમિમાં વેરેલાં પુષ્પોની જેમ મકાનમાં છૂટા છૂટા સુવે, સાંકડી હોય તો પાત્રાં વચ્ચે મૂકી તેની બાજુમાં [૧૮૯]માંડલીબદ્ધ (ચારે બાજુ) સુવે અને પ્રમાણોપેત હોય તો પંક્તિબદ્ધ સુવે. કહ્યું છે કે—

" संथारगभूमितिगं, आयरियाणं तु सेसगाणेगा ।
रुंदाए पुप्फइन्ना, मंडलिआ आवली इअरे ॥२०२॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–આચાર્યને નિર્વાત વિગેરે સંથારાની ત્રણ ભૂમિઓ અને અન્ય સાધુઓને કોઈ એક જ હોય છે. વસતિ મોટી હોય તો વેરેલાં પુષ્પોની જેમ, ન્હાની હોય તો માંડલી-બદ્ધ અને પ્રમાણોપેત હોય તો સાધુઓ શ્રેણિબદ્ધ સંથારા કરે.

તેમાં ન્હાની અને પ્રમાણોપેત (મધ્યમ) વસતિમાં સંથારાદિનો વિધિ કહે છે કે–

" संथारगहणीए, वेंटिअउक्खेवणं तु कायव्वं ।
संथारो घेत्तव्वो, मायामयविप्पमुक्केणं ॥२०५" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**–" સંથારાની જગ્યા વહેંચતાં પહેલાં સહુએ પોતપોતાનાં ઉપધિનાં વિંટીયાં ઉપાડી લેવાં, કે જેથી વડીલને જગ્યા વહેંચી આપવામાં સહેલાઈ થાય. તે પછી વડીલ જે

૧૮૯–અહીં છાપેલી પ્રતમાં **मण्डल्याः** પાઠ છે, પણ ધર્મસંગ્રહની લખેલી અને ઓઘનિર્યુક્તિની છાપેલી પ્રતમાં '**मण्डल्या**' પાઠ છે, તે શુદ્ધ જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગ્યા વહેંચી આપે તે સહુએ માયા–મદ છોડીને સ્વીકારી લેવી, કિન્તુ 'મારે પવનની જરૂર છે માટે મને અહીં જગ્યા આપો !, અથવા હું મોટો છું માટે મને આ અમુક જગ્યા આપો' ઈત્યાદિ માયા–મદ કરવાં નહિ"

અર્થાત્ સ્થવિર વિગેરે વડીલ સાધુએ આપેલી સંથારાની ભૂમિમાંથી યથારત્નાધિક એટલે મોટા–ન્હાનાના ક્રમથી સર્વ સાધુઓએ પહેલાં પોત પોતાની ઉપધિનાં વિંટીયાં ઉપાડી લેવાં, જેથી ભૂમિનું માપ સમજી શકાય અને સહેલાઇથી ભૂમિની વહેંચણી કરી શકાય.

તે વહેંચેલી ભૂમિમાં દરેક સાધુનો સંથારો આ પ્રમાણે ત્રણ હાથ પહોળો થાય, પ્રથમ ઊનનો સંથારો (સંથારીઉં) અટ્ઠાવીશ અંગુલ પહોળો, તે પછી પાત્રાં અને સંથારા વચ્ચે વીશ અંગુલ આંતરૂં (ખાલી જગ્યા) અને તે પછી ચોવીશ અંગુલ પહોળા પાદપ્રોઞ્છન (પાથરણુ) ઉપર પાત્રાં મૂકાય, (એમ ૨૮+૨૦+૨૪=૭૨ આંગળ (ત્રણ હાથ) જગ્યા દરેક સાધુને રોકાય), અને સાધુને પરસ્પર બે હાથનું આંતરૂં રહે. અહીં સાધુ એટલે પ્રત્યેક સાધુ માટેની સંથારાની ત્રણ હાથ ભૂમિ સમજવી. અર્થાત્ ત્રણ ત્રણ હાથ વચ્ચે બે બે હાથનું આંતરૂં રહે. સ્થાપના[૧૯૦] નીચે ટીપ્પણી પ્રમાણે સમજવી. તે માટે કહ્યું છે કે—

**"तम्हा पमाणजुत्ता, एक्केक्कस्स उ तिहत्थसंथारो ।**
**भायणसंथारंतर, जह वीसं अंगुला हुंति ॥" ओघनिर्युक्ति–२२६॥**

**ભાવાર્થ**–તે માટે વસતિ (મળે ત્યાં સુધી) પ્રમાણોપેત મેળવવી, અને તેમાં એકેક સાધુને ત્રણ હાથ ભૂમિ મળી શકે તે રીતે સંથારો કરવો. જેમ કે–ત્રણ હાથ પૈકી–સંથારો એક હાથ ચાર આંગળ ભૂમિને રોકે, પાત્રાં ચોવીસ આંગળ રોકે અને તે બેની વચ્ચે વીસ આંગળ આંતરૂં રહે. રાત્રે પાત્રાં પણ પાસે જ મૂકવાનું કારણ કહ્યું છે કે—

**"मज्जारमूसगाइ य, वारए नवि अ जाणुघट्टणया ।**
**दो हत्था य अबाहा, नियमा साहुस्स साहूओ ॥" ओघनिर्युक्ति–२२७॥**

**ભાવાર્થ**–(પાત્રાં નજીકમાં મૂકવાથી રાત્રે) બિલાડા–ઉંદર આદિ પાત્રાંને ઉપદ્રવ કરે તો રોકી શકાય,-તદ્દન પાસે નહિ મૂકતાં વીસ આંગળ દૂર મૂકવાનું કારણ પણ એ છે કે પાત્રાંને જાનુ (ઢીંચણ) વિગેરેની ઠોકર લાગે નહિ. એમ એક સાધુથી બીજા સાધુની (ત્રણ ત્રણ હાથ ભૂમિની) વચ્ચે બે હાથ આંતરૂં અવશ્ય રાખવું.

૧૯૦–આ સ્થાપનાયંત્રની સમજણ એમ છે કે–પહેલાં સંથારાના ૨૮ આંગળ, પછી પાત્રાં અને સંથારા વચ્ચે આંતરૂં ૨૦ આંગળ, પછી પાત્રાંની જગ્યા ૨૪ આંગળ, એમ એક સાધુની ત્રણ હાથ જગ્યા થાય તે પછી બીજા સાધુની

| સાધુ | આંતરૂં | પાત્રાં | આંતરૂં | આંતરૂં | પાત્રાં | આંતરૂં | સાધુ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૨૦ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૦ | ૨૮ |
| — | ० | — | ० | — | — | ० | — |

જગ્યા વચ્ચેનું બેનું ચોવીશ ચોવીશ આંગળનું (બે હાથનું) આંતરૂં, તે પછી બીજા સાધુના પાત્રાંની ભૂમિ ચોવીશ આંગળ, પછી તેનાં પાત્રાં અને સંથારા વચ્ચેનું આંતરૂં ૨૦ આંગળ, અને છેલ્લે સંથારાના ૨૮ આંગળ, એમ બે સાધુના સંથારાનું પ્રમાણ જાણવું. તે પછી પુનઃ બે હાથ આંતરૂં છોડીને બીજા સાધુની જગ્યા જાણવી, આ સ્થાપનાયંત્ર છાપેલી પ્રતમાં અશુદ્ધ જણાય છે, તેથી હસ્તલિખિત પ્રતમાં છે તે પ્રમાણે લીધું છે, સ્થાપનામાં—આવી લીટી છે તે પુરેલી અને મીડું ० છે તે ખાલી ભૂમિ સમજવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર્વજનિક મકાનમાં તો ઉપર કહ્યું તેમ વચ્ચે બે બે હાથ આંતરૂં રાખવાથી ઘણી જગ્યા ખાલી રહે અને બલાત્કારે કોઈ ગૃહસ્થ ત્યાં સુઈ જાય,[૧૯૧]એવા પ્રસંગથી બચવા માટે બીજી રીતે એની વ્યાખ્યા જણાવે છે કે—

સાધુનું શરીર એક હાથ ભૂમિ રોકે, તે પછી સાધુ શરીર પ્રમાણનો સંથારો અને પાત્રાં તે બેની વચ્ચે વીસ આંગળ આંતરૂં રહે, તે પછી પાત્રાં આઠ આંગળ ભૂમિ રોકે અને પાત્રાંથી બીજા સાધુના સંથારા સુધી વચ્ચે વીસ આંગળ આંતરૂં રહે, તેમાં ઊનનો સંથારો તો ૨૮ આંગળનો જ સમજવો, કિન્તુ શરીરથી ચોવીસ આંગળ રોકાય અને બાકીના ચાર આંગળ સંથારાના વધે તે સહિત વીસ આંગળનું પાત્રાં વચ્ચે આંતરૂં રહે, તે પછીની આઠ આંગળ ભૂમિમાં પાત્રાં મૂકાય અને પાત્રાંથી બીજા સાધુ વચ્ચે ૨૦ આંગળ આંતરૂં રહે. એમ સાધુ શરીરના ૨૪, આંતરાના ૨૦, પાત્રાંના ૮ અને બીજા સાધુના આંતરાના ૨૦, મળી કુલ ૭૨ આંગળના ત્રણ હાથ થાય, એમ પ્રત્યેક સાધુને માટે ત્રણ ત્રણ હાથ ભૂમિ સમજવી. જુઓ સ્થાપના બાજુમાં—

| સંથારો | આંતરૂં | પાત્રાં | આંતરૂં | કુલ |
|---|---|---|---|---|
| ૨૮ | ૧૬ | ૮ | ૨૦ | =૭૨ |
| સાધુશરીર | આંતરૂં | પાત્રાં | આંતરૂં | |
| ૨૪ | ૨૦ | ૮ | ૨૦ | =૭૨ |

અહીં બે હાથ અબાધા (આંતરૂં) એ રીતે રહે કે એક સાધુના શરીરથી અન્ય સાધુના શરીર વચ્ચે એક (એક) હાથ અને પગની નીચે (બીજાના મસ્તક ઉપર) પણ એક એક હાથ જવા આવવાનો માર્ગ મૂકીને સંથારો કરે. એ લાંબી (લમ્બચોરસ) વસતિમાં સુવાનો વિધિ કહ્યો.

સમચોરસ વસતિમાં તો ભીંતથી ત્રણ હાથ જગ્યા મૂકીને સુવે, તેમાં ભીંતથી એક હાથ ભૂમિ છોડીને પાત્રાં એક હાથ પ્રમાણ પાથરણા ઉપર મૂકે, એથી એક હાથ ભૂમિ પાત્રાં રોકે, તે પછી એક હાથનું આંતરૂં રાખીને સંથારો (મસ્તક) કરે, એમ બે આંતરાના બે હાથ અને પાત્રાંનો એક મળી ત્રણ હાથનું ભીંત અને મસ્તકને આંતરૂં રહે. એ વિધિથી શયન કરનારા સાધુઓને બાજુમાં સાધુ–સાધુની વચ્ચે બે હાથ આંતરૂં સમજવું. આ માપ પ્રમાણોપેત વસતિ માટે સમજવું.

જો વસતિ ન્હાની હોય તો બે માથાઓની પાસે વચ્ચે પાત્રાં મૂકવાં. અને જો વસતિમાં ભૂમિ ખાડાવાળી હોય તો સર્વ સાધુઓનાં પાત્રાં ભેગાં કરીને તે ખાડામાં મૂકવાં, તેમાં પણ જે પાત્રાં 'પ્રાસુક' એટલે દોષ વિનાનાં અને જે અલ્પપરિકર્મ (અલ્પદોષ)વાળાં હોય તે પાત્રાં મંગલરૂપ હોવાથી ઉપર મૂકવાં. (શેષ બહુપરિકર્મવાળાં હોય તેને નીચે મૂકવાં).

હવે વસતિ એથી પણ ન્હાની હોવાથી અતિ સંકડાશ હોય અને પાત્રાં મૂકવાની જગ્યા ન

૧૯૧–સર્વજનસાધારણ ધર્મશાળાદિમાં ઉતર્યા હોય અને વચ્ચે જગ્યા ખાલી પડી હોય તો કોઈ મુસાફર આવીને વચ્ચે સુવે એ સંભવિત છે, પ્રાચીન સમયમાં સાધુઓ મોટે ભાગે સર્વસાધારણ ધર્મશાળામાં મકાનની યાચના કરીને તેમાં ઉતરતા હતા, તે કાળે સાધુ જીવન પ્રત્યે માનવ જાતિને ઘણું સન્માન હતું, માટે એ પ્રવૃત્તિ ઉચિત હતી, આજે પણ જયાં તેવું સન્માન જળવાતું હોય ત્યાં તે પ્રવૃત્તિ જરૂર ઉચિત છે, પણ જયાં તેવું સન્માન ન જળવાય ત્યાં સાધુએ એવી પ્રવૃત્તિને રોકી સાધુતાનું માન જળવાય તે રીતે યોગ્ય વ્યક્તિના મકાનમાં ઉતરવું એ ઉચિત છે, કારણ કે સાધુને જે સાધુતાના બળે પોતાનું આત્મકલ્યાણ સાધવાનું છે, તે સાધુતાનું સન્માન જગતમાં જળવાઇ રહે અને ગૃહસ્થો સાધુતા પ્રત્યે આદરવાળા રહે તેમ વર્તવું તે જરૂરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેતી હોય, તો પડદો કરવા માટેનો સર્વ સાધુઓનો સાધારણ દોરો (દોરી) ઔપગ્રહિક ઉપધિ તરીકે રાખ્યો હોય તે દોરા વડે ખીંટી વિગેરેમાં ઉંચે બાંધવાં. તે માટે કહ્યું છે કે—

"उस्सीसभायणाइं, मज्झे विसमे अहाकडा उवरिं।
उवगहिओ जो दोरो, तेण य वेहासि लंबणया॥" ओघनिर्युक्ति–२३२॥

**ભાવાર્થ**–(સાંકડી વસતિમાં) પાત્રાં મસ્તક પાસે બે સંથારાની વચ્ચે મૂકવાં, ભૂમિ ખાડાવાળી હોય તો તે ખાડામાં (નીચે બહુપરિકર્મવાળાં મૂકી) ઉપર યથાકૃત અને અલ્પ-પરિકર્મવાળાં પાત્રાં મૂકવાં અને એટલી પણ જગ્યા ન હોય તો ઔપગ્રહિક ઉપધિ તરીકે પડદો બાંધવા જે દોરો રાખ્યો હોય તેનાથી ઉંચે ખીંટી વિગેરેની સાથે બાંધવાં–ટીંગાડવાં.

ન્હાની વસતી ન મળે તો મોટી (પહોળી) વસતિમાં રહેવું, પણ ત્યાં રહેવામાં આટલું વિશેષ છે કે–દરેક સાધુએ વેરેલાં પુષ્પોની જેમ છૂટા (દૂર-દૂર) સંથારા કરી આખા મકાનને રોકી લેવું, એમ કર્યા પછી પણ ત્યાંના રક્ષક વિગેરે આવે ત્યારે ઉપકરણો (પાત્રાં-ઉપધિ આદિ) ભેગાં કરીને વસતિના એક અમુક ભાગમાં રહેવું અને શક્ય હોય (બને) તો તેઓની વચ્ચે સાદડી કે પડદો વિગેરે બાંધી દેવો. તથા રાત્રે સૂત્રપોરિસીનું (પઠન-પાઠન વિગેરે) કાર્ય પણ બધાએ સાથે સામુદાયિક કરવું, (કારણ કે બધા સાથે બોલે) તેથી બીજા ત્યાં આવેલા ગૃહસ્થાદિ સાધુએ બોલેલા (હાસ્યજનક) કોઈ પદ કે વાક્યને (સ્પષ્ટ નહિ) સાંભળવાથી હસે (મશ્કરી કરે) નહિ. (કાલ ગ્રહણ કરતાં) 'આસજ્જ' અને 'નિસીહિ' શબ્દ બોલવો નહિ, હાથ વડે આગળની ભૂમિનું પ્રમાર્જન કરવું નહિ, અર્થાત્ જમીન ઉપર હાથ ફેરવીને જમીનને પ્રમાર્જવી નહિ અને ખાંસી આવે તો માત્ર ખોંખારો કરવો. કહ્યું છે કે—

"पिंडेण सुत्तकरणं, आसज्जनिसीहिअं च न करिंति।
कासण न य पमज्जणया, न य हत्थो जयण वेरत्ति॥" ओघनिर्युक्ति–२३५॥

**ભાવાર્થ**–સૂત્ર પોરિસીનું કાર્ય સમુદાયથી (સાથે) કરવું, 'આસજ્જ અને નિસીહિ' શબ્દો ન કહેવા, ખાંસી આવતાં (ખોંખારાનો) શબ્દ કરવો, ભૂમિની પ્રમાર્જના હાથ ફેરવીને ન કરવી, અને વૈરાત્રિક (વેરત્તિ)કાળ જયણાપૂર્વક લેવો.

એ સંથારાનો વિધિ કહ્યો, તે પ્રમાણે સંથારો પાથરીને શિષ્યો ગુરૂની સન્મુખ (પાસે)આવીને કહે કે–'इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए मत्थएण वंदामि, खमासमणो! बहुपडिपुन्ना पोरिसी अणुजाणह राईअसंथारयं' એમ કહી સંથારાની (સુવાની) અનુમતિ માંગે અને તે પહેલાં (ઓઘનિર્યુક્તિના અભિપ્રાયે તે સમયે) કાયિકભૂમિએ અર્થાત્ લઘુનીતિ (માત્રુ) કરવા જાય, ત્યાંથી જ્યાં સંથારાની ભૂમિ હોય ત્યાં આવે, ત્યારે પોત પોતાની ઉપધિનો ઉપયોગ (સંભાળ) કરીને પ્રમાર્જના કરતાં ઉપધિનો દોરો છોડે, પછી સંથારો અને ઉત્તરપટ્ટો, એ બેનું પડિલેહણ કરીને બે ભેગાં કરી સાથળ ઉપર મૂકે, પછી સંથારો પાથરવાની ભૂમિનું પડિલેહણ કરીને ત્યાં ઉત્તરપટ્ટા સહિત સંથારાને પાથરે, પછી ત્યાં બેસીને મુખવસ્ત્રિકાથી ઉપરની કાયાને અને રજોહરણથી નીચેની કાયાને પ્રમાર્જે (અર્થાત્ મુખવસ્ત્રિકાનું પડિલેહણ કરે), કપડાંને ડાબી બાજુએ મૂકે, પુનઃ સંથારામાં ચઢતાં (બેસતાં) જ્યેષ્ઠ સાધુઓની આગળ કહે કે 'ઉભા રહેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમોને (સંથારામાં બેસવાની) અનુજ્ઞા આપો !' પુનઃ ત્રણવાર સામાયિકસૂત્ર (કરેમિ ભંતે !) કહીને સુવે. એ પ્રમાણે સંથારો કરવાનો ક્રમ વિધિ જાણવો.

સંથારામાં આરૂઢ થતાં ત્રણવાર 'કરેમિ ભંતે !૦' કહીને 'અણુજાણહ૦' વિગેરે પાઠથી એમ જણાવે કે 'અમને સંથારાની અનુજ્ઞા આપો' પુનઃ ભુજાનું ઓશીકું કરીને ડાબા પડખે શયન કરે, તેમાં કુકડીની જેમ પગ ઉંચે લાંબા કરે.

अतरन्त=ઉંચે પગ લાંબા ન રાખી શકે તો સંથારાને પ્રમાર્જિને બે પગ તેમાં મૂકે.

संकोइज संडासा ઇત્યાદિનો અર્થ પુનઃ જ્યારે પગ ટુંકા કરે ત્યારે 'સંડાસા' એટલે સાથળના સાંધાઓ વિગેરેને પ્રમાર્જીને ટુંકા કરે, અને પાસું બદલતાં કાયાને (તથા સંથારાની તેટલી ભૂમિને) પ્રમાર્જે, એ શયન કરવાનો વિધિ જાણવો.

હવે લઘુનીતિ માટે ઉઠતાં શું કરવું ? તે કહે છે કે-દ્રવ્યાદિનો ઉપયોગ મૂકે. (તેમાં દ્રવ્યથી પોતે કોણ છે ? ઇત્યાદિ, ક્ષેત્રથી ક્યાં સુતેલો છે, કાળથી અત્યારે કયો સમય છે, અને ભાવથી પોતાના કર્ત્તવ્ય આદિનો ખ્યાલ કરે.) તેમ છતાં નિદ્રા ન છૂટે તો શ્વાસને રોકે, એમ છતાં નિદ્રા ન ટળે તો છેવટે પ્રકાશનું દ્વાર જુએ, તે પછી સંથારામાં બેઠાં બેઠાં જ ત્રણવાર 'આસજ્જે' પદને બોલે, પછી પગ ટુંકા કરે, પછી ઉઠીને 'આવસ્સહિ અને આસજ્જે' શબ્દોને વારંવાર બોલતો ભૂમિને પ્રમાર્જતો દ્વાર સુધી જાય, બહાર ગયા પછી તો પ્રમાર્જનાદિ કરવાથી ગૃહસ્થોને 'ચોર હશે' વિગેરે શઙ્કા થાય માટે પ્રમાર્જનાદિ ન કરે. એ પ્રમાણોપેત વસતિનો વિધિ કહ્યો.

હવે જો વસતિ ન્હાની હોય તો બેઠાં બેઠાં આગળની ભૂમિને હાથ વડે સ્પર્શ કરે અને પગને પ્રમાર્જિને ત્યાં મૂકતો જાય, એ પ્રમાણે જયણાથી બહાર નીકળે. જો તે પ્રદેશમાં ચોરનો ભય હોય તો બે સાધુઓ સાથે બહાર નીકળે, એક બારણે (ચોકી માટે) ઉભો રહે અને બીજો લઘુનીતિ કરે, કોઈ શિકારી પ્રાણિઓનો ભય હોય તો ત્રણ સાધુઓ સાથે બહાર નીકળે તેમાં એક બારણે ઉભો રહે, બીજો લઘુનીતિ કરે અને ત્રીજો તેનું રક્ષણ કરે.

એ પ્રમાણે લઘુનીતિ કરીને વોસિરાવીને પાછો સંથારા પાસે આવીને 'ઇરિયાવહિ'૦ પ્રતિક્રમણ કરે, પછી ઓછામાં ઓછી ત્રણ ગાથાઓ ગણે, તેમ કરવા અશક્ત હોય તો ગાથાઓ ગણ્યા વિના પણ પુનઃ સુવે.

તેમાં ઉત્સર્ગથી તો સાધુ કંઈ પણ ઓઢ્યા વિના જ સુવે, તેમ ન કરી શકે તો એક કપડો ઓઢીને સુવે, તેમ પણ ન કરી શકે તો બે કપડાં અને તેમ પણ કરવા અસમર્થ હોય તો ત્રણ કપડા ઓઢીને શયન કરે, તેમ કરવા છતાં શીતઋતુમાં ઠંડી વધારે હોય ત્યારે વસતિ બહાર (ખુલ્લા શરીરે) કાયોત્સર્ગ કરીને અતિઠંડીથી ઠરેલો મકાનમાં આવીને 'હવે અહીં વાયુ (ઠંડી)નથી' એમ મનને સમજાવે, તે પછી ગધેડાના દૃષ્ટાન્તથી ક્રમશઃ એક, બે અને ત્રણ કપડા ઓઢે. તે દૃષ્ટાન્ત આ પ્રમાણે છે—

ગધેડો જ્યારે તેની શક્તિ અનુસાર લાદેલો ભાર ઉપાડવા ન ઇચ્છે ત્યારે માલિક કુંભાર ઉપર બીજો વધારે ભાર ભરે અને પોતે પણ ઉપર બેસે, એમ થોડુંક ચલાવ્યા પછી પોતે ઉતરી જાય ત્યારે ગધેડો માને કે 'મારો ભાર ઉતરી ગયો' એથી જલ્દી ચાલવા માંડે, વળી થોડુંક ગયા પછી વધારાનો ભરેલો ભાર પણ કુંભાર ઉતારી નાખે ત્યારે અતિશીઘ્ર ચાલવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંડે, એમ સાધુ પણ શીતપરીષહનો જય કરવા બધા કપડાં ઉતારી નાખી એક એક ઓઢતાં સમાધિ કેળવે. અપવાદથી તો જેમ સમાધિ જળવાય તેમ કરવું. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—

" अतरंतो व निवज्जे, असंथरंतो अ पाउणे इक्कं ।
गद्दहदिट्ठंतेणं, दो तिण्णि बहू जहसमाही ॥" ओघनिर्युक्ति–२०९ ॥

**ભાવાર્થ**-જો ઇર્યા૦ પ્રતિક્રમણ પછી ત્રણ ગાથા પણ ન ગણી શકે તો ગણ્યા વિના જ સુવે, વળી કાંઈ પણ ઓઢ્યા પ્રાવરણ વિના સુવે, એમ ન કરી શકે તો એક, અથવા બે, અથવા ત્રણ કપડાં ઓઢે, તેમ છતાં પણ ઠંડી બહુ લાગે તો ગધેડાના દૃષ્ટાન્તથી બહાર વિના વસ્ત્રે કાયોત્સર્ગ કરી વસતિમાં આવી સંતોષ માને, તેમ પણ ન કરી શકે તો એક, બે, અથવા ત્રણ પણ કપડાં ઓઢીને સુવે, યાવત્ સમાધિ રહે તેમ ઘણા પણ ઓઢે. [ઉપા૦–બૃહત્કલ્પમાં પણ કહ્યું છે કે–

" अप्पा असंथरंतो, निवारिओ होइ तीहिं वत्थेहिं ।
गिण्हति गुरुविदिण्णे, पगासपडिलेहणे सत्त ॥" बृहत्कल्प–३९८५॥

આ ગાથાની વ્યાખ્યા એમ કરી છે કે–'આત્મા' એટલે શરીર શીતાદિથી પરાભવ પામે (નિર્વાહ ન થાય) ત્યારે ત્રણ વસ્ત્રોથી તેનો નિર્વાહ કરવો, અથવા વસ્ત્રો ઘણાં જીર્ણ હોવાથી ત્રણથી રક્ષણ ન કરી શકાય તો ગુરૂએ આપેલાં પ્રકાશમાં (બીજાના જોતાં) પડિલેહી શકાય તેવાં (અર્થાત્ અતિજીર્ણ હોવાથી જોનારને ચોરવાની બુદ્ધિ ન થાય તેવાં) વસ્ત્રો ઉત્કૃષ્ટથી સાત પણ વાપરવાં. એ જ વાતને સ્પષ્ટ કરતાં ત્યાં કહ્યું છે કે—

" तिन्नि कसिणे जहन्ने, पंच य दढदुब्बलाइं गेण्हेज्जा ।
सत्त य परिजुन्नाइं, एयं उक्कोसगं गहणं ॥" बृहत्कल्प–३९८६॥

**વ્યાખ્યા**–'કૃત્સ્ન' એટલે જાડાં અને કોમળ પણ વસ્ત્રો, કે જે આડાં ધરવાથી સૂર્ય પણ ન દેખાય, તેવાં જઘન્યથી ત્રણ ગ્રહણ કરવાં, બાકીનો અર્થ સુગમ છે. (તે આ પ્રમાણે–ઘસાએલાં મજબૂત હોય તેવાં પાંચ અને જે ઘસાએલાં ઘણાં જીર્ણ હોય તેવાં સાત વાપરવાં, એ ઉત્કૃષ્ટ સંખ્યાથી કપડા ઓઢવાનો વિધિ જાણવો.)

આ શયનનો વિધિ કહ્યો. યતિદિનચર્યામાં પણ કહ્યું છે કે—

" सक्कत्थयं भणित्ता, संथारुत्तरपट्टं च पेहित्ता ।
जोडित्ता जाणूवरिं, ठाविअ भूमिं पमज्जंति ॥३५७॥
तं तत्थ अत्थरित्ता, करजुअलं इत्थ निसिअ पभणंति ।
अणुजाणह–निस्सीही–नमो खमासमण पुज्जाणं ॥३५८॥
ठाऊणं संथारे, पुत्तिं पेहिंति तिन्नि वाराओ ।
नवकारं सामाइअ–मुच्चारिअ वामपासेणं ॥३५९॥
उवहाणीकयबाहू, आकुंचिअ कुक्कडि व्व दो पाए ।
अतरंता सुपमज्जिअ, भूमिं विहिणा पसारंति ॥३६०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।**

**आहारमुवहिदेहं, सव्वं (तिविहं) तिविहेण वोसिरिअं ॥३६५॥**

**इच्चाइ चिंतयंता, निद्दासुक्खं करंति खणमित्तं ।**

**तत्थ वि निब्भरनिद्दं, पमायभीरू विवज्जंति ॥३६६॥" यतिदिनचर्या ॥**

**ભાવાર્થ**-શક્રસ્તવ (ચઉક્કસાયથી જયવીયરાય સુધી) કહીને, સંથારા ઉત્તરપટ્ટાને જોઇને (પ્રમાર્જીને), બન્ને ભેગાં કરીને ઢીંચણ ઉપર મૂકીને સંથારો પાથરવાની ભૂમિને પ્રમાર્જે (૩૫૭). પછી ત્યાં તેને પાથરીને તેમાં બે હાથ મૂકીને ગુરૂને કહે કે 'મને આજ્ઞા આપો,[૧૯૨] નિસ્સીહિ, નમસ્કાર થાઓ, ક્ષમાશ્રમણ એવા પૂજ્યોને' વિગેરે (૩૫૮). એમ કહી સંથારામાં બેસીને મુખવસ્ત્રિકા પડિલેહે, પછી 'શ્રીનમસ્કારમન્ત્ર' અને 'કરેમિ ભંતે૦' ત્રણ વાર કહે, પછી ડાબા પડખે (૩૫૯) હાથનું ઉપધાન (ઓસીકું) કરીને કુક્કડીની જેમ બે પગ આકાશમાં (ઉંચે) લાંબા કરીને સુવે, એમ કરતાં થાકે ત્યારે સંથારા ઉપરની ભૂમિને પ્રમાર્જિને વિધિપૂર્વક પગોને સંથારામાં લાંબા કરે (૩૬૦). 'જો મારા આ શરીરનો આ રાત્રિમાં પ્રમાદ (વિયોગ) થાય તો આહાર, ઉપધિ અને શરીર, એ સર્વને (ત્રણેને) ત્રિવિધે ત્રિવિધે હું વોસિરાવું છું' (૩૬૫). ઈત્યાદિ ધ્યાન કરતા સાધુઓ ક્ષણમાત્ર નિદ્રા સુખનો અનુભવ કરે (ઉંઘે), તેમાં પણ સાધુઓ પ્રમાદભીરૂ હોવાથી ઘોર નિદ્રાથી ન ઉંઘે (૩૬૬).

એ પ્રમાણે રાત્રિના પહેલા પ્રહરનું કર્ત્તવ્ય કહ્યું, હવે બીજા પ્રહરમાં સર્વ સાધુઓ ઉંઘે કે કોઈ જાગે ? એ જાણવાની ઈચ્છા થયે છતે પુરૂષભેદને (તે તે સાધુઓને) ઉદ્દેશીને બીજા તથા ત્રીજા પ્રહરમાં કરવા યોગ્ય ભિન્ન ભિન્ન વિધિને જણાવે છે—

**मूलम्-" स्थविराणां द्वितीयेऽपि, यामे सूत्रार्थभावनम् ।**

**अर्द्धरात्रिककालस्य, तृतीये ग्रहणं च तैः ॥१००॥"**

**મુળનો અર્થ**-સ્થવિર સાધુઓએ બીજા પ્રહરે પણ સૂત્રાર્થનું ચિન્તન કરવું અને ત્રીજો પ્રહર શરૂ થાય ત્યારે તેઓએ અર્ધરાત્રિક (અદ્ધરત્તી) કાળ લેવો. (૧૦૦)

**ટીકાનો ભાવાર્થ**-સ્થવિર એટલે પ્રૌઢ ગીતાર્થ સાધુઓએ રાત્રિના પહેલા પ્રહરની જેમ બીજા પ્રહરે પણ સૂત્રોનું અને અર્થોનું ચિન્તન કરવું તે સાપેક્ષ યતિધર્મ છે, એમ પૂર્વની જેમ વાકયસંબન્ધ સમજવો. પછી ત્રીજો પ્રહર શરૂ થાય ત્યારે તે જ સ્થવિર સાધુઓએ અર્દ્ધરાત્રિક નામના બીજા કાળને ગ્રહણ કરવો, અર્થાત્ શુદ્ધિપૂર્વક બીજું (અદ્ધરત્તી) કાલગ્રહણ કરવું. તાત્પર્ય કે વૃષભ (પ્રૌઢ) ગીતાર્થ સાધુઓ (શેષ નિદ્રાધીન થએલા સાધુઓના રક્ષણ માટે બીજા પ્રહરે પણ જાગતા રહે) અને સૂત્રોનું અને અર્થનું ચિન્તન કરતા બીજો પ્રહર પૂર્ણ કરે, તે પછી ત્રીજા પ્રહરના પ્રારમ્ભે તેઓ જ ઉપાધ્યાય વિગેરે વડીલને જણાવીને (અનુમતિ મેળવીને) અર્દ્ધરાત્રિક કાળ લે, કારણ કે અન્ય સાધુઓ તે સમયે સુતેલા હોય. કહ્યું છે કે—

૧૯૨-સાર્વજનિક વસતિમાં રાત્રિએ અંધકારથી અન્ય મુસાફરો વિગેરે સંથારાદિનું હરણ ન કરી શકે, એ કારણે હાથ મૂકીને પોરિસી ભણાવે એવું પૂર્વકાળે વ્યવહારમાં હતું. વળી અહીં 'મને આજ્ઞા આપો, નિસ્સીહિ૦, નમસ્કાર થાઓ, ક્ષમાશ્રમણોને૦' ઈત્યાદિ શબ્દો સૂચન માત્ર હોવાથી પોરિસિનો પાઠ સમ્પૂર્ણ બોલવાનું સમજી લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"थेरा बिइअं जामं, सुत्तत्थविभावणाइ नीसेसं ।
अइवाहिअ थिरहिअया, पत्ते तइअंमि जामंमि ॥३६७॥
गिण्हंति अद्धरत्तिअ-कालं गुरुणो तओ विउज्झंति ।
पुव्वुत्तेणं विहिणा, थेरा निद्दं पकुव्वंति ॥३६८॥" (यतिदिनचर्या)

**ભાવાર્થ**-સ્થવિરો બીજો પ્રહર સૂત્ર અને અર્થોનું ચિન્તન કરવામાં પૂર્ણ કરીને ધર્માનુ-ષ્ઠાનમાં સ્થિર હૃદયવાળા તેઓ ત્રીજો પ્રહર શરૂ થતાં 'અર્દ્ધરાત્રિકકાળ' ગ્રહણ કરે, તે પછી ગુરૂ જાગે અને પહેલાં જણાવ્યો તે વિધિ પ્રમાણે સ્થવિરો નિદ્રા કરે (સુવે). (૩૬૭-૩૬૮).

હવે રાત્રિના ત્રીજા પ્રહરનું કર્ત્તવ્ય જણાવે છે કે—

मूलम् -" ततोऽवबोधश्चगुरो-स्तेषां च शयनं तथा ।
उद्वर्त्तनादियतना, सन्मनोरथचिन्तनम् ॥१०१॥"

**મૂળનો અર્થ**-" અર્દ્ધરાત્રિક કાલ લીધા પછી ગુરૂએ જાગવું અને તેઓએ (સ્થવિરોએ) શયન કરવું, નિદ્રા છોડતી વખતે પાસું ફેરવવું, પગ ટુંકા કરવા, વિગેરે જયણા પૂર્વક કરવું અને ઉગ્રવિહાર કરવાના, નવું જ્ઞાન મેળવવાના, વિગેરે સુન્દર મનોરથો કરવા." (૧૦૧).

**ટીકાનો ભાવાર્થ**-તે પછી એટલે અદ્ધરત્તી કાલ ગ્રહણ કર્યા પછી ગુરૂએ (આચાર્યે) અવબોધ એટલે ઉંઘમાંથી જાગવું અને તેઓએ (બીજા પ્રહરે જાગેલા સ્થવિરોએ) શયન કરવું એ બન્નેનો સાપેક્ષ યતિધર્મ સમજવો. અર્થાત્ ગુરૂએ જાગવું અને સ્થવિરોએ શયન કરવું એ તેઓનું રાત્રિના ત્રીજા પ્રહરનું કર્ત્તવ્ય સમજવું. તેમાં પણ વિધિ એવો છે કે સ્થવિરો અદ્ધરત્તિ કાલ ગ્રહણ કરીને આચાર્યને જગાડે, તે પછી તેઓને વન્દન કરીને 'કાલ શુદ્ધ (સૂઝે)' કહે અને ગુરૂ 'તહત્તિ' કહે, તે પછી સ્થવિરો સુવે. પછી આચાર્ય બીજા સાધુને જગાડીને કાળનું જ્ઞાન એટલે આકાશમાં ગ્રહાદિની ગતિ જોવા દ્વારા 'કેટલો સમય થયો-ગયો' તેનો નિર્ણય કરાવે અને પોતે વૈરાત્રિક કાળનો સમય થાય ત્યાં સુધી સૂત્ર-અર્થને ચિન્તવે. જો અર્દ્ધરાત્રિક કાળ અશુદ્ધ હોય તો જાગેલા સાધુઓ પહેલાં લીધેલા શુદ્ધ પ્રાદોષિક કાળનું પ્રવેદન કરીને સ્વાધ્યાય કરે, એમ આગળ વૈરાત્રિક (વેરત્તિ) કાળ અશુદ્ધ હોય તો તેની પહેલાં લીધેલા અદ્ધરત્તિ કાળનું પ્રવેદન (પવેયણું) કરીને સ્વાધ્યાય કરે, કિન્તુ પ્રાભાતિક (પાભાઇ) કાળ અશુદ્ધ હોય તો તેનું જ નિવેદન કરીને પણ સ્વાધ્યાયને કરે, એટલો પ્રાભાતિક માટે અપવાદ સમજવો.

હવે નિદ્રા તજવાનો (જાગવાનો) વિધિ જણાવે છે કે-ઉદ્વર્તનાદિ યતનાપૂર્વક કરવું, તેમાં ઉદ્વર્તના એટલે એક પડખેથી બીજે પડખે ફરવું, આદિશબ્દથી પરિવર્તના એટલે પુનઃ મૂળ પડખે ફરવું, આકુઞ્ચન એટલે પગ વિગેરેનો સંકોચ કરવો, (અને પ્રસારણ=પગ વિગેરે લંબાવવા), ઈત્યાદિ કરતાં શરીરને અને સંથારાને પ્રમાર્જવારૂપ યતના કરવી. કહ્યું છે કે-

" उव्वत्तणपरिअत्तण-पमुहं जइणो कुणंति जइ तत्तो ।
पडिलेहयंति पढमं, सरीरयं तयणु संथारं ॥ यतिदिनचर्या-३६९॥"

**ભાવાર્થ**-"જો સાધુઓ ઉદ્વર્તના કે પરિવર્તના વિગેરે કરે તો તે પહેલાં શરીરનું અને પછી સંથારાનું પ્રતિલેખન (કર્યા પછી તે તે ઉદ્વર્તનાદિ) કરે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા મારે ઉગ્ર વિહાર કરવો (સંયમમાં અપ્રમત્ત ભાવે વર્તવું), સવિશેષ સૂત્રનું અધ્યયન કરવું, ઈત્યાદિ મનમાં ઉત્તમ મનોરથો કરે, આને અંગે યતિદિનચર્યામાં પણ કહ્યું છે કે—

" अब्भुज्जु(ज्ज)अं विहारं, भुवणुद्धारं(भवणदारं) च तइअजामंमि ।
चिंतंति जागरंता, झायंति गुरू तहा तत्तं ॥३७१॥"

**ભાવાર્થ**–" ત્રીજા પ્રહરે જાગેલા સાધુઓ 'અભ્યુદ્યત' એટલે ઉગ્ર વિહાર (સંયમનું પાલન કરવામાં અપ્રમાદ, નવું સૂત્રાદિનું અધ્યયન, નિરતિચાર ચારિત્ર પાળવું, ) વિગેરે ઉત્તમ મનોરથો કરે તથા ભવનદ્વાર એટલે ઉપાશ્રયના બારણાની ચિન્તા (ચોકી) કરે, એ વખતે ગુરૂ પણ તત્ત્વનું (અર્થનું) ચિન્તન કરે." (૩૭૧)

" गुरुथेरबालपमुहा, निअनिअसमयंमि थोवकयनिद्दा ।
भावेण वि जग्गंता, ठवंति हिअए इमं सम्मं ॥" यतिदिनचर्या–३७२॥
" निव्वाणपुररहेहिं, एमाइमणोहरेहिं धन्नाणं ।
जग्गंताणं जामिणि–पच्छिमजामो समणुपत्तो ॥" यतिदिनचर्या–३८४॥

**ભાવાર્થ**–ગુરૂ, સ્થવિરો, અને બાલસાધુઓ, વિગેરે પોતપોતાના નિદ્રાના સમયે કરી છે અલ્પ નિદ્રા જેઓએ એવા, એથી જ ભાવથી તો જાગતા (અર્થાત્ સંયમ માટે અલ્પ નિદ્રા લેતા) હૃદયમાં આ પ્રમાણે ઉત્તમ વિચારો (મનોરથો) કરે.[૧૯૩](૩૭૨). નિર્વાણ (મોક્ષ) નગરમાં પહોંચવા માટે રથ તુલ્ય આવા ઉત્તમ મનોરથોવડે જાગતા (ધર્મજાગરિકા કરતા) ધન્ય મુનિઓને આ રીતે રાત્રિનો છેલ્લો પ્રહર પ્રાપ્ત (ત્રીજો પ્રહર પૂર્ણ) થાય છે. (૩૮૪).

---

૧૯૩–યતિદિનચર્યામાં તે મનોરથો આ પ્રમાણે કહ્યા છે–" તે ગચ્છ, ગામ અને દેશ, વિગેરે ધન્ય છે કે જ્યાં મુનિઓ નિત્ય મધ્યરાત્રિએ કાઉસ્સગ્ગમાં રહે છે, હે જીવ ! આત્માને રાજી (વધામણાં) કર ! આત્માથી આત્માનું અવલોકન કર ! પરને-પુદ્ગલને રાજી કરવાથી રાગરહિત સુખ (મોક્ષ) નહિ મળે. સૂત્રથી, અર્થથી, મનના નિર્મળ ઉપયોગથી અને ક્રિયાના રાગથી મેં આ ચારિત્ર પ્રાપ્ત કર્યું છે, માટે હું ધન્ય છું. ધન્ય પુરૂષોને વિધિનો યોગ મળે છે, સદાય્ વિધિનો પક્ષકરનારા પણ ધન્ય છે, વિધિનું બહુમાન કરે તે પણ ધન્ય છે, અરે ! વિધિમાર્ગને દૂષિત ન કરે તેઓ પણ ધન્ય છે. જ્ઞાન અને ક્રિયાથી યુક્ત (આચાર્ય–ઉપાધ્યાય–પ્રવર્તક-સ્થવિર અને ગણાવચ્છેદક એ) પાંચ જે ગચ્છમાં હોય તે ગચ્છ સમ્પૂર્ણ કહ્યો છે તેવા ગચ્છની નિશ્રામાં હું નિરતિચાર ચારિત્રનું પાલન ક્યારે કરીશ ? ગચ્છવાસમાં બાર પડિમાઓનું પાલન કરીને માયા રહિત થએલો હું જિનકલ્પને ક્યારે સ્વીકારીશ ? મારો તે જન્મ, તે વર્ષ, તે દિવસ, અને તે લગ્ન ક્યારે આવશે કે જ્યારે હું શ્રી જિનેશ્વરદેવના ચરણમાં ચારિત્ર લઇને તેનું નિરતિચાર પાલન કરીશ ? પર્વતની ગુફાને સુન્દર સંયમ મન્દિર માનીને ત્યાં પ્રતિમાને પાલન કરતો હર્ષથી શરીરે રોમાંચિત ક્યારે થઈશ ? અને આનંદનાં અશ્રુથી મારૂં મુખ ક્યારે ભિંજાશે ? એ સુપ્રભાત(દિવસ) ક્યારે આવશે ? કે જ્યારે દેવાંગનાઓ સહર્ષ હાવભાવથી ક્ષોભ પમાડે તો પણ હું નિશ્ચલ મનવાળો બની એ અનુકૂળ ઉપસર્ગોને જીતીશ ? મેરૂપર્વતની જેમ નિષ્કંપ થઇ પર્વતના શિખરે હું કાઉસ્સગ્ગ ક્યારે કરીશ અને તે દિવસ–મહિનો કે તે વર્ષ ક્યારે આવશે કે હું જ્યારે ધર્મધ્યાન કરીશ ? એવો સમય ક્યારે આવશે કે શુદ્ધ-સિદ્ધ એવા સિદ્ધાન્તને મધુર સ્વરથી ભણતાં મારા અવાજથી આકર્ષાએલાં જંગલનાં મૃગલાં સપરિવાર (ટોળે ટોળાં) મારી પાસે આવી તે સાંભળવામાં તલ્લીન થશે ? ઈત્યાદિ મનોરથો–અધ્યવસાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે ચોથા પ્રહરે કરવાયોગ્ય કર્ત્તવ્યને જણાવતાં કહે છે કે—

**मूलम्–" प्राप्ते चतुर्थयामे तु, विश्रामणकृतिर्गुरोः ।**
**स्थविराद्यैर्जागरित्वा, तत्र वैरात्रिकग्रहः ॥१०२॥"**

**મૂળનો અર્થ**–" ચોથો પ્રહર શરૂ થાય ત્યારે સ્થવિર, બાળ, વૃદ્ધ વિગેરે સઘળાઓએ જાગીને ગુરૂની વિશ્રામણા કરવી અને તે ચોથા પ્રહરે વૈરાત્રિક (વેરત્તિ) કાળગ્રહણ કરવું. (૧૦૨)"

**ટીકાનો ભાવાર્થ**–"ચોથો પ્રહર શરૂ થાય ત્યારે સ્થવિરો, બાળમુનિઓ, વૃદ્ધો, વિગેરે સઘળા સાધુઓએ જાગીને ગુરૂની (શરીર દાબવું વિગેરે) સેવા કરવી તથા તે ચોથા પ્રહરમાં વૈરાત્રિક (વેરત્તિ)કાળને ગ્રહણ કરવું. એ બન્ને કાર્યો કરવાં એ સાપેક્ષ યતિધર્મ છે એમ સમજવું. એ સમયે 'ગુરૂ પુનઃ સુવે'એ મૂળ શ્લોકમાં નથી કહ્યું તો પણ સમજી લેવું. ઓઘનિર્યુક્તિની (ગા૦ ૬૬૦ની) ટીકામાં તેને અંગે કહ્યું છે કે–"ત્યારે ત્રીજો પ્રહર પૂર્ણ થતાં તે કાળનો પ્રતિચારક (સમયની ખબર રાખનાર) સાધુ આચાર્યને 'સમય આવ્યો' એમ જણાવીને વૈરાત્રિક કાલને ગ્રહણ કરે, આચાર્ય પણ કાલનું પ્રતિક્રમણ કરીને પુનઃ સુવે, ત્યારે જે સુતેલા હોય તે (સ્થવિર–બાળ–વૃદ્ધ વિગેરે) સઘળા મુનિઓ જાગીને પ્રાભાતિક (પાભાઇ) કાલગ્રહણ કરવાની વેળા થાય ત્યાં સુધી વૈરાત્રિક સ્વાધ્યાય કરે (સજ્ઝાય પઠાવે) તે પછી એક સાધુ ઉપાધ્યાયને અથવા બીજા વડીલને જણાવીને (અનુમતિ મેળવીને) પ્રાભાતિક (પાભાઈ)કાળ ગ્રહણ કરે." યતિદિનચર્યામાં પણ કહ્યું છે કે—

**" वीसाममित्थ गुरुणो, कुणंति जग्गंति तयणु थेराई ।**
**वेरत्तिअं पि कालं, गिज्झिअ कुव्वंति सज्झायं ॥३८५॥"**

**ભાવાર્થ**–" રાત્રિના છેલ્લા પ્રહરે સાધુઓ જાગીને ગુરૂ પાસે આવીને ગુરૂની વિશ્રામણા (સેવા) કરે, તે પછી સ્થવિરો વિગેરે વૈરાત્રિક કાળ ગ્રહણ કરે અને પછી સર્વ સાધુઓ બહુ અલ્પ અવાજથી સ્વાધ્યાય કરે. (૩૮૫)"

હવે ચોથા પ્રહરનું બાકી રહેલું કર્ત્તવ્ય જણાવે છે કે–

**मूलम्–" ततः स्वाध्यायकरणं, यावत्प्राभातिकक्षणम् ।**
**इत्येवं दिनचर्याया–श्चरणं शुभयोगतः ॥१०३॥"**

**મૂળનો અર્થ**–તે વૈરાત્રિક કાળગ્રહણ કર્યા પછી પ્રાભાતિક કાળગ્રહણની વેળા થતાં સુધી સ્વાધ્યાય કરવો. એ પ્રમાણે દિનચર્યાને (દિવસની કરણીને) શુભ (કુશળ) યોગોથી કરવી. (૧૦૩).

**ટીકાનો ભાવાર્થ**–તે પછી એટલે વૈરાત્રિક કાળગ્રહણ કર્યા પછી સ્વાધ્યાય કરવો તે

---

સ્વરૂપ–અર્થાત્ માનસિક શુભ પ્રવૃત્તિરૂપ છે, જેમ કાયિક અને વાચિક શુભ પ્રવૃત્તિથી આત્મા અશુભ કર્મોની નિર્જરા અને શુભ કર્મોનો બન્ધ કરે છે તેમ મનોરથો રૂપ માનસિક શુભ પ્રવૃત્તિથી વિશેષતયા અશુભ કર્મોની નિર્જરા અને શુભ (પુણ્ય) કર્મોનો બન્ધ કરે છે, એથી સંયમની આરાધનામાં વિઘ્ન-ભૂત તે તે નિમિત્તો ટળી જાય છે અને સહાયક સામગ્રી આવી મળે છે. એમ મોટો લાભ થાય છે. માટે શુભ મનોરથો કરણીય છે. જીવ વર્તમાનમાં જેવા મનોરથો કરે છે પ્રાયઃ ભવિષ્યમાં તે તે કાર્યો માટેનું બળ–વીર્ય પ્રગટવા સાથે તે તે ઉપયોગી સામગ્રી પણ મેળવી શકે છે, એમ મનોરથોથી આત્મા નિર્મળ સંયમની આરાધના માટે યોગ્ય બની ઇષ્ટ સુખોને પામી શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાપેક્ષ યતિધર્મ છે, તે ક્યાં સુધી કરવો ? તે માટે કહે છે કે-પ્રાભાતિક કાળગ્રહણની વેળા થાય ત્યાં સુધી, અર્થાત્ તેટલી સ્વાધ્યાયની વેળા જાણવી. આ સ્વાધ્યાય 'ચોથા પ્રહરે જાગ્યા પછી (કુસુમિણ દુસુમિણનો) કાઉસ્સગ્ગ વિગેરે વિધિ કરીને પછી કરવો' આ પ્રમાણે પહેલાં દિનચર્યાનું વર્ણન કરતાં પ્રારમ્ભમાં આ ગ્રન્થમાં જ કહ્યું છે, છતાં દિવસની પહેલી અને છેલ્લી ક્રિયાનું અનુસન્ધાન જણાવવા માટે અહીં પુનઃ કાઉસ્સગ્ગ વિગેરે વિધિ યાદ કરાવ્યો છે, માટે પુનરૂક્ત દોષ નથી અને પૂર્વે કહ્યો તે ઉપરાન્ત નવો વિધિ પણ નથી, એમ સમજવું.

પ્રાભાતિકકાળ ઉપાધ્યાય કે અન્ય વડીલને જણાવીને ગ્રહણ કરવો, તે પછી ગુરૂ (આચાર્ય) જાગે એ પણ પૂર્વે કહ્યું જ છે. હવે પ્રતિદિન કરવાની દિનકરણીનો ઉપસંહાર કરતાં કહે છે કે-એમ જે જે પ્રકારે દિન-રાત્રિનું કર્ત્તવ્ય કહ્યું તે તે પ્રકારે કરવું તે સાપેક્ષ યતિધર્મ છે, એમ વાક્યાર્થનો સંબન્ધ સમજવો. એ કર્ત્તવ્ય કોઇને અશુભ યોગોથી પણ થાય માટે કહે છે કે-શુભયોગોથી કરવું, અર્થાત્ પ્રશસ્ત મન-વચન અને કાયારૂપ શુભ હેતુઓદ્વારા દિનચર્યા કરવી.

એ રીતે અહીં સુધી દિનચર્યાનું વર્ણન કરવાદ્વારા તેના અઙ્ગભૂત (નિત્ય કર્ત્તવ્યભૂત) ૧-પ્રતિલેખના, ૨-પિણ્ડ, ૩-ઉપધિ અને ૪-અનાયતનના ત્યાગ (શુદ્ધ વસતિના સેવન)રૂપ ઓઘ સામાચારીમાં કહેલાં ચાર દ્વારોનું વર્ણન કર્યું, બાકી રહેલા અતિચાર-આલોચના અને પ્રાયશ્ચિત્ત રૂપ ત્રણ દ્વારો તે તે સ્થાને કહીશું, એ પ્રમાણે ઓઘસામાચારીનો ક્રમ જણાવ્યો, હવે દશધા અને પદવિભાગ એ બાકીની બે સામાચારીઓનું સ્વરૂપ જણાવતાં કહે છે કે—

**मूलम्**–" इच्छामिच्छातथाकारा, गताऽवश्यनिषेधयोः ।
आपृच्छा प्रतिपृच्छा च, छन्दना च निमन्त्रणा ॥१०४॥
उपसम्पच्चेति जिनैः, प्रज्ञप्ता दशधाऽभिधा ।
भेदः पदविभागस्तु, स्यादुत्सर्गाऽपवादयोः ॥१०५॥" युग्मम् ॥

**મૂળનો અર્થ**-૧-ઇચ્છાકાર, ૨-મિથ્યાકાર, ૩-તથાકાર, ૪-આવશ્યિકી, ૫-નૈષેધિકી, ૬-પૃચ્છા, ૭-પ્રતિપૃચ્છા, ૮-છન્દના, ૯-નિમન્ત્રણા અને ૧૦-ઉપસમ્પદા, એમ જિનેશ્વરોએ 'દશધા' નામની સામાચારી કહી છે. પદવિભાગ સામાચારી તો ઉત્સર્ગ-અપવાદના ભેદસ્વરૂપ છે. (૧૦૪-૧૦૫)

**ટીકાનો ભાવાર્થ**-શ્રી જિનેશ્વરોએ કહેલી દશધા સામાચારી આ પ્રમાણે છે-મૂલ શ્લોકમાં 'ઇચ્છા' વિગેરે પદોને અન્તે કહેલો 'કાર' શબ્દ પ્રયોગવાચક છે અને તે ઇચ્છાદિ ત્રણે શબ્દો સાથે સંબન્ધ ધરાવે છે, તેથી 'શ્રદ્ધા' અર્થવાળો ઇચ્છા શબ્દ, વ્યલીક (વિપરીત) અર્થવાળો 'મિથ્યા' શબ્દ, અને અવિતથ (તેમજ-યથાર્થ-સાચું વિગેરે) અર્થ જણાવનારો 'તથા' શબ્દ, એ ત્રણેનું 'કાર' એટલે કરવું, અર્થાત્ તે તે વિષયમાં તે તે પ્રમાણે આચરવું તેને ૧-ઇચ્છાકાર, ૨-મિથ્યાકાર અને ૩-તથાકાર કહેવાય છે, એમ ત્રણેનો સમગ્ર (સમાસાન્ત) અર્થ સમજવો. ભિન્ન ભિન્ન અર્થ નીચે પ્રમાણે છે.

**૧-ઇચ્છાકાર**='ઇચ્છવું તે ઇચ્છા અને કરવું તે કાર' અર્થાત્ બલાત્કાર વિના ઇચ્છાનુસાર કરવું તે. એથી 'ત્હારી ઇચ્છા હોય તો આ અમુક કાર્ય કર, અથવા તમારી ઇચ્છા હોય તો હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક કાર્ય કરું' એમ સામાની ઇચ્છાનુરૂપ આદેશ કે સ્વીકાર કરવો તે. 'ઇચ્છાકાર' કહેવાય છે.

૨–**મિથ્યાકાર**=વિપરીત, ખોટું, અસત્ય, એ મિથ્યા શબ્દના પર્યાયો (અર્થો) છે, માટે વિપરીત, ખોટું, કે અસત્ય કરવું તેને મિથ્યાકાર કહેવાય છે. સંયમ યોગથી વિપરીત આચરણ થઈ ગયા (કર્યા)પછી તેની વિપરીતતા (ખોટાપણું) જણાવવા (કબૂલવા) માટે શ્રી જિનવચનના મર્મને જાણનારા મુનિઓ 'મિથ્યાકાર' કહે (કરે) છે. અર્થાત્ 'આ મિથ્યા છે' એમ જણાવે છે–કબૂલ કરે છે.

૩–**તથાકાર**=' તે રીતે જ કરવું ' તેને તથાકાર કહેવાય છે. સૂત્ર (અર્થ વિગેરેના વ્યાખ્યાન પ્રસંગે) તથા પ્રશ્નના સમાધાન વિગેરેમાં ' આપે જે જેમ કહ્યું તે તેમ જ છે ' એમ સામાને જણાવવા માટે 'તથાકાર'નો પ્રયોગ કરાય છે.

૪–૫–**આવશ્યિકી–નૈષેધિકી**=અવશ્યકરણીય અને અકરણીય કાર્યોને અંગે જે સામાચારી (વર્તાવ) તેને અનુક્રમે આવશ્યિકી અને નૈષેધિકી કહેવાય છે, તેમાં જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે અવશ્ય કરણીય અધ્યયનાદિ પ્રવૃત્તિ કે તેવા કોઈ પ્રયોજને ઉપાશ્રય વિગેરે પોતાના સ્થાનથી બહાર જવાની ક્રિયાને તથા તેને સૂચવનાર શબ્દોચ્ચારને પણ 'આવશ્યિકી' કહેવાય છે. તથા અસંવૃત્ત[૧૯૪](અજયણાવાળાં) શરીરનાં ગાત્રોની (શારીરિક) ચેષ્ટાને રોકવા માટે કરાય તેને અથવા તેવી ચેષ્ટાને રોકવા માટે વસતિમાં પ્રવેશ કરાય વિગેરે પ્રવૃત્તિને અને તેનું સૂચન કરનાર શબ્દો–ચ્ચારને પણ 'નૈષેધિકી' કહેવાય છે.

૬–**આપૃચ્છા**=એમાં 'આ અવ્યય છે, તેના 'મર્યાદા અને અભિવિધિ' એમ બે અર્થો થાય છે, તેમાં મર્યાદા વડે એટલે તથાવિધ વિનયપૂર્વક અને અભિવિધિ વડે એટલે ન્હાના મોટા કોઈ પણ પ્રયોજને (સર્વ કાર્યોમાં) ગુરૂને 'પૃચ્છા' એટલે પૂછવું તેને 'આપૃચ્છા' સામાચારી કહી છે.

૭–**પ્રતિપૃચ્છા**=પુનઃ પૂછવું તે પ્રતિપૃચ્છા, ગુર્વાદિએ 'આ કામ ત્હારે કરવું' એમ પહેલાં કહ્યું હોય, તેજ કામને કરતી વખતે કરનારે કામ ભળાવનાર તે ગુર્વાદિને ' હું તે (આપે કહેલું) કામ કરૂં છું ' એમ પુનઃ પૂછવું તેને પ્રતિપૃચ્છા કહી છે. આ પ્રતિપૃચ્છા એ કારણે જરૂરી છે કે–કોઇવાર એ કામને બદલે તેઓ બીજું કામ કરવાનું કહેવાના હોય, અથવા પહેલાં કરવાનું કહ્યા છતાં તેનું પ્રયોજન ન હોય તો નિષેધ કરવાનો હોય, અગર તો એક વાર ગુરૂએ ના કહી હોય છતાં કરનારને તે કામનું પ્રયોજન હોય તેથી પણ પુનઃ પૂછે તેને પણ 'પ્રતિપૃચ્છા' કહેવાય છે.

૮–**છન્દના**=અશન–પાન–વસ્ત્ર–પાત્રાદિ લાવ્યા પછી સર્વ સાધુઓને વિનંતિ કરે કે 'હું આ અશનાદિ લાવ્યો છું, તેમાંથી કોઇને પણ એ ઉપયોગી હોય તો તે ઇચ્છા પ્રમાણે સ્વીકારો' એમ અશનાદિને આપવા માટે કહેવું તેને 'છન્દના' કહેવાય છે.

૯–**નિમન્ત્રણા**–અશનાદિ લાવ્યા પહેલાં જ સાધુઓને વિનંતિ કરે કે–'હું આપને માટે અશનાદિ લાવું ?' તેને 'નિમન્ત્રણા' કહેવાય છે.

૧૦–**ઉપસમ્પદા**=જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે પોતાના ગુરૂને છોડીને તેઓની અનુમતિથી

---

૧૯૪–જેનાથી અશુભ કર્મોનો બન્ધ થાય તેવી શારીરિક ચેષ્ટાને રોકવી, બહાર ગએલાએ તેને રોકવા માટે પોતાના નિવાસસ્થાને (ઉપાશ્રયમાં) આવી જવું, કે તેવા અર્થને જણાવનાર શબ્દોચ્ચાર કરવો, એ દરેક અશુભ પ્રવૃત્તિનો નિષેધ (રોકાણ) કરવા માટે હોવાથી તેને ' નૈષધિકી ' કહેવાય છે.

Jain Education International                For Private & Personal Use Only                www.jainelibrary.org

અન્ય ગચ્છીય ગુરૂની નિશ્રામાં રહેવું તેને ‘ઉપસમ્પદા’ કહેવાય છે.

દશધા સામાચારીનો આ પ્રમાણે ટુંકો અર્થ કહ્યો, વિસ્તૃત અર્થ તો દરેકના જુદા જુદા વિષયો વિગેરેથી કહેવામાં આવ્યો છે. તે આ પ્રમાણે—

**૧-ઇચ્છાકાર**-ઉત્સર્ગ માર્ગે તો સાધુએ છતે સામર્થ્યે કોઇ કાર્ય માટે બીજા સાધુને કહેવું (આજ્ઞા કરવી) નહિ, કિન્તુ પોતાનું શારીરિક બળ અને આત્મવીર્ય (ઉત્સાહ)ગોપવ્યા વિના સ્વયં કરવું. જો કોઈ તેવું કાર્ય કરવાનું સામર્થ્ય કે આવડત પોતાનામાં ન હોય તો તેવો સાધુ રત્નાધિક (વડીલ) સિવાયના અન્ય સાધુઓ પાસે પોતાનું તે કાર્ય કરાવવા માગણી કરે ત્યારે ‘ઇચ્છાકાર’ કરે, અથવા તેની માગણી વિના જ તેનું તે કાર્ય કરવાની શક્તિવાળો અને નિર્જરા (વૈયાવચ્ચ) કરવાનો અર્થી કોઈ સાધુ તેની પાસે તે કાર્યની માગણી કરે ત્યારે ‘ઇચ્છાકાર’ કરે, અથવા કોઈ એક સાધુ પોતાનું અતિ મોટું પણ કાર્ય કરવા સમર્થ અને આવડતવાળો હોવા છતાં બીજો નિર્જરાર્થી સાધુ તેનું તે કાર્ય કરવાની માગણી કરતો હોય તે જાણીને તે કાર્ય કરી આપવાની ઇચ્છાવાળો કોઈ ત્રીજો સાધુ માગણી કરે ત્યારે તે પણ ‘ઇચ્છાકાર’ કરે. અર્થાત્ ‘આપની ઈચ્છા હોય તો આપનું આ (અમુક) કાર્ય આને (અમુક સાધુને) બદલે હું કરૂં ? એમ કહે. તાત્પર્ય કે ‘બલાત્કારે નહિ પણ આપની ઇચ્છા હોય તો કરૂં’ એમ કહેવું તે ‘ઇચ્છાકાર’ કહેવાય. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—

“ जइ अब्भत्थि(त्थे)ज्ज परं, कारणजाए करेज्ज से कोई ।
तत्थवि इच्छाकारो, न कप्पइ (ई) बलाभिओगो अ(उ) ॥६६८॥
जइ हो(हु)ज्ज तत्थ(तस्स)अणलो, कज्जस्स विजाणई ण वा वाणं ।
गेलण्णाईहिं वा हो(हु)ज्ज, वियावडो कारणेहिं सो ॥६७०॥
रायणियं वज्जेत्ता, इच्छाकारं करेइ सेसाणं ।
एअं मज्झं कज्जं, तुब्भे उ करेह इच्छाए ॥६७१॥
अहवा वि विणासंतं, अब्भत्थेंतं च अण्ण दट्ठूणं ।
अण्णो कोइ भणेज्जा, तं साहू(हुं) निज्जरट्ठीओ ॥६७२॥
अहयं तुब्भं एयं, करेमि कज्जं तु इच्छकारेणं ।
तत्थवि सो इच्छं से, करेइ मज्जायमूलियं ॥६७३॥” (आव०निर्युक्ति)

**ભાવાર્થ**-ગ્લાનત્વાદિ કોઈ કારણે કોઈ સાધુ અન્ય કોઈ સાધુને કંઈ કામ કરાવવા વિનંતિ કરે ત્યારે તેણે, અથવા કોઈ સાધુ વિના વિનંતિએ પણ તેનું તે કામ કરવા ઇચ્છતો હોય તો તેણે પણ તે કામ માગતાં ‘ઇચ્છાકાર’ કરવો, કારણ કે બલાત્કારે કોઇની પાસે કામ કરાવાય નહિ અને કોઇનું કામ બલાત્કારે કરવાનું પણ નહિ. અર્થાત્ કામ કરાવનાર-કરનાર બન્નેએ વિનંતિ કરતાં કે માગણી કરતાં ‘ઇચ્છાકાર’ સામાચારીનો પ્રયોગ કરવો. (૬૬૮). (કયા પ્રસંગે એમ કરવું પડે તે કહે છે કે-) જો તે સાધુ કરવા યોગ્ય કાર્ય કરવાની શક્તિ અથવા આવડત વિનાનો હોય, અથવા ગ્લાન વિગેરે સાધુઓના કાર્યમાં પોતે રોકાયેલો હોય, ઈત્યાદિ કારણોથી બીજા પાસે કામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવવું પડે ત્યારે ઇચ્છાકાર કરે. (૬૭૦). આ 'ઇચ્છાકાર' રત્નાધિક સિવાયના શેષ સાધુઓને કરે, જેમકે–'આ મારૂં વસ્ત્ર સીવવા વિગેરેનું કાર્ય તમારી ઇચ્છા હોય તો તમે કરો' (૬૭૧) અથવા તેવી વિનંતિ ન કરે તો પણ તે કાર્ય કરવામાં અસમર્થ કોઈ તેને બગાડતો હોય, અથવા કોઈ આવડતવાળો ન પણ બગાડતો હોય, અથવા બીજો કોઈ સાધુ કોઇની પાસે તેના કામની માગણી કરતો હોય તેને જોઇને પણ કોઈ ત્રીજો નિર્જરાનો અર્થી સાધુ એની પાસે તે કામની માગણી કરે ત્યારે કહે કે–(૬૭૨) 'આપનું એ કામ આપની ઇચ્છા હોય તો હું કરૂં' ત્યારે પણ 'ઇચ્છાકાર' (આપની ઇચ્છા હોય તો) એમ કહે, કારણ કે એ મર્યાદાનું મૂળ છે. અર્થાત્ સાધુઓની પરસ્પર એવી મર્યાદા છે કે–કરનારની ઇચ્છા વિના બીજાએ કોઈ કામ તેની પાસે કરાવવું નહિ અને કરનારે પણ કરાવનારની ઇચ્છા વિના બલાત્કારે તેનું કામ કરવું નહિ. (૬૭૩)

જે સાધુને બીજા તરફથી વિનંતિ કરવામાં આવે તેને જો ગુરૂ વિગેરે બીજાનું કાર્ય તે સમયે કરવાનું ન હોય તો તે આત્મોપકાર માટે 'ઇચ્છાકાર' કરે, પણ જો તે સમયે ગુર્વાદિ વડીલનું કોઈ કાર્ય તેને કરવાનું હોય તો તે કારણ જણાવે, અર્થાત્ 'આપનું કામ કરવાને હું ઇચ્છું છું પણ અમુકનું કામ મારે કરવાનું છે' એમ 'ઇચ્છાકાર' પૂર્વક નિષેધ કરે. એ પ્રમાણે જેને પ્રાર્થના કરવામાં આવે તે સાધુને 'ઇચ્છાકાર' કરવાનો વિધિ જણાવ્યો. કહ્યું છે કે–

**"तत्थवि सो इच्छं से, करेइ दीवेइ कारणं वा वि ।**
**इहरा अणुग्गहत्थं, कायव्वं साहुणो किच्चं ॥ ६७५ ॥"** (आव० नि०)

**ભાવાર્થ**–'ત્યાં પણ' એટલે કોઈ જ્યારે કામ કરાવવા વિનંતિ કરે ત્યારે સામો પણ 'ઇચ્છાકાર' કરે, અથવા તેને ગુર્વાદિનું કોઈ અન્ય કામ કરવાનું હોય તો તે કારણ જણાવે, પણ તેવું કોઇનું બીજું કામ કરવાનું ન હોય તો અનુગ્રહ અર્થે તે સાધુનું કામ કરે. (૬૭૫)

તથા જ્ઞાનાદિની પ્રાપ્તિને માટે કોઈ સાધુ આચાર્યની (વડીલની) વૈયાવચ્ચ અથવા વિશ્રામણા (શરીર સેવા) વિગેરે કરતો હોય, તેને વૈયાવચ્ચ વિગેરે કરાવતાં આચાર્યે પણ ઇચ્છાકાર કરવો જોઇએ, અર્થાત્ તેની ઇચ્છા જોઇને તે તે કાર્યમાં જોડવો જોઇએ. કહ્યું છે કે–

**"अहवा नाणाईणं, अट्ठाए जो(जइ) करेज्ज किच्चाणं ।**
**वेयावच्चं किंची, तत्थवि तेसिं भवे इच्छा ॥६७६॥"** (आव० नि० )

**ભાવાર્થ**–અથવા કોઈ સાધુ પોતાના જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ માટે આચાર્યની વૈયાવચ્ચ અથવા વિશ્રામણાદિ કંઈ પણ કાર્ય કરતો (ઇચ્છતો) હોય તેને પણ તે તે કાર્યોમાં જોડતાં (કરાવતાં) પૂર્વે આચાર્યે તે સાધુ પ્રત્યે પણ 'ઇચ્છાકાર' કરવો જોઇએ.[૧૯૫]

---

૧૯૫–આ 'ઇચ્છાકાર' સંયમસાધક પ્રવૃત્તિને અંગે સમજવો, તેના પાલનથી કાર્ય કરનારને (શિષ્યને) અત્યન્ત પ્રમોદ થાય છે, સાધુતાનું–પરમ્પર સામાચારીનું રક્ષણ થાય છે, શિષ્ટાચારના પાલનથી મોટી કર્મનિર્જરા થાય છે, અને ઉચ્ચ ગોત્રની સાથે આદેયનામકર્મનો બન્ધ થાય છે, આ એથી બીજાઓને તેનું વચન આદેય બને છે, નીચ ગોત્રનો બન્ધ થયો હોય તો પણ તેની નિર્જરા થાય છે, 'અહો જૈનો અતિ–નિપુણ છે કે પોતાના સ્વાર્થ માટે પણ કોઇને અલ્પમાત્ર મનોદુઃખ કરતા નથી' ઇત્યાદિ શાસનની પ્રભાવના થાય છે, વીર્યાચારના પાલનથી વીર્યાન્તરાય કર્મ તૂટે છે, અને એથી સંયમમાં વીર્ય સ્ફુરાયમાન થાય છે, ઇત્યાદિ અનેક આત્મલાભો શાસ્ત્રોમાં વર્ણવેલા છે. એથી વિપરીત બલાત્કારે કરવા–કરાવવાથી આત્માને ઘણું નુકસાન થાય છે. એથી જ્ઞાનાદિગુણસાધક 'ઇચ્છાકાર' સામાચારીનું અવશ્ય પાલન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કયા કારણે ઇચ્છાકાર કરવો ? એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે—

" आणा बलाभिओगो, णिग्गंथाणं ण कप्पई काउं ।
इच्छा पउंजिअव्वा, सेहे राइणिए य तहा ॥६७७॥" (आव० निर्युक्ति)

**ભાવાર્થ**-'તું આ કર' એવી આજ્ઞા કે કાર્ય નહિ કરનાર પ્રત્યે બલાત્કાર કરવો તે નિર્ગ્રન્થ સાધુનો કલ્પ નથી. કોઇ પ્રયોજન પડે ત્યારે પણ ન્હાના સાધુએ રત્નાધિકને, અને રત્નાધિકે પણ ન્હાના સાધુને કોઈ પ્રશ્ન–પાઠ વિગેરે પૂછતાં તથા ઉપલક્ષણથી તેની પાસે બીજું પણ કોઇ કાર્ય કરાવતાં 'ઇચ્છાકાર' કરવો.

આ ઉત્સર્ગ માર્ગ કહ્યો, અપવાદ માર્ગે તો કોઈ તેવા દુર્વિનીત સાધુને આજ્ઞા કે બલાત્કાર કરવો પણ અનુચિત નથી. ઉત્સર્ગથી તો તેવા દુર્વિનીતની સાથે રહેવું જ ઉચિત નથી, છતાં તે બહુસ્વજનોના સંબન્ધથી પ્રતિબદ્ધ હોવાથી તેને છોડી શકાય તેમ ન હોય ત્યારે એવો વિધિ છે કે-પ્રથમ તેને 'ઇચ્છાકાર' પૂર્વક કરણીય કાર્યોમાં જોડવો, એ રીતે ન કરે તો આજ્ઞાથી કાર્યો કરાવવાં અને છતાં ન કરે તો બલાત્કારે પણ કરાવવાં. કહ્યું છે કે—

" जह जच्चबाहलाणं, आसाणं जणवएसु जायाणं ।
सयमेव खलिणगहणं, अहवा वि बलाभिओगेणं ॥६७८॥
पुरिसज्जाए वि तहा, विणीयविणयंमि नत्थि अभिओगो ।
सेसंमि उ अभिओगो, जणवयजाए जहा आसे ॥६७९॥" (आव० निर्युक्ति)

**ભાવાર્થ**–જેમ જાતિવન્ત વાહલિક (દેશના) ઘોડાઓ સ્વયમેવ લગામને સ્વીકારે છે, અને અન્ય દેશમાં જન્મેલાને બલાત્કારે ચડાવવી પડે છે તેમ પુરૂષના પ્રકારોમાં પણ જેઓ વિવિધ વિનયથી વિનીત હોય તેઓને કોઈ કાર્ય માટે બલાત્કાર કરવો પડતો નથી કિન્તુ સામાન્ય દેશમાં જન્મેલા અશ્વો જેવા અવિનીતોને (આજ્ઞા કે) બલાત્કાર પણ કરવો જરૂરી છે.[૧૯૬] (૬૭૮–૬૭૯)

---

૧૯૬–બલાત્કાર કરવા છતાં હૃદયમાં વાત્સલ્યભાવ ન તૂટવો જોઇએ, કારણ કે ગુર્વાદિ વડીલોનો શિષ્યાદિ પ્રત્યે વાત્સલ્યભાવ અને શિષ્યાદિનો વડીલ ગુર્વાદિ પ્રત્યે પૂજ્યભાવ જેટલા પ્રમાણમાં અખણ્ડ અને નિર્મળ હોય તેટલા પ્રમાણમાં સ્વ–પરની સંયમ આરાધના થઇ શકે છે, એ ભાવ તૂટ્યા પછી આરાધનાને બદલે કાયક્લેશ માત્ર રહે છે, એથી તે આત્મા સંયમની પ્રવૃત્તિ કરવા છતાં આત્મશુદ્ધિ કરી શકતો નથી. વસ્તુતઃ આ 'ઇચ્છાકાર' સામાચારીનું સાધ્ય ઉપર કહ્યો તે ગુરૂ શિષ્યનો પરસ્પર વાત્સલ્ય અને પૂજ્યભાવ પણ છે, માટે દુર્વિનીત પ્રત્યે આજ્ઞા કે બલાત્કાર કરવા છતાં વાત્સલ્યને તૂટવા દેવું જોઇએ નહિ, ભાવદયાના રક્ષણ માટે ઉપેક્ષા કરણીય છે, પણ ભાવદયા માટે જે વાત્સલ્યભાવ જરૂરી છે તે તૂટી જાય તેવો બલાત્કાર કરણીય નથી, એટલુંજનહિ, યોગ્ય–વિનીત શિષ્યાદિ પણ અજ્ઞાનાદિ કારણે ભૂલ કરે તો તેને પણ ઉપાલમ્ભાદિ કઠોર શબ્દોથી સુધારવો. જો કે આ રીતે બલાત્કાર કરતાં કે ઉપાલમ્ભરૂપ કઠોર શબ્દો કહેતાં થોડો દ્વેષ થવાનો પણ સંભવ છે, તો પણ તે પ્રશસ્ત હોવાથી પ્રશસ્તરાગની જેમ સંયમનો વિઘાતક નથી, ભાવદયામાંથી પ્રગટેલો તેવો દ્વેષ શિષ્યાદિના હિત માટે હોવાથી સ્વ–પર ઉપકારક છે, જિનકથિત સારણા વારણાદિ કર્તવ્યરૂપ હોઈ પરિણામે લાભ કરે છે. જો જે ગુર્વાદિ પોતાનું બતાવેલું કામ શિષ્યાદિ કરશે નહિ એમ માનીને તે કામ તેઓ પાસે નહિ કરાવતાં સ્વયં કરી લે તો શિષ્યાદિ આશ્રિતવર્ગ અવિનિત બની જવાનો, પોતાના સૂત્રાર્થના અધ્યયનમાં અંતરાય પડવાનો, અને અન્ય લોકોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨-**મિથ્યાકાર**-આ સામાચારીનો વિષય આ પ્રમાણે છે-સમિતિ ગુપ્તિરૂપ સંયમની સાધનામાં ઉજમાળ સાધુએ જે કંઈ ભૂલ થાય તેનું 'મિથ્યાદુષ્કૃત' દેવું જોઈએ. આ મિથ્યા-દુષ્કૃત (મિચ્છામિ દુક્કડં) સંયમ યોગની (જ્ઞાનાદિની) સાધના કરવામાં લાગેલા કોઈ પણ દોષને શુદ્ધ કરવામાં સમર્થ છે. પણ હઠથી કે વારંવાર કરાતી ભૂલોની શુદ્ધિ કરવામાં સમર્થ નથી. (અર્થાત્ ઇરાદાપૂર્વક કરાતી કે વારંવાર કરાતી ભૂલની શુદ્ધિ 'મિથ્યાદુષ્કૃત' દેવા છતાં થતી નથી).[૧૯૭] કહ્યું છે કે—

**"जं दुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपुरिंतो ।**
**तिविहेण पडिक्कंतो, तस्स खलु दुक्कडं मिच्छा ॥६८५॥"** (आव० नि०)

**ભાવાર્થ**-"જેણે એક વાર જે ભૂલનું મિથ્યાદુષ્કૃત દીધું પુનઃ તેવી ભૂલ વિશિષ્ટ કારણ વિના ન કરે તો તેનું મિથ્યાદુષ્કૃત ત્રિવિધ પ્રતિક્રમણરૂપ (શુદ્ધ) ગણાય. કહ્યું છે કે—

**"जं दुक्कडंति मिच्छा, तं चेव निसेवए पुणो पावं ।**
**पच्चक्खमुसावाई, मायानिअडीपसंगो य ॥६८६॥"** (आव० नि०)

**ભાવાર્થ**-જે કરેલી ભૂલનું મિથ્યાદુષ્કૃત કરીને પુનઃ તે પાપને સેવે છે તે પ્રત્યક્ષ મૃષાવાદી છે (અર્થાત્ તેનો કરેલો મિથ્યાદુષ્કૃત મૃષા છે), એટલું જ નહિ તે માયારૂપ કપટ કરનાર છે, માયા-કપટથી તેનો આત્મા મલિન છે, નિશ્ચયથી (ભાવથી) તે પાપનો પ્રતિપક્ષી થયો નથી માત્ર બાહ્યથી 'મિચ્છામિ દુક્કડં' દઈને ગુરૂને પ્રસન્ન કરનારો છે.

૩-**તથાકાર**-આ સામાચારીનો વિષય જણાવતાં પહેલાં 'તથાકાર (તહત્તિ)' કેવામહાપુરૂષની આગળ કહેવાય ? તે કહે છે કે-જેની સામે 'તહત્તિ' કહેવાનું હોય તે મહાપુરૂષ ગીતાર્થ અને

---

પોતાના ગુરૂપદની અપભ્રાજના થવાનો પૂરેપૂરો સંભવ છે, ઈત્યાદિ વિસ્તાર આવશ્યક વૃત્તિ, આવશ્યક ચૂર્ણિ, પઞ્ચાશક વિગેરે અન્ય ગ્રન્થોમાંથી જોઈ લેવો.

૧૯૭-'**मिच्छामि दुक्कडं**' એવો શબ્દ પ્રયોગ કરવો તેને વ્યવહારનયે 'મિથ્યાકાર' કહ્યો છે, નિશ્ચય નયથી તો પોતાની અનુપયોગાદિ કારણે થએલી ભૂલના પાપમાંથી છૂટવા માટે તેના છ અક્ષરોનો અર્થ સમજીને તેમાં વિશ્વાસ કરવો તેને 'મિથ્યાકાર' કહ્યો છે, યોગ્ય જ્ઞાની આત્માને આ અક્ષરોના અર્થમાં વિશ્વાસ કરવાથી સંવેગ પ્રગટે છે, એથી તેના કરેલાં પાપની નિર્જરા થાય છે, અને એ સંવેગના બળે પુનઃ તે તેવું પાપ કરી શકતો નથી. જે માત્ર શબ્દપ્રયોગ કરે છે તેને તેવા સંવેગના અભાવે પુનઃ પાપ પ્રવૃત્તિનો સમ્ભવ છે, એથી તેનું 'મિચ્છામિ દુક્કડં' નિષ્ફળ પણ થાય છે, એટલું જ નહિ, એક વખત પુનઃ પાપ પ્રવૃત્તિ નહિ કરવાની પ્રતિજ્ઞા કરીને પુનઃ કરવાથી માયા કપટનું સેવન પણ થાય છે, માટે આ મિથ્યાકાર-સામાચારીના પાલન માટે 'મિચ્છામિ દુક્કડં'નો અર્થ સમજીને પુનઃ એવું પાપ નહિ કરવાના ધ્યેયપૂર્વક મિથ્યાકાર કરવો. એમ છતાં કોઇને અનાદિ વાસનાથી અનુપયોગાદિના યોગે પુનઃ પાપ સેવન થાય તો તેનો કરેલો મિથ્યાકાર નિષ્ફળ થતો નથી, એ હેતુથી જ પ્રતિદિન પુનઃ પુનઃ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. એ રીતે અનુપયોગાદિના યોગે થતી ભૂલોનો પણ જયારે જયારે ભૂલ થાય-ખ્યાલમાં આવે ત્યારે ત્યારે મિથ્યાકાર પણ કરવાનું કહ્યું છે. શાસ્ત્ર દર્શિત આ છ અક્ષરોને બદલે તેવા અર્થવાળું બીજું વાક્ય બોલવાથી વાસ્તવિક 'મિથ્યાકાર' થતો નથી, કારણ કે '**मिच्छामि दुक्कडं**' એ છ અક્ષરોનો પ્રયોગ પૂર્વમહાપુરૂષોનો કરેલો હોવાથી તે મન્ત્રાક્ષરો તુલ્ય છે, માટે તે જ વાક્યોનો પ્રયોગ કરવો જોઇએ.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

મૂળ–ઉત્તર ગુણોથી વિભૂષિત હોવા જોઈએ. કહ્યું છે કે—

" कप्पाकप्पे परिनिट्ठिअस्स ठाणेसु पंचसु ठिअस्स ।
संजमतवड्ढगस्स उ, अविगप्पेण तहाकारो ॥६८८॥" (आव० नि०)

**વ્યાખ્યા**–'કલ્પ' એટલે વિધિ, આચાર ઇત્યાદિ, તેથી વિપરીત અવિધિ અસદાચાર વિગેરે 'અકલ્પ' સમજવો, અથવા જિનકલ્પ, સ્થવિરકલ્પ વિગેરે કલ્પ અને ચરક–પરિવ્રાજક વિગેરેની દીક્ષા તે અકલ્પ સમજવો. (અથવા 'કલ્પ્ય' એટલે ગ્રહણ કરવા યોગ્ય અને અકલ્પ્ય એટલે ગ્રહણ નહિ કરવા યોગ્ય), એ બે શબ્દોનો સમાહારદ્વન્દ્વસમાસ કરવાથી એકવચનાન્ત 'કલ્પાકલ્પ' શબ્દ સિદ્ધ થયો છે. તેમાં परिनिष्ठित=તે તે કલ્પ–અકલ્પનું પૂર્ણ જ્ઞાન જેને હોય તેવા, તથા पंचसु ठाणेसु=પાંચ મહાવ્રતો એ જ પાંચ સ્થાનો, તેમાં સ્થિત=સ્થિર, દૂષણ રહિત અને संजमतवड्ढगस्स=સંયમ તથા તપ વિગેરે ગુણોથી આઢ્ય એટલે મહાન્ હોય, તેવા ઉત્તમ જ્ઞાનીને નિશ્રીત 'તથાકાર' કરવો, અર્થાત્ તેની આજ્ઞાનો–વચનનો 'તહત્તિ' કહી સ્વીકાર કરવો. આ 'તથાકાર' વાચના લેવી, ગુર્વાદિનો જવાબ સાંભળવો, વિગેરે પ્રસઙ્ગોમાં કરવો. કહ્યું છે કે—

" वायणपडिसुणणाए, उवएसे सुत्तअत्थ कहणाए ।
अवितहमेअंति तहा, पडिसुणणाए तहाकारो ॥६८९॥" (आव० नि०)

**વ્યાખ્યા**–ગુરૂ વાચના આપે ત્યારે સૂત્રગ્રહણ કરનારે 'તથાકાર' કરવો, ગુરૂ કે અન્યજ્ઞાની બીજાને સામાન્ય સાધુના આચારોનો ઉપદેશ આપે ત્યારે સાંભળનારે 'તથાકાર' કરવો, તથા સૂત્રાર્થ કથન વેળાએ (વ્યાખ્યાન સાંભળતાં) 'આપે જે કહ્યું તે સત્ય છે' એમ કહેવું. ઉપર જણાવ્યા તેટલા પ્રસંગોમાંજ 'તથાકાર' કરવો એમ નથી, પરંતુ પૂછ્યા પછી પણ આચાર્ય ઉત્તર આપે ત્યારે પુનઃ સાંભળતાં પણ શ્રોતાએ તથાકાર (તહત્તિ) શબ્દનો પ્રયોગ કરવો.

એ ઉત્સર્ગ માર્ગ કહ્યો અપવાદથી તો વક્તા–પ્રરૂપક ઉપર (૬૮૮ ગાથામાં) જણાવ્યા તેવા 'કલ્પાકલ્પ પરિનિષ્ઠિત' વિગેરે ગુણોથી વિશિષ્ટ ન હોય ત્યારે જો તે—

" सुद्धं सुसाहुधम्मं, कहेइ निंदइ य निययमायारं ।
सुतवस्सिआण पुरओ, हवइ अ सव्वोमरायणि(णी)ओ ॥५१५॥" (उप० माला)

**ભાવાર્થ**–સુસાધુના શુદ્ધ આચારોનું પ્રતિપાદન કરે, પોતાના (શિથિલ)આચરણની નિન્દા કરે, અને ઉત્તમ તપસ્વીઓ (સુસાધુઓ)ની આગળ સર્વ રીતે પોતે લઘુ બને, (વન્દન ન કરાવે. પોતે ન્હાના પણ સુસાધુઓને વન્દન કરે ઇત્યાદિ લઘુતા કેળવે)

આ વિગેરે લક્ષણવાળા સંવિગ્નપાક્ષિક (સુસાધુતાના પક્ષકાર) અને ગીતાર્થ સાધુ વાચના–ઉપદેશ વિગેરે આપતા હોય ત્યારે તેમનું વચન યુક્તિસઙ્ગત હોય કે યુક્તિરહિત હોય તો પણ 'તહત્તિ' શબ્દ કહેવો, તે સિવાયનો ગીતાર્થ પણ સંવેગી ન હોય, સંવેગી છતાં ગીતાર્થ ન હોય, અથવા સંવેગી કે ગીતાર્થ બેમાંથી એકપણ ગુણ જેનામાં ન હોય તેવા પ્રજ્ઞાપકના યુક્તિસઙ્ગત વચનમાં 'તહત્તિ' કહેવું અને યુક્તિસઙ્ગત ન હોય તેમાં નહિ કહેવું. કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"इयरम्मि विगप्पेणं, जं जुत्तिखमं तहिं ण सेसम्मि ।
संविग्गपक्खिए वा, गीए सव्वत्थ इयरेण ॥" पञ्चाशक १२–गा० १६॥

**ભાવાર્થ**–'ઇતર' એટલે પ્રજ્ઞાપકનાં લક્ષણોથી રહિત હોય તેવા ઉપદેશકની સામે વિકલ્પે 'તહત્તિ' કહેવું, તે આ પ્રમાણે–જે વચન યુક્તિસંગત હોય તેમાં 'તહત્તિ' કહેવું અને બીજામાં નહિ કહેવું, અથવા અપવાદે સંવિજ્ઞપાક્ષિક ગીતાર્થ ઉપદેશકનાં સર્વ વચનોમાં તહત્તિ કહેવું.[૧૯૮]

એટલું જ નહિ પણ સુસાધુને અને સંવેગના રંગથી શુદ્ધ દેશના દેનારા સંવિજ્ઞપાક્ષિકને તથાકાર' નહિ કરનારને મિથ્યાત્વનો ઉદય સમજવો. કહ્યું છે કે—

"संविग्गोऽणुवएसं, ण देइ दुब्भासियं कडुविवागं ।
जाणंतो तंमि तहा, अतहक्कारो उ मिच्छत्तं ॥" पञ्चा० १२–गा० १७॥

**ભાવાર્થ**—જે સંવિજ્ઞ (ભવભીરૂ) હોય તે ઉત્સૂત્ર ભાષણનાં કડવાં ફળોને જાણતો હોવાથી અનુપદેશ (ઉત્સૂત્ર ભાષણ) ન કરે, માટે તેવા સંવિજ્ઞપાક્ષિક ગીતાર્થ સુસાધુઓ હોય તેવાના વચનમાં 'તથાકાર' નહિ કરવો તે મિથ્યાત્વ જાણવું. (કારણ કે–મિથ્યાત્વના ઉદય વિના તેવા શુદ્ધપ્રરૂપકના વચનનો અસ્વીકાર ન થાય.) એ ત્રીજી 'તથાકાર' સામાચારી કહી.

૪-૫-**આવશ્યિકી–નૈષેધિકી**=આ બેનો વિષય અનુક્રમે 'નીકળવું અને પેસવું' છે કહ્યું છે કે—

"आवस्सियं च णिंतो, जं च अइंतो णिसीहिअं कुणइ ॥६९२॥" आव० नि०

**ભાવાર્થ**–મકાનમાંથી નીકળતો 'આવસ્સહિયં' અને પેસતો 'નૈષેધિકી (નિસીહિયં)' કહે.

આથી સાધુને વસતિમાંથી કારણે જ નીકળવાનું છે અને તેવા કારણે બહાર નીકળતાં જ 'આવસ્સહિયં' કહેવાનું હોય છે, એ નક્કી થયું. કહ્યું છે કે—

૧૯૮ 'તથાકાર' શબ્દનો પ્રયોગ બીજાના વચનનો સ્વીકાર કરવા રૂપ છે. કોઇ શુભ શુકન કે જ્યોતિષીએ આપેલું મુહૂર્ત વિગેરે ઈષ્ટ વસ્તુનો પણ જેવા ભાવથી સ્વીકાર અસ્વીકાર કરવામાં આવે તેવું તેનું ફળ નિપજે છે, કારણ કે વસ્તુ શુભ છતાં સ્વીકાર કરનારો શુભ ભાવથી સ્વીકાર ન કરે તો તેને તે યથાર્થ ફળ આપી શકતી નથી. એકનું એક જિનવચન પણ સાંભળનાર જેટલા આદર પૂર્વક સ્વીકારે તેટલું તેને ફળ આપે છે. આ એક પરમ સત્ય છે, માટે ગુર્વાદિ ઉપકારીઓની હિતશિક્ષા કે શાસ્ત્રવચન વિગેરેનો આદર પૂર્વક 'તહત્તિ' કહીને સ્વીકાર કરવો જોઇએ. એથી આત્મામાં મિથ્યાત્વની મન્દતા થવા સાથે શ્રદ્ધાનું બળ પ્રગટે છે, એ શ્રદ્ધાથી જળના આક્રમણથી જેમ અગ્નિનું બળ ક્ષીણ થાય તેમ પ્રતિપક્ષી અજ્ઞાન, મોહ વિગેરેનું બળ ક્ષીણ થાય છે, બીજા મુગ્ધ શ્રોતાઓને પણ તે વચન માનનીય બને છે, ગુરૂનો, શાસ્ત્રોનો, અને શાસ્ત્રોપદેશક શ્રીતીર્થંકરાદિનો વિનય થાય છે, એટલું જ નહિ, પણ સુકૃતની અનુમોદના, દુષ્કૃતની નિન્દા વિગેરે અનેક લાભો થાય છે. એમ આ 'તથાકાર' સામાચારીથી શ્રી જિનાજ્ઞાને પાલન કરવાનું બળ આત્મામાં પ્રગટે છે અને પ્રતિપક્ષી જિનાજ્ઞાને વિરાધવાનું બળ તુટે છે, પરિણામે જીવ ઉત્તરોત્તર જિનાજ્ઞાનો પાલક બની અનાદિના અન્તરંગ શત્રુઓનો પરાભવ કરવા સમર્થ બને છે. કલ્પસૂત્રમાં સ્વપ્નના અર્થોને સાંભળતાં બોલાએલા '**सच्चे णं एस अट्ठे**' '**अवितहमेअं**' '**इच्छिअमेअं, पडिच्छिअमेअं, इच्छिअपडिच्छिअमेअं**' ઇત્યાદિ શબ્દો આ તથાકારના પ્રયોગરૂપ છે, એ રીતે સ્વીકાર કરવાથી એ અર્થ સત્ય નીવડે છે, ઇત્યાદિ વિશેષ સ્વરૂપ અન્ય ગ્રન્થોથી જાણી લેવું.

૩૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" एगंत(गग्ग)स्स पसंतस्स, न होंति ईरियादयो (इआ) गुणा होंति ।
गंतव्वमवस्सं कारणंमि आवस्सिया होइ ॥६९३॥" आव० नि०

**વ્યાખ્યા–** 'એક અર્થ' એટલે આલમ્બન જેને છે તે સાધુ 'એકાગ્ર' કહેવાય, એવો પણ કોઈ સાધુ અપ્રશસ્ત આલમ્બનવાળો હોય માટે કહે છે કે 'पसंतस्स'=પ્રશાન્ત–ક્રોધ વિગેરેથી રહિત, તેવા સાધુને મકાનમાં રહેવાથી 'ઇર્યા' એટલે કારણનો કાર્યમાં ઉપચાર કરતાં ઈર્યાનું કર્મ (બન્ધન) અને આદિ શબ્દથી શરીરવિરાધના, સંયમવિરાધના વિગેરે દોષો થતા નથી, ઉપરાન્ત સ્વાધ્યાય–ધ્યાન વિગેરે ગુણો થાય છે. અર્થાત્ શુદ્ધ સંયમના ઉદ્દેશથી એક સ્થાનમાં રહેતા કષાયાદિ દોષોથી રહિત સાધુને ઉપર કહ્યા તે ગમનાગમનાદિથી થનારા કર્મબન્ધન વિગેરે દોષો થતા નથી, ઉલટું સ્વાધ્યાય વિગેરેનો લાભ થાય છે. પણ એથી તો એમ નક્કી થયું કે 'સંયમના અર્થીને બહાર ન જવું એ જ શ્રેયસ્કર છે' માટે તેમાં અપવાદ કહે છે કે–એક સ્થાને રહેતાં ગુણોનો લાભ થાય માટે બહાર ન જ જવું એમ નહિ, કિન્તુ ગુરૂ, ગ્લાન, વિગેરે અન્ય સાધુના પ્રયોજને તો અવશ્ય જવું, એવા પ્રસંગે બહાર ન જવાથી ઉલટા દોષો થાય છે. આ કથનથી નિષ્કારણ જવાનો નિષેધ સમજવો. કારણે એટલે જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં હેતુભૂત 'ભિક્ષાદિ માટે ફરવું' વિગેરે બહાર જવાના અવશ્ય પ્રસંગે વસતિ બહાર જતાં 'આવસ્સહિ' કહેવી, કારણ કે આવસ્સહિનો અર્થ 'અવશ્ય પ્રયોજને' એમ કહેલો છે [પઞ્ચાશકમાં પણ કહ્યું છે કે–

" कज्जेणं गच्छंतस्स, गुरुणिओएण सुत्तणीईए ।
आवस्सियत्ति णेया, सुद्धा अण्णत्थजोगाओ ॥" पञ्चाशक १२–गा० १८॥

**વ્યાખ્યા**–એક कज्जेणं=કાર્ય પડવાથી સપ્રયોજને, એમ કહેવાથી નિષ્પ્રયોજન બહાર જવાનો નિષેધ થયો, બીજું गुरुणिओएण=ગુરૂની આજ્ઞાથી, એ કથનથી સ્વચ્છંદપણાથી જવાનો નિષેધ કર્યો, ત્રીજું सुत्तणीइए=સૂત્રનીતિથી, અર્થાત્ ઉપયોગપૂર્વક ઈર્યાસમિતિ વિગેરેના પાલનરૂપ જિનાજ્ઞા પ્રમાણે, એમ કહેવાથી અનુપયોગપણે અવિધિથી જવાનો નિષેધ કર્યો, માટે એ રીતે બહાર જનારને આવસ્સહિ 'અન્વર્થ' એટલે શબ્દાર્થના યોગવાળી–યથાર્થ હોવાથી તેવા સાધુએ વિધિપૂર્વક બહાર જતાં કરેલી આવસ્સહિ શુદ્ધ જાણવી. અહીં જવાનાં કારણો પણ જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ, ગુરૂ–ગ્લાન વિગેરે સાધુઓની વૈયાવચ્ચ, ઈત્યાદિ પ્રશસ્ત કાર્યો સમજવાં. એથી જે તે કાર્ય માટે બહાર જનારની આવસ્સહિ શુદ્ધ નથી. તે જ વાત ત્યાં કહી છે કે—

"कज्जंपि णाणदंसण–चरित्तजोगाण साहगं जं तु ।
जइणो सेसमकज्जं, ण तत्थ आवस्सिया सुद्धा ॥" पञ्चा० १२, गा० १९॥

**ભાવાર્થ**–અહીં જે જે કાર્ય જ્ઞાન, દર્શન અને ચારિત્રના યોગમાં સાધક હોય તેવું 'ગોચરી ફરવું' વિગેરે પ્રવૃત્તિરૂપ કાર્ય સમજવું, બીજું નહિ. કારણ કે એ સિવાયનું કાર્ય સાધુને અકાર્ય છે, માટે તેવા અકાર્યને અંગે બહાર જતાં કરેલી આવસ્સહિ શુદ્ધ નથી."]

ઉપર્યુક્ત કારણે પણ સર્વ સાધુઓને આવસ્સહિ શુદ્ધ હોય એમ નથી, કિન્તુ જે સાધુ પ્રતિક્રમણ–પડિલેહણાદિ સર્વ આવશ્યક કાર્યોથી સર્વદા યુક્ત હોય અને મન–વચન–કાયાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ઈન્દ્રિઓનો જે વિજેતા હોય તેવા યોગીની આવસ્સહિ વસતિમાં રહેતાં કે કારણે બહાર જતાં પણ શુદ્ધ છે, કહ્યું છે કે—

"आवस्सिया उ आवस्सएहिं सव्वेहिं जुत्तजोगिस्स ।
मणवयकायगुत्तिंदियस्स आवस्सिया होइ ॥६९४॥" (आव० नि०)

**ભાવાર્થ**–આવસ્સહિ તો પ્રતિક્રમણ વિગેરે સર્વ આવશ્યક અનુષ્ઠાનોથી યુક્ત એવા યોગીની અને જેણે મન, વચન, કાયા તથા ઇન્દ્રિયોને વશ કરી હોય તેની શુદ્ધ હોય (થાય) છે.

તાત્પર્ય કે–સર્વ આવશ્યક અનુષ્ઠાનોને સદૈવ કરનારો, અર્થાત્ બહારની પ્રવૃત્તિ સિવાયના કાળે પણ નિરતિચાર ચારિત્રવાળા ક્રિયાયુક્ત સાધુને ગુરૂ આજ્ઞાથી પ્રવૃત્તિકાળે બહાર જતાં આવસ્સહિ કહેવી તે સાન્વર્થ હોવાથી શુદ્ધ છે, શેષ અર્થ સુગમ છે, એ આવસ્સહિનો વિષય કહ્યો.

નિસીહિનો વિષય 'અવગ્રહમાં પ્રવેશ કરવો' એ છે, અવગ્રહ એટલે શય્યા (ઉપાશ્રય), સ્થાન (કાયોત્સર્ગ માટે ઉભા રહેવું), આદિ શબ્દથી દેવનો અવગ્રહ એટલે જિનમન્દિરનો અને ગુરૂનો અવગ્રહ (ગુરૂના આસનથી સર્વત્ર સાડા ત્રણ હાથ ભૂમિ), વિગેરે સમજવું. કહ્યું છે કે—

" सेज्जं ठाणं च जहिं, चेएइ तहिं निसीहिआ होइ ।
जम्हा तत्थ निसिद्धो, तेणं तु निसीहिआ होइ ॥६९५॥" (आव० नि०)

**વ્યાખ્યા**–'શય્યા' એટલે સુવાનું સ્થાન–સ્થળ, અને 'સ્થાન' એટલે કાયોત્સર્ગાદિ માટે ઉભા રહેવું, આ કાયોત્સર્ગ જે સ્થળે કરવાનું ચિન્તવે અર્થાત્ સમજે–કરે, ત્યાં અને શયન ક્રિયા કરતો એટલે નિશ્ચયથી જ્યાં શય્યા કરે–સુવે ત્યાં, એમ અર્થ કરવો. 'च' શબ્દથી ગાથામાં પ્રત્યક્ષ નહિ કહેલી પણ વીરાસનાદિ પ્રવૃત્તિઓ કરતાં, અથવા 'च' શબ્દ तु શબ્દના અર્થવાળો જાણવો અને તે વિશેષણરૂપે સમજવો. તે આ પ્રમાણે–પ્રતિક્રમણાદિ આવશ્યક કાર્યો જેણે કરી લીધાં છે તેવો વિશિષ્ટ સાધુ ગુરૂ આજ્ઞાથી જ્યાં શયન, કાયોત્સર્ગ, વિગેરે ક્રિયા કરવાની હોય ત્યાં જ નિસીહિ કહે, બીજે સ્થળે નહિ. કારણ કે–(શય્યાદિ કરવાની આજ્ઞા હોવાથી તે સિવાયનું અન્ય સર્વ કાર્ય કરવાનો નિષેધ થયો, માટે) નિષેધાર્થક નિસીહિ શબ્દનો પ્રયોગ (નિષિદ્ધ કાર્યને અંગે કરવાનો હોવાથી) ત્યાં જ કરવો જોઇએ. [ તથા દેવના–ગુરૂના અવગ્રહની ભૂમિમાં પ્રવેશ કરતાં નિસીહિનો પ્રયોગ કરવો જોઇએ, એ પણ સમજી લેવું. ]

આ આવસ્સહિ નિસીહિ બન્નેનો વિષય (અર્થાપત્તિએ) એક જ હોવાથી વસ્તુતઃ બન્નેનો અર્થ પણ એક જ સમજવો. કારણ કે–અવશ્ય કર્ત્તવ્યો કરવા માટે આવસ્સહિ અને અન્ય (તે કાળે અકરણીય કે પાપ) કાર્યોના નિષેધ માટે નિસીહિ છે. અવશ્ય કરણીયને કરવાની ક્રિયા અને પાપકર્મના નિષેધરૂપ ક્રિયા બન્ને એક જ હોવાથી વસ્તુતઃ બન્નેનું એકાર્થિકપણું છે, એકના વિધાનમાં બીજીનો નિષેધ કે એકના નિષેધમાં બીજીનું વિધાન સૂચિત છે, છતાં શાસ્ત્રોમાં બેનાં નામો ભિન્ન છે અને કોઈ સમયે ઉભા રહેવું, કોઈ સમયે ગમન કરવું, એમ ભિન્ન ભિન્ન ક્રિયા કરવાની હોવાથી અહીં ભિન્ન ભિન્ન વર્ણન કર્યું[૧૯૯] છે. [ તાત્પર્ય એ છે કે–

૧૯૯–આ આવસ્સહિ અને નિસીહિનો પ્રયોગ એક પ્રતિજ્ઞા રૂપ છે, આવસ્સહિથી અવશ્યકાર્યને કરવાની અને નિસીહિથી અકરણીયના ત્યાગની પ્રતિજ્ઞા થાય છે, આવી પ્રતિજ્ઞા કરવાથી પ્રતિજ્ઞા ભાગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નિસીહિ' શબ્દનો પ્રયોગ નિશ્ચે કોઈ આવશ્યક કાર્ય કરવા પૂર્વે તેમાં અનુપયોગાદિથી થનારા પ્રત્યવાયના (વિઘ્નોના) ત્યાગ માટે છે, આવશ્યક કાર્ય માટે બહાર જતાં પહેલાં ઉપાશ્રયમાં વિધિપૂર્વક બેઠેલા સાધુને એવા પ્રત્યવાયોનો સમ્ભવ નથી કે જેના નિષેધ માટે નિસીહિ કહેવી જોઈએ, માટે આવસ્સહિના સમયે નિસીહિ નિરૂપયોગી છે. નિસીહિ કરતી વેળા આવસ્સહિ પણ ઘટિત નથી, કારણ કે આવસ્સહિ તો તે કાળે કરણીયના વિધાન માટે અને અર્થાપત્તિથી અન્યકાળે કરણીય (તે કાળે અનાવશ્યક) કાર્યના નિષેધ માટે છે, વસ્તુતઃ અન્યકાળે કરણીયના ત્યાગ વિના તત્કાલીન આવશ્યક કાર્ય થઈ શકે જ નહિ, એથી 'આવસ્સહિ'ના પ્રયોગથી ઉત્તરકાળે કરણીયનો નિષેધ પણ થઈ જ જાય છે, (અને અનાવશ્યક કાર્યનો નિષેધ (નિસીહિ) કરવાથી તત્કાલીન આવશ્યક કાર્યનું વિધાન પણ થઈ જ જાય છે). એમ નિસીહિ-આવસ્સહિ બન્નેના વિષયમાં એકાર્થિકપણું સમજવું. ]

એ ચોથી પાંચમી સામાચારીનું સ્વરૂપ અને વિષય કહ્યો. હવે—

૬થી૯-**આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છન્દના અને નિમન્ત્રણા**—એ ચાર સામાચારીઓનો વિષય તે દરેકનું સ્વરૂપ પહેલાં કહ્યું છે તેમાં કહેવાઈ ગયો છે. [૨૦૦] તે પ્રમાણે સમજવો.

૧૦-**ઉપસમ્પદા**—એના એક ગૃહસ્થઉપસમ્પદા અને બીજી સાધુઉપસમ્પદા, એમ બે પ્રકારો છે, તેમાં પહેલાં સાધુઉપસમ્પદાનું વર્ણન કરે છે કે-સાધુઉપસમ્પદાના જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એમ ત્રણ વિષયો હોવાથી ત્રણ પ્રકારો છે. કહ્યું છે કે—

વાનો ભય લાગવાથી તે તે પ્રતિજ્ઞાને પાલન કરવાનો પ્રયત્ન-ઉત્સાહ-આદર વિગેરે પ્રગટે છે, ઇત્યાદિ લાભો થાય છે. પ્રતિજ્ઞા એક પ્રણિધાન (નિશ્ચય) રૂપ છે અને પ્રણિધાનનું બળ ઘણું છે. કોઈ પણ કાર્ય કરવાનો નિર્ણય કરવા પૂર્વે તેમાં અનેક વિઘ્નો દેખાય છે, પણ એ કાર્ય કરવાનો નિર્ણય (દઢ પ્રતિજ્ઞા) કરવાથી વિઘ્નો ટળી જાય છે, એ વિઘ્નોને દૂર કરવાની કર્તામાં શક્તિ પ્રગટે છે, ઇત્યાદિ અનુભવસિદ્ધ છે તેમ અહીં પણ 'આવસ્સહિ'ના પ્રયોગથી અવશ્ય કરણીય કરવાનું સામર્થ્ય-ઉત્સાહ પ્રગટે છે અને નિસીહિના પ્રયોગથી તે કાળે અકરણીય કાર્યોને કરવાની મમતા હોય તો પણ તૂટી જાય છે, એમ યથામતિ વિચારવાથી આ બે સામાચારીઓનું સાધુ જીવનમાં કેટલું મહત્ત્વ છે તે સમજાય છે. હા, એનો શૂન્યચિત્તે માત્ર શબ્દ પ્રયોગ જ ન જોઈએ, પણ ઉપયોગ અને સમજ પૂર્વક બોલવું-પાળવું જોઈએ.

૨૦૦ **'આપૃચ્છા'**=ગુરૂને વિનય પૂર્વક પૂછીને પોતાના હિતકારક કાર્યને કરવું તેને 'આપૃચ્છા' કહી છે, એથી ગુરૂ (જેની નિશ્રામાં હોય તે) સિવાયના બીજાને પૂછવાથી, ગુરૂને પણ અવિનયથી પૂછવાથી, જે કાર્ય જ્ઞાન દર્શન ચારિત્રનું સાધક હિતકારી ન હોય તેવું કે માત્ર અન્યને હિતકારી હોય તેવું પૂછવાથી 'આપૃચ્છા' ગણાતી નથી, વિનયપૂર્વક પૂછવાથી જે કાર્ય જે રીતે જેને હિતકર હોય તેને જ્ઞાની હોવાથી ગુરૂ સમજાવે, અવિધિથી બચાવે, એ મોટો લાભ થાય છે, ઉપરાન્ત ગુરૂની એવી સલાહ (સહાય)મળતાં આત્માને પૂજ્યભાવરૂપ શુભ લેશ્યા પ્રગટ થવાથી તે તે કાર્યોમાં આવનારાં વિઘ્નો નાશ પામે છે અને ઇષ્ટ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ (સિદ્ધ) થાય છે, તેવું હિતકર કાર્ય પુનઃપુનઃ કરવાનો અનુબન્ધ (પુણ્યબન્ધ) થાય છે, વિઘ્ન કારક પાપકર્મોનો ક્ષય થાય છે, એમ એવંભૂતનયના મતે 'આપૃચ્છા' એક મહામંગલ રૂપ છે, શ્રદ્ધાવાળા શિષ્યને ગુરૂનાં આવાં હિતકર વચનથી ભાવોલ્લાસ થાય જ છે, માટે ઉન્મેષ નિમેષાદિ સૂક્ષ્મ કાર્યોને છોડીને ન્હાનાં મોટાં સંયમનાં દરેક કાર્યોમાં ગુરૂને પૂછવાથી સંયમનું નિર્મળ પાલન કરી શકાય છે. જૈન શાસ્ત્રપ્રસિદ્ધ મહાત્મા સ્થૂલભદ્રજી બાર બાર વર્ષના ભોગથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" उवसंपया य तिविहा, णाणे तह दंसणे चरित्ते य ।
दंसणणाणे तिविहा, दुविहा य चरित्तअट्ठाए ॥६९८॥" (आव० नि०)

**ભાવાર્થ**-જ્ઞાનવિષયક, દર્શનવિષયક, અને ચારિત્રવિષયક, એમ ઉપસમ્પદા ત્રણ પ્રકારની છે. તેમાં જ્ઞાનની અને દર્શનની ઉપસમ્પદા ત્રણ ત્રણ પ્રકારની છે અને ચારિત્ર ઉપસમ્પદા બે પ્રકારની છે. તેમાં દર્શન-જ્ઞાનની ઉપસમ્પદાના આ રીતે ત્રણ પ્રકારો છે.

---

પરિચિત કોશ્યાવેશ્યાના હાવભાવ ભરેલા વર્તનથી પણ ન ડગ્યા એમાં ગુરૂના આશીર્વાદનું બળ પણ કારણભુત હતું અને ચાર ચાર મહિના ઉપવાસ કરનારા, સિંહ જેવા ક્રૂર-હિંસક પ્રાણીને પણ પોતાના ઉપશમથી શાન્ત કરનારા સિંહગુફાવાસી મુનિ અલ્પ પરિચયથી પણ વેશ્યાની સામે સંયમથી ચલિત થયા, તેમાં ગુરૂના આશીર્વાદનો અનાદર પણ કારણભુત હતો, એથી 'આપૃચ્છા' કરવા છતાં તે આપૃચ્છા ગુરૂની અવજ્ઞારૂપ હતી અને ગુણદ્વેષમાંથી જન્મેલી દુષ્ટ ભાવનાની સિદ્ધિ માટેની હતી, ઈત્યાદિ વિચારતાં 'આપૃચ્છા' સામાચારીને અંગે વિનય, આત્મહિતકર કાર્ય માટે પૃચ્છા, ગુરૂ પ્રત્યેનો સદ્ભાવ, વિગેરે જે જે જણાવ્યું છે તે અતિ મહત્ત્વનું છે, એમ સમજાયા વિના નહિ રહે.

પ્રતિપૃચ્છા—કોઇ કાર્ય માટે ગુરૂને પૂર્વે પૂછવા છતાં કાર્ય કરતી વેળા પુનઃ પૂછવા રૂપ છે. એ રીતે પુનઃ પૃછવાથી કદાચ ગુરૂ પહેલાં કરવાનું કહ્યું હોય તેનાથી વિશિષ્ટ બીજું કોઈ કાર્ય કરવાનું કહે, અથવા 'એ કાર્ય હવે કરવાની જરૂર નથી' એમ કહી અટકાવે, અથવા અન્ય કાળે કરવાનું કહે, કે 'કોઈ અન્ય સાધુ એ કાર્ય કરશે' એમ કહે, અથવા બીજાએ એ કાર્ય કરી લીધું છે માટે હવે ન કરશો' એમ કહે, કે એ જ કાર્યને વિશેષતયા (અમુક રીતે) કરવાનું કહે, ઈત્યાદિ પ્રતિપૃચ્છાના ઘણા લાભો છે. અથવા એક કાર્ય ગુરૂઆજ્ઞાથી કરવાનો પ્રારમ્ભ કર્યા પછી વિઘ્ન આવે તો આઠ શ્વાસોચ્છ્વાસનો, પુનઃ વિઘ્ન આવે તો તેથી બમણો અને ત્રીજીવાર વિઘ્ન આવે તો બીજા સાધુને આગળ કરીને એની નિશ્રામાં કાર્ય કરવું, તેમ છતાં વિઘ્ન આવે તો ગુરૂને પુનઃ પૂછવાથી તેઓ એ માટે માર્ગ જણાવે, ઈત્યાદિ પ્રતિપૃચ્છાનું ફળ છે, એક વખતે પુછવા (આપૃચ્છા કરવા) છતાં કાર્ય કરતી વેળા જો પ્રતિપૃચ્છા ન કરે તો આપૃચ્છા નિષ્ફળ બને છે, માટે પણ પ્રતિપૃચ્છા કરવી જોઇએ, ઈત્યાદિ અન્ય ગ્રન્થોમાં એનું વિશેષ સ્વરૂપ કહેલું છે.

છન્દના—આ સામાચારી પોતાનાં લાવેલાં આહારાદિ અન્ય સાધુને આપવા માટે છે, તે સર્વ સાધુઓને કરવાની નથી, પણ જે આહારાદિ લાવવામાં લાભાન્તરાય કર્મના ક્ષયોપશમાદિથી લબ્ધિવાળો કે અટ્ઠમાદિ વિશિષ્ટ તપ કરનાર હોવાથી માંડલીથી ભિન્ન ભોજન કરનારો હોય તેને કરવાની છે, કારણ કે એવા લબ્ધિવન્ત વિગેરેને બાળ, ગ્લાન વિગેરેને યોગ્ય આહારાદિ મળે તો લાવવાની જિનાજ્ઞા છે. બીજાઓ તો એક વાર સાથે ભોજન કરનારા હોવાથી તેઓને એ પ્રસંગ મળતો નથી. આ છન્દના પણ ગુરૂની સંમતિપૂર્વક કરાય તો ફળ આપે છે, મનસ્વીપણે ગમે તે ગમે તેને લાવી આપે તે વસ્તુતઃ છન્દના નથી. આ છન્દના કરનારને અન્ય સાધુના સંયમ માટે સહાયતા કરવાનો નિર્મળ ભાવ હોવાથી બીજો સાધુ એની વિનંતિનો સ્વીકાર ન કરે તો પણ તેને તો નિર્જરા થાય છે, લેનાર સાધુએ પણ પ્રમાદના પોષણ માટે નહિ, કિન્તુ લાવનારની ભાવનાને સફળ કરવાની બુદ્ધિએ લેવાથી તેને પણ નિર્જરા થાય છે. આ છન્દના (પ્રાર્થના) કરનારે કીર્તિની કે કોઇ બદલાની આશા નહિ કરવી જોઇએ, કિન્તુ સ્વ-પર સંયમની વૃદ્ધિના એક નિર્મળ ધ્યેયથી લાવીને જે વસ્તુ જેને યોગ્ય હોય તેની પ્રાર્થના ગુરૂઆજ્ઞાને અનુસરીને કરવી જોઇએ. ઇત્યાદિ.

નિમન્ત્રણા—આ સામાચારી પણ સ્વાધ્યાયાદિમાં રક્ત હોય તેવા વૈયાવચ્ચ કરવાની ભાવનાવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" वत्तणा संधणा चेव, गहणं सुत्तत्थतदुभए ।
वेयावच्चे खमणे, काले आवकहाइ य ॥६९९॥" (आव० नि०)

**વ્યાખ્યા**—સૂત્રની, અર્થની અને તદુભયની એમ ત્રણની વર્તના, સન્ધના અને ગ્રહણ, કરવા માટે લેવાતી 'જ્ઞાનઉપસમ્પદા' કુલ નવ પ્રકારની છે, તેમાં પૂર્વે ભણેલા અસ્થિરસૂત્રનું અર્થનું કે તદુભયનું ગુણન (એટલે પાઠ કરવો) તેને 'વર્તના' કહી છે, પૂર્વે ભણેલા તે તે સૂત્રાદિમાંનો અન્ય પ્રદેશમાં (જે જે અંશમાં) જે જે ભાગ વિસ્મૃત થયો હોય તેને પુનઃ મેળવવો (વચ્ચે વચ્ચે ભૂલાએલું પુનઃ મેળવીને જોડવું) તેને 'સન્ધના' કહી છે અને સૂત્રાદિ પ્રથમ વાર લેવું-ભણવું, તેને ગ્રહણ કહ્યું છે. એમ સૂત્ર-અર્થ અને તદુભય દરેકના સન્ધનાદિ ત્રણ ત્રણ પ્રકારો ગણતાં જ્ઞાન-ઉપસમ્પદાના નવ પ્રકારો થાય છે. દર્શન ઉપસમ્પદાના પણ એ જ ત્રણ (નવ) ભેદો છે, ભેદ માત્ર એ છે કે દર્શનની (જૈનમતની પ્રભાવના કરે તેવાં 'સન્મતિ તર્ક' વિગેરે શાસ્ત્રોની વર્તના-સન્ધના અને ગ્રહણ કરવા માટે આશ્રય લેવાય તે દર્શન-ઉપસમ્પદા જાણવી, તેના પણ સૂત્ર-અર્થ-તદુભય ભેદે ઉત્તર ભેદો નવ થાય. એમાં ગુરૂઆજ્ઞાથી અને 'અમુકને ઉપસમ્પદા આપવી' એવી ભલામણ જેને કરેલી હોય તે આચાર્ય પાસે, એમ ઉપસમ્પદા લેવામાં એ પદની ચતુર્ભઙ્ગી થાય, તેમાં ('આજ્ઞા પૂર્વક આજ્ઞા કરેલા આચાર્યની પાસે જવું, એ) પહેલો ભાંગો કહ્યો, બીજો-ગુરૂ આજ્ઞા પૂર્વક પણ જેને આજ્ઞા ન કરી હોય તેવા અન્ય આચાર્યની પાસે જવું, ત્રીજો ભાંગો-આજ્ઞા વિના આજ્ઞા કરેલા આચાર્ય પાસે જવું, જેમકે-'હમણાં ત્હારે અમુક આચાર્ય પાસે ન જવું' એમ કહ્યું હોય ત્યારે આચાર્યને (ભણાવવાનો) નિર્દેશ કરવા છતાં શિષ્યને ત્યાં જવાનો નિષેધ હોય તે, અને ચોથો ભાંગો-આજ્ઞા વિના આજ્ઞા નહિ કરેલા આચાર્યની પાસે જવું, જેમ કે-અત્યારે ન જવું, તથા અમુક આચાર્ય પાસે ન જવું, એમ

---

વિશિષ્ટ સાધુને હોય છે અને તે આહાર લાવતા પહેલાં ગુરૂની આજ્ઞા મેળવીને બીજા સાધુઓ માટે આહાર લાવવાની તેઓને પ્રાર્થના કરવારૂપ છે. અહીં એમ પ્રશ્ન થાય કે સ્વાધ્યાયાદિમાં રક્ત સાધુને તો સ્વાધ્યાયાદિ કરવાની ભાવના રહે, વૈયાવચ્ચની ઇચ્છા કેમ થાય ? તેનું સમાધાન એ છે કે જિનવચનનું તાત્વિક પરિભાવન કરનારના હૃદયમાં વિવેકરૂપી દીપક પ્રગટે છે, એ વિવેક પ્રતિકૂળ (જડ) ઇચ્છાઓનો અને પ્રમાદનો નાશ કરે છે, એ બેનો નાશ થવાથી મોક્ષની ઇચ્છા સતત રહે છે, મોક્ષની ઇચ્છાવાળાને પ્રત્યેક સંયમ યોગોમાં પ્રવૃત્તિ કરવાનો શુદ્ધ ભાવ અખણ્ડ રહે છે અને એવા શુભભાવથી તેને માત્ર સ્વાધ્યાયથી સંતોષ નથી થતો પણ વૈયાવચ્ચ કરવાની ઇચ્છા પણ અખણ્ડ રહે છે, માટે વસ્તુતઃ સ્વાધ્યાયાદિમાં રક્ત હોય તેવો જ સાધુ ભાવથી આ સામાચારીનો અધિકારી બને છે. એને 'મારવાડમાં કલ્પવૃક્ષની જેમ સંસારમાં મનુષ્યપણાની પ્રાપ્તિ અતિદુર્લભ છે, માટે તેમાં પ્રમાદ ન કરવો જોઇએ' એવી તીવ્રશ્રદ્ધા પ્રગટવાથી અપ્રમત્ત હોય છે. ભૂખ્યાને જેમ ભોજનની ઇચ્છા મટતી નથી તેમ મોક્ષાર્થીને સંયમનાં કાર્યોની ઇચ્છા અખણ્ડ રહે છે, આવી વૈયાવચ્ચની ઇચ્છા પણ દરેકને દરેક પ્રકારની થાય તે ઉચિત નથી, પણ જે કાર્ય કરવાની જેનામાં યોગ્યતા (અધિકારીપણું) હોય તેને તે પ્રકારની ઇચ્છા ઉપકારક છે, માટે પોતાની ઇચ્છા યોગ્ય છે કે નહિ તે નિર્ણય કરવા ગુરૂની આજ્ઞા મેળવવી જોઇએ, તેઓની આજ્ઞા મળે તો આજ્ઞા પાલનરૂપ નિમન્ત્રણાનો લાભ મળે અને તેઓ નિષેધ કરે તો નિમન્ત્રણા નહિ કરવા છતાં ગુરૂઆજ્ઞાના પાલનનો લાભ મળે, માટે આ નિમન્ત્રણા સામાચારીના પાલન (વૈયાવચ્ચ) માટે ગુરૂ આજ્ઞાને અનુસરીને અન્ય સાધુઓના કાર્યની પ્રાર્થના કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્ને નિષેધ છતાં ત્યાં જાય તે ચોથો ભાંગો. તે ચારમાં પહેલો શુદ્ધ છે, બાકીના ત્રણ ભાંગા અશુદ્ધ છે. [૨૦૧]કારણ કે-પ્રથમ સ્વગુરૂની પાસે સૂત્ર-અર્થ (અને તદુભય) ગ્રહણ કર્યા પછી તેથી અધિક ભણવાની શક્તિવાળો તે બુદ્ધિમાન સાધુ ગુરૂ આજ્ઞાથી ગુરૂને જે ઈષ્ટ હોય (જેની પાસે ભણવા મોકલે) તેઓની પાસે ઉપસમ્પદા લે (તેઓની નિશ્રા સ્વીકારે), એવો ઉપસમ્પદાનો કલ્પ (વિધિ) છે. તે માટે કહ્યું છે કે—

**" उवसंपयाय(ए) कप्पो, सुगुरुसगासे गहीअसुत्तत्थो ।**
**तदहिगगहणसमत्थो-ऽणुन्नाओ तेण संपज्जे ॥९८६॥" (पञ्चवस्तु०)**

**ભાવાર્થ**-ઉપસમ્પદા સ્વીકારનારાઓની આ વ્યવસ્થા છે કે-સ્વગુરૂની પાસે જેણે સૂત્ર-અર્થ ગ્રહણ કર્યાં હોય તેવો તેથી અધિક ભણવા માટે સમર્થ પ્રાજ્ઞ સાધુ ગુરૂની આજ્ઞાપૂર્વક, ગુરૂ ઉપસમ્પદા માટે જે આચાર્ય પાસે મોકલે તે અમુક આચાર્યની ઉપસમ્પદા સ્વીકારે.

તેમાં પણ પાછળ ગુરૂની પાસે રહેનારો સાધુ પરિવાર અપરિણત (અશિક્ષિત) હોય કે અન્ય પરિવાર (સાધુઓ) ન હોય તો શિષ્યે ગુરૂની પાસે ઉપસમ્પદા માટે અનુજ્ઞા માગવી જોઇએ નહિ, તથા જેની પાસે જાય તે આચાર્યે પણ તેવા પ્રસઙ્ગે આવેલાને રાખવો નહિ. અર્થાત્ આવનારો ગુરૂને એકલા મૂકીને કે અશિક્ષિત સાધુઓને ગુરૂ પાસે મૂકીને આવ્યો હોય તો અન્ય આચાર્યે તેને રાખવો જોઇએ નહિ. વળી ગુરૂએ જે આચાર્યની પાસે જવાની આજ્ઞા કરી હોય તે આચાર્યની પાસે ઉપસમ્પદા સ્વીકારતાં અને આપતાં બન્નેએ પણ પરસ્પર પરીક્ષા કરવી જોઇએ. જેમકે-આવનાર સાધુ ત્યાંના સાધુઓ ઉન્માર્ગે પ્રવૃત્તિ કરતા હોય તો તેઓને સન્માર્ગમાં પ્રેરે ત્યારે તેઓ 'મિચ્છામિ દુક્કડં' (ન) [૨૦૨] આપે, પુનઃ અસંયમમાં પ્રવૃત્તિ કરતા તે સાધુઓને ભૂલ સમજાવે છતાં તેઓ ન માને, એવું ત્રણથી વધારે વાર થાય તો ગુરૂને કહે, અને ગુરૂ તેઓની ભૂલમાં સંમત થાય તો તે ગુરૂ પણ શીતળ (શિથિલ) છે.' એમ માની આવનારો તેઓને છોડી દે (ત્યાં ન રહે) અને જો ગુરૂ શિષ્યોની ભૂલમાં સંમત થાય તો રહે. એ પ્રમાણે ગુરૂએ પણ આગન્તુકની પરીક્ષા માટે તેને અધિક કઠોર વચન કહેવાં તે તેમનો આચાર છે. (એવાં વચનોથી પણ વિનય ન ચૂકે તો તેને યોગ્ય સમજવો.) એ રીતે પરસ્પર યોગ્ય ગુરૂ શિષ્યનો (નિર્ણય) સ્વીકાર થયા પછી (આગન્તુકે) ગુરૂને શ્રુત સંબન્ધ વિગેરેનું નિવેદન કરવું, અર્થાત્ 'અમુક શ્રુતથી આગળ બાકી રહેલો અભ્યાસ અમુક કાળ સુધીમાં કરવા માટે આવ્યો છું" વિગેરે જણાવવું.

આભાવ્યવ્યવહારનું (શિષ્ય કે વસ્ત્રપાત્રાદિ, સચિત્ત કે અચિત્ત વસ્તુઓ મળે તે કોની ગણાય, કોની નહિ? વિગેરે અધિકારની શાસ્ત્રીય વ્યવસ્થાનું શિષ્યે (આવનારે) પાલન

૨૦૧-આવશ્યક વૃત્તિમાં ચૂર્ણિમાં, અને પંચાશકમાં 'સૂત્ર-અર્થના જ્ઞાનનો પ્રવાહ ચાલુ રહે, એવા શુભ આશયથી ગુરૂ આજ્ઞા વિના પણ ભણતાં-ભણાવતાં બીજો ત્રીજો અને ચોથો ભાંગો પણ એકાન્ત અશુદ્ધ નહિ, અપવાદે શુદ્ધ કહેલો છે.

૨૦૨-પઞ્ચવસ્તુકની ૯૯૦ ગાથાની ટીકામાં **'मिथ्यादुष्कृतादाने'** પાઠ છે અને ધર્મસંગ્રહની છાપેલી તેમજ લખેલી પ્રતોમાં **'मिथ्यादुष्कृतदाने'** પાઠ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું જોઈએ. તે મર્યાદા એવી છે કે—પોતાના ગુરૂની પાસેથી અહીં આવતાં માર્ગમાં શિષ્યાદિ જે જે મળ્યું હોય તે નાલબદ્ધવલ્લી[૨૦૩]સિવાયનું હોય તે તે (ઉપસમ્પન્ન) ગુરૂને આપવું અને ગુરૂએ પણ એ વ્યવહારનું પાલન કરવું. એમ કરવાથી ગુરૂને આગન્તુક ઉપર કે તેને મળેલા શિષ્યાદિ ઉપર પોતાનું સ્વામિત્વ ન થાય, નિઃસંગતાનું રક્ષણ થાય, ઇતર એટલે ઉપસંપન્નની અપેક્ષાએ પોતાના મૂળ ગુરૂ, તેઓની પૂજા પણ નાલબદ્ધ શિષ્યાદિ ઉપસમ્પન્ન ગુરૂને ન આપતાં તેઓને આપવાથી થાય, (અથવા 'ઈતર' એટલે પોતાના મૂળ ગુરૂની અપેક્ષાએ બીજા ઉપસમ્પન્ન ગુરૂને નાલબદ્ધ સિવાયનું આપવાથી તેઓની પૂજા થાય, એમ અર્થ સમજવો. આ પ્રકારનો પરસ્પરનો કલ્પ છે એમ શ્રી જિનેશ્વરે કહેલું છે). એ વ્યવહાર સાચવવાથી બન્નેનો પરસ્પર શુભ ભાવ (વાત્સલ્ય અને પૂજ્ય ભાવ ન ઘટે (પ્રગટે) અને તેથી શ્રુતજ્ઞાન પણ યથાર્થ (ચારિત્રમાં શુદ્ધિ–વૃદ્ધિકારક થાય તે રીતે) પરિણામ પામે (આત્મસાત્ થાય). અન્યથા ભણવા–ભણાવવા છતાં પ્રયત્ન વ્યર્થ થાય, માટે શિષ્યે આભાવ્ય દાન કરવું અને ગુરૂએ પણ લોભથી નહિ, કિન્તુ આગન્તુકને અનુગ્રહ કરવાની બુદ્ધિએ સ્વીકારવું જોઇએ. ૨૦૪

ચારિત્ર માટેની ઉપસમ્પદાના બે પ્રકારો જણાવતાં (ઉપર આવશ્યક નિર્યુક્તિની ૬૯૯ મી ગાથાના ઉત્તરાર્દ્ધમાં) કહ્યું કે "वेयाच्चे खमणे काले आवकहाइ अ" અર્થાત્ ચારિત્રની ઉપસમ્પદા એક વૈયાવચ્ચ વિષયક અને બીજી ક્ષપણ (તપ) વિષયક કહી છે, તે કાળની અપેક્ષાએ યાવજ્જીવ સુધીની અને (ગાથામાં કહેલા 'ચ' પદથી) અમુક મર્યાદિત કાળ સુધીની પણ હોય છે. તેનું સ્વરૂપ (ભાવાર્થ) આ પ્રમાણે છે–પોતાના ચારિત્ર (નીવૃદ્ધિ કે શુદ્ધિ) માટે કોઈ સાધુ આચાર્યની વૈયાવચ્ચ કરવાનું સ્વીકારે ત્યારે કાળથી તે અમુક કાળ કે યાવજ્જીવ સુધી પણ વૈયાવચ્ચકાર થાય. એ પ્રમાણે કોઈ તપસ્વી તપ માટે ઉપસમ્પદા સ્વીકારે તો પણ તે અમુક કાળ સુધી કે યાવજ્જીવ તેઓની નિશ્રામાં રહે.

જ્ઞાનની ઉપસમ્પદા સ્વીકારવાનો વિધિ પઞ્ચવસ્તુકમાં એ રીતે કહ્યો છે કે—

**"मज्जण निसे(सि)ज्ज अक्खे(क्खा), किइकम्मुस्सग्ग वंदणं जिट्ठे ॥**
**भासंतो होइ जिट्ठो, न उ परिया(पज्जा)एण तो वंदे ॥१००१॥" (पञ्चवस्तु)**

**ભાવાર્થ**—ભૂમિપ્રમાર્જન, નિષદ્યા (આસન), અક્ષ (સ્થાપનાચાર્ય), કૃતિકર્મ (વન્દન), કાયોત્સર્ગ, અને જ્યેષ્ઠને વન્દન, એ છ દ્વારોથી આ વિધિ કહીશું, તેમાં વાચનાદાતા પર્યાયથી લઘુ હોય તો પણ જ્ઞાનથી રત્નાધિક હોવાથી તેઓને વાંદવા. હવે પ્રત્યેક દ્વારોને વર્ણવે છે કે—

---

૨૦૩–શાસ્ત્રમાં આ બાવીસને નાલબદ્ધ કહેલાં છે–માતા, પિતા, ભાઇ, બ્હેન, પુત્ર, પુત્રી. મોસાળના દાદા, દાદી, મામો, માસી પોતાનાં દાદો, દાદી, કાકો, ફોઇ, ભત્રીજો, ભત્રીજી, ભાણેજ, ભાણેજી. પુત્રનાં પુત્ર–પુત્રી અને પુત્રીનાં પુત્ર–પુત્રી. એ બાવીશ નાલબદ્ધ કહ્યાં છે, તે સિવાયનાં કોઇ દીક્ષા લેવા માગે તો તે ઉપસમ્પન્ન ગુરૂને આપવાં, અને એ બાવીશ પૈકીનો કોઇ દીક્ષાર્થી આવે તો પોતાના મૂળ ગુરૂને સોંપવો.

૨૦૪–ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ અપ્રાપ્તિના યોગે થતા રાગ–દ્વેષાદિના પરિણામથી બન્ધાતું કર્મ સંસારમાં જન્મ મરણાદિના કલેશોનો અનુભવ કરાવે છે, માનવ જીવન અને એમાં પણ સાધુધર્મ એવાં નિમિત્તોની સામે આત્માને સમભાવ કેળવવાનું બળ પૂરે છે, છતાં સમતાના અભ્યાસ કાળમાં જીવ એવા નિમિત્તોને વશ બની જ્યારે સમતાને ચૂકે છે ત્યારે શાસ્ત્રીય વ્યવસ્થા એને એમાંથી બચાવી લે છે. ઉપર કહેલો આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ठाणं पमज्जिऊणं, दोन्नि निसिज्जा उ हुं(हों)ति कायव्वा ।
एक्का गुरुणो भणिआ, बीआ पुण होइ अक्खाणं ॥१००२॥" (पञ्चवस्तु)

**વ્યાખ્યા**–પ્રથમ (વાચનાનું) સ્થળ–ભૂમિ પ્રમાર્જન કરીને ત્યાં બે આસનો કરવાં, એક વાચનાચાર્ય (ગુરૂ) માટે અને બીજું સમવસરણ (સ્થાપનાચાર્ય) માટે. સમવસરણ કર્યા (સ્થાપનાચાર્ય) વિના વ્યાખ્યા (વાચના) નહિ કરવી એ ઉત્સર્ગ માર્ગ જાણવો. એમ પ્રમાર્જના આસન, અને સ્થાપનાચાર્ય એ ત્રણ દ્વારો કહ્યાં, ચોથા વન્દન દ્વારને માટે કહ્યું છે કે—

" दो चेव मत्तगाइं, खेले काइअ सदोसगस्सुचिए ।
एवंविहो वि णिच्चं, वक्खाणिज्जत्ति भावत्थो ॥१००३॥"

" जावइआ य(उ) सुणिंति, सव्वेवि हु ते तओ अ उवउत्ता ।
पडिलेहिऊण पोत्तिं, जुगवं वंदंति भावणया ॥१००४॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–માત્રક એટલે શરીરસમાધિ માટેનાં પાત્રો (કુંડીઓ), તેનો અહીં પ્રસઙ્ગ નથી તો પણ વાચના વખતે ગુરૂની શરીર સમાધિ માટે તે જરૂરી હોવાથી કૃતિકર્મદ્વારમાં જ એનું વિશેષ વર્ણન કરવું અનુચિત નથી. માત્રકની જરૂર એ કારણે છે–કે અર્દ્ધવાચનાએ માત્રુ વિગેરે અવશ્ય કારણે ઉઠે તો વાચનામાં અન્તરાય પડે અને ન ઉઠે તો શરીરની પીડા થાય, વિગેરે દોષો સ્વયં સમજી લેવા. માટે એક થૂંકવા માટે અને એક કાયિકી (માત્રુ) માટે એમ બે કુંડીઓ ગુરૂના ઉપયોગ માટે વાચના લેવાની હોય ત્યાં લાવીને યોગ્ય સ્થળે (આશાતના ન થાય ત્યાં) મૂકે. આ કહેવામાં આશય એ છે કે–એવી બીમારીવાળા પણ વ્યાખ્યાનકાર (શરીર સ્વાસ્થ્ય પહોંચે ત્યાં સુધી) નિત્ય વાચના આપે. આ કુંડીઓ પ્રત્યેક વાચનાચાર્ય માટે નહિ, પણ શરીર દોષથી દૂષિત (માંદા વિગેરેને) માટે જ મૂકવી. (૧૦૦૩) તે પછી જેટલા વાચના લેનારા હોય તે સઘળા ઉપયોગ પૂર્વક મુખવસ્ત્રિકાનું (અને શરીરનું) પડિલેહણ કરીને ભાવથી નમ્ર બનીને ગુરૂને વન્દન કરે (વાંદણાં દે). (૧૦૦૪)

એ ચોથું દ્વાર કહ્યું. કાયોત્સર્ગ (અને વન્દન) દ્વાર માટે કહ્યું છે કે—

આભવત્ વ્યવહાર' એ રીતે સમભાવનો સાધક હોવાથી તેનું પાલન અતિ હિતકર છે. શિષ્યાદિનું મમત્વ તજવું દુષ્કર હોવાથી વર્તમાન કાળે તો આ વ્યવહારની અતિ આવશ્યકતા છે, એ પ્રમાણે દિગબન્ધમાં (દીક્ષાદિ પ્રસંગે ગુરૂ–શિષ્યના નામ સ્થાપનમાં) પણ ચતુર્વિધ શ્રી સંઘની સામે કુલ, ગણ, આચાર્ય, વિગેરેના નામ સાથે ગુરૂનું અને શિષ્યનું નામ ત્રણ વાર જાહેર કરવામાં આવે છે તેમાં પણ અન્તર્ગત કોઈના શિષ્ય ઉપર કોઈ બીજો હક્ક ન કરે કે શિષ્ય પણ સ્વગુરૂને છોડી ન દે તે ભાવ સમાએલો છે. એમ શ્રી જિનાગમમાં જણાવેલા વ્યવહારો સમતારૂપી સામાયિકની (ચારિત્રની) સાધનામાં અતીવ ઉપકારી છે. આવા શાસ્ત્રીય વ્યવહારોના નિર્મળ અને સતત પાલન વિના અનાદિ વિષય કષાયોના આક્રમણ-માંથી બચવા માટે અને ચારિત્રના પ્રકર્ષને સાધવા માટે કોઈ આધાર નથી એમ લાગ્યા પછી એનું પાલન દુષ્કર લાગતું નથી. ધર્મસંગ્રહની છપાએલી અને હસ્તલિખિત પ્રતોમાં આપાઠ અશુદ્ધ અને કંઈક અધુરો જણાયાથી અહીં આભાવ્યવ્યવહારનું વર્ણન પઞ્ચવસ્તુકની ગા. ૯૯૦ ની ટીકાના આધારે કર્યું છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" सव्वेवि उ उस्सग्गं, करिंति सव्वे पुणो वि वंदंति ।
नासन्ने नाइदूरे, गुरुवयणपडिच्छगा होंति ॥१००५॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–પછી સર્વ સાધુએ વિઘ્નની શાન્તિ માટે વાચનાના પ્રારમ્ભમાં (અનુયોગ આઢાવણાર્થં) કાયોત્સર્ગ કરે, અને તેને પારીને પુનઃ ગુરૂને વન્દન કરે (વાંદણાં દે). પછી બહુ દૂર નહિ, બહુ નજીક નહિ, એમ ગુરૂના અવગ્રહની બહાર (આસનથી સાડા ત્રણ હાથ દૂર) બેસીને ગુરૂના શબ્દોને સાંભળવામાં ઉપયોગ રાખે (ઉપયોગથી સાંભળે). સાંભળવાનો વિધિ કહ્યો છે કે–

" णिद्दाविगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं ।
भत्तिबहुमाणपुव्वं, उवउत्तेहिं सुणेअव्वं ॥१००६॥
अभिकंखंतेहिं सुहा(भा)सिआइं वयणाइं अत्थमहु(सा)राइं ।
विम्हिअमुहेहिं हरिसागएहिं हरिसं जणंतेहिं ॥१००७॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–નિદ્રા–વિકથાનો ત્યાગ કરીને, ગુપ્ત (એકાગ્ર) થઈને (બીજી ચેષ્ટાઓને તજીને), બે હાથથી અઞ્જલી સમ્પુટ કરીને (હાથ જોડીને), ભક્તિ બહુમાન પૂર્વક, ઉપયુક્ત થઈને, સૂત્રને કે અર્થને સાંભળવું. (૧૦૦૬) તથા ગુરૂના–મુખમાંથી નીકળતાં અર્થથી મધુર (પરલોકનું હિત કરનારાં; શ્રેષ્ઠ અર્થવાળાં) સુભાષિત વચનોને 'આપે શ્રેષ્ઠ સમજાવ્યું' ઈત્યાદિ બોલવા પૂર્વક, જોનારને પણ શ્રોતાનો આનન્દ દેખાય તેવી મુખમુદ્રા કરીને, રોમરાજી વિકસ્વર થાય તેવો હર્ષ પામીને અને બીજાઓને (ગુર્વાદિકને) પણ એ જોઈને હર્ષ પ્રગટે તેવો ગુરૂ પ્રત્યે આદર (સંવેગ) પ્રગટ કરીને (વ્યાખ્યાન) સાંભળવું જોઈએ. (૧૦૦૭)

એમ સાંભળવાથી ગુરૂને પણ પ્રગટતા અતીવ સંતોષથી શિષ્યને થતા લાભોને કહે છે—

" गुरुपरिओसगएणं, गरुभत्तीए तहेव विणएणं ।
इच्छिअसुत्तत्थाणं, खिप्पं पारं समुवयंति ॥१००८॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–ગુરૂને સંતોષ થવાથી, ગુરૂની ભક્તિ (સેવા–ઉપચાર) કરવાથી અને વિનયથી (સદ્ભાવથી સાંભળતો શિષ્ય) ઈચ્છિત સૂત્ર–અર્થનો જલ્દી પાર પામે છે, અર્થાત્ શાસ્ત્રનાં ગૂઢ રહસ્યોને પણ શીઘ્ર સમજી શકે છે. (૧૦૦૮) એમ વિધિપૂર્વક શ્રવણ કર્યા પછી–

" वक्खाणसमत्तीए, जोगं काऊण काइआईणं ।
वंदंति तओ जिट्ठं, अन्ने पुव्वं चिअ भणंति ॥१००९॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–વ્યાખ્યાન (વાચના) સમાપ્ત થાય ત્યારે 'કાયિકી' વિગેરેનો યોગ કરીને (માત્રુ વિગેરેની બાધા ટાળીને) અને આદિશબ્દથી ગુરૂની વિશ્રામણા વિગેરે કરીને, પછી જ્યેષ્ઠને એટલે (પર્યાયે લઘુ હોય તેવા પણ) વાચનાચાર્યને સઘળા વાંદે. અન્ય આચાર્યોએ કાયિકી આદિ કર્યા પહેલાં (અને આવ૦ નિર્યુક્તિની ગા૦ ૭૧૦ના અભિપ્રાયે વ્યાખ્યાન શરૂ થતાં પહેલાં) વન્દન કરવાનું કહેલું છે. વાચનાચાર્ય લઘુ છતાં વન્દન કરવાનું કારણ એ કહ્યું છે કે—

" जइवि वयमाइएहिं, लहुओ सुत्तत्थधारणापडुओ ।
वक्खाणलद्धिमं जो, सो च्चिअ इह घिप्पई जिट्ठो ॥१०१२॥" (पञ्चवस्तु)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**—વય, દીક્ષાપર્યાય, વિગેરેથી લઘુ હોય તો પણ જે સૂત્ર–અર્થને યાદ રાખવામાં સમર્થ હોય અને (સરળતાથી સમજાવવું, શિષ્યોને આવર્જન કરવું, વિગેરે) વ્યાખ્યાનની શક્તિવાળો હોય તેને અહીં (વાચનામાં) જ્યેષ્ઠ તરીકે સ્વીકારવો. (૧૦૧૨)

અહીં એમ પ્રશ્ન થાય કે–ઓછા પર્યાયવાળા વાચનાચાર્યને જ્યેષ્ઠ માનવાથી વધુ પર્યાયવાળાની, અને બીજી બાજુ વધુ પર્યાયવાળા પણ વાચનાલબ્ધિ રહિતને જ્યેષ્ઠ માનવાથી વાચનાચાર્યની, એમ વન્દનથી બન્નેની પરસ્પર આશાતના થાય તેનું શું ? (વન્દન વિના જ વાચના લેવાથી શું દોષ ?) તેનું સમાધાન કરે છે કે—

"आसायणा वि णेवं, पडुच्च जिणवयणभासगं जम्हा ।
वंदणगं राइणिए, तेण गुणेणं पि सो चेव ॥१०१३॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–એ રીતે વાચનાચાર્યને વન્દન કરતાં તે શ્રીજિનવચનનો પ્રરૂપક હોવાથી આશાતના પણ થતી નથી, કારણ કે વન્દન રત્નાધિકને કરવાનું કહ્યું છે અને પોતાની વાચના લબ્ધિથી વાચનાચાર્ય રત્નાધિક છે જ [૨૦૫](૧૦૧૩).

એ જ્ઞાનઉપસમ્પદાનો વિધિ કહ્યો, દર્શન ઉપસમ્પદાનો વિધિ પણ બન્નેમાં યુક્તિ–સમાધાન તુલ્ય હોવાથી જ્ઞાનઉપસમ્પદાની તુલ્ય જ કહ્યો સમજવો. દર્શનપ્રભાવક 'શ્રી સન્મતિ

૨૦૫–અહીં કહેલાં વાચનાની વિધિનાં છ દ્વારો પૈકી પહેલામાં અપ્રમાર્જિતભૂમિએ બેસીને વાચના આપવા–લેવાનો નિષેધ એ કારણે છે કે શ્રુતવાચના જ્ઞાનાચારની આરાધના રૂપ છે, આ જ્ઞાનાચારની આરાધના ચારિત્રના અર્થીને ચારિત્રની વિરાધના ન થાય તે રીતે કરવી યોગ્ય છે, અન્યથા ચારિત્રની વિરાધનાથી જ્ઞાનની પણ વિરાધના થાય જ છે. એ કારણે ભૂમિપ્રમાર્જનરૂપ ચારિત્રની આરાધના પૂર્વક જ્ઞાનની આરાધના કરવી જોઈએ. સાધુને મુખ્ય માર્ગે સર્વ કાર્યોમાં સંયમયાત્રાની વિરાધના ન થાય તેમ વર્તવાનું કહેલું છે, જ્ઞાનાદિની પ્રવૃત્તિનું સાધ્ય ચારિત્ર છે, તેને વિરાધીને કરેલી જ્ઞાનાચારની, દર્શનાચારની, તપાચારની કે વીર્યાચારની, કોઈપણ પ્રવૃત્તિ હિતાવહ નથી. સ્થાપના દ્વારમાં સ્થાપનાચાર્યની નિશ્રા વિના જ ગુરૂએ વાચના આપવી તે પણ ઉત્સર્ગથી અયોગ્ય કહેલી છે, કૃતિકર્મ દ્વારમાં વાચના માટે અધિકારી એવા જ્ઞાનીને માંદગી છતાં શક્તિ પહોંચે ત્યાં સુધી વાચનાનું (વ્યાખ્યાનનું) દાન કરવાનું કહ્યું, તેથી સશક્ત નીરોગીને તો અવશ્ય વાચના આપવી જોઈએ એમ સિદ્ધ થાય છે, એથી અધિકારી છતાં શિષ્યાદિને ભણાવવામાં પ્રમાદ કરનાર વિરાધક સમજવો, કારણ કે શ્રી જિનશાસનની (પ્રવચનની) વિદ્યમાનતા (પ્રવાહ) ટકાવવા માટે જ્ઞાનદાન મુખ્ય સાધન છે, તેનો પ્રવાહ અટકે તેટલી શાસનની કુસેવા થાય છે. વીતરાગ વચનને જગતમાં પ્રચારવું અને આચરવું એ સાધુજીવનનું મુખ્ય કર્ત્તવ્ય છે, જો શિષ્યાદિ અજ્ઞાન રહે તો પરિણામે ક્રિયા પણ અજ્ઞાનક્રિયારૂપ જ રહે અને જ્ઞાન (સમજણ) વિનાની તેવી ક્રિયા પણ આખરે નાશ પામે. જ્યાં જ્યાં ક્રિયા પ્રત્યે અનાદર દેખાય છે ત્યાં ક્રિયાના લાભોનું અજ્ઞાન મુખ્ય હેતુ હોય છે. વરદત્તના જીવે પૂર્વભવમાં અધિકારી છતાં જ્ઞાનદાન પ્રત્યે કરેલા અનાદરથી ગાઢ જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કર્યું હતું એ વાત જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. આઠ પ્રભાવકોમાં પણ પ્રાવચની અને ધર્મકથીનો નંબર આગળ છે તેમાં પણ આ હેતુ છે. જો કે એનો અર્થ એવો નથી કે અનધિકારીએ પણ સૂત્રદાન કરવું જ જોઇએ, શાસ્ત્રનાં રહસ્યોને તથાવિધ ક્ષયોપશમના બળે વિનયપૂર્વક ગુરૂકૃપાથી મેળવ્યાં હોય અને જે શિષ્યાદિનું આવર્જન કરવાની લબ્ધિવાળો (પુણ્યશાળી) હોય તેણે જિનવચનના પ્રવાહને શાસનના છેડા સુધી પહોંચાડવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તર્ક વિગેરે શાસ્ત્રોને ભણવા માટે જ દર્શનઉપસમ્પદા કહી છે, એથી તેનો વિધિ પણ જ્ઞાનના તુલ્ય જ છે. ચારિત્ર ઉપસમ્પદાનો વિધિ કહ્યો છે કે—

" दुविहा य चरित्तंमी, वेयावच्चे तहेव खमणे य ।
णिअगच्छा अण्णंमि य, सीअणदोसाइणा हुंति ॥७१८॥
इत्तरिआइ विभासा, वेयावच्चंमि तहेव खमणे य ।
अविगिट्ठविगिट्ठंमि य, गणिणा(णो) गच्छस्स पुच्छाए ॥७१९॥" (आव० नि०)

**ભાવાર્થ**—ચારિત્રની ઉપસમ્પદા બે પ્રકારની છે, ૧-વૈયાવચ્ચ માટે અને બીજી તપ માટે. એ ઉપસમ્પદા સીદન (ચારિત્રની હાનિરૂપ) દોષ વિગેરેના કારણે પોતાના ગચ્છમાંથી અન્ય ગચ્છમાં જવારૂપ છે. (૭૧૮) વૈયાવચ્ચની અને તપની આ બન્ને ઉપસમ્પદાઓ ઇત્વરિક (અમુક વિવક્ષિત કાળની) અને જાવજ્જીવની, એમ બે બે પ્રકારની છે, તેમાં તપવાળા માટે એવો વિકલ્પ છે કે વિકૃષ્ટ (અટ્ઠમાદિ) કે અવિકૃષ્ટ તપ માટે આવેલાને આચાર્યે ગચ્છને (નિશ્રામાં રહેલા સાધુઓને) પૂછીને ઉપસમ્પદા આપવી (રાખવો) જોઇએ. (૭૧૯)

અહીં તાત્પર્ય એ છે કે-પોતાના ચારિત્રની વૃદ્ધિ-શુદ્ધિ માટે કોઈ સાધુ આચાર્યની વૈયાવચ્ચ કરવાનું સ્વીકારે, તેમાં કાળની અપેક્ષાએ કોઈ અમુક વિવક્ષિત કાળ માટે અને કોઈ જાવજ્જીવ માટે, એમ બે પ્રકારે સ્વીકારનારા હોય આચાર્યને પણ તે સિવાયનો બીજો વૈયાવચ્ચ કરનારો હોય કે ન પણ હોય. એવા પ્રસઙ્ગમાં કરવાનો વિધિ આ પ્રમાણે છે—

જો બીજો વૈયાવચ્ચ કરનારો ન હોય તો ઉપસમ્પદા લેવા આવેલાનો (અવશ્ય) સ્વીકાર કરે (તેને રાખે), પણ જો પહેલાંનો (અન્ય) હોય તો તે ઇત્વરિક છે કે યાવત્કથિક ? તેમ આવનારો પણ ઇત્વરિક કે યાવત્કથિક કાલ માટે આવ્યો છે તે વિચારવું જોઇએ. જો બન્ને યાવત્કથિક હોય તો બેમાં જે લબ્ધિમાન (ઇષ્ટવસ્તુ લાવવામાં સમર્થ) હોય તેને વૈયાવચ્ચકારક કરવો, અને બીજાને ઉપાધ્યાય વિગેરે બીજા યોગ્યને સોંપવો. જો બન્ને લબ્ધિવાળા હોય તો પ્રથમનો (રહેલો) હોય તેને જ રાખી આગન્તુકને ઉપાધ્યાયાદિને સોંપવો, પણ જો આવનારો એ પ્રમાણે ન માને તો પહેલાને સમજાવીને તેની પ્રસન્નતા પૂર્વક તેને ઉપાધ્યાયાદિને સોંપવો

---

અને શિષ્યાદિ પોતાના આશ્રિતોનો અનુગ્રહ કરવાના નિર્મળ ધ્યેયથી અવશ્ય વાચના આપવી જોઇએ. બીમાર પણ વાચના દાતાએ પોતાની વાચના આપવાની શક્તિ ગોપવી બીજી આરાધના કરવી તે ઉચિત નથી, કારણ કે 'શક્તિ ગોપવ્યા વિના યત્ન કરે તે યતિ' કહેવાય છે. અધિકારીએ સૂત્રદાનને છોડીને અન્યકાર્યમાં પ્રવૃત્તિ કરવી તેને અવિવેક કહ્યો છે, વસ્તુતઃ જે કાર્યમાં જે અધિકારી છે તે તે જ કાર્યને કરે તો વિવેકી કહેવાય છે. વન્દનદ્વારમાં વય અને પર્યાયથી લઘુ છતાં જયેષ્ઠ માનીને વાચનાચાર્યને વન્દન કરવામાં એ પણ કારણ છે કે વાચના લેનારને જે જ્ઞાનગુણ માટે વાચના લેવાની છે તે ગુણથી વાચનાચાર્ય રત્નાધિક હોવાથી વય-પર્યાયથી અધિક હોય તેણે પણ વાચનાચાર્યને વન્દન કરવું તે યુક્તિયુક્ત છે. અપવાદે તો જ્ઞાનગુણથી અધિક એવા પાસત્થાદિને પણ તેનો જ્ઞાન ગુણ મેળવવાના ધ્યેયથી વન્દન કરવાનું વિધાન છે, તેમાં માત્ર તેનો જ્ઞાનાદિ ગુણ અપેક્ષિત હોવાથી શેષ તેના શૈથિલ્યની અનુમોદનાના અભાવે શૈથિલ્યની ઉપબૃંહણા થતી નથી. ઇત્યાદિ યથામતિ વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને નવા આવેલાને પોતાની પાસે રાખવો, છતાં પ્રથમનો (પોતાની પાસે રહેલો) ઉપાધ્યાયાદિની વૈયાવચ્ચ સ્વીકારવા ખુશી ન હોય તો નવા આવેલાને પાછો મોકલવો.

જો પોતાની પાસે રહેલો (જુનો) યાવત્કથિક અને નૂતન આવનારો ઈત્વરિક હોય તો પણ ઉપર પ્રમાણે વિકલ્પ સમજવો, યાવત્ પહેલાંનો ઉપાધ્યાયાદિની વૈયાવચ્ચ ન સ્વીકારે તો નવા આવેલાને નિષેધ કરવો, ભેદ એટલો કે પૂર્વનો યાવત્કથિક ઉપાધ્યાય વિગેરેની પાસે રહેવા ન ઈચ્છે તો પણ પ્રેમ પૂર્વક સમજાવીને નવો રહે ત્યાંસુધી તેને વૈયાવચ્ચથી વિસામો આપવો.

જુનો ઈત્વરિક હોય અને આવનાર યાવત્કથિક હોય તો જુનાને તેની અવધિ સુધી ઉપાધ્યાયાદિ કોઇની વૈયાવચ્ચમાં મૂકવો. શેષ વિકલ્પો (વિધિ) ઉપર કહ્યા તેમ સમજવા.

જો જુનો–નવો બન્ને ઈત્વરિક હોય તો પણ બેમાંથી જે માને તેને સમજાવીને ઉપાધ્યાયાદિની વૈયાવચ્ચમાં મૂકવો, શેષ વિકલ્પો પૂર્વની જેમ. અથવા બેમાંથી કોઈ એકને અવધિ સુધી રાખવો અને બીજાને નિષેધ કરવો. એ પ્રમાણે વિધિપૂર્વક વિકલ્પ (વ્યવસ્થા) કરવાનું સમજવું. એ વૈયાવચ્ચની ઉપસમ્પદાનો વિધિ કહ્યો.[૨૦૬] હવે—

ક્ષપણ (તપ) ઉપસમ્પદાનો વિધિ કહે છે કે–ચારિત્રની વિશિષ્ટ આરાધના માટે કોઈ સાધુ તપ કરવા માટે ઉપસમ્પદા સ્વીકારે, તે પણ ઈત્વરિક અને યાવત્કથિક, એમ બે પ્રકારનો હોય. અહીં 'યાવત્કથિક' એટલે છેવટે અનશન સ્વીકારનારો જાણવો. ઈત્વરિક બે પ્રકારનો હોય, એક ઓછામાં ઓછો અષ્ટમાદિ વિકૃષ્ટ તપ કરનારો અને બીજો ચોથભક્ત, ષષ્ઠભક્ત, સુધી તપ કરનારો. તેમાં વિધિ એવો છે કે–જે અવિકૃષ્ટ હોય તેને આચાર્યે પૂછવું કે–હે આયુષ્મન્! તપના પારણે ત્હારી શક્તિ કેવી રહે છે? જો તે કહે કે 'માંદા જેવો અશક્ત થઈ જાઉં છું' તો આચાર્યે તેને કહેવું કે ત્હારે તપ કરવાથી સર્યું, (તપ નહિ કરતાં) સ્વાધ્યાય–વૈયાવચ્ચ વિગેરેમાં ઉદ્યમ કર!, વિકૃષ્ટ તપવાળાને પણ એ રીતે પૂછવું, તે પણ જો અશક્ત થઈ જતો હોય તો તેને પણ એ જ પ્રમાણે સમજાવવો. અન્ય આચાર્યો તો એમ કહે છે કે–વિકૃષ્ટ તપસ્વી પારણા વખતે ગ્લાનના જેવો અશક્ત થઇ જતો હોય તો પણ તેને સ્વીકારવો, અને જે માસક્ષપણ કરનારો કે અનશન કરનારો (યાવત્કથિક) હોય તેને તો અવશ્ય સ્વીકારવો. તેને સ્વીકારતાં પહેલાં આચાર્યે ગચ્છને પણ પૂછવું જોઇએ કે 'આ તપસ્વી ઉપસમ્પદા ઇચ્છે છે.' જો એમ પૂછવામાં ન આવે તો (ઇચ્છાકાર) સામાચારીનો ભઙ્ગ થાય, કારણ કે–પૂછયા વિના સ્વીકારવાથી ઈચ્છા રહિત ગચ્છના સાધુઓને પ્રેરવા છતાં તેઓ (અશક્ત થએલા) તે તપસ્વીની 'ઉપધિનું પ્રતિલેખન' આદિ (વૈયાવચ્ચ) ન કરે, (પરિણામે આર્ત્તધ્યાનાદિનો પ્રસઙ્ગ

---

૨૦૬–એ રીતે રાખવામાં વૈયાવચ્ચ કરાવવાનો આશય ન રાખતાં પોતે જે મહાન પદથી ભૂષિત છે તે પદની મહત્તાને સાચવવાનો ઉદ્દેશ રાખવાથી પોતાનાં કાર્યો અન્યની પાસે કરાવવાનો દોષ નથી લાગતો, ઉલટું પોતાને પ્રાપ્ત થએલા આચાર્યપદની સેવા કરવા રૂપે મહાન લાભ થાય છે. આગન્તુકને પણ વૈયાવચ્ચ કરવાથી વિશિષ્ટ નિર્જરા થવા ઉપરાન્ત આચાર્યપદની પ્રભાવનામાં પોતે નિમિત્ત થવાથી નિર્મળ પુણ્યબન્ધ થાય છે, એમ વૈયાવચ્ચથી ઉભયને લાભ થાય છે. પોતાને પ્રાપ્ત થએલા પદની રક્ષા કરવાનો (પ્રતિષ્ઠા વધારવાનો) આચાર્યનો ધર્મ છે, એ કરવાથી પ્રવચનની સેવાનો મહાન્ લાભ થાય છે. વૈયાવચ્ચ કરનારો પણ અશુભની નિર્જરા સાથે નિર્મળ પુણ્યકર્મ દ્વારા તેવા પદ માટે લાયક બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે.) જો પૂછવાથી તેઓ પણ એમ કહે કે 'અમારે એક તપસ્વી(ની વૈયાવચ્ચ કરવાની) છે જ, માટે તેનો તપ પૂર્ણ થયા પછી અવશ્ય (નવા તપસ્વીની વૈયાવચ્ચ વિગેરે) કરીશું, તો આવેલાનેત્યાં સુધી પાસે રાખવો. જો ગચ્છના સાધુઓ સર્વથા ન ઈચ્છે તો વિસર્જન (વિદાય) કરવો અને ગચ્છની અનુમતિ મળે તો અવશ્ય સ્વીકાર કરવો. ગચ્છે પણ વિધિપૂર્વક ઉપસમ્પદા સ્વીકારનારા તપસ્વીનાં 'ઉદ્વર્તના (શરીર ચોળવું) વિગેરે' કાર્યો કરવાં. પ્રમાદ કે વિસ્મૃતિ આદિથી જો શિષ્યો તેની વૈયાવચ્ચ ન કરે તો તેઓને આચાર્યે નોદના (પ્રેરણા) કરવી, ઇત્યાદિ સ્વયં સમજી લેવું. [૨૦૭] ચારિત્ર ઉપસમ્પદાની વિધિમાં એટલું વિશેષ છે કે—

"उवसंपन्नो जं कारणं, तु तं कारणं अपूरिं(रें)तो ।
अहवा समाणियंमी, सारणया वा(वि) विसग्गो(वा) ॥७२०॥" (आव० नि०)

**વ્યાખ્યા**–જે કારણથી ઉપસમ્પદા સ્વીકારી હોય અને 'तु' શબ્દથી સામાચારીરૂપ કોઈ પણ કારણે આવ્યો હોય તે વૈયાવચ્ચાદિ કારણને જો તે પૂર્ણ કરતો ન હોય તો આચાર્યે તેને તે યાદ કરાવવું, અથવા જો અવિનીત હોય તો તેને છૂટો કરવો–તજી પણ દેવો, તે પણ જ્યારે તે કારણ પૂર્ણ ન કરતો હોય ત્યારે જ સ્મરણ કરાવવું કે તજી દેવો. કિન્તુ જે કારણે ઉપસમ્પદા સ્વીકારી હોય તે પૂર્ણ કરતો હોય તો પૂર્ણ થાય ત્યારે 'તમારૂં પ્રયોજન સમાપ્ત થયું છે' એમ યાદ કરાવવું, અથવા વિસર્જન કરવો. (તેના મૂળ ગુરૂ પાસે જવાનું કહેવું).

એ રીતે સાધુઉપસમ્પદાનું વર્ણન પૂર્ણ થયું, હવે ગૃહસ્થની ઉપસમ્પદા માટે કહે છે. તેમાં સાધુઓની મર્યાદા છે–કે 'વિહારનો માર્ગ' વિગેરે કોઈ પણ સ્થળે સાધુને થોડો ટાઈમ વૃક્ષની નીચે રોકાવું પડે તો પણ (તેના માલિકની) અનુજ્ઞા મેળવીને રહેવું. કહ્યું છે કે—

"इत्तरिअंपि न कप्पइ, अविदिन्नं खलु परोग्गहाईसु ।
चिट्ठित्तु निसीइत्तु व, तइअव्वयरक्खणट्ठाए ॥७२१॥" (आव० नि०)

**ભાવાર્થ**–ત્રીજા વ્રતના રક્ષણ માટે સાધુને સ્થાનના માલિકે સ્થાનના જે જે ભાગનો ઉપયોગ કરવાની અનુમતિ ન આપી હોય તે અવગ્રહમાં (ભાગમાં) સ્વલ્પ કાળ માટે પણ

૨૦૭–ઉપસમ્પદામાં સાધુતાના વિકાસ માટેની વિશિષ્ટ વ્યવસ્થા છે. જેમ ગૃહસ્થને પોતાના ક્ષેત્રમાં આજીવિકા મેળવવી દુર્લભ હોય, અગર વિશેષ મેળવવાનું શક્ય ન હોય તો પુત્રાદિને વ્યાપારાદિ માટે અન્ય દેશમાં મોકલવાનો વ્યવહાર છે, તેમ શિષ્યને તેની આરાધનાની વિશિષ્ટ ભાવના પૂર્ણ કરવાની ગચ્છમાં સગવડ ન હોય તો જ્ઞાન, વૈયાવચ્ચ અને વિશિષ્ટ તપની આરાધના માટે અન્ય ગચ્છમાં મોકલવાથી ગુરૂને પણ આરાધના થવા સાથે ગુરૂપદની જવાબદારી પણ સચવાય છે. બીજી બાજુ ગુરૂની આજ્ઞાથી વૈયાવચ્ચ કે તપ માટે આવેલાને રાખવામાં જે શાસ્ત્રીય વ્યવસ્થા અહીં કહી છે તે પણ સ્વ-પર અતિ ઉપકારક છે. પોતાના કે પોતાની નિશ્રામાં રહેલા સાધુઓની આરાધનાને કે ભાવનાને ક્ષતિ ન પહોંચે તેમ આગન્તુકને રાખવાથી ઉભયનું હિત સુરક્ષિત બને છે, એટલું જ નહિ, પોતાની તે તે વિષયની શક્તિ અને સામગ્રીનો બીજાની આરાધનામાં ઉપયોગ થવાથી તે સફળ થાય છે, સંકુચિત વૃત્તિનો નાશ થાય છે અને અન્યાન્ય સાધુ સમુદાયનો ધર્મસ્નેહ વધવાથી અન્યજન્મોમાં પણ તે આત્માઓ પરસ્પર ધર્મમાં સહાયક થાય છે. એટલુંજ નહિ, આગામી જન્મોમાં પણ એ સંબન્ધ અખણ્ડ બનીને આખરે મોક્ષમાં (પૂર્ણ) શાશ્વતો બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉભા રહેવું, બેસવું, વિગેરે ન કલ્પે. ગાથામાં 'परोग्गहाईसु' પદમાં આદિ પાઠ છે તેનાથી પરઅવગ્રહના જ બીજા અવાન્તર ભેદો સમજવા.

એ ગૃહસ્થની ઉપસમ્પદા કહી, આ પ્રમાણે સામાચારીનું વર્ણન પૂર્ણ થયું. ચક્રની જેમ પદે પદે ભમે તે કારણે જેનું નામ 'ચક્રવાલ' છે, તે દશ પ્રકારની ચક્રવાલ સામાચારીનું સેવન (પાલન) કરનારા આત્માઓને મહાન્ ફળ મળે છે. કહ્યું છે કે—

**"एयं सामायारिं, जुंजंता चरणकरणमाउत्ता ।**
**साहू खवंति कम्मं, अणेगभवसंचियमणंतं ॥७२३॥" (आव० नि०)**

**ભાવાર્થ**—ચરણ-કરણ સિત્તરીમાં ઉદ્યમી સાધુઓ આ સામાચારીનું પાલન કરવાથી અનેક ભવોનું બાંધેલું અનન્તું કર્મ ખપાવે છે.[૨૦૮]

પ્રવચનસારોદ્ધારમાં તો આ ચક્રવાલ સામાચારી નીચે પ્રમાણે બીજી રીતે વર્ણવી છે—

**"पडिलेहणापमज्जण-भिक्खिरियाऽऽलोय-भुंजणा चेव ।**
**पत्तगधुवणवियारा, थंडिलआवस्सयाईआ ॥७६८।" (प्रव० सारो०)**

**ભાવાર્થ**—૧-સવાર સાંજનું વસ્ત્ર પાત્રાદિનું પ્રતિલેખન, ૨-વસતિની પ્રમાર્જના, ૩-ભિક્ષા માટે ફરવું, ૪-આવીને ઈર્યાપથિકી પ્રતિક્રમણાદિ કરવું, ૫-ભિક્ષા આલોચવી, ૬-આહાર વાપરવો, ૭-પાત્ર ધોવાં, ૮-વડીનીતિ માટે બહાર ભૂમિએ જવું, ૯-૨૭ સ્થણ્ડિલ પડિલેહવાં (માંડલાં કરવાં) અને ૧૦-પ્રતિક્રમણ કરવું, કાલ ગ્રહણ કરવો, ઈત્યાદિ નિત્ય કરવાની દશવિધ સામાચારી પઞ્ચવસ્તુ ગ્રન્થના બીજા દ્વારમાં કહી છે, (તે વિસ્તારના અર્થીએ ત્યાંથી જોઈ લેવી) એનું વર્ણન આ ગ્રન્થમાં ઓઘસામાચારીની અન્તર્ગત લગભગ કહેવાઈ ગયું છે.

હવે ત્રીજી પદવિભાગ સામાચારીને કહેવાનો પ્રસઙ્ગ આવ્યો, તે સામાચારી કલ્પ, વ્યવહાર, નામનાં છેદ સૂત્રોરૂપ છે અને તેનો વિસ્તાર ઘણો છે તેથી અહીં તો માત્ર તેનું સ્વરૂપ જ ટુંકાણમાં કહીએ છીએ. (મૂળ ૧૦૫મા શ્લોકના ઉત્તરાર્દ્ધમાં 'भेदः पदविभागस्तु, स्यादुपसर्गापवादयोः' કહ્યું છે) તેમાં 'ઉત્સર્ગ અને અપવાદ' જેનો અર્થ પૂર્વે જણાવ્યો છે, તે બેનો જે વિભાગ તેને 'પદવિભાગ' જાણવો. અર્થાત્ ઉત્સર્ગ અને અપવાદરૂપ 'બે પદોનો (માર્ગોનો) વિભાગ તે પદવિભાગ' એવી વ્યુત્પત્તિ સમજવી. 'તુ' અવ્યય 'સમ્યક્' એવા વિશેષણાર્થે હોવાથી 'સમ્યગ્ પદવિભાગ' એમ સમજવું. એ બેનો વિવેક બૃહત્કલ્પ, વ્યવહાર, વિગેરે ગ્રન્થોમાં છે, તે તેમાંથી જાણવો. અહીં તો માત્ર 'ઉત્સર્ગ-અપવાદનો સમ્યગ્ ભેદ સમજાવનારી સામાચારી તે પદવિભાગ સામાચારી' એટલું જ સમજવું. તે નિમિત્તની આલોચના અને પ્રાયશ્ચિત્ત, વિગેરે

૨૦૮-આ દશ પ્રકારની સામાચારી સાધુતાની (રાગ-દ્વેષાદિનો વિજય કરવારૂપ) સાધનામાં પ્રબળ સાધન છે એમ તેના સ્વરૂપને વિચારતાં સમજાય તેવું છે. માટે જ શ્રી જિનાજ્ઞાના બહુમાનવાળો અને ગુરૂઆજ્ઞાને આધીન રહીને આ સામાચારીનું પાલન કરનારો મહામુનિ અવશ્ય રાગ-દ્વેષાદિનો વિજય કરી સંસારનાં બીજભૂત અનન્ત કર્મોનો નાશ કરે છે,એમ કહ્યું તે પૂર્ણ સત્ય છે. અહીં જે જે ફળ વિગેરે જણાવ્યું છે તે મહાપુરૂષોએ પોતાના અનુભવથી સિદ્ધ કરેલું હોઈ પરમ સત્ય છે, તેમાં આદર અને શ્રદ્ધા કેળવવાથી જીવને તે લાભો અવશ્ય પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાનું છે તે હવે (ઉપસ્થાપના અધિકારની) પછી કહીશું.

સામાચારીનો અધિકાર પૂર્ણ કરી હવે ઉપસ્થાપના કહે છે—

એ ત્રણ પ્રકારની સામાચારીને આરાધનારા આત્મામાં ઉપસ્થાપનાની એટલે છેદોપસ્થાપના નામના બીજા ચારિત્રની યોગ્યતા પ્રગટે છે, તે જણાવતાં કહે છે કે—

मूलम्–"एवमाराधयन् सामाचारीं सर्वात्मना यतिः ।
भवेदुपस्थापनार्हः, सा च कार्या यथाविधि ॥१०६॥"

**મૂળનો અર્થ**–એ પ્રમાણે સામાચારીનું અખણ્ડ આરાધન કરતો સાધુ ઉપસ્થાપના માટે યોગ્ય બને, ત્યારે તે ઉપસ્થાપના વિધિપૂર્વક કરવી.

**ટીકાનો ભાવાર્થ**–ઉપર જેનું સ્વરૂપ જણાવ્યું તે સામાચારીનું 'સર્વ પ્રયત્નથી' એટલે અખણ્ડ (સતત) પાલન કરતો 'યતિ' એટલે જેનું સ્વરૂપ ગ્રન્થના પ્રારમ્ભમાં જ કહ્યું તેવો સાધુ, 'ઉપસ્થાપના' એટલે જેના દ્વારા વ્રતોનું આરોપણ કરાય તે (પાંચ ચારિત્રો પૈકી) બીજા ચારિત્રને યોગ્ય બને છે. તેથી હવે તેની જ કર્ત્તવ્યતા જણાવે છે કે-(શિષ્યમાં) તે ઉપસ્થાપના ગુરૂએ યથાવિધિ એટલે આગમમાં કહેલા વિધિ પ્રમાણે કરવી. તેમા પહેલાં ઉપસ્થાપના માટે શિષ્યની યોગ્યતાનું સ્વરૂપ જણાવે છે કે—

मूलम्–"ज्ञातशस्त्रपरिज्ञादि–स्त्यागादिगुणसंयुतः ।
प्रियधर्माऽवद्यभीरु–रुपस्थाप्योऽयमुच्यते ॥१०७॥"

**મૂળનો અર્થ**—'શસ્ત્રપરિજ્ઞા અધ્યયન' આદિ શાસ્ત્રોને અર્થ પૂર્વક જેણે જાણ્યાં છે, ત્યાગ, શ્રદ્ધા, સંવેગ, વિગેરે ગુણોથી જે યુક્ત છે, ચારિત્રધર્મ જેને પ્રિય છે અને હિંસાદિ પાપોનો જેને ભય પ્રગટ્યો છે, તેને ઉપસ્થાપના માટે યોગ્ય કહેલો છે.

**ટીકાનો ભાવાર્થ**–શ્રીજિનેશ્વરોએ આવા સાધુને ઉપસ્થાપના એટલે મહાવ્રતોનું આરોપણ કરવા માટે યોગ્ય કહ્યો છે, એ યોગ્યતાને જ કહે છે કે-'જાણ્યાં છે શસ્ત્રપરિજ્ઞાદિ શાસ્ત્રો જેણે' અહીં 'શસ્ત્ર પરિજ્ઞા' એટલે આચારાઙ્ગસૂત્રનું પ્રથમ અધ્યયન સમજવું, તથા આદિ શબ્દથી દશવૈકાલિક, વિગેરે આગમને જેણે અર્થથી જાણ્યાં છે તેવો, 'અર્થથી' એમ કહેવાનો આશય એ છે કે સૂત્ર તો જેને જે જેટલું ઉચિત હોય તે તેટલું જ ભણાવી શકાય છે. વસ્તુતઃ શસ્ત્રપરિજ્ઞાદિ અર્થથી જેણે જાણ્યાં હોય તે જ જયણામાં કુશળ બની શકે છે, કારણ કે એવા અર્થના જ્ઞાન વિના દયાને પાલી (કરી) શકાતી નથી.[૨૦૯]પૂર્વર્ષિનું કથન છે કે—

૨૦૯–શાસ્ત્રોને જાણ્યા વિના અહિંસાદિ મહાવ્રતોનું પાલન શકય નથી, કારણ કે સાધુને સર્વ કાર્યમાં એક શાસ્ત્ર જ નિર્મળ ચક્ષુ છે, જેમ અન્ધ માર્ગ–અમાર્ગનો નિર્ણય કરી શકતો નથી તેમ અજ્ઞ પણ કાર્યાકાર્યનો વિવેક કરી શકતો નથી. શાસ્ત્રો જાણવા છતાં વિષય-કષાયાદિનો ત્યાગ ન હોય તો અહિંસાનું પાલન શકય નથી, કારણ કે હિંસાનાં એ મુખ્ય કારણો છે, વિષયાદિનો ત્યાગ પણ શ્રદ્ધા-સંવેગ વિનાનો હોય તો તે વૈરાગ્ય મૂલક નહિ હોવાથી ઉલટો રાગનો અને દ્વેષનો પોષક બને છે, પરિણામે હિંસાદિ અનિવાર્ય બને છે. માટે જ્ઞાની અને ત્યાગાદિ ગુણવાળો ઉપસ્થાપનાનો યોગ્ય બને છે એમ છતાં સંયમ પ્રત્યે પ્રીતિ ન હોય તો પ્રાપ્ત થએલાં મહાવ્રતોથી જે સંયમમાં (આત્મશુદ્ધિમાં) વિકાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही ?, किं वा नाहीहि ? छेअपावगं ॥"दश०वै० अ०४॥

**ભાવાર્થ**—"પ્રથમ (છ કાય જીવોનું સ્વરૂપ, તેના પ્રકારો, તેની હિંસાનાં નિમિત્તો, રક્ષાના ઉપાયો અને અહિંસાનું ફળ, વિગેરેને જણાવનારૂં) જ્ઞાન[૨૧૦] અને પછી 'દયા' એટલે સંયમ, એમ સર્વ સાધુઓ જ્ઞાન અને દયા બેની સાધનાવાળા હોય, જ્ઞાન વિનાનો અજ્ઞાની (અહિંસાનું પાલન) શું કરશે ? અને હિતાહિતને પણ કઈ રીતે સમજશે ?"

તથા 'ત્યાગ વિગેરે' એટલે પરિગ્રહનો પરિહાર અને વિગેરે શબ્દથી શ્રદ્ધા, સંવેગ, ઇત્યાદિ બીજા ગુણો સમજવા. અર્થાત્ અપરિગ્રહ, શ્રદ્ધા, સંવેગ, વિગેરે ગુણોથી યુક્ત હોય તેને યોગ્ય સમજવો, કારણ કે એવા ગુણોથી રહિત હોય તે 'અઙ્ગારમર્દકાચાર્ય' વિગેરેની જેમ હિંસા વિગેરેની પ્રવૃત્તિથી અટકે નહિ. તથા 'પ્રિયધર્મા' એટલે 'આ જ પરમાર્થ છે બાકી સર્વ અનર્થ છે' એવી સમજ પૂર્વક આ શાસ્ત્રમાં (ગ્રન્થમાં) જેનું લક્ષણ પૂર્વે કહ્યું તે (ચારિત્ર)-ધર્મ પ્રત્યે પ્રીતિવાળો, અને 'અવદ્યભીરૂ' એટલે હિંસાદિ પાપોના ભયવાળો. જેને પાપનો ભય હોય તે જ પાપથી અટકે. ઉક્તગુણવાળો યતિ (સાધુ) ઉપસ્થાપનાને યોગ્ય જાણવો. હવે એથી વિપરીત ઉપસ્થાપના માટે અયોગ્ય કેવો હોય ? તે કહે છે કે—

मूलम्–"अप्राप्तोऽनुक्तकायादि–रज्ञातार्थोऽपरीक्षितः ।
अनुपस्थापनीयोऽयं, गुरुणा पापभीरुणा ॥१०८॥"

**મૂળનો અર્થ**—જે ઉપસ્થાપના માટે કહેલા દીક્ષાપર્યાયને પામ્યો (પહોંચ્યો) ન હોય, જેને પૃથ્વીકાયાદિ છકાય જીવોનું, મહાવ્રતોનું તથા તેના અતિચારો વિગેરેનું જ્ઞાન આપ્યું ન

---

સાધવાનો છે તે સાધી શકાતો નથી, વ્રતોનું નિરતિચાર પાલન કરવા છતાં જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થતી નથી અને પાપભીરૂ ન હોય તો વ્રતોનું નિરતિચાર પાલન જ કરી શકતો નથી, માટે મહાવ્રતો ઉચ્ચરનારમાં અહીં કહેલા ગુણોની આવશ્યકતા અનિવાર્ય છે. એ વિના મહાવ્રતો ઉચ્ચરવા છતાં આત્માનું હિત ન થાય. એટલું જ નહિ, પોતાના દોષિત જીવનથી મહાવ્રતોનું મહત્ત્વ ઘટાડવાનું પાપ વધે અને પરિણામે સંસારની વૃદ્ધિ થાય. વ્યવહારનયથી અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને અનેક વાર ધર્મ કાર્યો પ્રાપ્ત થાય છે, છતાં યોગ્યતા વિના તેની વિરાધના કરવાથી સંસાર વધારે છે અને જન્મ-મરણોને વશ થાય છે. ધર્મ સામગ્રી પ્રાપ્ત ન થવાથી જીવે જેટલો સંસાર વધાર્યો નથી તેથી વધારે ધર્મસામગ્રીની અપભ્રાજનાથી વધાર્યો છે.

૨૧૦–આ ગાથા સંયમ માટે જ્ઞાનની આવશ્યકતા જણાવનારી છે, જેમ જીવન માટે શ્વાસની જરૂર છે તેમ સંયમ માટે જ્ઞાનની જરૂર છે. જીવનના ધ્યેય વિના શ્વાસની કોઈ વિશિષ્ટતા નથી, તેમ સંયમના ધ્યેય વિનાનું જ્ઞાન નિરર્થક છે. ઉલટું સંયમના ધ્યેય વિનાનું જ્ઞાન અસંયમનું પોષક બની આત્માનું અહિત કરે છે. માટે જ તેને અજ્ઞાન કહ્યું છે. મનઃપર્યવ અને કેવળ એ બે જ્ઞાન સંયમી-ને જ હોય છે માટે તેનાં પ્રતિપક્ષી અજ્ઞાનો નથી, પણ મતિ, શ્રુત, અવધિ, સંયમના પ્રાણભૂત સમ્યક્ત્વ વિના પણ હોય છે માટે તે ત્રણેને અજ્ઞાન પણ કહ્યાં છે. તાત્પર્ય કે જ્ઞાનની મહત્તા સંયમને આભારી છે, સંયમરૂપી ફળ જે જ્ઞાનમાંથી પ્રગટ્યું ન હોય તે જ્ઞાન નિષ્ફળ છે, એ તત્ત્વને જણાવવા માટે જ ગાથામાં 'પછી દયા' અને બેનો યોગ' એમ કહ્યું છે, એ લક્ષ્યમાં લેવાથી આ ગાથાનો સ્યાદ્વાદ સમજાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, કે આપવા છતાં તે તે અર્થને જે સમજ્યો ન હોય, અથવા સમજવા છતાં જેની પરીક્ષા ન કરી હોય, તેવા શિષ્યની ઉપસ્થાપના પાપભીરૂ ગુરૂએ નહિ કરવી.

**ટીકાનો ભાવાર્થ**—'અખણ્ડ શીયળ' વિગેરે ગુણવાળા ગુરૂએ જેનું સ્વરૂપ અહીં કહેવાય છે તેવા શિષ્યની ઉપસ્થાપના નહિ કરવી, અર્થાત્ તેવાને (મહા)વ્રતો નહિ ઉચ્ચરાવવાં. કેવા શિષ્યને ? તે કહે છે કે-પર્યાયથી જે ઉપસ્થાપનાની ભૂમિએ ન પહોંચ્યો હોય (જેનો દીક્ષા પર્યાય ઓછો હોય), 'જેને કાયાદિ ન કહ્યાં હોય' અર્થાત્ ષટ્કાય જીવોનું સ્વરૂપ અને આદિ શબ્દથી મહાવ્રતો, વ્રતોના અતિચારો, (તેને પાલવાના ઉપાયો ચરણસિત્તરી, કરણસિત્તરી), વિગેરે ભણાવ્યું ન હોય. કારણ કે-પર્યાય પૂર્ણ થવા છતાં ષટ્કાયનું સ્વરૂપ, વ્રતો, વ્રતોના અતિચારો, વિગેરેને જાણ્યા વિના ષટ્કાયની રક્ષા વિગેરે સંયમનું પાલન થઈ શકે નહિ. તથા 'અજ્ઞાતાર્થ' એટલે જેણે અર્થોનો (સૂત્રના તાત્પર્યનો) બોધ સારી રીતે ન મેળવ્યો હોય, અવધારણ કર્યું ન હોય, તાત્પર્ય કે-ગુરૂએ ષટ્કાય વિગેરેનું સ્વરૂપ સમજાવવા છતાં જે તેના અર્થને (રહસ્યને) સારી રીતે સમજ્યો ન હોય તેનાથી પણ વ્રતોનું પાલન થઇ શકે નહિ. એ કારણે કે-વ્રતોનું પાલન તેનો બોધ જેને હોય તે જ કરી શકે છે. તથા 'અપરીક્ષિત' એટલે જેની પરીક્ષા કરી ન હોય, કારણ કે-છ કાય જીવો, વ્રતો, વિગેરેના સ્વરૂપને સમજ્યો હોય તેવા આત્મામાં પણ વ્રતોનું પાલન કરવાના પરિણામ પ્રગટ્યા છે કે નહિ ? તે છદ્મસ્થ જીવોને પરીક્ષા કર્યા વિના સમજાય નહિ. ઉપર જણાવ્યા તેવા અયોગ્ય શિષ્યને પાપભીરૂ ગુરૂએ મહાવ્રતો ઉચ્ચરાવવાં નહિ. એથી પૂર્ણ પર્યાયવાળા, ષટ્કાયાદિના સ્વરૂપને સમજેલા, તેના અર્થના જાણ, અને પરીક્ષિત શિષ્યને મહાવ્રતો ઉચ્ચરાવવાં, એ સિદ્ધ થયું. કહ્યું છે કે—

" अपत्ते अकहित्ता, अणभिगयऽपरिच्छणे अ आणाई ।
दोसा जिणेहिं भणिआ, तम्हा पत्तादुवट्ठावे ॥६१५॥" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**—પર્યાયથી ઉપસ્થાપનાની ભૂમિને નહિ પામેલો, ભણાવ્યા વિનાનો, તત્ત્વનો અજાણ, અને અપરીક્ષિત, એવા શિષ્યમાં ઉપસ્થાપના કરવાથી શ્રીજિનેશ્વરોએ આજ્ઞાદિ (આજ્ઞાભઙ્ગ, અનવસ્થા, વ્રતાદિની વિરાધના અને મિથ્યાત્વાદિ (પાપોની) વૃદ્ધિ, વિગેરે) દોષો કહ્યા છે. માટે 'પર્યાયપ્રાપ્ત' વિગેરે ગુણવાળા યોગ્ય શિષ્યમાં ઉપસ્થાપના કરવી.

કેવા ગુરૂએ (ન) કરવી તે કહે છે કે-પાપભીરૂ ગુરૂએ (ન) કરવી, અર્થાત્ ઉપસ્થાપનાને અયોગ્ય શિષ્યમાં વ્રતોની સ્થાપના કરવાથી જિનાજ્ઞાનો ભંગ થાય, અનવસ્થા (ભવિષ્યમાં તેવી પરંપરા) ચાલે, મિથ્યાત્વ વધે, સંયમ (વ્રતો)ની વિરાધના થાય, અને આત્માની (શરીરની) વિરાધના પણ થાય, વિગેરે દોષોથી બંધાતા અશુભકર્મોરૂપ પાપના ભયવાળા ગુરૂએ એવા અયોગ્યમાં ઉપસ્થાપના નહિ કરવી. એ સમુદાયનો (સળંગ) અર્થ કહ્યો.

ભાવાર્થ તો આ પ્રમાણે છે-જઘન્યા, મધ્યમા અને ઉત્કૃષ્ટા, એમ શિષ્યની ઉપસ્થાપનાની ભૂમિકાઓ ત્રણ છે, જઘન્યા ભૂમિકા સાત રાત્રિદિવસની, મધ્યમા ચાર મહિનાની અને ઉત્કૃષ્ટા છ મહિનાની. તેમાં પૂર્વે બીજા ક્ષેત્રમાં (અન્ય ગચ્છાદિમાં) દીક્ષિત થએલો હોય તેવા પુરાણને તો (તે ષટ્કાય જીવોના, વ્રતોના, વિગેરેના જ્ઞાન વિગેરેથી યુક્ત હોય એ કારણે) માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્દ્રિઓનો વિજય કરવા માટે જઘન્યા ભૂમિ અને બુદ્ધિથી હીન, અશ્રદ્ધાળુ, એવા શિષ્યને માટે ઉત્કૃષ્ટા ભૂમિ સમજવી. મધ્યમા પણ બોધવિનાના અશ્રદ્ધાળુ માટે જ સમજવી, પણ પૂર્વે કહેલી જઘન્યાની અપેક્ષાએ તે મોટી અને ઉત્કૃષ્ટાની અપેક્ષાએ ઓછી (ટુંકી)હોય, એમ ભેદ સમજવો. પરિણત અને બુદ્ધિવન્તને પણ ઇન્દ્રિયજય કરવા માટે મધ્યમા ભૂમિ જ સમજવી. કહ્યું છે કે—

" सेहस्स तिन्नि भूमी, जहण्ण तह मज्झिमा य उक्कोसा ।
राइंदि सत्त चउमासिगा य छम्मासिआ चेव ॥६१६॥
पुव्वोवट्ठपुराणे, करणजयट्ठा जहन्निया भूमी ।
उक्कोसा दुम्मेहं, पडुच्च अस्सद्दहाणं च ॥६१७॥
एमेव य मज्झिमिआ, अणहिज्जंते असद्दहंते अ ।
भाविअमेहाविस्सवि, करणजयट्ठाए मज्झिमिआ ॥६१८॥" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**—શૈક્ષક(નવદીક્ષિત)ની ઉપસ્થાપનાની જઘન્યા મધ્યમા અને ઉત્કૃષ્ટા એમ ત્રણ ભૂમિકાઓ અનુક્રમે સાત રાત્રિદિવસની, ચાર માસની અને છ માસની કહી છે, તેમાં પહેલાં અન્યક્ષેત્રમાં (ગચ્છાદિમાં) દીક્ષિત થએલા પુરાણાને ઇન્દ્રિઓના જય માટે જઘન્યા અને હીનબુદ્ધિવાળાને સૂત્ર ન ભણી શકવાથી તથા અશ્રદ્ધાળુને તત્ત્વબોધ ન થવાથી ઉત્કૃષ્ટા ભૂમિ સમજવી. એ પ્રમાણે નહિ ભણેલા અને અશ્રદ્ધાળુ માટે પણ મધ્યમા સમજવી. માત્ર પૂર્વ બેની અપેક્ષાએ તે મોટી કે ન્હાની હોય એમ તાત્પર્ય સમજવું, પરિણતબુદ્ધિવાળા પણ નૂતનને તો ઇન્દ્રિયોના જય માટે મધ્યમા ભૂમિ જાણવી.[૨૧૧]

તેને (સ્વયોગ્યભૂમિને) પ્રાપ્ત નહિ થએલાની ઉપસ્થાપના કરવાથી, કે પ્રાપ્ત થએલાની નહિ કરવાથી ગુરૂને મોટો દોષ લાગે છે. કહ્યું છે કે—

" एअं भूमिमपत्तं, सेहं जो अंतरा उवट्ठावे ।
सो आणा अणवत्थं, मिच्छत्तविराहणं पावे ॥६१९॥" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**—જે ગુરૂ એવા (સ્વયોગ્ય) ભૂમિને નહિ પામેલા શિષ્યની વચ્ચે જ ઉપસ્થાપના કરે તે ગુરૂ જિનાજ્ઞાનો ભઙ્ગ, અનવસ્થા, મિથ્યાત્વ, સંયમ આત્મવિરાધના, એ દોષોને પામે છે. આ ભૂમિને પ્રાપ્ત અપ્રાપ્ત એવા પિતા-પુત્ર વિગેરેનો કલ્પભાષ્યમાં કહેલો ક્રમ આ પ્રમાણે છે.

" पितिपुत्त खुड्ड थेरे, खुड्डग थेरे अपावमाणम्मि ।
सिक्खावण पन्नवणा, दिट्ठंतो दंडिआईहिं ॥६२२॥"

---

૨૧૧-ગુણોને પ્રાપ્ત કરવામાં કાળ પણ કારણ છે, પાંચ કારણોમાં કાળને ગણ્યો પણ છે. જેમ વયના પરિપાકથી 'પારિણામિકી' અને કાર્ય કરતાં કરતાં 'કાર્મિકી' બુદ્ધિ પ્રગટ થાય છે તેમ યોગ્ય જીવને તે તે પર્યાય પૂર્ણ થવાથી અને ત્યાં સુધી તે તે ક્રિયાનો અભ્યાસ કરવાથી ઉપસ્થાપનાની યોગ્યતા પ્રગટે છે, એ કારણે જ શ્રુતના અભ્યાસમાં પણ 'અમુક સૂત્ર અમુક ત્રણ વિગેરે વર્ષના પર્યાયવાળાને ભણાવવું' વિગેરે વિવેક જણાવ્યો છે. અહીં પણ જીવની તથાવિધ યોગ્યતાને અનુસરીને મહાવ્રતોના પાલનની બુદ્ધિ અને શક્તિ પ્રગટાવવા માટે આ ભૂમિકાઓ (એટલો કાળક્ષેપ) કારણભૂત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

थेरेण अणुण्णाए, उवट्ठाणिच्छे व ठंति पंचाहं ।
तिपणमणिच्छिऽवुवरिं, वत्थुसहावेण जाहीअं ॥६२३॥" (पञ्चवस्तु०)

આ ગાથાઓની વૃદ્ધો એવી વ્યાખ્યા કરે છે કે-પિતા અને પુત્ર બે દીક્ષિત થયા હોય તે બન્ને જો ઉપસ્થાપનાની ભૂમિને પામ્યા હોય તો બન્નેની ઉપસ્થાપના સાથે કરવી, જો **खुड्ड** એટલે ન્હાનો (પુત્રાદિ) સૂત્રાદિથી અપ્રાપ્ત (ભણી શકયો ન) હોય અને **थेरे**=સ્થવિર (પિતાદિ) સૂત્રાદિ ભણીને પ્રાપ્ત થાય તો સ્થવિરની ઉપસ્થાપના (પહેલી) કરવી, પણ **खुड्डगे** ન્હાનો ( પુત્રાદિ ) સૂત્ર વિગેરેને ભણીને પ્રાપ્ત થયો હોય અને થેરે = સ્થવિર (પિતાદિ) ભણીને પ્રાપ્ત ન થયો હોય તો જ્યાં સુધી ઉપસ્થાપના કરવાનો શુદ્ધ ( સારો ) દિવસ ન આવે ત્યાં સુધી પ્રયત્ન પૂર્વક તે સ્થવિરને ભણાવવો, એમ કરતાં તે પ્રાપ્ત થાય તો બન્નેની ઉપસ્થાપના ક્રમથી સાથે જ કરવી, કિન્તુ ઉપસ્થાપનાના દિવસ સુધીમાં પણ સ્થવિર પ્રાપ્ત (તૈયાર) ન થાય તો આ પ્રમાણે વિધિ કરવો-સ્થવિરને દણ્ડિક અને આદિ શબ્દથી મન્ત્રિના દૃષ્ટાન્તથી સમજાવવો, જો તે અનુજ્ઞા આપે તો ક્ષુલ્લકની (ન્હાનાની) ઉપસ્થાપના કરવી. તે દણ્ડિકનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે-એક દણ્ડિક રાજા રાજ્યથી પદભ્રષ્ટ થવાથી પોતાના પુત્રની સાથે અન્ય રાજાની સેવા કરવા લાગ્યો, તે રાજા તેના પુત્ર ઉપર પ્રસન્ન થયો, તેથી તેણે તેના પુત્રને રાજ્યગાદીએ બેસાડવાની ઇચ્છા જણાવી, ત્યારે શું તે દણ્ડિક રાજા પોતાના પુત્રને રાજા બનાવવાની અનુમતિ ન આપે ? અર્થાત્ આપે ! એમ ત્હારો પુત્ર જો મહાવ્રતોનું રાજ્ય પામે છે તો તું કેમ સંમતિ નથી આપતો ? એમ સમજાવવાથી જો (અનુમતિ આપે તો પુત્રને ઉપસ્થાપવો, પણ સમજાવવા છતાં) તે ન માને તો પાંચ દિવસ ઉપસ્થાપના અટકાવવી, પાંચ દિવસ પછી પુનઃ સમજાવવો, છતાં અનુમતિ ન આપે તો બીજા પાંચ દિવસ વિલમ્બ કરવો, પુનઃ સમજાવવા છતાં ન માને તો ત્રીજી વાર પાંચ દિવસ રોકાવું, એમ ત્રણ વાર પાંચ પાંચ દિવસ વિલમ્બ કરતાં પણ જો સ્થવિર ભણીને પ્રાપ્ત (યોગ્ય) થઈ શકે તો બન્નેને સાથે ઉપસ્થાપવા અને એમ કરવા છતાં સ્થવિર યોગ્ય ન થાય અને અનુમતિ પણ ન આપે તો ક્ષુલ્લકની ઉપસ્થાપના કરવી, અથવા તો **वत्थुसहावेण** એટલે વસ્તુના (તે વ્યક્તિના) સ્વભાવને જોઈને વર્તવું, અર્થાત્ તે માનદશાવાળો સ્થવિર એમ માને કે 'હું પુત્રને પ્રણામ કેમ કરૂં ?' તો ત્રણ વાર પાંચ-પાંચ દિવસો ગયા પછી પણ ક્ષુલ્લકને ઉપસ્થાપવો નહિ. કારણ કે માનભઙ્ગ થવાથી સ્થવિર દીક્ષા છોડી દે, અથવા ગુરૂ કે ક્ષુલ્લક પ્રત્યે દ્વેષી[212] થાય માટે ત્યાં સુધી રોકવો કે સ્થવિર 'जाऽहीयं'=ભણીને પ્રાપ્ત થાય.

---

૨૧૨-તે ધર્મ કાર્ય નિરવદ્ય છે કે ઉત્સર્ગ માર્ગે જેનાથી કોઈને અપ્રીતિ આદિ ન થાય, માટે તે તે કાર્યમાં જે જે વ્યકિત અપેક્ષિત હોય તે દરેકના પરિણામની રક્ષા થાય તેમ વર્તવું, અન્યથા અન્યને દ્વેષાદિમાં નિમિત્ત બનનારને પણ કર્મબન્ધ થાય છે. પૂજયપાદ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ સ્વરચિત પ્રચ્છન્નભોજનાષ્ટકમાં કહે છે કે-ઉપાય છતાં પ્રમાદથી અન્યને રાગ-દ્વેષાદિમાં નિમિત્ત બનનારને પણ કર્મબન્ધ થાય છે. અહીં યોગ્ય છતાં લઘુની ઉપસ્થાપનાને અટકાવવામાં પણ શાસ્ત્રકારોનો એ જ આશય છે, એકને ધર્મમાં સહાય કરતાં છતે ઉપાયે અન્યને અધર્મમાં નિમિત્ત થવું એ વસ્તુતઃ ધર્મની ઓળખાણના અભાવનું અને ભાવદયાની ન્યૂનનતાનું પ્રતીક છે, સર્વ જીવના હિતની બુદ્ધિ પ્રગટયા વિના એક જીવનું કે પોતાનું પણ હિત થઈ શકતું નથી, ઈત્યાદિ જૈનશાસ્ત્રના રહસ્યને વિચારવાથી, મહાત્મા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં શિષ્ય પ્રશ્ન કરે કે-એમ જો સ્થવિર સમજાવ્યો પણ સમજે નહિ તેવો (અબૂઝ) હોય તો તેને સમભાવ જેનું લક્ષણ છે તે સામાયિકરૂપ પહેલા ચારિત્રનો પણ અભાવ મનાય, એમ છતાં 'શાસ્ત્રનીતિ પ્રમાણે પાંચ પાંચ દિવસ વિલમ્બ કરીને પણ તેનામાં દ્વિતીયચારિત્રની સ્થાપના કરવી' એમ કહ્યું તે (ભૂમિકાના અભાવે) આકાશમાં ખીલો ઠોકવાની જેમ કેમ ઘટે? તેનું સમાધાન જણાવે છે કે-તમારો પ્રશ્ન ઠીક છે, કિન્તુ 'સામાયિક ચારિત્રવાળો સમજાવ્યો સમજે તેવો સરળ હોય જ' એ મત નિશ્ચયનયનો છે, વ્યવહારનયના મતે તો જેનું સામાયિક અશુદ્ધ હોય તે ન સમજાવી શકાય તેવો હોય જ. કારણ કે સામાયિક હોવા છતાં તેને અતિચારના, કારણભૂત સઞ્જ્વલન કષાયનો ઉદય ન હોય એવો મત વ્યવહારનયનો નથી, અને જો અતિચારો હોય છે તો સામાયિકમાં અશુદ્ધિનો પણ સમ્ભવ હોય જ, અર્થાત્ વ્યવહાર નયે દુરાગ્રહી અથવા તો તેનું સામાયિક પ્રતિપાતિ (અધ્યવસાયો ચાલ્યા જાય તેવું) પણ હોય, શાસ્ત્રમાં કહ્યું પણ છે કે-દ્રવ્યવેષ હોવા છતાં એક ભવમાં (પણ) સર્વવિરતિચારિત્રની પ્રાપ્તિ અને પતનરૂપ આકર્ષો શતપૃથક્ત્વ (સેંકડો) થઈ શકે છે. કહ્યું છે કે—

" तिण्हं सहसपुहुत्तं, सयपुहुत्तं च होइ विरईए ।
एगभवे आगरिसा, एवइआ हुंति णायव्वा ॥८५७॥" (आव० निर्युक्ति)

**વ્યાખ્યા**–'ત્રણના' એટલે સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક અને દેશવિરતિ સામાયિકના આકર્ષો ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ, અર્થાત્ બે હજારથી માંડી નવહજાર સુધી (હજારો) અને સર્વ-વિરતિના શતપૃથક્ત્વ અર્થાત્ બસોથી નવસો (સેંકડો) સુધી થાય, તે પણ એક ભવમાં પણ એટલા થાય. પછી આવેલાં તે તે સમ્યક્ત્વાદિ જાય નહિ અને ગયાં હોય તે આવે.[૨૧૩]

આ આકર્ષોની વચ્ચે જ્યારે જ્યારે ભાવસામાયિક (સામાયિકના અધ્યવસાયો) ન હોય ત્યારે દ્રવ્યવેષ હોવા છતાં અપ્રજ્ઞાપનીય (દુરાગ્રહી) હોય જ. માટે અહીં જે 'સ્થવિરને સમજાવવો' ઈત્યાદિ કહ્યું તેમાં દોષ નથી. તેવા વિશિષ્ટ-અતિશાયિ ગુણ(જ્ઞાન) વગરના ગુરૂ પણ (શિષ્યનું ભવિષ્ય સમજી શકે નહિ, માટે) સામાયિક રહિત જણાય તો પણ તેને પુનઃ સામાયિક પ્રાપ્તિનો સમ્ભવ હોવાથી તજી નહિ દેતાં સમજાવવો, એમ અહીં તત્ત્વ સમજવાનું છે.

એમ 'વસ્તુસ્વભાવ' એટલે રાજા-નોકર, (પિતા-પુત્ર, માતા-પુત્રી, શેઠ-વાણોતર) વિગેરે સાથે દીક્ષિત થએલાને જ્યાં પરસ્પર મોટું અન્તર (છેટું) પડે ત્યાં લોકવિરોધથી અનુમાન કરીને વસ્તુ સ્થિતિ જાણીને (શાસનનો ઉડ્ડાહ વિગેરે અનિષ્ટ ન થાય તેમ) વર્તન કરવું. કહ્યું છે કે—

" दो थेरे खुड्ड थेरे, खुड्डग दो वत्थ (वोच्चत्थ)' मग्गणा होइ ।
रण्णो अमच्च माई, संजइ धूई [मह] देवी अमच्ची ॥१॥

---

મેતાર્યમુનિવર, શ્રી સ્કન્ધકસૂરિજી કે શીલભૂષિત શેઠ સુદર્શન વિગેરેના જીવન મર્મને સમજી શકાય છે. એ કારણે જ ભાવદયાથી ભરપૂર હૃદયવાળા ગુરૂ અયોગ્ય શિષ્યમાં ઉપસ્થાપના ન કરે એમ કહ્યું છે. એમ સર્વત્ર સ્યાદ્વાદનો આશ્રય કરવો એજ શુદ્ધ માર્ગ છે.

૨૧૩-પંચવસ્તુ ગા. ૬૨૯ માં તો 'તે પછી આવેલાં જાય નહિ-અથવા જાય તો આવે નહિ' એમ કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दो पुत्तपिआ पत्ता, एगस्स उ पुत्तओ न उण थेरो ।
गाहिओ सयं च विअरइ, रायणिओ होतु एस विआ ॥२॥
राया रायाणो वा, दोण्णि वि सम पत्त दासदासेसुं (माईदुहियासु) ।
ईसरसेट्ठी अमच्चे, णिगमघडाकुल-दुवे खुड्डे ॥ ३ ॥
समयं तु अणेगेसुं, पत्तेसुं अणभिओगमावलिआ ।
एगदुहविद्धिएसं, समराइणिया जहासन्ने[૨૧૪] ॥४॥ पञ्चव० ६३३-३६ ॥

આ ગાથાઓની વ્યાખ્યા (વૃદ્ધો એમ) કહે છે કે-બે વૃદ્ધો પોતપોતાના પુત્રો સાથે દીક્ષિત થયા હોય તેમાં બે વૃદ્ધો ઉપસ્થાપનાને યોગ્ય થાય ત્યાં સુધી પુત્રો તૈયાર (યોગ્ય) ન થાય તો પણ વૃદ્ધોને ઉપસ્થાપવા, પણ બે પુત્રો યોગ્ય-તૈયાર થાય ત્યાં સુધીમાં વૃદ્ધો યોગ્ય ન થાય તો એવા પ્રસંગે સ્થવિરોને સમજાવવા, ન માને તો ઉપેક્ષા કરવી, વિગેરે ઉપર જણાવ્યા પ્રમાણે કરવું. જો તેમાં 'સ્થવિર અને ક્ષુલ્લક' એટલે બે સ્થવિરો અને એક ક્ષુલ્લક પ્રાપ્ત થાય તો ઉપસ્થાપના (ત્રણની) કરવી, જો બે ક્ષુલ્લકો અને એક સ્થવિર એમ ત્રણ પ્રાપ્ત થાય અને એક સ્થવિર પ્રાપ્ત ન થાય, ત્યારે (૧) (બીજી ગાથાના પૂર્વાર્દ્ધમાં કહ્યા પ્રમાણે 'બે પુત્ર પિતા પ્રાપ્ત થાય એકનો પુત્ર પ્રાપ્ત થાય પણ પિતા ન થાય, તો') આચાર્ય પિતાને સમજાવે, જો તે સમજે તો તેના પુત્રને ઉપસ્થાપવો. એ રીતે સમજાવવો કે 'આ ત્હારો પુત્ર અતિ બુદ્ધિમાન છે, ઉપસ્થાપના માટે યોગ્ય થયો છે, આ બન્ને પિતા-પુત્ર તેનાથી મોટા થશે તો તારો પુત્ર ન્હાનો રહેશે, માટે ત્હારો પુત્ર પણ તેઓથી મોટો ભલે થાય' ઇત્યાદિ સમજાવવું. (૨) એ રીતે રાજા અને અમાત્ય સાથે દીક્ષિત થયા હોય તેઓને આશ્રીને પણ ઉપર પિતા પુત્રને માટે જે કહ્યો તે સઘળો વિધિ સમજી લેવો. સાધ્વીઓમાં પણ માતા પુત્રી બે, અથવા મહારાણી અને મન્ત્રીની સ્ત્રી બે, વિગેરે સાથે દીક્ષિત થયાં હોય તેઓને અંગે પણ એ જ વિધિ સમજવો. (૩) એમ બે ઐશ્વર્યવાળા, બે શેઠીઆઓ, બે અમાત્યો, બે વ્યાપારીઓ, બે ગોષ્ઠિઓ (મન્ત્રિઓ), કે બે મોટા કુળવંતો દીક્ષિત થયેલા હોય તે સાથે ઉપસ્થાપનાને પ્રાપ્ત (યોગ્ય) થાય તો તેઓને સાથે ઉપસ્થાપવા, (ન્હાના મોટા નહિ કરવા.) એ પ્રમાણે પ્રાપ્ત-અપ્રાપ્તનો વિધિ જાણવો.

'કથન' એટલે છકાય જીવોનું જ્ઞાન વિગેરે કરાવવું, તેનો વિધિ આ પ્રમાણે છે-છકાય જીવોનું, વ્રતોનું, વિગેરે વર્ણન શ્રોતાની બુદ્ધિ પ્રમાણે (તે સમજી શકે તેમ) હેતુ-દૃષ્ટાન્ત પૂર્વક અનુમાન પ્રમાણની શૈલીથી કરવું. કારણ કે-ષટ્કાય જીવો અને વ્રતો વિગેરે સમજાવ્યા વિના ઉપસ્થાપના કરવાથી દોષ લાગે એમ પહેલાં જણાવ્યું છે. તે વાકયશૈલી આ પ્રમાણે કરવી, 'એક ઇન્દ્રિયવાળા પૃથ્વીકાયાદિ પણ જીવો છે' એ પ્રતિજ્ઞા કરવી, કારણ કે-શેષઇન્દ્રિયોના અભાવે પણ તેઓને સ્પર્શન ઇન્દ્રિય છે, એ હેતુ જણાવવો, 'જે જે રસના વિગેરે શેષ ઇન્દ્રિઓના અભાવમાં પણ સ્પર્શન

૨૧૪-આ ગાથાઓ પંચવસ્તુકમાં ૬૩૩ થી ૬૩૬ના ક્રમાંકવાળી છે. અહીં લખેલી છાપેલી પ્રતોમાં તેનાથી પાઠ ભેદ ઘણો છે, અર્થ સંગતિ પણ થતી નથી, તેથી ધર્મસંગ્રહમાં છપાએલી છે તેમાં થોડો પાઠભેદ સુધારીને લીધી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્દ્રિયવાળા હોય તે તે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વિગેરે 'કાય' એટલે જીવ કહેવાય' છે, 'જેમ હણાએલી પણ ઘ્રાણ–રસના–આંખ–કાન ઇન્દ્રિયવાળો અન્ધ–બ્હેરો વિગેરે પણ જીવ છે તેમ' એ દૃષ્ટાન્ત આપવું, 'એકેન્દ્રિયવાળા પૃથ્વીકાય વિગેરે તેવા છે' એ ઉપનય ઘટાવવો અને 'માટે તે કાય (એટલે જીવ) છે' એમ નિગમન કરવું. એ પ્રમાણે પાંચ અવયવ યુક્ત અનુમાનવાક્યની શૈલીથી 'એકેન્દ્રિયવાળા પૃથ્વીકાય વગેરે જીવો છે' એમ સમજાવવું. તથાવિધ કર્મપરિણામથી કાન વિગેરે ઇન્દ્રિઓનું આવરણ થવાથી તે ઇન્દ્રિઓના અભાવે પણ જેમ બ્હેરો–અન્ધ વિગેરે અજીવ નથી, તેમ એકેન્દ્રિય પણ અજીવ નથી, એમ ભાવાર્થ સમજાવવો. એ પ્રમાણે બેઇન્દ્રિય વિગેરે ચૌરેન્દ્રિય સુધીના જીવોમાં પણ જીવત્વ સિદ્ધ કરવું. અહીં કોઈ એમ કહે કે–'બ્હેરા–અન્ધ' વિગેરેને તો નિવૃત્તિ[૨૧૫] અને ઉપકરણ રૂપ (બે પ્રકારની) કાન–આંખ વિગેરે બાહ્ય–(દ્રવ્ય) ઇન્દ્રિયો દેખાય છે તેથી તેઓને જીવ માની શકાય, પણ પૃથ્વીકાય વિગેરેને તે દેખાતી નથી માટે તમે આપેલું અન્ધ વિગેરેનું દૃષ્ટાન્ત ખોટું છે.–ઘટતું નથી' તો તેનું કથન યોગ્ય નથી, તેના પ્રતીકાર માટે તેને ચૌરેન્દ્રિય વિગેરેનું દૃષ્ટાન્ત આપી શકાય તેમ છે, જેમ કે–તેઓને કર્મ-પરિણતિથી કાન વિગેરે નથી જ, તો પણ ચાર કે ત્રણ ઇન્દ્રિયવાળા અને બે ઇન્દ્રિયવાળા પણ સર્વ જીવો છે અને સર્વ દર્શનવાળાઓ જીવ માને પણ છે, વિવાદ તો માત્ર એકે-ન્દ્રિયોના જીવત્વ વિષયમાં જ છે, (તો જેમ કાન વિના ચૌરેન્દ્રિય, આંખ–કાન વિના ત્રીન્દ્રિય, અને ઘ્રાણ–આંખ–કાન વિના પણ બેઇન્દ્રિયને સહુ જીવ માને છે તેમ રસના–ઘ્રાણ–આંખ અને કાન ન હોવા છતાં એક સ્પર્શના ઇન્દ્રિયવાળાને પણ જીવ માનવો જોઇએ.) તેને બીજી રીતે પણ સમજાવવો કે–પૃથ્વી, પરવાળાં, લવણ, પત્થર, વિગેરે પાર્થિવપદાર્થો પણ સજીવ જ છે, કારણ કે તેને છેદવા છતાં માંસના અંકુરની જેમ તેવા જ અંકુરાઓ ઉગતા પ્રગટ દેખાય છે. અહીં અનુમાનપ્રમાણનો પ્રયોગ તો સ્વયં કરી બતાવવો. જેમ જીવતા પઞ્ચેન્દ્રિયના શરીરમાંથી કપાએલું માંસ પુનઃ પૂરાય છે તેમ પૃથ્વી, પરવાળાં વિગેરે પણ કાપવા (ખોદવા) છતાં પુનઃ પૂર્ણ થાય છે (ઉગે છે), માટે તેઓનું જીવપણું સિદ્ધ છે.[૨૧૬] એમ તાત્પર્ય સમજાવવું. કહ્યું છે કે–

---

૨૧૫-ઇન્દ્રિયના બાહ્ય અને અભ્યંતર બે પ્રકારો છે, તેમાં ઇન્દ્રિયરૂપે પુદ્ગલ રચના અને એ પુદ્ગલની શક્તિ રૂપ બે પ્રકારો બાહ્ય ઇન્દ્રિયના છે. (જેમ આંખ અને તેનું તેજ.) તેમાં પુદ્ગલ રચનાને (ડોળા–કીકી વિગેરેને) 'ઉપકરણ' અને તે પુદ્ગલની શક્તિને 'નિવૃત્તિ' કહેવાય છે.

૨૧૬–મદિરા પાનથી કે સર્પ વિગેરેના વિષની અસરથી તથાવિધ ચેષ્ટાઓ બંધ થવા (પ્રગટ નહિ દેખાવા) છતાં તેમાં જીવ માનવામાં વિવાદ નથી તેમ એકેન્દ્રિય જીવોમાં તથાવિધ સ્પષ્ટ ચેતના નહિ દેખાવા છતાં તેને જીવ માનવો એ અયુક્તિક નથી. વસ્તુતઃ જીવનાં સામાન્ય લક્ષણો ઉપયોગ, યોગ, અધ્યવસાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, અષ્ટવિધ કર્મ, તેનો બન્ધ, ઉદય, લેશ્યા, શ્વાસોચ્છ્વાસ, અને કષાયાદિ એકેન્દ્રિય જીવમાં પણ અસ્પષ્ટ હોયજ છે, આહાર પણ હોય છે, દરેક અનુકૂળ આહારને યોગે પ્રફુલ્લ બને છે–વધે છે અને આહારના અભાવે કે પ્રતિકૂળ હવાપાણી વિગેરેને યોગે ઘટે છે–કરમાય પણ છે, પર્વતો અને માટીના ટેકરાઓ વધે છે. તે પ્રત્યક્ષ છે ઈત્યાદિ પૃથ્વીકાયમાં પણ ઘણી વસ્તુઓમાં જીવનાં લક્ષણો સ્પષ્ટ દેખાય છે. આ સિવાય પણ શાસ્ત્રમાં પૃથ્વીકાયના જીવત્વની સિદ્ધિનાં વિવિધપ્રમાણો છે તે ત્યાંથી જોઈ લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" मंसंकुरो इव समाणजाइरूवंकुरोवलंभाओ ।
पुढवीविद्दुमलवणोवलादओ हुंति सच्चित्ता ॥६४५॥" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**—જેમ જીવતા મનુષ્યના માંસના અઙ્કુરા (મસા વિગેરે) કાપવા છતાં પુનઃ ઉગે (વધે) છે તેમ સમાનજાતિ-રૂપવાળા અઙ્કુરા ઉગતા (વધતા) હોવાથી પૃથ્વી, પરવાળાં લવણ, પત્થર, વિગેરે પદાર્થો પણ સચિત્ત (જીવવાળા-જીવોનાં શરીરો) છે.

અહીં 'સમાન જાતિના અઙ્કુર ઉગે છે' એમ કહેવાથી શિઙ્ગડાના અઙ્કુરનો વ્યવચ્છેદ સમજવો, કારણ કે તે સમાનજાતિવાળો નથી, એમ પૃથ્વીકાયમાં જીવત્વની સિદ્ધિ સમજાવવી. (૧)

જળનું જીવત્વ પણ આ રીતે સિદ્ધ છે, જેમકે-પૃથ્વીનું (કુવાદિનું) પાણી સચિત્ત (જીવ વાળું) છે, કારણ કે ભૂમિ ખોદતાં દેડકાની જેમ તે સ્વાભાવિક પ્રગટે છે, જેમ ભૂમિ ખોદતાં દેડકાંની ઉત્પત્તિ સ્વાભાવિક છે તેમ ભૂમિ ખોદતાં જળની પણ સંભાવના સ્વાભાવિકી છે. અથવા 'વરસાદનું પાણી સજીવ જીવ છે' કારણ કે જેમ સ્વભાવે માછલાં વરસાદમાં વરસે છે તેમ સ્વભાવથી આકાશમાં ઉત્પન્ન થએલું જળ પણ વરસે છે, અર્થાત્ સ્વાભાવિકતયા આકાશમાં ઉત્પન્ન થયેલાં માછલાંઓનો પાત (વરસાદમાં પડતાં) દેખાય છે તેમ સ્વાભાવિક ઉત્પન્ન થએલા આકાશના (વરસાદના) પાણીનો પણ પાત (વરસાદ પડતો) દેખાય છે. એમ ભૂમિ કે વરસાદના સર્વ જળમાં પણ જીવપણું સિદ્ધ છે, એ તાત્પર્ય સમજવું. કહ્યું છે કે—

" भूमिखयसाभा(हा)विअ-संभवओ दद्दुरो व्व जलमुत्तं ।
अहवा मच्छो व्व सहाव-वोमसंभूअपायाओ ॥६४६॥ (पञ्चवस्तु०)

**ભાવાર્થ**—ભૂમિ ખોદતાં દેડકાની જેમ સ્વાભાવિક ઉત્પન્ન થતું હોવાથી જળ સચિત્ત છે, અથવા મચ્છની જેમ સ્વભાવથી આકાશમાં ઉત્પન્ન થઈને વરસતું હોવાથી પણ જળ સચિત્ત છે.

અથવા જળ એ કારણે પણ સચિત્ત છે કે-ગર્ભની કલલ (રસ)[૨૧૭]અવસ્થાની જેમ તેમાં સ્વાભાવિક દ્રવત્વ (પ્રવાહિપણું) છે. એમ અનેક રીતે જળમાં જીવપણું સિદ્ધ છે. (૨)

અગ્નિમાં જીવપણાની સિદ્ધિ આ પ્રમાણે છે-'અગ્નિ જીવ છે, કારણ કે પુરૂષની જેમ તે આહાર લેતો દેખાય છે, અથવા તેમાં થતા વૃદ્ધિ અને વિકાર દેખાય છે.'(એમ અનુમાન વાક્યનો પ્રયોગ કરવો). જેમ પુરૂષ આહાર કરતો અને વૃદ્ધિ પામતો દેખાય છે તેમ અગ્નિમાં પણ આહાર અને વૃદ્ધિ દેખાય છે, માટે પુરૂષની જેમ અગ્નિનું પણ જીવત્વ સિદ્ધ છે[૨૧૮](૩)

---

૨૧૭-ગર્ભમાં કલલ અવસ્થામાં હાથીનું શરીર કે પક્ષીનાં ઇંડાંનો રસ દ્રવ (પ્રવાહી) છતાં તે વધે છે અને જન્મે છે માટે જીવ છે તેમ જળ પણ પ્રવાહી છતાં સજીવ છે જ.

૨૧૮-અગ્નિને વાયુનો, લાકડાનો કે તેલ વિગેરેનો ખોરાક મળવાથી વધે છે અને તેના અભાવે નાશ પામે છે એ પ્રત્યક્ષ છે, મનુષ્યના શરીરમાં પણ જ્વરની અને જઠરની ગરમી દેખાય છે તે તેમાં રહેલા જીવને આભારી છે, મરણ પછી જઠરની ગરમી જીવની સાથે ચાલી જાય છે અને તાવથી તપેલા અવયવો ઠંડા પડી જાય છે એ સહુ માને છે, તેમ અગ્નિમાં અનુભવાતી ગરમી પણ તેમાં રહેલા જીવના પ્રયોગ રૂપ છે, અગ્નિમાંથી જીવત્વ નાશ થતાં કોલસો, રાખ, વિગેરે તેના અચેતન અંશો ઠંડા પડી જાય છે, ઈત્યાદિ અગ્નિમાં જીવત્વની સિદ્ધિ અનેક પ્રકારે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાયુનું જીવપણું આ પ્રમાણે છે, જેમકે-'વાયુ જીવ છે, કારણ કે-ઘોડાની જેમ બીજાની પ્રેરણા વિના પણ તે અનિયત તિર્છી દિશામાં ગમન કરે છે.' એમ અનુમાનનો પ્રયોગ કરવો. અર્થાત્ જેમ ઘોડો બીજાની પ્રેરણા નહિ છતાં અનિયત તિર્છું ગમન કરે છે તેમ વાયુ પણ બીજાની પ્રેરણા વિના સ્વયં ગતિ કરે છે, માટે એમાં જીવપણું સિદ્ધ છે.[૨૧૯] કહ્યું છે કે—

"आहाराओ अणलो, विड्ढिविगारोवलंभओ जीवो ।
अपरप्पेरिअतिरिआ-णिअमिअदिग्गमणओ अनिलो ॥६४७॥" (पञ्चवस्तु०)[२२०]

**ભાવાર્થ**—અગ્નિ કાષ્ટાદિનો આહાર કરે છે અને તેમાં થતી વૃદ્ધિ તથા વિકારો પણ પ્રત્યક્ષ દેખાય છે, માટે તે સજીવ છે. અન્યની પ્રેરણા વિના પણ વાયુ અનિયત દિશામાં તિર્છું ગમન કરે છે માટે વાયુ પણ સજીવ છે, જીવ ન હોય તો તેનું ગમન પણ ન હોય. બન્નેમાં જીવત્વની સિદ્ધિ કરવા માટે અનુક્રમે મનુષ્યનું અને પશુનું દૃષ્ટાન્ત સમજવું.

વાયુમાં 'અન્યની પ્રેરણા વિના ગમન' કહ્યું, એથી માટીના ઢેફા વિગેરેની સાથે વિરોધ નથી રહેતો, કારણ કે ઢેફું વિગેરે બીજાની પ્રેરણા વિના હાલી ચાલી શકતાં નથી. 'અનિયત દિશામાં ગમન' કહ્યું તેથી નિયત દિશામાં (શ્રેણીબદ્ધ) ગતિ કરનારા પરમાણુની સાથે પણ વિરોધ નથી રહેતો, કારણ કે પરમાણું શ્રેણીબદ્ધ નિયત (છ દિશામાં) ગમન કરે છે. અર્થાત્ માટીનું ઢેફું વિગેરે, ધુમાડો અને પરમાણુ, એ પ્રત્યેક અજીવ અને વાયુ જીવ છે માટે લક્ષણ ભિન્ન છે. (૪)

વનસ્પતિમાં પણ જીવત્વ છે, તે આ પ્રમાણે અનુમાન કરીને સમજાવવું 'વૃક્ષો સચેતન છે, કારણ કે-તેમાં સ્ત્રીની અને ઉપલક્ષણથી પુરૂષાદિની પેઠે જન્મ, જરા, જીવન, મરણ, વધવું, આહાર, દોહદ, આમય (બીમારી-પીડા), રોગ, ચિકિત્સા, વિગેરે હોય છે' જેમ સ્ત્રીઓને જન્મ વિગેરે દેખાય છે તેમ વૃક્ષોમાં પણ તે દેખાય છે, માટે વનસ્પતિમાં જીવત્વ સિદ્ધ છે. કહ્યું છે કે-

"जम्मजराजीवणमरणा—रोहणाहारदोहलामयओ ।
रोगतिगिच्छाईहि अ, णारि व्व सचेयणा तरवो ॥६४८॥" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**-સ્ત્રીની જેમ વૃક્ષોને જન્મ-જરા-જીવન-મરણ-વૃદ્ધિ-આહાર-દોહદ, આમય, રોગ અને ચિકિત્સાદિ હોય છે માટે વૃક્ષો (વનસ્પતિ) સચેતન છે.

(વનસ્પતિનાં જન્મ, જરા, વિગેરે પણ પ્રસિદ્ધ છે) એમ વનસ્પતિમાં જીવત્વ[૨૨૧] છે. (૫)

---

૨૧૯-અચેતન પદાર્થ વિના પ્રેરણાએ ગતિ કરી શકતો નથી, શરીર જડ છે છતાં તેમાં જે હલન-ચલનાદિ ક્રિયા થાય છે તે તેમાં રહેલા જીવની પ્રેરણાને આભારી છે, મનુષ્યાદિની બુદ્ધિ, સંજ્ઞા, ઇચ્છા વિગેરેના બળે તેનું હલન-ચલન, ગમન-આગમન, બેસવું-ઉઠવું, વિગેરે નિયત અને ઇચ્છાનુસારી હોય છે, વાયુમાં તેવી બુદ્ધિ આદિનો અભાવ છતાં અનિયત તિર્છું ગમન હોય છે, તે કેવળ જડ હોય તો થઇ શકે નહિ, તેનો પ્રેરક જીવ હોય તો જ થઇ શકે, માટે વાયુમાં જીવત્વ સિદ્ધ છે.

૨૨૦-આ ગાથા છાપવામાં ધર્મસંગ્રહમાં પૂર્વાર્દ્ધ-ઉત્તરાર્દ્ધનો વ્યત્યય થએલો સમ નય છે, પંચવસ્તુ આદિમાં ઉપર પ્રમાણે છે અને ક્રમની અપેક્ષાએ પણ તે બરાબર છે.

૨૨૧-મનુષ્યશરીરમાં જન્મ પછી બાળ, યૌવન, વૃદ્ધત્વ વિગેરે અવસ્થાઓ પ્રગટે છે અને તેમાં ચૈતન્ય પણ સ્પષ્ટ દેખાય છે તેમ કેતકી, આમ્ર, વડ, વિગેરે વનસ્પતિનું શરીર (વૃક્ષાદિ) પણ મૂળમાંથી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઇન્દ્રિય વિગેરે ત્રસકાય-જેવા કે કૃમિઆ, કીડીઓ, ભ્રમરો, વિગેરે તો જીવ છે જ.

એમ (છ) કાયનું સ્વરૂપ જણાવીને સાધુના મૂળગુણોરૂપ 'પ્રાણાતિપાતવિરમણ વિગેરે રાત્રિભોજન વિરમણ સુધીનાં છ વ્રતો' સમજાવવાં. તેનું વર્ણન ઉપસ્થાપનાના વિધિ પછી મૂળ-ગ્રન્થથી જ કહેવાશે, પછી તેના અતિચારો કહેવા, તે પણ વ્રતોના વર્ણનમાં કહેવાશે.

તે પછી એટલે ઉપર પ્રમાણે ષટ્કાયનું, વ્રતોનું અને વ્રતાતિચારોનું સ્વરૂપ કહીને[૨૨૨] તેના અર્થને સમજેલા શિષ્યની ગુરૂએ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે પરીક્ષા કરવી. કહ્યું છે કે—

**" कहिऊणं कायवए, इअ तेसुं नवरमभिगएसुं तु ।**
**गोएण परिच्छिज्जा, सम्मं एएसु ठाणेसु ॥६६३॥" (पञ्चवस्तु०)**

---

બહાર આવે (જન્મે) છે, તેની કોમળ વિગેરે બાલ્યાદિ અવસ્થાઓ પ્રગટે છે અને લજામણી-બકુલવૃક્ષ વિગેરે કેટલીય વનસ્પતિમાં લજ્જાદિ રૂપ ચૈતન્ય પણ સ્પષ્ટ દેખાય છે, મનુષ્ય શરીરના અવયવોની જેમ અઙ્કુરા, કુંપળો, પત્રો, શાખા-પ્રશાખાઓ અને સ્ત્રીને યોનીની જેમ પુષ્પો તથા તેમાં સંતતિની જેમ ફળો પણ આવે (જન્મે) છે. મનુષ્યની નિદ્રા જાગરણની જેમ ધાવડી, પ્રપુનાટ, વિગેરે વૃક્ષોનાં પત્રો અને સૂર્યવિકાસી કમળો, વિગેરે કેટલીય વનસ્પતિ સૂર્યાસ્ત સમયે સંકોચાય છે અને ઉદય વખતે ખીલે છે. ઘુવડ વિગેરેની જેમ ચન્દ્રવિકાસી કમળો વિગેરેમાં એથી વિપરીત જે સંકોચાદિ થાય છે તે તેની સંજ્ઞાને બળે થાય છે. શરીરથી કપાઇને છૂટા પડેલા અવયવો શોષાય છે તેમ પત્રાદિ પણ કપાયા પછી સૂકાય છે. માનવીય શરીરને ટકાવવા કે વધારવા આહાર-પાણીની જરૂર પડે છે તેમ વનસ્પતિ પણ પૃથ્વી, પાણી વિગેરેના આહારથી જીવે છે અને વૃદ્ધિ પામે છે, મનુષ્યના શરીરની અનેકવિધ સારવાર છતાં આયુષ્ય પૂર્ણ થતાં આત્મા તેને છોડી દે છે તેમ વનસ્પતિની રક્ષા કરવા છતાં તેનું વિવિધ આયુષ્યનું પ્રમાણ પૂર્ણ થતાં જીવ ચાલ્યો જવાથી અચિત્ત બને છે, શાસ્ત્રોમાં વનસ્પતિનું આયુષ્ય ઉત્કૃષ્ટ દશહજાર વર્ષોનું અને જઘન્ય અન્તર્મુહૂર્તનું જણાવેલું છે. મનુષ્ય શરીરની જેમ વનસ્પતિમાં પણ અનેકવિધ રોગો હોય છે, તેની વિવિધ ચિકીત્સા પણ થાય છે, મનુષ્યના શરીરમાં તે તે અવયવોમાં કોઇને ખોડ-ખાંપણ આવે છે તેમ વનસ્પતિમાં પણ એવું પ્રત્યક્ષ દેખાય છે, કોઇનાં પાંદડાં ખરી પડે છે, કોઇની શાખા-પ્રશાખાઓ વાંકી વળી જાય છે, લકવાની જેમ વૃક્ષ સજીવન છતાં કોઈ કોઇ અઙ્ગો (શાખાઓ) સૂકાય છે, વન્ધ્યા સ્ત્રીની જેમ એક જ જાતિના પણ કોઈ વૃક્ષોને ફળો આવતાં નથી, અનેક જાતિનાં વૃક્ષોમાં નર-માદાનો ભેદ પણ હોય છે, ઈત્યાદિ વિવિધ સમાનતા પ્રત્યક્ષ દેખાય છે. તાત્પર્ય કે મનુષ્યશરીરની જેમ વન-સ્પતિમાં જન્મ, બાલ્ય, યૌવન, વૃદ્ધત્વ, મરણ, સંજ્ઞા, લજ્જા, હર્ષ, રોગ, શોક, શીત-ઉષ્ણ વિગેરે સ્પર્શોની અસર, ઇત્યાદિ પ્રત્યક્ષ છે માટે તે જીવનું શરીર છે, સજીવ હોવાથી તેમાં જીવત્વ સિદ્ધ છે. આધુનિક વૈજ્ઞાનિકો પણ પાંચેય પ્રકારના એકેન્દ્રિયોમાં જીવત્વ સ્વીકારવા લાગ્યા છે.

૨૨૨-ન્હાની (કાચી) દીક્ષા પછી આવશ્યક સૂત્રના અને દશવૈકાલિકના ચોથા અધ્યયન સુધીના યોગોદ્વહન પૂર્વકાળે તે તે સૂત્રને ભણવા પૂર્વક કરાવાતા હતા, આજે પણ કેટલાક એટલું ભણ્યા ભણાવ્યા પછી જ ઉપસ્થાપના કરે છે તે આ વિધાનના પાલન રૂપે છે. જો ભણાવ્યો જ ન હોય તો પરીક્ષા વિગેરે કરી શકાય નહિ, યોગ્યાયોગ્યના નિર્ણય વિના જ મહાવ્રતો ઉચ્ચરાવવાથી અજ્ઞ શિષ્ય તેનું પાલન કરી શકે નહિ, અને વ્રતવિરાધનાથી વસ્તુતઃ શાસનની અને સાધુતાની વિરાધના થાય, એ સર્વ વિરાધનામાં ગુરૂ નિમિત્ત બને તેથી તેને પણ તે સંબંધી કર્મબન્ધ થાય, ઇત્યાદિ સ્પષ્ટ છે. જગતમાં ન્હાના મોટા કોઈ પણ કાર્યમાં યોગ્યતાનો વિચાર કરાય છે, બજારમાંથી બે આનાનું શાક પણ જેવા તેવાની પાસે મંગાવી શકાતું નથી, 'જેમ કાર્ય મોટું તેમ યોગ્યતા વિશિષ્ટ હોવી જોઇએ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**—એ રીતે ષટ્કાયજીવોને, વ્રતોને, (તથા અતિચારોને) કહ્યા પછી જે શિષ્યને તેનો બોધ થાય તેની જ ગીતાર્થ ગુરૂએ આ વિષયોમાં પરીક્ષા કરવી. પરીક્ષાના વિષયો (સ્થાનો) પણ પઞ્ચવસ્તુકમાં નીચે પ્રમાણે કહ્યા છે.

" उच्चाराइ अथंडिले, वोसिर ठाणाइ वावि पुढवीए ।
णइमाइदगसमीवे, सागणि णिक्खित्त तेउम्मि ॥६६४॥
वियणऽभिधारण वाए, हरिए जह पुढविए तसेसुं च ।
एमेव गोअरगए, होइ परिच्छा उ काएहिं ॥६६५॥" (पञ्चवस्तु)

**વ્યાખ્યા**—શિષ્યની પરીક્ષા માટે ગીતાર્થ ગુરૂ પોતે ઉચ્ચાર-પ્રશ્રવણ (વડી-લઘુનીતિ) વિગેરે અસ્થંડિલમાં (જીવાકૂળ વિગેરે સાવદ્ય ભૂમિમાં) વોસિરાવે (તજે), કાયોત્સર્ગ માટે ઉભા રહેવું, બેસવું, વિગેરે પણ સચિત્ત પૃથ્વીમાં કરે, નદી-વિગેરેમાં (પાણીની પાસે) ઉચ્ચારાદિ વોસિરાવે (કરે), તથા જ્યાં બીજાએ અગ્નિ નાખ્યો હોય તેવા અગ્નિવાળા પ્રદેશમાં સ્થંડિલ વિગેરે વોસિરાવે, (૬૬૪) વાયુ માટે વિંજણો વાપરે, લીલું ઘાસ હોય તેવી પૃથ્વીમાં તથા કીડીઓ વિગેરે ત્રસજીવો હોય ત્યાં સ્થંડિલાદિ વોસિરાવે, એ રીતે ગોચરી ફરતાં પણ 'રજસંસૃષ્ટ' વિગેરે દોષવાળાં આહારાદિ વહોરે, એમ કરવાથી શિષ્યની પરીક્ષા થાય, (અર્થાત્ ગુરૂ ઈરાદા પૂર્વક છ કાયજીવોની વિરાધના થાય તેવી પ્રવૃત્તિ કરે તેથી યોગ્યાયોગ્ય શિષ્યનો નિર્ણય થઈ શકે. (૬૬૫)

" जइ परिहरई संमं, चोएइ य घाडिअं तया जोग्गो ।
होइ उवट्ठावणाए, तीए अ विही इमो होइ ॥६६६॥" (पञ्चवस्तु०)

**ભાવાર્થ**-(ગુરૂ એવી વિરાધના કરે છતાં) જો શિષ્ય એ વિરાધનાને તજે, પોતે એવી પ્રવૃત્તિ ન કરે અને બીજા (સઙ્ઘાટક) સાધુને પણ 'આમ કરવું અયોગ્ય છે' એમ સમજાવે, તો તેને ઉપસ્થાપના માટે યોગ્ય જાણવો, તે ઉપસ્થાપનાનો વિધિ આ પ્રમાણે છે. (૬૬૬)

૧૦૬ શ્લોકમાં કહ્યું હતું 'ઉપસ્થાપના વિધિ પૂર્વક કરવી' તેથી હવેને વિધિ કહે છે.

मूलम्-" देवगुर्वोर्वन्दनं च, व्रतोच्चारः प्रदक्षिणाः ।
दिग्बन्धस्तप आख्यानं, मण्डलीवेशनं विधिः ॥१०९॥"

**મૂળનો અર્થ**—દેવગુરૂને વન્દન કરાવવું, વ્રતો ઉચ્ચરાવવાં, ત્રણ પ્રદક્ષિણા દેવરાવવી, દિગ્બન્ધ કરવો, તપ કરાવવો, વ્યાખ્યાન કરવું અને માંડલીમાં પ્રવેશ કરાવવો, એ ઉપસ્થાપનાનો વિધિ જાણવો.

**ટીકાનો ભાવાર્થ**—દેવ-ગુરૂને વન્દન એટલે આઠ સ્તુતિથી (નંદિનું) દેવવન્દન કરાવવું

એ હકિકત દરેક વ્યવહારમાં સર્વમાન્ય છે, તે રીતે વિચારતાં મહાવ્રતોનું પાલન અતિગહન અને વિશિષ્ટ હોવાથી શિષ્યમાં ગુરૂને સમર્પિત થવાની વિશિષ્ટ ભાવના અને વ્રતોના પાલન માટે વેઠવા પડતા પરીષહાદિને સહવાનું સત્ત્વ હોવું જોઇએ. જો શિષ્યના આત્મહિત માટે મહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે છે તો હિતને બદલે અહિત ન થાય તેટલું વિચારવું તો આવશ્યક છે જ. એ કારણે જ દીક્ષાર્થીમાં અને ગુરૂમાં કેવા કેટલા ગુણો જોઇએ ? વિગેરે વર્ણન ગ્રન્થના પ્રારમ્ભમાં જ કર્યું છે, તે અતિ મહત્ત્વનું અને આત્મોપકારક હોવા સાથે શ્રી જૈનશાસનની અને જિનેશ્વરદેવની સેવા માટે અનિવાર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ગુરૂને દ્વાદશાવર્ત વન્દન એટલે બે વાંદણાં દેવરાવવાં. તે પછી અહિંસા વિગેરે રાત્રિભોજન-વિરમણ સુધીનાં છ વ્રતોને ઉચ્ચરાવવાં, સમવસરણ(નંદિ)ને ત્રણ પ્રદક્ષિણા અપાવવી, સાધુ હોય તો આચાર્ય-ઉપાધ્યાયના ભેદે બે પ્રકારનો અને સાધ્વી હોય તો તેની પ્રવર્તિની સહિત ત્રણ પ્રકારનો દિગ્બન્ધ ( નામસ્થાપનવિધિ ) કરવો. આયંબિલ વિગેરે (શક્તિ અનુસારે) તપ કરાવવો, પાંચ મહાવ્રતોના પાલન માટે શેઠની (ચાર) પુત્રવધુઓના (રોહિણીના) દૃષ્ટાન્તથી ઉપદેશ કરવો, અને સાતમાંડલીમાં પ્રવેશ કરાવવો, એ ઉપસ્થાપનાનો વિધિ સંક્ષેપથી જાણવો.

વિસ્તૃત અર્થ તો (પ્રાચીન) સામાચારીમાંથી સમજી લેવો, તેનો પાઠ આ પ્રમાણે છે-

"पढिआइ[1] वास[2] चिइ[3] वय,[4] तियतियवेला खमासमणसत्त[5] ।
दिसिबंधो दुविहतिहा,[6] तव[7] देसण[8] मंडलीसत्त[9] ।।उपस्थापनाद्वार।।

**વ્યાખ્યા**-'पढिए य कहिए अहिगए' ઈત્યાદિ (સત્તરમા પઞ્ચાશકમાં કહેલી ૩૦-૩૧) બે ગાથાઓ (જેનું વર્ણન ઉપર પઞ્ચવસ્તુની ગાથાઓથી કહ્યું તે) પ્રમાણે સારી રીતે જેના ગુણોની પરીક્ષા કરી છે તેવો શિષ્ય શુભતિથિ-વાર-નક્ષત્ર-મુહૂર્ત અને રવિયોગ વિગેરે શુભ યોગવાળા પ્રશસ્ત દિવસે શ્રીજિનમન્દિર વગેરે પ્રધાન(પવિત્ર)પ્રદેશમાં આવીને ગુરૂને વાંદીને કહે કે-'ઇચ્છકારી ભગવન્ ! તુમ્હે અમ્હ પંચમહાવ્રત રાત્રિભોજન વિરમણ ષષ્ઠવ્રત આરોવાવણિઅં નંદિ કરાવણિઅં વાસનિક્ખેવં કરેહ' અર્થાત્ હે ભગવન્ ! આપ મને પાંચમહાવ્રતોના અને રાત્રિભોજનવિરમણ-નામના છઠ્ઠા વ્રતના આરોપણ માટે અને તેને ઉદ્દેશીને નંદિ (મઙ્ગલોપચાર દેવવન્દનાદિ) કરાવવા માટે વાસનિક્ષેપ કરો ? (મંત્રિત વાસને મારા મસ્તકે નાખો !) એમ કહીને આઠ સ્તુતિ પૂર્વક (નંદિનું) દેવવન્દન (જય વીયરાય૦ સુધી) કરીને ગુરૂવન્દન કરે (વાંદણાં દે). તે પછી ગુરૂ-શિષ્ય બન્ને (આદેશ માગવા પૂર્વક) મહાવ્રતોના આરોપણ માટે સત્તાવીસ શ્વાસોચ્છ્વાસનો ( સાગરવર ગમ્ભીરા સુધીનો એક લોગસ્સનો) કાઉસ્સગ્ગ કરે, પછી હાથીના દન્તુશળની જેમ પેટ ઉપર બે કોણીઓ સ્થાપીને બે હાથથી રજોહરણ પકડીને આચાર્ય ડાબા હાથની અનામિકા આંગલીએ લટકતી મુહપત્તિ પકડીને સમ્યગ્ ઉપયોગ પૂર્વક ઉપરનું અડધું શરીર (તથા મસ્તક) નમાવીને (બે હાથે અઞ્જલી કરીને રજોહરણને પકડીને મુહપત્તિ બે હાથની અનામિકા અને કનિષ્ઠા વચ્ચે રાખીને) ઉભેલા શિષ્યને એકેક મહાવ્રત શ્રીનમસ્કારમહામંત્ર બોલવા પૂર્વક ત્રણ ત્રણ વાર ઉચ્ચરાવે (સંભળાવે). તે આ પ્રમાણે-એક વાર શ્રીનમસ્કારમહામંત્રઉચ્ચારીને

**"(तत्थ) पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा, बायरं वा, तसं वा, थावरं वा, नेव सयं पाणे अइवाइज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंतेवि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं-मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ।।१।।"**[२२३]

એ પ્રમાણે પહેલા મહાવ્રતનો પાઠ બોલવો, પુનઃ નમસ્કારમહામંત્ર બોલીને બીજી વાર અને એ પ્રમાણે જ ત્રીજી વાર સંભળાવવો. તે પછી નમસ્કારમહામંત્ર બોલીને "अहावरे दुच्चे

૨૨૩-આ પાઠના અને બાકીના વ્રતોના પાઠના પણ અર્થ પાક્ષિક સૂત્રમાં કહ્યા પ્રમાણે સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भंते ! महव्वए मुसावायाओ वेरमणं०" વિગેરે બીજા મહાવ્રતનો પાઠ પણ પહેલા મહાવ્રતની જેમ ત્રણ વાર પૂર્ણ સંભળાવવો. એ રીતે ત્રીજા, ચોથા વિગેરે મહાવ્રતોનો પાઠ ત્રણ ત્રણ વાર શ્રીનમસ્કારમહામંત્ર પૂર્વક ઉચ્ચરાવવો, તે પછી લગ્નવેળા આવે ત્યારે (શ્રીનમસ્કાર-મહામંત્ર બોલવા પૂર્વક) "इच्चेइआइं पंचमहव्वयाइं राईभोअणवेरमणछट्ठाइं अत्तहियट्ठया(ट्ठा)ए उवसंपज्जित्ता णं विहरामि" એ પાઠ ત્રણવાર સંભળાવવો. પછી શિષ્ય વન્દન કરીને કહે કે-'ઇચ્છકારિ ભગવન્! તુમ્હે અમ્હ પંચમહાવ્રત-રાત્રિભોજનવિરમણષષ્ઠ(વ્રત) આરોવઉ' વિગેરે સાત ખમાસમણનો અને ત્રણ પ્રદક્ષિણાનો વિધિ પૂર્વે (પહેલા ભાગમાં સમકિત-વ્રત વિગેરે ઉચ્ચરવાના વિધિમાં) જણાવ્યા પ્રમાણે કરાવવો. પછી શિષ્યને આચાર્ય તથા ઉપાધ્યાયરૂપ બે પ્રકારનો દિગ્બન્ધ કરે, (અર્થાત્ અમુક આચાર્યના અમુક ઉપાધ્યાયના અમુક (ગુરૂના અમુક) નામવાળા તમે શિષ્ય છો, એમ ચતુર્વિધ સઙ્ઘની[224] સમક્ષ કહે), જેમ કે 'કોટિક ગણ, વૈરી (વજ્રી)શાખા, ચાન્દ્રકુલ, અમુક ગુરૂ (આચાર્ય,) અમુક ઉપાધ્યાય, (અમુક ગુરૂનાશિષ્ય તમારૂં નામ) વિગેરે. સાધ્વીને 'અમુક પ્રવર્તની' એ ત્રીજો પ્રકાર વધારે સમજવો. તે પછી આયંબિલ, નિવી, વિગેરે તે દિવસે(મઙ્ગળ માટે) તપ કરાવવો અને દેશનામાં 'શેઠની ચાર પુત્રવધુઓનું (રોહિણીનું) દૃષ્ટાન્ત આપી પાંચ મહાવ્રતોનું પાલન કરવાનું અને ઉત્તરોત્તર વૃદ્ધિ કરવાનું સમજાવવું. એ રીતે ઉપસ્થાપના કર્યા પછી જ શિષ્યને માંડલીપ્રવેશ કરાવવા માટે સાત આયંબિલ કરાવવાં. તે સાત માંડલીઓ આ પ્રમાણે છે—

"सुत्ते अत्थे भोअण, काले आवस्सए अ सज्झाए ।
संथारए चेव तहा, सत्तेया मंडली जइणो ॥६९२॥" (प्रव० सारोद्धार)

**ભાવાર્થ**-સૂત્રમાં, અર્થમાં, ભોજનમાં, કાળગ્રહણ કરવામાં, પ્રતિક્રમણમાં, સાવધ્યાય

---

૨૨૪-જેમ કોઈ મકાન વિગેરે વેચાણ-ખરીદ કર્યા પછી તેનું ખત પત્રક (દસ્તાવેજ) લખવામાં તેની આજુ બાજુના ખૂંટની (ચારે દિશામાં આવેલાં મકાનો કે માર્ગ વિગેરેની) નોંધ લેવાય છે તેમાં મોહને વશ મકાન બદલવાનો કે ઇનકાર કરવાનો પ્રસઙ્ગ ન આવે ઇત્યાદિ કારણ છે તેમ શિષ્યના નામ સ્થાપનમાં કુળ-ગણ કે આચાર્યાદિનાં નામ ત્રણ વાર ચતુર્વિધ શ્રીસંઘની સમક્ષ સંભળાવવામાં મંગળ ઉપરાન્ત મોહને વશ કોઇને શિષ્યને બદલી દેવા વિગેરેનો પ્રસંગ ન આવે તે કારણ સમજાય છે. અનાદિ મોહવશ જીવને એવી ભૂલ થવી તે આશ્ચર્યરૂપ નથી, કિન્તુ સંભવિત હોવાથી જ્ઞાનીઓએ 'શિષ્યનિષ્ફેટિકા' વિગેરે શાસ્ત્રોમાં વર્ણવ્યું છે અને તેમાંથી બચવા માટેના ઉપાયો પણ જણાવ્યા છે. સંયમીને પણ પ્રમત્તગુણસ્થાનક સુધી તો મોહ માર્ગ ચૂકાવે છે, માટે જ અપ્રમત્તગુણથી તુર્ત જ વાર વાર પ્રમત્તગુણસ્થાને ઉતરવાનું સતત હોય છે, એ દશામાંથી મુક્ત થયા પછી તો જીવને ઘાતીકર્મોનો ઘાત કરવામાં એક અન્તર્મુહૂર્ત જેટલો જ વિલમ્બ થાય છે. ત્યાં સુધી પ્રમત્ત અપ્રમત્તના ચઢાવ-ઉતારની અથડામણ દેશોન્યૂન પૂર્વક્રોડવર્ષો સુધી પણ સહન કરવી પડે છે. અર્થાત્ પ્રમત્તદશાથી મુક્ત થવું અતિદુષ્કર છે. ત્યાં વર્તતો આત્મા ભૂલ ન કરી બેસે તે માટે સમગ્ર સામાચારીનું વિધાન છે. આ દિગ્બન્ધ પણ સામાચારીનો અંશ છે, તેના બળે શિષ્યને ગુરૂઆજ્ઞા પાલનની અને ગુરૂને શિષ્યના સંયમની જવાબદારી નીચે મૂકવામાં આવે છે, એથી શિષ્ય ગુરૂઆજ્ઞાનું પાલન કરે અને ગુરૂ તથા ગચ્છના અન્ય મુનિઓ પણ તે શિષ્યની પ્રકૃતિને સહીને તેને ચારિત્રમાં આગળ વધારે, ઇત્યાદિ દિગ્બન્ધમાં ગૂઢ ઉપકાર રહેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પઠાવવામાં અને સંથારામાં, એમ નિશ્ચે સાત કાર્યમાં સાધુને માંડલી[૨૨૫] હોય છે અને એ દરેકમાં એક એક આંબિલ કરીને પ્રવેશ થઈ શકે છે, આંબિલ વિના પ્રવેશ કરાતો નથી. તેમાં એવો વિધિ છે કે-(આંબિલનો તપ કરીને) સાંજે ગુરૂ પાસે મુહપત્તિનું પડિલેહણ કરીને બે વાંદણાં દઇને 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સૂત્રમાંડલી સંદિસાવું ?' પુનઃ ખમા૦ દઇને ઇચ્છા૦ સંદિ ભગ૦ સૂત્રમાંડલી ઠાસ્યું' ઇચ્છં', કહી ખમા૦ દઈ 'તસ્સ મિચ્છામિ દુક્કડં' કહે. એ પ્રમાણે દરેક માંડલીનો વિધિ જાણવો, પણ બાકીની માંડલીઓમાં 'તિવિહેણં' કહેવું, એ રીતે વિસ્તારથી ઉપસ્થાપનાનો વિધિ કહ્યો. આ ઉપસ્થાપના વ્રતારોપણરૂપ છે, એથી હવે વ્રતોનું વર્ણન કરે છે.

**मूलम्**–" अहिंसा सत्यमस्तेयं, ब्रह्माऽऽकिंचन्यमेव च ।
महाव्रतानि षष्ठं च, व्रतं रात्रावभोजनम् ॥११०॥"

**મૂળનો અર્થ**–અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, એ પાંચ મહાવ્રતો છે તથા રાત્રિએ ભોજન તજવું એ છટ્ઠું વ્રત છે.

**ટીકાનો ભાવાર્થ**–અહિંસા, સત્ય, અસ્તેય(અચૌર્ય), બ્રહ્મચર્ય, અને આકિંચન્ય (અપરિગ્રહ) એમ પાંચ જ મહાવ્રતો એટલે અન્યની અપેક્ષાએ મોટાં વ્રતો અર્થાત્ નિયમો (પ્રતિજ્ઞાઓ) છે, તેથી તેને મહાવ્રતો કહેવાય છે, એમ વાક્યમાં ક્રિયાપદ જોડવું. તેમાં 'અહિંસા' સર્વજીવોની સર્વ પ્રકારની, મૃષાવાદનો ત્યાગ સર્વ દ્રવ્યોના (પદાર્થોના) વિષયમાં, ઈત્યાદિ આ વ્રતોનો વિષય અન્યની અપેક્ષાએ વિશિષ્ટ હોવાથી એ પાંચેયનું મહત્ત્વ છે જ. કહ્યું છે કે—

" पढमंमि सव्वजीवा, बीए चरिमे अ सव्वदव्वाइं ।
सेसा महव्वया खलु, तदेक्कदेसेण दव्वाणं ॥७९१॥" (आव० निर्युक्ति)

**ભાવાર્થ**–પહેલા મહાવ્રતમાં 'સૂક્ષ્મ-બાદર-ત્રસ-સ્થાવર' ઈત્યાદિ સર્વજીવોની હિંસાનો ત્યાગ

૨૨૫ માંડલી એટલે સાધુ મંડળ, અર્થાત્ તે તે વિષયની યોગ્યતા પ્રગટતાં અન્ય સાધુઓની સાથે તે તે કાર્યો માટે ભળવું તેને માંડલીમાં પ્રવેશ કર્યો કહેવાય છે. તથાવિધ યોગ્યતા પ્રગટ્યા પછી મહાવ્રતો ઉચ્ચરાવવાથી સાધુ મહાવ્રતી કહેવાય છે, તે પહેલાં માત્ર સામાયિક ચારિત્રવાળો હોય છે તેથી મહાવ્રતીના મંડલથી તેને ભિન્ન રાખવામાં આવે છે. આ ભિન્નતા અનાદર રૂપ નથી, કિન્તુ વિશિષ્ટ વિવેક છે. બાળકને યુવાનનું કે યુવાનને વૃદ્ધનું કાર્ય નહિ સોંપવામાં પરસ્પર અનાદર નહિ પણ વિનય, ભક્તિ વિગેરે વિવેક છે તેમ અહીં પણ સમજવું. જગતના કોઇ પણ હિતકર વ્યવહારોમાં સર્વકાળે આવો વિવેક સહુએ સ્વીકારેલો છે, કર્મની વિચિત્રતાને કારણે વિચિત્ર અવસ્થાઓને અનુભવતા જગતમાં કદાપિ સર્વ કાર્યોમાં સર્વને સમાન અધિકાર મળ્યો નથી, વસ્તુતઃ અસમાનતા એ જ સંસાર છે અને અસમાનતામાં બન્ધન (કારણ)રૂપ કર્મનો નાશ કરી સમાનતા પ્રાપ્ત કરવી એ જ મુક્તિ છે. એના ઉપાય તરીકે પોતાથી અધિક યોગ્યતાને પામેલાઓ પ્રત્યે સન્માન, ભક્તિ, સેવા, વિગેરેનો ભાવ કેળવી ભવિષ્યમાં એવી અધિક યોગ્યતા પ્રાપ્ત કરવાના લક્ષ્યથી જીવનવ્યવહારો કરવા તે સર્વ ધર્માનુષ્ઠાનોનું રહસ્ય છે, કોઈ ધર્મ, રાષ્ટ્ર, દેશ, સમાજ કે કુટુમ્બના વિકાસ માટે આ વ્યવસ્થાનો કોઇ અનાદર કરી શકતું નથી, સહુને એક યા બીજા રૂપમાં સ્વામિ-સેવક કે પૂજ્ય-પૂજક ભાવને સ્વીકારવો જ પડે છે. ધર્મસામ્રાજ્યના સ્થાપક શ્રી તીર્થંકર દેવોએ પણ પોતે એનું પાલન કર્યું છે અને જગતને પણ એ માર્ગ બતાવ્યો છે, વસ્તુતઃ આ શાશ્વત તત્ત્વ છે. તેથી જગતમાંથી તેનો નાશ થઈ શકતો જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાય છે, બીજામાં 'सव्वदव्वेसु' શબ્દથી સર્વદ્રવ્યોમાં મૃષાવાદનો અને ચરિમ એટલે પાંચમા મહાવ્રતમાં પણ 'सचित्ताचित्तमिसेसु दव्वेसु' શબ્દથી સર્વદ્રવ્યોના પરિગ્રહનો ત્યાગ કરાય છે, *માટે તે સર્વવિષયક છે, શેષ મહાવ્રતો દ્રવ્યોના અમુક એકદેશના ત્યાગવાળાં છે, જેમકે–ત્રીજામાં* ગ્રહણ–ધારણીય (લઈ શકાય, રાખી શકાય તેવાં) દ્રવ્યોના અદત્તાદાનનો, ચોથામાં રૂપ અને રૂપવાળા પદાર્થોના વિષયમાં અબ્રહ્મનો ત્યાગ છે અને છઠ્ઠું તો મહાવ્રત નથી, રાત્રિએ અભોજન-રૂપ હોવાથી તેને 'રાત્રિભોજનવિરમણવ્રત' કહેવાય છે. એ પ્રમાણે નામ માત્રથી વ્રતોને કહ્યાં, હવે તે દરેકનું લક્ષણ જણાવવાની ઈચ્છાથી પહેલા 'અહિંસા' વ્રતનું લક્ષણ જણાવે છે કે—

**मूलम्–"प्रमादयोगतोऽशेष–जीवाऽसुव्यपरोपणात् ।**
**निवृत्तिः सर्वथा यावज्जीवं सा प्रथमं व्रतम् ॥१११॥"**

**મૂળનો અર્થ**–પ્રમાદને યોગે સર્વ કોઈ જીવના પ્રાણનો નાશ કરવાનો સર્વથા યાવજ્જીવ સુધી ત્યાગ કરવો તે પહેલું વ્રત છે.

**ટીકાનો ભાવાર્થ**–અજ્ઞાન, સંશય, બુદ્ધિની વિપરીતતા, રાગ, દ્વેષ, વિસ્મરણ, મન–વચન કાયાની દુષ્પ્રવૃત્તિ અને ધર્મમાં અનાદર, એ આઠ પ્રકારના પ્રમાદના યોગથી એટલે એ પ્રમાદ કરવાથી 'અશેષ' એટલે સૂક્ષ્મ કે બાદર અથવા ત્રસ કે સ્થાવર, સર્વ જીવોના 'પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય' એ દશ પ્રાણો પૈકી જેને જેટલા હોય તેટલા તેના પ્રાણોનો વિનાશ કરવો તે હિંસા અને તેની 'નિવૃત્તિ' એટલે વિરામ પામવો–અટકવું, તે અહિંસા કહેવાય. તે દેશથી પણ થઈ શકે માટે અહીં કહ્યું છે કે 'સર્વથા' એટલે સર્વ પ્રકારે, અર્થાત્ 'મન–વચન–કાયાથી કરવાનો કરાવવાનો અને અનુમોદવાનો' એમ ત્રિવિધ–ત્રિવિધભાંગાથી ત્યાગ કરવો, તે ત્યાગ અમુક મર્યાદિત કાલ સુધીનો પણ થઈ શકે, માટે કહ્યું છે કે–'યાવજ્જીવં' અર્થાત્ જીવન પર્યન્ત એ હિંસા નહિ કરવી (અહિંસાનું પાલન કરવું), તેને પહેલું 'અહિંસા' વ્રત' કહ્યું છે. એમ વાકયમાં ક્રિયાપદ જોડવું. આ વ્રતને સર્વથી પહેલું એ કારણે કહ્યું છે કે બીજાં બધાં વ્રતોનો આધાર[૨૨૬] અહિંસા છે, અને સૂત્રોમાં વ્રતોનો ક્રમ પણ તે પ્રમાણે છે. 'સૂત્રોમાં ક્રમ એ પ્રમાણે છે' એ હેતુ બીજા ત્રીજા વિગેરે સર્વ વ્રતોના ક્રમમાં પણ સમજવો.

---

૨૨૬—'**अहिंसा परमो धर्मः**' એ સૂત્રને સર્વ દર્શનકારો માને છે, અર્થાત્ 'અહિંસા પરમ (શ્રેષ્ઠતમ) ધર્મ છે' એ સર્વમાન્ય છે. તેમાં એ પણ કારણ છે કે હિંસા કરનાર કે નહિ કરનાર, સર્વ જીવો પોતાની અહિંસા ઈચ્છે છે. ભલે, પોતે પોતાની કે પરની હિંસાને છોડી શકતો ન હોય, પણ ક્રૂર હિંસક સિંહ, વાઘ, કે ઈરાદા પૂર્વક હિંસા કરનારા શિકારીઓ, પારધિઓ અને કસાઇઓ વિગેરે પણ પોતાની હિંસા થાય તેમ ઈચ્છતા નથી. આ સ્વઅહિંસાની ઈચ્છા દરેક આત્માનો આત્મીય અવાજ છે અને સર્વનો તે અવાજ સમાન હોવાથી સર્વને ઈષ્ટ તે 'અહિંસા' એક જ પરમધર્મ છે. એમ અહિંસા સર્વ માન્ય ઈષ્ટ તત્ત્વ હોવાથી પરમધર્મ છે અને તેની સિદ્ધિ માટે સત્ય, અસ્તેય, બ્રહ્મ અને અપરિગ્રહવ્રત સાધનો છે. સાધનોનું અસ્તિત્વ સાધ્યને આશ્રીને હોવાથી અહિંસાને શેષવ્રતોના આધાર ભૂત કહી છે. જો અહિંસાનું ધ્યેય ન હોય તો સત્ય, અસ્તેય, બ્રહ્મ કે અપરિગ્રહનો આદર કરવા છતાં તેનું વસ્તુતઃ કંઈ ફળ નથી, તેમાં પણ પોતાના આત્માની અહિંસાને સાધ્ય નથી બનાવી તે વસ્તુતઃ પરની સાચી અહિંસા કરી શકતો નથી માટે નિશ્ચયથી પોતાના આત્માની અહિંસા (રાગ–દ્વેષા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અર્થાત્-સત્ય, અસ્તેય, બ્રહ્મ, વિગેરેનો ક્રમ સૂત્રોમાં તે પ્રમાણે કહેલો હોવાથી અહીં પણ તે રાખ્યો છે) એ પહેલું વ્રત કહ્યું. હવે બીજા વ્રતનું લક્ષણ કહે છે કે—

मूलम्–"सर्वथा सर्वतोऽलीकादप्रियाचाहितादपि ।
वचनाद्विनिवृत्तिर्या, तत्सत्यव्रतमुच्यते ॥११२॥"

**મૂળનો અર્થ**–'સર્વ' અસત્યથી, અપ્રિયથી અને અહિતકર વચનથી પણ સર્વથા નિવૃત્તિ કરવી, તેને સત્યવ્રત કહેવાય છે.

**ટીકાનો ભાવાર્થ**–'સર્વ પ્રકારના' એટલે ક્રોધ વિગેરે કોઈપણ કારણથી બોલાતા 'અલીકથી'=અસત્યથી, 'અપ્રિયથી'=અપ્રીતિકારકથી, અને 'અહિતથી'='ભાવિકાળે અહિતકારીથી, એમ કેવળ અસત્ય વચનથી જ નહિ, કિન્તુ એ ત્રણે પ્રકારના દુષ્ટ વચનથી 'સર્વથા'=ત્રિવિધ ત્રિવિધથી, 'નિવૃત્તિ'=અટકવું, તેને શ્રીજિનેશ્વરોએ સત્યવ્રત કહ્યું છે.[૨૨૭] **પ્રશ્ન**–અહીં સત્યવ્રતનો અધિકાર હોવાથી માત્ર 'અસત્ય બોલવાથી અટકવું' તેટલું સત્ય વ્રત કેમ ન કહેવાય? અપ્રિય અને અહિતનો ત્યાગ શા માટે? નામથી માત્ર 'સત્ય વ્રત' કહેલું હોવાથી અપ્રિય અને અહિતકરના ત્યાગનો તેમાં અધિકાર છે જ ક્યાં? **ઉત્તર**–પ્રશ્ન બરાબર નથી, કારણ કે-વ્યવહારથી સત્ય છતાં અપ્રિય અને અહિતકર વચનમાં પરમાર્થથી અસત્યતા છે, જેમકે-ચોરને તું ચોર છે, કોઢિઆને તું કોઢી છે.' ઈત્યાદિ કહેવું તે તેને અપ્રિય હોવાથી સત્ય નથી. કહ્યું છે કે–

" तहेव काणं काणेत्ति, पंडगं पंडगे त्ति वा ।
वाहिअं वा वि रोगित्ति, तेणं चोरेत्ति नो वए ॥" दशवै० अ० ७-१२॥

**ભાવાર્થ**–તે રીતે કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અથવા ચોરને ચોર પણ નહિ કહેવો.

---

દિથી મુક્તિ) કરવી એ શુદ્ધ અહિંસા છે અને શેષ અન્યની અહિંસા કરવી, કે તેની સાધના માટે સત્યાદિ વ્રતો પાળવાં એ બધાં તેનાં સાધનો છે, એટલું વિચારતાં સમજાશે કે અહિંસાનો નંબર પહેલો છે તે યુક્તિયુક્ત છે, બીજાં વ્રતો તો તેનાં આશ્રિત છે, અહિંસા જીવંત રહે તેટલા પ્રમાણમાં જ સત્યાદિ શેષ વ્રતો જીવંત રહી શકે. અહિંસા માત્ર આત્માને જ ઉપકારક નથી, શારીરિક સુખો પણ અહિંસાને આધીન છે, દીર્ઘઆયુષ્ય, શ્રેષ્ઠરૂપ, આરોગ્ય, પ્રશંસનીય જીવન, ઈત્યાદિ અહિંસાનાં જ પુણ્યો છે, તેનું ફળ તો મુક્તિ છે, પ્રાણી માત્રને માતાની જેમ સર્વ રીતે હિત કરનારી અહિંસા વસ્તુતઃ કામધેનુ છે, અર્થાત્ સર્વ ઈષ્ટને આપનારી છે, જીવ જ્યારે જ્યારે થોડું પણ સુખ પામ્યો હતો અને પામશે ત્યારે તે સઘળું અહિંસાનું જ ફળ સમજવું. એથી વિપરીત જે જે દુઃખ પામ્યો હતો, વર્તમાનમાં ભોગવે છે અને ભવિષ્યમાં ભોગવવું પડશે તેનું મૂળ કારણ હિંસા જ છે. કોઈને દુઃખી કરીને સુખી થઈ શકાય તે તે શક્ય જ નથી, યુક્તિથી પણ ઘટતું નથી, માટે આલોકના કે પરલોકના કોઈ પણ સુખ માટે અહિંસા અનિવાર્ય છે.

૨૨૭–સત્ય વ્રતનું મહત્ત્વ એ કારણે છે કે જીવને વચનયોગની પ્રાપ્તિ જેટલી દુર્લભ છે તે કરતાં તેની સફળતા ઘણી દુર્લભ છે. વચનયોગની પ્રાપ્તિ જીવને બેઇન્દ્રિયાદિ સર્વ જાતિઓમાં થાય છે પણ તેને સફળ કરવાની શક્તિ પંચેન્દ્રિય જાતિમાં અને વિશેષતયા તો મનુષ્યભવમાં જ મળે છે, તેમાં પણ સર્વ મનુષ્યોને નહિ, કિન્તુ જ્ઞાન અને વિરતિ (ચારિત્ર)નો યોગ જેને પ્રાપ્ત થાય છે તેને એ શક્તિ ઉપકારક બને છે, તે પૂર્વે તો વચનયોગના કુવ્યાપારરૂપ અનેક વિષયમાં મૃષાવાદ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ અને માયામૃષાવાદ જેવાં આકરાં પાપસ્થાનકોને સેવીને જીવ ઉલટો સંસાર વધારી મૂકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ કારણે જ શાસ્ત્રમાં આ છ પ્રકારની ભાષાને અપ્રશસ્ત કહી છે.

" हीलिय खिंसिय फरुसा, अलिया तह गारहत्थिया भासा ।
छट्ठी पुण उवसंताहिगरणउल्लाससंजणणी ॥ प्रवचनसारो० १३२१॥"

**ભાવાર્થ**–૧–હીલિતા (અસૂયા–અવજ્ઞા પૂર્વકની), ૨–ખિંસિતા (નિન્દાવચન), ૩–પરૂષા (કર્કશ–કઠોર વચન), ૪–અસત્યા (જૂટ્ઠ વચન), ૫–ગાર્હસ્થી (સાધુએ ગૃહસ્થની ભાષામાં 'આ 'પુત્રછે, ભાણેજ છે' વિગેરે બોલવું), અને ૬–શમેલા કલહને પ્રગટાવનારી, એ છ ભાષાઓ દુષ્ટ છે.

મુખ્યતયા તો જ્ઞાનીને જેમ જેમ જ્ઞાન વધે છે તેમ તેમ જગતની વિષમતાનું ભાન થવાથી બોલવાની વૃત્તિ ઘટે છે, મૌન કરવામાં હિત સમજે છે અને મૌનરૂપે કે ભાષાસમિતિ–વચનગુપ્તિરૂપે બોલવાની પણ શક્ય વિરતિ કરે છે. માટે જ શાસ્ત્રમાં મૌનને મહાન ધર્મ કહ્યો છે. કારણે પણ સત્ય ન હણાય તે રીતે બોલવાનું કહ્યું છે, કારણ કે–અઢાર પાપસ્થાનકોમાં વચનયોગના દુરૂપયોગે છ પાપસ્થાનકોને રોકયાં છે, તેમાંથી બચવા માટે આઠ પ્રવચનમાતાઓમાં વચનયોગના સદુપયોગરૂપે ભાષાસમિતિ અને વચનગુપ્તિ એમ બે પ્રવચનમાતાઓ છે. બોલવું દુષ્કર નથી, સાંભળવું દુષ્કર છે. એથી જ અતિદુર્લભ એવાં મોક્ષની સાધનાનાં ચાર મુખ્ય અંગોમાં પણ શ્રુતિને (સાંભળવાની વૃત્તિને) પ્રગટ કરવી અતિ દુર્લભ કહી છે. 'બોલવું એ જોખમ છે' એમ સમજનારા શ્રીતીર્થંકર ભગવંતો પણ પોતે ચાર જ્ઞાનથી યુક્ત છતાં કેવળજ્ઞાન પ્રગટવા પહેલાં ઉપદેશ દેતા નથી, કારણ કે–વસ્તુતઃ વચનમાં વક્તાના હૃદયગત ભાવો બહાર આવે છે અને શ્રોતાને તે અસર કરે છે, માટે રાગ–દ્વેષાદિ અન્તરઙ્ગ રોગોને સર્વથા નાબૂદ કર્યા પછી જ શ્રીતીર્થંકરો ઉપદેશ આપે છે, શેષ છદ્મસ્થ જીવોને જે ઉપદેશ આપવાનો છે તેમાં પણ તીર્થંકર દેવોએ ઉપદેશેલું (શાસ્ત્રોથી બોલેલું) જ બોલવાનું વિધાન છે. તેવું બોલતાં પણ પોતાના અન્તરઙ્ગ રોગોથી તે મિશ્રિત ન કરે તેવી યોગ્યતા જેનામાં પ્રગટી હોય તે આત્મા બોલવામાં અધિકારી ગણાય, અન્યથા હિતને બદલે શ્રોતાનું અને પોતાનું પણ અહિત થાય, માટે કારણે સત્ય (એટલે સન્તોને, સદ્‌ગુણોને અથવા સત્પદાર્થને હિત કરે તેવું) બોલવાનું–શેષ નહિ બોલવાનું આ વ્રતથી નિયમિત થાય છે. એ માટે ભાષાનો પ્રયોગ કેવો કરવો હિતકર છે ઈત્યાદિ સમજાવવા ગ્રન્થકારે આ-વ્રતના વર્ણનમાં વિશિષ્ટ પ્રયત્ન કર્યો છે. અન્યશાસ્ત્રોમાં પણ વચનયોગના સદ્વ્યાપાર માટે વિવિધ સમજણ આપેલી છે, કોઈ કોઈ શાસ્ત્ર તો સ્વતન્ત્ર ભાષાના જ્ઞાન માટે જ રચાએલાં છે. આ બધું વિચારતાં સમજાશે કે ભાષાને આત્મહિત માટે સદુપયોગ કરવા માટે સત્યવ્રત કેટલું ઉપકારક છે ? ભાષા એક ચિત્ર છે, ચિત્રકળા ભૂતકાળના, ભવિષ્યકાળના અને વર્તમાનના પણ દૂર પ્રદેશમાં રહેલા ભાવોનું જ્ઞાન કરાવે છે, એવા જ્ઞાનને આપવામાં જ ચિત્રકલાની સફળતા છે, ચિત્રના ભિન્ન ભિન્ન પ્રકારો છે, એક વસ્તુના યથાયોગ્ય આકારનું ચિત્ર, બીજું અક્ષરો લખવા દ્વારા તે વસ્તુને ઓળખાવતું લેખનચિત્ર, ત્રીજું શબ્દોચ્ચાર દ્વારા રચાતું ભાષાચિત્ર, વિગેરે ભેદો છે. ભાષાચિત્રથી જીવને તે તે પદાર્થનું જ્ઞાન થાય છે, લેખનમાં શાહી અને કલમ વિગેરેની જેમ ભાષાનું ચિત્ર પણ 'શબ્દવર્ગણા' નામના પુદ્‌ગલોનો ઉપયોગ કરી જીવ્હાદ્વારા ભાષારૂપ ચિત્ર ઉચ્ચારી (દોરી) શકાય છે, દરેક ચિત્રોની તે તે ભાવને સમજાવવાની ભિન્ન ભિન્ન શૈલી સ્વતંત્ર છે, આકાર જે ભાવને રજૂ કરે છે તેને લેખન કે ભાષણ રજૂ કરી શકતાં નથી, જે ભાવને લેખન રજૂ કરે છે તેને આકૃતિ કે ભાષા સમજાવી શકતી નથી અને ભાષા જે ભાવને રજૂ કરે છે તેને શેષ બે ચિત્રો રજૂ કરી શકતાં નથી, એમ છતાં ભાષાની શક્તિ અનોખી છે તે હાર્દિક ભાવોને જણાવી શકે છે, માટે જ ભાષાને હૃદયનું પ્રતિબિમ્બ પણ કહેવાય છે, તે એવું પવિત્ર અને યથાર્થ (સત્ય) હોવું જોઈએ કે સાંભળનારમાં સત્યજ્ઞાન સાથે શુદ્ધભાવો પ્રગટ કરે, આ પવિત્રતાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા કોઈ શિકારીઓ પૂછે ત્યારે 'મેં મૃગોને આ દિશામાં જતાં જોયાં છે' એમ સાચી હકિકત કહેવાથી શિકારીઓ તે દિશામાં જઇને મૃગલાંને હણે, માટે પ્રાણિઓના ઘાતમાં હેતુ બને તેવું (સાચું) વચન પણ સાચું નથી. કહ્યું છે કે—

" न सत्यमपि भाषेत, परपीडाकरं वचः ।
लोकेऽपि श्रुयते यस्मात्, कौशिको नरकं गतः ॥" योगशास्त्र-प्र० २-६१॥

**ભાવાર્થ**—પરને પીડા કરે તેવું સત્યવચન પણ નહિ બોલવું, કારણ કે લોકમાં (લૌકિક શાસ્ત્રમાં) સંભળાય છે કે એવા વચનને સત્ય માનતો કૌશિક[228] નામનો તાપસ નરકે ગયો.

આ વ્રતના પાલન માટે જેના બેતાલીશ ઉત્તરભેદો છે તે ચાર પ્રકારની ભાષાને સમ્યગ્ સમજવી જોઇએ, માટે તેનું સ્વરૂપ જણાવે છે કે—

" पढमा भासा सच्चा, बीआ उ मुसा विवज्जिआ तासिं ।
सच्चामुसा असच्चामुसा पुणो तह चउत्थी त्ति ॥ प्रवचनसारो० ८९०॥"

**વ્યાખ્યા**-મુખથી બોલાય તે વચનપ્રયોગને ભાષા કહેવાય, તેના ચાર પ્રકારો છે. તેમાં એક 'સતને હિતકારક તે સત્યા' જાણવી. અહીં 'સત્' શબ્દના ૧-સત્પુરૂષો, ૨-'સત્' એટલે ઉત્તમ એવા મૂળગુણો અને ઉત્તરગુણો, અથવા ૩-'સત્' એટલે વિદ્યમાન એવા જીવ-અજીવાદિ પદાર્થો, એમ ભિન્ન ભિન્ન અર્થો સમજવા, તે દરેકને હિતકરનારી ભાષાને સત્યા કહેવાય (૧). અર્થાત્ તે તે વસ્તુસ્વરૂપને જણાવવાની ઇચ્છાથી બોલાતું સંવાદિ(યથાર્થ)વચન તે ૧-**સત્યાભાષા,** તેથી વિપરીત અર્થાત્ વસ્તુસ્વરૂપને સિદ્ધ કરવામાં વિસંવાદિ વચન તેને ૨-**મૃષાભાષા** કહી છે, સત્ય અને મૃષા ઉભયથી મિશ્રિત(ઉભયસ્વભાવવાળી) ભાષાને ૩-**સત્યામૃષા** કહી છે અને એ ત્રણેથી વિલક્ષણ (સત્ય નહિ, અસત્ય નહિ અને ઉભયસ્વભાવવાળી પણ નહિ, એવી) ભાષાને ૪-**અસત્યાઅમૃષા** ભાષા કહી છે. ભાષાના આ ચાર પ્રકારો કહ્યા તે વ્યવહારનયથી જાણવા, નિશ્ચય નયથી તો તે નય ઉપયોગને પ્રમાણભૂત માનતો હોવાથી ઉપયોગ પૂર્વક બોલાય તે ૧-સત્યા અને ઉપયોગ રહિત બોલાય તે ૨-અસત્યા, એમ બે જ પ્રકારો પડે છે. ભાષારહસ્યમાં કહ્યું છે કે—

---

અને યથાર્થતાને આપવાની શક્તિ સત્યવ્રતમાં છે, માટે જ તે સન્તોનુ, સત્ય ભાવોનું અને સદ્ગુણોનું હિત કરનાર (રક્ષક) છે. જ્યાં સુધી આ સત્યવ્રતની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભાષાનો સદુપયોગ થઈ શકતો જ નથી, જો જીવને મોક્ષ માટે શુદ્ધ ભાવો જણાવવાની આવશ્યકતા છે, અને તેના સાધન તરીકે વચનયોગની જરૂર અનિવાર્ય છે, તો વચનયોગના દુરૂપયોગથી બચી સદુપયોગ કરવા માટે સત્યવ્રત વિના બીજો કોઈ જ ઉપાય નથી, ઈત્યાદિ સત્યવ્રતનું મહત્ત્વ અનેક રીતે સમજાય તેવું છે.

૨૨૮-કૌશિક નામનો તાપસ ગામ છોડીને ગંગાકાંઠે તપ કરતો હતો, તે અસત્ય નહિ બોલવાથી સત્યવાદી કહેવાતો, એકદા પાસેના ગામમાં લુંટ કરીને આવેલા ચોરો તેના આશ્રમ આગળ થઇને નીકળ્યા, તેઓને ભયથી એક પર્વતની ઝાડીમાં છુપાતા તેણે જોયા, પાછળ પડેલા ગામ લોકોએ તાપસને પૂછ્યું અને અસત્ય બોલવાથી પાપ લાગે એમ સમજી તાપસે ચોરો ક્યાં છે તે જણાવ્યું. એથી લોકોએ ચોરોને હણ્યા. સત્યની ઓળખાણના અભાવે આવા પાપમાં નિમિત્ત બનવાથી કૌશિક નરકમાં ગયો. (યોગશાસ્ત્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"भासा चउव्विहत्ति य, ववहारणया सुयंमि पन्नाणं ।
सच्चामुसत्ति भासा, दुविहा चिअ हंदि णिच्छयओ ॥१७॥" (भाषारहस्य)

**ભાવાર્થ**—ભાષા ચાર પ્રકારની છે, એમ સૂત્રમાં જણાવ્યું છે તે વ્યવહાર નયની અપેક્ષાએ સમજવું, નિશ્ચયનયથી તો સત્યા અને મૃષા, એમ ભાષા બે જ પ્રકારની છે.

આ પણ કથન યુક્તિયુક્ત છે, કારણ કે-બોલવામાં જીવનું આરાધકપણું અને વિરાધકપણું એમ બે ભેદો જ રહેલા છે, દેશથી આરાધકપણું અને દેશથી વિરાધકપણું એને શુદ્ધ (નિશ્ચય)નય માનતો નથી, તેમાં એ કારણ છે કે જીવને એક સાથે બે યોગ(નો વ્યાપાર) અને બે ઉપયોગ ઘટતા નથી, જો એમ બેને સાથે માનીએ તો તેને યોગે કર્મ પણ શબલ (શુભાશુભ ઉભયસ્વભાવવાળું) બાંધવાનો પ્રસઙ્ગ આવે (અને એવું કોઇ કર્મ તો છે જ નહિ, જે આઠ કર્મો કે તેના ઉત્તરભેદો કહ્યા છે તે પ્રત્યેક કાં તો શુભ કે અશુભ જ છે, મિશ્ર કોઈ નથી) વિગેરે વિશેષચર્ચા વિશેષઆવશ્યકમાં કરેલી છે. આ અભિપ્રાયથી જ (પ્રજ્ઞાપનાસૂત્રમાં ભાષાપદના સૂત્ર ૧૭૪મામાં) ભગવાન શ્રીશ્યામાચાર્યજીએ કહ્યું છે કે—

"एआइं भंते ! चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहए वा विराहए ? गोयमा ! आउत्तं भासमाणे आराहए, तेण परं असंजय अविरय अप्पडिहय-पचक्खायपावकम्मे सच्चं वा भासं भासउ, मोसं वा, सच्चामोसं वा, असच्चामोसं वा, विराहए णो आराहए"

અર્થાત્ શ્રીગૌતમસ્વામિજી ભગવાન્ શ્રીમહાવીરને પૂછે છે કે-હે ભગવન્ત ! ભાષાના આ ચાર પ્રકારોને બોલનારો શું આરાધક છે કે વિરાધક ? ત્યારે ભગવંત કહે છે કે હે ગૌતમ ! ઉપયોગે પૂર્વક બોલનારો આરાધક અને એ (ઉપયોગ) વિના બોલનારો અસંયમી) અવિરતિ અને અપ્રતિહત-પ્રત્યાખ્યાતપાપકર્મવાળો (ગણાય, તે) સત્યા, મૃષા, સત્યામૃષા, કે અસત્યાઅમૃષા બોલે તો પણ વિરાધક છે, આરાધક નથી. વિગેરે પ્રસઙ્ગોપાત્ત કહ્યું.

એ ચારના ઉત્તરભેદો પૈકી પહેલી સત્યા ભાષાના દશ પ્રકારો કહે છે કે—

"जणवय संमय ठवणा, नामे रूवे पडुच्चसच्चे अ ।
ववहार भाव जोगे, दसमे ओवमसच्चे अ ॥" प्रवचनसारो० ८९१॥

**વ્યાખ્યા**—તે તે દેશોમાં જે ભાષા જે અર્થમાં રૂઢ થએલી હોય તેનાથી અન્યદેશમાં તે અર્થમાં ન વપરાતી હોય તો પણ તેને 'સત્ય' માનવી તે ૧-**જનપદસત્ય**, જેમ કે કોંકણ વિગેરે દેશોમાં પાણીને 'પેચ્ચ' કહેવાય છે, આનું સત્યપણું એ કારણે છે કે લોક તે તે શબ્દો સાંભળીને તે તે દેશમાં તે તે વ્યવહારો કરે છે, અર્થાત્ વ્યવહારમાં (પ્રવૃત્તિમાં) હેતુ છે. બીજા પ્રકારોમાં પણ એ રીતે ભાવાર્થ સમજી લેવો. સર્વલોકમાં સામાન્યરૂપે સત્ય તરીકે પ્રસિદ્ધ=સમ્મત હોય તે ૨-**સમ્મતસત્ય**, જેમકે-કુમુદ, કુવલય, ઉત્પલ, તામરસ, એ બધાં પઙ્કજ છે, અર્થાત્ કાદવમાં ઉપજે છે, તો પણ ગોવાળીયા(સામાન્ય લોકો)ને અરવિન્દ જ 'પઙ્કજ' તરીકે માન્ય છે, બીજાંઓને તેઓ 'પઙ્કજ' માનતા નથી, એમ અરવિન્દનું પઙ્કજ નામ સર્વને સમ્મત હોવાથી તે સમ્મતસત્ય જાણવું. ૩-સ્થાપનાથી સત્ય, જેમકે એકના આંકની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગળ બે મીંડાં મૂકવાથી સો, ત્રણ મીંડાં લખવાથી હજાર, (૧૦૦-૧૦૦૦) વિગેરે મનાય છે તે અથવા ચુનાના લેપથી, ચિત્રથી, ઘડતરથી, એમ વિવિધ રીતે બનાવેલી તે તે પ્રતિમાઓમાં 'અરિહંત' વિગેરે વિકલ્પ કરવો, ઈત્યાદિ તે તે અક્ષરોના આકારને કે ચિત્ર-મૂર્તિ વિગેરેને તે તે અરિહંતાદિ તરીકે માનવા તે ૩-**સ્થાપનાસત્ય**, ૪-માત્ર નામથી સત્ય તે 'નામસત્ય', જેમ કે કુળને નહિ વધારનારનું પણ નામ 'કુલવર્ધન' રખાય અને મનાય વિગેરે ૪-**નામસત્ય**, ૫-રૂપની અપેક્ષાએ સત્ય તે રૂપસત્ય, જેમ કે દમ્ભથી પણ યતિનો વેષ સ્વીકાર્યો હોય તેને વેષ-માત્રથી યતિ કહેવો ઈત્યાદિ ૫-**રૂપસત્ય**, ૬-વસ્તુના અન્તરને આશ્રીને બોલાય તે પ્રતીત્ય-સત્ય, જેમ કે-અનામિકા અઙ્ગુલી કનિષ્ઠાની અપેક્ષાએ મોટી અને મધ્યમાની અપેક્ષાએ ન્હાની છે, તેને તે રીતે ન્હાની કે મોટી કહેવી તે અન્ય અઙ્ગુલીને આશ્રીને કહેવાય છે માટે તે ૬-**પ્રતીત્યસત્ય** જાણવું, ૭-લોકવિવક્ષારૂપ વ્યવહારથી બોલાય તે વ્યવહારસત્ય, જેમ કે-'પર્વત બળે છે, ભાજન ગળે છે (ઝમે છે), કન્યા અનુદરા (પેટ વિનાની)છે, બકરી રોમ(વાળ) વિનાની છે, વિગેરે (સાચું નથી, વસ્તુતઃ તો ઝાડો બળે છે, પાણી ઝમે છે, કન્યા દુબળા પેટવાળી છે, બકરીને વાળ અલ્પ છે, તો પણ) લોકવ્યવહાર એવો ચાલે છે માટે એવું બોલવું તે ૭-**વ્યવહારસત્ય**, એ પ્રમાણે સાધુએ પણ વ્યવહારને અનુસારે બોલવું તે વ્યવહાર-સત્ય ગણાય એમ ભાવાર્થ સમજવો. ૮-'ભાવ' એટલે વર્ણ (ગુણ), વિગેરેની અપેક્ષાએ સત્ય મનાય તે ભાવસત્ય, જેમ કે-જ્યાં જે વર્ણ-ગુણ વિગેરે ભાવો ઉત્કટ (વધારે કે દૃઢ) હોય તેનાથી તેને તેવું માનવું, દૃષ્ટાન્તરૂપે શઙ્ખમાં પાંચે વર્ણો છતાં શુક્લવર્ણની ઉત્કટતા હોવાથી તેને શુક્લ કહેવો, (કે-ભ્રમરમાં પાંચે વર્ણો છતાં કૃષ્ણની ઉત્કટતા હોવાથી તેને કૃષ્ણ કહેવો,) વિગેરે ૮-**ભાવસત્ય**. ૯-'યોગ' એટલે સંબન્ધની અપેક્ષાએ સત્ય મનાય તે યોગસત્ય, જેમ કે છત્ર રાખનારો કોઈ વાર છત્ર વિનાનો પણ હોય છતાં તેને 'છત્રી' (કે દંડ રાખનારને કોઈ વાર દંડનો અભાવ હોય છતાં દંડી) કહેવો, વિગેરે ૯-**યોગસત્ય** અને ૧૦-ઔપમ્ય=ઉપમાથી સત્ય મનાય તે 'ઔપમ્યસત્ય' જેમકે-મોટા તળાવને સમુદ્ર જેવું કહેવું, (વિશેષ ધનવાળાને કુબેર કહેવો, બુદ્ધિહીનને પશુ કહેવો,) વિગેરે ૧૦-**ઉપમાસત્ય**. આ દશ ભેદો સત્યભાષાના કહ્યા. અસત્યાના દશ ભેદો આ પ્રમાણે કહ્યા છે—

**"कोहे माणे माया लोभे, पेज्जे तहेव दोसे अ।**
**हास भए अक्खाइय, उवघाए निस्सिआ दसहा ॥प्रवचनसारो० ८९२॥"**

**વ્યાખ્યા**-ગાથામાં કહેલા 'निस्सिआ=निःसृता' શબ્દનો 'क्रोध' વિગેરે પ્રત્યેક શબ્દની સાથે સંબન્ધ હોવાથી 'क्रोधनिःसृता' એટલે 'ક્રોધથી નીકળેલી (બોલાએલી)' વિગેરે અર્થ કરવો. તેમાં ક્રોધથી એટલે વિસંવાદીબુદ્ધિથી બોલનારો સત્ય બોલે તો પણ તે અસત્ય જ છે, જેમ કે ક્રોધથી 'દાસ ન હોય તેને દાસ' (કે દાસને પણ ક્રોધથી દાસ) કહેવો તે અસત્ય છે, એમ ક્રોધથી બોલાય તે સત્ય કે અસત્ય ભાષાને પણ ૧-**ક્રોધઅસત્ય** સમજવું, એ પ્રમાણે સ્વામી ન હોય તેવો પણ માનથી પોતાને બીજાનો સ્વામી કહે વિગેરે ૨-**માનઅસત્ય**, બીજાને ઠગવાના આશયથી (માયાથી) બોલાય તે ૩-**માયાઅસત્ય**, લોભથી બોલાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ૪–**લોભઅસત્ય**, જેમ કે અલ્પમૂલ્ય પદાર્થને બહુમૂલ્ય કહેવો વિગેરે, પ્રેમથી બોલાય તે ૫–**પ્રેમઅસત્ય**, જેમ કે (કામરાગથી) સ્ત્રીને કહેવું કે 'હું તારો દાસ છું' વિગેરે, દ્વેષથી બોલાએલી ભાષા તે ૬–**દ્વેષઅસત્ય**, જેમ કે મત્સરી (ખારીલો) ગુણવાનને પણ 'આ નિર્ગુણી છે' એમ કહે વિગેરે, હાસ્યથી બોલાય તે ૭–**હાસ્યઅસત્ય**, (જેમ કે હાંસી મશ્કરીથી 'કૃપણને પણ દાતાર' કહેવો વિગેરે), ભયથી બોલાય તે ૮–**ભયઅસત્ય**, જેમ કે ચોર વિગેરેના ભયથી (ગભરાઇને) જેમ તેમ બોલવું, 'આખ્યાયિકા' એટલે કથા(વાર્તા), કોઇ વાત કરતાં ન બન્યું હોય તેવું પણ બોલવું તે ૯–**આખ્યાયિકાઅસત્ય**, અને ઉપઘાત એટલે હૃદયના આઘાતથી બોલાય તે ૧૦–**ઉપઘાતઅસત્ય**, જેમ કે કોઈ ચોર કહે ત્યારે 'તું ચોર છે' ઈત્યાદિ અસભ્ય બોલવું. એ દશ પ્રકારો અસત્યભાષાના કહ્યા. ત્રીજી (મિશ્ર)ભાષાના દશ પ્રકારો કહ્યા છે કે–

" उप्पन्न विगय मीसग, जीव अजीवे अ जीवअज्जीवे ।
तह मीसिआ अणंता(णंत मीसगा) खलु, परित्त अद्धा य अद्धद्धा ॥८९३॥" (प्रव०सारो०)

**વ્યાખ્યા**—આ ગાથાનો 'मीसग=મિશ્રિત' શબ્દ પ્રત્યેકની સાથે સંબન્ધવાળો હોવાથી 'ઉત્પન્નમિશ્રિત' વિગેરે સમજવું. તેમાં ઉત્પન્નની સંખ્યા પૂરવા માટે અનુત્પન્ન છતાં જે ઉત્પન્ન તરીકે બોલાય તે ૧–**ઉત્પન્નમિશ્રિત**, જેમ કે કોઇ ગામમાં ઓછાં કે અધિક બાલકોનો જન્મ થવા છતાં 'આજે અહીં દશ બાલકો જન્મ્યાં' ઇત્યાદિ વ્યવહારથી અનિશ્ચિત બોલવું તેમાં સત્ય સાથે અસત્ય પણ છે જ, એમ 'કાલે હું તને સો (રૂપીયા) આપીશ' એવું કહીને બીજે દિવસે પચાસ આપે તો પણ લોકમાં તે મૃષાવાદી મનાતો નથી અને વસ્તુતઃ બાકીના પચાસ ન આપ્યા તેટલા અંશમાં જૂઠાપણું તો છે, માટે તેવી ભાષાને 'ઉત્પન્નમિશ્રિતા' સમજવી. એમ આંશિક સત્યાસત્ય બીજા ભેદોમાં પણ યથામતિ સમજી લેવું. મરણાદિ માટે એવું કહેવું, તે ૨–**વિગતમિશ્રિત**, જેમ કે મરેલા માણસોની સંખ્યા ન્યૂનાધિક હોવા છતાં કહેવું કે 'આજે ગામમાં દશ માણસો મરી ગયા, એમ મરણાદિ 'ગતભાવોને આશ્રીને' મિશ્રવચન બોલાય તે વિગતમિશ્રિત સમજવું. ઉત્પન્ન–વિગત ઉભયને આશ્રીને મિશ્ર બોલવું તે ૩–**ઉત્પન્નવિગતમિશ્રિત**, જેમકે 'આજે દશ માણસો જન્મ્યા અને દશ મર્યા વિગેરે કહેવું. તેમાં ન્યૂનાધિક જન્મ મરણ થવા છતાં વ્યવહારથી સત્ય મનાય છે અને વસ્તુતઃ અસત્ય છે, એમ બે અંશો હોવાથી મિશ્રિત જાણવું. ૪–**જીવમિશ્રિત**, જેમ કે–એક કોઇ ઢગલામાં ઘણા જીવો જીવતા હોય અને થોડા મરેલા પણ હોય, એવા ભેગા રહેલા 'શંખ શંખનક' વિગેરેના ઢગલાને જીવનો ઢગલો કહેવો તે જીવમિશ્રિત. ૫–**અજીવમિશ્રિત**, જેમ કે–જેમાં ઘણા મરેલા અને થોડા જીવતા હોય તેવા સમુહને અજીવસમુહ કહેવો, અજીવને આશ્રીને એવું બોલાય માટે 'અજીવમિશ્રિત ૬–**જીવાજીવમિશ્રિત**=તેવા જ ઢગલામાં નિશ્ચય કર્યા વિના 'આટલા જીવતા છે અને આટલા મરેલા છે' એવું નિશ્ચય વાક્ય બોલવું તે જીવાજીવમિશ્રિત, ૭–**અનન્તમિશ્રિત**= 'મૂલા' વિગેરે કોઈ અનન્તકાયને તેનાં જ પાંદડાં પાકી ગયાં હોય ત્યારે, કે બીજી કોઈ પ્રત્યેક વનસ્પતિની સાથે મિશ્રિત થએલો હોય ત્યારે 'આ સઘળો અનંતકાય છે' એમ બોલવું તે અનન્તમિશ્રિત સમજવું. એ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિને અનન્તકાય સાથે મિશ્રિત જોઇને 'આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધો સમુહ પ્રત્યેક છે' એમ બોલવું તે ૮-**પ્રત્યેકમિશ્રિત** જાણવું. તથા 'અદ્ધા' એટલે કાળ, તે અહીં પ્રસંગાનુસાર દિવસ અથવા રાત્રિનો સમજવો, તેનાથી મિશ્રિત તે ૯-**અદ્ધામિશ્રિત,** જેમ કે 'એક માણુસ કોઈ કામ માટે બીજાને ઉતાવળ કરાવવા માટે દિવસ છતાં બોલે કે 'રાત્રિ પડી' (અથવા રાત્રે પણ કોઈને જગાડવા માટે કહે છે કે 'દિવસ ઉગ્યો') તે અદ્ધામિશ્રિત કહેવાય, ૧૦-**અદ્ધાદ્ધામિશ્રિત**=દિવસ કે રાત્રિનો એક ભાગ તે અદ્ધાદ્ધા કહેવાય, તેમાં બીજાને શીઘ્રતા કરાવવા માટે પહેલા પ્રહરમાં કોઈ એક બોલે કે 'જલ્દી કર, મધ્યાહ્ન થયો' (એમ રાત્રિ માટે પણ સ્વયં વિચારી લેવું) એવી ભાષાને અદ્ધાદ્ધામિશ્રિત જાણવી. એ દશ ભેદો ત્રીજી ભાષાના કહ્યા, ચોથી 'અસત્યાઅમૃષા' ભાષાના આ પ્રમાણે બાર ભેદો છે—

" **आमंतणि आणवणी, जायणि तह पुच्छणी य पन्नवणी ।**
**पच्चक्खाणी भासा, भासा इच्छाणुलोमा य ॥**
**अणभिग्गहिआ भासा, भासा य अभिग्गहंमि बोद्धव्वा ।**
**संसयकरणी भासा, वायड अव्वायडा चेव ॥" प्रवचनसारो०** ८९४-८९५॥

**વ્યાખ્યા—૧-આમન્ત્રણી,** કોઇને આમન્ત્રણ કરવા માટે બોલવું તે, જેમ કે 'હે દેવદત્ત!' ઈત્યાદિ આમન્ત્રણી ભાષા કહેવાય, આ ભાષા સત્યા, અસત્યા, કે સત્યાસત્યા પણ નથી, કિન્તુ ત્રણેથી ભિન્ન (વિલક્ષણ) માત્ર વ્યવહારમાં ઉપયોગી છે, એથી એને 'અસત્યાઅમૃષા' કહી છે, એમ ભાવાર્થ સમજવો. ૨-**આજ્ઞાપની,** જેમ કે 'તું આ કાર્ય કર' વિગેરે બીજાને કામમાં જોડવા માટે આજ્ઞાવચન બોલવું તે. ૩-**યાચની,** કોઇ બીજાની સામે 'તું અમુક આપ' ઈત્યાદિ યાચના માટે બોલવું તે. ૪-**પૃચ્છની,** જેમ કે-અમુક વસ્તુને જાણતો ન હોય કે અમુકને અંગે સંદેહ હોય, તેવા પ્રસંગે જાણવા માટે બીજાને 'આ કેમ છે? (અથવા આ આમ કેમ છે?)' વિગેરે પ્રશ્ન રૂપે બોલવું તે. ૫-**પ્રજ્ઞાપની**=શિષ્ય વિગેરેને ઉપદેશ દેવા બોલવું તે, જેમ કે 'હિંસાની વિરતિ કરવાથી આયુષ્ય લાંબુ ભોગવાય છે' ઈત્યાદિ ઉપદેશ વચનને પ્રજ્ઞાપની ભાષા કહેવાય. ૬-**પ્રત્યાખ્યાની**=કોઈ કંઈ માગે, પૂછે, ઈત્યાદિ પ્રસઙ્ગે નિષેધ કરવા બોલવું તે. ૭-**ઇચ્છાનુલોમા**=બીજાની ઇચ્છાને અનુસરતું બોલવું તે, જેમ કે-કોઇ મનુષ્ય અમુક કામ કરવાની ઈચ્છા પ્રગટ કરે ત્યારે તેને 'તમે એ કામ કરો! મારી પણ એ ઇચ્છા છે' વિગેરે. કહેવું તે. ૮-**અનભિગ્રહીતા**=પદાર્થનો જેનાથી નિર્ણય(પ્રશ્નનું સમાધાન) ન થાય તેવું બોલવું, જેમ કે-ઘણાં કાર્યો કરવાનાં હોય, ત્યારે કોઈ પૂછે કે 'કયું કાર્ય કરૂં?' ત્યારે તેને 'જે ઠીક લાગે તે કરો' એવું નિર્ણય વિનાનું બોલવું તે. ૯-**અભિગ્રહીતા**=જેનાથી નિશ્ચિત સમાધાન-કે પ્રેરણાદિ મળે તેવું બોલવું, જેમ કે 'આ કાર્ય હમણાં કરવાનું છે, આ (અમુક)નથી કરવાનું' વિગેરે સ્પષ્ટ જણાવવું તે. અથવા બીજી રીતે 'અનભિગ્રહીતા' એટલે કોઇ પદાર્થ ન સમજાય ત્યારે તેનો નિર્ણય કર્યા વિના 'આ વૃક્ષનું ઠુંઠું છે' (સમજણના અભાવે 'કંઇક છે') વિગેરે બોલવું અને 'અભિગ્રહીતા' એટલે આ ઘટ છે, (આ પટ છે,) વિગેરે વસ્તુનો નિર્ણય કરીને બોલવું એવો પણ અર્થ સમજવો. ૧૦-**સંશયકરણી**=અનેક અર્થનું જ્ઞાપક જે વચન બોલવાથી સાંભળનારને સંશય થાય તેવું બોલવું, જેમ કે 'સૈન્ધવ લાવ' એમ કહેવાથી શ્રોતાને 'લુણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરૂષ કે ઘોડો' શું માગે છે ? એ નિશ્ચિત ન થાય, કિન્તુ સંશય થાય, કારણ કે સૈન્ધવ શબ્દના એ દરેક અર્થો થાય છે, માટે તેવી ભાષાને સંશયકરણી સમજવી. ૧૧–**વ્યાકૃતા**=સ્પષ્ટ અર્થવાળી, જે વચન બોલવાથી શ્રોતાને સ્પષ્ટ(નિશ્ચિત)જ્ઞાન થાય. ૧૨–**અવ્યાકૃતા**=અતિગમ્ભીર (ગહન) શબ્દાર્થવાળી, કે સ્પષ્ટ છતાં અસ્પષ્ટ અક્ષરોવાળી શ્રોતાને ન સમજાય તેવી ભાષા. એમ ભાષાના ચારેય પ્રકારોના મળીને ૪૨ ઉત્તરભેદો કહ્યા છે, એ સઘળાને સારી રીતે જાણવા જોઇએ. આ ચાર પૈકી પહેલી અને ચોથી ભાષા બોલવા યોગ્ય છે, કહ્યું છે કે—

" चउण्हं खलु भासाणं, परिसंखाय पन्नवं ।
दुण्हं तु विणयं सिक्खे, दो न भासिज्ज सव्वसो ॥१॥
जा अ सच्चा अवत्तव्वा, सच्चामोसा अ जा मुसा ।
जा अ बुद्धेहिं नाइन्ना, न तं भासिज्ज पन्नवं ॥२॥
असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं ।
समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ॥३॥" (दशवै० अध्य० ७)

**ભાવાર્થ**—ચાર ભાષાઓના સ્વરૂપને યથાર્થ સમજીને બુદ્ધિમાન મનુષ્ય સત્યા અને અસત્યામૃષા, બેનો શુદ્ધ પ્રયોગ કરે, અસત્યા અને સત્યામૃષા બેનો સર્વથા પ્રયોગ ન કરે. (૧) જે સત્ય છતાં બોલવા યોગ્ય નથી, જે સત્ય **પણ અસત્યથી** મિશ્ર છે, જે કેવળ અસત્ય છે અને જે 'આમન્ત્રણી, આજ્ઞાકારિણી' વિગેરે ભાષાને શ્રીતીર્થંકરાદિ જ્ઞાનીઓએ આચરેલી નથી, તેવી વ્યવહાર ભાષાને પણ બુદ્ધિમાન (મુનિ) બોલે નહિ. (૨) બુદ્ધિમાન (મુનિ) વ્યવહાર અને સત્ય ભાષાને પણ પાપમાં હેતુ ન બને અને કર્કશ ન લાગે તેમ પૂર્વે બુદ્ધિથી વિચારીને શ્રોતાને સંદેહ (ભ્રમ) પેદા ન થાય તેમ બોલે. (૩)

એ પ્રમાણે બીજું વ્રત વર્ણવ્યું, હવે ત્રીજા વ્રતનું વર્ણન કરે છે—

**मूलम्**–" सकलस्याऽप्यदत्तस्य, ग्रहणाद्विनिवर्त्तनम् ।
सर्वथा जीवनं यावत्, तदस्तेयव्रतं मतम् ॥११३॥"

**મૂળનો અર્થ**–સર્વ પ્રકારના અદત્તને જીવન પર્યન્ત સર્વ રીતે લેતાં અટકવું તેને શ્રીજિનેશ્વરોએ ત્રીજું અસ્તેય(અચૌર્ય)વ્રત કહ્યું છે.

**ટીકાનો ભાવાર્થ**–'સકલ' એટલે કોઈ એક બે વિગેરે પ્રકારનું નહિ, પણ ચારે ય પ્રકારનું 'અદત્ત' એટલે નહિ આપેલું લેતાં અટકવું તેને શ્રીજિનેશ્વરોએ 'અદત્તાદાનવિરમણ(અસ્તેય)' નામનું વ્રત કહ્યું છે, તે દ્વિવિધ, ત્રિવિધાદિ કોઈ ભાંગાથી પણ થઈ શકે, માટે અહીં 'સર્વથા' એટલે સર્વ પ્રકારે અર્થાત્ 'ત્રિવિધ ત્રિવિધેન' નહિ લેવું, અને તે પણ અમુક અલ્પકાલ માટે પણ થઈ શકે, માટે કહ્યું કે 'જીવનં યાવત્' એટલે 'યાવજ્જીવ સુધી' નહિ લેવું તે અસ્તેયવ્રત છે. અહીં એવો ભાવાર્થ છે કે–૧–વસ્તુનો સ્વામી, ૨–જીવ, ૩–તીર્થંકર અને ૪–ગુરૂ, એ ચારને ઉદ્દેશીને અદત્તાના ચાર ભેદો છે, તેમાં તૃણ, પત્થર, કાષ્ટ, વિગેરે વસ્તુને તેનો માલિક આપે નહિ છતાં લેવી તે **સ્વામિઅદત્ત** કહેવાય, તેનો માલિક આપે તેવી પણ સચિત્ત વસ્તુમાં રહેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ જ્યાં સુધી સંમત ન થાય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવો તે **જીવઅદત્ત** ગણાય, જેમ કે પ્રવ્રજ્યાની ઇચ્છા વિનાના પુત્ર વિગેરેને તેનાં માતા પિતાદિ સાધુને આપે તે જીવઅદત્ત કહેવાય. જે લેવાનો તીર્થંકરોએ નિષેધ કર્યો હોય તેવું (તેના માલિકે આપેલું અને નિર્જીવ પણ) લેવાથી ત્રીજું **તીર્થંકરઅદત્ત** કહેવાય અને જે માલિકે આપેલું હોય 'આધાકર્મ' વિગેરે દોષ વિનાનું હોવાથી તીર્થંકરોએ નિષેધ્યું ન હોય, નિર્જીવ હોય, છતાં ગુરૂની અનુજ્ઞા વિના લેવું કે (વાપરવું) તે ચોથું **ગુરૂઅદત્ત** જાણવું. એ ચારે પ્રકારના અદત્તનો જીવનપર્યન્ત ત્યાગ તેને 'અદત્તાદાનવિરમણ' કહ્યું છે. એ ત્રીજું વ્રત કહ્યું,[૨૨૯] હવે ચોથું કહે છે—

**मूलम्**–"दिव्यमानुषतैरश्च–मैथुनेभ्यो निवर्त्तनम् ।
त्रिविधं त्रिविधेनैव, तद् ब्रह्मव्रतमीरितम् ॥११४॥"

**મૂળનો અર્થ**–સ્વર્ગ સંબન્ધી, મનુષ્ય સંબન્ધી અને તિર્યઞ્ચ સંબન્ધી, એમ ત્રણેય મૈથુનોથી ત્રિવિધ ત્રિવિધ ભાંગે નિવૃત્તિ કરવી, તેને બ્રહ્મવ્રત કહ્યું છે.

**ટીકાનો ભાવાર્થ**–એક 'સ્વર્ગમાં થએલું દિવ્ય' એટલે દેવસંબન્ધી, અર્થાત્ વૈક્રિય-શરીર સંબન્ધી, બીજું 'મનુષ્યથી થાય તે માનુષં' અર્થાત્ માનવદેહ સંબન્ધી અને ત્રીજું 'તિર્યઞ્ચોથી થાય તે તૈરશ્ચં' અર્થાત્ તિર્યઞ્ચ યોનિવાળા દેહ સંબન્ધી. એ ત્રણે પ્રકારનાં મૈથુન એટલે સ્ત્રી-પુરૂષના મિથુનની (યુગલની) ક્રિયા, તેનાથી અટકવું. તેને 'બ્રહ્મવ્રત' કહ્યું છે.

૨૨૯-'અચૌર્યવ્રત' આત્મિક સુખને પ્રગટાવવામાં મહત્ત્વનો સાથ આપે છે, માટે તેની મહાવ્રતોમાં ગણત્રી છે. ગ્રન્થકારે જણાવેલાં 'સ્વામિઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરૂઅદત્ત' એ ચાર પૈકી ગૃહસ્થ એક જ સ્વામિઅદત્તનો, અને તે પણ જે અદત્ત એટલે નહિ આપેલું લેવાથી લોકમાં ચોર ગણાય કે રાજદંડ થાય તેવા જ સ્વામિઅદત્તનો ત્યાગ કરી શકે છે, માટે તેનું વ્રત સ્થૂલ કે અણુ (ન્હાનું) કહેવાય છે. સાધુ જીવનમાં ઉપર્યુક્ત ચારેય અદત્તાદાનનો ત્યાગ કરવાનો હોવાથી તે મહાવ્રત કહેવાય છે. વસ્તુનો લોકમાં મનાતો માલિક ભલે પોતાની માલિકીની વસ્તુ બીજાને આપે, પણ એથી લેનારને તે વસ્તુ ભોગવવાનો સમ્પૂર્ણ હક્ક મળતો નથી, કારણ કે જે જે વસ્તુ સજીવ હોય છે તે કોઇ એક યા અનંતા જીવોનું શરીર હોય છે, તેના લોકમાં મનાતા માલિકે તે વસ્તુનું દાન કરવા છતાં તેનો સાચો માલિક અંદર જીવતો જીવ છે, પોતાના શરીર વસ્તુને કોઈ ભોગવે તેથી તેને પીડા રૂપ મરણ થાય છે, એ કારણે તેણે એ વસ્તુ ભોગવવાનો હક્ક આપ્યો નથી, છતાં ભોગવે તે તે જીવઅદત્ત ગણાય, કેરીનું દૃષ્ટાન્ત આ વિષયને સ્પષ્ટ સમજાવશે, જેમકે માલિકે ભલે કેરી ભેટ આપી, પણ અંદરના જીવનું મરણ થતું હોવાથી તે કેરી ખાઈ શકાય નહિ, તેમ કોઇ પણ સજીવ પદાર્થને માટે સમજવું. એથી આગળ વધીને નિર્જીવ પદાર્થ, જેવા કે ગૃહસ્થે સ્વપ્રયોજને તૈયાર કરેલો કેરીનો રસ વિગેરે, તેમાં હવે જીવ નથી, તેને તેનો માલિક ગૃહસ્થ આપે પણ ઘરના અન્ય માણસોને તે આપવાની ઇચ્છા ન હોય, છતાં લેવામાં આવે તો તેઓને અપ્રીતિ થાય, સાધુ પ્રત્યે દ્વેષ થાય, માટે એવા પ્રસઙ્ગે ઉત્સર્ગ માર્ગે તેવી કલ્પ્ય નિર્જીવ વસ્તુ પણ સાધુને લેવાનો શ્રીજિનેશ્વરોએ નિષેધ કર્યો છે, છતાં તે લે, તો 'તીર્થંકરઅદત્ત' ગણાય, એથી આગળ વધીને વસ્તુ નિર્જીવ હોવાથી જીવની અનુમતિની આવશ્યકતા ન હોય, માલિકે કોઇના વિરોધ વિના પ્રેમ પૂર્વક આપી હોય અને શાસ્ત્રીય કોઇ નિષેધ ન હોય તેવી પણ વસ્તુ લેવામાં કે ભોગવવામાં ગુરૂની અનુમતિ ન હોય છતાં લે કે ભોગવે તો ગુરૂઅદત્ત લાગે, ભલે શ્રીતીર્થંકરો એ નિષેધ ન કર્યો હોય પણ ગુરૂને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે દેશથી પણ થાય, માટે કહ્યું કે 'ત્રિવિધં ત્રિવિધેન' અર્થાત્ મન વચન અને કાયાથી સેવવું નહિ સેવરાવવું નહિ અને અનુમોદવું પણ નહિ તેને શ્રીજિનેશ્વરોએ બ્રહ્મવ્રત કહ્યું છે. અહીં મૂળ 'ઈર' ધાતુ છે, તેનો 'પ્રેરણા' અર્થ છે, તો પણ ધાતુના અનેક અર્થો થતા હોવાથી 'કહ્યું છે' એવો અર્થ જાણવો. આ વ્યાખ્યાથી 'દિવ્ય–ઔદારિક બન્ને પ્રકારના કામ એટલે ઈચ્છાને (મૈથુનને) કરવા કરાવવા અને અનુમોદવાનો મન વચન કાયાથી ત્યાગ' તે બ્રહ્મવ્રતના અઢાર પ્રકારો કહ્યા, એથી યોગશાસ્ત્રના પહેલા પ્રકાશના ૨૩મા શ્લોકમાં કહ્યા છે, તે અઢાર પ્રકારના બ્રહ્મચર્યનું અહીં સૂચન સમજવું.[૨૩૦] ચોથું મહાવ્રત કહ્યું, હવે પાંચમું કહે છે–

**मूलम्–" परिग्रहस्य सर्वस्य, सर्वथा परिवर्जनम् ।**
**आकिञ्चन्यव्रतं प्रोक्तमर्हद्भिर्हितकाङ्क्षिभिः ॥११५॥"**

તેમાં રાગ–દ્વેષાદિ કે રોગાદિ થવાનો સમ્ભવ જણાય તો તેઓને નિષેધ કરવાનો અધિકાર છે માટે ગુરૂએ પણ નિષેધ કરેલી વસ્તુ લેવા ભોગવવાનો ત્યાગ કરવાનું કહ્યું છે. સાધુને આ ચારે પ્રકારના અદત્ત પદાર્થને લેવા વિગેરેનો નિષેધ આ વ્રતથી થાય છે. તેની જરૂર એ કારણે છે કે–જીવને અનાદિ સંજ્ઞાઓના બળે ભિન્ન ભિન્ન ઈચ્છાઓ થાય છે અને તેને પૂર્ણ કરવા તે હિંસા, જૂઠ઼ વિગેરે પાપોને પણ સેવે છે. વસ્તુતઃ દરેક પાપનું મૂળ કારણ આવી ભોગની ઈચ્છાઓ જ હોય છે, જો તેવી ઇચ્છા ન હોય તો પાપ કોણ શા માટે કરે ? માટે પોતાના મન, વચન અને કાયાને પાપ પ્રવૃત્તિથી અટકાવવા તેવી ઈચ્છાઓને નાબૂદ કરવી જોઇએ, કિન્તુ જીવ આલમ્બન વિના ઈચ્છાઓથી છૂટી શકતો નથી, માટે ઈચ્છાઓથી મુક્ત થવામાં આ વ્રત સહાય કરે છે અને પરિણામે જીવ સર્વ ઈચ્છાઓથી મુક્ત થતાં સર્વ પાપોથી બચી શકે છે. બીજી વાત–માલિકની ઈચ્છા વિરૂદ્ધ તેણે નહિ આપેલી, કે જિનાજ્ઞા અને ગુરૂ આજ્ઞા વિરૂદ્ધ અહિતકર પણ વસ્તુ ત્યારે જ લેવાય કે જયારે ઇચ્છાનું આક્રમણ સખ્ત હોવાથી તેનો સામનો કરવા માટે જીવ નિર્બળ બન્યો હોય. આ નિર્બળતા અદત્ત લઇને ઇચ્છા પૂરવાથી ઘટતી નથી, ઉત્તરોત્તર વધે છે, પરિણામે જીવ ભોગની ઈચ્છાઓનો ગુલામ બનતો જાય છે અને એનો આખરી અંજામ એ આવે છે કે ચોરી કરવાની પણ સામગ્રી કે તેવું માનવીય શરીર પણ મળતું નથી. પાશવી જીવનની પરાધીનતામાં કે નરકનાં અસહ્ય દુઃખોની આગમાં સળગી જવું પડે છે. માટે ઈચ્છાઓના રોધ માટે આ વ્રત સુંદર સહાય કરનારૂં હોવાથી મહાન છે. તદુપરાન્ત માલિકની ઇચ્છા વિરૂદ્ધ વસ્તુ લેવાથી તેને જે દુઃખ થાય અને તેના પરિણામે બંધાતા વૈરની જે પરંપરાને વશ થવું પડે તેનાં દુઃખો પણ અસહ્ય હોય છે. એમ અનેકવિધ યાતનાઓમાંથી બચવા માટે આ વ્રત અતીવ ઉપકારક છે, તેના પાલનથી ચિત્તમાં સંતોષનું નિર્મળ અમાપ સુખ પ્રગટે છે, સર્વ અનર્થો ટળે છે, યશકીર્તિ વધે છે, આદેય, સૌભાગ્ય, શાતાવેદનીય, આદિ શુભકર્મોનો બન્ધ થાય છે, અને મોક્ષમાં ન જાય તો પણ સ્વર્ગનાં કે ઉત્તમ રાજ્ય વૈભવાદિનાં મનુષ્યપણાનાં સુખો મળે છે. એથી વિરૂદ્ધ તેને નહિ પાળવાથી કે અતિચારો લગાડવાથી દૌર્ભાગ્ય, દાસપણું, દરિદ્રતા, વિગેરે વિવિધ દુઃખો ભોગવવાં પડે છે.

૨૩૦–બ્રહ્મચર્યનો અર્થ નિશ્ચયથી 'બ્રહ્મ એટલે આત્મા' તેના સ્વરૂપમાં રમણ કરવું, એવો થાય છે અને વ્યવહારથી એની સાધના માટે મૈથુનનો ત્યાગ કરવા દ્વારા વીર્યનું રક્ષણ કરવું, એવો થાય છે. ત્રણે જગતમાં ત્રણે કાળમાં આ બ્રહ્મચર્યનું માન સર્વાધિક રહ્યું છે, દેવો પણ બ્રહ્મચારીને નમે છે, દેવી શક્તિથી પણ જે શક્ય નથી તેવાં દુષ્કર પણ કાર્યો મનુષ્ય છતાં બ્રહ્મચારીઓ કરી શક્યા છે અને કરે છે. આત્મામાં ન્હાના મોટા સર્વ ગુણોના વિકાસનું મૂળ એક બ્રહ્મચર્ય છે, માટે બ્રહ્મચર્યવ્રતને મહાવ્રતોમાં ગણ્યું છે. એની સાચી ઓળખ વિના જ જીવ અનાદિ કાળથી દુઃખી થયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂળનો અર્થ**-સર્વ પ્રકારના પરિગ્રહનો સર્વ પ્રકારે ત્યાગ કરવો તેને હિતકાંક્ષી શ્રી-અરિહંત દેવોએ 'આકિઞ્ચન્ય' વ્રત કહ્યું છે—

**ટીકાનો ભાવાર્થ**-'સર્વ' એટલે સચિત્ત, અચિત્ત, વિગેરે દરેક પદાર્થોમાં, અથવા સર્વ દ્રવ્યો, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવોમાં, 'પરિગ્રહ' એટલે મૂર્છાનો પરિણામ, તેનો 'સર્વથા'=ત્રિવિધ ત્રિવિધથી ત્યાગ કરવો, તેને હિતેચ્છુ એવા શ્રીઅરિહંત દેવોએ 'આકિઞ્ચન્ય' એટલે અપરિગ્રહવ્રત કહ્યું છે. જેને 'કિઞ્ચન' એટલે (કંઇ પણ) દ્રવ્ય ન હોય તે 'અકિઞ્ચન' અને અકિઞ્ચનપણું તે 'આકિઞ્ચન્ય અર્થાત્ અપરિગ્રહવ્રત' કહેવાય. એ શબ્દાર્થ કહ્યો, ભાવાર્થ તો એવો છે કે-મૂર્છાને જ પરિગ્રહ કહેવો તે યુક્તિયુક્ત છે, કારણ કે પાસે ધન નહિ છતાં

---

આત્માને જો મુક્તિ મેળવ્યા સિવાય સુખ નથી તો મુક્તિને મેળવવાની સામગ્રી પણ એની પાસે હોવી જોઇએ, અન્યથા મુક્તિનો ઉપદેશ નિષ્ફળ ગણાય. ઉત્તમ પુરૂષો અને તેમાં ય શ્રીતીર્થંકરદેવોએ મુક્તિનો ઉપદેશ કર્યો છે માટે તે નિષ્ફળ નથી, મુક્તિ માટે આત્મા કરી શકે તેવા તેને સ્વાધીન રહેલા ઉપાયો અને સામગ્રીને પણ તેઓએ ઓળખાવી છે. માત્ર જીવે એની ઓળખ કરી નથી, કિં વા કરવા છતાં સત્ત્વ કેળવીને તેનો જીવનમાં આદર કર્યો નથી, એ જ કારણ છે કે જીવ આજ પર્યન્ત સુખને કે તેના સાચા ઉપાયોને (માર્ગને) પામી શકયો નથી.

સાધુજીવનનું ધ્યેય મુક્તિની સાધના છે, તે માટે કહેલાં પાંચ મહાવ્રતો પૈકી ચોથું વ્રત બ્રહ્મચર્ય છે, તેના નિર્મળ પાલન વિના વીર્યરક્ષણના અભાવે શેષ ચાર વ્રતોની કે તેના ફળ સ્વરૂપ જ્ઞાનાદિ ગુણોની સાધના થઈ શકતી નથી. બ્રહ્મચર્યથી જેનું રક્ષણ કરવાનું છે તે વીર્ય મુક્તિની સાધના માટે મનુષ્યની સર્વદેશીય શક્તિ છે.

'વીર્ય' એ ગુણવાચક નામ છે, તેને 'ધાતુ' પણ કહેવાય છે. જેમ ભાષામાં વપરાતા અગણ્ય શબ્દોનું મૂળ '**ગમ્ રમ્ નમ્**' વિગેરે ધાતુઓ છે, અર્થાત્ એક ધાતુમાંથી અનેકાનેક શબ્દો બને છે અને વિવિધ સમ્પત્તિનું મૂળ પણ 'સુવર્ણ-ત્રાંબુ' વિગેરે સાત મૂળ ધાતુઓ છે, તેના વિસ્તારરૂપે વિધ વિધ સમ્પત્તિનું સર્જન થાય છે, અર્થાત્ તેને મેળવવાનું મુખ્ય સાધન સોનૈયા, રૂપૈયા એટલે સોનું ચાંદી વિગેરે છે તેમ શરીરની પણ વિધ વિધ શક્તિઓનું મૂળ આ ધાતુમાં (વીર્યમાં) રહેલું છે. વીર્યમાં ઉષ્ણતા, પ્રકાશ, વિજળી અને આકર્ષકપણું, વિગેરે અનેક શક્તિઓ છે, તેના બળે જીવની શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓ પ્રગટે છે અને તેમાંથી જગતનાં સ્થૂળ-સૂક્ષ્મ વિવિધ સર્જનો કરી શકાય છે. ક્રમશઃ આ ચારે પ્રકારની શક્તિઓનું ઉર્ધ્વીકરણ વીર્યમાંથી થાય છે, અર્થાત્ વીર્યદ્વારા શરીરબળ, એનાથી મનોબળ, એનાથી બુદ્ધિબળ અને એના બળે આત્મબળ ખીલે છે. જો વીર્યસંચય ન થાય તો એ શક્તિઓના અભાવે અનાદિ વાસનાઓના વેગને કાબૂમાં લઈ શકાય નહિ. માણસ જેમ જેમ ક્ષીણવીર્ય થાય છે, તેમ તેમ પાંચે ઇન્દ્રિયોના વિષયોની વાસનાઓનો તે ગુલામ બનતો જાય છે, પ્રકૃતિ ઉપરનો કાબૂ ગુમાવે છે, પાગલ બને છે અને પરિણામે મરણને શરણ પણ થાય છે. એથી ઉલટ આજન્મ બ્રહ્મચર્યને પાળનાર યોગી મન-વચન-અને કાયાના વિકારો ઉપર કાબૂ મેળવીને એ યોગોના બળનો આત્મહિતાર્થે ઉપયોગ કરી શકે છે અને ક્રમશઃ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભાવયોગોને પ્રગટ કરીને યાવત્ મુક્તિ પણ સાધી શકે છે.

શ્રુતજ્ઞાનની પણ વિશિષ્ટ પ્રાપ્તિ વીર્યસંચયને આભારી છે, માટે અન્ય દર્શનોમાં બ્રહ્મચર્યાશ્રમને પ્રથમ સ્થાન છે અને તે અવસ્થામાં મનુષ્યને દરેક કળાઓનું જ્ઞાન આપવામાં આવે છે. સર્વ દેશોની પ્રજામાં પણ સર્વ કાળે વિદ્યા(કળા)ભ્યાસ માટે પ્રથમ વયને સ્થાન મળ્યું છે તેમાં મુખ્ય હેતુ વીર્યસંચય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(રાજગ્રહીના ભિખારી) દ્રમકને[૨૩૧] સઙ્ક્લેશ થયો હતો તેમ મૂર્છાવાળાને દુર્ગતિના કારણભૂત ચિત્તનો સઙ્ક્લેશ સંભવિત છે અને બીજી બાજુ તૃષ્ણારૂપ કાળી નાગણી જેઓના મનને ઉપદ્રવ કરી શકતી નથી તેવા મહાત્માઓને પ્રશમના સુખમાં આનંદ અનુભવવાથી વિશિષ્ટ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ રૂપ સામગ્રી (સમ્પત્તિ) હોવા છતાં ચિત્તમાં વિપ્લવ થતો નથી. એ કારણે જ ધર્મ માટે ધર્મોપકરણને રાખવા છતાં મુનિઓને પોતાના શરીરમાં અને ઉપકરણ (વસ્ત્ર, પાત્ર,

---

અર્થાત્ વીર્યબળથી અનેક સ્થૂલ સર્જનો જ નહિ, સૂક્ષ્માતિસૂક્ષ્મ સર્જનો પણ કરી શકાય છે. કામ ક્રોધાદિ દુર્ગુણોને ટાળીને આત્મશુદ્ધિ(અધ્યાત્મ) પ્રગટ કરવારૂપ સૂક્ષ્મસર્જનમાં પણ વીર્યનો સંચય અતિ આવશ્યક છે. જૈન દર્શનમાં બાળદીક્ષાનું મહત્ત્વ આ કારણે પણ છે.

વીર્યસંચય માટે બ્રહ્મચર્ય જરૂરી છે તેમ વીર્યની શુધ્ધિ વૃદ્ધિ માટે આહાર પણ શુદ્ધ સેવો જરૂરી છે, માંસાહાર કે બીજો પણ વિકારી પૌષ્ટિક આહાર અથવા અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરવાથી વીર્યવૃદ્ધિ થવા છતાં તે બ્રહ્મચર્યનો નાશ કરે છે. ભક્ષ્ય આહાર પણ અવિધિથી સેવાનું પરિણામ બ્રહ્મચર્યના નાશમાં આવે છે. માટે જૈનદર્શનમાં આહારને અંગે પણ સૂક્ષ્મ વિચાર કર્યો છે.

આ જન્મ કે અન્ય જન્મમાં આ અદ્ભૂત શક્તિને મેળવવાનો શુદ્ધ અને સફળ ઉપાય બ્રહ્મચર્ય છે, કર્મ સાહિત્યમાં પણ 'વીર્યાન્તરાય' નામનું તેનું આવારક એક સ્વતંત્ર કર્મ માન્યું છે, તેનો ક્ષયોપશમ કે ક્ષય બ્રહ્મચર્યથી થાય છે. વૈયાવચ્ચ, વિનય, કે અનશનાદિ વીર્યાન્તરાયના ક્ષયોપશમના ઉપાયો છે તે પણ વસ્તુતઃ બ્રહ્મચર્યના અંશો છે, કારણ કે શુદ્ધ બ્રહ્મચર્ય કેવળ સ્પર્શનેન્દ્રિયના વિષય ઉપર કાબૂ મેળવવારૂપ નથી, પણ પાંચે ઇન્દ્રિયોની વાસનાઓનો અને મનનો પણ જ્ઞાન તથા વિવેક દ્વારા વિજય કરવા રૂપ છે. વીર્ય કેવળ 'સ્ત્રી સંભોગાદિ દ્વારા ખૂટે છે' એવો પણ એકાન્ત નથી, તથાવિધ શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શથી થતા રાગ–દ્વેષાદિ વિકારોથી, કષાયોને વશ થવાથી, ચિન્તા ક્લેશ વિગેરેથી, ઈત્યાદિ અનેક પ્રકારે વીર્ય ખર્ચાય છે.

વીર્યનું અપરનામ 'બીજ' પણ છે, આધ્યાત્મિક કે આધિભૌતિક સર્વ સુખોનું સાધક વીર્ય હોવાથી તેને સર્વ સુખોની સાધનાનું બીજ કહ્યું છે તે પણ યથાર્થ છે. 'બિન્દુનું પતન એટલે મરણ અને બિન્દુનો સંચય એટલે જીવન' એમ શિવસંહિતામાં કહ્યું છે તે પણ આ વીર્યના એક બિન્દુની શક્તિનું સૂચક છે, ઉત્તરાધ્યયન સૂત્રના અધ્ય૦ ૧૬ની ૧૪મી ગાથામાં તો આ બ્રહ્મચર્યરૂપ ધર્મને ધ્રુવ, નિત્ય અને શાશ્વત કહેવા સાથે એના બળે ભૂતકાળમાં અનંતા આત્માઓ સિદ્ધિ પામ્યા છે, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં અનંતા પામશે, એમ કહ્યું છે. ઈત્યાદિ સર્વ દર્શનશાસ્ત્રોમાં બ્રહ્મચર્યનું મહત્ત્વ અનેક પ્રકારે જણાવ્યું છે, એને અહીં પૂર્ણતયા જણાવવાનો અવકાશ નથી.

ટૂંકમાં એટલું જ કહી શકાય કે જે વીર્યના બળે ક્રમશઃ શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓને પ્રગટાવી તેના બળે મન વચન અને કાયારૂપ બાહ્ય યોગોની સાધના કરવા દ્વારા સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષ માર્ગની નિર્મળ આરાધના થઈ શકે છે, તે વીર્યસંચયના શુદ્ધ અને સિદ્ધ ઉપાયરૂપ આ બ્રહ્મચર્યવ્રતનું મહત્ત્વ વર્ણવવા માટે વસ્તુતઃ માનવીની શક્તિ અપૂર્ણ છે.

૨૩૧–રાજગ્રહ નગરમાં લાભાન્તરાય કર્મના તીવ્ર ઉદયવાળો એક દ્રમક (ભિક્ષુક) હતો, તે ક્ષુધાના દુઃખની પીડા ટાળવા શ્રીમન્તોના ઘરોમાં ભિક્ષા માટે ભટકતો, છતાં તેના તે લાભાન્તરાય કર્મના ઉદયથી તેને પેટ પૂરતો આહાર પણ મળતો નહિ, એથી અજ્ઞાનને યોગે તે શ્રીમન્તો પ્રત્યે દ્વેષ ધરાવતો થયો. એકદા પ્રભુ શ્રીમહાવીરદેવ રાજગ્રહીની બહાર વૈભારગિરી ઉપર પધાર્યા, દેવોએ સમવસરણ રચ્યું અને રાજગ્રહીની પ્રજા પ્રભુનો ઉપદેશ સાંભળવા ઉલટી, ત્યારે દ્વેષી થએલા આ દ્રમકે તેને મારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસતિ, શિષ્યાદિ પરિવાર) વિગેરેમાં નિર્મમત્વ હોવાથી અપરિગ્રહી કહ્યા છે, (અર્થાત્ પરિગ્રહને વસ્તુ સાથે એકાન્ત સંબન્ધ નથી, વસ્તુ પાસે છતાં કોઇને મમત્વ નથી પણ થતું, માટે પાસે પદાર્થ હોય કે ન હોય, કોઇ પણ પદાર્થમાં મૂર્છા કરવી તેને પરિગ્રહ કહેલો છે). કહ્યું છે કે–

"यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः ।
तद्वदुपग्रहवानपि, न सङ्गमुपयाति निर्ग्रन्थः ॥१४१॥" (प्रशमरति०)

**અર્થ**-જેમ અશ્વને આભરણો આભૂષણો પહેરાવવા છતાં તેમાં તે આસક્તિ કરતો નથી, તેમ નિર્ગ્રન્થ (મુનિ) ઉપકરણો રાખવા છતાં તેમાં આસક્ત થતો નથી. (ભેદ એ છે કે અશ્વ અજ્ઞાન હોવાથી વસ્તુની ઓળખના અભાવે અને જ્ઞાની જ્ઞાનથી વસ્તુના સ્વરૂપને જાણવા છતાં અનાસક્ત રહે છે.)

જેમ ધર્મોપકરણ રાખવા છતાં મૂર્છારહિત મુનિઓને પરિગ્રહ રૂપ દોષ નથી તેમ ગુરૂએ ઉપદેશેલાં ધર્મોપકરણ (વસ્ત્રાદિ) રાખનારાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નોવાળાં સાધ્વીઓને પણ પરિગ્રહ દોષ(થી બચવું અશક્ય) નથી, માટે ધર્મોપકરણ તરીકે તે તે (વસ્ત્રાદિ) રાખવા માત્રથી 'તેઓનો મોક્ષ ન થાય' એમ કહેવું તે કેવળ વાચાળતા જ છે. એમ પાંચમા વ્રતનું સ્વરૂપ કહ્યું.[૨૩૨] તે કહેવાથી પાંચે વ્રતોનું લક્ષણ કહેવાઇ ગયું, તો પણ એ વ્રતોને અંગે જ હવે વિશેષ વર્ણન કરે છે કે—

मूलम्–"एतानि भावनाभिश्च, प्रत्येकं पञ्चभिः स्फुटम् ।
भवन्ति भावितान्येव, यथोक्तगुणभाञ्जि तु ॥११६॥"

---

નાખવાના ઉદ્દેશથી વહેલી સવારે વૈભારગિરી ઉપર ચઢીને આવતા મનુષ્યોની સામે મોટી પત્થરની શિલા ગબડાવવાનો પ્રયત્ન કર્યો, પરિણામે તે પોતે જ એ શિલા નીચે ચગદાઇને દુર્ધ્યાનપૂર્વક મરણ પામીને સાતમી નારકીમાં ઉપજ્યો. એમ પોતાની પાસે કંઇ ન હોવા છતાં પરધનની મૂર્છાથી દુર્ધ્યાનને વશ બનેલા દ્રમકને દુર્ગતિનાં કષ્ટો વેઠવાનો પ્રસઙ્ગ આવ્યો તે મૂર્છારૂપ પરિગ્રહનું ફળ સમજવું.

૨૩૨-'ग्रह' ધાતુના ભિન્ન ભિન્ન ઉપસર્ગોને યોગે સંગ્રહ, પરિગ્રહ, આગ્રહ, દુરાગ્રહ, વિગ્રહ, નિગ્રહ, વિગેરે અનેક શબ્દો બને છે. શાસ્ત્રોમાં શનિ, મંગળ, રાહુ, વિગેરે જ્યોતિષી ગ્રહો કરતાં પણ પરિગ્રહને દુષ્ટ કહ્યો છે, કારણ કે જ્યોતિષી સર્વ દુષ્ટ ગ્રહો જે દુઃખ આપી શકતા નથી તેથી ય અધિક દુઃખ પરિગ્રહને વશ પડેલા જીવને ભોગવવું પડે છે. જીવને જ્યાં-સુધી કર્મોનો અને તેના ફળ સ્વરૂપ શરીરનો સંબન્ધ છે ત્યાં સુધી જીવનોપયોગી જડ પદાર્થોની આવશ્યકતા રહેવાની, માટે જીવનોપયોગી પ્રમાણોપેત જરૂરી એવાં શરીરથી માંડીને આહાર, વસ્ત્ર, પાત્રાદિને મેળવવાં કે ભોગવવાં તેને સંગ્રહ કહીયે તો તે દુષ્ટ નથી. હા, તેમાં મમત્વ-મૂર્છા પ્રગટે તો તે અન્યાયરૂપ હોવાથી દુષ્ટ છે, વસ્તુતઃ આત્મા અરૂપી છે, જ્ઞાનાદિ ગુણમય છે, નિશ્ચયથી તેને જડ-પૌદ્ગલિક પદાર્થ સાથે કંઇ સંબન્ધ નથી, જડવસ્તુનો સંયોગ જડકર્મોના કારણે છે, માટે નિશ્ચયથી સર્વ જડપદાર્થોને જીવે પર માનવા જોઇએ, છતાં તેની સાથેના અનાદિકાલીન વિવિધ પરિચયથી તે એટલો ભ્રમિત થએલો છે કે પોતાના વાસ્તવ સ્વરૂપનો તેને ખ્યાલ પણ રહેતો નથી, પર-જડ વસ્તુને પોતાની માની (મૂર્છા કરવા રૂપે) ભૂલો કરે છે અને પરિણામે પરવસ્તુની પ્રાપ્તિ, રક્ષણ, કે વૃદ્ધિ આદિ કરવા હિંસા-જૂઠ, ચૌર્યકર્મ, અબ્રહ્મ, વિગેરે વિવિધ પાપો (અન્યાય)ને આચરીને ભવભ્રમણ કરે છે. એ પાપોમાંથી બચવા માટે સમજ પૂર્વક મૂર્છાનો ત્યાગ કર્યા વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂળનો અર્થ**–એ પાંચે વ્રતો પ્રત્યેક, તેની પાંચ પાંચ ભાવનાથી સમ્યગ્ ભાવિત (વાસિત) થાય તો જ કહ્યા તેવા (વિશિષ્ટ) ગુણવાળાં બને છે.

**ટીકાનો ભાવાર્થ**–વળી એ પાંચે મહાવ્રતો, 'સર્વથા હિંસાનો ત્યાગ, સર્વથા અસત્યનો ત્યાગ, વિગેરે પ્રત્યેકનું જે જે લક્ષણ કહ્યું તેવા લક્ષણવાળાં ત્યારે બને છે કે જ્યારે તે વ્રતો તેની ભાવનાઓથી સમ્યગ્ ભાવિત થયાં હોય. મહાવ્રતોને વિશિષ્ટ ગુણોથી જે વાસિત (ભાવિત) કરે તે તેની ભાવનાઓ કહેવાય.[૨૩૩] એવી ભાવનાઓ પ્રત્યેક વ્રતની પાંચ પાંચ છે, તેનાથી વાસિત થાય તો જ તે મહાવ્રતો (અહિંસાદિ) યથાર્થ ગુણવાળાં બને, અન્યથા નહિ. તેમાં–

**પહેલા મહાવ્રતની ભાવનાઓ** યોગશાસ્ત્રમાં આ પ્રમાણે કહેલી છે.

---

અન્ય કોઈ ઉપાય નથી. જયારે ત્યારે એને પરવસ્તુને પરકીય માનીને આત્મસંતોષ કેળવવો જ જોઈશે. લોકમાં પણ બોલાય છે કે 'સર્વ પાપોનું મૂળ પરિગ્રહ છે અને સર્વ સુખોની ખાણ સંતોષ છે' પર અને સ્વ પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન થાય અને એવા જ્ઞાનપૂર્વકનો વિવેક પ્રગટે તો સંતોષ દુષ્કર નથી. એમ પણ કહી શકાય કે સાચા જ્ઞાનીને તો મૂર્છા થવી દુષ્કર છે, કારણ કે–જીવને જ્યાં સુધી પોતાનું કે પરનું વાસ્તવિક જ્ઞાન પ્રગટ્યું નથી ત્યાં સુધી જ તે પરમાં મૂર્છા કરી શકે છે. આ મૂર્છા થાય ત્યાં સુધી બીનજરૂરી, કે જરૂરી પણ વસ્તુનો અધિકસંગ્રહ થાય છે, મૂર્છા વિના તે થતો નથી માટે મૂર્છામાં નિમિત્તભૂત બીનજરૂરી કે જરૂરી વસ્તુના પણ અધિકસંગ્રહનો ત્યાગ કરવો જોઇએ, જેનો ત્યાગ શકય ન હોય તેનો મૂર્છા ન થાય તેવી જાગ્રતિ પૂર્વક ઉપયોગ કરવો જોઇએ, ઈત્યાદિ આ વ્રતનું રહસ્ય છે. જીવ જો આ વિવેક ન કરે તો મૂર્છારૂપ પરિગ્રહ થાય, તેથી આગળ વધીને આગ્રહ (આર્તધ્યાન) થાય, તે પણ ન છૂટે તો તેમાંથી દુરાગ્રહ (રૌદ્રધ્યાન) થાય, પરિણામે હિંસા, જૂઠું, વિગેરે પાપોના સેવનથી જીવોની સાથે વિગ્રહ (વૈર–વિરોધ) પણ થાય અને એના પરિણામે તિર્યંચ કે નારકી જેવી દુષ્ટ ગતિમાં જવા રૂપ નિગ્રહ સહન કરવો (દુર્ગતિરૂપી જેલમાં પુરાવું) પડે. એમ પરિગ્રહમાંથી દુઃખોની પરંપરા ઉભી થાય છે માટે આ વ્રતનું પાલન અતિઆવશ્યક છે, એના વિના અનાદિકાલીન પરિગ્રહસંજ્ઞાને તોડવાનું બીજું આલમ્બન નથી, માટે તેનું મહત્ત્વ છે. માત્ર વસ્તુના સંગ્રહને (સંયોગને) પરિગ્રહ માનીએ તો વસ્ત્રાદિની જેમ જીવને શરીર અને તેના આધારભૂત આહાર વિગેરેને પણ તજવાનો પ્રસંગ આવે અને એ તો કોઇ રીતે હિતાવહ નથી. જયાં સુધી મોક્ષની સાધના માટે શરીર ઉપયોગી છે ત્યાં સુધી શરીરને કે તેના આધારભૂત આહારને તજવામાં આવે તો મોક્ષની સાધનાનું બીજું સાધન શું ? મતિ, શ્રુત, વિગેરે જ્ઞાનના, કે એ જ્ઞાનના ફળ સ્વરૂપ વિરતિના આધારભૂત શરીર વિના ધર્મની આરાધના જ કોના આધારે થાય ? આ કારણે જ કહેવામાં આવ્યું છે કે '**शरीरमाद्यं खलु धर्मसाधनम्**' અર્થાત્ ધર્મ સાધનામાં શરીર મુખ્ય સાધન છે, માટે શરીરના નિર્વાહ માટે ઉપકારક સંયમસાધક ઉપકરણોને '**उपकरोति इति उपकरणं**' એ વ્યુત્પત્તિથી ઉપકારી કહ્યાં છે. અને જે સંયમસાધક ન બને તેને બાહ્ય દૃષ્ટિએ ઉપકરણો છતાં 'અધિકરણો' અર્થાત્ દુર્ગતિનાં કારણો કહ્યાં છે, ઈત્યાદિ વિવેકપૂર્વક આ વ્રતનું પાલન કરતો જીવ સર્વથા પરિગ્રહથી મુક્ત થઈ શકે છે.

૨૩૩–કોઈ પણ નિયમ, પચ્ચક્ખાણ કે વ્રતને સ્વીકારવા માત્રથી નહિ, પણ તેના પાલન માટે ઘટિત સબળ ઉપાયો કરવાથી તે તે નિયમાદિનું ફળ મળે છે, ધનની પ્રાપ્તિ, પુત્રનો જન્મ, કે આરોગ્ય, વિગેરે પ્રગટ થયા પછી તેના રક્ષણ પાલનની જેટલી આવશ્યકતા છે તેથી ઘણી આવશ્યકતા સ્વીકારેલાં વ્રતો વિગેરેનું પાલન–રક્ષણ કરવાની છે. અહીં કહેવાતી મહાવ્રતોની ભાવનાઓ વસ્તુતઃ તે તે વ્રતના પ્રાણભૂત છે, માટે વ્રતોના રક્ષણ માટે તેના જ્ઞાનની અને પાલનની અતિ આવશ્યકતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"मनोगुप्त्येषणादानेर्याभिः समितिभिः सदा ।
दृष्टान्नपानग्रहणेनाऽहिंसां भावयेत् सुधीः ॥ प्रकाश १–२६॥"

**વ્યાખ્યા**—૧-મનોગુપ્તિ, ૨-એષણાસમિતિ, ૩-આદાનસમિતિ, ૪-ઈર્યાસમિતિ અને ૫-આહાર પાણીને જોઈને ગ્રહણ કરવાં, એ પાંચ ભાવનાઓથી બુદ્ધિમાન મુનિ અહિંસાનું રક્ષણ (પાલન)કરે. તેમાં જે મનોગુપ્તિનું સ્વરૂપ (કરણ સિત્તરીમાં) કહેવાશે તેનાથી પ્રથમ વ્રતની રક્ષા કરવી તે પહેલી ભાવના, બેંતાલીશ દોષ રહિત (આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-વસતિ વિગેરે) શુદ્ધ પિંડને ગ્રહણ કરવો તે એષણાસમિતિ રૂપ બીજી ભાવના, 'આદાન' શબ્દના ઉપલક્ષણથી 'નિક્ષેપ' પણ સમજી લેવો, એથી પીઠ, પાટીયું, વિગેરે સર્વ વસ્તુના આદાન-નિક્ષેપમાં એટલે લેવા મૂકવામાં નિર્દોષ પ્રવૃત્તિ કરવી તે 'આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ'રૂપ ત્રીજી ભાવના, 'ઈર્યા' શબ્દથી જવા આવવા વિગેરેમાં 'ઈર્યાસમિતિનું' પાલન કરવું (દોષ નહિ લગાડવા) તે ચોથી ભાવના અને અન્ન-પાન વિગેરે જોઈને લેવાં, ઉપલક્ષણથી જોઈને વાપરવાં, વિગેરેને પાંચમી ભાવના સમજવી. એ પાંચ ભાવનાથી બુદ્ધિમાન્ જ્ઞાની મુનિ અહિંસાને પવિત્ર બનાવે, તેની રક્ષા કરે. અહીં મનોગુપ્તિને ભાવના કહી તેનું કારણ એ છે કે-હિંસામાં મનના વ્યાપારની મુખ્યતા છે. સંભળાય છે કે-પ્રસન્નચંદ્રરાજર્ષિએ મનોગુપ્તિ નહિ પાળતાં દુર્ધ્યાનથી અહિંસાવ્રતનું ખણ્ડન કરીને પ્રત્યક્ષ હિંસા નહિ કરવા છતાં સાતમી નારકીને યોગ્ય કર્મોનો (દલિકોનો) સંચય કર્યો હતો. એષણા, આદાન અને ઈર્યા, એ ત્રણ સમિતિઓનું પાલન તો અહિંસામાં અવશ્ય (પ્રત્યક્ષ) ઉપકારક હોવાથી એનું ભાવનાપણું સ્પષ્ટ છે અને અન્નપાન જોઈને ગ્રહણ કરવાથી જીવસંસક્ત આહાર-પાણીનો ત્યાગ થાય તે પણ અહિંસાવ્રતના ઉપકાર માટે છે, તેથી તેને પાંચમી ભાવના કહી છે.

**બીજા મહાવ્રતની ભાવનાઓ** માટે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

"हास्यलोभभयक्रोध-प्रत्याख्यानैर्निरन्तरम् ।
आलोच्य भाषणेनाऽपि, भावयेत्सूनृतव्रतम् ॥ प्रकाश १–२७॥"

**વ્યાખ્યા**—હાંસી કરનારો નિશ્ચે મિથ્યા બોલનારો છે, એમ 'લોભી' ધનની આકાઙ્ક્ષાથી, 'ભયવાળો' પ્રાણ વિગેરેના રક્ષણની ઈચ્છાથી અને 'ક્રોધી' ક્રોધાવિષ્ટ મનવાળો થવાથી મિથ્યા બોલે છે, એ કારણે બોલવામાં હાસ્યાદિ ચારેને તજવાં તે ચાર અને 'વિચારીને બોલવું' અર્થાત્ અસત્ય ન બોલાય તેમ જ્ઞાનથી સમ્યગ્ પર્યાલોચન કરીને મોહને દૂર કરવાપૂર્વક બોલવું તે પાંચમી ભાવના જાણવી. વસ્તુતઃ અસત્ય બોલવામાં મોહ કારણભૂત છે, એ પ્રસિદ્ધ છે અને કહ્યું પણ છે કે—રાગથી, દ્વેષથી કે મોહથી જે વચન બોલાય તે અસત્ય સમજવું.

**ત્રીજા મહાવ્રતની ભાવનાઓ** યોગશાસ્ત્રમાં આ પ્રમાણે કહી છે—

"आलोच्यावग्रहयाच्ञा-ऽभीक्ष्णावग्रहयाचनम्
एतावन्मात्रमेवैत दित्यवग्रहधारणम् ॥
समानधार्मिकेभ्यश्च, तथाऽवग्रहयाचनम् ।
अनुज्ञापितपानान्नाऽशनमस्तेयभावनाः ॥" प्रकाश १, २८–२९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**—મનથી વિચારીને અવગ્રહ યાચવો. (અવગ્રહ એટલે રહેવા કે વાપરવા માટે અમુક ભૂમિ, મકાન, સ્થળ, વિગેરે.) તે અવગ્રહના ૧-ઇન્દ્રનો, ૨-રાજાનો, ૩-ગૃહપતિનો, ૪-મકાનમાલિકનો અને ૫-સાધર્મિકનો(સાધુનો), એમ પાંચ પ્રકારો છે. એમાં પૂર્વ પૂર્વ પ્રકારને પછીનો પ્રકાર બાધક છે. (અર્થાત્ ઉત્તર ઉત્તર વ્યક્તિના અભાવે જ પૂર્વ પૂર્વ વ્યક્તિ પાસે યાચી શકાય.) તેમાં ૧-દેવેન્દ્રનો અભિગ્રહ એ રીતે કહ્યો છે કે-સૌધર્મેન્દ્ર દક્ષિણ દિશાના અડધા લોકના અને ઈશાનેન્દ્ર ઉત્તર દિશાના અડધા લોકના અધિપતિ છે, (આપણે જે ભરતક્ષેત્રમાં છીએ તે મેરૂથી દક્ષિણ દિશામાં હોવાથી તેના અધિપતિ સૌધર્મેન્દ્ર છે માટે તેઓનો અવગ્રહ ગણાય.) ૨-રાજા એટલે અહીં ચક્રવર્તી અને ભરત વિગેરે તે તે ક્ષેત્રો (જે જ્યાંના ચક્રવર્તી હોય તે ક્ષેત્રના છ એ ખંડો) તેનો અવગ્રહ. ૩-'ગૃહપતિ' એટલે અમુક દેશનો અધિપતિ (રાજા), તેની સત્તામાં જે દેશ વિગેરે હોય તે તેનો અવગ્રહ. ૪-'શય્યાતર' એટલે મકાન(સ્થાન)નો માલિક, તેનું મકાન, ભૂમિ, વિગેરે તેનો અવગ્રહ અને ૫-'સાધર્મિક' એટલે સાધુઓ, તેઓનો અવગ્રહ તેઓને રહેવા-વાપરવા માટે ગૃહસ્થે આપેલું ઘર વિગેરે સમજવું. પ્રવચનસારોદ્ધાર (ગા૦ ૬૮૩)ની ટીકામાં તો એમ કહ્યું છે કે-સાધુને સાધર્મિક આચાર્ય, ઉપાધ્યાય વિગેરે ગણાય, માટે આચાર્ય વિગેરે જે નગર(ગામ વિગેરે)માં ચાતુર્માસ રહ્યા હોય તે તે નગરાદિ પાંચ ગાઉ સુધી દરેક દિશામાં તેઓનું પ્રતિબદ્ધ હોવાથી તે નગરાદિ સર્વ દિશાઓમાં પાંચ ગાઉ સુધીમાં તેઓનો અવગ્રહ ગણાય, એમ સમજવું. આ અવગ્રહ પણ ક્ષેત્રને આશ્રિને સમજવો, કાળથી તો વર્ષાકાળ (ચોમાસી) પૂર્ણ થયા પછી પણ (આચાર્યાદિ ત્યાં જ રહ્યા હોય તો) ઉપરાન્ત બે મહિના સુધી તેઓનો અવગ્રહ સમજવો. ત્યાં ૬૮૩ ગાથાના ઉત્તરાર્ધથી આગળ કહ્યું છે કે—

साहम्मिओ अ सूरी, जम्मि पुरे विहिअवरसालो ॥६८३॥"
" तप्पडिबद्धं तं जाव, दोन्निमासेहिं अओ जईण सया ॥ प्रवचनसारोद्धार० ॥

**ભાવાર્થ**–'સાધર્મિક' એટલે આચાર્ય, તેઓએ જે ગામ-નગરાદિમાં ચાતુર્માસ કર્યું હોય ત્યાં(ક્ષેત્રની અપેક્ષાએ) તે નગરાદિથી પાંચગાઉ સુધી અને કાળને આશ્રીને વર્ષાકાળ પછી પણ બે મહિના સુધી સર્વ દિશાઓમાં તે ક્ષેત્ર તેઓનું પ્રતિબદ્ધ(સત્તામાં) ગણાય, માટે સાધુઓને સદા તે આચાર્યાદિની અનુજ્ઞા લીધા વિના રહેવું વિગેરે ન કલ્પે.

એ રીતે અવગ્રહોના પ્રકારોને સમજીને યથાયોગ્ય ( જેની પાસે જે ) માગવાનો હોય તેની પાસે તે માગવો. તેના માલિકની પાસે યાચના કર્યા વિના રહેવાથી કે વાપરવાથી પરસ્પર વિરોધ થતાં એકાએક (અકાળે) નીકળવાનો (કાઢવાનો) પ્રસઙ્ગ આવે વિગેરે આ જન્મમાં દોષો થાય અને અદત્તનો પરિભોગ કરવાથી જે કર્મ બંધાય તેને પરભવમાં પણ ભોગવવું પડે. એ પહેલી ભાવના કહી. ૨-માલિકે એક વાર આપવા છતાં અવગ્રહને વારંવાર યાચવો. પહેલાં અનુમતિ મળવા છતાં બીમારી વિગેરે કારણે વાપરતાં આપનારના ચિત્તમાં ક્લેશ ન થાય તે હેતુથી લઘુ-વડીનીતિ પરઠવવાનાં, પાત્ર રંગવા-ધોવાનાં, કે હાથ-પગ વિગેરે ધોવાનાં સ્થાનોની વારંવાર યાચના કરવી. ૩-અમુક પ્રમાણમાં અવગ્રહનો નિશ્ચય કરવો, અર્થાત્ 'આ આટલી ભૂમિ વિગેરે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમારે ઉપયોગી (જરૂરી) છે, અધિક નહિ,' એવો (તેના દાતાર સાથે) નિશ્ચય કરવો તે ત્રીજી ભાવના સમજવી. એવો નિશ્ચય કરવાથી તે તેટલી ભૂમિમાં કાયોત્સર્ગ વિગેરે પોતાની તે તે ક્રિયાઓ કરવા છતાં સાધુથી તેના દાતારને (શય્યાતરને) અગવડ (અસદ્ભાવ) પેદા ન થાય, અર્થાત્ દાતાની પ્રસન્નતા જાળવી શકે. જો યાચના વખતે જ આવો નિર્ણય ન કરે તો પાછળથી આપનારના ચિત્તમાં પણ વિપરીત પરિણામ (અસન્માન) થાય અને પોતાને પણ દાતારની ઇચ્છા વિરૂદ્ધ તેની ભૂમિ આદિ વાપરતાં અદત્તનો ભોગવટો થવાથી કર્મબન્ધ થાય. ૪-'સાધર્મિક પાસે અવગ્રહની યાચના કરવી.' અહીં સાધર્મિક એટલે 'ધર્મને આચરે તે ધાર્મિક અને સરખા-તુલ્ય-એક ધર્મને અનુસરનારો ધાર્મિક તે સાધર્મિક.' આવા સાધર્મિકો સાધુને સાધુઓ ગણાય, તેઓ પહેલાં અમુક ક્ષેત્રમાં યાચના (અવગ્રહ) કરીને રહ્યા હોય, તે ક્ષેત્રાદિ કાળની અપેક્ષાએ માસ કે ચાતુર્માસ સુધી અને ક્ષેત્રની અપેક્ષાએ પાંચ ગાઉ સુધી, વિગેરે તેમનો અવગ્રહ ગણાય, માટે બીજાથી તેમની અનુજ્ઞા પૂર્વક જ ત્યાં રહેવાય. તેઓ જેટલી અનુજ્ઞા આપે તેટલું જ ક્ષેત્ર (ઉપાશ્રય કે ગોચરી માટે શ્રાવકનાં ઘરો) વિગેરે સઘળું (રહેવા, વાપરવા કે આહારાદિ વહોરવા માટે) સ્વીકારવું, અન્યથા ચોરી કરી ગણાય. એ ચોથી ભાવના કહી. ૫-ગુરૂ આજ્ઞા મળી હોય તે જ આહાર પાણી વિગેરે વાપરવું. અર્થાત્ સૂત્રોક્ત વિધિ પ્રમાણે, પ્રાસુક (અચિત્ત) અને એષણીય (૪૨ દોષ રહિત), સાધુતામાં કલ્પે તેવાં (દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિગેરેથી શુદ્ધ), આહારાદિ લાવીને પણ ગુરૂની સમક્ષ તેની આલોચના કરે, જે જ્યાંથી, જેવી રીતિએ અને જેવા ભાવથી લીધું (કે સામાએ વહોરાવ્યું) હોય તે તે સર્વ ગુરૂને પ્રગટ જણાવે, પછી તેઓ તેમાંથી જે જેટલું વાપરવાની અનુમતિ આપે તે તેટલું એકલો કે માંડલીમાં (અન્ય સાધુઓની સાથે) બેસીને તે રીતે વાપરે. માત્ર આહાર પાણી જ નહિ, ઉપલક્ષણથી જે કંઈ ઔઘિક કે ઔપગ્રહિક (પૂર્વે વ્યાખ્યા કહી તે) સર્વ ઉપકરણરૂપ ધર્મસાધન, તે દરેક ગુરૂએ અનુમતિ આપેલી હોય તે તેટલું જ વાપરવું જોઇએ, એમ કરનારો સાધુ અસ્તેય (અદત્તાદાન વિરમણ)વ્રતનું અતિક્રમણ કરતો નથી, અર્થાત્ પાલન કરી શકે છે. એ પાંચમી ભાવના સમજવી.

**ચોથામહાવ્રતની ભાવનાઓ**—યોગશાસ્ત્રમાં કહી છે કે—

> " **स्त्रीषण्ढपशुमद्वेश्माऽऽसनकुड्यान्तरोज्झनात् ।**
> **सरागस्त्रीकथात्यागात्, प्राग्रतस्मृतिवर्जनात् ॥**
> **स्त्रीरम्याङ्गेक्षणस्वाङ्ग-संस्कारपरिवर्जनात् ।**
> **प्रणीतात्यऽशनत्यागात्, ब्रह्मचर्यं तु भावयेत् ॥" प्रकाश १-३०-३१॥**

**વ્યાખ્યા**—સ્ત્રીઓના દેવીઓ અને મનુષ્ય સ્ત્રીઓ એમ બે ભેદો છે, તેના પણ સચિત્ત અચિત્ત એ બે ભેદો છે ૧-સચિત્ત એટલે સાક્ષાત્ દેવી-માનુષી અને ૨-અચિત્ત એટલે પત્થરની, ચુના વિગેરે લેપની, કે ચિત્રેલી, વિગેરે સ્ત્રીની આકૃતિઓ-આકારો. તદુપરાન્ત 'षण्ढ' એટલે નપુંસકવેદના ઉદયવાળા અને મહામોહનીયકર્મ બંધાય તેવાં કર્મો કરનારા તથા સ્ત્રી-પુરૂષ ઉભયના ભોગોમાં રાગવાળા નપુંસક પુરૂષો, (ધર્મમાં પુરૂષની પ્રધાનતા હોવાથી અહીં નપુંસક પુરૂષો કહ્યા તો પણ સ્ત્રીઓને આશ્રીને વિચારતાં સ્ત્રીઓ, વિગેરે યથાયોગ્ય સ્વયં સમજી લેવું) તથા 'પશુઓ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે તિર્યઞ્ચયોનિમાં જન્મેલાં ગાય, ભેંસ, ઘોડી, ગધેડી, બકરી, ઘેટી, વિગેરે (જેની સાથે) મૈથુનનો સમ્ભવ હોય તેવાં પશુઓ, એ ત્રણનો દ્વંદ્વ સમાસ કરીને અહીં 'मतुब्' પ્રત્યય કરેલો છે, એથી સ્ત્રીઓ, નપુંસકો અને પશુઓ જ્યાં હોય તેવી વસતિનો (સ્થાનનો) અને તેઓએ વાપરેલાં સંથારો વિગેરે આસનોનો ત્યાગ કરવો, તથા ભીંતના આંતરે પણ જ્યાં સ્ત્રી-પુરૂષની કામોત્તેજક વાતો (શબ્દો) સંભળાય તેવા એક જ માત્ર ભીંતના આંતરાવાળા, જ્યાં ગૃહસ્થાશ્રમીઓ વસતા હોય તેવા સ્થાનમાં રહેવું પણ નહિ એમ બ્રહ્મચર્યનો ભઙ્ગ થવાના ભયથી સ્ત્રી, પશુ કે પંડકવાળું, તથા એક ભીંતના માત્ર આંતરાવાળું સ્થાન તજવું, તે પહેલી ભાવના.

૨-સરાગપણે સ્ત્રીની કથા નહિ કરવી, અર્થાત્ 'રાગ' એટલે મોહના ઉદયને વશ બનીને સ્ત્રીઓની સાથે કથા, અથવા સ્ત્રીની કથા, અથવા પુરૂષની કથા, અથવા પુરૂષોની સાથે પણ સ્ત્રીઓની (કે પુરૂષોની રાગયુક્ત) કથા, વિગેરે રાગથી કથા, કે રાગને (કામને) પ્રગટ કરનારી કથા નહિ કરવી. જેમ કે-અમુક દેશની સ્ત્રી આવી હોય, અમુક જાતિની, કે અમુક કૂળની સ્ત્રીઓ આવા ગુણ-દોષવાળી હોય, વિગેરે વાતો તથા સ્ત્રીઓના પહેરવેશની, ભાષાની, ગતિની (ચાલની), શૃંગારિક ચેષ્ટા(ચાળા)ની, હાવ-ભાવની, હાસ્યની, લટકાની(લ્હેકાની), નેત્રનાં કટાક્ષોની, રીસામણાંની, મનામણાંની, કે તેઓના શૃંગારની, વિગેરે તે તે રસ પેદા કરનારી વાતો પવનથી જેમ સમુદ્ર ખળભળે તેમ આત્માને ચિત્તરૂપી સમુદ્રમાં ક્ષોભ પ્રગટ કરતી હોવાથી તેવી કોઈ પણ રાગજનક વાત નહિ કરવી, તે બીજી ભાવના જાણવી.

૩-પૂર્વક્રીડિતનું સ્મરણ નહિ કરવું, અર્થાત્ સાધુએ દીક્ષા પૂર્વે કે (ગૃહસ્થે) બ્રહ્મચર્ય સ્વીકાર્યા પૂર્વે ગૃહસ્થાવસ્થામાં સ્ત્રીની સાથે મૈથુન સેવ્યું હોય તેનું સ્મરણ નહિ કરવું. કારણ કે ઇન્ધનથી અગ્નિ સળગે તેમ પૂર્વકાલીન મૈથુનક્રીડાને યાદ કરવાથી કામરૂપી અગ્નિ સળગે છે.

૪-અવિવેકી મનુષ્યો જેને રમણીય-સ્પૃહણીય માને છે તેવાં સ્રીનાં મુખ, નેત્રો, સ્તન, કટિભાગ, સાથળ, વિગેરે અઙ્ગોને અતિ આશ્ચર્યને વશ બનીને ફાટેડોળે (સ્થિર દૃષ્ટિએ) નહિ જોવાં, રાગદ્વેષ વિના માત્ર દૃષ્ટિથી જોવાઈ જાય તે દુષ્ટ નથી. કહ્યું છે કે—

**" अशक्यं रूपमद्रष्टुं, चक्षुर्गोचरमागतम् ।**
**रागद्वेषौ तु यौ तत्र, तौ बुधः परिवर्जयेत् ॥१॥" (श्राद्धप्रति० गा० १६ वृत्ति)**

**ભાવાર્થ**—દૃષ્ટિ સન્મુખ આવેલા રૂપને ન જોવું અશક્ય છે, (અર્થાત્ સહસા જોવાઈ જાય તે સંભવિત છે.) વસ્તુતઃ રૂપ જોવામાં પંડિત પુરૂષે રાગ-દ્વેષને તજવા જોઇએ.

તથા પોતાના શરીરને સ્નાન-વિલેપન કરવું, ધૂપવું, નખ, દાંત, કે કેશ સંમાર્જવા, વિગેરે સંસ્કારો નહિ કરવા, એમ સરાગપણે સ્ત્રીનાં અંગોપાંગ જોવાનું તથા સ્વશરીરને સંસ્કારવાનું વર્જવું તે ચોથી ભાવના સમજવી. સ્ત્રીનાં મનોરમ અઙ્ગોપાઙ્ગને જોવામાં આસક્તનેત્રોવાળો જીવ દીવાની જ્યોતમાં પતંગીયું નાશ પામે તેમ (બ્રહ્મચર્યનો) નાશ કરે છે અને અશુચિથી ભરેલા શરીરને સંસ્કારવામાં મૂઢ બનેલો તે તે ઈચ્છાઓરૂપ વિકલ્પો કરીને વિના કારણે આત્માને થકાવે છે.

૫-પ્રણીતઆહાર અને અતિઆહાર વર્જવો. અર્થાત્ 'પ્રણીત' એટલે વીર્યવર્ધક, સ્નિગ્ધ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માદક, મિષ્ટાન્ન વિગેરે રસવાળો આહાર તજવો અને લુખો પણ આહાર ગળાસુધી (અજીર્ણ થાય તેમ) નહિ ખાવો તે પાંચમી ભાવના કહી છે. હંમેશાં માદક અને સ્નિગ્ધ મધુર રસદાર આહાર વાપરનાર શુક્ર નામની મુખ્ય ધાતુના અતિપોષણથી (પ્રગટતા વિકારની વેદનાથી પીડાએલો) અબ્રહ્મને સેવવા સુધી પણ પતન પામે છે અને લુખો પણ અતિઆહાર કેવળ બ્રહ્મચર્યને જ નહિ, શરીરને પણ પીડા (રોગાદિ) કરનારો છે. કહ્યું છે કે—

" अद्धमसणस्स सव्वंजणस्स कुज्जा दवस्स दो भागे ।
वायपविआरणट्ठा, छब्भागं ऊणयं कुज्जा ॥८६७॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**-ભૂખના છ ભાગ કરીને તેમાંથી અડધા (ત્રણ) ભાગનો વ્યઞ્જન સહિત આહાર લેવો, બે ભાગ પાણીથી પૂરવા અને વાયુના (શ્વાસોચ્છ્વાસના) સંચાર માટે એક ભાગ ઉણોદરી રાખવી.

એ બ્રહ્મચર્યની (નવ ગુપ્તિઓનાપાલનરૂપ[૨૩૪]) પાંચ ભાવનાઓ કહી.

**પાંચમા મહાવ્રતની ભાવનાઓ** યોગશાસ્ત્રમાં કહી છે કે—

" स्पर्शे रसे च गन्धे च, रूपे शब्दे च हारिणि ।
पञ्चस्वपीन्द्रियार्थेषु, गाढं गार्द्धस्य वर्जनम् ।
एतेष्वेवामनोज्ञेषु, सर्वथा द्वेषवर्जनम् ।
आकिञ्चन्यव्रतस्यैवं, भावनाः पञ्च कीर्त्तिताः ॥"प्रकाश १, ३२-३३॥

**વ્યાખ્યા**-ભોગવવાથી રાગ ઉપજે તેવા મનોહર સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ અને શબ્દ, એ પાંચે ઇન્દ્રિઓના વિષયોમાં અતિ ગૃદ્ધિ (આસક્તિ) નહિ કરવી, તથા એ જ સ્પર્શાદિ પાંચ વિષયો પ્રતિકૂળ (અનિષ્ટ) હોય તેમાં સર્વથા દ્વેષ નહિ કરવો, તે પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ સમજવી. ઇષ્ટ વિષયોમાં આસક્તિવાળો નિશ્ચે અનિષ્ટ પ્રત્યે દ્વેષ કરે છે, મૂર્છારહિત મધ્યસ્થ આત્માને શુભ-અશુભમાં પ્રીતિ કે અપ્રીતિ થતી નથી. રાગના કારણે જ દ્વેષ થાય છે, એમ સમજાવવા અહીં 'દ્વેષ નહિ કરવો' એમ કહ્યું છે, અન્યથા ઇષ્ટમાં રાગ નહિ કરવો એટલું જ કહેવા માત્રથી અનિષ્ટમાં દ્વેષ નહિ કરવો એ સિદ્ધ થાય છે. [૨૩૫]

એમ વિસ્તારથી પાંચ મહાવ્રતોને વર્ણવ્યાં, હવે છઠ્ઠા વ્રતનું લક્ષણ કહે છે કે—

---

૨૩૪-પહેલી ભાવનામાં ૧-વસતિશુદ્ધિ, ૩-નિષદ્યા (આસન) પરિહાર અને ૫-કુડયાન્તર વર્જન આવે છે. બીજી ભાવનામાં-૨-સરાગસ્ત્રીકથાનો ત્યાગ, ત્રીજીમાં ૬-પૂર્વક્રીડિતસ્મરણનો ત્યાગ, ચોથીમાં ૪-સ્ત્રીનાં અંગોપાંગ નીરખવાનો ત્યાગ અને ૯-સ્વ શરીર વિભૂષાનો ત્યાગ, તથા પાંચમી ભાવનામાં ૭-પ્રણીત આહારનો અને ૮-અતિઆહારનો ત્યાગ છે. એમ પાંચ ભાવનાઓમાં નવગુપ્તિઓ સમજવી.

૨૩૫-**પ્રથમ વ્રતની** પાંચ ભાવનાઓમાં મનોગુપ્તિ માનસિકહિંસાથી (આર્ત્ત-રૌદ્રધ્યાનથી) બચવા માટે, એષણાસમિતિ આહારને અંગે કહેલા ૪૨ દોષોરૂપ દ્રવ્ય-ભાવ હિંસામાંથી બચવા માટે, આદાનસમિતિ સંયમોપયોગી વસ્તુ લેવા મૂકવા વિગેરેમાં સંભવિત હિંસાથી બચવા માટે, ઇર્યાસમિતિ ગમનાગમનથી સંભવિત હિંસાથી બચવા માટે અને અન્ન-પાનાદિ જોઇને લેવાં તે પણ એષણા કે આદાન સમિતિરૂપે આહાર-પાણી આદિમાં રહેલા ત્રસ વિગેરે જીવોની હિંસાથી બચવા માટે છે એમ પાંચે ભાવનાઓ અહિંસા માટે આવશ્યક છે અને તે પાંચ સમિતિમાં અને ત્રણ ગુપ્તિમાં અન્તર્ગત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलम्–"चतुर्विधस्याहारस्य, सर्वथा परिवर्जनम् ।
षष्ठं व्रतमिहैतानि, जिनैर्मूलगुणाः स्मृताः ॥११७॥"

**મૂળનો અર્થ**–ચારે પ્રકારના આહારનો (રાત્રીએ) સર્વથા ત્યાગ કરવો, તેને છઠ્ઠું વ્રત કહ્યું છે, એ છ વ્રતોને શ્રીજિનેશ્વરોએ સાધુતાના મૂળગુણો કહ્યા છે.

**ટીકાનો ભાવાર્થ**–અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, એ ચારે પ્રકારના આહારને (રાત્રીએ વાપરવાનો) 'સર્વથા'=ત્રિવિધ ત્રિવિધ ભાંગાથી ત્યાગ કરવો, તેને છટ્ઠું વ્રત કહ્યું છે, એમ વાક્યમાં ક્રિયાપદનો સંબન્ધ જોડવો. હવે એ વ્રતોને અહીં સાધુધર્મના પ્રસઙ્ગમાં શ્રી–જિનેશ્વરોએ શેષગુણોના આધારભૂત હોવાથી મૂળગુણો કહ્યા છે અને એના ઉપલક્ષણથી સમ્પૂર્ણ ચરણસિત્તરીને પણ મૂળગુણોરૂપ કહી છે. તે આ પ્રમાણે છે—

" वय[५] समणधम्म[१०] संजम,[१७] वेयावच्चं[१०] च बंभगुत्तीओ[९] ।
नाणाइतिअं[३] तव[१२] कोहनिग्गहाई[४] चरणमेअं ॥२॥" (ओघनि० भाष्य०)

**વ્યાખ્યા**–આ પ્રમાણે છે, ૫–વ્રતો, ૧૦–પ્રકારનો સાધુધર્મ, ૧૭–પ્રકારે સંયમ, ૧૦–પ્રકારે વૈયાવચ્ચ, ૯–પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ, ૩–જ્ઞાનાદિગુણો, ૧૨–પ્રકારે તપ, અને ૪–ક્રોધાદિ કષાયોનો નિગ્રહ, એમ (૭૦ પ્રકારે) ચારિત્ર (મૂળ ગુણો) છે. તેમાં—

---

**બીજું વ્રત** સત્યની રક્ષા માટે છે, તેમાં જણાવ્યા પ્રમાણે પ્રિય, પથ્ય અને સત્ય પણ શાસ્ત્રીય મર્યાદાના પાલન પૂર્વક બોલવાનું વિધાન છે તે માટે બોલવામાં હાસ્ય, ભય, લોભ અને ક્રોધનો ત્યાગ કરવા રૂપ ચાર ભાવનાઓ અને વિચારીને (ઉપયોગ પૂર્વક) બોલવા રૂપ પાંચમી ભાવના પણ ભાષાસમિતિ રૂપ છે એમ સત્યની પાંચે ભાવનાઓનો અંતર્ભાવ ભાષાસમિતિમાં થાય છે.

**ત્રીજું વ્રત** અદત્તગ્રહણથી બચવા માટે છે, તેની પ્રથમની ચાર ભાવનાઓ જે વસ્તુ વાપરવાની હોય તે જેની માલિકીની કે જેની સત્તામાં હોય તેની અનુજ્ઞા મેળવવારૂપ હોવાથી એષણાસમિતિરૂપ છે અને પાંચમી શ્રીજિનાજ્ઞાના અને ગુરૂની આજ્ઞાના પાલનરૂપ હોવાથી ઈચ્છા રોધ કે સમર્પિતભાવ રૂપે મનોગુપ્તિના પાલનરૂપ છે, અથવા પાંચે ભાવનાઓનું રહસ્ય અન્યને અપ્રીતિ નહિ ઉપજાવવાનું અને ગુરૂ-આજ્ઞાને આધીન થવાનું હોવાથી એક મનોગુપ્તિમાં પણ તેનો અંતર્ભાવ થઈ શકે છે.

**ચોથું વ્રત** બ્રહ્મચર્ય પાલન છે. તેની પાંચે ભાવનાઓ બ્રહ્મચર્યની નવ વાડોના પાલનરૂપ હોવાથી તેનો અંતર્ભાવ ભાષા–એષણાસમિતિમાં અને ત્રણ ગુપ્તિઓમાં થાય છે.

**પાંચમું વ્રત** પાળવા માટે જણાવેલી પાંચે ભાવનાઓ પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ–પ્રતિકૂળ વિષયોમાં રાગ–દ્વેષને વર્જવા રૂપે મનનો વિજય કરાવનારી હોવાથી મનોગુપ્તિમાં તેનો અંતર્ભાવ થાય છે.

એમ પાંચે વ્રતોની પચીશ ભાવનાઓનો અંતર્ભાવ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતામાં થાય છે, તેથી તે આઠને માતાઓ કહી છે તે પણ યથાર્થ છે. માતાની જેમ અષ્ટપ્રવચનમાતાઓ પાંચ મહાવ્રતોરૂપ ચારિત્રપુત્રને જન્મ આપે છે, પાલન (પોષણ) કરે છે અને દોષોરૂપ મેલની શુદ્ધિ કરે છે, એ હકિકત કરણસિત્તરીમાં તેના સ્વરૂપને વર્ણવતાં કહેવાશે. સાધુનું સાધ્ય ચારિત્ર (ચરણ સિત્તરી) છે, માટે પાંચ વ્રતોને ચરણ સિત્તરીમાં મૂળ ગુણો તરીકે ગણાવ્યાં છે અને તેના રક્ષણ–પાલન વિગેરેમાં 'કરણ' એટલે સાધનભૂત હોવાથી અષ્ટ પ્રવચન માતાઓને કરણ સિત્તરીમાં ગણેલી છે, એથી પણ સમજાય છે કે અષ્ટપ્રવચનમાતાઓનું પાલન ચારિત્રના રક્ષણ માટે અતિ આવશ્યક છે. એ જ ભાવ આ પચીસ ભાવનાઓનું વિધાન કરવા દ્વારા શાસ્ત્રકારોએ જણાવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧-'પ્રાણાતિપાતવિરમણ' વિગેરે મહાવ્રતો પાંચ છે, તેનું વર્ણન ઉપર કર્યું.

૨-'શ્રમણનો' એટલે સાધુઓનો ધર્મ આ દશ પ્રકારે છે-૧-ક્ષમા, ૨-માર્દવ, ૩-આર્જવ, ૪-મુક્તિ, (નિર્લોભતા), ૫-તપ, ૬-સંયમ, ૭-સત્ય, ૮-શૌચ, ૯-આકિઞ્ચન્ય અને ૧૦-બ્રહ્મચર્ય. આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે-

" खंती(य)मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥" आव०सङ्ग्रहणी गा० ३ ॥

**ભાવાર્થ**-ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિઞ્ચન્ય અને બ્રહ્મ, એ (દશવિધ) યતિધર્મ છે. તેમાં—**૧-ક્ષમા**=સશક્ત કે અશક્ત પણ જીવનો સહન કરવાનો અધ્યવસાય-આત્મપરિણામ, અર્થાત્ સર્વ રીતે ક્રોધનો વિવેક કરવો-(તેના ઉદયને) નિષ્ફળ બનાવવો તેને ક્ષમા કહેવાય છે. **૨-માર્દવ**=અસ્તબ્ધતા, અર્થાત્ અક્કડાઇનો અભાવ, અસ્તબ્ધતાના પરિણામને એટલે ભાવને અને તેનાથી થતી ક્રિયાને પણ માર્દવ કહે છે; અર્થાત્ જીવની નમ્રતા અને નિરભિમાનતા. **૩-આર્જવ**='ઋજુ' એટલે વક્રતા રહિત મન વચન અને કાયવાળો સરળ જીવ, તેના ભાવને અથવા કર્મને 'આર્જવ' કહ્યું છે, અર્થાત્ જીવનો મન વચન અને કાયાનો અવિકાર, નિષ્કપટપણું, તે આર્જવ. **૪-મુક્તિ**=છૂટવું કે છોડવું તે મુક્તિ, અર્થાત્ બાહ્ય અનિત્યપદાર્થોની અને અભ્યન્તર(કામ ક્રોધાદિ) ભાવો પ્રત્યેની તૃષ્ણાનો છેદ્ર કરવારૂપ લોભને સર્વથા તજવો તેને મુક્તિ કહી છે. **૫-તપ**=જેનાથી રસ-રૂધિરાદિ શારીરિક ધાતુઓ અથવા જ્ઞાનાવરણીયાદિ કર્મો તપે (ખપે) તે તપ કહેવાય, તેના 'અનશન, ઉણોદરિતા' વિગેરે (છ બાહ્ય અને 'પ્રાયશ્ચિત્ત, વિનયાદિ' છ અભ્યન્તર, એમ) બાર ભેદો કહેવાશે. **૬-સંયમ**=આશ્રવની વિરતિ, અર્થાત્ નવાં કર્મોના બન્ધને અટકાવવો તે સંયમ. (એનું વિશેષ વર્ણન આ અધિકારમાં જ કહેવાશે.) **૭-સત્ય**=મૃષાવાદનો ત્યાગ, **૮-શૌચ**=સંયમમાં નિર્મળતા એટલે નિરતિચારપણું. **૯-આકિઞ્ચન્ય**=જેની પાસે 'કિઞ્ચન' એટલે કંઈ દ્રવ્ય ન હોય તે અકિઞ્ચન અને અકિઞ્ચનપણું તેને 'આકિઞ્ચન્ય' કહેવાય, એના ઉપલક્ષણથી (દ્રવ્યમાં જ નહિ) શરીર અને ધર્મોપકરણ વિગેરેમાં પણ મમત્વનો અભાવ તેને 'આકિઞ્ચન્ય' સમજવું. **૧૦-બ્રહ્મ**=નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિના પાલન પૂર્વકનો સ્પર્શનેન્દ્રિયનો સંયમ, એ દશવિધ યતિધર્મ કહ્યો. બીજા આચાર્યો તો એના દશ પ્રકારો આ રીતે કહે છે—

" खंती मुत्ती अज्जव, मद्दव तह लाघवे तवे चेव ।
संजम चाओऽकिंचन, बोद्धव्वे बंभचेरे य ॥" प्रवचनसारो० ५५४नी टीका ॥

**ભાવાર્થ**-ક્ષમા, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, તપ, સંયમ, ત્યાગ, આકિઞ્ચન્ય અને બ્રહ્મચર્ય, એ દશવિધ યતિધર્મ જાણવો.

તેમાં 'લાઘવ' એટલે દ્રવ્યથી અલ્પઉપધિ(વસ્તુઓથી નિર્વાહ કરવા)પણું અને ભાવથી ગૌરવ(મોટાઇ)નો ત્યાગ, તથા 'ત્યાગ' એટલે સર્વ સંયોગોથી મુક્તિ (નિરાગતા), અથવા યતિ(સાધુ)ઓને વસ્ત્ર વિગેરેનું દાન, એમ અર્થ સમજવો, શેષ ક્ષમા વિગેરેનો અર્થ પહેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યામાં કહ્યા પ્રમાણે [૨૩૬] સમજવો.

૩-**સંયમ**='સં' એટલે (મન-વચન-કાયાના) એકીકરણ દ્વારા આત્મ રક્ષા માટે 'યમ' એટલે યત્ન કરવો તે સંયમ, તેના-પાંચ આશ્રવોનો રોધ કરવો તે પાંચ, પાંચ ઇન્દ્રિઓનો નિગ્રહ કરવો તે પાંચ, ચાર કષાયોનો જય કરવો તે ચાર, અને ત્રણ દંડની વિરતિ કરવી તે ત્રણ, એમ કુલ સત્તર પ્રકારો છે. કહ્યું છે કે—

**"पंचासवा विरमणं, पंचिंदियनिग्गहो कसायजओ ।**
**दंडत्तयस्स विरई, सतरसहा संजमो होइ ॥"** प्रवचनसारो० ५५५॥

**ભાવાર્થ**-પાંચ આશ્રવોથી અટકવું, પાંચ ઇન્દ્રિઓને વશ કરવી, (ચાર) કષાયોનો જય કરવો અને ત્રણ દંડની વિરતિ કરવી, એમ સંયમ સત્તર પ્રકારે છે.

તેમાં પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ, એ પાંચ આશ્રવોથી અર્થાત્ નવાં નવાં કર્મો આવવાનાં કારણોથી અટકવું તે પાંચ આશ્રવોની વિરતિ. સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કાન, એ પાંચ ઇન્દ્રિઓનો નિગ્રહ કરવો, અર્થાત્ તે તે ઇન્દ્રિયના સ્પર્શ-રસ વિગેરે વિષયોમાં લમ્પટતાનો (આસક્તિનો) ત્યાગ કરીને માત્ર જીવન નિર્વાહની બુદ્ધિએ ભોગ કરવો તે ઇન્દ્રિયોનો નિગ્રહ. ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર કષાયોનો જય કરવો અર્થાત્ ઉદયમાં આવેલા એ કષાયોને નિષ્ફળ કરવા અને સત્તામાં હોય તેનો ઉદય અટકાવવા રૂપે પરાભવ કરવો તે કષાયજય તથા ત્રણદંડની વિરતિ એટલે ચારિત્રરૂપી આત્મસમ્પત્તિને હરણ કરીને આત્માને દરિદ્ર (નિર્ગુણી) બનાવે તેવાં દુષ્ટ મન વચન અને કાયારૂપ ત્રણ દંડોની અશુભ (એટલે અકુશળ-આત્માને અનર્થકારક) પ્રવૃત્તિને અટકાવવી તે ત્રણ દંડની વિરતિ. એ સત્તર પ્રકારનો સંયમ જાણવો. અન્ય આચાર્યો તો બીજી રીતે કહે છે કે—

**"पुढवि-दग-अगणि-मारुय-वणस्सइ-बि-ति-चउ-पणिंदि-अज्जीवा ।**
**पेहुप्पेह-पमज्जण, परिठवण मणोवईकाए ॥"** प्रवचनसारो० ५५७॥

**વ્યાખ્યા**—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પઞ્ચેન્દ્રિય, એ દરેક જીવોનો મન-વચન અને કાયાથી સંરમ્ભ, સમારમ્ભ અને આરમ્ભ કરવો નહિ, કરાવવો નહિ તથા અનુમોદવો નહિ (તે નવ પ્રકારો). તે માટે કહ્યું છે કે—

---

૨૩૬-પાંચમહાવ્રતોને વ્યવહારચારિત્રરૂપે સાધનધર્મ માનીએ તો ક્ષમાદિ દશ પ્રકારનો યતિધર્મ નિશ્ચયરૂપે સાધ્યધર્મ કહી શકાય. અર્થાત્ મહાવ્રતો વ્યાપારરૂપ છે અને યતિધર્મ તેના ફળ સ્વરૂપ છે. એમ આગળ કહેવાશે તે વૈયાવચ્ચ સાધનધર્મ અને જ્ઞાનાદિ ત્રણ ગુણો વિગેરે સાધ્ય ધર્મ તરીકે નિશ્ચય ચારિત્ર સમજવું. બ્રહ્મચર્યની નવવાડો સાધનધર્મ છે અને તેનું સાધ્ય બ્રહ્મવ્રત છે. સંયમના સત્તર પ્રકારોની વ્યાખ્યા અહીં બે પ્રકારે કહી છે તેમાં પણ પહેલી વ્યાખ્યા-સાધ્ય અને બીજી વ્યાખ્યા તેના સાધનરૂપ સમજાય છે. છેલ્લે કહેલા ક્રોધાદિના નિગ્રહ રૂપ ચાર પ્રકારો પણ ક્ષમાદિ પ્રથમના ચાર યતિધર્મોના સાધનભૂત છે. એમ આ ચરણસિત્તરીના પ્રકારો પરસ્પર સાધ્ય સાધનરૂપ છે અને સમગ્ર ચરણસિત્તરી યથાખ્યાત ચારિત્રના સાધનરૂપ છે, એમ આ ચરણસિત્તરીમાં સ્યાદ્વાદ શૈલીએ વ્યવહાર અને નિશ્ચય ઉભય ધર્મની વ્યવસ્થા કરેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"संकप्पो संरंभो, परितावकरो भवे समारंभो ।
आरंभो उद्दवओ, सुद्धनयाणं तु (च) सव्वेसिं ॥१०६०॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**—મારવાનો (હિંસાનો) સંકલ્પ કરવો તે સંરમ્ભ, પીડા ઉપજાવવી તે સમારમ્ભ, અને પ્રાણોનો વિયોગ કરવો તે આરમ્ભ, એ હિંસાના સંરમ્ભાદિ ત્રણે ય પ્રકારો સર્વ શુદ્ધ નયોને (અથવા 'અ'કારનો પ્રક્ષેપ કરવાથી સર્વ અશુદ્ધ એટલે નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયને પણ) માન્ય છે.

એમ નવ પ્રકારના જીવોના સરમ્ભાદિ ન કરવા તે સંયમના નવ પ્રકારો. તથા દુઃષમા વિગેરે કાળના દોષથી તથાવિધ બુદ્ધિની, આયુષ્યની, શ્રદ્ધાની, સંવેગની, ઉદ્યમની અને બળની, વિગેરેની હાનિવાળા વર્તમાન કાળના શિષ્યોના ઉપકાર માટે સંયમમાં ઉપકારક પુસ્તકો વિગેરે અજીવ પદાર્થોને તેનું પ્રતિલેખન, પ્રમાર્જન કરવા પૂર્વક જયણાથી રાખવા તે **૧૦-અજીવ-સંયમ** સમજવો, 'પ્રેક્ષા' એટલે બીજ, વનસ્પતિ કે ત્રસજીવના સંસર્ગ વિનાના નિરવદ્ય સ્થાને 'નેત્રોથી જોઇને' સુવું, બેસવું, ઉભા રહેવું, કે ચાલવું, વિગેરે **૧૧-પ્રેક્ષાસંયમ** સમજવો, પાપ-વ્યાપાર કરતા ગૃહસ્થની ઉપેક્ષા કરવી, અર્થાત્ 'અમુક ઘર-ગામ વિગેરેની સંભાળ ખ્યાલપૂર્વક કરો' ઈત્યાદિ ઉપદેશ નહિ કરવો તે **૧૨-ઉપેક્ષાસંયમ** જાણવો, અથવા પ્રેક્ષા-ઉપેક્ષાનો બીજો અર્થ સંયમમાં અનાદર કરતા સાધુઓને તે તે સંયમનાં કાર્યોમાં જોડવા તે 'પ્રેક્ષાસંયમ' અને નિદ્ધંસ પરિણામી પાસત્થા વિગેરે સંયમની વિરાધના કરે તેની ઉપેક્ષા કરવી તે 'ઉપેક્ષાસંયમ' એમ કરવો. નેત્રોથી જોએલી પણ ભૂમિનું કે વસ્ત્ર-પાત્રાદિનું રજોહરણ વિગેરેથી પ્રમાર્જન કરીને તે વાપરવાં, અર્થાત્ સુતાં, બેસતાં, લેતાં, મૂકતાં, વારંવાર પ્રમાર્જન કરવું, કાળીભૂમિવાળા વિગેરે પ્રદેશમાંથી સફેદ ભૂમિવાળા વિગેરે પ્રદેશમાં પ્રવેશ કરતાં ગૃહસ્થાદિ જોઈ શકે તેમ ન હોય ત્યારે સચિત્ત-અચિત્ત કે મિશ્રરજથી ખરડાએલા પગ વિગેરેનું પ્રમાર્જન કરવું અને ગૃહસ્થો વિગેરે જોઈ શકે[૨૩૭] ત્યારે પ્રમાર્જન નહિ કરવું, તે **૧૩-પ્રમાર્જનાસંયમ**. કહ્યું છે કે-

"पायाई सागरिए, अपमज्जित्तावि संजमो होइ ।
पायाई (ते चेव) पमज्जंते-ऽसागरिए संजमो होइ॥" प्रव०सारो०५५६नी टीका॥

**ભાવાર્થ**—ગૃહસ્થો દેખે ત્યારે પગ વિગેરેનું પ્રમાર્જન નહિ કરવાથી સંયમ થાય છે અને ગૃહસ્થો ન દેખે ત્યારે પગ વિગેરેનું પ્રમાર્જન કરવાથી સંયમ થાય છે.

૧૪-વડીનીતિ, લઘુનીતિ(સ્થંડિલ-માત્રુ), શ્લેષ્મ, કફ, વિગેરેને તથા જીવસંસક્ત, દોષવાળાં કે અનુપકારી (વધી પડેલાં) આહાર પાણી, વિગેરેને જન્તુ રહિત અચિત્તસ્થાને વિધિપૂર્વક પર-ઠવવાં (તજવાં) તે **પરિષ્ઠાપનાસંયમ** સમજવો. ૧૫-દ્રોહ, ઈર્ષ્યા, અભિમાન, વિગેરે દુષ્ટ ભાવોથી મનને રોકવું અને ધર્મધ્યાનાદિ શુભભાવમાં જોડવું તે **મનસંયમ**, હિંસક કઠોર વિગેરે વચન નહિ બોલવું અને શુભ (હિતકારી, સત્ય, મધુર) વચન બોલવું તે **૧૬-વચનસંયમ**

૨૩૭-ગૃહસ્થો સંયમના આચારોથી અજ્ઞાત હોવાથી પગ પ્રમાર્જન કરતા દેખીને સાધુ પ્રત્યે દુર્ગંછાદિ કરે, એથી ધર્મની અને શાસનની લઘુતા વિગેરે દોષો થાય, માટે તેઓના દેખતાં પ્રમાર્જન ન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જવું, આવવું, વિગેરે આવશ્યકકર્તવ્યોમાં કાયાની પ્રવૃત્તિ ઉપયોગ પૂર્વક કરવી તે ૧૭–**કાયસંયમ** સમજવો. એ પ્રમાણે પ્રાણાતિપાતની નિવૃત્તિ રૂપ સંયમ સત્તર પ્રકારે સમજવો.

૪–**વૈયાવચ્ચ**=વ્યાપાર (પ્રવૃત્તિ) કરનારો 'વ્યાપૃત' અને તેનું કાર્ય, અથવા તેનો ભાવ એટલે 'વ્યાપૃતપણું' તે જ 'વૈયાવચ્ચ' એમ શબ્દસિદ્ધિ સમજવી. તેના ૧–આચાર્ય, ૨–ઉપાધ્યાય, ૩–તપસ્વી, ૪–નવદીક્ષિત–શૈક્ષ, ૫–ગ્લાન સાધુઓ ૬–સ્થવિરાદિ અન્ય સાધુઓ, ૭–સમનોજ્ઞ (એક સામાચારીવાળા અન્ય ગચ્છીય) સાધુઓ ૮–સંઘ, ૯–કુલ અને ૧૦–ગણ, એ દશની વૈયાવચ્ચ કરવાને યોગે વૈયાવચ્ચના પણ દશ પ્રકારો થાય છે. કહ્યું છે કે—

"आयरिअउवज्झाए, तवस्सिसेहे गिलाणसाहूसुं ।
समणुन्नसंघकुलगण–वेयावच्चं हवइ दसहा ॥५५७॥" (प्रवचनसारो०)

**ભાવાર્થ**—આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, સ્થવિર સાધુઓ, એક સામાચારીવાળા અન્યગચ્છીય સાધુઓ, સંઘ, કુળ અને ગણ, એ દશની વૈયાવચ્ચ દશ પ્રકારની જાણવી.

તેમાં ૧—**આચાર્ય**=સાધુ જેની સહાયથી જ્ઞાનાચારાદિ પાંચપ્રકારના આચારોનું આચરણ કરે, અથવા તેને માટે સાધુ જેની સેવા કરે તે આચાર્ય કહેવાય, તેના પાંચ પ્રકારો છે, દીક્ષા આપનાર તે ૧–**પ્રવ્રાજકાચાર્ય**, સચિત્ત અચિત્ત કે મિશ્ર પદાર્થોને સંયમ અર્થે લેવાની, વાપરવા વિગેરેની અનુજ્ઞા–અનુમતિ આપે તે ૨–**દિગાચાર્ય**, જે પ્રથમથી જ (નામનો નિર્દેશ કરીને સૂત્ર પાઠ આપે) શ્રુતનો ઉદ્દેશ કરે તે ૩–**ઉદ્દેશાચાર્ય**, ઉદ્દેશ કર્યા પછી ઉદ્દેશાચાર્યના અભાવે તે જ શ્રુતનો જે સમુદ્દેશ (અર્થ ભણાવે, અથવા સૂત્રને સ્થિર કરવાનો ઉપદેશ) કરે અને અનુજ્ઞા (અન્યને ભણાવવાનો આદેશ) કરે તે ૪–**સમુદ્દેશાનુજ્ઞાચાર્ય** અને ઉત્સર્ગ–અપવાદરૂપ અર્થને, અર્થાત્ આગમના રહસ્યને સમજાવનારા ઉપકારી જે ગુરૂ (યોગ્ય સાધુને) સ્થાપનાચાર્ય અને આસનની અનુજ્ઞા આપે તે ૫–**આમ્નાયાર્થવાચક**, એમ આચાર્યના પાંચ પ્રકારો સમજવા. ૨–**ઉપાધ્યાય**=આચાર્યની આજ્ઞાથી જેની 'ઉપ'=સમીપે જઈને સાધુઓ આચારના વિષયને જણાવનારા જ્ઞાનને 'અધીયન્તે'=ભણે તે 'ઉપાધ્યાય' જાણવા. ૩–**તપસ્વી**=અઠ્ઠમ, કે તે ઉપરાંત કઠોર તપ કરનારો સાધુ. ૪–**શૈક્ષ**=તુર્તનો નવદીક્ષિત સાધુ, અર્થાત સાધુતાની શિક્ષા મેળવતો હોય તે શૈક્ષ, ૫–**ગ્લાન**=જ્વર વિગેરે બીમારીવાળો સાધુ, ૬–**થેર** એટલે સ્થવિર, તેના શ્રુત, પર્યાય અને વયની અપેક્ષાએ ત્રણ ભેદો છે, તેમાં ચોથા 'સમવાય' અઙ્ગ સુધી શ્રુત ભણેલા તે ૧–શ્રુતસ્થવિર, જેનો દીક્ષાપર્યાય વીસ કે તેથી વધારે વર્ષોનો હોય, તે ૨–પર્યાયસ્થવિર, અને જેની વય સીત્તેર કે તેથી વધારે વર્ષની હોય તે ૩–વયસ્થવિર જાણવા. ૭–**સમનોજ્ઞ**=એક જ સામાચારીનું સમ્યગ્ આચરણ કરનારા (અન્ય ગણના) સાધુ. ૮–**સઙ્ઘ**=સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચારનો સમુદાય, ૯–**કુળ**=એક જ જાતિ(સામાચારી)વાળા ઘણા ગચ્છોનો સમુહ, જેમ કે 'ચાન્દ્રકુળ' વિગેરે. અને ૧૦–**ગણ**=એક આચાર્યની નિશ્રામાં વર્તતો સાધુ સમુહ, અર્થાત્ અનેક કુળોનો સમુદાય. જેમ કે 'કૌટિક ગણ' ઇત્યાદિ ગણ કહેવાય. એ દશને અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, પાટ, પાટીયાં (પાટલા), સંથારો, વિગેરે ધર્મોપકરણ(લાવી) આપવાં (સહાય કરવી) અને શરીર સેવા, ઔષધક્રિયા, અટવીમાં વિહાર, રોગ, કે ઉપસર્ગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે પ્રસઙ્ગોમાં તેમની રક્ષા-સેવા વિગેરે કરવી તે વૈયાવચ્ચ (દશ પ્રકારે) સમજવી.[૨૩૮]

૫–**બ્રહ્મચર્યની ગુપ્તિઓ**=બ્રહ્મચર્યની રક્ષાના ઉપાયો. તે આ પ્રમાણે નવ છે—

" वसहिकहनिसिज्जिन्दिय, कुड्डंतरपुव्वकीलिए(य)पणिए ।
अइमायाहारविभूसणाई, नव बंभगुत्तीओ ॥५५८॥" (प्रवचनसारो०)

**વ્યાખ્યા**–બ્રહ્મચારીએ સ્ત્રી-પશુ કે પંડક ( નપુંસક ) હોય તેવા સ્થાને નહિ રહેવું તે ૧–**વસહિ**, એનાં કારણો વિગેરેનો વિસ્તાર પૂર્વે ૨૫ ભાવનાઓના વર્ણનમાં જણાવ્યો છે. કેવળ સ્ત્રીઓને એકલા સાધુએ ધર્મ દેશના રૂપે વાક્ય રચના અર્થાત્ કથા નહિ સંભળાવવી, અથવા સ્ત્રીઓનાં રૂપ, રંગ, વિગેરેની વાતો નહિ કરવી તે ૨–**કથાત્યાગ**, આસન ત્યાગ, અર્થાત્ સ્ત્રીઓની સાથે એક આસને નહિ બેસવું, કારણ કે સ્ત્રીએ વાપરેલા આસને બેસવાથી પુરૂષને ચિત્તમાં વિકાર થવાનો સમ્ભવ છે. સ્ત્રીઓએ પણ પુરૂષે વાપરેલા આસને ત્રણ પ્રહર સુધી નહિ બેસવું તે ૩–**નિષદ્યા** ગુપ્તિ સમજવી. કહ્યું છે કે—

" पुरिसासणे तु इत्थी, जामतिअं जाव नो व उवविसइ ।
इत्थीइ आसणंमी, वज्जेअव्वा नरेण दो घडिआ ॥१॥"

**ભાવાર્થ**–પુરૂષે વાપરેલા આસને સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી નહિ બેસવું અને સ્ત્રીએ વાપરેલા આસને બેસવામાં પુરૂષે બે ઘડીનો ત્યાગ કરવો. અર્થાત્ બે ઘડી પહેલાં નહિ બેસવું.

---

૨૩૮–**વૈયાવચ્ચ**-એ વિનયના ફળ સ્વરૂપ છે, ગુણ-ગુણી પ્રત્યે પૂજ્યભાવ પ્રગટવો તેને વિનય કહીએ તો તે ગુણ-ગુણીની પૂજા-સેવાને વૈયાવચ્ચ કહેવાય. વૈયાવચ્ચનો અર્થ કેવળ 'કાર્ય કરી આપવું' એટલો ટુંકો નથી, કિન્તુ શાસ્ત્રના વિધિ-નિષેધોનો ખ્યાલ રાખવા પૂર્વક ગુણવાન પ્રત્યે બહુમાન પ્રગટાવીને તેના ગુણોની વૃદ્ધિ થાય તે રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રીને તેનાં સંયમનાં કાર્યોમાં પોતાની તે તે પ્રાપ્તશક્તિનો યથાયોગ્ય ઉપયોગ કરવો તે વૈયાવચ્ચ છે. આવી શુદ્ધ નિષ્ઠાથી પોતાના આત્મહિત માટે કરાતી વૈયાવચ્ચથી શાસનની પણ અપૂર્વ પ્રભાવના થાય છે, તપ, જ્ઞાન, વ્યાખ્યાન, વિદ્યા, મંત્ર, કે બીજાં પણ શાસનપ્રભાવનાનાં અઙ્ગો વિનય, વૈયાવચ્ચ પૂર્વક જ શાસનપ્રભાવના કરે છે, અન્યથા હીરો માનીને રાખેલો હીરાથી પણ દેદીપ્યમાન કાચ અવસરે જીવનોપયોગી નહિ બનતાં આબરૂની પણ હાનિ કરાવે તેમ શાસનપ્રભાવક અઙ્ગોને માટે પણ સમજવું. અર્થાત્ વિનય, વૈયાવચ્ચ પૂર્વકનાં શાસન પ્રભાવનાનાં અઙ્ગો આત્માને અને શાસનને પણ ઉપકાર કરે છે. સંયમીની (ગુણવાનોની) વૈયાવચ્ચ કરનારને પણ પોતાના તે તે ગુણોનું (સંયમનું) આવરણ કરનારાં કર્મો તૂટે છે, પરિણામે પોતે ગુણવાન બની અંતિમ શાશ્વત સુખનો ભોગી બને છે. તેથી વિપરીત મનસ્વીપણે કરેલું કાર્ય તો ગુણ-ગુણીની નહિ, પણ મનની સેવા (ઇચ્છાની પૂર્તિ) રૂપ હોવાથી અને કેટલીક વાર તો એવી વૈયાવચ્ચ સ્હામા ઉપકારીને (ગુણીને) અપ્રસન્ન કરતી હોવાથી વિપરીત ફળ આપે છે. તત્ત્વોપદેશથી ય વૈયાવચ્ચનું મહત્ત્વ વધારે છે, કારણ કે તત્ત્વનિરૂપણ વિશિષ્ટ બુદ્ધિવાળા તત્ત્વરૂચિ જીવોને જ પ્રભાવિત કરે છે અને સર્વકાળમાં બાળબુદ્ધિ અને મધ્યમબુધ્ધિ જીવોનું પ્રમાણ વધારે હોય છે, તેઓને પ્રભાવિત કરવામાં તત્ત્વનિરૂપણ સફળ થતું નથી, કિન્તુ વિનય, વૈયાવચ્ચ વિગેરે બાહ્ય આચરણો જોઇને તેઓ પ્રભાવિત થાય છે, માટે શાસ્ત્રમાં વૈયાવચ્ચને વિશિષ્ટ ગુણ તરીકે વખાણ્યો છે, આ વૈયાવચ્ચના સાચા લાભને પણ ઉત્તમ જ્ઞાનીઓ જ સમજી શકે છે, અને તેથીજ તેઓ ઉચિત વૈયાવચ્ચ કરવાનું ચૂકતા નથી. આ હકિકતને નિમન્ત્રણા સામાચારીમાં (ટીપ્પણ નં. ૨૦૦ માં) સામાચારી પ્રકરણના આધારે જણાવી પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪-ઇન્દ્રિઓને અને ઉપલક્ષણથી સ્ત્રીનાં અંગોરૂપ સ્તન, કટિભાગ, સાથળ, વિગેરે અવયવોને ફાટે ડોળે (સ્થિર દૃષ્ટિએ) નહિ જોવા, કારણ કે એ રીતે જોવાથી કામવાસના જાગે છે, આ **ઇન્દ્રિઓ** નહિ જોવારૂપ ગુપ્તિ સમજવી. ૫-**ભીંતના અંતરે** નહિ રહેવું, અર્થાત્ જ્યાં ભીંતનું આંતરૂં હોવા છતાં સ્ત્રી-પુરૂષના વિષયવિકારી શબ્દો (વાતો) સંભળાતી હોય તેવા સ્થાને નહિ રહેવું. ૬-**પૂર્વક્રીડિત**=પૂર્વે ગૃહસ્થાવસ્થામાં ભોગવેલા ભોગોરૂપ ક્રીડાને યાદ નહિ કરવી. ૭-**પ્રણીત** એટલે અતિસ્નિગ્ધ (માદક) આહારનો ત્યાગ કરવો. ૮-**અતિમાત્ર આહાર** એટલે રૂક્ષ પણ અધિક નહિ ખાવું, ઉણોદરી રાખવી, ગળા સુધી ખાવું નહિ, (લૂખો પણ અતિ આહાર વર્જવો). ૯-**વિભૂષા** એટલે સ્નાન, વિલેપન, કે નખ વિગેરેનું સંમાર્જન (કપાવવા), વિગેરે શરીરશોભા માટે નહિ કરવું. એ નવ ગુપ્તિઓ એટલે બ્રહ્મચર્યના રક્ષણના ઉપાયો છે.[૨૩૯]

---

૨૩૯-બ્રહ્મચર્યના રક્ષણ માટે શાસ્ત્રમાં નવ વાડો કહેલી છે, કારણ કે અનાદિ વિષયવાસનાથી વાસિત વેદના ઉદયવાળા જીવને બ્રહ્મચર્યનું રક્ષણ અતીવ દુષ્કર છે. શાસ્ત્રમાં પણ કર્મોમાં મોહનીય કર્મ, ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત અને ગુપ્તિઓમાં મનોગુપ્તિ, એ ચારનો વિજય કરવો અતિદુષ્કર કહ્યો છે. શહેરની રક્ષા માટે કિલ્લાઓની અને ખેતરના રક્ષણ માટે વાડની જેમ તેનાથી પણ કંઈ ગુણી જરૂર બ્રહ્મચર્યના રક્ષણ માટે નવ વાડોની છે. આ નવ પૈકી પહેલી પાંચ વાડો બાહ્યઆક્રમણથી અને છેલ્લી ચાર વાડો અભ્યન્તર આક્રમણથી બ્રહ્મચર્યની રક્ષા કરે છે, એમ ઉભય આક્રમણોથી બચવા તેનું પાલન અતીવ આવશ્યક છે. વ્રતોના અધિકારમાં (૨૩૦ નંબરની ટીપ્પણીમાં) જણાવ્યા પ્રમાણે બ્રહ્મચર્યનું મહત્ત્વ સમજ્યા પછી આ વાડોનું મહત્ત્વ તેથી પણ અધિક છે એમ સમજાયા વિના રહે તેમ નથી. શાસ્ત્રમાં વાડોનું મહત્ત્વ એ રીતે જણાવ્યું છે કે **પહેલી વાડમાં** જે મકાનમાં બિલાડાનો વાસો હોય ત્યાં રહેલા ઉંદરોનું જીવન જેટલું જોખમમાં હોય, તેથી વધારે જોખમમાં જ્યાં સ્ત્રી-પશુ કે પંડકાદિ હોય ત્યાં પુરૂષનું બ્રહ્મચર્ય હોય, (ધર્મના વર્ણનમાં પુરૂષનું પ્રાધાન્ય હોવાથી અહીં પુરૂષને ઉદ્દેશીને વર્ણન કર્યું છે તો પણ અર્થાપત્તિએ જ્યાં પુરૂષ વસતો હોય ત્યાં સ્ત્રીનું બ્રહ્મચર્ય પણ તેટલું જ જોખમમાં સમજવું, એમ સર્વ વાડોમાં પ્રતિપક્ષે સ્ત્રી માટે પણ સમજી લેવું.) માટે વૃક્ષની ડાળે બેઠેલો વાનર, બિલાડાને દેખીને પીંજરામાં રહેલો પોપટ, કે માથે જળપાત્ર ઉપાડીને ચાલતી સ્ત્રી, વિગેરે જેટલો ઉપયોગ રાખે તેટલો ઉપયોગ બ્રહ્મચારીએ સ્ત્રી-પશુ-પંડકાદિ જ્યાં હોય ત્યાં રાખવો જોઇએ. **બીજી વાડમાં** આકાશમાં વાદળની ગર્જના સાંભળીને જેમ હડકવા ઉછળે, દૂરથી પણ લીમ્બૂને જોઇને ખટાશથી દાંત ગળે, કે પવનના તોફાનથી વૃક્ષો ઉખડી પડે તેમ સ્ત્રીનો શબ્દ માત્ર સાંભળીને કામની પીડા વધે છે, માટે રાગપૂર્વક સ્ત્રીના શબ્દો સાંભળવાનું, તેનું વર્ણન કરવાનું, કે તેની (સાથે) વાતો કરવાનું, વિગેરે બ્રહ્મચારીએ તજવું જોઇએ. **ત્રીજી વાડમાં** કોહળા નામના ફળની વાસથી જેમ કણકનો વાફ્ (ચીકાશ) નાશ પામે, અથવા કોઢ વિગેરેના કે તેની હવાના સ્પર્શમાત્રથી કોઢ વિગેરે રોગો થાય તેમ સ્ત્રીએ વાપરેલાં આસન, શયન, પાટ, પાટલા, વિગેરે વાપરવાથી તેને લાગેલા સ્ત્રીના પરમાણુઓના સ્પર્શથી પુરૂષનું બ્રહ્મચર્ય બગડે, માટે સ્ત્રીએ કે પુરૂષે વાપરેલાં આસનાદિને પરસ્પર વર્જવાં. **ચોથી વાડમાં**-સૂર્યની સામે જોવાથી જેમ નેત્રોનું તેજ હણાય તેમ સ્ત્રીનાં અંગોપાંગાદિ અવયવોને સરાગદૃષ્ટિએ જોવાથી બ્રહ્મચર્ય ઘવાય છે, એક વાર જોયા પછી વારંવાર જોવાની ઇચ્છાઃ થાય છે, પરિણામે મોહનો વિકાર વધે છે અને આખરે વ્રતભંગ થવાનો પ્રસંગ આવે છે, માટે સ્ત્રીનાં મુખ, સ્તન, જઘન, આદિ વિકારક અવયવોને સરાગ દૃષ્ટિએ જોવા નહિ, **પાંચમી વાડમાં**-ભીંત વિગેરેના આંતરે રહેલાં સ્ત્રી-પુરૂષના ક્રીડા પ્રસંગના સંભળાતા કંકણાદિના, હાસ્ય-રૂદનના, કે હાવ-ભાવના, વિગેરે શબ્દો પુરૂષના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬-**જ્ઞાનાદિત્રય**=જેનાથી વસ્તુ (અવસ્તુ) વિગેરેને જાણી શકાય તે મતિજ્ઞાનાદિ પાંચ પ્રકારનું જ્ઞાન, તથા આદિ શબ્દથી સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર, એમ ત્રણ સમજવાં. કહ્યું છે કે-

**" बारसअंगाईयं, नाणं तत्तत्थसद्दहाणं तु ।**
**दंसणमेअं चरणं, विरई देसे अ सव्वे अ ॥" प्रवचनसारो० ५५९॥**

**ભાવાર્થ**—બાર અઙ્ગો, ઉપાઙ્ગો, વિગેરે જિનકથિત શ્રુત એ જ જ્ઞાન, તત્ત્વરૂપ વસ્તુમાં શ્રદ્ધા કરવી તે દર્શન, અને સાવદ્ય વ્યાપારમાંથી અમુક અંશે કે સર્વથા અટકવું તે ચારિત્ર સમજવું.

૭-**તપ**=(ધાતુઓને અને કર્મોને તપાવે ઈત્યાદિ) જેનું લક્ષણ પૂર્વે જણાવ્યું તે તપ છ બાહ્ય અને છ અભ્યન્તર ભેદોથી બાર પ્રકારે છે, તેનું વર્ણન તપના અધિકારમાં વિસ્તારથી કહીશું.

૮-**ક્રોધાદિ (ચારનો) નિગ્રહ**=ક્રોધનો અને આદિ શબ્દથી માન, માયા અને લોભનો નિગ્રહ કરવો (તેના ઉદયને નિષ્ફળ કરવો), તે ચાર પ્રકારો જાણવા.

---

મનને અગ્નિથી મીણ પીગળે તેમ પીગળાવે છે, પરિણામે વેદની વેદના પ્રગટે છે અને વ્રતનો પણ ભંગ થવાનો પ્રસઙ્ગ આવે છે, માટે ભીંત વિગેરેના આંતરે પણ જ્યાં સ્ત્રી-પુરૂષ કામક્રીડા કરતાં હોય ત્યાં વસવું નહિ. આ પાંચ વાડો બાહ્ય આક્રમણથી બચવા માટેનાં ઉત્તમ આલમ્બનો છે. **છઠ્ઠી વાડમાં**—ભારેલો (ભરસાડનો) અગ્નિ ઉપર પૂળો મૂકતાં, કે ઉઘાડતાં પ્રજ્વલિત થાય, અથવા વર્ષો પહેલાં કરડેલા સર્પનું ઝેર વર્ષો પછી સર્પ કરડવાની સ્મૃતિ કે શંકા થતાં શરીરમાં સંક્રમે, તેમ વર્ષો પહેલાં ભોગવેલા ભોગોને યાદ કરવા માત્રથી વિષયનું વિષ વ્યાપક બને છે, પરિણામે વ્રતપાલન દુષ્કર બની જાય છે અને જીવ વ્રતથી પતન પણ પામે છે, માટે પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું (થવા દેવું) નહિ. **સાતમી વાડમાં**—ઘીના ભોજનથી સન્નિપાતનો રોગ બેકાબૂ બને તેમ સ્વાદિષ્ટ, વિગઈવાળો, કે માદક આહાર લેવાથી ઈન્દ્રિઓના વિકારો વધી જાય છે, તેને કાબૂમાં લેવાની શક્તિ ઘટી જાય છે અને પરિણામે વ્રત ભાગવા સુધીનો પ્રસંગ આવે છે, માટે બ્રહ્મચારીએ સ્વાદુ, વિગઈઓવાળા કે માદક (કેફી) આહારનો ત્યાગ કરવો જોઈએ. **આઠમી વાડમાં**—શેરના માપવાળા પાત્રમાં દોઢશેર ખીચડી ભરીને ઢાંકણું દેવાથી પાત્ર ભાગે અને ખીચડી નાશ પામે તેમ ભૂખ કરતાં અધિક પ્રમાણુ આહાર લેવાથી તે રૂક્ષ હોય તો પણ નિદ્રા વધે, સ્વપ્નમાં બ્રહ્મચર્ય તૂટે અને જાગ્રત અવસ્થામાં પણ વિકારથી વીર્યસ્ખલનાદિ થવાથી વ્રત ભાગે, માટે રૂક્ષ પણ અતિઆહારને વર્જવો. **નવમી વાડમાં**-શરીરની શોભા કરવાથી સુશોભિત બનેલું શરીર અનેક જીવોને વિકારનું કારણ બને છે, ઉપરાન્ત પોતાને પણ તે શાતાગારવાદિથી વિકાર વધે છે અને પરિણામે બ્રહ્મચર્યરત્ન લૂંટાય છે. જેમ અજ્ઞાન કુંભારે માટીમાંથી મળેલું રત્ન ધોઈને સાફ કરવાથી ગુમાવ્યું તેમ બ્રહ્મચર્યની કિંમતને નહિ સમજતો જીવ સ્નાન, વિલેપન, તેલ, તમ્બોળ, વિગેરેથી શોભા કરે છે કે ઉત્તમ, કે ઉદ્ભટ વેશ પહેરે છે તો તેનું બ્રહ્મચર્યરત્ન લૂંટાય છે. એમ છેલ્લી ચાર વાડો શરીરમાંથી ઉદ્ભવતા આક્રમણમાંથી બચવાનાં ઉત્તમ આલમ્બનો છે, તેનું જ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા રાખી નિર્મળ રીતે પાલન કરવાથી આત્માને એકાન્ત લાભ થાય છે. જેમ વિષની પરીક્ષા માટે ખાવાનું સાહસ જીવલેણ બને છે, માટે વડીલોના વચનની શ્રદ્ધાથી વિષનો ત્યાગ કરવામાં આવે છે તેમ આ બ્રહ્મચર્ય માટે પણ વાડોના પાલનમાં પ્રયત્ન કરવો જોઇએ, તેની વિરૂદ્ધ અખતરા કરવા એ આત્માના શત્રુ બનવા તુલ્ય છે. સહશિક્ષણ અને સ્ત્રીસ્વાતંત્ર્યના અખતરા જગતને ઝેરની જેમ અહિતકર નીવડયા છે, ઈત્યાદિ આનાં દૃષ્ટાન્તરૂપ પ્રત્યક્ષ અનુભવો છે. વસ્તુતઃ જ્ઞાનીઓનાં વચનની પરીક્ષા માટે વિરૂદ્ધ પ્રયત્ન કરવો તે બુદ્ધિની ભયંકર હાંસી છે, એનું પરિણામ વિપરીત આવ્યા વિના રહેતું જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધા ભેદો ચરણ એટલે ચારિત્રરૂપ હોવાથી 'ચરણ' અને સંખ્યામાં સિત્તેર હોવાથી 'સિત્તરી' એમ શાસ્ત્રોમાં તેને ચરણસિત્તરી કહી છે.

આ ભેદોમાં આટલો વિવેક છે કે–ચોથા(બ્રહ્મ)વ્રતમાં અન્તર્ગત છતાં બ્રહ્મચર્યની ગુપ્તિઓને જુદી કહી, તે 'ચતુર્થવ્રતના પાલનમાં અપવાદ નથી' એમ સૂચવવા માટે છે, કહ્યું છે કે—

"न य किंचि अणुण्णायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
मुत्तुं मेहुणभावं, न विणा तं रागदोसेहिं ॥१॥" (प्रवचनसारोद्धार० ५५२ टीका)

**ભાવાર્થ**–શ્રીજિનેશ્વરોએ એક મૈથુન સિવાય કોઇનું વિધાન કે પ્રતિષેધ એકાન્તે કર્યો નથી, મૈથુનમાં એકાન્ત નિષેધ એ કારણે કર્યો છે કે તે રાગ કે દ્વેષ વિના સમ્ભવિત નથી.

વળી પાંચ મહાવ્રતો કહેવાથી વસ્તુતઃ ચારિત્ર આવી જવા છતાં જ્ઞાનાદિ ત્રણમાં પુનઃ ચારિત્ર કહ્યું તે સામાયિકચારિત્ર સિવાયનાં શેષ છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ-સમ્પરાય અને યથાખ્યાત, એ ચાર ચારિત્રોના નિરૂપણ માટે સમજવું. કારણ કે 'વ્રત' શબ્દથી પાંચ ચારિત્રો પૈકી એક 'સામાયિક' અંશનું જ ગ્રહણ થાય છે અને શેષ ચાર ચારિત્રો બાકી રહે છે, માટે તેનું નિરૂપણ કરવા પુનઃ ચારિત્ર કહ્યું છે એમ સમજવું. તથા દશવિધ શ્રમણધર્મમાં સંયમ અને તપ કહેવા છતાં પુનઃ તેને જુદાં કહ્યાં, તેમાં મોક્ષપ્રાપ્તિ માટે સંયમ અને તપની પ્રધાનતા જણાવવારૂપ કારણ સમજવું. લોકભાષામાં પણ આવો ન્યાય જોવામાં આવે છે, જેમ કે–'બ્રાહ્મણો આવ્યા અને વસિષ્ઠ પણ આવ્યો' એમ બોલવામાં વસિષ્ઠ બ્રાહ્મણ હોવાથી બ્રાહ્મણોમાં આવી જવા છતાં તેની મુખ્યતા જણાવવા માટે જુદું કથન કરાય છે, તેમ અહીં પણ સંયમને અને તપને જુદાં કહ્યાં છે એમ સમજવું. સંયમ અને તપની મુક્તિની સાધનામાં પ્રધાનતા આ રીતે સ્પષ્ટ છે–સંયમ નવાં કર્મોના બંધને અટકાવવામાં અને તપ પૂર્વે બાંધેલાં કર્મોને ખપાવવામાં હેતુ છે, ઈત્યાદિ વિચારવું. એ રીતે તપમાં વૈયાવચ્ચ કહેવા છતાં પુનઃ જુદી કહી તે પણ વૈયાવચ્ચ પોતાને અને પરને ઉપકારી હોવાથી તપના 'અનશન' વિગેરે બીજા પ્રકારો કરતાં વધારે અતિશયવાળી છે એમ જણાવવા માટે સમજવું. તથા શ્રમણ-ધર્મમાં 'ક્રોધનિગ્રહ' વિગેરે કહેવા છતાં પુનઃ ભિન્ન કહ્યા તે 'ઉદયમાં આવેલા ક્રોધાદિને નિષ્ફળ કરવારૂપ નિગ્રહ' છે અને 'ઉદીરિત ક્રોધાદિના અનુદયરૂપ ક્ષમા, મૃદુતા, વિગેરે' છે, એમ બન્નેનો ભેદ સમજાવવા માટે સમજવું. અથવા 'ક્ષમાદિ ઉપાદેય છે અને ક્રોધાદિ હેય છે' એમ તેઓમાં ભેદ હોવાથી જુદું નિરૂપણ સમજવું.[૨૪૦]

૨૪૦–વસ્તુ તેના અંતિમ પ્રકર્ષને પામે ત્યાં સુધી પૂર્વાવસ્થાની અપેક્ષાએ સાધ્ય અને ઉત્તરાવસ્થાની અપેક્ષાએ સાધન ગણાય છે. જેમ કે જ્ઞાનમાં અવધિજ્ઞાનાદિ પૂર્વના મતિ–શ્રુત જ્ઞાનનું સાધ્ય છે અને કેવળ જ્ઞાનનું સાધન છે, ચારિત્રમાં પ્રમત્તગુણસ્થાનક નીચેનાં ગુણસ્થાનકોનું સાધ્ય છે અને ઉત્તર અપ્રમત્ત ચારિત્રનું સાધન છે, તેમ આ ચરણસિત્તરીમાં કહેલા વ્રત, શ્રમણધર્મ, સંયમ વિગેરે પ્રકારોમાં પણ પારસ્પરિક સાધ્ય–સાધન ભાવ છે અને એ સર્વનું અંતિમ સાધ્ય તો શૈલેશી અવસ્થાનું યથાખ્યાત ચારિત્ર છે, તેની પ્રાપ્તિ સુધી આ મહાવ્રતો વિગેરે ચરણસિત્તરી વચગાળાનું સાધ્ય કહેવાય. વસ્તુતઃ અહીં કહેલા સિત્તેર પ્રકારો યથાખ્યાત ચારિત્રનાં સાધનો છે. તે દરેકની યથાયોગ્ય આરાધના વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ચારિત્રના ૭૦ મૂળગુણોનું સ્વરૂપ કહ્યું. હવે તે સિવાયના ગુણોને 'કરણસિત્તરી' એવા નામથી જણાવીને એ ગુણોને નિરતિચાર પાળવા જોઇએ, એમ જણાવવા માટે કહે છે કે–

**मूलम्–"शेषाः पिण्डविशुद्धयाद्याः, स्युरुत्तरगुणाः स्फुटम् ।**
**एषां चानतिचाराणां, पालनं ते त्वमी मताः ॥११८॥"**

**મૂળનો અર્થ**–બાકીના 'પિંડવિશુદ્ધિ' વિગેરે ગુણોને નિશ્ચે 'ઉત્તરગુણો' સમજવા. એ ગુણોનું નિરતિચાર પાલન કરવું તે સાપેક્ષયતિધર્મ છે. તે ઉત્તરગુણો આ પ્રમાણે કહેલા છે–

**ટીકાનો ભાવાર્થ**–'શેષ' એટલે અહીં કહ્યા તે મૂળગુણો ઉપરાન્ત બીજા પિંડવિશુદ્ધિ અને 'આદિ' શબ્દથી 'પિંડની નિર્દોષતા, સમિતિઓ, ભાવનાઓ' વિગેરે સિત્તેર ભેદો છે, તે શાસ્ત્રમાં ઉત્તરગુણો તરીકે પ્રસિદ્ધ છે, તેમાં આદિ શબ્દથી કહેલા તે સિત્તેર ભેદો આ પ્રમાણે છે–

**" पिंडविसोही[४] समिई,[५] भावण[१२] पडिमा[१२] य इंदियनिरोहो[५] ।**
**पडिलेहण[२५] गुत्तीओ[३], अभिग्गहा[४] चेव करणं तु ॥" ओघनि० भा. गा०३॥**

**ભાવાર્થ**—ચાર પ્રકારના પિંડની વિશુદ્ધિ, પાંચ સમિતિઓ, બાર ભાવનાઓ, બાર પડિમાઓ, પાંચઇન્દ્રિઓનો નિગ્રહ, પચીસ પ્રતિલેખના, ત્રણ ગુપ્તિઓ અને ચાર અભિગ્રહો, એમ સિત્તેર પ્રકારો કરણના (સાધન ધર્મના) છે, અર્થાત્ તેને 'કરણસિત્તરી' કહેવાય છે. તેમાં–

**૧–પિંડવિશુદ્ધિ**–એટલે પિંડ મેળવવામાં પૂર્વે કહ્યા તે 'આધાકર્મ' વિગેરે (બેંતાલીસ અથવા સુડતાલીશ) દોષોના ત્યાગરૂપ શુદ્ધિ, અર્થાત્ નિર્દોષતા, તેને પિંડવિશુદ્ધિ જાણવી. અહીં પિંડ શબ્દથી ૧–ચાર પ્રકારનો આહાર, ૨–શય્યા (વસતિ), ૩–વસ્ત્રો, અને ૪-પાત્રો સમજવાં. એ ચાર વસ્તુને લેવા પૂર્વે આ ગ્રન્થમાં દિનચર્યાના વર્ણનમાં જણાવ્યા પ્રમાણે (દોષોને ટાળવા રૂપ) વિશુદ્ધિ કરવાની હોવાથી પિંડના ભેદે પિંડવિશુદ્ધિના પણ ચાર પ્રકારો સમજવા.

**૨–પાંચ સમિતિ**=પાંચ પ્રકારની સમ્યક્ ચેષ્ટાને જૈનપરિભાષામાં 'સમિતિ' એવા નામથી ઓળખાવી છે, અર્થાત્ 'सम्यग्'=શ્રીઅરિહંતના આગમને અનુસરતી નિર્દોષ 'इति'=ચેષ્ટા

---

જીવને એ અંતિમ ચારિત્રની પ્રાપ્તિ થવી શકય નથી. આવી નિર્મળ આરાધના ચરણસિત્તરીના મૂળ આઠ અને ઉત્તર સિત્તેર પ્રકારોની પરસ્પર સહાય વિના શકય નથી. વ્રતો વિગેરે પાળવા છતાં તેના પ્રાણભૂત દશશ્રમણધર્મ વિગેરેનો સહકાર ન હોય તો વ્રતાદિનું પાલન કેવળ કાયકલેશ (કલેવર માત્ર) રહે એમ સંયમના સત્તર પ્રકારો વિના વ્રતો અને શ્રમણધર્મ પણ નામ માત્ર બની જાય એ રીતે સિત્તેર ભેદોનું મહત્ત્વ પોત પોતાનું સ્વતંત્ર હોવા છતાં અન્યોન્ય સાપેક્ષ છે, માટે તે સિત્તેરનું એક જ 'ચરણસિત્તરી' નામ કહ્યું તે પણ સાર્થક છે. શરીર એક છતાં ભિન્ન ભિન્ન અવયવોના સહકારરૂપે તે ઉપકારક છે, તેમાંનો એક અવયવ પેટ, માથું, છાતી, પીઠ, હાથ કે પગ સ્વતંત્રતયા કંઈ કામ આપી શકતો નથી, તેમ એક ચારિત્રરૂપ શરીરના એ અવયવો હોવાથી બધાના સહકારથી ચારિત્રની સાધના–સફળતા થઈ શકે છે. ઈત્યાદિ યથામતિ વિચારવાથી અહીં કહેલા સિત્તેર પ્રકારોની એક સરખી મહત્તા સમજાય તેમ છે. મૂલગ્રન્થમાં જ એનું વિશદ વર્ણન હોવાથી આ અધિકાર અને તેનું મહત્ત્વ સ્પષ્ટ સમજાય તેવું છે, ઉપરાન્ત ગ્રન્થકારે પુનરૂક્ત દોષને ટાળવા માટે અંતમાં કરેલો સમન્વય પણ અતિ ગંભીર અને બોધપ્રદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવી તેનું નામ सम्+इति='સમિતિ' સમજવી.[૨૪૧] તે ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને પારિષ્ઠાપનિકા, એવા નામથી પાંચ પ્રકારની છે. કહ્યું છે કે—

" इरिआ भासा एसण, आयाणाईसु तह परिट्ठवणा ।
सम्मं जा उ पवित्ती, सा समिई पंचहा एवं ॥" प्रवचनसारो० ५७१॥

**ભાવાર્થ**–"ચાલવામાં, બોલવામાં, એષણામાં, આદાન–નિક્ષેપ વિગેરેમાં અને (નિરૂપયોગી વસ્તુને) પરઠવવામાં જે આગમાનુસારિણી પ્રવૃત્તિ તે સમિતિ શાસ્ત્રમાં આ પાંચ પ્રકારે કહી છે."

**૧–ઈર્યાસમિતિ**–તેમાં ત્રસ–સ્થાવર જીવોના સમૂહને ( અર્થાત્ જગતના સર્વ જીવોને) અભયદાન દેવા (અહિંસા) માટે દીક્ષિત થએલા સાધુને કોઇ અવશ્ય પ્રયોજને બહાર જતાં (આવતાં) તે જીવોની અને પોતાના શરીરની રક્ષા નિમિત્તે પગના આગળના ભાગથી આરમ્ભીને એક યુગ (ધુંસરી) અર્થાત્ ચાર હાથ પ્રમાણ ભૂમિને નેત્રોથી આગળ જોવા પૂર્વક 'ઈરણું' એટલે ગતિ કરવા (ચાલવા)રૂપ સમ્યગ્ પ્રવૃત્તિ કરવી તે ૧–ઈર્યાસમિતિ જાણવી. કહ્યું છે કે–

" पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे ।
वज्जंतो बीअहरिआइं, पाणे अ दगमट्टिअं ॥
ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए ।
संकमेण न गच्छे(च्छि)ज्जा, विज्जमाणे परकमे ॥दशवै० अ० ५, उ० १, ३–४॥"

**ભાવાર્થ**–મુનિ પગથી આગળ ધુંસરીના આકારે શરીરપ્રમાણ જમીનને જોતો જોતો બીજ, લીલીવનસ્પતિ, બેઇન્દ્રિયાદિ ત્રસજીવો, તથા પાણી, પૃથ્વી અને ઉપલક્ષણથી અગ્નિ, વાયુ, એ સર્વજીવોને તજતો (સ્પર્શાદિ ન થાય તેમ) ચાલે. (૩) તથા ચાલવામાં ખાડો, ઉંચી–નીચી ભૂમિ, ઉભું કરેલું કાષ્ઠાદિ અને કાદવને પણ તજે–ત્યાં ન ચાલે અને બીજો માર્ગ મળે ત્યાં સુધી પાણી વિગેરેને ઓળંગવા માટે ગૃહસ્થાદિએ મૂકેલાં (છૂટાં) પત્થર, કાષ્ટ, વિગેરેની ઉપર પગ મૂકીને પણ ન ચાલે.

એ પ્રમાણે ઉપયોગથી ચાલતા સાધુને કોઈ કારણે હિંસા થાય તો પણ તે પાપ નથી. કહ્યું છે કે–

૨૪૧–કરણસિત્તરીમાં આગળ કહેવાશે તે ત્રણ ગુપ્તિઓ સાધુને યાવજ્જીવ સુધી મન, વચન અને કાયાને અનાદિ અકુશળ પ્રવૃત્તિઓમાંથી રોકીને કુશળ પ્રવૃત્તિમાં જોડવા રૂપ છે અને અહીં કહેવાતી સમિતિઓ સંયમ જીવનના આહાર, નિહાર, વિહાર, લેવું, મૂકવું વિગેરે, અથવા જ્ઞાનાદિ ગુણો વિગેરેની સાધના માટે વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય કાયોત્સર્ગ વિગેરે વિવિધ વ્યાપારો કરતી વેળા મન, વચન, અને કાયાને સમ્યગ્ પ્રવર્તાવવારૂપ છે. એમ ગુપ્તિઓ સતત યાવજ્જીવ હોય છે અને સમિતિઓનું પાલન અમુક વિવક્ષિત પ્રવૃત્તિ કરતાં હોય છે, એ બેમાં ભિન્નતા છે, સમિતિઓ તે તે વ્યાપારરૂપ હોવાથી કેવળ સપ્રવિચાર છે અને ગુપ્તિઓ અકુશળમાંથી નિવૃત્તિ અને કુશળમાં પ્રવૃત્તિ એમ ઉભયરૂપ હોવાથી સપ્રવિચાર–અપ્રવિચાર ઉભયાત્મક હોય છે. એથી જ કહ્યું કે–'સમિત નિયમા ગુપ્ત હોય છે, ગુપ્ત સમિત હોય એવો એકાન્ત નથી પણ ભજના છે' અર્થાત્ સમિતિના પ્રસંગે મુનિ સમિત હોય શેષ કાળે ન હોય. સંયમના વિવિધ વ્યાપારોને પાંચ પ્રકારોમાં વહેંચીને તે વ્યાપારો દ્વારા આત્મવિકાસ (ચારિત્રનો પ્રકર્ષ) સાધવા માટે સમ્યક્ પ્રવૃત્તિ કરવારૂપ પાંચ સમિતિઓનું વિધાન છે, અર્થાત્ આ પાંચ પ્રકારોમાં સંયમના બાહ્ય સર્વ વ્યાપારોનો સમાવેશ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" उच्चालियंमि पाए, ईरिआसमियस्स संकमट्ठाए ।
वावज्जिज्ज कुलिंगी, मरिज्ज तज्जोगमासज्ज ॥
न य तस्स तन्निमित्तो, बंधो सुहुमोवि देसिओ समए ।
अणवज्जो उपओगेण, सव्वभावेण सो जम्हा ॥" ओघनि० ७४९-७५०॥

**ભાવાર્થ**-ઈર્યાસમિતિ પાળવામાં ઉપયોગવાળા સાધુને ચાલવા માટે પગ ઉપાડયા પછી (નીચે મૂકતાં કોઈ કારણે એકાએક) કોઈ જીવ દબાણમાં આવે અને તેવો યોગ પામીને તે મરે તો પણ તે સાધુને એ જીવવધ નિમિત્તે સૂક્ષ્મ પણ કર્મબન્ધન થાય એમ શાસ્ત્રમાં કહેલું નથી, કારણ કે તે સાધુ સર્વ પ્રકારે (મન વચન કાયાથી) તે હિંસાની ક્રિયામાં નિરવદ્ય (નિષ્પાપ) છે, (અર્થાત્ અહિંસાના પરિણામવાળો અને અપ્રમત્ત હોવાથી નિર્દોષ છે). તથા-

" जिअदु व मरदु व जीवो, अजदाचारस्स निच्छओ हिंसा ।
पयदस्स णत्थि बंधो, हिंसामित्तेण समिदस्स ॥" (योगशास्त्र प्र० १-३६टीका)

**ભાવાર્થ**-જીવ ન મરે કે મરે, પણ અજયણાથી ચાલનારને નિશ્ચયથી હિંસા કહી છે, (કારણ કે અજયણાથી ચાલનારને હિંસાનો ભય ન હોય,) સમ્યગ્ ઉપયોગવાળા 'પ્રયતને' એટલે અપ્રમાદીને હિંસામાત્રથી કર્મબન્ધ નથી.[૨૪૨](કારણ કે તેનો પરિણામ હિંસાનો નહિ, અહિંસાનો હોય)

૨-**ભાષાસમિતિ**-(દશવૈકાલિકમાં) વાકચશુદ્ધિ અધ્યયનમાં ભાષાના પ્રકારોમાં વર્ણવેલી ધૂર્ત, લમ્પટ, ચંડાળ, ચોર, ચાર્વાક (નાસ્તિક), વિગેરેની (પાપ)ભાષાનો નિષ્કપટભાવે ત્યાગ કરતો (તેવી ભાષા નહિ બોલતો) મુનિ સર્વ જીવને હિતકારી, અલ્પ છતાં મહાપ્રયોજન સાધક, તથા અસંદિગ્ધ (સ્પષ્ટ-નિશ્ચિતઅર્થવાળું) વચન બોલે તેને ૨-ભાષાસમિતિ સમજવી.[૨૪૩]કહ્યું છે કે-

૨૪૨-યોગશાસ્ત્રમાં ઉત્સર્ગથી લોકથી વટાએલા અને સૂર્યનાં કીરણોથી સ્પર્શિત રાજમાર્ગે જીવ-રક્ષા માટે યુગ પ્રમાણ ભૂમીને નેત્રોથી જોઇને ચાલવું તેને ઈર્યાસમિતિ કહી છે. એથી એ સિદ્ધ થયું કે નહિ વટાએલા માર્ગે ચાલતાં સર્પ-વિંછી આદિનો ઉપદ્રવ કે ગલીના માર્ગે ચાલનાર પ્રત્યે ચોર, જાર વિગેરેની શંકા થવી સંભવિત હોવાથી શકય હોય ત્યાં સુધી રાજમાર્ગે ચાલવું. રાજમાર્ગે પણ રાત્રીએ, કે દિવસે પણ અંધારામાં જોઈ શકાય નહિ માટે સૂર્યથી પ્રકાશિત માર્ગે ચાલવું, દીપક વિગેરેથી પ્રકાશ થઈ શકે, છતાં સૂર્યના પ્રકાશ વિનાની ભૂમિ સચિત્ત હોવાનો અને દીપકથી અગ્નિકાયની વિરાધનાનો સમ્ભવ છે. પ્રકાશિત માર્ગે પણ જોયા વિના કે બાજુનાં દશ્યોને જોતાં ચાલવાથી કીડી આદિ જીવોને ચગદાવાનો પ્રસંગ આવે માટે નીચે જોઇને ચાલવું, નીચે જોવા છતાં દૂર નજરે જોવાથી સ્પષ્ટ દેખાય નહિ અને છેક નજીક જોઇને ચાલી શકાય નહિ માટે પગથી આગળ ચાર હાથ (યુગ પ્રમાણ) ભૂમિને જોતા જોતા ચાલવું. એ રીતે વિધિ પૂર્વક ચાલવાથી ઈર્યાસમિતિનું પાલન થાય છે. મુખ્યતયા આત્મા જેમ જેમ વિશિષ્ટ થતો જાય છે તેમ તેમ ક્ષુદ્રવ્યવહારોને પસંદ કરતો નથી, ઉત્તમ પુરૂષો સંકટ વિગેરે કારણ વિના ગલી વિગેરે ક્ષુદ્ર માર્ગે ચાલતા નથી, લોકમાં પણ બોલાય છે કે 'નીચું જોઈ ચાલતાં, ત્રણ ગુણ મોટા થાય; જીવ બચે કાંટો ટળે, પગ પણ નવિ ખરડાય' ઇત્યાદિ સર્વ સામાન્ય ઉપદેશ છે.

૨૪૩-યોગશાસ્ત્રમાં કારણે, સર્વજીવોને હિતકર, પ્રમાણોપેત અને નિષ્પાપ વચન બોલવું તેને ભાષા સમિતિ કહી છે. એનું રહસ્ય એ છે કે આજ્ઞાકારી, પાપોપદેશ રૂપ, અન્યને અહિત થાય તેવું, કડવું, વિના પ્રયોજને, ઘણું, અથવા શાસ્ત્રવિરૂદ્ધ બોલવું જોઈએ નહિ, આજ્ઞા કરવાથી 'ઇચ્છાકાર' સામાચારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" महुरं निउणं थोवं, कज्जावडिअं अगव्विअमतुच्छं ।
पुव्विं मइसंकलिअं, भणंति जं धम्मसंजुत्तं ॥उपदेशमाला गा० ८०॥"

**ભાવાર્થ**–મધુર, ચાતુર્યયુક્ત, અલ્પશબ્દોવાળું, સપ્રયોજન, ગર્વરહિત, અતુચ્છ (તુંકારાદિથી રહિત) અને બુદ્ધિથી પ્રથમ વિચારીને જે મુનિ ધાર્મિક વચન બોલે તેને ભાષાસમિતિવાળો જાણવો.

અથવા બોલવામાં સમ્યક્ (નિર્દોષ અને હિતકર) પ્રવૃત્તિ તેને 'ભાષાસમિતિ' જાણવી.

૩–**એષણાસમિતિ**–( પૂર્વોક્ત ) ગવેષણા, ગ્રહણૈષણા, અને ગ્રાસૈષણાના (સુડતાલીસ) દોષોથી દૂષિત ન હોય તેવાં અન્ન પાણી વિગેરે, નિર્દોષ રજોહરણ, મુહપત્તિ વિગેરે ઔઘિક ઉપધિ, અને શય્યા, પાટ, પાટલા, ચર્મપઞ્ચક, દંડપઞ્ચક, વિગેરે (પૂર્વે કહી તે) ઔપગ્રહિક ઉપધિ, એ સર્વ નિર્દોષ લેવું તેને ૩–એષણાસમિતિ કહી છે. કહ્યું છે કે—

" उत्पादनोद्गमैषण–धूमाङ्गारप्रमाणकारणतः ।
संयोजनाच्च पिण्डं, शोधयतामेषणासमितिः ॥१॥"

**ભાવાર્થ**–સોળ ઉત્પાદન દોષો, સોળ ઉદ્ગમ દોષો, દશ એષણાના દોષો અને ધૂમ્ર, અઙ્ગાર, પ્રમાણ, કારણ તથા સંયોજના, એ પાંચ ગ્રાસૈષણાના દોષો, એમ ૪૭ દોષોને ટાળવારૂપ પિંડશુદ્ધિની રક્ષા કરતા મુનિઓની એષણાસમિતિ જાણવી.[૨૪૪]

૪–**આદાન–નિક્ષેપસમિતિ**–આસન, સંથારો, પાટ, પાટીયું, વસ્ત્ર, પાત્ર, દંડો; વિગેરે પ્રત્યેક વસ્તુને નેત્રોથી જોઇને અને ઉપયોગ પૂર્વક રજોહરણ વિગેરેથી પડિલેહણ કરીને લેવી–પકડવી તથા નેત્રોથી જોએલી અને પ્રમાર્જન કરેલી ભૂમિ ઉપર ઉપયોગ પૂર્વક મૂકવી તેને ૪–આદાનનિક્ષેપસમિતિ જાણવી.[૨૪૫] ઉપયોગ વિના પ્રતિલેખનાદિ પૂર્વક લેવા મૂકવા છતાં સમિતિ

---

હણાય, પાપવચનથી પાપપ્રવૃત્તિ ચાલે, એકને હિત–કરતાં બીજાનું અહિત થાય એવું વચન વસ્તુતઃ એકને પણ હિતકારી ન થાય, કટુ વચન ઉપકારક છતાં ઉપાદેય બને નહિ, પ્રયોજન વિના બોલતાં વચનગુપ્તિનો ભઙ્ગ થાય, ઘણું બોલતાં અસત્ય બોલાય, અને શાસ્ત્રવિરૂદ્ધ બોલતાં સર્વ રીતે અહિત થાય, ઈત્યાદિ વિવિધ દોષોનો સમ્ભવ હોવાથી વચન યોગની સફળતા માટે પ્રિય, પથ્ય અને સત્ય બોલવું.

૨૪૪–માનવશરીરને ધર્મનું મુખ્ય સાધન માન્યું છે, તેના મન, વચન અને કાયારૂપ ત્રણ યોગોની પવિત્રતા ઉપર ધર્મનો આધાર છે, આ પવિત્રતા આહારને આભારી છે, આહારના ઓજાહાર, કવળાહાર અને લોમાહાર એવા ત્રણ પ્રકારો છે, તે ત્રણે આહાર પવિત્ર જોઇએ, તેમાં અહીં કવળાહારને ઉદ્દેશીને એષણાસમિતિનું વિધાન છે, તે માટે ટાળવાના ૪૨ દોષો આ ગ્રન્થમાં પૂર્વે વિસ્તારથી વર્ણવ્યા છે, તેને સમજીને ટાળવા તેને એષણાસમિતિ કહી છે. 'આહાર તેવો ઓડકાર, ચતુર વહુ ચુલામાં પેસે' વિગેરે કિંવદન્તીઓ રહસ્યથી ભરપૂર છે. દ્રવ્યશૌચમાં માનનારા અજૈનોએ આહારની પવિત્રતા ઉપર ત્યાં સુધી ભાર મૂકયો છે કે સ્નાન વિના ભોજન કરાય નહિ, એથી આગળ વધીને અભ્યન્તર શૌચને પણમહત્ત્વ આપનાર જૈનદર્શને આહારશુદ્ધિ ઉપર વધારે ભાર આપ્યો છે, એ જ કારણે ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, સાવદ્ય–નિરવદ્ય, વિગેરે આહારનો વિવેક વિશિષ્ટતયા જણાવ્યો છે. એના અભાવે મન–વચન–કાયાને પવિત્ર બનાવવાની કે ધર્મની વિશુદ્ધ સાધના કરવાની ઇચ્છા અજ્ઞાનમૂલક હોઇ પાયાવિનાની હવેલી ચણવાના મનોરથ જેવી છે, ઈત્યાદિ આ વિષયમાં ઘણું રહસ્ય છે.

૨૪૫–અહિંસાના પાલન માટે વસ્તુને લેતાં મૂકતાં પુનઃ પુનઃ પૂંજવાની પ્રમાર્જવાની જરૂર છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ ગણાતી નથી, કારણ (ઉત્તરાધ્યયનના છવ્વીસમા અધ્યયનની ગા૦ ૨૯-૩૦ માં) કહ્યું છે કે-"પડિલેહણા કરનારા પરસ્પર (અથવા મૈથુનની) વાતો કરે, દેશકથા કરે, પચ્ચક્ખાણ આપે, સ્વયં ભણે, કે બીજાને ભણાવે, તો પડિલેહણામાં (ઉપયોગ નહિ રહેવાથી) તે પ્રમાદી સાધુ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય, એ છકાયજીવોનો વિરાધક થાય છે. (અર્થાત્ ઉપયોગના અભાવે છ કાય જીવોની વિરાધનાનો સમ્ભવ હોવાથી તેને વિરાધક જાણવો.)"

૫-**પરિષ્ઠાપનાસમિતિ**-સ્થંડિલ, માત્રુ, થૂંક, શ્લેષ્મ, શરીરનો મેલ, કે નિરૂપયોગી વસ્ત્રો તથા આહાર પાણી, વિગેરેને નિર્જીવ અને શુદ્ધભૂમિમાં ઉપયોગ પૂર્વક તજી દેવાં તેને ૫-પરિષ્ઠાપનાસમિતિ જાણવી.[૨૪૬] એ પાંચ સમિતિઓ અને આગળ કહેવાશે તે આગમપ્રસિદ્ધ ત્રણ ગુપ્તિઓ સહિત આઠને 'સાધુઓની માતાઓ' કહી છે. કહ્યું છે કે—

"एताश्चारित्रगात्रस्य, जननात् परिपालनात् ।
संशोधनाच्च साधूनां मातरोऽष्टौ प्रकीर्तिताः ॥"योगशास्त्र प्र० १-श्लो०४५॥

**ભાવાર્થ**-સાધુઓના ચારિત્રરૂપ શરીરને (માતાની જેમ) જન્મ આપનારી, પરિપાલન કરનારી અને શુદ્ધ કરનારી હોવાથી એ આઠ (સાધુતાની) માતાઓ છે.

**બાર ભાવનાઓ**-ભાવીએ (ચિન્તવીએ) તે 'ભાવનાઓ' કહેવાય. અર્થાત્ ચિન્તન દ્વારા આગમ શબ્દોને અનુસરીને જગતના તે તે પદાર્થોનું (ધર્મોનું) નિરીક્ષણ જેના દ્વારા થઈ શકે તે ભાવનાઓ ૧-અનિત્યતા, ૨-અશરણતા, ૩-સંસાર, ૪-એકત્વ, ૫-અન્યત્વ, ૬-અશુચિત્વ, ૭-આશ્રવ, ૮-સંવર, ૯-નિર્જરા, ૧૦-લોકસ્વભાવ, ૧૧-બોધિની અતિદુર્લભતા, અને ૧૨-ધર્મકથનની સુંદરતા, એમ બાર કહેલી છે. તેમાં—

૧-**અનિત્યભાવના**-એ રીતે ભાવવી કે-જે પ્રાતઃકાળે હોય તે પદાર્થો મધ્યાહ્ને (તેવા) હોતા નથી અને મધ્યાહ્ને હોય તે રાત્રે (તેવા) હોતા નથી, એમ આ સંસારમાં નિશ્ચે સર્વ પદાર્થોનું પ્રત્યક્ષ અનિત્યપણું દેખાય છે (૧). વધારે શું? 'શરીર' કે જે પ્રાણિઓના સર્વ પુરૂષાર્થનું (ધર્મ-અર્થ-કામ-મોક્ષનું) સાધન છે, (જેના વિના કંઈ થઈ શકે તેમ નથી,) તે પણ પ્રચંડ વાયુથી ક્ષણમાં વાદળાં વિખરાય તેમ ક્ષણવિનશ્વર છે (૨). લક્ષ્મી સમુદ્રનાં મોજાં

---

કારણ કે જડ વસ્તુઓ ન્હાના મોટા જીવની ઘાતક છે, જડ શરીરના રક્ષણ પાલન માટે જડ પદાર્થોનો ઉપયોગ કરવો અનિવાર્ય છે, માટે તેને વારંવાર પૂંજવા પ્રમાર્જવાનું આ સમિતિમાં વિધાન છે. આહાર-સંજ્ઞાદિને વશવર્તી જીવોની એટલી દોડ-ધામ ચાલુ છે કે ક્ષણ પહેલાં જ્યાં કોઈ જીવ ન દેખાય ત્યાં ક્ષણ પછી જીવોનો સમ્ભવ છે, એ અનુભવસિદ્ધ પણ છે. માટે સાધુ જીવનમાં આ સમિતિનું પાલન અનિવાર્ય છે.

૨૪૬-નીરૂપયોગી બનેલો અલ્પ પણ મળ શરીરમાં થોડી વાર પણ રોકાઈ જાય તો પીડા કરે છે અને વિવિધ રોગો પ્રગટાવે છે તેમ સંયમરૂપ શરીર માટે નિરૂપયોગી બનેલી વસ્તુઓને કે મળ-મૂત્રાદિને વિધિ પૂર્વક યોગ્ય સ્થળે પરઠવવાં જોઈએ. વિના પ્રયોજને નિરૂપયોગી વસ્તુ રાખવામાં મમત્વ કે પ્રમાદ વિના અન્ય કારણ સમ્ભવિત નથી અને એ બન્ને સંયમમાં અહિતકર છે, માટે પારિષ્ઠાપનિકા સમિતિનું પાલન સંયમોપકારક છે. જ્યાં ત્યાં ભુલાએલી કે અનાદરથી મૂકી દીધેલી નિરૂપયોગી વસ્તુઓ છ કાય જીવોની હિંસામાં નિમિત્ત બને છે, માટે જૈનદર્શનમાં માથાનો એક કેશ, નખ કે થૂંક, કફ, વિગેરે સર્વને વિધિપૂર્વક પરઠવવાનું જણાવ્યું છે અને તેમ નહિ કરનારને તે તે રૂપમાં પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી ચપળ છે, સંયોગો સ્વપ્ન તુલ્ય (અસત્ કલ્પના જેવા) છે અને યૌવન તો મહાવાયુની આંધીમાં ઉડેલા આકડાના રૂની પેઠે ક્ષણમાં અદૃશ્ય થાય તેવું છે (૩). એમ સદા ય પદાર્થોની અનિત્યતાને વિચારતો જ્ઞાની મનુષ્ય પોતાનો પુત્ર મરે તેને પણ અનિત્ય માનીને શોક કરતો નથી અને વસ્તુની નિત્યતાના આગ્રહને વશ થએલો મૂઢ આત્મા ભીંત પડી જાય તો પણ રોવા બેસે છે (૪). હે જીવ ! પ્રાણિઓને કેવળ આ શરીર, ધન, યૌવન, બન્ધુઓ કે સ્વજનો વિગેરે જ અનિત્ય નથી, પણ જગતમાં સચેતન કે અચેતન જે કંઈ ઉત્પન્ન થતું દેખાય છે તે સર્વ (ઉત્પત્તિ ધર્મવાળું હોવાથી) અનિત્ય (નાશવંત) છે, એમ સત્પુરૂષો કહે છે (૫). એમ તૃષ્ણારૂપી કાળી નાગણને વશ કરવા અને મમતાને તજવા (બુદ્ધિમાન્ પુરૂષે) સ્થિરચિત્તે પ્રતિક્ષણે જગતનું અનિત્ય સ્વરૂપ ચિંતવવું[૨૪૭] (૬). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો૦ ૫૭થી૬૦, આન્તર શ્લો૦ ૧૯–૨૦)

૨–**અશરણભાવના** આ પ્રમાણે છે–"સ્વર્ગનો ઇન્દ્ર અને પૃથ્વીનો માલિક વાસુદેવ વિગેરે પણ જો મરણને શરણ થાય છે તો તે મરણના ભયથી સામાન્ય જીવોને કોણ બચાવે તેમ છે ? અર્થાત્ જીવને કોઇ શરણ્ય નથી. 'શરણ્ય' એટલે બચાવનાર–શરણ કરવા યોગ્ય, એમ સમજવું (૧). પિતા, માતા, બ્હેન, ભાઈ અને પુત્રોના દેખતાં પણ નિરાધાર–અશરણ જીવને કર્મો યમના દરબારમાં લઇ જાય છે, સર્વના દેખતાં જીવ મરે છે તથાપિ કોઇ તેને બચાવી શકતું નથી (૨). મૂઢબુદ્ધિવાળાઓ સ્વકર્મોથી મરતાં પોતાનાં સ્વજનોનો શોક કરે છે, કિન્તુ પ્રતિક્ષણ મરણની સન્મુખ ખેંચાઇ રહેલા પોતાના આત્માનો શોક કરતા નથી (૩). જંગલમાં મૃગલીના બચ્ચાને કોઇનું શરણું નથી તેમ ખરેખર ! દાવાનળની જ્વાલાઓથી પણ અતિ ભયંકર દુઃખરૂપ આ સંસારમાં પ્રાણિઓને કોઇનું શરણું નથી[૨૪૮](૪)" (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો૦ ૬૧ થી ૬૪)

૩–**સંસારભાવના**–સંસાર એટલે ભિન્ન ભિન્ન યોનિઓમાં પુનઃ પુનઃ ઉપજવું–મરવું. તે આ પ્રમાણે છે–'શ્રોત્રિય' (વેદનો પારંગામી બ્રાહ્મણ) મરીને ચંડાળ થાય છે, જે સ્વામી હોય તે જ પત્તિ એટલે સેવક થાય છે અને બ્રહ્મા મરીને કીડો થાય છે, વિગેરે ખેદની વાત છે કે સંસારી જીવ સંસારરૂપ નાટકશાળામાં નટની જેમ (નવા નવા) વેશને(શરીરોને) ધારણ કરીને નાચે છે (૧). કર્મોના સંબન્ધથી ભાડાની કોટડીની જેમ (વારંવાર યોનિઓને બદલતો સંસારી જીવ) એવી કયી

૨૪૭–અનિત્ય ભાવના ભાવવાથી પદાર્થોની અનિત્યતાનું ભાન થાય છે, તેથી ઇષ્ટ–અનિષ્ટના સંયોગ–વિયોગમાં આનંદના કે તેથી વિપરીત વિયોગ–સંયોગમાં કલેશના પરિણામરૂપ આર્ત્તધ્યાન–રૌદ્રધ્યાનથી બચીને જીવ નવાં કર્મો બાંધતાં અટકે છે. વધારે શું ? મરણ જેવા ભયનો પણ વિજય કરી સમાધિ મરણ પ્રાપ્ત કરી શકે છે અને ઇન્દ્રની કે ચક્રવર્તીની સમ્પત્તિમાં પણ વિરાગી રહી તેનો આત્મહિતાર્થે ઉપયોગ કરી શકે છે, ઇત્યાદિ અનિત્યભાવનાના અનેક લાભો છે.

૨૪૮–અશરણ ભાવનાને ભાવતો આત્મા તે ભાવનાજ્ઞાનને બળે કર્મોની રીબામણથી લાચાર અને દીન બનવાને બદલે સત્ત્વ કેળવી સ્વાશ્રયી બને છે, કર્મની ગહન યાતનાઓમાંથી પાર ઉતરવાનું લક્ષ્ય બાંધે છે અને કર્મના બન્ધનથી રીબાતા તેને જગતમાંનો કોઇ જીવ બચાવવા સમર્થ નથી એમ સમજી કર્મનો નાશ કરવામાં કુશળ અને સમર્થ એવા ધર્મને તથા તે ધર્મના ઉપદેશક ગુર્વાદિને એક શરણભૂત માની તેનું શરણ સ્વીકારવા ઉજમાળ બને છે. અર્થાપત્તિએ બાહ્ય વૈભવ, કુટુમ્બ, કે શરીર વિગેરેને પોતાનું સર્વસ્વ માનવાની ભ્રમણાને તજીને જીવનના આધારભૂત માનેલા તે સર્વની મમતાને છોડે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોનિ છે કે જેમાં (ઉપ)જતો નથી અને કયી યોનિને એ છોડતો નથી ? અર્થાત્ બધી યોનિઓમાં ઉપજે છે અને મરે છે (૨). સમગ્ર લોકાકાશમાં એક વાળના અગ્રભાગ જેટલું પણ એવું સ્થાન નથી કે પોતાનાં કર્મોને વશ ભટકતા જીવોએ જુદાં જુદાં રૂપો કરીને જેને ન સ્પર્શ્યું હોય (૩). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો૦ ૬૫–૬૬–૬૭). આ વિષયમાં ચારગતિરૂપ સંસારમાં ભટકવા વિગેરેથી થતી દુઃખોની પરમ્પરાનું સ્વરૂપ યોગશાસ્ત્રની (પ્ર૦ ૪–શ્લો૦ ૬૭) ટીકાના આંતર શ્લોકોથી સમજી લેવું. વિસ્તાર થવાના ભયથી અહીં લખ્યું નથી, તેના છેલ્લા (૯૦ મા) શ્લોકમાં આ પ્રમાણે છે કે–"એ પ્રમાણે સંસારી જીવોને ચાર ગતિમાં ભટકવા છતાં લેશ પણ સુખ નથી, કેવળ દીર્ઘકાળ પર્યન્તનું માનસિક અને કાયિક દુઃખ જ છે, એમ સમજીને જો સંસારના ભયોનો છેદ કરવા ઉત્કંઠા હોય તો હે ભવ્યપ્રાણિઓ ! શુદ્ધ આશયથી મમતાના નાશ માટે સંસાર–ભાવનાનું સતત ધ્યાન કરો.[૨૪૯]"

૪–**એકત્વ ભાવના**–" જીવ એકલો ઉપજે છે, એકલો જ મરે છે અને આ ભવમાં અને પરભવમાં બાંધેલાં કર્મોને પણ એકલો જ ભોગવે છે (૧). તેણે એકલાએ મહા પાપો કરીને ભેગું કરેલું 'ધન ધાન્ય' વિગેરે તો વારંવાર તેના સંબન્ધીઓ ભેગા થઇને ભોગવે છે અને મેળવનાર પોતે તો એકલો જ નરકને ખોળે પડેલો પૂર્વે ધન મેળવતી વેળા બાંધેલાં કર્મોથી ત્યાં દુઃખી થાય છે[૨૫૦](૨). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો૦ ૬૮–૬૯)

૫–**અન્યત્વભાવના**–આ પ્રમાણે ભાવવી "જ્યાં જીવ અને શરીરના વિપરીત સ્વરૂપને કારણે (અસમાનતાથી) જીવને પોતાના શરીરથી પણ જુદાઇ છે ત્યાં ધન, સ્વજન, કે સહાયક (મિત્ર) વિગેરેની જુદાઈ છે એમ કહેવું તે લેશ પણ ખોટું નથી જ (૧). જે પોતાના શરીર, ધન અને સ્વજનોથી પોતાના આત્માને જુદો દેખે (જાણે) છે તેને શોકરૂપી શલ્ય ક્યાં કેવી રીતે પીડી શકે ? (અર્થાત્ આત્મા તો અરૂપી છે, તેને દુઃખ દેવા કોઇ સમર્થ નથી, જીવ પોતાને શરીરાદિથી અભિન્ન માને છે ત્યારે તે શરીરાદિનાં દુઃખો તેને દુઃખી કરે છે.[૨૫૧](યોગશાસ્ત્ર પ્રકા૦ ૪, ૭૦–૭૧)

---

૨૪૯–સંસાર ભાવનાને ભાવવાથી જીવના અનાદિ ભૂતકાળના જીવનનું તે તે જન્મમાં થએલા સંયોગ–વિયોગ વિગેરેનું જ્ઞાન થાય છે, તેના પરિણામે આ જન્મમાં એનો રાગ તૂટે છે, પ્રાપ્ત વૈભવાદિના સુખનું અભિમાન ટળે છે અને કૃત્રિમ–અકૃત્રિમ સુખનો વિવેક જાગે છે. એના ફળસ્વરૂપ કૃત્રિમ સુખને મેળવવાની મમતા તૂટે છે, એટલું જ નહિ '**संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा**' અર્થાત્ 'જીવે અનાદિ કાળથી જે જે દુઃખની પરંપરાઓ ભોગવી છે તેનું મૂળ કારણ સંયોગો છે' એ વાક્યની યથાર્થતાનું તેને ભાન થાય છે અને એવા ભાનથી જાગ્રત બનેલો જીવ અનાદિ કાળના સંયોગનો આનંદ માનવામાં કે સંયોગ મેળવવાના ઉપાયોને મૂકી સંયોગથી છૂટવામાં કે છૂટવાના ઉપાયોમાં આનંદ અનુભવે છે. આજ સુધીના દરેક વ્યવહારોમાં કેળવેલી સંયોગ વધારવાની દૃષ્ટિને બદલીને દરેક વ્યવહારો કરતાં સંયોગની મુક્તિનું દૃષ્ટિબિન્દુ કેળવે છે, એના પરિણામે સર્વ સંયોગની મુક્તિરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

૨૫૦–એકત્વ ભાવનાના બળે જીવ પરાશ્રયની મમતા છોડીને સ્વાશ્રયી બનવાનું લક્ષ્ય બાંધે છે, અને આશા–નિરાશાની નાગચૂડમાંથી મુક્ત થઇને પોતે જ પોતાનો શત્રુ કે મિત્ર છે એવું સમજતો બહિ–રાત્મ દશાથી મુક્ત થઇ અંતરાત્મદશાના બળને પામી પરમાત્મદશાને સાધવા ઉજમાળ બને છે, મમતા રૂપી મોહનું ઝેર ઉતારી આત્માનન્દને અનુભવે છે.

૨૫૧–અન્યત્વ ભાવનાથી જીવને 'નિશ્ચય દૃષ્ટિએ ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યો પરસ્પર કથંચિદ્ ભિન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬–**અશુચિત્વભાવના**–આ પ્રમાણે ભાવવી–રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ (હાડકાં), મજ્જા (હાડકાંના પોલાણમાંનો ચીકણો ભાગ), શુક્ર, આંતરડાં અને મળ–મૂત્રાદિ, એમ વિવિધ અશુચિઓનું સ્થાન (ઘર) જો શરીર છે તો તેનું પવિત્રપણું કેમ હોઈ શકે? (૧). બે નેત્રો, બે નાસિકાઓ, એક મુખ, બે કાન, એક ગુદા અને એક પુલ્લિંગ, એ નવ (પુરૂષનાં તથા ગર્ભાશય અને બે સ્તન મળીને બાર સ્ત્રીઓનાં) અશુચિનાં દ્વારોમાંથી ઝરતા દુર્ગન્ધિમય રસોવાળી કાયામાં પવિત્રતા તે પણ મોહજન્ય મોટી ભ્રમણા જ છે.[૨૫૨](યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો. ૭૨–૭૩)

૭–**આશ્રવભાવના** આ પ્રમાણે ભાવવી–મન વચન અને કાયાનાં કર્મો એટલે વ્યાપારો–રૂપી યોગો પ્રાણિઓને શુભ–અશુભ કર્મોનું 'આશ્રવણ' (બન્ધન) કરે છે તેથી તેને 'આશ્રવો' કહેવાય છે (૧). તેમાં મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા, એ ચાર ભાવનાઓથી વાસિતચિત્ત શુભ (પુણ્ય) કર્મને તથા તેથી વિપરીત ક્રોધાદિ કષાયોથી અને સ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોથી વશીભૂત(વાસિત)ચિત્ત અશુભ(પાપ)કર્મને જન્મ આપે છે–બંધાવે છે (૨). યોગશાસ્ત્ર પ્ર. ૪, શ્લો. ૭૪–૭૫) (કારણ અન્યત્ર) કહ્યું છે કે–" સંસારી સર્વજીવો પ્રત્યે મૈત્રી, વિશેષગુણવાનને જાણીને (જોઈને) હર્ષ, અવિનીત (શિક્ષાને અયોગ્ય) જીવો પ્રત્યે માધ્યસ્થ્ય (ઉપેક્ષા) અને દુઃખીઆઓ પ્રત્યે કૃપા (દયા), (૧) એમ સર્વ જીવોની મૈત્રી, તે તે જીવો પ્રત્યે હર્ષ, માધ્યસ્થ્ય અને કુરૂણાથી સતત વાસિત કોઈ પુણ્યવાનનું ચિત્ત બેંતાલીશ પ્રકારના શુભ (પુણ્ય) કર્મને વિસ્તારે છે (વધારે છે) (૨). તથા મિથ્યાત્વથી રહિત અને સમ્યગ્ શ્રુતજ્ઞાનને આધારે બોલાતું વચન શુભકર્મ ઉપાર્જનમાં અને તેથી વિપરીત મિથ્યાત્વ અને અજ્ઞાનને વશ થઈને બોલાતું વચન

---

છે, કોઇ કોઇને સુખ દુઃખ આપી શકતું નથી, અન્ય તો નિમિત્ત માત્ર છે, જીવ જો પરમાં પોતાપણાની વિકૃત દૃષ્ટિને છોડી દે તો પરપદાર્થના દુઃખે દુઃખી થવાની અનાદિ આપત્તિથી છૂટી જાય, સુખ–દુઃખનાં સર્જક કર્મો અને તેને ભોગવનારૂં શરીર પણ જો આત્માથી ભિન્ન છે તો શરીરનાં સુખ-દુઃખોમાં કે તેની પ્રાપ્તિ–અપ્રાપ્તિમાં આત્માને શું લાભ હાનિ છે?' ઇત્યાદિ સમજાય છે. કર્મોને અને શરીરાદિને અનાદિ બન્ધનરૂપ માની, તેમાંથી આત્માને ભિન્ન કરી દેવાથી મિથ્યાભ્રમ ટળી જાય છે અને પરભાવમાંથી છૂટી સ્વભાવમાં વર્તતી તેની દૃષ્ટિ સત્ય–શુદ્ધ માર્ગનું જ્ઞાન કરાવે છે. પછી તો માલિકીના ઘોડાની અને ઘોડાને વેચ્યા પછી પારકો બનતાં તેની સુખ દુઃખની ચિંતામાં કે માલિકીના અને ભાડાના ઘરની સારા નરસાની ચિંતામાં જેવું અંતર હોય છે તેવું અંતર પડે છે, એથી ' અહંત્વ અને મમત્વ ' રૂપી જગતને અન્ધ બનાવનારા મોહના ઝેરનો નાશ થાય છે અને '**નાહં**' '**न मम**'ની દીવ્યદૃષ્ટિ ખૂલતાં સ્વસ્વરૂપના આનંદનો અનુપમ અનુભવ થાય છે. પોતાના ગુણ–દોષ સિવાય બીજા પદાર્થમાં સુખ દુઃખની કલ્પના તૂટી જાય છે, વિગેરે આ ભાવનાના ચિન્તનથી આત્માને અનોખો લાભ થાય છે.

૨૫૨–શરીરના માત્ર બાહ્ય રૂપ રંગ વિગેરેમાં મૂઢ બનેલો જીવ જયારે અશુચિત્વ ભાવનાથી શરીરની વાસ્તવિક ઓળખાણ કરે છે ત્યારે તેની ભોગની આસક્તિ તૂટી જાય છે, એટલું જ નહિ, ભોગોને જ સાચા રોગો માને છે, શારીરિક સુખોમાં દુઃખનો અનુભવ કરે છે અને શરીરની મમતા છોડીને તેને માત્ર ધર્મનું સાધન બનાવી દે છે, એનું પાલન પોષણ પણ શરીરના રાગથી નહિ પણ ધર્મના રાગથી કરે છે, એથી પરિણામ એ આવે છે કે શરીરના રાગથી શરીરને દુઃખી અને રોગી બનાવવાને બદલે ધર્મના રાગથી શરીર સુખી અને નિરોગી રહે તેવા પ્રયત્નો કરે છે, છતાં શરીરનો રાગ તૂટી જવાથી કર્મથી ભારે થતો નથી, ઇત્યાદિ વિવિધ લાભો થાય છે.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

અશુભકર્મ ઉપાર્જન કરવામાં હેતુ છે એમ સમજવું (૩). સારી રીતે ગુપ્ત એટલે દુષ્ટ-ચેષ્ટાઓથી રહિત જયણાવાળા શરીર વડે જીવ શુભ કર્મને અને સતત આરંભવાળા જીવઘાતક (જયણારહિત) શરીર વડે અશુભકર્મને બાંધે છે (૪). એ ઉપરાન્ત પણ ક્રોધાદિ કષાયો, હાસ્યાદિ નોકષાયો, શબ્દાદિ વિષયો, મન વચન કાયાની પ્રવૃત્તિરૂપ યોગો, 'અજ્ઞાન-સંશય-વિપર્યય-રાગ-દ્વેષ-સ્મૃતિભ્રંશ-ધર્મમાં અનાદર અને યોગોનું દુષ્પ્રણિધાન' એ આઠ પ્રકારનો પ્રમાદ, અવિરતિ (પાપના ત્યાગરૂપ નિયમનો અભાવ), મિથ્યાત્વ અને આર્ત્ત-રૌદ્રધ્યાનો, એ બધા અશુભકર્મ બન્ધમાં હેતુઓ છે (૫). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો૦ ૭૬-૭૭-૭૮)

**પ્રશ્ન**-ઉપર જણાવ્યા તે તો બન્ધના હેતુઓ છે? શ્રીતત્ત્વાર્થસૂત્ર-અધ્યાય ૮-સૂત્ર૧લામાં વાચકમુખ્ય શ્રીઉમાસ્વાતિજીએ પણ કહ્યું છે કે-મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાયો અને યોગો, એ સર્વ બંધના હેતુઓ છે, તો તેને આશ્રવભાવનામાં કેમ કહ્યા?

**ઉત્તર**-તમારૂં કથન સત્ય છે, કિન્તુ આશ્રવની જેમ બન્ધને પણ પૂર્વ મહર્ષિઓએ ભિન્ન ભાવના તરીકે કહ્યો નથી, આશ્રવ ભાવનામાં કર્મબન્ધનો અંતર્ભાવ થઇ જાય છે, કારણ કે-વસ્તુતઃ આશ્રવદ્વારા ગ્રહણ કરેલાં કર્મનાં જે પુદ્ગલો આત્મપ્રદેશોની સાથે બંધાય તેને જ બંધ કહેવાય છે. તત્ત્વાર્થમાં જ (નવમા અધ્યાય-સૂત્ર ૨ માં) કહ્યું છે કે-'(કષાય-પરિણત) જીવ સકષાયપણાથી કર્મોને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે તેને બન્ધ કહેવાય છે.' એ કારણે પણ કર્મ-પુદ્ગલોના ગ્રહણમાં હેતુભૂત આશ્રવમાં બન્ધના હેતુઓને પણ જણાવવા તે અપેક્ષાએ ખોટું નથી.

**પ્રશ્ન**-જો એમ છે તો 'એ બન્ધના હેતુઓ છે' એમ કહેવું નિરર્થક છે, **ઉત્તર**-ના, એમ પણ નથી, કારણ કે બન્ધ અને આશ્રવનું એકપણું હોવાથી બન્ધના હેતુઓ એ જ આશ્રવના હેતુઓ છે, એમ વિચારતાં સર્વ દોષ ટળી જાય છે.

અહીં દરેક કર્મ પ્રકૃતિના જુદા જુદા વિશેષ (હેતુઓ રૂપ) આશ્રવનું ચિન્તન યોગશાસ્ત્રના (પ્ર૦ ૪-શ્લો૦ ૭૮ ના) આન્તરશ્લોકોથી, અથવા કર્મગ્રન્થાદિ અન્ય શાસ્ત્રોથી સમજી લેવું.[૨૫૩]

**૮-સંવર ભાવના**-'સર્વ આશ્રવોનો નિરોધ કરવો તેને સંવર' કહ્યો છે, તે દ્રવ્ય અને ભાવ ભેદે બે પ્રકારનો છે (૧). તેમાં આશ્રવદ્વારા જે કર્મપુદ્ગલોનું ગ્રહણ થતું હોય તેનો છેદ કરવો (ગ્રહણ થતાં અટકાવવાં) તે દ્રવ્યસંવર અને તેમાં હેતુભૂત સાંસારિક ક્રિયાનો (યોગોના વ્યાપારનો) ત્યાગ તેને ભાવસંવર જાણવો (૨). તેમાં કષાયો, વિષયો, વિગેરે જે અશુભ

---

૨૫૩-જો ઉપરની ભાવનાઓ દ્વારા એ સિદ્ધ છે કે સર્વ દુઃખોનું મૂળ કર્મની પરાધીનતા છે, તો તેને તોડવાની પૂર્ણ આવશ્યકતા છે. એ માટે જરૂરી કર્મોનો બંધ કયા કારણોથી થાય છે એનું જ્ઞાન આશ્રવ-ભાવનાથી થાય છે, તેમાં પણ શુભ અને અશુભ બે પ્રકારનાં કર્મોનું આત્મા ઉપર કેવું આક્રમણ થાય છે? ઇત્યાદિ કર્મના વિપાકનું જ્ઞાન મળવાથી અશુભ કર્મોનો વિજય કરવા પૂરતી શુભ કર્મોની સહાય જરૂરી છે એમ ચિન્તવે છે અને કર્મોથી સર્વથા મુક્તિ માટે શુભ આશ્રવોનું ઉપાદેયપણું અને અશુભ કર્મોનું હેયપણું છે એમ સ્વતઃ સમજે છે, એથી ચોર-લુંટારા વિગેરેથી રક્ષણ કરવા ચોકીદારની જેમ જીવને પુણ્યાનુબન્ધી પુણ્યનો પક્ષ થાય છે, પરિણામે પાપાનુબન્ધી પુણ્ય વિગેરેનો પ્રતિપક્ષી બની નિયાણા વિગેરેથી રહિત શુભ ધર્મક્રિયાઓમાં કુશળ મન-વચન-કાયાને જોડવાની અને અકુશલ મન-વચન-કાયાના વ્યાપારને રોકવાની વૃત્તિ પ્રગટે છે. પરિણામે નવાં અશુભ કર્મોનો બન્ધ ન થાય તે માટે શક્ય પ્રયત્નો કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મોને આવવાના હેતુઓ છે તેના પ્રતિપક્ષી ઉપાયો આ પ્રમાણે છે-'જે જે ઉપાયથી જે જે આશ્રવ રોકાય તેના તેના નિરોધ માટે તે તે ઉપાયને બુદ્ધિમાનોએ યોજવો (કરવો) (૩). તે ઉપાયો કહે છે કે-અનુક્રમે ક્રોધને ક્ષમાથી, માનને મૃદુતાથી, માયાને ઋજુતા(સરળતા)થી અને લોભને અનીહા(સંતોષ)થી રોકવો (૪). વિષયોના ક્ષય માટે પ્રતિપક્ષે કહ્યું છે કે-તે તે ઇન્દ્રિયોના અસંયમથી પોષાએલા વિષ સરખા વિષયોનો મહામતિ એવો જીવ (ઇન્દ્રિઓના) અખંડસંયમદ્વારા નાશ કરે (૫). પ્રમાદ અને અવિરતિના પ્રતિપક્ષીઓને કહ્યા છે કે-ત્રણ ગુપ્તિદ્વારા મન-વચન-કાયારૂપ ત્રણ (અકુશળ) યોગોને, અપ્રમાદથી પ્રમાદને, અને પાપ વ્યાપારના ત્યાગથી અવિરતિને પણ સાધે (રોકે) (૬). હવે મિથ્યાત્વ અને આર્ત્તરૌદ્રધ્યાનના પ્રતિપક્ષી ઉપાયોને કહે છે કે-સંવરમાં પ્રયત્નશીલ આત્માએ સમ્યગ્ દર્શનથી મિથ્યાત્વનો અને શુભ તથા સ્થિર ચિત્તથી આર્ત્તધ્યાનનો અને રૌદ્રધ્યાનનો વિજય કરવો.[૨૫૪](યોગશાસ્ત્ર પ્ર૦ ૪ થો શ્લો. ૭૯ થી ૮૫)

૯-**નિર્જરાભાવના**-આ પ્રમાણે ભાવવી-સંસારનાં બીજભૂત કર્મોને જે જીર્ણ કરે તેને નિર્જરા કહી છે, તે સકામ અને અકામ એમ બે પ્રકારની છે (૧). તેમાં સકામ નિર્જરા (નિર્જરા માટે 'અહિંસા-સત્ય' વિગેરે વ્રતોનું પાલન કરતા) મુનિવરોને અને અકામ નિર્જરા શેષ જીવોને હોય છે. જેમ આમ્રનું ફળ સ્વયં પાકે છે અને ઉપાયોથી પણ પકાવી શકાય છે તેમ કર્મોનો પાક સ્વયં થાય છે અને તપ વિગેરે ઉપાયોથી પણ થાય છે. કર્મોનો પરિપાક નિર્જરારૂપ હોવાથી ઉપાયપૂર્વક કર્મોનો પરિપાક કરવો તે 'સકામનિર્જરા' અને કર્મો સ્વતઃ પાકે તે 'અકામનિર્જરા' સમજવી (૨). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪ શ્લો-૮૬-૮૭). (માટે જ) 'અમારાં કર્મોનો ક્ષય થાઓ!' એવા આશયથી તપશ્ચર્યા વિગેરે કરનારા ઉત્તમ મુનિઓને સકામનિર્જરા કહી છે (૩) અને એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, વિગેરે જીવો કે જેઓને તેવું જ્ઞાન નથી તેઓને સદૈવ ઠંડી, ગરમી અને વરસાદનાં તથા બળવાનાં, કપાવાનાં, વિગેરે કષ્ટો સહન કરવાથી ખપતાં કર્મોને જ્ઞાનીઓએ અકામનિર્જરા કહી છે. તપ-સંયમ વિગેરે ગુણોથી વધતી જતી નિર્જરા મમતાનો, તેનાથી બંધાતાં કર્મોનો અને કર્મોના ફળરૂપ સંસારનો નાશ કરે છે, માટે તેવી નિર્જરાની ભાવના ભાવવી જોઇએ (૪-૫ પ્રવ૦ સારો૦ ગા૦ ૫૭૨ ની ટીકા). જેમ

---

૨૫૪-સંવર ભાવનાથી તે તે અશુભ આશ્રવોમાં નિમિત્તભૂત મન-વચન કાયાના વ્યાપારોને રોકવા પ્રતિપક્ષી ઉપાયોને સ્વીકારી નવાં કર્મોના બન્ધથી બચવા માટેની વૃત્તિ પ્રગટે છે અને આશ્રવોને રોકવા સંવર કરવાનું સત્ત્વ પ્રગટ થાય છે. આશ્રવો જડ પ્રકૃતિના બળે થાય છે તેની સામે સંવરરૂપ આત્મબળનો પ્રયોગ કરવાથી જડનું બળ ક્ષીણ થઇ જાય છે, અહીં કહેલા ક્રોધાદિના પ્રતિપક્ષી ક્ષમાદિરૂપ આત્મબળ કેવું વિશિષ્ટ છે, તે તો અનુભવથી સમજાય તેવું છે, શબ્દોમાં તેનો સાચો ખ્યાલ આપવાની શક્તિ નથી. હજારો લાખો જીવોના ક્રોધની સામે એક આત્માની નિર્મળ ક્ષમા એવો આશ્ચર્યકારક વિજય મેળવે છે કે જે બીજા કોઈ ઉપાયથી શક્ય નથી. તેના પ્રત્યક્ષ દૃષ્ટાન્તરૂપે ચંડકૌશિક અને સંગમ જેવાની સામે પ્રભુ મહાવીરની અને કમઠની સામે પ્રભુ પાર્શ્વનાથની કરુણાયુક્ત ક્ષમા, કોશ્યાની સામે મહાત્મા સ્થૂલિભદ્રનું સંયમ, સિંહની સામે સિંહગુફાવાસી મુનિની નિર્ભય કૃપાળુ પ્રસન્નદૃષ્ટિ, વિગેરે તે તે દુર્ગુણોનો વિજય કરનાર તેના પ્રતિપક્ષી ગુણોનાં વિવિધ દૃષ્ટાન્તો જગત્પ્રસિદ્ધ છે. માટે જ આશ્રવમાંથી બચવા માટે સંવર એક અમોઘ ઉપાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલિન પણ સુવર્ણ આકરા અગ્નિથી શુદ્ધ થાય છે તેમ તપરૂપ અગ્નિથી જીવ પણ વિશુદ્ધ થાય છે (યોગશાસ્ત્ર પ્ર૦ ૪-૮૮). અહીં બાહ્ય-અભ્યન્તર બાર પ્રકારના તપનું ચિંતન સમજવું.[૨૫૫]

૧૦-**લોકસ્વભાવ ભાવના**-'લોક' એટલે જીવો અને જડ એટલે ધર્માસ્તિકાયાદિ ચાર, એમ પાંચ દ્રવ્યો જ્યાં છે તે ક્ષેત્ર, તેનો આકાર બે પગ પહોળા કરીને બે હાથ કેડ ઉપર રાખીને ઉભેલા પુરૂષના આકાર જેવો છે અને તે સ્થૈર્ય, ઉત્પત્તિ તથા નાશધર્મવાળાં ઉપર્યુક્ત પાંચ દ્રવ્યોથી પૂર્ણ ભરેલો છે (૧). તેને જિનેશ્વરોએ ઊર્ધ્વ, અધો અને તિર્છો, એમ ત્રણ વિભાગપૂર્વક સમજાવ્યો છે, તેમાં મેરૂ પર્વતની (નીચે) બરાબર વચ્ચે (ગોસ્તન આકારે) રહેલા આઠ રૂચક (નામના આકાશ) પ્રદેશોથી નવસો યોજન ઉંચે તથા તેટલો જ નીચે, એમ ૧૮૦૦ યોજન ઊર્ધ્વ-અધો (અને પહોળાઇમાં એકરાજ)પ્રમાણવાળો તિર્છોલોક અનેક વિચિત્ર (જાતિના) પદાર્થોથી ભરેલો છે (૨-૩). તિર્છાલોકની ઉપર સાત રજ્જુ (રાજ) પ્રમાણ ઉંચો ઊર્ધ્વલોક અને નીચે પણ સાત રજ્જુ પ્રમાણ (ઉંડો) અધોલોક કહેલો છે (૪). અધોલોકમાં ઘણા અંધકારવાળી 'રત્નપ્રભા' વિગેરે (ગોળ) સાત પૃથ્વીઓ ઘનોદધિ, ઘનવાત અને તનુવાતથી (નીચે અને બાજુમાં) ઘેરાએલી (વીંટાએલી) છે (૫). ત્યાં નરક-ગતિને પામેલા નારકો તૃષા, ભૂખ, વધ, પ્રહાર, શરીરને ફાડવું-ચીરવું તથા કાપવું, વિગેરે વિવિધ પીડાઓથી સતત દુઃખોને ભોગવે છે (૬). તેમાં (તિર્છાલોકની નીચેની) પહેલી રત્નપ્રભા પૃથ્વીનો પિંડ (જાડાઇ) એકલાખ એંશીહજાર જોજન છે, તેમાં નીચે ઉપર એક એક હજાર જોજન છોડીને વચ્ચેના એકલાખ અઠ્ઠોતેર હજાર જોજન પિંડમાં ભવનપતિદેવોનાં ભવનો છે, એમ શ્રીજિનેશ્વરોએ કહ્યું છે (૭-૮). તે ભવનપતિદેવો અસુરકુમાર, નાગકુમાર, તડિત્કુમાર, સુપ(વ)ર્ણકુમાર, અગ્નિકુમાર, અનિલ(વાયુ)કુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિગ્કુમાર, એવા નામવાળા દશ પ્રકારના છે (૯). તે બધા દક્ષિણ અને ઉત્તર દિશામાં વિભાગશઃ રહેલા છે, તેમાં દક્ષિણદિશાવાસી અસુરકુમારદેવોના સ્વામી (ઇન્દ્ર) 'ચમર' નામનો અને ઉત્તરદિશાવાસીદેવોનો સ્વામી 'બલી' નામનો છે. તેની નીચેના નાગકુમાર વિગેરે નવમાં દક્ષિણ-ઉત્તરદિશાવાસી દેવોના સ્વામિઓ (ઇન્દ્રો) અનુક્રમે આ પ્રમાણે છે-ધરણ અને ભૂતાનન્દ, હરિ અને હરિસહ,વેણુદેવ અને વેણુદાલી, અગ્નિશિખ અને અગ્નિ-માણવ, વેલમ્બ અને પ્રભઞ્જન, સુઘોષ અને મહાઘોષ, જલકાન્ત અને જલપ્રભ, પૂર્ણ અને

---

૨૫૫-નિર્જરા ભાવનાથી પૂર્વોપાર્જિત સત્તામાં પડેલાં કે ઉદયમાં આવેલાં કર્મોને નાશ કરવાના ઉપાયભૂત બાર પ્રકારના તપમાં આદર વધે છે, સમજણ વિના અને ઈચ્છા વિના ભૂતકાળમાં અનંતાં કર્મોને ખપાવ્યાં છે તો પણ સર્વથા કર્મની મુક્તિ થઇ શકી નથી એનું કારણ નિર્જરા ભાવનાના બળનો અભાવ છે, જીવને કર્મો ખપાવવાનું વાસ્તવિક જ્ઞાન નહિ હોવાથી એક કર્મ ભોગવતાં નવાં અનેક કર્મો બાંધે છે અને જન્મ-મરણાદિ કલેશોની પરંપરા વધારે છે, માટે જ નિર્જરા ભાવનાનું મહત્ત્વ છે આ ભાવનાના બળથી પ્રેરિત થએલો જીવ કર્મોને ભોગવી લેવાનું સત્ત્વ કેળવી શકે છે, સમજ અને ઈચ્છા-પૂર્વક કર્મોની યાતનાઓને પ્રસન્ન ચિત્તે સહી શકે છે એથી આર્ત્ત-રૌદ્રધ્યાનથી બચીને ધર્મધ્યાનમાં લીન બનેલો જીવ પરિણામે શુકલધ્યાનનો આશ્રય લઈ સર્વ કર્મોનો નાશ કરી શકે છે. આશ્રવભાવનાથી કર્મબન્ધનાં કારણોનું, સંવર ભાવનાથી નવા કર્મ બન્ધને રોકવાનું અને નિર્જરા ભાવનાથી જુનાં કર્મોને તોડવાનું જ્ઞાન અને સામર્થ્ય પ્રગટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશિષ્ટક, તથા અમિત અને અમિતવાહન, એમ દક્ષિણ–ઉત્તર દિશામાં નવ નિકાયના ૧૮ ઇન્દ્રો મળી કુલ વીસ ભુવનપતિ ઇન્દ્રો સમજવા (૧૦ થી ૧૩). એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના (છોડી દીધેલા) એક હજાર જોજન પિંડમાંથી નીચે ઉપર એકસો એકસો યોજન છોડીને મધ્યના આઠસો યોજનમાં (૧૪). દક્ષિણ તથા ઉત્તરમાં 'પિશાચ' વિગેરે આઠ પ્રકારના બળવાન્ વનચર (વ્યન્તર) નિકાયના દેવોનાં નગરો છે (૧૫). તેઓ પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ, અને ગન્ધર્વ, એ નામથી આઠ પ્રકારના છે (૧૬). જ્ઞાનીઓએ દક્ષિણ ઉત્તર ભાગમાં રહેલા તેઓના પણ બે બે ઇન્દ્રો અનુક્રમે આ પ્રમાણે કહેલા છે (૧૭). ૧–કાળ અને મહાકાલ, ૨–સુરૂપ અને પ્રતિરૂપક, ૩–પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ૪–ભીમ અને મહાભીમ, ૫–કિન્નર અને કિંપુરૂષ, ૬–સત્પુરૂષ અને મહાપુરૂષ, ૭–અતિકાય અને મહાકાય તથા ૮–ગીતરતિ અને ગીતયશા, એમ આઠ નિકાયના સોળ ઇન્દ્રો કહેલા છે (૧૮–૧૯). એ જ પૃથ્વીનો છેક ઉપરનો જે સો યોજન પિંડ શેષ રહ્યો તેમાંથી પણ ઉપર નીચેના દશ દશ યોજન છોડીને વચ્ચેના એંશી યોજન પિંડમાં અપ્રજ્ઞપ્તિક (અણપન્ની) વિગેરે (વ્યન્તરોથી) અલ્પઋદ્ધિવાળા આઠ વનચરનિકાયો (વાણવ્યંતર દેવો) છે (૨૦–૨૧). અહીં પણ સુંદર કાન્તિવાળા દક્ષિણ–ઉત્તર વિભાગના એક એક એમ પ્રત્યેક નિકાયમાં બે બે (મળી સોળ) ઇન્દ્રો છે એમ બુદ્ધિમાનોએ સમજવું (૨૨). (આ વ્યન્તરો અને વાણવ્યન્તરો નીચેના નવસો જોજનમાં રહેલા હોવાથી તિર્છાલોકમાં અને ભુવનપતિ દેવો એક હજાર જોજનથી નીચે હોવાથી અધોલોકમાં ગણાય છે. હવે શેષ તિર્છાલોકનું વર્ણન કરે છે કે–) એકલાખ યોજન ઉંચા, સુવર્ણમયપિંડવાળા, અને લોકના બરાબર મધ્યભાગમાં રહેલા એવા 'મેરૂ' નામના પર્વતને યોગે જેની અન્ય દ્વીપો કરતાં વિશેષતા છે તે આ જમ્બૂદ્વીપમાં 'ભારત' વિગેરે સાત વર્ષો (એટલે મનુષ્યક્ષેત્રો) છે, અને તે દરેકની વચ્ચે તેની સીમામાં રહેલા જેની ઉપર શાશ્વત શ્રીજિનમંદિર છે તેવા 'હિમવાન્' વિગેરે છ વર્ષધર પર્વતો છે (૨૩–૨૪). એક લાખ યોજન પ્રમાણ (પહોળા) આ જમ્બૂદ્વીપની પછી (વલયાકારે ચારે તરફ વીંટાએલો) બમણા (બે લાખ યોજન પહોળાઇના) પ્રમાણવાળો લવણ નામનો સમુદ્ર છે, તેની પછી તેનાથી બમણા બમણા વિસ્તાર(પહોળાઇ)વાળા (વલયાકારે) અનુક્રમે ધાતકીખંડ, પછી કાલોદધિ, વિગેરે (એક દ્વીપ પછી એક સમુદ્ર એમ) છેલ્લા સ્વયંભૂરમણ નામના સમુદ્ર સુધી ક્રમશઃ અસંખ્યાતા દ્વીપો અને સમુદ્રો છે (૨૫–૨૬). એમાંના ચાર સમુદ્રો ભિન્ન ભિન્ન એક એક રસવાળા, ત્રણ પાણીના રસ(સ્વાદ)વાળા અને શેષ સઘળા સમુદ્રો શેરડીના રસ(જેવા પાણી)વાળા કહ્યા છે (૨૭). તેમાં ઉત્તમજાતિનાં દ્રવ્યોથી બનાવેલી સુંદર મદિરાના સ્વાદ જેવું પાણી 'વારૂણીવર' નામના સમુદ્રમાં છે, સારી રીતે ઉકાળેલા અને ખાંડ વિગેરે દ્રવ્યોથી સ્વાદિષ્ટ બનાવેલા દૂધના જેવું સ્વાદુ પાણી 'ક્ષીરોદધિ' સમુદ્રમાં છે. સારી રીતે તપાવેલા (તાવેલા) તાજા ગાયના ઘીના સ્વાદતુલ્ય પાણી 'ઘૃતવર' સમુદ્રમાં છે અને લવણ જેવા ખારા પાણીથી ભરેલો 'લવણ' સમુદ્ર છે. (અર્થાત્ એ ચાર સમુદ્રોમાં પોતાના નામ પ્રમાણે સ્વાદવાળું પાણી પૂર્ણ ભરેલું છે.) બીજા 'કાલોદધિ, પુષ્કરવર અને સ્વયમ્ભૂરમણ' એ ત્રણમાં વરસાદના પાણી જેવા સ્વાદવાળું પાણી છે, કિન્તુ કાલોદધિનું પાણી વર્ણમાં કાળું અને ભારે છે, પુષ્કરવરનું પાણી ફાયદાકારક હલકું અને સ્વચ્છસ્ફટિક જેવું નિર્મળ છે અને સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી પણ પુષ્કર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરના પાણી જેવું જ છે (૨૮ થી ૩૨). શ્રીજિનેશ્વરોએ બાકીના સમુદ્રોનું પાણી (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર એ) ચાર સુજાતદ્રવ્યો નાખીને ઉકાળતાં બે ભાગ બળી ગયા પછી ત્રીજો ભાગ બાકી રહે તેવા ઉકાળેલા શેરડીના રસના સ્વાદ જેવું સ્વાદિષ્ટ કહેલું છે (૩૩). સમભૂમિના તળથી (સમભૂતલાથી) ઉંચે સાતસો નેવુ જોજન જતાં જ્યોતિષ્કદેવોનું અધસ્તલ આવે છે (૩૪). ત્યાંથી ઉંચે દશ યોજન જતાં સૂર્ય, તેનાથી એંશી યોજન ઉંચે ચન્દ્ર (૩૫) અને તેનાથી ઉપરના વીસ યોજનમાં ગ્રહ (નક્ષત્ર તારા) વિગેરે રહેલા છે. એમ જ્યોતિષિ દેવોનું સ્થાન (૭૯૦ થી ૯૦૦ સુધીના) એકસો દશ યોજનમાં (હોવાથી તે પણ તિર્ચ્છાલોકમાં) છે (૩૬). જમ્બૂદ્વીપમાં બે ચન્દ્ર અને બે સૂર્ય (સામસામી દિશામાં) ભમે છે, લવણ સમુદ્રમાં ચાર ચન્દ્ર–ચાર સૂર્ય (સામસામા) પરિભ્રમણ કરતા કહેલા છે (૩૭). ધાતકી ખંડમાં બાર ચન્દ્રો બાર સૂર્યો છે અને કાલોદધિમાં બેંતાલીસ ચન્દ્રો બેંતાલીસ સૂર્યો કહ્યા છે (૩૮). પુષ્કરવરાર્દ્ધ દ્વીપમાં બોંતેર ચન્દ્રો અને બોંતેર સૂર્યો છે, એમ મનુષ્ય લોકમાં (અઢીદ્વીપ બે સમુદ્રમાં મળીને) ૧૩૨ ચંદ્રો અને ૧૩૨ સૂર્યો છે (૩૯). (તે ૬૬–૬૬ સૂર્યો બે બે ચંદ્રોની વચ્ચે અને ૬૬–૬૬ ચન્દ્રો પણ બે બે સૂર્યોની વચ્ચે એકપંક્તિમાં સામાસામી ભમે છે.) તે પછી માનુષોત્તર પર્વતની બહાર પચાસ પચાસ હજાર જોજનને આંતરે આંતરે ચન્દ્રો અને સૂર્યો (સ્થિર) રહેલા છે (ચન્દ્રથી ૫૦ હજાર જોજન દૂર સૂર્ય અને સૂર્યથી ૫૦ હજાર જોજન દૂર ચન્દ્ર છે) (૪૦). મનુષ્યક્ષેત્રની બહારના ચન્દ્ર–સૂર્ય મનુષ્યક્ષેત્રાન્તર્ગત ચન્દ્ર–સૂર્યના પ્રમાણથી અડધા માનવાળા છે અને જેમ જેમ દ્વીપ–સમુદ્રોની પરિધિ પહોળાઇને યોગે વધતી જાય તેમ તેમ સંખ્યામાં[૨૫૬] પણ વધતા વધતા યાવત્ છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર સુધીમાં અસંખ્યાતા ચંદ્રો અને સૂર્યો છે, ઘણ્ટાના જેવા આકારવાળા, શુભ અને મન્દ તેજવાળા તે સઘળા અત્યન્ત સ્થિર રહેલા છે (૪૧–૪૨).

સમભૂમિના તળથી (સમભૂતલાથી) ઉંચે દોઢરાજ ઉપર દક્ષિણ–ઉત્તરમાં ઘણી જ સંપત્તિ (ઋદ્ધિ) વાળા ૧–સૌધર્મ અને ૨–ઇશાન નામના કલ્પો (વૈમાનિક દેવલોક) છે (૪૩). (સમભૂતલાથી) અઢીરાજ (સૌધર્મથી એક રાજ) ઉંચે દક્ષિણ–ઉત્તરદિશામાં સમાન માપવાળા ૩–સનત્કુમાર અને ૪–માહેન્દ્ર નામના બે સુંદર દેવલોક છે (૪૪). (સમભૂતલાથી સાડા ત્રણ રાજ) ઉપર ઊર્ધ્વલોકની મધ્યમાં ૫–બ્રહ્મલોક છે, ત્યાંથી (અડધો રાજ) ઉપર ૬–લાન્તક, અને (અડધો રાજ) ઉપર ૭–મહાશુક્ર નામનો દેવલોક છે (૪૫). (સમભૂતલાથી) પાંચ રાજ ઉંચો ૮–સહસ્રાર અને (ત્યાંથી અડધો રાજ) ઉપર ચન્દ્રના જેવો ગોળ ૯–આણત અને ૧૦ પ્રાણતનામનો દેવલોક છે, તે બેનો ઇન્દ્ર એક જ છે (૪૬). છ રાજ ઉંચે એક જ ઇન્દ્રના અધિકારવાળા ૧૧–આરણ અને ૧૨–અચ્યુત નામના બે દેવલોક ચન્દ્રની જેમ ગોળાકાર છે, એમ કુલ કલ્પ (એટલે આચારવાળા દેવલોક)

---

૨૫૬–પૂર્વના (અંદરના) અનન્તર દ્વીપ કે સમુદ્રગત ચન્દ્રોની કે સૂર્યોની સંખ્યાને ત્રણે ગુણી તેમાં, તે અનન્તર દ્વીપ કે સમુદ્ર સિવાયના શેષ અંદરના દ્વીપ–સમુદ્રોના ચંદ્રો કે સૂર્યોની સંખ્યા મેળવવાથી ઇષ્ટ દ્વીપ કે સમુદ્રના ચન્દ્ર કે સૂર્યની સંખ્યા આવે. આ મત શ્રીચન્દ્રમહત્તરાચાર્યકૃત બૃહત્સંગ્રહણીમાં ગા. ૭૯ માં છે, લઘુક્ષેત્રસમાસમાં પણ એ જ ઉપાય જણાવ્યો છે, એમ છતાં ઉક્ત સંગ્રહણીની ગા. ૮૩ થી ૮૫ માં આ વિષયમાં દિગમ્બરીય મત તથા અન્ય મત પણ શું કહે છે તે જણાવેલું છે, તે વિસ્તૃત અને ચર્ચાત્મક હોવાથી અહીં આપ્યું નથી, વિશેષાર્થીએ ત્યાંથી જોઇ લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાર કહ્યા છે (૪૭). એ બારકલ્પની ઉપર એક રાજમાં ત્રણ નીચેની, ત્રણ મધ્યની અને ત્રણ ઉપરની, એમ (ક્રમશઃ એક એકની ઉપર) કુલ નવ ગ્રૈવયકો (કલ્પાતીત અહમિન્દ્રદેવોનાં સ્થાનો) છે (૪૮). તેની ઉપર પાંચ અનુત્તર (છેલ્લાં–શ્રેષ્ઠતમ) વિમાનો છે, તે અનુક્રમે પૂર્વમાં વિજય, દક્ષિણમાં વૈજયન્ત, પશ્ચિમમાં જયન્ત, ઉત્તરમાં અપરાજિત અને મધ્યમાં સર્વથી ઉત્તમ સર્વાર્થસિદ્ધ નામનું વિમાન કહેલું છે (૪૯–૫૦). ક્રમશઃ સૌધર્મથી આરંભીને યાવત્ સર્વાર્થસિદ્ધવિમાનવાસી દેવોનું આયુષ્ય, પ્રભાવ, લેશ્યા, અવધિજ્ઞાનની વિશુદ્ધિ, દેહકાન્તિ અને સુખ, વિગેરે ઉત્તરોત્તર અધિક હોય છે (૫૧) અને ઉપર ઉપરના દેવોનું શરીરમાન, ગતિ (શીઘ્રતા), ગર્વ અને પરિગ્રહ, વિગેરે ક્રમશઃ હીન હીનતર હોય છે (૫૨). પહેલા બે કલ્પોનાં વિમાનો ઘનોદધિના આધારે, ત્રીજા–ચોથા–પાંચમાનાં ઘનવાત(વાયુ)ના આધારે, તેથી ઉપર ત્રણ દેવલોકનાં વાયુ અને ઘનોદધિના આધારે અને (૫૩) તેની ઉપરના પ્રત્યેક દેવલોકનાં વિમાનો કેવળ આકાશમાં (નિરાધાર) રહેલાં છે. એ ઊર્ધ્વલોકના વિમાનોનો આધાર કહ્યો (૫૪). સર્વાર્થસિદ્ધવિમાનથી બાર યોજન ઉંચે હીમ જેવી ઉજ્વળ, ૪૫ લાખ યોજન લાંબી–પહોળી (મનુષ્ય લોકના જેટલી ગોળ), મધ્યમાં આઠ યોજન જાડી, (અંતે માખીની પાંખ જેટલી સૂક્ષ્મ,) શુદ્ધસ્ફટિકની નિર્મળ 'ઇષત્–પ્રાગ્ભારા' નામની જૈનશાસ્ત્રપ્રસિદ્ધ સિદ્ધશિલા છે, (અજૈનો તેને જાણતા પણ નથી) (૫૫–૫૬). તેની ઉપર ત્રણ ગાઉ પછી ચોથા ગાઉના છઠ્ઠા ભાગમાં સર્વરોગરહિત સિદ્ધો(ના આત્માઓ) રહેલા છે (૫૭). તે સિદ્ધો સદાય અનન્ત વિજ્ઞાન, અનન્ત સુખ, અનન્ત વીર્ય, સદ્(અનન્ત) દર્શનવાળા, શાશ્વત અને લોકના ઉપરના છેડાને સ્પર્શીને પરસ્પર અવગાહના કરીને રહેલા છે (૫૮). આવા લોકસ્વરૂપને વિચારતાં ભવ્યજીવનું મન સંસારના કારણભૂત વિષયોમાં જતું નથી, અન્યાન્ય પદાર્થોના ચિન્તનથી પ્રગટતા જ્ઞાનમાં મસ્ત બનીને ધર્મધ્યાનમાં અતિસ્થિર થાય છે.[૨૫૭]

**૧૧–બોધિદુર્લભભાવના**–અનંતા પુદ્ગલપરાવર્તો સુધી નિગોદાદિ યોનિઓમાં જન્મ–મરણ વિગેરેનાં દુઃખોને ભોગવતાં પ્રાણીને (કર્મોની લઘુતારૂપ) પુણ્યથી સ્થાવરપણું મટીને ત્રસપણું અને એ નિર્જરારૂપ પુણ્યની વૃદ્ધિ થતાં કોઇવાર પઞ્ચેન્દ્રિય તિર્યઞ્ચપણું પણ મળે છે (૧). પુનઃ કર્મોનો હ્રાસ થવાથી મનુષ્યપણું, કોઇવાર આર્યદેશ, તેમાં ય કોઇવાર ઉત્તમજાતિ(કુળ)માં

૨૫૭–લોકના સ્વરૂપને વિચારવા માટે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ ચાર પ્રકારો કહ્યા છે, લોકાકાશમાં રહેલાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો દ્રવ્ય, ગુણ અને પર્યાયની અપેક્ષાપૂર્વક વિચાર કરવાથી તે તે દ્રવ્યોના સ્વરૂપનો યથાર્થ બોધ થાય છે, એ દ્રવ્યોનો તે તે ક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરવાથી લોક–અલોક રૂપ ક્ષેત્રનો કે ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોકનો બોધ થાય છે, તેનો પણ ઉત્સર્પિણી અવસર્પિણી વિગેરે કાળની અપેક્ષાએ વિચાર કરતાં વ્યવહારકાળનો તથા વસ્તુના ત્રૈકાલિક પર્યાયોનો વિચાર કરતાં નિશ્ચયકાળનો બોધ થાય છે અને એ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળના બોધને પામીને જીવમાં પ્રગટતા તે તે ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિક, કે ઔદયિક અને પારિણામિક ભાવોનો વિચાર કરતાં જીવદ્રવ્યનું યથાર્થ જ્ઞાન થાય છે. આવું આત્મજ્ઞાન થવાથી જીવને કર્મોની વિશિષ્ટ નિર્જરા થાય છે અને પરિણામે મોક્ષ પણ થાય છે. એમ જિનકથિત લોકના સ્વરૂપમાં યથાર્થતાનું ભાન થતાં અતિ–ન્દ્રિય એવા મોક્ષમાર્ગમાં પણ જીવને વિશ્વાસ પ્રગટે છે અને તેથી તેમાં તે પ્રયત્ન કરવા માંડે છે. અર્થાત્ લોકસ્વરૂપભાવનાના બળે પરભાવમાંથી મુક્ત થઇ આત્મા સ્વભાવમાં સ્થિર થઇ શકે છે, ઈત્યાદિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ, તેમાં પણ પાંચ ઇન્દ્રિઓની પટુતાવાળું શરીર અને દીર્ઘઆયુષ્ય પણ પ્રાપ્ત થાય છે (૨). તેનાથી પણ વિશેષ પુણ્યનો યોગ (કર્મોની લઘુતા) થતાં શાસ્ત્રોમાં શ્રદ્ધા તથા ઉપદેશક ગુરૂનો અને ધર્મશ્રવણનો યોગ પણ જીવને પ્રાપ્ત થાય છે, કિન્તુ તત્ત્વના નિશ્ચયરૂપ સમકિત રત્ન પ્રગટ થવું અતીવ દુર્લભ છે (૩). વધારે શું ? "રાજ્ય, ચક્રીપણું, કે ઇન્દ્રપણું જેટલું દુર્લભ નથી તેટલું જિનેશ્વરોના વચનમાં યથાર્થપણાની શ્રદ્ધારૂપ બોધિ (સમકિત) દુર્લભ છે" (૪). આજ સુધી ભવભ્રમણ ચાલુ દેખાય છે, માટે (વ્યવહારનયથી) સમજાય તેવું છે કે સર્વ જીવોએ સર્વ સંયોગો (ભાવો-અવસ્થાઓ) પૂર્વે અનન્તીવાર પ્રાપ્ત કરેલા છે, માત્ર એક સમકિત (કે તેથી પ્રગટતું આત્મિક સુખ) એને કદી પ્રાપ્ત થયું નથી[૨૫૮](૫). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લો-૧૦૭ થી ૧૦૯, આન્તરશ્લો.૧-૨).

૧૨-**ધર્મકથનની સુંદરતા**-શ્રીજિનેશ્વર ભગવંતોએ આ એવો સુંદર ધર્મ કહ્યો છે કે જેનો આશ્રય લેનારો આત્મા નિશ્ચે ભવસમુદ્રમાં ભમતો નથી (૧). એ કથનની સુંદરતા એ કારણથી છે કે-તેઓએ ૧-સંયમ, ૨-સત્ય, ૩-શૌચ, ૪-બ્રહ્મચર્ય, ૫-અપરિગ્રહ, ૬-તપ, ૭-ક્ષમા, ૮-માર્દવ, ૯-ઋજુતા અને ૧૦-સંતોષ, એમ દશ પ્રકારનો ધર્મ કહેલો છે (૨). (યોગશાસ્ત્ર પ્ર૦ ૪, શ્લોક૦ ૯૨-૯૩). અહીં એ ભાવ છે કે ઉપર પ્રમાણે સંયમ વિગેરે દશ પ્રકારનો (સુન્દર) ધર્મ શ્રીજિનેશ્વરોએ કહેલો હોવાથી તેઓ સુન્દર ધર્મના કહેનારા છે, તેઓએ કહેલો 'દશવિધધર્મ ગુણસ્વરૂપ (અને આત્માને ઉત્તમગુણોની પ્રાપ્તિ કરાવે તેવો) છે' ઇત્યાદિ ધર્મની સ્તુતિ કરવાથી તે દ્વારા તેના પ્રરૂપક શ્રીઅરિહંત ભગવંતોની વિશિષ્ટતાનું જ્ઞાન થાય છે, તેઓની શુદ્ધ ઓળખાણ થાય છે અને આવો ઉત્તમ ધર્મ કહેનારા હોવાથી 'તેઓ ખરેખરા અરિહંત છે' એવો દૃઢ સદ્ભાવ આત્મામાં પ્રગટે છે. એ જ આ ભાવનાનું મોટું ફળ

---

૨૫૮-જગતમાં જીવને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને મોક્ષ જેવા ભાવો અતિ દુર્લભ છે, તેમ છતાં બોધિની દુર્લભતા એ સર્વથી વધી જાય છે. જ્ઞાન, ચારિત્ર અને મોક્ષ પણ ત્યાં સુધી જ દુર્લભ છે કે બોધિની પ્રાપ્તિ ન થઈ હોય, બોધિ પ્રાપ્ત થયા પછી તો ચારિત્ર પણ દુર્લભ નથી અને મોક્ષ પણ દુર્લભ નથી, માત્ર અડધા પુદ્ગલપરાવર્તમાં તો અવશ્ય મોક્ષ થાય છે. અનંત પુદ્ગલપરાવર્તો સુધી જન્મ-મરણાદિ કલેશો સહવા છતાં, અનંતી વાર યથાપ્રવૃત્તિકરણદ્વારા કર્મોની સ્થિતિ હળવી કરવા છતાં કોઈક જીવને કોઈ વાર જ બોધિબીજ પ્રાપ્ત થાય છે, માટે વસ્તુતઃ તે અતીવ દુર્લભ છે. જીવને અનંતીવાર માનવ ભવ, આર્યદેશ વિગેરે સામગ્રી મળવા છતાં અને તત્ત્વનો ઉપદેશ કરનારા જ્ઞાનીઓનો યોગ મળવા છતાં, તત્ત્વોમાં વિશ્વાસરૂપ બોધિ આજ સુધી પ્રગટ્યું જ નહિ માટે તેની રખડપટ્ટી ચાલુ રહી છે. બોધિરૂપ તત્વોનો વિશ્વાસ પ્રગટવામાં 'કુશાસ્ત્રોનું શ્રવણ-વાંચન, મિથ્યાદૃષ્ટિઓનો સહ્વાસ, અનાદિ વિષય કષાયોની વાસના અને તેની સેવારૂપ પ્રમાદ' વિગેરે અનેક વિઘ્નો નડે છે, બોધિ વિના પણ જીવ ક્રોડપૂર્વવર્ષ સુધી ચારિત્ર પાળી શકે છે, છતાં તે સફળ થતું નથી. ભલે, ચક્રવર્તીની રિદ્ધિ મળી હોય પણ બોધિ વિના જીવ તે રિદ્ધિનો દાસ બનવાથી રંક-ભીખારીની દશાને અનુભવે છે, એથી વિપરીત ભીખારી છતાં જેને બોધિની પ્રાપ્તિ થઈ હોય છે તે ચક્રવર્તી કરતાં ય વિશિષ્ટ આનંદ અનુભવે છે. વધારે શું ? વસ્તુતઃ લૌકિક કે લોકોત્તર કોઈ પણ પ્રકારના સુખનો સાચો આનંદ બોધિ વિના થતો જ નથી. માટે દુર્લભતમ એવું બોધિરત્ન મેળવવા માટે આ ભાવનાનું સતત ચિંતન કરવું જોઇએ, એના સતત ચિંતનથી દુર્લભ પણ બોધિ સુલભ બને છે, એ રીતે આ ભાવના અતિ ઉપકારક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[૨૫૯] એથી (આ દશવિધ ધર્મને અને તેના પ્રરૂપક શ્રીઅરિહંતોને જાણ્યા પછી) હિંસામાં હેતુભૂત અને પરસ્પર વિરૂદ્ધ એવા વિચિત્ર ધર્મોનો સ્વેચ્છાએ ઉપદેશ કરનારા અન્યદર્શનીઓના સદ્ગતિના વિરોધી બીજા સકળ ધર્મોમાં સુંદરતા કેમ ઘટે? અર્થાત્ ન ઘટે એમ સમજાય છે (૩-૪). તેઓનાં શાસ્ત્રોમાં પણ કોઈ કોઈ વચનોમાં દયા, સત્ય, વિગેરેનું નિરૂપણ દેખાય છે તેને

૨૫૯–શ્રી જિનેશ્વરોએ કહેલો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ ચારિત્ર ધર્મ, અથવા દાન, શિયળ, તપ અને ભાવરૂપ ધર્મ, કે ક્ષમા વિગેરે દશ પ્રકારનો ધર્મ જે આત્માને સ્પર્શ કરે છે તેને કલ્પવૃક્ષ, ચિન્તામણીરત્ન, કે કામધેનુ જેવા દેવાધિષ્ઠિત પદાર્થો વિના માગે ઇષ્ટ વૈભવ આપે છે અને અધર્મીને તો તે જોવા પણ મળતા નથી. અતિવત્સલ એવો ધર્મ અપાર એવા દુઃખસમુદ્રમાં પડતા જીવનું સદા રક્ષણ કરે છે. અગ્નિ તિર્છી ન ફેલાતાં ઉંચે જાય છે અને પવન ઉંચે નહિ જતાં તિર્છો વાય છે, તે ધર્મનો જ એક પ્રભાવ છે. સમસ્ત વસ્તુના આધારભૂત પૃથ્વી પણ નિરાધાર ટકી રહી છે અને જગતના ઉપકાર માટે ચન્દ્ર-સૂર્ય વિગેરે નિયમિત ઉદય પામે છે, એ સર્વ ધર્મનો જ મહિમા છે. વધારે શું? આખા જગતનું હિત કરનારો ધર્મ એ જ અનાથનો નાથ છે, મિત્ર ન હોય તેનો મિત્ર છે અને ભાઇના અભાવમાં સાચો ભાઇ છે. એ ધર્મનું શરણ સ્વીકારનારને રાક્ષસ, ભૂત, પ્રેત, સર્પ, વાઘ, અગ્નિ, ઝેર, કે એવા કોઇપણ ઉપદ્રવો નડતા નથી. પાપીમાં પાપીને પણ ધર્મ બચાવે છે અને નિરૂપમ એવું સર્વજ્ઞપણાનું સુખ આપે છે. આવો જીવ માત્રનું એકાન્તે હિત કરનારો ધર્મ મિથ્યાદૃષ્ટિ જીવોને સ્વપ્નમાં પણ પ્રાપ્ત થતો નથી. વેદની ઋચાઓથી માત્ર કણ્ઠશોષણ કરનારા વેદાન્તીઓને, ગોમેધ, અશ્વમેધ, નરમેધ, આદિ યજ્ઞોમાં ધર્મ મનાવનારા યાજ્ઞિકોને, પરસ્પર વિરૂદ્ધ અને અશ્રદ્ધેય વર્ણનને કરનારા પુરાણીઓને અને વિવિધ યુક્તિઓથી પરદ્રવ્યને લેવામાં તત્પર તથા માટી અને પાણી વિગેરેથી આત્માનું શૌચ ઇચ્છતા સ્માર્ત્ત વિગેરેને આ ઉત્તમ ધર્મનું સ્વરૂપ સમજાતું નથી. કારણ કે તેઓનાં શાસ્ત્રો હિંસા, અસત્ય, અનીતિ અને પરિગ્રહ આદિનાં પોષક છે. એ રીતે રજસ્વલા ધર્મ પૂર્વે જ કન્યાને પરણાવવામાં ધર્મ માનનારા મૈથુનના પ્રરૂપક બ્રાહ્મણો તો બ્રહ્મચર્યનો અપલાપ કરનારા છે, અર્થને માટે પ્રાણને પણ છોડનારા અને ધર્મને નામે યજમાનનું સર્વ ધન લુંટનારા છે, તેઓને આ ધર્મ કેમ પ્રાપ્ત થાય? રાત્રી કે દિવસનો વિચાર કર્યા વિના ઇચ્છાનુસાર ખાનારા ભક્ષ્યાભક્ષ્યના વિવેક વિનાના સૌગતો (બૌદ્ધો) પણ આ ધર્મથી વઞ્ચિત છે, વળી સ્વલ્પ પણ અપરાધ થતાં ભક્તને શાપ આપનારા લૌકિક ઋષિઓને તો ક્ષમાનો પણ લેશ નથી, જાત્યાદિ મદથી ગર્વિત બનેલા ચારઆશ્રમમાં ધર્મને માનનારાઓને નમ્રતાનો લેશ નથી, દંભથી જીવનારા અને બહારથી ધર્મીનો દેખાવ કરનારા પાખંડિઓને આર્જવતાનો લેશ નથી, અને સ્ત્રી-ઘર-પુત્ર પરિવારરૂપ પરિગ્રહથી ભારેખમ બનેલા ઘરબારી ગુરૂઓને તો સંતોષનો લેશ પણ નથી, એમ સર્વ મિથ્યાદૃષ્ટિઓ દોષમાં ડૂબેલા હોવાથી જિનકથિત ધર્મ તેઓને પ્રાપ્ત થયો જ નથી. રાગ-દ્વેષ અને મોહથી રહિત હોવાથી શ્રી જિનેશ્વરદેવ જ આવા ઉત્તમ ધર્મનો ઉપદેશ આપી શકે એ સ્પષ્ટ સમજાય તેવું સત્ય છે. જેઓ રાગ-દ્વેષ કે મોહથી મુંઝાએલા હોય તેઓ કદાપિ સત્ય વસ્તુને પામી શકતા નથી અને બીજાને સત્ય વસ્તુ દર્શાવી શકતા પણ નથી. ઈત્યાદિ ધર્મની સુંદરતાનો વિચાર કરવાથી તેના પ્રરૂપક શ્રી અરિહંત દેવો પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટે છે, ઉપકારી એવા તેઓની સાથે આત્મા સેવકવૃત્તિથી સંબંધ બાંધે છે અને તેઓની પ્રત્યેક આજ્ઞાનું પાલન કરવામાં કૃતાર્થતાનો અનુભવ કરે છે. એમ આ ભાવનાના ચિન્તનથી શ્રીઅરિહંતાદિ પઞ્ચપરમેષ્ઠિઓની સાથે સંબંધ બંધાતાં સંસારના સર્વ ક્લેશો ક્ષય પામે છે અને અરિહંતાદિની અનંત શક્તિઓનો સાથ મળવાથી જીવ જિનાજ્ઞાનું નિરતિચાર પાલન કરીને સંસારથી પાર ઉતરે છે, એમ આ ભાવના શ્રીઅરિહંતાદિ પરમેષ્ઠિઓના ઉપકારોને ઓળખાવી તેઓ પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડાહ્યા પુરૂષોએ માત્ર વચન વિલાસ સમજવો, કારણ કે-તત્ત્વથી તેઓએ કહેલાં દયા-સત્ય વિગેરે કોઈ સાચાં નથી (૫). જીવને અતિશય ઉદ્દામ અને મદોન્મત્ત હાથીઓની સમ્પત્તિવાળું સામ્રાજ્ય (રાજ્ય) મળે છે, સઘળાઓને હર્ષ થાય તેવો વૈભવ મળે છે, પૂર્ણિમાના ચંદ્ર જેવા નિર્મળ ગુણો પ્રાપ્ત થાય છે અને સર્વશ્રેષ્ઠ અસામાન્ય સૌભાગ્ય ખીલે છે તે સઘળી ય આ શ્રીજિનકથિત ધર્મની જ લીલા છે, અર્થાત્ એ સઘળું જિનકથિત ધર્મથી જ મળે છે (૬). પાણીના મોટા તરઙ્ગોની પરમ્પરાવાળો (ખળભળેલો) સમુદ્ર પૃથ્વી ઉપર રેલાતો નથી, વરસાદ પાણીને વરસીને સર્વ પૃથ્વીને તૃપ્ત કરે (ભીંજાવે) છે અને હંમેશાં અન્ધકારનો નાશ કરવા ચન્દ્ર-સૂર્ય જગતમાં ઉદય પામે છે, તે સઘળો ય નિશ્ચે જિનકથિત ધર્મની જ એક પ્રતિભાનો વિજય છે (૭). 'શ્રીઅરિહંત દેવોએ ધર્મને જણાવ્યો છે માટે તે સત્ય છે' એમ સમજીને બુદ્ધિમાન મનુષ્ય સર્વ સમ્પત્તિ-કારક (દુઃખનિવારક) ધર્મમાં અત્યન્ત દૃઢ (સ્થિર) થાય છે, (અર્થાત્ ધર્મમાં દૃઢ થાય તે જ બુદ્ધિમાન ગણાય છે.) એ આ ભાવનાનું ફળ છે. (૮). એ પ્રમાણે બાર ભાવનાઓ જણાવી.[૨૬૦]

૨૬૦-'મૈત્રી' આદિ ચાર ભાવનાઓ ધર્મધ્યાનની પુષ્ટિ માટે રસાયણ તુલ્ય છે, એ ચાર ભાવનાઓ જીવને વ્યવહાર(પ્રવૃત્તિ)ધર્મ માટે પ્રેરક છે અને અહીં કહેલી બાર ભાવનાઓ નિશ્ચય (નિવૃત્તિ) ધર્મની પ્રેરક છે. શાસ્ત્રકારોએ સંસારને સમુદ્રની ઉપમા આપી છે, ધર્મને પ્રવહણની ઉપમા આપી છે અને જીવને તરવાનું કાર્ય સાધવાનું છે, તે અર્થમાં જેમ સમુદ્રમાં પાણીના આલમ્બનથી પ્રવહણને ચલાવી શકાય છે અને સમુદ્રનો પાર પામી શકાય છે, તેમ અહીં પણ તે તે મૈત્રી આદિ ભાવનાઓના આલમ્બનથી ધર્મરૂપ પ્રવહણને ચલાવી શકાય છે, (વ્યવહાર ધર્મને કરી શકાય છે) જેમ સમુદ્રમાં પ્રવહણ ચલાવવા છતાં જળ અને પ્રવહણ બેનો માત્ર આધાર (આલમ્બન) જ અપેક્ષિત છે, લક્ષ્ય તો પાર ઉતરવાનું હોય છે, ડૂબી ન જવાય તેની સતત કાળજી રાખવાની હોય છે, તેમ સંસારના તે તે અનિત્યાદિ ભાવો કે તેના આલમ્બનથી કરાતો વ્યવહારધર્મ એક આધાર (આલમ્બન)રૂપે જ અપેક્ષિત છે, ધ્યેય તો પાર ઉતરવાનું અર્થાત્ નિશ્ચય (નિવૃત્તિ) ધર્મનું રાખવાનું છે, વ્યવહારિક પ્રવૃત્તિમાં બંધાઇને જીવ સંસારમાં ગુંથાઇ (ગુંચવાઇ) ન જાય તે માટે સતત કાળજી રાખવાની છે. આ નિશ્ચય (નિવૃત્તિ) ધર્મનું ધ્યેય બાર ભાવનાઓ દ્વારા કેળવી શકાય છે, માટે તેની મહત્તા મૈત્રી આદિ ચાર ભાવનાઓ કરતાં અનોખી અને સ્વતંત્ર છે. આ બાર ભાવનાઓના બળ વિના નિવૃત્તિને સાધવી શકય નથી, માટે તેનું ચિન્તન સતત કરવું જોઇએ. જે પાણીથી (પાણીના આલમ્બનથી) પાર ઉતરાય છે તે જ પાણી ડૂબવામાં પણ કારણ બને છે, તેમ અહીં જે જે બાહ્ય ભાવોના (સાધનોના) આલમ્બનથી સંસારનો પાર પામી શકાય છે તે જ ભાવો સંસારમાં ડૂબાવે (ભમાવે) પણ છે, માટે કહ્યું પણ છે કે-'જે આશ્રવો છે તે જ જ્ઞાનીને પરિશ્રવો છે અને જે પરિશ્રવો છે તે જ અજ્ઞાનીને આશ્રવો છે' અર્થાત્ કર્મબન્ધનાં સાધનો પણ જ્ઞાનીને-વૈરાગીને કર્મનિર્જરાનાં સાધનો બને છે અને કર્મનિર્જરાનાં સાધનો પણ અજ્ઞાનીને-રાગીને કર્મબન્ધનાં સાધનો બને છે. આ ઉપદેશ વાકયનું રહસ્ય વિચારી તેના ફળસ્વરૂપે સંસારના સર્વ ભાવોને કર્મનિર્જરાનું સાધન બનાવવા માટે આ ભાવનાઓ અતિ ઉપકારી છે. એ હકિકત બારે ભાવનાઓના અહીં કહેલા માત્ર ટૂંકા સ્વરૂપને વિચારવાથી પણ સ્પષ્ટ સમજાય તેવી છે. પ્રવૃત્તિધર્મની સફળતા નિવૃત્તિ ધર્મની સિદ્ધિ ઉપર છે. વ્યવહારો ભલે લૌકિક હોય કે લોકોત્તર, જેનાથી નિવૃત્તિધર્મની સિદ્ધિ થાય, જીવની બાહ્ય તૃષ્ણાઓ મટતી જાય, દૃષ્ટિ અન્તર્મુખી બને, તે તે ધર્મવ્યવહારો શુદ્ધ મનાય છે અને જેનાથી આત્મામાં બાહ્ય તૃષ્ણા વધે છે, પ્રવૃત્તિનો રસ વધતો જાય છે, કે દૃષ્ટિ બહીર્મુખી બને છે તે અશુદ્ધ વ્યવહારો અધર્મરૂપ મનાય છે. માટે સર્વ વ્યવહારો કરવા છતાં જીવને તેની તૃષ્ણાની શાન્તિ કરાવનારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાર પ્રતિમાઓ**–પ્રતિમાઓ એટલે ભિન્ન ભિન્ન પ્રકારના અભિગ્રહોરૂપ પ્રતિજ્ઞાઓ સમજવી. તે ૧–એક મહિનાની, ૨–બે મહિનાની, ૩–ત્રણ માસની, ૪–ચાર માસની, ૫–પાંચ માસની, ૬–છ માસની, ૭–સાત માસની, ૮–પહેલા સાત અહોરાત્રની, ૯–બીજા સાત અહોરાત્રની, ૧૦–ત્રીજા સાત અહોરાત્રની, ૧૧–એક અહોરાત્રની અને ૧૨–એક રાત્રિની, એમ બાર છે. કહ્યું છે કે–

" मासाइसत्तंता, पढमाबिइतइअसत्तराइदिणा ।
अहराइ एगराई, भिक्खूपडिमाण बारसगं ॥" प्रतिमापञ्चा० ३ ॥

**ભાવાર્થ**–એકમાસિકી વિગેરે સાતમાસિકી સુધી સાત, પછી પહેલી બીજી ત્રીજી સાત સાત અહોરાત્રની, એક અહોરાત્રની અને એક રાત્રિની, એમ સાધુઓની પડિમાઓ બાર છે.

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–પ્રતિમા અઙ્ગીકાર કરવા ઇચ્છતો સાધુ પ્રથમ જિનકલ્પિક સાધુની જેમ ગચ્છમાં રહીને જ (પ્રતિમા પાલનના સામર્થ્ય માટે) પાંચ પ્રકારની તુલના કરે અને એ રીતે યોગ્યતા પ્રગટાવીને પ્રતિમાઓને અઙ્ગીકાર કરે. તે આ પ્રમાણે—

" पडिवज्जइ एयाओ, संघयणधिइजुओ महासत्तो ।
पडिमाउ भाविअप्पा, सम्मं गुरुणा अणुण्णाओ ॥४॥
गच्छे च्चिय निम्माओ, जा पुव्वा दस भवे असंपुण्णा ।
णवमस्स तइअवत्थू, होइ जहण्णो सुयाहिगमो ॥५॥" (प्रतिमापञ्चाशक)[२६१]

**ભાવાર્થ**–પ્રથમનાં ત્રણ સંઘયણવાળો, ચિત્તની સ્વસ્થતા(સ્થિરતા)રૂપ ધૈર્યવાળો અને મહાસાત્ત્વિક, સદ્ભાવનાથી ભાવિતચિત્તવાળો, (અથવા પ્રતિમાની ક્રિયાનો અભ્યાસ કરીને યોગ્ય બનેલો), એવો મુનિ શાસ્ત્રવિધિ પ્રમાણે ગુરૂની આજ્ઞા મેળવીને આ પ્રતિમાઓને અઙ્ગીકાર કરે. (૪) તે ગચ્છમાં રહીને જ પ્રતિમાઓના અભ્યાસ માટે આહાર, ઉપધિ, વિગેરેના પરિકર્મમાં પારંગામી (કુશળ–યોગ્ય) થએલો હોય. પરિકર્મનું પ્રમાણ આ પ્રમાણે છે–માસિકી, દ્વિમાસિકી, વિગેરે સાતમાં જેનું જેટલું કાળમાન કહ્યું તે તે પ્રતિમાનું પરિકર્મ પણ તેટલા કાળ સુધી કરવાનું હોય છે, તેમાં પણ આ પ્રતિમાઓનો સ્વીકાર અને તેનું પરિકર્મ વર્ષાકાળે કરી શકાતું નથી. એ રીતે (પરિકર્મ સાથે પહેલી બેમાં છ મહિના લાગે, તેથી) પહેલી બે એક જ

---

આ ભાવનાઓનું સ્થાન અનોખું છે. કોઇ પણ અનુષ્ઠાન ત્યારે જ ધર્મઅનુષ્ઠાનરૂપે આત્માને ઉપકાર કરે છે કે જયારે તેના પ્રાણભૂત આ ભાવનાઓનું બળ આત્મામાં જીવંત હોય ! આ કારણે જ આ ભાવનાઓનાજ એક સ્વરૂપને દર્શાવતા 'ભવભાવના' જેવા અનેક ગ્રન્થો જૈન સાહિત્યમાં રચાએલા ઉપલબ્ધ થાય છે. એમ કહી શકાય કે દરેક ધર્માનુષ્ઠાનોના પ્રાણભૂત (ધર્મના એક અઙ્ગભૂત) ભાવધર્મની સાધના માટે આ બાર ભાવનાઓ અતીવ ઉપકારી છે. એમ છતાં પદાર્થની અનિત્યતા વિગેરેનું એકાન્ત લક્ષ્ય બંધાઇ જાય અને એના પરિણામે મૈત્રી આદિ વ્યવહારો છૂટી જાય તે પણ એકાન્તવાદરૂપે હાનિકર છે, માટે સ્વસ્વપ્રાપ્ત સંયોગાદિના અનુસારે મૈત્રી આદિ વ્યવહારો કરનારને અનિત્યતાદિનું જ્ઞાન ઉપકાર કરે છે.

૨૬૧–ધર્મસઙ્ગ્રહની મૂળ પ્રતમાં ગાથાઓ છે તેને અનુસરતી થોડા પાઠભેદવાળી ગાથાઓ આવશ્યકમાં પ્રતિક્રમણ અધ્યયનની નિર્યુક્તિમાં મળે છે, તો પણ પ્રતિમાપઞ્ચાશકની ગાથાઓ શુદ્ધ જણાયાથી તે અહીં લીધી છે, તેનો ધર્મસઙ્ગ્રહની ગાથાઓ સાથે કોઇ કોઇ પાઠ ભેદ છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

વર્ષમાં, ત્રીજી ચોથી એક એક વર્ષમાં અને પાંચમી-છઠ્ઠી-સાતમી ત્રણ (એક વર્ષે પરિકર્મ અને બીજા વર્ષે પ્રતિમાપાલન, એમ) બે બે વર્ષમાં પૂર્ણ થાય. એ રીતે કરવાથી કુલ નવ વર્ષમાં પહેલી સાત પ્રતિમાઓ પૂર્ણ થાય. આ પ્રતિમાઓ સ્વીકારનાર ઉત્કૃષ્ટથી દશપૂર્વથી ન્યૂન અને જઘન્યથી નવમા પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધીના શ્રુતજ્ઞાનવાળો (ભણેલો) હોય, (એથી ન્યૂન જ્ઞાનવાળાને કાળ વિગેરેનું જ્ઞાન થઈ શકે નહિ તેથી અને સમ્પૂર્ણ દશપૂર્વધરનું વચન અમોઘ હોવાથી સઙ્ઘને વિશેષ ઉપકાર થતો અટકે, વિગેરે શાસનપ્રભાવનારૂપ મોટા લાભનું તે કારણ હોવાથી તેઓને પ્રતિમાદિ સ્વીકારવાનો નિષેધ છે, તેથી તે પ્રતિમા સ્વીકારી શકે નહિ). વળી-

"वोसट्ठचत्तदेहो, उवसग्गसहो जहेव जिणकप्पी ।
एसण अभिग्गहीआ, भत्तं च अलेवयं तस्स ॥६॥" (प्रतिमापञ्चाशक)

**ભાવાર્થ**-પ્રતિમાધારી સાધુ મમતાજન્ય શરીરનું પરિકર્મ તજવાથી શરીરનો (પરિચર્યાનો) ત્યાગી અને જિનકલ્પિકની જેમ દૈવી વિગેરે ઉપસર્ગોને સહન કરવામાં સમર્થ હોય, એક દિવસમાં સંસૃષ્ટાદિ (પૂર્વે કહી તે) સાત એષણાઓ પૈકી છેલ્લી પાંચમાંથી એક એષણાથી આહાર અને એકથી પાણી લેનારો, તેમાં પણ(પૂર્વે કહ્યા તેવો) અલેપકર આહાર લેનારો હોય. વળી-

"गच्छा विणिक्खमित्ता, पडिवज्जे मासिअं महापडिमं ।
दत्तेगभोयणस्सा, पाणस्सवि एग जा मासं ॥७॥
पच्छा गच्छमईइ, एवं दुमासि तिमासि जा सत्त ।
णवरं दत्तिविवड्ढी, जा सत्त उ सत्तमासीए ॥१३॥
तत्तो य अट्ठमी खलु, हवइ इहं पढमसत्तराइंदी ।
तीए चउत्थचउत्थेणऽपाणएणं अह विसेसो ॥१४॥" (प्रतिमापञ्चाशक)

**ભાવાર્થ**-ગચ્છથી નીકળીને પહેલી એક મહિનાની મહાપ્રતિમાને સ્વીકારે, તેમાં એક મહિનો પૂર્ણ થતાં સુધી પ્રતિદિન આહારની અને પાણીની એક એક દત્તિ લે. (૭) તે પૂર્ણ થતાં પુનઃ ગચ્છમાં આવે, (બીજીનું પરિકર્મ કરીને બીજી સ્વીકારે,) એમ દ્વિમાસિકી, ત્રણ-માસિકી, યાવત્ સાતમાસિકી પ્રતિમાને સ્વીકારે. માત્ર ઉત્તર ઉત્તર પ્રતિમામાં એક એક દત્તિ આહાર અને પાણીની વધે, યાવત્ સાતમાસિકી પ્રતિમામાં આહારની અને પાણીની સાત સાત દત્તિઓ લે. (દરેક પ્રતિમા પૂર્ણ થતાં ગચ્છમાં આવીને ઉત્તરપ્રતિમાનું પરિકર્મ કરીને પછી તેનો સ્વીકાર કરે, એ ક્રમથી સાત પૂર્ણ કરે) (૧૩). તે પછી પહેલા સાતઅહોરાત્રની આઠમી પ્રતિમા સ્વીકારે, તેમાં ચોથભક્તનો (એકાન્તર ઉપવાસનો) ચઉવ્વિહારો તપ કરે, અર્થાત્ ઉપવાસમાં પાણી પણ લે નહિ અને પારણે પણ (ઠામચોવિહાર) આયંબિલ કરે, આઠમી પ્રતિમામાં દત્તિઓનો નિયમ નથી. વળી—

"उत्ताणगपासल्ली, णेसज्जी वावि ठाणगं ठाउं ।
सह उवसग्गे घोरे, दिव्वाई तत्थ अविकंपो ॥" प्रतिमापञ्चा० १५॥

**ભાવાર્થ**-આઠમી પ્રતિમામાં ઊર્ધ્વમૂખ (ચત્તો) અથવા પાસું વાળીને સુવે, અથવા સરખો બેસે કે ઉભો રહે, એ રીતે (દશાશ્રુતસ્કન્ધના અભિપ્રાયથી ગામ, નગર, વિગેરેની બહાર) સુતો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઠો, કે ઉભો રહીને દેવોના, મનુષ્યોના, કે તિર્યંચોના ઘોર ઉપસર્ગોને મનથી અને શરીરથી ચલાયમાન થયા વિના-નિશ્ચલપણે સહન કરે.

" दोच्चावि एरिसच्चिय, बहिया गामाइयाण णवरं तु ।
उक्कडलगंडसाई, दंडाययओ व्व ठाऊणं ॥" प्रतिमापञ्चा० १६॥

**ભાવાર્થ**-સાતઅહોરાત્રની બીજી (નવમી) પણ (ચોથભક્ત તપ, પારણે આયંબિલ અને ગામ વિગેરેની બહાર રહેવું, ઇત્યાદિ) આઠમીના જેવી કરે. વિશેષ એટલો છે કે આ પ્રતિમામાં 'ઉત્કટ' એટલે મસ્તક અને પાનીઓના આધારે માત્ર વચ્ચે સાથળ-વાંસાથી અદ્ધર રહીને અથવા 'લગંડ' એટલે વાંકા લાકડાની જેમ કેવળ પીઠના (વાંસાના) આધારે (મસ્તક-પગ જમીનને ન સ્પર્શે તેમ), અથવા દંડની જેમ પગ લાંબા કરીને સુઈ રહીને ઉપસર્ગાદિ સહન કરે.

" तच्चावि एरिसच्चिय, णवरं ठाणं तु तस्स गोदोही ।
वीरासणमहवा वि हु, ठाएज्जा अंबखुज्जो वा ॥" प्रतिमापञ्चा० १७॥

**ભાવાર્થ**-ત્રીજી(દશમી) પ્રતિમા પણ એ એના જેવી જ છે, માત્ર તેમાં (બેસવાની રીતિ) ગાયને દોહવાની જેમ (પગનાં આંગળાંના આધારે) ઉભડક બેસવાનું છે, અથવા વીરાસનથી એટલે સિંહાસન ઉપર પગ નીચે લટકતા રાખીને (ખુરસીની બેઠકે) બેઠા પછી સિંહાસન લઈ લેવા છતાં એ જ પ્રમાણે બેસી રહે તેમ, અથવા આમ્રની (કેરીની) જેમ વક્ર શરીરે બેસવાનું છે. એમાંના કોઈ પણ આસનથી આ પ્રતિમાને વહન કરી (પાળી) શકાય.

" एमेव अहोराई, छट्ठं भत्तं अपाणगं नवरं ।
गामनगराण बाहिं, वाघारियपाणिए ठाणं ॥" प्रतिमापञ्चा० १८॥

**ભાવાર્થ**-એક અહોરાત્રિકી ૧૧મી પ્રતિમા પણ એવી જ છે, વિશેષ એ છે કે તેમાં 'છ ભક્તનો' એટલે બે ઉપવાસના બે દિવસનાં ચાર ભોજનનો અને આગળ પાછળના દિવસે (પારણે-ઉત્તર પારણે) એકાસણું કરવાનું હોવાથી તે બે દિવસના એક એક ભોજનનો, એમ કુલ છ ભોજનનો પાણી સહિત ત્યાગ કરવાનો છે. આ પ્રતિમા એક અહોરાત્ર સુધી પાળીને પછી બે ઉપવાસ કરવાના હોવાથી ત્રણ દિવસે પૂર્ણ થાય, (આગળ પાછળ ઠામચોવિહાર એકાસણું અને વચ્ચે ચોવિહારા બે ઉપવાસ કરીને) ગામ કે શહેરની બહાર (કાઉસ્સગ્ગ મુદ્રાની જેમ) હાથ લાંબા કરીને ઉભા રહીને એનું પાલન થાય. કહ્યું પણ છે કે-'अहोराइआ तहिं पच्छा छट्ठं करेइत्ति' અર્થાત્ એક અહોરાત્રિકી પ્રતિમાનું પાલન કરીને પછી તેમાં છઠ્ઠનો તપ કરવો.

" एमेव एगराई, अट्ठमभत्तेण ठाण बाहिरओ ।
ईसीपब्भारगओ, अणिमिसणयणेगदिट्ठीए ॥" प्रतिमापञ्चा० १९॥

**ભાવાર્થ**-એ જ રીતે એકરાત્રિકી (બારમી) પ્રતિમામાં અઠ્ઠમભક્ત તપ કરવો, ગામ-નગરાદિની બહાર સિદ્ધશિલાની સામે અનિમેષદૃષ્ટિ જોડીને ઉભા ઉભા તેનું પાલન કરવું, અથવા નદીવિગેરેનો કાંઠો, ઇત્યાદિ વિષમ ભૂમિએ ઉભા રહીને એક કોઈ પુદ્ગલ (પદાર્થ) ઉપર ખુલ્લી દૃષ્ટિથી નેત્રોને સ્થાપવાં. (ચલાયમાન કરવાં કે મીંચવાં પણ નહિ.)

આ બારમી પ્રતિમામાં અવધિજ્ઞાન વિગેરે ત્રણમાંથી કોઈ પણ એક જ્ઞાન આત્મામાં પ્રગટે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાત્રીએ આ પ્રતિમાનું પાલન કર્યા પછી ત્રણ દિવસ ઉપવાસ કરવાના હોવાથી ચાર દિવસે પૂર્ણ થાય. કહ્યું છે કે 'एगराइआ चउहिं, पच्छा अट्ठम करेइत्ति' અર્થાત્ પાછળથી અટ્ઠમ કરે, માટે એકરાત્રિકી પ્રતિમા ચાર દિવસે પૂર્ણ થાય. એમ બાર પડિમાઓ કહી.[262]

**પાંચ ઇન્દ્રિઓનો નિરોધ**-સ્પર્શન, રસના, નાક, નેત્રો અને કાન, એ પાંચે ઇન્દ્રિઓને પોત પોતાના વિષયોથી નિવારવી, અર્થાત્ તેના ઇષ્ટ વિષયોમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ ન કરવો.[263]

---

૨૬૨-પ્રતિમાઓનું સ્વરૂપ જણાવતાં પંચાશકમાં કહ્યું છે કે 'વિશિષ્ટ ક્રિયાથી યુક્ત પ્રશસ્ત અધ્યવસાયવાળું સાધુનું શરીર' તેને પ્રતિમા સમજવી. અર્થાત્ તેવી વિશિષ્ટ કાયાથી તથાવિધ ગુણોનો યોગ થતો હોવાથી અહીં વિશિષ્ટ ક્રિયાવાળી કાયાની મુખ્યતા માનીને કાયાને પ્રતિમા કહી છે. અર્થાત્ તે તે પ્રકારના અભિગ્રહોથી મર્યાદિત કરેલી કાયાને પ્રતિમા સમજવી. એ પ્રતિમાના પાલન માટે જીવની યોગ્યતા માટે સંઘયણ, ધૈર્ય, સત્ત્વ અને વિશિષ્ટ શ્રુત વિગેરેની આવશ્યકતા માની છે. એવા ગુણવાળો પણ ગુરૂઆજ્ઞાથી જ પ્રતિમાને અંગીકાર કરી શકે. તેમાં નિરપવાદ પરિષહોને અને દેવાદિના ઉપસર્ગોને સહવાના હોવાથી પહેલા ત્રણ સંઘયણવાળો આ પ્રતિમાઓને પાલવામાં અધિકારી કહ્યો છે, સંઘયણ-બળ સાથે ધૈર્ય એટલે ચિત્તની સ્વસ્થતા જોઇએ, તે ન હોય તો પરિષહાદિ સહવા છતાં રતિ-અરતિને વશ આર્ત્તધ્યાન થાય, એ રીતે વિશિષ્ટ સત્ત્વ પણ જોઈએ, તે ન હોય તો સત્કાર સન્માન વિગેરે થવાથી હર્ષ અને ન થવાથી વિષાદ થાય, સત્ત્વશાળી જ માન-અપમાનને ગંભીરતાથી પચાવી શકે. એ ઉપરાન્ત શુભ ભાવથી ચિત્તને ભાવિત કર્યું હોય કે ગચ્છમાં રહીને તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બળની તુલનાથી આત્માને તે તે વિષયમાં અભ્યાસી કર્યો હોય તો જ પ્રતિમાનું પાલન થઇ શકે. તેવો પણ ગુરૂઆજ્ઞા વિનાનો અધિકારી ન ગણાય, કારણ કે કયી આરાધના માટે કોણ કેવો યોગ્ય-અયોગ્ય ? તે તે ગુરૂ સમજી શકે. માટે ગચ્છવાસમાં રહીને ગુરૂની નિશ્રાના બળે જેણે ત્યાગ-વૈરાગ્ય સાથે જ્ઞાનાદિ ગુણોનું બળ પ્રાપ્ત કર્યું હોય તેવો વિશિષ્ટમુનિ વિશેષ નિર્જરા માટે સ્વાશ્રયીભાવે પ્રતિમાનું આરાધન કરી શકે. આ પ્રતિમાપાલન અન્ય સામાયિક વિગેરે અનુષ્ઠાનોની જેમ ઔપચારિક અભ્યાસરૂપે કરી શકાતું નથી પણ પ્રથમથી યોગ્ય બનીને યથાર્થ ગુણના બળેજ કરી શકાય છે. વિગેરે અન્ય અનુષ્ઠાનોની અપેક્ષાએ પ્રતિમાપાલનની અનેક રીતે વિશિષ્ટતા છે.

૨૬૩-વસ્તુતઃ ઇન્દ્રિઓનો વિજય મનના વિજય માટે આવશ્યક છે, મન અતિ સૂક્ષ્મ ચંચળ હોવાથી તેને વશ કરવું દુષ્કર છે, તો પણ શત્રુના હાથ-પગ બાંધી લેતાં તે વશ થાય છે તેમ ઇન્દ્રિઓને અંકુશમાં લેવાથી મનના વિકલ્પો નિષ્ફળ થતાં મન વિકલ્પોથી અટકી જાય છે અને પછી તો તેને વશ પણ કરી શકાય છે. મન વશ થયા પછી ઇન્દ્રિઓના અંકુશની કંઈ મહત્તા નથી, તો પણ પુનઃ મન નિરંકુશ બનવાનો સંભવ છે માટે મનનો વિજય કરવા પૂર્વે અને વિજય કર્યા પછી પણ ઇન્દ્રિઓનો વિજય આવશ્યક છે. કોઈ એમ માને કે 'મનને જીત્યા વિના ઇન્દ્રિઓને અંકુશમાં લેવી એ તો બલાત્કાર છે અને બલાત્કારમાં ધર્મ નથી' તો તે અયોગ્ય છે, વસ્તુતઃ મન અને ઇન્દ્રિઓના પારસ્પરિક સંબંધનું તેને જ્ઞાન નથી, ઇન્દ્રિઓના વિજય વિના મનનો વિજય કરવાની ઇચ્છા અજ્ઞાનમૂલક છે, કારણ કે-ઇન્દ્રિઓદ્વારા મનના મનોરથો સફળ થાય છે. બ્હેરા થયા પછી સાંભળવાના, અંધ થયા પછી જોવાના, વિગેરે મનના વિવિધ વિકલ્પો શાન્ત પડે છે એ અનુભવસિદ્ધ છે, માટે મનને શાન્ત (સ્થિર) કરવા માટે ઇન્દ્રિઓનો વિજય આવશ્યક છે. મનનો વિજય નિશ્ચયધર્મરૂપ હોવાથી પોતાને ઉપકાર કરે છે અને ઇન્દ્રિઓનો વિજય વ્યવહાર ધર્મરૂપ હોવાથી સ્વ-પર ઉભયને ઉપકાર કરે છે, માટે પણ ઇન્દ્રિઓનો વિજય આવશ્યક છે. વાસ્તવમાં તો મનને અને મનોવિજયને સમજનારો જ્ઞાની ઇન્દ્રિઓના વિજયની સહુથી પહેલી આવશ્યકતા સમજે છે, માટે અહીં ચરણસિત્તરીના રક્ષણ માટે સાધનભૂત કરણસિત્તરીમાં પાંચ ઇન્દ્રિઓનો નિગ્રહ જરૂરી ગણ્યો છે એમ તાત્પર્ય સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પચીસ પ્રતિલેખના**–વસ્ત્ર–પાત્રાદિની પચીસ પડિલેહણાઓ પૂર્વે (સવારના પ્રતિલેખનમાં) જણાવેલા વિધિપૂર્વક કરવી.

**ત્રણગુપ્તિઓ**–ગુપ્તિ એટલે ગોપન કરવું, અર્થાત્ આત્માનું (સંયમનું) રક્ષણ કરવું. મોક્ષાર્થીએ મન–વચન–કાયાના યોગોનો નિગ્રહ કરવારૂપ ગુપ્તિ ત્રણ પ્રકારની છે, તેમાં—

૧–**મનોગુપ્તિ** ત્રણ પ્રકારની છે, પહેલી–આર્ત્તધ્યાનમાં અને રૌદ્રધ્યાનમાં કારણભૂત મનઃકલ્પનાઓની પરંપરાનો વિયોગ, બીજી–ધર્મધ્યાનના કારણભૂત શાસ્ત્રાનુસારિણી પરલોકમાં હિત કરનારી મનની મધ્યસ્થપરિણતિ કેળવવી તે અને ત્રીજી–મનના કુશળ–અકુશળ (શુભાશુભ) સર્વ વિકલ્પોના ત્યાગ પૂર્વક ચૌદમા ગુણસ્થાનકે યોગનિરોધ અવસ્થાની આત્માનંદરૂપ આત્મ–પરિણતિ. એનું વર્ણન યોગશાસ્ત્રમાં ત્રણ વિશેષણોથી કર્યું છે કે—

**" विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥" योगशास्त्र–प्र० १–श्लो० ४१ ॥**

**ભાવાર્થ**–કલ્પનાજાળથી રહિત, સમભાવમાં રહેલું અને આત્મારામને અનુભવતું એવું મન, તેને મનોગુપ્તિના જ્ઞાતાઓએ મનોગુપ્તિ કહી છે.

અર્થાત્ એ ત્રણ પ્રકારના મનને મનોગુપ્તિ સમજવી. હવે

૨–**વચનગુપ્તિ** બે પ્રકારની છે, સંજ્ઞાઓથી પણ પોતાના પ્રયોજનોને સૂચવનારને મૌન નિષ્ફળ હોવાથી 'મુખનો, નેત્રોનો, કે ભ્રકુટીનો વિકાર (ચાળો) કરવો, અઙ્ગુલીથી ઇસારો કરવો, પત્થર ઢેકું વિગેરે ફેંકવું, અથવા હુંકારો કરવો,' વિગેરે સંજ્ઞાઓના ત્યાગપૂર્વક વચનથી મૌન કરવું તે પહેલી વચનગુપ્તિ અને વાચના લેવી, પૃચ્છના કરવી, બીજાએ પૂછેલાનો ઉત્તર આપવો, વિગેરે સંયમના કારણે મુખે મુખવસ્ત્રિકા રાખીને લોકથી અને શાસ્ત્રથી અવિરૂદ્ધ વચન બોલનારને વાણીના કાબૂરૂપ બીજી વચનગુપ્તિ જાણવી. કહ્યું છે કે—

**" सञ्ज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनम् ।**
**वाग्वृत्तेः संवृतिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ॥" योगशास्त्र–प्र०१–४२॥**

**ભાવાર્થ**–શરીરનાં અઙ્ગો વડે સંજ્ઞાઓ (ઇસારો) પણ નહિ કરતાં સર્વથા મૌન કરવું, અથવા બોલવાની વૃત્તિમાં સંવર કરવો તેને અહીં વચનગુપ્તિ કહી છે.

અહીં ૧–બોલવાનો સર્વથા ત્યાગ, અને ૨–સમ્યગ્ બોલવું, એમ વચનગુપ્તિમાં બે પ્રકારો અને ભાષાસમિતિમાં 'સમ્યગ્ બોલવું' એ એક જ પ્રકાર છે, એ ભેદ સમજવો. કહ્યું છે કે–

**" समिओ निअमा गुत्तो, गुत्तो समियत्तणंमि भयणिज्जो(इअव्वो) ।**
**कुसलवइमुईरंतो, जं वइगुत्तोवि समिओ वि ॥" उपदेशपद–६०५॥**

**ભાવાર્થ**–સમિતિવાળો (સમિત)તો નિયમા ગુપ્ત હોય છે, ગુપ્તિવાળો સમિત હોય કે ન પણ હોય, એમ તેનામાં ભજના જાણવી. કારણ કે અકુશળ વચનને તજતો હોવાથી વચનગુપ્તિવાળો અને ઉપયોગપૂર્વક બોલતો હોવાથી ભાષાસમિતિવાળો પણ છે.

૩–**કાયગુપ્તિ** પણ બે પ્રકારની છે, એક સર્વથા કાયચેષ્ટાનો ત્યાગ અને બીજી આગમાનુસારે ચેષ્ટાનો નિયમ. તેમાં પરીષહ–ઉપસર્ગાદિ પ્રસઙ્ગે કે તે વિના પણ કાઉસ્સગ્ગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરેથી કાયાને નિશ્ચલ કરવી, અથવા સર્વયોગોના નિરોધ વખતે કાયચેષ્ટાનો સર્વથા નિરોધ કરવો તે પહેલી અને ગુરૂને પૂછીને શરીર, સંથારો, ભૂમિ, વિગેરેનું પડિલેહણ-પ્રમાર્જન કરવું, વિગેરે શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરનારા સાધુને શયન કરવું, બેસવું, વિગેરે કરવાનું કહેલું હોવાથી તે રીતે સુવું, બેસવું, લેવું, મૂકવું, વિગેરે કાર્યોમાં સ્વચ્છન્દ પ્રવૃત્તિનો ત્યાગ કરીને શરીરથી નિયત ચેષ્ટા (પ્રવૃત્તિ) કરવી તે બીજી. કહ્યું છે કે—

"उपसर्गप्रसङ्गेऽपि, कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥४३॥
शयनासननिक्षेपादानचङ्क्रमणेषु च ।
स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु साऽपरा ॥४४॥" (योगशास्त्र प्रकाश–१)

**ભાવાર્થ**–ઉપસર્ગ પ્રસङ્ગે (તથા તે સિવાય) પણ કાયોત્સર્ગ કરનારા મુનિને શરીરનું જે સ્થૈર્ય તેને કાયગુપ્તિ કહેવાય છે (૪૩). તથા સુવું, બેસવું, મૂકવું, લેવું, ચાલવું, વિગેરે ક્રિયામાં શરીરની સ્વચ્છંદ ચેષ્ટાનો ત્યાગ કરવો તેને બીજી કાયગુપ્તિ કહી છે. (૪૪)[૨૬૪]

**અભિગ્રહો**–દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવવિષયક ચાર પ્રકારની પ્રતિજ્ઞાઓ કરવી.[૨૬૫]

આ 'પિંડવિશુદ્ધિ' વિગેરે ભેદો જણાવ્યા તેનું મોક્ષાર્થી સાધુઓએ પાલન કરવું તે (ચરણ-ચારિત્રનું સાધન હોવાથી) 'કરણ' અને ભેદો સિત્તેર હોવાથી તેનું 'કરણ સિત્તરી' નામ છે.

પ્રસંગે કરાય તે 'કરણ' અને સતત કરાય તે 'ચરણ' એમ બેમાં ભિન્નતા છે.

કરણસિત્તરીમાં પણ આ પ્રમાણે વિવેક છે–એષણાસમિતિમાં પિંડવિશુદ્ધિ આવી જવા છતાં કરણસિત્તરીના ભેદોમાં પિંડવિશુદ્ધિની પ્રધાનતા જણાવવા તેને જુદી કહી છે.

એમ સાધુના મૂળગુણો અને ઉત્તરગુણો કહ્યા, હવે તે ઉપરાન્ત અતિચારોથી તેનું રક્ષણ કરવારૂપ યતિધર્મ કહે છે કે–એ મૂળગુણોનું અને ઉત્તરગુણોનું અતિચાર રહિત (અતિચારો ન લાગે તેમ) પાલન (રક્ષણ) કરવું તે સાપેક્ષયતિધર્મ છે એમ વાક્યસંબન્ધ જોડવો. અતિચારો ન લાગે તેમ પાલન કરવા માટે અતિચારોનું પણ જ્ઞાન આવશ્યક છે, એથી તેને જ કહે છે કે–'ते त्वमी' અર્થાત્ તે અતિચારો 'આ (કહીશું તે)પ્રમાણે' શ્રીજિનેશ્વરોએ કહેલા છે.

દરેક વ્રતના અતિચારોને જુદા કહેવાની ઇચ્છાથી પ્રથમ વ્રતના અતિચારો માટે કહે છે કે–

૨૬૪–ગુપ્તિઓનું મહત્ત્વ વિગેરે, ટીપ્પણી નં. ૨૪૧માં કહ્યું છે તે પ્રમાણે સમજવું.

૨૬૫–અભિગ્રહો મનના એક નિશ્ચય (પ્રણિધાન)રૂપ છે. આવું મનનું પ્રણિધાન આત્મામાં એક વિશિષ્ટ શક્તિ પ્રગટ કરે છે અને તેના બળે દુષ્કર પણ કાર્યો સુકર બની જાય છે. કોઇપણ કાર્ય જો જીવનમાં તે પહેલીવાર જ કરવાનું હોય છે તો તેને કરવા માટે પ્રથમ નિશ્ચય કરવો પડે છે એ નિશ્ચય જેટલો બળવાન તેટલું તે કાર્ય જલ્દી સિદ્ધ થાય છે માટે અભિગ્રહો દુષ્કર આરાધના કરવામાં આત્માને વિશિષ્ટ પ્રેરણા આપે છે. લૌકિક કાર્યોમાં પણ તે તે નિશ્ચય કરનારા જલ્દી સફળ થાય છે એ પ્રાયઃ સહુને અનુભવસિદ્ધ છે. છતાં એનો અર્થ એ નથી કે ગમે તેવો મનુષ્ય ગમે તે અભિગ્રહ કરે તો પણ સફળ થાય. બાહ્ય-અભ્યન્તર બળાબળનો વિચાર કરીને તેને અનુરૂપ નિશ્ચય કરવો તે અહીં અપેક્ષિત છે, અર્થાત્ મનને તે તે આરાધનામાં ઉત્સાહી અને સ્થિર કરવા માટે અભિગ્રહો આલમ્બનભૂત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलम्–" आद्यव्रते ह्यतिचारा, एकाक्षादिवपुष्मताम् ।
सङ्घट्टपरितापोपद्रावणाद्याः स्मृता जिनैः ॥११९॥"

**મૂળનો અર્થ**–એકેન્દ્રિયાદિ જીવોનો સઙ્ઘટ્ટ, પરિતાપ, કે ઉપદ્રવ, વિગેરે કરવું તેને શ્રીજિનેશ્વરોએ પહેલા વ્રતમાં અતિચારો કહેલા છે.

**ટીકાનો ભાવાર્થ**–જેને સ્પર્શનારૂપ એક ઇન્દ્રિય હોય તે એકેન્દ્રિય, અર્થાત્ પૃથ્વી, પાણી, વિગેરે પાંચ (સ્થાવરો) અને આદિ શબ્દથી બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય તથા પઞ્ચેન્દ્રિય, એવા वपुष्मान्='वपुः' એટલે શરીર જેને છે તે ઉપર્યુક્ત 'એકેન્દ્રિય વિગેરે જીવો' એમ સમાસ કરવો. તે એકેન્દ્રિયાદિ જીવોનો 'સઙ્ઘટ્ટ' એટલે સ્પર્શ કરવો, 'પરિતાપ' એટલે સર્વ રીતે તાપ (સંતાપ) ઉપજાવવો અને 'ઉપદ્રાવણ' એટલે અતિશય પીડા કરવી, વિગેરેને પૂર્વોક્ત 'અહિંસા' નામના પહેલા વ્રતમાં શ્રીજિનેશ્વરોએ અતિચારો કહેલા છે, એમ અર્થ કરવો. કહ્યું છે કે—

" पढमंमी एगिंदिअ–विगलिंदिपणिंदिआण जीवाणं ।
संघट्टणपरिआवण–मोद्दवणाईणि अइआरा(रो) ॥" पञ्चवस्तु० ६५५॥

**ભાવાર્થ**–એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પઞ્ચેન્દ્રિય જીવોને સ્પર્શ, વિશેષ સંતાપ તથા મહાપીડા, વિગેરે કરવું તેને પહેલા વ્રતમાં અતિચારો કહ્યા છે." બીજા વ્રતના અતિચારોને કહે છે–

मूलम्–" असौ द्विधाऽणुस्थूलाभ्यां, तत्राद्यः प्रचलादितः ।
द्वितीयः क्रोधलोभादे–र्मिथ्याभाषा द्वितीयके ॥१२०॥"

**મૂળનો અર્થ**–બીજાવ્રતમાં અતિચાર અણુ(ન્હાનો) અને સ્થૂલ(મોટો) એમ બે પ્રકારનો છે, તેમાં 'પ્રચલા' નામની નિદ્રા વિગેરેને યોગે મિથ્યા બોલાય તેને ન્હાનો અને ક્રોધ–લોભાદિને વશ થઇને મિથ્યા બોલવું તેને મોટો અતિચાર સમજવો.

**ટીકાનો ભાવાર્થ**–બીજા મૃષાવાદ વિરમણ વ્રતમાં સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે અતિચાર થાય છે, તેમાં (બેઠાં બેઠાં કે ઉભા ઉભા ઉંઘવું તે) 'પ્રચલા' નામની નિદ્રા વિગેરેને વશ મિથ્યા બોલવાથી સૂક્ષ્મ અતિચાર થાય, જેમકે-દિવસે કોઈ (બેઠો કે ઉભો) ઉંઘતો હોય તેને 'કેમ ઉંઘે છે?' વિગેરે પૂછવાથી તે કહે કે 'હું ઉંઘતો નથી' વિગેરે સૂક્ષ્મ અતિચાર સમજવો. બીજો ક્રોધાદિ એટલે ક્રોધ–લોભ–ભય કે હાસ્યથી (હાંસી મશ્કરીથી) મિથ્યા બોલવું તે બાદર અતિચાર જાણવો. બોલનારના પરિણામના ભેદથી સૂક્ષ્મ–બાદરનો ભેદ સમજવો. કહ્યું છે કે—

" बिइअम्मि मुसावाए, सो सुहुमो बायरो उ नायव्वो ।
पयलाइ होइ पढमो, कोहादभिभासणं बिइओ ॥" पञ्चवस्तु० ६५६॥

**ભાવાર્થ**–બીજા મૃષાવાદવિરમણવ્રતમાં સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે અતિચાર સમજવો, તેમાં 'પ્રચલા' વિગેરેથી પહેલો અને ક્રોધાદિને વશ થઇને બોલવાથી બીજો થાય છે.

બીજા વ્રતના અતિચારો કહ્યા. હવે ત્રીજા વ્રતના અતિચારોને કહે છે–

मूलम्–" एवं तृतीयेऽदत्तस्य, तृणादेर्ग्रहणादणुः ।
क्रोधादिभिर्बादरोऽन्यसचित्ताद्यपहारतः ॥१२१॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂળનો અર્થ**-એમ ત્રીજાવ્રતમાં પણ નહિ આપેલું તૃણ વિગેરે લેવાથી અણુ (સૂક્ષ્મ)અતિચાર અને ક્રોધાદિને વશ બીજાની સચિત્તાદિ વસ્તુને હરણ કરવાથી બાદર અતિચાર લાગે છે.

**ટીકાનો ભાવાર્થ**-બીજાવ્રતમાં કહ્યા પ્રમાણે ત્રીજાવ્રતમાં પણ સૂક્ષ્મ અને બાદર એમ અતિચાર બે પ્રકારનો છે, તેમાં વસ્તુના માલિક વિગેરેએ આપ્યા વિનાનું તૃણ વિગેરે અજાણપણે લેવાથી સૂક્ષ્મ અતિચાર થાય, તેમાં તૃણ તો પ્રસિદ્ધ છે અને આદિ શબ્દથી ડગલ (માટી પત્થર આદિનું ઢેફું વિગેરે શૌચનું સાધન), ભસ્મ, માટીની કુંડી, વિગેરે સમજવું. એ તૃણાદિ વસ્તુ અજાણપણે લેવાથી સાધુને અતિચાર અને જાણીને લેવાથી અનાચાર થાય એમ સમજવું. તથા ક્રોધ વિગેરે કષાયોથી બીજાની એટલે સાધર્મિક સાધુ-સાધ્વીની, 'ચરક' વિગેરે વિધર્મી-સાધુઓની, અથવા ગૃહસ્થોની સચિત્ત, અચિત્ત કે મિશ્ર, કોઈ પણ વસ્તુ હરણ કરવાના પરિણામ કરવાથી બીજો-બાદર અતિચાર લાગે. (લેવાથી અનાચાર થાય). કહ્યું છે કે-

" तइअम्मिवि एमेव य, दुविहो खलु एस होइ विन्नेओ ।
तणडगलछारमल्लग, अविदिन्नं गिण्हओ पढमो ॥६५७॥
साहम्मिअन्नसाहम्मि-आण गिहिगाण कोहमाईहिं ।
सचित्ताचित्ताई, अवहरओ होइ बिइओ उ ॥" पञ्चवस्तु० ६५८॥

**ભાવાર્થ**-બીજાની જેમ ત્રીજા વ્રતમાં પણ અતિચાર (સૂક્ષ્મ-બાદર) બે પ્રકારનો જાણવો, તેમાં તૃણ-ડગલ-ભસ્મ-શરાવ (કુંડી) વિગેરે વસ્તુ આપ્યા વિના અજાણતાં લેવાથી પહેલો (સૂક્ષ્મ) અને સાધર્મિકની (સાધુ-સાધ્વીની), ચરક વિગેરે અન્યધર્મીસાધુઓની, કે ગૃહસ્થોની સચિત્ત અચિત્ત કે મિશ્ર વસ્તુ ક્રોધાદિ કષાયોને વશ થઈ હરણ (કરવાનો પરિણામ) કરવાથી બીજો બાદર અતિચાર જાણવો.

ત્રીજા વ્રતના અતિચારો કહ્યા. હવે ચોથા વ્રતના અતિચારો કહે છે કે-

मूलम्-" ब्रह्मव्रतेऽतिचारस्तु, करकर्मादिको मतः ।
सम्यकृतदीयगुप्तीनां, तथा चाननुपालनम् ॥१२२॥"

**મૂળનો અર્થ**-ચોથા બ્રહ્મવ્રતમાં 'હસ્તકર્મ' વિગેરે કરવાથી તથા બ્રહ્મચર્યની વાડોને સમ્યગ્ નહિ પાળવાથી પણ અતિચાર કહ્યો છે.

**ટીકાનો ભાવાર્થ**-'બ્રહ્મવ્રતે' એટલે મૈથુનવિરમણવ્રતમાં તો 'હસ્તકર્મ' વિગેરે કરવાથી તથા અધ્યવસાયની વિચિત્રતાથી 'તદીયગુપ્તિ' એટલે ભાવશુદ્ધિપૂર્વક બ્રહ્મચર્યની 'સ્ત્રી વિગેરે હોય તેવા ઉપાશ્રયનો ત્યાગ કરવો' વિગેરે નવ વાડોના નહિ પાલનથી અતિચાર કહ્યો છે. કહ્યું છે કે—

" मेहुन्नस्सऽइआरो, करकम्माईहिं होइ नायव्वो ।
तग्गुत्तीणं च तहा, अणुपालणओ ण सम्मं तु ॥" पञ्चवस्तु-गा० ६५९॥

**ભાવાર્થ**-મૈથુનવિરમણવ્રતમાં 'હસ્તકર્મ' વિગેરે કરવાથી અતિચાર થાય અને તેની નવ-વાડોનું ભાવશુદ્ધિપૂર્વક પાલન નહિ કરવાથી પણ અતિચાર થાય, એમ સમજવું.

ચોથા વ્રતના અતિચારો કહ્યા, હવે પાંચમા વ્રતના અતિચારો કહે છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलम्–" काकादिरक्षणं बाल–ममत्वं पञ्चमेऽप्यणुः ।
द्रव्यादिग्रहणं लोभात्, स्थूलश्चाधिकधारणम् ॥१२३॥"

**મૂળનો અર્થ**–કાગડા વિગેરેથી (ગૃહસ્થની) આહારાદિ વસ્તુનું રક્ષણ કરવું, તથા બાળ (શિષ્ય) ઉપર કંઇક માત્ર મમત્વ કરવું, તેને પાંચમા વ્રતમાં સૂક્ષ્મ અતિચાર અને લોભથી દ્રવ્ય વિગેરે રાખવું, કે વસ્ત્ર–પાત્રાદિ પણ જરૂરથી અધિક રાખવાં, તેને સ્થૂલ અતિચાર કહ્યો છે.

**ટીકાનો ભાવાર્થ**–પાંચમા પરિગ્રહવિરમણવ્રતમાં (પણ સૂક્ષ્મ અને બાદર એમ બે અતિચારો છે તેમાં) કાગડો અને આદિ શબ્દથી કુતરાં, ગાય, વિગેરેથી ગૃહસ્થના (શય્યાતરાદિના) આહારાદિનું રક્ષણ કરવું–તે ખાઇ ન જાય તેવી રીતે પ્રયત્નપૂર્વક મૂકવું, સાચવવું, વિગેરે શય્યાતરાદિ પ્રત્યે મમત્વ કરવું તથા બાળ એટલે લઘુ(ન્હાના)શિષ્ય (કે ગૃહસ્થનાં બાળકો) પ્રત્યે કંઇક માત્ર મમત્વ કરવું તે સૂક્ષ્મ અતિચાર અને લોભના પરિણામથી 'સુવર્ણ'આદિ દ્રવ્યો ગ્રહણ કરવાં અને વસ્ત્ર–પાત્રાદિ ઉપધિ પણ શાસ્ત્રમાં કહેલી સંખ્યાથી અને માપથી વધારે રાખવી, સંગ્રહ કરવો, તે બાદર અતિચાર છે, તેમાં એટલો વિવેક છે કે પુસ્તક વિગેરે જ્ઞાનાદિનાં ઉપકરણો (અધિક) રાખવા છતાં દોષ નથી, તે સિવાયના (અધિક) સંગ્રહથી અતિચાર જાણવો. કહ્યું છે કે—

" पंचमगम्मि अ सुहुमो, अइआरो एस होइ नायव्वो ।
कागाइसाणगोणे, कप्पट्ठगरक्खणममत्ते ॥६६०॥
दव्वाइआण गहणं, लोहा पुण बायरो मुणेअव्वो ।
अइरित्तु धारणं वा, मोत्तुं नाणाइउवयारं ॥"६६१॥ (पञ्चवस्तु)

**ભાવાર્થ**–પાંચમાવ્રતમાં કાગડા વિગેરે તથા કુતરાં, ગાય, વિગેરેથી (શય્યાતરાદિ ગૃહસ્થોએ સુકવવા માટે) પાથરી મૂકેલી 'તલ' વિગેરે વસ્તુઓનું રક્ષણ કરવું, અથવા (ગૃહસ્થનાં બાળકો કે) બાળશિષ્ય ઉપર અલ્પમાત્ર મમત્વ કરવું તે પણ સૂક્ષ્મ અતિચાર જાણવો (૬૬૦). તથા લોભથી ધન વિગેરે લેવું–રાખવું, કે જ્ઞાન વિગેરેનાં ઉપકરણો સિવાયની વસ્ત્ર પાત્રાદિ ઉપધિનો જિનાજ્ઞાથી વધારે સંગ્રહ કરવો, તેને બાદર અતિચાર સમજવો. (૬૬૧)

અહીં એ ભાવ છે કે–નિષ્કારણ દ્રવ્યને ગ્રહણ કરવાનો તો વિચાર કરવો તે પણ અતિચાર છે અને કારણે તો ગ્રહણ કરવા છતાં અતિચાર નથી. બૃહત્કલ્પ તથા સ્થાનાઙ્ગસૂત્રમાં કહ્યું છે કે– "अट्ठजायंमि निग्गंथिं निग्गंथे गिण्हमाणे वा अवलंबमाणे वा नाइक्कमइत्ति" (બૃહત્કલ્પ ઉ૦ ૬–સૂત્ર ૧૮) અર્થાત્ 'અર્થજાત' એવી સાધ્વીને ઉદ્દેશીને દ્રવ્ય લેવા કે રાખવા છતાં વ્રતમાં અતિક્રમ થતો નથી.

અહીં અર્થ એટલે દ્રવ્ય, તેનું પ્રયોજન જેને આવી પડે તે અર્થજાતિકા કહેવાય. [સંયમી છતાં સાધ્વીને કારણ યોગે અર્થનું પ્રયોજન પડે, તે કારણો બૃહત્કલ્પમાં કહ્યાં છે કે—

" सेवगभज्जा ओमे, आवण्ण अणत्त, बोहिए तेणे ।
एतेहिं अट्ठजातं, उप्पज्जति संजमठिताए ॥बृहत्कल्पनि० ६२८७॥"

**ભાવાર્થ**–સેવકની સ્ત્રીને માટે, દુર્ભિક્ષને યોગે, દાસપણું પ્રાપ્ત થવાથી, દેવાદાર હોવાથી, મ્લેચ્છોના ઉપદ્રવથી અને ચોરોના ઉપદ્રવથી, એટલાં કારણે સંયમમાં રહેલી પણ સાધ્વીને અંગે અર્થનું પ્રયોજન આવી પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાત્પર્યાર્થ એ છે કે–કોઇ રાજસેવક પોતાની સ્ત્રીને મૂકીને દેશાન્તર ગયો, (ઘણા કાળે પાછો ન આવવાથી) તેની સ્ત્રીએ દીક્ષા લીધી, તે પછી તેનો પતિ આવીને સ્ત્રીને માગે, ત્યારે તેના સંયમની રક્ષા માટે બીમારી ન હોય તો પણ ઉપાયથી (રેચ વિગેરે આપીને) બીમાર કરે, (કોઇ ઔષધિ–ગુટિકા ખવરાવીને સ્વર અથવા રૂપ–રંગ બદલી નાખે,) વિગેરે ઉપાયો કરે, તેમ છતાં તેને ન છોડે તો તેના પતિને ધન આપીને પણ સાધ્વીને છોડાવવી, અર્થાત્ સંયમની રક્ષા કરવા માટે સેવકની સ્ત્રીને માટે ધનનું પ્રયોજન પડે, તથા કોઇ વ્યાપારી સઘળા કુટુમ્બ સાથે દીક્ષા લેવાની ઇચ્છાવાળો પોતાની ન્હાની ઉમ્મરવાળી દીક્ષા માટે અયોગ્ય પુત્રીને પોતાના કોઈ મિત્રને સોંપીને દીક્ષિત થાય, તે પછી તે મિત્ર મરી જાય અને પછી દુષ્કાળ પડતાં તેના પુત્રોનો તે પુત્રીના પાલનમાં અનાદર થવાથી, પુત્રી કોઇને ત્યાં દાસી બને, તેવા પ્રસઙ્ગે પુત્રીના દીક્ષિત પિતા જો વિહાર કરતાં કાળાન્તરે ત્યાં જાય, અને એ સઘળી હકીકત જાણીને દીક્ષાર્થી બનેલી (પોતાની) પુત્રીને છોડાવવા માટે તેના માલિકને ઉપદેશ કરે, બીજા પણ શાસ્ત્રીય ઉપાયો કરે છતાં તે ન છોડે તો દીક્ષા લેતાં પોતે જે દ્રવ્ય રાખી મૂકયું હોય તે ત્યાંથી મંગાવીને તેને આપીને પણ છોડાવે, તેવું ધન ન હોય તો પોતાના પૂર્વાવસ્થાના સંબંધીઓને શોધીને પણ તે પ્રબન્ધ કરાવીને પુત્રીને છોડાવે, એમ દાસત્વમાંથી છોડાવવા ધનનું પ્રયોજન પડે, એ રીતે દુર્ભિક્ષમાં, મ્લેચ્છ કે ચોરના ઉપદ્રવ પ્રસઙ્ગે કે દેવાદાર વિગેરેને અઙ્ગે પણ સ્વયં વિચારી લેવું]

અહીં સર્વ પ્રસઙ્ગોમાં પરિણામને આશ્રીને અતિચારનું (અનતિચારનું) સ્વરૂપ જાણવું.

પાંચમા વ્રતના અતિચારો કહ્યા. હવે છટ્ઠા વ્રતના અતિચારો કહે છે.

**मूलम्–" दिनात्तदिनभुक्तादिचतुर्भङ्ग्यादिरन्तिमे ।**
**सर्वेष्वप्येषु विज्ञेया, दोषा वातिक्रमादिभिः ॥१२४॥"**

**મૂળનો અર્થ**–'દિવસે લાવવું અને દિવસે વાપરવું, ઈત્યાદિ ચાર ભાંગા સેવવા વિગેરેથી છેલ્લા(છટ્ઠા)વ્રતમાં અતિચાર લાગે, અથવા સર્વવ્રતોમાં અતિક્રમાદિથી દોષો (અતિચારો)જાણવા.

**ટીકાનો ભાવાર્થ**–(પૂર્વ દિવસે લાવીને રાખી મૂકેલું બીજા દિવસે ખાતાં) સંનિધિ દોષ લાગે, માટે 'દિવસે લીધેલું દિવસે વાપરવું' વિગેરે ચાર ભાંગાવાળી ચતુર્ભઙ્ગી સેવવા વિગેરેથી છેલ્લા(છટ્ઠા)વ્રતમાં અતિચારો કહ્યા છે, એમ પ્રસઙ્ગાનુસાર સમજી લેવું. તેમાં પૂર્વ દિવસે લીધેલું બીજા દિવસે વાપરવું તે પહેલો ભાંગો, તે દિવસે લીધેલું રાત્રે વાપરવું તે બીજો ભાંગો, રાત્રે લીધેલું બીજા દિવસે વાપરવું તે ત્રીજો ભાંગો અને રાત્રે લીધેલું રાત્રે વાપરવું તે ચોથો ભાંગો. એ ચારે ય ભાંગાથી તથાવિધપરિણામને અનુસારે અતિચારો સમજવા. આદિ શબ્દથી અતિમાત્રાએ (પ્રમાણાતિરિક્ત) આહાર લેવો, વિગેરેથી પણ છટ્ઠા વ્રતમાં અતિચારો સમજવા.

હવે મૂળ ગુણોમાં અને ઉત્તર ગુણોમાં સમાન રીતે દોષો કેવી રીતે લાગે તે જણાવવા કહે છે કે–કેવળ વ્રતાદિમાં જ નહિ, કિન્તુ સમસ્ત મૂલગુણોમાં અને ઉત્તરગુણોમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અથવા અનાચાર દોષો સમજી લેવા. વ્યવહારભાષ્યમાં આધાકર્મિકદોષને આશ્રીને અતિક્રમાદિનું સ્વરૂપ કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" आहाकम्मनिमंतण-पडिसुणमाणे अइक्कमो होइ ।
पयभेयाइ वइक्कम, गहिए तइअतरो गलिए ॥" व्यवहारपीठिका-गा-४३॥

વ્યાખ્યા-'આધાકર્મ' દોષથી દૂષિત વસ્તુને આપવા વિનંતિ કરતા દાતારની વિનંતિ સાંભળે તે માટે તૈયારી કરતો યાવત્ ઉપયોગનો કાયોત્સર્ગ વિગેરે કરીને જવા માટે પગ ન ઉપાડે ત્યાં સુધી અતિક્રમ દોષ ગણાય, ત્યાં જવા માટે પગલું ભરે ત્યાંથી માંડીને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે અને પાત્ર ધરે ત્યાં સુધી વ્યતિક્રમ ગણાય, આધાકર્મિકવસ્તુ ગ્રહણ કરે અને ઉપલક્ષણથી ગ્રહણ કરીને પાછા ઉપાશ્રયમાં આવે, ગુરૂની સમક્ષ આલોચના કરે, ભોજન માટે બેસીને મુખમાં તે વસ્તુ નાખે (ગળે ઉતારે નહિ) ત્યાં સુધી અતિચાર નામનો ત્રીજો દોષ ગણાય અને ગળે ઉતારે ત્યારે ચોથો અનાચાર કર્યો ગણાય.

એ પ્રમાણે મૂળગુણોમાં અને ઉત્તરગુણોમાં અતિક્રમાદિ દોષની ઘટના સ્વયમેવ કરવી.

અહિં આ પ્રમાણે વિવેક કરવો-મૂલગુણોમાં અતિક્રમાદિ ત્રણ દોષો લાગવાથી ચારિત્રમાં મલિનતા સમજવી, તેથી 'આલોચના-પ્રતિક્રમણ' વિગેરે પ્રાયશ્ચિત્તોથી તેની શુદ્ધિ થઈ શકે, ચોથા અનાચારથી તો ગુણનો ભંગ થાય, માટે અનાચાર દોષ લાગે તો એ ગુણની પુનઃ ઉપસ્થાપના કરવી યોગ્ય છે. ઉત્તરગુણોમાં તો અતિક્રમાદિ ચારે ય દોષ લાગવા છતાં ચારિત્રની મલિનતાજ કહી છે, ભંગ કહ્યો નથી,(અર્થાત્ પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય) એ મૂલ-ઉત્તરગુણોનાઅતિચારો કહ્યા.[૨૬૬]

---

૨૬૬-અતિચારનો સામાન્ય અર્થ 'અતિચરણ' અર્થાત્ 'મર્યાદાથી આગળ વધવું' એવો થાય છે. કોઈ પણ વ્રત-નિયમાદિ જીવનની અમુક મર્યાદારૂપ હોય છે, તે મર્યાદાનું ચોક્કસ પાલન કરવાથી જ વ્રત-નિયમાદિ અનુષ્ઠાનો જીવને ગુણવિકાસમાં કે દોષોના નાશમાં સહાયક બને છે. લૌકિક જીવનમાં પણ સુખ મેળવવા કે દુઃખથી બચવા માટે વિવિધ મર્યાદાઓનાં બન્ધનોને સહર્ષ સ્વીકારનારને 'લોકોત્તર (આત્મ)જીવનના વિકાસ માટે વિવિધ મર્યાદાઓરૂપ વ્રત-નિયમાદિ આવશ્યક છે' એમ સમજવું કઠિન નથી. મર્યાદાનો સ્વીકાર જેટલો દુષ્કર છે તેનાથી તેનું પાલન ઘણું દુષ્કર છે, માટે જ વ્રતાદિ સ્વીકાર્યા પછી અનિચ્છાએ પણ અતિચારો લાગવાનો સમ્ભવ છે. એ કારણે આત્માર્થીએ અતિચારોને ઓળખવા જોઇએ અને તેનાથી બચવા સતત જાગ્રતિ કેળવવી જાઇએ. છદ્મસ્થ જીવને ઉપયોગ ચૂકવાથી અતિચાર લાગી જાય કે અનાદિ મોહાદિની વાસનાથી ઉપયોગપૂર્વક પણ અતિક્રમાદિ સેવાઈ જાય એ અસમ્ભવિત નથી, તો પણ તેની શુદ્ધિ માટે શીઘ્રતયા આલોચનાદિ કરવું જોઇએ. તત્કાલ શુદ્ધિનો ઉપાય કરવાથી અશુદ્ધિ ટળી જાય છે અને વિલમ્બ કરવાથી કે શુદ્ધિ નહિ કરવાથી રોગની જેમ તે ઘાતક નીવડે છે. પ્રાથમિક સામાન્ય રોગની જેમ દેખાવમાં કે માન્યતામાં અતિચારો બહુ ન્હાના-સામાન્યદોષરૂપ હોય છે તો પણ પરિણામે તેનામાં વ્રતાદિનો નાશ કરવાની શક્તિ છૂપાએલી હોય છે. શુદ્ધિમાં વિલમ્બ થાય કે અતિચારોનું પ્રમાણ વધી જાય તો પછી તેને દૂર કરવા કઠિન બને છે. એ કારણે જ સાધુ અને શ્રાવક ઉભયને એક દિવસમાં બે વાર પ્રતિક્રમણ કરવાનું વિધાન છે, વાસ્તવમાં તો અતિચાર સેવાઇ જાય ત્યારે જ તુર્ત એની શુદ્ધિ કરી લેવી જોઇએ, ઉપરાન્ત પ્રતિક્રમણ કરીને વિશેષ શુદ્ધિ કરવી જોઇએ. અનશન, ઉણોદરિતા વિગેરે બાહ્યતપ છે અને અતિચારોની શુદ્ધિ કરવારૂપ પ્રાયશ્ચિત્ત વિગેરે અભ્યન્તર તપ છે, એ વિચારતાં સમજાશે કે પ્રાયશ્ચિત્ત દુષ્કર છે. માસક્ષપણ જેવો આકરો તપ કરી શકે, એનાથી પણ શુદ્ધ-વિધિપૂર્વક અતિચારોની શુદ્ધિ થવી દુષ્કર છે, એનું ફળ પણ મહાન્ છે. એટલું જ નહિ, અતિચારોની શુદ્ધિ વિના સેવેલાં આકરાં પણ અનુષ્ઠાનો આત્માને હિત કરવામાં અસમર્થ બને છે, કેવળ દેહદમનરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે મૂલગુણોમાં લગભગ કહેવાઈ જવા છતાં જ્ઞાનાચારાદિનું સંયમ જીવનમાં પ્રાધાન્ય જણાવવા માટે તે આચારોને જુદા કહે છે.

मूलम्–" ज्ञानादिपञ्चाचाराणां, पालनं च यथागमम् ।
गच्छवासकुसंसर्ग–त्यागोऽर्थपदचिन्तनम् ॥"१२५॥

**મૂળનો અર્થ**–જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું આગમાનુસારે પાલન કરવું, ગચ્છમાં રહેવું, કુસંસર્ગને તજવો અને આગમના પદોને સૂક્ષ્મબુદ્ધિથી અર્થપૂર્વક વિચારવાં, તે સાપેક્ષ યતિધર્મ છે.

**ટીકાનો ભાવાર્થ**–જ્ઞાનાદિ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય, એ પાંચ આચારોનું પાલન ઉલટું પણ થાય માટે કહ્યું કે 'આગમને અનુસરીને' પાલન કરવું તે સાપેક્ષ–યતિધર્મ છે. એમ વાક્યનો સંબંધ જોડવો. તેમાં ૧–'જ્ઞાન' એટલે તત્ત્વનો સમ્યગ્બોધ, તે પણ જ્ઞાનાચારમાં હેતુભૂત હોવાથી અહીં બાર અંગો, ઉપાંગો, વિગેરે શ્રુતજ્ઞાન સમજવું. ૨–'દર્શન' એટલે તત્ત્વોમાં સમ્યક્ શ્રદ્ધા, ૩–'ચારિત્ર' એટલે જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક (બાહ્ય–અભ્યંતર) સર્વ પાપવૃત્તિઓનો (યથાશક્ય) ત્યાગ, ૪–'તપ' એટલે ઇચ્છાઓનો રોધ (વિજય) અને ૫–'વીર્ય' એટલે શક્તિને ફોરવવી. એ પાંચમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણના આચારો આઠ આઠ છે, તે પૂર્વે (પહેલા ભાગમાં બીજી આવૃત્તિના પૃ. ૫૨ થી) દેશના અધિકારમાં ધર્મબિન્દુ-ગ્રન્થના આધારે જણાવ્યા છે, તેનાથી વિપરીત કરવું તે અતિચાર.[૨૬૭]તે તેટલા જ (ચોવીસ) અતિચારો સમજવા. તપના આચારો (પ્રકારો) છ બાહ્ય અને છ અભ્યન્તર એમ બાર છે, તે પૈકી છ બાહ્ય આ પ્રમાણે કહેલા છે.

" अणसणमूणोअरिआ, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥" दशवै० नि० गा० ४७॥

**વ્યાખ્યા**–अनशनं=આહારનો ત્યાગ, તેના બે પ્રકારો છે–એક અમુક મર્યાદિત કાલ સુધી અને બીજો જાવજ્જીવ સુધી. તેમાં પહેલો 'નમસ્કાર સહિત' તપથી આરંભીને શ્રીવીરપ્રભુના શાસનમાં ઉત્કૃષ્ટ છ મહિના સુધી, શ્રીઋષભદેવસ્વામિના શાસનમાં ઉત્કૃષ્ટ એક વર્ષ સુધી અને

બની જાય છે, માટે જૈનદર્શનમાં આચારોના પાલન જેટલોજ અથવા તેથી પણ વધારે ભાર અતિચારોની શુદ્ધિ ઉપર મૂકવામાં આવ્યો છે. એમ પણ વિભાગ કરી શકાય કે આચારોનું પાલન ચિત્તની પુષ્ટિ માટે અને અતિચારોની શુદ્ધિ ચિત્તની શુદ્ધિ માટે છે. ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિ ઉભયાત્મક ધર્મ છે, તે બેમાંથી એકે વિના ચાલે તેમ નથી, માટે ધર્મનાં બે અંગોરૂપ 'આચાર પાલન અને અતિચાર શુદ્ધિ' બન્ને આવશ્યક છે. અતિચારોના અધિક પડતા ભયથી આચારોનું પાલન નહિ કરવું, વ્રત–નિયમાદિને નહિ સ્વીકારવાં એ અઘટિત છે અને તેમાં લાગતા અતિચારોની ઉપેક્ષા (શુદ્ધિ નહિ) કરવી તે પણ અઘટિત છે. માટે જ પૂર્વમહર્ષિઓએ શાસ્ત્રો રચવામાં આ બે વિષયોને મુખ્ય રાખ્યા છે, ઇત્યાદિ વિચારતાં સમજાય છે કે અતિચારોથી બચવું અને શુદ્ધ થવું એ અતિમહત્ત્વનું છે. ધનિક બનવા માટે ધન વધારવું અને દેવું ટાળવું, શારીરિક સુખ માટે બળ, રૂપ, વિગેરે વધારવું અને રોગને ટાળવા, વિગેરે લૌકિક વ્યવહારો પણ ઉભય માર્ગને અનુસરે છે તેમ લોકોત્તર(મોક્ષની)આરાધનામાં પણ એ જ ન્યાય સ્વીકારેલો છે.

૨૬૭–છાપેલી પ્રતમાં '**तावन्त एवातिचारा ज्ञेयाः**' એટલો પાઠ રહી ગયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યમ (બાવીશ) તીર્થંકરોના શાસનકાળમાં ઉત્કૃષ્ટ આઠ મહિના સુધી હોય છે. બીજા જાવજ્જીવઆહારત્યાગરૂપ અનશનમાં ૧–પાદપોપગમન, ૨–ઇઙ્ગિતમરણ અને ૩–ભક્તપરિજ્ઞા, એમ ત્રણ પ્રકારો છે. એનું સ્વરૂપ મૂળગ્રન્થથી કહેવાશે. ૨–ऊनोदरता='ઊણું' અર્થાત્ જે તપમાં ખાનારનું ઉદર (પેટ) ઊણું (અપૂર્ણ) રહે તે ઊનોદર કહેવાય અને 'ઊનોદરપણું' એ જ ઊનોદરતા, એવી એ શબ્દની વ્યાખ્યા છે. આચરણથી તો અપૂર્ણતાને ઊનોદરતા કહેવાય છે. તે ઊણાપણું (અપૂર્ણતા) દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે, તેમાં દ્રવ્યથી ઊણાપણું એક ઉપકરણને આશ્રીને અને બીજું આહારપાણીને આશ્રીને થઇ શકે, તે ઉપકરણને આશ્રીને જિનકલ્પિકોને હોય છે. આહારપાણીને આશ્રીને તો 'અલ્પાહાર' વિગેરે ભેદોથી પાંચ પ્રકારે છે. કહ્યું છે કે—

" अप्पाहार अवड्ढा, दुभागपत्ता तहेव किंचूणा ।
अट्ठ दुवालस सोलस, चउवीस तहेक्कतीसा य ॥" (दशवै० नि० गा० ४७–टीका)

**ભાવાર્થ**—આઠ, બાર, સોળ, ચોવીસ અને એકત્રીસ કવળ પર્યન્ત આહાર લેવો તેને અનુક્રમે ૧–અલ્પાહાર, ૨–અપાર્દ્ધ, ૩–દ્વિભાગ, ૪–પ્રાપ્ત અને ૫–કિઞ્ચિન્ન્યૂન, એ નામની ઊણોદરિકા કહી છે, તેમાં પણ પ્રત્યેકના જઘન્યાદિ ભેદો છે, જેમ કે–જઘન્ય એક કવળ, ઉત્કૃષ્ટ આઠ કવળ અને મધ્યમ બેથી સાત કવળ આહાર લેવાથી અલ્પાહાર ઊનોદરિકા થાય, એમ બીજા પ્રકારોમાં પણ જઘન્યાદિ સ્વરૂપ સ્વયમેવ સમજી લેવું.

આહારનું પ્રમાણ (સામાન્યથી) પુરૂષોને બત્રીશ અને સ્ત્રીઓને અટ્ઠાવીસ કવળનું માન્યું છે, તદનુસાર ન્યૂનઆહાર, અલ્પાહાર, વિગેરે ભેદો સમજી લેવા. આ દ્રવ્ય ઊનોદરિકા કહી, ભાવ ઊનોદરિકા એટલે ક્રોધાદિ અન્તરઙ્ગ શત્રુઓનો (યથાશક્ય) ત્યાગ કરવો. એ રીતે ઊનોદરતાનું સ્વરૂપ જાણવું. ૩–वृत्तिसंक्षेपणं=જેનાથી જીવાય તે વૃત્તિઃ, અર્થાત્ આજીવિકા, તે સાધુને ભિક્ષાથી થાય, તેનો સંક્ષેપ–હ્રાસ કરવો તે 'વૃત્તિસંક્ષેપણ' સમજવું તેમાં (ગૃહસ્થાદિ એકસાથે જેટલું આપે તેને એક દત્તિ કહેવાય તેવી) દત્તિઓનું પ્રમાણ (નિયમન) કરવું, (જેમકે–એક, બે, કે ત્રણ, વિગેરે અમુક દત્તિઓથી વધારે નહિ લેવું) તથા અમુક સંખ્યાથી વધારે ઘરોમાંથી, કે અમુક શેરી, ગામ કે અડધા ગામ વિગેરે અમુક ક્ષેત્રથી વધારે ક્ષેત્રમાંથી નહિ લેવાનો નિયમ કરવો તે 'વૃત્તિસંક્ષેપ' સમજવો. (કરણસિત્તરીમાં કહ્યા તે) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સંબન્ધી અભિગ્રહો પણ આ વૃત્તિસંક્ષેપ તપનો જ પ્રકાર છે. ૪–रसत्याग=રસોનો એટલે અહીં (मतुब्) પ્રત્યયનો લોપ થએલો હોવાથી વિશિષ્ટ રસવાળા, માદક, કે વિકારક પદાર્થોનો ત્યાગ, અર્થાત્ વિગઇ શબ્દથી ઓળખાતા મધ, માંસ, માખણ અને મદિરા, એ ચાર અભક્ષ્ય વિગઇઓનો અને દૂધ, દહી, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન, એ છ ભક્ષ્ય વિગઇઓનો ત્યાગ તે 'રસત્યાગ' જાણવો. તથા ૫–कायक्लेश='કાયા' એટલે શરીર તેને શાસ્ત્રવિરોધ ન થાય તેમ 'કલેશ'=બાધા–પીડા ઉપજાવવી. જો કે શરીર જડ છે તેને કષ્ટ આપવાથી તપ ગણાય નહિ. તો પણ અહીં શરીર અને શરીરી અપેક્ષાએ એક હોવાથી કાયકલેશથી આત્મકલેશ પણ સમ્ભવિત છે જ, (માટે તેને તપ કહ્યો છે.) તે કાયકલેશ અમુક વિશિષ્ટ આસનો કરવાથી તથા શરીરની સારસંભાળ, રક્ષા, કે પરિચર્યા નહિ કરવાથી, અથવા કેશનો લોચ કરવા વિગેરેથી કરી શકાય.



Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

આ કાયક્લેશ સ્વયં કરેલા ક્લેશના અનુભવરૂપ છે અને પરીષહો સ્વયં તથા બીજાએ કરેલા ક્લેશના અનુભવરૂપ છે એમ કાયક્લેશમાં અને પરીષહોમાં ભિન્નતા છે. ૬-**સંલીનતા**=ગોપવવાપણું. તે ૧-ઈન્દ્રિયોને, ૨-કષાયોને અને ૩-યોગોને ગોપવવાથી તથા ૪-પૃથગ્ (નિર્જનાદિ પ્રદેશમાં) શયન-આસન કરવાથી (સુવા-બેસવાથી), એમ ચાર પ્રકારે થાય છે. તેમાં ઇન્દ્રિયોને, કષાયોને અને યોગોને ગોપવવાનું વર્ણન તો લગભગ પૂર્વે કહેવાઇ ગયું, પૃથક્ સુવા-બેસવાનો અર્થ એ છે કે-એકાન્ત, બાધારહિત, જીવસંસક્તિથી અને પશુ, નપુંસક, વિગેરેથી રહિત, એવાં શૂન્યઘરો, દેવકુલિકા, સભા, કે પર્વતની ગુફા, વિગેરે કોઇ સ્થળે રહેવું. એ છ પ્રકારનો બાહ્યતપ કહ્યો.

એનું બાહ્યપણું એ કારણે છે કે-એમાં બાહ્ય વસ્તુઓની અપેક્ષા રહે છે, બીજાઓને તે પ્રત્યક્ષ હોય છે, બાહ્ય શરીરને તપાવે છે, અને અન્યધર્મીઓ તાપસ વિગેરે તથા ગૃહસ્થો પણ તે કરે છે.

અભ્યન્તરતપ આ પ્રમાણે છે.

"पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोवि अ, अब्भिंतरओ तवो होइ ॥" (दशवै० नि० गा० ४८)

**વ્યાખ્યા**-प्रायश्चित्तम्=મૂલ-ઉત્તર ગુણોમાં લાગેલો અતિઅલ્પ (ન્હાનો) પણ અતિચાર ચિત્તને મેલું કરે છે, એ કારણે તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તેની વ્યુત્પત્તિ એમ છે કે-પ્રાયઃ અતિચારથી મલિન થએલા ચિત્તનું વિશોધન (વિશુદ્ધિ) કરે તે પ્રાયશ્ચિત્ત, અથવા प्र=પ્રકર્ષથી (વિશેષતયા) આચારરૂપ ધર્મ જેનાથી अयते=પ્રાપ્ત થાય તે 'પ્રાયઃ', અર્થાત્ મુનિલોક (સાધુઓ), તેઓ અતિચારની વિશુદ્ધિ માટે 'ચિન્તન'=સ્મરણ કરે માટે પ્રાયશ્ચિત્ત, અર્થાત્ તે એક પ્રકારનું અનુષ્ઠાન સમજવું. તેના દશ પ્રકારો આગળ કહેવાશે. ૨-**વિનય**=આઠપ્રકારનું કર્મ જેનાથી 'विनीयते'=દૂર કરાય તે 'વિનય' જ્ઞાનાદિ વિષયભેદે સાત પ્રકારનો છે. કહ્યું છે કે—

"नाणे दंसणचरणे, मणवयकाओवयार(रिओ)विणओ [अ] ।
नाणे पंचुवया(चपगा)रो, मइनाणाईण सद्दहणं ॥१॥
भत्ती तह बहुमाणो, तद्दिट्ठत्थाण सम्मभावणया ।
विहिगहणब्भासोवि अ, एसो विणओ जिणाभिहिओ ॥२॥"
(दशवै० नि० गा० ४८-टीका)

**ભાવાર્થ**-જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, મનોવિનય, વચનવિનય, કાયવિનય અને ઉપચાર વિનય, એમ વિનય સાત પ્રકારે છે. તેમાં **જ્ઞાનવિનય** પાંચ પ્રકારનો છે. ૧-મતિજ્ઞાન વિગેરે તે તે 'જ્ઞાનના સ્વરૂપમાં શ્રદ્ધા' કરવી, ૨-તે તે જ્ઞાનવાળા જ્ઞાનીઓની કે જ્ઞાનનાં સાધનોની 'બાહ્યસેવારૂપ ભક્તિ' કરવી, ૩-હૃદયથી તેઓ પ્રત્યે 'બહુમાન' કરવું, ૪-તેમાં જણાવેલા 'અર્થોનો સમ્યક્ (અવિપરીત) વિચાર' કરવો અને ૫-વિધિપૂર્વક 'જ્ઞાન ભણવું,' વારંવાર અભ્યાસ કરવો, શ્રીજિનેશ્વરોએ એ પાંચ પ્રકારે જ્ઞાનવિનય કહ્યો છે. 'શુશ્રૂષા' વિગેરે **દર્શનવિનય** માટે કહ્યું છે કે-

"सुस्सूसणा अणासायणा य विणओ अ दंसणे दुविहो ।
दंसणगुणाहिएसुं, किज्जइ सुस्सूसणाविणओ ॥१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सक्कारब्भुट्ठाणे, सम्माणासणअभिग्गहो तह य ।
आसणअणुप्पयाणं, किइकम्मं अंजलिगहो अ ॥२॥
इंतस्सणुगच्छणया, ठिअस्स तह पज्जुवासणा भणिया ।
गच्छंताणुव्वयणं, एसो सुस्सूसणाविणओ ॥३॥" (दशवै० नि० गा० ४८–टीका)

**ભાવાર્થ**–દર્શન વિનયના ૧–શુશ્રૂષા અને ૨–અનાશાતના, એમ બે પ્રકારો છે. તેમાં દર્શન ગુણમાં જેઓ અધિક (નિર્મળ–શ્રદ્ધાવાળા) હોય તેઓનો શુશ્રૂષારૂપ વિનય કરવો. (૧) તે કહે છે કે–તેઓની સ્તુતિ વિગેરે કરવારૂપ સત્કાર કરવો, આવે ત્યારે ઉભા થવું (અથવા તે ઉભા હોય ત્યારે ઉભા રહેવું) વિગેરે અભ્યુત્થાન કરવું, વસ્ત્ર વિગેરે ભેટ આપવારૂપ સન્માન કરવું, ઉભેલાને 'આસને પધારો, બેસો' વિગેરે વિનંતિ કરવારૂપ આસનાભિગ્રહ કરવો, તેઓનું આસન તેમની ઇચ્છાનુસાર એક સ્થાનેથી બીજા સ્થાને મૂકવું, વિગેરે આસનનું અનુ–પ્રદાન કરવું, કૃતિકર્મ એટલે વન્દન કરવું, દર્શન થતાં તુર્ત અઞ્જલિ જોડીને બે હાથ મસ્તકે લગાડવા, આવે ત્યારે સામા જવું, બેઠા હોય ત્યાં સેવા કરવી, અને તેઓ જાય ત્યારે પાછળ વળાવવા જવું, ઇત્યાદિ શુશ્રૂષા વિનય જાણવો.

અનાશાતના વિનય આ પ્રમાણે પંદર પ્રકારે કહ્યો છે,

"तित्थयरधम्मआयरिअवायगे थेरकुलगणे संघे ।
संभोइअकिरिआए, मइनाणाईण य तहेव[य] ॥१॥
कायव्वा पुण भत्ती, बहुमाणो तहय वन्नवाओ य ।
अरिहंतमाइआणं, केवलनाणावसाणाणं ॥२॥" (दशवै० नि० गा० ४८-टीका)

**ભાવાર્થ**–૧–તીર્થંકરો, ૨–(ચારિત્ર અથવા ક્ષમાદિ દશવિધ) ધર્મ, ૩–આચાર્ય, ૪–ઉપાધ્યાય (પાઠક), ૫–સ્થવિર, ૬–કુલ, ૭–ગણ, ૮–સંઘ, ૯–સામ્ભોગિકસાધુઓ, ૧૦–ક્રિયા એટલે અસ્તિત્વવાદ અને ૧૧ થી ૧૫–મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનો (જ્ઞાનીઓ), એ પંદરની બાહ્યસેવારૂપ ભક્તિ કરવી, હાર્દિક પ્રીતિરૂપ બહુમાન કરવું, અને વર્ણવાદ એટલે તેમના ગુણોની પ્રશંસા કરવી. (ઉપલક્ષણથી આશાતના વર્જવી અને દોષ નહિ બોલવા.) એ પ્રમાણે અરિહંત વિગેરે કેવલજ્ઞાન (જ્ઞાની) પર્યંતના પંદર(ની ભક્તિ વિગેરે કરવું તે દર્શન)નો અનાશાતના વિનય જાણવો.

૩–**ચારિત્રવિનય** આ પ્રમાણે કહ્યો છે.

"सामाइआइचरणस्स, सद्दहाणं तहेव काएणं ।
संफासणं परूवणमहपुरओ भव्वसत्ताणं ॥१॥" (दशवै० नि० गा० ४८–टीका)

**ભાવાર્થ**–સામાયિક વિગેરે પાંચ પ્રકારના ચારિત્રની (મનથી) શ્રદ્ધા કરવી, કાયાથી તેનું સ્પર્શન (પાલન) કરવું અને (વચનથી) ભવ્ય પ્રાણીઓની આગળ તેની પ્રરૂપણા કરવી. (તે ચારિત્રવિનય સમજવો.) ૪ થી ૬–**મન–વચન–અને કાય વિનય** પણ ત્યાં આ પ્રમાણે કહ્યો છે.

"मणवइकाइअविणओ, आयरिआईण सव्वकालंपि ।
अकुसलमणोणि(णाइ)रोहो, कुसलाण उदीरणं तह य ॥१॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-આચાર્ય વિગેરે દરેક પૂજ્યો પ્રત્યે સર્વદા દુષ્ટમન (દુર્ભાવ, દુષ્ટવચન, અવિનયી વર્તન) વિગેરેનો રોધ કરવો અને પ્રશસ્ત મન (સદ્ભાવ, પ્રશંસા, સેવાભક્તિ) વિગેરેની ઉદીરણા કરવી તેને અનુક્રમે મનોવિનય, વચનવિનય અને કાયવિનય કહ્યો છે. (અર્થાત્ મનથી દુષ્ટ વિચારવું, વચનથી કઠોર વિગેરે બોલવું અને કાયાથી દુષ્ટ વર્તાવ કરવો, વિગેરે યોગોની અકુશળ પ્રવૃત્તિ નહિ કરવી, ઉલટમાં મનથી તેઓ પ્રત્યે બહુમાન-પૂજ્યભાવ વિગેરે ધરવો, વચનથી તેઓના ગુણોની સ્તુતિ વિગેરે કરવું અને કાયાથી સેવા વિગેરે કરવું, ઇત્યાદિ યોગોની કુશળપ્રવૃત્તિ કરવી.)

૭-**ઉપચારવિનય**-'ઉપચાર' એટલે (વિનયને પાત્ર એવા) સામાને સુખકારક ક્રિયા વિશેષ, એવી ક્રિયાદ્વારા વિનય કરવો તે ઔપચારિક વિનય જાણવો. તેના આ પ્રમાણે સાત પ્રકારો છે-

" अब्भासऽच्छणछंदाणुवत्तणं कयपडिकिकई तह य ।
कारिअनिमित्तकरणं, दुक्खत्तगवेसणं(णा) तह य ॥१॥
तह देसकालजाणण, सव्वत्थे [सु] तहय [अ]णुमई भणिआ ।
उवयारिओ उ विणओ, एसो भणिओ समासेणं ॥२॥"(दशवै० नि० ४८-टीका)

**ભાવાર્થ**-अब्भासच्छण=શ્રુત ભણવા સિવાયના સમયે પણ ગુર્વાદિની પાસે બેસવું, छंदाणुवत्तण= તેઓની ઇચ્છાને (હાર્દિક ભાવ જોઇ જાણીને) અનુકૂળ વર્તવું. कयपडिकिकई=ભક્તિ કરવાથી માત્ર એક નિર્જરા જ નહિ, કિન્તુ પ્રસન્ન થએલા 'ગુરૂ મને સૂત્ર ભણાવશે' ઇત્યાદિ પ્રત્યુપકાર પણ કરશે, એમ સમજી આહારાદિ લાવી આપવાં, વિગેરે ભક્તિમાં ઉદ્યમ કરવો, कारितनिमित्तकरणं= 'આ ગુરૂએ મને શ્રુતજ્ઞાન આપ્યું' વિગેરે તેઓના ઉપકારોને નિમિત્ત બનાવીને (તેનો બદલો વાળવાના ઉદ્દેશથી) તેઓની સેવા ભક્તિ વિગેરે વિનયમાં વિશેષ પ્રવૃત્તિ કરવી, दुःखार्त्तगवेषणा= તેઓ ગ્લાન હોય ત્યારે ઔષધ વિગેરે મેળવી આપવું, અર્થાત્ બીમારી વિગેરેમાં સ્વયં અથવા પોતાના આશ્રિતાદિ-શિષ્યાદિ દ્વારા ભક્તિ કરવી, देशकालज्ञानं=દેશ, કાળ વિગેરેને ઓળખવા, તે તે કાળે તે તે ક્ષેત્રમાં તેઓની જરૂરીઆતોને સમજીને તે પ્રમાણે સેવા કરવી અને सर्वार्थेष्वनुमतिः= સર્વ અર્થોમાં અનુમતિ એટલે સર્વ વિષયમાં તેમની (ઇચ્છાને જોઇને તે પ્રમાણે) અનુકૂળ પ્રવૃત્તિ કરવી, એ સંક્ષેપમાં ઉપચાર વિનય કહ્યો.

**બાવન પ્રકારે વિનય**-અથવા આ રીતે બાવન પ્રકારે પણ વિનય કહ્યો છે—

" तित्थयरसिद्धकुलगण-संघकिरिअ(या) धम्मनाणनाणीणं ।
आयरिअ थेरुव(ओ)ज्झाय-गणीणं तेरसपयाइं(णि) ॥३२५॥
अणसायणा य भत्ती, बहुमाणो तह य वण्णसंजलणा ।
तित्थयराई तेरस, चउग्गुणा होंति बावन्ना ॥३२६॥" (दशवै० नि० अ० ९)

**ભાવાર્થ**-૧-તીર્થંકર, ૨-સિદ્ધ, ૩-નાગેન્દ્ર વિગેરે કુલ, ૪-કોટિક વિગેરે ગણ, ૫-ચતુર્વિધસઙ્ઘ, ૬-અસ્તિત્વ વિગેરે ક્રિયા, ૭-શ્રુતધર્મ-ચારિત્રધર્મ, ૮-મતિ આદિ પાંચ જ્ઞાન, ૯-જ્ઞાનીઓ, ૧૦-પાંચ પ્રકારના આચાર્યો, ૧૧-ત્રણ પ્રકારના સ્થવિરો, ૧૨-ઉપાધ્યાય અને ૧૩-ગણના અધિપતિ ગણધરો, તે પ્રત્યેકનો (૩૨૫) ૧-હલકાઈ વિગેરે આશાતના નહિ કરવી, ૨-બાહ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવારૂપ ભક્તિ કરવી, ૩–આંતરમાં પ્રીતિરૂપ બહુમાન કરવું અને ૪–તેઓના ગુણ, ઉપકાર, વિગેરેની પ્રશંસા કરવી, એમ ચાર પ્રકારે તેરનો વિનય કરવાથી બાવન પ્રકારો થાય. (૩૨૬)એ વિનય કહ્યો.

૩–**વૈયાવચ્ચ**–દશ પ્રકારે વૈયાવચ્ચ ચરણસિત્તરીમાં કહી તે પ્રમાણે સમજવી.

૪–**સ્વાધ્યાય**–સુ+આ+અધ્યાય=સ્વાધ્યાય. તેમાં એક સુ=સારી રીતે આ=કાળવેળાને છોડીને (કાળ વિનયાદિ જ્ઞાનાચારોપૂર્વક) અથવા પોરિસીની મર્યાદાથી, અધ્યાય=ભણવું, તેને સ્વાધ્યાય કહેવાય. તેના વાચના, પૃચ્છના, પરિવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા, એમ પાંચ ભેદો છે. તેમાં ૧–**વાચના**=શિષ્યને ભણાવવું. ૨–**પૃચ્છના**=ભણેલામાં શંકિત વિગેરે હોય તે પૂછવું, ૩–**પરિવર્ત્તના** ભણેલું ભૂલી ન જવાય તે માટે 'ઘોષ' વિગેરે ઉચ્ચારની શુદ્ધિથી વિધિપૂર્વક ભણવું (વારંવાર પાઠ કરવો), ૪–**અનુપ્રેક્ષા**=ભૂલી ન જવાય માટે અર્થનું વારંવાર ચિન્તન કરવું અને ૫–**ધર્મકથા**=ભણેલું એ રીતે વારંવાર અભ્યસ્ત (પરિચિત) થયા પછી ધર્મનું કથન કરવું (અન્યને ભણાવવું, સમજાવવું), એમ સ્વાધ્યાય પાંચ પ્રકારે છે.

૫–**ધ્યાન**=પ્રતિક્રમણ સૂત્રના અર્થમાં ચાર ધ્યાન કહ્યાં, તે પૈકી ધર્મધ્યાન અને શુકલધ્યાન બેને તપમાં ગણવાં.

૬–**ઉત્સર્ગ**=તજવા યોગ્ય (નિરૂપયોગી) વસ્તુનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારનો છે, તેમાં વધારાની–નિરૂપયોગી ઉપધિ અને અશુદ્ધ આહાર વિગેરે બાહ્યવસ્તુનો ત્યાગ કરવો તે બાહ્ય ઉત્સર્ગ અને કષાયો(વિગેરે દોષો)નો તથા મૃત્યુકાલે શરીરનો ત્યાગ કરવો તે અભ્યંતર ઉત્સર્ગ સમજવો. આ ઉત્સર્ગને દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં ગણ્યો છે તે અતિચારની શુદ્ધિ માટે અને અહીં તપમાં કહ્યો તે સામાન્ય નિર્જરા માટે સમજવો. અર્થાત્ પુનરૂક્તતા નહિ સમજવી.

આ છ પ્રકારનો તપ લોકમાં તપ તરીકે પ્રગટ નથી, અન્ય દર્શનીઓ એને ભાવથી કરતા નથી, મોક્ષની પ્રાપ્તિમાં તે અન્તરઙ્ગ કારણભૂત છે અને અભ્યન્તર કર્મોને તપાવે છે, એ કારણોથી એને 'અભ્યન્તર' તપ કહેવાય છે. એ તપાચાર કહ્યો.

૫–**વીર્યાચાર**–એના ત્રણ પ્રકારો છે, મન, વચન, કાયાદ્વારા પ્રાપ્ત સામર્થ્યને અનુસારે (અન્યૂનાધિક) ધર્મકાર્યો કરવાથી ત્રણ પ્રકારે વીર્યાચારનું પાલન થાય છે.

એ પ્રમાણે (પાલન કરવા માટે) પાંચ આચારો[२६८] કહ્યા.

---

૨૬૮–શ્રી જૈનદર્શનમાં પંચાચારનું પાલન એ મુખ્ય ધ્યેય છે, તેનું કારણ એ છે કે આત્માના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવાની ભૂમિકા ઉપર તે સ્થપાએલું છે. આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત–ચારિત્ર અને અનંતવીર્ય, એ અનંતચતુષ્ટયીસ્વરૂપ છે, છતાં અનાદિકાળથી જ્ઞાનાદિના આવારક તે તે કર્મોથી તેનું સ્વરૂપ અવરાએલું છે. તે કર્મોને દૂર કરી તે ગુણોને (આત્મ સ્વરૂપને) પ્રગટ કરવાનો માર્ગ, એ જ મોક્ષનો માર્ગ છે અને જૈનદર્શન તેનું પ્રરૂપક તથા પ્રાપક છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર પરસ્પર ભિન્ન છતાં એટલાં સાપેક્ષ છે કે જ્ઞાન એ જ દર્શન અને ચારિત્ર, દર્શન એ જ જ્ઞાન અને ચારિત્ર અને ચારિત્ર એ જ જ્ઞાન અને દર્શન પણ કહેવાય છે. ત્રણેના સહયોગથી જ આત્મા પોતાનું કાર્ય સાધી શકે છે, આ ત્રણ અત્રયવોમય હોવાથી આત્માને 'સચ્ચિદાનંદ' પણ કહેલો છે, તેમાં સત્ એટલે દર્શન, ચિત્ એટલે જ્ઞાન અને એ બેના બળે જગતના સર્વ ભાવોના

હવે (૧૨૫ માનું ઉત્તરાર્દ્ધ તથા ૧૨૬-૧૨૭ શ્લોકો, એમ) અઢી શ્લોકથી મહાવ્રતોના પાલનમાં ઉપાયભૂત સાપેક્ષયતિધર્મના કેટલાક (આવશ્યક) કર્ત્તવ્યો. (અનુષ્ઠાનો) કહેવા માટે (૧૨૫ માના ઉત્તરાર્દ્ધમાં) 'गच्छवास' વિગેરે કહ્યું છે, તેમાં 'ગચ્છ' એટલે ગુરૂ-શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિપરિવાર અને તેમાં 'વાસ' એટલે રહેવું, તેને સાપેક્ષયતિધર્મ કહ્યો છે, એમ વાક્ય સંબંધ જોડવો.

જ્ઞાતા અને દ્રષ્ટા બનવા છતાં સ્વસ્વરૂપમાં રમણતારૂપ આનંદ અનુભવવો તે તેનું શુદ્ધ ચારિત્ર છે. ટુંકમાં આત્માના જ્ઞાનાદિ ગુણો એ જ એનું સ્વરૂપ છે, એ ગુણોનો આનંદ ભોગવવો એ જ એનું નિરૂપાધિક શાશ્વત એવું સહજ સુખ છે અને તેને મેળવવાનો પ્રયત્ન તે જ સુખનો પ્રયત્ન કહેવાય છે. માટે તે તે ગુણોના પ્રગટીકરણ માટે તે તે જ્ઞાનાચારાદિ આચારોના પાલનનું જૈનદર્શનમાં વિધાન કરેલું છે. પહેલા ભાગમાં કહેલા જ્ઞાનાચારના કાલાદિ આઠ પ્રકારો, દર્શનાચારના નિઃશંકિતાદિ આઠ પ્રકારો, ચારિત્રાચારના અષ્ટપ્રવચનમાતાના પાલનરૂપ આઠ પ્રકારો, તપાચારના અહીં કહેલા બાર પ્રકારો અને વીર્યાચારના ત્રણ પ્રકારો છે. તેમાં તપાચાર અંગે અહીં કંઈક જણાવીએ છીએ.

ધર્મને અને તપને એવો સંબંધ છે કે તપ વિના કોઈ ધર્મ વસ્તુતઃ ધર્મ બની શકતો નથી. કારણ કે કર્મક્ષય અને મુક્તિ માટે તપનું આચરણ અનિવાર્ય છે. એ કારણે દરેક ધર્મમાં તપને એક યા બીજા રૂપમાં સ્વીકારવામાં આવ્યો છે, તો પણ જૈનધર્મમાં તપને જે વિશિષ્ટ સ્થાન છે તે બીજે ક્યાંય નથી. એમ પણ કહી શકાય કે તપોમય ધર્મ એ જ જૈનધર્મ. આજે પણ લોકમાં જૈનધર્મની ઓળખ પ્રાયઃ તપથી થાય છે, એનું એ કારણ છે કે જૈનોનાં પ્રત્યેક પર્વો તપથી સંકળાએલાં છે, જૈનોનાં પ્રત્યેક તીર્થો તપની સાધનાના ધામ સરખાં છે, તેમ જૈનોના પ્રત્યેક આચાર-વિચારમાં તપની મુખ્યતા પ્રગટ દેખાય છે. રાત્રિભોજનનો ત્યાગ, સવારે નમુક્કારસહી, પોરિસી, સાર્ધપોરિસી, પુરિમડ્ઢ, અને અવડ્ઢ પર્યન્તના નિત્યના પચ્ચક્ખાણ તથા એકાશન, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, કે તેથી પણ અધિક તપશ્ચર્યાની વારંવાર આરાધના કરવી એ જૈનોની બાહ્ય તપધર્મ પ્રત્યેની તત્પરતાનાં દૃષ્ટાન્તો છે.

આટલું જ પર્યાપ્ત નથી, અજૈનો જેને પ્રાયઃ તપ તરીકે સમજતા કે માનતા પણ નથી તેવો પ્રાયશ્ચિત્તાદિ અભ્યન્તર તપ એ તો જૈનધર્મની એક અનોખી વિશિષ્ટતા છે. **સંખ્યામાં અલ્પ છતાં પણ જૈનસંઘ જૈનધર્મનું ગૌરવ દિગંતવ્યાપી બનાવી શક્યો હોય તો તે જૈનધર્મના તપને આભારી છે** એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

તપનું આટલું મહત્ત્વ એ કારણે છે કે અહીં કહેલા બાર પ્રકારના તપને જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે ઉપર કહ્યા તે ગુણો સાથેનો ઘનિષ્ટ સંબંધ છે. પ્રાયશ્ચિત્તાદિ અભ્યન્તર તપ કર્મોને તપાવનાર હોવાથી જ્ઞાનીઓ તેને જ્ઞાન (યોગ) સ્વરૂપ માને છે અને અનશનાદિ બાહ્યતપને અભ્યન્તરતપનો સહાયક-પોષક માને છે. વિચાર કરતાં સમજાય પણ છે કે જ્ઞાનનું ફળ વિરતિ છે, તપ ચારિત્રમાં-વિરતિમાં વ્યાપક હોવાથી તે વિરતિસ્વરૂપ છે માટે તપને જ્ઞાનના ફળ તરીકે ઉપચારથી જ્ઞાનસ્વરૂપ પણ કહી શકાય. બાલકની જેમ અજ્ઞાની જીવો સુખશીલિઆ હોવાથી ભલે તપના કષ્ટથી ડરે, પણ પંડિત બુદ્ધિવાળા જ્ઞાનીઓ ઇષ્ટસુખ માટે સદૈવ કષ્ટનો સામનો કરનારા હોવાથી સાચા સુભટની જેમ કદી ડરતા નથી. અર્થાત્ તપના આદરવાળો જીવ સાચો જ્ઞાની કહેવાય છે. કારણ કે ધન વિગેરેની ઇચ્છાવાળા વ્યાપારીઓ વિગેરે ઠંડી-ગરમી-ભૂખ-તૃષા વિગેરે અનેક કષ્ટો સહવા તત્પર હોય છે તેમ સમ્યગ્જ્ઞાનના બળે સંસારથી વિરાગી બનેલા તત્ત્વજ્ઞાનના અર્થી જ્ઞાનીઓ તપથી વિવિધ જ્ઞાનાદિ ઇષ્ટ લાભો થતા હોવાથી તપના કષ્ટને કષ્ટ માનતા નથી, ઉલટું 'સ્વસાધ્યની સિદ્ધિ થાય છે એમ સમજીને તપમાં પ્રતિદિન આનંદ અનુભવે છે.

એમ છતાં એ તપ જેમ તેમ જેના તેનાથી કરી શકાતો નથી. 'દુર્ધ્યાન ન થાય, સંયમના અન્ય પ્રતિલેખન પ્રતિક્રમણાદિ વ્યાપારોને હાનિ ન પહોંચે અને નેત્રોનું તેજ વિગેરે ઇન્દ્રિઓનું બળ ક્ષીણ ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છમાં રહેવાથી પોતાનાથી અધિક ગુણવાળા કેટલાક સાધુઓનો વિનય કરી શકાય,

---

થાય, તેટલો તપ તે રીતે કરવો જોઈએ.' એમ કહેવામાં પણ જૈનદર્શનની અનેકાન્તદષ્ટિ સ્પષ્ટ દેખાય છે. વધારે શું? શાસ્ત્રમાં જણાવેલા ચરણ-કરણસિત્તરીરૂપ મૂળગુણો અને ઉત્તરગુણોને પ્રગટાવવા માટે જૈન-શાસનમાન્ય બાહ્ય-અભ્યન્તર ઉભય પ્રકારનો તપ એક અમોઘ ઉપાય છે.

તપની ચારિત્રમાં 'મુખ્યતા-વ્યાપકતા', છે એમ તેનું પ્રાધાન્ય જણાવવા માટે તપાચાર તરીકે તેને ચારિત્રાચારથી ભિન્ન કહ્યો છે. એ પ્રાધાન્ય સમજવા માટે એમ કહી શકાય કે તપ ચારિત્રના પ્રાણભૂત અને આભૂષણભૂત છે. પ્રાણરહિત શરીર અકિંચિત્કર છે, ઉપરાન્ત દુર્ગન્ધ ફેલાવે છે અને વસ્ત્રાદિ આભૂષણો વિનાનું શરીર આદરનું પાત્ર બનતું નથી તેમ તપ વિનાનું ચારિત્ર આત્માને ઉપકાર કરી શકતું નથી અને લોકમાં શોભાને પણ પામતું નથી. વિચારતાં એમ પણ સમજાય છે કે જો તપ વિનાનું ચારિત્ર કિંમત વિનાનું છે તો જે દર્શન અને જ્ઞાનનું પણ મૂલ્ય ચારિત્રના બળે છે તે તો તપ વિના નિષ્ફળપ્રાયઃ થઈ જાય. એમ જે તપથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ગુણો સફળ બને છે તે તપ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે. અર્થાત્ જિનાજ્ઞા મુજબ કરાતા તપમાં એ ત્રણે ગુણોની અખંડ સાધના રહેલી છે કે જે ગુણો મુક્તિ માટેની ધોરી સડકરૂપ છે.

શરીરના આરોગ્યની અને યોગોની શુદ્ધિ માટે તપ ઉપકારક છે એ વાત તો પૂર્વે કહેવાઇ ગઈ છે. આવા વિશિષ્ટ અને આત્મહિતકર તપના બાર પ્રકારોમાં રહેલા રહસ્યનો કંઈક માત્ર વિચાર કરીએ.

બાહ્યતપના છ પ્રકારો વસ્તુતઃ પ્રકારો નહિ પણ તેનાં અઙ્ગો છે, એક બાહ્યતપના છ અવયવો છે. કારણ કે તેમાંના એકના અભાવે પણ બાહ્ય તપની પૂર્ણતા થતી નથી, બાહ્યયોગોની પૂર્ણ શુદ્ધિરૂપ તેનું કાર્ય પૂર્ણ થતું નથી અને તેથી તેની અભ્યન્તર તપની કારણતા પણ વિકલ બને છે. ઉપવાસાદિ અનશન કરવા છતાં ઊનોદરતારૂપ સંતોષના અભાવે અનશન સફળ થતો નથી, ઊનોદરતા ઉપવાસાદિ અનશનનું ફળ છે, તે પ્રગટવાથી ઉપવાસાદિ અનશનતપ સફળ થાય છે. એ રીતે ઊનોદરતા પછી વૃત્તિસંક્ષેપ, તે પછી રસત્યાગ, તે પછીનો કાયક્લેશ અને છેલ્લો સંલીનતા, એ દરેક પૂર્વપૂર્વ તપનાં પૂરક અંગો છે, તે છએના યોગે બાહ્યતપની પૂર્ણતા થાય છે અને તોજ તે અભ્યન્તરતપનું કારણ બને છે. બીજી રીતે વિચારતાં સ્વસ્વ-ક્ષયોપશમાનુસાર સર્વ જીવો આચરી શકે તેવી તેમાં વ્યવસ્થા છે. ઉપવાસાદિ સર્વથા આહારના ત્યાગરૂપ અનશનતપ માટે અશક્ત આત્મા ઊનોદરતાથી, એટલી સંતોષવૃત્તિ ન હોય તે પણ વૃત્તિ-સંક્ષેપથી તે કરવામાં પણ નિર્બળ આત્મા રસત્યાગથી, રસત્યાગ ન કરી શકે તે પણ પૂર્ણ ભોજન લેવા છતાં પરીષહો-ઉપસર્ગો સહવા, વિહાર-લોચ કરવા, વિગેરે કાયક્લેશથી અને કાયક્લેશને પણ ન સહી શકે તે કાયાને અશુભ વ્યાપારોથી રોકવારૂપ સંલીનતાથી પણ તપનો આરાધક બને તેવી તેમાં યોજના છે. આ છ પ્રકારોની સાધનામાં ઉત્તરોત્તર મનનો વિજય વધે છે, અનશન કરતાં પણ વિના પચ્ચક્ખાણ ઊણા રહેવામાં મનને વધારે દૃઢ બનાવવું પડે છે, ઊણા રહેવા કરતાં પણ છતી વસ્તુનો (દ્રવ્યોનો) ત્યાગ કરી બને તેટલાં ઓછાં દ્રવ્યોથી નિર્વાહ (સંતોષ) કરવામાં અને તેથી પણ આગળ વધીને તે દ્રવ્યોમાં રસાસક્તિનો પરિહાર કરવામાં મનને વધારે દૃઢ બનાવવું પડે છે, તેથી આગળ વધીને અનાદિ કાળથી કાયાનો જે દૃઢ રાગ છે તે રાગને તોડીને તેને ક્લેશ-થાક વધે તેવો કાયક્લેશ સહવામાં અને જે અશુભવ્યાપારો અનાદિકાળથી વ્યસનરૂપ બની ગયા છે તેનો ત્યાગ કરવારૂપ સંલીનતામાં તો મનનો (આહારના, રસના, અને કાયાના પણ રાગનો) સખ્ત વિજય કરવો પડે છે. એમ બાહ્ય તપની વિશેષતા અનેક રીતે સમજાય છે.

અભ્યન્તરતપનું પણ વિવિધ રહસ્ય સમજાય છે. એના પણ છ પ્રકારો છ અવયવોરૂપ છે, છએની પૂર્ણતાથી (સહયોગથી) અભ્યન્તરતપ સમ્પૂર્ણ (મોક્ષસાધક) બને છે અને તે છમાં પણ ક્રમિક વિકાસ અથવા કાર્ય-કારણ ભાવ રહેલો છે. જેમકે-પ્રાયશ્ચિત્ત સેવેલા ઉન્માર્ગના પશ્ચાત્તાપરૂપ છે, જીવને જયાં સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે બીજા નવદીક્ષિત વિગેરેને વિનયનું કારણ બને (અર્થાત્ પોતે વિનય કરે તે જોઇને બીજાઓ

અનાદિ સંસારસેવન તરફ વૈરાગ્ય થવારૂપ પશ્ચાત્તાપ ન થાય ત્યાં સુધી વસ્તુતઃ તેનો બાહ્યતપ સફળ મનાતો નથી અને અભ્યન્તર તપ કરવા છતાં કર્મનિર્જરા થતી નથી. તાત્પર્ય કે એક બાજુ તપથી કર્મોને તોડે છે અને બીજી બાજુ સંસારના રાગથી નવાં કર્મો બંધાતાં જ રહે છે. પરિણામે ઘાંચીના બળદની જેમ તે ઠેરનો ઠેર રહે છે. માટે સર્વ તપની ભૂમિકા રૂપે પ્રથમ સાંસારિક સુખના વિરાગરૂપ, અથવા ઉન્માર્ગના અનાદરરૂપ પ્રાયશ્ચિત્ત પ્રગટવું જોઇએ. આ પ્રાયશ્ચિત્ત વિના ગુણો કે ગુણવાનો પ્રત્યે બહુમાન અથવા પૂજ્યભાવરૂપ વિનય પ્રગટતો નથી, સંસાર સેવનના વિરાગથી કે ઉન્માર્ગના અનાદરથી પરિણામે મોક્ષનો રાગ અને મોક્ષમાર્ગનો આદર પ્રગટે છે, તેનાથી મોક્ષમાર્ગમાં સહાયક સર્વ સામગ્રી પ્રત્યે બહુમાન અને પૂજ્યભાવરૂપ વિનય પ્રગટે છે. આવો વિનય એ વૈયાવચ્ચની ભૂમિકા છે, દેવ-ગુર્વાદિ કે જ્ઞાનાદિભાવો પ્રત્યે વિનય પ્રગટ્યા પછી જ તેની સેવારૂપ વૈયાવચ્ચ યથાર્થરૂપે થઇ શકે છે, વિનય વિના કરેલી બાહ્યસેવા વસ્તુતઃ વૈયાવચ્ચરૂપ બનતી નથી, આવા વિનય-વૈયાવચ્ચદ્વારા જયારે આત્મવિશુદ્ધિ થાય છે ત્યારે જ જીવને શ્રીજિનકથિત આગમો આત્મોપકારક થઇ શકે છે, માટે તેવો વિનીત આત્મા વાચના, પૃચ્છના, પરાવર્તનાદિ તે તે પ્રકારના સ્વાધ્યાયનો અધિકારી ગણાય છે, શાસ્ત્રમાં પણ વિનીત, સુયોગ્ય અને અધિકારી બનેલા શિષ્યને તે તે સૂત્રો આપવાનું વિધાન છે, ઇત્યાદિ વિચારતાં સમજાશે કે વિનય-વૈયાવચ્ચથી પરિભાવિત થએલો જીવ સ્વાધ્યાયતપ માટે અધિકારી છે અને એવી યોગ્યતા પ્રગટ્યા પછી મળેલું જ્ઞાન સંસારવર્ધક નહિ બનતાં મોક્ષસાધક બને છે. અન્યથા 'શાસ્ત્ર પણ શસ્ત્રરૂપ બને' એમ કહેલું છે. સ્વાધ્યાયતપથી તત્ત્વાતત્ત્વનું જ્ઞાન થતાં તેના આલમ્બનથી ધ્યાન કરી શકાય છે અને ૧૫૮ મી ટીપ્પણીમાં જણાવ્યાં છે તે ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ ધ્યાનતપના આલમ્બનથી વિશુદ્ધ થતો આત્મા ઘાતીકર્મોનો ઘાત કરીને કેવલજ્ઞાન-કેવલદર્શનાદિ ગુણોને પ્રગટ કરે છે. એમ ધ્યાનતપની પ્રાપ્તિથી આત્માને વિશિષ્ટ લાભો થાય છે. તે પછી યોગનિરોધ અને શૈલેશી અવસ્થારૂપ કાયોત્સર્ગદ્વારા સર્વ જડ સંબંધોથી મુક્ત થએલો આત્મા સ્વસ્વરૂપના સહજ સુખનો અનુભવ કરતો અનંતકાળ નિરૂપાધિક સુખનો આનંદ ભોગવે છે.

એ રીતે અભ્યન્તર તપની વિશેષતા છે તો પણ વર્તમાનમાં સ્વ-સ્વ ભૂમિકા અનુસારે પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, વિગેરે તે તે તપનું આચરણ કરવાથી જીવ તેના અભ્યાસના બળે ઉત્તરોત્તર આત્મ-શુદ્ધિ સાધે છે અને એના ફળરૂપે ઉપર જણાવ્યા તે 'સંસાર વૈરાગ્યરૂપ પ્રાયશ્ચિત્ત' વિગેરે તે તે યથાર્થ તપનો અધિકારી પણ બને છે. માટે વર્તમાનમાં અભ્યાસ તરીકે પણ તે તે તપ કરવો જરૂરી છે.

એમ તપાચારના બાર પ્રકારો સર્વ અનુષ્ઠાનોના પ્રાણભૂત છે. એમ કહી શકાય કે **'જૈનશાસનનું એક એક અનુષ્ઠાન પછી તે ન્હાનું હોય કે મોટું, કષ્ટસાધ્ય હોય કે જ્ઞાનરૂપ હોય, પણ તપસ્વરૂપ જ છે.'**

એક રથનાં બે ચક્રોની જેમ અથવા એક ઘંટીનાં બે પડોની જેમ બાહ્ય-અભ્યન્તર તપ પરસ્પર સાપેક્ષ છે, ઇત્યાદિ તેનું મહત્ત્વ જેમ જેમ વધારે સમજાય તેમ તેમ તેનું ફળ વધારે મળે છે.

**વીર્યાચાર** વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી પ્રગટેલા બળ-વીર્યને સફળ કરી વીર્યાન્તરાયનો સમૂલ નાશ કરવા માટે છે. તેમાં વિઘ્નભૂત પ્રમાદ વિવિધરૂપોથી જીવને વશ કરી પુનઃ વીર્યાન્તરાય કર્મનો બન્ધ કરાવે છે, માટે થએલો ક્ષયોપશમ અવરાઇ ન જાય અને શેષ રહેલા વીર્યાન્તરાય કર્મનો સમૂલ નાશ કરી આત્મા અનંત વીર્યને પ્રગટ કરે તે માટે વીર્યાચારનું પાલન આવશ્યક છે. જે જે પ્રવૃત્તિ કરવાથી જીવને જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મો તૂટે તે તે સર્વ પ્રવૃત્તિ વીર્યાચારરૂપ છે અને જે પ્રવૃત્તિથી ઘાતીકર્મોનો નવો બન્ધ થાય તેવી પ્રવૃત્તિ પ્રમાદરૂપ ગણાય છે. માટે જયારે જે પ્રમાણમાં જે વિષયમાં બળ-શક્તિ પ્રગટ થઇ હોય ત્યારે તે તે વિષયમાં પ્રયત્ન કરી જ્ઞાનાવરણીયાદિ કર્મોને તોડવા અપ્રમત્ત બનવું એ વીર્યાચાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ શીખે), વિધિ વિગેરેનું ઉલ્લંઘન કરીને તે તે પ્રવૃત્તિ કરતા કેટલાક સાધુઓને તે તે વિષયમાં કર્ત્તવ્યનું સ્મરણ કરાવી શકાય અને પોતે પણ તેવી ભૂલ કરે ત્યારે બીજાએ સ્મરણ કરાવે, એ પ્રમાણે ગચ્છમાં રહેવાથી સ્વ-પર ઉભયને કર્ત્તવ્યનું સ્મરણ કરાવવારૂપ સ્મારણા, અકાર્યથી રોકવારૂપ વારણા, પ્રેરણારૂપ નોદના અને વારંવાર પ્રેરણારૂપ પ્રતિનોદના પણ કરી-કરાવી શકાય છે, એથી પરસ્પર વિનયાદિ યોગોમાં પ્રવૃત્તિ કરનાર (કરાવનાર) ગચ્છવાસી સાધુને અવશ્ય મોક્ષની સાધના થાય છે, એ કારણે ગચ્છવાસ પણ સાપેક્ષયતિનો મુખ્ય ધર્મ છે. કહ્યું છે કે—

" गुरुपरिवारो गच्छो, तत्थ वसंताण निज्जरा विउला ।
विणयाओ तह सारण-माईहिं ण दोसपडिवत्ती ॥६९६॥
अण्णोण्णाविक्खाए, जोगंमि तहिं तहिं पयट्टंतो ।
णियमेण गच्छवासी, असंगपदसाहगो भणिओ ॥६९९॥" (पञ्चवस्तुक)

**ભાવાર્થ**-મુનિઓનો પરિવાર તે ગચ્છ કહેવાય, તેમાં રહેનારાઓને પરસ્પરના વિનયથી ઘણી નિર્જરા થાય, તથા સ્મારણા વિગેરેથી ચારિત્રમાં દોષો પણ ન લાગે (૬૯૬). અન્યોન્ય સહાયથી તે તે વિનયાદિ યોગોમાં પ્રવૃત્તિ કરતા ગચ્છવાસી સાધુને નિયમા અસઙ્ગ(મોક્ષ)પદનો સાધક કહ્યો છે.

ગચ્છમાં થતી સ્મારણા, વારણા, વિગેરે ગુણકારક યોગોથી કંટાળીને (લાભને બદલે દુઃખ માનીને) ગચ્છને છોડી દેનારા સાધુઓને જ્ઞાનાદિ ગુણોની હાનિ કહી છે. કહ્યું છે કે—

" जह सागरंमि मीणा, संखोहं सागरस्स असहंता ।
णिंति तओ सुहकामी, निग्गयमित्ता विणस्संति ॥११६॥
एवं गच्छसमुद्दे, सारण(मा)वीईहिं चोइआ संता ।
णिंति तओ सुहकामी, मीणा व जहा विणस्संति ॥११७॥" (ओघनिर्युक्ति)

**ભાવાર્થ**-જેમ સુખના ઈચ્છુક મત્સ્યો સમુદ્રમાં સમુદ્રના સંક્ષોભને (ઉપદ્રવોને) સહન નહિ કરતાં બહાર નીકળે તો નીકળતાં જ વિનાશ પામે તેમ ગચ્છરૂપી સમુદ્રમાં રહેતાં સ્મારણા-વારણાદિરૂપ મોજાંના ક્ષોભથી ગભરાઈને સુખની ઈચ્છાથી જે સાધુએ ગચ્છને છોડી બહાર નીકળે (એકલા ફરે) તે જળ વિનાનાં માછલાંની જેમ વિનાશને પામે. (૧૧૭)

જ્યાં સ્મારણા, વારણા વિગેરે ન થતું હોય તે ગચ્છ તો છોડવા યોગ્ય છે જ, કારણ કે પરમાર્થથી (વસ્તુતઃ) તે ગચ્છ જ નથી. કહ્યું છે કે—

" सारणमाइविउत्तं, गच्छंपि हु गुणगणेहिं परिहीणं ।
परिव(च)त्तणाइवग्गो, चइज्ज तं सुत्तविहिणा उ ॥" पञ्चवस्तु-७००॥

**ભાવાર્થ**—જેણે આત્મકલ્યાણ માટે જ્ઞાતિવર્ગને પણ તજ્યો છે તે સાધુએ જ્યાં સ્મારણાદિ ન થતું હોય તે જ્ઞાનાદિ ગુણોના સમૂહથી રહિત ગચ્છને પણ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે તજવો જોઇએ.

એવો પણ ગચ્છ ત્યારે છોડવો કે જ્યારે બીજા ગચ્છમાં સંક્રમ (આશ્રય) મળે. અન્યથા (ઉત્તમ આશ્રય ન મળે તો) આત્મરક્ષા (સંયમરક્ષા) વિગેરેને માટે પોતે ગીતાર્થ હોય તો પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સમજવા છતાં પ્રજાની સાથે મૂર્ખ બનીને રાજાએ પોતાના રાજ્યની રક્ષા કરી તેમ' કારણે પ્રમાદીગચ્છમાં પણ રહે. (પણ નિરાધાર એકલો વિચરે નહિ) આ વિષયમાં વિવેક જણાવ્યો છે કે—

" अग्गीयादाइण्णे, खेत्ते अण्णत्थ ठिइअभावम्मि ।
भावाणुवघायणुवत्तणाए तेसिं तु वसिअव्वं ॥" उपदेशपद–८४१॥

**વ્યાખ્યા**–અગીતાર્થોએ તથા આદિ શબ્દથી ગીતાર્થોએ પણ બીજા અગીતાર્થાદિ જ્યાં હોય તે ક્ષેત્રમાં દુષ્કાળ વિગેરેના કારણે રહી શકાય તેમ ન હોય ત્યારે પાર્શ્વસ્થ વિગેરે જ્યાં હોય તે ક્ષેત્રમાં જઇને પણ શુદ્ધપ્રરૂપણારૂપ અને શુદ્ધસામાચારીના પાલનરૂપ પોતાના ભાવને (ચારિત્રના પરિણામને) હાનિ ન પહોંચે તેમ તેઓનું 'વાણીથી નમસ્કાર કરવો' વિગેરે ઔચિત્ય સાચવીને તેઓના ક્ષેત્રમાં રહેવું. એમ (બાહ્ય દેખાવરૂપે) તેઓને અનુસરવાથી તેઓના હૃદયમાં બહુમાન પ્રગટે અને તેથી દુષ્કાળ વિગેરેના સંકટમાં સહાયક પણ થાય. અહીં દૃષ્ટાન્ત કહ્યું છે કે—

" एत्थं पुण आहरणं, विण्णेयं णायसंगयं एयं ।
अगहिलगहिलो राया, बुद्धीए अणट्ठरज्जो त्ति ॥" उपदेशपद० ८४३॥

**ભાવાર્થ**–આ વિષયમાં ન્યાયયુક્ત આ ઉદાહરણ સમજવું કે 'સુબુદ્ધિ નામના મંત્રીએ બુદ્ધિમાન એવા પણ પોતાના રાજાને (કૃત્રિમ રીતે) ઘેલો બનાવીને રાજ્યનું રક્ષણ કરાવ્યું' અર્થાત્ મંત્રીની સલાહથી રાજાએ ઘેલા બનીને પણ રાજ્ય રાખ્યું.[૨૬૯]

**પ્રશ્ન**–પહેલાં કહેલા ગુરૂકુળવાસના વર્ણનમાં 'ગચ્છવાસ'નો અર્થ આવી જ ગયો. કારણ કે 'ગચ્છ એટલે ગુરૂપરિવાર' એવો અર્થ હોવાથી ગુરૂકુલવાસ અને ગુરૂપરિવારરૂપગચ્છવાસએ બેનો અર્થ એક જ થાય, માટે આ વર્ણન પુનરૂક્ત (બીજીવાર કહેવારૂપ)દોષવાળું છે, તેનું શું?

**ઉત્તર**–પ્રશ્ન સાચો છે, કિન્તુ જેમ ગુરૂકુળવાસથી 'એક ગુરૂનો વિનય વિગેરે થાય તેમ

---

૨૬૯–પૃથ્વીપુરમાં પૂર્ણ નામના રાજાને સુબુદ્ધિ નામે મંત્રી હતો, એકદા એક નિમિત્તિઆએ સભામાં કહ્યું કે 'મહિના પછી એવો ઝેરી વરસાદ થશે કે તેનું પાણી પીનારા ઉન્માદી થશે, અને પુનઃ કેટલાક સમયે સારી વૃષ્ટિ થશે તેનું પાણી પીવાથી બધા સ્વસ્થ થશે' એ જાણીને રાજાએ પડહ વજડાવીને પ્રજાને પાણીનો સંગ્રહ કરવા સૂચવ્યું, પોતે પણ સંગ્રહ કર્યો, મહિના પછી વરસાદ થયો, ત્યારે તેનું પાણી કોઇએ ન પીધું, પણ સંગ્રહ કરેલું જેમ જેમ ખૂટવા લાગ્યું તેમ તેમ નવું પાણી પીવાથી લોકોમાં ઉન્માદ થતો ગયો. એમ કરતાં સમગ્ર પ્રજાવર્ગ ગાંડો થઈ ગયો, સામંતરાજાઓનું પણ એમ જ બન્યું. પાણી વધારે સંઘરેલું હોવાથી મંત્રી અને રાજા બે સ્વસ્થ રહ્યા, તેઓએ બધાને ઉન્માદી માની તેમના કાર્યોમાં સાથ ન આપવાથી લોકોએ પરસ્પર મંત્રણા કરી કે 'આપણા સહકારથી રાજા સુખી થઇ શકે, જો એમ ન કરે તો દુઃખી થાય, માટે આપણે રાજાને બાંધી લેવો જોઇએ.' એ વાત મંત્રીએ જાણી લીધી અને રાજાને પણ જણાવી. લોકોમાં પોતાનું અને રાજ્યનું રક્ષણ કરવાનો બીજો ઉપાય જ ન હતો, એથી મંત્રીની સલાહ પ્રમાણે રાજાએ ઉન્માદી બનેલા સામન્તો અને પ્રજાજનોની સાથે ઉન્માદી જેવું જીવન બનાવી પોતે પણ તેમના જેવો દેખાવ કર્યો. એથી બધા શાન્ત થયા, પુનઃ સુવૃષ્ટિ થતાં તેનું પાણી પીવાથી બધા સ્વસ્થ થયા અને રાજાએ પણ પૂર્વની જેમ જીવવા માંડયું. એમ ગાંડાની સાથે ગાંડા બનીને પણ પોતાનું અને રાજ્યનું રક્ષણ કર્યું તેમ ગીતાર્થોએ પણ સમયને પારખીને પોતાની અને સંયમની રક્ષા માટે પાસત્થાદિની સાથે પણ રહેવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ગચ્છવાસથી) બીજાઓનો પણ વિનય વિગેરે થઈ શકે, તે માટે ગચ્છમાં રહેવું જોઇએ' એમ જણાવવા માટે ગુરૂકુલવાસ કહેવા છતાં ગચ્છવાસને ભિન્ન કહ્યો. તાત્પર્ય કે ગુરૂકુળવાસ માત્ર એક ગુરૂનો જ વિનયાદિ કરવાથી પણ થાય, અને ગચ્છવાસથી બીજાઓના પણ વિનયાદિ થાય, માટે ગચ્છવાસને જુદો જણાવ્યો છે. અર્થાત્ અન્ય સાધુઓને પણ એક બીજાથી ઉપકાર થાય એ રીતે ગુરૂ પાસે રહેવું તેનું નામ ગચ્છવાસ. અન્યથા પરસ્પર સાધુઓને ઉપકાર ન થાય તો ગચ્છમાં (રહેવા છતાં) નહિ રહેવા બરાબર છે. કહ્યું છે કે—

**"मु(मो)त्तूण मिहुवयारं, अण्णोण्णगुणाइभावसंबंधं ।**
**छन्न(त्त)मढछत्ततुल्लो, वासो उ ण गच्छवासोत्ति ॥" पञ्चवस्तु० ७०४॥**

**ભાવાર્થ**–પરસ્પરના ગુણ વિગેરેમાં બહુમાન વિગેરે કરવારૂપ ભાવસંબંધથી પ્રધાન–ગૌણ ભાવે, (એટલે પૂજ્ય–પૂજકપણાના સંબંધથી) ગચ્છવાસી સાધુઓને પરસ્પર ઉપકાર ન થાય તો તે ગચ્છવાસ છત્રમઠના (કે ઢાંકેલા મઠના) છત્ર તુલ્ય સમજવો. વસ્તુતઃ તેને ગચ્છવાસ નથી કહ્યો. તાત્પર્ય કે ઉપરથી ઢાંકેલા છાપરાવાળા મઠની (આશ્રમની) ઉપર છત્રી હોય તે માત્ર શોભા રૂપ છે, તેનાથી કંઈ કાર્ય સરતું નથી (અથવા ઉપર છાપરા વિનાના મઠ ઉપર માત્ર છત્રી બાંધવાથી વરસાદ કે ચોર વિગેરેથી રક્ષણ થતું નથી) તેમ ગચ્છમાં રહેવા છતાં ગુણવાન–રત્નાધિકસાધુઓ પ્રત્યે ન્હાનાને સન્માન ન જાગે કે રત્નાધિકને ન્હાના પ્રત્યે વાત્સલ્ય ન પ્રગટે તો ગચ્છમાં રહેવા છતાં તેનું પ્રાયઃ કંઈ ફળ નથી, તે ગચ્છવાસ માત્ર પરસ્પરની શોભા પૂરતો જ ગણાય, છત્રની જેમ દેખાવ પૂરતા ભલે સાથે રહે કે રાખે, પણ પરસ્પર કોઇ ઉપકાર ન થાય.[૨૭૦]

---

૨૭૦–સંસાર પ્રતિકૂળ અને અનુકૂળ નિમિત્તોની ખાણ સમાન છે, તેમાં રહેવા છતાં પ્રતિકૂળતા–અનુકૂળતાની અસરથી દૂર રહે (બચે) તે આત્માને કર્મબન્ધ થતો નથી, તેથી વિરૂદ્ધ તેની અસર તળે આવી રાગ–દ્વેષાદિના પરિણામ કરનારને કર્મબન્ધ થાય છે. જીવને નવાં કર્મબન્ધનથી બચવું અને પૂર્વે બાંધેલાં કર્મોથી છૂટવું એ મુક્તિ માટેનું કર્ત્તવ્ય છે, માટે રાગ–દ્વેષાદિનાં અનુકૂળ–પ્રતિકૂળ નિમિત્તો મળવા છતાં આત્માએ તેની અસરથી બચવું જોઇએ. એમ છતાં જીવમાં એનાથી બચવા માટેનું સત્ત્વ ખૂટે ત્યાં સુધી અનિચ્છાએ પણ તેની અસર તેને થાય છે અને પરિણામે રાગદ્વેષાદિ થવાથી કર્મબન્ધ પણ થાય છે. જેમ રોગી મનુષ્યને શરદી–ગરમી વિગેરેની અસર થવાથી ઈચ્છા ન હોવા છતાં રોગ વધે છે માટે શરદી–ગરમી વિગેરે પ્રતિકૂળ અસરથી બચવા તે તે યોજનાઓ કરે છે અને તેની અસર ન થવા દેવા માટે કે થએલી અસરને ટાળવા માટે ઔષધોપચાર કરે છે તેમ જીવને પણ પોતાના રાગદ્વેષાદિના ઉદયરૂપ કર્મરોગના પ્રભાવે અનુકૂળ–પ્રતિકૂળ નિમિત્તોની અસર થાય છે, તેથી ઈચ્છા ન છતાં સત્ત્વના અભાવે રાગ–દ્વેષાદિને વશ થઈ નવાં કર્મોનો બન્ધ પણ કરે છે. એ જ કારણે આજ સુધી અનેક ભવોમાં ધર્મરૂપ ઔષધ સેવવા છતાં તે કર્મરોગથી મુક્ત થયો નથી.

આ પરિસ્થિતિમાં નવાં કર્મોથી બચવા અને જુનાં કર્મોથી છૂટવા માટે સમતાધર્મના સેવન(અભ્યાસ) માટે જૈન શાસનમાં પ્રવ્રજ્યા અને મહાવ્રતોનું વિધાન કર્યું છે અને તેના પાલન માટે ગચ્છવાસ અને જિનકલ્પ વિગેરે એકાકી વિહાર (સાપેક્ષ અને નિરપેક્ષ), ઉભય પ્રકારનો માર્ગ આવશ્યક માન્યો છે.

તેમાં ગચ્છવાસના સેવનથી શિષ્યમાં પ્રતિકૂળતાનો સામનો કરવા માટેનું સત્ત્વ પ્રગટે છે. પ્રતિકૂળતાથી બચવાનું સત્ત્વ જેનામાં નથી તે અનુકૂળતાથી બચી શકતો નથી, કારણ કે પ્રતિકૂળતા સહવી સહેલી છે, અનાદિકાળથી પ્રાયઃ જીવ પ્રતિકૂળતામાં જીવ્યો છે, એથી તેનો તેને અભ્યાસ પણ છે. અનુકૂળતામાં સમતા અનુભવવા

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

**કુસંસર્ગનો ત્યાગ**–અહીં 'કુ' એટલે ઉત્તમ પુરૂષોને ન શોભે તેવો 'સંસર્ગ' એટલે સહવાસ (પરિચય) વિગેરે, તેનો ત્યાગ કરવો તે સાપેક્ષ યતિધર્મ છે. અહીં પાપમિત્રતુલ્ય પાસત્થાદિની સાથે સાધુએ સંબન્ધ રાખવો તે કુસંસર્ગ કહેવાય, તેઓની સાથે રહેવાથી પોતાને પણ તેઓના જેવો (શૈથિલ્યાદિનો) પરિણામ અવશ્ય થાય. કહ્યું છે કે—

---

માટે તથાવિધ વિશિષ્ટ જ્ઞાન અને વિશિષ્ટ સત્ત્વની જરૂર રહે છે. પ્રતિકૂળતા પ્રગટ શત્રુ જેવી છે અને અનુકૂળતા મિત્રના લેબાશમાં શત્રુનું કામ કરનારી છે. પ્રગટ શત્રુથી બચવું જેટલું દુષ્કર નથી તેટલું છૂપા (મિત્ર તરીકે વર્તન કરનારા) શત્રુથી બચવું દુષ્કર છે. એ કારણે પ્રથમ પ્રતિકૂળતાને (સમતાથી) સહન કરવાની હોય છે, તેમ કરવાથી જીવમાં તેનો વિજય કરવા માટેનું સત્ત્વ પ્રગટે છે. અને તે પછી જ તે ગુરૂપદને લાયક બને છે. ગુરૂપદમાં શિષ્યાદિની સેવા, સંઘનું માન–સન્માન, અનુકૂળ વિશિષ્ટ જીવનસામગ્રી, ઇત્યાદિ વિવિધ અનુકૂળતા વચ્ચે જીવવાનો પ્રસંગ આવે છે. આવી અનુકૂળતા ભોગવવા છતાં શિષ્યપણામાં વિનયાદિ વિધિપૂર્વક મેળવેલા જ્ઞાનના તથા ગુરૂસેવાદિથી પ્રગટ કરેલા સત્ત્વના બળે તે તેમાં મુંઝાતો નથી. એટલું જ નહિ, એ દરેક અનુકૂળતા વચ્ચે પણ તે નિર્લેપ રહી શકે છે. એમ શિષ્યભાવથી પ્રતિકૂળતાનો વિજય કરવાનું અને ગુરૂભાવથી અનુકૂળતાનો વિજય કરવાનું સત્ત્વ ગચ્છવાસમાં રહેવાથી જ પ્રગટ થાય છે. પછી તેને ગચ્છની અપેક્ષા રહેતી નથી, તેથી જો તે ઇચ્છે અને સંઘની તથા ગચ્છની જવાબદારી પૂર્ણ કરી ચૂકયો હોય, ઉપરાન્ત તથાવિધ જ્ઞાન, સત્ત્વ, તપ, વિગેરેથી આત્માને યોગ્ય બનાવ્યો હોય તો સ્વાશ્રયી સાધુપણું પાળવા માટે નિરપેક્ષ યતિધર્મને સ્વીકારી વિશિષ્ટ કર્મનિર્જરા સાધી શકે છે.

લૌકિક જીવનમાં પણ સર્વત્ર આ નીતિ પ્રવર્તે છે, પ્રથમ બાલ્યકાળમાં માતા–પિતાદિ ગુરૂવર્ગની પરાધીનતા અને પ્રતિકૂળતા સહીને યોગ્ય બનેલો યુવાવસ્થામાં સ્વતંત્રતાને અને સાનુકૂળતાને ભોગવવા માટે અધિકારી બને છે. વિદ્યાર્થી જીવનમાં શિક્ષકની પરાધીનતા અને અધ્યયનના વિવિધ કષ્ટોને વેઠનારો ભવિષ્યમાં વિદ્વત્તાનું સુખ ભોગવી શકે છે. ભરવાડની પરાધીનતા અને વાડામાં પૂરાઇને રહેવું, વિગેરે કષ્ટો વેઠનાર ઘેટાં પણ નિરાબાધ જીવી શકે છે.

તેથી વિપરીત બાલ્યકાળમાં માતાપિતાદિનાં તથાવિધ વિનયાદિ નહિ કરનારો કે વિદ્યાર્થી જીવનમાં ગુરૂની પરતંત્રતા અને અધ્યયનાદિનાં કષ્ટો નહિ વેઠનારો યુવાવસ્થામાં પણ સ્વતંત્રતાનો આનંદ ભોગવી શકતો નથી, યાવજ્જીવ અવિનીત અને મૂર્ખ તરીકે લોકનું અપમાન–અનાદરાદિ વિવિધ કષ્ટો ભોગવે છે, સ્વતંત્ર યથેચ્છ વનવિહારી સિંહો કે હાથીઓ પણ રક્ષકના અભાવે પ્રાણને ગુમાવે છે, પિંજરામાં પૂરાય છે, કે લોખંડની સાંકળોનાં બંધનોમાં પડે છે, ઇત્યાદિ અનેક દૃષ્ટાન્તો પ્રત્યક્ષ છે. જળાશયમાં અનેક કષ્ટો વેઠવા છતાં મચ્છ વગેરેનું જીવન ત્યાં સુધી જ સલામત છે કે જ્યાં સુધી તે જળાશયને છોડતા નથી.

સાધુજીવન માટે પણ એમ જ સમજવાનું છે, ગચ્છવાસનાં કષ્ટો વસ્તુતઃ કષ્ટો નથી પણ કષ્ટોમાંથી છૂટવા માટેનાં સાચાં આલમ્બનો છે, જે આત્મા પોતાના રાગ–દ્વેષાદિ કે કામ–ક્રોધાદિ શત્રુઓથી ડરે છે તેને 'ગચ્છવાસ ભયરૂપ નથી પણ પરમશાન્તિનું ધામ છે' એવો અનુભવ થાય છે. આ કારણે જ તે ગચ્છવાસમાં પ્રતિકૂળતા સહવા દ્વારા પ્રતિકૂળતાના દ્વેષનો વિજય અને અનુકૂળતામાં નિરભિમાની અને નિર્લેપ જીવન જીવવા દ્વારા અનુકૂળતાના રાગનો વિજય સાધી શકે છે અને પરિણામે મોક્ષ થતાં સુધી પ્રતિકૂળતા–અનુકૂળતા વચ્ચે રહેવા છતાં તેની અસરથી બચી સર્વથા કર્મમુક્ત પણ થઇ શકે છે. એમ ગચ્છવાસ પ્રત્યક્ષ કષ્ટરૂપ દેખાવા છતાં કષ્ટરૂપ નથી, કષ્ટોમાંથી છોડાવનાર છે, એમ સમજતો જ્ઞાની મુનિ જીવન પર્યન્ત ગચ્છવાસને તજવા ઇચ્છતો પણ નથી.

અહીં ગીતાર્થમુનિને પણ અયોગ્ય ગચ્છને છોડતાં પહેલાં યોગ્ય ગચ્છનો આશ્રય શોધવાનું અને તે ન મળે તો પાસત્થાદિના આશ્રય નીચે રહીને પણ પોતાના સંયમ અને જ્ઞાનની રક્ષા કરવાનું શાસ્ત્રીય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" जो जारिसेण मित्तिं, करेइ अचिरेण तारिसो होइ ।
कुसुमेहिं सह वसंता, तिलावि तग्गंधिया हुंति ॥" पञ्चवस्तु० ७३१ ॥

**ભાવાર્થ**–જેમ પુષ્પોની સાથે રહેલા તલ પણ પુષ્પના ગન્ધવાળા થાય છે તેમ જે જેવાની સાથે મૈત્રી કરે તે શીઘ્ર તેવો થાય છે.

એથી પાસત્થાદિનો સંસર્ગ પણ શાસ્ત્રમાં ગર્હણીય જણાવ્યો છે. આવશ્યકમાં કહ્યું છે કે–

" असुइट्ठाणे पडिआ, चंपगमाला (वि)ण कीरई सीसे ।
पासत्थाईठाणेसुं, वट्टमाणा तह अपुज्जा ॥१११॥
पक्कणकुले वसंतो, सउणीपारोवि गरहिओ होइ ।
इअ गरहिआ सुविहिआ, मज्झि वसंता कुसीलाणं ॥" ११२॥(आव० निर्युक्ति)

**ભાવાર્થ**–જેમ વિષ્ટાવાળા અશુચિ સ્થાને પડેલી ચંપાના પુષ્પોની માળા પણ મસ્તકે ન ચઢાવાય તેમ પાસત્થાદિના સ્થાનમાં (સાથે) રહેનારા (સુસાધુઓ પણ) અપૂજ્ય સમજવા. નિંદ્ય–ચંડાળકુળમાં રહેતો ચૌદ વિદ્યાનો પારંગામી પણ નિન્દ્ય ગણાય છે તેમ પાસત્થાદિ કુશીલિઓના ભેગા રહેતા સુવિહિતો પણ નિન્દ્ય સમજવા.

શિષ્યનો **પ્રશ્ન**–પાસત્થાદિના સંસર્ગ માત્રથી ગુણવંતને શી રીતે દોષ લાગે ? કારણ કે કાચના ટુકડાઓની સાથે ચિરકાળ સુધી રહેવા છતાં વૈડૂર્યમણિ પોતાના ગુણની વિશેષતાને કારણે કદાપિ કાચપણાને પામતો નથી. અથવા તો નળ(નડ) નામની વનસ્પતિનો છોડ શેરડીના ખેતરમાં ઉગવા છતાં પોતાના દોષથી મધુરતાને પામતો નથી. અન્યત્ર પણ કહ્યું છે કે–

" असाधुः साधुर्वा भवति खलु जात्यैव पुरुषः, न सङ्गाद्दौर्जन्यं न च सुजनता कस्यचिदहो ।
प्ररूढे संसर्गे मणिभुजगयोर्जन्मजनिते; मणिर्नाहिर्दोषान् स्पृशति न च सर्पो मणिगुणान्॥१॥"

**અર્થ**–"પુરૂષ નિશ્ચે પોતાની જાતિથી (યોગ્યતાથી)જ સારો કે ખરાબ થાય છે, સઙ્ગથી કોઇનામાં દુર્જનતા કે સજ્જનતા પ્રગટતી નથી. સાપને અને તેના મસ્તકના મણિને જન્મથી અતિરૂઢ સંસર્ગ છતાં મણિ સાપના દોષોને કે સાપ મણિના ગુણોને સ્પર્શ પણ કરતો નથી."

---

વિધાન એક સુન્દર માર્ગદર્શનરૂપ છે, વર્તમાનમાં તે સવિશેષ ઉપકારક છે. સાચી માતાના અભાવમાં ધાવમાતાના આશ્રયથી પણ જીવનરક્ષા કરવાની જેમ એ વિધાન સંયમ જીવનની રક્ષા માટે અતીવ ઉપકારક છે.

એમ છતાં ગચ્છવાસનું અહીં કહેલું સ્વરૂપ એક વિશિષ્ટ બોધ આપે છે. કેવળ જીવનનિર્વાહ પૂરતો ગચ્છવાસ એ ગચ્છવાસ નથી, ગચ્છગત સર્વ ન્હાના મોટા મુનિઓ પ્રત્યે ગુણાનુરાગથી યથાયોગ્ય વાત્સલ્ય અને બહુમાન તથા પૂજ્યભાવ પ્રગટ કરવો એ જ સાચો ગચ્છવાસ છે. જો ગચ્છમાં રહેવા છતાં એ લાભ ન લઈ શકાય તો તેવા ગચ્છવાસની વસ્તુતઃ કોઇ વિશિષ્ટતા નથી. પરસ્પર ગુણાનુરાગરૂપ ભાવસંબન્ધથી ગચ્છવાસમાં રહેવાથી ચારિત્રમાં પરસ્પર સહાય મળે છે, એ સંબન્ધ અખંડ રહેવાથી ભવિષ્યના ભવોમાં પણ તે આત્માઓ પ્રાયઃ એક સ્થાને ભેગા થઇ પરસ્પર ધર્મસંબન્ધથી જોડાય છે અને ભવોભવ એ સંબન્ધને દૃઢ–મજબૂત બનાવી ઉત્તરોત્તર મોક્ષમાં તેને શાશ્વતો બનાવે છે. ભગવાન શ્રીઋષભદેવ અને તેઓનું કુટુમ્બ, શ્રીનેમનાથભગવાન અને સતી રાજીમતી, પ્રભુશ્રી મહાવીરદેવ અને શ્રીગૌતમ–સ્વામિજી, વિગેરે એનાં અનેક દૃષ્ટાન્તો જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. શાસ્ત્રમાં તો ગુરૂકુળવાસને અને ગચ્છવાસને બ્રહ્મચર્યરૂપ કહ્યો છે, ઇત્યાદિ સાધુ જીવનમાં એની ઘણી મહત્તા છે.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

માટે ગુણવાન્ પણ સાધુ પાસત્થાદિના સંસર્ગથી પોતાના ગુણોને તજે નહિ.

ગુરૂનો **ઉત્તર**-દ્રવ્યોના પરિણામો વિચિત્ર હોવાથી તમે કહો છો તેમ (એકાન્ત) નથી. દ્રવ્યો બે પ્રકારનાં હોય છે, એક ભાવુક અને બીજાં અભાવુક, તેમાં 'વિરૂદ્ધ ધર્મવાળાં દ્રવ્યો પોતાના ગુણદોષથી જેને પોતાના જેવાં બનાવે, અર્થાત્ બીજાં દ્રવ્યો જેના ઉપર પોતાના ગુણ દોષની અસર ઉપજાવે' અથવા તો 'વિરૂદ્ધ ધર્મવાળાં જે જે દ્રવ્યો બીજા દ્રવ્યના સંસર્ગથી (અસરથી) તેના જેવાં થાય' તે દ્રવ્યો ભાવુક અને બાકીનાં અભાવુક કહેવાય છે. જીવ ભાવુકદ્રવ્ય છે, અનાદિ કાળથી (સ્વરૂપે શુદ્ધ છતાં) પાસત્થા વિગેરેએ આચરેલા પ્રમાદભાવથી તે વિપરીત પરિણામી બનેલો છે, તેથી તે શુદ્ધ છતાં કુશીલના સંસર્ગથી નાશ પામે (કુશીલ થઇ જાય) છે, તમે કહ્યાં તે વૈદૂર્યમણિ તથા નડનામની વનસ્પતિ વિગેરે તો અભાવુક દ્રવ્યો છે, માટે તેના દૃષ્ટાન્તના બળે (ભાવુક એવા) જીવને પણ સંસર્ગજન્ય ગુણ-દોષ ન થાય એમ કહી શકાય નહિ. જીવોમાં પણ જે કેવલી(વીતરાગ)થએલા હોય અને જે અભવ્ય હોય તે તો અભાવુક જ છે, જે જીવો સરાગી (અને ભવ્ય) છે તે પાસત્થાદિની સોબતથી તેવા બને છે. એટલું વિશેષ છે કે-સરાગીઓમાં પણ જેઓના (જ્ઞાનાદિ) યોગો પરિપક્વ થએલા છે તે ઉત્કૃષ્ટજ્ઞાનના પરિણામવાળા જીવો જો કે અભાવુક છે, તો પણ જે મધ્યમદશામાં વર્તે છે તે તો ભાવુક જ હોય છે. માટે તે પાસત્થાદિની સાથેનો થોડો પણ (એક વાર બોલવારૂપ) માત્ર આલાપ વિગેરે પણ સંસર્ગ સુવિહિત સાધુઓને નિષેધેલો છે. કહ્યું છે કે-

"ऊणगसयभागेणं, बिंबाइं परिणमंति तब्भावं ।
लवणागराइसु जहा, वज्जेह कुसीलसंसग्गि ॥"११९८॥ (आव० निर्युक्ति)

**વ્યાખ્યા**-શતાંશથી પણ ન્યૂન વિરોધી એવા કોઈ અન્યપદાર્થના સંબંધમાં આવે તો (ભાવુક) દ્રવ્યો 'મીઠાના આકર વિગેરેમાં પડેલા અન્ય પદાર્થો ખારા થાય છે તેમ' તેના જેવાં થાય છે. અહીં વિગેરે શબ્દથી ખાંડ, સ્વાદિકાનો રસ, વિગેરે સમજવાં. વધારે શું ? લોહ પણ તેના (લૂણના) સંસર્ગથી તેના જેવું થાય છે અર્થાત્ ખવાઈ જાય છે, તો અન્ય પદાર્થો માટે કહેવું જ શું ? એમ સુવિહિત પણ સાધુઓ પાસત્થાદિની સાથે માત્ર એક વાર બોલવા (આલાપ) જેટલો પણ સંસર્ગ કરે તો તેઓના જેવા થવાનો સમ્ભવ છે, માટે કુશીલનો સંસર્ગ અવશ્ય તજવો જોઇએ.[૨૭૧]

---

૨૭૧-સર્વ દ્રવ્યો ગુણ અને પર્યાય યુક્ત છે, તેમાં ગુણો સહભાવી (સહજ) છે અને પર્યાયો ક્રમ-ભાવી (ક્રમશઃ પ્રગટે) છે. આ પર્યાયો કેટલાંક દ્રવ્યોને સ્વભાવપરિણમનરૂપ અને કોઇને પરભાવ-પરિણમનરૂપ હોય છે, જેના પર્યાયો સ્વભાવપરિણમનરૂપ છે તે દ્રવ્ય અભાવુક અને જેના પર્યાયો પર-ભાવપરિણમનરૂપ છે તે દ્રવ્ય ભાવુક કહેવાય છે. જીવ દ્રવ્ય નિશ્ચયથી તો અભાવુક છે, કિન્તુ તે કર્મજન્ય રાગ-દ્વેષાદિથી પરપરિણામવાળો થાય છે તેથી વ્યવહારથી ભાવુક છે. આ ભાવુકતાને કારણે જ તે અન્ય દ્રવ્યોના સંસર્ગથી તદ્રૂપ બની જાય છે અને પોતાના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરી શકતો નથી. તેથી તેને કુસંસર્ગના ત્યાગ દ્વારા પરપરિણમનથી બચવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. જો તે ઉપર જણાવ્યો તેવો ભાવુક ન હોત તો તે સંસારી પણ ન કહેવાત અને તે મુક્તિ પણ ન મેળવી શકત. જીવ સ્વભાવના બળે જ સુખ અનુભવી શકે છે, કહ્યું પણ છે કે-'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવેગી સાધુઓ ઘણા હોય તે કાળની અપેક્ષાએ આ ઉત્સર્ગ માર્ગ જાણવો. (અપવાદ માર્ગે તો) સંક્લિષ્ટ (જીવો બહુ હોય તેવા) કાળમાં તેવા (શુદ્ધ સંવેગી) સહાયક ન મળે ત્યારે તો પાસત્થા, કુશીલ, વિગેરે કોઇ શિથિલાચારીની સાથે પણ રહેવું. પઞ્ચકલ્પભાષ્યમાં કહ્યું છે કે–

---

અર્થાત્ સ્વધર્મમાં મરવું પણ સારૂં છે, કારણ કે પરધર્મ ભયનું કારણ છે. ફલિતાર્થ એ થયો કે–સુખનો અનુભવ કરવો હોય તો પોતાના ધર્મમાં (સ્વભાવમાં) વર્તવું જોઇએ.

એમ છતાં વિના ઉપાયે સ્વભાવમાં ટકી શકાતું નથી. એથી સ્વભાવના પ્રગટીકરણ માટે અહીં કુસંસર્ગના ત્યાગનું વિધાન કરેલું છે. અહીં પ્રશ્ન થાય કે કુસંસર્ગથી સ્વભાવને શું બાધા થાય ? તેનું સમાધાન એ છે કે ચૌદરાજલોકમાં પ્રતિપ્રદેશે અનંતાં પુદ્ગલો(નો જથ્થો–વર્ગણાઓ)છે, સર્વ જીવો પોતપોતાને યોગ્ય ઔદારિકાદિ ભિન્ન ભિન્ન શરીર, ભાષા, શ્વાસોચ્છ્વાસ, કે મનરૂપે તેનો ઉપયોગ કરે છે અને છોડી દે છે. સર્વ જીવોને યથાયોગ્ય આ વ્યાપાર સતત ચાલુ છે, જીવોથી તે તે રીતે ભોગવાએલાં પુદ્ગલો તેઓના શુભાશુભ યોગવ્યાપારથી વાસિત થઇને છૂટે છે અને તેની અસર સર્વત્ર ફેલાય છે, તેવું વાતાવરણ સરજાય છે. અનુભવસિદ્ધ છે કે એક સભામાં પ્રસન્ન વાતાવરણ વચ્ચે કોઇ પ્રસંગને પામીને જયારે કોઈ ક્રોધથી કડવું–અપમાનકારક વિગેરે બોલે છે, કે એવું બીજું પણ કંઈ અયોગ્ય ઉચ્ચારે છે ત્યારે બધા સભાસદોની પ્રસન્નતા ઉડી જાય છે, પુનઃ કોઈ મધુર, માનવાચક, આશ્વાસનરૂપ, કે એવું કંઇ સુંદર વચન બોલે છે–સમજાવે છે ત્યારે મન શાન્ત અને પુનઃ પ્રસન્ન પણ બને છે. એ રીતે બોલનારના શુભાશુભ ભાષાપુદ્ગલોની અસર અનુભવાય છે, તેમ મનના પુદ્ગલોની પણ અસર અનુભવાય છે. એક પ્રેમાળ અને પરોપકારપરાયણ મનુષ્યની છાયા માત્ર મનુષ્યના સંતાપને છેદી નાખે છે, બીજી બાજુ અભિમાની અને સ્વાર્થી મનુષ્યની છાયા સંતાપને ઉપજાવે છે. એ રીતે શબ્દના, વર્ણના, ગન્ધના, રસના, સ્પર્શના વિગેરે તે શુભાશુભ પ્રત્યેક પુદ્ગલોની અસર ભાવુક આત્માને થાય છે એ સહુ અનુભવે છે. સારા કે નઠારા વર્ણોથી, ગન્ધથી, રસોથી, સ્પર્શોથી, કે વિચાર વિગેરેથી પ્રસન્નતા–અપ્રસન્નતા પ્રગટે છે. જે પુદ્ગલોને ગ્રહણ કરનારી ઇન્દ્રિઓદ્વારા તે તે પુદ્ગલોના સંબન્ધમાં આવતા ભાવુક જીવનું આવું સ્વરૂપ છે તો ત્યાં સુધી તેણે શુભાશુભ પુદ્ગલોના સંબન્ધમાં પણ રાગ–દ્વેષ વિગેરેની પરિણતિ ન થાય તેવા આશ્રય તળે રહેવું એ જ હિતાવહ છે. આ એનો અનાદિનો રોગ છે, માટે તેનો નાશ કરવાનું બળ જયાં મળે ત્યાં રહેવું અને એ રોગ વધે તેવા વાતાવરણથી બચવું, એ એને માટે જરૂરી છે. જયાં વિષયાદિ પ્રત્યે રાગ–દ્વેષના કે ક્રોધ, માન, માયા, લોભ, કલહ, વિગેરેના પરિણામ થાય તેને કુસંસર્ગ કહેવાય છે અને જયાં રાગાદિ પરિણતિવાળા પણ આત્માને એ પરિણતિ સુધરીને ત્યાગ, વૈરાગ્ય અને સમભાવની પરિણતિ વધે તે સુસંસર્ગ કહેવાય છે. આવા સુસંસર્ગ માટે કુસંસર્ગથી બચવું એ સહુથી પ્રથમ આવશ્યક છે, માટે જૈનદર્શનમાં વિરતિ (ત્યાગ) ધર્મની પ્રરૂપણા કરી છે, એ ત્યાગ દ્વારા વૈરાગ્ય સધાય છે. એમ ત્યાગ અને વૈરાગ્યદ્વારા સમતા (સામાયિક) સિદ્ધ થાય છે માટે વૈરાગ્યની જરૂર છે. સમતા વિના નવા કર્મબન્ધથી બચી શકાતું નથી અને મુક્તિ પણ થતી નથી, માટે સમતા(સામાયિક)ની, તેને માટે વૈરાગ્યની અને તેને માટે કુસંસર્ગના ત્યાગની જરૂર સ્વીકારી છે, એનું ઉલ્લંઘન કરીને સમતાની સિદ્ધિ થતી નથી. હા, પૂર્વભવની આરાધનાથી પવિત્ર (સાત્ત્વિક) બનેલા જ્ઞાની આત્માને કે આ ભવમાં પણ ઉપર્યુક્ત ક્રમે વિરાગી અને સમતાનિષ્ઠ બનેલા આત્માને કુસંસર્ગ-સુસંસર્ગનો ભેદ રહેતો નથી પણ જયાં સુધી એ અવસ્થા પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી આ કુસંસર્ગ ત્યાગની અતિ આવશ્યકતા છે. પ્રાયઃ પ્રત્યેક અનુષ્ઠાનો સમતાની સિદ્ધિ માટે છે, તેમ કુસંસર્ગત્યાગ પણ સમતાનો સાધક છે. એ સિવાય સામાયિક સિદ્ધ થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" कालंमि संकिलिट्ठे, छकायदयावरोवि संविग्गो ।
कयजोगीगमलंभे, पणगन्नयरेण संवसइ ॥१॥"

**ભાવાર્થ**-(કષાય વિગેરેથી) કાળ સંકિલષ્ટ હોય ત્યારે તથાવિધ કૃતયોગીનો (કૃતકૃત્ય-ગીતાર્થનો) યોગ ન મળે તો છકાયજીવોની દયાના પરિણામવાળા સંવેગી પણ સાધુએ (પાસત્થો, અવસન્ન, યથાચ્છંદ, બકુશ અને કુશીલ એ) પાંચ પૈકી કોઈ એક દોષવાળાની સાથે રહેવું, પણ બે-ત્રણ વિગેરે વધારે દોષોથી દૂષિતની સાથે ન રહેવું. કારણ કે દોષ-ગુણના સંયોગની તરતમતાને આશ્રીને વિરાધક-આરાધક ભાવની તરતમતામાં પણ ન્યૂનાધિકતા થાય છે. કહ્યું છે કે—

" एगागी पासत्थो, सच्छंदो ठाणवासी ओसन्नो ।
दुगमाईसंजोगा, जह बहुआ तह गुरू हुंति ॥३८७॥
गच्छगओ अणुओगी, गुरुसेवी अनियओ गुणा(यवासया)उत्तो ।
संजोएण पयाणं, संजमआराहगा भणिआ ॥३८८॥" (उपदेशमाला)

**ભાવાર્થ**-એકાકી, પાસત્થો, સ્વચ્છંદી, એક જ સ્થાને રહેનારો અને આવશ્યકાદિક્રિયામાં સીદાતો, એ પાંચ તથા તેના દ્વિકસંયોગી વિગેરે ભાંગા પણ થાય, જેમ કે-કોઈ એકાકી અને પાસત્થો, કોઈ પાસત્થો અને સ્વચ્છંદી, (કોઈ એકલો અને સ્વચ્છંદી પણ, કોઈ એકલો અને નિયતવાસી હોય,) વિગેરે દ્વિકસંયોગી દશ ભાંગા થાય. ત્રિકસંયોગીમાં પણ કોઈ એકલો, પાસત્થો અને સ્વચ્છંદી, કોઈ એકલો, સ્વચ્છંદી અને અનિયતવાસી, વિગેરે દશ ભાંગા થાય, (એ રીતે ચાર સંયોગી પાંચ અને પંચસંયોગી ભાંગો એક થાય) એમ સંયોગને આશ્રીને ભાંગા ઘણા થાય. તેમાં સંયોગો જેટલા પ્રમાણમાં વધે તેટલો દોષ મોટો-આકરો થાય (૩૮૭). એથી વિપરીત ગચ્છવાસી, જ્ઞાનાદિ ગુણવાળો, ગુરૂ આજ્ઞાનો પાલક, અનિયત (અપ્રતિબદ્ધ) વિહારી, અને ચારિત્રગુણયુક્ત-અપ્રમાદી, એ પાંચના પણ એક સંયોગી વિગેરે ભાંગા ક્રમશઃ પાંચ, દશ, દશ, પાંચ અને એક થાય. તેમાં જેમ જેમ સંયોગપદો વધે તેમ તેમ (ગુણવૃદ્ધિથી) અધિક આરાધક થાય. (૩૮૮).

ઉપદેશપદમાં પણ પાસત્થાદિના સંસર્ગમાં જયણા કરવાનું કહ્યું છે, તેની 'अग्गीआदाइण्णे' વિગેરે ૮૪૧ મી ગાથા અહીં ચાલુ અધિકારમાં જ કહી. ઉપદેશમાલામાં પણ કહ્યું છે કે-

" सुबहुपासत्थाणं, नाऊणं जो न होइ मज्झत्थो ।
न य साहेइ सकज्जं, कागं च करेइ अप्पाणं ॥" उपदेशमाला० ५१०॥

**ભાવાર્થ**-જે સાધુ પોતાના સમૂહમાં ઘણા પાસત્થાદિને જોઈને માધ્યસ્થ્ય (ઉપેક્ષા) સેવે નહિ તે સ્વકાર્યને સાધી શકે નહિ અને પોતાને કાગ તુલ્ય બનાવે. (અર્થાત્ ઘણા પાસત્થાદિનો વિરોધ કરવાથી તેઓ ઉલટી તેની નિન્દા કરીને નિર્દોષને પણ દૂષિત ઠરાવે.)

અહીં પ્રસંગોપાત્ત પાસત્થાદિને વન્દના વિગેરે કરવાના વિષયમાં ઉત્સર્ગ-અપવાદ કહીએ છીએ. તેઓને વન્દનાદિ કરવાનો નિષેધ (વિવેક) (પહેલાભાગના ભાષાન્તરમાં પૃ૦ ૪૮૦માં ગુરૂવન્દન અધિકારમાં 'पासत्थाइ वंदमाणस्स' વિગેરે ગાથાઓદ્વારા જણાવ્યો છે અને તેઓનું અભ્યુત્થાન વિગેરે વિનયાદિ કરવાથી આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કહ્યું છે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" अहच्छंदब्भुट्ठाणं, अंजलिकरणे य हुंति चउगुरुआ ।
अण्णेसु चउलहुआ, एवं दाणाइसुवि णेयं ॥१॥"

**વ્યાખ્યા**-તેઓનું અભ્યુત્થાન વિગેરે કરવાથી પ્રાયશ્ચિત્ત કહે છે કે-યથાચ્છન્દને અભ્યુત્થાન તથા અઞ્જલિ (બે હાથ જોડીને નમન) કરે તો તે પ્રત્યેકનું પ્રાયશ્ચિત્ત 'ચતુર્ગુરૂ' સમજવું. તેમાં અભ્યુત્થાનના આ છ પ્રકારો છે, ૧-સામે ઉભા થવું (રહેવું), ૨-આસન આપવું, ૩-'શું કાર્ય કરૂં ?' એમ તેઓના કાર્યની માગણી કરવી, ૪-ધર્મથી ચૂકેલા(પડેલા)ને પુનઃ ધર્મમાં જોડવા માટે અભ્યાસ કરવો (સમીપ થવું-પરિચયમાં આવવું), ૫-અભેદરૂપ અવિભક્તિ એટલે એકમેક વ્યવહાર કરવો અને ૬-એ પાંચે પ્રકારોથી તેઓનો સંબન્ધ કરવો. આ છમાં ચોથા અભ્યાસકરણ સિવાયના પાંચ પ્રકારો સેવવાથી અને સામર્થ્ય છતાં અભ્યાસકરણ નહિ કરવાથી પ્રાયશ્ચિત્ત સમજવું. અઞ્જલિકરણના પણ છ પ્રકારો છે. ૧-પચીશ આવશ્યકપૂર્વક (દ્વાદશાવર્ત) વન્દન કરવું, ૨-મસ્તક નમાવીને પ્રણામ કરવો, ૩-એક કે બે હાથ જોડવા, ૪-બહુમાનભર્યા હૃદયથી રભસપૂર્વક 'નમો ખમાસમણાણં' કહેવું, ૫-આસન પાથરી આપવું અને ૬-એ પાંચે પ્રકારોથી સંયોગ કરવો, એમ છ પ્રકારે યથાચ્છંદનો વિનયાદિ કરતાં પ્રાયશ્ચિત્ત લાગે. શેષ પાસત્થાદિ (આઠ) તથા ગૃહસ્થ એ નવને[२७२] કૃતિકર્મ (વન્દન) અને અઞ્જલિ કરવાથી 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત્ત સમજવું. તેઓને દાન, અનુપ્રદાન, વિગેરે કરવાથી પણ આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત સમજી લેવું-પાસત્થાદિને અશન, પાન, વિગેરે આપવાથી અને લેવાથી પણ 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત લાગે, કારણ કે તેઓ 'ઉદ્ગમ-ઉત્પાદન' વિગેરે દોષોને સેવનારા હોય તેથી તેઓને અશનાદિ આપવાથી તે દોષોની અનુમોદના (પુષ્ટિ) થાય. (અર્થાત્ તે આહારાદિ વાપરીને તેઓ તેવા દોષોને સેવે.) તેઓનાં દોષિત અશનાદિ લેવાથી પણ તે દોષો સેવ્યા ગણાય. કહ્યું છે કે-

" पासत्थोसन्नाणं, कुसीलसंसत्तनीअवासीणं ।
जे भिक्खू म(अ)सणाई, दिज्ज पडिच्छिज्ज वाऽऽणाई ॥१॥
उग्गमदोसाईआ, पासत्थाई जओ न वज्जंति ।
तम्हा उ तव्विसुद्धी, इच्छंतो ते विवज्जिज्जा ॥२॥
सूइज्जइ अणुरागो, दाणेणं पीइओ अ गहणे तु ।
संसग्गया य दोसा, गुणा अ इअ ते परिहरेज्जा ॥३॥"

**ભાવાર્થ**-પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત, કે તેવાઓની સાથે રહેનારા, તેઓને જે સાધુ અશન વિગેરે આપે અથવા લે તેને આજ્ઞાભંગ, અનવસ્થા, વિગેરે દોષો લાગે. કારણ કે પાર્શ્વસ્થ વિગેરે (પ્રમાદીઓ એષણા સમિતિમાં) ઉદ્ગમ વિગેરે દોષોને ટાળતા નથી, માટે એષણાની વિશુદ્ધિને ઇચ્છતા સાધુએ તેઓને અશનાદિ આપવા-લેવાં નહિ. આપવાથી અનુરાગ જન્મે, લેવામાં પ્રીતિ થાય, એમ સંસર્ગથી ગુણ-દોષો થતા હોવાથી તે તજવું.

૨૭૨-૧-પાસત્થો, ૨-અવસન્ન, ૩, કુશીલ, ૪-સંસક્ત, ૫-યથાચ્છંદ, ૬-નિયતવાસી, ૭-સારૂપી, ૮-સિદ્ધપુત્ર, ૯-પ્રશ્ચાત્કૃત અને.૧૦-ગૃહસ્થ, એ દશમાં યથાચ્છન્દને ભિન્ન કહેવાથી શેષ નવ સમજવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વસ્થ વિગેરેને વસ્ત્ર આપવાથી કે તેઓની પાસેથી પ્રાતિહારિક (ઉછીનું-પાછું આપવાની સરતે) પણ લેવાથી 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત્ત લાગે જ. તેઓને ભણાવવામાં કે તેઓની પાસે ભણવામાં (પણ) સૂત્ર લેવા-દેવાથી 'ચતુર્લઘુ' અને અર્થ ભણવા-ભણાવવાથી 'ચતુર્ગુરૂ' તથા યથાચ્છન્દને ભણાવતાં કે તેની પાસે ભણતાં સૂત્રનું 'ચતુર્ગુરૂ' અને અર્થનું 'ષડ્લઘુ' પ્રાયશ્ચિત્ત સમજવું. તે પણ અનેક દિવસ સુધી ભણવા-ભણાવવામાં ' सत्तरत्तं तवो होइ અર્થાત્ સાત રાત્રિ દિવસ સુધી તપ પ્રાયશ્ચિત્ત લાગે' વિગેરે શાસ્ત્રોક્ત ક્રમથી પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ સમજવી. પાર્શ્વસ્થાદિને ભણાવવામાં-ભણવામાં વન્દન (લેવું દેવું), તેઓનો દુષ્ટ સંસર્ગ, વિગેરે અનેક દોષો સંભવિત છે, એથી (વાચનાના નિષેધથી) ઉત્સર્ગથી તેઓને વન્દન વિગેરે પણ નહિ કરવું, એમ નક્કી થયું.

કારણે (અપવાદ માર્ગે)તો વન્દનાદિ કરવું જોઇએ, માટે પ્રથમ વન્દનના વિષયમાં કહે છે કે-

" गच्छपरिरक्खणट्ठा, अणागयं आउवायकुसलेणं ।
एवं गणाहिवइणा, सुहसीलगवेसणा कुज्जा ॥" बृहत्कल्प-४५४२॥

**વ્યાખ્યા**-દુષ્કાળ, રાજભય, વિગેરે પ્રસંગોમાં કે બીમારીમાં અશન, પાન, વિગેરે દ્વારા ગચ્છને ઉપકાર કરીને તેનું પરિપાલન કરવા માટે 'અનાગત' એટલે ભવિષ્યમાં તેવો દુષ્કાળાદિ પ્રસંગ આવે તે પહેલાં જ 'લાભના ઉપાયમાં કુશળ' એટલે પાસત્થા વિગેરેની સહાયથી નિર્વિઘ્નસંયમ પાલન થાય તેવો યોગ મેળવવામાં કુશળ મુનિઓ તેવા ઉપાયો કરે કે તે પાસત્થાદિને વન્દન કર્યા વિના માત્ર તેઓના શરીરની વાર્તા વિગેરે પૂછવાથી પણ તેઓ પ્રસન્ન થાય, (અર્થાત્ કુશળતા-સુખશાતાદિ પૂછીને તેઓને પ્રસન્ન કરે,) એમ કરવાથી તેઓને અપ્રીતિ ન થાય, કિન્તુ તેઓ 'અહો ! આ સ્વયં તપસ્વિઓ છતાં આ રીતે અમારા પ્રત્યે સ્નેહ ધરાવે છે' ઇત્યાદિ સમજે. એમ લાભ (અલાભને સમજવામાં) અને તેના ઉપાયો કરવામાં કુશળ એવા ગણનાયકે નીચે કહીશું તે રીતે સુખશીલિઆઓના (પાસત્થા વિગેરેના) આશ્રયની શોધ કરવી. તેમાં સુખશાતાદિ ક્યાં પૂછવું તે કહે છે કે-

" बाहिं आगमणपहे, उज्जाणे देउले सभाए वा ।
रत्थ(च्छ)उवस्सयबहिआ, अंतो जयणा इमा होइ ॥" बृहत्कल्प०-४५४३ ॥

**વ્યાખ્યા**-પાસત્થાદિ જ્યાં રહેલા હોય તે ગામ-નગરાદિની બહાર આવેલા (સંવેગી) સાધુઓ જો ત્યાં તે પાસત્થાદિકને આવેલા દેખે તો ત્યાં શરીરની સુખશાતાદિ પૂછે અને ભિક્ષાદિ માટે તે ગામાદિમાં જવાનું થાય ત્યારે પાસત્થાદિકને આવવાના રસ્તે ઉભા રહી (ત્યાં) પૂછે. દર્શનાર્થે ઉદ્યાનમાં આવતા દેખે તો ચૈત્યવન્દનાના નિમિત્તે ત્યાં જાય (અને ત્યાં પૂછે), એમ દેવકુલમાં કે વ્યાખ્યાનમાં જોવામાં આવે અથવા શેરીમાં ભિક્ષા માટે ફરતાં સામા મળે તો ત્યાં પણ કુશલતાદિ પૂછે. વળી કોઇ પ્રસંગે તેઓ કહે કે 'અમારા ઉપાશ્રયે તમે કદી પણ આવતા નથી' તો તેઓની ઇચ્છાનુસાર સાથે સાથે તેઓના ઉપાશ્રયે જાય, પણ ત્યાં બહાર ઉભા રહીને સુખશાતાદિ સર્વ કુશળ સમાચાર પૂછે, જો તેઓ આગ્રહ કરે તો ઉપાશ્રયમાં જઇને પણ પૂછે. હવે ત્યાં કેવા પુરૂષ વિશેષને આશ્રીને વન્દનાદિ વિવેક કરવો-ન કરવો, તે કહે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" मुक्कधुरा संपाडगसेवी (अकिच्चे) चरणकरणपब्भट्ठे(परिहीणे) ।
लिंगावसेसमित्ते, जं कीरइ तारिसं वोच्छं ॥४५४४॥
वायाइ(ए) नमु(मो)क्कारो, हत्थुस्सेहो य सीसनमणं च ।
संपुच्छणा(ण)ऽच्छणं छोभवंदणं वंदणं वावि ॥४५४५॥
एआइं अकुव्वंतो, जहारिहं अरिहदेसिए मग्गे ।
ण हवइ पवयणभत्ती, अभत्तिमंताइआ दोसा ॥"४५४९॥ (बृहत्कल्पभाष्य)

**ભાવાર્થ**–પહેલા ભાગમાં (દિનચર્યામાં પચ્ચક્ખાણ પછીના કર્તવ્યમાં ભાષાન્તરના પૃ. ૫૩૮–૫૩૯–૫૪૦ માં) આ પ્રમાણે કહી આવ્યા છીએ–સંયમનાં કષ્ટો સહવાં જેણે છોડી દીધાં છે, ધર્મની અપભ્રાજનાથી નહિ ડરતાં પ્રગટપણે મૂળ–ઉત્તરગુણમાં જે દૂષણો સેવે છે, તેથી તે ગુણો જેનામાં રહ્યા પણ નથી, એવા માત્ર વેશધારીને વન્દન કરવા ન કરવાના વિષયમાં શું કરવું તે માટે કહ્યું છે કે–(સ્થંડિલ ભૂમિ આદિ જતાં ગામાદિની બહાર મળે તો) 'સુખશાતા પૂછવી, મત્થએણ વંદામિ કહેવું' વિગેરે વચનવ્યવહાર કરવો, જો તે માની હોય તો હાથ પણ જોડવા, પ્રભાવ–શાળી હોય તો માથું પણ નમાવવું અને પ્રભાવક હોય તો બહારથી સદ્ભાવ પણ દેખાડવો. શરીરાદિનું કુશળ પૂછવું, બહુમાન માટે થોડીવાર ત્યાં ઉભા રહેવું, અને વિશેષ કારણે તો તેઓના ઉપાશ્રયે પણ જવું. ઉપરાંત જરૂર જણાય તો થોભવન્દન કે અધિક લાભ માટે સમ્પૂર્ણ વન્દન પણ કરવું. વિશેષ કારણે પાસત્થાદિને અરિહંત ભગવંતે કહેલા વિધિથી જે યથાયોગ્ય વન્દનાદિ કરતો નથી, તેને પ્રવચન(શાસન)ની આરાધના થતી નથી, ઉલટી શાસનની અભક્તિ વિગેરે દોષો થાય છે. હવે કયા કારણે વન્દન કરવું ? તે માટે કહ્યું છે કે—

" परिआय(वार) परिस पुरिसं, खेत्तं कालं च आगमं नच्चा (नाउं) ।
कारणजाए जाए, जहारिहं जस्स जं जोग्गं (कायव्वं)॥" बृहत्कल्प भा० ४५५०॥

આનો ભાવાર્થ પણ ત્યાં કહી આવ્યા છીએ કે–(ચારિત્રપર્યાય અથવા) શિષ્યાદિ પરિવાર મોટો હોય, વિનીત સાધુઓની મોટી પર્ષદા જેની આજ્ઞામાં હોય, જેનું સંઘમાં વ્યક્તિત્વ હોય, સંઘ–કુલ–ગુણ વિગેરેની રક્ષાનાં કાર્યો જેઓને આધીન હોય, વિહારનાં ક્ષેત્રો પણ જેમને સ્વાધીન હોય (જેની અનુમતિ વિના અન્ય ક્ષેત્રોમાં રહેવું દુઃશક્ય હોય), દુર્ભિક્ષ વિગેરે કાળ વિષમ હોય, આગમ અન્યત્ર મળવું દુઃશક્ય હોય (બીજા ભણાવનાર ન હોય), તો અભ્યુત્થાન, વિનય, વન્દન, વિગેરે જે જે કરવાથી તેમની તે તે વિષયમાં સહાય મળે તે તે તેટલા પ્રમાણમાં કરવું.

ઉલટમાં કારણે તેઓને વન્દન નહિ કરવાથી પ્રાયશ્ચિત્ત પણ કહ્યું છે કે—

" उप्पन्नकारणंमि, किइकम्मं जो न कुज्ज दुविहं पि ।
पासत्थाईआणं, उग्घाया तस्स चत्तारि ॥" बृहत्कल्प भा० ४५४० ॥

**ભાવાર્થ**–ઉપર્યુક્ત કોઇ કારણ આવી પડે ત્યારે પણ જે પાસત્થાદિનો 'વન્દન–અભ્યુત્થાનરૂપ' બે પ્રકારે વિનય નથી કરતો તેને 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત્ત લાગે, વિગેરે સમજી લેવું.

એ પ્રમાણે આહાર–વસ્ત્ર વિગેરે આપવા–લેવામાં પણ કારણોને વિચારીને વર્તવું. કહ્યું છે કે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" असिवे ओमोअरिए, रायदुट्टे भए व गेलन्ने ।
अद्धाण रोहए वा, दिज्जा अहवा पडिच्छेज्जा ॥१॥"

**ભાવાર્થ**-મારી, મરકી, વિગેરેના ઉપદ્રવ પ્રસંગે, દુષ્કાળમાં, રાજા દ્વેષી થયો હોય ત્યારે, ચોરાદિના ભય પ્રસંગે, બીમારીમાં અને વિહાર માટે રાજાદિનો વિરોધ હોય તેવા પ્રસંગે, પાસત્થાદિને પણ 'આહાર-વસ્ત્ર' વિગેરે આપવાં અને જરૂર પડે તો લેવાં.

આચારાઙ્ગસૂત્રમાં પણ કહ્યું છે કે-" તે ભિક્ષુક અથવા ભિક્ષુકી યાવત્ ગૃહસ્થના ઘેર ભિક્ષા માટે જાય ત્યાં એમ જાણે કે અહીં કોઇ નિર્ગ્રન્થમુનિ, કોઈ યતિ, બ્રાહ્મણ, ગામનો કોઈ ભિક્ષુક, કે અતિથિ, પહેલાં ભિક્ષા માટે આવ્યો છે તો તે જાણીને (દાતારના ચિત્તમાં ક્ષોભ કે ગ્રાહકને અંતરાય ન થાય તે માટે) તે દેખે તેમ અથવા નિકળવાના બારણા પાસે પણ ઉભો ન રહે, કિન્તુ ભિક્ષાર્થે આવેલા તે તે શ્રમણાદિકને જાણીને તેઓ ન જાણે તેમ પોતે એકાન્તે (બાજુમાં) ખસીને કોઈ ન હોય ત્યાં ન દેખાય તેમ ઉભો રહે. છતાં ત્યાં ઉભા રહેલા તેને જોઇને દાતાર પૂર્વે આવેલાને અશન, પાન, ખાદિમ અથવા સ્વાદિમ, એ ચારે (કે ચાર પૈકી કોઇ) પ્રકારનો આહાર લાવીને આપે અને તેને એમ કહે કે હે 'આયુષ્યમાન્ શ્રમણાદિ ! આ અશન વિગેરે (બધાને વહેંચીને આપવા હું સમર્થ નથી, માટે) સર્વને ભેગું આપું છું તેને તમે તમારી ઇચ્છા પ્રમાણે એકલા લ્યો કે વહેંચીને લઇ લ્યો' એમ કહે તો તે અશનાદિ ઉત્સર્ગ માર્ગે તે લેવું જ નહિ, કોઇ દુષ્કાળ કે મોટી અટવી ઉતરવાથી લાગેલા પરિશ્રમાદિ કારણે-અપવાદપદે લેવું પડે તો જ લેવું. લીધા પછી મુંગા મુંગા ચાલ્યા ન જવું, તથા એવી કલ્પના પણ ન કરવી કે 'મને એકલાને જ આપ્યું છે અથવા થોડુંજ આપ્યું છે માટે હું એકલો જ વાપરૂં' કારણ કે-એમ કરવાથી માયાદોષ લાગે. ત્યારે શું કરવું ? તે કહે છે કે-તે અશનાદિને લઇને (બહાર ઉભેલા-પાછળથી આવેલા) તે શ્રમણાદિની પાસે જવું, ત્યાં જઇને પહેલાં તે અશનાદિ તેને દેખાડવું અને કહેવું કે-હે આયુષ્માન્ શ્રમણાદિ ! આ અશનાદિ વસ્તુઓ દાતારે તમને (અમને) સર્વને માટે આપી છે, માટે ભેગા વાપરો અથવા વહેંચી લ્યો ! એ રીતે કહ્યા પછી (સામેથી) કોઈ એમ કહે કે-હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે જ એને વહેંચીને આપો. ત્યારે વહેંચતાં તેમાંનું 'ખદ્ધ' એટલે મોદકાદિ, 'ડાય' એટલે શાક, 'ઊસઢ' એટલે વર્ણ ગન્ધ વિગેરેથી શ્રેષ્ઠ, 'રસિઅ' એટલે સ્વાદવાળું, 'મનોજ્ઞ' એટલે મનપસંદ, 'સ્નિદ્ધ' એટલે વિગઇઓવાળું, અથવા 'લુકખ' એટલે લુખું, જે જે મલ્યું હોય તેને પોતે જ ન લેતાં તેમાં મૂર્છા, ગૃદ્ધિ, પ્રીતિ, કે આસક્તિ કર્યા વિના બધાને બહુ સરખી રીતે (શકય હોય ત્યાં સુધી થોડું પણ ન્યૂનાધિક ન થાય તેમ વહેંચવું, જો સામો એમ કહે કે હે આયુષ્યમાન્ શ્રમણ ! એને વહેંચો નહિ, આપણે બધા એકઠા (સાથે જ) ખાઇશું, અથવા પીશું. તો પણ પરતીર્થિકોના (અન્ય ધર્મિઓના) સાથે તો ભેગું ખાવું નહિ, જો તે સ્વધર્મવાળા પણ પાસત્થા વિગેરે કે પોતાના સાંભોગિક હોય તો ઓઘે આલોચના કરીને તેઓની સાથે ખાવું, પણ તેમાં આ વિધિ સમજવો-જે ઘણું ઘણું, સારૂં સારૂં, સારા વર્ણાદિવાળું, રસદાર, મનપસંદ, કે વિગઇઓવાળું, વિગેરે શ્રેષ્ઠ હોય તેને મૂર્છાદિથી પોતે જ નહિ ખાવું, કિન્તુ મૂર્છા, આસક્તિ, કે લોલુપતા વિના દરેકે સરખું (સમભાગે) જ ખાવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાવું અને પીવાનું પીવું, ઇત્યાદિ. (આચારાઙ્ગદ્વિતીયશ્રુતસ્કંધ, અધ્ય૦ ૧લું, ઉદ્દેશો ૫–૨૯)

વસ્ત્ર વિગેરેને લેવા–આપવામાં પણ એવો જ વિધિ છે. તેમાં આ પ્રમાણે અપવાદ કહેલો છે કે–ગૃહસ્થ કે કોઈ અન્યધર્મી સાધુ દીક્ષા લેવા ઇચ્છે તો તેને પોતાનાં વસ્ત્ર–પાત્રાદિ આપી શકે, વસ્ત્ર સુલભ હોય ત્યાં–ત્યારે પાર્શ્વસ્થાદિ પાસેથી લેવાય અથવા તેને અપાય, માર્ગે જતાં (વિહારમાં) ચોરોથી ચોરાયા કે (ધાડ કે લૂંટથી) લૂંટાયા હોય તેવા પ્રસંગે બીજેથી વસ્ત્રો ન મળે તો પાસત્થાદિ પાસેથી પણ લેવાય, કોઈ હીમ(ઠંડી)વાળા પ્રદેશમાં શીતાદિ પરીષહ સહન ન થાય ત્યારે પ્રાતિહારિક (ઉછીનું) પણ લેવાય, અથવા કોઈ બીમાર સાધુ માટે આસ્તરણ (પાથરવા) યોગ્ય જરૂર પડે તો માગીને પણ લેવાય. ઇત્યાદિ અપવાદ સમજવો.

તથા પાર્શ્વસ્થાદિને વાચના આપવામાં પણ આ રીતે અપવાદ છે–કોઈ પાર્શ્વસ્થાદિ ઉદ્યત–વિહારી પાસે ઉપસમ્પદા સ્વીકારે ત્યારે તે જો ઉદ્યતવિહારથી વર્તે તો તેને વાચના આપવી. (મૂળ છાપેલી પ્રતમાં (ન) અને વા છે તે અધિક સમજાય છે, અથવા તેનો 'ઉદ્યતવિહારથી વર્તવા છતાં યોગ્યતા ન જણાય તો નહિ પણ આપવી, એમ અર્થ કરવો) અથવા પાસત્થાદિ છતાં જે સંવેગીપણું સ્વીકારવા ઇચ્છે તેને જ્યાં સુધી સંવેગી ન બને ત્યાં સુધી પાસત્થાદિપણામાં પણ વાચના આપવી. ઇત્યાદિ અહીં પ્રસંગાનુસાર[૨૭૩] કહ્યું. હવે મૂળમાં કહ્યું કે—

૨૭૩–જગતના પ્રત્યેક વ્યવહારોમાં ઉત્સર્ગ અને અપવાદ, ઉભયમાર્ગનું અનુસરણ હોય છે. ઉત્સર્ગ એટલે અકારણિક વ્યવહાર અને અપવાદ એટલે કારણિક વ્યવહાર. ચાલવામાં પણ રાજમાર્ગ અને છીંડી કે ગલીનો ટુંકો કે સુરક્ષિત માર્ગ હોય છે, તેમાં ઉત્તમ પુરૂષો મુખ્યતયા રાજમાર્ગે ચાલે છે અને તે સુરક્ષિત ન હોય ત્યારે છીંડી વગેરેનો માર્ગ સ્વીકારે છે, રાજમાર્ગ સુરક્ષિત છતાં છીંડી વિગેરેના માર્ગે ચાલનાર પ્રત્યે લોકો આચાર વિગેરેની શંકા ધરાવે, એથી અકારણ એવા માર્ગે ચાલનાર પોતાની ઉત્તમતાને હાનિ પહોંચાડે છે, લોકમાં હલકો ગણાય છે, એ રીતે સર્વત્ર સમજવાનું છે.

વસ્તુતઃ જગતના સર્વ વ્યવહારો, નિયમો, કે કાયદાઓ, જીવન વિગેરેની રક્ષા અને વિશુદ્ધિ માટે હોય છે. છતાં વિપરીત પરિણામની સંભાવના હોય તેવા સમયે અપવાદમાર્ગનો આશ્રય લઇને પણ જીવન વિગેરેની રક્ષાદિ કરણીય છે. એક હજારનું સાચું લેણું છતાં દેવાદાર તેને પૂર્ણ આપે તેવી શક્યતા ન હોય ત્યારે તેની શક્તિ પ્રમાણે ઓછા લઇને પણ ખાતું ભરપાઇ કરવામાં આવે છે, વિશિષ્ટ કારણે કાયદો ન પાળી શકનારને કાયદાનો ભંગ કરવા છતાં નિર્દોષ ઠરાવી છોડી દેવાય છે, શક્ય પ્રયત્નો કરવા છતાં મરણ પામેલો સ્વજન પછી તે ગમે તેટલું સ્નેહનું પાત્ર હોય તો પણ તેને સ્વહસ્તે અગ્નિસંસ્કાર કરાય છે, તેમ રાગ–દ્વેષ–કામ–ક્રોધ વિગેરે અન્તરંગ શત્રુઓના વિજય માટે કે જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ માટે કરાએલા વિધિ–નિષેધો કે જે ધર્મના કાયદાઓરૂપ ઉત્સર્ગ માર્ગ છે, તેનું પણ પાલન સર્વાંશે કરવાની શક્યતા ન હોય, તેમ કરવા જતાં રાગાદિ વધવાનો સંભવ હોય, જ્ઞાનાદિ ગુણોને હાનિ પહોંચતી હોય, કે જીવન જીવી શકાય તેમ ન હોય, ત્યારે એક બ્રહ્મચર્ય સિવાય સર્વ વિધિ–નિષેધોની ગૌણતા કરી શક્યતા પ્રમાણે વર્તવું, અર્થાત્ બાહ્ય–અભ્યન્તર શક્તિને ગોપવ્યા વિના નિર્માયી બનીને રાગાદિથી બચવું, જ્ઞાનાદિની રક્ષા કરવી, કે જીવનને બચાવવું તેને અપવાદ કહેવાય છે. જેમ ઉત્સર્ગમાર્ગના કથક શ્રીજિનેશ્વર દેવો છે તેમ અપવાદમાર્ગના પ્રરૂપક પણ તેઓ જ છે. ઉત્સર્ગની શક્યતા હોય ત્યાં સુધી ઉત્સર્ગને આરાધનારો અને વિશિષ્ટ કારણે અપવાદનો આશ્રય લેનારો પણ જિનાજ્ઞાનો પાલક મનાય છે, કારણ કે દૃઢ કારણે અપવાદનો આશ્રય લેવાનું પણ શ્રીજિનેશ્વરોએ જણાવ્યું છે, તે પ્રમાણે નહિ વર્તવાથી સંયમને હાનિ થાય છે, ઉલટી જિનાજ્ઞાની વિરાધના થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થપદચિન્તનં**=જે પદ કે વાક્યના આધારે અર્થનું જ્ઞાન થાય તે 'અર્થપદ' કહેવાય, એવા પદ, વાક્ય, વિગેરેના આધારે અર્થનું ચિન્તન કરવું, અર્થાત્ પદાદિના વિષયનો વિચાર કરીને જે પદાદિ જે અર્થના વાચક હોય તે અર્થને ઘટાવવો, તેને અર્થપદનું ચિન્તન કહેવાય. ભાવાર્થ એવો છે કે-સૂક્ષ્મબુદ્ધિથી વિચાર (ચિન્તન) પ્રધાન બનીને શાસ્ત્રપાઠોના અર્થોનો વિચાર કરવો જોઇએ, એમ સ્વયં વિચારીને, બીજા બહુશ્રુત પાસેથી તેની ખાત્રી મેળવીને, જે પદનો જે અર્થ થતો હોય તે જ અર્થ નક્કી કરવો જોઇએ. આ રીતે શાસ્ત્રપાઠોના અર્થની વિચારણા વિના ધર્મમાં શ્રદ્ધા ઘટતી (પ્રગટતી) નથી. પરમર્ષિઓનું કથન છે કે-'શ્રીઅરિહંત ભગવંતે કહેલા ધર્મને સાંભળીને તેના અર્થપદોનો શુદ્ધ વિચાર કરીને નક્કી કરેલો અર્થ' વિગેરે (શુદ્ધ ગણાય). માટે તે તે પદાદિનો વિચાર કરીને તેના અર્થને નિશ્ચિત કરવો જોઇએ. જેમકે-સૂક્ષ્મ પણ અતિચાર બ્રાહ્મી-સુન્દરી[૨૭૪]વિગેરેની જેમ સ્ત્રીઅવતાર વિગેરેનું કારણ બને તો 'પ્રમત્ત (ગુણસ્થાને વર્તતા) સાધુઓનું ચારિત્ર (સાતિચાર છતાં) મોક્ષનું કારણ બને' એમ શાસ્ત્રમાં કહ્યું છે તે કેમ ઘટે ? કારણ કે તે ગુણસ્થાને પ્રમાદ હોવાથી ત્યાં અતિચારો ઘણા લાગે ? [એનું સમાધાન એ રીતે વિચારવું-કે જો સાધુ દીક્ષિત થવા છતાં સૂક્ષ્મ પણ અતિચાર સેવે તો તેનો વિપાક અતિરૌદ્ર (આકરો) જ હોય છે, કિન્તુ તે અતિચારના પ્રતિપક્ષી શુદ્ધઅધ્યવસાયો જ પ્રાયઃ તે અતિચારજન્ય પાપનો ક્ષય કરી શકે છે, આલોચના વિગેરે પ્રાયશ્ચિત્ત કરવા માત્રથી તેનો ક્ષય

---

એમ છતાં તથાવિધ વિશિષ્ટ (દઢ) આલમ્બન (કારણ) વિના અપવાદ માર્ગનો આશ્રય લેવાથી જિનાજ્ઞાની વિરાધના પણ થાય છે, વિના આલમ્બને કે નિર્બળ આલમ્બને અપવાદને અનુસરનારો શેષકાળે ઉત્સર્ગને અનુસરે તો પણ તે જિનાજ્ઞાને અનુસરનારો ગણાતો નથી.

એ કારણે જ કયા પ્રસંગે ઉત્સર્ગ માર્ગે વર્તવું અને કયા પ્રસંગે અપવાદનો આશ્રય લેવો, ઇત્યાદિ સમજવું અતિ મહત્ત્વનું છે. તેવી સમજ પ્રાપ્ત કરવા માટે ગીતાર્થતાની ટોચે પહોંચવું પડે છે, તેવી યોગ્યતા વિના ઉત્સર્ગ-અપવાદનો વિવેક કરવો દુષ્કર છે, માટે જ જૈનદર્શનમાં વિધિ-નિષેધો, ઉત્સર્ગ-અપવાદો, વિગેરે જણાવવા છતાં તેને અનુસરવા માટે તો ગીતાર્થ ગુરૂની નિશ્રા કે ગીતાર્થતા ઉપર જ ભાર મૂકયો છે. સ્વયં અગીતાર્થ કે ગીતાર્થગુરૂની નિશ્રા વિનાનો આત્મા શાસ્ત્રાનુસારી વર્તન કરે તો પણ આરાધક થઇ શકતો નથી.

સર્વ વ્યવહારોમાં આ ન્યાયને સ્વીકારવામાં આવ્યો છે તેમ અહીં જણાવેલા પાર્શ્વસ્થાદિના આશ્રયમાં, વસ્ત્રાદિ લેવા આપવામાં, તેની પાસે ભણવામાં કે તેને ભણાવવામાં, ઇત્યાદિ સર્વ વિષયોમાં ઉત્સર્ગ-અપવાદ જણાવ્યો છે, તો પણ તે એકાન્તિક નથી, મધ્યસ્થભાવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરૂષ વિગેરેની અપેક્ષાનો વિચાર કરી સ્વ-પરને હાનિ ન થતાં લાભ થાય, શાસનની લઘુતા ન થાય, અન્ય જીવો પણ ધર્મથી વિમુખ ન થતાં આદરવાળા બને, ઇત્યાદિ વિચારીને વર્તવું તેમાં શ્રીજિનાજ્ઞાનું પાલન છે. ગીતાર્થતાની ઉત્તરોત્તર હાનિ થતી હોય ત્યારે તો આત્માર્થીએ વિશેષ જાગ્રત થવાની જરૂર છે.

૨૭૪-બાહુ-સુબાહુ-પીઠ અને મહાપીઠ વિગેરે સાથે દીક્ષિત થઇને ઉગ્ર તપ કરતા હતા, તેમાં સાધુઓને આહારાદિ લાવી આપવામાં બાહુની તથા વૈયાવચ્ચમાં સુબાહુની વિશેષતા હતી, એકદા ગુરૂએ કરેલી તેઓની પ્રશંસા સાંભળીને પીઠ અને મહાપીઠને એવો વિકલ્પ થયો કે "આપણે આટલો આકરો તપ કરીએ છીએ છતાં ગુરૂ પ્રશંસા કરતા નથી અને બાહુની-સુબાહુની પ્રશંસા કરે છે, ખરેખર ! સહુ પોતાનું કામ કરનારની પ્રશંસા કરે છે" આવો વિકલ્પ થવાથી સ્ત્રીવેદ બાંધ્યો અને બ્રાહ્મી-સુન્દરી તરીકે જન્મ્યાં. શ્રીમલ્લિનાથ ભગવંતે પણ પૂર્વભવમાં થોડી માયા કરતાં સ્ત્રીવેદ બાંધ્યો, વિગેરે પ્રસિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતો નથી. કારણ કે-બ્રાહ્મી વિગેરેએ પણ તે આલોચના[૨૭૫]તો કરી હતી, છતાં અતિચારનો ક્ષય થયો ન હતો. અહીં સંવરભાવનામાં (પૃ. ૩૭૩ માં)કહ્યો તે ક્રોધાદિનો પ્રતિપક્ષી ક્ષમાદિનો અધ્યવસાય (વિગેરે તે તે દોષનો પ્રતિપક્ષી તે તે અધ્યવસાય)સમજવો. એ રીતે તે તે અતિચારના પ્રતિપક્ષી તુલ્યગુણ (સરખા બળવાળા) અથવા અધિકગુણવાળા શુદ્ધઅધ્યવસાયો જેનામાં પ્રગટે તે પ્રમત્તચારિત્રવંતને પણ ચારિત્રનું પાલન અઘટિત નથી. સારી રીતે પ્રતિકાર કરવાથી ઝેર પોતાનું કામ કરી શકતું નથી તેમ અતિચારો પણ તેના તુલ્યગુણ કે અધિકગુણવાળા પ્રતિપક્ષી અધ્યવસાયોદ્વારા પ્રતિકાર થવાથી નિષ્ફળ થાય છે, પોતાનું કામ કરી શકતા નથી.

**પ્રશ્ન**–' જો એમ પ્રતિપક્ષી અધ્યવસાયથી અતિચારનો પ્રતિકાર થઇ શકે તો પ્રાયશ્ચિત્ત વિગેરે કરવા–કરાવવાનો વ્યવહાર (બાહ્ય વ્યવહારરૂપ હોવાથી) નિરર્થક છે ?'

**ઉત્તર**-પ્રાયશ્ચિત્ત વિગેરે યતનાનો (સંયમનો) વ્યવહાર જ્યાં અતિચારની તુલના ન કરી શકે (અર્થાત્ પ્રાયશ્ચિત્ત કરવા છતાં અતિચાર આકરો હોવાથી નિષ્ફળ ન થાય) ત્યાં 'પ્રતિપક્ષી અધ્યવસાયો પૂર્વક તે આલોચનાદિ પ્રાયશ્ચિત્ત કરવું' એમ કહેવાથી પ્રાયશ્ચિત્તની વિશિષ્ટતા જણાવનારૂં 'પ્રતિપક્ષી અધ્યવસાયો પૂર્વક' એ વિશેષણ સફળ છે-ઘટે જ છે. કારણ કે વિશેષણ દ્વારા વિશેષ્યનો ઉત્કર્ષ થવાથી વિશેષ્ય સફળ થાય છે. (તાત્પર્ય કે પ્રતિપક્ષી અધ્યવસાય પૂર્વકનું પ્રાયશ્ચિત્ત સફળ થઇ શકે છે, માટે પ્રાયશ્ચિત્ત કરવા છતાં તે 'પ્રતિપક્ષી અધ્યવસાય પૂર્વક કરવું' એમ કહેવું નિરર્થક નથી.) એમ છતાં વિશેષ્ય-વિશેષણ પૈકી કોણ બળવાન ? તેનો નિર્ણય નયના ભેદોની અપેક્ષા રાખે છે, એથી એના નિર્ણયનો અભાવ ટાળવો (નિર્ણય કરવો) તે દુષ્કર જ છે.

**પ્રશ્ન**-ઉપર્યુક્ત સમાધાન સ્વીકારવા છતાં એ પ્રશ્ન ઉઠે છે કે-વારંવાર કરેલું પ્રમાદાચરણ ક્રમિક હોય, તેને પ્રતિપક્ષી એક અધ્યવસાયથી કેમ ટાળી શકાય ? કારણ કે વારંવાર મિથ્યાદુષ્કૃત દેવા છતાં પણ વારંવાર કરેલા અતિચારો ટળી શકતા નથી.

**ઉત્તર**-એ સમાધાન કરવા માટે જ અહીં માત્ર 'પ્રતિપક્ષી અધ્યવસાય' એમ નહિ કહેતાં 'તુલ્યગુણ અથવા અધિકગુણ પ્રતિપક્ષી અધ્યવસાય' એમ કહ્યું છે, એથી એમ સમજવું કે માત્ર એક પણ બલવાન પ્રતિપક્ષથી ઘણા પણ અનર્થોનો પરાભવ (નાશ) થાય છે, તેમ કર્મજનિત જડતાથી થતા હોવાથી અનેક પણ અતિચારો નિર્બળ છે, તેની સામે આત્માના સ્વભાવથી પ્રગટેલો થોડો (ન્હાનો) પણ (ચૈતન્યરૂપ) પ્રતિપક્ષી અધ્યવસાય બલવાન હોવાથી તેનો નાશ કરે છે, એ વાત ઉપદેશપદ વિગેરે ગ્રન્થોમાં પ્રગટ જણાવેલી છે જ.

---

૨૭૫-જો કે બ્રાહ્મી-સુન્દરીના પૂર્વભવના જીવ પીઠ અને મહાપીઠ આલોચના કર્યા વિના જ કાલધર્મ પામ્યા હતા, એવા પાઠો ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્ર, પઞ્ચાશક, વિગેરે અન્ય ગ્રન્થોમાં મળે છે, તો પણ તે અવિસંવાદી નથી. કારણ કે અહીં જણાવ્યા પ્રમાણે આલોચના કરવા છતાં તે સમાનબળવાળા પ્રતિપક્ષી અધ્યવસાય પ્રગટ્યા વિનાની નિર્બળ હોવાથી તેનું ફળ પૂર્ણ ન મળ્યું હોય. અર્થાત્ અતિચારજન્ય પાપનો ક્ષય નહિ થવાથી પ્રાયશ્ચિત્ત કરવા છતાં ન કરવા તુલ્ય માનીને ત્યાં 'આલોચના વિના' એમ જણાવ્યું હોય, ઇત્યાદિ સમાધાન થઇ શકે છે. શાસ્ત્રપાઠો પરસ્પર વિસંવાદી ન બને તે રીતે તેનો અર્થ વિચારવો એ સમ્યગ્ જ્ઞાનનું લક્ષણ છે, અર્થાત્ તે જ વસ્તુતઃ અર્થપદનું ચિન્તન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન-ભલે, એ વાત સ્વીકારીએ કે માનસિક વિકારો પ્રતિપક્ષી અધ્યવસાયથી (માનસિક શુદ્ધિથી)નિવૃત્ત થાય, પણ કાયિકદુષ્ટપ્રવૃત્તિરૂપ અતિચારો (માનસિક)અધ્યવસાયોથી શી રીતે ટળે ?

ઉત્તર-એનું સમાધાન એમ વિચારવું કે સંજ્વલન કષાયના ઉદયથી થનારા અતિચારો પણ માનસિકવિકારરૂપ છે અને દ્રવ્યઅતિચારરૂપ કાયિકદુષ્ટવૃત્તિ વિગેરે તો (જડ છે, તેથી તે) થોડી જ ભાવશુદ્ધિથી ટળી શકે છે, ઇત્યાદિ અહીં દિશાસૂચન માત્ર સમજવું.] અર્થાત્ એ રીતે શાસ્ત્રવાક્ય-પદોનો ગંભીર અર્થ તર્ક અને સમાધાનરૂપે ચિન્તવવો, એથી શ્રદ્ધા શુદ્ધ થાય છે. અર્થપદચિંતન કહ્યું.[२७६]અહીં ૧૨૫ મા શ્લોકનું વર્ણન પૂર્ણ થયું. હવે શેષ કર્ત્તવ્યો કહે છે કે—

**मूलम्-" विहारोऽप्रतिबद्धश्च, सम्यग् गीतार्थनिश्रया ।**
**महामुनिचरित्राणां, श्रवणं कथनं मिथः ॥१२६॥**

**મૂળનો અર્થ**-ગીતાર્થની નિશ્રાપૂર્વક આગમાનુસારે અપ્રતિબદ્ધ વિહાર કરવો અને મહામુનિઓનાં ચરિત્રો સાંભળવાં તથા પરસ્પર કહેવાં, તે પણ સાપેક્ષયતિધર્મ છે.

**ટીકાનો ભાવાર્થ**-(દ્રવ્ય, ક્ષેત્ર, વિગેરેના પ્રતિબન્ધથી થનારા) રાગ-દ્વેષાદિ તજીને માસકલ્પ વિગેરેના ક્રમથી અન્ય અન્ય સ્થાને જવારૂપ વિહાર કરવો તે સાપેક્ષયતિધર્મ છે. વિહારને અંગે દ્રવ્યાદિ ચાર નિમિત્તોના ભેદે ચાર પ્રકારનો પ્રતિબન્ધ બાધારૂપ કહ્યો છે. તેમાં દ્રવ્યવિષયમાં એટલે (ભક્તિવાળા) શ્રાવક વિગેરેમાં, ક્ષેત્રમાં એટલે (પ્રતિકૂળ) પવન-પ્રકાશાદિ રહિત ઉપાશ્રય વિગેરેમાં, કાળમાં એટલે (શીતાદિ પરીષહોના હેતુભૂત) શિશિર આદિ ઋતુઓમાં અને ભાવમાં એટલે શરીરપુષ્ટિ વિગેરેમાં, એમ અનુકૂળ-પ્રતિકૂળ દ્રવ્યાદિચાર પ્રત્યે રાગ-દ્વેષ કરવારૂપ ચાર પ્રકારે પ્રતિબન્ધ સમજવો.

અહીં એમ સમજવું કે, ઉપર્યુક્ત પ્રતિબન્ધથી, અર્થાત્ સુખની લાલચે ઉત્સર્ગમાર્ગે એક માસથી અધિક એક સ્થળે નહિ રહેવું. (અને વિચરવામાં પણ દ્રવ્યાદિનો પ્રતિબન્ધ નહિ કરવો.) તાત્પર્ય કે માસકલ્પ વિગેરેના ક્રમથી પણ જે દ્રવ્યાદિમાં પ્રતિબંધ વિનાનો હોય તેનો વિહાર સફળ (સંયમ સાધક) થાય છે. તેથી ઉલટ 'અમુક શહેર વિગેરે ક્ષેત્રમાં રહીને ઘણા શ્રીમંતોને શ્રાવકો બનાવું અને એવો ઉપદેશ કરૂં કે મારા વિના તેઓ બીજાના ભક્તો ન બને'

---

૨૭૬-શાસ્ત્રપદોનો અર્થ ચિન્તવવો, વારવાર ચિન્તવવો અને નિશ્ચિત કરવો, તેને પાંચ પ્રકારના સ્વાધ્યાય પૈકી ચોથો 'અનુપ્રેક્ષા' નામનો ભાવ સ્વાધ્યાય કહ્યો છે વાચના, પૃચ્છના, વિગેરે દ્રવ્યસ્વાધ્યાય છે. ભાવસ્વાધ્યાય વિના અર્થ જ્ઞાન થતું નથી અને અર્થ જ્ઞાન વિના શ્રદ્ધા પ્રગટતી (કે શુદ્ધ થતી) નથી. શ્રદ્ધા અને ભાવશ્રુત વિના ચારિત્રનાં અધ્યવસાય સ્થાનો પ્રાપ્ત થતાં નથી, કે તેની વિશુદ્ધિ પણ થતી નથી. આ કારણે શાસ્ત્રમાં જ્ઞાનના શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન, એમ ત્રણ પ્રકારો જણાવ્યા છે, ભણવું-ભણાવવું, પૂછવું, પરાવર્તના કરવી, વિગેરે શ્રુતજ્ઞાન, તર્ક અને સમાધાન પૂર્વક તેના અર્થનું (અર્થપદનું) ચિન્તન કરવું તે ચિન્તાજ્ઞાન અને પછી તેને પરિણતિરૂપ બનાવવું (જીવનથી અનુસરવું) તેને ભાવનાજ્ઞાન કહેવાય છે. આત્મવિકાસમાં હેતુભૂત ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન છે, એના વિનાનું કેવળશ્રુતજ્ઞાન જીવને ભારરૂપ બને છે, અભવ્યો પણ દશપૂર્વન્યૂન જેટલું દ્રવ્યશ્રુત પામી શકે છે, કિન્તુ તે તેઓને લાભ કરતું નથી. માટે સ્વીકારેલાં મહાવ્રતો વિગેરેના પાલન માટે અર્થપદના ચિન્તનની સવિશેષ આવશ્યકતા છે, એના બળે જ હેય-ઉપાદેયનો વિવેક થઇ શકે છે, માત્ર જાણપણું નિષ્ફળ નીવડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ (ભક્તો, આહાર, પાત્ર વિગેરે) દ્રવ્યોના પ્રતિબન્ધથી, તથા અમુક ક્ષેત્રમાં 'પવન રહિત ઉપાશ્રય વિગેરે હોવાથી તે ક્ષેત્ર ઈષ્ટ સુખને આપનારૂં છે, માટે ત્યાં જાઉં' એમ ક્ષેત્રના પ્રતિબન્ધથી, તથા 'આ (અમુક) ક્ષેત્રમાં અમુક ઋતુ સુખકર (અનુકૂળ) છે, (માટે તે ઋતુમાં ત્યાં જાઉં)' એમ કાળના પ્રતિબન્ધથી, તથા 'સ્નિગ્ધ (માદક) મધુર' વિગેરે આહારાદિ મળવાથી મારા શરીરની પુષ્ટિ વિગેરે સુખ થાય, અહીં તેવી આહારાદિ પુષ્ટિકર સામગ્રી મળે તેમ નથી' (માટે તે મળી શકે ત્યાં વિચરૂં) ઈત્યાદિ ભાવ પ્રતિબન્ધથી ઉગ્ર (લાંબા) વિહાર કરે, એટલું જ નહિ, 'એ રીતે ઉગ્ર વિહારથી વિચરતાં લોકો મને ઉગ્રવિહારી અને અમુક સાધુને તો શિથિલ માનશે' ઈત્યાદિ ભાવપ્રતિબંધથી વિચરે તો પણ (સંયમ રક્ષાને બદલે પૌદ્‌ગલિક સુખની ઈચ્છા વિગેરે હોવાથી) તેવો શાસ્ત્રાનુસારી માસકલ્પાદિના ક્રમે કરેલો વિહાર પણ કાર્ય (સંયમ) સાધક બનતો નથી જ. માટે એક સ્થળે રહે કે વિચરે પણ જે સાધુ ઉપર્યુક્ત દ્રવ્યાદિના પ્રતિબન્ધ રહિત હોય તેને જ વિહાર (અથવા ગાઢ કારણે સ્થિરવાસ પણ) શ્રેયસ્કર છે.

કારણે તો ન્યૂનાધિક (એટલે અપૂર્ણ કે અધિક) માસકલ્પ પણ કરી શકાય. તે કારણો તરીકે (પ્રતિકૂળ) દુષ્ટદ્રવ્યાદિરૂપ દોષો સમજવા. તેમાં જ્યાંનાં આહારપાણી વિગેરે દ્રવ્યો શરીરને (કે સંયમને) અનુકૂળ ન હોય તે દ્રવ્યથી પ્રતિકૂળ, સંયમને ઉપકાર ન કરે તેવા ઉપાશ્રયાદિ તે ક્ષેત્રથી પ્રતિકૂળ, દુષ્કાળ વિગેરે સમય તે કાળથી પ્રતિકૂળ અને બીમારી કે જ્ઞાનહાનિ થતી (વૃદ્ધિ ન થતી) હોય વિગેરે ભાવથી પ્રતિકૂળ. એમ દ્રવ્યાદિની પ્રતિકૂળતારૂપ દોષો સમજવા.

કારણે બાહ્યદૃષ્ટિએ માસકલ્પાદિ વિહાર ન થઈ શકે ત્યારે પણ ભાવથી ઉપાશ્રય, મહોલ્લો, (શેરી પોળ વિગેરે,) અથવા તે ઉપાશ્રયમાં જ સંથારાની ભૂમિ (ખૂણો) બદલીને પણ એક જ ગામ વિગેરેમાં રહેવું પડે તો પણ પ્રતિમાસ સ્થાન બદલવું. પઞ્ચવસ્તુમાં પ્રશ્નોત્તરરૂપે કહ્યું છે કે—

" मोत्तूण मासकप्पं, अन्नो सुत्तम्मि नत्थि उ विहारो ।
ता कह माइग्गहणं ?, कज्जे ऊणाइभावाओ ॥" ८९६॥ (पञ्चवस्तु)

**ભાવાર્થ–પ્રશ્ન**–સૂત્રમાં માસકલ્પની મર્યાદા વિનાનો બીજો વિહાર કહેલો નથી, તો અહીં આદિ શબ્દ કેમ કહ્યો ? **ઉત્તર**–તથાવિધ (જ્ઞાનાદિની વૃદ્ધિ આદિના) પ્રયોજને માસકલ્પ ન્યૂનાધિક પણ કરાય, સંયમના કારણે ન્યૂનાધિક પણ થાય, માટે 'આદિ' શબ્દ કહ્યો છે. કહ્યું છે કે—

" कालाइदोसओ जइ, न दव्वओ एस कीरए नियमा ।
भावेण तहवि कीरइ, संथारगवच्चयाईहिं ॥" प्रवचनसारो० ७७४॥

**ભાવાર્થ**–કાલ વિગેરેના દોષથી જો દ્રવ્યથી પરાવર્તન (માસકલ્પાદિ વિહાર) ન કરી શકાય તો પણ છેવટે 'સંથારાની ભૂમીને બદલવી' વિગેરે ભાવથી તો નિયમા વિહાર કરવો જ.

એમ એક જ ગામમાં રહીને પણ ભાવથી સ્થાનાન્તર કરતા સાધુઓને તેમ કરવું તે (જિનાજ્ઞાથી) વિરૂદ્ધ નથી. કહ્યું છે કે—

" पंचसमिया तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।
वाससयंपि वसंता, मुणिणो आराहगा भणिआ ॥" उपदेशमाला–३९१॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**—પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત તથા સત્તરવિધ સંયમમાં, બાર પ્રકારના તપમાં અને ચારિત્રઅનુષ્ઠાનમાં ઉદ્યમી સાધુઓને સો વર્ષો સુધી એક સ્થળે રહેવા છતાં પણ આરાધક કહ્યા છે.[૨૭૭]

૨૭૭-અનાદિ કાળથી પરિગ્રહસંજ્ઞાને વશ પડેલા જીવને જીવવાની અન્ય સામગ્રીઓના પરિગ્રહની જેમ સ્થાન(રહેઠાણ)નો પણ પરિગ્રહ લાગેલો છે, એ કારણે આજસુધી અનુકૂળ-પ્રતિકૂળ રહેઠાણમાં પણ તે રાગ-દ્વેષ કરતો આવ્યો છે, એનો વિજય કરવા માટે વિહાર (અન્ય અન્ય સ્થળે પર્યટન કરવું તે) એક ઉત્તમ ઉપાય છે. વિહારથી સ્થાનની મૂર્છા થતી નથી. ઉદાહરણ તરીકે એક મનુષ્ય યાત્રાર્થે જવા માટે નીકળે, જેના દ્વારા જવાનું હોય તે રેલ્વે વિગેરે સાધન તુર્ત મળી જાય તો રેલ્વેયાર્ડ વિગેરે ત્યાંની ભૂમિ પ્રત્યે તેને કંઈ મૂર્છા ન થાય, કારણ કે ત્યાં રોકાવાનું નથી. પણ રેલ્વે મોડી પડી હોય, બે કલાક રોકાવું પડે તેમ હોય, તો તુર્ત સ્થાનને શોધશે, પસંદ કરીને મમત્વ કરશે અને એ સ્થાને બીજો ન બેસી જાય તે માટે કાળજી કરશે. એ જ રીતે એક કલાક માટે રેલ્વેમાં બેસવાનું હોય ત્યારે અને બાર કલાક બેસવાનું હોય ત્યારે બેઠક મેળવવાની વૃત્તિમાં ભેદ પડે છે, યાત્રા કરીને એક જ દિવસમાં પાછા ફરવાનું હોય ત્યારે અને એક બે અઠવાડીયાં ત્યાં રોકાવાનું હોય ત્યારે ધર્મશાળાના ઓરડાની પસંદગી વિગેરેમાં પણ મોટો ભેદ પડે છે. જાણે ત્યાં જ કાયમ રહેવાનું ન હોય? તેમ દરેક જાતિની સગવડોને મેળવવાની ખટપટમાં પડે છે, ઇત્યાદિ અનુભવો પ્રાયઃ સહુને થાય છે. તે પ્રમાણે સાધુ-જીવનમાં પણ જીવ સ્થાન પ્રત્યે, કે તે સ્થળની અનુકૂળ-પ્રતિકૂળ દ્રવ્યાદિ (આહારાદિ) સામગ્રી પ્રત્યે રાગ-દ્વેષના રવાડે ન ચઢી જાય, સમતા સાધી શકે, અને મમતાને તોડી શકે, એ ઉદ્દેશથી વિહાર કરવામાં છકાય જીવોની હિંસાનો સંભવ છતાં જૈન મુનિઓને અન્યાન્ય સ્થળે વિચરવાનું વિધાન છે. છકાયની હિંસાનો સંભવ છતાં હિંસા કરવાના પરિણામ નહિ હોવાથી, ઇર્યાસમિતિના પાલનપૂર્વક ચાલવાનું હોવાથી અને રાગ-દ્વેષનો વિજય કરવારૂપ ભાવઅહિંસાની સાધના માટે વિહાર કરવાનું ધ્યેય હોવાથી વિહારથી હિંસાની નહિ પણ અહિંસાધર્મની સાધના થાય છે, એમ શુદ્ધ ઉદ્દેશપૂર્વક વિધિથી વિચરનારા મુનિને વિહારથી સંયમની (સમતા સામાયિકની) શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. અનેકવિધ શાસ્ત્રોનો વિશિષ્ટ અભ્યાસ કરનારા જ્ઞાનીને પણ અનાદિ રાગ-દ્વેષાદિ અન્તરંગ શત્રુઓનો વિજય કરવા માટેના ઉચિત ઉપાયો કર્યા વિના તે નબળા પડતા નથી અને સમતારૂપ સામાયિકની સિદ્ધિ કે રક્ષા પણ થતી નથી, માટે જ્ઞાની મુનિ શક્ય હોય ત્યાં સુધી વિચરવામાં સંયમની સાધના માનીને વિધિથી વિહાર કરે છે. રોગાદિ પ્રસંગે, વૃદ્ધત્વાદિ કારણે, દુષ્કાળાદિ નિમિત્તે, કે એવા બીજા પણ કારણે સ્થિરવાસ (એક સ્થળે) રહેવું પડે તો પણ ઉપર જણાવ્યાં તે દ્રવ્યાદિના પ્રતિબન્ધોથી સંયમની હાનિ ન થાય તે માટે સતત જાગ્રતિ રાખે છે. કહેવાય પણ છે કે 'વહેતાં પાણી નિર્મળાં, બાંધેલાં ગન્ધાય' અર્થાત્ નદીનું પ્રતિદિન વહેતું પાણી અનેક મલિન પદાર્થો તેમાં મળવા છતાં નિર્મળ રહે છે અને નિર્મળ પણ સરોવરાદિનું બાંધેલું પાણી અમુક કાળે મલિન (દુર્ગન્ધવાળું) થાય છે, તેમ માત્ર અષ્ટપ્રવચન-માતાનો પાલક પણ મુનિ સંયમના ધ્યેયથી વિધિપૂર્વક વિહાર કરે તો તેનું સંયમ નિર્મળ અને ઉત્તરોત્તર વિશુદ્ધ બને છે અને જ્ઞાની પણ વિના કારણે દ્રવ્યાદિના પ્રતિબન્ધને વશ બનીને સ્થિરવાસ રહે તો તેનું સંયમ અનેક દોષોથી દૂષિત થઇ જાય છે. માટે મહાવ્રતોના પાલન માટે વિહાર અતિ ઉપકારક છે. વિહારથી જિનાજ્ઞાનું પાલન થતું હોવાથી કર્મોની નિર્જરા થાય છે, પરિણામે પરીષહોને સહવાનું સત્ત્વ પ્રગટે છે, દ્રવ્યાદિનું મમત્વ કે શુભાશુભ દ્રવ્યાદિ પ્રત્યે રાગ-દ્વેષાદિ તૂટે છે. જીવનમાં નિસ્પૃહતા પ્રગટે છે અને પરિણામે સ્વાશ્રયી બની શકાય છે. એમ વિહાર સંયમ માટે ઘણો ઉપકારક છે.

એમ વિહારનું મુખ્ય ધ્યેય સંયમ સાધના છે અને ગૌણપણે જૈનશાસનની પ્રભાવના અને તે દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ છતાં અજયણાવાળાને પણ વિહાર તો થઈ શકે, માટે તેના પ્રતિકાર માટે મૂળમાં કહ્યું છે કે વિહાર 'સમ્યગ્' એટલે દ્રવ્યાદિની જયણાથી કરવો, તેમાં દ્રવ્યથી માર્ગમાં જીવોને જોતા જોતા, ક્ષેત્રથી આગળ ચાર હાથ ભૂમિને જોતા જોતા, કાળથી ચાલવું જરૂરી હોય ત્યાં સુધી અને ભાવથી ઉપયોગ પૂર્વક ચાલવું, એમ દ્રવ્યાદિ યતનાથી વિહાર કરવો. કહ્યું છે કે–

"दव्वओ चक्खुसा पेहे, जुगमित्तं तु खित्तओ ।
कालओ जाव रीएज्जा, उवउत्तो अ भावओ ॥" प्रवचनसारो० ७७१॥

**ભાવાર્થ**–દ્રવ્યથી નેત્રો વડે જોઇને, ક્ષેત્રથી યુગ પ્રમાણ આગળ ભૂમિને જોતો, કાળથી ચાલે ત્યાં સુધી અને ભાવથી ઉપયોગપૂર્વક, એમ ચતુર્વિધ જયણાથી વિહાર કરવો. તથા—

"पंथं तु वच्चमाणो, जुगंतरं चक्खुणा व पडिलेहे ।
अइदूरचक्खुपाए, सुहुमतिरिच्छग्गय न पेहे ॥" ओघनिर्युक्ति० ३२५॥

**ભાવાર્થ**–માર્ગે ચાલતો મુનિ એક યુગ જેટલી ભૂમિને નેત્રોથી પડિલેહે (જોતો ચાલે), કારણ કે દૃષ્ટિ અતિ દૂર પડે તો ભૂમિ ઉપરના સૂક્ષ્મ જીવોને જોઈ ન શકાય. વળી—

"अच्चासन्ननिरोहे, दुक्खं दट्ठुंपि पायसंहरणं ।
छक्काय विउ(ओ)रमणं, सरीर तह भत्तपाणे य ॥" ओघनिर्युक्ति० ३२६॥

---

અન્યજીવોને જૈનધર્મની પ્રાપ્તિ કરાવવાનું પણ છે. જો કે શાસનપ્રભાવના કરવી, બીજાઓને ધર્મપ્રાપ્ત કરાવવો ઇત્યાદિ પણ–પોતાના સંયમ માટેનો જ વ્યાપાર છે, તો પણ તેમાં ગૌણપણે પરોપકાર રહેલો છે. માટે અન્ય જીવોને પણ જૈનશાસનનું (સાધુતાનું) મહત્ત્વ સમજાય અને જૈનધર્મપ્રત્યે આદર વધે તે રીતે વિહાર કરવો જોઇએ. તે ત્યારે જ બને કે જ્યાં જ્યાં વિચરે ત્યાં વસતા તે તે ગૃહસ્થોની ધર્મભાવના, શક્તિ, કે સામગ્રીને અનુરૂપ મળે તે સાધનોથી સંયમનો નિર્વાહ કરી શકાય. એમ ન કરી શકાય તો ગૃહસ્થોની દાનરૂચિ ઘટે અને પરિણામે અનાદર પણ વધે. આ કારણે વિહાર જયણાપૂર્વક અને ગીતાર્થ કે તેની નિશ્રામાં કરવાનું કહ્યું છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ કે નિર્મળતા વિગેરેના કારણભૂત પણ તીર્થયાત્રાનું કે તે તે દેશનાં ઐતિહાસિક સ્થળો વિગેરેને જોવાનું લક્ષ્ય પણ વિહારમાં ગૌણ જોઇએ. જેમ સાધુતાનાં પ્રત્યેક અનુષ્ઠાનોમાં એક જ સંયમયાત્રાનું (અર્થાત્ રાગ–દ્વેષાદિના વિજયનું), તે માટે જરૂરી જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવાનું અને પરીષહાદિ સહન કરવા દ્વારા કર્મનિર્જરાનું વિગેર ધ્યેય મુખ્ય છે, તેમ વિહાર પણ એ જ ધ્યેયથી કરવાનું વિધાન છે. સંયમસાધનાને ગૌણ કરીને તીર્થયાત્રાદિ માટે વિહાર કરવો તે હીરાને બદલે કાચ મેળવવા જેવું છે. માટે આ ધ્યેયની સિદ્ધિ ન થઇ શકે તેવાં ક્ષેત્ર કાળ કે અવસ્થામાં વિહારને બદલે સ્થિરવાસ કરવો તે પણ હિતાવહ છે. કિન્તુ સ્થિરવાસ રહીને તે તે દ્રવ્યાદિ પ્રતિબન્ધોથી આત્માને બચાવવો (રાગાદિનો વિજય કરવો) તે અતિદુષ્કર છે. માટે મધ્યસ્થ બની સંયમની અને સંઘની રક્ષા તથા ધર્મની વૃદ્ધિ થાય તેવો માર્ગ સ્વીકારવો જોઇએ. વર્તમાનમાં આ વિષયમાં અધિક જાગ્રતિની જરૂર છે. **'संजमे खलु दुराराहे भविस्सइ'** અર્થાત્ 'સંયમ નિશ્ચે દુરારાધ્ય બનશે' એમ પ્રભુ મહાવીર દેવે સ્વમુખે ઉચ્ચાર્યું છે, તે પ્રમાણે વિહારનાં ક્ષેત્રો ઘટતાં જાય, ગૃહસ્થોની ધર્મભાવના કાળબળે હીન થતી જાય ત્યારે સ્વ–પરહિતને ઇચ્છતા જ્ઞાની મુનિઓ ત્યાગ અને વૈરાગ્યને વધારવા પૂર્વક પોતાની સંયમ યાત્રાને નિર્વિઘ્ન અને નિર્દોષ બનાવવા શક્ય ઉદ્યમ કરે જ. જૈન શાસનની પ્રાપ્તિનો એ જ અનુપમ ઉપકાર છે, એમાં જ એની સફળતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-જો દૃષ્ટિને અતિ નજીક રોકે તો ભૂમિગત જીવને જોવા છતાં પગને પાછો ફેરવવો દુઃશકય બને, અર્થાત્ જીવને બચાવી ન શકાય, છતાં બચાવવા પ્રયત્ન કરે તો (પડી જવાથી) છ કાયની વિરાધના તથા શરીરે બાધા થાય અને આહાર પાણી પણ ઢળી જાય. માટે-

" **उड्डमुहो कहरत्तो, अवि(व)यक्खंतो वियक्खमाणो य।**
**बातरकाए वहए, तसेयरे संजमे दोसा ॥" ओघनिर्युक्ति ३२७॥**

**ભાવાર્થ**-મુખ ઉંચું કરીને, વાતોમાં રક્ત (વાતો કરતો), પાછળ જોતો અને આગળ પણ સર્વ દિશામાં (જ્યાં ત્યાં) જોતો ચાલે તો બાદર (ત્રસ) તથા પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોને પણ હણે, (હિંસાનો સંભવ રહે), તેથી સંયમમાં (અથવા પાઠાન્તરે અસંયમ થવાથી) દોષો લાગે.

એમ છતાં તેવો (જયણાપૂર્વકનો) વિહાર યથાચ્છન્દકોને (શિથિલાચારીઓને) પણ હોય, તે ઇષ્ટ નથી, માટે અહીં કહ્યું છે કે 'ગીતાર્થની નિશ્રાએ' વિહાર કરવો. તેમાં 'ગીત' એટલે જાણ્યો છે કૃત્ય-અકૃત્યનો 'અર્થ' એટલે વિભાગ જેઓએ તે ગીતાર્થ, અથવા 'ગીત' એટલે સૂત્રથી અને 'અર્થ' એટલે અર્થથી જેઓ યુક્ત હોય (અર્થાત્ શાસ્ત્રોનાં વચનો અને રહસ્યોને જે જાણતા હોય) તેને ગીતાર્થ સમજવા. કહ્યું છે કે—

" **गीअं भण्णइ सुत्तं, अत्थो पुण होइ तस्स वक्खाणं।**
**गीएण य अत्थेण य, जुत्तो सो होइ गीअत्थो ॥१॥"**

**ભાવાર્થ**-સૂત્રને ગીત કહેવાય છે અને તેના વ્યાખ્યાનને (વાચ્યને) અર્થ કહેવાય છે, એ ગીત અને અર્થથી જે યુક્ત હોય તેને ગીતાર્થ કહેવાય.

તેઓની નિશ્રાએ એટલે આજ્ઞા પૂર્વક વિચરવું, અગીતાર્થની નિશ્રામાં નહિ. કહ્યું છે કે—

" **गीअत्थो अ विहारो, बीओ गीअत्थमीसिओ भणिओ।**
**एत्तो तइअविहारो, नाणुण्णाओ जिणवरेहिं ॥" उपदेशमाला-१२१॥**

**ભાવાર્થ**-એક સ્વયં ગીતાર્થ હોય તેનો અને બીજો ગીતાર્થ મિશ્રિત (ગીતાર્થની સાથે), એમ બે પ્રકારે વિહાર કહ્યો છે. એ ઉપરાન્ત ત્રીજો વિહાર શ્રીજિનેશ્વરોએ કહ્યો નથી, અર્થાત્ ત્રીજા પ્રકારે વિચરવાની આજ્ઞા કરી નથી.[૨૭૮]

---

૨૭૮-મુસાફરીમાં માર્ગનું જ્ઞાન અથવા સાથે માર્ગના જાણકારની આવશ્યકતા છે, કારણ કે-અજાણ્યો અસહાય મુસાફરી કરે તો માર્ગ ભૂલવાનો, ચોરી-લુંટ વિગેરેનો, કે જંગલી પ્રાણિઓનો ભય રહે, તેમ મોક્ષની આરાધના માટે વિચરનારને મોક્ષમાર્ગનું વિશિષ્ટ જ્ઞાન, અથવા તેવા જ્ઞાનીની સહાય સવિશેષ આવશ્યક છે, એ બેમાંથી એકનું આલમ્બન અવશ્ય હોવું જોઇએ. સાધુનો ગ્રામાનુગ્રામ વિહાર માત્ર લૌકિક મુસાફરી તુલ્ય નથી, તેમાં વિશિષ્ટ કર્મનિર્જરા કરવાની હોય છે. વિચિત્રકર્મોદયજન્ય વિચિત્ર-પ્રકૃતિવાળા મનુષ્યોના પરિચયમાં આવવું, તેઓને સાધુજીવન તરફ આદર પ્રગટે તેવો તેમની સાથે ઉચિત વ્યવહાર કરવો, તેઓને ક્ષયોપશમાદિને અનુસારે આદરી શકે તે રીતે ધર્મ સમજાવવો, જુદા જુદા ધર્મવાળાઓને પણ જૈનદર્શનનું મહત્ત્વ સમજાવવું, માન સન્માન મળે કે અનાદર થાય, આહાર-વસતિ વિગેરે અનુકૂળ મળે કે પ્રતિકૂળ મળે, ઓછાં મળે કે ન મળે, ઇત્યાદિ પ્રસંગોમાં પણ ચારિત્રના પ્રાણભૂત સમતાના રક્ષણ માટે રાગ-દ્વેષાદિ અન્તરઙ્ગ રીપુઓનો વિજય કરવા માટે ઉત્તરસાધકતુલ્ય ગીતાર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં તાત્પર્ય એ છે કે–ગીતાર્થ હોય તે જ કાર્ય–અકાર્યને જોઈ–જાણીને (સમજીને) જેમ (સંયમમાં) લાભ થાય તેમ વર્તે, (અજ્ઞાન સાધુ સ્વબુદ્ધિએ વર્તે, તેથી સંયમની વિરાધના થાય જ.) શ્રીબૃહત્કલ્પમાં કહ્યું છે કે—

" सुंकादीपरिसुद्धे, सइ लाभे कुणइ वाणिओ चिट्ठं ।
एमेव य गीअत्थो, आयं दट्ठुं समायरइ ॥" बृहत्कल्प–भा० ९५२॥

**ભાવાર્થ**–જેમ વ્યાપારી રાજ્યાદિનું દાણ, મકાન વિગેરેનું ભાડું, વ્યાજ, નોકરાદિનો ખર્ચ, વિગેરે સઘળું આપવા ઉપરાન્ત લાભ થાય તો (તેવી) પ્રવૃત્તિ (વ્યાપાર) કરે અને તેટલો લાભ ન થાય તો ન કરે, તેમ ગીતાર્થ પણ જ્ઞાનાદિગુણોના અધિક લાભની સંભાવના હોય તો (ન્હાના દોષરૂપ) અપવાદને સેવે (અન્યથા ન સેવે).

એ કારણે જ શાસ્ત્રમાં ગીતાર્થને કેળવી તુલ્ય કહ્યા છે. કહ્યું છે કે—

" सव्वं णेयं चउहा, तं बे(वे)इ जिणो जहा तहा गीओ ।
चित्तमचित्तं मीसं, परित्तणंतं च लक्खणतो ॥" बृहत्कल्पभाष्य–९६२॥

**ભાવાર્થ**–સઘળા જ્ઞેયભાવોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ, એમ ચાર ભેદો છે, તે ચારેને શ્રીજિનેશ્વરો જે રીતે વર્ણવે તે રીતે ગીતાર્થ પણ વર્ણવી શકે, કારણ કે સચિત્ત, અચિત્ત કે મિશ્ર, પ્રત્યેક કે સાધારણ, સર્વ પદાર્થોને શ્રીજિનેશ્વરો કેવળજ્ઞાનથી જાણીને જેટલું કહે તેટલું ગીતાર્થ જિનકથિત શાસ્ત્રમાં કહેલા લક્ષણોથી જાણી શકે, માટે બન્નેની પ્રરૂપણા તુલ્ય હોય.

**પ્રશ્ન**–કેવળજ્ઞાની સર્વ સમૂહને (ત્રૈકાલિક પર્યાયો વિગેરેને પણ) જાણે અને ગીતાર્થ (શ્રુતજ્ઞાની) કેવળજ્ઞાનના અનંતમા ભાગનું જાણે, તો તેને કેવળી તુલ્ય થવામાં (કહેવામાં) દોષ કેમ ન ગણાય ? એનો **ઉત્તર** કહે છે કે–સાંભળ !

" कामं खलु सव्वन्नू, नाणेणऽहिओ दुवालसंगीतो ।
पन्नवीइ उ तुल्लो, केवलनाणं जओ मूयं ॥" बृहत्कल्पभाष्य–९६३॥

**વ્યાખ્યા**–'कामं' એટલે નિશ્ચે અમો પણ માનીએ છીએ કે–સર્વજ્ઞ કેવલી દ્વાદશાંગીધારક શ્રુતકેવલી કરતાં જ્ઞાનથી અધિક છે, કિન્તુ પ્રજ્ઞપ્તિથી એટલે પ્રરૂપણાથી કેવલી પણ શ્રુતકેવલીના તુલ્ય છે, કારણ કે–કેવળજ્ઞાન મૂગું અર્થાત્ અનક્ષર (અવાચ્ય) છે. તાત્પર્ય કે–જેટલા પદાર્થોને શ્રુતકેવળી કહી શકે તેટલા જ કેવલી પણ કહી શકે, શ્રુતજ્ઞાનના વિષયની બહારના અધિક જે ભાવો કેવળી જાણે તે કહી શકાય તેવા નહિ હોવાથી કેવલી પણ તેને કહી શકતા નથી, માટે પ્રરૂપણા બન્નેની તુલ્ય હોય છે, વિગેરે વિસ્તારનું અહીં પ્રયોજન નથી. (હવે નીચેનો વિહારના સ્વરૂપને જણાવનારો પાઠ અન્યપ્રતમાં પ્રાયઃ પ્રક્ષિપ્ત (વધારે) જણાય છે તેને જણાવીએ છીએ.)

---

ગુરુની નિશ્રાની કે ગીતાર્થતાની ઉપયોગિતા છે જ. એક સામાન્યમંત્ર, વિદ્યા, કે શત્રુ વિગેરેને સાધવામાં પણ ઉત્તરસાધક વિનાના સાધકો નિષ્ફળપ્રાયઃ નીવડે છે, લૌકિક સર્વ કાર્યોમાં પણ પ્રાયઃ યોગ્યતા ન પ્રગટી હોય ત્યાં સુધી ઉત્તરસાધક તરીકે તે તે વિષયના નિષ્ણાતનો આશ્રય સેવાય છે તો કઠીનતમ ચારિત્રની લોકોત્તર સાધના માટે તેવા આશ્રયની અપેક્ષા વિના કેમ ચાલે ? માટે વિહારના બે જ પ્રકારો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસંગાનુસાર વિહારનો કંઇક વિધિ બૃહત્કલ્પભાષ્યને અનુસારે કહીએ છીએ. ગચ્છમાં આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ભિક્ષુક અને ક્ષુલ્લક, એ પાંચ પ્રકારે સાધુઓ હોય. કહ્યું છે કે—

" निप्फत्ति कुणमाणा, थेरा विहरंति तेसिमा मेरा ।
आयरियउवज्झाया, भिक्खू थेरा य खुड्डा य ॥" बृहत्कल्पभाष्य–१४४७॥

**ભાવાર્થ**-શિષ્યોની (ઉપલક્ષણથી ઉપકરણાદિની) પ્રાપ્તિને કરતા ગચ્છવાસી સાધુઓ (અપ્રતિબદ્ધ ભાવથી) વિચરે, તેઓની મર્યાદા-સામાચારી આ પ્રમાણે છે-તે ગચ્છવાસી સાધુઓ આચાર્ય, ઉપાધ્યાય, ભિક્ષુઓ, સ્થવિરો, અને ક્ષુલ્લકો (ન્હાના નવદીક્ષિત), એમ પાંચ પ્રકારના હોય છે.

તેઓ શિષ્યોની ઉત્પત્તિ કરતા (યોગ્ય જીવોને દીક્ષા આપતા) આઠ મહિના સુધી વિચરે, ત્યારે જે પ્રત્યુપેક્ષકો (એટલે ઉપધિ-વસતિ આદિને મેળવી આપનારા ગીતાર્થો) હોય તેઓ ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા (વિચરવા યોગ્ય ક્ષેત્રની શોધ) આ પ્રમાણે કરે. વિહાર કરવામાં કોઈ વિઘ્ન હોય તો તેઓ કાર્તિકચોમાસી પૂર્ણ થતાં પહેલાં કે પછી પણ નીકળે અને કોઈ વિઘ્ન (કારણ)ન હોય તો કાર્તિકચોમાસીનો પ્રથમ દિવસ પ્રાપ્ત થતાં જ નીકળે, અષાઢ ચોમાસી પૂર્ણ થતાં (જ્યાં ચોમાસું રહ્યા હોય તે ક્ષેત્રથી) બહાર જઇને જ પચ્ચક્ખાણ પારે, આહાર-પાણી વાપરે. કહ્યું છે કે-

" निग्गमणम्मि उ पुच्छा, पत्तमपत्ते अइच्छिए वावि ।
वाघायंमि अपत्ते, अइच्छिए तस्स असतीए ॥" बृहत्कल्पभाष्य–१४५०॥

**ભાવાર્થ-પ્રશ્ન**-ચોમાસું રહ્યા હોય ત્યાંથી વિહાર કરવાના વિષયમાં શિષ્ય પૂછે છે કે-કાર્તિકચોમાસી બેસતાં, બેઠા પહેલાં, કે બેસી ગયા પછી, ક્યારે વિહાર કરવો ? **ઉત્તર**-જો કોઇ વ્યાઘાત (વિઘ્ન) હોય તો કાર્તિકચોમાસીના પ્રારંભ પહેલાં અથવા પછી નીકળવું અને વ્યાઘાતના અભાવે કાર્તિકચોમાસી શરૂ થાય તે જ દિવસે નીકળીને બહાર જઇને પચ્ચક્ખાણ પારવું. એમ પૂર્વાર્દ્ધથી શિષ્યનો પ્રશ્ન અને ઉત્તરાર્દ્ધથી ગુરૂનો ઉત્તર જાણવો.

તે વ્યાઘાતોનું વર્ણન એમ છે કે-કાર્તિકચોમાસીના દિવસે અથવા તે પહેલાં વિહાર માટે આચાર્યને નક્ષત્ર વિગેરે (મુહૂર્ત) અનુકૂળ ન હોય, અથવા અન્યલોકમાં કાર્તિકપૂર્ણિમાનો મહોત્સવ ચાલુ હોવાથી સાધુને જતા જોઇને અજ્ઞાનલોકો અમંગળ(અપશુકન) સમજીને તેઓને ઉપદ્રવ કરે, માટે કાર્તિકચોમાસીનો પહેલો દિવસ ગયા પછી વિચરવું. અથવા (નૂતન)ચોમાસીના પ્રથમ દિવસે કે તે પછીના દિવસોમાં નક્ષત્ર વિગેરે અનુકૂળ ન હોય, કાર્તિકમહોત્સવમાં લોકોને અમંગળની (અપશુકનની) કલ્પના થવી સંભવિત હોય, અથવા વિશિષ્ટ જ્ઞાનથી 'ભવિષ્યમાં ઘણો વરસાદ થશે' એમ સ્વયં જાણે તો કાર્તિકચોમાસીના પ્રારંભ પહેલાં જ નીકળે. એમ નીકળવાનો સમય નક્કી કરીને ક્ષેત્રની ગવેષણા માટે ગીતાર્થોને પહેલાં એ રીતે મોકલે કે તેઓ (જ્યાં જવાનું હોય ત્યાં જઇને-ક્ષેત્ર નક્કી કરીને) પાછા આવે ત્યારે નીકળવાનો સમય પણ આવી પહોંચે. (અર્થાત્ તેઓ ક્ષેત્રની ગવેષણા કરીને પાછા વિહાર કરતાં પહેલાં આવી મળે તેમ તેઓને પહેલા મોકલવા). કહ્યું છે કે—

" पत्तमपत्ते रिक्खं, असाहगं पुण्णमासिणिमहो वा ।
पडिकुल त्ति य लोगो, मा वोच्छिह तो अईअम्मि ॥"१४५१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पत्ते अइच्छिए वा, असाहगं तेण णिंति अप्पत्ते ।
नाउं निग्गमकालं, पडिचरए पेसविंति तहा ॥" बृहत्कल्पभाष्य-१४५२॥

**ભાવાર્થ**-કાર્તિકીચોમાસી બેસે તે દિવસે કે તે પહેલાં મુહૂર્ત અનુકૂળ ન હોય, અથવા કાર્તિકપૂર્ણિમાનો મહોત્સવ હોવાથી સાધુને આવતા જોઈને અજ્ઞાન લોકો 'આ મુંડ સાધુઓ અમારા વિરોધી છે માટે આવા દિવસે અમને અપશુકન કરે છે' ઇત્યાદિ બોલે તેમ હોય, તો ચોમાસીનો એક દિવસ ગયા પછી નીકળવું (૧૪૫૧) અને ચોમાસીનો પહેલો કે તે પછીના દિવસો પણ નક્ષત્રથી અનુકૂળ ન હોય, ઉપલક્ષણથી અતિશાયિજ્ઞાનદ્વારા ભવિષ્યમાં વરસાદની કે માર્ગમાં કાદવની સંભાવના જણાય, તો ચોમાસી બેઠા પહેલાં પણ નીકળવું. એમ જવાનો સમય જાણીને ક્ષેત્રની ગવેષણા કરનારા સ્થવિરોને એવી રીતે મોકલવા કે નીકળતાં પહેલાં પાછા આવે. (૧૪૫૨)

જ્યાં જવાનું હોય તે ક્ષેત્ર પૂર્વે જોએલું હોય કે ન હોય, પણ તેની પ્રત્યુપેક્ષણા (માહિતી) અવશ્ય કરવી, અન્યથા (ત્યાં જાય ત્યારે સ્થાન ન મળે વિગેરે) દોષો થાય. કહ્યું છે કે—

" अप्पडिलेहियदोसा, वसही भिक्खं व दुल्लहं होज्जा ।
बालाइगिलाणाण व, पाउग्गं अहवसज्झाओ ॥" बृहत्कल्पभाष्य-१४५३॥

**ભાવાર્થ**—પહેલાં ક્ષેત્રની માહિતી મેળવ્યા વિના ત્યાં જવાથી દોષો થાય, જેમકે-પૂર્વે જોએલો ઉપાશ્રય પણ ભાડા વિગેરેથી કોઈને સોંપ્યો હોય, પડી ગયો હોય, અથવા બીજા સાધુઓ ત્યાં ઉતર્યા હોય તો રહેઠાણુ ન મળે, (વિના અનુમતિએ જવાથી) તે ક્ષેત્રના લોકોની અરૂચિ થઈ હોય (થાય) તો ભિક્ષા પણ ન મળે, અથવા બાળ કે બીમાર વિગેરે સાધુઓને યોગ્ય આહારાદિ વસ્તુ દુર્લભ થાય, માંસ-રૂધિરાદિ વારંવાર પડતાં હોય તો ત્યાં સ્વાધ્યાય કરી ન શકાય, (લોકો રૂધિરાદિને દૂર ન કરે,) ઈત્યાદિ દોષો (વિઘ્નો) ઉભા થાય. (૧૪૫૩)

ક્ષેત્રની શોધ માટે ગીતાર્થોને મોકલવાનો વિધિ આ પ્રમાણે છે-સાંજે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા પૂર્ણ થયા પછી આચાર્ય બધા સાધુઓને ભેગા કરીને તેઓને પૂછીને ચારે દિશામાં, અથવા અશિવ વિગેરે ઉપદ્રવ હોય તો શેષ ત્રણ, બે કે એક દિશામાં પ્રત્યુપેક્ષકોને મોકલે. જો સાધુઓને પૂછયા વિના મોકલે તો જનારને માર્ગમાં ચોર વિગેરેનો, કે ત્યાં પહોંચ્યા પછી કોઈ દુશ્મન વિગેરેનો ભય ઉભો થાય તો પાછળ રહેલા સાધુઓ તેઓની શોધ-સહાય માટે ન જાય. તેમાં પણ દરેક દિશામાં ઉત્કૃષ્ટથી સાત, તેટલા ન હોય તો પાંચ, અથવા જઘન્યથી નિયમા ત્રણ ત્રણ અભિગ્રહધારીઓ (ક્ષેત્રની શોધ કરવારૂપ વૈયાવચ્ચના અભિગ્રહવાળા ક્ષેત્રના પ્રત્યુપેક્ષકો) જાય. (બૃહત્કલ્પભાષ્યની ગા૦ ૧૪૬૩ના ઉત્તરાર્દ્ધમાં પણ) કહ્યું છે કે-'ચાર, ત્રણ, બે, કે એક દિશામાં સાત સાત, પાંચ પાંચ કે જઘન્યથી ત્રણ ત્રણ સાધુઓને મોકલવા' ઈત્યાદિ.

એવા અભિગ્રહવાળા ન હોય તો ગણાવચ્છેદકે (ગચ્છનાં સર્વ કાર્યોની ચિંતા કરનારે) જવું જોઇએ, તેના અભાવે કોઈ અન્ય ગીતાર્થને, તેના અભાવે અનુક્રમે અગીતાર્થ, યોગોદ્વાહી, તપસ્વી, વૃદ્ધ, બાળ, અને તે પણ ન હોય તો વૈયાવચ્ચકારકને મોકલવા. કહ્યું છે કે—

" वेयावच्चगरं बाल, वुड्ढ खमयं वहंतऽगीअत्थं ।
गणवच्छेइअगमणं, तस्स व असती य पडिलोमं ॥" बृहत्कल्पभाष्य-१४६४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-વૈયાવચ્ચકાર, બાળસાધુ, વૃદ્ધસાધુ, તપસ્વી, વહંત એટલે યોગવાહી અને અગીતાર્થને ક્ષેત્રની શોધ માટે નહિ મોકલવા, કિન્તુ ગણાવચ્છેદકને મોકલવા. અર્થાત્ ગણાવચ્છેદકને, તેના અભાવે બીજા ગીતાર્થને અને તે પણ ન હોય તો પશ્ચાનુપૂર્વીએ ઉપર કહ્યા તે અગીતાર્થ, યોગવાહી, વિગેરેને મોકલવા.

ગચ્છની નિશ્રાએ રહેલા યથાલન્દિક (જિનકલ્પ જેવું ચારિત્ર પાળનારા મુનિઓ, જેનું વર્ણન નિરપેક્ષયતિધર્મમાં કહેવાશે તે) તો બે પણ એક જ દિશામાં જાય અને બાકીની ત્રણ દિશાઓમાં ગએલા ગચ્છવાસી મુનિઓ યથાલન્દિકને યોગ્ય ક્ષેત્રની શોધ કરે, એમ સમજવું.

તેમાં પણ જો અગીતાર્થને મોકલવો પડે તો તેને ઓઘસામાચારી (સામાન્ય વિધિ) સમજાવીને, તેના અભાવે યોગવાહીને મોકલવો પડે તો નિક્ષેપ કરીને (યોગ છોડાવીને)અને તપસ્વીને મોકલવો પડે તો પહેલાં પારણું કરાવીને પછી 'તપ ન કરીશ' એમ કહીને મોકલવો. વૈયાવચ્ચ કરનારો જાય તો પાછળ રહેલા સાધુઓને સ્થાપનાકુળ (કારણે જરૂરી આહારાદિ મેળવવા માટે રાખી મૂકેલાં, અર્થાત્ જ્યાં દરરોજ સાધુઓ વહોરવા ન જતા હોય તેવાં ઘરો) બતાવ્યા પછી, અને બાલ કે વૃદ્ધને મોકલવા પડે તો સશક્તને અથવા વૃષભની (યુવાનની) સાથે મોકલવા. કહ્યું છે કે-

" सामायारिमगीए, जोगीमणागाढ खमग पारावे ।
वैयावच्चे दायण, जुयल समत्थं व सहियं वा ॥" बृहत्कल्पभाष्य-१४७१॥

**ભાવાર્થ**-અગીતાર્થને (મોકલવા પડે તો) સામાચારી સમજાવીને, અનાગાઢ યોગીને નિક્ષેપ કરીને, તપસ્વીને પારણું કરાવીને આગળ તપ નહિ કરવાની ભલામણ કરીને, વૈયાવચ્ચકારને તેણે સ્થાપનાકુળો બતાવ્યા પછી, બાળ-વૃદ્ધ સમર્થ હોય તેને, અથવા (નિર્બળને મોકલવા પડે તો) બીજા વૃષભ(સમર્થ)સાધુની સાથે મોકલવા. (જનારા પોતાની ઉપધિ પાછળ રહેનારા સાધુને સોંપીને, પરસ્પર ક્ષામણાં કરીને અને પુનઃ ગુરુને પૂછીને જાય, અન્યથા પ્રાયશ્ચિત્ત લાગે.)

એ રીતે મોકલેલા તેઓ માર્ગ(રસ્તો) સુગમ છે કે દુર્ગમ ? તથા ક્યાં કયી દિશામાં વળે છે ? વિગેરે જોઇને ધારી લે. ઉપરાન્ત વડીનીતિ-લઘુનીતિ માટેની યોગ્ય ભૂમિ, પાણી મળવાનાં સ્થળો, વિસામાનાં સ્થાનો, ભિક્ષા સુલભ છે કે દુર્લભ, વચ્ચે રહેવા માટે ઉપાશ્રયો મળે તેમ છે કે નહિ, માર્ગમાં ચોર-લુંટારા વિગેરે છે કે નહિ? અથવા દિવસે અને રાત્રે ક્યાં ક્યાં કેવાં વિઘ્નો વિગેરે આવવા સંભવ છે? ઇત્યાદિ સઘળું જાણી લે. કહ્યું છે કે—

" पंथुच्चारे उदए, ठाणे भिक्खंतरा य वसहीओ ।
तेणा सावय वाला, पच्चावाया य जाणविही ॥" बृहत्कल्पभाष्य-१४७३॥

**ભાવાર્થ**-માર્ગ, પ્રશ્રવણની અને ઉચ્ચારની ભૂમિ, પાણીનાં સ્થાનો કે જ્યાં બાળ વિગેરે સાધુઓને યોગ્ય પ્રાસુક પાણી મળી શકે, તથા વિસામાનાં સ્થાનો, વચ્ચે ક્યાં ક્યાં ભિક્ષા મળવાનો કે ન મળવાનો સંભવ છે, વચ્ચે રહેવું પડે તો તે માટે ઉપાશ્રય સુલભ છે કે દુર્લભ, ચોરો, શિકારી પ્રાણિઓ કે સર્પ વિગેરેનો ઉપદ્રવ ક્યાં કેવો છે, અને દિવસે કે રાત્રે ક્યાં વિઘ્નો સંભવિત છે, ઇત્યાદિ સઘળું સારી રીતે જોતા જોતા જવું, એ જવાનો વિધિ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનારા માર્ગમાં-દ્રવ્યથી કાંટા, ચોર, વિગેરે છે કે નહિ ? ઈત્યાદિ જાણી લે, ક્ષેત્રથી ખાડા-ટેકરાવાળો વિગેરે ભૂમિ પ્રદેશ કેવો છે ? કાળથી રાત્રે અથવા દિવસે પ્રતિકૂળતા કે ઉપદ્રવ વિગેરે કેવાં નડશે ? વિહાર સુગમ કે દુર્ગમ કેવો છે ? અને ભાવથી પોતાના ધર્મવાળા કે અન્ય પક્ષના કયા કયા મનુષ્યોથી માર્ગ ભાવિત છે ? વિગેરે જાણી લે.

ક્ષેત્રને શોધવા જનારા (ગચ્છવાસી) પ્રત્યુપેક્ષકો (ભણે, પણ) સૂત્રપોરિસી-અર્થપોરિસીને ન કરે, અર્થાત (પાછા આવે ત્યાં સુધી) સ્વાધ્યાયને ગૌણ કરે. અન્યથા (વિલમ્બ થવાથી) ગુરૂને તેટલો સ્થિર(નિત્ય)વાસ કરવો પડે, વિગેરે દોષો થાય. યથાલન્દિક સાધુઓ જાય તે સૂત્ર-અર્થ (પોરિસીના ક્રમે) ભણે.

નીકળ્યા પછી ગચ્છવાસી પ્રત્યુપેક્ષકો નજીકના ગામમાંથી ભિક્ષા લાવીને, વાપરીને, મધ્યાહ્ન પછી વિવક્ષિત ક્ષેત્રમાં જાય, ત્યાં સાંજે પ્રતિક્રમણ કરીને રાત્રે કાળગ્રહણાદિ વિધિને સાચવીને સવારે સ્વાધ્યાય કરતાં અડધી પોરસી પૂર્ણ થાય ત્યારે બે સાધુઓનું સંઘાટક ભિક્ષાર્થે ફરે. કારણ કે-ફરવાથી ત્યાં બાળ-વૃદ્ધ-તપસ્વી આદિને યોગ્ય ભિક્ષા ત્રણે કાળ મળે તેમ છે કે નહિ ? વિગેરે જાણી શકાય. જો ત્યાં ભિક્ષા મળે તો 'ક્ષેત્ર યોગ્ય છે' એમ સમજી લે. તે પણ ક્ષેત્રના ત્રણ ભાગ કરીને એક એક ભાગમાં ત્રણ કાળે ભિક્ષા માટે ફરે. એ ભિક્ષા માટે ફરવાનો વિધિ સમજવો. તેમાં જ્યાં જ્યાં ગૃહસ્થો ભોજન સવારે કરતા હોય ત્યાં અથવા સવારે પાછળના દિવસનો કલ્પ્ય આહાર મળે તેમ હોય ત્યાં સવારે ફરે, મધ્યાહ્ને અને સાંજે પણ એ પ્રમાણે જ સમજવું. અર્થાત્ જ્યારે ગૃહસ્થને ભોજનવેળા હોય (કે આહારાદિ મળી શકે તેમ હોય) ત્યારે ગોચરી માટે ફરે અને તે તે ઘરોમાંથી આ અમુક ઘરો બાળ, વૃદ્ધ, તપસ્વી, વિગેરેને યોગ્ય છે કે નહિ ? વિગેરે સમ્યગ્ નિશ્ચય કરે. કહ્યું છે કે—

**"बाले बुड्ढे सेहे, आयरिय गिलाण खमग पाहुणए ।**
**तिन्नि य काले जहियं, भिक्खायरिया उ पाउग्गा ।।" बृहत्कल्पभाष्य-१४८१।।**

**ભાવાર્થ**-બાળ, વૃદ્ધ, નવદીક્ષિત, આચાર્ય, ગ્લાન, તપસ્વી તથા પ્રાઘુર્ણક સાધુઓને યોગ્ય-અનુકૂળ આહાર પાણી આદિ જ્યાં ત્રણે કાળ મળે તે ક્ષેત્ર ગચ્છને માટે યોગ્ય સમજવું.

તેમાં ક્રમ આ પ્રમાણે છે-સવારે બે સાધુઓનું સંઘાટક ભિક્ષા માટે ફરે અને ત્રીજો રક્ષક તરીકે ઉપાશ્રયમાં રહે. જનારા બે એક સાધુની ક્ષુધા શમે તેટલો આહાર લઈને પાછા ફરે અને લાવેલો આહાર જનારા બેમાંથી એક વાપરે. મધ્યાહ્ને તે વાપરનારો રક્ષા માટે રહે અને સવારે રક્ષપાળ રહ્યો હોય તેને લઈને બીજો એમ બે સાથે ભિક્ષા માટે જાય, તે વેળા પણ એકના જેટલો આહાર લઈને પાછા ફરે અને બે વાર ફર્યો હોય તે સાધુ તે આહારને વાપરે. ત્રીજી વાર તેને રક્ષપાળ રાખીને બાકીના બે જાય, એકના જેટલી ભિક્ષા લઈને પાછા ફરે અને જેણે વાપર્યું નથી તે ત્રીજો વાપરે. એમ ત્રણ વખતમાં દરેકને બે બે વાર ભિક્ષા ફરવાનું (અને એક વાર રક્ષા કરવાનું) થાય તે ક્રમે ફરવું. તથા—

**"ओसह भेसज्जाणि य, काले अ कुले अ दाणसड्ढाई ।**
**सग्गामे पेहित्ता, पेहंति तओ परग्गामे ।।" बृहत्कल्पभाष्य-१४८६।।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–હરડે વિગેરે ઔષધો, કાંજી કે ત્રિફળાં વિગેરે ભૈષજ્યો, આહાર, કે ઔષધાદિ, જરૂર પડે ત્યારે ક્યારે કયા ઘરોમાંથી મળવાનો સંભવ છે? તથા 'દાનની શ્રદ્ધા' વિગેરે ગુણોવાળા ગૃહસ્થોનાં ઘરો ક્યાં છે? ઈત્યાદિ સઘળું સ્વગામમાં (ગચ્છને વિહાર કરીને જ્યાં જવાનું–રહેવાનું નિર્ણિત કરે ત્યાં) અને પરગામમાં (તે ગામની બાજુનાં ગામોમાં) પણ જાણી લે.

એમાં 'દાનની શ્રદ્ધાવાળાં' વિગેરે ઘરો આ પ્રમાણે સમજવાં.

**" दाणे अभिगमसड्ढे, सम्मत्ते खलु तहेव मिच्छत्ते ।**
**मामाए अचियत्ते, कुलाइँ जाणंति गीयत्था ॥" बृहत्कल्पभाष्य–१४८९॥**

**ભાવાર્થ**–'દાનમાં શ્રદ્ધાળુ' એટલે પ્રકૃતિએ દાનરૂચિવાળાનાં ઘરો, 'અભિગમશ્રાદ્ધ' એટલે અણુવ્રત ઉચર્યાં હોય તેવા વ્રતધારી શ્રાવકોનાં ઘરો, એ રીતે 'સમ્મત્તે' એટલે અવિરતિસમ્યગ્‌–દૃષ્ટિ શ્રાવકોનાં, 'મિચ્છત્તે' એટલે મિથ્યાદૃષ્ટિઓનાં, 'મામાએ' એટલે 'મારા ઘેર સાધુઓએ આવવું નહિ' એવો પ્રતિષેધ કરનારાઓનાં, અને 'અચિયત્તે' એટલે સાધુઓ આવે તો જેઓને અપ્રીતિ થાય તેવાઓનાં ઘરો, વિગેરે ભિક્ષાને માટે ફરતા સાધુઓ તે તે કુળોને જાણી લે.

તથા સદોષ–નિર્દોષ ઉપાશ્રયોને પણ જાણી લે. જાણીને (પૃ૦ ૧૩૬ માં કહ્યા પ્રમાણે) પૂર્વ તરફ મુખ કરીને ડાબા પડખે બેઠેલા બળદના આકારના જેવો ક્ષેત્રનો આકાર પોતાની બુદ્ધિથી કલ્પીને તે પૈકીનાં પ્રશસ્ત સ્થાનોમાં ઉપાશ્રયને ગ્રહણ કરે (માગે). એ રીતે ગૃહસ્થ પાસે સ્થાનની યાચના કરતી વેળા ગચ્છના સાધુઓને યોગ્ય તૃણ–ડગલ–ભસ્મ–કુંડી વિગેરે જરૂરી વસ્તુઓ, વસ્ત્ર–પાત્રોને ધોવા માટે (મકાનની) બહાર ભૂમિ, સ્વાધ્યાયાદિ પ્રયોજને આંગણામાં બેસવાની, અકાળે વડીનિતિ કરવી પડે તો તેને વોસિરાવવાની ભૂમિની, અને ગ્લાન તથા પ્રાઘૂર્ણક વિગેરેને સમાધિ માટે વાયુરહિત કે વાયુવાળા સ્થાને રાખવાની, વિગેરે અનુમતિ પણ માગી લે.

જો શય્યાતર પૂછે કે 'તમે મારા મકાનમાં ક્યાં સુધી રહેશો?' તો 'તમને અને અમારા ગુરૂને અનુકૂળતા જણાશે ત્યાં સુધી રહીશું, સામાન્યતઃ કોઈ વિઘ્ન ન આવે તો એક સ્થળે એક માસ રહેવાનો અમારો કલ્પ છે અને કોઈ કારણ આવી પડે તો ઓછું વધારે પણ રહેવું પડે' એમ જવાબ આપે, પણ (અમુક સમય સુધી રહીશું, એમ) નિશ્ચયાત્મક ન બોલે. તથા ગૃહસ્થ પૂછે કે અહીં તમે કેટલા રહેશો? તો જવાબમાં 'અમારા ગુરૂ સમુદ્ર જેવા છે તેથી કોઈવાર ઘણા અને કોઈવાર થોડા સાધુઓની સાથે પણ રહે' એમ કહે. વળી પૂછે કે ક્યારે આવશો? તો જવાબમાં 'બીજી દિશામાં પણ બીજા પ્રત્યુપેક્ષકો ગએલા છે, તેઓ પાછા આવ્યા પછી ગુરૂના વિચારમાં અહીં આવવાનું યોગ્ય જણાશે અને કોઈ વિઘ્ન નહિ હોય તો આટલા (અમુક) દિવસોમાં અને વિઘ્ન આવે તો તેથી વહેલા–મોડા પણ અવાય' એમ અનિશ્ચિત કહેવું. જો મકાનનો માલિક અમુક સંખ્યામાં કે અમુક સાધુનું નામ નક્કી કરીને (તેટલા તેઓને જ) રહેવાની અનુમતિ આપે તો બીજી ન મળે ત્યારે જ તેવી વસતિ લેવી, અન્યથા નહિ લેવી. તથા 'આવીશું જ' એવો નિશ્ચય પણ નહિ જણાવવો, કારણ કે એમ જણાવવાથી ગૃહસ્થ મકાનનું પરિકર્મ (લીંપણ વિગેરે) કરે, ઇત્યાદિ દોષનો સંભવ રહે. તથા નહિ આવીએ એમ પણ નહિ કહેવું, કારણ કે–એમ કહેવાથી મકાન ભાડે આપી દે, તો કદા ચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવવાનું બને ત્યારે સ્થાન ન મળે. માટે 'બીજા પણ ગએલા પ્રત્યુપેક્ષકો (વસતિની શોધ કરનારા) પાછા આવ્યા પછી ગુરૂની ઇચ્છા પ્રમાણે નિર્ણય થશે' એમ કહેવું.

તે પછી બે જણ ગુરૂ પાસે જઇને (પોતે જોએલા) ક્ષેત્રનું સ્વરૂપ જણાવે. એમ (બીજી દિશામાં ગએલા પણ આવીને પોતે નક્કી કરેલા ક્ષેત્રનું સ્વરૂપ જણાવે. પછી ગુરૂ સર્વક્ષેત્રોનું સ્વરૂપ વિચારીને ક્યારે ક્યાં જવું ? તે નક્કી કરીને સમગ્ર ગચ્છની સંમતિ પૂર્વક જે ક્ષેત્ર નિર્દોષ જણાય ત્યાં જવા માટે નિર્ણય કરે. જવાના પૂર્વના દિવસે સાંજે પ્રતિક્રમણ કર્યા પછી જેના મકાનમાં રહ્યા હોય તે ગૃહસ્થને ધર્મોપદેશ કરીને પોતાનો જવાનો સમય (નિર્ણય) જણાવે. પહેલાંથી જણાવે તો (ગુરૂ હવે જશે એમ સમજીને) સારૂં જમણ બનાવે અને જતી વેળા જણાવે તો (ગુરૂવિરહના દુઃખથી) રડે, વિગેરે અનેક દોષો લાગે. તે પછી બીજા દિવસે સવારે સૂત્રની–અર્થની બે પોરિસી પૂર્ણ કરીને (વાચના પછી) અને અપવાદથી સૂર્યોદય પછી કે પહેલાં પણ વિહાર કરે. (બૃહત્કલ્પ ભાષ્ય ગાથા ૧૫૪૩ માં) કહ્યું છે કે–'સૂત્રપોરિસી અને અર્થપોરિસી ઉભય કરીને, ક્ષેત્ર દૂર હોય તો પાદોનપોરસીએ પાત્રનું પડિલેહણ કરીને, વધારે દૂર હોય તો સૂર્યોદય પછી તુર્ત, અથવા અતિશય દૂર હોય તો સૂર્યોદય પહેલાં પણ વિહાર કરી શકાય. (સર્વ સાધુઓ મકાનથી બહાર નીકળીને સાથ કરીને ચાલે, એકાકી કે ઘણા પણ આગળ પાછળ ચાલવાથી ચોરનો ભય, કે સૂર્યોદય પહેલાં અંધારામાં ચાલવાથી પરસ્પર બોલાવતાં અવાજ થવાથી ગૃહસ્થો જાગીને આરમ્ભ કરે, વિગેરે દોષો લાગે.) કોઇ નિદ્રાળુ (વહેલો જાગી શકે નહિ) અથવા કોઇ ધર્મશ્રદ્ધાળુ (અંધારે ચાલવા ન ઇચ્છતો) હોય તો તેવાને 'અમુક માર્ગે અમુક ક્ષેત્રમાં આવવું' વિગેરે સંકેત કરીને તેની સાથે બીજા સહાયક સાધુને રાખીને જાય, ઉપરાન્ત પાછળ રહે તેને ઉપાડવા ઉપધિ જુની હોય તે આપવી. (કે જેથી તેને ચોરાદિના ઉપદ્રવનો ભય ન રહે.)

વિહારના દિવસે સાધુઓ સવારે પડિલેહણ કરતાં જ વસ્ત્રોનાં વિંટલાં કરે, પછી 'ચરમ' એટલે પાદોનપોરિસી (સુધી સ્વાધ્યાય કરી સમય) થાય ત્યારે પાત્રાંનું પડિલેહણ કરીને તેને ગાંઠ વિગેરેથી બાંધે (પછી વિહાર કરે). શુભમુહૂર્તે વિહાર કરતાં વૃષભ (પ્રૌઢ) સાધુઓ ગુરૂની ઉત્કૃષ્ટ ઉપધિરૂપ અક્ષ (સ્થાપનાજી) લઇને શકુન જોઇને પહેલાં ચાલે, કારણ કે ગુરૂ પહેલા ચાલે અને કદા ચ અપશકુનના કારણે પાછા વળવું પડે તો તેઓની હલકાઈ થાય, માટે ગુરૂ વૃષભોને શુભશકુન થતાં શય્યાતરની અનુમતિ લઇને પછી ચાલે. શેષ સાધુઓ પડદો બાંધીને તેના આંતરે ઉપાશ્રયનું સંમાર્જન કરીને ઉપધિને એકઠી કરે. તેમાંથી બાળ, વૃદ્ધ, કે રાજા, વિગેરે દીક્ષિત થએલા જે અશક્ત હોય તેઓ ઉપડે તેટલી જ ઉપધિ ઉપાડે, બાકીની વૈયાવચ્ચના અભિગ્રહવાળા મહામુનિઓ વહેંચીને ઉપાડી લે અને તેવા અભિગ્રહવાળા ન હોય તો બીજા સમર્થ સાધુઓ ઉપાડે. તેમાં પણ એક ખભે ગુરૂની ઉપધિનું અને બીજા ખભે પોતાની ઉપધિનું વિંટલું ઉપાડે.

તે પછી ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો બતાવે તે માર્ગે ક્રમશઃ મૂળ ગામે (જ્યાં જવાનું નક્કી કરેલું હોય ત્યાં) પહોંચે. ત્યાં પહોંચ્યા પછી પ્રથમ ક્ષેત્રની ગવેષણા કરનારા પ્રત્યુપેક્ષકો પડદો, દાંડો અને દંડાસણ લઇને જ્યાં ઉતરવાનું નિર્ધાર્યું હોય ત્યાં જાય અને 'અમારા ગુરૂ પધારે છે' એમ શય્યાતરને જણાવીને વસતિને પ્રમાર્જીને બારણે પડદો બાંધે અને ધર્મકથા કરનાર એકને ત્યાં શય્યાતરની પાસે મૂકીને બીજા પાછા ગુરૂ પાસે જઇને સઘળું જણાવે. પછી વૃષભસાધુઓ શકુનોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોતા અક્ષ (સ્થાપનાજી) લઈને આગળ ચાલે. કારણ કે-ગુરૂ પહેલાં ચાલે અને મકાન વ્યાઘાત-(કોઈ વિઘ્ન)વાળું હોય તો તે નિમિત્તે પાછા ફરવાથી હલકાઈ થાય. ગુરૂની પછી શેષ સાધુઓ થોડા થોડા પ્રવેશ કરે, પણ બધા એક સાથે પ્રવેશ ન કરે. જે ધર્મકથકને ત્યાં રાખ્યા હોય તે ગૃહસ્થને ધર્મકથા સંભળાવે અને એક ગુરૂ-આચાર્ય સિવાયના બીજા (પદસ્થ-રત્નાધિક વિગેરે) મોટા સાધુઓ આવે તો પણ ઉભો થઈ તે તેઓનો સત્કાર ન કરે. પછી શુભશકુન જોઈને વૃષભ-સાધુઓ મકાનમાં પ્રવેશ કરે અને પછી આચાર્ય-ગુરૂ પ્રવેશ કરે. પ્રવેશ કરતી વેળા મકાન માલિકને મળે, તે ન બોલે તો પણ આચાર્ય તેને બોલાવે. (અન્યથા તેને અસદ્ભાવ વિગેરે થવાનો સમ્ભવ રહે.) આ બાજુ ધર્મદેશક ઉઠે અને પોતાનું આસન (સ્થાન) કરવા મકાનમાં જાય, ત્યારે આચાર્ય 'શય્યાતરને વસતિ આપવાથી થતા લાભો' વિગેરે પ્રાસંગિક ધર્મોપદેશ કરે.

ક્ષેત્રપ્રત્યુપેક્ષકો શય્યાતરે અનુમતિ આપી હોય તે તે ગ્લાન વિગેરેને લઘુનીતિ કરવાની, પાત્ર ધોવાની, વિગેરે ભૂમિઓ તેઓને જણાવે. સંથારો (આસન) કરવા માટે (પવનયુક્ત, પવનરહિત અને મધ્યમ, એમ) ત્રણ ભૂમિઓ આચાર્ય-ગુરૂ માટે રાખીને શેષ ભૂમિમાં રત્નાધિકના ક્રમે કોને ક્યાં આસન કરવું તે સર્વસાધુઓને સમજાવે. પ્રત્યુપેક્ષકો પણ પોતપોતાની મૂકેલી ઉપધિ ઉપાડી લે. (અને પોતાને સ્થાન મળે ત્યાં મૂકે, કે જેથી સહુને સરખી રીતે ભૂમિ વહેંચી શકાય.)

તેમાંના તપસ્વીઓ પ્રવેશ કરતાં જ ચૈત્યવન્દન કરે, અને પ્રત્યુપેક્ષકો તે વખતે જ તેઓને સ્થાપના-કુળો બતાવે (કે જેથી તેઓ તુર્ત આહાર લાવીને પારણું કરી શકે). ગુરૂ-આચાર્ય નિત્યભોજી-સાધુઓમાંથી બે ત્રણ[૨૭૯]પાત્રાંવાળાને અને બાકીનાઓને પાત્રાં વિના જ સાથે લઈને પ્રથમ સંઘનાં મંદિરોમાં ચૈત્યવન્દન કરે, પછી ઘરમંદિરમાં ચૈત્યવન્દન કરે. તેમાં ઘરમંદિરમાં ચૈત્યવન્દનાર્થે જતાં સાથે પડિલેહેલાં પાત્રાંવાળા કેટલાક સાધુઓને લઈને જાય અને ગૃહસ્થ આહાર પાણી માટે નિમંત્રણ કરે તો વહોરે. ત્યાં જતાં-આવતાં માર્ગમાં જ પૂર્વે કહ્યાં તે દાનમાં શ્રદ્ધાવાળાં વિગેરે જે પહેલાં ક્ષેત્રપ્રત્યુપેક્ષકો તેઓએ નક્કી કર્યાં હોય તે ઘરો ગુરૂને (અને સાધુઓને) બતાવે. તે જોઈને ઉપાશ્રયે આવેલા ગુરૂ પ્રથમ ઈર્યાપથિકીનો કાયોત્સર્ગ કર્યા પછી સર્વ સાધુઓને પોતાની પાસે બોલાવીને તે ઘરોની વ્યવસ્થા કરી આપે. (કોણે ક્યાં ક્યાં જવું ન જવું, વિગેરે સમજાવે.) એ રીતે કે આભિગ્રહિકમિથ્યાત્વીઓનાં, ઘેર સાધુ આવે તો નિષેધ કરનારાઓનાં તથા અપ્રીતિ કરનારાઓનાં ઘરોમાં નહિ જવું, ઉપરાન્ત દાનરૂચિવાળાનાં, વ્રતધારીઓનાં, કે સમ્યગ્દૃષ્ટિશ્રાવકોનાં ઘરો હોય ત્યાં ગુર્વાદિની વૈયાવચ્ચ કરનારા એક જ ગીતાર્થ સંઘાટકે જવું, તેણે પણ ત્યાં ગુરૂ અથવા પ્રાઘૂર્ણક સાધુઓને પ્રાયોગ્ય આહારાદિ માટે જવું, હંમેશાં કે નિષ્કારણ નહિ જવું. ત્યાં જવાનું સર્વથા બંધ પણ નહિ કરવું, કારણ કે નહિ જવાથી ગોદોહનના અથવા પુષ્પોને વીણવાના દૃષ્ટાન્તે[૨૮૦] તેઓની દાનરૂચિ અવરાઈ જાય.

૨૭૯-બધા સાધુઓ પાત્રાં સાથે લઈને જાય તો ગૃહસ્થને 'શું બધા પેટભરા હશે? અથવા બધાને હું આહાર પાણી કેમ પુરાં પાડી શકીશ?' વિગેરે કલ્પના થાય, જો બે ત્રણ પાત્રાંવાળા સાથે ન હોય તો પણ કોઈ આહાર-પાણી માટે નિમંત્રણ કરે ત્યારે પાત્રાંના અભાવે ન લઈ શકવાથી તેની શ્રદ્ધાનો ભંગ થાય અને પછી પાત્રાં લઈ આવવાનું કહે તો સ્થાપના દોષ લાગે. ઇત્યાદિ કારણો સ્વયમેવ વિચારવાં.

૨૮૦-ઘણું દૂધ આપનારી ગાયને પણ દોહવાનું બંધ કરવાથી તે દૂધ આપતી બંધ થાય, પુષ્પો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં પણ એવાં સ્થાપનાકુળો(ઘરો)માં અસાઞ્ચયિક (સંઘરી ન શકાય તેવી દૂધ વિગેરે) વસ્તુઓ ઘણા પ્રમાણમાં દેખાય તો લેવી અને સાઞ્ચયિક (સંઘરી શકાય તેવી ઘી વિગેરે) બીમાર, પ્રાઘૂર્ણક વિગેરેને માટે વિશેષ જરૂર જણાય ત્યારે લેવી, ગૃહસ્થ અતિઆગ્રહ કરે ત્યારે તો તેવા કારણ વિના પણ લેવી. કિન્તુ દરરોજ નહિ લેતાં એક બે દિવસના આંતરે લેવી. એ પ્રમાણે સાઞ્ચયિક વસ્તુઓ લેવામાં અપવાદ સમજવો. આ અપવાદમાં પણ એવો અપવાદ છે કે–શ્રાવકની દાનરૂચિ તીવ્ર હોય, તેના ઘેર વસ્તુ ઘણી હોય, દુષ્કાળ વિગેરે કાળ દુષ્ટ હોવાથી બીજે મળવી દુર્લભ હોય, વળી કોઈ માંદા સાધુને પુષ્ટિ માટે અથવા બાળ-વૃદ્ધ વિગેરેને સંતોષ માટે તેની જરૂર હોય, વિગેરે કારણે તો સાઞ્ચયિક વસ્તુઓ પણ પ્રતિદિન પણ લેવાય, પણ ત્યાં સુધી કે દાતારની દાનરૂચિ તૂટે નહિ. એમ સંક્ષેપથી વિહારનો વિધિ જાણવો.[૨૮૧]

---

પણ વીણવાનું બંધ કરતાં ઝાડ ઉપર નવાં પુષ્પો ન ઉગે, એમ વહોરવા જવાનું સર્વથા બંધ કરવાથી તેઓની દાન આપવાની પ્રવૃત્તિ અને રૂચિ પણ અટકી જાય.

૨૮૧–વિહાર એટલે અન્યાન્ય ગામ, નગરો, કે દેશોમાં પર્યટન કરવું. તે સાધુતામાં અકિઞ્ચનતા વિગેરે ધર્મોની આરાધના માટેનું અને પરીષહોનાં–ઉપસર્ગોનાં વિવિધ કષ્ટોને સહવા પૂર્વક કર્મોની નિર્જરા માટેનું શ્રેષ્ઠ નિમિત્ત છે, છતાં તે અવિધિથી થાય તો ધર્મને બદલે અધર્મના સેવનરૂપ અને નિર્જરાને બદલે કર્મબન્ધના કારણ રૂપ બને, માટે વિહારનો વિશિષ્ટ વિધિ બાંધવામાં આવ્યો છે. અહીં કહેલાં વિહારના અંગભૂત પ્રત્યેક કર્તવ્યોમાં ઔચિત્ય, વિવેક, સ્વ–પર કલ્યાણની દૃષ્ટિ, સશક્ત–અશક્ત, સહુ–અસહુ, જ્ઞાની કે અલ્પજ્ઞાનવાળા, બાળ કે વૃદ્ધ, રોગી કે નિરોગી, વિગેરે સર્વ સાધુઓના બાહ્ય–અભ્યન્તર હિતની તથા જરૂરીઆતોની ચિંતા અને એ પ્રત્યેક કર્તવ્યોમાં રહેલો પ્રવચનપ્રભાવનાનો પવિત્ર આશય, શાસનની અપભ્રાજનાનો ભય, વિગેરે સઘળું વિશિષ્ટ કોટીનું છે. વસતિ શોધવાના વિધિમાં, વસતિના માલિક સાથેની વાતચિતમાં કે વર્તાવમાં, વિહાર કરવામાં માર્ગની કઠનાઈ, મુહૂર્તને અને લોક–લાગણીને પ્રાધાન્ય આપવામાં, વિહારના માર્ગમાં મુશ્કેલીઓ કે અનુકૂળતાઓ વિગેરેનો નિર્ણય કરવામાં, ક્ષેત્રની પસંદગીમાં, સર્વ સાધુઓના નિર્વાહના વિષયમાં, ગૃહસ્થોની અવસ્થાનો અને રૂચિનો ખ્યાલ કરવામાં, તે પછી મૂળસ્થાનેથી નીકળવામાં, મૂળ શય્યાતરનો સદ્ભાવ અખંડ રાખવાની યુક્તિમાં, વિહારમાં ઉપધિ ઉપાડવાના વિવેકમાં, ગામમાં કે વસતિમાં પ્રવેશ કરવાના વિધિમાં, ત્યાં પણ આચાર્યનું મહત્ત્વ સુરક્ષિત રાખવાની યોજનામાં, ત્યાં ગયા પછી દેવદર્શને જવામાં, ગૃહસ્થની દાનરૂચિને જાળવવામાં, અને પછી પણ પ્રતિદિન આહારાદિ મેળવવાના વિધિમાં, એમ સર્વ વિષયમાં ઔચિત્યનું તેજ ઝળહળતું દેખાય છે. એનું કારણ એ છે કે–સાધુતા મન–વચન અને કાયારૂપ બાહ્યયોગોની અને જ્ઞાન-દર્શન–ચારિત્રરૂપ અભ્યન્તર યોગોની શુદ્ધિ–સિદ્ધિ માટે છે અને એ યોગો ઔચિત્યરૂપ છે. ચૌદસો ચુંમાલિસ-ગ્રન્થના પ્રણેતા શ્રી હરિભદ્રસૂરિજીએ યોગબિન્દુમાં યોગ એટલે ઔચિત્ય કહ્યું છે. આ યોગરૂપ ઔચિત્યનું ફળ મુક્તિ છે અને તેનું પાત્ર (સાધક) મુનિ છે. આ વ્યાખ્યાને વિચારતાં સમજાય છે કે સાધુધર્મ સર્વ વિષયમાં વિશિષ્ટ પ્રકારના ઔચિત્યરૂપ છે, ઔચિત્યને છોડીને સાધુધર્મ રહી શકતો જ નથી. ઔચિત્યનું ટૂંકું લક્ષણ એ કહી શકાય કે 'સ્વ–સ્વ કર્તવ્યોને અન્યૂનાધિક કરવાપણું', અર્થાત્ સ્વ–સ્વ યોગ્યતાને (કર્મોના ક્ષયોપશમાદિને) અનુસરતું શુદ્ધ વર્તન (અથવા) જીવન એ જ ઔચિત્ય. કોઈ પણ કાર્યમાં–વિષયમાં સ્વયોગ્યતાને અનુસારે પ્રવૃત્તિ કરવી તે કર્મરોગને કાપવાનું ઔષધ છે, ન્યૂનાધિક ઔષધ જેમ રોગનો નાશ કરવાને બદલે રોગને વધારે છે તેમ ન્યૂનાધિક પ્રવૃત્તિ આત્માનું અહિત કરે છે, એ કારણે જ તેઓએ સ્વકૃત અષ્ટક પ્રકરણમાં કહ્યું છે કે–શાસ્ત્રમાં અધિકારને અનુસરીને ધર્મકાર્યની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે કહ્યું કે–'महामुनिचरित्राणां श्रवणं कथनं मिथः' એટલે મહાત્માસ્થૂલભદ્રમુનિ, આર્યવજ્ર-સ્વામિજી, વિગેરે પૂર્વકાલીન મહામુનિઓનાં ચરિત્રોનું (જીવનચર્યાનું) પરસ્પર શ્રવણ કરવું-કરાવવું તે પણ સાપેક્ષ યતિધર્મ છે. ભાવાર્થ એમ છે કે–સાધુએ પ્રતિદિન દિનચર્યારૂપે સ્વાધ્યાય (પડિલેહણ) પ્રતિક્રમણાદિ કાર્યો કરવાં અને સ્વાધ્યાયાદિ કરતાં શ્રમિત થાય ત્યારે 'સ્થિરઆસન' વિગેરે વિધિપૂર્વક બેસીને સંવેગ (સંસારનો ઉદ્વેગ અને મોક્ષનો રાગ) વધારે તેવી મહર્ષિઓની કથા–વાર્તાઓ કરવી અને સાંભળવી. કહ્યું છે કે—

" सज्झायाईसंतो, तित्थयरकुलाणुरूवधम्माणं ।
कुज्जा कहं जईणं, संवेगविवड्ढणं विहिणा ॥" पञ्चवस्तु–९०२॥

**ભાવાર્થ**–સ્વાધ્યાયાદિ કરતાં શ્રમિત થએલો સાધુ 'સ્થિરઆસન' વિગેરે વિધિપૂર્વક બેસીને તીર્થંકરના કુલને અનુરૂપ ધર્મને સેવનારા મહામુનિઓની સંવેગની વૃદ્ધિ કરે તેવી ધાર્મિક કથાઓ (વાર્તાઓ) કરવી. (સાંભળવી)[૨૮૨]

---

સાધના-સિદ્ધિ કરવાનું કહેલું છે, તેથી વિપરીત એટલે અધિકારથી ન્યૂનાધિક પ્રવૃત્તિ કરનારને ગુણને બદલે દોષ થાય છે, ઈત્યાદિ શાસ્ત્ર રહસ્યો વિચારતાં એક ઔચિત્યમાં સર્વધર્મનો અન્તર્ભાવ થઈ શકે છે. એક ઔચિત્ય વિના મોટા પણ ગુણો શોભતા નથી અને ઔચિત્યની સામે મોટા પણ દોષો ટકતા નથી. ક્રોધાદિ કષાયો તથા વિષયાદિ જડ પદાર્થો પ્રત્યેના રાગ–દ્વેષ, વૈર–વિરોધ, વિગેરે અનાદિ અન્તરંગ શત્રુઓ ઔચિત્યની સામે અકિઞ્ચિત્કર બને છે અને બાહ્ય શત્રુઓ પણ મિત્ર બની જાય છે. કોઈ અવસ્થા એવી નથી કે જેમાં ઔચિત્ય વિના ચલાવી શકાય. એ કારણે જ ત્રણ–ચાર જ્ઞાનના ધણી શ્રીતીર્થંકરો પણ ઔચિત્યનો લેશ અનાદર કરતા નથી. ઔચિત્યથી મૈત્રી વિગેરે ચાર ભાવનાઓ સિદ્ધ થાય છે અને એ સિદ્ધિના બળે શેષ સર્વ ગુણોની સિદ્ધિ થઈ શકે છે. માટે જ અહીં કહેલા વિહારના વિધિમાં જ નહિ, સાધુજીવનનાં પ્રત્યેક અનુષ્ઠાનોમાં ઔચિત્યનું વિધાન મુખ્ય તરી આવે છે. વધારે શું ? ઉત્સર્ગ અને અપવાદ પણ ઔચિત્યનાં જ બે પડખાં છે. ઈત્યાદિ ઔચિત્યનું મહત્ત્વ વિશિષ્ટ છે, 'અનાદિ જડ વાસનાઓના બળે અજ્ઞાન જીવને રાગ–દ્વેષાદિ કે કામ ક્રોધાદિ શત્રુઓ આ ઔચિત્યરૂપી રત્નનો નાશ કરાવી પવિત્ર સાધુતાથી ભ્રષ્ટ કરે છે' ઈત્યાદિ સમજાય તો સર્વ વ્યવહારોના અલંકારરૂપ ઔચિત્ય આત્મોપકારક બને.

૨૮૨–અનુમાન પ્રમાણને દૃષ્ટાન્ત દ્વારા દૃઢ કરી શકાય છે તેમ આગમ પ્રમાણને (આપ્ત પુરૂષોએ આગમમાં કહેલા અતીન્દ્રિય ભાવોને) પણ કથાનુયોગરૂપ તે તે પ્રકારનાં ચરિત્રોથી શ્રદ્ધાનો વિષય બનાવી શકાય છે. એટલું જ નહિ, જીવનો સ્વભાવ અનુકરણ કરવાનો હોવાથી મહામુનિઓની કથાઓ સાંભળતાં ગુણના રાગને યોગે તેઓ પ્રત્યે આત્મામાં પૂજ્યભાવ પ્રગટે છે, તેનાથી મોહનીય વિગેરે કર્મો ખપે છે, તેના ફળરૂપે તેવું વિશિષ્ટ જીવન જીવવાના મનોરથો થાય છે, તેને યોગ્ય શક્તિ (વીર્ય) સ્ફૂરે છે, અને તેવું જીવન જીવવા આત્મા પ્રેરાય છે. ઉપરાન્ત તેવા પૂજ્યભાવથી પ્રમોદભાવનાની સિદ્ધિ થાય છે, એથી ગુણનાં પ્રતિબન્ધક નિમિત્તો નબળાં પડી જાય છે અને ગુણસાધક સામગ્રીનો સંયોગ થાય છે. એટલું જ શા માટે ? ભૂતકાળમાં વ્યતીત થઈ ગએલા પણ તે મહામુનિઓની મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષાને સાંભળીને શ્રોતામાં પણ તે તે ભાવનાઓ સિદ્ધ થતી જાય છે કે જે ભાવનાઓ સમગ્ર સાધુ–જીવનનું મૂળ છે, જેના વિના સાધુતા પ્રગટતી નથી, ટકતી નથી, વૃદ્ધિ પામતી નથી અને સફળ પણ થતી નથી. એમ મહાપુરૂષોની કથાઓના શ્રવણથી મહાવ્રતોના પાલન માટેની વિપુલ સામગ્રી પ્રાપ્ત થાય છે. તેમાં એકાગ્ર બનેલું મન ચાંચલ્ય રહિત–કુશળ બને છે, વચનથી મૌન થાય છે અને અહીં કહ્યા પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ઉત્તમ કથાઓના કથનથી અને શ્રવણથી પોતાને અને બીજાઓને પણ ચારિત્રમાં સ્થિરતા, ઉત્સાહ વિગેરે ઘણા ગુણો થાય એ સ્પષ્ટ છે. હવે બીજાં વિશેષ કર્ત્તવ્યો કહે છે કે–

**मूलम्–" अतिचारालोचनेन, प्रायश्चित्तविधेयता ।**
**उपसर्गतितिक्षा च, परीषहजयस्तथा ॥"१२७॥**

**મૂળનો અર્થ**–અતિચારની આલોચના કરવાપૂર્વક ગુરૂએ આપેલા પ્રાયશ્ચિત્તને કરવું, ઉપસર્ગો સહન કરવા, તથા પરીષહોનો જય કરવો, તે પણ સાપેક્ષ યતિધર્મ છે.

**ટીકાનો ભાવાર્થ**–મૂળગુણ અને ઉત્તરગુણમાં લાગેલા, તથા પૂર્વે કહ્યા તે જ્ઞાનાચાર વિગેરે આચારોથી વિપરીત વર્તન કરવારૂપે સેવેલા જે જે 'અતિચારો' થયા હોય તેનું 'આલોચન' કરવું એટલે ગુરૂની આગળ યથાર્થરૂપે જણાવવું અને ગુરૂએ તેને અંગે આપેલાં 'આલોચના–પ્રતિક્રમણ' વિગેરે પ્રાયશ્ચિત્તોને કરવાં (તે સાપેક્ષ યતિધર્મ છે). આલોચનાનો વિધિ પહેલા (ભાગના ભાષાન્તરમાં)શ્રાદ્ધધર્મના અધિકારમાં (પૃ. ૬૬૫ માં) કહ્યો છે.

અહીં એ સમજવાનું છે કે–પુલાક[૨૮૩]અને પ્રતિસેવાકુશીલ, એ બે મૂળગુણના વિરાધક અને એ બેની સાથે બકુશને ગણતાં ત્રણ ઉત્તરગુણના વિરાધક હોય છે, અર્થાત્ પુલાક અને પ્રતિ–સેવાકુશીલ બન્ને મૂળ–ઉત્તર બન્ને ગુણોના અને બકુશ માત્ર ઉત્તરગુણનો વિરાધક હોય છે. એ સિવાયના કષાયકુશીલ વિગેરે દોષવાળા છતાં મૂળગુણ–ઉત્તરગુણના વિરાધક નથી. કહ્યું છે કે–

**" मूलुत्तरगुणविसया, पडिसेवा सेवए पुलाए य ।**
**उत्तरगुणेसु बउसो, सेसा पडिसेवणा रहिया ॥" प्रवचनसारो० ७२९॥**

**ભાવાર્થ**–મૂલગુણ અને ઉત્તરગુણ ઉભયની વિરાધના–પ્રતિસેવના કુશીલને તથા પુલાકને હોય છે, એક જ ઉત્તરગુણની વિરાધના બકુશને હોય છે અને બાકીનાઓને એકે ય હોતી નથી.

અહીં પ્રસંગાનુસાર પુલાક વિગેરે નિર્ગ્રન્થોનું એટલે સાધુઓનું સ્વરૂપ કહીએ છીએ.

**" मिच्छत्तं वेयतिगं, हासाई छक्कगं च नायव्वं ।**
**कोहाईण चउक्कं, चउदस अब्भिंतरा गंथा ॥" प्रवचनसारो० ७२१॥**

**ભાવાર્થ**–મિથ્યાત્વ એક, સ્ત્રીનો, પુરૂષનો અને નપુંસકનો એમ વેદો ત્રણ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને દુર્ગંછા એ હાસ્યાદિ છ, તથા ક્રોધાદિ કષાયો ચાર, એમ કુલ ચૌદ અભ્યન્તર ગ્રન્થ (બન્ધનો) કહેવાય છે.

એ ચૌદ અભ્યન્તર અને ભૂમિ વિગેરે (દશ)[૨૮૪]બાહ્ય ગ્રન્થોથી (બન્ધનોથી) નિર્ગત (છૂટેલા) હોવાથી સાધુઓને નિર્ગ્રન્થો કહેવાય છે, તે પાંચ પ્રકારના છે. કહ્યું છે કે—

---

સ્થિર આસને શ્રવણ કરવાથી કાયયોગ પણ સધાય છે. શ્રવણ માટે જે એકાગ્રતા જરૂરી છે, તે અસ્થિર આસનથી થઈ શકતી નથી. માટે અહીં સ્થિરઆસને બેસીને, વિશિષ્ટ મુદ્રા પૂર્વક સાંભળવાનું કહ્યું છે.

૨૮૩–'પુલાક' વિગેરે સાધુઓના પ્રકારો છે, તેનું સ્વરૂપ ચાલુ અધિકારમાં જ સ્પષ્ટ થશે.

૨૮૪–૧–ભૂમિ, ૨–મકાનો, ૩–ધન અને ધાન્ય, ૪–મિત્રો અને જ્ઞાતિજનો, ૫–વાહનો, ૬–શયનો, ૭–આસનો, ૮–દાસ, ૯–દાસીઓ અને ૧૦–કુપ્ય (શેષ રાચરચિલું–ઘરવખરી). એ દશ પ્રકારો જાણવા. બૃહત્કલ્પમાં શયન–આસન બેને એકમાં ગણી દશમો તૃણાદિનો સંચય કહેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" पंच नियंठा भणिया, पुलाय बउसा कुसील निग्गंथा ।
होइ सिणाओ य तहा, एक्केक्को सो भवे दुविहो ॥" प्रवचनसारो० ७१९॥

**ભાવાર્થ**–સાધુએ પાંચ પ્રકારના કહ્યા છે, ૧–પુલાક, ૨–બકુશ, ૩–કુશીલ, ૪–નિર્ગ્રન્થ અને ૫–સ્નાતક. તે પ્રત્યેકના બે બે પ્રકારો છે.

જો કે એ પાંચેને ચારિત્રનો સામાન્યતયા તો સદ્ભાવ હોય છે, પણ મોહનીયકર્મનો ક્ષયોપશમ વિગેરેની વિચિત્રતાને યોગે તેઓમાં ભેદો કહ્યા છે. તેમાં—

૧–**પુલાક**=સત્ત્વ વિનાનું, અર્થાત્ ચોખા વિનાનાં ફોતરાં વિગેરે અસાર ધાન્યને જેમ પુલાક (પલાલ) કહેવાય છે તેમ અસારચારિત્ર જે સાધુને હોય તેને પણ પુલાકના જેવો હોવાથી 'પુલાક' કહેલો છે. અર્થાત્ તપ અને શ્રુતની આરાધનાથી પ્રગટેલી એવી સંઘ વિગેરેના કોઈ પ્રયોજને વાહન અને લશ્કર વિગેરેથી યુક્ત એવા ચક્રવર્તી વિગેરેને પણ ચૂરી નાખવામાં સમર્થ, એવી પોતાની લબ્ધિ(શક્તિ)નો પ્રયોગ કરવાદ્વારા જ્ઞાનાદિ ગુણોમાં (ચારિત્રમાં) અતિચારો લગાડવાથી જે સંયમના સર્વસારને ગાળી નાખે (અસાર કરી દે,) તે ફોતરાંના જેવા નિઃસાર ચારિત્રવાળો સાધુ તેને પુલાક કહેવાય છે. તેના બે ભેદો છે, ૧–લબ્ધિપુલાક અને ૨–પ્રતિસેવાપુલાક. તેમાં લબ્ધિપુલાક એટલે ઇન્દ્રના જેવી સમૃદ્ધિ વિકુર્વી શકવાની લબ્ધિવાળો. કહ્યું છે કે—

" संघाइयाण कज्जे, चुण्णेज्जा चक्कवट्टिमवि जीए ।
तीए लद्धीए जुओ, लद्धिपुलाओ मुणेयव्वो ॥" पञ्चनिर्ग्रन्थी–७॥

**ભાવાર્થ**–શ્રીસંઘ વિગેરેના પ્રયોજને જે લબ્ધિથી ચક્રવર્તીને પણ ચૂરી શકાય, તેવી લબ્ધિવાળા સાધુને લબ્ધિપુલાક સમજવો.

બીજાઓ એમ કહે છે કે–આસેવનાપુલાકના પ્રકારોમાં જે જ્ઞાનપ્રતિસેવનાપુલાકનું સ્વરૂપ કહેવાશે તેને આ લબ્ધિ હોય, માટે એ જ્ઞાન પ્રતિસેવાપુલાકને જ લબ્ધિપુલાક સમજવો, તેનાથી જુદો બીજો નહિ. બીજા પ્રતિસેવાપુલાકના જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિઙ્ગ અને યથાસૂક્ષ્મ, એમ પાંચ ભેદો છે, તેમાં સૂત્રના અક્ષરો(પાઠ)માં સ્ખલના કરે તથા ખૂટતા પાઠને જેમ તેમ મેળવે, ઇત્યાદિ અતિચારો દ્વારા જ્ઞાનવિરાધના કરીને આત્માને અસાર કરે તે **જ્ઞાનપુલાક**, એમ મિથ્યાદર્શનીઓની પ્રશંસા, વિગેરે કરીને દર્શનને વિરાધનારો **દર્શનપુલાક**, મૂલગુણ–ઉત્તર–ગુણની વિરાધના કરે તે **ચારિત્રપુલાક**, શાસ્ત્રોક્ત મુનિવેશમાં વધારો (ભેદ) કરે, કે વિના કારણ અન્ય (સાધુઓના જેવો) વેશ કરે તે **લિઙ્ગપુલાક** અને કંઇક માત્ર પ્રમાદથી અથવા માત્ર મનથી સાધુને ન કલ્પે તેવા અકલ્પ્ય પદાર્થોને ગ્રહણ કરે–ભોગવે, તે **યથાસૂક્ષ્મપુલાક** જાણવો. અન્યત્ર તો વળી એમ કહ્યું છે કે–એ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વેશમાં જે થોડી થોડી વિરાધના કરે તેને જ યથાસૂક્ષ્મપુલાક સમજવો.

૨–**બકુશ**=બકુશ એટલે શબલ, કર્બૂર, વિચિત્ર વિગેરે. અર્થાત્ કંઇક દોષવાળું અને કંઇક નિર્દોષ, એવું કાબરચીત્રું ચારિત્ર જેને હોય તે સાધુ બકુશ કહેવાય. અતિચારવાળું હોવાથી તેના ચારિત્રને પણ બકુશ કહેલું છે અને એવા ચારિત્રવાળો હોવાથી તે સાધુને પણ બકુશ કહેવાય છે. અર્થાત્ અતિચાર યુક્ત શુદ્ધાશુદ્ધ–મિશ્ર ચારિત્રવાળો. આ બકુશ ઉપકરણબકુશ અને શરીરબકુશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ બે પ્રકારનો હોય છે, તેમાં અકાળે (વિના કારણે) ચોલપટ્ટક, અંદર (ઓઢવા)નો કપડો, વિગેરે વસ્ત્રોને ધોનારો, બાહ્યશૌચમાં આસક્તિ-પ્રીતિવાળો, શોભાને માટે પાત્રાં-દંડો વિગેરેને પણ તેલ વિગેરેથી સુશોભિત-ઉજળાં કરીને (અથવા રંગીને) વાપરનારો **ઉપકરણબકુશ** તથા પ્રગટપણે (ગૃહસ્થાદિને જોતાં) શરીરની શોભા(સુખ) માટે હાથ-પગ ધોવા, મેલ ઉતારવો, વિગેરે અસત્પ્રવૃત્તિ કરનારો **શરીરબકુશ** જાણવો. આ બન્ને પ્રકારના બકુશના આભોગ, અનાભોગ, સંવૃત, અસંવૃત અને સૂક્ષ્મ, એમ પાંચ પાંચ ભેદો છે. કહ્યું છે કે—

" उवगरणसरीरेसु, बउसो दुविहोवि होइ पंचविहो ।
आभोगअणाभोए, संवुडअसं(स्सं)वुडे सुहुमे ।।" प्रवचनसारो० ७२४।।

**ભાવાર્થ**-ઉપકરણમાં અને શરીરમાં બકુશ, એમ બન્ને પ્રકારના બકુશ આભોગ, અનાભોગ, સંવૃત, અસંવૃત, અને સૂક્ષ્મ, એ પાંચ પાંચ પ્રકારના અર્થાત્ બન્ને બકુશોના પાંચ પાંચ પ્રકારો છે.

તેમાં-પહેલાં કહ્યું તેમ 'શરીર અને ઉપધિ બન્નેની શોભા (સાધુઓને) અકરણીય છે' એ પ્રકારનું જ્ઞાન હોવા છતાં જે તેવી શોભાને કરે (અર્થાત્ સમજીને ભૂલ કરનારો)તે **૧-આભોગ બકુશ**, ઉપર કહી તે બન્ને પ્રકારની શોભાને (અકરણીય માનવા છતાં) સહસા (ઇરાદા વિના) કરનારો **૨-અનાભોગબકુશ**, જેના દોષો લોકમાં અપ્રગટ રહે તે (છૂપી ભૂલો કરનારો) **૩-સંવૃતબકુશ**, પ્રગટ રીતે ભૂલ કરનારો (નિષ્ઠુર-નિર્લજ્જ) તે **૪-અસંવૃતબકુશ** અને નેત્રનો મેલ દૂર કરવો, વિગેરે કંઇક માત્ર (સૂક્ષ્મ) ભૂલ કરનારો તે **૫-સૂક્ષ્મબકુશ**. એ સર્વ બકુશો સામાન્યતયા વસ્ત્રપાત્રાદિ ઋદ્ધિની અને પ્રશંસાદિ યશની ઇચ્છાવાળા, બાહ્યસુખમાં ગૌરવ માની તેમાં આદર (આશ્રય) કરનારા, અવિવિક્ત પરિવારવાળા, અને (દીક્ષા પર્યાયનો છેદ કરવારૂપ) છેદ પ્રાયશ્ચિત્તને યોગ્ય સદોષ-નિર્દોષ(શબલ)ચારિત્રવાળા સમજવા. તેમાં 'અવિવિક્ત' એટલે અસંયમથી દૂર નહિ રહેનારા અર્થાત્ સમુદ્રફેણ વિગેરેથી જંઘાને ઘસનારા, તેલ વિગેરેથી શરીરને ચોળનારા, કાતરથી કેશને કાપનારા, એવા શિષ્યાદિ જેને હોય તે 'અવિવિક્ત પરિવારવાળા' જાણવા.

૩-**કુશીલ**=મૂલ-ઉત્તરગુણોની વિરાધનાથી, અથવા સઞ્જવલન કષાયોના ઉદયથી જેનું શીલ એટલે આચારો કુત્સિત હોય તે કુશીલ કહેવાય. તેના પણ આસેવનાકુશીલ અને કષાય-કુશીલ, એમ બે પ્રકારો છે. તેમાં આસેવના એટલે સંયમથી વિપરીત આચરણા કરનારો તે **૧-આસેવનાકુશીલ** અને સઞ્જવલનાદિ કષાયવાન્ તે **૨-કષાયકુશીલ** તો સ્પષ્ટ છે. તે બન્નેના પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને યથાસૂક્ષ્મ, એમ પાંચ પાંચ પ્રકારો છે. કહ્યું છે કે-

" आसेवणा कसाए, दुहा कुसीलो दुहावि पंचविहो ।
नाणे दंसण चरणे, तवे य अहसुहुमए चेव ।।" प्रवचनसारो० ७२५।।

**ભાવાર્થ**-આસેવનાથી અને કષાયથી એમ કુશીલ બે પ્રકારે છે, તે બન્ને પ્રકારનો કુશીલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને યથાસૂક્ષ્મ, એમ પાંચ પાંચ પ્રકારનો કહ્યો છે. તેમાં—

પોત પોતાના **જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ** ગુણથી આજીવિકા મેળવનારો હોય તે અનુક્રમે જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ પ્રતિસેવાવાળો કહેવાય છે. બીજા આચાર્યો તો ચોથા તપને બદલે 'વેશ' કહે છે. એ ઉપરાન્ત 'આ તપસ્વી છે, જ્ઞાની છે, શ્રદ્ધાળુ છે,' ઇત્યાદિ લોકોના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખે સ્વપ્રશંસા સાંભળીને ખુશી થાય તે ૫-**યથાસૂક્ષ્મકુશીલ** જાણવો. કષાયકુશીલ પણ પાંચ પ્રકારનો છે, પોતાના જ્ઞાનને, દર્શનને અને તપને જે ક્રોધ વિગેરે ચાર સઞ્જ્વલન કષાયોને વશ થઈને તે તે ક્રોધાદિના વિષયમાં વાપરે (અર્થાત્ જ્ઞાનાદિથી ક્રોધાદિ કરે) તેને અનુક્રમે જ્ઞાન, દર્શન અને તપ કુશીલ જાણવો, જે કોઈને પણ શાપ દે તે ચારિત્રકુશીલ અને મનથી માત્ર દ્વેષ વિગેરે કરે તે યથાસૂક્ષ્મકુશીલ સમજવો.

૪-**નિર્ગ્રન્થ**=મોહનીયકર્મરૂપ ગ્રન્થીથી (બન્ધનથી) નીકળેલો (છૂટેલો) તે 'નિર્ગ્રન્થ' કહેવાય, તેના ઉપશાન્તમોહનિર્ગ્રન્થ અને ક્ષીણમોહનિર્ગ્રન્થ, એમ બે ભેદો છે. તે બેના પણ આ પ્રમાણે પાંચ પાંચ પ્રકારો છે. તેમાં ૧-પ્રથમસમયનિર્ગ્રન્થ, ૨-અપ્રથમસમયનિર્ગ્રન્થ, ૩-ચરમસમયનિર્ગ્રન્થ, ૪-અચરમસમયનિર્ગ્રન્થ અને ૫-યથાસૂક્ષ્મનિર્ગ્રન્થ. કહ્યું છે કે-

**"उवसामगो य खवगो, दुहा नियंठो दुहावि पंचविहो ।**
**पढमसमओ अपढमो, चरमाचरमो अहासुहुमो ॥" प्रवचनसारो० ७२६॥**

**ભાવાર્થ**-ઉપશામક અને ક્ષપક, એમ નિર્ગ્રન્થો બે પ્રકારના છે, તે બન્નેના પણ પ્રથમ-સમય, અપ્રથમસમય, ચરમસમય, અચરમસમય અને યથાસૂક્ષ્મ, એમ પાંચ પાંચ પ્રકારો છે.

તેમાં ચાર ભેદો સ્પષ્ટ[૨૮૫] છે અને પહેલા છેલ્લા વિગેરે સમયની વિવક્ષા વિના જ શ્રેણિના સર્વ સમયો પૈકી કોઈ પણ સમયમાં વર્તતો તે યથાસૂક્ષ્મ, બન્ને નિર્ગ્રન્થો એમ પાંચ પ્રકારના સમજવા, અર્થાત્ એ બન્નેના (પૂર્વાનુપૂર્વીએ અને પશ્ચાનુપૂર્વીએ તે તે સમયોની) વિવક્ષાથી (અને વિવક્ષા વિના) પાંચ ભેદો છે. તેમાં શ્રેણિનો પ્રારંભ કરનારા ક્ષીણમોહ (ક્ષપકશ્રેણિવાળા) નિર્ગ્રન્થો ઉત્કૃષ્ટથી એક સમયે એક સો આઠ અને જઘન્યથી એક, બે, વિગેરે હોય અને ઉપશાન્તમોહ (ઉપશમશ્રેણિનો પ્રારંભ કરનારા) ઉત્કૃષ્ટથી ચોપન અને જઘન્યથી એક, બે, વિગેરે હોય, (એમ શ્રીજિનેશ્વરોએ જ્ઞાનથી જાણ્યું છે.) ભિન્નભિન્ન સમયે પ્રવિષ્ટ શ્રેણિમાં વર્તતા સર્વ ક્ષીણમોહવાળા ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ (બસોથી નવસો) અને ઉપશાન્તમોહવાળા સંખ્યાતા[૨૮૬] હોય.

૫-**સ્નાતક**-સ્નાનથી સકળ મેલને ધોઈ નાખનારાની જેમ જેણે ઘાતીકર્મોરૂપી આત્મમેલને સર્વથા ધોઈ નાખ્યો હોય તે 'સ્નાતક' કહેવાય, તેના સયોગી અને અયોગી બે ભેદો છે. કહ્યું છે કે-

**" सुहझाणजलविसुद्धो, कम्ममलाविक्खया सिणाओत्ति ।**
**दुविहो अ सो सजोगी, तथा अजोगी विणिद्दिट्ठो ॥" प्रवचनसारो० ७२८॥**

**ભાવાર્થ**-શુક્લધ્યાનરૂપ પાણી વડે સર્વ ઘાતીકર્મોરૂપી મેલ ધોઈ નાખવાની અપેક્ષાએ

---

૨૮૫-શ્રેણીના અંતર્મુહૂર્તના પહેલા સમયે રહેલો, પહેલા સિવાયના કોઈ પણ સમયમાં વર્તતો, શ્રેણીની સમાપ્તિના અંતિમસમયે વર્તતો અને અંતિમસમય પહેલાના કોઈ પણ સમયે વર્તતો, એમ પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વીએ બે બે ભેદો ગણતાં ચાર અને પાંચમો સમ્પૂર્ણ શ્રેણીના કોઈ પણ સમયમાં વર્તતો.

૨૮૬-જો કે બન્ને શ્રેણિઓનો કાળ અંતર્મુહૂર્તનો હોવાથી અસંખ્યાત સમયનો હોય છે, તો પણ શ્રેણિગત આત્માઓ સંખ્યાતાથી વધારે ન હોય. તેમાં એ કારણ છે કે પ્રતિસમયે શ્રેણિ માંડનારા હોય નહિ, વચ્ચે ઘણા સમયોનું અંતર પડે જ. ઉત્કૃષ્ટથી મનુષ્યો સંખ્યાતા અને તેમાં પણ સાધુઓ તો ઘણી નાની સંખ્યામાં હોવાથી પ્રતિસમય શ્રેણિ માંડનારા મળે નહિ, સંખ્યા ઓછી પડે-ખૂટી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સ્નાતક' કહેવાય છે, તે સયોગી અને અયોગી, એમ બે પ્રકારનો કહ્યો છે. તેમાં મન, વચન અને કાયારૂપ યોગના વ્યાપારવાળો સયોગી અને એ યોગોનો નિરોધ કર્યો હોય તે અયોગી સમજવો.

આ પાંચ પ્રકારો પૈકી નિર્ગ્રન્થ, સ્નાતક અને પુલાક, એ ત્રણનો (આર્યજમ્બૂસ્વામિથી) વિચ્છેદ થએલો છે, પ્રભુ મહાવીર દેવનું તીર્થ(શાસન) ચાલશે ત્યાં સુધી બકુશ અને કુશીલ બે પ્રકારના જ સાધુઓ રહેશે. કહ્યું છે કે—

**" निग्गंथसिणायाणं, पुलागसहियाण तिण्ह वोच्छेओ ।**
**समणा बउसकुसीला, जा तित्थं ताव होहिंति ॥" प्रवचनसारो० ७३०॥**

**ભાવાર્થ**–નિર્ગ્રન્થ, સ્નાતક તથા પુલાક, એ ત્રણનો આર્યજમ્બૂસ્વામિથી વિચ્છેદ થએલો હોવાથી શેષ બકુશ અને કુશીલ સાધુઓ શાસનના અંત સુધી થશે (રહેશે).[૨૮૭]

---

૨૮૭–જગતના સ્વરૂપને વિચારતાં એમ સમજાય છે કે તે તે કાળ વિગેરે નિમિત્તોને પામીને જગતના ભાવોની ઉત્પત્તિ--નાશ થયા કરે છે. **એ** કે વસ્તુનો સર્વથા નાશ થતો નથી, તેનાં રૂપાન્તરો થાય છે, તો પણ વ્યવહારમાં પૂર્વરૂપના વિયોગને નાશ અને નવા રૂપના સંયોગને ઉત્પત્તિ માનવામાં આવે છે, આ રૂપાન્તરોને જૈન પરિભાષામાં પર્યાયો કહેવાય છે.

એમ વસ્તુ શાશ્વત છતાં નાશ અને ઉત્પત્તિ ધર્મવાળી પણ છે **શ્રી** જિનેશ્વરોએ કહેલી **'उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा'** એ ત્રિપદી પણ આ સત્યનું જ નિરૂપણ કરે છે કે વસ્તુ માત્ર ધ્રુવ છતાં તેની ઉત્પત્તિ અને નાશ પણ છે, સર્વ સત્યોનું આ મૂળ છે.

એમ છતાં 'વસ્તુ માત્ર તેના સ્વભાવથી જ બદલાય છે' એમ માનવું તે એકાન્તિક હોવાથી મિથ્યા છે, વસ્તુતઃ સ્વભાવથી બદલાતી પણ વસ્તુ તે તે નિમિત્તોના બળે બદલાય છે. વર્તમાનકાળ અવસર્પિણીનો છે, અર્થાત્ પ્રત્યેક ભાવો નીચા ઉતરતા જાય તેવો વર્તમાનકાળ છે. એ કારણે શ્રમણોમાં પણ પુલાક, નિર્ગ્રન્થ અને સ્નાતક એ ત્રણનો વિચ્છેદ થયો છે એમ સમજવું. સામાન્યતયા નાશ–વિચ્છેદ તેનો થાય છે કે તત્કાલીન જીવો જેની રક્ષા કે સદુપયોગ વિગેરે કરવાનું બળ (પુણ્ય) વિગેરે ન ધરાવતા હોય, ઉત્પત્તિ પણ તેની થાય છે કે તે કાળના જીવોમાં તેની રક્ષા અને સદુપયોગાદિ કરવાનું બળ હોય.

સાધુતા નિશ્ચયથી આત્મપરિણામરૂપ અને વ્યવહારથી તેને અનુસરતા અનુષ્ઠાનાદિને આચરવારૂપ છે. અહીં પુલાક વિગેરે પાંચ પ્રકારો કહ્યા તે વસ્તુતઃ સાધુતાના નહિ પણ તેને પાળનારા આત્માઓના છે. તે તે જીવ સ્વ–સ્વ ક્ષયોપશમને (ગુણ પ્રાગટ્યને) અનુસરીને તથા પુણ્યથી મળેલી સાધન–સામગ્રીને અનુસરીને સાધુતાનું આરાધન કરી શકે છે. આ ક્ષયોપશમ અને પુણ્યબળ સર્વને સમાન હોતાં નથી, પ્રત્યેક જીવમાં તેનું તારતમ્ય હોય છે, આ તારતમ્યને જ પાંચ ભાગમાં વહેંચીને શ્રમણોના પાંચ પ્રકારો કહ્યા છે. પ્રત્યેકના ભિન્ન ભિન્ન તારતમ્યની અપેક્ષાએ તો જેટલા સાધુ તેટલા પ્રકારો થઇ શકે.

આ ક્ષયોપશમ અને પુણ્યાદિની તારતમ્યતાને કારણે દરેક કાળમાં દરેક ક્ષેત્રમાં દરેક જીવોને દરેક ભાવો ઉપકાર કરી શકતા નથી, જેની રક્ષા અને સદુપયોગાદિ કરી શકાય તે તે ભાવો જ ઉપકાર કરી શકે છે. માટે ઉપકારક થઇ શકે અથવા ઉપકારક બનાવી શકાય તેવા ભાવો તે તે ક્ષેત્રમાં તે તે જીવોને પ્રાપ્ત થાય અને ઉપકારી ન થઇ શકે–જેને ઉપકારક ન બનાવી શકાય તેવા ભાવોનો વિયોગ થાય. આ બધું જગતસ્વભાવે થાય છે, તો પણ એ ભૂલવા જેવું નથી કે એની પાછળ શ્રીઅરિહંતાદિ પંચ–પરમેષ્ઠિઓનો અને ક્ષમાદિ ધર્મ વિગેરેનો અગમ્ય–અચિન્ત્ય પ્રભાવ રહેલો છે.

સાધુતા માત્ર તેને પાળનારા સાધુનું જ નહિ, અન્ય સાધુઓનું, ગૃહસ્થોનું અને આગળ વધીને સમગ્ર જીવોનું કલ્યાણ કરનારી છે. તેથી જેને તે ઉપકારક છે તે દરેકની સ્વશક્તિ અનુસાર જવાબદારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ પ્રસંગને પામીને પંચનિર્ગ્રંથોનું સ્વરૂપ કહ્યું. હવે દશવિધ પ્રાયશ્ચિત્તનું વર્ણન કરે છે. ૧-આલોચના, ૨-પ્રતિક્રમણ, ૩-મિશ્ર, ૪-વિવેક, ૫-વ્યુત્સર્ગ, ૬-તપ, ૭-છેદ, ૮-મૂળ, ૯-અનવસ્થાપ્યતા અને ૧૦-પારાંચિક, એમ પ્રાયશ્ચિત્તના દશ પ્રકારો છે. કહ્યું છે કે—

---

છે કે સાધુતાની રક્ષા-પાલન કરે અને સાધુસેવા દ્વારા તેને આરાધે. જવાબદારી છતાં સ્વશક્તિ અનુસારે જે તેને આરાધતો નથી, તેને અપકાર પણ થાય છે. આ એક સર્વસામાન્ય અટલ ધોરણ છે, એના આધારે જગતનું તન્ત્ર ચાલે છે, તેને કોઈ મિથ્યા કરી શકતું નથી. તીર્થંકર જેવા અતુલબલી પણ આ ધોરણને અનુસરીને જ પોતાની સિદ્ધિ સાધે છે.

આ રહસ્યને સમજવા માટે મરણનું દૃષ્ટાન્ત લઈએ. મરણ પ્રાયઃ સહુને અનિષ્ટ છે, છતાં તે અવશ્ય આવે છે. તેનું કારણ આયુષ્ય કર્મની સમાપ્તિ છે તેમ એ પણ કારણ છે કે જીવનમાં જન્મને યોગે મળેલાં શરીરાદિ નિમિત્તોને (સંયોગોને) જે ઉપકારક ન બનાવી શકે કે રક્ષણ ન કરી શકે તેનો તે જીવથી વિયોગ કરી તેની યોગ્યતાને અનુરૂપ અન્ય નિમિત્તોનો સંયોગ કરવા માટે, અથવા જે ઉત્તમ જીવ જન્મપ્રાપ્ત નિમિત્તોને સદુપયોગ અને રક્ષણ વિગેરેથી સફળ કરી વિશિષ્ટ યોગ્યતાને પામ્યો હોય તે આત્માને એથી અધિક યોગ્યતા પ્રગટાવવામાં નિરૂપયોગી બનેલાં વર્તમાનકાલીન તે નિમિત્તોને બદલીને તેથી શ્રેષ્ઠની પ્રાપ્તિ કરાવવા માટે મરણ થાય છે. એ રીતે શરીર ધન, ધાન્ય, કુટુમ્બ, પ્રભુત્વ, વિગેરે પ્રત્યેકનો સંયોગ-વિયોગ આ નિયમને અનુસરે છે.

સાધુતા ઉપકારક છે, તેથી ઉપકાર્ય પાત્રો પણ તેવાં જોઈએ. અન્યથા તે ઉપકાર ન કરી શકે અને સ્વયં ટકી પણ ન શકે. એ કારણે ઉપકાર્ય પાત્રો, જેવાં કે-તેનો પાલક સાધુ, અન્ય સાધુઓ, કે ગૃહસ્થો, વિગેરેની યોગ્યતાને અનુસારે સાધુતા ઉપકાર કરે અને રહી પણ શકે છે. હા, તેના ઉપકારનાં પાત્રો થોડી સંખ્યામાં હોવા છતાં ઘણાઓની પાત્રતા ઓછી પડતી હોય તો સાધુતાનું બળ પણ તેટલે અંશે ઘટે, તેમ વિશિષ્ટ પાત્રો ઘણાં હોય અને ક્ષુદ્ર (હલકાં) પાત્રો થોડાં હોય તો સાધુતાનું બળ વધે. ટુંકમાં ઉપકાર્ય અથવા રક્ષકની યોગ્યતાના પ્રમાણમાં ઉપકારક ભાવોનો સંયોગ-વિયોગ થાય છે.

શ્રી તીર્થંકરદેવો, શ્રુતધરો, પૂર્વધરો, કે બીજા પણ વિશિષ્ટજ્ઞાનીઓનો સંયોગ કે વિયોગ થાય છે તે તે કાળે તે ક્ષેત્રમાં વિદ્યમાન જીવોની યોગ્યતા-અયોગ્યતાને પણ આભારી છે. એથી અહીં સમજવું જોઈએ કે શ્રીઆર્યજમ્બૂસ્વામી પછી બકુશ-કુશીલ બે પ્રકારો રહ્યા અને બીજાઓનો વિચ્છેદ થયો તેમાં તત્કાલીન આત્માઓની પાત્રતા પણ કારણભૂત છે. એ રીતે કે યોગ્ય-ઉત્તમ સાધુના સંયોગમાં આવેલા અન્ય યોગ્ય જીવોને તેઓની વિશિષ્ટ સાધુતાથી પૂજ્યભાવ પ્રગટે છે, તેઓની સેવા પ્રત્યે પ્રેરાય છે, એથી સાધુ પણ નિર્દોષ સાધુતાનું સહેલાઇથી પાલન કરી શકે છે, અતિચારો લગાડવાનાં-લાગવાનાં કે અપવાદનો આશ્રય લેવાનાં કારણો ઉભાં થતાં નથી. એમ ગૃહસ્થ અને સાધુ બન્ને વર્ગને પરસ્પર એક બીજાના સંયોગથી જીવન ઉચું લાવવાનો માર્ગ મળે છે. એથી વિરૂદ્ધ તેવી યોગ્ય પાત્રતાના અભાવે સાધુતા પ્રત્યે જયારે પૂજ્યભાવ પ્રગટતો નથી ત્યારે સાધુસેવા કરવાની વૃત્તિ પ્રગટતી નથી, એથી સાધુને સાધુતાના પાલન માટે જરૂરી નિર્દોષ આહારાદિ દુર્લભ બનતાં જાય છે, પરિણામે અપવાદ માર્ગને અનુસરવાનો કે આગળ વધીને અતિચાર સેવવાનો પ્રસંગ આવે છે અને એમ સાધુતા મલિન થતી જાય છે. એ રીતે પરસ્પર ગૃહસ્થ અને સાધુ બન્નેનો જીવન વિકાસ અટકી જાય છે અને જીવન નીચે ઉતરવા માંડે છે. પુલાક જેવા લબ્ધિમાન, નિર્ગ્રન્થ જેવા નિષ્પરિગ્રહી અને સ્નાતક જેવા પવિત્ર સાધુઓ વિદ્યમાન હોય છે, તે કાળે તેની સેવા કરનારો ગૃહસ્થ વર્ગ પણ સંસારથી ઉદ્વિગ્ન, મોક્ષના એક તાનવાળો, જીવનથી પણ ધર્મ અને ધર્મગુરૂઓને અધિક માનનારો, ન્યાયસમ્પન્ન વૈભવવાળો, સત્ય અને સદાચારોના એક આશ્રયભૂત અને ધર્મને સર્વસ્વ માનનારો હોય છે. મહારાજા શ્રેણિક, સમ્પ્રતિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"आलोअणपडिक्कमणे, मीसविवेगे तहा विउस्सग्गे ।
तवच्छेयमूलअणवट्ठया य पारंचिए चेव ॥" प्रवचनसारो० ७५०॥

**ભાવાર્થ**–આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્યતા અને દશમું પારાઞ્ચિત, એમ પ્રાયશ્ચિત્તો દશ પ્રકારનાં કહ્યાં છે. તેમાં—

---

કુમારપાલ, વિગેરે તથા મંત્રીશ્વર શ્રીઅભયકુમાર, વિમળશાહ, પેથડશાહ, વસ્તુપાલ, તેજપાલ, વિગેરે ઉત્તમ કોટિના શ્રાવકોનો પણ અભાવ થયો જ છે. જેની ભક્તિથી સાતે ક્ષેત્રો વ્યવસ્થિત નભતાં હોય તેવા શ્રાવકોનો અભાવ એ પણ ઉત્તમ સાધુઓના અભાવનું કારણ છે. એમ ગૃહસ્થ અને સાધુ ઉભયનો ધર્મ પરસ્પરની નિર્મળતાથી નિર્મળ અને મલિનતાથી મલિન થાય છે એ એક રહસ્ય છે. એ કારણે ગૃહસ્થો પોતાના માટે અને સાધુધર્મની નિર્મળતા માટે પણ પોતાના જીવનને સાધુનું ઉપાસક બનાવે અને જ્ઞાનીગુરૂઓ પોતાના અને ગૃહસ્થોના ઉપકાર માટે ચારિત્રનું નિર્મળ પાલન કરે એ ધર્મવૃદ્ધિનો ઉત્તમ માર્ગ છે. હા, એમાંથી એકને પણ બદલો લેવાની આશા હોવી જોઇએ નહિ. આ માર્ગે નહિ ચાલતાં એક બીજાની નિર્બળતાનું આલમ્બન લેવાથી જીવન નીચે ઉતરતું જાય છે. આ હકિકતથી એ સમજાશે કે જયારે જેને જે સંયોગો પ્રાપ્ત થાય ત્યારે તેણે તે સંયોગોનો તિરસ્કાર–અનાદર નહિ કરતાં સફળ કરવા જોઇએ. તિરસ્કારનું પાત્ર કોઈ છે નહિ, છતાં તિરસ્કાર–વૃત્તિને ટાળી ન શકાય તો યોગ્ય–ઇષ્ટ કે ઉપકારક સંયોગ–સામગ્રી ન મળવામાં કારણભૂત પોતાની અયોગ્યતા ઉપર તિરસ્કાર કરવો, તેને ટાળવાનો અને યોગ્યતા પ્રગટાવવાનો પ્રયત્ન કરવો તે હિતાવહ છે.

એમ છતાં અનાદિ કર્મસંયોગથી જીવનો સ્વભાવ અપ્રાપ્તપ્રિય છે, તેથી તેને પ્રાપ્તસામગ્રીની મહત્તા સમજાતી નથી. તે હંમેશાં અપ્રાપ્તને મેળવવા મથતો હોય છે. પણ વસ્તુ સ્વભાવ એવો છે કે–પ્રાપ્તનો સદુપયોગ કરવાના અભાવે બીજું મળે તો પણ તે ઉપકારક ન થાય. નહિ મળેલું અને તે પણ સારૂ–હિતકર મેળવવાનો સાચો ઉપાય પ્રાપ્તનો સદુપયોગ કરવામાં છે. એ વિના સારૂં કે અધિક કદી મળતું નથી અને મળે તો હિત કરતું નથી. માટે મોહને દૂર કરીને પ્રાપ્તનો સદુપયોગ કરવો જોઇએ. નિઃસરણી ચઢતાં પણ ઉપરના પગથીયાને પ્રાપ્ત કરવા માટે જે પગથીયે પગ મૂકેલો હોય તેનો તિરસ્કાર નહિ કરતાં બરાબર પગ ઠરાવીને તેના આલંબનથી ઉપરના પગથીએ પગ મૂકવાનું બળ પ્રગટાવવું પડે છે, જયાં ઉભો હોય તે પગથીયાના સાથ વિના તેમ નથી બનતું. તેમ અહીં પણ મનોભીષ્ટ–હિતકર સામગ્રીને–સંયોગોને મેળવવા માટે પ્રાપ્તસંયોગોના સદુપયોગ દ્વારા યોગ્યતા પ્રગટાવવી પડે છે. માત્ર ઇચ્છાથી કે પ્રાપ્તના અનાદરથી ઇષ્ટ કદાપિ મળતું નથી.

બીજી વાત એ પણ છે કે–પ્રાપ્તસંયોગોનો અનાદર–તિરસ્કાર કરવાથી પોતે પણ ઉત્તરોત્તર અયોગ્ય બને છે અને 'અણગમતા–અહિતકર સંયોગો મેળવવામાં પોતાની અયોગ્યતા કારણભૂત છે' એમ માનવાથી તેને ટાળવાની અને યોગ્યતા પ્રગટાવવાની પ્રેરણા મળે છે, તે આત્માની પવિત્રતા માટે ખૂબ મહત્ત્વની છે.

વર્તમાનમાં બકુશ–કુશીલ ચારિત્રને પણ આત્મોપકારક બનાવવું એ જ ગુરૂપદની સેવાનો માર્ગ છે. એ માટે 'વર્તમાન સાધુઓ પણ મારી યોગ્યતાના પ્રમાણમાં મને અવશ્ય ઉપકાર કરી શકે તેમ છે. તેઓની સેવાથી મારા આત્માને લાભ છે, માટે મારે તેઓની ઉપાસના કરવી જોઇએ.' આવી સમજ પૂર્વક ગુરૂસેવા કરનારને લાભ થાય જ છે. અન્યથા તીર્થંકરો વર્તમાન ગુરૂની સેવાનો ઉપદેશ ન કરત પણ નિષેધ કરત. માટે સાધુતાના પાલક સાધુએ કે અન્ય આત્માઓએ પણ વર્તમાન ચારિત્રનું મૂલ્ય આંકીને તેની ઉપાસના દ્વારા હિત સાધવું જોઇએ.

જે શરીર પોતે ગર્ભમાં બાંધ્યું અને જેમાં વસ્યો, જન્મ્યો, તે શરીરની સહાયથી સમ્પૂર્ણ જીવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧-**આલોચના**=ગુરૂની આગળ સ્વઅપરાધોને પ્રગટ કહેવા. તે આલોચના એક અપરાધ સેવ્યા હોય તે ક્રમે, અને બીજી પ્રાયશ્ચિત્ત નાનું (અલ્પ) હોય તે અતિચારોને પહેલા, તેથી અધિક પ્રાયશ્ચિત્તવાળા પછી, તેથી પણ અધિક પ્રાયશ્ચિત્તવાળા પછી, એમ પ્રાયશ્ચિત્તના ક્રમે, એમ બે રીતે થાય છે. તે પહેલા (ભાગના ભાષાન્તરની બીજી આવૃત્તિ પૃ૦ ૬૭૧ માં) જણાવ્યું છે. આ આલોચના ગોચરી માટે ફરવું, વિહાર કરવો, સ્થંડિલ ભૂમિએ જવું-આવવું, વિગેરે કાર્યો માટે સો હાથથી દૂર જવા-આવવારૂપ આવશ્યક કાર્યોમાં સમ્યગ્ ઉપયોગવાળા અને એથી શુદ્ધ ભાવનાને યોગે જેને અતિચાર લાગ્યો ન હોય એવા છદ્મસ્થ છતાં અપ્રમત્ત સાધુને માટે સમજવી. કારણ કે-અતિચારવાળા સાધુને ઉપર ઉપરનાં પ્રાયશ્ચિત્તનો સંભવ છે અને કેવલી ભગવંતો તો કૃતકૃત્ય હોવાથી તેઓને આલોચના પ્રાયશ્ચિત્ત પણ હોતું નથી. **પ્રશ્ન**-આગમને અનુસારે વર્તનારો હોવાથી જેને અતિચાર લાગ્યો ન હોય તેવા અપ્રમત્તસાધુને આલોચના નિષ્ફળ હોવાથી તે શા માટે કરે ? **ઉત્તર**-પ્રશ્ન વ્યાજબી છે, કિન્તુ શુદ્ધભાવ અને ઉપયોગપૂર્વક કરાતી કેવળ શુદ્ધચેષ્ટાથી (પ્રવૃત્તિથી) અને તેઓની ક્રિયામાં સૂક્ષ્મ પ્રમાદ નિમિત્તભૂત હોવાથી પણ તેઓની ક્રિયા આશ્રવ (કર્મબન્ધ)વાળી હોવાનો સંભવ છે, માટે તેઓએ આલોચના કરવી તે સફળ છે જ.

૨-**પ્રતિક્રમણ**=અતિચારનો પક્ષ તજીને તેનાથી 'પ્રતીપ' એટલે ઉલટું 'ક્રમણું' એટલે ખસવું(પાછા ફરવું), તેને પ્રતિક્રમણ કહેવાય છે. અર્થાત્ પશ્ચાત્તાપથી મિથ્યાદુષ્કૃત દેવા પૂર્વક 'પુનઃ આવો અપરાધ નહિ કરૂં' એમ બોલવું, નિશ્ચય કરવો, તેને પ્રતિક્રમણ સમજવું. સમિતિ-ગુપ્તિ વિગેરેના પાલનમાં સહસાકારથી કે ઉપયોગ(ખ્યાલ)ના અભાવે પ્રમાદથી ભૂલ થાય ત્યારે ગુરૂની સન્મુખ આલોચના કર્યા વિના પણ મિથ્યાદુષ્કૃતદેવારૂપ આ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે.

૩-**મિશ્ર**=ઉપર્યુક્ત આલોચના અને પ્રતિક્રમણ ઉભય જેમાં હોય તે પ્રાયશ્ચિત્તને મિશ્ર કહ્યું છે. તેમાં પ્રથમ ગુરૂની સમક્ષ અતિચારની આલોચના કરે, પછી ગુરૂના આદેશથી મિચ્છામિ

---

જીવવાનું હોય છે, તેને બદલી શકાતું નથી, તેમ સ્વયોગ્યતાને અનુસારે જે સંયોગોમાં પોતે જન્મ્યો તેના આધારે જ આત્મવિકાસ પણ સાધવાનો છે. ભવિષ્યમાં વિશિષ્ટ-હિતકારક સંયોગો મેળવવાનો આ એક જ સાચો ઉપાય છે.

એનો અર્થ એ નથી કે બકુશ-કુશીલના દોષોનો આદર કરવો જોઈએ, કે તે દોષોનો ભય તજી દેવો જોઈએ. પણ જેમ રોગી શરીરમાં જીવવા છતાં તે રોગનો આદર કર્યા વિના, રોગથી નિર્ભય બન્યા વિના, શરીરને નીરોગી બનાવવાના ઉપાયો ચાલુ રાખીને પણ તે જ શરીરમાં જીવવાનું પસંદ કરે છે, મરવાનું તેને ગમતું નથી, તેમ સ્વયોગ્યતાને અનુસારે પ્રાપ્ત થએલા બકુશ-કુશીલ ચારિત્રનાં દૂષણોનો આદર કર્યા વિના, તે દોષોનો ભય રાખીને, તેને ટાળવાના શકય ઉપાયો કરવા પૂર્વક તે જ ચારિત્રની સેવાથી વર્તમાનકાલીન જીવોએ સ્વકલ્યાણ સાધવું જોઈએ.

અહીં કોઈ એમ કહે કે-'આજે તો બકુશ-કુશીલ સિવાયનું નિર્દોષ ચારિત્ર હોય જ નહિ, માટે વર્તમાનમાં તો દોષો સેવાય' તો તે અસમજ છે. વસ્તુતઃ તેમાં લાગતા દોષોને ટાળીને અને ન ટળે તેની ઉપેક્ષા કરીને, જેટલે અંશે જ્ઞાનાદિ ગુણોનો લાભ થાય તેટલે અંશે તે ચારિત્રની સેવા-પાલન કરવું જોઈએ. બકુશ-કુશીલ ચારિત્રવંત એવા વર્તમાન સાધુઓ દ્વારા પણ વર્તમાનકાલીન યોગ્ય જીવોને ઉપકાર થાય જ છે. માટે તેઓની સેવા દ્વારા થતા ઉપકારને ઝીલીને પોતાની પાત્રતા-યોગ્યતા પ્રગટાવવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુક્કડં દે. આ પ્રાયશ્ચિત્ત ઇષ્ટ-અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષ વિગેરેનો સંશય હોય તેને સમજવું. પણ રાગદ્વેષ વિગેરે કર્યાનો નિશ્ચય હોય તેને છટ્ઠું 'તપ' પ્રાયશ્ચિત્ત આવે.

૪-**વિવેક**=દોષવાળાં આહાર, પાણી, ઉપકરણ, વસતિ, વિગેરેનો ત્યાગ કરવો (નહિ વાપરવાં) તેને વિવેક કહ્યો છે. આ વિવેક સમ્યગ્ઉપયોગપૂર્વક 'આ વસ્તુ શુદ્ધ છે' એમ સમજીને લેવા છતાં લાવેલી આહારાદિ વસ્તુ 'અશુદ્ધ છે' એમ પાછળથી સમજાય, ત્યારે તેનો ત્યાગ કરવાથી થાય છે. ઉપલક્ષણથી (પૂર્વે પિંડવિશુદ્ધિમાં જણાવ્યાં તે) ક્ષેત્રાતિક્રાન્ત, કાલાતિક્રાન્ત વિગેરેનો પણ ત્યાગ કરવો તે સર્વ 'વિવેક' પ્રાયશ્ચિત્ત સમજવું.

૫-**વ્યુત્સર્ગ**-ઉપર્યુક્ત અનેષણીય (દોષિત) વિગેરેનો ત્યાગ, ગમન-આગમન, સાવદ્યસ્વપ્ન-દર્શન, નાવડીથી જળાશય ઉતરવું, વડીનીતિ-લઘુનીતિ પરઠવવી, વિગેરે પ્રવૃત્તિ કર્યા પછી વિશિષ્ટ એકાગ્રતાપૂર્વક મન-વચન-કાયાના વ્યાપારનો ત્યાગ (કાયોત્સર્ગ) કરવો, તેને વ્યુત્સર્ગ કહ્યો છે.

૬-**તપ**=છેદગ્રન્થોમાં અથવા જીતકલ્પમાં કહ્યા પ્રમાણે જે જે તપથી (જે અતિચારોની) શુદ્ધિ થાય તે તે તપ આલોચકને આપવું અને તે પ્રમાણે તેણે કરી આપવું, તેને તપપ્રાયશ્ચિત્ત સમજવું. આ પ્રાયશ્ચિત્ત સચિત્તપૃથ્વી આદિનો સંઘટ્ટો (વિગેરે) થાય ત્યારે જઘન્યતયા નીવિથી આરંભીને ઉત્કૃષ્ટ છ મહિનાના ઉપવાસ સુધીનું અપાય છે.

૭-**છેદ**=તપ પ્રાયશ્ચિત્ત આપવા છતાં સુધરે તેમ ન હોય તેવા સાધુને પાંચ અહોરાત્ર, દશ અહોરાત્ર, વિગેરે ક્રમથી ચારિત્રપર્યાયનો છેદ કરવો (પર્યાયને ઘટાડવો), તે છેદ પ્રાયશ્ચિત્ત જાણવું. જે આત્માને તપ પ્રાયશ્ચિત્તથી સુધારી ન શકાય, તેવો ક્લિષ્ટ(અઠ્ઠમાદિ)તપ કરવામાં પણ સમર્થ સાધુ તપથી ઉલટો ગર્વ કરે કે 'ભલેને ગમે તેટલો તપ કરાવે એથી મને શું કષ્ટ છે?' એવાને, અથવા તપ કરવામાં અસમર્થ એવા ગ્લાન વિગેરેને, અથવા વિના કારણે અપવાદ માર્ગને (દોષોને) સેવવાની રૂચિવાળાને આ છેદ પ્રાયશ્ચિત્ત અપાય, એમ સમજવું.

૮-**મૂળ**=મહાવ્રતોને પુનઃ ઉચ્ચરાવવાં (અર્થાત્ પૂર્વના સઘળા પર્યાયનો છેદ કરવો) તે પ્રાયશ્ચિત્તને મૂળ કહેવાય. આ પ્રાયશ્ચિત્ત 'આકુટ્ટીથી' એટલે વારંવાર, કે જાણી સમજીને પંચેન્દ્રિય જીવનો વધ કરે, ગર્વ-અહંકારથી મૈથુન સેવે, ઉત્કૃષ્ટ મૃષાવાદ સેવે, અદત્તાદાન કે પરિગ્રહ કરે, અથવા ન્હાના પણ એ મૃષાવાદાદિ દોષોને જાણવા છતાં વારંવાર સેવે, તેને આપવામાં આવે છે.

૯-**અનવસ્થાપ્યતા**-'અવસ્થાપન' એટલે પુનઃ વ્રતોચ્ચારણ, તે પણ ન કરી શકાય તેવી મોટી વિરાધના કરનારો સાધુ અનવસ્થાપ્ય કહેવાય અને એવા અતિદુષ્ટપરિણામવાળા સાધુને આપેલો તપ જ્યાં સુધી તે પૂર્ણ ન કરે ત્યાં સુધી પુનઃ વ્રતો નહિ ઉચ્ચરાવવાં, એવું પ્રાયશ્ચિત્ત તેને પણ અનવસ્થાપ્ય કહેવાય. એવા વિરાધકને તપકર્મ પણ એવું અપાય કે તે પૂર્ણ કરતાં તેનામાં 'ઉઠવું બેસવું' વિગેરે કાર્ય કરવાની પણ શક્તિ ન રહે અને જ્યારે તે તપ કરતાં તદ્દન અશક્ત બની જાય ત્યારે અન્ય સાધુઓને પ્રાર્થના કરે કે-'હે આર્યો! મારી ઉભા થવાની ઇચ્છા છે.' ત્યારે અન્ય સાધુઓ એની સાથે વાત પણ નહિ કરતાં તેનું માત્ર કામ કરે. એ પ્રમાણે તપ કર્યા પછી એને વ્રતોચ્ચારણ કરાવાય. આ પ્રાયશ્ચિત્ત જે સાધુ લાઠી, મુઠ્ઠી વિગેરેથી મરવાનો-મારવાનો પણ ભય છોડીને નિર્દયપણે પોતાને અથવા પરને પ્રહાર કરવારૂપ અતિદુષ્ટ-રૌદ્રઅધ્યવસાયોને સેવે તેને અપાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦-**પારાઞ્ચિક**=જેનાથી મોટું બીજું પ્રાયશ્ચિત્ત કે અપરાધ ન હોવાથી સઘળાં પ્રાય-શ્ચિત્તોનો પાર (છેડો) પામેલું એવું છેલ્લું પ્રાયશ્ચિત્ત તેને 'પારાઞ્ચિક' કહેવાય. આ પ્રાયશ્ચિત્ત 'સાધ્વીને કે રાજપત્નીને ભોગવવી, અથવા સાધુ-સાધ્વી કે રાજા વિગેરે ઉત્તમ મનુષ્યોનો વધ વિગેરે કરવો' ઇત્યાદિ અતિમોટો અપરાધ કરે તેને કુલ, ગણ અને સંઘથી પણ બહાર મૂકવા માટે અપાય છે, તે જઘન્યથી છ મહિના અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ સુધીનું હોય છે. તેટલા કાળ પછી અપરાધી અતિચારોનો પાર પામે (ટાળી દે), ત્યારે શુદ્ધ થએલાને પુનઃ દીક્ષા અપાય, અન્યથા નહિ.

આ પારાઞ્ચિક પ્રાયશ્ચિત્ત આચાર્યને જ અપાય છે અને પ્રાયશ્ચિત્ત દરમીઆન તે અપ્રગટપણે સાધુનો વેષ રાખીને (લોકમાં સાધુ તરીકે ન ઓળખાય તેમ) જિનકલ્પિકમુનિની પેઠે (પોતે જે જે ક્ષેત્રમાં વિચર્યો હોય, જ્યાં લોકો ઓળખતા હોય તે ક્ષેત્રો સિવાયના) અજાણ્યા પ્રદેશમાં રહીને અતિઆકરો તપ કરે ત્યારે પૂર્ણ થાય છે. ઉપાધ્યાયને તો દશમા પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધ કરવા છતાં અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત જ અપાય, પારાઞ્ચિક ન અપાય. એ રીતે સામાન્ય સાધુઓને પણ અનવસ્થાપ્ય કે પારાઞ્ચિકને યોગ્ય મોટો અપરાધ કરવા છતાં આઠમા મૂળ સુધીનું જ પ્રાયશ્ચિત્ત અપાય, એમ સમજવું.

આ અનવસ્થાપ્યના બે ભેદો છે, ૧-આશાતનાઅનવસ્થાપ્ય અને ૨-પ્રતિસેવાઅનવસ્થાપ્ય. તેમાં પહેલું તીર્થંકર, ગણધર વિગેરે ઉત્તમોત્તમ પુરૂષોની અવહીલના કરે તેને જઘન્યથી છ મહિના સુધીનું અને ઉત્કૃષ્ટથી એક વર્ષ સુધીનું અપાય છે. બીજું તો હાથથી માર મારવો, સમાનધર્મીની(સાધુઓની) કે અન્યધર્મીની ચોરી કરવી, વિગેરે કુકૃત્યો કરનારને જઘન્યથી એક વર્ષ અને ઉત્કૃષ્ટથી બારવર્ષ સુધીનું અપાય છે. કહ્યું છે કે-"તેમાં આશાતનાઅનવસ્થાપ્ય જઘન્યથી છ મહિના-ઉત્કૃષ્ટથી સંવત્સર અને પ્રતિસેવનાઅનવસ્થાપ્ય જઘન્યથી બાર મહિના-ઉત્કૃષ્ટથી બાર વર્ષો સુધીનું અપાય છે.

નવમું અને દશમું બે પ્રાયશ્ચિત્તો ચૌદપૂર્વીઓ અને પહેલાસંઘયણવાળા સાધુઓ સુધી હતાં, તે પછી વિચ્છેદ પામ્યાં છે. મૂળ સુધીનાં આઠ તો શ્રીદુપ્પસહસૂરિજી સુધી રહેશે. કહ્યું છે કે—

"दस ता अणुसज्जंती, जा चउदसपुव्विपढमसंघयणी ।
तेण परं मूलंतं, दुप्पसहो जाव चारित्ती ॥" प्रवचनसारो० ७९८॥

**ભાવાર્થ**-દશે પ્રાયશ્ચિત્તો ચૌદપૂર્વિઓ અને પ્રથમસંઘયણવાળા હશે ત્યાં સુધી અને તે પછી મૂલ સુધીનાં આઠ દુપ્પસહસૂરિજીના કાળ સુધી ચાલશે.

એ પ્રમાણે દશવિધ પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ લેશ માત્ર[૨૮૮]કહ્યું.

---

૨૮૮—પ્રાયશ્ચિત્ત, પશ્ચાત્તાપ, શોધિ, વિશુદ્ધિ, વિગેરે શબ્દો એક જ અર્થના વાચક છે. જેનાથી પ્રાયઃ ચિત્ત (આત્મા) નિર્મળ થાય જેમાં કરેલી ભૂલનો પસ્તાવો હોય, જે આત્માનો કર્મ મેલ સાફ કરે, અને જે વિશેષ શુદ્ધિ કરે, તે પ્રાયશ્ચિત કહેવાય. પ્રાયશ્ચિત કરવા છતાં પણ જો પ્રાયશ્ચિત્ત કરનારનું ચિત્ત દોષોથી પરાઙ્મુખ ન બને, ભૂલનો પસ્તાવો ન હોય, ભૂલ કરવાથી લાગેલા અતિચારના મેલને જે સાફ ન કરે કે આત્માને સવિશેષ નિર્મળ ન બનાવે, તે માત્ર વ્યવહારપ્રાયશ્ચિત્ત છે. કોઇ વાર તે દોષો સેવવામાં નિર્ભય બનાવી દે છે, માટે પ્રાયશ્ચિત્ત નિર્મળભાવથી શાસ્ત્રોક્ત વિધિથી કરવું. પ્રાયશ્ચિત્તનું મહત્વ વિગેરે ટીપ્પણી નં. ૨૬૬ માં કહ્યું છે, ઉપરાન્ત આલોચનાચાર્ય અને આલોચકની યોગ્યતા વિગેરે પહેલા ભાગમાં પૃ. ૬૬૫ થી જોઇ લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા उपसर्गतितिक्षा એમાં 'उप એટલે સમીપમાં અને सर्ज એટલે સર્જન કરવું' અર્થાત્ (દેવાદિ)સમીપમાં આવીને કરે, અથવા જે સમીપમાં થાય, (દૂરથી ન થાય,)તેને ઉપસર્ગ કહેવાય.[૨૮૯]

વળી સ્વરૂપથી જ મહાવ્રતોનું પાલન દુષ્કર છે અને વર્તમાનમાં તો અનિચ્છાએ પણ દોષ સેવવાનો પ્રસઙ્ગ આવે તેવું સંયમ દુરારાધ્ય કહ્યું છે, એમ જો જીવનમાં દોષો અનિવાર્ય છે તો તેને ટાળવા માટે પ્રાયશ્ચિત્ત પણ અનિવાર્ય બને છે. બાહ્યશત્રુ, રોગ, કે અગ્નિને ઉગતા જ દાબી દેવા જોઈએ, જો થોડી પણ ઉપેક્ષા સેવાય તો તે જીવલેણ બને, તેમ જ્ઞાનાચારાદિ પાંચે આચારોમાં લાગેલો અતિચાર ભલે પછી તે ન્હાનો હોય પણ ઉપેક્ષા કરવાથી ચારિત્રરૂપ ભાવપ્રાણનો નાશ કરવા સમર્થ બને છે. સાધુધર્મનાં કે શ્રાવકધર્મનાં પ્રત્યેક અનુષ્ઠાનો જ વસ્તુતઃ જીવના અનાદિ મોહમૂઢઆચરણના પ્રાયશ્ચિત્તરૂપ છે, તે જેટલાં શુદ્ધ કરી શકાય તેટલું વહેલું સંસારનું બન્ધન તૂટે. એ કારણે અનુષ્ઠાનો નિરતિચાર સેવવાં જોઈએ, છતાં કાળ, શરીર-સામર્થ્ય અને બુદ્ધિની હાનિ, વિગેરે દોષોના કારણે દોષ સેવવો અનિવાર્ય બને ત્યારે તેનું પ્રાયશ્ચિત્ત શીઘ્રાતિશીઘ્ર કરી લેવું જોઈએ.

પ્રાયશ્ચિત્ત માનસિકશુદ્ધિ રૂપ છે, પસ્તાવા રૂપ છે, એથી તેના પ્રકારો ન પડે, અથવા પરિણામની વિચિત્રતાથી સંખ્યાતા પ્રકારો પડે, છતાં અહીં દશ પ્રકારો કહ્યા તે સેવેલા દોષોની તારતમ્યતાની અપેક્ષાએ સમજવા. દોષ, દોષસેવનારની પરિણતિ, કે તેના વ્યક્તિત્વની (પ્રભુત્વની), એમ વિવિધ અપેક્ષાએ દોષ ન્હાનો મોટો મનાય છે. એક સરખો દોષ પણ સેવનારના પરિણામ મંદ કે તીવ્ર હોય, અથવા તેનું વ્યક્તિત્વ સામાન્ય કે વિશિષ્ટ હોય, તો તેનો દોષ પણ ન્હાનો કે મોટો ગણાય છે અને તેની શિક્ષા પણ તેને અનુસારે ન્હાની મોટી થાય છે, તેમ પ્રાયશ્ચિત્ત માટે પણ સમજવાનું છે. અહીં કહેલા દશ પ્રકારો ક્રમશઃ મોટા (આકરા) છે, સહુથી જઘન્ય આલોચના અને ઉત્કૃષ્ટ પારાઞ્ચિત છે. તેમાં પણ સર્વપ્રાયશ્ચિત્તો સર્વને અપાતાં નથી, જેને જે આપવા યોગ્ય હોય તેને તે અપાય છે. એ કારણે પ્રાયશ્ચિત્ત આપનાર સવિશેષ જ્ઞાની અને ગીતાર્થ હોવા સાથે જરૂરી ગુણોનું ભાજન હોવા જોઈએ.

લજ્જાદિને વશ થઈ આલોચના નહિ કરવાથી કેવું પરિણામ આવે તે માટે શાસ્ત્રમાં કહેલું અટ્ટન-મલ્લનું, ન્હાના પણ ઘણા દોષો સેવવાથી ચારિત્ર કેવું નિર્બળ બને તે સમજવા માટે કૃષ્ણજીની ભેરીનું, વિગેરે દૃષ્ટાન્તો ખાસ વિચારવા યોગ્ય છે. લોકમાં પણ 'ઝાઝી કીડીઓ સાપને તાણે' એવી કહેવત છે. પ્રાયશ્ચિત્તના વિષયમાં પણ તે વિશેષ બોધપ્રદ છે, માટે ન્હાના પણ દોષનું પ્રાયશ્ચિત્ત શીઘ્ર કરવું જોઈએ.

પ્રાયશ્ચિત્ત નહિ કરનારો અંતકાળે આર્તધ્યાનને વશ થઈ સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી. વિશિષ્ટ વૈભવ, બુદ્ધિ, યશકીર્તિ કે સંપત્તિ હોવા છતાં રોગી પ્રસન્ન થઈ શકતો નથી તેમ જ્ઞાની પણ પ્રાયશ્ચિત્ત ન કરે તો આત્માનન્દનો અનુભવ કરી શકતો નથી. વસ્તુતઃ આત્માનું નિર્દોષ જીવન એ જ તેની પ્રસન્નતાનું સર્જક છે, પ્રસન્નતા વ્રતપાલનની ભૂમિકા છે અને વ્રતાદિનું નિર્મળ પાલન સર્વ સુખનું સાધક છે.

વસ્તુતઃ પ્રાયશ્ચિત્ત એટલે અનાદિ મોહમૂઢતાનો પ્રતિપક્ષ, તેના અભાવે મોહાદિનું બળ કદી પણ તૂટે નહિ અને આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રગટે પણ નહિ. એ કારણે જૈનદર્શનમાં પ્રાયશ્ચિત્તને દરેક અનુષ્ઠાનોમાં વ્યાપક (પ્રાણભૂત) માનવામાં આવ્યું છે. જે અનુષ્ઠાનથી સંસારનું પ્રાયશ્ચિત્ત થાય નહિ, અર્થાત્ પક્ષ તૂટે નહિ તે અનુષ્ઠાનને નામમાત્ર કહ્યું છે, માટે સર્વપ્રવૃત્તિમાં પ્રાયશ્ચિત્તનું ધ્યેય મુખ્ય રહેવું જોઈએ. આ કારણે અભ્યન્તર તપમાં પણ તેનો નંબર પહેલો છે, પ્રાયશ્ચિત્ત વિના વિનય, વૈયાવચ્ચ વિગેરે બીજો કોઈપણ તપ તેના સાચા સ્વરૂપમાં પ્રગટતો નથી. આ અર્થમાં જિનાજ્ઞાની ન્હાની મોટી કોઈ પણ આરાધના સ્વરૂપે જ પ્રાયશ્ચિત્તરૂપ છે, તેમાં પણ લાગેલા દોષોને દૂર કરવા માટે અહીં પ્રાયશ્ચિત્તનું વિધાન તથા તેના પ્રકારો વિગેરે જણાવ્યું છે.

૨૮૯-અહીં કહેલા ચાર કે સોળ પ્રકારના ઉપસર્ગો સંસારવર્તી જીવોને એક યા બીજા કારણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે માટે (યોગશાસ્ત્ર પ્રકાશ ૩, શ્લો૦ ૧૫૩ની ટીકામાં) કહ્યું છે કે–દેવથી, મનુષ્યથી, તિર્યંચથી અને સ્વયં કરાતા, એમ ઉપસર્ગો ચાર પ્રકારના છે, તે પ્રત્યેકના પણ ચાર ચાર પ્રકારો છે (૧). તેમાં ૧–હાસ્ય (કુતૂહલ)થી, ૨–દ્વેષથી, ૩–રોષથી, અને ૪–એ ત્રણે પ્રકારથી કરાતો મિશ્ર, એમ દૈવી ઉપસર્ગ ચાર પ્રકારે થાય. ૧–હાંસી–મશ્કરીથી, ૨–દ્વેષથી, ૩–વિમર્શ–રોષથી અને ૪–દુરાચારીઓની સોબતથી, એમ મનુષ્યથી ચાર પ્રકારે થાય (૨). તથા ૧–ભયથી ગભરાઇને, ૨–ક્રોધથી, ૩–આહાર મેળવવા માટે અને ૪–બચ્ચાંના રક્ષણ માટે, એમ તિર્યંચ તરફથી ચાર પ્રકારે થાય અને ૧–સ્વયં અથડાવું, ૨–થંભવું, ૩–ભેટવું (વળગી પડવું) અને ૪–પડતું મૂકવું, એ ચાર પ્રકારે સ્વયં કરાય (૩), અથવા ૧–વાતરોગ, ૨–પિત્તરોગ, ૩–કફનો રોગ અને ૪–એ ત્રણે ભેગા થાય તે ત્રિદોષ અર્થાત્ સન્નિપાત, એમ પણ સ્વકૃત ઉપસર્ગોના ચાર પ્રકારો શારીરિક રોગજન્ય સમજવા. તે પ્રત્યેકને સમતાથી સહન કરવા તે સાપેક્ષ યતિધર્મ છે.

તથા **परीषहजयः** એટલે મોક્ષમાર્ગમાં સ્થિર–દૃઢ–અચલ થવા માટે તથા કર્મોની નિર્જરા માટે વારંવાર સહન કરવામાં આવે તે પરીષહ કહેવાય. તે ૧–ક્ષુધા, ૨–તૃષા, ૩–શીત, ૪–ઉષ્ણ, ૫–ડાંસ–મચ્છરાદિના દંશ, ૬–નગ્નપણું (અચેલક), ૭–અરતિ, ૮–સ્ત્રી, ૯–ચર્યા (વિહાર), ૧૦–આસન, ૧૧–શય્યા (ઉપાશ્રય), ૧૨–આક્રોશ, ૧૩–વધ, ૧૪–યાચના, ૧૫–અલાભ, ૧૬–રોગ, ૧૭–તૃણસ્પર્શ, ૧૮–મેલ, ૧૯–સત્કાર, ૨૦–પ્રજ્ઞા, ૨૧–અજ્ઞાન અને ૨૨–સમ્યગ્દર્શન, એમ બાવીશ છે, તેનો જય એટલે પરાભવ કરવો તે સાપેક્ષયતિધર્મ છે. યોગશાસ્ત્ર(પ્રકાશ–૩ શ્લો. ૧૫૩)–ની ટીકામાં પરીષહોનું સ્વરૂપ કહ્યું છે કે–

૧–**ક્ષુધા**–ભૂખથી પીડાવા છતાં શક્તિમાન્ સાધુ એષણા સમિતિમાં દોષ ન સેવે, કિન્તુ દીનતા–વિહ્વળતા વિના જ વિદ્વાન્ તે માત્ર આજીવિકાના ધ્યેયથી અપ્રમત્તપણે આહારાદિ માટે ફરે. (૧)

૨–**તૃષા**–વિહાર કરતાં માર્ગે તૃષાથી પીડાવા છતાં તત્ત્વનો જાણ મુનિ દીનતા છોડીને ચાલે, ઠંડા (કે સચિત્ત) પાણીની ઇચ્છા ન કરે, મળે તો અચિત્ત પાણીને ઇચ્છે. (૨)

૩–**શીત**–ઉત્તમ મુનિ ઠંડીથી પરાભવ પામવા છતાં વૃક્ષોની છાલ કે બીજાં સૂત્રાઉ વિગેરે વસ્ત્રોના અભાવમાં પણ અકલ્પ્યવસ્ત્રને ન સ્વીકારે અને અગ્નિની સહાય પણ ન લે. (૩)

---

આવતા હોય જ છે, પ્રાયઃ કોઇને કોઈ પરાભવથી તે પીડાતો હોય છે. તો પણ તેને ઉપસર્ગસહવારૂપ ધર્મ નહિ કહેતાં કષ્ટોનું વેદન કહેવાય છે. તેનું કારણ એ છે કે-એ પરાભવો–કષ્ટોને સહવા છતાં જીવનું લક્ષ કર્મનિર્જરાનું હોતું નથી, તેથી તેમાં સમાધિનો (ચિત્તપ્રસન્નતાનો) અનુભવ તે કરી શકતો નથી, ઉલટું ક્લેશ–ખેદ વિગેરે કરીને નવાં કર્મો બાંધે છે. જો સંસાર કષ્ટોની ખાણ છે, એક યા બીજા કારણે ભિન્ન ભિન્ન કષ્ટો ભોગવવાં જ પડે છે, તો તેને કર્મક્ષયનાં નિમિત્ત કેમ નહિ બનાવવાં ? કર્મોના ઉદયથી જીવ જે જે કષ્ટોને ભોગવે છે તે કષ્ટોને જ તે કર્મોની નિર્જરામાં સાધનભૂત બનાવવાં એ જ સાધુધર્મનું લક્ષ્ય છે–ફળ છે, એ ઉદ્દેશથી જ સાધુધર્મ પાળવાનું અને તેનું જ્ઞાન મેળવવાનું છે, અન્યથા જ્ઞાન અને ક્રિયાનું કંઈ ફળ નથી. અહીં વિવિધ કષ્ટોના આ રીતે પ્રકારો પાડીને તેને સમતાથી સહન કરવાનો ઉપદેશ કર્યો છે તેમાં પણ એ જ હેતુ છે. વસ્તુતઃ જીવ જેમ જેમ સ્વકૃતકર્મોદયજન્ય કષ્ટોથી ગભરાય છે તેમ તેમ તેનાં કષ્ટો વધતાં રહે છે અને સમતાથી સહવાનું સત્ત્વ કેળવે છે તેમ તેમ ક્ષય થતાં જાય છે. આ કારણે જ અનંત બળ, વીર્ય અને પરાક્રમવાળા છતાં પ્રભુ શ્રીમહાવીરે પોતાના જીવનમાં કષ્ટોને સમતાથી સહ્યાં અને સહવાનો ઉપદેશ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪–**ઉષ્ણ**–ગરમીથી પીડાવા છતાં મુનિ તેની નિન્દા, છાયાનું સ્મરણ, વિંજણો, પંખો કે હવા વિગેરેનો ઉપયોગ અને શરીરે પાણી છાંટવું વિગેરે શીતળ ઉપચારો પણ ન કરે. (૪)

૫–**મચ્છર અને ડાંસ**–કરડવા છતાં 'સર્વ જીવોને આહાર પ્રિય છે' એમ સમજતો જ્ઞાની મુનિ તેની ઉપર દ્વેષ કે ત્રાસ ન કરે, ઉડાડે નહિ, ઉપેક્ષા કરે અને પીડાને સમભાવે સહન કરે. (૫)

૬–**નગ્નતા**–જીર્ણ અને તુચ્છ વસ્ત્રો પહેરવા છતાં મુનિ 'મારે વસ્ત્ર નથી, અથવા ખરાબ છે, અથવા સારૂં છે' ઇત્યાદિ વસ્ત્રના રાગ–દ્વેષમાં મુંઝાય નહિ પણ લાભાલાભમાં (લાભાન્તરાય–કર્મના) ક્ષયોપશમની વિચિત્રતાનો જાણ અચેલકપરીષહને સહન કરે, કુવિકલ્પો ન કરે. (૬)

૭–**અરતિ**–ધર્મથી અનુભવાતા આરામમાં આનંદ માનતો મુનિ ચાલવામાં, ઉભા રહેવામાં કે બેસી રહેવામાં, કદાપિ અરતિ (ખેદ) ન કરે, કિન્તુ (ચિત્તની) સ્વસ્થતાનો જ અનુભવ કરે. (૭)

૮–**સ્ત્રીઓ**–'દુર્ધ્યાનના સેવન(કારણ)રૂપ કાદવથી ભરેલી અને તેથી મોક્ષપુરીના દરવાજાની સાંકળ તુલ્ય (મોક્ષમાં પ્રતિબન્ધક) સ્ત્રીનો વિચાર માત્ર કરવાથી પણ ધર્મનો નાશ થાય છે' એમ સમજતો મુનિ સ્ત્રીના ભોગનો વિચાર પણ ન કરે. (૮)

૯–**વિહાર**–કોઈ ગામ, શહેર, વિગેરે સ્થાને સ્થિર નહિ રહેતાં સ્થાન વિગેરેના પ્રતિબન્ધથી મુક્ત મુનિ (ગચ્છવાસને પૂર્ણ કરીને પડિમા વગેરે) વિવિધ અભિગ્રહો કરીને એકલો પણ ફરે. (૯)

૧૦–**આસન**–સ્ત્રી, પશુ અને નપુંસકો વિગેરે ભાવકાંટાઓથી રહિત સ્મશાન, (પર્વતની ગુફા) વિગેરેને આસન માનીને નિર્ભય અને શરીરમમતાથી પણ રહિત બનેલો મુનિ ત્યાં ઇષ્ટ–અનિષ્ટ ઉપસર્ગોને સહન કરે. (૧૦)

૧૧–**શય્યા (ઉપાશ્રય)**–'સવારે તો અન્યત્ર જવાનું છે' એમ સમજતો નિઃસ્પૃહ મુનિ સારા–નરસા ઉપાશ્રયનાં સુખ–દુઃખને સમભાવે સહન કરે, તેમાં રાગ કે દ્વેષ ન કરે. (૧૧)

૧૨–**આક્રોશ**–કોઈ આક્રોશ કરે તો પણ પોતાના ક્ષમાશ્રમણપણાને સમજતો મુનિ સામો આક્રોશ ન કરે. આક્રોશ કરનારનો અપકાર નહિ પણ ઉપકાર માને. અને પોતાના સમતા–ધર્મની સાધના માટે તે નિમિત્ત આપે છે એમ સમજી પ્રસન્નતા અનુભવે. (૧૨)

૧૩–**વધ**–કોઇ તાડન–તર્જન કરે તો પણ સમતાથી સહન કરે અને 'મારા પ્રાણ તો લીધા નથી ને !' એમ માનતો, ક્રોધની દુષ્ટતાને અને ક્ષમાધર્મના ઉપકારને સમજતો જ્ઞાની સામો પ્રહાર ન કરે(મારવાની ઇચ્છા પણ ન કરે, કિન્તુ સામાને થતા કર્મબન્ધથી તેની કરૂણા ચિન્તવે).(૧૩)

૧૪–**યાચના**–'બીજાના દાન ઉપર જીવનારા સાધુઓને યાચના કરવી અનુચિત નથી' એમ (જિનાજ્ઞાને)સમજતો મુનિ યાચનાનું દુઃખ ન ધરે અને પુનઃ ગૃહસ્થજીવનની ઇચ્છા પણ ન કરે. (૧૪)

(૧૫)–**અલાભ**–(લાભાન્તરાય કર્મના ઉદયથી નહિ મળનારાં તથા ક્ષયોપશમથી મળનારાં) **આહાર–વસ્ત્ર**–પાત્રાદિ બીજાને માટે કે પોતાના માટે ગૃહસ્થ–દાતાર પાસેથી ન મળે તો પણ ખેદ ન કરે અને મળે તો હર્ષ પણ ન કરે, એટલું જ નહિ, ન મળે તેમાં પોતાના અન્તરાયકર્મના ઉદયને કારણભૂત માની સમતા ધારણ કરે પણ બીજાની નિન્દા ન કરે. (બીજા લબ્ધિવંત સાધુને મળે તે જોઇને તેજોદ્વેષ પણ ન કરે કિન્તુ તેઓ પ્રત્યે આદર રાખે.) (૧૫)

૧૬–**રોગ**–શારીરિક રોગ આવે ત્યારે ઉદ્વેગ ન કરે, 'કર્મોદયજન્ય રોગને સમતાથી સહન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં કર્મો ખપી જાય છે' એમ સમજી ઔષધની ઇચ્છા પણ ન કરે, કિન્તુ આત્માથી શરીરને ભિન્ન માનીને દીનતા વિના સહન કરે. (ઔષધ કરે તો પણ સંયમના ધ્યેયથી કરે.) ૧૬.

૧૭–**તૃણસ્પર્શ**–વસ્ત્રોના અભાવે કે વસ્ત્રો થોડાં અથવા ટૂંકાં હોવાથી તૃણ–ઘાસ વિગેરે પાથરીને સુવે, તૃણના કર્કશ સ્પર્શને સહન કરે, કિન્તુ કોમળ તૃણની (સ્પર્શની) ઇચ્છા ન કરે. (૧૭)

૧૮–**મલ**–ઉન્હાળાના તાપથી થતા પરસેવાને યોગે સર્વ અઙ્ગોમાંથી ઝરતા મેલથી ઉત્તમ મુનિ ઉદ્વેગ ન પામે, સ્નાનને ન ઇચ્છે, અને મેલને ન ઉતારે, કિન્તુ (શરીરની અશુચિતાનું તથા વસ્તુના તે તે ધર્મનું ધ્યાન કરતો) સમતાથી સહન કરે. (૧૮)

૧૯–**સત્કાર**–ઉત્તમ મુનિ મારો કોઈ સત્કાર, જેવો કે–'સામે ઉભા રહેવું, પૂજન કરવું, દાનાદિ વિનય કરવો' વિગેરે કરે, એવું ઇચ્છે નહિ, તેવો સત્કાર કોઇ ન કરે તો દીન થાય નહિ, તેમ કરે તો હર્ષ પણ ન કરે. (કિન્તુ તે સત્કાર ચારિત્રધર્મનો થાય છે એમ સમજી તેમાં સન્માન–પ્રીતિ વધારે.) (૧૯)

૨૦–**પ્રજ્ઞા**–પ્રજ્ઞાવંત મુનિ પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) ઉત્કર્ષથી અહંકાર ન કરે. કિન્તુ અધિક જ્ઞાનીઓની અપેક્ષાએ પોતે અજ્ઞાન છે એમ સમજીને તેઓનો વિનય કરે તથા અલ્પ–જ્ઞાનવાળાઓ પ્રત્યે અનાદર ન કરતાં વાત્સલ્ય કરે. (૨૦)

૨૧–**અજ્ઞાન**–(ભણી શકે નહિ તો) 'હું ભણી શકતો નથી' અને જ્ઞાની હોય તો 'હું જ્ઞાન–ચારિત્રવાળો તો છું પણ છદ્મસ્થ હોવાથી ઘણો અજ્ઞાની છું' એવો ખેદ ન કરે, 'જ્ઞાનની પ્રાપ્તિ ક્રમથી થાય છે' એમ સમજી પુરૂષાર્થ કરે અને અજ્ઞાનને સમતાથી સહન કરે. (૨૧)

૨૨–**સમકિત**–શ્રીજિનેશ્વરો, તેઓએ કહેલાં શાસ્ત્રવચનો, તથા જીવ, અજીવ, ધર્મ, અધર્મ, પરભવ, વિગેરે ભાવો પરોક્ષ છતાં મિથ્યા નથી, એમ માનતો સમકિતને પામેલો ઉત્તમ મુનિ 'તે સર્વ સત્ય છે' એમ ચિંતવે, કોઇના પ્રયત્નથી ચલિત ન થાય. (૨૨)

એમ સ્વ–પરથી થતા શારીરિક તથા માનસિક પરીષહોને મન–વચન અને કાયાનો વિજેતા મુનિ નિર્ભય (અદીન) બનીને સહન કરે.[૨૯૦](૨૩)

---

૨૯૦–જીવને અનાદિ કાળથી અજ્ઞાન અને મોહના ઉદયે જડ સુખનો, તે સુખને ભોગવવાના સાધનભૂત શરીરનો અને એ શરીરની રક્ષા માટેના આહારાદિનો પક્ષ છે. એટલું જ નહિ, પોતે અજ્ઞાન અને મોહજન્ય દૂષણોથી ભરેલો છતાં બહારથી સારા દેખાવાનો અને દૂષણોને છૂપાવવાનો પણ સતત પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન કરવાથી તેના ક્રોધ, માન માયા, લોભ વિગેરે કષાયોનું અને શુભાશુભ શબ્દાદિ વિષયોના રાગ–દ્વેષનું પોષણ થયા કરે છે અને તેથી પારાવાર કષ્ટો–દુઃખો વેઠવા છતાં તેનો અન્ત થતો નથી. એ કારણે વિષયો પ્રત્યે થતા રાગાદિનાં અને ક્રોધાદિ કષાયોનાં મૂળને ઉખેડવા પરીષહોને સહવા જોઇએ. પરીષહોનું સ્વરૂપ મૂળ ગ્રન્થકારે જણાવ્યું છે, તે ઉપરાન્ત પણ પરીષહોને સહવાથી થતો વિવિધ આત્મલાભ સમજવો જરૂરી છે. મનુષ્ય પરીષહોને સહન કરી શકતો નથી તેમાં એ પણ એક હેતુ છે કે પરીષહો સહવાથી થતા લાભની તેને શ્રદ્ધા નથી. 'અમુક કામ–કષ્ટ કરવાથી સંસારનું અમુક સુખ મળશે' એવી શ્રદ્ધા ધરાવતો માનવી સંસારનાં કષ્ટો જેટલા હર્ષપૂર્વક વેઠે છે, તેટલા જ કે તેથી પણ અધિક હર્ષથી પરીષહોને પણ સહી શકે, જો તેને તેના લાભોમાં શ્રદ્ધા હોય. જીવમાં લાભની આશાએ કષ્ટ વેઠવાનું બળ પ્રગટે છે. પરીષહોને વિધિથી સહન કરનારને જે વિશિષ્ટ લાભ થાય છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પરીષહો જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાયકર્મના ઉદયવાળાને સંભવિત છે (૨૪). તેમાં વેદનીયકર્મના ઉદયથી ૧–ક્ષુધા, ૨–તૃષા, ૩–શીત, ૪–ઉષ્ણ, ૫–ડાંસ (મચ્છર) વિગેરે ૬–ચર્યા (વિહાર), ૭–વસતિ (ઉપાશ્રય), ૮–વધ, ૯–રોગ, ૧૦–તૃણસ્પર્શ અને ૧૧–મેલ પરીષહ સંભવે છે (૨૫), જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી ૧૨–પ્રજ્ઞા, અને ૧૩–અજ્ઞાનપરીષહ હોય છે તથા અંતરાયકર્મના ઉદયથી ૧૪–અલાભપરીષહ હોય છે. આ ચૌદ છદ્મસ્થને જ હોય છે

---

લાભને મેળવવાની જગતમાં કોઈ બીજી કળા, બુદ્ધિ, કે શક્તિ છે જ નહિ, હા, પરીષહોને સહવાનું સમ્યગ્ જ્ઞાન જોઇએ. આહારની ક્ષુધાને સહવાથી મનની ભૂખ જે જગતના સર્વ અનર્થોનું બીજ છે તેનો નાશ થાય છે અને આત્મા સ્વગુણની તૃપ્તિનો આનંદ ભોગવી શકે છે. માટે જીવવાના ધ્યેયથી નિર્દોષ આહાર લેવો જોઇએ. ક્ષુધાને નાશ કરવાનું ધ્યેય સિદ્ધ કરવું હોય તો તેને જ સહવી જોઇએ, અનંતા કાળથી ભૂખના દુઃખે વિવિધ પ્રયત્નો–પાપો કરવા છતાં અને પર્વતો જેટલાં અનાજ ખાવા છતાં જે ભૂખ ભાગી નહિ તેને માનવી શું શેરભર અનાજથી ભાગી શકવાનો છે? એ બુદ્ધિગમ્ય પણ નથી કે ખાવાથી સદાને માટે ભૂખ ટળે. ખાવાથી અસંતોષ–શરીરનું મમત્વ વધે છે અને ભૂખ સહવાથી તેનો નાશ થાય છે, એ અનુભવસિદ્ધ સત્ય છે. માટે અહીં ક્ષુધાને સહવાનું અને માત્ર જીવન ટકાવવા પૂરતો નિર્દોષ આહાર લેવાનું વિધાન કર્યું છે. એ રીતે તૃષાને પણ સહવાથી મનની તૃષ્ણાનો જય થાય છે અને આત્મા સ્વસ્વરૂપની શીતળતાનો અનુભવ કરે છે. જળપાન માત્ર પ્રાણની રક્ષા માટે જોઇએ. એવા ધ્યેયથી કર્મનિર્જરા થતાં તૃષાની સર્વથા શાન્તિ થાય છે. જે શરીરના સંબંધથી અનંતા જન્મ–મરણાદિ થયાં તે શરીરની મમતા તોડવી, તેને કેવળ ધર્મસાધન બનાવવું, એ જ માનવદેહ પામ્યાનું ફળ છે. સાગરોના પાણી જેટલું જળપાન કરવા છતાં જે તૃષા શમી નથી તેને શમાવવાનો એક જ ઉપાય છે તૃષાને સહન કરવી તે. ઠંડું–ઉષ્ણ કે ભીનું હવામાન રોગીને અસર કરે તો રોગ વધે છે માટે તેવી હવામાં જીવવા છતાં તેની અસરથી બચવું જરૂરી છે. એટલું જ નહિ, તે વિવિધ ઋતુના વિવિધ હવામાનથી શરીરનું આરોગ્ય મેળવવાનું છે તેમ **શીત અને ઉષ્ણ** પરીષહોને સમતાપૂર્વક સહવાથી અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ કે જે આત્માનો રોગ છે તે ટળે છે, એ જેમ જેમ ટળે તેમ તેમ જીવને પ્રતિકૂળતા સહન કરવામાં આનંદ આવે છે, અનુકૂળતાથી ભય પામે છે, અને પરિણામે તેને સર્વત્ર અનુકૂળતા મળવા છતાં તેમાં તે જરા પણ ન લેપાય એવું વૈરાગ્યમય આત્મબળ પ્રગટ થાય છે. તેના બળે રાગ–દ્વેષનાં મૂળીયાં ઉખડી જાય છે અને પરિણામે જીવ વીતરાગતાને વરે છે. દંશ પરીષહને સહતાં એ વિચારવાનું છે કે મેં પૂર્વજન્મોમાં ભૂખના ત્રાસથી અનેક જીવતા જીવોને પણ ચાવી ખાધા અને પ્રાણમુક્ત કર્યા તે પાપ તોડવું હોય તો ભૂખથી રીબાતા આ ક્ષુદ્ર જીવોને રાહત આપવી જોઇએ. જે શરીરના સુખ માટે મેં અનંતા જીવોના પ્રાણ લીધા છે તો મારા શરીરથી બીજા જીવો તૃપ્ત થાય તેથી તે પાપ તૂટે, માટે આ શરીરના રૂધિર–માંસ આદિથી પણ બીજાઓને ભલે ઉપકાર થાય. તેઓને ઉપકાર થવાથી વસ્તુતઃ મને જ ઉપકાર થાય છે, ઇત્યાદિ વિચારવાથી શરીરની મમતા તૂટે છે. અચેલકપણાથી શરીરને શણગારવાની અને સંભાળવાની કુટેવ ટળે છે, એ ટળે ત્યારે જ આત્માના અલંકારરૂપ ગુણોની પ્રાપ્તિ, રક્ષણ અને વૃદ્ધિ થાય છે. માટે જિનાજ્ઞા છે કે 'સાધુએ ટૂંકાં, જીર્ણ અને તુચ્છપ્રાયઃ વસ્ત્રો પણ માત્ર સંયમની સાધનાના અને લોકવ્યવહારને અનુસરવાના ધ્યેયથી પહેરવાં જોઇએ' માટે એની આજ્ઞાના પાલનથી મારે કોઈની આજ્ઞા માનવાની નહિ રહે અને આત્માનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થશે. સાચાં વસ્ત્રો તો અકાર્યની લજ્જા છે, તેને મારે અખંડ રાખવી જોઇએ. એમ વિચારતાં લજ્જા પ્રગટે છે, અહંતા ઘટે છે અને જીવન હલકું–સ્વાશ્રયી બને છે. સંયમનાં કષ્ટો વેઠવામાં **અરતિ** કરવાથી સંસારનાં કષ્ટોની પરંપરા વધે છે માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૬). તે પૈકીના ક્ષુધા, પિપાસા (તૃષા), શીત, ઉષ્ણુ, દંશ, વિહાર, વધ, મેલ, શય્યા (ઉપાશ્રય), રોગ તથા તૃણુસ્પર્શ, એ અગીઆર વેદનીયકર્મના ઉદયથી થતા હોવાથી છદ્મસ્થ ઉપરાન્ત કેવળીને (જિનને) પણુ હોય છે (૨૭).

અન્યત્ર (પ્રવચન સારોદ્ધારમાં) કહ્યું છે કે-પરીષહોની ઘટના બે પ્રકારે થાય છે, એક કર્મપ્રકૃતિઓના ઉદયની અને બીજી ગુણુસ્થાનકોની અપેક્ષાએ. તેમાં પહેલો પ્રકાર આ પ્રમાણે છે-

---

તેનાથી છૂટવું હોય તો સંયમના વ્યાપારમાં (કષ્ટોમાં) અરતિ નહિ કરતાં ચિત્તની પ્રસન્નતા કેળવવી જોઇએ. એમ કરવાથી બાહ્ય-અભ્યન્તર કષ્ટોને સહવાનું અને તેનાથી સર્વથા છૂટવાનું સત્ત્વ પ્રગટે છે અને ઉત્તરોત્તર વધતા જતા સત્ત્વથી કર્મોનો-સર્વ દુઃખોનો સર્વથા નાશ કરી શકાય છે. આ અરતિ રતિના પક્ષમાંથી જન્મે છે, માટે રતિને પણુ તજવી જોઇએ. જેમ બે પાંખોના બળે પક્ષી ઉડે છે તેમ અરતિ-રતિના વિકલ્પોથી મન સ્થિર-શાન્ત-પ્રસન્ન થતું નથી અને મનની પ્રસન્નતા વિના કોઈ ક્રિયા સફળ થતી નથી. માટે સાધુતાના આનંદને અનુભવવા અરતિ-રતિ રૂપ મનની કલ્પનાઓનો નાશ કરીને અધ્યવસાયસ્થાનોને નિર્મળ કરવાં જોઇએ. સ્ત્રીનો શબ્દ અને તેના શરીરનું રૂપ, રસ, ગન્ધ તથા સ્પર્શ, એ પાંચ વિષયો ઉપરાંત તેના કટાક્ષો, હાવ-ભાવ વિગેરે સઘળું એવું કાતિલ ઝેર છે કે તેને વશ થએલો મનુષ્ય પછી ભલે તે ગમે તેવો જ્ઞાની હોય, કામવાસનાથી બચી શકતો નથી. બીજા પદાર્થોમાં એક-બે પ્રકારનું ઝેર હોય છે, સ્ત્રીમાં પાંચે ઇન્દ્રિયોનું ઝેર છે. અરે ! 'સ્ત્રી' શબ્દ પણુ એટલો વિકારક છે કે તેનું સ્મરણુ થતાં મનુષ્ય ધર્મધ્યાનથી ભ્રષ્ટ થઇને આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં ફસાઈ જાય છે. એ કારણે સાધુને નવ વાડોના પાલનમાં સ્ત્રીના ચિત્ર કે શબ્દથી પણુ બચવાનું વિધાન છે. ચારિત્રનું મૂળ બ્રહ્મચર્ય છે, તેની ઘાતક સ્ત્રી છે, માટે તે ગમે તેવા હાવભાવ બતાવે પણુ ચિત્તને અચલ બનાવવું જોઇએ. તેમ કરનારો કામનો વિજેતા બને છે, કામનો વિજય કર્યા પછી તેને જગતનો કોઈ શત્રુ પરાજિત કરી શકતો નથી. એમ સ્ત્રીપરીષહના જયથી આત્મા ત્રણે જગતનો વિજેતા બની શાશ્વત સુખને વરે છે. વિહારનો લાભ તો આની પહેલાં વિહારને અંગેના ૨૭૭-૨૭૮ ટિપ્પણોમાં કહ્યા છે. આસન-બેસવા-ઉભા રહેવાનું સ્થળ વિગેરે જેટલું કોમળ અને સુખપ્રદ હોય તેટલો તે આત્માને ભાવથી વિહ્વળ બનાવે છે, માટે તેની મમતા છોડીને કાંટા, કાંકરાને પણુ અવગણીને સમતા સાધવાથી મનનો વિજય કરવારૂપ લાભ થાય છે. ઉપાશ્રય-મકાનની મમતાને તજવા માટે ઘર છોડ્યા પછી પણુ ઉપાશ્રયની અનુકૂળતા-પ્રતિકૂળતાથી પરાભવ પામે તો ગૃહસ્થજીવનનો કરેલો ત્યાગ નિષ્ફળ થાય છે, ઉલટું ગૃહસ્થોનાં અનેકાનેક મકાનોની ઇચ્છા અને મમતા વધે છે. પરિણામે ઑલામાંથી ચૂલામાં પડવાની જેમ વિશેષ અહિત થાય છે. માટે નિર્મમતાની સાધના માટે સારા-નરસા ઉપાશ્રયમાં સમતા કેળવવી હિતકર છે. આક્રોશ સહવાથી ક્રોધાદિ કષાયોનો જય થાય છે, એને સહવા માટે સાધુને સહુ 'ક્ષમા-ક્ષમણુ'નું બિરૂદ આપે છે. જે ક્રોધી હોય તેને જ બીજાનો ક્રોધ નડે છે, માનીને જ બીજાનું માન (અવિનય) ખટકે છે, વિગેરે વિચારતાં સમજાય છે કે આક્રોશ બીજો કરે છે, પણુ નડે છે તે વસ્તુતઃ પોતાનો જ આક્રોશ હોય છે. બીજાનો આક્રોશ સહન કરવાથી પોતાનો આક્રોશ નાશ પામે છે અને 'ક્ષમાશ્રમણુ' બિરૂદ સાર્થક બને છે. વધ કરનાર પ્રત્યે ભાવદયાથી એમ ચિંતવવું જોઇએ કે 'મારા નિમિત્તને પામીને આ બિચારો કર્મથી ભારે થાય છે, મને ઉપદ્રવ કરવા છતાં અહિત તેનું થાય છે, એમ તે સ્વયં મરી રહ્યો છે તેને મારે મારવો તે મરતાને મારવા તુલ્ય છે, મારે તેને અટકાવવો-બચાવવો હોય તો મારે સહી લેવું જોઇએ' એમ વિચારી સમતાથી સહન કરતાં વૈર મટે છે અને શત્રુ પણુ મિત્ર થાય છે. જગતના પ્રાયઃ સર્વ જીવોની સાથે જીવને વૈર છે તેને ટાળવા માટે પ્રત્યેકના આક્રમણુને સહન કરવું, કોઇને આક્રમણુ નહિ કરવું, એ જ વૈર ટાળવાનો ઉત્તમ ઉપાય છે. યાચના કરતાં લજ્જા પામનારો પ્રાયઃ માનથી મુંઝાયેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"दंसणमोहे दंसणपरीसहो पन्नऽनाण पढमंमी(मि) ।
चरमेऽलाभपरीसह, सत्तेव चरित्तमोहंमी(मि) ।।६८७।।
अक्कोस अरइ इत्थी, निसीहिआऽचेल जायणा चेव ।
सक्कारपुरक्कारे, एक्कारस वेयणिज्जंमि ।। ६८८ ।।
पञ्चेव आणुपुव्वी, चरिया सेज्जा तहेव जल्ले य ।
वह रोग तणफासा, सेसेसुं नत्थि अवयारो ।।६८९।।" (प्रवचनसारोद्धार)

---

હોય છે, તે માનને મારવા માટે અને 'અહંતા' કે જે જગતને આંધળું કરનારો મોહનો મહામંત્ર છે, તેને નિષ્ફળ બનાવ્યા વિના દાનાદિ કે ક્ષમાદિ કોઇ ધર્મ સફળ થતો નથી, એમ સમજી યાચના કરવાથી મોટાઇનો મદ ઉતરી જાય છે. **અલાભ** કે **લાભ** દાતારના અને લેનારના ક્ષયોપશમને આધીન છે, છતાં તેને પોતાનાં માની દુર્ધ્યાન કરવું તે અજ્ઞાન છે. વસ્તુતઃ સાધુજીવનમાં પ્રાપ્ત થતાં આહારાદિ શ્રીવીતરાગશાસનની વ્યવસ્થાનું અને ગુરૂની કૃપાનું ફળ--બળ છે, તે ન મળે તેમાં લાભાન્તરાયનો ઉદય માનીને સમતા કેળવવાથી લાભાન્તરાય તૂટે છે. અલાભ ત્યારે થાય છે કે પૂર્વે અનેક જીવોના સાચા હક્કોને ઘૂંટીને અંતરાયકર્મ બાંધ્યું હોય, તેને સમજીને સમતાપૂર્વક ભોગવવાથી લાભાન્તરાય તૂટે છે. જરૂરી વસ્તુ ન મળે તો પણ સમભાવ રાખવાથી ત્યાગ–તપની સિદ્ધિ થાય છે, માટે અલાભનું મૂળ કારણ સમજવાપૂર્વક ચિત્તને પ્રસન્ન રાખવું અને ખેદ કે નહિ આપનાર ઉપર દ્વેષાદિ નહિ કરવું. બલાત્કારે કે જિનાજ્ઞા વિરૂદ્ધ મેળવવાથી લાભાન્તરાયકર્મ બન્ધાય છે અને પરિણામે દુર્ગતિમાં જવું પડે છે. **રોગ** પૂર્વોપાર્જિત અશાતાવેદનીય વિગેરે કર્મોનું ફળ છે, પોતાનાં ઉપાર્જેલાં કર્મોનો બદલો ભોગવી લેવો તે જ ન્યાય છે, તેને બદલે ઔષધાદિનું સેવન કરવું તે અન્યાય છે. ઔષધથી રોગ ટળવાનો નિર્ણય નથી પણ તે એક આર્ત્તધ્યાન હોવાથી નવું કર્મબન્ધન તો થાય છે જ. ઉપરાન્ત ઔષધ કરવામાં હિંસા, પ્રતિજ્ઞાનો ભંગ થવારૂપ અસત્ય, જીવઅદત્ત, તીર્થંકર અદત્ત વિગેરે અદત્તાદાન, શારીરિક સુખની ઇચ્છારૂપે અબ્રહ્મ અને શરીરની મમતારૂપે પરિગ્રહદોષ પણ રહેલો છે. 'શરીરનો રોગ મટાડવાને બદલે ઔષધથી કર્મરોગને વધારવાનું થાય છે, માટે સર્વ રોગના મૂળભૂત કર્મરોગને મટાડવાના ઉપાયભૂત બાહ્યરોગોને સહન કરવામાં જ આત્માનું શ્રેય છે' એમ સમજતો મુનિ ઉત્સર્ગપદે રોગને સમતાથી ભોગવે પણ ઔષધની ઇચ્છા ન કરે. સમતાથી મટેલો રોગ પુનઃ કદી પ્રગટતો નથી, દવાથી મટે તો પણ એક યા બીજારૂપે પુનઃ પ્રગટ્યા વિના રહેતો નથી. શરીર અને આત્માની ભિન્નતાને સમજતો મુનિ કર્કશ પણ **તૃણસ્પર્શ**થી મુંઝાય નહિ ઉલટું 'આકિઞ્ચન્ય ધર્મના પાલન માટે શ્રી જિનેશ્વરોએ કરેલી આજ્ઞાના સ્પર્શમાં (પાલનમાં) જ સર્વ સુખપ્રદ સ્પર્શો રહેલા છે' એમ માનીને પ્રસન્નતાથી જિનાજ્ઞાનું પાલન કરે. શરીરનો **મેલ** શરીરની અશુચિતાના પરિણામે છે, તેના પ્રત્યે જુગુપ્સા કરવાથી બીજું શરીર જુગુપ્સનીય મળે છે અને તે ધર્મનું સાધન બનતું નથી. માટે ધર્મની સાધનામાં સહાયક શરીરની પ્રાપ્તિ કરવા તેનો મેલ સહવો જોઇએ, બાહ્ય મેલની જુગુપ્સાથી કર્મમેલ વધે છે, માટે 'કર્મમેલનો નાશ કરવા મલપરીષહ સહવો આવશ્યક છે' એમ સમજીને મલ પરીષહને સહવાથી ઉત્તમ–નીરોગી શરીર વિગેરે મળે છે. **સત્કાર** કોઈ કરે તો તે 'પોતાનો નહિ પણ ચારિત્રનો કરે છે' એમ સમજી તેનું અભિમાન નહિ કરવું જોઇએ. 'ચારિત્ર કે તેનો વેષ ન હોય તો કોઈ સત્કાર કરે નહિ' એમ સમજતો મુનિ જેમ જેમ સત્કાર વધે તેમ તેમ ચારિત્ર પ્રત્યે પૂજ્યભાવ–બહુમાન પેદા કરે, એમ કરવાથી ચારિત્રમોહનીયાદિ કર્મો તૂટે છે, અભિમાન કરવાથી તો તે ઉલટાં બન્ધાય છે. સત્કાર ન મળે તો 'પોતાની શિથિલતાને કારણે ચારિત્રનું માન ઘટે છે' એમ સમજીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-દર્શનમોહનીય કર્મના ઉદયથી દર્શનપરીષહ, પહેલા એટલે જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી પ્રજ્ઞા અને અજ્ઞાનપરીષહ, અન્તરાયના ઉદયે એક અલાભ અને ચારિત્રમોહનીયના ઉદયે સાત પરીષહો હોય છે (૬૮૭). તે કહે છે કે-આક્રોશ, અરતિ, સ્ત્રી, નિષદ્યા (આસન), અચેલક (નગ્નતા), યાચના અને સત્કાર-પુરસ્કાર, એ સાત ચારિત્રમોહના ઉદયથી તથા આગળના અગીઆર વેદનીયના ઉદયથી હોય (૬૮૮). તે અનુપૂર્વિથી એટલે ક્રમશઃ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ અને દંશ, એ પાંચ, તથા ચર્યા(વિહાર), શય્યા(ઉપાશ્રય), મેલ, વધ, રોગ અને તૃણસ્પર્શ. એ અગીઆર વેદનીયના ઉદયથી જાણવા. શેષકર્મોના ઉદયમાં પરીષહો હોતા નથી. (૬૮૯).

(એમ બાવીસ પરીષહો પૈકી એક દર્શનમોહથી, બે જ્ઞાનાવરણથી, એક અન્તરાયથી, સાત ચારિત્રમોહથી અને અગીઆર વેદનીયકર્મના ઉદયથી હોય, એ કર્મની અપેક્ષાએ કહ્યા.)

હવે બીજા પ્રકારે એટલે ગુણસ્થાનકની અપેક્ષાએ કહે છે કે-

" बावीसं बायरसंपराय, चउदस (य) सुहुमरायम्मि ।
छउमत्थवीयरागे, चउदस एक्कारसजिणंमि ॥" प्रवचनसारो० ६९०॥

**ભાવાર્થ**-બાદરસમ્પરાય(નવમા)ગુણસ્થાનક સુધી બાવીશ, સૂક્ષ્મસમ્પરાય(દશમા)માં ચૌદ, છદ્મસ્થવીતરાગને (અગીઆરમે-બારમે) ચૌદ અને કેવલીને અગીઆર પરીષહો હોય છે, (તેમાં નવમા સુધી બાવીશ, દશમે-અચેલક, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર અને દર્શન, એ દર્શન-ચારિત્રમોહનીય ઉદયજન્ય આઠ સિવાયના ચૌદ અને અગીઆરમે-બારમે પણ એ જ ચૌદ હોય છે. તેરમે-ચૌદમે ગુણસ્થાનકે વેદનીયકર્મોદયજન્ય ઉપરોક્ત અગીઆર હોય છે)

એકકાળે (સાથે) ઉત્કૃષ્ટથી અને જઘન્યથી એક જીવને પરીષહો કહ્યા છે કે-

" वीसं उक्कोसपए, वट्टंति जहन्नओ य एक्को य ।
सीओसिणचरिय निसीहिआ य जुगवं न वट्टंति ॥" प्रवचनसारो० ६९१॥

---

શિથિલતાને દૂર કરે, પણ પોતે ખેદ ન કરે. **પ્રજ્ઞા** જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમને અનુસારે પ્રગટે છે, તેનો મદ કરવાથી તે કર્મો બન્ધાય છે, માટે જેમ જેમ પ્રજ્ઞા વધે તેમ તેમ લઘુતાને અને વિનયને વધારતા મુનિને પ્રજ્ઞામદનો વિજય થાય છે. **અજ્ઞાન** જો કે દોષરૂપ છે, પણ તે ઇચ્છા માત્રથી ટળતું નથી, જ્ઞાન-જ્ઞાનીનો વિનય વિગેરે કરવાથી ટળે છે, એમ સમજતો મુનિ અજ્ઞાનથી દીન ન બને પણ વિશેષજ્ઞાનીઓનો વિનય-ભક્તિ કરતો તેમાં મુક્તિ જેટલો આનંદ અનુભવે. જ્ઞાન કરતાં ય જ્ઞાનીની ભક્તિ ઘણો લાભ કરે છે, તેઓની ભક્તિથી અજ્ઞાનનો નાશ થઇ જ્ઞાન પ્રગટે છે, એટલું જ નહિ, સર્વ દોષોમાં શિરદાર એવું મોહનીય કર્મ પણ તૂટી જાય છે અને જીવ વીતરાગ બની કેવળજ્ઞાન પ્રગટાવે છે 'માસતુસ' મુનિ વિગેરે એનાં ઝળહળતાં દૃષ્ટાન્તો છે. **સમકિત** ગુણને દૃઢ અને નિર્મળ બનાવવા માટે મુનિએ તેને દેવો ચલાયમાન કરે કે કોઈ ઇન્દ્રજાળીયો ભ્રમ ઉત્પન્ન કરે તો પણ શ્રીજિન અને જિનવચન સિવાય સઘળું મિથ્યા માનવું જોઇએ, દેવે કરેલી પણ પરીક્ષામાં શ્રેણિકની જેમ શ્રદ્ધાથી અચલિત થવું જોઇએ. એક શ્રદ્ધા અખંડ રહે તો સઘળા ગુણો જવા છતાં પુનઃ પ્રગટે છે અને શ્રદ્ધા-સમકિત ગયા પછી સઘળા ગુણો અવરાઇ જાય છે, પ્રગટ રહે તો પણ લાભ કરતા નથી.

એમ પરીષહોના જયથી ઘણો આત્મિક લાભ થાય છે. ઉપરાન્ત ગ્રન્થમાં જણાવ્યા પ્રમાણે તે કર્મોના ઉદયથી થાય છે માટે તે તે કર્મોને તોડવા માટે પણ તેને સમજપૂર્વક સહવા જરૂરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–એક સાથે એક જીવને ઉત્કૃષ્ટથી વીસ અને જઘન્યથી એક જ પરીષહ હોય છે, કારણ કે-શીત અને ઉષ્ણ તથા વિહાર અને ઉપાશ્રય (વસતિ), એ બે બે પરસ્પર વિરૂદ્ધ હોવાથી એક સાથે બેમાંથી કોઈ એક જ હોય. એ પરીષહોનું વર્ણન કર્યું.

આ ગચ્છવાસ, કુસંસર્ગત્યાગ, અર્થપદચિન્તન, વિહાર, આલોચના, પ્રાયશ્ચિત્ત કરવું, ઉપસર્ગોને સહવા તથા પરીષહોને જીતવા, વિગેરે ચારિત્રાનુષ્ઠાનોનું ભાવપૂર્વક નિર્મળ મનથી પાલન કરનારને પ્રાપ્ત થએલા ચારિત્રના અધ્યવસાયોનું રક્ષણ થાય છે, એટલું જ નહિ, ન પ્રગટ્યા હોય તેવા ઉપરના (વિશુદ્ધ) અધ્યવસાયો પણ આ ગચ્છવાસાદિના પાલનરૂપ ઉપાયોથી પ્રગટે છે, માટે તેનું યથાવિધિ પાલન કરવું જોઇએ. જો માત્ર વ્રતો સ્વીકારવાથી જ પરિણામની રક્ષા કે વૃદ્ધિ થતી હોય તો અભવ્યને પણ તે થાય, કારણ કે–અભવ્યો પણ વ્રતોને તો સ્વીકારે છે. માટે છદ્મસ્થ (પણ) ગુરૂઓની આજ્ઞાના પાલનરૂપ ચારિત્ર પાળવાથી જ ઉપસ્થાપના અર્થાત્ સ્વીકારેલાં મહાવ્રતો સફળ થાય છે એમ સમજી તેઓની આજ્ઞા મુજબ ઉપર કહ્યાં તે ગચ્છવાસાદિ દરેક કાર્યોનું યથાવિધિ પાલન કરવું. વધારે શું ? (ઉત્સર્ગમાર્ગે) ગુરૂઆજ્ઞાના પાલનથી જ મહાવ્રતોનું (ઉત્કૃષ્ટ) યાવત્ મુક્તિરૂપ ફળ મળે છે. માટે જ અહીં 'ગચ્છવાસાદિ કર્તવ્યોનું પાલન કરવું જ જોઇએ' એવો નિયમ જણાવ્યો છે. અન્યથા 'માત્ર સામાયિક ચારિત્રને પામીને પણ' અનંતા સિદ્ધ થયા હોવાથી ઉપસ્થાપના અને ગચ્છવાસ વિગેરે આ સઘળું વિધાન નિષ્ફળ ગણાય. હા, માત્ર સામાયિકથી મુક્તિ થાય, પણ તે રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો મહાવ્રતો સ્વીકારવારૂપ છેદોપસ્થાપના નામના બીજા પ્રકારના ચારિત્રને સ્વીકારીને ગુરૂઆજ્ઞાના પાલનપૂર્વક ગુણસ્થાનકોની વૃદ્ધિ કરવી તે છે. માટે અહીં કરેલું ગચ્છવાસાદિનું વિધાન સફળ છે. ગોવિન્દવાચક વિગેરેની જેમ વ્રતોને ઉચ્ચરતી વેળા ન હોય તેવા પણ ચારિત્રના પરિણામ આ ગચ્છવાસ વિગેરેના પાલનથી પાછળથી પણ પ્રગટે છે. માટે આ ગચ્છવાસાદિનું પાલન ઉદ્યમપૂર્વક કરવું જોઇએ.[૨૯૧]

૨૯૧–દીક્ષાનો સામાન્ય અર્થ પ્રતિજ્ઞા છે, છતાં જૈનપરિભાષામાં એને ચારિત્રનો સ્વીકાર માનવામાં આવે છે, ઘર છોડીને સાધુજીવનના માર્ગે અથવા સંસારનો માર્ગ છોડીને મોક્ષમાર્ગે પ્રવ્રજન (સતત ગમન) કરવાનું હોવાથી તેને 'પ્રવ્રજ્યા' પણ કહેવાય છે, એ સિવાય પણ તેનાં નામો અને અર્થો જુદી જુદી રીતે એ છે. અહીં તે પ્રસ્તુત નથી.

આ પ્રતિજ્ઞા જીવનપર્યન્તની કરાય છે, કારણ કે–એ ભવિષ્યમાં એને છોડી દેવાની હોય તો તેનો વિશિષ્ટ પ્રયત્ન કરવાનું બળ–ઉત્સાહ જીવમાં પ્રગટે નહિ. સામાન્યતયા જીવનો એ સ્વભાવ છે કે જે વસ્તુ તેને કાયમને માટે ઉપયોગી લાગે છે તેની સાથે જ તે સંબંધ કરી શકે છે અને તેનું રક્ષણ કે પાલન પણ કરી શકે છે. આ કારણે જ આર્યોનો લગ્નસમ્બન્ધ પણ વચ્ચે તૂટવાનો સંભવ છતાં જાવજ્જીવનો જ કરવામાં આવે છે. જો તેમ ન થાય તો દમ્પતિનો પરસ્પર સંબન્ધ કે ગૃહસ્થધર્મ સચવાય જ નહિ. અહીં એમ પ્રશ્ન થાય કે–શરીર–ઘર–કુટુમ્બ–ધન–વૈભવ વિગેરે આખરે છૂટે જ છે છતાં મનુષ્યો એનો સંબન્ધ અખંડ જાળવે છે, રક્ષા કરે છે અને પાલન પણ કરે છે, તે કેમ બને ? એનું સમાધાન એ છે કે–સઘળું અનિત્ય છતાં જેઓ 'તે છૂટવાનું નથી' એવું મિથ્યાજ્ઞાન ધરાવે છે, તેઓ જ તેમાં રાગ કરી શકે છે અને એને કાયમી બનાવવાના પ્રયત્નો જીવનભર કરવા છતાં એ મિથ્યાજ્ઞાનથી આખરે ઠગાય છે. તેને અનિત્ય માનનારો જ્ઞાની શક્ય હોય તો પહેલાંથી જ છોડી દે છે અને ન છોડી શકે તો પણ તેના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વદૃષ્ટિએ તો આ રીતે ચારિત્રપાલન કરવું તે જ જ્ઞાન અને શ્રદ્ધા (છે અથવા તેનું ફળ) છે, એના વિના માત્ર કોઇ જ્ઞાન કે કોરી શ્રદ્ધા સફળ નથી. કહ્યું છે કે—

" णिच्छयणयस्स चरणायविघाए णाणदंसणवहोऽवि ।
ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ॥ " पञ्चाशक ११–गा० ४५ ॥

**ભાવાર્થ**–નિશ્ચયનયના મતે ચારિત્રરૂપ આત્મસ્વભાવનો વિઘાત થવાથી જ્ઞાન અને દર્શનનો પણ વિઘાત મનાય છે, (નિશ્ચયથી જ્ઞાન–દર્શન અને ચારિત્ર ત્રણે અભિન્ન છે, માટે એકના ઘાતે ત્રણેનો ઘાત ગણાય છે,) વ્યવહારનયના મતે તો ચારિત્રનો વિઘાત થવા છતાં દર્શન જ્ઞાનનો વિઘાત થાય અથવા ન પણ થાય. (અનંતાનુબંધિના ઉદયથી ચારિત્રનો ઘાત થાય તો દર્શન અને જ્ઞાન હણાય, અપ્રત્યાખ્યાનીયના ઉદયથી તો એક જ ચારિત્રનો ઘાત થાય.)

સંબન્ધથી લેપાતો નથી. દીક્ષા પણ જો અમુક મુદ્દત સુધીની જ હોય તો તેનું પાલન–રક્ષણ કરવાનો ઉત્સાહ જાગે જ નહિ અને તેનું યથાવિધિ પાલન પણ થાય નહિ.

એમ છતાં પ્રશ્ન થાય કે મરણ વખતે તો દીક્ષા છોડવાની (છૂટવાની)જ છે, તો તેનો સમ્બન્ધ કરવાથી શું ? અથવા તે પણ અનિત્ય હોવાથી તેમાં જ્ઞાની રાગ કેમ કરી શકે ? એનું સમાધાન એ છે કે–દીક્ષા ભલે આ ભવ પૂરતી હોય, પણ તેનું ફળ પરભવમાં સાથે આવે છે માટે તેનો સમ્બન્ધ જીવ કરી શકે છે. જો એમ પ્રશ્ન થાય કે–એ ન્યાય બન્ને પક્ષમાં તુલ્ય છે, કુટુમ્બ વિગેરેના સમ્બન્ધથી પણ તેનો રાગ–પ્રેમ વિગેરે ફળો પરભવમાં સાથે આવે છે, તો તેને શા માટે છોડવું ? પાલન વિગેરે કેમ નહિ કરવું ? તેનું સમાધાન એ છે કે–ધન–શરીર–કુટુમ્બ વિગેરેનો રાગ–પ્રેમ ભલે પરભવમાં સાથે આવે, પણ તે જેમ જેમ વધે તેમ તેમ આત્મા વધારે દુ:ખી થાય છે, માટે તેને વહેલામાં વહેલો છોડવો જોઇએ. દીક્ષાનું ફળ તો જડ પ્રત્યેનો વૈરાગ્ય થવો તે આત્માનો ગુણ છે, માટે તે જેમ જેમ વધે તેમ તેમ આત્માનું સુખ વધે છે અને પરભવમાં પણ તે સુખી કરે છે. અર્થાત્ દીક્ષા ભલે અનિત્ય છે પણ તેનું ફળ નિત્ય અને ઉપકારી છે, માટે જીવ તેનો પ્રયત્ન ઉત્સાહથી કરી શકે છે. જો તે વચ્ચે જ છોડી દેવાની હોય તો તેવો ઉત્સાહ કે પ્રયત્ન થઇ શકે નહિ, માટે તેની પ્રતિજ્ઞા જીવનપર્યન્ત કરવામાં આવે છે.

કિન્તુ એ પ્રતિજ્ઞા કરવા માત્રથી કાર્ય પૂર્ણ થતું નથી, તેનું પાલન કરીને ચારિત્રની પરાકાષ્ટાએ પહોંચવાનું છે. એ કારણે એક જ ચારિત્રગુણની નીચેની ઉપરની ભૂમિકાઓ રૂપ પાંચ પગથીયાં જણાવ્યાં છે, એને જ અનુક્રમે સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસમ્પરાય અને યથાખ્યાતચારિત્ર કહેલું છે. એક પગથીએથી બીજે પહોંચવા માટે પ્રયત્ન કરતાં કરતાં આત્મા છેલ્લા યથાખ્યાત ચારિત્રને પામે છે ત્યારે તેની સાધના પૂર્ણ થાય છે. આ પ્રયત્ન ચારિત્ર અનુષ્ઠાનોના સેવનરૂપ છે, તે કરવામાં આવે તો જ ઉપરના ચારિત્રની પ્રાપ્તિ થાય. ભૂમિકાને અનુસારે પ્રયત્ન પણ જુદો જુદો વિશિષ્ટ હોય છે અને પ્રયત્ન જેમ જેમ વિશિષ્ટ થાય છે તેમ તેમ ચારિત્રની કક્ષા પણ ઉંચી થતી જાય છે, એમ ક્રમશ: છેલ્લું યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય છે.

અહીં સમજાશે કે દીક્ષા(સામાયિકચારિત્ર)ની પ્રતિજ્ઞા કર્યા પછી વિશેષ પ્રયત્નની જવાબદારી ઉભી થાય છે, તે પ્રયત્ન કરવાથી રાગ–દ્વેષનાં નિમિત્તો વચ્ચે રહેલો મુનિ પણ રાગદ્વેષનો પરાભવ કરીને સામાયિકને (સમતાને) સાધી શકે છે. એ સાધનાથી છેદોપસ્થાપનાચારિત્ર માટે યોગ્ય બનેલો તે મહાવ્રતોને સ્વીકારીને સામાયિકની ભૂમિકા ઉપર તેનું પાલન કરવા લાગે છે. અને આ મહાવ્રતોના પાલન (સિદ્ધિ) માટે અહીં કહેલાં ગચ્છવાસ, કુસંસર્ગત્યાગ, વિગેરે કાર્યો સાધવાં અતિ આવશ્યક છે, તેના વિના ઉપર ઉપરનાં ચારિત્રો પ્રગટ થતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—'ચારિત્રરહિત આત્માઓ સિદ્ધ થાય છે, પણ દર્શનરહિત સિદ્ધ થતા નથી' એમ આગમમાં દર્શનની પ્રધાનતા સંભળાય છે, તો તમે કહ્યું તે કેમ ઘટે? **ઉત્તર**–પ્રશ્ન બરોબર નથી, જેમ દીનાર(એકજાતિનું નાણું) વિશેષસંપત્તિને ઉત્પન્ન કરવામાં હેતુ છે, તેમ દર્શન પણ મુક્તિ થવા પહેલાં વચ્ચે ચારિત્રરૂપ કાર્યની સિદ્ધિ કરાવવા દ્વારા મુક્તિનું કારણ બને છે, અર્થાત્ ચારિત્રની પ્રાપ્તિ કરાવવા દ્વારા સમ્યગ્દર્શન મુક્તિનું પરંપરકારણ છે એથી તેની પ્રધાનતા ઘટિત છે, અન્યથા નહિ. માટે જ ભાવની અપેક્ષાએ સમ્યગ્દર્શનાદિ ગુણો ક્રમશઃ પ્રગટ થાય છે, એ માટે આગમમાં (વિશેષાવશ્યક ભાષ્યમાં) કહ્યું છે કે—

"संमत्तंमि उ लद्धे, पलियपुहुत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं, सागरसंखंतरा हुंति ॥१२२२॥
एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुअजम्मेसु ।
अण्णयरसेढिवज्जं, एगभवेणं तु(व) सव्वाणि(इं) ॥" १२२३॥

**ભાવાર્થ**–દેશે ન્યૂન એક ક્રોડાક્રોડ સાગરોપમ જેટલી કર્મોની સ્થિતિ બાકી રહે ત્યારે સમ્યક્ત્વ પામે, તે પછી તેમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઘટતાં દેશવિરતિ, તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી ઘટતાં સર્વવિરતિ, તેમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઘટતાં ઉપશમશ્રેણિ અને તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઘટતાં ક્ષપકશ્રેણિ(ના અધ્યવસાયો) પ્રગટે છે. (૧૨૨૨) અપ્રતિપતિત સમ્યક્ત્વવાળો જે જીવ દેવના અને મનુષ્યના જ ભવો કરે તેને અંગે આ ક્રમે તે તે ગુણોની પ્રાપ્તિ સમજવી, અથવા કોઈને બેમાંથી કોઈ એક શ્રેણિ સિવાયના સમ્યક્ત્વાદિ સર્વ ભાવો એક જ ભવમાં પણ પ્રાપ્ત થાય. એક ભવમાં બે શ્રેણિઓ હોય

લૌકિક કાર્યોમાં પણ લગ્ન કરવા માત્રથી કંઈ વળતું નથી, જીવનપર્યન્ત પતિ–પત્નીએ પોતાની જવાબદારીને અનુસરવું પડે છે, પુત્રને જન્મ આપ્યા પછી ઉછેરવાનું કાર્ય ફરજીઆત કરવું પડે છે, નોકરીનો સ્વીકાર કર્યા પછી માલિકનું તે તે કાર્ય કરી આપવું પડે છે, કેવળ લગ્નથી, પુત્રજન્મથી, કે નોકરીના સ્વીકાર વિગેરેથી કંઈ ફળ મળતું નથી, તેમ ચારિત્રરૂપ લોકોત્તર કાર્યમાં પણ માત્ર દીક્ષા લેવાથી કે મહાવ્રતો ઉચ્ચરવાથી કંઈ વળતું નથી, તે તે ભૂમિકાને યોગ્ય પ્રયત્ન કરવાદ્વારા કરેલી પ્રતિજ્ઞાને સફળ–સિદ્ધ કરીને ઉપરની ભૂમિકાને–ચારિત્રને પ્રાપ્ત કરવાનું હોય છે.

એથી સમજાશે કે મહાવ્રતોની પ્રતિજ્ઞા કરતાં પણ ગચ્છવાસ, કુસંસર્ગત્યાગ, વિગેરેનું નિરતિચાર પાલન કરવું અતિ મહત્ત્વનું છે. એ જ કારણે ગ્રન્થકારે 'તેને પાલવું જોઈએ' એવો નિયમ બાંધ્યો છે. ગચ્છવાસ વિગેરેના પાલનથી આત્માને કેવા વિશિષ્ટ લાભો થાય છે તે તો તેના વર્ણન વખતે અગાઉની ટીપ્પણીઓ દ્વારા જણાવ્યું છે. અહીં તો માત્ર એટલું જ સમજવાનું છે, દીક્ષા લેનારે 'ગચ્છવાસનું પાલન' વિગેરે ગ્રન્થકારે કહેલાં કાર્યો ફરજીઆત કરવાનાં છે, એ કરવાથી જ જિનાજ્ઞાનું પાલન થાય છે, સંઘની અને શાસનની રક્ષા થાય છે અને આત્મા ઉત્તરોત્તર ગુણનું ભાજન બને છે. એથી વિપરીત, શક્તિ છતાં તે કર્તવ્યો નહિ કરવાથી જિનાજ્ઞાનો ભંગ, સંઘની કુસેવા (આશાતના) અને શાસનની અપભ્રાજના થાય છે, એથી દર્શનમોહનીય વિગેરે કર્મોનો બન્ધ થવાથી આત્માનું ભવભ્રમણ વધે છે. માટે જ 'દીક્ષા લેતાં પહેલાં દીક્ષાનું તથા તેની કરણી વિગેરેનું જ્ઞાન અને તેનું પાલન કરવાની પોતાની યોગ્યતા પ્રગટાવવાની જરૂર છે.' એમ અન્ય શાસ્ત્રોમાં અને આ ગ્રંથના પ્રારમ્ભમાં પણ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ, માટે એક જ ભવમાં સર્વ ભાવોને પામનારો પણ અન્યતર શ્રેણિ ન કરે. (૧૨૨૩)

માટે અહીં 'ચારિત્ર વિના મુક્તિ નથી થતી' એમ કહ્યું છે તે ભાવચારિત્રને આશ્રીને ઘટે છે. દ્રવ્યચારિત્ર(વેષ)ની પ્રાપ્તિમાં તેવો નિયમ નથી (વેષ વિના પણ મોક્ષ થાય છે). કારણ કે-સોમેશ્વર વિગેરે અંતકૃત કેવળીઓને દ્રવ્યચારિત્રનો (વેષનો) અભાવ હતો જ. હા, તેઓને પણ જે ભાવચારિત્રથી અન્તકૃતકેવલીપણું પ્રાપ્ત થયું તે ભાવચારિત્ર પૂર્વ જન્મના દ્રવ્યચારિત્રનું ફળ હતું, કારણ કે-(ગૃહસ્થજીવનના ત્યાગ વિના જેનાથી મોક્ષ સાધી શકાય) તેવું ચરમશરીરીપણું પામવું ઘણું ઉત્તમ છે અને તેથી જ તે અનેક ભવો સુધી કુશળ (શુભ) યોગોનો અભ્યાસ થવાથી પ્રાપ્ત થાય છે. જેનો વિજય બહુ જ દુષ્કર છે તે મોહ અનેક ભવોના ચારિત્રના આરાધનથી જ જીતાય છે, મરૂદેવામાતા વિગેરેનો દ્રવ્યચારિત્રનો અભાવ આશ્ચર્યભૂત હોવાથી વિરોધ માનવો નહિ.

(અહીં પ્રશ્ન થાય કે આશ્ચર્યો તો દશ જ કહ્યાં છે અને તેમાં મરૂદેવામાતાનું નામ તો ગણાવ્યું નથી, છતાં એને આશ્ચર્ય કેમ કહો છો ? તેનો ઉત્તર આપે છે કે) આશ્ચર્યો દશ જ નથી, શાસ્ત્રોમાં કહેલાં દશ તો બીજાના ઉપલક્ષણરૂપ છે. અર્થાત્ દશના ઉપલક્ષણથી બીજાં પણ આશ્ચર્ય થયાં છે, એમ સમજવું. કહ્યું છે કે-

" णणु णेयमिहं पढिअं, सच्चं उवलक्खणं तु एआइं ।
अच्छेरगभूअंपिअ, भणिअं नेअंपि अणवरयं ।।" पञ्चवस्तु० ९२८ ।

**ભાવાર્થ**-**પ્રશ્ન**-આ મરૂદેવાના દૃષ્ટાન્તને દશ આશ્ચર્યમાં કહેલું નથી ? **ઉત્તર**-પ્રશ્ન બરાબર છે, કિન્તુ એ દશ આશ્ચર્યો ઉપલક્ષણભૂત છે (માટે બીજાં પણ આશ્ચર્યો થયાં છે) મરૂદેવામાતાને પૂર્વભવમાં દ્રવ્યચારિત્ર વિના મોક્ષ થયો તે પણ આશ્ચર્યભૂત માન્યું છે, કારણ કે એવું સદાય બનતું નથી. (કિન્તુ વનસ્પતિમાંથી અનન્તર ભવમાં મનુષ્ય થઇને તે જ ભવમાં મુક્તિ અનંતા કાળે કોઇકને જ થાય, માટે તે આશ્ચર્ય છે જ.)

એમ સર્વ કથન સુઘટિત છે, માટે 'ગચ્છવાસ' વિગેરેના પાલનમાં પ્રયત્નશીલ બનવું.

આ ઉત્તમ ક્રિયાઓને આરાધતો (કોઈ સાધુ) પર્યાય પૂર્ણ થતાં ગણની અનુજ્ઞાને (ગણીપદને) યોગ્ય પણ બને, તેથી હવે ગણીપદરૂપ સાપેક્ષયતિધર્મને કહેવાપૂર્વક ક્રમની પ્રસ્તાવના કરે છે કે-

मूलम्-" अनुयोगगणानुज्ञाऽप्यनवद्यक्रमागता ।
तमेव सूत्रविदितं, वर्णयामो यथास्थितम् ।।१२८।।"

**મૂળનો અર્થ**-અનુયોગ અને ગચ્છની અનુજ્ઞાને પણ કહેવાનો શાસ્ત્રોક્ત ક્રમ હવે પ્રાપ્ત થયો, માટે શાસ્ત્રમાં કહેલા તે ક્રમને યથાસ્થિત કહીએ છીએ.

**ટીકાનો ભાવાર્થ**-'અનુયોગ' એટલે સૂત્રોના અર્થનું વ્યાખ્યાન અને ગણ એટલે ગચ્છ, એ બન્નેની અનુજ્ઞા એટલે અનુમતિ આપવી તે પણ, અર્થાત્ ઉપર કહેલાં ગચ્છવાસાદિ જ નહિ, કિન્તુ વ્યાખ્યાનની અને ગચ્છની અનુમતિ (અનુજ્ઞા) આપવી અને લેનારે લેવી તે પણ આપનાર-લેનાર ઉભયનો સાપેક્ષયતિધર્મ છે. તે અનુજ્ઞાની વિશિષ્ટતા કહે છે કે-તે 'અનવદ્ય' એટલે (સાધુધર્મને પાળવાના) શુદ્ધ ક્રમથી યોગ્ય બનેલા આત્માને 'પ્રાપ્ત થએલી' આપવી, તાત્પર્ય કે દીક્ષા લઇને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા મેળવવી, વિગેરે ક્રમથી આરાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને જેણે અનુજ્ઞાની યોગ્યતા પ્રગટ કરી હોય તેને આ અનુજ્ઞા પ્રાપ્ત થએલી ગણાય, હવે તેવાને અનુજ્ઞા કરવી તે સાપેક્ષ યતિધર્મ છે એ કારણે તે ક્રમનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે અહીં કહીએ છીએ. એ રીતે પ્રતિજ્ઞા કરીને હવે તે ક્રમને જ કહે છે કે—

**मूलम्–" व्रतग्रहेऽष्टौ सूत्रार्थ–विहारे द्वादश क्रमात् ।**
**पञ्चचत्वारिंशवर्षे, योग्यतैवं गणिस्थितेः ॥१२९॥"**

**મૂળનો અર્થ**–વ્રતગ્રહણ કરવામાં આઠ અને સૂત્ર, અર્થ તથા વિહારમાં બાર બાર, એમ (કુલ ચુંમાલીશ વર્ષ ગયા પછી ઉમ્મરથી) પીસ્તાલીશમા વર્ષે અનુયોગની અને ગણની અનુજ્ઞા માટેની યોગ્યતા પ્રગટે છે.

**ટીકાનો ભાવાર્થ**–ચારિત્રની પ્રાપ્તિ માટે આઠ વર્ષો કહ્યાં છે, કારણ કે 'તેથી ઓછી ઉમ્મરે ચારિત્ર આપવાથી તેનો પરાભવ વિગેરે થાય' ઇત્યાદિ કારણે આઠ વર્ષની નીચે (દ્રવ્ય) ચારિત્ર ન લેવું. (અધ્યવસાયની) પ્રાપ્તિ પણ એથી ઓછી ઉમ્મરે ન થાય, એથી દ્રવ્ય-ભાવ ઉભય ચારિત્રનો આઠ વર્ષ પૂર્વે નિષેધ છે. તથા सूत्रार्थविहारे એમાં ત્રણ પદોનો સમાહારદ્વંદ્વ-સમાસ કરેલો હોવાથી સૂત્રમાં એટલે સૂત્ર ભણવામાં, અર્થમાં એટલે અર્થ ભણવામાં અને 'વિહારમાં' એટલે ભિન્નભિન્ન દેશોનું (અનુભવ) જ્ઞાન મેળવવા પૂર્વક ભવ્યજીવોને ધર્મનો ઉપદેશ કરતા વિચરવામાં, એમ ત્રણમાં અનુક્રમે બાર બાર વર્ષો જાય. એ ક્રમે (ઉમ્મરથી) પીસ્તાલીસમું વર્ષ પ્રાપ્ત થાય ત્યારે સૂત્રોના અનુયોગની એટલે વ્યાખ્યાનની અને ગચ્છને સંભાળવાની અનુજ્ઞા મેળવવાની યોગ્યતા પ્રગટે છે. (પ્રાચીનસામાચારીના દ્વાર-૧૧ મામાં) કહ્યું છે કે—

**" अडवरिस दिक्ख बारस, सुत्ते अत्थे य वायगत्ते अ ।**
**पणयालीसे एरिस–गुणजुत्तो हो(हव)इ आयरिओ ॥२॥"**

**ભાવાર્થ**—આઠ વર્ષે દીક્ષા, તે પછી બાર બાર વર્ષો સૂત્રમાં, અર્થમાં અને વ્યાખ્યાન કરતા દેશોદેશ વિચરવામાં, એમ ચુંમાલીસ વર્ષ ગયા પછી પીસ્તાલીસમા વર્ષે આવા (કહીશું તે) ગુણવાળો મુનિ આચાર્યપદને પામવા માટે યોગ્ય થઇ શકે છે.

હવે તે યોગ્યતા અને તે પ્રગટ થયા પછીનું કર્તવ્ય બે શ્લોકોથી કહે છે કે—

**मूलम्–" ईदृग्पर्यायनिष्पन्नः, षट्त्रिंशद्गुणसङ्गतः ।**
**दृढव्रतो यतियुक्तो, मुक्त्यर्थी सङ्घसम्मतः ॥१३०॥**
**श्रुतानुयोगानुज्ञायाः, पात्रं न तु गुणोज्झितः ।**
**अपात्रे तत्प्रदाने यन् , महत्याशातना स्मृता ॥१३१॥"युग्मम् ॥**

**મૂળનો અર્થ**–એવા પર્યાયે (ઉમ્મરે) પહોંચેલો, છત્રીસ ગુણોથી યુક્ત, દૃઢ(અખંડ)-વ્રતવાળો, શિષ્યાદિ પરિવાર યુક્ત, મુક્તિનો અર્થી અને સંઘમાન્ય; એ ગુણોથી યુક્ત મુનિ શ્રુતની અનુજ્ઞાનું પાત્ર છે, નહિ કે ગુણ વિનાનો. કારણ કે અપાત્રમાં આચાર્યપદ સ્થાપવાથી મોટી આશાતના[૨૯૨] કહી છે.

૨૯૨–જો કે આ હકીકત ઉત્સર્ગપદે કહેલી છે, અપવાદ પદે તો સંઘની અને શાસનની રક્ષા માટે ઉપરોક્ત ગુણો પૂર્ણ ન હોય તેને પણ આચાર્યપદ આપી શકાય છે. જો એવા ગુણવાળાને જ આચાર્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનો ભાવાર્થ**-એ ઉપર કહ્યા પ્રમાણે પર્યાય (ઉમ્મર) જેની પૂર્ણ થઈ હોય, તથા જે છત્રીશ ગુણોથી યુક્ત હોય, તે (ગણીપદ માટે યોગ્ય છે, તે) ગુણો આ પ્રમાણે છે—

"पंचिंदिअ संवरणो, तह नवविहबंभचेरगुत्तिधरो ।
चउव्विहकसायमुक्को, अट्ठारसगुणेहिं संजुत्तो ॥१॥
पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो, छत्तीसगुणो गुरू होइ ॥२॥"

**ભાવાર્થ**-પાંચ ઇન્દ્રિયોથી સંવૃત્ત (વિજેતા), તથા બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિનો ધારક, ચતુર્વિધ કષાયથી મુક્ત, એમ અઢાર ગુણોથી સંયુક્ત (૧) તથા પાંચ મહાવ્રતોથી યુક્ત, પાંચ પ્રકારના આચારોનું પાલન કરવામાં સમર્થ, પાંચ સમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત, એમ ગુરૂ (આચાર્ય-ગણી) કુલ છત્રીશ ગુણવાળો હોય.

જો કે ગુરૂના ગુણો શાસ્ત્રમાં ઘણા પ્રકારોથી કહેલા છે, કિન્તુ અમે અહીં વિસ્તાર થવાના ભયે બીજા પ્રકારોને છોડીને પ્રસિદ્ધ છે તે જ પ્રકારો કહ્યા છે એમ સમજવું.

તથા જેનાં મહાવ્રતો દૃઢ( અખંડ ) હોય, પરિવારરૂપ સાધુઓથી યુક્ત હોય, મુક્તિ એટલે પરમપદનો અભિલાષી હોય કિન્તુ લેશ પણ સાંસારિક સુખની સ્પૃહાવાળો ન હોય, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ શ્રીચતુર્વિધસઙ્ઘને માન્ય હોય-એવો યતિ (મુનિ) શ્રુતના અનુયોગની એટલે શ્રીજિનઆગમના વ્યાખ્યાનની અનુમતિની, અર્થાત 'તું દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ

---

પદ અપાય, બીજાને નહિ, એમ આગ્રહ રાખવામાં આવે તો કાળાદિ દોષે તેવા ઉત્તમ પુરૂષના અભાવે શાસનનો વિચ્છેદ થાય. તો પણ તેનો અર્થ એ નથી થતો કે ઇચ્છામાં આવે તેને આચાર્ય બનાવી શકાય ! જે ઉદ્દેશથી આચાર્યપદ આપવાનું શાસ્ત્રમાં વિધાન છે તે ઉદ્દેશને સિદ્ધ કરવાની યોગ્યતા તે તે દેશ-કાળને અનુસારે પણ હોવી જોઇએ. અન્યથા અહીં કહેલું 'મહતી આશાતના' એટલે 'મોટી આશાતના થાય' એ વચન અસત્ય થાય. તેમાં પર્યાયથી પુખ્ત હોવાથી બીજા સાધુઓને વિનય કરવામાં ક્ષોભ ન થાય, આચાર્યને લાયક ગુણો હોવાથી બીજાઓને ગુણ પ્રગટ કરવામાં આલમ્બનભૂત થાય, વ્રતો અખંડ હોય તો જ પ્રભુત્વ પ્રગટે, વિદ્વાન સાધુવર્ગથી પરિવરેલો હોય તો સંઘનાં વિવિધ કાર્યોની વ્યવસ્થામાં સહાયક થઈ શકે, મોક્ષાર્થી હોય તો જ પાપના ભયવાળો હોવાથી બીજાઓને પાપથી બચાવી મોક્ષની સાધના કરાવી શકે અને સંઘમાન્ય હોય તો જ સંઘમાં તેનું વચન આદેય બને-સંઘ તેની આજ્ઞાને અનુસરે. એમ અહીં જણાવેલા ગુણો આચાર્યપદ માટે અતિ આવશ્યક છે. જો કે અનાદિ કાળથી માન કષાયથી મુઝાએલો જીવ સર્વત્ર મોટાઇને ઇચ્છે છે, પ્રભુ મહાવીરદેવના નજીકના કાળમાં પણ આર્યશ્રીભદ્રબાહુસ્વામિને આચાર્યપદ આપવાથી વરાહમિહિરે પોતાનો પરાભવ માનીને શાસનની હલકાઈ કરવાના વિવિધ પ્રયત્નો કર્યા હતા, તે પછીનો ઇતિહાસ પણ આ દોષથી બચ્યો નથી અને બચી શકે પણ નહિ, છતાં આત્માર્થી પુરૂષો પોતાનું હિત સાધી શકે તે માટે જ્ઞાનીઓ તેને સન્માર્ગનો પ્રકાશ આપતા જ રહ્યા છે. ઉપર્યુક્ત કથનમાં આચાર્યપદ આપનાર-લેનાર ઉભયને હિતનો માર્ગ જણાવ્યો છે. યોગ્યતાને પામેલા એક પણ આચાર્યનું ચારિત્રબળ સંઘને સંગઠિત બનાવી શાસનનું મહત્ત્વ વધારી શકે છે, એથી વિરૂદ્ધ અજ્ઞાનાદિને વશ પડેલા અનેક હોય અને તે ન ઇચ્છે તો પણ પોતાના મહત્ત્વને સાચવવા જતાં શાસનનું અને સંઘનું મહત્વ ઓછું કરે છે, એ એક હકીકત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણે અપેક્ષાઓથી શ્રીજૈનઆગમોનું વ્યાખ્યાન કર' એવી અનુમતિ માટેનું પાત્ર કહ્યો છે. અર્થાત્ તેને આચાર્યપદે સ્થાપવા યોગ્ય કહ્યો છે. કહ્યું છે કે—

" देसकुलपभिइछत्तीस–गुणगणालंकिओ दढचरित्तो ।
जयणाजुत्तो संघस्स, संमओ मुक्खकंखी य ॥" प्राचीनासामाचा० द्वार–११॥

**ભાવાર્થ**–'આર્યદેશમાં-ઉત્તમકુળમાં જન્મ' વિગેરે છત્રીશ ગુણોથી શોભિત, દઢ (અખંડિત) ચારિત્રવાળો, જયણાયુક્ત, શ્રીસંઘને માન્ય તથા મોક્ષાર્થી, એવો મુનિ આચાર્યપદને યોગ્ય જાણવો.

એવા ગુણવંતને યોગ્ય કહ્યો છે, પણ એ ગુણોથી સર્વથા રહિતને યોગ્ય ગણ્યો નથી. હા, કાળ વિગેરેના પ્રભાવથી તેમાંના એક-બે આદિ ગુણોથી હીન અયોગ્ય નથી. કહ્યું પણ છે કે—

" कालाइवसा इक्काइगुणविहीणोऽवि सुद्धगीअत्थो ।
ठाविज्जइ सूरिपए, उज्जुत्तो सारणाईसु ॥" प्राचीनासामाचारी, द्वार–११॥

**ભાવાર્થ**–કાળ, સંઘયણ, વિગેરે ( વર્તમાન કાલિન ) દોષોને વશ એકાદિ ગુણથી હીન છતાં જે વિશુદ્ધગીતાર્થ (શાસ્ત્રોનાં રહસ્યોનો જ્ઞાતા,) વિરાગી અને શિષ્યાદિની સારણા વિગેરે કરવામાં ઉદ્યમી (કુશળ) હોય તેને સૂરિપદે સ્થાપવો. આ હેતુથી જ કહ્યું છે કે—

" जम्हा वयसंपन्ना, कालोचिअगहिअसयलसुत्तत्था ।
अणुओगाणुन्नाए, जोगा(ग्गा) भणिआ जिणिंदेहिं ॥" पञ्चवस्तु० ९३२॥

**ભાવાર્થ**–માટે જેણે વ્રતોને સારી રીતે આરાધ્યાં હોય તેવા તે તે કાળે વિદ્યમાન સકળ સૂત્ર-અર્થના જાણ સાધુઓને શ્રીજિનેશ્વરોએ અનુયોગની અનુજ્ઞા (આચાર્યપદ) માટે યોગ્ય કહ્યા છે. પંચાશકમાં પણ કહ્યું છે કે—

" गुरुगुणरहिओवि इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।
ण उ गुणमेत्तविहीणो त्ति, चंडरुद्दो उदाहरणं ॥" पञ्चाशक ११–३५॥

**ભાવાર્થ**–અહીં એટલે આચાર્યપદની યોગ્યતામાં જે મૂળગુણો(વ્રતાદિ)થી રહિત હોય તેને ગુરૂપદ માટેના યોગ્ય ગુણોથી રહિત (અયોગ્ય) સમજવો, સામાન્ય ગુણોથી રહિત હોય તે અયોગ્ય નથી. આ વિષયમાં ચંડરૂદ્રાચાર્ય દૃષ્ટાન્તભૂત છે.

આ યોગ્યતાની જરૂર શા માટે ? તે કહે છે કે-શ્રીજિનેશ્વરોએ અયોગ્યને અનુયોગની અનુમતિ (આચાર્યપદવી) આપવામાં શ્રીતીર્થંકરો વિગેરેની મોટી આશાતના કહી છે. કહ્યું છે કે—

" सुगुणाभावे न पुणो, गुणपरिहीणो ठविज्जए सूरी ।
अप्पत्ते सूरिपयं, दिंतस्स गुरुस्स गुरुदोसो ॥" प्राचीनासामाचारी द्वार–११॥

**ભાવાર્થ**–સદ્ગુણીના અભાવે પણ હીનગુણીને આચાર્યપદે નહિ સ્થાપવો, કારણ કે ગુણથી અપ્રાપ્તને (અયોગ્યને) સૂરિપદ આપનારા ગુરૂને મોટો દોષ છે.[૨૯૩] પંચવસ્તુકમાં પણ કહ્યું છે કે–

૨૯૩–પાણી ટાંકીની જેટલી ઉંચાઇથી ઉતરે છે તેટલું ઉંચું ચઢી શકે છે, અર્થાત્ સરખા લેવલમાં રહી શકે છે તેમ વચનનો પણ સામાન્ય નિયમ છે કે તે જેટલે ઉંડેથી નીકળે છે તેટલી ઉંડી અસર કરે છે. એથી લોકમાં પણ નાભિના અવાજનો પ્રભાવ પડે છે. આવો અવાજ ત્યારે જ નીકળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" इहरा उ मुसावाओ, पवयणखिंसा य होइ लोगम्मि ।
सेसाणवि गुणहाणी, तित्थुच्छेओ अ भावेणं ॥" पञ्चवस्तु० ९२३॥

**ભાવાર્થ**–અન્યથા એટલે અયોગ્યને આચાર્યપદ આપવાથી આપનાર ગુરૂને મૃષાવાદ દોષ થાય, લોકમાં શાસનની અપભ્રાજના થાય, યોગ્ય નાયકના અભાવે બીજાઓના પણ ગુણોની હાનિ થાય અને સમ્યગ્જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ નહિ થવાથી વસ્તુતઃ તીર્થનો પણ ઉચ્છેદ થાય.

કે બોલનાર જે કંઇ બોલે તે પ્રમાણે માનનારો અને શકય હોય ત્યાં સુધી આચરનારો પણ હોય. અહીં ગણીપદ આપવાનો જે વિધિ જણાવવામાં આવ્યો છે તેમાં તે પદને યોગ્ય ગુણવાનને એ પદ આપવાનું વિધાન છે, કાલ વિગેરેની હાનિથી અહીં કહેલા સર્વગુણો ન હોય તો પણ ઓછામાં ઓછું જેનાં વ્રતો નિર્મળ (અખંડ) હોય અને ગચ્છનું (સંઘનું) રક્ષણ–પાલન કરવાનું સામર્થ્ય જેનામાં હોય તેને ગણિપદ આપવું એમ જણાવ્યું છે, તેથી વિપરીત કરનારને શ્રીતીર્થંકરોની આશાતના ઉપરાન્ત પઞ્ચવસ્તુની સાક્ષી આપીને બીજા પણ દોષો લાગે એમ જણાવ્યું છે તે અતિ મહત્ત્વનું છે. ગણીપદ આપવામાં ત્રિકાલાબાધિત શ્રીજૈનશાસનનો પ્રવાહ ચાલુ રહે અને તેની આરાધનાનો ભવ્ય આત્માઓને લાભ મળતો રહે એ જ એક ઉદ્દેશ છે, તે ત્યારે જ સફળ થઇ શકે કે તેવા વિશિષ્ટ ગુણવાળા–પ્રભાવક આત્માને ગણિપદ આપવામાં આવે. સામાન્ય એવો નિયમ છે કે જે ગુણો પોતે સિદ્ધ કર્યા હોય તે ગુણો બીજા યોગ્ય આત્માઓમાં સહેલાઇથી પ્રગટ કરી શકાય છે. જો ભવ્યજીવોને વીતરાગશાસનના આરાધક બનાવવા હોય તો પોતાનામાં શાસન પ્રત્યે આરાધકભાવ પ્રગટાવવો જોઇએ અને શાસનને પ્રાણથી પણ અધિક માનવું જોઇએ. જેનામાં આવી યોગ્યતા પ્રગટી હોય તેના કષાયો મન્દ પડી જાય છે, થોડા ઉદયમાં હોય તે પણ પ્રશસ્ત (ઉપકારક) બની જાય છે અને વિષયોનો રાગ વિગેરે તો મૃતપ્રાયઃ બની જાય છે. એવા પોતાના પવિત્ર જીવનના પ્રભાવથી અને શ્રીજિનવચનની મહત્તાથી તે આગમની, અન્ય જીવોના ધર્મની અને શાસનની રક્ષા કરી શકે છે. કેવળ શ્રુતજ્ઞાનનું બળ આ કામ કરી શકતું નથી. કારણ કે જ્ઞાનના ફળરૂપ ઉપશમ–સમતા વૈરાગ્ય વિગેરે ગુણોના બળે આચાર્યપદની જવાબદારીને પૂર્ણ કરી શકાય છે, માટે વિશિષ્ટ જ્ઞાની કરતાં પણ ગીતાર્થને આચાર્યપદ માટે યોગ્ય માન્યો છે. હવે પછી તેઓનાં કર્તવ્યોનું વર્ણન કરવામાં આવશે, તે વાંચવાથી પણ સમજાશે કે આચાર્યનો ઉપકાર કેવો હોય ? જિનેશ્વરદેવે સ્થાપેલા ચતુર્વિધસંઘને ગણધરદેવોએ ગુંથેલી દ્વાદશાંગીના બળે મોક્ષમાર્ગની આરાધનામાં જોડવો, સહાય કરવી, વિગેરે આચાર્યનું કર્તવ્ય છે તે શ્રુતના વિશિષ્ટ બોધ વિના પણ ન થઈ શકે.

એમ છતાં તેમાં એકાન્ત નથી, શાસનની પરંપરાને અવિચ્છિન્ન રાખવા માટે વિશિષ્ટ આત્માના અભાવે સામાન્ય પણ યોગ્યને ગચ્છાધિપતિ બનાવી શકાય, તેમાં મોહ કે મોટાઇનો પક્ષ ન જોઈએ, ભવિષ્યમાં વિશિષ્ટ આત્માના યોગે શાસનનો ઉદ્યોત થશે એવી કેવળ શાસનહિતની અને ભવ્યજીવોના કલ્યાણની નિર્મળ ભાવના હોવી જોઇએ. એ રીતે ગણીપદ લેનાર–દેનાર બન્ને આરાધક બને છે, પોતાના જીવનને શક્તિ–સામગ્રીને અનુસારે ઉર્ધ્વગામી બનાવી શકે છે, શકય જવાબદારીને પૂર્ણ કરી શકે છે અને ભવિષ્યમાં યોગ્ય આત્માનો લાભ થતાં એ જવાબદારી તેને સોંપી પોતે કૃતકૃત્ય થઈ શકે છે. શ્રીશય્યંભવસૂરિજીની પ્રાપ્તિ માટે આર્યપ્રભવસ્વામિએ કરેલો પ્રયત્ન, કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યની પ્રાપ્તિ માટે તેઓશ્રીના ગુરૂએ કરેલી ચિંતા, વિગેરે આત્માર્થી જીવોને ઘણો બોધ આપે છે.

તથાપિ ટીપ્પણી નં. ૨૮૭માં જણાવ્યા પ્રમાણે 'સ્વયોગ્યતાને અનુસારે સંયોગ પણ મળે છે' એ ભૂલવા જેવું નથી. આત્મકલ્યાણને ઇચ્છતા ભવ્યઆત્માએ હંમેશાં પોતાની યોગ્યતા–અયોગ્યતાને સર્વત્ર કારણભૂત માની મળેલા સંયોગોને બળે યથાશકય આરાધકભાવ પ્રગટાવીને કલ્યાણ સાધવું એ જ શ્રેષ્ઠ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં પણ જેણે તે તે કાળે વિદ્યમાન-ઉપયોગી સકળ સૂત્રોને અને અર્થને જાણ્યા ન હોય તેને 'તું વ્યાખ્યાન કર' એમ કહેવું તે તેની પાસે વ્યાખ્યાન કરવાનું જ્ઞાન નહિ હોવાથી દરિદ્ર પુત્રને 'તું આ રત્નોનું દાન કર' એમ કહેવા જેવું હોવાથી અસત્ય છે, અલ્પમાત્ર અધ્યયન કર્યું હોય તો પણ તે વ્યાખ્યાનનો વિષય બની શકતું નથી, માટે અયોગ્યને અનુજ્ઞા (આચાર્યપદ) આપનારને મૃષાવાદ દોષ લાગે છે. વળી લોકો અનુયોગીનો (આચાર્યનો) આશ્રય સંશયને ટાળવા માટે અને નિઃશંક બોધ મેળવવા માટે કરે તે પણ જ્યારે આચાર્ય બનેલો સ્વયં બીચારો અજ્ઞાન અને ગંભીર પદોનો અર્થ સમજાવવામાં અસમર્થ હોય તો લોકોને સૂક્ષ્મ ભાવોને શી રીતે સમજાવી શકે? એમ છતાં સાહસ કરીને કંઇ અસમ્બદ્ધ બોલે તો વિદ્વાનોને તે સાંભળીને તેના પ્રત્યે એવી અવજ્ઞા થાય કે 'આ અજ્ઞાનીને આગમધર કેમ બનાવ્યો હશે? ખરેખર આ શાસન જ અસાર છે કે જેનો નાયક આવો અજ્ઞ છે' વિગેરે શાસનની હલકાઈ થાય. શિષ્યોને પણ જન્મ-મરણાદિનો નાશ કરનારી જ્ઞાનાદિ સમ્પત્તિને આ અજ્ઞાન શી રીતે પ્રાપ્ત કરાવે? શિષ્યો પણ બીજા જ્ઞાની પાસેથી જ્ઞાનાદિ મેળવી શકે નહિ. કારણ કે 'હું પણ આચાર્ય છું જ, તો મારા શિષ્યો બીજાની પાસે કેમ ભણે?' એવું તેને મિથ્યા અભિમાન થાય, (તેથી શિષ્યોને પણ તે અનુમતિ ન આપે અને ગુરૂની અનુમતિ વિના બીજાની પાસે ભણે તો શિષ્યોને પણ ગુરૂની અવજ્ઞા થાય,) એમ તેના શિષ્યો પણ મૂર્ખ જ રહી જાય, તેના શિષ્યોના શિષ્યો પણ મૂર્ખ રહે, એમ પરંપરાએ જ્ઞાનાદિ ગુણોની હાનિ થાય. અને જ્ઞાનાદિ ગુણોના અભાવે તો 'માથું અને મુખ મુંડાવવું, ભિક્ષાર્થે ફરવું' વિગેરે સઘળું ચરક વિગેરે અન્યધર્મી સાધુઓની જેમ અનર્થકારી જ બને. કારણ કે જેમ અજ્ઞાની છતાં પોતાની મતિકલ્પનાએ રોગનું ઔષધ કરે તો તે અનર્થકારક થાય, તેમ અજ્ઞાની સ્વમતિ-કલ્પનાએ ધર્મ કરે-કરાવે તે પણ પ્રમાણભૂત (સફળ) ન થાય. એ રીતે માત્ર દ્રવ્યવેશ પ્રાયઃ અનર્થનો હેતુ હોવાથી ભાવથી (ગુણવૃદ્ધિની અપેક્ષાએ) તો તીર્થનો જ ઉચ્છેદ થાય. માટે તે તે કાળે વિદ્યમાન ઉચિત સકળ સૂત્ર-અર્થ જેણે નિશ્ચિત જાણ્યા હોય તેવાને જ વ્યાખ્યાનની (આચાર્યપદની) અનુજ્ઞા કરવી, માત્ર સૂત્ર-અર્થ સાંભળ્યાં હોય તેને નહિ. શ્રી. સિદ્ધસેન સૂરીજીએ પણ સન્મતિ પ્રકરણમાં કહ્યું છે કે—

" जह जह बहुस्सुअसंमओ अ सीसगणसंपरिवुडो अ।
अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥" ६६ ॥

**ભાવાર્થ**—જેમ જેમ લોકમાં બહુશ્રુત તરીકે ખ્યાતિ પામે, અને જેમ જેમ શિષ્ય પરિવાર બહુ વધતો જાય, છતાં જે સિદ્ધાન્તના અધ્યયનમાં (અર્થમાં) સુનિશ્ચિત ન હોય તે ગુરૂ ઉત્તરોત્તર સિદ્ધાન્તનો શત્રુ થાય.

તો કેવા સાધુને કેવી રીતે આચાર્ય બનાવવો? તે કહે છે કે—

मूलम्-" तस्मादुक्तगुणाढ्याय, देयं सूरिपदं ध्रुवम् ।
विधिपूर्वं विधिश्चात्र, सामाचार्यां प्रपञ्चितः ॥" १३२ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂળનો અર્થ**–તે કારણે અહીં કહ્યા તે ગુણોથી યુક્તને સૂરિપદ વિધિપૂર્વક આપવું, તે વિધિ સામાચારી ગ્રન્થમાં કહેલો છે.

**ટીકાનો ભાવાર્થ**–માટે પૂર્વોક્ત ગુણોથી સમ્પૂર્ણ હોય તેને ગુરૂએ નિશ્ચે આચાર્યપદ વિધિ પૂર્વક આપવું. આ વિધિ (પ્રાચીન)સામાચારીના ૧૧ મા દ્વારમાં આ રીતે વિસ્તારથી કહેલો છે.

" जइगुण काल निसिज्जा, चिइवंदुस्सग्ग नंदि सगथोमा ।
मंतक्खं(र) नाम वंदण, अणुसिट्ठि निरुद्ध गणणुण्णा ॥" द्वारगाथा ॥

**ભાવાર્થ**–સાધુમાં (સૂરિપદને યોગ્ય) ગુણોની પરીક્ષા કરવી, પદવી ઉત્તમ સમયે (શુભલગ્ને) આપવી, બે આસનો કરવાં, ચૈત્યવન્દન અને ગુરૂવન્દન કરવું, સત્તાવીશ શ્વાસોચ્છ્વાસનો કાયોત્સર્ગ કરવો, નંદિસૂત્ર કહેવું-સાંભળવું, સાત ખમાસમણનો વિધિ કરવો, સૂરિમંત્ર અને અક્ષનું દાન કરવું, નામ સ્થાપવું, ગુર્વાદિ સર્વસંઘે નૂતન આચાર્યને વન્દન કરવું, નૂતન આચાર્યને અને શિષ્યાદિને હિતશિક્ષા આપવી, ગુરૂ અને નૂતન આચાર્ય બન્નેએ નિરૂદ્ધ કરવું, નૂતન આચાર્યને ગણ સોંપવો અને આચાર્યપદના લાભો સમજાવવા.

તેમાં ગુણો ઉપર જણાવ્યા તે છે કે નહિ ? તેની પરીક્ષા કરીને, તિથિ, નક્ષત્ર, મુહૂર્ત, લગ્ન, વિગેરે ઉત્તમ હોય તેવા શુભલગ્ને સૂરિપદ આપવું જોઇએ. તે આપવા પૂર્વે (તે દિવસે) પ્રાભાતિક કાલગ્રહણ કરીને ગુરૂ-શિષ્ય બન્નેએ સજ્ઝાય પઠાવવી. પછી શ્રી જિનમંદિર વિગેરે ઉત્તમ સ્થળે શિષ્યને (કોઇ પ્રતમાં સ્થાપનાચાર્યને) અને ગુરૂને યોગ્ય બે આસનો સ્થાપીને આચાર્યપદની અનુજ્ઞા કરવા માટે જેના મસ્તકનો (કેશનો) લોચ કર્યો છે તે શિષ્યના મુંડેલા મસ્તકે ગુરૂ પ્રથમ મંત્રેલો વાસક્ષેપ કરે. પછી પહેલા (ભાગના ભાષાન્તરમાં પૃ. ૧૪૭ માં સમ્યક્ત્વ વિગેરે ઉચ્ચરવાના વિધિમાં) જણાવ્યા પ્રમાણે વિધિથી દેવવન્દન કરે, પછી ગુરૂને બે વન્દન દઇને અનુયોગની અનુજ્ઞા માટે ગુરૂ-શિષ્ય સત્તાવીશ શ્વાસોચ્છ્વાસનો કાયોત્સર્ગ કરે. પછી પ્રગટ લોગસ્સ૦ કહીને ગુરૂ સ્વયં કે બીજા યોગ્ય સાધુ (જેણે યોગ વહ્યા હોય તે) ઉભા ઉભા ત્રણવાર નવકાર મહામંત્ર કહેવા પૂર્વક 'અસ્ખલિત ઉચ્ચાર કરવો' વિગેરે ગુણ(વિધિ) પૂર્વક મોટું નન્દીસૂત્ર પ્રગટ ઉચ્ચારથી સંભળાવે અને શિષ્ય પણ મહામંગળરૂપ તે સૂત્રને અડધી કાયાથી નમીને મસ્તકે બે હાથે અઞ્જલી કરીને (મુખવસ્ત્રિકા બે હાથની છેલ્લી અંગુલીઓની વચ્ચે રાખીને) મનને એકાગ્ર કરીને વધતા સંવેગ પૂર્વક સાંભળે. પછી ચતુર્વિધ શ્રીસંઘને વાસ (સહિત અક્ષત) વહેંચવા. પછી શિષ્ય વંદન કરીને (ખમા૦ દઈને) કહે કે–'ઇચ્છકારિ ભગવન્! તુમ્હે અમ્હં અણુઓગં અણુજાણહ !' ગુરૂ કહે–'અહમેઅસ્સ સાહુસ્સ દવ્વ-ગુણ-પજ્જવેહિં ખમાસમણાણં હત્થેણં અણુઓગં અણુજાણેમિ.' પછી બીજું ખમા૦ દઈ શિષ્ય કહે–'સંદિસહ કિં ભણામિ ?' ગુરૂ કહે–'વન્દિત્તા પવેયહ', ત્રીજું ખમા૦ દઇ શિષ્ય કહે– 'ઇચ્છકારિ(ભગ૦) તુમ્હે અમ્હ અણુઓગો અણુન્નાઓ, ઇચ્છામો અણુસટ્ઠિં' ત્યારે ગુરૂ 'સમ્મં અવધારય, અન્નેસિં ચ પવેયહ' એમ કહે. ચોથું ખમા૦ દઇ શિષ્ય કહે– 'તુમ્હાણં પવેઇઓ, સંદિસહ સાહૂણં પવેએમિ ?' (ગુરૂ 'પવેયહ' કહે, શિષ્ય 'ઇચ્છં' કહી) પાંચમું ખમાસમણ દઇ ચારે બાજુ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક નમસ્કાર મહામંત્રને ગણતો સમવસરણ(નંદિ)ને અને ગુરૂને પ્રદક્ષિણા આપે. એ પ્રમાણે ત્રણ વાર પ્રદક્ષિણા આપ્યા પછી છટ્ઠું ખમા૦ દઈ શિષ્ય કહે–'તુમ્હાણં પવેઇઓ, સાહૂણં પવેઇઓ, સંદિસહ કાઉસ્સગ્ગં કરેમિ?' (ગુરૂ 'કરેહ' કહે, શિષ્ય 'ઈચ્છં' કહી) સાતમું ખમા૦ દઈ 'અણુઓગ અણુજાણાવણિઅં કરેમિ કાઉસ્સગ્ગં', અન્નત્થ૦, ઈત્યાદિ કહીને (૨૭ શ્વાસોચ્છ્વાસનો) કાઉસ્સગ કરીને પારીને ઉપર પ્રગટ 'લોગસ્સ૦' કહે, પછી શિષ્ય ગુરૂએ આપેલું આસન લઈને ગુરૂને ત્રણ પ્રદક્ષિણા દઈને વંદન કરીને ગુરૂની જમણી ભુજાની પાસે આસન ઉપર બેસે, એ રીતે બેઠેલા શિષ્યના જમણા કાનમાં લગ્નવેળાએ ગુરૂ ગુરૂપરંપરાગત (સૂરિ)મંત્રનાં પદો ત્રણવાર કહે. તે પછી વધતી વધતી ત્રણ અક્ષમુષ્ટિઓ[૨૯૪]આપે. શિષ્ય ઉપયોગ પૂર્વક તેને બે હાથના સમ્પુટથી ગ્રહણ કરે, પછી ગુરૂ નૂતન આચાર્યની નામ–સ્થાપના કરીને આસનથી ઉઠે અને શિષ્ય તે આસને બેસે, ત્યારે યથાસંનિહિત સર્વ સંઘ સહિત ગુરૂ તેને (નૂતન આચાર્યને) વંદન કરે, આ વંદનદ્વારા 'અંને હવેથી સમાન ગુણવાળા છે' એમ જણાવવાનું હોવાથી કરનાર–કરાવનાર બન્નેને દોષ નથી. કહ્યું છે કે—

"आयरिय निसिज्जाए, उवविसणं वंदणं च तह गुरुणो।
तुल्लगुणखावणत्थं, न तया दुहं दुवेण्हं पि॥ प्राचीना सामा० द्वार ११॥

**ભાવાર્થ**–શિષ્યે આચાર્ય(ગુરૂ)ના આસને બેસવું, તથા ગુરૂએ શિષ્યને વંદન કરવું. આ વંદન 'ગુણથી બંનેની સમાનતા જણાવવા માટે છે' તેથી તે બન્નેને દોષરૂપ નથી.

તે પછી ગુરૂ 'વ્યાખ્યાન કરો' એમ કહે ત્યારે ત્યાં બેઠા બેઠા જ નૂતન આચાર્ય નંદિનું પ્રારંભિક (મંગળ વિગેરે), અથવા સાંભળનારી પર્ષદાને અનુરૂપ વ્યાખ્યાન કરે. તે સમાપ્ત થાય ત્યારે સંઘ વંદન કરે. તે પછી નૂતન સૂરિ આસનથી ઉઠે અને ગુરૂ ત્યાં બેસીને આ રીતે 'ઉપબૃંહણ' એટલે ઉત્સાહ વધે તેવી પ્રેરણા–હિતશિક્ષા આપે. જેમ કે—

"હે મહાભાગ! તું ધન્ય છે કે સંસારરૂપ પર્વતને ભેદનારા વજ્રના જેવો દુર્ભેદ્ય (દુર્ગમ્ય) જિનાગમનો બોધ અર્થ પૂર્વક તેં પ્રાપ્ત કર્યો છે (૧), જે સૂરિપદનો તારા જીવનમાં

૨૯૪-અક્ષનો અર્થ સામાન્યતયા સ્થાપનાચાર્ય થાય છે અને સ્થાપનાચાર્ય રાખવાનો અધિકાર મુખ્ય માર્ગે આચાર્યનો છે, એ કારણે અહીં અક્ષ એટલે સ્થાપનાચાર્ય સમજાય છે. કોઈ સામાચારી ગ્રન્થોમાં 'सुगंधिआओ' પાઠ છે, તેથી એમ સમજાય છે કે સુગંધિમાન ચૂર્ણ(વાસ)વાળા અક્ષતોની સાથે સ્થાપનાચાર્ય આપવાનો વિધિ હોય. સ્વ૦ આચાર્ય શ્રી ખાન્તિસૂરિજી સમ્પાદિત બૃહદ્યોગવિધિના પુસ્તકમાં 'સ્થાપનાચાર્ય આપે' એમ જણાવેલું પણ છે. વર્તમાનમાં કેવળ વાસ સહિત અક્ષતની ત્રણ મુષ્ઠિઓ આપવાનું જોવામાં આવે છે તેનું કારણ એ હોય કે સ્થાપનાચાર્ય સૂરિપદ આપ્યા પૂર્વે પણ ગુરૂએ આપેલા હોય છે. અથવા અક્ષ એટલે સુગંધિમાન વાસ કરીએ તો તે પણ ઘટિત છે. કારણ કે તે સમયે સૂરિમંત્ર આપવામાં આવે છે તેથી નૂતન આચાર્યને સૂરિમંત્રનો પટ ગણવાનો અધિકાર મળે છે, તેમાં ગુરૂ પરંપરાગત ચાલ્યો આવતો વાસ સૂરિમંત્રના પટને પૂજવા માટે ઉપયોગી હોવાથી આપવામાં આવતો હોય તો તે પણ ઘટિત છે. કારણ કે–એ રીતે ગુરૂ પરંપરાથી પૂર્વર્ષિઓનો વાસ પણ ચાલુ રાખવાનો આશય હોય, આ વિષયમાં અનુભવિઓના અનુભવને પ્રમાણિક સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરોપ કર્યો છે તે પદ (આત્મ)સંપત્તિ પ્રાપ્ત કરવાનું એવું ઉત્તમ સ્થાન છે કે જે સ્થાનને શ્રીગૌતમપ્રભુ, શ્રીસુધર્મા ગણધર, આદિ અનેકાનેક મહામુનિઓએ શોભાવ્યું છે (૨). હે ભદ્ર આત્મા ! આ પદ ધન્ય પુરૂષોને જ આપવામાં આવે છે અને ધન્ય પુરૂષો જ તેનાથી પાર ઉતરે છે (યથાર્થ સફળ કરે છે). એટલું જ નહિ, તે ધન્ય આત્માઓ પદનો પાર ઉતરીને (આ પદની જવાબદારીને પૂર્ણ કરીને) આ સંસારસમુદ્રનો પાર પણ પામે છે (૩), સંસારરૂપી અટવીથી ભયભીત બનેલો આ સાધુ સમૂહ (હવે પછી) સંસારથી મુક્ત કરાવવામાં સમર્થ એવા ત્હારા શરણે આવ્યો છે (૪), માટે યથાયોગ્ય 'સારણા, વારણા' વિગેરે કરીને, સઘળાં વિઘ્નોથી બચાવીને, આ સંસારરૂપ અટવીથી ત્હારે પ્રયત્ન પૂર્વક તેને પાર ઉતારવો જોઈએ. (૫)"

એ પ્રમાણે નૂતનસૂરિની ઉપબૃંહણા કરીને શિષ્યવર્ગને પણ હિતશિક્ષા આપે. જેમકે-

"તમારે પણ સંસારસાગરથી પાર ઉતારનારા સુંદર વહાણ તુલ્ય આ ગુરૂને કદાપિ તજવા નહિ (૧). તેઓથી પ્રતિકૂળ વર્તવું નહિ, સદા અનુકૂળ થવામાં પ્રયત્નશીલ બનવું, કે જેથી તમોએ કરેલો ગૃહત્યાગ (દીક્ષા) સફળ થાય (૨). તેઓનો વિનયાદિ નહિ કરવાથી શ્રીજિનેશ્વરદેવની આજ્ઞાનો લોપ કર્યો ગણાશે અને તેથી આ લોક-પરલોકમાં ઘોર વિડમ્બનાઓ વેઠવી પડશે (૩), માટે કોઈ કામમાં તે ઠપકો આપે તો પણ હે ભવ્યો ! કુળવતી સ્રીની જેમ તમારે જાવજ્જીવ તેઓના ચરણનું શરણ છોડવું નહિ (૪), જેઓ સદા ગુરૂની સેવા કરે છે તેઓ સમ્યગ્જ્ઞાનનું ભાજન બને છે. એટલુંજ નહિ, તે ધન્ય છે, તે નિર્મળ સમકિતવાળા પણ છે, અને તે દૃઢ (નિર્મળ)ચારિત્રવાળા પણ છે (૫)."[૨૯૫] એ પ્રમાણે હિતશિક્ષા

૨૯૫-અહીં કહેલી હિતશિક્ષા આચાર્યપદને સ્વીકારનાર આચાર્યની અને એ પદને આપનાર ગુરૂની, સમ્મતિ આપનાર ગચ્છવાસી સાધુઓની તથા શ્રી સંઘની જવાબદારીનો ખ્યાલ આપે છે. પદ આપ્યા પછી પદ સ્વીકારનારને અને આપનારને શિરે મોટી જવાબદારી આવે છે, પદ સ્વીકારનાર જેમ સંઘનું અને શાસનનું રક્ષણ કરવા માટે જવાબદાર બને છે તેમ આપનાર ચતુર્વિધ શ્રીસંઘ પણ તેના પદનું બહુમાન કરી આજ્ઞા પાલન કરવા માટે જવાબદાર બને છે. માટે તે ઉભયને ઘટિત હિત-શિક્ષા આપવી તે ન્યાયસંગત છે. 'બે હાથ વિના તાળી પણ ન પડે' એ પ્રસિદ્ધ લોકોક્તિ દરેક પ્રસંગોમાં ઘણો બોધ પાઠ આપે છે. ઉત્સર્ગ માર્ગે તો દરેકને પોતાની જવાબદારીનો ખ્યાલ કરીને તે પ્રમાણે વર્તન કરવાનું જ હોય છે, તેમાં જે જે ક્ષતિ થાય તેનો ન્યાય આપવાનું કાર્ય સર્વ કોઈનું નથી પણ રાજ્યશાસનની જેમ ન્યાયાધીશ તુલ્ય શાસનના અગ્રેસરોનું છે, એ પણ ચૂકે તો કર્મસત્તા એનો ન્યાય ચૂકવે જ છે. આ અટલ વ્યવસ્થાને તોડીને અનધિકાર ચેષ્ટા કરવાથી કે અધિકારી બન્યા પછી ઉપેક્ષા કરવાથી લાભને બદલે હાનિ થાય છે. સેવ્ય-સેવક ઉભય પોતાના કર્તવ્યને અનુસરે ત્યારે જ ઉભયનું કાર્ય સિદ્ધ થાય, એને બદલે પરસ્પર એક-બીજો પક્ષ સામાના કર્તવ્યને કરાવવાનો આગ્રહ સેવે તો વિગ્રહ પેદા થાય. અહીં ગુરૂને અને નિશ્રાગત ગચ્છને પોતપોતાના કર્તવ્યનો માર્ગ બતાવ્યો છે, એને અનુસરવાથીજ સર્વનું શ્રેયઃ સધાય છે. એક હાથ અટકે તો તાળી ન પડે તેમ બેમાંથી એક પક્ષ પણ સ્વકર્તવ્યને ચૂકે તો બીજો પક્ષ યોગ્ય છતાં પોતાના કર્તવ્યને સાધી શકે નહિ, કારણ કે ઉભયનું કર્તવ્ય પરસ્પર સાપેક્ષ છે. માટે ગુરૂ-શિષ્ય ઉભયને પોતાનું કર્તવ્ય બજાવવાની આ પ્રેરણા ઘણી ઉત્તમ છે, એને અનુસરવું એ જ પરસ્પર એક બીજાની ઉત્તમ સેવા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીને બન્ને નિરૂદ્ધ[૨૯૬] કરે અને બન્ને[૨૯૭] સજ્ઝાય પઠાવીને કાલમાંડલું કરે.[૨૯૮]

શ્રી વ્યવહાર ભાષ્યમાં આ પ્રમાણે આચાર્યના પાંચ અતિશયો કહ્યા છે.

" भत्ते पाणे धोवण, पसंसणा हत्थपायसोए अ ।
आयरिए अइसेसा, अणाइसेसा अणायरिए ॥१२९॥
उप्पन्ननाणा जह नो अडंती, चु(चो)त्तीसबुद्धाइसया जिणिंदा ।
एवं गणी अट्ठगुणोववेओ, सत्था व नो हिंडइ इद्धिमं तु ॥१२५॥
गुरुहिंडणंमि गुरुगा, वसभे लहुगाऽनिवारयंतंमि (तस्स) ।
गीआगीए गुरुलहु, आणाईआ बहू दोसा ॥ १२६॥
पंचवि आयरिआई, अच्छंति जहन्नएवि संथरणे ।
एवं पि (अ)संथरंते, सयमेव गणं(णी) अडइ गामे ॥१७३॥" (उद्देसो–६)

---

૨૯૬–'નિરૂદ્ધ કરે' એટલે ગણીપદ આપનાર–લેનાર બન્ને તપનું પચ્ચક્ખાણુ કરે, 'નિરૂદ્ધ એટલે તપ' એવો અર્થ પૂ૦ આચાર્ય શ્રી વિજયોદયસૂરિજી મહારાજનો અભિપ્રેત છે.

૨૯૭–પદપ્રદાન પછી સજ્ઝાય પઠાવવાનો અને કાલમાંડલાં કરવાનો વિધિ નૂતન આચાર્યને કરવાનો સંભવે છે, છતાં અહીં તથા સામાચારી ગ્રન્થોમાં '**दोवि**' એવો પાઠ હોવાથી અમે 'બન્ને' એમ લખ્યું છે.

૨૯૮–આચાર્ય પદ આપવાનો અહીં કહેલો વિધિ અતિ મહત્ત્વનો છે. ગુરૂપરંપરાએ શાસન કાળથી ચાલ્યું આવતું અનેકાનેક આચાર્યો વિગેરેની આરાધનાનું બળ આ વિધિ કરવાથી નૂતન આચાર્યને પ્રાપ્ત થાય છે અને ચતુર્વિધ શ્રીસંઘનો આશીર્વાદ મળવાથી પણ આત્મામાં વિશિષ્ટ ક્ષયોપશમ પ્રગટે છે. વધારે શું ? વિધિ પ્રત્યે જેટલો આદર વધારે તેટલું મોહનીય કર્મ જલ્દી મન્દ પડે છે અને જ્ઞાનાદિ ગુણોનો આત્મામાં પ્રકાશ પ્રગટ થાય છે. હા, પોતાને વિધિ પ્રત્યે માન ન હોય તો તે કરવા છતાં તેનો લાભ મળતો નથી. વાસક્ષેપનું બળ પણ અમાપ હોય છે, કારણ કે પૂર્વ પરંપરાથી ચાલ્યો આવતો પવિત્ર વાસ અનેકાનેક વિશિષ્ટ આત્માઓની આરાધનાના પવિત્ર અધ્યવસાયોના બળે વિશિષ્ટ મંત્ર તુલ્ય બનેલો હોય છે, તે મસ્તક ઉપર પડતાં જ તેના પરમાણુઓ આત્માને અપૂર્વ અધ્યવસાયો પ્રગટાવી શકે છે. સૂરિમંત્રના શ્રવણુ માત્રથી પણ એ લાભ થાય છે અને પછી તો ઉત્તરોત્તર તેના જાપથી વિશિષ્ટ પ્રકાશ મળે છે. આ હકિકત માત્ર શબ્દથી સમજાય તેવી નથી પણ શ્રદ્ધાળુ આત્માને શ્રદ્ધા પૂર્વકના તે તે અનુભવોથી સમજાય તેવી છે. માટે જ વિશિષ્ટ યોગ્યતા પ્રગટાવવામાં સમર્થ આ વિધિને આરાધવો હિતકર છે. જે તેનો અનાદર કરે છે તેનો આચાર્યપદ પામવા છતાં અનાદર થવાનો સંભવ છે. યોગ્ય આત્માને યોગ્ય ગુરૂએ ચતુર્વિધ શ્રી સંઘની સંમતિ પૂર્વક ઉપર્યુક્ત વિધિથી આપેલું આચાર્યપદ તેને સફળ કરવાની યોગ્યતા પ્રારંભમાં ન હોય તો પણ ભવિષ્યમાં તેનામાં વિશિષ્ટ યોગ્યતા પ્રગટ કરી શકે છે. ઉપરાંત અહીં કહેલાં ઉત્તમ ક્ષેત્ર, શુભલગ્નરૂપ ઉત્તમ કાળ, વિગેરે નિમિત્તોનું પણ અચિન્ત્ય બળ મળે છે. આત્મા ગમે તેટલો યોગ્ય છતાં તે તે પ્રકારનાં ઉત્તમ દ્રવ્ય–ક્ષેત્ર, કાળ, ભાવ વિગેરે નિમિત્તોને પામ્યા વિના સ્વગુણોને પ્રગટ કરી શકતો નથી, એ વ્યવહાર નયનું દૃઢ મનતવ્ય છે, એ કારણે જ વ્યવહારનય પ્રત્યેક ક્રિયામાં વિધિનું મહત્ત્વ જણાવે છે. વિધિ એક નિમિત્ત તરીકે આત્મામાં શુદ્ધિ પ્રગટ કરી શકે છે, એ શુદ્ધિ જ નિશ્ચયનયનું સાધ્ય છે અને તે માટે કરાતો વિધિ તેનું સાધન છે. એમ સાધ્ય–સાધનનો સંબન્ધ પરસ્પર સાપેક્ષ હોવાથી સાધ્યના જેટલું જ મહત્ત્વ સાધનનું (વિધિનું) પણ છે, ઈત્યાદિ રહસ્ય યથામતિ સ્વયં વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-૧-આહાર અને ૨-પાણી, એ બે આચાર્યને ઉત્કૃષ્ટ (વિશિષ્ટ) આપવાં, ૩-તેઓનાં મલિન વસ્ત્રોને ધોવાં, ૪-તેઓની પ્રશંસા કરવી અને ૫-તેઓના 'હાથ-પગ ધોવા' વિગેરે શૌચ કરવો, એમ આચાર્યને એ પાંચ અતિશયો (કરવા યોગ્ય) છે, અનાચાર્યને તે અનતિશયો છે (અર્થાત્ કરવા યોગ્ય નથી) (૨૨૯). સર્વજ્ઞપણાના ચોત્રીશ અતિશયોવાળા શ્રીજિનેશ્વરો જેમ કેવળજ્ઞાન થયા પછી ભિક્ષા માટે જતા (ફરતા) નથી, તેમ આઠ પ્રકારની૨૯૯ગણી(આચાર્ય)પદની સમ્પત્તિથી (ગુણોથી) યુક્ત આચાર્ય પણ તીર્થંકરની જેમ ઋદ્ધિમાન્ હોવાથી ભિક્ષા

૨૯૯-આચાર્યજે આઠ વિષયોથી વિશિષ્ટ હોય છે તે આઠ વિષયોને ગણિસમ્પત્તિ કહેવાય છે. તેમાં **૧-આચાર સમ્પત્તિ**, તેના ચાર ભેદો છે ૧-ચારિત્રમાં નિત્ય સમાધિ રહે તેવો ઉપયોગ, ૨-પોતાનાં ઉચ્ચ જાતિ-કુળ વિગેરેના આગ્રહનો-ગૌરવનો અભાવ, ૩-અનિયત (અપ્રતિબદ્ધ) વિહાર અને ૪-શરીરના અને મનના વિકારોનો અભાવ વિગેરે. **૨-શ્રુત સમ્પત્તિ**, તેના પણ ચાર ભેદો છે, ૧-બહુશ્રુતપણું (તે યુગમાં અન્યની અપેક્ષાએ જ્ઞાન વિશિષ્ટ હોય), ૨-સૂત્રનો (આગમનો) દૃઢ પરિચય, ૩-સ્વ—પર સિદ્ધાન્તરૂપ વિવિધ સૂત્રોના જ્ઞાતા અને ૪- ઉદાત્ત, અનુદાત્ત વિગેરે તે તે સ્વરોનો-શબ્દાદિનો ઉચ્ચાર કરવામાં કુશળ. **૩-શરીર સમ્પત્તિ**, તેના ચાર ભેદોમાં ૧-શરીરની ઉંચાઈ-પહોળાઈ વિગેરે તે કાળને ઉચિત હોય, ૨- લજ્જા ન પામે તેવાં સર્વ અંગો શોભાયુક્ત (ઘાટીલાં) હોય, ૩-પાંચે ઇન્દ્રિઓથી પૂર્ણ (ખોડ-ખાંપણ વિનાનું) શરીર અને ૪-શરીરનું સંઘયણ (બાંધો) સ્થિર (મજબૂત) હોય. **૪-વચન સમ્પત્તિ**, તેના ચાર ભેદો પૈકી જેઓનું વચન ૧-આદેય (સર્વ માન્ય) હોય, ૨-મધુર હોય; ૩-મધ્યસ્થ હોય અને ૪-સંદેહ વિનાનું હોય. **૫-વાચના સમ્પત્તિ**, તેના ચાર ભેદો છે, ૧-શિષ્યની યોગ્યતાને જોઇને તેને ઉપકારક થાય તે-તેટલા સૂત્રનો ઉદ્દેશ કરે અને અયોગ્યને (અનધિકારીને) ઉદ્દેશ ન કરે, ૨-ઉદ્દેશની જેમ યોગ્યતાને જોઇને અર્થાત્ શિષ્ય પરિણત છે કે અપરિણત ? તે વિચારીને સમુદ્દેશ કરે, ૩-પૂર્વે આપેલું શ્રુત (આલાપકો) બરાબર સમજાયા પછી નવું શ્રુત આપે અને ૪-પૂર્વાપર સંગત થાય તે રીતે સૂત્રોના અર્થોને સમજાવે. **૬-મતિ સમ્પત્તિ**, તેના ૧-અવગ્રહ, ૨-ઇહા, ૩-અપાય અને ૪-ધારણા એ ચાર ભેદો છે, તેમાં તે તે ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોનું માત્ર નિરાકાર ગ્રહણ તે અવગ્રહ, તેનો વિમર્શ—વિચાર કરવો તે ઇહા, નિર્ણય કરવો તે અપાય અને ઇહા-અપાય દ્વારા પડેલા સંસ્કારો ધારણ કરી રાખવા તે ધારણા સમજવી. **૭-પ્રયોગ સમ્પત્તિ**, અહીં પ્રયોગ એટલે વાદ કરવો એમ સમજવું, તેના ચાર ભેદો છે, તેમાં ૧-વાદ વિગેરે કરવામાં પોતાનું આત્મબળ-જ્ઞાનબળ કેટલું છે તે સમજે, ૨-સામે વાદી કોણ છે ? કયા નયને આશ્રીને વાદ કરવા ઇચ્છે છે વિગેરે વાદીને સર્વ રીતે સમજી શકે, ૩-જ્યાં વાદ કરવાનો હોય તે ક્ષેત્ર ( નગર-ગામ-દેશ ) કોના પક્ષમાં છે ? કયા ધર્મનું રાગી છે ? વિગેરે સમજે અને ૪-જે સભામાં વાદ કરવાનો હોય તેના સભાપતિ, સભાસદો, (રાજા, મંત્રી, પ્રજાજન-પંડિત પુરૂષો) વિગેરેને ઓળખી શકે. **૮-સંગ્રહપરિજ્ઞાસમ્પત્તિ** એટલે સંયમને ઉપકારક વસ્તુઓના સંગ્રહનું જ્ઞાન, તેના ચાર ભેદો છે. ૧-બાળ-વૃદ્ધ ગ્લાન વિગેરે સર્વને અનુકૂળ રહે તેવા ક્ષેત્રની પસંદગીનું ( મેળવવાનું ) જ્ઞાન હોય, ૨-પાટ-પાટલા વિગેરે જરૂરી વસ્તુ મેળવવાનું જ્ઞાન હોય, ૩-સ્વાધ્યાય, ભિક્ષા, ભોજન, વિગેરે તે તે કાર્યો કરવાના તે તે સમયનું જ્ઞાન હોય. અને ૪-ન્હાના-મોટા યોગ્ય-અયોગ્ય, વિગેરે કોણ સાધુ કોને વન્દનીય છે, વિગેરે વિનય સંબન્ધી જ્ઞાન હોય.

ગૃહસ્થને દ્રવ્યસમ્પત્તિની જેમ આચાર્યને આ આઠ પ્રકારની ભાવ (ગુણ) સમ્પત્તિ હોય તો જ ગચ્છનું પાલન, રક્ષણ કરીને ભાવ પ્રાણરૂપ જ્ઞાનાદિ ગુણોની રક્ષા કરી-કરાવી શકે માટે તેને સમ્પત્તિ કહી છે. તેના વિના દરિદ્રના કુટુમ્બની જેમ સર્વ સાધુઓનું સંયમ જીવન સીદાય અને એ માટે આચાર્ય જવાબદાર હોવાથી તેનું ભવભ્રમણ વધે, ઇત્યાદિ યથામતિ સ્વયં વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ફરે નહિ (૧૨૫), ઉપરાન્ત આચાર્ય ભિક્ષા જવા ઈચ્છે છે એમ જાણ્યા પછી વૃષભ સાધુ રોકે નહિ તો તેને 'ચતુર્લઘુ' પ્રાયશ્ચિત્ત, રોકવા છતાં આચાર્ય ન રોકાય તો તે સાધુ નિર્દોષ ગણાય અને આચાર્યને 'ચતુર્ગુરૂ' પ્રાયશ્ચિત્ત લાગે. ગીતાર્થસાધુ ન રોકે તો તેને 'માસગુરૂ' પ્રાયશ્ચિત્ત, અગીતાર્થ સાધુ ન રોકે તો તેને 'માસલઘુ' પ્રાયશ્ચિત્ત અને બંનેએ રોકવા છતાં ન રોકાય તો આચાર્યને પ્રત્યેકનું 'ચતુર્ગુરૂ' પ્રાયશ્ચિત્ત આવે, ઉપરાન્ત જિનાજ્ઞાનો ભઙ્ગ વિગેરે બીજા પણ દોષો થાય (૧૨૬). અન્ય સાધુઓથી ગચ્છનો જઘન્ય પણ નિર્વાહ થતો હોય તો આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેદક, એ પાંચે ગોચરી ન જાય અને મધ્યમ કે ઉત્કૃષ્ટ નિર્વાહ થતો હોય ત્યારે તો નિયમા ન જાય, પણ અન્યસાધુઓથી ગચ્છનો જઘન્ય પણ નિર્વાહ ન થઈ શકે તો આચાર્ય (પણ) સ્વયં ગામમાં આહારાદિ લેવા માટે જાય (૧૭૩).

અનુયોગની અનુજ્ઞા થયા પછી નૂતનઆચાર્યને વ્યાખ્યાન કરવાનો વિધિ કહે છે કે—

**मूलम्–" ततोऽसौ नित्यमुद्युक्तः, कार्ये प्रवचनस्य च ।**
**व्याख्यानं कुरुतेऽर्हेभ्यः, सिद्धान्तविधिना खलु ॥" १३३ ॥**

**મૂળનો અર્થ**—આચાર્યપદની અનુજ્ઞા થયા પછી નૂતન આચાર્ય શાસનનાં (સંઘનાં) કાર્યોમાં નિત્ય ઉદ્યમ કરવા સાથે આગમોક્ત વિધિથી યોગ્ય સાધુઓને અવશ્ય વ્યાખ્યાન સંભળાવે.

**ટીકાનો ભાવાર્થ**—આચાર્ય પદવી આપ્યા પછી તે નૂતન આચાર્ય નિત્ય (હંમેશાં) આગમનાં અથવા સંઘનાં કાર્યોમાં અવશ્ય ઉદ્યમ કરે અને આગમોક્ત વિધિને અનુસારે યોગ્ય શિષ્યોને નિશ્ચે વ્યાખ્યાન (વાચના) પણ આપે તે સાપેક્ષયતિધર્મ છે, એમ વાક્યનો સંબન્ધ જોડવો. અહીં જેઓ સર્વવિષયમાં રાગ-દ્વેષ રહિત, બુદ્ધિમાન્ અને પરલોકના ભયવાળા હોય તેઓને સામાન્યતયા સિદ્ધાન્તને સાંભળવાની યોગ્યતાવાળા સમજવા. કારણ કે–સર્વ વિષયોમાં અસદાગ્રહને વશ થયા વિના તેવાઓ ન્હાની મોટી પોતાની ભૂલોને સ્વીકારી શકે છે અને હડની[300] પેઠે વિનયથી નમ્ર એવા તે ધન્યઆત્માઓ અજ્ઞાનરૂપ (અગાધ)જળથી તરી પણ શકે છે. (આગમ ભણનારા) 'પ્રાપ્ત' વિગેરે વિશેષણોથી વિશિષ્ટ હોવા જોઈએ, તેઓને જ વિશિષ્ટ સૂત્રોને ભણવા માટે યોગ્ય (અધિકારી) કહ્યા છે. અહીં પ્રાપ્ત એટલે પર્યાયથી અને યોગ્યતાથી અધિકારી બનેલો, એવા પ્રાપ્તને ( યોગ્યને ) જૈનઆગમમાં 'કલ્પિક' કહ્યો છે. તેમાં પણ આવશ્યક વિગેરે સૂયગડાંગસૂત્ર સુધી ભણેલો હોય તેને પ્રાપ્ત સમજવો. અર્થાત્ વિશિષ્ટ સૂત્ર ભણવામાં યોગ્ય સમજવો. અહીં સૂયગડાંગ સુધી ભણેલો એમ કહેવામાં એ અપેક્ષા છે કે એટલું ભણનારો તર્કથી નિર્મળ અને (સૂક્ષ્મ)બુદ્ધિવાળો બને છે, અર્થાત્ જેની બુદ્ધિ તર્ક–સમાધાનથી નિર્મળ (સૂક્ષ્મ) બની હોય તેને યોગ્ય સમજવો. છેદ ગ્રન્થો વિગેરે સાંભળવામાં (ભણવામાં) તો પર્યાયથી યોગ્ય બન્યો હોય તો પણ જે સદ્‌ભાવયુક્ત, (ચારિત્ર અને શ્રુત) ધર્મમાં પ્રીતિવાળો, પાપભીરૂ, અને પરિણામિક (પરિણત) હોય તેને અધિકારી સમજવો. પરિણામિક એટલે તે તે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિગેરે તે તે અપેક્ષાઓને અનુસરીને ઉત્સર્ગના વિષયમાં ઉત્સર્ગનો અને અપવાદના વિષયમાં અપવાદનો, એમ જ્યાં જે ઉચિત હોય ત્યાં બન્નેનો વિવેક કરી

૩૦૦–હડ નામનું વૃક્ષ નમેલું રહે તેમ અસદાગ્રહથી રહિત હોવાથી સત્યને પામી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે તેવો સમજવો. એવા ગુણવાનને છેદ વિગેરે સૂત્રોનું વ્યાખ્યાન સંભળાવવું તે નિર્મળબોધ વિગેરેમાં હેતુ બનવાથી હિતકર થાય, અતિપરિણામક કે અપરિણામકને સંભળાવેલું તો તેઓના વિચિત્ર કર્મોના દોષથી અહિતકર જ થાય એમ સમજવું. કારણ કે તેવાઓને તેવો વિષય સાંભળવાથી (પ્રાયઃ) અનર્થ થાય. પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે—

" आमे घडे निहत्तं, जहा जलं तं घडं विणासेइ ।
इअ सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥" पञ्चवस्तुक–९८२ ॥

**ભાવાર્થ**–જેમ કાચા ઘડામાં ભરેલું પાણી તે ઘડાનો નાશ કરે તેમ અલ્પ આધારને (અપાત્રને) આપેલું સિદ્ધાન્તનું રહસ્ય પણ તે આત્માનો નાશ કરે છે.[૩૦૧]

---

૩૦૧–જેમ કોઇ ભસ્મ કે રાસાયણિક ઔષધ લેતાં પહેલાં કાષ્ટિક ઔષધ- રેચ વિગેરેથી શરીર શુદ્ધિ કરવી પડે છે, તે વિના ગમે તેવો માણસ એવાં ઔષધો લે તો લાભને બદલે નુકસાન થાય છે, તેમ વર્તમાનમાં કર્મરોગના નાશ માટે જિનમૂર્તિ અને જિનાગમ બે ઔષધતુલ્ય છે. તેમાં જિનભક્તિ કાષ્ટિક ઔષધ તુલ્ય હોવાથી આરંભ–સમારંભ કરનારા ગૃહસ્થો પણ તે કરી શકે છે, જો કે તેમાં પણ અમુક યોગ્યતાને સ્થાન છે જ, સર્વ કોઇને લાભ થતો નથી. પણ આગમ ભણવા માટે તો વિશિષ્ટ શુદ્ધિ આવશ્યક છે, કારણ કે તે રાસાયણિક ઔષધ તુલ્ય છે. શાસ્ત્રમાં તેનું ફળ પણ ઘણું મોટું કહેલું છે અને તે ભણવા માટે મુખ્યતયા શ્રમણ જીવનને યોગ્ય માન્યું છે. તો પણ સર્વ સાધુને તે ભણાવવા યોગ્ય નથી. વિશિષ્ટ વૈરાગ્ય, પરિણત બુદ્ધિ, વિગેરે ગુણો પ્રગટ્યા હોય, મોહરૂપી મળનો વિકાર મંદ હોય તેવા યોગ્ય સાધુને જ તે ભણાવી શકાય. આ વ્યવસ્થા મહાપુરૂષોની ભાવદયાના ઝરણારૂપ છે, હિત કરતાં પણ કોઇનું અહિત ન થાય તેવી જાગ્રતિમાંથી પ્રગટેલી છે, માટે તે ઉપકારક છે.

જિનેશ્વરો પ્રત્યે પૂર્ણ વિશ્વાસ--અને પૂજ્યભાવ પ્રગટાવવા માટે પ્રારંભમાં જિનભક્તિ કરણીય છે, તેના બળે મિથ્યાત્વ વિગેરે રોગો મંદ પડે ત્યારે આગમ ગ્રન્થોને પચાવવાની યોગ્યતા પ્રગટે છે અને એ યોગ્યતાના પ્રમાણમાં તે તે સૂત્ર ભણવાથી લાભ થાય છે. અન્યથા અહીં કહ્યું તેમ કાચા ઘડામાં પાણી ભરવાની જેમ ભણનારને અહિત થાય છે. એ યુક્તિસિદ્ધ છે.

સમ્યક્ત્વ જ્ઞાનની રક્ષા કરે છે અને સમ્યકત્વથી સમ્યગ્ બનેલું જ્ઞાન ચારિત્રને જન્મ આપે છે, રક્ષા કરે છે. વૃદ્ધિ કરે છે અને સફળ કરે છે. એથી જ પ્રથમ સમ્યક્ત્વ, તેના યોગથી સમ્યગ્ જ્ઞાન અને પછી ચારિત્ર પ્રગટે છે તથા એ જ ક્રમથી સાતમે, તેરમે અને ચૌદમે ગુણસ્થાને તે ગુણો અંતિમ ઉત્કર્ષને પણ પામે છે. દર્શન વિનાનું જ્ઞાન દશપૂર્વન્યૂન સુધી પણ વિશ્વાસપાત્ર હોતું નથી, તેને અજ્ઞાન પણ કહેવાય છે, સમ્યકત્વ પછીનું જ જ્ઞાન વિશ્વાસપાત્ર અને સમ્યગ્ બને છે. તેમ છતાં રાસાયણિક ઔષધ લેનારો યોગ્ય છતાં પરેજી ન પાળે તો અહિત થવાનો સંભવ છે, તેમ ચૌદપૂર્વના જ્ઞાતાને પણ તેનું જ્ઞાન સમ્યગ્ છતાં મોહનીયના ઉદયની વિષમતાથી મિથ્યા બની જતાં ભવભ્રમણ વધી જવાનો પણ સંભવ છે જ. એ કારણે જ મોહનો સર્વથા ક્ષય ન થાય ત્યાં સુધી શ્રુતજ્ઞાન એકાન્તે વિશ્વાસપાત્ર બનતું નથી. એમ જ્ઞાન જેટલું વધારે ઉપકારક છે તેટલું તે અયોગ્યને અહિતકર પણ છે, એ કારણે જીવને અહિત ન થાય તેનો પૂર્ણ ખ્યાલ રાખીને પાચન શક્તિ વધે તેમ તેમ ખોરાકમાં વધારો કરાય છે તે ન્યાયે જ્ઞાન પણ આત્માને ઉપકારક બને તેમ વધારે આપવું જોઇએ. જે કેવળ જ્ઞાન મેળવવા કરતાં પચાવવાના લક્ષ્ય–વાળા હોય છે તેઓ પોતાની યોગ્યતાને અનુસારે ભણે છે અને સફળ કરે છે, એવી યોગ્યતા વિનાના કાચા ઘડા જેવા આત્માને ભલે જ્ઞાન મેળવવાની તીવ્ર ભૂખ હોય, પણ તેના હિતાહિતનો વિચાર કરી લાભપ્રદ થાય તેટલું જ શ્રુત તેને ભણાવવું જોઈએ અને તેને પચાવવા (સફળ કરવા) માટે તપ–જપ–ત્યાગનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું જ નહિ, પરંપરાએ બીજા શ્રોતાઓને પણ તે અતિપરિણત અને અપરિણત ઉપદેશક-દ્વારા શુદ્ધ પુરૂષાર્થનો (મોક્ષ માર્ગનો) લાભ થતો નથી. કારણ કે જીવને અનાદિ કાલથી સેવાએલો મિથ્યાગ્રહ થવો સહેલો છે. માટે જે ઉપસંપન્ન (ભણવા માટે આવેલો) હોય તેને તથા ઉપર કહ્યા તેવા ગુણવાનને પહેલાં સૂત્ર, પછી અર્થ, ઇત્યાદિ ક્રમથી અને તે પણ માત્ર પોપટના પ્રલાપની જેમ નહિ પણ સુનિશ્ચિત (બોધ થાય તેમ) વ્યાખ્યાન સંભળાવવું. ઉપસમ્પદાનો વિધિ તો પહેલાં જણાવી આવ્યા. વ્યાખ્યાતાએ પદાર્થોનું વ્યાખ્યાન એવી રીતે કરવું કે જેથી શ્રોતાને સમ્યગ્ બોધ થાય. આગમગમ્ય પદાર્થો આગમના વચનોથી જ અને યુક્તિગમ્ય પદાર્થો યુક્તિપૂર્વક જ સમજાવવા જોઇએ. તેમાં 'સ્વર્ગમાં અપ્સરાઓ છે, કુરૂદેશ ઉત્તરમાં છે' વિગેરે શ્રદ્ધેય વિષયો આગમવચનના આધારે, અને 'આત્માનું પ્રમાણ સ્વદેહ પ્રમાણ ન્હાનું મોટું હોય છે' વિગેરે યુક્તિગમ્ય વિષયો યુક્તિપૂર્વક સમજવા. કહ્યું છે કે—

"आणागिज्झो अत्थो, आणाए चेव सो कहेअव्वो ।
दिट्ठंतिअ दिट्ठंता, कहणविहि विराहणा इहरा ॥९९४॥
जो हेउवायपक्खंमि, हेउओ आगमे अ आगमिओ ।
सो ससमयपण्णवओ, सिद्धंतविराहओ अन्नो ॥९९३॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–જિનાજ્ઞાથી ગ્રાહ્ય અર્થને 'જિનેશ્વરદેવે એ જ પ્રમાણે કહ્યું છે' એમ સમજાવીને અને દૃષ્ટાન્તથી સમજાવવા યોગ્ય અર્થને યુક્તિથી–દૃષ્ટાન્તથી જ સમજાવવો જોઇએ, એમ ન કરવાથી આગમની વિરાધના થાય છે. (૯૯૪) જે યુક્તિગમ્ય વસ્તુને યુક્તિવડે અને આજ્ઞા-(શ્રદ્ધા)ગ્રાહ્ય અર્થને જિનવચનની શ્રદ્ધાના બળે સમજાવે છે તેને શ્રી જિનેશ્વરોએ સ્વસિદ્ધાન્તનો પ્રરૂપક કહ્યો છે, એમ ન કરે (યુક્તિ ન લાગે ત્યાં પોતાની મતિકલ્પનાથી યુક્તિને આગળ કરે અને યુક્તિગમ્ય છતાં યુક્તિથી ન સમજાવે તે જિનવચનની લઘુતા કરનારો હોવાથી) તેને સિદ્ધાન્તનો વિરાધક કહ્યો છે. [૩૦૨](૯૯૩)

---

બળ વધારવું જોઇએ. રાસાયણિક ઔષધો પણ તેની શક્તિના પ્રમાણમાં પૌષ્ટિક ખોરાકના યોગે લાભ કરે છે તેમ જ્ઞાન પણ આત્માના આરોગ્ય માટે રસાયણ હોવાથી જપ-તપ-ત્યાગ રૂપ પૌષ્ટિક તત્ત્વોના સહકારથી વૈરાગ્યરૂપ આરોગ્યને (શક્તિને) વધારે છે અને એના બળે રાગ-દ્વેષરૂપ મોહના પ્રબલ યોદ્ધાઓનો પરાજય કરી આત્મા મોહનો વિજેતા (વીતરાગ) બની શકે છે. આ પ્રક્રિયાને અનુસારે જ્ઞાન ઉપકારક થઇ શકે છે, અન્યથા અહીં જણાવ્યું છે તેમ ભણનારના આત્માને ભવમાં ભટકતો કરી દે છે.

૩૦૨–આત્માના મૂળ ગુણો અથવા જેને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે તે ૧–સમ્યગ્દર્શન, ૨–સમ્યગ્જ્ઞાન અને ૩–સમ્યક્ ચારિત્ર છે. કહ્યું પણ છે કે '**સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ**' અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેના સહકારથી મોક્ષ થાય છે. શાસ્ત્રનું અધ્યયન જો મોક્ષ માટે છે તો તેના બળે કેવળ બોધ નહિ પણ એ ત્રણે ગુણો પ્રગટવા-વધવા જોઇએ. એકલું જ્ઞાન, એકલું દર્શન કે એકલું ચારિત્ર મોક્ષ કરી શકતું નથી. આ ત્રણ ગુણો પૈકી દર્શન-શ્રદ્ધા પ્રથમ પ્રગટે છે, તેના યોગે બોધ (જ્ઞાન) સમ્યગ્ થાય છે અને એ બેની ભૂમિકા ઉપર ચારિત્રનું મંડાણ મંડાય છે. એમ ત્રણે સહકૃત બનીને આત્માને લાભ કરે છે. જો શ્રુતનું અધ્યયન મોક્ષ માટે આવશ્યક છે તો તેના અધ્યયનથી આત્મામાં તે ત્રણે ગુણો પ્રગટે તેવી તેમાં વ્યવસ્થા (શક્તિ) પણ હોવી જોઇએ. યુક્તિસિદ્ધ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારે શું કહેવું? નિશ્ચય વિગેરે અનેક નયસાપેક્ષ (ભિન્ન ભિન્ન અપેક્ષાએ ભિન્ન ભિન્ન) અર્થથી પ્રધાન પદાર્થોનું વ્યાખ્યાન તે રીતે કરવું કે શ્રોતાઓને (સંસાર પ્રત્યે ઉદાસીનતા અને મોક્ષમાર્ગમાં ઉત્સાહરૂપ) સંવેગ પ્રગટ થાય અને એ મોક્ષમાર્ગના દર્શક સર્વજ્ઞ ભગવંત પ્રત્યે વિશ્વાસ પ્રગટે. ઇરાદા પૂર્વક વ્યાખ્યાનદ્વારા જિનવચનને અસત્ય ઠરાવવું તે વિષાદિ તુલ્ય છે, કારણ કે-તેનો વિપાક (ફળ) અતિદારૂણ (મહા દુઃખદાયી) બને છે. બીજી બાજુ વીતરાગની આજ્ઞા પ્રત્યે બહુમાન થવારૂપ યોગબળ (આત્મ સામર્થ્ય) એક મહામંત્ર (તુલ્ય) છે, કારણ કે તે સમસ્ત દોષોને ટાળનાર છે, માટે વર્તમાન કાળમાં પણ મૂઢતા તજીને (સૂક્ષ્મબુદ્ધિ કેળવીને) જિનાજ્ઞાનું પાલન કરવામાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ. વ્યાખ્યાનનો વિધિ ઉપસમ્પદાના પ્રસંગે (પૃ૦ ૩૧૨ માં) 'मज्जणनिसिज्ज' વિગેરે પાઠથી કહ્યો છે તે પ્રમાણે સમજવો.

એમ યોગ્ય શિષ્યોને 'નન્દી' વિગેરે આગમ ગ્રન્થોનું, દૃષ્ટિવાદનું, કે તેમાંથી ઉદ્ધરેલા (દેવેન્દ્રસ્તવ વિગેરે) વિવિધ સ્તવોની પરિજ્ઞા (પર્યાલોચન) વિગેરે ગ્રન્થોનું વ્યાખ્યાન કરવું. એ રીતે વ્યાખ્યાન કરવાથી નિપુણ બુદ્ધિથી સમજવા યોગ્ય ભાવોનો પણ બોધ થાય છે અને આકરા (જટિલ) પણ વિવિધ સંશયોનો નાશ થવાથી શાસન શોભામાં (આગમના મહિમામાં) વૃદ્ધિ થાય છે. તાત્પર્ય કે જિનાગમની મહત્તા દ્વારા જૈનશાસનની પણ મહત્તા વધે એ ઉદ્દેશથી ઉપર કહ્યું તેમ શિષ્યોને વ્યાખ્યાન કરવું.

અહીં સુધી અનુયોગ(સૂત્રદાન)ની અનુજ્ઞાનો વિધિ કહ્યો, હવે ગચ્છની અનુજ્ઞારૂપ સાપેક્ષ-યતિ ધર્મનું વર્ણન કરે છે.

---

ભાવોના અધ્યયનથી બોધ થાય છે પણ શ્રદ્ધા પ્રગટ થતી નથી. આ શ્રદ્ધાને પ્રગટાવવા માટે તો શ્રદ્ધાગ્રાહ્ય ભાવોને જણાવનારા શ્રીતીર્થંકરદેવો અને તેના વ્યાખ્યાતા ગુરૂઓ પ્રત્યે શ્રદ્ધા જોઇએ, ઉપરાન્ત ન સમજાય તેવા ભાવોને પણ એ શ્રદ્ધાથી સત્ય માનવા જોઇએ. એ રીતે આજ્ઞા(શ્રદ્ધા)ગ્રાહ્ય વચનોને શ્રદ્ધાથી માનતાં જીવનો શ્રદ્ધા ગુણ વિકાસ પામે છે. બીજી બાજુ શ્રદ્ધા ગમે તેવી નિર્મળ અને દૃઢ હોય પણ બોધ (જ્ઞાન) વિના ચારિત્રનું પાલન, રક્ષણ, શુદ્ધિ કે વૃદ્ધિ થાય નહિ, માટે બોધની પણ આવશ્યકતા છે, તે બોધ યુક્તિસિદ્ધ વચનોથી થાય છે. યુક્તિગ્રાહ્ય વચનોથી આત્માને દ્રવ્યબોધ (શાસ્ત્રોનું જ્ઞાન) થાય છે અને તેને આત્માની પરિણતિરૂપ ભાવશ્રુત બનાવવાનું કાર્ય શ્રદ્ધા કરે છે. અર્થાત્ શ્રદ્ધા દ્વારા દ્રવ્યશ્રુત ભાવશ્રુતમાં પરિણમે છે અને એના પરિણામે ચારિત્રગુણ પ્રગટ થાય છે. એમ આગમના આજ્ઞાગ્રાહ્ય ભાવોથી શ્રદ્ધા, યુક્તિગ્રાહ્ય ભાવોથી જ્ઞાન, અને તે બન્નેના આલમ્બનથી ચારિત્ર પ્રગટ થાય છે, હોય તેની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. લૌકિક વ્યવહારોમાં પણ આ પ્રક્રિયા વ્યાપક છે, ન સમજાય તે વિષયમાં બાળકને માતા ઉપર, વિદ્યાર્થીને શિક્ષક ઉપર, મુસાફરને વળાઉ ઉપર, રોગીને વૈદ્ય ઉપર, એમ ભિન્ન ભિન્ન વિષયમાં અલ્પજ્ઞને તેના જ્ઞાતા ઉપર શ્રદ્ધા રાખીને જ તે તે કાર્ય કરવાનું હોય છે, એવું કદી ન બને કે અજ્ઞાની જ્ઞાની ઉપર વિશ્વાસ મૂકયા વિના જ તે તે વિષયનો જ્ઞાતા બની શકે. સર્વત્ર અલ્પજ્ઞને શ્રદ્ધાના બળે જ જ્ઞાન વધારવાનું હોય છે. શ્રદ્ધાથી કાર્ય જેમ જેમ સિદ્ધ થાય છે તેમ તેમ શ્રદ્ધા જ્ઞાનરૂપે પરિણમે છે, એથી જ શ્રદ્ધાના પરિપાકને શાસ્ત્રમાં જ્ઞાન પણ કહ્યું છે. એ જ્ઞાનથી શ્રદ્ધા વધારે દૃઢ બને છે અને પુનઃ કાર્ય સિદ્ધ થતાં જ્ઞાનરૂપે પરિણમે છે. એ ક્રમથી જયારે જગતના સર્વ ભાવોનું આત્મપ્રત્યક્ષ (કેવળ) જ્ઞાન થાય છે ત્યારે શ્રદ્ધા નિરૂપયોગી બનતાં તેનો અભાવ થાય છે. એમ આત્મામાં શ્રદ્ધા અને જ્ઞાન બન્ને ગુણો ક્રમશઃ આગમમાં કહેલા આજ્ઞાગ્રાહ્ય અને યુક્તિગ્રાહ્ય વચનોથી પ્રગટે છે અને એ બેના બળે ચારિત્ર પ્રગટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलम्–" एतस्यैव गणानुज्ञाऽन्यस्य वा गुणयोगिनः ।
गुरुणा विधिना कार्या, गुणयोगी त्वयं मतः ।।"१३४।।

**મૂળનો અર્થ**–ઉપર કહ્યા તે અનુયોગાચાર્યને જ અથવા બીજા ગુણયોગીને ગુરૂએ વિધિપૂર્વક ગચ્છની અનુજ્ઞા કરવી. ગુણયોગી તો આવા ગુણવંતને માન્યો છે.

**ટીકાનો ભાવાર્થ**–આ (અનુયોગી કર્યો હોય તે) નૂતન આચાર્યને જ અથવા બીજા ગુણના યોગવાળાને (ગુણવંતને) પદ આપનાર ગુરૂએ પાછળ કહીશું તે વિધિપૂર્વક ગચ્છાચાર્યપદે સ્થાપવો. તેમાં નીચે કહીએ છીએ તે ગુણવાળાને શ્રી જિનેશ્વરોએ ગુણયોગી કહ્યો છે.

मूलम्–" सूत्रार्थज्ञः प्रियदृढधर्मा सर्वानुवर्त्तकः ।
सज्जातिकुलसंपन्नो, गम्भीरो लब्धिमांस्तथा ।।१३५।।
संग्रहोपग्रहपरः, श्रुतरागी कृतक्रियः ।
एवंविधो गणस्वामी, भणितो जिनसत्तमैः ।।१३६।।" युग्मम् ।।

**મૂળનો અર્થ**–સૂત્ર–અર્થનો જ્ઞાતા, ધર્મમાં પ્રીતિવાળો અને દૃઢ, સર્વને અનુકરણ કરાવનારો, ઉત્તમ જાતિ–કુળવાળો, ગમ્ભીર, લબ્ધિવંત, શિષ્યાદિનો સંગ્રહ કરનારો તથા તેઓને આશ્રય અને આલમ્બન આપનારો, શ્રુતનો રાગી અને પ્રતિલેખનાદિ સર્વ ક્રિયા–અનુષ્ઠાનનો અભ્યાસી, એવો હોય તેને શ્રી જિનેશ્વરદેવોએ ગચ્છાધિપતિ (પદ માટે યોગ્ય) કહેલો છે.

**ટીકાનો ભાવાર્થ–સૂત્ર, અર્થ અને તે** ઉભયનો **જ્ઞાતા**=પૂર્ણ અભ્યાસી, અર્થાત્ ૧–સૂત્રનો જ્ઞાતા અર્થથી અજ્ઞાત, ૨–અર્થનો જ્ઞાતા સૂત્રથી અજ્ઞાત, ૩–ઉભયનો જ્ઞાતા અને ૪–ઉભયથી અજ્ઞાત, એ ચાર ભાંગા પૈકી ત્રીજા ભાંગાવાળો જોઇએ. કારણ કે શેષ સર્વગુણો હોવા છતાં છેદસૂત્રના અર્થનો જ્ઞાતા (પાર પામેલો) ન હોય તો ભાવથી એને અવ્યવહારી (આભાવ્ય વ્યવહારને માટે અનધિકારી) કહેલો છે. વ્યવહારભાષ્યના દશમા ઉદ્દેશામાં કહ્યું છે કે–

" जो सुअमहिज्जइ बहुं, सुत्तत्थं (च) निउणं न याणेइ ।
कप्पे ववहारंमि अ, सो न पमाणं सुअहराणं ।।६०४।।
जो सुअमहिज्जइ बहुं, सुत्तत्थं निउणं विआणाइ ।
कप्पे ववहारंमि अ, सो उ पमाणं सुअहराणं ।।६०५।।
कप्पस्स उ (य) णिज्जुत्तिं, ववहारस्स य परमणिउणस्स ।
जो अत्थओ ण याणइ, ववहारी सो णऽणुण्णाओ ।।६०६।।
कप्पस्स उ निज्जुत्तिं, ववहारस्स य परमणिउणस्स ।
जो अत्थओ विआणाइ, ववहारी सो अणुण्णाओ ।।"६०७।।

**ભાવાર્થ**–જે કલ્પ અને વ્યવહારને મૂળસૂત્રથી સમ્પૂર્ણ અને સારી રીતે જાણે છતાં તેના અર્થને ન જાણે તેવો જ્ઞાની (ગણી) શ્રુતધરોને માન્ય નથી. (૬૦૪) જે કલ્પ અને વ્યવહારને મૂળસૂત્રથી જાણે અને અર્થથી પણ યથાર્થતયા જાણે તેવો જ્ઞાની (ગણી) શ્રુતધરોને માન્ય (પ્રમાણભૂત) છે (૬૦૫). જે મૂળ સૂત્રથી વ્યવહાર અને કલ્પમાં અતિનિપુણ હોવા છતાં વ્યવહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કલ્પની નિર્યુક્તિને અર્થથી ન જાણે તેને વ્યવહારી (ગચ્છાધિપતિ થવા યોગ્ય) માન્યો નથી (૬૦૬). કિન્તુ મૂળ વ્યવહાર અને કલ્પમાં અતિનિપુણ જે વ્યવહારની અને બૃહત્કલ્પની નિર્યુક્તિને (અર્થને) પણ જાણે તેને વ્યવહારી (ગચ્છાધિપતિ તરીકે) માન્ય રાખ્યો છે-(૬૦૭).

દ્રવ્ય અને ભાવસમ્પત્તિ વિનાનો વ્યવહાર માટે અયોગ્ય હોવાથી તેવાને ગચ્છની અનુજ્ઞા કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે. વ્યવહાર સૂત્રમાં (ત્રીજા ઉદ્દેશાના પહેલા સૂત્રમાં) કહ્યું છે કે- " भिक्खू इच्छेज्जा गणं धारित्तए भगवं से अपलिच्छन्ने, एवं से णो कप्पइ गणं धारित्तए त्ति " અર્થાત્ 'ભાગ્યવાન્ એવા ગચ્છને કોઈ સાધુ ધારણ કરવા (ગણનો અધિપતિ થવા) ઇચ્છે તે જો અપરિચ્છદ (દ્રવ્ય-ભાવસમ્પત્તિ રહિત) હોય તો તેવાએ ગચ્છને ધારણ કરવો કલ્પે નહિ.'

તેમાં દ્રવ્યપરિચ્છદ (સમ્પત્તિ) સચિત્તાદિ ત્રણ પ્રકારે છે, ૧-સચિત્ત એટલે શિષ્યાદિ, ૨-અચિત્ત એટલે ઉપધિ-ઉપકરણાદિ, અને ૩-મિશ્ર એટલે ઉપધિયુક્ત શિષ્યાદિ. બીજી ભાવ પરિચ્છદ (ગુણસમ્પત્તિ) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનયરૂપ સમજવી. એ ઉભય પરિચ્છદ(સમ્પત્તિ)થી યુક્ત હોય તેને જ ગચ્છાધિપતિ (ઉત્તમ વ્યવહારી) માન્યો છે. એ કારણે 'સૂત્ર અને અર્થ બન્નેનું જાણપણું એ ગચ્છાધિપતિનો મુખ્ય ગુણ છે' એમ ફલિતાર્થ થયો. એ કારણે જે તેવો પરિચ્છન્ન (દ્રવ્ય-ભાવ સમ્પત્તિથી યુક્ત) હોય તેણે જ કર્મનિર્જરા માટે ગચ્છ ચલાવવાની ઈચ્છા કરવી યોગ્ય છે, નહિ કે અપરિચ્છન્ન હોય તેણે ! માટે જ ઉચિત અધ્યયન અને ત્રણ વર્ષનો પર્યાય પણ પૂર્ણ ન થયો હોય તેવો શિષ્ય શેષ સર્વશ્રુતને ભણવા ઇચ્છે તો કારણે (અપવાદથી) તેને અનુજ્ઞા કરવાનું વિધાન આ પ્રમાણે કહ્યું છે—

" णिरुद्धवासपरिआए समणे निग्गंथे आयरिय-उवज्झत्ताए उद्दिसित्तए समुच्छेअकप्पंसि, तत्थ णं आयारकप्पस्स देसे अहिज्जिए भवइ, देसे णो अहिज्जिए, अहिज्जिस्सामित्ति अहिज्जिज्जा, एवं से कप्पइ आयरिउवज्झायत्तं उद्दिसित्तए " त्ति ॥ व्यवहार० उद्देशो ३-सूत्र-१०॥

**ભાવાર્થ**-અહીં 'णिरुद्ध' એટલે વિનાશિત, અર્થાત્ પૂર્વ પર્યાયનો છેદ કર્યો હોય, તથા (તે કારણે વર્તમાનમાં) જેનો ત્રણ વર્ષનો પર્યાય પૂર્ણ ન હોય તેને 'સમુચ્છેદ કલ્પથી' એટલે આચાર્ય કાળધર્મ પામે છતે બીજો પૂર્ણ લક્ષણવાળો બહુશ્રુત(સ્થવિરાદિ)ન હોય તેથી(ગચ્છાધિપતિના અભાવે) ગચ્છનો વિચ્છેદ થવા જેવો પ્રસંગ આવે ત્યારે, અપરિપૂર્ણ પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને પણ આચાર્યપદે વા ઉપાધ્યાયપદે સ્થાપી શકાય, તેમાં 'આચારપ્રકલ્પ' એટલે નિશિથ અધ્યયનનું દેશથી અધ્યયન કર્યું હોય અને દેશથી બાકી હોય 'તે અધ્યયન પૂર્ણ કરીશ' એમ કહે અને 'પૂર્ણ કરશે' એમ સમજાય તો તેને આચાર્ય-ઉપાધ્યાયપદ આપી શકાય.

અર્થાત્ (ઉત્સર્ગથી તો) ઉપર કહ્યું તેમ સૂત્ર-અર્થ ઉભયનો જ્ઞાતા જોઈએ. એ વિષયમાં હવે અધિક વિસ્તારથી સર્યું. **પ્રિય-દૃઢધર્મા** એટલે (શ્રુત અને ચારિત્ર)ધર્મમાં પ્રીતિવાળો અને પાળવામાં દૃઢ (સમર્થ). આ બે પદોના ૧-પ્રિય-અદૃઢ, ૨-અપ્રિય-અદૃઢ, ૩-પ્રિય-દૃઢ અને ૪-અપ્રિય-દૃઢ, એમ ચાર ભાંગા થાય તેમાંના ત્રીજા ભાંગાવાળો યોગ્ય. તથા **સર્વાનુવર્તક** એટલે સર્વને અનુકૂળ વર્તન કરી શકે તેવો, અર્થાત્ સર્વની પ્રકૃતિને અનુકૂળ રહીને પ્રસન્નતા પૂર્વક સહુને ધર્મ માર્ગમાં જોડનારો તથા **ઉત્તમજાતિ-કુળવાળો** એટલે જેનો મોસાળપક્ષ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતૃપક્ષ (નિષ્કલંક સદાચારી) ઉત્તમ હોય. વળી **ગમ્ભીર** (એટલે ઉદાર હૃદયવાળો, શુભાશુભ નિમિત્તોમાં પણ પ્રસન્ન અને ગમ્ભીર મુખમુદ્રા રાખનારો, ગુપ્ત વાતોને જ્યાં ત્યાં પ્રગટ નહિ કરનારો), તથા **લબ્ધિમાન્** એટલે શિષ્યોને ઉપયોગી સંયમનાં ઉપકરણો વિગેરે મેળવવાની લબ્ધિ (શક્તિ)વાળો, તથા **સંગ્રહ-ઉપગ્રહમાં તત્પર**=અહીં 'સંગ્રહ' એટલે ધર્મોપદેશ વિગેરેથી શિષ્યો બનાવવા, તેઓને આશ્રય આપવો, વિગેરે અને 'ઉપગ્રહ' એટલે તેઓને સંયમમાં ઉપકારી વસ્ત્ર-પાત્ર વિગેરે મેળવી આપવું, એ બન્નેમાં તત્પર. આ વિશેષણથી દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારની સહાય કરનારો એમ સમજવું. તાત્પર્ય કે સર્વનું ઉભય લોકનું હિત કરનારો, તેના ચાર ભાંગા થાય, જેમકે ૧-વસ્ત્ર, પાત્ર, આહાર-પાણી વિગેરે સઘળું પૂર્ણ મેળવી આપે પણ સંયમમાં પ્રમાદ કરનારને સારણાદિ ન કરે. તે આ લોકમાં હિતકર-પરલોકમાં નહિ, ૨-સંયમમાં પ્રમાદીને સારણાવારણાદિ કરે પણ વસ્ત્રાદિ જરૂરી વસ્તુઓ પૂરી ન પાડે, તે પરલોકનો હિતકર-આલોકનો નહિ, ૩-વસ્ત્ર-પાત્રાદિ સર્વ સામગ્રી પૂર્ણ મેળવી આપે અને સંયમમાં પ્રમાદ કરે તેને સારણાદિથી રક્ષા પણ કરે, તે ઉભયલોકમાં હિતકર અને ૪-ન વસ્ત્રાદિ વસ્તુ પૂરી કરે અને ન પ્રમાદથી રક્ષા પણ કરે, તે ઉભયલોકમાં અહિતકર. આ ચારમાં છેલ્લા ભાંગાવાળો તો ગણની અનુજ્ઞા માટે સર્વથા અયોગ્ય છે જ અને પહેલા ભાંગાવાળો પણ અયોગ્ય સમજવો. વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે-

**"जीहाए वि लिहंतो, ण भद्दओ जस्स सारणा णत्थि।**
**दंडेणवि ताडंतो, स भद्दओ सारणा जत्थ ॥" व्यवहार भा० उ० १-३८२॥**

**ભાવાર્થ**-જીભથી ચાટે (અર્થાત્ માન-સત્કાર કરે, બાહ્ય સુખની સઘળી સામગ્રી પૂરી પાડે, ઇત્યાદિ બધી રીતે સુખ આપે) તો પણ જે ગુરૂ સંયમમાં શિથિલ થતા શિષ્યની સારણાદિ (રક્ષા) ન કરે તે હિતસ્વી નથી, ભલે દંડાથી મારે, કિન્તુ સારણાદિ કરે તે હિતસ્વી છે.

તથા શ્રુતરાગી એટલે શ્રુતજ્ઞાન અને તેના સાધનભૂત આગમ ગ્રન્થો વિગેરેમાં રાગ(ભક્તિ-બહુમાન) ધરનારો અને કૃતક્રિય એટલે સર્વક્રિયા-અનુષ્ઠાનોમાં કુશળ હોય, એવો ગુણવંત સાધુ ગચ્છાધિપતિ થઇ શકે, એમ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. એમ ગુણવાનના (ગુણયોગીના) વર્ણન દ્વારા ગચ્છાધિપતિના ગુણો કહ્યા, હવે પ્રસંગાનુસાર પ્રવર્તિનીના ગુણો કહે છે.

**मूलम्-"गीतार्था कुलजाऽभ्यस्त-सत्क्रिया पारिणामिकी ।**
**गम्भीरोभयतो वृद्धा, स्मृताऽऽर्याऽपि प्रवर्तिनी ॥" १३७॥**

**મૂળનો અર્થ**—સાધ્વી પણ ગીતાર્થા, કુળવતી, સર્વ ક્રિયાઓમાં કુશળ, પરિણત(પ્રૌઢ) બુદ્ધિવાળી, ગંભીર અને ઉભયથા વૃદ્ધ હોય તેને પ્રવર્તિની(પદ માટે યોગ્ય) કહી છે.

**ટીકાનો ભાવાર્થ**—गीतार्था=શ્રુતના વિભાગોને (ઉત્સર્ગ-અપવાદ, વ્યવહાર-નિશ્ચય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિગેરે અપેક્ષાઓને) સમજનારી, कुलजा=ઉત્તમ કુળ (જાતિ)માં જન્મેલી, अभ्यस्तसत्क्रिया=પ્રતિલેખનાદિ સર્વ ઉત્તમ ક્રિયાઓના દૃઢ અભ્યાસવાળી (કુશળ), गम्भीरा=ગમ્ભીર હૃદયવાળી (સુખ-દુઃખ વિગેરે શુભાશુભ નિમિત્તોમાં હર્ષ-શોકને નહિ કરનારી, ગુહ્યવાતોને પ્રગટ નહિ કરનારી), उभयतो वृद्धा=દીક્ષાપર્યાય અને વય બન્નેથી વૃદ્ધ, અર્થાત્ ચિરદીક્ષિત અને પ્રૌઢ-પરિણત ઉમ્મરવાળી, એમ સાધ્વી પણ આ ગુણોવાળી હોય તેને પ્રવર્તિની કરી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગચ્છની અનુજ્ઞાનો વિધિ પણ સામાચારીમાંથી જાણવા યોગ્ય છે, તે આ પ્રમાણે-ઉપર કહ્યા તેવા ગુણવાળા જેને પૂર્વકાળે કે તત્કાળ (અનુયોગ માટે) આચાર્યપદ આપ્યું હોય તેવાને ગચ્છની અનુજ્ઞા કરવી.

તે જ્યારે પ્રશસ્ત તિથિ, કરણ, નક્ષત્ર, લગ્ન, વિગેરે હોય ત્યારે શુભ સમયે ગુરૂની સમક્ષ ખમા૦ દઈને શિષ્ય કહે કે-'ઈચ્છકારિ તુમ્હે અમ્હ દિગાઈ અણુજાણાવણિઅં નંદિ કરાવણિઅં વાસ નિક્ખેવં કરેહ' વિગેરે પૂર્વે જણાવ્યા પ્રમાણે 'ચૈત્ય(દેવ)વન્દન અને ગુરૂવન્દન પૂર્વક કાયોત્સર્ગ કરવો, નન્દીસૂત્ર કહેવું, ગન્ધ(વાસ)નું દાન, સાત ખમાસમણ દેવાં અને કાઉસ્સગ્ગ કરવો' વિગેરે સઘળો વિધિ કર્યા પછી સૂરિની સમીપે આસન ઉપર બેઠેલા તે નવા ગચ્છાધિપતિને સાધુ સાધ્વી વિગેરે શ્રીસંઘ વંદન કરે, પછી મૂળગુરૂ તેને આ પ્રમાણે હિતશિક્ષા આપે.

"સંસારના કષ્ટોથી દુઃખી જીવોની રક્ષા કરવામાં સમર્થ એવા શ્રેષ્ઠ જ્ઞાનાદિ ગુણોને પામીને જે સંસારથી ભયભીત થએલા જીવોનું દૃઢ (સુંદર) રક્ષણ કરે તે ધન્ય છે (૧). અજ્ઞાન રૂપ વ્યાધિથી ગ્રસ્ત જીવો જો કે આ (ત્યાગ પ્રધાન) ધર્મને કરવામાં સમ્યગ્ આદરવાળા હોતા નથી તથાપિ ભાવવૈદ્યો (ઉત્તમ ગુરૂઓ) તેઓના અજ્ઞાન વિગેરે વ્યાધિને દૂર કરે છે (૨). તું હવે ભાવવૈદ્ય છે, અને સંસારના દુઃખથી પીડાતા આ જીવો ત્હારા શરણે આવેલા છે, માટે પ્રયત્નપૂર્વક તેઓને સંસારથી મુક્ત કરવા જોઈએ. (૩)" (પઞ્ચવસ્તુ ગા૦ ૧૩૪૯ થી ૫૧)

પછી ગચ્છને પણ આ પ્રમાણે શિક્ષા આપે "તમારે પણ સંસારઅટવીરૂપી મહા સંકટમાંથી પાર ઉતારનારા અને શિવપુર નગરના સાર્થવાહ તુલ્ય આ ગુરૂને કદાપિ છોડવા નહિ. ગુરૂકુળવાસમાં રહેનારો સાધુ જ્ઞાનનો ભાગી બને છે, શ્રદ્ધામાં અને ચારિત્રમાં સ્થિર થાય છે, એથી ધન્ય પુરૂષો જીવે ત્યાં સુધી ગુરૂકુળવાસને છોડતા નથી. એ પ્રમાણે જ સાધ્વીઓને પણ આચાર્ય હિતશિક્ષા આપે તથા આર્યા ચંદના અને આર્યા મૃગાવતીના શ્રેષ્ઠગુણોનું વર્ણન કરે" ઇત્યાદિ. (પઞ્ચવસ્તુ-ગા૦ ૧૩૫૪-૧૩૫૮ અને ૧૩૫૯)

હવે ઉપર્યુક્ત ગુણોથી રહિત હોય તેને ગચ્છ સોંપવાથી થતા દોષોને કહે છે—

**मूलम्-" एतद्गुणवियोगे तु, गणीन्द्रं वा प्रवर्तिनीम् ।**
**स्थापयेत्स महापाप, इत्युक्तं पूर्वसूरिभिः ॥" १३८॥**

**મૂળનો અર્થ**-એવા ગુણોના અભાવે પણ જે અયોગ્ય સાધુને ગચ્છાચાર્યપદે અથવા સાધ્વીને પ્રવર્તિનીપદે સ્થાપે તે મહાપાપી છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

**ટીકાનો ભાવાર્થ**-સ્પષ્ટ છે. પઞ્ચવસ્તુકમાં કહ્યું છે કે-એ ગુણો ન હોય તેને જે ગણિપદ અથવા પ્રવર્તિનીપદ આપે, અને અયોગ્ય છતાં યશની ઇચ્છાથી જે તેને સ્વીકારે તે (બન્ને) આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, અને વિરાધનાદિ દોષોના ભાગી બને છે (૧૩૧૮). શ્રીગૌતમસ્વામિ વિગેરે મહાત્માઓએ જે 'ગણધર' શબ્દને વહન કર્યો છે, (અર્થાત્ જે 'ગણધર' શબ્દથી મહાપુરૂષો ઓળખાયા છે) તે પદને જે જાણવા છતાં અપાત્રમાં (અયોગ્યમાં) સ્થાપે છે તે મહાપાપી અર્થાત્ મૂઢ છે (૧૩૧૯). એમ જે 'પ્રવર્તિની' શબ્દ(પદ) આર્યા ચંદના વિગેરે મહાસતીઓએ વહન કરેલો છે, તેને જે અપાત્રમાં સ્થાપે તે (પણ) મહાપાપી છે (૧૩૨૧) ઈત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છને સોંપવા માટે યોગ્ય ગુણો જો કે મહાનિશિથ (અધ્ય૦ ૫-સૂત્ર ૧૫)માં ઘણા કહેલા છે (તેમાંથી કંઇક) આ પ્રમાણે છે. "શ્રીગૌતમગણધર પ્રભુ મહાવીરને પૂછે છે કે-હે ભગવન્ ! કેવા ગુણવાળા ગુરૂને ગચ્છનો નિક્ષેપ (પાલક) કરી શકાય ? પ્રભુ કહે છે-ગૌતમ ! જે સુંદર-વ્રતવાળો, જે સારા શીલવાળો, જે દૃઢવ્રતવાળો, જે દૃઢચારિત્રી, જે અનિંદિત અંગવાળો (પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ-ખોડ રહિત-નિરોગી શરીરવાળો), જે યોગ્ય (પૂજનીય), રાગરહિત, (રહી ગએલો પાઠ 'गयदोसे जे णं'=જે દ્વેષ રહિત,) મોહનીય અને મિથ્યાત્વ મેલરૂપી કલંક રહિત, (માટે જ) ઉપશમભાવને પામેલો, જગતના સ્વરૂપનો યથાસ્વરૂપે જ્ઞાતા, (એથી) ઉત્તમ મહા-વૈરાગ્ય માર્ગમાં દૃઢપ્રીતિવાળો, (એથી જ) સ્ત્રીકથાનો દ્વેષી (વર્જક), ભક્તકથાનો વિરોધી, ચોર કથાનો વિરોધી, રાજકથાનો વિરોધી, દેશકથાનો વિરોધી, અત્યંત દયાળુ (દ્રવ્ય-ભાવ દયાના સ્વભાવવાળો), પરલોકનાં કષ્ટોથી ડરેલો, કુશીલ-દુરાચારીઓથી દૂર રહેનારો, શાસ્ત્રના મર્મનો જાણ, (એથી જ) શાસ્ત્ર રહસ્યને પામેલો, પ્રતિદિન-પ્રતિસમય અહિંસાનાં લક્ષણોરૂપ 'ક્ષમા' વિગેરે દશવિધ યતિધર્મમાં સ્થિત (સ્થિર), બાર પ્રકારના તપકર્મમાં રાત્રિદિવસ-પ્રતિસમય ઉદ્યમવાળો, પાંચ સમિતિના પાલનમાં શ્રુતના (પાઠાન્તરે 'सुउवउत्ते'=સમ્યગ્) ઉપયોગવાળો, ત્રણ ગુપ્તિઓથી સતત સુગુપ્ત (અકુશળ વ્યાપારોથી મન-વચન-કાયાનું રક્ષણ કરનારો), સ્વશક્તિ અનુસાર અઢાર હજાર શીલાંગનો (સદાચારનો) આરાધક, જે સ્વશક્તિ પ્રમાણે એકાન્તે સત્તરવિધ સંયમનો અવિરાધક, જે ઉત્સર્ગ માર્ગમાં રૂચિવાળો, તત્ત્વની રૂચિવાળો, શત્રુ-મિત્રમાં સમાનદૃષ્ટિવાળો (રાગ-દ્વેષને વશ નહિ થનારો), સાત ભયસ્થાનોથી મુક્ત (નિર્ભય), આઠ મદસ્થાનોથી રહિત, બ્રહ્મચર્યની નવ વાડોની વિરાધનાના ભયવાળો, બહુશ્રુત, આર્ય (ઉત્તમ) કુળમાં જન્મેલો, દીનતા રહિત, કૃપણતા રહિત, આળસ વિનાનો, સાધ્વી (સ્ત્રી) વર્ગથી દૂર રહેનારો, સતત ધર્મોપદેશ દેનારો, ઓઘસામાચારી (સાધુના આચાર)નો સતત પ્રરૂપક, મર્યાદાનું ઉલ્લંઘન નહિ કરનારો, અસામાચારી (દુષ્ટવર્તન)થી ડરનારો, શિષ્યાદિને આલોચના પ્રમાણે યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવામાં સમર્થ, વંદનમંડલીની વિરાધનાનો, પ્રતિક્રમણ મંડલીની વિરાધનાનો, સ્વાધ્યાય મંડલીની વિરાધનાનો, વ્યાખ્યાન (વાચના) મંડલીની વિરાધનાનો, આલોચના મંડલીની વિરાધનાનો, ઉદ્દેશ મંડલીની વિરાધનાનો, સમુદ્દેશ મંડલીની વિરાધનાનો, દીક્ષા(પ્રદાન)ની વિરાધનાનો, ઉપસ્થા-પનાની (મહાવ્રત ઉચ્ચારણની) વિરાધનાનો જાણ અને ઉદ્દેશ-સમુદ્દેશ અનુજ્ઞા ત્રણેની વિરાધનાનો જાણ, કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ અને ભવ(સંસાર)ના અંતરનો (ભેદનો) જાણ, કાળ, ક્ષેત્ર, દ્રવ્ય અને ભાવના આલમ્બનોની (નિમિત્તોની) અપેક્ષા વિનાનો, બાળ, વૃદ્ધ, ગ્લાન, નવદીક્ષિત અને શિક્ષાને યોગ્ય સાધુઓને તથા સાધ્વીઓને અનુકૂળ(આજ્ઞા પાલક)બનાવવામાં કુશળ, જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપરૂપ ગુણોને સમજાવનારો, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ ગુણોને સ્મરણ કરનાર-કરાવનાર. ધારક (ધારણ કરાવનાર), અને પ્રભાવના કરનાર (મહિમા વધારનાર), દૃઢ સમ્યક્ત્વી, સતત પરિશ્રમ કરવા છતાં શ્રમિત નહિ થનારો, ધીમાન્ (વિશિષ્ટ બુદ્ધિવાળો), ગમ્ભીર (કોઇના મર્મને અથવા પોતાનાં સુખ-દુઃખને પ્રગટ નહિ કરનારો), (ચંદ્રની જેમ) સૌમ્યલેશ્યાવાળો (પ્રશાન્ત આકૃતિ), તપ તેજથી સૂર્યની જેમ બીજાથી પરાભવ નહિ પામનારો, શરીરના (પ્રાણના) ભોગે પણ છકાય જીવોની હિંસા નહિ કરનારો, દાન શીલ તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરાયથી (વિઘ્નથી) ડરનારો, સર્વ(ગુરૂની તેત્રીશ કે દેવ–ગુરૂ–જ્ઞાન વિગેરે સર્વની)આશાતનાઓથી ડરનારો, ઋદ્ધિ–રસ–શાતાગારવ અને આર્ત્ત–રૌદ્ર ધ્યાનથી વિશેષતયા મુક્ત, (બાહ્ય–અભ્યન્તર ગ્રન્થીરૂપ) પરિગ્રહથી મુક્ત, સર્વ આવશ્યક (કાર્યોમાં–સંયમના) યોગોમાં ઉદ્યમી (અપ્રમાદી), વિશિષ્ટ લબ્ધિઓથી યુક્ત, આપત્તિથી પીડાએલા કોઈ બીજાએ (કોઈ અનુચિત કાર્ય કરવાની) યાચના કરવા છતાં પાપકાર્યને નહિ કરનારો, બહુ નિદ્રા નહિ કરનારો, બહુ આહાર નહિ ખાનારો (અલ્પનિદ્રા–અલ્પાહારી), સર્વ આવશ્યકો–સ્વાધ્યાય–ધ્યાન–પ્રતિમાપાલન અને દ્રવ્યાદિ અભિગ્રહો, વિગેરે (અનુષ્ઠાનોને) કરનારો, ઘોર પરીષહો અને ઉપસર્ગો થવા છતાં પણ તે પરીષહનો (પાઠાન્તરે **परीसमे**=પરિશ્રમનો) વિજેતા (ધીર), સુપાત્ર(શિષ્યાદિ)નો સંગ્રહ કરનારો, અપાત્રને તજવાના વિધિનો પણ જાણ, સશક્ત અને અવિકળ (અખંડ) શરીરવાળો, સ્વ–પર શાસ્ત્રોને સારી રીતે સમજનારો, ક્રોધ, માન, માયા, લોભ, મમતા, રતિ, હાસ્ય, રમત, કામ–ચેષ્ટા અને નાસ્તિકવાદથી મુક્ત, ધર્મનો કથક, સંસારવાસ અને વિષયની અભિલાષા વિગેરેમાં વૈરાગ્ય ઉત્પન્ન કરનારો અને ભવ્ય પ્રાણિઓને પ્રતિબોધ (સમ્યગ્ જ્ઞાન દાન) કરનારો, એવા સાધુને ગચ્છાધિપતિ બનાવવો યોગ્ય છે, તે ગણી છે, ગણધર છે, તીર્થ છે, તીર્થંકર છે, અરિહંત છે, કેવલી છે, જિન છે અને તીર્થનો પ્રભાવક પણ છે. તે વંદનીય છે, પૂજનીય છે, નમસ્કરણીય છે, દર્શનીય છે, પરમપવિત્ર છે, પરમકલ્યાણ છે અને પરમમંગળ પણ છે. તે સિદ્ધિ છે, મુક્તિ છે, શિવ છે અને મોક્ષ છે, તે ત્રાતા (રક્ષક) છે, સન્માર્ગ છે, તે આશ્રય (સદ્ગતિ) છે, અને સ્વર્ગ (પાઠાન્તરે **सरण्णे**=શરણ કરવા યોગ્ય)છે. તે સિદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, પારંગત છે, દેવ છે અને દેવનો પણ દેવ છે. હે ગૌતમ ! એવાને ગણનો નિક્ષેપ (ગચ્છાધિપતિ) કરી શકાય, એવાને ગણનો નિક્ષેપ કરાવી શકાય અને એવાના ગણ નિક્ષેપની અનુમોદના પણ કરી શકાય. અન્યથા હે ગૌતમ ! જિનેશ્વરની આજ્ઞાનો ભંગ થાય. ઇતિ.

એ પ્રમાણે કહેલું હોવા છતાં કાળને ઉચિત 'મહાવ્રતના પાલનમાં દઢતા, શુદ્ધ ગીતાર્થ–પણું અને સારણા વિગેરે કરવાપણું' વિગેરે ગુણો તો જઘન્યથી પણ જોઇએ, કારણ વ્યવહાર ભાષ્યમાં (ત્રીજા ઉદ્દેશામાં) પ્રશ્નોત્તર દ્વારા જણાવ્યું છે કે—

**" पुव्वं वण्णेऊणं, दीहपरियायसंघयणसद्धं ।**
**दसपुव्वीए धीरे, मज्जाररुअपरूवणया ।।" गा० १६७ ।।**

**વ્યાખ્યા–પ્રશ્ન**—પૂર્વે (પ્રથમ) આચાર્યપદની યોગ્યતાવાળાને દીર્ઘપર્યાય કહ્યો, અતિ વિશિષ્ટ સંઘયણ કહ્યું, શ્રદ્ધા પણ અતિ ઉત્તમ કહી, આગમની અપેક્ષાએ આચાર્યપદને યોગ્ય દશપૂર્વી, ધીર અને (ઔત્પાતિકી વિગેરે) ચાર બુદ્ધિથી કલિત જણાવ્યો, એમ વિશિષ્ટ વર્ણન કરીને પુનઃ પ્રરૂપણા કરતાં પર્યાયથી ત્રણ વર્ષ પર્યાયવાળો અને આચાર પ્રકલ્પ (મહાનિશિથ) સુધીના શ્રુતનો ધારક હોય તેને ઉપાધ્યાય પદે સ્થાપવો. પાંચ વર્ષદીક્ષાપર્યાયવાળો અને દશાકલ્પ વ્યવહાર સુધીના શ્રુતનો ધારક (આચાર્યપદને યોગ્ય જણાવ્યો), વિગેરે કહ્યું તો આ પ્રરૂપણા બીલાડાના રૂદનની તુલ્ય છે. જેમ બીલાડો પહેલાં મોટા શબ્દથી રડે અને પછી ધીમે ધીમે પોતે પણ ન સાંભળી શકે તેવું રડે, તે રીતે હે આચાર્ય ! તમે પહેલાં તો મોટા મોટા ગુણવાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યો અને પાછળથી થોડા થોડા અર્થાત્ અલ્પ ગુણવાળાને યોગ્ય કહ્યો તે કેમ ઘટે? તેનો ગુરૂ **ઉત્તર** આપે છે કે–એ સત્ય છે, માત્ર પહેલાં અતિશયવાળી વસ્તુસ્થિતિને (વિશિષ્ટકાળ વિશિષ્ટ ગુણવાન્ વિગેરેને) આશ્રીને કહ્યું અને પછી વર્તમાનકાળને અનુરૂપ જણાવ્યું, માટે એ બન્ને રીતે કહેવામાં નીચેનાં દોષ નથી. આ વિષયમાં નીચેનાં દૃષ્ટાન્તો સમજવા યોગ્ય છે–

" पुक्खरणी आयारे, आणयणा तेणगा य गीयत्थे ।
आयरिअंमि उ एए, आहरणा हुंति णायव्वा ॥१६८॥
सत्थपरिन्नाछक्काय–अहिगमे पिंडउत्तरज्झाए ।
रुक्खे अ वसभ गावो, जोहा सोही अ पुक्खरणी ॥१६९॥"(व्यवहार० उ०३)

**ભાવાર્થ**–આચાર્યપદની યોગ્યતામાં ૧–વાવડી, ૨–આચાર પ્રકલ્પ(નિશિથ)સૂત્રને પૂર્વમાંથી લાવવું (ઉદ્ધરવું), ૩–ચોરો, ૪–ગીતાર્થો, એ ચાર (૧૬૮) તથા ૧–શસ્ત્રપરિજ્ઞાને સ્થાને છજીવનિકાય અધ્યયન, ૨–પિંડ, ૩–ઉત્તરાધ્યયનસૂત્ર, ૪–કલ્પદ્રુમ વિગેરે વૃક્ષો, ૫–વૃષભો, ૬–ગાયો, ૭–યોદ્ધાઓ, ૮–શોધિ અને ૯–વાવડીઓ, એમ કુલ ૧૩ ઉદાહરણો છે (૧૬૯). (તે અહીં વ્યવહારની ગાથાઓના અંક સાથે અર્થથી માત્ર જણાવીએ છીએ)

પૂર્વકાળે જેવી વાવડીઓ હતી તેવી વર્તમાનમાં નથી, તો પણ વર્તમાનની વાવડીઓ કાર્ય સાધક છે (૧૭૦). આચારપ્રકલ્પ(નિશિથ)અધ્યયન અને પ્રાયશ્ચિત્ત પણ પહેલાં નવમા પૂર્વમાં હતું, તેમાંથી ઉદ્ધરેલું વર્તમાનમાં આચારાંગમાં છે તો શું તે આચારપ્રકલ્પ નથી? અને તેનાથી શું પ્રાયશ્ચિત્ત થતું નથી? (૧૭૧). પૂર્વકાળે તાળાં ઉઘાડવાની અને અવસ્વાપિની નિદ્રાથી ઉંઘાડવાની વિદ્યાવાળા ચોરો હતા, હાલમાં તેવા નથી, તો પણ શું વર્તમાનમાં ચોરી કરનારા ચોરો નથી? (૧૭૨). પૂર્વકાળે ગીતાર્થો ચૌદપૂર્વી હતા, વર્તમાનમાં જઘન્યથી મહાનિશિથના અને મધ્યમથી બૃહત્કલ્પસૂત્રના ધારક હોય છે તો શું તેઓ ગીતાર્થ ન ગણાય? (૧૭૩). પૂર્વે આચારાંગ–સૂત્રનું શસ્ત્રપરિજ્ઞા અધ્યયન ભણ્યા પછી ઉપસ્થાપના (વડીદીક્ષા) કરાતી, વર્તમાનમાં દશવૈકાલિકનું છજીવનિકાય અધ્યયન ભણ્યા પછી થાય છે તો શું તે ઉપસ્થાપના નથી? (૧૭૪). પૂર્વકાળે આચારાંગસૂત્રના બીજા લોકવિજય નામના અધ્યયનના પાંચમા ઉદ્દેશામાં 'सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए' (સૂ૦ ૮૭) અર્થાત્ 'સર્વ આમગંધને (ગોચરીના સર્વ દોષોને) જાણીને દોષને ન લગાડે તે પિંડ લાવવામાં અધિકારી છે' એમ કહેલું હોવાથી સૂત્ર અને અર્થથી તેટલું ભણેલો આહારાદિ પિંડ લાવવામાં અધિકારી થતો, છતાં વર્તમાનમાં દશવૈકાલિકના ચોથા પિંડૈષણા અધ્યયન સુધી ભણેલો પણ અધિકારી થાય છે જ (૧૭૫). પૂર્વકાળે આચારાંગસૂત્રની પછી ઉત્તરા–ધ્યયનનું અધ્યયન થતું હતું, વર્તમાનમાં દશવૈકાલિકની પછી (આચારાંગથી પહેલાં) થાય છે, તો શું તે અધ્યયન નથી? (૧૭૬). પૂર્વકાળે 'મત્તંગ' વિગેરે (દશ પ્રકારનાં) શ્રેષ્ઠ કલ્પવૃક્ષો હતાં, વર્તમાનમાં તે નથી, એથી શું આંબો વિગેરે વૃક્ષો નથી? પૂર્વે વૃષભો મોટા યૂથોના (ગાયોના ટોળાના) અધિપતિ, શ્વેત, સુંદર શિંગડાંવાળા અને દર્પિષ્ઠ(બળવાન) હતા અને વર્તમાનમાં પાંચ–દશાદિ નાના યૂથવાળા છે, પૂર્વના જેવા નથી, (તેથી શું વૃષભોનો સર્વથા અભાવ છે?) (૧૭૭). પૂર્વે નંદગોપ વિગેરેનાં ક્રોડોની સંખ્યાવાળાં ગાયોનાં યૂથો હતાં, વર્તમાનમાં તેવાં નથી, તો શું વર્તમાનમાં પાંચ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંદર ગાયોનાં હોય તે યૂથો નથી ? (૧૭૮). પૂર્વે 'સહસ્રમલ્લ' વિગેરે મહાબલિષ્ઠ અને સાહસિક યોદ્ધાઓ હતા, તેવા આજે નથી, તો વર્તમાનમાં છે તે શું યોદ્ધા નથી ? (૧૭૯). પૂર્વકાળે પરિહાર તપથી અથવા છ મહિનાના તપથી શુદ્ધિ-પ્રાયશ્ચિત્ત થતું અને આજે 'નિવી' (પંચકલ્યાણક-દશકલ્યાણકરૂપ) થોડા જ શુદ્ધ તપ વડે થાય છે તે શુદ્ધિ નથી ? (૧૮૦). અર્થાત જેમ પૂર્વ-કાળની અને વર્તમાનકાળની વાવડીઓમાં વસ્ત્ર વિગેરે શુદ્ધ થતાં અને થાય છે તેમ શોધિ-પ્રાયશ્ચિત્ત પણ નિવી વિગેરે તપથી પણ થાય જ છે. (૧૮૧). એમ પૂર્વે ચૌદ પૂર્વધર વિગેરે વિશિષ્ટ ગુણોવાળા આચાર્યાદિ હતા અને વર્તમાનમાં કાળને અનુરૂપ હોય, એમ સમજવું. (૧૮૨).

તથાપિ (તે તે) કાલોચિત ગુણોમાં પણ ગીતાર્થપણું અને સારણા-વારણા વિગેરે કરવા-પણું તો અવશ્ય અપેક્ષિત છે, અર્થાત્ વર્તમાનમાં પણ તે તો હોવું જ જોઇએ. કારણ કહ્યું છે કે-

**" कालाइवसा इक्काइ-गुणविहीणोऽवि सुद्धगीअत्थो ।**
**ठाविज्जइ सूरीपए, उज्जुत्तो सारणाइसुं ॥" प्राचीना सामा० द्वार ११॥**

**ભાવાર્થ**-કાલ, સંઘયણ, વિગેરેની નબળાઇને વશ એક બે વિગેરે ગુણોથી હીન છતાં શુદ્ધ ગીતાર્થ અને સારણા-વારણાદિમાં ઉદ્યમી હોય તેને જ સૂરિપદે સ્થાપી શકાય.

ઉચિત પણ એ છે, કારણ કે ગુરૂએ આચાર્યપણું વિગેરે પદ આપ્યું હોય કે ન આપ્યું હોય પણ ગીતાર્થો તેને કબૂલ કરે તો જ તે માન્ય થાય અને અસ્વીકાર કરે તો અમાન્ય થાય, એમ શાસ્ત્રોમાં (વ્યવહાર ભાષ્યમાં) કહ્યું છે.

**" आसुक्कारोवरए, अठा(ट्ठ)विए गणहरे इमा मेरा ।**
**चिलिमिलिहत्थाणुन्ना, परिभव सुत्तत्थहावणया ॥" व्य० भा० उ० ४-१७२॥**

**વ્યાખ્યા**-'આશુકારેણ' એટલે શૂળ વિગેરે આકસ્મિક કારણે આચાર્ય 'ઉપરત'=કાળધર્મ પામી જાય, અને 'અઠાવિએ ગણહરે'=નૂતન આચાર્ય સ્થાપ્યો ન હોય તો 'ઇમા મેરા'=આ પ્રમાણે મર્યાદા (વિધિ) છે. એ મર્યાદા જણાવે છે કે સ્થવિરોએ આચાર્યના મૃતકને 'ચિલિમિલી' એટલે પડદામાં ગુપ્ત રાખવું અને બહારના સાધુ મંડલને જણાવવું કે 'આચાર્યના શરીરે અતીવ અશુભ છે, બોલવાની પણ શક્તિ નથી' એમ બહારનાઓને સમજાવીને જે સાધુ વિગેરે આચાર્યપદને યોગ્ય હોય તેને પડદાની બહાર બેસાડીને મૃત આચાર્યને પૂછે કે 'સૂરિપદે કોને સ્થાપવો ?' એમ બોલીને પડદામાં રહેલા ગીતાર્થો (સ્થવિરો) આચાર્યનો (મૃતકનો) હાથ આચાર્યપદ જેને આપવાનું હોય તેની સન્મુખ લાંબો કરી બીજાઓને દેખાડે અને કહે કે 'આચાર્યપણું આ અમુકને આપવાની ગુરૂની અનુજ્ઞા છે, પણ તેઓ મુખે ઉચ્ચાર કરી શકતા નથી, હાથ લાંબો કરીને આને અનુજ્ઞા કરે છે, માટે એના મસ્તકે અમે સૂરિપદનો વાસનિક્ષેપ કરીએ છીએ, હવે પછી આચાર્યપદે આ સાધુને સ્થાપ્યો છે' એમ કહીને પછી આચાર્ય એકાએક કાલગત થયા છે, એમ જાહેર કરે. 'પરિભવ સુત્તત્થહાવણયા' એટલે જેઓ નૂતન આચાર્યનો પરાભવ કરવાની બુદ્ધિથી તેનો યોગ્ય વિનય ન કરે તે સાધુઓના સૂત્ર અથવા અર્થ કાપી નાખે, અર્થાત ન ભણાવે.

એમ પરમાર્થથી ગુરૂએ નહિ આપેલી પણ દિશા (એટલે દિગાચાર્યની પદવી) સ્થવિરોએ જ આપી ગણાય. હવે ગુરૂએ આપવા છતાં ગીતાર્થો (સ્થવિરો) તેને કબૂલ ન પણ કરે, કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ છે કે-પુરાણુ આચાર્યે કહ્યું હોય કે 'આ(અમુક)ને આચાર્યપદે સ્થાપવો' ત્યારે તેના દોષ-ગુણો જાણીને સ્થવિરોએ 'આચાર્યપદે સ્થાપવો કે ન સ્થાપવો' તે માટે સૂત્રમાં વિકલ્પ સંભળાય છે, એથી 'સ્થવિરોની જ અનુમતિ આચાર્યપદ (દિગ્દાન)માં પ્રધાન છે' એમ સિદ્ધ થયું કહ્યું છે કે-

**आयरिअ उवज्झाए गिलायमाणे अण्णयरं वएज्जा–अज्जो! मए मामंसिणं कालगयंसि समा–णंसि अयं समुक्कसिअन्वे, से अ समुक्कसणारिहे समुक्कसिअन्वे, से अ णो समुक्कसणारिहे णो समुक्क–सिअन्वे, अत्थि अ इत्थ(याइं त्थे)केइ अण्णे समुक्कसणारिहे से समुक्कसिअन्वे, णत्थि अ इत्थ (याइं त्थ अन्ने) केइ समुक्कसणारिहे से चेव समुक्कसिअन्वे, तंसि च समुक्कट्ठंसि परो वइज्जा 'दुस्समु–क्कट्ठे(ठं ते) अज्जो! णिक्खिवणा(वा)हि'! तस्स णं णिक्खिवमाणस्स [अणिक्खिवमाणस्स वा] णत्थि कोइ छेए वा परिहारिए(रे) वा जे ते साहम्मिआ अहाकप्पेणं (नो) अब्भुट्ठेति(ट्ठा विहरंति) सव्वेसिं तेसिं तप्पत्तिए(अं) छेए वा परिहारे वा०" इच्चाइ (व्यवहार० उ० ४ सूत्र–१३)**

આ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે-આચાર્ય અથવા ઉપાધ્યાય ધાતુઓના (ક્ષોભ) વિકાર વિગેરે કોઈ કારણથી(એકાએક)બીમાર થાય અને ઉપાધ્યાય, પ્રવર્ત્તક, ગણાવચ્છેદક કે સાધુઓ પૈકી કોઇને પૂર્વે કોઈ કારણે મોટો (આચાર્ય) બનાવી શક્યા ન હોય, તો એ બીમારી પ્રસંગે એક અમુક સાધુને આચાર્ય બનાવવાની ઇચ્છાથી ગુરૂ કહે કે 'હે આર્યો! હું કાલધર્મ પામું ત્યારે આ અમુકને આચાર્ય બનાવજો' એ રીતે જેને આચાર્ય બનાવવાનું કહ્યું હોય તેની સ્થવિરોએ પરીક્ષા કરીને જો તે યોગ્ય હોય તો તેને આચાર્યપદે સ્થાપવો, પણ જો તે મોટાઇનો અર્થી (રસ-ઋદ્ધિ-શાતાગારવવાળો) હોય, પોતાના ગુરૂને અસમાધિમરણનો ભય પમાડવાથી ગુરૂએ ડરીને તેને આચાર્ય બનાવવાનું કહ્યું હોય, ભિન્ન ભિન્ન દેશમાં વિચરીને (વિવિધ) ભાષાઓ વિગેરેનો જાણ ન થયો હોય, અથવા પદ આપ્યા પછી કઠોરભાષી થયો હોય, તો પૂર્વે ગુરૂની સમક્ષ કબૂલ્યું હોય છતાં ઉપર્યુક્ત કારણે એમ લાગે કે 'આચાર્ય બનાવવા યોગ્ય નથી' તો તેને આચાર્ય નહિ બનાવવો. વળી પૂર્વે કબૂલ રાખ્યો હોય તે મધુર (સર્વની પ્રીતિ સંપાદન કરે તેવો)હોય છતાં અસંગ્રહશીલ (શિષ્યોને, ઉપધિને, કે સૂત્રાર્થને મેળવવાની-રક્ષણ કરવાની વૃત્તિ વિનાનો)અને યોગ્યતા પ્રમાણે વાચના આપીને શિષ્યોને યોગ્ય (જ્ઞાની) બનાવવાની કળા (આવડત) વિનાનો, એમ ગુણોથી રહિત હોય તેને પણ આચાર્ય નહિ બનાવવો. અથવા કાલગત આચાર્યનો એક પણ શિષ્ય (ગુરૂની હયાતિમાં) પૂર્ણ-યોગ્ય ન થવાથી ગુરૂએ અંતસમયે 'મારો શિષ્ય યોગ્ય બને ત્યારે ત્હારે એને આચાર્ય બનાવવો અને મેં આપેલું આ આચાર્યપદ ત્હારે છોડી દેવું' એવી કબૂલાત લઇને અન્યગચ્છીય કોઈ સાધુ ઉપસમ્પદા સ્વીકારીને રહ્યો હોય તેને, અથવા વિશિષ્ટ પ્રતિભા વિગેરે ગુણોથી ભવિષ્યમાં યોગ્ય બનવાનો સંભવ હોય તેવો પોતાનો શિષ્ય હોવા છતાં તે વર્તમાનમાં શ્રુતથી કે પર્યાયથી અપૂર્ણ હોય ત્યારે (પર્યાય-શ્રુતથી) પૂર્ણ થએલા પોતાના કોઇ અન્ય શિષ્યને પૂર્વે કહી તેવી કબૂલાત લઇને ગુરૂ તેને ગચ્છાધિપતિ સ્થાપે, છતાં અન્ને (અન્યગચ્છીય કે પોતાનો શિષ્ય)પ્રતિજ્ઞા પૂર્ણ થતાં પોતાનું સ્થાન (પદ)ન છોડે તો તેઓને છેદ, પરિહાર, અથવા સપ્તરાત્રનો તપ, ઇત્યાદિ પ્રાસંગિક પ્રાયશ્ચિત્ત આપવું. વળી આચાર્યે કાલધર્મ પામતાં જે યોગ્ય શિષ્યને ભવિષ્યમાં ગચ્છાધિપ બનાવવાનું કહ્યું હોય તે સ્વયં આચાર્યના મરણ પછી અભ્યુદ્યત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહાર (જિનકલ્પ વિગેરે એકાકીપણું), અથવા અભ્યુદ્યતમરણ(અનશન) કરવા ઇચ્છે ત્યારે જો બીજો કોઈ તે જ ગચ્છનો સાધુ ગચ્છાધિપતિપદ માટે યોગ્ય હોય તો તેને ગચ્છાધિપતિ બનાવી (અન્ય ગચ્છીયને તજી) દેવો, પણ બીજો યોગ્ય સાધુ ન હોય તો ગીતાર્થ–સ્થવિરોએ જે ઉદ્યતવિહાર કે અનશન કરવા ઇચ્છતો હોય તેને કહેવું કે 'બીજાને ગીતાર્થ બનાવતાં સુધી તમે ગચ્છાધિપતિ પદનું પાલન કરો, બીજો યોગ્ય તૈયાર થયા પછી તમોને જેમ યોગ્ય લાગે તેમ કરજો' એમ પ્રાર્થના કરીને તેને જ આચાર્ય બનાવવો. એ રીતે તે ગણધરપદને સ્વીકારીને કોઇ એકને યોગ્ય બનાવે, જો પાછળથી તેને ચિત્તમાં એમ સમજાય કે 'અભ્યુદ્યતવિહારની અપેક્ષાએ પણ ગચ્છનું પાલન કરવું તે મોટી નિર્જરાનું કારણ છે, માટે હું જ ગચ્છને સંભાળું' તો ગીતાર્થો તેને કહે કે હવે 'ગણધરપદને છોડો' ત્યારે તે કહે કે–'છોડીશ નહિ, હું જ ગચ્છને પાલન કરવા ઇચ્છું છું' એવા પ્રસંગે ક્ષોભ પામીને જે બીજાઓ એમ કહે કે 'તને (અયોગ્યને) આચાર્યપદ ખોટું આપ્યું, તને તારૂં આચાર્યપદ ભલે રૂચ્યું પણ અમને રૂચતું નથી' તો તેઓને 'ચતુર્ગુરૂ' પ્રાયશ્ચિત્ત આવે તથા તેઓ પૂર્ણ–યોગ્ય ન થયેલાને આચાર્યપદ આપે તો તેનું પણ તેટલું જ પ્રાયશ્ચિત્ત આવે, એમ સમજવું. એટલું જ નહિ, એ અગીતાર્થ આચાર્યની ગચ્છના સાધુઓ ભવિષ્યમાં સેવા કરશે તેટલું તેને પ્રાયશ્ચિત્ત વધારે સમજવું. હા, પૂર્ણ–યોગ્ય થયા પછી તેને આચાર્યપદ આપતાં છેદ, પરિહાર, અથવા સપ્તરાત્રતપ, એકે ય પ્રાયશ્ચિત્ત લાગે નહિ. વળી ગચ્છના જે સાધુઓ (પૂર્વે જણાવ્યા પ્રમાણે જેને ઇત્વરિક આચાર્યપદ આપ્યું હોય તે) પોતાના ગચ્છના અથવા ઉપસમ્પદા લઈને રહેલા અન્યગચ્છીય સાધુને આચાર્ય બનાવ્યા પછી કલ્પને અનુસારે (સ્વ–સ્વ મર્યાદા પ્રમાણે) વન્દન વિગેરેથી તેનો વિનયાદિ કરે નહિ તેઓને પણ યથાયોગ્ય છેદ, પરિહાર અથવા સપ્તરાત્રનો તપ, ઇત્યાદિ પ્રાયશ્ચિત્ત લાગે. એમ અહીં સંક્ષેપથી કહ્યું.

**પ્રશ્ન**–ગુરૂએ આચાર્યપદ આપવાની આજ્ઞા કરી હોય છતાં ગીતાર્થો તેને છીનવી લે (આચાર્યપદ ન આપે), તો ગુરૂની આજ્ઞાનો ભંગ થાય તેનું શું ? **ઉત્તર**–ત્યાં સમજવું કે–એમ નથી, વસ્તુતઃ પ્રસ્તુત વિષયમાં આજ્ઞાનું પાલન માત્ર શાબ્દિક સમજવાનું નથી, પણ ભાવરૂપે (આશયને અનુસરીને) સમજવાનું છે, ગુરૂએ પણ (ગચ્છની રક્ષાના) ભાવથી (આશયથી) આચાર્યપદ આપ્યું (હોય છે કે આપવાનું સૂચવ્યું) હોય છે, માટે જો તે પ્રમાણે ગચ્છની રક્ષા ન થાય તો ત્યાં ગુરૂની આજ્ઞાનો જ અભાવ સમજવો. એટલું જ નહિ, અયોગ્યનો ત્યાગ કરવો તે નિશ્ચયથી ગુરૂની આજ્ઞાનું પાલન જ છે, ઉલટું અસદ્વ્યવહાર કરવા છતાં પદને છીનવી ન લે તો (સ્થવિરોએ) ગુરૂની આજ્ઞાનો ભંગ કર્યો ગણાય. વળી (એ પણ વિચારવું જોઇએ કે) મહાનિશિથમાં કુગુરૂને સંઘ બહાર કરવાનું કહ્યું છે તે પણ પદવીના અપહરણ વિના કેમ ઘટે ? માટે ગુરૂની અને શ્રીજિનેશ્વરભગવાનની આ એક જ આજ્ઞા છે, એમ નક્કી થયું. કુગુરૂને સંઘ બહાર કરવાનો પણ આલાવો (શાસ્ત્રપાઠ) હમણાં જ પ્રગટ કહેવાશે. શુદ્ધ ગીતાર્થ તેને જાણવો કે કોઈ કાર્ય આવી પડે ત્યારે જે માયાવી, મૃષાવાદી, અશુચિ (આહારાદિને અર્થે અસદાચારી) અને પાપશ્રુતનો (જ્યોતિષાદિ નિમિત્તોનો) પ્રરૂપક (આશ્રય લેનારો) પણ ન હોય, કારણ કે તે દોષોને કારણે તેવાને તો જીવે ત્યાં સુધી આચાર્યપણું વિગેરે પદ આપવાનો જ નિષેધ છે, એ વ્યવહારના ત્રીજા ઉદ્દેશામાં ૨૩ થી ૨૯ સાત સૂત્રોથી કહ્યું છે, તે સૂત્રો આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१–"भिक्खू बहुस्सुए बज्झा(ब्भा)गमे(बहुस्सो)बहुसु आगाढागाढेसु कारणेसु माई मुसावाई असुई पावसुओवजीवी जावज्जीवाए तस्स तप्पत्तिअं णो कप्पइ आयरिअत्तं वा जाव गणावच्छेइअत्तं वा (जाव) उद्दिसित्तए (वा धारीत्तए वा)" एवं २–गणावच्छेइए वि, ३-आयरिय-उवज्झाए वि ॥

४–बहवे भिक्खुणो, ५–बहवे गणावच्छेइआ, ६-बहवे आयरिअउवज्झाया बहुस्सुआ बज्झा(ब्भा)गमा (बहुस्सो)बहुसु आगाढागाढेसु कारणेसु माई मुसावाई असुई पावसुओवजीवी जाव-ज्जीवं(वाए) एतेसिं तप्पत्तिअं णो कप्पइ आयरिअत्तं वा उवज्झायत्तं वा पवित्तित्तं वा गणहरत्तं वा गणावच्छेइअत्तं वा उद्दिसित्तए वा (धारित्तए वा)" (सू० २६ तः २८)

["७–बहवे भिक्खुणो बहवे गणावच्छेइआ बहवे आयरिअउवज्झाया० जाव धारित्तए"]

**અર્થ**–કોઈ એક ભિક્ષુક (સાધુ) બહુશ્રુત (મૂલસૂત્રનો જ્ઞાતા) હોય, બહુઆગમ (અર્થનો જ્ઞાતા) હોય, તે વારંવાર (કુલ–ગણ કે સંઘને ઉદ્દેશીને આવેલું સચિત્તાદિ વ્યવહારથી તજવું કે નહિ લેવું જોઇએ છતાં) આગાઢ–અનાગાઢ (આવશ્યક–અનાવશ્યક) કારણે માયા કરે, મૃષાવચન બોલે, અશુચિ (આહારાદિને માટે એષણાનો ભંગ) કરે અથવા પાપશ્રુત(જ્યોતિષાદિ નિમિત્તો)નો ઉપયોગ કરે તો તે દોષોના કારણે તેને (પ્રાયશ્ચિત્ત કહે છે કે) જીવતાં સુધી આચાર્યપણું (ઉપાધ્યાયપણું, ગચ્છાધિપતિપણું, પ્રવર્તકપણું) યાવત્ ગણાવચ્છેકપણું પણ આપવું ન જોઇએ (તેણે સ્વયં લેવું પણ ન જોઇએ). એ જ અર્થવાળું બીજું સૂત્ર એક ગણાવચ્છેદકને અને ત્રીજું સૂત્ર એક એક આચાર્ય–ઉપાધ્યાયને ઉદ્દેશીને કહેલું છે. એમ ૨૩ થી ૨૫ સૂત્રોનો અર્થ જાણવો.

૨૬મા સૂત્રથી ઘણા સાધુઓને, ૨૭ મા સૂત્રથી ઘણા ગણાવચ્છેદકોને અને ૨૮ મા સૂત્રથી ઘણા આચાર્ય–ઉપાધ્યાયોને અંગે (એ વિધાન) સમજવું. અર્થ તો દરેક સૂત્રનો ઉપર પ્રમાણે જ સમજવો, માત્ર ૨૩ થી ૨૫ સુધીનાં સૂત્રો એક એક વ્યક્તિનાં (હોવાથી એકવચનાન્ત) છે અને ૨૬ થી ૨૮ સૂત્રો અનેક વ્યક્તિઓને ઉદ્દેશીને (હોવાથી) બહુવચનાન્ત છે. ૨૯ મું સૂત્ર (ધર્મ સંગ્રહમાં છપાયું નથી, વ્યવહારમાં છે, તે) ઘણા સાધુઓ, ઘણા ગણાવચ્છેદકો અને ઘણા આચાર્ય–ઉપાધ્યાયો, એમ ત્રણેનું ભેગું (હોવાથી)બહુવચનાન્ત છે. અર્થ દરેકનો સરખો છે.

અર્થાત્ એવાઓને જીવતાં સુધી તે પદો આપી શકાય નહિ. અહીં 'સો અપરાધ કરનારને મારવો યોગ્ય નથી અને હજાર અપરાધ કરનારને દંડ પણ કરવો યોગ્ય નથી' ઇત્યાદિ લૌકિક ન્યાયને અનુસરીને વારંવાર ઘણા અપરાધો કરનારને પ્રાયશ્ચિત્ત પણ ન અપાય, (કારણ કે ઘણું આપવા છતાં તેની શુદ્ધિ ન થાય,) એ કારણે જાવજ્જીવ માટે તેને નિવૃત્ત કરવા (પદ છોડી દેવા) માટેનાં બહુવચનના પ્રયોગવાળાં આ સૂત્રો કહેલાં છે, એમ પૂર્વાચાર્યોનો અભિપ્રાય છે.

તથા ગચ્છાચાર્યમાં ગીતાર્થપણાની જેમ સારણા ગુણ પણ અવશ્ય અપેક્ષા રાખે છે, કારણ કે ગીતાર્થ પણ આચાર્ય જો ગચ્છની સારણા–વારણાદિ ન કરે અને દુષ્ટ શિષ્યોને પણ ન તજે, તો તેને મહાનિશિથસૂત્રની પહેલી ચૂલાના તેરમા સૂત્રમાં આ પ્રમાણે મોટું પ્રાયશ્ચિત્ત કહેલું છે–

"से भयवं ! जे णं गणी अप्पमाई भवित्ता णं सुआणुसारेणं जहुत्तविहाणेहिं चेव सययं अहन्निसं गच्छं न सारवेज्जा, तस्स किं पायच्छित्तं उवइसेज्जा ? गो० अप्पउत्ती पारंचिअं उवइसेज्जा ॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" से भयवं जस्स उण गणिणो सव्वपमायालंबणविप्पमुक्कस्सावि णं सुआणुसारेणं जहुत्त–विहाणेहिं चेव सययं अहन्निसं गच्छं सारवेमाणस्स उ केइ तहाविहे दुट्ठसीसे न सम्मग्गं समायरेज्जा तस्स णं किं पच्छित्तं उवइसेज्जा ? गो० उवइसेज्जा" से भयवं केणट्ठेणं ? गो० जओ णं तेणं अप-रिक्खियगुणदोसे णिक्खमाविए हविज्जा एतेणं अट्ठेणं ॥"

" से भयवं किं तं पच्छित्तं उवइसेज्जा ? गो० जे णं एवंगुणकलिए गणी से णं जया एवंविहे पावसीले गच्छे तिविहं तिविहेणं वोसिरित्ताणं आयहियं णो समणुट्ठेज्जा तया णं संघबज्झे उवइसेज्जा ॥"

" से भयवं जया णं गणिणा गच्छे तिविहं तिविहेणं वोसिरिए हविज्जा तया णं गच्छे आदरिज्जा ? (गो०) जइ संविग्गे भवित्ता णं जहुत्तं पच्छित्तमणुचरित्ता अन्नस्स गच्छाहिवइणो उवसंपज्जित्ता णं सम्मग्गमणुसरेज्जा तओ णं आयरेज्जा, अहा णं सच्छंदत्ताए तहेव चिट्ठे तओ चउव्विहस्सावि समणसंघस्स बज्झं तं गच्छो नो आयरेज्जा ॥ प्रथमा चूला–सू० १३॥

**અર્થ**–" હે ભગવંત ! જે ગણી (અન્ય કાર્યોમાં) અપ્રમાદી થઇને સૂત્રને અનુસારે યથોક્ત ઉપાયોથી નિશ્ચે અહોનિશિ સતત ગચ્છને ન સંભાળે (સારણાદિ ન કરે), તેને શું પ્રાયશ્ચિત્ત અપાય ? હે ગૌતમ ! ગચ્છની સઘળી પ્રવૃત્તિના પરિહારરૂપ (છોડાવવારૂપ) પારાઞ્ચિત અપાય"

તથા હે ભગવંત ! જે સર્વપ્રમાદનાં કારણોથી મુક્ત (અપ્રમાદી) ગણી સૂત્રને અનુસારે યથોક્ત ઉપાયોથી સતત રાતદિવસ ગચ્છને સંભાળે, છતાં તેનો કોઈ તેવો દુષ્ટ શિષ્ય સન્માર્ગે ન આવે તો શું ગુરૂને પ્રાયશ્ચિત્ત અપાય ? હે ગૌતમ ! અપાય. હે ભગવંત ! કયા કારણે અપાય ? હે ગૌતમ ! તેણે ગુણદોષની પરીક્ષા કર્યા વિના શિષ્યને દીક્ષા આપી તે કારણે અપાય."

" હે ભગવંત ! તેને કયું પ્રાયશ્ચિત્ત અપાય ? હે ગૌતમ ! એવા ગુણોથી યુક્ત (પણ) જે ગચ્છાધિપતિ એવા પાપાચારી ગચ્છ(શિષ્ય)ને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીને પોતાનું હિત (સંયમ) સાધવા માટે સમ્યગ્ ઉદ્યમી ન થાય તેને સંઘબહાર કરવો જોઇએ."

"હે ભગવંત ! જો તે ગણીએ ગચ્છને (સ્વશિષ્યને) ત્રિવિધે ત્રિવિધે વોસિરાવ્યો હોય તો તેને ગચ્છમાં સ્વીકારાય ? (હે ગૌતમ !) જો સંવિગ્ન બનીને, યથોક્ત પ્રાયશ્ચિત્ત કરીને, બીજા ગચ્છાધિપતિની ઉપસમ્પદા(આજ્ઞા) સ્વીકારીને સન્માર્ગને અનુસરે તો સ્વીકારાય અને જો સ્વચ્છંદ–પણાથી તેવું જ વર્તન કરે તો ચતુર્વિધ શ્રીસંઘની બહાર કરેલા તેને ગચ્છ (પણ) ન સ્વીકારે. "

જે પ્રમાદી ગચ્છની સારણાદિ ન કરે તેને તો (અન્ય સર્વ સાધુઓના પ્રાયશ્ચિત્તનો) એકત્ર સરવાળો કરવાથી જેટલું થાય તેનાથી ચારગુણું પ્રાયશ્ચિત્ત લાગે. મહાનિશિથમાં કહ્યું છે કે—

"इणमो सव्वमवि पच्छित्तं गोअमा ! जावइअं एगत्थ संपिंडिअं हविज्जा, तावइअंचेव एगत्थ–(स्स णं)गच्छाहिवईणो महयरपविचित्तिणीए चउग्गुणं उवइसेज्जा, जओ णं सव्वमवि एएसिं पसंसिअं हवेज्जा, अहा णं इमे चेव पमायवसं गच्छेज्जा तओ अन्नेसिं संते धीबलवीरिए सुट्ठुतरागमब्भुज्जमं ह(हा)वेज्जा, अहा णं किंचि सुमहंतमवि तओऽणुट्ठाणमब्भुज्जमेज्जा ता णं न तारिसाए धम्मसद्धाए

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किंतु मंदुच्छाहे समु(मणु)ट्ठेज्जा, भग्गपरिणामस्स य निरत्थगमेव कायकिलेसे, जम्हा एअं तम्हा उव(उ अ)चिंताणंतणिरणुबंधे(धि)पुन्नपब्भारेणं समु(संजु)ज्जमाणे वि साहूणो ण संजुज्जंति, एवं (च) सव्वमवि गच्छाहिवयादीणं दोसेणेव पवत्तेज्जा, एएणं पवुच्चइ गोअमा! जहा णं गच्छाहिवाईणं इणमो सव्वमवि पच्छित्तं जावइअं एगत्थ संपिंडिअं हविज्जा तावइअं चेव चउग्गुणं उवइसेज्जा ॥" (महानिशीथ प्रथमाचूला सूत्र–१२)

**અર્થ**–"આ સર્વ પણ પ્રાયશ્ચિત્તનો હે ગૌતમ! એકત્ર સરવાળો કરતાં (જોડતાં) જેટલું થાય તેનાથી ચારગુણું એક ગચ્છાધિપતિને અથવા મહત્તરા (કે) પ્રવર્તિની(સાધ્વી)ને આપવું. કારણ કે ગચ્છની સારણાદિ નહિ કરવાથી અન્ય સાધુઓ જે અતિચારો વિગેરે સેવે તે સઘળું ('અનિષિદ્ધમ્ અનુમતમ્' એ ન્યાયે) તેઓએ પ્રશંસ્યું (કબૂલ રાખ્યું) ગણાય. (વળી) જો એમ ગચ્છાધિપતિ કે પ્રવર્તિની પોતે જ પ્રમાદ કરે તો બીજા (સાધુ–સાધ્વી)ઓને બુદ્ધિબળ અને પરાક્રમ હોવા છતાં આગમ પ્રત્યે (જિનાજ્ઞા પાલન માટે) સુંદર ઉદ્યમ ન થાય, તેથી તેઓ કોઇ મોટું પણ તપ વિગેરે અનુષ્ઠાન કરે તો પણ તેવી સુંદર ધર્મશ્રદ્ધાથી ન કરે, કિન્તુ મંદ ઉત્સાહથી કરે, એવું ભાગેલા (મન્દ)પરિણામવાળાનું અનુષ્ઠાન પણ કાયક્લેશ માત્ર નિરર્થક કહ્યું છે, તો અચિંત્ય–ચિન્તામણિ તુલ્ય અને અનંત એવા સાનુબંધી (પરંપરાએ પણ વધે તેવા) પુણ્યના બળે ઉદ્યમ કરવા યોગ્ય સાધુઓ પણ સુંદર ઉદ્યમ ન કરી શકે. (લાભ ન મેળવી શકે.) એમ (ગચ્છ પ્રમાદી થાય) તે સઘળું ગચ્છાધિપતિ વિગેરેના દોષથી જ થાય, એ કારણે એમ કહ્યું કે હે ગૌતમ! સરવાળો કરતાં સર્વ સાધુઓનું (ગચ્છનું) પ્રાયશ્ચિત્ત જેટલું થાય તેટલું (તેથી) ચારગુણું ગચ્છાધિપતિ વિગેરેને આપવું."

શિષ્યે પણ તેવા કુગુરૂ (ગચ્છાધિપતિ)ને સર્વથા છોડી દેવો જોઇએ અને ગુરૂ–શિષ્યપણાનો સંબંધ છોડવા સંબંધી લેખ લખાવી લેવાપૂર્વક તેઓનો અધિકાર તોડીને બીજા સુવિહિત ગચ્છની આજ્ઞા સ્વીકારીને ઘોર તપ (અને આકરા સંયમનું) અનુષ્ઠાન કરવું જોઇએ. છતાં એ રીતે આરાધના માટે ઉદ્યત શિષ્યને જે ગુરૂ હસ્તાક્ષરથી લખી આપે (છોડે) નહિ તે મહાપાપ પ્રસંગના કરનાર ગુરૂને સંઘ બહાર કરવો જોઇએ. મહાનિશિથની પ્રથમચૂલા સૂત્ર ૧૪માં કહ્યું છે કે–

"से भयवं जया णं सीसे जहुत्तसंजमकिरिआए(वट्टंति)तहाविहे अ केई कुगुरू दिक्खं पव्व–विज्जा, तया णं सीसे किं समणुट्ठेज्जा? गोयमा० ! घोरवीरतवसंजमे(मं)। से भयवं! कहं? गो० ! अन्नत्थ गच्छे पविसित्ता णं, तस्स संतिए णं सिरिगारेणऽविहिए समाणे अण्ण[त्थ]गच्छेसु पवेसमेव ण लभेज्जा तया णं किं कुव्विज्जा? गो० ! सव्वपयारेणं तस्स संतिअं सिरिकारं फुसा–विज्जा, से भयवं केणं पयारेणं तस्स संतिअं सिरिआरं सव्वपयारेणं फुसिज्जं हविज्जा? गो० ! अक्खरेसु, से भयवं किं णामे ते अक्खरे? गो० ! जहा णं अपडिग्गाही कालंतरेसुंपि अहं इमस्स सीसाणं सीसिणीणं वा, से भयवं! जया णं एवंविहे अक्खरे ण पयाइ तया णं किं करिज्जा? गो० ! जया णं एवंविहे अक्खरे ण पयाइ तया णं आसन्नपावयणीणं पकहित्ताणं चउत्थादीहिं समक्क–मित्ता णं अक्खरे दावेज्जा, से भयवं! जया णं एएणं पयारेणं से णं कुगुरू अक्खरे (ण) पदेज्जा

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

तया णं किं कुज्जा ? गो० ! जया णं एएणं पयारेणं से णं कुगुरू अक्खरे ण पदेज्जा, तया णं संघवज्झे उवइसेज्जा " इत्यादि ॥"

**અર્થ**–"હે ભગવન્ ! જ્યારે યથોક્ત સંયમની ક્રિયા કરતા તથાવિધ (ઉત્તમ) શિષ્યને કોઈ કુગુરૂએ દીક્ષા આપી હોય, ત્યારે તે શિષ્યે શું કરવું ? હે ગૌતમ ! શિષ્યે ઘોર-વીર તપ-સંયમ કરવાં જોઈએ. હે ભગવન્ત ! તે શી રીતે કરે ? હે ગૌતમ ! બીજા ગચ્છમાં રહીને કરે. (હે ભગવન્ત !) તે કુગુરૂનો (ગુરૂ-શિષ્યપણાનો) અધિકાર છોડાવ્યા વિના બીજા ગચ્છમાં જઈ પણ ન શકે (તેને બીજો કોઇ રાખે જ નહિ) તો શું કરે ? હે ગૌતમ ! સર્વ પ્રકારોથી (ઉપાયોથી) તેનો અધિકાર છોડાવે. હે ભગવન્ત ! કેવા ઉપાયોથી તેનો અધિકાર સર્વ પ્રકારોથી છૂટે ? હે ગૌતમ ! અક્ષરો (લેખ) કરાવી લેવાથી. હે ભગવન્ત ! તે અક્ષરો કેવા જોઇએ ? હે ગૌતમ ! 'જેમ કે કાલાન્તરે પણ હું આ શિષ્યને, તેના શિષ્યોને, અથવા તેની શિષ્યાઓને પણ પાછા ગ્રહણ નહિ કરૂં' એવા અક્ષરો (લેખ) થવા જોઇએ. હે ભગવન્ત ! જ્યારે એવા અક્ષરો ન (લખી) આપે ત્યારે શું કરે ? હે ગૌતમ ! જયારે એવા અક્ષરો ન (લખી) આપે ત્યારે (કુલ-ગણ વિગેરે સંબંધથી નજીકના અને તેવા નજીકમાં ન હોય તો ક્ષેત્રથી) નજીક રહેલા આચાર્યને સઘળું કહીને ચોથા પાંચમા વિગેરે (અન્ય સાધુઓ) દ્વારા આગ્રહ કરાવીને (બલજબરીથી) અક્ષરો લખાવી લે. હે ભગવન્ત ! જ્યારે એ પ્રકારે (પણ) તે કુગુરૂ અક્ષરો ન આપે તો શું કરે ? હે ગૌતમ ! જો એ પ્રકારે તે કુગુરૂ અક્ષરો ન જ આપે તો તેને સંઘ બહાર કરવો. ઇત્યાદિ."

એ રીતે કુગુરૂનો ત્યાગ પણ બીજા ગણનો આશ્રય મળે તેમ હોય ત્યારે જ (અને વિધિ-પૂર્વક) કરવો ઉચિત ગણાય, અન્યથા નહિ. કારણ (બૃહત્કલ્પના ઉ. ૪ સૂત્ર ૨૩ માં) કહ્યું છે કે–

"भिक्खू अ गणाओ अवक्कमं इच्छेज्जा अन्नगणं संभोगवडिआए उवसंपज्जित्ता णं विहरित्तए, नो से कप्पइ अणापुच्छित्ता आयरिअं वा, जाव अन्नं गणं संभोगवडिआए उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरिअं(वा) जाव विहरित्तए, ते अ से णो वितरंति(विअरेज्जा) एवं से णो कप्पइ जाव विहरित्तए, जत्थुत्तरिअं धम्मविणयं न (नो) लभेज्जा, एवं से णो कप्पइ अन्नं गणं जाव विहरित्तए " त्ति ॥

**અર્થ**–"કોઈ સાધુ પોતાના ગચ્છમાંથી નીકળીને બીજા ગચ્છની સાથે આહાર-પાણી(ભોજન) વિગેરેનો સંબન્ધ કરવા ઇચ્છે તો તેણે આચાર્ય (ઉપાધ્યાય-ગણી-પ્રવર્તક-ગણાવચ્છેદક)ને પૂછયા વિના અન્યગચ્છની સાથે આહાર-પાણી (ભોજન)વિગેરેનો સંબન્ધ કરવા માટે તેનો સ્વીકાર કરવો યાવત્ તેની સાથે રહેવું કે વિચારવું ન કલ્પે, કિન્તુ આચાર્ય (વિગેરેને) પૂછીને (અનુમતિ મેળવીને) આહાર પાણી આદિનો વ્યવહાર કરવો, સાથે રહેવું, કે વિચારવું કલ્પે. તે આચાર્યાદિ જો તેને રજા આપે તો તેમ કરવું-વિચારવું કલ્પે અને તે રજા ન આપે તો ન કલ્પે. જ્યાં ઉત્તરિક (વિશેષ-વિશિષ્ટ) ધર્મનો એટલે વિનયનો (સારણા વારણાદિનો) લાભ થાય એમ હોય તેવા બીજા ગચ્છનો સ્વીકાર કરવો એટલે રહેવું, કે વિચરવું વિગેરે કલ્પે, પણ જ્યાં ઉત્તર ધર્મનો એટલે વિશેષ વિનયાદિનો કે સારણા-વારણાદિનો લાભ ન થાય ત્યાં જવું, રહેવું, વિગેરે ન કલ્પે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા ગચ્છમાં સંક્રમણ (પ્રવેશ) કરવાનું ચાર ભાંગાથી ઘટે, ૧–સંવેગી સાધુ સંવેગી–ગચ્છમાં, ૨–સંવેગી સાધુ અસંવેગી ગચ્છમાં, ૩–અસંવેગી સાધુ સંવેગી ગચ્છમાં અને ૪–અસંવેગી સાધુ અસંવેગી ગચ્છમાં સંક્રમણ કરે. તેમાં પહેલા ભાંગામાં જેટલા દિવસો (વચ્ચે) સંવેગીઓથી છૂટો (દૂર) રહે, તેના પહેલા દિવસથી આરંભીને (જ્યાં જાય ત્યાં આચાર્યાદિની સમક્ષ) વિહારાદિની આલોચના ન કરે ત્યાં સુધી અશુદ્ધ અને આલોચના કરે ત્યારથી શુદ્ધ સમજવો. બીજા ભાંગામાં (અસંવેગી એવા પાસત્થાદિનો આશ્રય લેવાથી જ્ઞાનાદિ ગુણોનો નાશ વિગેરે) ઘણા દોષો થાય, ત્રીજા ભાંગામાં (અસંવેગી છતાં) જનારો ગીતાર્થ હોય તો સ્વયં મહાવ્રતોને ઉચ્ચરીને માર્ગમાં જ (પૂર્વની દોષિત ઉપધિને તજી દે,) નવી ઉપધિ મેળવીને અન્ય ગચ્છમાં જાય, અને અગીતાર્થ હોય તો ત્યાં જઈને ગુરૂદ્વારા વ્રતોને સ્વીકારીને પૂર્વની (દોષિત) ઉપધિનો ત્યાગ કરે ત્યારે શુદ્ધ થાય. ચોથા ભાંગે તો સંક્રમણ કરવામાં જ અવિધિ છે, વિગેરે વિસ્તાર બૃહત્કલ્પ (ના ચોથા ઉદ્દેશાની ભાષ્યની ગા૦ ૫૪૫૮) વિગેરેમાંથી જોઈ લેવો. એ વિષયમાં વધારે વિસ્તારનું પ્રયોજન નથી.[૩૦૩]હવે 'સ્વલબ્ધિક' સાધુની યોગ્યતાનું વર્ણન કરે છે કે—

૩૦૩–દેવ, ગુરૂ અને ધર્મ, એ ત્રણ તત્ત્વોમાં ધર્મતત્ત્વની સાધના માટે દેવ અને ગુરૂ બે મુખ્ય આલમ્બનરૂપ છે, આલમ્બન જેટલું વિશુદ્ધ અને દૃઢ તેટલું કાર્ય સુન્દર થઈ શકે તે સમજાવવું પડે તેમ નથી, માટે જ જૈનદર્શનમાં તેને અંગે સૂક્ષ્મ અને ગંભીર વિચાર કરેલો છે. ભોજન જીવન માટે આલ–મ્બનરૂપ છે તો સુખી જીવન જીવવા માટે તેના સારા–નરસાપણાનો વિચાર આવશ્યક છે, માત્ર સ્વાદ કે રૂપ–રંગને વશ થઇ ભોજન કરનારો પ્રાયઃ રોગી બને છે, તેમ આત્મજીવનમાં (ધર્મમાં) આલમ્બનભૂત દેવ–ગુરૂ તત્ત્વનો પણ વિચાર સૂક્ષ્મ અને ગંભીર બુદ્ધિથી કરવો આવશ્યક છે જ, કેવળ સ્થૂળદૃષ્ટિએ વિચારવાથી એ તત્ત્વોની સાચી ઓળખ થતી નથી અને આંધળું અનુકરણ કરવા માત્રથી તેની સાધના પણ થતી નથી. ઉપાસ્ય દેવ જેમ વીતરાગ–સર્વજ્ઞ–ત્રણલોકથી પૂજાએલા–પદાર્થને સત્યસ્વરૂપે પ્રરૂપનારા–અષ્ટપ્રાતિહાર્યાદિ સમ્પત્તિ યુક્ત છતાં નિર્મમ અને અઢારદોષથી રહિત હોય તે જ શુદ્ધ છે, તેમ જે ગુરૂના શરણે રહી (સમર્પિત બની) સર્વ કર્મોનું ઉન્મૂલન કરવાનું છે તે ગુરૂ પણ છદ્મસ્થ છતાં માનવશ્રેષ્ઠ હોય તો શુદ્ધ છે. ગુરૂ મહાવ્રતોના અખંડ ઉપાસક, ધીર, માત્ર ભિક્ષાવૃત્તિથી જીવનારા છતાં અદીન અને પરીષહ–ઉપસર્ગોને સહન કરવામાં જાગ્રત હોવા સાથે જિનવચનને યથાર્થરૂપે સમજનારા અને સમજા–વનારા જોઇએ. એવા ગુરૂના આલમ્બનથી અનાદિ દોષોની શુદ્ધિ કરી શકાય, થોડો પણ શુદ્ધ ધર્મ ત્યારે જ પ્રાપ્ત (પ્રગટ) થાય કે આ જન્મ કે પૂર્વ જન્મોમાં તેવા વિશિષ્ટ ગુરૂનું આલમ્બન સેવ્યું હોય !

જે હકિકત આમ છે તો ગુરૂપદને પ્રાપ્ત કરનાર આત્મામાં તેવી વિશિષ્ટ યોગ્યતા જોઇએ જ. આ કારણે ચાલુ અધિકારમાં અયોગ્ય આત્માને પદપ્રદાન કરવામાં મહાપાપ જણાવ્યું છે. મહાનિશિથની સાક્ષી આપીને ઉત્તમ ગુરૂની યોગ્યતાનું વર્ણન કર્યું છે, છતાં અવસર્પિણી કાળના મહિમાથી એવા વિશિષ્ટ ગુરૂ ન મળે ત્યારે પણ જૈનશાસન અવિચ્છિન્ન ચાલુ રહે–નિર્નાયક ન બની જાય, એ લક્ષ્યથી હીનગુણવાળા પણ તે તે કાળે વિશિષ્ટ યોગ્યતા ધરાવનારને ગુરૂપદે સ્થાપી શકાય એમ જણાવ્યું છે. શાસ્ત્ર–કથિત સર્વગુણો તેઓમાં નહિ છતાં તત્કાલીન ભવ્ય આત્માઓનું (તેઓના ધર્મનું) રક્ષણ કરવામાં તેમને સમર્થ માન્યા છે, માટે તત્કાલીન આરાધકોએ તે ગુરૂને પૂર્વર્ષિઓની તુલ્ય માની સ્વકલ્યાણના એક લક્ષ્યથી સેવવા જોઇએ. આ તત્ત્વને સમજાવવા માટે લૌકિક વ્યવહારમાં સ્વીકારાએલાં વાવડીઓ, વૃષભો, વૃક્ષો, વિગેરેનાં દૃષ્ટાન્તો આપી વર્તમાનમાં યોગ્ય ગુરૂઓનો અભાવ માનનારાઓને સન્માર્ગનું દર્શન કરાવ્યું છે. એથી આગળ વધીને વિશિષ્ટ વાત એ પણ જણાવી છે કે ગણીપદ આપનાર–લેનાર ગુરૂ–શિષ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूलम्-" दीक्षावयःपरिणतो, धृतिमाननुवर्त्तकः ।
स्वलब्धियोग्यः पीठादि-ज्ञाता पिण्डैषणादिवित् ॥१३९॥"

**મૂળનો અર્થ**-દીક્ષા અને વયથી પૂર્ણ, ધૈર્યવાન્, સર્વને અનુવર્તન કરાવનાર, બૃહત્કલ્પ સૂત્રની પીઠિકાની નિર્યુક્તિ વિગેરેનો અને પિંડૈષણાદિનો જાણ, એવા સાધુને સ્વલબ્ધિક કહ્યો છે.

**ટીકાનો ભાવાર્થ**-દીક્ષાથી અને ઉમ્મરથી પરિણત એટલે પૂર્ણ, અર્થાત્ ચિરદીક્ષિત અને પ્રૌઢ ઉમ્મરવાળો, ધૃતિમાન્ એટલે સંયમમાં સારી રીતે સ્થિર, અનુવર્ત્તક એટલે સર્વના (શિષ્યાદિના) ચિત્તને અનુસરનારો, (અનુકૂળ વર્તન કરનારો-કરાવનારો), પીઠ એટલે બૃહત્કલ્પ સૂત્રની પીઠિકા વિગેરેના અર્થનો જાણ તથા આહારાદિની શુદ્ધિ-અશુદ્ધિ વિગેરેને સમજનારો, એવા સાધુને પોતાની લબ્ધિ(શક્તિ)થી આહાર-વસ્ત્રાદિને મેળવવા માટે યોગ્ય કહ્યો છે. અર્થાત્ પૂર્વે તેને થએલી વસ્ત્ર-પાત્રાદિની પ્રાપ્તિ ગુરૂ (શુદ્ધ-અશુદ્ધ વિગેરે) પરીક્ષા કરે તે પછી શુદ્ધ ગણાતી હતી, હવે (ઉપર્યુક્ત યોગ્યતાને કારણે) સ્વયં પરીક્ષા કરવાને લાયક થયો, એમ સમજવું.[૩૦૪]

હવે તેનો જ વિહારનો વિધિ કહે છે કે—

मूलम्-" एषोऽपि गुरुणा सार्द्धं, विहरेद्वा पृथग्गुरोः ।
तद्दत्तार्हपरिवारोऽन्यथा वा पूर्णकल्पभाग् ॥१४०॥"

---

બન્નેએ કે કોઈ એકે સ્વયં માનેલી કે મનાવેલી યોગ્યતા પ્રમાણિક મનાતી નથી, પણ પદ આપવા છતાં કે આપવાની ભલામણ કરવા છતાં પ્રૌઢ-ગીતાર્થ અને નિષ્પક્ષ સ્થવિરો માન્ય કરે તો જ તે ગણિપદ વિગેરે પ્રમાણભૂત મનાય છે, કોઈ અયોગ્ય આત્મા ગણિપદે આવી ગયો હોય અને તેની નિશ્રામાં રહેલા યોગ્ય શિષ્યો તેનાથી મુક્ત થઈ બીજા યોગ્ય આચાર્યની નિશ્રા સ્વીકારવા ઇચ્છતા હોય તો મુક્ત કરાવવા માટે પણ સ્થવિરોને અધિકારી કહ્યા છે, ઉપરાન્ત ગચ્છાચાર્ય અયોગ્ય હોય તો તેની ગણીપદવી રદ-બાતલ કરવાનો પણ તેઓને અધિકાર છે, વિગેરે આ અધિકારમાં કહેલી ભિન્ન ભિન્ન છતાં એક માત્ર સ્વ-પર કલ્યાણને કરનાર અને જૈનશાસનની વ્યવસ્થા અખંડ, અબાધિત અને શુદ્ધ ચાલે તેવો માર્ગ આપનારી અનેક હકિકતો ખૂબ જ ઉપકારક છે, ભવભીરૂ આત્માએ એનું શક્ય પાલન કરવું યોગ્ય છે.

૩૦૪-સ્વલબ્ધિક એટલે સંયમજીવન માટે ઉપયોગી આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, મકાન વિગેરે વસ્તુઓને પૂર્વે કહેલા ઉદ્‌ગમ આદિ દોષોથી રહિત-શુદ્ધ મેળવવાની યોગ્યતાવાળો. આ યોગ્યતા જ્ઞાન અને વૈરાગ્ય ઉભયનો યોગ થવાથી પ્રગટે છે, સદોષ-નિર્દોષનું જ્ઞાન જ ન હોય તેવો સાધુ નિર્દોષને બદલે સદોષ લાવે અને દોષોનું જ્ઞાન હોવા છતાં વૈરાગ્ય ન હોય તો જાણવા છતાં દોષિત લાવે, માટે સ્વ-લબ્ધિક જ્ઞાન અને વૈરાગ્યયુક્ત જોઇએ. ઉપરાન્ત તે તે કાળમાં તે તે ક્ષેત્રમાં તે તે દ્રવ્યોની પ્રાપ્તિ સુલભ છે કે દુર્લભ ? બાળ-વૃદ્ધ-ગ્લાન વિગેરે સાધુઓ માટે શું શું જરૂરી છે ? કોણ કેવી વસ્તુની ઇચ્છાવાળો છે ? ભાવથી કોણ કેટલો ત્યાગ સહી શકે તેમ છે ? દાતાર ગૃહસ્થોના દાનના પરિણામ કેવા છે ? ઇત્યાદિ સમજવા સાથે શાસ્ત્રમાં કહેલા ઉત્સર્ગ-અપવાદ વિગેરેને પણ સમજનારો હોય તેવો વ્યાપારીની જેમ લાભ-હાનિને સમજીને સ્વનિશ્રાગત સાધુઓના સંયમની રક્ષા કરનારો સાધુ સ્વલબ્ધિક થઇ શકે. એવી યોગ્યતા પ્રગટ થયા પૂર્વે તેનાં લાવેલાં આહારાદિ ગુરૂ જણાવે તે પ્રમાણે શુદ્ધ-અશુદ્ધ ગણાય અને યોગ્યતા પ્રગટ્યા પછી તેની સ્વપરીક્ષાથી શુદ્ધ-અશુદ્ધ ગણાય. માટે જ તે ગુરૂથી જુદો પણ વિચરવાને અધિકારી ગણાય, અને ગુરૂઆજ્ઞાથી અન્ય સાધુઓની સાથે જુદો ગ્રામાનુગ્રામ વિચરી શકે. તાત્પર્ય કે સ્વ-પરસંયમની રક્ષા કરવાની યોગ્યતા જેનામાં પ્રગટી હોય તે સ્વલબ્ધિક થઇ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂળનો અર્થ**—એ સ્વલબ્ધિમાન્ પણ સાધુ ગુરૂની સાથે, અથવા ગુરૂએ આપેલા યોગ્ય (શિષ્ય) પરિવારની સાથે કે બીજી રીતે પૂર્ણ(સમાપ્ત)કલ્પવાળો ગુરૂથી જુદો પણ વિચરે.

**ટીકાનો ભાવાર્થ**-ગુરૂની લબ્ધિથી પરાધીન તો ગુરૂની સાથે વિચરે, પણ આવો સ્વ-લબ્ધિવંત પણ ઉત્સર્ગથી ગુરૂની એટલે સ્વલબ્ધિથી આહાર-વસ્ત્રાદિ લાવવા માટેની અનુજ્ઞા આપનારા આચાર્યની સાથે વિચરે-ગ્રામાનુગ્રામ વિહાર કરે. એમાં અપવાદ કહ્યો છે કે-સ્વલબ્ધિક અનુજ્ઞા આપનારા ગુરૂથી જુદો પણ વિચરે. જુદા વિચરવાનો વિધિ કહે છે કે-જેને ગુરૂએ યોગ્ય પરિવાર સાથે આપ્યો હોય તે જુદો વિચરે, તેમાં પણ અપવાદ કહે છે કે-અથવા 'અન્યથા' એટલે ગુરૂએ યોગ્ય પરિવાર સાથે આપેલો ન હોય ત્યારે પોતે પૂર્ણકલ્પ અર્થાત્ સમાપ્તકલ્પ થાય તો જુદો વિચરે. સમાપ્તકલ્પનું સ્વરૂપ (પંચ)કલ્પની ગાથાઓથી આ પ્રમાણે કહેલું છે.

"[૩૦૫]जाओ अ अजाओ अ, दुविहो कप्पो उ होइ णायव्वो ।
एक्किकोऽवि अ दुविहो, समत्तकप्पो अ असमत्तो ॥" पञ्चवस्तु-१३२८॥

**વ્યાખ્યા**-જાત અને અજાત એમ બે પ્રકારે કલ્પ એટલે (વિચરવાનો) સમ્યક્ આચાર છે, તેમાં 'જાતા' એટલે શ્રુતજ્ઞાનરૂપ સમ્પત્તિયુક્ત થવાથી જેઓએ આત્મલાભ પ્રાપ્ત કર્યો હોય તેવા સાધુઓ. તેઓથી અભિન્ન હોવાથી કલ્પને પણ 'જાત' કહેવાય છે, એનાથી વિપરીત (એટલે એવી શ્રુતજ્ઞાનરૂપી સંપત્તિને નહિ પામેલા સાધુઓનો કલ્પ) તે 'અજાત' કલ્પ જાણવો. તે દરેકના બે બે ભેદો છે, એક સમાપ્તકલ્પ અને બીજો અસમાપ્તકલ્પ. તેમાં સમાપ્તકલ્પ એટલે (સાધુઆદિની) પરિપૂર્ણ સહાયવાળો, અને બીજો અસમાપ્તકલ્પ તેથી વિપરીત (પૂર્ણ સહાય વિનાનો) સમજવો. એ 'જાત' વિગેરે ચારનું સ્વરૂપ કહ્યું છે કે—

"गीअत्थ जायकप्पो, अग्गीओ खलु भवे अजाओ उ ।
पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ॥ १३२९॥
उउबद्धे वासासु उ, सत्त समत्तो तदूणगो इयरो ।
असमत्ताजायाणं, ओहेण ण होइ आहव्वं ॥" १३३०॥ (पञ्चवस्तु)

**વ્યાખ્યા**-ગીતાર્થ સંબન્ધી એટલે ગીતાર્થ સાથેનો જે વિહાર તેને 'જાતકલ્પ' કહેવાય છે. કારણ કે તેને ગીતાર્થપણાથી વિચરવાનો અધિકાર સ્પષ્ટરૂપે મળ્યો છે. એથી વિરૂદ્ધ 'અગીત'= અગીતાર્થપણે (ગીતાર્થની સહાય વિના) વિચરવું તે 'અજાતકલ્પ' સમજવો. કારણ કે સૂત્રાર્થ પૂર્ણ નહિ થવાથી તે (સ્વતંત્ર વિચરવા માટે) અનધિકારી છે. તેમાં ૧૩૩૦ મી ગાથામાં उउबद्धे પદ છે તેનો અહીં સંબન્ધ હોવાથી 'ઋતુબદ્ધ' એટલે વર્ષાઋતુ સિવાયના આઠ મહિનામાં (જઘન્યથી) પાંચ સાધુઓ સાથે વિચરે તેઓનો સમાપ્તકલ્પ કહેવાય અને તેથી ન્યૂન બે ત્રણ કે ચાર સાધુઓ સાથે વિચરે તેઓનો કલ્પ 'અસમાપ્ત' એટલે પૂર્ણ સહાય વિનાનો અપરિપૂર્ણ કહેવાય. વર્ષાકાળે તો (જઘન્યથી) સાત સાધુઓ સાથે રહે તે 'સમાપ્તકલ્પ' અને તેથી ન્યૂન (બેથી છ) સાધુઓ સાથે રહે તે અસમાપ્તકલ્પ સમજવો. એમ સાત સાધુઓને

૩૦૫-આ ગાથાઓ વ્યવહારસૂત્રના ચોથા ઉદ્દેશાના ભાષ્યમાં ૧૫ થી ૨૨ છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

સાથે રહેવાનું એ કારણ છે કે વર્ષાઋતુમાં કોઇને બીમારી વિગેરે થાય તો બીજા સાધુઓ સહાયમાં આવી શકે નહિ ત્યારે તેઓને અલ્પસહાયતાનું નિમિત્ત ન થાય.[૩૦૬] એ કારણે અસમાપ્ત કલ્પવાળા અને અજાતકલ્પવાળા સાધુઓને ઉત્સર્ગમાર્ગે તેઓ જ્યાં રહે તે ક્ષેત્ર કે ત્યાંથી પ્રાપ્ત થએલું શિષ્ય-આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર વિગેરે કંઇ પણ શાસ્ત્ર પ્રસિદ્ધ વ્યવહારથી 'આભાવ્ય' એટલે તેમની માલિકીનું થતું નથી. (અર્થાત્ અગીતાર્થ અને અપૂર્ણ સંખ્યાવાળા સાધુઓ વિચરે ત્યાંથી તેમને મળેલી વસ્તુઓમાં કે ક્ષેત્રમાં તેઓનો અધિકાર મનાતો નથી). અધિકાર કોનો કેવી રીતે મનાય ? તે કહે છે કે—

"हवइ समत्ते कप्पे, कयम्मि अन्नोन्नसंगयाणंपि ।
गीअजुआणाभव्वं, जहसंगारं दुवेण्हंपि ॥" पञ्चवस्तु० १३३१॥

**વ્યાખ્યા**–ભિન્ન ભિન્ન કુળ, ગણ વિગેરેના અસાંભોગિક સાધુઓ પણ પરસ્પર ગીતાર્થ સહિત મળે ત્યારે તેઓને જે જે શિષ્ય, વસ્ત્ર, પાત્ર, આહાર, વિગેરે મળે તે તેઓએ કરેલા સંકેત પ્રમાણે ગીતાર્થની કે અગીતાર્થની માલિકીનું થાય (ગણાય).[૩૦૭]

---

૩૦૬–ગીતાર્થ ગુરૂ સાથે ન હોય તે સાધુનો સમૂહ મોટો હોય તો પણ અજાત એટલે સેનાપતિ વિનાની સેના જેવો અકિઞ્ચિત્કર ગણાય, તેઓ મોહના સુભટોરૂપ કામ ક્રોધાદિ અન્તરંગ શત્રુઓનો પરાજય કરી શકે નહિ, માટે ગીતાર્થયુક્ત વિહાર જોઇએ. ગીતાર્થ સાથે છતાં સાધુસમૂહ અલ્પ હોય તો પણ સેના વિનાના સેનાપતિની જેમ તે અંતરંગ શત્રુઓને જીતી શકે નહિ, માટે ઉપર કહ્યા પ્રમાણે વર્ષાકાળમાં ઓછામાં ઓછા સાતની અને શેષકાળમાં પાંચની સંખ્યામાં સાથે વિચરવું જોઇએ. કારણ કે ઓછા હોય તો આહારાદિ લેવા માટે, સ્થંડિલ ભૂમિએ જવાના પ્રસંગે, કે અન્ય કાર્ય પ્રસંગે બહાર જતાં એકલા સાધુને જવું પડે, બે બે સાથે જતાં ઉપાશ્રયમાં કોઇ ન રહે, ગીતાર્થ છતાં ગુરૂને ઉપાશ્રયમાં એકલા રહેવું પડે, એકલાને સ્ત્રી આદિનો, કે પ્રત્યનીકોનો વિગેરે ભય રહે, ઉપધિ (વસ્ત્ર-પાત્ર) વિગેરેને કોઇ ચોર વિગેરે ચોરી જાય અને કોઈ સાધુ બીમાર પડે તો વૈયાવચ્ચાદિ થઈ શકે નહિ, ઇત્યાદિ અનેક વિઘ્નો આવે. એ કારણે સમાપ્તકલ્પથી વિચરવું જોઇએ. સાધ્વીને તો સામાન્યતયા પણ સંયમની રક્ષા દુષ્કર હોવાથી સાધુ કરતાં દ્વિગુણ સંખ્યાથી વિચરવું જોઇએ. એમ અહીં જણાવેલી જાત અને સમાપ્ત કલ્પની વ્યવસ્થા સંયમની રક્ષા માટે અતિ ઉપયોગી હોવાથી આત્માર્થીએ તેનું પાલન કરવું તે ઘણું હિતાવહ છે. એથી જિનાજ્ઞાનું પાલન થાય છે અને શાસનની પ્રભાવના વિગેરે વિશિષ્ટ લાભો પણ થાય છે.

૩૦૭–કલ્પ એટલે વ્યવસ્થા, તેના બે પ્રકારો છે ૧–જાત, અને ૨–અજાત. તેમાં જે સાધુવર્ગના નાયક ગીતાર્થ હોય તે જાતકલ્પ અને અગીતાર્થની નિશ્રાવાળો સાધુસમૂહ અજાતકલ્પ સમજવો. એ બેના પણ સમાપ્ત અને અસમાપ્ત એમ બે બે ભેદો છે, તેમાં ઋતુબદ્ધકાળમાં ઓછામાં ઓછા પાંચ અને ચોમાસામાં સાત સાધુઓ સાથે રહે તે સમાપ્ત અને એથી ઓછા સાધુઓની સંખ્યાવાળો અસમાપ્તકલ્પ સમજવો. અહીં કહેવાનો આશય એ છે કે જે જાતકલ્પ અને સમાપ્તકલ્પ હોય તેને તો શિષ્ય, વસ્ત્ર, પાત્રાદિ જે મળે તે તેનું ગણાય, પણ જે સમાપ્ત ન હોય તેના ભિન્ન ભિન્ન કુળ-ગણના સાધુઓ કોઈ ક્ષેત્રમાં ભેગા થાય ત્યાં શિષ્ય-વસ્ત્ર-પાત્રાદિ મળે તે કોનું ગણાય ? તેની વ્યવસ્થા છે કે ભિન્ન ભિન્ન કુળ-ગણ વિગેરેના પણ થોડા થોડા સાધુઓ ભેગા મળતાં સમાપ્તકલ્પ થાય અને તે બન્નેના નાયક ગીતાર્થ હોવાથી જાતકલ્પ હોય ત્યારે તો તે ગીતાર્થો પોતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, વિગેરેના જ્ઞાતા હોવાથી પરસ્પર સંકેત કરે તે પ્રમાણે આભાવ્ય ગણાય, બે સમૂહમાં એકના નાયક ગીતાર્થ અને બીજાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે સ્વલબ્ધિકના વિહારનો વિધિ જણાવ્યો.

સાધ્વી પણ શેષસાધ્વીઓથી ગુણોમાં જે અધિક હોય, દીક્ષાપર્યાય અને વય (ઉમ્મર)થી પરિણત (પ્રૌઢ) હોય, તેને સ્વલબ્ધિ માટે યોગ્ય કહી છે. કહ્યું છે કે—

"वइणी वि गुणगणेणं, जा अहिआ होइ सेसवइणीणं ।
दिक्खासुआइणा परिणया य जोग्गा सलद्धीए ॥" पञ्चवस्तु० १३३२॥

**ભાવાર્થ**–સાધ્વી પણ અન્ય સર્વ સાધ્વીઓમાં ગુણસમૂહથી જે અધિક (વધારે ગુણવતી) અને દીક્ષાપર્યાય તથા શ્રુતજ્ઞાનથી પરિણત (પ્રૌઢ) હોય તે સ્વલબ્ધિ માટે યોગ્ય છે. (અર્થાત્ તેણે મેળવેલી શિષ્યા, આહાર, પાણી, ઉપધિ વિગેરે નિર્દોષ ગણાય.)

અહીં કોઈ એમ કહે કે 'સાધ્વીઓને સ્વલબ્ધિ ન હોય, કારણ કે તેઓને પ્રાયઃ વસ્રાદિ સર્વ ગુરૂની પરીક્ષાથી જ લેવાનું હોય, કારણ કે સ્વલબ્ધિએ વસ્તુ લેવાથી તેઓને લાઘવ (અપમાન–અનાદર)જન્ય દોષો અવશ્ય થાય' તો એમ કહેનારનું કથન બરાબર નથી, કારણ કે શિષ્યા વિગેરે કે ભિક્ષા વિગેરે સ્વઉચિત વસ્તુ મેળવવામાં તેઓ અવશ્ય સ્વલબ્ધિક હોય છે. વળી (સર્વને નહિ, પણ) પરિણત વયવાળી પ્રૌઢ સાધ્વીનો એ સ્વલબ્ધિરૂપ કલ્પ આચરિત (પરંપરાગત) છે. (અર્થાત્ પ્રૌઢ સાધ્વીને એ અધિકાર આચરિત છે) અને યોગ્યપાત્રને (પ્રૌઢ–ગુણવાળીને) એથી લઘુતા વિગેરે દોષો પણ થતા નથી. આ વિષયમાં પ્રશ્નોત્તર પૂર્વક પઞ્ચવસ્તુમાં કહ્યું છે કે–

"केइ ण होइ सलद्धी, वयणीणं गुरुपरिक्खियं तासिं ।
जं सव्वमेव पायं, लहुसगदोसा य नियमेणं ॥१३३३॥
तं च ण सिस्सिणिगाओ, उचिए विसयंमि होइ उवलद्धी ।
कालायरणाहिं तह, पत्तंमि ण लहुत्त दोसावि ॥१३३४॥" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–કોઈ એમ કહે છે કે–સાધ્વીને સ્વલબ્ધિ (સ્વયં વસ્ર વિગેરે લેવાનું) ન હોય, કારણ કે તેઓને પ્રાયઃ શિષ્યા, ભિક્ષા કે વસ્રાદિ સર્વ ગુરૂએ પરીક્ષા કરેલું લેવાનું હોય છે, સ્વતઃ લેવામાં તેઓને અવશ્ય લઘુતા વિગેરે દોષો થાય. તેનો ઉત્તર કહે છે કે–તે કથન બરાબર નથી, કારણ કે શિષ્યા કે ભિક્ષા વિગેરે ઉચિત વસ્તુ લેવાનો તેઓને અધિકાર હોય છે, નહિ કે નથી હોતો. તથા તેઓને કાળથી અને આચરણાથી(અર્થાત્ પરિણતવયવાળી સાધ્વીનું) એ આચરિત છે અને લેનાર યોગ્ય–પાત્ર હોય ત્યાં લઘુતારૂપ દોષો પણ થતા નથી.

સાધ્વીઓને બહુદોષોનો સંભવ હોવાથી જાતકલ્પ અને સમાપ્તકલ્પને અંગે સૂત્રાનુસારે સાધુ કરતાં 'દ્વિગુણ' વિગેરે અધિક વિભાષા કરવી, અર્થાત્ સમાપ્તકલ્પને અંગે સાધ્વીઓને સાધુની તુલ્ય સંખ્યા નહિ સમજવી. ત્યાં જ કહ્યું છે કે–

"जायसमत्तविभासा, बहुतरदोसा इमाण कायव्वा ।
सुत्ताणुसारओ खलु, अहिगाइ कयं पसंगेणं ॥१३३५॥" (पञ्चवस्तु)

---

અગીતાર્થ હોય તો પણ પરસ્પર કરેલા સંકેત પ્રમાણે આભાવ્ય સમજવું અને બન્ને સમૂહના નાયકો અગીતાર્થો હોવાથી અજાતકલ્પ હોય ત્યારે પણ તેઓએ પરસ્પર કરેલા સંકેત પ્રમાણે આભાવ્ય સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–સાધ્વીઓને (સંયમમાં) બહુતર દોષનો સંભવ હોવાથી જાત અને સમાપ્ત કલ્પમાં સૂત્રાનુસારે સંખ્યામાં બેગુણી વધારે વિગેરે વિભાષા છે. એ માટે વિશેષ કહેવાથી સર્યું.

અહીં સુધી અનુયોગની અને ગણની અનુજ્ઞારૂપ સાપેક્ષયતિધર્મ વિસ્તારથી કહ્યો. હવે શેષપદોની અનુજ્ઞાનો વિધિ અતિદેશથી એટલે ભલામણરૂપે કહે છે કે—

**मूलम्–" उपाध्यायपदादीना–मप्यनुज्ञैवमेव च ।**
**गीतार्थत्वगुणस्तुल्य–स्तेषु व्यक्त्या त्वमी क्रमात् ॥" १४१॥**

**મૂળનો અર્થ**–ઉપાધ્યાયપદ વિગેરે અન્યપદોની અનુજ્ઞા પણ એ જ રીતે કરવી. ગીતાર્થ–પણાનો ગુણ તુલ્ય જોઈએ, ઉપરાંત વ્યક્તિગત ગુણો કેવા જોઈએ તે ક્રમશઃ આ પ્રમાણે સમજવા.

**ટીકાનો ભાવાર્થ**–'ઉપ'=જેની સમીપે આવીને શિષ્યો અધ્યેતિ=અધ્યયન કરે તે ઉપ+અધ્યાય=ઉપાધ્યાય અને તેનું પદ તે 'ઉપાધ્યાયપદ'. આદિશબ્દથી પ્રવર્તક, સ્થવિર અને ગણા–વચ્છેદકપદો પણ સમજવાં. કેવલ આચાર્યપદની નહિ, 'अपि' શબ્દથી તે પદોની અનુજ્ઞા પણ એ પ્રકારે અર્થાત્ ગણીપદની અનુજ્ઞા પ્રમાણે જાણવી. આ અનુજ્ઞા લેવી–દેવી તે લેનાર–દેનાર બન્નેનો સાપેક્ષ યતિધર્મ છે, એમ વાક્ય સંબન્ધ જોડવો. ભાવાર્થ એ છે કે–ઉપાધ્યાયપદ આદિ ચારે પદોનો સઘળો વિધિ ગણની અનુજ્ઞાના વિધિ પ્રમાણે સમજવો. માત્ર ઉપાધ્યાયપદ આપતાં જેને આપવાનું હોય તે શિષ્યનું આસન કરવું તથા નંદિસૂત્ર કહ્યા પછી (ગુરૂએ) લગ્ન વેળાએ જમણા કાનમાં બૃહદ્વર્ધમાનવિદ્યારૂપ નીચેનો મંત્ર ત્રણવાર સંભળાવવો.

**" ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो ओहिजिणाणं, ॐ नमो परमोहिजिणाणं, ॐ नमो सव्वोहि–जिणाणं, ॐ नमो अणंतोहिजिणाणं, ॐ नमो अरहओ भगवओ महावीरस्स, सिज्झउ मे भगवई महई महाविज्जा, वीरे वीरे महावीरे जयवीरे सेणवीरे वद्धमाणवीरे जए विजए जयंते अपराजिए अणिहए ॐ ह्रीँ स्वाहा "॥**

આ મંત્રને ઉપાધ્યાયે ચતુર્થભક્ત તપ કરીને એક હજાર વાર જાપ કરીને સાધવો.

પ્રવ્રજ્યા, ઉપસ્થાપના, ગણિપદ, યોગ, પ્રતિષ્ઠા, અને અનશન, ઇત્યાદિ કાર્યોમાં આ મંત્રનો સાતવાર જાપ કરીને વાસનિક્ષેપ કરવાથી તે અધિકારનો (સ્વ–સ્વકાર્યોનો) પાર પામે છે, અને પૂજા–સત્કારને પામે છે.

પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેકપદની અનુજ્ઞામાં પણ એ જ પ્રમાણે કરવું, માત્ર તેઓનું આસન નહિ કરવું, મંત્ર તરીકે નીચેની વર્દ્ધમાનવિદ્યા સંભળાવવી, તે આ પ્રમાણે છે–

**" ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो अरहओ भगवओ महइमहावीरवद्धमाणसामिस्स, सिज्झउ मे भगवई महई महाविज्जा, वीरे वीरे महावीरे जयवीरे सेणवीरे वद्धमाणवीरे जए विजए जयंते अप–राजिए " अणिहए ॐ ह्रीँ ठः ठः (ठः) स्वाहा "**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પાંચે (આચાર્યાદિ) પદસ્થો પર્યાયથી લઘુ હોય તો પણ પર્યાયથી મોટા પણ અન્ય સર્વ સાધુઓને તેઓ વંદનીય છે. કારણ કે 'एए ओमा वि वंदिज्जंति' અર્થાત્ 'પદસ્થો ઓછા પર્યાયવાળા હોય તો પણ તેઓને વાંદવા' એવું આગમનું પ્રમાણ છે. વળી કહ્યું છે કે–

**" तत्थ न कप्पइ वासो, गुणागरा जत्थ नत्थि गच्छंमी ।**
**आयरिअउवज्झाए, पवित्ती थेरे अ रायणिए ॥१॥"**

**ભાવાર્થ**–સાધુને ત્યાં રહેવું ન કલ્પે કે જે ગચ્છમાં ગુણોની ખાણ સરખા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને રત્નાધિક (ગણાવચ્છેદક) નથી.

આ પાંચ પદસ્થો જેમાં હોય તે જ ગચ્છની પ્રમાણિકતા કહી છે. કહ્યું છે કે—

**" सो किंगच्छो भन्नइ, जत्थ न विज्जंति पंच वरपुरिसा ।**
**आयरियउवज्झाया, पवत्तिथेरा गणावच्छा ॥" यतिदिनचर्या० १०२॥**

**ભાવાર્થ**–આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને ગણાવચ્છેદક, એ પાંચ ઉત્તમ પુરૂષો જ્યાં નથી તે કુત્સિતગચ્છ (અથવા શું તે ગચ્છ કહેવાય? ન) કહેવાય.[૩૦૮]

---

૩૦૮–જેમ લૌકિક રાજ્યની વ્યવસ્થા માટે પ્રજામાંથી વિશિષ્ટ વ્યક્તિઓને અધિકારીપદે સ્થાપવામાં આવે છે અને પ્રજા તેનો વિનય-ગૌરવ વિગેરે કરીને તેઓની સહાયથી જીવન રક્ષા કરે છે, તેમ લોકોત્તર શાસનની વ્યવસ્થા માટે પણ એ માર્ગ આવશ્યક છે જ. એ કારણે જ સાધુમંડળમાં જે ગુણોથી વિશિષ્ટ નીવડે છે તેવા યોગ્ય સાધુને યોગ્યતાને અનુસારે આચાર્ય–ઉપાધ્યાય પ્રવર્તક વિગેરે ઉપર કહ્યાં તે પદો (અધિકારો) આપવામાં આવે છે. અધિકારી બનેલા તેઓ પર્યાયથી લઘુ છતાં ગુણોથી જ્યેષ્ઠ હોય છે, માટે શેષ સાધુઓએ તેઓનું 'વન્દન–બહુમાન વિગેરે' કરવું તે યુક્તિસંગત છે. એ રીતે તેઓની સહાયથી પોતાના સંયમજીવનની રક્ષા કરી શકાય છે, માટે દરેક ગચ્છમાં એ પાંચ પદસ્થો (ગચ્છના પાલકો) હોવા જોઇએ એમ જણાવ્યું છે. પદસ્થોએ પણ રત્નાધિક સાધુઓની અવગણના કરવી જોઈએ નહિ, કિન્તુ તેઓ તરફ બહુમાન અને વિનયવૃત્તિ દાખવવી જોઇએ. જેમ રાજા બનેલો પણ પુત્રાદિ પિતાદિના વિનયને તજતો નથી, માત્ર રાજ્યધુરાને સંભાળવા પુરતો જ પોતાને રાજા મનાવે છે, તેમ અહીં પણ પદસ્થ બનેલા સાધુએ પર્યાય જ્યેષ્ઠ સાધુઓ પ્રત્યે વિનયવૃત્તિ અખંડ રાખવી જોઇએ અધિકારને સફળ કરવા પૂરતો જ વડીલ તરીકે વ્યવહાર કરવો જોઇએ. એટલું જ નહિ, જેમ રાજા પ્રજાને પિતાની જેમ વાત્સલ્યથી સંભાળે છે તેમ ન્હાના–મોટા સર્વ સાધુઓની વાત્સલ્યભાવે રક્ષા કરવી જોઇએ, પદાધિકારના બળે કોઇને સંતાપવા જોઇએ નહિ. એમ કરવાથી પદસ્થોને પણ સ્વકર્મોની મોટી નિર્જરા થાય છે. વસ્તુતઃ તો પદસ્થોને કે સાધુઓને સર્વ વિનયાદિ કાર્યો સ્વ–સ્વ કર્મનિર્જરાના ઉદ્દેશથી કરવાનાં હોય છે અને તે કોઈ દુર્ગુણને વશ થયા વિના જ સ્વ–સ્વ જવાબદારી સમજીને કરે તો જ બની શકે છે, પરસ્પર એક બીજાના નિમિત્તે પોતાનાં કર્મોની નિર્જરા કરી શકાય છે. માટે જ અહીં જણાવ્યું છે કે 'એ પાંચ પદસ્થો જે ગચ્છમાં ન હોય તે કુત્સિતગચ્છ છે' અર્થાત્ એ પાંચ પદસ્થોની સહાય વિના શેષસાધુઓ સ્વકલ્યાણ સાધી શકતા નથી. જેમ ધનવાનને ધનની રક્ષા માટે બીજા સહાયકની અપેક્ષા રહે છે તેમ સાધુને પણ સંયમધનની રક્ષા માટે રાજ્યાધિકારીઓ તુલ્ય આચાર્ય, ઉપાધ્યાય વિગેરે પાંચે પદસ્થોની સહાય આવશ્યક છે. તેઓની સહાય વિના પ્રાપ્ત જ્ઞાનાદિ ગુણોની રક્ષા કે અપ્રાપ્તની પ્રાપ્તિ થતી નથી. એમ અહીં વર્ણવેલા પદસ્થોનું સંયમ જીવનની સાધના માટે અતિમહત્ત્વ છે, તેઓની શેષ સાધુઓના સંયમની રક્ષાની જવાબદારી છે તેમ શેષસાધુઓની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપાધ્યાયપદ વિગેરેની અનુજ્ઞા કેવા મુનિવરોને કરાય? તે માટે જણાવવા યોગ્ય ગુણોને જણાવે છે કે–તે ઉપાધ્યાયપદ વિગેરે પદોને સ્વીકારનાર મુનિમાં ગીતાર્થપણાનો ગુણ તુલ્ય એટલે સર્વમાં સાધારણ હોવો જોઇએ, અર્થાત્ એ ચારે પદો સામાન્યતયા ગીતાર્થને જ આપી શકાય. એ ઉપરાંત હવે પછી કહીશું તે અનુક્રમે ઉપાધ્યાયાદિ ચારે પદોને સ્વીકારનારના વિશેષ ગુણો વ્યક્તિગત જાણવા. તે જ ગુણોને ગુણીના વર્ણનથી ચાર શ્લોકોથી ક્રમશઃ જણાવતા મૂળ ગ્રંથકાર પ્રથમ ઉપાધ્યાયપદને યોગ્ય ગુણો કહે છે કે–

**मूलम्–**" सम्यक्त्वज्ञानचारित्र–युगाचार्यपदोचितः ।
सूत्रार्थविदुपाध्यायो, भवेत् सूत्रस्य वाचकः॥"१४२॥

**ટીકાનો ભાવાર્થ**–સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રવાન્, (ભવિષ્યમાં) આચાર્યપદને યોગ્ય, સૂત્રનો તથા અર્થનો જ્ઞાતા, અને સૂત્રોની વાચના આપનાર (ભણાવવામાં કુશળ), એવો ગુણવાન્ સાધુ ઉપાધ્યાયપદને યોગ્ય હોય. હવે પ્રવર્ત્તકના ગુણોને જણાવે છે કે–

**मूलम्–**" तपः संयमयोगेषु, योग्यं यो हि प्रवर्त्तयेत् ।
निवर्त्तयेदयोग्यं च, गणचिन्ती प्रवर्त्तकः ॥"१४३॥

**ટીકાનો ભાવાર્થ**–સ્પષ્ટ છે. અર્થાત્ તપ સંયમ વિગેરે પ્રશસ્ત કાર્યો પૈકી જેનામાં જે યોગ્યતા હોય તેને તેમાં જોડે અને અયોગ્યને રોકે, એવો ગચ્છની ચિંતાને કરનાર સાધુ પ્રવર્ત્તકપદને યોગ્ય ગણાય.

**मूलम्–**" तेन व्यापारितेष्वर्थे–ष्वनगारांश्च सीदतः ।
स्थिरीकरोति सच्छक्तिः, स्थविरो भवतीह सः ॥"१४४॥

**ટીકાનો ભાવાર્થ**–તે પ્રવર્ત્તકે તપ સંયમ વિગેરે તે તે કાર્યોમાં જોડેલા જે સાધુઓ સીદાતા–પ્રમાદ વિગેરેથી સમ્યગ્વર્તન ન કરતા હોય તે તે સાધુઓને તે તે (ઉચિત) ઉપાયોથી જે સ્થિર કરે, દૃઢ બનાવે, તે (ગુણરૂપી) સુંદર સામર્થ્યવાળાને શ્રી જિનમતમાં 'સ્થવિર' કહ્યો છે, બીજાને નહિ. એમ ભાવ સમજવો.

હવે ગણાવચ્છેદકને યોગ્ય ગુણોને જણાવે છે કે–

**मूलम्–**" प्रभावनोद्धावनयोः क्षेत्रोपध्येषणासु च ।
अविषादी गणावच्छेदकः सूत्रार्थविन्मतः ॥" १४५॥

**મૂળનો અર્થ**—શાસન પ્રભાવના કરવી, ગચ્છને માટે દૂર દૂર પ્રદેશમાં ફરવું, તથા ક્ષેત્ર (વસતિ), ઉપધિ અને આહારાદિની શુદ્ધ ગવેષણા કરવી, વિગેરે કાર્યોમાં ખેદ નહિ પામનારો તથા સૂત્ર–અર્થનો જાણ, એવા સાધુને ગણાવચ્છેદક કહ્યો છે.

---

પણ તેઓની આજ્ઞા પાલન કરવાની જવાબદારી છે, એમ ઉભય સ્વ–સ્વ કર્તવ્યને અનુસરે ત્યારે જ સ્વ–પર કલ્યાણ સાધી શકાય છે. માટે જ આગમમાં આચાર્યની આશાતનાને તીર્થંકરની આશાતના તુલ્ય કહી છે. વિગેરે શ્રી જૈનશાસનની વ્યવસ્થા ભાવઉપકારથી ભરપૂર છે, એ રહસ્ય તેનું અવલોકન જેટલું સૂક્ષ્મ થાય તેટલું વધુ સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનો ભાવાર્થ**–'પ્રભાવના' એટલે શ્રી જૈન શાસનનો વિશિષ્ટ મહિમા ફેલાવવો અને 'ઉદ્ધાવના' એટલે ગચ્છના ઉપકાર માટે દૂર દૂર ક્ષેત્ર વિગેરેમાં શીઘ્ર જવું–આવવું, એ બેમાં તથા 'ક્ષેત્ર' એટલે ગામ શહેર વિગેરે યોગ્યસ્થાન અને ઉપધિ એટલે કપડાં વસ્ત્ર (પાત્ર–ઔષધ વિગેરે), એ સર્વની 'ગવેષણા' એટલે નિર્દોષ પ્રાપ્તિ કરવામાં, ઈત્યાદિ દરેક કાર્યોમાં 'અવિષાદિ' એટલે ખેદ (શ્રમ) નહિ પામનારો–સમર્થ, તથા સૂત્રાર્થનો જાણ એટલે સ્વસ્વકાળ વિગેરેની અપેક્ષાએ ઉચિત સૂત્ર અને અર્થનો જ્ઞાતા, આવા ગુણોવાળો હોય તેને શ્રી જિનેશ્વરોએ 'ગણાવચ્છેદક' કહ્યો છે, ગુણરહિતને નહિ. એમ ભાવ સમજવો.

ઉપરના ગુણોને અનુલક્ષીને જ એ પાંચેયને અસાધારણ (વિશિષ્ટ અને ભિન્ન ભિન્ન) અધિકારો આ પ્રમાણે જણાવ્યા છે. કહ્યું છે કે:–

" गच्छे अत्थं सुत्तं, तवपमुहं तत्थ चेव य थिरत्तं ।
खित्तोवहिगहणाई, सूरिप्पमुहा पसाहंति ॥"१०४॥ (यतिदिनचर्या)

**ભાવાર્થ**–ગચ્છમાં આચાર્ય વિગેરે પદસ્થો પૈકી અનુક્રમે આચાર્ય અર્થ ભણાવે, ઉપાધ્યાય સૂત્ર ભણાવે, પ્રવર્તક તપ વિગેરેમાં જોડે, સ્થવિર સીદાતાને સ્થિર કરે અને ગણાવચ્છેદક ક્ષેત્ર–ઉપધિ વિગેરે સંયમના સાધનો મેળવી આપે. એમ અધિકાર પ્રમાણે કાર્યોને સાધે.

અહીં પ્રસંગાનુસાર વાચનાચાર્યપદવી[૩૦૯] પણ એ પ્રમાણે જ સમજવી. આ વાચના-

૩૦૯–અનુયોગાચાર્ય, ઉપાધ્યાય અને વાચનાચાર્યનાં પદો સ્થૂલદૃષ્ટિએ સૂત્ર–અર્થની વાચના (વ્યાખ્યાન) કરવાના અધિકારરૂપ હોવા છતાં તેમાં વિશેષતા છે. અનુયોગાચાર્યપદથી સર્વ સૂત્ર–અર્થના વ્યાખ્યાનનો અધિકાર પ્રાપ્ત થાય છે અને એ પદને પામેલાને તેની વિશિષ્ટ યોગ્યતાના યોગે ભવિષ્યમાં દિગાચાર્ય અર્થાત્ ગણી(ગચ્છાચાર્ય)પદ આપી શકાય છે. ઉપાધ્યાયપદ પણ એવી જ વિશિષ્ટ યોગ્યતા–વાળાને અપાય છે, તે પણ વિદ્યમાન સર્વસૂત્ર–અર્થના જ્ઞાતા હોય છે, છતાં મુખ્યતયા સાધુઓને મૂળસૂત્રો ભણાવવાનું કામ તેઓ કરે છે, ઉપરાંત ગચ્છાચાર્યના યુવરાજ તુલ્ય ભવિષ્યમાં તેઓ ગચ્છાચાર્યપદને યોગ્ય હોય છે અને વર્તમાનમાં પણ આચાર્યની નિશ્રામાં રહીને સંઘરક્ષાનાં સઘળાં કાર્યો તેઓ કરી શકે એટલું વિશેષ છે. આ બન્નેનો સમાવેશ પાંચ પદસ્થોમાં થતો હોવાથી પર્યાયથી લઘુ હોય તો પણ તેઓ સર્વ સાધુઓને વંદનીય કહ્યા છે, ગોચરી જવું વિગેરે ગચ્છનાં કાર્યોથી તેઓ ઉત્સર્ગ માર્ગે નિવૃત્ત હોય છે. વાચનાચાર્ય તો માત્ર અધ્યયન કરાવવા (વાચના આપવા) પૂરતો જ અધિકાર ધરાવે છે, તેઓનું મહત્ત્વ અનુયોગાચાર્ય કે ઉપાધ્યાય વિગેરેની બરાબર હોતું નથી, કારણ કે તેઓને વન્દન વ્યવહાર પર્યાયના (રત્નાધિકના) ક્રમે હોય છે અને ગોચરી આદિ લેવા પણ તેઓ સ્વયં જાય છે. હા, શેષ સાધુઓ કરતાં તેઓની યોગ્યતા વિશિષ્ટ હોવાથી તેઓ ગચ્છાચાર્યની અનુજ્ઞાને અનુસરીને આચાર્યની જેમ સઘળાં કાર્યો કરી શકે છે. એમ અધિકાર પરત્વે દરેકમાં વિશેષતા છે. જે કાળે આ વ્યવસ્થા તૂટી જવાથી તે તે અધિકારો સ્પષ્ટ પળાતા નથી, તે કાળે એના અભાવે સાધુતાનો યોગ્ય વિકાસ થતો નથી એ નિશ્ચિત છે. જ્યાં સુધી ગચ્છોમાં આ વ્યવસ્થા અખંડ ચાલે ત્યાં સુધી જ પ્રાયઃ સાધુજીવન ઊર્ધ્વગામી બની શકે. એ જ કારણે પાંચ પદસ્થો જ્યાં ન હોય તે ગચ્છને કુત્સિતગચ્છ કહ્યો છે. પાલક વિના કુટુંબીઓની, રાજા વિના પ્રજાની, સેનાપતિ વિના સેનાની, વૈદ્ય વિના રોગીની કે શિક્ષક વિના વિદ્યાર્થીની અવસ્થા જેવી અવસ્થા યોગ્ય પદસ્થો વિનાના ગચ્છ(શિષ્યો)ની થાય, માટે જ ગચ્છાચાર્ય વિનાનો ગચ્છ ન હોવો જોઈએ, એ ઉદ્દેશથી આચાર્યાદિ એકાએક કાળ કરે ત્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર્ય ગુરૂની અનુમતિ અનુસારે આચાર્યની પેઠે સર્વ કાર્યો કરે, વન્દન વિષયમાં તો પર્યાયથી મોટા હોય તેને મોટા સમજવા. (અર્થાત્ લઘુપર્યાયવાળા જ તેઓને વંદન કરે.) ગોચરી જવાનો પણ વાચનાચાર્યને નિષેધ નથી.

તથા પૂર્વે જેનું સ્વરૂપ કહ્યું તે પ્રવર્તિનીને આગમની પરિભાષા પ્રમાણે 'અભિષેકા' પણ કહેવાય છે, તેને પદ આપવાનો સઘળો ય વિધિ મહત્તરાપદના વિધિ પ્રમાણે સમજવો. કેવળ મંત્ર તરીકે 'વર્દ્ધમાનવિદ્યા' અને પર્યાયના ક્રમથી (ઓછા પર્યાયવાળાં જ સાધ્વીઓ તેને) વંદન કરે, એટલો ભેદ સમજવો. 'વાસક્ષેપ કરવો' ઇત્યાદિ મહત્તરાપદનો સઘળો પણ વિધિ ઉપાધ્યાયપદની પેઠે જ જાણવો. આ મહત્તરા પણ સર્વ સાધ્વીઓને વન્દનીય સમજવી. (અર્થાત્ દીર્ઘપર્યાયવાળી સાધ્વીઓ પણ મહત્તરાને વંદન કરે). મહત્તરાપદ આપીને તેને આ પ્રમાણે હિતશિક્ષા આપવી-'સર્વજ્ઞ ભગવંતે ઉપદેશેલું આ 'મહત્તરાપદ' સર્વશ્રેષ્ઠ ફળને આપનારૂં છે, આર્યા બ્રાહ્મી, આર્યા સુંદરી અને આર્યા ચંદનબાલા વિગેરે મહાસતીઓએ તેને સમ્યક્ પ્રકારે આરાધેલું છે અને સર્વ પદોમાં તે પ્રધાન (શ્રેષ્ઠ) છે. માટે સંસારના ભયથી તમારે શરણે આવેલી અન્ય સાધ્વીઓનું તમારે સારણા, વારણા, નોદના અને પ્રતિનોદના વિગેરેથી રક્ષણ કરવું' અન્ય સાધ્વીઓને પણ આ પ્રમાણે હિતશિક્ષા આપવી-'કોઈ કાર્ય પ્રસંગે ઠપકો આપે તો પણ કુલવધુ પતિને ન છોડે તેમ તમારે આ મહત્તરાનું શરણ જીવતાં સુધી નહિ છોડવું, જ્ઞાનના ભંડાર તુલ્ય આ મહત્તરાના આદેશથી વિરૂદ્ધ વર્તન કદાપિ નહિ કરવું. એ રીતે તેની આજ્ઞાના પાલવાથી તમારો ગૃહસ્થવાસનો ત્યાગ સફળ થશે.' (પ્રાચીન સામાચારી દ્વાર-૧૬)

અહીં સુધી 'ગચ્છની અનુજ્ઞા' વિગેરે વિસ્તારથી જણાવ્યું, હવે શેષ સાપેક્ષયતિધર્મની આરાધના માટેનો કાળ કહે છે કે-

**मूलम्-" विधिना गुर्वनुज्ञात-गण्यादिपदपालनम् ।**
**तावद्यावच्च चरम-कालो न स्यादुपस्थितः ॥१४६॥ "**

**મૂળનો અર્થ**-વિધિપૂર્વક ગુરૂએ આપેલા તે તે ગણિપદ વિગેરે પદોનું પાલન ત્યાં સુધી કરવું કે જ્યાં સુધી અંતકાળ નજીક ન આવે.

---

પણ તેના મરણને જાહેર કરતાં પહેલાં બીજાને ગચ્છાધિપતિ બનાવવાનું વિધાન શાસ્ત્રકારોએ કર્યું છે. લૌકિક રાજ્યમાં પણ નૂતન રાજાને ગાદીનશીન કર્યા પહેલાં મરનાર રાજાનું મૃતક બાળી શકાતું નથી. એમાં એ પણ કારણ છે કે સમ્પત્તિ રક્ષક વિનાની રહેવાથી વિપ્લવ થવાનો સંભવ છે, જેમ રાજ્ય સમ્પત્તિરૂપ છે તેથી તેનો રક્ષક ન હોય તો દેશમાં વિપ્લવ જાગે, અન્ય રાજાઓ આક્રમણ કરે, તેમ જૈનશાસન પણ એક લોકોત્તર વિશિષ્ટ સમ્પત્તિ છે, તેનો પણ રક્ષક અને પાલક હોવો જ જોઇએ. બીજી બાજુ અયોગ્ય રાજાથી પ્રજાની કે રાજ્યની રક્ષા થતી નથી તેમ નામ માત્ર (ગુણરહિત) આચાર્યથી જૈનશાસનની કે ગચ્છની પણ રક્ષા થતી નથી. એ ઉદ્દેશથી જ અયોગ્ય ગચ્છાધિપતિને સંઘ બહાર કરવાનું પણ વિધાન કર્યું છે. સાથે રાજ્યના દ્રોહીને દેશપાર કરવામાં આવે તેમ અયોગ્ય શિષ્યને પણ ગચ્છથી મુક્ત કે સંઘ-બહાર કરવાનું વિધાન પણ છે.

સાધ્વી સમૂહમાં પણ ગચ્છાચાર્યની જેમ સહુની રક્ષા કરનારી મુખ્ય સાધ્વીને મહત્તરા તથા તેની આજ્ઞાનુસાર સર્વને સંયમ માર્ગે જોડનારીને પ્રવર્તિની કહી છે. વિગેરે સ્વયં સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનો ભાવાર્થ**-ગુરૂએ એટલે અનુજ્ઞાચાર્યે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક અને પ્રવર્ત્તિની, વિગેરે જે જે પદો (અધિકારો) આપ્યા હોય તેનું સુંદર પાલન યાવજ્જીવન એટલે જ્યાં સુધી ચરમ અર્થાત્ અંતસમય(અવસ્થા) પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કરવું. [૩૧૦]એમ કરતાં અંતે શું કરવું ? તે કહે છે કે–

**मूलम्–" उपस्थितेऽथ तस्मिंस्तु, सम्यग् संलेखनाकृतिः ।**
**सा चोत्कृष्टादिभेदेन, त्रिविधा गदिता जिनैः ॥१४७॥"**

**મૂળનો અર્થ**–પછી તે અંતકાળ પ્રાપ્ત થતાં સુંદર સંલેખના કરવી. આ સંલેખના શ્રી–જિનેશ્વરોએ 'ઉત્કૃષ્ટ' વિગેરે ભેદોથી ત્રણ પ્રકારે કહી છે.

---

૩૧૦–મનુષ્યની (દેહની) અવસ્થા બદલાય છે તેમ તેનાં કર્તવ્યો પણ બદલાય છે. બાલકનાં, તરૂણનાં, યુવાનનાં, પ્રૌઢનાં અને વૃદ્ધનાં કર્તવ્યો સમાન હોતાં નથી, બાહ્યદષ્ટિએ તે શરીરને અનુકૂળ હોય છે અને તત્ત્વદષ્ટિએ યોગ્યતાને (ગુણોને) અનુકૂળ હોય છે. આ યોગ્યતાને પ્રગટાવવા માટે પૂર્વ પૂર્વ અવસ્થાનાં કર્તવ્યો કારણભૂત હોય છે, જેમ કે બાળચેષ્ટાઓમાંથી તરૂણને યોગ્ય કર્તવ્યોની શક્તિ પ્રગટે છે, તેમ તારૂણ્યનાં કર્તવ્યોમાંથી યુવાનીનાં કર્તવ્યોની, યુવાનીનાં કર્તવ્યોમાંથી પ્રૌઢનાં કર્તવ્યોની, વિગેરે ઉત્તરોત્તર અવસ્થાને યોગ્ય તે તે શક્તિ–યોગ્યતા પ્રગટાવી શકાય છે. એ શક્તિ જેમ જેમ પ્રગટે છે તેમ તેમ પૂર્વઅવસ્થાનાં કર્તવ્યોની જવાબદારી પૂર્ણ થાય છે અને ઉત્તરઅવસ્થાની જવાબદારી ઉભી થાય છે. પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર જવાબદારી વિશિષ્ટ (આકરી) હોય છે, માટે એને પૂર્ણ કરવા આત્મશુદ્ધિ (ગુણો) પણ વિશેષ જરૂરી છે. એમ જવાબદારી અને તેને પૂર્ણ કરવા માટેની આત્મશુદ્ધિ (ગુણો) બન્ને એક–બીજાનાં પૂરક બનીને વધતાં જ જાય છે, ત્યાં સુધી કે સમ્પૂર્ણ ગુણો પ્રગટ થતાં જવાબદારી પૂર્ણ થાય અને સર્વ કાર્યોથી નિવૃત્ત (સિદ્ધ) થએલો આત્મા પછી સ્વગુણોનો અખંડ આનંદ અનુભવે છે. આટલું વિચાર્યા પછી સમજાશે કે જવાબદારી કેવળ પૂર્ણ કરવા પૂરતી જ નથી, પણ તેના બળે (આલમ્બનથી) આત્મગુણો પ્રગટાવવાના હોય છે, એ ન પ્રગટાવી શકાય તો જવાબદારી પૂર્ણ કરવા છતાં આત્મિક લાભ મનાતો નથી. જૈનશાસનની દરેક વ્યવસ્થાઓ આત્મિકલાભને પ્રગટ કરવા માટે હોવાથી આખા ગ્રન્થમાં અવસ્થાને ઉચિત ગચ્છવાસનાં ભિન્ન ભિન્ન કર્તવ્યો કરવાનું ક્રમિક વિધાન કર્યું છે, તે પૂર્ણ કરનારને પ્રવૃત્તિધર્મ(વ્યવહાર)નો અંત આવે છે અને નિર્વૃત્તિ(નિશ્ચય)માર્ગ સ્વીકારવાનું બળ તેનામાં પ્રગટ થાય છે. છતાં દરેક આત્માઓને એમ બને જ એવો એકાન્ત નથી, વિશિષ્ટ ક્ષયોપશમ અને પુણ્યોદયવાળા યોગ્ય આત્માને જ એ રીતે સાધના (સાધુતા) સફળ થાય છે, જેને તે સફળ થાય અને યોગ્ય શિષ્યાદિને ગચ્છની જવાબદારી સોંપી શકાય તેમ હોય, તેવા આત્માને જ ગચ્છથી નિવૃત્ત થઇ શકાય છે, એવી ગચ્છની રક્ષાની વ્યવસ્થા ન થઈ શકે તો નિવૃત્ત થઈ શકાય નહિ. કારણ કે નિવૃત્તધર્મ કરતાં ય ગચ્છની રક્ષા કરવામાં વિશેષ નિર્જરા છે. હા, ગચ્છની રક્ષા બીજાઓ દ્વારા થઈ શકે તો પોતે નિવૃત્ત થઇ આત્મસાધના કરી શકે. અહીં એ પ્રશ્ન થાય કે–એમ તો જેને પોતાના ગચ્છની રક્ષા કરનાર અન્ય યોગ્ય આચાર્યાદિ તૈયાર ન થાય તેને નિવૃત્તિધર્મ માટે અવકાશ જ ન રહે અને પ્રવૃત્તિમાં જ જીવન પૂર્ણ થાય, તો એક અંગની સાધના અધુરી રહે તેનું શું ? ઉત્તર–આત્મિક સાધના એક જ ભવમાં પૂર્ણ કરી શકાય એવો નિયમ નથી, પૂર્વ ભવોમાં સાધના કરીને વિશિષ્ટ પુણ્ય ઉપાર્જન કરનારને વર્તમાન ભવમાં તે પૂર્ણ થાય અને જેને એવી પૂર્વ સાધના ન હોય તેને અધુરી રહે તો પણ ભવિષ્યના ભવોમાં પૂર્ણ થાય. માટે તે તે જવાબદારીને પૂર્ણ કર્યા વિના, કે બીજા ઉપાડી લેનારાના અભાવમાં છોડી શકાય નહિ, છોડે તો વિરાધક ભાવને પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનો ભાવાર્થ**-'અથ' એટલે એ ગણી આદિ પદોનું પાલન કર્યા પછી જીવનનો તે ચરમકાળ પ્રાપ્ત થાય ત્યારે આ વિશિષ્ટ કાર્ય કરવું. તે કહે છે કે-'સમ્યક્' એટલે હવે કહીશું તે વિધિપૂર્વક 'સંલેખના' એટલે જેનાથી 'દેહ, કષાયો' વિગેરેનું સંલેખન થાય, અર્થાત્ કષાય, શરીર વિગેરે જેનાથી ઘસાય-ક્ષીણ થાય તેવી તપઃક્રિયાને કરવી, આવી તપશ્ચર્યાને અંતકાળે કરવી તે સાપેક્ષયતિધર્મ છે, એમ અર્થનો સંબંધ સમજવો.

જો કે સઘળી તપની ક્રિયા કષાયો વિગેરેને નિર્બળ કરનારી છે જ, તો પણ અહીં ચરમકાળે દેહનો ત્યાગ કરવા માટે કરાતી તપઃક્રિયાને અન્યની અપેક્ષાએ વિશિષ્ટ સમજવી. (અર્થાત્ તેને જ સંલેખના કહેવાય છે.) કારણ કે ગણિપદ વિગેરેનું પાલન કર્યા પછી (ગચ્છના રક્ષણ-પાલનની જવાબદારી પૂર્ણ થતાં) સાધુઓને અભ્યુદ્યત વિહાર (જિનકલ્પ વગેરેનો સ્વીકાર) કરવો, અથવા અભ્યુદ્યત મરણ(અનશન) સ્વીકારવું તે જ ઉચિત છે. કહ્યું છે કે—

**"परिवालिऊण विहिणा, गणिमाइपयं जईणमिअमुचिअं ।**

**अब्भुज्जु(ज्ज)ओ विहारो, अहवा अब्भुज्जु(ज्ज)अं मरणं ॥" पञ्चवस्तु-१३६८॥**

**ભાવાર્થ**-સાધુઓને વિધિપૂર્વક 'ગણિપદ' વિગેરેનું પાલન કર્યા પછી અભ્યુદ્યત વિહાર અથવા અભ્યુદ્યત મરણ સ્વીકારવું ઉચિત છે.

તેમાં અભ્યુદ્યત વિહારનું સ્વરૂપ સાપેક્ષયતિધર્મની પછી નિરપેક્ષયતિધર્મ તરીકે સ્વતંત્ર (જુદું) કહીશું. અભ્યુદ્યતમરણ પ્રાયઃ સંલેખના પૂર્વક હોય છે, માટે અહીં પ્રથમ સંલેખના કહીએ છીએ. આ સંલેખના ગૃહસ્થો પણ કરી શકે છે, કિન્તુ સાધુ-શ્રાવક બન્નેને સમાન હોવાથી ગૃહસ્થધર્મમાં નહિ વર્ણવતાં સાધુધર્મના પ્રસંગે તેનું વર્ણન કર્યું છે, એમ સમજવું.

હવે તેના જ ભેદો કહે છે કે-તે સંલેખના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય, એમ ત્રણ પ્રકારે શ્રીજિનેશ્વરોએ કહેલી છે. તેમાં—

**ઉત્કૃષ્ટ સંલેખના**-બાર વર્ષની આ પ્રમાણે છે-પહેલાં ચાર વર્ષો સુધી ચતુર્થભક્ત, ષષ્ઠભક્ત અને અષ્ટમભક્ત વિગેરે વિચિત્ર (ભિન્ન ભિન્ન) તપને કરે અને પારણું સર્વ કામ-ગુણવાળા (પાંચે ઇન્દ્રિઓને પોષક) અને ઉદ્દગમાદિ દોષોથી રહિત-વિશુદ્ધ આહારથી કરે. તે પછી બીજાં ચાર વર્ષો સુધી તે જ રીતે વિચિત્ર (જુદો જુદો) તપ કરે, કિન્તુ પારણું (વિગઈઓથી રહિત) નિવિના આહારથી કરે. તે પછીનાં બે વર્ષો સુધી એકાન્તર આયંબીલ કરે, અર્થાત્ એક દિવસે ચતુર્થભક્ત (ઉપવાસ) અને એક દિવસ આયંબીલ. એમ ઉપવાસના પારણે આયંબીલ કરે. એમ દશ વર્ષો ગયા પછી અગીઆરમા વર્ષે પ્રથમના છ મહિના ચોથભક્ત કે ષષ્ઠભક્ત કરે, અષ્ટમ વિગેરે અતિવિકિલષ્ટ તપ ન કરે અને પારણે ઊણોદરિતા સહિત આયંબીલ કરે. તે પછીના છ મહિના વિકૃષ્ટ (અષ્ટમભક્ત વિગેરે ઉગ્ર) તપ કરે અને મરણ વહેલું ન થઇ જાય એ કારણે પારણે પરિપૂર્ણ (તૃપ્તિ થાય તેમ) આયંબીલ કરે, ઊણોદરિતા ન કરે અને બારમે વર્ષે કોટીસહિત પચ્ચક્ખાણથી (વચ્ચે બીજો તપ કર્યા વિના સળંગ) દરરોજ આયંબીલ કરે. નિશિથ ચૂર્ણિમાં કહ્યું છે કે-"**दुवालसमं वरिसं निरंतरं हायमाणं उसिणोदएणं आयंबिलं करेइ, तं कोडिसहिअं भवइ, जेणायंबिलस्स कोडी कोडीए मिलइत्ति**" અર્થાત્ બારમા વર્ષે દરરોજ ઘટતા ઘટતા આહારથી ઉષ્ણ પાણી સાથે આયંબીલ કરે, તે તપ 'કોટિસહિત' થાય, કારણ કે પહેલા આયંબીલનો છેડો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા આયંબીલના પૂર્વ છેડાની સાથે મળે. અર્થાત્ એક આયંબીલ પૂર્ણ થતાં સાથે જ બીજું આયંબીલ કરવાથી એના છેડા મળે, માટે તે કોટિસહિત કહેવાય.

આ બારમા વર્ષમાં પ્રતિદિન ભોજન કરવામાં એક એક કવળ ઓછો કરતાં આહાર ત્યાં સુધી ઘટાડે કે છેવટે એક કવળ આહાર વાપરે, પછી એક કવળમાંથી પણ એક એક દાણો ઘટાડતાં યાવત્ છેલ્લે એક જ દાણો વાપરે. જેમ દીવામાં તેલ અને વાટ બન્નેનો ક્ષય સાથે થાય તેમ અહીં શરીર અને આયુષ્ય બન્નેનો ક્ષય એક સાથે થવો જોઇએ, માટે આયુષ્ય ભોગવાતું જાય તેમ તેમ શરીરને એ રીતે ઘસતો જાય કે યાવત્ છેલ્લે શરીર પણ પૂર્ણ ઘસાઈ જાય.

આ બારમા વર્ષના છેલ્લા ચાર મહિનામાં સંલેખના કરનારો એકાન્તર દિવસે તેલનો કોગળો ચિરકાલ પર્યન્ત મુખમાં ભરી રાખે, (ગળી ન જાય,) પછી શ્લેષ્મની કુંડીની ભસ્મમાં તે કોગળો થૂંકીને મુખને ઉષ્ણ પાણીથી શુદ્ધ કરે, જો એ રીતે તેલનો કોગળો ન કરે તો વાયુથી સુકાઈ જવાથી મુખ (જડબાં) બંધ થઈ જતાં સંભવ છે કે છેલ્લે સમયે શ્રીનમસ્કારમંત્રનું ઉચ્ચારણ પણ ન થઇ શકે. એમ આ પરિપાટીથી અનુક્રમે બાર વર્ષ સુધીની ઉત્કૃષ્ટ સંલેખના જાણવી.[૩૧૧]

---

૩૧૧–'સંલેખના'નો અર્થ 'કૃષ (પાતળું–હલકું–ઓછું) કરવું' એવો થાય છે. શરીરને કૃષ કરવું તે બાહ્ય અને કષાયોને કૃષ કરવા તે અભ્યન્તર સંલેખના છે. આ ઉભય પ્રકારની સંલેખના અહીં ઉદ્દિષ્ટ છે, માટે '**शरीरमाद्यं खलु धर्मसाधनम्**' એ પ્રસિદ્ધ સૂત્રના બન્ને અંશો અબાધિત રહે તેવો સંલેખનાનો વિધિ જણાવ્યો છે. દીવાની વાટ, તેલ અને પ્રકાશ, એ ત્રણની જેમ અહીં આયુષ્ય, શરીરબળ અને આત્મશુદ્ધિને સમજવાની છે, તેલ અને વાટનો યોગ પ્રકાશ માટે છે, પ્રકાશ (દીપક) વિનાનાં તે બન્ને નકામાં છે, તેમાં પણ તેલ છતાં વાટ ખૂટી જાય કે વાટ છતાં તેલ ખૂટી જાય તો પ્રકાશ અટકી પડે, માટે ઉભયનો સમાન યોગ આવશ્યક છે, તેમ અહીં પણ શરીરબળ ખૂટતાં પહેલાં આયુષ્ય ખૂટી જાય કે આયુષ્ય ખૂટતાં પહેલાં શરીરબળ ખૂટી જાય તો મનુષ્યજન્મનું સાધ્ય અર્થાત્ ગુણ પ્રગટાવવાનું કાર્ય વચ્ચે જ અટકી પડે, માટે જયાં સુધી વિશિષ્ટજ્ઞાનથી મરણનો નિર્ણય ન થાય ત્યાં સુધી સંલેખના કરી શકાય નહિ. આયુષ્ય અમુક પ્રમાણમાં બાકી છે તેવો નિર્ણય થયા પછી શરીર ત્યાં સુધી આરાધનામાં ટકી રહે તે પ્રમાણે તેનું પોષણ ચાલુ રાખવું અને ઉત્તરોત્તર પોષણ ઓછું કરીને આયુષ્યની સમાપ્તિ વખતે શરીર પૂર્ણ ઘસાઈ જાય તેવા ઉપાયો કરવા એ સંલેખનાનું રહસ્ય છે. શરીર બળ પહેલાં ખૂટી જાય અને આયુષ્ય વચ્ચે જ તૂટી જાય તો સાધના અટકી પડે, એટલું જ નહિ, જે મનુષ્યના આયુષ્યની ક્ષણ–ક્ષણ દેવના આયુષ્યથી પણ કંઈ ગુણી કિંમતિ છે તે આયુષ્ય વહેલું તૂટી જાય તો મોટી હાનિ થાય. એક '**नमो अरिहंताणं**' પદનો જાપ પણ વિશિષ્ટ નિર્જરાનું સાધન બને છે ત્યાં વચ્ચે જ આયુષ્ય તૂટી જાય અને વિરતિમાંથી આત્મા અવિરતિવાળો બની જાય તે કોઇ રીતે ઉચિત નથી. એમ છતાં આયુષ્ય નશ્વર છે, એક વખતે તે પૂર્ણ થવાનું જ છે, એમ સમજીને ટકે ત્યાં સુધી તે ધર્મનું સાધન બને એ ઉદ્દેશથી શરીરને પોષણ આપવું જોઇએ. વધુ પડતું પોષણ આપવાથી અંતકાળે જીવને સમાધિ દુષ્કર બને છે, શરીરના પ્રદેશો સાથે ખીરનીરવત્ એકમેક બનેલા આત્મપ્રદેશોને છૂટા થવામાં બહુ કષ્ટ પડે છે, માટે સમાધિથી મરણ થાય એ ઉદ્દેશથી શરીરને પહેલાંથી કૃષ કરવાની જરૂર રહે છે. જો તે વધુ પોષાય તો અસમાધિ થવાનો અને વધુ શોષાય તો આયુષ્ય વચ્ચે જ તૂટી જવાનો સંભવ છે. માટે જ બાર વર્ષની સંલેખનામાં તપનો ક્રમ યુક્તિયુક્ત કહેલો છે. બાર વર્ષની ઉત્કૃષ્ટ સંલેખના કરી શકાય તેવું સંઘયણ વિગેરે ન હોય તેને માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મધ્યમ સંલેખના**–ઉત્કૃષ્ટની જેમ મધ્યમ સંલેખના બાર મહિના સુધી કરવી.

**જઘન્ય સંલેખના**–પણ ઉત્કૃષ્ટની જેમ જઘન્ય બાર પખવાડીયાં સુધી કરવી. અર્થાત્ મધ્યમમાં બાર વર્ષોના સ્થાને બાર મહિના અને જઘન્યમાં બાર વર્ષોને સ્થાને બાર પખવાડીયાં ગણીને બન્નેમાં તપ કરવાનો સર્વ વિધિ ઉત્કૃષ્ટની જેમ સમજવો. તાત્પર્ય કે મધ્યમમાં બાર વર્ષને બદલે બાર મહિના અને જઘન્યમાં બાર વર્ષને બદલે તેટલાં પખવાડીયાં સમજવાં. કહ્યું છે કે–

"चत्तारि विचित्ताइं, विगईणिज्जूहिआइं चत्तारि ।
संवच्छरे उ दोण्णि उ, एगंतरिअं च आयामं ।। १५७४ ।।
णाइविगिट्ठो अ तवो, छम्मासे परिमिअं च आयामं ।
अण्णे वि अ छम्मासे, होइ विगिट्ठं तवोकम्मं ।।१५७५।।
वासं कोडीसहिअं, आयामं तह य आणुपुव्वीए ।
संघयणादणुरूवं, एत्तो अद्धाइनियमेण ।।१५७६।।" (पञ्चवस्तु)

**ભાવાર્થ**–(પારણે વિગઈઓ વાપરવાપૂર્વક) ચાર વર્ષ છટ્ઠ વિગેરે વિચિત્ર તપ કરે, ચાર વર્ષ પારણું વિગઈઓ વિના કરે, તે પછી બે વર્ષ આયંબીલ ઉપવાસ એકાન્તરે કરે (૧૫૭૪). છ મહિના અતિ આકરો તપ ન કરે, ઉપવાસ છટ્ઠ વિગેરે કરે અને પારણે પરિમિત (ઉણોદરી સહિત) આયંબીલ કરે, તે પછી છ મહિના વિકૃષ્ટ (અટ્ઠમ વિગેરેનો) તપ કરે, (તેમાં પારણે આયંબીલ પરિપૂર્ણ કરે,) (૧૫૭૫). એક વર્ષ કોટી સહિત (પ્રતિદિન) આયંબીલ કરે, (તેમાં પરિપાટીથી ક્રમશઃ આહાર ઘટાડે, છેલ્લા ચાર મહિના મુખમાં તેલનો કોગળો રાખે વિગેરે). એમ સંઘયણ, શક્તિ, આદિને અનુસારે અડધું કે અડધાથી પણ અડધું (છ-ત્રણ વર્ષ) વિગેરે પણ કરે.

શરીરની સંલેખના ન કરવાથી માંસ વિગેરે ધાતુઓ એક સાથે ક્ષીણ થતાં મરણકાળે આર્ત્તધ્યાન થાય અને ઉપર્યુક્ત વિધિપૂર્વક ક્રમશઃ થોડા થોડા ધાતુઓ ક્ષીણ કરવાથી સંસાર–રૂપી વૃક્ષના બીજભૂત આર્ત્તધ્યાન ન થાય, એ કારણે સંલેખના કરવી યુક્તિયુક્ત (જરૂરી) છે.

**પ્રશ્ન**–'સ્વની, પરની અને સ્વ-પર ઉભયની, એમ ત્રણે પ્રકારની અતિપાતક્રિયા (મરણ-હિંસા) જીવને ઘણા કાળ સુધી વારંવાર અનિષ્ટ ફળોને આપનારી છે' એમ સૂત્રોમાં કહ્યું છે, તો આત્મવધ કરવાના નિમિત્તભૂત આ સંલેખના કરવી તે સમભાવમાં વર્તનારા સાધુ પુરૂષોને

મધ્યમ બાર મહિનાની અને તેટલું પણ ન કરી શકે તેને જઘન્ય બાર પખવાડીયાંની કહી છે. એમાં શરીરની રક્ષા અને ધર્મસાધના ઉભયને વિઘ્ન ન આવે તેવી વિશિષ્ટ યોજના છે.

એમ છતાં કેવળ શરીર અને આયુષ્યનો જ મેળ મેળવવાથી સંલેખના પૂર્ણ થતી નથી, અભ્યન્તર સંલેખના એમાં મુખ્ય સાધ્ય છે, માટે જિનાગમથી ભાવિત મતિવાળો જ્ઞાની કે તેવા જ્ઞાનીની નિશ્રાગત આત્મા જિનવચનના બળે જડ-ચેતનનો વિવેક કરીને જડના રાગને ઘટાડતો જાય, પરિણામે કષાયોનું અને વિષયવાસનાનું જોર મંદ પડે, જીવન-મરણ ઉભય પ્રત્યે ઉપેક્ષા જન્મે અને આત્મગુણોમાં (સ્વભાવમાં) રમણતા કેળવી સાપ કંચુકને ઉતારે તેમ નિર્મમભાવે દેહને છોડી દે, તે ભાવસંલેખનાને પ્રાપ્ત કરી શકે છે. આ ભાવસંલેખના જ મનુષ્ય જીવનનું સાર (સાધ્ય) છે. સાધુધર્મનો સ્વીકાર પણ એ ઉદ્દેશથી જ કરવાનો હોય છે. આ સંલેખના ન કરી શકાય ત્યારે પણ તેના બહુમાનથી જીવ લાભ મેળવી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય કેમ ગણાય ? ઉત્તર–ત્રણ પ્રકારની અતિપાત ક્રિયાને માટે તમે કહ્યું તે સત્ય છે, કિન્તુ આ સંલેખના આત્મવધમાં નિમિત્ત નથી, કારણ કે વધનું લક્ષણ તેમાં ઘટતું નથી. વધનું લક્ષણ તો એ છે કે–પ્રમાદને (અજ્ઞાન–મોહાદિને) યોગે કરાતો વધ સ્વરૂપે નિયમા રાગ(દ્વેષ) વિગેરે દોષોથી પૂર્ણ અને જિનાજ્ઞા વિરૂદ્ધ હોય, અર્થાત્ શાસ્ત્રવિરૂદ્ધ હોય તેને વધ કહેવાય છે. કહ્યું છે કે–

" जा खलु पमत्तजोगा, णिअमा रागाइदोससंसत्ता ।
आणाओ बहिभूआ, सा होअइवायकिरिआ य ॥" पञ्चवस्तु–१५८६॥

**ભાવાર્થ**–જે નિયમા પ્રમાદના યોગે થાય, નિશ્ચે રાગાદિદોષ સંયુક્ત હોય અને શાસ્ત્રથી પર–જિનાજ્ઞાથી બહિર્ભૂત હોય, તે અતિપાતક્રિયા કહેવાય.

પણ જે એ લક્ષણોથી રહિત હોવાથી ભવિષ્યમાં નિયમા શુભભાવવર્ધક હોય તેને શુદ્ધક્રિયા કહી છે, કારણ કે–તેમાં શુદ્ધક્રિયાનું લક્ષણ ઘટે છે. કહ્યું છે કે–

" जा पुण एअविउत्ता, सुहभावविवड्ढणा अ नियमेणं ।
सा होइ सुद्धकिरिआ, तल्लक्खणजोगओ चेव ॥" १५८७॥

**ભાવાર્થ**–જે ક્રિયા વધનાં એ લક્ષણોથી રહિત હોવાથી નિયમા શુભભાવને વધારનારી હોય તેને તેના લક્ષણના યોગે જ શુદ્ધ ક્રિયા સમજવી.[૩૧૨]

વળી જેનું કર્ત્તવ્ય (શેષ આરાધન) આ જન્મમાં પૂર્ણ થયું હોય અને માત્ર શુભ (સમાધિ) મરણનું કાર્ય બાકી હોય તે જ આ સંલેખનાને સ્વીકારે છે, કારણ કે–તેની આ સંલેખના પણ શુદ્ધ ક્રિયાસ્વરૂપ બનીને (ભાવિ અનેક) જન્મ–મરણોના પ્રતિકારભૂત બને છે. ઉપર્યુક્ત ન્યાયે જેમ 'ગંડચ્છેદ' (ઓપરેશન) વિગેરેની ક્રિયા મરણ માટે નહિ પણ મરણથી બચવા માટે હિતકર છે તેમ આ સંલેખના પણ આત્મવિરાધના માટે નથી, (કિન્તુ અનેક મરણોમાંથી બચા–

૩૧૨–અતિપાત એટલે આત્મઘાત અર્થાત્ આપઘાત. નિશ્ચયનયથી આત્માનો (જ્ઞાનાદિ ગુણોનો) ઘાત કરવો–કરાવવો–અનુમોદવો તેને હિંસા કહેવાય છે. વ્યવહારમાં અકાળે મરવું–મારવું તેને હિંસા કહેવાય છે. પણ તે દ્રવ્યહિંસા છે. પ્રત્યેક જીવને આયુષ્યાદિ દ્રવ્ય પ્રાણોનો વિયોગ તેના સંયોગની સાથે સર્જાએલો હોવાથી અનિવાર્ય છે, અવશ્ય થાય જ છે. તો પણ મરનાર કે મારનાર અપ્રશસ્ત ધ્યાનને વશ થઇ પોતાના કે પરના પ્રાણનો વિયોગ કરે–કરાવે કે અનુમોદે તો તેને કર્મબન્ધ થાય છે, માટે તે હિંસા પણ તજવાનું કહ્યું છે. નિશ્ચયનયથી તો ભાવપ્રાણોનો (જ્ઞાનાદિ ગુણોનો) તિરોભાવ થાય તેવું કોઈ કાર્ય કરવું તેને હિંસા કહી છે અને તે ગુણોનો આવિર્ભાવ (પ્રગટીકરણ) કરવાના ઉદ્દેશથી કરાતા કોઇ પણ પ્રયત્નને અહિંસા કહી છે. વાસ્તવમાં તો અજ્ઞાન અને મોહથી વશ બનેલો મૂઢ આત્મા જે જે સાવદ્ય યોગોની પ્રવૃત્તિ કરે છે તેનાથી સ્વયં પોતાની હિંસા જ કરી રહ્યો છે, તેમાંથી બચવા–બચાવવા માટે જૈનશાસનની સ્થાપના છે અને તેમાં તેનો માર્ગ વ્યવસ્થિત બતાવેલો છે. એ કારણે પણ જૈન દર્શનની સર્વોપરિતા છે. વ્રતાદિના પાલનની જેમ સંલેખના પણ શુભધ્યાન પૂર્વક આત્મશુદ્ધિ યાને કર્મનિર્જરા માટે કરાતી હોવાથી તેમાં જિનાજ્ઞાનું પાલન છે, કર્મનિર્જરાનું સાધન હોવાથી તે કરનારના જ્ઞાનાદિ ગુણો વૃદ્ધિ પામે છે, પરિણામે આપઘાત નહિ પણ આત્માની (ગુણોની) રક્ષા થાય છે, માટે સાત્ત્વિક આત્માઓને વસ્તુતઃ તે કરણીય છે. આ સંલેખનાનું સ્વરૂપ વિચારતાં સમજાશે કે સંલેખના તો ભાવદયાથી ભાવિત આત્માને દુર્ગતિઓનાં અનંતાનંત દુઃખોમાંથી બચવાનો સમજપૂર્વકનો શુદ્ધ અને સફળ ઉપાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વનારી હિતકર છે.) માટે ચરમ(અયોગી-શૈલેશી)ગુણસ્થાનકના સાધક એવા સ્વભાવની (કાયોત્સર્ગની) વૃદ્ધિ નિમિત્તે આ સંલેખનાની આરાધના અવશ્ય કરવી જોઇએ, એ નિશ્ચિત થયું. એમ સંલેખનાનું સ્વરૂપ જણાવ્યું હવે તેના અતિચારો કહે છે-

**मूलम्-" ऐहिकामुष्मिकाशंसा-ऽऽशंसा जीवितकालयोः ।**
**निदानं चेत्यतिचारा, मता संलेखनाव्रते ॥१४८॥"**

**મૂળનો અર્થ**-આલોક સંબંધી અને પરલોક સંબંધી વાઞ્છા, જીવવાની અને મરવાની વાઞ્છા અને નિયાણું, સંલેખના વ્રતમાં એ (પાંચ) અતિચારો કહ્યા છે.

**ટીકાનો ભાવાર્થ**-આ જન્મ સંબંધી પૂજા, કીર્તિ, વગેરેની જે ઐહિક અને પરલોક સંબંધી સ્વર્ગનાં સુખ વિગેરેની જે આમુષ્મિક, તે બંને પ્રકારની આશંસા એટલે વાઞ્છા તે ઐહિક-આમુષ્મિક વાઞ્છા કહેવાય, તેમાં ઐહિક આશંસા સંલેખનાનો પહેલો અતિચાર અને આમુષ્મિક આશંસા બીજો અતિચાર સમજવો. તથા જીવિત અને કાળ એટલે જીવન અને મરણ, તે બેની આશંસા કરવી તે બે અતિચારો, તેમાં સંલખના સ્વીકાર્યા પછી પોતાની પૂજા થતી જોઇને, મોટો પરિવાર(નો સદ્ભાવ) વિગેરે જોઇને અને સઘળા લોકો પ્રશંસા કરે તે સાંભળીને એમ માને કે-'ચારે પ્રકારના આહારનો ત્યાગ કરનારા એવા પણ મને ઉદ્દેશીને લોક મારી આવી શોભા કરે છે, માટે 'વધારે જીવવું સારૂં છે' એવી આશંસા કરવી તે જીવિત આશંસા નામનો ત્રીજો અતિચાર, અને જ્યારે સંલેખના (અનશન) સ્વીકારવા છતાં ન કોઇ તેનો પૂજા વડે આદર-મહિમા કરે કે ન કોઇ પ્રશંસા કરે, ત્યારે તેને ચિત્તમાં એવો પરિણામ થાય કે 'હવે જલ્દી મરણ થાય તો સારૂં' આવી દુષ્કર ક્રિયાનો પણ કોઇ આદર કરતું નથી માટે જીવવાથી શું ? એમ મરણની આશંસા કરવી તે ચોથો અતિચાર. તે ઉપરાંત નિયાણું એટલે પ્રાર્થના, અર્થાત્ આ દુશ્ચર (દુષ્કર) તપથી અન્ય જન્મમાં ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, અથવા મોટો-માંડલિક રાજા થાઉં, સૌભાગ્યવાળો, રૂપવાન્, અથવા સ્વામી થાઉં, ઇત્યાદિ પ્રાર્થના (અભિલાષા) કરવી તે પાંચમો અતિચાર.

એ સંલેખનાના અતિચારો કહ્યા, હવે તે પછીનું કર્તવ્ય જણાવે છે.

**मूलम्-" मरणस्याभ्युद्यतस्य, प्रपत्तिर्विधिना ततः ।**
**तदप्युक्तं पादपोपगमनादि त्रिभेदकम् ॥१४९॥"**

**મૂળનો અર્થ**-તે પછી વિધિપૂર્વક અભ્યુદ્યત મરણનો સ્વીકાર કરવો, તે મરણ પણ 'પાદપોપગમન' વિગેરે ત્રણ ભેદે કહેલું છે.

**ટીકાનો ભાવાર્થ**-ततः એટલે સંલેખના કર્યા પછી અભ્યુદ્યતમરણનો એટલે પંડિતમરણનો સ્વીકાર કરવો તે સાપેક્ષયતિધર્મ છે, એમ વાકયનો સંબંધ જોડવો. તે કેટલા પ્રકારનું હોય ? તે જણાવે છે કે-માત્ર સંલેખના જ ત્રણ પ્રકારે છે એમ નહિ, તે પંડિતમરણ પણ 'પાદપોપગમન' વિગેરે ત્રણ ભેદવાળું છે, અર્થાત્ તેના 'પાદપોપગમન' આદિ ત્રણ પ્રકારો છે. અર્થાત્ (૧) પાદપોપગમન, (૨) ઇઙ્ગિની અને (૩) ભક્તપરિજ્ઞા, એમ ત્રણ પ્રકારના અનશનોથી ઓળખાતું પંડિતમરણ પણ ત્રણ પ્રકારનું છે, એમ શ્રીજિનેશ્વરોએ કહેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં 'પાદપ' એટલે વૃક્ષ અને 'ઉપ' ઉપમા તથા સદૃશ અર્થમાં પણ વપરાય છે, તેથી પાદપની બરાબરી કરે તેવું, અર્થાત્ પાદપની સદૃશ હોવાથી ૧-પાદપોપગમન અનશન 'વૃક્ષની જેમ નિશ્ચલ' સમજવું. બીજું પ્રતિનિયત પ્રદેશમાં જ જે અનશનક્રિયામાં इङ्गनम् એટલે અમુક મર્યાદિત ચેષ્ટાઓ કરી શકાય તે અનશનને 'ઇઙ્ગિની' કહ્યું છે. તાત્પર્ય કે જેમાં શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે અમુક ક્રિયાવિશેષ નિયત સ્થાને કરી શકાય તેને ૨-'ઇઙ્ગિની' અનશન જાણવું. ત્રીજું 'ભક્ત એટલે ભોજન' તેને પરિજ્ઞા એટલે જ્ઞાનથી જાણવું-સમજવું અને પચ્ચક્ખાણ દ્વારા તજવું, એમ જેમાં સમજપૂર્વક ભોજનનો ત્યાગ કરાય તેને ૩-'ભકતપરિજ્ઞા' અનશન કહ્યું છે [૩૧૩]

હવે એ ત્રણેનું સ્વરૂપ જણાવવા માટે બે શ્લોકો કહે છે કે:—

**मूलम्**–" आद्यसंहननिनामेव, तत्रादिममचेष्टने ।
इङ्गिनीमरणं चेष्टावतामाहारवर्जनात् ॥१५०॥
आहारस्य परित्यागात्, सर्वस्य त्रिविधस्य वा ।
भवेद्भक्तपरिज्ञाख्यं, द्विधा सपरिकर्मणाम् ॥१५१॥"

**મૂળનો અર્થ**–તેમાં પહેલું **'પાદપોપગમન'** અનશન પહેલા સંઘયણવાળા મનુષ્યોને જ સર્વ ચેષ્ટાઓનો ત્યાગ કરવાથી થાય છે, ઇઙ્ગિની મરણ સર્વ આહારનો ત્યાગ કરવા પૂર્વક અમુક મર્યાદિત ચેષ્ટા કરવાની છૂટ-જયણાવાળાને થાય છે (૧૫૦) અને સર્વ (ચારે ય) આહારનો, કે પાણી વિના ત્રિવિધ આહારનો ત્યાગ તથા સ્વયં તથા બીજાઓ દ્વારા એમ ઉભય પ્રકારની પરિકર્મણા(શરીર સેવા)કરવા વાળાને ભકતપરિજ્ઞા નામનું અનશન થાય છે.

**ટીકાનો ભાવાર્થ**–તે ત્રિવિધ મરણમાં પહેલું 'પાદપોપગમન' મરણ પહેલા વજ્રઋષભના-રાચસંઘયણવાળાઓને જ થાય છે. (અહીં '**संहननिनाम्**' પ્રયોગ કરેલો છે, તે શ્રીસિદ્ધહેમના '**सर्वधनादेरिन्**' (૭-૨-૫૯) સૂત્રથી '**इन्**' પ્રત્યય આવવાથી થએલો સમજવો). આ અનશન 'અચેષ્ટને' એટલે સર્વ ચેષ્ટાના અભાવે, અર્થાત્ (હાલવા ચાલવાદિ) સર્વ ચેષ્ટાઓનો ત્યાગ કરવાથી અને 'આહારવર્જનાત્' એટલે સર્વ-ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવાથી થાય છે, એમ ક્રિયાપદનો સંબંધ સમજવો. અહીં ભાવાર્થ એ છે કે-પૂર્વે કહ્યું તે રીતે અનશનીએ દ્રવ્યથી (શરીરને) અને ભાવથી (કષાયોને) કૃશ(પાતળા) કરીને, ગૃહસ્થને પાછી આપવા યોગ્ય પાટ-પાટીઉં વિગેરે વસ્તુઓ પાછી સોંપીને અને ગુરૂ વિગેરેને તથા ગુરૂની પાસે રહેલા શેષ સાધુઓને

૩૧૩-સંલેખના-શરીર અને રાગ-દ્વેષાદિને કૃશ કરવા માટે ઉત્કૃષ્ટથી બાર વર્ષની અને જઘન્યથી છ માસની હોય છે, તેને અંતે જયારે જીવતાં સુધી આહાર વિના જ નિર્વાહ થઇ શકે એટલો મરણનો ટુંકો સમય બાકી રહે ત્યારે સમજપૂર્વક આહારનો અને શરીરની પરિચર્યાનો પણ યથાયોગ્ય ત્યાગ કરવો તેને 'અનશન' અર્થાત્ અશનનો (ભોજનનો) ત્યાગ કહેવાય છે, તેના ત્રણ પ્રકારોમાં પાદપોપગમન અનશનમાં સર્વઆહારનો અને શરીરની સર્વ ચિંતાનો સર્વથા ત્યાગ, ઇંગિનીમાં પરની સેવા લેવાનો ત્યાગ અને સ્વયં હલન-ચલન વિગેરે કરવાની છૂટ તથા ભક્તપરિજ્ઞામાં સ્વ-પર ઉભયદ્વારા શરીર સેવા કરવા-કરાવવાની મર્યાદિત છૂટ રાખવામાં આવે છે. પહેલા બે પ્રકારોમાં ચારે આહારનો સર્વથા ત્યાગ અને છેલ્લામાં પાણી સિવાય ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરવામાં આવે છે. ઇત્યાદિ વિશેષ સમજવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ યથાયોગ્ય ક્ષમાપના (ખામણાં) કરીને, અનશન માટે ઉજમાળ થવું જોઇએ. 'સર્વ સંયોગો અન્તે વિયોગને પામે છે' એમ જીવને સમજાવીને, દેવવન્દન કરીને અને ગુરૂ વિગેરેને પણ વાંદીને, ગુરૂની સમીપે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરે, તે પછી સમતાથી ભાવિત થએલો પોતે સર્વ (બાહ્ય) ઇચ્છાઓને તજીને, પર્વતની ગુફામાં જઇને, જ્યાં ત્રસ-સ્થાવર કોઈ જીવ ન હોય તેવી શુદ્ધ ભૂમિમાં, શરીરને દંડની જેમ લાંબુ-દંડાયત વિગેરે આસન(આકાર)વાળું કરીને, ઉન્મેષ નિમેષ (આંખની પાંપણ હલાવવાનું) પણ તજીને, જીવતાં સુધી વૃક્ષની (જડ પદાર્થની) જેમ (હલન-ચલનાદિ) સર્વ ચેષ્ટાઓ તજીને (સમભાવમાં) રહે, તેને પાદપોપગમન અનશન કહ્યું છે. આ અનશનથી ઓળખાતા મરણને પણ 'પાદપોપગમન' કહેવાય છે, એમ આગળના પ્રકારોમાં પણ અનશનના નામે મરણનાં પણ તે તે નામો સમજી લેવાં.

આ અનશન બે પ્રકારનું છે, એક વ્યાઘાત રહિત અને બીજું વ્યાઘાત (આયુષ્યના ઉપક્રમ) સહિત. તેમાં પહેલું તો ઉપર જણાવ્યું તે સમજવું. કહ્યું છે કે—

**" णिव्वाघाइअमेअं, भणिअं इह पक्कमाणुसारेणं ।**
**संभवइ अ इयरंपि हु, भणियमिणं वीअरागेहिं ॥" पञ्चवस्तु १६१९॥**

**ભાવાર્થ**-નિર્વ્યાઘાત પાદપોપગમન અનશન અહીં ઉપર કહ્યું તેને અનુસારે (તે પ્રમાણે) સમજવું, બીજું સવ્યાઘાત પાદપોપગમન પણ સંભવે છે, એમ શ્રીવીતરાગદેવોએ કહેલું છે. તથા—

**" निप्फाइआ य सीसा, गच्छो परिपालिओ महाभागो ।**
**अब्भुज्जु(ज्ज)ओ विहारो, अहवा अब्भुज्जु(ज्ज)अं मरणं ॥१॥"**

**ભાવાર્થ**-શિષ્યોને જ્ઞાન-ક્રિયાથી સંપન્ન-આચાર્યાદિપદને યોગ્ય-ગીતાર્થ બનાવ્યા અને મહાભાગ શ્રીગચ્છનું પાલન પણ કર્યું, હવે અભ્યુદ્યતવિહાર અથવા અભ્યુદ્યતમરણ સ્વીકારવું જોઇએ.

વ્યાઘાતવાળું પાદપોપગમન તો આયુષ્ય દીર્ઘ છતાં કોઈ તથાવિધ આકરા વ્યાધિની પીડાથી, અથવા સિંહ વિગેરેના આક્રમણથી ઉત્પન્ન થએલી મહાવેદનાથી 'હવે આયુષ્યને ઉપક્રમ લાગશે (લાંબુ જીવી શકાશે નહિ)' એમ જાણી શકે તેવા ગીતાર્થને હોય છે. કહ્યું છે કે—

**" सीहाईअभिभूओ, पायवगमणं करेइ थिरचित्तो ।**
**आउंमि पहुप्पंते, विआणिउं नवरि गीअत्थो ॥" पञ्चवस्तु-१६२०॥**

**ભાવાર્થ**-સિંહ વિગેરેના આક્રમણથી પરાભવ પામેલા છતાં સ્થિરચિત્તવાળા કોઈ ગીતાર્થ જ જ્ઞાનથી આયુષ્યનો અંત જાણીને (થોડું) આયુષ્ય પહોંચતું હોય તો પાદપોપગમન અનશન કરે."

આ બન્ને પ્રકારનું પાદપોપગમન ચૌદપૂર્વીઓની સાથે વિચ્છેદ પામ્યું છે. કહ્યું છે કે—

**" पढमंमि अ संघयणे, वट्टंते सेलकुड्डसामाणा ।**
**तेसिंपि अ वोच्छेओ, चउद्दसपुव्वीण वोच्छेए ॥" व्यवहार भा० उ० १०-५७३॥**

**ભાવાર્થ**-પહેલા સંઘયણમાં વર્તતા મુનિઓ પર્વતના કુટ સરખા સમર્થ શરીરવાળા હોય છે, ચૌદ પૂર્વીઓનો વિચ્છેદ થતાં તેઓનો પણ વિચ્છેદ થયો છે.

એ પ્રમાણે પાદપોપગમન અનશનનું સ્વરૂપ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨-**ઇઙ્ગિનીમરણ**-પરિમિત (મર્યાદિત) ચેષ્ટાવાળાઓને હોય છે અને તે પણ સર્વ આહારનો ત્યાગ કરવાથી થાય છે. ભાવાર્થ એમ છે કે-ઇઙ્ગિની મરણને સ્વીકારનાર પૂર્વે જણાવેલા ક્રમે ગચ્છનાં કાર્યોથી મુક્ત થઈને, આયુષ્યનો થોડા વખતમાં અંત જાણીને, તેવા (સમર્થ) સંઘયણના અભાવે પાદપોપગમન અનશન કરવામાં અશક્ત હોવાથી આયુષ્યને અનુસારે થોડા કાળની સંલેખના કરે. પછી ગુરૂની સમક્ષ દીક્ષાકાળથી માંડીને આજ સુધીના અતિચારોની આલોચના કરીને નિયમા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરે. પછી તેવા (પાદપોપગમનવાળાની જેવા) જ (પવિત્ર) સ્થળમાં એકલો, છાયાથી તાપમાં અને તાપથી છાયામાં જવા આવવાની છૂટ પૂર્વક, નિશ્ચિત કરેલા મર્યાદિત પ્રદેશમાં ચેષ્ટા કરવા છતાં સમ્યગ્ ધ્યાનમાં લીન બનીને પ્રાણોને તજે. આ અનશનવાળો બીજાદ્વારા પરિકર્મણા (સેવા) ન કરાવે, પણ સ્વયં કરે. કહ્યું છે કે-

"उव्वत्तइ परिअत्तइ, काइअमाईसु होइ उ विभासा ।
किच्चंपि अप्पणु चिअ, जुंजइ नियमेण धिइवलिओ ॥" पञ्चवस्तु० १६२५॥

**ભાવાર્થ**-કાયાથી ઉદ્વર્તન અને પરાવર્તન કરે (પાસું ફેરવે), ધાતુઓની સમતા હોવાથી લઘુ-વડીનીતિ કરે કે ન પણ કરે અને ધૈર્યબળવાળો (દીનતા વિના) પોતાનાં પ્રતિલેખનાદિ કાર્યો સ્વયમેવ કરે. (કોઈ કાર્યમાં બીજાનો આશ્રય ન લે.) એ પ્રમાણે ઇઙ્ગિની અનશન જાણવું.

૩-**ભક્તપરિજ્ઞા**-સર્વ એટલે ચારે પ્રકારના, અથવા ત્રિવિધ એટલે પાણી વિના ત્રણ પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવાથી જેનું લક્ષણ ઉપર જણાવ્યું તે 'ભક્તપરિજ્ઞા' નામનું અનશન થાય છે, એમ મૂળ શ્લોકના ક્રિયાપદનો સંબંધ જોડવો. આ અનશન કોને હોય? તે કહે છે કે-પરિકર્મ એટલે વૈયાવચ્ચવાળાને હોય, પરિકર્મ તો ઇઙ્ગિનીમરણવાળાને પણ હોય છે, માટે અહીં જણાવ્યું કે 'દ્વિધા' અર્થાત્ સ્વયં પરિકર્મ કરનાર અને બીજાઓ દ્વારા કરાવનારને આ અનશન હોય છે. (અર્થાત્ ઇઙ્ગિનીમાં માત્ર સ્વયં પરિકર્મ કરે અને ભક્તપરિજ્ઞામાં સ્વ-પર ઉભયદ્વારા કરે-કરાવે. ઇઙ્ગિનીમાં ચારે આહારનો ત્યાગ થાય અને ભક્તપરિજ્ઞામાં પાણી પી શકાય.) અહીં ભાવાર્થ આ પ્રમાણે છે કે-દીક્ષાકાળથી આરમ્ભીને સેવેલા અતિચારોની આલોચના કરીને, પૂર્વે જેનું જીવન શિથિલ (પ્રમાદી) હોય તે પણ પાછળથી સંવેગ ગુણ પ્રગટ થતાં યથોચિત સંલેખનાને કરીને, ગચ્છમાં રહીને જ, કોમળ સંથારાનો આશ્રય લેવાપૂર્વક, શરીર અને ઉપધિના મમત્વને છોડીને, ત્રિવિધ અથવા ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને, સ્વયં શ્રીનમસ્કાર મહામંત્રને ઉચ્ચારે, અથવા સમીપવર્તિ સાધુ સંભળાવે. એમ ઉદ્વર્ત્તન-પરિવર્ત્તન (અવર-નવર પાસું વિગેરે બદલવા)પૂર્વક સમાધિથી કાલધર્મને વશ થવું તેને ભક્તપરિજ્ઞા મરણ સમજવું. આ અન-શનવાળો બીજાઓ પાસે વૈયાવચ્ચ કરાવી શકે, કારણ શાસ્ત્રમાં કહ્યું છે કે ઉત્કૃષ્ટથી આ અન-શનવાળાને (અંતકાળે આરાધના કરાવનારા) અડતાલીશ નિર્યામકો હોય છે. કહ્યું છે કે-

"उव्वत्त-दार-संथार-कहग-वाई य अग्गदारंमि ।
भत्ते-पाण-वियारे-कहग-दिसा जे समत्था य ॥६२९॥
एएसिं तु पयाणं, चउक्कगेणं गुणिज्जमाणाणं ।
निज्जायमाण संखा, होइ जहासमयनिद्दिट्ठा ॥ ६३०"॥ (प्रवचनसारोद्धार)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(આ ગાથાઓની વ્યાખ્યા છાપેલી પ્રતમાં પૃ. ૧૭૭ ની પહેલી પુઠીની પંક્તિ ૧૧ મીથી છપાએલી છે, તે અમે અહીં તેનો સંબંધ હોવાથી અહીં લીધી છે અને ૧૭૫ મા પૃષ્ઠની બીજી પુઠીમાં સત્તાવીસ પ્રકારની સામાચારી છપાએલી છે તેનો સમ્બન્ધ ત્યાં નહિ હોવાથી લખેલી પ્રત પ્રમાણે મૂળ ૧૫૩ મા શ્લોકની ટીકાના ભાવાર્થમાં પછી લીધી છે.)

**વ્યાખ્યા**-૧-'ઉવ્વત્ત'=અનશનીમાં શક્તિનો અભાવ હોય ત્યારે શરીરનું પાસું બદલવું, (બેસાડવો, ઉઠાડવો, બહાર લઈ જવો, અંદર લાવવો,) વિગેરે શરીરની સર્વ પરિચર્યા (સેવા) કરનારા, ૨-'દાર'=બહુ મનુષ્યો ભેગા થવાથી અનશનીને અસમાધિ થાય માટે અંદરના દ્વાર પાસે બેસીને આગન્તુક ઘણા લોકોને રોકનારા (અનશનીની રક્ષા માટે શાન્તિ જાળવનારા), ૩-'સંથાર'=શરીરને શાતા ઉપજે તેવો 'સુકોમળ સ્પર્શ' વિગેરે ગુણોવાળો (સુંવાળો-કોમળ) સંથારો પાથરનારા, ૪-'કહગ'=અનશની તત્ત્વનો જાણ હોય તો પણ તેને અંત સમયે સમાધિ-સંવેગ વધે તેવી રીતે ઉત્તમ ધર્મકથા સંભળાવનારા, ૫-'વાદી'=અનશનથી થતી ધર્મપ્રભાવનાને સહન નહિ કરનારો કોઈ (ધર્મદ્વેષી) દુરાત્મા સર્વજ્ઞના શાસનની હલકાઈ (નિન્દા) કરે તો તેની સાથે વાદ કરી ધર્મનું સત્ય સમજાવનારા, ૬-'અગ્ગદાર'=કોઈ અન્યધર્મી-શત્રુ ત્યાં આવીને અનશનીને ઉપદ્રવ-અસમાધિ કરે નહિ તે ઉદ્દેશથી બહારના દરવાજે રક્ષણ કરનારા, ૭-'ભત્તે'= આહારનો ત્યાગ કરવા છતાં આહાર માગે ત્યારે (કોઈ પ્રત્યનીકદેવ અનશનીના શરીરમાં અધિષ્ઠાન કરીને અનશન તોડાવવા માટે આહાર માગે છે કે) અનશની પોતે ક્ષુધાની પીડાથી સાવધપણે માગે છે? તેની પરીક્ષા કરીને જો તે પીડાથી માગતો હોય તો તેને આર્ત્તધ્યાનથી બચાવવા માટે ઉચિત આહારની ગવેષણા કરીને આહાર લાવનારા, જો યોગ્ય આહાર ન આપે તો આર્ત્તધ્યાનથી તિર્યંચમાં કે ભવનપતિ આદિ હલકી દેવ યોનિમાં ઉપજે, અથવા શાસનનો પ્રત્યનીક વ્યન્તર થાય તો ક્રોધને વશ થઈ પાછળથી સાધુ અથવા સંઘને ઉપદ્રવ કરે, માટે તેને ઉચિત આહાર લાવી આપીને તેની સમાધિની રક્ષા કરનારા, ૮-'પાણ'=શરીરદાહ આદિ થાય તો તેની શાન્તિ માટે ઉચિત (કલ્પ્ય) પાણી લાવનારા, ૯-૧૦-'વિયાર'=અનશની વડીનીતિ અને લઘુનીતિ કરે તો તેને પરઠવનારા, ૧૧-'કહગ'=બહારથી દર્શન-વન્દન માટે આવેલા અન્ય ભવ્ય આત્માઓને બહારના ભાગમાં બેસાડીને ધર્મકથાદ્વારા અનશનધર્મનો-જૈનશાસનનો મહિમા સમજાવનારા-વ્યાખ્યાતા અને ૧૨ 'दिसा य जे समत्था' પૂર્વાદિ ચારે દિશાએ ક્ષુદ્રોપદ્રવ થાય તો તેની રક્ષા કરનારા સહસ્રયોધી-મહામલ્લ સરખા સમર્થ, એમ બારે કાર્યમાં ચાર ચાર, અર્થાત્ બાર પદોને ચારથી ગુણતાં નિર્યામકોની શાસ્ત્રમાં કહેલી અડતાલીસની ઉત્કૃષ્ટ સંખ્યા થાય.

એટલા પ્રમાણમાં ન હોય તો એક-બે આદિ ઓછા કરતાં યાવત્ જઘન્યથી બે નિર્યામકો તો અવશ્ય જોઇએ. તેમાંથી એક અનશનીની પાસે રહે અને બીજો ગવેષણા કરતો આહારપાણી વિગેરે મેળવવા બહાર ફરે. માત્ર એક જ નિર્યામકના આશ્રયે અનશન સ્વીકારવું નહિ. કહ્યું છે કે-

**"एगो जइ निज्जवगो, अप्पा चत्तो परो पवयणं च ।**
**सेसाणमभावे वि हु, ता बीओऽवस्स कायव्वो ॥" प्रवचनसारो० ६३५ नी टीका ॥**

**ભાવાર્થ**-જો અનશની એક જ નિર્યામકના આશ્રયે અનશન કરે તો સ્વઆત્મા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવચન બન્નેને તેણે ત્યજી દીધાં એમ સમજવું. કારણ કે સહાયકના અભાવે પોતાને અસમાધિ અને પ્રવચનનો પણ ઉડ્ડાહ થાય, માટે (વધારે)ન હોય તો પણ શેષ બે નિર્યામકો અવશ્ય કરવા. આ ભક્તપરિજ્ઞા અનશનનો સ્વીકાર સર્વ સાધ્વીઓ (વિગેરે) પણ કરી શકે છે. કહ્યું છે કે–

**" सव्वावि अ अज्जाओ, सव्वेवि अ पढमसंघयणवज्जा ।**

**सव्वेवि देसविरया, पच्चक्खाणेण उ मरंति ॥"उत्तराध्ययन–अ० ५–गा० २ टीका ॥**

**ભાવાર્થ**–સર્વ સાધ્વીઓ, પ્રથમસંઘયણરહિત સર્વ સાધુઓ અને સર્વ દેશવિરતિધરો પણ પચ્ચક્ખાણ એટલે 'ભક્તપરિજ્ઞા' અનશનપૂર્વક મરે છે.

આ ત્રણે અનશનોનું ફળ મોક્ષ અથવા વૈમાનિકદેવભવની પ્રાપ્તિ છે. કહ્યું છે કે—

**" एअं पच्चक्खाणं, अणुपालेऊण सुविहिओ सम्मं ।**

**वेमाणिओ व देवो, हविज्ज अहवावि सिज्झिज्जा ॥" उत्तराध्य० ५–२ टीका ॥**

**ભાવાર્થ**–આ પચ્ચક્ખાણને (અનશનોને) વિધિપૂર્વક સુંદર–અખંડ પાળનારો જીવ વૈમાનિક દેવ થાય, અથવા સિદ્ધ (સંસારથી સર્વથા મુક્ત) થાય.

એ પ્રમાણે અભ્યુદ્યતમરણનું (અનશનનું) સ્વરૂપ કહ્યું.

અહીં પ્રસંગાનુસાર પ્રવચનસારોદ્ધારમાં કહેલો તે તે વિશિષ્ટ પુરૂષને આશ્રીને બીમારી વિગેરે કારણે સેવા (પાલન) કરવામાં વિવેક કહીએ છીએ, તે આ પ્રમાણે છે–

**" जावज्जीवं गुरुणो, असुद्धसुद्धेहिं वावि कायव्वं ।**

**वसहे बारस वासा, अट्ठारस भिक्खुणो मासा ॥" प्रवचनसारो–८६३ ॥**

**વ્યાખ્યા**–શુદ્ધ અથવા (ન મળે તો) અશુદ્ધ પણ આહાર, પાણી, કે ઔષધાદિદ્વારા સાધુઓએ અને શ્રાવકોએ આચાર્ય વિગેરેનું પરિપાલન કરવું જોઇએ. તેમાં ગુરૂનું (ગચ્છાધિ–પતિનું) જીવતાં સુધી કરવું, કારણ કે–તેઓ સઘળા ગચ્છના આધારભૂત અને યથાશક્તિ સૂત્ર–અર્થના દાનમાં (અને શાસનના–સંઘના રક્ષણ વિગેરેમાં) નિરંતર પ્રવૃત્તિ કરનારા હોય છે. તથા વૃષભ=ઉપાધ્યાય વિગેરેનું પરિપાલન બાર વર્ષ સુધી કરવું, તે પછી તેઓનો રોગ અસાધ્ય જણાય અને સશક્ત હોય તો આહાર છોડાવવો, (અર્થાત્ અનશન કરાવવું,) કારણ કે તેટલા કાળે તેમના સ્થાને બીજો (ઉપાધ્યાય વિગેરે તે તે પદને યોગ્ય) સાધુ તૈયાર થઈ શકે. એમ સામાન્ય સાધુનું પણ અઢાર મહિના સુધી દોષિત આહારથી પણ પાલન કરવું, તે પછી (રોગ ન શમે તો) ઉપર કહ્યું તેમ તેને પણ આહારનો વિવેક (ત્યાગ) કરાવવો.

અહીં શુદ્ધ–અશુદ્ધ આહાર વિગેરેથી પણ પાલન કરવાનું કહ્યું તે રોગ વિગેરેથી ગુર્વાદિ શરીરે અસ્વસ્થ બન્યા હોય અને ક્ષેત્ર–કાળ વિગેરેની હાનિને કારણે બીમારને યોગ્ય આહારાદિ ન મળતા હોય તેવા પ્રસંગે સમજવું, કિન્તુ સ્વસ્થ અવસ્થામાં (કે શુદ્ધ મળે ત્યારે) એ પ્રમાણે અશુદ્ધનો ઉપયોગ નહિ કરવો. વ્યવહારભાષ્યમાં તો સર્વસામાન્ય કોઇ પણ ગ્લાન સાધુને ઉદ્દેશીને પરિપાલન કરવાની વ્યવસ્થા આ પ્રમાણે કહેલી છે–

**" छम्मासे आयरिओ, कुलं तु संवच्छराइं तिन्नि भवे ।**

**संवच्छरं गणो वि, जावज्जीवा य संघो उ ॥" उ०१–गा० २००१॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યાખ્યા**–ગ્લાનની ચિકિત્સા પ્રથમ છ મહિના સુધી આચાર્ય કરાવે, ત્યાં સુધી આરોગ્ય (સ્વસ્થ) ન થાય તો તે બીમારને કુળની નિશ્રામાં મૂકે. તે પછી કુળ ત્રણ વર્ષ સુધી ચિકિત્સા કરાવે, છતાં સ્વસ્થ ન થાય તો તે ગણને સોંપે, ગણ પણ એક વર્ષ ચિકિત્સા કરાવે, છતાં રોગ શાન્ત ન થાય તો બીમારને સંઘની (ગૃહસ્થોની) નિશ્રામાં સોંપે. તે પછી સંઘ જીવતાં સુધી શુદ્ધ (આહાર પાણી) વિગેરેથી ઉપચારો કરે, શુદ્ધના અભાવે અશુદ્ધથી પણ રક્ષા કરે. આ વિધાન જે આહારને છોડવા (અનશન કરવા) માટે અશક્ત હોય તેને ઉદ્દેશીને સમજવું. જે અનશન કરવા શક્તિમાન્ હોય તેની પણ પ્રથમ તો અઢાર મહિના સુધી ચિકિત્સા કરાવવી, કારણ કે વિરતિધર્મયુક્ત જીવન પુનઃ પુનઃ સંસારમાં દુષ્પ્રાપ્ય છે. તેમ કરતાં રોગ શમે તો સારી વાત, ન શમે તો પછી આહાર છોડાવવો, અર્થાત્ અનશન કરાવવું.[૩૧૪]

હવે અનશનમાં અવશ્ય વર્જવા યોગ્ય દુષ્ટ ભાવનાઓને વર્ણવે છે કે–

**मूलम्–" कान्दर्पी कैल्बिषिकी चाऽभियोगिक्यासुरी तथा ।**
**सांमोही चेति पञ्चानां, भावनानां विवर्जनम् ॥१५२॥"**

**મૂળનો અર્થ**–૧–કાન્દર્પી, ૨–કૈલ્બિષિકી, ૩–આભિયોગિકી, ૪–આસુરી અને ૫–સાંમોહી, એ પાંચ દુષ્ટ ભાવનાઓનો (અનશનમાં) ત્યાગ કરવો.

**ટીકાનો ભાવાર્થ**–કન્દર્પ=કામ, તે જેમાં મુખ્ય છે તેવા નિરંતર મશ્કરી (કુતૂહળ–ક્રીડા) વિગેરેમાં આસક્તપણાને લીધે ભાંડ જેવા એક કન્દર્પ જાતિના દેવો હોય છે, તેઓની ભાવનાને ૧–'**કાન્દર્પી**' કહી છે. એ પ્રમાણે 'કિલ્બિષ' એટલે પાપકારી હોવાથી અસ્પૃશ્ય વિગેરે સ્વરૂપવાળા દેવો, તેને 'કિલ્બિષ' કહ્યા છે, તેઓની ભાવના તે ૨–**કૈલ્બિષિકી** સમજવી. 'આભિયોગિક'= 'આ' એટલે સર્વ રીતે, 'અભિયોગ' એટલે જોડવું, અર્થાત્ દરેક કાર્યમાં જોડી શકાય તે 'આભિયોગા' અર્થાત્ કિંકરતુલ્ય દેવોની જાતિ, તેઓની ભાવના તે ૩–**આભિયોગિકી** ભાવના તથા 'અસુરા'

૩૧૪–કર્મજનિત રોગાદિ ઉપસર્ગો વખતે પણ અસમાધિથી (દુર્ધ્યાનથી) આત્માને બચાવી લેવો, સમભાવે વિવેકદૃષ્ટિથી સમજપૂર્વક ઉપસર્ગોને વેઠીને કર્મોથી મુક્ત થવું, એ સાધુજીવનનું ફળ છે. એ કારણે કોઇને પણ અસમાધિ ન થાય તેવો પરસ્પરનો વ્યવહાર કરવા માટે દશવિધ સામાચારીમાં વિસ્તૃત વર્ણન અગાઉ કરેલું છે. આચાર્યાદિ પદસ્થોનું એ મુખ્ય કર્તવ્ય છે કે પોતાની નિશ્રામાં આવેલા ભવ્ય આત્માઓને કર્મબંધથી બચાવી વિશિષ્ટ નિર્જરા કરવામાં સહાય કરવી. જો રોગ પ્રસંગે આ રીતે ઔષધાદિથી સહાય કરવામાં ન આવે તો સંભવ છે કે ગ્લાનને ચારિત્ર પ્રત્યે પણ અનાદર જન્મે અને ભવાન્તરમાં દુર્લભબોધિ થાય, તેમ ઉપાયો હોવા છતાં ઉપેક્ષા કરનારો પણ નિમિત્તભૂત બને તેથી તેને પણ મિથ્યાત્વનો બંધ થાય, અને તે પણ દુર્લભબોધિ થાય. વ્યવહારથી પણ ગ્લાનની સેવા ન કરતાં ધર્મની હલકાઇ થાય, ઇત્યાદિ અનેક કારણોથી ગ્લાનની સેવા કરવાનું વિધાન શાસ્ત્રકારોએ કરેલું છે. એટલું જ નહિ, ગ્લાનની સેવા સર્વ આરાધના કરતાં વિશિષ્ટ કહી છે, વસ્તુતઃ જિનાજ્ઞાનું પાલન પણ તેને જ કહેલું છે, જે ગ્લાનની સેવાની ઉપેક્ષા કરીને ઉગ્ર પણ તપ–જપ કે વિવિધ આરાધના કરે છે તેને જિનાજ્ઞાનો વિરાધક કહ્યો છે. એમ છતાં સ્વાધ્યાય–ધ્યાન વિગેરે સાધુતાનું સાધ્ય ન હણાય તે માટે અહીં જણાવેલી વ્યવસ્થા ઘણી શ્રેષ્ઠ છે, એમાં ધર્મના સાધનભૂત ગ્લાનના શરીરની રક્ષાને પણ સ્થાન છે અને અન્ય સાધુઓના સ્વાધ્યાયાદિ ન હણાય તેની પણ પૂર્ણ કાળજી કરેલી છે. ઉપરાન્ત જૈનશાસનની પ્રભાવના થાય તેવી વ્યવસ્થા છે, માટે આત્માર્થીઓને સ્વ–પર કલ્યાણનો એ એક વિશિષ્ટ માર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે ભુવનપતિ દેવોની એક જાતિ, તેઓની ભાવના તે ૪-'**આસુરી**' ભાવના અને સંમોહ પામે (મુંઝાય), તેવા મૂઢ દેવોને 'સંમોહા' કહેલા છે, તેવા દેવોની ભાવનાને ૫-**સાંમોહી**ભાવના જાણવી. એ પાંચ દુષ્ટ ભાવનાઓ, અર્થાત્ વારંવાર તેવા સ્વભાવવાળું વર્તન કરવાનું અનશન કરનારે સર્વથા તજી દેવું જોઈએ. કારણ કે (આત્મશુદ્ધિ માટે કરેલા) અનશનમાં તો તે અવશ્ય તજવા યોગ્ય છે. આ દુષ્ટ વર્તનને તજવું તેને સાપેક્ષયતિધર્મ કહ્યો છે, એમ પૂર્વની સાથે વાક્યનો સંબંધ સમજવો. ચારિત્રવાન્ પણ જો તેવા તેવા સંક્લેશથી (દુષ્ટ સ્વભાવથી) તેવી તેવી ભાવનાઓ સેવે તો તે પણ તેવી હલકી દેવજાતિમાં ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે—

**" जो संजओवि एआसु, अप्पसत्थासु वट्टइ कहिंचि ।**
**सो (तो)तव्विहेसु गच्छइ, सुरेसु भइओ चरणहीणो ॥" पञ्चवस्तु १६२९ ॥**

**ભાવાર્થ**-સંયમી છતાં જે વ્યવહારમાં ભાવની મંદતાથી આ અપ્રશસ્ત ભાવનાઓને સેવે તે, તે તે પ્રકારના હલકા દેવોમાં ઉપજે છે અને તેનામાં ચારિત્રધર્મની ભજના હોય છે. અર્થાત્ તે સર્વથા (ભાવ)ચારિત્ર રહિત અથવા દ્રવ્યચારિત્ર રહિત હોય તેથી કદાચિત્ તેવી દેવજાતિમાં અને કદાચિત્ નારક, તિર્યંચ અથવા (હલકી) મનુષ્ય જાતિમાં પણ ઉપજે. એ પાંચે ભાવનાઓના પ્રત્યેકના પાંચ પાંચ પ્રકારો છે. તેમાં—

૧-**કાન્દર્પી** ભાવના ૧-કન્દર્પ ૨-કૌત્કુચ્ય, ૩-દ્રુતશીલત્વ, ૪-હાસ્ય અને ૫-પરવિસ્મય, એ પાંચ પ્રકારની ચેષ્ટાઓને યોગે પાંચ પ્રકારની છે. કહ્યું છે કે—

**" कंदप्पे कुक्कुइए, दवसीले आवि हासणपरे अ ।**
**विम्हाहिंतो अ परं, कन्दप्पं भावणं कुणइ ॥" पञ्चवस्तु-१६३०॥**

**વ્યાખ્યા**-૧-કન્દર્પ એટલે અટ્ટહાસ્ય કરવું, અથવા સ્વભાવે હસવું, ગુર્વાદિને પણ નિષ્ઠુર (કઠોર) કે વક્ર વિગેરે દુષ્ટ વચનો કહેવાં, કામની (વિષયની) વાતો કરવી, તેવો ઉપદેશ દેવો, કે કામકથાની પ્રશંસા કરવી, ઇત્યાદિ સર્વ 'કન્દર્પ' સમજવો. ૨-કૌત્કુચ્ય=ભાણ્ડના જેવી ચેષ્ટા, તે કાયાથી અને વચનથી એમ બે પ્રકારે થાય. તેમાં ભ્રકુટી, નેત્રો, વિગેરે શરીરના અવયવોનો વિકાર કરીને પોતે નહિ હસતાં બીજાઓને હસાવવા તે 'કાયકૌત્કુચ્ય' અને હાસ્યજનક વચનો બોલીને બીજાઓને હસાવવા તે 'વચનકૌત્કુચ્ય જાણવું. ૩-દ્રુતશીલત્વ=અવિચારિતપણે સંભ્રમના આવેશથી જલ્દી જલ્દી બોલવું, જલ્દી ચાલવું, જલ્દી કાર્ય કરવું, તથા સ્વભાવે બેઠાં બેઠાં પણ અહંકારના અતિશયથી ફૂલવું, ૪-હાસ્ય એટલે ભાણ્ડની જેમ વિચિત્ર વેષ કરીને કે વિચિત્ર વચનો બોલીને પોતાને-પરને હાસ્ય ઉપજાવવું, તથા ૫-પરવિસ્મય=બીજાનાં છિદ્રો (દૂષણો) શોધવાં અને 'ઇન્દ્રજાળ' વિગેરે કુતૂહલો કરીને બીજાને આશ્ચર્ય કરવું કે પ્રહેલિકા (એટલે ગૂઢઆશયવાળા પ્રશ્નો અથવા વાતોથી અને કુહેડક (એટલે ચમત્કારી મંત્ર-તન્ત્ર) વિગેરેથી પોતે વિસ્મય નહિ પામતાં બીજાઓના મનમાં વિસ્મય પ્રગટ કરવો. એમ પાંચ પ્રકારની કાન્દર્પી-ભાવના (ચેષ્ટા) વર્જવી.[૩૧૫]

૩૧૫-'ભાવ' મનનું કાર્ય છે, એ કારણે ભાવનાઓ માનસિક વ્યાપારરૂપ હોય. તો પણ અહીં કાન્દર્પી અને તે પછીની ચાર ભાવનાઓમાં પ્રાયઃ કાયિક-વાચિક વ્યાપાર જણાવ્યો છે તેથી એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨-**કૈલ્બિષિકી**-૧-દ્વાદશાંગીરૂપશ્રુતજ્ઞાન, ૨-કેવલી, ૩-ધર્માચાર્ય, ૪-સર્વસાધુઓ, એ ચારના અવર્ણવાદ બોલવા તથા ૫-સ્વદોષોને છૂપાવવા માટે કપટ કરવું, એમ પાંચ પ્રકારો કૈલ્બિષિકી ભાવનાના છે. કહ્યું છે કે—

**" नाणस्स केवलीणं, धम्मायरिआण सव्वसाहूणं ।**
**भासं अवण्णमाई, किव्विसिअं भावणं कुणइ ॥" पञ्चवस्तु० १६३६ ॥**

**ભાવાર્થ**-શાસ્ત્રોમાં-એ જ છકાય જીવોની કે વ્રતો વિગેરેની વાતો વારંવાર કહી છે, વારંવાર અપ્રમાદનું જ વર્ણન કર્યું છે, મોક્ષ માટે જ્યોતિષ વિગેરે નિમિત્ત શાસ્ત્રોની શું જરૂર છે? ઇત્યાદિ દુષ્ટ બોલવું તે ૧-શ્રુતજ્ઞાનની નિન્દા, કેવળી છતાં સર્વને તારતા નથી માટે પક્ષપાતી છે, સર્વને સરખો ઉપદેશ કરતા નથી, વિગેરે અવર્ણ બોલવા તે ૨-કેવલજ્ઞાનીઓની નિન્દા, આ અમુક આચાર્યની જાતિ હલકી છે, વિગેરે તેઓની સાચી-ખોટી નિન્દા કરવી, પ્રસંગે પણ સેવા નહિ કરવી, છિદ્રો જોવાં, ઇત્યાદિ ૩-આચાર્યની નિન્દા તથા સાધુઓ નિષ્ઠુર છે, સહનશીલ નથી, વિહાર કરતા નથી, અથવા ગામોગામ રખડે છે, લાચાર ભીખારી છે, વારંવાર રોષ-તોષ કરે છે, ઇત્યાદિ અનેક પ્રકારે વિરૂદ્ધ બોલવું તે ૪-સર્વ સાધુઓની નિન્દા જાણવી. પોતાના દોષોને છૂપાવવા, બીજાના છતા પણ ગુણોને છૂપાવવા, ચોરની જેમ સર્વથી શંકાશીલ રહેવું અને સર્વ કાર્યોમાં ગૂઢ હૈયાવાળા રહેવું તે ૫-માયાકરણ, એ પાંચ પ્રકારે કૈલ્બિષિકી ભાવના છે.

૩-**આભિયોગિકી** ભાવના-૧કૌતુક, ૨-ભૂતિકર્મ, ૩-પ્રશ્ન, ૪-પ્રશ્નાપ્રશ્ન અને ૫-નિમિત્ત, એ પાંચ ઉપાયોથી આજીવિકા મેળવવી, તે પાંચ પ્રકારો આભિયોગિકી ભાવનાના છે. કહ્યું છે કે-

**" कोउअ भूइकम्मे, पसिणा इअरे णिमित्तमाजीवी ।**
**इड्ढिरससायगुरुओ, अभिओगं भावणं कुणइ ।" पञ्चवस्तु० १६४३ ॥**

**ભાવાર્થ**-કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્ન, પ્રશ્નાપ્રશ્ન અને નિમિત્તોથી જીવનારો તથા રસ, ઋદ્ધિ અને શાતાગારવવાળો જીવ આભિયોગિકી ભાવનાવાળો જાણવો. તેમાં ૧-કૌતુક એટલે બાલક વિગેરેની રક્ષા માટે (મંત્ર) સ્નાન કરાવવું, (માથે અથવા શરીરે મંત્રોચ્ચારપૂર્વક) હાથ ફેરવવો, થુથુકાર કરવો, કે બલિદાન-ધૂપ વિગેરે કરવા. ૨-ભૂતિકર્મ એટલે મકાનની, શરીરની, કે પાત્ર વિગેરે વસ્તુઓની રક્ષા માટે ભસ્મ કે માટી ચોપડવી-લગાડવી, અથવા સૂત્ર (દોરા) વીંટવા (બાંધવા). ૩-પ્રશ્ન એટલે લાભ-હાનિ વિગેરે જાણવા માટે બીજાને પ્રશ્ન પૂછવા, અથવા સ્વયં અંગુઠો, દર્પણ, ખડ્ગ, પાણી, વિગેરે જોવું, ઇત્યાદિ. ૪-પ્રશ્નાપ્રશ્ન એટલે સ્વયં કે વિદ્યાએ (અધિષ્ઠાતા દેવીએ) કહેલું (ગુહ્ય) બીજાને કહેવું અને ૫-નિમિત્ત એટલે ત્રણે કાળની વસ્તુને જણાવનાર જ્ઞાન વિશેષ ભણવું-જાણવું. રસગારવ વિગેરે ગારવોમાં આસક્ત થઇને તે તે પદાર્થો મેળવવા માટે એ પાંચ પ્રકારો સેવનારા સાધુને તે

સમજવાનું છે કે અહીં જણાવેલી ભાવનાઓરૂપ કાયિક-વાચિક વ્યાપાર તેવા તેવા માનસિક ભાવોને યોગે સંભવિત છે, અથવા બીજાઓને તેવો તેવો મનોભાવ પ્રગટાવનારો છે, માટે તેને ભાવનાઓ કહેવી અનુચિત નથી. સામાન્યતયા સાધુજીવન જ ઔચિત્ય-શિસ્તથી સુશોભિત હોય, ત્યાં આવી દુષ્ટ પ્રવૃત્તિ ઘટતી જ નથી, તો પણ અનાદિવાસનાઓથી વાસિત જીવને આવું વર્તન થવું અસંભવિત નથી, **માટે તેનો ત્યાગ કરવાનું અને અનશનમાં તો તેને અવશ્ય તજવાનું જણાવ્યું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિયોગ (ચાકરી)કરાવનારાં (નીચગોત્ર) કર્મબંધનાં કારણો બને છે, માટે તેવાં કાર્યો નહિ કરવાં. અપવાદપ્રસંગે નિઃસ્પૃહભાવે શાસનપ્રભાવના માટે કરનારને આરાધકપણું અને ઉચ્ચગોત્રકર્મનો બંધ થાય છે. કહ્યું છે કે—

" एआणि गारवट्ठा, कुणमाणो आभिओगिअं बंधे ।
बीअं गारवरहिओ, कुव्वइ आराहगु(उ)च्चं च ॥" पञ्चवस्तु० १६४८ ॥

**ભાવાર્થ**—ગારવને (મોટાઇને) માટે આ કૌતુક વિગેરે કરનારો આભિયોગિક એટલે દેવ વિગેરેની ચાકરીને કરાવનારું કર્મ બાંધે છે. बीअं એટલે દ્વિતીય(અપવાદ)પદે તો ગૌરવરહિત થઇને નિઃસ્પૃહતાથી શાસનપ્રભાવના માટે કરે તે આરાધક બને છે અને ઉચ્ચગોત્રકર્મને બાંધે છે.

૪–**આસુરી**—આ ભાવના પણ ૧–સદા વિગ્રહ કરવાનો સ્વભાવ, ૨–સંસક્ત તપ, ૩–નિમિત્તકથન, ૪–નિષ્કૃપા અને ૫–અનુકમ્પારહિતપણું. એમ પાંચ પ્રકારે થાય છે. કહ્યું છે કે–

" सइ विग्गहसीलत्तं, संसत्ततवो निमित्तकहणं च ।
निक्किवयावि य अवरा, पंचमगं निरणुकंपत्तं ॥" प्रवचनसारो० ६४५॥

**ભાવાર્થ**—'સદાવિગ્રહશીલપણું' એટલે કલહ કર્યા પછી પણ પશ્ચાત્તાપ ન થાય અને ક્ષમાપનાદિ કરવા છતાં પ્રસન્નતા ન થાય એવો વિરોધની (વૈરની) પરંપરા વધારનારો સ્વભાવ. ૨–' સંસક્તતપ ' એટલે આહારાદિની અભિલાષાથી કરેલો તપ, ૩–'નિમિત્ત કથન' એટલે અષ્ટાઙ્ગનિમિત્તોને કહેવાં, ૪–'કૃપારહિતતા' એટલે સ્થાવર જીવોની વિરાધના કરવા છતાં પશ્ચાત્તાપ ન થાય તેવું નિર્દયપણું અને ૫–'અનુકમ્પારહિતપણું' એટલે કોઇને કંપતો–દુઃખી જોવા છતાં દયા ન થાય તેવું કઠોરપણું. એ પાંચ કરનારને આસુરી ભાવનાવાળો કહ્યો છે.—

૫–**સાંમોહી**—આ ભાવના ૧–ઉન્માર્ગની દેશના દેવી, ૨–માર્ગને દૂષિત કરવો, ૩–માર્ગથી વિપરીત ચાલવું, ૪–મોહ કરવો અને ૫–મોહ કરાવવો, એમ પાંચ પ્રકારે થાય છે. કહ્યું છે કે—

" उम्मग्गदेसओ मग्ग–दूसओ मग्गविप्पडीवत्ती ।
मोहेण य मोहित्ता, संमोहं भावणं कुणइ ॥" पञ्चवस्तु० १६५५ ॥

**ભાવાર્થ**—૧–'ઉન્માર્ગદેશક' એટલે જ્ઞાનાચાર વિગેરે પંચાચારરૂપ પોતે સ્વીકારેલા મોક્ષ–માર્ગને દોષિત જણાવીને એથી વિપરીત (અસત્ય) માર્ગને સત્યમાર્ગ તરીકે પ્રરૂપવો તેને ઉન્માર્ગદેશના કહેવાય, તેને કરનારો. ૨–'માર્ગદૂષક' અહીં ભાવમાર્ગ એટલે મોક્ષમાર્ગ, તેને અને તે માર્ગને પામેલા સાધુસાધ્વીઓ વિગેરેને દૂષણ દેનારો, ૩–'માર્ગવિપ્રતિપત્તિક' એટલે ખોટાં દૂષણોથી સત્ય(મોક્ષ)માર્ગને દૂષિત કરીને જમાલીની જેમ દેશથી (અમુક અંશે) ઉન્માર્ગને સ્વીકારનારો, ૪–'મોહમૂઢ' એટલે અન્યધર્મીઓની સમૃદ્ધિ જોઇને સૂક્ષ્મભાવોમાં (ગહન અર્થમાં) મોહ કરનારો મૂઢ અને ૫–'મોહજનક' એટલે સ્વભાવથી અથવા કપટથી બીજાઓને ઉલટા માર્ગે ચઢાવનારો. એ પાંચ પ્રકારે વર્તન કરનારો સાંમોહી ભાવનાવાળો કહેવાય છે.

આ પચીસે ભાવનાઓ અશુભ ફળને આપનારી છે. કહ્યું છે કે—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" एआओ भावणाओ, भावित्ता देवदुग्गइं जंति ।
तत्तोऽवि चुआ संता, परिंति भवसागरमणंतं ॥" पञ्चवस्तु० १६६१ ॥

**ભાવાર્થ**–આ ભાવનાઓ ભાવીને જીવ દેવની દુર્ગતિને (દેવની હલકી જાતિને) પામે છે અને ત્યાંથી ચ્યવીને અનંતકાળ સંસાર સમુદ્રમાં ભમે છે.

જો કે આ ભાવનાઓ ચારિત્રવંતને સર્વદા વર્જવા યોગ્ય છે જ, તથાપિ અનશન કે જે ચારિત્રની વિશુદ્ધિ માટે કરવાનું છે, તેમાં તો વિશેષતયા વર્જવી જ જોઇએ. એમ જણાવવા અહીં અનશનના અધિકારમાં એનું વર્ણન કર્યું છે એમ સમજવું. કહ્યું છે કે—

" एयाओ विसेसेणं, परिहरई चरणविग्घभूआओ ।
एअनिरोहाओ च्चिअ, सम्मं चरणंपि पावेइ ॥" पञ्चवस्तु० १६६२॥

**ભાવાર્થ**–ચારિત્રમાં વિઘ્નભૂત આ ભાવનાઓને અનશનીએ અવશ્ય તજવી, કારણ કે–એના નિરોધથી જ સમ્યક્ ચારિત્રની પણ પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન**–આ ભાવનાઓ ચારિત્રની (સર્વથા) વિરોધિની નથી, કારણ કે (પૃ૦ ૫૦૩ માં) " जो संजओवि एआसु " ઇત્યાદિ (પઞ્ચવસ્તુની ૧૬૨૯ મી) ગાથામાં તેમ જણાવ્યું છે.

**ઉત્તર**–અસંક્લિષ્ટ પરિણામવાળો છતાં કોઈ સાધુ 'કન્દર્પ' વિગેરે કરે તેને આ ભાવનાઓ હોવા છતાં વ્યવહારનયના અભિપ્રાયે ચારિત્ર હોય છે, તો પણ નિશ્ચયનયના મતે આ ભાવનાઓ સેવનારને ચારિત્ર હોતું નથી. કારણ કે–નિશ્ચયનય સદૈવ ઉચિત પ્રવૃત્તિ કરવાપૂર્વક નિયમા નિરતિચાર ગુણસ્થાનકવાળાને જ ચારિત્ર માને છે. સૂત્રકારો પણ કહે છે કે—

" जा जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? ।
वड्ढेइ य मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥" पिण्डनिर्युक्ति–१८६॥

**ભાવાર્થ**–(દેશ–કાળ–સંઘયણાદિને અનુરૂપ અને શક્તિ અનુસારે શાસ્ત્રનીતિને અનુસરતા અનુષ્ઠાનને 'યથાવાદ' એટલે યથાર્થ સમ્યક્ત્વ કહ્યું છે, તેથી) જે શક્તિ છૂપાવીને એવું યથા–વાદ અનુષ્ઠાન (વર્તન) નથી કરતો તેનાથી બીજો મિથ્યાદષ્ટિ કોણ છે? અર્થાત્ તે મિથ્યાદષ્ટિ જ છે. કારણ કે છતી શક્તિએ જે શાસ્ત્ર મુજબ વર્તન કરતો નથી તે શ્રીજિનાગમમાં બીજાઓને શંકા ઉત્પન્ન કરે છે અને એથી પરંપરાએ મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે.[૩૧૬]

---

૩૧૬–રાજ્યના કે જ્ઞાતિના કાયદાઓ પ્રજાજનના કે જ્ઞાતિજનના હિત માટે હોય છે, તેનું પાલન કરવું તે પ્રજા કે જ્ઞાતિજનની ફરજ છે, પાલન નહિ કરનારો તે બંધારણને તોડીને બીજાઓને ઉલટું વર્તન કરવાનો માર્ગ ખુલ્લો કરી આપે છે, માટે દ્રોહી અને શિક્ષાપાત્ર ઠરે છે. તેમ ધર્મશાસ્ત્રના કાયદાઓ (સામાચારી) જગતના સર્વ જીવોના હિત માટે હોય છે, તેના યથાર્થ પાલનથી ધર્મમાર્ગ અબાધિત રહે છે. સશક્ત–અશક્ત દરેક તે માર્ગનું પાલન કરતા રહે તો જ ધર્મમાર્ગ (શાસન) ચાલે, વિના કારણે તેનાથી વિરૂદ્ધ વર્તનારો ધર્મનો અને ધર્મીઓનો દ્રોહી બને છે અને અનેક આત્માઓને ઉન્માર્ગે ચાલવાનું નિમિત્ત આપે છે, માટે ઉત્સૂત્રપ્રરૂપકને શાસનદ્રોહી અને અનંતસંસારી કહ્યો છે. જેમ ઉત્સૂત્ર પ્રરૂપણાથી મિથ્યામાર્ગની પુષ્ટિ થાય છે તેમ વિના કારણે શાસ્ત્રવિરૂદ્ધ આચરણ કરનારા પ્રમાદીથી પણ મિથ્યામાર્ગ પોષાય છે અને અનેક આત્માઓ તેનું અનુકરણ કરતા ઉન્માર્ગે ચઢી જાય છે. માટે ઉન્માર્ગની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ પણ નહિ કહી શકાય કે કન્દર્પાદિ ભાવનાઓ સેવવી તે યથાવાદ (શાસ્ત્રાનુસારી) છે, કારણ કે કોઈ સૂત્રમાં એવું સાંભળ્યું નથી કે ચારિત્રવાળો આત્મા કન્દર્પ વિગેરેને કરે. માટે 'કન્દર્પ' વિગેરેનું સેવન કરવું તે ચારિત્રવાદનું પણ વિરાધક (વિરોધિ) છે જ. એ પ્રમાણે નિશ્ચયનયથી કહ્યું છે, તારતમ્યરૂપ ભેદથી તો ચારિત્રમાં પણ સજાતીય ભેદની અપેક્ષાએ (તે ગુણ-સ્થાનકનાં) અસંખ્યાતા સંયમ(અધ્યવસાય)સ્થાનકો આગમમાં કહ્યાં છે. તેથી કોઈ દોષ રહેતો નથી, કારણ કે કન્દર્પ વિગેરે કરનારને પણ તથાવિધ કોઈ સંયમસ્થાન ઘટી શકે છે. માટે અનશન કરનારે પૂર્વે સેવેલી પણ આ ભાવનાઓનો પશ્ચાત્તાપ વિગેરે કરવારૂપ શુદ્ધ ભાવથી અનશનમાં તો તેનો વિશેષતયા (અવશ્ય) ત્યાગ કરવો જોઈએ એમ સમજવું, વિશેષ વિસ્તારથી સર્યું. આ ભક્તપરિજ્ઞાના વિધિનો વિસ્તાર સામાચારીમાંથી જાણવા યોગ્ય છે, તે પ્રાચીનસામાચારીના ૧૯ મા દ્વારમાં ૨૪ દ્વારોથી આ પ્રમાણે કહેલો છે—

" गंधा संघो चिइ संति, सासणा खित्त भवण सव्वसुरा ।
सक्कत्थय संति थुत्ता–राहणदेवी चउज्जोआ ॥१॥
सोही खामण सम्मं, समइय वय तिन्नि मंगलालावा ।
चउसरण नमो अणसण, वास थुइ अणुसट्ठि उव्वूहा ॥२॥"

આ ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે છે. (૧) પ્રથમ ગુરૂ ઉત્તમાર્થની (અનશનની) આરાધના માટે વાસને મંત્રીને ગ્લાનના મસ્તકે ક્ષેપ કરે (નાખે), (૨) તે પછી જિન પ્રતિમા હોય તો ગુરૂ ચતુર્વિધ શ્રીસંઘસહિત ગ્લાનની સાથે (૩) પ્રતિમાજી જેનાં હોય તે પ્રભુની સ્તુતિ બોલવાપૂર્વક ચૈત્ય(દેવ)વન્દન કરે, તે પછી (૪) શ્રી શાન્તિનાથ સ્વામિની આરાધના માટે કાયોત્સર્ગ કરે, (૫) શાસન દેવતાનો, (૬) ક્ષેત્રદેવતાનો, (૭) ભવનદેવતાનો અને (૮) સમસ્ત વૈયાવચ્ચ કરનારા દેવદેવીઓનો કાયોત્સર્ગ કરીને તેની તેની સ્તુતિઓ કહે. તે પછી (૯) શક્રસ્તવ કહે, (૧૦) શાન્તિ (અજિત શાન્તિ) સ્તવ બોલે, પછી (૧૧) આરાધના (ની અધિષ્ઠાત્રી) દેવીનો કાયોત્સર્ગ ચાર લોગસ્સ ચિંતવવાપૂર્વક કરે અને કાયોત્સર્ગ પારીને આ પ્રમાણે સ્તુતિ કહે—

" यस्याः सांनिध्यतो भव्या, वाञ्छितार्थप्रसाधकाः ।
श्रीमदा(त्या)राधनादेवी, विघ्नव्रातापहाऽस्तु वः ॥१॥ प्रा० सामा० द्वार–१९॥

**અર્થાત્**—જેના સાન્નિધ્યથી ભવ્યપ્રાણિઓ વાંછિત અર્થને સાધે છે તે શ્રીમતી આરાધના દેવી તમારાં વિઘ્નોના સમૂહને દૂર કરનારી થાઓ."

તે પછી (૧૨) આસને બેસીને ગુરૂ ગ્લાનને પાસે રાખીને તેણે બાલ્યકાળથી સેવેલા અતિચારોની આ પ્રમાણે આલોચના કરાવે—

દેશના આપનારો, સન્માર્ગને દોષિત કરનારો અને મોહમૂઢ બનીને ઉન્માર્ગનું આચરણ કરનારો મિથ્યાદૃષ્ટિ શાસનનો દ્રોહી ગણાય છે. થોડું પણ શુદ્ધ આચરણ સ્વ-પરને ઉપકાર કરે છે અને પ્રમાદથી સેવેલું ઘણું પણ અશુદ્ધ આચરણ ધર્મવૃદ્ધિને બદલે ધર્મની હાનિ કરે છે, પ્રાયઃ લોક અનુકરણશીલ હોય છે માટે તેને ઉન્માર્ગે ચાલવાનું નિમિત્ત આપવું તે શાસનનો અને સ્વ-પરનો દ્રોહ કરવા તુલ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" जे मे जाणंति जिणा, अवराहा जेसु जेसु ठाणेसु ।
तेऽहं आलोएउं(मि), उवट्ठिओ सव्वभावेणं ॥१॥
छउमत्थो मूढमणो, कित्तियमित्तंपि (च)संभरइ जीवो ।
जं च न संभरामि अहं, मिच्छा मे दुक्कडं तस्स ॥२॥
जं जं मणेण बद्धं, जं जं वायाए भासिअं पावं ।
काएण य जं च कयं, मिच्छा मि दुक्कडं तस्स ॥३॥
हा ! दुट्ठु कयं हा ! दुट्ठु,-कारिअं अणुमयंपि हा ! दुट्ठं (ट्ठु) ।
अंतो अंतो डज्झइ, हिययं पच्छाणुतावेणं ॥४॥
जं च सरीरं सुद्धं (अत्थं), कुडुंबउवगरणरूवविन्नाणं ।
जीवोवघायजणयं, संजायं तंपि निंदामि ॥५॥
गहिऊण य मुक्काइं, जम्मणमरणेसु जाइं देहाइं ।
पावेसु पसत्थाइं, वोसिरिआइं मए ताइं ॥६॥ प्रा० सामा० द्वार-१९॥

**ભાવાર્થ**-મારા તે તે વિષયમાં થએલા જે જે અપરાધોને શ્રીજિનેશ્વરો જાણે છે તેને હું અપ્રમત્તભાવે આલોચું (કહું) છું (૧). છદ્મસ્થ-મૂઢ મનવાળો મારો જીવ કેટલું માત્ર સંભારે? માટે મને જે યાદ નથી રહ્યું તેનો પણ મારે મિચ્છામિ દુક્કડં થાઓ ! (૨). જે (પાપ) મનથી બાંધ્યું (સેવ્યું) હોય, જે જે પાપ વચનથી બોલાયું હોય, અને કાયાથી પણ જે જે પાપ કર્યું હોય તે સર્વનો મિચ્છામિ દુક્કડં થાઓ ! (૩). હા-હા ! મેં જે દુષ્ટ વર્તન કર્યું, હા ! મેં બીજા દ્વારા જે દુષ્ટ કરાવ્યું અને હા ! મેં જે દુષ્ટ કાર્યોનું અનુમોદન કર્યું, તે પાપ પશ્ચાત્તાપથી મારા હૃદયને અંતરમાં (વચ્ચે વચ્ચે) બાળે છે, (મને તેનો પશ્ચાત્તાપ થાય છે) (૪). મારાં જે જે શરીર, ધન, કુટુંબ, ઉપકરણ, રૂપ અને વિજ્ઞાન પણ જીવની હિંસા (વિગેરે) કરાવનારાં થયાં હોય તે સર્વને પણ હું નિંદું છું (૫). ભૂતકાળના અનંતા જન્મ-મરણોમાં જે જે શરીરોને ગ્રહણ કરીને મેં છોડી દીધાં તે પાપમાં પ્રશસ્ત (પાપકારક) સર્વ શરીરોને હું વોસિરાવું છું (૬).

પછી (૧૩) સંઘને ક્ષમાપના કરાવે. પ્રાચીન સામાચારી દ્વાર ૧૯ માં કહ્યું છે કે—

" साहूण साहुणीण य, सावयसावीण चउविहो संघो ।
जं मणवयकाएहिं, साइओ तं पि खामेमि ॥१॥"
" आयरियउवज्झाए, सीसे साहम्मीए कुल गणे अ (जं मण०) ॥२॥"
" खामेमि सव्व जीवे, (सव्वे जीवा खमंतु मे । मित्ति०) ॥३॥"
" सव्वस्स (समणसंघस्स, भगवओ अंजलिं करी य सीसे०) ॥४॥"
" सव्वस्स जीवरासिस्स, (भावओ धम्मनिहिअनिअचित्तो०) ॥५॥"

**ભાવાર્થ**-સર્વ સાધુઓની, સર્વ સાધ્વીઓની તથા સર્વ શ્રાવક-શ્રાવિકાઓની, એમ ચતુર્વિધ પૂજ્ય શ્રીસંઘ, તેની મન વચન કે કાયાથી જે જે આશાતનાઓ કરી હોય તેને હું ખમાવું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧). આચાર્ય, ઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિકો (શેષસાધુઓ), કુલ અને ગણ, એ સર્વ પ્રત્યે મેં જે જે કષાયો કર્યા કે કરાવ્યા હોય તેને ત્રિવિધે ખમાવું છું (૨). હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો પણ મને ક્ષમા કરો ? મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, કોઇની સાથે મારે વૈર નથી (૩). વળી શ્રમણો જેમાં મુખ્ય છે તે ભાગ્યવાન્ શ્રીસંઘને હું બે હાથથી મસ્તકે અંજલિ કરીને સહુની ક્ષમા માગું છું અને હું પણ ક્ષમા કરૂં છું (૪). ભાવપૂર્વક મારા ચિત્તને ધર્મમાં સ્થિર કરીને જગતના જીવ માત્રની પાસે ક્ષમા માગું છું અને હું પણ ક્ષમા કરૂં છું (૫).

ઇત્યાદિ યથાયોગ્ય ક્ષમાપના કરે-કરાવે. પછી (૧૪) શ્રીનમસ્કાર મહામન્ત્રના ઉચ્ચાર-પૂર્વક 'अरिहंतो मह देवो०' એ ગાથા ત્રણ વાર સંભળાવીને સમ્યક્ત્વ ઉચ્ચરાવે, પછી (૧૫) શ્રી નમસ્કારમંત્ર અને કરેમિ ભંતે !૦ સૂત્ર ત્રણ વાર સંભળાવી સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવે, પછી (૧૬) એ જ પ્રમાણે પાંચ મહાવ્રતો અને છટ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત, એ છ વ્રતો ત્રણ ત્રણ વાર ઉચ્ચરાવે, અને અંતે 'इच्चेइआइं०' એ ગાથા ત્રણવાર સંભળાવીને છએ વ્રતોનો પુનઃ સ્વીકાર કરાવે. પછી—

"चउसरणगमण दुक्कडगरिहा सुकडाणुमोयणं कुणसु ।
सुहभावणं अणसणं, पंचनमुक्कारसरणं च ॥१॥" प्राचीनसामा० द्वार-१९॥

**અર્થ**-ચાર શરણાંનો સ્વીકાર કરો, દુષ્કૃતની ગર્હા કરો, સુકૃતની અનુમોદના કરો, મૈત્રી આદિ અથવા અનિત્યાદિ શુભ ભાવના ભાવો, અનશન (આહાર ત્યાગ) કરો અને પંચનમસ્કાર (મહામંત્રનું સ્મરણ) કરો ! એમ કહી (૧૭) પંચપરમેષ્ઠિ મહામંગળ શ્રી નવકારમંત્ર ત્રણ વાર ઉચ્ચારે, પછી (૧૮) 'चत्तारि मंगलं' વિગેરે ત્રણ ગાથાઓ કહી ચાર શરણાં કરાવે. પછી (૧૯) "समणस्स भगवओ महावीरस्स उत्तमट्ठे ठाइमाणो पच्चक्खाइ १-सव्वं पाणाइवायं, २-सव्वं मुसावायं, ३-सव्वं अदिन्नादाणं, ४-सव्वं मेहुणं, ५-सव्वं परिग्गहं, ६-सव्वं कोहं, ७-सव्वं माणं, ८-सव्वं मायं, ९-सव्वं लोभं, १०-पिज्जं, ११, दोसं, १२-कलहं, १३-अभक्खाणं, १४-अरइ-रइं, १५-पेसुन्नं, १६-परपरिवायं, १७-मायामोसं, १८-मिच्छादंसणसल्लं च, इच्चेइआइं अट्ठारस पावठाणाइं जावज्जीवाए तिविहं तिविहेणं जाव वोसिरामि ॥" (प्रा. सामा० द्वार १९) એ પાઠ બોલીને શ્રમણ ભગવન્ત શ્રીમહાવીર સ્વામિએ પ્રરૂપેલા અનશનને સ્વીકાર કરતો આત્મા સર્વપ્રાણાતિપાતાદિ મિથ્યાદર્શનશલ્ય સુધીનાં અઢારે પાપસ્થાનકોને જીવતાં સુધી ત્રિવિધે ત્રિવિધે વોસિરાવે.

તે પછી (૨૦) શકુન અને સ્વજનાદિ સંમત થયે છતે ગુરૂને વન્દન કરીને નમસ્કાર મહામંત્ર ગણવા પૂર્વક બીમાર (સાધુ) આ રીતે અનશન ઉચ્ચરે. "भवचरिमं पच्चक्खामि, तिविहंपि आहारं-असणं, खाइमं, साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहि-वत्तिआगारेणं वोसिरामि" એમ આગાર સહિત અનશન (ત્રણ આહારનો ત્યાગ) કરે. જો આગાર રહિત કરવું હોય તો છેલ્લા બે આગારો છોડીને 'भवचरिमं पच्चक्खामि, चउव्विहंपि आहारं-सव्वं असणं, सव्वं पाणं, सव्वं खाइमं, सव्वं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं वोसिरामि० એમ પચ્ચકખાણ કરે. આ સાકાર-નિરાકાર બન્ને પચ્ચક્ખાણોમાં 'वोसिरामि' પદ પૂર્વે અરિહંતાદિ પાંચની સાક્ષી, અર્થાત્ 'अरिहंतसक्खियं, सिद्धस०, साहुस०, देवस०, अप्पस०, वोसिरामि' એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે, તાત્પર્ય કે અરિહંતની, સિદ્ધોની, સાધુઓની (ગુરૂની), દેવ(શાસનદેવ)ની અને આત્માની, એમ પાંચની સાક્ષિએ પચ્ચક્ખાણ કરે. અથવા બીજી રીતે આ પ્રમાણે પણ અનશન સ્વીકારે–

"जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ वेलाए ।
आहारमुवहिं देहं, सव्वं तिविहेण वोसिरिअं ॥१॥" (प्राचीनसामा० द्वार–१९)

**અર્થાત્**–જો આ મારા શરીરનો આ વેળાએ પ્રમાદ (વિયોગ) થાય તો સર્વ આહારને, સર્વ ઉપધિને અને આ શરીરને પણ હું ત્રિવિધે-ત્રિવિધે વોસિરાવું છું.

તે પછી (૨૧) શ્રીસંઘ 'नित्थारपारगा होह' અર્થાત્ 'સંસાર સમુદ્રનો નિસ્તાર(પાર) પામનારા થાઓ (પાર પામો) !' એમ આશીર્વાદ આપી (શાન્તિને અર્થે) ગ્લાનને વાસક્ષેપ કરે. પછી (૨૨) 'अट्ठावयंमि उसहो' અર્થાત્ 'શ્રીઋષભદેવ ભગવન્ત અષ્ટાપદ પર્વત ઉપર નિર્વાણ પામ્યા' ઇત્યાદિ સ્તુતિ કહે અને पञ्चाणुत्तरसरणा० વિગેરે સ્તોત્ર કહે. પછી (૨૩) ગુરૂ जम्मजरामरणजले० વિગેરે દેશના-ઉપદેશ આપે. તે પછી (૨૪) ઉપબૃંહણા એટલે ગ્લાનને ઉત્સાહ વધે તેવી અનશનની અને અનશનીની વિશિષ્ટતા સંભળાવીને ઉત્સાહ વધારે તથા તેને સંવેગ પ્રગટ થાય તેવાં 'ઉત્તરાધ્યયન' વિગેરે શાસ્ત્રો પ્રતિદિન સંભળાવે, એ વિશેષવિધિ સાધુને આશ્રીને જાણવો.

શ્રાવકનો વિધિ પણ એ જ પ્રમાણે સમજવો, માત્ર શ્રાવક સમ્યક્ત્વની ગાથાને સ્થાને સમ્યક્ત્વ દંડક (એટલે સમ્યક્ત્વ ઉચ્ચરવાનો આલાવો अहं णं भंते ! तुम्हाणं समीवे० વિગેરે) બોલે અને વ્રતોને સ્થાને શ્રાવકનાં બાર વ્રતો ઉચ્ચરે, યથાશક્તિ સાત ક્ષેત્રોમાં ધન વ્યય કરે (વાપરે) અને સામગ્રી હોય તો તે પછી સંસ્તારક દીક્ષાને પણ સ્વીકારે.

એ પ્રમાણે ભક્તપરિજ્ઞા (વિગેરે) મરણથી મરેલા સાધુનું મૃતક અન્ય સાધુઓએ વિધિપૂર્વક પરઠવવું જોઇએ, એથી હવે મહાપારિષ્ઠાપનિકાનો વિધિ પણ અહીં પ્રસંગાનુસાર કહેવો જોઇએ, તેનાં ૧૧ દ્વારો આ પ્રમાણે છે–

"दिसि वत्थ चिंध नक्खत्त–रवख चुन्ने य कप्प उस्सग्गो ।
चिइ गुरुपासुस्सग्गो(ग्गे), अट्ठुस्सासा असज्झाओ ॥" प्रा०सामा० द्वार–२०॥

**ભાવાર્થ**–(૧) 'દિશા' એટલે નવકલ્પી વિહારના ક્રમે ચાતુર્માસ રહેવા માટે યોગ્ય ક્ષેત્રમાં પ્રવેશ કરતા સાધુઓ ઉત્સર્ગથી નૈઋત્ય દિશામાં[૩૧૭](નજીક, મધ્ય અને દૂર) ત્રણ મોટાં સ્થંડિલોને

૩૧૭–ગામથી નૈર્ઋત્ય કોણમાં ત્રણ ભૂમિઓ પ્રમાર્જવી તે ઉત્સર્ગમાર્ગ છે. તે દિશામાં ન મળે તો ૨–દક્ષિણમાં, ત્યાં ન મળે તો ૩–પશ્ચિમમાં, ત્યાં ન મળે તો ૪–અગ્નિકોણ, એમ તે તે દિશામાં ન મળે તો ઉત્તરોત્તર ૫–વાયવ્ય, ૬–પૂર્વ, ૭–ઉત્તર અને આઠમી ઇશાન દિશામાં ભૂમિઓ પ્રમાર્જવી. આ ક્રમનું વિના કારણે ઉલ્લંઘન કરે તો મોટા દોષો ઉત્પન્ન થાય છે અને ક્રમના પાલનથી ઘણાગુણો થાય છે. નૈર્ઋત્ય દિશામાં મૃતક પરઠવવાથી આહાર-પાણી-વસ્ત્ર-પાત્રાદિ સુલભ થાય છે અને સમાધિ થાય છે, વિના કારણે તેને છોડીને દક્ષિણમાં પરઠવવાથી આહાર પાણી ન મળે, એથી સંયમની વિરાધના થાય અથવા એષણા સમિતિનો ભંગ થાય, અથવા અધુરા ચોમાસે વિહાર કરવો પડે તો માર્ગમાં મોટી વિરાધના થાય. હા, નૈર્ઋત્ય દિશામાં ભૂમિ ન મળે તો બીજી (દક્ષિણ)માં પરઠવવાથી પહેલીના જેટલા જ લાભો થાય છે. બીજી હોવા છતાં ત્રીજી પશ્ચિમમાં પરઠવે તો ઉપકરણો વસ્ત્ર પાત્રાદિ ન મળે, એમ ઉતરોત્તર ચોથીમાં પરઠવવાથી સ્વાધ્યાયમાં વિઘ્ન થાય, પાંચમીમાં પરસ્પર સાધુને ગૃહસ્થોથી કે સાધુને અન્ય–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાર્જે. (કોઈ સાધુ મરે તો તેના મૃતકને પરઠવવા માટે નિરવદ્ય ભૂમિઓને જોઇ રાખે.) (૨) વત્થ=કોઈ સાધુ મરણ પામે ત્યારે તેના મૃતકને ઉપયોગી બને તેવાં કોરાં ત્રણ વસ્ત્રોનો સંગ્રહ કરે, દિવસે કે રાત્રે મરણ પામેલા સાધુના મૃતકના હાથ-પગના અંગુઠા આંગળીઓ સાથે બાંધવા અથવા આંગળીઓમાં (રેખાઓમાં) કંઇક માત્ર છેદ કરવો. (એ કારણે કે મૃતસાધુના શરીરમાં કોઈ વ્યન્તરાદિ પ્રત્યનીકદેવ અધિષ્ઠાન કરીને નાચવું, કુદવું, દોડવું, વિગેરે ઉપદ્રવો ન કરે, અખંડ શરીર હોય તો પ્રવેશ કરી શકે, છેદ (ખંડિત) કર્યા પછી ન કરી શકે.) એ છેદ કે અંગુલી બન્ધન કર્યા વિના રાત્રે પાસે બેઠેલા ઉંઘે કે જાગે તો જિનાજ્ઞાનો ભંગ થાય અને વ્યન્તરાદિના ઉપદ્રવનો સંભવ રહે. ઉપરાન્ત મૃતકને સ્નાન કરાવીને કંકુ (ચંદન) વિગેરેથી વિલેપન કરે. પછી નવો અખંડ ચોલપટ્ટક (અધોવસ્ત્ર) પહેરાવે, મુખે મુખવસ્ત્રિકા બાંધીને, એક વસ્ત્ર (સંથારો) નીચે પાથરીને ઉપર બીજું વસ્ત્ર ઓઢાડીને સંથારાને દોરીથી કટીભાગ સાથે બાંધે. (૩) ચિંધ=મુખવસ્ત્રિકા અને ચરવલી (નાનો ઓઘો) એ બે સાધુનાં ચિન્હો મૃતકની પાસે મૂકે. (કારણ કે દેવ ગતિમાં ગએલો તેનો આત્મા અવધિ આદિથી કદાચ પૂર્વભવનું જ્ઞાન કરે ત્યારે તેને આ સાધુધર્મનું ફળ છે એમ સમજાવાથી સમકિતદૃષ્ટિ બને, એવાં ચિન્હો ન દેખવાથી મિથ્યાદૃષ્ટિ થાય માટે સાધુનાં લિઙ્ગો મૂકવાં જોઇએ. નીડર ગીતાર્થ વૃષભ સાધુઓ રાત્રે મૃતક પાસે બેસીને (રક્ષણ) જાગરણ કરે, નવદીક્ષિત કે બાળ વિગેરેને મૃતક પાસે બેસાડવા નહિ, મહાપરાક્રમવાળા હોય તેઓએ બેસવું. વળી મૃતકની પાસે માત્રાની કુંડી રાખે અને વૃષભો જાગતા રહે, મૃતક જો કોઈ વ્યન્તરાદિના અધિષ્ઠાનથી ઉઠે, બેઠું થાય, તો ડાબા હાથમાં માત્રુ લઇને 'बुज्झ बुज्झ गुज्झगा' અર્થાત્ 'હે ગુહ્યક (યક્ષ) સમજ ! સમજ !!' એમ કહીને તેને મૃતક ઉપર છાંટે. તથા (૪) 'नक्खत्त' એટલે મરણ નક્ષત્રને અનુસારે બિંબો (પુતળાં) કરે, કહ્યું છે કે–

> "तिन्नेव उत्तराइं, पुणव्वसु रोहिणी विसाहा य ।
> दो पुत्तलगा एसुं, पुत्ति–चिरवलीजुआ कुज्जा ॥२॥
> अभिजिअ सयभिस भरणी, अद्दा अस्सेस साइ जिट्ठा य ।
> एएसु न कायव्वा, एगो सेसेसु कायव्वो ॥३॥" (प्राचीनसाचारी)

ધર્મના સાધુ સાથે કલહ થાય, તેથી શાસનની અપભ્રાજના થાય. છટ્ઠીમાં ગચ્છના ટુકડા થાય કે ચારિત્ર તૂટે, સાતમીમાં પરઠવવાથી સાધુઓને માંદગી આવે, અને આઠમીમાં પરઠવવાથી બીજા સાધુનું મરણ થાય. એમ પૂર્વ પૂર્વ દિશા મળતા છતાં ઉત્તરોત્તર દિશામાં પરઠવવાથી દોષો થાય અને પૂર્વ પૂર્વના અભાવે એ જ ઉત્તર ઉત્તર દિશામાં પરઠવવાથી પહેલી દિશાના લાભો કહ્યા તે ત્યાં પણ થાય. આ નિમિત્તનું બળ અશ્રદ્ધેય નથી, કાલક્રમે જીવન વ્યવહારો બદલાતાં નિમિત્ત શાસ્ત્રોનો જેટલો અનાદર થાય છે તેટલું સંકટ વધે છે.

ગચ્છાચાર્યે ગચ્છના પ્રમાણમાં મૃતકને ઉદ્દેશીને કોરાં ત્રણ ત્રણ વસ્ત્રનો સંગ્રહ કરવો જોઇએ. ઓછામાં ઓછાં એક મૃતક માટે ત્રણ રાખવાં. કારણ કે ચાતુર્માસમાં એકાએક કોઇ કાલધર્મ પામે ત્યારે નવાં વસ્ત્રો લઇ શકાય નહિ, જુનાં કે મેલાં વસ્ત્રસહિત મૃતકને કાઢવાથી અન્ય લોકોમાં ધર્મની હલકાઈ થાય, એ રીતે કે આ સાધુધર્મ દુષ્ટ છે કે બીચારાને મરતાં પણ પુરાં વસ્ત્ર ન મળ્યાં, પરલોકમાં તો શું મળશે? નવાં ઉજ્વલ વસ્ત્ર દેખીને ધર્મની પ્રશંસા કરે, ધર્મનો સ્વીકાર કરે. એ વસ્ત્રોને વૃષભ સાધુઓ પાક્ષિક, ચોમાસી કે સંવત્સરિદિને પડિલેહે, દરરોજ પડિલેહવાથી મેલાં થતાં નિરૂપયોગી બને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**–ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા, એ છ ચંદ્રનક્ષત્રોમાં સાધુ કાલધર્મ પામે તો તેના મૃતકની સાથે મુખવસ્ત્રિકા અને ચરવલી સહિત બે પુતળાં (દર્ભનાં) કરીને મૂકવાં, અભિજિત્, શતભિષક્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા એ સાત નક્ષત્રોમાં એકે પુતળું ન મૂકવું અને શેષ પંદર નક્ષત્રોમાં એક એક પુતળું કરીને મૂકવું. (કારણ કે એ વિધિ નહિ કરવાથી સામાચારીનો ભંગ થાય અને તેના પરિણામે જેટલાં પુતળાં કરવાનાં ન કરે તેટલા સાધુઓનું મરણ થાય) (૫). મૃતકને ઉપાડીને લઇ જનારા ચાર ખાંધીઆની 'रक्ख' એટલે રક્ષા કરવી. અર્થાત્ છાણાની ભસ્મ (નાં તિલક કરવાં) તથા કુમારીએ કાંતેલા ત્રણ તારવાળા સૂત્રને 'વામઆવર્તથી' એટલે વામભુજાની નીચેથી આરંભીને જમણા ખભા ઉપર (જનોઇની પેઠે) બાંધીને રક્ષા કરવી. (એમ કરવાથી ખાંધીઆઓને કોઇ વ્યન્તરાદિ ઉપદ્રવ ન કરી શકે). મૃતકને વસતિ(મકાન)માંથી બહાર કાઢતાં તેના પગ આગળ અને મસ્તક પાછળ રાખવું. (કારણ કે ઉઠીને નાસે તો પણ વસતિમાં ન જતાં બહાર જાય). ગ્રામાદિની હદ્દ બહાર ગયા પછી મસ્તક આગળ કરીને પગ પાછળ રાખવા. (૬) દંડધારક (?) ગીતાર્થ વાચનાચાર્ય જેણે પૂર્વે પરઠવવાની ભૂમિ જોઈ હોય તેણે શરાવસમ્પુટમાં કેસરા (અન્ય ગ્રન્થોમાં કુશ નામની વનસ્પતિનાં તૃણ એક હાથ ચાર અંગુલ પ્રમાણ સરખા માપનાં, તે ન મળે તો કેસરા (?) અને તેના અભાવે ચૂર્ણ) સાથે લેવાં (અને પાછળ જોયા વિના આગળ ચાલવું.) અન્ય સાધુઓએ પાત્રમાં અસંસ્પૃષ્ટ (મૃતકને પરંપર પણ સંઘટ્ટ ન થાય તે રીતે) પાણી સાથે લેવું, (તે જો કોઇ ગૃહસ્થ મૃતકને પરઠવતાં જુએ તો પરઠવનારના હાથ પગનો શૌચ કરવા માટે ઉપયોગમાં લેવું. ઉપલક્ષણથી અન્ય લોકોમાં ધર્મની અપભ્રાજના ન થાય તે માટે કરવા યોગ્ય સઘળું કરવું.) ઉપાશ્રયમાં રહેલા સાધુઓએ મૃતકનાં વડીનીતિ–લઘુનીતિનાં તથા શ્લેષ્મનાં પાત્રો (કુંડીઓ વિગેરે) પરઠવવાં, પછી વસતિને પ્રમાર્જવી, પરઠવવા જનારા જે માર્ગે જાય તે માર્ગે પાછા ન ફરે. (કારણ કે પાછળથી મૃતક ઉઠીને ગામમાં આવે તો ઉપદ્રવ કરે, માટે અન્ય રસ્તેથી પાછા ફરવું)[૩૧૮]પરઠવવાની ભૂમિએ પહોંચ્યા પછી વાચનાચાર્ય તે ભૂમિને પ્રમાર્જીને સાથે લાવેલ

૩૧૮–પરઠવવા માટેની ભૂમિમાં પાણી ભરાયું હોય, કે વનસ્પતિ ઉગી હોય, અથવા મૂળ ભૂમિ વિસરી જાય, એથી પાછા ફરવું પડે તો અન્ય માર્ગેથી પાછા ફરવું એમ સમજવાનું છે.

વળી અખંડ ધારાથી કુશ વનસ્પતિના ટુકડાનો સરખો–સમ સંથારો પાથરીને મૃતકને સુવાડે, તેના અભાવે કેસરાથી કે ચૂર્ણથી અને તે પણ ન હોય તો લેપાદિથી ઉપર જણાવ્યા પ્રમાણે અક્ષરો આલેખે એમ સમજવું. જો કે વર્તમાનમાં આ સામાચારીનું પાલન થતું દેખાતું નથી તો પણ તેમાં કોઈ વિશિષ્ટ તત્ત્વ રહેલું છે. ચારિત્રવંત છતાં સાધુ કે સાધ્વીઓ વ્યન્તરાદિના ઉપદ્રવોથી, રાજરોગ જેવા રોગોથી કે બીજી રીતે પીડાય તેમાં કોઇ આવાં કારણોની કલ્પના અસ્થાને નથી. ભલે આજે ન સમજાય, પણ બાહ્ય નિમિત્તોનું અચિન્ત્ય બળ છે એ નિર્વિવાદ છે. મૃતકને પરઠવવાનો સંથારો સરખો ન થાય તે પણ અહિતકર કહ્યો છે, જો ઉપર મસ્તકના ભાગે વિષમ થાય તો આચાર્યનું, મધ્યમાં વિષમ થાય તો વૃષભ સાધુઓનું, અને નીચે વિષમ થાય તો અન્ય સાધુઓનું મરણ અથવા રોગી થાય વિગેરે કહ્યું છે.

મૃતકને પરઠવ્યા પછી યથાજાત ઉપકરણો મુહપત્તિ, રજોહરણ (ચરવલી) અને ચોલપટ્ટો તેની સાથે રાખવાં. જો ન રાખે તો સાધુનું મૃતક છે એમ ન ઓળખાવાથી ગૃહસ્થને મારી નાખ્યો માની લોકો સાધુને ઉપદ્રવ કરે, અથવા રાજા પ્રજા ઉપર ખૂનનો આરોપ મૂકી શિક્ષા કરે, વિગેરે અનિષ્ટો થાય, વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેસરાઓની અખંડ ધારાથી તે ભૂમિ ઉપર અવળો 'त्तों' આળેખે. (સામાચારીમાં અને આવશ્યકાદિ ગ્રન્થોમાં 'कृत्' આલેખવાનું વિધાન છે.) પછી તેના ઉપર મૃતકને સ્થાપીને અમુકનો શિષ્ય-અમુક નામનો સાધુ અતીત થયો (કાળધર્મ પામ્યો), અમુક આચાર્યના, અમુક ઉપાધ્યાયનો નિશ્રાવર્તી અમુક સાધુ કાળધર્મ પામ્યો, (એમ સર્વનાં નામ ઉચ્ચારવાં.) સાધ્વી કાળધર્મ પામે ત્યારે અમુકની શિષ્યા અમુક સાધ્વી કાલધર્મ પામી, અમુક પ્રવર્તિનીનું નામ પણ આચાર્યાદિના

---

મૃતકને લઈ જતાં જો તે મકાનમાં જ ઉભું થઈ જાય તો તે મકાન, ફળીયામાં ઉઠે તો ફળીયું, મહોલ્લામાં ઉઠે તો મહોલ્લો, ગામના મધ્યમાં ઉઠે તો અડધું ગામ, ગામના દરવાજે ઉઠે તો ગામ, ગામ અને ઉદ્યાનની વચ્ચે ઉઠે તો તે દેશનો અમુક ન્હાનો ભાગ-મંડલ, ઉદ્યાનમાં ઉઠે તો દેશનો મંડલથી મોટો અમુક ભાગ, ઉદ્યાન અને સ્થંડિલની વચ્ચે ઉઠે તો ન્હાનો દેશ અને સ્થંડિલમાં ઉઠે તો તે રાજ્ય છોડીને અન્યત્ર વિહાર કરી જવું, તે તે પ્રદેશમાં નહિ રહેવું. ત્યાં રહેવાથી વ્યન્તરાદિ ઉપદ્રવ કરે અથવા અન્ય. સાધુના પ્રાણ લે, વિગેરે અહિત થવાનો સંભવ રહે.

મૃતકને પરઠવ્યા પછી બે ઘડી ગીતાર્થ સાધુઓએ એક બાજુ ઉભા રહેવું. કદાચ ઉઠે અને ત્યાં જ પડે તો ઉપાશ્રય છોડવો, ઉદ્યાન અને સ્થંડિલની વચ્ચે પડે તો ફળીઉં, ઉદ્યાનમાં પડે તો મહોલ્લો, ઉદ્યાન અને ગામ વચ્ચે પડે તો અડધું ગામ, ગામના દરવાજે પડે તો સમ્પૂર્ણ ગામ, ગામની વચ્ચે પડે તો મંડલ, મહોલ્લામાં પડે તો દેશનો અમુક ભાગ, ફળીયામાં પડે તો દેશ, પાછું આવીને મકાનમાં પડે તો સમગ્ર રાજ્ય, બીજીવાર પાછું મકાનમાં આવીને પડે તો બે રાજ્યો, અને ત્રીજી વાર આવીને પડે તો ત્રણ રાજ્યો છોડીને અન્યત્ર ચાલ્યા જવું. અશિવાદિ કારણે વિહાર થાય તેમ ન હોય તો દરેક સાધુને સવિશેષ તપ કરાવવો, નમુક્કારસીવાળાને પોરિસી, પોરિસીવાળાને પુરિમાર્દ્ધ અને સામર્થ્ય હોય તો આયંબિલ કરાવવું. ન કરી શકે તો નીવિ અને તેટલું પણ ન થાય તો એકાસણું પરાવવું. એ પ્રમાણે પુરિમાર્દ્ધવાળાને ઉપવાસ, ઉપવાસવાળાને છટ્ઠ, છટ્ઠવાળાને અટ્ઠમ, વિગેરે બમણો તપ કરાવવો.

જો મૃતક કોઈ સાધુનું નામ ઉચ્ચારે તો જેનું-જેટલાનું નામ બોલે તેટલા સાધુઓને તુર્ત લોચ કરવો અને પાંચ ઉપવાસ કરાવવા, ન કરી શકે તો ચાર, ત્રણ, બે, અથવા એક ઉપવાસ કરાવવો અને તે સાધુને અન્ય ગચ્છમાં મોકલી દેવા.

આ સામાચારી પૂર્વકાળે સાધુઓ મૃતકને પરઠવતા તે કાળની છે, વર્તમાનમાં મૃતકને વોસિરાવીને ગૃહસ્થોને સોંપી દેવાય છે, તો પણ ઉપર્યુક્ત શક્ય પાલન કરવામાં જિનાજ્ઞાનું પાલન થાય અને ઉપર્યુક્ત વિવિધ અનિષ્ટોથી બચી જવાય એ નિઃસંદેહ સત્ય છે. માટે સાધુથી થઈ શકે તે સાધુઓએ કરવું અને ગૃહસ્થોથી શક્ય હોય તે ગૃહસ્થો દ્વારા કરાવવું. વર્તમાનમાં બદલાએલા જીવન વ્યવહારોમાં અશક્ય હોય તેની પણ શ્રદ્ધા જતી કરવી નહિ. પૂર્વર્ષિઓએ જૈનશાસ્ત્રમાં કહેલાં એક એક વાક્યો મહત્ત્વથી ભરપૂર છે, વિશિષ્ટ જ્ઞાનના બળે ભવ્ય આત્માઓનું બાહ્ય-અભ્યન્તર દુઃખ ટાળવાના એક માત્ર નિઃસ્વાર્થ કરૂણા ભાવથી કહેવાએલા શબ્દ-શબ્દ અત્યંત ઉપકારક છે, મનુષ્યના આયુષ્યની ક્ષણ પણ મહામૂલી છે એમ સમજીને તે નિરર્થક ન જાય એ ઉદ્દેશથી બને તેટલું ટુંકું છતાં પૂર્ણ માર્ગ દર્શન કરાવ્યું છે. જેમ શિલ્પશાસ્ત્રથી વિરૂદ્ધ બાંધેલા મકાનમાં રહેનારો ઇષ્ટ સુખ ભોગવી શકતો નથી કે લક્ષણો રહિત-દુષ્ટ લક્ષણવાળા શરીરમાં જીવતો મનુષ્ય દુઃખનો ભોગ બને છે, તેમ જીવનના શિલ્પસ્થાને સામાચારી એટલે શાસ્ત્રના વિધિ-નિષેધો છે, તેનું પાલન કરવાથી જ આલોક-પરલોકનું હિત સાધી શકાય છે, અનાદર કરનાર ગમે તેવો જ્ઞાની હોય તો પણ દુઃખી થાય છે, એ પરમોપકારી પૂર્વાચાર્યોની અનુભવવાણી છે, માટે આત્મકલ્યાણના અર્થી આત્માઓએ શાસ્ત્રોને અનુસરવા યથાશક્ય પ્રયત્ન કરવો જોઇએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ પછી બોલવું. (વર્તમાનમાં ગણ–શાખા–આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિનીના નામોચ્ચારપૂર્વક કાળધર્મ પામનારનું નામ દઈને વોસિરાવાય છે તે આ વિધિનું અનુકરણ છે.) એમ નામોચ્ચારપૂર્વક 'તિવિહં તિવિહેણું આ વોસિરાવ્યું' એમ ત્રણવાર કહીને વોસિરાવે.

પરઠવ્યા પછી પાછા ફરતાં મૃતકને પ્રદક્ષિણા ન થાય તેમ જ્યાં ઉભા હોય ત્યાંથી (સીધા) પાછા ફરવું. (૭) પરઠવ્યા પછી કપડાં ઉતારી લઈને (૮) મહાપારિટ્ઠાવણિઆ વોસિરણત્થં કાયોત્સર્ગ કરવો, તેમાં એક નવકાર મન્ત્રને ચિંતવીને 'તિવિહં તિવિહેણ વોસિરિઅં' એમ પ્રગટ બોલવું, તે પછી વસ્ત્ર ઉલટું પહેરીને યથારત્નાધિકનો ક્રમ તજીને ત્યાંથી ચૈત્યઘરમાં (નંદી પાસે) જાય, ઉલટા હાથમાં ઓઘો ઉલટો પકડીને ગમનાગમનની આલોચના કરે, તે પછી ઇરિયાવહિ પ્રતિક્રમણ કરે, તે પછી ઉલટું ચૈત્યવન્દન કરે અને તેમાં'અજિતશાન્તિ' સ્તવ કહે, તે પછી સીધા ક્રમથી ઇરિ૦ પ્રતિક્રમણ કરી (૯) દેવવન્દન કરે. સ્તવમાં અજિતશાન્તિસ્તવ કહીને (૧૦) આચાર્યની સન્મુખ આવીને વન્દન કરી પરઠવવામાં અવિધિ થઈ હોય તેનો કાઉસ્સગ્ગ કરે, તેમાં એક નમસ્કાર ચિંતવીને ઉપર પ્રગટ નવકાર બોલે. (૧૧) કોઇ મહર્દ્ધિક (આચાર્ય, અનશની, મોટા તપસ્વી, બહુશ્રુત અથવા બહુજનમાન્ય) સાધુ કાલધર્મ પામ્યા હોય તો અસ્વાધ્યાય પાળે અને તે દિવસે ઉપવાસ કરે, સર્વ સાધુના નિમિત્તે અસ્વાધ્યાય કે ઉપવાસ કરવાનો વિધિ નથી. તે પણ ઉપદ્રવ ન હોય તો આ વિધિ કરવાનો છે, અશિવાદિ ઉપદ્રવ પ્રસંગે તો ઉપવાસ, અસ્વાધ્યાય અને અવિધિએ પરઠવવાનો કાયોત્સર્ગ, એટલું નહિ કરવું. એ પ્રમાણે મહાપારિષ્ઠાપનિકાનો વિધિ કહ્યો. હવે સાપેક્ષ યતિધર્મનો ઉપસંહાર કરતાં કહે છે કે—

**मूलम्–" सापेक्षो यतिधर्मोऽयं, परार्थकरणादिना ।**
**तीर्थप्रवृत्तिहेतुत्वाद्, वर्णितः शिवसौख्यदः ॥१५३॥**

**મૂળનો અર્થ**-શિવસુખને આપનારો આ સાપેક્ષયતિધર્મ પરોપકાર વિગેરે કરવાદ્વારા તીર્થની અવિચ્છિન્ન પ્રવૃત્તિનો હેતુ હોવાથી અહીં તેનું વર્ણન કર્યું. અર્થાત્ સાપેક્ષયતિધર્મની આરાધનાથી પરંપરાએ મોક્ષ અને સ્વ–પર કલ્યાણાદિ થાય છે, જૈનશાસનનો પ્રવાહ અખંડ રહે છે.

**ટીકાનો ભાવાર્થ**-આ અહીં સુધી જણાવ્યો તે સાપેક્ષયતિધર્મ એટલે ગચ્છવાસી સાધુઓનો ગુરૂના અન્તેવાસીપણાથી આરંભીને મરણપર્યન્તનો અહીં વર્ણવ્યો તે ધર્મ શિવ એટલે મોક્ષ તેનું સર્વ બાધાઓથી રહિત જે સુખ તેને આપનારો છે, અર્થાત્ એનું ફળ મોક્ષ છે. અહીં મોક્ષરૂપ ઉત્તમ ફળ આપવામાં એ હેતુ છે કે-આ ધર્મ તીર્થની એટલે શ્રીચતુર્વિધ સંઘની અથવા પ્રવચન(આગમ) તેની પ્રવૃત્તિ એટલે અવિચ્છિન્ન પ્રવાહનું (અવિચ્છેદનું) કારણ છે, તીર્થને ચલાવનાર (રક્ષા કરનાર) હોવાથી સાપેક્ષયતિધર્મ મોક્ષરૂપ ફળને આપનારો છે, એમ સમજવું. તીર્થપ્રવૃત્તિમાં એ કારણે હેતુભૂત છે કે–પરાર્થ એટલે બીજાઓને ઉપદેશ દ્વારા સમ્યક્ત્વ વિગેરે ગુણોને પ્રાપ્ત કરાવવારૂપ પરોપકાર અને આદિ શબ્દથી પરોપકાર દ્વારા પોતાના પણ કર્ત્તવ્યની પૂર્ણાહુતિ, એમ સ્વ–પર ઉપકારક હોવાથી તેનાથી તીર્થ પ્રવર્તે છે. એમ પરોપકારાદિ કરવાદ્વારા તીર્થ પ્રવર્તાવનાર હોવાથી મોક્ષરૂપ ફળને આપનાર છે, એમ ભાવાર્થ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(લખેલી પ્રતમાં આની પછી બૃહત્કલ્પોક્ત ૨૭ પ્રકારની સામાચારી પ્રક્ષિપ્ત છે, તે છાપેલી પ્રતમાં પૃ. ૧૭૫/૨ થી છપાએલી છે, છતાં ત્યાં તેનો સંબંધ નહિ હોવાથી અમે પણ લખેલી પ્રત પ્રમાણે અહીં લીધી છે, તે નીચે પ્રમાણે છે.)

[**ઉપા૦** બૃહત્કલ્પભાષ્ય (ઉ-૧-ગાથા ૧૬૨૪ થી ૧૬૩૩)માં તો સ્થવિરકલ્પવાળા સાધુઓની સામાચારીનાં સત્તાવીશ દ્વારો આ પ્રમાણે છે—

૧-શ્રુત, ૨-સંઘયણ, ૩-ઉપસર્ગો, ૪-આતંક. ૫-વેદના, ૬-કેટલા ? ૭-સ્થંડિલ, ૮-વસતિ, ૯-કેટલો કાળ ? ૧૦-વડીનીતિ, ૧૧-લઘુનીતિ, ૧૨-અવકાશ (વધારાની ભૂમિ), ૧૩-તૃણ-પ્રાટ-પાટીયાં, ૧૪-સંરક્ષણ, ૧૫-સંસ્થાપના, ૧૬-પ્રાભૃતિકા, ૧૭-અગ્નિ, ૧૮-દીપક, ૧૯-અવધાન, ૨૦-કેટલા ? ૨૧-ભિક્ષાચરી, ૨૨-પાણી, ૨૩-લેપાલેપ, ૨૪-અલેપ, ૨૫-આયંબિલ, ૨૬-પડિમા અને ૨૭-માસકલ્પ.

આ દ્વારો પૂર્વે યથાસ્થાને વિચારવા છતાં તેમાં જે વિશેષ છે તે અહીં કહીએ છીએ.

૧-**શ્રુત**-ગચ્છવાસીઓને જઘન્યથી અષ્ટપ્રવચનમાતાનું અને ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વસુધીનું હોય.

૨-**સંઘયણ**=મનના આલમ્બન રૂપ ધીરજ, તેમાં ગચ્છવાસી દુર્બળા કે બળવાન્, અર્થાત્ ધૈર્યવાળા અને ધૈર્ય વગરના પણ હોય.

૩-**ઉપસર્ગ** અને ૪-**આતંક**=તેમાં દેવાદિકૃત ઉપસર્ગો પૃ૦ ૪૪૨ માં જણાવ્યા અને આતંક એટલે દુઃસાધ્ય અથવા શીઘ્રઘાતક રોગ, એ બન્નેને સામાન્યતયા સહન કરે અને જ્ઞાનાદિની રક્ષા રૂપ કોઈ વિશેષ લાભાર્થે સહન ન પણ કરે, અર્થાત્ ઔષધાદિકથી પ્રતિકાર પણ કરે.

૫-**વેદના**-પણ સામાન્યતયા સહન કરે અને વિશેષ કારણે સહન ન પણ કરે. તે વેદના બે પ્રકારની છે, એક સ્વીકારેલી અને બીજી ઉપક્રમથી થએલી, તેમાં લોચ વિગેરેની સ્વીકારેલી અને વૃદ્ધાવસ્થાની વિગેરે ઉપક્રમજન્ય કહેવાય.

૬-**કેટલા ?**=જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી બત્રીશ હજાર સાધુઓ એક ગચ્છમાં હોય.

૭-**સ્થંડિલ**=અનાગાઢે પહેલી અનાપાત-અસંલોક વિગેરે નિર્દોષ ભૂમિમાં, આગાઢ કારણે બાકીની આપાતાદિ દૂષણવાળી ભૂમિઓમાં પણ પરઠવે.

૮-**વસતિ**=ઉપાશ્રયમાં મમત્વ ન રાખે અને એક માત્ર પ્રમાર્જન સિવાય લીંપણ વિગેરે ક્રિયા વગરની હોય તેમાં રહે. નવદીક્ષિત-અપરિણત વિગેરે સાધુઓ તો રાગ થવાના કારણે તેના મમત્વવાળા પણ હોય અને નિર્દોષ ન મળે તો લીંપણ આદિ પરિકર્મવાળી પણ વાપરે.

૯-**કયાં સુધી ?**=વસતિનો માલિક પૂછે કે અહીં કયાં સુધી રહેશો ? ત્યારે 'કોઈ વિઘ્ન ન હોય તો એક માસ અને વિઘ્ન આવે તો તેથી ન્યૂન કે અધિક પણ રહેવાનું થાય' એમ કહે.

૧૦-**વડીનીતિ**, ૧૧-**લઘુનીતિ**=શય્યાતરે એ બન્ને જ્યાં પરઠવવાની અનુમતિ આપી હોય ત્યાં જ પરઠવે, બીમારી વિગેરે કારણે તો કુંડી વિગેરેનો ઉપયોગ કરીને બહાર પરઠવે.

૧૨-**અવકાશે**(અગાસામાં)=બહાર ખુલ્લી ભૂમિમાં બેસવું, પાત્ર ધોવાં, વિગેરે પણ શય્યાતરની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમતિ હોય ત્યાં કરે, અને કારણે તો કમઠક (મોટા પાત્ર) વિગેરેમાં પણ ધોવે.

૧૩–**તૃણ–પાટીઉં**=સંથારા માટે તૃણ કે પાટીયું વિગેરે વસ્તુઓ પણ શય્યાતરની અનુમતિ મળે તે વાપરે (બીજી નહિ).

૧૪–**સંરક્ષણ**=જ્યાં રહેલા હોય ત્યાં ગૃહસ્થ કહે કે–પશુઓ વિગેરેથી મારા મકાનની રક્ષા કરજો, અથવા સમીપમાં અમુક મકાનની રક્ષા કરજો, ત્યારે અશિવાદિ કારણે રહેવું પડે તેમ હોય તો કહે કે 'અમે રહીશું તો રક્ષણ કરીશું.'

૧૫–**સંસ્થાપન**=ગૃહસ્થ જણાવે કે વસતિને સંસ્કાર કરવા, સમારવી, સુધારવી, વિગેરે મકાનની મરામત વિગેરે કરજો, ત્યારે એમ કહે કે 'એવા કામમાં અમે કુશળ નથી.'

૧૬–**પ્રાભૃતિકા**=જ્યાં બલિ–નૈવેદ્ય તૈયાર થતું હોય તેવી વસતિ–ઉતારાને પ્રાભૃતિકા કહેવાય. કારણે એવા સ્થાનમાં રહેવું પડયું હોય તો પોતાનાં ઉપકરણોનું સારી રીતે રક્ષણ કરે અને જ્યાં સુધી ગૃહસ્થો બલિ તૈયાર કરે ત્યાં સુધી એક બાજુ રહે.

૧૭–**અગ્નિ**, ૧૮–**દીપક**=જે મકાનમાં અગ્નિ કે દીપક સળગાવેલાં હોય ત્યાં કારણે રહેવું પડે તો આવશ્યક (પ્રતિક્રમણ) બહાર–તેના પ્રકાશથી બચી શકાય ત્યાં કરે.

૧૯–**અવધાન**=જો ગૃહસ્થો બહાર ખેતર વિગેરેમાં જતાં કહે કે 'અમારા ઘરોનો ઉપયોગ (સંભાળ) રાખજો, ત્યારે પણ કારણે રહેવું પડયું હોય તો સ્વયં ઉપયોગ રાખે અથવા ઉપસ્થાપના કર્યા વિનાના સામાયિકચારિત્રવાળા સાધુઓ હોય તો તેમના દ્વારા સંભાળ રખાવે.

૨૦–**કેટલા ?**=ગૃહસ્થે પૂછયું હોય કે કેટલા સાધુઓ મારા મકાનમાં રહેશો ? ત્યારે કારણે ત્યાં રહેવું પડયું હોય અને 'અમુક સંખ્યામાં રહીશું, અધિક નહિ રહીએ' એવો નિર્ણય ગૃહસ્થને જણાવીને રહ્યા હોય તો પછી પ્રાઘૂર્ણકાદિ (અન્ય) સાધુઓ આવે તેઓને રાખવા માટે પુનઃ ગૃહસ્થની અનુમતિ માગે, જો આપે તો ત્યાં, નહિ તો બીજા મકાનમાં ઉતારે.

૨૧–૨૨–**ભિક્ષાચરી અને પાણી**=ગોચરી–પાણી કોઇવાર નિયત દ્રવ્યાદિ ભાંગે અને કોઇવાર અનિયત દ્રવ્યો, અનિયત ક્ષેત્રમાંથી, અનિયતકાળે પણ ગ્રહણ કરે.

૨૩–૨૪=**લેપાલેપ–અલેપ**=કોઇવાર આહાર–પાણી લેપકૃત, કોઇવાર અલેપકૃત વહોરે.

૨૫–**આયંબિલ**=કોઇવાર આયંબિલ કરે, કોઈ વેળા ન પણ કરે.

૨૬–**પડિમા**=' ભદ્રા ' વિગેરે પડિમાઓ વહન કરવી અવિરુદ્ધ છે, અર્થાત્ વહન કરી શકે.

૨૭–**માસકલ્પ**=માસકલ્પ વિગેરે અભિગ્રહો પણ ગચ્છવાસીઓને કરી શકાય.

એ પ્રમાણે ગચ્છવાસી (સ્થવિરકલ્પી) મુનિઓની સામાચારીની પ્રરૂપણા કરેલી છે. વળી—

**ગચ્છવાસી મુનિઓની સ્થિતિ** (પ્રરૂપણા) પણ ત્યાં (બૃહત્કલ્પ–ઉ–૧ લો, ગા૦ ૧૬૩૪થી ૧૬૫૬ સુધીમાં) આ પ્રમાણે ઓગણીસ દ્વારોથી કહેલી છે. તેમાં ૧–ક્ષેત્ર, ૨–કાળ, ૩–ચારિત્ર, ૪–તીર્થ, ૫–પર્યાય, ૬–આગમ, ૭–કલ્પ, ૮–વેદ, ૯–લિઙ્ગ, ૧૦–લેશ્યા, ૧૧–ધ્યાન, ૧૨–ગણના, ૧૩–તેઓના અભિગ્રહો, ૧૪–દીક્ષા અને ૧૫–મુંડનના વિષયમાં તેઓની સ્થિતિ કેવી હોય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬-[૩૧૯]મનથી અપરાધ થતાં 'ચતુર્ગુરૂ અનુદ્ઘાત' પ્રાયશ્ચિત્ત, ૧૭-કારણ, ૧૮-નિષ્પ્રતિકર્મ તથા ૧૯-આહાર-વિહાર ક્યારે કરવો ? એ ઓગણીશ દ્વારો કંઇક જણાવીએ છીએ.

૧-**ક્ષેત્રદ્વારે**=ગચ્છવાસી (સ્થવિર કલ્પી) મુનિઓ જન્મની અને સદ્ભાવની અપેક્ષાએ પંદરે કર્મભૂમિઓમાં હોય અને સંહરણ કરાએલા તો અકર્મભૂમિઓમાં પણ હોય.

૨-**કાળદ્વારે**-જન્મથી અને સદ્ભાવથી, બન્ને પ્રકારે પણ અવસર્પિણીમાં ત્રીજા, ચોથા અને પાંચમા, ત્રણે આરામાં હોય, ઉત્સર્પિણીમાં જન્મથી બીજા, ત્રીજા અને ચોથામાં હોય અને સદ્ભાવથી (ચારિત્રધારી) તો ત્રીજા-ચોથા આરામાં જ હોય, અર્થાત્ બીજા આરામાં જન્મે પણ ચારિત્ર તો ત્રીજા ચોથા આરામાં જ લે. વળી નોઉત્સર્પિણીઅવસર્પિણીમાં (એટલે યુગલિક-ક્ષેત્રોમાં જ્યાં સદાય અવસ્થિત કાળ છે ત્યાં) જન્મથી અને સાધુતાથી બન્ને પ્રકારે દુષ્ષમ-સુષમા જેવો કાળ હોય તે મહાવિદેહમાં અને સંહરણથી તો સુષમાદિ જેવા કાળવાળાં દેવકુરૂ વિગેરે સર્વ ક્ષેત્રોમાં પણ હોય.

૩-**ચારિત્રદ્વારે**=ચારિત્રને પ્રાપ્ત કરતાં ભિન્ન વ્યક્તિની અપેક્ષાએ બે (સામાયિક-છેદોપ-સ્થાપના) ચારિત્રવાળા હોય અને પૂર્વપ્રતિપન્ન પરિહારવિશુદ્ધિક વિગેરે સર્વ ચારિત્રવાળા હોય.

૪-**તીર્થદ્વારે**=સ્થવિરકલ્પી સાધુઓ નિયમા શાસન સ્થપાય ત્યારથી શાસન ચાલે ત્યાં સુધી (તીર્થમાં)જ હોય, તીર્થ સ્થપાયા પહેલાં કે વિચ્છેદ ગયા પછી ન હોય.

૫-**પર્યાયદ્વારે**=પર્યાય બે પ્રકારનો, એક ગૃહસ્થપર્યાય બીજો દીક્ષાપર્યાય. તેમાં ગૃહસ્થ-પર્યાય જઘન્યથી આઠ વર્ષો અને ઉત્કૃષ્ટથી (કોઇ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો છેલ્લે દીક્ષા લે તેને) પૂર્વક્રોડવર્ષનો પણ હોય. ચારિત્રપર્યાય જઘન્યથી (દીક્ષા પછી તુર્ત કાળધર્મ પામે અથવા પતિત થાય, વિગેરે કારણે) અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી દેશે(આઠ વર્ષ)ન્યૂન પૂર્વક્રોડ વર્ષ હોય. (કારણ કે ક્રોડપૂર્વથી અધિક આયુષ્ય હોય તેને ધર્મ પ્રાપ્તિ ન હોય, યુગલિકપણું હોય.)

૬-**આગમદ્વારે**=સ્થવિર કલ્પીઓ નવું શ્રુત ભણે અથવા ન પણ ભણે. (અહીં મૂળ પ્રતમાં 'पूर्वश्रुताध्ययनम्' પાઠ છે તે અશુદ્ધ છે, લખેલી પ્રતમાં 'ऽपूर्वश्रुताध्ययनम्' છે, બૃહત્કલ્પની ટીકામાં 'अपूर्वश्रुतम्' પાઠ છે તે સંગત છે. કારણ કે-જિનકલ્પી નવું શ્રુત ન જ ભણે અને સ્થવિરકલ્પીઓ ભણે અથવા ન ભણે એમ કહેવાનું છે.)

૭-**કલ્પદ્વારે**=સ્થવિરકલ્પી સ્થિત અને અસ્થિત બન્ને કલ્પવાળા હોય છે. (કલ્પસૂત્રમાં કહેલા અચેલકપણું વિગેરે દશ કલ્પોમાં જેનું નિયત પાલન તે સ્થિતકલ્પ અને મધ્યમ તીર્થ-કરોના કાળે જેનું અનિયત પાલન તે અસ્થિતકલ્પ એમ સમજવું.)

૮-**વેદદ્વારે**=સ્થવિરકલ્પીઓને ચારિત્રની પ્રાપ્તિ વેળા વેદનો ઉદય હોય જ, પછી તો કોઇ અવેદી પણ હોય.

---

૩૧૯-બૃહત્કલ્પની ગા૦ ૧૬૫૫ માં સ્થવિરકલ્પી સાધુને માનસિક અતિચારમાં તપપ્રાયશ્ચિત્તનો નિષેધ કરીને માત્ર આલોચના અને પ્રતિક્રમણ બે હોય એમ કહ્યું છે, એથી સમજાય છે કે અહીં કહેલા 'ચતુર્લઘુ અનુદ્ઘાત' જિનકલ્પી વિગેરેને ઉદ્દેશીને હોય. આ ગ્રન્થમાં પણ ચાલુ અધિકારના સોળમા દ્વારના વિવેચનમાં 'સ્થવિરકલ્પીને માનસિક અતિચારમાં તપપ્રાયશ્ચિત્ત ન હોય એમ કહેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯-[૩૨૦]**લેશ્યાદ્વારે**=સ્થવિરકલ્પની પ્રાપ્તિ વેળા પહેલી (છેલ્લી) ત્રણ (પૈકી કોઇ) શુદ્ધ લેશ્યાવાળા હોય અને પછીથી છ પૈકી કોઈ પણ એક લેશ્યાવાળા હોય.

૧૦-**ધ્યાનદ્વારે**=ચારિત્રની પ્રાપ્તિ વેળા ધર્મધ્યાની અને પછી આર્ત્ત વિગેરે ચાર પૈકી કોઇ પણ ધ્યાનવાળા હોય.

૧૧-**લિઙ્ગદ્વારે**=દ્રવ્યલિઙ્ગ (રજોહરણાદિ) હોય અથવા ન હોય, ભાવલિઙ્ગ (ચારિત્રના પરિણામ) તો નિયમા સદૈવ હોય.

૧૨-**ગણનાદ્વારે**=ચારિત્ર ગુણસ્થાનકને પ્રાપ્ત કરતા સંખ્યામાં ઉત્કૃષ્ટથી બે હજારથી નવ હજાર હોય અને કોઈ કાળે એક પણ ન હોય, ચારિત્ર પામેલા જઘન્ય-ઉત્કૃષ્ટ ઉભય પ્રકારે બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ (સહસ્રપૃથક્ત્વક્રોડ) હોય.

૧૩-**અભિગ્રહદ્વારે**=દ્રવ્યાદિ ચારે પ્રકારના અભિગ્રહોવાળા હોય.

૧૪-૧૫-**દીક્ષાદ્વારે-મુંડાપનદ્વારે**=દીક્ષા આપવી, મુંડન કરવું, જ્ઞાન-ક્રિયા શીખવાડવારૂપ બન્ને શિક્ષાઓ આપવી, ઉપસ્થાપના કરવી, સાથે આહાર-પાણી કરવાં અને સાથે રહેવું, એ છ પ્રકારનો સચિત્તદ્રવ્ય (એટલે શિષ્ય કરવારૂપ) જે કલ્પ તેને પાળે. (અહીં લખેલી પ્રતમાં 'कर्माचरन्ति ને બદલે બૃહત્કલ્પમાં कल्पमाचरन्ति' પાઠ છે તે શુદ્ધ સમજાય છે) અથવા એ કલ્પમાં પોતે અસમર્થ હોય તો (મુમુક્ષુને) ઉપદેશ કરીને અન્ય ગચ્છમાં મોકલે.

૧૬-**પ્રાયશ્ચિત્તદ્વારે**=મનથી અપરાધ થાય તો પણ પહેલાં બે (આલોચના-પ્રતિક્રમણ) પ્રાયશ્ચિત્ત કરે, (અર્થાત્ માનસિક દોષમાં બે પ્રાયશ્ચિત્ત હોય, બીજાં ન હોય.)

૧૭-**કારણદ્વારે**=જ્ઞાનાદિ પુષ્ટ આલંબને એટલે સબળ કારણે અપવાદમાર્ગને પણ આચરે.

૧૮-**પ્રતિકર્મદ્વારે**=વિના કારણે શરીરનું પ્રતિકર્મ (શુશ્રૂષાદિ) ન કરે, કારણે તો બીમાર, વાદી, આચાર્ય અને વ્યાખ્યાનકાર, એટલાને પગ ધોવા, મુખ સાફ કરવું, શરીર દાબવું, વિગેરે પ્રતિકર્મ હોય પણ ખરૂં.

૧૯-**ભિક્ષાઅટન અને વિહારદ્વારે**=આ બે કાર્યો ઉત્સર્ગથી ત્રીજા પ્રહરમાં અને અપવાદે બાકીના પ્રહરોમાં પણ કરે.

એ પ્રમાણે સ્થવિરકલ્પીનું સ્વરૂપ બૃહત્કલ્પભાષ્યની ગાથાઓને અનુસારે જણાવ્યું.

(હવે પછીનો છાપેલી પ્રતનો 'तीर्थद्वारे' ઇત્યાદિ પાઠ અમારી પાસેની લખેલી પ્રતોમાં દેખાતો નથી, છતાં તેમાં કરેલી ટીપ્પણીના 'यथालन्दिकस्वरूपे-क्षेत्रे-काले-चारित्रे च जिनवदिति' એ શબ્દોના આધારે તે કોઈ પ્રતમાંથી લીધેલો સંભવે છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.)

યથાલંદિકચારિત્ર-જેનું સ્વરૂપ નિરપેક્ષયતિધર્મમાં કહેવાનું છે, તેનું (શેષ-પ્રક્ષિપ્ત) વર્ણન આ પ્રમાણે અહીં ૧૯ દ્વારોથી જણાવ્યું છે.

---

૩૨૦-છાપેલી પ્રતમાં આટલો પાઠ રહી ગયો છે. "९०लेश्याद्वारे प्रतिपद्यमानका आद्यासु तिसृषु शुद्धासु लेश्यासु धर्मध्यानेन च प्रतिपत्तव्याः, पूर्वप्रतिपन्नास्तु षण्णां लेश्यानामन्यतरस्यां, आर्त्तादीनां च ध्याना-नामन्यतरस्मिन्नपि स्युः १०-" ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧-૨-૩-**ક્ષેત્ર, કાળ અને ચારિત્રદ્વારે**=યથાલન્દિકોને આગળ કહેવાશે તે પ્રમાણે જિન-કલ્પીની તુલ્ય સમજવા.

૪-**તીર્થદ્વારે**=યથાલન્દિકો નિયમા તીર્થની હયાતિમાં જ હોય, જાતિસ્મરણાદિના યોગે પણ તીર્થ સ્થપાયા પહેલાં કે વિચ્છેદ થયા પછી હોય નહિ.

૫-**પર્યાયદ્વારે**=જઘન્યથી ગૃહસ્થપર્યાય ઓગણત્રીશ વર્ષનો અને યતિપર્યાય વીશ વર્ષનો હોય અને ઉત્કૃષ્ટથી ગૃહસ્થ-યતિ બન્ને પર્યાયો દેશોન્યૂનપૂર્વક્રોડ વર્ષોના હોય.

૬-**આગમદ્વારે**=નવું શ્રુત ન ભણે. કારણ કે સ્વીકારેલા ઉચિતયોગના (યથાલંદિકકલ્પના) આરાધનથી જ તે કૃતાર્થ છે. પૂર્વનું ભણેલું તો વિસ્મૃતિથી ક્ષય ન થાય તે નિમિત્તે એકાગ્ર-ચિત્તે સમ્યગ્ સ્મરણ કરે.

૭-**વેદદ્વારે**=પ્રતિપત્તિકાળે પુરૂષવેદ, નપુંસકવેદ બન્ને હોય, પછી ઉપશમશ્રેણીની અપેક્ષાએ વેદોદયવાળો કે કોઇ વેદોદય રહિત પણ હોય. (સાધ્વી યથાલન્દિક ન હોય.)

૮-**કલ્પદ્વારે**=સ્થિતકલ્પ અને અસ્થિતકલ્પમાં પણ હોય.

૯-**લેશ્યાદ્વારે**=પ્રતિપત્તિકાળે ત્રણ શુદ્ધલેશ્યાવાળા અને પછી છએ લેશ્યાઓવાળા પણ હોય.

૧૦-**ધ્યાનદ્વારે**=પ્રતિપ્રત્તિકાળે વિશુદ્ધ થતા (વધતા) ધર્મધ્યાનવાળો હોય, પછી આર્ત્ત-રૌદ્ર ધ્યાનવાળો પણ હોય, તથાપિ પ્રાયઃ એનું દુર્ધ્યાન નિરનુબંધિ (અનુબંધ રહિત) હોય.

૧૧-**લિઙ્ગદ્વારે**=યથાલન્દિકને વસ્ત્ર પાત્રાદિ સાધુવેષ હોય, અથવા જે પાણીપાત્રી હોય તેને ન પણ હોય.

૧૨-**ગણનાદ્વારે**-યથાલન્દિકકલ્પને સ્વીકારનારા જઘન્યથી પાંચ પાંચના ત્રણ ગણો હોવાથી પંદર પુરૂષો હોય અને ઉત્કૃષ્ટથી સહસ્ર પૃથક્ત્વ હોય. તેમાં વિશેષ એ છે કે ગ્લાનત્વાદિ કારણે કોઈ પાછો ગચ્છમાં જાય કે બીજાને લેવામાં આવે તો ઓછા-વધારે થતાં સ્વીકારનારા જઘન્યથી એક કે બે પણ હોય અને ઉત્કૃષ્ટથી એક સો પણ હોય. પૂર્વપ્રતિપન્ન તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને અપેક્ષાએ ક્રોડપૃથક્ત્વ હોય. (આ બે દ્વારો બૃહત્કલ્પના આધારે અહીં લખ્યાં છે)

૧૩-**અભિગ્રહદ્વારે**=યથાલન્દિકકલ્પ અભિગ્રહ સ્વરૂપ હોવાથી તેમાં દ્રવ્યાદિ અન્ય અભિગ્રહો ન હોય.

૧૪-૧૫-**દીક્ષાદ્વાર અને મુંડાપન દ્વારે**=યથાલન્દિક કલ્પવાળો બીજાને દીક્ષા ન આપે અને મુંડે પણ નહિ. હા, દીક્ષાનો ઉપદેશ કરે અને કોઈ દીક્ષા લેવા તૈયાર થાય તો બીજાને સોંપે.

૧૬-**પાયશ્ચિત્તદ્વારે**=મનથી પણ અપરાધ થતાં તેઓને 'અનુદ્ઘાત' એટલે ઓછામાં ઓછું 'ચતુર્ગુરૂ' પ્રાયશ્ચિત્ત હોય.

૧૭-**કારણદ્વારે**-કારણ એટલે જ્ઞાનાદિનું પ્રયોજન, તેમાં યથાલંદિકોનો કલ્પ નિરપવાદ ચારિત્રને પાલન કરવાનો હોવાથી જ્ઞાનાદિ પુષ્ટ આલંબને પણ તેઓ અપવાદ ન સેવે.

૧૮-**પ્રતિકર્મદ્વારે**=આ મહાત્માઓ નેત્રનો મેલ પણ દૂર ન કરે, અર્થાત્ શરીરનું કોઇ પ્રકારનું પ્રતિકર્મ સર્વથા ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯-**ભિક્ષાઅટન-વિહારદ્વારે**=ભિક્ષાભ્રમણ અને વિહાર ત્રીજા પ્રહરમાં જ કરે, શેષ પ્રહરોમાં પ્રાયઃ કાયોત્સર્ગ અને અલ્પમાત્ર નિદ્રા હોય. જંઘાબળ ક્ષીણ થવા છતાં અપવાદ ન સેવે, કિન્તુ વિહારના અભાવે પણ જ્યાં રહે ત્યાં કલ્પના અનુસારે પોતાના (જ્ઞાનાદિ) યોગોની સાધના કરે]

(છાપેલી પ્રતમાં આની પછી '**व्याख्या**' વિગેરે જે પાઠ છે તે પ્રતના પૃ. ૧૭૫ ની પહેલી પુંઠીની ૬-૭ પંક્તિની '**उव्वत्त**' ઇત્યાદિ ગાથાઓ સાથે સંબંધ રાખતો હોવાથી અમે તેનો અર્થ મૂળશ્લોક ૧૫૧ ની ટીકાના ભાવાર્થમાં પૃ. ૫૦૦ માં લીધો છે)

ઇતિ પરમગુરૂ ભટ્ટારક **શ્રીવિજયાનન્દસૂરિ** શિષ્ય મુખ્ય **પણ્ડિત શ્રીશાન્તિવિજયગણિ**-
ચરણસેવિ **મહોપાધ્યાય શ્રીમાનવિજયગણિ** વિરચિત શ્રી સ્વોપજ્ઞ ધર્મસંગ્રહની
ટીકામાં 'સાપેક્ષયતિધર્મનું વર્ણન' એ નામવાળા ત્રીજા અધિકારનો
(બીજા ભાગના પહેલા અધિકારનો) ગુજરાતી
અનુવાદ પૂર્ણ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ अर्हं ॥

॥ नमः श्रीजिनप्रवचनाय ॥

# ધર્મસંગ્રહ ભાગ ૨ જો, વિભાગ ૪ થો.

હવે નિરપેક્ષયતિધર્મનું વર્ણન કરતાં પ્રથમ તેની યોગ્યતા જણાવે છે.

**मूलम्**–" प्रमादपरिहाराय, महासामर्थ्यसंभवे ।
कृतार्थानां निरपेक्ष–यतिधर्मोऽतिसुन्दरः ॥१५४॥"

**મૂળનો અર્થ**–ગચ્છવાસના(સાપેક્ષયતિધર્મના) પૂર્ણ પાલનથી કૃતાર્થ થએલા અતિ–સામર્થ્યવાળા સાધુઓને પ્રમાદનો પરિહાર કરવા માટે નિરપેક્ષયતિધર્મ (સ્વીકારવો) અતિ સુંદર છે.

**ટીકાનો ભાવાર્થ**–**महासामर्थ्यसंभवे**=પ્રથમનાં ત્રણ સંઘયણો (પૈકી કોઈ એક) હોવાથી વજ્રની ભીંત સમાન ધૈર્યને યોગે કાયાનું બળ અને (કાયા મજબૂત હોવાથી) મનનું બળ, અર્થાત્ કાયાની અને મનની શક્તિ હોવાથી **प्रमादपरिहाराय**=પૂર્વે જેનું વર્ણન કર્યું તે આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરવા માટે જે મુનિઓ '**कृतार्थानाम्**'=શિષ્યોને આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને ગણાવચ્છેદક, એ પાંચ પદોને યોગ્ય બનાવીને પોતાનું સંઘને અંગેનું કર્ત્તવ્ય પૂર્ણ કરી ચૂક્યા હોય, તેઓને '**निरपेक्षः**'=સહાયની અપેક્ષા ન હોવાથી ગચ્છથી મુક્ત થવા રૂપ '**यतिधर्मः**'=સાધુધર્મ '**अतिसुन्दरः**'=વિશેષ નિર્જરા (કલ્યાણ) કારક છે. અર્થાત્ કૃતકૃત્ય થએલા આચાર્ય વિગેરેને પ્રમાદના (મોહના) વિજય માટે નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવો અતિ શ્રેષ્ઠ છે.

અહીં એમ સમજવાનું છે કે નિરપેક્ષસાધુઓ ત્રણ પ્રકારના હોય છે–૧–જિનકલ્પિક, ૨–શુદ્ધપારિહારિક (પરિહારવિશુદ્ધિવાળા) અને ૩–યથાલન્દિક. તેમાં જિનેશ્વરોના જેવો કલ્પ (આચાર) તે 'જિનકલ્પ' એટલે ઉગ્રવિહાર (આરાધના), તેને જે આચરે તે સાધુ **જિનકલ્પિક** કહેવાય. બીજા 'પરિહાર' એટલે વિશિષ્ટ જાતિનો તપ, તેને આચરે તે સાધુ પારિહારિક અને તેને 'શુદ્ધ' વિશેષણ લગાડતાં **શુદ્ધપારિહારિક** કહેવાય, ત્રીજા 'યથાલન્દ' એટલે એ(યથાલન્દ) કલ્પને અનુરૂપ અમુક કાળ, તેટલો કાળ કલ્પ પ્રમાણે આચરણ કરે તે સાધુ 'યથાલન્દિક' જાણવા. જો કે આ ઉપરાંત બારપ્રતિમાઓનું પાલન કરવું તે પણ નિરપેક્ષયતિધર્મ છે જ, પણ તેને પહેલાં જણાવેલો હોવાથી અહીં કહીશું નહિ. અહીં તો ઉપર કહ્યા તે ત્રણ પ્રકારોનું જ સ્વરૂપ કહીશું. આ નિરપેક્ષ યતિધર્મના અધિકારીઓ પ્રાયઃ આચાર્ય વિગેરે પાંચ (પદસ્થ) પુરૂષો જ છે. (સાધ્વીઓને આ ધર્મ સ્વીકારવાનો અધિકાર નથી.) કહ્યું છે કે–

" गणिउज्झायपवित्ती, थेरगणच्छेइआ इमे पंच ।
पायमहिगारिणो इह, तेसिमिमा होइ तुलणा उ ॥" पञ्चवस्तु–१३७८ ॥

**ભાવાર્થ**–ગણી=ગચ્છાધિપતિ–આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને ગણાવચ્છેદક, એ પાંચ પુરૂષો પ્રાયઃ આ નિરપેક્ષ યતિધર્મમાં અધિકારી છે, તેઓને આ (કહીશું તે) તુલના (યોગ્યતા માટે પ્રયત્ન કરવાનો) હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ધર્મને સ્વીકારવાની ઇચ્છાવાળાએ પ્રથમ તો પૂર્વરાત્રે અને પાછલીરાત્રે એમ વિચારવું કે 'ગચ્છવાસમાં રહીને દીર્ઘ પર્યાય સુધી ચારિત્રનું પાલન કર્યું, યોગ્ય જીવોને વાચના પણ આપી અને અનેક શિષ્યોને (આચાર્યાદિપદને) લાયક બનાવ્યા, તો હવે પછી મારે શું કરવું યોગ્ય છે?' ઇત્યાદિ વિચારીને જ્ઞાન હોય તો પોતાનું આયુષ્ય કેટલું બાકી છે? તે સ્વયં વિચારે અને એવું વિશિષ્ટ જ્ઞાન ન હોય તો બીજા અતિશાયી જ્ઞાનીને પૂછે. જો એમ જણાય કે આયુષ્ય અલ્પમાત્ર બાકી છે તો પૂર્વે જણાવ્યાં તે પૈકીનું (સ્વશક્તિ પ્રમાણે) કોઇ એક અનશન સ્વીકારે, આયુષ્ય લાંબુ બાકી છતાં જંઘાબળ ક્ષીણ થયું હોય તો સ્થિરવાસ સ્વીકારે અને શક્તિ પુષ્ટ (સારી) હોય તો જિનકલ્પ વિગેરે કોઇ અભ્યુદ્યત વિહારનો (નિરપેક્ષ ધર્મનો) સ્વીકાર કરે. તેમાં કોઇ કલ્પ સ્વીકારતાં પહેલાં તે આચાર્ય વિગેરેએ પ્રથમ પોતે જે કલ્પ ઇચ્છે તે વિષયમાં આ પ્રમાણે તુલના (સ્વસામર્થ્યની ખાત્રી) કરવી જોઈએ.

તે ઉપરાંત આચાર્ય જિનકલ્પાદિને સ્વીકારવા ઇચ્છે તો તેણે પ્રથમ સ્વગચ્છને અમુક કાળ માટે બીજા યોગ્ય પાલક(આચાર્ય)ની નિશ્રામાં સોંપવો જોઇએ, ઉપાધ્યાયાદિ નિરપેક્ષધર્મ સ્વીકારવા ઇચ્છે તો 'સાધુઓને વાચના આપવી' વિગેરે પોતાનું તે તે કાર્ય તેવા અન્ય યોગ્ય સાધુને સોંપે અને એ રીતે તે નૂતન આચાર્ય-ઉપાધ્યાય વિગેરે તે તે કાર્યો કરવામાં કેટલા યોગ્ય છે? તે તે અધિકારને લાયક છે કે નહિ? તેની પરીક્ષા કરે. કારણ કે યોગ્યતાવાળાને પણ આ અધિકાર(પદ)નો નિર્વાહ કરવો (નિરભિમાની રહેવું) દુષ્કર છે, કહ્યું છે કે—

"गणणिक्खेवित्तरिओ, गणिस्स जो वा ठिओ जहिं ठाणे ।
जो तं अप्पसमस्स उ, णिक्खिवई इत्तरं चेव ॥" पञ्चवस्तु० १३७९ ॥

**ભાવાર્થ**-આચાર્ય અમુક કાળ માટે પોતાનો ગણ અન્યને સોંપે, અથવા જે જે ઉપાધ્યાય વિગેરે જે જે પદે હોય તે તે સ્થાને પોતાના તુલ્ય બીજાને અમુક કાળ માટે સ્થાપે. કારણ કે—

"पिच्छामु ताव एए, केरिसया होंतिमस्स ठाणस्स ? ।
जोग्गाणवि पाएणं, णिव्वहणं दुक्करं होइ ॥" पञ्चवस्तु० १३८० ॥

**ભાવાર્થ**-ત્યાં સુધી જોઇએ કે તેઓ આ અધિકારને માટે કેવા યોગ્ય છે? કારણ કે યોગ્યતાવાળાને પણ પ્રાયઃ આ સ્થાનનો (અધિકારનો) નિર્વાહ કરવો (પચાવવું) દુષ્કર છે.

તે પછી નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવાની ઇચ્છાવાળો પોતે પાંચ તુલનાઓ વડે આત્માને તોળે, અર્થાત્ પોતાની શક્તિને કેળવે. (યોગ્યતાને માપે). કહ્યું છે કે—

"तवेण सत्तेण सुत्तेण, एगत्तेण बलेण य ।
तुलणा पंचहा वुत्ता, जिणकप्पं पडिवज्जओ ॥" प्रवचनसारोद्धार-४९९ ॥

**ભાવાર્થ**-તપ, માનસિક ધૈર્ય, શ્રુત, એકત્વ અને કાયિક તથા માનસિક બળ; એ પાંચ પ્રકારની તુલનાઓ જિનકલ્પનો સ્વીકાર કરનારને કરવાની કહી છે. તેમાં

**૧-તપથી** આત્માને તેવો યોગ્ય બનાવે કે કોઈ દેવ વિગેરે 'ઉપસર્ગ કરવા માટે શુદ્ધ આહાર ન મળે' તેવો પ્રસંગ ઉભો કરે તો છ મહિના સુધી ક્ષુધાને સહન કરી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨-સત્ત્વથી** ભય અને નિદ્રાનો વિજય કરે, આ સત્ત્વતુલના પાંચ પ્રકારે થાય છે, પહેલી–જ્યારે રાત્રે સર્વસાધુઓ નિદ્રાધીન થાય ત્યારે ઉપાશ્રયમાં જ કાયોત્સર્ગ કરવાથી અને શેષ ચાર ઉપાશ્રયની બહાર વિગેરે અન્ય પ્રદેશમાં કાયોત્સર્ગ કરવાથી થાય. કહ્યું છે કે—

"पढमा उवस्सयंमी, बीआ बाहिं ति(तइ)या चउक्कंमी ।
सुन्नघरंमि चउत्थी, अ(त)ह पंचमिआ मसाणंमि ॥" पञ्चवस्तु० १३९५॥

**ભાવાર્થ**–સત્ત્વની પહેલી તુલના ઉપાશ્રયમાં, બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી ચોકમાં (ચૌટામાં), ચોથી શૂન્યઘરમાં (નિર્જન ખંડિએરમાં) અને પાંચમી સ્મશાનમાં. (અર્થાત્ ઉત્તરોત્તર ધૈર્યને કેળવતાં છેલ્લી રાત્રિએ સ્મશાનમાં પણ ભય ન લાગે તેવી નિર્ભયતા કેળવે.)

**૩-સૂત્રભાવનાથી** સૂત્રને પોતાના નામની માફક એવું અતિપરિચિત કરે કે દિવસે અથવા રાત્રે શરીરછાયા વિગેરે સમયને જાણવાનાં અન્ય સાધનોનો અભાવ હોય ત્યારે પણ સૂત્ર પરાવર્તન કરીને તેને અનુસારે એક ઉચ્છ્વાસ, કે પ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત, વિગેરે તે તે સમયને સારી રીતે જાણી શકે. અર્થાત્ સૂત્ર ભણતાં જે સમય લાગે તેને અનુસારે કાળનું માપ કાઢી શકાય તેવી રીતે સૂત્રને અતિપરિચિત (દૃઢ) કરે.

**૪-એકત્વભાવનાથી** એકાન્તમાં રહી શકાય તેવો પ્રયત્ન કરે. તેમાં પ્રથમ ગુર્વાદિનાં દર્શન અને તેઓ સાથે બોલવાનું પણ બંધ કરે, એમ કરતાં બાહ્ય (બાદર) વસ્તુનું મમત્વ મૂળમાંથી જ તૂટી જાય ત્યારે શરીર, ઉપધિ, વગેરેનું મમત્વ પણ દૂર કરવા આત્માને શરીરાદિથી ભિન્ન સમજતો ઉત્તરોત્તર શરીરનો, ઉપધિનો પણ રાગ તોડી નાખે.

**૫-બળભાવનાથી** શરીર અને મન બન્નેનું બળ કેળવે. તેમાં શરીરબળ શેષ મનુષ્યો કરતાં અતિશાયી સમજવું, એવા બળના અભાવે પણ ધૈર્યબળથી (મનથી) આત્માને તેવો દૃઢ બનાવે કે આકરા પણ પરીષહો અને ઉપસર્ગો તેને બાધા ન કરી શકે.

આ પાંચ ભાવનાથી ભાવિત થએલો–જિનકલ્પીના જેવો બનેલો પોતે ગચ્છમાં રહીને જ ઉપધિ અને આહાર બન્નેની પરિકર્મણા કરે (યોગ્યતા કેળવે). ઉપધિના પરિકર્મમાં જો પોતાને પાણિપાત્રી (હાથમાં ભોજન–પાણી વિગેરે લેવા છતાં એક બિન્દુ પણ નીચે ન પડે, કિન્તુ ઉપર શિખા વધતી જાય તેવી) લબ્ધિ હોય તો તેને અનુરૂપ પરિકર્મ કરે (સંસ્કાર ઘડે) અને તેવી લબ્ધિ ન હોય તો પાત્રધારી તરીકેનું પરિકર્મ કરવા યથાયોગ્ય ઉદ્યમ કરે. આહાર પરિકર્મમાં તો ત્રીજા પ્રહરનો પ્રારંભ થયા પછી વાલ, ચણા, વિગેરે પ્રમાણોપેત, ગૃહસ્થને વધી પડેલું અને સુકું (નિર્લેપ)ભોજન પણ પૂર્વે કહી તે અસંસૃષ્ટ, સંસૃષ્ટ, ઉદ્ધૃત, વિગેરે સાત પિંડેષણાઓ પૈકી છેલ્લી ઉદ્ધૃત વિગેરે (ઉદ્ધૃત, અલ્પલેપિકા, ઉદ્ગૃહિત, પ્રગૃહિત અને ઉજ્ઝિતધર્મા, પાંચમાંથી ગમે તે બેનો અભિગ્રહ કરીને તે બેથી આહાર–પાણી ગ્રહણ કરે, તેમાં પણ એક એષણાથી ભોજન અને બીજીથી પાણી ગ્રહણ કરે.

એ પ્રમાણે વિધિપૂર્વક આત્માને સંસ્કારી બનાવીને, સકળસંઘને ભેગો કરીને, સકળ સાધુઓને ખમાવીને અને પોતાના સ્થાને સ્થાપેલા આચાર્યને હિતશિક્ષા આપીને તે કાળે હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો શ્રીતીર્થંકરની સમીપે, તેઓના અભાવે શ્રીગણધરની સમીપે, તેઓના અભાવે ચૌદપૂર્વધરની સમીપે, તેઓના અભાવે દશપૂર્વધરની સમીપે અને તે પણ ન હોય તો વડ, અશોક, વિગેરે ઉત્તમ વૃક્ષની નીચે સ્વયં, મોટા આડંબરથી (ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં) જિનકલ્પનો સ્વીકાર કરે. આ જિનકલ્પીને (પૂર્વે કહી તે દશવિધ ચક્રવાલ) સામાચારી પૈકી ૧-આવશ્યિકી, ૨-નૈષેધિકી, ૩-મિથ્યાકાર, ૪-ગૃહસ્થને પૂછવારૂપ પૃચ્છા અને ૫-(ગૃહસ્થની) ઉપસમ્પદા, એ પાંચ હોય, અન્ય આચાર્યો કહે છે કે આવશ્યિકી, નૈષેધિકી અને ગૃહસ્થની ઉપસમ્પદા, એ ત્રણ જ હોય, કારણ કે આરામ-ઉદ્યાન વિગેરેમાં રહેનારા જિનકલ્પીને સામાન્યતયા ગૃહસ્થની અનુમતિ લેવી વિગેરે પણ અસંભવિત છે.

અહીં પૂર્વે (સ્થવિરકલ્પનાં કહ્યાં તે જ શ્રુત વિગેરે ૨૭ દ્વારોથી જિનકલ્પના આચારની મર્યાદા-સ્વરૂપ અલ્પમાત્ર) કહીએ છીએ.

**૧-શ્રુત**-શ્રુતસંપત્તિ જિનકલ્પીને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધી હોય, કારણ કે ઓછામાં ઓછા તેટલા જ્ઞાનવાળાને ભવિષ્યનું જ્ઞાન થાય, (ભવિષ્યના જ્ઞાન વિના જિનકલ્પ સ્વીકારી શકાય નહિ). ઉત્કૃષ્ટથી તો અપૂર્ણ દશપૂર્વ૩૨૧હોય. કારણ કે સમ્પૂર્ણ દશપૂર્વી સફળ દેશનાની લબ્ધિવાળા હોવાથી શાસનપ્રભાવના અને ભવ્યજીવોને ઉપકાર કરવો, વિગેરે દ્વારા સ્થવિરકલ્પથીજ ઘણી નિર્જરા કરી શકે, તેથી તે જિનકલ્પને સ્વીકારતા નથી.

૨-**સંઘયણ**-સંઘયણ પહેલું જ હોય, એથી જિનકલ્પીનું ધૈર્ય વજ્રની ભીંત જેવું દૃઢ હોય.

૩-**ઉપસર્ગો**-દેવ વિગેરેથી ઉપસર્ગો થાય અથવા ન પણ થાય, થાય તો માનસિક પીડા (દુર્ધ્યાન) વિના સમાધિથી સહન કરે.

૪-**આતંક**-આતંક આવે અથવા ન પણ આવે, આવે તો જિનકલ્પીને શરીરની પ્રતિકર્મણાનો (રક્ષાનો) નિષેધ હોવાથી સહન કરે, પણ ચિકિત્સા ન કરાવે.

૫-**વેદના**-લોચ વિગેરેની સ્વકૃત અને વૃદ્ધાવસ્થા વિગેરેની ઉપક્રમરૂપ, એ બન્ને વેદનાઓ હોય, છતાં શુભભાવથી સહન કરે.

૬-**કેટલા ?**-વસતિ વગેરેમાં રહે ત્યાં (બીજા હોય તો પણ) બીજાની સહાયની અપેક્ષા રાખવાની નહિ હોવાથી ભાવથી એકલા જ હોય અને એક સ્થાને ઉત્કૃષ્ટથી સાતનો સંભવ હોવાથી દ્રવ્યથી તો અનેક પણ હોય.

૭-**સ્થંડિલ** (પરઠવવાની ભૂમિ)-વડીનીતિ, લઘુનીતિ અને જીર્ણવસ્ત્રોને જિનકલ્પી અનાપાત-અસંલોક વિગેરે (પૂર્વે જણાવ્યા તે) દશ ગુણોવાળી ભૂમિમાં જ પરઠવે, દોષિતમાં નહિ.

૮-**વસતિ** (ક્ષેત્રનું મમત્વ)-માસકલ્પ કે ચાતુર્માસકલ્પ માટે જ્યાં રહે તે ક્ષેત્રના છ ભાગ કલ્પે અને એક દિવસે જે ભાગમાં ભિક્ષા માટે ફરે ત્યાં પુનઃ સાતમા દિવસે ફરે. (અર્થાત્ છ ભાગમાં એક એક દિવસ ફરે, સ્થાન કે ગામનું મમત્વ ન કરે, પ્રમાર્જના તો કરે.)

૩૨૧-આ પાઠ છાપેલી પ્રતમાં રહી ગયો છે, લખેલીમાં છે. “ **सम्पूर्णदशपूर्वधरः पुनरमोघवचनतया प्रवचनप्रभावना-परोपकारादिद्वारेण च बहुतरं निर्जरालाभमासादयतीत्यसौ न जिनकल्पं प्रतिपद्यते** ”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯–ક્યાં સુધી રહેશો ?, ૧૦–૧૧ વડીનીતિ, લઘુનીતિ અમુક સ્થળે પરઠવવી, અમુક ભૂમિમાં નહિ, ૧૨–અવકાશ ('અહીં બેસવું, અહીં નહિ' વિગેરે), ૧૩–તૃણ, પાટીયું, વિગેરે વાપરજો અથવા ન વાપરશો, ૧૪–મકાનની રક્ષા, ૧૫–વસતિને સંસ્કારવી–સાફસુફ કે મરામત કરવી, ૧૬–બલિ તૈયાર થતો હોય તે વસતિમાં ન રહેવું, ૧૭–૧૮–અગ્નિ કે દીપક સળગતો હોય તેવી વસતિમાં ન રહેવું, ૧૯–ગૃહસ્થની વસ્તુની રક્ષા કરવી અને ૨૦–કેટલા રહેશો ? એ દ્વારોમાં જો ગૃહસ્થ પૂછે, તેની પરાધીનતા હોય, તો તેવા સ્થાને જિનકલ્પી રહે નહિ, કારણ કે સૂક્ષ્મ પણ અપ્રીતિ થાય ત્યાં જિનકલ્પી મહાત્મા ન રહે. માટે એટલાં દ્વારો જિનકલ્પીને નિષેધરૂપ સમજવાં.

૨૧–૨૨–**ભિક્ષાચરી અને વિહાર**–આહાર (નિહાર) અને વિહાર બન્ને ત્રીજા પ્રહરમાં જ કરે, કાળનું જ્ઞાન હોવાથી ચોથો પ્રહર શરૂ થતાં જ નિયમા હોય ત્યાં અટકી જાય.

૨૩–૨૪–**લેપાલેપ અને અલેપ**–પૂર્વે કહી તે સાત પૈકી બે એષણાના અભિગ્રહપૂર્વક આહાર–પાણી અલેપકૃત મળે તો જ લે, લેપકૃત આહારાદિ ન લે.

૨૫–**આચામ્લ**–આચામામ્લ (વિગઇવાળાં) અશનાદિ ન લે અને અનાચામામ્લ (આયંબિલનાં) પણ લેપકૃત ન ગ્રહણ કરે. (અર્થાત્ તુચ્છ–ઉજ્ઝિતધર્મી મળે તે ગ્રહણ કરે.)

૨૬–**પડિમા**–કોઈ જાતની ન સ્વીકારે, કારણ કે જિનકલ્પ અભિગ્રહરૂપ છે, તેનું પાલન કરવાથી જ કૃતકૃત્ય થાય.

૨૭–**માસકલ્પ**–એક ક્ષેત્રના છ ભાગ કલ્પીને પ્રતિદિન એક એક ભાગમાં ફરે, કોઈ ક્ષેત્રાદિમાં એક દિવસ પણ મમત્વ ન કરે, માટે છેલ્લાં ત્રણદ્વારો પણ નિષેધ રૂપ સમજવાં.

વિશેષ શું કહેવું ? સિંહ, વાઘ, વિગેરે હિંસક જીવો સામા આવે તો પણ માર્ગ છોડીને ઉજ્જડ માર્ગે ચાલી ઈર્યાસમિતિનો ભંગ ન કરે, ઈત્યાદિ જિનકલ્પિકની સામાચારી (બૃહત્કલ્પભાષ્ય ઉ૦ ૧લો, ગા–૧૩૮૨ થી ૧૪૧૨ સુધીમાં) જણાવેલી છે.

હવે જિનકલ્પની સ્થિતિ (સ્વરૂપ) જણાવવા માટે કેટલાંક દ્વારો કહીએ છીએ–તે ૧–ક્ષેત્ર, ૨–કાળ, ૩–ચારિત્ર, ૪–તીર્થ, ૫–પર્યાય, ૬–આગમ, ૭–વેદ, ૮–કલ્પ, ૯–લિઙ્ગ, ૧૦–લેશ્યા, ૧૧–ધ્યાન, ૧૨–ગણના, ૧૩–અભિગ્રહ, ૧૪–પ્રવ્રાજના, ૧૫–મુંડાપન, ૧૬–નિષ્પ્રતિકર્મતા, ૧૭–ભિક્ષા અને ૧૮–પંથ, એ અઢાર (તથા ૧૯–કારણ અને ૨૦–પ્રાયશ્ચિત્ત એ બે મળી કુલ વીસ) દ્વારો છે. તેમાં ૧–તીર્થ, ૨–પર્યાય, ૩–આગમ, ૪–વેદ, ૫–ધ્યાન, ૬–અભિગ્રહ, ૭–પ્રવ્રજ્યા આપવી, ૮–મુંડન કરવું, ૯–નિષ્પ્રતિકર્મતા, ૧૦–ભિક્ષા અને ૧૧–પંથ, એ અગીઆર દ્વારો આગળ કહીશું તે પરિહારવિશુદ્ધિકનાં દ્વારો પ્રમાણે અને બાકીનાં નીચે પ્રમાણે છે.

૧–**ક્ષેત્રદ્વારે**=જન્મથી અને સદ્‌ભાવથી (જિનકલ્પપ્રતિપન્ન) પંદરે કર્મભૂમિઓમાં હોય, સંહરણથી તો કર્મભૂમિ–અકર્મભૂમિમાં પણ હોય. (અહીં છાપેલી પ્રતમાં [न] છે તે વધારાનો છે, કારણ બૃહત્કલ્પ ગા૦ ૧૪૧૫ માં સંહરણથી કર્મભૂમિ અકર્મભૂમિમાં હોય એમ કહ્યું છે.)

૨–**કાલદ્વારે**–જિનકલ્પીનો જન્મ અવસર્પિણીના ત્રીજા–ચોથા આરામાં જ હોય, વ્રતધારી (જિનકલ્પ પામેલા) તો (ત્રીજા, ચોથા અને) પાંચમા આરામાં પણ હોય. (અર્થાત્ પાંચમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરામાં જન્મેલો જિનકલ્પને સ્વીકારી ન શકે.) ઉત્સર્પિણીમાં તો જિનકલ્પને પામેલા ત્રીજા, ચોથા આરામાં જ હોય અને જન્મથી (ત્રીજા–ચોથા તથા) બીજા આરામાં પણ હોય. (અર્થાત્ બીજા આરામાં જન્મેલો પણ વ્રત ત્રીજામાં લઈ શકે.) અવસ્થિતકાળે તો અવસર્પિણી–ઉત્સર્પિણીના દુઃષમાસુષમા કાળમાં (તે આરાઓમાં) જન્મેલા અને વ્રતધારી પણ હોય, કારણ કે મહા–વિદેહ ક્ષેત્રમાં તેઓ સદૈવ હોય છે. સંહરણથી તો સર્વ આરાઓના કાળમાં પણ હોય. (કારણ કે દેવકુરૂ આદિ દરેક ક્ષેત્રમાં સંહરણથી હોવાનો સંભવ છે.)

૩–**ચારિત્રદ્વારે**–આ કલ્પને અંગીકાર કરનારા પહેલા અને બીજા એ ચારિત્રવાળા જ હોય, તેમાં મહાવિદેહમાં અને ભરત તથા ઐરવતમાં બાવીશ તીર્થંકરોના શાસનમાં સામાયિક–ચારિત્રવાળા અને પ્રહેલા–છેલ્લા તીર્થંકરના કાળમાં છેદોપસ્થાપનીય ચારિત્રવાળા હોય. કલ્પને સ્વીકાર્યા પછી તો ચોથા સૂક્ષ્મસંપરાય અને પાંચમા યથાખ્યાત ચારિત્રવાળા પણ હોય, કિન્તુ તે ઉપશમશ્રેણીવાળા હોય, ક્ષપક શ્રેણીવાળા નહિ. કારણ કે–'**तज्जम्मे केवलपडिसेहभावाओ**' અર્થાત્ 'જિનકલ્પ સ્વીકારનારને તે જન્મમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિનો નિષેધ છે' એમ કહેલું છે. (ક્ષપકશ્રેણીવાળો તો અવશ્ય કેવલી થાય જ, માટે એ શ્રેણી જિનકલ્પીને ન હોય.)

૪–**કલ્પદ્વારે**–સ્થિતકલ્પમાં જ હોય, (અસ્થિત કલ્પ જિનકલ્પીને ન હોય.)

૫–**લિંગદ્વારે**–જિનકલ્પનો સ્વીકાર કરતાં અવશ્ય દ્રવ્ય અને ભાવ બન્ને લિઙ્ગો હોય, સ્વીકાર્યા પછી ભાવલિઙ્ગ અવશ્ય હોય, દ્રવ્યલિઙ્ગ (રજોહરણાદિ) ઉપકરણો કોઈ હરણ કરી જાય અથવા જીર્ણ થઈ જાય, વિગેરે કારણે ન પણ હોય, માટે તેની ભજના સમજવી.

૬–**ગણનાદ્વારે**=સ્વીકાર કરનારા (પ્રતિપદ્યમાન) જઘન્યથી એક અથવા બેથી માંડીને ઉત્કૃષ્ટ શતપૃથક્ત્વ(બસોથી નવસો) હોય અને સ્વીકારકરેલા (પૂર્વપ્રતિપન્ન) જઘન્ય–ઉત્કૃષ્ટ બંને પ્રકારે સહસ્રપૃથક્ત્વ હોય જ.

૭–**પંથ (વિહાર) દ્વારે**=૭૨૨ગોચરી ભ્રમણ અને વિહાર અવશ્ય ત્રીજા પ્રહરમાં જ કરે, બાકીના પ્રહરોમાં પ્રાયઃ કાયોત્સર્ગમાં રહે.

એમ ૧૮ દ્વારો વર્ણવ્યાં, ૧૯મું **કારણદ્વાર** અહીં લીધું નથી, તેમાં કારણ એટલે પુષ્ટ નિમિત્ત, જિનકલ્પી ગમે તેવા પુષ્ટ આલંબને પણ અપવાદને ન સેવે અને ૨૦મા **પ્રાયશ્ચિત્ત દ્વારે** મનના સૂક્ષ્મ પણ અતિચારનું જિનકલ્પીને જઘન્ય પણ 'ચતુર્ગુરૂ' પ્રાયશ્ચિત્ત હોય.

ઈત્યાદિ જિનકલ્પીનું સ્વરૂપ કહ્યું, હવે બીજા શુદ્ધપારિહારિકનું સ્વરૂપ કહીએ છીએ.

પારિહારિક (પરિહારવિશુદ્ધિ નામના ચોથા ચારિત્રવાળા) સાધુઓ બે પ્રકારના હોય, એક નિર્વિશમાન એટલે વિવક્ષિત અમુક તપને કરતા અને બીજા નિર્વિષ્ટકાયિક એટલે વિવ-ક્ષિત (કલ્પને અનુસારે કરવા યોગ્ય) અમુક તપને પૂર્ણ કરી ચૂકેલા. આ કલ્પવાળાઓનો સમુદાય નવ સાધુઓનો હોય, તેમાં ચાર તપ કરનારા, ચાર તેઓની અનુચર્યા (વૈયાવચ્ચ) કરનારા અને એક કલ્પસ્થિત વાચનાચાર્ય હોય. જો કે તે સઘળા શ્રુતના અતિશયવાળા હોય, તો પણ આચાર એવો છે કે તેમાંથી કોઈ એકને કલ્પસ્થિત (વાચનાચાર્ય) સ્થાપે.

૭૨૨–છાપેલી પ્રતમાં આ દ્વારો નથી, છતાં બૃહત્કલ્પમાં હોવાથી તેના આધારે અહીં લીધાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પારિહારિકકલ્પમાં પ્રવેશ (તેનો સ્વીકાર) કરનારાઓનો તપ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનો હોય છે, તેમાં ગ્રીષ્મકાળે અનુક્રમે જઘન્ય ચતુર્થભક્ત, મધ્યમ ષષ્ઠભક્ત અને ઉત્કૃષ્ટ અષ્ટમભક્ત હોય, શીતકાળે અનુક્રમે ષષ્ઠભક્ત, અષ્ટમભક્ત અને દશભક્ત હોય અને વર્ષાકાળે જઘન્ય અટ્ઠમ ભક્ત, મધ્યમ દશભક્ત અને ઉત્કૃષ્ટ દ્વાદશભક્ત હોય. પારણે ત્રણે કાળમાં આયંબિલ કરવાનું કહ્યું છે અને ભિક્ષાગ્રહણ જિનકલ્પની જેમ (સાત પૈકી છેલ્લી પાંચ એષણામાંથી કોઇ બેનો અભિગ્રહ કરીને એકથી આહાર અને બીજીથી પાણી ગ્રહણ કરે. આ તપ કલ્પ કરનારાઓ માટે સમજવો, શેષ વાચનાચાર્ય અને વૈયાવચ્ચ કરનારા મળી પૂર્વે (ઉપર) જણાવ્યા તે પાંચ તો અભિગ્રહ કરીને (બે એષણાથી) આહાર-પાણી ગ્રહણ કરે અને દરરોજ આયંબિલ કરે. એ પ્રમાણે છ મહિના સુધી તપ પૂર્ણ કરીને તપ કરનારા વૈયાવચ્ચ અને વૈયાવચ્ચ કરતા હોય તે કલ્પને સ્વીકારીને તપ શરૂ કરે. (વાચનાચાર્ય હોય તે જ રહે.) એમ બીજા છ મહિના સુધી બીજા ચાર આરાધના કરે, કુલ બાર મહિના પૂર્ણ થતાં વાચનાચાર્ય હોય તે છ મહિના પારિહારિક કલ્પનો (ઉપર જણાવ્યો તે) તપ કરે, બાકીના આઠમાંથી એકને વાચનાચાર્ય સ્થાપે અને સાત વૈયાવચ્ચ કરે. (તેમાં પણ તપ કરનારા આહાર-પાણી જુદા વાપરે અને વાચનાચાર્ય તથા વૈયાવચ્ચ કરનારાઓ સાથે વાપરે.)

એમ આ કલ્પ કુલ અઢાર મહિનાનો છે, કલ્પ પૂર્ણ થયા પછી પુનઃ તે કલ્પને સ્વીકારે, જિનકલ્પને સ્વીકારે, અથવા પાછા ગચ્છમાં ભળી જાય.

આ પરિહારવિશુદ્ધિક ચારિત્રવાળા બે પ્રકારના હોય, એક અમુક કાળ સુધી અને બીજા જાવજ્જીવ સુધી કલ્પ પાળનારા. તેમાં જે કલ્પ પૂર્ણ થતાં (અઢાર માસ પછી) પુનઃ એ જ કલ્પને સ્વીકારે અથવા પાછા ગચ્છમાં આવે તે અમુક કાળવાળા-ઇત્વરિક અને જિનકલ્પને સ્વીકારે તે જાવજ્જીવ સુધીના (યાવત્કથિક) જાણવા. તેમાં પણ જે પહેલા પ્રકારના-ઇત્વરિક હોય તે આ કલ્પના મહિમાથી જ ઉપસર્ગો અને આતંક વિનાના હોય, જે જિનકલ્પ સ્વી-કારે તે યાવત્કથિકોને તો જિનકલ્પની મર્યાદા સમજવી. (અર્થાત્ જિનકલ્પીની જેમ તેમને ઉપસર્ગો અને આતંક હોય અથવા ન પણ હોય.)

આ કલ્પનો સ્વીકાર તીર્થંકરની સમીપે અથવા તીર્થંકરની સમીપે પરિહારવિશુદ્ધિકકલ્પ સ્વીકાર્યો હોય તેની સમીપે જ થાય, બીજાની પાસે ન થાય. એની પ્રરૂપણા માટે પણ (જિનકલ્પીનાં કહ્યાં તે) વીશ દ્વારો અહીં જણાવીએ છીએ. તેમાં-

**૧-ક્ષેત્રદ્વારે**=પરિહારકલ્પવાળા જન્મથી અને સદ્ભાવથી પાંચ ભરત અને પાંચ ઐર-વત ક્ષેત્રોમાં (પહેલા-છેલ્લા તીર્થંકરના કાળમાં-ત્રીજા ચોથા આરાના અંતે) હોય, (અર્થાપ-ત્તિએ મધ્યમ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહમાં ન હોય,) સંહરણ તેઓનું થાય નહિ.

**૨-કાળદ્વારે**=અવસર્પિણીમાં ત્રીજા અથવા ચોથા આરામાં જન્મે અને કલ્પપાલન-કરનારા (ત્રીજા ચોથા ઉપરાંત) પાંચમા આરામાં પણ હોય. ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા અથવા ચોથા આરામાં જન્મે અને કલ્પનું પાલન કરનારા ત્રીજા અથવા ચોથા આરામાં હોય. મહાવિદેહમાં તેમનો અભાવ હોવાથી ચોથા આરામાં બાવીશ તીર્થંકરોના શાસનમાં પણ તેઓ ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩-**ચારિત્રદ્વારે**=પરિહાર કલ્પવાળાને ચારિત્ર એક જ પરિહારવિશુદ્ધિક હોય. તેનાં સંયમ (અધ્યવસાય)સ્થાનકો પ્રથમના બે ચારિત્રનાં જઘન્ય અસંખ્યાતાં સંયમસ્થાનકોની પછીનાં પણ અસંખ્યાત (લોકાકાશના પ્રદેશો જેટલાં) સ્થાનકો છોડીને તેની પછીનાં અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલાં હોય.૩૨૩

૪-**તીર્થદ્વારે**=આ તપ કરનારા નિયમા તીર્થ વર્તતું હોય ત્યારે જ હોય, તીર્થનો વિચ્છેદ થયા પછી કે સ્થપાયા પહેલાં તીર્થના અભાવે જાતિસ્મરણ વિગેરેથી પણ ન હોય.

૫-**પર્યાયદ્વારે**=જઘન્યથી ગૃહસ્થપર્યાય ઓગણત્રીસ વર્ષનો તથા સાધુપર્યાય વીસ વર્ષનો હોય અને ઉત્કૃષ્ટથી ગૃહસ્થ અને સાધુ બન્ને પર્યાયો દેશોન્યૂન પૂર્વક્રોડ વર્ષના હોય.

૬-**આગમદ્વારે**=આ ચારિત્રવાળા નવું શ્રુત ન ભણે, કારણ કે ગ્રહણ કરેલા કલ્પની ઉચિત આરાધના કરવાથી જ તેઓ કૃતાર્થ થાય છે. પૂર્વે ભણેલું હોય તેની વિસ્મૃતિ ન થાય કે નાશ ન પામે, માટે દરરોજ એકાગ્ર મનથી તેનું સ્મરણ કરે.

૭-**વેદદ્વારે**=પ્રવૃત્તિકાળે (પરિહાર કલ્પ પાળતાં) પુરૂષ અને નપુંસક એ બે વેદવાળા હોય, કારણ કે સ્ત્રીઓને આ ચારિત્રની પ્રાપ્તિ હોતી નથી. પૂર્વે કલ્પ સ્વીકાર્યો (પૂર્ણ કર્યો) હોય તે તો બે વેદવાળા અથવા અવેદી પણ હોય.

૮-**કલ્પદ્વારે**=આ ચારિત્રવાળા સ્થિત કલ્પમાં જ હોય, અસ્થિતકલ્પમાં ન હોય.

૯-**લિઙ્ગદ્વારે**=નિયમા દ્રવ્ય અને ભાવ બન્ને લિઙ્ગો હોય, એકેનો અભાવ ન હોય.

૧૦-**લેશ્યાદ્વારે**=ત્રણ શુદ્ધ લેશ્યાના ઉદય વખતે આ કલ્પનો સ્વીકાર હોય, પૂર્વપ્રતિપન્ન (તે પછી) તો છએ લેશ્યાવાળા પણ હોય.

૧૧-**ધ્યાનદ્વારે**-વધતા ધર્મધ્યાનથી આ કલ્પનો સ્વીકાર થાય, પૂર્વપ્રતિપન્ન તો આર્ત્ત-રૌદ્રધ્યાની પણ હોય, કિન્તુ તે ધ્યાનો નિરનુબંધી હોય (પરંપરાવાળાં ન હોય).

૧૨-**ગણનાદ્વારે**=જઘન્યથી ત્રણ જ ગણો અને ઉત્કૃષ્ટથી સો ગણો પણ સ્વીકારતા હોય, સ્વીકાર કરેલા તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સેંકડો ગણ હોય. પુરૂષની અપેક્ષાએ જઘન્યથી સ્વીકાર કરતા ૨૭, ઉત્કૃષ્ટથી[૩૨૪]હજારો અને સ્વીકાર કરેલા જઘન્યથી સેંકડો અને ઉત્કૃષ્ટથી

૩૨૩-ચારિત્રનાં અધ્યવસાયસ્થાનકોમાં પ્રથમ સામાયિક અને છેદોપસ્થાપનીય બે ચારિત્રનાં જઘન્ય અધ્યવસાય સ્થાનકો અસંખ્યાતાં હોય છે, તે પછીનાં અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલાં (અસંખ્યાતાં) છોડીને તે પછીનાં અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલાં (અસંખ્યાતાં) સ્થાનકો પરિહાર વિશુદ્ધિ ચારિત્રને યોગ્ય હોય છે, તે પહેલા બે ચારિત્રવાળાને પણ હોય કિન્તુ તેઓને તે મધ્યમ ગણાય છે. અર્થાત્ પરિહારવિશુદ્ધિનાં સ્થાનો સામાયિક અને છેદોપસ્થાપનીયવાળાને હોય પણ તેઓને તે મધ્યમ ગણાય છે, તે પછીનાં અસંખ્યાતા લોકાકાશના પ્રદેશો જેટલાં અધ્યવસાયસ્થાનકો પ્રથમના બે ચારિત્રમાં ઉત્કૃષ્ટ સ્થાનો તરીકે કહ્યાં છે અને તેથી ઉપરનાં સ્થાનકોને 'સૂક્ષ્મસમ્પરાય' ચારિત્રને યોગ્ય કહ્યાં છે. (બૃહત્કલ્પભાષ્ય-ગા૦ ૧૪૩૩)

૩૨૪-મૂળ છાપેલી પ્રતમાં '**સહસ્ર**'પાઠ છે તે અશુદ્ધ જણાય છે. કારણ કે બૃહત્કલ્પની ગા૦ ૧૪૩૬ ની ટીકામાં '**सहस्रपृथक्त्वं**' પાઠ છે. વળી ઉપર ગણ સેંકડો કહ્યા તો એક ગણના નવ નવ સાધુ ગણાતાં પણ હજારોની સંખ્યા થાય. માટે અહીં 'બે હજારથી નવ હજાર' સંગત જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજારો હોય. જ્યારે કલ્પમાંથી કોઈ એક નીકળી જતાં બીજો પ્રવેશ કરે ત્યારે તો સ્વીકારનારા જઘન્યથી એક અથવા બેથી નવ પણ હોય અને એકલાએ અંગીકાર કરેલા પણ જઘન્ય-ઉત્કૃષ્ટ એ રીતે વિકલ્પે હોય.

૧૩-**અભિગ્રહદ્વારે**-પરિહારવિશુદ્ધિકને દ્રવ્યાદિ અભિગ્રહો ન હોય, કારણ કે આ કલ્પ અભિગ્રહરૂપ હોવાથી તેના જ પાલનથી કૃતાર્થ છે.

૧૪-૧૫-**પ્રવ્રજ્યા અને મુંડાપનદ્વારોમાં**=આ કલ્પમાં વર્તતો કોઇને દીક્ષા આપે નહિ અને મુંડે પણ નહિ.

૧૬-**પ્રાયશ્ચિત્તદ્વારે**=મનથી પણ સૂક્ષ્મમાત્ર અપરાધ થતાં નિયમા આ કલ્પવાળાને 'ચતુર્ગુરૂ' પ્રાયશ્ચિત્ત કહ્યું છે, કારણ કે આ કલ્પમાં એકાગ્રતાની મુખ્યતા છે અને એ કારણે એકાગ્રતા તૂટતાં મોટો દોષ માન્યો છે.

૧૭-**કારણદ્વારે**=કારણ એટલે આલંબન (નિમિત્ત), તેમાં અતિ (પુષ્ટ) શુદ્ધનિમિત્ત જ્ઞાનાદિકનું ગણાય, પણ નવું ભણવું વિગેરે તો આ કલ્પવાળાને હોય નહિ, અર્થાત્ કલ્પનું પાલન નિરપવાદ કરવાનું હોવાથી એવાં નિમિત્તોનો આશ્રય આ કલ્પમાં હોય નહિ.

૧૮-**નિષ્પ્રતિકર્મદ્વારે**=આ મહાત્મા નેત્રનો મેલ ટાળવા જેટલી પણ શરીર સંભાળ ન કરે.

૧૯-૨૦-**ભિક્ષાઅટન અને વિહારદ્વારમાં**=આ કલ્પવાળો એ બે કાર્યો ત્રીજા પ્રહરમાં જ કરે, શેષ પ્રહરોમાં કાયોત્સર્ગ કરે. નિદ્રા અલ્પ હોય, જંઘાબલ ક્ષીણ થવા છતાં અપવાદનો આશ્રય ન કરે, સ્થિરવાસ રહીને પણ કલ્પના આચારો પ્રમાણે પોતાના યોગોની સાધના કરે.

એ પરિહારવિશુદ્ધ ચારિત્રનું સ્વરૂપ કહ્યું, હવે યથાલન્દિકનું કહીએ છીએ.

તેમાં 'લન્દ'નો અર્થ સિદ્ધાન્તની પરિભાષાથી 'કાળ' કહ્યો છે, તે કાળ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનો છે. તેમાં પાણીથી ભીંજાએલો હાથ અહીં લોકમાં સામાન્યથી જેટલા સમયમાં સુકાય તેટલો કાળ જઘન્ય જાણવો. જો કે જઘન્ય કાળ અતિસૂક્ષ્મ સમય વિગેરેને પણ કહેલો છે તો પણ આ કલ્પવાળાનો જઘન્યકાળ ઉપર પ્રમાણે કહ્યો, તેનું કારણ એ છે કે તેને પચ્ચક્ખાણ કે અમુક અમુક નિયમો વિગેરેમાં આટલો જઘન્યકાળ વિશેષતયા ઉપયોગી છે. ઉત્કૃષ્ટકાળ તો પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ જાણવો. તે પણ વધારેમાં વધારે આ ચારિત્ર તેટલા કાળસુધી જ હોય એ અપેક્ષાએ સમજવો, અન્યથા ઉત્કૃષ્ટ તો પલ્યોપમ, સાગરોપમ, વિગેરે એથી પણ મોટા કાળને કહી શકાય. (એ બેની વચ્ચેનો) બાકીનો સર્વ કાળ મધ્યમ સમજવો.

એમાં અહીં ઉત્કૃષ્ટ યથાલન્દ પાંચ અહોરાત્રીનું થાય છે, કારણ કે આ કલ્પમાં તેનો જ ઉપયોગ કરવાનો છે. એમાં એ કારણ છે કે (પૃ. ૧૦૩ માં) પૂર્વે જણાવી તે ભિક્ષા અટનની 'પેટા-અર્દ્ધપેટા' વિગેરે કોઈ એક વીથિ(ક્રમ)થી ભિક્ષા લેવા માટે તે પાંચ રાત્રિ-દિવસો સુધી જ ફરે છે, માટે વિવક્ષિત યથાલન્દ (કાળ) પૂર્ણ થતાં તેઓ યથાલન્દિક બને છે. વળી આ કલ્પવાળાનો ગચ્છ પાંચ પુરૂષ પ્રમાણ હોય છે. કહ્યું છે કે—

"जम्हा उ पंचरत्तं, चरंति तम्हा उ हुंतिऽहालंदी ।
पंचेव होइ गच्छो, तेसिं उक्कोसपरिमाणं ॥" पञ्चवस्तु० १५४० ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ**-એક વીથિમાં પાંચ અહોરાત્ર ભિક્ષાર્થે ફરતા હોવાથી (ઉત્કૃષ્ટ) યથાલંદ તેટલો (પાંચ દિવસનો) થાય અને તેઓનો ગણ પાંચ પુરૂષોનો હોય, એ તેઓનું ઉત્કૃષ્ટ પ્રમાણ સમજવું.

યથાલન્દિકોની સર્વ મર્યાદા જિનકલ્પવાળાના સરખી જ સમજવી. માત્ર સૂત્ર, ભિક્ષા અને માસકલ્પમાં ભિન્નતા છે. કહ્યું છે કે-

**"जा चेव जिणकप्पे, मेरा सच्चेव लंदिआणं पि ।**
**णाणत्तं पुण सुत्ते, भिक्खाचरि मासकप्पे अ ॥" पञ्चवस्तु० १५४१ ॥**

**ભાવાર્થ**-જિનકલ્પમાં જે મર્યાદા છે તે જ મર્યાદા યથાલન્દિકોની પણ છે. માત્ર સૂત્ર, ભિક્ષાચરી અને માસકલ્પ, એ ત્રણમાં ભિન્નતા કહેલી છે.

યથાલંદિકો બે પ્રકારના છે, એક ગચ્છથી પ્રતિબદ્ધ અને બીજા અપ્રતિબદ્ધ, તે પ્રત્યેકના પણ જિન અને સ્થવિર એમ બે બે પ્રકારો છે. તેમાં જેઓ યથાલન્દિક કલ્પ પછી જિનકલ્પ સ્વીકારે તે જિન અને ગચ્છનો આશ્રય લે તે સ્થવિરો જાણવા. જેને અર્થજ્ઞાન દેશથી બાકી હોય તો તે પૂર્ણ કરવા પુનઃ ગચ્છનો આશ્રય લે, અન્યથા જિનકલ્પિક બને. કહ્યું છે કે—

**"पडिबद्धा इयरेवि अ, एक्किका ते जिणा य थेरा य ।**
**अत्थस्स उ देसंमी, असमत्ते तेसि पडिबंधो ॥" पञ्चवस्तु० १५४२ ॥**

**ભાવાર્થ**-યથાલંદિકો ગચ્છના પ્રતિબંધવાળા અને પ્રતિબંધ વિનાના હોય, તે પ્રત્યેક જિન અને સ્થવિર એમ બે પ્રકારે હોય, અર્થજ્ઞાન કંઇક ન્યૂન (અપૂર્ણ) હોવાથી તેઓને ગચ્છનો પ્રતિબંધ હોય છે.

લગ્નબળ, ચંદ્રબળ, વિગેરે મુહુર્ત પહેલું સારૂં હોય અને બીજું શુભ મુહૂર્ત દૂર હોય તો સમ્પૂર્ણ સૂત્રાર્થ ગ્રહણ કર્યા વિના પણ તે કલ્પનો સ્વીકાર કરે. પછી તે કલ્પને સ્વીકારીને ગુરૂ જ્યાં રહ્યા હોય તે ક્ષેત્રની બહાર જ વિશિષ્ટ ક્રિયાનું પાલન કરતા બાકીના અર્થને ભણે. તેમાં આ વિધિ છે કે-આચાર્ય પોતે ત્યાં જઇને તેઓને બાકીનો અર્થ ભણાવે, કારણ કે તેઓ અર્થ ભણવા માટે ગામમાં આવે તો આ પ્રમાણે દોષો થાય, ત્યાં આવ્યા પછી તેઓને વંદન કરનારા ગચ્છવાસી સાધુઓને તેઓ પ્રતિવંદન (અનુવંદના) ન કરે તો લોકમાં ગર્હા થાય 'કે આ સાધુઓ લોકવ્યવહારને જાણતા પણ નથી, અથવા બીજા (ગચ્છવાસી સાધુઓ) શીલ (સદાચાર) રહિત છે' ઇત્યાદિ લોકમાં અપભ્રાજના થાય. તેઓની મર્યાદા તો એવી છે કે એક આચાર્ય સિવાય બીજા કોઇને તેઓ વંદન કરે નહિ અને ગચ્છવાસી સાધુ મોટા હોય તો પણ યથાલંદિકને વંદન કરે. અર્થાત્ ગામમાં આવ્યા પછી ગચ્છવાસી વંદન કરે ત્યારે પ્રતિવંદન કરે તો મર્યાદા તૂટે અને ન કરે તો લોકમાં અપભ્રાજના થાય માટે આચાર્ય પોતે યથાલન્દિક રહે ત્યાં જઇને અર્થ ભણાવે. જો આચાર્ય વૃદ્ધ હોવાથી ત્યાં ન જઈ શકે તો યથાલન્દિક ગામ તરફ વચ્ચેની પલ્લી સુધી આવે અને આચાર્ય ત્યાં સુધી જઈને અર્થ ભણાવે, પછી બંને પોતપોતાના મૂળ સ્થાને પાછા ફરે. વચ્ચેની પલ્લી એટલે આચાર્યના ક્ષેત્રથી અઢી ગાઉ દૂર રહેલું (વચ્ચેનું) ગામ, ત્યાં પણ આચાર્ય આવી ન શકે તો યથાલન્દિક મૂળ (આચાર્યના) ક્ષેત્રથી બે ગાઉ દૂર ક્ષેત્રમાં (પ્રતિવૃષભ ગ્રામે) આવે, આચાર્ય ત્યાં પણ ન આવી શકે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ ક્ષેત્રની બહાર કોઇ પ્રદેશમાં યથાલન્દિક આવે અને ત્યાં જઇને આચાર્ય ભણાવે, એટલી શક્તિ પણ ન હોય તો ગામમાં કોઇ બીજા મકાનમાં ભણાવે, તેટલી પણ શક્તિ ન હોય તો આચાર્યના મકાનમાં પણ યથાલન્દિક આવે અને ત્યાં આચાર્ય તેને બાકીનો અર્થ ભણાવે.

એ રીતે (પૂર્ણ) અર્થ ગ્રહણ કર્યા પછી તે ગચ્છથી મુક્ત થઈને વિચરે. આ સૂત્રના વિષયમાં જિનકલ્પીથી ભિન્નતા કહી. ભિક્ષાના વિષયમાં ભિન્નતા એ છે કે–બંને પ્રકારના યથાલન્દિકો પણ ઋતુબદ્ધકાળમાં મોટા ગામ વિગેરે જે ક્ષેત્રમાં રહ્યા હોય તે ક્ષેત્રમાં ઘરોની પંક્તિઓરૂપ (પેટા, અર્ધપેટા, અંતરશમ્બૂકા, બાહ્યશંબૂકા, પતંગવીથિ, અને ગોમૂત્રિકા) છ શેરીઓની કલ્પના કરીને એક એક શેરીમાં પાંચ પાંચ દિવસ ભિક્ષા માટે ફરે અને ત્યાં જ રહે, એ રીતે એક ગામમાં છ શેરીઓમાં ૧ માસકલ્પ પૂર્ણ થાય. ગામ એવું મોટું ન હોય તો નજીક નજીકનાં છ ગામોમાં પાંચ પાંચ દિવસ માસકલ્પ પૂર્ણ કરે. કલ્પભાષ્યમાં કહ્યું છે કે– 'પ્રત્યેકમાં પાંચ પાંચ દિવસ ભમતાં (છ વીથિઓમાં) એક માસ પૂર્ણ થાય.

જે યથાલંદિક ગચ્છપ્રતિબદ્ધ હોય તેઓને તો પોતે રહેલા હોય તે ક્ષેત્રથી એક કોસ અને એક યોજન (પાંચ કોસ) સુધી આચાર્યનો અવગ્રહ ગણાય, અર્થાત્ તેટલા અવગ્રહમાં તે આચાર્યનો અધિકાર ગણાય, ત્યાંથી મળે તે વસ્તુ આચાર્યની ગણાય. કહ્યું છે –કે

**" गच्छे पडिबद्धाणं, अहलंदीणं तु अह पुण विसेसो ।**
**उग्गह जो तेसिं तु, सो आयरियाण आभवइ ।।" प्रवचनसारो० ६१६ ।।**

**ભાવાર્થ**–ગચ્છપ્રતિબદ્ધ યથાલંદિકોની એ વિશેષતા છે કે તેઓના અવગ્રહમાં (સવા–કોસ ક્ષેત્રમાં) આચાર્યનો અધિકાર (આભાવ્ય) ગણાય.

ગચ્છથી અપ્રતિબદ્ધ(છૂટા)ને તો જિનકલ્પીની પેઠે ક્ષેત્રનો અવગ્રહ હોય જ નહિ.

તથા જિનયથાલંદિક નિયમા શરીરના પ્રતિકર્મથી (સાર સંભાળથી) રહિત હોય, સ્થવિર-યથાલંદિકો વ્યાધિગ્રસ્ત(યથાલંદિક) સાધુને પરિચરણા (વૈયાવચ્ચ) માટે ગચ્છને સોંપે અને તેને સ્થાને બીજા સાધુને પોતાના (યથાલંદિક) ગણમાં સ્વીકારે.

સ્થવિરયથાલંદિકો એક એક પાત્રધારી અને વસ્ત્રધારી હોય, તથા જિનકલ્પિક યથાલંદિકો તો જિનકલ્પની જેમ ભજનાવાળા સમજવા. અર્થાત્ પાત્રધારી અને વસ્ત્રધારી હોય અથવા પાણીપાત્રી હોય તે વિગેરે વસ્ત્ર–પાત્ર ન પણ રાખે.

ગણનાને આશ્રીને યથાલંદિકોના જઘન્યથી ત્રણ ગણો અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ ગણો હોય, પુરૂષની ગણનાએ જઘન્યથી પંદર અને ઉત્કૃષ્ટથી સહસ્ર પૃથક્ત્વ હોય. પણ કલ્પ પૂર્ણ થતાં કોઈ સાધુ જિનકલ્પ સ્વીકારે કે ગચ્છમાં આવે તેને સ્થાને બીજાનો ઉમેરો કરતાં જઘન્યથી પ્રતિપદ્યમાન (સ્વીકાર કરતા) એક–બે વિગેરે પણ હોય અને ઉત્કૃષ્ટથી સેંકડો પણ હોય. પૂર્વપ્રતિપન્ન (પાળતા કે પાળી ચૂકેલા) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ ક્રોડપૃથક્ત્વ જ હોય.

(આ યથાલંદિકોનું વિશેષ સ્વરૂપ ૧૯ દ્વારોથી છાપેલી પ્રતમાં ૧૭૬/૨ પૃષ્ઠમાં છેલ્લી ચાર પંક્તિઓથી શરૂ કરીને ૧૭૭ મા પૃષ્ઠની પહેલી પુરી સુધી છે, તે ત્યાં પ્રક્ષિપ્ત જણાય છે. લખેલી જે પ્રતો અમારી સામે છે તેમાં તે જોવામાં આવ્યું નથી, છતાં તેનું ભાષાન્તર અમે આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રન્થમાં સાપેક્ષ યતિધર્મના વર્ણન પછી છેલ્લું (પૃ. ૫૧૯માં) લીધું છે, તે પ્રમાણે સમજવું.)

એ નિરપેક્ષ યતિધર્મની પદ્ધતિ જણાવી. હવે તે ધર્મને ભિન્નભિન્ન સૂત્રોમાંથી સંક્ષિપ્ત રૂપમાં સમજાવવા માટે ગ્રન્થકાર ત્રણ શ્લોકોથી કહે છે કે—

**मूलम्–" स चाल्पोपधिता सूत्रगुरुतोग्रविहारिता ।**
**अपवादपरित्यागः, शरीरेऽप्रतिकर्मता ॥१५५॥**
**देशनायामप्रबन्धः, सर्वदा चाप्रमत्तता ।**
**ऊर्ध्वस्थानं च बाहुल्याच्छुभध्यानैकतानता ॥१५६॥**
**उद्धृताद्येषणाभिक्षा, क्षेत्रे षड्भागकल्पिते ।**
**गमनं नियते काले, तुर्ये यामे त्ववस्थितिः १५७ ॥"**

**મૂળનો અર્થ**–તે નિરપેક્ષ યતિધર્મમાં અલ્પઉપધિ, પોતાનું જ્ઞાન એ જ ગુરૂ, ઉગ્રવિહાર, અપવાદનો ત્યાગ, શરીરની સાર સંભાળનો અભાવ, દેશના સાંભળવા આવેલા ઉપર પણ રાગનો અભાવ, સર્વદા અપ્રમત્તપણું, બહુધા ઉભા રહેવું, શુભધ્યાનમાં એકાગ્રતા, ઉદ્ધૃતાદિ કોઈ બે એષણાદ્વારા ક્ષેત્રના છ ભાગ કલ્પીને આહાર–પાણી લેવાં, નિયત કાળે વિચરવું અનેચોથા પ્રહરે સ્થિર થવું, વિગેરે કડક પાલન કરવાનું છે.

**ટીકાનો ભાવાર્થ**–તે નિરપેક્ષયતિધર્મમાં 'અલ્પોપધિતા' વગેરે ત્રણ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે મર્યાદા છે, તે આ પ્રમાણે–અલ્પ એટલે સ્થવિરકલ્પની અપેક્ષાએ વસ્ત્ર–પાત્ર વિગેરે ઓછું રાખવારૂપ અલ્પઉપધિપણું જાણવું. મૂળ ઉપધિનું પ્રમાણ તો આ ગ્રન્થમાં અગાઉ જણાવેલું છે જ. તથા સૂત્ર એટલે આગમ એ જ ગુરૂ, અર્થાત્ સર્વ પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં આગમ જ જેઓને ઉપદેશક છે તેવા આગમ વિહારી હોય, તથા ઉગ્રવિહારી=વિચરવાના સ્વભાવવાળો તે વિહારી અને 'ઉગ્ર' એટલે ગામમાં એકરાત્રિ, નગરમાં પંચરાત્રિ, વગેરે ઉગ્ર વિહારે વિચરવાપણું તે ઉગ્રવિહારિતા. અહીં કહેવાનું એમ છે કે–જ્યારે પ્રતિમાકલ્પરૂપ નિરપેક્ષ યતિધર્મ સ્વીકાર્યો હોય ત્યારે ઋતુબદ્ધ (શેષ) કાળમાં ગામમાં અજાણ્યો રહીને એક અથવા બે રાત્રી રહે. કહ્યું છે કે–પ્રગટપણે એક અહોરાત્ર પણ ન રહે, અજ્ઞાત રહીને એક અથવા બે રાત્રી રહે.[૩૨૫] જિનકલ્પિક, યથાલન્દિક અને પરિહારવિશુદ્ધિક નિરપેક્ષધર્મવાળા તો જ્ઞાત અને અજ્ઞાતપણે પણ એક ગામમાં એક માસ રહે. અપવાદ એટલે ઉત્કૃષ્ટની અપેક્ષાએ હલકો(શિથિલ)વાદ, તેનો ત્યાગ કરે. કારણ કે નિરપેક્ષ યતિધર્મવાળો સાપેક્ષયતિની જેમ ઉત્સર્ગ માર્ગે કાર્ય સિદ્ધ ન થાય તો પણ અપવાદ માર્ગનો આશ્રય ન લે, અપવાદને સ્વીકારીને અલ્પ દોષ અને બહુ લાભ–વાળું કાર્ય પણ ન કરે, કિન્તુ કેવળ ઉત્સર્ગથી પ્રાપ્ત થતા એકલા લાભને જ સાધે. તાત્પર્ય કે અપવાદ સેવવારૂપ થોડો પણ દોષ ન લાગવા દે. માટે જ શરીરની અપ્રતિકર્મિતા (રક્ષા વિનાનો) હોય, તેવી કોઈ ગ્લાન અવસ્થામાં (બીમારીમાં) પણ રોગનો પ્રતિકાર (ચિકિત્સા) ન કરે–કરાવે. તથા દેશના એટલે ધર્મકથા કરવામાં (શ્રોતાઓ પ્રત્યે) રાગ ન હોય, અર્થાત્ તેવા

૩૨૫–દશાશ્રુતસ્કંધના સાતમા અધ્યયનમાં તો પ્રગટપણે એક અહોરાત્ર અને અજાણ રહીને એક અથવા બે અહોરાત્ર એક ગામમાં રહે એમ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ પ્રાણિઓ ધર્મ સાંભળવા આવે છતાં તેઓની દાક્ષિણ્યતા ન કરે. નિરપેક્ષયતિ નિશ્ચે એષણા વિગેરેના કારણ વિના કોઇની સાથે ન બોલે, કારણ કે 'એક, બે શબ્દો–વાક્યો વિગેરે અમુક પ્રમાણમાં જ બોલે' એમ શાસ્ત્રમાં કહેલું છે. સર્વદા એટલે રાત્રે અને દિવસે અપ્રમત્ત હોય, અર્થાત્ નિદ્રા વિગેરે પ્રમાદ ન સેવે. તથા બાહુલ્યાત્ એટલે પ્રાયઃ (બહુધા) કાઉસ્સગ્ગ મુદ્રાએ ઉભો રહે, કોઈ વેળા જિનકલ્પિક વિગેરે બેસે તો પણ નિયમા ઉત્કટુક (ઉભડક) બેસે, આસન ઉપર ન બેસે. કારણ કે–તેને ઔધિક ઉપકરણ (આસન) હોય જ નહિ. તથા શુભધ્યાન એટલે ધર્મધ્યાન વિગેરેમાં એક તાન રહે, 'તાન' એટલે ચિત્તનો પ્રસાર તેઓને એકાગ્ર હોય, તાત્પર્ય કે ધર્મધ્યાનમાં જ એક માત્ર એકાગ્રતા (ઉત્તરોત્તર ચિત્તની સ્થિરતા) હોય. તથા સંસૃષ્ટ, અસંસૃષ્ટ, એ બે એષણાઓ છોડીને શેષ 'ઉદ્ધૃતા, અલ્પલેપા, ઉદ્ગૃહીતા, પ્રગૃહીતા અને ઉજ્જિતધર્મા, એ પાંચ એષણાઓથી ભિક્ષા ગ્રહણ કરે. તાત્પર્ય કે ઉદ્ધૃતાદિ પાંચ પૈકી કોઈ બે એષણાઓનો અભિગ્રહ કરીને એક એષણાથી ભોજન અને બીજીથી પાણીને ગ્રહણ કરે. એવી ભિક્ષા કયાંથી લે ? તે જણાવે છે કે–પોતે ગામ વિગેરે જે ક્ષેત્રમાં રહે તેના સ્વબુદ્ધિથી છ ભાગ કલ્પીને છ દિવસમાં જુદા જુદા એક એક ભાગમાંથી ભિક્ષા ગ્રહણ કરે. તથા નિયત એટલે ત્રીજા પ્રહરે નિયતકાળે જ ગમન કરે એટલે સંચરે. કહ્યું છે કે–'ભિક્ષા અને વિહાર (પંથે ચાલવું) એ ત્રીજા પ્રહરમાં જ કરે.' દિવસના તુર્ય એટલે ચોથા પ્રહરે તો અવસ્થિત (સ્થિર) રહે, અર્થાત્ હોય ત્યાં ઉભા રહે. (એ રીતે નિરપેક્ષ યતિધર્મની મર્યાદા છે, એમ સંબંધ સમજવો.) હવે આ ધર્મની પ્રરૂપણાનો ઉપસંહાર કરે છે કે–

मूलम्–" संक्षेपान्निरपेक्षाणां, यतीनां धर्म ईरितः ।
अत्युग्रकर्मदहनो, गहनोग्रविहारतः ॥१५८॥"

**મૂળનો અર્થ**–કષ્ટકારી પાલન કરવાનું હોવાથી અતિ ઉગ્ર (કઠોર) કર્મને પણ બાળવામાં સમર્થ એવો નિરપેક્ષ સાધુઓનો ધર્મ અહીં એ રીતે સંક્ષેપથી કહ્યો.

**ટીકાનો ભાવાર્થ**–જિનકલ્પિક વિગેરે (ગચ્છવાસથી) નિરપેક્ષ સાધુઓનો આ 'અલ્પ ઉપધિપણું' વિગેરે ધર્મ સંક્ષેપથી એટલે લેશ માત્ર કહ્યો. આ ધર્મ કેવો છે? 'અતિ ઉગ્ર' એટલે કઠોર દુઃખ દેનારાં કર્મ તેને બાળનારો–નાશ કરનારો છે, કયા કારણે ? 'ગહન' એટલે દુઃખે પાળી શકાય તેવા ઉગ્ર વિહાર એટલે કડક આચારવાળો છે, માટે અતિ ઉગ્ર કર્મને તોડનારો છે.

ઇતિ. પરમગુરૂભટ્ટારક **શ્રી વિજયાનન્દસૂરિ** શિષ્ય મુખ્ય **પણ્ડિત શ્રી શાન્તિવિજયગણિ** ચરણસેવિ **મહામહોપાધ્યાય શ્રી માનવિજયગણિ** વિરચિત **સ્વોપજ્ઞધર્મસંગ્રહ**ની વૃત્તિમાં નિરપેક્ષયતિધર્મ વર્ણન નામનો ચોથો (બીજા ભાગનો બીજો) અધિકાર સમાપ્ત થયો.

હવે સકળ શાસ્ત્રાર્થની (ગ્રન્થની) સમાપ્તિ કરતાં કહે છે કે—

मूलम्–" इत्येष यतिधर्मोऽत्र, द्विविधोपि निरूपितः ।
ततः कार्त्स्न्येन धर्मस्य, सिद्धिमाप निरूपणम् ॥ १५९ ॥"

**મૂળનો અર્થ**–એ રીતે અહીં આ બન્ને પ્રકારનો યતિધર્મ જણાવ્યો, તેથી ધર્મનું નિરૂપણ સમ્પૂર્ણ સિદ્ધ થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનો ભાવાર્થ**–એમ=પૂર્વે કહ્યો તે પ્રકારે, અર્થાત્ આ શાસ્ત્રમાં અહીં પ્રત્યક્ષ કહ્યો તે સાપેક્ષ અને નિરપેક્ષ બે ભેદવાળો, અર્થાત્ બન્ને પ્રકારનો પણ યતિધર્મ એટલે જેની વ્યાખ્યા આરંભમાં કહી છે તે સાધુઓનો ધર્મ નિરૂપણ કર્યો, અર્થાત્ પ્રરૂપ્યો–જણાવ્યો. તેથી એટલે પ્રથમ (ભાગમાં) બે પ્રકારનો (સામાન્ય અને વિશેષ) ગૃહસ્થધર્મ નિરૂપણ કરેલો હોવાથી અને અહીં (બીજા ભાગમાં) બે પ્રકારનો યતિધર્મ કહેવાથી ગ્રન્થની આદિમાં 'ધર્મનું નિરૂપણ કરીશું' એવી જે પ્રતિજ્ઞા કરી હતી તે પ્રતિજ્ઞા સર્વ પ્રકારે સિદ્ધ થઈ, અર્થાત્ સમ્પૂર્ણ થઈ.

એમ શ્રી ધર્મસંગ્રહપ્રકરણ મૂળસૂત્ર (શ્લોકો)થી અને વૃત્તિ એટલે ટીકાથી સમાપ્ત થયું. સંસ્કૃત અક્ષરોની ગણનાથી આ ગ્રંથમાં ચૌદ હજાર છસો અને બે (૧૪૬૦૨) અનુષ્ટુભનું (બત્રીશ અક્ષરોનો એક અનુષ્ટુભ્ થાય તેટલું) પ્રમાણ ગણેલું છે.

## 'ગ્રન્થકારની પ્રશસ્તિ'

**શ્રીમદ્ વીરજિનેશ્વરની** પાટપરંપરા રૂપી સતી સ્ત્રીના શણગાર સરખા સત્પુરૂષોમાં અગ્રેસર તથા સર્વત્ર પ્રખ્યાત, એવા **શ્રી હીરવિજયસૂરિજી** નામના આચાર્ય મહારાજ (પ્રભુ શ્રી મહાવીરની ૫૮ મી પાટે) થયા કે–'શ્રી કેશીગણધરે જેમ પ્રદેશીરાજાને પ્રતિબોધ કરીને સ્વર્ગસુખનો ભોક્તા બનાવ્યો તેમ' જેઓએ અતિ દુષ્કર્મ કરનારા એવા પણ **'અક્કબર'** નામના મુસલમાન બાદશાહને ધર્મનો પ્રતિબોધ કરીને સુગતિને યોગ્ય બનાવ્યો (૧). તે સદ્દગુરૂની પાટને, પ્રૌઢ પ્રતાપશાલી અને સર્વત્ર વિજય પામેલા, એવા **શ્રી વિજયસેનસૂરિજી**એ અત્યંત શોભાવી અને 'સૂર્ય જેમ પોતાનાં કિરણોથી તારાઓને નિસ્તેજ કરે તેમ' તેઓએ બાદશાહની મોટી સભામાં વાદીઓને જીતીને નિસ્તેજ બનાવ્યા (૨). તેઓની પાટે પૂર્વાચલ ઉપર જેમ સૂર્યનો ઉદય થાય, તેમ ઘણા આચાર્યોમાં અગ્રેસર એવા (જ્ઞાનગુણથી) સૂર્ય સમા **શ્રી વિજયતિલક–સૂરિજી** નામના આચાર્ય થયા, જેઓએ સર્વત્ર ફેલાવેલાં શુદ્ધ ઉપદેશ રૂપી કિરણો દ્વારા કુમતરૂપી અંધકારનો નાશ કરીને ભવ્ય જીવો રૂપી કમળોને વિકસિત બનાવ્યાં (૩). તેઓની પાટે વિજયવંતા સદ્દગુરૂ **શ્રી વિજયાનન્દસૂરિજી** થયા. તેઓ મહાયશસ્વી, તેજસ્વી, મધુર વચનમાળા, સૌમ્યવદનવાળા, કષાયોનો જય કરનારા, પ્રશમતાગુણથી યુક્ત, વિધિમાર્ગનું સુંદર પાલન કરનારા અને તપગચ્છના નાયક હતા, તથા સઘળા રાજાઓ પણ જેઓની પૂજા (સેવા) કરતા હતા (૪). તેઓની પાસે સઘળા ગુણોથી મહાન્, શિષ્ટ પુરૂષોની પ્રશંસાનું પાત્ર, જેઓની જયલક્ષ્મી સર્વ દિશામાં વિસ્તાર પામી હતી તેવા, પુણ્યના ઉગ્ર પ્રભાવવાળા, સકલ શાસ્ત્રોના પારંગામી અને મિથ્યાત્વની જાળને જેઓએ નાશ કરી છે, તેવા (વર્તમાનમાં) **શ્રી વિજય–રાજસૂરિજી** જયવંતા વર્તે છે (૫). તેઓની પછી અતુલ ભાગ્યના ભંડાર, બુદ્ધિમાન્ અને શ્રી **'માનવિજય'** એવું જેઓનું પ્રસિદ્ધ નામ છે, તેઓને (વર્તમાન) તપગચ્છના નાયક શ્રી વિજયરાજસૂરિજીએ હમણાં પટ્ટધર બનાવ્યા છે. (૬)

આ બાજુ (ઉપર જણાવ્યા તે) **શ્રી વિજયાનન્દસૂરિજીના શિષ્ય**, કે જેઓ વિનય–ગુણથી યુક્ત છે, પંડિતોમાં શિરોમણી છે અને શ્રી **'શાન્તિવિજય'** જેઓનું નામ છે તેઓ શાસનમાં શોભે છે (૭). તે શ્રી શાન્તિવિજયજીમાં, જન્મથી માંડીને 'શીલ, સત્ય, મૃદુતા, ક્ષમા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરલતા અને અત્યંત ગુરૂભક્તિ' વિગેરે ઘણા સુંદર ગુણો હોવા છતાં, ગુણાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે તે ગુણોથી પ્રસન્ન થએલા તેઓના ગુરૂએ સ્વયં ગચ્છનાં સઘળાં કાર્યો ભળાવીને તેઓને સમગ્ર ભૂતળમાં પ્રસિદ્ધ કર્યા છે (૮). તેઓના શિષ્ય **'માનવિજય ઉપાધ્યાય'** નામ છે જેનું, એવા મેં અતિ આદરપૂર્વક આ ગ્રન્થનું વિવરણ કર્યું છે. મતિમંદપણાથી આ ગ્રન્થમાં જે ક્ષતિઓ રહી હોય, તેને મારા ઉપર કૃપા કરીને બુદ્ધિમાનોએ સુધારી લેવી (૯).

તર્કશાસ્ત્ર જેવાં કઠિન શાસ્ત્રોનાં રહસ્યોને પણ સમજવામાં અતિતીક્ષ્ણ(નિપુણ) બુદ્ધિ વડે જેઓ સઘળાં દર્શનોમાં પ્રમાણભૂત મનાયા છે–ખ્યાતિને પામ્યા છે, તપગચ્છમાં જેઓ અગ્રેસર છે, કાશીમાં પરદર્શનીઓની સભામાં વાદીઓને જીતીને જેઓએ શ્રી જૈનધર્મનો પ્રભાવ સર્વત્ર વિસ્તાર્યો છે (૧૦), પૂર્વના સમર્થ વિદ્વાનોના રચેલા તર્ક–પ્રમાણ–નય વિગેરે કઠિન વિષયોનું વિવેચન કરીને પૂર્વકાળે થઈ ગએલા તે તે શ્રુતકેવલીઓના શ્રુતકેવલીપણાને જેઓ પ્રકાશમાં લાવ્યા છે, તે ઉપાધ્યાયોની પંક્તિમાં મુખ્ય એવા **શ્રી યશોવિજય વાચકે** આ ગ્રંથનું પરિશોધન કરીને (રહી ગએલી ન્યૂનતાને પૂર્ણ કરીને) મારા ઉપર અતિ ઉપકાર કર્યો છે (૧૧). વધારે શું ? બાલકની માફક શાસ્ત્રોમાં મંદ ગતિવાળો પણ હું સામાચારીના (ચરણકરણાનુયોગના) વિચારરૂપ આ અતિ ગહન ગ્રંથમાં ગતિ કરી શકયો છું, તે તેઓના હસ્તાવલંબનનું જ ફલ છે. અર્થાત્ તેઓની પૂર્ણ સહાયતાના બળે જ આ ગ્રંથ રચવામાં હું સફલ થઈ શકયો છું. (૧૨) વળી [ઉપા૦–આગમો, વ્યાકરણ, છંદશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રો, વિગેરે સર્વ શાસ્ત્રોમાં નિષ્ણાત વાચકેન્દ્ર **શ્રી લાવણ્યવિજય વાચકે** આ ગ્રંથને સમ્યક્ શુદ્ધ કર્યો છે (૧૩). વિક્રમ સંવત ૧૭૩૧ વર્ષે, વૈશાખ માસે, સુદ ત્રીજે (અક્ષય તૃતીયાએ) ગ્રંથ રચનાનો આ પ્રયત્ન સફલ થયો છે (૧૪).વળી–

સમગ્ર દેશોમાં ઉત્તમ **શ્રી ગુર્જરદેશમાં** આવેલા **'અહમ્મદાબાદ'** નામના મુખ્ય શહેરમાં શ્રીમાલી વંશમાં જન્મેલા અને શુભ કાર્યોને કરનારા શ્રી **'મતિઆ'** નામના ઉત્તમ વણિક હતા (૧૫). તેઓના ઘેર હંમેશાં ચાલતી મોટી દાનશાળા, તેઓની શ્રી જૈનશાસનની ઉન્નતિ થાય તેવી રીતની તિર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિરાજ આદિ સર્વ તીર્થોની યાત્રાઓ અને પોતાને પ્રાપ્ત થએલી લક્ષ્મીનો સાતેય ક્ષેત્રોમાં સદ્વ્યય (વાવેતર), વગેરે તેઓના ગુણોનું વર્ણન કરવું તે અમારા જેવાને અશકય છે (૧૬). આ 'શ્રી મતિઆ' શ્રાવકને સદાચારી, ઉત્તમ ગુણોના ભંડાર અને પૃથ્વીમાં જેઓનું નામ પ્રસિદ્ધ છે એવા **'શ્રી શાન્તિદાસ'** નામના પુત્ર થયા. પ્રસિદ્ધ 'શ્રી જગડુશા' શેઠ કરતાં પણ અધિક સત્કાર્યોના કરનારા તેમણે રંકોને અન્ન, વસ્ત્ર, ઔષધ, વિગેરેનું દાન કરીને દુષ્કાળનું નામ પણ નાશ કર્યું, તથા ઉત્તમ જાતિ ભાઇઓ અને સાધર્મિકોને અનેક પ્રકારે વાત્સલ્ય કરીને પૂજ્યા છે (૧૭), વૃદ્ધાવસ્થામાં સમસ્ત ઘરનાં કાર્યો પોતાના પુત્રોને સોંપીને હંમેશાં જેઓ 'સિદ્ધાંતનું શ્રવણ કરવું.' વિગેરે ધર્મકાર્યોમાં બદ્ધ સ્પૃહાવાળા (અતિ આદરવાળા) બન્યા છે, તે શ્રી શાન્તિદાસ શેઠને, સાધુધર્મ અને શ્રાવકધર્મ–એમ દ્વિવિધ ધર્મના વિધિની (ગ્રન્થરૂપે) રચના (સંગ્રહ) કરાવીને, તેને શ્રવણ કરવાની પ્રગટ થએલી ઉત્કંઠાને યોગે તેઓએ પ્રાર્થના કરવાથી આ ગ્રંથ રચવામાં મારો પ્રયત્ન થયો છે. (૧૮).

જ્ઞાનની આરાધના કરવાની બુદ્ધિવાળા અને વિનયાદિ ગુણોથી યુક્ત એવા શ્રી **'કાન્તિવિજયગણીએ'** આ ગ્રંથને સહુથી પહેલાં પુસ્તક (પ્રતિ) તરીકે લખ્યો છે. (૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપત્તિને કરનારી એવી પૃથ્વી સમુદ્રો સહિત જ્યાં સુધી શેષનાગે પોતાના મસ્તકે ધારણ કરેલી રહે, પોતાનાં અતિ ઉંચાં સુવર્ણમય શિખરોથી દેવોના માર્ગને જેણે સ્પર્શ કર્યો છે એવો મેરૂપર્વત જ્યાં સુધી કાયમ રહે અને જગતને પ્રકાશ કરતા ચંદ્ર અને સૂર્ય જ્યાં સુધી તે મેરૂપર્વતની ચારેય બાજુ ભ્રમણ કરતા રહે, ત્યાં સુધી પંડિત પુરૂષોથી વંચાતો–ભણાતો આ ગ્રંથ પણ જયવંતો રહો ! શાશ્વત બનો !! (૨૦).

જેઓ ગ્રંથના ભાવોને પ્રગટ કરવામાં અતિ નિપુણ છે અને જેઓ સમ્યગ્ ગુણોને ગ્રહણ કરનારા છે તે સત્પુરૂષો (આ ગ્રંથ દ્વારા) મારા ઉપર પ્રસન્ન થાઓ ! ખલપુરૂષોનું મારે શું પ્રયોજન છે ? કે જેમ 'મારવાડની ભૂમિમાં ગ્રીષ્મઋતુમાં પડેલા વરસાદનો છાંટો પણ ન જણાય તેમ' જેઓના ચિત્તમાં શુદ્ધ અને સુંદર વચનો રૂપ અમૃતના રસ વડે સતત સિંચેલો (તત્ત્વાવબોધ રૂપ) પાણીનો લેશ પણ જણાતો–ટકતો નથી. (૨૨)

અનેક શાસ્ત્રોને જોઇને લખેલા આ ગ્રંથના ફલ રૂપે અન્ય ભવમાં પણ મને પરમાનંદ (મોક્ષ)ના કારણભૂત બોધિનો લાભ થાઓ ! (૨૨)

એમ પરમગુરૂ ભટ્ટારક **શ્રી વિજયાનન્દસૂરિશિષ્ય**–પણ્ડિત **શ્રીશાન્તિવિજયગણિના**
ચરણોપાસક **મહોપાધ્યાય શ્રીમાનવિજય**ગણિવિરચિત સ્વોપજ્ઞ **શ્રીધર્મ–**
**સંગ્રહના** બીજા ભાગમાં સાપેક્ષયતિધર્મ અને નિરપેક્ષયતિધર્મ નામના
પહેલા અને બીજા (બન્ને ભાગની અપેક્ષાએ ત્રીજા અને ચોથા)
અધિકારનો, તપાગચ્છાધિપતિ સંઘસ્થવિર **આચાર્યશ્રી–**
**વિજયસિદ્ધિસૂરીશ્વરજી** પટ્ટાલંકાર સ્વર્ગત શમદ–
માદિગુણભૂષિત પૂ૦ **આચાર્ય શ્રીવિજયમેઘ–**
**સૂરિવર** પટ્ટાલઙ્કાર ગામ્ભીર્યાદિગુણોપેત
પૂ૦ ગુરૂમહારાજ **શ્રીવિજય–**
**મનોહરસૂરિ**શિષ્યાણુ મુનિ
**ભદ્રંકરવિજય**કૃત ગુર્જર
ભાષાનુવાદ અહીં
સમાપ્ત થયો.

**ઇતિ શ્રી ધર્મસંગ્રહના ગુર્જરભાષાનુવાદનો બીજો ભાગ સમાપ્ત.**

વિ. સં. ૨૦૧૩–વી. સં. ૨૪૮૩– સ્થળ–અમદાવાદ
મહા સુદ–૧૦ રવિવાર. જૈન વિદ્યાશાળા.

**ઇતિ ધર્મસંગ્રહ ભાષાન્તરં સમાપ્તમ્**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ગુલાબચંદ બુક બાઈન્ડીંગ વર્કસ, પાદરીના માળ રેલ્વે, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org